શારદા સુવાસ



પ્રવચનકાર: પ્રખરવ્યાખ્યાતા

બા.બ્ર.પૂ.શ્રી શારદાબાઈ મહાસતીજી

શ્રી મહાવીરાય નમઃ

સ્વ. આચાર્ય, ગચ્છાધિપતિ બા. બ્ર. પૂ.

ગુરૂદેવાય નમઃ

શ્રી ઉત્તરાધ્યયન સુત્ર રહનેમિયનો અધિકાર તથા

જિનસેન રામસેન ચરિત્ર

શારદા સુવાસ

(સંવત ૨૦૩૪ ના મલાડ ચાતુર્માસના વ્યાખ્યાનો)

卐

: પ્રવચનકાર :

ખંભાત સંપ્રદાયના આત્મજ્ઞાની, ચારિત્ર ચુડામણી, શાસનશિરોમણી, ગચ્છાધિપતિ સ્વ. બા. બ્ર. પૂ. ગુરૂદેવ શ્રી **રત્નચંદ્રજી** મહારાજ સાહેબના સુશિષ્યા શાસનદીપિકા, પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી

પૂ. શ્રી શારદાબાઇ મહાસતીજી

卐

: સંપાદક :

બા. બ્ર. વિદુષી પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજીના સુશિષ્યાઓ તત્ત્વચિંતક પૂ. કમળાબાઈ મહાસતીજી તથા બા. બ્ર. પૂ. સંગીતાબાઇ મહાસતીજી

卐

પ્રકાશક :

નટવરલાલ તલકચંદ શાહ

ગૌશાળા લેન, દફ્તરી રોડ, "પુષ્પાંજલી" બ્લોક નં. ૧-૨

મલાડ (ઇસ્ટ) મુંબઇ નં. ૬૪ ટે. નં. ૬૯૩૬૨૮

વેચાણ કિંમત રૂ. ૮-૦૦

પુસ્તક :

સંવત ૨૦૩૫ ઈ. સ. ૧૯૭૯

શારદા સુવાસ પ્રત ૮૦૦૦ (આઠ હજાર)

પ્રવચનકાર :

પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી

પૂ. શ્રી શારદાબાઇ મહાસતીજી

સંપાદક :

પૂ. કમળાબાઈ મહાસતીજી

બા. બ્ર. પૂ. સંગીતાબાઈ મહાસતીજી

પ્રકાશક :

નટવરલાલ તલકચંદ શાહ

ગૌશાળા લેન, દફતરી રોડ,

પુષ્પાંજલી, બ્લોક નં. ૧-૨

મલાડ (ઈસ્ટ) મુંબઇ નં. ૬૪.

ટે. નં. ૬૯૩૬૨૮

શ્રી "શારદા સુવાસ" સાહિત્ય સમિતિ

શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ મલાડ

મામલતદાર વાડી, ક્રોસ રોડ નં. ૧

મલાડ (વેસ્ટ) મુંબઇ ૪૦૦૦૬૪.

મુદ્રક : નિતીન જે. બદાણી

નિતીન ટ્રેડર્સ

૪૦૧, બજુરવાલા ચેમ્બર્સ,

નરસીનાથા સ્ટ્રીટ,

મુંબઈ-૪૦૦૦૦૯.

શ્રી "શારદા સુવાસ" પુસ્તકમાં સહાય આપનારે દાતાઓની નામાવલી

રૂપિયા

૧૫૦૦૧ શ્રી નટવરલાલ તલકચંદ શાહ

૧૧૦૦૧ શ્રી મનસુખલાલ છગનલાલ દેસાઈ

૭૫૦૧ શ્રી મણીલાલ શામજીભાઈ વીરાણી

૭૫૦૧ શ્રી હિંમતલાલ ન્યાલચંદ દોશી
તથા રસીકલાલ ન્યાલચંદ દોશી

૫૦૦૧ શ્રી ગીરજાશંકર ખીમચંદભાઈ શેઠ

૫૦૦૧ શ્રી છગનલાલ શામજીભાઈ વીરાણી

૫૦૦૧ શ્રી ઉમરશીભાઈ ભીમશીભાઈ વીરા

૨૫૦૧ શ્રી ધીરજલાલ તલકચંદ શાહ

૨૫૦૧ શ્રી મુલચંદભાઈ દેવચંદભાઈ સંઘવી

૨૫૦૧ શ્રી રતીલાલ સુંદરજી કામદાર

૨૫૦૧ શ્રી પ્રીતમલાલ મોહનલાલ દફતરી

૨૫૦૧ શ્રી નેમચંદભાઈ નાનચંદ શાહ
નવસારીવાળા હાલ મુંબઈ

૨૫૦૧ શ્રી પ્રેમજીભાઈ માલશીભાઈ ગંગર

૨૫૦૧ મેસર્સ ભારત કલીપ મેન્યુ કું.
હ. શાંતીલાલ શેઠ

૨૫૦૧ વિનયચંદ્ર મોહનલાલ દેસાઈ ચાંચપોકલી

૨૫૦૧ એક સદ્‌ગૃસ્થ તરફથી
હ. નવીનચંદ્ર ન્યાલચંદ મહેતા

૨૦૦૧ ગં. સ્વ. ભાનુબેન ખેતશીભાઈ ગડા
ભચાઉવાળા હાલ દાદર

૧૦૦૧ શ્રી જયંતીલાલ રેવાશંકર દોશી

૧૦૦૧ શ્રી છગનલાલ તારાચંદ કોઠારી

૧૦૦૧ સ્વ. રતીલાલ હરખચંદ ખારા
હ. તેમના સુપુત્રો

૧૦૦૧ શ્રી ખીમચંદભાઈ હીરાલાલ શાહ

૧૦૦૧ માતુશ્રી માણેકબેન ગોવિંદજી લાઠીયા

૧૦૦૧ માતુશ્રી બાલુબેન રતીલાલ શાહ
હ. રસીકભાઈ શાહ

૧૦૦૧ શ્રી વિનોદચંદ્ર અમરચંદ સલોત

૧૦૦૧ શ્રી નાથાલાલ ઘેલાભાઈ કોઠારી

૧૦૦૧ શ્રી છોટાલાલ ડાહ્યાલાલ ગાંધી

૧૦૦૧ શ્રી ભંવરલાલ પૃથ્વીરાજ ડાધા

૧૦૦૧ શ્રી હરજીવનદાસ ભગવાનજી ધોળકીયા

૧૦૦૧ સ્વ. જયાલક્ષ્મી ડાહ્યાલાલ મોહનલાલ દફતરી

૧૦૦૧ શ્રી નાગરદાસ લીલાધર લાખાણી

૧૦૦૧ શ્રી ગીરધરલાલ ત્રિભોવનદાસ તુરખીયા
સુદામડાવાળા

૧૦૦૧ શ્રી ઈન્દુલાલ રતીલાલ ત્રિભોવનદાસ
તુરખીયા સુદામડાવાળા

૧૦૦૧ શ્રી રતનશી ખેતરશીભાઈ વીરા

૧૦૦૧ શ્રી ધનસુખલાલ વીરજીભાઈ ઝાટકીયા

૧૦૦૧ શ્રી જયંતીભાઈ નંદલાલ કોઠારી

૧૦૦૧ શ્રી રામજીભાઈ નાગશીભાઈ રાંભીયા

૧૦૦૧ મેસર્સ દેદીયા પ્રોવીજન સ્ટોર્સ

૧૦૦૧ સ્વ. વણારશી ત્રિભોવનદાસ ગોડા હ. સુપુત્રો

૧૦૦૧ સ્વ. ગીરધરલાલ પ્રેમજીભાઈ ઝાટકીયા

૧૦૦૧ શ્રી રસીકલાલ વ્રજલાલ કોઠારી

૧૦૦૧ શ્રી ડૉ. નંદલાલ વી. સુચક

૧૦૦૧ માતુશ્રી ચંપાબેન કેશવલાલ વોરા
(સિદ્ધિતપના પારણાના પ્રસંગે)

૧૦૦૧ એક સદ્‌ગૃહસ્થ તરફથી હ.શ્રી પીતાંબરદાસભાઈ
થાનગઢવાળા

૧૦૦૧ શ્રી સૌભાગ્યચંદ જેચંદભાઈ શાહ

૧૦૦૧ શ્રી પાનાચંદ ડુંગરશી તુરખીયા

૧૦૦૧ શ્રી નાગરદાસ માણેકચંદ તલસાણીયા
(વીરમગામ)

૧૦૦૧ ગં. સ્વ. પાનબાઈ ગોસરભાઈ છેડા તથા
સ્વ પોપટલાલ ગોસરભાઈ છેડા

૧૦૦૧ શ્રી ચીમનલાલ પ્રાણલાલ મહેતા

૧૦૦૧ શ્રીમતી તારાબેન મફતલાલ ઝવેરી ખંભાતવાળા

૧૦૦૧ શ્રી વાડીભાઈ કુલાભાઈ પટેલ ખંભાતવાળા

૧૦૦૧ શ્રી ચીમનલાલ છોટાલાલ ખંભાતવાળા

૧૦૦૧ શ્રી રમેશચંદ્ર વાડીલાલ હાલ વિલેપાર્લા
સુરેન્દ્રનગરવાળા

૧૦૦૧ શ્રી ચંદ્રકાંત અમૃતભાઈ ગાંધી
૧૦૦૧ શ્રી વીજપાર વીનભાઈ છેડા વાંકીવાળા
૧૦૦૧ ગં. સ્વ. નાનબાઈ કેશવજી ચનાભાઈ
૩૦૧ શ્રી મેઘજીભાઈ નાગશીભાઈ રાંભીયા
૨૫૧ શ્રી કુળજીભાઇ મોરારજી છેડા
૨૫૧ શ્રી શાંતીલાલ મોહનલાલ શેઠ
૨૫૧ શ્રી માણેકલાલ ડાહ્યાલાલ શાહ બોલાતવાળા
૨૫૧ શ્રી નાગશીભાઈ શામજીભાઇ છેડા
આરોઇવાળા
૨૫૧ શ્રી પ્રભુદાસ વીકમજી બજરીયા
૨૫૧ શ્રી શાંતીલાલ મુળજીભાઇ ગાંધી
વીરમગામવાળા
૨૫૧ શ્રીમતી મોંઘીબાઈ તેજશીના સ્મરણાર્થે હ.
ઝવેરભાઈ
૨૫૧ શ્રી મોતીલાલ ન્યાલચંદ મહેતા
૨૫૧ શ્રી વર્ધમાન પ્રભુદાસ તુરખીયા
૨૫૧ શ્રીમતી લક્ષ્મીબેન માવજીભાઇ
૧૦૧ શ્રી નગીનદાસ નાથાલાલ શાહ
૧૦૧ શ્રી હરસુખરાય જીવરાજ ઝાટકીયા
૧૦૧ શ્રી રમણીકલાલ અમરચંદ સંઘવી
૧૦૧ શ્રી રમણીકલાલ શાંતીલાલ ઘેલાણી
બગસરાવાળા
૧૦૧ સંઘવી ચુનીલાલ નાનચંદ બીલીમોરાવાળા
૧૦૧ શ્રી ગોપટભાઈ પ્રેમજીભાઇ સાવલા
૧૦૧ શ્રી અમૃતલાલ ધનજીભાઈ ભલાણી
૧૦૧ શ્રી લખમશીભાઈ બાંભણભાઇ
૧૦૧ શ્રી ઝવેરીબેન શાંતીલાલ વીકમલાલ શેઠ
અંધેરી
૧૦૧ શ્રી ગોપાલજી રૂગનાથભાઇ ટાણુવાળા
૧૦૧ શ્રીમતી નંદકુંવરબેન ગોપાલજી (ટાણાંવાળા)

બા. બ્ર. પૂ શ્રી શારદાબાઈ મહાસતીજી પ્રવચન પ્રકાશન સમિતિ મલાડ સમિતીના સભ્યોની નામાવલી

(૧) શ્રીયુત ઉમરશીભાઈ લાખશીભાઈ વીરા પ્રમુખ
(૨) ,, રતીલાલ સુંદરજી કામદાર
(૩) ,, મુલચંદ દેવચંદ સંઘવી મા. મંત્રી
(૪) ,, નટવરલાલ તલકચંદ શાહ મા. મંત્રી
(૫) ,, નગીનદાસ ગોવિંદજી લાકીયા મા. મંત્રી
(૬) ,, મુલચંદ મોહનલાલ દોશી ક્રોષાધ્યક્ષ
(૭) ,, ધીરજલાલ તલકચંદ શાહ સભ્ય
(૮) ,, ખીમચંદ હીરાલાલ શાહ ,,
(૯) ,, પ્રાણલાલ મનસુખલાલ મહેતા ,,
(૧૦) ,, જયંતીલાલ નંદલાલ કોઠારી ,,
(૧૧) શ્રીયુત છોટાલાલ ડાહ્યાલાલ ગાંધી સભ્ય
(૧૨) ,, મનહરલાલ કેશવલાલ વોરા ,,
(૧૩) ,, દેવજીભાઇ રામજીભાઈ રાંભીયા ,,
(૧૪) ,, નાગરદાસ લીલાધર લાખાણી ,,
(૧૫) ,, રસીકલાલ રતીલાલ શાહ ,,
(૧૬) ,, પ્રવીણચંદ્ર અંબાલાલ શેઠ ,,
(૧૭) ,, વિનયચંદ્ર અમરચંદ સલોત ,,
(૧૮) ,, જશવંતલાલ ડાહ્યાલાલ દફતરી ,,
(૧૯) ,, રતનશી ખેતશીભાઈ વીરા ,,
(૨૦) ,, બાલાચંદ વજુરશી ગોડા ,,
(૨૧) ,, નાથાલાલ ઘેલાભાઇ કોઠારી ,,

" પ્રકાશકનું નિવેદન "

" ગુરૂ વિના કો નહિ મુક્તિદાતા, ગુરુ વિના કો નહિ માર્ગ જ્ઞાતા
ગુરૂ વિના કો જાડ્ય હર્તા ગુરૂ વિના કો નહિ સૌખ્યકર્તા. "

ખંભાત સંપ્રદાયના ઝળહળતા શાસનના સિતારા, શાસનરત્ના, પ્રખર વ્યાખ્યાતા **મહાવિદુષી બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજી** જેમનામાં યથાનામ તથા ગુણા પ્રમાણે સાક્ષાત્ જ્ઞાનદેવી સરસ્વતી સમાન પૂજ્ય સતીજીના મુખેથી જ્યારે વીતરાગ વાણીનો ધોધ વહી રહ્યો હોય ત્યારે તેમની સન્મુખ બેસી તે ધોધનું પાન કરવું એ જીવનનો એક અમૂલ્ય લ્હાવો છે.

છેલ્લા બે વર્ષથી મને તેઓશ્રીનો પરિચય થયો છે. મેં એમના લગભગ ૨૫૦ વ્યાખ્યાનો સાંભળેલ છે. તેમાં સિધ્ધાંતને સમજાવવા માટે ન્યાય, દૃષ્ટાંત અને રૂપકોની જે રજુઆત કરે છે તે અજોડ છે, અને વિશેષતા તો એ છે કે ૨૫૦ વ્યાખ્યાનમાં કયાંય એકેય દૃષ્ટાંતને કે એકની એક વાતને ફરી પુનરાવર્તન કરેલ મેં સાંભળેલ નથી, દરેક વ્યાખ્યાનમાં તેમના અંતરના ઉંડાણમાંથી નવા નવા ભાવો અને કોઈ જુદી જ વિશેષતાઓ જાણવા મળે છે. તે જ બતાવે છે કે તેમનામાં કેટલો જ્ઞાનનો ભંડાર ભરેલો છે. મેં પૂ. મહાસતીજીના શારદા સાગર, શારદા-દર્શનના પુસ્તકો વાંચેલ છે અને મારા જૈનેતર મિત્રોને તે પુસ્તકો આપેલ છે. તેઓ આ પુસ્તકો વાંચીને મંત્રમુગ્ધ બની ગયા છે અને જ્યારે મળે ત્યારે સતીશ્રીના નવા પ્રવચનોના પુસ્તકની વારંવાર માગણી કરે છે.

ઉપર જણાવ્યા મુજબ સન્મુખ બેસી તેમની વાણીનું પાન કરવાનું સદ્‌ભાગ્ય બહારગામવાળા તથા વ્યવસાય તેમજ નોકરીમાં ગુંથાયેલા મુમુક્ષુઓ માટે અશકય હોય છે અને તે ઉદ્દેશથી પૂ. મહાસતીજી શ્રી શારદાબાઈ સ્વામી જ્યારે અમારા સંઘ ઉપર મહાન ઉપકાર કરી મલાડમાં ચાતુર્માસ પધાર્યા ત્યારે મેં સામેથી જ અમારા સંઘને વિનંતી કરી કે ૨૦૩૪ના મલાડના ચાતુર્માસના અદ્‌ભૂત પ્રવચનોનો સંગ્રહ કરવો અને તે પુસ્તક રૂપે સમાજના મુમુક્ષુઓ માટે પ્રકાશન કરવો અને તે પ્રકાશનનો લાભ મને મલવો જોઈએ. તેવી મારી માંગણીને સ્વીકારીને મને જે લાભ આપ્યો છે તેના માટે હું સંઘનો આભારી છું.

પૂ. ગુરૂણીમૈયાના સંપર્કમાં આવ્યા બાદ જૈન ધર્મ શું છે? કર્મની કરામત શું છે? અને સંસારની અનિત્યતા અને જીવનમાં ધર્મ શું ભાગ ભજવે છે તે હું? થોડું ઘણું પણ તેમની પાસેથી પામી શકયો છું. અને વધુ તો શું કહું આ ક્રિમિયાગરે તો મારા જીવનનું આખું વ્હેણ બદલી નાંખ્યું છે, અને ધર્મમાં જે ડગમગતી શ્રધ્ધા હતી તે અણ બનાવી છે. તેમનો ઉપકાર હું તો આ જિંદગીમાં ભૂલી શકું તેમ નથી. મને તો લાગે છે કે તેમનો આત્મા કોઈ અલૌકિક શકિતનો ધણી થઈ ચૂકયો છે.

આધ્યાત્મિક ઉચ્ચ સ્વરૂપના જીવન સાથે મનુષ્ય જીવનની મહાન કળાઓનો સુમેળ સાધવાનો ખ્યાલ જનતાને આવે એવા ખાસ ઇરાદાથી આ પુસ્તક બહાર પાડેલું છે. આ પુસ્તકમાં સંસારના જીવો દુઃખથી કેમ છૂટે અને શાશ્વત સુખ કેમ મળે તેનું સચોટ માર્ગદર્શન કરેલ છે. આત્માના અસ્તિત્વની વિચારણાથી માંડી આત્માનું સ્વરૂપ, તેની અખંડિતતા, તેની મહત્તા, તેની સર્વજ્ઞતા, તેની શકિત અને તેનામાં રહેલું સુખ, તેની સૂક્ષ્મ તાત્વિક અને સાત્વિક વિચારણા ગંભીર છતાં સરળ ભાષામાં

અહીં પૂ. મહાસતીજીએ બહુ જ સુંદર દાખલા, દૃષ્ટાંત આપીને સમજાવી છે. આ પુસ્તકમાં પૂ. મહાસતીજીએ ઉત્તરાધ્યયન સૂત્રનું ૨૨ મું અધ્યયન "રહનેમિ" નો અધિકાર તથા "જિનસેન અને રામસેન" નું ચરિત્ર સચોટ અને જોરદાર શૈલીમાં ફરમાવ્યું છે. જે ખૂબ રસપ્રદ અને બોધદાયક છે. જે સાંભળતા શ્રોતાઓના હૃદય હચમચી ઉઠતા. જે વાણીના પ્રભાવથી મલાડમાં તપ ત્યાગના પૂર ઉમટયા હતા. પૂ. મહાસતીજીના પુસ્તકો વાંચતાં જાણે આપણે પ્રવચનકાર પૂ. સતીજીના સ્વમુખે જ વ્યાખ્યાન સાંભળતા હોય તેવો અનુભવ થાય છે. આ પુસ્તક આપની પાસે મૂકતા મને ઘણો આનંદ થાય છે. સમાજ અને જિજ્ઞાસુઓ તેનાંથી બોધપાઠ લઈને જરૂરથી ધર્મને પોતાના જીવનમાં વણી લે એ જ અભ્યર્થના, આશા છે કે આ પુસ્તક વાચક બંધુઓને માનસિક શાંતિ મેળવવામાં ઉપયોગી થઈ પડશે.

સુખદાતા સર્જનહાર કો, સત્ય સ્વરૂપ નિર્વાણ.
દુઃખહરણ મુક્તિકરણ, ગુરૂ સમર્થ તે જાણ.
સદ્‌ગુરૂ ઐસા કીજીએ, જૈસા પૂનમકા ચાંદ.
તેજ કરે પણ તપે નહિ, વર્તાવે આનંદ.

આ પુસ્તકના પ્રકાશનમાં અન્ય દાતાઓએ અને બીજાઓએ પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે જે ફાળો આપેલ છે તેમનો હું ઋણી છું. ખાસ વિશેષ પુસ્તક પ્રકાશનમાં તો પૂજ્ય તત્ત્વચિંતક **કમળાબાઇ મહાસતીજી** તથા બા. બ્ર. **પૂ. સંગીતાબાઈ મહાસતીજી** અથાગ મહેનતના ફળરૂપે જ આ પુસ્તકનું આવું સુંદર સંકલન થયેલ છે, તેથી તેમનો ઘણો ઉપકાર માનું છું અને ભવિષ્યમાં પણ આવું સુંદર સાહિત્ય સમાજના ઉત્કર્ષ માટે પ્રકાશન કરવાનો મને તેઓશ્રી તક આપે એ જ અભ્યર્થના.

શ્રી. નટવરલાલ તલકચંદ શાહ
ના જયજીનેન્દ્ર

ખંભાત સંપ્રદાયના સ્વ. પૂજ્ય ગચ્છાધિપતિ ૧૦૦૮ બા.બ્ર.
પૂ. શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબના
શિષ્યા મંડળની નામાવલી

મહાસતીજીનું નામ	જન્મસ્થળ અને દીક્ષાસ્થળ	દીક્ષા સંવત	માસ તિથિ	વાર
૧ બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજી	સાણંદ	૧૯૯૬	વૈશાખ સુદ ૬	સોમવાર
૨ પૂ. સુભદ્રાબાઈ મહાસતીજી	ખંભાત	૨૦૦૮	ચૈત્ર સુદ ૧૦	શુક્રવાર
૩ પૂ. ઈન્દુબાઈ મહાસતીજી	સુરત	૨૦૧૧	અષાડ સુદ ૫	ગુરૂવાર
દીક્ષાસ્થળ–નાર				
૪ બા. બ્ર. વસુબાઈ મહાસતીજી	વીરમગામ	૨૦૧૩	માગશર સુદ ૫	શુક્રવાર
૫ બા. બ્ર. કાન્તાબાઈ મહાસતીજી	સાણંદ	૨૦૧૩	માગશર સુદ ૧૦	ગુરૂવાર
૬ પૂ. સદ્‌ગુણાબાઈ મહાસતીજી	લખતર	૨૦૧૩	મહા સુદ ૬	બુધવાર
૭ બા. બ્ર. ઈન્દીરાબાઈ મહાસતીજી	સુરત	૨૦૧૪	માગશર સુદ ૬	બુધવાર
૮ પૂ. શાન્તાબાઈ મહાસતીજી	મોડાસર	૨૦૧૪	મહા વદ ૭	સોમવાર
દીક્ષાસ્થળ–નાર				
૯ પૂ. કમળાબાઈ મહાસતીજી	ખંભાત	૨૦૧૪	વૈશાખ સુદ ૬	શુક્રવાર
૧૦ સ્વ. પૂ. તારાબાઈ મહાસતીજી	અમદાવાદ	૨૦૧૪	અષાડ સુદ ૨	ગુરૂવાર
દીક્ષાસ્થળ–સાબરમતી				
૧૧ બા. બ્ર. ચંદનબાઈ મહાસતીજી	લખતર	૨૦૧૭	માગશર સુદ ૬	ગુરૂવાર
૧૨ બા. બ્ર. રંજનબાઈ મહાસતીજી	સાબરમતી	૨૦૨૧	મહા સુદ ૧૩	રવિવાર
દીક્ષાસ્થળ–દાદર				
૧૩ બા. બ્ર. નિર્મળાબાઈ મહાસતીજી	ખંભાત	૨૦૨૧	મહા સુદ ૧૩	રવિવાર
દીક્ષાસ્થળ–દાદર				
૧૪ બા. બ્ર. શોભનાબાઈ મહાસતીજી	લીંબડી	૨૦૨૨	વૈશાખ સુદ ૧૧	રવિવાર
દીક્ષાસ્થળ–મલાડ				
૧૫ પૂ. મંદાકિનીબાઈ મહાસતીજી	મુંબઈ માટુંગા	૨૦૨૩	મહા સુદ ૮	શનિવાર
૧૬ બા. બ્ર. સંગીતાબાઈ મહાસતીજી	ખંભાત	૨૦૨૪	વૈશાખ સુદ ૫	રવિવાર
૧૭ બા. બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજી	ઘાટકોપર	૨૦૨૬	વૈશાખ વદ ૧૧	રવિવાર
દીક્ષાસ્થળ–ભાવનગર				
૧૮ બા. બ્ર. સાધનાબાઈ મહાસતીજી	ખંભાત	૨૦૨૬	માગશર સુદ ૨	ગુરૂવાર
૧૯ બા. બ્ર. ભાવનાબાઈ મહાસતીજી	માટુંગા–મુંબઈ	૨૦૨૬	વૈશાખ સુદ ૫	સોમવાર
૨૦ બા. બ્ર. પ્રફુલાબાઈ મહાસતીજી	વીરમગામ	૨૦૩૩	માગશર સુદ ૬	શુક્રવાર
દીક્ષા સ્થળ–મલાડ				
૨૧ બા. બ્ર. સુજ્ઞતાબાઈ મહાસતીજી	દાદર–મુંબઈ	૨૦૩૩	વૈશાખ સુદ ૧૩	રવિવાર

મહા વિદુષી પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઇ મહાસતીજીના વ્યાખ્યાન સંગ્રહો

	નામ	સ્થળ	સંવત	પ્રત
૧	"શારદા સુધા" ભાગ ૧-૨	માટુંગા-મુંબઈ	૨૦૧૯	૮૫૦૦
૨	"શારદા સંજીવની" ભાગ ૧-૨-૩	દાદર-મુંબઈ	૨૦૨૦	૬૦૦૦
૩	"શારદા માધુરી" ભાગ ૧-૨-૩	ઘાટકોપર મુંબઈ	૨૦૨૨	૬૦૦૦
૪	"શારદા પરિમલ" ભાગ ૧-૨-૩	સંયુક્ત-રાજકોટ	૨૦૨૬	૨૦૦૦
૫	"શારદા સૌરભ" ભાગ ૧-૨-૩	અમદાવાદ	૨૦૨૮	૬૦૦૦
૬	"શારદા સરિતા"	કાંદાવાડી-મુંબઈ	૨૦૨૯	૫૫૦૦
૭	"શારદા જ્યોત"	માટુંગા-મુંબઇ	૨૦૩૦	૩૮૦૦
૮	"શારદા સાગર"	વાલકેશ્વર-મુંબઇ	૨૦૩૧	૭૮૦૦
૯	"શારદા શિખર"	ઘાટકોપર-મુંબઇ	૨૦૩૨	૧૦૦૦૦
૧૦	"શારદા દર્શન"	બોરીવલી-મુંબઇ	૨૦૩૩	૮૦૦૦
૧૧	"શારદા સુવાસ"	મલાડ-મુંબઈ	૨૦૩૪	૮૦૦૦



લાખો લડાવ્યા લાડ અમને, કોડ સૌ પૂરા કર્યા,
એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહિ.



પૂજ્ય પિતાશ્રી સ્વ. તલકચંદ સાકળચંદ

જન્મ : રાજચરાડી (ઝાલાવાડ)

સ્વર્ગવાસ : મલાડ મુંબઈ
સંવત ૨૦૩૫ માગશર વદ ૧૧

પૂજ્ય પિતાશ્રી,

આપશ્રીના પવિત્ર જીવનમાંથી અમોએ સદાચાર અને સદ્‌વ્યવહારના ગુણો મેળવીને જીવનમાં સમતા, સમભાવ અને સર્વે પરિસ્થિતિમાં મનને સમાન અવસ્થામાં રાખવાનું શીખ્યા છીએ. આપશ્રી સર્વે પ્રત્યે અમીદૃષ્ટિ રાખતા હતા. છેલ્લા ચાલીશ વર્ષથી સાધુ જેવું જીવન ગાળતા હતા. તે સંસ્કારોએ આજે અમારા કુટુંબમાં સારી સુવાસ ફેલાવી છે. આપની પ્રેરણાથી અમો સંપત્તિનો સદ્‌વ્યય કરી રહ્યા છીએ. પરોપકાર માટે આપણું તન, મન, ધન ખર્ચવું. એ સૂત્ર અમોને આપના તરફથી વારસામાં મળેલ છે અને તેનો અમો જરૂર અમલ કરીએ છીએ, અને આગળ પણ કરતા રહેશું. જગતના કોઈ પણ ક્ષેત્રે અમારી પ્રગતિ થઈ હોય તો તે આપના સિંચેલ સુસંસ્કારનું જ ફળ છે.

અહો પૂજ્ય પિતાશ્રી! અમો આપનું ઋણ કદીયે અદા કરી શકીશું નહિ.

લી. આપનો પુત્ર પરિવાર, પૌત્રો તથા સમસ્ત પરિવાર
હ. નટવરલાલ તલકચંદ શાહ

પુષ્પો બિછાવ્યા પ્રેમથી, જેણે તમારા રાહ પર
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ.



પૂજ્ય માતુશ્રી મણીબહેન તલકચંદ શાહ

આપે અમારામાં બાળપણથી જ સુસંસ્કાર તથા ચારિત્રનું ઘડતર કર્યું અને નાનપણથી સમજાવ્યું કે જે "દે તે દેવ અને રાખે તે રાક્ષસ." એ જ સંસ્કારો આજે અમોને અમારી સંપત્તિનો સદુપયોગ કરવાની પ્રેરણા આપે છે આપશ્રીએ અમારું જીવન ઘડતર ખૂબ સુંદર રીતે કરેલ છે. અને દાન, શીયળ તપ અને ત્યાગની ભાવના દૃઢ કરી છે. નીતિ નિયમથી જીવવું અને આપણા હક્કનું લેવું. ઈશ્વરમાં શ્રદ્ધા રાખી કાર્ય કર્યે જવું, આત્મા કર્મનો કર્તા અને ભોકતા છે. એવા સંસ્કારો આપે અમોને આપેલ છે. આજે અમો જે કાંઇ કોઈપણ પ્રગતિ કરી શકયા છીએ એ આપના સંસ્કારના બીજનું વૃક્ષ છે. પૂ. બા! અમો આપના ઉપકારનો બદલો વાળી શકીએ તેમ નથી. અમો આપના ભવોભવના ઋણી છીએ.


લી. આપનો પુત્ર પરિવાર, પુત્રવધૂઓ, પૌત્રો અને સમસ્ત પરિવાર.

હ. નરસીભાઈ તલકચંદ શાહ

પ્રકાશક દંપતી

— (રાજચરાડી નિવાસી, હાલ મલાડ) —

અ. સૌ. વસંતબેન નટવરલાલ શાહ — શ્રી નટવરલાલ તલકચંદ શાહ,



પરમ પૂજ્ય પિતાશ્રી તથા માતુશ્રી,

આપશ્રીઓને, વડીલ, દાદા તેમજ દાદીમા તરફથી વારસામાં, ધાર્મિક તથા સામાજીક ક્ષેત્રે સેવા સહકાર અને સહયોગના જે સુંસ્કારો પ્રાપ્ત થયેલ છે, અને આપે જીવનમાં વણી લીધેલ છે તેની છાંયા તથા પ્રભાવ અમારા જીવત ઉપર પડેલ છે જ, એટલું જ નહીં પરંતુ આપે સતત્ જાગૃત રહી અમારામાં એ સુંસ્કારોના બીજ વાવી તેનું સીંચન કરી રહેલ છે.

આપશ્રીઓએ આવા જનઉપયોગી, ધર્મની પ્રભાવના કરતું, અને જ્ઞાનની વૃધ્ધી કરતું પુસ્તક પ્રકાશનમાં યોગ્ય સહકાર આપી, સંપતિનો સદ્વ્યય કરી આત્મ સંતોષ મેળવ્યો છે તે પણ આપનામાં "જીવંત સુસંસ્કારો"નું પ્રતિક છે અને અન્ય ને કોઇપણ પ્રકારે ઉપયોગી થવાનો અને પૂણ્યને યોગે મળેલ સંપતિનો સદવ્યય અને અન્યને માટે કાઇક કરી છૂટવાનો ઉતમ ભાવ જે આપે અનેક ધાર્મિક શૈક્ષણિક, વૈદકીય સંસ્થાઓને આપેલ આર્થિક સહયોગ એજ આ ભાવનાની પ્રશ્ચર્યાત રહેલ છે.

એટલુંજ નહીં પરંતુ અમારા પૂ માતુશ્રીએ વર્ષીતપ તથા અનેક નાની મોટી તપશ્ચર્યાઓ કરી ધર્મ શ્રધ્ધાને જેમ "સોનામાં સુંગધ" ભળે તેમ મૂર્તસ્વરૂપ આપેલ છે.

અંતમાં આપની પ્રેરણાઓ જેમાં મુખ્યત્વે, ધર્મ પ્રત્યે શ્રધ્ધા, કોઈનું અણહક્કનું ન લેવું પરંતુ શક્તિ અનુસાર આપી તથા ધસાઇ છૂટવું, ધર્મગુરૂ તેમજ ગુરૂણીઓ પ્રત્યે આદર સેવા ભાવ વિગેરે અમારા જીવનમાં ઓત પ્રોત થઈ જાય અને શાશ્વત દેવ પાસે એજ પ્રાર્થના કે જેમ દીવાદાંડીના પ્રકાશ દ્વારા વહાણો સુમાર્ગે વળે છે, તેવીજ રીતે આપના જીવન પ્રકાશથી અમો પણ અમારાં જીવનને ઉન્નત, ઉજ્જવળ અને પ્રકાશમય બનાવીએ.

એજ લી. આપનો પરિવાર — **મહેશ-હીતેષ-ભાવના-આરતી**

સ્વ. પિતાશ્રી છગનલાલ હીરાચંદ દેસાઇ



અમારામાં સંસ્કાર, સદાચાર અને ચારિત્રનું સિંચન કરનાર પિતાશ્રી અમો આપના ઋણી છીએ.

અમારા કુટુંબના સુકાની બની અમારા કુટુંબમાં સત્ય, નિતિ અને સદાચારનું સીંચન કરી અમોને નિષ્કામ અને નિસ્વાર્થ ભાવે યથાશક્તિ ધર્મકાર્ય સત્કાર્ય કરવાની જે પ્રેરણા આપી તેથી અમો સેવાના ક્ષેત્રે કે માનવતાના ક્ષેત્રે જે કંઇ કરી રહ્યા છીએ તે આપને જ આભારી છે.

લી. આપનો

સમસ્ત પરિવાર.

સ્વ. માતુશ્રી મણીબેન છગનલાલ દેસાઈ



આપનો માયાળુ અને પ્રેમાળ સ્વભાવ સદાય હસમુખો ચહેરો કુટુંબ પ્રત્યેનું વાત્સલ્ય, સૌને મદદરૂપ થવાની ભાવના, ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા, તપશ્ચર્યા કરવાની પ્રબળ ભાવના, સાધુ-સાધ્વીજીઓના દર્શન કરવાની ઉત્કંઠાભાવના આ બધા સંસ્કારો અમારામાં પ્રેરણા રૂપે આપે રેડયા છે તે અમો કદી પણ વીસરીશું નહીં.

તમો ભલે આજે દેહ રૂપે અમારી સમક્ષ નથી, પણ તમારી સુવાસ હજુ અમારી સાથે જ છે. તમોએ બતાવેલા રાહે આજે અમો ચાલીએ છીએ. અને સમગ્ર પરિવાર સાથે ખુબ જ સુખી છીએ

આજે અમો જે કંઈ છીએ તે આપને જ આભારી છીએ.

આપનો પરિવાર.

સ્વ. પૂ. પિતાશ્રી શામજી વેલજી વિરાણી



"વહેતા જળ નિર્મળ ભલા અને ધન દોલત દેતા ભલા" એ સંસ્કાર આપે અમોને ગળથૂથીમાં પાયા, સંપત્તિ અને સમૃદ્ધિ સંપ અને સદાચાર એ તો પુણ્યની પ્રસાદી છે. એટલે મળેલી લક્ષ્મી સમાજ કલ્યાણના, જનતા જનાર્દનના, સ્વધર્મી વાત્સલ્યતાના, કાર્યોમાં વાપરી. પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરવા માટે આપે અમારું જે ચારિત્ર ઘડતર કર્યું તે માટે અમો સમસ્ત વિરાણી પરિવાર આપના જન્મોજન્મના ઋણી છીએ.

લિ.

મણિલાલ શામજી વિરાણી

અને પરિવાર.

સ્વ. પૂ. માતુશ્રી કડવીબાઇ શામજીભાઇ વિરાણી




આપે અમારામાં લક્ષ્મી એ તો સંધ્યાના રંગ જેવી, સવારના ઝાકળના બુંદ જેવી તથા વીજળીના ચમકારા જેવી ચંચળ છે, એવા સંસ્કારોનું નાનપણથી સિંચન કર્યું. આંબો જેમ ફળ આવે અને નમે તેવી રીતે લક્ષ્મી મળવા છતાં નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે વિનય અને વિવેકથી સંપત્તિનો સદ્‌ઉપયોગ સ્વધર્મીઓ અને અનેક જનકલ્યાણના કાર્યો માટે કરવા માટે આપે અમને પ્રેરણા આપી તે માટે આપના જન્મોજન્મના ઋણી છીએ.

લિ.

મણિલાલ શામજી વિરાણી

અને પરિવાર

સ્વ. દુલભજી શામજી વીરાણી



વિશાળ વૃક્ષની છાયામાં અનેક જીવો કોઈપણ જાતી કે જાતીના ભેદભાવ વગર શાંતિ અને શીતળતા મેળવે છે, અબોલ અને મુંગા જીવો સાતા અને સુખ અનુભવે છે. તેમ આપની છત્રછાયા નીચે સમાજના ખાનદાન કુટુંબના ફરજંદો જરાપણ સંકોચ વગર પોતાની જરૂરિયાત આપની પાસે રજુ કરતા અને આપ "જમણો હાથ આપે પણ ડાબો હાથ જાણે નહિ" તેવા ગૌરવથી તેમનું સ્વમાન ઘવાયા વગર હસતા હસતા મોકલતા અને શાંત્વન આપતા કે ફરીથી જ્યારે જરૂર પડે ત્યારે આ ઘર તમારું માની વિના સંકોચે આવશો. આવી આપના વિશાળ-દીલ ભાવનાઓને યાદ કરીને કહે છે "લાખો મરજો પણ લાખોના પાલણહાર ન મરશો."

સ્વ. પૂ. માતુશ્રી નવલબહેન મણિલાલ વિરાણી



જન્મ તા. ૧૦-૧-૧૯૧૧ સ્વર્ગવાસ તા. ૧૨-૨-૧૯૭૬

ધૂપસળી સળગે અને આખાએ વાતાવરણમાં સુગંધ સુગંધ ફેલાઇ જાય તેમ આપના પગલે પગલે આખાએ કુટુંબમાં દાન અને દયાની, તપ અને ત્યાગની વિનય અને વિવેકની, સંપ અને સમર્પણની ખુશ્બો મ્હેંકવા માંડી. આપે સીંચેલા આવા સંસ્કારોથી આખુંએ કુટુંબ નંદનવન બની ગયું. આપના આ અણમોલ વારસાનું અમે ખૂબ ખૂબ જતન કરીને આપના પ્રત્યેનું ઋણ યત્કિંચિંત પણ અદા કર્યાનો સંતોષ અનુભવશું,

લિ. આપનો પરિવાર
વાસંતી
અનીલ-આરતી, અરૂણ-સુધા, અતુલ-અવની

સ્વ. છગનલાલ શામજીભાઈ વિરાણી



જેમના દાનઃવડે: જૈન તથા જૈનેત્તર સમાજની, જનકલ્યાણની તથા માનવતાની અનેકવિધ–પ્રવૃત્તિઓને નવજીવન મળ્યું છે તેઓ રાજકોટની અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી તથા ટ્રેઝરર હતા. તેમણે સૌરાષ્ટ્રના ઘણાં સ્થળોએ ઉપાશ્રય વિરાણી હાઈસ્કૂલ, વિરાણી કન્યા વિદ્યાલય, મુંગા–બહેરાની શાળા જેવી અનેક સંસ્થાઓમાં મોટું દાન આપ્યું છે. પોતે ઘણાં દયાળું, ધાર્મિક વૃત્તિવાળા અને પ્રેમાળ હતા.

ગં. સ્વ. વ્રજકુંવરબેન છગનલાલ વિરાણી



આપે અમારામાં દાન, દયા, તપ અને અનુકમ્પાના સંસ્કાર રેડી અમારૂ અને સમગ્ર પરિવારનું જીવન ખુશ્બોથી મહેંકતુ કર્યું અને અમને સુખી જીવન જીવવાનો મંત્ર આપ્યો કે :-

સત્ કર્મ વગર સંપતિ વધતી નથી
સંયમ વગર સંપતિ ટકતી નથી
દાન વગર સંપતિ શોભતી નથી

લી.

જયંતીલાલ છગનલાલ
શશીકાન્ત છગનલાલ
ભુપતભાઈ છગનલાલ
ચંપકલાલ છગનલાલ
તથા પરિવાર

શ્રી ખીમચંદ ત્રિભોવન શેઠ



વય વર્ષ ૯૦ ઉપલેટા (સૌરાષ્ટ્ર)

જેમણે પોતાના વતનમાં પૂ. સંત સતીજીઓની ધાર્મિક સેવા કરી છે. ઉપલેટાની પાંજરાપોળ, સાર્વજનિક અંગ્રેજી સ્કૂલ, જૈન ધાર્મિક શાળા, જીવદયા ખાતુ વગેરે સંસ્થાઓમાં તન, મન, ધનથી સેવા આપી છે. શેઠ કુટુંબનું સદાવ્રત વર્ષોથી ચલાવ્યું છે અને પોતાનું જીવન અત્યંત સાદાઈથી ધર્મભાવનામાં વીતાવે છે.

લિ.

ગીરજાશંકર ખીમચંદ શેઠ

પૂ. માતુશ્રી જેઠીબાઈ



અમારામાં આપે બાળપણમાં સંસ્કાર અને ચારિત્રનું ઘડતર કર્યું અને ગળથૂથીમાં ઘૂંટી ઘૂંટીને પાયું કે "જે દે તે દેવ અને રાખે તે રાક્ષસ" જેનામાં દેવાની વૃત્તિ છે તે દૈવી વૃત્તિ છે અને જેનામાં રાખવાની-સંઘરવાની વૃત્તિ છે તે રાક્ષસી વૃત્તિ છે. આપના સંસ્કારને જીવનમાં અમે વણી અને પૂણ્યના યોગે જ્યારે સંપત્તિ મળી ત્યારે તેનો સદ્‌ઉપયોગ કરતા જ રહ્યા છીએ કારણ આપે દીધેલી શીખામણ :

વહેતા જળ નિર્મળ ભલા,
સાધુ વિચરતા ભલા
ધન દોલત દેતા ભલા

અમે બરાબર આચરણમાં મૂકી રહ્યા છીએ.

લિ.
આપના
જન્મોજન્મના ઋણી

નગીનદાસ, લીલાવતી
હિંમતલાલ, નિર્મળા
રસીકલાલ, ગુલાબ

શ્રી હિંમતલાલ ન્યાલચંદ દોશી




"કર્મણ્યેવ માધિકારસ્તે..." ભગવાન શ્રીકૃષ્ણનો ઉપદેશ હોય કે જૈન દર્શનનો "કર્મયોગ" હોય. આપે એ ઉપદેશને અક્ષરશઃ આપના જીવનમાં ઉતારી વતન વાંકાનેરથી મોહમયી મુંબઈ નગરીમાં આવી અર્થ-ઉપાર્જનમાં કાર્યરત થયા.

આપની આર્થિક પ્રગતિની સાથે વારસાગત મળેલ દાન, દયા, અનુકંપા આદિ ધાર્મિક સંસ્કારોનું જે દૃઢ સીંચન આપનામાં થયેલ, અને આપના લઘુબંધુ શ્રી રસિકલાલ દોશી તથા અન્ય કુટુંબીજનોના યોગ્ય સહકારથી માદરે વતન વાંકાનેરમાં ગરીબ તથા જરૂરિયાતવાળા બંધુઓની પીડાને જાણી માનવતાના તેમજ સમાજકલ્યાણના સદ્‌કાર્યો-સાર્વજનિક દવાખાનું અન્ય આર્થિક સહાય, મુંગા પશુઓની સાર-સંભાળ તથા ઘાસચારા અને ઘરઆંગણે ઉચ્ચ કેળવણી આપી શકાય માટે આર્ટસ અને કોમર્સ કોલેજની સ્થાપના અને વિકાસ માટે ભારે જહેમત ઉઠાવશી-તે ખરેખર પ્રશંસનીય છે.

પરમકૃપાળુ પરમાત્મા, આવા અનેક સેવાનાં કાર્યો કરવા, આપને સંપૂર્ણ તંદુરસ્તીભર્યું દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના.

શ્રી રસિકલાલ ન્યાલચંદ દોશી



હિંમતભાઈ અને રસિકભાઈ એટલે જાણે રામ લક્ષ્મણની જોડી. નિર્મળાબહેન અને ગુલાબબહેન જાણે વસ્તુપાળના જમાનાની દેરાણી જેઠાણીની જોડી.

પુરુષાર્થ પુરુષનો પણ લક્ષ્મી સ્ત્રીની. બન્નેના પગલે લક્ષ્મી અઢળક આવી પણ તેનો સદ્‌ઉપયોગ કરવામાં હંમેશ બન્નેએ પ્રોત્સાહન તથા પ્રેરણા આપી એટલું જ નહિ પણ સહયોગ આપ્યો.

રસિકભાઈએ પણ સંતોની વાણીને ગળથુથીમાં ગુંથી રાખી અને કમાણીમાં ભગવાનનો ભાગ રાખીને સંપત્તિનો સદઉપયોગ વતનના વિકાસમાં, માનવતાના અને ધર્મ ઉત્થાનના અને જ્ઞાનપ્રચારના કામમાં કરીને બીજાને આદર્શ પૂરો પાડયો કે :—

મળી જે સંપત્તિ તમને
વાપરજે સત્ કાર્યમાં
નહિતર પછી પસ્તાવું પડશે
જ્યારે પૂણ્ય તમારું ખુટી જશે

શ્રી મલાડ સ્થા. જૈન શ્રાવક સંઘના ચેરમેન, ટ્રસ્ટી તથા સંઘના સુકાની



(કચ્છ પત્રીનિવાસી હાલ મલાડ)

શ્રી ઉમરશી ભીમશીભાઇ વીરા

મુળ વતન કચ્છ પત્રી, તેઓના વ્યવસાયી જીવનની શરૂઆત અનાજ તથા કરીયાણાનો સ્વતંત્ર વ્યાપાર નાનપણથી મુંબઇ આવી શરૂ કરેલ તેમાંથી આપબળે પોતાની કુશાગ્ર બુદ્ધિથી અને સાહસીક વૃત્તિથી ઉત્તરોત્તર પ્રગતિ કરી મલાડના આગેવાન વેપારી તરીકે સ્થાન પ્રાપ્ત કરેલ છે. બીલ્ડીંગ મટીરીયલ્સ બરસન ગેસની એજન્સી ઉપરાંત અનેક વ્યવસાયો તેમણે આદરી દરેક ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે એટલું જ નહીં પરંતુ ધાર્મિક, સામાજીક અને રાજકીય ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ સેવા આપે છે.

મલાડ સુધરાઇના સભ્યસ્થાને, મલાડ કોંગ્રેસના પ્રમુખ સ્થાને, મલાડ દાણાના વ્યાપારી મંડળના પ્રમુખસ્થાને, બોમ્બે સબર્બન ગ્રેન ડીલર્સના અગ્રગણ્ય, શ્રી શ્વે.સ્થા. જૈન યુવક મંડળના માજી પ્રમુખ, મહાવીર કલીનીકના ટ્રસ્ટી, પત્રી સમાજના ટ્રસ્ટી, એસ. કે. પાટીલ આરોગ્યધામના ખજાનચી, મલાડ સંઘના પ્રમુખ તેમજ મેનેજીંગ ટ્રસ્ટી તેમજ અન્ય શૈક્ષણિક, ધાર્મિક રાજકીય તથા સામાજીક સંસ્થાઓમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી, અગ્રસ્થાન મેળવી ચુકયા છે. સૂરત રેલ રાહત તેમજ કચ્છ ધરતીકંપ વખતે તેઓની સેવા નોંધપાત્ર હતી. જેઓની પ્રેરણાથી જ તેમના સુપુત્રો તરફથી રૂા. ૨૫૦૦૧)ની ઉદાર સખાવત જાહેર કરી મલાડ સંઘ, સંચાલિત વર્ધમાન આયંબિલતપ ખાતા સાથે તેમના પત્ની શ્રીમતી પાનબાઈ ઉમરશી ભીમશીભાઇ વીરાનું નામ જોડાયેલ છે. ઉપરાંત તેમના દાનનો પ્રવાહ, મલાડની મહિલા કોલેજ, શ્રી શ્વે. સ્થા. જૈન યુવકમંડળ, મલાડ સ્થા. જૈન સંઘ તથા અન્ય સંસ્થાઓને અવિરત પણે મળેલ છે. ઉપરાંત તેમના વતન પત્રી-આયંબિલખાતામાં, સર્વોદય સમાજ, પત્રી વિદ્યાર્થીગૃહ, ગાંધીવિદ્યાલય તથા અન્ય નાની મોટી સંસ્થાઓને દાન આપી વતન પ્રત્યેનું ઋણ અદા કરેલ છે. આવા સેવાભાવી કર્તવ્યનિષ્ઠ ઉત્સાહી મીલનસાર સ્વભાવના સહૃદયી સજ્જનને પ્રમુખ તરીકે મેળવવા બદલ મલાડ શ્રી સંઘ ગૌરવ અનુભવે છે અને તેઓની રાહબરી નીચે શ્રી મલાડ સંઘ આર્થિક તેમજ વહીવટી ક્ષેત્રે ઉત્તરોત્તર વિકાસ પામશે એ નિર્વિવાદ છે.

સ્વ. શ્રીમતી પાનબાઇ ઉમરશીભાઇ વીરા



સ્વર્ગવાસી (અ.સૌ.) પાનબાઈ ઉમરશી વીરા.

જન્મ જાન્યુઆરી ૧૯૧૬ સ્વર્ગવાસ તા. ૨૫-૬-૮૬

ધર્મ પરાયણ અને જેમનું હૃદય ઉચ્ચ ધાર્મિક ભાવ આતિથ્ય ભાવ અને સેવાનું ત્રિવેણી સંગમ હતું. જેઓ સદા શાંત અને સૌમ્ય પ્રકૃતિ ધરાવતાં હતાં. જેમનાંમાં કુંટુંબ પ્રત્યે હાડોહાડ વાત્સલ્યતા અને મમતા હતી. તેમની પુનિત યાદ કાયમ રાખવા શ્રી ઉમરશીભાઈ ભીમશીભાઇ વીરાની પ્રેરણાં મળતાં જ તેમના સુપુત્રો શ્રી હંસરાજભાઈ, શ્રી રાઘવજીભાઈ, શ્રી લક્ષ્મીચંદભાઈ અને શ્રી તલકશીભાઈ વીરાએ વર્ધમાન આયંબીલ તપ ખાતા ઉપર કચ્છપત્રી નિવાસી શ્રીમતી પાનબાઈ ઉમરશીભાઈ વીરાનું નામ જોડવા રૂા. ૨૫૦૦૧) જેવી ઉદાર સખાવત આપી માતૃઋણ ચૂકવી ધન્ય બન્યા છે.

આજે અમો 'જે કાંઇ છીએ' તે તેઓશ્રી ની ધર્મશ્રધ્ધા, સેવાવૃતિ અને કુંટુંબ વાત્સલ્ય ભાવના સુસંસ્કારોના સીંચનોનું ફળ છે.


— અમો છીએ —

તેમના પૂત્રો, પૂત્રવધુઓ, પૂત્રીઓ તેમજ પરિવાર

જ્યોત્સનાબેન ધીરજલાલ શાહ



ધીરજલાલ તલકચંદ શાહ



જ્યોત્સના બહેન મુક્તિ મહિલા મંડળ મલાડનું પ્રમુખપદ સંભાળે છે. આ જવાબદારી સંભાળવા એમની યોગ્યતાનું મૂલ્યાંકન એમના જીવનમાં બહુ સ્પષ્ટ રીતે જોવાં મળે છે. અખૂટ દોલત ઘરમાં હોવા છતાં જીવનમાં એમણે સાદાઈ અને વિવેક જાળવ્યો છે. ધર્મના કાર્યોમાં એ હમેશાં મોખરે રહ્યા છે એટલું જ નહીં પોતાના સંતાનોને પણ એમણે તપશ્ચર્યામય જીવનની કેળવણી આપી છે. સ્વભાવે મૃદુ અને મીનભાષી આ સન્નારીના નામની એક શૈક્ષણિક સંસ્થા જ્યોત્સના ધીરજલાલ તલકચંદ હાઇસ્કૂલ પણ મલાડ પૂર્વમાં પ્રગતિમય કાર્ય કરી રહી છે ગરીબોને મદદરૂપ થવું એ પણ એમના જીવનનો એક આદર્શ રહ્યો છે.

શેઠશ્રી ધીરૂભાઈ એ મલાડમાં એક લોકપ્રિય નામ છે. તેમણે શરૂ કરેલો પ્લાસ્ટીકની બંગડીનો ધંધો દેશવિદેશ સુધી ધમધોકાર ચાલે છે. મલાડમાં વસેલા આ પ્રતિષ્ઠિત શ્રીમંતે ફક્ત પૈસો કમાઈ જાણ્યો નથી પરંતુ તે વાપરી જાણ્યો છે. શૈક્ષણિક સંસ્થાઓમાં ધાર્મિક મંડળોમાં કે દવાખાના જેવી સામાજિક સેવા સંસ્થાઓમાં તેઓ ટ્રસ્ટીપદ સંભાળે છે. ધાર્મિક, સામાજિક, કે શૈક્ષણિક સંસ્થાઓને તેમની સઢધર દાનવૃતિનો ટેકો છે. તેઓ પોતે જીવનમાં ધર્મ અને તપશ્ચર્યા ને ખૂબજ મહત્વ આપે છે. સાદાઈથી રહેતા આ સદ્‌ગૃહસ્થને કુદરતે વાણીમાં વિનય ભાષાની સરળતા આપી છે.

માતૃ દેવોભવ પિતૃ દેવોભવ

દેવચંદ નેણશીભાઈ સંઘવી, (મોરબી નિવાસી)



(દેહ વિલય : તા: ૧-૫-૧૯૬૩)

૧૬વર્ષે, વતન છોડી, કરાંચીમાં કુનેહ અને દીર્ઘ દૃષ્ટિથી શૂન્યમાંથી સર્જન કર્યું. ધંધાકીય તથા ધાર્મિક-ક્ષેત્રે મહત્વનો ફાળો આપ્યો. મુખ્ય, કરાંચી સ્થા. જૈન સંઘના વર્ષોથી મેન્ટ્રસ્ટી રહી, અનાર્ય દેશમાં પ્રથમ જ જૈનો ના સંતવિહાર અંગે જહેમ-તથી કરાંચી ચાતુંમાસ કરાવી સંત-સમાગમનો મહાન લાભ પ્રાપ્ત કરેલ.

સેવાક્ષેત્રે, વણીક મહાજન, જૈન સહાયક મંડળ દશા. વણીક કન્ઝયુમર-સ્ટોર, વીગેરે સંસ્થાના પ્રણેતા, મુખ્ય કાર્યકર, રહેલ,

મણીબાઇ દેવચંદ સંઘવી



(દેહ વિલય : તા: ૧-૨-૧૯૬૨)

દાનક્ષેત્રે, હાલાઈ વણીક વાડીમાં "માતુશ્રી કંકુબાઈ હોલ", સિંધ, હૈદ્રાબાદ ઉપાશ્રય, કરાંચી ઉપાશ્રય, જૈન પાઠશાળા, કરાંચી જૈન સેનેટોરીયમના મુખ્ય સહાયક, રહેલ.

ટૂંકમાં, ધાર્મિક, ધંધાકીય, તથા સેવાંના ક્ષેત્રોમાં આપે આગવુ સ્થાન પ્રાપ્ત કરેલ.

માતુશ્રી મણીબાઈ, સોનામાં સુંગધની જેમ પ્રત્યેક શુભ કાર્યમાં, સહાયક, પ્રેરક, અને આદર્શ સહધર્મચારિણી બની જીવનને પુષ્પોની પરાગની જેમ સુવાસિત કરેલ, મમતાળુ ઉદારદિલ, તેમજ ધર્મશ્રધ્ધામાં આરાધેલ, વર્ષીતપ, સોળભત્યુ, અઠ્ઠાઇ વિગેરે તપશ્ચર્યાઓથી જીવન સાર્થક કરી ધાર્મિક સંસ્કારોનું સીંચન કરેલ.

શ્રી. આપના,

પુત્ર : **મુલચંદ દેવચંદ સંઘવી,** –તથા પરિવાર પુત્રવધુ : **મંગળાગૌરી મુલચંદ સંઘવી,**

સંઘવી મુલચંદ દેવચંદ, તથા શ્રીમતી મંગળાગૌરી મુલચંદ સંઘવી



તેજસ્વી સંસ્કારો વારસામાં મળતા જ આપે ધાર્મિક સામાજીક, તથા મેડીકલક્ષેત્રે મલાડની. શ્રી. વર્ધ. સ્થા. જૈનસંઘ, શ્રી. જૈન યુવક મંડળ, શ્રી. સૌદશ તાલુકા સ્થા. જૈન સમાજ, કરાંચી ગુજરાતી સેવા સમાજ, એમ. એમ. હાઈસ્કુલ વિદ્યાર્થી મંડળ, મહાવીર કલીનીક, મુંબઈ મહા-સંઘ ધાર્મિક શિક્ષણ સમિતિ, વીગેરે સંસ્થાઓમાં સક્રીય ભાગ લઈ, સમયનો ભોગ તથા દ્રવ્ય સહાય દ્વારા સ સ્થા-ઓને પ્રતિભાશાળી બનાવવા નોંધપાત્ર ફાળો આપ્યો છે.

પુણ્ય યોગે પ્રાપ્ત સંપત્તિનો સદ્વ્યય, અનેક સંસ્થાઓ જેમાં મલાડસંઘનો "દેવચંદ નેણશીભાઇ સંઘવી હોલ," દશા તાલુકા સમાજની "સંઘવી દેવચંદ નેણશીભાઇ મેડીકલ રાહત યોજના" મહાવીર કલીનીકની "મંગળાગૌરી મુલચંદ સંઘવી દંત વિભાગ કાંદાવાડી જૈન કલિનીક, છાત્રાલય મુખ્યત્વે રહેલ છે.

"મુંદ્રામાં રત્ન કણીકા" જેમ શોભે તેમ, અ. સૌ. મંગળાગૌરી આપની દરેક શુભ પ્રવૃતિઓમાં ઓતપ્રોત બની ઉત્સાહપ્રેરણા આપી આદર્શ ગૃહીણી તરીકે આપની પ્રતિભાને વધુ ઉજ્જવળતા અર્પેલ છે.

આપના પુત્રો,

કિર્તીકુમાર સંઘવી, મનોજકુમાર સંઘવી

આપની પુત્રીઓ,

અ. સૌ. સેજલ(ચંદ્રીકા) મહેતા,
અ. સૌ. કિર્તીદા ખારા

શ્રી રતિલાલ સુંદરજી કામદાર



જીંદગીની લીલી સુકી જોયા પછી જે કાંઇ પામ્યા છે. તેના સદ્‌ઉપયોગ કરી જે આપના પાસેથી મેળવ્યું છે તેને અર્પણ કરી આપનું ઋણ અદા કરી રહ્યા છે. શ્રી. શ્વે. સ્થા. જૈન યુવકમંડળ મલાડના પ્રમુખ છે. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક-સંઘ મલાડના ઉપપ્રમુખ છે. સંઘ-સંચલિત લાયબ્રેરીને નામ માટે ઉદાર દીલે દાન આપેલ છે.

અ. સૌ. કાન્તાબેન રતિલાલ કામદાર



પોતાના ઉંબરે આવનાર વ્યક્તિ સંસ્થાનો કાર્યકર કે પછી સહધર્મ ભાઈ-બહેન હોય. દરેકને મીઠો આવકાર આપી પતિ પાસે કંઇ ને કંઈ આવનારની ઝોળીમાં નંખાવી સંતોષ પામનાર આ સન્નારીએ પોતાના અલગ વ્યક્તિત્વ માટે કયારેય વિચાર્યું નથી એથીજ એમનું દામ્પત્ય જીવન હર્યું ભર્યું અને સંતોષી છે જીવનમાં આથી બીજી મોટી સફળતા કઇ હોઇ શકે?

શ્રી નેમચંદ નાનચંદ શાહ (નવસારી)



આપનું જીવન દાન, દયા, નિખાલસતા, સંતો પ્રત્યેની અપૂર્વ ભક્તિભાવના આદિ ગુણોની સુવાસથી મઘમઘી રહ્યું છે. માતાપિતાના આદર્શ સંસ્કારોને આપે આપના જીવનમાં અપનાવીને આપનું જીવન ધર્મભાવનાથી અને ગુણોથી ઉજ્જવળ બનાવ્યું છે. સંપત્તિ મળવા છતાં સંપતિના મોહમાં નહીં ફસાતા તેનો ધાર્મિક ક્ષેત્રોમાં, સ્વધર્મી વાત્સલ્યતાના કાર્યોમાં સદઉપયોગ કરી રહ્યા છો. આપના ભાઇએ તથા કાકાએ ભાગવતી દીક્ષા ગ્રહણ કરી છે અને આપ પણ સંસારમાં રહેવા છતાં આદર્શ જીવન જીવી રહ્યા છો. રથને સારી રીતે ચલાવવા માટે બે પૈડા સરખા જોઈએ. સાગરને સફળતાથી તરવા માટે હોડીના હલેસા પણ બંને સરખા જોઈએ. તેવી રીતે આજે ધાર્મિક અને આધ્યાત્મિક રીતે હું જે કરી રહી છું તેમાં આપનો મને સુંદર સહયોગ અને સહકાર મળેલ છે.

લી **અ. સૌ. કુસુમ નાનચંદ શાહ**
તથા આપના આજ્ઞાંકિત પુત્રો.

શ્રી પ્રીતમલાલ મોહનલાલ દફ્તરી



કર્મે શુરા અને ધર્મે શુરા એ મુજબ કર્મની જેમજ આપે ધર્મને પણ જીવનમાં સેવ્યાં. આજીવન "બ્રહ્મચર્ય"નું વ્રત અંગીકાર કરી આપે અમને ધર્મ અને સંયમનો રાહ બતાવ્યો. સાધુ સાધ્વીજીઓ પ્રત્યેની આપની અપાર લાગણી તથા સામાજિક અને માનવતાના ક્ષેત્રે આપનું પ્રદાન અમને અમારા જેવાં અનેકને પ્રેરણાં રૂપ છે. પ્રમાણિકતા, તપ, દાન, કરકસર, સંયમ અને સચ્ચાઈના આ ઉચ્ચ સંસ્કાર અમારામાં રેડયાં તેના માટે અમે આપનું ઋણ કદી નહી ચુકવી શકીએ. આ ગુણોનું જતન અમે જીવનભર કરી આપવાનું ઋણ યતકિંચિત પણ અદા કરવાની કોશિષ કરીશું.

આપના દાખવેલ રાહ ઉપરથી અમે કદિ ચલિત ન થઇએ એવી વીર પ્રભુને પ્રાર્થના.

અ. સૌ. કુસુમબેન પ્રીતમલાલ દફ્તરી



દેવો પણ જે માતૃવાત્સલ્યને ઝંખતા હોય છે એવી માના ગુણગાન ગાવા એટલે તરણાથી સમુદ્ર તરવો. ખરેખર, મા અમારા ઉછેરના તમારા અગણિત ઉપકારનું ઋણ અમે કંઇ રીતે અદા કરીશુ ?

તમારા ગુણો જેવા કે કરકસર, સંયમ, સહનશીલતા વી. એ અમારામાં ઊંડી છાપ પાડી છે. વળી સોનામાં સુગંધ જેવું બ્રહ્મચર્ય વ્રત, જેના બી તમે અમારામાં વાવ્યા છે. તે જરૂર વૃક્ષ થઈ પોગરશે.

ફૂલોની પથારીમાં ઉછરેલા તમે કાંટા ઉપર પણ હસતાં હસતાં ચાલી આજે અમારા માટે ફૂલોજ પાથર્યા છે.

મા તમારી મીઠી છાયામાં અમે સૌ સંપથી આનંદથી જીવીએ અને કાયમ તમારી ખૂબ સેવા કરીએ તેવા આશીર્વાદ વીર પ્રભુ પાસે માગીએ છીએ.

લી.

આપનો આજ્ઞાંકિત પરિવાર

નિર્મલ - જયેશ, સૌરભ - સોનલ

અંજના - ચેતના, સિદ્ધાર્થ તથા આદિત્ય

સ્વ. માતુશ્રી ખીમઇબેન માલશી ગંગર



હે જનની ! મારા જીવન પર તારા જે અસીમ ઉપકારો છે તેને હું કેમ ભૂલી શકુ ? જેવી તારી મમતા હતી તેવી જ તારી સમતા હતી જેવી તારી ધર્મભાવના હતી તેવી જ તારી મંગલ કામના હતી. તારી આ ભાવનાઓને મારા અંતર-તમ ભાવો વડે હું અભિવંદુ છું તારા સદાનો ઋણી પુત્ર

લી. તારા સદાનો ઋણી પુત્ર
પ્રેમજી માલશી ગંગર

અ.સૌ. કેશરબેન પ્રેમજીભાઇ ગંગર



હૈયુ સુકોમળ અને સ્નેહભીનું દયા ભીનું દીલ છે તમારું ; દઢ સંકલ્પ સાથ કર્તવ્યનિષ્ઠા નમે તમ ગુણોને ઉર સમરું.

માતૃદેવો ભવ

અમારામાં સુસંસ્કારોનું સિંચન કરી અમારું જીવન ઘડતર કરી આપના ઉપકારોને કેમ ભૂલી શકીએ આપશ્રી સંતસેવા તેમજ ધર્મકરણીનો ઘણોજ લાભ લઈ રહ્યા છો. અને અમોને પણ તે માર્ગે જવાની પ્રેરણા આપી રહ્યા છે.

લી. આપનો પરિવાર


ભારત કલીપ મેન્યુફેકચરીંગ કું.

૨૦, કાંચન ગાર્ડન લેન
મુંબઇ ૪૦૦૦૦૨

તાર : માસ્ટરકલીપ ફોન : ૩૭૬૬૯

ના
ભાગીદારો

સ્વ. શ્રી રમણીકલાલ નારણદાસ શાહ
(ખાંડીઆવાળા)




જેમણે

સ્નેહ અને પ્રેમભરી કુટુંબ ભાવનાથી ભરેલુ જીવન જીવીને અમને બધાને હંમેશની પ્રેરણા આપી છે. તેમની સ્નેહ યાદમાં

— × —

પત્નિ પુત્રો પુત્રવધુ, પુત્રી, ભાઇઓ અને અન્ય કુટુંબીજનો

સ્વ. શ્રી જયંતિલાલ કસ્તુરચંદ શેઠ
(ઝોબાળા વાળા)



જેઓએ

આપમેળે મુશ્કેલીમાં આગળ વધી ભારત કલીપની સ્થાપના કરી અને સંગીન પાયા ઉપર ગુકી સાથે સાથે કુટુંબીઓને પણ હંમેશાં સ્નેહ સાથ અને પ્રેમની સરવાણીમાં હુંફ આપી. સ્વજનોમાં, મીત્રોમાં અને અનેક અજાણ્યા જણો પણ અજાતશત્રુ તરીકે પંકાઈ અચાનક ભરયુવાનીમાં મહા ભિષ્કમણ કર્યું. તમને હંમેશની શીતલ અને પ્રવિત્ર યાદમાં

— × —

માતા, પત્ની, પુત્રીઓ પુત્રો, ભાઈઓ અને અન્ય કુટુંબીજનો,

સ્વ. પિતાશ્રી નિહાલચંદ પૂનમચંદ
મહેતા પાલનપુર નિવાસી



સ્વ. માતુશ્રી કેશરબેન નિહાલચંદ
મહેતા પાલનપુર નિવાસી



આપે અમારામાં બાળપણથી સંસ્કારો અને ચારિત્રનું ઘડતર કરી માનવતાની મહેક મહેંકાવી છે. તપ ત્યાગના સંસ્કારોનું સિંચન કરીને ધર્મનો મર્મ સમજાવી ધર્મ પ્રત્યેની શ્રધ્ધા દૃઢ કરી છે. તો હે માતા પિતા ? તમારા અમારા અનંત (૨) ઉપકાર છે. સહનશીલતા, ધર્મભાવના, સચ્ચાઈ, સરળતા જેવાં ગુણો તમારા જીવનના આદર્શો હતા. એ આદર્શોને અમે અપનાવી ઋણાળું માતા અને પ્રેમાળ પિતાના ઋણમાંથી યત્કંચિત મુક્ત થવા પ્રયત્નશીલ બનીએ એજ મનની મંગલ મનીષા.

સ્વ. પિતાશ્રી પુનમચંદ બાદરમલ
પરીખ. પાલનપુર નિવાસી



આપના જીવનમાં સહાનુભૂતિ, સત્યતા, સમતા અને અનુકંપાના સુંસ્કારોની સુવાસ અમારા હૈયામાં પ્રસરી છે. આપના ધર્મમય જીવનથી અમારામાં ધર્મ પ્રત્યેની ઘગસ અને અનેરી શ્રધ્ધા પ્રગટી છે. આપની પ્રેરણાઓ અમે મૂર્તિમંત બનાવીએ એજ અંતરની આહલેક આરજુ.

લિ. આપનો પરિવાર.

સ્વ. ઘોળીબેન ઘેલાભાઇ કોઠારી



હે જનની ! મારા જીવન પર તારા જે અસીમ ઉપકારો છે તેને હું કેમ ભૂલી શકું ? જેવી તારી મમતા હતી તેવીજ તારી સમતા હતી એવી જ તારી મંગલ કામના હતી. તારી આ ભાવના અને મારા અંતરતમ ભાવો વડે હું અભિવંદુ છું

તારો સદાનો ઋણી પુત્ર
નાથાલાલ ઘેલાભાઈ કોઠારી
તથા સમસ્ત પરિવાર.

માતુશ્રી જડાવબેન ડાયાલાલ ગાંધી



બાલ્યાવસ્થાથીજ મ્હારામાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કરનાર, વાત્સલ્યના નીરમાં નવડાવી જીવનના ઘડતરમાં, દિલની દીલાવરતા અર્પનાર માતાના માંગલિક આશિર્વાદ વરસતા રહે એવી ઇચ્છાનો ઈચ્છુક,

આપનો પુત્ર છોટાલાલ ડાહ્યાલાલ ગાંધી
તેમજ સમસ્ત પરિવાર

સ્વ. પ્રવિણચંદ્ર રેવાશંકર દોશી



"કુલ ગયુ ફોરમ રહી ગઇ"

ભરયુવાન વયમાં એકાએક તમો અમોને છોડીને ચાલ્યા ગયા, પરંતુ તમારા મીઠા સ્મરણો તમારો પ્રેમાળ અને હસમુખો સ્વભાવ અમો બધાય ભૂલી શકતા નથી.

લી : માતુશ્રી કસુંબાબેન રેવાશંકર દોશી અને ભાઈઓ, જયંતીલાલ રેવાશંકર દોશી તથા ચંદુલાલ રેવાશંકર દોશી. (મલાડ)

ગામ : પત્રીકચ્છ હાલ મલાડ



અમારા પૂ. પિતાશ્રીની સંવત ૨૦૦૪ના બેસતા વરસે છત્રછાયા ગુમાવ્યા પછી આપે આપની જવાબદારી અદા કરી અમને સુસંસ્કારો આપ્યા છે. આપને છેલ્લા પંદર વર્ષથી ધર્મનો રંગ લાગ્યો છે. ઈશ્વર પાસે પ્રાર્થના કરીએ કે તમારી સેવા કરવામાંથી અમને ચલિત ન કરે.

લી. રતનશી ખેતશી વીરા
અને પરિવાર.

સ્વ. રામજીભાઈ નાગશીભાઈ રોબોથા
(ગામ : કચ્છગુંદાલા હાલ મલાડ)



જન્મ તા. ૨૪-૩-૧૯૧૭ દેહવિલય ૧૫-૧-૧૯૭૭

જેમનામાં ધર્મના સંસ્કારો સાથે સરળતાનો સુંદર સુમેળ હતો. મલાડસંઘના મંત્રી તેમજ સક્રીય કાર્યકર તરીકે તેઓની સેવા નોંધ પાત્ર છે. પુણ્યને યોગે પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો સદવ્યય કરવો એવી હંમેશા ભાવના સેવતા. એજ પ્રેરણા અને માર્ગદર્શન અમારા જીવનમાં આપવા બદલ આપના ઋણી છીએ

આપના ધર્મપત્ની ગં. સ્વ. મીઠાબાઈ, પુત્રો, (બાબુભાઇ) રતીલાલ, હરખચંદ, તથા પરિવાર

દેહ વિલય : સંવત ૨૦૧૩ વદ શુક્રવાર
તા. ૨૬-૧૨-૧૯૫૬

આપે અમારા જીવનમાં જે ધાર્મિક સંસ્કારોના બીજવાવી જીવનને સદાચાર અને સંસ્કારીતાના પવિત્ર પંથે વાળવા પ્રેરણાના પવિત્ર પાણીનું સિંચન કરેલ તેના ફળ સ્વરૂપે અમારા જીવનમાં આજે ધર્મશ્રધ્ધા, સમાજસેવા તથા સંતસેવાના સુમનો ખીલ્યા તે ઉપકારનો બદલો વાળવા અમો સમર્થ નથી. છતાંય યતકિંચત ઋણ મુક્ત થવા માટે શ્રી સૌ દશ તા સ્થા. જૈન સમાજ સંચાલિત "વાસાવડ નિવાસી સ્વ. રતીલાલ હરખચંદ ખારા સહાયક યોજના" દ્વારા તેમજ ધાર્મિક અને સામાજીક ક્ષેત્રે સંપત્તિનો સદ્વ્યય કરી આપે આપેલ પ્રેરણાને મૂર્ત સ્વરૂપ આપવા નમ્ર પ્રયાસ કરીએ છીએ.

અમો છીએ આપના ધર્મપત્ની સમસ્તબેન ખારા પુત્રો : રમણલાલ, યશવંત, શૈલેષ તથા પરિવાર.

સ્વ. રતિલાલ હરખચંદ ખારા



સ્વ. માતુશ્રી સંતોકબેન વણારશી ગોડા



પૂજ્ય માતુશ્રી,

આપે અમારા જીવન ઘડતરમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું તેમજ અમોને એ જ સંસ્કારોએ ધર્મ કાર્યો તેમજ સતકાર્યો કરવાની પ્રેરણા આપેલ છે. આપ પૂજ્ય સંત સંતીશ્રીઓના દર્શન કરી તેઓના સતસંગનો અનુપમ લાભ લઇ રહ્યા છો અને લક્ષ્મીનો સદ્વ્યય સન્માર્ગે કરી રહ્યા છો જે કાર્ય અમોને પણ તેજ માર્ગે જવા પ્રેરણા આપી રહ્યું છે. લી. આપનો પરિવાર

શ્રી પાનાચંદભાઇ ડુંગરશીભાઇ તુરખીયા



તેઓશ્રી સાહસોદ્યોગર, ઉદારચરિત અને દાનેશ્વરી છે. અનેક ધાર્મિક કે સામાજીક, શૈક્ષણિક કે વૈદકીય, સંસ્થાઓને નવપલ્લિત કરેલ છે. ઝાલાવાડી સભા, શંખેશ્વર ભોજનશાળા અંધેરી કલીનીક દશા શ્રીમાળી ભોજનાલય, માટુંગા જૈન કેળવણી મંડળ જીવદયા મંડળ, સુરેન્દ્રનગર પોષધ શાળા જોરાવરનગરમાં શાળા, સુરત હોસ્પીટલ વગેરે સંસ્થાઓ તેની સાક્ષી પુરે છે.

થાનગઢ નિવાસી

સ્વ. શાંતાબેન પીતાંબરદાસ દોશી



જન્મ : ૧૬-૮-૧૫ અવસાન : ૨૮-૭-૬૯

અમારા સ્વ. પૂ. માતુશ્રી જેઓશ્રીનો ધર્મ તેમજ સંસાર જીવન જીવવાનો આદર્શ અમે સૌ સ્વજનો માટે પ્રેરણા સ્ત્રોત સમો હતો. એવા સહૃદયી માતુશ્રીના આત્માને અમે ચીર શક્તિ પ્રાર્થીએ છીએ.

આપના બાળકો.

મહેન્દ્ર—બીપીન—હીતેન્દ્ર તથા

અ.સૌ. વર્ષા. અ.સૌ. હંસા. અ. સૌ. મહેન ભારતી

સંત ચરણ રજ


પીતાંબરદાસ તથા કુટુંબીજનો

ખંભાત નિવાસી
વાડીલાલ કુલચંદભાઈ પટેલ (ઝવેરી)



જેઓએ નાની ઉંમરમાં જવેરાતના ધંધામાં ઝંપલાવી વ્યાપારી ક્ષેત્રે સારી નામના પ્રાપ્ત કરી છે તેમજ સંતસતીશ્રીઓની સેવા અને ધર્મ પ્રત્યેની અડગ શ્રધ્ધાથી ખંભાત સંઘમાં અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ખંભાત નિવાસી
ચીમનલાલ છોટાલાલ કાપડીયા (ઝવેરી)



તેઓશ્રીનો ઝવેરાતનો વ્યવસાય છે તેમજ ખંભાત સંઘની ૧૦ વર્ષ સુધી સક્રિય સેવા કરેલ છે તેમજ ખંભાત સંઘની પ્રમુખ તરીકે રહીને પણ સારી સેવા બજાવેલ હતી. તેમજ સંતસતીશ્રીઓની સેવા કરવાનો તેમજ તેઓના પ્રત્યે આદર ભાવએ તેઓની વિશિષ્ઠતા છે. હજુ પણ ખંભાત સંઘના સક્રીય કાર્યકર તરીકે સેવા બજાવી રહેલ છે.


શ્રી પ્રાણલાલ મનસુખલાલ મહેતા
(ગામ : બાલંભા હાલ : મલાડ)



ખૂબ જ નાનીવયે આપે આફ્રીકા તેમજ પરદેશ જઈ સાહસિક વૃત્તિથી વેપારક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત કરેલ, મલાડમાં ધાર્મિકક્ષેત્રે મલાડ સ્થા. જૈનસંઘના કમિટી સભ્ય તરીકે રહી વર્ષોથી સેવાઓ આપેલ છે જેમાં આયંબીલ ખાતામાં અનુપમ સેવા આપેલ છે. સામાજીકક્ષેત્રે શ્રી સૌરાષ્ટ્ર દશા તા. સ્થા. સમાજના પ્રમુખ સ્થાને રહી સમાજની પ્રગતિમાં નોંધપાત્ર ફાળો આપેલ છે. કુટુંબ વાત્સલ્યતા ભાવ, કોઇપણનું શક્તિ અનુસાર કાંઇક કરી છુટવું એવી સદભાવના આપ નામાં હરહંમેશ જાગૃત રહેલ છે. આવા સદ્ગુણોથી પ્રેરણા અને માર્ગદર્શન અમોને આપના તરફથી સતત મળતા રહે છે.

અમો આપના ઋણી છીએ
પુત્રો. મગનલાલભાઇ, ચીમનલાલભાઈ, પુત્રવધુઓ
તથા પરિવાર

સ્વ. સંજય દીલીપભાઇ મારૂલીયા




અમેરીકામાં મોટરકાર એકસીડન્ટ થતા, આત્મીક કાર્ય સાધવામાં જેમણે સહજાત્મ સ્વરૂપ પરમ ગુરૂ" નું સતત રટણ કરી દેહ ત્યાગ કર્યો

જન્મ — દેહ વિલય

મુંબઈ ૨૧-૯-૧૯૫૩ — સાન્ટામોનીકા કેલીફોરનીઆ (અમેરીકા) તા. ૭-૧-૧૯૭૯

સ્વ. નવીનચંદ્ર શીવલાલ શાહ
સુરેન્દ્રનગર નિ.સી



"ફૂલ ગયું અને ફોરમ રહી ગઈ" યુવાનવયે અકસ્માતિક અને અકાળ અવસાન થયેલ.

આપનો સરળ અને મળતાવડો સ્વભાવ, હરહંમેશ અમારી સ્મૃતિ કાયમ યાદ આવે છે અને તમોએ ફેલાવેલી સુવાસ હજુ મઘમઘી રહેલ છે.

અમો છીએ આપના,
રમેશચંદ્ર વાડીલાલ શાહ તથા કુટુંબીજનો
(વીલેપાર્લા-મુંબઈ)

સ્વ. કંચનબેન અમુલખ ગાંધી (લીંબડી)



જન્મ સં. ૧૯૭૭ — મરણ સં. ૨૦૨૫

શ્રી ખંભાત સંપ્રદાયના શ્રીજૈન શાશનના સિતારા બા. બ્ર. પ, પૂ. શ્રી **શારદાબાઇ** મહાસતીજીના સુશિષ્યા બા. બ્ર. પ. પૂ. શ્રી **શોભના બાઇ** મહાસતીજીના સંસારી માતુશ્રી :-

સુસંસ્કારી, સદાચારી, ચારિત્રશીલ, માતુશ્રી આપે અમોને નાનપણમાંથી જ ધર્મ ભાવના, સત્ય, દયા, દાન, સરળતા, શુભનિષ્ઠા. વિ. જે ઉચ્ચ સંસ્કારોનું સિંચન કર્યું છે. તેને અમો આચરણમાં મૂકી આપનું ઋણ અદા કરી જીવનમાં સંતોષ અનુભવિએ છીએ.

લી. આપનો ભવોભવનો ઋણી પરિવાર
ઃ રજનીકાન્ત, સૂર્યકાન્ત, પ્રવિણકાન્ત, તથા ચંદ્રકાન્ત

પિસ્તાદેવી ભવરલાલ ડાગા
(ગામ સારનનિવાસી હાલ મલાડ



જેઓ તરફથી મલાડ સ્થા. જૈનસંઘને આસોમાસની નવપદ આંયબીલની ઓળી ઉપર નામકરણ અંગે રૂા. ૧૧૦૦૧, તેમના પૂ. સાસુ શ્રી પેપીબેન પૃથ્વીરાજ ધુલચંદ ડાગાનું શુભનામ આપી તેમના પ્રત્યેના પૂજ્યભાવ પ્રગટ કરી, કર્મ નિર્જરાની યોજનાને સુંદર સહયોગ, મળેલ છે.

ખરેખર તેઓ, ધર્મપ્રત્યે શ્રધ્ધાવાન, કુટુંબ વાત્સલ્ય ભાવનાવાળા તેમજ આદર્શ ગ્રહણી છે.

સ્વ. જયાલક્ષ્મીબેન ડાહ્યાલાલ દફ્તરી
હાલ : મલાડ — મોરબી નિવાસી



સ્વર્ગવાસ તા. ૨-૨-૭૩

સેવાભાવી વાત્સલ્ય મૂર્તિ-દયાળુ પૂ. માતુશ્રી આપ અમારા જીવનમાં ધર્મ સેવા તથા સંસ્કારનું સિંચન કરી અમોને સાધુ સાધ્વીઓની સેવા તથા દાનની જે પ્રેરણા આપેલ છે. તે માટે અમો આપના જન્મોજન્મના ઋણી છીએ આપને કોટી કોટી વંદન!

લી જશવંત ડાહ્યાલાલ દફ્તરી
નીતા. જે. દફ્તરી — અકુલેશ જે. દફ્તરી
અ. સૌ. મધુબેન, પુષ્પલતા, વિનોદીની



સ્વ. ઉજમબા લીલાધર ઠાકરસી લાખાણી
ચલાલાવાળા

તેઓ સેવાભાવી કુટુંબ ભાવનાવાળા મિલનસાર માયાળુ આનંદી સ્વભાવના હતા. તે શ્રી નાગરદાસ લીલાધર લાખાણી મલાડવાળા, શ્રી ધીરજલાલ લીલાધર લાખાણી મદ્રાસવાળા શ્રી વિનોદરાય લીલાધર લાખાણી ઘાટકોપરવાળા ના માતુશ્રી.

તેઓ દેહરૂપી અત્યારે અમારી સાથે નથી પણ તેઓની સુવાસ અને શ્રધ્ધા કાયમ અમારી સાથે છે. તેઓને અમારા દરેકના વંદન.

માતુશ્રી સમજુબેન અમરચંદ સલોત
નાગલપુર (મલાડ)



સંસ્કારી સદાચારી અને ચારિત્ર્યશીલ માતા સૌ શિક્ષકનું કામ કરે છે. આપે અમોને ધર્મ ધ્યાન અને તપ ત્યાગના માર્ગનું સિંચન કર્યું છે. તેને અમો આચરણમાં મુકી જીવનમાં સંતોષ અનુભવીએ છીએ.

લી. આપના આજ્ઞાકિત પુત્રો.

સલોત અનોપચંદ અમરચંદ સલોત મલુકચંદ અમરચંદ
સલોત વિનયચંદ અમરચંદ સલોત પરમાણુંદ અમરચંદ

માતુશ્રી અચરતબેન વીરજીભાઈ ઝાટકીયા



ધર્મપ્રત્યે અણુ શ્રધ્ધા, કુટુંબપ્રેમ, અને મિલનસાર સ્વભાવ, વિ. ના આપના સંસ્કારોથી આપ અમારા જીવનને પ્રેરણા અને માર્ગદર્શન આપી રહેલ છો.

લી આપનો પરીવાર

સ્વ. ગીરધરલાલ પ્રેમજીભાઇ ઝાટકી



સ્વ. શ્રી ગીરધરલાલ પ્રેમજી ઝાટકીયા.

સ્વર્ગવાસ તા. ૭-૮-૧૯૭૫

જેમનાં મુખપર સદાયે પ્રસન્નતા પ્રસરી રહેતી ગરીબો પ્રત્યે જેમનાં દિલમાં અથાગ કરૂણા ભરી હતી. પોતાનાં સંતાનોનાં સંસ્કારો પ્રત્યે જેમની પુરી જાગૃતિ હતી અને એજ જાગૃતિને કારણે આજે અમે જે છીએ તે બની શકયા આવા પરમ ઉપકારી પૂજ્ય તે બની શકયાં આવા પરમ ઉપકારી પૂજ્ય પિતાજીને અમારા કોટી કોટી વંદન હો.

આપના પુંત્રો.

માતુશ્રી માણેકબેન ગોવીંદજી લાડીયા



માતૃસ્નેહ વત્સલ્ય અને પ્રેમનું ઝરણું છે. કડવું પીને અમૃત વહેવડાવનાર છે. સાનુકૂળ અથવા પ્રતિકૂળ સંયોગમાં ધૈર્ય રાખી, અમારામાં જ્ઞાન, દાન, ધર્મ નીતિ, નિષ્કામ, નિઃસ્વાર્થ સેવાના સંસ્કારોનું સિંચી તપ ત્યાગનો માર્ગ બતાવી અમારું જે ચારિત્ર ઘડતર કરી રહ્યા છે તેવા આપને અમારા હાર્દિક કોટી કોટી વંદન.

લી. નગીનદાસ ગોવીંદજી લાડીયા.
પ્રતાપરાય ગોવીંદજી લાડીયા

માતુશ્રી બાલુબેન રતિલાલ મલુકચંદ શાહ (મુળીવાળા)



પૂજ્ય માતુશ્રી,

આપ હમંશા દયા, દાન અને ઉગ્ર તપશ્ચર્યા કરો છો અને અમારા જીવનમાં સત્ય, નીતિ, અને સદાચારનું સિંચન કરી રહ્યા છો જેથી નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે યથાશક્તિ અમે સત્કર્મો કરી શકીએ છીએ. તે બદલ અમો આપના ઋણી છીએ.

લી. આપના પુત્રો.
ચંદ્રકાંત રતિલાલ શાહ (હાલ મલાડ)
શશીકાંત રતિલાલ શાહ (હાલ U.S.A.)

સ્વ. માતુશ્રી વીમળાબેન નંદલાલ કોઠારી (ભૃગુપુર નિવાસી)




"તું કેવી હતી ને કેવી નહીં મા, મને સાંભરે નહીં." તારા સ્નેહના અમૃત બિંદુઓનું પાન કર્યું ન કર્યું, ત્યાંતો તે પ્રભુ-ચરણને પ્યારું ગણ્યું અને અમે તારાં લાડકોડથી વંચિત રહ્યા.

"શારદા સુવાસ" જેવાં ઉત્તમ સાહિત્ય પ્રકાશકમાં યત્ કિંમત અર્પણ કરી તારું ઋણ અદા કરવા તત્પર.

તારા પુત્રો.
જયંતિલાલ
પ્રતાપરાય
સુરેશચંદ્ર.

ડા. નંદલાલ વી. સુચક



ધર્મના સંસ્કારો સાથે સ્વભાવની સરળતા અને નીખાલસતાનો સુંદર સુમેળ થયો છે. સંત સેવા પ્રત્યે ખુબ આદર ધરાવે છે સહજ ઉદારતા થી લક્ષ્મીનો સદ્વ્યય કરે છે. મંડળની અનેક ધાર્મિક, સામાજીક તથા શૈક્ષણીક, વૈદકીય સંસ્થાઓમાં મોખરાનું સ્થાન ધરાવે છે. સંતસતીશ્રીઓની સારવાર નિશુલ્ક કરવા હંમેશા તત્પર રહે છે.


શ્રી હરજીવનદાસ ભગવાનજી ધોળકીયા



આપના ધર્મમય જીવને અમારામાં ધર્મ પ્રત્યે અનેરી શ્રધ્ધા પ્રેરી સર્વ પ્રત્યે સમભાવ, મમતા, અમિદૃષ્ટિ ધરાવનાર, ધર્મ પરાયણ, કુંટુંબમાં ઉચ્ચ સંસ્કાર સાથે ધાર્મિક સિંચન કરનાર આપ દીર્ઘાયુ બની અમોને સત્કાર્યો કરવા હમેંશા પ્રેરણા આપતા રહો એજ અભ્યર્થના

લી. આપના પુત્રો
નરભેરામ, ધીરજલાલ મનસુખલાલ, શાંતિલાલ
તથા પૌત્રો અને પુત્રવધુઓ


વ્રજલાલ સાકળચંદ કોઠારી



સાદાઈ, સરળતા તેમજ ધર્મમય જીવનથી સદાય આત્માને જાગૃત રાખી જીવન વ્યતીત કરો છો. તમારા જીવનમાંથી હમેશાં અમને શુભ પ્રેરણા મળતી રહે તેવા આશીષ માંગીએ છીએ.

લી. રસીકલાલ વ્રજલાલ કોઠારી
તથા સમસ્ત પરિવાર

સ્વ. હીરાલાલ નરશીદાસ શાહ



સ્વ તા. ૫-૭-૭૨

વઢવાણ શહેર નિવાસી હાલ મલાડ સ્વ. હીરાલાલ નરસીદાસ શાહના સ્મરણાર્થે હ. શ્રી ખીમચંદભાઇ, જયંતીભાઇ, પ્રતાપભાઇ, ભોગીભાઇ, તથા પ્રવિણભાઇ.


સ્વ. જેચંદભાઈ સાકળચંદ શાહ



સ્વ. તા. ૬-૮-૬૯

રાજયરાડી નિવાસી હાલ મલાડ સ્વ. જેચંદભાઈ સાકળચંદ શાહના સ્મરણાર્થે હા. તેમના સુપુત્રો સૌભાગ્ય ચંદભાઈ, પ્રતાપરાય તથા ધીરજલાલ.

સ્વ. નાગરદાસ માણેકલાલ તલસાણીયા
(વીરમગામ વાળા)



આજે અમો 'જે કાંઇ છીએ' તે આપના જ સીંચેલા, ધર્મશ્રધ્ધા, સેવા, અને કુટુંબવાત્સલ્ય ભાવના ના સુંસ્કારોનું જ ફળ છે અને શાશનદેવ પાસે એજ પ્રાર્થના કે આપના માર્ગદર્શન પ્રત્યેક અમો હંમેશા સતત જાગૃત રહીએ, એજ

આપના સુપુત્રો

લી. અમુલખભાઇ, કાંતિભાઈ, જયંતિભાઈ, પ્રવિણભાઈ તથા કુટુંબીજનો.

ગં. સ્વ પાનબાઇ ગોસરભાઇ છેડા,
(કચ્છ કુંદરોડી નિવાસી)



માનવજીવન વારંવાર મળતુ નથી માટે જીવનમાં જે કંઈ પળ મળી છે તેનો આત્માર્થ સદઉપયોગ કરી જીવન જીવવુ જોઈએ એવું આપે માન્યુ અને તેવું આચરણ કરી અમારામાં તે સંસ્કાર બીજ વાવ્યા અને ધર્મા ભિમુખ બનાવ્યા એનું ઋણ વાળવાના આકાંક્ષી.

લી. આપનો પુત્ર
હરલિાલ તથા સમસ્ત પરિવારના કોટી કોટી વંદન

ગં. સ્વ. નાનબાઇ કેશવજી ગાલા



(ગામઃ કચ્છ સમા ધોધા હાલ મલાડ)

શાહ વીજપાર હીરાભાઈ છેડા



આપનામાં રહેલ, સરળ સ્વભાવ, કુટુંબ પ્રત્યે કરી છૂટવાની ભાવના, તેમજ ધર્મ પ્રત્યે અણુશ્રધ્ધાના સીંચેલા સંસ્કારો અમારા જીવનને પ્રકાશમય બનાવેલ છે જેથી જીવનભર આપના ઋણી છીએ.

લી. આપના સુપુત્રો.
શા. ગાંગજી ઉર્ફે મીઠુભાઈ વીજપાર
શા. જેઠાલાલ ઉર્ફે કાકુભાઇ વીજપાર
તથા સમસ્ત પરિવાર

અમારા જીવનમાં આપે ધર્મના સંસ્કારોનું સીંચન કરી, અમોને પ્રેરણા આપી અમારા જીવનના દરેક કાર્યમાં યોગ્ય માર્ગદર્શન આપી તેમજ જીવનને ઉજ્જવળ બનાવવા હરહમેંશ રહ્યા છો તેથી અમો આપના ઋણી છીએ.

લી. આપના પુત્રો, પુત્રવધુઓ
તથા પરિવાર

અ.સૌ. ચંપાબેન રતિલાલ તુરખીયા
(સુદામડાવાળા)



-: માતૃદેવો ભવ :-

પૂજ્ય માતુશ્રી આપે આપના સર્વે સંતાનોમાં ધાર્મિક સંસ્કારોનું જે સિચંન કર્યું તેજ સંસ્કારો અમોને જીવન ઘડતરમાં ઉપયોગી નીવડયા છે. આપે અમારા જીવનબાગને સદગુણોરૂપી સુવાસથી મઘમઘતો બનાવ્યો છે અને એજ સંસ્કાર અમોને ધર્મકાર્યો અને સતકાર્યો કરવાની પ્રેરણા આપે છે. આપ સંત સતીજીઓના દર્શન તેઓ.ના સતસંગનો લાભ લઇ રહયા છો અને મળેલી લક્ષ્મીનો સદવ્યય કરી રહ્યા છો અને અમોને પણ એજ માર્ગે દોરી રહ્યા છો.

લી. ઇન્દુલાલ રતીલાલ શાહ પુત્રવધુઓ તથા અન્ય ભાઇઓના.


અ. સૌ. લાભુબેન ગીરધરલાલ તુરખીયા
(સુદામડાવાળા)



પૂજ્ય માતુશ્રી, આપશ્રીએ બાળપણથીજ સુસંસ્કારોનું સિંચન કરેલ છે અને સદાચાર અને પ્રમાણીકતાના પાઠ ભણાવેલ છે, તેજ સંસ્કારોને ધ્યાનમાં રાખીને અમો અમારું જીવન ઘડતર કરી રહ્યા છે અને જીવનના કોઈપણ ક્ષેત્રે અમારી પ્રગતિ થઈ હોય તો તે આપના ઉત્તમ સંસ્કારનું જ ફળ છે. આપશ્રી સંત સેવાનો ઘણો જ લાભ લઈ રહ્યા છો. અને લક્ષ્મીનો સદ્વ્યય કરી રહ્યા છો અને અમોને પણ તેજ માર્ગે જવાની પ્રેરણા

લી. આપનો પરિવાર
જગદીશ, જનક, તથા પુત્રવધુઓ અને બાળકો

સ્વ. કેશવલાલ ચતુરભાઇ વોરા
(ચુડાવાળા)



ભુલો ભલે બીજુ બધુ મા. બાપને ભૂલશો નહીં ધન ખરચતા મળશે બધુ માતા પિતા મળશે નહીં.

"શારદા સુવાસ"ના પ્રવચનો અમારામાં કુટુંબ ભાવના તેમજ અન્યના દુઃખમાં સહભાગી થવાની પ્રેરણા આપે.

આપના પુત્રો.
મનહર, રમણ, જયંત, પ્રવિણ,
રમેશ, અશોક, સમસ્ત પરિવાર.

સ્વ. છગનલાલ તારાચંદ કોઠારી (હાલ મલાડ)



આપે અમારા જીવનમાં જ્ઞાન, ચારિત્ર, તપના ખુબ સંસ્કાર આપ્યા તે બદલ અમો આપના ખરેખર જ ઋણી છે.

અમો આપના જ

દિનેશ-ઇલા જીતેન્દ્ર-શીલા પ્રકાશ-અરૂણા

માતુશ્રી મુળીબેન પાસુભાઇ દેઢીયા



પૂજ્ય માતુશ્રી

આપે અમારા જીવન ઘડતરમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું તેમજ અમોને એ જ સંસ્કારોએ ધર્મ કાર્યો તેમજ સત્કાર્યો કરવાની પ્રેરણા આપેલ છે. આપ પૂજ્ય સંત સતીશ્રીઓના દર્શન કરી તેઓના સતસંગનો અનુપમ લાભ લઈ રહ્યા છો અને લક્ષ્મીને સદ્વ્યય સન્માર્ગે કરી રહયા છો. જે કાર્ય અમોને પણ તેજ માર્ગે જવા પ્રેરણા આપી રહ્યું છે.

લી. આપનો પરિવાર


શ્રીમતી તારાબેન મફતલાલ ઝવેરી



જીવન ઘડતરનો પાયો માતા છે. સંસ્કારી સદાચારી અને ચરિત્રશીલ માતા પોતાના સંતાનોના જીવનમાં સંસ્કારોનુ સિંચન કરી જીવન બાગને હરીયાળો બનાવી શકે છે, તેમ આપ પણ બાલ્યાવસ્થામાં અમારામાં ધર્મભાવના, સચ્ચાઈ, શુભ નિષ્ઠા, દયા અને દાનના સંસ્કારોનું સિંચન કર્યું. અમારું ચણતર ગણતર અને ઘડતર આપને જ આભારી છે. હે માતા! અમો તમારા ઉપકારનો બદલો વાળી શકીએ તેમ નથી. તમારા ભવોભવ ઋણી છીએ. માતૃદેવો ભવ:

લી. આપના પુત્રો

કૃષ્ણકાંત તથા જગદીશ



મહાન વિભૂતિ શારદ ગુરૂણી, અદ્‌ભૂત છે. જેમની વાણી દેશ-વિદેશમાં સુવાસ પ્રસરી ઘણી **`વિનય'** છે ભવોભવનો ઋણી.

માનવજીવનમાં સંતનો સમાગમ પ્રાપ્ત થવો તે એક અત્યંત મહત્વની ચીજ છે. જો માતા પિતા પોતાના સંતાનોના જીવનનું ઘડતર સારું ઘડે તો સંતાનોનું જીવન સુસંસ્કારી ને પવિત્ર બને છે. શિક્ષક સારા મળેતો બાળકના જીવનમાં-વિકાસ સારો થાય છે. શેઠ સારા મળે તો નોકર સંપત્તિવાન-(સમૃધ્ધ) બને છે. બગીચાનો માળી પરિશ્રમી હોય તો બગીચો નવ પલ્લવિત, હરિયાળો અને સુગંધથી મઘમઘતો બને છે. તેમ અમારા વેરાન પન જેવા જીવનને સત્ય, સદાચાર, સંસ્કાર અને ધર્મની સૌરભથી મહેંકતું ઉપવન બનાવનાર હોય તો આ કલીકાળ માં સાક્ષાત સરસ્વતી દેવી સમાન **શારદા મૈયા** છે. એમના સમાગમે જ મારા જીવનમાં દાન, ધર્મ, શ્રધ્ધા વિગેરે સદગુણો પ્રાપ્ત થયા છે. હું એમનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. હું તેમના ઋણથી મુક્ત થઈ શકું તેમ નથી.

લી.

·વિનુ·નિલા·મિલન·મયુરી·વિપુલ·રાજુલ·

ચીંચ પોકલી, મુંબઈ.



સ્વ. સકરીબહેન વાડીલાલ શાહ
(સાણંદ)

ખંભાત સંપ્રદાયના જૈન શાસનના સિતારા
બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઇ

મહાસતીજીના સંસારી માતુશ્રી

સંસ્કારી, સદાચારી અને ચારિત્રશીલ માતા સો શિક્ષકોનું કામ કરે છે. આપે અમોને બાલ્યાવસ્થામાં ધર્મભાવના, સચ્ચાઈ શુભનિષ્ઠા, દયા, દાન અને સરળતાના જે સંસ્કારોનું સિંચન કર્યું છે તેને અમો આચરણમાં મૂકી આપનું ઋણ યત્કિંચિત અદા કરી જીવનમાં સંતોષ અનુભવીએ છીએ.

લિ. આપના ભવોભવના ઋણી આજ્ઞાંકિત
પુત્રો

નટવરલાલ — અ. સૌ. નારંગીબહેન
પ્રાણલાલ — અ. સૌ. ઇન્દીરાબહેન

ગં. સ્વ. ભાનુબેન ખેતશી ગડા



તેઓ ગામ કચ્છ ખોરાઇના વતની છે હાલ ભચાઉ. કચ્છમાં રહે છે તેઓ સ્વ. શ્રી ગડા ખેતશી રતનશીના ધર્મપત્ની છે તેઓ નિરાભીમાની તેમજ શાંત સ્વભાવના છે. પોતાના સ્વ. પતિની સ્મૃતીમાં શ્રી કરસન લધુભાઈ નીસર દાદર ઉપાશ્રયમાં શ્રી ગડા ખેતશી રતનશીનું નામ જૈનશાળા સાથે જોડાયેલ છે. સ્વ. ખેતશી રતનશી ગડાનું તા. ૨૫-૭-૭૫ના રોજ અવસાન થયેલ છે. ગં. સ્વ. ભાનુબેન ઉદાર દીલના હોઇ. ધાર્મિક પ્રસંગોએ સારી રકમ વાપરે છે. તેમના પરિવારમાં પાંચ પુત્રો છે. તેઓ પણ ધાર્મિક પ્રવૃત્તિમાં સારો રસ દેખાડે છે. તેમજ તેઓ દાદર બી.બી. રાનડે રોડ ઉપર "રાષ્ટ્ર સેવા સ્ટોર્સ" ના નામે રેડીમેડની દુકાન ચલાવે છે. ઉદાર દીલના હોઈ ધર્મ પ્રસંગે સારી રકમ વાપરે છે.

નમ્ર નિવેદન

અમારા ક્ષેત્રના મહાપુણ્યના યોગે ખંભાત સંપ્રદાયના સ્વ. આચાર્ય ગચ્છાધિપતિ સિધ્ધાંત મહોદધિ બા. બ્ર. પૂ. શ્રી **રત્નચંદ્રજી** મહારાજ સાહેબના સુશિષ્યા પ્રખર વ્યાખ્યાતા, જૈન શાસનના ઝળહળતા સિતારા, શાસનરત્ના, મહાવિદુષી બા. બ્ર. પૂ. શ્રી **શારદાબાઇ મહાસતીજી** આદિ ઠાણા -૧૧નું મંગલ ચાતુર્માસ અમારા શ્રી સંઘની જુની સતત માંગણી સં. ૨૦૩૪માં પ્રાપ્ત થતા જ મલાડ સંઘના ધર્મપ્રેમી ભાઈ-બહેનોના હૈયા પરમ હર્ષથી પુલકિત બની ગયા. પૂજ્ય શારદાબાઈ મહાસતીજી જૈન સમાજના ખ્યાતનામ સતીશ્રીઓ અને વિશિષ્ટ પ્રવચનકારોમાંથી એક અને અપ્રતિમ છે. તેમનું પોતાનું મૌલિક ચિંતન અને આધ્યાત્મિક વાંચન ગહન છે. તેમની ભાષા શૈલી લાલિત્ય-પૂર્ણ, માધુર્યગુણ સંયુક્ત પરિષ્કૃત છે. તેમના ભાવોમાં ગાંભીર્ય ઉંડાણ અને તલસ્પર્શી અવગાહન પણ છે, તેથીજ તેમના પ્રવચનો સાંભળવાનો સુયોગ અને અવસર એટલે જીવનનો અણમોલ લ્હાવો એમ કહેવામાં કશી જ અતિશયોક્તિ નથી.

આજ સુધીમાં મુંબઇ તથા સૌરાષ્ટ્રના ચાતુર્માસો દરમ્યાનના પૂ. શારદાબાઈ મહાસતીજીના પ્રવચનોના દશ દશ દળદાર ગ્રંથો બહાર પડી ચૂક્યા છે. જે અતિ લોકપ્રિયતાના કારણે અપ્રાપ્ય બની ગયેલ છે. અમારાં શ્રી સંઘના અહોભાગ્યે પૂજ્ય શારદાબાઈ મહાસતીજીના અણમોલ ચાતુર્માસનો લાભ મલ્યો છે. જેવી રીતે કેતકીની મીઠી મ્હેક વહેવા લાગે ત્યારે શું ભ્રમર ચૂપ બેસી શકે? આમ્રવૃક્ષ પર મંજરી આવ્યા પછી કોયલડી મૌન સેવી શકે? આકાશમાં વાદળની ઘનઘોર ઘટા છાયા પછી શું કેતકી નૃત્ય વિના રહી શકે? અષાઢી મેઘની ગર્જના સાંભળ્યા પછી શું કેશરી નિદ્રા લઈ શકે? આમ પશુપક્ષી પણ સમય ચૂકતા નથી તો પછી **મલાડ સંઘ પ્રાપ્ત** થયેલ આવા સુઅવસરને ચૂકે? હરગીઝ નહિ, તેથી મલાડ સંઘના જ્ઞાન પિપાસુ આત્માઓ મળેલી સુવર્ણ તકને કેમ જતી કરે? તેથી '**બહુજનહિતાય, બહુજનસુખાય**' એ પંક્તિ અનુસાર મલાડ સંઘને આંગણે મંગલ ચાતુર્માસના ધાર્મિક દિવસોમાં પૂજ્ય શ્રી શારદાબાઈ મહાસતીજીના સ્વમુખેથી ઝરતી અમીધારાને પત્રાવલીમાં ઝીલીને ગ્રંથસ્થ કરી જેનો લાભ શ્રોતાજનો સુધી જ મર્યાદિત ન રહેતા જૈન જૈનેતર મુમુક્ષો સુધી વિસ્તરે અને મલાડ શ્રી સંઘનું ચાતુર્માસ સદૈવ યાદ સ્મૃતિમાં રહે અને સુવર્ણાક્ષરે અંકિત થાય એવી મંગલ ભાવના ધણાય મહાનુભાવોમાં જાગૃત થઈ. આ મંગલ કાર્યને મૂર્ત સ્વરૂપ આપવાનો નિર્ણય કર્યો.

જિનવાણીના પ્રસાર દ્વારા અજ્ઞાનરૂપી પાષાણને ભેદી જીવાત્માને ધર્મનું જ્ઞાન પમાડી આત્માની મુક્તિ અર્થે તેના હૃદય દ્વારો ખોલવાના હેતુથી લગભગ ૧૦૦૦ પૃષ્ઠોવાળું સુંદર, સુઘડ અને મજબૂત બાઈન્ડીંગવાળો અમૂલ્ય પ્રવચન ગ્રંથ તૈયાર કરવા પાછળ આજની કારમી મોંઘવારીમાં સહેજે આશરે કિંમત રૂ.૨૦/- થાય. પરંતુ અધિક જનસમુદાય સહેલાઇથી લાભ મેળવી શકે તેવા શુભ હેતુથી આ ગ્રંથ ફક્ત રૂ. આઠની નજીવી કિંમતે આપવું એવું નક્કી કરાયું. સાથોસાથ આ ગ્રંથની ઓળખમાં ઓછી આઠ હજાર પ્રતો છપાવવી એવું પણ નક્કી કરાયું.**यादशी भावना यस्य सिध्धि भवति तादृशी** જેવી શુભભાવનાઓનો સંકલ્પ કરવામાં આવે તેવી ભાવના અવશ્ય ફળે છે જ એ સૂત્ર અનુસાર પોતાની સંપત્તિનો સદુપયોગ કરી જ્ઞાનદાનનો અલભ્ય લાભ મેળવવા જૈન સમાજના દાતાઓએ દાનનો સ્રોત વહેવડાવી અમારા ભગીરથ કાર્યને સહેલુ કરી આપ્યું તેથી તેઓશ્રીઓમાં કેવી ગુણાનુરાગીતા હશે અને આ ગ્રંથને મૂર્તિમંત બનાવવા તેઓના કેવા ઉચ્ચતમ અપૂર્વ ભાવો હશે તે આ ઉપરથી આપ કલ્પી શકશો.

*

" Charity begins at home " ઘર આંગણેથી જ શુભ શરૂઆત થવી જોઈએ. એવા શુભાષિતને યથાર્થ રીતે પરિપૂર્ણ કરવા સૌ પ્રથમ અમારા મલાડ સંઘના જ સહકાર્યકર રાજ્યચરાડી નિવાસી ધર્મપ્રેમી, ગુણશીલ યુવાન, ઉદ્યોગપતિ **શ્રી નટવરલાલ તલકચંદ શાહે** પોતાના પરિવારના તેમજ કુટુંબીજનોના શ્રેય અર્થે સ્વેચ્છાએ આવા શાસન પ્રભાવનાના શુભ કાર્યના **પ્રકાશક** તરીકેનું **સૌભાગ્ય** પ્રાપ્ત કરી **રૂપિયા** પંદર હજાર એક જેવી માતબર રકમ નોંધાવી, આ મંગલ કાર્યના મુખ્ય પ્રણેતા બની બીજા દાતાઓને પણ પ્રેરણા આપવા ધન્ય બન્યા. સાથોસાથ ઉદાર દિલી, દાનવીર જ્ઞાનપ્રેમી એવા **શ્રી મનસુખલાલ છગનલાલ દેસાઈ** જેઓએ બોરીવલી મુકામે શારદા દર્શન ગ્રંથના ઉદ્ઘાટન પ્રસંગે જાહેરમાં મલાડ સંઘના કાર્યકર્તાઓને આગામી મલાડ ચાતુર્માસના વ્યાખ્યાન વાણીના ગ્રંથને પ્રકાશિત કરવા પ્રેરણા આપેલ. સાથોસાથ દ્રવ્ય સહાયક થવા તેઓ શ્રીએ પણ રૂ. અગિયાર હજાર એક જેવી માતબર રકમ આપી આ શુભ કાર્યને વેગ આપેલ તે નોંધ પ્રસંશાપાત્ર છે. આવા પ્રવચન પ્રકાશનોના દરેક ગ્રંથોમાં શરૂઆતથી જ તન, મન અને ધનથી સહાયક બનવા હરહંમેશા તત્પર રહેતા એવા ધર્મશ્રેષ્ઠી દાનવીર **શેઠશ્રી મણીલાલ શામજીભાઇ વીરાણી** તેમજ ધર્મપ્રેમી સજ્જન **શ્રી ગીરજાશંકર ખીમચંદભાઈ શેઠ** તથા શ્રી **છગનલાલ શામજીભાઈ વીરાણી**ના સુપુત્રો તેમજ વાંકાનેર નિવાસી ઉદ્યોગપતિ, શાહ સોદાગર ધર્મપ્રેમી **શ્રી રસીકલાલ ન્યાલચંદ દોશી** તથા **હિંમતલાલ ન્યાલચંદ દોશીની** બંધુબેલડી તેમજ મલાડ સંઘના પ્રાણ સમાનશ્રી **ઉંમરશીભાઈ ખીમજીભાઇ વીરા** સંઘ પ્રમુખ તથા અન્ય દાતાઓ જેઓની નામાવલી સવિસ્તૃત આ પુસ્તકમાં છાપવામાં આવેલ છે. તેઓના સધ્ધર પીઠબળ અને સહકાર બદલ ધન્યવાદ આપીએ તો અસ્થાને નહીં જ ગણાય.

" યથા નામ તથા ગુણ " પંકિત અનુસાર આ ગ્રંથનું નામ આપવા અમે ખૂબ જ વિચારણા કરતા જેમ ગુલાબ અને તેની મધુર સુવાસમાં એકત્વ દેખાય છે છતાં પણ બંને ભિન્ન પણ છે. બંનેમાં અંતર પણ છે. ગુલાબ ખીલે છે, ખીલીને કરમાય છે ને એક દિવસ ખત્મ થઈ જાય છે પણ તેની સુવાસ અમર રહે છે, તેવી રીતે વ્યકિત અને વ્યકિતત્વમાં એકત્વ દેખાય છે છતાં બંને એક-બીજાથી ભિન્ન છે. વ્યક્તિનું વ્યક્તિત્વ વ્યાપક, અક્ષય, અવિનાશી અને અમર છે. બીજી રીતે વ્યક્તિત્વ એ વ્યક્તિની સુવાસ છે. આ કારણે તદુપરાંત પૂજ્ય મહાસતીશ્રીઓ મુંબઈનો ૭ વર્ષ સુધીનો મુકામ પૂર્ણ કરી અનેક આત્માઓને ધર્મલાભ આપી અનેક સંઘો ઉપર ઉપકારો કરીને ગુજરાત ભણી પ્રયાણ કરતા પહેલા મુંબઈના છેલ્લા ચાતુર્માસનો મલાડ સંઘને લાભ આપીને જતા હોય ત્યારે તેઓશ્રીનો જે યશોધ્વજ ભારતના ખૂણે ખૂણે હિલોળા મારતો ફરકી રહેલ છે. તેમાં સવિશેષ તેમના વ્યાખ્યાન વાણીની આધ્યાત્મિકતા સંસ્કૃતિ સૌરભની 'સુવાસ' સર્વત્ર ફેલાય અને પૂજ્ય મહાસતીશ્રીઓની ગેરહાજરીમાં શુભ સંદેશ રૂપી સુવાસ ઘેર ઘેર પહોંચાડી શકાય એવા ઉચિત હેતુસર આ ગ્રંથનું નામ **" શારદા સુવાસ "** એ ખરેખર યોગ્ય અને યથાર્થ છે જ.

સૂત્ર આગમ વિગેરે શાસ્ત્રોમાંથી ઉદ્ગમ પામેલો વિશાળ જ્ઞાનનો પટ તેમજ ઉંડા અધ્યયન ધરાવતી પૂ. મહાસતીશ્રીની વિચારધારાઓમાંથી વહેતો વાણીનો પ્રવાહ શ્રોતાઓના કર્ણપટ પર અથડાતા મંત્રમુગ્ધ બની જાય એવા પ્રાતઃ સ્મરણીય વાત્સલ્ય વિભૂતિ, કરૂણામૂર્તિ, મહાવિદુષી બા. બ્ર. પૂ. શારદાબાઈ મહાસતીશ્રીથી જૈન તથા જૈનેતર સમાજ સુપરિચિત છે જ, તેથી અમારા સંઘની આગ્રહ-ભરી પ્રથમ મુંબઈ પધારેલ ત્યારની વર્ષો જુની વિનંતીની અનુમતિ સં - ૨૦૩૪માં મળતા અને તે ચાતુર્માસ કે જે તેઓશ્રી મુંબઈથી વિદાય થતા છેલ્લા ચાતુર્માસનો લાભ મળતા અમારા સંઘના ધર્મપ્રેમી

ભાઇ-બહેનોની વર્ષો જુની શુભ ભાવના તેમજ શુભ કામનાઓની ઇચ્છા સંતોષાતા અમારો સંઘ આનંદવિભોર બની ગયો. અમારું સ્વપ્ન સિધ્ધ થતું જોઈને અમારો અંતરાત્મા ઉમંગના રંગે રંગાવા લાગ્યો. પૂ. મહાસતીશ્રીઓના આગમનની શરૂઆતથી જ વ્યાખ્યાનનો હોલ ખીચોખીચ શ્રોતાજનોથી ઉભરાઇ જતો. જેથી પર્યુષણ પર્વ જેવું દશ્ય ખડું થતું હતું. ચાતુર્માસ દરમ્યાનનો વિષય, વ્યાખ્યાનની શરૂઆતમાં ઉત્તરાધ્યયન સૂત્રના ૨૨ મા અધ્યયન **"નેમનાથ** અને **રાજેમતીનો અધિકાર"** અને પાછળથી **જિનસેન રામસેન ચરિત્ર** તેમની ઓજસ્વી, આત્મસ્પર્શી ખૂબ જ ભાવવાહી અને લાક્ષણિક શૈલીથી ફરમાવતા, જેથી જનસમુદાય મંત્રમુગ્ધ બની રહેતો.

પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં તો મલાડ સંઘમાં ધર્મોત્સાહ શિખરે પહોંચેલ દાન, શીયળ, તપ અને ભાવથી વાતાવરણ મઘમઘતુ ધમધમી રહેતું અને તેમની વ્યાખ્યાન વાણીનો લાભ લેવા માટે સંઘ સંચાલકોએ વ્યાખ્યાન હોલની બહાર વિશાળ ચોકમાં ખાસ બનાવેલ પ્લેટફોર્મ, નીચેનો પતુભાઈ મોનાભાઇ હોલ તથા પહેલેમાળે દેવચંદ નેણશીભાઈ સંઘવી હોલમાં કરેલી વ્યાખ્યાનની વ્યવસ્થાથી પણ સંપૂર્ણ રીતે જનસમુદાયને સંતોષી શકાયેલ નહીં એ જ એમની વાણીનો પ્રભાવ તેમજ લોકચાહનાનો માપદંડ ગણી શકાય.

મલાડ સંઘના ઇતિહાસમાં અગાઉના ૨૫ વર્ષોના ચાતુર્માસોમાં કદી ન થયેલ એવી અજોડ ઉગ્ર તપશ્ચર્યાઓ આ વખતે થયેલ. જેમાં મુખ્ય ૬ અને તેથી ઉપરની મોટી તપશ્ચર્યાઓનો આંક ૩૦૪ સુધી પહોંચેલ. માસખમણ અને તેથી ઉપર ૫૧ સુધીની તપશ્ચર્યા અને ઉપવાસના સિદ્ધિતપ વિગેરેનો આંક ૧૬ સુધી પહોંચેલ, આ તપશ્ચર્યાના કળશ રૂપે સોનામાં સુગંધ ભળે તેમ આત્મલક્ષે બા. બ્ર. પૂ. **શોભનાબાઈ મ. સ.** તથા બા. બ્ર. પૂ. **હર્ષિદાબાઈ મ. સ.** એ **૩૨** ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરેલ. બા. બ્ર. **ભાવનાબાઈ મ. સ.**એ ૧૮ ઉપવાસ, બા. બ્ર. પૂ. **સુજાતાબાઈ મ. સ.** એ ૧૭ ઉપવાસ અને બા. બ્ર. **પ્રફુલ્લાબાઈ મ. સ.**એ ૧૦ ઉપવાસની આરાધના કરી સ્વતપ કરી બીજાઓને પ્રેરણા આપેલ હતી. તે ઉપરાંત પૂ. મહાસતીજીના બ્રહ્મચર્ય પરના સચોટ અને પ્રભાવશાળી પ્રવચનોથી પ્રભાવિત થઈને ૨૧ દંપતીઓએ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરી મલાડ સંઘને ઉજ્જવળ બનાવેલ. એટલું જ નહિ પણ આ વખતના બૃહદ મુંબઈના દરેક સંઘોના તપશ્ચર્યાઓના આંકને વટાવી મલાડ સંઘે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ. ખરેખર આ ચાતુર્માસ મલાડના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે જ. આ બદલ અમે તેઓનો ઉપકાર પ્રદર્શિત કરવાને માટે તો શક્તિમાન નથી જ પરંતુ જિંદગીપર્યંત તો શું પણ ભવોભવ ભૂલી શકાય તેમ નથી.

હૃદયના ઉમળકાથી સમયનો ભોગ આપીને પ્રેમપૂર્વક વ્યાખ્યાન વાણીનો નિયમિત કાળજીપૂર્વક સંગ્રહ કરી આ ગ્રંથના પ્રકાશન કાર્યને સરળ બનાવવા બદલ નિગ્રંથિની, તત્ત્વચિંતક **પૂ. કમળાબાઈ મહાસતીજી**નો તેમજ તેમના સહકારમાં રહી જ્ઞાનપિપાસુ બા. બ્ર. **પૂ. સંગીતાબાઇ મહાસતીજી** જેઓએ સુંદર અક્ષરોથી પ્રેસ કોપી કરી આપી તે બદલ તથા અન્ય **સર્વે મહાસતીજીઓએ** આ કાર્યમાં સહકાર આપ્યો તે બધાના અગણિત ઉપકારને આ સ્થાને કેમ ભૂલી શકાય ?

ખંભાત સંઘના સંઘપતિ **શ્રી** મુળચંદભાઈ પૂંજાભાઈ પટેલ તથા માજી પ્રમુખ શ્રી ચીમનલાલ છોટાલાલ શાહ તથા અન્ય કાર્યકર્તા ભાઇઓએ જેઓએ હરહંમેશ અમારા સંઘના દરેક કાર્યોમાં સહકાર અને સહયોગ આપેલ છે તેમજ આ વખતે આ છેલ્લા ચાતુર્માસની અનુમતિ આપી અમોને ઉપકૃત કર્યા છે તે બદલ **આભાર.** તેમજ આ કાર્યને આર્થિક રીતે સહાયક થનાર સર્વે મોટા તેમજ

નાના દાતાઓનો, અગાઉથી ગ્રાહક થઈ સદ્‌ભાવના વ્યકત કરનાર ભાઈબહેનોનો તેમજ મુંબઈના સંઘોનો તથા પરોક્ષ કે અપરોક્ષ રીતે કોઈ પણ રીતે સહકાર આપનાર સર્વ ધર્મપ્રેમી ભાઈબહેનોનો તેમજ મલાડ શ્રી સંઘનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. આ ગ્રંથને ખંતપૂર્વક પ્રકાશનનું કાર્ય ચીવટથી કરી આપવા બદલ **શ્રી નીતિનભાઈ બદાણી** તેમજ પ્રેસમેનેજર તથા સૌ કાર્યકર ભાઈઓનો આભાર કેમ ભૂલી શકાય ?

વાચક વર્ગને નમ્ર અપીલ, આ પુસ્તકને પાને, પાને લીટીએ લીટીએ અને શબ્દે શબ્દે મોંઘા મોતી મઢેલ છે, સાચા ઝવેરી જ એની સાચી પરખ કરી શકશે. ગાગરમાં સાગરની જેમ આ પુસ્તકમાં શાસ્ત્રોનો સાર ભરેલો છે, તો નિયમિત, સમજણપૂર્વક ઉપયોગમાં લઈ હૃદયમાં ઉતારી ઉત્તમ સદ્‌સહસા હિતની ખૂબ ખૂબ સેવા કરે એજ ભાવના.

ક્ષમા યાચના આ ગ્રંથમાં કોઈપણ પ્રકારની ત્રુટીઓ રહી જવા પામી હોય તો વાંચક વર્ગ દરગુજર કરશે અને પ્રવચનોના નિમિત્તથી આધ્યાત્મિક ઉત્ક્રાંતિની નવી દિશામાં ગતિ કરતાં થશો. એ જ આકાંક્ષા અને અભિલાષાની મંગળ ભાવના સાથે વિરમીએ છીએ.

લી. નમ્ર સેવકો

મુલચંદ દેવચંદ સંઘવી, 卐 નટવરલાલ તલકચંદ શાહ

નગીનદાસ ગોવિંજી લાઠીયા

માનદ્ મંત્રીઓ

(આ. શ્ર. પૂ. શારદાબાઇ મહાસતીજી પ્રવચન પ્રકાશન સમિતિ, મલાડ)

પ્રખર વ્યાખ્યાતા, બાલ બ્રહ્મચારી, વિદુષી

"પૂ. શારદાબાઇ મહાસતીજીની જીવનરેખા"

"પ્રેરણાદાયી વૈરાગ્યમય જીવન"

પવિત્ર ભારતભૂમિ એ અનેક વીરરત્નોની ખાણ છે. જે ભૂમિમાં અનેક તીર્થંકરો, કેવળી ભગવંતો અને શાસનના વીરલા ને હીરલા જેવા તેજસ્વી રત્નો થયા છે, તેવા શાસન રત્નોથી આજે પણ આ ભૂમિ ઝળહળી રહી છે. તે રત્નોમાં એક છે. જૈન શાસનમાં એક સતી તરીકે રહીને જેમણે જૈન શાસનનો ડંકો દેશો દેશમાં વગાડી, જ્ઞાનની પરમ તેજસ્વી પ્રભા પ્રગટાવી અનેક સુષુપ્ત આત્માઓની ચેતનાને જાગૃત કરી અધ્યાત્મ માર્ગે વાળ્યા છે. જેમણે દિવ્ય જીવન જીવવાની કળાનો અપૂર્વ બોધપાઠ જગતને આપ્યો છે. જેમના નામથી આજે કોઇ પણ વ્યક્તિ અજાણ નહિ હોય. એવા છે ખંભાત સંપ્રદાયના પ્રખર વ્યાખ્યાતા. શાસનરત્ના, મહાન વિદુષી બા. બ્ર. પૂ. શ્રી **શારદાબાઇ મહાસતીજી.**

સંત પુરૂષોને જન્મ આપનાર માતા પણ અમર બની જાય છે. તારાઓના સમૂહરૂપ હજારો બાળકોને જન્મ આપનાર અનેક માતાઓ હોય છે પણ સૂર્ય સમાન મહાન તેજસ્વી, યશસ્વી, શાસન રત્નોને જન્મ આપનાર માતાઓ વિરલ હોય છે. આદર્શ માતાઓ જ જૈન શાસનમાં ધર્મધુરંધર બની શકનાર આત્માઓને જન્મ આપી શકે છે અને પોતાના સંતાનોને વીરતાના, ધૈર્યતાના પાઠો પઢાવી, સદ્‌ગુણોના શણગારોથી શણગારી સંતાનોની મહામૂલ્ય ભેટ જૈનશાસનને અર્પણ કરી શકે છે તેથી આવા શાસનરત્ના સતીજીના જીવનની રૂપરેખા આલેખતા પહેલાં તેમના જન્મદાતા માતા–પિતાનું આલેખન કરવાનું મન થઇ જાય છે.

શાસનપ્રેમી ધર્મરસિક પિતા વાડીભાઈ તથા સદ્‌ગુણોથી શોભતા માતા સકરી બહેને જૈન શાસનને ઉજ્જવળ કરનાર અને સંપ્રદાયની શાન વધારનાર, જીવન ઉદ્ધારક, પ્રતિભાશાળી મહાન સતીરત્ન બા. બ્ર. પૂ. શારદાબાઈ મહાસતીજીને સંવત ૧૯૮૧ ના માગશર સુદ ૧૧ ના પવિત્ર દિવસે મધ્યરાત્રીએ સાણંદ શહેરમાં જન્મ આપ્યો. ખરેખર કોને ખબર હતી કે આ નાનકડી બાળા ભવિષ્યમાં વીર પ્રભુના મહાન ત્યાગમાર્ગે પ્રયાણ કરી પોતાના સદ્‌ગુણ સુમનની સૌરભ સારી દુનિયામાં પ્રસરાવી, અમૃત વાણીના સિંચનથી ભવ્ય જીવોને બળતા દાવાનળમાંથી ત્યાગની શીતળ તપોવન ભૂમિમાં લાવી માતાપિતાના નામને દુનિયામાં રોશન કરશે. આ ભાગ્યશાળી માતા સકરીબહેનને પાંચ દીકરીઓ અને બે દીકરા હતા. જેમાં અત્યારે ચાર દીકરીઓ અને બે દીકરા મોજુદ છે. આપણે તો મુખ્ય વાત જૈનશાસનને જયવંત રાખનાર શાસનદીપિકા બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીના જીવનની રૂપરેખા લખવી છે તેથી તેમના જીવનના પ્રસંગો વિચારીએ.

શિશુવયને વટાવી બાલ્યવયના પ્રાંગણમાં પગ મૂકતા શારદાબહેનને તેમના પરમ ઉપકારી માતા પિતાએ સાણંદની ગુજરાતી શાળામાં અભ્યાસ અર્થે મોકલ્યા. જીવનમાં સુસંસ્કાર અને સદ્‌ગુણરૂપી નેગેટીવ અને પોઝેટીવ વાયરના તારો જ્યાં કામ કરી રહ્યા હોય ત્યાં જીવનમાં ઝળહળતા પ્રકાશની રોશની પ્રગટે તેમાં શું આશ્ચર્ય ! તેમ આપણા શારદાબહેનને એક તરફ સુસંસ્કારી આદર્શ માતા પિતાના સંસ્કારનું સિંચન મળ્યું અને બીજી તરફ તેમના પૂર્વના સંસ્કારોના કિરણો પુરૂષાર્થ દ્વારા પ્રકાશ પામતા ગયા. તે અનુસાર સ્કુલમાં ૭ ગુજરાતી સુધીનો અભ્યાસ કર્યો અને સાથોસાથ જૈનશાળામાં જઇ ધાર્મિક અભ્યાસ કરવા લાગ્યા.

શારદાબહેન બાલપણમાં સ્કૂલમાં જાય છે છતાં વિરકત ભાવમાં રહે છે. તેમની બાલ સખીઓ શાળામાં રમતી હોય, ગરબા ગાતી હોય છતાં આ બાળા કયાંય રસ લેતી નથી. તેનું મન કયાંય ચોંટતું નથી. જૈનશાળામાં આ બાળા ધાર્મિક અભ્યાસ માટે જાય છે. મહાન વીર પુરૂષોની, સતીઓની કથાઓ સાંભળી તેનું મન કોઇ અગમ્ય પ્રદેશમાં વિચરવા લાગે છે. ચંદનબાળા, નેમ-રાજુલ, મલ્લીકુંવરી, મૃગાવતી, પદ્‌માવતી વિગેરે કથાઓ સાંભળી જૈનશાળામાં ભણતી બાળાઓને કહે કે સખી ! ચાલો, આપણે દીક્ષા લઈએ. આ સંસારમાં કંઈ નથી. આવા મનોભાવ બાલ્યાવસ્થામાં કુમારી શારદા-બહેનને આવે છે. તેમાં પોતાની બહેન વિમળાબહેનના પ્રસૂતિના પ્રસંગે થયેલ મૃત્યુએ ચૌદ વર્ષની બહેન શારદા ઉપર સંસારની અસારતાની સચોટ અસર કરી. ખરેખર માનવીને જિંદગીનો શો ભરોસો ? મૃત્યુ કઈ ક્ષણે આવશે તેની કોઈને ખબર છે ? આજની ક્ષણ સુધારવી એમાં જ માનવજીવનની મહત્તા છે. આવા વિચારોથી આ બાળાનું મન દીક્ષા પ્રત્યે દૃઢ થતું હતું. માતાપિતાએ જાણ્યું કે બહેન શારદાનું મન સંસારભાવથી વિરક્ત બન્યું છે. તે સંસારના સ્વરૂપને લાવારસ સમાન માની આત્મકલ્યાણની કોલેજમાં દાખલ થવા માટે વિનય, નમ્રતાના કિંમતી અલંકારોથી સજ્જ બનવા મહાન ભાગવતી દીક્ષા અંગીકાર કરવાની આશાઓ સેવી રહી છે. માતાપિતાનું વાત્સલ્યમયું હૈયું પોતાની લાડીલી વહાલસોયી દીકરીને ખાંડાની ધાર સમાન સંયમ માર્ગે પ્રયાણ કરવા આજ્ઞા આપી શકતું નથી.

"મહાન શાસન શિરોમણી રત્નચંદ્રજી ગુરૂદેવનો સમાગમ" :- સવંત ૧૯૯૫માં ખંભાત સંપ્રદાયના સ્વ. ગચ્છાધિપતિ, શાસન શિરોમણી, જિનશાસન નક્ષોમણી, ચારિત્ર ચુડામણી આચાર્ય ભા. બ્ર. પૂ. શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબનું ચાતુર્માસ સાણંદમાં થયું. પૂ. ગુરૂદેવના ઉપદેશથી શારદા બહેનનો વૈરાગ્ય વધુ દૃઢ બન્યો. પૂ. ગુરૂદેવને ખબર પડી કે વાડીલાલભાઇ શ્રાવકનું કન્યારત્ન દીક્ષા લેવાના ભાવ રાખે છે તેથી તેમણે શારદા બહેનને બોલાવીને કસોટી કરી. હે બહેન ! સંયમ માર્ગ એ ખાંડાની ધાર છે એ માર્ગે

વિચરવું કઠીન છે. સંસારના સુખો અને રંગરાગ છોડવા સહેલા નથી. બાવીસ પરિષહ સહન કરવા મુશ્કેલ છે. બહેન ! તારી ઉંમર સાવ છોટી છે. આત્મોન્નતિનો માર્ગ ઘણી સાધના માગે છે. તમે આ બધું કરી શકશો ? માતાપિતાની શીતળ છાયા છોડી શકશો ? માતાપિતા રજા આપશે ? જુઓ, વૈરાગી શારદાબહેનનો જવાબ પણ કેવો વૈરાગ્યભર્યો છે ! તેમણે કહ્યું–ગુરૂદેવ ! મારી સંપૂર્ણ તૈયારી છે. (અંતરના ઉંડાણનો અંતરંગ વૈરાગ્યનો આ રણકાર હતો.) જેને મન સંસાર અનર્થની ખાણ છે અને જેને છોડવું છે તેને કોણ રોકનાર છે ? ક્ષણિક જીવનમાંથી આત્મપ્રકાશ લેવાની મારી અહોનિશ ભાવના છે.

હજુ બાલ્યવયના પ્રાંગણમાં રમતી બાળાની સંયમ પંથે પ્રયાણ કરવાની કેટલી તીવ્ર ઉત્કંઠા છે સંયમી જીવનની મોજ માણવા તેનું અંતર ઝંખી રહ્યું છે. જેથી હવે સંસારમાં વ્યતીત થતી ક્ષણો તેને યુગો જેવી વસમી લાગે છે. પૂ. ગુરૂદેવને બાત્રો થઈ કે આ કન્યારત્ન દીક્ષા લઈને જૈનશાસનને અજવાળશે, સંપ્રદાયની શાન વધારશે અને ખંભાત સંપ્રદાયમાં ભવિષ્યમાં એવો પ્રસંગ આવશે કે સંપ્રદાયનું સુકાન તે ચલાવશે અને શાસનને રોશન કરશે. એ ચાતુર્માસમાં વૈરાગી શારદાબહેને પૂ. ગુરૂદેવની સાન્નિધ્યમાં ટૂંક સમયમાં દશવૈકાલિક, ઉત્તરાધ્યયન સૂત્ર અને થોકડા કંઠસ્થ કર્યા. તેમણે માત્ર ૧૫ વર્ષની ઉંમરમાં ટ્રેઈનની મુસાફરી ન કરવી અને બસમાં અમદાવાદથી આગળ ન જવું તેવી મનથી દૃઢ પ્રતિજ્ઞા કરી. આ બતાવી આપે છે કે શારદાબહેનનો વૈરાગ્ય કેટલી ઉચ્ચ કોટીનો હશે ?

દૃઢ વૈરાગી શારદાબહેનની કસોટી : શારદાબહેનના માતાપિતાએ, તેમના ભાઈજી હીરાચંદભાઈ સકરચંદભાઈ, ન્યાલચંદભાઇ, ખીમચંદભાઈ, ચીમનભાઇ, તેમના મામા નરસિંહભાઈ સંઘવી તેમજ કેશવલાલભાઈ આદિ બધાએ બહેન શારદાને સમજાવવા ઘણા પ્રયત્નો કર્યા અને ઘણી આકરી કસોટી કરી છતાં શારદાબહેન પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા. એકના બે ન થયા, તેથી માતાપિતાને ઘણું દુઃખ થયું ને કહ્યું કે અમે અન્નજળનો ત્યાગ કરીશું પણ જેની રગેરગમાં વૈરાગ્યનો સ્રોત વહી રહ્યો છે, જેના ચિત્તડામાં ચારિત્રની ચટપટી લાગી છે ને સંસારરૂપી જ્વાળામુખીથી સુરક્ષિત રહેવા માટે જેમણે મેરૂ પર્વત જેવી અડોલ, અડગ દૃઢ શ્રદ્ધાને ધારણ કરી છે તે શું વૈરાગ્યભાવથી ચલિત થાય ખરા ? વિવિધ પ્રકારની આકરી કસોટી કર્યા બાદ તેમને ભાવનામાં અડગ, નિષ્કંપન જોઇને માતા-પિતાએ કહ્યું કે અત્યારે સોળ વર્ષની ઉંમરે નહિ પણ ૨૧ વર્ષની ઉંમરે દીક્ષા માટે રજા આપીશું પરંતુ શારદાબહેન તો ૧૬ વર્ષની ઉંમરે દીક્ષા લેવામાં મક્કમ હતા. તેમણે કહ્યું કે સત્તર વર્ષની વિમળાબહેનના મૃત્યુને કોઈ રોકી શકયું નહિ તો મારી જિંદગીનો શો ભરોસો ? મારું મન વૈરાગ્યના રંગે રંગાયેલું છે. તેમાં પીછેહઠ થનાર નથી. અંતે શારદા બહેનનો વિજય થયે ને માતાપિતાએ રાજીખુશીથી દીક્ષાની આજ્ઞા આપી.

શારદાબહેનનો ભાગવતી દીક્ષા મહોત્સવ : સંવત ૧૯૯૬ના વૈશાખ સુદ છઠ્ઠ તા. ૧૩-૫-૧૯૪૦ ને સોમવારે સાણંદમાં તેમના માતા-પિતાના ઘેરથી ભવ્ય રીતે ખૂબ ધામધુમથી શારદાબહેનનો દીક્ષા મહોત્સવ ઉજવાયો. સાણંદ શહેરમાં બહેનોમાં સૌ પ્રથમ દીક્ષા શારદાબહેનની થઈ તેથી આખું ગામ હર્ષના હિલોળે ચઢયું હતું. દીક્ષાવિધિ પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબે કરાવી. ગુરૂદેવ પૂ. રત્નચંદ્રજી મહારાજસાહેબ અને ગુરૂણી પૂ. પાર્વતીબાઇ મહાસતીજીના શિષ્યા બન્યા. સાથે સાણંદના બીજા બહેન જીવીબહેન પણ તેમની સાથે દીક્ષિત થયા હતા અને તે પણ પૂ. પાર્વતીબાઈ મહાસતીજીના શિષ્યા બન્યા. જીવીબહેનનું નામ પૂ. જશુબાઇ મહાસતીજી અને શારદાબહેનનું નામ પૂ. બા. બ્ર. શારદાબાઈ મહાસતીજી રાખવામાં આવ્યું. આ રીતે વૈરાગી વિજેતા બન્યા.

તેમના પૂજ્ય પિતાશ્રી વાડીલાઇ અને માતુશ્રી સકરીબહેન, ભાઇશ્રી નટવરભાઈ તથા પ્રાણલાલભાઇ, ભાભી અ. સૌ. નારંગીબહેન, અ.સૌ. ઈન્દીરાબહેન, બહેનો અ.સૌ. ગંગાબહેન, અ. સૌ. શાન્તાબહેન, અ.સૌ. હસુમતીબહેન બધા ધર્મપ્રેમી છે અને સંસ્કારી કુટુંબ છે. સાણંદમાં તેમને કાપડનો સારો વહેપાર છે. શારદાબાઈ મહાસતીજીના સંસારી પિતા શ્રીયુત વાડીલાલ છગનલાલ શાહ સંવત ૨૦૨૧ના વૈશાખ સુદ ૪ને મંગળવાર તા. ૪-૫-૬૫ ના રોજ સાણંદ મુકામે પહેલી વખતના હાર્ટફેલના હુમલાથી અવસાન પામ્યા છે. મૃત્યુની અંતિમ ઘડી સુધી વિશુદ્ધ ભાવો અને મન ધર્મધ્યાનમાં રહેતું હતું. તેઓશ્રી અને તેમના ધર્મપત્ની તથા પુત્રો, પુત્રવધૂઓ અને પુત્રીઓ બધા મહાસતીજીની સાન્નિધ્યમાં જેટલા દિવસ રહે તેટલા દિવસ ધર્મધ્યાનમાં વ્યતીત કરતા અને જ્યારે પૂ. મહાસતીજીના દર્શન કરવા આવે ત્યારે શુભ ખાતામાં સારી રકમ ભેટ આપતા.

આદર્શ માતાનું સમાધિમય મૃત્યુ :- પૂ. શારદાબાઇ મહાસતીજી મુંબઈથી વિહાર કરી સંવત ૨૦૨૩માં દેશમાં પધાર્યા ત્યારે વિહાર કરતા કરતા સંવત ૨૦૨૫ માં સાણંદ પધાર્યા. તે વખતે તેમના સંસારી માતુશ્રી સકરીબહેનની તબિયત હાર્ટની દ્રબલ અને ડાયાબીટીસના કારણે નરમ હતી. અસહ્ય દર્દમાં પણ તેમની સમતા ગજબ હતી. સકરીબહેનના પુત્રો, પુત્રવધૂઓ તથા પુત્રીઓએ પ્રેમથી અને લાગણીથી તેમની જે સેવા કરી છે તે આજના સંતાનો ભાગ્યે જ કરી શકે. પૂ. મહાસતીજી જ્યારે સાણંદથી વિહાર કરવાના હતા ત્યારે સકરીબહેને કહ્યું કે મહાસતીજી ! આપ ભાવનગર ચાતુર્માસ પધારશો પછી હું આપના દર્શન નહિ કરી શકું. મારા માટે આપના આ છેલ્લા દર્શન છે, ત્યારે મહાસતીજીએ કહ્યું-તમે આમ કેમ બોલો છો ? ત્યારે તેમણે કહ્યું-હવે આ નશ્વર દેહનો ભરોસો નથી, માટે મને ધર્મારાધના કરાવો. પૂ. મહાસતીજી પાસે એક મહિના સુધી સતત શાસ્ત્રવાંચન સાંભળ્યું. ઘણાં પચ્ચખાણ લીધા અને પોતાની આત્મસાધનામાં જોડાવા લાગ્યા, પછી પૂ. મહાસતીજીએ ભાવનગર તરફ વિહાર કર્યો. સકરીબહેનની તબિયત વધુ બગડતા

વી. એસ. હોસ્પિતાલમાં દાખલ કર્યા. ૧૦ દિવસો બાદ અષાડ સુદ ૧૧ના તબિયત વધુ બગડતા સાંજના પાંચ વાગે તેમણે કહ્યું કે મને સંથારો કરાવો. હવે મારી જીવનયાત્રા પૂર્ણ થાય છે આથી તેમનો પરિવાર વિચારમાં પડી ગયો ને બાજુના રૂમમાં દાખલ થયેલા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સાધ્વીજી મહારાજને બોલાવ્યા. તેમણે તરત સાગારી સંથારો કરાવ્યો. બધા વ્રત પચ્ચખાણ લીધા અને અડધા કલાક બાદ સમાધિપૂર્વક નશ્વર દેહનો ત્યાગ કર્યો. ખરેખર જે માતાએ જૈનશાસનને આવું અણમોલું રત્ન અર્પણ કર્યું હોય તે માતાના જીવનમાં ધર્મ ઓતપ્રોત હોય એ તો સહજ છે, તે તેમની અંતિમ ભાવના ઉપરથી જણાઈ આવે છે.

આ વિરાટ સંસાર સાગરમાં જીવનનૈયાના કુશળ સુકાની માત્ર ગુરૂદેવ છે. તે પ્રમાણે પૂ. શારદાબાઈ મહાસતીજીએ પોતાની જીવનનૈયાને પૂ. પાર્વતીબાઈ મહાસતીજીના શરણે હંમેશને માટે તરતી મૂકી અને પોતાનું જીવન તેમની આજ્ઞામાં અર્પણ કરી દીધું. પૂ. ગુરૂદેવ અને પૂ. ગુરૂણીદેવ પાસે સંયમી જીવનની બધી કળા શીખી લીધી. છોટી ઉંમરમાં દીક્ષા લેવા છતાં સંયમ લઈને પૂ. ગુરૂદેવ અને પૂ. ગુરૂણીદેવની આજ્ઞામાં એવા સમાઈ ગયા કે પોતાના જીવનકાળ દરમ્યાન કયારે પણ ગુરૂઆજ્ઞાનું ઉલ્લંઘન તો શું પણ સામે દલીલ કે અપીલ પણ કરી નથી. ખરેખર, મુક્તિનગરના પથિક બનનાર આત્માના ઉપવનમાં જ્યારે સદ્‌ગુરૂદેવની આજ્ઞારૂપી સૂર્યલાઈટ પ્રકાશે છે ત્યારે તેમનું જીવન હજારો ટ્યુબલાઈટના પ્રકાશ કરતાં પણ વધુ પ્રકાશિત બને છે. તે આજે પણ આપ પ્રત્યક્ષ નિહાળી શકો છો. આ રીતે પૂ. ગુરૂદેવ અને પૂ. ગુરૂણીદેવની શીતળ છત્રછાયા મેળવ્યા પછી પૂ. મહાસતીજીના ધાર્મિક અભ્યાસનો પુરૂષાર્થ ખૂબ પ્રબળ બન્યો અને ઘણું આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. શાસ્ત્રોનું વાંચન કર્યું, સંસ્કૃત, પ્રાકૃત ભાષાનું જ્ઞાન મેળવ્યું. આ જ્ઞાનનો લાભ બીજાને આપતા અલ્પ સમયમાં પ્રતિભાશાળી અને પ્રખર વ્યાખ્યાતા તથા વિદુષી તરીકે પૂ. શારદાબાઈ મહાસતીજી ખ્યાતિ પામ્યા. ખરેખર ખંભાત સંપ્રદાયનું આ શાસનરત્ન પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને તપની મઘમઘતી સુવાસથી સારા જૈનશાસનનું કોહીનુર રત્ન બનીને પ્રકાશી રહ્યું છે.

પૂ. મહાસતીજી જયારે વ્યાખ્યાન આપે છે ત્યારે માત્ર વિદ્વત્તા જ નહિ પણ આત્માના ચૈતન્યની વિશુદ્ધિનો રત્નાકર તેમના અંતરના ઉંડાણમાંથી આવે છે, ધર્મના, તત્વના શબ્દાર્થ, ભાવાર્થ, ગૂઢાર્થને એવી ગંભીર અને પ્રભાવક શૈલીમાં વિવિધ ન્યાય, દૃષ્ટાંત આપીને સમજાવે છે કે શ્રોતાવૃંદ તેમાં તન્મય, ચિન્મય બની જાય છે અને અપૂર્વ શાંતિથી શારદા સુધાનું રસપાન કરે છે. તેમની વાણીમાં આત્માનો અંતરધ્વનિ આવે છે અને તે ધ્વનિએ અનેક જીવોને પ્રતિબોધ પમાડયા છે. સુષુપ્ત આત્માઓને ઢંઢોળીને સંયમ માર્ગે દોર્યા છે, તેમાં પૂ. મહાસતીજીના પ્રવચનોના પુસ્તકોએ તો લોકોમાં એવું જાદુ કર્યું છે કે જે પુસ્તકોનું વાંચન કરી લુહાણા જેવા ભાઈઓએ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું છે. કંઈક જીવોએ વ્યસનોનો ત્યાગ કર્યો. નાસ્તિકમાંથી આસ્તિક બન્યા, પાપીમાંથી પુનિત બન્યા ને

ભોગીમાંથી ત્યાગી બન્યા. આવા તો કંઈક લખલા છે પણ અત્યારે લખવા માટે જગ્યા નથી. અરે, વધુ શું લખું ? આ પુસ્તકો મીસાના કાયદામાં પકડાયેલા જૈન ભાઈઓ પાસે ગયા. તે પુસ્તકનું વાંચન કરતાં તેઓ આર્તધ્યાન છોડીને ધર્મધ્યાનમાં જોડાવા લાગ્યા અને કર્મની ફિલોસોફી સમજતા શીખ્યા. પૂ. મહાસતીજીની અંતરવાણીનો નાદ તેમના દિલ સુધી પહોંચતા એક વખતની જેલ ધર્મસ્થાનક જેવી બની ગઈ અને ત્યાં રહેલા ભાઈઓએ તપ-ત્યાગની અને ધર્મારાધનાની મંગલ શરૂઆત કરી. ઘણા ભાઈઓ મીસામાંથી મુક્ત થયા પછી પૂ. મહાસતીજીની પાસે આવીને રડી પડયા ને કહેવા લાગ્યા કે હે મહાસતીજી ! આપના વ્યાખ્યાનો જે પુસ્તક રૂપે પ્રગટ થયા છે તે વાણીએ અમારા બળતા દિલમાં શીતળ જળ છાંટયું છે પછી તેમણે ઘણાં વ્રત-નિયમો અંગીકાર કર્યા. ટૂંકમાં પૂ. મહાસતીજીના બહાર પડેલા વ્યાખ્યાનના પુસ્તકોએ માનવોનો કેટલો જીવન-પલ્ટો કર્યો છે તે વાંચકો આ ઉપરથી વિચારી શકશો.

પૂ. મહાસતીજીમાં માત્ર વિદ્વત્તા જ છે એમ નથી. સાથે તેમના જીવનમાં અનેક અજોડ મહાન ગુણો રહેલા છે. જે ગુણોનું વર્ણન કરવા કોઈની શક્તિ નથી, છતાં તેમના જીવનમાં મુખ્ય ગુણો ગુરૂભક્તિ, સરળતા, નિરાભિમાનતા, નમ્રતા, લઘુતા, અપૂર્વ ક્ષમા અને સહનશીલતા, બીજા પ્રત્યે અપૂર્વ લાગણી, ગુણાનુરાગ, કરૂણા, એ ગુણો તેમના જીવન-માં ઓતપ્રોત વણાઈ ગયા છે. તે ગુણોના પ્રભાવે જેમ ભ્રમર પુષ્પની સુગંધથી આકર્ષાય છે તેમ જગતના જીવો તેમના તરફ આકર્ષાઈને ધર્મના માર્ગે વળે છે તેમજ પૂ. મહાસતીજીના દિલમાં સતત એક મીઠું સંગીત ગુંજતું હોય છે કે "**સર્વ જીવો શાસનરસી કેમ બને**" વીતરાગ મહાવીરના શાસનને પામેલા મારા વીરના સંતાનો વીરના માર્ગને પામ્યા વિના ન રહેવા જોઈએ. પૂ. મહાસતીજીની તબિયત ગમે તેવી નાદુરસ્ત હોય છતાં તેઓ પ્રવચનની પ્રભાવના કરવાનું તો કયારે પણ ચૂકતા નથી. અત્યાર સુધીના ૩૯ વર્ષના સંયમી જીવનમાં પૂ. મહાસતીજીનો વિહાર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાં થયો છે. તેમના ઉપદેશથી ઘણા આત્માઓએ આજીવન બ્રહ્મચર્યવ્રત તેમજ વ્રત પચ્ચખાણ અંગીકાર **કરેલ છે.**

પૂ. મહાસતીજીના પ્રતિબોધથી વીસ બહેનો વૈરાગ્ય પામીને તેમની પાસે દીક્ષા અંગીકાર કરીને તેમના સુશિષ્યાઓ થયેલ છે, અને જૈન શાસનની અભિવૃદ્ધિ કરી **રહેલ છે.** જૈન શાસનમાં પૂ. મહાસતીજીએ એક જૈન સાધ્વી તરીકે રહીને તેમણે પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબ અને પૂ. શ્રી ગુલાબચંદ્રજી મહારાજ સાહેબના કાળધર્મ બાદ ખંભાત સંપ્રદાયનું સુકાન ચલાવેલ છે જે જૈન શાસનમાં વિરલ છે. એટલું જ નહિ પણ ખંભાત સંપ્રદાયના સંઘપતિ શ્રી કાંતિભાઈની દીક્ષા પણ પૂ. મહાસતીજીના હસ્તક થઈ છે જે આજે મહાન વૈરાગી પૂ. કાંતીઋષીજી મહારાજ સાહેબ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. આજે ખંભાત સંપ્રદાયમાં પૂ. કાંતીઋષીજી મહારાજ સાહેબ ઠાણા-૧૧

બિરાજમાન છે. તેમાં પહેલા પાંચ સંતોને દીક્ષાની પ્રેરણા આપનાર પૂ. વિદુષી મહાસતીજીની અદ્‌ભૂત વાણી છે. ખંભાત સંપ્રદાયમાં અગિયાર રત્ન સમાન ૧૧ સંતો જૈન શાસનને શોભાવી રહ્યા છે. (૧) મહાન વૈરાગી પૂ. કાંતીઋષીજી મહારાજ સાહેબ (૨) બા. બ્ર. પૂ. સૂર્યમુનિ મ. (૩) બા. બ્ર. પૂ. અરવિંદ મુનિ મ. (૪) બા. બ્ર પૂ. નવીનમુનિ મ. (૫) બા. બ્ર. પૂ. કમલેશમુનિ મ. (૬) બા. બ્ર. પૂ. પ્રકાશમુનિ મ. (૭) બા. બ્ર. પૂ. ચેતનમુનિ મ. (૮) બા. બ્ર. પૂ. મહેન્દ્રમુનિ મ. (૯) પૂ. દર્શનમુનિ મ. (૧૦) બા. બ્ર. પૂ. ધર્મેન્દ્રમુનિ મ. (૧૧) બા. બ્ર. પૂ. મૃગેન્દ્રમુનિ મ. આદિ ઠાણા ૧૧ વિદ્યમાન છે.

પૂ. મહાસતીજીએ આજથી ૧૬ વર્ષ પહેલા કાંદાવાડી સંઘની ચૌદ ચૌદ વર્ષની વિનંતીને માન આપી સં. ૨૦૧૮નું ચાતુર્માસ કાંદાવાડીમાં કર્યું હતું, ત્યારે પૂ. મહાસતીજીની તેજસ્વી પ્રભાવશાળી વાણીએ અને ખાસ કરીને બ્રહ્મચર્ય પરના સચોટ વ્યાખ્યાનોએ જનતામાં અલૌકિક અસર કરી અને પરિણામે કાંદાવાડીમાં તેમના સાન્નિધ્યમાં શ્રી સંઘના મંત્રી શ્રી રમણીકભાઈ કોઠારી સહિત ૫૧ ભાઈ-બહેનોએ એક સાથે બ્રહ્મચર્યની વ્રતની પ્રતિજ્ઞા લીધી હતી. મોહમયી મુંબઈ નગરી માટે આ અભૂતપૂર્વ બનાવ હતો. કાંદાવાડીના ચાતુર્માસ પછી અનુક્રમે પૂ. મહાસતીજીએ માટુંગા, દાદર, વિલેપાર્લા અને ઘાટકોપર ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસોમાં તપશ્ચર્યાના પૂર આવ્યા હતા. આ ચાતુર્માસો દરમ્યાન તેમજ શેષકાળમાં પૂ. મહાસતીજી પાસે કુલ ૧૦૮ હાથજોડ થઈ હતી. આ રીતે પૂ. મહાસતીજીએ મુંબઈમાં ખંભાત સંપ્રદાયનું નામ રોશન કરી ગુજરાત તરફ વિહાર કર્યો. ગુજરાતમાં ખંભાત, અમદાવાદ, ભાવનગર, રાજકોટ, ધ્રાંગધ્રા, અમદાવાદ (નગરશેઠનો વંડો) ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસોમાં પૂ. મહાસતીજીની પ્રભાવશાળી વાણીથી ગુજરાત, સૌરાષ્ટ્રમાં તપ-ત્યાગની ભરતી આવી હતી.

પૂ. મહાસતીજી એક વખત તો મુંબઈ નગરીને પાવન કરી ચૂકયા હતા પણ પૂ. મહાસતીજીની વાણી મુંબઈનો જનતામાં એવું આકર્ષણ પેદા કરી ગઈ હતી કે પૂ. મહાસતીજી દેશમાં પધારવા છતાં મુંબઈની જનતા તેમના ચાતુર્માસ માટે ઝંખી રહી હતી. એટલે કાંદાવાડી, માટુંગા આદિ સંઘોની વિનંતી અવારનવાર ચાલુ રહી હતી, તેથી મુંબઈ સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી છ વર્ષમાં પૂ. મહાસતીજીને ફરીવાર મુંબઈ આવવાનું બન્યું ને જનતાના દિલ આનંદથી છલકાઈ ગયા. વાંચકો! આપ આ ઉપરથી સમજી શકશો કે પૂ. શારદાબાઈ મહાસતીજીએ મુંબઈ નગરીનો જનતાના દિલનો પ્રેમ કેટલો સંપાદન કર્યો હશે!

સંવત ૨૦૨૯માં કાંદાવાડી સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી પૂ. મહાસતીજીએ કાંદાવાડીમાં ચાતુર્માસ કર્યું. તે ચાતુર્માસમાં પૂ. મહાસતીજીએ માત્ર બહેન મુંબઈમાં નહિ પણ સારા યે ભારતમાં દાન, શીલ અને તપમાં અજોડ અને અભૂતપૂર્વ વિક્રમ સ્થાપ્યો. ખંભાત સંપ્રદાયનો, ભગવાન મહાવીરનો અને જૈન શાસનનો જયજયકાર

કર્યો. પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન દાનમાં જુદી જુદી જનકલ્યાણની, માનવતાની અને સ્વધર્મી વાત્સલ્ય પ્રવૃત્તિઓ માટે રૂ. ૧૦ લાખ ભેગા થયા. તપશ્ચર્યા છકાઈથી લઈને ૪૫ ઉપવાસ સુધીની સંખ્યા પાંચસો (૫૦૦) ઉપર પહોંચી. આ રીતે સતીજીના સતૂના પ્રભાવે કાંદાવાડીનું ચાતુર્માસ અભૂતપૂર્વ બની ગયું. કાંદાવાડીના ચાતુર્માસ પછી અનુક્રમે પૂ. મહાસતીજીએ માટુંગા, વાલકેશ્વર, ઘાટકોપર અને બોરીવલી ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસોમાં પૂ. મહાસતીજીના પ્રભાવશાળી પ્રવચનોથી શ્રી સંઘમાં અજોડ તપશ્ચર્યાઓ તેમજ આજીવન બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞાઓ થઈ છે.

સંવત ૨૦૩૪ મલાડ શ્રી સંઘની સોળ સોળ વર્ષની આગ્રહભરી વિનંતીને માન આપી મલાડ સંઘના મહાન અહોભાગ્યે પૂ. મહાસતીજી ઠાણા. ૧૧ ચાતુર્માસ પધાર્યા. પૂ. મહાસતીજીનું ચાતુર્માસ મળવાથી શ્રી સંઘમાં નાના મોટા દરેકના હૈયામાં હર્ષની છોળો ઉછળવા લાગી. પૂ. મહાસતીજીની ઓજસ્વી, તેજસ્વી હૃદયસ્પર્શી અને પ્રભાવશાળી વાણીએ જનતાના હૃદયમાં એવી જાદુઈ અસર કરી કે ઉપાશ્રયે નહિ આવનારા યુવાન ભાઈઓ પણ રોજ વ્યાખ્યાનમાં હાજરી આપતા થઈ ગયા. ચાતુર્માસના પ્રારંભથી લઈને અંત સુધી વ્યાખ્યાન હોલ ચિક્કાર ભરાયેલો રહ્યો છે. પૂ. મહાસતીજીની જોશીલી હૃદયસ્પર્શક શૈલીથી થતા પ્રવચનોના પ્રભાવે પૂ. મહાસતીજીનું મલાડમાં મંગલ આગમન થયું ત્યારથી તપનો પ્રવાહ ચાલુ રહ્યો હતો અને મલાડ સંઘમાં કયારે પણ નહિ થયેલ એવી મહાન તપશ્ચર્યાઓ થઈ છે. ૫૧ ઉપવાસ, ૧૧ માસખમણ, ઉપવાસના ૪ સિદ્ધિતપ થયા. છકાઈથી માંડી માસખમણ સુધીની તપશ્ચર્યા ૩૦૪ થઈ છે. જે મલાડના ઇતિહાસમાં અજોડ ને અનુપમ છે. મલાડ શ્રી સંઘના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે તેવું ભવ્ય ચાતુર્માસ થયું છે. પૂ. મહાસતીજીના પ્રભાવે દાન, શીલ, તપ અને ભાવનામાં ભરતી આવી હતી.

વિશેષ આનંદની વાત એ છે કે આજ સુધીમાં પૂ. મહાસતીજીના વ્યાખ્યાનના પુસ્તકો ઘણાં બહાર પડયા છે. આઠ હજાર અને દશ દશ હજાર કોપીઓ બહાર પડવા છતાં એક પણ પુસ્તક આજે મળતા નથી. આ ઉપરથી વાચકોને ખ્યાલ આવતો હશે કે પૂ. મહાસતીજીના વ્યાખ્યાનોનું કેટલું આકર્ષણ છે ! જે પુસ્તકો બહાર પડયા છે. તેની એટલી બધી માંગણી છે કે કદાચ ફરીને બહાર પાડવા પડશે. પૂ. મહાસતીજીના સંવત ૨૦૩૪ ના મલાડ ચાતુર્માસના વ્યાખ્યાનો "**શારદા સુવાસ**" (ભાગ ૧-૨-૩ સંયુક્ત) નામથી ૮૦૦૦ (આઠ હજાર) નકલો પ્રકાશિત થતાં તેઓશ્રીના વ્યાખ્યાનના પુસ્તકોમાં એક વધુ વ્યાખ્યાન સંગ્રહનો ઉમેરો થાય છે. એ આપણા સમાજ માટે સદ્ભાગ્યનો વિષય છે.

આ બધો પ્રભાવ પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીનો છે.

સંવત ૨૦૩૫ના વૈશાખ સુદ છઠ્ઠના પવિત્ર દિવસે પૂ. મહાસતીજીના સંયમી જીવનના ૩૬ વર્ષ પૂરા થાય છે. બા. બ્ર. પૂ. મહાસતીજીની સંયમયાત્રાની આ રજતજયંતિ આપણને સૌને આધ્યાત્મિક માર્ગે જવા દીવાદાંડીરૂપ બની રહો.

પૂ. મહાસતીજીના ચરણકમળમાં અમારા કોટી કોટી વંદન હો.

બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીના ચાતુર્માસની યાદી

સંવત	ગામ	સંવત	ગામ
૧૯૯૬	અમદાવાદ	૨૦૧૬	સાબરમતી
૧૯૯૭	ખંભાત	૨૦૧૭	ખંભાત
૧૯૯૮	ખેડા	૨૦૧૮	કાંદાવાડી–મુંબઈ
૧૯૯૯	સાણંદ	૨૦૧૯	ભાડુંગા ,,
૨૦૦૦	ખંભાત	૨૦૨૦	દાદર ,,
૨૦૦૧	સાણંદ	૨૦૨૧	વિલેપાર્લા ,,
૨૦૦૨	અમદાવાદ	૨૦૨૨	ઘાટકોપર ,,
૨૦૦૩	સાણંદ	૨૦૨૩	ખંભાત
૨૦૦૪	અમદાવાદ	૨૦૨૪	અમદાવાદ
૨૦૦૫	સાણંદ	૨૦૨૫	ભાવનગર
૨૦૦૬	ખંભાત	૨૦૨૬	રાજકોટ
૨૦૦૭	સુરત	૨૦૨૭	ધાંગધ્રા
૨૦૦૮	અમદાવાદ	૨૦૨૮	અમદાવાદ (નગરશેઠનો વંડો)
૨૦૦૯	જોરાવરનગર	૨૦૨૯	કાંદાવાડી–મુંબઈ
૨૦૧૦	લખતર	૨૦૩૦	ભાડુંગા ,,
૨૦૧૧	ખંભાત	૨૦૩૧	વાલકેશ્વર ,,
૨૦૧૨	સાણંદ	૨૦૩૨	ઘાટકોપર ,,
૨૦૧૩	સુરત	૨૦૩૩	બોરીવલી ,,
૨૦૧૪	અમદાવાદ	૨૦૩૪	મલાડ ,,
૨૦૧૫	વીરમગામ		

તા. ક. પૂ. મહાસતીજીની તબિયતના કારણે સાણંદમાં ચાતુર્માસ ઉપરાઉપરી થયા છે.

બા. બ્ર. વિદૂષી પૂ. શારદાબાઈ મહાસતીજીની ૩૯ મી દીક્ષા–જયંતિ પ્રસંગે ગવાયેલ ગીત

(રાગ :– કોઈ ન ઉંચું કોઈ ન નીચું)

શાસન રત્ના શરદ્ ગુરૂણીની, દીક્ષા જયંતિ આજ રે,
સૌ ઉજવે જૈન સમાજ રે (૨)
ઉજ્જવલ સતીના ચારિત્ર તેજનો, પ્રભાવ અપરંપાર રે....સૌ....
ગરવી ગુજરાતમાં સાણંદ શહેરે, ચમક્યો તેજ સિતારો,
વાડીભાઇના કુળનો મિનારો, રત્નકુક્ષી સકરીબહેન માત રે. ૧
રત્નગુરૂજી મહાપ્રતાપી, આત્મકલ્યાણનો પ્રયોગ બતાવે,
૧૬ વર્ષની કુમળી વયમાં, સજ્યા સંયમના સાજ રે.....૨
શાસન મળ્યાની આપને ખુમારી, ગુરૂ આજ્ઞામાં બન્યા મસ્તાની,
વીર શાસનનો નાદ ગજાવી, કરતા સૌને પડકાર રે....૩
જૈન શાસનના છો રખવાળા, કોહીનુરથી પણ તેજ સવાયા,
કર્મસેનાને હઠાવી દેવા, સજ્યા સૈ નકના સાજ રે....૪
ક્ષમા સૌમ્યતાની અજોડ મૂર્તિ, આપ છો ગુણ ભંડારી,
ગુરૂ આજ્ઞામાં અર્પણ થઈ, મેળવ્યા ગુરૂ આશીર્વાદ રે....૫
જોતાં આતાપ લાગે અનેરો, છો કરૂણા ભંડારી,
સંસાર કેરા દાવાનળથી, ઉગાર્યા જીવો અનેક રે....૬
સિંહગર્જના સમ વાણી સુણવા, માનવ મહેરામણ ઉભરાય
સુરીલી, જોશીલી વાણી સુણી, વૈરાગ્ય ભાવ આવી જાય રે....૭
શારદા સુધા સંજીવની માધુરી, પરિમલ સૌરભ સરિતા,
જ્યોત સાગર શિખર દર્શન, સુવાસના તેજ અપાર રે....૮
પૂર્વ પુણ્યના શુભ યોગથી, ઓજસ્વી ગુરૂણી મળ્યા,
શિષ્યાઓના ભાગ્ય સવાયા, સૌ સાથે મળી ગુણ ગાય રે....૯
મહાન વૈરાગી કાંતિઋષિજીને, દીક્ષાનો પાઠ ભણાવ્યો,
ખંભાત સંપ્રદાયને રોશન કર્યું, આપનો રૂડો પ્રતાપ રે....૧૦
રત્નગુરૂના શુભ આશિષથી, શાસનની શોભા વધારી,
શરદમંડળ ગુરુ ચરણમાં, લખી લખી વંદન કરે આજ રે...૧૧
જુગ જુગ જીવો શરદગુરુણી, શાસનને દિગંત ગજાવો,
૩૯મી દીક્ષાજયંતિએ, અભિનંદન અર્પે સૌ સાથ રે....

શારદા સુવાસ

ભાગ ૧–૨–૩

સ્વ. આચાર્ય, ગચ્છાધિપતિ, બા. બ્ર. પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી ગુરવે નમ:

"સંવત ૨૦૩૪ના મલાડના ચાતુર્માસમાં આપેલા પ્રવચનો."

ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૨૨ મું

"અધિકાર :—રહનેમિય અને નેમ-રાજુલ તથા જિનસેન--રામસેન ચરિત્ર."

વ્યાખ્યાન નં. ૧

અષાડ સુદ ૧૧ ને રવિવાર "તકને ઓળખો" તા. ૧૬-૭-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓને બહેનો !

અનંતજ્ઞાની, ત્રિલોકીનાથ, વિશ્વવંદનીય, તીર્થંકરદેવે જગતના જીવોને કહ્યું કે આ માનવભવ જીવન વિકાસ કરીને સ્વાત્માનો વિકાસ સાધવાની આ એક અણમોલ તક છે. વહેપારની સીઝનમાં વહેપાર કરી પૈસા કમાઇ લેવાની તક મનાય છે ને ? બાળકને કુમાર અવસ્થામાં વિદ્યાભ્યાસ કરી લેવાની તક ખરી ને ? ખેડૂતને ચાતુર્માસના દિવસોમાં ખેડ કરીને અનાજ પકાવીને કમાણી કરવાની સોનેરી તક ગણાય ને ? એવી જ રીતે આ ઉત્તમ માનવભવમાં આત્માનો મહાન વિકાસ સાધી લેવાની આ અનુપમ તક છે. સૂયગડાયંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે.

इणमेव खणंवियाणिया, णोसुलभंबोहिं च आहियं ।
एवंसहिएऽहियासए, आह जिणोइणमेव सेसगा ॥ અ. ૨ ઉ. ૩ ગા. ૧૯

બુદ્ધિમાન પુરૂષ આ અવસરને (તકને) ઓળખે છે. અર્થાત્ મનુષ્યભવ, સારા કુળમાં જન્મ, આર્યદેશ, આર્યધર્મની પ્રાપ્તિ આદિ અનુકૂળ અવસર પામી ધર્મની આરાધના કરે. વીતરાગ દેવ દ્વારા પ્રરૂપિત ધર્મની પ્રાપ્તિ થવી સરળ નથી. આ અવસર ચાલ્યો ગયો તો ક્યારે બોધિની પ્રાપ્તિ થશે ? આ રીતે આત્માર્થી પુરૂષોએ વિચાર કરવો જોઈએ. શ્રી ઋષભદેવ ભગવાને પોતાના પુત્રોને આ ઉપદેશ આપ્યો અને બીજા તીર્થંકરોએ પણ આ પ્રમાણે કહ્યું છે.

આ માનવભવમાં આત્મા સારાસારનો વિવેક કરી શકે છે. કીડા મંકોડા વિગેરે તિર્યંચ યોનિમાં જીવન વિવેક વિહોણું હોય છે. એને અણવિકસ્યું જીવન કહેવાય છે, ત્યારે મનુષ્યપણામાં વિવેક ભર્યું જીવન જીવવાથી વિકસિત જીવન જીવી શકાય છે, અને એમાં આત્માનો મહાન વિકાસ સાધી શકાય છે. એ વિકાસ સાધવા માટેનો શું ઉપાય છે તે વાતની જિનેશ્વર ભગવંતોએ આગમના પાને પાને ખૂબ સુંદર રીતે રજુઆત કરેલી છે, પણ આજના ભૌતિક યુગમાં માનવીને શાસ્ત્રમાં દૃષ્ટિ કરી જીવન વિકસિત

બનાવવાનો ટાઈમ જ ક્યાં છે ? વીતરાગના સંતો ભગવંતે શાસ્ત્રમાં જે કહ્યું છે તે પ્રમાણે ઉપદેશ આપે છે. તે પણ તમારા ગળે ક્યાં ઉતરે છે ? સંતો જો તમને ગમે તેવી વાત કરે તો તમને ગમે. કેમ બરાબર છે ને ? પણ જરા સમજો. વિચાર કરો. ભગવાનના સંતો તમને ગમે તેવો ઉપદેશ આપે નહિ. એ તો ભગવાને જે પ્રમાણે કહ્યું છે તે જ તમને કહેશે.

"સાધુએ તો ભગવાને પ્રગટાવેલા દીપકમાં ફક્ત તેલ પૂરવાનું કામ કરવાનું છે. એટલે શાસ્ત્રને આધીન રહીને ઉપદેશ આપવાનો છે, પણ તમને રાજી કરવા માટે નહિ." જેમ કોર્ટમાં કાયદા સિવાય ચાલે નહિ, વહેપારીને ચોપડા વિના ચાલે નહિ તેમ સાધુને શાસ્ત્ર સિવાય ચાલે નહિ. સાધુએ તો ભગવાનના શાસ્ત્રો સાથે રાખીને જ બધી વાતો કરવાની છે. જે સંસારનો ત્યાગ કરીને જિનેશ્વર ભગવાનના શાસનને અર્પણ થયા છે તેમને તે શાસનને વફાદાર રહેવું જ પડે. જે શાસનને વફાદાર ન રહે તે સાધુ નહિ.

તમારે કોર્ટમાં કેશ જીતવો હોય તો વકીલની સલાહ લેવા જાવ છો, મકાનનો પ્લાન બનાવવો હોય તો એન્જીનીયરની સલાહ લેવા જાવ છો, અને રોગ લાગુ પડયો હોય તો તેને નાબૂદ કરવા માટે તે રોગના નિષ્ણાત ડોકટર પાસે જાવ છો. વકીલ, એન્જીનીયર, અને ડોકટર બધાને પૈસા આપવા પડે છે. કોઈ મફત સલાહ આપતું નથી. રોગ નાબૂદ કરવા માટે ડોકટર જે કહે છે તે કરવા માટે તૈયાર થઇ જાવ છો, ત્યાં એવો વિચાર નથી કરતા કે આટલો બધો ખર્ચ થશે તો હું કેવી રીતે પહોંચી વળીશ. ત્યાં તો એવો જ વિચાર કરો છો કે કાલ સાજો થઇશ ને મહેનત કરીને પૈસા કમાઈ લઇશ. મારું શરીર સાજુ હશે તો બધું છે પણ કદી એવો વિચાર આવે છે કે મારો આત્મા અનંતકાળથી માંદો પડેલો છે. એ સાજો હશે તો બધું છે. (હસાહસ) મારો આત્મા માંદો છે તો તેને સાજો કરવા માટે તેના કોઈ નિષ્ણાત ડોકટર પાસે જાઉં ? તમે વકીલ, એન્જીનીયર, વૈદ, ડોકટર બધા ફેમીલી રાખ્યા છે પણ કોઈ ગુરૂ ફેમીલી રાખ્યા છે. ખરા ? જે તમારી ભૂલોના કાંટા કઢાવી ભવરોગ નાબૂદ કરાવે. જ્યાં સુધી આવા સદ્‌ગુરૂ શોધ્યા નથી ત્યાં સુધી ભવરોગ નાબૂદ નહિ થાય.

બંધુઓ ! ગુરૂ કેવા હોય ? તમને મન ગમતા નહિ હોં. હું પહેલા જ કહી ગઈ ને કે જે વીતરાગ પ્રભુના શાસનને વફાદાર હોય, વીતરાગ પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલતા હોય તેવા સાધુઓ જ સાચા સદ્‌ગુરૂ બની શકે છે. આવા ગુરૂઓ સાચો માર્ગ બતાવીને ભવોભવના રોગ મટાડે છે. કદાચ તમને અમારી વાત ગમે કે ન ગમે પણ અમે તો તમને સાચું જ કહેવાના. બાળકને તાવ આવે ત્યારે તેની માતા રોગ નાબૂદ કરવા માટે પરાણે કડવીનાઈન જેવી કડવી દવા પીવડાવે છે. બાળક ન પીએ તો તેનું નાક દબાવી, મોઢામાં આંગળી નાંખીને પીવડાવી દે છે. દેહનો રોગ નાબૂદ કરવા માટે

આટલું બધું કરે છે પણ આત્માનો રોગ મટાડવા માટે કંઈ ઉપાય કરો છો ખરા ? આત્માનો રોગ તો ગુરૂઓ જ મટાડે છે. આ રોગ નાબૂદ કરવા માટે કવીનાઈન જેવા કડવા શબ્દો પણ કહી દે પણ અંતરમાં ભવરોગ નાબૂદ કરવાનો જ ભાવ છે. માટે વીતરાગ વચન ઉપર શ્રદ્ધા કરો. આજે તો મોટા ભાગે શ્રદ્ધાનું જ દેવાળું છે.

"વકીલ, વૈદ્ય અને ડૉકટરો જેટલી પણ જ્ઞાનીઓના વચન ઉપર શ્રદ્ધા નથી."

બંધુઓ ! હું તો તમને કહું છું કે ભલે, તમે લાંબુ કંઈ ન જાણો પણ એવું સાંભળો કે આ ક્રિયા કરવાથી પાપ લાગે, અને પછી એ પાપથી છૂટો અગર છૂટવા માટે પ્રયત્ન કરો તો પણ એ એક પ્રકારનો વૈરાગ્ય છે. જેને સંસાર પાપમય લાગે છે તેને વૈરાગ્ય આવે છે ને પાપથી બચવા માટે દીક્ષા લે છે, અથવા પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય વિગેરેમાં જીવ છે. એની વિરાધના કરવાથી પાપ લાગે છે. એનાથી હું ક્યારે છૂટીશ ? એવી ભાવના થાય તેને વૈરાગ્ય ભાવ આવે. બોલો, તમને પાપનો ભય લાગ્યો છે ? કદાચ કોઇ તમને પૂછે કે પૃથ્વી, પાણી વિગેરેમાં જીવ ક્યાં છે ? મને બતાવો, ત્યારે તમે શું કહેશો ? ત્યારે તમે કહો કે મેં જીવ જોયો નથી પણ અનંતજ્ઞાની ભગવંતોના વચનથી માનું છું. આવું કહેશો ને ? એક ન્યાય આપું.

કોઈ વકીલ તમને કહે કે આ કેસમાં તમો જીતશો. પછી તમો ઘરમાં કે પેઢીમાં જઈને વાત કરશો કે આ કેસમાં ...પણી જીત થશે, ત્યારે કોઇ તમને પૂછશે કે કેવી રીતે જીતાશે ? તો તમે કહેશો કે વકીલ આમ કહે છે. તાવ આવ્યો ને વૈદ્ય અગર ડૉકટર પાસે ગયા. તેમણે કહ્યું કે તાવ બે દિવસમાં ઉતરી જશે. તો તમે ઘેર આવીને કહેશો કે બે દિવસમાં તાવ ઉતરી જશે, ત્યારે કોઇ પૂછે કે એની શું ખાત્રી? તો તમે કહેશો કે ડૉકટરે કહ્યું છે. બોલો, ત્યાં તમને શ્રધ્ધા છે ને ? વિચાર કરો. દેવાનુપ્રિયો ! 'તમને દવાનું જ્ઞાન નથી છતાં શ્રધ્ધાથી દવા પી જાવ છો ને ? આમાં તો પૈસા આપવા પડે છે છતાં કેટલી શ્રધ્ધા છે ! જ્યારે વીતરાગ પ્રભુના સર્જન સંતો વિના ચાર્જે ભવોભવના રોગ નાબૂદ કરવા માટે કેવી અમોઘ ઔષધિ આપે છે તેના ઉપર શ્રધ્ધા છે ? શું ડૉકટર અને વૈદ્યો બધા સાચા હોય છે ? "ના" કોઇ સાચા હોય અને કોઇ લોભી પણ હોય. કોઇનો રોગ મટે પણ ખરો ને કોઈનો ન પણ મટે. છતાં શ્રધ્ધા છે ને ? વિચાર કરો. આવું શાસન મેળવીને જો શ્રધ્ધા ન હોય તો શ્રધ્ધા વિનાનો શ્રાવક જ ન કહેવાય. શ્રધ્ધાથી દવા લેનારને ફાયદો થાય છે. હા, તમે દવા લેવા જતા પહેલા એ વિચારો છો કે વૈદ્ય કે ડૉકટર બરાબર અનુભવી છે કે નહિ ? ત્યાં જનારા દર્દીઓ સારા થાય છે ને ? આમ વિચારી તમે ડૉકટર પાસે ગયાને કહ્યું—ડૉ

સાહેબ ! મને રોગથી મુક્ત કરો. તમારે જેટલા પૈસા લેવા હોય તેટલા લો પણ મારો રોગ જલ્દી મટે તેમ કરો.

ડૉક્ટર કે વૈદ્ય સારા મળી જાય, દર્દીને તપાસીને રોગનું નિદાન કરે ને દવા પણ સારી આપે પણ જો દર્દી દવા શોકેશના કબાટમાં મૂકી દે તો શું થાય ? ચાર દિવસ પછી વૈદ્ય પાસે જઈને કહે કે મને દર્દમાં જરાય પણ રાહત નથી. વૈદ્ય પૂછે કે ભાઇ ! તેં દવા ટાઇમસર લીધી હતી ? દવા ત્રણ ત્રણ કલાકે પીધી હતી ? તો દર્દી કહે–ના, મેં તો દવા શોકેશના કબાટમાં મૂકી દીધી હતી. (હસાહસ) ભાઈ ! તેં મારી આપેલી દવા લીધી જ નથી તો રોગ કયાંથી મટશે ? જો તારે રોગથી જલ્દી મુક્ત થવું હોય તો દવા પીવી જ પડશે, આવી જ રીતે જો આપણે જન્મ–મરણના રોગથી મુક્ત બનવું હોય તો વીતરાગ વચન ઉપર શ્રધ્ધા કરવી પડશે. દેવ, ગુરૂ અને ધર્મ આ ત્રણ તત્ત્વો તમને અમૂલ્યરત્ન સમાન મળ્યા છે. આ રત્નો વારંવાર નહિ મળે. કોઇ એવી જાહેરાત કરે કે અમુક જગ્યાએ કિંમતી હીરાનો ઢગલો કર્યો છે. જેને જોઇએ તે લઇ જાઓ. તો તે રત્નો લેવા કેટલી દોડાદોડી ને પડાપડી કરો ? પણ વિચાર કરજો કે એ રત્નો આ ભવમાં કામ આવશે પણ પરલોકમાં સુખ નહિ આપે, એ સાથે નહિ આવે, પણ આ ત્રિરત્નો ભવોભવમાં સાથે રહેવાના છે. માટે માંગો તો શું માંગો ?

"देवेषु देवस्तु निरंजनो मे, गुरुषु गुर्वस्तु दमीशमी मे,
धर्मेषु धर्मोऽस्तु दयापरोमे, तिष्ये वतत्त्वानि भवेभवे मे ॥"

સર્વે દેવોમાં અરિહંત પ્રભુ અને સિદ્ધ પ્રભુ શ્રેષ્ઠ છે. સર્વ ધર્મગુરૂઓમાં પાંચ મહાવ્રતના પાળનાર, પાંચ ઇન્દ્રિયોના દમનાર, એવા ગુરૂદેવ શ્રેષ્ઠ છે, અને સર્વ ધર્મોમાં કેવળી પ્રરૂપિત દયા ધર્મ શ્રેષ્ઠ છે. આ ત્રણ તત્વોની શ્રદ્ધા મને ભવોભવ હોજો. મને એનું શરણ હોજો અને એની શ્રદ્ધા હોજો. બોલો, તમે આવી માંગણી કદી કરો છો ? તમને એની શ્રદ્ધા છે ? બોલો તો ખરા. તમે નહિ બોલો. વણિકનાં દીકરા પાકા હોય. તો હું તમને કહું. તમને લક્ષ્મીતત્ત્વ, પત્નીતત્ત્વ અને પુત્રતત્વ એ ત્રણ તત્ત્વની શ્રદ્ધા છે. એટલે તમે એની જ માંગણી કર્યા કરો છો. રાત દિવસ એનીજ રટણા કરો છો. એ ત્રણ તત્વો ન મળે તો અફસોસ થાય છે કે મને આ બધું કયારે મળશે ? (હસાહસ) બોલો એનું રટણ છે કે નહિ ? એનો અફસોસ છે કે નહીં ? પણ અનંતકાળથી ભવભ્રમણ કરો છો તો એ ભવભ્રમણ કયારે અટકશે એનો અફસોસ છે ? તમે તો મોટા છો. એક નાના બાળકની વાત કહું. એક નાનો બાળક દરરોજ સ્કુલે જાય છે. ટીચર દરરોજ હાજરી પૂરે છે ત્યારે એક પછી એક વિદ્યાર્થીનું નામ બોલવા માંડે છે પણ પેલા નાના બાળકનું નામ બોલતું નથી ત્યારે વિદ્યાર્થી વિચાર કરે છે કે બધા

છોકરાઓનું નામ બોલાય છે ને મારું નામ કેમ નથી બોલતા? એના ટીચરને પૂછે છે કે બધાનું નામ બોલાય છે, બધાની હાજરી પૂરાય છે, ને મારી કેમ નહિ? ત્યારે ટીચર કહે છે બેટા! તારા પિતાએ હજુ આ સ્કુલમાં તારું નામ દાખલ કરાવ્યું નથી એટલે તારી હાજરી કયાંથી પૂરાય? તેથી બાળક ઘેર આવીને કજીયો કરે છે, કે બાપુજી! હજુ મારું નામ કેમ લખાવતા નથી? પછી બાળક શું કરશે? તમને ખબર છે ને? પરાણે લઈ જશે ને?

બંધુઓ! બાળકને પોતાનું નામ સ્કુલમાં દાખલ થયું નથી તેનો અફસોસ થાય છે પણ આ મારા શ્રાવકોને હજુ અફસોસ નથી કે હું વર્ષોથી નવકારમંત્રનું સ્મરણ કરું છું પણ હજુ પંચપરમેષ્ટિમાં મારું નામ કેમ નથી આવ્યું? મનમાં એવા ભાવ આવે છે ખરા કે ભગવાનના હાજરીપત્રકમાં-પંચપરમેષ્ટિમાં મારું નામ કયારે દાખલ થશે? આવો અફસોસ થાય છે? પંચપરમેષ્ટિ નવકારમંત્રમાં અજબગજબની તાકાત છે. આપણા જૈન ધર્મમાં નવકારમંત્ર એ મહાન મંત્ર છે. નવકાર મંત્રના પ્રભાવે સળગતો દાવાનળ શીતળ બની જાય છે. શૂળીના સ્થાને સિંહાસન બની ગયું છે. નવકારમંત્રના પ્રતાપે જીવ મહાન સુખ સંપત્તિ પ્રાપ્ત કરે છે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

"બાળકના જીવનમાં રહેલી પવિત્રતા" :—એક શેઠને ઘેર રબારીનો છોકરો નોકરી કરતો હતો તે દરરોજ શેઠના ઢોરોને લઈને વનવગડામાં ચરાવવા માટે જતો. એક વખત શિયાળાની કડકડતી ઠંડીમાં એક વસ્ત્ર પહેરીને ખુલ્લા બદને ધ્યાનમાં ઉભેલા એક મહાત્માને જોયા. મહાત્માને જોઈને આ અગિયાર વર્ષના છોકરાના મનમાં થયું કે અહો! મેં તો ધાબળો ઓઢયો છે ને તાપણી કરીને તાપું છું છતાં શરીર થરથર ધ્રુજે છે. તો આ મહાત્મા તો ખુલ્લા શરીરે ઉભા છે તો શું એમને ઠંડી નહિ લાગતી હોય! કેવા સ્થિર ઉભા છે! અગિયાર વર્ષના છોકરાને સાધુની ચિંતા થઈ પણ તમે ઠંડીના દિવસોમાં તમારા ફ્લેટમાં ગરમ શાલ અને ધાબળા ઓઢીને સુતા હો ત્યારે ભગવાનના સંતો યાદ આવે છે ખરા? કેરીની સીઝનના દિવસોમાં તમે કેરી ખાતા હો ત્યારે પરદેશ રહેતો દીકરો તમને યાદ આવે છે ને કે આપણે કેરી ખાઈએ છીએ પણ આપણો દીકરો કેરી ખાધા વિના રહી જશે? ત્યાં દીકરો કેવો યાદ આવ્યો? યાદ રાખજો, જીવને સંતાનો વહાલા છે એટલા સંતો વહાલા નથી પણ જ્યાં સુધી દેવ, ગુરૂ અને ધર્મ વહાલા નથી ત્યાં સુધી આત્માનો ઉધ્ધાર નથી.

"મહાત્માને પૂછતો બાળક" :—પેલા છોકરાને ચિંતા થવા લાગી કે આ મહાત્માને કેટલી ઠંડી લાગતી હશે? તેમની પાસે જઈને હાથ જોડીને કહે છે હે ભગવાન! તમને ઠંડી નથી લાગતી? આ મારો ધાબળો હું તમને ઓઢાડું પણ મહાત્મા તો કંઈ જ બોલતા નથી. સંધ્યા કાળ થયો એટલે છોકરો તો ઢોરા લઈને પોતાના

શેઠને ઘેર ચાલ્યો ગયો. પણ પેલા મહાત્મા ભૂલાતા નથી. એને ઉંઘ આવતી નથી. મહાત્માનું શું થયું હશે ? સવારે સૂર્યોદય થતા પહેલા ત્યાં પહોંચી ગયો ને હાથ જોડીને પૂછયું–ઓ ભગવાન ! આ હિમ જેવી ઠંડીમાં આપ રાતભર ખુલ્લા દિલે કેવી રીતે ઉભા રહી શકયા ! આ તો જંઘાચારણ મુનિ હતા. તેમને સૂર્યોદય થતાં ધ્યાન પાળવું હતું એટલે "નમો અરિહંતાણું" બોલી ધ્યાન પાળીને આકાશગામી વિદ્યાના બળે તેઓ આકાશમાં ઉડી ગયા. આ છોકરો સમજ્યો કે મહાત્માએ મને આટલી બધી ઠંડી કેવી રીતે સહન થાય તેનો મહામંત્ર આપ્યો.

શેઠે કરેલી ઇચ્છા :—મહાત્મા તો ગયા પણ નોકર "નમો અરિહંતાણું" એ મંત્રનું રટણ કરવા લાગ્યો. સાંજ સુધી જંગલમાં રટણ કર્યું. સાંજે ઘેર આવ્યો. ઢોરોને પાણી પીવડાવતા ને ખાણ ખવડાવતા એક જ રટણ કરે છે "નમો અરિહંતાણું" આ સાંભળીને શેઠ પૂછે છે કે બેટા ! તું આ શું બોલી રહ્યો છે ? ત્યારે નોકરે કહ્યું બાપુજી ! આજે તો મારા ભાગ્ય ખુલી ગયા. ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય મારા કે મને આજે જંગલમાં મહાન સંતના દર્શન થયા. તેમણે મને ઠંડી સહન કરવાનો મહાન મંત્ર આપ્યો છે તેનું રટણ કરું છું. શેઠે પૂછયું કે તને કેવી રીતે મંત્ર આપ્યો ? એટલે નોકરે વિગતવાર બધી વાત કરી. શેઠ તો જૈન હતા એટલે સમજી ગયા કે નોકરે એમ પૂછયું હશે કે આટલી બધી ઠંડી આપે કેવી રીતે સહન કરી ? બરાબર એ જ સમયે મુનિને કાઉસગ્ગ પાળવાનો સમય હશે એટલે 'નમો અરિહંતાણું' બોલ્યા હશે ત્યારે આણે માન્યું કે મને ઠંડી સહન કરવાનો મંત્ર આપ્યો. 'નમો અરિહંતાણું' એ તો મંત્ર જ છે તો હવે એના ઉપરથી એની શ્રદ્ધા તૂટવી ન જોઈએ પણ શ્રદ્ધા વધે તેમ કરવું જોઈએ.

બંધુઓ ! તમારા ઘરમાં, કુટુંબમાં કે જ્ઞાતિમાં કોઈ ભાઈ કે બહેન દાન કરતા હોય, તપ કરતા હોય, બ્રહ્મચર્યનું પાલન કરતા હોય કોઈ પણ ધર્માનુષ્ઠાન કરતા હોય તો તેની શ્રદ્ધા ડગમગ થાય તેવું તમે કરશો નહિ. તેની બુદ્ધિમાં ભ્રમ પેદા થાય તેવી વાત કરશો નહિ અને કરનારને કદી અંતરાય પાડશો નહિ. જો કરનારને અંતરાય પાડશો તો મહાન પાપના ભાગીદાર બનશો. હું તો તમને કહું છું કે કદાચ તમારા દીકરા દીકરીઓ દીક્ષા લેવા તૈયાર થાય તો પણ તમે અટકાવશો નહિ પણ એમ કહેજો કે બેટા ! આ સંસાર દુઃખની ખાણ છે, ભડભડતો દાવાનળ છે. ભયંકર ઉંડી ખાઈ છે. અમે તો આ ખાડામાં પડયા છીએ પણ ખરેખર પડવા જેવું નથી. આ દાવાનળમાંથી જો બચવું હોય તો સંયમના માર્ગે સિધાવો. આ અસાર સંસારમાંથી બચવા માટે લેવા જેવો હોય તો સંયમ છે, છોડવા જેવો હોય તો સંસાર છે, અને મેળવવા જેવો હોય તો મોક્ષ છે. આવું કહેજો પણ દીક્ષા લેતા અટકાવશો નહિ.

"કોઈની ધર્મશ્રદ્ધા તોડવી, દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યેની ભક્તિમાં ભંગ પાડવો, દાનાદિ ધર્મનો ઉત્સાહ તોડી પાડવો એ મોટું પાપ છે." આને મોટું પાપ શા માટે કહ્યું તે સમજ્યા ? ધર્મ કરનારની શ્રદ્ધા તમે હચમચાવી નાંખી, ગુરૂ પ્રત્યેનું બહુમાન ઘટાડી નાંખ્યું, એની આચાર નિષ્ઠા ભાંગી એટલે એ જીવને હવે એ ધર્મ પર, એ ગુરૂ પર અને એ આચાર પર શ્રદ્ધા નિષ્ઠા અને બહુમાન ગુમાવવાથી અભાવ થશે. એ અભાવના કારણે આ જન્મમાં તો શું પણ આવતા જન્મમાં પણ ધર્મશ્રદ્ધા, ગુરૂ ભક્તિ અને આચાર નિષ્ઠા ન પામી શકે, એવું દુર્લભ બોધિપણાનું પાપકર્મ બંધાશે પછી એ કર્મના ઉદય વખતે જીવની દશા કેવી થશે તે જાણો છો ? ધર્મશ્રદ્ધા નહિ પણ ધર્મ ઉપર અભાવ થશે. એટલે પાપકર્મની રૂચી થશે, ધર્મગુરૂ ઉપર અભાવ એટલે પત્ની, પુત્ર પરિવાર અને પૈસા આદિ ઉપર મોહ રહેવાનો. સદ્ આચારોની નિષ્ઠા કે એમાં તન્મયતા નહિ પણ એના પ્રત્યે નફરત થવાની. આનું પરિણામ શું આવશે ? દુઃખદ દુર્ગતિના દુઃખોની પરંપરા સર્જાશે. માટે કોઈની ધર્મશ્રદ્ધા તૂટે તેવું એક પણ વચન બોલશો નહિ.

આ શેઠ ખૂબ ધર્મનિષ્ઠ હતા. એ સમજી ગયા હતા કે મુનિ શા માટે " નમો અરિહંતાણં " બોલ્યા પણ નોકરની શ્રદ્ધાનો શઢ તૂટી ન જાય તેનો ખ્યાલ રાખીને નોકરને અભિનંદન આપતા કહે છે દીકરા ! તું બડો ભાગ્યવાન છે કે આવા મહાન મુનિના તને દર્શન થયા અને તેમણે તને આવો મહાન મંત્ર આપ્યો પણ ખ્યાલ રાખજે કે આવા મોટા મહાત્મા સામાન્ય વસ્તુ ન આપે. આ મંત્ર માત્ર ઠંડીનું દુઃખ ટાળવાનો નહિ પણ સંસારનાં સમસ્ત દુઃખો ટાળવાનો આ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મંત્ર છે. આવા મહાન મહર્ષિ કંઈ મામુલી ચીજ થોડી આપે ? એ તો મહાન બક્ષીસ કરે. આ એક જ મંત્રમાં અનેક સિદ્ધિઓની તાકાત છે.

શેઠે મંત્રની ખૂબ પ્રશંસા કરીને તેનો મહિમા બતાવ્યો એટલે નોકરનો ઉત્સાહ વધ્યો. શ્રધ્ધાની જ્યોત જલી. બસ. હવે તો એક ક્ષણ પણ મંત્રને ન ભૂલું. ખૂબ જોરશોરથી રટણ કર્યું. આ નોકર તો ખાતા, પીતા, સૂતા, ઉઠતા, બેસતા " નમો અરિહંતાણં ", નમો અરિહંતાણં એક જ રટણ કરવા લાગ્યો. સતત સ્મરણ ચાલુ રાખ્યું. આ નવકારમંત્ર કોઈ સામાન્ય નથી. નવકારમંત્રમાં મહાન શક્તિ રહેલી છે.

ભાવભીના રંગે, મનડાને ઉમંગે, બોલો માનવ બોલો મહામંગલમય નવકાર

મહામંત્રએ મહાતંત્ર એ, મહાશ્રુતસ્કંધ એ નવકાર,
જ્યેષ્ઠ જ્ઞાન એ જ્યેષ્ઠ ધ્યાન એ, ચૌદ પૂર્વનો એ છે સાર,

જિનશાસનમાં અનુપમ મંગલ આરાધો નવકાર—બોલો માનવ—

નવકાર મંત્રમાં ચૌદ પૂર્વનો સાર સમાયેલો છે. એનો અચિંત્ય મહિમા છે. માટે તમે આજથી નિયમ લેજો કે મારે દરરોજ પાંચ નવકારવાળી ગણવી. એ ન બની શકે તો એક તો અવશ્ય ગણવી. નવકારમંત્રના પ્રભાવથી મનુષ્ય મહાનમાં મહાન આપત્તિમાંથી બચી જાય છે. આ છોકરો એક ચિત્તે નમો અરિહંતાણંનો જાપ સતત કરવા લાગ્યો. આમ કરતાં શું બન્યું ?

"છોકરાના પેટમાં ભોંકાયો લાકડાનો ખીલો" –એક દિવસ છોકરો ઢોરો લઇને જંગલમાં ગયો છે. ઢોરો આજુબાજુ ચરી રહ્યા હતા. છોકરો આ ઝાડ નીચે "નમો અરિહંતાણં"ના ધ્યાનમાં લીન બન્યો છે. નદીમાં થોડું પાણી હતું એટલે ઢોરો ચરતા ચરતા સામે કિનારે ચાલ્યા ગયા છે. આ વખતે પહાડ ઉપર વરસાદ પડવાથી નદીમાં પૂર આવ્યું. ત્રણ ચાર કલાક "નમો અરિહંતાણં"નું રટણ કર્યા પછી આંખ ખોલીને જોયું તો નદીમાં પૂર આવી ગયું છે ને ઢોરો તો સામે કિનારે જતા રહ્યા છે. હવે શું કરવું ? ઢોરો જંગલમાં ભૂલા પડી જાય તો ? એ સામે કિનારે જવા માટે એક લેખડ પર ચઢયો ને નદીમાં ઝંપલાવ્યું. એને તો જલ્દી સામે કિનારે જવું હતું પણ તે નદીમાં જે જગ્યાએ પડયો તે જગ્યા ઉપર પાણીમાં એક લાકડાનો ખૂંટો ઉભો હતો. બરાબર તે ખૂંટાની અણી ઉપર આ છોકરાનું પેટ આવી ગયું અને એકદમ જોરથી પડયો તેથી તે ખૂંટો પેટમાં પેસી ગયો.

દેવાનુપ્રિયો! આ જગ્યાએ તમને આવું થાય તો શું કરો ? વેદના થાય તેની હાય-વોય થાય કે નવકારમંત્રનું સ્મરણ થાય. તમારો અનુભવ શું કહે છે ? બોલો તો ખરા ? અજ્ઞાની જીવ હશે તો હાયવોય કરશે ને કહેશે કે મારાથી સહન થતું નથી. જલ્દી ડોકટરને બોલાવો ને ઉપચાર કરાવો. જ્યારે જ્ઞાની હશે તે એમ કહેશે કે હોય મારા કર્મનો ઉદય છે. હોય—એમાં રડવાનું શું ? જ્ઞાની અને અજ્ઞાની બંનેને કર્મોદયથી કષ્ટ તો આવે પણ બંનેમાં ફરક એટલો છે કે જ્ઞાની ધૈર્યથી સહન કરે છે ને અજ્ઞાની રોઈ રોઇને સહન કરે છે. જે સમતાભાવથી સહન કરે છે તેના કર્મના દેણા ચૂકવાઈ જાય છે ને જે હાયવોય કરે છે તે નવા કર્મો બાંધે છે.

આ છોકરાના પેટમાં લાકડાનો ખૂંટો ભરાઇ જવાથી અસહ્ય વેદના થવા લાગી પણ હાયવોયનું નામનિશાન નથી. આનું કારણ શું ? તે સમજ્યા. એનું કારણ એક જ છે કે એને નવકાર મંત્ર ઉપર અટલ શ્રદ્ધા હતી ને બીજું એ રટણની સાધના સતત અને દીર્ઘકાળ સુધી કરી હતી, તેથી તેના સંસ્કાર ખૂબ દઢ થઇ ગયા હતા. એટલે વેદનાને ગૌણ કરીને નમો અરિહંતાણંનું સ્મરણ કરવા માંડયું. એને મન નમો અરિહંતાણં સર્વસ્વ હતું. એ મંત્ર પ્રત્યે ખૂબ આદર હતો. બંધુઓ ! તમે કોઈ પણ સાધના કરો તો આદરપૂર્વક કરો. **નાની કે મોટી કોઈપણ સાધના સત્કાર સાથે**

થવી જોઈએ. એમાં હૈયું હર્ષથી ઉછળવું જોઈએ. આદરસત્કારપૂર્વક કરેલી સાધનાનું બહુ મૂલ્ય છે. સત્કાર એટલે હૈયાનો આદરભાવ, બહુમાન, અહોભાવ, જેના પ્રત્યે બહુમાન હોય તેની સાધના કરતાં હૈયું ગદ્‌ગદ્‌ થાય ને કે અહો ! કેવી સુંદર સાધના કરવાનો મને અવસર મળ્યો ! મારા કેવા અહોભાગ્ય !

"અસહ્ય વેદનામાં પણ જીવનને ધન્ય માનતો બાળક" :–નોકરને "નમો અરિહંતાણં" આ મંત્ર પ્રત્યે બહુમાન હતું. અંતરનો અત્યંત આદર ભાવ હતો. આટલી વેદનામાં નમો અરિહંતાણંનું રટણ કરતા વિચાર કરે છે કે અહો ! હું તો એક ગરીબ ઢોરો ચારનારો નોકર, અને મને વળી આ મહામંત્ર શેનો મળે ? આ અભાગી જીવને આવા મોટા માણસના બે મીઠા શબ્દો સાંભળવાનાં સાંસા હોય ત્યાં આવો મહાન મંત્ર તો મળે જ શાનો ? કમનસીબ ભિખારીના ઠીંકરાના પાત્રમાં રોટલાનો ટુકડો મહામુશ્કેલીએ પડતો હોય ત્યાં કરોડોની કિંમતના ખજાના તુલ્ય આ મહામંત્ર મળે જ કયાંથી ? કયાં હું કમભાગી અને કયાં આ મહાન મંત્ર ! મહાત્માએ તો મને ન્યાલ કરી દીધો, જુઓ, તેને મહામંત્ર પ્રત્યે કેટલો બધો આદર છે ! કેટલું બહુમાન છે ! તમને ગુરૂ નવકારમંત્ર આપે તો ન્યાલ થઈ જવાના ને ? કેમ કંઈ બોલતા નથી ? મને લાગે છે કે તમે કોઈ બીજા મંત્રની ઝંખનામાં છો.

"ॐ ह्रीं श्री लक्ष्मीदेवी कुरु कुरु स्वाहा" કોઈ તમને આવું કાગળમાં લખી ઉપર કેસરના છાંટણા છાંટી આપે તો તમે ખુશખુશ. (હસાહસ) જુઓ. આ મંત્ર બોલી ત્યાં તમે કેટલા બધા હસ્યા. આ ઉપરથી સમજાય છે કે લક્ષ્મીદેવી પ્રત્યે તમને બહુમાન છે, આદર સત્કાર છે પણ યાદ રાખજો કે લક્ષ્મીદેવી તમને દુઃખમાં શાંતિ નહિ આપી શકે. લક્ષ્મી તમને એના દાસ બનાવી દેશે તેના કરતાં તમે લક્ષ્મીને દાસી બનાવી દો. પેલો છોકરો આદરપૂર્વક નમો અરિહંતાણંનું રટણ કરતો આયુષ્ય પૂર્ણ કરી જે ઘરમાં નોકર હતો તે જ ઘરમાં પુત્ર તરીકે જન્મ્યો. તે બીજો કોઈ નહિ પણ સુદર્શન શેઠ બન્યા. આ શાનો પ્રતાપ ? બોલો, નવકારમંત્રનો. નવકારમંત્રને મંત્રાધિરાજ કહેવામાં આવે છે. એ પંચ પરમેષ્ટી નવકારમંત્ર મંગલ સ્વરૂપ છે. તે દરેકનું મંગલ કરનાર છે. દરેક શુભ કાર્યમાં સૌથી પ્રથમ આપણે નવકારમંત્રનું સ્મરણ કરીએ છીએ. વ્યાખ્યાનની શરૂઆત કરતાં પહેલા પણ આપણે નવકારમંત્ર જ બોલીએ છીએ ને ?

આ ચાતુર્માસના દિવસોમાં ભગવાન કથિત બત્રીસ આગમોમાંથી કોઈ પણ એક આગમમાંથી એક અધિકારનું આપણે વાંચન કરીશું. આગમોમાં ભરપૂર ભાવો ભરેલા

છે. ભગવાનના જ્ઞાનમાં અમૂલ્ય રત્નો રહેલા છે પણ રત્નો લેવાની આપણી શક્તિ જોઈએ. બત્રીસ સૂત્રોમાંથી આપણે ઉત્તરાધ્યયન સૂત્રનું વાંચન કરવું છે. ઉત્તરાધ્યયન સૂત્ર એ મહાવીર પ્રભુની અંતિમ વાણી છે. ભગવાને અંતિમ સમયે પણ આ અપાર સંસાર રૂપી સમુદ્રમાં ડૂબતા જીવોને આત્મઉધ્ધારનો માર્ગ બતાવ્યો. ઉત્તરાધ્યયન સૂત્રમાં ગૂઢ અને ગહન ભાવો રહેલા છે. સૂત્રના પાનેપાને અને શબ્દે શબ્દે અમૂલ્ય રત્નો ભરેલા છે પણ જો એકાગ્રચિત્તે સૂત્રનું શ્રવણ, વાંચન અને મનન કરવામાં આવે તો જ આપણને એ રત્નોની પ્રાપ્તિ થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયનો છે. આ ચાતુર્માસમાં તેમાંથી આપણે કયા અધ્યયનનું વાંચન કરવું છે તેના ભાવ અવસરે વિચારીશું.

વ્યાખ્યાન નં-૨

અષાઢ સુદ ૧૨ ને સોમવાર "માનવભવમાં શું કરશો ?" તા-૧૭-૭-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, સર્વજ્ઞ ભગવંતો જગતના જીવોને ઉદ્બોધન કરતા ફરમાવે છે કે હે માનવ ! સુખની શોધ માટે તું બાહ્ય પદાર્થોમાં ભટકે છે પણ ત્યાં તને સાચા સુખની પ્રાપ્તિ થવાની નથી. કારણ કે બાહ્ય પદાર્થો બધાં અસ્થિર છે. અસ્થિર પદાર્થોમાંથી સ્થિર સુખોની આશા રાખવી તે વંધ્યા પુત્રવત્ છે. વિષયજન્ય સુખો તે ક્ષણિક સુખો છે. એ ક્ષણિક સુખો કદી કાયમ રહેતા નથી. કાયમનું સુખ એક આત્મામાં રહેલું છે.

આત્માની બહાર સુખની શોધ કરવી તે અંધકારમાંથી પ્રકાશને શોધવા જેવું છે. આજે કોઈ ખાવાપીવામાં સુખ માને છે. કોઈ સારા વસ્ત્રાભૂષણો પહેરીને હરવાફરવામાં સુખ માને છે, તો કોઈ એશઆરામને મોજમઝામાં સુખ માને છે, પણ ખાવું પીવું, વસ્ત્રાભૂષણો પહેરીને હરવું ફરવું, મોજમઝાને એશઆરામ કરવાનું સુખ તે સાચું નથી પણ તમારું માનેલું દુઃખ મટાડવાનું અલ્પકાળનું ઓસડ છે. વિષયભોગનું સુખ દારૂણ દુઃખ દેનારું છે. સ્વાધીન, સ્વાભાવિક અને શાશ્વત સુખ માત્ર આત્મામાં રહેલું છે. એ સુખની શોધ માટે મહાનપુરૂષો સર્વપ્રકારના બાહ્ય સુખોને તૃણની જેમ સમજીને ત્યાગ કરે છે.

દેવાનુપ્રિયો ! જ્યારે જીવને બાહ્ય સુખોનો ત્યાગ કરી આત્મિક, અનંત અને અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરવાની ભાવના જાગે છે ત્યારે તે સૌથી પ્રથમ શું વિચારણા કરે છે ? મારો આત્મા અનાદી અનંત એવા આ સંસારમાં અનંતકાળથી પરિભ્રમણ કરી રહ્યો છે. અનંતકાળ સુધી નિગોદમાં રહ્યો, ત્યાંથી નીકળીને પૃથ્વીકાયની સાત લાખ યોનિમાં ભટકયો, ત્યાંથી નીકળી અપકાયમાં, તેઉકાયમાં અને વાઉકાયની સાત સાત લાખ યોનિમાં અસંખ્ય વાર ભટકયો. દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદ

લાખ સાધારણ વનસ્પતિકાયમાં આ જીવ પટકાયો, ત્યાં કપાયો, શેકાયો. આ રીતે જીવે મહાન દુઃખમાં અનંત કાળચક્રો પસાર કર્યા પણ જીવના ભવદુઃખોનો અંત આવ્યો નથી, ત્યાંથી બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પચેન્દ્રિય, અને સંજ્ઞી તિર્યંચ પચેન્દ્રિયમાં આ જીવે ઘણો કાળ પરાધીનપણે દુઃખો ભોગવ્યા. અનંતી વખત જન્મ્યો ને મર્યો. આ રીતે દુઃખો ભોગવતાં ઘણો કાળ વ્યતીત થયો ને અકામ નિર્જરાથી દેવ ગતિ પામ્યો. મારા આત્માએ દેવભવમાં ભોગની અતિશય આસક્તિથી ઘણા પાપકર્મો ઉપાર્જન કર્યા એટલે પાછું તિર્યંચનું ખાતું ખોલ્યું. પહેલા, બીજા દેવલોક સુધીના દેવો પાંચ દંડકમાં જાય છે. પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય અને તિર્યંચ. તે રીતે આ જીવ દેવમાંથી નીકળી તિર્યંચ પણ થયો હશે. તિર્યંચ પચેન્દ્રિયમાં જીવે અનેક પ્રકારની હિંસાઓ કરીને પાપકર્મો બાંધ્યા ને તે પાપકર્મો ભોગવવા નરકમાં ગયો.

આ રીતે અનંતો કાળ જીવ કર્મના કારણે સંસારમાં રીબાયો પણ તેને સુખની છાયા મળી નહિ. એમ કરતાં મહાન પુણ્યોદયે તેને મનુષ્ય જન્મની પ્રાપ્તિ થઇ. તેમાં પણ અનાર્યદેશ, અનાર્યકુળ અને અનાર્યજાતિમાં જન્મી પાપ કર્મોને ભયંકર રીતે આચરીને સંસારમાં ઘણું ભટકયો. આ રીતે ચતુર્ગતિ રૂપ સંસારમાં મારો અનંત કાળ વ્યતીત થયો. હવે મારા અનંત પુણ્યોદયે મને માનવભવમાં આર્યદેશ, આર્યજાતિ અને આર્યકુળ મળ્યું, તેમાં પણ ઉત્તમ શ્રાવકનું કુળ મળ્યું છે. હવે પાપના કીચડમાં શા માટે ખૂંચેલો રહું ? હવે તો બધી પાપમય પ્રવૃત્તિઓ અને પાપમય વાસનાઓનો ત્યાગ કરીને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, અને અશુભ યોગોનો ત્યાગ કરીને સંસાર પરિભ્રમણને ટાળવા માટે અનંત ઉપકારી, પરમતારક અરિહંત પ્રભુએ બતાવેલા સંયમ માર્ગને જલ્દી અંગીકાર કરું.

બંધુઓ ! તમને તો ધર્મારાધના કરવા માટે આ બધી સામગ્રી મળી છે ને ? 'હા.' તો તમે પણ હું હમણાં જ કહી ગઇ તેવી ભાવના ભાવતા હશો ને ? કે હું કયારે વીતરાગનો સાધુ બનીશ ! જે ચતુર્ગતિ સંસારમાં અનંત કાળથી ભોગવેલા દુઃખો તમને યાદ આવતા હોય ને હવે એવા દુઃખો ભોગવવા ન હોય તો શ્રી વીતરાગ ભગવંતે બતાવેલા ત્યાગ માર્ગે આવી સાધુપણાની આરાધના કરવા માટે ઉજમાળ બનો. તમને સાધુપણામાં કષ્ટ છે એમ લાગતું હોય તો એવો વિચાર કરજો કે આ સંસારમાં મેં કેટલાય દુઃખો ભોગવ્યા છે. સાધુપણાનું કષ્ટ તો તેની આગળ કંઈ જ હિસાબમાં નથી. ખરેખર સંસાર સુખના રાગના કારણે આત્માએ અનંતા જન્મ મરણના કષ્ટો ભોગવ્યા. હવે સંયમની આરાધના દ્વારા કર્મક્ષય કરીને અનંત આત્મિક અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરો.

આત્મિક સુખ મેળવવા માટે ત્યાગ એ અમૂલ્ય સંજીવની છે. આત્મિક સુખની પ્રાપ્તિ માટે સૌથી પ્રથમ સંસાર સુખની વિસ્મૃતિ કરવી પડશે. જો તમે સંપૂર્ણ ત્યાગી બનવા શક્તિમાન ન હો તો બને તેટલું વધુ બ્રહ્મચર્યનું પાલન કરો, તપ કરો, દાન કરો. દાન પણ એક પ્રકારના પરિગ્રહનો ત્યાગ તો છે જ. જે સંપત્તિનો ત્યાગ કરી દાન દે છે તેનું જીવન મીઠું અને મધુર બને છે. એક ન્યાય આપીને સમજાવું. એક વખત એક ગુરૂ અને શિષ્ય બંને નદી કિનારા પાસે થઈને પસાર થઈ રહ્યા હતા. તે સમયે શિષ્યે ગુરૂને પ્રશ્ન કર્યો કે હે ગુરૂદેવ ! આ નદીનું પાણી મીઠું છે ને સમુદ્રનું પાણી ખારું છે. આ નદીનું પાણી સમદ્રમાં જાય છે છતાં સમુદ્રનું પાણી કેમ મીઠું થતું નથી ? જ્યારે જોઈએ ત્યારે સમુદ્રનું પાણી તો ખારું ને ખારું જ હોય છે, ત્યારે ગુરૂએ હસીને કહ્યુ–હે શિષ્ય ! એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. તેનું કારણ એ છે કે નદી સતત દાન કરતી રહે છે એટલે તે બધાને મીઠું પાણી પીવડાવે છે ને પાછી ઉદારતાથી સમુદ્રને તો સમર્પણ થઈ જાય છે. જ્યારે સમુદ્ર કોઈને આપતો નથી. એ સદા સંગ્રહ કરતો રહે છે. આ ન્યાય ઉપરથી આપણે એ વાત સમજી લેવી જોઇએ કે જે આપતો રહે છે તે મધુર બને છે અને સંગ્રહ કરનાર કોઈને દેતો નથી પણ લેવાની ભાવનાવાળોછે તે તિરસ્કારને પાત્ર બને છે. માટે તમે પણ નદીની માફક દાન આપી પરિગ્રહનો મોહ છોડી જીવન મધુર બનાવજો. બે વ્યક્તિઓના નામ આપણી સામે મોજુદ છે. શાલીભદ્રને ઘેર સંપત્તિનો તૂટો ન હતો અને મમ્મણ શેઠને ઘેર પણ અઢળક સંપત્તિ હતી. તેમાં શાલીભદ્રે સંપત્તિને દાનમાં વાપરી અને છેવટે સાચું જ્ઞાન થતાં તેનો ત્યાગ કરીને ચારિત્ર માર્ગે ચાલી નીકળ્યા. ત્યાં ચારિત્રની સુંદર આરાધના કરી કાળ કરીને અનુત્તર વિમાનમા ગયા ને એકાવતારી બન્યા. જ્યારે મમ્મણ શેઠે ભયંકર લોભવૃત્તિના કારણે એક રાતી પાઇ પણ દાનમાં વાપરી નહિ. તે મરીને નરકે ગયા. શાલીભદ્રનું નામ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયું અને મમ્મણ શેઠનું નામ કાળા અક્ષરે લખાયું. જો તમારું નામ સુવર્ણાક્ષરે લખાવવું હોય તો સંપત્તિનો સદ્વ્યય કરજો,

ભગવાને દાન, શિયળ, તપ અને ભાવ એ ચાર પ્રકારે ધર્મ બતાવ્યો છે. તેમાંથી તમારાથી જે બને તે ધર્મ કરો પણ જીવનમાં કંઈક અવશ્ય કરો. ધર્મ વિનાનું જીવન શૂન્ય છે. તમે તો કેવા મહાન પુણ્યવાન છો. તમને બધી સામગ્રી મળી છે. માટે નિર્ણય કરો કે મારાથી જે આરાધના થશે તે હવે હું જલ્દી કરીશ. ફરીને આ અવસર મળવો મુશ્કેલ છે. સમજો તો જૈન ધર્મ મળવો તે મહાન ભાગ્યોદય છે. એક દૃષ્ટાંત દ્વારા સમજાવું,

એક શ્રીમંત વણિક શેઠને ત્યાં એક ગરીબ ક્ષત્રિયનો છોકરો નોકરી કરતો હતો. શેઠ વૈષ્ણવ ધર્મી હતા પણ ધર્મમાં શ્રદ્ધાવાન હતા. આ છોકરાના મા બાપ એને

બાલપણમાં મૂકીને પરલોક સિધાવી ગયા હતા. આ નિરાધાર છોકરાને શેઠ પોતાના ઘેર લાવેલા. આ છોકરો શેઠના ઘરનું બધું કામ કરતો હતો. સાથે ઢોર ચરાવવા પણ જાય. શેઠ તેને ખૂબ સારી રીતે રાખતા હતા પણ એને મા બાપ નહિ એટલે કયારેક ઓછું આવી જતું. શેઠાણી પોતાના પુત્રને હેત કરે ત્યારે એને એમ થતું કે મારે મા બાપ નહિ એટલે મને કોણ લાડ લડાવે, હેત કરે ? એવું એના મનમાં ઓછું આવતું ત્યારે એક ખૂણામાં જઈને રડી લેતો હતો.

"રડતા બાળકને આપેલું આશ્વાસન" :- એક દિવસ છોકરાને જંગલમાં ગાયો ચરાવતાં મા બાપ યાદ આવ્યા. એટલે ઝાડ નીચે બેસીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. હે માતા-પિતા ! તમે મને મૂકીને કયાં ચાલ્યા ગયા ? દુનિયામાં બધુ જ મળે છે પણ માતાના હેત મળતા નથી. " મા તે મા અને બીજા બધા વગડાના વા. " શેઠ મને ખાવા પીવાનું, કપડા બધું જ આપે છે, મારા કામની કદર કરે છે પણ હૈયાનું હેત નથી મળતું. આમ કરીને ચોધાર આંસુએ રડતો હતો. આ સમયે ત્યાંથી એક જૈન સંત નીકળ્યા. બાર તેર વર્ષના બાલુડાને રડતો જોઈને સંતને તેની દયા આવી. તે સહજભાવે બોલી ઉઠયા બેટા ! આ જંગલમાં તું એકલો કેમ બેઠો છે ને શા માટે રડે છે ? આ શબ્દો છોકરાએ પહેલી જ વાર સાંભળ્યા હતા. જાણે પોતાની માતા ન મળી હોય તેમ છલાંગ મારીને સંતને વળગી પડયો. સંતે રડવાનું કારણ પૂછયું એટલે છોકરાએ બધી વાત કરી અને ખૂબ રડયો. એટલે સંતે તેને સમજાવ્યું કે જો બેટા ? પૂર્વભવમાં તેં એવા કર્મો કર્યા હશે, તે તને ઉદયમાં આવ્યા છે. તો તું હસતા મુખડે ભોગવી લે, રડીશ નહિ. આ દુનિયામાં કોની કિંમત થાય છે. તે તું જાણે છે ? લે સાંભળ.

આફત આવે ત્યારે જે મુખ મલકાવે, એને આફતની ના થાએ અસર હો.
દુઃખના ડુંગર તૂટે પણ મક્કમતા ના ખૂટે, એવા વિરલાનીછે જગમાં કદર હો.

જે પોતાના માથે દુઃખના ડુંગરા તૂટી પડે છે છતાં હસતો રહે છે તેની દુનિયામાં કદર થાય છે. મહાનપુરૂષોને કેવા દુઃખો પડયા છે છતાં આંખનો ખૂણો લાલ કર્યો નથી દુઃખમાં હસતા જ રહ્યા છે, ત્યારે આજે આપણે તેમને યાદ કરીએ છીએ. એમ કહી તેને મહાનપુરૂષોની વાતો સમજાવી એટલે છોકરાનું મન શાંત થયું, એણે સંતને પૂછયું-ભગવાન ! તમે કોણ છો. ને કયાં જાઓ છો ? સંતે કહ્યું કે હું જૈન મુનિ છું અહીંથી ચાર માઈલ દૂર એક ગામ છે ત્યાં મારું ચાતુર્માસ છે. હવે ચાતુર્માસના દિવસો નજીક આવે છે એટલે હું ત્યાં જાઉ છું. છોકરો ભક્તિભાવથી પૂછે છે ભગવાન ચાતુર્માસ એટલે શું ? સંતે સરળ ભાષામાં સમજાવ્યું કે ચાતુર્માસ એટલે ચોમાસું. અમે ચોમાસામાં એક ગામથી બીજે ગામ ન જઈએ. એક ગામમાં રહીએ તેનું નામ ચોમાસું

જૈનમુનિના દર્શનથી બાળકમા જાગેલી શ્રદ્ધા :– બંધુઓ ! આ છોકરાએ કદી જૈનમુનિને જોયા નથી. પહેલી જ વાર જૈનમુનિનો ભેટો થયો છે, પણ સંતને જોઈને એને અપૂર્વ ઉલ્લાસ આવ્યો, અને માબાપને ભૂલી ગયો તે પગમાં પડીને કહે છે. અહો ભગવંત ! તમે જ મારા મા બાપ છો. આજે મારો ઉદ્ધાર થઈ ગયો. મારા હૈયાની હાટડીમાં સોનાનો સૂર્ય ઉગ્યો. **"પ્રભુ પાવન કરોને મુજ ઝુંપલડી, સૂની પડી હૈયાની હાટલડી."** સંતને જોઈને તેના હૈયામાં હેતનો ફુવારો છૂટ્યો. ચરણમાં પડીને કહે છે. ભગવાન ! હું તમને નહિ જવા દઉ. સંતે કહ્યું ભાઈ ! અમારાથી અહીં ન રહેવાય. મને જવા દે. સંતે તેની ભવ્યતા જોઈને તેને નવકાર મંત્ર શીખવાડ્યો. એટલે એનો આનંદ ઓર વધ્યો. અહો ! કરૂણાનીધી ભગવાને મને મંત્ર આપ્યો. તે હર્ષથી નાચવા ને કૂદવા લાગ્યો. સંત કહે છે હવે જાઉં છું છોકરાએ કહ્યું ભગવાન ! મને તમારા વિના ગમશે નહિ પણ શેઠની નોકરીના ખીલડે બંધાયેલો છું. એટલે મારે જવું જ પડશે પણ ભગવંત ! આપના દર્શન વિના હું નહિ રહી શકું. આપ અહીંથી બે માઈલ દૂર છો. તો મને એવો નિયમ આપો કે મારે દરરોજ આપના દર્શન કરીને જમવું, ત્યારે સંતે કહ્યું-બેટા ! એવો નિયમ ન અપાય. તું આટલો નાનો બાળુડો અને શેઠની નોકરી કરવાની. એટલે આવો નિયમ તને પાલવે નહિ. નવકારમંત્રની માળા ગણીને પછી જમવું એવો નિયમ આપું, પણ છોકરો કહે છે એ મંત્રને જપીશ પણ આપના દર્શન વિના હું નહિ રહી શકું. આટલું બોલતાં એની આંખમાં આંસુની ધાર થઈ. એટલે સંતે તેને નિયમ આપ્યો.

"બાળકે કરેલી ભાવના ભરી પ્રાર્થના" :–અશ્રુભરી આંખે બંને હાથ જોડી પગમાં પડીને કહે છે અહો, પરમ કૃપાળુ ભગવંત ! આ સેવકને દર્શન આપીને કેવો મહાન ઉપકાર કર્યો ! મારા ભાગ્યના દ્વાર કેવા ખોલી નાંખ્યા ! મારા ભાગ્યોદયથી આજે આપ મને મળી ગયા. શું કહું ભગવંત ! મને આપના દર્શન થતાં જંગલ મંગલ બની ગયું. મારા અશુભ કર્મો છેદાઈ જઈને શુભ કર્મનો સૂર્ય મારા અંતરમાં ઝળહળી ઉઠ્યો. ધન્ય છે પ્રભુ આપને ! એના આનંદની કોઈ સીમા નથી. સંતે ઘણી ના પાડી પણ એણે તો પ્રતિજ્ઞા લીધી. એ સંત વિહાર કરી ગયા પણ છોકરાના દિલમાં આનંદ સમાતો નથી. જેમ રોકેટ જાય ને પાછળ લિસોટો રહી જાય છે, તેમ અહીં સંત ગયા પણ છોકરાના દિલમાં તેમના દર્શનના તેજના લિસોટા રહી ગયા. એનું જીવન પલટાઈ ગયું. છોકરો તો અભણ નોકર હતો છતાં તેના દિલમાં સંત દર્શનનો કેવો આનંદ છે !

બંધુઓ ! હું તમને પૂછું છું કે તમે તો ભણેલા ગણેલા અને સુખી સમૃદ્ધ છો પણ સંત દર્શનનો આવો આનંદ અનુભવો છો ખરા ? બોલો, મને જવાબ આપો. તમે

નહિ બોલો. હોંશિયાર છો ને? તમને સંત દર્શન કરતાં એક લાખ રૂપિયાની નોટો મળી જાય તો વધુ આનંદ થાય ને! (હસ હસ) હવે તમારું માથું કેવું હાલ્યું. જરા સમજી લેજો કે લાખની નોટો પસ્તી સમાન છે. હમણાં નોટોનું શું બન્યું તે તો તમને ખબર છે ને હજુ હજારની તો અડધામાં ગઈ પણ દશ હજારની તો પસ્તી જ થઈ છે ને? કેમ બરાબર છે ને? વિચાર કરો. સંસારમાં પુદ્ગલ પસ્તી જ છે. **"જો પુદ્ગલ ભાવની દૂર થાય પસ્તી તો મળે આત્માની મસ્તી."** જો સંસારના પુદ્ગલ પસ્તી સમાન લાગશે તો જેટલો લાખ રૂપિયા મળતા આનંદ થાય છે તેનાથી અધિક આનંદ સંતદર્શન થતાં થશે. એની મસ્તી કોઈ અલૌકિક હશે! પેલા નોકરના આનંદનો પાર નથી. સંતોનો સમાગમ જીવનમાં શું નથી કરતો?

પત્થરો પીગળાવી નાંખે રે સંતોની વાણી, હૃદય ઓગાળી નાંખે રે સંતોની વાણી
ભૂલેલાને રાહે લાવે, હાથ પકડીને ચલાવે, જીવનપલટો કરાવી દે રે સંતોની વાણી.

સંતના ઉપદેશથી નોકરના દિલમાં અલૌકિક જોમ આવ્યું. જાણે કોઈ મોટું રાજ્ય ન મળી ગયું હોય! એના અંતરનો અંધકાર નષ્ટ થઈ ગયો. તે ગાયો લઈને ઘેર આવ્યો. શેઠનું બધું કામ કરતાં મુખે નવકારમંત્રનો જાપ કરે છે, એના મુખ ઉપરનો આનંદ જોઇને શેઠ પૂછે છે–છોકરા! આજે તારા મુખ ઉપર આટલો બધો આનંદ શેનો છે? ત્યારે છોકરાએ કહ્યું–મને ભગવાન મળ્યા. શેઠે કહ્યું–ભગવાન કેવા હતા? તો કહે એમનું વર્ણન મારાથી થઈ શકે નહિ. જુઓ, મને ભગવાને એક મંત્ર આપ્યો છે. બોલ જોઈએ એ મંત્ર. એટલે છોકરો નવકારમંત્ર બોલ્યો. શેઠ સમજી ગયા કે આને કોઈ જૈન મુનિ મળી ગયા લાગે છે. કામ કરતો જાય ને નવકારમંત્રનું સ્મરણ કરતો જાય છે.

દેવાનુપ્રિયો! નવકારમંત્ર તો તમે પણ ગણો છો પણ તેનું મહાત્મ્ય સમજો છો? નવકારમંત્રમાં ઘણાં રહસ્યો રહેલા છે તે સમજાય તો ને? નવકારમંત્ર શુધ્ધ ભાવથી ગણનારને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. કદાચ તમને એમ થશે કે અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર કરવામાં સમ્યગ્દર્શન કયાં આવ્યું? પંચ-પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે તેનું કારણ શું? નવકારમંત્રનું સ્મરણ કરતી વખતે કઈ ભાવના આવે તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય? માત્ર મુખે નવકાર બોલી જવાથી નહિ પણ શ્રધ્ધાપૂર્વક નવકારમંત્રનું સ્મરણ કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. જે પંચપરમેષ્ઠિ ભગવંતોને હું નમસ્કાર કરું છું તેઓએ જે ફરમાવ્યું છે તે મારે કરવું જોઈએ. તેનાથી વિપરીત કરું છું તે ખોટું છે. પંચપરમેષ્ઠિ ભગવંતો મને કર્મક્ષય કરવાનું કહે છે. એ વાત આત્માને રૂચે, શક્તિ મુજબ કરવાની ભાવના રહે. એવી માન્યતા થાય તો સમ્યગ્દર્શન આવે ને? એ તારક

ભગવંતોની જેમ મોક્ષ પ્રાપ્તિની ભાવનામાં તલ્લીન રહેવું જોઈએ. જુઓ, નયસાર સુથાર કાંઈ જૈન ધર્મ પામેલો ન હતો. એક જ વખત જંગલમાં ભૂલા પડેલા સંતનો સમાગમ થયો. આહાર પાણી વહોરાવવાનો એને લાભ મળ્યો. એ સમયે એનો આનંદ કોઈ અનેરો હતો. ખૂબ ઉલ્લાસપૂર્વક સંતની ભક્તિ કરી. સંતે પણ તેની પાત્રતા જોઈને ઉપદેશ આપ્યો. તે સાંભળીને તેના દિલમાં થયું કે આ સંત કહે છે તેમ મારે કરવું જોઈએ. ત્યાં એ સમ્યગ્દર્શન પામી ગયો. આટલું પામવા માત્રથી એના ભવની ગણત્રી થઈ. એણે નંબર નોંધાવી દીધો. દુનિયામાં શ્રેષ્ઠ કોટિમાં એ ગણાયો. સમ્યગ્-દર્શન પામેલો જીવ વધુમાં વધુ સંસારમાં રહે તો કયાં સુધી રહે? તે જાણો છો ને? ઘણીવાર સાંભળી ગયા છો. બોલો, ભૂલી ગયા લાગો છો. આ ભૂલી ગયા પણ કેટલી મિલકત છે તે ભૂલાય છે? (હસાહસ) જરા વિચાર કરો. પુદ્ગલના પથારામાં આનંદ આવે તેટલી સંસાર રસિકતા છે. એને છોડયા વિના ઉધ્ધાર નહિ થાય. સમકિતી આત્મા વધુમાં વધુ સંસારમાં રહે તો અર્ધપુદ્ગલ-પરાવર્તનની અંદરનો કાળ તે પછી સંસાર એને સંધરે જ નહિ. સમ્યગ્દૃષ્ટિ આત્મા સાથે સંસારને ફાવે નહિ. એ સંસારથી અલગ રહે.

"સમ્યગ્દૃષ્ટિ આત્મા એટલે મોટો શ્રીમંત." જે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે તે ન્યાલ થઈ જાય છે. કેવી રીતે? સાંભળો. જેમ કોઈ ગરીબ માણસ મોટો શ્રીમંત બની જાય તો મોટો બંગલો બાંધે, તેને ફરતું કંપાઉન્ડ બનાવે, દરવાજે ગુરખો રાખે, બંગલાનાં રૂમ બનાવે, રૂમમાં રૂમ અને એમાં તિજોરી, તિજોરીમાં કબાટ, કબાટમાં ડબ્બી, એ ડબ્બીમાં રેશમી કાગળથી વીંટીને બધી ચીજો રાખે ને ખુશખુશાલ રહે છે. કેમ આમ જ કરો ને? સમજો. આ રીતે સમ્યગ્દૃષ્ટિ એટલે મોટો શ્રીમંત. એના જેવો શ્રીમંત આ સંસારમાં કોઈ નથી છ ખંડની સાધના કરવાવાળો ચક્રવર્તિ પણ નહિ. એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે—

जिनधर्मविनिर्मुक्तो, मा भुवं चक्रवर्त्य पि ।
स्यां चेटोऽपि दरद्रोऽपि, जिनधर्माधिवासितः ॥

શ્રી જિનેશ્વર દેવના ધર્મના અભાવવાળું ચક્રવર્તિપણું પણ મને ન કલ્પે, પણ એ ધર્મથી વાસિત દાસપણું કે દરિદ્રીપણું મળે તો પણ મને સ્વીકાર્ય છે. આટલું સમ્યગ્દર્શનનું ખમીર છે. જૈન દર્શનમાં સમ્યગ્દર્શનની નાની સૂની ગણના નથી. ટૂંકમાં આપણે નવકારમંત્રમાં પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવવાની તાકાત છે. એ વાત ચાલતી હતી.

પેલો ક્ષત્રિયનો દીકરો નોકર કામ કરતાં શુદ્ધ ભાવથી નવકારમંત્રનું સ્મરણ કરે છે અને લીધેલા નિયમનું બરાબર પાલન કરે છે, અને શેઠની નોકરી પણ બરાબર

બજાવે છે. શેઠનું બધું કામ કરીને મુક્ત થાય એટલે પૂછે કે બાપુજી! હવે મારું કામ છે? હું બે કલાકમાં આવું છું. શેઠની રજા લઈને ગુરૂના દર્શન કરવા ઉપડે છે. તેર વર્ષનો બાલુડો હર્ષભેર ઝડપથી બે માઈલ કાપી નાંખે છે. એને થાક પણ નથી લાગતો. જ્યાં ભાવના છે, ભક્તિ છે, ભગવંતના દર્શનનો તલસાટ છે ત્યાં થાક લાગે? તમને તો બે માઈલને બદલે ૧૫ મિનિટનો રસ્તો હોય તો ય દર્શન કરવા આવતા થાક લાગી જાય છે. કંઈક એમ કહે છે કે અમારું ઘર ઘણું દૂર છે. કંઈક બારણામાં વસ્યા છે પણ એમને ટાઇમ નથી. કેટલા કમભાગ્ય છે કે ઘેર બેઠા સંતરૂપી ગંગા આવી તો પણ પાવન બનવાની ભાવના નથી થતી.

આ છોકરાને પોતે માનેલા ભગવંત એવા ગુરૂના દર્શન કરવાનો ભાવ હતો એટલે દોડીને ત્યાં પહોંચી જતો. લળીલળીને સંતને વંદન કરતો અને કહેતો કે હે ભગવાન! મારા આત્માનો જલ્દી ઉદ્ધાર થાય એવું મને કંઈક સમજાવો. એટલે સંત એને થોડી વાર ધર્મ-કર્મનું સ્વરૂપ સમજાવતાં ને પછી છોકરો પાછો આવીને ભોજન કરીને શેઠનું કામ કરવા લાગી જતો. થોડા દિવસ તો એના નિયમને વાંધો ન આવ્યો.

"પ્રતિજ્ઞામાં થયેલી કપરી કસોટી :—એક દિવસ સવારથી મેઘરાજાની પધરામણી થઈ. છોકરાએ બધું કામ પતાવી દીધું. હવે રાહ જુએ છે કે વરસાદ બંધ રહે એટલે જાઉં, પણ વરસાદ બંધ થતો જ નથી. મૂશળધાર વરસાદ વરસે છે. ચારે તરફ જળ-બંબાકાર થઈ ગયું છે. સાંજ પડી પણ મેઘરાજાએ મહેરબાની કરી નહિ. એ તો ધોધમાર વરસે જ ગયો. છોકરાએ ભોજન ન કર્યું. આખો દિવસ ભૂખ્યો રહ્યો. મનમાં એક અફસોસ થયા કરે છે કે આજે મને મારા ભગવાનના દર્શન ન થયા! ઠીક, હવે સવારમાં વરસાદ રહી જાય તો વહેલો ઉપડી જાઉં ને મારા ભગવાનને ભેટું. મારો આજનો દિવસ પ્રભુના દર્શન વિના અફળ ગયો. હવે તે સવાર પડવાની રાહ જોવા લાગ્યો. બીજે દિવસે પણ વરસાદ બંધ રહેતો નથી. છોકરાને બીજે દિવસે પણ ઉપવાસ થયો. એમ કરતાં ત્રણ ચાર દિવસ થયા પણ વરસાદ બંધ રહેતો નથી. છોકરો પણ ઉપવાસ કરે છે. જેણે કદી ઉપવાસ કર્યો નથી એવા કુમળા ફુલ જેવા બાળકનું શું ગજું! મોટું કરમાઈ ગયું, પણ એનો આત્મા કરમાતો નથી. બસ, મનમાં એક વાતનું દુઃખ છે કે અરેરે....કેવો કમભાગી! કે મને ચાર ચાર દિવસથી મારા ભગવાનના દર્શનનો વિરહ પડયો! હું નથી જઈ શકતો! પણ એને મનમાં એવા ભાવ નથી આવતા કે મેં કયાં આવી બાધા લીધી? બાધા લીધી તો ભૂખ્યા રહેવાનો વખત આવ્યો ને! આ જગ્યાએ જો તમે હો તો શું કરો? હું તો માનું છું કે તમે બાધા બદલાવવા આવો. મહાસતીજી! બાધા લીધી છે પણ બહુ આકરી પડે છે. મને બદલાવી આપો. અરે ભલા તમારા છોકરાને કોઈ દિવસ બદલાવવા જાવ છો કે અહીં બાધા

બહલાવવા આવ્યા છો ? (હસાહસ) જે પ્રતિજ્ઞા લે છે તેની કસોટી થાય છે ને કસોટીમાં જે અડગ રહે છે તે પાર ઉતરે છે. માટે કસોટી આવે ત્યારે સ્થિર રહેજો. ડોલતી ધ્વજા જેવા ના બનશો.

ચાર દિવસ સુધી વરસાદ ન રહ્યો ત્યારે એના શેઠ-શેઠાણી કહે છે બેટા ! તું કયાં સુધી ભૂખ્યો રહીશ ? આ ભોજનના થાળ ભર્યા છે તું જમી લે, ત્યારે છોકરો કહે છે બાપુજી ! મારા ભગવાનના દર્શન નહિ થાય ત્યાં સુધી નહિ જમું, ત્યારે કહે છે ભોજન ન કર તો દૂધ પી. તો કહે છે મને દૂધ પણ ન જોઈએ. શેઠે કહ્યું-ભૂખ્યો મરી જઈશ. ત્યારે કહે છે બાપુ! મને મારા ગુરૂ ભગવંતના દર્શન આગળ ભૂખ કંઈ વિસાતમાં નથી લાગતી. કદાચ મરવાનું આવશે તો તે પણ શાના માટે ? દર્શન ન થાય તે માટે ને ? કોઈ ચિંતા નહિ. એવી ટેકમાં મૃત્યુ થાય એ તો ધન્ય મૃત્યુ છે. મારા એવા અહોભાગ્ય કયાંથી હોય કે મારા ગુરૂ ભગવંતના દર્શનની પવિત્ર ભાવનામાં જ મારું મોત થાય ! કેવી પવિત્ર ભાવના છે ! કયારે વરસાદ બંધ પડે ને હું દર્શન કરું. એ ભાવનાનો વેગ વધતો જતો હતો, ને વરસાદ પણ ચાલુ રહ્યો. સાત સાત દિવસ સુધી મૂશળધાર વરસાદ ચાલુ જ રહ્યો. છોકરાને સાત દિવસના ઉપવાસ થયા પણ ભાવનાનો દોર તૂટયો નહિ.

આ સમયે એક દેવનું વિમાન પસાર થતું હતું તે ત્યાં અટકી ગયું. વિમાનમાં દેવ અને દેવી બેઠા છે. ઉપયોગ મૂકીને જોયું તો છોકરાને ધ્યાનમાં બેઠેલો જોયો. ગુરૂદર્શન માટે તેનું મન તલસી રહ્યું છે. હવે સમય પણ થઈ ગયો છે. બાળકના તપ અને શુદ્ધ ભાવ આગળ દેવનું વિમાન સ્થંભી ગયું. હવે દેવ અને દેવી આ છોકરાની પાસે આવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

*

વ્યાખ્યાન નં-૩

અષાડ સુદ ૧૪ને મંગળવાર "વિનય વિવેકથી આત્માને શણગારો" તા.૧૮-૭-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! વિશ્વની વિરલ વિભૂતિ, વાત્સલ્ય વારિધિ, કરૂણામૂર્તિ એવા ચરમ તીર્થંકર મહાવીર પ્રભુએ સંયમ લઈને અજોડ પુરૂષાર્થ કરી ઘાતીકર્મોનો કચ્ચર ઘાણ કાઢી કેવળજ્ઞાનની ઝગમગતી રોશની પ્રગટ કરી. એ રોશનીમાં ભગવંતે સમસ્ત દુનિયાના જીવોને અજ્ઞાન અને મોહની વિટંબણાથી પીડાતા દુઃખમય અવસ્થામાં જોયા. એટલે તેમના અંતરમાંથી કરૂણાનો ધોધ વહ્યો. જેથી ભગવાને અંતિમ સમયે પણ સોળ પ્રહર સુધી એકધારી સાત દેશના આપી ઉત્તરાધ્યન સૂત્ર એ ભગવાનની અંતિમ વાણી છે. એનું સ્થાન ખૂબ મહત્વપૂર્ણ છે. તેમાં ઘણી ઘણી વિશિષ્ટતાઓ રહેલી છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ એ ચારે યોગોનું જ્ઞાની ભગવંતોએ તેમાં કથન કરેલું છે. તેથી ચારે ય યોગોનો તેમાં સમાવેશ થાય છે. એ પણ ઉત્તરાધ્યયન સૂત્રની એક વિશિષ્ટતા છે. વૈષ્ણવ ધર્મમાં ગીતા તેમ જૈન ધર્મમાં મુખ્ય તત્ત્વ શું છે ને તેનું સ્વરૂપ શું છે તે બતાવનારું જો કોઈ સૂત્ર હોય તો તે ઉત્તરાધ્યયન સૂત્ર છે. તેમાં સુંદર રહસ્યો ભરેલા છે. જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કરનાર અને પઠનો પાઠનાર સૂત્ર તરીકે આપણે ઉત્તરાધ્યયન સૂત્રનો ઉલ્લેખ કરી શકીએ. આ કોઈ છદ્મસ્થની વાણી નથી પણ સર્વજ્ઞ ભગવંતની વાણી છે. ઉત્તરાધ્યયન સૂત્રની રચના ક્યારે થઈ તે તમે જાણો છો ને?

અરિહંત પદમાંથી સિધ્ધપદમાં જતાં પહેલાં અંતિમ સમયે આસો વદી અમાસ (દિવાળી)ના દિવસે ભગવાન શ્રી મહાવીરદેવે જગતના જીવોના ઉધ્ધાર માટે છેલ્લી વખને અખંડિતપણે સોળ પ્રહર સુધી એક ધારી દેશના આપી. ભગવંત મોક્ષમાં જવાના છે એમ જાણીને અઢાર અઢાર દેશના મહારાજાઓ ભગવાનની પાસે આવીને ખાવાપીવાની ઝંઝટ છોડી છઠ્ઠ પૌષધ કરીને દેશના સાંભળવા બેસી ગયા. એ સમજતા હતા કે આપણે માટે આ સોનેરી તક છે. ભગવાનના મુખેથી હવે આપણને આ અમૃતવાણીના ઘૂંટડા પીવા મળવાના નથી. માટે આપણે પ્રમાદ છોડીને લેવાય તેટલો લાભ લઈ લેવો.

સિંહણના દૂધ ઝીલવા માટે સુવર્ણનું પાત્ર જોઈએ, તેમ ભગવાનની વાણી રૂપી અમૃત ઝીલવા માટે નિર્મળ હૃદય રૂપી પાત્ર જોઈએ. જે આત્માઓ સૂત્રનું વાંચન, મનન અને ચિંતન શુધ્ધ ભાવથી કરે છે તેનું હિત થયા વિના રહેતું નથી. આ સૂત્રની એકેક ગાથા દરેક જીવોના હિત માટે છે. બત્રીસ સિધ્ધાંતોમાં કોઈ ધર્મનું ખંડન થાય તેવી વાત કરવામાં આવી નથી. કારણ કે જૈન દર્શન એ અનેકાંત દર્શન છે. તમે જો સૂત્ર સિધ્ધાંતનું વાંચન કરશો તો ખ્યાલ આવશે કે તેમાં કેવા ગહન ભાવો ભરેલા છે. જેમ ગંગા નદીના નીર તૃષાને શાંત કરે છે, શીતળતા આપે છે તેમ ભગવાનની વાણી રૂપી પાણીનું જે આત્માઓ પાન કરે છે તેની ભવોભવની તૃષા શાંત થાય છે ને તે પરમપદ મોક્ષને પામી શકે છે.

પિતા પુત્રને અંતિમ સમયે કેવી હિત શિખામણ આપે છે? પોતાના પુત્રનું હિત થાય, સુખી થાય, આગળ વધે તેવી હિત શિખામણ આપે છે. એ શિખામણ સંતાનો માટે ઘણી ઉપયોગી નીવડે છે, તેમ આપણા પરમ ઉપકારી જગતપિતા મહાવીરસ્વામીએ આપણા હિત માટે અંતિમ સમયે ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીસ અધ્યયનરૂપી છત્રીસ હિત શિખામણ આપેલી છે. એ છત્રીસ શિખામણમાંથી એકાદ શિખામણ જો મનુષ્યના અંતરમાં ઉતરી જાય તો કામ થઈ જાય. ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીસ અધ્યયનમાંથી આપણે બાવીસમા અધ્યયનનો અધિકાર લેવો છે, પણ પહેલા તેની પૂર્વભૂમિકા જોઈ એ.

તેમાં પહેલું અધ્યયન વિનયનું છે. વિનય એ ધર્મનો મૂળ પાયો છે. જેમ પાયા વિના ઈમારત ટકી શકતી નથી તેમ જેના જીવનમાં વિનય અને વિવેક નથી તેના જીવનમાં ધર્મ ટકી શકતો નથી. વિદ્યા પણ વિનય વિના શોભતી નથી. કહ્યું છે કે "विद्या विनयेन शोभते॥" વિદ્યા વિનયથી શોભે છે. આપણામાં વિનય હશે તો બધા પગમાં પડતા આવશે. વિનયથી વૈરી વશ થાય છે, પણ જો વિનય ચૂકી ગયા તો બધા આપણાથી દૂર ભાગશે. ભણતરમાં ભલે મોટી ડીગ્રીઓ મેળવી લીધી હોય પણ જો એક વિનયની ખામી હશે તો તે ભણતર કંઈ કામનું નથી. જ્ઞાન મેળવવા ગુરૂ પાસે જઈએ પણ જો વિનયને વગડામાં મૂકીને જઈએ તો જ્ઞાન પ્રાપ્તિ નહિ થાય વિનયની જડી બુટ્ટી સાથે લઈને ગુરૂના ચરણમાં અર્પણ થશું તો ગુરૂ આપણા જીવન બગીચામાં જ્ઞાન રૂપી ગુલાબના બીજ વાવશે ને આપણા જીવનને જ્ઞાનગુણ સૌરભથી મઘમઘતું બનાવશે, આવી તાકાત વિનયગુણમાં છે. વિનયવંત શિષ્યો કેવા હોય! તે બતાવતાં પહેલા અધ્યયનની બીજી ગાથામાં ભગવંત કહે છે કે.

आणाणिद्देसकरे, गुरुणमुववाय कारए ।
इंगियागारसंपन्ने, से विणीए त्ति वुच्चइ ॥ २ ॥

આચાર્ય-ગુરૂ વિગેરેની આજ્ઞાને માનવાવાળા અને તેમની પાસે સદા રહેવા વાળા, ઈંગિત અને આકાર (મનોભાવ તથા મુખાદીના આકાર) ને જાણનાર હોય તેને ભગવંતે વિનીત શિષ્ય કહેલ છે.

બંધુઓ! વિનયવંત શિષ્ય ગુરૂની આજ્ઞાનુસાર ચાલે છે. ગુરૂ કહે કે હે શિષ્ય! આ કાર્ય કરો ને આ કાર્ય ન કરો, ત્યારે તે કહે કે તહેત્ ગુરૂદેવ. આપની આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરીશ. આવા પ્રકારનું શિષ્યનું વચન તે નિર્દેશ છે. આ નિર્દેશનું સારી રીતે પાલન કરવાવાળા આજ્ઞા નિર્દેશકર છે. આવો વિનયવંત શિષ્ય ગુરૂની સમીપમાં બેસે. એટલે ગુરૂની દ્રષ્ટિ પોતાના ઉપર પડે તેવી રીતે બેસે, અને વિચારે કે મને મારા ગુરૂની આજ્ઞાપાલનનો તેમજ સેવાનો લાભ મળે. જ્યારે અવિનીત શિષ્ય એવો વિચાર કરે કે રખે ને ગુરૂની પાસે બેસીશ તો મારે એમનું કામકાજ કરવું પડશે. એના કરતાં દૂર જઈને બેસું. ગુરૂનો અભિપ્રાય જાણવો, તેમની સેવા કરવી તે કંઈ સામાન્ય વાત નથી. શિષ્ય ગુરૂની સમીપમાં બેસે, ત્યારે આ બધું શીખી શકે છે. વિનીત શિષ્ય ગુરૂની સેવા ભક્તિ અને વિનય દ્વારા આત્મકલ્યાણ કરી શકે છે. અહીં એક દ્રષ્ટાંત યાદ આવે છે.

ધર્મસિંહ નામના એક મહાનજ્ઞાની આચાર્ય ને ગુણનિધી નામનો એક વિનયવંત શિષ્ય હતો. જેવા નામ તેવા જ ગુણ હતા. ગુણનિધી એટલે ગુણોનો જ ભરેલો હતો. સરળતા, નમ્રતા વિગેરે તેનામાં ઘણાં ગુણો હતા. ગુરૂદેવની પાસે બેસવું, તેમની

આજ્ઞાનું પાલન કરવું, તેમની પ્રકૃત્તિને અનુકૂળ કામ કરવું ઈત્યાદિ સમસ્ત સદ્‌ગુણોથી યુક્ત હતો. જ્યારે ગુરૂદેવ પધારે ત્યારે પોતાના આસનેથી ઉભો થઈ જતો અને વિનયપૂર્વક ગુરૂને બેસવા માટે આસન આપતો. ગુરૂ જ્યારે ત્યાંથી ઉઠીને જતા ત્યારે આસન લઈને તેમની પાછળ જતો ને જ્યાં ગુરૂદેવને બેસવાની ઇચ્છા હોય ત્યાં આસન બિછાવી દેતો. ગુરૂદેવ! મને કંઈ આજ્ઞા ફરમાવો. સેવાભક્તિનો લાભ આપો એમ વારંવાર વિનંતી કરતો. બસ, ગુરૂદેવને ચરણે જીવન અર્પણ કર્યું એટલે એમની આજ્ઞા એ જ મારો શ્વાસ ને એ જ મારો પ્રાણ છે. એમની આજ્ઞાના પાલન માટે મારું જીવન કુરબાન કરવું પડે તો પણ કરવા તૈયાર છું. ગુરૂદેવ જે કંઈ આજ્ઞા ફરમાવે છે. તે "**मम लाभोत्ति पेहाए**" એકાંત હિતને માટે જ છે. મારા ગુરૂદેવ મારું અહિત થાય તેવું કદી કરે નહિ. એવી એને ગુરૂમાં શ્રધ્ધા હતી. આવી દઢ શ્રધ્ધાથી ગુરૂની સેવાભક્તિ કર્યા કરતો.

"માતા પિતા કરતા ગુરૂને વિશેષ મહાન માનતો શિષ્ય" :- બંધુઓ! આ વિનયવંત શિષ્ય સમજતો હતો કે મારા ગુરૂદેવ તો મારા માતા પિતાથી પણ અધિક ઉપકારી છે, કારણકે જન્મદાતા તો મને પ્રત્યેક ભવમાં મળ્યા છે પણ મુક્તિદાતા ગુરૂ તો મહાન સદ્‌ભાગ્ય હોય તો જ મળે છે. નિર્ધન કમભાગીને ધન મળવું મુશ્કેલ છે તેવી રીતે આત્માને સદ્‌ગુરૂનો સમાગમ મહાન દુર્લભ છે. બોધિબીજ અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ ગુરૂ પાસેથી થાય છે. સિધ્ધ અંજન આંખોમાં આંજવાથી દ્રષ્ટિ ખુલી જાય છે તેવી રીતે ગુરૂની કૃપાથી અજ્ઞાનનો અંધકાર નષ્ટ થઈને આત્મજ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થાય છે. ગુરૂની સેવા કર્યા વિના રત્નત્રયીની પ્રાપ્તિ થવી મહાન દુર્લભ છે. મારા ગુરૂદેવ! આપને ધન્ય છે! હું કયા શબ્દોમાં આપની સ્તુતિ કરું? વિનયવંત શિષ્ય ગુરૂની સ્તુતિ કરતાં શું બોલે છે?

"વિનીત શિષ્યના ભાવભર્યા ઉદ્‌ગાર" :- હે ગુરૂદેવ! આપ મેઘની માફક મારા ચિત્તરૂપી ચાતકને કરૂણારસ વરસાવીને પ્રમુદિત કરનાર છો. શમ, દમ આદિ ગુણ રૂપી બગીચાને નવપલ્લવિત કરનાર છો. હે કરૂણાનીધિ! જ્યાંસુધી આપની કરૂણાભરી દ્રષ્ટિ જીવો ઉપર પડતી નથી ત્યાં સુધી તેને સમ્યક્‌ત્વનો લાભ થતો નથી, અને સમ્યક્‌ત્વ વિના જીવ તત્ત્વાતત્ત્વના વિવેક રૂપી અમૃતથી ભરેલી ભાવનાને પોતાનામાં ભરી શકતો નથી. અમૃત ભાવના વિના વિશુદ્ધ ધ્યાન કદી જાગૃત થતું નથી. વિશુધ્ધ ધ્યાનની જાગૃતિ વિના જીવને ક્ષપક શ્રેણીની પ્રાપ્તિ થતી નથી. ક્ષપક શ્રેણી વિના શુકલધ્યાનનો બીજો પાયો પ્રાપ્ત થતો નથી. શુકલધ્યાનના બીજા પાયાની પ્રાપ્તિ વિના કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ વિના શૈલેશી અવસ્થાપ્રાપ્ત થતી નથી. શૈલેશી અવસ્થાની પ્રાપ્તિ વિના સકલ કર્મોનો ક્ષય થતો નથી. સકલ કર્મોનો ક્ષય વિના મુક્તિની પ્રાપ્તિ થતી નથી અને મુક્તિની પ્રાપ્તિ વિના અમરપદ મળી શકતું નથી.

અમરપદ મેળવ્યા વિના આત્મા સિદ્ધ અવસ્થાસંપન્ન બની શકતો નથી. માટે હે ગુરુદેવ! આપ જ મારું સકળ કલ્યાણ કરાવનાર છો. એટલે પ્રતિક્ષણ આપની આજ્ઞા માં રમણુતા તે જ મારા સંયમની સાધના છે. આવી રીતે પોતાના ગુરૂની વિનયપૂર્વક સેવાભક્તિ કરતા ગુણનીધિએ તપ, સંયમની શ્રેષ્ઠ આરાધના કરીને અલ્પકાળમાં આત્મકલ્યાણ કર્યું.

દેવાનુપ્રિયો! વિનયવંત શિષ્ય જ્યાં જાય છે ત્યાં આદર સત્કારને પાત્ર બને છે, ને દૂધ સાકરની જેમ ભળી જાય છે. દરેકનો પ્રેમ સંપાદન કરી શકે છે. આટલા માટે જ્ઞાની કહે છે કે ભલે, જ્ઞાન ઓછું હોય પણ વિનય તો અવશ્ય જોઈશે. જેના જીવનમાં વિનય નથી, જે ગુરૂ આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે ને ગુરૂજનોના હૃદયથી દૂર રહે છે તેવા અવિનીત શિષ્ય જ્યાં જાય ત્યાં ધૃણાને પાત્ર બને છે. તેની દશા કેવી થાય છે તે બતાવતાં સૂત્રકાર કહે છે.

जहा सुणी पुइ कण्णी, निक्कसिज्जइ सव्वसो।
एवं दुस्सील पडिणीए, मुहरी निक्कसिज्जइ ॥ उत्त सू अ–१ गाथा ४

જેમકોઇ કૂતરીના બંને કાન સડી ગયા છે, તેમાં ઉંડા ઘા પડી જવાથી પરૂ નીકળે છે, કીડા બદબદ થાય છે. માખીઓ ચટકા ભરવાથી તેને તીવ્ર વેદના થાય છે. એ સહન થતી નથી એટલે આકુળ વ્યાકુળ બનીને પોતાનું રક્ષણ કરવા માટે કોઈ એકાંત સ્થાન શોધવા માટે આમથી તેમ ભટકે છે, પણ એ જ્યાં જ્યાં જાય છે ત્યાં તેને સૌ કાઢી મૂકે છે. કોઈ બેસવા દેતું નથી. એને કોઈ પણ સ્થળે આશ્રય મળતો નથી. કેમ ખરું ને? બોલો, સડેલી કૂતરીને તમારા આંગણામાં બેસવા દેશો? અરે, સારી કૂતરીને પણ ન બેસવા દો તો આવી કૂતરીને તો કયાંથી બેસવા દો? (હસાહસ) આ સડેલી કૂતરીનો ન્યાય આપીને જ્ઞાની ભગવંત સમજાવે છે કે જે શિષ્ય પોતાના ઉપકારી ગુરૂનો વિનય કરતો નથી અને ગુરૂના દોષ શોધ્યા કરે છે તે દુઃશીલ છે. આચારથી ભ્રષ્ટ બનેલો છે. જેમ સડેલી કૂતરીને કયાંય આશ્રય મળતો નથી. તે જે સ્થાનમાં જાય છે ત્યાંથી તેને કાઢી મૂકવામાં આવે છે તેમ અવિનીત શિષ્યને કયાંય આશ્રય મળતો નથી. તે જે સ્થાનમાં જાય છે ત્યાંથી તેને કાઢી મૂકવામાં આવે છે. માટે જીવનમાં વિનયની અવશ્ય જરૂર છે. જેના જીવનમાં વિનય હોય છે તે મહાન સુખી બને છે. તે સર્વત્ર પૂજાય છે. આ રીતે ઉત્તરાધ્યયન સૂત્રના પ્રથમ અધ્યયનમાં વિનયનું સ્વરૂપ ખૂબ સુંદર બતાવ્યું છે.

આપણે ગઇ કાલે પેલા ક્ષત્રિય છોકરાની વાત કરી હતી. એ છોકરાના જીવનમાં સદ્‌ગુરૂના સમાગમથી વિનય-વિવેક આદિ ઘણા સદ્‌ગુણો પ્રગટ થયા હતા. એને સંત મળ્યા ને એનું જીવન સુધરી ગયું. એક વખતના સંત સમાગમથી કેટલું પરિવર્તન થઈ ગયું! રોજ ગુરૂના દર્શન કરવાનો નિયમ લીધો હતો. ગુરૂના દર્શન તો થઈ જાય

પણ ગુરૂના દર્શન કર્યા વિના જમવું નહિ એ નિયમ બહુ આકરો હતો. આ ક્ષત્રિય છોકરાને સાત સાત દિવસના ઉપવાસ થયા છે પણ મનમાં રહેજ પણ ગ્લાનિ નથી. દિલમાં દુઃખ હોય તો એક જ છે કે અરેરે....કેવો કમભાગી છું કે સાત સાત દિવસથી મારા ભગવાનના દર્શન નથી કરી શકયો ? સાત દિવસનો ઉપવાસી છે પણ શેઠનું બધું કાર્ય કરે છે. પાપ કર્મના ઉદયથી નોકરી કરે છે પણ ક્ષત્રિયનું ખમીર ગયું નથી. વાદળમાં સૂર્ય છૂપો ન રહે તેમ રજપૂત છૂપો ન રહે. શેઠ એને ખૂબ સમજાવે છે કે બેટા ! તું જમીલે પણ એની ટેક છોડતો નથી. કેવો હળુકર્મી જીવ હશે ? એને ગુરૂ મળ્યાને તમને પણ મળ્યા છે. એણે એક જ વખત દર્શન કર્યા ને તમે કેટલી વાર કર્યા ? પણ આવો આનંદ કે આવું પરિવર્તન તમારા જીવનમાં આવ્યું છે !

બંધુઓ ! વધુ શું કહું, એણે તો સ્વેચ્છાથી ઉત્કૃષ્ટ ભાવે નિયમ લીધો છે ને એનું પાલન કરે છે ને તમને તો અમારે કહેવું પડે કે દેવાનુપ્રિય ! હવે ધર્મ કરવા યોગ્ય તમારી ઉંમર થઈ છે. બને તેટલી જીવનમાં ધર્મની આરાધના કરી લો. વધુ નહિ તો રોજ એક સામાયિક કરવી અને કંદમૂળ ન ખાવા એટલો તો નિયમ લો ! તો પણ તમે લેવા તૈયાર નથી. તમારા પુણ્યોદયે દીકરો સારો છે, તમારું બધું કામકાજ સંભાળી લે છે છતાં શા માટે બળદીયાની જેમ ખોળે ખેંચો છો ?

એક જમાનો એવો હતો કે દીકરો ઘરનું સંચાલન કરે તેવો તૈયાર થઇ જાય એટલે પિતા સંસાર છોડીને સાધુ બની જતા હતા. આગમમાં ઠેરઠેર દીક્ષાની વાતો આવે છે. ભૂતકાળમાં જૈનશાસનને પામેલા રાજા, મહારાજાઓ અને ચક્રવર્તિઓના ઘરમાં પણ વૈરાગ્યની વાતો થતી હતી. તે કુળોમાં મહાન સુખી જીવો પણ વૈરાગ્ય પામીને દીક્ષા અંગીકાર કરતા હતા. તીર્થંકર ભગવંતો જ્યારે વિદ્યમાન હતા ત્યારે ભગવાનનું અને ગણધર વિગેરેનું તે પછીના કાળમાં આચાર્ય આદિ મહાનપુરૂષોના આગમનની વાત સાંભળે એટલે નગરના ધર્મપ્રેમી ભાવિક નરનારીઓ તેમના દર્શન અને વ્યાખ્યાન વાણી સાંભળવા માટે હર્ષભેર જતા. મોક્ષમાર્ગનો ઉપદેશ એક ચિત્તે પ્રેમથી સાંભળતા. ભગવાને ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો છે. એ મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ છે. આ ત્રણેની સંપૂર્ણ આરાધના ચારિત્ર અંગીકાર કર્યા વિના થઈ શકતી નથી, અને ચારિત્ર વિના મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી. ભગવાનના શાસનમાં થયેલા મહાન પુરૂષોનો પણ એક જ ઉપદેશ છે કે ત્યાગ વિના મોક્ષ નથી. જો તમારા હૈયામાં આ એક વાત બેસી જાય તો કલ્યાણ થઈ જાય.

"જીવનમાં શું વિચારશો ?" :—"સંસાર છોડવા જેવો છે, મોક્ષ મેળવવા જેવો છે અને એને માટે પ્રવજ્યા જ એક માત્ર આધાર છે." આવું વિચારો છો ખરા ? જો આવું વિચારતા હો તો સાચું સમજ્યા કહેવાય, અને પછી

દીક્ષા લેવાનું મન થાય. કદાચ કોઈ એને એમ કહે કે ભાઈ! દીક્ષા લેવી તે સામાન્ય વાત નથી. ત્યાં તો ઘણાં ઉપસર્ગો અને પરિસહો સહન કરવા પડશે. તો પણ એનું મન ડગે નહિ. એ તો એક જ નિર્ણય કરે કે ચારિત્ર માર્ગમાં ગમે તેટલા કષ્ટો પડશે તો પણ હું સહન કરીશ. મહાનપુરૂષોને કેટલા કષ્ટ સહન કરવા પડયા છે. કષ્ટ વિના કલ્યાણ કયાં છે? આવો જે આત્મા સાથે નિર્ણય કરે છે તે આત્મકલ્યાણ કરી શકે છે. જે કષ્ટ પડતાં ઢીલો થઇ જાય છે તેનું કલ્યાણ થવું મુશ્કેલ છે.
પેલા છોકરાને કસોટી આવી છતાં મન મજબૂત છે. મુખ ઉપર મલકાટ છે.

કુંદન ચમકે જેમ કસ્યાથી, ચંદન મ્હેંકે જેમ ઘસ્યાથી.
માનવ જ્યારે દુઃખને ઝીલે છે, સાચા સ્વરૂપને શકિત ખીલે છે--આફ્રત જ્યારે

–માણસની જ્યારે કસોટી થાય છે અને તે કસોટીમાંથી પાર ઉતરે છે, ત્યારે તે વધુ તેજસ્વી બને છે. જેમ સોનું અગ્નિમાં નાંખવામાં આવે છે, ત્યારે વધુ ચમકે છે. ચંદન જેમ જેમ ઘસાય છે તેમ તેમ વધુ મહેંકે છે, તેમ મનુષ્યની કસોટી થાય છે ત્યારે તેની શકિત પણ ખીલી ઉઠે છે. આ બાળકને સાત સાત ઉપવાસ થાય છે. શરીરની શકિત મંદ પડી છે પણ એનો આત્મા તો મજબૂત બની ગયો છે. એક ચિત્તો ધ્યાનમાં બેસીને પ્રાર્થના કરે છે કે હે મારા ભગવાન! તમે કયાં ને હું કયાં? આપના દર્શનનો મને વિરહ પડયો છે. સાત દિવસ તો જાણે સાત યુગ જેવા વીત્યા. હવે કયારે દર્શન થશે? હે દયાળુ ભગવાન મને કયારે દર્શન દેશો?

કયારે મળશો (૨) હે ભગવાન રે...કયારે મળશો?
દેખું સવાર સાંજ સોનેરી શમણાં, આવ્યા કે આવી જાશે પ્રભુજી હમણાં,
મારી આંખો કરે ઇંતેજાર રે...કયારે મળશો?

"દેવે લીધેલી પરીક્ષા" :– આ પ્રમાણે પ્રભુને પ્રાર્થના કરે છે. આ સમયે દેવનું વિમાન જતું હતું તે સ્થંભી ગયું. દેવ દેવીએ જોયું તો આ છોકરાને ભગવાનના દર્શનની ઝંખના કરતો જોયો. દેવ અને દેવી પણ એની ભકિત જોઇને ખુશ થયા. સાત દિવસનો ઉપવાસી છે પણ નામ બેદ નથી. મુખ પર કેટલો આનંદ છે! દેવીને દયા આવી, એટલે દેવને કહે છે આપણી પાસે શકિત છે તો એને એના ભગવાન પાસે મૂકી દો ને, ત્યારે દેવ કહે છે પહેલા એની પરીક્ષા કરી લઉં, પછી બીજી વાત. દેવ મનુષ્યના રૂપમાં આવીને કહે છે હે છોકરા! હવે આ તારા નિયમમાં ફેરફાર કર. લે, આ મેવા મીઠાઇ લાવ્યો છું તે તું જમી લે. નહિ ખાય તો મરી જઇશ. કયાં સુધી ભૂખ્યા રહેવાય? પહેલા શરીરને સાચવ, પછી તારા ભગવાનના દર્શન કરજે, ત્યારે છોકરો કહે છે ભાઈ! મને આવા શબ્દો કહેવાવાળો તું કોણ છે? ચાલ્યો જા અહીંથી મારે તારી વાત સાંભળવી નથી. પહેલા મારા ભગવાન અને પછી મારું શરીર. ભગવાન આગળ

મને કોઈ વિસાતમાં નથી. સારી દુનિયા ભગવાન વિના શૂન્ય લાગે છે એણે દેવને કહી દીધું કે તારા જેવા અને મીંડાઇ મારે ખાવા નથી. મરી જઈશ તો મને કોઈ હરકત નથી. તું મારી ચિંતા ન કરીશ.

"છોકરાની શ્રધ્ધા જોઈ પ્રસન્ન થયેલા દેવ:"-આ કુમળા બાલુડાની મક્કમતા જોઇને દેવ પ્રસન્ન થયો, અને દેવનું દિવ્યરૂપ બનાવીને કહે છે છોકરા! હું કોઇ સામાન્ય માનવી નથી. તારી ભક્તિ જોઈને હું તારા પર પ્રસન્ન થયો છું. માંગ....માંગ....તું માંગે તે આપવા તૈયાર છું. છોકરો કહે છે મારે કંઇ ચીજ જોઈતી નથી. દેવે કહ્યું- અરે! તું આ નોકરી કરે છે, ઢોરો ચરાવવા જાય છે, કપડા ધોવે છે, વાસણ માંજે છે, ઝાડૂ કાઢે છે. આ બધી મજુરી કરવી મટી જાય એવું શ્રેષ્ઠ વરદાન માંગી લે; ત્યારે છોકરાએ કહ્યું-એ ઢોરો ચરાવવાનો રૂડો પ્રતાપ છે. ઢોરો ચરાવવા ગયો તો ભગવાન મળ્યા, અહીં કયાં મળવાના હતા? ભગવાન મળ્યા ને મારું દુઃખ ગયું. હવે હું નોકર કે રંક નથી. હું તો શેઠનો ય શેઠ છું ને રાજાનો રાજા છું. મારે કંઇ ન જોઈએ, ત્યારે દેવે કહ્યું કે દેવના દર્શન થવા જ દુર્લભ છે, અને જેને દેવના દર્શન થાય તે ખાલી ન જાય. માટે તારી જે ઇચ્છા હોય તે ખુશીથી માંગી લે.

બંધુઓ! તમારા ઉપર આવી રીતે દેવ પ્રસન્ન થાય અને તમને માંગવાનું કહે તો શું કરો? બોલો, તમે જવાબ નહિ આપો, હું કહું. તમે તો રાહ જોતા હો કે કયારે માંગવાનું કહે. બરાબર ને? પછી બાકી કાંઇ રાખો ખરા? (હસાહસ) આ છોકરાને દેવે ખૂબ કહ્યું ત્યારે કહે છે હે દેવ! તમે મને માંગવાનું શું કહી રહ્યાં છો? ભગવાનની ભક્તિ આગળ ત્રણ ભુવનનું રાજ્ય પણ કંઈ વિસાતમાં નથી. કારણ કે એ બધી સંપત્તિ આત્માનું કલ્યાણ કરાવી શકતી નથી. ભગવાનની ભક્તિ જ આત્મનું કલ્યાણ કરાવી શકે છે. જગતની ઠકુરાઇ મોક્ષ ન અપાવે. ભગવાનની ભક્તિ આપણને મોક્ષ અપાવનારી છે. એવી શ્રેષ્ઠ ભગવાનની ભક્તિના બદલામાં બીજું શું માગવાનું હોય? રત્નના બદલામાં કાચ કોણ ખરીદે? ઐરાવણ હાથી વેચીને ગધેડો કોણ ખરીદે? મારે બીજું કંઇ નથી જોઇતું. જો તમે મારા ઉપર પ્રસન્ન થયા હો તો એવું વરદાન આપો કે કયારે હું દર્શન વગરનો ન રહું.

બંધુઓ! વિચાર કરો. આ નાનકડા છોકરાની ભક્તિ કેટલી છે ને લૌકિક પદાર્થો પ્રત્યે નિસ્પૃહતા કેટલી છે. છે તમારામાં આવી શ્રદ્ધા! તમને તો આટલું મળ્યું છે છતાં ભિખારીપણું જતું નથી. છોકરાએ માંગ્યું તે સાંભળીને દેવ તાજુબ થઈ ગયો. એના માથે હાથ મૂકીને કહે છે-જા બેટા! હમણાં જ વરસાદ રહી જશે ને પાણી ઉતરી જશે ને તું તારા ભગવાનના દર્શન કરી શકીશ. તું કંઈ માંગતો નથી પણ હું કહું છું કે તું આજથી સાતમે દિવસે આ સમૃદ્ધ નગરનો રાજા બનીશ, એમ કહીને

દેવ ચાલ્યો ગયો. વરસાદ બંધ થયો. પૂરના પાણી ઓસર્યા એટલે દોડતો ભગવાનના દર્શને ગયો. માતા વિહૂણા બાળકને માતા મળે ને જે આનંદ થાય તેના કરતા અધિક આનંદ છોકરાને ગુરૂ દર્શનથી થયો. તેની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયા. પ્રભુ! મેં કેવા પાપ કર્યા કે હું સાત સાત દિવસ દર્શન ન કરી શક્યો! પણ એમ ન કહ્યું કે સાત દિવસ સુધી મારે ભૂખ્યા રહેવું પડયું. સંતે તેને ઉપદેશ આપ્યો. સંત પણ તેની અડોલ શ્રધ્ધા જોઇને આશ્ચર્ય પામી ગયા. છોકરો થોડી વાર બેસીને પાછો આવ્યો શેઠે તેને પ્રેમથી સાત ઉપવાસનું પારણું કરાવ્યું. હવે સાત દિવસમાં રાજા બનવાની દેવવાણી કેવી રીતે સફળ બનશે તેના ભાવ અવસરે.

*

વ્યાખ્યાન નં-૪

અષાડ સુદ ૧૫ ને બુધવાર "આરાધનાનો સંદેશ" તા. ૧૯-૬-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંત કરૂણાનીધિ, આગમના આખ્યાતા અને વિશ્વમાં વિખ્યાતા સર્વજ્ઞ ભગવંતોએ જગતના જીવોને મોહ નિદ્રામાંથી જાગૃત કરવા માટે શાસ્ત્રવચનરૂપી એલાર્મ વગાડીને ઉદ્‌ઘોષણા કરી કે હે ભવ્ય જીવો! હવે જાગો. કયા સુધી ઉંઘ્યા કરશો? આ સાંભળીને તમે વિચાર કરશો કે અમે તો જાગેલા જ છીએ ને? જાગ્યા છીએ તો અહીં આવીને બેઠા છીએ. ઉંઘતા કોઈએ તો કયાંથી આવી શકાય? ભાઇ! તમે જાગ્યા છો તે વાત સાચી છે, પણ જ્ઞાનીની દ્રષ્ટિએ હજુ દ્રવ્યથી જાગ્યા છે. પણ ભાવથી ઉંઘો છો. જ્યાં સુધી તમારો અંતરાત્મા પોકાર કરતો નથી કે અહો ભગવાન! અનંતકાળથી હું આ જન્મ મરણની જેલ રૂપ સંસારમાં પૂરાયો છું. હવે કયારે છૂટીશ? સંસારમાં તમારા પુણ્યોદયે તમને ગમે તેટલું સુખ મળ્યું હોય પણ જ્યાં સુધી મોક્ષ પ્રાપ્તિ નહિ થાય ત્યાં સુધી જેલમાં પૂરાયેલા છીએ. કોઈ માણસે ગુન્હો કર્યો હોય તો તેને જેલમાં પૂરવામાં આવે છે. જેલમાં ગુન્હો તેવી જેલ મળે છે. ઘણા જેલીને જેલમાં રેડિયો સાંભળવાનું, પેપર વાંચવાનું મળે અને કદાચ ઘર કરતાં પણ અધિક સારું જમવાનું છતાં તમે એને પૂછો કે કેમ ભાઈ! આનંદ છે ને? તો તરત કહેશે કે ભાઇ! જેલમાં આનંદ કેવો? ઘર કરતાં સવાયી સગવડ મળે છે પણ આ તો જેલ છે ને? જેલ એ જેલ અને ઘર તે ઘર. ઘરમાં જે આનંદ હોય તે જેલમાં હોય? જેલ એ તો બંધન છે. હવે અકળાઇ ગયો છું. કયારે છૂટાશે?

બંધુઓ! સમજો. આ દ્રવ્ય જેલ છે ને સંસાર એ ભાવ જેલ છે. જેલમાં વસેલા જેલીને ગમે તેટલી સગવડ મળવા છતાં તેને ત્યાં ગમતું નથી, તેમ તમને પણ લાગવું જોઇએ કે મને સંસારમાં ગમે તેટલી સુખની સામગ્રી મળતી હોય પણ **"મીઠા મધુરા ને મનગમતા પણ બંધન અંતે બંધન છે."** આ બધું જ બંધન છે. આ જન્મ

મરણની સાંકળ રૂપ બંધનમાંથી હું કયારે મુક્ત થઇશ ? એવી મૂંઝવણ થાય છે ખરી ? પેલી જેલમાં જો તમારો રાગો કે સ્નેહી પૂરાયો હોય તો તમે તેને છોડાવવા માટે કેટલી લાગવગ લગાડશો, કેટલા પૈસા ખર્ચી નાંખશો ? અને તમે તે જેલમાંથી કદાચ મુક્ત કરાવી શકશો પણ આ જન્મ-મૃત્યુની જેલમાંથી જીવને છોડાવવાની તમારામાં તાકાત નથી. એમાંથી છોડાવનાર જો કોઈ હોય તો વીતરાગ પ્રભુની વાણી છે અને બીજા વીતરાગ પ્રભુના સંતો છે. જે સંસારને જેલ જેવો માનીને નીકળી ગયા છે તે જ છોડાવી શકશે, પણ જે વિષય-વિલાસોમાં અટવાયેલા છે તે કયાંથી છોડાવશે ? એ તો ત્યાગી જ છોડાવી શકે.

ભગવાનના સંતો સંસાર ત્યાગીને આ પાટ ઉપર બેઠા છે તે કંઈ તમને પંપાળવા માટે નથી બેઠા પણ તમને ચેતવણી આપવા માટે બેઠા છે. જો તમે અત્યારે નહિ ચેતો તો કયાંય ફેંકાઇ જશો. આ સંસાર કંઈ નાનો સૂનો નથી. ઘણો વિરાટ અને વિષમ છે. તેમાં કયાંય પટકાઈ જશો પછી તમને કોણ બહાર કાઢશે ? કોઇ ગરીબ માણસને જોઇને તમને દયા આવે છે ને ? કે આ બિચારા પાસે પૈસા નથી. એનું શું થશે ? પણ સાધુને તો જે જીવો પૈસા વધતા પાપથી મેલા બની જાય છે તેમની દયા આવે છે કે આ બિચારાનું શું થશે ? કપડા ઉપર કચરો ચોંટે તો ખંખેરી નાંખો છો ને ? તેમ અમારે પણ તમારા ઉપરથી કર્મ રૂપી મેલ ખંખેરવો છે. પીંજારો ગાદલા ભરતા પહેલાં રૂને ખૂબ પીંજે છે, ઝુડે છે. પછી ગાદલા ભરે તો ગાદલા પોચા થાય છે, પણ જો એમ જ ભરી દે તો ગાદલામાં ગાંઠા આવી જાય ને તમને વાગે. અમારે તમારી દયા નથી આવી પણ સમજણ રૂપી હથોડાથી કર્મરૂપી કચરાને ખંખેરીને પાપના ભારથી હળવા બનાવવા છે. સાચા સંતો એના ભકતોને હાથ ફેરવી પંપાળે નહિ પણ સમજાવીને સીધાને શુદ્ધ બનાવે. આ તમારી એકલાની વાત નથી. ભેગી અમારી વાત કરું. ગુરૂ એના શિષ્યને પંપાળે નહિ કે શિષ્ય જો તપ કરશે તો સૂકાઈ જશે. એવો વિચાર નહિ કરો. શિષ્યને ઈચ્છા થાય કે મારે તપ કરવો છે તો કરવા દેવાનો. કર્મક્ષય માટે જે કરે તે કરવામાં રોકવાનો નહિ.

ત્રિખંડ અધિપતિ કૃષ્ણ વાસુદેવના લાડીલા વીરા ગજસુકુમાલે નેમનાથ ભગવાન પાસે દીક્ષા લીધી. માતા દેવકીને એ કેટલો વહાલો હતો. માતાપિતાએ એને સંસારમાં રોકવા ઘણું કર્યું પણ એને જેલમાં પૂરાઈ રહેવું નહોતું. જેલમાંથી છૂટવું હતું એટલે કોઇનો રોકયો રોકાયો નહિ. પણ તમને દીક્ષા લેવાનું કહીએ તો શું કહેશો ? તમે તો કહેશો કે મહાસતીજી ! દીક્ષા લેવાનું તો ઘણું મન થાય છે પણ શું કરીએ ? ચારે તરફથી ભમરીઓ ચોંટી પડી છે. ભલા, ભમરીઓ તને નથી ચોંટી પણ તમે એને ચોંટી પડયા છો. (હસાહસ) હજુ તમને ભવની ભીતિ લાગી નથી.

ભવનો જેને લાગે ભીતિ, તેને થાય આત્મા સાથે પ્રીતિ,
એ છે જીવનની સાચી રીતિ, સદા રહે સાધકમાં એ જ નીતિ.

ગજસુકુમાલને ભવની ભીતિ લાગી તો મોહને જીતીને સાધુ થયા. દીક્ષા લઇને ભગવાનની પાસે આવીને વિનયપૂર્વક વંદન કરીને મધુર શબ્દોથી કહે છે અહો મારા તારણહાર પ્રભુ ! જન્મ મરણના ફેરા ટાળી જલ્દી મોક્ષ મેળવવાની અભિલાષાથી દીક્ષા લીધી છે. જો આપની આજ્ઞા હોય તો હું આજે જ શ્મશાન ભૂમિકામાં જઈને બારમી પડિમા વહન કરું. ભગવાન તો સર્વજ્ઞ હતા. બધું જાણતા હતા. હજુ તેમની માતા દેવકીજી તો ભગવાનને સોંપવા માટે આવ્યા ત્યારે કેટલી ભલામણ કરીને ગયા છે કે હે ભગવાન! મારો બાલુડો નાનો છે, અતિ સુકુમાલ છે, મને અત્યંત વહાલો છે. એ તપ કરી શકે તેમ નથી. આપ શિયાળે ઉનાળે તેની સંભાળ રાખજો. આ પ્રમાણે ઘણી ભલામણ કરી હતી. જ્યારે આ નવદીક્ષિત ગજસુકુમાલ મુનિ તો કહે છે કે હું બારમી પડિમા વહન કરવા જાઉં ?

દેવાનુપ્રિયો ! શ્મશાન ભૂમિકામાં જઈને બારમી પડિમા વહન કરવી તે કોઇ સામાન્ય કામ નથી. તેમાં પણ પાછો આ તો નવદીક્ષિત કુમળા ફુલ જેવો બાલુડો હતો. હવે વિચાર કરો. ભગવાન શું કરે ? એની દયા કરે ? એ તો જાણતાં હતાં કે એને રાત્રીમાં કેવો ઘોર ઉપસર્ગ આવવાનો છે. આ લઘુ શિષ્ય હવે પાછો નહિ આવે. એ તો એનું કાર્ય સાધી જશે. ભગવાન જ્ઞાનથી જાણતા હતા કે ગજસુકુમાલ મુનિ શૂર-વીર ને ધીર છે. એને એના દેહની પરવા નથી. એને મન દેહનું મહત્વ નથી પણ આત્માનું મહત્વ છે. એ દેહનો પૂજારી નથી પણ આત્માનો પૂજારી છે.

આજે તો આત્માની પૂજા વિસરાઈ ગઈ છે. જ્યાં જુઓ ત્યાં દેહની પૂજા થાય છે. આજના અજ્ઞાન માનવીને ખબર નથી કે જે આત્મા પહેલા હતો, આજે છે અને પછી પણ રહેવાનો છે એવા સદાના સાથી આત્માને ભૂલી જઇને પાંચ પચ્ચીસ, પચાસ કે સો વર્ષ પૂરતો સાથ છે એવા દેહને દેવ માનીને દિનરાત એની પૂજા કર્યા કરે છે, પણ તે શરીર તો અહીં છોડવાનુ છે. બોલો, હવે તમે કોને મહત્ત્વ આપશો ? દેહને કે આત્માને ? (શ્રોતામાંથી અવાજ) આત્માને. તો તો હવે મને એમ લાગે છે કે આ સભામાંથી એકાદ ગજસુકુમાલ તૈયાર થઇ જશે. (હસાહસ).

ભગવાનને ગજસુકુમાલની ધૈર્યતા જોઈને પડિમા વહન કરવા જવાની આજ્ઞા આપી "अहासुहं देवाणुप्पिया । मा पडिबंध करेह ।" હે દેવાનુપ્રિય ! તને સુખ ઉપજે તેમ કર. સારા કાર્યમાં વિલંબ ન કર. ગજસુકુમાલ મુનિ શૂરવીર હતા. ભગવાનની આજ્ઞા મળી એટલે પ્રભુને વંદન કરીને પડિમા વહન કરવા મહાકાળ નામના શ્મશાનમાં ગયા કાઉસગ્ગ કરીને ઉભા રહ્યા ત્યાં સોમિલ બ્રાહ્મણે જે ઉપસર્ગ આપ્યો તે વાત શાસ્ત્રમાં વાંચતા કાળજુ કંપી જાય છે. માથે ધગધગતા અંગારા મૂકયા. ખોપરી ખદબદવા લાગી.

ત્યારે શું વિચાર કર્યો? મારો દેહ બળે છે, હું નથી બળતો. હે આત્મા! સળગ બની જજે. તારે ને કાયાને પાડોશીનો સંબંધ છે. આ ઉપસર્ગ કાયા ઉપર આવ્યો છે. એટલે પીડા પાડોશીના ઘેર છે તેથી તારું કંઈ જતું નથી. માથું બળે છે તે કાયાનું છે. તારું નહિ. તારું તો વિશુદ્ધ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. એ કંઈ આગથી બળે નહિ. તો કાયાનું જાય એમાં રોવા જેવું શું છે? કારણ કે એ તો સડન, પડન, વિધ્વંસના સ્વભાવવાળી છે. એટલે કાયાને બચાવવાં છતાં કયાં એ અમર રહેવાની છે? આવી તો અનંતી કાયાઓ ઘણી ય બચાવવાની મહેનત કરી છતાં નાશ પામી ગઇ. એની ચિંતા ન કર. જેમ ગુમડું ફૂટતું ન હોય તો નસ્તર મૂકાવાની પીડા વધાવી લેવાય છે ને? તેમ આ ઉપસર્ગ પણ કર્મગુમડા પરનું નસ્તર છે. માથું બળવા સાથે કર્મ બળીને ભસ્મ થાય છે, આ પીડા આપનારો તો તારો મિત્ર છે. ભાઈ કરતાં વધુ ભલો ને ઉપકારી છે કે તારા કર્મ ક્ષય કરવામાં સહાયક થઇ રહ્યો છે.

હે આત્મન્! આ પીડામાં સોમિલ તો નિમિત્ત માત્ર છે. બાકી પીડા આપનાર ખરેખર તો તારા પોતાના કર્મો છે. અગ્નિ કાયાને સળગાવે એની સાથે તું તારા કષાયથી તારા આત્માને સળગાવતો નહિ. એવું પણ ન વિચારતો કે આવા મારા ઘોર કર્મ કે મને આટલી બધી પીડા આવી! કારણ કે આ તો શું છે? પૂર્વના અસંખ્ય જન્મોમાં તેં ઘણા દુષ્કૃત્યો કરી આવા ઘણાં કર્મો ઉપાર્જેલા હશે! એનો આઘાત લગાડવાને બદલે આ એક કર્મની પીડાનો આઘાત શું લગાડે છે! આ દુઃખ સહર્ષ સહી લેવામાં કલ્યાણ છે. આ આત્માએ સંસારમાં દુઃખો સહન કરવામાં કંઇ બાકી રાખ્યું નથી. નરકમાં આના કરતાં અનંતગણી વેદના અસંખ્ય વર્ષો સુધી એકધારી સહન કરી છે. તિર્યંચ ગતિમાં પશુ પંખીના ભવમાં શિકારી, પારધી અને બીજા પશુ પંખીના હાથે ભયંકર પીડાઓ વેઠી છે. આ બધી પીડાઓ પરાધીનપણે રડતા રડતા વેઠવી પડી પણ એમાં જરાય લાભ ન થયો ને ભવના ફેરા તો ઉભા રહ્યા ત્યારે આજે જે દુઃખ આવ્યું છે તે તો પૂર્વના દુઃખ આગળ કંઈ નથી. છતાં એ દુઃખને સ્વેચ્છાથી સહી લે તો સુખ અપરંપાર છે. કેટલાય કર્મોનો નાશ થશે ને આત્માની કમાણીનો મહાન લાભ છે. કોહીનુર હીરા જેવું આ શાસન પામ્યો છે તો પછી કાચના ટુકડા જેવી શરીર શાતા ન હોય એમાં શું રોવાનું? જુઓ! આ બાલ મુનિની કેવી ભવ્ય વિચારણા! સવારે દીક્ષા લીધીને રાત્રે કર્મોને ખંખેરી મોક્ષમાં ગયા. કેવી અડગતા ને કેવી ધૈર્યતા! છે આજે આવી ધૈર્યતા! તમે છઠ્ઠા આમણમાં બોલો છો ને કે ભગવાનના શ્રાવકો દેવના ડગાવ્યા ડગે નહિ. બરાબર છે ને? આજે તો દેવના બદલે કેડકાના ડગાવ્યા ન ડગે તો સારી વાત. (હસાહસ) જો તમને આત્મતત્ત્વની પ્રીતિ થઇ હોય, ભવની ભીતિ લાગી હોય ને સાચું સુખ મેળવવું હોય તો ગજસુકુમાલ જેવા દૃઢ અને સહનશીલ બનજો, તો આત્માનું અવ્યાબાધ સુખ મળશે.

દેવાનુપ્રિયો ! તમે બધા સુખને ઇચ્છો છો પણ તમે સુખ શેમાં માન્યું છે? પૈસામાં, પત્નીમાં, ને પુત્ર પરિવારમાં. આજે મોટા ભાગના માણસો વિશ્વના તમામ પદાર્થોમાં સુખ માનીને તેને મેળવવા કારમી મજુરી કરે છે છતાં હજુ શાંતિ મળી ખરી ? જરા વિચાર કરો. અસત્ પદાર્થોની કલ્પના અસત્ હોય છે. રેતીમાંથી તેલ કાઢવાની કલ્પના અસત્ છે. પાણી વલોવીને માખણ મેળવવાની કલ્પના અસત્ છે. છતાં જો કોઈ માણસ રેતી પીલીને તેલ કાઢવાની અને પાણી વલોવીને માખણ મેળવવાની મહેનત કરે તો એની મહેનત માથે પડે ને ? તેવી રીતે આત્માએ સુખ શોધવાની કળા જાણી નથી ને પછી કહે છે કે હું સુખી થયો નહિ. શા માટે ? જ્યાં જ્યાં ભ્રમ હોય છે ત્યાં ત્યાં વાસ્તવિક સુખનો અભાવ હોય છે ને જ્યાં જ્યાં અભ્રમ હોય છે ત્યાં ત્યાં વાસ્તવિક સુખ હોય છે. જ્યારે ટ્રેઇન દોડતી હોય છે ત્યારે વૃક્ષો ઉલ્ટી દિશામાં દોડતા દેખાય છે, પણ વૃક્ષો કંઇ દોડતા નથી. એ તો ભ્રમ છે, અને અભ્રમ એટલે જે પદાર્થ જેવો હોય તેવો જ દેખાય. તેમાં વિકૃતિ ન હોય. જેમ કે દર્પણમાં અથવા પાણીમાં જેવું હોય તેવું પ્રતિબિંબ પડે છે. તેમાં ભ્રમ નથી પણ વાસ્તવિકતા છે. સંતોષ દ્વારા પુણીયા શ્રાવકના વિશુદ્ધ હૈયામાં વિશુદ્ધ ભાવથી સુખનો અનુભવ થતો હતો તે ભ્રમના અભાવવાળું વાસ્તવિક સુખ હતું. તેથી તેની પાસે પૈસા કે સત્તા ન હોવા છતાં આજના અમેરિકાના પ્રેસીડન્ટ કરતાં પણ મહાન સુખનો તે અનુભવ કરતો હતો. તેનુ કારણ તે ભૌતિક પદાર્થોમાં સુખ માનતો ન હતો પણ આત્મામાં સુખ માનતો હતો.

જીવને વિશ્વના ભૌતિક પદાર્થોમાં સુખ છે એવો ભ્રમ નીકળી જાય તો જ વાસ્તવિક સુખ આત્મામાં છે તે વાત સમજાય. એટલું જ નહિ પણ અનાદિકાળથી જે સુખ શોધવા ભટકી રહ્યો છે તેનો અંત આવી જાય, અને વાસ્તવિક સુખની પ્રાપ્તિ માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર દ્વારા મોક્ષ મેળવવાનો ઇચ્છુક બને. દુન્યવી સુખોના રંગરાગના પ્રલોભનનો એ દુશ્મન બને અને મોક્ષ સુખનો અભિલાષી બને. તેમાં જ તેને પોતાનું વાસ્તવિક સુખ લાગે, અને તેને મેળવવા જ પ્રયત્ન કરે એ માટે પ્રયત્ન કરતાં કરતાં જે કોઇ કષ્ટોના પહાડ ખડકાય, દુઃખના વરસાદ તૂટી પડે છતાં પુરૂષાર્થ ચાલુ જ રાખે. મહાનપુરૂષોના માથે દુઃખની ઝડીઓ પડી છતાં પુરૂષાર્થ છોડયો નથી. જેમ કે

અંધક મહર્ષિ ખાલ ચર ચર ઉતરે, છતાં મોક્ષ પુરૂષાર્થમાં પાછા ન ઉતરે,
ઋષિ મેતાર્યને સુવર્ણકારે શીર પર વાધર વીંટી,
તો ય તેઓએ મોક્ષાભિલાષાની ના એક વીંટી,
ગજસુકુમાલ શીરે સોમલે મૂકયા જલતા બેર અંગારા,
તો ય તેમના અંતરમાં ચમકે મોક્ષ ઝંખનાના ચમકારા રે-.....

દેવાનુપ્રિયો ! આત્મિક સુખ મેળવવા માટે મહાનપુરૂષોએ કેટલું સહન કર્યું છે. આજે તો એનું અંશ પણ સહન કરી શકતા નથી. દુઃખ સહન કરવું નથી ને સુખ મેળવવું છે તે ક્યાંથી બને ? સુખ જોઈએ તો દુઃખ સહન કરો. તમારે ત્યાં કોઈ લેણદાર આવે તેને તમે પાછા કાઢો તો તે પાછો ફરીને આવવાનો છે. જેની પાસે પૈસા આપવાની શક્તિ છે તે દેણું પતાવીને મોકલે. જેથી ફરીને તે પાછો ન આવે તેવી રીતે જો આપણામાં શક્તિ હોય તો દુઃખ વેઠીને કર્મના દેણા ચૂકવી દો તો ભવિષ્યમાં દુઃખ આવે નહિ, પણ આજે તો શક્તિ હોવા છતાં દુઃખ વેઠવું નથી અને સુખની સામગ્રી મળે તો જરૂર ન હોય તો પણ ઉપભોગ કરવો છે. એટલું જ નહિ પણ પાપ કરીને ય ભૌતિક સુખની સામગ્રી મળતી હોય તો મેળવવી છે. આવી સ્થિતિમાં ધર્મ હૈયાને ક્યાંથી સ્પર્શી શકે ? ને સુખ ક્યાંથી મળી શકે ?

જો તમારે સાચું સુખ જોઈતું હોય તો એવો વિચાર કરો કે આ જગતના જડ પદાર્થો ઉપર રાગ કરવાનો મને જન્મસિદ્ધ હક્ક નથી પણ તેના રાગના બંધનોની ગુલામીની જંજીર તોડીને મોક્ષના સુખ મેળવવાનો મને જન્મસિદ્ધ હક્ક છે. તે હક્કને સિદ્ધ કરવા આજથી ભૌતિક પદાર્થોમાં સુખ છે એવી ભ્રમણાનો ત્યાગ કરી સંસારના તમામ સંબંધોને ભૂલી જઈ સંયમની ભવ્ય આરાધનામાં જોડાઈ જવું જોઈએ, અને જ્યાં સુધી મોક્ષ સુખ ન મળે ત્યાં સુધી તેના માટે ગમે તેવી મોહની આંધી આવે, ગમે તેટલી આફત આવે તો પણ હું ચલિત નહિ થાઉં. આવો વિચાર કર્યા પછી તેમાં શ્રદ્ધા કરીને દૃઢ બનશો. પછી જીવનની મઝા ને આનંદ અલૌકિક હશે. પણ જેને આત્મિક સુખ શું છે તેનો વિચાર સરખો નથી આવતો તેવા જીવો ભૌતિક સુખમાં સાચા સુખની કલ્પના કરી આંધળી દોટ લગાવ્યા કરવાના. દોડીદોડીને થાકી જશે પણ સુખ નહિ મળે. છેવટે વિષયસુખના કીડા બનીને જિંદગી પૂરી કરવાના.

હું તમને પૂછું છું કે તમારો રોજનો કાર્યક્રમ શું છે ? સવારમાં ઉઠીને સૌથી પ્રથમ તમે શું કરો છો ? બોલો તો ખરા ! તમે જવાબ નહિ આપો પણ હું બધું જાણું છું. દિવસના ચાર પ્રહર છે તેમાં તમે શું કરો છો ? **"પહેલા પ્રહરે ચા પાણી, બીજે પ્રહરે માલપાણી, ત્રીજે પ્રહરે સોડ તાણી ને ચોથા પ્રહરે જીવન ધૂળધાણી."** બસ, આ જ કાર્યક્રમ છે ને ? સવારમાં ઉઠયા એટલે તરત ચા, દૂધ ને નાસ્તા જોઈએ. સવારે આ ટીફીન બોકસમાં નાંખ્યું. બાર વાગ્યા એટલે પાછા માલ પાણી ખાવા તૈયાર. માલ પાણી ખાઈને પલંગ ઢાળેલા પડયા હોય એટલે આળોટવા મંડી પડે. આ રીતે જીવન જીવવાથી ચોથા પ્રહરે તો જીવન ધૂળધાણી થઈ જશે. કારણ કે જ્યાં આ જ કાર્યક્રમ હોય ત્યાં જીવન ધૂળધાણી જ થઈ જાય ને ! (હસાહસ) જ્ઞાનીપુરૂષો કહે છે કે જો જીવન સાર્થક કરવું હોય તો કાર્યક્રમ બદલી નાંખો. પહેલા પ્રહરે ચા પાણીને બદલે **"પહેલા પ્રહરે વીતરાગ વાણી સાંભળો."** સવારમાં ઉઠીને જો તમે વીતરાગ વાણી સાંભળશો તો તમને ખ્યાલ આવશે કે આ જિંદગી કેવી છે !

"જીવન ચાર દિવસની, આ તો ચાંદનીરે લોલ,
તારું જોબનીયું વહી જશે, તારી કાયા કુબડી થાશે,
આંખે કંઇ નહિ દેખારો, કાને કંઇ નહિ સંભળાશે,
હે... ઉંબરા તો ડુંગરા થાશે, નહિ ઘરની બહાર જવાશે" ... જીવન ચાર ....

તમારી જિંદગી સામે દૃષ્ટિ કરો જેમ સૂર્યના કિરણો પડે ત્યારે નાના કાણામાંથી તમારા ઘરમાં તલક છાયા પડે છે પણ સૂર્ય ખસી જાય એટલે તલક છાંયા અદૃશ્ય થઇ જાય છે. રાત્રે આકાશમાં ચાંદની ખીલે છે ને સવાર પડતા પહેલા ચાંદની અદૃશ્ય થઈ જાય છે, તેમ જિંદગીની ચાંદની કયારે અદૃશ્ય થઈ જશે તેની ખબર નહિ પડે. બાલપણ વીત્યું ને યુવાની આવી. એ યુવાની પણ પાણીના પૂરની જેમ વહી જશે અને વૃદ્ધાવસ્થા આવશે ત્યારે ગાત્રો ઢીલા પડી જશે, ચામડી લટકશે, આંખના તેજ ઘટી જશે, કાને ઓછું સંભળાશે અને શરીર લથડી જશે ત્યારે ઘરનો એક ઉંબરો ઓળંગવો તે ડુંગરા જેવો લાગશે, આટલા માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે

જરા જ્યાં સુધી ના પીડે, જ્યાં સુધી વ્યાધિ ના વધે,
થઈ ઇન્દ્રિય હાની ના, ત્યાં સુધી ધર્મ આચરો-

જ્યાં સુધી વૃધ્ધાવસ્થા આવી નથી, શરીરમાં રોગ આવ્યો નથી, ઇન્દ્રિયો હાનિ થઇ નથી ત્યાં સુધી તમે ધર્મનું આચરણ કરી લો. પછી કંઇ નહિ કરી શકો. દિવસના પહેલા પ્રહરે વીતરાગ વાણી સાંભળોને "બીજા પ્રહરે પ્રકૃતિ બનાવો શાણી" જે વીતરાગ વાણી સાંભળે, અંતરમાં ઉતારે અને તેના ઉપર જો શ્રદ્ધા કરે તો તેની દુષ્ટ પ્રકૃત્તિઓ શાણી બન્યા વિના રહે જ નહિ. "ત્રીજે પ્રહરે બને ગુણખાણી" જેની પ્રકૃત્તિ શાણી બને તેના જીવનમાંથી ક્રોધ, માન, માયા, લોભ, નિંદા, વિકથા આદિ દુર્ગુણો ચાલ્યા જાય એટલે તે આત્મા ગુણની ખાણ જેવો બની જાય છે. એટલે "ચોથે પ્રહરે કરે કર્મને ધૂળધાણી" જેના જીવનમાં ગુણો પ્રગટે છે તેના કર્મો ધૂળધાણી થઈ જાય છે.

"ચાતુર્માસ કલ્પ એટલે શું"?:- કર્મને ધૂળધાણી કરવા માટે આજથી ચાતુર્માસના મંગલ દિવસોની શરૂઆત થાય છે. ચોમાસામાં ખેડૂત ખૂબ મહેનત કરે છે. જમીન ખેડી તેમાં બીજ વાવે છે. આપણું જીવન પણ એક ખેતર છે. આપણે આળસુ બનીને જીવન ખેતરમાં વાવવા જેવું કંઇ ન વાવીએ તો દોષ કોનો ? ખેતરનો કે ખેડૂતનો ? ચોમાસું એટલે શું એ તમે જાણો છો ? દાન; શીયળ, તપ અને ભાવ એ ચારેય ધર્મના બીજોને માનવ ભવ રૂપી ક્ષેત્રમાં વાવવાનો ખરેખરો કાળ એટલે ચોમાસુ. અષાડ સુદ પૂર્ણિમાથી કારતક સુદ પૂર્ણિમા આ ચાર મહિના ખેડૂતોને મન સૌથી વધુ મહત્વના દિવસો છે. કારણ કે તેના બાર મહિનાનો બધો આધાર ચોમાસાનાં ચાર મહિના ઉપર જ છે જો આ ચાર મહિના લૂખ્ખા ગયા તો બારેય મહિના લૂખ્ખા સમજી લો. ગમે તેવો આળસુ ખેડૂત હોય પણ જ્યાં આકાશમાં વાદળા ચઢી આવે, મોરલા ટહુકવા માંડે, એટલે આળસ છોડીને હળ અને કોદાળી લઈને ખેતરમાં દોડતો જશે, ને ગીત ગાશે કે "આ તો વાવણીની વેળા થઈ ભાઇ વાવી લો, ભાઈ વાવી લો." એક અભણ ખેડૂત પણ પોતાના ખેતરને ખેડવામાં, બીજ વાવવામાં ને બીજમાંથી અનાજ પકવવા માટે કેટલી તકેદારી રાખે છે.

પરંતુ આ માનવ ખેડૂત ભણેલો ગણેલો ને હોંશિયાર હોવા છતાં પોતાના જીવનરૂપી ખેતર માટે એ કેટલો બેદરકાર રહે છે ! ભલે ને એનું જીવન ખેતર બાલી રહે, એમાં ધર્મના બીજ ન વવાય, અધર્મના ઘાસથી આખું ખેતર છવાઇ જાય, એની એને પરવા જ ન હોય તેમ મસ્તાને બનીને ફરે છે. એના ભાવિની એને ચિંતા થતી નથી. બંધુઓ ! ચાતુર્માસનો કાળ એટલે જીવન રૂપી ખેતરને ધર્મારાધનાથી લીલોછમ બનાવવાનો કાળ. ખેતરમાં ઉગેલું નકામું ઘાસ સાફ કરી નાંખવામાં આવે, ખેતરને ખેડવામાં આવે, પછી તેમાં અનાજના બી વવાય અને ઉપરથી મેઘરાજાની મહેરબાની થાય ત્યારે તેમાં અનાજ ઉગે છે. આવી જ રીતે જીવન રૂપી ખેતરમાં રાત્રીભોજન, કંદમૂળ આદિ અભક્ષ્ય ભક્ષણ, તથા ચાર કષાય આદિ મહાપાપોના ઘાસ ઉગ્યા હોય તેને ઉખેડીને ફેંકી દેવામાં ન આવે ત્યાં સુધી એ ધરતી ઉપર વાવેલા દાન, શીયળ, તપ, ભાવનાના બીજ જીવન ખેતરને હર્યું ભર્યું ન બનાવી શકે.

ચાતુર્માસના દિવસોમાં તમારું એ કર્તવ્ય છે કે રાત્રિભોજન, નાટક, સિનેમા, કંદમૂળ વિગેરે પાપનો ત્યાગ કરી માનવજીવનની હરિયાળી ધરતી ઉપર દાન રૂપી ધર્મના બીજ વાવવા જોઇએ. માનવ પાસે જો ધન હોય છતાં દાનમાં ન વાપરે તો એનું ધન એ ધન નથી પણ કાંકરા છે, એમ સમજી કોથળીના મોઢા ખુલ્લા મૂકી દાનમાં ધનને સદ્વ્યય કરજો. ધર્મનો પહેલો પાયો દાન છે. દાન પછી શીલ યથાશક્તિ સદાચાર અને બ્રહ્મચર્યમય જીવન જીવવું તે. જેના જીવનમાં સંયમ કે સદાચારની સૌરભ નથી એ મનુષ્યનું જીવન નહિ પણ પશુનું જીવન છે. માટે મારા ભાઈઓ ને બહેનો ! તમે બને તેટલું શીલધર્મનું પાલન કરજો. ધર્મનો ત્રીજો પાયો છે તપ. ચાતુર્માસમાં પણ પર્યુષણ પર્વ એટલે માનવજીવનના કોઠીયામાં તપ ધર્મની જવલંત જ્યોતિને જલાવવાના મહાન દિવસો છે. આજથી ચાતુર્માસના મંગલ દિવસોની શરૂઆત થઈ છે. હવે પર્યુષણ પર્વ રૂમઝુમ કરતાં આવી જશે. નાના મોટા દરેકને અમારું આમંત્રણ છે કે દરેક પોતાની શક્તિ અનુસાર તપ ધર્મની આરાધના કરવા તત્પર બનજો. ધર્મનો ચોથો પાયો છે ભાવ. ભાવ કોને કહેવાય ? ભવથી છૂટવાની ઇચ્છાનું નામ ભાવ. ભાવ વિના દીધેલું દાન, પાળેલું શીયળ, કરેલો તપ એ ધર્મ ન બની શકે. ભવથી છૂટવાની જેનામાં ભાવના જાગે તેનો જન્મ સફળ બને.

દાન, શીયળ, તપ અને ભાવ એ બીજ છે. માનવ ખેડૂત છે. સાધુ સંતોના મુખે સાંભળવા મળતી વીતરાગ પ્રભુની વાણી એ વરસાદ છે, અને ચાતુર્માસ એ વાણીના દિવસો છે. આ વાણીના દિવસોમાં પ્રમાદનો ત્યાગ કરીને જાગૃત બનજો. આપણે ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનમાં નેમ-રાજુલનો અધિકાર વાંચ્યો છે. તેમાં ઘણાં ભાવો ભરેલા છે. તેને જો આપણે હૃદયમાં ઉતારીશું તો અવશ્ય કલ્યાણ થશે.

આપણે બે દિવસથી એક દૃષ્ટાંત ચાલે છે. પેલા ક્ષત્રિયના છોકરા ઉપર દેવ પ્રસન્ન થયો અને તેને વચન આપ્યું કે તું સાત દિવસમાં આ નગરનો રાજા બનીશ. હવે તે દેવવચન કેવી રીતે સત્ય બને છે તે વાત સાંભળો. છોકરો તો દરરોજ એના ભગવાનના દર્શન કરવા જાય છે. બન્યું એવું કે એ છોકરો જે સંતથી ધર્મ પામેલો છે ને જેને ભગવાન તુલ્ય માને છે તેમને કેવળજ્ઞાન થયું. એટલે દેવ-દેવીઓ અને મનુષ્યો તેમનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવવા માટે આવ્યા. છોકરો જે ગામમાં રહે છે તે ગામના મહારાજાને આ વાતની ખબર પડી. રાજા જૈનધર્મી હતા. એટલે તે કેવળી ભગવાનનાં દર્શને આવ્યા. છોકરાના ગુરૂ સાચે જ ભગવાન બની ગયા. મહારાજાએ કેવળી ભગવાનના દર્શન કર્યા. એમની વાણી સાંભળીને ભગવાનને પૂછ્યું કે હે પ્રભુ! હવે મારું આયુષ્ય કેટલું બાકી છે? ત્યારે કેવળી ભગવંતે કહ્યું હે રાજન્! તારું આયુષ્ય સાત દિવસ બાકી છે. ચેતી જા. તારે જે સાધના કરવી હોય તે કરી લે.

બંધુઓ! તમને કોઈ કહે કે સાત દિવસ જ તું જીવવાનો છે. તો તમારા મોતીયા વળી જાય, તમને સ્વપ્નેય મોત ગમતું નથી, ત્યારે આ રાજાને મનમાં જરા પણ ગભરાટ કે દુઃખ ન થયું. કેવળી ભગવંતને કહે છે પ્રભુ! મારા આત્માનું સુધારવા માટે જ આપ મને મળ્યા છો. આપ મને ન મળ્યા હોત તો મારું મૃત્યુ કેવું થાત! રાજા રાજ્યનું વીલ કરવા ન ગયા. એમણે નક્કી કર્યું કે મારે દીક્ષા લેવી છે, રાજા દીક્ષા લેવા નીકળ્યા, ત્યારે રાણી કહે છે નાથ! મને મૂકીને કયાં ચાલ્યા! રાજા કહે છે મહારાણી! કેવળી ભગવંતના વચન મિથ્યા ન હોય. મારું આયુષ્ય સાત દિવસનું બાકી છે. "ચાર દિનકી ચાંદની ફીર ઘોર અંધેરી રાત હૈ." માટે મને મારી સાધના કરી લેવા દે. સંયમ લઈ લઉં પછી મોતને આવવું હોય તો આવે. મને શી ચિંતા! મને મરણનો ડર નથી.

જેણે ઝળકાવી છે જીવનની જ્યોત,
સાધ્યો છે એણે તો આતમનો ઉદ્યોત,
મૃત્યુના હુમલાની એને શાની બીક,
એવા માનવને તો મીઠું લાગે મોત ...જેણે....

મહારાજાને મરણનો ડર નથી. રાણીને કહે છે જો તમને મારા પ્રત્યે પ્રેમ હોય તો મારી સાથે ચાલો દીક્ષા લેવા, ત્યાં રાણી કહે છે આપણે ત્યાં દીકરો નથી તો આ રાજ્યનું શું અને હું દીક્ષા લઉં તો આ દીકરી કુંવારી છે. તેને કોના ભરોસે મૂકવી!

"ગુણસેનનો ચમકેલો ભાગ્ય-સિતારો" :-આ સમયે દેવવાણી થઈ કે દીકરી અને રાજ્યની ચિંતા ન કરો, હે રાજન્! તમે એક હાથણી શણગારી તેની સૂંઢમાં કળશ આપો. જેના ઉપર તે કળશ ઢોળે તેને તમારી પુત્રી પરણાવીને રાજ્યાભિષેક કરીને દીક્ષા લો. દેવવાણી થઈ એટલે રાજાએ તે પ્રમાણે કર્યું. સૂંઢમાં કળશ લઈને હાથણી

આખા ગામમાં ફરી પણ કોઈના ઉપર કળશ ન ઢોળ્યો. તે ફરતી ફરતી જ્યાં પેલો છોકરો જંગલમાં ગાયો ચરાવવા ગયો છે ત્યાં જઈને તેના ઉપર કળશ ઢોળ્યો. રાજાના માણસોએ તેને ઉંચકીને હાથણી ઉપર બેસાડી દીધો ને જયજયકાર બોલાવ્યો.

છોકરો કહે છે ભાઈ! આ બધું શું? ત્યારે રાજાના માણસો કહે છે આજથી તમે અમારા રાજા બન્યા. જાતે તો તમે ક્ષત્રિય જ છો, તો હવે આ રાજગાદી ઉપર બેસી ક્ષાત્રતેજ ઝળકાવો. આ કહે છે મારે વળી રાજ્ય કેવું? હું તો એક શેઠનો નોકર છું. ભાઈ! હવે નોકર નહિ પણ રાજા છો. એમ કહીને તેને વાજતે ગાજતે શહેરમાં લઈ ગયા. તાત્કાલિક રાજાએ પોતાની પુત્રી તેની સાથે પરણાવી દીધી અને રાજ્યાભિષેક કર્યો. છોકરાનું નામ ગુણસેન હતું. એટલે તે ગુણસેન મહારાજા બન્યો. એને ગાદી સોંપીને રાજાએ દીક્ષા લીધી. રાજાને હૈયે ઠંડક વળી કે હાશ, હવે મારું કાર્ય સિદ્ધ થયું. તમે દીકરા–દીકરીને પરણાવો, ઘોડા વિકસાવો, બે ગાડી આંગણામાં ઉભી રાખો, બૈરા અને છોકરાના નામના વીલ કરી લો પછી કહો ને કે હાશ....હવે મારા કાળજામાં ઠંડક વળી. (હસાહસ) યાદ રાખજો. આ ઠંડક નથી પણ કર્મરૂપી ભઠ્ઠામાં શેકાવાનું કામ છે. જ્યારે આત્માનું કાજ સુધરે ત્યારે જ ઠંડક વળી કહેવાય.

"ગુણસેન રાજાની મૂંઝવણ" :– અહીં ગુણસેન રાજા તો બની ગયો પણ વાત એમ બની કે કોઈ પ્રધાન કે મંત્રી એની પાસે આવતા નથી. ગુણસેન પ્રધાનને અને મંત્રીઓને બોલાવવા માણસ મોકલે છે પણ કોઈ તેની પાસે આવતા નથી. સૌ મનમાં એમ વિચાર કરવા લાગ્યા કે એ તો ગઈ કાલનો ઢોરો ચરાવનાર નોકર ને આજે એ રાજા બની ગયો! શું એની તાબેદારી આપણે ઉઠાવીએ? આપણે નથી જવું. કુમાર મૂંઝાયો કે પ્રધાન વિના સલાહ સૂચન મને કોણ આપે? મારે રાજ્ય કેવી રીતે ચલાવવું? બધા ન આવે તો કાંઈ નહિ. એકાદ પ્રધાન આવે તોય હું ચલાવી લઉં પણ કોઈ આવતું જ નથી. શું કરવું! એને તો રાજ્ય જોઈતું જ ન હતું પણ કુદરતે યોગ બની ગયો. હવે શું કરવું તેની ચિંતા કરવા લાગ્યો. ખૂબ વિચારને અંતે તેના મનમાં થયું કે પ્રધાન કે મંત્રી કોઈ ન આવે કાંઈ નહિ. મારા શેઠ વણિક છે ને બુદ્ધિશાળી છે. એમને જ બોલાવી લઉં. એ મને સલાહ આપશે. હું તેમને જ મુખ્ય મંત્રી બનાવી દઉં. આમ વિચાર કરીને શેઠને બોલાવવા માણસ મોકલ્યો.

"શેઠના મનમાં આવેલું અભિમાન" : બંધુઓ! આ શેઠના મનમાં પણ અભિમાન આવી ગયું કે એ ગઈ કાલનો મારો નોકર આજે રાજા બનીને બેઠો છે. એ મને હુકમ કરે ને હું હુકમ ઉઠાવું! એ નહિ બને. શેઠ ધર્મિષ્ઠ હતા પણ અભિમાન નડ્યું. ગુણસેનના કર્મની કઠણાઈ છે. શેઠ પણ ન આવ્યા. ગુણસેનની મૂંઝવણનો પાર ન રહ્યો. તે એક ચિત્તે પ્રભુને પ્રાર્થના કરતો કહે છે હે ભગવાન! હું નોકર જ સારો હતો. આ રૂપ મને કયાં વળગાડી! હવે હું શું કરું? આ સમયે પેલો દેવ આવીને કહે છે

ગુણસેન ! મૂંઝાઈશ નહિ. તેં તો રાજ્યની ઇચ્છા કરી જ નથી પણ તારા પુણ્યનો સિતારો ચમકયો છે. તું રાજ્ય જરૂર સંભાળી શકીશ. તું એક કામ કર, કુંભારની પાસે એક મોટો માટીનો હાથી બનાવડાવ. પછી તું એના પર સ્વારી કરજે એટલે હાથી ચાલવા માંડશે. એ જોઇને સૌ તારી આગળ આવીને નમી પડશે ને બધું વ્યવસ્થિત થઈ જશે. તારી કીર્તિ દશે દિશામાં ફેલાશે પણ તું એટલું ધ્યાનમાં રાખજે કે આ રાજસુખોમાં તું ઉન્મત્ત ન બનીશ, ને ધર્મારાધના ભૂલીશ નહિ. એટલું કહીને દેવ ચાલ્યો ગયો.

"ગુણસેનના પુણ્યોદયે થયેલો ચમત્કાર" : ગુણસેન દેવની સૂચન પ્રમાણે કુંભારોને તેમજ શિલ્પીઓને બોલાવીને મોટો માટીનો હાથી બનાવડાવ્યો પછી એના ઉપર અંબાડી મૂકાવીને પોતે બેઠો ને માવતને કહ્યું-હાથી ચલાવ. માવત વિચાર કરવા લાગ્યો કે માટીનો હાથી કંઈ થોડો ચાલે! એને કયાં ખબર છે કે આને દેવની સહાય છે. જ્યાં માવતે હાંકયો એટલે હાથી ચાલવા લાગ્યો. લોકો વિચારમાં પડયા કે આ શું ! માટીનો હાથી જીવતા હાથીની જેમ ચાલે છે. આ તો કોઈ ચમત્કાર લાગે છે. માટીના હાથીને ચાલતો જોઇને લોકો સ્તબ્ધ બની ગયા ને બોલવા લાગ્યા કે આમ તો માટીના હાથી ચાલે નહિ પણ નક્કી આ રાજાને કોઈ દેવની સહાય લાગે છે. એમ માની મહારાજા ગુણસેનનો જય હો....વિજય હોય એમ જયજયકાર બોલાવવા લાગ્યા. આખા નગરમાં જયજયકારનો ધ્વનિ ગુંજી ઊઠયો. એ સાંભળી પ્રધાન અને મંત્રીઓ દોડતા આવ્યા. બીજા અમલદારો પણ આવી ગયા. દરેકનાં મનમાં થઈ ગયું કે આ કોઈ સામાન્ય પુરૂષ નથી. તેમને દેવની સહાય લાગે છે. આપણે તેમની આજ્ઞા માની નથી, એમનો અવિનય કર્યો છે માટે સામે જઈને માફી માંગી લઇએ. જેથી દેવ આપણને શિક્ષા ન કરે.

પ્રધાન, મંત્રી, અમલદારો બધાએ ગુણસેન રાજાના ચરણમાં પડીને માફી માંગી કે હે મહારાજાધિરાજ ! અમને ક્ષમા આપો. અમે આપનો ઘોર અવિનય કર્યો છે. અમે આપની આજ્ઞા માની નથી એ અમારો મોટો અપરાધ છે. અમે આપની પાસે ક્ષમા માંગીએ છીએ. અમને માફ કરો. ખરેખર, અમે આપને ઓળખ્યા નહિ એ અમારી કમનસીબી છે. આપને દૈવી સહાય છે છતાં આપે અમારા જેવા અધમ ગુનેગારને કંઈ સજા કરી નથી એ આપની ઉદારતા છે. મહાન ગંભીરતા છે. આપ હવે આજ્ઞા કરો. આ સેવકો આજ્ઞા ઉઠાવવા તૈયાર છે. બંધુઓ ! ગુણસેન રાજાના પુણ્યબળે દૈવી સહાયથી તેનું રાજ્ય વ્યવસ્થિત બની ગયું. તે ખૂબ નીતિપૂર્વક અનાસકત ભાવે રાજ્ય ચલાવવા લાગ્યો. ચારે તરફ તેની કીર્તિ પ્રસરી ગઈ. તે રાજ્યમાં રહેવા છતાં અલિપ્ત ભાવથી રહેવા લાગ્યા. રાજ્ય મળ્યું પણ ભગવાનને ભૂલ્યો નહિ. તમે પણ એવી રીતે સંસારમાં અનાસકત ભાવે રહો તો કલ્યાણ થઈ જાય. આજે ચોમાસી પાખીનો દિવસ છે. ખૂબ આરાધનામાં જોડાશો. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે,

વ્યાખ્યાન નં. ૫

અષાડ વદ ૧ ને ગુરૂવાર **તા. ૨૦-૭-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત જ્ઞાની, અધમ ઉદ્ધારક પતિત-પાવન તીર્થંકર ભગવંતો જગતના જીવોના ઉદ્ધાર માટે ફરમાવી ગયા કે હે ભવ્ય જીવો ! તમને અબજોની સંપત્તિ આપતાં પણ ન મળે તેવો કિંમતી અને સમજણવાળો માનવભવ મળ્યો છે તો જીવન ઉત્તમ જીવી જાઓ. કિંમત કોની અંકાય છે તે તમે જાણો છો ? પહાડમાં આરસના પથ્થરો તો ઘણાં હોય છે પણ તે પથ્થર મજુરના હાથમાં હોય તો તેના માંડ સો બસો રૂપિયા ઉપજે, પણ જો એ પથ્થર શિલ્પીના હાથમાં જાય તો હજારોની કિંમતથી અમૂલ્ય બની જાય છે. કારણ કે એની પાસે ઘડતરની કલા છે, તેવી જ રીતે **"આ માનવ જીવનનું પણ એવું જ છે. માનવજીવન મળ્યું છે સહુને પણ જે એનું ઘડતર કરી જાણે છે એ જ એની કિંમત આંકી શકે છે."**

તમે ધારો તો તમારા જીવનના શિલ્પી બનીને જીવનનું ઘડતર કરી શકો છો. ઘડતર વિનાનું જીવન નડતર જેવું છે. ધન કમાવું, સત્તા મેળવવી, વિષય વિલાસોમાં ખૂંચેલા રહેવું તે કંઈ માનવ જીવનનું ઘડતર નથી પણ જીવનમાં સત્ય, નીતિ, સદાચાર, તપ-ત્યાગ અને સંયમ આદિથી શોભાવવું તેનું નામ ઘડતર છે. આ તમને એક એવી ઉમદા તક મળી છે કે તમે ધારો તો ભવસાગરને પાર કરીને મોક્ષ મંઝીલે પહોંચી શકો. પણ એ બને કયારે ? તમને એવી ચોટ લાગવી જોઈએ કે આ સંસારમાં રહેવા જેવું નથી. કદાચ કર્મોદયે રહેવું પડે પણ ગમવું ન જોઈએ. સંસારમાં રહેવું અને રમવું એ બંને અલગ વાત છે. સંસારના સુખો મેળવવા, એમાં આનંદ માનવો ને એમાં મસ્ત બનવું તેનું નામ રમવું અને જેને રહેવાની બિલકુલ ઈચ્છા નથી, સંસારના રંગરાગ ઉપર જેને બિલકુલ રૂચી નથી છતાં અનિચ્છાએ રહેવું પડે છે તેનું નામ રહેવું. જેમ કોઈ રોગ આવ્યો ને દવા પીવી પડી તો પીવો છો પણ કોઈ હોંશથી પીવો છો ખરા ? મીઠી સાકર જેવી દવા હોય પણ એને સાકર નહિ કહેવાય. દવા જ કહેવાશે, અને એ પરાણે જ પીવાશે. નોકરને શેઠની ગુલામી કરવી ગમતી નથી. ન છૂટકે જ નોકરી કરે છે, તેમ જ્ઞાનીને સંસારમાં રહેવું ગમતું જ નથી, ન છૂટકે જ રહે છે. જ્ઞાનીને મન સંસાર ભંગાર જેવો લાગે છે. પણ તમને કેવો લાગે છે ? બોલો ધીરૂભાઈ ! તમને બધાને તો સંસાર ભંગાર જેવો નહિ પણ કંસાર જેવો મીઠો લાગે છે ને ? (હસાહસ) જ્યારે તમને એમ લાગશે કે સાધુપણામાં જ સુખ છે ને સાધુપણું લેવા જેવું છે ત્યારે સંસાર ભંગાર જેવો લાગશે.

મુક્તિ સાધુપણાથી જ મળે અને સંપૂર્ણ ધર્મ સાધુપણામાં જ છે. આજે ઘણાં એમ પ્રશ્ન કરે છે કે શું સાધુપણું લઈએ તો જ કલ્યાણ થાય ! સંસારમાં

રહીને ન થાય ? જ્ઞાની પુરૂષો કહે છે કે વગર વહેપારે લોટરી લાગી જાય ને કમાય તેવા દાખલા છે, પણ એવા કેટલા ? મોટા ભાગે તો ધનવાન પેઢીવાળા જ છે ને ? એ રીતે દીક્ષા લીધા વગર કેવળજ્ઞાન પામ્યાના દાખલા છે પણ તેનો રાજમાર્ગ તો દીક્ષા જ છે. શ્રાવક શ્રાવકપણામાં મરે તો વધુમાં વધુ બારમા દેવલોક સુધી જાય પણ મુક્તિ તો સાધુપણાથી જ મળે. કદાચ પૂર્વની આરાધનાના બળે ગૃહસ્થપણામાં ભાવચરિત્ર આવી જાય તો કેવળજ્ઞાન થઈ જાય પણ પછી જો આયુષ્ય બાકી હોય તો એ પણ દીક્ષા લે જ. તો હવે તમે વિચાર કરો કે કેવળજ્ઞાની પણ સંસારથી બહાર નીકળી જાય છે ને ? તો તમારે સંસાર છોડી દીક્ષા લીધા વિના ચાલે ખરું ?

બંધુઓ ! સાધુપણું લો કે તપ-જપ આદિ બીજી કોઈ પણ ક્રિયા કરો પણ તેમાં ધ્યેય તો મોક્ષનું હોવું જોઈએ. ધ્યેય વિના ધર્મક્રિયા ધર્મ રૂપે ન થાય. આજની ધર્મ-ક્રિયા મોટે ભાગે ગાડરીઆ પ્રવાહ જેવી બની ગઈ છે. સાચો ધ્યેય દેખાવો દુર્લભ છે. જ્યારે ધ્યેયપૂર્વક ધર્મક્રિયા થશે ત્યારે અલૌકિક આનંદ આવશે પણ ધર્મથી દુઃખ નહિ થાય. માતાને પોતાના દીકરા ઉપર કદાચ ગુસ્સો આવે ને થપ્પડ મારે પણ પછી માતાની આંખમાં આંસુ આવી જાય છે. કારણ કે માતાને દીકરા પ્રત્યે દુશ્મનાવટ નથી પણ પ્રેમ છે. આ રીતે ધર્મીષ્ઠ માણસનો સગો સ્નેહી દીક્ષા લેવા તૈયાર થાય તો મોહથી ધર્મીષ્ઠ પુરૂષ રડે, એને સંસારમાં રોકાવાનું કહે પણ અંતરમાં તો આનંદ જ હોય, કારણ કે હૃદયમાં તો ધર્મનો રંગ છે.

બંધુઓ ! તમને આવો મહાન ધર્મ અને ધર્મગુરૂઓ મળવા છતાં જો તેના પ્રત્યે મારાપણું નહિ આવે, તેના ઉપર શ્રદ્ધા નહિ થાય તો કયાં થશે ? જીવને શરીર પ્રત્યે કેટલો રાગ છે ? એટલો રાગ અને એટલું મારાપણું જો ધર્મમાં થાય તો કલ્યાણ થઈ જાય. આ માનવ શરીર એ ભવસાગર તરવા માટે નૌકા સમાન છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩ મા અધ્યયનમાં કેશીસ્વામી અને ગૌતમસ્વામીનો સંવાદ છે. વાત એમ છે કે કેશીસ્વામી પાર્શ્વનાથ ભગવાનના શિષ્ય હતા અને ગૌતમ સ્વામી મહાવીર ભગવાનના શિષ્ય હતા. પહેલા અને છેલ્લા તીર્થંકરના વારામાં પાંચ મહાવ્રત હોય છે ને વચલા બાવીસ તીર્થંકરના વારામાં ચાર મહાવ્રત હોય છે. એક વખત શ્રાવસ્તી નગરીમાં કેશીસ્વામી અને ગૌતમસ્વામીનું આગમન થયું. કેશીસ્વામી તિંદુક નામના ઉદ્યાનમાં ઉતર્યા, અને ગૌતમસ્વામી કોષ્ટક નામના ઉદ્યાનમાં ઉતર્યા. શ્રાવસ્તી નગરીની જનતા તેમના દર્શન અને ધર્મકથા સાંભળવા ઉમટી પડી. આ સમયે કેશીસ્વામી ચાર મહાવ્રતનો અને ગૌતમસ્વામી પાંચ મહાવ્રતનો ઉપદેશ આપતા હતા. આ સાંભળી શ્રાવસ્તી નગરીની જનતાના મનમાં સંદેહ ઉત્પન્ન થયો કે –

" केरिसो वा इमो धम्मो, इमो धम्मो वा केरिसो । "

આ બંને જૈન મુનિઓ છે છતાં એક ચાર મહાવ્રતનો ઉપદેશ આપે છે ને એક પાંચ મહાવ્રતનો ઉપદેશ આપે છે. એક જ ધર્મ હોવા છતાં બંન્નેના ઉપદેશમાં ફરક કેમ છે? આમ નગરજનોમાં ચર્ચા થવા લાગી. આ મહાન પુરૂષોને આ વાતની ખબર પડી. જ્ઞાની પુરૂષો કોઈ બાબતમાં ચર્ચાનો વિષય બની જાય ત્યારે તે વાતને વધવા ન દે પણ જલ્દી તેનો અંત લાવવાનો પ્રયત્ન કરે. ગૌતમસ્વામીએ વિચાર કર્યો કે કેશીસ્વામી મારાથી મોટા છે એટલે હું ત્યાં જાઉં. ગૌતમસ્વામી દીક્ષામાં નાના હતા પણ જ્ઞાનમાં મોટા હતા. ચૌદ ચૌદ હજાર શિષ્યોમાં વડેરા હતા. ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના જ્ઞાતા હતા. ગણધર પદવી પામેલા હતા છતાં એવો વિચાર ન કર્યો કે હું મહાવીર ભગવાનનો પટ્ટશિષ્ય વળી પ્રથમ ગણધર અને ચૌદ હજાર સંતોનો નાયક છું ને હું શેનો જાઉં? એ મહાન પુરૂષમાં સરળતા હતી, આજે તો વિનય વિવેક ચાલ્યો ગયો છે.

ગૌતમસ્વામી પોતાના શિષ્ય પરિવાર સહિત તિન્દુક ઉદ્યાનમાં જવા તૈયાર થયા. કેશીસ્વામીને ખબર પડી કે ગૌતમસ્વામી પધારે છે તેથી તેઓ સામા ગયા. તેમને બેસવા માટે આસન આપ્યું. બંને મહાન પુરૂષોનું મધુરું મિલન થયું. બંને આસન ઉપર બેઠા ત્યારે કેવા શોભતા હતા. તે શાસ્ત્રકાર આ ગાથામાં બતાવે છે:

उभओ निसण्णा सोहन्ति चन्द सूर समप्पभा ॥ १८ ॥

કેશીસ્વામી અને ગૌતમસ્વામી બંને જાણે ચંદ્ર અને સૂર્યની પ્રભાની જેમ તેજસ્વી દેખાતા હતા. આ બંને મહાપુરૂષો વચ્ચે કેવી ચર્ચા ચાલશે, કોની હાર થશે, કોની જીત થશે તે જોવા માટે ઘણા પાખંડીઓ અને અજ્ઞાનીઓ કૌતુક જોવા અને ઘણું જ્ઞાન મેળવવા ત્યાં આવ્યા. એટલું જ નહિ પણ આ વાદવિવાદમાં કેવો રંગ જામશે તે જોવા માટે દેવો, દાનવો, ગન્ધર્વો આકાશમાં અદૃશ્યપણે જોવા લાગ્યા, પણ જ્ઞાની પુરૂષોની ચર્ચામાં કંઈ ચકમક ન ઝરે, પણ જ્ઞાનરસની લૂંટાલૂંટ હોય.

તત્ત્વનું મંથન કરીને માખણ કાઢે એમાં કોઈ કલેશ કે ખોટા વાદવિવાદ ન હોય. જો અજ્ઞાનીઓ ભેગા થાય તો કલેશ ને વાદવિવાદનો પાર ન રહે. અહીં લોકોને શંકા થવા લાગી કે આ બંને બળીયા પુરૂષોમાં કોણ જીતશે! પણ અહીં તો એવું કંઈ ન બન્યું. કેશીસ્વામી ગૌતમસ્વામીને એક પછી એક પ્રશ્ન પૂછવા લાગ્યા ને ગૌતમસ્વામી તેનું ખૂબ સ્પષ્ટતાપૂર્વક સમાધાન કરવા લાગ્યા. જ્ઞાનરસની છોળો ઉછળવા લાગી. પ્રશ્ન પૂછતાં પૂછતાં કેશીસ્વામીએ ગૌતમસ્વામીને પ્રશ્ન કર્યો કે હે ગૌતમસ્વામી! ભવસાગર પાર કરવા માટે નૌકા કઈ? જવાબમાં ગૌતમસ્વામી કહે છે—

सरीर माहु नावत्ति, जीवो वुच्चइ नाविओ ।
संसारो अण्णवो वुत्तो जं तरन्ति महेसिणो ॥ ७३ ॥

(ઉત્ત. સૂ. અ. ૨૩ ગાથા–૭૩)

હે કેશીસ્વામી! ભવસાગર તરવા માટે આ માનવશરીર એ સુંદર નૌકા છે. જીવ તે નૌકાનો નાવિક છે અને ચતુર્ગતિરૂપ સંસાર એ મોટો ભયંકર સમુદ્ર છે. આ દેહ રૂપી નૌકામાં બેસીને ઘણાં મહાનપુરૂષો આ સંસાર રૂપી સમુદ્રને તરી ગયા છે. બંધુઓ! આ દેહ રૂપી નૌકામાં બેસીને તમારે સાગર તરવો છે ને? 'હા.' જો તમારે સંસાર સાગરથી તરવું હોય તો વ્રત-નિયમ, તપ વિગેરે ધર્મક્રિયાઓ થાય તેટલી કરો. આ માનવ દેહ દ્વારા જે ક્રિયાઓ થઈ શકશે તે બીજા દેહ દ્વારા નહિ થાય. સમ્યગ્દૃષ્ટિ દેવોને ગમે તેટલી ભાવના થાય તો પણ એક વ્રત પચ્ચખાણ ન કરી શકે. માટે આ જે સુંદર માનવભવ મળ્યો છે તેમાં આત્મસાધના કરી લો ને ભવસાગરને તરી જાવ.

આપણા આત્માને પવિત્ર ને નિર્મળ બનાવનાર વીતરાગ પ્રભુની વાણી છે. ભગવાનની અંતિમવાણી શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર છે. તેના છત્રીસ અધ્યયનો છે. તેમાંથી આપણે બાવીસમું અધ્યયન લેવું છે. તેમાં નેમનાથ ભગવાન અને રાજેમતીનો અધિકાર છે. તેમાંથી આપણને ઘણો બોધ મળશે પણ એ અધિકાર વાંચતાં પહેલાં આગળના અધ્યયનમાં શું વાત આવે છે તેનું આપણે ટૂંકમાં અવલોકન કરી લેવું જોઈએ.

પ્રથમ અધ્યયનમાં વિનયની વાત આવે છે. બીજા અધ્યયનમાં પરિષહની વાત આવે છે. એમાં પણ ભગવાને કેવો સુંદર ક્રમ ગોઠવ્યો છે. ભગવાન કહે છે હે મારા સાધક! જો તારામાં વિનય હશે તો જ તું પરિષહ આવશે ત્યારે તારી સાધનામાં સ્થિર રહી શકશે. વિનયની વાત આપણે કરી ગયા. હવે પરિષહની વાત કરીએ. સાધુના ૨૨ પરિષહ બતાવ્યા છે. પરિષહ એટલે અનેક પ્રકારથી સહેવું તેનું નામ પરિષહ છે. સૌથી પહેલો પરિષહ ક્ષુધાનો છે. સાધુને ભૂખ લાગે એટલે ગૌચરી તો જવું પડે. એ ગૌચરી લેવા માટે જઈએ ત્યારે કેવા કેવા પરિષહ સહન કરવા પડે છે. અહીં તો તમે અમને ખમ્મા ખમ્મા કરો છો. તમારે ઘેર ગૌચરી આવ્યાને ત્રણ ચાર દિવસ ન થાય ત્યાં તમે કહેશો કે મહાસતીજી! અમારે ત્યાં પધારજો, અમને લાભ આપજો, તમારે ત્યાં ગૌચરી આવીએ ત્યારે ભાવથી તમારા ઘરમાં જે ચીજ હોય તે સંતને વહોરાવો છો પણ જ્યાં જૈનોનાં ઘર ન હોય તેવા ગામડામાં ગૌચરી જઈએ ત્યારે આક્રોશ વચનોના પરિષહ સહન કરવા પડે છે. બિચારા અજ્ઞાની માણસો એમ બોલે છે કે તમે મોઢા બાંધ્યા છે તો ભેગું પેટ પણ બાંધી દેવું હતું ને? કોઈ એમ કહે કે મુંડકી! તારે માટે કમાયા નથી કે તને આપીએ. આવી રીતે કોઈ અપમાન કરે, કોઈ આહારપાણી આપે ને કોઈ ન આપે, ત્યારે ભગવાન સંયમીને કહે છે કે હે સાધક! ગૌચરીમાં લાભાંતરાય કર્મના ઉદયથી ભિક્ષા ન મળે તો સાધકે અલાભ પરિષહ જીતવો જોઈએ. તે માટે ભગવાન બોલ્યા છે :—

परेसु घासमेसेज्जा, भोयणे परिनिट्ठिए ।
लद्धे पिंडे अलद्धे वा, नाणुतप्पेज्ज पंडिए ॥ ३० ॥

ગૌચરીના જ્ઞાતા મુનિ ગૌચરી માટે કોઈ ગૃહસ્થના ઘેર જાય એ સમયે થોડો આહાર મળે અથવા બિલકુલ ન મળે તો, "હું ભાગ્યહીન છું. મને ગૌચરી ન મળી" એ રીતે સંતાપ ન કરે. ગૌચરી માટે ગૌચરીના સમયે જ નીકળે.

જ્ઞાની કહે છે કે સાધુ ગૌચરી જાય અને આહાર ન મળે તો સાધક પોતાના આત્માને કલુષિત ન કરે અને તેના ઉપર ગુસ્સો ન કરે, પણ એવો વિચાર કરે કે 'अज्जेवाहं न लब्भामो' આજે મને ગૌચરીનો લાભ થયો નથી, મારી અંતરાય છે. જે સાધુ આ પ્રકારની વિચારધારાથી યુક્ત છે તેને ભિક્ષાનો લાભ ન મળે તો પણ મનમાં ખેદ થતો નથી. તે મુનિ અલાભ પરિષહનો વિજેતા બને છે.

કૃષ્ણવાસુદેવના પુત્ર ઢંઢણકુમારે શ્રી નેમનાથ ભગવનની વાણી સાંભળી દીક્ષા લીધી. ત્રિખંડ અધિપતિ કૃષ્ણવાસુદેવના પુત્ર અને બાવીસમાં તીર્થંકર શ્રી નેમનાથ ભગવાનના શિષ્ય હોવા છતાં તે વિશાળ દ્વારકા નગરીમાં મોટા મોટા શેઠ, શાહુકારો તથા ગરીબ આદિના ઘરોમાં ગૌચરી જવા છતાં લાભાંતરાય કર્મના ઉદયથી નિર્દોષ ગૌચરી મળતી ન હતી. આથી તેમનું શરીર ઘસાવા લાગ્યું. એક દિવસ તેમણે નેમનાથ ભગવાન પાસે જઈ વંદન નમસ્કાર કરી ભગવાનને પૂછયું. અહો પ્રભુ! હું પ્રતિદિન ગૌચરી માટે જાઉં છું, છતાં કયા કર્મના ઉદયે મને પ્રાસુક આહારનો લાભ મળતો નથી? ભગવાને કહ્યું–હે ઢંઢણ મુનિ! તું આ ભવથી પહેલાં નવ્વાણુ લાખ નવ્વાણુ હજાર નવસો નવ્વાણુમાં ૯૯૯૯૯૯૯ ભવમાં વિંધ્યાચળ પ્રદેશમાં સૌવીર નામનો ગરીબ ખેડૂત હતો. કુટુંબ મોટું હોવાના કારણે તને પરિવારના પાલનપોષણની ચિંતા રાત દિવસ રહેતી હતી. આ ચિંતાના કારણે તારું શરીર ક્ષીણ થવા લાગ્યું.

વિંધ્યાચળ પ્રદેશના ગિરિસેન રાજાએ વારા પાડીને ૫૦૦ હળ જોડવા માટે પાંચસો ખેડૂતોને નિયુક્ત કરી રાખ્યા હતા. આ વારામાં સૌવીર ખેડૂત એવો તું તારા વારાના દિવસે ખેતરમાં બળદ લઈ જઈને હળ તૈયારી કરી તેં ખેડવાનું શરૂ કર્યું. ખેતર ખેડતા ખેડતા બળદ થાકી ગયા ને વચમાં વચમાં ઊભા રહેવા લાગ્યા. ઉનાળાની સખ્ત ગરમી, અને થાક ખૂબ લાગ્યો તેથી બળદ ભૂખ તરસથી આકુળ વ્યાકુળ થઈ ગયા, ત્યારે તેં બળદ ભૂખ તરસ મટાડવા અને હળથી મુક્ત થવા તારા સામું જોતા હતા, પણ તેં સહેજ પણ ધ્યાન ન આપ્યું અને તેમને ઘૂંસરીએથી છોડયા નહિ. એટલું જ નહિ પણ ઉપરથી એક ચાસ વધારે ખેડાવ્યો. આથી એ ભવમાં તેં જોરદાર અંતરાય કર્મ બાંધ્યું, અને તે કર્મ તને આટલા ભવે ઉદયમાં આવ્યું.

ભગવાન નેમનાથના મુખેથી પોતાના પૂર્વભવની વાત સાંભળી ઢંઢણ મુનિએ આ અંતરાય કર્મનો નાશ કરવા માટે ગાઢ વૈરાગ્યયુક્ત બની ખૂબ ઉત્સાહપૂર્વક એવો અભિગ્રહ ધારણ કર્યો કે, "મને મારી લબ્ધિનો આહાર મળે તો કલ્પે અર્થાત્ બીજાના નિમિત્તથી

મળેલ આહારપાણી હું ગ્રહણ નહિ કરું. આ પ્રકારનો અભિગ્રહ ધારણ કરી હમેશાં ભિક્ષાચર્યા માટે જતા પરંતુ લાભાંતરાય કર્મના ઉદયથી તેમને થોડો પણ આહારનો લાભ મળતો નહિ, છતાં મુખ ઉપર જરા પણ ખેદ કે ગ્લાનિ દેખાતી નહિ, તેમજ કોઇની નિંદા પણ કરતા નહિ.

કૃષ્ણવાસુદેવે એક દિવસ નેમનાથ ભગવાનને પૂછ્યું–હે મારા તારણહાર પ્રભુ! આપના અઢાર હજાર મુનિઓમાં અત્યારે દુષ્કર સ્થિતિ કોણ ભોગવે છે? પ્રભુ બોલ્યા–હે કૃષ્ણજી! મારા બધા શ્રમણો દુષ્કર કષ્ટ ભોગવે છે પણ ઢંઢણમુનિ આ બધાથી વધુ દુષ્કર સ્થિતિ ભોગવે છે. કૃષ્ણજીએ પૂછ્યું–ભગવાન! આપ એમ કેવી રીતે કહો છો? ભગવાને કહ્યું–અલાભ પરિષહને સમભાવથી સહન કરવાથી. આ સાંભળતા કૃષ્ણજીને ખૂબ આનંદ થયો ને પૂછ્યું–ભગવાન! આ ઢંઢણમુનિ અત્યારે ક્યાં બિરાજે છે? ભગવાને કહ્યું–તે દ્વારકા નગરીમાં ગૌચરી માટે ગયા છે. તમને અહીંથી જતાં જ ભેટો થઈ જશે. ભગવાન પાસેથી આ વાત સાંભળી કૃષ્ણજી નેમનાથ ભગવાનને વંદન કરી ત્યાંથી રવાના થયા.

દ્વારકામાં પ્રવેશ કરતાં જ કૃષ્ણજીએ ખૂબ કૃશ શરીરવાળા ઢંઢણમુનિને જોયા, જોતાંની સાથે પોતાના હાથી ઉપરથી નીચે ઉતરી મુનિ પાસે જઈ વંદન નમસ્કાર કર્યા. કૃષ્ણવાસુદેવને વંદન કરતા કોઈ શેઠે જોયા ને મનમાં વિચાર કર્યો કે જે મુનિને કૃષ્ણવાસુદેવ વંદન કરી રહ્યા છે તે કોઇ સાધારણ સંત નથી પણ મહાન મુનિ લાગે છે. શેઠ આવો વિચાર કરે છે ત્યાં ઢંઢણમુનિ એ જ શેઠને ઘેર ગૌચરી માટે ગયા. શેઠે ખૂબ ભક્તિભાવપૂર્વક મુનિને લાડવા વહોરાવ્યા. ગૌચરી લઇ ભગવાન પાસે આવી મુનિએ આહાર બતાવ્યો ને ભગવાનને પૂછ્યું–હે ભગવાન! હવે મારું લાભાંતરાય કર્મ ક્ષીણ થઈ ગયું કે કેમ! ભગવાને કહ્યું–'ના' હજુ થોડો સમય બાકી છે. ગૌચરીમાં તમને જે લાડવા મળ્યા છે તે તમારી લબ્ધિના નથી પણ કૃષ્ણવાસુદેવની લબ્ધિના છે કારણ કે કૃષ્ણે તમને વંદન કર્યા. આ જોઇને શેઠે તમને લાડવા વહોરાવ્યા છે. ભગવાનના વચન સાંભળી ઢંઢણમુનિએ વિચાર કર્યો કે બીજાની લબ્ધિનો આહાર મને કલ્પતો નથી. એમ વિચારી પ્રાસુક ભૂમિમાં લાડવાને યત્નપૂર્વક પરઠવવા ગયા. લાડવા ચોળતાં કર્મોને ચોળી મુનિએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. અલાભ પરિષહને સમભાવે સહન કરવાથી મુનિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ. આ રીતે બાવીસે પરિષહનું વર્ણન બીજા અધ્યયનમાં ખૂબ વિસ્તારપૂર્વક કર્યું છે.

ત્રીજા અધ્યયનમાં મનુષ્યભવ, સૂત્રનું શ્રવણ, તેના ઉપર શ્રદ્ધા અને સંયમમાં બલવીર્યનું ફોરવવું–આ ચાર અંગ જીવને મળવા મહાન દુર્લભ છે. તમને ચારે ય અંગની પ્રાપ્તિ થઇ છે. આવો અવસર મહાન પુણ્યોદયે મળ્યો છે. ફરી ફરીને મળવો મુશ્કેલ છે. માટે સાધના કરીને તેને સફળ બનાવો. (આ ચાર બોલનું વર્ણન પૂ. મહાસતીજીએ ખૂબ સુંદર રીતે કર્યું હતું.) સમય થઇ ગયો છે. વધુ ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૬

અષાડ વદ ૨ ને શુક્રવાર તા, ૨૧-૭-૭૮

" દુર્ગતિના દ્વાર ખોલનાર પરિગ્રહની મૂર્છા "

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની મહાન પુરૂષો આ ચતુર્ગતિ સંસારમાં રીબાતા પ્રાણીઓના ઉદ્ધાર માટે માર્ગદર્શન આપતાં કહે છે કે હે પુણ્યવાન આત્માઓ ! તમારી શક્તિ અગાધ છે. તમે અકથ્ય શક્તિના પૂંજ છો. અનંત જ્ઞાન-દર્શન ચારિત્રના ધણી છો. એ રત્નત્રયીના શણગારને છોડીને સુવર્ણાભૂષણો પાછળ શા માટે દોટ લગાવી રહ્યા છો ? વીતરાગ પ્રભુની વૈરાગ્ય રૂપ વીણાના તારને છોડીને વિષય રૂપ વાંસળીના નાદે શા માટે નાચી રહ્યા છો ? સંતોષના ભોજન આરોગવાને બદલે દુર્ગતિમાં ધકેલનાર એવા ષટ્રસ ભોજનમાં કેમ લુબ્ધ બન્યા છો ? ત્યાગના તંબુરાને છોડીને તૃષ્ણાના તરંગમાં શા માટે લોભાઓ છો ? પ્રભુના પ્રેમનું પ્રભાત મૂકીને રાગદ્વેષની અંધારી રાતલડીમાં શા માટે આથડી રહ્યા છો ?

ઘોર જંગલમાં જતા શાહુકારને જેમ અનેક ચોરો ઘેરાઇ વળીને તેને લૂંટી લે છે તેમ આત્માની પાછળ પણ મોહ, માન, મત્સર આદિ અનેક લૂંટારાઓ પડેલા છે. આ ચોરો જીવના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ રૂપી અમૂલ્ય ખજાનાને લૂંટી રહ્યા છે. તેનાથી સાવધાન બનીને ખજાનાનું રક્ષણ કરો. બીજા બધા લૂંટારા કરતાં મોહ લૂંટારો મહાન બળવાન છે. એને પકડવો મહામુશ્કેલ છે. જો એ એક પકડાઈ જાય તો બીજા બધાને તો સહેલાઇથી પકડી શકાય છે. દશાશ્રુતસ્કંધમાં કહ્યું છે કે–

" जहा मत्थए सूईए, हंताए हम्मइ तले ।
एवं कम्माणि हम्मंति, मोहणिज्जे खयंगए ॥ "

જેવી રીતે તાલવૃક્ષના મસ્તક ઉપર તેની મુખ્ય ધોરી નસમાં સોય ખોસવાથી તે તાલવૃક્ષ સંપૂર્ણ નષ્ટ થાય છે તેવી રીતે એક મોહનીય કર્મનો નાશ થવાથી બાકી રહેલા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણે ઘાતી કર્મો નષ્ટ થઇ જાય છે. મોહનીય કર્મનો નશો ભયંકર છે. આ સંસારમાં મોટા ભાગના મનુષ્યોને મોહ મદિરાનો નશો ચઢેલો છે. જેને દારૂડિયા માણસને કોઇ જાતનું ભાન રહેતું નથી. કોઇ દારૂડિયો માણસ સારામાં સારું શૂટ અને બૂટ પહેરીને તૈયાર થઇને બહાર નીકળ્યો. પછી દારૂનો નશો ચઢ્યો. તો શું થાય ? કાદવ ને કીચડ હોય, કચરા પેટી હોય કે વિષ્ટા હોય–ગમે ત્યાં પડે છે, જેમ આવે તેમ બકે છે. એને કોઇ જાતનું ભાન રહેતું નથી. બોલો, દારૂનું વ્યસન તેને હાથે કરીને ગાંડો કરે છે ને ? છતાં દારૂડિયાને તમાચો મારો કે પાણી છાંટો તો તે ઠેકાણે આવશે પણ જેને મોહનીય કર્મનો ભયંકર નશો ચઢ્યો છે તેને મહાન પુરૂષો ગમે તેટલા

કડક વચનોરૂપી તમાચા મારે અને વીતરાગ વાણીનું પાણી છાંટે તો પણ નશો ઉતરતો નથી. કેમ સાચું છે ને? મોહનીય કર્મનું બળ ઘણું છે.

દેવાનુપ્રિયો! ભગવંત કહે છે કે હે ભાગ્યવાનો! જો તમારે સાચું સુખ જોઈતું હોય ને મોક્ષ દરવાજે પહોંચવું હોય તો આ સંસાર રૂપી જનનીને છોડીને અષ્ટ પ્રવચન માતાનું શરણ સ્વીકાર. લોભ રૂપી પિતાનો સાથ છોડીને નિર્લોભરૂપી પિતાના પગલે ચાલ. મોહરૂપ ભ્રાતાને છોડીને ત્યાગરૂપ ભ્રાતાના સ્નેહપાશમાં બંધાઈ જા. મમતારૂપ ભગિનીનો સાથ છોડી સમતા ભગિનીનો સાથ સ્વીકાર. માયા સાહેલીનો સાથ છોડીને સદ્‌બુદ્ધિરૂપી સાહેલીનો સત્સંગ કર. તો ભવમાં ભૂલેલું, મોહમાં મૂંઝાતું, પાપથી પીડાતું, કર્મોથી કચડાતું ને અજ્ઞાનથી અથડાતું આત્મારૂપી પંખી સંસાર રૂપ પિંજરામાંથી મુક્ત થશે. જ્ઞાનીપુરૂષો આપણને માર્ગ બતાવે પણ પુરૂષાર્થ તો પોતાને જ કરવો પડશે પુરૂષાર્થ વિના સિદ્ધિ નથી. આવા સુંદર સાધનો અને અનુકૂળ સમય મળવા છતાં જો જીવ પ્રમાદમાં જ પડયો રહેશે તો શું બંધન તૂટશે? (શ્રોતામાંથી અવાજ :-નહિ તૂટે.) તમે સાચું કહો છો ને! તો પછી શા માટે બેસી રહ્યા છો? પુરૂષાર્થ કરવા માંડો. મોક્ષનો માર્ગ બહુ કઠણ છે. એમ કહીને જો હાથ દઈને બેસી રહેશો તો આ સંસારરૂપી પિંજરમાંથી-મોહરાજાની કેદમાંથી આત્માનો કદી છૂટકારો નહિ થાય.

હિમાલયના શિખરને સર કરવા જતાં કંઈક માનવીઓ મરણને શરણ થયા, છતાં પણ કંઈક માનવી શિખરને સર કરવા જાય છે. વિમાનમાં અનેક અકસ્માતો સર્જાય છે છતાં વિમાનો તો ઉડતા જ રહ્યા છે. વૈજ્ઞાનિક શોધખોળ પાછળ અનેક વૈજ્ઞાનિકો સળગી ગયા તો પણ તેમણે સાહસ ન છોડયું. દિવસે દિવસે નવું સર્જન કરતાં અનેક ચાલ્યા ગયા છતાં નવસર્જન અને સંશોધન ચાલુ જ રહ્યા છે. સંસારમાં ભૌતિક સુખની પ્રાપ્તિ માટે પણ જો માનવી આટલું કપરું સાહસ ખેડે છે, સતત પુરુષાર્થ ચાલુ રાખે છે તો પછી અવ્યાબાધ અને અનંત સુખના સ્થાન માટે અનંત શક્તિનો સ્વામી શું વીર્ય ન ફોરવી શકે? પરમ તારક પરમાત્માનું, પરમ ગુરૂદેવ અને પરમ ધર્મનું આલંબન મળ્યું છે, સાધના કરવાનું સ્થાન માનવભવ મળ્યો છે તો પછી શા માટે મૂંઝાય છે! મૂંઝવણના ધુમ્મસ ઉપર પરમ પુરૂષાર્થની ધૂણી ધખાવી, ચૈતનની જ્યોત જગાવી દો તો કર્મનો મેલ બળીને સાફ થઈ જશે ને આત્મા ઉજ્જવળ બની જશે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનો અધિકાર શરૂ કરવો છે. તે પહેલા આપણે આગળ અધ્યયનોમાં ભગવંત શું હિત શિખામણ આપી ગયા છે તેમાં જરા દૃષ્ટિ કરી લઈએ. પ્રથમ ત્રણ અધ્યયનની વાત કરી ગયા. ત્રીજા અધ્યયનમાં ચાર અંગની પ્રાપ્તિ થવી જીવને દુર્લભ છે. એ ચાર વસ્તુઓ પ્રાપ્ત થયા પછી મનુષ્યે પ્રમાદ કરવો જોઈએ

નહિ. એ વાત આ ચોથા અધ્યયનમાં સમજાવવામાં આવી છે. ચોથા અધ્યયનની પ્રથમ ગાથામાં જ ભગવાન કહે છે કે–

असंखयं जीविय मा पमायए, जरोवणीयस्स हु नत्थि ताणं ।
एवं वियाणाहि जणे पमत्ते, किं नु विहिंसा अजया गहिन्ति ॥

હે ભવ્ય જીવો! આપણું આયુષ્ય અસંસ્કૃત છે, તેમજ તૂટેલું આયુષ્ય સાંધી શકાતું નથી, એવું સમજીને પ્રમાદ ન કરો. કારણ કે વૃદ્ધાવસ્થાથી મરણની સમીપ પહોંચેલા જીવનું કોઇ શરણ નથી અથવા એવો કોઇ સમર્થ નથી કે જે પોતાના ધર્મ દ્વારા ઘડપણને આરે પહોંચેલા જીવને વૃદ્ધાવસ્થાથી બચાવી શકે. વૃદ્ધાવસ્થાને કારણે જેનું શરીર જર્જરિત થઇ ગયું છે એવા જીવને એવી શક્તિ પણ નથી હોતી કે તે એ અવસ્થામાં પણ ધર્મ કરી શકે. જે મનુષ્યો પ્રમાદી હોય છે તે પોતાના ગુણનો ઘાતક હોય છે. તે ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવી શકતા નથી તેમજ પાપ કરતાં પાછા હઠી શકતા નથી. એવા મનુષ્ય કોનું શરણ પ્રાપ્ત કરી શકે? એનું કોણ રક્ષણ કરશે? જે મનુષ્ય પ્રમાદી અને ઇન્દ્રિયોનો ગુલામ હોય છે તેનું કોઇ રક્ષક થતું નથી. પ્રમાદી અને વિષયાસક્ત બનેલા જીવો સર્વ પ્રકારના અનર્થો કરવામાં જરાપણ કચાશ રાખતા નથી તેથી તેને સંસારના દુઃખોથી કોઇ છોડાવી શકતું નથી. આટલા માટે ધર્મનું આચરણ જીવનમાં આવશ્યક વસ્તુ છે. જેનાથી પળે પળે જીવની રક્ષા થતી રહે છે. જે ધર્મની રક્ષા કરે છે. તેની રક્ષા ધર્મ અવશ્ય કરે છે. એવું સમજીને ધર્મની આરાધના કરો અને પાપ કર્મથી અટકો.

આપણા જૈન ધર્મમાં મુખ્ય અઢાર પાપો બતાવ્યા છે. તેમાં મોટા ભાગના મનુષ્યો ચોથા અને પાંચમા પાપની પાછળ વિશેષ પ્રકારે પાગલ બનેલા છે. તમને અઢાર પાપના નામ તો આવડે છે ને? મોટા ભાગના ભાઇઓને નહિ આવડતા હોય. જેને આવડતા હશે એ તો તરત સમજી જશે. નવ ગ્રહોના નામ તો ઘણાંને આવડતા હશે. ગ્રહનો અનુગ્રહ મેળવવાની અનુષ્ઠાન વિધિ પણ ઘણાં જાણતાં હશે. બોલો જાણો છો ને! ભલે તમે ન બોલો પણ હું તો બધું સમજી છું. સૂર્યની સત્તામણીમાંથી છૂટવા, શુક્ર–શનિના શાપમાંથી ઉગરવા, બુધની બાધા ટાળવા, રાહુની રિમામણમાંથી મુક્ત થવા, ચંદ્રની પ્રસન્નતા પામવા, મંગળની મહેર મેળવવા, કેતુની કૃપા ઉતારવા અને ગુરૂની ગ્લાનિ દૂર કરવા કઇ માળા અને કયો મંત્ર જપવો જોઇએ. આ બધું તમને બહુ આવડે છે. કેમ બરું ને! પણ આ સિવાય દશમો પણ એક ગ્રહ છે. બોલો, એ દશમા ગ્રહનું નામ કોઇને આવડે છે? (સભામાં મૌન....) કોઇને નથી આવડતું? આવડતું તો હશે પણ તમે નહિ કહો. કારણ કે તમે સમજો છે કે આપણે નામ દઇશું તો બંધાઈ જશું. (હસાહસ) ઠીક,

ત્યારે હું તમને જવાબ આપી દઉં. એ દશમા ગ્રહનું નામ છે, પરિગ્રહ, એ તમને ખૂબ વહાલો છે ને! (હસાહસ) તમને જેટલો વહાલો છે તેટલો વહાલો જ તમને પીડી રહ્યો છે, એની દાદાગીરી જોઇને મહાન પુરૂષોના મુખમાંથી આશ્ચર્ય ભાવે શબ્દ સરી પડયા કે–

" परिग्रह-ग्रह : कोऽयं विडंबित जगत्त्रय : " આ પરિગ્રહ કેવો ગ્રહ છે કે જે જગતને પીડી રહ્યો ? પરિગ્રહના ગ્રહની અસરમાં ઘેરાયેલો માનવ મૃગની જેમ ધનની પાછળ દોટ મૂકી રહ્યો છે. વચમાં વચમાં મરણતોલ પછડાટ આવા છતાં આંધળી દોટથી અટકતો નથી. એના જીવનમાં અસંતોષની આગ ભડભડતી જ રહે છે. એ પરિગ્રહના પાપે જ ને! પરિગ્રહની કેવી કેવી ભયાનક અસરો નીચેથી આજનો માનવ પસાર થઈ રહ્યો છે. એનો વિચાર કરતાં પણ ભયંકર આંચકો આવી જાય તેમ છે. જુઓ, પરિગ્રહ કેવું ભયંકર નુકશાન કરનારો છે ! વિસ્ફોટ દ્વારા મહાન શહેરને સ્મશાનમાં ફેરવી દેવાની આસુરી શક્તિ ધરાવતા અણુબોંબના સંશોધક તરીકેનું કલંક તો આ પરિગ્રહ છે ને?

બંધુઓ ! કોઈ પણ વસ્તુ ઉપર વિચાર કરશો તો સમજાશે કે આ જગતમાં ઝઘડા અને કલેશનું મૂળ કારણ હોય તો પરિગ્રહ છે. વિગ્રહની સુરંગનો દારૂગોળો કોઈ હોય તો સંગ્રહ છે. કોઇ પણ વિગ્રહને શાંત કરવા એમાંથી એક પક્ષ પરિગ્રહના ગ્રહમાંથી મુક્ત થતાંની સાથે જ શાંતિ સ્થપાઇ જશે. જીવનના કોઇપણ ક્ષેત્રે ચાલતા વિગ્રહનું મૂળ તમે તપાસી જોશો તો સમજાશે કે પ્રગટ કે અપ્રગટ રીતે ત્યાં પરિગ્રહનો ગ્રહ ઘૂમતો જણાશે. આજે રાષ્ટ્ર રાષ્ટ્ર શા માટે લડે છે ? પિતા અને પુત્ર, શેઠ અને નોકર, ભાઈ-ભાઇ આ બધા અંદર અંદર ઝઘડતા હોય છે તેનું મૂળ કારણ પરિગ્રહ છે. બાળક નાનો હોય ત્યારથી પૈસાની લાલસા ધરાવતો હોય છે. માટે જ્ઞાનીઓ કહે છે કે અર્થ (પૈસો) પુરૂષાર્થ ભયંકર છે.

ધન આદિ પૌદ્ગલિક પદાર્થોનો સંગ્રહ કરનાર માણસ ભલે મનમાં ફુલાતો હોય કે હું કેવો મોટો શ્રીમંત છું. સમાજમાં મારી કેટલી પ્રતિષ્ઠા છે. કેટલું માન છે પણ ખરી રીતે તો એ પરિગ્રહ દ્વારા પોતાની આત્મિક સંપત્તિમાં દરિદ્રતા અને દેવાળુ જાહેર કરે છે. અંતરની અપૂર્ણતાને ઢાંકવા માટે બાહ્ય પરિગ્રહ મેળવવાની ઝંખના થાય છે. કદરૂપી કન્યા પોતાના બેડોળપણાને ઢાંકવા માટે પોતાના દેહ ઉપર ખૂબ આભૂષણો ઠઠાડે છે, એવી રીતે આત્મિક દૃષ્ટિએ જે અપૂર્ણ છે એવા પરિગ્રહી જીવાત્માને ભાડુતી અને માંગી લાવેલા આભૂષણો પહેરવાની ઝંખના જાગે છે. આવા ભયંકર દુઃખદાયી અને નાશવંત પરિગ્રહની પકડમાંથી મુક્ત કરાવે એવો એક મંત્ર અમારી પાસે છે. બોલો, એ મંત્ર તમારે જોઈએ છે ! (સભામાં મૌન) કેમ બધા મૌન બેસી રહ્યા છો ? શું તમને પરિગ્રહની પકડમાંથી છૂટવાની ઇચ્છા થતી નથી ? તમારે છૂટવું હોય કે ન છૂટવું હોય પણ મારે તમને છોડાવવા છે. એમાંથી છૂટવા માટેનો મહાન મંત્ર ત્યાગ છે. કોઇ પણ મંત્ર સાધનાની

સિદ્ધિ કરવા માટે સાધકને ઉત્તર સાધકની જરૂર પડે છે. તો આ " ત્યાગ " મંત્રની સાધનાની સિદ્ધિનો ઉત્તર સાધક જો કોઇ હોય તો તે સંતોષ છે. સંતોષ આવે તો ત્યાગ આવે છે. સંતોષની સહાયથી સાધના આરંભાય તો ત્યાગની સિદ્ધિ થાય અને અનંતકાળથી વળગેલા પરિગ્રહની પકડમાંથી મુક્ત બનીને માનવ મુક્તિની મોજ માણી શકે છે.

દેવાનુપ્રિયો ! તમે સાંભળી ગયા ને કે પરિગ્રહ કેટલો અનર્થકારી છે ! આ પરિગ્રહમાં આસક્ત બનીને કેટલા પાપકર્મો બાંધ્યા ? એક કીડી મરી જશે તો તેનું પ્રાયશ્ચિત્ત લેવા આવશો પણ આ પરિગ્રહની પાછળ કેટલા પાપ કર્યા છે તેનું હજુ સુધી કોઈ પ્રાયશ્ચિત્ત લેવા આવ્યા નથી. હવે સમજીને પાપ છોડો. કારણ કે આ જીવન કેટલું ક્ષણિક છે ! આયુષ્ય પૂર્ણ થશે ત્યારે આ ઘરબાર, માલમિલ્કત, પત્ની, પુત્ર, પરિવાર બધો પરિગ્રહ છોડીને જવું પડશે. તેના કરતાં પહેલેથી છોડી દો ને. કયારે જવાનું આવશે તેની ખબર છે ? કવિઓ કહે છે કે–

" મોત કયારે આવશે એની ખબર પડતી નથી.
મોતને જીતવાની કોઇ જડીબુટ્ટી જડતી નથી. "

રેલ્વે સ્ટેશનમાં કઈ ગાડી કેટલા વાગે આવે છે, કયા સ્ટેશને કેટલી ઉભી રહે છે તેનું ટાઇમ-ટેબલ તમારે ઘેર હશે પણ આ મૃત્યુલોકમાંથી માનવજીવનની ગાડી કયારે અને કયાંથી ઉપડશે ને કયાં લઈ જશે તેની ખબર છે ? એની કોઈને ખબર નથી. જ્ઞાની ભગવંતો કહે છે કે તું જન્મ્યો ત્યારથી મૃત્યુની ગાડી દિવસે દિવસે તારી નજીક આવી રહી છે. તમારે બહારગામ જવું હોય ત્યારે કેટલા સજાગ રહો છો ! સવારે વહેલા સ્ટેશને જવાનું હોય તો રાત્રે એલાર્મ મૂકીને માથે ઘડિયાળનો ડબ્બો લઈને સૂઈ જાવ અને શ્રાવિકાને પણ કહો છો કે જો જો હું ઉંઘી જાઉં તો મને જગાડજો. નહિતર ગાડી ચૂકી જવાશે. એમ કહો છો ને ? બોલો નગીનભાઇ ! નટુભાઇ ! હું બધાના નામ નથી જાણતી એટલે નામ નથી બોલતી પણ આ વાત બધાના માટે છે. તમે એમ ન માની લેતા કે મહાસતીજી આ લોકોને જ કહે છે.

ગાડી ઉપડવાના સમય પહેલાં તમે સ્ટેશને પહોંચી જાઓ છો ને ગાડી આગલા સ્ટેશનેથી છૂટે એટલે પ્લેટફોર્મ ઉપર જઇને ઊભા રહો છો. તેમાં પણ તમે જો એકલા હો અને સામાનમાં એક થેલી જ હોય તો બહુ ચિંતા નહિ. સહેલાઇથી ગાડીમાં ચઢી શકો પણ સાથે પત્ની હોય, બાળકો હોય, બેગ–બીસ્તરા હોય ત્યારે તમને શું થાય ! ભમતીયો ખૂકે ને ? (હસાહસ) ટૂંકમાં એક ગાડીમાં બેસવા માટે તમારી કેટલી સાવધાની છે ! તો હવે જ્ઞાનીપુરૂષો પણ તમને પોકાર કરીને કહે છે કે હે માનવ ! હવે જલ્દી તું સાવધાન બની જા, અને સમજી લેજે કે–

મૃત્યુની ગાડી આવી રહી છે, સિગ્નલ અપાઈ ગયું છે, ઘંટ વાગી ગયો છે. જીવન રૂપી ધરતીમાં એના આગમનના ધબકારા વાગી રહ્યા છે. એ અતિ વેગથી આવી રહી છે. એમ જ લાગે છે કે પળ બે પળમાં જ એ ગાડી આવશે અને ઉપડી જશે. આપણે લાખો પ્રયત્નો કરીશું તો પણ એ વધારે વાર રોકાવાની નથી. એનો સમય થશે એટલે એ ચાલવા માંડશે.

બંધુઓ! આ જ ગાડીમાં સૌ કોઈને એક દિવસ ગયા વિના છૂટકો નથી. તો પછી એ ગાડી આવતાં પહેલાં સજ્જ થઈને શા માટે ન રહેવું? જેમણે ગાડી આવતાં પહેલાં પોતાની બધી તૈયારીઓ કરી લીધી છે તેમને આકુળવ્યાકુળ થવું પડતું નથી. એ તો એમ સમજે છે કે હું તો સંસારભૂમિનો એક યાત્રી છું. આ માનવ ભવ રૂપી સ્ટેશનમાં થોડા સમય માટે વિસામો લેવા આવ્યો છું. તેમાં આટલા બધા પુદ્ગલના–પરિગ્રહના પથારા શા! અને આ પથારા માટે બધા મુસાફરો સાથે ઝઘડા ને કલેશ શા માટે કરવા જોઈએ! આ સ્થાન તારું ને આ સ્થાન મારું, તારી પાસે સાવ ઓછો (પરિગ્રહ) સામાન અને મારી પાસે આટલો બધો સામાન–એનો આટલો બધો ગર્વ શા માટે કરવો? જેમ ઓજો એ છો હશે તેમ મુસાફરી સુગમ થશે. વધારે સામાનવાળાને વધારે ચિંતા અને ઓછા સામાનવાળાને ઓછી ચિંતા રહેશે.

પરિગ્રહના પોટલા એ તો પાપના પોટલા છે. તો પછી જગ્યા અને હક્ક માટે ગમે તેટલો કલેશ કરશો તો પણ થોડા સમયમાં આ મુસાફરખાનું છોડીને જવાનું છે. અહીંથી છૂટા પડયા પછી કોઈ ક્યાં ને કોઈ ક્યાં ચાલ્યા જશો. સાથે શું લઈ જવાનું છે! આવું સમજીને દરેક જીવો સાથે મૈત્રીભર્યા સંબંધ બાંધો. મૃત્યુની ગાડી એક દિવસ ઓચિંતી આવી જશે ત્યારે સામાન બાંધવાનો, સગાં-સ્નેહીઓને અને મિત્રોને મળવાનો અને શાંતિભરી વિદાય લેવાનો સમય ક્યાંથી મળશે? તેના કરતાં અગાઉથી જ બધી તૈયારી કરી લઈએ તો ગમે ત્યારે ગાડી આવે તો હસતા મુખડે તેમાં બેસીને આ ફાની દુનિયામાંથી વિદાય લઈએ. જતી વખતે હસતા હસતા કોણ જાય? જેમણે પોતાની જીવન-સાધના સાધી લીધી છે, ઝુંપડી છોડીને મહેલમાં જવાનું છે તે હસતા હસતા જ જાય ને? તમે ચાલીના રૂમમાંથી નીકળીને બ્લોકમાં રહેવા જાઓ તો આનંદ થાય ને? તેમ આ મૃત્યુલોકમાંથી નીકળી એકાવતારી બનવાનું થાય તો આનંદ જ થાય ને? એમને મરણનો ડર લાગે ખરો? મૃત્યુનો ડર કોને લાગે?

મૃત્યુની ભીતિ દિલમાં કોને લાગે? જીવનભર અંધારાને જે ના ત્યાગે,
અજ્ઞાની શું જાણે કર્મોના મહિમાને, મૃત્યુ આવે ત્યાં ફફડાટી જાગે,
જન્મે એને મરવાનું એ જેને સમજાય, એવા જ્ઞાનીને તો મીઠું લાગે મોત-જેણે.

આનો ભાવ તમે સમજી ગયા ને? જેણે જીવન ભોગવિલાસમાં વીતાવ્યું છે તેને ડર લાગે પણ જેણે પરભવનું ભાતુ બાંધી લીધું છે ને જે સમજે છે કે જે જન્મે છે તેને એક દિવસ જવાનું છે. તેને ફફડાટ થતો નથી.

જેમણે જીવનની જ્યોત ઝળકાવી હતી, જેમણે હસતે મુખે આ ફાની દુનિયામાંથી વિદાય લીધી છે એવા અમારા મહાન વૈરાગી પૂ. તારાબાઈ મહાસતીજીની આજે પુણ્યતિથિ છે. એમની સ્વર્ગારોહણ તિથિ તો મહાવદ બીજની છે પણ ચાતુર્માસના દિવસોમાં વધારે ધર્મારાધના થાય તે દૃષ્ટિથી ખંભાત સંઘે અષાડ વદ બીજની તિથિ નિર્માણ કરી છે. એટલે ખંભાત સંપ્રદાયના દરેક ક્ષેત્રોમાં આ પુણ્યતિથિના દિવસે ધર્મારાધના થાય છે.

પૂ. તારાબાઈ મહાસતીજી એક મહાન પવિત્ર સતી હતા. જ્યારે જ્યારે તેમની પુણ્યતિથિના દિવસે અઠ્ઠમ આદિ ધર્મારાધના કરાવીએ ત્યારે ઘણા જ પ્રમાણમાં થાય છે. આજે તમે પ્રત્યક્ષ જોઈ શકો છો કે ૧૭૧ ઉપરાંત અઠ્ઠમ થયા છે. ૭૫ પૌષધ થયા. આખો દિવસ વાતાવરણ ધર્મારાધનાથી ગાજતું ને ગુંજતું રહ્યું છે. આજે ચાલુ દિવસ છે ને સમય થવા આવ્યો છે એટલે ટૂંકમાં હું તેમનું જીવનચરિત્ર કહીશ.

પૂ. તારાબાઈ મહાસતીજીનો જન્મ અમદાવાદમાં થયો હતો. માતાનું નામ સમરતબહેન અને પિતાનું નામ ઉગરચંદભાઈ હતું. ચૌદ વર્ષની ઉંમરે તારાબહેનના લગ્ન થયા એમને ઘેર મહાન સાહ્યબી હતી. સંસાર સુખની કોઈ કમીના નહોતી, પણ કર્મની લીલા અલૌકિક છે. ૨૧ વર્ષની ઉંમરે તો તેમના સંસાર સુખના ભંડાર લૂંટાઈ ગયા. સ્ત્રીને મન તો પતિ સર્વસ્વ હોય છે. પતિ સ્વર્ગવાસ થયા ત્યારે ચારે દીકરાઓ નાના હતા. આવી સ્થિતિમાં પતિ જતાં તારાબહેન ખૂબ કલ્પાંત કરતાં હતાં. તારાબહેનને ખૂબ ઝૂરાપો કરતાં જોઈને એમના પાડોશી કહે છે તારાબહેન! દોલતખાનાના ઉપાશ્રયે પૂ. શારદાબાઈ મહાસતીજીનું ચાતુર્માસ છે. તો તમે ત્યાં ચાલો. ત્યાં તમારા મનને શાંતિ મળશે. આમ કયાં સુધી ઝૂર્યા કરશો? પાડોશીએ બે ત્રણ વખત કહ્યું એટલે તેઓ ઉપાશ્રયે આવ્યા, હું પણ ગૌચરી જાઉં ત્યારે તેમને કહું–બહેન! આ સંસાર સંયોગ–વિયોગનું ઘર છે. તેમાંથી શાંતિ મેળવવી હોય તો સત્સંગ કરો.

સત્સંગના પ્રભાવથી દુઃખમાં પણ સુખ મળશે. એટલે તેઓ વધુ ઉપાશ્રયે આવવા લાગ્યા. વ્યાખ્યાન વાણી સાંભળતાં તેમના આત્માને લાગ્યું કે આ સંયોગ અને વિયોગના ઘર સમા સંસારમાંથી ઉગરવા માટે સંયમ જ શ્રેષ્ઠ માર્ગ છે. આવું સમજાતાં તેમનો આત્મા વૈરાગ્યના રંગે રંગાઈ ગયો. પછી તો એવી લગની લાગી કે મારે જલ્દી દીક્ષા લેવી છે. એમને ધર્મારાધના કરતા જોઈને તેમના કુટુંબીજનોને લાગ્યું કે આ તારાબહેને જેટલું સુખ ભોગવ્યું તેટલા જ તેઓ ધર્મના માર્ગે વળી ગયા છે. હવે એ સંસારમાં રહેશે નહિ. એટલે તેમના સગાવહાલાઓ ભેગા થઈને અમારી પાસે આવ્યા ને કહ્યું–

મહાસતીજી! તારાબહેનને હમણાં તમે દીક્ષા ન આપશો. એનો એક દીકરો મોટો થાય, તેને પરણાવે પછી ભલે દીક્ષા લે અને તારાબહેનને પણ કહ્યું કે તમારી સંયમ લેવાની ભાવના ઉત્કૃષ્ટ છે. ભલે, તમે દીક્ષા લો પણ હમણાં તમારું કર્તવ્ય અદા કરો, ત્યારે એમણે કહ્યું કે મને મારી જવાબદારીનો પૂરો ખ્યાલ છે. હું એવી પાગલ નથી કે છોકરાને નોંધારા મૂકીને નીકળી જાઉં.

"તારાબહેને માંગેલી દીક્ષાની આજ્ઞા" : સમયને જતા કયાં વાર લાગે છે. પોતાના દીકરાઓમાં સુસંસ્કારોનું સિંચન કરતાં સંસારમાં રહીને પોતાની ફરજો અદા કરવા લાગ્યા. આમ કરતાં સૌથી મોટા પુત્રના લગ્ન કર્યા. પુત્રવધૂના જીવનનું સુંદર ઘડતર કરીને કહ્યું–મેં મારી ફરજ બરાબર અદા કરી છે. હવે આ ઘરબાર અને નાના ભાઈઓને તમે સંભાળી લેજો ને મને મારા માર્ગે જવાની આજ્ઞા આપો.

"પુત્રોએ આપેલો જવાબ:" ત્યારે દીકરાઓ કહે છે–બા! તેં તો અમને ભણાવ્યા, મોટા કર્યા. હવે અમારે તારી સેવા કરવાનો સમય આવ્યો ત્યારે તું કયાં જાય છે? અમે દીક્ષા નહિ લેવા દઈએ. કોઈપણ હિસાબે આજ્ઞા ન મળતાં તેઓ ઉપવાસ ઉપર ઉતર્યા. આથી સંઘમાં, સમજમાં ને કુટુંબમાં બધાને આઘાત લાગ્યો, ને સૌ કોઈ છોકરાઓને ખૂબ સમજાવવા લાગ્યા. કોઈ પણ હિસાબે છોકરાઓ માનતા નથી. છેવટમાં ચાર ઉપવાસે દીક્ષાની આજ્ઞા આપી.

"દીક્ષાની આજ્ઞા મળતાં હર્ષનાં હિલોળે ચઢેલું હૃદય:" તારાબહેનને આજ્ઞા મળતાં આનંદનો પાર ન રહ્યો. તેઓ કહે–મારે તો અષાડ સુદ બીજના દિવસે દીક્ષા લેવી છે. મુહૂર્ત જોવડાવવું નથી–પણ પૂ. ભાઈચંદજી મહારાજસાહેબ વિગેરેના આગ્રહથી મુહુર્ત જોવડાવ્યું તો અષાડ સુદ બીજનો જ દિવસ આવ્યો. એમને મન આનંદ હતો પણ છોકરાઓના દિલમાં ભયંકર આઘાત હતો. એટલે તારાબહેન કહે છે કે મારે ઝડમાઠ કંઈ કરવો નથી. સાદાઈથી જ દીક્ષા લેવી છે, જેટલો તેમનો દૃઢ વૈરાગ્ય તેટલી જ તેમની કસોટી હતી. બાળકોના કલ્પાંત આગળ ભલભલાના હૃદય કંપી જાય પણ મહાન વૈરાગી તારાબહેનને તો હર્ષનો પાર નથી. બંધુઓ! કુંવારા દીક્ષા લેવી સારી પણ સંતાનોનો મોહ છોડવો બહુ મુશ્કેલ છે. જે સંતાનો છોડીને દીક્ષા લેવા નીકળે છે તેની કસોટી અજબગજબની થાય છે. એવા સંતાનોનો મોહ છોડીને તારાબહેને દીક્ષા લીધી.

"સંયમ લીધા પછીની ઉત્તમ ભાવના:" દીક્ષા લીધા પછી તેઓ મને એમ જ કહેતા કે મહાસતીજી! મારે કોઈ વિદ્વાન કે વ્યાખ્યાતા નથી બનવું, મારે તો પંડિત મરણે મરવું છે ને જલ્દી ભવનો અંત લાવવો છે. દીક્ષા લઈને વૈરાગી બહેનોને તથા નવદીક્ષિત નાના સતીજીઓને ભણાવવા વિગેરે બધું કાર્ય તેઓ સંભાળતા હતા.

માંદા-સાજા વિગેરેની સંભાળ રાખતા હતા. દીક્ષામાં નાના હતા પણ ગુણમાં મોટા હતા. તેમના તો હું જેટલા ગુણ ગાઉં તેટલા ઓછા છે.

સંવત ૨૦૧૮ માં અમે મુંબઈ આવ્યા. પ્રથમ ચાતુર્માસ કાંદાવાડી થયું, પછી અનુક્રમે માટુંગા, દાદર ચાતુર્માસ કર્યા–બાદ અનુક્રમે ૨૦૨૧ માં પાર્લા ચાતુર્માસ થયું. આ ચાતુર્માસમાં તેમણે છકાઇ, અઠ્ઠાઇ, પાંચ, ચાર, એવા ઉપવાસ કર્યા. ચાતુર્માસ પૂર્ણ થવા આવ્યું ત્યાં આસો માસમાં કેન્સરનું દર્દ થયું. ડોકટરે અમને વાત કરી પણ મેં તેમને વાત ન કરી. છેવટે તેમને જાણ થઇ તો પણ મનમાં સહેજ પણ ઉદ્વેગ ન થયો, પણ પ્રસન્નતાથી કહે છે–મહાસતીજી! તમે શા માટે ચિંતા કરો છે? આ તો દેહનું કેન્સર છે. દેહના કેન્સર સાથે કર્મનું કેન્સર થઈ જાય તો કેવું ઉત્તમ! તેમનો આત્મા ખૂબ જાગૃત હતો. શૂરવીર ને ધીર થઈને કર્મ ખપાવતા હતા. છેવટે એમને ટાટામાં લઈ ગયા ને ટ્રીટમેન્ટ અપાવી એટલે દર્દ નાબૂદ થયું અને સં. ૨૦૨૨માં ઘાટકોપર ચાતુર્માસ થયું. ચાતુર્માસ પૂર્ણ થતાં કારતક સુદ પુનમના દિવસે બપોરના આલોચના કરતાં તેમને માથામાં અસહ્ય દુખાવો ઉપડ્યો. તે દુખાવો બે દિવસ રહ્યો, પછી મટી ગયો, અને પછી મહા મહિનામાં માટુંગા પધાર્યા ત્યાં તેમને ફરીને દર્દ ઉપડ્યું.

માટુંગા સંઘે માથાના સ્પેશ્યાલીસ્ટ મોટા મોટા ડોકટરોને બોલાવ્યા. ડોકટરોએ કહ્યું કે આ દર્દ ભયંકર છે. આવા દર્દીઓ તો ભીંત સાથે માથા પછાડે છે પણ આ સતીજીની સહનશીલતા અજબ ગજબની છે. ડોકટરો પણ તેમના ચરણમાં પડી ગયા ને બોલી ઉઠ્યા–સતીજી! આપને ધન્ય છે! આમ કહી કંઈ ચાર્જ લીધા વિના ચાલ્યા જતાં. મહા સુદ આઠમને શનીવારે માટુંગામાં મંદાકિનીબાઇનો ભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવાયો. પછી મને કહી દીધું કે મહાસતીજી! હવે મારી મમતા છોડી દો. હું વડી દીક્ષા જોવાની છું. તેમના આ ગૂઢ સંકેતને હું સમજી શકી નહિ. મેં કહ્યું. વડી દીક્ષા તો સાયન છે ને તમારી તબિયત સારી નથી. તમે ત્યાં કેવી રીતે આવી શકશો? તો કહે કે હું વડી દીક્ષા જોવાની છું, ત્યાર પછી કહે કે મને અંતિમ આલોચના કરાવો. હું અઢી દિવસ છું. બીજે દિવસે હું વડી દીક્ષા આપવા સાયન જતી હતી ત્યારે કહે છે કે મહાસતી! આપ વડી દીક્ષા આપીને વહેલા પધારજો. તે દિવસે તેમણે દશ ને દશ મિનિટે ધૂન બોલવાની શરૂ કરી.

"દેહ મરે છે હું નથી મરતી અજર અમર પદ મારું"

વડી દીક્ષા પતાવીને હું આવી ત્યારે તેઓ આ ધૂન બોલતા હતાં, મેં કહ્યું કે તારાબાઈ! આ શું બોલો છો! તો કહે જે સત્ય છે તે બોલું છું. દેહ મરવાનો છે, હું નથી મરવાની. મહાસતીજી! નવા સીવેલા કપડા તૈયાર છે ને? મેં કહ્યું, કપડા તો છે પણ સીવેલા નથી, તો કહે તરત સીવડાવી લો. શા માટે આવું કહ્યું! આપ સમજી ગયા હશો.

મારા ગુરૂણીને પાછળ કંઈ ફિકર ના રહે. છેવટમાં કહે, મહાસતીજી ! હું ખંભાત આવવાની નથી પણ ચંદ્રિકાની દીક્ષા ખૂબ સારી રીતે ઉજવજો. તા. ૨૫ મી ને શનિવારે કહે-મહાસતીજી ! ગોચરી વધારે ન લાવશો. પાણી પણ વધુ ન લાવશો. જે હોય તે બધું પતાવી દેજો. કંઈ રાખશો નહિ. વાપરવાનું કાર્ય પત્યું એટલે કહે કે મારે કપડા બદલવા છે. તેમ કહી પોતે મરણ પછી જે પહેરવાના હોય તે પહેરી લીધા. મને કહે કે આજે હું આપને ખોળે માથું મૂકીને દેહ છોડીશ ને આપણા ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ પાસે જઈશ.

આવું કહેવા છતાં હું વ્યાખ્યાનમાં તૈયાર થઈ. દાદરે પહોંચી અને અવાજ આવ્યો કે બા મા. ઘડીભર વિચારમાં પડી ગઈ. શું કરું ? પણ ફરીને કોઈ ચેતવણી આપતું હોય તેમ થયું. તેથી પાછી આવી. જ્યાં પાટે બેઠી ત્યાં મારા ખોળામાં માથું મૂકી દીધું ને બોલ્યા– ગુરૂણીદેવ ! દેહ તો નશ્વર છે. તમે મારો રાગ ન રાખશો. તમે ખૂબ હિંમત રાખજો. એમ કહી મસ્તકે હાથ મૂકીને કહે છે હે આદેશ્વર દાદા ! મને ભવોભવ તમારું શરણું હોજો. એમ ત્રણ વાર બોલ્યા ત્યાં હું ચમકી. ત્યાં મને થઈ ગયું કે હવે મારા તારાબાઈ મને મૂકીને ચાલ્યા. પછી મેં તરત સંથારાના પચ્ચખાણ આપ્યા. ત્રણ દિવસ પહેલાં તેમણે સંથારાના પચ્ચખાણ માંગેલા પણ મેં આપ્યા નહિ. ૯–૪૫ મિનિટે મેં તેમને સંથારાના પચ્ચખાણ કરાવ્યા ત્યારે તેમના મુખ ઉપર અલૌકિક હર્ષ થયો કે આજે મારી ભાવના પૂર્ણ થઇ. આજે હું ભાગ્યશાળી બની ગઈ.

સંથારો કરીને એ તો ધૂનમાં મસ્ત બની ગયા. છેલ્લા શ્વાસ સુધી "**દેહ મરે છે હું નથી મરતી, અજર અમર પદ મારું.**" એ ધૂન ચાલુ રાખી. હું વ્યાખ્યાનમાં ન ગઇ એટલે સંઘને થયું કે તારાબાઇ મહાસતીજીની તબિયત બરાબર નહિ હોય. પણ મને ખબર ન પડી કે વ્યાખ્યાન બંધ કરાવું. અમે તો નવકાર મંત્ર બોલતા હતા. દશ વાગે વ્યાખ્યાન બંધ થયું એટલે સંઘના ભાઈ બહેનો ઉપર આવ્યા. તારાબાઈ મહાસતીજીએ પોતે ધૂન બોલતાં ૪૮ વર્ષની ઉંમરે તા. ૨૫ મી ને શનિવારે ૧૦ ને ૧૦ મિનિટે સાડા આઠ વર્ષની દીક્ષા પર્યાય પાળી સકળ સંઘની હાજરીમાં જ્ઞાન-ધ્યાનમાં મસ્ત બનતા નશ્વર દેહનો ત્યાગ કર્યો. એમની જે ભાવના હતી કે મારે પંડિત મરણે મરવું છે તે ભાવના પરિપૂર્ણ થઈ.

તેઓ ઓછી દીક્ષા પર્યાયમાં કામ કાઢી ગયા છે. એમના ગુણ રૂપી ગુલાબના પુષ્પો તો ઘણાં છે. ચાલુ દિવસ છે. ટાઈમ થયો છે માટે બંધ કરું છું. ૧૧ મી પુણ્યતિથિ છે તો ઓછામાં ઓછા ૧૨ આયંબીલ, ઉપવાસ વિગેરે જે બને તે લેજો. તો જ આપણે પૂ. તારાબાઈ મહાસતીજીને શ્રદ્ધાંજલી આપી ગણાય. (પૂ. તારાબાઇ મહાસતીજીનું જીવન સાંભળીને શ્રોતાજનોની આંખો આંસુથી છલકાઈ ગઈ હતી.)

વ્યાખ્યાન નં. ૭

અષાઢ વદ ૩ ને શનિવાર તા. ૨૨-૭-૭૮

અનંત ઉપકારી સર્વજ્ઞ અને સર્વદર્શી ભગવંતોએ માનવ ભવના મહાન મૂલ્ય આંકયા છે. તેનું કારણ શું? તે તમે જાણો છો ને? દેવ જેવા દેવભવના નહિ અને માત્ર મનુષ્ય ભવના જ ભગવાને મૂલ્યાંકન કર્યા હોય તો તેનું કારણ એક જ છે. અહીં માણસને પરમ પુરૂષાર્થ ખેડીને મોક્ષમાં જવાની ઉત્તમ તક મળી છે. જો આત્મા આ તકને વધાવી લે તો આના જેવી બીજી કોઈ ઉત્તમ તક નથી. સંસારમાં તો તમને ઘણી તકો મળે છે. તેને તમે કેવી વધાવી લો છો? વહેપારમાં સીઝનનો સમય હોય ત્યારે સમજો છો કે આ નાણાં કમાવાની તક છે. સ્કૂલમાં વિદ્યાભ્યાસ કરતો વિદ્યાર્થી પરીક્ષા નજીક આવે છે ત્યારે વિચાર કરે છે કે અત્યારે મારે અભ્યાસ કરવાની તક છે. જો અભ્યાસ બરાબર નહિ કરું તો વર્ષ નકામું જશે. વરસાદ આવે ત્યારે ખેડૂત સમજે છે કે વાવણી કરવાની તક છે. આ રીતે દરેક મનુષ્યો પોતાને લગતી તક આવે ત્યારે તે ઝડપી લે છે, પણ આ માનવ-ભવમાં આવીને ધર્મકમાણી કરવાની તકને માનવી ઝડપી લેતો નથી. એ એક અફસોસની વાત છે, પણ તમારા દિલમાં એ વાત કોતરી રાખજો કે સંસાર સુખને અર્થે તમે જે તકોને ઝડપી લો છો તે સાચી તક નથી. સાચી તક કઈ?

સાચી તક તો તેને જ કહેવાય કે જે સ્વ-પર આત્માને મહાન કલ્યાણ-કારિણી હોય. એવી તક મળવી મહાન દુર્લભ છે. તેને ઝડપી લેશું તો સ્વ-પર કલ્યાણ સાધી શકાશે.”

તમે જે તકને તક સમજીને ઝડપી લો છો એ તો સંસાર વધારનારી છે. બાલપણ એટલે મા-મા કરવાની અને રમવાની જ તક ને? યુવાનીમાં રંગરાગ ઉડાવવાની અને પૈસા કમાવાની જ તક ને? અને ઘડપણમાં પુત્ર અને પૌત્રોને સંભાળવાની જ તક છે ને! આવી તકને ઝડપી લેનારો માનવી કદી પોતાના આત્મા તરફ દૃષ્ટિ નથી કરતો. જેને પાપની કે ભવની ભીતિ નથી લાગતી તે સંસારમાં ખૂંચી જાય છે. જ્ઞાનીપુરૂષો કહે છે કે: **“પાપભીરૂ બન્યા વિના આત્મા પવિત્ર નહિ બને અને ભવભીરૂ બન્યા વિના ભવકટ્ટી નહિ થાય.”** આટલું વાકય લક્ષમાં લઈને વિચાર કરશો તો સમજાશે કે આત્માને પાપના મેલથી સાફ કરીને પવિત્ર બનાવવાની અને ભવકટ્ટી કરવાની અમૂલ્ય તક હોય તો તે આ માનવભવ છે. તેમાં પણ તમે કેટલા ભાગ્યવાન છો કે આવું ઉત્તમ-કુળ, જિનવાણીનું શ્રવણ અને જિનશાસન મળ્યું છે.

ભગવાનની અંતિમ વાણી એવું ઉત્તરાધ્યયન સૂત્ર કે જેમાં અમૂલ્ય ભાવરત્નો રહેલા છે. જેમ ઝવેરી રત્નોની પારખ કરી શકે છે કે આ રત્નના કેટલા મૂલ્ય છે, કયા રત્નમાં

શું ગુણ છે ! તેવી રીતે આત્માર્થી પુરૂષો આગમના શબ્દે શબ્દમાં રહેલા રત્નના મૂલ્ય આંકી શકે છે. આપણે પ્રથમના ચાર અધ્યયનની વાત કરી. ચોથા અધ્યયનની પ્રથમ ગાથામાં ભગવંતે કહ્યું કે જીવન ક્ષણભંગુર છે. આયુષ્યનો તાર તૂટયા પછી સંધાતો નથી. માટે પ્રમાદ છોડીને આત્મસાધના કરી લો. જે આત્મા પ્રમાદનો ત્યાગ કરી કલ્યાણનો કામી બને છે તે પંડિત મરણે મરી શકે છે. તેથી પાંચમાં અધ્યયનમાં ભગવાને સકામ મરણ અને અકામ મરણની વાત સમજાવી છે.

પંડિત મરણે કોણ મરી શકે ? જેમણે માનવભવની અમૂલ્ય તકને ઝડપી લીધી છે તે. કાલે પૂ. તારાબાઈ મહાસતીની વાત કરી હતી કે કેવું એમનું પંડિત મરણ થયું હતું ! મેં તો તમને ટૂંકમાં જ વાત કરી હતી પણ જો વિસ્તારથી તમે સાંભળ્યું હોત તો તમને એમ જ થાત કે કેવું સુંદર પવિત્ર જીવન અને કેવું પંડિત મરણ ! જીવન જીવ્યા એનું નામ કહેવાય. બાકી તો કીડાની જેમ જન્મ્યા ને મર્યા એની કોઈ કિંમત નથી. ઉત્તરાધ્યયન સૂત્રના પાંચમાં અધ્યયનમાં ભગવાને કહ્યું છે કે સકામ મરણે કોણ મરે છે ને અકામ મરણે કોણ મરે ?

बालाणं तु अकामं तु, मरणं असइं भवे ।
पंडियाणं सकामं तु, उक्कोसेण सइं भवे ॥३॥

સત્ અસત્ના વિવેકથી જે વ્યક્તિ વિકળ છે એવા બાલ જીવોનું મરણ તેનું નામ અકામ મરણ. આવા મરણ અનેક વાર થયા છે. અકામ મરણવાળો ઇચ્છે કે મને મરણ ન આવે તો સારું. છતાં મરણ તો બધાને આવે છે. કામભોગમાં આસક્ત બનેલા અજ્ઞાની જીવો કદી એવું નથી સમજતા કે એક દિવસ આ બધું છોડીને મારે જવાનું છે. આ રીતે વિષયો પ્રત્યેના રાગને કારણે તે જીવોને ચાર ગતિ રૂપ સંસારમાં વારંવાર જન્મ લેવો પડે છે, અને વારંવાર મરવું પડે છે. જે ચારિત્રસંપન્ન જીવો છે તેનું સકામ મરણ થાય છે. મૃત્યુના અવસરને તેઓ એક મહાન ઉત્સવ જેવો માને છે. એમને મરણજન્ય દુઃખોનો સ્હેજ પણ અનુભવ થતો નથી. મરણ આવે તો ભલે આવે. મને તેનો ડર કે ચિંતા નથી. જીવવાની અભિલાષા નહિ ને મરણની ભીતિ નહિ. ચારિત્રવાન જીવો મારું જલ્દી મરણ થાય તેવી ઇચ્છા કરતા નથી. સંયમી જીવોનું સકામ મરણ જઘન્યની અપેક્ષાએ એક વખત અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ સાત આઠ વાર થાય છે. જઘન્ય એક વખત સકામ મરણ થાય છે તે કેવળી ભગવંતોની અપેક્ષાએ છે, અને ઉત્કૃષ્ટ સાત આઠ વાર તે ભાવચારિત્ર અપેક્ષાએ.

"રડતા જવું છે કે હસતા ?" :—બંધુઓ ! આપણે તો ટૂંકમાં એક જ વાત સમજવી છે કે જીવન જીવ્યાનો સાર પંડિત-સકામ મરણ છે. જ્ઞાની પુરૂષો જન્મથી ડરે

છે ને અજ્ઞાની મરણથી ડરે છે. અજ્ઞાની મનુષ્યોને મરણ આવે ત્યારે ગભરાય છે, રડે છે ને ઝૂરે છે કે અરેરે...હવે મારે આ બધું છોડીને જવું પડશે. જ્યારે જ્ઞાની પુરૂષોના મનમાં એમ થાય છે કે મને માનવદેહ મળ્યો છે તો એવી કરણી કરી લઉં કે ફરીને મારે જન્મ-મરણ કરવા ન પડે. આ દેહ એ તો બારદાન છે ને ચેતનદેવ એ માલ છે. જ્યાં સુધી બારદાનમાં માલ છે ત્યાં સુધી તેની કિંમત છે. આ તો તમારા અનુભવની વાત છે ને? બારદાનમાંથી માલ કાઢી લીધા પછી બારદાનને સાચવો કે કચરામાં ફેંકી દો? શું કરો? (શ્રોતામાંથી અવાજ :-માલ કાઢી લીધા પછી બારદાનને કોઇ સાચવતું નથી.) તો હવે તમે એક વાત સમજી લો કે આ શરીરરૂપ બારદાનમાંથી ચેતન રૂપી માલ ગયા પછી એની શું દશા? (જવાબ :-ઝટ કાઢો, ઝટ કાઢો) અરે, આ શું બોલો છો? આવું જાણો છો તો સમજીને શરીરનું મમત્વ છોડીને એવી સાધના કરી લો કે ફરીને ગર્ભની ગંધાતી કોટડીમાં પૂરાઈને જન્મ લેવો ન પડે. આ રીતે ભગવાને સકામ-અકામ મરણની વાત સમજાવી.

હવે છઠ્ઠા અધ્યયનની પહેલી ગાથામાં ભગવાન એ સમજાવે છે કે દરેક જીવોએ જ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઇએ. જ્ઞાન એ આત્માનો ઉજાસ છે ને અજ્ઞાન એ અંધકાર છે. જ્ઞાનવાન મનુષ્ય સુખી થાય છે. કર્મોદયે દુઃખ આવે તો પણ તે દુઃખમાંથી સુખ શોધે છે ને અજ્ઞાની જીવ અંધકારમાં આથડે છે. માટે જીવને જ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર છે.

" जावन्ति ऽविज्जापुरिसा, सव्वे ते दुक्खसंभवा ।
लुप्पन्ति बहुसो मूढा, संसारम्मि अणंतए ॥ "

સમ્યગ્જ્ઞાન રૂપ વિદ્યાથી રહિત, મિથ્યાત્વથી ભરેલા જેટલા મનુષ્યો છે તે સર્વે અનંત દુઃખની ઉત્પત્તિના સ્થાનભૂત છે. તથા હિતાહિત વિવેકથી રહિત છે. તે અંત-રહિત ચારગતિ રૂપ સંસારમાં તે જીવો અનેકવાર જન્મ-જરા-મરણ તથા આધિ, વ્યાધિ અને દરિદ્રતા વિગેરે દુઃખોથી પીડાય છે. જે જીવોમાં જ્ઞાન હોય છે તે દુઃખ પામતા નથી. જ્ઞાન જેવું કોઇ સુખ નથી ને અજ્ઞાન જેવું કોઈ દુઃખ નથી. જ્ઞાન જેવો પ્રકાશ નથી ને અજ્ઞાન જેવો કોઇ અંધકાર નથી.

દુનિયામાં દેખીતો અંધકાર એ અંધકાર નથી પણ અજ્ઞાન એ ભયંકર કોટીનો અંધકાર છે જે ઉત્તરોત્તર અવનવા અંધકારોને ઉત્પન્ન કરે છે.

અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે. એક નાના ગામમાં બધા માણસો અજ્ઞાન અને અભણ હતા. રાત પડે એટલે અંધારું થાય એ તો એક સામાન્ય વાત છે, પણ આ લોકોને એવી ખબર ન પડે કે અંધકારને દૂર કરવા માટે શું કરવું જોઇએ. એ જમાનામાં

લાઈટો[૨]ન હતી. પણ તે માણસોને દીવો કરવાનું પણ જ્ઞાન ન હતું. મોડી રાત થાય એટલે ત્યારથી સવાર સુધી અંધારાને કાઢવા માટે લાકડીઓ લઈને અંધકારને મારીને કાઢી મૂકવા મથતા. વધુ શું કહું ! લાકડીઓ પકડીને હથેળીઓ સૂઝી જતી અને ભાવડા રહી જતા પણ મૂર્ખાઓને ખબર પડતી નહોતી કે અંધારું કેમ જાય ? એ તો સૂર્યોદય થાય એટલે માની લેતા કે હવે અંધારું ભાગી ગયું. આ રીતે ઘણાં વર્ષો સુધી ચાલ્યું. જ્ઞાનીપુરૂષોએ કહ્યું છે કે " गतानुगतिको लोकः न लोकः पारमार्थिकः " । આંધળી દોટની માફક ચાલતું જ રહ્યું, એકે કર્યું, બીજાએ કર્યું. એમ એક પછી એક અજ્ઞાની લોકો એકબીજાની નકલ કરતા જ રહ્યા, પણ કોઈએ પોતાની અક્કલનો ઉપયોગ કર્યો નહિ ને હાથમાં લાકડી લઈને અંધારાને ભગાડતા જ રહ્યા, પણ મૂર્ખાઓને ખબર ન પડી કે અંધારાને લાકડીથી ન કઢાય. અંધારાને ભગાડવાનો કોઇ ઉપાય તેમણે શોધ્યો નહિ. અરે ! એક દિવાસળી પેટાવે તો ય અંધારું ભાગી જાય.

હવે આ રીતે વર્ષો વીત્યા પછી ગામના સદ્‌ભાગ્ય જાગ્યા કે એક ઘરમાં કોઇ સુસંસ્કારી અને સદ્‌ગુણી વહુ પરણીને આવી. વહુએ આખો દિવસ કામકાજમાં પસાર કર્યો. સાંજ પડવા આવી એટલે સાસુ કહે છે કે વહુ બેટા ! તમે થાકયા પાકયા અત્યારે સૂઇ જાઓ. પછી સમય થયે અમે તમને જગાડીશું, ત્યારે વહુએ કહ્યું–બા ! અત્યારે સૂઇ જવાનું ને પછી ઉઠાડીશું એમ શા માટે કહો છો ? ત્યારે સાસુએ કહ્યું–તને ખબર નથી કે, રાત્રે અંધારાને ભગાડવા માટે જાગવાનું છે. વહુએ કહ્યું–બા ! તમે કેવી રીતે અંધકારને ભગાડો છો ! ત્યારે સાસુ કહે છે વહુ તો મૂર્ખી લાગે છે. અંધારાને કેવી રીત કઢાય એટલી પણ તેને ખબર નથી પડતી. જો, આ લાકડીઓ, રાત્રે હું ને તારા સસરા, મારો દીકરો અને તું બધાએ ભેગા થઈને અંધારાને મારવાનું એટલે અંધારું ભાગી જશે ને અજવાળું થશે.

" વહુની બુદ્ધિથી ગયેલું દુઃખ " :–ચતુર વહુ આ લોકોનો અજ્ઞાનતાનું કારણ સમજી ગઈ. માત્ર પોતાના ઘરની જ નહિ પણ પોતાના ગામના બધા લોકોની આ દુઃખદ પરિસ્થિતિ જોઇને તેને દયા આવી. તેણે તેના સાસુ–સસરાને કહ્યું, બા–બાપુજી ! તમે અંધારું ભગાડવાનું કામ મને એકલીને જ સોંપી દો અને આખા ગામમાં સાદ પડાવી દો કે આજે અંધારું ભગાડવાનું કામ અમારી પુત્રવધૂને સોંપ્યું છે. તે એકલી અંધારાને ભગાડી મૂકશે. સાસુએ કહ્યું, બેટા ! એમાં તારી એકલીનું કામ નહિ. પછી સાદ પડાવવાની શી જરૂર છે. વહુએ નમ્રતાથી કહ્યું, બા ! તમે જુઓ તો ખરા ! પુત્રવધૂના કહેવાથી ગામમાં સાદ પડાવ્યો. વાયુવેગે ગામમાં સમાચાર પ્રસરી ગયા. લોકોને પણ આશ્ચર્ય થયું કે આ નવી વહુ કેવી રીતે અંધારું કાઢશે ! સૌ જોવા માટે ત્યાં આવી ગયા. સૂર્યાસ્ત થઈ ગયો હતો. ધીમે ધીમે અંધારપટ વધતો જતો હતો. એ સમયે આ નવવધૂએ બધાની વચમાં કોડિયાનો દીવો પેટાવ્યો. એટલે અંધકાર ભાગી ગયો ને અજવાળું પ્રસરી ગયું.

ઘરના ને બહારના બધા જોઈ જ રહ્યા કે આ શું ! ખરેખર આ શેઠની પુત્રવધૂએ તો આપણને નવજીવન આપ્યું. આપણે તો રાતોની રાતો અંધકારને કાઢવા માટે ઉજાગરા કર્યા ને થાકી ગયા. આપણી પાસે આ બધી જ સામગ્રી હતી પણ અત્યાર સુધી આપણે અજ્ઞાનના કારણે દુઃખના દરિયામાં ડૂબકી માર્યા કરી. આ પુત્રવધૂ પર પ્રસંશાના જેટલા પુષ્પો વેરીએ તેટલા ઓછા છે. જુઓ, ગામમાં એક સંસ્કારી વહુ આવી તો બધાનું અજ્ઞાન ટાળીને નવું માર્ગદર્શન આપ્યું. એણે તો દ્રવ્ય અંધકાર દૂર કરવાનું માર્ગદર્શન આપ્યું પણ ભગવાને તો અજ્ઞાન ભાવ અંધકારને ટાળવાનો માર્ગ આપણને બતાવ્યો છે.

" કોટી જન્મના પુણ્યથી, મળ્યો મનુષ્યનો અવતાર,
ભાવ ધરી પ્રભુ ભજ્યા નહિ, લાખો વાર ધિક્કાર. "

આ રીતે જ્ઞાનીપુરૂષોના વચન સમજીને આપણે ભાવ અંધકારને નષ્ટ કરી જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ. આ મનુષ્ય જન્મમાં જ ભાવ અંધકાર નષ્ટ કરી શકાશે. આ જીવન ચાર દિવસની ચાંદની જેવું છે. પછી જીવન બૂઝાઈ જશે ને જો ભાવ અંધકાર દૂર કરવાનો પ્રયત્ન નહિ કર્યો હોય તો ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણ ચાલુ રહેશે. આ રીતે છઠ્ઠા અધ્યયનની પહેલી ગાથાનો ભાવ છે. બીજી ગાથાઓમાં પણ ઘણાં ભાવ ભરેલા છે.

હવે સાતમા અધ્યયનમાં ભગવાને સમજાવ્યું છે કે જે જીવો રસમાં આસક્ત બને છે તેની કેવી દશા થાય છે તે સમજાવવા માટે આ અધ્યયનમાં એલક, કાકિણી, આમ્રફળના દૃષ્ટાંતો આપ્યા છે. તે જો જીવ સમજે તો તેની આસક્તિ ઓછી થઈ જાય. હું તમને એક દૃષ્ટાંત ટૂંકમાં સમજાવું.

એક માણસને ઘેર એક બોકડો રાખવામાં આવ્યો હતો, તેમજ એક ગાય અને એક વાછરડી હતી. બોકડાને રોજ લીલું ઘાસ, અનાજ વિગેરે સારું સારું ખવડાવતો હતો. એટલે બોકડો તો બલમસ્ત બન્યો. તે ગાયને સૂકું ઘાસ ખવડાવતો. આ જોઈને વાછરડી એની માતાને કહે છે મા ! તું તો મને પૂરું દૂધ પીવડાવતી નથી અને માલિકને બોઘરણું ભરીને દૂધ આપે છે. છતાં માલિક આપણને સૂકું ઘાસ ખવડાવે છે ને આ બોકડો તો કાંઈ આપતો નથી છતાં તેને કેવું સારું સારું ખાવા મળે છે. તે કેવો હૃષ્ટપુષ્ટ બન્યો છે ! ત્યારે ગાયે એના બચ્ચાને કહ્યું–બેટા ! તું ચિંતા ન કર. આ સૂકું ઘાસ ખાવામાં મઝા છે, એવી માલમલીદા ખાવામાં નથી. જ્યારે માલિકના ઘેર કોઈ મહેમાન આવશે ત્યારે આ બિચારા બોકડાના બાર વાગી જશે. એને ગળે છરી ફેરવીને મારી નાંખશે, ને એનું માંસ રાંધીને મહેમાનોને ખવડાવશે. સમય જતાં એ જ પ્રમાણે બન્યું. બોકડાની દીન હીન દશા જોઈને વાછરડી ધ્રુજી ઉઠી અને એની માતાને કહે છે મા ! તારી વાત

સાચી છે, મને તો આ બોકડાનો દશા જોઈને કંપારી છૂટે છે. ખાવું ભાવતું નથી. ત્યારે ગાયે કહ્યું–બેટા ! તારે ચિંતા કરવાની જરૂર નથી. તને કે મને એ મારશે નહિ. આ દૃષ્ટાંતથી આપણે એ સમજવાનું છે કે જેમ બોકડાને મહેમાનોને ભોગ ધરવા માટે જ સારું સારું ખવડાવીને હૃષ્ટપુષ્ટ બનાવવામાં આવ્યું હતું તેવી રીતે જે અજ્ઞાની મનુષ્યો રસમાં, ભોગમાં ને પાપમાં આસક્ત બને છે તેની નરકમાં એવી દશા થાય છે.

બીજું દૃષ્ટાંત ત્રણ વણિકોનું આપ્યું છે. ત્રણ વણિકો મૂળ મૂડી લઈને વહેપાર કરવા માટે નીકળ્યા. તેમાંનો એક લાભ મેળવે છે, બીજો મૂળ મૂડી પાછી લાવે છે ને ત્રીજો મૂડી ગુમાવીને આવે છે. આ રીતે.

माणुसत्तं भवे मूलं, लाभो देवगइ भवे ।
मूलच्छेएण जीवाणं, नरगतिरिक्खत्तणं ध्रुवं ॥ १६ ॥

જે મનુષ્યત્વ પ્રગટાવે છે તે મૂળ મૂડીને આબાદ રાખે છે. દેવગતિ પામે છે તે લાભ મેળવે છે પણ જે જીવો નરક અને તિર્યંચ ગતિને પામે છે તે ખરેખર મૂળ મૂડીને પણ ગુમાવે છે. આ સાતમા અધ્યયનની વાત કરી. આઠમા અધ્યનનમાં કપિલ કેવળીએ (૫૦૦) પાંચસો ચોરોને સંસારની ક્ષણિકતા સમજાવીને વૈરાગ્ય પમાડી દીક્ષા આપી.

નવમા અધ્યયનમાં નમિરાજર્ષિની વાત આવે છે. નમિરાજર્ષિની વાત ખૂબ જાણવા જેવી છે. નમિરાજનો વૈરાગ્ય કેવો ઉચ્ચ કોટિનો હતો કે ખુદ ઇંદ્ર મહારાજા તેમની પરીક્ષા કરવા માટે આવ્યા છતાં ડગ્યા નહિ. નમિરાજર્ષિને ઘણી રાણીઓ હતી. એકવખત નમિરાજર્ષિના શરીરમાં દાહજ્વરનો રોગ થયો. શરીરમાં અત્યંત બળતરા થવા લાગી. એટલે રાજાની રાણીઓ પોતાના પતિનો શીતોપચાર (વિલેપન) કરવા માટે જાતે ચંદન ઘસવા લાગી. બંધુઓ ! નમિરાજર્ષિના જીવનમાંથી ઘણું જાણવાનું મળે છે. એ મોટા રાજા હતા. એમના ઘરમાં કોઈ જાતની કમીના ન હતી. નોકર ચાકરો ઘણાં હતાં, એ નોકરો ચંદન ઘસવાનું કામ કરી શકત પણ એ જમાનામાં પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પતિની સેવા જાતે જ કરતી હતી. એ રાણીઓ પોતાના પતિનો રોગ જલ્દી શાંત થાય તે માટે પ્રભુને પ્રાર્થના કરતી ચંદન ઘસતી હતી.

" કંકણના રણકારે આત્માનો રણકાર " :—રાણીઓના હાથે ઘણાં કંકણો હતા એટલે ચંદન ઘસતા અવાજ તો થાય જ ને ! જ્યારે શરીરમાં અશાતા હોય ત્યારે અવાજ પણ સહન થતો નથી. નમિરાજર્ષિ પૂછે છે, પ્રધાનજી ! આટલો બધો અવાજ શેનો થાય છે ? ત્યારે કહે છે સાહેબ ! આપના મહારાણીઓ આપના શરીરે વિલેપન કરવા માટે ચંદન ઘસી રહ્યા છે. નમિરાજે કહ્યું–પ્રધાનજી ! આ અવાજ અસહ્ય છે. તેને બંધ કરાવો. પ્રધાને રાણીઓને સૂચના કરી એટલે રાણીઓએ સૌભાગ્યના ચિહ્ન પૂરતા એકેક કંકણ રાખીને બાકીના બધા કંકણો ઉતારી નાંખ્યા. તેથી અવાજ બંધ થઈ ગયો, ત્યારે

નમિરાજે પૂછ્યું. ચંદન ઘસવાનું કામ પૂરું થઈ ગયું ? પ્રધાને કહ્યું, ના, સાહેબ ! કામ તો ચાલુ છે પણ રાણીઓએ એકેક કંકણ રાખીને બાકીના બધા ઉતારી નાંખ્યા તેથી અવાજ બંધ થઈ ગયો. નમિરાજાના વૈરાગ્યનું આ નિમિત્ત છે. તમને પણ સંસારમાં નિમિત્ત તો ઘણાં મળે છે પણ કોણ જાણે હૃદય કેવા કાળમીઢ પાષાણ જેવા બની ગયા છે કે ગમે તેટલા નિમિત્તો મળે કે ઉપદેશ સાંભળો પણ વૈરાગ્ય આવતો નથી. (હસાહસ) નમિરાજે સાંભળ્યું કે એકેક કંકણ રાખીને બધા ઉતારી નાંખ્યા ત્યારે તેમના વિચારોએ કેવો વળાંક લીધો તે સાંભળવા જેવું છે.

" અહો ! આ અનેક કંકણોનો સંઘર્ષ થતો હતો અને એકમાં સંઘર્ષ મટી ગયો તો દુઃખ પણ ગયું. હાશ-હવે કેવી શાંતિ લાગે છે ! આવી જ રીતે જીવ જેમ જેમ અસંતોષ અને તૃષ્ણા વધારી બહુ પરિગ્રહ ભેગો કરતો જાય છે તેમ તેમ તેને સુખ-શાંતિ નહિ પણ ચિંતા વધે છે. કંકણ એનો પ્રત્યક્ષ પુરાવો છે. જ્યાં એક છે ત્યાં શાંતિ છે અને બે છે ત્યાં બગાડ છે. માટે જો આત્માની સાચી શાંતિ જોઈતી હોય તો સંયમ લેવો તે જ શ્રેષ્ઠ છે. "

દેવાનુપ્રિયો ! એક સામાન્ય નિમિત્ત કેવું કામ કરી ગયું ! પહેલાં તો રાણીઓના ઝાંઝરનો ઝણકાર અને કંકણનો રણકાર નમિરાજને ખૂબ પ્રિય લાગતો હતો. તે સાંભળવામાં મુગ્ધ બની જતા હતા. એ જ અવાજ વૈરાગ્યનું નિમિત્ત બની ગયો. તેઓ દીક્ષા લેવા નીકળ્યા ત્યારે ઈન્દ્ર બ્રાહ્મણના રૂપમાં આવીને કહે છે હે રાજન્ ! આ તારી રાણીઓ રડે છે, મિથિલા નગરી બળે છે, નગરજનો કલ્પાંત કરે છે તેમના સામું તો જો, પછી દીક્ષા લેજે. નમિરાજર્ષિ કહે છે પોતાના વિશ્રામનું સ્થાન વૃક્ષ પડી જવાથી પક્ષીઓ રડે છે. તે પોતાનો વિસામો ગયો તેને રડે છે પણ વૃક્ષને રડતા નથી. એ બધા મને રડતા નથી પણ એમના સ્વાર્થને રડે છે. હું તો

सुहं वसामो जीवामो, जेसि मो नत्थि किंचणं ।
मिहिलाए उज्झमाणीए, न मे उज्झइ किंचणं ॥१४॥

સુખપૂર્વક રહું છું ને સુખપૂર્વક જીવું છું. એમાં મારું કોઇ નથી. મિથિલા નગરી બળતાં મારું કાંઈ નથી બળતું, જે મારું છે તે મારી પાસે જ છે. જુઓ, નમિરાજે કેવો સુંદર જવાબ આપી દીધો ! ઈન્દ્ર મહારાજાના એકેક પ્રશ્ન એવા હતા કે ભલભલાને પીગળાવી દે. પણ આ સામાન્ય વૈરાગી ન હતા. મહાન દૃઢ વૈરાગી હતા. એટલે સચોટ ઉત્તર આપી દીધા.

નવમા અધ્યયન પછી દશમા અધ્યયનમાં ભગવાને પોતાના પટ્ટશિષ્ય ગૌતમ સ્વામીને ઉપદેશ આપતાં પહેલી ગાથામાં જ કહ્યું છે કે दुमपत्तए पंडुरए जहा—હે ગૌતમ ! વૃક્ષ ઉપર રહેલું પીળું પાંદડું રાત્રિને વિષે ઝાડ ઉપરથી ખરી પડે છે

તેમ આ મનુષ્યનું જીવન પણ ક્ષણિક છે. તે ક્યારે ખરી પડશે તેની ખબર નથી. વૃક્ષ ઉપર રહેલા પીળા પાંદડા જેવું મનુષ્યનું જીવન છે. એમ સમજીને समयं गोयम मा पमायए હે ગૌતમ ! એક સમય માત્રનો પણ પ્રમાદ ન કરવો જોઇએ. આવી રીતે એક બે વખત નહિ પણ ભગવાને છત્રીશ છત્રીશ વખત ગૌતમસ્વામીને ટકોર કરી છે, ગૌતમ સ્વામી જેવા જ્ઞાની મહાન પુરૂષને ભગવાને એક સમયનો પણ પ્રમાદ કરવાની ના પાડી છે ત્યારે વિચાર કરો કે આપણે કેટલો પ્રમાદ કરીએ છીએ ! સમયને બદલે કેટલા સંવત્સર (વર્ષ) પ્રમાદમાં ચાલ્યા ગયા ? ને હજુ કયાં સુધી પ્રમાદની પથારીમાં પડી રહેવું છે !

પ્રમાદ આત્માનું અહિત કરનાર છે. પ્રમાદ અને આળસ એ જીવતા માણસને મરેલા તુલ્ય બનાવી દે છે. માટે જાગૃત બનો "**જાગૃતિ એટલું જીવન, પ્રમાદ તેટલું પતન અને સાવધાની એટલી સલામતી છે.**" માટે પ્રમાદનો ત્યાગ કરીને જાગૃત બનો. હવે મહાન મંગલકારી પર્યુષણ પર્વના દિવસો આવશે. તે દિવસોમાં મારે શું કરવું છે તેનો નિર્ણય કરજો. મલાડ સંઘ ભાગ્યવાન છે કે જેના આંગણે તપશ્ચર્યા શરૂ થઈ છે. વધુ ભાવ અવસરે-

વ્યાખ્યાન નં. ૮

અષાઢ વદ ૪ ને રવિવાર **તા. ૨૩-૭-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અહિંસાના અવતારી અને સત્યના પૂજારી એવા શાસનપતિ ભગવાને જગતના જીવો ઉપર પરમ અનુકંપા કરીને સિદ્ધાંત રૂપ વાણીનું નિરૂપણ કર્યું છે. આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ભાવીસમાં અધ્યયનનો અધિકાર લીધો છે. તેમ આપણે દશમાં અધ્યયનની વાત ચાલે છે. ભગવાને કહ્યું છે કે હે જીવાત્મા ! તને બધું મળશે પણ માનવભવ વારંવાર નહિ મળે. ચોથી ગાથામાં કહ્યું છે કે-

दुल्लहे खलु माणुसे भवे, चिरकालेण वि सव्वपाणिणं ।
गाढा य विवाग कम्मुणा, समयं गोयम मा पमायए ॥

અરેઅર ! બધા જીવોને ઘણા લાંબા કાળે પણ દુઃખે કરીને પ્રાપ્ત થાય એવો આ મનુષ્યભવ છે. કારણ કે કર્મના વિપાકો ગાઢ એટલે ભોગવ્યા વિના ન છૂટે તેવા છે. માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર. કારણ કે પ્રમાદ એ આત્માનો દુશ્મન છે. પ્રમાદ એટલે શું ? એ જાણો છો ? પ્રમાદ એટલે આત્મસ્ખલના, (આત્માની ભૂલ) અને આત્મ-સ્ખલના એ જ પતન. દરેક માનવીની ઇચ્છા વિકાસના માર્ગે જવાની હોય છે. આત્મવિકાસ માટે આપણે માનવ દેહ મેળવીને ગૌરવ લઈ રહ્યા છીએ અને આપણા દરેક પ્રયત્ન વિકાસ માટેના છે. આત્મવિકાસ કરવા સાવધાન રહેવું, જાગૃત બનવું એ આપણો ધ્યેય હોવો જોઈએ. એનું નામ અપ્રમત્ત દશા છે.

બંધુઓ ! માનવદેહ એ સંસાર સમુદ્ર તરવા માટે નૌકા સમાન છે. આ નૌકા પણ કંઈ મફત નથી. તેને માટે નીતિકારો કહે છે કે-

"ચૂકવી પુણ્યનું મૂલ્ય, ખરીદી કાય નાવ તેં,
તરી જા ભવનો સિન્ધુ, જ્યાં સુધી નાવ ના તૂટે."

તમે બજારમાં કોઈ ચીજ લેવા જાઓ છો તો તે મફત મળે છે ખરી ! "ના" મોંઘી કે સોંઘી કોઈ પણ ચીજ એનું મૂલ્ય ચૂકવ્યા વિના મળતી નથી. કદાચિત કોઈને એમ લાગતું હોય કે અમને તો મફત મળે છે તો તે ભ્રમ છે. કદાચ આ ભવમાં એનું મૂલ્ય ન ચૂકવ્યું હોય તો ગતભવમાં તો જરૂર ચૂકવ્યું હશે. તેથી જ એ ચીજ આપણને મળી છે, પણ મૂલ્ય વિના માલ કેવો ? એ મૂલ્યની ચૂકવણી આ ભવની હોય ને ગત ભવની પણ હોઈ શકે, એ વાત જુદી છે પણ મૂલ્ય ચૂકવો ને માલ મેળવો એ કર્મનો કાયદો અટલ છે.

બીજી રીતે કોઈ વસ્તુના કેટલા મૂલ્ય છે તેની ખબર ન હોય તેથી કંઈ તેનું મૂલ્ય ઘટી જતું નથી. દા. ત. કોઈ ભરવાડના હાથમાં હીરો આવી ગયો પણ તે ભરવાડ અજ્ઞાનતાના કારણે હીરાને એક કાચનો ટુકડો માની લે તેથી કંઈ હીરાનું હીર હલકું પડી જતું નથી. હીરો તે હીરો જ રહેવાનો છે, તેવી રીતે આપણને આ મહાન પુણ્યના બદલામાં મળેલો માનવ દેહ કિંમતી છે. મોટું મૂલ્ય ચૂકવ્યા પછી એ આપણને મળ્યો છે. આ માનવ જન્મની મહત્તા માણવા જેવી છે, પણ એ મહત્તાને જેણે જાણી હોય એ જ માણી શકે છે. જેઓ માનવ જન્મની મહત્તાને માણી શકતા નથી તેને માટે નક્કી થાય છે કે હજુ તેમણે માનવભવની મહત્તાને જાણી નથી. સમજો માનવનું શરીર સારા યે સંસારમાં સર્વ શરીરોમાં શ્રેષ્ઠ છે. એની જો કોઈ વિશેષતા હોય તો તે એક છે કે સંસાર સાગરને તરવાની એમાં મહાન શક્તિ રહેલી છે. યાદ રાખજો કે સંસારના ભોગ ભોગવવામાં તેનું કોઈ મૂલ્ય નથી. માટે માનવ દેહ પામીને સંસારસાગર તરવાનો પ્રયત્ન કરવો જોઈએ. બાકી માત્ર ભોગવિલાસમાં જીવનની ઘડીઓ વીતતી હોય તો સમજી લેજો કે માનવ અને પશુમાં કોઈ ફરક નથી. ખાવું-પીવું, ભોગ ભોગવવા એ તો પશુ-પક્ષીઓ કરી શકે છે પણ આત્મિક આબાદી મેળવવા માટે તો માનવદેહ જ કામ લાગે છે. વધુ શું કહું, દેવનો દેહ પણ કામનો નથી. સંસારનું રેતાળ અને વિશાળ વન તો માનવની કાયા જ પસાર કરી શકે. સંસારનું રેતાળ રણ વટાવીને મુક્તિના મંગલ દ્વારે પહોંચવાની તાકાત માત્ર માનવ ધરાવી શકે છે. તેથી જ બધાએ તેના ગાણા ગાયા છે.

બંધુઓ ! આવો મહાન સર્વશ્રેષ્ઠ માનવદેહ તમને મફતમાં મળી ગયો હોય તેમ લાગે છે, પણ એમ નથી. આપણે બધાએ એનું મહામૂલ્ય ચૂકવ્યું છે. દુઃખો વેઠીને, પરસેવો પાડીને આપણે પુણ્યની જે પુંજી એકઠી કરી હતી એ પુણ્ય રૂપ પૈસાની પુંજીના બદલામાં કર્મરાજાએ આપણને આ માનવદેહની ભેટ આપી છે. આ રીતે પુણ્યની પુંજી આપીને આપણે આ માનવનો દેહ ખરીદ કર્યો છે. આવું મહામૂલ્ય ચૂકવ્યા પછી મળેલી

ચીજનો સદુપયોગ કરીએ તો આપણે જીવનના નાણાંને વેડફી નાખ્યા કહેવાય. આ માનવ દેહનો સદુપયોગ સંસાર સાગરને તરવાની મહેનત કરવા સિવાય બીજો કોઈ નથી. કારણ કે સંસાર સાગરને તરવાની તાકાત તો ફક્ત માનવ દેહથી મેળવી શકાય. એટલા માટે માનવદેહને નાવ સાથે સરખાવ્યો છે.

સંસાર રૂપી સાગરમાં રાખો કુશળ નૌકા :– આ સંસાર રૂપી સાગરમાં કાળના વાદળા ભયંકર ગડગડાટ કરી રહ્યા છે. પ્રલયકાળના પવનથી સાગર બળભળી ઉઠયો છે. તેથી આ કાયા રૂપી નૌકાના સાઢ અને સૂકાન એક દિવસ તૂટી જવાના છે. એના પાટીયાના ભૂક્કા ઉડી જશે. એવું સમજીને આ કાયા રૂપી નૌકા તૂટી જાય તે પહેલાં જ આપણે સંસાર સાગરને તરી જઇએ તો પુણ્યરૂપી પૈસાથી ખરીદેલી કાયારૂપી નૌકાનો સદુપયોગ કર્યો ગણાય. આટલા માટે ભગવાને આપણને પ્રમાદનો ત્યાગ કરવા વારંવાર ટકોર કરી છે.

આ માનવજીવન પાછળ કાળરૂપ મદોન્મત હાથી દોડી રહ્યો છે. મૃત્યુરૂપી અજગર મુખ ફાડીને કોળીયો કરવાની રાહ જોઇ રહ્યો છે. દિવસ અને રાત રૂપી ઉંદરો આયુષ્યના મૂળીયાને પ્રતિદિન કાપી રહ્યા છે. છતાં પણ અજ્ઞાન માનવ જંગલરૂપ સંસારના મોહમાં પડી ભવ રૂપ ઇંદ્રિયોનો રસ લૂંટવામાં મૃત્યુનો વિચાર પણ કરી શકતો નથી અને કરવા પણ માંગતો નથી. ઘણાં આ સંસારમાંથી વિદાય થયા. તેમને તમે મૂકી આવ્યા છતાં પણ હજુ જ્ઞાન થતું નથી.

બંધુઓ! જેમને તમે તમારા વડીલ માનીને માથું નમાવતા હતા, જેમની પાસે બેસીને પ્રેમથી અંતરની વાતો કરતા હતા એવા તમારા સ્વજનો પણ એક દિવસ ભસ્મીભૂત બની રાખની ઢગલી થઈને ઉડી ગયા. એ નજરે જોયા છતાં જીવનનો વિચાર આવે છે ખરો? જે દેહ પોષવા આખી જિંદગી વીતાવી, જેને ખૂબ પંપાળ્યો, આભૂષણોથી શણગાર્યો, જેને દર્પણમાં દેખી દેખીને ખૂબ મલકાયો, એ દેહમાંથી ચેતન રૂપી હંસલો ઉડી જતાં તેને પળવારમાં બાળી મૂકવામાં આવશે. એ વાત તો તમે બરાબર જાણો છો ને? તેનાથી અજાણ નથી ને? (શ્રોતામાંથી અવાજ :– અમે બધું જાણીએ છીએ.) જો બધું જાણો છો તો પછી શા માટે ચેતતા નથી? શા માટે બેસી રહ્યા છો? જ્ઞાની પુરૂષો કહે છે તમે એકાંતમાં બેસીને જરા વિચાર કરો કે **'मैं हूं कौन, कहां से आया, मुझे कहां पर जाना है?''** હું કોણ છું? કયાંથી આવ્યો છું? ને મારે કયાં જવાનું છે? મને ઉત્તમ માનવજીવન મળ્યું છે તેનો ધ્યેય શું છે? તમે આવો વિચાર કરો છો ખરા? જો કદી આવો વિચાર આવતો હોય તો હું માનું છું કે તમારું ચૈતન્ય ધબકે છે. જો જીવનનો વિચાર ન આવતો હોય તો સમજી લેજો કે જીવતાં છતાં મરેલા જેવું જીવન જીવી રહ્યા છો.

"જીવનનું લક્ષ શું છે?" :- આજના માનવીના જીવનનું લક્ષ શું છે? વહેપાર ધંધા કેવા ચાલે છે? બીજા કરતાં મને કેમ વધારે નફો મળે, મારો દીકરો ભણીને વકીલ, એન્જીનીયર, ડોકટર કે બેરીસ્ટર કેમ બને અને મોટી ડીગ્રી મેળવીને ફોરેન જઇને ખૂબ નાણાં કમાય, એ દીકરાને ઘણો કરીયાવર લઇને આવે એવી શ્રીમંતની કન્યા સાથે પરણાવું, સમાજમાં મારો માન મોભો કેમ વધે–આવા બધા વિચારો તમે કરતા હશો, પણ મારા જીવનની પૂર્ણતા શેમાં છે? એનો કદી વિચાર કર્યો છે? જ્યાં સુધી આત્માની પૂર્ણતાનો વિચાર નહિ આવે ત્યાં સુધી જીવનયાત્રા ચાલુ જ રહેવાની છે. જો આ યાત્રાને અટકાવવી હોય તો તમે એક ધ્યેય નક્કી કરી લો. બોલો, આટલામાંથી કોઇએ માનવજીવનનો અંતિમ ધ્યેય નક્કી કર્યો છે? જો કર્યો હોય તો જવાબ આપો. તમે બોલતા નથી માટે નક્કી થાય છે કે જીવનયાત્રાનો કોઈ ધ્યેય કે લક્ષ્ય નક્કી કર્યું નથી.

"કયા સ્ટેશને ઉતરવું છે?" :- એક ભાઈ સ્ટેશને ગયા. ગાડી આવી એટલે ગાડીમાં બેઠા. ગાડી ઉપડવાની તૈયારી થઈ ત્યારે એની બાજુમાં બેઠેલા એક ભાઈએ પૂછયું કે ભાઈ! તમારે ક્યાં જવું છે? કયા સ્ટેશને ઉતરવાનું છે? ત્યારે તેણે જવાબ આપ્યો કે ભાઈ મને એ કાંઈ ખબર નથી કે મારે કયાં જવાનું છે. કયા સ્ટેશને ઉતરવાનું છે. આવા માણસને તમે કેવો કહેશો? એનો જવાબ સાંભળીને તમે તરત કહેશો કે આ તો એક નંબરનો મૂર્ખ છે. ગાડીમાં બેઠો પણ એને એટલું ભાન નથી કે મારે કયા સ્ટેશને ઉતરવાનું છે. બંધુઓ! તમે એને તો એક નંબરનો મૂર્ખો કહ્યો પણ તમે એનાથી ઊતરો એમ નથી. જો કે રેલ્વે સ્ટેશનમાં તો આવી વ્યક્તિ ભાગ્યે જ મળશે, પણ આ માનવજીવનની મુસાફરીમાં કોઈ ચાલીશ, પચાસ, એંશી વર્ષો પસાર કરી ગયા હશે છતાં પણ એમને ખબર નથી કે મારે કયા સ્ટેશને ઉતરવાનું છે. આનો વિચાર સરખો પણ નહિ આવતો હોય. બોલો, કોઈ ને વિચાર આવે છે? તમે મને જવાબ આપો કે ન આપો પણ હું નથી માનતી કે તમારા જીવનનું ધ્યેય નક્કી કર્યું હોય, પણ એવો ધ્યેય તો જરૂર કર્યો હશે કે મારે લક્ષાધિપતિ બનવું છે, અને વાલકેશ્વર કે પેડર રોડ જેવા એરિયામાં દશ રૂમનો બ્લોક લેવો છે. તેમાં આધુનિક ફર્નીચર વસાવવું છે. ચાર ગાડી રાખવી છે ને મારા શ્રીમતીજીને હીરાના દાગીનાથી ઝગમગ બનાવવા છે. બોલો, આવો ધ્યેય નક્કી કર્યો છે ને? આવું બધું તો તમને બહુ ગમે છે. એમાં કહેવું જ ન પડે, પણ યાદ રાખજો કે આ ધ્યેય તમને જીવનની સાચી દિશા સૂઝવા નહિ દે. મોક્ષ મંઝિલે નહિ લઈ જાય, પણ દુઃખની ઊંડી ખાઈમાં ધકેલી મૂકશે.

દેવાનુપ્રિયો! આવું સમજીને જીવનમાંથી પ્રમાદનો ત્યાગ કરો. જીવનનો ધ્યેય નક્કી કરો. આજે તો મોટા ભાગે દુનિયામાં શું ચાલી રહ્યું છે? ચરણસિંહ શું કરે છે. ઇન્દિરા કોંગ્રેસમાં શું ચાલે છે? આ બધું જાણવા તમારો કેટલો બધો અમૂલ્ય સમય વેડફી રહ્યા છો, પણ આ બધું જાણવા કરતા તમારા પોતાના આત્માને જાણી લો. બધાને જાણનાર

આત્માને નથી જાણ્યો ત્યાં સુધી જન્મારો અકળ છે. આજે મોટા ભાગના માનવી આત્માની ચિંતા નથી કરતા પણ બીજા શું કરે છે અથવા આ તેનો મિત્ર કે કોઇ સ્વજન બધુ કમાઇ ગયો એની ઈર્ષ્યા કરશે. કોઇની પ્રશંસા એનાથી સહન નહિ થાય તો બીજાના મોઢે એની નિંદા કરશે, એનું બરાબ કેમ થાય તે માટે પ્રપંચો ઉભા કરશે–પણ એને ખબર નથી કે એનું અહિત તો થતાં થશે પણ મારું તો પહેલાં અહિત થઇ જશે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

અકબર બાદશાહનું નામ તો તમે બધાએ સાંભળ્યું છે ને ? અકબરને મહાન બુદ્ધિનો ભંડાર બીરબલ પ્રધાન હતો. આ બીરબલનું બાદશાહ પાસે ઘણું માન હતું. દરેક કાર્યમાં અકબર બાદશાહ બીરબલ પ્રધાનને પૂછે. બીરબલ સારી સલાહ આપે એટલે બાદશાહ એની ખૂબ પ્રશંસા કરતા. આ સંસારમાં એવો ક્રમ છે કે એકની પ્રશંસા બીજાથી સહન ન થાય. બાદશાહના બીજા મંત્રીઓ, સામંતો બધાને બીરબલ ઉપર ખૂબ ઈર્ષ્યા હતી. તેઓ ઘણી વાર બીરબલને હલકો પાડવાના પ્રયાસો કરતા પણ કોઇ ફાવી શકતું નહિ. આ અકબરને રોજ સવારમાં હજામત કરવા એક હજામ આવતો હતો. ઘણા વખતનો જુનો હજામ હતો એટલે એ પણ બાદશાહનો ખૂબ માનીતો હતો. એના મનમાં થયું કે બાદશાહ બીરબલની આટલી બધી પ્રશંસા કરે છે ને એનું આટલું બધું માન ! હું એને નીચો પાડી દઉં તો મારું માન વધે, પણ મૂર્ખાને ખબર નથી કે બીરબલ ઉપર ઈર્ષ્યા કરવા જતાં હું જ ઈર્ષ્યાની આગમાં ઝડપાઈ જઈશ.

"આગ કરતાં ભયંકર આગ ઈર્ષ્યા" :–બંધુઓ ! ઈર્ષ્યા એ ભયંકર આગ છે. આગ કેટલું ભયંકર નુકશાન કરે છે, આગનો અંજામ કેવો કરૂણ હોય છે ! તમે ઘણી વાર આગનું દૃશ્ય નજરે નિહાળ્યું હશે ને પેપરોમાં વાંચ્યું પણ હશે. જ્યારે આગ લાગે છે ત્યારે આગની ભયંકર જ્વાળાઓના સપાટામાં આવી જઇને મકાનોના મકાનો, મિલોની મિલો ને ગામના ગામ બળીને ખાખ થઈ ગયા. એ હૃદયદ્રાવક દૃશ્ય જોતાં અને પેપરોમાં સમાચાર વાંચતા પણ હૃદયમાં કમકમાટી આવી જાય છે. એકાદ નાનીશી ચિનગારીમાં ભયંકર દાવાનળ સળગાવવાની શક્તિ છે. દાવાનળમાં મોટા મોટા જંગી જંગલો બળીને ભસ્મીભૂત થઇ જાય છે. તેમાં ઘણા નિર્દોષ પશુઓ પક્ષીઓ પણ સ્વાહા થઈ જાય છે. એવું અતિ વિનાશકારી સ્વરૂપ આગથી સર્જાય છે. એ આગનું તાંડવ નૃત્ય શાંત પડ્યા પછી સમયના વહેણ વહેતાં જાણે કંઈ જ ન બન્યું હોય તેવું વાતાવરણ સર્જાઈ જાય છે, પણ એ આગે સર્જેલા વિનાશના સ્મરણો પાછળ રહી જાય છે. આ તો તમારા બધાના જાત અનુભવની વાત છે ને ? આ તો સ્થૂળ આગની અને તેણે સર્જેલા અનર્થકારી મહાવિનાશની વાત થઈ. આ આગ તો કમે કમે ઓલવાઈ જાય છે ને બધું થાળે પડી જઈને વિસ્મરણની ખાઈમાં દટાઈ જાય છે. માત્ર ઇતિહાસના પાને ન ભૂંસી શકાય તેવા અક્ષરોથી લખાયેલી એ આગની તેમજ તેણે સર્જેલા વિનાશની યાદી રહી જાય છે.

આ તો મેં સ્થૂલ આગની વાત કરી, પણ સૂક્ષ્મ આગની વાત તમે જાણો છો ? સૂક્ષ્મ આગ એટલે અંતરમાં જલી રહેલી ભીષણ આગ. એવી આગની એક જ ચિનગારી પેદા થતાં ન કલ્પી શકાય તેવા ભયંકર વિનાશનું તાંડવ ખેલાય છે ત્યારે આપણે સમજી ન શકીએ એ રીતે એમાં આત્માના ગુણરૂપી સર્વસ્વ સંપત્તિ તેમાં ભસ્મીભૂત થઇ જાય છે. એ સૂક્ષ્મ આગને જોઈ શકાતી નથી. તેને તો માત્ર સમજી શકાય છે, અને બહુ બહુ તો તેણે આચરેલા વિનાશને માત્ર સ્પર્શી શકાય છે. એ વિકરાળ આગને જ્ઞાનીપુરૂષો અંતરની આગ કહે છે. આ ઇર્ષ્યાની આગ મુખ્યત્વે મનુષ્યોના અંતરમાં જલતી હોય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૩૫ મા અધ્યયનમાં ભગવાને દ્રવ્ય અગ્નિને મહાભયંકર શસ્ત્ર કહ્યું છે.

विसप्पे सव्वओ धारे, बहु पाणि विणासणे ।
नत्थि जोइ समे सत्थे, तम्हा जोइ न दीवए ॥ १२ ॥

સર્વ દિશાઓમાં શસ્ત્રની ધારાની જેમ ફેલાયેલું ઘણાં જીવોનો વિનાશ કરનાર જ્યોતિ (અગ્નિ) સમાન એક પણ શસ્ત્ર નથી. માટે સાધુએ અગ્નિ પ્રગટાવવી નહિ. બીજું શસ્ત્ર તો જેના ઉપર ફેંકો તેનો જ વિનાશ કરે છે. પણ અગ્નિ તો દશે દિશાઓમાં વ્યાપી જાય છે, તેવી રીતે આ ઇર્ષ્યાની સૂક્ષ્મ આગ પોતાને જલાવે છે ને બીજાને પણ પરેશાન કરે છે. ઇર્ષ્યા રૂપી એ આગની ચિનગારી રાય કે રંકના હૃદયમાં પ્રગટે છે ત્યારે એ આગની જ્વાળાઓ એટલી જોરદાર બને છે કે તેમાં બધા ગુણો બળીને ખાખ થઇ જાય છે. એ આગનો ઝપાટો એવો ભયંકર હોય છે કે તેમાં ઝડપાઈ ગયા પછી માનવીની બુદ્ધિ અને બળ બુઠ્ઠા બની જાય છે, અને એ ઇર્ષ્યાની આગના ઝેરી ધુમાડાનો અનુભવ થતાં વિનાશના મુખમાં હોમાવું પડે છે. એવી જોરદાર ઇર્ષ્યાની આગ હોય છે.

"ઇર્ષ્યાથી સર્જાયેલા વિનાશો" :–આ ઇર્ષ્યાની આગે સર્જેલા વિનાશના કેટલાય દાખલાઓ ઇતિહાસના પાને નોંધાયેલા છે. તે તમે જાણો છો ને ? જુઓ, દશરથ રાજાની રાણી કૈકેયી મંથરા દાસીની ચઢવણીથી ઇર્ષ્યાની આગમાં ઝડપાઇ ગઈ હતી. દાસી મંથરાએ પ્રગટાવેલી આગની ચિનગારીએ અને રાણી કૈકેયીએ જગાવેલી આગની જ્વાળાઓએ રામચંદ્રજીને રાજ્યાભિષેકને બદલે વનવાસ અપાવ્યો હતો, અને સીતા તથા લક્ષ્મણ વનવાસના સાથી બનીને સાથે ગયા. એટલું જ નહિ પણ આખી અયોધ્યામાં વિષાદનું વાતાવરણ સર્જાવી દીધું હતું. આ વાત કોણ નથી જાણતું ? તમે સૌ જાણો છો. બોલો, આ ઇર્ષ્યાનો કરૂણ અંજામ છે ને !

"ઇર્ષ્યાથી હજામે વાપરેલી ચતુરાઈ" :–આપણે અકબર બાદશાહની વાત ચાલતી હતી. પેલા હજામને બીરબલ ઉપર ઇર્ષ્યા થઈ. એટલે તેણે બીરબલને નીચો પાડવા માટે એક કીમીયો રચ્યો. સવારે બાદશાહને હજામત કરવા આવ્યો ત્યારે કહે છે સાહેબ ! આજે રાત્રે મને એક સ્વપ્ન આવ્યું છે. બાદશાહ કહે–શું સ્વપ્ન આવ્યું ? તો

કહે સાહેબ! મને કહેતા સંકોચ થાય છે. બાદશાહ કહે એમાં સંકોચ શા માટે રાખે છે? ખુલ્લા દિલથી કહે. એટલે હજામે કહ્યું–જહાંપનાહ! આપના બાપદાદા મરીને સ્વર્ગમાં ગયા છે. તેમણે મને સ્વપ્નમાં એવા સમાચાર આપ્યા છે કે અમે મરણ પામ્યા ત્યારે બીરબલ હાજર ન હતો. બીરબલ પ્રત્યે અમને ઘણો પ્રેમ છે. અંતિમ સમયે એને મળવાની અમારી ઈચ્છા અધૂરી રહી ગઈ છે. તો તું અકબરની પાસે જા ને તેને કહેજે કે બીરબલ પ્રધાનને અમારા દર્શન કરવા માટે સ્વર્ગમાં મોકલે, ત્યારે અકબરે કહ્યું–મારા બાપદાદાના દર્શન કરવા હમણાં જ બીરબલને મોકલું. એમાં શી મોટી વાત છે! હજામ તો બાદશાહને કહીને હજામત કરીને ચાલ્યો ગયો.

"બાદશાહે બીરબલને કરેલી આજ્ઞા" :–બાદશાહ નાહી ધોઈ તૈયાર થઈને સભામાં આવ્યા. બીરબલ પ્રધાન પણ આવ્યો. આખી સભા ઠઠ ભરાઇ એટલે બાદશાહે કહ્યું–બીરબલ! તારે એક કામ કરવાનું છે. બીરબલે કહ્યું–હજૂર! ફરમાવો. જે હુકમ હોય તે ઉઠાવવા આ સેવક તૈયાર છે. એટલે અકબરે કહ્યું–તમારે મારા બાપદાદાના દર્શન કરવા સ્વર્ગમાં જવાનું છે. તેઓ સ્વર્ગમાં બેઠા બેઠા તમને ખૂબ યાદ કરે છે. (હસાહસ) અકબરનો હુકમ સાંભળીને બીરબલ વિચારમાં પડી ગયો. આખી સભા પણ દિગ્મૂઢ બની ગઈ કે બાદશાહ આ શું બોલે છે? જીવતો માણસ સ્વર્ગમાં કેવી રીતે જઇ શકે? બાદશાહ આવો હુકમ કેમ કરતા હશે? પણ બીરબલ તો બુદ્ધિનો ખજાનો હતો. તેના મનમાં થયું કે બાદશાહ આવો વગર વિચાર્યો હુકમ કરે તેવા નથી પણ પેલો હજામ તેમની પાસે બહુ બેસે છે તેણે આ તુકકો ઉભો કરીને હજામવેડા કર્યા લાગે છે. ઠીક, હું એને બરાબર બતાવી દઈશ. બીરબલે કહ્યું–સાહેબ! ભલે, હું દાદાના દર્શન કરવા સ્વર્ગમાં જઈશ.

"બુદ્ધિનો કીમિયો" :–બંધુઓ! બુદ્ધિ કોઇના બાપની છે! બીરબલની બુદ્ધિને કોઈ પહોંચી શકે તેમ ન હતું. તેણે સ્મશાનમાં ગુપ્ત રીતે એક મોટી સુરંગ ખોદાવી. સુરંગમાં થોડે દૂર રહેવા માટે એક નાની બંગલી જેવી ઓરડી બનાવી. તેમાં એક મહિનો ચાલે તેટલી બધા–પીવાની બધી સગવડ કરી દીધી. સુરંગનું દ્વાર હતું તેના ઉપર ચિતા ગોઠવાવી બધી તૈયારી કરીને બાદશાહ પાસે આવ્યો ને હાથ જોડીને કહ્યું–જહાંપનાહ! આપનો હુકમ શિરોમાન્ય કરીને હું આજે સ્વર્ગમાં આપના દાદા અને બાપાના દર્શન કરવા માટે જાઉં છું. એક મહિને હું ત્યાંથી પાછો આવીશ. એટલે બાદશાહે આખા ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે બીરબલ સ્વર્ગમાં જાય છે. તેને વિદાય આપવા સૌ સ્મશાનમાં આવજો.

"અકબરનો ઢંઢેરો સાંભળતા પ્રજામાં થયેલો હાહાકાર":–બાદશાહનો ઢંઢેરો સાંભળીને નગરજનોના હાજા ગગડી ગયા. આખા નગરમાં હાહાકાર મચી ગયો કે બાદશાહે આ શું કર્યું? સ્વર્ગમાં ગયેલો કોઈ પાછો આવ્યો છે? અને બીરબલ જેવો પરોપકારી, બુદ્ધિવંત અને નીતિમાન પ્રધાન બીજો કોણ મળશે! આ રાજ્ય રંડાઈ જશે. બાદશાહને

કંઈ વિચાર નથી આવતો? લોકો ચોધાર આંસુએ રડતા સ્મશાનમાં ગયા. બીરબલે બાદશાહને પ્રણામ કરીને કહ્યું, સાહેબ! બાપાને ને દાદાને કંઈ સંદેશો કહેવો છે? તો કહે મારા પ્રણામ કહેજે ને તેમનો સંદેશો લેતો આવજે. બીરબલે ફરીને પૂછ્યું, સાહેબ! મને એમણે બોલાવ્યો છે ને કદાચ આપને બોલાવે તો? અકબરે કહ્યું, મને નહિ બોલાવે. પણ કદાચ તમને બોલાવે તો શું કરવું? તો તું મારા વતી બધું કામકાજ પતાવીને આવજે એટલે મારે જવું ન પડે. (હસાહસ)

બીરબલ કહે ભલે, એમ કહીને એ તો ચિતામાં બેઠો ને પોતાને ફરતા લાકડા ને ઘાસને ગોઠવાવી ને કહે છે હવે ચિતા સળગાવો. એટલે માણસોએ ચિતા સળગાવી. ખૂબ ધૂમાડો થયો એટલે બીરબલ તો સુરંગમાંથી સરકી ગયો ને બંગલીમાં જઇને બેસી ગયો. પણ લોકો તો કલ્પાંત કરવા લાગ્યા કે બાદશાહે આ શું કર્યું? આવો તેજસ્વી પ્રધાન ક્યાંથી મળશે! ચિતા ભડભડ બળવા લાગી. નગરજનો દુઃખિત દિલે પાછા ફર્યા. એકેક દિવસ કરતાં મહિનો પૂરો થયો એટલે બીરબલ રાત્રે સુરંગમાંથી નીકળી છાનોમાનો પોતાને ઘેર ચાલ્યો ગયો. સવાર પડતાં સભા ભરાઈ એટલે બીરબલ સભામાં પહોંચી ગયો. બીરબલને જોઈને સભામાં આનંદ આનંદ છવાઈ ગયો. તાળીઓના ગડગડાટ થયા. સૌના મનમાં થયું કે બીરબલને ચિતામાં બાળી મૂક્યો હતો ને કેવી રીતે આવ્યો? બીરબલે તો બરાબરનું બોલ કર્યું.

બીરબલની બુદ્ધિનો ચમત્કાર :–બીરબલ બાદશાહ સામે હાથ જોડીને ઉભો રહ્યો એટલે બાદશાહે પૂછ્યું કેમ બીરબલ! બાપાજી ને દાદાના દર્શન કરી આવ્યો! એ મઝામાં છે ને? જી, હજુર. ત્યાં તને બહુ ગમ્યું? જી સાહેબ, ત્યાંની તો વાત પૂછો મા. ત્યાંની ભૂમિ તો એવી રળીયામણી ને શું એમના મહેલ. એમની આગળ આ તમારા મહેલ તો પાયખાના જેવો લાગે. મને તો બહુ ગમી ગયું ને આપના બાપા અને દાદા સાથે પેટ ભરીને વાતો કરી. મને તો ત્યાંથી આવવાનું મન થતું ન હતું. મને ગયા પછી પસ્તાવો થયો કે હું આપને સાથે લઇ ગયો હોત તો સારું હતું. (હસાહસ) એક મહિના પછી મેં રજા માંગી, પણ દાદા તો મને રજા નહોતા આપતા. મને કહે કે ત્યાં નથી જવું. અહીં જ રહી જા, પણ મેં કહ્યું ના, મારે મારા બાદશાહ પાસે જવું છે. મને તો માંડ રજા આપી. (હસાહસ) ફરીને બાદશાહે પૂછ્યું કે બીજો કોઈ સંદેશો આપ્યો છે? હા, હું તેમની પાસેથી નીકળ્યો ત્યારે તેમણે મને છેલ્લે કહ્યું કે મારા અકબરને કહેજે કે અહીં અમને બધું સુખ છે, બધી સગવડ છે પણ એક દુઃખ છે. અહીં બધા જ દેવો છે એટલે એક પણ હજામ નથી. તેથી આપના દાદાની દાઢી ખૂબ વધી ગઇ છે. તેથી તેમણે કહેવરાવ્યું છે કે તું તારા હજામને મોકલી આપજે. (હસાહસ)

બાદશાહ બીજો કોઈ વિચાર કરતા નથી. તેમણે સીધો ઓર્ડર જ છોડયો. એ લાલિયા! તારે સ્વર્ગમાં મારા બાપદાદાની હજામત કરવા જવાનું છે. તું જલ્દી જા,

ઓર્ડર સાંભળીને હજામને તો ધ્રુજારી છૂટી. શરીરે પરસેવો વળી ગયો. હવે શું કરવું ! બીરબલ તો બુદ્ધિશાળી હતો એટલે વાંધો ન આવ્યો. પણ આ બિચારો હજામ શું કરે ! હજામ બીરબલને હલકો પાડવા ગયો તો એનું જ આવી બન્યું. બીરબલનું તો બૂરું ન થયું પણ એનું તો બૂરું થવાની અણી આવી ગઈ. હજામભાઇ તો ઢીલા ઢસ થઇ ગયા. ઘેર આવીને લમણે હાથ દઇને બેઠા. એની સ્ત્રી પૂછે છે–તમને શું થયું છે ? ત્યારે કહ્યું, મારે બાદશાહના બાપદાદાની હજામત કરવા સ્વર્ગમાં જવાનું છે. જલ્દી જવાનો હુકમ છે એટલે હવે હું સ્વર્ગમાંથી ઓછો પાછો આવવાનો છું ! એની સ્ત્રી પણ રડવા લાગી, પણ કોઇની તાકાત ન હતી કે અકબરના હુકમનો ભંગ કરી શકે. બીજે દિવસે હજામે બાદશાહ પાસે આવીને કહ્યું, સાહેબ હું કાલે સ્વર્ગમાં જવાનો છું. એટલે અકબરે ઢંઢેરો પીટાવ્યો કે હજામ સ્વર્ગે જાય છે. તેથી લોકો સ્મશાનમાં ભેગા થયા. હજામ રડતો રડતો ચિતામાં બેઠો. બંધુઓ ! મરવું કોઇને ગમે ખરું ? ભગવાને દશવૈકાલીક સૂત્રમાં કહ્યું છે કે "सव्वे जीवा वि इच्छन्ति, जीविउं न मरीजिउं"

આ સંસારમાં નાના કે મોટા સર્વ પ્રાણીઓ જીવવાને ઇચ્છે છે. કોઇને મરવું ગમતું નથી. માટે જીવો અને જીવવા દો. કોઇ જીવને તમે મારશો નહિ. બીરબલ બુદ્ધિશાળી હતો ને દયાળુ પણ હતો. તેણે બાદશાહને સત્ય કહી દીધું કે કોઈ આ દેહે સ્વર્ગમાં જઇ શકતું નથી, અને જે જાય છે તે પાછો આવતો નથી. મેં તો આ પ્રમાણે કર્યું હતું પણ એણે મારા ઉપર ઇર્ષ્યા કરીને તમને ઉંધા માર્ગે ચઢાવ્યા હતા. તેથી તેને શિક્ષા કરવા માટે આ પ્રમાણે કર્યું હતું. એક વખત સજા થાય તો માણસ આવી ઇર્ષ્યા કરતો અટકી જાય. હવે તેની આંખ ખુલી ગઈ છે માટે એને છોડી દો. હજામ બીરબલના ચરણમાં નમી પડયો. ધન્ય છે તમારી બુદ્ધિને અને તમારી પવિત્ર ભાવનાને–એમ કહી માફી માંગી. ટૂંકમાં ઇર્ષ્યા એ ભયંકર આગ છે. તેની જ્વાળામાં કોઈ સપડાશો નહિ.

"બહુશ્રુતી કોણ ?" આપણે ઉત્તરાધ્યયન સૂત્રની વાત ચાલે છે. તેમાં દશ અધ્યયનની વાત પૂરી થઈ. અગિયારમા અધ્યયનમાં બહુશ્રુત પૂજ્યની વાત આવે છે. જે આત્માઓ શાસ્ત્રોનો ઉંડો અભ્યાસ કરે છે, તેના અર્થ, ભાવાર્થ અને પરમાર્થના પારગામી બની પોતે જ્ઞાન પ્રાપ્ત કરે છે, બીજાને ભણાવે છે તે બહુશ્રુત બની શકે. જ્ઞાન એટલે આત્મપ્રકાશ. આ પ્રકાશ દરેક આત્માઓમાં ભરેલો છે. માત્ર તેના આવરણો ખસેડવાની જરૂર છે. જ્ઞાન એ અમૃત છે. જ્ઞાન એ અંતઃકરણની વસ્તુ છે. શાસ્ત્રો દ્વારા, સત્સંગ દ્વારા કે મહાન પુરૂષોની કૃપા દ્વારા તે પ્રાપ્ત થઈ શકે. આ અધ્યયનમાં ભગવાને વિનયવંત કોણ કહેવાય ? કયો જીવ સાચી હિતશિક્ષાને પ્રાપ્ત કરી શકે, બહુશ્રુતજ્ઞાનીના ગુણોનું તેમજ બહુશ્રુતીને કેવી ઉપમા આપવામાં આવી છે તેનું વર્ણન કર્યું છે.

"જાતિએ ચંડાળ પણ આત્મા મહાન" :–બારમા અધ્યયનમાં હરિકેશ બલ મુનિનો અધિકાર છે. એ હરિકેશ મુનિ ચાંડાળ કુળમાં જન્મ્યા હતા, પણ આત્મ-

વિકાસમાં જાતિના બંધન હોતા નથી. ચંડાલ પણ આત્મવિકાસનો માર્ગ આરાધી શકે છે. ચંડાલ જાતિમાં ઉત્પન્ન થનારનું હૃદય પણ પવિત્ર હોઈ શકે છે. હરિકેશ મુનિ ચંડાળ કુળમાં જન્મ્યા હતા પણ એમનો આત્મા ચંડાલ ન હતો. એમણે દીક્ષા કેવી રીતે લીધી હતી તે તમે જાણો છો ? હરિકેશબલ એમની સમાન વયના બાળકો સાથે રમવા માટે જતા ત્યારે બધા છોકરાઓ ભેગા થઈને એને કાઢી મૂકતા અને એમની કંપનીમાં ભળવા દેતા નહિ, ત્યારે આ હરિકેશબલ એક બાજુ દૂર ઉભા રહીને બધા છોકરા રમત રમતા તે જોતા હતા. તે વખતે એક સર્પ નીકળ્યો. એટલે બધા છોકરાઓ કહે છે એને મારો.... મારો. એમ કહીને લાકડી, કાંકરા, પથરા વિગેરે તેના ઉપર ફેંકીને તેને મારી નાંખ્યો. ત્યાં થોડીવારે બીજો સર્પ નીકળ્યો. એટલે બધા છોકરાઓ કહે છે એને જવા દો....જવા દો. એમ કહીને જવા દીધો. મારો નહિ. આ જોઈને હરિકેશે વિચાર કર્યો કે ખરેખર ! પહેલો સર્પ વિષવાળો હતો તેથી તેને બધાએ મારી નાંખ્યો, અને આ બીજો સર્પ નિર્વિષ હતો એટલે તેને જવા દીધો, તે રીતે હું પહેલા સર્પની જેમ વિષવાળો છું, તેથી મને આ બધા છોકરાઓ તેમના ભેગા રમાડતા નથી. એમાં એમનો શું દોષ ? દોષ મારા કર્મનો છે. આ બધા છોકરાઓ, બીજા સર્પ જેવા નિર્વિષ છે તેથી બધા ભેગા થઈને આનંદ કિલ્લોલ કરે છે. આ પ્રમાણે વિચાર કર્યો પણ કોઈના ઉપર દ્વેષ કે ઈર્ષ્યા ન કરતાં આત્મચિંતન કરવા લાગ્યા. તેથી તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. આટલા નિમિત્ત માત્રથી વૈરાગ્ય પામીને દીક્ષા લીધી.

દેવાનુપ્રિયો ! જૈન દર્શન ખૂબ વિશાળ દર્શન છે. જૈન દર્શનમાં જાતિની પૂજા નથી પણ ગુણની પૂજા છે. જાતિએ જૈન હોય પણ જો કર્મ ચંડાળના હોય તો તે જૈન નથી અને જાતિના ચંડાળ હોય પણ જો તેનામાં ગુણો જૈનના હોય તો તે સાચો જૈન છે. જૈન દર્શનમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર દરેકને અપનાવ્યા છે. અહીં દરેકને સરખું સ્થાન આપવામાં આવ્યું છે.

કોઈ ન ઉચું કોઇ ન નીચું, મહાવીરના શાસનમાં, હો મહાવીરના શાસનમાં.
એકજ સરખું સ્થાન સહુનું, ધર્મ તણા આંગણમાં, હો મહાવીરના શાસનમાં.
ગૌતમ જન્મ્યા બ્રાહ્મણકુળમાં, અભયકુમાર તો ક્ષત્રિય કુળમાં,
જંબુસ્વામી વૈશ્ય થયા તો, હરિકેશી હરિજનમાં...મહાવીરના શાસનમાં.

"જૈન દર્શનની મહાન વિશાળતા" :– જૈનદર્શનમાં બધાનું સ્થાન સરખું છે. તેમાં જાતિના કોઇ ભેદભાવ નથી. ગૌતમસ્વામી બ્રાહ્મણકુળમાં જન્મ્યા હતા. તે ચાર વેદના જાણકાર હતા, પણ જ્યારે સમજાણું કે સાચું જ્ઞાન કયાં છે, ત્યારે સત્યની પીછાણ થતાં તેમણે મહાવીર પ્રભુની પાસે દીક્ષા લીધી. અભયકુમાર ક્ષત્રિયકુળમાં જન્મ્યા હતા. એક તરફથી તે શ્રેણીક રાજાનો પુત્ર હતો ને બીજી તરફ મુખ્ય પ્રધાન હતો. તે કેટલા ગામનો વહીવટ ચલાવતો હતો છતાં અવસર મેળવીને દીક્ષા લઈ લીધી. જેનું નામ અભય હતું તેના અભયે પોતાના તરફથી બધા જીવોને અભયદાન આપ્યું. આ હતા અભયકુમાર. તમે પણ એના જેવા સાચા અભય બનજો. જંબુસ્વામી વણિક કુળમાં જન્મ્યા હતા.

જંબુસ્વામી વણિક હતા ને તમે પણ વણિક છો ને? પણ એ તમારી જેમ વેવલા ન હતા. શૂરવીર ને ધીર હતા. એમને સવારે દીક્ષા લેવી હતી ને રાત્રે ચોર આવ્યા. ૫૦૦ ચોરો ઘરમાં પેઠા. ધનમાલના પોટલા બાંધ્યા ત્યારે જંબુકુમારને વિચાર થયો કે આ ધન માલ બધું લઈ જાય છે. મને એની જરૂર નથી પણ આ ચોરો ચોરી કરીને બધું લઇ જશે ને સવારમાં હું દીક્ષા લઇશ તો જગત એમ કહેશે કે ઘરમાં કંઇ રહ્યું નહિ, માલ મિલ્કત ચોરો ચોરી ગયા પછી બિચારો દીક્ષા ન લે તો શું કરે? એમ નિંદા થશે. મારે બિચારા બનીને દીક્ષા નથી લેવી પણ બહાદુર બનીને લેવી છે. એટલે તેમણે શુદ્ધ ભાવથી નવકારમંત્રનું સ્મરણ કર્યું. તેથી ચોરી કરવા આવેલા ચોરો ત્યાં સ્થંભી ગયા. એમણે ચોરોને પ્રતિબોધ પમાડયો. ચોરી કરવા આવેલા ૫૦૦ ચોરોએ પણ જંબુકુમાર સાથે દીક્ષા લીધી. સાથે પોતાની આઠ પત્નીઓ, તેમના માતા પિતા અને પોતાના માતાપિતા બધાએ દીક્ષા લીધી.

દેવાનુપ્રિયો! કેટલો ઊંચો વૈરાગ્ય! આ વણિકનું ખમીર હતું. તમે પણ એવું ખમીર પ્રગટાવજો. તો તમે સાચા વણિક છો નહિતર વેવલા બની વાતોમાં જ રહી જશો, અને જિંદગી પૂરી થઇ જશે. બીસ્તરા ઉઠાવીને જવું પડશે. માટે કાલે કરીશું એવી રાહ ન જુઓ. જાગ્યા ત્યારથી સવાર સમજીને ધર્મારાધના કરી લો.

આપણે હરિકેશ મુનિની વાત ચાલતી હતી. તેઓ ચંડાળ કુળમાં જન્મ્યા હતા પણ તેમના જીવનમાં ગુણો ઘણા હતા. સંયમ લઈ ને ખૂબ કઠીન તપશ્ચર્યા કરતા હતા. ઉચ્ચ કોટીનું ચારિત્ર પાળી ઘણાં જીવોને જૈન ધર્મનું મહાત્મ્ય સમજાવીને ધર્મ પમાડયો ને સ્વ-પર કલ્યાણ કર્યું.

"બ્રહ્મદત્તને જગાડવાનો ચિત્ત મુનિનો પ્રયાસ" હવે તેરમા અધ્યયનમાં ચિત્ત મુનિ અને બ્રહ્મદત્ત ચક્રવર્તિની વાત આવે છે. તેમાં પણ ઘણાં ગૂઢ ભાવો રહેલા છે, પણ ટૂંકમાં થોડું કહીશ. ચિત્ત અને સંભૂતિ બંને ભાઇઓ હતા. અખંડ પ્રેમની ગાંઠથી બંધાયેલા હતા. એક-બે-ત્રણ નહિ પણ પાંચ પાંચ ભવ સુધી સાથે રહ્યા હતા. પરસ્પરના પ્રેમના કારણે ઋણાનુબંધો થાય છે. તેમાં કોઇ સમાન ગુણવાળા પ્રાણીઓ એક સ્થળે ઉત્પન્ન થાય છે ને અખૂટ પ્રેમની સરિતામાં સ્નાન કરે છે, અને પછી પણ સાથે જ જન્મ લે છે. આ રીતે ચિત્ત અને બ્રહ્મદત્ત પણ પાંચ ભવ સુધી સાથે રહ્યા અને છઠ્ઠા ભવે જુદા પડયા. તેનું મુખ્ય કારણ ચિત્તની અનાસક્તિની અને બ્રહ્મદત્ત આસક્તિ હતી.

પાંચમા ભવમાં બંને ભાઇઓએ દીક્ષા લીધી હતી. દીક્ષા લઇને ઉગ્ર સાધના કરતા હતા. એક વખત તેઓ વિચરતા વિચરતા હસ્તિનાપુરમાં આવ્યા, ત્યારે સનત્ કુમાર ચક્રવર્તિ પોતાના પરિવાર સહિત દર્શન કરવા આવ્યા. તેમની સમૃદ્ધિ જોઇને સંભૂતિ મુનિ તેમાં આસક્ત થયા. ત્યાં તેમણે એવું નિયાણું કર્યું કે જો મારા તપ, સંયમનું ફળ હોય તો આવતા ભવમાં હું આવો ચક્રવર્તિ બનું, બંધુઓ! નિયાણું આત્મસાધનાને ખોઈ નાંખવાનું

કાર્ય છે. તમે તપ, જપ, વ્રત–નિયમ બધું કરો પણ કદી નિયાણું કરશો નહિ. નિયાણું એટલે એક લાખ રૂપિયાની ચીજ કોડીમાં વેચી દેવી તે. સંભૂતિ મુનિએ પોતાના અપૂર્વ બળથી પ્રાપ્ત કરેલા તપ અને સંયમરૂપી અમૂલ્ય ઝવેરાતને કામભોગો રૂપી કોડીને ખાતર વેચી દીધા, ચિત્તમુનિએ તેમને ઘણું સમજાવ્યા પણ આલોચના કરી નહિ. ત્યાંથી બંને કાળ કરીને દેવ થયા, ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને કાંપિલ્ય નગરમાં ચુલ્લણીરાણીની કુખે જન્મ લઇને બ્રહ્મદત્ત ચક્રવર્તિ બને છે ને ચિત્ત પુરિમતાલપુર નગરમાં ધનપતિ શેઠને ત્યાં જન્મ લઇને સંતનો સંયોગ મળતાં દીક્ષા લે છે.

ત્યાર પછી બ્રહ્મદત્ત અને ચિત્તમુનિનું મિલન કેવી રીતે થયું તે વાત સાંભળી છે. ટૂંકમાં એક વખત બંનેનું મિલન થાય છે, ત્યારે ભૌતિક સુખનો ભિખારી બનેલો બ્રહ્મદત્ત કહે છે ભાઈ! તું આ ઘરઘરમાં ટૂકડા શા માટે માંગે છે? અને આ તપ કરીને શરીરને શા માટે સૂકાવી રહ્યો છે? મારા ઉત્તમ પ્રકારના કામભોગો છે. હું તને ગમશે તેવી કન્યાઓ પરણાવીશ, મનગમતો મહેલ આપીશ, સુખ ભોગવવા જે ચીજ જોઇશે તે બધી હું તને આપીશ પણ આ દીક્ષા છોડીને મારે ઘેર આવી જા. જુઓ, ભોગનો ભિખારી ભોગનું જ આમંત્રણ આપે ને! પણ ચિત્ત મુનિ તેમાં લોભાય તેવા ન હતા. જેના અંતરમાં વૈરાગ્યની જ્યોતિ ઝળકી રહી છે તેવા ચિત્ત મુનિએ તેને કહી દીધું કે હે બ્રહ્મદત્ત! સાંભળ.

सव्वं विलवियं गीयं, सव्वं नट्टं विडम्बियं ।
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥ १६ ॥

બધા સંગીત એક પ્રકારના વિલાપ જેવા છે. સર્વ પ્રકારના નાટક અને નૃત્ય એ વિટંબના રૂપ છે. બધા આભૂષણો બોજારૂપ છે, અને બધા કામભોગો એકાંત દુઃખને આપનારા છે. હે બ્રહ્મદત્ત! આ આખો સંસાર જ્યાં નાટકરૂપે છે ત્યાં બીજા નાટકો શા જોવા? જે સ્થળે ક્ષણ પહેલાં સંગીત અને નૃત્ય થતા હોય છે ત્યાં થોડી ક્ષણ પછી હાહાકાર ભર્યા કરૂણ રૂદનો થાય છે. ત્યાં કોને સંગીત માનવા? આભૂષણો તો બાળકની ચિત્તવૃત્તિને પોષવાના રમકડા છે. ત્યાં સમજુને વળી મોહ શા? અને ભોગો તો આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણે તાપના મૂળ છે. તો દુઃખના મૂળમાં સુખ શી રીતે સંભવી શકે? સુખ તો તપશ્ચર્યારૂપી ધનવાળા અને કામભોગોથી વિરક્ત બની ચારિત્ર ગુણમાં લીન બનેલા મુનિઓને છે, માટે હે બ્રહ્મદત્ત તું સંસાર છોડીને સાધુ બની જા.

ચિત્તમુનિએ બ્રહ્મદત્તને ઘણું સમજાવ્યો પણ પૂર્વે નિયાણું કર્યું હતું તેથી તેની આસક્તિ છૂટી નહિ. તેમણે અંતે મુનિને કહી દીધું કે ગુરૂદેવ! આપની બધી વાત સાચી છે. જેમ કીચડમાં ખૂંચેલો હાથી સામો કિનારો જોઈ શકે છે પણ કિનારે જવાની ઇચ્છા હોવા છતાં જઈ શકતો નથી. મારી પણ એવી જ દશા છે. સમજું છું છતાં છોડી શકું

તેમ નથી. બ્રહ્મદત્તે ભોગાસક્તિ ન છોડી તો મરીને નરકમાં ગયાં ને ચિત્તમુનિ મોક્ષમાં ગયા. જો તમારે કલ્યાણ કરવું હોય તો પુણ્યોદયે મળેલી સામગ્રીમાં લીન ન બનશો, અનાસક્ત ભાવથી રહેજો. તમે સંસાર છોડી સાધુ ન બની શકતા હો તો બ્રહ્મચર્યનું પાલન અવશ્ય કરજો. એમાં ધન કે શક્તિની જરૂર નથી, મનને દૃઢ બનાવવાનું છે, બ્રહ્મચર્ય પાલન કરનારને પણ મહાન લાભ થાય છે. આજે સમય ઘણો થઈ ગયો છે. વધુ બાત અવસરે.



વ્યાખ્યાન નં. ૯

અષાડ વદ ૫ ને સોમવાર તા, ૨૪-૭-૭૮

નિર્ગ્રંથ પંથના નેતા, રાગ-દ્વેષના વિજેતા, અને વિશ્વમાં વિખ્યાતા એવા સર્વજ્ઞ ભગવંત મહાવીર સ્વામીએ તેમના જ્ઞાનમાં જોયું કે આ જગતના તમામ પ્રાણીઓ દુઃખ દૂર કરવાનો અને સુખ મેળવવા માટેનો સતત પ્રયત્ન કરી રહ્યા છે. તે જીવોએ સુખની ખોજમાં અનંતોકાળ પસાર કર્યો પણ હજુ સુખની પ્રાપ્તિ થઇ નથી. કારણ કે સુખ કયાં છે તે સમજ્યા નથી.

આ સુખ પાછળ વર્ષો ખરચું, તો યે સુખી ના થાઉં,
એ જ લગન જો પ્રભુની રાખું, શાશ્વત સુખમાં જાઉં,
પણ બરબાદી પ્યારી ગણું છું, ઉપાધિ લઈને ફરું છું.

આવા ભૌતિક સુખની પાછળ આખી જિંદગી ચાલી જશે તો પણ સાચું સુખ મળવાનું નથી. એક વખત જો ચેતન આત્માની પીછાણ થઈ જાય તો સાચું સુખ મળે અને દુઃખ ટળે. બાકી આ સંસારની ખોટી ઉપાધિઓ કર્મનો બોજો વધારી રહી છે. મહાપુરૂષો માનવજીવન પ્રાપ્ત કરી કર્મનો બોજો હળવો કરવા, આત્માની આઝાદી મેળવવામાં પ્રયત્નશીલ બન્યા તો સાચું સુખ અને આત્મિક આઝાદી મેળવી.

ગઈ કાલે ૧૩ માં અધ્યયનની વાત કરી હતી કે બ્રહ્મદત્તે પૂર્વભવમાં નિયાણું કર્યું હતું તેથી ચિત્ત મુનિએ તેને ગમે તેટલો ઉપદેશ આપ્યો છતાં તે ભોગાસક્તિ છોડીને આત્મિક સુખ મેળવી શકયો નહિ. નિયાણું આત્માનું કેટલું ભયંકર નુકશાન કરે છે તે તમોને સમજાણું ને ?

હવે ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર આવે છે. એ છ આત્માઓ પૂર્વભવના ઋણાનુબંધ સંબંધના કારણે દેવલોકમાંથી ચવીને ઇષુકાર નગરમાં ઉત્પન્ન થાય છે. એ છએ જીવો દેવલોકમાં એક જ વિમાનમાં સાથે હતા. તેમાંના બે જીવો ક્ષત્રિયકુળમાં જન્મ્યા અને ચાર જીવો બ્રાહ્મણ કુળમાં જન્મ્યા. જે ક્ષત્રિય કુળમાં જન્મ્યા તે ઇષુકાર રાજા અને કમલાવંતી રાણી બન્યા. બ્રાહ્મણકુળમાં ચાર જીવો આવ્યા તેમાં જે બે જીવો આવ્યા તે ભૃગુપુરોહિત અને તેમની યશા નામની પત્ની બન્યા. તેમને બે પુત્રો જોડલે જન્મ્યા તે દેવભદ્ર અને

જશોભદ્ર. આ રીતે ૬ જીવોની આ અધ્યયનમાં વાત આવે છે. ૬ એ જીવો પૂર્વભવના ઋણાનુબંધ સંબંધે સંકળાયેલા હતા. ઇષુકાર રાજાના રાજ્યમાં પ્રધાનો, સામંતો અને સેનાધિપતિઓ ઘણા હતા, પણ બધા કરતાં ભૃગુપુરોહિત ઉપર રાજાની ખૂબ અમીદૃષ્ટિ હતી. રાજાએ ભૃગુપુરોહિતને પોતાનો માનનીય પુરોહિત બનાવ્યો હતો.

બંધુઓ ! જેની સાથે તમારે પૂર્વનો સંબંધ હશે તે કદાચ બીજાને ઘેર જન્મશે છતાં તમોને પ્રેમ આવશે, અને પૂર્વનું વૈર હશે તો બાપ-દીકરો, મા-દીકરો, પતિ-પત્ની, બની આવા સંબંધમાં પણ વૈર લેશે વૈરની વસુઝાર કેવી રીતે પ્રગટે છે ! સમરાદિત્ય કેવળીના નવ ભવ છે. તેમાં એ જીવોનો કેવી રીતે સંબંધ બંધાય છે ને કેવી રીતે વૈરનો બદલો લે છે તે વાંચતા હૈયામાં કંપારી છૂટી જાય છે. એમાં ગુણસેન રાજા અને અગ્નિશર્માના ભવથી તેમના વૈરની પરંપરા સર્જાય છે તે કેવી રીતે સર્જાય છે તે હું તમને ટૂંકમાં સમજાવું.

ગુણસેન રાજકુમાર હતો ને અગ્નિશર્મા ગુણસેનના પિતાના પુરોહિતનો પુત્ર હતો. અગ્નિશર્મા પૂર્વકર્મના કારણે શરીરે કદરૂપો, તેથી ગુણસેન કુમાર તેને ગધેડા ઉપર બેસાડીને ખૂબ મજાક કરતો. તેના ત્રાસથી કંટાળીને અગ્નિશર્મા ચાલ્યો ગયો, અને તાપસ પાસે જઈ તાપસ બન્યો ને માસખમણને પારણે માસખમણ કરવા લાગ્યો. એના તપની ખૂબ પ્રશંસા થવા લાગી. આ તરફ ગુણસેન રાજા બન્યો. એક વખત તે ફરતો ફરતો તાપસોના આશ્રમ તરફ આવ્યો. ગુણસેનની દૃષ્ટિ ગુણગ્રાહી હતી. તે તાપસોના આશ્રમમાં ગયો. તેને ખબર પડી કે અગ્નિશર્મા તાપસ ખૂબ ઉગ્ર તપશ્ચર્યા કરે છે તેથી તેની પાસે જઈને વંદન નમસ્કાર કરીને કહ્યું-તપસ્વીજી ! આ વખતે પારણાનો લાભ મને આપજો. ગુણસેનને ખબર નથી કે હું જેની મજાક ઉડાવતો હતો તે આ તાપસ છે, પણ અગ્નિશર્મા તેને ઓળખી ગયો હતો. તેમણે રાજાના આમંત્રણનો સ્વીકાર કર્યો. ગુણસેનના દિલમાં ખૂબ આનંદ થયો અને તપસ્વીના પારણાની રાહ જોવા લાગ્યો. પારણાના આગલા દિવસે રાજાના મનમાં આનંદની છોળો ઉછળતી હતી કે મારા ધન્ય ભાગ્ય કે કાલે મારે ઘેર માસખમણના તપસ્વીના પગલા થશે, અને હું તેમના પારણાનો લાભ લઈશ. એમના આવા ભાવ હતા પણ કર્મની વિચિત્રતા કોઇ અજબ છે. માણસ ધારે છે શું ને બને છે શું ?

"ગુણસેન રાજાના ઘરે તાપસનું આગમન" :- અગ્નિશર્મા તાપસ તેમના વડીલ તાપસની આજ્ઞા લઈને ગુણસેન રાજાને ત્યાં પારણું કરવા માટે આવ્યા ત્યારે રાજાના મહેલમાં રોકકળ મચી ગઈ હતી. ગુણસેન રાજાના મસ્તકમાં શૂળની ભયંકર વેદના ઉપાડી હતી. એટલે સૌ તેની ચિંતામાં હતા. ઘરના મુખ્ય માણસને કોઇ બિમારી આવે તો ઘરના બધા ચિંતાતુર બની જાય છે ને ! આ તો મોટા રાજા હતા. એટલે એમની રાણીઓ, પ્રધાનો, દાસ-દાસીઓ બધા જ રાજાની વેદના મટાડવા માટે કંઇક ઇલાજો ને ઉપાયો કરતા હતા. આવા સમયે તપસ્વીજી પધાર્યા. કોઇએ તેમનો આદર સત્કાર ન કર્યો કે પારણું ન કરાવ્યું તેથી તાપસ ચાલ્યા ગયા. એમને એવો નિયમ હતો કે તેઓ જેને ત્યાં પારણું કરવા જાય

ત્યાં જો પારણું થાય તો કરવું ને જો ન થાય તો બીજું : માસખમણ કરવું. એટલે તાપસે બીજું માસખમણ કરવાનો સંકલ્પ કર્યો. આ તરફ રાજાને વેદના શાંત થઈ ગઇ એટલે તરત જ યાદ આવ્યું ને પૂછયું કે તપસ્વીજી આવ્યા હતા ? ત્યારે કોઈ એ કહ્યું–આવ્યા હતા પણ આપને ખૂબ વેદના હતી એટલે તેમને કોઇએ પારણાનો ભાવ પૂછયો નહિ, તેથી તે ચાલ્યા ગયા. રાજાને ખૂબ દુઃખ થયું. અહો ! મારા કેવા કમભાગ્ય કે હું લાભ ન લઈ શકયો ! કેવો પાપી !

"ગુણસેન રાજા તાપસના આશ્રમે" :– ગુણસેન રાજાએ તાપસના આશ્રમે આવી ચરણમાં પડીને માફી માંગી. મહારાજ ! મારા અપરાધને ક્ષમા કરો. હું પાપી છું, અધમ છું કે આપને આમંત્રણ આપીને પારણું ન કરાવી શકયો ! ત્યારે તાપસે કહ્યું–રાજન્ ! તમે ચિંતા ન કરો. પારણું ન થયું તો રહેજો મને તપનો લાભ મળ્યો. એટલે રાજાએ કહ્યું– હવે બીજી વખત મને જ લાભ આપજો. એમના આમંત્રણને તાપસે સ્વીકાર કર્યો. બીજી વખત પારણાના દિવસે રાજાને યુદ્ધમાં જવાનું બન્યું. એટલે પારણું ન કરાવી શકયા. તાપસે ત્રીજું માસખમણ શરૂ કર્યું. રાજાએ તાપસ પાસે માફી માંગીને ત્રીજી વખત પારણાનું આમંત્રણ આપ્યું ને તાપસે સ્વીકાર્યું, પણ રાજાના એવા ગાઢ કર્મનો ઉદય હતો કે પોતાને પારણું કરાવવાના કેટલા ઉત્કૃષ્ટ ભાવ હોય પણ કંઈ ને કંઈ વિઘ્ન આવી જાય છે. ત્રણ ત્રણ માસખમણના તપસ્વી તાપસ જે દિવસે પારણું કરવા આવે છે તે દિવસે રાજાની રાણીએ પુત્રને જન્મ આપ્યો. એ પુત્રનો જન્મ મહોત્સવ ઉજવવામાં સૌ પડી ગયા ને પારણાની વાત વિસ્મૃત થઈ ગઈ. ઉત્કૃષ્ટ ભાવના હોવા છતાં કર્મોએ કેવા ખેલ કરાવ્યા કે તાપસને કોઇએ આવકાર સરખો પણ દીધો નહિ. તાપસ પારણું કર્યા વિના ચાલ્યા ગયા. મનમાં ક્રોધનો પાર ન રહ્યો અહો ! આ ગુણસેન પહેલેથી જ મારો વૈરી છે. મારી મજાક ઉડાવનારો છે. મને ત્રણ ત્રણ વખતથી આમંત્રણ આપીને પારણું કરાવતો નથી, ને મારી હાંસી કરે છે. બસ, હવે મારે પારણું કરવું જ નથી. મારા આ તપનું જો કોઈ ફળ હોય તો ભવોભવ હું તેને મારનારો થાઉં. આવું નિયાણું કર્યું. એ નિયાણાના બળે નવ નવ ભવ સુધી ગુણસેન અને અગ્નિશર્મા સાંકડી સગાઇમાં ઉત્પન્ન થયા. દરેક ભવમાં અગ્નિશર્માનો જીવ ગુણસેનને કોઇ ને કોઈ રીતે મારી નાંખતો હતો ને ગુણસેનનો જીવ ખૂબ ક્ષમા રાખતો. અંતે નવમા ભવે ગુણસેનનો જીવ સમરાદિત્ય કેવળી થયો ને કર્મોનો ક્ષય કરીને મોક્ષમાં ગયા. એક જીવે જો ક્ષમા રાખી તો છૂટકારો થયો. જો બંને સરખા હોત તો આ પરંપરા કયાં સુધી ચાલત તે કેવળી ભગવાન સિવાય કોઈ કહી શકે નહિ.

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોની વાત ચાલે છે. તેમાં પૂર્વભવના સ્નેહના કારણે ઇષુકાર રાજાની ભૃગુપુરોહિત પ્રત્યે ખૂબ કૃપાદૃષ્ટિ હતી. તેથી રાજા તેમને ખૂબ ધન આપતા હતા. ભૃગુપુરોહિત અને તેની પત્ની યશા બંને રાજશાહી સુખો ભોગવતાં હતાં મહારાજાની મહેરથી એને સંપત્તિની કમીના ન હતી, પણ સંતાનના અભાવમાં

બંને માણસોને ખૂબ દુઃખ હતું. અહો! પૂર્વના પુણ્યોદયે બધું જ છે પણ એક દીકરો નથી. હવે બન્યું એવું કે દેવલોકમાંથી પેલા બે દેવોને ચવવાનો સમય આવ્યો. જ્યારે દેવલોકમાંથી દેવોને ચવવાના છ મહિના બાકી રહે છે, ત્યારે તેના કંઠમાં રહેલી પુષ્પની માળા કરમાય છે. મિથ્યાત્વી દેવોને ત્યાંથી ચવવાનું થાય ત્યારે ઝૂરે છે પણ સમકિતીદેવો તો માનવના ભવને ઝંખે છે.

"માનવના ભવને દેવતાઓ ઝંખતા, સ્વર્ગના વિલાસ એને ઘણીવાર ડંખતા."

"ઝંખના શેની કરશો?" સમકિતી દેવો શું ઝંખે છે? હે પ્રભુ ભલે રોટલો ને દાળ બાવા મળે, ઝુંપડામાં રહેવા મળે પણ જ્યાં જૈન ધર્મ હોય ત્યાં મારો જન્મ થજો બુઓ, દેવને સ્વર્ગના સુખો ડંખે છે પણ તમે એવા સુખોને ઝંખો છો ને? કેવી વિપરીત વાત છે. જેને મળ્યા છે તેને ડંખે છે ને જેને નથી મળ્યા તે ઝંખે છે. પેલા બે દેવોએ જાણ્યું કે હવે આપણે અહીંથી જવાનું છે એટલે ઉપયોગ મૂકીને જોયું કે આપણે અહીંથી ચવીને કયાં જઈશું? જોયું તો ખબર પડી કે આપણે તો બ્રાહ્મણને ત્યાં જવાનું છે, જોયું તો ખબર પડી કે આપણે તો ત્યારે વિચાર કર્યો કે બ્રાહ્મણ તો પૂરો વેદ-વેદાંતનો જાણકાર છે. ત્યાં આપણે દીક્ષા કેવી રીતે લઈ શકીશું? પહેલાથી જ આપણે તેનો પ્રબંધ કરી દઈએ. એમ વિચાર કરીને બંને દેવો મૃત્યુલોકમાં આવ્યા ને જ્યોતિષીનું રૂપ લઈને યશા ભાર્યાની પાસે ગયા ને કહ્યું-હે માતા! ભૂત-ભવિષ્ય ને વર્તમાન ત્રણે કાળની વાત અમે કહી શકીએ છીએ. જોષ જોવડાવવા છે? યશા તો તૈયાર જ હતી. તેણે પૂછયું-મહારાજ! મારા કિસ્મતમાં પુત્ર છે કે નહિ? જોષી મહારાજે તેનો હાથ જોઈને કહ્યું-માતા! તારે બે સંતાન જોડલે થશે, પણ એક શરત છે, તે મંજુર છે? યશા ભાર્યા કહે જે હશે તે હું કરીશ જ્યોતિષી કહે તમારા બાળકો બાલપણામાં દીક્ષા લેશે. બ્રાહ્મણીએ વિચાર કર્યો કે પુત્ર થયા પછી સાધુ થવાની વાત છે ને? જોયું જશે, હમણાં હા કહેવામાં શું વાંધો છે? એણે કહ્યું-ભલે.

"પુત્રના મોહે ગામનો કરેલો ત્યાગ" : હવે બંને જીવો દેવલોકમાંથી ચવીને યશા ભાર્યાની કુખે આવ્યા ને ગર્ભસ્થિતિ પૂર્ણ થતાં યશાએ બંને પુત્રોને જન્મ આપ્યો. જ્યોતિષીના વચન અનુસાર ખબર હતી કે બંને પુત્રો દીક્ષા લેવાના છે પણ જો એને સાધુનો ભેટો જ ન થવા દઈએ તો દીક્ષા કેવી રીતે લેશે? આમ વિચાર કરી રાજાની આજ્ઞા લઈ રાજાની હદના બાજુના ગામમાં જઈને વસ્યા અને ત્યાં તેને સંપૂર્ણ સત્તા મળી. તેમણે ગામમાં સાધુ ન આવે તે રીતે ગુપ્ત ગોઠવણ કરી, અને બાળકોને કહ્યું કે આવા સાધુ હોય ત્યાં જવું નહિ. એમને દેખો ત્યાંથી દૂર ભાગી જવું. કારણ કે તે છોકરાઓને ઉપાડી જાય છે ને નાક, કાન કાપીને મારી નાંખે છે. મોહ કેવો ભયંકર છે! ઘણી વાર છોકરા રડતા હોય ત્યારે બહેનો કહે છે, છાનો રહે નહિતર આ મહાસતીજી ઉપાડી જશે. બોલો કેટલી અજ્ઞાનતા! શું તમારા છોકરા ઉપાડી જાય ખરા?

"સંત સમાગમે બાળકના જીવનમાં કરેલો પલટો." :- એક દિવસ બંને બાળકો રમતા રમતા ગામની બહાર ચાલ્યા ગયા. ત્યાં જૈન મુનિને વિહાર કરીને જતા જોયા. એટલે બંને બાળકો થરથર ધ્રુજી ઉઠ્યા. ડરના માર્યા બંને એક ઝાડ ઉપર ચઢી ગયા. ભાવિભાવ બન્યું એવું કે સાધુ એ ઝાડ નીચે બેઠા, એટલે છોકરાઓ ખૂબ ધ્રુજવા લાગ્યા કે આ સાધુ હમણાં એના પોટલામાંથી છરી, ચપ્પુ, કાતર વિગેરે કાઢશે ને આપણા નાક કાન કાપી લેશે. આપણું શું થશે? મુનિ પડિલેહણ કરે છે પણ છોકરાઓએ છરી કે કાતર ન જોયા એટલે તેમનો ગભરાટ બંધ થયો. પછી તે ધીમેથી નીચે ઉતર્યા. સાધુને વંદન કરીને બેઠા. પછી સંતે પૂછ્યું કે છોકરાઓ! તમે કેમ ધ્રુજો છો? ત્યારે કહે છે મહારાજ! તમે છરી, ચપ્પુ, કાતર રાખો ખરા? અમારા જેવા છોકરાઓને ઉપાડી જાવ ખરા? મહારાજે કહ્યું-ભાઈ! અમે તો એક સોય પણ ન રાખીએ તો છરી ને કાતરની તો વાત જ ક્યાં! અમે કોઈ છોકરાને ઉપાડી જઈએ નહિ. એક કીડીને પણ ન દુભવીએ તો તમારા નાક કાન કેવી રીતે કાપીએ? બંને છોકરાઓ અરસપરસ કહે છે-આપણી માતાએ આપણને ખોટા ભમાવ્યા છે. કેવા સરસ મહારાજ છે! મહારાજે તેમને ધર્મનો ઉપદેશ આપ્યો એટલે બંને બાળકો વૈરાગ્યના રંગે રંગાઈ ગયા.

"બાળકોએ માંગેલી દીક્ષાની આજ્ઞા:" બંને છોકરાઓએ માતા-પિતા પાસે જઈને દીક્ષાની આજ્ઞા માંગી, ત્યારે તેમના માતાપિતાએ તેમને ખૂબ સમજાવ્યા કે બેટા! તમે ચાર વેદ ભણો, તેમાં નિપુણ થાઓ, સંસાર સુખ ભોગવો ને ઘેર દીકરા થાય પછી દીક્ષા લેજો, આપણા ધર્મમાં કહ્યું છે કે "अपुत्रस्य गतिर्नास्ति" પુત્ર વિના જે દીક્ષા લે છે તેને સ્વર્ગ મળતું નથી. આ રીતે ખૂબ સમજાવ્યા પણ જેને જન્મ-જરા અને મરણનો ડર લાગ્યો છે તે કોઈ રીતે વૈરાગ્ય ભાવથી ચલિત થયા નહિ. એમનો દૃઢ વૈરાગ્ય જોઈને પિતાએ રજા આપી. સાથે પોતે વિચાર કર્યો કે મારા કુમળા ફુલ જેવા દીકરા જો દીક્ષા લે છે તો મારે સંસારમાં રહીને શું કામ છે? એટલે ભૃગુપુરોહિત પણ દીક્ષા લેવા તૈયાર થયા, ત્યારે યશા ભાર્યા કહે છે હે નાથ! તમે એ છોકરાઓની સાથે ક્યાં ચાલ્યા? એ તો નાના છે એટલે વાંધો નહિ પણ તમારી ઉંમર થઈ છે. માટે સંયમનો ભોજો વહન નહિ કરી શકો. મારી વાત સાંભળો.

मा हु तुमं सोयरियाण संवरे, जुण्णो व हंसो पडिसोत्तगामी ।
भुंजाहि भोगाहि मए समाणं, दुक्खं खु भिक्खायरिया विहारो ॥ ३३ ॥

પાણીના પૂરની સામે ચાલનારો વૃદ્ધ હંસ જેમ પછીથી ઝૂરે છે તેમ મેત ખરેખર! સ્નેહીજનોને યાદ કરીને બેદ પામશો કે મેં ક્યાં દીક્ષા લીધી! આ ભાર મારાથી વહન થશે નહિ. એના કરતાં હમણાં ગૃહસ્થાશ્રમમાં રહીને મારી સાથે ભોગ ભોગવો. ભિક્ષાચરીની

વાટ બહુ દુઃખદ છે. આ રીતે ઘણાં પ્રલોભનો આપ્યા પણ ભૃગુપુરોહિત રોકાતા નથી અને બંને વચ્ચે વાદવિવાદ થતાં યશા ભાર્યાને વૈરાગ્ય આવી ગયો. માતાપિતા અને બે પુત્રો ચારે જણા વૈભવોથી છલકતા મહેલ છોડીને સંયમ પંથે ચાલી નીકળ્યા.

"ઇષુકાર રાજા સામે કમલાવતીનો પડકાર :" આ ચાર જીવોએ છતી ઋદ્ધિ છોડીને દીક્ષા લીધી તે ઇષુકાર રાજાને ખબર પડી. એટલે તેની સંપત્તિ પ્રજાના રક્ષણ માટે રાજા પોતાના ભંડારમાં લાવે છે. કારણ કે જે સંપત્તિનો કોઈ વારસદાર ન હોય તેનો માલિક રાજા બને છે. એ અનુસાર ભૃગુપુરોહિતની સંપત્તિ ગાડા ને ગાડા ભરીને રાજ્યમાં આવવા લાગી. આ વાતની કમલાવતી રાણીને ખબર પડી. એટલે તરત કચેરીમાં રાજા પાસે ગયા. રાણી કદી બહાર નીકળ્યા ન હતા. તે આજે ભરી સભામાં આવ્યા. તે જોઈને રાજા તો ચકિત થઈ ગયા કે આ શું ? રાણી અહીં કેમ આવ્યા ? ત્યાં તો રાણી લાલઘૂમ આંખ કરીને પડકાર કરીને કહે છે હે મહારાજા ! બ્રાહ્મણ અર્થના લોભી હોય, તે સંપત્તિને છોડી શકે નહિ, તેને બદલે ઘરબાર, માલમિલકત અનર્થકારી લાગ્યા ને છોડ્યા તે ધન તમારે શું કરવું છે ? આ તો એંઠવાડ કહેવાય. આ બધું ભેગું કરો છો તો શું સાથે લઈ જશો ?

"मरिहिसि रायं जया तया वा, मणोरमे कामगुणे पहाय ।
एक्को हु धम्मो नरदेव ताणं, न विज्जाहि अन्नमिहेह किंचि ॥ ४० ॥

હે રાજન્ ! જ્યારે કે ત્યારે આ બધા મનોહર કામભોગો છોડીને તમે મરવાના છો. મરણ સમયે આ બધું શરણ રૂપ થવાનું નથી. હે નરપતિ ! તે સમયે માત્ર એક ધર્મ જ સાચો શરણભૂત થશે, બીજું કંઈ શરણભૂત થઈ શકશે નહિ.

બંધુઓ ! કમલાવતી રાણી ઇષુકાર રાજાની કેવી ઝાટકણી કાઢે છે ! ગમે તેમ તો ય સ્ત્રી છે. એક સ્ત્રી ભરી સભામાં આવા શબ્દો કહી શકે ખરી ? કે હે રાજા ! જ્યારે ત્યારે તમે મરી જશો. આ અમારી બહેનો કમલાવતી બને તો આ ઇષુકાર હમણાં ઠેકાણે આવી જાય જો આમાંથી કોઇક પણ કમલાવતી બનશે તો જરૂર તેના પતિને કહેશે કે નાથ ! કોના માટે પાપ કરો છો ? સાથે શું લઈ જશો ? ઘણું કમાયા, હવે આત્માનું કરો. જો ઉપાશ્રયે તમે નહિ આવો તો મારે જમવું નથી, પછી જોઇ લો ઇષુકાર સીધા થઈ જાય છે કે નહિ ? (હસાહસ).

કમલાવતી રાણી રાજાને કહે છે હે રાજા ! વમેલું ધાન્ય કોણ ખાય ? કાગડા અને કૂતરા ખાય, પણ માણસ ન ખાય. આ સંપત્તિ વમેલા આહાર જેવી છે. તમે શા માટે તેને ગ્રહણ કરો છો ? કમલાવતી રાણીના ઝાટકણી ભરેલા કઠોર શબ્દો સાંભળીને રાજા કહે છે હે રાણી ! આજે તને શું થયું છે ? શું કંઈ ગાંડી થઇ ગઇ છે કે વળગાડ

વળગ્યો છે ? કે આમ ગમે તેમ મારી સામે બોલી રહી છે ? રાણી કહે છે હે રાજન્ ! મને કંઇ વળગાડ નથી વળગ્યો. તમને મોહનો વળગાડ વળગ્યો છે ? રાજા કહે છે તમારી વાત ઠીક છે પણ વિચાર કર. જો સંપત્તિથી ભંડાર ન છલકાવું તો તમને આવા સુંદર રાજભવનમાં મહાલવા કયાંથી મળશે ? રાજાના શબ્દો સાંભળીને રાણી બોલી.

રત્નજડિત રાય તારું પાંજરૂં, માંહી સૂડલો અને જાણુ,
સાંભળ હો રાજા...બ્રાહ્મણની છાંડી ઋદ્ધિમત આદરો.

હે રાજન્ ! આ તમારા રાજભવન મને બંધનરૂપ લાગે છે. પોપટને કોઈ રત્નજડિત સોનાના પિંજરામાં રાખે ને હાડમની કળીઓ ખવડાવે તો પણ તેને મન એ બંધન લાગે છે તેમ મને પણ આ રાજમહેલ સોનાના પિંજર જેવા લાગે છે. માટે આ સ્નેહ રૂપી તાંતણાને છેદીને, આરંભ પરિગ્રહથી મુક્ત બનીને હું સંયમ માર્ગે પ્રયાણ કરીશ. કમલાવતી રાણીના વૈરાગ્ય ભરેલા અક્ષરકારક વચનો સાંભળીને ઇષુકાર રાજાની મોહ રૂપ નિદ્રા ઉડી ગઈ. રાજા વૈરાગ્ય પામી ગયા. એટલે મોટું રાજ્ય અને આકર્ષક કામભોગોને છોડીને બંનેએ દીક્ષા લીધી. આ રીતે એકેકના નિમિત્તથી વૈરાગ્ય પામીને છ એ જીવોએ દીક્ષા લઇને કલ્યાણ કર્યું. આ રીતે ચૌદમા અધ્યયનના ભાવ છે.

પંદરમા અધ્યયનનું નામ "સ ભિક્ખૂ" છે. તેમાં સાધુએ પોતાના ચારિત્રમાં કેવી રીતે સાવધાન રહેવું જોઈએ તે વાતનો ભગવાને ઉલ્લેખ કર્યો છે. આ સંસારમાં જીવને પતનના નિમિત્તો ઘણાં છે. તેમાં સાધકે કેવી રીતે સાવધાન રહેવું જોઇએ, સાધક જીવનમાં ઉપયોગી આહાર-વસ્ત્રાદિમાં પણ સંયમ રાખવો, સાધુએ સત્કાર, સન્માન, પ્રતિષ્ઠામાં આસક્ત ન બનવું, તેની લાલસા રોકવી, મંત્ર જંત્ર વિદ્યા ન શીખવી-ઇત્યાદિ વાતોનો ઉલ્લેખ કર્યો છે. તપશ્ચર્યા અને સહિષ્ણુતા એ બે આત્મવિકાસના ગગનમાં ઉડવાની પાંખો છે. તે પાંખોને ખૂબ સંભાળીને સાથે લઈ ને ભિક્ષુ ઉંચે ચડે. આ બધી સાધક જીવનમાં ઉપયોગી વાતોનું કથન કર્યું છે.

સોળમા અધ્યયનમાં બ્રહ્મચર્ય સમાધિના સ્થાનોનું ભગવાને વર્ણન કર્યું છે. નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવાનો ભગવાને ઉપદેશ આપ્યો છે. સંપૂર્ણપણે આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જીવનમાં બ્રહ્મચર્યની ખૂબ આવશ્યકતા છે. બ્રહ્મચર્યના પાલનથી મનુષ્ય મોટી મોટી સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે. તેમાં પણ સાધકનું બ્રહ્મચર્ય કેવું હોવું જોઇએ તે વાતો કહેલી છે.

સત્તરમા અધ્યયનમાં પાપશ્રવણનો અધિકાર કહ્યો છે. તેમાં જે કોઇ સાધુ સંયમ લીધા પછી માલ મલીદા ખાઈને ઘણીવાર સુધી સૂઈ રહે, જે આચાર્યો વિનય માર્ગ શીખવાડે, જ્ઞાન ભણાવે તેમની નિંદા કરે, પોતાને બેસવાના પાટ, પાટલા, શૈયા વિગેરેનું પડિલેહણ ન કરે, ગુરૂ અને વડીલોનો વિનય ન કરે વિગેરે કુલક્ષણો જેનામાં હોય તેને

જ્ઞાની "पावसमणेत्ति वुच्चइ।" પાપશ્રમણ કહે છે. આવા પાપશ્રમણના લક્ષણો આ અધ્યયનમાં બતાવ્યા છે. વિશેષ ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૧૦

અષાડ વદ ૬ ને મંગળવાર **તા. ૨૫-૭-૭૮**

મમતાના મારક, સમતાના સાધક, અને વિષયોના વારક એવા વીતરાગ પ્રભુએ વિશ્વના જીવો માટે વાત્સલ્યના વહેણ વહાવી અર્થરૂપે વાણી પ્રકાશી અને ગણધર ભગવંતોએ તેની સૂત્ર રૂપે ગૂંથણી કરી પંચમ ગણધર સુધર્મા સ્વામીને તેમના પ્યારા શિષ્ય જંબુસ્વામીએ વિનયપૂર્વક વંદન કરીને પૂછયું, હે પ્રભુ! ભગવંતે ઉત્તરાધ્યયન સૂત્રમાં કયા રહસ્યો બતાવ્યા છે? ત્યારે સુધર્મા સ્વામી વહાલથી કહેતા કે હે આયુષ્યમાન જંબુ! ભગવાને આ પ્રમાણે કહ્યું છે. જેને ભૂખ લાગે છે તેને ભોજન દેનારા મળી જાય છે. જંબુસ્વામીને જ્ઞાનામૃતના ભોજનની ભૂખ લાગી હતી એટલે તેઓ વારંવાર ભગવાનને પ્રશ્નો પૂછતાં અને સુધર્મા સ્વામી તેનું સમાધાન કરતા. એ સુધર્મા સ્વામી ચાર જ્ઞાન, ચૌદ પૂર્વના જ્ઞાતા હતા. **"જિન નહિ પણ જિન સરીખા"** તેઓ જિન નહિ પણ જિનવર સરીખા હતાં. સુધર્માસ્વામી પાંચમાં ગણધર હતા. ભગવાનની હયાતીમાં નવ ગણધર મોક્ષમાં ગયા છે. ભગવાન મોક્ષમાં ગયા ત્યારે ગૌતમસ્વામી અને સુધર્માસ્વામી બે જ ગણધરો હયાત હતા. તેમાં ભગવાન મોક્ષમાં ગયા એ જ સમયે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું. તેથી સુધર્મા-સ્વામી પાટે આવ્યા. જંબુસ્વામી જ્યારે પ્રશ્ન કરે ત્યારે તેઓ કહેતા હે જંબુ! ભગવાને આમ કહ્યું છે. જંબુસ્વામી વિનય, નમ્રતા, સરળતા, કોમળતા આદિ અનેક ગુણોથી ભરેલા હતા. એમની બોલવાની મીઠાશ તો અલૌકિક હતી. એટલે તે દેવોને પણ પ્રિય લાગતા હતા. કહ્યું છે કે, **"દેવતાને વલ્લભ લાગે એવા શ્રી જંબુસ્વામીને જાણીએ"** જંબુસ્વામી બોલે તો જાણે મોઢામાંથી ફૂલ ઝરે એવું લાગતું. એક વિનય અને બીજું મધુર વચન એ જગતને જીતવાની અને દુશ્મનને દોસ્ત બનાવવાની અમૂલ્ય જડીબુટ્ટી છે. તમને એમ લાગતું હશે કે એક શબ્દ બોલવામાં શું? પણ શબ્દમાં ઘણી શક્તિ રહેલી છે.

"શબ્દ શબ્દ કયા કરો નહિ હાથ નહિં પાંવ,
એક શબ્દ ઘા રૂઝવે, એક શબ્દ કરે ઘા"

શબ્દને કોઈ હાથ કે પગ નથી પણ તેનામાં બળ ઘણું છે. વિવેકહીન એક વચન મિત્રતા તોડાવે, પતિ-પત્નીમાં વિખવાદ ઉભો કરે અને શાંતિનો નાશ કરે છે. જ્ઞાનીપુરૂષો તો કહે છે કે હે માનવો! શબ્દોનો મહિમા અપરંપાર છે. શબ્દની શક્તિ અચિંત્ય છે.

શબ્દના અર્થ અનેક છે અને શબ્દના ભાવ અગમ્ય, અકથ્ય અને અવર્ણનીય છે. શબ્દ દ્વારા આપણે આપણા ભાવ અન્યને સમજાવી શકીએ છીએ અને બીજાના ભાવને સમજી શકીએ છીએ. સાત નયોમાં પણ શબ્દ નયનું એક સ્થાન અલગ છે. વ્યાકરણ શાસ્ત્રનો આધાર શબ્દ પર નિર્ભર છે. પુદ્ગલની આઠ મહાવર્ગણાઓમાં એક સૂક્ષ્મવર્ગણા ભાષા-વર્ગણા છે. શબ્દની શક્તિ અદ્ભુત છે. માત્ર એક જ શબ્દ સુખ અને દુઃખની પરંપરા ઉભી કરે છે. એક શબ્દથી શાંત મનુષ્ય ક્રોધી બની જાય છે ને ક્રોધી મનુષ્ય શાંત બને છે. શબ્દની અસર અણુબોંબના ધડાકા કરતાં પણ વધુ ભયંકર થઈ શકે છે, અને અમૃતના સ્વાદ કરતાં પણ અધિક સુખ, શાંતિ અને આનંદ પણ ઉપજાવી શકે છે. એક શબ્દ ખૂનખાર જંગ ખેલાવે ને લોહીની નદીઓ વહાવે, મહાભારત લખાણું હોય તો કોનો પ્રભાવ છે ? શબ્દનો ને ?

"પાંડવોની કરામતમાં દુર્યોધનની મૂંઝવણ :" પાંડવોએ દેવવિમાન જેવો સુંદર મહેલ બાંધ્યો. તે જોવા માટે દુર્યોધનને આમંત્રણ આપેલ તેથી તે જોવા આવ્યો. એ મહેલમાં ખૂબ સુંદર રચના કરી હતી. તેમાં કાચ એવી રીતે ગોઠવ્યાં હતા કે જ્યાં દરવાજો ન હોય ત્યાં દરવાજો દેખાય. પાણી હોય ત્યાં જમીન દેખાય અને જમીન હોય ત્યાં પાણી દેખાય. દુર્યોધન મહેલમાં આવ્યો એટલે જ્યાં દરવાજો ન હતો ત્યાં દરવાજો માનીને દાખલ થવા ગયો તો માથું અથડાયું.

"એક વચને મહાભારત ઉભું કર્યું :" આથી દ્રૌપદીના મુખમાંથી શબ્દ નીકળ્યા કે **"આંધળાના આંધળા જ હોય."** આટલા શબ્દોથી દુર્મતિ એવા દુર્યોધનના હૃદયમાં ઝેરના બીજ વવાઈ ગયા. ત્યારથી એણે ગાંઠ વાળી કે ગમે તેમ કરીને મારે આ વૈરનો બદલો લેવો છે. પરિણામે ભયંકર યુદ્ધ ખેલાયા. આ મહાભારતની વાત થઈ. રામાયણનો પણ આવો જ પ્રસંગ છે. એ તમે જાણો છો ને ? જ્યારે અયોધ્યામાં રામના રાજ્યાભિષેકની તૈયારીઓ થઈ રહી હતી. શરણાઈના સૂર સારી અયોધ્યામાં ગુંજી રહ્યા હતા. દશરથ રાજા અને પ્રજાના અંતરમાં આનંદ સમાતો ન હતો. એ સમયે કૈકેયીએ વચનનું લેણું હતું તે વચન દશરથ રાજા પાસે માગ્યું, કે "રામને વનવાસ અને ભરતને ગાદી." કૈકેયીરાણીના આટલા જ શબ્દે સારી અયોધ્યા નગરી શોકસાગરમાં ડૂબી ગઈ. આ પણ વચનના કારણે જ ને ? આટલા માટે કહ્યું છે સજ્જન અને દુર્જનોના વચનમાં અંતર છે. સજ્જન પુરૂષોનું વચન દુઃખ રૂપી અગ્નિથી જલતા હૃદયને ઠારે છે ને દુર્જનનું એક વચન શાંતિના સદનમાં મહાલતા જીવોના સંસારમાં દાવાનળ લગાડી દે છે.

આવો જ એક પ્રસંગ મહાવીર પ્રભુના જીવનનો છે. ચંડકૌશિક દૃષ્ટિવિષ સર્પ હતો. જેની સામે દૃષ્ટિ કરે તેને ઝેર ચઢે ને તરત તરફડીને મરી જાય એવું કાતિલ વિષ તેનામાં

હતું. તેની ભવ્યતા જાગી ત્યારે ભગવાન ત્યાં ગયા. તેણે ભગવાનને અંગુઠે ડંખ દીધો ત્યારે ભગવાને તેને એક જ વચન કહ્યું–"બુઝ...બુઝ ...ઓ ચંડ કૌશિયા." હે ચંડકૌશિક બોધ પામ. વૈરથી વૈર કદી શમવાનું નથી. વૈરની આગ ઉપર પ્રેમના પાણીનો છંટકાવ કર. આટલા શબ્દે ભયંકર વિષધર ચંડકૌશિક સર્પનો જીવનપલ્ટો થઈ ગયો. એ સર્પ ફીટીને દેવ બની ગયો. આટલા માટે જ્ઞાની કહે છે કે શબ્દની શક્તિ અમાપ છે. શબ્દ સોય અને કાતરનું કામ કરે છે. તમે દરજીને ત્યાં જઈને જોજો કે સોય અને કાતર શું કામ કરે છે? કાતર આખો દિવસ કાપવાનું કામ કરે છે ને સોય કાપેલાને સાંધવાનું કામ કરે છે. જ્યારે દરજીને વેતરવાનું કામ પતશે ત્યારે કાતર નીચે મૂકશે ને સોયને માથામાં ભરાવશે. એને પૂછવામાં આવે કે ભાઈ! આમ કેમ કર્યું? તો કહેશે કે સોય જુદાને ભેગા કરે છે માટે તેને મસ્તકે ચઢાવું છું અને કાતર તો કાપવાનું કામ કરે છે. માટે તેને નીચે મૂકું છું.

કોના જેવા બનશો? :– દેવાનુપ્રિયો! તમારે સોય બનવું છે કે કાતર જેવા? એક અનુભવી કહે છે કે—

"હું કદી કાતર થવા ન ચાહું, એ કરે એકમાંથી અનેક,
એટલે સોય જેવું જીવન ચાહું, જે કરે અનેકમાંથી એક."

હું કયારે કાતર જેવો થવા ઇચ્છતો નથી. જે એકમાંથી અનેક કરે છે. પણ મારે તો સોય જેવું જીવન બનાવવું છે કે જે અનેકમાંથી એક કરે. તમારે કેવા બનવું છે? તમે સોય જેવા બનજો હોં. કાતર જેવા ન બનશો. બને તો કોઈનું તૂટ્યું હોય તો સોય જેવા બનીને સાંધી આપજો પણ કોઈનો પ્રેમ તોડવામાં કાતર જેવા ન બનશો. પુલ નદીના બે કિનારાને જોડી દે છે, તેમ તમે પણ મધુર વચન બોલીને તૂટેલા હૃદયને જોડી આપજો. શબ્દની કરામત કોઈ અજબ છે. **"શબ્દ સંસાર સાંધે છે ને તોડે છે. શબ્દ હૃદયને ભાંગે છે ને ભેગા કરે છે. શબ્દથી પ્રેમનો ઉલ્લાસ પ્રગટે છે. ને ક્રોધનું વિષ વ્યાપે છે. મોહની નિદ્રામાં સૂતેલાને શબ્દ જગાડે છે અને શબ્દથી માનવી માયાની જાળમાં ફસાય છે."** શબ્દનો આવો પ્રભાવ છે. માટે ખૂબ વિચારીને શબ્દ બોલવો.

જંબુસ્વામી મધુર વાણી બોલતા હતાં. તે સિવાય તેમના જીવનમાં ઘણાં ગુણો રહેલા હતા. તેથી તે દેવોને પણ પ્રિય લાગે તેવા હતા. તો આપણે દેવોને પ્રિય લાગીએ તેવા ન બની શકીએ તો ખેર! પણ મનુષ્યને વલ્લભ લાગીએ એવું તો કરી શકીએ ને? મનુષ્યને પ્રિય કોણ બની શકે? જેનામાં દયા, દાન, પરોપકાર, સહિષ્ણુતા, ધર્મમાં શ્રદ્ધા, સેવા વિગેરે સદ્‌ગુણો હોય તે જ ને? તમારા જીવનમાં આવા ગુણો છે કે નહિ? જેના જીવનમાં આવા સદ્‌ગુણ રૂપી પુષ્પોની સૌરભ મહેંકતી હોય છે તે આ લોકમાં સૌને પ્રિય બની જાય છે.

સંઘનો તે સ્થંભ બને છે. સંતોના હૃદયમાં પણ તેનું સ્થાન હોય છે. એવા માણસને મરણ આવે તો પણ નામ ગભરાટ થતો નથી. એ હસતે મુખડે આ દુનિયામાંથી વિદાય લે છે.

હસતા મુખે મરણને ભેટનાર :—એક ગામમાં એક શેઠ સંઘના સ્થંભ જેવા હતા. તે ધર્મ ખૂબ કરતા. ગરીબોના બેલી હતા. સંતોના અભ્યાપિયા હતા. એવા શેઠ બિમાર પડયા. આજુબાજુ ત્રણ ચાર માઈલના અંતરે સંતો બિરાજતા હતા. તેમને ખબર પડી કે ફલાણા શેઠ મરણ પથારીએ પડયા છે. આવા માણસો પ્રત્યે સંતના દિલમાં લાગણી હોય છે કે આવા સંઘના સ્થંભ જેવા શ્રાવક ચાલ્યા જશે? ચાલો, આપણે તેમને ધર્મના બે શબ્દો સંભળાવીએ. સંતો વિહાર કરી તેમની પાસે આવ્યા. આ સમયે ડોકટર શેઠને કહે છે શેઠ! હવે તમે બે કલાકના મહેમાન છો. માટે તમારે જે કરવું હોય તે કરી લો. ડોકટર દર્દીના મોઢે જો આવું કહે તો તેને આઘાત લાગી જાય અને બે કલાકમાં મરવાનો હોય તો બે મિનિટમાં મરી જાય, પણ અહીં આવું ન બન્યું. શેઠના મુખ ઉપર નામ ગભરાટ નથી. હસતા ચહેરે કહે છે ડોકટર! તમે બે કલાક તો ઘણા કહ્યા. મને બે મિનિટમાં મરણ આવે તો પણ ચિંતા નથી. મારે જે કરવાનું છે તે બધું મેં કરી લીધું છે. તે ઉપરાંત મારી સામે ઉભેલા મારા ધર્મગુરૂઓએ મને આત્માનું જ્ઞાન આપ્યું છે. તેથી હું સમજું છું કે આ દેહ તે મારો નથી. આ સંપત્તિ, ઘર, પ્રતિષ્ઠા, પત્ની, સંતાન આ બધા મારા નથી. હું આત્મા છું, અવિનાશી છું, અજર અમર છું, આત્માના અનંત ગુણો મારા છે, મારું મૃત્યુ નથી. આવા શબ્દો શેઠે ડોકટરને કહી દીધા. શેઠની નીડરતા અને નિર્ભયતા જોઈને ડોકટર પણ ચકિત થઈ ગયો કે ધન્ય છે આવા આત્માને! બોલો, તમારામાં આવી તાકાત છે? અરે, તમને તો કદાચ સ્વપ્ન આવે કે હું મરી ગયો તો પણ ધ્રુજારી છૂટી જાય, કારણ કે આવું આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું નથી. અજ્ઞાની જીવોને મૃત્યુનો ભય લાગે છે. જેણે શરીર, સંપત્તિ અને કુટુંબ-પરિવાર બધાને મારા માન્યા હોય તેને છોડીને જવાનું થાય ત્યારે ભય લાગે, પણ જેને મમત્વ નથી તેને ભય નથી લાગતો. તે હસતા હસતા જાય છે.

ભય કોને? :— એક ગામમાં એવો રિવાજ હતો કે જેને રાજા બનવું હોય તે બને પણ એક વર્ષ પછી એને રાજગાદીએથી ઉતારી મૂકવાનો અને નદીને પેલે પાર જંગલમાં તેને મૂકી આવવાનો. આ રીતે ઘણા રાજા થયા ને વર્ષ પૂરું થતાં તેને જંગલમાં મૂકી આવવામાં આવ્યા. એક રાજા એવા આવ્યા કે તેણે વર્ષમાં પ્રજાના હિત માટે ઘણાં કાર્યો કર્યા અને બીજી તરફ જે જંગલમાં પોતાને જવાનું હતું ત્યાં તેણે માણસો મોકલીને પોતાને માટે સુંદર બંગલો બંધાવ્યો, ખાવાપીવાની સગવડ કરી અને જંગલને સાફ કરાવી ઘર બંધાવીને ગામ વસાવી દીધું, ને જાહેરાત કરી કે જેને રહેવા જવું હોય તે ત્યાં આવે.

બધી સગવડ તૈયાર છે. વર્ષ પૂરું થતાં તે રાજાને ગાદીએથી ઉઠાડીને નૌકામાં બેસાડ્યો ત્યારે તેમનું મુખ હસતું હતું. આ સમયે બલાસીઓના મનમાં થયું કે આપણે ઘણા રાજાઓને મૂકી આવ્યા, ત્યારે તેઓ રડતા હતા ને આ રાજા કેમ હસે છે? બંધુઓ! જેણે પોતાને માટે બધી તૈયારી કરી લીધી હોય તેને ડર હોય ખરો? 'ના.' કારણ કે ત્યાં બધું તૈયાર છે. બોલો, તમારે હસતા જવું છે કે રડતા?

જેને ભોગવિષય પ્યારા લાગ્યા છે ને સંસારમાં આનંદ માન્યો છે તેવા જીવોને જવાનું થાય ત્યારે શું લાગે? ભય, પણ અમર નથી કે સંસારના સુખો કેવા ક્ષણિક છે, એમાં રાચવા જેવું નથી. આ ક્ષણિક સુખો જીવને દુર્ગતિમાં લઈ જનારા છે, વિષય-સુખો બસના દર્દ જેવા છે. જે મનુષ્યને બસ કે બરજવાનું દર્દ લાગું પડતું હોય તેની બુદ્ધિ ક્ષણ પૂરતી મીઠાશનો આનંદ લૂંટવામાં અને બણવામાં હોય છે, પણ દર્દને નાબૂદ કરવા તરફ હોતી નથી, તેમ આત્માના હિતાહિતના વિવેક વગરના માનવીઓની બુદ્ધિ ભોગ વિષયો ભોગવવામાં હોય છે, પણ તેની ઈચ્છાઓનો ક્ષય કરવામાં હોતી નથી. એક ન્યાય આપીને સમજાવું.

એક માણસને બસનું દર્દ થયું હતું. એને એવી બણજ ઉપડે કે ન પૂછો વાત. ચળ આવે ત્યારે બણતા તેના હાથના નખ પણ ઘસાઈ જાય. એક વખત તે જંગલમાં જતો હતો તે વખતે ખૂબ ચળ ઉપડી. તે વખતે બણવા માટે કોઈ સાધન ન હતું. બણવા માટે કોઈ સાધન શોધતો આમતેમ ફાંફા મારતો હતો, ત્યારે એક વૈદ્ય તીણા અણીદાર તણખલાનો ભારો લઈને જતો તેને સામો મળ્યો. એ તણખલાને જોઈને બસના દર્દીના મનમાં થયું કે તણખલા બહુ સારા છે. તેથી તેણે વૈદ્યને કહ્યું-ભાઈ મને બે ત્રણ તણખલા આપને! વૈદ્યે તેને ચાર પાંચ તણખલા આપ્યા, ત્યારે તે કહે છે ભાઈ! તમે મારા ઉપર મહેર કરી મને તણખલા આપ્યા. તમારો જેટલો આભાર માનું તેટલો ઓછો છે, ત્યારે વૈદ્યે કહ્યું-ભાઈ! એમાં આભાર શેનો? ભલે, તમારે મન એની ગણત્રી ન હોય પણ મારે મન તો આ અમૂલ્ય ચીજ છે. તમે તો કેવા ભાગ્યશાળી છો કે તમારી પાસે આટલા બધા તણખલા છે. એણે ફરીને વૈદ્યને પૂછ્યું કે ભાઈ! આટલા બધા સરસ અણીદાર તણખલા ક્યાં મળે છે? વૈદ્યે કહ્યું કે લાટ આદિ દેશોમાં પુષ્કળ પ્રમાણમાં આવા તૃણ ઉગે છે ને ત્યાં મળે છે. વૈદ્યે પૂછ્યું કે ભાઈ! તું આવું બધું મને શા માટે પૂછે? આવા તણખલાની શી જરૂર છે? ત્યારે દર્દીએ કહ્યું-મને બસનું દર્દ થયું છે એની બણજ ઉપડે ત્યારે બણવા માટે મારે આની જરૂર છે.

દેવાનુપ્રિયો! તમે સાંભળો છો પણ ખ્યાલ રાખજો કે તમે આ બસના દર્દી જેવા તો નથી ને? પેલો વૈદ્ય કહે છે ભાઈ! તું આ તણખલા રહેવા દે. બણવાથી બસ નહિ મટે પણ હું તને ત્રિફળાની ફાકી આપું છું. તેનું સેવન કર તો આ બસનું દર્દ ફક્ત

સાત દિવસમાં તને મટી જશે. પછી આની જરૂર જ નહિ પડે. ત્યારે બસનો દર્દી કહે છે ભાઈ! તું બોલ્યો એ બોલ્યો. હવે બોલીશ નહિ. મારે તારી ત્રિફળા ફીફળા આવી નથી. બસની વ્યાધિ મટી જાય પછી મારી બણવાની મઝા જ જતી રહે ને? (હસાહસ) પછી આવો અનુપમ આનંદ કયાંથી લૂટી શકાય? બસને આવા તીક્ષ્ણ તણખલાથી કે હાથના નખથી બણતા જે મીઠાશનો આનંદ લૂંટી શકાય છે તે દેવલોકના સુખોને પણ ભૂલાવી દે તેવો આનંદ છે. માટે મારે ત્રિફળાનો પ્રયોગ કરવો નથી. મારે તો આ તણખલા જ જોઇએ છે.

"ભવરૂપી બસ મટાડવા શોધેલા વૈદ્ય :" સંસારી જીવોની દશા બસના દર્દી જેવી છે. સંસારી જીવોને ભવરૂપી બસનો રોગ લાગુ પડેલો છે. તેના કારણે વિષય-વાસનાની મીઠી બણજ ઉપડે છે, અને સંસારી જીવો તેને વિષયભોગરૂપી તણખલાથી શાંત કરવા ઇચ્છે છે, પણ અંદરની ભોગતૃષ્ણા કદી વિષયભોગથી શમતી નથી. એ તો જેમ અગ્નિમાં ઘી નાંખીએ તેમ અગ્નિ વધુ જાજવલ્યમાન બને છે, તેમ ભોગ ભોગવવાથી ભોગતૃષ્ણા વધવાની છે. જરા વિચાર કરો. દેવલોકના દિવ્ય સુખો જીવે અનંતી વાર ભોગવ્યા છે, છતાં ગંધાતી ગટર જેવા વિષયસુખ જીવને પ્રિય લાગે છે. જીવનું કેવું અજ્ઞાન છે! જ્ઞાનદશાથી વાસનાને જીતી શકાય છે. વિષયોના સેવનથી તો ભોગતૃષ્ણા વધે છે. જેમ પેલા બસના દર્દીને વૈદ્યે કહ્યું–ભાઈ! હું તને ત્રિફળાની ફાકી આપું છું. તું તેનું સેવન કર તો તારું દર્દ મૂળમાંથી મટી જશે, તેમ તમને પણ તમારા સદ્ભાગ્યે સદ્ગુરૂ રૂપી વૈદ્યનો સમાગમ થયો છે. તે તમને કહે છે હે ભવ્ય જીવો! વિષય સેવનથી તમારી બણજ શાંત નહિ થાય. અમે તમને એક ઔષધિ આપીએ તેનું તમે સેવન કરો તો તમારો ભવરોગ મૂળમાંથી નાબૂદ થઈ જાય. એ દવા ત્રિફળા કઈ છે તે તમે જાણો છો? તમને પેલી ત્રિફળા શેની બને તે ખબર છે પણ સદ્ગુરૂ પાસે કઇ ત્રિફળા છે તેની ખબર નથી.

સદ્ગુરૂ કહે છે તમે જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપી ત્રિફળાનું સેવન કરો. અમારી પાસે તૈયાર છે. તમે માંગો એટલી જ વાર છે, ત્યારે સંસારી જીવો કહે છે કે ગુરૂદેવ! ભવરૂપી બસનો રોગ મટી જાય પછી જિંદગીનો આનંદ જ કયાં રહે! ને આ વિષયસુખ ભોગ-વવાના કયાંથી મળે? આ છોકરા, પત્ની વગર શે ગમે? (હસાહસ) અમારે તમારી ત્રિફળા જોઈતી નથી. અરે મૂર્ખના સરદારો! આ ક્ષણિક સુખોમાં તમને આટલો બધો આનંદ કેમ આવે છે? એમાં શું મોહાંધ બની ગયા છો? આ આનંદ અને સુખ તો એક બિન્દુરૂપ છે. જ્યારે મોક્ષમાં તો પરમાનંદ છે. તે સિન્ધુરૂપ છે. આ વાત કોઈ હળુકર્મી જીવને સમજાય છે. જેમ પેલો બસનો દર્દી બણજ બણવામાં આનંદ માને છે તેમ ભારે કર્મી જીવો દુઃખમાં સુખ માને છે. અત્યાર સુધી તો સમજ્યા નહિ પણ હવે તમને આ વાત સમજાતી હોય તો હજુ બાજી હાથમાં છે, ત્યાં સુધીમાં ચેતી જાઓ. હજુ તમે ધારો તે કરી શકો તેમ છો, બીજું ન કરી શકો તો બેર, બ્રહ્મચર્યનું પાલન તો કરો.

બંધુઓ ! જ્ઞાની ભગવંતોના વચનાનુસાર તમને કહું છું કે જ્ઞાન, દર્શન, ચારિત્રની ત્રિફળાનું સેવન કર્યા વિના તમારો ભવરોગ મટવાનો નથી. ચારિત્ર લઈ શકો તો ઉત્તમ છે પણ જો ચારિત્ર ન લઈ શકો તો અમુક ઉંમર થાય એટલે બ્રહ્મચર્યનું પાલન તો કરવું જોઇએ. ભોગોથી નિવૃત્ત થવું જોઈએ. એક જમાનો એવો હતો કે માણસને પચાસ વર્ષ પૂરા થાય એટલે તે સંસારની પ્રવૃત્તિથી નિવૃત્ત બની જતા. પચાસ વર્ષ પછી કેટલામું વર્ષ આવે ? (શ્રોતામાંથી અવાજ : એકાવન) એકાવનમાં વર્ષમાં પ્રવેશ થાય એટલે માણસો વનમાં જઈને તપ કરતા હતા. પચાસ વર્ષ પૂરા થાય એટલે તમે કહો છો ને કે અમે વનમાં પ્રવેશ્યા. તમે આટલા બધા બેઠા છો તેમાંથી કેટલા વનમાં પ્રવેશી ચૂટ્યા છો ? (શ્રોતામાંથી અવાજ : સાહેબ, ઘણું ય) તો ઘણુંમાંથી કેટલાએ નિવૃત્તિ લીધી છે ! અમે તમને ત્રિફળાની ફાકી સામેથી વિના ચાજે આપીએ છીએ તો ય તમને લેવાનું મન થતું નથી. ક્યાં સુધી વિષયોના ગુલામ બનીને પડ્યા રહેશો ! એકાવન, બાવનથી સાઠ સુધીનો કાળ એ વનનો કાળ ગણાય છે.

"વનમાં નહિ ચેતો તો કયારે ચેતશો ?" : વનના કાળમાં જો તમે નહિ ચેતો અને સંસારમાં ખૂંચેલા રહેશો અને સાઠ વર્ષની ઉંમર થશે પછી તમારી કાંઈ કિંમત નહિ રહે. સાઠ પછી આવે એકસઠ. અશુદ્ધ ભાષામાં એકસઠને એકહટ કહે છે. ઘરડા માણસોને પૂછવામાં આવે કે તમારી ઉંમર કેટલી થઈ ? તો કહેશે કે સાઠ પૂરા થયા ને હવે એકહટમું બેઠું. એક હટ એટલે તમે સમજ્યા ? એકહટ એટલે હડ અને બાહટ એટલે બે હડ (હડ હડ), ચારે બાજુથી તમે હડ હડ થવાના. એકસઠ, બાસઠ વર્ષ થયા ને ઘરમાં શાંતિથી બેઠા હશો તો દીકરાની વહુ એના બાબાને કહેવા મોકલશે કે જા, બાપાને કહી આવ કે ઘરમાં ને ઘરમાં બેસી રહો છો તો થોડી વાર દુકાને જઈ આવે. જો ડોસા ઘરમાંથી જાય તો વહુને છૂટથી જે કામ કરવું હોય તે કરી શકાય. એટલે બાપા બિચારા દુકાને ગયા, ત્યારે દીકરો કહે છે કે બાપુજી ! હવે જો તમારે ધંધામાં માથું મારવાની જરૂર નથી. અમે બરાબર તૈયાર થઈ ગયા છીએ, ત્યારે બાપ કહે કે દીકરાઓ ! હજુ તમે નાના કહેવાઓ. હું જે કરી શકું તે તમે ન કરી શકો. એટલે દીકરાઓ કહે છે કે બાપા ! તમે શું સમજો, અમે તમારાથી સવાયા છીએ, જરાય ચિંતા ન કરશો. તમે ઉપાશ્રયે જઇને શાંતિથી ધર્મ ધ્યાન કરો. (હસાહસ).

જુઓ, ઘડપણમાં કેવી દશા થાય છે ! શાંતિથી બેઠા હતા તો વહુએ હડ હડ કરીને દુકાને મોકલ્યા અને દુકાને ગયા તો છોકરાઓએ ઉપાશ્રયે મોકલ્યા. જ્યાં ગયા ત્યાંથી હડ હડ થયા ને ! તેના કરતાં પહેલેથી સમજીને જ છોડી દેવું શું ખોટું ? જે બાપ કદી ઉપાશ્રયના પગથીયા ચઢયો ન હોય તેને હવે દીકરાઓ કહે ઉપાશ્રયે જાઓ, તો ગમે ખરું ! હા, રોજ કલાક આવતા હોય, ધર્મ સમજતા હોય તો ગમે. બાકી ન ગમે.

આવી રીતે હડ હડ થઈને છોડવાનો વખત આવે તેના કરતાં સ્વેચ્છાથી છોડી દેવું તેમાં જ શૂરવીરતા છે. સ્વેચ્છાથી છોડવામાં સમાધિ છે ને પરાણે છોડવામાં સંતાપ છે. સંસારના સુખો તમને છોડીને ચાલ્યા જાય તેના કરતાં તમે તેને સ્વેચ્છાથી છોડી દેશો તો ચિત્તની સમાધિ પ્રાપ્ત થશે. તમે વૃદ્ધ થશો તો હડ હડ થશો પણ અમારા સાધુ વૃદ્ધ થશે તો કોઈ હડ હડ નહિ, કરે પણ શિષ્યો પ્રેમથી સેવા કરશે. માટે જો આ ઘરમાં સમજીને આવી જાઓ તો તેના જેવું રૂડું કંઈ નથી. (શ્રોતામાંથી અવાજ : હા....જી... હા-બધું સમજીએ છીએ.) હા...જી....હા કરો છો તો શા માટે સંસારમાં પડયા રહ્યા છો? આવી જાઓ ને! (હસાહસ)

બંધુઓ! તમારા મહાન પુણ્યોદય છે કે ભગવાનના દેવવંશી દૂતો તમને સામેથી જાગૃત કરવા આવે છે. દેશમાં તો કંઈક ગામ એવા છે કે જ્યાં સંતોના પગલા થતા નથી. સુપાત્રે દાન દેવાતું નથી તો પછી ચોમાસા તો કયાંથી મળે? તમને તો બધો યોગ મળ્યો છે. જેટલું થાય તેટલું તમે કરી શકો તેમ છો તો શા માટે પ્રમાદ કરો છો? શરીરમાં શક્તિ હોય તો તપશ્ચર્યા કરી લો. એવો વિચાર ન કરશો કે મારે માસ ખમણ તો કરવું છે પણ અત્યારે નહિ, પછી કરીશ, પણ પછી આપણી હયાતી અહીં હશે કે નહિ તેની ખાત્રી છે? "ના." તો હવે કાલનો વિશ્વાસ ન કરો. ધર્મના કાર્યો કાલે કરવાના હો તો આજે જ કરી લો ને આજે કરવાનું હોય તો હમણાં કરી લો, પણ મળેલી તક ચૂકશો નહિ.

ઉત્તરાધ્યયન સૂત્રના અઢારમાં અધ્યયનમાં સંયતિ રાજાનો અધિકાર છે. સંયતિ રાજાનું નામ તો ઘણું સારું છે. સં+યતિ. જે બધા જીવોની સારી રીતે યતના કરે, રક્ષણ કરે તે સંયતિ કહેવાય, પણ આ સંયતિ ધર્મથી અજાણ હોવાથી શિકારના ઘણા શોખીન હતા. એક વખત સંયતિ રાજા ચતુરંગી સેના સાથે લઈને કાંપિલ્ય કેશર નામના ઉદ્યાનમાં શિકાર કરવા માટે આવ્યા. રાજાને મન શિકાર એક રમત હતી પણ ઉદ્યાનમાં મૃગાદિ નિર્દોષ બિચારા પશુઓ ત્રાસથી ભયભીત બનીને આમથી તેમ દોડવા લાગ્યા. કારણ કે મરવું કોને ગમે? સૌને જીવવું ગમે છે, પણ રાજાના દિલમાં દયાદેવીને બદલે નિર્દયતાએ સ્થાન જમાવ્યું હતું. એટલે તેમને કોઈની દયા ન આવી.

"શિકાર કરતાં મળેલી શિક્ષા" :—અશ્વ ઉપર બેસીને રાજાએ ઘણાં મૃગલાઓને વીંધી નાંખ્યા. એક વખત એવું બન્યું કે એક મૃગને બાણ માર્યું. બાણ માર્યા પછી રાજા તે વીંધાયેલા મૃગની પાસે આવ્યા. મૃગ તો તરફડતો હતો. ત્યાં તેની પાસે તેણે પદ્માસને ધ્યાનાવસ્થામાં બેઠેલા એક મુનિરાજને જોયા. મુનિને જોઈને રાજા ચમકયા. તેમના મનમાં થયું કે શું આ મુનિનો મૃગ હશે! જો એમનો મૃગ હશે તો મારું આવી

બનશે. કારણ કે આ યોગી–મહાત્માઓ પાસે ઘણી શક્તિ હોય છે. આ જાણશે કે રાજાએ મારા મૃગને મારી નાંખ્યો છે તો એ મારા ઉપર કોપાયમાન થશે ને મને શ્રાપ આપશે તો? એટલે તે મુનિના ચરણમાં પડીને પોતાના અપરાધની માફી માંગવા લાગ્યા કે, હે મુનિરાજ! મને માફ કરો. હું પાપી છું. મને ખબર નહિ કે આપનો મૃગ છે. મારાથી તેનો વધ થઈ ગયો છે. એમ ઘણુ કરગર્યા પણ મુનિ તો ધ્યાનમાં હતા એટલે કંઈ જવાબ ન આપ્યો. તેથી રાજાનો ભય વધ્યો ને કરગરીને કહે છે કે હે ભગવાન! હું સંયતિ નામનો રાજા છું. આપ મને કંઈક કહો. કારણ કે આપ બોલતા નથી એટલે મને તો બહુ બીક લાગે છે કે રખે "कुध्धे तेएण अणगारे डहेज्ज नरकोडिओ।" કુપિત થયેલ અણગાર પોતાની શક્તિના પ્રભાવથી કરોડો મનુષ્યોને બાળી નાંખે પણ રાજાને ખબર નથી કે જૈન મુનિઓ આવા પશુઓને પાળે નહિ અને આવા યોગીશ્વરોને તપશ્ચર્યા દ્વારા અનેક પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય પણ તેનો તેઓ દુરૂપયોગ કરે નહિ, પણ રાજાને આવી જાણ નહિ હોવાથી તે ભયભીત બનીને ધ્રુજવા લાગ્યા.

"મુનિના વચનોથી જાગૃત બનેલા રાજા":—એ મુનિનું નામ ગર્દભાળી મુનિ હતું. તેઓ જ્યારે ધ્યાનમાંથી મુક્ત થયા ત્યારે રાજાને ચરણમાં પડીને કરગરતા જોયા. બીજી તરફ મૃગને વીંધાયેલો જોયો. એટલે પરિસ્થિતિ સમજી ગયા ને બોલી ઉઠ્યા કે

अभओ पत्थिवा तुब्भं, अभयदाया भवाहिय।
अणिच्चे जीव लोगम्मि, किं हिंसाए पसज्जसि ॥ ११ ॥

હે રાજન્! તને અભય હો! અને તું પણ હવે અભયદાનનો દાતા બની જા. અનિત્ય એવા આ જીવલોકમાં હિંસાના કાર્યોમાં તું શા માટે આસક્ત થાય? ત્યાગી સંતો કોઈની શેહમાં તણાતા નથી. સત્ય વાત સમજાવી દે છે. એ તો પોતાના આત્માની ખુમારીમાં મસ્ત રહે છે ને બીજાને પોતાના જેવા બનાવે છે. યોગીએ રાજાને કહ્યું– જેમ, મારા ભયથી તું મુક્ત થયો તેમ તું પણ સર્વ જીવોને તારા ભયથી મુક્ત કર. અભયદાન જેવું બીજું કોઈ ય ઉત્તમ દાન નથી. ક્ષણિક એવા મનુષ્ય જીવનમાં ઘોર પાપો શા માટે કરે છે? મુનિના આટલા જ શબ્દોએ સંયતિ રાજાને જાગૃત કર્યા. રાજાએ વિચાર કર્યો કે સંસારમાં તો પાપ, પાપ ને પાપ જ છે. ત્યાં હું બધા જીવોને અભયદાન કેવી રીતે આપી શકું? સાધુ બની જાઉં તો જ બધા જીવોને અભયદાન આપી શકાય. એટલે ત્યાં ને ત્યાં સંયતિ રાજા વૈરાગ્ય પામી ગયા, પછી ચારિત્ર અંગીકાર કરી મહાન મહાત્મા બન્યા. હવે વધુ ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૧૧

અષાડ વદ ૮ ને ગુરૂવાર તા. ૨૭-૭-૭૮

અનંતજ્ઞાની, શાસનપતિ, ત્રૈલોક્ય પ્રકાશક ભગવંતે પરમ પુરૂષાર્થ કરી, આત્મા ઉપરથી કર્મોના કચરાને સાફ કરીને કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવીને જગતના જીવોને કહ્યું કે હે આત્માઓ! આ માનવજીવનની મોંઘી ઘડીઓ ચાલી જાય છે માટે જીવનની ઘડીને ઓળખો. જીવનની ઘડીને ઓળખી કયારે કહેવાય! જીવ પુદ્ગલાનંદી મટીને આત્માનંદી બને ત્યારે. તમે સવારથી ઊઠીને કોની સેવા કરો છો? આત્માની કે પુદ્ગલની? બોલો, તમે બધા મૌન બેઠા છો એટલે નક્કી થાય છે કે તમે પુદ્ગલના પૂજારી છો. પુદ્ગલનો પૂજારી સવારથી ઉઠીને સાંજ સુધી પુદ્ગલની પૂજા કરે છે. સવારે ઉઠીને દાતણ કરવું, સ્નાન કરવું, ચા-પાણી કરવા-આ બધી પુદ્ગલની પૂજા છે ને? આજે મોટા ભાગના મનુષ્યો આ રીતે પુદ્ગલની પૂજા કર્યા કરે છે. તેમાં જીવનના કિંમતી સમયને વેડફી નાંખે છે ભક્ત ભગવાનને પોકાર કરીને કહે છે—

આ દેહની પૂજામાં, દિનરાત વીતાવું છું,
કિંમતી સમય જીવનનો રાખમાં મીલાવું છું,
અચાનક દેહ મરવાનો, ફરી આત્મા રઝળવાનો,
પછી મુજને ઉગરવાનો, નથી સંયોગ મળવાનો;
અધૂરા રહે અભરખા, એવા કદમ ઉઠાવું છું....આ દેહની પૂજામાં....

હે ભગવાન! મારું શું થશે? હું તો આ સંસારમાં એવો ગૂંચવાઈ ગયો છું કે મને તારી ભક્તિ કરવાનો સમય જ મળતો નથી. મનની મનમાં રહી જશે ને અચાનક બીસ્તરા ઉઠાવવાનો સમય આવી જશે જ્ઞાની કહે છે કે એવો વખત આવ્યા પહેલાં ચેતી જજો. જેટલી પુદ્ગલની ચિંતા છે તેટલી આત્માની નથી. તમારે બહારગામ જવાનું હોય ત્યારે અગાઉથી તમારા શ્રીમતીજીને કહી રાખો છો કે મારા માટે બેગ, બીસ્તરો અને ભાતાનો ડબ્બો તૈયાર કરજો. અરે દંતમંજન, હજામત કરવાનો સામાન બધું બેગમાં મૂકી દેજો. ભૂલતા નથી (હસાહસ) પણ કોઇ એમ કહો છો કે પથરણું, ગુચ્છો ને મુહપત્તિ બેગમાં મૂકજો. કોઈ હળુકર્મી જીવ એમ કહેતો હશે. બાકી તો પથરણા ને ગુચ્છા કયાંય રખડતા હોય.

બંધુઓ! તમે વધુ કંઈ ન કરી શકો તો ખેર, પણ જૈનકુળમાં જન્મેલા ભાગ્યવાનને દરરોજ એક સામાયિક કરવી એવો નિયમ હોવો જોઇએ. સામાયિકના સ્વરૂપને જો તમે સમજ્યા હશો તો તમને એમ થશે કે શું એક સામાયિકમાં આટલો બધો લાભ છે! ભગવતીસૂત્રમાં ભગવાને સામાયિકના અર્થની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, "आया मे खलु सामाइयं" આત્મા એ જ જ્ઞાન છે, આત્મા એ જ દર્શન છે ને આત્મા એ જ ચારિત્ર

છે, ને આત્મા એ જ સામાયિક છે. કદાચ તમારા મનમાં એમ થશે કે શું જેટલા આત્માઓ છે તે બધા સામાયિક છે? ના, એમ નથી પણ જ્ઞાનીપુરૂષો કહે છે કે, **"સમતા ભાવમાં સ્થિત જે આત્મા તે સામાયિક, સર્વ સાવદ્ય વ્યાપારનો દેશથી કે સર્વથી ત્યાગ કરીને સમતા ભાવમાં સ્થિત બનેલો જે આત્મા તે સામાયિક છે અને જેમાં સમતાની આવક થયા કરે તેનું નામ સામાયિક."**

જેનામાં ભારોભાર કષાયો ભરેલી હોય, વાતવાતમાં ઉગ્ર થઈ જતો હોય તેવા આત્માને સામાયિક ન કહેવાય, પણ જેના કષાયો પાતળા પડતા જાય તે આત્મામાં સમતા આવતી જાય તેને સામાયિક કહેવાય. જ્યારે કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે રાગ ન રહે અને કોઈના પ્રત્યે મનમાં દ્વેષ ન રહે ત્યારે આત્મા વીતરાગ બને છે. સામાયિકના અભ્યાસથી આત્મા વીતરાગ બની શકે છે. ભગવાને પાંચ પ્રકારનું ચારિત્ર બતાવ્યું છે. તેમાં જ્યારે સંયમી દીક્ષા લે છે ત્યારે તેને પહેલું સામાયિક નામનું ચારિત્ર આપવામાં આવે છે અને વડી દીક્ષા અપાય છે ત્યારે છેદોપસ્થાપનીય ચારિત્ર આપવામાં આવે છે. પછી આ સાધક આગળ વધતો વધતો યથાખ્યાત ચારિત્રમાં આવી જાય પણ એમાં સામાયિક ચારિત્ર તો છે જ.

આપણા જિનશાસનમાં સામાયિકનો મહિમા અપરંપાર છે. **જેમ ચૌદ પૂર્વનો સાર નવકાર મંત્રમાં છે તેમ આખી એ દ્વાદશાંગીનો સાર સામાયિકમાં છે. દરરોજ સવારના પ્રહરમાં ઉઠીને કરોડ સોનામહોરોનું દાન આપનાર કરતાં સમતા ભાવમાં રહીને સામાયિક કરનાર અધિક ફળ મેળવે છે."** પણ આ સામાયિક કેવી હોવી જોઈએ! દશ મનના, દશ વચનના અને બાર કાયાના એ બત્રીશ દોષ ટાળીને શુદ્ધ સામાયિક કરવી જોઈએ. સામાયિકનું ફળ કેટલું મહાન છે! ભગવાને કોની સામાયિક વખાણી હતી તે જાણો છો ને? પુણીયા શ્રાવકની. એ પુણીયા શ્રાવકનું જીવન કેવું પવિત્ર હતું! તેના જીવનમાં કેટલો સંતોષ હતો. પુણીયો શ્રાવક મોટો શ્રીમંત ન હતો. તે પુણીયો કાંતીને રોજ માત્ર સાડા બાર દોકડા કમાતો હતો. તેમાં તે શાંતિથી પોતાની જીવનયાત્રા ચલાવતા હતા. આટલી ઓછી આવકમાં તેમણે કદી કોઈના મોઢે રોદણાં રોયા નથી, અને તમારે તો ગમે તેટલી આવક ન હોય! પણ જ્યારે જુઓ ત્યારે એમ જ કહેતા હો કે શું કરીએ? મોંઘવારી ખૂબ વધી ગઈ છે. આટલી આવકમાં માંડ પૂરું થાય છે, અને પુણીયા શ્રાવકે તો એવી સંતોષવૃત્તિ જીવનમાં કેળવી હતી કે અધિક પરિગ્રહ મેળવવાની મનમાં ઇચ્છા પણ થઈ નથી. એ તો એક જ વાત સમજતા હતા કે જેટલો પરિગ્રહ વધારે તેટલી ચિંતા ને ઉપાધિ વધારે.

પુણીયો શ્રાવક ગરીબ હતો પણ એનું દિલ દિલાવર હતું. જે દિવસે સ્વધર્મીની ભક્તિ ન મળે ત્યારે તેમની આંખમાં આંસુ આવી જતા હતાં. શ્રેણીક મહારાજાને પણ પુણીયા શ્રાવક પ્રત્યે માન હતું. એટલે શ્રેણીક મહારાજાએ વહેપારીઓને આનગીમાં કહ્યું

રાખ્યું હતું કે આ શ્રાવકને ઓછા ભાવે માલ આપવો. આ વાતની જ્યારે પુણીયા શ્રાવકને ખબર પડી ત્યારે તેણે વહેપારીઓને ત્યાંથી રૂની પુણીઓ ખરીદવાનું બંધ કર્યું. આવી નિસ્પૃહતા આવવી એ સામાયિકનું બહુ ફળ છે. પુણીયો શ્રાવકના જીવનમાં સમતા અને નિસ્પૃહતા એ બંને મુખ્ય ગુણો હતા. એ ગુણો એમને સામાયિકમાંથી પ્રાપ્ત થયા હતા. તેથી જ ભગવાને એમની સામાયિક વખાણી હતી અને મહારાજા શ્રેણિક તેની સામાયિકનું ફળ લેવા ગયા હતા.

દેવાનુપ્રિયો ! શ્રેણિક મહારાજા કોઈ સામાન્ય ન હતા. ક્ષાયક સમકિતના ધણી હતા. તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું. આવા તીર્થંકરના આત્માને પણ કરેલા કર્મો ભોગવ્યા વિના છૂટકારો થતો નથી. ભગવાને કહ્યું છે ને કે, "कडाण कम्माण न मोक्ख अत्थि" કરેલા કર્મો ભોગવ્યા વિના જીવનો છૂટકારો થતો નથી. શ્રેણીક રાજાને નરકના આયુષ્યનો બંધ પડયો હતો. તેથી પહેલી નરકે ગયા. ચોરાશી હજાર વર્ષો સુધી નરકના ભયંકર દુઃખો ભોગવવાના છે. ત્યાં એવું નથી કે આ તીર્થંકરનો આત્મા છે તો એને ઓછી સજા થશે. ત્યાં તો સૌ સરખા છે. ટૂંકમાં આપણે તો એટલું સમજવું છે કે જે ભાવિના તીર્થંકરના આત્માને પણ નરકમાં આવા ભયાનક દુઃખો ભોગવવા પડે છે તો પછી જે આત્માઓ પાપ કરીને આનંદ માને છે તેમને કેવી આકરી સજા ભોગવવી પડશે !

બંધુઓ ! આયુષ્યના બંધ પડયા હોય તે ફરતા નથી, તેમ શ્રેણીક રાજા પણ આયુષ્યના બંધ પ્રમાણે નરકે ગયા પણ એક સામાયિકનું ફળ કેટલું છે તે સમજી ગયા ને ! પન્નવણાજી સૂત્રમાં ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે હે ભગવાન ! એક મુહુર્ત શુદ્ધ સમકિત સહિત સામાયિક કરે તો તેનું શું ફળ મળે ? ત્યારે ભગવાને કહ્યું કે હે ગૌતમ ! બાણું કરોડ, ઓગણસાઠ લાખ, પચ્ચીસ હજાર, નવસો પચ્ચીસ પલ્યોપમ અને એક પલ્યોપમના સાત ભાગ કરીએ તેમાંથી ત્રણ ભાગ ઝાઝેરા શુભ દેવતાનું આયુષ્ય બાંધે.

સમકિત સહિતની શુદ્ધ સામાયિકમાં કેટલો બધો લાભ છે ! તમને જો આ વાત ગળે ઉતરતી હોય તો હવે આવી શુદ્ધ સામાયિક કરો. જ્યાં સુધી શરીર સારું છે ત્યાં સુધી તમે ધારશો તેટલું કરી શકશો. પરાધીનપણે આ જીવે ઘણું કષ્ટ વેઠયું છે પણ આત્માના સુખ માટે સ્વાધીનપણે જીવે સહન કર્યું નથી. ગાય, ભેંસ, ઘોડા વિગેરે પશુઓને એનો માલિક ખાવાનું ન આપે ને ભૂખ્યા રહેવું પડે તો તેનો તપ ગણાય ખરો ? એ તો ઢોરની લાંઘણ કહેવાય, અને તમે જો સ્વેચ્છાપૂર્વક એક નવકારશી, પોરશી, બેઢ-બે પોરશી, ઉપવાસ, એકાસણું કરો તો કેવો મહાન લાભ મેળવો. આટલા માટે તમને વારંવાર કહીએ છીએ કે તમે જે કંઈ છોડો તે સ્વેચ્છાથી ને સમજણપૂર્વક છોડો. તપ, સંયમ દ્વારા સ્વ- આત્મા ઉપર વિજય મેળવો. સૂયગડાયંગ સૂત્રના આઠમા અધ્યયનમાં ભગવાન ફરમાવે છે કે-

जहा कुम्मो स अंगाइ, सए देहे समाहरे ।
एवं पावाइं मेहावी, अज्झप्पेणं समाहरे ।।

કાચબો જેમ પોતાના અવયવોને પોતાના શરીરમાં સંકોચી લે છે તેમ આત્માથી પુરૂષો પાપકર્મોને માર્ગે અથવા અસંયમને માર્ગે જતી પોતાની ઇન્દ્રિયોને અને મનને સંયમ વડે સંકોચી લે છે. સંયમી આત્મા આ ભવમાં ને ભવોભવમાં સુખી થાય છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રનો અધિકાર શરૂ કર્યો છે. તેમાં પણ સંયમી આત્માઓની જ વાત ચાલે છે. ગઈ કાલે સંયતિ રાજાની વાત કરી હતી. હવે ઓગણીસમા અધ્યયનમાં મૃગાપુત્રનો અધિકાર આવે છે. મૃગાપુત્રનું અધ્યયન તો ઘણું મોટું છે. તેમાં મૃગાપુત્ર દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે તેમની માતાએ સંયમ માર્ગમાં કેવા કેવા કષ્ટો પડશે, સંયમ માર્ગ કેવો કઠિન છે તેનું વર્ણન કર્યું છે. મૃગાપુત્રે પણ તેમની માતાને કેવા ઉત્તર આપ્યા છે, નરક ગતિમાં જીવે કેવા કેવા દુઃખો વેઠ્યા છે તેનું આબેહૂબ વર્ણન કરેલું છે, તે ટૂંકમાં કહીશ.

સુગ્રીવ નામના એક સમૃદ્ધ નગરમાં બલભદ્ર નામના રાજા હતા ને મૃગાવતી નામની તેમની પટ્ટરાણી હતી. સંસાર સુખ ભોગવતાં તેમને એક પુત્ર થયો. તેનું નામ બલશ્રી પાડયું હતું, પણ મૃગાવતી રાણીનો પુત્ર હોવાથી તેને મૃગાપુત્ર કહીને બોલાવતા હતા. એટલે તે મૃગાપુત્ર તરીકે પ્રસિદ્ધ થયો હતો. મૃગાપુત્ર એના માતાપિતાને અત્યંત પ્રિય હતો. સમય જતાં તે ભણી ગણીને યુવાન બન્યો. લગ્ન થયા પછી

नंदणे सो उ पासाए, कीलए सह इत्थिहि ।
देवे दो गुन्दगे चेव, निच्चं मुइय माणसो ।।३।।

દોગુંદક દેવોની માફક મનોહર રમણીઓ સાથે હંમેશા નંદન નામના મહેલમાં આનંદપૂર્વક ક્રીડા કરતો હતો. એના મહેલના ભોંયતળીઆ તો મણી અને રત્નોથી જડેલા હતા. આવી અપાર સંપત્તિ અને સુંદરીઓથી ઘેરાયેલો તે સંસારના અપાર સુખોમાં ખૂંચેલો હતો. એક વખત મૃગાપુત્ર મહેલના ઝરૂખે ઉભા હતા. તે વખતે તેમણે તપ, સંયમ, જ્ઞાન ધ્યાનથી યુક્ત, એવા ગુણોની ખાણ રૂપ પંચ મહાવ્રતધારી સંતને ત્યાંથી પસાર થતા જોયા. મૃગાપુત્ર અનિમેષ દૃષ્ટિથી એ સંતની સામે જોઈ રહ્યા. મુનિને જોતાં તેમને વિચાર આવ્યો કે મેં પૂર્વે આવું સ્વરૂપ કયાંક જોયું છે. આ પ્રમાણે ચિંતવતા શુભ અધ્યવસાય જાગૃત થયા અને મોહનીય કર્મ ઉપશાંત થવાથી ત્યાં ને ત્યાં તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના પૂર્વભવો નજર સમક્ષ દેખાવા લાગ્યા. આથી તેમને સંયમ માર્ગ પ્રત્યે પ્રીતિ થઈ ને સંસારના વિષય સુખો પ્રત્યે વિરક્તિ થઈ. તેથી તે રમણીઓના મહેલેથી નીકળીને માતાના મહેલે ગયા ને માતાને પગે લાગીને કહે છે-

માતા અનુમતિ આપીએ જી....લઈશું સંયમ ભાર,
પંચ રતન મુજ સાંભર્યા જી....કરીશું તેહની સાર...હો....

હે માતાજી ! પૂર્વભવમાં મેં પંચ મહાવ્રત રૂપ સંયમ ધર્મનું પાલન કર્યું હતું તેવું મને સ્મરણ થયું છે. તેથી હું નરક-તિર્યંચ ઇત્યાદિ દુઃખોથી ભરેલા સંસાર સમુદ્રથી નિવૃત્ત થવા ઇચ્છું છું. માટે હે માતા ! મને આજ્ઞા આપો તો હું પવિત્ર પ્રવજ્યા અંગીકાર કરીશ. આ સાંભળી માતા વિચારમાં પડી ગઈ. થોડી વાર પહેલા જે રમણીઓની સાથે ખેલ ખેલી રહ્યો હતો તે આટલી વારમાં કયાંથી વૈરાગી બની ગયો ? આ મારા દીકરાને શું થઇ ગયું ? મોહઘેલી માતા કહે છે, તને કોણ ભેટી ગયું ? અરેરે.... દીકરા ! તું શું બોલી રહ્યો છે ? માતાને ખૂબ આઘાત લાગ્યો ને

વચન સુણી બેટા તણા જી, જનની ધરણી ઢળંત,
ચિત્ત વજ્યું નવ ઓરડે જી, નયણે નીર ઝરંત....
રે જાય તુમ વિણ ઘડી રે છ માસ...

પુત્રના વચન સાંભળીને માતા ધરતી ઉપર ઢળી પડી. દાસીઓએ શીતળ પાણી છાંટ્યા, પવન નાંખ્યો એટલે મૃગાવતી રાણી ભાનમાં આવીને બોલવા લાગ્યા કે હે દીકરા ! તારા વિના મને ક્ષણવાર ગમતું નથી. હું તને એક ઘડી વાર ન જોઉં તો મને એમ લાગે છે કે મેં છ મહિનાથી તારું મુખ જોયું નથી. તો હું તને દીક્ષાની રજા કેવી રીતે આપું ? વળી હે દીકરા ! આમ એકદમ દીક્ષા ન લેવાય. દીક્ષા ખાંડાની ધાર છે. તું તો કેટલો બધો સુકોમળ છે ! તારું આ સુકોમળ શરીર સંયમ માર્ગમાં આવતા કષ્ટો સહન કરી શકે તેવું નથી, ત્યારે મૃગાપુત્ર કહે છે હે માતા ! તું મને કહે છે કે સંયમમાં બહુ કષ્ટ છે પણ સાંભળ. મારો આત્મા નરક ગતિમાં ઘણી વાર ગયો. ત્યાં પરમાધામીઓએ મને કરવતથી કાપ્યો, ભાલાથી વીંધ્યો, અગ્નિમાં શેક્યો, ગળામાં ફડફડતું ગરમ સીસું રેડયું, ઉંચા ઝાડેથી પછાડયો, ગળે પથ્થરની શીલા બાંધીને મને પાણીમાં ડૂબાડયો. તે સમયે હું કરૂણ સ્વરે રૂદન કરતો હતો કે મને કોઈ બચાવો....બચાવો, પણ કોઈ મને બચાવવા ન આવ્યું. એ નરકના દુઃખોને યાદ કરું છું ને મને ધ્રુજારી છૂટે છે. એનું વર્ણન કરતાં પાર આવે તેમ નથી. માટે આ દુઃખોથી છૂટવા માટે જો કોઇ સાધન હોય તો સંયમ છે. માતા ! તું મને જલ્દી આજ્ઞા આપ. મારી એકેક ક્ષણ લાખેણી જાય છે.

બંધુઓ ! જેને સંસાર દાવાનળ અને કુંભારના નિભાડા જેવો લાગે છે તેને એક ક્ષણ પણ સંસારમાં રહેવું ગમતું નથી. મૃગાપુત્ર કહે છે હે માતા ! મારી એકેક ક્ષણ કિંમતી જાય છે. મને જલ્દી રજા આપો, ત્યારે એમની માતા રડતી રડતી એક પછી એક દલીલો કરે છે. હે દીકરા ! સંયમ માર્ગ તલવારની ધાર પર ચાલવા જેવો છે. ભીખના

દાંતે લોઢાના ચણા ચાવવા જેવો છે, વેણુના કોળીયા જેવો સંયમ માર્ગ નિરસ છે. મોઢેથી કોથળામાં હવા ભરવી દુષ્કર છે તેમ ભરયુવાનીમાં સંયમ પાળવો દુષ્કર છે. માટે તું સમજી જા અને આ તારી સ્ત્રીઓના સામું તો જો. એકએકથી ચઢિયાતી અપ્સરા જેવી પત્નીઓને રોવડાવે છે અને તારી માતા તો અનરાધાર રડે છે. તેની તને દયા નથી આવતી ? પહેલાં તો મારું માથું સહેજ દુઃખે તો તું કંઈક કરતો હતો ને આજે હું આટલી બેભાન બની જાઉં છું તો પણ વજ્ર જેવું કઠોર હૃદય કરીને ઉભો રહ્યો છે ! ત્યારે મૃગાપુત્ર કહે છે હે માતા ! મેં એટલી બધી માતાઓ કરી છે કે તેના પીધેલા દૂધથી દરિયા ભરાય ને મારા મરણ પછી જે આંસુ સાર્યા છે તેનાથી પણ દરિયા ભરાય વળી તું કહે છે કે હે દીકરા ! તું ત્યાં માંદો પડીશ ત્યારે તારું કોણ ?

હે માતા ! વનવગડામાં બિચારા મૃગલા એકલા જ વિચરે છે ને ? ત્યાં એની સાર-સંભાળ લેવા કોણ જાય છે ? એને ખાવાપીવાનું કોઈ આપે છે ? એ માંદા પડે ત્યારે એને દવા કોણ આપે છે !

एगभूए अरण्णेव, जहा उ चरई मिगे ।
एवं धम्मं चरिस्सामि, संजमेण तवेण य ॥

(ઉત્ત. અ ૧૯ ગાથા–૭૮)

જેમ જંગલમાં મૃગ એકલા સુખેથી વિચરે છે તેમ સંયમ અને તપશ્ચર્યા વડે હું એકાકી ચારિત્ર ધર્મમાં સુખપૂર્વક વિચરીશ. આ પ્રમાણે મૃગપુત્રે તેમની માતાના એકેક પ્રશ્નોના જડબાતોડ જવાબ આપ્યા. આથી માતાપિતાનું હૃદય પીગળી ગયું ને દીક્ષાની આજ્ઞા આપી. વૈરાગીની કસોટી તો થાય છે પણ જે કસોટીમાં દૃઢ રહે છે તેની જીત અવશ્ય થાય છે. મૃગાપુત્રની જીત થઈ એટલે જેમ વસ્ત્ર પર લાગેલી ધૂળને ખંખેરી નાંખે તેમ તેઓ સમૃદ્ધિ, ધન મિત્રો, પત્નીઓ અને સ્વજનોને બધાને છોડીને નીકળી ગયા, ને પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિઓથી યુક્ત બની બાહ્ય–આભ્યંતર તપશ્ચર્યામાં ઉદ્યમવંત બની ઘણાં વર્ષો સંયમ પાળી અંતે એક માસનું અણસણ કરી સિદ્ધગતિને પામ્યા. મૃગાપુત્રનો અધિકાર ટૂંકમાં કહ્યો.

હવે વીસમા અધ્યયનમાં શ્રેણીક રાજા અને અનાથી મુનિની વાત આવે છે. શ્રેણીક રાજા અને અનાથી મુનિનું મિલન કયાં અને કેવી રીતે થયું તે વાત આ અધ્યયનમાં બતાવી છે. શ્રેણીક રાજા પહેલેથી જૈનધર્મી ન હતા. પહેલાં તો એ બૌદ્ધ ધર્મી હતા. જ્યાં સુધી જીવને સદ્‌ગુરૂનો યોગ મળતો નથી ત્યાં સુધી જીવનું અજ્ઞાન ટળતું નથી. સદ્‌ગુરૂ સાચા ભોમીયા છે. વટેમાર્ગુ ગાઢ જંગલમાં ભૂલો પડયો હોય, ભૂખ–તરસ, ગરમી અને થાકથી આકુળ વ્યાકુળ–બની ગયો હોય, દિશા સૂઝતી ન હોય, એવા સમયે કોઇ માણસ એને સાચો માર્ગ બતાવે તો કેવો આનંદ થાય ! તેના મુખમાંથી શબ્દો સરી

પડે કે ભગવાન તમારું ભલું કરે. તમારો ઉપકાર કદી નહિ ભૂલું. આ તો એક દ્રવ્ય માર્ગ બતાવ્યો પણ આપણા આત્મારૂપી વટેમાર્ગુ સંસાર રૂપી ભયંકર વિશાળ અટવીમાં અનાદિ કાળથી ભૂલો પડેલો છે. હજુ તેને સાચો રાહ મળ્યો નથી. એ સાચા માર્ગે જીવને લઈ જનાર હોય તો સદ્‌ગુરૂ દેવો છે. સદ્‌ગુરૂઓ ભવાટવીમાં ભૂલા પડેલા જીવોનો હાથ પકડીને કહે છે હે જીવ! તને આ સંસારની વિષમ અટવીમાં કષાયોના કાંટા ભોંકાઈ રહ્યા છે, વિષય-ભોગો રૂપી ભોરીંગના ઝેર તને ચઢેલા છે ને તું રાગથી રંગાઈ ગયો છે. તેથી તું ચોરાશી લાખ જીવાયોનીની વિષમ અટવીમાં ભૂલો પડ્યો છે. આ બધાથી તારે બચવું હોય તો મારા રાહે ચાલ. હું તને સાચો રાહ બતાવું. સંતો કેટલા પરોપકારી હોય છે. નિઃસ્વાર્થ ભાવે તમને સાચો રાહ બતાવે છે. જેને આવા તારણહાર ગુરૂનો ભેટો થાય છે તેનું જીવન પલ્ટાઈ જાય છે. જ્યાં સંતના પાવનકારી પગલા થાય છે તે ભૂમિનું વાતાવરણ પણ આલ્હાદકારી બની જાય છે. જેમ તમે અત્તરની બાટલી ખુલ્લી મૂકો તો સુગંધ સુગંધ ફેલાઈ જાય છે, તેમ સંત જ્યાં વસે છે ત્યાંનું વાતાવરણ પણ તપ-ત્યાગની સુગંધથી મઘમઘતું બની જાય છે.

શ્રેણીક રાજાની રાજગૃહી નગરીના મંડીકુક્ષ નામના ઉદ્યાનમાં મહાન અધ્યાત્મયોગી સંત અનાથી નિર્ગ્રંથ એક વૃક્ષ નીચે ધ્યાનમાં મસ્ત રીતે બેઠા હતા. મગધાધિપતિ રાજા શ્રેણીક મંડિકુક્ષ ઉદ્યાનમાં એક વખત વિહારયાત્રા (ફરવા) માટે આવ્યા. મંડિકુક્ષ ઉદ્યાનના દરવાજામાં જ્યાં શ્રેણીક મહારાજાએ પગ મૂક્યો ત્યાં તેને અલૌકિક શીતળતાનો અનુભવ થયો. બગીચાનું વાતાવરણ અત્યંત આલ્હાદકારી લાગ્યું. આથી શ્રેણીક રાજા વિચાર કરવા લાગ્યા કે અહો! આ બગીચામાં હું આજે પ્રથમ વાર નથી આવ્યો. ઘણીવાર આવ્યો છું પણ આજે અહીંના વાતાવરણમાં ફરક લાગે છે. આજે અહીં પગ મૂકતાં જાણે અનોખો આનંદ અનુભવું છું. આનું કારણ શું હશે? વિચાર કરતાં કરતાં ધીમે ધીમે રાજા આગળ વધ્યા. ચારે તરફ દૃષ્ટિ કરતાં એક અવધૂત યોગીને વૃક્ષ નીચે આત્મધ્યાનમાં મસ્ત બનેલા જોયા.

આ પવિત્ર સંતને જોતાં જ શ્રેણીક મહારાજાના રૂંવાડા ખડા થઈ ગયા. અહો! આ પવિત્ર સંતના પાવનકારી પગલાથી આ બગીચામાં આનંદકારી વાતાવરણ છવાઈ ગયું છે. બંધુઓ! વિચાર કરો. સંતે શ્રેણીક રાજાની સામું જોયું છે! કે તેમની સાથે એક શબ્દ પણ બોલ્યા છે! 'ના' છતાં શ્રેણીકને મુનિ પ્રત્યે આટલું બધું આકર્ષણ કેમ થયું? તમને આનું કારણ સમજાય છે? પવિત્ર સંતોમાં ચારિત્ર અને તપનું ઓજસ હોય છે. ત્યાગની પ્રતિભા પડે છે. સાચા સાધુ-સંત એટલે શું? સાંભળો.

"સાધુ એટલે પવિત્રતાનું સરોવર, તૃષાતુર તેના માટે પ્રાણ પાથરે, તેને દેખીને શાંતિના ઝરણા ઝરે, તેના સમાગમથી જીવન જ્યોતમાં પ્રાણ સંચરે, તેના પગલે પ્રમોદતાનું વાતાવરણ જામે અને જેના પરિચયથી

અંતરની આગ ઓલવાય એ જ સાચો સાધુ છે." સાધુ એ વિશ્વનું આશ્રમ-ક્ષેત્ર છે. સાધુ જનતાને માનવતાની અભેદ સાંકળનું ભાન કરાવી શકે છે જેને જોતાં ગર્વ ગળી જાય ને ધીઠાઈ નાશી જાય એ જ ઈશ્વરનો દૂત સાચો સાધુ છે. જે શાસ્ત્રની ઉંડી ભૂમિકામાં પ્રવેશ કરી તેના રહસ્યોને આંતર પ્રદેશમાં ઉતારી તેનું યથાર્થ પાચન કરતાની સાથે તે મય પોતાનું જીવન બતાવી શકે તે સાધુ કહેવાય. સાધુ એટલે અગમ-નિગમનો જાણકાર, કોઈ અગાધ શક્તિ ધરાવનો દેવાંશી પુરૂષ, પ્રભુનો બંદો, સચ્ચિદાનંદ સ્વરૂપનો તેજોમય પૂંજ.

દેવાનુપ્રિયો! અનાથી મુનિ આવા પવિત્ર સાધુ હતા. એમને જોતાં જ શ્રેણીક રાજાનું હૈયું હર્ષથી નાચી ઉઠયું. સમભાવની શ્રેણીમાં પ્રાણ પાથરતો સાધુ સત્ય પંથે નીડરતાથી વિચરે છે. નિસ્પૃહપણાને તે પોતાના જીવનનો ખોરાક માને છે. રાગ-દ્વેષ એ દ્વૈતભાવનું ભૂત તેમને વળગી શકતું નથી. જગતમાં રહેવા છતાં જગતભાવથી પર રહે છે, પૃથ્વી ઉપર વસવા છતાં તે પ્રભુની આજ્ઞામાં લીન રહે છે. સાધુઓનું મૌન પણ જગતના જીવોને માટે ઉપદેશ રૂપ છે. સાધુનો પાસે બેસવું, તેમનો સમાગમ કરવો એ જીવનનો લ્હાવો છે. સંતનો સમાગમ એ શ્રેષ્ઠ સમાગમ છે, સંતના સમાગમમાં આવેલો તૃષાતુર માનવી જ્ઞાનામૃતનું પાલન કરીને જાય છે. સંતનો સમાગમ કદી નિષ્ફળ જતો નથી.

શ્રેણીક રાજાના જીવનમાં પણ એવું જ બન્યું. શ્રેણીક રાજાએ કદી જૈન સાધુનો સમાગમ કર્યો ન હતો. એ બૌદ્ધ ધર્મી હતા એટલે જૈન સાધુની તે ઠેકડી ઉડાવતા હતા, પણ હવે એમના ચેતનનો ચાંદ ચમકવાનો છે અને જીવનમાં સમ્યક્ત્વનો સૂર્ય ઉદય પામવાનો છે એટલે અનાથી મુનિને જોતાં જ તેમને ખૂબ આશ્ચર્ય થયું કે આ હું કોને જોઉં છું? મુનિને જોતાં જ ઘોડા ઉપરથી નીચે ઉતર્યા અને તેમના મુખમાંથી શબ્દો સરી પડયા.

अहो! वण्णो अहो! रुवं, अहो! अज्जस्स सोमया।
अहो! खन्ति अहो! मुत्ति, अहो! भोगे असंगया॥ ७॥

અહો! આ મુનિની કેવી કાંતિ છે! અહો! કેવું રૂપ છે! અહો! એ આર્યની કેવી સૌમ્યતા છે! કેવી ક્ષમા, નિર્લોભતા અને ભોગો પ્રત્યે અનાસક્તિ છે! રાજા આ યોગીશ્વરનું રૂપ જોઇને અત્યંત આશ્ચર્ય પામ્યા. જે શ્રેણિક રાજાને અનાથી મુનિનું રૂપ જોઈને આટલું બધું આશ્ચર્ય થાય છે, એમનું હૈયું હચમચી જાય છે તે શ્રેણીક રાજાનું રૂપ કંઈ સામાન્ય ન હતું. એમનું રૂપ જોઈને દેવાંગના પણ મોહિત થઈ હતી એવા શ્રેણીક રાજા મુનિનું રૂપ જોઇને આશ્ચર્ય પામી ગયા કે શું આ મુનિનું રૂપ છે! શું એમની કાન્તિ છે! અહો! આવા મુનિએ ભરયુવાનીમાં સાધુપણું શા માટે લીધું હશે? તેમ વિચારતા

શ્રેણીક રાજા મુનિના બંને ચરણોમાં નમીને, પ્રદક્ષિણા કરીને, અતિ દૂર નહિ ને અતિ નજીક નહિ તેમ ઉભા રહીને બે હાથ જોડીને પૂછે કે –

तरुणोसि अज्जो पव्वइओ, भोग कालम्मि संजया ।
उवट्ठिओ सि सामण्णे, एयमट्ठं सुणेमि ता ॥ ८ ॥

હે આર્ય ! આપ આવી તરૂણ અવસ્થામાં ભોગ ભોગવવાના સમયે પ્રવર્જિત કેમ થયા ? આવું ઉગ્ર ચારિત્ર શા માટે લીધું ? આ વસ્તુને હું સાંભળવા ઇચ્છું છું. अणाहोमि महाराय, नाहो मज्झ न विज्जइ । હે મહારાજા ! હું અનાથ છું. મારો કોઇ નાથ નથી તેથી મેં દીક્ષા લીધી. આ સાંભળીને શ્રેણીક રાજાનું આશ્ચર્ય વધ્યું. અહો ! પુણ્યવાન પુરૂષનું લલાટ કંઈ છાનું રહેતું નથી. આ મુનિનું તેજ એવું છે કે એમનો કોઈ નાથ ન હોય એ વાત તદ્દન અસંભવિત છે. મહાન બુદ્ધિશાળી શ્રેણીક રાજા બોલ્યા - હે મુનિ ! જો તમારો કોઇ નાથ ન હોય તો હું તમારો નાથ બનવા તૈયાર છું. તમે મારા મહેલમાં પધારો. હું તમને અપ્સરા જેવી કન્યા પરણાવું. આપ સ્વજનોથી ઘેરાઈને ઇચ્છિત સુખ ભોગવો, ત્યારે મુનિ કહે છે अप्पणा वि अणाहोसि, सेणिया मगहाहिवा । હે મગધાધિપતિ શ્રેણીક રાજા ! તું પોતે જ અનાથ છે તો પછી મારો નાથ કેવી રીતે બનીશ ? મુનિના આ શબ્દો રાજાને લાગી આવ્યા કે શું હું અનાથ છું ! હા, મુનિ મને કદાચ ન ઓળખતા હોત તો જુદી વાત પણ મને મગધનો અધિપતિ શ્રેણીક કહીને સંબોધે છે ને પાછા અનાથ કહે છે, એ કેમ બને ? રાજાને કદી કોઇએ અનાથ કહ્યા ન હતા. તેથી મુનિના આવા વચન સાંભળીને રાજા વિસ્મય પામ્યા અને કહેવા લાગ્યા.

હે મુનિરાજ ! હાથી, ઘોડા, શહેરો અને અનેક નગરીઓનો હું ધણી છું મનુષ્ય સંબંધી ઉત્તમ કામભોગો હું ભોગવું છું, મારું ઐશ્વર્ય અજોડ છે, આવી વિપુલ સંપત્તિ મારી પાસે છે છતાં આપ મને અનાથ કેમ કહો છો ? હે ભગવંત ! આપ કદાચ રખે બોટું તો નથી બોલ ને ! જવાબમાં મુનિએ કહ્યું–હે રાજન્ તું જેને અનાથ મને છે તેને હું અનાથ નથી કહેતો. તું અનાથ અને સનાથના પરમાર્થને સમજી શકયો નથી તેથી એમ કહે છે. બાકી હું અસત્ય બોલતો નથી. સત્ય કહું છું. જો તારે અનાથ અને સનાથના ભાવને સમજવા હોય તો હું કેવી રીતે અનાથ હતો તે સાંભળ. હવે રાજાની જિજ્ઞાસા વધી. મુનિના મુખેથી સનાથ અને અનાથના ભાવ સમજવા બેસી ગયા.

શ્રેણીક રાજાની જિજ્ઞાસા જોઇને મુનિએ કહ્યું–હે શ્રેણીક ! હું કૌશાંબી નગરીમાં પ્રભૂત-ધનસંચય નામના શ્રેષ્ઠિનો પુત્ર હતો. હું યુવાન થયો ત્યારે મને એકાએક આંખની પીડા ઉત્પન્ન થઈ. તે પીડાથી આખા શરીરમાં દાહજ્વર થયો. દાહજ્વરની દારૂણ વેદના કેડનો મધ્ય ભાગ, મસ્તક અને હૃદયને પીડતી હતી, અને શરીરના મર્મભાગમાં કોઈ અતિ તીક્ષ્ણ શસ્ત્રથી

ઘોર પીડા ઉપજવે તેવી મને આંખમાં વેદના થતી હતી. મારી વેદના જોઇને મારા માતા પિતા બધા ત્રાસી ગયા. એમણે મારો રોગ મટાડવા માટે મોટા મોટા વૈદો, હકીમો, મંત્રવિદ્યામાં પારંગત આચાર્યોને બોલાવીને મારા રોગની ચિકિત્સા કરાવી પણ કોઇ રોગ મટાડી શક્યા નહિ, ત્યારે મારા માતાપિતાએ એવી જાહેરાત કરાવી કે જે મારા પુત્રનો રોગ મટાડશે તેને અમારી સર્વ સંપત્તિ આપી દઇશું. છતાં કોઇ રોગ મટાડી શક્યું નહિ. મારી માતા મારી વેદનાથી શોકાતુર બની જતી. મારા નાના મોટા ભાઇઓ–બહેનો અડે પગે મારી સેવા કરતા હતા છતાં કોઈ મને રોગથી મુક્ત કરી શક્યું નહિ. હે રાજન્! એ જ મારી અનાથતા છે.

હે રાજન્! મારી પત્નીની તો શું વાત કરવી? એણે મારી પાછળ જેમ લીધો હતો. ખાવું, પીવું, સ્નાન–શણગાર વિગેરેનો ત્યાગ કરીને મારી પાસે જ બેસી રહેતી હતી. મારી પાસેથી ક્ષણ વાર દૂર જતી ન હતી. તેની આંખમાંથી આંસુ કદી સુકાયા જ નથી. એ સદા મારો રોગ દૂર કરવા માટે પ્રભુને પ્રાર્થના કરતી હતી. છતાં તે મને રોગથી મુક્ત કરાવી શકી નહિ. આ જ મારી અનાથતા હતી. આ રોગથી કંટાળીને એક દિવસ રાત્રે સૂતા સૂતા મને વિચાર થયો કે મારા માટે આટલું આટલું કરવા છતાં મારો રોગ મટાડવા કોઈ સમર્થ નથી. અરે રે....જીવને આવી ઘોર વેદનાઓ ભોગવવી પડે છે તે બહુ અસહ્ય છે. જો આ વિપુલ વેદનાથી હું એક વાર મુક્ત થાઉં તો ક્ષાન્ત, દાન્ત અને નિરારંભી બનીને શુદ્ધ સંયમ અંગીકાર કરીશ. હે રાજન્! આવો સંકલ્પ કરીને હું સૂઈ ગયો. જેમ જેમ રાત્રી વ્યતીત થતી ગઈ તેમ તેમ મારી વિપુલ વેદના પણ ક્ષીણ થતી ગઈ.

અતુલ વેદના હોવાના કારણે હું ઘણા દિવસથી ઊંઘ્યો ન હતો તે મને ઉંઘ આવી. સવાર પડી પણ હું જાગ્યો નહિ ત્યારે મારા માતા–પિતા વિગેરેના મનમાં થયું કે આજે વેદના શાંત થઈ લાગે છે. હું જાગ્યો એટલે બધા મને વીંટળાઈ વળ્યા ને મારી ખબર પૂછવા લાગ્યા. મેં કહ્યું કે મેં એક બાધા રાખી છે તે ફળી છે, ત્યારે માતા–પિતા–ભાઈ–બહેન–પત્ની, સ્વજનો બધા ખૂબ ઇંતેજારીથી પૂછવા લાગ્યા કે તારી કઈ બાધા છે? મેં કહ્યું કે આજે રાત્રે મેં નિશ્ચય કર્યો કે આ વેદનાથી મુક્ત થાઉં તો મારે સંયમ લેવો અને મારી વેદના શાંત થઈ, માટે મને સંયમ લેવાની આજ્ઞા આપો.

મેં જ્યાં દીક્ષાની વાત કરી ત્યાં માતા–પિતા બધા ઘુસ્કે રડવા લાગ્યા ને કહેવા લાગ્યા કે બેટા! માંડ સાજો થયો અને હવે અમને રડતા મૂકીને કયાં ચાલ્યો? પત્ની તો મારા પગમાં પડીને કહેવા લાગી. નાથ! મારા સામું તો જુઓ, પણ હું મારા નિયમમાં દૃઢ રહ્યો ને બધાને સમજાવી ચારિત્ર ગ્રહણ કર્યું. હવે અનાથમાંથી સનાથ બની ગયો. અનેક પ્રકારથી મુનિએ શ્રેણીક રાજાને સમજાવ્યું કે અનાથ કોણ અને સનાથ કોણ?

છેવટે હું કેવી રીતે સનાથ બન્યો તે પણ સમજાવ્યું. આ સાંભળી શ્રેણીક રાજાને ખૂબ આનંદ થયો ને મુનિના ચરણમાં ઝૂકી ગયા. ભગવાન મહાવીરના પરમ ભક્ત બન્યા. આવતી ચોવીસીમાં તે પ્રથમ તીર્થંકર થશે. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૧૨

અષાડ વદ ૯ ને શુક્રવાર **તા. ૨૮-૭-૭૮**

અનંત પ્રકાશના પુંજ, પરમ કલ્યાણના કિમિયાગર, ત્રિલોકીનાથ ભગવંતે સકલ સંસારનો ત્યાગ કર્યા પછી જે આનંદનો અનુભવ કર્યો તે આનંદ આપણા જેવા બાલ જીવો સમક્ષ વ્યક્ત કર્યો કે હે ભવ્ય જીવો! સાચો આનંદ ને સાચું સુખ આત્મસ્વરૂપની રમણતામાં છે, પણ અનંતકાળથી જીવે ધ્રુવ એવા આત્માને ઓળખ્યો નથી તેથી અખંડ આનંદ પ્રાપ્ત થયો નથી. જે વસ્તુ નાશવંત છે તેનાં મોહમાં ફસાઈને જીવે દુઃખો સહન કર્યા છે. અંતરના ખૂણામાં રહેલો અજ્ઞાન રૂપ ગાઢ અંધકાર જ્ઞાનનો પ્રકાશ થવા દેતો નથી પણ જ્યારે અંતરમાં જ્ઞાનનો દીપક પ્રગટે છે ત્યારે બહાર અને અંદર પ્રકાશ પ્રકાશ પથરાઈ જાય છે. એ પ્રકાશ દ્વારા આત્મા પોતાનો અને પરનો નિર્ણય કરી શકે છે. જ્ઞાન એ પ્રકાશ છે ને અજ્ઞાન એ અંધકાર છે. ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે હે ભગવંત!

नाणसंपन्नयाएणं भन्ते जीवे किं जणयइ? नाणसंपन्नेणं जीवे सव्वभावाहिगमं जणयइ, नाणसंपन्नेणं जीवे चाउरन्ते संसार कन्तारे न विणस्सइ, जहा सूइ ससुत्ता न विणस्सइ तहा जीवे ससुत्ते संसारे न विणस्सइ, नाग विणय तव चरित्त जोगे संपाउणइ ससमय परसमय विसारए य असंघायणिज्जे भवइ ॥

જ્ઞાનસંપન્નતાથી જીવને શું લાભ થાય! ભગવંતે કહ્યું-હે ગૌતમ! જ્ઞાનસંપન્ન-જેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેવો જીવ સર્વ પદાર્થોના યથાર્થ ભાવને જાણી શકે છે. તે ચતુર્ગતિ રૂપ સંસાર અટવીમાં દુઃખી થતો નથી. જેમ દોરાવાળી સોય ખોવાતી નથી તેમ જ્ઞાની જીવ સંસારમાં ભૂલો પડતો નથી અને જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનયના યોગોને પ્રાપ્ત કરે છે, તેમજ પોતાના દર્શન અને પરના દર્શનને બરાબર જાણીને અસત્ય માર્ગમાં ફસાતો નથી. આવો જ્ઞાનપ્રાપ્તિમાં મહાન લાભ રહેલો છે. જ્ઞાન દ્વારા જીવ મુક્તિ મેળવી શકે છે. જો જલ્દી મુક્તિ મેળવવી હોય તો પુરૂષાર્થની પગદંડીએ પ્રયાણ કરો ને જ્ઞાનીએ બતાવેલા ત્યાગમાર્ગે આવી જાવ.

હા, તમને આ માર્ગે આવતા મુશ્કેલી પડશે પણ આ માર્ગે આવ્યા વિના છૂટકો નથી. એક માર્ગ કાંટાવાળો ને લાંબો છે પણ સલામતી ભરેલો છે. એ માર્ગે કોઇ ચોર લાકૂનો ભય નથી અને ટૂંકા માર્ગે ચોર લાકૂનો ભય છે. તો બોલો ધીરૂભાઇ? મૂળચંદભાઈ! તમે કયો માર્ગ પસંદ કરશો? સલામતિવાળો કે ભયવાળો? (શ્રોતામાંથી

અવાજ :– ભલે લાંબો ને કાંટાળો માર્ગ હોય પણ અમે તો સલામતીવાળો માર્ગ પસંદ કરીએ.) આ વાત બરાબર છે ને ? તેમ ત્યાગનો માર્ગ કાંટાળો છે પણ સલામતીવાળો છે અને સંસારનો માર્ગ ભયથી ભરેલો છે. તમે જો સલામતીવાળો માર્ગ પસંદ કર્યો છે તો અમારા માર્ગે આવી જાઓ, તૈયાર છો ને લાઠીયા ? (હસાહસ) આ માર્ગે આવવાની વાત તો બાજુમાં રહી પણ હું કહું કે આ ચાતુર્માસના દિવસોમાં ચૌવિહારની પ્રતિજ્ઞા લો. તેમાં છૂટ ન રાખતા. સમજો, ગુલાબનું ફૂલ કાંટામાં વસે છે પણ તેનામાં સુગંધ ઘણી છે. તમને એ ફૂલ બહુ ગમે છે. હવે એ ફૂલ લેવા જતાં કાંટા વાગે, કષ્ટ પડે છતાં ગમે છે તેથી લેવા જવાના ને ! હવે બોલો, મુક્તિનું ગુલાબ લેવું હોય તે આ માર્ગમાં કાંટા રૂપી ઉપસર્ગ અને પરિષહ નડે તો તે ગભરાય નહિ ને ? એનું મન ડગમગ થાય ખરું ? (જવાબ :– ના, સાહેબ, ના.) આ તો શૂરવીર અને ધીરના કામ છે. અહીં કાયર કે ડરપોકનું કામ નથી. વીતરાગ પ્રભુના સંતો શૂરવીર ને ધીર બનીને નિર્મળ ચારિત્રનું પાલન કરે છે. સાધુનું ચારિત્ર જેટલું વધુ નિર્મળ હોય તેટલી અસર વધુ પડે છે. નિર્મળ ચારિત્રવાન સાધુ પાસે જઈને તમે બેસો, એ તમને ઉપદેશ આપે કે ન આપે પણ તેની અસર તમારા જીવનમાં થવા માંડશે. જેમ પાણીમાં ફટકડી નાંખવામાં આવે તો મેલ ને પાણી જુદા પડીને પાણી નિર્મળ બની જાય છે તેમ પવિત્ર સંતના સમાગમથી પાપીમાં પાપી જીવો પણ પવિત્ર બની જાય છે. શ્રેણીક મહારાજાના મિથ્યાત્વરૂપી મેલ જો દૂર કરનાર હોય તો ચારિત્રવાન સંતનો પ્રભાવ છે.

બંધુઓ ! સમ્યક્ત્વની લહેજત કોઈ અલૌકિક છે. શ્રેણીક રાજા સમ્યક્ત્વ પામ્યા પહેલા તેમના આયુષ્યનો બંધ પડી ગયો હતો. તેથી તેમને પહેલી નરકે જવું પડ્યું. તમને થશે કે બંધ એટલે શું ? અહીંયા બીજા કોઈ બંધની વાત નથી પણ કર્મબંધની વાત છે. ભગવાને શાસ્ત્રમાં કર્મબંધના ચાર પ્રકાર બતાવ્યા છે. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગ-બંધ, અને પ્રદેશબંધ. જે કર્મનો સ્વભાવ તેને પ્રકૃતિબંધ કહેવામાં આવે છે. સાકર જેમ પિત્તને હરે છે, સૂંઠ વાયુને હરે છે તેમ કોઈ કર્મ જ્ઞાનને આવરે છે, તો કોઈ કર્મ દર્શનને આવરે છે, આ રીતે દરેક કર્મના સ્વભાવ ભિન્ન ભિન્ન હોય છે. કર્મોની જે કાળમર્યાદા તેને સ્થિતિબંધ કહેવામાં આવે છે. જેમ આઠ કર્મોમાં મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોડાકોડી સાગરોપમની છે. જ્ઞાનાવરણીય કર્મની ત્રીસ કોડાકોડી સાગરોપમની છે. આત્માના અધ્યવસાયથી રસ બંધ પડે છે તેને અનુભાગ બંધ કહેવાય છે, અને આત્માના પ્રદેશોમાં કર્મવર્ગણાના પુદ્ગલોનો સંચય થાય તેને પ્રદેશબંધ કહેવાય છે.

પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ મુખ્યતયા યોગબળથી થાય છે. અનુભાગબંધ અને સ્થિતિબંધ કષાયના પરિણામથી થાય છે. તીવ્ર કષાયના પરિણામથી તીવ્ર રસબંધ પડી જાય છે. બંધના ચાર પ્રકારમાં અનુભાગબંધ તીવ્ર ન પડી જાય તે માટે જીવે ખૂબ સજાગ

રહેવાની જરૂર છે. ચારે ય બંધમાં અનુભાગબંધ મહાભયંકર છે. લેશ્યા અને કષાયના પરિણામથી તીવ્ર રસબંધ પડે છે. કષાયના તીવ્ર પરિણામથી કયારેક નિકાચિત બંધ પણ પડી જાય છે. અનિકાચિત (નિદ્ધત) કર્મ તો પ્રાયશ્ચિત્ત, આલોચના, તપ આદિથી ખપાવી શકાય છે પણ નિકાચિત તો ભોગવવા પડે છે. જે મનુષ્યો કષાય ઉપર વિજય મેળવે છે તે તીવ્ર નિકાચિત બંધથી બચી જાય છે. શ્રેણીક રાજાને નિકાચિત બંધ પડી ગયો હતો તેથી તેમને પહેલી નરકમાં ચોરાશી હજાર વર્ષની સ્થિતિએ જવું પડયું. આપણા આયુષ્યનો આવો બંધ ન પડી જાય તે માટે જ્ઞાનીપુરૂષો સાવધાન રહેવાનું કહે છે કે "**બંધ સમયે ચિત્ત ચેતીએ, ઉદયે શો ઉચાટ.**" હે જીવો! કર્મનો બંધ પડતાં પહેલાં તમે સાવધાન રહો. જીવ હસી હસીને રસપૂર્વક કર્મ કરતા વિચાર કરતો નથી કે મારે કર્મો ભોગવવા પડશે ત્યારે રડી રડીને ભોગવતા પાર નહિ આવે.

ગુણસ્થાન ચૌદ છે. તેમાં પહેલું ગુણસ્થાનક મિથ્યાત્વનું છે. જ્યારે મિથ્યાત્વ હોય છે ત્યારે જીવ અનંતાનુબંધી કષાયના પરિણામવાળો બની જાય છે. માટે કર્મોનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પહેલે ગુણઠાણે હોય છે. ચોથા ગુણઠાણે જીવ સમ્યક્ત્વ પામે છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, સમ્યક્ત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય, એ સાત પ્રકૃત્તિને ક્ષયોપશમાવે તે ક્ષયોપશમ સમકિત કહેવાય. સાત પ્રકૃત્તિનો ક્ષય કરે તો ક્ષાયક સમ્યક્ત્વ કહેવાય, અને સાત પ્રકૃતિને ઢાંકે, ઉપશમાવે તેને ઉપશમ સમકિત કહે છે. ચોથા ગુણઠાણે અનંતાનુબંધી કષાયનો ઉદય થતો નથી એટલે ત્યાં કષાયના તીવ્ર પરિણામ હોતા નથી. અનાદિ સંસારમાં એક વાર પણ જીવ સમકિત પામી જાય તો તેનું કામ થઈ જાય. એ ન્યાલ બની જાય છે તેનું કારણ શું? તે તમે સમજ્યા! જીવના કર્મોનો બંધ અંતઃ કોટાકોટીની સ્થિતિમાં આવી જાય છે. એક વાર સમકિત પામીને વમી જાય તો પણ સ્થિતિ બંધ તો અંતઃ કોટાકોટીમાં રહે છે. જેમ જેમ જીવ આગળ આગળના ગુણસ્થાનકે ચઢતો જાય તેમ તેમ પરિણામ શુદ્ધ થતા જાય છે. દશમા ગુણસ્થાનકે અંતર્મુહુર્તની સ્થિતિ બંધાય છે, અને તેરમા ગુણસ્થાનકે એક સમયનો બંધ હોય છે. ત્યાં યોગબળ હોવાથી સામાન્ય ઇર્યાપથિક બંધ હોય છે તે પણ જ્ઞાની કહે છે કે—

तं पढम समए बद्धं, बिइय समए वेइयं, तइए समए निज्जिण्णं, तं बद्धं पुट्ठं उदीरियं वेइयं निज्जिण्णं सेयाले य अकम्मया भवइ। તે કર્મ પહેલે સમયે બંધાય છે. બીજે સમયે વેદાય છે અને ત્રીજે સમયે નિર્જરી જાય છે. ઇર્યાપથિક બંધ તો એક સમય પૂરતો હોય છે પણ સાંપરાયિક બંધ સંસારનું કારણ છે, માટે જ્ઞાની કહે છે કે જેમ બને તેમ કષાય ઉપર વિજય મેળવો. કષાયના પરિણામને લીધે સંસારની વૃદ્ધિ થાય છે અને જેમ જેમ કષાયો પાતળા પડતા જાય છે તેમ તેમ કર્મબંધ અતિ અલ્પ થાય

છે. જેને આવું જ્ઞાન થાય છે તે કષાયો ઉપર વિજય મેળવી શકે છે ને સંસારથી મુક્ત બની અનંત સુખનો સ્વામી બની મોક્ષમાં બિરાજે છે. શ્રેણીક રાજાને નરકનો બંધ પડયો હતો એટલે તેમનો આત્મા નરકમાં રૌ રૌ વેદના ભોગવે છે પણ સમ્યક્ત્વ પામીને ગયા છે એટલે સમતા ભાવે બધું સહન કરે છે. આ સમ્યક્ત્વની લહેજત છે.

ગઈ કાલે વીસમા અધ્યયનના ભાવ કહ્યા હતા. આજે એકવીસમા અધ્યયન તરફ દૃષ્ટિ કરીએ. એકવીસમા અધ્યયનમાં સમુદ્રપાલનો અધિકાર છે. સમુદ્રપાલ ચંપા નગરીના એક સમૃદ્ધ અને જૈન ધર્મના અનુરાગી મહાવીર પ્રભુના શ્રાવક પાલિત નામના શ્રેષ્ઠીનો પુત્ર હતો. એ પાલિત શેઠ એક વખત દરિયાઈ માર્ગે વહાણમાં બેસીને પિહુંડ નામના નગરમાં વહેપાર અર્થે ગયેલા. ત્યાં તેમણે વહેપાર ખૂબ જમાવેલો એટલે ઘણાં વર્ષો ત્યાં રહેલા. ત્યાં એક વણિકની સ્વરૂપવતી કન્યા સાથે તેમનું લગ્ન થયું. સમય જતાં તે કન્યા ગર્ભવતી થઈ. તેને લઈને પાલિત શેઠ ચંપાનગરી આવતા હતા ત્યારે વહાણમાં જ તેની સ્ત્રીએ પુત્રને જન્મ આપ્યો. સમુદ્રમાં તેનો જન્મ થયો તેથી તેનું નામ સમુદ્રપાલ રાખવામાં આવ્યું. સમુદ્રપાલ સૌમ્ય કાન્તિવાળો અને જોનારને વલ્લભ લાગે તેવો હતો. તે બુદ્ધિમાન પણ ખૂબ હતો. સમય જતાં તે યુવાન બન્યો. ભણી ગણીને બહોંતેર કળામાં કુશળ બન્યો. તેને અપ્સરા જેવી રૂપાળી કન્યા સાથે પરણાવ્યો. પૂર્વના પુણ્યથી પાલિત શેઠને ત્યાં ઘણી સમૃદ્ધિ હતી એટલે તે રમણીય મહેલમાં તેની પત્નીની સાથે દોગુંદક દેવની જેમ સુખ ભોગવતો હતો.

કોણ કોનું ? એક દિવસ તે પોતાની પત્ની સાથે મહેલના ઉપલા માળે સોગઠાબાજી રમી રહ્યો હતો. બાજી રમવાનો રંગ બરાબર જામ્યો હતો. કોઈને ખબર ન હતી કે ક્ષણ વાર પછી આ રંગમાં ભંગ પડી જશે. બાજી રમતાં રમતાં જોરશોરથી ઢોલનો અવાજ સાંભળ્યો. એટલે બાજી રમતાં રમતાં ઊભા થઈને મહેલના ઝરૂખેથી નીચે રસ્તા ઉપર દૃષ્ટિ કરી. તો એક માણસને ગધેડા ઉપર બેસાડયો હતો. તેના ગળામાં કણેરના ફૂલની માળા પહેરાવી હતી માથે હાંડલું ઊધું વાળેલું હતું ને એકલું ઢોલ વાગતું હતું. આ જોઈને સમુદ્રપાલના મનમાં થયું કે શું ! આ માણસ પરણવા જતો હશે ? પરણવા કંઈ ગધેડા ઉપર બેસીને થોડો જાય ? તો આ બધું શું હશે ? એમને કંઈ સમજ ન પડી એટલે એક માણસને પૂછ્યું કે ભાઈ ! આ બધું શું છે ? માણસે કહ્યું–ભાઈ ! એણે મોટો અપરાધ કર્યો છે. તેથી તેના અપરાધની શિક્ષા કરવા તેને વધસ્થાને લઈ જવામાં આવે છે. આ સાંભળીને સમુદ્રપાલ ધ્રુજી ઉઠયો.

અહો ! આ માણસનું કોઈ નથી ? એણે શું અપરાધ કર્યો કે એને મારી નાંખવાનો ? આ વિચાર કરતા સમુદ્રપાલના રૂંવાડા ખડા થઈ ગયા. મૃત્યુદંડની શિક્ષા સાંભળીને એને કરંટ લાગ્યો. દેવાનુપ્રિયો ! આ સમુદ્રપાલનું હ�ૃદય કેવું કોમળ હશે ! તમે પણ માનવ છો ને ? તમે પેપરમાં સમાચાર વાંચો છો ને કે અમુક નદીમાં પૂર આવ્યું તેમાં ગામના ગામ

તણાઈ ગયા. કેટલા માણસો અને પશુઓ તણાઈ ગયા. બિહારમાં કેવો ભયંકર ધરતીકંપ થયો ને તેમાં હજારો માણસો અને કેટલી ઇમારતો તારાજ થઈ ગઈ. અમુક જગ્યાએ આગ લાગી ને આટલા માણસો મરી ગયા. થોડા સમય પહેલા આંધ્ર પ્રદેશમાં વાવાઝોડું થયું તેમાં કેટલા લોકોના જાનમાલની હાની થઈ હતી. કંઈક જગ્યાએ રેલ્વે ટ્રેઈનની હોનારત થઈ તો કેટલા જીવોનો કચ્ચરઘાણ વળી ગયો. કયારેક પ્લેનની હોનારત થઈ તેમાં કંઈક માતા પિતાના કલૈયા કુંવર જેવા લાડીલા પુત્રો તેમાં મરણ પામ્યા. કંઈક પોતાની જ ગાડી લઇને જતાં એકસીડન્ટથી મરણ પામ્યા. આવા સમાચાર તમે પેપરમાં અવારનવાર વાંચો છો. હવે તો તમને ટી. વી. માં પણ પ્રત્યક્ષ બતાવે છે છતાં તમને કરંટ લાગે છે ખરો? હાથમાં ચાનો કપ હોય અને પેપરમાં આવા કોઇપણ સમાચાર વાંચો તો ચાનો કપ હાથમાં ને હાથમાં રહી જાય છે ખરો કે ગટગટાવી જાઓ છો? (હસાહસ) આવી હોનારતોમાં બિચારા કરૂણ રીતે મરી ગયા એમને કેવી વેદના થઈ હશે! જનારના કુટુંબ પરિવારનું શું થયું હશે? એવા વિચારથી આમાંની કેટલાની ઉંઘ ઉડી ગઇ ને કેટલાની ભૂખ ભાગી ગઇ? જેને પોતાના માન્યા છે તેનું કંઇક થાય તો ઊંઘ ઉડી જાય, ભૂખ ભાગી જાય ને દુઃખ થાય, પણ જેને પોતાના નથી માન્યા તેનું ગમે તે થાય તેમાં મારે શું? ત્યાં તો ગળે ચાનો ઘૂંટડો કે રોટીનું બટકું નહિ અટકે. કારણ કે આજે માનવ તે માનવ નથી રહ્યો. એના કોઠામાંથી દયાદેવીનો દેશનિકાલ થયો છે.

"ચોરને જોતાં સમુદ્રપાલનું કંપી ઉઠેલું હૃદય" : આ સમુદ્રપાલના દિલમાં દયા હતી. તેમના દિલમાં–મારા તારાનો ભેદભાવ નહોતો. એ એટલો બધો સુખમાં મગ્ન હતો કે મરણ શું ને દુઃખ શું. તેની એને ખબર ન હતી. તેથી આ દૃશ્ય જોઇને તેનું હૃદય હચમચી ગયું. શું માણસ જેવા માણસને મારી નાંખશે? શું અપરાધની શિક્ષા મૃત્યુદંડ? મરી ગયા પછી એનો અપરાધ નાશ પામશે? એણે શું અપરાધ કર્યો હશે? આવા પ્રકારની વિચારધારાએ ચઢી ગયો. સમુદ્રપાલ ઉંડા વિચારસાગરમાં ડૂબકી ખાવા લાગ્યો. તમે તો પેપરમાં વાંચો છો, ટી. વી. માં કેવા કેવા કરૂણ હૃદયદ્રાવક દૃશ્યો નજરે દેખો છો છતાં ઘડી પછી એની અસર પણ તમારા દિલમાં રહેતી નથી. બસ, આ સંસારમાં જન્મવું ને મરવું એક રમત થઇ પડી છે. વિચાર કરો કે આ બધા ગયા ને શું મારે નથી જવાનું! મારે પણ એક દિવસ તો જવાનું છે. માનવનું જીવન પંખીના માળા જેવું છે. પંખીના માળામાંથી રોજ એકેક તણખલું લઇએ તો એક દિવસ માળો વીંખાઈ જશે. ઓઢવાની ગરમ શાલમાંથી આપણે એકેક તાંતણો ખેંચી લઇએ તો શાલ એ શાલ ન રહે. એ તાંતણા થઈ જાય છે તેમ આપણું જીવન પણ એક દિવસ વીંખાઇ જશે.

દિન રૂપી એ તરણા તારા, રોજ વિખુટા થાય;
પળ પળ કરતાં પહોંચ્યા પચાસે (૨) હજુએ ન સમજાય—જીવ તારો

જ્ઞાની કહે છે કે હે જીવડા! તું સમજ. જેમ એકેક તરણું કાઢતાં પંખીનો માળો વીંખાઈ જાય છે, ગરમ શાલમાંથી એકેક તાંતણો છૂટો કરતાં શાલ પણ વીંખાઈ જાય છે તેમ આ દિવસ અને રાત્રી રૂપી આયુષ્યના તરણા વિખૂટા પડતાં જીવ રૂપી પક્ષીનો માળો વીંખાઈ જાય છે. પુત્ર જન્મે એટલે માતા સમજે છે કે મારો દીકરો મોટો થાય છે પણ કાળરાજા દિવસ ગણતા જાય છે કે કયારે એનું આયુષ્ય પૂરું થાય ને હું તેને લઈ જાઉં તમને જિંદગીની અમૂલ્ય ક્ષણોનો હિસાબ નથી પણ એ તો ક્ષણેક્ષણનો હિસાબ રાખે છે. એક દિવસ જિંદગીનો ખેલ ખતમ થઇ જશે. આવી કિંમતી જિંદગીમાં પરની પળોજણ છોડીને સ્વમાં લીન બનો, પરથી ભિન્ન બનો, અને વિચાર કરો કે હે પ્રભુ! તું જે પદને પામ્યો છું તે પદને મારે પામવું છે. એ પદની પ્રાપ્તિ માટે હે પ્રભુ! મને "आरुग्ग बोहिलाभं" આરોગ્યતા–રોગરહિતપણું આપો, મને બોધિલાભ–સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય. તમે આવી માંગણી તો કરો છો પણ એ પામવા માટે ભગવાનની આજ્ઞા શું છે? મારે શું કરવું જોઇએ? તેનો વિચાર નથી કરતા પણ સંસાર સુખની ઇચ્છા કરો છો. પછી એ કયાંથી મળે?

તમને શરીર નિરોગી જોઇએ. શરીર નિરોગી હોય તો બધું ગમે છે. એટલે કહો છો ને કે "**પહેલું સુખ તે જાતે નર્યા**" વાત સાચી છે. શરીર સારું હોય તો બધું ગમે છે પણ શરીર સારું હોય તો ધર્મધ્યાન વધુ થાય તેવો વિચાર આવે છે? તમે તો તમારા સંસારમાં સુખી થવા માટે ચાર બોલ ઠીક ગોઠવી દીધા છે. એ તમને આવડતા હશે? બોલો જોઇએ. (શ્રોતામાંથી અવાજ: "**બીજું સુખ તે કોઠીએ જાર**") એ ઠીક કહ્યું. શરીર સારું હોય ને ખાવા માટે કોઠીમાં અનાજ ભર્યું હોય પછી ચિંતા શું? હવે આગળ બોલો. "**ત્રીજું સુખ તે કુળવંતી નાર અને ચોથું સુખ તે પુત્ર પરિવાર.**" (હસાહસ) તમને શરીર સારું મળ્યું, પુણ્યથી પૈસા મળ્યા, પત્ની સારી મળી અને પુત્ર પરિવાર વધ્યો એટલે સંસાર–સુખની વાડી લીલીછમ થઇ ગઈ, બસ, પછી તમને તો આનંદ આનંદ. સુખની કંઈ સીમા ન રહી, પણ વિચાર કરજો. એ સંસારસુખની વાડી કયારે કરમાઈ જશે તેની ખબર નથી. તમે ચાર બોલ કહ્યા. હવે હું તમને જ્ઞાનીના ચાર બોલ કહું.

"**પહેલું સુખ તે આત્મજ્ઞાન.**" જેને આત્માનું જ્ઞાન થયું છે તેવો આત્મજ્ઞાની પુરૂષ સારી દુનિયાને ધ્રુજાવી શકે છે. અજ્ઞાની સામે પડકાર કરીને તેને હઠાવી શકે છે. એ ભલે, કર્મના ઉદયથી સંસારમાં રહેતો હોય પણ સંસારથી પર હોય. એને સંસારના રંગરાગ ન ગમે. એનું મન તો આત્મિક સુખની મસ્તીમાં જ મ્હાલતું હોય. "**બીજું સુખ તે ચારિત્રવાન.**" જેને અધ્યાત્મની વાતો ગમતી હોય તેને ચારિત્ર અવશ્ય ગમે. આત્મજ્ઞાની ચારિત્રવાન બની શકે છે. જડનો પૂજારી ચારિત્ર ન લઈ શકે. ભગવાને દુનિયામાં ચારિત્રવાન સાધુ કરતા બીજા કોઇને સુખી નથી કહ્યા. માટે **બીજું સુખ તે ચારિત્રવાન.**

"ત્રીજું સુખ તે વીતરાગ ધ્યાન" જેણે ચારિત્ર લીધું તેનું મન વીતરાગ ધ્યાનમાં લીન રહે છે. ધ્યાનની ધૂણી ધખાવીને ઘાતી કર્મોને બાળીને ખાખ કરે છે એટલે તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેથી, **"ચોથું સુખ તે કેવળજ્ઞાન."** જેને કેવળજ્ઞાન થાય છે તે અવશ્ય મોક્ષમાં જાય છે. ત્યાં અનંત, અવ્યાબાધ, શાશ્વત આત્મિક સુખનો આનંદ માણે છે. આ સુખ તે સાચું સુખ છે. બાકી બધું જે સુખ છે તે વાસ્તવિક સુખ નથી, પણ સુખાભાસ છે. હવે તમને અમારા ચાર બોલ પસંદ છે કે તમારા ? જવાબ આપો. (શ્રોતામાં મૌન) તમને અમારા બોલ નહિ ગમે. તેનું કારણ અનાદિ કાળથી જીવે સંસાર સુખમાં જ આનંદ માન્યો છે. પણ હવે દિશા બદલો.

"સમુદ્રપાલનું આત્મમંથન" :–સમુદ્રપાલે પેલા ચોરનું દૃશ્ય જોયું ને તેમના જીવનની દિશા બદલાઈ ગઈ. તે વિચારે ચઢ્યા કે આ માણસને આમ મારી નાંખશે ? શું દરેકને મરવાનું ? એવું ચિંતન મનન કરતાં તે આત્માભિમુખ બન્યો. પત્ની સાથે સોગઠાબાજી રમતા હતા. તે સોગઠા એમ ને એમ પડ્યા રહ્યા ને હૃદય પલ્ટાઈ ગયું. હું કોણ ? જીવને સુખ-દુઃખનું કારણ શું ? આવી શુભ વિચારધારામાં મગ્ન બનતા એમને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેમાં જોયું કે અહો ! હું આ સંસારમાં બહુ રખડ્યો. આગળના ભવમાં પોતે સાધુ બન્યો હતો. ખૂબ તપશ્ચર્યા કરી હતી અને તે પહેલાના ભવમાં કેવા કેવા દુઃખો અનુભવ્યા હતા તે બધું તેમને યાદ આવ્યું. સમુદ્રપાલ પોતાનું સંસાર ચિત્રપટ જોવામાં તલ્લીન બની ગયા. તેમાં તેમણે ઘણા ભવ જોઈ લીધા. એ એનામાં લીન છે. એની પત્ની તો સ્થંભી ગઇ ને તેમના સામું જોઈ રહી કે આ શું ? થોડીવાર પહેલાં તો કેટલો આનંદ વિનોદ કરતા હતાં ને અત્યારે મારા સામું પણ જોતા નથી. પત્નીએ પૂછ્યું–નાથ તમે એકદમ ઉદાસ કેમ બની ગયા ? ત્યારે સમુદ્રપાલે કહ્યું–દેવી ! મને શું વિચાર આવ્યો છે તે હું તમને અને મારા માતાપિતાને કહેવા ઇચ્છું છું. એમ કહીને એના માતાપિતાને તેમજ પત્નીને કહે છે.

"દીક્ષા માટે માંગેલી આજ્ઞા" :– હે મારા સ્વજનો ! આ માનવનો જન્મ આપણને અપૂર્વ મળ્યો છે. આ બધી લક્ષ્મી, વૈભવ, સુખ બધું કાયમ ટકવાનું નથી. થોડો સમય અથવા ઝાઝો સમય રહીને અહીંથી એક દિવસ અવશ્ય જવાનું છે. જેટલી આસક્તિ વધારે તેટલું દુઃખ વધારે છે. હે પિતાજી ! સમય થોડો છે ને કામ ઝાઝું કરવાનું છે. મને હવે એક ક્ષણ સંસારમાં ગમતું નથી. સંસાર એકાંત દુઃખથી ભરેલો છે, જ્યારે સંયમ માર્ગમાં સુખ છે. હવે આ પાપમય સંસારમાં હું રોકાવાનો નથી. મારો કિંમતી સમય અવિરતિમાં જાય છે. માટે મને દીક્ષાની આજ્ઞા આપો.

સમુદ્રપાલની વૈરાગ્યભરી વાતો એના માતાપિતાના હૃદયમાં ઉતરી ગઇ પણ પુત્ર પ્રત્યેના મોહના કારણે સમજાવીને સંસારમાં રોકવા ઘણાં પ્રલોભનો આપ્યા અને ત્યાગની વિકટતા સમજાવી, પણ સમુદ્રપાલે સૌને યોગ્ય જવાબ આપીને નિરુત્તર કર્યા. છેવટે માતા

પિતાએ દીક્ષાની આજ્ઞા આપી. સમુદ્રપાલે દીક્ષા લઇને ત્યાગમાર્ગમાં અપ્રમત બની અપૂર્વ સાધના કરી પોતાનું કાર્ય પૂરું કર્યું. સંસારના કાર્યો કદી પૂરા થતા નથી. આદરેલા અધૂરા રહી જાય છે ને જીવડો ચાલ્યો જાય છે. જ્યારે આત્માનું કાર્ય માનવ ધારે તો પૂરું કરી શકે છે. સિદ્ધગતિને પ્રાપ્ત કર્યા પછી એને સુખ માટે કોઇ પ્રયત્ન કરવો પડતો નથી. આજે એકવીસમું અધ્યયન પૂરું થયું. હવે આપણો મૂળ અધિકાર બાવીસમું અધ્યયન ચાલુ થશે. વધુ ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૧૩

અષાડ વદ ૧૦ ને શનીવાર **તા. ૨૯-૭-૭૮**

અનંત ઉપકારી, પતીતપાવન, અને અધમ ઉદ્ધારક એવા સર્વજ્ઞ ભગવંતે વિશ્વના વિલાસી જીવડીઓના કલ્યાણ માટે વાત્સલ્યના વહેણ વહાવી દ્વાદશાંગી સૂત્રની રજુઆત કરી છે. તેમાં ભગવાનની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્ર છે. તેમાં અનેક ભાવ રત્નો ભરેલા છે પણ એ રત્નોને કોણ પિછાણી શકે ! ને કોણ લઈ શકે ? જેને આત્માની પિછાણ થઇ હોય તે પિછાણી શકે છે તેને લેવાની જિજ્ઞાસા જાગે તે લઈ શકે છે. દરિયામાં અનેક રત્નો રહેલા છે. તેથી રત્નાકર કહેવામાં આવે છે. એ દરિયા કિનારે તમે ફરવા જશો તો દરિયાના મોજા જોશો. આરવો જશે તો તે દરિયામાં મીઠું જોશે, માછીમાર જશે તો તેની દૃષ્ટિ માછલા ઉપર જશે અને ઝવેરી જશે તો વિચાર કરશે કે દરિયામાં રત્નો ભરેલા છે. એ રત્નો ક્યાંથી મળે? રત્નાકરમાં મરજીવો બનીને ડૂબકી લગાવે તો જ રત્નો મળે છે. જેને રત્નો મેળવવાની તમન્ના જાગે છે એ તો રત્નો મેળવે જ છૂટકો કરે છે, તેમ આ ભગવાનની વાણી રૂપી સિદ્ધાંત સાગરમાં મૂલ્યવાન રત્નો સમાયેલા છે. તેને મેળવવા માટે આપણે તેના ઉપર શ્રદ્ધા કરવી પડશે. તેનું એક ચિત્તે વાંચન, મનન કરવું પડશે.

બત્રીશ સૂત્રમાં ઉત્તરાધ્યયન સૂત્ર સમસ્ત પ્રવચનોનો સાર છે. આ ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયનનો છે. સંપૂર્ણ ઉત્તરાધ્યયન સૂત્રને ક્રમશ વાંચીને તેનો ભાવ સમજવા માટે તો ઘણો સમય જોઇએ. આપણી પાસે તો સમય ઘણો ઓછો છે. છતાં ઉત્તરાધ્યયન સૂત્રના એકવીસમાં અધ્યયન સુધી ટૂંકમાં દૃષ્ટિ કરી ગયા. કારણ કે આપણી શક્તિ તો નાનકડી ગાગર ઉપાડવા જેટલી છે તો પછી સાગરને કેવી રીતે ઉપાડી શકીએ ! પણ આચાર્ય ભગવંતોએ ભગવાનની વાણીરૂપ સાગરને આ ઉત્તરાધ્યયન સૂત્રરૂપી ગાગરમાં ભરી દીધો છે, અને એ રીતે આપણા જેવા અલ્પ શક્તિવાળા જીવો જિનાગમને સંક્ષેપમાં સમજી શકે એવો હિતકારી પ્રયત્ન કર્યો છે, પણ એને સમજવાનું ઉપાદાન કારણ તો આપણો આત્મા છે. શાસ્ત્ર તો નિમિત્ત કારણ છે. જેમ કે પુસ્તકનું વાંચન બધા કરે છે

પણ જેની બુદ્ધિ જેટલા પ્રમાણમાં વિકસિત થયેલી હોય તેટલા પ્રમાણમાં તે પુસ્તકના વિષયને સમજી શકે છે. આ વાતને લક્ષમાં રાખીને કક્ષા પ્રમાણે પાઠ્યક્રમ તૈયાર કરવામાં આવે છે. જેમ કે મેટ્રિકમાં ચાલતા પુસ્તકો પહેલી ભણનારને વાંચવા આપવામાં આવે તો તે સમજી શકશે નહિ. કારણ કે તેની બુદ્ધિ એટલી વિકસિત થયેલી હોતી નથી. શાસ્ત્રના વિષયમાં પણ આવું જ છે. જેમનો આત્મા જેટલો વિકસિત થયેલો હોય તેટલો તે શાસ્ત્રના ભાવને સમજી શકે છે. આપણે ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનું વર્ણન કરવું છે.

ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનમાં નેમનાથ ભગવાન, સતી રાજેમતી તથા રહનેમી એ ત્રણની વાત મુખ્ય છે. નેમ-રાજુલના જીવનની વાતો તો તમે ઘણી વાર સાંભળી હશે ! પણ તેઓ આગળના ભવમાં કોણ હતા તે નહિ સાંભળ્યું હોય. જે આત્માઓ ભવસાગરને તરનાર છે અથવા તરી ગયા છે તેમના નામ સિદ્ધાંતના પાને લખાયા છે. અહીંયા આપણે જેમનો અધિકાર ચાલવાનો છે તેમના માતા-પિતા કોણ હતા ? તેઓ કયાં જન્મ્યા હતા ? તેમને કેટલા ભાઇઓ હતા ? તેમનું કુળ કેવું ઉંચું હતું. એ બધાનું શાસ્ત્રકાર વર્ણન કરે છે. નેમનાથ ભગવાનના માતા-પિતા કોણ હતા ? તેમને કેટલા ભાઈઓ હતા ? તે કયા કુળના શણગાર હતા તે વાત પછી આવશે. આજે આપણે તેમના પૂર્વભવથી શરૂઆત કરીએ છીએ. નેમનાથ ભગવાન અને રાજેમતીનો અધિકાર સાંભળવા બધા ઉત્સુક બન્યા છો. એ સાંભળતા તમે પણ એવી ભાવના ભાવજો કે આપણે ભગવાનની સાથે નેમ-રાજુલ જેવી પ્રીતિ બાંધીએ, અને જલ્દી સંસાર સાગર તરી જઈએ. જે સંસાર સાગરને તરી જાય છે તે સાચો મહર્ષિ છે. આ ખારો સમુદ્ર તો વહાણ અને સ્ટીમર દ્વારા ઘણી વાર તર્યો પણ હવે તો સંસાર રૂપખારો સમુદ્ર કેમ જલ્દી તરી જવાય તેનું લક્ષ રાખજો. હવે આપણે નેમનાથ ભગવાન પૂર્વભવમાં કોણ હતા તે અંગે વિચાર કરીએ.

એક લાખ જોજનનો જંબુદ્વીપ છે તેમાં ભરતક્ષેત્ર છે. તમને કોઈ પૂછે કે તમે કયા દ્વીપમાં અને કયા ક્ષેત્રમાં રહો છો! તમને ખબર છે? આમાંથી થોડા ઘણાંને ખબર હશે. બોલો ખબર છે ને ! (મૌન) આપણે જંબુદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં રહીએ છીએ. ભરતક્ષેત્રમાં અચલપુર નામનું નગર હતું. ત્યાં વિક્રમધન નામે રાજા રાજ્ય કરતા હતા. આ રાજા મહાન પ્રતાપી હતા. તેમણે શત્રુઓને જીતીને કબજે કર્યા હતા. વિક્રમધન રાજા પ્રજાપ્રેમી અને ન્યાયનીતિસંપન્ન હતા. ચોપડામાં તમે જે વિક્રમ સંવત લખો છો અને જે વિક્રમ રાજાના નામથી વિક્રમ સંવત શરૂ થઈ છે તે આ વિક્રમ રાજા નથી. આ તો વિક્રમધન રાજા છે. આ રાજાના રાજ્યમાં સૌને સરખો ન્યાય મળતો હતો. પછી ચાહે પ્રજાનો ગુન્હો હોય, પુત્રનો હોય કે રાણીનો હોય. એવું નહિ કે દીકરાનો ગુન્હો છે માટે દબાવી દઉં ને પ્રજાનો હોય તો તને ભારે સજા કરવાની. દરેક માટે સરખો ન્યાય હતો. તેમને પવિત્ર,

પતિવ્રતા અને સદ્‌ગુણી ધારિણી નામની રાણી હતી. આ રાજા પોતાની પ્રજાનું દુઃખ દૂર કરવા માટે સદા સજાગ રહેતા હતા. એટલે પ્રજા રાજાને ખૂબ ચાહતી હતી. જે રાજા ન્યાય-નીતિ સંપન્ન હોય છે તેમની કીર્તિ ચોમેર પ્રસરે છે. આ રાજાને પ્રધાન પણ ખૂબ બુદ્ધિશાળી અને સદ્‌ગુણી હતો. રાજાની શોભા વધારનાર પ્રધાન સારો હોવો જોઈએ. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

ઘણાં વર્ષો પહેલા ભાવનગરના મહારાજાને એક પ્રભાશંકર પટણી નામે પ્રધાન હતા. તે ખૂબ વિચક્ષણ અને કુનેહબાજ હતા. તેમના જીવનમાં સજ્જનતા અને માનવતાના દીવડા ઝગમગતા હતા. આ પ્રધાનને સૌ પટણી સાહેબ કહેતા હતા. એક વખત આ પટણી સાહેબ રાજ્યના કામ અંગે બહારગામ ગયા હતા. તે દિવસે રાત્રે તેમના ઘરમાં ચોરી થઈ. તેમના ઘરમાંથી કોઈ સોનાના કિંમતી દાગીના ચોરી ગયું હતું. પ્રધાનજી બહારગામ હતા એટલે તેમની પત્નીએ પોલીસ ખાતામાં ફરિયાદ નોંધાવી. તેથી પોલિસોએ તેની તપાસ કરવા માંડી. બીજા કોઇ સામાન્ય ઘરમાં ચોરી થઈ હોય તો પોલિસ કદાચ તરત હાથમાં ન લે પણ આ તો પ્રધાન સાહેબના ઘરમાં ચોરી થઈ હતી. એટલે વિલંબ કરાય જ નહિ ને ! તપાસ કરતાં પોલિસોને પ્રધાનજીના ઘરમાં કામ કરનાર નોકર ઉપર વહેમ ગયો એટલે તેને પકડી લીધો ને તેને પૂછપરછ કરવા લાગ્યા.

બીજે દિવસે પટણી સાહેબ બહારગામથી આવ્યા એટલે તેમની પત્નીએ પોતાના ઘરમાં ચોરી થયાની વાત કરીને પોતે પોલિસખાતામાં ફરિયાદ નોંધાવી છે, અને તપાસ કરતાં પોલિસોને પોતાના ઘરના નોકર ઉપર વહેમ આવ્યો છે ને તેને પકડી લીધો છે, તે વાત પ્રધાનજીને તેની પત્ની કરી રહી હતી. તે જ વખતે પેલા નોકરની પત્ની પટણી સાહેબ પાસે આવીને પટણી સાહેબના પગ પકડીને રડતી રડતી કહે છે. સાહેબ ! મારું જીવન તમારા હાથમાં છે. અમે ગરીબ માણસ છીએ. ગરીબ ઉપર દયા કરો. મારા પતિએ ચોરી કરી નથી. એ તદ્દન નિર્દોષ છે. એમના ઉપર ચોરીનો જૂઠો આરોપ મૂકવામાં આવ્યો છે. સાહેબ ! એમને પોલિસના હાથમાંથી જલ્દી છોડાવો. મારા નિર્દોષ પતિને પોલિસો મારી મારીને હાડકા ખોખરા કરી નાંખશે. આટલી મારા ઉપર દયા કરો. મારા જીવનનો આધાર આપના ઉપર જ છે. આપ જ મારા પતિને પોલિસના હાથમાંથી છોડાવી શકશો. નોકરની પત્નીની દયાભરી અરજી સાંભળીને પ્રધાનનું હૃદય પીગળી ગયું. તેને બે હાથ પકડીને ઉભી કરીને કહ્યું, બહેન ! તું બિલકુલ ગભરાઈશ નહિ. હું તારા પતિને હમણાં છોડાવી દઉં છું. પ્રધાન સાહેબના વચનથી તેની ચિંતા દૂર થઇ. તેને માનવતાના અવતાર સમા પ્રધાન સાહેબના વચન ઉપર વિશ્વાસ હતો. એટલે તે આનંદ પામતી પોતાને ઘેર ચાલી ગઈ.

"પ્રધાનની કરૂણા" :—આ તરફ પ્રધાને પોલિસખાતામાં ચિઠ્ઠી લખીને મોકલાવી કે તમે જે નોકરને પકડયો છે તેને છોડી મૂકો. ગમે તેવો ગુનેગાર હોય પણ જ્યાં પ્રધાન

સાહેબનો હુકમ હોય ત્યાં પોલિસ ખાતાનો અધિકારી પણ અનાદર કરી શકે નહિ એટલે તરત તેને છોડી મૂક્યો. પતિ મુક્ત થઇને ઘેર આવ્યો તેથી તેની પત્નીના આનંદનો પાર ન રહ્યો. આ તરફ નોકરને મુક્ત કરીને પોલિસનો અધિકારી પ્રધાન સાહેબ પાસે આવ્યો. તેને પ્રેમથી પોતાની પાસે બેસાડીને કહ્યું કે અમારા ઘરમાં ચોરી થઇને સોનાના દાગીના ચોરાયા તે એક દુઃખજનક વાત કહેવાય. તેના કરતાં વધુ દુઃખજનક બીજી વાત છે. એટલે પોલિસના અધિકારીએ પૂછ્યું, સાહેબ! બીજી દુઃખજનક વાત કઇ બની છે? ત્યારે પ્રધાન સાહેબે ગંભીર અવાજે કહ્યું, તમે મારા ઘરના નોકર ઉપર શંકા લાવીને તેને પકડ્યો તે ખૂબ દુઃખજનક વાત છે. કદાચ તમને ખબર નહિ હોય કે મારે મન સોનાના દાગીના કરતાં માણસની કિંમત વધારે છે. સોનાના દાગીના કરતાં માણસની કિંમત ઓછી આંકનાર માણસને માણસ કહેવાય?

આ રીતે વાતચીત ચાલતી હતી તે વખતે પેલો નોકર પ્રધાનના બંગલે પહોંચી ગયો. પ્રધાન અને પોલિસખાતાના અધિકારી વચ્ચે થતી વાતચીત દીવાલની પાછળ ઊભો રહીને સાંભળવા લાગ્યો. પ્રધાનજીએ પોલિસખાતાના અધિકારીને જે શબ્દો કહ્યા તે સાંભળીને તેના હૃદય પર ભારે અસર થઈ, શું સાહેબની ઉદારતા છે! તે તરત પ્રધાનની સામે આવીને ઉભો રહ્યો, અને હાથ જોડીને પ્રધાનને કંઇક કહેવા જતો હતો તે પહેલાં જ પ્રધાનજી કહેવા લાગ્યા–ભાઈ! મારા ઘરમાં ચોરી થઈ તેનો વહેમ પોલિસને તારા ઉપર આવે તે સ્વાભાવિક છે, પણ તેં મારા ઘરમાં ચોરી કરી હોય તેવો જરાય વહેમ મને આવતો નથી, પણ તારે અમારા લીધે સહન કરવું પડ્યું તેનું મારા દિલમાં દુઃખ થાય છે. મારી પત્નીએ જો પોલિસ ખાતામાં ફરિયાદ કરી ન હોત તો તારે આ દુઃખ સહન કરવું ન પડત ને? પણ જે કંઈ બની ગયું તેને માટે હું તારી માફી માગું છું. પ્રધાન-સાહેબના આવા શબ્દો સાંભળીને નોકર તો રડી પડ્યો.

"પ્રધાનના વચનોથી ચોરનો હૃદયપલટો" : અહો! શું સાહેબની સજ્જનતા ને ઉદારતા છે! આવા મોટા પ્રધાન એક તુચ્છ નોકરની પાસે માફી માંગે તે કંઈ સામાન્ય વાત છે! નોકર થોડી વાર મૌન ઉભો રહ્યો. પછી એકદમ ધ્રુસકે ને ધ્રુસકે રડતો પ્રધાન સાહેબના પગમાં પડીને ગદ્‌ગદ કંઠે બોલ્યો–સાહેબ! હું માફી માંગવાને યોગ્ય નથી. હું અધમ છું, પાપી છું, મને માફ કરો. હવે હું સાચું કહી દઉં છું કે મેં જ આપના ઘરમાં ચોરી કરી સોનાના દાગીના ચોર્યા છે. પ્રધાને કહ્યું–કંઈ વાંધો નહિ. બેટા! તેં ચોરી નથી કરી પણ તારા મનની ભૂખે ચોરી કરી છે. ભલે, તેં દાગીના લીધા. ચિંતા ન કર, ત્યારે નોકરે કહ્યું–સાહેબ! હું હમણાં જ બધા દાગીના લાવીને આપની સમક્ષ હાજર કરું છું. આપ પોલિસને બોલાવી લાવોને મને પકડાવી દો. હું સજાને પાત્ર છું. આપના જેવા મહાન પુરૂષને ત્યાં ચોરી કરી તે એક મોટામાં મોટું પાપ છે, ને અપરાધ છે. મને મારા અપરાધની સજા થવી જ જોઇએ.

પ્રધાને કહ્યું-તેં તારી જાતે સત્ય હકીકત જણાવી દીધી તેથી તું હવે ગુનેગાર નથી. તને તારા પાપકૃત્યનો પશ્ચાત્તાપ થઈ રહ્યો છે તે ઘણું છે. હવે મારે પોલિસને બોલાવવાની જરૂર નથી, પણ આજથી મારી એક શિખામણ તું દિલમાં કોતરી રાખજે કે ગમે તેટલી ગરીબી આવે, ખાવાના સાંસા પડે તો પણ ચોરી કરવી નહિ ને નીતિનો માર્ગ છોડવો નહિ. નોકરે હાથ જોડીને પ્રતિજ્ઞા કરી કે સાહેબ! હવે હું ચોરી, જૂઠ, અનીતિના કાર્યો કદી નહિ કરું. આથી પ્રધાનને ખૂબ આનંદ થયો ને તેના હાથમાં હજાર રૂપિયા આપતાં કહ્યું–લે, તારે ભીડ છે તેથી તેં ચોરી કરીને ? પ્રધાનની માનવતા, સજ્જનતા અને ઉદારતા જોઈને નોકરનું જીવન સુધરી ગયું. આવો પ્રધાન હોય તો રાજાની શોભા વધે છે.

વિક્રમધન રાજાને આવો બુદ્ધિશાળી પ્રધાન હતો. તેથી રાજાનું રાજ્ય ખૂબ સમૃદ્ધ અને શોભાયુક્ત હતું. રાજાની કીર્તિ ચારે દિશામાં ફેલાયેલી હતી. વિક્રમધન રાજાને રાણી પણ ખૂબ વિનયવંત, સુશીલ અને પતિની આજ્ઞામાં અનુરક્ત રહેવાવાળી હતી. એટલે રાજાને સુખનો પાર ન હતો. સંસારમાં તેઓ સ્વર્ગ જેવા સુખો ભોગવતા હતા. બંધુઓ ! જેના પુણ્યનો ઉદય હોય તો આવી સુશીલ પત્ની મળે છે. " कार्येषु मित्र, भुक्तेषु माता, शयनेषु रंभा " પતિવ્રતા, સુશીલ અને સંસ્કારી સ્ત્રી એના પતિને કાર્ય કરવામાં મિત્ર જેવી હોય છે. જેમ મિત્ર સાચી સલાહ આપે, કાર્યમાં મદદ કરે છે ને મિત્રની મૂંઝવણ દૂર કરે છે તેમ સુશીલ સ્ત્રી પતિના દરેક કાર્યમાં સહાયક બને છે. પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી બને છે. એટલે તે પત્ની મિત્ર જેવી છે.

" ધારણી રાણીએ જોયેલું સ્વપ્ન " આ વિક્રમધન રાજાના પૂરા પુણ્ય હતા એટલે પત્ની તરફથી પૂરું સુખ હતું. એક વખત ધારિણી રાણી પલંગમાં સૂતા હતા. પાછલી રાત્રે રાણીએ એક સુંદર સ્વપ્ન જોયું કે એક મોટો સુંદર બગીચો છે. તેમાં દાડમ, ચીકુ, મોસંબી વિગેરે ફળના અને ગુલાબ, મોગરો, જુઈ, ચંપા, માલતી આદિ ફૂલના અનેક વૃક્ષો છે. ફળ–ફૂલથી બગીચો ખીલી ઉઠ્યો છે. ફૂલોની આસપાસ ભ્રમરો ઉડી રહ્યા છે. એ બગીચાની વચમાં એક મોટું ઘટાદાર આંબાનું ઝાડ છે. તેના ઉપર નવો મોર આવ્યો છે. એક દિવ્ય તેજસ્વી પુરૂષ તે આંબાનું વૃક્ષ ત્યાંથી ઉપાડીને રાણી પાસે લાવ્યો ને બોલ્યો, હે રાણીજી ! તમારા બગીચામાં આવા આંબાના વૃક્ષની જરૂર છે માટે તમે તેને રોપો. એટલે રાણી તેને પોતાના બગીચામાં રોપે છે ને ખૂબ આનંદ થાય છે. પછી દિવ્ય પુરૂષે તેને કહ્યું કે આ આંબાનું વૃક્ષ જે અહીં રોપાયું છે તેના મીઠા ફળ ચાખીને દુનિયા આનંદ પામશે. સાથે જ તેની ગોટલીમાંથી એક પછી એક કરીને નવ વાર વૃક્ષ રોપાશે. રાણી તેને પૂછવા ગઈ કે તમે આ શું કહો છો ? ત્યાં તો એ દિવ્ય પુરૂષ અદ્રશ્ય થઈ ગયો ને રાણીજી જાગૃત થયા. રાણીએ આંખ ખોલીને જોયું તો સૂર્યોદયની તૈયારી છે પણ પેલું આંબાનું વૃક્ષ કે દિવ્ય પુરૂષ દેખાતો નથી, ત્યારે રાણીને લાગ્યું કે આ તો મેં સ્વપ્ન જોયું છે. જો મેં શ્રેષ્ઠ સ્વપ્ન જોયું છે

તો મારે મારા પતિને કહેવું જોઇએ. જેને તેને કહેવાથી સ્વપ્નના ફળ અવળા પડે છે માટે મહાન પુરૂષો પાસે વાત કરવી.

"જ્યોતિષીને પૂછેલું સ્વપ્ન ફળ" ધારિણી રાણીને સ્વપ્ન આવ્યું એટલે તે જાગૃત થઇને રાજા પાસે ગયા ને સ્વપ્ન સંબંધી વાત કરી. એ સાંભળીને રાજાએ કહ્યું. હે રાણીજી ! તમારું સ્વપ્ન તો શ્રેષ્ઠ છે, અને તમે પાછલી રાતે જોયું છે માટે તેનું ફળ આપણને જલ્દી મળશે. આપણે જ્યોતિષીને બોલાવીને તેનો અર્થ પૂછીએ. એટલે રાજાએ જ્યોતિષીને રાણીના સ્વપ્નાની વાત કરી. જ્યોતિષીએ કહ્યું : મહારાજા ! મહારાણીએ સ્વપ્નમાં આંબાના વૃક્ષનું રોપણ કર્યું, તેનો અર્થ એવો થાય છે કે અચલપુરના ભાગ્ય ખુલશે, તેની પ્રજાને યુવરાજ મળશે એટલે કે તમારે ત્યાં મહારાણીજી એક પરાક્રમી પુત્રને જન્મ આપશે. તે પુત્ર મહાન થશે અને પ્રેમથી દુનિયાના દિલને જીતી લેશે. જ્યોતિષીના મુખેથી સ્વપ્નનો અર્થ સાંભળીને રાજા-રાણીને ખૂબ આનંદ થયો અને પૂછયું કે તે દિવ્ય પુરૂષે કહ્યું કે તેનું ફરીથી નવ વખત રોપણ થશે. તેનો અર્થ શું હશે ? ત્યારે જ્યોતિષીએ કહ્યું, મહારાજા ! એનો શું આશય છે તે હું મારા જ્ઞાન દ્વારા જાણી શકતો નથી. એનો અર્થ કોઈ કેવળી ભગવંત તમને કહેશે. રાજા કહે ભલે. રાજા જ્યોતિષી ઉપર પ્રસન્ન થયા અને તેને ઘણું ધન આપીને સંતુષ્ટ કરી વિદાય કર્યો.

"પુત્રજન્મનો મહોત્સવ"-: રાજાને ઘેર પુત્રનો જન્મ થશે એ વાત આખા નગરમાં ફેલાઈ ગઇ. આ સાંભળી પ્રજાજનોને ખૂબ આનંદ થયો. પછી થોડા સમયમાં જ મહારાણીએ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. એનું રૂપ તો કોઈ અલૌકિક હતું. એને જોઈને એમ જ લાગતું કે આ કોઈ દેવકુમાર દેવલોકમાંથી આવ્યો છે. વિક્રમધન રાજાએ ખૂબ ધામધૂમથી પુત્રનો જન્મ મહોત્સવ ઉજવ્યો. પ્રજાજનોએ તેમાં ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. આ પુત્રનું નામ ધનકુમાર પાડયું. પુત્રને ઉછેરવા માટે પાંચ તો ધાવમાતાઓ રાખી અને અઢાર દેશની દાસીઓ રાખી જુદા જુદા દેશની દાસીઓ પોતાની ભાષામાં બોલે એટલે બાળકને અઢાર ભાષાઓ તો સહેજે આવડી જાય. ધનકુમાર ખૂબ લાડકોડથી મોટો થાય છે. થોડા સમય પછી રાણીએ અનુક્રમે બીજા બે પુત્રોને જન્મ આપ્યો. તે બંનેનું નામ અનુક્રમે ધનદત્ત અને ધનદેવ પાડયું. સમય જતાં ત્રણેય ભાઈઓ મોટા થયા. આ ત્રણમાં ધનકુમાર ઘણો ગુણવાન, પરાક્રમી, અને દેખાવમાં સુંદર હતો. એટલે તેના ગુણ રૂપી પુષ્પોની સુવાસ અને કીર્તિ ચારે દિશામાં ફૂલની સુવાસ પ્રસરે તેમ પ્રસરવા લાગી.

"કુમારને ચિત્રશાળા માટે જાગેલી ભાવના :"-એક વખત ધનકુમારને એક સુંદર ચિત્રશાળા બનાવવાનું મન થયું. એના પિતાને ધનકુમાર પ્રત્યે ઘણો પ્રેમ હતો. એટલે કદી તેની ઇચ્છાને રોકતા ન હતા. રાજાએ કહ્યું બેટા ! તારી જેમ ઇચ્છા હોય તેમ કરવા તૈયાર છું. પુત્રની ઇચ્છાનુસાર ચિત્રશાળા બનાવવા માટે

જુદા જુદા દેશના કુશળ ચિત્રકારોને બોલાવ્યા. તેમાં એક ચિત્રકાર એવો હોંશિયાર હતો કે તે માણસને એક વાર દેખે તો આંખ મીંચીને આબેહૂબ ચિત્ર બનાવી દેતો. થોડા સમયમાં ચિત્રશાળાનું કામ પૂરું થયું એટલે ધનકુમાર ચિત્રશાળા જોવા આવ્યો. તેમાં પેલા ચિત્રકારના વિવિધ પ્રકારના સુંદર ચિત્રો જોઇએ ખુશ થયો અને તેને બધા કરતાં વધુ ઇનામ આપીને ખુશ કર્યો. આ ધનકુમારનું રૂપ જોઈને ચિત્રકારના મનમાં થયું કે મેં આવું અદ્‌ભુત રૂપ અત્યાર સુધીમાં કોઇનું જોયું નથી. આનું ચિત્ર બનાવું. તેથી ચિત્રકારે ચિત્ર બનાવવા ધનકુમારની રજા માંગી. રજા મળતાં ચિત્રકારે આંખ બંધ કરીને થોડીવારમાં એવું ચિત્ર તૈયાર કર્યું કે જાણે સાક્ષાત્ બીજો ધનકુમાર જ ન હોય! ધનકુમાર પોતાનું ચિત્ર જોઇ ભૂલાવામાં પડી ગયો કે આ કયો ધનકુમાર છે? તેમણે ચિત્રકારની ચિત્રકળાની ખૂબ પ્રશંસા કરી. ચિત્રકાર કુમારની રજા લઈ સાથે ધનકુમારનું ચિત્ર લઇને અચલપુરથી રવાના થઇ દેશોદેશ ફરતો એક દિવસ તે કુસુમપુરમાં આવ્યો. ત્યાં ગામ બહાર વસંત નામના બગીચામાં થાકયોપાકયો આરામ કરવા માટે એક વૃક્ષ નીચે સૂઈ ગયો.

"કુંવરીનું બગીચામાં આગમન" :- કુસુમપુરમાં સિંહરથ નામે રાજા રાજ્ય કરતા હતા. વિમળા નામે તેમની રાણી હતી. તેમને ધનવંતી નામની અપ્સરા જેવી સૌંદર્યવાન એક પુત્રી હતી. તે ભણીગણીને તૈયાર થતાં યુવાન થઇ હતી. એનું રૂપ તો દેવાંગનાથી પણ ચઢી જાય તેવું હતું. આ ધનવંતી કયારેક એની સખીઓ સાથે બગીચામાં ફરવા જતી. જ્યારે કુંવરી ફરવા જાય ત્યારે તે બગીચામાં કોઈ પુરૂષે જવું નહિ એવી જાહેરાત થતી. આ ચિત્રકાર વસંત બગીચામાં સૂતો હતો. તેને ખબર નહિ કે ધનવંતી કુમારી તેની સખી અને દાસીઓ સાથે બગીચામાં આનંદ કરતા ફરે છે. ત્યાં અવાજ સાંભળીને ચિત્રકાર જાગી ગયો. આ ગામથી અને જાહેરાતથી તે અજાણ હતો. કુંવરીને જોતાં એકદમ બેઠો થયો. તેણે જાગતાની સાથે જ ધનવંતીને જોઇ, તેનું રૂપ જોતાં તે આશ્ચર્ય પામી ગયો કે શું આ કોઈ વનદેવી તો નથી ને! તેને ખાત્રી થઇ કે આ મનુષ્યાણી છે, એટલે તેણે પોતાની પાસે પડેલું ધનકુમારનું ચિત્ર જોઇને ધનવંતી તરફ જોવા લાગ્યો. એના મનમાં થયું કે ધનકુમાર અને આ રાજકુમારીની જોડી જામે તો સોનામાં સુગંધ ભળે તેમ શોભી ઉઠે. આવા વિચારથી ચિત્રકાર વારંવાર કુંવરી સામે જોવા લાગ્યો. કુંવરીની દાસીને આ જોઇને ચિત્રકાર ઉપર ગુસ્સો આવ્યો. એટલે તેણે કહ્યું કે તું કોણ છે? અમારા કાયદાનો ભંગ કરીને બગીચામાં આવ્યો છે ને પાછો કુંવરી સામે એકીટશે શા માટે જોયા કરે છે? ત્યારે ચિત્રકારે કહ્યું–બહેન! હું તો અજાણ્યો પરદેશી મુસાફર છું. મને આ વાતની ખબર નહિ તેથી આરામ લેવા અહીં આવ્યો છું.

"ધનકુમારનું ચિત્ર જોતાં કુંવરીને જાગેલો પ્રેમ" :—આમ વાત કરતાં ફરતાં ચિત્રકારની પાસે પડેલું ધનકુમારનું ચિત્ર દાસીએ જોયું. એટલે આશ્ચર્યથી બોલી

દાસી. અહો ! કેવું અદ્‌ભૂત રૂપ છે ! શું આ કોઇ માનવીનું ચિત્ર છે કે કોઈ દેવનું ? ચિત્રકારે કહ્યું કે માનવીનું ચિત્ર છે, આ ચિત્રમાં તો કંઇ નથી. એકવાર જો પ્રત્યક્ષ તમે જુઓ તો તમને થશે કે આ ચિત્ર બરાબર નથી. આ સાંભળી દાસીએ પૂછ્યું કે આ કોનું ચિત્ર છે ! ત્યારે કહે અચલપુરના રાજકુમાર ધનકુમારનું છે. આ પૃથ્વી પર આના જેવું અત્યારે કોઈનું રૂપ નથી.

દાસીએ ફરીને પૂછ્યું કે તમે એ કુમારને કેવી રીતે ઓળખ્યા ! ત્યારે કહે છે કે હું અચલપુર ચિત્રશાળામાં ચિત્રો બનાવવા ગયો હતો ત્યારે મેં આ ચિત્ર દોર્યું હતું. ચિત્રકાર અને દાસી કમલિની બંનેની વાતચીત સાંભળી ધનવતી ત્યાં આવી. એણે ધનકુમારનું ચિત્ર જોયું, એ જોતાંની સાથે તેમાં મુગ્ધ બની. બસ, પરણું તો આની જ સાથે. બીજે નહિ. આ કમલિની રાજકુમારીના મુખ ઉપરથી તેના મનની વાત સમજી ગઈ. એટલે તેણે ચિત્રકારને પૂછ્યું કે ભાઈ ! તું રાજકુમારી સામું શા માટે જોતો હતો ? ત્યારે ચિત્રકારે હસીને કહ્યું. જેવો ધનકુમાર રૂપવાન છે તેવી જ તમારી આ રાજકન્યા રૂપવંતી છે. તેને જોઇને મારા મનમાં થયું કે આ બંનેની જોડી જામે તો કેટલી સુંદર લાગે ને કેવી શોભી ઉઠે ! આ સાંભળીને ધનવંતીને ખૂબ આનંદ થયો, પણ હવે એના ચિત્તડામાં ચટપટી લાગી ધનકુમારને મળવાની. દાસી તો સમજી ગઈ હતી એટલે ચિત્રકારને કહ્યું કે તું કાલે મને અહીં મળજે. એમ કહીને ચાલી ગઈ પણ ધનવંતીનું ચિત્ત ચકડોળે ચઢ્યું છે. આગળ શું બનશે તેના ભાવ અવસરે.



વ્યાખ્યાન નં-૧૪

અષાડ વદ ૧૨ ને રવીવાર **તા. ૩૦-૭-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! ધર્મ અને કર્મના મર્મને સમજાવનાર, પાપ, તાપ અને સંતાપથી બચાવનાર, વાસનામાંથી ઉપાસના તરફ લઇ જનાર, સર્વજ્ઞ ભગવંતે આ જગત ઉપર કરૂણાભરી દૃષ્ટિએ પોતાના પૂર્ણજ્ઞાનમાં જગતના જીવોને અજ્ઞાનમાં આથડતા જોયા. અહો ! આ જગતના મનુષ્યો ભૌતિક સુખમાં પાગલ બનીને મનુષ્યભવના અનોખા મૂલ્યને સમજતા નથી ને જિંદગીમાં પુદ્‌ગલની પસ્તીઓનો કચરો એકઠો કરવામાં અમૂલ્ય સમય વેડફી રહ્યા છે. નાશવંતનો નેહ કરીને શાશ્વતને ભૂલી જાય છે, પણ અમર નથી કે આ દુનિયાની તમામ સામગ્રી નાશવંત છે. તેમાંથી એક તણખલું જેટલું પણ સાથે આવનાર નથી. જે શરીરમાં આત્મા રાત-દિવસ વસેલો છે તે શરીર પણ અહીં મૂકવાનું છે તો બીજાની તો શી વાત ! ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે હે જીવ ! આ શરીર કેવું છે ?

असासए सरीरम्मि, रइं नोवलभामहं ।
पच्छा पुरा व चइयव्वे, फेणबुब्बुय सन्निभे ॥

અ. ૧૯. ગાથા ૧૩.

આ શરીર અશાશ્વત છે. તેમાં આનંદ પામવા જેવું નથી. કારણ કે પાણીના પરપોટા જેવું આ શરીર પહેલાં કે પછી અવશ્ય નાશ થવાનું છે. જૈનશાસ્ત્રમાં ભગવાને પાંચ પ્રકારના શરીર બતાવ્યા છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીર. આ પાંચ શરીરમાં નારકી અને દેવોને વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર હોય છે. સંજ્ઞી તિર્યંચ પચેન્દ્રિયોને અને વાયરાને ઔદારિક, તૈજસ, કાર્મણ અને વૈક્રિય એ ચાર શરીર હોય છે. પૃથ્વી, પાણી, તેઉ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પચેન્દ્રિય, અસંજ્ઞી મનુષ્ય પચેન્દ્રિય અને જુગલીયા વિગેરેને ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર હોય છે. પંદર કર્મભૂમિના સંજ્ઞી મનુષ્યોને પાંચે પાંચ શરીર હોય છે. આહારક શરીર તો લબ્ધિવંત ચૌદ પૂર્વધારી સાધુને હોય છે. એ આહારક શરીર કયારે બનાવે છે? જ્યારે કોઈ પ્રશ્નમાં શંકા પડે, તેનું કોઈ રીતે સમાધાન ન થાય ત્યારે તે શંકાનું સમાધાન કરવા માટે પોતાના શરીરમાંથી પુદ્ગલો કાઢીને મૂઢા હાથનું શરીર બનાવીને મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર ભગવાન પાસે જાય. ત્યાં જઈ ભગવાન પાસે શંકાનું નિવારણ કરીને પાછા આવે કે તરત જ તે શરીર વિખેરી નાંખે ને જતાં આવતાં લાગેલા દોષનું પ્રાયશ્ચિત કરે.

પાંચ શરીરમાં સાધના કરવા માટે જો કોઇ પ્રધાન શરીર હોય તો ઔદારિક શરીર છે, પણ એ શરીરનો ક્ષણ વાર વિશ્વાસ કરવા જેવો નથી. કયારે રોગ આવશે અથવા કયારે વિદાય લેવી પડશે તેની ખબર નથી. માટે સમજો. સાધના કરવાનો સમય થોડો છે ને કામ ઘણું છે. કવિઓ કહે છે કે–

"શ્વાસોશ્વાસ આ અથાઈ જાય, આયુષ્યની દોરી થાતી ટૂંકી,
કંઈક ગયા કંઈક જવાના, કંઇકને દીધા કૂંકી."

મનુષ્ય જીવનના એકેક શ્વાસે માનવી ધારે તો કર્મોની નિર્જરા કરી શકે છે. આ એકેક શ્વાસોશ્વાસ કેટલા કિંમતી છે! આત્માર્થી પુરૂષો શ્વાસેશ્વાસે કર્મની નિર્જરા કરે છે, અને સંસાર સુખના અર્થી આત્મા શ્વાસેશ્વાસે કર્મો બાંધે છે. દિવસે દિવસે આયુષ્ય ઘટતું જાય છે. અરે! તમે તો કંઇકને તમારી કાંધે ચઢાવી સોનાપુરીમાં પહોંચાડી આવ્યા. તમે નજરે દેખો છો છતાં વૈરાગ્ય નથી આવતો.

જંબુકુમારે એક જ વખત સુધર્માસ્વામીની વાણી સાંભળી ત્યાં વૈરાગ્ય પામી ગયા. એ પ્રસંગ જાણવા જેવો છે. પાંચમા ગણધર સુધર્માસ્વામી રાજગૃહી નગરીની બહાર

ઉદ્યાનમાં પધાર્યા, રાજગૃહીના નાગરિકો સુધર્માસ્વામીને વંદન કરવા અને ધર્મદેશના સાંભળવા આવે છે. સાથે જંબુકુમાર પણ આવ્યા છે. બધા નગરજનોએ ઉપદેશ સાંભળ્યો અને જંબુકુમારે પણ સાંભળ્યો. સુધર્માસ્વામીની વાણી તેમની રગેરગમાં ઉતરી ગઈ અને ત્યાં ને ત્યાં જ દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. **"ભગવાનની વાણીના શ્રવણનું ફળ પ્રવજ્યા છે."** વાણી સાંભળ્યા પછી જંબુકુમાર ઉભા થઈને બે હાથ જોડીને સુધર્માસ્વામીને વિનંતી કરવા લાગ્યા કે હે ભગવંત! હું ઘેર જઈને મારા માતાપિતાની અનુમતી લઈને આપની પાસે દીક્ષા લેવા માટે આવું છું, ત્યાં સુધી આપ મારા ઉપર કૃપા કરીને અહીં સ્થિરતા કરજો. એની વિનંતી સાંભળીને સુધર્માસ્વામીએ કહ્યું, "अहा सुहं देवाणुप्पिया, मा पडिबंध करेह।" હે દેવાનુપ્રિય! તને સુખ ઉપજે તેમ કર. સારા કાર્યમાં વિલંબ કરીશ નહિ.

જંબુકુમાર ઘર તરફ જાય છે, નગરના દરવાજે પહોંચ્યા ત્યાં તો દરવાજામાં હાથી, ઘોડા, રથ વિગેરે સજ્જ થઈને ઉભા છે. માણસોનો પાર નથી. આ જોઈને જંબુકુમારના મનમાં થયું કે બીજા દરવાજે થઈને ચાલ્યો જાઉં. બીજા દરવાજે આવ્યા તો આખો કિલ્લો શસ્ત્રોથી સજ્જ થઈ ગયો છે. તે દરવાજાથી બે ફૂટ દૂર છે ત્યાં દરવાજો તૂટી પડ્યો. આ બધું જોઈને જંબુકુમારના મનમાં થયું કે કોઈ દુશ્મન ચઢી આવ્યો લાગે છે. એટલે યુદ્ધની તૈયારી થઈ રહી છે. હવે જો હું અહીંથી જાઉં ને શસ્ત્રો છૂટે, ઉપરથી શીલાઓ પડે ને મારું આયુષ્ય પૂર્ણ થાય તો હું તો અવિરતિમાં જ મૃત્યુ પામું અને મારે અવિરતિમાં તો મરવું નથી.

"જંબુકુમારની ભવ્ય વિચારણા" :— બંધુઓ! હવે જંબુકુમારને એક ક્ષણ પણ અવિરતિમાં રહેવું ગમતું નથી. તમને મન થાય છે કે હું ક્યાં સુધી અવિરતિના ઘરમાં રહીશ? ક્યારે અવિરતિમાંથી મારો છૂટકારો થશે? **"જૈનશાસન પામેલાને અવિરતિ કાંટાની જેમ ખટકે-સર્વવિરતિ જ ગમે."** તમે પણ જૈનશાસનમાં જન્મ્યા છો ને? જંબુકુમારની જેમ અવિરતિ ખટકતી હોય તો કહેજો. જંબુકુમાર ત્યાંથી પાછા ફર્યા ને સુધર્માસ્વામીની પાસે આવીને જીવનભર માટે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. કદાચ આયુષ્ય પૂરું થાય ને મરી જાઉં તો વ્રતમાં તો જાઉં ને? જ્યાં સુધી અવિરતિ હૈયામાં ખટકે નહિ ને સર્વવિરતિ ગમે નહિ ત્યાં સુધી ધર્મશ્રવણનું સાચું ફળ પ્રાપ્ત થાય નહિ. તમે કેટલાં વર્ષોથી ધર્મશ્રવણ કરો છો? પણ આવા ભાવ આવે છે ખરા? "ના." જ્યાં સુધી સંસાર ખોટો ન લાગે ત્યાં સુધી નહિ આવે.

જંબુકુમારને ઘેર સંપત્તિનો તૂટો ન હતો. તે મહાન સુખી હતાં છતાં વ્રતમાં અડગ રહી શકે તેવા સમર્થ હતા. તેથી તેમને સુધર્મા સ્વામીએ પ્રતિજ્ઞા આપી. બાકી સંસારમાં મૂંઝવે તેવા સાધનો ઘણાં હતા. તેમના પિતા નવ્વાણુ કોડ સોનૈયાના સ્વામી હતા અને

ઘણી માનતાઓ પછી પુત્રની પ્રાપ્તિ થઈ હતી એટલે માતા-પિતાને પુત્રનો મોહ ઘણો હતો. જંબુકુમારના લગ્ન આઠ આઠ શ્રીમંત શ્રેષ્ઠીઓની કન્યાઓ સાથે થવાના હતા. તેમના લગ્નની તૈયારીઓ ચાલતી હતી. માતાપિતાને પુત્રને પરણાવવાનો આનંદ હતો. ત્યાં જંબુકુમાર સુધર્માસ્વામી પાસે બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કરીને માતાપિતા પાસે આવ્યા ને બોલ્યા, હે માતાપિતા ! હું ભગવાન સુધર્માસ્વામીના દર્શન કરવા ગયો હતો. મેં તેમની ધર્મદેશના સાંભળી. આથી માતાપિતાને ખૂબ આનંદ થયો, ને બોલ્યા ધન્ય છે બેટા ! તું ભગવાનના દર્શન કરી આવ્યો, તેના જેવું ઉત્તમ શું ? આવા પુણ્યવાન પુત્રને પ્રાપ્ત કરીને અમારું જીવન પણ ધન્ય બન્યું છે. ત્યાં જંબુકુમારે કહ્યું, માતા ! મેં ભગવાનની વાણી સાંભળી એટલું જ નહિ પણ મને ભગવાનની વાણી ગમી ગઇ. મને એના ઉપર શ્રદ્ધા થઈ છે. હવે મારે દીક્ષા લેવી છે. મને આજ્ઞા આપો.

" માતાપિતાની દલીલો સામે પડકાર કરતા જંબુકુમાર " :-પુત્રની વાત સાંભળીને માતાપિતાને ખૂબ આઘાત લાગ્યો કારણ કે પુત્ર પ્રત્યેનો અત્યંત મોહ હતો. એટલે તેમને મોહ સતાવતો હતો. માતા તો બેભાન થઈને પડી ગઈ. થોડી વારે સ્વસ્થ થઇને કહે છે બેટા ! અમને તો આઠ આઠ અપ્સરા જેવી કન્યાઓ સાથે ધામધૂમથી તને પરણાવવાના કોડ છે. ભોગ ભોગવવાને યોગ્ય આ યૌવનકાળ તારા માટે સંયમ સ્વીકારવાનો સમય નથી દીકરા ! સંયમમાર્ગ અતિ કઠિન છે અને તારું શરીર અત્યંત સુકુમાલ છે. વળી સંયમ માર્ગમાં કેમ રહેવાય, કેમ બોલાય, કેમ ચલાય, કેમ ખવાય તે તું જાણતો નથી. કેવી રીતે સંયમ લઇશ ! સંયમી જીવનની કઠોરતાનું તેમના માતાપિતાએ ઘણું વર્ણન કર્યું, પણ જંબુકુમારને મજીઠીયો રંગ લાગ્યો હતો. એટલે હવે તેમને **" સંસારનું કોઈ સુખ મૂંઝવી શકે તેમ નથી અને સંયમનું કોઈ કષ્ટ ડગાવી શકે તેમ નથી.'** વૈરાગી જંબુકુમાર અડગ રહ્યા. માતાપિતાએ જાણ્યું કે હવે દીકરો રોકાય તેમ નથી એટલે છેલ્લે કહ્યું-બેટા ! અમે તને વધુ નથી કહેતા પણ તારે અમારી એક આજ્ઞાનું પાલન કરવું પડશે. જંબુકુમારે કહ્યું-શું આજ્ઞા છે ? ત્યારે કહે છે જે આઠ કન્યાઓ સાથે તારા વિવાહ નક્કી કર્યા છે તેમની સાથે તું એક વાર લગ્ન કર, પછી તું દીક્ષા લેજે.

જંબુકુમારે વિચાર કરીને કહ્યું-હું લગ્ન તો કરું પણ લગ્ન પછી સવારે દીક્ષા લઇશ. એ કન્યાઓના માતાપિતાને આ વાત પહેલેથી જણાવી દો. તેથી તેના માતાપિતાએ આઠે કન્યાઓના માતાપિતાને કહેવડાવી દીધું કે અમારો પુત્ર તમારી કન્યાઓને પરણ્યા પછી તરત જ દીક્ષા ગ્રહણ કરશે. અમારા આગ્રહથી જ લગ્ન કરે છે. માટે પછી તમને મનમાં દુઃખ થાય કે ભે એમને દીક્ષા જ લેવી હતી તો લગ્ન શા માટે કર્યા ? તેથી તમને સત્ય હકીકત જણાવી છે. આ વાત સાંભળીને કન્યાઓના માતાપિતા વિચારમાં પડી ગયા. ભે એમને દીક્ષા લેવી હોય તો આપણી પુત્રીઓને પરણાવીને શું કરવું ? બધા મૂંઝાયા.

ત્યારે કન્યાઓ એમના માતા પિતાને કહે છે.કે હે માતાપિતા તમે ચિંતા ન કરો અમારી જેની સાથે સગાઈ થઈ તેમને અમે વરી ચૂકયા છીએ અમે જંબુકુમારને સ્વામી તરીકે સ્વીકારી લીધા છે. માટે હવે એ જેમ કરશે તેમ અમે કરીશું. એમનો જે માર્ગ તે અમારો માર્ગ, આ ભવમાં અમારે બીજો પતિ ન જોઈએ. અમે એમની સાથે જ પરણીશું.

જંબુકુમારની આકરી કસોટી :– જંબુકુમારના માતાપિતા પણ વિચાર કરવા લાગ્યા કે ભલે ને દીકરો દીક્ષા લેવાનું કહે પણ આ આઠ આઠ રંભા જેવી કન્યાઓના મોહમાં પડી જશે પછી દીક્ષાનું નામ નહિ લે. આઠ આઠ કન્યાઓ સાથે જંબુકુમારના ઠાઠમાઠથી લગ્ન થયા, કન્યાઓ કરોડોનો દાયજો લઈને આવી છે. તે સમયે પ્રભવ નામનો પ્રસિદ્ધ ચોર હતો. તેણે વિચાર કર્યો કે આજે જો આપણે જંબુકુમારના ઘેર ચોરી કરવા જઈએ તો સફળ થઈએ. જીવનમાં ફરીને ચોરી કરવી ન પડે, એટલો દાયજો કન્યાઓ લાવી છે. આ તરફ આઠે ય નવવધૂઓ જાણે છે કે પતિ સવારે દીક્ષા લેવાના છે. એમણે આઠેએ નક્કી કર્યું છે કે આપણે આઠે જણાએ પતિ સંસારમાં રોકાય તે માટે આપણી સમગ્ર શક્તિનો ઉપયોગ કરવાનો. આઠેય કન્યાઓ જંબુકુમારને ફરતી વીંટળાઈને બેઠી છે. અનેક યુક્તિઓ અને દૃષ્ટાંતો દ્વારા જંબુકુમારને સંસારમાં રહી ભોગો ભોગવવા સમજાવે છે. તે વખતે પ્રભવ આદિ ૫૦૦ ચોરો તેમની હવેલીમાં દાખલ થયા.

જંબુકુમારે પ્રભવ આદિને કરેલા સ્થિર :–પ્રભવ પાસે અવસ્વાપિની અને તાલોદ્‌ઘાટિની આ બે વિદ્યાઓ હતી. પ્રથમ વિદ્યાનો પ્રયોગ જેના ઉપર કરે તે નિદ્રાધીન બને અને બીજી વિદ્યાના પ્રભાવથી તાળા ખુલી જાય. આવો શક્તિધારી ચોર જ્યાં નિશાન તાકે ત્યાં પાર પડી જાય, એમાં કંઈ નવાઈ નથી. પણ અહીં શું બન્યું તે જોવાનું છે. પ્રભવે પોતાની વિદ્યાનો પ્રયોગ કર્યો પણ મહાપુરૂષોને વિદ્યાઓ અસર કરી શકતી નથી. જંબુકુમાર સિવાય બધા ઉપર અવસ્વાપિની વિદ્યાએ અસર કરી. બધા નિદ્રાધીન બની ગયા. આથી ચોરો ધન, અલંકારો વિગેરે ચોરવા જાય છે ત્યારે જંબુકુમારે નીડરતાથી કહ્યું, હું જાગું છું. તમે કોઈ ચીજને સ્પર્શ નહિ કરી શકો. જંબુકુમારના પ્રભાવશાળી વચનથી ચોરો ત્યાં ને ત્યાં સ્થંભી ગયા. આ સમયે પ્રભવે પોતાની ઓળખાણ આપીને જંબુકુમારને કહ્યું, હે કુમાર ! હું મારી અવસ્વાપિની અને તાલોદ્‌ઘાટિની વિદ્યા તમને આપું. તેના બદલામાં તમે તમારી સ્થંભિની અને મોચિની વિદ્યા મને આપો. એ સમજે છે કે આ મહાપુરૂષે અમને સ્થંભિની વિદ્યથી સ્થિર કરી દીધા છે. જેની પાસે સ્થંભિની વિદ્યા હોય તેની પાસે મોચિની વિદ્યા તો અવશ્ય હોય. કારણ કે મારણ વિદ્યાને જાણ્યા વિના કોઈ વિદ્યાનો પ્રયોગ ન કરે. એવી આર્યદેશની નીતિ હતી.

પ્રભવ ચોરમાં જાગેલી વૈરાગ્ય ભાવના :–પ્રભવની વાત સાંભળીને જંબુકુમારે કહ્યું, ભાઈ! મારી પાસે કોઈ વિદ્યા નથી અને મારે તારી વિદ્યા જોઈતી નથી. હું તો કાલે સવારે આ સર્વ સામગ્રીનો ત્યાગ કરીને સાધુ બની જવાનો છું. આ સાંભળીને પ્રભવ

આદિ ચોરોને ખૂબ આશ્ચર્ય થયું કે અહો ! આટલી બધી સંપત્તિ, આ નવયુવાન અપ્સરા જેવી કન્યાઓ આ બધું છોડીને એ સાધુ બનશે અને આપણે આ બધું મેળવવા પાપ કરી રહ્યા છીએ ! જંબુકુમારે તેમને પ્રતિબોધ આપ્યો. અંતે પાંચસો ચોરો વૈરાગ્ય પામી ગયા ને જંબુકુમાર સાથે દીક્ષા લેવા તૈયાર થયા. જુઓ, આ છે જંબુકુમારના વૈરાગ્યની જ્યોત. ચોરો વૈરાગ્ય પામ્યા. આ તરફ જંબુકુમારની નવોઢા પત્નીઓ તેને સંસારમાં ફસાવવા પ્રેમના લટકા ચટકા કરે છે, ત્યારે જંબુકુમારે પૂછયું, તમને માણ ઉપર પ્રેમ છે ? પત્નીઓએ કહ્યું, નાથ ! પ્રેમ વિના થોડા પરણ્યા છીએ, ત્યારે જંબુકુમારે કહ્યું, જો તમને મારા ઉપર સાચો પ્રેમ હોય તો માયાજાળ સમાન સંસારને છોડીને મારી સાથે પ્રવજ્યા સ્વીકારો. છેવટે પત્નીઓ સમજી ગઈ કે પતિ કોઇ રીતે સંસારમાં રોકાય તેમ નથી. એટલે તે આઠેય સ્ત્રીઓ પ્રતિબોધ પામીને દીક્ષા લેવા સંમત થઈ, અને પતિને હાથ જોડીને કહે છે "નાથ! **આપ જેમ સંસારથી નિસ્તાર પામો છો તેમ અમારો પણ નિસ્તાર કરો. હવે અમને સમજાઇ ગયું કે સંસારની લહેર મારનારી છે અને સંયમની લહેર તારનારી છે.**"

આ તરફ જંબુકુમારના માતાપિતા અને આઠે કન્યાઓના માતા-પિતા સમજતા હતા કે સવાર પડતાં વૈરાગી જંબુકુમાર વરઘોડી બની જશે. એટલે સવારે માતાપિતા જંબુકુમારને પૂછે છે દીકરા ! બોલ, હવે શું વિચાર છે ! જંબુકુમાર કહે છે હે માતા-પિતા ! બીજો વિચાર શું હોય ? હું તો દીક્ષા લેવાનો જ છું. માતાપિતા કહે છે આ કોડભરી કન્યાઓનું શું થશે ? ત્યાં આઠેય કન્યાઓ કહે છે અમે પણ દીક્ષા લેવા તૈયાર છીએ. દીકરીઓ વૈરાગ્ય પામી એટલે તેમના માતાપિતા પણ દીક્ષા લેવા તૈયાર થયા. જંબુકુમારના માતાપિતાને થયું કે જ્યારે દીકરો આવી નાની ઉંમરમાં છતી ઋદ્ધિને છોડે તો આપણે સંસારમાં શા માટે રહેવું ! એમ વિચાર કરી તેઓ પણ દીક્ષા લેવા તૈયાર થયા એટલે જંબુકુમાર અને તેના માતા-પિતા એ ત્રણ, આઠ કન્યાઓ અને તેમના માતા-પિતા એ ચોવીસ અને પ્રભવાદિ ૫૦૦ ચોર એમ કુલ ૫૨૭ ભાગ્યવાન આત્માઓએ મહાન રિદ્ધિ સિદ્ધિનો ત્યાગ કરી પ્રવજ્યાના પુનિત પંથે પ્રયાણ કર્યું. એ ૫૨૭ આત્માઓ સુધર્માસ્વામીના ચરણોમાં પોતાનું જીવન સમર્પણ કરીને અપૂર્વ સાધના કરી ઘાતી કર્મોને ખપાવી કેવળજ્ઞાન પામી મોક્ષમાં ગયા.

બંધુઓ ! મહાડમાં છે આવો કોઈ જંબુકુમાર ! હોય તો ઉઠો. (હસાહસ) જંબુકુમારની પાસે શું નહોતું ? બધું જ હતું, છતાં એમણે છોડી દીધું અને તમે એ પરિગ્રહ મેળવવા પાછળ ચામડા ઉતરડી નાંખો છો. બસ, એક જ લગની છે કે મારો સંસાર સમૃદ્ધ કેમ બને ? સંસારની વાડી સહેજ પણ સૂકાય નહિ ને લીલીછમ રહે તે માટે રાત દિવસ પ્રયત્ન કરો છો, પણ આત્માનો બગીચો નવપલ્લવિત રાખવાને માટે તમારો થોડો પણ

પ્રયત્ન ખરો ? સંસારના સુખ માટે જીવ બધું કરે છે પણ ધર્મના કાર્યમાં કંજુસ બની જાય છે. યાદ રાખો. જીવન જરૂરિયાત પૂરતું મળી જાય પછી સંતોષમાં આવો. કારણ કે અતિ લોભ એ પાપનું મૂળ છે. જે માણસ અતિ લોભ કરે છે તેની કેવી દશા થાય છે તેના ઉપર મને એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક શેઠ પાસે લક્ષ્મી ઘણી હતી. ચાર દીકરા, વહુઓ વિગેરે મોટું કુટુંબ હતું. ઘરમાં લક્ષ્મીની રેલમછેલ હતી, પણ શેઠ એવા લોભી હતા કે પુત્ર કે પુત્રવધુઓ સારા કપડા પહેરે, દાગીના પહેરે ને સારું ખાય–આ બધું શેઠથી જોઈ શકાય નહિ. ઘરની બધી ચાવીઓ શેઠના હાથમાં હતી. શેઠાણી તો વહેલા સ્વર્ગે સિધાવી ગયા હતા. સવાર પડે એટલે દાળ, ચોખા, લોટ, તેલ વિગેરે તોલીને આપી દે, પછી તાળા મારે. ખાવામાં રોટલી ને દાળ. આ સિવાય કાંઈ નહિ. બધી રીતે દીકરા–વહુને હેરાન કરે. આથી દીકરા અને વહુઓ ખૂબ કંટાળી ગયા હતા, પણ થાય શું ? દુઃખમાં દિવસો પસાર કરતા. એક દિવસ ચારે ય વહુઓ મોડી રાતે બંગલાની અગાશીમાં જઈ આકાશ તરફ દૃષ્ટિ કરી ભગવાનને પ્રાર્થના કરવા લાગી કે હે ભગવાન ! અમારા પાપકર્મે અમને સસરા કેવા લોભી મળ્યા છે કે છતી સંપત્તિએ અમને સુખે ખાવા–પીવા, હરવા ફરવા કે પહેરવા ઓઢવા દેતા નથી. બસ, આ કાળી મજુરી કરાવીને અમારો દમ કાઢી નાંખે છે. આ કરતાં સાસુજી હોત તો સારું થાત, આ દુઃખ અમે કોને કહીએ ? આ નિસાસા નાંખતા પ્રાર્થના કરે છે.

"વિદ્યાધરીએ સાંભળેલો વહુઓનો પોકાર" :–આ સમયે એક વિદ્યાધરી આકાશમાં જઇ રહી હતી. તેણે આ ચારે સ્ત્રીઓને કરૂણાંત કરતી જોઇ એટલે તેને દયા આવી. તેથી તેણે નીચે ઉતરીને પૂછયું–તમે શા માટે રડો છો ? ત્યારે ચારે ય વહુઓ કહે છે દેવી ! અમને બીજું કંઇ દુઃખ નથી. ઘરમાં લક્ષ્મીનો પાર નથી પણ અમારા કર્મોદયે સસરાજી એવા લોભી મળ્યા છે કે અમે છતા પૈસે સુખ ભોગવી શકતા નથી. તેમણે વિદ્યાધરીને બધી વાત કરી. વિદ્યાધરીએ કહ્યું–બહેનો ! દુઃખ તો જીવનમાં આવે પણ એનાથી ગભરાવું નહિ. દુઃખ વિના સુખ ક્યાંય નથી. મને તમારી ખૂબ દયા આવે છે. તમે ચિંતા ન કરો. હું તમારું દુઃખ દૂર કરીશ, જુઓ, હું તમને એક વિદ્યા આપું છું તેના પ્રતાપે તમે જેવો વેશ પહેરવો હશે તેવો પહેરી શકશો. જે ખાવુપીવું હશે તે ખાઇ પી શકશો, અને આ બીજો મંત્ર આપું છું તે બોલીને તમે એક લાકડા ઉપર બેસશો તો એ લાકડું તમારે જે દેશમાં જવું હશે તે દેશમાં લઈ જશે. આવી વિદ્યા અને મંત્ર મળવાથી ચારે ય વહુઓને ખૂબ આનંદ થયો, અને વિદ્યાધરીના પગમાં પડી તેમનો મોટો ઉપકાર માન્યો. ચારે ય વહુઓએ એમના પતિને આ વાત જણાવી દીધી, દિવસે ઘરનું કામકાજ કરે ને રાત્રે પતિની રજા લઇને ચારે ય વહુઓ એક મોટા લાકડા ઉપર બેસીને મંત્ર ભણે એટલે એમની જ્યાં જવાની ઇચ્છા હોય ત્યાં જઇને લાકડું ઉભું

રહે. ત્યાં જઈને હરે ફરે, મનગમતા પોશાક પહેરે, ખાય પીએ બે ત્રણ કલાક મોજ માણીને પાછા ઘેર આવી જતા ને પેલુ તોતીંગ જેવું લાકડું પાછું ઠેકાણે મૂકી દેતા. આ રીતે દરરોજ રાત્રે ફરવા જવાનો કાર્યક્રમ થઈ ગયો.

"નોકરે પકડેલો પીછો" :– હવે આ શેઠના પશુઓની સાર સંભાળ રાખનારો એક નોકર હતો. તે ઘણીવાર શેઠના બંગલામાં આવતો. એના મનમાં થયું કે આવા સરસ બંગલાની અગાશીમાં આવું મોટું તોતીંગ જેવું લાકડું કેમ રાખ્યું હશે ? આનું શું પ્રયોજન છે ? એને જાણવાનું મન થયું. એટલે એક દિવસ અગાશીના એક ખૂણામાં કોઈ ન દેખે તેમ છુપાઈ ગયો. રાત્રે બાર વાગ્યા એટલે ચારે ય વહુઓ સારા વસ્ત્રાલંકારો પહેરીને રૂમઝુમ કરતી આવી ને લાકડા ઉપર બેસીને મંત્ર ભણ્યા એટલે લાકડું વિમાનની જેમ ઉડ્યું. નોકરને ખૂબ આશ્ચર્ય થયું કે આ શું ? એ કયાં જાય છે તે મારે જોવું છે. બીજે દિવસે નોકર કોઈ ન જાણે તેમ લાકડાની પોલાણમાં પેસી ગયો. સમય થતાં વહુઓ આવી. એ દિવસે તેમણે સુવર્ણ દ્વીપમાં જવાનું નક્કી કર્યું હતું. થોડીવારમાં તેઓ સુવર્ણ દ્વીપે પહોંચી ગયા. ચારે ય વહુઓ લાકડા ઉપરથી ઉતરીને દૂર દૂર ફરવા ગઈ, ત્યારે નોકર પોલાણમાંથી બહાર નીકળ્યો. એણે જોયું તો ચારે તરફ સોનું સોનું દેખાય છે, લાવ, ત્યારે થોડું સોનું લઈ લઉં. નોકર થોડું સોનું લઈને વહુઓના આવતા પહેલાં લાકડાની પોલાણમાં ભરાઈ ગયો. થોડી વારમાં ચારે ય વહુઓ આવીને લાકડા ઉપર બેસી પોતાને ઘેર પહોંચી ગઈ. નોકર આ રીતે ચારે ય વહુઓની સાથે પોલાણમાં બેસીને છાનોમાનો સુવર્ણદ્વીપે ગયો અને થોડું થોડું કરતા ઘણું સોનું ભેગું કર્યું.

"શેઠ ઉપડ્યા રત્નદ્વીપે" :–બંધુઓ ! ધન મેળવીને જીરવવું તે સામાન્ય વાત નથી. એ તો ગંભીર પુરૂષો જીરવી શકે. આ નોકર તો ગમે તેમ તો ય હલકો માણસ કહેવાય. તેની પાસે સોનું આવ્યું એટલે અભિમાનથી ફુલાઈને ફરવા લાગ્યો. શેઠ કંઈ કામ કરવાનું કહે તો ન કરે. નોકરનું વર્તન જોઈને ચતુર શેઠ સમજી ગયા કે નક્કી આ નોકર પાસે પૈસો વધ્યો લાગે છે. પૈસો ન હોય તો આટલો રૂઆબ ન કરે. એટલે શેઠે મીઠું મીઠું બોલીને તેની પાસેથી વાત કઢાવી. નોકરે બધી વાત શેઠને કરી દીધી. તેથી શેઠના મનમાં થયું કે હું પણ સુવર્ણદ્વીપે જાઉં. સસરાજી અગાઉથી આવીને લાકડાની પોલાણમાં પેસી ગયા. વહુઓ આવી. લાકડું ઉપડ્યું ને રત્નદ્વીપે પહોંચ્યું. લાકડાને એક બાજુએ મૂકીને વહુઓ રત્નદ્વીપ જોવા માટે દૂર દૂર ચાલી ગઈ. સસરાજી પણ પોલાણમાંથી બહાર નીકળ્યા. ત્યાં તો રત્નોના ઢગલે ઢગલા પડ્યા હતા. એ જોઈને શેઠ તાજુબ થઈ ગયા. એમના મનમાં થયું કે અહીં આટલા બધા રત્નો પડ્યા રહે તે શા કામનું ! લાવને, થોડા થોડા રત્નો હું લઈ જાઉં તો કામ આવશે. લોભી શેઠે તો ગજવામાં જેટલા રત્નો લેવાય તેટલા લઈને તેણે પોલાણમાં ભરી દીધા. પોતાને બેસવા જેટલી માંડ જગ્યા રાખી હતી. સસરાએ રત્નો લીધા પણ વહુઓની નીતિ એટલી ચોખ્ખી હતી

કે તેમણે કદી એક હીરો કે સોનાની લગડી લીધી ન હતી. પણ લોભી બાપાનું મન ઝાલ્યું કેમ રહે ?

થોડી વારે વહુઓ ફરીને આવી અને લાકડા ઉપર બેસીને મંત્રનો જાપ કર્યો એટલે લાકડું ઉડયું. આજે લાકડામાં વજન ખૂબ હતું એટલે વારંવાર નીચું નમી જતું. વહુઓ વિચારમાં પડી કે કોઈ દિવસ નહિ ને આજે આ લાકડું કેમ નમી જાય છે? આમ વાત કરતાં દરિયા ઉપરથી પસાર થઈ રહ્યા છે ત્યાં મોટી વહુએ કહ્યું, આજે લાકડાનું વજન વધી ગયું છે. તો આ સમુદ્રમાં પેલું હલકું લાકડું પડયું છે તે લઈ લઈએ ને આને દરિયામાં ફેંકી દઈએ આ શબ્દો સાંભળતા શેઠ લાકડાની પોલાણમાંથી બોલ્યા–એ વહુ બેટા! મહેરબાની કરીને તમે લાકડાને પાણીમાં વહેતું મૂકશો નહિ. હું મરી જઈશ. સસરાના શબ્દો સાંભળીને વહુઓ વિચારવા લાગી કે આ ડોસો અહીં કેવી રીતે આવ્યો? એણે તો આપણને કેટલો ત્રાસ આપ્યો છે; ઠીક, લાગ મળ્યો છે તો કામ કરી લઈએ. એમ વિચારીને ડોસો તો બૂમો મારતો રહ્યો અને વહુઓએ તો જુનું લાકડું સમુદ્રમાં ફેંકી દીધું. લાકડામાં વજન ઘણું હતું એટલે સસરાજી સાગરના પેટાળમાં સમાઈ ગયા. ચારે ય વહુઓના મનમાં થયું કે હાશ....હવે શાંતિ થઈ. આવું ભયંકર પરિણામ આવ્યું હોય તો અતિ લોભના કારણે ને?

"ધનવંતીનું ચિત્ત ચગડોળે" :– આપણે ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમાં અધ્યયનમાં નેમ રાજુલના આગલા ભવની વાત ચાલે છે. ધનવંતીએ ચિત્રકાર પાસેથી ધનકુમારનું ચિત્ર જોયું એટલે તેનું ચિત્ત તેમાં ચોંટી ગયું. એ બગીચામાંથી મહેલમાં ગઈ પણ ચેન પડતું નથી. કમલિની આ વાત બરાબર સમજી ગઈ હતી. એટલે તેણે કહ્યું બહેન! તમે ચિંતા ન કરો. હું ચિત્રકારને બોલાવીને તમારું ચિત્ર તૈયાર કરાવીને ધનકુમાર પાસે મોકલીશ. સાથે તમે પણ પત્ર લખીને આપજો, એટલે બધું કામ થઈ જશે. આ સાંભળીને ધનવંતીને ખૂબ આનંદ થયો. દાસી ધનવંતીને બગીચામાં લઈ ગઈ ને ચિત્રકારને તેનું સુંદર ચિત્ર બનાવવાનું કહ્યું. આ તરફ ધનવંતીના પિતા સિંહરથ રાજાના મનમાં વિચાર થયો કે હવે મારી પુત્રી ધનવંતી મોટી થઈ છે. તેને માટે યોગ્ય કુમારની તપાસ કરું. આમ વિચાર કરતા હતાં. તે સમયે અચલપુર રાજ્યના કામ પ્રસંગે મોકલેલો દૂત આવી પહોંચ્યો ને જે કામ અંગે ગયો હતો તેની બધી વાત રાજાને કરી. પછી સિંહરથ રાજાએ પૂછયું–વિક્રમધન રાજાના રજવાડામાં તેં નવીન શું જોયું? મહારાજા! મેં એક નવીનતા જોઈ. રાજા કહે–શું! ત્યારે દૂતે કહ્યું–સાહેબ! વિક્રમધન રાજાના પુત્ર ધનકુમારને મેં જોયા. હું તો એનું રૂપ જોઇને મુગ્ધ બની ગયો છું. શું એનું રૂપ છે! આ લોકમાં એના જેવું રૂપ કોઈનું નથી.

"ધનકુમારની પ્રશંસાથી રાજાને થયેલો આનંદ" :–દૂતની વાત સાંભળીને રાજાને ખૂબ આનંદ થયો ને દૂતને કહ્યું–તો આપણી ધનવંતી માટે માંગણી કરીએ. તે

આપણી વાતનો સ્વીકાર કરશે ને ? દૂતે કહ્યું સાહેબ ! આપણા કુંવરીબા એમનાથી કંઇ ઉતરે તેવા નથી. મને તો લાગે છે કે વિક્રમધન રાજા આપણું માંગુ વધાવી લેશે. રાજાએ કહ્યું–તો તું કાલે જ અહીંથી પાછો અચલપુર જા અને ધનવંતીને માટે કહેણ મૂકજે, જો રાજા તેનો સ્વીકાર કરે તો નાળિયેર આપીને આવજે, મહારાજા અને દૂત વચ્ચે આ પ્રમાણે વાત થઇ તે ધનવંતીની નાની બહેન ચંદ્રાવતીએ સાંભળી, એટલે દોડતી ધનવંતીની પાસે ગઇ ને જે વાત સાંભળી હતી તે ધનવંતીને કહી આ વાત સાંભળીને ધનવંતીને આનંદ થયો. કારણ કે જેને જેની ઇચ્છા હોય તેના વિષયમાં રહેજ વાત સાંભળે તો તેના આનંદની અવધિ રહેતી નથી. આ ધનવંતીએ તેની નાની બહેન ઉપર ખુશ થઈને કિંમતી હીરાની વીંટી ભેટ આપી, પણ બહેન હજુ નાની છે એટલે તેની વાત ઉપર પૂરો વિશ્વાસ ન બેઠો. તેથી પોતાની દાસી કમલિની દ્વારા દૂતને બોલાવ્યો. દૂત પાસેથી બધી વાત સાંભળીને ધનવંતી અત્યંત ખુશ થઈ. કમલિનીએ દૂતને કહ્યું–ભાઈ ! તમે અચલપુર જાઓ ત્યારે રાજકુમારીનો ફોટો અને એક પત્ર ધનકુમારને આપવા માટે લઈ જવાનો છે. દૂતે કહ્યું–ભલે, બહેન ! હું ખુશીથી એ બંને ચીજો લઈ જઈને બાનગીમાં ધનકુમારને આપી દઇશ. ચિત્રકારે ચિત્ર તૈયાર કર્યું હતું તે કમલિનીએ લઇ લીધું. ચિત્રને જોઇને તે ખુશ થઇ ગઈ. તેણે ચિત્રકારને કહ્યું–ભાઇ ! મેં તને પહેલા અચલપુર જવાનું કહ્યું, હતું પણ હવે રાજાનો દૂત જાય છે માટે તારે જવાની જરૂર નથી. ચિત્રકારે કહ્યું–ભલે બહેન, જેવી તારી મરજી. કમલિનીએ ચિત્રકારને મોટું ઈનામ આપીને ખુશ કર્યો એટલે તે ત્યાંથી ચાલી નીકળ્યો.

"ધનવંતીએ ધનકુમારને મોકલેલો સંદેશો" :– બીજે દિવસે રાજદૂત અચલપુર જવા તૈયાર થયો ત્યારે ધનવંતીએ પોતાનું ચિત્ર અને સાથે એક પત્ર લખી આપ્યો, ને તેમાં માત્ર એટલું જ લખ્યું કે, **"તળાવમાં ખીલેલી પદ્મિની સૂર્યના દર્શન કરવા ઇચ્છે છે."** આ બંને ચીજો લઈને દૂત અચલપુર પહોંચ્યો. તે પહેલાં સીધો રાજકુમાર પાસે ગયો અને બધી વાત કરીને ધનવંતીનું ચિત્ર અને પત્ર ધનકુમારને આપ્યા. ચિત્રને જોતાં જ ધનકુમારના ચિત્તમાં ધનવંતી વસી ગઈ, અને નિશ્ચય કર્યો કે બસ, પરણું તો આની સાથે જ. બાકી જગતની બધી સ્ત્રીઓ મારે માતા અને બહેન સમાન છે. સાથે પત્રમાં સંદેશો વાંચીને અત્યંત ખુશ થયો, અને ધનકુમારે પણ પત્રમાં લખી આપ્યું કે, **"હે પ્રિયે ! પદ્મિની જેમ સૂર્યને ઇચ્છે છે તેમ સૂર્ય પણ પદ્મિનીને ઇચ્છે છે."** આ પ્રમાણે સંદેશો લખી આપ્યો. સાથે પોતાના કંઠમાંથી કિંમતી હાર કાઢીને ધનવંતીને આપવા મોકલાવ્યો. આ જોઈને દૂતને થયું કે હવે વાંધો નહિ આવે, માટે રાજા પાસે જાઉં.


દૂત વિક્રમધન રાજા પાસે ગયો. રાજાએ આશ્ચર્યથી પૂછ્યું–ભાઇ ! તું તો હજુ થોડા દિવસ પહેલા જ અહીંથી ગયો હતો ને અચાનક ફરીને આવવાનું કેમ બન્યું ? સિંહરથ રાજા આનંદમાં છે ને ? કુશળ સમાચાર પૂછ્યા એટલે દૂતે કહ્યું–સિંહરથ રાજાએ મને ખાસ કારણસર આપની પાસે મોકલ્યો છે એમ કહી સિંહરથ રાજાનો સંદેશો

આપ્યો. તેથી વિક્રમધન રાજા ખુશ થયા, પણ દૂતને કહ્યું–ભાઈ હું ધનકુમારને પૂછીને જવાબ આપીશ. દૂત તો જાણે કે હવે ધનકુમાર કંઈ ના પાડવાના નથી. મારું કામ ફત્તેહ થઇ ગયું. તરત જ રાજાએ ધનકુમારને બોલાવીને વાત કરી. એનું મન ધનવંતીમાં લાગી ગયેલું જ હતું, એટલે કહ્યું–પિતાજી! જો આપને યોગ્ય લાગે તો મને આ સંબંધ જોડવામાં આનંદ થશે. પુત્રનો જવાબ સાંભળીને રાજાએ પુત્રને આશીર્વાદ આપતાં કહ્યું–બેટા! તેં મારી આશા પૂર્ણ કરી છે, તેથી મને આનંદ થયો છે.

પુત્રએ હા પાડી એટલે વિક્રમધન રાજાએ દૂતને કહ્યું, "અમારા ધનકુમારના વિવાહ તમારા સિંહરથ રાજાની સુપુત્રી ધનવંતી સાથે કરીશું. અમે તેનું શ્રીફળ સ્વીકારી લઇએ છીએ. એમ કહીને દૂતને વસ્ત્રાભૂષણો આપી ખુશ કર્યો. દૂતે તેમનો આભાર માન્યો ને ખુશ થતો અચલપુરથી નીકળીને કુસુમપુર આવ્યો. સૌથી પહેલાં કુંવરીને ધનકુમારે આપેલ પત્ર અને હાર આપ્યો. પત્ર વાંચીને કુંવરીના આનંદનો પાર ન રહ્યો, અને કમલિનીને કહ્યું–સખી! મને તેઓ પોતાના ગળાનો હાર બનાવવા ઇચ્છે છે. એ સંદેશ આપવા માટે હાર મોકલ્યો છે. જો તો ખરી, કેવો સુંદર હાર છે! એમ કહીને તેણે ગળામાં હાર પહેરી લીધો. દૂત કુંવરી પાસેથી સિંહરથ રાજા પાસે આવ્યો ને બધી વાત કરી તેથી રાજા પણ ખુશ થયા ને દૂતને ઇનામ આપ્યું. પછી રાજા–રાણીએ કુંવરીને ખુશીખબર આપ્યા. કુંવરી તો પહેલેથી જાણતી હતી એટલે એના આનંદનો તો પાર ન રહ્યો.

"અચલપુર તરફ ધનવંતીનું પ્રયાણ" :– સિંહરથ રાજાએ સારું શ્રેષ્ઠ મુહુર્ત જોવડાવીને ધનવંતીને અચલપુર મોકલવાની તૈયારી કરી. એ જમાનામાં રાજકુમારો પરણવા માટે સામા આવતા ન હતા, પણ કુંવરીને સામે મોકલાતી હતી. તે રીતે ધનવંતીને અચલપુર મોકલવા તૈયાર કરી. સાથે રાજાના વૃદ્ધ મંત્રીઓને તૈયાર કર્યા. ધનવંતી માતા-પિતાને પગે લાગી ત્યારે છેલ્લી વિદાય વખતે તેની માતા વિમલારાણીએ પોતાની લાડીલી પુત્રીને હિત શિખામણ આપતાં કહ્યું, બેટા! વડીલોની આજ્ઞામાં રહેજે. બંને પક્ષને દીપાવજે. આ પ્રમાણે ધનવંતીની માતાએ ઘણી હિત-શિખામણ આપી. જે સદ્ગુણો માતા હોય છે તે પોતાની દિકરીને હિત શિખામણ આપે છે. છેલ્લે માતા અને પુત્રી ભેટી પડયા, ધનવંતીની સખીઓ પણ ભેટી પડી. બધાની આંખમાં અશ્રુની ધાર થઇ દુઃખિત દિલે માતા પિતા તેમજ સખી આદિ સ્વજનોએ ધનવંતીને વિદાય આપી. ધનવંતીને લઈને મંત્રીઓ અચલપુર આવ્યા. વિક્રમધન રાજાએ તેમનું સ્વાગત કર્યું અને નગરની બહાર એક ભવ્ય મહેલમાં તેમને ઉતારો આપ્યો. શુભ મુહુર્તે ધનકુમાર અને ધનવંતીના લગ્ન થયા. ધનવંતીને દાયજામાં હીરા–માણેક, મોતી, રથ વિગેરે ઘણું આપ્યું અને વડીલોએ બનેને આશીર્વાદ આપ્યા. પછી ધનકુમાર અને ધનવંતીનું ધૂમ સ્વાગત કરીને અચલપુર ગામમાં લાવે છે. પ્રજાજનો આ નવદંપતિને વધાવવા લાગ્યા. અહો, વિધાતાએ કેવી સુંદર જોડી બનાવી છે! બંનેની જુગલ જોડી કેવી શોભે છે!

આપણાં ધનકુમારને ઘેર જાણે સાક્ષાત્ લક્ષ્મીજી જ અવતાર લઈને ન આવ્યા હોય ! એવું લાગે છે. આ બંને એક બીજાને માટે જ જન્મ્યા હશે. આ રીતે બંનેની લોકો ખૂબ પ્રશંસા કરે છે. પુત્ર અને પુત્રવધુની પ્રશંસા સાંભળીને તેમના માતાપિતા પણ ખુશ થાય છે. સિંહરથ રાજાના મંત્રીઓ ધનવંતીને પરણાવીને વિદાય થયા. ધનકુમાર અને ધનવંતી આનંદથી રહે છે હવે શું બનશે. તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૧૫

અષાડ વદ ૧૨ ને સોમવાર **તા. ૩૧-૭-૭૮**

અનંતજ્ઞાની, શાસનપતિ, ત્રિલોકીનાથે ભવ્ય જીવોના હિત માટે સિદ્ધાંતની પ્રરૂપણા કરી. સમુદ્રમાં જેમ દીવાદાંડી અડકો, બાડાઓ વિગેરે ભયસ્થાનો બતાવીને વહાણોને માર્ગદર્શન આપે છે તેમ ભગવાને પ્રરૂપેલા સિદ્ધાંતો આ સંસારમાં રહેલા રાગદ્વેષ રૂપી બડકોને બતાવી માર્ગદર્શન આપે છે. શાસ્ત્રકાર કહે છે,

अच्चन्त नियाण खमा, सच्चा मे भासिया वई ।
अतरिंसु तरंतेगे, तरिस्सन्ति अणागया ॥ ઉત્ત. અ. ૧૮, ગાથા ૫૩

કર્મમલને સાફ કરવામાં કોઈ સમર્થ હોય તો ભગવાનની વાણી છે. વીતરાગની વાણી સર્વ જીવોનું હિત કરનારી છે. આ વાણીનું આલંબન લઈને અનંતા જીવો તરી ગયા છે, ભવિષ્યકાળમાં અનંતા જીવો તરશે અને વર્તમાનકાળે તરી રહ્યા છે. દુસ્તર સંસાર સાગર તરવા માટે આ જિનવાણી નૌકા સમાન છે. જે આત્માઓ જિનવાણી રૂપી નૌકાનો આશ્રય લે છે તે અવશ્ય સંસાર સાગરને તરી જાય છે. વીતરાગ વાણી એ ભવરોગ નાબૂદ કરવાની અમોઘ સંજીવની છે.

" આ વાણી અલૌકિક ચીજ છે, એમાં શાશ્વત સુખનું બીજ છે.
આ પરમ પ્રભુની રીઝ છે, શીતળદાયક ફ્રીજ છે,"

વીતરાગવાણી એ કોઇ સામાન્ય ચીજ નથી. વીતરાગ પ્રભુની વાણીનું સૂત્ર ભલે નાનું હોય પણ ભાવ ઘણાં છે. વડલાનું બીજ તો ઘણું નાનું હોય છે ને ? પણ એ નાનકડા બીજમાંથી કેટલો મોટો વિશાળ વડલો થાય છે. તેમ ભગવાનના એક વચનનું આપણે પાલન કરીએ તો ધીમે ધીમે આપણો આત્મા એક દિવસ મહાન બની જાય છે. ભગવાને આપણા ઉપર મહાન કરૂણા કરીને આ સિદ્ધાંત રૂપ વાણીનું પ્રકાશન કર્યું છે. છેલ્લા પદમાં કહે છે પ્રભુની વાણી શીતળતા આપનાર ફ્રીજ જેવી છે. આજે ઘર ઘરમાં ફ્રીજ આવી ગયા છે. તમને બધાને ફ્રીજના પાણી ભાવે છે. છાશ, દૂધ, દહીં બધી ચીજો ઠંડી બને તે માટે ફ્રીજમાં રાખો છો પણ એ ઠંડક જીભને લાગશે. ગળેથી ઉતર્યું એટલે બધું ગરમ થઈ જાય છે. આ ફ્રીજ નુકશાન કરશે, ઠંડુ ખાવામાં રસેન્દ્રિયના સ્વાદ વધશે એટલે કર્મ

બંધાશે. એમાં અગ્નિકાયના જીવો મરે છે. એ કેટલા પાપ કરાવનાર છે. એવા ફ્રીજ વસાવવા કરતાં વીતરાગ પ્રભુની વાણીરૂપી ફ્રીજ અંતરમાં વસાવી દો. તેનાથી શારીરિક, માનસિક અને આત્મિક શીતળતા મળશે, સમ્યક્ત્વની પ્રાપ્તિ થશે. મોક્ષ મળશે ને દેવલોક મળશે, પણ નરક, તિર્યંચ જેવી હલકી ગતિમાં જવું નહિ પડે. આવું વીર પ્રભુની વાણીમાં બળ છે. પ્રભુની વાણીમાં જેણે શ્રદ્ધા કરી તે તરી ગયા. આટલા માટે કહ્યું કે કર્મરૂપી મળને સાફ કરનારી જિનવાણી છે. દાખલા તરીકે તમે બિમાર પડ્યા ને ડોકટર પાસે ગયા. પ્રથમ ડોકટર તમને પૂછશે કે પેટ બરાબર છે ને? જો તે બરાબર ન હોય તો પ્રથમ દવા આપી પેટ સાફ કરાવશે ને પછી દવા આપશે, તે રીતે આત્મા પણ કર્મરૂપી મળથી મલિન બનેલો છે. તેને શુદ્ધ બનાવવા માટે સૌથી પહેલા પાંચ ઇંદ્રિયોનું દમન કરવું પડશે. જેની ઇંદ્રિયોના ઘોડા છૂટા રહે છે તેનું કલ્યાણ થતું નથી અને ઇંદ્રિયોનો સ્વભાવ એવો છે કે એને ગમે તેટલું મળે તો પણ તે કદી ધરાતી નથી. એની માંગ ચાલુ ને ચાલુ રહે છે, અહીં અકબર અને બીરબલનું દૃષ્ટાંત યાદ આવે છે.

એક વખત અકબર બાદશાહે ભરી સભામાં બીરબલને પ્રશ્ન કર્યો કે હે બીરબલ! આ દુનિયામાં એવું કયું પ્રાણી છે કે જે ગમે તેટલું ખાવા છતાં ધરાતું નથી. બીરબલે કહ્યું સાહેબ! બકરી. બકરી એવું પ્રાણી છે કે તે ગમે તેટલો ચારો ચરીને આવે છતાં એ જ્યાં અનાજ કે ઘાસ દેખે ત્યાં મોં નાંખે. બાદશાહ કહે, ઠીક ત્યારે હું પરીક્ષા કરી જોઉં. બીરબલ! જો ખોટું પડશે તો તને સજા કરીશ. બીરબલે કહ્યું–ભલે, સાહેબ! એક વાર નહિ, સત્તરવાર મને સજા કરજો, મને મંજુર છે. અકબર બાદશાહે ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે એક મહિના પછી બાદશાહ પરીક્ષા કરશે. તેમાં જેની બકરી ધરાયેલી હશે તેને મોટું ઇનામ મળશે. બાદશાહનો ઢંઢેરો સાંભળીને લોકોએ મોટા ઇનામની આશાએ બકરીઓ પાળવા માંડી. આજુબાજુના ગામમાંથી બકરીઓ લાવવા લાગ્યા. પરિણામે બકરીઓ મોંઘી થઈ ગઈ. લોકોની કેટલી ઘેલછા છે! હવે લોકો બકરીઓને ખૂબ ઘાસ, અનાજ વિગેરે ખવડાવવા લાગ્યા. બીજી બાજુ રાજાએ પરીક્ષાનો દિવસ જાહેર કર્યો. લોકો પોતપોતાની બકરીને ખૂબ સારી રીતે ઘાસ–ખાણ વિગેરે ખવરાવી બાદશાહે જે સમય કહ્યો છે તે સમયે હાજર થવા લાગ્યા. બીરબલ કુંડામાં અનાજ લીલું ઘાસ લઈને બેઠો છે ને બાજુમાં બાદશાહ બેઠા. બાદશાહનો આદેશ થયો એટલે એક પછી એક તેમની બકરી લઈને ત્યાંથી પસાર થવા લાગ્યા. જ્યાં કુંડામાં અનાજ ને લીલું ઘાસ જોયું એટલે દરેક બકરીઓ તેમાં મોં નાંખવા લાગી. આથી બાદશાહને ખાતરી થઈ કે બકરી ગમે તેટલું ખાય છતાં ધરાતી નથી.

દેવાનુપ્રિયો! આપણી ઇન્દ્રિયો પણ બકરી જેવી જ છે ને? આ આંખડીએ ઘણાં રૂપ જોયા છતાં આંખો રૂપ જોઇને ધરાણી? કાનને પણ તૃપ્તિ છે? નથી. એને સૂરીલા સંગીત અને પ્રશંસાત્મક શબ્દો સાંભળવાની ભૂખ છે. જીભ તો ભારે ભૂખાળવી છે. એના

ચોપડામાં જમાનું બાતું જ ન મળે. જ્યારે જુઓ ત્યારે ઉધાર ને ઉધારની વાત, મનગમતા ભોજન મળે એટલે આરોગવા તૈયાર બધા રસોની ઉઘરાણી ચાલું રહે એની દુકાનને મૌનનું તાળું તો ઉંઘ વખતે જ લાગે. જીભ તો ખાવાનું અને બોલવાનું બે કામ કરે છે. આ નાકની પણ આવી જ દશા છે. અત્તર કે ફુલની સુગંધ આવે તો નાક નાચી ઉઠે અને ન ગમે તેવી દુર્ગંધ આવે તો નાક મચકોડાઈ જાય છે. સ્પર્શેન્દ્રિયને પણ મનગમતા સ્પર્શ મળી જાય તો એની મઝા માણવા તૈયાર રહે છે. આ રીતે ઇન્દ્રિયોએ અત્યાર સુધીમાં અનંતા રૂપો જોયા, રસો ચાખ્યા, સુસ્વર સાંભળ્યા, સુગંધ લીધી, ઈષ્ટ સ્પર્શ અનુભવ્યા તેમ છતાં સામે નજીવો વિષય ખડો થયો કે ઇન્દ્રિયો ઘેલી બકરીઓની જેમ એમાં મોઢું નાખ્યા સિવાય રહી શકતી નથી. માટે ઇન્દ્રિયોને જીતવા પ્રયત્ન કરો. ક્યાં સુધી ઇન્દ્રિયોના વિષયના ગુલામ બનીને રહેશો! જો એના ગુલામ બનશો તો બકરીની જેમ સોટીના માર ખાવા પડશે. માટે સમજીને ઇન્દ્રિયોને આત્મા તરફ વાળો. ભવાંતરમાં આ જીવે પાંચ ઇન્દ્રિયના વિષયો ભોગવ્યા છે અને અત્યારે પણ ભોગવી રહ્યો છે, છતાં તૃપ્તિ થતી નથી પણ યાદ રાખજો કે વિષયો તરફથી નિવૃત્તિ લીધા વિના કલ્યાણ નહિ થાય.

આપણે નેમનાથ અને રાજેમતીના આગળના ભવની વાત ચાલે છે. ધનકુમારની સાથે ધનવંતીના લગ્ન થયા. બંને આનંદથી રહે છે. એમને ત્યાં સંસાર સુખની કમીના નથી. એક દિવસ ધનકુમાર ઘોડા ખેલાવતો ખેલાવતો અચલપુરની બહાર આવેલા ઉદ્યાનમાં પહોંચી ગયો.

કેવળી ભગવાનનું આગમન :-મુનિરાજ ઉપદેશ સુનાતે, વહાંપર દિયે દેખાઈ,
નમસ્કાર કર રાજકુંવર ભી, બૈઠા સન્મુખ આઈ.

ઉદ્યાનમાં ધનકુમારે એક પંચમહાવ્રતધારી મુનિરાજને દેશના આપતાં જોયા. એ જોઇને હૈયું હરખાઇ ગયું. અહો! કેવો ભાગ્યવાન છું કે આ જંગલમાં મને પવિત્ર સંતના દર્શન થયા. તરત ઘોડા ઉપરથી નીચે ઉતરીને જ્યાં મુનિ ઉપદેશ દેતા હતા ત્યાં પહોંચી ગયા ને વિનયપૂર્વક વંદન કરીને ઉપદેશ સાંભળવા બેસી ગયા. આ મુનિ કેવળી ભગવંત હતા. તેમનું નામ વસુંધર સ્વામી હતું. કેવળી ભગવંત ઉદ્યાનમાં પધાર્યાના સમાચાર વનપાલકે વિક્રમધન મહારાજાને આપ્યા. આ સમાચાર મળતાં રાજારાણીના હર્ષનો પાર ન રહ્યો. વનપાલકને સારી ભેટ આપીને ખુશ કરીને વિદાય કર્યો, અને ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે આપણા નગરની બહારના ઉદ્યાનમાં કેવળજ્ઞાની વસુંધર સ્વામી પધાર્યા છે. જેને તેમના દર્શન અને વાણીનો લાભ લેવો હોય તે જલ્દી ચાલો. આવો અવસર ફરી ફરીને નહિ મળે, એટલે નગરજનો પણ કેવળી ભગવાનના દર્શને ઉમટયા. થોડી વારમાં વિક્રમધનરાજા, ધારિણી રાણી, અને ધનવંતી તેમજ પ્રજાજનો બધા મોટા સમુદાય સાથે ત્યાં પહોંચી ગયા ને બધા એક ચિત્તે કેવળી પ્રભુની વાણી સાંભળવા બેસી ગયા.

" રાજાના પ્રશ્નનું કેવળી ભગવાને કરેલું સમાધાન" :- કેવળી ભગવાનની દેશના સાંભળતા સૌના હૃદય નાચી ઉઠયા. અહો પ્રભુ! શું આપની વાણી છે! દેશના પૂરી થઈ એટલે સૌ દર્શન કરીને વિખરાવા લાગ્યા, પણ રાજા-રાણી ઉભા રહ્યા. જેને જાણવાની જિજ્ઞાસા છે તે તરત ચાલ્યા ન જાય. બોલો, તમે શું કરો? દેશના પૂરી થયા બાદ વિક્રમધન રાજાએ કેવળી ભગવાનને વંદન કરી પૂછયું-ભગવંત! આપને શાતા છે? મારે આપને એક પ્રશ્ન પૂછવો છે. પ્રશ્ન પૂછવામાં નમ્રતા હોવી જોઈએ. વિનય વિવેકપૂર્વક લીધેલું જ્ઞાન ફળદાયી બને છે. રાજાએ વિનયપૂર્વક પૂછયું—હે ભગવંત! આપ તો ત્રિકાળજ્ઞાની છો. બધું જાણો છો. ધનકુમારની માતાએ સ્વપ્નમાં એક દિવ્ય પુરૂષે આંબાનું ઝાડ આપીને બગીચામાં રોપવાનું કહેલું અને એ વૃક્ષનું નવ વખત રોપણ થશે ને ઉત્તરોત્તર ઉત્તમ ફળ મળશે એમ કહેલું. અમે જ્યોતિષીને એનો અર્થ પૂછયો ત્યારે કહ્યું કે આંબાનું વૃક્ષ જોયું છે તેથી કોઈ ઉત્તમ પુત્ર જન્મશે પણ નવ વાર રોપાશે તેનો અર્થ જ્યોતિષીને પૂછતા તેમણે કહ્યું કે એનો જવાબ કેવળી ભગવંત તમને આપશે. અમે એ કહેવા સમર્થ નથી. આ સ્વપ્ન જોયા પછી રાણીએ જે પુત્રને જન્મ આપ્યો તે આ ધનકુમાર. પણ બીજી વાત કરી તે મને શું છે તે સમજાવો.

વસુંધર કેવળી ભગવંતે કહ્યું-હે રાજન્! એનો અર્થ એ છે કે ધનકુમારનો આત્મા એક ભવથી ચઢિયાતા નવ ભવ કરશે. તેમાં નવમા ભવે તે બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિ થશે. આ પ્રમાણે કહીને કેવળી ભગવાને નેમનાથ (અરિષ્ટનેમિ) પ્રભુના નવભવની બધી વાત કહી. તે સાંભળીને રાજા-રાણીને ખૂબ આનંદ થયો, અને જૈન ધર્મ ઉપર શ્રદ્ધા વધી. રાજા-રાણી, ધનકુમાર અને ધનવંતી બધા વસુંધર કેવળી ભગવંતને વંદન કરીને રાજમહેલમાં આવ્યા, પછી કેવળી ભગવંત વિહાર કરી ગયા. ભગવાનના મુખેથી પોતાના નવ ભવની વાત સાંભળીને ધનકુમાર અને ધનવંતી પણ પોતાના જીવનને ધન્ય માનતા સંસારમાં આનંદથી રહેવા લાગ્યા.

જલ ક્રીડા કે કાજ દંપતિ, સરોવર આએ ચલાઈ,
મહાત્યાગી વૈરાગી મુનિવર, વહાં પર દિયા દિખાઈ

" ધનકુમાર અને ધનવંતી સરોવરની પાળે" :-એક દિવસ ધનકુમાર અને ધનવંતીને સરોવરમાં સ્નાન કરવા જવાનું મન થયું. એટલે બંને જણા પગે ચાલીને સરોવરમાં સ્નાન કરવા જતા હતાં. ત્યાં સરોવરની પાળે એક અશોક વૃક્ષ નીચે એક મુનિ આવ્યા. તે એકદમ ધરતી ઉપર પડી ગયા ને બેભાન થઈ ગયા. મુનિને પડતા જોયા કે તરત ધનકુમાર અને ધનવંતી ત્યાં દોડતા આવ્યા. મુનિની મુખમુદ્રા શાંત હતી, પણ શરીર તદ્દન સૂકાઇ ગયેલું. જાણે ઘણાં દિવસના ઉપવાસી હોય તેવું લાગતું હતું. પગમાંથી લોહી નીકળતું હતું. આ જોઈને ધનકુમાર અને ધનવંતી વિચાર કરવા લાગ્યા કે શું આ

મુનિ એકલા જ હશે ? એમના ગુરૂ કે શિષ્યનો પરિવાર નહિ હોય ? જો પરિવાર હોય તો આવી સ્થિતિમાં એકલા કેમ મૂકે ?

મુનિની દશા જોઇને ધનકુમાર કહે છે ગમે તે કારણે એકલા હોય પણ તેઓ ભાનમાં કેમ કરીને આવે તે આપણું કર્તવ્ય છે. એમ સમજીને તેઓ આજુબાજુથી અચેત પાણી લઈ આવ્યા ને મુનિના શરીર ઉપર છાંટયું, તે સિવાય મુનિને કલ્પે તેવા ઉપચારો કર્યા. સરોવરનો કિનારો હતો એટલે કુદરતી શીતળ પવન આવતો હતો. તેથી મુનિને શાતા વળી અને ધીમે ધીમે આંખ ખોલવા લાગ્યા. મુનિને શાતા વળતી જોઇને ધનકુમાર અને ધનવંતીને પણ શાતા વળી મુનિ બરાબર ભાનમાં આવ્યા ત્યારે પોતાની પાસે કોઈ યુવાન અને યુવતિ ઉભેલા જોયા. મુનિએ પૂછયું–ભાઈ ! તમે કોણ છો ? ધનકુમારે કહ્યું–મહારાજ ! હું અહીના રાજાનો પુત્ર ધનકુમાર છું, અને આ મારી પત્ની ધનવંતી છે. અમે આ સરોવરમાં સ્નાન કરવા જતા હતા ત્યાં તમને એકદમ પડતા જોયા, એટલે આ બી પાસે આવ્યા. આજે અમારી ધન્ય ઘડી અને ધન્યભાગ્ય કે આપની સેવાનો અમને લાભ મળ્યો. મુનિ વધુ સ્વસ્થ થયા એટલે ધનકુમારે હાથનો ટેકો આપીને બેઠા કર્યા, પછી ધનકુમારે પૂછયું–ગુરૂદેવ ! આપની આ દશા કેમ થઈ ? અને આપ એકલા કેમ છો ? મુનિએ કહ્યું–ભાઈ ! મારું નામ મુનિચંદ્ર છે, હું મારા ગુરૂદેવ સાથે વિહાર કરતો હતો, રસ્તામાં મારે ઠંડીલ જવું પડયું એટલે મેં મારા ગુરૂને કહ્યું–આપ ચાલતા થાઓ. હું પહોંચી જઈશ, તેથી ગુરૂદેવ ગયા ને હું માર્ગ ભૂલી જવાથી અવળે માર્ગે ચઢી ગયો. ખૂબ ભમ્યો પણ માર્ગ મળતો નથી. બીજું ગરમી ઘણી છે તેથી ભૂખ-તરસથી આકુળ વ્યાકુળ થઈ જવાથી ચક્કર આવી ગયા ને હું બેભાન બનવાથી પડી ગયો, પણ તમે મારી સેવા કરીને મને નવું જીવન આપ્યું છે. આજે તમે સંતની સેવા કરીને મહાન પુણ્ય ઉપાર્જન કર્યું છે.

ધનકુમાર અને ધનવંતી કહે છે ગુરૂદેવ ! અમે તો કંઈ કર્યું નથી. આપે અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. મુનિના મુખ ઉપર ફીકા પડતા હતા. પરાણે બોલતા હતા. એટલે તેઓ મુનિને ગામમાં ધર્મસ્થાનક હતું ત્યાં લઈ ગયા ને શ્રાવકોના ઘર બતાવી નિર્દોષ આહાર પાણી વહોરાવ્યા. આહાર પાણી કર્યા એટલે તેમનામાં ચેતન આવ્યું. પછી ધનકુમાર અને ધનવંતી તેમની પાસે જઇને બેઠા. મહારાજે તેમને શ્રાવક ધર્મ સમજાવ્યો. ત્યાં બંને જણાએ શ્રાવક ધર્મ અંગીકાર કર્યો.

બંધુઓ ! જુઓ, આ આત્માઓ કેવા પવિત્ર છે ! સ્નાન કરવા માટે જતા હતા પણ સાધુની આ દશા જોતાં સ્નાન કરવાનું છોડીને સંતની સેવામાં લાગી ગયા. મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે સંતની સેવાનો લાભ મળે છે. સંતની સેવા એતો મુક્તિના મેવા છે. ધનકુમાર અને ધનવંતીએ સંતની સેવા કરીને તેમના અંતરના આશીર્વાદ મેળવ્યા. આશીર્વાદ માંગ્યા નથી મળતા. આ દંપતીએ નાની વયમાં બાર વ્રત અંગીકાર કર્યા. બપોર પછી તાપ ઓછો થયો એટલે સંતે કહ્યું–હવે હું વિહાર કરીને

માત્ર સંતોના પરિવાર જેવો થઈ જાઉં. ધનકુમાર કહે, ગુરૂદેવ! તમે એકલા અજાણ્યા કેવી રીતે જશો! અમે આપને મૂકવા આવીએ, સંતે ઘણી ના પાડી છતાં આ તો બંને જણા સાથે ગયા અને જ્યાં તેમના ગુરૂ અને પરિવાર હતો ત્યાં પહોંચાડી દીધા. પછી વંદન કરીને પાછા ફર્યા. જે આત્માઓ ભવિષ્યમાં મહાન બનવાના છે તેમનું જીવન પહેલા પણ કેટલું પવિત્ર હોય છે! રાજકુમાર હોવા છતાં સંત પ્રત્યે કેટલી ઉચ્ચ ભાવના! સંતને એમનો પરિવાર મળ્યો એટલે હાશ કરીને બેઠા. અહાહા....કેટલી શાતા ઉપજાવી! ધનકુમાર અને ધનવંતીને આનંદનો પાર નથી. તેઓ સંતનો લાભ લઈને પોતાના મહેલે આવ્યા. ખરેખર, પાણીના સરોવર કરતાં સંત સરોવરમાં સ્નાન કરી સાચા શ્રાવક અને શ્રાવિકા બની ધર્મનું પાલન કરવા લાગ્યા. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૧૬

અષાઢ વદ ૧૩ ને મંગળવાર **તા. ૧-૮-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! શાશ્વત સુખ અને શાશ્વત શાંતિ જેમણે પ્રાપ્ત કરી છે અને જગતના જીવોને સુખ અને શાંતિનો રાહ બતાવ્યો છે એવા સર્વજ્ઞ ભગવંત જગતના જીવોને બોધ આપતા ફરમાવે છે કે હે ભવ્ય જીવો! જગતના સર્વ જીવો શાંતિ અને સુખના ચાહક છે. સુખ અને શાંતિ માટે સર્વ જીવો સ્વબુદ્ધિ અનુસાર પ્રયત્નો પણ કરે છે છતાં આજે વિશ્વમાં જ્યાં દૃષ્ટિ કરીએ ત્યાં અશાંતિની આગ ભડકે બળે છે. આજના કહેવાતા શાંતિયાહકો દિનપ્રતિદિન નવી યોજનાઓ ઘડે છે પણ શાંતિને બદલે અશાંતિની આગ વધતી જાય છે. તેનું કારણ શું? તેનો હજુ વિચાર કર્યો નથી. જ્ઞાની ભગવંત સ્પષ્ટ ફરમાવે છે કે હે આત્માઓ! તમે દિશા અવળી પકડી છે. પૂર્વ દિશામાં જવાને બદલે પશ્ચિમ દિશામાં પ્રયાણ આદર્યું છે, પછી શાશ્વત સુખ-શાંતિ ક્યાંથી મળે? આ માનવદેહ મહાન પુણ્યથી મળ્યો છે. તેનાથી શું કરવાનું છે ને શું કરી રહ્યા છો? તમારી ભાવના કેવી હોવી જોઇએ?

દેહ મળ્યો છે ભવ તરવાને, ધર્મ કરીશું એના સહારે,
આવાપીવાના શોખ ભૂલીશું, ફરવા જઈશું તો દ્વાર તમારે,
કષ્ટ દઈને તનને તપાવી કચરો કરમનો અમે બાળવાના,
હે પરમાત્મા! તમે જે દીધી છે તે આજ્ઞા હંમેશાં અમે પાળવાના,
જીવન આખું તમોએ કહેલા વિચારો પ્રમાણે અમે ગાળવાના.

કવિઓ શું કહે છે તે સમજાણું ને? પણ આજે જ્યાં દૃષ્ટિ કરીએ ત્યાં જીવોને ઇન્દ્રિયોના વિષયોનો વળગાડ વળગ્યો છે, અને ભૌતિક સુખો મેળવવા માટે ભૂત જેવો બનીને દુનિયામાં ભમી રહ્યો છે. પાંચ ઇન્દ્રિયોના વિષયો અને તેની વૃત્તિઓ આત્મામાં અશાંતિની આગ પેટાવી છે. આજના ટી. વી., નાટક-સિનેમા, વિલાસોત્તેજક પુસ્તકો, વિલાસી ગાયનો, પરસ્ત્રી તરફ કુદૃષ્ટિ, દારૂ, ઈંડા, કંદમૂળ, વિગેરે અભક્ષ્ય સેવન, પરસ્ત્રી-ગમન, જુગાર, આદિ પાંચઇન્દ્રિયના વિષયોના ભોગો આ બધાએ આગને પેટાવવામાં પેટ્રોલનું કામ કર્યું છે. એ આગને બૂઝવવા માટે શું જોઈએ? આ આગ પાણીથી નહિ બૂઝાય, પણ સત્ય-શિયળ-સદાચાર, તપ, સંયમ, અને સંતોષથી આગ કાબૂમાં આવશે. અનુભવીઓ કહે છે કે "**સંતોષી નર સદા સુખી**" સંતોષમાં સુખ છે. આત્મદમનમાં સાચા સુખનો સ્વાદ છે. ભોગ એ દુઃખનું મૂળ છે, અને ત્યાગ એ સાચી શાંતિનો પરમ ઉપાય છે. એ બાબત લક્ષ્યમાં લીધા વિના કદાપિ સાચી શાંતિ મળી શકે તેમ નથી.

બંધુઓ! સમજાણું? જો સમજાણું હોય તો જીવનનો રાહ બદલો. દિશા બદલશો તો દશા બદલાશે. હું તમને પૂછું છું કે તમે કદી એવો વિચાર કર્યો છે કે અનંત-કાળથી આ સંસારમાં ભટકાવનાર વિષયો છે. હું અનંતકાળથી વિષયોની રમત રમી રહ્યો છું અને દુર્ગતિના દારૂણ દુઃખો ભોગવી રહ્યો છું. તો હવે સ્થાન બદલું. સંસાર છોડીને સંયમી બનું! બોલો, આવો વિચાર આવે છે! (હસાહસ) સંસારનું સ્થાન બદલીને સંયમના સ્થાનમાં આવી જાઓ. અહીંયા મહાન સુખ અને શાંતિ છે. અશાંતિ કે દુઃખનું નામનિશાન નથી. ત્યાગ વિના બીજા કોઈ સ્થાનમાં શાંતિ મળી શકે તેમ નથી. અહીં ઋષભદેવ ભગવાનના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે.

ઋષભદેવ ભગવાને દીક્ષા લીધા પહેલાં તક્ષશિલાનું રાજ્ય બાહુબલિને આપ્યું. બીજા અઠ્ઠાણું દેશ અઠ્ઠાણું પુત્રોને આપ્યા અને બાકીનું રાજ્ય સૌથી મોટા પુત્ર ભરતકુમારને સમર્પણ કરીને ઋષભદેવ ભગવાને દીક્ષા લીધી. બધા પુત્રો શાંતિથી રહેવા લાગ્યા. ભરત મહારાજાની આયુધશાળામાં ચક્રરત્ન, છત્રરત્ન, આદિ સાત રત્નો ઉત્પન્ન થયા એટલે તેઓ છ ખંડ સાધવા ગયા. છ ખંડ સાધવા એ કંઈ નાનીસૂની વાત નથી. છ ખંડ સાધીને પોતાની રાજધાની અયોધ્યા નગરીમાં પ્રવેશ કરે છે ત્યારે ચક્રરત્ન આયુધશાળામાં પ્રવેશ કરતું નથી. ભરત મહારાજાએ પૂછયું, આમ કેમ બન્યું! તપાસ કરીને મંત્રીએ જણાવ્યું કે બધા રાજાઓએ આપની આજ્ઞાનો સ્વીકાર કર્યો છે, પણ આપના ૯૮ ભાઈઓએ આપની આજ્ઞાનો સ્વીકાર કર્યો નથી, તેથી ચક્રરત્ન આયુધશાળામાં પ્રવેશ કરતું નથી.

ભરત મહારાજાએ દૂતને મોકલીને પોતાના ૯૮ ભાઇઓને સંદેશો કહેવડાવ્યો કે તમે બધા ભરત મહારાજાની આજ્ઞાનો સ્વીકાર કરો અથવા યુદ્ધ માટે તૈયાર થાઓ. આ સાંભળીને ૯૮ ભાઈ ઓ ખળભળી ઉઠયા. અહો! આપણા પિતાજી આપણને રાજ્ય આપીને ગયા

છે તે મોટાભાઇ પડાવી લેવા માંગે છે. તો તે આપીને તેમની આજ્ઞાનો સ્વીકાર કેવી રીતે કરવો ? એમની આજ્ઞાને આધીન ન થઇએ તો મોટાભાઈ સાથે યુદ્ધ પણ કેવી રીતે કરવું ? જુઓ, એ સમયના ભાઇઓ કેવા હતા ? વડીલ ગમે તેમ કરે પણ નાના વડીલનો વિનય ચૂકતા ન હતા. આજે જો આવું બને તો તડ ને ફડ કરે, કોર્ટે ચઢે ને કંઈક કરે. આવો વિચાર ન કરે કે આ મારા વડીલ છે. એમની સામે આવું વર્તન મારાથી ન કરાય. આ તો ૯૮ ભાઈઓ ભેગા થઈને વિચાર કરવા લાગ્યા કે આપણે શું કરવું ? છેવટે નિર્ણય કર્યો કે આપણે પિતાજી ઋષભદેવ પાસે જઈએ. તેઓ જેમ કહેશે તેમ કરીશું, પણ એમને ખબર નથી કે ભગવાન તો ત્યાગી છે. તે આવી બાબતમાં માથું ન મારે. એ તો બધા ભેગા થઈને ઋષભદેવ ભગવાન પાસે ગયા અને ખુલ્લા દિલે નમ્રતાપૂર્વક ભગવાનને બધી વાત જણાવીને પૂછ્યું કે અમારે હવે શું કરવું !

" ભગવાનની દિવ્ય વાણી " :– ભગવાને એમને એમ ન કહ્યું કે ભરત ચક્રવર્તિ છે માટે તમે ભરતને આધીન થઈ જાઓ. પણ શું કહ્યું ? હે કુમારો ! તમારે કયું રાજ્ય જોઇએ છે ? નાશવંત કે શાશ્વત ? ત્યારે કુમારો એકી અવાજે બોલી ઉઠયા, ભગવંત ! અમારે શાશ્વત રાજ્ય જોઇએ છે. ભગવાને તેમની ભવ્યતા જોઇને કહ્યું. જો તમારે શાશ્વત રાજ્ય જોઇતું હોય તો સાંભળો.

આ સંસારમાં જીવને અનંતી વાર અનેક પ્રકારની ઋદ્ધિઓ, રાજ્યો, મનુષ્ય લોકના સુખો અને દેવલોકના દિવ્ય સુખોની પ્રાપ્તિ થઈ પણ હજુ જીવને તૃપ્તિ થઈ નથી. જેમ અગ્નિમાં ગમે તેટલા લાકડાં નાંખવામાં આવે છતાં અગ્નિ તૃપ્ત થતી નથી તેમ સંસારનાં ગમે તેટલા ભોગો અનંતા કાળ સુધી ભોગવવા છતાં આ જીવને તૃપ્તિ થતી નથી. મેરૂ પર્વત જેટલા અસંખ્યાતા પર્વતો પ્રમાણ અનાજના ઢગ ને ઢગ ખાવા છતાં ભૂખ મટી નથી. સઘળા સાગરોના પાણી જેટલું પાણી પીવા છતાં તેની તૃષા છીપતી નથી પણ વધતી જાય છે, તેમ ભોગની તૃષ્ણા પણ વધતી જાય છે. માટે ભોગના ત્યાગમાં આત્માની સાચી શાંતિ અને સુખ સમાયેલા છે.

હે કુમારો ! સમ્યગ્દર્શન પામવામાં અંતરાય પાડનાર વિષય કષાયો છે. સમ્યગ્દર્શન પામ્યા પછી પણ તેને મલિન કરનાર અને સમ્યગ્દર્શનથી પતિત કરનાર પણ વિષય કષાયો છે. જ્ઞાનને સમ્યગ્જ્ઞાન ન થવા દેનાર અને સમ્યગ્જ્ઞાનનો નાશ કરનાર વિષય કષાય છે. સમ્યગ્ચારિત્રને શુદ્ધ પાળવા ન દેનાર અને સમ્યગ્ચારિત્રથી પતિત કરનાર પણ વિષય કષાયો છે, માટે તેનાથી સાવધાન રહો. એમાં પડવા જેવું નથી. એ રાજ્યના સુખ ઇન્દ્રિયજન્ય વિષય સુખોની વૃદ્ધિ કરાવનાર છે. જો તમે એમાં આસક્ત બની જશો તો પછી તૃપ્તિ થવી મુશ્કેલ છે. હું તમને એક ન્યાય આપીને સમજાવું. સાંભળો,

એક વખત ગ્રીષ્મ ઋતુ અને વૈશાખ મહિનાના દિવસોમાં સખ્ત ગરમી પડતી હતી. તેવા સમયે એક ગરીબ મહામુશ્કેલીથી આજીવિકા ચલાવનાર એક અંગારક (લાકડા સળગાવીને કોલસા બનાવનાર) પાણીથી ભરેલી એક મશક લઇને જંગલમાં ગયો. ત્યાં લાકડા વીણીને તે સળગાવીને કોલસા પાડવા લાગ્યો. એક બાજુ ગ્રીષ્મકાળની સખ્ત ગરમી અને બીજી બાજુ અગ્નિની ભયંકર ગરમીના કારણે તેને ખૂબ તરસ લાગી. એટલે મશકમાં જે પાણી લાવ્યો હતો તે બધું પી ગયો, પણ તેની તૃષા અંશ માત્ર છીપાઈ નહિ. અત્યંત ગરમીના કારણે તેને મૂર્છા આવી ગઈ. મૂર્છાગ્રસ્ત અવસ્થામાં પણ એને પાણીની તૃષા સતાવવા લાગી, એટલે બેભાન અવસ્થામાં મનથી કલ્પના રૂપે તે સરોવર પાસે ગયો ને સરોવરનું બધું પાણી પી ગયો. પછી તળાવ પાસે ગયો ને તળાવનું બધું પાણી પી ગયો. પછી નદી કિનારે જઇને નદીનું પાણી પીવા લાગ્યો. તો નદીમાં પાણી ખલાસ થઈ ગયું. તો પણ એની તૃષા શાંત ન થઈ, ત્યારે તેની દૃષ્ટિ સાગર તરફ ગઇ, અને એકેક સાગરના પાણી પીવા લાગ્યો. એકેક કરતાં બધા સાગરના પાણી પી ગયો છતાં તેની તૃષા શાંત ન થઇ એટલે તે હતાશ થઇ ગયો, અને પાણી માટે ચારે તરફ જોવા લાગ્યો, ત્યારે એક જુનો કૂવો તેની નજરે પડ્યો. તેથી ખુશ થઇને કૂવા તરફ દોડ્યો. કૂવાના કાંઠે જઇને અંદર ડોકીયું કર્યું તો કૂવાનું તળીયું દેખાતું હતું. કૂવાના ઉંડાણમાં એક ખોબોચીયા જેટલું પાણી હતું. એટલે તેણે પોતાનું ફાળીયું ઉકેલીને એક છેડેથી કૂવામાં નાંખ્યું. એ પલળી ગયું એટલે ઉપર ખેંચીને તેને નીચોવીને જે થોડું પાણી નીકળ્યું તે પીવા લાગ્યો તો પણ તેની તૃષા શાંત ન થઈ કયાંથી થાય ? કારણ કે જ્યાં અસંખ્યાતા સમુદ્રોના પાણી પીવા છતાં તૃષા શાંત ન થઈ તો નાના ખોબોચીયામાં કપડું પલાળીને નીચોવીને પાણી પીવાથી તૃષા શાંત થાય ખરી ?

"બોલો, તમારે કેવું સુખ જોઇએ છે ?" :–હે કુમારો ! તમે આ ન્યાયથી સમજો કે અનાદિ કાળથી પરિભ્રમણ કરતાં અનંતી વાર આ જીવને રાજ્યાદિની પ્રાપ્તિ થવા છતાં જીવને તૃપ્તિ ન થઈ તો એક સામાન્ય રાજ્યાદિ સુખમાં જીવને તૃપ્તિ કેવી રીતે થશે ? સંસારનું સુખ એ સાચું સુખ નથી પણ સુખાભાસ રૂપ છે. તો તેને ભોગવવાથી જીવને તૃપ્તિ થાય ? ઉલ્ટી અશાંતિની આગ વધતી જાય છે, પણ કર્મોનો ક્ષય થયા પછી પ્રાપ્ત થતું જે અવ્યાબાધ સુખ છે તે આત્માના ઘરનું સુખ છે. તે સુખ પ્રગટ થતાં સાચું સુખ અને શાંતિ સ્વયં પ્રાપ્ત થઈ જાય છે. માટે સંસારના સર્વ સંબંધો, સર્વ પરિગ્રહ, આરંભ સમારંભોનો ત્યાગ કરી આત્માના વાસ્તવિક સુખ માટે પ્રયત્ન કરવો એ પરમ હિતકર છે.

દેવાનુપ્રિયો ! જુઓ, ભગવાને અઠ્ઠાણુ કુમારોને કેવી સરસ વાત સમજાવી. રાજ્ય સંબંધી કઇ વાત કરી ? આવું સાંભળીને તમે જીવનમાં કંઇ અપનાવો. જ્ઞાની કહે છે

સંસાર અસાર છે. અનંત દુઃખમય છે, મોક્ષ અનંત સુખમય છે. તેનું કારણ સાધુપણું છે, અને તે આ મનુષ્યજન્મમાં પામી શકાય તેમ છે. ઋષભદેવ ભગવાનનો અમૂલ્ય ઉપદેશ સાંભળીને અઠ્ઠાણુ ભાઈઓ વૈરાગ્ય પામી ગયા, અને સંયમ લઈને સુંદર આરાધના કરી બાકી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી આત્માના સુખરૂપ સાચી શાંતિના ભોક્તા બન્યા. અઠ્ઠાણુ ભાઇઓએ દીક્ષા લીધી. હવે બાકી રહ્યા બાહુબલી.

"બાહુબલીનો આત્મ રણકાર" :- ભલે, એ ચક્રવર્તિ ન હતા પણ બળવાન ઘણા હતા. તેમણે ભરત સામે યુદ્ધ કર્યું. ઘણી જાતના યુદ્ધ કર્યા પણ એમાંથી કોઈ હાર્યા નહિ ને કોઈ જીત્યા નહિ. ભરતે બાહુબલિ ઉપર ચક્ર છોડયું એટલે ભરતને મારવા બાહુબલિએ મુઠ્ઠી ઉગામી પણ અંતરાત્મા જાગી ઉઠયો. અને વિચાર કર્યો. અહો ! આ મુઠ્ઠી કોને મારવા માટે ? આ યુદ્ધ કોના કુળમાં ? આ મુઠ્ઠીથી મોટાભાઇને મારું તો ઇતિહાસમાં શું લખાશે ? રાજ્યના ટુકડા માટે નાનાભાઇએ મોટાભાઈને માર્યો. એવું કાળા અક્ષરે લખાશે. ઋષભદેવ પ્રભુના બે દીકરા લડયા. અરે, મોટાભાઇ પિતાતુલ્ય ગણાય ને ! તેમને પૂજવાને બદલે હું તેમને મારવા જાઉં ? બંધુઓ ! સાંભળજો. એ જ ભરત અને એ જ બાહુબલિજી છે પણ દૃષ્ટિ પલ્ટાતા કેવો ફરક પડી ગયો ! હવે મોટાભાઈને મારવા નથી ને રાજ્ય જોઈતું નથી પણ મુઠ્ઠી ઉગામી છે તેનું શું થાય ! હવે તો ઉગામેલી મુઠ્ઠી મારા મસ્તકે લગાડી લોચ કરીને ચારિત્ર લેવું તે જ મારા માટે શ્રેયકર છે. કેવું નિર્મળ આત્મદર્શન ! કેવું સાત્વિક દર્શન ! એ ઉગામેલી મુઠ્ઠીથી લોચ કરીને ત્યાંને ત્યાં જ સાધુ બની ગયા.

"પશ્ચાતાપથી આંસુ સારતા ભરત" :- ત્યારે ભરતજી પણ પશ્ચાતાપ કરે છે કે અહો ! આ રાજલક્ષ્મી એ તો ભવ વૃક્ષનું બીજ છે. એવું જે સમજતા નથી. એ તો અધમ છે, અને સમજવા છતાં પણ એને વળગી રહેનારો હું તો અધમાધમ છું કે મારા પિતાજી અને મારા નવ્વાણુ ભાઈઓ જે રાજ્યસુખને લાત મારીને ચાલી નીકળ્યા ને હું પડયો રહ્યો ! મારા નાના ભાઇઓ મારાથી મહાન બની ગયા ને હું રહી ગયો. એવો ભરતજીને ખૂબ પશ્ચાતાપ થયો ને આંખમાં આંસુ આવી ગયા. બધા ભાઇઓ રાજ્યસુખનો ત્યાગ કરીને સંયમના માર્ગે ગયા ત્યારથી ભરતજી છ ખંડનું રાજ્ય ચલાવતા છતાં તેમાં અનાસક્ત ભાવે રહેતા હતા. તેથી જ અરિસાભુવનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ને ! પછી તો તેમણે પણ દીક્ષા લીધી ને મોક્ષમાં ગયા. ઋષભદેવ ભગવાનનો પરિવાર કેટલો ઉજળો હતો. પોતે દીક્ષા લીધી અને સો પુત્રોએ પણ દીક્ષા લઈને સાચું સુખ અને શાંતિનું સામ્રાજ્ય મોક્ષ મેળવ્યું.

બંધુઓ ! આ ઉપરથી તમને સમજાય છે ને કે વિષયોના ભોગમાં અશાંતિની આગ લડકે બળે છે. તેના ત્યાગમાં સાચી શાંતિના દર્શન થાય છે. જેટલા અંશે વિષયો

પ્રત્યે વિરાગ અને ત્યાગ એટલા અંશે સાચી શાન્તિ. વિષયોનો વિરાગ અને આસક્તિનો ત્યાગ સાચી શાંતિ મેળવવાનો ઉપાય છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે–

वियाणिया दुक्ख विवक्कणं धणं, ममत्तबंधं च महाभयावहं ।
सुहावहं धम्मधुरं अणुत्तरं, धारेज्ज निव्वाण गुणावहं महं ॥ (ઉત્ત. અ. ૧૯, ગાથા–૯૮)

દુઃખવર્ધક, ભયના મહાન નિમિત્ત રૂપ અને આસક્તિ વધારનાર એવા ધનને બરાબર ઓળખ્યા પછી તજી દઈ સાચા સુખને લાવનાર, મુક્તિમાં જવા યોગ્ય ગુણોને પ્રગટાવનાર સર્વશ્રેષ્ઠ એવી ધર્મરૂપી ધૂંસરીને ધારણ કરો. સંસાર આખો દુઃખમય છે ને ધન દુઃખવર્ધક છે. આવું જાણવા છતાં અજ્ઞાની જીવો ધનને પોતાનું સર્વસ્વ માને છે. એટલે તેમાં અમૂલ્ય સમય ખર્ચી રહ્યા છે. પણ યાદ રાખો કે આ મનુષ્યભવ એ ધન કમાવા માટે નથી પણ મોક્ષમાં જવા માટેનું લાયસન્સ છે. તમે પૈસા ખર્ચીને ગાડી ખરીદો પણ એ ગાડી કોણ ચલાવી શકે! લાયસન્સ મેળવ્યું હોય તે જ ને? લાયસન્સ મળ્યા પછી જો ગાડી બેફામ ચલાવી એકસીડન્ટ કરી નાંખે તો શું થાય? સરકાર લાયસન્સ પાછું લઈ લે, તેવી રીતે આ મનુષ્યભવ એ પણ મોક્ષમાં જવા માટેનું લાયસન્સ છે. મહાન પુણ્યના ઉદયથી માનવભવની લાયકાત મેળવીને લાયસન્સ મેળવ્યું છે, પણ તેમાં જો તમે કાંઈ તપ ત્યાગ ન કરો અને પાંચ ઇંદ્રિયોના ઘોડા બેફામ ચલાવશો તો આ લાયસન્સ ખેંચાઈ જશે ને જીવ દુર્ગતિમાં ફેંકાઈ જશે, પછી માનવભવ ક્યારે મળશે તેની ખબર છે? ગાડીને જેમ બ્રેક રાખવી પડે છે તેમ જીવનમાં પણ વ્રત પચ્ચખાણ રૂપી બ્રેક રાખો. બ્રેક વિનાના જીવનની કાંઈ કિંમત નથી સમજો. પૈસાની પાછળ જીવન વેડફી ન નાંખો. ધન એ महाभयावहं મહાન ભયનું કારણ છે. જેટલું ધન વધ્યું તેટલો ભય અને ઉપાધિ વધે છે. કવિઓ પણ કહે છે કે–

પૈસો શું લાવે? ઉપાધિને લાવે કે
નીંદર ના આવે લુંટારા બીવરાવે;
ઓછી થાયે આવરદા જે પૈસો સાચવતા,
એ પૈસાની પાછળ જીવતર ખોશો મા.

પૈસો વધે એટલે પાપ વધે છે, ઉપાધિઓ વધે છે. આજે સરકારના લફરા કેટલા! વચમાં હજારની નોટો બંધ થઈ ત્યારે બે નંબરની નોટોવાળા કેટલી દોડાદોડી કરતા હતા! આપણાં પ્રમુખ ઉમરશીભાઈના પૌત્ર કેવાકિ ઉપાડી ગયું છે. ઉપાડી જવામાં લઈ જનારને પૈસાની જ ભૂખ છે ને? તેને બાળકની દયા પણ આવે છે કે મા વગર બાળક કેટલો રહે છે, તેનું કુટુંબ કેટલું ઝૂરે છે! સમજો, પૈસાની પાછળ કેવા કેવા અનર્થો થઈ રહ્યા છે!

આપણે નેમ-રાજુલના પૂર્વભવની વાત ચાલે છે. ધનકુમાર અને ધનવંતી બંને જણાએ મુનિચંદ્ર મુનિની સેવા કરી અને તેમને માર્ગ બતાવ્યો, ત્યારે મુનિએ તેમને મોક્ષનો માર્ગ શ્રાવક ધર્મ સમજાવ્યો એટલે તેમણે બંનેએ મુનિ પાસે બાર વ્રત અંગીકાર કર્યા. ભગવાને સાધુ અને શ્રાવક એ બે પ્રકારે ધર્મ બતાવ્યો છે. તમે જો સાધુ ન બની શકો તો શ્રાવકના બાર વ્રત તો અંગીકાર કરો. બાર વ્રત અંગીકાર કરવામાં કંઈ બધો ત્યાગ કરવાનો નથી. તમારે તમારા જીવનની જરૂરિયાતની જે વસ્તુઓ છે તેમાં જેટલી ચીજો વાપરો છો તેમની મર્યાદા કરવાની છે, અને જેને કદી વાપરતા જ નથી તેના પચ્ચખાણ કરવાના છે. જેથી પાપની ક્રિયા આવતી બંધ થાય. આ દેહનો સાર શું છે? તે જાણો છો? देहस्य सारो व्रत धारणं च। વ્રત નિયમ ધારણ કરવા તે દેહનો સાર છે. હોડીને જો શઢ ન હોય તો ગમે તે દિશામાં ચાલી જાય છે પણ જો શઢ હોય તો જે દિશામાં જઈ જવી હોય તે દિશામાં જઈ જવાય છે. તે રીતે આ દેહ રૂપી નૌકાને સામે કિનારે જઈ જવા માટે વ્રત-નિયમ રૂપી શઢની જરૂર છે. વ્રત વિનાનું જીવન શઢ વિનાની નૌકા જેવું, અંકુશ વિનાના હાથી જેવું અને બ્રેક વિનાની ગાડી જેવું છે. વ્રત વિના જીવન રૂપી નૌકા કઈ દિશામાં ચાલી જશે તેની ખબર નહિ પડે. માટે બને તેટલા વ્રત-નિયમમાં આવો.

ધનકુમાર અને ધનવંતીએ પોતાના જીવનમાં વ્રતરૂપી બ્રેક લગાવી દીધી. બંને જણા સુંદર રીતે શ્રાવક ધર્મનું પાલન કરવા લાગ્યા. હવે ધનકુમારના પિતા વિક્રમધન રાજા કહે-બેટા! આ જિંદગીનો હવે ભરોસો નથી. માટે તું રાજ્ય સંભાળ તો હું મારા આત્મશ્રેય માટે નિવૃત્તિમય જીવન ગાળું અને બને તેટલો આશ્રવ છોડી સંવર કરું. કારણ કે હવે હું ચારિત્ર અંગીકાર કરી શકું તેવી મારી શક્તિ નથી. તેથી શુભ દિવસે ધનકુમારને રાજતિલક કરી પોતે ધર્મમય જીવન ગાળવા લાગ્યા. થોડા સમય બાદ રાજા-રાણી સ્વર્ગવાસ પામ્યા. આ તરફ ધનકુમાર પોતાની માફક અચલપુરના રાજ્યનું ન્યાય નીતિપૂર્વક પાલન કરવા લાગ્યા. તેથી પ્રજાનો પ્રેમ ખૂબ સંપાદન કર્યો. સમય જતાં ધનવંતીએ એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ જયંત પાડવામાં આવ્યું. ધનકુમાર રાજાને ત્યાં કોઈ સુખની ઊણપ ન હતી. તેઓ બંને સ્વર્ગ જેવા સુખો ભોગવતા હતા.

"કેવળી ભગવાનના આગમનથી ધનકુમારને જાગેલો વૈરાગ્ય" :- એક વખત ધનકુમાર રાજા અને ધનવંતી રાણી ધર્મચર્ચા કરી રહ્યા છે. તે વખતે દ્વારપાળે આવીને સમાચાર આપ્યા કે હે મહારાજા! શ્રી વસુંધર કેવળી ભગવાન બહારના ઉદ્યાનમાં પધાર્યા છે. આ સાંભળીને ધનરાજા અને ધનવંતી રાણીના આનંદનો પાર ન રહ્યો. બંને જણા કેવળી ભગવાનની દેશના સાંભળવા માટે આવ્યા. બંને ધર્મ પ્રત્યે લાગણીવાળા તો હતા. તેમાં કેવળી ભગવાનની વૈરાગ્યભરી દેશના સાંભળીને બંને આત્માઓ વૈરાગ્યના રંગે રંગાઈ ગયા. તેમને સંસાર અસાર લાગ્યો. એ આત્માઓ કેવા પવિત્ર હશે! એક જ વાર દેશના

સાંભળીને દીક્ષા લેવા તૈયાર થયા. ત્યારે ધનરાજાના નાના ભાઈ ધનદેવ અને ધનદત્ત કહે છે મોટાભાઈ! તમે ને ભાભી બંને દીક્ષા લો છો તો અમે પણ તમારી સાથે આવીશું. આ ચાર આત્માઓ દીક્ષા લેવા તૈયાર થયા એટલે ધનરાજાએ પોતાના પુત્ર જયંતને શુભ મુહુર્તે રાજતિલક કરી રાજ્યનો ભાર સોંપીને ચારે ય આત્માઓએ વસુંધર કેવળી પાસે દીક્ષા લીધી.

ધનમુનિએ ગુરૂ પાસે રહીને ઘણું જ્ઞાન પ્રાપ્ત કર્યું. તેમની યોગ્યતા જોઈને ગુરૂએ તેમને આચાર્યપદ આપ્યું. ધનાચાર્યે ઘણા રાજાઓને તેમજ તેમના પ્રજાજનોને પ્રતિબોધ પમાડીને દીક્ષા આપી. હવે આયુષ્યનો દીપક બૂઝાવાનો સમય નજીક આવે છે એમ જાણીને ધનમુનિ તથા ધનવંતી સાધ્વીજીએ એક માસનો સંથારો કર્યો. એક માસ પછી બંને કાળધર્મ પામ્યા. બંને સૌધર્મ દેવલોકમાં મહર્ધિક દેવ બન્યા. ધનદેવ મુનિ તથા ધનદત્ત મુનિ પણ સૌધર્મ દેવલોકમાં દેવ થયા. ધનકુમાર અને ધનવંતીએ સાથે જ દીક્ષા લીધી, સાથે જ અણશન કર્યું અને દેવલોકમાં પણ સાથે ગયા. આ તેમના મનુષ્ય અને દેવ એ બે ભવની વાત થઈ હવે ત્રીજા ભવમાં કોણ થશે તેના ભાવ અવસરે.



વ્યાખ્યાન નં-૧૭

અષાઢ વદ ૧૪ ને બુધવાર **તા. ૨-૮-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંત કરૂણાના સાગર, અનંત ગુણોના આકર, દિવ્યજ્ઞાન સુધાકર એવા ભગવંતે જગતવર્તી જીવોને કહ્યું કે હે ભવ્ય જીવો! માનવજીવન અમૂલ્ય ધનનો ખજાનો છે. એ ખજાનામાંથી તમને બધું સુખ મળે તેમ છે. આવો મજાનો ખજાનો હાથમાં આવ્યા પછી જો એની સંભાળ નહિ રાખો તો માનવજીવન રૂપી ખજાનો ગુમાવી બેસશો. આવું ઉત્તમ જીવનધન જાળવવા માટે ઉત્તમ ઉપાયો યોજવા જરૂરી છે. જીવનના અગણિત સાધનોમાં નીતિકારોએ શાન્તિને પ્રથમ સ્થાન આપ્યું છે.

शान्ति तुल्यं तपो नास्ति, न संतोषात् परं सुखम् ।
न तृष्णाया परो व्याधिः न च धर्मो दया परः ॥

આ જગતમાં જો કોઈ ઉત્તમ તપ હોય તો તે શાન્તિ છે. કોઈપણ તપ શાંતિની તોલે આવી શકતો નથી. શાન્તિ સમભાવમાંથી ઉત્પન્ન થાય છે. જ્યાં અજબ શાન્તિ હોય ત્યાં સ્વાર્થનું નામનિશાન રહેતું નથી. અશાંતિને ઉભી કરનાર સ્વાર્થ છે. નિઃસ્વાર્થ ભાવ આવી જાય એટલે આપોઆપ શાન્તિ આવીને જીવનને ધન્ય બનાવી દે છે. તપ તપનાર મનુષ્ય પણ અશાંતિના દાવાનળમાં સળગતો હોય તો એના ભવની પરંપરા વધી જાય છે, માટે શાંતિ સમાન કોઈ તપ નથી એ હકીકત સર્વથા સત્ય છે.

બંધુઓ! તમે સુખ ઇચ્છો છો ને? સુખ માટે ભૌતિક પદાર્થોમાં ક્યાંય ફાંફા મારશો નહિ. ભૌતિક સાધનોમાં સુખની શોધ કરનાર પથિક ખરેખર સુખને બદલે દુઃખને પ્રાપ્ત કરી લે છે. જો તમારે સુખ જોઇતું હોય તો જગતના સાધનો ઉપરથી દૃષ્ટિ હટાવી લો. મળે તેટલામાં સંતોષ માનવાની મનોવૃત્તિ કેળવી લો. સંતોષથી અધિક દુનિયામાં બીજું કોઈ સુખ નથી. કદાચ તમને મનગમતો રાજમહેલ જેવો એકાદ બંગલો મળી જાય, તેમાં ફ્રીજ, ટી. વી. મોટર વિગેરે સાધનોનો સેટ મળી જાય, આધુનિક સાધનો અને સામગ્રીથી તમારો રૂમ ભરાઈ જાય તો પણ તેનાથી તમે સુખી બની શકશો નહિ. જેમ જેમ ભૌતિક સુખો અને સાધનો મળતા જશે તેમ તેમ તમારી ભૌતિક ભૂખ ભડકે બળતી જશે. માટે સંતોષને જીવનનો મુદ્રાલેખ બનાવી લો. વધુ મેળવવાની આંધળી દોટ ઓછી કરી નાંખો. પછી તમે અનુભવ કરી જુઓ કે તમારા જેવો બીજો કોઈ સુખી નહિ હોય. જગતના ચરણોમાં ઝૂકી જઇને જેટલી સંપત્તિ દેખી તેટલી માંગવા પ્રાર્થના કરનાર સિકંદર સામે નજર સરખી નહિ નાંખનાર "ડાયોજિનિસ" વધુ સુખી હતો અને સમૃદ્ધિશાળી સિકંદર દુઃખી હતો. આ વાત પ્રસિદ્ધ છે. તમે સૌ જાણો છો ને?

બંધુઓ! આ જગતમાં મોટામાં મોટો રોગ કયો? (શ્રોતામાંથી અવાજ –: કેન્સર, ટી. બી., ડાયાબીટીસ, હાર્ટએટેક, બી. પી. વિગેરે) જ્ઞાની કહે છે કે આવા રોગોનો ઉપાય મળતાં ને શાતા વેદનીયનો ઉદય થતાં તે મટે છે, પણ એક રોગ એવો છે કે જે મટવો મુશ્કેલ છે. જેનું નામ છે તૃષ્ણા. તૃષ્ણાના તોરણો આત્મદ્વારે લટકતા હોય ત્યાં માનવીના મનને વિશ્રાંતિ ક્યાંથી હોય? સુભૂમ ચક્રવર્તિ છ ખંડનો સ્વામી હોવા છતાં સાતમા ખંડને સાધવાની ઇચ્છા થઈ. એને ત્યાં સંપત્તિની શું ખામી હતી? એની તૃષ્ણાએ એને સાતમી નરકનો સ્વામી બનાવ્યો. મમ્મણ શેઠ પાસે કરોડો સૌનૈયાની પૂંજી હોવા છતાં નદીના પૂરમાં લાકડા વીણતો હતો. અઢળક સંપત્તિના સ્વામીઓની પણ તૃષ્ણાએ આવી અવદશા કરી છે. આવા અસાધ્ય તૃષ્ણા રૂપી રોગને મટાડવાનો કોઇ ઉપાય હોય તો સંતોષ છે. જ્યારે સંતોષ આવશે ત્યારે દયાધર્મ સમજાશે. જ્ઞાની કહે છે કે સર્વ જીવો ઉપર કરૂણાભાવ રાખો. પોતાના આત્મા જેવા બીજા આત્માઓને જાણી હિંસાથી વિરામ પામનાર આત્મસમાધિનો સાચો અનુભવ કરી શકે છે. અહિંસા વિનાનો ધર્મ એ ધર્મ નથી. સર્વ જીવો ઉપર કરૂણા રાખી જીવોને બચાવવા તે ઉત્તમ ધર્મ છે. કહ્યું છે કે–

શાંતિ સમાન કોઈ તપ નથી, સંતોષ જેવું કોઈ સુખ નથી,
તૃષ્ણા જેવી કોઈ વ્યાધિ નથી, દયા જેવો કોઈ ધર્મ નથી.

આ ચાર વાક્યોનું જે આત્મા બરાબર મનન કરશે, શાંતિ, સંતોષ અને દયાને સાધશે અને તૃષ્ણાને દૂર કરશે તે જીવનધનનું સારી રીતે રક્ષણ કરી શકશે.

આપણે નેમ રાજુલના પૂર્વભવની વાત ચાલે છે. ધનકુમાર અને તેમના બંને ભાઇઓ તથા ધનવંતી બધા સંયમ લઈને કાળ કરીને સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાં દેવ-

લોકના દિવ્ય સુખો મળ્યા પણ આત્માર્થી જીવોને એવા સુખમાં આનંદ નથી આવતો. એમાં તે આસક્ત નથી બનતા. એ તો આત્મરમણતામાં મસ્ત બનીને સમય પસાર કરે છે. એમને સુખ મળ્યા પણ સુખનો રાગ નથી. આ રીતે મનુષ્યનો અને દેવનો એમ બે ભવ થયા. હવે સૌધર્મ દેવલોકથી તેમનું આયુષ્ય પૂર્ણ કરીને એ પુણ્યાત્માઓ કયાં જન્મ લે છે તે તરફ દૃષ્ટિ કરીએ.

"ત્રીજો ભવ" :- જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની ઉત્તર શ્રેણીમાં સૂરતેજ નામનું ધનધાન્યથી સમૃદ્ધ અને મનોહર નગર હતું. ત્યાં સૂર નામના પરાક્રમી, પવિત્ર અને ન્યાયસંપન્ન રાજા રાજ્ય કરતા હતા. એ રાજા વિદ્યાધરોના ચક્રવર્તિ હતા. તેથી તેમને સૌ સૂરચક્રી મહારાજા કહેતા હતા. આ સૂરચક્રી વિદ્યાધર રાજાને વિદ્યુન્મતી નામની પતિવ્રતા રાણી હતી. તે રાણીનું રૂપ વિજળીના ચમકારા જેવું તેજસ્વી હતું, રાણી ખૂબ પવિત્ર અને ગુણસંપન્ન હતી. વિનય આદિ ગુણોથી તેણે રાજાનું દિલ જીતી લીધું હતું. રાજા-રાણી બંને સંસારમાં મહાન સુખો ભોગવતાં આનંદથી રહેતા હતા, ત્યાં શું બને છે?

ધનકુમારનો જીવ સૌધર્મ દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને આ વિદ્યુન્મતી રાણીની કુક્ષીમાં પુત્રપણે ઉત્પન્ન થયો. સવા નવ માસ પૂરા થતાં રાણીએ એક દિવ્ય તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. પુત્રજન્મની વધામણી સાંભળતા આખા નગરમાં આનંદ આનંદ છવાઈ ગયો. સૂરચક્રી રાજાએ પુત્રજન્મની ખુશાલીમાં ઘણું દાન આપ્યું, બંદીવાનોને જેલમાંથી મુક્ત કર્યા અને દશ દિવસ સુધી જન્મ મહોત્સવ ઉજવ્યો. બાર દિવસનો થતાં તેનું ચિત્રગતિ નામ પડ્યું. ચિત્રગતિકુમારને રાજા-રાણી ખૂબ લાડકોડથી ઉછેરવા લાગ્યા. પુણ્યવાન આત્મા છે એટલે તે સૌને વહાલો લાગે છે. જેમ જેમ કુમાર મોટો થતો જાય છે તેમ તેમ તેનું રૂપ ખીલતું જાય છે. એને જોઈને સૌના મનમાં થતું કે શું આ કોઈ દેવકુમાર તો નથી ને? જેવું રૂપ હતું તેવી બુદ્ધિ અને ગુણો પણ હતા. એટલે કુમાર મોટો થતાં વિવિધ પ્રકારની અનેક કળાઓ શીખ્યો. એણે પોતાની બુદ્ધિ, કળા અને ગુણોથી માતા-પિતા આદિ દરેકના મનને જીતી લીધું. ચિત્રગતિના પૂર્વજન્મના બે નાના ભાઈઓ તેમની સાથે દેવલોકમાં ગયા હતા. તેઓ આ ભવમાં પણ તેમના નાના ભાઈ ઓ થયા. તેમના નામ મનોગતિ અને વિપુલગતિ રાખવામાં આવ્યા. પૂર્વજન્મના ભાઈઓ આ ભવમાં પણ ભાઈ ઓ થયા. ત્રણે ભાઈ ઓ આનંદથી દિવસો પસાર કરવા લાગ્યા.

હવે ધનવંતીનો આત્મા કયાં ઉત્પન્ન થાય છે તે વાત વિચારીએ. વૈતાઢ્ય પર્વતની દક્ષિણ દિશામાં શિવમંદિર નામનું નગર હતું. ત્યાં અનંગસિંહ નામે મહાપ્રતાપી રાજા રાજ્ય કરતા હતા. તેમને ઘણી રાણીઓ હતી અને કમલકુમાર પ્રમુખ પુત્રો પણ ઘણા હતા, પણ એકે ય રાણીને પુત્રી ન હતી. તેથી સૌને પુત્રીની ખૂબ ચાહના હતી. આ સંસારમાં એકે ય વાતે સુખ નથી. જો દીકરીઓ હોય ને દીકરો ન હોય તો ગર્ભ આપે કે એક દીકરો હોય તો સારું અને દીકરા ચાર પાંચ હોય તો માતા વિચાર કરે કે મારે એક

દીકરી હોય તો સારું. વાતનો વિસામો રહે. અનંગસિંહ રાજાને ત્યાં પુત્રીની ખૂબ ઝંખના હતી. આ રાજાને શશીપ્રભા નામની પટ્ટરાણી હતી. શશી એટલે ચંદ્ર. એનું મુખ ચંદ્ર જેવું હતું. ધનવંતીનો જીવ પહેલા દેવલોકથી ચવીને શશીપ્રભા રાણીની કુક્ષીમાં પુત્રીપણે આવ્યો. સમય જતાં તેનો જન્મ થયો. પુત્રીનો જન્મ થતાં રાજ્યમાં સર્વત્ર આનંદ આનંદ પ્રસરી ગયો. જાણે કોઈ રાજાને ત્યાં સાત ખોટનો કુંવર જન્મે ને જે આનંદ થાય તેવો આનંદ થયો. ખૂબ ધામધૂમથી અનંગસિંહ રાજાએ તેનો જન્મ મહોત્સવ ઉજવ્યો. તમારે ત્યાં પણ દીકરીની ખોટ હોય ને દીકરી જન્મે તો દીકરા કરતાં પણ તેના માન વધી જાય ને ! જાણે લક્ષ્મીજી પધાર્યા. (હસાહસ) કેમ બરાબર છે ને ?

રત્નવતી દિયા નામ સૂતા કા, હૈ વલ્લભ સબ તાઈ,
મહિલો ચિત શુભ સર્વ કલામેં, દઈ પ્રવીન બનાઈ.

કુંવરી રૂપ અને ગુણોથી યુક્ત હતી, અને તેની માતાથી અધિક તેજસ્વી હતી. તેથી તેનું નામ રત્નવતી પાડયું. રત્નવતી સૌને ખૂબ વહાલી. એને ભાઈઓ ઘણાં હતા. માતાઓ–ભાઈઓ બધા તેને ખોળામાંથી નીચે મૂકતા ન હતા, પછી દાસીઓને તો રમાડવાનો અવસર જ કયાંથી આવે ! રત્નવતી ખૂબ આનંદપૂર્વક માતા–પિતા અને ભાઈઓના લાડ–પ્યારમાં મોટી થવા લાગી. ધીમે ધીમે મોટી સ્ત્રીઓની સર્વ કળાઓમાં પ્રવીણ બની. એક તો રૂપ, બીજા ગુણો અને ચતુરાઈ હોય પછી શું બાકી રહે ? અનુક્રમે બધી કળાઓ શીખીને રત્નવતી યૌવનને આંગણે આવીને ઉભી રહી.

" અનંગસિંહ રાજાએ બોલાવેલ જ્યોતિષી " :– અનંગસિંહ રાજા પુત્રીને જોઇને વિચાર કરવા લાગ્યા કે મારી આ એકની એક સુશીલ અને સર્વાંગસુંદર કુંવરી કોની સાથે પરણશે ? તે જાણવા માટે એક દિવસ રાજાએ એક હોંશિયાર જ્યોતિષીને બોલાવ્યો. રાજા મહારાજા બોલાવે એટલે જ્યોતિષીઓ દોડતા આવે ને ? તે રીતે જ્યોતિષી મહારાજા પાસે આવીને હાથ જોડીને ઉભો રહ્યો. મહારાજા ! શું આજ્ઞા છે ? ત્યારે રાજાએ પૂછયું કે આ મારી લાડકવાયી પુત્રીનો પતિ કોણ થશે ! ત્યારે જ્યોતિષીએ કહ્યું.

હે રાજન્ ! જો પુરૂષ આપ કા, તેગ છીન લે આઇ,
વહી સુતા કા કંત બને, યે સાંચ વાત દર્શાઈ.

હે મહારાજા ! જે પુરૂષ તમારા હાથમાંથી તલવાર લઈ લેશે એ તમારી કુંવરીને પરણશે. આ સાંભળીને રાજાને જરા ગુસ્સો આવી ગયો કે હું, એ મારા હાથમાંથી તલવાર લઇને મારું અપમાન કરશે ! રાજાના મુખ ઉપરની રેખા જોઇને જ્યોતિષીએ કહ્યું કે મહારાજા ! એ કોઈ સામાન્ય પુરૂષ નથી. એ તમારા હાથમાંથી તલવાર લઈ લેશે અને જેના ઉપર સિદ્ધાયતન ક્ષેત્રમાં દેવતાઓ પુષ્પની વૃષ્ટિ કરશે એ તમારી પુત્રીને પરણશે. આ વાત સાંભળીને રાજાનો ક્રોધ શાંત થઈ ગયો ને મનમાં વિચાર કરવા લાગ્યા

કે આવો કોઈ વીર, પરાક્રમી અને પાવન પુરૂષ પોતાની પુત્રીને પરણશે. માટે પુત્રી ઘણી ભાગ્યવાન છે. રત્નવતી મોટી થઈ છે. પૂર્વજન્મના સંસ્કારો લઈને આવી છે. તેથી તેના જીવનમાં રગેરગે ધર્મની શ્રદ્ધા હતી. તે ખૂબ શ્રદ્ધાપૂર્વક ધર્મારાધના કરતી હતી.

બંધુઓ! તમે જે કંઈ ધર્મક્રિયાઓ કરો તે શ્રદ્ધાપૂર્વક કરો. શ્રદ્ધાપૂર્વક કરેલી ધર્મક્રિયા મહાન ફળ આપનારી બને છે. ગમે તેટલી ધર્મક્રિયા કરો પણ જો તેમાં શ્રદ્ધા ન હોય તો ક્રિયા ફળદાયી બનતી નથી. એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે–

अश्रद्धा परमं पापं, श्रद्धा पापविमोचनी ।
जहाति पापं श्रद्धावान, सर्पाजीर्णामिव त्वचम् ॥

અશ્રદ્ધા (અંધશ્રદ્ધા) એ પરમ પાપ છે ને સમ્યક્ શ્રદ્ધા પાપને નષ્ટ કરનારી છે. જેમ રીતે સર્પ જીર્ણ થયેલી કાંચળીને છોડી દે છે તેમ રીતે શ્રદ્ધાવાન મનુષ્ય પાપને છોડી દે છે. જુઓ, શ્રદ્ધા સહિત ક્રિયા કરવામાં કેટલો મહો લાભ છે! આપણે ત્યાં મલાડમાં પણ એક આવો જ પ્રસંગ બન્યો છે. આજે છ છ દિવસથી આપણા સંઘના પ્રમુખ શ્રી ઉમરશીભાઈનો પૌત્ર ભરત જે માત્ર પાંચ વર્ષની ઉંમરનો ફુલ જેવો બાળો છે, તેને કોઈ ઉપાડી ગયો હતો. તેના કારણે છ છ દિવસથી તેમના કુટુંબમાં અને શ્રીસંઘમાં સૌના મન ચિંતાતુર હતા. એ કુટુંબ ખૂબ ધર્મીષ્ઠ છે. એમને ઘણાં માણસોએ કહ્યું કે તમે આમ કરો, તેમ કરો, પણ સૌને કહ્યું કે મને ધર્મ બચાવશે.

બંધુઓ! ધર્મ કરે છે તેની કસોટી તો થાય છે પણ કસોટીમાંથી જે પાર ઉતરે છે તેના મૂલ્ય અંકાય છે. સોનાને અગ્નિમાં નાંખે ત્યારે તે શુદ્ધ બને છે. હીરો સરાણે ચઢે છે ત્યારે તેના મૂલ્ય અંકાય છે. તો પછી ધર્મ કરે તેની કસોટી થાય તેમાં શું નવાઈ! આ કુટુંબ કસોટીમાંથી પસાર થઈ ગયું. બીજી કોઈ શ્રદ્ધા કે માનતા કર્યા વગર સારું એ કુટુંબ ધર્મમાં જોડાઈ ગયું. જ્યારથી બાળો ગયો ત્યારથી અખંડ નવકારમંત્રના જાપ, ઉપવાસ, આયંબીલ વિગેરે કરવા લાગ્યા. ઉમરશીભાઈના મોટા પુત્ર હંસરાજભાઈએ અઠ્ઠમ કર્યો, ધર્મના પ્રભાવે ભરત ક્ષેમકુશળ આવી ગયો, ધર્મ પ્રત્યે શ્રદ્ધા હતી તો આવેલું વિઘ્ન દૂર થયું. આવો હું બીજો એક દાખલો આપું.

એક ધનાઢ્ય શ્રીમંત શેઠને ઘેર ઘણાં કામ કરનારા નોકરો હતા. તેમાં એક નોકર દશ વર્ષથી શેઠને ઘેર કામ કરતો હતો, તેનું નામ દૌલત હતું. દૌલત જુનો નોકર હતો. તે શેઠનું કામ તન તોડીને કરતો હતો. એટલે તેના ઉપર શેઠના ચારે હાથ હતાં. બીજા નોકરોને દૌલત પ્રત્યે ઈર્ષ્યા આવી એટલે લાગ શોધીને શેઠના કાન ભંભેરવા લાગ્યા કે શેઠ! આ દૌલત કંઈ કામ કરતો નથી. એ તો હરામી છે. એને ખોટો પગાર દેવાય છે. એમ શેઠના કાન ભંભેર્યા, એટલે શેઠ તો ચઢી ગયા. મોટા માણસો કાચા કાનના હોય છે. જેમ કોઈ ચઢાવે તેમ ચઢી જાય પણ સાચું શું છે તેની તપાસ ન કરે. બીજાની વાત ઉપર વિશ્વાસ કરવા કરતાં પોતે બરાબર તપાસ કરીને પોતાના હૈયાને પૂછીને કામ કરે

તો વાંધો ન આવે, આ શેઠ બીજા નોકરોના ચઢાવ્યા ચઢી ગયા, પણ દશ દશ વર્ષથી શેઠ પ્રત્યે મારાપણું માનીને કામ કરનાર નોકરની કદર ન કરી શકયા.

શેઠે કહ્યું–અરે દૌલત ! દૌલત કહે-જી સાહેબ, ફરમાવો, શેઠે કહ્યું--તને હું દિવાળીએ છૂટો કરવાનો છું. શું બોલો છો શેઠ ! મારો શું ગુનો ? શેઠ કહે–ગુનો કાંઈ નહિ પણ એક વાત સમજી લે કે દિવાળીએ મારે તને છૂટો કરવાનો છે. શેઠની વાત સાંભળીને બિચારા દૌલતના તો હોશકોશ ઉડી ગયા. તેની આંખમાંથી શ્રાવણ ભાદરવો વહેવા લાગ્યો. દિવાળીને હજુ એક મહિનો બાકી હતો પણ આને તો અસર થઇ ગઇ. દૌલત ખૂબ ગરીબ હતો, તેને કોઇની લાગવગ કે ઓળખાણ ન હતી. એટલે એના મનમાં હાય લાગી કે શેઠ મને દિવાળીએ રજા આપશે તો હું કયાં જઇશ ! મારું શું થશે ? મારા બૈરા છોકરાનું શું થશે ? દૌલત કામ ઘણું કરતો પણ તેનામાં બાહોશી ન હતી. જો બાહોશી હોત તો શેઠને કહી દેત કે હું અત્યારથી છૂટો થઈ જાઉં છું. મને તમારા જેવા શેઠ મળી રહેશે, પણ આ તો બિચારો ગભરાઇ ગયો. શું કરવું તે સૂઝતું નથી.

ચિંતામાં ને ચિંતામાં દૌલત ઘેર આવ્યો. તે ખૂબ ઉદાસ બની ગયો. એનું મોઢું જોઇને પત્ની પૂછે છે કે આજે તમને શું થયું છે ? આજે તમારું મુખ આટલું બધું ઉદાસ કેમ છે ! ત્યારે દૌલત રડતો રડતો કહે છે આજે તો ચિંતાનો પાર નથી. શું છે તે કહો તો ખરા. શેઠ મને દિવાળીએ છૂટો કરવાના છે. પત્ની કહે છે શેઠ તમને છૂટા ન કરે. અરે, શું ન કરે ! મને આજે ચોખ્ખું કહી દીધું છે, ત્યારે એની પત્ની કહે છે તમે ચિંતા ન કરો. હજુ દિવાળીને એક મહિનો બાકી છે. પ્રભુને આપણે પ્રાર્થના કરીએ કે શેઠને સદ્‌બુદ્ધિ મળે ને તમને છૂટા ન કરે. ના....ના નક્કી મને છૂટો કરવાના છે. બિચારો દૌલત એક દિવસ લોટો લઈ ને જંગલ જવા ગયો. ચિંતામાં ને ચિંતામાં ખૂબ દૂર ચાલ્યો ગયો. કારણ કે ચિંતા બહુ બૂરી ચીજ છે. ચિંતા જીવતા માણસને વગર અગ્નિએ બાળી મૂકે છે. અતિ ચિંતા કરવાથી મણસની બુદ્ધિ ઘટીજાય છે ને રૂપ પણ ઝાંખું પડી જાય છે. એટલે ચિંતાતુર માણસ જીવતો છતાં મરેલા જેવો છે. દૌલત ચિંતામાં ને ચિંતામાં ઘણે દૂર નીકળી ગયો. છેવટે થાકીને એક ઝાડ નીચે બેઠો ને વિચાર કરે છે શું કરવું ! મને શેઠ જો દિવાળીએ નોકરીમાંથી છૂટો કરવાના છે તે પહેલાં આ દેહથી છૂટો થઈ જાઉં તો શું બોટું !

દૌલત મનમાં આવો વિચાર કરે છે ત્યાં સામે એક સંતને જોયા. સંતને જોતાં એનું હૈયું હરખાઈ ગયું. અહો ! મારા ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય કે આજે મારે જંગલમાં મંગલ થયું. મરતાં પહેલા સંતના દર્શન કરી લઉં તો મારું મરણ સુધરી જાય. એમ વિચાર કરીને તે સંત પાસે આવ્યો. સંતના દર્શન કર્યા. એનું મુખ જોઈ ને સંત સમજી ગયા કે આ માણસ દુઃખમાં ઘેરાયેલો લાગે છે. સંતે પૂછયું, ભાઇ ! તું જંગલમાં શા

માટે આવ્યો છે? તારું મુખ જોતાં તું મહાન દુઃખી હોય તેમ લાગે છે. જ્યારે દુઃખી માણસને કોઈ તેના દુઃખની વાત પૂછે છે ત્યારે તેનું દિલ દ્રવી જાય છે. એના અંતરમાં એવી લાગણી ઉભરાઈ આવે છે કે જાણે મને મા બાપ મળ્યા.

"જીવનનો વિસામો કોણ?" :– બંધુઓ! વિચાર કરજો. સુખ–દુઃખના સાચા સંગથી કોણ? પૈસો કે ગુરૂ? ગુરૂ. પૈસો તમને જે શાંતિ નહિ આપે, એર કંડીશન જે શીતળતા નહિ આપે તે સંત આપશે. સંસારના તાપથી આકુળ વ્યાકુળ થયેલા જીવો માટે સંતો મીઠો વિસામો છે. જેની પાસે જતાં શીતળતા મળે તે સંત છે. જે સાચી શાંતિ પમાડે તે સંત છે. સંતે દૌલતને આટલું પૂછયું ત્યાં તેનું અડધું દુઃખ ઓછું થઈ ગયું. દૌલતે સંતને પોતાની વીતક કહી સંભળાવી ત્યારે સંતે કહ્યું, માનવજીવન કિંમતી છે, આપઘાત કરીને એનો તું અંત લાવવા ઈચ્છે છે? કદાચ તું માનતો હોઈશ કે હું દુઃખથી છૂટયો પણ તું છૂટતો નથી, બંધાય છે. આ રીતે જીવનનો અંત લાવવા કરતાં અમારા જેવો સાધુ બની જા. દૌલત કહે છે ના, મહારાજ....મારે સાધુ બનવું નથી. જુઓ, દુઃખનો માર્યો આપઘાત કરવા આવ્યો છે, છતાં સાધુપણું લેવાનું મન થતું નથી. સાધુપણું કેટલું દુર્લભ છે!

સંતે તેને કહ્યું,–દૌલત! તું દીક્ષા લેવાની ના પાડે છે તો એમ કર. હું તને આ ચાર બોલ આપું છું તેનું રટણ કર્યા કરજે. મહારાજ! રટણ કરું પણ મારી નોકરીનું શું? મહારાજ કહે છે તું ચિંતા ન કરીશ. અત્યારે તું નોકરીની ચિંતા છોડીને હું કહું તેનું શ્રદ્ધાપૂર્વક એક ચિત્તે રટણ કર. સૌ સારા વાના થશે. એને તો સંતના વચનમાં શ્રદ્ધા થઈ. સંતે તેને કહ્યું–**"अरिहंता शरणं पवज्जामि, सिद्धा शरणं पवज्जामि, साहु शरणं पवज्जामि, केवली पन्नत्तं धम्मं शरणं पवज्जामि."** બસ, આટલું તું રાત–દિવસ રટણ કર્યા કરજે. દૌલત આ ચાર બોલ શીખી ગયો. રાત–દિવસ એનું રટણ કરતાં ચાર દિવસ થઈ ગયા. બસ, હવે તો તેને ખાવું, પીવું કંઈ ગમતું નથી. ચાર શરણનું શ્રદ્ધાપૂર્વક રટણ કરે છે. ચાર શરણનું રટણ ચિંતા દૂર કરવાની જડીબુટ્ટી છે. આ તો નોકરીની ચિંતા છોડીને ચાર શરણની ધૂનમાં એકતાન બની ગયો. આ સમયે તેને કોઈ ગેબી અવાજ આવ્યો. હે દૌલત! સાંભળ. દૌલત આંખ ખોલીને જુએ છે તો કોઈ દેખાતું નથી. એ તો એની ધૂનમાં લાગી ગયો. ત્યાં ફરીને અવાજ આવ્યો. દૌલત ત્યાં જુએ છે તો કોઈ દેખાતું નથી. તેથી તે વિચાર કરે છે કે ખોટી ભ્રમણા છે. મારું નામ દૌલત છે પણ દૌલતના દર્શન કદી કર્યા નથી. આવા ગરીબને કોણ બોલાવે? પાછો ચાર શરણનું રટણ કરવા લાગ્યો. ત્યાં ત્રીજી વાર અવાજ આવ્યો, દૌલત! સાંભળ, ત્યારે દૌલતના મનમાં થયું કે નક્કી કોઈ દૈવી અવાજ છે. ભલે, કોઈ દેખાતું નથી પણ શું કહે છે તે સાંભળી લઉં. દૌલત હવે સાબદો બન્યો. તેણે કહ્યું:

તમે મને દેખાતા નથી પણ જે હો તે ભલે હો. શું કહેવું છે? ત્યારે કોઈએ અદૃશ્ય રીતે કહ્યું કે હે દૌલત! સાંભળ. ધનતેરસના દિવસે તારા શેઠ તિજોરીમાંથી માલ મિલ્કત બહાર કાઢીને ધનની પૂજા કરશે. તે સમયે કોઈ તને ગાળો મૂકે, કોઈ તારું અપમાન કરે તો તું સહન કરીને પણ શેઠની પાસે પહોંચી જજે ને હું કહું તેમ કરજે.

દેવાનુપ્રિયો! ચાર શરણાના રટણનો કેવો પ્રભાવ છે! એકેક દિવસ જતાં ધનતેરસનો દિવસ આવ્યો. એ દિવસે શેઠ ધનની પૂજા કરવા બેઠા છે. રોકડા રૂપિયા, હીરા, સોનું ચાંદી વગેરે પાથરીને તેની પૂજા કરે છે. આ સમયે દૌલત ત્યાં પહોંચી ગયો ને શેઠની સામે બેઠો. શેઠે એના સામું જોઈને કહ્યું દૌલત! તું અહીં કેમ બેઠો છે? ત્યારે દૌલતે કહ્યું, સાહેબ! મારે આપને એક વાત કરવી છે. આપ મારી વાત સાંભળશો? શેઠે કહ્યું, તારે જે કહેવું હોય તે કહે. દૌલતે દેવે કહેલા પ્રમાણે કહ્યું, સાહેબ! તમને દૌલત ગમે કે ન ગમે? શેઠે કહ્યું-અરે મૂર્ખ! દૌલત કોને ન ગમે? કોઈને દૌલત ન ગમે એવું કદી બને? (હસાહસ) તમને દૌલત કેવી ગમે? શેઠે કહ્યું કે મને દૌલત ખૂબ ગમે. જો તમને દૌલત ખૂબ ગમે છે તો થોડા દિવસ સુધી રહે તે ગમે કે ઝાઝા દિવસ રહે તે ગમે? બોલો મારા ભાઈઓ ને બહેનો! તમે શું કહેશો? શેઠે કહ્યું-અરે! જિંદગીભર સુધી દૌલત રહે તે ગમે. બોલો, તમને ક્યાં સુધી ગમે? (શ્રોતામાંથી અવાજ :-જિંદગીભર રહે તો ગમે.) (હસાહસ) શેઠે કહ્યું-દૌલત! દૌલત યુગોના યુગ સુધી મારી પાસે રહે તો બહુ ગમે.

દૌલતે એક કાગળ લાવીને શેઠને આપ્યો ને કહ્યું-સાહેબ! આપ એમાં લખો કે મને દૌલત ગમે, મને દૌલત બહુ ગમે, ઘણાં વર્ષો સુધી મારી જિંદગી પર્યંત, યુગોના યુગો સુધી દૌલત રહે તે મને ગમે. શેઠે તો કાગળમાં લખી આપ્યું. દૌલતે શેઠના હાથનું લખાણ સાચવીને મૂકી દીધું. બીજે દિવસે કાળીચૌદશ આવી ને ત્રીજે દિવસે દિવાળી આવી. એટલે શેઠે કહ્યું-દૌલત! આ તારો પગાર થઈ ગયો. હવે તું આજથી છૂટો. ત્યારે દૌલત પેલો કાગળ કાઢીને બતાવ્યો. સાહેબ! આપનું લખાણ વાંચો. મને દૌલત ગમે, મને દૌલત બહુ ગમે, જિંદગીપર્યંત યુગોના યુગો સુધી દૌલત રહે તે મને ગમે. બોલો, જે દૌલત બહુ ગમે તેને રજા અપાય? શેઠે દૌલત નોકર સમજીને કહ્યું ન હતું, દૌલત લક્ષ્મી સમજીને કહ્યું હતું. શેઠ દૌલતની બુદ્ધિ ઉપર ખુશ થઈ ગયા અને પોતાના હાથનું લખાણ વાંચીને દૌલત ઉપર પ્રસન્ન થઈને તેના માથે હાથ મૂકીને કહે છે-દૌલત! હવે જિંદગીભર તું મારે ત્યાં રહેજે. હવે તને આ ઘરમાંથી કોઈ છૂટો નહિ કરી શકે. દૌલત ખુશ થઈ ગયો. તેણે વિચાર કર્યો કે અહો, સંતનો કેવો પ્રભાવ છે! એમણે મને ચાર શરણ રટણ કરવાનું કહ્યું હતું તે પ્રમાણે મેં કર્યું તો હું ન્યાલ થઈ ગયો. તેને ધર્મ ઉપર શ્રદ્ધા વધી, અને પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો કે હે ભગવાન! જે મનુષ્ય તારું શરણું ગ્રહણ કરે છે તે ન્યાલ થઈ જાય છે. એને આ જગતમાં કોઈ ચિંતા કે ઉપાધિ રહેતી નથી.

બસ, પ્રભુ! હવે હું તને અર્પણ થઈ ગયો. ચાહે તું મને ડુબાડ કે તાર, જીવાડ કે માર એમાં મારે શું! મારી ચિંતા તારે માથે છે. સંતના વચન ઉપર શ્રદ્ધા કરી અને ચાર શરણ શ્રદ્ધાપૂર્વક અંગીકાર કર્યા તેના પ્રતાપે એને શેઠને આવું પૂછવાની અને લખાવી લેવાની બુદ્ધિ આવી. દોલતની શ્રદ્ધા ફળી ને તે સુખી થયો, આવી રીતે આપણા ઉમરશીભાઈની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા આજે ફળી છે ને ભરત ઘેર આવી ગયો છે.

ચિત્રગતિ રાજકુમાર અને રત્નવતી નામની રાજકુમારી બંનેના સંયોગ કેવી રીતે થશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૧૮

અષાડ વદ અમાસ ને ગુરૂવાર **તા. ૩-૮-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની સર્વજ્ઞ પુરૂષો ભવ્ય જીવોને કલ્યાણ માટે ઉદ્‌ઘોષણા કરીને ફરમાવે છે કે હે આત્માઓ! મોક્ષરૂપી શિખરને સર કરવા માનવભવ રૂપી પરમીટ મળ્યું છે. માટે આ જીવનની એકેક ક્ષણનો સદુપયોગ કરો. જેમને મોક્ષના શાશ્વત સુખની સમજણ નથી તેવા જીવો ભૌતિક સુખને સાચું સુખ માનીને તેને મેળવવા જ્યાં ને ત્યાં ભટકયા કરે છે, પણ તેને ખબર નથી કે આ બધું સુખ ખાંડ ચોપડેલ ઝેર જેવું છે. તેને મેળવતાં આત્માનું અનંત સુખ લૂંટાઈ જાય છે. સમજો. ઇચ્છાઓ, કામનાઓ અને આવશ્યકતાઓ વધારવાથી સુખ મળે છે એ ભ્રાન્તિ ભાંગે જ છૂટકો છે. સાર-અસાર, અનિત્ય અને સાચા ખોટાને સમજવાનો વિવેક જાગે તો ભૌતિક સુખની લોલુપતા અને મોહજાળ તૂટી જાય. જે પરમ દુઃખરૂપ છે તેને સુખ માની લેવાનું અજ્ઞાન આપોઆપ ટળી જાય છે.

વિવેકદૃષ્ટિ એ આત્મજ્ઞાનની ચાવી છે. તેનાથી અજ્ઞાનનો અંધકાર હટી જશે પણ એક વાર સત્ય વસ્તુને સમજવાની, ગ્રહણ કરવાની, ધારણ કરવાની જીવને તીવ્ર તમન્ના જોઇએ. તીવ્ર તમન્ના વિના કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ જલ્દી થતી નથી. અનંતકાળથી પરનો સંગ, પરનો પરિચય અને પરની પંચાતમાં આત્માએ પોતાનું જ્ઞાન ગુમાવી દીધું છે, અને લક્ષ ચોર્યાશીની ચટમાળમાં પડીને ભવ વધારી દીધા છે. પરમાં સુખબુદ્ધિ એ મોટામાં મોટું અજ્ઞાન છે. પરમાં ત્રણ કાળે સુખ મળતું નથી. આ સંસારમાં પણ માનવી જો પરાધીન હોય તો કહે છે કે હું દુઃખી છું. સુખ સ્વાધીનતામાં છે. પરાધીનને કદી સ્વાનંદ પ્રાપ્ત નહિ થાય. એક અનુભવી કવિએ પણ કહ્યું છે કે, "**પરાધીન સપને હુ સુખ નહીં.**" જે મનુષ્ય પોતાના આત્મામાં સ્થિત છે તેને સમજાય છે કે સાચું સુખ પોતાનામાં રહેલું છે. આત્મા અનંત સુખનો સાગર છે છતાં જીવને સુખ કેમ જણાતું નથી? તેનું કારણ એ છે કે આત્માએ પોતાના તરફ દૃષ્ટિ કરી નથી. આ

જગતના પદાર્થો પર ભમતી દૃષ્ટિને પોતાના તરફ વાળી નથી. આપણા પોતાના સ્વરૂપને આપણે નિહાળ્યું નથી ને પિછાણ્યું નથી. આ સંસારમાં અનેકનો પરિચય કરતાં પહેલાં જેનો પરિચય પ્રથમ કરવો જોઈએ તે આત્માનો પરિચય આપણે કર્યો નથી. પછી આત્માની મહત્તા કયાંથી સમજાય !

બંધુઓ ! આ જીવનની ગાડી ઉંધે પાટે ચઢી ગઈ છે. ક્ષણિક સુખના ભાંગેલા પુલ ઉપરથી પસાર થવા માટે જીવો પૂરપાટ દોડી રહ્યા છે, પછી શાંતિનું સ્ટેશન કયાંથી આવે ? ઉંડી ખાઈમાં પડવાનું જ આવે ને ? એક સાચી સમજણથી, સાચી તત્ત્વ-જિજ્ઞાસાથી અને સમકિતથી આત્મસુખના દરવાજા આપોઆપ ખૂલી જાય છે. સમ્યક્ત્વ સહિત વિરતિ ધર્મનું પાલન કરનાર જરૂર મોક્ષમાં જાય છે. મારો આત્મા અનંત સુખનો સાગર છે. પરમાં મને સુખ નથી. આ સત્યનું રટણ કરો તો સંસારનો અને દુઃખનો અંત આવશે. આત્મસ્વરૂપની અને પરસ્વરૂપની પીછાણ કરી પરથી પાછા હઠવાની અને કર્મબંધન ઓછા કરવાની જિજ્ઞાસા જાગે તો સમજવું કે મારા પુણ્યનો ઉદય છે. અજ્ઞાન રૂપી અંધકારમાં ઘણા આત્મા ડૂબી રહ્યા છે. પોતાના પ્રકાશને, પોતાની પરમ શક્તિને ન પીછાણે તેની શી દશા થાય ?

પર પરિણતિ પોતાની માને, વર્તે આર્ત રૌદ્ર ધ્યાને,
બંધ મોક્ષ નવ પિછાણે, તે જ પહેલે ગુણઠાણે.

પર પરિણતિને પોતાની માને, જે આર્તધ્યાન, રૌદ્રધ્યાનમાં વર્તતા હોય, જેને બંધ, મોક્ષ આદિ તત્ત્વોની પીછાણ નથી તેવા આત્માઓ પહેલા ગુણસ્થાનકે વર્તી રહ્યા છે. મિથ્યાત્વમાં વર્તતા જીવોની આ દશા છે. આવા જીવો પોતાની માન્યતાને છોડતા નથી, તેથી સંસારમાં પરિભ્રમણ કરે છે, પણ વિચાર કરો. મનુષ્ય જન્મની સાર્થકતા શું છે ? અજન્મ દશા પ્રાપ્ત કરવામાં માનવજન્મની સાર્થકતા છે. જેનો જન્મ થયો છે તેનું મરણ તો અવશ્ય છે પણ મરણ પછી જન્મને અટકાવી દેવો તે પોતાના હાથની વાત છે. મરણ કયારે બાજ પક્ષીની જેમ આપણા ઉપર તૂટી પડશે તેની આપણને ખબર નથી. માટે પહેલેથી ચેતીને આત્મખોજને પંથે પગલા માંડો, આત્મધર્મને ઓળખો તો જન્મ-મરણનો ગાઢ અંધકાર દૂર થતાં આત્મપ્રભા ઝળહળી ઉઠશે.

જે શરીરને સાચવવા માટે આટલી બધી મહેનત કરો છો તે શરીર પણ નાશવંત છે. કારણ કે તે પર છે. જેટલા પરને પોતાના માનશો તેટલા વજ્રઘાત સહન કરવા પડશે. ધન અને વૈભવ પણ કયારે ચાલ્યા જશે તે ખબર નથી. માટે સ્વજન કે સંપત્તિના સંયોગમાં હર્ષ પામવો અને વિયોગમાં શોક કરવો નકામો છે માટે સમજી લેવું જોઈએ કે સંયોગ અને વિયોગ બંને આત્માના ઘરની વસ્તુ નથી. અજ્ઞાની જીવ સંયોગ થતાં સુખ અને વિયોગ થતાં દુઃખ માને છે. જ્ઞાની પુરૂષો કહે છે કે આ મને ઈષ્ટ છે ને આ મને અનિષ્ટ છે એમ રાગ દ્વેષ કરી સંસાર વધારવો નહિ. દરેક જીવો કર્મની જાળમાં સપડાયેલા છે. તેમને છોડાવવાની આપણામાં તાકાત નથી પણ પોતે જ પોતાના પુરૂષાર્થદ્વારા કર્મની જાળમાંથી

છૂટી શકે છે. પ્રત્યેક પદાર્થો અને પ્રાણીઓ પ્રત્યે સમભાવ રાખવો, આત્માને જ્ઞાતા અને દ્રષ્ટા બનાવવો તો સંસાર ચક્રમાંથી છૂટી શકાશે, બાકી તો જે કર્મ જાણતાં કે અજાણતાં પોતાના માટે કે પોતાના કુટુંબ માટે ગમે તેને માટે બાંધ્યા હશે તે પોતાને જ ભોગવવા પડશે, માટે છૂટવું હોય તો કર્મબંધનથી અટકો.

આપણે નેમનાથ ભગવાન અને રાજેમતીના પૂર્વભવોનું વર્ણન ચાલે છે, તેમાં ધનકુમાર સુરતેજ નગરમાં સુરચક્રી રાજાને ત્યાં પુત્રપણે જન્મ્યા છે અને ધનવંતી શિવમંદીર નગરમાં અનંગસિંહ રાજાને ત્યાં જન્મી છે, બંને આત્માઓ વિદ્યાધરના કુળમાં જન્મ્યા છે. બંને તેમના માતા-પિતાને ત્યાં લાડકોડથી ઉછરે છે. માતા-પિતાએ તેમને પ્રેમથી ભણાવી ગણાવીને ઉછેર્યા છે. તેમાં રત્નવતી તો ઘણા ભાઈઓની એક જ બહેનડી છે. એટલે એના તો ઘણાં માન છે. માતા-પિતાઓની સંતાનો પ્રત્યે અલૌકિક મમતા હોય છે, અને આશાના મિનારા હોય છે કે સંતાનો મોટા થશે એટલે આપણે સુખી થઈશું. પણ જ્ઞાની કહે છે કે તમે સંતાનો પ્રત્યે ગમે તેટલું મમત્વ રાખો પણ " नालं ते ताणाए वा सरणाए वा, तुमं पि तेसिं नालं ताणाए वा सरणाए वा। " તમારા સંતાનો કે બીજા કુટુંબીજનો કે જેમને પોતાના માનો છો તે તમને ત્રાણ શરણ નથી અને તમે પણ તેમને ત્રાણ શરણ નથી. જેની સાથે જેટલા લેણા દેણા હશે તેટલા લેવાશે. પુણ્યનો ઉદય હોય તો સંતાનો માતા-પિતાને સંભાળે છે. અહીં મને એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક ગામડામાં એક ગરીબ પતિ-પત્ની રહેતા હતા. તેઓ કર્મોદયે ખૂબ ગરીબ હતા. તેમની પાસે માત્ર ચાર વીઘા જમીન હતી. એટલે ખેતી કરીને પોતાનું જીવન ગુજારતા હતા. બે ત્રણ સંતાન થયા પણ બાલપણમાં જ મરી ગયા પછી એક પુત્ર થયો. તે દીકરો બાલપણથી ખુબ હોંશિયાર અને વિનયવંત હતો. એને જોઈને માતા પિતાની આંખડી ઠરી જતી. માબાપને પુત્ર પ્રત્યે ખૂબ પ્રેમ હતો. એના ઉપર એમણે આશાના મિનારા બાંધ્યા હતા. દીકરો મોટો થયો એટલે તેને ભણવા મૂક્યો. આ છોકરો બધા વિદ્યાર્થીઓમાં હોંશિયાર હતો. દરેક વર્ગમાં પહેલાં નંબરે પાસ થતો હતો. પુત્રની હોંશિયારી જોઈને માતા પિતાની છાતી ગજગજ ફુલવા લાગી, અને પુત્ર કેમ વધુ પ્રગતિ કરે તે માટે સતત ધ્યાન રાખતા. છોકરો ભણે છે એટલે એને ઘી, દૂધ, ફ્રૂટ વિગેરે પૌષ્ટિક પદાર્થો ખવડાવીએ તો એની યાદશક્તિ વધે, શરીર સારું રહે. એને સારા કપડા પહેરાવીએ તો શોભી ઉઠે, અને બહાર એની પ્રતિભા પડે. એ માટે આ ગરીબ મા-બાપ રાત દિવસ સતત પરિશ્રમ કરતાં હતાં.

" સંતાનો માટે મા-બાપ શું નથી કરતા ! " :- મા બાપને પોતાના સંતાનોને ભણાવી ગણાવી હોંશિયાર બનાવવાનાં કેટલા કોડ હોય છે ! એ સમજે છે કે પછી આપણા બધા દુઃખ ચાલ્યા જશે, પણ સંસાર એવો વિચિત્ર પ્રકારનો છે કે માણસ

મારે છે શું ને બને છે શું ? આ છોકરો ખૂબ ગુણીયલ અને વિનયવંત છે. પોતાના માટે માતાપિતાને આટલી બધી મહેનત કરતા જોઇને તેના મનમાં થતું કે હું આ મારા માતા પિતાના ઋણમાંથી કયારે મુક્ત થઈશ ? એમના ઉપકારનો બદલો કયારે વાળીશ ? આ મા બાપ ઘણી વખત અડધા ભૂખ્યા રહેતા પણ દીકરાને પેટ ભરીને ખવડાવતા. દીકરાની જરૂરિયાતમાં કંઇ પણ ખામી ન રહે તે માટે બંને માણસ કાયાના કોડિયા જલાવી પોતાના જીવનનું તેલ સીંચી રહ્યા હતા. ગજા ઉપરાંત મજુરી કરવાથી બંને જણા વગર ઘડપણે ઘરડા જેવા બની ગયા હતા. એક તો કડકડતી ગરીબાઇ એટલે લૂખા સૂકા ભોજન ખાવાના અને કામ ઘણું કરવાનું. એટલે ઘરડા જ દેખાય ને ?

" પુત્રના દિલાસાથી આંસુથી છલકાતી મા-બાપની આંખો " :- મા-બાપનું શરીર જોઈ ને છોકરાની આંખમાં આંસુ આવી જતા. મારી પાછળ મારા મા-બાપે તો જાત ઘોઇ નાંખી. તેમનું શરીર કેવું થઈ ગયું છે ! ઘણી વાર તે કહેતો. બા-બાપુજી ! હું ભણી રહીશ એટલે તમને બિલકુલ કામ નહિ કરવા દઉં હોં....ત્યારે મા-બાપની આંખમાં હર્ષના આંસુ આવી જતાં. ગામડામાં અભ્યાસ પૂરો થયો એટલે મા-બાપે વિચાર કર્યો કે વધુ મજુરી કરીશું પણ દીકરાને મુંબઈ જેવા મોટા શહેરમાં ભણવા મૂકીએ. દીકરો વધુ હોંશિયાર થાય તેમાં આપણી શોભા છે ને ? પુત્રને આગળ ભણાવવા મોટા શહેરમાં મોકલ્યો. જેટલું ભણતર વધે એટલો ખર્ચ પણ વધુ થાય ને ? એને પૈસા વધારે મોકલવા પડે. આ મા-બાપે પોતાના એકના એક પુત્રની ઉન્નતિ માટે પોતાનું સર્વસ્વ હોમ કરી દીધું. માતા-પોતાની પાસે જે દાગીના હતા તે ગીરવે મૂકીને પુત્રને પૈસા મોકલે છે. એથી વધુ જરૂર પડે તો કોઇની પાસેથી વ્યાજે પૈસા લાવીને પણ પુત્રની જ્ઞાનજ્યોતિના દીવડાને જલતો રખાવતી. પુત્ર પણ માતાપિતા ને સહાનુભૂતિ દર્શાવતો, લાગણીથી છલકાતો પત્ર લખતો, અને કયારેક રજાના દિવસોમાં માતા પિતાની ખબર લઈ જતો, સમય જતાં દીકરાનો અભ્યાસ પૂરો થયો એટલે તે કોલેજમાં પ્રોફેસર બન્યો. જે દિવસે દીકરો પ્રોફેસર બન્યો તે દિવસે માતાપિતાની આંખમાં હર્ષના આંસુ આવી ગયા. પોતાના પુરૂષાર્થની વેલે પાંગરેલા પુષ્પો નિહાળીને કયા માતાપિતાને આનંદ ન થાય ?

" દીકરાને પરણાવવા ગીરવે મૂકેલા ઘર " :- દીકરો હોંશિયાર છે, દેખાવમાં પણ સારો છે અને સારી નોકરી મળી એટલે સારા ઘરનો કન્યાઓના કહેણ આવવા લાગ્યા. મા-બાપને દીકરાને પરણાવવાના ખૂબ કોડ હોય છે. સારા ઘરની કન્યાઓના કહેણ આવે છે પણ એને પરણાવવાનો ખર્ચ કરવા જેટલા પૈસા નથી. જે કંઈ હતું તે ભણાવવામાં ખર્ચી નાંખ્યું હતું. અંતે બંને માણસે વિચાર કર્યો કે હવે તો દીકરો નોકરી પર ચઢી ગયો છે એટલે પગાર આવશે, તેથી ચિંતા નથી. આપણું ઘર અને જમીન ગીરવે મૂકીને દીકરાને પરણાવવી દઇએ. પછી પુત્રના પગારમાંથી ઓછા ખર્ચે નભાવીને જે પૈસા બચશે તે ભેગા

કરીને ઘર અને જમીન બે ત્રણ વર્ષમાં છોડાવી લઈશું. આવો વિચાર કરીને ઘર અને જમીન ગીરવે મૂકીને સારા ઘરની સુંદર કન્યા સાથે પુત્રના લગ્ન કરી દીધા.

લગ્ન પછી આ છોકરો-વહુ મા-બાપને પગે લાગીને પ્રોફેસરની ચાલુ નોકરી માટે શહેરમાં જવા નીકળ્યા. માતા-પિતાએ આશીર્વાદ આપ્યા કે દીકરા વહુ! તમે સુખી થાવ. તમારો સંસાર સ્વર્ગ જેવો રળિયામણો બને. એમ અંતરના આશીર્વાદ આપીને બંને જણા પોતાના વહાલસોયા પુત્રને ગામના પાદરે બસ સ્ટેશને વળાવવા આવ્યા. જતી વખતે પુત્ર ફરીને પગે લાગ્યો, ત્યારે મા-બાપ કહે છે દીકરા! તું મોટા શહેરમાં રહેવા જાય છે પણ અમને ભૂલી ન જતો હોં....અમારી ખબર લેજે અને જેવો છે તેવો રહેજે. હવે અમારા જીવનનો આધાર તારા પર છે, ત્યારે દીકરાએ કહ્યું-બા બાપુજી! તમે ચિંતા ન કરો. હું દર મહિને પગારમાંથી આપને પૈસા મોકલાવીશ. એ પણ સમજતો હતો કે મને ભણાવવા ને પરણાવવાની પાછળ મા બાપે તેમની જાત નિચોવી નાંખી છે. એમનું શરીર હાડપિંજર જેવું બની ગયું છે. હવે હું એમને સારા બનાવી દઈશ. માતા-પિતા પાસેથી વિદાય લઈને પુત્ર અને પુત્રવધૂ બસમાં બેઠા ને બસ ઉપડી. મા-બાપ તો પુત્રની સામે ટગર ટગર જોઈ રહ્યા. પુત્ર વિદાય થયો ત્યારે એમની આંખમાંથી અશ્રુનો ધોધ વહ્યો. પુત્ર પણ કાચની બારીમાંથી માતા-પિતાની વિરહ વેદના નિહાળતો તેમના દૃષ્ટિપથ પરથી અદૃશ્ય થયો.

બંધુઓ! મા-બાપ પોતાના સંતાનો માટે કેટલું કરે છે? મા-બાપને પોતાના દીકરા કેટલા વહાલા હોય છે? સંતાનોને સુખી કરવા પોતાની જાત સામું પણ જોતાં નથી, પણ આજના સંતાનો ભણીગણીને હોંશિયાર થાય, પોતાના પગભર થાય છે એટલે મા-બાપને ભૂલી જાય છે. અનુભવીઓ કહે છે કે હે સંતાનો!

"ભૂલો ભલે બીજું બધું પણ મા-બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એહના, એ વિસરશો નહિ."

તમે બીજું બધું ભૂલી જજો પણ મા-બાપને કદી ભૂલશો નહિ. સંતાનો ઉપર માતા-પિતાનો અનહદ ઉપકાર હોય છે. એમને માટે સંતાનો જેટલું કરે તેટલું ઓછું છે. મા-બાપ તો તીર્થ સમાન છે. આજે માણસો તીર્થસ્થાનોમાં યાત્રા કરવા જાય છે પણ હું તો કહું છું કે બહારના તીર્થોમાં જવા કરતાં ઘરમાં જાગતું ને જીવતું તીર્થ માતા પિતા છે તેમની સેવા કરો. એના અંતરના આશીર્વાદ મેળવશો તો મહાન સુખી થશો. આજે કંઈક ઘરમાં એવા કુપાત્ર પુત્રો જોવા મળે છે કે મા-બાપ વૃદ્ધ થાય, બિમાર થાય છતાં તેમની ખબર નથી લેતા. કંઈક જગ્યાએ દીકરા જુદા થાય તો મા-બાપને બંને ઘરે એકએક વહેંચી લે છે. અહાહા....આવા સંસારને ધિક્કાર છે! પોતાના સંતાનો પળાય પણ એક તીર્થ સમાન પવિત્ર અને ઉપકારી મા-બાપ નથી પળાતા. કંઈક ભાગ્યવાન માતાપિતા દીકરાથી કુલે પૂજાય તેમ પૂજતા હોય છે.

પેલો છોકરો શહેરમાં રહેવા ગયો, શરૂઆતમાં તો મા-બાપ ખૂબ યાદ આવતા. તેના દિલમાં એક ખટક હતી કે હું ક્યારે એમના ઋણમાંથી મુક્ત થઈશ. મા-બાપને મીઠો હેતભર્યો પત્ર પણ લખતો કે હું પૈસા લેગા થશે એટલે મોકલાવીશ. માતા-પિતા પણ આશામાં દિવસો પસાર કરતા હતા, પણ કર્મરાજાની લીલા ઓર છે. માનવી ધારે છે શું ને થાય છે શું? દીકરો ગામડામાંથી શહેરમાં આવ્યો. થોડો સુખી થયો ને પત્નીના પ્રેમમાં પડ્યો એટલે ધીમે ધીમે માતાપિતાને ભૂલવા લાગ્યો. પત્ર લખવાનો પણ બંધ થયો પછી પૈસાની તો વાત જ ક્યાં રહી! માણસ ગામડામાંથી શહેરમાં આવે છે એટલે તે પાકો શહેરી બની જાય છે અને માતાપિતા પ્રત્યેની માયાને જેમ સર્પ કાંચળી ઉતારે એમ પોતાના પરથી ઉતારી નાંખે છે. પછી તો એનું જગત પોતે, પોતાની પત્ની અને પોતાના પરિવાર પૂરતું સીમિત બની જાય છે. સ્વાર્થના આ કોચલામાં એને સ્વર્ગનું સુખ દેખાય છે.

"માબાપના પ્રેમને ભૂલતો પુત્ર" :- છોકરાના જીવનમાં આવું જ બન્યું. શરૂઆતમાં પત્ર લખ્યો ને થોડા પૈસા મોકલ્યા પછી તો બધું બંધ થઈ ગયું. પુત્ર પાછળ જાન આપનાર માતાપિતા સમાચાર બંધ થતાં ચિંતાતુર બની ગયા. અરેરે...મારા દીકરાનું શું થયું હશે? પણ એમને ક્યાં ખબર છે કે દીકરાના દિલમાંથી અમારા પ્રત્યેના સ્નેહની સરવાણી સૂકાઈ ગઈ છે. છેવટે પિતાએ પત્ર લખ્યો કે બેટા! હવે મારાથી ખેતીનું કામ થતું નથી અને તારી માતાથી લોકોના કામ થતા નથી ને દાઢીયે પણ જઈ શકતી નથી, માટે તું અમને પૈસા મોકલજે. તું પત્ર કેમ નથી લખતો? અમને તારી યાદ સતાવે છે. આ રીતે ઘણું લખ્યું. દીકારાને પત્ર મળ્યો. પત્ર વાંચ્યો પણ એનું હૃદય ન પીગળ્યું ને પત્રનો જવાબ પણ ન આપ્યો. છેવટે રાહ જોતાં મા-બાપ નિરાશ થઈ ગયા. અહો! જે છોકરા માટે જાત સામું જોયું નહિ, પેટે પાટા બાંધીને ભણાવ્યો ત્યારે એ આપણને ભૂલી ગયો? આમ વિચારતાં છાતીફાટ રડવા લાગ્યા.

બંધુઓ! માણસ ધારે છે શું ને બને છે શું? માણસનું ધારેલું કામ પાર પડતું નથી. મનુષ્ય બધાને પહોંચી શકે છે પણ કર્મને કોઈ પહોંચી શકતું નથી. આ દીકરો જ્યારે ભણતો હતો ત્યારે માતાપિતાને દેવની જેમ પૂજતો હતો ને મા-બાપને હું ક્યારે સુખી કરીશ તેની ચિંતામાં રડતો હતો પણ હવે એ બધું જ એને વીસરાઈ ગયું છે. વીસર્યો તો કેવું વીસર્યો કે મા-બાપ ભૂખ્યા મરે છે છતાં એને જવાનું કે પૈસા મોકલવાનું મન થતું નથી. અહાહા....કર્મ શું તારા ખેલ છે! સદ્‌ગુણી પુત્રને તેં આજે કુપુત્ર બનાવી દીધો.

"પિતાનું કરૂણ રૂદન" :- બીજી તરફ દીકરાને પરણાવવા માટે ઘર અને જમીન જેને ત્યાં ગીરવે મૂક્યા હતા તે શેઠ ધમકી આપતા હતા કે પૈસા આપી દો. નહિતર ઘર

અને જમીન લઈ લઇશ. એટલે બાપ કોઇની પાસે ભીખ માંગીને ટિકિટના પૈસા મેળવી શોધતો શોધતો પુત્રને ઘેર ગયો. પ્રેમથી પુત્રને કહ્યું–બેટા! તું અમને સાવ ભૂલી જ ગયો! અમારા સામું તો જો. અમે ભૂખ્યા મરીએ છીએ, તો પણ દીકરાએ સામું ન જોયું, ત્યારે કહે છે બેટા! તને પરણાવવા માટે ઘર અને જમીન ગીરવે મૂકયા છે તે શેઠ અમને બહુ ધમકી આપે છે તો તું પૈસા આપ તો હું ઘર અને જમીન છોડાવી લઉં. એ ઘર લઈ લેશે તો અમે કયાં રહીશું? આટલું બોલતાં બાપની આંખમાંથી બોર બોર જેટલા આંસુઓ ટપકવા લાગ્યા તો પણ દીકરાનું દિલ ન પીગળ્યું, ત્યારે જરા ગુસ્સે થઇને કહ્યું. દીકરા! અમે તો તારા ઉપર આશાનો દોર બાંધ્યો હતો પણ તું તો કૃતઘ્ન નીવડયો. પેટે પાટ. બાંધીને તને ભણાવ્યો, ગણાવ્યો ને પરણાવ્યો એનો તું અમને આવો જ બદલો વાળી રહ્યો છે? મા–બાપની આંતરડી દુભાવી રહ્યો છે? તો પણ દીકરો ન પીગળ્યો. બાપને પાણી સરખું પાયું નહિ. અહાહા....હૃદય કેવું કઠોર બની ગયું!

પથ્થર પૂજ્યા પૃથ્વી તણાં, ત્યારે દીઠું તમ મુખડું,
એ પુનિત જનના કાળજા, પથ્થર બની છૂંદશો નહિ.

આ છોકરો એવો નિષ્ઠુર બની ગયો કે બાપ આટલું કરગર્યો છતાં પીગળ્યો નહિ, અને ઉપરથી કહ્યું કે ચાલ્યા જાવ. ભણાવ્યો, ગણાવ્યો, પરણાવ્યો એમાં શું મોટું કર્યું છે? તમારી ફરજ હતી. અરે બેટા! તો તારી ફરજ શું છે? તારો માતા તને યાદ કરી કરીને ઝૂરે છે. મરવા પડી છે તેની તો દયા કર, ત્યારે કહે છે કાલે મરતી હોય તો આજે મરે. મારે કોઇની જરૂર નથી. દીકરાના આવા કઠોર શબ્દે બાપનું હૃદય વીંધી નાંખ્યું. તેમને ભયંકર આઘાત લાગ્યો. આશાભેર આવેલો બાપ નિરાશ થઇને પાછો ફર્યો. બાપ ઘેર આવ્યો ત્યારે શેઠે ઘર અને જમીન ટાંચ લાવીને કબજે કરી લીધા. આ બધાથી બાપનું હૃદય ચીરાઈ ગયું ને પુત્રે જે વર્તન કર્યું તેના આઘાતે તો બાપના પગ ભાંગી ગયા. પુત્રના આવા નિર્દય વર્તનથી માતાને ખૂબ દુઃખ થયું ને બાપને અસહ્ય આઘાત લાગ્યો એટલે થોડા સમયમાં તે અંતિમ સોડ તાણીને સૂઈ ગયા.

"માતાએ કરેલી આજીજી" :– પિતા મરણ પામ્યા એટલે આડોશીપાડોશીએ એના દીકરાને ખબર આપ્યા, તો પણ એને આઘાત ન લાગ્યો, પણ વ્યવહાર દૃષ્ટિથી બાપની અંતિમ ક્રિયા કરવા આવવું જોઈએ એટલે ગામડામાં આવ્યો ને અંતિમ ક્રિયા કરીને બીજે દિવસે શહેરમાં જવા તૈયાર થયો ત્યારે માતા કહે છે બેટા! તારા પિતાજી ગયા ને હું કામ કરી શકતી નથી, અહીં મારું કોણ છે? તું મને તારી સાથે લઈ જા, તારા ઘરમાં એક નોકરડી તરીકે રહીશ, ત્યારે છોકરો કહે છે મા! તું તો આ ગામડામાં રહી છે એટલે શહેરના ધમાલિયા જીવનમાં તને નહિ ફાવે. પૈસાટકની ચિંતા તું ન કરીશ. હું દર મહિને રૂ. ૨૫) મોકલી આપીશ, અને દર વેકેશનમાં તારા દીકરા વહુને લઇને અહીં આવીશ, એટલે તને છોકરાઓ રમાડવાનો લ્હાવ પણ ઘર આંગણે જ મળી જશે. મા સમજી

ગઈ કે દીકરાને મને લઈ જવાની ઇચ્છા નથી. એટલે કહે છે જોજે હોં દીકરા ભૂલતો નહિ. પૈસા જરૂર મોકલજે ને કાગળ લખજે. દીકરો કહે ભલે....બા. એમ આશ્વાસન આપીને પોતાને ઘેર આવ્યો. ચાર પાંચ મહિના તો પૈસા મોકલ્યા, કાગળ પણ લખ્યો પણ પછી પુત્ર પરિવાર અને પત્નીના પ્યારમાં તથા ધનના ઘમંડમાં દુઃખીયારી માતાને વિસારી દીધી.

"છતે પુત્રે માતાની કારમી કહાણી" :– આ તરફ માતાને શેઠે ઘરમાંથી કાઢી મૂકી એટલે એક ખૂણામાં ભાંગીતૂટી ઝુંપડીમાં પડી રહે છે. કોઈ દયાળુ બટકુ રોટલો આપે તો ખાય છે. નહિતર ભૂખી રહે છે. ભૂખનું દુઃખ સહન થતું નથી એટલે કોઈની પાસે પુત્રને પૈસા મોકલવા પત્ર લખાવે છે પણ પુત્ર તો માતાનો પત્ર વાંચતો નથી. કચરો નાંખવાની ડોલમાં ફેંકી દે છે. ચાર પાંચ પત્રો લખાવ્યા પણ બધા કચરામાં ગયા, પણ દીકરાએ માની ખબર ન લીધી તે ન જ લીધી. કવિ કહે છે.

લાખો કમાતા હો ભલે, માબાપ જેથી ના ઠર્યા,
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભુલશો નહિ.

લાખપતિના મા–બાપ જો દુઃખી હોય તો એના લાખ એ રૂપિયા રાખની ઢગલી છે. આ છોકરો લાખો રૂપિયા કમાતો હતો પણ ઉપકારી માતા જે ઘરઘરમાં ટુકડા માંગીને ખાય છે તેની ખબર લેતો નથી. આવા પુત્રોને હજારો વાર ધિક્કાર છે. છેવટે માતા મરણ પથારીએ પડી ત્યારે સમાચાર મોકલાવ્યા કે દીકરા ! એક વખત તારું મુખ બતાવી જા, તો મને સંતોષ થાય. જુઓ, દીકરો આટલા દુઃખમાં માતાની ખબર લેતો નથી છતાં મા દીકરાને કેટલું ઝંખે છે ! બંધુઓ ! દુનિયામાં બધું મળશે પણ માતાના હેત નહિ મળે. માતાએ લખાવ્યું કે દીકરા આ પત્ર વાંચીને જલ્દી આવજે. આ તારી દુઃખીયારી માતાનો આ છેલ્લો સંદેશ છે, હવે ફરીને સંદેશો મોકલવાની નથી. પુત્રે માતાનો અંતિમ સંદેશો વાંચ્યો, એનું હૃદય હચમચી ઉઠ્યું. અહો ! જે માતાએ મારે માટે કેટલાં કષ્ટો સહ્યાં, મને પેટ ભરીને જમાડવા કોઈ ન જાણે તેમ કેટલા ટંક ભુખી રહી. મને ભણાવવા એણે શરીર સામું ન જોયું, આવી પવિત્ર માતાની મેં ખબર ન લીધી ! હું મારી ફરજ ચૂકી ગયો ! એમ પશ્ચાતાપ કરતો માતાને મળવા અધીરો બન્યો ને તરત બસ પકડી લીધી.

પાછળનો પસ્તાવો શું કામનો ? ગામ આવતા બસમાંથી ઉતરીને ગામમાં દાખલ થયો. ત્યાં સમાચાર મળ્યા કે દીકરાના નામની માળા જપતી માતા આજે સવારે મૃત્યુની ગાઢ નિદ્રામાં પોઢી ગઈ. ગામના લોકોએ ભેગા થઈને એની અંતિમ ક્રિયા કરી. આ સમાચાર સાંભળીને દીકરાને ઘણ આઘાત લાગ્યો. એક તરફ માતાનો આઘાત છે ને બીજી તરફ ગામના લોકો એનો તિરસ્કાર કરતાં બોલવા લાગ્યા કે જીવતાં માની ખબર લીધી નહિ ને હવે દેખાવ કરવા માટે આવ્યો. કોઈ કટાક્ષ કરતા બોલે છે કે જુઓ....

જુઓ આ માતાપિતાની સેવા કરનારો શ્રવણ આવ્યો. એની માતા પૈસા માટે તલસી રહી હતી, અન્ન માટે વલખા મારી રહી હતી અને આ બાદશાહ શહેરમાં એની મલ્લિકા અને શાહજાદા સાથે અમનચમન ઉડાવી રહ્યો હતો. હવે માતા પ્રત્યે પ્રેમ અને લાગણી બતાવવા આવ્યો છે. લોકોના શબ્દો છાતીમાં તીરની જેમ ભોંકાઈ જવા લાગ્યા. હવે એને એની ભૂલનું ભાન થયું કે મેં મારા મા-બાપની જીવતા ખબર ન લીધી, ત્યારે બધા મને કહે છે ને! ધિક્કાર છે મને! આના કરતાં હું પથ્થર પાક્યો હોત તો સારું થાત. એમણે મારે માટે કેટલું દુઃખ સહન કર્યું ને મેં એમને માટે શું કર્યું! આ રીતે પોતાનો ભૂતકાળ નજર સમક્ષ ખડો થઈ ગયો. એને પોતાની ભૂલનો ભારે પશ્ચાતાપ થયો. તે બેભાન થઈને ઢોંય પડયો પણ કોઈ એની સામું જોતું નથી.

"માતાનો અંતિમ સંદેશો" :- છેવટે ભાન આવતાં એની માતાની ઝુંપડીની બાજુમાં રહેલા એક વૃદ્ધ ડોશીમાની પાસે જઈને પૂછયું, હે માજી! મારી માતાએ મને કહેવા માટે કંઈ અંતિમ સંદેશો આપ્યો છે? ત્યારે કહે છે હા....એણે મરતાં મરતાં કહ્યું છે કે મારો દીકરો મારા મરણ પહેલાં ન આવી શકે તો તમે મારા વ્હાલસોયા દીકરાને કહેજો કે તારી માતાએ તને, તારી વહુને અને પૌત્રોને એવા અંતરના આશીર્વાદ આપ્યા છે કે "તારા માતાપિતા જેવી વસમી વૃદ્ધાવસ્થા તને ન સાંપડશો, પણ જિંદગીના અંત સુધી તને તારા સંતાનોનું સુખ સાંપડજો."

માતાનો આ અંતિમ સંદેશો સાંભળીને પુત્રનું હૃદય ઘવાઈ ગયું. અહો! મેં તો માતાની ખબર ન લીધી પણ એણે મને કેવા આશીર્વાદ આપ્યા છે! ધિક્કાર છે આ પાપી પુત્રને! કે પિતાજી મારે ઘેર આવ્યા, રડયા, ઝુર્યા છતાં મેં તેમને દાદ ન દીધી. એ આઘાતમાં એમણે પ્રાણ ગુમાવ્યા ને મા પણ મને મળવાની ઝંખના કરતી ચાલી ગઈ. હવે દીકરો મહિનાઓ સુધી પશ્ચાતાપની પાવક જ્વાળામાં સળગતો જ રહ્યો, અને એને સત્યનું દર્શન થતાં ભાન થયું કે જે સંતાનો પોતાના માતા-પિતાની સેવા નથી કરતા એમને પ્રાયશ્ચિતમાં પોતાના સંતાનોની સેવા સ્વીકારવાનો પણ કાંઈ અધિકાર નથી. આ સત્યનો સાક્ષાત્કાર થતાં એણે પ્રતિજ્ઞા કરી કે મારું સર્વસ્વ સમર્પી દઈને પણ હું મારા સંતાનોને ઉચ્ચતમ શિક્ષણ અપાવીશ. પણ હું મારા એક પણ સંતાનની સેવાનો સ્વીકાર કદી નહિ કરું.

આપણે ચિત્રગતિ અને રત્નવતીની વાત ચાલે છે. એમનો સબંધ કેવી રીતે બંધાશે, તેના અનુસંધાનમાં વચમાં શું ઘટના બને છે તે સાંભળો. તે સમયમાં ભરતક્ષેત્રમાં ચક્રપુર નગરમાં સુગ્રીવ નામના રાજા હતા. તેમને બે રાણી હતી. એકનું નામ યશવંતી અને બીજીનું નામ ભદ્રા હતું. યશવંતીને સુમિત્ર નામે પુત્ર હતો ને પ્રિયદર્શના નામે પુત્રી હતી, અને ભદ્રાને પદ્મ નામે એક પુત્ર હતો. સુમિત્ર અને પદ્મ એક જ પિતાના સંતાનો

હતા પણ બંનેમાં આસમાન અને જમીન જેટલું અંતર હતું. સુમિત્ર વિનિત, ગંભીર અને દરેક જીવોનું ભલું કરનારો હતો. જ્યારે પદમકુમાર સ્વાર્થી અને નીચ વૃત્તિનો હતો. સુમિત્રના લોકો બે મોઢે વખાણ કરતાં ને કહેતા કે રાજા સુમિત્રને જ રાજ્યનો વારસદાર બનાવશે. પદમકુમાર રાજા બને તેવી તેનામાં બુદ્ધિ નથી. આ સાંભળીને ભદ્રા રાણી બળી જતી.

"ઈર્ષ્યાથી ભદ્રા રાણીએ આપેલું ઝેર" :- ભદ્રાના મનમાં એવો કુવિચાર ઉત્પન્ન થયો કે જ્યાં સુધી આ સુમિત્ર જીવતો રહેશે ત્યાં સુધી મારા પુત્રને રાજ્ય નહિ મળે. માટે હું એનો કોઈ પણ રીતે વિનાશ કરું. એમ નક્કી કરીને એક દિવસ તેણે સુમિત્રને ઘણા પ્રેમથી પોતાના મહેલે બોલાવ્યો. સુમિત્ર તો પવિત્ર હતો. એને માતાના કપટની ખબર ન હતી. એ તો જઈને માતાના ચરણમાં પડયો ને પૂછ્યું, માતા! મને કેમ યાદ કર્યો? ત્યારે ભદ્રાએ કહ્યું, બેટા! તું મને ખૂબ વહાલો છે. મેં તને ઘણાં દિવસથી જોયો ન હતો તેથી બોલાવ્યો છે. તું બેસ. ખૂબ પ્રેમથી બેસાડયો. બોડી બારે કઢેલા દૂધનો ગ્લાસ લાવીને કહે છે બેટા! આ દૂધ પી, ત્યારે સુમિત્રે કહ્યું, માતાજી! મને બિલકુલ ભૂખ નથી, ત્યારે કહે છે બેટા! આ માતાના મહેલેથી ભૂખ્યા ન જવાય. થોડું તો પી. ખૂબ કહ્યું એટલે સુમિત્રકુમારે થોડું દૂધ પીધું. રાણીએ દૂધમાં ભારે ઝેર નાંખ્યું હતું. એટલે સુમિત્રે જેવું દૂધ પીધું તેવો જ તે બેભાન થઇને પડી ગયો.

બનવા કાળે બનવાનું હશે એટલે તે જ સમયે કોઇ કાર્યમાં રાજાને સુમિત્રની જરૂર પડી. એટલે શોધતાં ભદ્રારાણીના મહેલે આવ્યા ને જોયું તો સુમિત્રકુમાર બેભાન દશામાં પડયો છે. એનું શરીર લીલું થઈ ગયું છે. આ જોઈને રાજા સમજી ગયા કે આને ઝેર આપવામાં આવ્યું છે. એટલે રાજાએ તરત જ મંત્રીઓને વૈદ્યોને તેમજ ડોકટરોને બોલાવવા મોકલ્યા. મોટા મોટા વૈદ્યો અને ડોકટરો આવ્યા. ઉપચારો શરૂ થયા પણ કોઈ રીતે ઝેર ઉતરતું નથી. બધાને ચિંતા થવા લાગી કે હવે શું થશે? આખા નગરમાં એવી વાત ફેલાઈ ગઈ કે ભદ્રાએ ઈર્ષ્યાના કારણે સુમિત્રને ઝેર આપ્યું છે. ભદ્રા રાણીને કાને વાત આવી એટલે એના મનમાં થયું કે હવે રાજા મને મારી નાંખશે. તેથી ભયની મારી મહેલની પાછલી બારીએથી ભાગી ગઇ. આ તરફ મહારાજાએ સુમિત્રનું ઝેર ઉતરાવવા ઘણાં ઘણાં પ્રયત્નો કર્યા. મંત્રવાદી-તંત્રવાદીઓને બોલાવ્યા. ઝેર આપ્યાને બબ્બે દિવસ થઇ ગયા પણ હજુ ઝેર ઉતરતું નથી. ગામમાં હાહાકાર મચી ગયો છે. સૌના મુખ ઉદાસ બની ગયા છે. રાજમહેલ આગળ ઘણાં માણસો ભેગા થયા છે ને કાળો કલ્પાંત કરે છે. હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૧૯

શ્રાવણ સુદ ૧ ને શુક્રવાર તા. ૪-૮-૭૮

અનંતજ્ઞાની, ત્રિકાળદર્શી, ઉપકારી ભગવંત ફરમાવે છે કે હે ભવ્ય જીવો! માયા અને મમતા એ માનવીને સંસારમાં જકડી રાખનાર બંધનો છે. એ બંધનોને તોડવાની જ્યાં સુધી જીવમાં ભાવના જાગતી નથી ત્યાં સુધી પરવશપણે તે મોહની ગુલામી કર્યા કરે છે. જેના પ્રત્યે જીવ માયા અને મમતા કરે છે તે બધું ક્ષણભંગુર છે. છતાં માનવી તેમાં અમૂલ્ય જીવનને વેડફ્યા કરે છે. તો પણ તેને દિલમાં અફસોસ હોતો નથી, કારણ કે તેને આત્માની પિછાણ થઈ નથી.

જે માનવીના હૃદયમાં ભૌતિક સંપત્તિ, સત્તા અને સંસાર પ્રત્યેનો રાગ છે ત્યાં સુધી તેની દશા કાદવમાં બદબદતા કીડા જેવી છે. તે ભૌતિક પદાર્થો મેળવવામાં અને તેને ભોગવવામાં પોતાના જીવનને કૃતકૃત્ય માને છે, પણ એ નથી જાણતો કે આ બધું નાશવંત અને અસ્થાયી છે. તેનો મોહ અંતે વિષાદ કરાવશે. ઝાકળના બિંદુઓ પાણીદાર મોતીની જેમ ભલે ચમકતા હોય પણ તેને પરોવીને ગળામાં માળા પહેરી શકાતી નથી. ગમે તેટલા ઝાકળના બિંદુઓ એકઠા કરવામાં આવે પણ તેનાથી તૃષા છીપાવી શકાતી નથી, તેવી રીતે સંસારિક પદાર્થોથી મળતા સુખો ગમે તેટલા લોભાવનારા હોય પણ તેનાથી કદી શાશ્વત સુખ કે આનંદ મળતા નથી. અશાશ્વત ચીજના ઉપભોગથી મળતું સુખ અલ્પજીવી હોય છે. તેથી જ્ઞાની કહે છે તેવા સુખનું એક જ બિંદુ દુઃખના સિન્ધુને ભૂલી જાય છે.

સર્વ સંસારિક ચીજો અનિત્ય છે. તે વહેલી કે મોડી એક દિવસ છોડવાની છે. એવી ચીજના વિયોગ વખતે વિષાદ અનુભવવો તે પાગલતાનું લક્ષણ છે. સંયોગ અને વિયોગ સમયે સમાનભાવ રાખવો એ સાચા જીવનવીરનો મહામૂલો આદર્શ છે. અશાશ્વત ચીજનો મોહ એ માનવીની મોટામાં મોટી અજ્ઞાનતા છે. અપ્રાપ્યને પ્રાપ્ય કરવાની ઝંખનામાં જીવનને વ્યર્થ ગુમાવી દેવું તે જીવનું ગાંડપણ જ છે ને! એક દિવસ તો આ બધું ત્યાગવાનું છે. એવી દૃઢ શ્રદ્ધા જેના મનમાં હોય છે તેને પાછળથી દુઃખ અનુભવવું પડતું નથી. આવી અવસ્થા તે જીવનની ધન્ય અવસ્થા છે. એક કવિએ પણ કહ્યું છે કે–

"મોહ માયાને કરનારા....જરા જોને વિચારી તારી કાયા...."

આ પદ ખૂબ વિચારવા જેવું છે. આપણને જેના ઉપર અત્યંત રાગ છે એ કાયાને પણ એક દિવસ છોડવાની છે. શ્રીમંત હોય, ગરીબ હોય કે મોટા ચમરબંધી હોય પણ આયુષ્ય પૂર્ણ થતાં એક દિવસ સૌ કોઈને જવું પડે છે. આ ઘડિયાળ પણ કટકટ કરીને આપણને સમજાવે છે કે હે માનવ! તારા જીવનની દોરી પણ ક્ષણે ક્ષણે કટકટ કરતી

કપાઇ રહી છે. ગમે તેવો મોટો શક્તિધારી મનુષ્ય પણ આયુષ્યની દોરીને સાંધવા સમર્થ નથી, માટે જ્યાં સુધી આયુષ્યની દોરી તૂટી નથી ત્યાં સુધી જીવનમાં ધર્મારાધના કરી લો. જે ધર્મની આરાધના કરે છે તેના રાત્રિ અને દિવસો સફળ બને છે, અને જેઓ ધર્મારાધના કરતા નથી પણ ભોગવિલાસમાં જ રચ્યાપચ્યા રહે છે તેના રાત્રિઓ ને દિવસો અફળ જાય છે. હવે બોલો, તમારે તમારા જીવનમાં રાત્રિ ને દિવસો સફળ બનાવવા છે કે અફળ ?

આપણો આત્મા ભવસાગરની સફરે નીકળેલો યાત્રિક છે. ઘણી લાંબી યાત્રા કરતો કરતો પવિત્ર તીર્થધામ સમા માનવભવમાં આવ્યો છે. અહીં જ એને સફરની સફળતા મેળવવાની છે. ઘણાં માણસો બબ્બે-ત્રણ ત્રણ મહિના યાત્રાએ જાય છે. એ યાત્રા પૂરી કરીને આવે છે ત્યારે લોકો એમનું સ્વાગત અને સન્માન શા માટે કરે છે ? તે તમને ખબર છે ને ! વૈષ્ણવ લોકો એમ માને છે કે યાત્રા કરીને આવનાર પવિત્ર બની ગયો હોય. એના પાપ ધોવાઈ ગયા હોય, ભાવ શુદ્ધ બની ગયા હોય એવા આશયથી સ્વાગત કરે છે પણ યાદ રાખજો કે માણસ ગમે તેટલી યાત્રા કરીને આવે પણ જો તેનો આત્મા પાપભીરૂ ન બન્યો હોય, તેના જીવનમાંથી દુર્ગુણોની દુર્ગંધ ન ગઇ હોય, આત્મા પવિત્ર ન બન્યો હોય તો તેની યાત્રા સફળ બનતી નથી, તેવી રીતે આ અનંતભવનો યાત્રિક આપણો આત્મા મનુષ્યભવ, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ અને જૈન ધર્મરૂપી પવિત્ર તીર્થસ્થાનમાં આવ્યો છે. અહીં આવીને જો તેના જીવનમાંથી કષાયોની કડવાશ ન જાય અને કર્મોની કાલિમા ધોવાય નહિ તો આ યાત્રા સફળ થાય ખરી ! "ના" હવે જો આ વાત સમજાતી હોય તો યાત્રાને સફળ બનાવવાના પ્રયત્નો કરો આ પવિત્ર તીર્થધામ સમાન માનવભવમાં રાગ-દ્વેષ, અને વિષય કષાયના કચરા દૂર કરો.

માનવજન્મ રૂપી તીર્થધામ સમાન બીજું કોઇ પવિત્ર ધામ નથી પણ અનાદિ કાળથી જીવ સંવરના સ્થાને પણ આશ્રવ કરે છે એટલે કર્મબંધન તોડવાને બદલે કર્મ-બંધન કરે છે, પણ યાદ રાખજો કે બીજા સ્થાનમાં કરેલા પાપો ધર્મસ્થાનકમાં છુટી જાય છે પણ ધર્મસ્થાને કૃતં પાપં, વજ્રલેપો ભવિષ્યતિ । ધર્મસ્થાનકમાં કરેલા પાપ વજ્ર-લેપ જેવા બની જાય છે. ધર્મસ્થાનકમાં ધર્મારાધના કરીને પાપને સાફ કરવાના છે પણ રાગ-દ્વેષ, પરકી નિંદા, કુથલી કરીને ગાઢ કર્મ બાંધવાના નથી. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક વેશ્યાના ઘરની સામે એક સંન્યાસી રહેતો હતો. આ વેશ્યા રોજ સવારમાં ઉઠીને સંન્યાસી બાવાને નમસ્કાર કરતી હતી અને મનમાં રોજ ચિંતવણા કરતી હતી કે આ મહાન યોગી આત્મજ્ઞાનમાં કેવા મસ્ત રહે છે ! એ કેવા પવિત્ર છે ! ધન્ય છે એ પવિત્ર આત્માને ! અને હું કેવી અધમ, નીચ છું કે સવારથી ઉઠું ત્યારથી પાપ કરું છું. પવિત્ર પુરૂષોને પછાડી દઉં છું. અરેરે....હું મરી જઇશ ત્યારે મારા માટે તો નરક

જ છે. આમ પોતાના પાપનો પશ્ચાતાપ કરતી હતી. પશ્ચાતાપ કરતાં એની આંખમાં આંસુ આવી જતાં. પેલો સંન્યાસી રોજ સવારથી ઉઠે ત્યારથી વેશ્યને ઘેર કેટલા પુરૂષો આવ્યા ને કેટલા ગયા તે ગણ્યા કરતો ને એક કુલડી રાખી હતી તેમાં તે જેટલા પુરૂષો આવે તેટલા કાંકરા નાંખ્યા કરતો. સવારથી ઉઠીને ન ભગવાનનું નામ લેતો કે ન આત્મચિંતન કરતો. એની પાસે જે માણસો આવે તેમને આત્મજ્ઞાનની વાતો સમજાવતો પણ પોતાના જીવનમાં તેનું આચરણ ન હતું.

એક વખતે એ ગામમાં કોઇ મહાન પુરૂષ પધાર્યા ત્યારે ગામના લોકોએ તેમને પૂછયું કે અમારા ગામમાં એક સંન્યાસી ભગવા કપડા પહેરે છે, ટીલા ટપકા તાણે છે ને આત્મજ્ઞાનની વાતો કરે છે. તો એ મહાન સંન્યાસી છે. ત્યારે જ્ઞાની પુરૂષે કહ્યું કે એ સંન્યાસીએ ભલે ભગવા વસ્ત્રો પહેર્યા છે, ટીલા ટપકા તાણ્યા છે પણ એના કરતાં એની સામેના મકાનમાં જે વેશ્યા રહે છે તે પાપભીરૂ છે. આ સાંભળીને લોકો આશ્ચર્યમાં પડી ગયા ને પૂછયું–મહારાજ! એવું કેમ? ત્યારે કહે છે સાંભળો. એ વેશ્યા દરરોજ આ સંન્યાસીને પવિત્ર માનીને તેમને નમસ્કાર કરે છે, તેમના ગુણ ગાય છે અને પોતાનાં પાપનો પશ્ચાતાપ કરે છે. પશ્ચાતાપ કરતાં એની આંખમાં આંસુ આવી જાય છે. હવે તો તે પાપથી મુક્ત બની ગઇ છે, ત્યારે સંન્યાસી તો સવારથી ઉઠીને વેશ્યાને ઘેર કેટલા પુરૂષો આવ્યા ને કેટલા ગયા તે ગણવા માટે કુલડીમાં રોજ કાંકરા નાંખતો અને વેશ્યાની નિંદા કરતો. બોલો, એમાં પવિત્ર કોણ? વેશ્યા પોતાના પાપનો કરાર કરતી હવે સુધરી ગઈ છે ત્યારે સંન્યાસીએ તેની નિંદા કરતા અનેક પાપ બાંધ્યા. આનું કારણ એ છે કે એનો ત્યાગ બાહ્ય હતો પણ આભ્યંતર ન હતો. ટૂંકમાં જે સ્થાન પાપ છોડવાનું હતું તે સ્થાનમાં પણ સંન્યાસીએ પાપ છોડવાને બદલે પાપ બાંધ્યા. અન્યસ્થાને કરેલા પાપ ધર્મસ્થાનકમાં ધોશો પણ અહીં જો પાપ કરશો તો કયાં છોડશો?

આપણે ગઈ કાલે એ વાત આવી હતી કે બબ્બે દિવસ પૂરા થયા પછી પણ સુમિત્ર-કુમારનું ઝેર ઉતરતું નથી. ત્રીજો દિવસ આવ્યો, ઉપાયો ચાલુ જ હતા છતાં સુમિત્રની પરિસ્થિતિમાં સુધારો થયો નહિ એટલે સુગ્રીવ રાજા નિરાશ થઇ ગયા અને તેમના મનથી નક્કી કર્યું કે સુમિત્રકુમાર મરી ગયો છે. પુત્રના મૃત્યના આઘાતથી રાજા–રાણી આદિ સઘળો પરિવાર એકત્ર થઇને કરૂણ સ્વરે રૂદન કરવા લાગ્યો. આખા નગરમાં ભારે શોક છવાઈ ગયો. આ સમયે આપણા અધિકારના નાયક ચિત્રગતિ નામે રાજકુમાર અને તેનો મિત્ર બંને વિમાનમાં બેસીને ફરવા નીકળેલા. ત્યાં તેમણે વિમાનમાંથી આ લોકોને રડતા જોયા. જેનું દિલ કરૂણામય છે એવા ચિત્રગતિકુમારે પૂછયું કે આ ગામમાં શું બન્યું છે? લોકો શા માટે કલ્પાંત કરે છે? મંત્રીપુત્રે તપાસ કરીને કહ્યું કે આ નગરના રાજાના પુત્રને ઝેર ચઢયું છે. ત્રણ ત્રણ દિવસ થયા પણ ઝેર ઉતરતું નથી તેથી તે મૃત્યુ પામ્યો

છે એમ માનીને હવે તેને અગ્નિસંસ્કાર કરવા માટે લઈ જવાની તૈયારી કરે છે. આ કારણથી બધા રડે છે.

" ચિત્રગતિએ ઉતારેલા ઝેર " :–ચિત્રગતિ વિદ્યાધર પુત્ર હતો. વિદ્યાધરોની પાસે ઘણી ઘણી વિદ્યાઓ હોય છે. ચિત્રગતિએ વિચાર કર્યો કે મારી પાસે વિદ્યા છે તેનો અજમાશ કરું ને ઝેર ઉતરે તો કુમાર બચી જાય. એવા ભાવથી તેઓ નીચે ઉતર્યા ને રાજાની પાસે આવીને કહ્યું–મને કુમાર પાસે લઈ જાઓ. કેવા પ્રકારનું ઝેર છે તે હું જોઈ લઉં, પછી ઉતારવા પ્રયત્ન કરું, ત્યારે રાજાએ કહ્યું–ભાઈ ! તું તો હજુ નાનકડો છે. તું કેવી રીતે ઝેર ઉતારીશ ? મેં ઘણાં ઘણાં ઉપચારો કરાવ્યા પણ સફળ થયા નથી, ત્યારે કુમારે કહ્યું–મને અજમાશ તો કરવા દો. એટલે તેને કુમાર પાસે લઈ ગયા. ચિત્રગતિને લાગ્યું કે વિષ ઉતરે એમ છે. તેથી તેણે પાણી મંગાવીને વિષહર મંત્રનો જાપ કરીને સુમિત્રના બોદા ઉપર છાંટયું ને બોડું પાણી શરીરે ચોપડયું. બોડી વારમાં કુમારને હલ્લી થઇ તેમાં બધું ઝેર નીકળી ગયું ને આંખ ખોલી એટલે બધાને ખૂબ આનંદ થયો. જ્યાં જીવવાની કોઈ આશા ન હતી ત્યાં કુમાર જીવી ગયો એટલે કેટલો આનંદ થાય ? એ તો અનુભવે તે જ જાણી શકે. સુમિત્રકુમારે પોતાને ફરતા બધાને ચીંટાઇ વળેલા જોઇને પૂછયું કે મને અહીં શા માટે લાવ્યા છો ? ને બધા કેમ ઉભા છે ? એટલે રાજાએ કહ્યું.

" હે બેટા ! કયા કહું તુઝે અબ હૃદય કમલ હરસાયા,
વિમાતાને જહર દિયા થા, ઇસ નરને જાન બચાયા. "

હે મારા વહાલસોયા પુત્ર ! તને શું વાત કરું. આજે તો હજારો નિરાશામાં આશાનું કિરણ ફૂટયું છે. તારી અપર માતા ભદ્રાએ ઈર્ષ્યાભાવથી તને ઝેર આપ્યું હતું. પછી ચિત્રગાત તરફ આંગળી ચીંધીને કહ્યું કે કોઇથી ન ઉતરે તેવું ભયંકર ઝેર આ પરમ ઉપકારી કુમારે ઉતાર્યું છે. એટલે સુમિત્રે ચિત્રગતિનો આભાર માન્યો ને પૂછયું કે મને જીવતદાન આપનાર હે ઉપકારી મહાનુભાવ ! આપ કોણ છો ? મહાન પુરૂષો જલ્દી કોઇને પોતાનો પરિચય આપતા નથી. ચિત્રગતિ મૌન રહ્યા એટલે સાથે આવેલા મંત્રીપુત્રે ચિત્રગતિનો પરિચય આપ્યો. તેથી સુમિત્રે કહ્યું–મારી માતાએ મને ગમે તે ભાવે ઝેર આપ્યું પણ મને તો આપના જેવા પવિત્ર પુરૂષના દર્શન થયા. આપે મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. આપના જેટલા ગુણ ગાઉં તેટલા ઓછા છે. આપના ઉપકારનો બદલો હું કેવી રીતે વાળી શકીશ ? ત્યારે ચિત્રગતિએ કહ્યું–ભાઈ મેં આમાં કંઈ મોટો ઉપકાર કર્યો નથી. એક માનવ તરીકેની મારી ફરજ બજાવી છે. હવે હું જાઉં છું.

" ચિત્રગતિએ જવા માટે માંગેલી રજા " :– ચિત્રગતિએ જવા માટે રજા માંગી ત્યારે સુમિત્રે કહ્યું–વીરા ! હું તમને નહિ જવા દઉં. આપ અહીં થોડા દિવસ રોકાવ. ચિત્રગતિએ કહ્યું–હું રોકાઈ શકું તેમ નથી. મારે જવાની ઉતાવળ છે, પણ

સુમિત્રનો ઘણો આગ્રહ હતો તેથી ચિત્રગતિ રોકાયો અને મંત્રીપુત્રને પોતાના માતાપિતાને સમાચાર આપવા મોકલ્યો. સુમિત્ર જૈનધર્મી હતો એટલે તેની સાથે રહીને ધર્મચર્ચા કરવામાં ચિત્રગતિને ખૂબ આનંદ આવ્યો. પૂર્વના સંસ્કારો તો હતાં. તેમાં આવો સંયોગ મળ્યો એટલે જૈનધર્મ પ્રત્યે તેમને ખૂબ માન વધ્યું. એક દિવસ નગર બહાર સુયશા નામના કેવળી ભગવંત પધાર્યા. વનપાલકે કેવળી ભગવાન પધાર્યાના સમાચાર આપ્યા. તેથી બધાને અપૂર્વ આનંદ થયો, અને સુગ્રીવ રાજા, ચિત્રગતિ, સુમિત્ર આદિ પરિવાર સહિત કેવળી ભગવાનના દર્શને આવ્યા. ભગવંતે બધા જીવોનું કલ્યાણ થાય તેવો ઉપદેશ આપ્યો. આ સાંભળીને ચિત્રગતિને તો અત્યંત આનંદ થયો ને સુમિત્રનો ઉપકાર માનતા કહ્યું-મિત્ર! તમે મને આગ્રહ કરીને રોક્યો તો મને આ કેવળી ભગવંતના દર્શનનો અને ઉપદેશ સાંભળવાનો લાભ મળ્યો.

ચિત્રગતિએ કેવળી ભગવંતને વંદન કરીને કહ્યું કે પ્રભુ! મારા મહાન સદ્‌ભાગ્યે આજે આપના મને દર્શન થયા. આપની અમૃતવાણી સાંભળીને હું ધન્ય બની ગયો છું. આજે મારું હૈયું અલૌકિક આનંદ અનુભવી રહ્યું છે. જૈનધર્મ અમારો કુળધર્મ છે. મિત્રના સહવાસથી મારા અંતરમાં ધર્મભાવના જાગૃત થઈ છે, અને આપનો ઉપદેશ સાંભળતાં વિશેષ જાગૃત બન્યો છું. એટલે આજે હું આપની પાસે બાર વ્રત અંગીકાર કરવા ઇચ્છું છું. કેવળી ભગવંતે તેમને બાર વ્રત અંગીકાર કરાવ્યા. બંધુઓ! જુઓ, આ ચિત્રગતિ વિદ્યાધર રાજાનો પુત્ર હતો. એને ત્યાં સંપત્તિનો પાર ન હતો. તેમજ ઘણી વિદ્યાઓ શીખ્યો હતો, છતાં અભિમાની ન હતો. એક જ વખત કેવળી ભગવાનની દેશના સાંભળીને બાર વ્રતધારી બની ગયો. તમે કેટલા વખતથી સાંભળો છો? બોલો, હવે બાર વ્રત અંગીકાર કરવા છે ને? હવે શું બન્યું.

સુન ઉપદેશ કરી નૃપ પૂચ્છા, કુંવર સુમિત્ર કિમાતા,
ગઈ કહાં વો ભાગ મહલસે, કહો જ્ઞાન કે જ્ઞાતા.

સુગ્રીવ રાજાએ ઉભા થઈને સુયશા કેવળી ભગવંતને વંદન કરીને પૂછયું-ભગવંત! સુમિત્રકુમારને ઝેર આપ્યા પછી તેની ઔરમાન માતા ભદ્રારાણી મહેલમાંથી ભાગી ગઈ છે, તેને શોધવા માટે ઘણી કોશિષ કરી પણ એનો કયાંય પત્તો પડતો નથી. તો હે કૃપાનીધિ! મારા ગુણીયલ પુત્રને ઝેર આપનારી એ ભદ્રા કયાં ગઈ? એનું શું થયું? આગળના રાજાઓ કેવા પવિત્ર હતા! આમ તો ભદ્રારાણીએ સુમિત્રને ઝેર આપ્યું હતું એટલે તેના પ્રત્યે દ્વેષ થાય ને? આજે કોઇના ઘરે આવું બને તો કોઇ સામું જુવે? પણ આ રાજા એવા ન હતા. એમણે એવો વિચાર ન કર્યો. એ એવું સમજતાં હતાં કે દુનિયામાં ઉપકાર ઉપર ઉપકાર સૌ કરે પણ અપકાર ઉપર ઉપકાર કરે તે જ સાચો માનવ છે. ભલે, એણે ગુનો કર્યો છે પણ હું એને સમજાવું ને એની મતિ સુધરે તો

મહાન લાભનું કારણ છે ને! માનવ માત્ર ભૂલને પાત્ર છે પણ એને પશ્ચાતાપ થાય તો પવિત્ર બની જાય છે.

રામચંદ્રજી ચૌદ વર્ષ વનવાસ રહીને અયોધ્યામાં આવ્યા ત્યારે તેમનું સ્વાગત કરવા કૌશલ્યા, સુમિત્રા વિગેરે રાણીઓ, રાજકુમારો અને સારી અયોધ્યા નગરીની પ્રજા ઉમટી. રામચંદ્રજીએ સૌને જોયા પણ પોતાની માતા કૈકેયીને ન જોઈ એટલે પૂછ્યું, કે માતા કૈકેયી કેમ દેખાતા નથી? કોઈએ જવાબ ન આપ્યો એટલે સિંહાસને બેસતા પહેલાં કૈકેયીના મહેલે ગયા, તો કૈકેયી ખૂબ રડતી હતી. રામે કૈકેયીના પગમાં પડીને કહ્યું–માતા! આજે સૌના મુખ ઉપર આનંદની ઉર્મિઓ ઉછળી રહી છે ને તું શા માટે રડે છે? ત્યારે કૈકેયી કહે છે બેટા! આ પાપણીને તું પગે ન લાગીશ. તને રાજગાદીએ બેસવાના સમયે વનવાસ મોકલનારી આ અધમ માતા મરીને ક્યાં જશે? આ પાપણીનું મુખ તું ન જોઇશ, ત્યારે રામચંદ્રજીએ કહ્યું–હે માતા! તું આ શું બોલે છે? તું તો મહાન પવિત્ર છે. માતા! જો આ રામ જગતમાં ઓળખાયો હોય તો તારો પ્રભાવ છે. તેં મને વનવાસ મોકલ્યો ન હોત તો પિતાજીની આજ્ઞાનું પાલન કરવાનો લાભ મને મળત નહિ, એમ કહીને કૈકેયીને શાંત કરી. કૈકેયીએ એક વખત ભૂલ તો કરી પણ પછી એને પસ્તાવો થયો. અનુભવીઓ કહે છે, માનવ માત્ર ભૂલને પાત્ર. ભૂલ કરે તે માનવ છે. ભૂલ કરીને પશ્ચાતાપ કરે છે તે દેવ છે અને જે ભૂલ નથી કરતો તે મહામાનવ છે, પણ જે ભૂલ કરીને ભૂલ માનતો નથી અને ભૂલ કરી હરખાય છે તે દાનવ છે. એક બનેલો પ્રસંગ યાદ આવે છે.

"ચારિત્રના પ્રાંગણમાં ભૂલેલા રાજા" :–ભૂયરાજ નામે એક પવિત્ર રાજા હતા. તેઓ સંસારી હોવા છતાં યોગી જેવું જીવન જીવવાની તેમની ભાવના હતી, પણ માનવીનું હૃદય આકાશ જેવું છે. આકાશમાં કયારેક પૂર્ણિમાનો પ્રકાશ હોય છે ને કયારેક અમાસના અંધારા પણ હોય છે. પૂર્ણિમાના પ્રકાશના જેવા તેજસ્વી ભૂયરાજના અંતર આકાશે એક વખત વાસનાભર્યા મલિન વિચારની વાદળી ચઢી આવી, એટલે પ્રકાશ ઢંકાઈ ગયો. વાત એમ બની કે ભૂયરાજ રાજા ઘોડે બેસીને ફરવા નીકળ્યા, ત્યારે કોઈ ઘરમાંથી એક રૂપવંતી અબળા કચરો કાઢીને બહાર ફેંકવા આવી. તે સમયે રાજા ત્યાંથી પસાર થયા એટલે રાજાની દૃષ્ટિ તેના ઉપર પડી. રાજાના અંતઃપુરમાં એકએકથી ચઢિયાતી ઘણી રાણીઓ હતી પણ રાજાઓ રૂપની પાછળ પતંગિયાની જેમ ભમે છે. પેલી સ્ત્રી ગરીબ હતી પણ રૂપરૂપનો અંબાર હતી. જોતાવેંત રાજા તેના રૂપમાં અંજાઈ ગયા. એ માનસિક પવિત્રતા ખોઈ બેઠા અને મનમાં નક્કી કર્યું કે આ સ્ત્રી મળે તો જ મારો જન્મારો સફળ થાય. હવે એમનો ફરવા જવાનો આનંદ ઉડી ગયો. એમનું ચિત્ત પેલી યુવતીમાં ચોટયું. રાજાએ એ સ્ત્રીનું ઘર યાદ રાખી લીધું હતું. તે ફરવા જવાનું બંધ રાખીને પોતાના

મહેલમાં આવ્યા. ચિત્તને કયાંય ચેન પડતું નથી. પેલી રત્ન જેવી ઝગઝળતી રમણીની યાદ તેને સતાવે છે. છેવટે એ ભૂપરાજે પોતાના અંગત સેવકને બોલાવ્યો, અને બાનગીમાં પેલી સ્ત્રીના ઘરનું નિશાન બતાવીને કહ્યું–આ સ્ત્રીને તું ગમે તેમ કરીને મારા મહેલે લઈ આવ. હું એના વિના જીવી શકું તેમ નથી. જો તું એને નહિ લાવ તો તને જીવતો નહિ મૂકું.

"આકરી કસોટીમાં આવેલ સેવક" :– સેવકે કહ્યું–ચોવીસ કલાકની મુદત આપો. રાજાએ કહ્યું–ભલે. રાજાનો હુકમ સાંભળીને સેવકનું મગજ ભમી ગયું, આંખે અંધારા આવી ગયા પણ સેવક તો ચિઠ્ઠીનો ચાકર હતો એનું જ્ઞાન આગળ શું ગજું! સેવક મનમાં વિચાર કરવા લાગ્યો કે અરેા! આ પેટ માટે આવી વેઠ કરવી પડે છે ને? પેટ માટે આવી અપવિત્ર આજ્ઞાઓ માથે ચઢાવવાની? જે અપવિત્ર આજ્ઞા પગ નીચે પણ ન રખાય એને માથે ચડાવવાની ફરજ પાડનાર આ પેટ છે ને? પૂર્વે કેવા પાપ કર્યા હશે કે મારે આવી આજ્ઞાનું પાલન કરવું પડે છે! પરસ્ત્રી માતા અને બહેન જેવી ગણવી જોઇએ તેના બદલે તેના શીયળનો ભંગ કરવા ઉઠાવી લાવવાની? ધિક્કાર છે મારા અવતારને! અંતરમાં ઉહાપોહ કરતો સેવક રવાના થયો, રાજાએ બતાવેલ સ્થાને ગયો અને સ્ત્રીને રાજાની આજ્ઞાની વાત કરી, એટલે તે સ્ત્રીએ કહ્યું–કંઈ વાંધો નહિ રાજાને કહેજો. હું રાત્રે ખુશીથી તેમના મહેલમાં આવીશ. સ્ત્રીની વાત સાંભળીને સેવક તો સ્તબ્ધ બની ગયો, એના દિલનું દર્દ વધી ગયું. અરેા! જો ઢાલ જ તલવારનું કામ કરશે તો પછી બચાવશે કોણ?

"સ્ત્રીની મર્દાનગી" :–બંધુઓ! તમને એમ થશે કે આ સ્ત્રી પણ બરાબર હશે ધીરજ રાખો, મનમાં એના માટે બરાબર વિચાર કરીને પાપ ન બાંધતા. સેવકે રાજાને કહ્યું કે એ સ્ત્રી ખુશીથી રાત્રે આપના મહેલમાં આવશે. આ સાંભળી કામના કીડા ભૂપરાજના આનંદનો પાર ન રહ્યો. એણે મહેલને ખૂબ સુંદર રીતે શણગાર્યો. ભલભલા ભૂલા પડે તેવું તેના શયનખંડનું વાતાવરણ હતું. રાત પડતાં કામડાળે હૃદયમાં વસેલી સુંદરીની રાહ જોવા લાગ્યા. એમની દૃષ્ટિ સામે સૌંદર્યની સુંદરી સિવાય બીજું કોઈ દેખાતું નથી. એવા એ વિષયાંધ બની ગયા છે. કામડો રાત્રે દેખતો નથી અને ઘુવડ દિવસે દેખતું નથી પણ વિષયાંધ મનુષ્ય તો દિવસે અને રાત્રે નથી દેખતો. આપેલા સમય અને સંકેત પ્રમાણે તેજ-તેજના અંબાર સમી સુંદરીએ ઝમઝુમ ઝાંઝરના ઝણકાર સાથે રાજાના શયનખંડમાં પગ મૂકયો. ઝાંઝરના ઝણકારે ભૂપરાજનું મન નાચી ઉઠયું, હૈયામાં વસેલી સુંદરી નજર સમક્ષ આવીને ઉભી રહી, એને જલ્દી ભેટવા માટે ભૂપરાજે હાથ લંબાવ્યા, એટલે સુંદરીએ નોંડરતાથી કહ્યું–મહારાજા! જરા ધીરજ ધરો. હૈયાનો ઉભળકો હૈયામાં રાખો. હું તમને એક પ્રશ્ન પૂછું તેનો જવાબ આપો. રાજાએ કહ્યું–જે પ્રશ્ન પૂછવો હોય તે જલ્દી પૂછી લે. હવે તારી વિરહવેદના મારાથી સહન થતી નથી.

"એક ટકોરે જાગૃત બનેલો રાજાનો અંતરાત્મા" :–રૂપસુંદરીએ મધુર સ્વરે પૂછયું–મહારાજા! કમળ જો કાદવથી ખરડાશે તો બીજા ફૂલો કેવી રીતે પવિત્ર રહી શકશે! દેવાનુપ્રિયે! કર્મોદયે આ રાજા ભાન ભૂલ્યા હતા પણ આમ તો પવિત્ર જ હતા, ખૂબ વિચક્ષણ હતા, એટલે ગૂઢ પ્રશ્ન સાંભળીને સમજી ગયા કે આ સ્ત્રી શું કહેવા માંગે છે. જાતિવંત ઘોડાને ચાબૂક બતાવવાની હોય, મારવાની ન હોય, રાજાને પોતાની ભૂલ સમજાઈ ગઈ. અહો! હું ભાન ભૂલ્યો! રૈયતના રક્ષકને બદલે ભક્ષક બન્યો! પછી સામાન્ય માણસોની તો વાત જ શું કરવી? **"તેજીને ટકોરો ને ગધેડાને ડફણું"** રાજા તો તેજી ઘોડા જેવા હતા. એટલે એક શબ્દમાં સમજી ગયા. તમે બધા કેવા છો? એક ટકોરે સમજી જાવ તેવા કે ડફણા ખાવ તેવા! મારે તમને કંઈ કહેવું નથી. તમે તમારી જાતે જ સમજી લેજો. (હસાહસ) રાજા વિચારવા લાગ્યા કે અહો! કમળ જેવો હું છું. હું જો કામવાસનાના કાદવથી મલીન બનીશ તો મારું શીયળવ્રત ખંડિત થશે. કમળ કાદવમાં ઉત્પન્ન થાય છે પણ તેમાં લેપાતું નથી, તેવી રીતે આ સંસારના કીચડમાં વસવા છતાં તેનાથી અલિપ્ત રહીને નિર્મળ રહેવું, એમાં જીવનની ધન્યતા છે. આ પ્રશ્ને રાજાને ભાન કરાવ્યું. પ્રશ્નનો ગંભીરપણે વિચાર કરીને બોલ્યા, બહેન! કમળ કાદવથી નહિ લેપાય. આજે તેં મને આંધળાને દેખતો બનાવ્યો અને એક રાજા તરીકેની નહિ પણ એક સામાન્ય માનવી તરીકેની મારી ફરજ તેં મને યાદ કરાવી છે. તે બદલ હું તારો ઉપકાર નહિ ભૂલું. એમ કહીને સ્ત્રીના ચરણમાં પડી ગયા ને પોતાની ભૂલની માફી માંગી, અને કહ્યું, બહેન! તું કોણ છે! મને તારી ઓળખાણ આપ. સ્ત્રીએ કહ્યું, હું આપની એક દાસી છું. મારી ઓળખાણ શું આપું? રાજાએ પૂછયું, તું મારી દાસી કેવી રીતે? મહારાજા! સાંભળો. આપે મને બોલાવવાની જેમને આજ્ઞા આપી હતી એ મારા પતિ છે. હું એમની દાસી છું. આપના દાસની જે દાસી એ આપની પણ દાસી ગણાય ને? જ્યારે તે આવી ત્યારે રાજાની આંખમાં વિકાર ભર્યો હતો એટલે દૃષ્ટિ મલીન બનેલી હતી પણ હવે દૃષ્ટિ નિર્મળ બની હતી એટલે રાજાએ એ સુંદર સ્ત્રીને પોતાની બહેન બનાવીને વિદાય કરી, ત્યારે એમની આંખમાં ભાઈ તરીકેનું વાત્સલ્ય નીતરતું હતું. પેલો સેવક પણ કેટલો ગંભીર હતો કે જે સ્ત્રીને રાજા ચાહતા હતા તે પોતાની સ્ત્રી છે એમ રાજાને ન કહ્યું. એ સેવક પોતાની સ્ત્રી મહેલમાં આવી ત્યારે રાજાની સાથે કેવી રમત રમે છે છે તે છપાઈને જોતો હતો, પણ એની સ્ત્રીએ તો કમાલ કરી. ભાન ભૂલેલા રાજાની શાન ઠેકાણે લાવી. આથી તેના પતિની છાતી ગજગજ ફૂલી ગઈ. ધન્ય છે સતિ તને ધન્ય છે! એવા શબ્દો એના મુખમાંથી સરી પડયા.

"પાપના કરાર કરતા રાજા" :– બંધુઓ! પેલી સ્ત્રી તો ચાલી ગઈ પણ હવે ભૂપરાજાના પશ્ચાતાપનો કોઈ પાર ન રહ્યો. અહો, મેં પાપીએ આ શું કર્યું? અંતરમાંથી વાસનાના વાદળો વિખરાઈ ગયા ને પુનઃ પ્રકાશ પથરાયો પણ પોતે જે ભૂલ કરી તેનો

અફસોસ જતો નથી. હું કેવો અધમ! કેવો નીચ! પરસ્ત્રી તો પોતાની માતા અને બહેન સમાન ગણવી જોઇએ. તેની સામે દૃષ્ટિ પણ ન કરાય તેના બદલે મેં તેને ભેટવા માટે હાથ લંબાવ્યા! આ હાથ હતા તો એને અડકવા ગયા ને? બસ, હવે આ હાથને તો કડક સજા થવી જોઇએ, પણ રાજાના હાથ કાપવા કોણ તૈયાર થાય? પોતાનો એક હાથ પોતાની જાતે કાપે તો બીજો હાથ કોણ કાપે? પોતાના અપરાધની સજા ભોગવવા પોતે ચોરનો વેશ પહેરીને બહાર નીકળ્યા. પહેરેગીરો ખડે પગે ચોકી કરતા હતા એવા સમયે ચોરના વેશમાં રહેલા રાજાએ બંને હાથ રાજમહેલની બારી ખોલવા માટે લંબાવ્યા. અંદર ચોકી ભરવા ઉભેલો પહેરેગીર સાવધાન બની ગયો. રાજા મહેલની બારી ખોલીને જે રૂમમાં મહારાણી સૂતા હતા ત્યાં જવા જાય તે પહેલાં પહેરેગીરે દાંત પીસીને કહ્યું–રાજ-મહેલમાં ચોરી કરવા આવ્યો છે ને? તો જોઈ લે, હવે તારી શી દશા થાય છે! એમ કહીને પહેરેગીરે ચકચકતી તલવારનો એવો ઘા કર્યો કે રાજાના બંને હાથ ધડ દઈને કપાઇ ગયા. એટલે લોહીની ધાર થઈ. પોતાના હાથને શિક્ષા મળી ગઈ એટલે રાજા હસતે મુખે ત્યાંથી એકદમ રવાના થઈ ગયા ને મનમાં વિચારવા લાગ્યા કે જે હાથ એક પરાઇ સ્ત્રીને ભેટવા લંબાય તેનો સાથ હોય તો શું ને ન હોય તો ય શું?

પોતાની ભૂલનો પશ્ચાતાપ કરતાં ભૂયરાજ મહેલના એક ખૂણામાં જઈને ધ્યાનમાં લીન બની ગયા. સવાર પડી. મહેલમાં ચોર આવ્યાના સમાચાર બધે ફેલાઈ ગયા. રાજ્યના માણસો બધા દોડીને આવ્યા. બધાના મનમાં થયું કે આટલા બધા દેખાય છે ને રાજા કેમ નથી દેખાતા? સૌ રાજાની તપાસ કરવા લાગ્યા. રાજાની તપાસ કરતાં કરતાં બારીમાં રાજાના કપાયેલા હાથ જોયા, પણ હાથ ચોરના માન્યા. ઘણી શોધને અંતે એક ખૂણામાં ધ્યાનમગ્ન અવસ્થામાં બેઠેલા રાજાને જોયા. રાજાના પ્રધાનો ત્યાં પહોંચ્યા ને પૂછ્યું–મહારાજા! આપ અહીં કેમ બેઠા છો? અને આપના હાથ કોણે કાપી નાંખ્યા? ભૂયરાજે કહ્યું–મારા હાથનો કાપનારો હું પોતે જ છું. વાસનાથી ખરડાયેલા હાથ હોય કે ન હોય બંને બરાબર છે. રાજાએ પોતાની બધી વાત ખુલ્લા દિલે બધાની વચમાં કહી સંભળાવી, અને કહ્યું કે પવિત્રતાની પરિમલને જગતભરમાં પ્રસરાવવાની જેની ફરજ છે એ રાજા જો પોતાની ભૂલનું આવું કડક પ્રાયશ્ચિત નહિ કરે તો પ્રજામાં પવિત્રતા કેવી રીતે રીતે ટકી શકશે!

રાજાએ ભૂલ કરતાં કરી પણ એનો ડંખ દિલમાંથી ન ગયો. એમની પવિત્રતા અને પ્રશ્ચાતાપથી દેવો પ્રસન્ન થયા ને પુનઃ નવા હાથ બનાવી દીધા ને દેવોએ તેમના ઉપર પુષ્પવૃષ્ટિ કરી, પણ હવે રાજાને સંસારદાવાનળ લાગ્યો. એટલે આત્મસાધના કરવા સંન્યાસી બની ગયા. માણસ ભાન ભૂલે છે પણ જ્યારે ભૂલેલા ઠેકાણે આવે છે ત્યારે તેની દશા જુદી જ હોય છે.

"રાણીએ કરેલા કર્મનો કેવો અંજામ" :– અહીં સુગ્રીવ રાજાની ભદ્રારાણી ભાન ભૂલી અને કુમારને ઝેર આપીને ભાગી ગઇ છે. રાજાએ ઘણી તપાસ કરાવી છતાં

ન મળી ત્યારે કેવળી ભગવાન પધાર્યા છે તેમને પ્રશ્ન પૂછ્યો કે રાણી કયાં ગઈ હશે ! ત્યારે ભગવાને કહ્યું હે રાજન્ ! ભદ્રારાણીને સુમિત્રકુમારને ઝેર આપ્યા પછી એવો વિચાર આવ્યો કે હવે હું અહીં રહીશ તો પકડાઈ જઈશ, અને રાજા મને મારી નાંખશે, એટલે તરત ત્યાંથી ભાગીને જંગલમાં ગઈ. ત્યાં તેને ચોર મળ્યો ને તેના દાગીના વિગેરે લૂંટી લીધા. ચોરોએ વિચાર કર્યો કે આ સ્ત્રી રૂપાળી છે એટલે એને વેચી દઈએ તો સારા પૈસા મળશે. એમ સમજીને ભીલના સરદાર પાસે લઈ ગયા. ભીલોના સરદારે એને થોડો સમય પોતાને ત્યાં રાખીને એક વાણિયાને ત્યાં વેચી. વાણિયાને ત્યાં શાંતિ ન વળી એટલે એક દિવસ લાગ જોઈને નાસી છૂટી. ચાલતી ચાલતી તે જંગલમાં ગઈ. તો તેના દુર્ભાગ્યે ત્યાં ભયંકર દાવાનળ લાગ્યો. એટલે એ દાવાનળમાં ભડથાની જેમ બળીને ખાખ થઈ ગઈ ને ત્યાંથી મરીને પહેલી નરકમાં ગઈ છે. તે નરકના દુઃખો ભોગવીને એક ચંડાળની બીજી પત્ની થશે. જ્યારે તે ગર્ભવંતી થશે ત્યારે તેની શોકય ઈર્ષ્યાના કારણે તેને છરી વડે મારી નાંખશે, અને તે મરીને ત્રીજી નરકે જશે, ત્યાંથી મરીને તિર્યંચ થશે. આવી રીતે તે ભવોભવ અથડાશે. આ પ્રમાણે કેવળી ભગવંતે કહ્યું.

રાજા સુનકે જન્મ મરણકી, હૃદય બહુત કંપાયા,
કહે સુમિત્ર કષ્ટ મુઝ કારણ, માતાને યહ પાયા.

ભદ્રારાણીની વાત સાંભળીને રાજાનું હૃદય કંપી ઉઠયું. અહો ! રાણીની આ દશા થઈ ! દુઃખોથી ભરેલા સંસાર ઉપરથી રાજાનું મન ઉઠી ગયું અને વૈરાગ્યના રંગે રંગાઈ ગયા. સુગ્રીવ રાજાએ સુયશ કેવળી ભગવંતની સમક્ષ પુત્રને કહ્યું, બેટા ! આ બધી વાતો સાંભળીને હવે મારું મન સંસાર ઉપરથી ઊઠી ગયું છે. મને સંસાર ભડભડતો દાવાનળ લાગે છે. માટે તું રાજ્ય સંભાળજે. હું તો આ ભગવાન પાસે દીક્ષા લઈશ, ત્યારે સુમિત્રે કહ્યું, પિતાજી ! મારી માતાના ભવભ્રમણનું કારણ તો હું જ બન્યો ને ! મને ઝેર આપ્યું તો એને નરકે જવું પડયું ને ? માટે મને દીક્ષા લેવા દો, ત્યારે રાજાએ કહ્યું, બેટા ! તું તો હજુ નાનો છે. મારે દીક્ષા લેવાનો સમય આવી ગયો છે. રાજાને સંસારની અસારતા સમજાણી છે તેથી તે દીક્ષા લેવા તૈયાર થયા છે. વધુ ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૨૦

શ્રાવણ સુદ ૨ ને શનીવાર તા. ૫-૮-૭૮

અનંત ઉપકારી, શાસનનાયક, ચરમ તીર્થંકર ભગવાને ફરમાન કર્યું કે જીવાત્માને આ સંસારમાં રખડાવનાર અને મોક્ષમાં જતા રૂકાવટ કરનાર કોઈ હોય તો તે મોહનીય કર્મ છે. આઠ કર્મોમાં મોહનીય કર્મ રાજા છે ને બાકીના સાત કર્મો પ્રજા છે. તે સાત

કર્મો તો બિચારા ભલા માણસ જેવા છે પણ મોહનીય કર્મ તો જબરદસ્ત મોટો ગૂંડો છે પણ જીવને લાગી રહ્યો છે રૂડો. મોહને મારે તો મોક્ષમાં જવાય. મોહના અક્ષરો બે છે. 'મો' એટલે મોક્ષ અને 'હ' એટલે હરણ કરવાવાળો. મોહ એટલે મોક્ષમાં ન જવા દે. મોહનીય કર્મ આદિ ચાર ઘાતીકર્મો દૂર થાય એટલે કેવળજ્ઞાન અને કેવળદર્શન થાય. અસાર સંસારમાંથી સાર શોધવો હોય તો સૌથી પ્રથમ જીવે મોહ છોડવો પડશે, કારણ કે આઠ કર્મોમાં જો મોટું જબ્બર કર્મ હોય તો મોહનીય કર્મ છે. તે જીવને સત્યનું દર્શન કરવા દેતું નથી. દશાશ્રુતસ્કંધ સૂત્રમાં ભગવાન ફરમાવે છે કે–

"सेणावइम्मि निहए, जहा सेणा पणस्सइ ।
एवं कम्माणि णस्संति, मोहणिज्जे खयंगए ।।"

રણસંગ્રામમાં મોટી સેનાને લઈને સેનાપતિ ગયો, ખૂબ પરાક્રમથી લડ્યો પણ લડતાં લડતાં સેનાપતિ મરાયો, પછી એની સેના શત્રુ સામે ટકી શકે ખરી ? 'ના.' લશ્કરનો મુખ્ય સેનાધિપતિ મરી જાય પછી સેનામાં ભંગાણ પડી જાય છે. સેના નાશી જાય છે, છિન્નભિન્ન થઈ જાય છે તેમ ભગવાન કહે છે આઠ કર્મોનો મુખ્ય સેનાપતિ હોય તો તે મોહનીય કર્મ છે. જીવન સંગ્રામમાં જે શૌર્યવાન આત્મા પરમ પરાક્રમ ફોરવીને જે મોહનીય કર્મને જીતે છે તેના બીજા કર્મો તો આપોઆપ જીતાઈ જાય છે. માટે સર્વ પ્રથમ મોહને જીતવાના ઉપાય કરવા જોઈએ.

આપણે ચાલુ અધિકારમાં નેમનાથ ભગવાનના પૂર્વભવની વાત ચાલે છે.

'પિતાની દીક્ષા અને પુત્ર ગાદીએ' :– કેવળી ભગવંતના મુખેથી ભદ્રાની વાત સાંભળીને સુગ્રીવ રાજાને વૈરાગ્ય આવ્યો ને તેઓ દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે સુમિત્ર કહે છે મારી માતાને મારા નિમિત્તે ઈર્ષ્યા આવી અને મને ઝેર આપ્યું. તેના કારણે તેનો સંસાર વધી ગયો. માટે તે પાપનું પ્રાયશ્ચિત કરવા માટે હું દીક્ષા લઉં. પણ પિતાજીએ તેને કહ્યું–હમણાં તું રાજ્ય સંભાળ, પછી દીક્ષા લેજે. અત્યારે તો હું જ દીક્ષા લઈશ. પિતાજીની આજ્ઞા માની સુમિત્રને રાજ્ય સંભાળવું પડ્યું અને સુગ્રીવ રાજાએ સુયશ કેવળી ભગવંત પાસે દીક્ષા લીધી. સુમિત્રકુમાર રાજા બન્યા. ચિત્રગતિ ઘણાં દિવસ સુમિત્રને ત્યાં રોકાયો. બંને વચ્ચે ગાઢ મિત્રાચારી જામી. પછી ચિત્રગતિએ સુમિત્ર પાસે જવાની આજ્ઞા માંગી. સુમિત્રને ચિત્રગતિને જવા દેવાનું મન થતું નથી પણ અનિચ્છાએ ચિત્રગતિને રજા આપવી પડી. ચિત્રગતિ સૂરતેજ નગરમાં આવ્યો ને પોતાના માતાપિતાને મળ્યો.

આ બાજુ સુમિત્ર રાજગાદીએ બેઠો. તે ન્યાયપૂર્વક રાજ્ય ચલાવે છે પણ મનમાંથી ખટકારો જતો નથી કે ભદ્રા માતાએ પોતાના પુત્ર પદ્મ માટે આવું પાપ કર્યું ! જે પુત્ર માટે આવું ઘોર પાપ કર્યું એ તો અહીં રહ્યો ને પોતે કેવા દુઃખ ભોગવવા ચાલી

ગઈ ! આ દુઃખ એના દિલમાંથી જતું નથી. સુમિત્રે રાજા બન્યાપછી પોતાના ભાઈ પદ્મકુમારને બોલાવીને તેને અમુક ગામ આપ્યા. એણે એવો વિચાર ન કર્યો કે હવે હું સર્વોપરિ રાજા છું. મારી સંપૂર્ણ સત્તા છે. પદ્મકુમારની માતાએ મને ઝેર આપ્યું હતું તો હવે હું એને ગામ શેના આપું ? આવો વિચાર ન કર્યો પણ જેની દૃષ્ટિમાં ઝેર ભર્યું હોય તેને સવળી મતિ ક્યાંથી સૂઝે ! જેવી માતા હતી તેવો દીકરો હતો. એટલે આટલા ગામ મળવા છતાં પદ્મકુમારને સંતોષ ન થયો. મનમાં વૈરની ગાંઠ વાળી કે જ્યારે મને લાગ મળશે ત્યારે હું સુમિત્રને બતાવી દઈશ. હું એને જીવતો નહિ રાખું. આમ વિચારીને ગામ છોડીને ચાલ્યો ગયો.

સુમિત્રને પદ્મકુમાર પ્રત્યે નામ દ્વેષ કે ઈર્ષ્યા નથી. એ તો તેને પ્રેમથી બોલાવતો હતો પણ પદ્મકુમારના દિલમાં તેના પ્રત્યે દ્વેષનો દાવાનળ સળગતો હતો, તેથી તે ભાગી ગયો. સુમિત્ર રાજ્યમાં રહેવા છતાં અનાસકત ભાવથી રહેતો હતો. બોલો તો ખરા, તમે કેવી રીતે રહો ? સુમિત્રને રાજ્ય મળ્યું છે, પણ રાજ્યના સુખ ગમતા નથી અને આજે તો સત્તા માટે કેટલી પડાપડી થઈ રહી છે ! યાદ રાખો કે ધર્મ વિના ત્રણ કાળમાં નથી. સુખ-દુઃખમાં જો કોઇ સાથી હોય તો ધર્મ છે. સગાવહાલા બધા દુઃખમાં તમારો ઉદ્ધાર થવાનો સાથ છોડી દેશે પણ ધર્મ સુખમાં ને દુઃખમાં, આલોકમાં અને પરલોકમાં સાથે રહેશે. ધર્મ કરનારની ઠસોટી થાય પણ કસોટી વખતે જે દૃઢ રહે છે તેને દેવો પણ સહાય કરે છે.

"માતા પિતાએ આપેલા સંસ્કાર" :–એક ધર્મીષ્ઠ શ્રાવકને અરૂણા નામની એકની એક પુત્રી હતી. આ શ્રાવકની રગેરગમાં જૈન ધર્મની શ્રદ્ધા હતી. એણે પોતાની પુત્રીને સંસ્કાર આપ્યાં હતાં કે બેટા ! આપણા દેવ અરહિંત, ગુરૂ નિર્ગ્રંથ અને કેવળી પ્રરૂપિત ધર્મ છે. તું એમની શ્રદ્ધા રાખજે. રોજ સામાયિક પ્રતિકમણ કરવું, રાત્રિભોજન ન કરવું, કંદમૂળ ન ખાવું અને કદાચ આ દેહ પડી જાય તો કુરબાન પણ શીયળ જવા દઈશ નહિ, આવા ઉત્તમ દૃઢ સંસ્કારો આપીને પિતાએ નિર્ણય કર્યો હતો કે મારી પુત્રીને જૈનધર્મી અને સંસ્કારી છોકરા સાથે પરણાવવી છે, પણ કર્મો કયાં લઈ જાય છે ! શ્રાવક જૈન ધર્મી મુરતીયો શોધતો હતો. તેમાં અરૂણ નામનો એક બનાવટી જૈન મુરતીયો મળી ગયો. ઘણી વખત એવું બને છે કે અસલી જૈન કરતા નકલી જૈન વધુ ધર્મીષ્ઠ દેખાય છે. માતાપિતા નકલી જૈનને જોઇને અંજાઈ ગયા ને પોતાની વહાલસોયી, ધર્મીષ્ઠ અને સુસંસ્કારી પુત્રીને પરણાવી દીધી. એમને સંતોષ થયો કે અમે શોધતાં હતાં તેવું જૈન ઘર મળ્યું. હું તમને પૂછું–બોલો તમને કેવો મુરતીયો મળે તો વધુ આનંદ થાય ? (હસાહસ) આજે માણસોના દિલમાં ધર્મની શ્રદ્ધા ઓછી છે. તેથી ધર્મીષ્ઠ મુરતીયા કરતા નાણાંની કોથળીને અને ચામડીના રૂપને વધુ મહત્ત્વ અપાય છે.

"સંકટની જાળમાં સપડાવવા છતાં ધર્મમાં દૃઢ રહેલી અરૂણા :-" અરૂણા પરણીને સાસરે આવી. બે ચાર મહિના તો વાંધો ન આવ્યો. પછી તો ઘરમાં કાંદા-બટાટા આવવા લાગ્યા. રાત્રીભોજન ચાલુ થયું. આવા વાતાવરણથી અરૂણાનું દિલ દ્રવી ઉઠયું. અહો પ્રભુ ! આ શું ? કારણ કે અરૂણા જૈન ધર્મની અનન્ય શ્રદ્ધાવાન હતી. એના દેવ વીતરાગ, ગુરૂ નિર્ગ્રંથ અને અહિંસામય ધર્મ તે તેનો પ્રાણ હતો, પણ સાસરીયામાં તો આથી બધું જ વિરુદ્ધ હતું. અરૂણાના દિલમાં ઘણું દુઃખ થયું પણ પરણ્યા પછી શું થાય ? એ કર્મને સમજતી હતી. એણે વિચાર કર્યો કે મારા પૂર્વકર્મના ઉદયથી મને ધર્મ વિરૂદ્ધ ઘર મળ્યું. છતાં તે શાંતિ રાખતી પણ જેમ જેમ વખત ગયો તેમ અરૂણા પ્રત્યે દ્વેષ રૂપી દાવાનળ સળગતો ગયો તેથી અરૂણા સામાયિક પ્રતિક્રમણ કરે, નવકારમંત્રનું સ્મરણ કરે એ તેમને બિલકુલ ગમતું નહિ, તેથી ઘરમાં વિરોધનો વંટોળ વધ્યો. તેઓ કહે-તારો જૈનધર્મ અમારા ઘરમાં ન જોઇએ. ધર્મ છોડાવવા તેના માટે જુલમ થવા લાગ્યા, પણ અરૂણાની દૃષ્ટિસમ્યક્ હતી. એના હાડ હાડની મીજ્જામાં જૈનધર્મની શ્રદ્ધા પરગમી ચૂકી હતી. એટલે પતિ વિરોધી હતો, સાસુ સસરાનો મોરચો એની સામે ખડો હતો છતાં તે કોઈની સામે એક પણ અક્ષર બોલ્યા વિના એના ધર્મમાં અડગ રહેતી અને બધાના સખ્ત વિરોધ વચ્ચે પણ એના નિયમોનું પાલન કર્યા કરતી. એના દિલમાં દુઃખ ઘણું થતું કે મેં કેવા પાપ કર્યા હશે કે આ ઘરમાં આવીને મેં કદી સુપાત્ર દાન દઈને મારા કર પવિત્ર ન કર્યા કે મારા ગુરૂ-ગુરૂણીના દર્શન પણ નથી કરી શકી.

"મુનિને જોતાં હર્ષઘેલી બનેલી અરૂણા" :- એક દિવસ એના સાસુ, સસરા અને પતિ બધા એમના ધર્મનો કોઈ મોટો ઉત્સવ હતો એટલે ત્યાં ગયેલા. ઘરમાં અરૂણા સિવાય કોઈ ન હતું. અરૂણાને બે બાલુડા હતા. એમનો લૌકિક પર્વનો દિવસ હતો એટલે સાસુજી મિષ્ટાન્ન બનાવવાનું કહી ગયા હતા. અરૂણાએ રસોઈ બનાવીને તૈયાર કરી. ઘરમાં બધી જોગવાઇ હતી. આ સમયે મનમાં ભાવ જાગ્યા કે કોઈ નિર્ગ્રંથ ગુરૂ કે ગુરૂણી પધારે તો વહોરાવીને મારા કર પવિત્ર કરું. કુદરતે એવું જ બન્યું. એની ભાવના ફળીભૂત થવાની એટલે બારોબાર ઓટલે જઈને નજર કરે છે તો મહાન તપસ્વી જૈનમુનિને આવતા જોયા. તેથી હરખઘેલી બનીને દોડી. પધારો....પધારો ગુરૂદેવ ! મારા ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય. આપના પુનિત પગલાથી મારું ઘર પાવન થયું. ઘણાં વર્ષે ગુરૂના દર્શન થયા ને સુપાત્રે દાન દેવાનો અવસર આવ્યો. એટલે ગાંડીતૂર થઈ ગઈ. આજે ઘરમાં પણ કોઈ નથી એટલે એને ફાવતું મળી ગયું. સંતને પોતાના ઘરમાં લઇ ગઈ. આજુબાજુમાં વસતા પાડોશીઓ પણ જૈન ધર્મના કટ્ટર વિરોધીઓ હતા એટલે જૈનના સાધુને ઘરમાં લઇ જઈને તે શું આપે છે તે જોવા લાગ્યા. જૈન મુનિઓ ગૃહસ્થના ઘરમાં ગમે તેટલું હોય પણ બહુ અલ્પ પ્રમાણમાં વહોરે છે. સામાન્ય એક સાકરનો કકડો વિગેરે વહોરીને સંત ચાલ્યા ગયા.

આ તરફ સમય થતાં સાસુ-સસરા અને એનો પતિ ઘેર આવ્યા. એટલે આડોશી પાડોશી બધા એમને ચાડી ખાવા ગયા. ઘણાં માણસોને ઘરની ખીચડી ખાઈને બીજાની નિંદા કુથલી કરવી, કોઈના ઘરમાં ઝઘડા કરાવવા બહુ ગમતા હોય છે. આ ઘરમાં વહુ પ્રત્યે દ્વેષ હતો. એ સૌ જાણતાં હતાં. એમાં આ નિમિત્ત મળ્યું, પાડોશણે કહ્યું-બાઈ! તારી વહુ તો આજે જૈન સાધુને બોલાવી લાવી હતી ને ઘરમાં લઈ જઈને બનાવેલી રસોઈ એને આપી દીધી. આમ મીઠું મરચું ભભરાવીને વધાર કરીને બધી વાત કરી. સાસુને તો જોઈતું હતું ને મળી ગયું. એના અંતરમાં દ્વેષનો દવ જલતો હતો. તેમાં કેરોસીન રેડયું પછી શું બાકી રહે? સાસુ બહારથી બરાડા પાડતી ધમધમ કરતી ઘરમાં આવીને કહે છે હે પાપણી! તેં આ શું કર્યું? આજે તો મારે ફેંસલો કરવો છે. આ ઘરમાં જો તારે રહેવું હોય તો તારો ધર્મ છોડ. એક મ્યાનમાં બે તલવાર નહિ રહી શકે. કાં તું નહિ ને કાં તો તારો જૈન ધર્મ નહિ. આ મિષ્ટાન્ન કંઈ એ મુંડિયા માટે નહોતું બનાવ્યું. મિષ્ટાન્નનું મંગલાચરણ તેં એ મુંડિયાથી જ કર્યું? ચાલી જા આ ઘરમાંથી. તારું કાળું મુખ અમને કદી બતાવીશ નહિ. આમ કહીને સાસુએ એને મારવા માટે હાથમાં ધોકો લીધો. સસરા અને પતિ પણ જૈન ધર્મનું હડહડતું અપમાન કરતાં વચનોની ઝડીઓ વરસાવી રહ્યા હતા. આટલા દિવસથી બધું સહન કરતી હતી પણ આજનું કલેશમય વાતાવરણ જોઈને ક્ષુબ્ધ ઉઠી, ત્યાં સાસુએ ધોકો લઈને મારવા માંડી.

"ધર્મ માટે વનની વાટે" :- અરૂણાએ વિચાર કર્યો કે હવે આ ઘરમાં રહેવાય તેમ નથી. મને તો ગમે તેમ ભલે કહે પણ મારા ધર્મનું અને મારા ધર્મગુરૂનું અપમાન કરે તે કેમ સહન થાય? અને જ્યાં મને સમ્યક્ત્વ જ નથી ત્યાં કેવી રીતે રહેવું! ભૂખી ને તરસી અરૂણા પોતાના કુમળા કુલ જેવા બે બાલુડાઓને લઈને વનવગડાની વાટે ચાલી નીકળી. ઘણે દૂર અઘોર જંગલમાં ચાલી ગઈ. બંધુઓ ને બહેનો! તમે સાંભળીને વિચાર કરો કે આ છોકરીની ધર્મમાં કેટલી શ્રદ્ધા છે! દેહ પડે તો કુરબાન પણ ધર્મને છોડવો નહિ એ તેનો અફર નિર્ણય હતો.

એકલી અબળા પોતાના કુમળા કુલ જેવા બાલુડાને લઈને જંગલમાં ગઈ. એક તો ત્રણે ભૂખ્યા ને તરસ્યા હતા. સખત ગરમીના દિવસો હતાં. એટલે બંને બાળકો કહે છે બા! બહુ ભૂખ લાગી છે. અમને દૂધ આપ ને, ખાવાનું આપ ને. મોટા માણસો કરમાઈ જાય તેવી ગરમી હતી તો પછી આ કુમળા બાળકોનું શું ગજું! અરૂણા એક વૃક્ષ નીચે બંને બાળકોને લઈને બેઠી. નાનો બાબો તો ભૂખ તરસથી એવો શોષાઈ ગયો કે જાણે હાલતો ચાલતો પણ નથી ને મોટો બાબો ખૂબ રડવા લાગ્યો. છોકરાઓનું રૂદન માતાથી જોવાતું નથી. એણે ચારે તરફ દૃષ્ટિ કરી પણ કયાંય કોઈ ફળ ફૂલનું વૃક્ષ દેખાયું નહિ કે પોતાના પુત્રોના પેટની પુકાર શાંત કરી શકે! અને ન તો કયાંય સરોવર

દેખાયું કે એકાદ બોબો પાણી લાવીને કરમાયેલા બાલુડાને પાઈને તેના સૂકાયેલા હોઠ ઉપર હાસ્યની હરિયાળી સર્જી શકે ! એને તો ઉપર આભ અને નીચે ધરતી હતી. નિરાશ થઈને મોટા ત્રણ વર્ષના બાલુડાને જમીન પર સૂવાડયો ને નાનાને બોળામાં લઈને બેઠી. હજારો નિરાશામાંથી એક આશાનું કિરણ ફૂટયું. એને એના ધર્મ ઉપર અને પોતાના શીલ ઉપર અડગ શ્રદ્ધા હતી.

આંખ બંધ કરી એકાગ્ર ચિત્તે પ્રભુને પ્રાર્થના કરવા લાગી કે હે પ્રભુ ! મેં મારા પતિ સિવાય કોઈ પણ પરપુરૂષને મનથી ન ઈચ્છયો હોય અને આટલા દુઃખમાં પણ મારું મન જૈનધર્મથી કદી વિચલિત ન થયું હોય તો મારા આ બે બાલુડાના રૂદન હાસ્યમાં ફેરવાઈ જાય એવું વાતાવરણ બની જાય. મારે બીજું કાંઈ નથી જોઈતું. આ કુમળા કુલના મુખ સામે મારાથી જોવાતું નથી. બરોબર, જે ધર્મ પર દૃઢ શ્રદ્ધા રાખે છે તેના દુઃખ અવશ્ય દૂર થાય જ. સતીનો પોકાર શાસનના રક્ષક દેવો અવશ્ય સાંભળે છે. તમારે તો કોઈને ટેલીફોન કરવો હોય તો નંબર લગાડવો પડે, અહીં તો શ્રદ્ધાનો ટેલીફોન લાગતા દેવોના આસન ચલાયમાન થાય છે. આ ધર્મશ્રદ્ધાનું અને શીયળનું અલૌકિક બળ છે. અરૂણાનો ફોન પહોંચી ગયો. એણે આંખ ખોલીને જોયું તો પોતે જ્યાં બેઠી છે ત્યાં ફરતો ફળફૂલના વૃક્ષોથી ભરપૂર બગીચો જોયો ને શીતળ જળનું નાનકડું સરોવર જોયું. એ જોઈને હૈયું હરખાઈ ગયું. અહાહા...પ્રભુ ! શું તારી કરૂણા-દૃષ્ટિ છે ! એણે ઉભી થઈને સંતરા, ચીકુ, મોસંબી, દાડમ વિગેરે ફળો લાવીને ખવડાવ્યાં ને સરોવરનું પાણી પીવડાવ્યું. હવે બાળકો આનંદમાં આવ્યા.

"અરૂણા અરૂણાનો પોકાર કરતો અરૂણ" :– આ તરફ અરૂણા અને તેના બે બાલુડા ગયા એટલે ઘર ખાલી પડયું અને ઘરમાં સૂનું સૂનું લાગવા માંડયું, રસોડામાં જઈને જુવે છે તો રસોઈના તપેલા ને મિષ્ટાન્ન બધું ભરપૂર ભરેલું છે. એમાંથી એક કણ પણ ઓછો થયો નથી. આ જોઈને બધાને થયું કે આ તો જુલમ થઈ ગયો ! એણે સાધુને તો કંઈ આપ્યું નથી, આપણે એને ખૂબ દુઃખ આપ્યું. એ ચાલી ગઈ. અરેરે.... મારા કુલ જેવા બાળકો ભૂખ્યાં ને તરસ્યા શું કરતા હશે ! સાસુ બહાર આવીને પાડોશણને કહે છે કે તમે ખોટી ભંભેરણી કરીને અમારા ઘરમાં કલેશ કરાવ્યો, અમારી વહુ છોકરાઓને લઈને ચાલી ગઈ. અરૂણાના પતિની આંખ પણ ખુલી ગઈ. અહો ! હું કપટ કરીને પરણ્યો, પવિત્ર સતી જેવી સ્ત્રી ઉપર મેં સીતમ ગુજાર્યો, એને કાઢી મૂકી પોતાની ભૂલનો પશ્ચાતાપ કરતો એને પતિ અરૂણાની શોધ કરવા નીકળ્યો. અત્યારે ક્રૂરતાનું સ્થાન કરૂણાએ લીધું હતું, અને પ્રચંડતાના સિંહાસને પશ્ચાતાપની છડીઓ પુકારાતી હતી. અરૂણકુમાર અરૂણા....અરૂણાના પોકાર કરતો વનવગડાના ખૂણે ખૂણે ઘૂમવા લાગ્યો.

અરૂણા પોતાના ધર્મ ઉપર શ્રદ્ધા રાખી નિર્ભયપણે વનમાં આગળ વધતી ગઇ. એણે નિર્ણય કર્યો હતો કે કોઈ સારી જગ્યા મળે તો ત્યાં ઝુંપડી બનાવીને રહું, શુદ્ધ ધર્મનું આરાધન કરું ને શાંતિમય જીવન વીતાવું, એમ વિચાર કરતી એક ઘટાદાર વડલાના વૃક્ષ નીચે આવીને બેઠી. એને લાગ્યું કે આ સ્થાન નિર્ભય છે. હવે અહીં જ રહીશ, પણ આ નિર્ભય સ્થાનમાં પણ એને ભયના ભણકારા વાગવા લાગ્યા. સામે દૃષ્ટિ કરી તો કોઇ પુરૂષ એની નજીક આવતો દેખાયો. વધુ નજીક આવ્યો ત્યારે ઓળખી ગઇ કે આ તો મારો પતિ છે. એને જોતાં જ ધ્રુજી ઉઠી. અહો ! ઘરમાં આગ લાગી એટલે વગડામાં આવી તો વનમાં પણ આગ ! અહો ! મેં કેવા ક્રૂર કર્મો કર્યાં હશે ! અરેરે... મને સંત સતીજીઓ સમજાવતા હતાં કે બહેન ! આ સંસાર દાવાનળ છે, સંસારમાં કંઇ સાર નથી. તું દીક્ષા લે પણ હું સમજી નહિ ને સંસારમાં પડી તો આ દુઃખ આવ્યા ને ? દીક્ષા લીધી હોત તો મારું કલ્યાણ થઇ જાત.

" ભયની મારી અરૂણા કૂવામાં " :– પતિને નજીક આવતો જોઈને અરૂણાને ધ્રુજારી છૂટી. પતિએ પણ નિર્જન જંગલમાં વૃક્ષ નીચે બે બાળકોને લઈ ને બેઠેલી સ્ત્રીને જોઇને માન્યું કે મારી પત્ની છે. વેગથી દોડતો આવતો હતો. અરૂણાના મનમાં થયું કે એ આવશે ને મને મારશે અગર મારા ધર્મની નિંદા કરશે. એના હાથે મરવા કરતાં હું મારી જાતે જ આ બાજુના કૂવામાં પડીને મરી જાઉં. એવો નિર્ણય કરીને ઝડપભેર ત્યાંથી ઉઠી પોતાના બંને બાળકોને લઇને કૂવાકાંઠે જઇ શાસનદેવને પ્રાર્થના કરી સર્વ જીવોને ખમાવી, પંચ પરમેષ્ટી ભગવંતનું સ્મરણ કરીને બંને બાળકો સહિત એણે કૂવામાં ઝંપલાવ્યું આ સમયે એનો પતિ અત્યંત નજીક પહોંચી ગયો હતો, ત્યાં એના કાને ધમાકો સંભળાયો. નક્કી, અરૂણાએ બે બાળકોને લઈ ને કૂવામાં ઝંપલાવ્યું લાગે છે. પતિને પારાવાર દુઃખ થયું. ધિક્કાર છે આ પાપીને ! મારા પાપે, મારા ડરથી એણે કૂવો પૂર્યો ને ? હું આશાભેર આવ્યો પણ મને અરૂણા ન મળી. અરૂણને એક તો પોતાની સતી જેવી પત્ની ગઇ તેનું દુઃખ થયું. બીજું નિર્દોષ સતી ઉપર આવો સીતમ ગુજર્યો તેનો હૈયામાં ઠારમો ઘા હતો, પણ પાછળનો પરતાવો શું કરે ! અરૂણને ભયંકર આઘાત હોવાથી તે બેભાન થઇને પડી ગયો.

" અરૂણાની વહારે આવેલા દેવો " :– અરૂણા તેના બે બાળકોને લઇને કૂવામાં પડી તે વખતે ધર્મના રક્ષક દેવોએ તેને અદૃશ્ય રીતે ઝીલી લીધી અને કૂવામાં વચ્ચે મઝાનો સુંદર નાનકડો બંગલો બનાવી દીધો. તેમાં ખાવાપીવાની બધી સગવડ કરી દીધી. એટલે માતા અને બંને બાળકો આનંદથી કૂવામાં રહ્યા. બંધુઓ ! જુઓ, ધર્મનો કેવો પ્રભાવ છે ! ધર્મ માણસને કષ્ટમાં કેટલી સહાય કરે છે એ આ દૃષ્ટાંત દ્વારા તમને સમજાશે. થોડી વારે અરૂણાનો પતિ ભાનમાં આવ્યો ત્યારે તેના મનમાં થયું કે મારી પ્રેમાળ પત્ની ગઇ, બંને બાળકો ગયા તો હવે મારે જીવવાનો શું અર્થ છે ! જેના માટે આવ્યો હતો

તેનું મિલન થયું નહિ. તેઓ આ કૂવામાં જ પડયા છે તો હું પણ તેમની પાછળ જ જાઉં. એમ વિચારીને અરૂણે પણ કૂવામાં ઝંપલાવ્યું. હવે એના પણ પુણ્યનો ઉદય થયો છે એટલે તે બંને બાળકો અને સતી બેઠા હતાં ત્યાં જ પડયો. અરૂણાએ પતિને જોયો એટલે કુજવા લાગી કે આ તો મારી પાછળ કૂવામાં આવ્યા. હવે હું કયાં જઉં ! અરૂણ તેનું મુખ જોઈને સમજી ગયો કે આ મારાથી કુજે છે એટલે નમ્રતાથી બોલ્યો–અરૂણા હવે હું પહેલાનો અરૂણ નથી. હવે તું મારાથી ડરીશ નહિ, ગભરાઈશ નહિ. આ પાપીને ક્ષમા કર. વિના અપરાધે તારા જેવી ધર્મીષ્ઠ સતીને સંતાપી તેનો મારા દિલમાં પૂરો પશ્ચાતાપ થયો છે. હવે તો તું જેમ કહીશ તેમ હું કરીશ. તું ઘેર ચાલ. અરૂણાએ કહ્યું–નાથ ! હવે એ ઘેર નહિ આવું. આપ આપના બાળકો લઈ જાઓ ને હું મારા આત્માનું કલ્યાણ કરીશ, ત્યારે એના પતિની આંખમાં આંસુ આવી ગયા ને કરગરીને કહ્યું–અરુણા ! હવે હું સાચો જૈન બનીશ ને ધર્મના બધા નિયમોનું પાલન કરીશ. હવે મને જૈન ધર્મ પ્રત્યે માન જાગ્યું છે. તારા જૈન ધર્મનો પ્રભાવ મને પ્રત્યક્ષ દેખાયો, આ કૂવામાં આપણને બચાવનાર જૈન ધર્મ છે.

"સાસુ સસરાનો હૃદયપલટો" :– પતિએ ખૂબ કહ્યું એટલે કૂવામાંથી બહાર નીકળવાની ઇચ્છા કરી, ત્યાં દેવે તેમને કૂવામાંથી બહાર મૂકી દીધા. એટલે તેઓ ત્યાંથી નજીક આવેલા એક ગામમાં ગયા. ત્યાં પુણ્યનો ઉદય જાગ્યો એટલે સામેથી સહકાર મળ્યો. તેથી ત્યાં રોકાયા. અરૂણે ત્યાં નાની દુકાન કરી. ધીમે ધીમે કમાતો ગયો તેમ વહેવાર વધાર્યો ને મોટો શ્રીમંત બન્યો. આ બધું બનતાં જૈન ધર્મની શ્રદ્ધા વધી ગઈ. પોતાનો પતિ સાચો જૈન બન્યો એટલે અરૂણાને પણ સંતોષ થયો ને આનંદથી રહેવા લાગ્યા. આ તરફ અરૂણાના સાસુ–સસરા ચિંતામાં પડયા. આપણી વહુ ગઈ, નાના બાલુડા ગયા ને તેમને શોધવા આપણો દીકરો ગયો એ પણ પાછો ન આવ્યો. એમનું શું થયું હશે ? ચિંતાતુર બનેલા માતા–પિતા પણ શોધતાં શોધતાં જ્યાં આ લોકો રહેતા હતા ત્યાં આવ્યા. અરૂણે અને અરૂણાએ માતા–પિતાનો આદર સત્કાર કર્યો. સાસુ–સસરાએ અરૂણાને કહ્યું–બેટા ! આ દેવી જેવી વહુને અમે ઓળખી નહિ. અમે તને કેટલા દુઃખ આપ્યા. તને મારીને કાઢી મૂકી. અમે પાપી છીએ, અપરાધી છીએ, અમને માફ કર. અરૂણાએ કહ્યું–બા–બાપુજી ! આપ અપરાધી નથી. આપ પવિત્ર છો. અપરાધ તો મારા કર્મનો છે. આપ તો મહાન ઉપકારી છો. આપ દિલમાં જરાપણ દુઃખ ન ધરશો. આપનો હું જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. એમ કહીને સાસુ–સસરાના ચરણમાં પડીને કહ્યું–બા–બાપુજી ! આ ઘર અને માલ મિલ્કત બધું આપનું છે. આવા મીઠા શબ્દોથી અરૂણાના સાસુ–સસરાને શાંતિ થઈ. પછી બધા જૈન ધર્મનું આરાધન કરતાં શાંતિથી રહેવા લાગ્યા. અરૂણાએ કદી મનમાં એવો વિચાર ન કર્યો કે મને આ લોકોએ કેવા દુઃખ દીધા છે,

પણ પોતે દુઃખ સહન કરતાં કુટુંબ જૈન ધર્મનાં રંગે રંગાયું તેનો અલૌકિક આનંદ થયો. સૌએ ધર્મની આરાધના કરીને કલ્યાણ કર્યું.

દેવાનુપ્રિયો ! જે ધર્મ કરે છે તેની કસોટી તો અવશ્ય થાય છે પણ જે કસોટીમાં દૃઢ રહે છે તે સંસારસાગરને પાર ઉતરી જાય છે. તમને પણ કદાચ કસોટી આવે તો ગભરાતા નહિ પણ દૃઢ રહેજો. ધર્મ તમને અવશ્ય સહાય કરશે.

સુમિત્રકુમાર ધર્મમાં શ્રદ્ધાવાન હતો. તે રાજ્યનું પાલન કરવા છતાં ધર્મને ચૂકયો નથી. એક દિવસ સુમિત્ર રાજા સિંહાસને બેઠા હતા તે વખતે કલિંગ દેશથી એક દૂત આવ્યો. દૂતે આવીને સમાચાર આપ્યા કે હે મહારાજા ! આપના બહેન પ્રિયદર્શના જે કલિંગ દેશના રાજા સાથે પરણાવ્યા છે તેમનું અપહરણ થયું છે. એટલે સુમિત્રે પૂછયું કે મારી બહેનનું હરણ કરનાર કોણ છે ? ત્યારે દૂતે કહ્યું કે શિવમંદિર નગરના રાજા અનંગસિંહનો પુત્ર કમલકુમાર તેનું હરણ કરી ગયો છે. તમે જલ્દી છોડાવવા માટે ચાલો. આ સાંભળીને સુમિત્ર રાજાને ખૂબ દુઃખ થયું. કયાં કલિંગ અને કયાં શિવમંદિર નગર ! સુમિત્ર રાજા વિચારમાં પડયા કે હવે મારે શું કરવું ? આ સંસારમાં રહ્યો તો બધી ઉપાધિ છે ને ? આ યુદ્ધ-સંગ્રામમાં કેટલા માણસોની હિંસા થઈ જશે ! મને પિતાજીએ દીક્ષા લેવા ન દીધી તો આ હિંસામય યુદ્ધ કરવું પડશે. મારી ફરજ છે કે મારી બેન હો કે કોઇ પણ બહેન-દીકરી હો તો તેને પરપુરૂષના હાથમાંથી છોડાવવી એ ક્ષત્રિયોનો ધર્મ છે જો યુદ્ધ કરવા ન જાઉં તો મારો ક્ષત્રિય ધર્મ લાજે છે. તે ખૂબ ચિંતા કરવા લાગ્યા, બીજી તરફ બહેનનું હરણ થયાના સમાચાર બીજા કોઈ વિદ્યાધર દ્વારા ચિત્રગતિએ સાંભળ્યા.

"સતીની વહારે ચિત્રગતિકુમાર" :- ચિત્રગતિ પરદુઃખભંજન હતો. તેને ખબર પડી એટલે તેણે પોતાના વિદ્યાધરોને સુમિત્ર રાજા પાસે મોકલીને સંદેશો કહેવડાવ્યો કે હે સુમિત્ર રાજા ! તમે મારા ધર્મના વીરા છો. તમારી બહેન તે મારી બહેન છે. હું તેને શોધીને થોડા દિવસમાં જ લઇ આવીશ. ચિત્રગતિના સમાચાર આવતા સુમિત્રની ચિંતા ઓછી થઇ ને તેણે ચિત્રગતિનો ખૂબ ઉપકાર માન્યો. ચિત્રગતિએ વિદ્યાધરો દ્વારા તપાસ કરાવી કે પ્રિયદર્શનાને કોણ ઉપાડી ગયું છે ને હાલ તે કયાં છે ? તપાસ કરાવતા ખબર પડી કે પ્રિયદર્શનાનું હરણ કરનાર અનંગસિંહ રાજાનો પુત્ર કમલકુમાર છે. એટલે ચિત્રગતિ મોટું સૈન્ય લઈને શિવમંદિર નગર પહોંચ્યો, અને એક હોંશિયાર દૂતને અનંગસિંહ રાજાના દરબારમાં મોકલીને સંદેશો કહેવડાવ્યો. દૂતે દરબારમાં આવીને અનંગસિંહ રાજાને કહ્યું કે અમારા રાજકુમાર ચિત્રગતિએ કહેવડાવ્યું છે કે તમારા પુત્ર કમલે મારા મિત્ર સુમિત્ર રાજાની બહેનનું હરણ કર્યું છે. આ બહુ અયોગ્ય છે. પરાઇ

સ્ત્રીને ઉપાડી લાવવી તે ઘોર પાપ છે, માટે માન સહિત પ્રિયદર્શનાને પાછી આપી દો. નહિતર યુદ્ધ કરવા તૈયાર થાઓ. આ સમયે કમલકુમારે કહ્યું કે પ્રિયદર્શનાને પાછી આપવા માટે નથી લાવ્યો પણ તારા રાજાના હાથમાં લડવા માટે ચળ આવતી હોય તો કહી દેજે કે થોડી જ વારમાં મોતને ભેટવા તૈયાર થાય. હું તેને કીડાની માફક ચપટીમાં ચોળી નાંખીશ.

"યુદ્ધની વાગેલી ભેરી" :– કમલનો ઉદ્ધત અને ગર્વયુક્ત જવાબ સાંભળીને દૂતને ક્રોધ ચઢયો ને ચિત્રગતિ પાસે આવીને બધી વાત કરી. થોડીવારમાં જ કમલકુમાર સૈન્ય લઈને યુદ્ધ મેદાનમાં ચિત્રગતિ સાથે લડવા આવ્યો. ચિત્રગતિ અને કમલ બંનેની સેનાઓ લડવા લાગી કમલ કરતાં ચિત્રગતિનું સૈન્ય મોટું અને બળવાન હતું. એટલે થોડી જ વારમાં કમલ અને તેની સેનાને હરાવી દીધી. પોતાનો પુત્ર હારી ગયો તે સમાચાર અનંગસિંહ રાજાને મળ્યા એટલે તરત પોતે જાતે બીજું સૈન્ય લઈને રણસંગ્રામમાં લડવા આવ્યા. અનંગસિંહ રાજા ખુદ સૈન્યના મોખરે આવીને લડવા તૈયાર થયા. ચિત્રગતિ અને અનંગસિંહ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. બંને બળીયા પુરુષો હતા ને બંનેનું સૈન્ય પણ બળવાન હતું. શસ્ત્રોનો વરસાદ વરસવા લાગ્યો. અનંગસિંહ રાજા તીર, તલવાર, ભાલા, ગદા વિગેરે શસ્ત્રોથી ચિત્રગતિ સાથે લડયો પણ ચિત્રગતિને હરાવી ન શકયો. લડતા લડતા એના બધા શસ્ત્રો ખૂટી ગયા, ત્યારે છેવટે તેની પાસે એક દૈવી ખડ્ગ હતું તેને યાદ કર્યું એટલે ખડ્ગ ત્યાં હાજર થઇ ગયું આ ખડ્ગને જોતાં ભલભલા રાજાઓના હોજા ગગડી જતાં હતાં પણ ચિત્રગતિ રહેજ પણ ડર્યો નહિ.

"ખડ્ગ હાથયાર સામે કુમારે કરેલો ચમત્કાર" :– બંધુઓ! ક્ષત્રિયનો બચ્ચો કદી સંગ્રામમાં ડરે નહિ અને જો ડરી જાય તો તે સાચો ક્ષત્રિય ન કહેવાય, ખડ્ગ હાથમાં લઈને અનંગસિંહે કહ્યું– છોકરા! તું નાનો બાળક છે એટલે મને તારી દયા આવે છે. આ ખડ્ગ ચલાવતાં પહેલાં તને હું એક વાર કહું છું કે તું અહીંથી ચાલ્યો જા. શા માટે હાથે કરીને મોતને ભેટવા તૈયાર થયો છે? ત્યારે ચિત્રગતિએ કહ્યું–હે રાજા! હું તમારી આગળ ભલે નાનો હોઉં પણ વીરના પુત્ર વીર હોય છે. તે કદી પીછેહઠ કરતા નથી. તારા હાથમાં દૈવી ખડ્ગ આવ્યું છે એટલે તને ઘણું અભિમાન આવ્યું લાગે છે પણ હું તને મારી વિદ્યાનો પરચો બતાવું છું. તું જોઈ લે. એમ કહીને ચિત્રગતિએ અંધકાર વિદ્યાથી બધે અંધારું કરી નાંખ્યું. એવું ઘોર અંધારું છવાઈ ગયું કે કોઈ કોઇને જોઈ ન શકે. અંધકારમાં કોણ મિત્ર અને કોણ શત્રુ તે દેખી ન શકાય. આવા અંધકારમાં અનંગસિંહ રાજા મૂંઝાઈ ગયા. હવે કોના ઉપર ખડ્ગ ચલાવવું! આવા ઘોર અંધકારમાં બધા પથ્થરની જેમ જડાયેલા ઉભા રહ્યા. હવે ચિત્રગતિ શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

સ્વ. પૂ. આચાર્ય શ્રી હરખચંદ્રજી મહારાજ સાહેબનું વૈરાગ્યમય, ચારિત્રની સુવાસથી મ્હેંકતા જીવનનું પૂ. મહાસતીજીએ સુંદર વર્ણન કર્યું હતું.)



વ્યાખ્યાન નં. ૨૧

શ્રાવણ સુદ ૩ ને રવિવાર **તા. ૬-૮-૭૮**

"ભાવમંગલની મહત્તા"

અનંત કરૂણાસાગર, ત્રૈલોક્ય પ્રકાશક, અનંત ઉપકારી સર્વજ્ઞ ભગવંતોએ ભવ્ય જીવો ઉપર કરૂણાનો ધોધ વરસાવી ધર્મરૂપી મંગલનું સ્વરૂપ સમજાવ્યું છે. જગતના દરેક જીવોની એ ઇચ્છા હોય છે કે મારા દરેક કાર્ય મંગલમય બનો. કોઇ અમંગલની ઇચ્છા કરતું નથી. પોતાનું મંગલ થાય તે માટે સૌ તલસી રહ્યા છે. માનવ માત્રના અંતરના આકાશમાં સદાને માટે મંગલનો સૂર્ય પ્રકાશ્યા કરે એની ઝંખના જીવતર સાથે જકડાઇ રહી છે, પણ જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે તમે બધા મંગલની ઇચ્છા કરો છો પણ પહેલા મંગલનો મર્મ તમારે જાણવો પડશે. મંગલનો મર્મ જાણ્યા સિવાય મંગલની પ્રાપ્તિ થઇ શકતી નથી. કદાચ કોઇને મંગલની પ્રાપ્તિ થઇ જાય તો તેના જતન થવા મુશ્કેલ છે. આમ તો મંગલ ઘણા પ્રકારનું છે. જેમ કે કોઇ ભાઇનું નામ મંગળદાસ હોય તો તે નામ મંગલ છે. કોઇ ક્ષેત્ર પવિત્ર તીર્થધામ બની ગયું હોય તો તે ધામ મંગલ છે. કામ મંગલ સ્વરૂપે હોય તો તે કામ મંગલ છે. આવા અનેક પ્રકારના મંગલ આ જગતમાં રહેલા છે. આ બધા મંગલની વાત છોડીને આપણે આજે બે મુખ્ય મંગલની વાત કરવી છે.

આ બે મંગલ કયા છે તે જાણો છો ? એક દ્રવ્ય મંગલ અને બીજું ભાવમંગલ. તમે બહારગામ જાવ અગર તો સંસારના શુભ કામે જાવ છો ત્યારે કપાળમાં કુંકુનો ચાંલ્લો કરીને ઉપર ચોખા ચોટાડો છો, દહીં કે ગોળ ચાખો છો અને ઘરની બહાર નીકળતી વખતે શુકન જુઓ છો. ઘરમાંથી નીકળ્યા ને કોઇ સૌભાગ્યવંતી સ્ત્રી અગર કુમારિકા મળે તો તેને શુભ શુકન ગણો છો. ગાય સામી મળે તો સારા શુકન થયા એમ માનીને આગળ વધો છો. આ બધા દ્રવ્યમંગલ છે. દ્રવ્યમંગલ બાહ્યલાભમાં ઉપયોગી છે પણ આભ્યંતર લાભમાં એનો ફાળો નથી. આ જગતમાં બાહ્યસુખની ઇચ્છાવાળા જીવો દ્રવ્યમંગલમાં આનંદ માને છે. દ્રવ્યમંગલ મળી ગયું એટલે જાણે બધું જ મળી ગયું એમ સમજે છે, પણ આત્મિક સુખની ઝંખનાવાળા જીવોને મન દ્રવ્યમંગલની કિંમત નથી. એમને તો ભાવમંગલ પ્રાપ્ત થાય તો જ પરમાનંદની પ્રાપ્તિ થાય છે. ભૌતિક સુખની અપેક્ષાવાળા જીવોને સ્હેજ કંઇ અમંગલસૂચક ચિન્હ થાય તો તેમના મનની મૂંઝવણ વધી જાય છે. માની લો કે સવારમાં દૂધની તપેલી ઊંધી પડી ગઇ ને બધું દૂધ ઢોળાઇ ગયું, અગર ઘી ઢોળાઈ

ગયું તો એમ થશે કે આજે કંઈક નુકશાન થશે. ઘરની બહાર નીકળ્યાને બિલાડી આડી ઉતરે તો કહેશો કે અપશુકન થયા. થોડીવાર થોભીને આગળ ચાલશો. કોઈ વિધવા બહેન સામી મળે તો મોઢું બગડી જાય છે કે આ ક્યાં સામી મળી? પણ હું તમને પૂછું કે વિધવા બહેન સામી મળી તો તમે અપશુકન ગણ્યા, તો કોઈ ભાઇની પત્ની મરી ગઈ હોય એવો વિધુર પુરૂષ સામો મળે તો અપશુકન ગણાય ને? (હસાહસ) તમે ભલે ફરીને પરણ્યા હો પણ વિધુર થયેલા તો બરા જ ને? વિધવા બહેન તો જિંદગીભર બ્રહ્મચર્યનું પાલન કરે છે ને વિધુર બનેલો પુરૂષ તો પરણીને ભોગી બને છે.

બંધુઓ! દ્રવ્યમંગલનો સંસારની દૃષ્ટિએ અમુક અંશે લાભ મળે છે. જ્યારે ભાવમંગલ જગતના સર્વ મંગલોમાં શ્રેષ્ઠ મંગલ છે. મંગલ એટલે શું? "मां गलयति पापात्" મને જે પાપોથી ગાળે એટલે કે પાપોથી દૂર કરે તે મંગલ કહેવાય. જીવને પાપથી દૂર કરે એવું ભાવમંગલ કયું છે એ જાણો છો? ભગવાને દશવૈકાલિક સૂત્રના પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથામાં કહ્યું છે કે–

धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो।
देवा वि तं नमंसंति, जस्स धम्मे सयामणो ॥

અહિંસા, સંયમ અને તપ રૂપી ધર્મ એ સાચું અને ઉત્કૃષ્ટ મંગલ છે. એ ધર્મ જેના દિલમાં આવી જાય છે તે પવિત્ર બની જાય છે અને એવા પવિત્ર આત્માઓના ચરણમાં દેવો નમે છે. આવું ભાવમંગલ આવી જાય પછી દ્રવ્યમંગલની કિંમત રહેતી નથી. ભાવમંગલ થઇ ગયા પછી કદાચ દ્રવ્ય અમંગલ થયું હોય તો પણ તેનો પ્રભાવ રહેતો નથી દા. ત. તમારે ઘેર પુત્રનો જન્મ થાય તેને તમે મંગલ માનો છો, પુત્રને પરણાવવા જાવ તો તેને પણ મંગલ માનો છો, નવું ઘર બંધાવીને તેમાં કુંભ મૂકવો, વાસ્તુ કરવું તેને પણ તમે મંગલ માનો છો. પણ વિચાર કરો, શું એ મંગલનું અમંગલ નથી થતું? પુત્રનો જન્મ થયો ને મરી ગયો તો શું થયું? અમંગલ જ થયું ને? કેટલી હોંશથી મોટું મકાન બંધાવ્યું, એ બંગલામાં રહેવાના કેટલા કોડ હતા પણ એમાં રહેવા જતાં પહેલાં જ એ બંગલો વેચી દેવાનો સમય આવ્યો તો એ અમંગલ બરું ને? સંસારના બધા કાર્યો તમે શુકન, મુહુર્ત બધું જોઇને જ કરો છો ને? છતાં તેમાં અમંગલ થાય છે ને? તો હવે વિચાર કરો કે જે મંગલ કર્યા પછી અમંગલ થાય તે સાચું મંગલ કે જે મંગલ કર્યા પછી કદી તેમાં અમંગલ ન થાય તે સાચું મંગલ?

ધર્મ એ સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ ભાવમંગલ છે. તેમાં કદી અમંગલ થતું નથી. જે ભાવમંગલનું મહત્ત્વ સમજે છે તેને પછી કદાચ દ્રવ્ય અમંગલ થાય તો પણ તે ભાવમંગલધર્મ એને દુઃખના સમયે સાચી સમજણ આપે છે ને તેનું દુઃખ હરે છે. આત્માના અનંત સુખમાં જે સહાયક બને તે ભાવમંગલ કહેવાય. ભાવમંગલ એવો ધર્મ

એ સામાન્ય-શેઠ નથી, મહા ઉદ્ધાર શેઠ છે. આખી જિંદગી એને ભૂલે-વિસરે, પણ અંતકાળે મરતાં તેનું સ્મરણ કરે તો પણ પોતાનો દ્રોહ કરનારને પણ તારે છે. મરતાં પણ શરણ લેવાથી ગોશાલક બારમે દેવલોકે ગયો. ભાવમંગલ આત્માનો મહ ન ગુણ છે. જેમાં આત્મવિકાસની સર્વ સામગ્રી સાકાર બનેલી હોય છે. આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણો એ ભાવમંગલ છે. એ ગુણોને વિકસાવનારા જે સાધનો હોય તેને પણ સાધનમાં સાધ્ય બુદ્ધિનું આરોપણ કરીને ભાવમંગલ તરીકે અપનાવી શકાય. દેવાનુપ્રિયો ! જીવનમાં બધું મળશે પણ ભાવમંગળ મળવું મુશ્કેલ છે. ભગવાને ધર્મને જ ઉત્કૃષ્ટ મંગલ કહેલ છે. આત્માના સહજ ગુણોની જેનાથી ખીલવણી થાય તે ભાવમંગલ છે ગુલાબના છોડને તૈયાર થયા પછી ગુલાબના ફુલ લાવવા પડતા નથી. એની મેળે જ સમય થતાં ગુલાબના પુષ્પો એ છોડ ઉપર ખીલે છે ને જગતના ચોકમાં એની સૌરભ મ્હેંકાવે છે, એવી રીતે ઉત્કૃષ્ટ ભાવમંગલ સ્વરૂપ ધર્મ આત્મિક ગુણો રૂપી ગુલાબને ખીલાવે છે ને તેમાંથી સદ્‌ગુણની સુગંધ જગતના જીવોને મળે છે.

ભાવમંગલથી ભાવિત ચિત્તવાળા આત્માઓને સંસારની કોઈ પણ ઉપાધિ અકળાવી શકતી નથી. કોઈ પણ સંયોગોમાં એની આત્મિક શાંતિ ખૂટતી નથી. ભાવમંગલની નૌકામાં બેઠા પછી સંસાર સમુદ્ર તરી શકાય છે. સંસારની અનેકવિધ ઉપાધિઓમાં સપડાયેલો પામર પ્રાણી ભાવમંગલને છોડીને દ્રવ્યમંગલમાં આથડી રહ્યો છે અને તે અજ્ઞાનને વશ થઈને ભાવમંગલને દ્રવ્યમંગલમાં પલ્ટાવી દે છે. પરમાત્માનું સ્મરણ કરતાં લાલસાના લાવારસમાં ડૂબકી લગાવતો જીવ ભગવાનની પાસે એવી માંગણી કરતો હોય છે કે એને જોઈને એમ લાગે કે આના જીવનમાં ભાવમંગલની પ્રાપ્તિ હજુ ઘણી દૂર છે. જેને ભવસમુદ્રમાં વારંવાર ડૂબકી લગાવવી ન હોય અને પ્રગતિના સોપાન સર કરવા હોય તેણે આત્મોન્નતિમાં સહાયક ભાવમંગલને અંતરમાં સ્થાન આપવું પડશે. ભાવમંગલ વિના જીવન નિરર્થક બની જશે. ભાવમંગલ વિનાના જીવને જીવવાનો કોઈ આનંદ નથી. ભાવમંગલરૂપ અમૃતકુંભને અપનાવશો તો વિપત્તિની વાદળીઓ ખસી જશે ને મનની મૂંઝવણો પણ દૂર થશે. ભાવમંગલ સ્વરૂપ ધર્મને જીવનમાં તાણાવાણાની જેમ વણીને અખંડ, અજર-અમર, અનંત સુખની પ્રાપ્તિ કરવી એમાં માનવભવની મહત્તા છે.

અહિંસા, સંયમ અને તપ એ ત્રણ રૂપ ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે. દાન, શીયળ, તપ અને ભાવ એ ધર્મમંગલના પેટા ભેદો છે, જ્ઞાનીઓની કેટલી કરૂણા છે કે માનવી કોઇ પણ રીતે આત્માનું કલ્યાણ કરી શકે તે માટે વિવિધ પ્રકારે ધર્મ બતાવ્યો છે, તમે સંસારમાં રહીને પણ બને તેટલી હિંસાથી બચો, જેમાં વધુ હિંસા થાય છે તેવા ખાનપાન અને વિષયભોગો ઓછા કરો. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં નિયંત્રણ કરો અને બની શકે તો પુરાણા કર્મો ખપાવવા માટે તપ કરો. તપ

વિના જૂના કર્મોના કાટ બળવા મુરકેલ છે. આપણે ત્યાં તપશ્ચર્યાના મંગલ માંડવડા નંખાઈ ગયા છે. કંઈક ભાઈ-બહેનોને આજે ૧૯ મો ઉપવાસ છે, કંઈકને ઉપવાસના સિદ્ધિતપ છે. આ આત્માઓ તો સાધનામાં જોડાઈ ગયા છે. ભગવાને ચાર પ્રકારે ધર્મ બતાવ્યો છે. દાન, શીયળ, તપ અને ભાવના. જે તપ ન કરી શકે તેમ હોય તે દાન કરે, ઉત્કૃષ્ટ ભાવે સુપાત્ર દાન દેવાથી જીવ મહાન લાભ મેળવે છે. સુપાત્ર દાન એ શ્રેષ્ઠ દાન છે.

ભગવતી સૂત્રમાં ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે " समणोवासगस्सणं भन्ते ! तहारुवं समणं वा, माहणं वा, फासुएसणिज्जेणं असणं, पाणं, खाइम, साइमेण पडिलाभेमाणस्स किं कज्जइ ? " હે ભગવંત! શ્રમણોપાસકને, તથા રૂપ શ્રમણ, માહણને પ્રાસુક, એષણીય આહાર પાણી, વસ્ત્ર, પાત્ર વિગેરે આપે છે તો તેનાથી તેને શું લાભ થાય છે? જવાબમાં ભગવંતે કહ્યું, " गोयमा ! एगंतसो निज्जरा कज्जइ नत्थिय से पावे कम्मे कज्जइ ॥ " હે ગૌતમ ! તે એકંત કર્મનિર્જરા કરે છે પણ પાપ કરતો નથી. ભગવાનની આજ્ઞામાં વિચરતાં સંતો કેવા પવિત્ર હોય છે ! જે તમારી પાસેથી લે છે થોડું અને જ્ઞાનલાભ ઘણો આપે છે. ઉત્કૃષ્ટ ભાવે સુપાત્ર દાન દેવાથી જીવ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી શકે છે. તમે તો ભાગ્યવાન છો કે તમને દાન દેવાનો અવસર મળે છે પણ જે લોકો અમેરિકા, યુરોપ, જર્મન, લંડન વિગેરે દેશોમાં જઈને વસ્યા છે તેમને સંતના દર્શન કદી થવાના છે ! એમને સુપાત્ર દાન દઈને કર પવિત્ર કરવાનો અવસર મળવાનો છે ! ભલે ને એમની પાસે ધનના ઢગલા હોય, વૈભવ વિલાસના અનેક સાધનો હોય ને સુખ ભોગવતા હોય, તેનાથી કંઈ એમનું કલ્યાણ થવાનું નથી. માટે તમને જે મળ્યું છે તેનો સદુપયોગ કરો. સુપાત્ર દાન દો, સત્કાર્યમાં ધનનો સદુપયોગ કરો અને પાપના કાર્યમાં ન જોડાવ. સત્કાર્યમાં વાપરેલું ધન એ સાચું ધન છે. બાકી તમારા સંસારમાં ધૂમ પૈસા વાપરો, ભોગવિલાસમાં ધન વપરાશે. તેમાં કંઈ ધનની વિશેષતા નથી પણ ધર્મના કાર્યમાં, સત્કાર્યમાં વાપરેલું ધન એ સાચું ધન છે. એની જ વિશેષતા છે. કહ્યું છે કે,

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति भुङ्क्ते, तस्य तृतीया गति र्भवति ॥

દાન, ભોગ અને વિનાશ એ ત્રણ ધનની ગતિઓ છે. જે મનુષ્ય રાતી પાઈ દાનમાં વાપરતો નથી કે પોતે ખાતોપીતો નથી ને બીજાને દેતો નથી તેનું ધન છેવટે નાશ થાય છે અથવા મૂકીને જવું પડે છે. માટે તમને જે મળ્યું છે તેમાંથી યથાશક્તિ વાપરીને દિલના દિલાવર બનજો પણ લોભી ન બનશો. ધન મેળવવા માટે માણસ કેવા પાપ કરે છે ! પાપનું આચરણ કરીને ધન મેળવનાર પાપ કરતાં પાછું વાળીને જોતો નથી. બિચારા ગરીબોને કચડી નાંખે છે પણ એને ખ્યાલ નથી આવતો કે અનીતિનું આચરણ કરીને હું ધન ભેગું કરીશ તો મારું શું થશે ? લોભી માણસના દિલમાં દયા હોતી નથી.

પાપનો બાપ લોભ છે. લોભીયાનું ધન શુભકાર્યમાં વપરાતું નથી અને અંતે કર્મ ભોગવવા માટે દુર્ગતિમાં ચાલ્યો જાય. લોભી મનુષ્ય કેવો હોય છે. પૈસો ભેગો કરવા માટે લોભી કેવો અન્યાય કરે છે તે વિષે મને એક લોભી વણિકનું દૃષ્ટાંત યાદ આવે છે.

એક શહેરમાં દાતારામ નામનો શ્રીમંત વણિક અનાજનો મોટો વહેપારી હતો. તેને ત્યાં બધી જાતનું જથ્થાબંધ અનાજ રાખવામાં આવતું. પુણ્યના ઉદયે લક્ષ્મીનો પાર ન હતો. ધંધો ધમધોકાર ચાલતો હતો. ભાઈનું નામ તો દાતારામ પણ પાકો લોભીયો હતો. એક રાતી પાઈ સત્કાર્યમાં વાપરતો ન હતો, અને ઘરાકોને ચૂસી લેતો હતો. ગામડામાંથી કોઇ પટેલ ખેડૂત તલનું ગાડું લઈને શેઠની દુકાને આવ્યો. શેઠે તેને આવકાર આપ્યો ને પોતાની બાજુમાં બેસાડીને પૂછ્યું–બોલો પટેલ! આજે શું માલ લઈને આવ્યા છો? પટેલે કહ્યું–આજે તો ચાંદી જેવા સફેદ તલ લઈને આવ્યો છું. લગભગ બાર મણ તલ હશે. જુઓ, આ નમૂનો. કેટલા સરસ તલ છે! શેઠ તલ હાથમાં લઈને ઝીણી નજરે બરાબર જોઇને બોલ્યા–પટેલ! દીકરાના વખાણ તો એની મા જ કરે ને? તેમ તમે તમારા તલના વખાણ કરો છો. તલ સફેદ છે એ વાત સાચી છે પણ એમાં કાળી છાંટ છે. તમે વખાણ કરો છો એવા આ તલ નથી.

મોટા ભાગે વહેપારીઓ ઘરાક સામે દગો કરે છે. કોઇક નીતિવાન હશે. આજે જ્યાં જુઓ ત્યાં દગા–પ્રપંચ સિવાય વાત નથી. કહેવાય છે ને કે વહેપારી નહિ એના છોકરાનો કે નહિ એની પત્નીનો. વહેપારી તો એના વહેપારનો. કોઈની પાસેથી સસ્તા ભાવે માલ કેમ પડાવી લેવો અને મોંઘા ભાવે કેમ વેચવો એવી ગોઠવણમાં જ પડ્યો હોય છે, એટલે વહેપારીની કરવત કાશીની કરવત જેવી કહેવાય. એ જતાં ય વહેરે ને આવતાં ય વહેરે. રાત દિવસ ભૂખ–તરસ વેઠી, કાળી મજુરી કરીને અનાજ પકાવનાર જગતના પિતા સમાન ખેડૂતોના લોહી ચૂસીને પોતે માલદાર બનવાના ઉપાયો આજના વહેપારીઓ શોધતા હોય છે. એટલે સારા માલમાં કંઈ ને કંઈ ખામી બતાવ્યા કરે. હોંશભેર તલ લઈને આવેલા પટેલનું મન નાશીપાસ થઈ ગયું પણ હિંમત કરીને કહ્યું શેઠ! મારા ખેતરમાં જે માલ પાકયો તે લઇને હું આવ્યો છું. સફેદ તલમાં કોઇક કાળી છાંટ હોય તેથી શું એમાં તેલ નથી? આપ મારો નવો માલ ખરીદી લો.

શેઠે ગરજ ઓળખી ઠાવકું મોઢું રાખીને કહ્યું, પટેલ! તમે તો સોદો થશે એટલે રોકડા રૂપિયા ગણી લઈને. ગાડા ખાલી કરીને ચાલ્યા જશો પણ એ માલને વેચતાં, ઘરાકને શોધતાં અને વખારમાં સાચવતાં કેટલી મહેનત પડે છે એ તો અમારું મન જાણે છે. તમને એની શું ખબર પડે? જો તમારે તલ વેચવા જ હોય તો પાંચ રૂપિયે મણ લેખે બારે મણ તલ ખરીદી લઈશ. બોલો આપવા છે? પટેલ ઢીલા થઈને બોલ્યા, શેઠ! હું તો સફેદ ચાંદી જેવા નવા તલ લઈને દશ રૂપિયે મણ વેચવાની આશાથી ત્રણ ગાડાથી

આવ્યો છું. શેઠ! કંઈક સમજીને ભાવ કરો તો હું રાજી થાઉં. દશના બદલે આઠ આપો પણ શેઠ ઢીલા ન પડયા ત્યારે પટેલે સાત-છના ભાવે આપવા કહ્યું. ઘણું કરગર્યો એટલે શેઠે જરા મગરૂરીથી કહ્યું કે પટેલ! જો વધારે ભાવ જોઈતા હોય તો સઈદ બારતા જેવા તલ લાવો. આ તલના પાંચ રૂપિયાથી વધારે એક પાઈ પણ હું નહિ આપું. તમારે જો ન આપવા હોય તો જ્યાં સારો ભાવ ઉપજતો હોય ત્યાં ખુશીથી વેચી આવો. મારું તમને કોઈ દબાણ નથી.

"શેઠે નાંખેલી માયાજાળ:"-પટેલ ભોળા બહુ હોય. આ વેપારીનો પટેલ કહે છે શેઠ! અમે તો ગામડાના માણસ, ગાડા લઈને ક્યાં ઠેર ઠેર ફરીએ ને અમારે ખોટા શેઠ કરવા નથી. રાત દિવસના વહેપારી શેઠ છોડીને બીજે ક્યાં જવાય? ભલે, તમે રાજી રહો તેમ કરો. પાંચ રૂપિયાના ભાવે બાર ખાંડી તલ તોળી લો. સોદો નક્કી થયો એટલે શેઠે ત્રાજવા ઉપર કાંટા ચઢાવ્યા ને પટેલ અને તેમના માણસોએ તલ ત્રાજવામાં નાંખવા માંડયા. શેઠે કાટલા મૂકવાના પલ્લામાં મણિયાને બદલે બેંતાલી શેરના કાટલા મૂક્યા, એટલે પટેલની આંખ ફાટીને કહ્યું શેઠ મણને બદલે બેંતાલો તોલ કેમ કરો છો? આપણે તોલ કરો તો મણે બશેર તલ તો તમને મફત જ આપી દેવા પડે! ત્યારે શેઠે કહ્યું, પટેલ! આ ચોમાસાના દિવસો છે. ચોમાસામાં તલમાં હવા ભરેલી હોય. આ તલ આજે કંઈ બે ચાર દિવસમાં વેચાઈ જવાના નથી. આ તો વખારમાં ચાર છ મહિના પડયા રહેશે ને કોણ જાણે કયારે વેચાશે? એ પડયા પડયા સૂકાઈ જશે એટલે વજન પણ ઘટી જશે. આ વાણિયાના દીકરાને તમારે મારી નાંખવો છે કે શું? હું ય ઘર લઈને બેઠો છું. પટેલ! જરા વિચાર કરો. જુઓ, વાણિયો કેવો લોભી છે! બોલો, એ પટેલને મારી નાંખવા બેઠો છે કે પટેલ એને મારી નાંખવા બેઠો છે? (હસાહસ) વાણિયામાં બુદ્ધિ ઘણી હોય. એને કોઈ ન પહોંચી શકે. પટેલનું મન કચવાતું હતું કે જે તલ પકવતા કેડ ભાંગી ગઈ, કાળી મજુરી કરીને આટલા તલ પકવ્યા તે આ વહેપારી મણે બશેર તલ તો મફતમાં જ પડાવી રહ્યો છે અને પાછો દેખાવ એવો કરે છે કે જાણે ન્યાયપૂર્વક ઈમાનદારીથી જોખી રહ્યો છે.

તલ પૂરા તોળાઈ ગયા તો બાર ખાંડીને બદલે અગિયાર ખાંડી થયા. ઉપર દશ શેર તલ વધ્યા. પટેલની ધારણા બાર ખાંડીની હતી ને અહીં ઓછા કેમ થયા? એનું કારણ તમે સમજી ગયા ને? તમે તો આવું નથી કરતા ને? (હસાહસ) તોલ બેંતાલો હતો ને પાછું નમતું જોખતો હતો. પછી શું થાય? પટેલે દશ શેર તલ કપડાથી બાંધ્યા એટલે વાણિયો કહે છે પટેલ! ખેડૂતનો દીકરો તો ઉદાર હોય. આટલા બધા તલ તમે વેચ્યા ને આ દશ શેર પાછા લઈ જાઓ છો તે સારું દેખાતું નથી. મારી વખારમાં દશ શેર તલ તો ઉંદરડા ખાઈ જશે. માટે કંઈક વિચાર કરો. (હસાહસ). હું બે પૈસા વધુ કમાઈશ તો આવતી વખતે તમને વધુ ભાવ આપીશ. બિચારો ભલો પટેલ વાણિયાની વાકજાળમાં ફસાઈ ગયો ને કપડામાં બાંધેલા તલ પણ ત્યાં ખાલી કરી નાંખ્યા. તોલ પૂરો થયો પછી

વાણિયો હિસાબ કરવા બેઠો. એમાં માલની દલાલી, તોળવાની મહેનત અને સરકારનો ટૈકસ બધું કાપતાં સવા ચાર રૂપિયે મણની આસપાસ તલ વેચાયા. પણ બિચારા ગરીબ અને ભલા ખેડૂતોને વહેપારીઓની ચાલબાજીની શું ખબર પડે?

બિચારો પટેલ તો શેઠે પૈસા ગણીને આપ્યા એટલા લઇને રવાના થઈ ગયો, પણ વાણીયો મનમાં મલકાવા લાગ્યો કે હું કેવો હોંશિયાર, મોંઘા ભાવના, ઉંચી જાતના તલ મેં તો સસ્તા ભાવે ખરીદી લીધા. મને તો કેટલો બધો નફો થશે? ભગવાન કહે છે કે હે જીવ! તું આ ધંધા કરે છે પણ યાદ રાખજે કે નરકગતિમાં કરવતથી કપાવું પડશે, અગ્નિમાં શેકાવું પડશે. ત્યાં તારો નફો બળબો નીકળી જશે. બચાવો....બચાવોના પોકાર કરીશ તો ય કોઇ નહિ સાંભળે. ખરેખર ખેડૂત બિચારો રડે ને વહેપારી રળે તો ય પાછા રોદણાં રડતો જાય. આ શેઠ તો બધા વહેપારીઓમાં એવા ચાલાક હતા કે કોઈ ખેડૂત સફેદ તલ લઈને એની પાસે આવતો ત્યારે કાળા તલના ગુણ ગાવા બેસી જતો કે તમે કાળા તલ લઈને આવો તો મોં માંગ્યા ભાવ આપું, અને કોઇ કાળા તલ લઈને આવે ત્યારે સફેદ તલના ગાણા ગાવા માંડે ને કાળા તલને અપખોડે. બસ, એની પાસે તો એક જ કામ હતું કે ખેડૂતો પાસેથી સસ્તા ભાવે અનાજ લેવું અને મોંઘા ભાવે ઘરાકને વેચવું.

"શેરના માથે સવાશેર" :– ઘણાં વર્ષોથી આ રીતે શેઠ ધંધા કરતા હતા. શેઠની આવી કૂટનીતિ જોઈને ગામડાના કોળી પટેલોએ વિચાર કર્યો કે આ વાણિયો કોઇ દિવસ આપણને મોં માંગ્યા મૂલ્ય આપતો નથી. આપણો સારો માલ સસ્તા ભાવે જ ખરીદે છે. તો હવે આપણે એનો ઘાટ ઘડવો જોઇએ. ચાર કોળી પટેલો ભેગા થઈને એક બીજાને કહેવા લાગ્યા કે આ શેઠ નથી પણ શઠ છે. એણે કેટલાય ખેડૂતોને ચૂસીને આંતરડી કકળાવી છે તો આપણે પણ હવે એની વખારનો ભાર હળવો કરવો છે. એ ધોળે દિવસે દુનિયાને લૂંટે છે તો આપણે રાત્રે એને લૂંટવો છે. એટલે એને પણ ખબર પડે કે દુનિયામાં શેરને માથે સવાશેર હોય છે. ચારે જણાએ નક્કી કર્યું ને રાત્રે શેઠની વખારે ઉપડ્યા. વખારના દરવાજે મજબૂત બંબાતી તાળું લગાવેલું હતું. આ લોકો તાળાને અડક્યા નહિ પણ પાછળ જઈને બાકોરું પાડ્યું. વખારમાં ઘણા તલ હતા. આ ચારે ય જણા વખારમાંથી ચાર મોટા કોથળા તલના ભરીને બહાર નીકળ્યા.

શેઠની વખારમાં બાતર પાડીને તલના કોથળા તો ભર્યા પણ હવે મધરાતે વેચવા કયાં જવું? જ્યારે આ પ્રશ્ન ઉભો થયો ત્યારે એક જણે કહ્યું કે આપણે બીજે કયાંય નથી જવું. આ તલ દાતારામ શેઠના છે તો એને ત્યાં જ પધરાવી દઈએ, એના ફઈબાએ નામ તો દાતારામ પાડયું છે પણ ઉદારતાનો તો એનામાં છાંટો ય નથી. એ તો એવો લોભીયો છે કે મોટો લાભ વધુ મળે તો અડધી રાત્રે પણ માલ ખરીદીને પૈસા ચૂકવી દે.

ચારે ય જણા બંને તલના કોથળા ઉંચકીને આવ્યા લોભીયા શેઠને ઘેર ને દરવાજા ખખડાવીને કહ્યું કે શેઠ! દરવાજા ખોલો. અમે તલ વેચવા આવ્યા છીએ. શેઠે બારણું ન ખોલ્યું પણ નાની બારીમાંથી ડોકું કાઢીને કહ્યું, ભાઈ! અત્યારે અડધી રાતે તો કાંઈ તલના સોદા થતા હશે? સવારે આવજો. એટલે પેલા કોળી પટેલોએ કહ્યું, શેઠ! અમે ગામડેથી વહેલા નીકળ્યા હતા પણ વચમાં ગાડું કાદવમાં ખૂંપી ગયું. કાઢતાં વાર લાગી ને બળદ ચાલતા ન હતા એટલે આવતા મોડું થયું. કંઈક દયા કરો. સવાર પડતાં પાછા ગામડે પહોંચવું છે માટે અત્યારે રોકડે માલ ખરીદો જેથી અમારી નવી વાવણી શરૂ થાય.

"ઠગને મળ્યા ઠગ" :– વાણિયાએ જાણ્યું કે આ લોકોને અત્યારે ગરજ છે. તો ગરજનો લાભ ઉઠાવી લઉં. વિચાર કરીને બોલ્યો. અત્યારે તલ જોખવા હોય તો તેંતાલીશ શેરનો તોલ થશે. બોલો, કબૂલ છે? આ પટેલો પાકા થઇ ગયા હતા. એટલે વિચાર કર્યો કે સીધી રીતે કબૂલ કરીએ તો વાણિયાને વહેમ પડે. તેથી બે હાથ જોડીને દયામણા અવાજે કહ્યું, શેઠ! અમારી ગરજનો આવો ગેરલાભ લેવાય? જરા ભગવાનનો તો ડર રાખો. તલ પકવતા કોસ ખેંચી ખેંચીને બાવડા રહી ગયા છે, ત્યારે શેઠે કહ્યું, અલ્યા! તમે વળી મને ભગવાનનો ડર બતાવનારા કોણ? હું તો દરરોજ ઉપાશ્રયે જવાવાળો, ગુરુને વંદન કરનારો, રોજ સામાયિક, પ્રતિક્રમણ અને ચૌવિહારનો કરનારો, તિથિને દિવસે ઉપવાસ, આયંબીલ ને એકાસણું કરવાવાળો ને તું મને ભગવાનનો ડર બતાવનારો કોણ? એક તો મારી લાખ રૂપિયાની ઉંઘ બગાડી ને પાછો મને ઉપદેશ દેવા બેઠો? બેંતાલો તોલ કરવો હોય તો સવારે દુકાને આવજો.

જુઓ, શેઠ કેવા લોભિયા છે! જરાય કોઈની દયા આય છે? પેલા કોળીઓ દીનતાભર્યા સ્વરે કહે છે શેઠ! તમે નારાજ ન થાઓ. ભલે તેંતાલો તોલ કરો પણ અમારા તલ તોળી લઈને અમને ઝટ પૈસા આપો તો ઘર ભેગા થઈએ. બહુ થાકી ગયા છીએ. એટલે વાણિયાએ ચારે ય કોથળાના તલ તેંતાલા તોલે ને નમતા ત્રાજવે વટાવ વિગેરે કાપીને રોકડા રૂપિયા ગણીને દઈ દીધા. આ કોળી પટેલો પૈસા લઇને વિદાય થતી વખતે ધીમે ધીમે કંઇક ગાય તેમ બોલ્યા કે **"રાત છે અંધારી ને તલ છે કાળા, લે વાણિયા લે, તલ તારા ને તારા."** (હસાહસ) આ ચોરો તો આટલું બોલીને ઝડપભેર રવાના થઈ ગયા. એ સમજતા હતા કે વાણિયો બહુ ચકોર છે. જો એને વહેમ પડશે તો બાર વાગી જશે. તેના કરતાં ઝટ ઘેર ભેગા થઇ જઈએ. પટેલના છેલ્લા શબ્દો શેઠે સાંભળ્યા કે **"રાત છે અંધારી ને તલ છે કાળા, લે વાણિયા લે, તલ તારા ને તારા."**

આ શું બોલ્યા? શું મારા તલ હશે? મારી બખારમાંથી ચોરી કરીને તો નહિ લાવ્યા હોય ને? બનવા જોગ છે. અડધી રાત્રે કયાંથી આવે? અને તેંતાલા તોલે

બધી તોળવી લીધા. નકી કાલ્યાં કંઈક કાળુ લાગે છે. શેઠ તો અડધી રાત્રે વખારે જોવા ગયા. જઈને જુએ તો ખંભાતી મજબુત તાળું બરાબર બંધ હતું. એટલે શેઠને થોડી શાંતિ વળી ને પાછા ફર્યા. થોડે ગયા ત્યાં પેલા કોળી ખેડૂતોના શબ્દો યાદ આવ્યા, અને એને થયું કે પાછળના ભાગમાંથી બાતર તો નહિ પાડ્યું હોય ને! એટલે તે પાછો ફરીને જોવા ગયો, તો પાછલા ભાગમાં મોટું ગાબડું પાડેલું, અને અંદર જઈને જોયું તો બધા તલ વેરણ છેરણ પડેલા હતા. આ જોઈને લોભી વાણિયો સમજી ગયો કે આ તો મારા તલ મને આપ્યા. લોભી વાણિયો ઢગલો થઈને પડી ગયો. તેના હોશકોશ ઉડી ગયા. કહેવત અનુસાર "લોભીયાનું ધન ધૂતારા ખાય" એવી સ્થિતિ થઈ, અને લોકોએ નિંદા કરી. તમને બધાને લોભનું સ્વરૂપ સમજાણું ને? જ્યાં સુધી જીવન દીપક જલતો છે ત્યાં સુધી નવું પુણ્યનું તેલ પૂરી દો. તમારા ધનનો અને તેટલો સદ્વ્યય કરો. કહ્યું છે ને કે–

दातव्यं भोक्तव्यं, धनविषये संचयो न कर्तव्यः ।
पश्येह मधुकरीणां, सञ्चितमर्थं हरन्त्यन्ये ॥

મળેલા ધનનો દાનમાં સદ્વ્યય કરો, જરૂરિયાત પૂરતો ઉપભોગ કરો પણ લોભી બનીને સંગ્રહ ન કરો. નહિતર મધમાખી જેવી દશા થશે. મધમાખી ફૂલનો રસ ચૂસીને મધ એકત્ર કરે છે પણ તે ખાતી નથી ને ખાવા દેતી નથી. પરિણામે અંતે લૂંટારા લૂંટી લે છે. એવી દશા ન થાય તે ધ્યાન રાખજો. આંખ મીંચાયા પછી સાથે કાંઈ નહિ આવે.

સૂતા સૂતા અંધારામાં જોજો મૃત્યુ ના થઈ જાય....મનની મનમાં ના રહી જાય.
એમ બને કે આજ રાતમાં, મૃત્યુ સામે આવે,
કાલે સવારે સૂર્ય ઉગે તું જોવા પણ ના પામે...સૂતા સૂતા...

માનવી વિચારે છે કે હજુ જિંદગી ઘણી બાકી છે, ધર્મ શું અત્યારથી કરવાનો હોય? પણ ધ્યાન રાખજો કે મૃત્યુ કોઈની રાહ જોતું નથી. પછી મનની મનમાં રહી જશે. શું આપણે નજરે નથી જોતાં કે માણસ સાજો સારો સૂઈ ગયો ને સવારે પથારીમાંથી ઉઠ્યો પણ નહિ ને કાળ આવી ગયો. આ બધું તમે જાણો છો એટલે મારે તમને વધુ કહેવું નથી, માત્ર ટૂંકમાં એટલું જ કહું છું કે ઉંઘતા નહિ, જાગતા રહેજો.

ચિત્રગતિ રાજકુમાર બન્યો છે. તે સતી સ્ત્રીને છોડાવવા માટે શીવમંદિર નગરમાં યુદ્ધ કરવા આવ્યો છે. એણે પોતાની વિદ્યાના બળથી યુદ્ધક્ષેત્રમાં ઘોર અંધકાર ફેલાવી દીધો. અંધકારમાં કોના ઉપર શસ્ત્ર ચલાવવું તે ખબર પડતી નથી. આ સમયે ચિત્રગતિએ ઝડપથી અનંગસિંહ રાજાના હાથમાંથી ખડ્ગ લઈ લીધું ને સુમિત્રની બહેન પ્રિયદર્શનાને લઈને ત્યાંથી જલ્દી રવાના થઈ ગયો. ભયંકર ગાઢ અંધકાર થઈ જવાથી ચિત્રગતિનું સૈન્ય

પોતાનું કાર્ય કરી રવાના થઈ ગયા. અંધારામાં બહાર નહિ પડવાથી અનંગસિંહ રાજાનું સૈન્ય સામાસામી લડે છે. થોડી વાર થતાં અંધકાર નષ્ટ થયો ને પ્રકાશ પથરાયો ત્યારે સૌને ખબર પડી કે ચિત્રગતિ કે એનું સૈન્ય કોઈ નથી, પણ પોતાના જ સૈનિકો આપસ આપસમાં લડી રહ્યા છે. રાજાએ બધાને લડતા બંધ કર્યા પછી તેને યાદ આવ્યું કે મારા હાથમાંથી ખડ્ગ ક્યાં ગયું ? પોતાનું દૈવી શસ્ત્ર ચાલ્યું જતાં રાજાને ખૂબ દુઃખ થયું. નક્કી પેલો છોકરો લઈ ગયો લાગે છે. ત્યાં એને જ્યોતિષીના વચન યાદ આવ્યા કે જે તમારા હાથમાંથી ખડ્ગ લઈ જશે તે તમારો જમાઈ થશે. આથી એમને આનંદ થયો. પણ હવે એને શોધવા કયાં જવું ? ત્યાં યાદ આવ્યું કે જ્યોતિષીએ કહ્યું હતું કે સિદ્ધાયતન ક્ષેત્રમાં દેવો તેના ઉપર પુષ્પની વૃષ્ટિ કરશે, પણ હવે સિદ્ધાયતન ક્ષેત્રમાં જવાનું તમારે બને....રાજા એ અવસરની રાહ જોતા સુખપૂર્વક મહેલમાં રહેવા લાગ્યા.

બહેનના અપહરણથી ભાઈને આવેલો વૈરાગ્ય : આ તરફ ચિત્રગતિ સુમિત્રની બહેનને લઈને ચક્રપુર નગરમાં આવ્યો ને સુમિત્રને તેની બહેન સોંપી દીધી એટલે સુમિત્રે બહેનને કલિંગદેશ એના સાસરે મોકલી દીધી. આ કાર્ય કરવા બદલ સુમિત્રે ચિત્રગતિનો ખૂબ આભાર માન્યો અને થોડા દિવસ પોતાને ત્યાં રોકયો. આમ તો સુમિત્રનું ચિત્ત કેવળી ભગવાન પાસે ભદ્રાનું જીવન સાંભળ્યા પછી વૈરાગી બની ગયું હતું. તેમાં પોતાની બહેનના હરણનો પ્રસંગ બનતાં તેનું મન તદ્દન સંસાર ઉપરથી ઉઠી ગયું. એટલે તેણે ચિત્રગતિને કહ્યું : મિત્ર ! આ સંસારની માયાજાળથી હું કંટાળી ગયો છું. મારે તો હવે દીક્ષા લેવી છે, ત્યારે ચિત્રગતિએ કહ્યું, ભાઈ ! તારી ઉંમર નાની છે માટે જે કર તે વિચારીને કર. આ સાંભળી સુમિત્રે કહ્યું, મિત્ર ! રાજ્ય માટે મારી અપરમાતાએ મને ઝેર આપ્યું પણ હું તમારા પ્રભાવે તેમાંથી બચી ગયો, અને મારી માતા પાપ કરીને નરકે ગઈ. બહેનનું હરણ થયું. તેમાં મારા માટે તમારે યુદ્ધ કરવું પડ્યું. આવા પ્રપંચથી ભરેલા સંસારમાં રહીને શું કામ છે ? રાજ્ય ચલાવવામાં કેટલા પાપ કરવા પડે છે. મારે હવે એક ક્ષણ પણ સંસારમાં રહેવું નથી.

સુમિત્રનો તીવ્ર વૈરાગ્ય જોઈને ચિત્રગતિએ કહ્યું, તમને જેમ સુખ ઉપજે તેમ કરો. ચિત્રગતિની રજા મળતાં તેની હાજરીમાં સુમિત્ર રાજાએ સુયશા કેવળી ભગવાન પાસે દીક્ષા લીધી. પછી ચિત્રગતિ મુનિને વંદન કરીને પોતાના નગરમાં ચાલ્યો ગયો. સુમિત્ર મુનિ દીક્ષા લઈને સુયશા કેવળી ભગવાનની સાથે ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા. ગુરુની સાન્નિધ્યમાં રહીને તેમણે નવપૂર્વનું જ્ઞાન મેળવ્યું, પછી ગુરુની પાસે આજ્ઞા માગી કે હે ભગવંત ! જો આપની આજ્ઞા હોય તો થોડો વખત એકાકી વિહાર કરું. ગુરુ તો કેવળી ભગવાન હતા. શિષ્યનું હિત જાણી આજ્ઞા આપી.

"ગુરૂ આજ્ઞા શિરોમાન્ય કરી ચાલ્યા વિહારની વાટે" : ગુરૂની આજ્ઞા મળતાં સુમિત્ર મુનિ ગામાનુગ્રામ વિચરતા, અનેક જીવોને પ્રતિબોધ પમાડતાં તેઓ એક વાર મગધ દેશમાં સિદ્ધાયતન ગામની બહાર ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં તેઓ એક વૃક્ષ નીચે ધ્યાનમગ્ન બનીને બેઠા. સુમિત્ર મુનિ મોટા ભાગે આત્મધ્યાનમાં લીન રહેતા. તે સમયે તેમનો સંસારી ભાઈ પદ્મકુમાર જે રાજ્ય છોડીને ચાલ્યો ગયો હતો તે ફરતો ફરતો ત્યાં આવ્યો. સુમિત્ર મુનિને જોતાં પદ્મકુમારને જુનું વેર યાદ આવ્યું. અહો ! તેં મને રાજ્યનો માલિક નહિ બનાવતા થોડા ગામ આપ્યા ને હવે સાધુડો બનીને બેસી ગયો છે. યાદ રાખ, હવે હું તને જીવતો નહિ છોડું. એમ કહી ગુસ્સામાં આવીને એક તીક્ષ્ણ તીર સુમિત્ર મુનિની છાતીમાં માર્યું.

અહાહા ! કર્મો શું કરાવે છે ? પાપી પદ્મકુમાર પવિત્ર મુનિને તીર મારતાં પણ અચકાયો નહિ. છાતીમાં તીર પેસી જતાં મુનિને અસહ્ય વેદના થવા લાગી. પોતે જાણ્યું કે પોતાના ભાઈ પદ્મકુમારે જ તીર માર્યું છે, છતાં તેના ઉપર લેશ માત્ર ક્રોધ ન કર્યો. મનમાં એવો વિચાર કર્યો કે પદ્મકુમાર ! એમાં તારો દોષ નથી. મેં તને રાજ્ય ન આપ્યું તેનો તને રોષ છે, છતાં તેં તો મને કર્મો ખપાવવામાં ઘણી સહાય કરી છે. દુનિયામાં ભાઈ તો ઘણાં હોય પણ તારા જેવો હિતસ્વી, જલ્દી કલ્યાણ કરાવનાર ભાઈ કયાં હોય ? આવી શુભ ભાવના ભાવતાં મુનિ સમાધિપૂર્વક કાળ કરીને બ્રહ્મ દેવલોકમાં ઇન્દ્રના સામાનિક દેવ થયા.

"પાપ છુપાવવાના પ્રયત્ન કરતાં ગુમાવેલા પ્રાણ" : પદ્મકુમારે સુમિત્ર મુનિને તીર તો માર્યું પણ પછી એના મનમાં થયું કે મને કોઈ જોઈ જશે ને ખબર પડશે તો મને મારી નાંખશે. એટલે તે ભયનો માર્યો બાજુના જંગલમાં ભાગી ગયો. ત્યાં તેને ભયંકર ઝેરી સર્પે ડંશ દીધો. ત્યારે ઘણી બૂમો પાડી પણ ત્યાં કોણ સાંભળે ? શરીરમાં ઝેર વ્યાપી ગયું ને ત્યાં ને ત્યાં જ મરણ પામ્યો. એ મરીને નરકમાં ગયો. આ તરફ આસપાસના ઘણાં રાજાઓને ખબર પડી કે સુમિત્ર મુનિ સિદ્ધાયતન ક્ષેત્રમાં કાળધર્મ પામ્યા છે. ચિત્રગતિને પણ આ વાતની ખબર પડી એટલે ચિત્રગતિ તેમજ બીજા ઘણાં રાજાઓ ત્યાં પહોંચી ગયા. તેમાં અનંગસિંહ રાજા પણ આવ્યા હતા. સુમિત્રમુનિના આ રીતે કાળધર્મ પામવાથી ચિત્રગતિને ખૂબ દુઃખ થયું. આ બધા રાજાઓએ ભેગા થઈને સુમિત્ર મુનિના દેહની અંતિમ ક્રિયા કરી.

ચિત્રગતિ કુમાર ઉપર દેવે કરેલી પુષ્પવૃષ્ટિ : અંતિમ ક્રિયા કર્યા પછી ચિત્રગતિ ઉભો છે ત્યારે સુમિત્ર મુનિનો જીવ જે દેવ થયો હતો તેણે તરત અવધિજ્ઞાન મૂકીને જોયું. એટલે તરત તેણે ચિત્રગતિ ઉપર સોનાના અચેત પુષ્પની વૃષ્ટિ કરી. આ સમયે અનંગસિંહ રાજાને તેમજ બીજા રાજાઓને થયું કે અહો ! આ પુષ્પવૃષ્ટિ કોણ

કરે છે? અનંગસિંહ રાજા તો વિચારમાં પડી ગયા. તેમને જ્યોતિષીનું વચન યાદ આવ્યું. જ્યોતિષીના વચન અનુસાર આ જ મારો જમાઈ થશે. આણે જ મારા હાથમાંથી દૈવી ખડ્ગ લઈ લીધું હશે. ત્યાં તો દેવ દિવ્યરૂપમાં ચિત્રગતિ પાસે આવ્યો ને કહ્યું. તમે મને ઓળખો છો? ત્યારે ચિત્રગતિએ કહ્યું–"તમે કોઈ દેવ લાગો છો." એટલે સુમિત્રે પોતાનું અસલ માનવ ભવનું રૂપ ધારણ કર્યું. પછી બન્ને એકબીજાને પ્રેમથી ભેટી પડ્યા ને એકબીજાની પ્રશંસા કરતાં છૂટા પડ્યા. સુમિત્ર દેવલોકમાં ગયો ને ચિત્રગતિ સૂરતેજ પાછો ગયો. હવે અનંગસિંહ રાજા પોતાની પુત્રી રત્નવતીનું માંગુ મોકલાવશે તે વાત અવસરે કહેવાશે.

(પૂ. જશુબાઈ મહાસતીજીની પુણ્યતિથિ હોવાથી પૂ. મહાસતીજીએ તેમના જીવનનું સુંદર વર્ણન કર્યું હતું.)

વ્યાખ્યાન નં. ૨૨

શ્રાવણ શુદ ૪ ને સોમવાર તા. ૭-૮-૭૮

અનંતજ્ઞાની, સ્વ-પર ઉદ્ધારક, પરમ હિતૈષી, ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુએ જગતના જીવોના ઉદ્ધાર માટે અંતિમ દેશનામાં ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનમાં ફરમાવ્યું છે કે હે આત્માઓ! મનુષ્ય જન્મ મળવો મહાન દુર્લભ છે.

कम्माणं तु पहाणाए, आणुपुव्वी कयाइ उ ।
जीवा सोहिमणुपत्ता, आययंति मणुस्सयं ॥७॥

અનુક્રમે કર્મોનો ક્ષય થવાથી શુદ્ધ બનેલો જીવ કદાચિત્ ઘણા લાંબા સમય પછી મનુષ્ય જન્મને પ્રાપ્ત કરે છે. જીવ અનંતકાળથી ભવસાગરમાં ભમી રહ્યો છે, અનેક ભવોમાં જ્યાં જ્યાં ગયો છે ત્યાં તેણે કર્મબંધન કર્યું છે. એ કર્મો જેમ જેમ આત્મા ઉપરથી ખરતા જાય તેમ તેમ આત્મા શુદ્ધ બનતો જાય છે. મનુષ્યભવ પ્રાપ્ત કરવા યોગ્ય કર્મોનો ક્ષય થતાં આત્મા વિશુદ્ધ બન્યો ત્યારે મનુષ્યત્વયુક્ત માનવભવ મળ્યો છે. ભગવાન કહે છે આ માનવભવ તો દુર્લભ છે પણ માનવભવની એકેક ક્ષણ પણ કિંમતી છે. તેમાં તમે બને તેટલી આત્મસાધના કરી લો, સહેજ પણ પ્રમાદ કરશો નહિ. કારણકે જે ક્ષણો જાય છે તે પાછી મળતી નથી અને આયુષ્ય કપાઈ રહ્યું છે. એક વાત નક્કી સમજી લેજો કે જન્મ્યા ત્યારથી આપણા માટે મૃત્યુની ફાંસી તૈયાર છે. અસંખ્ય દેવોના સ્વામી ઈન્દ્ર હોય કે રસ્તાનો રખડતો ભિખારી હોય, પણ મૃત્યુની ફાંસી બંને માટે તૈયાર છે. આવું જાણવા છતાં મનુષ્ય માને છે કે હજુ તો ઘણો સમય બાકી છે. ખાઈ પીને મજા કરી લો, આજનો માનવી જન્મદિવસે ખૂબ હરખાય છે પણ તેને ખબર નથી કે મારી જિંદગી ઓછી થતી જાય છે. આ જિંદગીની ઘડી સુવર્ણ રસના ટીપા કરતાં પણ મોંઘી છે.

એક વખત જંગલમાં યોગી લોકો સુવર્ણરસની સિદ્ધિ કરી રહ્યા હતા. સુવર્ણરસ બનાવવા માટે જે વનસ્પતિ લેવા જાય છે ત્યાં ઝાડા-ઝાંખરા વાગે, કાંટા વાગે, પગમાં લોહીની ધાર થાય અને ભૂખ તરસ વેઠવી પડે. આ બધું સહન કરીને પણ યોગી-સાધકોએ વનસ્પતિ લેગી કરી. એને વાટીને રસ કાઢયો પણ સુવર્ણરસ બનતો ન હતો. બધા મૂંઝવણમાં પડયા કે જેની પાછળ આટલી બધી મહેનત કરી તે બધી નકામી ગઈ! બધા નિરાશ થઈને બેઠા હતા, ત્યાં પરોપકારી પુરૂષ શ્રીપાલ આવી પહોંચ્યો. યોગીઓએ શ્રીપાલનું મુખ જોઈને કલ્પી લીધું કે આ કોઈ તેજસ્વી પુરૂષ છે. બધા એને જોઈને ખુશ થયા ને આવકાર આપીને બોલાવ્યા. શ્રીપાલે પૂછયું તમે બધા ઉદાસ કેમ છો? ત્યારે યોગી સાધકોએ કહ્યું–ભાઈ! અમે ઘણી મહેનત કરી પણ સુવર્ણરસ બનતો નથી. શ્રીપાલે કહ્યું. કેમ ન બને? આટલી વનસ્પતિઓ હાજર છે ને? યોગીઓ કહે–હા, બધું જ છે, ત્યારે શ્રીપાલે કહ્યું મારી નજર સમક્ષ બનાવો, શ્રીપાલની દૃષ્ટિ સમક્ષ રસ બનાવ્યો. ઉત્તમ આત્માની મંત્રતુલ્ય દૃષ્ટિથી તરતજ સુવર્ણરસની સિદ્ધિ થઈ ગઈ. એટલે સાધકો ખુશ થઈ ગયા ને શ્રીપાલને કહ્યું, હે પવિત્ર પુરૂષ! આપ જ આ સુવર્ણરસની તુંબડી લઈ જાવ, એના એકેક ટીપામાંથી ઢગલો સોનું બનશે.

શ્રીપાલે કહ્યું. ભાઈ! મારે સુવર્ણરસ શું કરવો છે? મારે એ વેઠની જરૂર નથી. હું કયાં સંભાળું! દેશાટનની મઝા લૂંટવામાં લક્ષ્મી રૂકાવટ કરનારી છે. શ્રીપાલને યોગીઓ સામેથી સુવર્ણરસથી ભરેલી તુંબડી આપે છે છતાં લેતા નથી. પણ તમને કોઈ આપે તો શું કરો? (હસાહસ) શ્રોતામાંથી અવાજ (અમે તો તરત લઈ લઈએ) જેના જીવનમાં લોભ નથી, કોઈ જાતની લાલસા નથી તેનું હૃદય કોરું અને હળવું ફુલ જેવું છે. શ્રીપાલને ઘણું કહ્યું પણ એમણે સુવર્ણરસની તુંબડી ન લીધી પણ કદાચ તમને મળી ગઇ, પછી લઈને ઘેર જાવ છો ત્યાં તુંબડીમાં તડ પડીને સુવર્ણરસના ટીપા નીચે પડવા લાગ્યા. બોલો, મનમાં શું થાય? (અરે....ટીપું પડે તો અમારું હૈયું બળી જાય ને એમ થાય કે સમનું ટીપું નહિ પણ ઢગલે ઢગલા સોનું ઢળી રહ્યું છે.

બંધુઓ! હવે હું તમને પૂછું છું કે **માનવ જીવનના અતિ મોંઘેરા આયુષ્ય રૂપી સુવર્ણરસમાંથી મિનિટ મિનિટ કે સેકંડ સેકંડ રૂપી ટીપા ઢળી રહ્યા છે તેની તમને ચિંતા, હાયવોય કે ઉતાવળ છે?** યાદ રાખો. નવકારમંત્રના સ્મરણમાં વપરાઈ ધર્મના કાર્યમાં ખર્ચેલી આયુષ્યની એક મિનિટ સુવર્ણરસના બિન્દુની જેમ દેવતાઈ સુખના વિપુલ પુણ્ય ઢગલા કરી આપે છે. કમઠના બળતા લાકડામાંથી નીકળેલા નાગે મરતાં મરતાં નવકારમંત્રમાં ચિત્ત જોડયું તો મરીને ધરણેન્દ્ર દેવ થયો. સમડીએ મરતાં મરતાં મુનિના મુખેથી નવકાર મંત્ર સાંભળ્યા તો મરીને રાજકુમારી થઇ. માનવભવના આયુષ્યની એકેક પળ સુવર્ણરસથી અનંત ગણી કિંમતી છે. સુવર્ણરસનું એક ટીપું લોખંડ ઉપર

છાંટણો તો ઢગલાબંધ સોનું મળશે. એ સોનું લો આંતે અહીં રહી જશે પણ માનવ-જીવનની એકેક કિંમતી ક્ષણોના જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધનામાં સદુપયોગ કરશો તો સદ્ગતિના મહાન સુખ રૂપી સુવર્ણના ઢગલા સર્જાશે. તમે આલ્પા જતાં હોય અને રેતીના ગાડામાંથી રેતી વેરાઈ રહી હોય. આ જોઈને તમને એમ થાય કે કેટલી રેતી વેરાઈ રહી છે, પણ આ જીવનની અતિ ઉંચી કિંમતવાળી આયુષ્યની ક્ષણો કેટલાઈ રહી છે તેની ચિંતા થાય છે?

આ જીવને હજુ અમૂલ્ય માનવજન્મની કિંમત સમજાણી નથી. સુવર્ણરસ જેવી જીવનની કિંમતી ક્ષણો સંસારના રંગરાગમાં વેડફાઈ રહી છે તેનું દુઃખ છે? દેવતાઓ માનવજન્મની અભિલાષા સેવે છે કારણ કે માનવજીવનમાં માનવતાની સૌરભ ભરેલી છે પણ આજનું માનવજીવન યાતનાઓથી ભરપૂર બન્યું છે. આજે માનવ માનવ વચ્ચે વૈરની, ક્રોધની, કષાયની અને અભિમાનની દિવાલ ઉભી થઈ છે, તેથી માનવ માનવની કતલ કરે છે. આત્માનું મૂલ્યાંકન ભૂલાઈ ગયું છે. માનવતા મરી પરવારી છે અને અજ્ઞાની માનવ પશુ-પક્ષી કરતાં પણ હલકો બની ગયો છે. માનવતા માનવને મહામાનવ બનાવે છે. સર્વનો મિત્ર બનાવે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે આપણે સાચા માનવ બનવાની જરૂર છે. શ્રેષ્ઠ સુખો ભોગવનારાં અનુત્તર વિમાનના દેવો મનુષ્યભવને ઇચ્છે છે કારણ કે મનુષ્ય જ સંસારનો ત્યાગ કરીને સંયમ માર્ગ સ્વીકારી શકે છે. જે સંયમ ન લઈ શકે તે તપ કરે છે, શીયળ પાળે છે તેવા માનવથી મૃત્યુલોકની ધરતી સ્વર્ગથી પણ અધિક રળિયામણી છે. જીવના વિકાસનું ક્ષેત્ર આ માનવભવ છે. હવે તમને સમજાય છે કે આ માનવભવના મૂલ્ય કેટલા છે! આવું સુંદર જીવન પામીને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની આરાધના કરો. ક્ષમા, સરળતા, નમ્રતા, નિર્લોભિતા આદિ સદ્ગુણોને અપનાવો અને ક્રોધ, માન, માયા, લોભ આદિ દુર્ગુણોને દફનાવો, અને બને તેટલો સમય ધર્મધ્યાનમાં વીતાવો. કંઈક અજ્ઞાની જીવ અભિમાનની હવા ભરીને ફરે છે ને મનમાં માને છે કે મારા વગર આ સંસાર ચાલે નહિ.

" મૂરખ મન મમતા કરે, હું રજુ ને સૌ આજ
સૂકા કાષ્ઠનો જીવડો, તેને પાણી કોણ પાય?"

હું કરું છું અથવા મેં કર્યું એ માનવીનો ખોટો ભ્રમ છે. આ જગતમાં શુભાશુભ કર્મના ઉદય પ્રમાણે બધું બને છે. આ એક સનાતન સિધ્ધાંત છે. કર્મની સત્તા આગળ કોઈનું ચાલતું નથી. બધી વ્યવસ્થાનું સંચાલન હું જ કરી રહ્યો છું, આવું બોલનાર માણસ મિથ્યાભિમાનના મંચ ઉપર બેઠેલો છે પણ આ મંચ પરથી કયારે દુર્ગતિના ખાડામાં ગબડી પડશે તે કહી શકાય નહિ. એક ન્યાય આપીને સમજાવું.

એક રાજા ખૂબ અભિમાની હતા. એમના મનમાં એમ હતું કે આ રાજ્ય મારાથી

ચાલે છે. મારાથી જ લોકો સુખી છે. આ રાજાએ એક વખત ભરી સભામાં એના પ્રધાનને પ્રશ્ન કર્યો કે–પ્રધાનજી ! આપણું રાજ્યમાં પ્રજા સુખી છે તે કોને આભારી છે ? કોના પ્રતાપે પ્રજા સ્વર્ગ જેવું સુખ ભોગવી રહી છે ? આ પ્રધાન સમ્યક્ દૃષ્ટિ અને જૈન ધર્મનો જાણકાર હતો. કર્મની થીયરીને તે બરાબર સમજતો હતો. એટલે રાજાને કહ્યું–સાહેબ ! કીડીને કણ અને હાથીને મણ એના ભાગ્ય પ્રમાણે મળી રહે છે. કોઇ કોઇને સુખી કે દુઃખી કરી શકતું નથી. હું જ બધાની વ્યવસ્થા કરું છું ને મારાથી જ બધું તંત્ર ચાલે છે એમ માનવું તે ભૂલ છે. ગાડા નીચે કૂતરું હાલતું હોય ને તે માને કે હું જ ગાડાનો ભાર ખેંચું છું તો શું એ ગાડાનો ભાર ખેંચે છે ? એ એનો ખોટો ભ્રમ છે, તેમ હું બધું કરું છું, ઘરનો ભાર ઉપાડું છું, રાજ્ય ચલાવું છું, એ માનવીનો ખોટો ભ્રમ છે. પ્રધાને આ પ્રમાણે કહ્યું એટલે રાજાને ક્રોધ ચઢયો કે તું એમ કહેનારો કોણ ? હવે હું જોઉં છું કે કીડીને કણ કેવી રીતે મળે છે ?

રાજાએ પરીક્ષા કરવા માટે એક કીડીને લઈને એક નાની ડબ્બીમાં મૂકી ડબ્બીને સીલ મારી મૂકી દીધી ને કહ્યું કે હવે હું જોઈશ કે કીડીને કણ કેવી રીતે મળે છે ? બીજે દિવસે રાજાએ ડબ્બી ખોલીને જોયું તો ડબ્બીમાં કીડીની પાસે એક ચોખાનો દાણો પડેલો જોયો. એ દાણો લાલ હતો ને પોણા ભાગનો કોતરાઈ ગયેલો હતો. રાજા વિચારમાં પડયા. મેં આ કીડીને ડબ્બીમાં પૂરીને બંધ કરી ત્યારે તો કાંઇ ન હતું ને ચોખાનો દાણો એમાં કયાંથી આવ્યો ? ખૂબ તપાસ કરતાં ખબર પડી કે પોતાનાજ કપાળમાં કંકુના ચાંદલા પર ચોખા ચોડેલા હતા તે ડબ્બી બંધ કરતી વખતે તેમાંથી એક દાણો પડી ગયો હશે. પ્રધાને કહ્યું સાહેબ ! દેખો. તમો તો કીડીને કંઈ આપ્યું ન હતું પણ એને કણ મળી ગયો ને ? માટે હું કરું છું તે ભ્રમ ખોટો છે. આ જોઈને રાજાનો ભ્રમ ઓછો થયો પણ હજુ પૂરું અભિમાન ઓસર્યું નથી. એટલે એને બીજી વખત કસોટી કરવાની ઇચ્છા હતી.

એક વખત રાજા પોતાના નગરમાં ફરવા માટે નીકળ્યા હતા. તે વખતે ગરીબ માણસોને સોનીની દુકાનો પાસેથી કચરો લેગો કરીને કોથળા ભરતા જોયા. ગરીબ માણસો પોતાની આજીવિકા માટે ઝવેરી લોકોની ને સોનીઓની દુકાનો પાસે જે કચરો પડયો હોય તે વેચાતો લઇ જઈને તેને ધોઈને ભઠ્ઠીમાં નાંખે. તેમાંથી કોઈ કોઈ વખતે ઝીણી ઝીણી સોનાની કણીઓ મળે, આવા લોકોને કચરો લેગો કરતાં જોઇને રાજાને વિચાર આવ્યો કે કચરામાંથી આ લોકોને શું મળતું હશે ? પ્રધાને કહ્યું તેમના ભાગ્ય પ્રમાણે ઝીણી સોનાની કણીઓ કોઇકિ વાર મળી જાય. કોઇક વાર મળી જાય.

બીજે દિવસે રાજાએ ત્યાંથી બધી ધૂળ લેગી કરાવી ગાડી ભરીને મંગાવી. માણસો દ્વારા તપાસ કરાવી કે એમાં કોઇ પણ કિંમતી વસ્તુ તો નથીને ? રાજાના માણસોએ કચરો તપાસ કરીને જોયું તો તેમને કંઇ ન મળ્યું. રાજાએ રોજ કચરો મંગાવીને એક ઓરડો ભરી દીધો ને પેલા ગરીબ માણસને બોલાવીને કહ્યું કે તું સોનીના ઘર આગળથી ધૂળ લેગી કરીને લઈ જાય છે ને ? તો આ ધુળ તું લઈ જા. બોલ, કેટલા પૈસા આપીશ ? પેલા માણસે ધૂળ સુપડીમાં લઈને ઝાટકીને તપાસી જોઈ તો ખબર પડી કે આ ધુળમાંથી

એક પૈસાનો માલ મળે તેમ નથી, પણ કરું શું? આ તો રાજા, વાજા ને વાંદરા. રાજા રીઝે તો ગામના ગામ દઈ દે, ને ખીજે તો જાનથી મારી નાંખે. ભયના માર્યા કહ્યું કે સાહેબ સો રૂપિયા આપીશ. રાજાના મનમાં થયું કે આ શું કરશે?

"પરીક્ષાના અંતે રાજાનું ઉતરેલું માન રૂપી ઝેર :-" પેલા ગરીબ માણસે કહ્યું–મહારાજ! આપ પુણ્યવાન છો, પવિત્ર છો, આપના પવિત્ર હાથ વડે આમાંથી ત્રણ ખોબા ભરીને મને ધૂળ આપો તો મારું કાર્ય સફળ થાય, પછી બધી ધૂળ હું લઈ જઈશ. એટલે રાજાએ તેને ત્રણ ખોબા ભરીને તેમાંથી ધૂળ આપી. તે ધૂળ ખુદી ઘરે લઈ ગયો ને બીજી ધૂળ ગાડા ભરીને લઈ ગયો. રાજા વિચારે છે કે હમણાં ધૂમ મારતો આવશે કે મને ધુળમાંથી કંઈ ન મળ્યું પણ એ તો પાછો આવ્યો જ નહિ. એટલે રાજાએ સામેથી તેને બોલાવ્યો ને પૂછયું. અલ્યા! પેલી ધુળનું તે શું કર્યું? તો કહે છે સાહેબ! મેં બધી ધુળ ચાળી. તને કંઈ મળ્યું? હા, સાહેબ! આપના જેવા માલીકની મહેર જેના ઉપર વરસે તેને શું કમીના રહે? બાપુ! આપની કૃપાથી હું ઘણું કમાયો સાહેબ! હું તો ન્યાલ થઈ ગયો. આની વાત સાંભળીને રાજાને ખૂબ આશ્ચર્ય થયું કે આને ધુળમાંથી શું મળ્યું હશે? રાજાએ પૂછયું કે તને શું જડયું? ત્યારે તેણે ડબ્બીમાંથી દશ હજારની કિંમતનો હીરો બતાવીને કહ્યું–સાહેબ! આપના પવિત્ર હાથે આપેલી ધુળમાંથી મને આ હીરો જડયો છે. હીરો જોઈને રાજા ચમકયા. અહો! આ તો મારી વીંટીનો જ હીરો છે. રાજા સાત હીરાની વીંટી પહેરતાં હતા. તેની સામે જોયું તો એક હીરો નીકળી ગયો હતો. બન્યું એવું કે રાજાએ જ્યારે એને ત્રણ ખોબા ધુળ આપી ત્યારે વીંટીમાંથી એક હીરો તેમાંથી નીકળીને ધુળ ભેગો જતો રહેલો. આ બનાવથી રાજાનો ગર્વ ગળી ગયો. હું જ કરું છું ને મારાથી જ બધું થાય છે. આ વાત કર્મરાજાની કોર્ટમાં ટકી શકતી નથી. તમે પણ આવા દાખલા સાંભળીને સમજી લેજો કે કોઈનું અભિમાન ટકતું નથી. સૌને સૌના પ્રારબ્ધ પ્રમાણે મળી જાય છે. માણસ જેવું પુણ્ય કરીને આવે છે તેવું તેનું પ્રારબ્ધ ઘડાય છે. એમાંથી કોઈ છુંટવી શકતું નથી. એ પ્રત્યક્ષ આપણે જોઈ શકીએ છીએ.

નેમનાથ ભગવાન અને રાજેમતીના પૂર્વભવની વાત ચાલી રહી છે. સિદ્ધાયતન ક્ષેત્રમાં ચિત્રગતિ ઉપર સુવર્ણના અચેત પુષ્પોની વૃષ્ટિ થઈ તેથી અનંગસિંહ રાજાએ નિર્ણય કરી લીધો કે જ્યોતિષીના કહેવા પ્રમાણે આ જ મારી પુત્રી રત્નવતીને પરણશે. સૌ ત્યાંથી છૂટા પડયા અનંગસિંહ રાજા પોતાની પુત્રી રત્નવતી માટે સુરચક્રી રાજાને ત્યાં માંગુ મોકલવા વિચાર કરે છે. બધાની સલાહ મળતાં વીરસેન નામના મંત્રીને સૂરતેજનગર મોકલ્યો.

હે રાજન્! તુમ રાજકુંવર ઔર, મુજ નૃપ રાજદુલારી,
જોડી સદૃશ કનક મણીવત્, લીજે સંબંધ સ્વીકારી.

દૂતે આવીને સૂરચકી રાજાના ચરણમાં પ્રણામ કર્યા, એટલે રાજાએ તેનો આદર સત્કાર કર્યો ને કયાંથી આવ્યા છો ને શા કારણે આવ્યા છો તે પૂછયું. એટલે દૂતે કહ્યું મહારાજા! અમારા અનંગસિંહ મહારાજા આપના સુપુત્ર ચિત્રગતિકુમાર સાથે તેમની સુપુત્રી રત્નાવતીને પરણાવવા ઈચ્છે છે. જેવા આપના પુત્ર રૂપ અને ગુણથી પૂર્ણ છે તેમ અમારી કુંવરી પણ રૂપ અને ગુણથી પૂર્ણ છે. સોનામાં મણી જડવાથી શોભી ઉઠે છે તેમ આ બંનેનો સબંધ થતાં સરખે સરખી જોડી મળી જશે. દૂતની વાત સાંભળીને રાજાએ રાણીને તેમજ ચિત્રગતિકુમારને પૂછયું. પૂર્વના સ્નેહના કારણે તરત ચિત્રગતિએ કહ્યું. પિતાજી! આપને જે માન્ય હોય તે મને માન્ય છે. એટલે રાજાએ તરત માંગુ સ્વીકારી લીધું અને રત્નવતી અને ચિત્રગતિનો વિવાહ નક્કી થયો. શુભ દિવસે ખૂબ ધામધૂમથી તેમના લગ્ન કરવામાં આવ્યા. માતાપિતાએ રત્નવતીને દાયજામાં ઘણું ગામ, રથ, હાથી, ઘોડા, ઝવેરાત વિગેરે ખૂબ આપ્યું, અને પોતાની વહાલસોયી પુત્રીને સારી હિત-શિક્ષામણ આપીને સાસરે મોકલી. રત્નવતી આવા પતિને પ્રાપ્ત કરીને પોતાના જીવનને ધન્ય માનવા લાગી. આ તો ગતભવના સબંધ બાંધીને આવેલા છે અને નવ નવ ભવ સુધી સાથે રહેવાના છે. તેઓ સુખો ભોગવતાં દિવસો પસાર કરવા લાગ્યા.

હવે સુરચકી રાજા વિચાર કરવા લાગ્યા કે મારો પુત્ર રાજ્ય સંભાળી શકે તેવો થયો છે તો હું નિવૃત્ત થાઉં. કારણ કે આ સંસાર માયાજાળ છે. એની ફસામણીમાં ફસાઈ રહીશ તો જીવનના અંત સુધી નહિ છૂટાય. આ રાજ્ય, વૈભવ, ધન, સ્ત્રી, પુત્ર, પરિવાર બધું અસાર છે. જગતમાં જો કોઈ સાર વસ્તુ હોય તો તે ધર્મ છે, બંધુઓ! જુઓ આગળના રાજાઓ કેવા હતા! રાજસુખો ભોગવતા હતા પણ સાથે એવું સમજતા હતાં કે જો જગતમાં કોઈ સાર વસ્તુ હોય તો ધર્મ છે. બાકી બધું અસાર છે. એક દિવસ તો છોડવાનું છે તો આપણી જાતે જ શા માટે ન છોડીએ? એમને મન ધન એ ચોપડવાની દવા જેવું અને ધર્મ એ પીવાની દવા જેવો હતો.

"ધર્મ રૂપી દવાને કેવી ગણશો?" : કોઈ પણ માણસને વાતું દર્દ થયું એટલે તે ડોકટર પાસે દવા લેવા ગયો. ડોકટરે એને પીવાની દવા આપી ને માલીશ કરવાની દવા પણ આપી. બે દિવસ દવા લીધી ને તેને રાહત થઈ. આ દર્દી ગામડીયો હતો એટલે એણે વિચાર કર્યો કે આ દવા ચોપડવાથી જો આટલી રાહત થઇ છે તો હું પી જાઉં તો જલ્દી રાહત થશે. એમ માનીને ચોપડવાની દવા તે પી ગયો. દવા ઝેરી હતી એટલે નસેનસો તૂટવા લાગી. જલ્દી ડોકટરને બોલાવ્યા. ડોકટરે પૂછયું-તમે કઇ દવા લીધી છે? ત્યારે ચોપડવાની દવાની શીશી બતાવી. ડોકટરે કહ્યું-અરે મૂર્ખ! મેં તને ચોખ્ખી વાત કરી હતી કે આ દવા માલીશ કરવાની છે ને આ દવા પીવાની છે. દેખ, એના પર લેબલ પણ લગાવેલું છે. પછી શા માટે પીધી? આવું કરીશ તો મરી જઇશ. ડોકટરે ઉપચારો કરીને તેનું ઝેર કાઢી નાંખ્યું ને ગામડીયો દર્દી બચી ગયો.

દેવાનુપ્રિયો ! તમે આ દુઃખી જેવા તો નથી ને ? તમે તો ઘણું કમાનારા છો ને એની બાબતોમાં ખૂબ સાવધાન છો, પણ મૂર્ખાઈ તો એની જ કરી રહ્યા છો. જ્ઞાની પુરૂષો તમને સ્પષ્ટપણે સમજાવી રહ્યા છે કે ધન એ ચોપડવાની દવા જેવું છે ને ધર્મ એ પીવાની દવા જેવો છે, પણ તમે તો ધનને જ પીવાની દવા જેવું માની લીધું છે ને ધર્મને ચોપડવાની દવા જેવો માન્યો છે. તેથી કંચન, કામિની અને કાયામાં મુગ્ધ બન્યા છો. એટલો મોહના ઝેર ચડી ગયા છે તેથી સાચી વાત સમજાતી નથી, છતાં જ્ઞાનીપુરૂષો ઠેકાર કરીને મોહના ઝેર ઉતારવા પ્રયત્ન કરી રહ્યા છે. સમજો તો સારી વાત છે નહિતર દુર્ગતિના દ્વાર ખુલ્લા છે. ત્યાં હાડકા ભાગી જશે. માટે સમજીને સંસારનો મોહ, માયા અને મમતા છોડો.

સુરચકી રાજાની દીક્ષા અને કુમાર રાજગાદીએઃ– સુરચકી રાજાને લાગ્યું કે સંસાર છોડવા જેવો છે એટલે પોતાના પુત્ર ચિત્રગતિને બોલાવીને કહ્યું–બેટા ! હવે હું રાજ્યને યોગ્ય છે. માટે તું રાજ્ય સંભાળ ને હું મારા આત્માનું કલ્યાણ કરવા દીક્ષા લઉં. ચિત્રગતિએ પિતાજીને કહ્યું–આપ અમારી પાસે રહીને ધર્મારાધના કરો પણ રાજાની પ્રબળ ઇચ્છા હતી તેથી અનિચ્છાએ રજા આપવી પડી. સુરચકી રાજાએ ચિત્રગતિનો સારી રીતે રાજ્યાભિષેક કરીને દીક્ષા લીધી. સુરચકી રાજા દીક્ષા લઇને ચાલી નીકળ્યા અને ચિત્રગતિ કુમાર રાજા બન્યા. તેઓ ન્યાય–નીતિપૂર્વક પિતાની જેમ રાજ્ય ચલાવવા લાગ્યા. તેમણે પોતાના પરાક્રમથી ઘણા વિદ્યાધર રાજાઓને વશ કર્યા. તેથી પ્રજાજનો તેમને બીજા સુરચકી કહેવા લાગ્યા. આ રીતે રાજ્યસુખ ભોગવતાં શાંતિપૂર્વક દિવસો વીતાવતા હતા. ત્યાં એક વખત એવો પ્રસંગ બન્યો કે ચિત્રગતિ રાજાના તાબામાં રહેલા રાજાઓ માંહેનો એક મણીચૂલ નામે સામંત રાજા મરણ પામ્યો. તેમને રાશિ અને શૂર નામે બે પુત્રો હતા. પિતાના મરણ પછી બંને રાજ્ય માટે ખૂબ ઝઘડવા લાગ્યા. ચિત્રગતિ રાજાને આ વાતની ખબર પડી એટલે ત્યાં ગયા અને બંને ભાઈઓને સમજાવી શાંત પાડીને બંનેને સરખે ભાગે રાજ્ય વહેંચી આપ્યું, પણ થોડા દિવસ પછી પાછા બંને ખૂબ ઝઘડયા અને એક બીજાના હાથે કપાઈને મરણ પામ્યા. આ વાતની ચિત્રગતિ રાજાને ખબર પડતાં તેમના દિલમાં ખૂબ દુઃખ થયું. આ બનાવથી ચિત્રગતિના દિલમાં શું અસર થશે તેના ભાવ અવસરે.

હવે શ્રીદત્ત ચરિત્ર કહું છું. મકાનને બારણા મૂકયા હોય પણ તેને ફીટ કરવા માટે મજાગરા જડવા પડે છે ને ? મજાગરા વિના બારણું ફીટ ન થાય, તેવી રીતે સૂત્ર અને સિદ્ધાંત બારણારૂપ છે અને દૃષ્ટાંતો, ચરિત્રો વિગેરે સિદ્ધાંતરૂપ બારણાના મજાગરા છે. ઘણાં દિવસથી ચરિત્ર લેવાની ઇચ્છા હતી પણ સમય થઇ જાય એટલે લઈ શકાતું ન હતું, પણ આજથી એક બોધદાયક અને રસપ્રદ જિમસેન અને રામસેનનું ચરિત્ર શરૂ કરવામાં આવે છે. તમે બધા ધ્યાનપૂર્વક સાંભળો.

ચરિત્ર : જંબુદ્વીપ કે ભરતક્ષેત્રમેં, કંચનપુર સુખદાય,
વન વાડી કર શોભતો સારે, જયમંગલ મહારાય....હો...
શ્રોતા તુમ સુનજો જિનસેન કુંવર કા ચરિત્ર સુહાવના....

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં સુરમ્ય, વિશાળ અને અનેક ધર્મસ્થાનકો, બગીચા, ઉદ્યાનો ધર્મશાળાઓ વગેરેથી સુશોભિત કંચનપુર નામનું એક નગર હતું. નગર કોને કહેવાય ? જે રાજ્યમાં રાજ્ય તરફથી પ્રજા પાસેથી કોઈ પણ જાતનો કર–ટેકસ લેવામાં આવતો નથી, તેનું નામ નગર છે. બહારગામથી આવતા અજાણ્યા અને થાકેલા મુસાફરો બગીચામાં મનોહર વૃક્ષો નીચે વિશ્રામ કરતા. સુંદર મનોહર જલાશયો ને વાવડીઓમાં સ્નાન કરતા અને ધર્મશાળાઓનો આશ્રય લઈ તેમાં નિવાસ કરી શાંતિ પામતા હતા. અનેક પ્રકારના શોભાસ્પદ સ્થાનો કંચનપુર નગરની શોભામાં ઓર વધારો કરી રહ્યા હતા. તેથી કંચનપુર નગર દેવલોક જેવું રમણીય લાગતું હતું.

કંચનપુરમાં ન્યાયી, પ્રતાપી અને દયાળુ જયમંગલ નામે રાજા રાજ્ય કરતા હતા. જેમનું નામ જયમંગલ હતું તેવા તેમના કામ પણ મંગલમય હતા. રાજાને જૈનધર્મમાં દૃઢ શ્રદ્ધા હતી. તેમણે અથાગ પરિશ્રમ કરીને કંચનપુરમાં ઠેર ઠેર પૌષધશાળાઓ, જ્ઞાન-મંદિરો, દાનશાળાઓ, ધર્મશાળાઓ અને ધર્મસ્થાનકો બંધાવ્યા હતા. આ ઉપરથી સહેજે સમજી શકાય છે કે જયમંગલ મહારાજાના હૃદયમાં ધર્મનું સ્થાન કેટલું હશે? આવા રાજાઓનું જીવન રાતદિવસ લક્ષ્મીની લાલસામાં લટ્ટુ બનેલા લક્ષ્મીનંદનોને લક્ષ્મીની અસ્થિરતાનું ભાન કરાવી લક્ષ્મીનો સદ્વ્યય કરવાનો બોધપાઠ આપે છે. જયમંગલ રાજા પોતાના પુત્રને અને પ્રજાને સરખો ન્યાય આપતા હતા. એવું નહિ કે મારા પુત્રનો કે સ્નેહીનો ગુનો છે તેને દબાવી દઉં ને બીજા ગુનેગારને શિક્ષા કરું. સહુને સરખો ન્યાય આપતા એટલે પ્રજાના હૃદય સિંહાસન ઉપર તેમણે આસન જમાવ્યું હતું. રાજા ઉપર પ્રજાની અત્યંત પ્રીતિ હતી અને રાજાને પ્રજા પ્રત્યે પુત્ર જેવું વાત્સલ્ય હતું.

આગળના રાજા મહારાજાઓ પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી રહેનાર હતા. પોતાની પ્રજાને સહેજ દુઃખ થાય તો રાજા સહન ન કરી શકે. એ સમયના રાજાઓના રાજ્યમાં પ્રજાને બિલકુલ ડર ન હતો. રાત્રે બારણા ખુલ્લા મૂકીને લોકો નિર્ભયતાથી સૂઈ જતાં અને આજે તો કેટલો બધો ભય છે! બ્લોકના બારણાં પણ થોડીવાર ખુલ્લા ન રાખી શકે. ધોળા દિવસે મકાનોમાં ચોરી થાય છે. આજની સરકારના રાજ્યમાં તો કયાં સુધી ભય વધ્યો છે કે પહેલાં તો માલ-મિલકત ચોરી જતાં હતાં ને આજે તો રકુલે ભણીને આવતા ફૂલ જેવા બાળકોને ગુંડા ઉપાડી જાય છે. બે દિવસ પહેલાં પેપરમાં હતું કે વરઘોડીયાને ઉપાડી ગયા તે ચાર દિવસે પત્તો મળ્યો. અત્યારે ચારે તરફથી ભય, ભય ને ભય વધી રહ્યો છે. સરકાર દિનપ્રતિદિન નવા નવા ટેકસ વધારતી જાય છે. પ્રજાને અનાજ પણ પૂરું

મળતું નથી. કેટલો ત્રાસ વધી રહ્યો છે! અસલના રાજાઓના રાજ્યમાં પ્રજાજનોને કેટલું સુખ, શાંતિ અને નિર્ભયતા હતી. તેને બદલે આજે તો જ્યાં જુઓ ત્યાં ભય, દુઃખ અને અશાંતિનું વાતાવરણ સર્જાયું છે. પ્રતાપી જયમંગલ રાજાની છત્રછાયામાં પ્રજા શાંતિથી વસતી હતી. ટૂંકમાં પ્રજાને કોઈ જાતનો ભય, ત્રાસ કે દુઃખ ન હતું. આ રાજાને જિનસેના નામની ઈન્દ્રાણી જેવી સૌંદર્યવતી, સદ્ગુણી, સુશીલ અને પતિવ્રતા મહારાણી હતી.

જૈન ધર્મ પર શ્રદ્ધા રખતી, કરતી નિત્ય સમાઈ,
દાન પુણ્ય પૌષધ ભી કરતી, કરતી પુણ્ય કમાઇ હો–શ્રોતા....

જિનસેના રાણી પણ જૈન ધર્મની અનુરાગી હતી. એની રગેરગમાં જિનેશ્વર પ્રભુના વચનોની શ્રદ્ધા હતી. એટલે તે દરરોજ સવાર સાંજ સામાયિક પ્રતિક્રમણ કરતી. અઠમ-પાખી પૌષધ કરતી. સૂત્રનું વાંચન કરતી, સંતમુનિરાજ પધારે તો તેમના દર્શન કરવા, વ્યાખ્યાન-વાણી સાંભળવા જતી, સુપાત્રે દાન દેતી. આમ તો રાજા ધર્મીષ્ઠ જ હતા પણ રાજા કરતાં રાણીની શ્રદ્ધા વિશેષ હતી. પુણ્યનો ઉદય હોય તો આવી ધર્મીષ્ઠ પત્નીનો યોગ મળે છે. બંને પાત્રો સરખા હોય તો જીવન જીવવાનો આનંદ માણી શકાય છે.

ઘર શોભાવનારી કોણ : ખરેખર, પતિ ગમે તેવો સારો હોય પણ ઘરને શોભાવનારી ગૃહીણી જો સારી ન હોય તો જીવવાની મઝા મારી જાય છે. આદર્શ ગૃહિણી તો એના પતિને કહી દે કે નાથ! તમે ઓછું કમાશો તો ઓછામાં હું ઘર નભાવીશ પણ પાપ વધે તેવા ધંધા કરશો નહિ, અને જેટલું કમાઈએ છીએ તેમાંથી સો રૂપિયે એક રૂપિયો તો દાનમાં વાપરવો. અત્યારે સુખી છીએ તે પૂર્વે કરેલા દાનધર્મનું ફળ છે. આત્મા માટે ધર્મ તો અવશ્ય કરવો જોઈએ. એમ સમજાવીને ધર્મના માર્ગે વાળે પણ જે મોહના કાદવમાં પતિને ખૂંચાવો દે તે ઘર શોભાવતી નથી.

દાન દેવાની જાગેલી ભાવના : જિનસેના રાણી જયમંગલ રાજાને કહે છે નાથ! આપણા મહાન પુણ્યનો ઉદય છે એટલે આપ પ્રજા પાસેથી કોઈ જાતનો ટેકસ પણ લેતા નથી, છતાં ભંડાર લક્ષ્મીથી છલકાયેલાં જ રહે છે. તો જો આપની આજ્ઞા હોય તો મારી ઇચ્છા એવી છે કે રોજ સવારના પ્રહરમાં બે ઘડી ગરીબોને દાન દઉં. રાજાએ કહ્યું : મહારાણી! તમારી જેમ ઈચ્છા હોય તેમ કરો. ધર્મના કાર્યમાં મારી કોઈ રૂકાવટ નથી. કારણ કે જે પોતે ધર્મીષ્ઠ હોય તે ધર્મના કાર્યમાં રૂકાવટ કરે નહિ, રાણીના સહવાસથી તો રાજાને જૈન ધર્મ પ્રત્યે અત્યંત શ્રદ્ધા વધી હતી. તેથી મહારાજાની જેટલી હદમાં આણ વર્તતી હતી ત્યાં દરેક જગ્યાએ હિંસા કરવાની મનાઈ હતી. જે જીવોની હિંસા કરે તેને આકરો દંડ કરતા હતા.

મહારાજાની આજ્ઞા થવાથી જિનસેના રાણી રોજ ઉગતા પ્રભાતમાં બે ઘડી સુધી દાન દેતી

હતો. દાન દેતી વખતે રાણી નીચી નજર રાખતા. તેનું કારણ સમજ્યા ? તેનું કારણ એ હતું કે દાન લેવા ગરીબો તો આવે પણ ધનના લાલચુ સુખીઓ પણ આવતા. જો આંખ ઉંચી રાખે ને નજર ભેગી થાય તો દાન લેનારો શરમાય. આ રીતે છૂટે હાથે દાન આપતા. સમય મળે બંને ધર્મચર્ચા કરતા ને આનંદપૂર્વક રાજ્યનું પાલન કરતા. સમય આવે રાણી રાજાને સાચી સલાહ પણ આપતા. જયમંગલ રાજાના મહાન પુણ્યનો ઉદય હતો એટલે પોતે તો સારા હતા ને રાણી પણ સારા હતા. પ્રજા પણ રાજા તરફથી સંતોષી હતી.

કહેવત છે કે રાજા ગમે તેટલા સારા હોય પણ જો એનો સલાહકાર પ્રધાન સારો ન હોય તો રાજ્યની શોભા વધતી નથી, પણ અહીં તો જિનદાસ નામે મંત્રી પણ જૈન ધર્મનો રાગી હતો ને ચાર બુદ્ધિનો સ્વામી હતો. જે સમયે જે કાર્ય કરવાનું હોય તે બધું બરાબર વ્યવસ્થિત કરી દેતો. તેમાં રાજાને કંઈ જોવું પડતું નહિ. આવો જિનદાસ નામે પ્રધાન છે. રાજા રાણી અને મંત્રી બધા મુખ્ય પાત્રો સારા છે એટલે રાજ્યમાં કોઈ જાતની કમીના નથી. હવે બીજા પાત્રો કેવા મળશે તે અવસરે કહેવાશે.

●

વ્યાખ્યાન નં. ૨૩

શ્રાવણ સુદ ૫ ને મંગળવાર તા. ૮-૮-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતકાળથી ભવ અરણ્યમાં ભમતા જીવોને જાગૃત કરવા માટે તીર્થંકર ભગવંતોએ આગમ રૂપી ભેરી વગાડીને સાદ પાડયો કે હે ભવ્ય જીવો ! જાગો, હજુ કેમ સૂઈ રહ્યા છો ? જ્યારે કોઈ રાજા ઉપર દુશ્મન રાજા ચઢી આવે છે ત્યારે ગામના રાજા સૈન્યને સજ્જ કરે છે ને યુદ્ધના રણશીંગા ફૂંકાય છે ત્યારે શૂરા ક્ષત્રિયો સાબદા બની કેડ બાંધી શસ્ત્રોનો સાજ સજી રણસંગ્રામમાં હસતે મુખડે જાય છે, ત્યાં એનું ખમીર ખીલી ઉઠે છે, તેમ જ્ઞાની ભગવંતો પણ આપણને આગમવાણીનાં રણશીંગા ફુંકીને કહે છે હે આત્માઓ ! અનંતકાળથી કર્મ રૂપી શત્રુઓએ તમને ઘેરી લીધા છે, અને હેરાન પરેશાન કરી રહ્યા છે તેને જીતવા માટે ત્યાગની તલવાર હાથમાં લઈને ક્ષમાનું ખમીર ખીલવો, અને રણસંગ્રામમાં જઈ કર્મશત્રુઓ ઉપર વિજય મેળવો. કારણ કે કર્મરાજા આત્મા ઉપર જબ્બર સત્તા જમાવીને આત્માને કચડી રહ્યો છે. કર્મના કારણે આ જીવને સંસારમાં રખડવું પડે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન ફરમાવે છે કે

" कम्मं च मोहप्पभवं वयन्ति, कम्मं च जाई मरणस्स मूलं ।"

કર્મ મોહથી ઉત્પન્ન થાય છે અને તે કર્મો જન્મ-મરણનું મૂળ કારણ છે. બંધુઓ ! કર્મસત્તાના પાશમાં સપડાયેલા જગતના સમસ્ત પ્રાણીઓ જન્મ મરણ નામના બે ભયંકર

રોગોના ભોગ બની અનાદિ અનંત બધા સંસારરૂપ ભયાનક અટવીમાં ભૂલા પડીને ભટકી રહ્યા છે. જીવ કયારેક નરકરૂપે, કયારેક તિર્યંચરૂપે, કયારેક મનુષ્ય રૂપે તો કયારેક દેવરૂપે ઉત્પન્ન થાય છે. આ બધી આત્માની ભિન્ન ભિન્ન અવસ્થાઓ કર્મને આભારી છે. ગમે તેવી મોટી જબરજસ્ત રાજસત્તાના સિંહાસનેથી ઘડીભરમાં ઉતારી જમીનદોસ્ત કરવામાં તેને જરા પણ વાર લાગતી નથી. કર્મસત્તા આજના ધનવાનને કાલે કંગાળ બનાવી દે છે. આજના ચમરબંધીને કાલે ચીંથરેહાલ બનાવીને ઘરઘરમાં ટુકડા માંગતો બનાવી દે છે. આ જગતમાં ત્રણ પ્રકારની સત્તાઓ રહેલી છે. ધર્મસત્તા, રાજ્યસત્તા અને કર્મસત્તા આ ત્રણમાંથી ત્રણે જગતમાં કોઈનું પણ જો એકધારું અને નિષ્કંટક શાસન ચાલતું હોય તો તે એક કર્મસત્તાનું જ ચાલી રહ્યું છે. રાજ્યસત્તાની અને ધર્મસત્તાની આજ્ઞાનું પાલન કરવામાં આંખ મીંચામણા કરનાર કોઈ હોય છે પણ આસ્તિક કે નાસ્તિક, રાજા કે રંક, તીર્થંકર, ચક્રવર્તિ, વાસુદેવ, બલદેવ ગમે તે હોય પણ બધાને કર્મસત્તાની આજ્ઞાનું કોઈપણ જાતની આનાકાની કર્યા વગર પાલન કરવું પડે છે. આ કર્મસત્તા કોઈ કોર્ટ, કચેરી, ન્યાયાધીશ, વકીલ કે બેરીસ્ટર વિના પોતાનું શાસન સર્વ જીવો ઉપર નિયમિત રીતે ચલાવી રહી છે. આ કેવી આશ્ચર્યની વાત છે!

ખરેખર કર્મસત્તાની તાકાત જબરજસ્ત છે. એમાં શંકાને સ્થાન નથી પણ આ જબ્બર કર્મસત્તાના ઘેરાને દૂર હઠાવી શાશ્વત અને સંપૂર્ણ સુખ આપવાની તાકાત ધર્મ-સત્તા ધરાવી શકે છે, પણ જ્યાં સુધી સંસારના મોહમાં આસકત બનેલા પામર પ્રાણીઓ પવિત્ર અને પરોપકારી ધર્મસત્તાનું શરણ નહિ સ્વીકારે ત્યાં સુધી તે જુલ્મી કર્મસત્તા તરફથી આપવામાં આવતા અસહ્ય ત્રાસ અને અનંત દુઃખોનો અંત આવવો મુશ્કેલ છે. રાજ્યસત્તા અને કર્મસત્તાના પંજામાંથી છૂટવાની જેને ભાવના હોય તેમણે આજે નહિ તો કાલેપણ ધર્મસત્તાના શરણે આવ્યે જ છૂટકો છે.

આપણા ચાલુ અધિકારમાં ચિત્રગતિ વિદ્યાધર રાજા બન્યા. તેમના ચરણમાં ઘણાં વિદ્યાધર રાજાઓ નમતા હતા છતાં એમને લાગ્યું કે જે રાજ્યને માટે પડાપડી થાય, એક માતાની કુખે જન્મેલા સગા ભાઈઓ એકબીજા સાથે લડીને કપાઈ જાય આવું રાજ્ય શા કામનું? હવે આ રાજ્ય અને સંસારના સુખો મારે ન જોઈએ. અંતિમ સમય સુધી જે રાજ્ય સત્તાનો અને વિષયભોગનો મોહ છોડતા નથી તે મરીને દુર્ગતિમાં જાય છે.

"જે બન્યા છે ભવના ભોગી, તે છે ભવોભવના રોગી,
બને જો કર્મ-વિયોગી, તો બને સાચા યોગી."

ચિત્રગતિ કુમારના અંતરમાં લાગ્યું કે જેમને રાજ્યનો મોહ છૂટતો નથી અને જેઓ વિષયસુખ ભોગવવામાં ગાંડાતુર બન્યા છે તે બિચારા ભવના રોગી છે. કોઇને કેન્સર કે ટી.બી.નો રોગ થયો. તે માણસ આયુષ્ય પૂરું થતાં મરી ગયો. એ રોગવાળું શરીર અહીં રહી ગયું પણ જે કર્મો હતા તે તો આત્માની સાથે જાય છે ને? કર્મો જીવને ભવરોગ

વધારીને અનંતકાળ જન્મ-મરણ કરાવે છે. જો જન્મ મરણનો સંપૂર્ણપણે અંત લાવીને ભવરોગ નાબૂદ કરી આત્માને નિરોગી બનાવવો હોય તો સંયમ લીધે જ છૂટકો છે. સંસાર છોડ્યા વિના કર્મરાજાની સત્તામાંથી છૂટકારો થવાનો નથી, પણ તમારે તો સંસારમાં રહીને મોક્ષ જોઈએ છે તે કયાંથી મળે? સંસાર તો કાદવની કોઠી છે. તમારે કાદવની કોઠીમાં રહેવું છે ને પાછા ચોકખા રહેવું છે એ કદી બને? જે કાદવની કોઠીમાં પડે તેનું શરીર ખરડાયા વિના રહે જ નહિ, પણ જે એ કોઠીમાંથી બહાર નીકળે છે તેનો આત્મા ઉજ્જવળ બને છે. હા, ભેગી એક વાત કરી લઉં. માત્ર વેશ પહેરી લેવાથી મોક્ષ નથી. જ્ઞાની કહે છે કે હે સાધક! તારી પાંચેય ઇન્દ્રિયો ઉપર તારે બરાબર કંટ્રોલ રાખવો પડશે. સાધુ ગોચરી જાય ત્યારે યૌવનને આંગણે ઉભેલી રૂપવંતી સ્ત્રી ગોચરી વહોરાવવા આવે. સાધુ તેના હાથે વહોરે પણ એની સામે દૃષ્ટિ પણ ન કરે કે બાઈ કેવી છે! અન્ય ધર્મમાં પણ ચારિત્રની મહત્તા બતાવી છે.

"બિલ્વમંગલ સુરદાસ કેમ બન્યો?:- ભક્ત સુરદાસનું નામ તો તમે ઘણી વખત સાંભળ્યું હશે. એ સુરદાસ કેવી રીતે બન્યા એ વાત જાણવા જેવી છે. સુરદાસનું નામ બિલ્વમંગલ હતું, તે રામદાસ બ્રાહ્મણનો એક લાડીલો પુત્ર હતો એને ઘેર વૈભવનો પાર ન હતો. આ બિલ્વમંગલના કંઠનું માધુર્ય અલૌકિક હતું. એ કોઈ ભજન કે ગીત ગાય ત્યારે શ્રોતાઓ સ્થિર થઈ જતાં એવી એના કંઠમાં મધુરતા હતી. એટલે નાનપણથી જ એ એક આદર્શ કવિ ગણાતા વેદ અને પુરાણો લગભગ એણે કંઠસ્થ કરેલા હતાં. એ મોટો થતાં રૂપરૂપના અંબાર સમી કન્યાની સાથે એના લગ્ન કરવામાં આવ્યા આ સંસારમાં જાણ્યાતાં સમગ્ર સુખનો એ સ્વામી હતો, પણ એ યુવાન થયો ત્યારે એક વખત ફરવા જતાં એ સમયમાં વખણાતી ચિંતામણી નામની વેશ્યાનું રૂપ જોઈને તેનામાં મુગ્ધ બન્યો. એ ચિંતામણી વેશ્યાનું સૌંદર્ય અને ચાતુર્ય અલૌકિક હતું. એટલે ભલભલા રાજાઓ પણ તેને જોઈને મોહાંધ બની જતા. દીપક જોઈને પતંગિયું તેમાં મોહાંધ બને છે તેવી રીતે આ બિલ્વમંગલ પણ ચિંતામણીના પ્રેમમાં પાગલ બન્યો. એનું તન, મન અને ધન બધું ચિંતામણી વેશ્યામાં અર્પણ થઈ ચૂકયું હતું. એટલે એ મોટા ભાગે વેશ્યાને ત્યાં જ રહેતો હતો.

વેશ્યાની સાથે વિષયાંધ બનેલા બિલ્વમંગલે પરણીને પોતાની પત્નીનું મુખ પણ બરાબર જોયું ન હતું કે એ કેવી છે? જ્યારે એ ઘેર આવતો ત્યારે એની પત્ની એને ખૂબ સમજાવતી કે પ્રાણનાથ! આ દાસીનો શું અપરાધ છે? એક વાર તો મારા સામું જુઓ, પણ એને જગતમાં ચિંતામણી સિવાય બીજું કોઈ પાત્ર દેખાતું ન હતું. એટલે એની રંભા જેવી રૂપાળી ને સુશીલ પત્ની ઘરમાં રાતદિવસ ઝુરતી હતી પણ એને કયાં કોઈની પરવા હતી! વિષયમાં લુબ્ધ બનેલો માનવ કોઈના સામું જોતો નથી. કોઈની વાત પણ સાંભળતો નથી. વિષયાંધ માણસ ભાન-સાન ભૂલીને ન કરવાના કામ કરી બેસે છે. પોતાનું માન, મોભો અને મર્યાદાને ભૂલી જઈને માનવ દાનવ જેવો બની જાય છે, કારણ કે વિષયો બહુ ભયંકર છે. કહ્યું છે કે

" विषस्य विषयाणां च, पश्यतां महदन्तरम् ।
उपभुक्तं विषंहन्ति, विषया स्मरणादपि ॥ "

વિષ કરતાં પણ વિષયો ભયંકર છે. વિષ તો માણસ ખાય તો જ મરે છે. તે પણ એક ભવ પૂરતો મરે છે પણ વિષયોનું વિષ તો એવું કાતીલ છે કે એનું સ્મરણ કરવા માત્રથી માનવને મારે છે. વિષયની લાલસાથી જીવનનો તમામ વ્યવહાર ખોરવાઈ જાય છે અને પહેલે ધડાકે વિષયાંધ બનેલો પુરૂષ પોતાના જીવનનું સુકાન અન્ય સ્ત્રીના હાથમાં સોંપી દે છે આ બિલ્વમંગલના જીવનમાં પણ આવું જ બન્યું, કે એના ઘરમાં રૂપવંતી પવિત્ર સતી જેવી સ્ત્રી પતિના પ્રેમની ઝંખનામાં રાત દિવસ ઝુરી ઝુરીને કાઢતી હતી. બિલ્વમંગલને પોતાની પાસે રહેવા માટે કાલાવાલા કરતી હતી પણ એ તો પોતાની રમણીને છેડીને ચિંતામણી વેશ્યાના મોહમાં ઉન્મત્ત બની ઉન્માર્ગગામી બન્યો હતો.

બંધુઓ ! બિલ્વમંગલ ચિંતામણીના મોહમાં કેટલો અંધ બનેલો હતો ! ખરેખર વાસનાનો ગુલામ બનેલો માનવી ન કરે એટલું ઓછું. એને દુનિયાની પરવા નથી હોતી. જ્ઞાનીપુરૂષો તો કહે છે કે આ ઇન્દ્રિયોની વાસનાને તમે જેટલું વધારે પોષણ આપશો તેટલી એ વધુ બેકાબુ બનશે. વાસનાનો ત્યાગ એટલે મોક્ષની પ્રાપ્તિ. જ્યોતનો સ્વભાવ ઉપર જવાનો છે તેવો આપણા આત્માનો સ્વભાવ છે. ઇન્દ્રિયોને તપ, ત્યાગ અને સંયમથી જીતવાની છે. વિષયવાસનામાં રાચવું તે આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ તો વાસનાઓને જીતવી તે છે. વિષયોના પાપથી ઇન્દ્રિયો આત્માને દોરડાની જેમ બાંધી દે છે જેથી આત્મા મુક્ત બનતો નથી. સિંહને પણ જો બાંધી દેવામાં આવે તો તે પણ ગુલામ બની જાય છે, પરાધીન બની જાય છે, તેમ વાસનાના વિકાર અને વિષયોમાં જે મસ્ત બને છે તે કર્મપાશના દોરડે બંધાઈ જાય છે. જ્યારે તેવા પાપથી આત્મા પાછો હઠે છે ત્યારે તેનું જીવન બદલાઈ જાય છે, અને વિષય વાસનાને બદલે એના જીવનમાં ત્યાગ, સંયમ, અપરિગ્રહ, મૈત્રી, ક્ષમા, પ્રેમ, કરૂણા વિગેરે ગુણો આવતા જાય છે.

" મડદાને હોડી માનનાર પાગલ " : આ બિલ્વમંગલ વિષયવાસનામાં ઘેરાયેલો છે. એક દિવસ રાત્રે એને ચિંતામણી પાસે જવાનું મન થયું એટલે ઉઠીને તૈયાર થયો ચોમાસાના દિવસો હતા. ભયંકર અંધારી ઘોર રાત હતી. એવું ભયંકર અંધારું છવાયું હતું કે માનવ પોતે પોતાને ન જોઈ શકે. મૂશળધાર વરસાદ વરસતો હતો. નદી બે કાંઠે પૂરજોશમાં વહેતી હતી. ચિંતામણી વેશ્યા યમુના નદીના સામા કિનારે મોટા મિનારાવાળા મહેલમાં વસતી હતી. એના મધુરા મિલન માટે અધીરો બનેલો બિલ્વમંગલ આવા વિષમ વાતાવરણમાં યમુના નદીના કિનારે આવ્યો, સામે કિનારે જવા માટે નદીમાં પડયો. આ સમયે પાણીના પૂરમાં તણાઈને આવતું એક મડદું એના હાથમાં આવ્યું. અંધારામાં એણે માન્યું કે મને સામે કિનારે જવા માટે હોડી મળી ગઈ. એના મનમાં થયું કે ચિંતામણીએ મારે માટે હોડી મોકલી હશે. નક્કી એ મને યાદ કરતી હશે. એમ માનીને વિલ્વમંગલ મડદાને હોડી માની એને પકડીને એના સહારે સામે કિનારે પહોંચ્યો. પાસે જ ચિંતા-

મણીનો ભવ્ય મહેલ હતો. બિલ્વમંગલ પાસે પહોંચ્યો પણ હવે ઉપર કેવી રીતે જવું ? કારણ કે મહેલના બારીબારણાં બંધ હતાં. ચિંતામણીના ચંદન મહેલમાં પ્રવેશ કરવા માટે બિલ્વમંગલ ચારે તરફ પ્રદક્ષિણા કરવા લાગ્યો. ખૂબ તપાસ કરતાં ઉપરની બારી તરફ તેનું ધ્યાન ખેંચાયું. તો એક દોરડું લટકતું એણે જોયું. વિષયાંધ માણસ કેટલો પાગલ હોય છે ! દોરડું જોઈને મનમાં હરખાઈ ગયો ને મનમાં બોલ્યો–અહો ! ચતુર ચિંતામણી મારી રાહ જોઈને બેઠી હશે ! એણે મારા માટે આ દોરડું તૈયાર રાખ્યું હશે ! એ દોરડું ન હતું પણ ફુંફાડા મારતો ફણીધર હતો. પણ અત્યારે એની દૃષ્ટિએ નાગ અને સાગ સમાન હતા. ફણીધર નાગને દોરડું માની એને પકડીને ચિંતામણીના શયનગૃહમાં કૂદી પડ્યો, ત્યારે ચિંતામણી ગુલાબી શમણામાં સૂતેલી હતી. બિલ્વમંગલ મહેલમાં આવીને સ્વસ્થ બન્યો. ક્ષણ બે ક્ષણ વીત્યા પછી એ વિચારે ચઢ્યો.

"આત્મજાગૃતિનું પ્રગટેલું કિરણ" : અહો ! હું જેની પાછળ પાગલ બનીને મોતને માથે લઈને આવી ઘનઘોર અંધારી રાત્રે અહીં આવ્યો છું તે તો મસ્ત રીતે ગુલાબી શમણામાં સૂતેલી છે. હું જેની મથામણમાં મરું છું એ તો માદક વાતાવરણમાં મઝા માણી રહી છે. હું આ લલનાની લીનતામાં ખોવાઈ ગયો ત્યારે આ તો ચિંતાથી પર બનીને નિંદની મઝા લૂંટી રહી છે. તેના મનમાં આવા વિચારોના વાદળ ઘેરાયા, ને મનમાં થયું કે અહો ! વિષયોની પાછળ આટલો પાગલ બન્યો તેના કરતાં મેં પ્રભુ સાથે આટલી પ્રીતિ જોડી હોત તો મારું કલ્યાણ થઈ જાત. આમ વિચાર કરતાં એના અંતરમાં સમજણનો જ્ઞાન દીવડો ઝળકી ઉઠ્યો. એટલે તે ચિંતામણીને છોડીને સંન્યાસી બની ગયા. ત્યાગી બનીને લોકોને બોધ આપવા માટે ટાઢ, તડકો, ભૂખ, તરસ બધું સહન કરતા ભગવાનનું ભજન કરતા એક ગામથી બીજે ગામ પર્યટન કરવા લાગ્યા. એમણે ચિંતામણીને ભલે ચિત્તમાંથી અળગી કરી પણ વિચારોમાં ચકરાવો લેતી વાસનાઓ અળગી ન થઈ. ભગવાન કહે છે હે જીવો ! ત્યાગી બનો કે સંસારમાં રહો પણ જ્યાં સુધી મન વાસનાઓથી મલિન બનેલું રહેશે ત્યાં સુધી તારું કલ્યાણ નહિ થાય. આવો જ સુકુમાલિકાના ભવનો પ્રસંગ છે. તે શ્રેષ્ઠીપુત્ર સાથે પરણેલી પણ તેનો સ્પર્શ ખૂબ દાહક હોવાથી તે સુકુમાલિકાને રાત્રે ઉંઘતી છોડીને ચાલ્યો ગયો. તેથી એ ઝૂરવા લાગી. એના માતાપિતાએ એને ખૂબ સમજાવી પણ એનું મન વળ્યું નહિ ત્યારે ભિખારી સાથે પરણાવી. તે પણ છોડીને ચાલ્યો ગયો. છેવટે કોઈ સાધ્વીજીનો યોગ મળતાં વૈરાગ્ય પામીને દીક્ષા લીધી પણ મનમાંથી વાસના દૂર ન થઈ. દીક્ષા લીધા પછી ઉગ્ર તપ કર્યો. પછી એના ગુરૂણી પાસે બહાર ઉદ્યાનમાં આતાપના લેવા જવાની આજ્ઞા માંગી. ગુરૂણીએ ના પાડી છતાં આજ્ઞાનું ઉલ્લંઘન કરીને ગઈ. એ જ્યાં આતાપના લેવા માટે ઉભી હતી ત્યાં નજીકમાં વૃક્ષ નીચે એક વેશ્યાને પાંચ પુરૂષો સાથે હાસ્યવિનોદ કરતી જોઈ. એટલે અંદર રહેલો વાસનાનો દાવાનળ ભભૂકી ઉઠ્યો, અહો ! આ એક સ્ત્રીને પાંચ પુરૂષો કેવા લાડ લડાવે છે ! અને

મને તો એક ભિખારી જેવાએ પણ ન ઇચ્છી. મારા તપ-સંયમનું જો બળ હોય તો હું આવતા ભવમાં પાંચ પતિની પત્ની બનું એવું નિયાણું કર્યું. એ નિયાણાના બળથી એ પાંચ પતિની પત્ની બની. કહેવાનો આશય એ છે કે વાસનાને જીતો.

"સંન્યાસી બનવા છતાં નડેલી મનની મેલાશ" : બિલ્વમંગલે ચિંતામણીને છોડી પણ એનું ચિત્ત વાસનાઓથી મુક્ત બન્યું ન હતું. સંન્યાસી બની ગામ-પરગામ પર્યટન કરતાં કરતાં વૃંદાવન નજીક એક ગામના પાદરમાં સરોવર પાસે પહોંચ્યા. ત્યાં સરોવરનું શીતળ પાણી પીને બાજુમાં એક આંબાના વૃક્ષ નીચે વિશ્રાંતિ લેવા માટે બેઠા. ત્યાં એક રૂપવંતી નવયુવાન સ્ત્રી કૂવે પાણી ભરવા આવી. અપ્સરા જેવી અબળાને જોઈને બિલ્વમંગલના નયનો નાચવા લાગ્યા. લલિત લલનાની લગનીમાં લપટાયેલો ભોગી ભ્રમર તેની સામે ધારી ધારીને જોવા લાગ્યો. સ્ત્રી તો પવિત્ર પતિવ્રતા સ્ત્રી હતી. તેણે તો કોઈના સામું જોયું પણ નથી. તે તો પાણી ભરીને નીચી નજરે એના ઘર ભણી ચાલવા લાગી. કામી બિલ્વમંગલ પણ તેની પાછળ ગયો, સતી સ્ત્રી એના ઘરમાં ગઈ ત્યારે આ બિલ્વમંગલ તેના ઘરની બહાર એક તરફ ઉભો રહ્યો.

"વેશમાં ત્યાગી, દૃષ્ટિમાં ભોગી" : વેષધારી વૈરાગી સંન્યાસીને બહાર ઉભેલા જોઈને એ બાઈનો પતિ બહાર આવ્યો ને કહ્યું-મહાત્મા ! પધારો. આપને ભિક્ષામાં શું જોઈએ ? હું આપની શું સેવા કરું ? ખૂબ હર્ષભેર બાઈના પતિએ આ સંન્યાસીનો આદર-સત્કાર કર્યો ને ફરીને પૂછ્યું. આપને જેની જરૂર હોય તે માંગો. મારે ત્યાં આપ જેવા સંતોના આશીર્વાદથી કોઇ જાતની કમીના નથી, ત્યારે આ બિલ્વમંગલ કહે છે ભાઈ ! મારે બીજું કાંઇ નથી જોઈતું. ફક્ત એક જ જોઈએ છે. ભક્ત કહે છે એક શું બે માંગો ને ? આપ શા માટે સંકોચ રાખો છો ? એના મનમાં હતું કે સંન્યાસી બાવા માંગી માંગીને શું માંગશે ? કયાં બાવા માટે ભોજન કે પહેરવા માટે વસ્ત્ર. સંન્યાસી કહે હું માંગું તે આપીશ ? તો કહે-હા. સંકોચ ન રાખો.

"બિલ્વમંગલની માંગણીથી આવેલો આંચકો" : શરમ છોડીને બિલ્વમંગલે કહ્યું : હમણાં જ તમારા ઘરમાં પાણી ભરીને જેણે પ્રવેશ કર્યો તે રૂપસુંદરીને હું પુનઃ એક વાર જોવા માટે તલસું છું. માટે એને મારી પાસે મોકલ. આ સાંભળીને ભાઈના હૃદયમાં કરંટ લાગ્યો હોય તેવો આંચકો લાગ્યો. આણે તો જુદું જ માંગ્યું મારે શું કરવું ? ધર્મપરાયણ પતિ સંકટમાં મૂકાઇ ગયો. એક તરફ ધર્મપરાયણ પતિવ્રતા પત્ની અને બીજી તરફ વેશધારી ત્યાગીની માંગણી. થોડીવાર તો મૌન ઉભો રહ્યો. કોને ઇન્સાફ આપવો, શું કરવું ને શું ન કરવું ? છેવટે તેણે કહ્યું આપની ઇચ્છા પૂર્ણ થશે. હું મારું આપેલું વચન કદી બદલતો નથી, અને મારા આંગણે આવેલા અતિથિને કદી નિરાશ કરતો નથી તો આપને કેમ નિરાશ કરાય ! આપ થોડીવાર ઓટલે બેસો. હું મારી પત્નીને બહાર મોકલું છું.

આમ કહીને બાઈનો પતિ અંદર ગયો. એનું મુખ ઉદાસ જોઈને પત્નીએ પૂછ્યું—નાથ ! આપનું મુખ ઉદાસ કેમ છે ? ત્યારે કહે છે હે સતી ! આપણા આંગણે

એક અતિથિ આવ્યો છે. પત્ની કહે છે અતિથિ આવ્યા હોય તો એનો આદર સત્કાર કરો. આપણા ઘરમાં ઘણું છે. એને જે જોઈએ તે ખુશીથી આપો. પતિ કહે છે મેં બરાબર સારી રીતે તેમનો સત્કાર કર્યો છે પણ એની માંગણી જુદા પ્રકારની છે ને હું વચનથી બંધાઈ ગયો છું. તેમાં મારા માથે ધર્મસંકટ આવ્યું છે. તેને દૂર કરવા માટે મારે તારી મદદની જરૂર છે. અરે નાથ ! એમાં આટલા બધા ઢીલા શું થાવ છો ? આપના માથે આવેલા ધર્મસંકટને દૂર કરવામાં મદદગાર બનવા આ દાસી તૈયાર છે. હે સતી ! આજે તારી અગ્નિપરીક્ષા છે. નાથ ! જે હોય તે કહો. આ દાસી સેવા કરવા તૈયાર છે, ત્યારે પતિએ કહ્યું–આપણા ઓટલે જે સંન્યાસી બેઠો છે તે મારી પાસે તારી ભિક્ષા માંગે છે. આ સાંભળીને પતિવ્રતા સ્ત્રી ઢગલો થઈને જમીન ઉપર ઢળી પડી. થોડી વારે સ્વસ્થ થતાં પતિના ચરણમાં પડીને કહે છે, નાથ ! તમે આ શું બોલો છો ? શું પતિવ્રતા સ્ત્રી આંખ ઊંચી કરીને અન્ય પુરૂષ સામે દૃષ્ટિ કરી શકે ખરી ? એ માંગે તો બીજું સર્વસ્વ આપી દઉં. કદાચ આ ઘર માગે તો પહેરેલા કપડે બહાર નીકળી જવા તૈયાર છું પણ આ કાર્ય હું નહિ કરી શકું. આ સાંભળી એનો પતિ કહે છે હે સતી ! તારા હૃદયની વ્યથાને હું સારી રીતે સમજી શકું છું પણ તું એ વાત નથી જાણતી કે તારો પતિ આંગણે આવેલા અતિથિને સત્કાર કર્યા વિના પાછો જવા દેતો નથી. મને વચન આપતી વખતે ખબર ન હતી કે શું માગશે ? હવે તો મારા વચન ખાતર પણ ત્યાં જવું પડશે.

"નયનો નારીના દેહને નિરખવા નહિ" :–પતિની આજ્ઞાનું પાલન કરવા માટે સુંદરી સારા વસ્ત્રો અને અલંકારો પહેરી ઝાંઝરના ઝણકાર સાથે બિલ્વમંગલની સામે આવીને ઉભી રહી. મોહાંધ બિલ્વમંગલ ઘણીવાર સુધી આ સુંદર સ્ત્રીના સામું એકીટશે જોઇ રહ્યો પછી બોલ્યો–બહેન ! બિલ્વમંગલના મુખમાંથી 'બહેન' શબ્દ સાંભળીને સતીના હૈયે ટાઢક વળી, બસ, હવે મારા ચારિત્રને આંચ નહિ આવે. બિલ્વમંગલે કહ્યું–બહેન ! હવે મારા નયનો તારા રૂપનું પાન કરીને તૃપ્ત થઇ ગયા છે, પણ મને એક ચીજ આપશો ? સતીએ કહ્યું–બોલો, જે કહો તે આપું. ત્યારે કહે છે કે તમારા ઘરમાં બે મોટી સોયો છે ? હા. ઘણી છે. બહેન ! મારે વધારે નથી જોઇતી. ફક્ત બે સોયો અગ્નિમાં લાલચોળ થાય તેવી તપાવીને મને લાવી આપો. આ ભોળી બાઈને ખબર ન પડી કે આ સંન્યાસી શા માટે સોયો માંગતો હશે ! એટલે એણે બે સોયો લાલઘૂમ તપાવીને આપી. બિલ્વમંગલે તે બંને સોયો બે હાથમાં લઇ પોતાની જાતે જ બંને આંખોમાં ભોંકી દીધી અને આંખો ફોડી નાંખી. આ જોઈને સતીના મુખમાંથી ચીસ નીકળી ગઇ. અરેરે....આ શું કર્યું ! બહેન ખૂબ પશ્ચાતાપ કરવા લાગી ત્યારે બિલ્વમંગલે કહ્યું–બહેન ! તું રડીશ નહિ. એમાં તારો કોઈ દોષ નથી. આ આંખો મને પરનારીના રૂપમાં આસક્ત બનાવનારી છે. તેથી મેં તેને શિક્ષા કરી છે. બિલ્વમંગલે આંખો ફોડી નાંખી ત્યારથી તે સૂરદાસ કહેવાયો.

અંધ સૂરદાસ જગતના જીવોને એક અમૂલ્ય શિખામણ આપી ગયા છે કે કામાંધ બની તમે જીવનને બરબાદ કરશો નહિ. આ નયનો નારીના દેહને નીરખવા માટે નહિ પણ પરમાત્માના સ્વરૂપને પારખવા માટે છે. બિલ્વમંગલ પોતે કરેલા પાપના પ્રાયશ્ચિત માટે સ્વહસ્તે સૂરદાસ બન્યા. પછી સુંદરીના ચરણમાં નમી તેને જગતજનેતા કહીને ત્યાંથી ચાલ્યો ગયો. આ બિલ્વમંગલે વિલાસી જીવનની દિશા બદલીને વિકાસ ભણી પ્રયાણ આદર્યું ત્યારે અનેક લોકો ભક્ત કવિસૂરદાસના ગુણલા ગાવા લાગ્યા. આજે પણ એ ભક્ત કવિ સૂરદાસને ભારતની જનતા યાદ કરે છે. માણસ એક વખત ભાન ભૂલે છે પણ જ્યારે તેને પોતાની ભૂલ ભૂલ તરીકે સમજાય છે ત્યારે તેની દશા જુદી જ હોય છે. પછી એનું જીવન એવું પવિત્ર બની જાય છે કે જગતમાં નામ અમર બનાવી જાય છે.

"સંસારનું સ્વરૂપ જોતાં જાગી ઉઠેલા ચિત્રગતિ રાજા" : શશિ અને સૂર બંને સગા ભાઈઓ રાજ્ય માટે ખૂબ ઝઘડ્યા ને અંતે એકબીજાના હાથે કપાઈ મર્યા. આ બનાવથી ચિત્રગતિ રાજાને વૈરાગ્ય આવી ગયો. અહો ! એક રાજ્યના ટુકડા માટે ભાઈ-ભાઈ લડ્યાં ને મરી ગયા ! રાજ્ય માટે પદ્મકુમારે સુમિત્રને મુનિ અવસ્થામાં માર્યા. આ શશી અને સૂર પણ રાજ્ય માટે લડીને મર્યા. જે રાજ્ય માટે ભાઈ ભાઈને મારી નાંખે ને ભયંકર સંગ્રામો ખેલાય ને લાખો જીવોની હિંસા થાય એવું રાજ્ય હવે મારે ન જોઈએ. આટલું નિમિત્ત મળતાં ચિત્રગતિ રાજા વૈરાગ્ય પામી ગયા ને દીક્ષા લેવા તૈયાર થયા. પોતાના પુત્રને પરણાવીને રાજગાદી આપીને ચિત્રગતિ, રત્નવતી અને ચિત્રગતિના બે નાના ભાઈઓ જેમના નામ મનોગતિ અને વિપુલગતિ હતાં તે ચારેય આત્માઓએ દમધર નામના આચાર્ય પાસે દીક્ષા લીધી. ઘણાં વર્ષો સુધી ઉગ્ર સંયમનુ પાલન કરીને અંતિમ સમયે સંથારો કરીને ચારે ય આત્માઓ કાળ ધર્મ પામીને માહેન્દ્ર નામના ચોથા દેવલોકમાં પરસ્પર પ્રીતિવાળા દેવ થયા. હવે દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને જંબુદ્વીપના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં પદ્મ નામના પ્રદેશમાં સિંહપુર નગરમાં હરિનંદી નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને પ્રિયદર્શના નામે સુંદર સુકોમળ અને પવિત્ર રાણી હતા. બંને આત્માઓ ખૂબ પવિત્ર અને ધર્મીષ્ઠ હતા. બંને સંસારમાં આનંદથી રહેતા હતા. આ સમયે ચિત્રગતિનો જીવ માહેન્દ્ર દેવલોકમાંથી આયુષ્ય પૂર્ણ કરીને પ્રિયદર્શના રાણીની કુખે પુત્રપણે ઉત્પન્ન થયો. તેનો જન્મ થયા પછી રાજાએ ખૂબ ભવ્ય રીતે પુત્રનો જન્મ મહોત્સવ ઉજવ્યો અને અપરાજિતકુમાર તેનું નામ પાડ્યું. પવિત્ર માતાપિતાને ઘેર પવિત્ર અને પુણ્યશાળી સંતાનો જન્મ લે છે.

હરિનંદી રાજાને એક પ્રધાન હતો. તેને પણ એક પુત્ર હતો. તેનું નામ વિમલબોધ હતું, અપરાજિત કુમાર અને વિમલબોધ નાના હતા ત્યારથી બંને સાથે રમતાં ને સાથે ફરવા જતાં. એટલે એવી ગાઢ મિત્રતા બંધાઈ કે એકબીજાને એકબીજા વિના ચાલે નહિ. આ બંને બાળકો નાના હતા ત્યારથી રમતાં રમતાં ધૂળની ઢગલીઓ બનાવી તેના ઉપર

કૂદતા કૂદતા કહે કે જો આ એક દેશને જીત્યો, બીજી ઠગલીને કૂદીને કહે કે આ બીજો દેશ જીત્યો, આ ત્રીજો દેશ જીત્યો. બંધુઓ! રાજકુમારની રમત પણ રાજ જીતવાની હોય. બીજા છોકરાઓ રમે તો આ મારું ઘર ને આ તારું ઘર એવી રમત રમે પણ આ તો રાજ્યનું બીજ છે એટલે દેશ જીતવાની રમત રમે છે.

અપરાજિતકુમાર એમના માતાપિતાને એકનો એક પુત્ર હતો અને વિમલબોધ પ્રધાનને એક જ પુત્ર હતો એટલે એમના માતાપિતાઓ તેમને એકલા બહાર રમવા કે કે ફરવા જવા દેતાં ન હતા. એમની સાથે ચોકી પહેરો હોય. આ બંને કુમારો ભેગા થાય ત્યારે વાતો કરતા કે આપણું તો કંઈ જીવન છે! આપણા માતાપિતા આપણને કયાંય એકલા ફરવા જવા દેતા નથી. જ્યાં જઈએ ત્યાં પહેરેગીરો સાથે જ હોય, ત્યારે પ્રધાનપુત્ર કહેતો કે આપણે નાના છીએ એટલે એકલા કયાંય જવા દેતા નથી. આ બંને કુમારોને રાત્રે સ્વપ્ના આવવા લાગ્યા કે આપણે બંને ઘોડે બેસીને ફરવા ગયા, એક, બે, ત્રણ કરતાં ઘણું ગામ ફર્યા. બંને ભેગા થાય એટલે એકબીજા સ્વપ્નની વાતો કરતાં કે મને આ સ્વપ્ન આવ્યું ને બીજો કહે, મને આવું સ્વપ્ન આવ્યું. પણ સવાર પડે કંઈ ન હોય એટલે નિરાશ થઇ જતા પણ એક દિવસ એવો આવ્યો કે એમનું સ્વપ્ન સાકાર બની ગયું.

"સોદાગરનું સિંહપુરમાં આગમન":–આ બંને કુમારો મોટા થયા ત્યારે એક સોદાગર પાણીદાર ઘોડા લઇને સિંહપુરમાં વેચવા માટે આવ્યો. હરિનંદી રાજાને પણ ઘોડાનો ખૂબ શોખ હતો, સોદાગર ઘોડા લઇને રાજા પાસે આવ્યો. એટલે રાજાએ બે પાણીદાર ઘોડા પસંદ કર્યા. કુમારોને પણ એ ઘોડા બહુ પસંદ પડયા. એટલે સોદાગરને મોં માંગ્યા મૂલ્ય આપીને ખરીદ કર્યા. હવે આ બંને કુમારોને ઘોડા ઉપર બેસીને ફરવા જવાનું મન થયું. એટલે કહે છે 'પિતાજી! આ નવા ઘોડા આવ્યા છે તેના ઉપર બેસીને અમે ફરવા જઇએ!' રાજાએ કહ્યું ભલે, ખુશીથી જાઓ પણ ઘણે દૂર ન જતા જલ્દી પાછા આવજો. કહે–ભલે પિતાજી! અમે જલ્દી પાછા આવીશું. એમ કહીને રાજકુમાર અને પ્રધાનકુમાર બંને એક ઘોડા ઉપર બેસીને ફરવા માટે નીકળ્યા. આ ઘોડો પવનવેગી હતો એટલે થોડી વારમાં તો કયાંય પહોંચી ગયો. ઘણે દૂર નીકળ્યા પછી ઘોડાને ઉભો રાખવા ઘણો પ્રયત્ન કર્યો, પણ કોઈ રીતે ઉભો રહેતો નથી, જેમ લગામ ખેંચે તેમ વધુ દોડે. છેવટે થાકીને લગામ ઢીલી મૂકી એટલે ઘોડો ઉભો રહ્યો. બંને કુમારો સ્વપ્નામાં ઘોડા દોડાવતાં હતાં તે સાચે જ આજે ઘોડા દોડાવતાં ઘણે દૂર નીકળી ગયા. ઘણીવાર થઇ છતાં બંને કુમારો પાછા ન આવ્યા એટલે રાજાને અને પ્રધાનને ચિંતા થવા લાગી કે આ બંને કુમારો કયાં ગયા? હજુ કેમ ન આવ્યા? એમનું શું થયું હશે? આમ અનેક પ્રકારની શંકા કરવા લાગ્યા ને ચિંતાતુર બની ગયા. રાજાએ ચારે તરફ તપાસ કરવા માટે માણસો મોકલ્યા પણ કયાંય પત્તો પડયો નહિ.

આ બંને કુમારો ઘોડા ઉભા રહ્યા એટલે એક વૃક્ષ નીચે થાક ઉતારવા બેઠા. અને જંગલની શોભા જોતા જોતા વાતો કરવા લાગ્યા. રાજકુમાર કહે છે મિત્ર વિમલ ! આ ઘોડો આપણને અહીં લઈ આવ્યો તે ઘણું સારું થયું. નહિતર આપણા માતા પિતા આપણને આટલે દૂર આવવાની રજા આપત નહિ, ત્યારે પ્રધાનપુત્ર કહે છે ભાઇ ! હવે આપણે પાછા વળવું જોઇએ. માતા પિતા આપણી ચિંતા કરતા હશે. રાજકુમારે હુંકભલેને રાહ જુવે. હવે આપણે પાછા જવું જ નથી. પરદેશ જઇશું, પોતાની વિદ્યાનું પારખું તો પરદેશમાં જ થાય ને ? આ પ્રમાણે બંને વાતો કરતા હતા ત્યાં એક માણસ ભયભીત બનીને દોડતો રાજકુમાર પાસે આવીને તેના ચરણમાં પડીને કહે છે બચાવો.... બચાવો, રાજાના સિપાઇઓ મારી પાછળ પડયા છે. આ માણસ ભયથી થરથર ધ્રુજતો હતો. એટલે અપરાજિત કુમારને તેની ખૂબ દયા આવી. તેને કહ્યું-ભાઈ! તું ડરીશ નહિ અમે તારું રક્ષણ કરીશું તેથી પેલો માણસ કહે-ભગવાન તમારું ભલું કરે. આ જોઇને મંત્રી પુત્રને ગુસ્સો આવ્યો ને રાજકુમારને કહ્યું-ભાઈ! આ કોણ છે ? કેવો માણસ છે તે જાણ્યા વગર તેને આશ્રય આપ્યો તે બરાબર નથી. એને બચાવવા જતાં આપણે દુઃખી થઇએ. એટલે રાજકુમારે કહ્યું, શરણાગતને આશ્રય આપવો તે ક્ષત્રિયોનો ધર્મ છે.

"શરણે આવેલાને શરણ દેનાર કુમાર" :- બંને કુમારો આમ વાત કરતા હતા ત્યાં રાજાના સિપાઇઓ દોડતા આવ્યા ને પેલા માણસને રાજકુમાર પાસે બેઠેલો જોઇને કહે છે આને જલ્દી પકડી લો. સિપાઇઓ આગળ આવ્યા ત્યાં કુમારે હાથમાં તલવાર ખેંચીને કહ્યું-ખબરદાર ! આગળ વધ્યા છો તો મરી ગયા સમજજો. સિપાઇઓએ કહ્યું-ભાઈ! તમે અજાણ્યા છો. આ માણસ મોટો ચોર અને લૂંટારો છે. તેણે અમારા નગરના લોકોને હેરાન પરેશાન કરી નાંખ્યા છે. એટલે અમારે એને પકડવો છે. કુમારે કહ્યું જે હોય તે ભલે પણ તે મારા શરણે આવ્યો છે ને મેં એને બચાવવાનું વચન આપ્યું છે. એટલે હવે તો ખુદ ઇન્દ્ર આવે તો પણ મારી હયાતીમાં એને પકડી શકે નહિ, તેથી સિપાઇઓ તેની સાથે લડવા તૈયાર થયા. એટલે રાજકુમાર અને પ્રધાનપુત્ર બંનેએ તલવાર ખેંચી અને સિપાઇઓએ પણ તલવાર ખેંચી. બંને સામાસામી લડવા લાગ્યા, પણ કુમારના પરાક્રમ આગળ સિપાઇઓ ટકી શકયા નહિ. તેથી ભાગી ગયા. એ સિપાઇઓ કોશલરાજાના રક્ષકો હતા. તેઓ રાજદરબારમાં આવ્યા ને રાજાને કહ્યું કે બે રાજકુમારો જંગલમાં આવ્યા છે. તેમણે અમને હરાવીને કાઢી મૂકયા છે. રાજાએ કહ્યું- એ બે કુમારો આગળ તમે આટલા બધા હારી ગયા ? સિપાઇઓએ બધી વાત કરી એટલે કોશલનરેશે એ બે કુમારોને હરાવવા મોટું સૈન્ય મોકલ્યું. કુમારો પાસે ફકત તલવાર હતી જયારે એ સૈન્ય પાસે શસ્ત્રો હતા. લડાઈ જામતા કુમારે સૈન્યને હરાવીને નસાડી મૂકયું. એટલે કોશલનરેશને ખૂબ ક્રોધ ચઢયો. તેણે વિચાર કર્યો કે હવે તો

હું જાતે જ લડવા જાઉં હવે કોશલનરેશ લડવા માટે આવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૨૪

શ્રાવણ સુદ ને ૬ બુધવાર "સંસાર કેવો!" તા. ૯-૮-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે હે ભવ્ય જીવો! જગતમાં આત્મકલ્યાણ માટે મૂલ્યવાન ચીજ હોય તો તે ધર્મ છે. વસ્તુ જેમ કિંમતી હોય તેમ તેને તપાસવાનું સાધન પણ સૂક્ષ્મ હોય છે. લાકડા કરતાં અનાજ મૂલ્યવાન છે તેથી તેને માપવાનો-તોળવાનો કાંટો નાનો હોય છે. અનાજ કરતાં સોનું ચાંદી વિગેરે કિંમતી છે તેથી તેને માપવાનો કાંટો અનાજથી નાનો હોય છે અને સોના-ચાંદી કરતા હીરા અને રત્નો મૂલ્યવાન હોય છે તેથી તેને તોલવાનો કાંટો તેનાથી પણ સૂક્ષ્મ હોય છે આવી રીતે જ્ઞાની ભગવંત કહે છે કે આ જગતમાં સૌથી વધારે મૂલ્યવાન વસ્તુ ધર્મ છે. તેથી ધર્મ સૂક્ષ્મબુદ્ધિથી સમજી શકાય છે. કાંટો બરાબર ન હોય તો વસ્તુનું માપ બરાબર જાણી શકાતું નથી, તેમ આપણા ચિત્ત રૂપી કાંટો જો બરાબર ન હોય તો ધર્મ એ કેટલી અમૂલ્ય ચીજ છે તેનું માપ કાઢી શકાતું નથી. ધર્મતત્ત્વને સમજવા માટે આપણી બુદ્ધિને નિર્મળ બનાવીને શાંત સ્થિર ચિત્તે ચિંતન કરીશું તો સમજાશે કે આવો ઉત્તમ માનવભવ પામીને મને જે જિનેશ્વર પ્રભુનો ધર્મ મળ્યો છે તે મહાન કિંમતી છે, ધર્મ એ સંસાર સાગરમાં અનંત કાળથી ડૂબકી લગાવતાં જીવોને માટે દ્વીપ સમાન છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩ મા અધ્યયનમાં ભગવાને કહ્યું છે કે

जरा मरणवेगेणं बुज्झमाणाण पाणिणं।
धम्मो दीवो पइट्ठा य, गई सरणमुत्तमं ॥ ६८ ॥

આ સંસાર રૂપ મહાસમુદ્રમાં જરા અને મરણરૂપ જળ છે. તેના પ્રવાહમાં પ્રાણીઓ તણાઈ રહ્યા છે, ડૂબી રહ્યા છે. તેમને જો કોઇ આશ્રય આપનાર હોય તો તે ધર્મ છે. દ્વીપમાં પાણીનો પ્રવાહ પ્રવેશી શકતો નથી તેથી સમુદ્રમાં તણાતા જીવોને દ્વીપ આશ્રયનું સ્થાન છે, તેવી રીતે ધર્મ પણ સંસારના જીવો માટે એક આશ્રયનું સ્થાન છે. જે માણસ ધર્મના રંગે રંગાઈ જાય છે. તેનાં જન્મ-મરણ અટકી જાય છે. ધર્મ એ દરેક પ્રકારના ભયથી મુક્ત કરનાર દીવાદાંડી સમાન છે. જેમ સમુદ્રમાં સ્ટીમરો અને વહાણોને ચેતવણી આપવા માટે દીવાદાંડી રાખવામાં આવે છે. દીવાદાંડી ચેતવણી આપે છે કે આ તરફ આવશો નહિ.

આ માર્ગ સલામતી ભરેલો નથી. અહીં ખડકો છે, ખાડા છે, આ તરફ જે વાહનો આવશે તે ભાંગીને ભૂક્કો થઈ જશે. આ માર્ગ ભયથી ભરેલો છે, તેવી રીતે ધર્મ પણ સંસાર સમુદ્ર વચ્ચે દીવાદાંડી સમાન છે. ધર્મ ચેતવણી આપે છે કે હે આત્માઓ ! આ સંસારમાં અભિમાન, ક્રોધ, લોભ રૂપી મોટા મોટા જબ્બર ખડકો છે, અને માયા ને મમતારૂપી ઉંડા ખાડા છે. તેના તરફ દૃષ્ટિ કરશો નહિ. એની પાસે તમે જશો નહિ. જો જશો તો ડૂબી જશો. તમારા ભૂક્કા ઊડી જશે.

તમે સંસારમાં કેવી રીતે રહો. જેમ સમુદ્રમાં હોડી તરે છે, સ્ટીમર તરે છે પણ તેનામાં સમુદ્રને પ્રવેશવા દેતી નથી. સમુદ્રમાં કયારેક વાવાઝોડા થાય છે, વરસાદ પડે છે, આંધી આવે છે ત્યારે હોડી હચમચી જાય છે પણ એનો સુકાની સાબદો બનીને હોડીને બરાબર સંભાળે છે એટલે ભયંકર તોફાનો વચ્ચે પણ હોડી તરતી રહે છે. પણ એનામાં પાણી પેસવા દેતી નથી, તેવી રીતે તમે સંસારમાં રહો પણ તમારામાં સંસાર ના રહેવો જોઈએ. હોડીમાં પાણી પ્રવેશી જાય તો હોડી ડૂબી જાય છે તેમ જો તમારી જીવન-નૈયામાં સંસાર પ્રવેશી જશે તો હોડી ડૂબી સમજો. તમારે હોડીને ડૂબાડવી છે કે તારવી છે? બોલો નટુભાઇ ! (શ્રોતામાંથી અવાજ : તારવી છે.) જો તારવી હોય તો સંસારથી અલિપ્ત રહેવું પડશે. સંસારને તમારા દિલમાં પ્રવેશ કરવા દેવાશે નહિ. જીવનમાં ગમે તેટલી આફતો આવે તે સમયે આત્મારૂપી સુકાનીએ બરાબર સાબદા બનીને નૌકાને સંભાળી લેવી જોઈએ.

બંધુઓ ! એ નૌકાને સંભાળવા માટે અમોઘ જડીબુટ્ટી કહો તો તે ધર્મ છે. ધર્મ જેની પાસે હોય છે તેને ગમે તેટલી આફતો આવે પણ તેમાંથી તે પાર ઉતરી જશે. માટે તમે ધર્મનું શરણું ગ્રહણ કરો. ધર્મના શરણ વિના ત્રણ કાળમાં ઉદ્ધાર થવાનો નથી. તમે જ્યાં જાઓ ત્યાં ધર્મને સાથે ને સાથે રાખો. **"अरिहंता सरणं पवज्जामि, सिद्धासरणं पवज्जामि, साहुसरणं पवज्जामि, केवलीपन्नत्तं धम्मं शरणं पवज्जामि."** આ ચાર શરણ રૂપ ધર્મના સ્વરૂપને સમજો, અને તેને તમારી સાથે ને સાથે રાખો. ઘણા ભાઈઓ ને બહેનો માંગલિક સાંભળવા આવે છે. એમને પૂછીએ કે માંગલિક સાંભળવાનું પ્રયોજન શું છે? ત્યારે અજ્ઞાની માણસો શું કહે? અમારો દિવસ સફળ બને, વહેપારમાં કમાણી થાય અને અમારો સંસાર વૈભવથી છલકાતો રહે. (હસાહસ). અરે, માંગલિક સાંભળવાનો આ હેતુ છે? નહિ....નહિ. માંગલિક સાંભળવાના હેતુને તમે સમજ્યા નથી. માંગલિક સાંભળીને અંતરમાં એવી ભાવના કરવાની કે હે ભગવાન ! હું ગમે ત્યાં જાઉં, ગમે તેવી સ્થિતિમાં પટકાઉં પણ હે નાથ ! મને તારું શરણ હોજો. તારા શરણાથી હું ભવપાર થઇશ. આ સિવાય બીજી કોઈ પણ ઈચ્છા ન હોવી જોઈએ.

જ્ઞાની ભગવંતો કહે છે કે હે આત્માઓ ! સંસાર દુઃખમય છે, દુઃખનું મૂળ છે ને દુઃખની પરંપરા છે. વિશેષાવશ્યક ભાષ્યમાં પણ કહ્યું છે કે संसरणं संसारः भवाद् भवगमनं नरकादिषु पुनर्भ्रमणे वा । સંસરણ કરવું એટલે એક ભવમાંથી બીજા ભવમાં જવું અથવા નરકાદિ ચાર ગતિઓમાં વારંવાર પરિભ્રમણ કરવું તેનું નામ સંસાર છે. સૂયગડાયંગ સૂત્રમાં પણ ભગવાને કહ્યું છે કે " एगंत दुक्खं जरिए व लोए " । સંસાર જ્વરની સમાન એકાંત દુઃખરૂપ છે. તમે આગમમાં જ્યાં દૃષ્ટિ કરશો ત્યાં ઠેકાણે ઠેકાણે ભગવાને સંસારને દુઃખરૂપ કહ્યો છે. કયાંય એમ નથી કહ્યું કે સંસાર સુખરૂપ છે, પણ તમે સંસારને કેવો માનો છો ? તમને સંસાર કેવો લાગે છે ? તમને તો સંસાર કંસાર જેવો મીઠો લાગે છે ને ? અમારી દૃષ્ટિએ તો સંસાર કંસાર જેવો નહિ પણ ભંગાર જેવો છે. તમે પરણવા જાવ છો ત્યારે તમારા લગ્નના એકેક રિવાજો પણ જીવને બોધ આપે છે કે, મૂર્ખ ! આ સંસાર દુઃખનો દાવાનળ છે એમાં તું પડીશ નહિ. જો પડયો તો તારી રાખ થઈ જશે, પણ પરણવાના કોડમાં તમને કયાં ખ્યાલ આવે છે ?

તમે ઘરથી જવા માટે નીકળો ત્યારે તમારી માતા કંકુનો ચાંલ્લો કરીને ઉપર ચોખા ચોંટાડે છે. આને તમે શું માનો ધીરુભાઈ ? (શ્રોતામાંથી અવાજ : શુકન) ચાંલ્લો કરીને ચોખા ચોડયા એમાં ઘણો બોધ ભર્યો છે. કપાળે બીજું કંઈ નથી ચોંટાડતા ને ચોખા જ કેમ ચોંટાડે છે ? જેમ ચોખા અણીશુદ્ધ હોય છે તેમ ઘઉં પણ અણીશુદ્ધ જ હોય છે ને ! પણ ચોખા ચોંટાડવાનું કારણ જુદું છે. એ માતા તમારા કપાળે ચોખા ચોંટાડીને કહે છે બેટા ! તું પરણવા ભલે જાય છે પણ તારું જીવન ચોખા જેવું બનાવજે. ઘઉં વાવ્યા ઉગે છે પણ ચોખા વાવ્યા ઉગતા નથી. માટે તારા કપાળે ચોખા ચોડીને હું તને આશીર્વાદ આપું છું કે તારો સંસાર વધવો ન જોઈએ. તું પરણીને સંસારથી અલિપ્ત રહેજે અને એવી ધર્મકરણી કરજે કે ફરીને જન્મ-મરણ કરવા ન પડે. આટલા બધા પરણવા ગયા, પરણીને આવ્યા પણ કોઈને આવો વિચારો આવ્યો છે ? પરણવાના કોડ છે ને ! ત્યાં આવો વિચાર કયાંથી આવે ? લગ્નની ક્રિયાઓમાં પણ જીવને બોધ મળે છે. આ ઉપરથી સમજવું જોઈએ કે આ સંસાર દુઃખમય છે, દુઃખનું મૂળ છે ને દુઃખની પરંપરાને વધારનાર છે.

સંસાર જો દુઃખમય ન હોત તો મહાપુરૂષો એને છોડત નહિ. છ છ ખંડના સ્વામી ચક્રવર્તિઓને ત્યાં કેટલી સામગ્રી હોય છે, એમની સહાયમાં કેટલા દેવો હોય છે. નવ-નિધાન અને ચૌદ ચૌદ રત્નો એમની પાસે હોય છે. એમને ત્યાં કોઈ સુખની કમીના હોતી નથી. આવા ચક્રવર્તિઓને પણ સમજાઈ ગયું કે સંસાર દુઃખમય છે, દુઃખનું મૂળ છે ને દુઃખની પરંપરા વધારનાર છે. તો પલવારમાં છ ખંડની સામગ્રી છોડીને સંસારને

લાત મારીને ચાલી નીકળ્યા. એમને સંસાર છોડવા જેવો છે એમ લાગ્યું પણ તમને શું લાગ્યું છે ? જે સંસાર તમને સાકરના ટુકડા જેવો મીઠો લાગ્યો છે પણ તે સાકર જેવો છે કે સોમલ જેવો છે ? તે તમને એક દૃષ્ટાંત આપીને સમજાવું.

એક શ્રીમંત શ્રેષ્ઠી છે. તેમને વૈભવ-વિલાસની કમીના નથી. એવા શ્રેષ્ઠીને ઘેર સૌંદર્યવાન કન્યા પરણીને આવી. સંસારના મોહમાં પાગલ બનેલી કન્યા હરખાય છે કે અહો ! અહીં તો સ્વર્ગના સુખ છે. લીલા લહેર છે અને પતિ પણ દેવરૂપ જેવા રૂપાળા છે. પતિ-પત્ની બંનેના જીવનમાં મોજશોખ ઉડાવવા, ભોગ ભોગવવા એ એમના જીવનનું લક્ષ હતું. ધર્મ શું ને કર્મ શું એનું એમને જ્ઞાન ન હતું. પતિ કે પત્ની એમાંથી એક જો ધર્મ સમજતા હોય તો એક બીજાને સમજાવે પણ આ તો બંને મોહમાં પાગલ હતા. કોણ કોને સમજાવે ! શેઠ સંસારમાં ગળાબૂડ ખૂંચેલા હતા પણ પુણ્યોદયે એક વખત એમને કોઈ આત્માર્થી સંત ભેટી ગયા. સંતે એમને સમજાવ્યું, શેઠ ! આ સંસાર એકાંત દુઃખથી ભરેલો છે.

"जीवियं चेव रुवं च, विज्जुसंपाय चंचलं" હે શેઠ ! તમે જેમાં મોહ પામી રહ્યા છો તે તમારું જીવન અને રૂપ બધું વિજળીના ચમકારા જેવું ચંચળ છે. આ લક્ષ્મીનો પણ શું ભરોસો છે. આજે છે ને કાલે ચાલી જાય. યુવાની પણ એક દિવસ નષ્ટ થઈ જશે ને વૃદ્ધાવસ્થા આવી જશે. કર્મ કોઈને છોડતા નથી. આવું સમજીને જીવનમાં કંઈક ધર્મની આરાધના કરો. આ શેઠ સંસારના રંગમાં રંગાયેલા હતા, મોહમાં ભાન ભૂલ્યા હતા પણ સંતની વાત તેમના ગળે ઉતરી ગઇ. તેમનો સૂતેલો આત્મા જાગૃત થયો, અને તે ધર્મના માર્ગે વળી ગયા. દરરોજ સંત-સમાગમ કરવો, સામાયિક પ્રતિક્રમણ શીખવું અને કરવું, તેમ તેમને લાગ્યું. આથી શેઠ દશ તિથિ ઉપવાસ, ધર્મઆરાધના, જ્ઞાન વિગેરે ખૂબ કરવા લાગ્યા.

"શેઠાણીના વિચારમાં વિષનો પ્રવેશ" શેઠના જીવનની દિશા બદલાઇ ગઇ જાણીને સંસાર સુખની પ્યાસી શેઠાણી પણ મનમાં વિચારવા લાગી કે શેઠ તો દિવસે દિવસે ધર્મઢીંગલા થતા જાય છે. હવે મારા સંસારની વાડી સૂકાવા લાગી. મને શું સુખ ! આથી શેઠાણી રાત દિવસ ઝૂરવા લાગી. ઘણી વાર રડતી ત્યારે શેઠ એને ધર્મ તરફ વાળવા ખૂબ પ્રયત્ન કરતા પણ ભારેકર્મી જીવને ધર્મની વાતો કયાંથી રૂચે ! એક તરફ શેઠની ધર્મમાં શ્રદ્ધા દૃઢ બની ત્યારે બીજી તરફ શેઠના અશુભ કર્મનો ઉદય થયો. પુણ્યનો સિતારો અસ્ત થયો. ચારે તરફથી વહેપારમાં ખોટ આવી. માલના ભરેલા વહાણ ગુમ થયા. ચારે બાજુથી નુકશાન થતાં સ્થિતિ બદલાઈ ગઇ. ક્રોડપતિ શેઠ ગરીબ થઇ ગયા. કર્મે એની સ્થિતિ બદલાવી પણ ધર્મ પ્રત્યેની એની શ્રદ્ધા દૃઢ રહી. આજે ઘણાં માણસો ધર્મના માર્ગે ચઢે અને દુઃખ આવે તો કહેશે કે પહેલા ધર્મ નહોતો કરતો

ત્યારે સુખી હતો ને હવે ધર્મ કરવા લાગ્યો ત્યારે દુઃખી થઈ ગયો. માટે હવે ધર્મ નથી કરવો. આવા જીવો પણ પડયા છે પણ આ શેઠ ખૂબ શ્રદ્ધાવાન છે.

સમજી લો. આમાંથી કોઈને આવો પ્રસંગ બની જાય તો એવો વિચાર ન કરશો કે ધર્મ કર્યો એટલે દુઃખ આવ્યું. ધર્મ કરનારને કદી દુઃખ આવતું નથી. દુઃખ તો પોતાના કર્મોથી આવે છે. કોઈ પણ ભવના કર્મો જીવને સતાવે છે. શેઠની શ્રદ્ધા તો દુઃખમાં પણ મજબૂત છે. ઉદારતા અને માનવતાની મહેંકથી શેઠનું જીવન પવિત્ર છે. કર્મરાજાએ એવી દશા કરી કે ખાવાના સાંસા પડયા. શેઠ મહેનત મજુરી કરવા લાગ્યા. હવે શેઠાણીના રંગરાગ પૂરા કરવાની મુશ્કેલી પડે છે. શેઠાણી તો રોજ ઉઠીને કહે કે મારે આ જોઈએ, તે જોઈએ. શેઠ કહે હવે હું લાવી શકું તેમ નથી. જે છે તેમાં સંતોષ માનો, ત્યારે શેઠની સામે ગમે તેવા શબ્દો કહેવા લાગી કે જો તમારે મને આવું દુઃખ આપવું હતું તો પરણ્યા શા માટે ? પહેલેથી ખબર ન્હોતી ? કંઈક આનદાન સ્ત્રીઓ પતિના સંયોગ પ્રમાણે ઘર ચલાવે છે ને આબરૂ વધારે છે. શેઠના કર્મોદયે શેઠાણી બગડયા. હવે સમજો, સંસાર કેવો છે ?

"સ્વાર્થ સરે ત્યાં સુધી સગપણ" :– સંસાર સુખની પ્યાસી શેઠાણી મનમાં વિચાર કરવા લાગી કે એક તો શેઠ ધર્મીષ્ઠ બની ગયા છે એટલે મારી ઇચ્છાઓ પૂરી થતી નથી. બીજું પૈસાથી પણ બલાસ થયા એટલે મારું બધું સુખ ચાલ્યું ગયું છે. તો આવા પતિની શી જરૂર છે ? જેમ ડાંગરમાંથી ચોખા કાઢયા બાદ ફોતરા તો ફેંકી દેવાના જ હોય ને? તેમ હવે જે પતિ સુખ ન આપે તે ફોતરા જેવો જ ગણાય ને? હું એને ત્યજી દઉં. આવો વિચાર કરીને શેઠાણીએ ધીમે ધીમે શેઠ પ્રત્યેથી પ્રેમ ઓછો કર્યો. એના દેહમાં ભોગની આગ ભડકે બળતી હતી એટલે તે બીજાના પ્રેમમાં પડી. આગળની સતી સ્ત્રીઓ જીવનમાંથી બધું જતું કરતી પણ પોતાનું ચારિત્ર તો જવા દેતી નહિ. ચારિત્ર માટે કાયા કુરબાન કરી દેતી, પણ આ તો ભોગની ભિખારણ હતી. એને ચારિત્રની પડી ન હતી. ધીમે ધીમે શેઠ પ્રત્યેનો પ્રેમ તદ્દન ઓછો કરી નાખ્યો. શેઠે એને પોતાની અર્ધાંગના માની હતી. જેની પાછળ એક વખત તે પાગલ બન્યા હતા તે શેઠાણી શેઠના સામું પણ જોતી નથી. શેઠાણીનું વર્તન જોઈને શેઠને વહેમ પડયો કે આ શેઠાણી આમ કેમ કરે છે !

"શેઠાણીએ શેઠને બહારગામ મોકલવાની કરેલી બનાવટ" :– આ તરફ શેઠાણીને એનો પતિ સંસાર સુખમાં આડખીલરૂપ લાગ્યો. એ હશે ત્યાં સુધી મારું સુખ હું નહિ ભોગવી શકું. આથી તેણે વિચાર કર્યો કે શેઠને બહારગામ મોકલી દઉં. એટલે ધીમે રહીને કહે છે, નાથ ! આપણા પાપકર્મોનો ઉદય છે એટલે બધી સંપત્તિ ચાલી ગઇ

ને તમે કાળી મજુરી કરો છો પણ કાંઈ મળતું નથી. જો તમે બહારગામ કમાવા જાઓ તો આપણે બે પૈસે સુખી થઈએ, ત્યારે શેઠે કહ્યું–શેઠાણી ! આમ કેમ કહો છો ? હું મહેનત મજુરી કરીને પેટ પૂરતું કમાઉં છું. શેઠાણી કહે છે પણ બહારગામ જાવ તો આટલી મહેનત ન કરવી પડે. શેઠ કહે, ભલેને આપણે રોટલો ને દાળ ખાઈશું પણ ભેગા તો રહી શકીએ ને ? અત્યારે મારા પાપકર્મનો ઉદય છે પણ મને શ્રદ્ધા છે કે જરૂર મારા શુભ કર્મનો ઉદય થશે ને જે મારા પૈસા દબાવીને બેઠા છે તે બધા મને સામેથી બોલાવશે ને આપશે. થોડા વખતમાં દુઃખના દિવસો ચાલ્યા જશે. માટે તમે શાંતિ રાખો, ત્યારે શેઠાણીએ કહ્યું, નાથ ! કિસ્મતની કોને ખબર છે ! ઘણી વખત એવું બને છે કે માણસના ભાગ્ય બહારગામ ખીલે છે. શેઠે કહ્યું, બધી વાત ઠીક છે પણ તું મને બહારગામ જવા માટે આટલો બધો આગ્રહ શા માટે કરે છે ? શેઠાણી કહે છે મારું મન કહે છે કે તમે બહારગામ જાવ તો સારું. શેઠાણીએ બહારગામ જવા માટે ખૂબ આગ્રહ કર્યો ત્યારે શેઠના મનમાં થયું કે સૌ સૌના ભાવો જે હોય તે ભલે હોય પણ જ્યારે એણે મને બહારગામ જ મોકલવો છે તો જાઉં.

શેઠાણીએ કરેલું કારસ્તાન :–શેઠે બહારગામ જવાનું નક્કી કર્યું. શેઠાણી તો રાહ જ જોતી હતી " કયારે જાય આ ઓખું ને ઘર થાય ચોખું." મનમાં તો ખૂબ રાજી થઈ પણ ઉપરથી પ્રેમ બતાવતી કહે છે, નાથ ! તમને રસ્તામાં ખાવા ભાતું તો જોઈએ ને ? તો હું ચૂરમાના લાડુ બનાવી દઉં. શેઠ કહે ભલે. પત્ની બહારગામ જવા માટે આટલો બધો આગ્રહ કરે છે એટલે શેઠને વહેમ તો હતો પણ સમજી ગયા કે સંસાર અસાર છે. એમાં રાગ રાખવા જેવો નથી. મારે તો મારા આત્માનું કલ્યાણ કેમ થાય તે જોવું છે. શેઠે દુઃખમાં પણ સુખ શોધ્યું ને વિષમાં અમૃત શોધ્યું ને જવા તૈયાર થયા. શેઠાણીએ ભારે ઝેર નાંખીને ધીથી લચપચતા ચાર લાડવા બનાવ્યા. એણે વિચાર કર્યો કે એક લાડવો ખાઈને નહિ મરે તો બીજો ને બીજો ખાધે નહિ મરે તો ત્રીજો ખાશે તો મરી જ જશે ને છેવટે ચોથો ખાશે પછી તો જીવતા રહેશે જ નહિ.

બંધુઓ ! જુઓ, આ સંસાર બહુ વહાલો છે ને ? જે પત્નીને પોતાની માની પતિ તેની પાછળ પોતાનું સર્વસ્વ ખર્ચી નાંખે છે તે પત્ની કેવો દગો દે છે ? પરદેશી રાજા એમની સૂરિકંતા રાણીની પાછળ પાગલ હતા પણ જ્યારે પરદેશીને કેશીસ્વામી જેવા જ્ઞાની ગુરૂ મળ્યા ને ધર્મના માર્ગે વળ્યા ત્યારે સૂરિકંતાને આ શેઠાણીની જેમ પરદેશી રાજા ડાંગરના ફોતરા જેવા લાગ્યા. તે મનમાં વિચાર કરવા લાગી કે પતિ મને સંસારનું સુખ આપતો નથી. મારામાં ને વિધવામાં શું ફેર છે ? એને જીવતો રાખીને શું કામ છે ? એવો વિચાર કરીને ઝેર દેવા ઉઠી. સંસાર કેવો છે ?

—સંસાર કેવો છે, ભંગાર જેવો છે, ઉપરથી મોહક છે પણ ભીતર ભૂંડો છે, તાગ મળે ના જેનો એવો ઉંડો ઉંડો છે...

સંસાર એ કંસાર નહિ પણ ભંગાર છે. બરાબર સમજી લેજો. પરદેશી રાજા છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા હતા ત્યારે સૂરિકંતાએ પારણાને દિવસે પરદેશી રાજાને ભોજનમાં ઝેર આપ્યું, એમના પહેરવાના વસ્ત્રોમાં ને બેસવાના આસનમાં બધે ઝેર નાંખ્યું. રાજાએ પારણું કર્યું. થોડી વારમાં નસેનસમાં ઝેર પરગમ્યું. પરદેશી રાજા સમજી ગયા કે મને રાણીએ ઝેર આપ્યું છે પણ કેશીસ્વામી પાસેથી ધર્મ, કર્મના સ્વરૂપને બરાબર સમજ્યા હતા એટલે એમને ઝેર પચાવવું કઠણ ન લાગ્યું. એમણે રાણીને દોષ ન દીધો, પણ પોતાના કર્મને દોષ દીધો.

આ શેઠની રગેરગે ધર્મની શ્રદ્ધા હતી. એને ખબર ન હતી કે શેઠાણીએ લાડવામાં ઝેર નાંખ્યું છે. શેઠ રોજ એકાસણા કરતા હતા એટલે શેઠાણી કહે છે, હે નાથ! અહીંથી એકાસણું કરીને જાઓ તો ચિંતા નહિ. શેઠે કહ્યું ના, સવારમાં વહેલો ઠંડા પ્રહરે નીકળી જઈશ, પણ શેઠાણીએ કહ્યું, ના, હું એકાસણું કરાવીને જ જવા દઇશ. પાછી પ્રેમ તો એવો બતાવે છે કે જાણે સતી ન હોય! આ શેઠના પ્રત્યે પ્રેમ નથી પણ એના પેટમાં દગો છે કે એકાસણું કર્યા વિના જાય ને જો ચાર પાંચ માઇલમાં જઈને લાડવા ખાય તો મરી જાય ને પ્રકરણ ઉભું થાય તે કરતાં એકાસણું કરીને જાય તો બીજે દિવસે બપોરે ખાશે. ત્યાં તો દશ પંદર માઇલ દૂર જતાં રહેશે. પછી કંઈ ચિંતા નહિ. એ એના પોઇન્ટમાં રમતી હતી. શેઠે કહ્યું કે ભલે, ત્યારે એકાસણું કરીને જઈશ. એટલે શેઠાણીએ જલ્દી જલ્દી રસોઈ બનાવીને શેઠને એકાસણું કરાવ્યું. થોડીવાર આરામ કરીને શેઠ પેલા ચાર લાડવાની પોટલી, અને એક દોરી લોટો લઈને નવકારમંત્રનું સ્મરણ કરી ઘરમાંથી વિદાય થયા. શેઠાણીને થયું—હાશ, હવે ઘરમાંથી નડતર ગયું. હું શાંતિથી સુખ ભોગવીશ.

"શેઠની વહારે આવેલો ધર્મ": આ તરફ શેઠ નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં પાંચેક માઇલ ચાલ્યા ત્યાં સાંજ પડી એટલે એક ઝાડ નીચે બેસીને સામાયિક પ્રતિક્રમણ કર્યા ને પછી સૂઈ ગયા. બીજે દિવસે સામાયિક પ્રતિક્રમણ કરીને ચાલવા માંડ્યું. બીજા પાંચ માઇલ ચાલ્યા એટલે ખૂબ ભૂખ લાગી. થાક પણ ખૂબ લાગ્યો હતો. ચાલતાં ચાલતાં એક કૂવો આવ્યો. એ જોઇને શેઠે વિચાર કર્યો કે આ જગ્યા સારી છે. બાજુમાં વૃક્ષ પણ છે તો હું પાણી કાઢીને અહીં બેસીને એકાસણું કરી લઉં. આવો વિચાર કરીને શેઠે કૂવામાંથી પાણી કાઢયું, હાથ-પગ ધોયા ને ઝાડ નીચે બેસી લાડવાની પોટલી છોડી. મનમાં વિચાર કર્યો કે બે લાડવા આજે ખાઈ જાઉં ને બે કાલે ખાઇશ. આવો વિચાર કરીને બે લાડવા કાઢયા. મનમાં ચિંતવણા

કરે છે કે મને કોઈ સંતનો યોગ મળી જાય તો કેવું સારું ! વહોરાવીને લાડવો લઉં. કારણ કે ઉનું પાણી નથી તેથી એકાસણાના બદલે એક ટંક ખાઈને પચ્ચખાણ કરીશ, પણ આ વગડામાં યોગ કયાંથી મળે ? ધર્મ ઉપર અજબ શ્રદ્ધા હતી એટલે ખાતા પહેલા નવકારમંત્રનું સ્મરણ કર્યું. પાંચ મિનિટ નવકારમંત્રનું સ્મરણ કરી લાડવો ખાવાની તૈયારી કરે છે ત્યાં વીસ-પચ્ચીસ કૂતરા શેઠની આજુબાજુ ફરી વળ્યા. લાડવાનું બટકું લઈને મોઢામાં મૂકવા જાય છે ત્યાં કૂતરા તેના હાથમાંથી તરાપ મારીને લઈ લેવા જાય છે. શેઠના મનમાં થયું કે આ કૂતરા ભૂખ્યા લાગે છે. એને બટકું આપવા જાય છે પણ એ ખાતા નથી ને શેઠને ખાવા દેતા નથી. શેઠ તો કૂતરાને કાઢવા કેટલા વાના કરે છે પણ એકેય કૂતરું ત્યાંથી ખસતું નથી. શેઠ લાડવો મોઢામાં મૂકવા જાય છે ત્યાં તરાપ મારે છે. કોઇ હિસાબે કૂતરા શેઠના મોઢામાં લાડવો જવા દેતા નથી. શેઠ વિચાર કરે છે કે હમણાં તો એકે ય કૂતરું નહોતું ને આટલા બધા કયાંથી આવ્યા ? આ કૂતરા ખાતા નથી ને મનેય ખાવા દેતા નથી. ઠીક ત્યારે આજે હું ઉપવાસ કરી લઉં. જ્યાં ઉપવાસના પચ્ચખાણ કર્યા ત્યાં બધા કૂતરા અલોપ થઈ ગયા. શેઠ વિચાર કરે છે કે આ બધું શું ? છેવટે લાડવા બાંધી શેઠ આગળ વધ્યા. રસ્તામાં રાત પડતા સૂઈ ગયા. પાછા ચાલ્યા, ત્યાં એક તળાવ આવ્યું એટલે શેઠે વિચાર કર્યો કે આજે આ તળાવની પાળે બેસીને એક ટંકનું ખાઈ લઉં. શેઠે જ્યાં લાડવો હાથમાં લીધો ત્યાં કા....કા કરતાં ઘણા કાગડા શેઠની આસપાસ આવીને બેસી ગયા. શેઠ લાડવો મોઢામાં મૂકવા જાય ત્યાં કાગડા ચાંચ મારીને લાડવો પડાવી નાંખે છે. શેઠને થયું કે આ શું, હું જમવા બેસું છું ત્યાં આ કાગડા કયાંથી આવ્યા ? ભૂખ ખૂબ લાગી છે પણ ખાઈ શકતા નથી, તેમજ લાડવો મૂકે છે તો કાગડા ખાતા નથી. શેઠે વિચાર કર્યો કે આજે પણ મારે ખાવું નથી. ઉપવાસ કરું. શેઠે છઠ્ઠના પચ્ચખાણ કર્યા, એટલે કાગડા બધા અદૃશ્ય થઈ ગયા. ત્યારે શેઠના મનમાં વિચાર થયો કે લાડવામાં કંઈક છે. છેવટે શેઠ રાત્રે જંગલમાં રોકાઈને સવારે કોઇ એક ગામના પાદરમાં આવ્યા. ત્યાં એક ધર્મશાળા જોઇ એટલે મનમાં વિચાર કર્યો કે આ ધર્મશાળાના ઓટલે બેસીને પારણું કરું.

શેઠ બિચારા હાથ પગ ધોઈ, પાણી લાવીને ઓટલે છઠ્ઠનું પારણું કરવા બેસે છે ત્યાં પટાવાળો આવીને કહે છે કે ભિખારા ! અહીં શા માટે બેઠા છે ? તો કહે-ભાઈ ! ખાવા બેઠો છું, ત્યારે પટાવાળો રૂઆબ કરીને કહે છે ઉઠ, ઉભો થા અહીંથી આ તારે ખાવા બેસવાની જગ્યા નથી. એમ કરીને ઉઠાડયા. બીજે જઇને બેઠા તો ત્યાંથી પણ ઉઠાડયા. આમ ત્રણ ચાર જગ્યાએ ગયા પણ તેમને કોઇએ બેસવા ન દીધા, ત્યારે શેઠે વિચાર કર્યો કે મને આજે પણ કોઈ લાડવા ખાવા દેતું નથી તો મારે હવે આવું નથી. એમ કહીને અઠ્ઠમના પચ્ચખાણ કર્યા.

"મૃત્યુના પંજામાંથી શેઠનો થયેલો છૂટકારો":— શેઠે વિચાર કર્યો કે ક્યાં જાઉં....અહીં તો કોઇ બેસવા દેતું નથી. ત્રણ ત્રણ દિવસના ઉપવાસ થયા. હવે ચાલવાની શક્તિ નથી. લાવ, ધીમે ધીમે હું સ્મશાનમાં પહોંચી જાઉં. ત્યાં મને કોઈ ઉઠાડશે નહિ. શેઠ તો સ્મશાનમાં પહોંચી ગયા. ત્યાં એક ઝાડ નીચે જઇને બંગલામાં સૂતા હોય તેમ આરામથી સૂઈ ગયા. ઘસઘસાટ ઉંઘ આવી ગઈ. મધરાત થઈ એટલે ત્યાં ચાર ચોરો ચોરી કરીને માલના પોટલા લઈને આવ્યા ને શેઠ જે ઝાડ નીચે સૂતા હતા ત્યાં આવ્યા. ચોરો કહે છે આપણે માલનો ભાગ પાડીએ, ત્યારે એક ચોરે કહ્યું. અહીં એક માણસ સૂતો છે. ત્યારે બીજાએ કહ્યું ભલે સૂતો. એ તો મડદાલ જેવો લાગે છે. એના મુખ ઉપર માખી ઉડાડવાની પણ ત્રેવડ નથી. નિર્ભય રહો ને ભાગ પાડો. ભાગ પાડવા બેસતાં પહેલાં એક ચોર કહે છે આ સુતો છે એના માથે પણ પોટલી પડી છે. તે પણ ભેગી લઈ લઇએ.

બંધુઓ ! જીવને સંતોષ છે! "जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ ।" જેમ જેમ મનુષ્યને લાભ મળતો જાય છે તેમ લોભ વધતો જાય છે. આ ચોરો ચોરી કરીને ઘણું ધન લાવ્યા હતા પણ એક નાનકડી પોટલી જોઇને મન લલચાઈ ગયું. માણસને ગમે તેટલું મળે પણ સંતોષ થતો નથી. અગ્નિમાં ઘી નાંખે તો અગ્નિ વધતી જ જાય છે તેમ તૃષ્ણાવંત મનુષ્યને જેમ મળે તેમ લોભ વધતો જાય છે. ચોરો લાખોના માલ લાવ્યા છે પણ સંતોષ ન થયો ને પેલા શેઠની પોટલી લઈ આવ્યા. પોટલી છોડી તો ડબ્બામાં ચાર લાડવા હતા. આ જોઇને ચોરો કહે છે, અલ્યા ! આ ઘીના લચપચતા લાડુ કેવા મોળાના છે ! આપણે પહેલા લાડવા ખાઈએ પછી ભાગ પાડીએ. આપણે ચાર છીએ ને લાડવા પણ ચાર છે. એકેક ખાઈ લઈએ, ત્યારે એક ચોર કહે છે એ બિચારો ભૂખ્યો હશે. માટે બે રાખો ને બેમાંથી બધા ખાઈએ, ત્યારે એક કહે છે એ તો ગમે તે થશે. આપણે ખાઈ લો ને, પણ પેલો ચોર કહે છે ના, છેવટે એક તો રાખો. ત્યારે કોઈ કહ્યું કુદરતે આપણે ચાર છીએ ને લાડવા પણ ચાર છે, એટલે ચારે જણા એકેક લાડવો ખાઈ ગયા. ભારે ઝેર નાંખ્યું છે એટલે લાડવો પેટમાં ગયો ને ૦ કલાકમાં નસેનસો તૂટવા લાગી. તેથી ચોરો વિચાર કરે છે કે નક્કી લાડવામાં ઝેર છે. જો કોઈ ઉપાય થાય તો ઝેર નીકળી જાય, તેમ વિચારી ઉભા થયા કે પડ્યા ને તરત તેમના પ્રાણ ચાલ્યા ગયા. અહાહા....લાડવાનો મોહ કર્યો તો પ્રાણ ગુમાવ્યા ને !

જે અતિ લોભ કરે છે તેની આવી દશા થાય છે. આવી દશા જો ન થવા દેવી હોય તો સમજીને સંતોષના ઘરમાં આવી જાવ. પેલા શેઠ સવાર પડતાં જાગ્યા ને જોયું તો બે ચાર જણાંને સૂતેલા જોયા. એમના મનમાં થયું કે આ ચાર જણા કોણ હશે ? લાવને જરા તપાસ કરું. શેઠ ઉભા થઈને જોવા જાય તો ચારેય જણાના શરીર લીલા

કાચ જેવા થઈ ગયા છે. અહો ! આ તો ઝેર ચઢયું છે. ત્યાં પોતાના લાડવાની પોટલી ન જોઈ. એટલે શેઠ પરિસ્થિતિ સમજી ગયા. નક્કી આ લોકો મારા લાડવા ખાઈ ગયા હશે. લાડવામાં મારી પત્નીએ ઝેર નાંખ્યું હશે. મને મારી નાંખવા માટે જ એણે આ કાવતું કર્યું છે. અરેરે....મેં એકલાએ લાડવા આધા લેાત તેા હું એકલેા મરી જાત પણ આ બિચારા ચાર ચાર જણ મરી ગયા. મારા નિમિત્તે એમનું મેાત થયું ! શેઠ ખૂબ પશ્ચાતાપ કરવા લાગ્યા. ધર્મીષ્ઠ આત્મા કેવેા વિચાર કરે છે ! હાશ હું બચી ગયેા તેમ ન વિચાર્યું. શેઠને એ પણ ભાન થયું કે મને મારા ધર્મે જ બચાવ્યેા છે. હું ત્રણ ત્રણ વખત લાડવા ખાવા બેઠેા પણ મને ખાવા ન દીધા. એમાં કોઈ દેવતાઈ સંકેત હેાવેા જોઈએ.

ઘણાં કહે છે ને કે ધર્મ શું કરવાનેા ? ધર્મનું પ્રત્યક્ષ ફળ અમને બતાવેા. ભાઈ ! ધર્મનું ફળ પ્રત્યક્ષ ન દેખાય પણ સમય આવ્યે કરેલેા ધર્મ આપણું રક્ષણ કરે છે. ચેારેાના પેાટલા પડેલા હતા અહીં શેઠ સિવાય બીજું કોઈ હતું નહિ. શેઠ ધારત તેા બધું લઈ લેત પણ તેમ નહિ કરતા ચારેમાંથી થેાડા થેાડા કિંમતી રત્નેા લીધા. તે પણ અનિચ્છાએ લીધા. પેાટલા તેા ત્યાં જ પડી રહ્યા. શેઠ થેાડું ઝવેરાત લઈને ચાલતા થયા. બીજા ધનની સામે દૃષ્ટિ પણ ન કરી. આ સમયે આજનેા માનવી શું કરે ? બધું રહેજે મળ્યું છે તેમ માનત. શેઠે ઝવેરાતમાંથી એ કિંમતી હીરા વેચીને પૈસા મેળવી લીધા. હવે શેઠને પૈસાની જરૂર ન હતી કે એમને ઘેર પણ જવું ન હતું, પણ પત્નીને જાણ કરવી હતી એટલે પૈસામાંથી સારા કપડા, દાગીના બધું લાવ્યા. તે મેાટા રસાલા સાથે પેાતાના ગામના પાદરે આવ્યા. શેઠે વિચાર કર્યો કે જલ્દી પ્રચાર કરવેા હેાય તેા કુવાનેા કાંઠેા સારેા. (હસાહસ) ન્યુઝ પેપરની જરૂર ન પડે.

શેઠે ખેાલાવેલી શેઠાણીની દૃષ્ટિ : શેઠે કૂવાની સામે એક તંબુ તાણ્યેા. સુંદર વસ્ત્રો પહેર્યા. ઘણાં માણસેા અને નેાકર ચાકરેા શેઠને ખમ્મા ખમ્મા કરે છે. શેઠ મખમલની ગાદીએ બેસીને જે કોઈ આવે છે તેને છૂટે હાથે દાન આપે છે. કુવે જે બહેનેા આવે તે બધા જોવા આવે છે કે કોણ રાજા આવ્યા છે ? જે આવે છે તેને શેઠ ખોબેા પૈસા આપે છે. આથી આ વાત શેઠાણીને પહેાંચી. લોકો અંદરોઅંદર વાતેા કરવા લાગ્યા કે આ તો અઠવાડિયા પહેલા કમાવા ગયા હતા તે જ શેઠ છે. શું આઠ દિવસમાં આટલું બધું ધન કમાઈને આવ્યા ? શેઠાણી વિચારે છે કે એ આવે તેવું મેં રાખ્યું નથી ને કયાંથી આવ્યા ? બધા લોકો કહેવા લાગ્યા. તેથી શેઠાણી જોવા માટે આવી અને ચમકી. અહો ! મેં તો એમને ઝેર નાંખીને લાડવા આપ્યા હતા તે શું આધા નહિ હેાય ! અને આઠ દિવસમાં આટલું બધું કમાઈને આવ્યા ? મેં તેા ખેાળું કાઢીને ઘર ચેાખ્ખું કર્યું હતું ને આ તેા પાછું ખેાળું આવ્યું. (હસાહસ).

શેઠનેા ઠાઠમાઠ જોતાં લાગ્યું કે ઘણું લાવ્યા છે. એટલે રડતી રડતી કહે છે નાથ !

મેં આપને સમાચાર મોકલ્યા પણ પછી મને બહુ પસ્તાવો થયો. મેં તો આઠ દિવસ આપના વિયોગમાં ઝુરી ઝુરીને કાઢયા છે. નાથ ! આઠ દિવસ તો મારા આઠ ભવ જેવા ગયા છે. (હસાહસ) નાથ ! ઘેર પધારો. શેઠે કહ્યું–શેઠાણી હું બધું જાણું છું. શેઠે મર્મકારી ભાષામાં કહી દીધું કે તમે તો મને એવી લાંબી વાટે કમાવા મોકલ્યો હતો કે હું પાછો આવું જ નહિ. સૂતેલો પછી ઉઠું નહિ. તમારો મારા ઉપર કેટલો ને કેવો પ્રેમ છે તેનું માપ નીકળી ગયું. મને તો મારા ધર્મે બચાવ્યો છે. હવે મારે ઘેર આવવાનું કોઈ પ્રયોજન નથી. હું તો મારા ગુરૂ પાસે જઈને દીક્ષા લેવાનો છું. હું તો તને એક વાર ભાન કરાવવા આવ્યો છું કે આ સંસાર દુઃખમય છે, દુઃખનું મૂળ છે ને દુઃખની પરંપરા છે.

"સંસાર વિષય કષાયનો અખાડો છે, સ્વાર્થનું સમરાંગણ છે, મતલબનું મેદાન છે, દાવપેચનું કારખાનું છે ને સંજ્ઞાઓનું સામ્રાજ્ય છે."

આ વાત મને બરાબર સમજાઈ ગઈ છે, એટલે હું દીક્ષા લેવાનો છું. શેઠે દીક્ષાનો નિર્ણય કર્યો એટલે ઉઘરાણીવાળા જે પૈસા નહોતા આપતા તેમનો સામેથી કાગળ આવ્યો કે–શેઠ ! તમારી ઉઘરાણીના પૈસા લઈ જાવ. વહાણ ગુમ થયા હતા તેના સમાચાર આવ્યા કે આપના માલથી ભરેલા વહાણ ગુમ થયા હતા તે મળી ગયા છે. આમ સામેથી કહેવા આવ્યા. શેઠે વિચાર કર્યો કે હવે મારે સંસારમાં રહેવું નથી. મારે દીક્ષા લેવી છે. ગમે તેટલી સંપત્તિ હોય મારે શી જરૂર છે ? શેઠે જે સંપત્તિ મળી તેમાંથી શેઠાણી જિંદગીભર ખાય તેટલું રાખીને દીક્ષા મહોત્સવમાં બધી વાપરી. શેઠાણી નિષ્ઠુર બન્યા પણ શેઠ એવા નિષ્ઠુર ન બન્યા.

મારા ભાઈઓ ને બહેનો ! શેઠને સંપત્તિ સામેથી આવી તો પણ વરાગ્યથી પાછા ન ફર્યા. બોલો તો ખરા કે તમે શું કરો ? (હસાહસ) શેઠને સંસારના સ્વરૂપનું બરાબર ભાન થયું હતું કે સંસાર દુઃખમય છે, દુઃખનું મૂળ છે ને દુઃખની પરંપરા છે. જ્યાં દુઃખનો દાવાનળ સળગ્યો છે ત્યાં શા માટે રહેવું ? એમ સમજીને નીકળી ગયા, પણ તમને હજુ સંસાર દાવાનળ લાગતો નથી. લાગશે ત્યારે ક્ષણવાર ઉભા નહિ રહો. આત્મ-સાધનામાં જોડાઈ જશો.

આપણે જેમના પૂર્વભવની વાત ચાલે છે તે આત્માઓ પણ સંસાર છોડીને દીક્ષા લે છે. અપરાજિતકુમાર અને મંત્રીપુત્રે કોશલનરેશના સૈન્યને હરાવી દીધું એટલે કોશલ-નરેશને ખૂબ ક્રોધ આવ્યો અને પોતે સૈન્ય લઈને લડવા આવ્યો. કોશલનરેશ આવ્યા એટલે અપરાજિતકુમાર એક કૂદકો મારીને હાથી ઉપર ચઢી ગયા ને મહાવતને ભોંય ફેંકી દીધો, પછી નિર્ભયપણે રાજા સામે યુદ્ધ કરવા લાગ્યો. આ કુમારને યુદ્ધ કરતો જોઈને એક મંત્રીએ કહ્યું, મહારાજા ! આપે આ કુમારને ઓળખ્યો ? આ તો સિંહપુરના રાજા હરિનંદીનો

પુત્ર છે. કોશલનરેશે કહ્યું–હેં ! મારા મિત્રનો પુત્ર મારી સાથે લડે છે ? રાજા કુમારનું પરાક્રમ જોઈને ખુશ થયા અને તરત લડાઈ બંધ કરી કુમારને મળવા દોડ્યા. કુમારને ભેટી પડીને કહે છે, બેટા ! સિંહનો પુત્ર સિંહ જેવો જ હોય ! હરિનંદી તો મારા ખાસ મિત્ર છે. તું હરિનંદીનો પુત્ર એટલે મારો જ પુત્ર છે. માટે હવે તું મારા મહેલે ચાલ, ત્યારે રાજકુમારે શીર ઝૂકાવીને કહ્યું કે આપ વડીલની આજ્ઞા શિરોમાન્ય કરું છું પણ ચોરને માફ કરી દો. હવે તે ચોરી નહિ કરે તેની હું ખાત્રી આપું છું. ચોરે કહ્યું કે હવે હું ચોરી નહિ કરું, તેમજ અપરાધોની માફી માંગું છું એટલે રાજાએ તેને માફ કર્યો ને કુમાર અને મંત્રીપુત્રને ભવ્ય સ્વાગત કરી રાજ્યમાં લાવ્યા.

અપરાજિત કુમારની બુદ્ધિ અને બાહોશી જોઈને કોશલનરેશે વિચાર કર્યો કે મારી પુત્રી કનકમાલા મોટી થઈ છે તો અપરાજિતકુમાર સાથે પરણાવું, તેમ વિચારી રાજાએ કહ્યું, હે કુમાર ! તમારે મારી એક માંગણીનો સ્વીકાર કરવો પડશે. કુમારે કહ્યું શું ? રાજા કહે કે મારી દીકરી સાથે લગ્ન કરો. કુંવરે ના પાડી પણ રાજાનો ખૂબ આગ્રહ હતો એટલે લગ્ન કરવા પડ્યા. અપરાજિતકુમારના કનકમાલા સાથે ખૂબ ધામધૂમથી લગ્ન થયા. થોડા દિવસ ત્યાં રોકાયા. પછી એક દિવસ કુમારે મંત્રીપુત્રને કહ્યું–ભાઈ ! આપણે તો દેશપરદેશ પર્યટન કરવા જવું છે ને અહીં આવીને કેદખાનામાં પૂરાઈ ગયો હોય તેમ લાગે છે હવે આપણે રાજાની પાસે જવાની આજ્ઞા માંગીશું તો કહેશે કે કન્યાને લઈ જાવ. તો સ્ત્રી દેશવિદેશ પર્યટનમાં આપણને બંધનરૂપ થશે. એના કરતાં આપણે કોઈને કહ્યા વિના જ અહીંથી રાત્રે છાનામાના ચાલ્યા જઈએ. મંત્રીપુત્રે કહ્યું, પણ બિચારી કનકમાલાનું શું થશે ? કુમારે કહ્યું–થોડા દિવસ રડશે. બીજું શું થવાનું છે ? પણ આપણે હવે અહીં રહેવું નથી. નક્કી કર્યા મુજબ બંને જણા બધાને ઉંઘતા મૂકીને મધરાત્રિએ દૂર ચાલી નીકળ્યા.

"રડતી અબળાને વહારે અપરાજિતકુમાર" :- અપરાજિતકુમાર અને વિમલબોધ કુમાર બંને જણા દૂર દૂર જંગલમાં ચાલ્યા જાય છે. ત્યાં દૂર દૂરથી કોઈ સ્ત્રી કરૂણ સ્વરે રૂદન કરતી હોય એવો અવાજ સંભળાયો. એટલે આ બંને જણા તે તરફ ચાલ્યા. નજીક આવતાં એક મંદિર જોયું. મંદિરમાં કોઈ સ્ત્રી રૂદન કરતી બોલતી હતી કે મને કોઈ બચાવો....બચાવો. આ પાપીના પંજામાંથી છોડાવો. હે ભગવાન ! શું મને છોડાવનાર કોઈ દયાળુ નહિ મળે ! આવી કરૂણ ચીસો સાંભળીને કુમાર અને મંત્રીપુત્ર બંને મંદિરમાં ગયા. તો અંદર એક ચિતા સળગે છે તેની સામે એક સ્ત્રીને ગાઢ બંધને બાંધીને ઉભી રાખી છે, અને એક પુરૂષ તીક્ષ્ણ તલવાર લઈને તેની પાસે ઉભો છે. આ જોઈને કુમાર એ પુરૂષની સામે તલવાર ખેંચીને બોલ્યો–હે દુષ્ટ ! હે નરાધમ ! તે આ સ્ત્રીને શા માટે બાંધી છે? અને સ્ત્રી ઉપર તું શું બહાદુરી બતાવે છે ! જો તું સાચો મરદ હોય તો

મેદાનમાં મારી સામે આવી જા. પેલો પુરૂષ વિદ્યાધર હતો. એટલે તેની પાસે ઘણી વિદ્યાઓ ને શક્તિ હતી. તેથી છાતી ફુલાવીને તેણે કહ્યું-જો તારે જીવતા રહેવું હોય તો તું આવ્યો છે તેવો ચાલ્યો જા. હજુ તે વધારે બોલવા જતો હતો ત્યાં તો કુમાર તલવાર ખેંચીને તેની સામે ધસ્યો. બંને જણા લડવા લાગ્યા. ખડ્ગયુદ્ધમાં કોઈ કોઈને હરાવી શકયું નહિ ત્યારે ખડ્ગ મૂકી દઈને બંને ભુજાથી લડવા લાગ્યા પણ કોઈની હાર કે જીત ન થઈ. બંને સરખા ઉતર્યા. હવે વિદ્યાધર એની વિદ્યાનો પ્રયોગ કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

આજે માસખમણના ઘરનો પવિત્ર દિવસ છે. આપણે ત્યાં ભાઈઓને ને બહેનોને તપશ્ચર્યાનો મંગલ શરૂઆત થઈ ગઈ છે. જેમને માસખમણ તપની આરાધના કરવી હોય તેને આજથી કરવાની છે. આપણા આત્માને જગાડનારું આ ઘર છે. તપ વગર કર્મ બળવાના નથી. તપની ગાડીમાં બેસી જાવ. ઘણા ભાઈ-બહેનો તપ આરાધનામાં જોડાઈ ગયા છે.

તપની ગાડી ઉપડશે, બેસવા આવજો રે લોલ,
મલાડ શહેરથી ઉપડશે, બેસવા આવજો રે લોલ.

●

વ્યાખ્યાન નં-૨૫

શ્રાવણ સુદ ૭ ને ગુરૂવાર તા. ૧૦-૮-૭૮

અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવંતો ફરમાવે છે કે હે આત્માઓ ! ભૂતકાળમાં અનંતીવાર મનુષ્ય બનીને સંસાર સુખ માટે અનંતા પ્રયત્નો તમે કર્યા છતાં પણ સુખ સ્થિર થયું નહિ. હા, તમારું માનેલું સુખ મળ્યું ને અંતે ચાલ્યું ગયું. આ સુખ કંઈ સાચું સુખ કહેવાય ? સાચું સુખ તો મોક્ષનું સુખ છે. સાચું સુખ મેળવવું હોય તો પહેલાં ચિત્તની સ્થિરતા જોઈશે. ચિત્તને સ્થિર કરીને બાર ભાવનાઓ ઉપર વિચાર કરો. બાર ભાવનામાં સૌથી પહેલી અનિત્ય ભાવના છે. તેમાં પ્રથમ આપણા શરીર ઉપર દૃષ્ટિ કરીએ કે આ શરીર કેવું છે ? એનો સ્વભાવ કેવો છે ? એને સાચવવા કેટલું કરો છો ?

"अनित्यानि शरीराणि, वैभवो न हि शाश्वतः ।"

શરીર અનિત્ય છે, અને જેની પાછળ તમે રાત દિવસ મહેનત કરો છો તે ધન પણ અશાશ્વત છે. જેને નિત્ય શું, અનિત્ય શું તેનો ખ્યાલ નથી તેવા જીવો તેને માટે આખી જિંદગી વેડફી નાંખે છે, ત્યારે મહાનપુરૂષો કહે છે કે હે ભવ્ય જીવો ! તમે અનિત્યની પાછળ અનંતા જન્મો આપ્યા ને નિત્યની પાછળ એક ભવ પણ નહિ આપો ? અરે ! અડધી જિંદગી પણ નહીં ? જિંદગીનો ત્રીજો ભાગ પણ નહીં આપો ?

ત્રણ ભાગ નહિ તો છેવટે પા ભાગ પણ આપશો કે નહિ ? નિત્યની પાછળ પા જિંદગી પણ જો નહિ આપો તો પછી શું થશે ? જિંદગી એમાં પૂરી કરશો તો પણ તમારી સાથે કંઈ નહિ આવે.

"ધન સાથે નહિ આવે, તન પાછળ રહી જાવે, પાપ પુણ્ય આવશે સાથમાં....
પાપ તણો હું બાંધું ભારો, મોત પછી માથે રહેનારો.
જ્યાં જન્મું ત્યાં થાય અકારો, ઉંડા દુઃખમાં ડુબાવે....ધન સાથે"

અનિત્ય તન અને ધનની પાછળ આખી જિંદગી હોમી દેશો તો પણ અંતે બધું છોડીને મરવાનું છે. એ તો ખબર છે ને ? સાથે એક તલભાર પણ આવવાનું નથી એ વાતનો પૂરો ખ્યાલ છે ને ? મરીને ક્યાં જવાનું છે એની ખબર છે? અનિત્યની સાધનામાં જે જિંદગી પૂરી કરીને મરે છે તેની ગતિ સારી થતી નથી. એ તો ખબર છે ને ? આવું તો તમે ઘણી વાર સાંભળ્યું છે. હવે એક વાત તમે સમજી લો કે જેને મૂકીને એક દિવસ આલી હાથે જવાનું છે એની પાછળ તન, મન, ધન અને જિંદગીનો કિંમતી સમય ગુમાવી દેવાનો અને જે પુણ્યરૂપી ધન, સારા સંસ્કારો અને ધર્મ સાથે આવનાર છે એનો પાછળ મેં કેટલો સમય ખરચ્યો ? હમણાં જ ગીતની કડીમાં કહ્યું ને કે તન અને ધન તો અહીં જ રહી જશે ને એને માટે કરેલા પાપ મારી સાથે આવશે.

દેવાનુપ્રિયો ! આવું સમજ્યા પછી નિત્ય વસ્તુ કોને કહેવાય અને અનિત્ય વસ્તુ કોને કહેવાય તે જાણવું પડશે. આત્મા અને આત્માનો ધર્મ નિત્ય છે અને આત્માથી પર જે તન, ધન, વસ્ત્રો, ખાનપાન વિગેરે જે જે પદાર્થો છે તે બધા અનિત્ય છે. નિત્ય એવા આત્માને નિત્યની સાથે જ દોસ્તી કરાવી શોભે. ચેતનને જડની દોસ્તી કરવી ન શોભે. જે જડ પોતે સ્નેહ વગરનું છે, જેનામાં સ્નેહનો છાંટો નથી, જે આપણા આત્માની લેશ પણ ચિંતા કરતું નથી પણ એનો રાગ આત્માને સેંકડો ચિંતાઓ કરાવે છે. અનેક ભાવો અને ઉપાધિઓ ઉભા કરે છે, અનેક પાપો કરાવે છે અને મરણ બાદ દુર્ગતિમાં ફેંકી દઈ કર્મ સરકાર પાસે કોરડાના માર ખવડાવે છે, જન્મ-મરણની ઘાણીમાં પીલાવે છે, કારમી ભૂખ-તરસ, ટાઢ અને તાપના કષ્ટો અપાવે છે ને સાચા સુખથી વંચિત રાખે છે. એવા જડ અને અનિત્યની પ્રીતિ શા માટે કરવી જોઈએ ! બોલો, હવે તમને સમજાય છે ને કે અનિત્ય-જડનો રાગ છોડવા જેવો છે.

જે વિષયોના સંગે ચઢીને આત્મા દુર્ગુણી બન્યો, દુરાચારી અને પાપી બન્યો તેનો સંગ શા માટે કરવો જોઈએ ? સંગ કરો તો વીતરાગ દેવનો કરો, સદ્‌ગુરૂઓનો કરો, શાસ્ત્રનો કરો અને કલ્યાણમિત્ર એવા સાધર્મિક બંધુનો કરો. જે આત્માને પાપના ભારથી હળવો બનાવે, પવિત્ર બનાવે એનો કરો ને એની સાથે ગાઢ પ્રીતિ બાંધો. **બાકીનાં**

ભમાડે તે ભોગ અને ભવથી તારે તે ત્યાગ" માટે અનિત્ય એવા ભોગનો ત્યાગ કરીને ત્યાગ સાથે પ્રીતિ બાંધો. મોક્ષપ્રાપ્તિ માટે ત્યાગ અવશ્ય કરવો પડશે. ભોગથી માનવ જીવનની બરબાદી છે અને ત્યાગથી માનવ જીવનની આબાદી છે, માટે આત્માને ત્યાગ તરફ વાળ્યા સિવાય છૂટકો નથી, પણ જ્યાં સુધી કાળનો પરિપાક અને ભવ્યત્વનો પરિપાક થતો નથી ત્યાં સુધી જીવને મોક્ષ અને મોક્ષની વાતો ક્યાંથી રૂચે? કાળનો પરિપાક એટલે ચરમાવર્તની પ્રાપ્તિ. જીવ ચરમાવર્તમાં આવ્યા પછી આત્માને શું હિતકારી છે ને શું અહિતકારી છે તેની વિચારણા કરે છે.

મારા આત્માને મોક્ષગતિનો મહેમાન બનાવવા માટે શું હિતકારી છે? ત્યાગ કે ભોગ? સંવર કે આશ્રવ? મૈથુન કે બ્રહ્મચર્ય? દાન કે પરિગ્રહ? સદાચાર કે દુરાચાર? કે વૈરાગ્ય રાગ? ક્ષમા કે ક્રોધ? અભિમાન કે નમ્રતા? લોભ કે સંતોષ? દુકાન કે ધર્મસ્થાનક ધર્મ કે પાપ? પૈસા કે પરમાત્મા? સમકિત કે મિથ્યાત્વ? બંધુઓ! તમે આવી વિચારણા કદી કરી છે ખરી? કે એમ ને એમ જીવનની ગાડી હાંકે રાખી છે? મોક્ષમાર્ગની આરાધના કરવી હોય તો હેય અને ઉપાદેયનું સ્પષ્ટ જ્ઞાન મેળવીને જે આત્માને હિતકારી હોય તેની ઉપાસના કરવાની છે. અત્યાર સુધી જીવે કંઈ હિતાહિતનો વિવેક ન કર્યો હોય પણ હવે આ ઉંચું વીતરાગ શાસન પામીને આત્માની દૃષ્ટિએ સારું શું ને ખરાબ શું? હિતકારી શું? અહિતકારી શું? એનો ઉંડો વિચાર કરવાનો છે. બાકી તો એક કીડી જેવા પ્રાણીને પણ એટલી તો સંજ્ઞા હોય છે કે આ સારૂં ને આ ખરાબ. જુઓ, તમે એક ગ્લાસમાં સાકરનું પાણી મૂકો અને એક ગ્લાસમાં કરીયાતાનું પાણી મૂકો. કીડીઓ કોની તરફ દોડી જશે? સાકરના પાણીના ગ્લાસ તરફ જ ને? એને પણ એટલી સંજ્ઞા છે કે સાકરનું પાણી મીઠું છે ને કરીયાતાનું પાણી કડવું છે. તો મનુષ્ય જેવો મનુષ્ય આ વિષય સારો ને આ વિષય ખરાબ છે. એટલેથી જ અટકી જાય તો એ માનવ શેનો? એને તો વિશિષ્ટ જ્ઞાન હોવું જોઈએ ને? એક સુભાષિતકારે કહ્યું છે કે "येषां विषयेषु रतिर्भवति न तान् मानुषान गणयेत्।" જે મનુષ્યોને વિષયોમાં રતિ-પ્રેમ છે તેમને મનુષ્યની કોટીમાં ન ગણવા, એટલે કે તિર્યંચોની કોટીમાં ગણવા, વિષયો તો તિર્યંચો ભોગવે છે ને મનુષ્ય પણ ભોગવે છે એમાં તો કોઈ વિશેષતા નથી, પણ માનવભવની જો કોઈ વિશેષતા હોય તો ત્યાગથી છે. મનુષ્ય જેવો મનુષ્ય થઈને પણ જો તે વિષયોમાં રમણતા કરતો હોય તો તે શોભાસ્પદ નથી.

મોટો યુવાન માણસ રેતીમાં ઘર બનાવે ને રેતીમાં જ રમે તો તમે એને કેવો કહેશો? પાગલ જ કહેશો ને? એવી રીતે જ્ઞાનીઓની દૃષ્ટિએ જે વિષયોની રમત રમે એ પાગલ લાગે. જે વિષયોને જગતના અનંત જીવોએ અનંતી વાર ભોગવીને ઓંઠા કરીને છોડ્યા છે. એવા વિષયોને હોંશે હોંશે ભોગવવામાં માનવની શોભા ખરી? અત્યાર સુધીમાં વિષયોના વિષનું પાન કરીને દુનિયામાં કોણ તૃપ્ત થયું છે એ તો બતાવો, આગને ઓલવવા

કોઈ ગાંડો માણસ કેરોસીનના ડબ્બા લાવીને તેમાં નાંખે તો એ આગ કદી બૂઝાશે ખરી? આગને ઓલવવા કેરોસીનના ડબ્બા જોઈએ કે પાણીના બંબા? આવી રીતે વાસનાની આગને ઓલવવા તમે વિષયો રૂપી નવાનવા કેરોસીનના ડબ્બા નાંખ્યા કરશો તો આગ ઓલવાશે કે વધશે? વાસનાની આગને ઓલવવા માટે તો વૈરાગ્ય રૂપ પાણીના બંબા જોઈશે. વૈરાગ્ય પછી જીવનમાં ત્યાગ આવશે અને ત્યાગ આવ્યા પછી જીવનની મઝા અલૌકિક હશે!

ભગવાને સિદ્ધાંતમાં જ્યાં જુઓ ત્યાં ત્યાગ અને વૈરાગ્યની વાતો કરી છે આપણે નેમનાથ ભગવાનના પૂર્વભવની વાત ચાલે છે. ભાવિમાં નેમનાથ બનવાવાળા અત્યારે અપરાજિતકુમાર બન્યા છે અને રાજેમતી પ્રીતિમતી બનશે. અપરાજિતકુમાર બાલપણથી જ કેટલા શૂરવીર ને પરોપકારી છે. કહ્યું છે ને કે "**विश्वव्यापि तमोहिनस्ति तरणि र्भोगोऽपि कल्पांकुरो.**" હજુ સૂર્યનો ઉદય થયો નથી તે પહેલાં ઉગતા સૂર્યના કિરણોથી આ જગત ઉપર વ્યાપેલા અંધકારનો નાશ થાય છે, તેમ આ અપરાજિતકુમાર હજુ તો કેટલા નાના છે પણ એનામાં ખમીર કેટલું બધું છે! કરૂણા કેટલી બધી છે કે સ્ત્રીના રૂદનનો અવાજ સાંભળીને બંને મિત્રો ત્યાં ગયા અને એક સ્ત્રીને બંધનોથી બાંધેલી જોઈ. સામે એક પુરૂષ તલવાર લઈને ઉભો હતો. એના પાશમાંથી સ્ત્રીને છોડાવવા માટે નિર્ભયપણે યુદ્ધ કરવા લાગ્યો. વિવિધ પ્રકારે યુદ્ધ કર્યું પણ બેમાંથી એકેયની હાર કે જીત ન થઈ. પેલો માણસ વિદ્યાધર હતો. એટલે વિદ્યાના બળે એણે અપરાજિતકુમાર ઉપર નાગપાશ ફેંકયો ત્યારે કુમારે નાગપાશને તોડીને ટુકડે ટુકડા કરી નાંખ્યા. વિદ્યાધરે તેને હરાવવા માટે બીજી ઘણી વિદ્યાઓનો પ્રયોગ કર્યો, પણ બધા વ્યર્થ ગયા. આ રીતે લડતા લડતા સવાર પડવા આવી.

"વિદ્યાધરની સાથે લડાઈ કરતાં અપરાજિતનો થયેલો વિજય" :- અપરાજિતકુમારે લાગ જોઈને વિદ્યાધરના માથામાં તલવાર મારી એટલે વિદ્યાધર બેભાન થઈને પડી ગયો પછી કુમારે બાંધેલી કન્યા તરફ દૃષ્ટિ કરી, તો કુમાર અને વિદ્યાધર લડતા હતા ત્યારે પ્રધાનપુત્રે કન્યાના બંધન કાપી નાંખ્યા હતા. એ બાળા રૂપરૂપનો અવતાર હતી જાણે સ્વર્ગમાંથી અપ્સરા જ ન ઉતરી હોય! આ કન્યાને અપરાજિતકુમારને જોતાં તેમના પ્રત્યે સ્નેહ જાગ્યો. કુમારને પણ તેના પ્રત્યે પ્રીતિ જાગી, પણ પેલો વિદ્યાધર બેભાન બની ગયો હતો એટલે દયાળુ રાજકુમાર તેને ખોળામાં લઈને તેને માથે શીતળ પાણી છંટવા લાગ્યો. થોડી વારે વિદ્યાધરની મૂર્છા ઉતરી એટલે આંખ ખોલી તો જેણે તલવાર મારી હતી તેના જ ખોળામાં પોતે સૂતેલો છે, ને માથે પાણીનો છંટકાવ કરે છે. આ જોઈને વિદ્યાધરના દિલમાં થયું કે આ કોઈ પવિત્ર પુરૂષ છે. જો મારો દુશ્મન હોય તો મને બચાવવા ન આવે. વિદ્યાધરે કુમારને કહ્યું-ભાઈ! તમે તો મહાન પવિત્ર પુરૂષ છો

તમે મને હરાવીને મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે, અને હું એક સ્ત્રીહત્યાના પાપથી બચી ગયો છું હું આપના જેટલા ગુણ ગાઉં તેટલા ઓછા છે, ત્યારે કુમારે કહ્યું–ભાઈ! તું કોણ છે? અને તેં આ સ્ત્રીને શા માટે બંધનમાં નાંખી હતી તે હું જાણવા માંગું છું. તું મને કહે.

"પાપનો પશ્ચાતાપ કરતા વિદ્યાધર" :– વિદ્યાધરે કહ્યું–ભાઈ! મારા માથામાં ખૂબ દર્દ થાય છે. માટે તમે એમ કરો. આ મારી કમરે એક દેવી મણી અને એક મૂળીયું બાંધેલું છે. તેને તમે છોડીને પાણીમાં મણીને ધોઈ નાંખો. મણીને ધોયેલા પાણીમાં મૂળીયું ઘસીને મારા માથે લગાડો એટલે મારા માથાનો ઘા રૂઝાઈ જશે ને પીડા શાંત થશે. પછી હું આપને બધી વાત કરીશ, તેથી કુમારે એ પ્રમાણે કર્યું, એટલે વિદ્યાધર સ્વસ્થ થયો ને અપરાજિતકુમારને કહ્યું–ભાઈ! હવે હું કોણ છું, આ કુંવરી કોણ છે ને મેં તેને શા માટે બાંધી હતી તે વાત તમે સાંભળો.

श्रीसेण नृपका मैं सूत हूं, सूर्यकान्त मम नाम,
अमृतसेन रथनूपुर नृपकी, कन्या है अभिराम.

હું શ્રીષેણ વિદ્યાધરનો સૂર્યકાંત નામનો પુત્ર છું અને આ વૈતાઢય પર્વત ઉપર આવેલા રથનૂપુર નામના નગરમાં અમૃતસેન નામે વિદ્યાધર રાજા રાજ્ય કરે છે. તેની આ પુત્રી છે. તેનું નામ રત્નમાલા છે. આ રત્નમાલા મોટી થઈ ત્યારે તેના પિતાજીએ જ્યોતિષીને પૂછયું કે મારી પુત્રીનો વર કોણ થશે? ત્યારે જ્યોતિષીએ કહ્યું–હરિનંદી રાજાનો પુત્ર અપરાજિતકુમાર તમારો જમાઈ બનશે. આ વાતની રત્નમાલાને ખબર પડી ત્યારે તેણે નિશ્ચય કર્યો કે મારે અપરાજિત કુમાર સાથે જ પરણવું. એ જ મારો પતિ છે. એમ મનથી એ અપરાજિતકુમારને વરી ચૂકી હતી. એ ઘણી રૂપવંતી છે એટલે ઘણાં રાજકુમારોના માંગા એના માટે આવતા હતા પણ કુંવરી કોઈને પરણવાની હા પાડતી ન હતી. એક વખત ફરવા જતાં મેં તેને જોઈ એટલે મને થયું કે હું આ કન્યાને પરણું. તેથી હું લાગ જોઈને એક દિવસ છાનોમાનો તેની પાસે ગયો ને મેં તેને કહ્યું કે હે રાજકુમારી! તું મારી સાથે લગ્ન કર, ત્યારે તેણે કહ્યું કે અપરાજિતકુમાર સિવાયના બધા મારે માટે ભાઈ અને બાપ સમાન છે. તેથી હું નિરાશ થઈને પાછો ફર્યો. બીજી વખત હું ઘણી વિદ્યાઓ સાધીને તેની પાસે ગયો ને મારી સાથે લગ્ન કરવા તેને ઘણું સમજાવી પણ રત્નમાલા એકની બે ન થઈ. તેણે ગુસ્સે થઈને મને કહ્યું કે હું પરણીશ તો અપરાજિત કુમારને જ, નહિતર અગ્નિમાં બળી મરીશ. માટે હે પાપી! તું અહીંથી ચાલ્યો જા. તેથી મને તેના ઉપર ગુસ્સો આવ્યો ને તેનું અપહરણ કરીને અહીં લઈ આવ્યો ને તેને ખૂબ સમજાવી, ફોસલાવ્યા પણ તે મારી ઇચ્છાને આધીન ન થઈ એટલે હું તેને બાંધીને આ અગ્નિની ભડભડતી ચિતામાં બાળી

નાખવા તૈયાર થયો હતો. તેથી તે કરૂણસ્વરે બચાવો–બચાવોના પોકાર કરી રહી હતી. ત્યાં તમે અહીં પહોંચી ગયા. જો તમે અહીં ન આવ્યા હોત તો હું આ રત્નમાલાને અગ્નિમાં નાંખીને બાળી મૂકવાનું પાપ કરત. આપે મને મહાન પાપમાંથી બચાવ્યો છે.

હે પરોપકારી પુરૂષ! મેં આપને મારો વૃત્તાંત કહ્યો. હવે આપ કોણ છો તે મને કહો. આ સમયે સાથે આવેલા મંત્રીપુત્રે કહ્યું–આ પોતે જ હરિનંદી રાજાના પુત્ર અપરાજિત કુમાર છે. આ સાંભળીને રત્નમાલાને ખૂબ આનંદ થયો. જેને માટે આટલું કષ્ટ વેઠયું તેણે જ મને બચાવી. સૂર્યકાંતને પણ ખૂબ આનંદ થયો. એ જ વખતે રત્નમાલાના માતાપિતા કીર્તિમતી રાણી અને અમૃતસેન રાજા પણ પોતાની વડાલસોયી પુત્રીને શોધતાં શોધતાં ત્યાં આવ્યા ને તેમણે મંત્રીપુત્ર પાસેથી બધી વાત જાણી એટલે તેમને ખૂબ આનંદ થયો. અહો! આપણી પુત્રી જેને પરણવા ઇચ્છે છે તે અપરાજિતકુમાર જ અહીં આવી પહોંચ્યા છે. તો આપણે કુંવરીને અહીં જ તેમની સાથે પરણાવીએ. રાજા-રાણીએ વિચાર કરીને નગરમાંથી લગ્નની સામગ્રી મંગાવી ત્યાં ને ત્યાં રત્નમાલાના અપરાજિત કુમાર સાથે લગ્ન કર્યા. પેલા સૂર્યકાંત વિદ્યાધર ઉપર રાજાને ખૂબ ગુસ્સો આવ્યો. તેથી તેને મારવા ઉઠયા પણ દયાળુ અપરાજિતકુમારે કહ્યું–માણસ માત્ર ભૂલને પાત્ર. તેણે ભૂલ કરી છે પણ હવે તેને ભૂલનો ખૂબ પશ્ચાતાપ થયો છે. હવે એ ભૂલ નહિ કરે. માટે તમે એને મારશો નહિ.

જુઓ, આનામાં કેટલી કરૂણા છે! પહેલાં ચોરને બચાવ્યો પછી કન્યાને બચાવી અને ત્રીજા વિદ્યાધરને પણ બચાવ્યો. રાજારાણીએ પોતાની પુત્રીને ઘણો કરિયાવર આપ્યો. લગ્નવિધિ પૂરી થયા પછી

સાસુ સસુર કહે કુંવર સાહબ કો, ચલો હમારી લાર,
કહે કુમર મોકા હોને પર, આઉંગા કોઇ બાર.

સાસુ સસરા અપરાજિતકુમારને કહે છે આપ હવે રથનુપૂરમાં અમારી સાથે પધારો, ત્યારે કુંવરે કહ્યું કે અત્યારે તો ઘણે દૂર દૂર જવું છે માટે અત્યારે હું નહિ આવી શકું. અને આપની આ પુત્રીને પણ હમણાં આપને ત્યાં જ લઈ જાવ. હું પર્યટન કરીને જ્યારે મારી નગરીમાં પહોંચીને સંદેશો મોકલાવીશ ત્યારે આપ રત્નમાલાને લઈને આવજો ને હું પણ ફરીને કોઈ વાર આપને ત્યાં આવીશ. એમ કહીને બંને કુમારો રાજાની રજા લઈને ત્યાંથી આગળ વધ્યા. તે વખતે સૂર્યકાંત વિદ્યાધરે રત્નમંજરી અને મૂળીયું અપરાજિત કુમારને આપ્યા ને તેમાં શું શું ગુણ છે, તેનો પ્રયોગ કેવી રીતે કરવો તે બધી વિધિ બતાવી, અને એક વેશ બદલવાની ગુટિકા પ્રધાનપુત્રને આપી, પછી સૌ એકબીજાની વિદાય લઈને ત્યાંથી છૂટા પડયા. રાજા, રાણી અને રત્નમાલા રથનુપૂર ગયા. વિદ્યાધર પોતાના નગરમાં ગયો.

"પાણીની શોધમાં મિત્ર" :- આ બંને કુમારો ત્યાંથી ચાલતાં ચાલતાં ઘણે દૂર વિકટ વનમાં પહોંચી ગયા. ત્યાં રાજકુમારને ખૂબ તરસ લાગી પાણી વિના કંઠ સૂકાવા લાગ્યો. આંખે અંધારા આવવા લાગ્યા. હવે એક ડગલું પણ ચાલવાની તેનામાં તાકાત નથી, એટલે કુમારે પ્રધાનપુત્રને કહ્યું-મિત્ર ! મને તો ખૂબ તરસ લાગી છે. એક પગલું પણ મારાથી ચાલી શકાય તેમ નથી. પ્રધાનપુત્રે કહ્યું-ભાઈ ! તમે આ વૃક્ષ નીચે બેસો. હું હમણાં જ તમારે માટે પાણી લઈને આવું છું. પ્રધાનપુત્ર રાજકુમારને વૃક્ષ નીચે બેસાડીને પાણી લેવા માટે ગયો. આ પ્રધાનપુત્રને રાજકુમાર પ્રત્યે ઘણો પ્રેમ છે. સગાભાઈ કરતાં વધી જાય. જેમ કૃષ્ણ અને બલભદ્ર, રામ અને લક્ષ્મણની જોડી જોઈ લો. કૃષ્ણ અને બલભદ્ર દ્વારકા નગરી બળી ગઈ ત્યારે નિરાશ થઈને જંગલમાં ગયા. રસ્તામાં કૃષ્ણને તરસ લાગી ત્યારે બલભદ્રજી એમને ઝાડ નીચે બેસાડીને પાણી લેવા ગયા હતા તેમ આ પ્રધાનપુત્ર પણ અપરાજિતકુમારને વૃક્ષ નીચે બેસાડીને પાણી લેવા ગયો. ઘણે દૂર ગયો પણ પાણી કયાંય દેખાતું નથી. એટલે તે ખૂબ નિરાશ થઈ ગયો કે શું હું મારા કુમારને પાણી નહિ પીવડાવી શકું ! છેવટે ઘણે દુર ગયા ત્યાં એક સરોવર જોયું એટલે તે રાજી થઈ ગયો. પાંદડાનો પડો બનાવીને સરોવરમાંથી પાણી લીધું.

બંધુઓ ! આ પ્રધાનપુત્રની રાજપુત્ર પ્રત્યે કેટલી ભક્તિ છે ! કે પોતે તરસ્યો છે છતાં એક ટીપું પાણી પોતે ન પીધું. આ જગ્યાએ તમે હો તો શું કરો ? પાણી પીને આવો કે તરસ્યા આવો ? (શ્રોતામાંથી અવાજ :- અમે તો પીને જ આવીએ, તળાવે જઈને તરસ્યા કોણ આવે ?) એ તો હું સારી રીતે જાણું છું. આજે એવી લાગણી ને ભક્તિ જ કયાં છે? નથી કૃષ્ણ, નથી બલભદ્ર, નથી રામ કે લક્ષ્મણ. પ્રધાનપુત્ર પાણી પીધા વિના પડીયામાં પાણી લઈને દોડતો આવ્યો. આવીને જુએ છે તો અપરાજિતકુમાર ન મળે. પ્રધાનપુત્રના મનમાં થયું કે તરસથી ખૂબ આકુળ-વ્યાકુળ થઈ ગયા હતા એટલે આટલામાં કયાંક ગયાં હશે, તેમ માની પ્રધાનપુત્ર અપરાજિત કુમારની ચારે તરફ તપાસ કરવા લાગ્યો, એના મનમાં થયું કે આ વૃક્ષ નહિ પણ બીજા વૃક્ષ નીચે બેઠા હશે. હું રસ્તો ભૂલી ગયો લાગું છું એમ માનીને ઝાડે ઝાડે ફરવા લાગ્યો. મનમાં થયું કે મારો કુંવર ખાડામાં તો નહિ પડી ગયો હોય ને ? એટલે મોટેથી અપરાજિત કુમાર....અપરાજિત કુમાર બૂમો પાડતો જાય છે પણ કુમાર હોય તો બોલે ને ?

આખું જંગલ ફરી વળ્યો પણ કયાંય કુંવર મળ્યો નહિ, ત્યારે ઝાડ પાસે જઈને કહે છે હે વૃક્ષરાજ ! મારા વીરાને હું અહીં જ બેસાડીને ગયો હતો ને એ કયાં ગયો ? તમને ખબર હોય તો મને કહો. હે ગગનવિહારી પંખીડાઓ ! તમે મારા વીરાને જોયો છે ? તમે જોયો હોય તો મને સંદેશો આપો. એમ પૂછતો જાય ને રડતો જાય છે. અરેરે....વીરા ! તું મને

વગડામાં એકલો મૂકીને ક્યાં ચાલ્યો ગયો ? તેના કલ્પાંતથી ઝાડે પંખી રડી ઉઠ્યાં. પક્ષીઓએ ચણ ચણવાનું છોડી દીધું. આપણા અનુભવની વાત છે કે ઉમરશી માઈનો પૌત્ર ખોવાઇ ગયો ત્યારે ગામમાં ને સંઘમાં કેટલો હાહાકાર થયો ! એવી રીતે આ રાજકુમારનો કયાંય પત્તો પડતો નથી એટલે પ્રધાનપુત્રનો જીવ અદ્ધર થઈ ગયો. મન ચગડોળે ચડી ગયું છે કે મારો વીરો કયાં ગયો ? હું એના વિના કેવી રીતે જીવી શકીશ ? એનું શું થયું હશે ? એ કયાં ગયા હશે ? એમ ચિંતા કરતો કાળો કલ્પાંત કરે છે ને વગડામાં ગાંડાની જેમ ફરે છે હવે શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે હવે થોડી વાર ચરિત્ર લઇએ.

ચરિત્ર : "જયમંગલ રાજાને આમંત્રણ" :—કંચનપુરમાં જયમંગલ રાજા ન્યાય–નીતિપૂર્વક રાજ્ય કરે છે. તેમને જિનસેના નામે પટ્ટરાણી હતી. જિનસેના જૈન-ધર્મની અત્યંત અનુરાગી હતી જેવા નામ તેવા તેમના ગુણ હતા. આ રાજાને જિનદાસ નામે પ્રધાન હતો. તે ચાર બુદ્ધિનો નિધાન હતો ને જૈન ધર્મનો અનુરાગી હતો. રાજાના પ્રબળ પુણ્યનો ઉદય હતો એટલે પ્રધાન પણ સારો હતો. જેનો પ્રધાન સારો હોય તેના રાજ્યની વ્યવસ્થા સારી સચવાય છે ને રાજ્યમાં શાંતિનું સ્થાપન થાય છે. વહીવટદાર સારો હોય તો રાજાની શોભા વધારે છે તેમ આ રાજાનો પ્રધાન રાજાની શોભામાં અભિવૃદ્ધિ કરે તેવો હતો. રાજાને તો કાંઈ માથું મારવું ન પડે તેવી રીતે જિનદાસ પ્રધાન બધો વહીવટ સંભાળતો હતો. એક વખત જયમંગલ રાજા જંગલમાં ફરવા ગયા હતા. ત્યાં એક માણસ દોડતો રાજા પાસે આવીને કહે છે સાહેબ ! મારો એક સંદેશો સાંભળો, હું ઘણે દૂરથી આપને સંદેશો આપવા માટે આવ્યો છું. એટલે રાજા કહે છે ભાઈ ! તું જે સંદેશો આપવા આવ્યો છે તે મને જલ્દી કહે. દૂતે કહ્યું. મહારાજ ! આ ભરતક્ષેત્રમાં પોતનપુર નામનું નગર છે. ત્યાં મંગલસેન નામે પવિત્ર અને પ્રજાપ્રેમી રાજા છે. તેમને રત્નસેના નામે પતિવ્રતા પટ્ટરાણી છે. તેમને રત્નવતી નામની એક કુંવરી છે. મહારાજા ! શું એ કુંવરીનું રૂપ છે ! જાણે સાક્ષાત્ ઇન્દ્રાણી જોઈ લો. તેજસ્વી રત્ન જેવી તે પ્રકાશે છે. એવી તે રૂપવાન અને ગુણવાન છે. હવે એ રત્નવતી મોટી થઇ છે.

રાજાને સ્વંયવર રચવાયા, અપની બાલા કાજ,
દેશ દેશ કે રાજા આવે, આપ ભી પધારો રાજ હો....શ્રોતા....

રાજાની કુંવરીના લગ્ન માટે મંગલસેન રાજાએ સ્વયંવર રચ્યો છે. સ્વયંવરમાં ઘણાં ઘણાં દેશના રાજાઓ ને રાજકુમારો આવવાના છે. તો આપ પણ સ્વયંવરમાં પધારો. મંગલસેન રાજાએ આપને ખાસ આમંત્રણ આપવા માટે મને મોકલ્યો છે. આ દિવસે સ્વંયવર છે માટે આપ જરૂરથી પધારજો. રાજા કહે ભલે. આમ કહીને રાજાએ સમાચાર આપવા માટે આવેલા દૂતનો સત્કાર કરીને વિદાય કર્યો, અને રાજા સ્વંયવરમાં જવા માટે

તૈયાર થયા. સૈન્ય, હાથી, ઘોડા વિગેરે મોટા રસાલા સાથે નીકળ્યા. માર્ગમાં પડાવ નાંખતા જયમંગલ રાજા આગળ વધે છે. જયમંગલ રાજા ઘણાં પવિત્ર ને ગુણીયલ હતા. એટલે એમના માટે સૌ કોઇને માન હતું. પોતનપુર જતાં માર્ગમાં ઘણાં રાજ્યના રાજાઓ સામે આવીને જયમંગલ રાજાનું સ્વાગત કરતા અને પોતાના ગામમાં આવવા વિનંતી કરતા, પણ જયમંગલ રાજા સૌને કહી દેતા કે હું અત્યારે આવી શકું તેમ નથી. કારણ કે અત્યારે મારે પોતનપુરમાં રાજકુમારીના સ્વયંવરમાં જવાનું છે. માટે પછી આવીશ. એમ કહીને આગળ વધતા હતાં. પંથ કાપતાં કાપતાં જયમંગલ રાજા પોતનપુર પહોંચ્યા. મંગલસેન રાજાએ તેમનો ખૂબ સારી રીતે સત્કાર કર્યો ને એક ભવ્ય મહેલમાં તેમને ઉતારો આપ્યો. રાજાએ સૌને ઉતરવાની, જમવાની વિગેરે સુંદર વ્યવસ્થા કરી હતી.

"સ્વયંવરમાં જયમંગલ રાજાનું આગમન":—મંગલસેન રાજાએ ખૂબ ધન ખર્ચીને સ્વયંવર મંડપ બનાવ્યો છે. ઠેર ઠેર સોનાના સ્થંભ મૂક્યા છે. સ્થંભમાં જાતજાતના કિંમતી મણી અને રત્નો જડ્યા છે. મંડપનો દરવાજો તો એવો સુંદર બનાવ્યો હતો કે જોનારા બે ઘડી ઠરી જાય. મંડપમાં દરેક રાજાને સૌના હોદ્દા પ્રમાણે બેસવાની સીટો સુવ્યવસ્થિત રીતે ગોઠવી હતી. સ્વયંવરમંડપની શોભા જોઈને મૃત્યુલોકના માનવીને એમ થઇ જાય કે જાણે અહીં સ્વર્ગ જ ના ઉતર્યું હોય ! દરેક રાજાઓ રત્નવતીને પરણવાની આશાથી આવ્યા છે. એટલે કંઇક તો રાત્રે ઉંઘ્યા જ નહિ. આખી રાત શરીરની ટાપટીપમાં પસાર કરી અને સવાર પડતાં સૌ રાજાઓ નાહી ધોઈ સારા વસ્ત્રાલંકારો સજીને સ્વયંવરમંડપમાં આવ્યા ને પોતપોતાના હોદ્દા પ્રમાણે સીટ ઉપર બેસી ગયા. બધા રાજાઓમાં આ જયમંગલ રાજા તારાઓમાં જેમ ચંદ્ર શોભે છે તેમ શોભે છે.

બંધુઓ ! જીવની મોહ દશા કેવી છે ! આ બધા રાજાઓને ઘેર એક એકથી ચઢિયાતી રાણીઓ હતી પણ રત્નવતી મને વરમાળા પહેરાવશે એવી આશાથી રાહ જોવા લાગ્યા. સમય થતાં રૂમઝુમ કરતો રથ સ્વયંવર મંડપના દરવાજે આવીને ઉભો રહ્યો એટલે રાજાઓ બધા જોવા માટે અધીરા બની ગયા કે રત્નવતી આવી. શરીરે સોળ શણગાર સજીને ઘણી સખીઓ ને દાસીઓની સાથે રત્નવતી રૂમઝુમ કરતી અપ્સરા જેવી શોભાતી, વિજળીની જેમ પ્રકાશ કરતી મંડપમાં દાખલ થઈ એને જોઈને રાજાઓના મનમાં થયું કે અહો, આવી દેવરૂપ જેવી કન્યા કોને વરશે ? સૌના મનમાં એમ છે કે મને વરમાળા પહેરાવશે. રત્નવતી હાથમાં સુંદર વરમાળા લઈને દાસીની સાથે સભામાં આવી. દાસી બધા મહારાજાઓના નામ અને ગામ બોલીને કુંવરીને ઓળખાણ આપતી હતી કે આ ફલાણા દેશના રાજા છે. આ ફલાણા શહેરના રાજા છે. કુંવરી બધા રાજાઓને જોતી જોતી આગળ વધતી હતી. મોટા રાજાઓને વરમાળા પહેરાવ્યા વિના આગળ ચાલી એટલે રાજાઓ અંદર અંદર બોલવા લાગ્યા કે આ તો હાથીને છોડીને ગર્દભ

પાસે ચાલી. કૌહીનુર છોડીને કંકરને વરવા કયાં જઈ રહી છે? કુંવરી બધા રાજાઓને જોતી જોતી જ્યાં કંચનપુરના રાજા જયમંગલ બેઠા હતા. ત્યાં આવી, અને તેમનું રૂપ જોઈને રત્નવતીએ તેમના ગળામાં વરમાળા પહેરાવી. એટલે સભા હર્ષનાદથી ગાજી ઊઠી. મંગલસેન મહારાજાને પણ જયમંગલ રાજાનું લલાટ અને રૂપ જોઈને આનંદ થયો કે મારી પુત્રીએ સારો વર શોધ્યો. આમ તો જયમંગલ રાજાની ખ્યાતિ ખૂબ સાંભળી હતી અને હવે જમાઈ થયા એટલે બાકી રહે!

જયમંગલ રાજા અને રત્નવતીના લગ્ન :- મંગલસેન રાજાએ ખૂબ ધામધૂમથી રત્નવતીના જયમંગલ રાજા સાથે વિધિપૂર્વક લગ્ન કર્યા. રાજાએ કરિયાવરમાં અનેક દાસ, દાસી, સોનું, રૂપું, રત્ન, દાગીના, વસ્ત્રો, હાથી, ઘોડા બધું ખૂબ આપ્યું. આજે તમારા જેવા લોકો પણ પોતાની પુત્રીને લાખનો કરિયાવર કરે છે તો પછી રાજા-મહારાજાને ઘેર કંઈ બાકી રહે? ખૂબ કરિયાવર કર્યો અને પોતાની પુત્રીને સાસરે જતી વખતે માતાએ સુંદર હિત શિખામણો આપી કે હે પુત્રી! તું અમને ખૂબ વહાલી છે. હવે તું સાસરે જાય છે, ત્યાં ખૂબ સંપીને રહેજે. પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી રહેજે. કદી પતિ સાથે તંત પકડીશ નહિ. અમારા કુળની શોભા વધારજે. એમ શિખામણ આપીને સાસરે મોકલી, જયમંગલ રાજા રત્નવતીને પરણીને પોતાની સેના સાથે કંચનપુર આવ્યા આખા નગરમાં જાણ થઈ કે આપણા મહારાજા સ્વયંવરમાં ગયા હતા ત્યાંથી રત્નવતીને પરણીને આવ્યા. આખા નગરના નર નારીઓ જોવા ઉમટયા. અહો! શું રાણીનું રૂપ છે! આપણા રાજા પણ કેવા રૂપાળા છે! બંનેની જોડી શોભી ઉઠી છે. સૌ નગરજનો રાજાને વધાવવા લાગ્યા.

નગરજનોને તો હર્ષ હોય પણ જિનસેના રાણીને પણ એટલો જ હર્ષ છે. અહો! આટલા બધા રાજાઓ સ્વયંવરમાં ગયા હતા તેમાં મારા પતિનો વિજય થયો. ને મારે બહેન આવી! એ તો જેવી આવી તેવી રત્નવતીને ભેટી પડી. તેને આશીર્વાદ આપતાં કહ્યું-બહેન! તું આવી એટલે મને રહેજે ધર્મારાધના કરવાનો સમય મળશે. આપણે એકથી બે ભલા. જિનસેનાને હર્ષનો પાર નથી પણ રત્નવતીને ખબર ન હતી કે આ રાજા પરણેલા છે. એટલે એના મનમાં થયું કે અડી તો શોકયનું સાલ છે. મને ખબર હોત તો હું જયમંગલ રાજાને વરમાળા ન પહેરાવત. જિનસેના જેટલો હર્ષ વ્યક્ત કરે છે તેટલી રત્નવતી અંદરથી બળી જાય છે. જિનસેના જેટલી નમ્ર અને સરળ છે તેટલી રત્નવતી અભિમાની ને વક્ર છે. આ બે પાત્ર ભેગા થયા છે હવે શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

●

વ્યાખ્યાન નં. ૨૬

શ્રાવણ સુદ ૮ ને શુક્રવાર તા. ૧૧-૮-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની ભગવંતો ભવ્ય જીવોના

હિત માટે ફરમાવે છે કે હે આત્માઓ ! જો તમારે જલ્દી ભવસાગર તરવો હોય તો પાંચ ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરો. કારણ કે અનંતકાળથી વિષયોએ આત્માને ખૂબ હેરાન કર્યા છે અને ઘણું બગાડ્યું છે. આવું સમજીને જે આત્માઓને આત્મા અને આત્માના ધર્મની ઓળખાણ થાય છે તેને વિષયો અળખામણા લાગે છે. એ વિષયોને પોતાના શત્રુ તરીકે દેખે છે. જેને પોતાના શત્રુ માન્યા તેની સાથે પછી કંઇ વ્યવહાર રહે ખરો ? તમે કોઈ વ્યક્તિને તમારો દુશ્મન માનો તો તેના ઉપર પ્રેમ રાખો ખરા ? દુશ્મન કદી વહાલો લાગે ? તમે એના ઉપર કદી વિશ્વાસ રાખો ખરા ? "ના." તો જે વિષયો આત્માના દુશ્મન છે તેના પ્રત્યે પ્રેમ કે વિશ્વાસ રખાય ? એ વહાલા લાગે ? તો સમજો, વિચાર કરો કે

"વિષ થકી વિષયો છે ભૂંડા, તે તુજને લાગે કેમ રૂડા."

જીવને ભવમાં ભમાડનાર વિષયભોગો છે, એ ભોગરૂપી ભોરીંગોનો બિલકુલ વિશ્વાસ કરવા જેવો નથી. જે જીવો પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં રત બને છે તેની બૂરી દશા થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના બત્રીસમાં અધ્યયનમા ભગવંતે પાંચ ઇન્દ્રિયોના વિષયોનું વિસ્તૃત વર્ણન કર્યું છે. તેમાં એ વાત પણ સમજાવી છે કે જે આત્માઓની એક ઇન્દ્રિય છૂટી હોય છે તેની કેવી દશા થાય છે. જેવી રીતે પતંગિયાની ચક્ષુઇન્દ્રિય બહુ તેજ હોય છે. એ રૂપ દેખે ને પાગલ બને છે. જેમ એક દીવાની પાછળ કેટલા પતંગિયા ફરે છે ? એ તમે જુઓ છો ને ? પતંગીયું દીપકનું રૂપ જોઇને હરખાય છે. તેની આસપાસ આંટા મારે છે ને અંતે દીપકની જ્યોતમાં એ ઝંપલાવે તો મરણને શરણ થાય છે. જંગલમાં કોઈ શિકારી મધુરી વીણા વગાડે છે ત્યારે શ્રોત્રેન્દ્રિયના રસીક મૃગલાઓ દૂર દૂરથી ત્યાં દોડતા આવે છે. એ જ્યારે વીણાના મધુર સૂર સાંભળવામાં લીન બની જાય છે ત્યારે શિકારીઓ તેને પકડી લે છે. ભ્રમરને સુગંધ બહુ ગમે છે. સુગંધ લેતો ભ્રમર કમળ ઉપર જઈને બેસે છે. કમળની સુગંધ લેતા એમાં એવો આસક્ત બની જાય છે કે કમળ બીડાવાની શરૂઆત થાય છતાં બહાર નીકળતો નથી ને અંતે કમળ બીડાય છે ને ભમરો મરે છે. માછીમાર માછલા પકડવા માટે લોટની ગોળીઓ બનાવીને પાણીમાં નાંખે છે ત્યારે રસેન્દ્રિયમાં આસક્ત બનેલા માછલાઓ લોટની ગોળી ખાવા ઉપર આવે છે એટલે માછી જાળ નાંખે છે તેમાં સપડાઈ જાય છે, અને છેવટે તરફડી તરફડીને મરી જાય છે, એવી જ રીતે હાથી સ્પર્શેન્દ્રિયનો લોલુપ હોય છે. ટૂંકમાં મારે તમને એ સમજાવવું છે કે જેની એકેક ઇન્દ્રિય છૂટી હોય છે તેમની આવી દશા થાય છે તો જે માનવીની પાંચે પાંચ ઇન્દ્રિયો છૂટી હશે તેની કેવી દશા થશે ? માટે ઇન્દ્રિય વિજેતા બનવા પ્રયત્ન કરો. વધુ શું કહું ? કોઈ આત્મા એક વખત ત્યાગી બને પણ જો તેના ત્યાગમાં ઇન્દ્રિયનો ઘોડો છૂટો થયો તો તેની કેવી દશા થાય

છે! તે માટે અન્યધર્મોમાં એક દૃષ્ટાંત આવે છે તે કહું. આ ઉપરથી તમે સમજી શકશો કે દરેક ધર્મમાં ઇન્દ્રિય વિજેતા બનવાનું કહ્યું છે.

એક સંન્યાસી બાવા જંગલમાં જઈને જ્ઞાન ધ્યાનમાં મસ્ત રહેતા હતા. એમને જગતની પડી ન હતી. એ અલિપ્ત ભાવે રહેતા હતા. નિર્મળ ધ્યાન અને બ્રહ્મચર્યના તેજ તેમના લલાટે ઝળકી રહ્યા હતા. ઘણાં લોકો આ મહાત્માના દર્શન કરવા માટે આવતા હતા, પણ આ અવધૂત તો આત્માની મસ્તીમાં મસ્ત રહેતા હતા. લોકો એમની પાસે આવીને સારી સારી ચીજો એમના ચરણમાં ધરતા પણ આ મહાત્મા કોઈ ચીજ લેતા નહિ. કારણ કે એ કોઈ જાતના સંસારીના પ્રલોભનમાં પડતા ન હતા. જે કોઈ આવે તેમને દયા, દાન અને પરોપકારનો ઉપદેશ આપતા. આવા નિર્મોહી અને નિસ્પૃહી મહાત્માની કીર્તિનો ધ્વજ ચારે તરફ લહેરાઈ રહ્યો હતો. આ મહાત્મા ઉપર લોકોને ખૂબ શ્રદ્ધા થઈ, અને ગામમાં વાત ચાલી કે મહાત્મા ખૂબ શક્તિધારી છે. એમના આશીર્વાદથી બધી સંપત્તિ પ્રાપ્ત થાય છે. એટલે સંસાર સુખના ભિખારીઓ રોજ મહાત્મા પાસે જવા લાગ્યા. મહાત્મા સૌને ધર્મ સમજાવતા પણ તમારો સંસાર સુખી થાય એવા આશીર્વાદ આપતા ન હતા.

એક વખત એક ધનાઢ્ય મહાત્માની પાસે આવ્યો ને તેમના ચરણમાં માથું મૂકીને બોલ્યો મહાત્મા ! આપના આશીર્વાદથી તો લોકો ન્યાલ થઈ ગયા છે. આપની કીર્તિ સાંભળીને હું આપની પાસે આવ્યો છું. તો આપ મારી એક આશા પૂરી થાય એવા મને આશીર્વાદ આપો. સંતે કહ્યું. મારા જેવા ત્યાગી બનવું હોય તો મારા આશીર્વાદ છે. બોલ, બનવું છે? (હસાહસ). તમને ખબર પડે કે ઉપાશ્રયમાં મહાન શક્તિધારી કોઇ સંત કે સતી આવ્યા છે ને એમની માંગલિકમાં ચમત્કાર છે. બોલો, આ ઉપાશ્રયમાં જગ્યા રહે ખરી? અરે! રાત પડે તો ય જંપવા ન દે. (હસાહસ) સંતા પેલા શેઠને કહે છે ભાઈ! હું કોઇ કીમિયાગર નથી, મારી પાસે કોઈ જાદુ નથી. મારામાં કોઇને કંઈ આપવાની શક્તિ નથી. હું તો પ્રભુનો દાસ છું ને એનું ધ્યાન ધરું છું. જે નિર્મોહી બની ગયા હોય તેના મુખમાં આવા શબ્દો હોય. પેલા શેઠ કહે છે ના ગુરૂદેવ ! આપ એવું ન બોલો. આપ તો મહાન શક્તિધારી છો. જે ધારો તે કરી શકો તેમ છો. આપના પુણ્યપ્રતાપે મારે ત્યાં બધું જ છે. કોઈ સુખની કમીના નથી. માત્ર શેર માટીની ખોટ છે. સંતાન વિના સંપત્તિ સુની લાગે છે. માટે આપ મારા માથે હાથ મૂકીને આશીર્વાદ આપો કે આપની કૃપાથી મારે ઘેર પારણું બંધાય. મહાત્મા કહે ભાઈ! ત્યાગી એવા કાર્ય ન કરે. ત્યાગીનો ધર્મ સંસારનો નથી. સંતે ઘણું સમજાવ્યું પણ શેઠ ના ઉઠયા ત્યારે છેવટે કહે કે દાનપુણ્ય કરો, ધર્મધ્યાન કરો, પરોપકારના કાર્યો કરો. જો તમારું પુણ્ય પ્રબળ હશે તો સારા વાના થશે.

મહાત્મા આ લપમાંથી છૂટવા માટે આટલું કહીને ધ્યાનમાં બેસી ગયા. એમને કયાં કોઈની પરવા હતી, એમને ભૂખ લાગે ત્યારે લૂખો સુકો રોટલો ભિક્ષામાં લાવીને ખાઇ લેતા ને ધ્યાનમાં બેસી જતા. શેઠને હર્ષનો પાર ન રહ્યો. એમણે માની લીધું કે મને સંતના આશીર્વાદ મળી ગયા. સંતના વચન ઉપર શ્રદ્ધા થઈ ગઈ. એટલે શેઠે તો ખૂબ દાન, પુણ્ય કરવા માંડયું. ધર્મધ્યાન કરવા લાગ્યા. પુણ્યની બલીહારી છે. પુણ્યથી ઘણી વાર ન ધારેલા કાર્યો સફળ થઈ જાય છે, અને પાપનો ઉદય થાય તો ધારેલું ધૂળ ભેગું થઈ જાય છે. મહારાજના કહ્યા પછી શેઠને ઘેર એક વર્ષે પારણું બંધાયું. શેઠ શેઠાણી તો રાજી રાજી થઇ ગયા ને પુત્રજન્મની ખુશાલીમાં આખું ગામ જમાડવાનું નક્કી કર્યું. શેઠે વિચાર કર્યો કે જે મહાત્માના આશીર્વાદથી મારે ઘેર પારણું બંધાયું છે તેમને હું સૌથી પહેલાં આમંત્રણ આપવા જાઉં. શેઠ મહાત્મા પાસે આવીને ચરણમાં ઝૂકીને બોલ્યા–હે ગુરૂદેવ ! આપના આશીર્વાદથી મારે ઘેર કલ્પવૃક્ષ ફળ્યું છે. મારે ઘેર પુત્રરત્નની પ્રાપ્તિ થઈ છે. તેની ખુશાલીમાં આવતી કાલે આખું ગામ જમવાનું છે. તો કૃપા કરીને આપ મારું આંગણું પાવન કરો."

"શેઠનું આમંત્રણ નહિ સ્વીકારતા સંત" :- મહાત્માએ કહ્યું–ભાઈ! એ તો તમારા પુણ્યોદયે પુત્રની પ્રાપ્તિ થઈ છે. મારા આશીર્વાદ એમાં નિમિત્તભૂત નથી. એમાં મારો ઉપકાર માનવાની જરૂર નથી. સંતો જેટલા આત્મસાધનામાં લીન રહે તેટલું સારું છે અને હું ભિક્ષા લેવા સિવાય ગામમાં આવતો નથી ને મિષ્ટાન્ન તો હું કદી ખાતો નથી. મેં જિંદગીમાં મિષ્ટાન્ન ચાખ્યું નથી. જો ચારિત્ર વિશુદ્ધ પાળવું હોય તો સૌથી પહેલા રસેન્દ્રિયને વશ કરવી જોઇએ. માટે હું આપના આમંત્રણનો સ્વીકાર કરી શકું તેમ નથી. આટલું કહીને સંત તો એમના ધ્યાનમાં બેસી ગયા. શેઠને તો સંત ઉપર ખૂબ શ્રદ્ધા છે. એમના મનમાં એમ થયું કે જેમના પ્રતાપે પુત્ર થયો એની ખુશાલીના જમણનો એક કણ જો સંતના મુખમાં જાય તો મારું અન્ન પવિત્ર થાય. સંતે ના પાડી તેથી શેઠના દિલમાં ખૂબ દુઃખ થયું. શેઠ પાછા આવ્યા. બીજે દિવસે લોકો જમવા આવ્યા. પાંચ પ્રકારના પકવાન અને બધી રસોઈ તૈયાર છે. આનંદનો પાર નથી પણ એક સંત ન પધાર્યા એનું શેઠના દિલમાં દુઃખ છે. શેઠે વિચાર કર્યો કે ભલે મહાત્મા ન પધાર્યા પણ હું બીજું કંઈ નહિ, આ પાંચ પ્રકારના પકવાન સોનાના થાળમાં મોકલાવું. રહેજ ચાખશે તો પણ મને આનંદ થશે. એમ માનીને સોનાના થાળમાં મિષ્ટાન્ન ભરીને એક નોકરને થાળ લઇને મહાત્મા પાસે મોકલ્યો. નોકર થાળ લઇને મહાત્માની કુટીરમાં આવીને કહે છે મહારાજ ! શેઠે આપને માટે આ મીઠાઈ મોકલી છે. સંતે કહ્યું–ભાઈ! મેં તારા શેઠને કાલે જ ના પાડી હતી કે હું મીઠાઈ ખાતો નથી છતાં મીઠાઈ શા માટે મોકલાવી ? શું તારો શેઠ સંતોને પતીત કરવા માંગે છે ? નોકરે કહ્યું–સાહેબ ! શેઠને

આપના ઉપર અત્યંત પ્રેમ છે, અપૂર્વ ભક્તિ છે. માટે આપ આ થાળમાંથી મીઠાઈ આરોગીને શેઠને પાવન કરો. સંતે કહ્યું–ભાઈ ! તું સમજ, મારે તારી મીઠાઈ આવી નથી. તું અહીંથી ઉઠાવ. તો પણ નોકર માન્યો નહિ એટલે મહાત્માનો મિજાજ ગયો. તે ક્રોધે ભરાઈને કહે છે મેં મારા બ્રહ્મચર્યનું પાલન કરવા માટે જિંદગીમાં કદી મીઠાઈ ખાધી નથી. એવી કાયાને શું તારો શેઠ અભડાવવા માંગે છે ? આટલું બોલીને સંતે મીઠાઇના થાળને જોરથી લાત મારી એટલે થાળ દૂર જઈને પડ્યો ને બધી મીઠાઈ ધૂળમાં રગદોળાઈ ગઈ. ધૂળમાં પડેલી મીઠાઈ નોકરે વીણીને થાળમાં ભરીને શેઠ પાસે આવ્યો ને બધી વાત કરી.

ઘ્રાણેન્દ્રિએ કરેલું જોર : આ બાજુ ધૂળમાં એક ટુકડો પડી રહ્યો હતો તેમાંથી સુગંધ આવવા લાગી. સંતના મનમાં થયું કે આવી સુગંધ શેની આવે છે ? સંતે કદી મીઠાઇ ચાખી ન હતી. સુગંધ કયાંથી આવે છે તે તપાસ કરતાં પેલો મીઠાઈનો ટુકડો જોયો. તેથી લાગ્યું કે આમાંથી આવી સરસ સુગંધ આવે છે, એટલે મહાત્માએ મીઠાઇનો ટુકડો હાથમાં લીધો. ઘ્રાણેન્દ્રિયે રસેન્દ્રિયને સતેજ બનાવી. મહાત્માની લૂલી લબકારા મારવા લાગી. એટલે મીઠાઈનો ટુકડો મોઢામાં મૂકયો કે ઢાઢે મીઠાઈનો સ્વાદ લાગી ગયો. બંધુઓ ! વિચાર કરો. આ ઇન્દ્રિયો વિષયની કેવી લોલુપ છે ! જે મહાત્મા ઘડી પહેલાં મીઠાઇ ન ખાવા માટે આગ્રહ રાખતા હતાં, શેઠે મોકલાવેલો મીઠાઈનો થાળ ધૂળમાં ફગાવી દીધો હતો, જિંદગીભર મીઠાઈનો સ્વાદ ચાખ્યો ન હતો ને ચાખ્યો ત્યારે પસ્તાવો થવા લાગ્યો કે અહો ! શેઠે તો થાળ ભરીને મીઠાઈ મોકલાવી પણ મેં મૂર્ખાએ તેને ફગાવી દીધી. કેવી સ્વાદિષ્ટ મીઠાઇ છે ! શું એની સુગંધ છે ! ફરીથી મીઠાઈ કયારે ખાવા મળશે ? શેઠે તો મને એમને ઘેર જમવા માટે કાલાવાલા કર્યા પણ મેં તો ચોખ્ખી ના પાડી દીધી ને નોકરોનું પણ અપમાન કર્યું. હવે મારાથી શેઠને ઘેર કેવી રીતે જવાય ?

"ચકડોળે ચઢેલું સંતનું ચિત્ત" : એક ટુકડા મીઠાઇના સ્વાદે સંતનું ચિત્ત ચકડોળે ચઢયું. ધ્યાન કરવા બેઠા તો ધ્યાનમાં પણ મીઠાઇના જ વિચારો આવવા લાગ્યા કે આવી સરસ મીઠાઈ હવે કયાં મળશે ? શું એનો મધુરો સ્વાદ ! મીઠાઇના સ્વાદનો નાદ સંતના હૃદયમાં રણકોરી બજાવવા લાગ્યો. એટલે સંત ઉભા થયા. જો ભગવા વસ્ત્રો પહેરીને જાય તો લોકો ઓળખી જાય. તેથી ભગવા વસ્ત્રો ઉતારીને સંતે ભિખારીના કપડા પહેર્યા, અને મીઠાઇની ભીખ માંગવા માટે શેઠને ત્યાં પહોંચી ગયા. બંધુઓ ! એક રસેન્દ્રિયના સ્વાદે આત્માની મસ્તીમાં ઝૂલતા સંતને ભિખારી બનાવી દીધા. શેઠને ત્યાં બધા માણસો જમી રહ્યા પછી જે કંઈ વધ્યું હતું તે ભિખારીઓને વહેંચતા હતા. શેઠના આંગણામાં ભિખારાનું મોટું ટોળું ઉભું હતું. એમાં ભિખારીના વેશમાં આવેલા સંન્યાસી ભળી ગયા. બધા ભિખારીને આપતાં આપતાં સંન્યાસીનો વારો આવ્યો. સાંજ પડી જવાથી અંધારું થતા

આવ્યું હતું. તે જ વખતે શેઠ ફ્રાનસ લઈને કોઈ કામે બહાર આવ્યા. ભિખારીના વેશમાં રહેલા સંન્યાસીના મનમાં થયું કે શેઠ મને ઓળખી જશે. એ બીકે સંન્યાસી જરા પાછા હઠ્યા. તો જમણવારના એઠવાડનું પાણી ભરવા માટે એક મોટો ખાડો બનાવ્યો હતો તેમાં આ સંત પડી ગયા. એટલે અવાજ થયો. બધાના મનમાં થયું કે કોઇ પડી ગયું તેથી બધા દોડ્યા, અને ભિખારીને એંઠવાડનાં પાણીમાંથી બહાર કાઢયો.

સંતને આવેલી લજ્જા : એનું મોઢું જોઈને શેઠ પારખી ગયા ને બોલ્યા ગુરુદેવ ! આપ અત્યારે અહીં કયાંથી ? મારા ધનભાગ્ય કે આપ અહીં પધાર્યા. આપે મને કહેવડાવ્યું હોત તો હું ભારે ઠાઠમાઠથી સ્વાગત કરીને આપને લઈ આવત. આ સાંભળીને સંત તો શરમાઈ ગયા ને ભાન થઈ ગયું કે એક રસેન્દ્રિયના સ્વાદ ખાતર મીઠાઇના ટુકડા માટે મારી આ દશા થઇ. મને સંતમાંથી ભિખારી બનાવ્યો. સંતે બધાની સમક્ષમાં શેઠને કહ્યું " આ જીભે જ મારી આવી માઠી દશા કરી છે." મીઠાઇના ટુકડાએ તો મારા સંયમના ટુકડા કરી નાખ્યા. આટલા માટે અનુભવીઓ પણ કહે છે કે **"જીભ જીતી તેણે જગ જીત્યું,"** તમે બધા જીભને જીતજો. જીભને નહિ જીતો તો આવી દશા થશે. જીભના સ્વાદ માટે આત્મમસ્તીમાં મસ્ત રહેનારા મને ભિખારીનો વેશ પહેરાવ્યો, અને આ એંઠવાડની ખાઈમાં પટકયો. સંત તો પાછા ઠેકાણે આવી ગયા ને પોતાના સ્થાને ચાલ્યા ગયા.

બંધુઓ ! તમે સાંભળ્યું ને કે રહેજ સ્વાદ કરવા ગયા તો કેવી દશા થઇ ! તો જે પાંચે પાંચ ઈન્દ્રિયના વિષયોમાં ભાન ભૂલે છે તેની કેવી દશા થશે ? આવું સાંભળીને પણ તમે વિષયોને છોડો. તમે ભોગનો ત્યાગ કરશો તો તમારા સંતાનોમાં સારા સંસ્કારો આવશે. માથે કાળા વાળ ફીટીને ધોળા થયા, દીકરા દીકરીઓ મોટા થયા, મુખ ઉપર ઘડપણ દેખાવા લાગ્યું છે છતાં એવો વિચાર થાય છે કે અમે આ સંસારમાં પડીને મોટી ભૂલ કરી છે ? આ સંસારમાં પડવાની ભૂલ ન કરી હોત તો કેટલો બધો સમય મને ધર્મકરણી કરવા માટે મળત ! સંસાર ત્યાગીને જે સાધુ બન્યા હોત તો એક પણ પાપ ન કરવું પડત. અમે તો ભૂલ કરી પણ અમારા સંતાનોને આવી ભૂલ ન કરવા માટે સાચી સલાહ આપીએ. તમે કદી તમારા સંતાનોને સાચી સલાહ આપો છો ખરા કે દીકરાઓ, દીકરીઓ ! અમે તો સંસારમાં પડીને પસ્તાયા છીએ, પાપના પાતાળકુવામાં પડયા છીએ, વિષયોની ગંદી ગટરમાં આળોટીએ છીએ પણ તમે સંસારમાં પડતા નહિ. સંસારમાં સાર નથી. સંસાર કેવળ દુઃખમય અને સ્વાર્થથી ભરેલો છે. સંસારમાં ડગલે ને પગલે પાપ કરવા પડે છે. મનુષ્યજન્મ અને જૈનધર્મનો આવો શ્રેષ્ઠ યોગ તમને અનંતકાળે મહાન પુણ્યના ઉદયથી મળ્યો છે. માટે તમે સંસારની માયાજાળમાં ફસાશો નહિ. સંસારની માયારૂપી મૃગજળની પાછળ પડવાથી કંઇ હાથમાં આવવાનું નથી. મહેનત માથે પડશે. ખાલી પાણી વલોવવાથી માખણ નીકળે ખરું ? આવી વૈરાગ્યભરી વાતો તમે તમારા સંતાનો

આગળ કરતા રહો, અને ભાર દઈને કહો કે માનવજીવન પામીને આદરવા લાયક તો એક ચારિત્ર જ છે, ચારિત્ર વિના સિદ્ધિ નથી. માટે તમે જો ચારિત્ર લઈ શકો તો બહુ આનંદની વાત છે. અમારી રાજીખુશીથી આજ્ઞા છે પણ જો ચારિત્ર ન લઈ શકો તો સાચા શ્રાવક તો અવશ્ય બનજો ને શાસનની સેવા કરજો.

કુંવરનો શોધમાં મિત્ર : આપણે નેમનાથ પ્રભુ અને રાજેમતીના આગલા ભવની વાત ચાલે છે. અપરાજિતકુમારને વૃક્ષ નીચે બેસાડીને પ્રધાનપુત્ર પાણી લેવા ગયો. પાણી લઈને પાછો આવ્યો ત્યારે કુંવરને જોયો નહિ તેથી કાળો કકળાંત કરવા લાગ્યો કે મારા કુંવરસાહેબનું શું થયું હશે? હજારોનું રક્ષણ કરનાર, એક હાકે શત્રુને ધ્રૂજાવનાર એવા મારા મિત્રને કોણ લઈ ગયું? એમ રડતો ને ઝુરતો જંગલ, પહાડ, નદી, નાળા વગેરે જગ્યાએ તપાસ કરતો કરતો ગામમાં આવ્યો. ત્યાં જે કોઈ મળે તેને પૂછે છે કે મારા અપરાજિતકુમારને જોયા? પણ કોઈએ સમાચાર ન આપ્યા ત્યારે નિરાશ થઈને એક ગામથી બીજે ગામ ફરતો ફરતો નંદીપુર નામના નગરમાં આવ્યો. પૂર્વના ઋણાનુબંધ સંબંધો કેવા છે? મંત્રીપુત્ર વિમલબોધકુમાર અપરાજિતકુમારની પાછળ ભેખ લઈને ફરે છે, મિત્રના વિયોગમાં ખાવું, પીવું બધુ છોડી દીધું છે. બસ એક અપરાજિતકુમાર.... અપરાજિતકુમારનું રટણ કર્યા કરે છે. નંદીપુર નગરની ગલીએ ગલીએ ઘૂમી વળ્યો પણ ત્યાંય કુમારના સમાચાર ન મળ્યા એટલે નિરાશ થઈને ગામ બહાર બગીચામાં જઈને બેઠો ને વિચાર કરવા લાગ્યો કે હવે મારે શું કરવું? કયાં જવું? આટલા દિવસથી તપાસ કરું છું પણ કયાંય કુમારનો પત્તો મળતો નથી. હવે હું આપઘાત કરીને મરી જાઉં? એમ અનેક પ્રકારના વિચારો કરી રહ્યો છે.

બે વિદ્યાધરે એ મંત્રીપુત્રને કરેલી પૃચ્છા : બે વિદ્યાધરો મંત્રીપુત્રની પાસે આવ્યા. મંત્રીપુત્ર તેમને પૂછવા જાય છે ત્યાં તેમણે સામેથી પૂછયું–ભાઈ! તમે કોઈ પરદેશી લાગો છો ને કોઈ ઉંડી ચિંતામાં ઘેરાયેલા હોય તેમ લાગે છે. મંત્રીપુત્રે કહ્યું ભાઈ! તમારું અનુમાન સાચું છે. મારો મિત્ર અપરાજિતકુમાર ઘણા દિવસથી ગુમ થયો છે. તેને શોધું છું પણ કયાંય તેનો પત્તો લાગતો નથી. તમે એને કયાંય જોયો છે ખરો? વિદ્યાધરોએ કહ્યું હા, અમે તેને જોયો છે. ત્યારે મંત્રીપુત્ર હર્ષઘેલો બનીને કહે છે ભાઈ! કયાં છે એ મારો વહાલો મિત્ર? મને જલ્દી બતાવોને એટલે વિદ્યાધરો કહે અમે બતાવીએ તો ખરા પણ એક શરત કબૂલ છે? શું તમારી શરત છે? કંઈ બે પાંચ લાખ રૂપિયા લેવાના છે? અત્યારે બાળકોને ઉપાડી જનારા એના મા-બાપ પાસે દશ લાખ, પંદર લાખ રૂપિયા માંગે છે ને? એ સમયમાં આવું કંઈ ન હતું. વિદ્યાધરો કહે છે–અમારે તમારી પાસેથી કંઈ જોઈતું નથી પણ અમારા રાજાની બે રાજકુમારીઓ સાથે તમારા કુમારના લગ્ન કરાવી દેવાના છે. એ શરત મંજુર છે? મંત્રીપુત્રે કહ્યું–ભલા! તમારા રાજાની કુંવરીઓને પરણાવવા માટે મારા મિત્રને ગુમ કર્યો? બોલો તો ખરા કયાં છે?

વિદ્યાધરોએ કહ્યું ભાઇ! અમે જ તમારા મિત્ર અપરાજિતકુમારનું હરણ કર્યું છે. તમે અને રાજકુમાર જે જંગલમાં આવ્યા હતા ત્યાં જ અમારા વિદ્યાધરોના રાજા ભુવનભાનુ રહે છે. તેમણે જંગલમાં મહેલ બનાવ્યો છે. તેમને કમલિની અને કુમુદિની નામે બે પુત્રીઓ છે. તેમને કોઈ જ્ઞાનીએ કહ્યું હતું કે આ બે કુંવરીનો પતિ અપરાજિતકુમાર થશે. હવે તે બંને મોટી થઈ છે એટલે રાજાની આજ્ઞાથી અમે અપરાજિતકુમારની ઘણા વખતથી શોધ કરતા હતા ત્યાં અમે તમને જંગલમાં જોયા. તમે બંને વાતચીત કરતા હતા તે ઉપરથી અમે જાણ્યું કે આ અપરાજિતકુમાર છે, પણ તમે બંને સાથે હતા એટલે અમે લાગ શોધતા હતા. એટલામાં કુંવરને તરસ લાગી અને તમે પાણી શોધવા માટે ગયા. એ તકનો લાભ લઈને અમે કુમારને ઉઠાવી ગયા ને અમારા ભુવનભાનુ રાજા પાસે હાજર કર્યા. અમારા મહારાજાએ તેમનો ખૂબ આદરસત્કાર કર્યો, અને બંને કુમારીઓ સાથે લગ્ન કરવાનું કહ્યું પણ એ તો કંઇ બોલતા નથી. ઉદાસ થઈ ગયા છે. એ તમને યાદ કરે છે. બીજું કંઇ કહેતા નથી. તેથી અમે તમને શોધવા આવ્યા છીએ. હવે કુમારીઓની સાથે લગ્ન કરવા માટે કુમારને તમારે સમજાવવાના. એ નક્કી છે ને? પ્રધાનપુત્રે કહ્યું–એ કામ મારું, પણ મને જલ્દી ત્યાં લઇ જાવ, એટલે વિદ્યાધરો ભુવનભાનુ રાજાના મહેલમાં મંત્રી પુત્રને લાવ્યા.

બંને મિત્રનું મિલન થતાં આવેલાં હર્ષનાં આંસુ : મંત્રીપુત્રને આવતો જોઇ કુમાર તેની સામે ગયોને તેને ભેટી પડયો. બંનેની આંખમાં હર્ષના આંસુ આવ્યા. બંને એકાંતમાં મળ્યા. એકબીજાના ખબર પૂછયા, પછી મંત્રીપુત્રે કુમારને બંને કુમારીઓ સાથે લગ્ન કરવાની વાત કરી. કુંવરે કહ્યું– ભાઇ! આપણે જંગલોમાં ફરવું ને જ્યાં જઇએ ત્યાં આ શી લપ? હું તો કેટલી કન્યાઓને પરણું? ત્યારે મંત્રીપુત્રે કહ્યું–એમને કોઇ જ્યોતિષીએ કહ્યું છે કે અપરાજિતકુમાર એમનો પતિ થશે. એટલે અપરાજિતકુમારે હા પાડી. તેથી ત્યાં તેના બંને કન્યાઓ સાથે લગ્ન થયા. થોડા દિવસ ત્યાં રહ્યા પછી પહેલાની માફક નક્કી કરીને રાત્રે છાનામાના ત્યાંથી પરદેશ જવા માટે નીકળી ગયા. ત્યાંથી ચાલતાં ચાલતાં તે બંને કુમારો શ્રીમંદિરપુર નગરમાં આવ્યા.

રાજકુમારે કરેલી પૃચ્છા :–નગરમાં પ્રવેશ કર્યો તો ચારે બાજુ ઉદાસીનતા છવાયેલી છે. નગરના લોકો આમથી તેમ દોડી રહ્યા છે. કોઈના મુખ ઉપર આનંદ દેખાતો નથી. આખી નગરીમાં હાહાકાર મચી ગયો છે. આનું કારણ શું હશે? તે વિચાર કરતાં બંને કુમારો આગળ જાય છે. ત્યાં એક કામલતા નામની ગણિકા ગાડીમાં બેસીને જઇ રહી છે, તેને પૂછયું બહેન! આ નગરીમાં આટલો બધો શોરબકોર કેમ મચી રહ્યો છે? આ બધા લોકો શા માટે રડે છે? ગણિકા કહે તમે પરદેશી લાગો છો. કયાંથી આવો છો? ત્યારે બંને કુમારો કહે છે એ વાત જવા દો, પણ આ નગરીમાં શું છે? તે અમને

જલ્દી કહો. એટલે કહે છે ભાઈ વાત એમ બની છે કે અમારા રાજાને કોઈએ છળકપટથી છરી મારી છે. કોણે મારી તેની ખૂબ તપાસ કરી પણ પકડાતો નથી ને રાજા તો બેભાન થઈને પડયા છે. બીજી વાત એ છે કે રાજાને પુત્ર નથી. રંભા નામની એક પુત્રી છે, અને રાજા ભાનમાં આવતા નથી તેથી આખી નગરીમાં શોક છવાઈ ગયો છે, ત્યારે બંને કુમારો કહે છે શું આટલી મોટી નગરીમાં કોઈ હોંશિયાર વદ્ય નથી કે રાજાનો ઘા રૂઝવીને બચાવી શકે? કામલતાએ કહ્યું–વૈદો તો ઘણાં છે પણ બધા નિષ્ફળ ગયા. તમે અમારા રાજાને મટાડી શકો તેમ છો. કુમારો કહે–હા. તો મારી સાથે ચાલો. હવે ગણિકાની સાથે બંને કુમારો જશે ને શું બનશે તેના ભાવ અવસરે. થોડી વાર ચરિત્ર લઈએ.

ચરિત્ર :– "જિનસેનાને આનંદ ને રત્નવતીને ઉદાસીનતા" :– જયમંગલ રાજા રત્નવતીને પરણીને આવ્યા છે તેથી સારી નગરીમાં આનંદ આનંદ છવાઈ ગયો. જિનસેના પટરાણીને પણ ખૂબ આનંદ થયો. આ રાણી ખૂબ ધર્મિષ્ઠ અને સંસ્કારી હતી. એટલે એના મનમાં એમ ન થયું કે મારે શોકય કયાંથી આવી? બાકી સ્ત્રીઓને એવું સ્વપ્ન આવે કે એનો પતિ બીજી સ્ત્રી પરણ્યો તો પણ એને ન ગમે. સ્ત્રીઓને સ્વપ્નમાં પણ શોકય જોવી ગમતી નથી. અહીં તો જિનસેનાને આનંદ થયો. એના મનમાં એવા ભાવ આવ્યા કે મારી નાની બહેન આવી છે. એ રાજાની સેવા કરશે, રાજા પાસે રહેશે એટલો સમય મને ધર્મારાધના કરવાનો વધુ મળશે. એમ હરખાતી હરખાતી આવીને તેને વળગી પડી પણ રત્નવતી તો અભિમાનનું પૂતળું છે. નહિતર વ્યવહારિક દૃષ્ટિએ તો નાની રાણીએ મોટી રાણીને પગે લાગવું જોઈએ પણ આ તો જિનસેનાને પગે પણ લાગી નહિ અને પ્રેમથી બોલાવે છે છતાં તેના સામું પણ જોતી નથી. કારણ કે એને તો જ્યાં રાણીને જોઈ ત્યાં છાતીમાં તીરની જેમ શોકયનું સાલ ખટકયું પણ હવે પરણીને આવી છે એટલે શું કરે? હજુ નવી પરણીને આવી છે એટલે કંઈ બોલી શકતી નથી પણ આવતાવેંત એનું મન ઉદાસ બની ગયું.

પહેલે દિવસે રત્નવતી જિનસેના સાથે ન બોલી કે પગે પણ ન લાગી ત્યારે જિનસેનાના મનમાં થયું કે હજુ નવી છે ને નાની છે એટલે મારાથી શરમાય છે. પછી વાંધો નહિ આવે. એટલે જિનસેના બીજે દિવસે રત્નવતીને કહે છે–બહેન! આવ. તું મારી પાસે બેસ. આપણે પ્રેમથી વાતો કરીએ. તું મારાથી બિલકુલ સંકોચ ન રાખીશ. આપણે બંને સગી બહેનો છીએ. એમ કહીને પાસે ગઈ તો પણ રત્નવતી ઉંચું જોતી નથી. છતાં જિનસેનાના દિલમાં એમ થાય છે કે એને હજુ મારી શરમ આવે છે. બંધુઓ! જેના દિલમાં જેવું હોય છે તેવું તેને જગત દેખાય છે. જિનસેનાનું દિલ વિશાળ છે, એના નયનોમાં નેહ છે અને હૈયામાં સ્નેહની સરવાણી છે ત્યારે રત્નવતીનું દિલ સંકુચિત

છે. એની આંખોમાં ઝેર ભર્યું છે ને હૈયું ઈર્ષ્યાની આગથી જલી રહ્યું છે કે હું આવી રૂપાળી ને બુદ્ધિવાન અને મારે માથે આ જીવતી ને જાગતી શોકચ ! એ મને કેમ પોષાય ! આમ કરતાં ઘણા દિવસો વીત્યા. જિનસેના રત્નવતીને વારંવાર બોલાવે છે પણ એ બોલતી નથી ને કોઈ વાર બોલે તો એની ભાષામાં અભિમાન જ ભર્યું હોય !

જિનસેના વિચાર કરવા લાગી કે હું રત્નવતીને આટલા પ્રેમથી બોલાવું છું પણ એ મારી સાથે બોલતી નથી ને બોલે તો ગર્વથી બોલે છે ને વાતવાતમાં ઝઘડા કરે છે. હશે, એને જેમ ગમે તેમ ભલે કરતી. એ એના ભાવે ને હું મારા ભાવે. જિનસેના તો મનમાં બિલકુલ દુઃખ લગાડતી નથી. એનું ભલું ઈચ્છે છે ત્યારે રત્નવતી દિલમાં શું વિચારે છે ?

રત્નવતી મનમાંહિ સોચે, દિલાઉં પાત સે ઘોંસ,
ફિર પટરાની કા પદ છીનું, યહ મેરે મનકી હોંશ, હો....શ્રોતા

ગમે તેમ કરીને આના ઉપરથી રાજાનો પ્રેમ ઉતરી જાય તેમ કરું. પછી એનું પટ્ટરાણીનું પદ હું છીનવી લઉં અને એની બૂરી દશા કરાવું, પછી જ મને શાંતિ થશે, ત્યાં સુધી મને શાંતિ નહિ વળે. બંધુઓ ! જુઓ, આ સંસાર કેવો છે ! કેવા કેવા ઈર્ષ્યા ને ઝેર ભર્યા છે ! એકનું મન કેટલું પવિત્ર છે ને બીજાનું મન કેટલું મલીન છે. જેને પોતાની સારી કે ખરાબ ઇચ્છા પૂર્ણ કરવી હોય છે તે તેના માટે રાત દિવસ પ્રયત્નશીલ રહે છે, તેમ રત્નવતી મીઠું મીઠું બોલીને રાજાનું મન તેના તરફ આકર્ષવા લાગી. જિનસેના કરતાં પણ અધિક પ્રેમ રાજાને બતાવવા લાગી. એટલે રાજાના મનમાં થઈ ગયું કે આ રત્નવતી કેટલી વિનયવંતી અને ગુણવંતી છે. જિનસેના કરતાં પણ એ વધુ હોંશિયાર છે. આવો પ્રેમ બતાવીને એણે રાજાનું ચિત્ત હરી લીધું. રાજા હવે રત્નવતીને જ જોવા લાગ્યા.

કપટજાળ બિછાવવાની તૈયારી કરતી રત્નવતી :- રત્નવતી મનમાં વિચાર કરવા લાગી કે હવે રાજા તો મારા હાથમાં છે. હું જેમ કહું તેમ કરવા તૈયાર છે. એટલે હવે જિનસેનાને બરાબર દુઃખી કરું. એ માટે શું યુક્તિ કરવી તે વિચાર કરવા લાગી. સમય જતાં બંને રાણી ગર્ભવતી થઈ. રત્નવતીને જિનસેનાને દુઃખિયારી બનાવવી હતી. તે માટે તેણે અગાઉથી ઉપાય શોધી રાખ્યો હતો. તે અવારનવાર જિનસેનાના મહેલે આવવા લાગી. રત્નવતીને પોતાના મહેલે આવતી દેખે ને જિનસેના ગાંડીઘેલી બની જાય. તે પ્રેમથી તેનું સ્વાગત કરીને પાસે બેસાડતી ને કહેતી બહેન ! હવે તને સંકોચ ઓછો થયો. તું આજે મારા મહેલે આવી તે મને બહુ ગમ્યું. હવે તું રોજ આવજે. આમ કહીને પોતાની પાસે જે અમૂલ્ય દાગીના, વસ્ત્રો હોય તેમાંથી એને જે ગમે તે દઈ દેતી

ને કહેતી બહેન! તું મારાથી બિલકુલ સંકોચ ન રાખીશ. તે આવી હર્ષઘેલી બની જતી પણ એને ખબર નથી કે આ સાચો પ્રેમ નથી પણ માયાજાળ છે. માછીમાર પાણીમાં લોટની ગોળીઓ નાંખે છે તે કંઈ માછલાની દયાથી નથી નાંખતો પણ માછલાને પકડવા માટે નાંખે છે. તેમ આ ભોળી રાણીને ખબર નથી કે રત્નવતીના પેટમાં શું દગો છે. કારણ કે ભલા માણસ બધાને પોતાના જેવા માને છે. "આપ ભલા તો જગ ભલા." રત્નવતી અવારનવાર જિનસેનાના મહેલે આવીને પ્રેમથી વાતો કરવા લાગી.

જિનસેના માને છે કે મારી બહેનને મારા પ્રત્યે કેટલો પ્રેમ છે! પણ એ એવી ભલી ને સરળ છે તેથી ખબર પડતી નથી કે આ શા માટે મારી પાસે આટલું બધું આવે છે. આજે તો ઘણી સખીઓ અને દાસીઓને લઈને આવી છે. એટલે જિનસેના, રત્નવતી, અને તેની સખીઓ બધા મહેલમાં બેઠા ને આનંદ વિનોદ કરતાં ધર્મની ચર્ચા શરૂ કરી. જિનસેના તો ધર્મની જાણકાર છે પણ રત્નવતીને ધર્મનું જ્ઞાન નથી. એ ધર્મ-કર્મ, પુણ્ય-પાપ, જીવ-અજીવ કંઈ જ સમજતી નથી. એ તો એના રૂપના અભિમાનથી ફુલાતી ને વિચાર કરતી કે હું હવે તો રાજાની માનીતી છું. મારે કોઈની શી પડી છે! એમ અભિમાનથી અક્કડ થઈને આવી છે. હવે જિનસેનાની સાથે કેવી રીતે ધર્મચર્ચા કરશે ને રાણીને કપટ કરીને કેવી રીતે ફસાવશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૨૭

શ્રાવણ સુદ ૯ ને શનિવાર **તા. ૧૨-૮-૭૮**

"શાંતિ ક્યાં? સ્વમાં કે પરમાં?"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની, સર્વજ્ઞ ભગવંતોએ જગતના જીવોને અશાંતિની આગમાંથી શાંતિના સદનમાં લાવવા માટે સિદ્ધાંતરૂપ વાણીનું પ્રતિપાદન કરેલું છે. તીર્થંકર પ્રભુના મુખકમળમાંથી ઝરેલી વાણી તેનું નામ સિદ્ધાંત. જે સિદ્ધાંતની વાણીના સહારે અનંત જીવો સંસાર સમુદ્રને તરીને શાશ્વત શાંતિના સદનમાં (મોક્ષમાં) બિરાજી ગયા છે, એવી પ્રભુની વાણી સાંભળવા જેવી છે, અને સાંભળીને આચરણમાં ઉતારવા જેવી છે, પણ ભૌતિક સુખના અનુરાગી જીવોને એમ લાગે છે કે લક્ષ્મી કમાઈ લે તિજોરી ભરી લેવા જેવી છે. લક્ષ્મીથી જીવને સાચી શાંતિ મળે છે. આવું માનનારની માન્યતા તદ્દન ભૂલ ભરેલી છે. કારણ કે અનાર્ય દેશોમાં પણ લક્ષ્મી તો છલોછલ છે. છતાં ત્યાંના લોકોને શાંતિ મળતી નથી. આજે પશ્ચિમના ધનાઢ્ય ગણાતા દેશો પણ અશાંતિની આગમાં સળગી રહ્યા છે.

તમે એમ ન માનતા કે ધનના ઢગલા આપીને શાંતિ ખરીદી શકાય છે. રૂપરમણીઓની સાથે સુખ ભોગવવાથી શાંતિ મળે છે. મોટા એરકંડીશન રૂમ વાળા બંગલા, ગાડી, ટી.વી.,

ફ્રીજ વિગેરેમાં શાંતિ છે. રસદાર ટેસ્ટફુલ ખાનપાનમાં શાંતિ ભરેલી છે. વિશાળ કુટુંબ પરિવારમાં શાંતિ છે કે સત્તાની ખુરશીમાં શાંતિ છે. આ કોઇમાં શાંતિ નથી, ત્યારે તમને થશે કે શાંતિ કયાં છે? અમારે શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરવી? અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતોએ આખા જગતના સ્વભાવનું સ્વરૂપ નિહાળીને જગતવર્તી જીવોના કલ્યાણ માટે શાંતિનું સાચું સ્વરૂપ અને સાચી શાંતિ પ્રાપ્ત કરવા માટેના ઉપાયો આગમમાં બતાવેલા છે, પણ તે જોવાનો તમને ટાઇમ કયાં છે? આત્માનું અસલી સ્વરૂપ શાંતિમય છે એટલે શાંતિ એ આત્માનો ગુણ છે, અને જેનો ગુણ હોય તેનામાં જ રહે. તે શાંતિને રહેવાનું પવિત્ર મંદિર હોય તો તે આત્મા છે. આત્મા સિવાય બીજે કયાંય જડ પદાર્થોમાં શાંતિ મળતી નથી. એ શાંતિદેવી કહે છે કે જેને મારી જરૂર હોય તે મારા પવિત્ર આત્મમંદિરમાં આવો, અને મારી શ્રદ્ધાપૂર્વક ઉપાસના કરો તો હું ઉપાસક ઉપર પ્રસન્ન થાઉં. બાકી જે અજ્ઞાની જીવો આત્મમંદિરને છોડીને બહાર જડ પદાર્થોમાં મારી શોધ કરશે તેને હું મળવાની નથી.

તમે ઉંડાણથી વિચાર કરશો તો સમજાશે કે જેને ત્યાં ધનના ઢગલા છે, સુંદર સ્ત્રી, પુત્ર પરિવાર છે, સમાજમાં જેનું ઘણું માન છે એવા માનવીઓના મનમાં પણ શાંત હોતી નથી, એનું મન સદા ઉદ્વિગ્ન રહ્યા કરે છે, રાત્રે ઉંઘ આવતી નથી; એને કયાંય ચેન પડતું નથી. ચિંતારૂપી ચિતા એના હૃદયને સતત બાળ્યા કરે છે અને એનું અસ્વસ્થ મન હડકાયા કુતરાની જેમ અહીંથી ત્યાં ભમ્યા કરે છે. અહીં ધર્મસ્થાનકમાં આવીને વીતરાગ વાણી સાંભળવા બેઠા તો પણ મન તો સંસારની મોહમાયામાં ચાલ્યું જાય છે. નવકાર મંત્રનો જાપ કરવા બેસે તો પણ મન સ્થિર નથી રહેતું. આ બધી અશાંતિનું મૂળ કારણ શું છે? તેનો તમે કદી એકાંતમાં બેસીને વિચાર કર્યો છે ખરો? શાંતિ આપણા ઘરની ચીજ છે. આપણા ઘરની ચીજ આપણને ન મળે એ કેમ બને? આજ સુધી જીવે જગતના રાહે ચાલી જડ પદાર્થોમાં શાંતિની શોધ કરી છે. તો શાંતિ કયાંથી મળે? હવે જો સાચી શાંતિ જોઈતી હોય તો જગતના રાહે નહિ પણ જિનેશ્વર દેવના રાહે ચાલી આત્મામાં શાંતિની ખોજ કરો. અવશ્ય શાંતિ મળશે. ગીતામાં પણ કહ્યું છે કે—

विहाय कामान् यः सर्वान्, पुमाँश्चरति निःस्पृहः।
निर्ममो निरहंकारः, स शांतिमधिगच्छति॥

જે વ્યક્તિ શબ્દાદિ સમસ્ત વિષયોનો ત્યાગ કરીને નિસ્પૃહ રહે છે તથા મમત્વ અને અહંકાર રહિત છે તે શાંતિને પ્રાપ્ત કરી શકે છે. શાંતિ એ જ સુખનું સર્વથી સુંદર સ્વરૂપ છે. માટે જો સાચી શાંતિ જોઈતી હોય તો શબ્દાદિ વિષયોનો ત્યાગ કરી મમત્વ અને અહંકારને જીવનમાંથી દૂર ફગાવીને આત્માને પવિત્ર બનાવો અને બને તેટલું સત્શાસ્ત્રોનું વાંચન, મનન અને શ્રવણ કરો.

આપણે નેમનાથના પૂર્વભવનું વર્ણન ચાલે છે. અપરાજિત કુમાર અને પ્રધાનપુત્ર વિમલબોધકુમાર બંને જણા ઘોડા ખેલવવા માટે નીકળ્યા અને કયાંના કયાં નીકળી ગયા. એમના માતાપિતા તો તેમના વિયોગે ઝૂરે છે, કલ્પાંત કરે છે પણ આ બંને મિત્રો તો આનંદથી રહે છે. ઘરથી તો એકલા જ નીકળ્યા હતા પણ એમના પુણ્ય પ્રબળ છે એટલે જ્યાં જાય છે ત્યાં કાંઇ ને કાંઈ પરાક્રમ કરે છે. એ પરાક્રમથી પ્રભાવિત બનીને રાજાઓ તેમનો ખૂબ આદર સત્કાર કરે છે ને પોતાની કન્યાઓ રાજકુમારને પરણાવે છે. બંને મિત્રોની જોડી જામી છે. એક બીજાના સુખ-દુઃખમાં એ ભાગીદાર બને છે. એમની પ્રીતિ ક્ષીરનીર જેવી હતી. એમ નહિ કે સુખમાં સાથે રહેવું ને દુઃખમાં દૂર ભાગી જવું. જુઓ, અપરાજિત કુમાર ગુમ થયો ત્યારે પ્રધાનપુત્રે તેની કેટલી તપાસ કરી ને કેટલું ઝૂર્યો અને કુમાર મળતાં તેને કેટલો બધો આનંદ થયો. આ બધો પૂર્વનો ઋણાનુબંધ સબંધ બતાવે છે. આપણને એમ થાય કે અમુક વ્યક્તિઓને એકબીજા પ્રત્યે કેટલો પ્રેમ છે ! એકબીજાના સુખ-દુઃખમાં કેટલો ભાગ લે છે પણ એનું મૂળ કારણ પૂર્વે જીવોએ એવા કર્મો સાથે બાંધ્યા હોય એટલે એમના સુખ-દુઃખમાં એને ભાગીદાર બનવું પડે.

અંજના સતી સો ભાઇની લાડીલી એક જ બહેન હતી. એને પરણાવીને સાસરે મોકલી ત્યારે માતા-પિતાએ સો સો દાસીઓ સાથે આપી હતી, પણ અંજના પરણીને સાસરે ગઇ પછી એના ગાઢ કર્મનો ઉદય થયો એટલે પવનજીએ પરણ્યા પછી એના સામું જોયું નહિ. સ્ત્રીઓને સાસુ ગમે તેવી વઢકણી હોય, દેરાણી-જેઠાણી કે નણંદનો ત્રાસ હોય પણ જો પતિનું સુખ હોય તો બધું દુઃખ ગૌણ બની જાય છે, પણ સાસુ-સસરા-નણંદ-દેરાણી-જેઠાણી બધા સારી રીતે સાચવતાં હોય પણ જો એના પતિનું એને સુખ ન હોય, પતિએ તજી દીધેલી હોય તો એને મન એ સુખ સુખ નથી લાગતું. પતિના સુખ વિના બધું સુખ નિરસ લાગે છે. એક પતિના તજવાથી બધા એને હડધૂત કરે છે. અંજના સતીના જીવનમાં પણ આવું જ બન્યું. પવનજીએ એને ન બોલાવી ત્યારે બધા એની તરફ ઘૃણાની દૃષ્ટિએ જોવા લાગ્યા. પોતાના પિયરની સો સો દાસીઓ પણ ધીમે ધીમે તેને છોડીને ચાલી ગઈ. બધા ગયા પણ એક વસંતમાલા એની સાથે જ રહી. સાસુ-સસરાએ અંજનાને કલંક ચઢાવી દેશનિકાલ કર્યો. એ અંજના પિયર ગઇ તો ત્યાં પણ કોઇએ તેને આશ્રય ન આપ્યો, ત્યારે જંગલમાં ગઇ. વગડામાં ભયંકર દુઃખો વેઠયા છતાં વસંતમાલાએ તેનો સાથ ન છોડયો, એના સુખ-દુઃખમાં સાથી બનીને રહી. આ કેમ બન્યું ? એની સાથે પૂર્વનો ઋણાનુબંધ સબંધ હતો. એટલે એ છૂટી પડી નહિ.

દેવાનુપ્રિયો ! જીવના કરેલા કર્મો ઉદયમાં આવે છે ત્યારે દુઃખના ડુંગરા એના પર

આવી પડે છે પણ જે જીવોને ધર્મની શ્રદ્ધા છે તે દુઃખને પણ હસતા મુખે વેઠી લે છે ને દુઃખમાં પણ શાંતિ અનુભવે છે, પણ હાયવોય કરતા નથી....એક નગરશેઠના ઘરમાં સાત સાત પેઢીથી તેમના કુટુંબમાં પુણ્યનો સૂર્ય પ્રકાશિત હતો. ઘરમાં લક્ષ્મીનો પાર નથી. ચાર પુત્રો, ચાર પુત્રવધૂઓ, શેઠ અને શેઠાણી એ દશ માણસનું કુટુંબ ખૂબ આનંદપૂર્વક રહેતું હતું. આ શેઠ કોડાધિપતિ હતા. રાજાએ એમને નગરશેઠની પદવી આપી હતી. સુખના ભંડાર છલકાતા હતા. સાથે શેઠને ધર્મની શ્રદ્ધા પણ ખૂબ હતી. શેઠ શ્રાવકનો શુદ્ધ ધર્મ પાળતાં હતાં. દરરોજ સામાયિક પ્રતિક્રમણ કરવા, સંતોના દર્શન કરવા, જિનવાણી સાંભળવી. કંદમૂળનો ત્યાગ, રાત્રી ભોજનનો ત્યાગ, સુપાત્ર દાન દેવું, ગરીબો ઉપર અનુકંપા કરી તેમને મદદ કરવી, શાસન પ્રભાવનાના કાર્યોમાં લક્ષ્મીનો સદ્વ્યય કરવો વિગેરે શેઠને ઘણાં ઘણ નિયમો હતા. સંસારમાં રહેવા છતાં દરરોજ એકાંતમાં બેસીને એવું ચિંતન કરતા કે "**આ સંસાર દુઃખરૂપ છે, દુઃખફલક છે અને દુઃખાનુબંધી છે. લક્ષ્મી અનિત્ય છે. શરીર અનિત્ય છે. હું સંસાર ત્યાગીને સાધુ કયારે બનીશ ?**" સંસારમાં વસવા છતાં આ સંસારથી અલિપ્ત ભાવે રહેતા હતા.

બંધુઓ ! શેઠ સંસારમાં રહેતા હતા ને તમે પણ સંસારમાં રહો છો. તમારા જીવનમાં આવા નિયમો છે ? તમે દરરોજ આવું ચિંતન કરો છો ખરા ? તમને આવું બધું કરવાનું કહીએ તો કહેશો કે અમને તો ટાઈમ જ કયાં છે ? તો શું આ શેઠ કંઈ નવરા હતા ? (હસાહસ). વહેપાર અને વ્યવહાર બધું સંભાળતાં હતાં. તમારામાં ને એમનામાં શું ફરક છે ? આજના શ્રીમંતો મોટા ભાગે પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા હોવાથી એમને ધર્મ ગમતો નથી. ધર્મ કરવાનો ટાઈમ નથી. આજે તો પૈસા આવે એટલે સંસાર સુખના સોનેરી સ્વપ્ના સેવે છે ને પોતાને પૈસાથી મહાન માને છે. કહ્યું છે ને કે—

હો કોઈ પાસે પૈસા ઝાઝા, માને એ પોતાને દુનિયાનો રાજા,
પૈસો સઘળા સુખને લાવે, દુઃખ કદીયે ના આવે,
કોઈ માને ભલે....બાકી ખોટો બધો ખેલ છે....

માણસ લાખોપતિમાંથી કરોડપતિ બને એટલે માને કે હું મોટો રાજા બની ગયો. એના અભિમાનનો પાર ન રહે પણ જ્ઞાની કહે છે કે તું એમાં શું મગરૂરી રાખે છે. આ તો જાદુગરના ખેલ જેવો સંસાર છે. માટે સમજીને સંસારથી અલિપ્ત બનો.

આ શેઠ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા હતા. એટલે આટલા બધા સુખો અને વૈભવો હોવા છતાં એમને આસક્તિ ન હતી. અનાસક્ત ભાવે રહેતા હતા. આવા શ્રીમંતોનું ભાગ્ય એમનો સંસાર સંભાળે અને એ પોતે પોતાના આત્માને, દેવ-ગુરૂ અને ધર્મને સંભાળે. આવા પુણ્યાત્માઓને લક્ષ્મીનું અભિમાન હોતું નથી. મહાન પુણ્યના ઉદયમાં પણ તેમની બુદ્ધિ નિર્મળ રહે છે. ધર્મના પવિત્ર કાર્યો કરવાનું એમને મન થાય છે.

આજે તો એનાથી ઉલ્ટી ગંગા વહી રહી છે. કેમ બરાબર છે ને ઉમરશીભાઇ ! તમારે ઘેર એવું નથી. બાકી મોટા ભાગે પૈસા વધે, મોટર આવે, એકાદ મીલ કે ફેકટરી બોલે કે મોટી દુકાન કરે, એટલે ઉંચ શ્રયમાં આવવાના જ પચ્ચખાણ કરી દે. (હસાહસ) જે માણસ ધર્મના નિયમોને તિલાંજલી આપી દે, પૈસો નહોતો ત્યારે કંદમૂળ નહોતો ખાતો તે પૈસો આવતાં કંદમૂળ ખાતા શીખ્યો, રાત્રિભોજન કરવા લાગ્યો, પહેલાં સંતોના દર્શન કરવા જતો, વ્યાખ્યાન વાણી સાંભળતો તે બધું જ પૈસો આવતા છોડી દીધું. આ પાપાનુબંધી પુણ્યથી લક્ષ્મી મળી એનો પ્રતાપ છે.

આ શેઠ તો પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા હતાં. એટલે એમને મન ધન કરતાં ધર્મની કિંમત વધારે હતી. જિનેશ્વરદેવના વચન ઉપર અતૂટ શ્રદ્ધા હતી. એક રાત્રે શેઠ પોતાના શયનગૃહમાં સુતા હતા. મધરાત થઈ ત્યાં સોળ શણગાર સજેલી સુંદર, તેજ તેજના અંબાર જેવી એક દિવ્ય સુંદરીએ ઝાંઝરના ઝણકાર સાથે રૂમઝુમ કરતી શેઠના શયનગૃહમાં પ્રવેશ કર્યો. શેઠના શયનગૃહમાં પ્રકાશ પ્રકાશ ફેલાઇ ગયો. એટલે શેઠ એકદમ બેબાકળા જાગી ગયા. જુએ છે તો પોતાની સામે રૂપરૂપના અંબાર સમી એક યુવાન સ્ત્રી ઉભેલી છે. શેઠ ક્ષણભર તો વિચારમાં પડી ગયા કે આ સ્ત્રી કોણ હશે ? અને મધરાતે મારા શયનગૃહમાં શા માટે આવી હશે ? શેઠે પૂછ્યું–હે સ્ત્રી ! તું કોણ છે અને અત્યારે મારા શયનગૃહમાં શા માટે આવી છે ? અત્યારે રાત્રિના સમયે પરસ્ત્રીએ મારા મહેલમાં અવાય જ કેમ ? બહેન ! તું જે હોય તે ભલે હોય. હું પરસ્ત્રીનો ત્યાગી શીયળવંતો શ્રાવક છું. તું જલ્દી ચાલી જા, ત્યારે સામે ઉભેલી સ્ત્રીએ કહ્યું. શેઠ ! હું કોઈ સામાન્ય સ્ત્રી નથી. હું લક્ષ્મીદેવી છું અને તમને એક અગત્યનો સંદેશો પાઠવવા માટે આવી છું. શેઠે કહ્યું તમારે જે કહેવું હોય તે જલ્દી કહીને અહીંથી રસ્તે પડો.

લક્ષ્મીદેવીએ આપેલો સંદેશો :–દેવાનુપ્રિયો ! શેઠને ઘેર લક્ષ્મીજી હાલીચાલીને પધાર્યા છે. એ શું કહેવા માટે આવ્યા છે તે વાત તો પછી પણ કદાચ તમારે ત્યાં આવી રીતે લક્ષ્મીજી પધારે તો તમે શું કરો ? બોલો તો ખરા મૂળચંદભાઇ ! નગીનભાઈ ! તમે લક્ષ્મીજીનું સ્વાગત કરો ને કે પધારો...પધારો....ભલે પધાર્યા....કહીને લક્ષ્મીનું પૂજન કરવા લાગો કે શેઠની જેમ કહો ? (હસાહસ) તમે શેઠની જેમ ન કહો કારણ કે તમને લક્ષ્મી પ્રાણ જેટલી વહાલી છે, ત્યારે શેઠને શીયળ વહાલું હતું. લક્ષ્મી જાય તો ભલે જાય પણ મારું શીયળ ન જવું જોઈએ. લક્ષ્મી કરતાં શીયળની કિંમત વધારે હતી. લક્ષ્મીદેવી શેઠને કહે છે કે શેઠ ! હું તમને એ કહેવા આવી છું કે સાત સાત પેઢીથી તમારા કુટુંબમાં પુણ્યનો ઝગમગતો સૂર્ય હતો તે અસ્ત થાય છે. હવે તમારા પાપકર્મનો ઉદય થવાનો છે એટલે હું તમારા ઘેરથી આજથી સાતમા દિવસે વિદાય થવાની છું. આટલું કહીને લક્ષ્મી દેવી અદ્રશ્ય થઈ ગયા. શેઠ કહે છે ભલે....સાક્ષાત્ લક્ષ્મીદેવી આવીને આવા સમાચાર

આપી જાય. છતાં શેઠને કંઈ અસર ન થઈ. જાણે કંઈ બન્યું જ નથી એમ માનીને શેઠ નિરાંતે સુઈ ગયા. હું તમને પૂછું છું કે તમને લક્ષ્મીદેવી આવું કહી જાય તો શું થાય? કહો તો ખરા મારા શ્રાવકો! આ સાંભળીને તમને તો પરસેવો વળી જાય ને છાતીમાં ફાળ પડી થાય હાય....હાય....મારી લક્ષ્મી ચાલી જશે? હું ગરીબ બની જઈશ? અરે....આ તો લક્ષ્મીદેવીએ કહ્યું કે હું જવાની છું. પણ કદાચ એવું સ્વપ્ન આવે કે વહેપારમાં મોટી ખોટ ગઈ. અગર તો કોઇ જ્યોતિષી એમ કહે કે ભાઇ! જરા સંભાળીને વહેપાર કરજો. બહુ મોટું સાહસ કરશો નહિ. છ મહિનામાં વહેપારમાં તમને મોટું નુકશાન થશે. ત્યાં જ તમારી છાતીના પાટીયા બેસી જાય ને? (હસાહસ) છાતીમાં ધડક ધડક થવા લાગે, ખાવાનું પણ ન ભાવે ને ઉંઘ પણ ન આવે ને કંઈક ધાંધલ મચી જાય.

આ શેઠ પણ શ્રાવક હતાં ને તમે પણ શ્રાવક જ છો ને? શેઠને સાતમે દિવસે બધી લક્ષ્મી ચાલી જવાની છે તે સાંભળીને બિલકુલ દુઃખ કે ચિંતા ન થઈ. કારણ કે તેમણે વીતરાગવાણી સાંભળીને અંતરમાં ઉતારી હતી. એટલે સમજતા હતાં કે લક્ષ્મી કેવી છે.

अभ्रच्छाया खलः प्रीति, सिद्धमन्नंच
किंचित्कालोप भोग्यानि, यौवनान धनानि च ॥

વાદળની છાયા, દુષ્ટોની પ્રીતિ, પકાવેલું (રાંધેલું) અન્ન, સ્ત્રી, યૌવન અને ધન એ છ ચીજોનો થોડો સમય જ ઉપભોગ કરી શકાય છે. એટલે કે એ બધું અસ્થિર છે. આ છ ચીજોમાં લક્ષ્મી પણ આવી ગઇને? લક્ષ્મી વહેલી કે મોડી એક દિવસ જવાની છે તેમાં અફસોસ શા માટે કરવો? ચંચળ સ્વભાવવાળી સ્ત્રી એકને પતિ તરીકે સ્વીકારતી નથી. એ તો જુદા જુદા પતિ કરતી ફરે છે, તેમ આ લક્ષ્મી પણ ચંચળ સ્વભાવવાળી છે. આજ સુધી તેના અનંતા પતિ થઈ ચૂકયા છે. એ કોઇની થઈ નથી ને થવાની પણ નથી. તો પછી એનો મોહ શા માટે રાખવો જોઇએ? શેઠની ધર્મ શ્રદ્ધાનો અને તત્ત્વ સમજવાનો આ પ્રભાવ છે.

"શેઠને સાંભળવા ઉત્સુક બનેલા પુત્રો :"– નગરશેઠ તો નિરાંતે સુઈ ગયા. સવારે વહેલા ઉઠીને રોજના નિયમ પ્રમાણે સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય વિગેરે કર્યું. તે દિવસે શેઠે એકાસણું કર્યું હતું. એટલે નાહીધોઇને ગામમાં ગુરૂ બિરાજતા હતા તેમના દર્શન કરવા ગયા ને વ્યાખ્યાન સાંભળ્યું. પછી દુકાને ગયા પણ ઘરમાં કોઇને કંઈ વાત ન કરી. બપોરે દુકાનેથી ઘેર જમવા માટે આવ્યા, એકાસણું કર્યું. દીકરાઓ બધા જમવા માટે આવ્યા છે ને પુત્રવધૂઓ પણ બધી હાજર છે એટલે શેઠે બધાને કહ્યું કે આજે મારે તમને બધાને એક અગત્યની વાત કરવી છે માટે બધા આ રૂમમાં આવો. બધાના

મનમાં થયું કે આજે બાપુજી બધાને શું કહેશે? શેઠ ખૂબ ગંભીર હતાં. એકદમ એમ કહે કે લક્ષ્મી ચાલી જવાની છે તો દીકરાઓને આઘાત લાગે; એટલે બરાબર ગોઠવીને વાત કરવી જોઈએ. તેથી શેઠે કહ્યું કે હે મારા પુત્રો અને પુત્રવધુઓ! આજે મધરાતે મારા શયનગૃહમાં લક્ષ્મીદેવી પધાર્યા હતા આ સાંભળીને શેઠાણી, પુત્રો અને પુત્રવધુઓની આંખોમાં ચમક આવી ગઈ. તેમના રોમરાય ખીલી ઉઠયા અને અત્યંત ઈંતેજારીથી પૂછયું હે....લક્ષ્મીજી શા માટે પધાર્યા હતા? એમણે શું કહ્યું? વિગેરે ઘણાં પ્રશ્નો પૂછયા.

આ બધાને તો મનમાં આશ્ચર્ય થાય ને? તમને પણ થાય ને? 'હા.' શેઠે કહ્યું લક્ષ્મીજી કહી ગયા તે હું તમને કહું છું. હૈયું કઠણ કરીને શાંતિથી સાંભળજો. લક્ષ્મીદેવીએ મને કહ્યું કે હવે તમારા પુણ્ય ખૂટયા છે ને પાપકર્મનો ઉદય થાય છે, એટલે હું તમારા ઘરમાંથી આજથી સાતમા દિવસે જવાની છું. એમ કહીને લક્ષ્મીદેવી અદૃશ્ય થઇ ગયા. બોલો, હવે હું તમને બધાને એક વાત પૂછું છું કે હવે આપણે શું કરવું છે? લક્ષ્મી જવાની છે તે વાત ચોક્કસ છે. તેમાં મીનમેખ ફેર નહિ પડે પણ એ જાય તેના કરતાં આપણે જ તેને વિદાય કરીએ તો કેમ? છોકરાઓ પૂછે છે બાપુજી! લક્ષ્મીને વિદાય કરવી એટલે શું? ત્યારે શેઠે કહ્યું કે મારા વ્હાલા પુત્રો! લક્ષ્મી આપણને છોડીને સાતમા દિવસે જાય તે તે પહેલાં આપણે જ છ દિવસમાં એ લક્ષ્મીને દાન, પુણ્યમાં વાપરીને શા માટે પુણ્ય ઉપાર્જન ન કરીએ? અસ્થિર લક્ષ્મીથી સ્થિર એવો ધર્મ શા માટે ન કમાઇ લઈએ? હજુ છ દિવસ લક્ષ્મી આપણે ઘેર રહેવાની છે તેનો લ્હાવો બરાબર લઇ લઈએ. પછી સાતમે દિવસે એ રવાના થાય તે પહેલાં સવારના પ્રહરમાં આપણે બધાએ ચારિત્ર અંગીકાર કરી લેવાનું. બોલો, આ વાત તમને બધાને મંજુર છે? આખું કુટુંબ એકી સાથે બોલી ઉઠયું.... હા....કા.... હા...પુત્રો, પુત્રવધૂઓ અને શેઠાણી બધા કહે છે-શું આપની બુદ્ધિ છે! આપે બહુ સરસ વાત કરી. અમે બધા જ આપની સાથે ચારિત્ર લેવા તૈયાર છીએ.

બંધુઓ! સાંભળો આ કુટુંબ કેવું પવિત્ર હશે! પુણ્યશાળીને જ આવું કુટુંબ મળે કે વડીલની વાતમાં એકી અવાજે સંમત થઇ જાય. તમારે ઘેર આવા શ્રીમતીજી, પુત્રો અને પુત્રવધૂઓ છે? દીક્ષા લેવાનું હું નથી કહેતી પણ સંતના દર્શન રોજ કરવા એટલું કરે તોય ધન્યઘડીને ધન્યભાગ્ય! એ તો એમ જ કહી દેશે કે હે આ-બાપુજી! તમે ઘરડા થયા છો માટે ઉપાશ્રયે જઇને બેસો અમારે ધર્મ કરવાની હજુ ઘણી વાર છે (હસાહસ) શેઠની ભવ્ય તત્ત્વ વિચારણા ઉપરથી એ બોધ લેવાનો છે કે લક્ષ્મી, બંગલા, લાડી-વાડી અને ગાડી બધું છોડીને એક દિવસ જવાનું છે તો એ સંસારના પદાર્થો તમને છોડીને જાય તે પહેલાં તમે એને છોડીને સંસારને રાજીનામું આપીને ઉભા પગે સંસારમાંથી નીકળીને સંયમના ઘરમાં આવી જાવ તો કેવો આનંદ આવે! તમે જાતે નહિ

નીકળો તો આડા પગે ઘરની બહાર કાઢશે. તેના કરતાં ઉભા પગે સંસારને રાજીનામું આપીને છૂટા થઇ જાઓ તો તમારું કલ્યાણ થઈ જશે.

"સંયમના પંથે જવાની તૈયારી કરતું કુટુંબ :-" નગરશેઠનું આખું કુટુંબ સંસારને રાજીનામું આપી દીક્ષા લેવા તૈયાર થયું, એટલે શેઠે નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે નગરશેઠ છૂટા હાથે દાન આપે છે. જેને જોઇએ તે ખુશીથી લઇ જાવ. ગરીબ લોકો દાન લેવા માટે શેઠને ઘેર આવવા લાગ્યા. છ દિવસમાં શેઠે કોડોનું ધન ભાવોલ્લાસથી દાનમાં વાપરી નાખ્યું. દુકાનમાં માલ હતો તે બધો વેચીને દાનમાં આપી દીધો આ જોઈને નગરજનો વિચાર કરવા લાગ્યા કે આ શેઠ આટલી બધી લક્ષ્મી કેમ ઉડાવે છે? પછી શું કરશે? લક્ષ્મી દાનમાં વાપરીને શેઠનું કુટુંબ તો આનંદવિભોર બની ગયું, ને સવારમાં દીક્ષા લેવાની ઉત્કૃષ્ટ ભાવના સેવતાં સૌ સુઈ ગયા, ત્યાં રાતના બરાબર બાર વાગે રૂમઝુમ કરતાં લક્ષ્મીદેવી પધાર્યા ને બોલ્યા શેઠ ! ઉંઘો છો કે જાગો છો? શેઠ ભર ઉંઘમાંથી જાગીને જુએ તો લક્ષ્મીજી સામે ઉભા છે. એટલે શેઠે લક્ષ્મીદેવીને કહ્યું કે તમે જવાના હતા ને વળી પાછા કેમ પધાર્યા? મેં તો હવે તિજોરીમાં કંઇ રાખ્યું નથી. છ દિવસમાં બધું જ ધન છૂટા હાથે દાનમાં વાપરી નાંખ્યું છે. લક્ષ્મીજી કહે–શેઠ ! તમે અને તમારા કુટુંબે છ દિવસમાં જે ઉત્કૃષ્ટ ભાવનાથી દાન આપ્યું તેનાથી તમારું પુણ્ય એટલું બધું વધી ગયું છે કે હવે હું તમારા ઘરમાંથી જવાની નથી. એ સિવાય બીજા એક આનંદના સમાચાર આપું છું કે ઘણાં વખત પહેલાં તમારા વહાણો દરિયામાં ડૂબી ગયાના સમાચાર આવ્યા હતા તે વહાણો કરોડોની કમાણી કરીને સહીસલામત બંદરે આવી ગયા છે. આપ જાવ ને બે બધો માલ ઉતરાવીને વ્યવસ્થા કરો.

શેઠે લક્ષ્મીદેવીને કહ્યું, હવે મારે તારી જરૂર નથી. મેં અને મારા કુટુંબે સવારના પ્રહરમાં અમારા ગુરૂદેવ પાસે દીક્ષા લઈને આત્મકલ્યાણ કરવાનો નિશ્ચય કર્યો છે. અમારો નિશ્ચય અફર છે. તે ત્રણ કાળમાં ફરવાનો નથી. આ જગ્યાએ તમે હો તો શું કરો? દીક્ષા લેવાનું નક્કી રાખો કે મુલતવી રાખો? લક્ષ્મી જવાની હતી ને આપણા ભાગ્યથી પાછી આવી છે તો લહાવો લૂંટી લઇએ. દીક્ષા બે વર્ષ પછી લઇશું, પણ આવી તક ફરીને પાછી કયાં મળવાની છે? આ શેઠ તમારા જેવા ડગમગ મનના ન હતા કે લક્ષ્મીની લાલચ મળતાં પાછા સંસારમાં રોકાઈ જાય. લક્ષ્મીદેવી કહે છે શેઠ ! તમારે સવારે જે કરવું હોય તે કરજો પણ બંદર ઉપર જઇને વહાણોના માલની વ્યવસ્થા કરી આવો. શેઠે ત્યાં જઈને વહાણોમાંથી માલ ઉતરાવીને વેચી નાંખ્યો. તેના જે પૈસા આવ્યા તે બધા દીક્ષામહોત્સવમાં, વર્ષીદાનમાં વાપરીને ભવ્ય રીતે દીક્ષા લઇ તપ–ત્યાગ દ્વારા શ્રેષ્ઠ સંયમ પાળીને સદ્ગતિમાં ગયા. નગરશેઠના હૃદયમાં રહેલા ધર્મશ્રદ્ધાના દીપકે શેઠ અને તેમના આખા કુટુંબે આત્મામાં ધર્મનો પ્રકાશ પાથરી જીવન ઉજ્જવળ બનાવ્યું. તમે પણ આ શેઠ જેવા બની તમારા આખા કુટુંબને ધર્મ પમાડજો ને માનવભવને સાર્થક બનાવજો.

"અપરાજિત કુમારે આપેલું જીવતદાન" :-અપરાજિત કુમાર અને વિમલબોધ કુમાર બંને ફરતાં ફરતાં શ્રી મંદિરપુર નગરમાં આવ્યા છે. કામલતા વેશ્યાને પૂછતાં ખબર પડી કે નગરના રાજાને કોઈએ છરી મારી છે ને રાજા બેભાન બની ગયા છે. ત્યારે આ બંને કુમારોએ કહ્યું કે તમારા નગરમાં કોઈ એવો શક્તિશાળી વૈદ કે હકીમ નથી કે રાજાને ભાનમાં લાવી શકે? ત્યારે ગણિકાએ કહ્યું, બધાએ પોતાની શક્તિનો અજમાશ કર્યો પણ કોઇને સફળતા મળી નથી. આ અપરાજિત કુમાર તો પરદુઃખભંજન છે. એ કોઇનું દુઃખ જોઈ શકે તેમ ન હતા. એટલે તેમણે કહ્યું. બહેન! અમને રાજા પાસે લઇ જાઓ. અમે બનશે ત્યાં સુધી રાજાને સાજા કરીશું, ત્યારે ગણિકાએ કહ્યું. તો તમે ચાલો, ગણિકા તેઓને લઈને રાજદરબારમાં આવી અને મંત્રીને મળીને કહ્યું કે આ બે કુમારો પરદેશી છે. તેઓ એમ કહે છે કે અમે રાજાને સાજા કરીએ. પ્રધાને કહ્યું, એમને બોલાવો, એટલે તરત તેમને પ્રધાન પાસે હાજર કર્યા કુમારોને જોઇને પ્રધાન વિચારમાં પડ્યો કે આ તો સાવ છોટી ઉંમરના છોકરા છે. મોટા મોટા વૈદો, હકીમો કોઈ રાજાને સચેતન કરી શક્યું નથી તો આ છોકરાઓનું શું ગજું! પણ આ છોકરાઓ દેખાય છે તેજસ્વી. કદાચ એમના હાથે યશ હોય ને સારું થઇ જાય. ઇલાજ કરવામાં શું વાંધો છે? એમ વિચારીને અપરાજિત કુમારને રાજા મૂર્છિત અવસ્થામાં પડેલા હતા ત્યાં લઈ આવ્યા. રાજાને જોઇને અપરાજિત કુમારે પ્રધાનને કહ્યું. આ બધાને બહાર કાઢો ને તમે પણ બહાર જાવ, પછી હું રાજાની દવા કરીશ, એટલે પ્રધાન બધાને બહાર લઇ ગયો. પછી કુમારે પેલો મણિ પાણીમાં ઘોઇને તેમાં મૂળીયું ઘસી રાજાને જ્યાં ઘાવ પડ્યો હતો ત્યાં ચોપડ્યું એટલે તરત રાજાનો ઘાવ રૂઝાઈ ગયો.

"વિમલે આપેલી અપરાજિત કુમારની ઓળખાણ":-શરીર ઉપર પડેલો ઘાવ રૂઝાતા રાજા તરત ભાનમાં આવી ગયા ને બેઠા થયા એટલે તરત પ્રધાનપુત્રે દરવાજા ખોલ્યા, રાજાને બેઠેલા જોઈને પ્રધાન અને પ્રજાજનો બધા ખુશ ખુશ થઈ ગયા ને સુપ્રભ મહારાજાનો જયજયકાર બોલાવ્યો, રાજાએ પૂછયું, ભાઈ! તમારી ઉંમર તો છોટી છે પણ તમારા કામ ઘણાં મોટા છે, તમે કોણ છો? કયાંથી આવ્યા છો ને મને કેવી રીતે સાજો કર્યો? તે જલ્દી કહો, મને જાણવાની ખૂબ જિજ્ઞાસા છે. આવા સમયે મહાન આત્માઓ પોતાની જાતે પોતાની ઓળખાણ આપતા નથી. જેમ **"હીરા મુખસે ના કહે, લાખ અમારા મૂલ."** હીરો પોતાની જાતે એમ નથી કહેતો કે મારી આટલી કિંમત છે તેમ રાજકુમાર મૌન રહ્યો, પણ મંત્રીપુત્રે રાજાને બધી વાત કહી. આ સાંભળીને સુપ્રભ રાજા હર્ષથી નાચી ઉઠ્યા. અહો....હરિનંદી રાજા તો મારા ખાસ મિત્ર છે. તેમનો જ તું પુત્ર છે? એમ કહીને તેને બાથમાં લઈ લીધો ને કહ્યું બેટા! હું તો કેવો પ્રમાદી છું કે તમારો સત્કાર-સન્માન પણ કરી શક્યો નહિ, ત્યારે કુમારે કહ્યું. બાપુજી! તમે પ્રમાદી નથી. તમે તો મરણના મુખમાં પડ્યા હતા. તમને હું આવ્યો છું એની ખબર કયાંથી હોય?

રાજાએ કહ્યું, બેટા ! તેં તો મને મરેલાને જીવાડયો છે. હું તને શું આપું ? કુમારે કહ્યું, પિતાજી ! આપનો પ્રેમ છે તે ઘણું છે. મારે કોઇ ચીજની જરૂર નથી. રાજાએ ઘણી નવીન ચીજો આપવા માંડી પણ કુમારે ન લીધી ત્યારે રાજાને વિચાર થયો કે મારે આ રંભા એક જ પુત્રી છે. તેને આની સાથે પરણાવી દઉં તો હું એના ઋણમાંથી મુક્ત બની શકું. આવો વિચાર કરીને રાજાએ કુમારની પાસે પોતાની પુત્રીને પરણાવવાની ઇચ્છા વ્યક્ત કરી. કુમારે તો ઘણી ના પાડી પણ રાજાની ઇચ્છાને આધીન થઈને રંભા સાથે લગ્ન કરવાની હા પાડી, એટલે રાજાએ પોતાની પુત્રી રંભાના અપરાજિત કુમાર સાથે ધામધૂમથી લગ્ન કર્યા ને બંને આનંદથી રહેવા લાગ્યા. થોડા દિવસ રોકાઈને બંને જણા કોઇને કહ્યા વગર રાત્રે છાનામાના નગર બહાર નીકળી ગયા. ત્યાંથી ચાલતાં ચાલતાં અનેક નગર, વન વિગેરે જોતાં જોતાં તેઓ બંને કુંડનપુર નગરમાં આવ્યા. આ સમયે કુંડનપુરમાં કેવળી ભગવાન બિરાજમાન હતા

"કેવળી ભગવાનને કરેલી પૃચ્છા" :–બંધુઓ ! જીવના મહાન પુણ્યોદય હોય ત્યારે કેવળી ભગવાનના દર્શનનો લાભ મળે છે. કેવળી ભગવંતના દર્શન થતાં બંનેના હૈયા હર્ષથી નાચી ઉઠયા બંનેએ ત્રિકખુત્તોનો પાઠ ભણી ભગવાનને વંદણા કરી. તે વખતે કેવળી ભગવાન દેશના આપી રહ્યા હતા. તે સાંભળવા બેસી ગયા. કેવળી ભગવંતની વાણી સાંભળતાં એમના મનનો મોરલો નાચી ઉઠયો, ધન્ય ધન્ય પ્રભુ ! શું તમારી વાણી છે ! આવી વાણી તો અમે કદી સાંભળી નથી. આજે અમારો જન્મ સફળ થયો. ભગવાનની દેશના પૂરી થઇ ને પ્રખદા વિખરાઇ ગઈ પણ જેમને કંઇ જાણવાની જિજ્ઞાસા હોય છે તે સાંભળીને તરત જતા નથી રહેતા. આ બંને કુમારો ભગવાન પાસે ગયા ને ફરીને વંદણા કરીને અપરાજિતકુમારે ભગવાનને પૂછયું–અહો પ્રભુ ! હું ભવી છું કે અભવી ? સમકિતી છું કે મિથ્યાત્વી ? કેવળી ભગવંત કહે છે.

પ્રભુ કહે હૈ ભવી, ઔર તૂં પંચમ ભવ મોઝાર,
હોગા તીર્થંકર બાઈસવાં, એ મિત્ર તેરા ગણધર.

હે કુમાર ! તું ભવી છે, અભવી નથી. સમકિતી છે, મિથ્યાત્વી નથી. આજથી પાંચમા ભવે જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ઘણા સમય બાદ બાવીસમો તીર્થંકર થઇશ અને આ તારો મિત્ર વિમલબોધ તારો મુખ્ય ગણધર થશે. આ સાંભળીને બંનેનું હૈયું હર્ષથી નાચી ઉઠયું, આ બંને કુમારો થોડા દિવસ કુંડનપુર રોકાયા અને કેવળી ભગવંતની સેવા તથા અમૃતમય દેશના સાંભળવાનો લાભ લીધો, પછી ત્યાંથી આગળ પ્રયાણ કર્યું, એ બંને ચાલતાં ચાલતાં હવે કયાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર:– રત્નવતી રાણી મીઠું મીઠું બોલીને રાજાને વહાલી બની ગઈ. રૂપનો ગર્વ કરતી

એ જ વિચારે છે કે જિનસેના રાણીને કેમ નીચે પાડવી ને હું પટરાણી બનું. એ માટે ઉપાયો શોધતી હતી. એનું નામ તો ઘણું સુંદર રત્નવતી છે પણ કામ રત્ન જેવા ન હતાં. તે સદા જિનસેના ઉપર દ્વેષ કર્યા કરતી હતી. કુદરતને કરવું જિનસેના અને રત્નવતી બંને સાથે ગર્ભવતી બની. એક દિવસ રત્નવતી એની દાસીઓ તથા સખીઓને સાથે લઈને જિનસેના મહારાણીના મહેલે આવી. ભલી ને ભોળી જિનસેનાએ તેમનો બધાનો ખૂબ પ્રેમથી આદર સત્કાર કર્યો. જિનસેના ધર્મિષ્ઠ હતી ત્યારે રત્નવતી બિલકુલ નાસ્તિક હતી. એને ધર્મ કર્મનું જ્ઞાન ન હતું, કારણ કે એ ધર્મની અજાણ હતી. એટલે એને ધર્મની વાતો ગમતી ન હતી, ત્યારે જિનસેનાને ધર્મમાં ખૂબ રસ હતો. જે કોઈ એને ત્યાં આવે તેની સાથે સંસારની વાતો ન કરતી. માત્ર ધર્મની વાતો કરતી.

"ધર્મને હંબગ માનતી રત્નવતી :– રત્નવતીને જિનસેના કહે છે ! બહેન હું ને તું બંને ગર્ભવતી છીએ તો આપણે બીજી વાતો છોડીને ધર્મચર્ચા કરીએ. ધર્મનું વાંચન કરીએ તો ગર્ભના જીવને સારા સંસ્કાર પડે, બહેન ! તું દરરોજ મારી પાસે આવજે. આપણે ધર્મની વાતો કરીશું, પણ જેને ધર્મમાં રસ નથી એને આવી વાતો ગમે ખરી ? રત્નવતીએ કહ્યું, મોટી બહેન ! તમને આ એક ધર્મની ઘેલછા છે આવું ઉત્તમ શરીર મળ્યું છે તો ખાઈ પીને મોજ ઉડાવો. ધર્મ કરવાની જરૂર નથી. રાણી આવું કહેવા લાગી ને ઉપરથી કહે છે બહેન ! તમે રોજ ઉઠીને મોઢે પટ્ટો લગાવીને સામાયિક કરો છો, સાંજે પ્રતિક્રમણ કરો છો, તિથિના દિવસે ઉપવાસ, પૌષધ કરો છો. તેમાં ભૂખ્યા રહીને આ દેહ તો સૂકવી નાંખ્યો છે, અને તમારું મોઢું પણ કેવું કાળું પડી ગયું છે. જો તમે બહુ તપશ્ચર્યા કરશો, ધર્મના ઢીંગલા બનીને બેસી જશો તો જે સંતાન થશે તે એવું જ બનશે. તમે રોજ સાધુઓને બોલાવીને સારી સારી ચીજો આપી દો છો પણ એ સાધુડાઓ કેવા છે ?

એ તો મેલા ગંધાતા કપડા પહેરે છે. એ સ્નાન કરતા નથી. એવા મુંડકાઓને જોઈને મને તો સૂગ ચઢે છે અને આ હરવા ફરવાનો કિંમતી સમય સામાયિક ને પૌષધમાં ફોગટ બગાડો છો. મને તો આ બધા તમારા ધતીંગ બિલકુલ ગમતા નથી. હવે તમે આ બધું કરવાનું છોડી દો ને હું કહું તેમ કરો. રોજ સવારે ઉઠીને સ્નાન કરવું, નવા નવા શણગાર સજવા, માલ-મલીદા ખાવા, બાગ બગીચામાં ફરવા જવું. આ રીતે સંસારના સુખ ભોગવીને માનવભવને સાર્થક કરો. આમ કરીએ તો પુણ્ય થાય ને આમ કરીએ તો પાપ લાગે એ તો તમને ખોટો ભ્રમ છે. સ્વર્ગ અને નરક છે. આ બધું કોણે જોયું ? એ મૂંડકા સાધુઓએ બધું તમારા મગજમાં ખોટું ભરાવી દીધું છે. જિંદગીભર આવું કર્યા કરશો તો સંસારનું સુખ કયારે ભોગવશો ? માટે બહેન ! આ બધું છોડી દો, આ ધર્મ તો ધતીંગ છે.

" જિનસેનાએ રત્નવતીને આપેલો જવાબ " :–જેની હાડહાડમાં ધર્મનો રંગ હોય, જિનેશ્વર પ્રભુના વચનમાં જેને અનન્ય શ્રદ્ધા હોય તેને આવા શબ્દો કેવા લાગે? એને રત્નવતીના શબ્દો ઝાળ જેવા લાગ્યા. એ જિનસેના પોતાનું કોઈ અપમાન કરે તો સહન કરી લે પણ પોતાના દેવ–ગુરૂ અને ધર્મનું કોઇ અપમાન કરે તો સહન કરવા તૈયાર ન હતી. દિલમાં દુઃખ થયું પણ એણે વિચાર કર્યો કે આ રત્નવતીમાં ધર્મના બિલકુલ સંસ્કાર નથી. અજ્ઞાન છે તેથી આવા શબ્દો બોલે છે, પણ હું તેને શાંતિથી સમજાવું. જો એ સમજશે ને મારી જેમ ધર્મના માર્ગે વળી જશે તો મને પણ મહાન લાભ થશે. એમ વિચાર કરીને જિનસેના પ્રેમથી રત્નવતીને કહે છે, બહેન! એવું તું શા માટે બોલે છે? ધર્મ જેવી અમૂલ્ય વસ્તુ મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે આપણને મળે છે.

ધર્મથી મનુષ્ય ભવસાગર તરી જાય છે. ધર્મ દ્વારા મનુષ્ય ઇચ્છિત સુખોને પ્રાપ્ત કરી શકે છે અને ધર્મ દ્વારા જીવ કર્મોના બંધન કાપીને મોક્ષના મહાન સુખો પ્રાપ્ત કરી શકે છે. માટે બહેન! તું આવા પવિત્ર ધર્મની નિંદા ન કરીશ ધર્મની નિંદા કરવાથી મહામોહનીય કર્મ બંધાય છે, અને તું કહે છે ને કે તમે ભોગ ભોગવીને માનવજન્મને સફળ બનાવો, પણ સાંભળ, ભોગ એ રોગનું ઘર છે, અને આવા ભોગ તો મારા અને તારા જીવે ભવોભવમાં અનંતી વખત ભોગવ્યા છે. પશુઓ પણ ભોગ તો ભોગવે છે. એમાં માનવજીવનની વિશેષતા શું? ભોગમાંથી ત્યાગ તરફ જવું તે માનવભવની વિશેષતા છે. વિષય ભોગમાં અત્યંત આસકત બનનાર જીવો ગાઢ કર્મોનો બંધ બાંધે છે, અને નરક તિર્યંચ જેવી અશુભ ગતિઓમાં એના કર્મો ભોગવવા ભટકવું પડે છે. મારા ગુરૂઓ ભલે મેલા–ઘેલા કપડા પહેરતા હોય, ઉપરથી સ્નાન ન કરતા હોય પણ એમનો આત્મા તો પવિત્ર હોય છે. એમને સંસારના કોઈ બંધન હોતા નથી. જ્યારે અન્ય ધર્મમાં જોશો તો તેમના ધર્મગુરૂઓ સરાગી હોય છે. તેઓ પાસે પૈસા આદિ પરિગ્રહ રાખે છે. સ્ત્રીનો સંગ કરે છે. આવા ધર્મગુરૂઓ પોતે તરી શકતા નથી. તેમને શરણે જનારને પણ તારી શકતા નથી; પણ મારા ધર્મગુરૂ તો નિર્ગ્રંથ છે. તેઓ પોતે તરે છે ને તેમના શરણે જનારને પણ મોક્ષનો માર્ગ બતાવે છે. માટે તું પહેલાં ધર્મનું જાણપણું કર તો તને સત્ય વાત સમજાય. સાંભળ બહેન! મારા તારણહાર ગુરૂની મારી પાસે નિંદા કરીશ નહીં. મારાથી આ સહન થતું નથી.

કાસળ કાઢવાનો રસ્તો શોધતી રત્નવતી :– દેવાનુપ્રિયો! પવિત્ર આત્માઓ બીજાને સમજાવવા કેટલું સહન કરે છે! જિનસેનાએ રત્નવતીને ધર્મ સમજાવવા માટે આ બધું કહ્યું પણ ભારે કર્મી જીવને આ બધું કયાંથી રૂચે? જેને સન્નિપાતનો રોગ થયો હોય તેને દૂધમાં પતાસું કે સાકર નાંખીને આપે તો એનો સન્નિપાત વધી જાય ને?

તેમ જિનસેનાના વચન સાંભળીને રત્નવતીનો સન્નિપાત વધ્યો. એના મનમાં થયું કે રાણીની રગેરગમાં ધર્મ છે એટલે એ પતિ કરતાં પણ ધર્મ અને ધર્મગુરૂને વિશેષ માને છે. માટે હું તેનું બરાબર કાસળ કાઢીશ. એમ વિચાર કરતી ધૂંવાપૂંવા થઈ ધમપછાડા કરતી પોતાના મહેલે આવી. જિનસેનાએ તો તેને પ્રેમથી ધર્મનો મર્મ સમજાવવા માટે પ્રયત્ન કર્યો હતો, એણે એમ કહ્યું ને કે બહેન ! તું મારી પાસે મારા ધર્મના કે ધર્મગુરૂના અવર્ણવાદ બોલીશ નહિ. કોઈ મારું અપમાન કરશે તો સહન કરી લઈશ પણ મારા ધર્મનું કે મારા ધર્મગુરૂનું અપમાન હું સહન નહિ કરી શકું. આ શબ્દો તેને હાડ-હાડ લાગી આવ્યા કે હેં....હું તો રાજાની માનીતી છું મારા ઉપર રાજાના ચારે હાથ છે ને એ મને આવું કહેનારી કોણ ? એને જિનસેના ઉપર ખૂબ ક્રોધ આવ્યો. આંખો લાલઘૂમ થઈ ગઇ.

આ રત્નવતી છંછેડાયેલી નાગણની જેમ વિફરી છે. હવે રાજા આવે એટલે બરાબર બનાવીને વાત કરવી છે, એટલે રાજા આવતાં પહેલાં ઉદાસ બનીને બેઠી છે. હવે રાજા એના મહેલે આવશે એટલે રત્નવતીને રાજા પૂછશે કે તું આટલી બધી ઉદાસ કેમ છે ? તારું કોઈએ અપમાન કર્યું છે? વિગેરે વાત પૂછશે ત્યારે રત્નવતી કેવા અંગારા ચાંપશે તેના ભાવ અવસરે કહેવાશે.

●

વ્યાખ્યાન નં. ૨૮

શ્રાવણ સુદ ૧૦ ને રવીવાર તા. ૧૩-૮-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની અને અનંત સુખના સ્વામી જિનેશ્વર ભગવંતોએ જગતના જીવોના કલ્યાણ માટે જે વાણી પ્રકાશી તેનું નામ સિદ્ધાંત. જે આત્માઓ સિદ્ધાંતના સહારે ચાલે છે તો અવશ્ય સુખ મેળવે છે, કારણ કે આગમના અક્ષરે અક્ષરે અક્ષય શાંતિ ભરેલી છે ને શબ્દે શબ્દે શાશ્વત સુખ ભરેલું છે, પણ જે આગમનું મંથન કરે છે એને શાંતિ અને સુખ મળે છે. આપણને સુખ અને શાંતિનો રાજમાર્ગ બતાવનાર ભગવંતોએ પહેલાં કઠિન સાધના કરી અને કઠોર દુઃખો સહન કર્યા પછી તેમને સુખની પ્રાપ્તિ થઇ, પણ આજે તો સંસારના જીવો સુખની ઇચ્છાથી મોહના મૃગજળની પાછળ દોટ લગાવી રહ્યા છે. તેમને મહાનપુરૂષો સાદ કરીને કહે છે હે ભાન ભૂલેલા માનવ ! તારી આંધળી દોટને અટકાવીને જરા ઊભો રહે, ને અમારી વાત તું સાંભળ. પેટના આંતરડા ઊંચા આવી જાય, મોંમાંથી ફીણ નીકળી જાય, શરીર પસીનાથી રેબઝેબ બની જાય, એવી દોટ મૂકીશ તો પણ તને સુખનું એક બિંદુ નહિ મળે, કારણ

કે સુખો મૃગજળ જેવા છે. જે ચીલેમાં તેં સુખના સ્વપ્ના સેવ્યા છે એમાં સ્વયં સુખનો સ્વાદ ચખાડવાનું સામર્થ્ય નથી. એવા સુખની પાછળ દોડવાથી શું લાભ છે? કહ્યું છે કે–

सुखं हि दुखान्यनुभूय शोभते, घनान्धकारे श्विव दीपदर्शनम् ।
सुखात्तु यो याति नरो दरिद्रतां धृतः शरीरेण मृतः स जीवति ॥

ઘોર અંધકારમાં ઘણીવાર આથડયા પછી દીપકનું દર્શન થાય છે ત્યારે કેટલો આનંદ થાય છે. અંધકારનું દુઃખ વેઠયા પછી પ્રકાશનું સુખ આનંદકારી લાગે છે ને! એવી જ રીતે દરેક પદાર્થોમાં દુઃખનો અનુભવ કર્યા પછીનું સુખ વધુ સુંદર ને સ્વાદિષ્ટ લાગે છે. જે માણસ જંગલમાં રખડતો ફરતો હોય તેને રહેવા ઝુંપડી મળે તો કેટલો આનંદ થાય? ઘર વિના જંગલમાં રખડનારો જે સુખ ભાંગીતૂટી ઝૂંપડીમાં રહીને અનુભવશે એ સુખ સાત માળની મહેલાતોમાં રહેનાર નહિ અનુભવી શકે. ભૂખના દુઃખ વેઠનારો લૂખા-સૂકા રોટલામાં જે સ્વાદ મેળવશે એ સ્વાદ બત્રીસ પ્રકારના પકવાન્ન અને તેત્રીસ પ્રકારના ફરસાણ, શાક, અથાણાં, પાપડ ને ચટણી ખાનારો નહિ માણી શકે. જંગલમાં ઉનાળાની ગરમીથી આકુળ વ્યાકુળ બનેલો, તરસથી તરફડતો માનવી નવશેકા પાણીમાં જે શીતળતા અનુભવશે તેવી શીતળતા તરસ વિના ફ્રીજનાં ઠંડા પાણી પીનારો કે ફ્રુટના રસ પીનારો નહિ અનુભવી શકે, કારણ કે દુઃખની માત્રા પ્રમાણે ભૌતિક સુખની યાત્રા આગળ વધે છે.

દેવાનુપ્રિયો! તમે જે સુખને માટે રાત દિવસ મહેનત કરીને મરી રહ્યા છો તે તમારું સંસારનું સુખ કહે છે. હે માનવો! તમારે મારા સ્વાદની મઝા વધુ માણવી હોય તો તમે દુઃખ વધારે વેઠો. દા. ત., ઉનાળાના સખત તડકામાં ચાલીને આવો ને ખૂબ તરસ્યા થાવ ત્યારે નવશેકું પાણી પીઓ તો પણ ઠંડુ હિમ જેવું લાગે છે કે નહિ? ખરેખર ભૂખના દુઃખ વેઠયા બાદ સૂકા રોટલાની પણ મીઠાશ વિશેષ માણી શકાય છે. નિરાધાર બનીને જંગલમાં રખડયા બાદ મકાનની મનોહરતા વિશેષ અનુભવી શકાય છે.

જેમ દુઃખ વધારે ભોગવશો તેમ સુખનો સ્વાદ વધારે માણી શકશો. આપણે ઉપર જે શ્લોક કહ્યો તેમાં "दुःखानि" બહુવચન છે. "सुख" એકવચન છે. એ પણ આપણને એક મહત્ત્વની વાત સમજાવે છે કે અગણિત દુઃખો સહન કર્યા પછી એક સુખનો સ્વાદ માણી શકાય છે. દુઃખો ઘણાં અને તેને સહન કરવાનો કાળ ઘણો, જ્યારે સુખ તો માત્ર એક જ અને એનો સ્વાદ માણવાનો સમય બહુ અલ્પ. આ બંનેનો સરવાળો કરશો તો તમને સમજાશે કે જેટલું દુઃખ સહન કર્યું તેનું પૂરું વળતર પણ ભૌતિક સુખ આપી શકતું નથી. કેવી રીતે? સાંભળો. એક કલાક સુધી તરસનું દુઃખ સહન કર્યું પણ બે ગ્લાસ પાણી પીતાંની સાથે તૃપ્તિનું સુખ પૂર્ણ થઈ ગયું. બે ગ્લાસ પાણી પીતાં કેટલો સમય લાગે? ધીમે ધીમે પીએ તો પણ વધુમાં વધુ બે મિનિટ થાય. હવે તમે જ વિચાર

કરો, દુઃખ કલાક વેઠયું ને સુખ તો માત્ર બે મિનિટનું જ ને ? એક કલાક દુઃખ સહન કર્યું એનું પૂરું વળતર પણ મળ્યું ખરું ?

મણભર દુઃખો વેઠ્યા પછી ક્ષણભર સુખ આપતી સામગ્રીને સુખસામગ્રી કહેવાય ? જેટલું દુઃખ વેઠયું એટલું પણ સુખ એ સુખની સામગ્રી ન આપી શકતી હોય તો તેની પાછળ પાગલ બનીને દોડવું તે વ્યર્થ જ છે ને ? કલાકો સુધી દુઃખના અંધકારમાં અથડાવીને મિનિટો માટે સુખના પ્રકાશમાં લાવીને મૂકનાર મોહના મૃગજળ પાછળ ઘેલો બનીને દોડનાર માનવ મૂર્ખ જ છે ને ! તમે બધા શું કરી રહ્યા છો ? તમે પણ જો ભૌતિક સુખની પાછળ આંધળી દોટ લગાવી રહ્યા હો તો મારે તમને શું કહેવા ? (હસાહસ) તમે તમારી જાતે જ સમજી લેજો. ઘણાં દુઃખો વેઠયા પછી મળેલું સુખ તે પણ ચાલ્યું જાય અને માણસને દરિદ્ર બનાવી દે તો તે માણસ જીવતો છતાં મરેલા જેવો થઈ જાય છે. માટે એ સુખ સાચું સુખ નથી.

બંધુઓ ! આવા દુઃખનો અનુભવ કર્યા વિના સુખનો સ્વાદ ચાખવો હોય તો આત્મા તરફ વળવું પડશે. દરિયાના પાણીની જેમ લહેરાતા દેખાતા મૃગજળનાં જળ થોડી પણ તરસ છિપાવી નહિ શકે, પણ એ ગ્લાસ જેટલું સાચું પાણી તરસ છિપાવી શકશે. આ એક સત્ય હકીકત છે. આ શ્લોકમાંથી આપણે એટલું સમજી શકીએ છીએ કે સંસારનું સુખ એ સાચું સુખ નથી, કારણ કે એનામાં સુખ આપવાની પોતાની શક્તિ નથી છતાં જીવ દુઃખ ભોગવીને એ સામગ્રીમાં સુખનો સ્વાદ માણી રહ્યો છે, પણ જો સાચું સુખ જોઈતું હોય તો ભૌતિક સુખનો ત્યાગ કરીને આત્મા તરફ લક્ષ કરો. આત્મા અનંત સુખનો સ્વામી છે. એની સેવાથી સુખના સ્વામી બની શકાય પણ સેવકની સેવાથી સ્વામી ના થવાય. સ્વામી તો સ્વામીની સેવાથી થવાય, માટે જો તમારે અનંત સુખના સ્વામી બનવું હોય તો સંસારનો અવળો રાહ અડલીને મહાન પુરૂષોના પંથે ચાલો. મહાન પુરૂષોએ શાશ્વત સુખ મેળવવા માટે ઘણાં કષ્ટો સહ્યા પછી જે સુખો મેળવ્યા તે સુખો કદી પાછા જતા નથી. એ તો કાયમ રહે છે.

જેઓ ભવિષ્યમાં શાશ્વત સુખના સ્વામી બનવાના છે તેવા નેમનાથ ભગવાન અને રાજેમતીના પૂર્વભવની આપણે વાત ચાલે છે. નેમનાથ ભગવાનનો આત્મા પાંચમા ભવમાં અપરાજિતકુમાર બન્યા છે. અપરાજિતકુમાર જ્યાં ગયા ત્યાં તેમને સત્કાર અને સન્માન મળ્યા. દરેક જગ્યાએ રાજાઓએ તેમને કન્યા પરણાવી. પાંચ પાંચ રાજકુમારી સાથે અપરાજિતકુમારના લગ્ન થયા પણ કદી એમના મનમાં એવો વિચાર સરખો પણ નથી આવતો કે હું કેવો હોંશિયાર છું. મારા પુણ્યનો કેવો પ્રભાવ છે કે હું જ્યાં જાઉં છું ત્યાં મને ખમ્મા ખમ્મા થાય છે. મહાન પુરૂષોને ગમે તેટલું સુખ અને સંપત્તિ મળે તો

પણ તેમને અભિમાન નથી આવતો. આજે તો થોડી સંપત્તિ અને થોડું સુખ મળે એટલે અભિમાનનો પાર નહિ. જાણે આખી દુનિયામાં હું જ છું. મારા જેવું દુનિયામાં કોઈ નથી. હું કરું તે જ થાય, મારાથી જ ઘર ચાલે છે. હું ના હોઉં તો બધા રઝળી પડે. આવો ગર્વ કરવો મિથ્યા છે. કોઈ કોઈનું કંઈ કરી શકતું નથી. દરેક જીવો પોતાના પુણ્ય સાથે લઈ આવેને છે, પણ જીવને પોતાનો અહં પીડે છે. રાહુ અને પનોતી જીવને જે દુઃખ નથી આપતા તે અહં અને મમ આપે છે. અંતરમાંથી "અહં" જાય તો જીવ અરિહંત બને ને "મમ" જાય તો મોક્ષ મળે ને સંસાર ટળે, પણ એ બંને જવા બહુ મુશ્કેલ છે. જ્યાં સુધી અહં અને મમ અંતરમાં બેઠેલા છે ત્યાં સુધી જીવને સાચી દિશા સૂઝવા નહિ દે. જેનામાં અહં ભર્યો છે તે એમ જ કહેશે કે હું જ બધાને સુખી કરી શકું છું પણ ભાઈ ! કોઈ કોઈને સુખ કે દુઃખ આપી શકતું નથી. પોતાના કર્મો જ જીવને સુખી કે દુઃખી કરી શકે છે. કર્મરાજાની સત્તા રાજમહેલમાં મહાલનારી મહારાણીને ક્ષણવારમાં દળણાં દળતી દાસી બનાવી મૂકે છે ને દળણાં દળતી દાસીને મહારાણી બનાવી દે છે. હરિશ્ચંદ્ર રાજાને ભંગીને ત્યાં વેચાવું પડ્યું ને તારામતી રાણીને બ્રાહ્મણને ત્યાં વેચાવું પડ્યું. આ બધું કરનાર કોણ ? કર્મ કે બીજું કોઈ ? જંગલમાં ચણોઠીના હાર પહેરીને આનંદ માનતી ભીલડીને રાણી બનાવનાર પણ કર્મ છે ને ? એટલે દુનિયામાં બધું કરનાર પોતાના સારા કે નરસા કર્મો છે. બીજું કોઈ કંઈ કરી શકતું નથી.

"રાજાને થયેલી ચિંતા" :- એક રાજાને ત્યાં પુત્રનો જન્મ થયો. રાજાને એકનો એક પુત્ર હતો પણ પૂર્વકર્મના ઉદયથી તેના હાથ પગ બરાબર વળતા ન હતાં. જબ્બર અશાતા વેદનીય કર્મનો ઉદય હતો તેથી તે બાળકને પીડા પણ ખૂબ થતી હતી, તેથી રાજા પોતાના પુત્રનું દર્દ નાબૂદ થાય, એના હાથપગ બરાબર વળી શકે તે માટે ઉપચારો કરાવતા હતા. ઘણાં ઘણાં ઇલાજો કર્યા પણ પુત્રને સારું ન થયું. આ પુત્રનું નામ રાજાએ પરમાનંદકુમાર પાડ્યું હતું. પૂર્વજન્મમાં સારી આરાધના કરીને આવેલો જીવ હતો, તેથી તેને દર્દ થતું છતાં તે રડતો ન હતો. જેનું નામ જ પરમાનંદ હતું. તે અતુલ પીડામાં પણ સદા પરમ આનંદનો અનુભવ કરી રહ્યો હતો. દિવસે દિવસે તે મોટો થતો જાય છે પણ ગતજન્મના સંસ્કારોને કારણે પોતે દુઃખી હોવા છતાં અંતરમાં આંચકો નથી લાગતો, પણ એના પિતાજીને પુત્રની આવી દયનીય દશા જોઈને સદા ચિંતા થતી હતી કે આ પુત્રનું શું થશે ? એ અપંગ જેવો છે. હું છું ત્યાં સુધી તો એને વાંધો નહિ આવવા દઉં પણ મારા મરણ પછી એનું શું થશે ? આ ચિંતા રાજાના કાળજાને કોતરી રહી હતી. જ્યારે જ્યારે રાજાની પુત્ર પર દૃષ્ટિ પડે ત્યારે બોલતા કે પછી આનું શું થશે ? આમ બોલે ને ઉદાસ બની જાય.

"પ્રગટી છે જેના જીવનમાં જાગૃતિની જ્યોત" : આ પરમાનંદકુમાર હજુ સાડા ત્રણ વર્ષનો થયો છે, પણ એને એવું કોઈ જ્ઞાન થયું હતું એટલે એના અંતરમાં સમજણનો દીપક પ્રગટયો હતો. એક દિવસ રાજા ઉલ્લાસ બનીને સિંહાસને બેઠા હતા. પિતાજીને ચિંતામગ્ન બનેલા જોઈને પરમાનંદે પૂછયું-પિતાજી! તમે આટલી બધી ચિંતા શા માટે કરો છો? ત્યારે રાજાએ કહ્યું-અરે મૂર્ખ! મારા મરણ પછી તારી સંભાળ કોણ લેશે? હું છું તો બધા તારી ખબર લે છે, પછી તારા સામું કોણ જોશે? એની હું રાત દિવસ ચિંતા કરું છું, ત્યારે પરમાનંદે કહ્યું-પિતાજી! આમાં આપને ચિંતા કરવા જેવું શું છે? તમે ચિંતા ન કરો. મારી વાત સાંભળો.

सुखस्य दुःखस्य न कोऽपिदाता, परोददातीति कुबुद्धि रेषाम् ॥
अहं करोमीति वृथाभिमान, स्वकर्मसूत्र ग्रथितो हि लोक ः॥

દુનિયામાં કોઈ કોઈને સુખ કે દુઃખ આપી શકતું નથી. આ મને સુખ આપે છે ને આ મને દુઃખ આપે છે, તેમ માનવું એ જીવનું અજ્ઞાન છે, અને હું જ બધાને સુખ આપું છું, બધું હું જ કરું છું, એ બધું ખોટું અભિમાન છે, કારણ કે જગતમાં સૌને પોતપોતાના કર્માનુસાર સુખ કે દુઃખ મળે છે. માટે હે પિતાજી! મને મારા ભાગ્ય પ્રમાણે સૌભાગ્ય મળશે. એમાં તમે કે હું કંઈ જ કરી શકવાના નથી. આ સાંભળીને રાજા ક્રોધમાં આવીને બોલ્યા-હે નાદાન છોકરા! તું આ શું બકવાદ કરી રહ્યો છે? તારા હાથ પગ તું જો તો ખરો, કેવા અપંગ જેવા છે! મેં તને પાળીપોષીને મોટો કર્યો, તારા માટે આટલા આટલા ઉપચારો કરાવ્યા અને હજુ પણ કરાવું છું છતાં તું મને એમ કહે છે કે મારા ભાગ્ય પ્રમાણે મને મળશે. કોઈ કોઈને સુખ કે દુઃખ આપી શકતું નથી. ખોટો બકવાદ કરીને મારું માથું ખાઈ રહ્યો છે. ઓ નાદાન છોકરા! કંઈક તો વિચાર કર કે હું આ કોની સામે બોલી રહ્યો છું.

બંધુઓ! પૂર્વભવના દૃઢ સંસ્કારને કારણે પરમાનંદના અંતરમાં જ્ઞાનનો ઉઘાડ થયો છે એટલે પિતાજીને સત્ય હકીકત સમજાવે છે પણ પિતાના અંતરમાં તો હું કરું છું એવા અભિમાનનો અજગર ફૂંફાડા મારી રહ્યો હતો. એટલે એવો પણ વિચાર નથી કરી શકતા કે આટલો નાનો સાડા ત્રણ વર્ષનો છોકરો હજુ સ્કુલે ભણવા પણ ગયો નથી કે એના હાથમાં પાટી ને પેન આપ્યા નથી છતાં સંસ્કૃત ભાષામાં આવો સુંદર શ્લોક એ કેવી રીતે બોલ્યો? એને કયાંથી આવડયો? આવું જ્ઞાન એને કયાંથી આવ્યું? જો રાજા કર્મના સિદ્ધાંતને સમજતા હોત તો એમને જરૂર આવો વિચાર આવત પણ આ તો અભિમાનના માંચડે ચઢેલા હતા એટલે આવો વિચાર ન આવ્યો. એમના અંતરમાં "હું" નો અજગર ફૂંફાડા મારી રહ્યો હતો કે અરે! હું ન હોત તો આ પુત્રના કેવા ભૂંડા હવાલ થાત! વિગેરે અભિમાનને પોષણ આપનાર વિચારોના વમળમાં ગોથા ખાઈ રહ્યા હતા, છેવટે ગુસ્સો

કરીને કહે છે કે હે નાદાન છોકરા ! મેં તારા માટે આટલું આટલું કર્યું છે છતાં પણ જો તને તારા પુણ્યનો જ ભરોસો હોય તો તું જોઈ લે જે કે હું તારી કેવી દશા કરું છું ! પછી તારા કર્મો તને સુખી અને સમૃદ્ધ બનાવશે.

પરમાનંદે હસીને કહ્યું–ભલે પિતાજી, આપને જેમ યોગ્ય લાગે તેમ કરજો. મને કોઈ ચિંતા નથી. રાજાએ પરમાનંદ સૂઈ શકે તેવી એક લાકડાની સુંદર પેટી તૈયાર કરાવી. અંદર હવા જઈ શકે તે માટે પેટીને ફરતા નાના નાના કાણા પડાવ્યા. અંદર મખમલની ગાદી પથરાવી. રાત્રે બધા સૂઈ ગયા પણ રાજાને ઉંઘ આવતી નથી. કારણ કે અંતરમાં અહંનો કીડો કોરી ખાતો હતો. બસ, એ છોકરો એના મનમાં શું સમજે છે ? હું એને બતાવી દઉં. બંધુઓ ! અભિમાન આત્માને દુર્ગતિમાં લઈ જનાર છે. અભિમાન જીવને સત્ય વસ્તુનું ભાન થવા દેતું નથી. કહ્યું છે કે—

"અભિમાની કે હૃદયમેં, જ્ઞાન ન કરતા ધામ,
ફટી જેબમેં કયા કબી, રહ સકતે હૈં દામ."

અભિમાની મનુષ્યને કોઈ ગમે તેટલું સમજાવે, તેની પાસે સારી જ્ઞાનની વાતો કરે પણ અક્કડભાવને કારણે તેના હૃદયમાં જ્ઞાનનો વાસ થતો નથી. જેમ કોઈ માણસના ઝભ્ભાનું ખિસ્સું કાણું હોય તેમાં પૈસા મૂકે તો રહી શકે ખરા ? "ના." તમે મૂકો પણ નહિ ને ? જેમ ઝભ્ભાના ફાટેલા ખિસ્સામાં પૈસા રહી શકતા નથી તેમ અભિમાનીના અંતરમાં પણ જ્ઞાન ટકી શકતું નથી. આ રાજાને પરમાનંદે સત્ય વાત કરી પણ અંદરના અભિમાનને કારણે સાચી વાત સમજવાને બદલે ક્રોધ આવ્યો. એ પણ કયાં સુધીનો ક્રોધ ... બસ, હવે એ છોકરાને જંગલમાં મૂકી આવું ને જોઉં કે એનું ભાગ્ય કેવું કામ કરે છે?

"દુઃખમાં પણ નવકારમંત્ર ગણતો પરમાનંદ" :– રાજાએ લાકડાની સુંદર પેટી તૈયાર કરાવી રાખી હતી. બધા ઉઘી ગયા પરમાનંદ પણ ઘસઘસાટ ઉંઘતો હતો. તેને ઉંચકીને પેટીમાં સૂવાડીને પેટી બંધ કરી દીધી. માણસોની પાસે પેટી ઉંચકાવીને ગાઢ જંગલમાં લઈ ગયો. જંગલમાં એક ઝાડ નીચે પેટી મૂકીને રાજા ત્યાંથી ચાલતા થઈ ગયા. આ તરફ સવાર પડતાં છોકરો જાગ્યો એટલે એને એમ તો થયું કે મને કોઈએ પેટીમાં પૂર્યો છે પણ પોતે કયાં છે તે કયાંથી ખબર પડે ? આ તો વિવેકી ને સમજુ આત્મા છે એટલે રડવા ન બેઠો કે હાય....હાય મને કોણે પેટીમાં પૂર્યો ? મને બડાર કાઢો. આવું કંઈ ન કર્યું. એ તો નવકારમંત્રનો જાપ કરવા લાગ્યો. પરમાનંદ પુણ્યનું પરમીશન લઈને આવ્યો છે. હવે જોજો એનું પુણ્ય કેવું કામ કરે છે! અભિમાનના માંચડે ચઢેલા બાપને સાડા ત્રણ વર્ષના બાળકની દયા ન આવી. એકલા અટૂલા બાળકને વગડામાં મૂકીને ચાલ્યા ગયા. બાળક જાગીને વિચાર કરે છે કે મને પેટીમાં પૂર્યો છે. હું કયાં છું તે કંઈ ખબર પડતી નથી પણ

એને એટલી અબર છે કે જીવને સુખ-દુઃખ આપનાર પોતાનાં કર્મો છે. આ સ્વાર્થમય સંસારમાં કોણ કોનું છે? કોણ માતા! ને કોણ પિતા! ને કોણ પુત્ર! સૌ સ્વાર્થના સગા છે. આવી વિચારણા કરીને પરમાનંદ પેટીમાં સૂતો (૨) નવકાર મંત્ર ગણે છે.

"પેટી જોતાં રાજાને થયેલો હર્ષ" : બંધુઓ! જેનું પુણ્ય પ્રબળ છે એને વગડામાં પણ રક્ષણદાતા મળી રહે છે. થોડીવારમાં બાજુના ગામના રાજા જંગલમાં ફરવા માટે આવ્યા તે ત્યાં થઈને જતા હતા. ત્યાં અચાનક રાજાની નજર પેલી પેટી ઉપર પડી. રાજાના મનમાં થયું કે અહો! આ ઘોર વગડામાં આવી સુંદર રંગેલી પેટી કોણ મૂકી ગયું હશે? અંદર કાંઇ માલમત્તા તો નહિ હોય ને? લાવને જરા જોઉં તો ખરો. આમ વિચાર કરીને રાજા પેટી પાસે આવ્યા તો પેટીમાં નમો અરિહંતાણં....નમો સિદ્ધાણં કોઈ બોલી રહ્યું છે. તે સાંભળીને રાજા જરા પાછા પડયા. મનમાં થયું કે અંદર ભૂત તો નહિ હોય ને! બીજી ક્ષણે મન મક્કમ કરીને પેટી ખોલી, તો અંદર રૂપરૂપના અવતાર સમો એક તેજસ્વી બાળક નવકારમંત્ર ગણતો હતો. છોકરાને જોઈને રાજાને અત્યંત આનંદ થયો, કારણ કે રાજાને કંઈ સંતાન ન હતું. એ પુત્ર માટે તલસતા હતા. અપુત્રીયાને પુત્ર મળે તો આનંદ થાય ને? તેમ આ રાજાને પુત્ર મળતાં આનંદ થયો, અને શુક્રના તારાની માફક આ ચમકી રહેલા બાળકને લઈને રાજા ચાલતા થયા. મનમાં એટલો હર્ષ હતો કે તેની કોઇ સીમા નહિ. અહો....મારે દીકરો ન હતો એટલે કુદરતે મને દીકરો આપ્યો. મારે માટે આજનો દિવસ સફળ બન્યો. રાજા પુત્રને લઈને રાણી પાસે આવીને કહે છે હે રાણી! તારા માટે હું પુત્ર લાવ્યો. રાણીને પણ ખૂબ આનંદ થયો. છોકરાના હાથપગ બરાબર વળતા ન હતા, બાકી એનું રૂપ તો અલૌકિક હતું. ગુણ પણ ઘણાં હતાં અને તેનું પુણ્ય પણ ખૂબ હતું.

"પરમાનંદ સાજો થતાં રાજાને થયેલો હર્ષ" : રાજા રાણીને બાળક ખૂબ ગમી ગયો. રાજાએ તેના દર્દને દૂર કરવા માટે યોગ્ય ઉપચારો કરાવ્યા ને કુમારનો બધો રોગ ચાલ્યો ગયો એટલે પરમાનંદ સાજા બાળકની જેમ દોડવા લાગ્યો. એના પિતાએ ઘણાં ઉપચારો કરાવ્યા હતા પણ એના પાપકર્મનો ઉદય હતો એટલે રોગ મટયો નહિ અને અહીં સામાન્ય ઉપચારો થતાં એનો બધો રોગ મટી ગયો. રાજા-રાણી એને ખૂબ લાડ-કોડથી ઉછેરે છે. એના પિતા કરતાં પણ સવાયા લાડ લડાવે છે. પરમાનંદના દિલમાં પેલા શ્લોકનો ભાવાર્થ રમી રહ્યો છે કે કોઈ કોઇને સુખ કે દુઃખ આપી શકતું નથી. સુખ-દુઃખઃ આપનારા પોતાના કર્મો છે. રાજાએ પોતાના નગરમાં જાહેરાત કરાવી કે મારા મને ભાગ્યોદયે એક પુત્ર મળ્યો છે તેને હું દત્તક તરીકે સ્વીકારું છું. પ્રજામાં પણ આનંદ છવાઇ ગયો કે આપણા રાજાને પુત્ર ન હતો તો પુત્ર મળ્યો. ભવિષ્યમાં આપણા રાજા બનશે. પરમાનંદનું પુણ્ય ઘણું છે એટલે રાજાએ એને દત્તક લીધો ને જાહેરાત કરી તેથી જેમ રાજ્યમાં

પુત્રનો જન્મ થાય ત્યારે લોકો ભેટ લઈને આવે તેમ આવવા લાગ્યા ને જન્મ મહોત્સવ જેવો ઉત્સવ ઉજવ્યો.

પરમાનંદના પાલક પિતા રાજ્ય ચલાવે ત્યારે આ પરમાનંદ કયારેક કહેતો પિતાજી ! આપ આપના ભંડાર ખુલ્લા મૂકીને પુણ્યનો દીપક બૂઝાતા પહેલાં એમાં તેલ પૂરતા રહેજો. આપણે સાથે શું લઈ જવાનું છે ? જીવ એકલો આવ્યો છે ને એકલો જવાનો છે. માટે દીન-દુઃખી માટે બધું આપવું પડે તો આપી દેજો. એ આપણી પાસેથી થોડું લઈ જશે ને આપણને મહાન પુણ્ય ઉપાર્જન કરાવશે. જે દાન લે છે તે આપણને બે પ્રકારે લાભ કરાવે છે, એક તો આપણને પરિગ્રહના ભારથી હળવા બનાવે છે ને બીજું મહાન પુણ્યના થોક બંધાય છે. આ પરમાનંદની બુદ્ધિ અને નાની વયમાં એનું જ્ઞાન જોઈને રાજા આશ્ચર્ય પામી જતાં કે શું આની બુદ્ધિ છે ! આ મારો દીકરો ભવિષ્યમાં મહાન રાજા બનશે. આમ કરતાં પચ્ચીસ વર્ષનો થયો.

"પરમાનંદ રાજસિંહાસને" :- રાજાએ વિચાર કર્યો કે દીકરો મોટો થયો છે તો હું એને રાજ્ય સોંપીને મારા આત્માનું કલ્યાણ કરવા જાઉં. મારે આ રાજ્યની ઝટપટમાં રહેવું નથી. આવો વિચાર કરીને રાજાએ શુભ મુહુર્તે પરમાનંદને રાજતિલક કર્યું. જુઓ, પુણ્ય કેવું કામ કરે છે ? પુણ્ય કર્મ આહીરને જવાહીર અને રંકને રાય બનાવી દે છે. આ કુમાર કયાં જન્મ્યો, કયાં ઉછર્યો અને કયાં મોટો રાજા બની ગયો. રાજ્યની લગામ હાથમાં આવ્યા પછી પરમાનંદે તો રાજ્યની રોનક બદલાવી નાંખી. નગરમાં કોઈ દુઃખી ન રહે તે માટે ઠેરઠેર દાનશાળાઓ ખોલાવી ને પાણીની પરબો મંડાવી. સેંકડો ગરીબો તેનો લાભ ઉઠાવી રહ્યા છે. રાજાએ દાનશાળાના મુખ્ય દરવાજે "सुखस्य दुःखस्य न कोऽपि दाता" આ આખો શ્લોક લખાવ્યો છે. જે કોઈ આવે તેની દૃષ્ટિ પહેલાં આ શ્લોક ઉપર પડે. ખૂબ સુંદર રીતે રાજશાસન ચલાવવાથી પરમાનંદ રાજાની ખ્યાતિ ચારે બાજુ પ્રસરી ગઈ.

આ તરફ પરમાનંદના પિતા એને વગડામાં મૂકી આવીને આનંદ માનવા લાગ્યા કે એ અભિમાની છોકરો હવે કેવો સુખી થાય છે તે હું જોઈશ. તમે બોલો છોકરો અભિમાની હતો કે રાજા અભિમાની છે ? એ પૂર્વના પુણ્યથી રાજા બન્યા હતા. એમણે રાજ્યના સુખો ભોગવ્યા પણ સાથે કોડિયામાં તેલ પૂર્યું નહિ એટલે એના પુણ્યનો દીપક બૂઝાવા લાગ્યો. એની સ્થિતિ પલટાઈ ગઈ. આ સંસારમાં તો હંમેશાં સુખ-દુઃખનું ચક્ર ચાલ્યા જ કરે છે. બીજા રાજાએ એમના રાજ્ય ઉપર ચઢાઈ કરીને એમનું રાજ્ય જીતી લીધું. પોતે હારી ગયા એટલે નિરાધાર બનીને પોતાનું નગર છોડીને જીવ બચાવવા માટે ભાગી છૂટ્યા. નિરાધાર બનેલા રાજા જંગલમાં જઈને કાળો કલ્પાંત કરવા લાગ્યા. હાય....હાય મારું રાજ્ય ચાલ્યું ગયું ? હું નિરાધાર બની ગયો ? હું કયાં જાઉં ? શું કરું ? જેટલા

સુખી હતા તેટલા દુઃખી થઈ ગયા. ગામેગામ અને વને વન ફરતાં ફરતાં જ્યાં પોતાનો પુત્ર પરમાનંદકુમાર રાજ્ય કરે છે તે નગરમાં આવી પહોંચ્યા. સત્ય, સંયમ અને સદાચારમાં લીન બનેલા પરમાનંદ રાજા ન્યાય નીતિપૂર્વક રાજ્ય ચલાવે છે. દીન-દુઃખી અને નિરાધાર લોકો માટે દાનશાળાઓ, અનાથાશ્રમો, અને ચિકિત્સાલયો ખોલાવ્યા છે. હજારો લોકો તેનો આશ્રય લઈને રાજાને આશીર્વાદ આપે છે કે મહારાજા ! તમે દીર્ઘાયુષ થાઓ.

"પશ્ચાતાપ થતાં આંખોમાંથી વહેલી અશ્રુધાર" :- પરમાનંદના પિતા ગરીબ ભિખારીની માફક ઘરઘરમાં ટુકડા માંગવા લાગ્યા. જુઓ, હું જ બધાનું સંચાલન કરું છું, હું બધાને સુખી કરું છું એવું બોલનારા રાજાની કર્મે કેવી દશા કરી ? બત્રીસ પ્રકારના પકવાન જમનારને ઘરઘરમાં ટુકડા માંગતો કરી મૂક્યો ને ? નગરજનો કહે છે ભાઈ ! આ નગરમાં કોઈ ભિખારી ભીખ માંગતો જ નથી કારણ કે અમારા નવા રાજા એવા પવિત્ર ને ઉદાર છે કે તેમણે ગરીબો માટે મોટી મોટી દાનશાળાઓ ખોલી છે. માટે તમે ત્યાં જાઓ. ત્યાં તમને ખાવાપીવાની બધી સગવડ મળશે. એટલે રંક બનેલો રાજા ચાલતો ચાલતો દાનશાળાના દરવાજે પહોંચ્યો. એને ખબર નથી કે મારો પુત્ર જ રાજ્યનો માલિક છે એમણે દરવાજા ઉપર લખેલો શ્લોક વાંચ્યો કે "सुखस्य दुःखस्य न कोऽपि दाता" આ શ્લોક વાંચીને એની આંખમાં આંસુ આવી ગયા. એમને ભાન થયું કે મારો પુત્ર પરમાનંદ મને કહેતો હતો કે પિતાજી ! દુનિયામાં કોઈ કોઈને સુખ કે દુઃખ આપી શકતું નથી. હું સુખ આપું છું ને દુઃખ આપું છું એ મિથ્યાભિમાન છે, પણ હું અભિમાની એમ માનતો હતો કે હું જ બધું કરું છું પણ હવે મને સમજાયું કે કોઈ કોઈને સુખ કે દુઃખ આપી શકતું નથી. હું આમ કરું છું એ ખોટું અભિમાન છે, મેં પાપીએ મને સત્ય સમજાવનારા પુત્રને ક્રૂર બનીને જંગલમાં મૂકી દીધો. ધિક્કાર છે મને ! આવા વિચારે એમની આંખમાં શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યા.

આ ગરીબ માણસને રડતો જોઈને રાજાના એક માણસે પૂછ્યું-ભાઈ ! તમે શા માટે રડો છો ? અમારા રાજાના રાજ્યમાં કોઈ દુઃખી નથી, ત્યારે કહે છે ભાઈ ! મારે પરમાનંદ નામનો એક પુત્ર હતો તે પણ આવો જ શ્લોક બોલતો હતો. આ શ્લોક વાંચીને મને મારો પુત્ર યાદ આવ્યો તેથી રડું છું. શું તમારા રાજા પણ મારા પુત્રની જેમ આવો શ્લોક બોલે છે ? એ કર્મની વાતો માને છે ? ત્યારે માણસે કહ્યું-અમારા રાજા જેવા તો દુનિયામાં કોઈ રાજા નહિ હોય એવા ઉદાર અને ન્યાયી છે. તો પહેલા મારે તમારા રાજાના દર્શન કરવા છે. આ સમયે પરમાનંદ રાજા પોતે દાનશાળામાં દાન દઈ રહ્યા હતા. પોતાના પિતાને દૂરથી આવતા જોયા એટલે સિંહાસનેથી ઉભા થઈ ગયા ને પિતાના સામે ગયા. એમણે એવો વિચાર ન કર્યો કે આ બાપે તો મને મારી નાંખવા માટે જંગલમાં મૂકી દીધો હતો. હવે એમને ને મારે શું સંબંધ છે ? તે સામે જઈને પગમાં પડ્યા

ને કહ્યું પિતાજી ! પધારો. ઘણાં વર્ષો થઈ ગયા અને પરમાનંદના રંગઢંગ બદલાઈ ગયા છે. હાથ પગ પણ સારા થઈ ગયા છે, એટલે રાજા પરમાનંદને ઓળખી શકતા નથી. એમણે કહ્યું–મહારાજા ! હું તો એક ગરીબ માણસ છું. તમે મને પગે લાગો એ ન શોભે. આ સમયે રાજાએ કહ્યું–પિતાજી ! હું કોઈ મોટો રાજા નથી પણ આપનો પુત્ર પરમાનંદ છું, હું આપનો સેવક છું. આ રાજ્ય આપનું જ છે. પધારો....પધારો....

આ સાંભળીને રાજાને આનંદ થયો ને સાથે ભાન થયું કે પરમાનંદ કહેતો હતો તે વાત સત્ય છે કે કોઈ કોઇને સુખ કે દુઃખ આપી શકતું નથી. પોતાના શુભાશુભ કર્મો જ જીવને સુખી કે દુઃખી બનાવે છે હું એને પેટીમાં પૂરીને જંગલમાં મૂકી આવ્યો હતો, પણ એ તો પુણ્યના પ્રભાવે મોટો રાજા બની ગયો છે ને હું રાજા હતો તે ગરીબ ભિખારી બની ગયો. પુત્રનું પુણ્ય જોઈને એના પિતા બોલી ઉઠયા કે જેવું પૂર્વે કર્યું છે તેવું જ આ ભવમાં પામવાનું છે. જેવું વાવીએ તેવું મળવાનું છે **"જમે કરાવ્યા હશે કાંકરા તો મણી નથી મળનાર, જમે કરાવ્યા હશે મણી તો વિશ્વધણીથી ટાળ્યા નથી ટળનાર."** આટલી વાત એને સમજાઈ જતા જીવનમાં વિવેકનો દિપક પ્રગટયો અને પોતે આત્માનું કલ્યાણ કરવા ચાલ્યા ગયા. બંધુઓ ! તમને પણ આ વાત બરાબર સમજાઈ ગઈ ને ? તમે માનતા હો કે અમારાથી ઘર ચાલે છે તો એ મિથ્યાભિમાન છોડી દેજો. સૌને સૌના કર્મ પ્રમાણે સુખ કે દુઃખ મળવાનું છે. આમ સમજીને જેટલો બને તેટલો સંસારનો રાગ છોડી દેજો. લક્ષ્મીનો મોહ છોડીને દાનમાં વાપરજો. આવી સુકૃતની કમાણી કરવાનો અવસર મનુષ્યભવ સિવાય બીજે કયાંય નહિ મળે. તમે દાન દો ત્યારે જે લેવા આવે તેનો તમે ઉપકાર માનો કે આ મારી પાસે લેવા આવ્યો તો મને પુણ્ય બાંધવાનો લાભ મળ્યો ને? ન લેવા આવ્યો હોત તો મને લાભ કયાંથી મળત ! દેવલોકના દેવોને દાન દેવાનું મન થાય પણ ત્યાં કોઈ દાન લેનાર છે ? બધા જ દેવો છે. એમને દાન લેવાની જરૂર કયાં છે ? દુઃખમાં જીવનદીપક બૂઝાતાં પહેલાં જેટલાં બને તેટલા સત્કર્મો કરજો. એ જ તમારી સાથે આવશે. બાકી એક રાતી પાઈ પણ સાથે આવવાની નથી. મમતા છોડીને જે આપ્યું હશે તે તમારી સાથે આવીને તમને સુખની બધી સગવડ કરી આપશે.

આપણાં અપરાજિતકુમાર અને પ્રધાનપુત્ર પણ પરમાનંદ જેવા પવિત્ર આત્માઓ છે. એમને કેવળી ભગવાનના દર્શન થયા. એમની વાણી સાંભળી અને ભગવાનના મુખેથી સાંભળ્યું કે પોતે બાવીસમા તીર્થંકર થવાના છે અને વિમલબોધકુમાર એમનો મુખ્ય ગણધર થશે. તે જાણીને ખૂબ આનંદ થયો. ત્યાં થોડા દિવસ રોકાઈને બંને જણા પોતાનું ભાગ્ય અજમાવવા અને નવા સાહસો ખેડીને જીવનનો વિકાસ કરવા માટે આગળ ચાલ્યા. ચાલતા ચાલતા આ બંને જણા જનાનંદ નામના નગરના ઉદ્યાનમાં આવી પહોંચ્યા. આ

જનાનંદ નગરમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને ધારિણી નામની રાણી હતી. ગતભવની રત્નવતી અને ભાવિમાં રાજેમતી બનવાની છે તેનો જીવ દેવલોકમાંથી ચવીને આ જિતશત્રુ રાજાને ત્યાં પ્રીતિમતી નામે પુત્રી તરીકે જન્મ લીધો છે. પ્રીતિમતી ધીમે ધીમે મોટી થઈ અને સ્ત્રીઓની ૬૪ કળામાં પારંગત થઈ. એનું રૂપ તો કોઈ અદ્‌ભૂત હતું. એનું રૂપ જોઈને ભલભલા પુરૂષો પાગલ બની જતા રૂપ, ગુણ અને કળાથી પ્રીતિમતીનું જીવન સોળે કળાએ ખીલેલા ચંદ્રની માફક ખીલી ઉઠ્યું હતું.

"પિતાને ચરણે આવેલી પ્રીતિમતી" :– એક દિવસ પ્રીતિમતી સ્નાન કરી, સારા શણગાર સજીને પિતાજીને પગે લાગવા આવી. પ્રીતિમતીને જોઈને રાજાએ મનમાં વિચાર કર્યો કે મારી પુત્રી રૂપ, ગુણ અને કળામાં પ્રવીણ છે. એનામાં એકેય ગુણની ખામી નથી. એને યોગ્ય વર મળી જાય તો સોનામાં સુગંધ ભળે અને એનો જીવનબાગ ખીલી ઉઠે. પિતાએ પોતાની વહાલી પુત્રીને પાસે બેસાડીને કહ્યું–બેટા ! હવે તું યુવાન થઈ છે. તારા લગ્ન કરવા માટે હું તારા માટે યોગ્ય વરની શોધ કરું છું, ત્યારે પ્રીતિમતી એ કહ્યું–પિતાજી ! મારે લગ્ન કરવા જ નથી. રાજાએ કહ્યું–બેટા ! એમ તે કંઈ ચાલે ? તું કહે તેની સાથે તને પરણાવું, ત્યારે પ્રીતિમતીએ કહ્યું-પિતાજી ! મારાથી ઉતરતા રૂપ, ગુણ અને કળાવાળા પુરૂષ સાથે લગ્ન કરવા એના કરતાં ન પરણવું શ્રેષ્ઠ છે. હા, મને મારી કળામાં જે જીતશે તેની સાથે હું લગ્ન કરીશ, ત્યારે રાજાએ કહ્યું–બેટા ! કયો રાજા કેવો હોંશિયાર છે ને કેવી કળાઓનો જાણકાર છે તે આપણને કેવી રીતે ખબર પડે ? તેના કરતાં હું સ્વયંવર રચાવું તેમાં દેશોદેશના રાજાઓને તેમના કુમારોને સાથે લઈ આવવાનું આમંત્રણ આપું. તેમાં જે કુમાર તારી કળાને જીતે તેની સાથે તું પરણજે. આ વાત પ્રીતિમતીને ગમી એટલે તેણે પિતાજીને હા પાડી. રાજાએ પણ દેશોદેશના રાજાઓને ખબર આપી કે જે મારી પુત્રીને કળામાં જીતશે તેને મારી પુત્રી પરણશે.

"સ્વયંવરમાં આવેલા અનેક રાજાઓ" : પોતાની પુત્રીને આવી હોંશિયાર જોઈને જિતશત્રુ રાજાને પણ ચિંતા થવા લાગી કે મારી પુત્રીની કળાને કોણ જીતી શકશે ? મારો જમાઈ કોણ થશે ? બીજી તરફ પ્રીતિમતીના રૂપ, ગુણ અને કળા ની પ્રશંસા સાંભળીને રાજાઓ તેને પરણવા માટે નવી નવી કળાઓ શીખવા લાગ્યા. થોડા સમય બાદ જિતશત્રુ રાજાએ પ્રીતિમતીનો સ્વયંવર રચ્યો. તેમાં દેશોદેશના રાજાઓને આમંત્રણ આપીને તેડાવ્યા. આ સ્વયંવરમાં ભાગ લેવા માટે બધા રાજાઓ આવ્યા છે. માત્ર અપરાજિતકુમારના પિતા હરિનંદી રાજા નથી આવ્યા. હરિનંદી રાજા પોતાના પુત્રના વિયોગથી ઝુરતા હતા, એટલે આવ્યા નથી. જનાનંદ નગરમાં આનંદ આનંદ છવાઈ ગયો છે. હાથી ને ઘોડા દોડાદોડ કરી રહ્યા છે. નગર બહાર ઘણાં તંબુઓ તાણેલા છે. આ સમયે અપરાજિતકુમાર અને

વિમલબોધ બંને આવી પહોંચ્યા. નગરમાં આ બધી ધમાલ, ઉત્સાહ અને આનંદ જોઈને કોઈને પૂછ્યું–ભાઈ ! આ નગરમાં આટલી બધી ધમાલ શેની છે ? તેણે કહ્યું–આ નગરના રાજાને પ્રીતિમતી નામે એક કુંવરી છે. એનો સ્વયંવર છે. તે માટે જુદા જુદા દેશના ઘણાં રાજાઓ આવ્યા છે. પ્રીતિમતીની એક શરત છે કે "જે રાજકુમાર વિદ્યાકાળમાં તેને જીતશે તેની સાથે તે પરણશે." આ પ્રમાણે કહીને તે માણસ રવાના થઈ ગયો.

"વેશ પરિવર્તન કરી સ્વયંવરમાં આવેલ અપરાજિત તથા વિમલબોધ":– અપરાજિતકુમારે વિમલબોધને પૂછ્યું–કેમ ભાઈ ! આપણે સ્વયંવરમાં જવું છે ને ? આપણે સમયસર પહોંચ્યા છીએ. આપણી કળાનું પારખું થશે. મિત્રે કહ્યું–ભાઈ ! ચાલો, હું તો તમારી સાથે આવવા તૈયાર જ છું. કુમારે કહ્યું–આપણને ઘણાં રાજાઓ ઓળખે છે માટે આ વેશે જઈશું તો ઓળખી જશે, એટલે આપણે પેલી ગુટિકા વડે વેશપરિવર્તન કરીને જઈએ. કેવું રૂપ લેવું છે ? બન્નેએ નક્કી કર્યું કે સાધારણ માણસનું રૂપ લઈને જઈએ. તેથી બન્ને જણા વેશ બદલીને સાધારણ માણસનો વેશ લઈને સ્વયંવર મંડપમાં આવ્યા. મંડપ ખૂબ સુંદર બનાવ્યો હતો. સ્વયંવરમંડપની શોભા જોઈને આવેલા રાજાઓ અને પ્રજાજનો અંજાઈ જતા હતાં ને બોલતાં કે જેવા કુંવરીના તેજ છે એવો જ મંડપ રચ્યો છે. ઘણાં રાજાઓ અને રાજકુમારો મંડપમાં આવીને બેસી ગયા છે. બધાના મનમાં એમ જ થતું કે રાજકુમારી અમને વરમાળા પહેરાવશે. અમને જ પ્રીતિમતી મળશે, કારણ કે સૌ પરણવાની ઇચ્છાથી આવ્યા હતા એટલે આશા તો રહે તે સ્વાભાવિક છે.

"મંડપમાં પ્રીતિમતીના રૂપનો થયેલો ચમત્કાર" : થોડીવારમાં પ્રીતિમતી સોળ શણગાર સજીને રૂમઝુમ કરતી સ્વયંવરમંડપમાં આવી પહોંચી. તેની આગળ પાછળ બે દાસીઓ ચામર વીંઝતી હતી, અને બીજી સખીઓ તેની સાથે ચાલતી હતી. ઘણાં રાજાઓ અને રાજકુમારો તો એનું અપૂર્વ રૂપ જોઈને ત્યાં ને ત્યાં બેભાન થઈ ગયા. કુમારે વિમલબોધને કહ્યું–મિત્ર ! આ કન્યાનું રૂપ તો સ્વર્ગના દેવોને પણ લલચાવે એવું છે, ત્યારે વિમલબોધે હસીને કહ્યું–મિત્ર ! તમે જ એને પરણશો. મને નથી લાગતું કે આમાંથી કોઇ રાજા પ્રીતિમતીને જીતી શકે. બધા હમણાં જ એની આગળ પાણી ભરવા લાગી ગયા છે. જોને કેટલાક તો બેભાન બની ગયા છે ને કેટલાક એના સામું જોયા કરે છે. કુમારે કહ્યું કે જોઈએ શું થાય છે ?

થોડીવારમાં જિતશત્રુ રાજાએ ઉભા થઈને કહ્યું–અમારા આમંત્રણને માન આપીને જુદા જુદા દેશથી પધારેલા મહારાજાઓ અને રાજકુમારો ! મારી પુત્રી પ્રીતિમતીનો સ્વયંવર થઇ રહ્યો છે. જે કોઇ રાજા કે રાજકુમાર એના પ્રશ્નનો જવાબ આપશે તેને જ એ પરણશે. હવે પ્રીતિમતી સ્વયંવરમંડપમાં આવેલા રાજાઓને કેવા પ્રશ્નો પૂછશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે. સમય થયો છે પણ થોડી વાર ચરિત્ર કહું છું.

ચરિત્ર : "રાજાને ખોટી રીતે કાન ભંભેરતી રત્નવતી" : રત્નવતી રાણી જિનસેના રાણીના મહેલે ગઈ. ત્યાં એણે ધર્મ સંબંધી વાત ઉપાડી, અને પછી ધર્મગુરૂનું અપમાન કરવા લાગી ત્યારે જિનસેનાએ કહ્યું કે હું મારા ધર્મગુરૂનું અને ધર્મનું અપમાન સહન નહિ કરી શકું. એટલે તેને ખોટું લાગ્યું ને ક્રોધે ભરાઈને ધમધમ કરતી પોતાના મહેલે આવી. હવે એને કોઈ પણ રીતે રાજાના કાન ભંભેરવા છે. પતિને કંઈક વાત કરવી હોય ત્યારે બહેનો પહેલાં શું કરે? આ તો તમારા સંસારની વાત છે. એટલે તમે બધા બરાબર સમજી ગયા હશો. ઘરમાં દિવાબત્તી બંધ કરી, ચૂલામાં પાણી રેડી શીતળા સાતમ કરીને રીસાઈને સૂઈ જાય. (હસાહસ). કેમ બરાબર છે ને? આ રાણીજી પણ જિનસેનાના મહેલેથી પોતાના મહેલે આવીને આંખો લાલચોળ કરી રીસાઈને પલંગમાં સૂઈ ગયા. સમય થતાં રાજા રાણીના મહેલે આવ્યા. રાણીને પલંગમાં સૂતેલા જોયા, દરરોજ રાજા આવે ત્યારે આ રત્નવતી રાજાની સામે જઈને સ્વાગત કરતી હતી પણ આજે તો રાજા આવ્યા પણ રાણીજી ઉઠયા નહિ. રાજાએ આવીને જોયું તો રાણીજી ઉદાસ થઈ ગયા છે.

રાણીની આંખો કેટલુંય રડી હોય તેવી લાલચોળ થઈ ગઈ છે. મુખ ઉપર પારાવાર ગમગીની છવાઈ ગઈ છે. આ જોઈને રાજાએ પૂછયું-રાણીજી! આજે તમે આટલા બધા ઉદાસ કેમ છો? શું તમને કોઈએ કંઈ કહ્યું છે? કોઈએ તમારું અપમાન કર્યું છે? તમને શું દુઃખ છે? રાજાએ રાણીને આ પ્રમાણે ખૂબ પૂછયું. હવે સાંભળજો. આ રાણી જિનસેનાને હલકી પાડવા શું કહે છે? જિનસેના તો કેટલી સરળ છે કે રત્નવતી જ્યારે જ્યારે તેના મહેલે ગઈ ત્યારે ત્યારે જિનસેના તેના માટે કેવી અડધી થઈ ગઈ છે. રત્નવતી આવે ત્યારે પોતાની પાસે ભારે દાગીનો, સાડી વિગેરે જે ચીજો હોય તે કાઢીને આપી દેતી હતી પણ કદી એણે રત્નવતીને એમ નથી પૂછયું કે બહેન! તને સ્વામીનાથે શું શું આપ્યું છે? જરા બતાવ તો ખરી. એની પાસે લેવાની વાત ન હતી. બને તેટલું આપી છૂટતી હતી. તેના હિત માટે ધર્મનું સ્વરૂપ સમજાવ્યું પણ રત્નવતીના અંતરમાં તો બધું વિષરૂપે પરિણમ્યું. જેમ સ્વાતિનક્ષત્રનું પાણી તો બધા ઉપર સરખું પડે છે પણ એ જ પાણી માછલી ઉછળીને ઝીલી લે તો તેના પેટમાં મોતી પાકે છે. એ પાણી સર્પના મુખમાં પડે તો ઝેર બની જાય છે, મરચાના છોડવા ઉપર પડે તો તીખાશ રૂપે, લીમડા ઉપર પડે તો કડવાશ રૂપે અને આંબલી ઉપર પડે તો ખટાશ રૂપે પરિણમે છે તેમ જિનસેના રત્નવતીનું સારું કરવા ગઈ તેમ તેને માટે ઝેર રૂપે પરિણમ્યું. સર્પને ગમે તેટલું દુધ પીવડાવો પણ એ ઝેર જ બની જાય છે, તેમ રત્નવતીએ જિનસેનાની કદર ન કરી પણ ઉપરથી દ્વેષ વધ્યો. રાજાએ પૂછયું કે તમે ઉદાસ કેમ છો? ત્યારે રત્નવતી બરાબર વાત બનાવીને અત્યંત નમ્રતાપૂર્વક કહે છે હે પ્રાણનાથ! આપની છત્રછાયામાં મને કોઈ જાતનું દુઃખ નથી. આપની મારા ઉપર અમીદૃષ્ટિ છે એટલે મને આનંદ છે. આપના તરફથી બધી રીતે સુખી છું, પણ એક દુઃખ છે.

પર જિનસેના મહારાની, કરતી મુઝસે દ્વેષ,
કભી પ્રેમસે નહીં બોલતી, યહ લગતી મુઝે ઠેસ.

હે સ્વામીનાથ ! હું શું વાત કરું ? હું જિનસેનાં મહારાણીના મહેલે ઘણીવાર જાઉં છું. મોટી બહેન....મોટી બહેન કહીને હું તેમના પગમાં પડું છું, પણ એ તો મારા સામું જોતા નથી. એ મને કદી એમ નથી કહેતી કે બહેન ! તું આવી ? મારી પાસે બેસ, પણ હું તો મારા વડીલ બહેન સમજીને જાઉં છું છતાં એ મારા ઉપર દ્વેષ રાખે છે. હું એને નજરે દીઠી પણ ગમતી નથી, અને એ મને મારી નાંખવાના કાવત્રા શોધે છે. હે નાથ ! એ જિનસેના મને બહુ દુઃખ આપે છે. મને પરણીને આવ્યા આટલા વર્ષો થઈ ગયા પણ મેં કદી આપને આવી વાત કરી નથી પણ મૂંગે મોઢે બધું સહન કર્યું છે, પણ હમણાં હમણાં તો એણે મર્યાદા છોડી દીધી છે. મારે માટે જે કરે છે તે તો હું સહન કરું છું પણ જ્યારે જ્યારે હું એની પાસે જાઉં છું ત્યારે તે આપની નિંદા જ કરે છે. મારા શરીરના કદાચ બે ટુકડા કરી નાંખશો તો તે હું સહન કરી લઇશ, પણ આપના અવર્ણવાદ બોલે તે મારાથી સહન નહિ થાય. તમે તો કોઈ દિવસ એનું વાંકું બોલતા નથી, પણ એ તો પેટ ભરીને આપનું વાંકું બોલ્યા કરે છે. કોણ જાણે એને શું થઈ ગયું છે તે જ મને તો સમજાતું નથી. ખૂબ વિચાર કરતાં મને એમ લાગે છે કે તમે મારા ઉપર આટલો બધો પ્રેમ રાખો છો તે એને ગમતું નથી. એ જ એને ઇર્ષ્યા આવી ગઈ છે. રત્નવતીની વાત સાંભળીને રાજાએ કહ્યું કે હે રત્નવતી ! તું જે કહે છે એવી જિનસેના નથી. એ ખૂબ પવિત્ર છે ને પતિવ્રતા છે. મને આ તારી વાત માનવામાં આવતી નથી. આ પ્રમાણે રાજાએ કહ્યું. હવે રત્નવતી રાજાને શું કહેશે ને રાજા શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

●

વ્યાખ્યાન નં. ૨૯

શ્રાવણ સુદ ૧૧ ને સોમવાર **તા. ૧૪-૮-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની મહાનપુરૂષો કહે છે કે હે જીવાત્માઓ ! અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરો છો છતાં તેનો થાક લાગ્યો છે ખરો ? જ્યાં સુધી જીવને કોઇ જાતનું જ્ઞાન ન હતું ત્યાં સુધી સંસારમાં અથડાયો ને પરિભ્રમણ કર્યું પણ હવે આર્યદેશ, ઉત્તમકુળ અને જૈનધર્મ મળ્યો, તેમાં પણ સદ્‌ગુરૂનો યોગ મળ્યો, ગુરૂના મુખેથી વીતરાગવાણી સાંભળવા મળી છતાં જીવને હું ને મારું છૂટતું નથી. વધુ શું કહું, અનંતકાળથી જીવ પરિભ્રમણ કરે છે તો શું કયારેક કેવળી ભગવાનનો ભેટો નહિ થયો હોય ? કેવળી ભગવાનની વાણી નહિ સાંભળી હોય ? બધું જ કર્યું હશે. કેવળી ભગવાનના સમોસરણમાં ગયો, દર્શન કર્યા ને એમના મુખેથી વાણી સાંભળી છતાં

કોરો ને કોરો રહ્યો. મગને પલાળે ત્યારે કોરડું કોરું જ રહે તેમ આ જીવ કેવળી ભગવાન પાસે ગયો પણ અંતરથી કોરો જ રહ્યો. જેમને ભગવાનના વચનામૃતો ઉપર શ્રદ્ધા છે તેવા જીવો વહેલા કે મોડા સંસાર સાગરને તરી જવાના છે. કારણ કે સદ્‌ગુરૂના સમાગમથી એમને ભાન થાય છે તેથી તે વિચારે છે કે " **मैं हूं कौन, कहां से आया, मुझे कहां पर जाना है** " હું કોણ છું ? કયાંથી આવ્યો છું ને અહીંથી મરીને મારે કયાં જવાનું છે ? મોક્ષ મેળવવા માટે મારે શું કરવું જોઇએ ?

બંધુઓ ! તમને આવો વિચાર આવે છે ? તમે રોજ પૈસાનો, પુત્રનો, પત્નીનો, ઘરનો બધો વિચાર કરતા હશો પણ આવો વિચાર કરો છો ખરા ? " एगो आया " આત્મા એક જ છે. આત્મા એકલો આવ્યો છે ને એકલો જવાનો છે. આવ્યો ત્યારે પુણ્ય અને પાપ સિવાય બીજું કંઈ સાથે લાવ્યો ન હતો ને જશે ત્યારે પણ સાથે પુણ્ય અને પાપ સિવાય કંઈ જ લઈ જવાનો નથી. માટે વિચાર કરો કે આ જગતમાં જો કોઇ શાશ્વત ચીજ હોય તો

एगो मे सासओ अप्पा, नाणदंसण संजुओ ।
सेसा मे बाहिरामावा, सव्व संजोग लक्खणा ॥

જ્ઞાન દર્શનથી યુક્ત એવો મારો આત્મા શાશ્વત છે, બાકી જેની પાછળ જગતના જીવો મોહ પામે છે તેવા તન, ધન, યૌવન બધું જ અશાશ્વત છે. આ વચનો સર્વજ્ઞ ભગવંતના છે. સર્વજ્ઞ પ્રભુના વચનો સત્ય છે, પ્રમાણભૂત છે એમ સમજીને જે શ્રદ્ધા કરશે તે તરી જશે. આપણા સદ્‌ભાગ્યે સદ્‌ગુરૂઓ મળ્યા છે. તેમની પાસેથી જે કંઈ સાંભળો તે હૃદયમાં ઉતારીને એકાંતમાં બેસીને ચિંતન કરો અને વિચારો કે વીતરાગ પ્રભુની વાણી ભવરોગ નાબૂદ કરનારી જડીબુટ્ટી છે, પણ આ જડીબુટ્ટી પ્રાપ્ત કરવા માટે માન, માયા આદિ કષાયોના કચરા દૂર કરવા પડશે. જ્યાં સુધી અંતરમાં અભિમાનના કાંટા ભર્યા છે ત્યાં સુધી આપણી જીવનનૈયા તરી શકશે નહિ. એક ન્યાય આપું.

લોઢાના ટુકડાને જો સીધો પાણીમાં ફેંકીએ તો તે ડૂબી જાય છે પણ એ જ લોખંડના ટુકડાને લાકડા ઉપર જડીને પાણીમાં મૂકવામાં આવશે તો તે તરશે. સંતપુરુષો લાકડા સમાન છે. લાકડું પોતે તરે છે ને તેનો આશ્રય લેનારને પણ તારે છે, તેમ સંતપુરુષો પોતે તરે છે ને તેમના શરણે આવનારને પણ તારે છે. પણ કયારે ? અંતરમાં રહેલું અભિમાન છોડીને સંતની સાથે તમારે જડાઇ જવું પડશે. સંતોની સાથે જડાઇ જવું એટલે શું ? તે તમે સમજ્યા ? સંતો જેવું જીવન જીવે છે તેના જેવું જીવન જીવવું. સાધુના જીવનમાં જે ગુણો રહેલા છે તે ગુણોને જેટલા બને તેટલા જીવનમાં અપનાવવા. સાધુ તો ક્ષણે ક્ષણે પાપથી ડરે છે. પોતે એક પણ પાપકર્મ કરતા નથી તો તમે પાપ કરતી વખતે વિચાર કરો કે હું જેમના

શરણે જાઉં છું તે તો બિલકુલ પાપ કરતાં નથી તો મારાથી આવા પાપકર્મનું આચરણ કરાય? એ ભવસાગરને તરવાનો માર્ગ બતાવે છે ને હું ડૂબવાના કાર્ય કરી રહ્યો છું! આવી રીતે વિચાર કરીને સંતના જીવનમાંથી કંઈક ગુણો અપનાવો. એનું નામ સંતની સાથે જડાયા કહેવાય. બોલો, તમારે તરવું છે ને? 'હા'. જો તમારે સંસાર સાગરને જલદી તરવો હોય તો ક્રોધ, લોભ, મોહ, અભિમાન વિગેરે દુર્ગુણોનો ત્યાગ કરી આત્મા તરફ વળો. આત્મસ્વરૂપની પિછાણ કરો.

જેમને આત્મસ્વરૂપની પિછાણ થઈ છે તેવા આત્માની આપણે વાત કરીએ છીએ. જિતશત્રુ રાજાએ સ્વયંવરમંડપ રચ્યો છે. અનેક દેશના રાજાઓ પ્રીતિમતીને પરણવાના કોડથી સ્વયંવરમાં આવ્યા છે. તેમાં અપરાજિતકુમાર અને વિમલબોધકુમાર બંને જણા ગુટિકાના પ્રભાવથી વેશપરિવર્તન કરીને આવ્યા છે. પ્રીતિમતી સ્વયંવર મંડપમાં દાખલ થઈ. ઘણાં રાજકુમારો તો તેનું રૂપ જોઈને અંજાઈ ગયા. દાસીએ પ્રીતિમતીને એક પછી એક રાજાની ઓળખાણ આપવા માંડી. દરેક રાજાઓની ઓળખાણ કરાવ્યા પછી જિતશત્રુ રાજાએ ઊભા થઈને જાહેરાત કરી કે મારી પુત્રી તમને બધાને ચાર પ્રશ્નો પૂછશે. જે તેના પ્રશ્નોના ઉત્તર આપશે તેની સાથે પ્રીતિમતી પરણશે. આ પ્રમાણે જાહેર કર્યા પછી પ્રીતિમતીએ પ્રશ્નો પૂછ્યા.

તેમાં પહેલો પ્રશ્ન છે વસંત ક્યારે આવે? બીજો પ્રશ્ન જીવન કોને કહેવાય? ત્રીજો દુનિયા કઈ છે? અને ચોથો યૌવન શાથી ઓળખાય? પ્રીતિમતીના પ્રશ્નો સામાન્ય હતા અને મંડપમાં ઘણા મોટા મોટા દેશના પરાક્રમી અને બુદ્ધિશાળી રાજાઓ અને રાજકુમારો બેઠા હતા, પણ સૌ પ્રીતિમતીના પ્રભાવમાં એવા અંજાઈ ગયા હતા કે કોઇ એના એક પણ પ્રશ્નનો જવાબ આપી શકતા નથી. દરેક રાજાઓ મનમાં વિચાર કરવા લાગ્યા કે આપણે આવું મોટું રાજ્ય ચલાવીએ છીએ, જીવનમાં અનુભવો પણ ઘણાં કર્યા છે પણ ક્યાંય આવા પ્રશ્નો આવ્યા નથી. આનો જવાબ શું આપવો? ઘણી વાર થઇ છતાં એક પણ રાજા એક પણ પ્રશ્નને હલ કરી શકયા નહિ. જિતશત્રુ રાજાએ ફરીને કહ્યું કે રાજા-મહારાજાઓ ને રાજકુમારો! બધા કેમ મૌન લઈને બેસી ગયા છો? એક પ્રશ્નનો તો જવાબ આપો. તો પણ કોઈએ જવાબ આપ્યો નહિ એટલે જિતશત્રુ રાજાને મૂંઝવણ થવા લાગી કે શું થશે? શું એક પણ રાજા મારી પુત્રીના પ્રશ્નનો જવાબ નહિ આપી શકે? તો શું બધા સ્વયંવરમાંથી પાછા જશે? અરેરે.... તો તો મારી આબરૂ જશે ને દીકરી કુંવારી રહેશે. એને યોગ્ય મુરતીયો નહિ જડે તો હું મારી પુત્રી કોની સાથે પરણાવીશ?

બંધુઓ! જીવને સંસારનો મોહ કેટલો મૂંઝવે છે! રાજાને ચિંતા થવા લાગી કે જો કોઈ રાજા પ્રશ્નનો જવાબ નહિ આપે તો હું પુત્રીને માટે બીજો વર ક્યાં શોધવા જઈશ? પણ એવો વિચાર ન કર્યો કે ભલે, દીકરીને વર નહિ મળે તો એની ઇચ્છા હશે

તો હું એને દીક્ષા આપીશ. પરણશે તો સંસારના ખાડામાં પડશે ને દીક્ષા લેશે તો તરી જશે. કૃષ્ણ વાસુદેવ તેમની દીકરીઓ માટે આવો વિચાર કરતા હતા. જ્યારે દીકરીઓ મોટી થાય ત્યારે કૃષ્ણવાસુદેવ પોતાની પાસે બેસાડીને પૂછતા હતા કે બેટા! તમારે દેવી બનવું છે કે દાસી? ત્યારે જે દીકરી એમ કહેતી કે પિતાજી! મારે દેવી બનવું છે ત્યારે એમનું હૈયું થનથન નાચી ઉઠતું. એ દીકરીને ખોળામાં બેસાડીને માથે હાથ ફેરવતા ને કહેતા ધન્ય છે દીકરી તારી જનેતાને! કે આવી પુત્રીને જન્મ આપ્યો અને અમારા કુટુંબને ઉજ્જવળ બનાવ્યું. સંસારના કીચડમાં ખૂંચે તેની કોઇ વિશેષતા નથી. વિશેષતા સંસાર ત્યાગીને સંયમ માર્ગે જાય તેની છે. સંસારમાં તો એકલી ગુલામી કરવાની છે ને ત્યાગ માર્ગમાં ગુરુ–ગુરુણીની આજ્ઞાનું પાલન કરીને આત્મકલ્યાણ કરવાનું છે, માટે સંયમ માર્ગ જેવો બીજો કોઇ શ્રેષ્ઠ માર્ગ નથી. સમકિતી જીવોને આવો વિચાર આવે. એ સંસારમાં વસ્યા હોય પણ અંતરથી સંસાર ખટકતો હોય છે.

સ્વયંવરમાં આવેલા બધા રાજાઓ પ્રીતિમતીનું રૂપ જોઈને મુગ્ધ બની ગયા છે, પણ પ્રશ્નનો જવાબ આપે તો પ્રીતીમતી મળે ને? બધા રાજાઓના મોઢા ઉતરી ગયા ને મનમાં વિચાર કરવા લાગ્યા કે આ તો સાક્ષાત્ સરસ્વતીનો અવતાર છે. આણે એકલીએ જ બધા રાજાઓને હરાવ્યા. આ પ્રમાણે દરેક રાજાઓના ઉતરી ગયેલા મુખ સામે જોઇને જિતશત્રુ રાજા વિચાર કરવા લાગ્યા કે શું મારી પુત્રીને લાયક કોઈ વર નહિ મળે? બધા રાજાઓ તેની આગળ હારી ગયા! મારી પુત્રીથી હીનગુણવાળા રાજા સાથે મારી પુત્રીને પરણાવીને શું તેનો ભવ બગાડવો? આવા અનેક વિચારોની હારમાળા ચાલવા લાગી. મહારાજાના મુખ ઉપરના ભાવ જોઈને પ્રધાને કહ્યું, મહારાજા! આપ ચિંતા ન કરો. પૃથ્વી ઉપર ઘણાં ઉત્તમ પુરૂષો રહેલા છે. "બહુરત્ના વસુંધરા" માટે હિંમત ન હારો. આપ ફરીથી ઘોષણા કરાવો કે આ સ્વયંવર મંડપમાં જે કોઇ રાજા હોય કે રંક હોય, જે કોઈ પુરૂષ મારી પુત્રીના પ્રશ્નોનો જવાબ આપશે તેને હું પ્રીતિમતીને પરણાવીશ.

પ્રધાનની વાત સાંભળીને રાજાના મનમાં થયું કે હું ઘોષણા તો કરું પણ જો કોઈ સામાન્ય પુરૂષ જવાબ આપે તો એને મારી પુત્રી પરણાવવી? પ્રધાને કહ્યું સાહેબ! એવો વિચાર ન કરો કારણ કે આટલા મોટા મોટા રાજાઓ જે પ્રશ્નોના જવાબ આપી શકતા નથી તેનો જવાબ કોઈ પણ વ્યક્તિ આપશે તો એનામાં કંઈક તો હશે ને? જવાબ આપનારો સામાન્ય વેશમાં ભલે હોય પણ એ કોઇ મહાન હશે. પ્રધાનના કહેવાથી રાજાને હિંમત આવી અને ફરીથી ઘોષણા કરાવી. અત્યાર સુધી તો રાજાઓને પ્રશ્નોના જવાબ આપવાના હતા પણ હવે સામાન્ય માણસોને રજા મળી એટલે વેશ બદલીને આવેલો અપરાજિતકુમાર વિચાર કરે છે કે પ્રીતિમતીને હરાવવી એ કોઈ મોટી વાત નથી. જો કોઇ પુરુષ તેને હરાવશે નહિ તો આખી પુરૂષ જાતિને કલંક લાગશે કે આટલા બધા પુરૂષોમાં

કોઇ માઇનો પૂત ન નીકળ્યો ! કોઇ એક સ્ત્રીના પ્રશ્નોનો જવાબ ન આપી શકયો માટે હું ઉભો થાઉં.

આવો વિચાર કરીને કુબડાનો વેશ લઇને અપરાજિતકુમાર ઊભો થઇ સ્વયંવરમંડપની વચ્ચે આવ્યો. કુબડાને જોઇને બધા રાજાઓના મનમાં થયું કે શું આ કુબડો પ્રશ્નનો જવાબ આપશે? એનામાં શું દૈવત છે કે ઊભો થયો છે? રાજાના મનમાં થયું કે કદાચ આ કુબડો પ્રશ્નનો જવાબ આપશે તો આવા કુબડાને મારી પુત્રી પરણાવવાની ? પણ પૂર્વ-ભવની પ્રીતિને કારણે પ્રીતિમતીને કુબડાને જોઈને એમ ન થયું કે આ શું જવાબ આપશે ! અગર જવાબ આપશે તો હું આવી રૂપવંતી અને મારે કુબડા સાથે પરણવું પડશે ! પણ એના મનમાં એવું થયું કે આ પુરુષ મારા પ્રશ્નોના જવાબ આપશે. પ્રધાને કુબડાને પૂછયું કે ભાઇ ! તમે પ્રશ્નના જવાબ બરાબર આપી શકશો? એણે હિંમતથી કહ્યું કે આ પ્રશ્નોનો જવાબ આપવો એ મારે મન રમત વાત છે. બહુ સહેલા પ્રશ્નો છે મને તો આશ્ચર્ય લાગે છે કે આ બધા રાજાઓ કેમ બેસી રહ્યા છે? પૂર્વના ચાર ચાર ભવની પ્રીત છે એટલે પ્રીતિમતી એને જોઇને સ્થિર થઇ ગઈ છે. મનમાં વિચાર કરી રહી છે કે આ પૂર્વકર્મના ઉદયે કુબડો છે પણ એનો આત્મા મહાન પવિત્ર છે. પ્રધાને કહ્યું ભાઈ! તમે જવાબ આપો કે વસંત કયારે આવે?

કુબડાએ કહ્યું સાંભળો. સંસારના રંગરાગમાં પડેલા મનુષ્યોના દિલ વસંતઋતુનું આગમન થતાં હરખાય છે. વસંતઋતુની મોજ માણવાનો તેમને ખૂબ આનંદ હોય છે. વસંત ઋતુ આવતા જો પતિ હોય ને પત્ની ન હોય, અગર પત્ની હોય ને પતિ ન હોય તો એમને વસંત ઋતુની મસ્તી માણવાની મઝા આવતી નથી. બંનેમાંથી એક ન હોય તો એમને મન વસંત અને વગડો સરખા લાગે છે. આ દ્રવ્ય વસંતની વાત થઇ. ભાવ વસંત કયારે આવે? પૂર્વકર્મના ઉદયથી સ્ત્રી ભર્તાર સંસારની ધૂંસરીએ જોડાય પણ તેમાં અલિપ્ત ભાવથી રહે. અમુક સમય પછી સંસારનો ત્યાગ કરે તો તેના જીવનમાં ભાવ વસંત ખીલી ઊઠે. કુબડાએ આ પ્રમાણે પ્રથમ પ્રશ્નનો જવાબ આપ્યો. સૌને એનો જવાબ સાચો લાગ્યો. કુંવરીએ પણ કહ્યું કે આ જવાબ સત્ય છે. બધા રાજાઓ અંદરઅંદર વાતો કરવા લાગ્યા કે શું આ કુબડો રૂપાળી કન્યાને પરણશે? પ્રીતિમતીએ કહ્યું તમારો જવાબ બરાબર છે. હવે બીજા પ્રશ્નનો જવાબ આપો કે જીવન કોને કહેવાય? સૌ સાંભળવા માટે સ્થિર થઇ ગયા. મંડપમાં શાંતિ પથરાઇ ગઇ. કુબડાએ કહ્યું–જીવન તો એને જ કહેવાય કે જે જીવન જીવીને એવી જ્યોત ઝળકાવી ગયા છે કે તેમને મરણ પછી સૌ યાદ કરે છે. જે મહાન પુરૂષો આ પૃથ્વી ઉપર થયા તેમણે કંઈક દુઃખીઓના દુઃખ મટાડયા, જીવનમાં સત્ય, નીતિ અને સદાચારનું પાલન કર્યું અને એમના મરણ પછી પણ એમના નામ ઉપર લોકોની આજીવિકા ચાલે છે. જે માણસ આ મૃત્યુલોકમાં જન્મીને ઉચ્ચ જીવન જીવીને

આયુષ્ય પૂરું થતાં જ્યારે આ દુનિયામાથી વિદાય થાય છે ત્યારે તેનું મુખ હસતું હોય છે ને બીજા લોકો તેની પાછળ રડતા હોય છે. જગતમાંથી વિદાય થવા છતાં જે સુકૃત્યોની સૌરભથી અમર બની જાય છે તેનું નામ જીવન છે.

કુબડાના મુખેથી જવાબ સાંભળીને દરેકને ખૂબ આનંદ થયો. પ્રીતિમતીએ કહ્યું– તમારા બીજા પ્રશ્નનો જવાબ પણ સાચો છે. આ તરફ બધા રાજાઓ આપસઆપસમાં વાતો કરવા લાગ્યા કે અરે, આ તો આપણને આવડે તેવું હતું. કુબડાના વેશમાં અપરાજિત કુમારે બે પ્રશ્નોના જવાબ આપ્યા. હવે ત્રીજો પ્રશ્ન પૂછશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્રઃ– "રાજાની જિનસેના પ્રત્યે અખૂટ શ્રદ્ધા" :–રત્નવતી જયમંગલ રાજાને કહે છે નાથ! જિનસેના રાણી આપની ખૂબ નિંદા કરે છે. આપના અવર્ણવાદ બોલે છે. રાણીની વાતો સાંભળીને રાજાએ કહ્યું–હે રાણી! તું જિનસેના માટે જે વાત કરે છે તે હું માનવા તૈયાર નથી, કારણ કે જિનસેના ખૂબ પવિત્ર છે. એના જીવનમાં ઘણાં ગુણો છે. એ કદી કોઈના ઉપર દ્વેષ કરતી નથી. કોઈની નિંદા કરતી નથી તો મારી નિંદા કયાંથી કરે? ને તારા ઉપર દ્વેષ પણ કેમ કરે! એક કીડીને પણ એણે કદી દુભવી નથી તે શું તને દુભાવે ખરી? ત્યારે રાણી શું કહે છે?

નારી ચરિત્રકો આપ નહીં જાનો, સચ કહતી હું સ્વામી,
સન્મુખ બુલા કે કરો પરીક્ષા, યદિ બાતમેં આમી.

હે સ્વામીનાથ! આપ તો ઘણાં સરળ છો, ભદ્રિક છો એટલે શું ખબર પડે? હું આપને જે કહું છું તે સત્ય કહું છું આ જિનસેના તો બધું સ્ત્રી ચરિત્ર ભજવે છે. આપને ભલે ધર્મીષ્ઠ લાગતી હોય પણ એ ધર્મના નામે ધતીંગ કરે છે. તમે એની પાસે જાઓ એટલે એ પ્રેમ બતાવે છે પણ એનો આપના પ્રત્યેનો પ્રેમ સાચો પ્રેમ નથી. એ તો બધો ઉપલક પ્રેમ બતાવે છે. આપ એને જેટલી સરળ ને પવિત્ર માનો છો એવી એ નથી. હું તો આપને સત્ય વાત કહું છું પણ સ્વામીનાથ! જો આપને મારો વિશ્વાસ ન આવતો હોય તો સામે બોલાવીને પરીક્ષા કરો. હું એમ નથી કહેતી કે એની પરીક્ષા કરો. એની પહેલાં મારી પરીક્ષા કરો, પછી એની કરજો. હું એક અક્ષર પણ અસત્ય બોલતી નથી મારા દિલમાં તો એના પ્રત્યે કે આપના પ્રત્યે બિલકુલ દ્વેષભાવ નથી. હું આપના ચરણની દાસી છું. આપના હાથ–માથું જરા દુઃખે તો મને કંઈક થઈ જાય છે. ભલે, હું ધર્મ કરતી નથી પણ એના જેવી કુબુદ્ધિવાળી નથી, અને એ તો ઉપરથી ખૂબ ધર્મ કરે છે એટલે તમને એમ થાય કે શું મારી રાણી ધર્મીષ્ઠ છે! પણ ધર્મનો ઢોંગ કરીને આપના દિલમાં એવી છાપ પાડી દીધી છે, જાણે એના જેવું દુનિયામાં કોઇ પવિત્ર નથી, પણ હું તો કહું છું કે આ પૂરી ધૂતારી છે. જેમ સરોવર કાંઠે બગલા ધ્યાન ધરીને ઉભા રહે છે પણ એનું ધ્યાન કંઈ સાચું ધ્યાન હોતું નથી. એ તો માછલાને પકડવાનું ધ્યાન હોય છે, તેમ આ રાણી મીઠું મીઠું બોલીને તમોને રાજી કરી દેતી હોય પણ અંતે તો મારું ને તમારું કાસળ કાઢવાનો એનો ઇરાદો છે. માટે નાથ! આપ એના ઉપર બહુ વિશ્વાસ ન કરો. બહુ ભોળા ન થઈ જાઓ. તમે બંનેની પરીક્ષા

કરો એટલે આપને આપોઆપ સમજાઇ જશે, રાજાને જિનસેના ઉપર વિશ્વાસ હતો એટલે રત્નવતીની વાત માનવા તૈયાર ન હતા, પણ એણે રાજાના કાન ખૂબ ભંભેર્યા એટલે રાજાના મગજમાં વાત ઠસી ગઈ.

જિનસેનાની પરીક્ષા કરતા જયમંગલ રાજા :– જયમંગલ રાજાએ જિનસેના રાણીને બોલાવીને બંનેને ઉદ્દેશીને કહ્યું તમારા બંનેમાં મારા ઉપર કોનો પ્રેમ વિશેષ છે તેની આજે મારે પરીક્ષા કરવી છે. બોલો, હું બેમાંથી કોને વધુ વહાલો છું ? ત્યારે રત્નવતી મીઠું મીઠું બોલતી કહે છે નાથ ! આપ તો મારા હૈયાના હાર છો, મારા જીવનના આધાર છો. આપ જે આજ્ઞા ફરમાવો તે અડધી રાત્રે પણ કરવા હું તૈયાર છું, કદાચ મારા આ શરીરના આપ હજાર ટુકડા કરી નાંખશો તો પણ મને રીસ નહિ ચઢે, કારણ કે આપ મારા સ્વામી છો. સ્વામી ગમે તે કરે એમાં મારે શું ? હું તો આપના ચરણકમલમાં અર્પણ થયેલી આપની એક દાસી છું. આપ જ મારું જીવન છો. સ્વામીનાથ ! ફરમાવો, આપની શું આજ્ઞા ? આપ ગમે ત્યારે જે આજ્ઞા ફરમાવશો તે કરવા હુ તૈયાર છું. જેમ દિવસને સૂર્ય વહાલો છે ને રાત્રિને ચંદ્ર વહાલો છે તેમ નાથ ! આ જગતમાં મને આપના સિવાય બીજું કોઇ વહાલું નથી. રત્નવતીએ મીઠી મધુરી ભાષામાં આવો જવાબ આપ્યો એટલે રાજાનું હૃદય પીગળી ગયું, અને બોલી ઉઠ્યા–હે રત્નવતી ! તું મહાન પવિત્ર અને પતિવ્રતા છે. તું ગુણગુણની ભંડાર છે. તું મારા માટે સર્વસ્વ અર્પણ કરવા તૈયાર છે, હું તારા ઉપર ખુશ થયો છું.

રત્નવતીએ તો રાજાને જવાબ આપ્યો પણ જિનસેના મૌન બેઠી હતી. તેને રાજાએ પૂછયું–હે જિનસેના ! તું મૌન કેમ બેઠી છે ? તને જગતમાં સૌથી વહાલું કોણ છે ? તે મને જલદી કહે, ત્યારે જિનસેના શું કહે છે ?

હે સ્વામી પરલોક કાજ, ધર્મ મહા સુખદાય,
યહ લોકમેં પતિ સેવા સમ, દુજા સમજું નાય.

હે સ્વામીનાથ ! પરલોકમાં હિત માટે આ જગતમાં મને પહેલો મારો જિનધર્મ વહાલો છે અને આ લોકમાં સૌથી વહાલા મારા પતિદેવ છે. પતિ સિવાય બીજું કોઈ મને વહાલું નથી. એક મારો ધર્મ અને બીજા મારા પતિ મને વહાલા છે, ત્યારે રાજાએ કહ્યું–હે પટ્ટરાણી ! તમે ધર્મના બહાને ઢોંગ કરો છો. હવે આ ઢોંગ છોડી દો. જો મને રાખવો હોય તો તમારે ધર્મ છોડવો પડશે ને જો ધર્મને રાખવો હોય તો આજથી મને છોડો. જ્યાં ધર્મ ત્યાં હું નહિ ને હું ત્યાં ધર્મ નહિ. સમજ્યા ? ત્યારે રાણી કહે છે નાથ ! એ તો નહિ બને. જો આપ કહેશો તો પ્રાણ છોડીશ પણ ધર્મ નહિ છોડું. ધર્મ તો મને પ્રાણથી અધિક પ્યારો છે. ધર્મને માટે આ કાયા કુરબાન કરવા તૈયાર છું. આ શબ્દોથી રાજા કેવા ગુસ્સે થશે ને શું બનશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૩૦

શ્રાવણ સુદ ૧૨ ને ગુરૂવાર **તા. ૧૫-૮-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની, મોક્ષનો માર્ગ બતાવનાર અને ધર્મતીર્થ પ્રવર્તાવનારા, દેવાધિદેવ તીર્થંકર ભગવંતોનો આખા જગતના જીવો ઉપર સામાન્ય ઉપકાર નથી. મોક્ષમાર્ગના પ્રવર્તક હોવાથી તેઓ આપણા અનંત ઉપકારી છે. આખા વિશ્વ ઉપર તેમનો અનંતો ઉપકાર છે. સાચો માર્ગ ન મળે ત્યાં સુધી ઝડપી ચાલનારો મનુષ્ય પણ ધારેલા સ્થાને જલ્દી પહોંચી શકતો નથી, તેમ ભલે જીવ પોતાના પુરૂષાર્થથી મોક્ષમાં જવાનો છે પણ તેમાં ધર્મતીર્થ પ્રવર્તાવનારા દેવાધિદેવ તીર્થંકર ભગવંતોનો આપણા ઉપર મહાન ઉપકાર છે. તેમણે તપ, સંયમ અને નિર્જરાનો માર્ગ આપણને ન બતાવ્યો હોત તો ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં આપણે રખડી જાત. જેમ કોઇ માણસ માર્ગમાં ભૂલો પડયો હોય તેને કોઇએ સાચો માર્ગ બતાવ્યો ને પોતે પોતાના સ્થાને પહોંચી ગયો પછી સજ્જન માણસ જીવનભર તેનો ઉપકાર ભૂલે ખરો? ન ભૂલે. માર્ગ બતાવનાર કયારેક ભેગો થઇ જાય તો કહે કે તમે મને રસ્તો બતાવી મહાન ઉપકાર કર્યો છે. સામાન્ય દ્રવ્યમાર્ગ બતાવનારનો આટલો બધો ઉપકાર માનવામાં આવે છે તો પછી મોક્ષ માર્ગ રૂપી ભાવમાર્ગ બતાવનારનો કેટલો ઉપકાર માનવો જોઇએ? આપણા દિલમાં એમ થવું જોઇએ કે હે નાથ! આપની કૃપા વિના આ જીવનો મોક્ષ કયાં થવાનો છે? ભલે, આપણા પુરૂષાર્થ વિના મોક્ષ થવાનો નથી પણ મોક્ષ-માર્ગના ઉપદેશક હોવાથી દેવાધિદેવ તીર્થંકર ભગવંતોના પણ આપણા ઉપર મહાન ઉપકાર છે.

અત્યારે ખુદ તીર્થંકર ભગવંતો આપણી સામે મોજુદ નથી પણ તેમની આજ્ઞાનુસાર મોક્ષમાર્ગનો ઉપદેશ આપનારા પંચમહાવ્રતધારી ગુરૂ ભગવંતો પણ આપણા મહાન ઉપકારી છે. અત્યારે પંચમકાળમાં તો સાધુ ભગવંતો શાસનની ધુરાને વહન કરનારા છે. ઝગહળતા સૂર્યથી પણ અધિક દેદિપ્યમાન તીર્થંકર ભગવંતો તો આપણા અનંત ઉપકારી છે તો તેમની ગેરહાજરીમાં દીપક સમાન આચાર્યાદિ ગુરૂ ભગવંતો પણ પરમ ઉપકારી છે. મોક્ષમાર્ગમાં ઉપાદાન આત્મા પોતે છે. દેવ-ગુરૂ અને સત્શાસ્ત્રો વિગેરે નિમિત્ત છે. જીવમાં યોગ્યતા રહેલી છે પણ સાનુકૂળ નિમિત્તો વિના યોગ્યતા પ્રગટતી નથી. માટીમાં ઘડો થવાની યોગ્યતા હોય છે પણ કુંભકારાદિ કારણ સામગ્રી વિના તે યોગ્યતા લાખો વર્ષે પણ બહાર આવતી નથી. નદીની રેતીમાં ઘટ થવાની યોગ્યતા નથી તો હજારો કુંભારો ભેગા થાય તો પણ તેમાંથી ઘડો બનાવી શકતા નથી. અભવી જીવમાં સમ્યકૂત્વ પામવાની યોગ્યતા નથી તો તેને તીર્થંકર પ્રભુનો યોગ મળવા છતાં સમકિત પામી શકતા નથી.

માટે મોક્ષમાર્ગમાં ઉપાદાન અને નિમિત્ત બંનેની અવશ્ય જરૂર છે. એકલા ઉપાદાન કે એકલા નિમિત્તથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

"ભાવ ડાયાબીટીસ કયો છે ?" :- બંધુઓ ! સદ્‌ગુરૂઓ ભવરોગ નાબૂદ કરનારા સ્પેશ્યાલીસ્ટ સર્જનો છે. જો તમારે ભવરોગ નાબૂદ કરવો હોય તો એમની આજ્ઞા પ્રમાણે ચાલવું પડશે. કોઈ પણ દર્દી ડોકટર પાસે જાય ત્યારે ડોકટર પહેલાં બધી તપાસ કરીને પછી રોગનું નિદાન કરે છે. કોઈ દર્દી ડોકટર પાસે આવીને કહે કે સાહેબ ! મને પેટમાં અસહ્ય પીડા થાય છે. ડોકટર તેને તપાસીને નિદાન કરે કે ભાઈ ! પેટમાં ગાંઠ છે. ઓપરેશન કરવું પડશે, ત્યારે દર્દથી કંટાળેલો દર્દી કહેશે કે સાહેબ ! જલ્દી ઓપરેશન કરીને ગાંઠ કાઢી નાંખો. હવે દર્દથી કંટાળી ગયો છું, ત્યારે ડોકટર કહેશે ભાઈ! એમ તરત ઓપરેશન ન કરાય. પહેલાં બધું ચેક કરવું પડશે કે તને ડાયાબીટીશ તો નથી ને ? તપાસ કરતાં લોહીમાં કે યુરીનમાં ડાયાબીટીશ આવે તો ડોકટર કહેશે કે પહેલા ડાયાબીટીશ મટાડવાની દવા લો. ડાયાબીટીશ નોર્મલ થયા વિના ઓપરેશન કરી શકાશે નહિ. આ તો તમારા અનુભવની વાત છે ને ? કદાચ જાતે અનુભવેલું નહિ હોય તો બીજાનું જોયું પણ હશે. જ્યાં સુધી ડાયાબીટીશ ન મટે ત્યાં સુધી ઓપરેશન કરી શકાતું નથી, અને કદાચ કોઈ ડોકટર ભૂલથી ઓપરેશન કરે તો રૂઝ આવતી નથી. આવી જ રીતે કોઇ શિષ્યે ગુરૂને પ્રશ્ન કર્યો કે ગુરૂદેવ ! મને ચિત્તની સમાધિ રહેતી નથી. મારું ચિત્ત ચંચળ બનીને જ્યાં ને ત્યાં ભટકયા કરે છે. તેને માટે શું ઉપાય ? ત્યારે ગુરૂએ કહ્યું-ચિત્તની ચંચળતાને નાબૂદ કરવા માટે ઓપરેશન કરવું પડશે. ઓપરેશન કરતાં પહેલાં એ તપાસ કરવી પડશે કે તને ડાયાબીટીશ તો નથી ને ? બંધુઓ ! આ ડાયાબીટીશ શરીરનું નથી. શરીરમાં ખાંડ વધી જાય ત્યારે ડાયાબીટીશ થાય છે. આ દ્રવ્ય ડાયાબીટીશ છે અને રાગ-દ્વેષ એ ભાવ ડાયાબીટીશ છે. જ્યારે રાગ અને દ્વેષરૂપી ડાયાબીટીશ વધી જાય છે ત્યારે ચિત્તની સમાધિ રહેતી નથી. ધર્મધ્યાન, તપ, દાન, શીયળ વિગેરે ધર્માનુષ્ઠાનો કરવાનું જીવને મન થતું નથી. ગુરૂએ શિષ્યને કહ્યું હે શિષ્ય ! જો તારે ચિત્તની સ્થિરતા લાવવી હોય અને આત્માને નિરોગી બનાવવા માટે આઠ કર્મરૂપી ગાંઠનું ઓપરેશન કરવું હોય તો પહેલા રાગ-દ્વેષનો ડાયાબીટીશ મટાડવો પડશે. રાગ-દ્વેષરૂપી ડાયાબીટીશ નોર્મલ નહિ થાય ત્યાં સુધી આત્મા નિરોગી નહિ બને દ્રવ્ય ડાયાબીટીશથી માણસની આંખ ચાલી જાય છે, લકવા થાય છે, કીડની ફેઇલ થઇ જાય છે, બી-પી વધે છે ને હાર્ટએટેક આવે છે. દ્રવ્ય ડાયાબીટીશ પણ આટલું નુકશાન કરે છે તો જેને રાગ અને દ્વેષરૂપી ભાવ ડાયાબીટીશ લાગુ પડયો હોય તે કેટલું મોટું નુકશાન કરે ? દેહનું દ્રવ્ય ડાયાબીટીશ એક જ ભવમાં હેરાન કરશે પણ ભાવ ડાયાબીટીશ તો જીવને ભવોભવમાં રખડાવનાર છે. માટે જેમ બને તેમ રાગ-દ્વેષ રૂપી ડાયાબીટીશને દૂર કરવા માટે પ્રયત્ન કરશો તો જ આત્માને સાચી શાંતિ થશે, ને આત્મા કર્મોથી મુક્ત બની શકશે.

"આઝાદી કેવી રીતે મેળવશો ?" :– આજે પંદરમી ઓગષ્ટનો દિન છે. આજના દિવસને તમે સ્વતંત્ર દિન માનો છો. આજે નાના નાના બાળકો પણ ખુમારીથી બોલે છે કે આજે અમારો સ્વતંત્ર દિન છે. સારાયે ભારતમાં આજના દિવસને આઝાદીના દિન તરીકે માનવામાં આવે છે. આજના દિવસે ભારત અંગ્રેજોની પરતંત્રતામાંથી સ્વતંત્ર બન્યું છે એટલે ભારતવાસીઓ આનંદ ને ખુશી મનાવે છે, કારણ કે જેણે પરતંત્રતાના દુઃખોનો અનુભવ કર્યો હોય તેને સ્વતંત્રતા મળે તો અનેરો આનંદ થાય છે. જેણે પરતંત્રતાનો અનુભવ કર્યો હોય તે સ્વતંત્રતાની કિંમત આંકી શકે છે.

આજથી એકત્રીશ વર્ષ પહેલા દોઢસો વર્ષ સુધી અંગ્રેજો આ ભારતની પવિત્ર ભૂમિ ઉપર રાજ્ય કરતા હતા. તેમણે એકત્રીશ વર્ષ પહેલા એ રાજ્યસત્તા છોડી અને ભારત આઝાદ બન્યું. એ અંગ્રેજોએ ભારત ઉપર કેવી રીતે સત્તા જમાવી હતી એ વાત જાણવા જેવી છે. મોગલ સમ્રાટ જહાંગીરના સમયમાં સર થોમસરો નામના એક અંગ્રેજે એક રાજકુમારીને માંદગીમાંથી વૈદિક સારવાર કરીને સાજી કરી. આથી બાદશાહે ખુશ થઈને તેને ઇનામ માંગવાનું કહ્યું ત્યારે તેણે અંગ્રેજોને ભારતમાં વહેપાર કરવા દેવાની પરવાનગી આપવા વિનંતી કરી. બાદશાહે એ વિનંતી માન્ય કરી. એ રીતે વહેપારના બહાને અંગ્રેજોએ ભારતમાં પગપેસારો કર્યો, અને સમય જતાં અંગ્રેજોએ વહેપારને બદલે રાજ્યની જમાવટ કરી. અંગ્રેજો ભારતવાસીઓને ખૂબ ત્રાસ આપવા લાગ્યા તેથી ભારતવાસીઓને આ પરતંત્રતા ખૂબ સાલવા લાગી, પણ અંગ્રેજ સરકારે એવો અહો જમાવ્યો હતો કે તે કોઇ રીતે જાય તેમ ન હતા, પણ જ્યારે ગાંધીજીએ મીઠાના બહાને અંગ્રેજો સામે ચળવળ ઉપાડી ત્યારે એમાં ઘણાં યુવાનોએ સાથ આપ્યો. એ લડતમાં આઝાદી મેળવતાં કંઈક કલૈયા કુંવર જેવા યુવાનોના લોહી રેડાયા. આવા કંઈક શહીદ બન્યા ત્યારે ભારત સ્વતંત્ર બન્યું છે. તેની તમે આજે ખુશી મનાવો છો ને ધ્વજવંદન કરવા જાઓ છો.

બંધુઓ ! બ્રિટીશ સરકારે ભારત ઉપર દોઢસો વર્ષ રાજ્ય કર્યું તેની ભારતને ગુલામી સાલી તો બ્રિટીશ સરકારને ઉઠાવવા તમે લડત ચલાવી. આટલી ઝુંબેશ ઉઠાવીને બ્રિટીશ સરકારને ઉઠાવી મૂકી પણ કર્મરૂપી બ્રિટીશ સરકાર અનંતકાળથી આપણા આત્મા ઉપર રાજ્ય કરી રહી છે અને આત્માને હેરાન પરેશાન કરી રહી છે. તેની સામે ઝુંબેશ ઉઠાવવાનું મન થાય છે ? કર્મરૂપી બ્રિટીશની ગુલામી આત્માને હજુ નથી સાલતી. આ અંગ્રેજોએ તો દોઢસો વર્ષ જ ભારતની પ્રજાને ત્રાસ આપ્યો છે, પણ કર્મબ્રિટીશે તો અનંતકાળથી આત્માને ચતુર્ગતિ સંસારમાં રખડાવીને હેરાન પરેશાન કર્યો છે. કર્મ બ્રિટીશે આત્માને નરકમાં મોકલ્યો ત્યાં જઘન્ય દશ હજાર વર્ષનું અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમનું આયુષ્ય છે. જે જીવને જેટલી સ્થિતિ મળી એટલો સમય નરક ગતિના છેદન, ભેદન, દહન, ભૂખ–તરસ, ગરમી, ઠંડી વિગેરે દુઃખો સહન કર્યા. તિર્યંચગતિમાં પણ પરાધીનપણે

કેટલા કષ્ટો વેઠ્યા, પાણી વિના તલફવલફ થઈ જવા છતાં માલીક બંધને બાંધી રાખે તો બિચારો કયાંથી પાણી પી શકે ? અને ભૂખ લાગવા છતાં ખાવાનું ન આપે તો કયાંથી ખાઈ શકે ? આ તો નરક અને તિર્યંચગતિની વાત થઈ. મનુષ્યભવમાં પણ કંઈક જીવો ભયંકર દુઃખો ભોગવે છે. અજ્ઞાની જીવ કર્મ બાંધતી વખતે વિચાર નથી કરતો પણ ભોગવવાના આવે છે ત્યારે કેટલી હાયવોય કરે છે અને જ્ઞાનીપુરૂષો ઉદયમાં આવેલા કર્મોને સમતાથી સહન કરે છે. બાકી કર્મરાજા તો એની હકૂમત પૂરેપૂરી ચલાવે છે. કર્મને શરમ નથી. કર્મરાજા આજના રાજાને કાલે રંક બનાવી દે છે. બાપ દીકરા વચ્ચે દુશ્મનાવટ કરાવે છે, ભાઈ ભાઈ વચ્ચે વૈરની આગ જલાવે છે, માતા અને પુત્રી વચ્ચે રહેલા વાત્સલ્યના વહેણ સૂકાવી નાંખે છે. કર્મરાજાની સત્તા કેવી છે તે સૂચવતું એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક શહેરમાં પતિ-પત્ની આનંદથી રહેતા હતાં. સમય જતાં પત્નીએ એક રૂપ-રૂપના અંબાર સમી પુત્રીને જન્મ આપ્યો. દીકરી માતાપિતાને ખૂબ વહાલી છે. માતાના અંતરમાંથી પુત્રી પ્રત્યે સ્નેહની સરવાણી વહે છે, અને પ્રેમના કુવારા ઉડે છે. દીકરીને ખૂબ લાડકોડથી ઉછેરે છે. તેનું નામ અરૂણા રાખ્યું. બે વર્ષ પછી માતાએ બીજી દીકરીને જન્મ આપ્યો. એ પણ ખૂબ રૂપાળી હતી. બંને દીકરીઓ માતાપિતાને ખૂબ વહાલી છે પણ કર્મરાજા કયાં કોઈને સુખી રાખે છે !

"કર્મોએ કરેલી લીલા" : અરૂણાના કર્મનો ઉદય થયો. એના આખા શરીરે ચાંદા પડી ગયા ને તેમાંથી રસી ઝરવા લાગી ને દુર્ગંધ આવવા લાગી. એટલે એની માતાએ એક નાનકડી ઓરડીમાં તૂટેલી ખાટલી મૂકી, ફાટલી તૂટલી ગોદડી પાથરીને તેમાં સૂવાડી દીધી. એક નોકરડી રાખીને છોકરીનું બધું કામ તેની પાસે કરાવે છે, પણ જનેતા એના સામું જોતી નથી. ઓરમાન માતા હોત તો એમ થાત કે ઓરમાન મા છે એટલે છોકરીને ખૂણામાં નાંખી મૂકી છે પણ આ તો સગી માતા છે. કર્મરાજાએ માતૃહૃદયમાંથી સ્નેહની સરવાણી સૂકવી દીધી ને પ્રેમના કુવારા બંધ કર્યા. માતા જેવી માતા દીકરીના સામું જોતી નથી ને ઉપર જતાં એનો પડછાયો ન પડે, એનો ચેપી રોગ અમને ન લાગે માટે ઓરડી બંધ કરી દેવા લાગી.

"માતાએ દીકરી પ્રત્યે વર્તાવેલો જુલ્મ" :- અરૂણા અંદર ગભરાઈ જાય ને બૂમો પાડે કે બા ! મને બહુ ગરમી લાગે છે. બારણું તો ખોલ પણ માતાને દયા ન આવે. નોકરડીને છોકરીની ખૂબ દયા આવતી. તે મનમાં વિચાર કરતી કે અહો ! જનેતા માતા છે છતાં એને દયા નથી આવતી ! કેવો કર્મરાજાનો ખેલ છે ! એની માતા આઘી-પાછી જાય ત્યારે નોકરડી થોડી વાર બારણું ખોલી નાંખતી. છોકરીને બવડાવવા પીવડાવવાનું, એના કપડા ધોવાનું બધું જ કામ નોકરડીને સોંપી દીધું હતું. બાપને અરૂણાની ખૂબ દયા આવતી. તે એની પત્નીને કહેતો તું આટલી બધી નિષ્ઠુર કેમ બની ગઇ છું ? ગમે તેમ

તો ય એ તારી દીકરી છે. એની દવા કરાવવી જોઈએ. પત્ની કહે તમારે એની દવા કરાવવી હોય તો કરો. મને જો કહેશો તો હું કૂવામાં પડીને મરી જઈશ. ત્યારે એનો પતિ કહેતો કે હે સ્ત્રી ! તું જનેતા માતા થઈને આટલી બધી નિષ્ઠુર બની ગઈ છે ? આ રીતે અરૂણાના પતિ સમજાવે પણ માનતી નથી ત્યારે બાપ છાનોમાનો દીકરીને મળી આવતો. કંઈક ખાવાનું લાવીને આપી આવતો. કોઈ ડોકટરોને પૂછતો કે આવો રોગ થયો હોય તેને માટે કંઈ દવા લાગુ પડે તો આપો. આવી રીતે છાનીમાની દવાઓ લઈ આવીને નોકરડીને આપતો. આમ કરતાં છોકરીના વેદનીય કર્મનો અંત આવ્યો ને એની બધી રસી સૂકાઈ ગઈ, ચાંદા રૂઝાઈ ગયા પણ ચામડી ગોરી હતી તે કાળી થઈ ગઈ. હવે છોકરી સાજી થઈ તો પણ માતા તેના સામું જોતી જ નથી.

કાળી છોકરીને જોઈને માતાને તેના પ્રત્યે ઘૃણા છૂટી પણ છોકરીને તો માતા પ્રત્યે ખૂબ પ્રેમ છે. એટલે દોડી દોડીને મમ્મી કરતી જાય છે, પણ માતા તો એને ધક્કો મારીને કહે છે ઓ અભાગણી ! તું મારી પાસે શા માટે આવે છે ? એમ કહીને ધક્કો મારીને કાઢી મૂકતી, ત્યારે છોકરી ડુસ્કે ને ડુસ્કે રડતી. હે ભગવાન ! મેં પૂર્વે એવા શા પાપ કર્યા છે કે મારી મમ્મી મારા સામું જોતી નથી ! મારી નાની બહેનને કેવી રમાડે છે, વહાલ કરે છે. બાળકને તો બાળક વહાલું હોય છે. એટલે એ પણ નાની બહેનને રમાડવા દોડીને જાય છે પણ એની માતા એને મારીને કાઢી મૂકે છે તેથી એ રડે છે. નોકરડીને કહે છે જોને મારી મમ્મી મારી નાની બહેનને પણ રમાડવા દેતી નથી, ત્યારે નોકરડી કહેતી કે બેબી ! તું હજુ નાની છે, એટલે તું બેબીને તેડે તો હાથમાંથી પડી જાય ને બેબીને વાગે એટલે તને તેડવા નથી દેતા. એમ કહીને સમજાવી દેતી. બાળક તો પાછું સમજી જાય.

થોડા સમય પછી માતાએ બાબાને જન્મ આપ્યો, બાબો પણ એની માતા જેવો રૂપાળો છે. હવે તો અરૂણા છ વર્ષની થઈ પણ એને તો ઓરડીમાં જ પૂરાઈ રહેવાનું. ખાવા પીવાનું બધું ઓરડીમાં જ. હવે સાજી સારી છે પણ એની ચામડી જ કાળી છે એટલે માતાને જોવી ગમતી નથી. કોઈ એને પૂછે કે શીલાબહેન ! તમારે કેટલા બાળકો છે તો એમ જ કહેતી કે મારે એક બાબો અને એક બેબી. એનો પતિ ઘણીવાર કહેતો કે તું ખોટું શા માટે બોલે છે ? તેં એને જન્મ નથી આપ્યો કે એને તારી દીકરી તરીકે નથી ગણતી ! ત્યારે મિજાસથી કહી દેતી કે એ અભાગણીનું નામ પણ મારી પાસે ન બોલશો. એટલે પતિ કહેતો કે અરેરે... એનું નામ તો તેં અરૂણા પાડયું. એ તને પહેલાં કેટલી વહાલી હતી ને હવે શા માટે તું આમ કરે છે ? તું તારા રૂપનો ગર્વ ન કરીશ. કોઈનું અભિમાન સદા ટકતું નથી. રાજા રાવણને કેટલો ગર્વ હતો પણ એક દિવસ રાવણની સોનાની લંકા રાખમાં રોળાઈ ગઈ, એમ તારું રૂપ કયારે ઝાંખું

પડી જશે તેની ખબર છે! એ છોકરી પણ તારા જેવી જ હતી ને? એના કર્મે રોગ આપ્યો ને એ કાળી થઈ ગઈ, તેમ કદાચ તને રોગ આવશે તો તું શું કરીશ? એમ ઘણું સમજાવતો પણ છોકરીના કર્મનો ઉદય છે એટલે માતાની મતિ સુધરતી નથી.

"પિતાના હૃદયમાં દીકરી પ્રત્યેની કરૂણા:-" પતિ રાતદિવસ ઝૂર્યા કરતો કે આ છોકરીનું શું થશે? પશુ જેવું એનું જીવન! છતાં મા બાપે એ મા-બાપ વગરની હોય તેવું જીવન જીવે છે. પણ શું કરે! કયારેક રવિવારનો દિવસ હોય ને બગીચામાં ફરવા જાય ત્યારે બાપ કહેતો કે અરૂણાને સાથે લઈ જઈએ, ત્યારે તરત જ પત્ની વાઘણની જેમ વિફરતી કે એ અભાગણીને જો સાથે લેવી હોય તો મારે નથી આવવું. એટલે બિચારો શું કરે? છોકરી પણ ખૂણામાં બેસીને રડતી. અહો પ્રભુ! મેં શું પાપ કર્યા છે કે મને માતાનો પ્રેમ જ નથી મળતો! પિતાજી તો કેવા સારા છે. એ મને છાનામાના બધું લાવી આપે છે, મને હેત કરે છે, હરવા ફરવા લઈ જવાનું કહે છે પણ મમ્મી કહે છે કે અભાગણીને સાથે લેશો તો હું નહિ આવું. માતાને તો દીકરી પ્રત્યે કેટલું વહાલ હોય, એના બદલે મારે તો જાણે પૂર્વભવનું વૈર ન હોય એમ કરે છે. મારી માતા જ મારી વેરણ બની ગઈ છે. હે ભગવાન! મારે શું કરવું? હું કયાં જાઉં? મારા બાપુજીને પણ મારા લીધે કેટલું સહન કરવું પડે છે? પૂર્વભવમાં મેં કેવા પાપ કર્મો કર્યા હશે? કહ્યું છે ને કે-

મળે પાપી સ્વજન પરિવાર...મળે શેતાનના સંસ્કાર કાળા કર્મોથી (૨)
કોઈ મળે નહીં (૨) તારણહાર કાળા કર્મોથી (૨)
કૂડ કપટ કરે બીજા ભવે કષ્ટ મળે નજરે દેખાણું રે
હો....હવે મને નજરે દેખાણું રે....કર્મોની ફિલસોફીથી....મને સાચું....

પૂર્વના પાપકર્મનો ઉદય હોય તો જ સ્વજનો સારા ન મળે ને ઘરમાં જ્યારે જુઓ ત્યારે કલેશ-કંકાશ થતા હોય અને જેના પુણ્યનો ઉદય હોય તેના ઘરમાં જ્યારે જુઓ ત્યારે આનંદમય વાતાવરણ સર્જાયેલું રહે છે. આ બધા કર્મના ખેલ છે. તમે બધા ટિકિટના પૈસા ખર્ચીને નાટક જોવા જાવ છો પણ જો તમે સમજો તો આ સંસાર જ એક પ્રકારનું નાટક છે. જેમ નાટક સિનેમામાં એક પછી એક ચિત્રો બદલાયા કરે છે તેમ આ સંસારમાં પણ એક પછી એક ચિત્રો બદલાયા કરે છે. આજે માણસ સુખી હોય ને ઘરતી ધુળવતો હોય છે તે કાલે ભિખારી બની જાય છે. આજે માણસ રૂપાળો હોય ને કાલે એ કાળો બની જાય છે. આ બધું નાટક જ છે ને?

આ છોકરી પહેલાં રૂપાળી હતી ત્યારે માતાને કેવી વહાલી હતી! એના કર્મે એની ચામડી કાળી પડી ગઈ ત્યારે મા જેવી મા કેવો તિરસ્કાર કરે છે! અરૂણાને એની બહેન અને નાનો

ભાઇ ખૂબ વહાલા છે. કયારેક મા બહાર જતી ત્યારે છાનીમાની ભાઈને રમાડી આવે. કોઈ વાર એની માતા જોઈ જાય તો એને લાત મારીને કાઢી મૂકતી. અભાગણી ! જો બાબાને અડીશ તો હાથ ભાંગી નાંખીશ. એટલે તે ચાલી જતી. ધીમે ધીમે બાબો અને બેબી સમજણાં થયા. એમને પણ લાગતું કે આ અમારી બહેન છે પણ બા એને બોલાવતી નથી. આપણી જેમ એને બિચારીને ખોળામાં બેસાડતી નથી ને જયારે એ આપણી પાસે આવે છે ત્યારે એને મારે છે. આ બન્ને બાળકોને બહેન ખૂબ વહાલી હતી. એટલે મમ્મી ન હોય ત્યારે એની પાસે જતાં અને બાએ કંઇ ખાવાનું આપ્યું હોય તે બિસ્સામાં ભરી રાખતા ને છાનામાના બહેન પાસે જઈને કહેતા બહેન ! તને બા કંઈ ખાવાનું આપતી નથી ને એટલે અમારા ભાગમાંથી તારે માટે રાખ્યું છે. તું ખાઈ લે, ત્યારે અરૂણા કહેતી ઓ મારી વહાલી બહેન ! ને મારા વહાલા ભાઇ ! હું ખાવાની ભૂખી નથી પણ હું તો માતાના પ્રેમની ભૂખી છું. મમ્મી મને પ્રેમથી માથે હાથ ફેરવે, મને પ્રેમથી બોલાવે એવું મને જોઈએ છે. એમ કહીને રડી પડતી. અરૂણાને રડતી જોઈને ભાઈ અને બહેન પણ રડી પડતા ને બા આવે તે પહેલાં છૂટા પડી જતા.

"પોતાના કર્મોને દોષ દેતી અરૂણા" : અરૂણાની ચામડી ભલે કાળી હતી પણ એનો આત્મા ઉજ્જવળ હતો. એ કોઈને દોષ આપતી નથી. એ એક જ વિચાર કરતી કે મેં પાપ કર્યા છે તે મારે ભોગવવાના છે. એમાં માતાનો શું દોષ છે ! પણ માતા આવી છે ને તેવો છે એવો દોષ નહોતી જોતી. કર્મના સ્વરૂપને સમજેલો આત્મા દુઃખમાં પણ સમભાવ રાખી શકે છે. શ્રેણીક રાજાના પૂર્વકર્મના ઉદયે પોતાનો જ પુત્ર કોણિક કેવા દુઃખ આપતો હતો ! પિંજરામાં પૂરીને ખુલ્લા બરડા ઉપર ખીઠાનું પાણી છાંટીને કોરડાના માર મારતો હતો. એણે નગરીમાં જાહેરાત કરાવી હતી કે જે કોઈ શ્રેણીક રાજાને પાણી પીવડાવશે તેને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવશે. રાજગૃહીના રાજા, મગધ દેશના માલિક અને પ્રભુ મહાવીર સ્વામીના પરમ ભક્ત હતાં છતાં કર્મે કેવી દશા કરી ! છતાં શ્રેણીક રાજાની કેટલી સમતા ! એ તો એક જ વિચાર કરતાં કે મને કોણિક કોરડાના માર મારે છે પણ જાનથી મારી નાંખતો તો નથી ને ? મેં તો કેટલાય જીવોને જીવતા મારી નાંખ્યા છે. સમકિત દૃષ્ટિ આત્મા પોતાના દોષ દેખે છે પણ પરાયા દોષ જોતા નથી.

અરૂણા પણ પોતાની માતાનો દોષ જોતી નથી. પોતાનો દોષ દેખે છે. હવે તો માતાનો ત્રાસ-જુલમનો વધી ગયો છે. પૂરું ખાવા પણ આપતી નથી. કપડા ફાટલા તૂટલા પહેરાવે છે છતાં કંઇ બોલતી નથી. એક દિવસ શીલા એના પતિને કહે છે તમે તો વિમા કંપનીના એજન્ટ છો માટે ધારો તો બીજે બદલી કરી શકો તેમ છો. હવે મને આ અભાગણીને મારા ભેગી રાખવી ગમતી નથી. તો નોકરી બદલો ને એને અહીં એક નોકરડી રાખીને ભણવા મૂકી દો તો હું એનાથી છૂટું. પતિએ કહ્યું પણ એ તને શું નડે

છે? તું એને નથી બોલાવતી તો એ કયાં તારી પાસે આવે છે? એક ખૂણામાં પડી રહે છે. પણ પત્ની માનતી નથી. રોજ કકળાટ થવા લાગ્યો. એટલે પિતાએ બદલી કરીને બીજે જવાનું નક્કી કર્યું. પિતાએ અરૂણાને બાથમાં લઈને કહ્યું-બેટા! તું મને બહુ વહાલી લાગે છે પણ શું કરું? તારી બા આગળ મારું કંઈ ચાલતું નથી, અને ઘરમાં રોજ કકળાટ થાય છે માટે અમે કાલે બીજે ગામ જવાના છીએ. તારી સાથે નોકરડી મૂકું છું. તું અહીં રહેજે. બેટા! રડીશ નહિ. હું તને પત્ર લખીશ તારો બધો ખર્ચ મોકલીશ. છોકરી ગળગળી થઈને કહે છે બાપુજી! શું મારે એકલીને જ રહેવાનું? મને મારા ભાઈ બહેન કોઈ નહિ મળે? પિતા કહે છે બેટા! તને તારી સ્કુલમાં તારા જેવી ઘણી છોકરીઓ મળી જશે.

"ભગવાન પાસે પોકાર કરતી અરૂણા" : અરૂણા આ સાંભળીને ઢગલો થઈને ઢળી પડી. **ઓ ભગવાન! તું મને લઈ જા. શા માટે મને જીવાડે છે? અરેરે.... મને ઘરમાં એકલી મૂકીને જાય છે તે કરતાં તારે ઘેર આવવું શું ખોટું? બોલ ભગવાન! તું તો રાખીશ ને?** તેનો કરૂપાંત જોઈને પિતાનું હૈયું તૂટી પડયું. બેટા! આવું ન બોલ. ભગવાન તને સુખી કરશે. બેટા! હવે તું કહે તેમ કરું. બાપુજી! તમે રડશો નહિ. હું રહીશ. ત્યાંની શિક્ષિકાબહેનને ભલામણ કરી કે મારી અરૂણાને ખુબ સાચવજો ને ભણાવજો એને માટે જે જોઈશે તે હું મોકલાવીશ. એને ઘેર ન ગમે તો તમે તમારા ઘેર લઈ જજો. ત્યારબાદ મા-બાપ-ભાઈ બહેનો બધા ગયા. હવે અરૂણા રહે છે ને પિતાના પત્રની રાહ જોવે છે. પણ પત્ર નથી આવતો તેથી વિચાર કરતી કે મારા બાપુજી તો કહેતા હતા કે હું તને પત્ર લખીશ. એ પણ ભૂલી ગયા લાગે છે. સરનામું પણ આપ્યું નથી. એટલે હું કયાં પત્ર લખું! છ મહિને એના પિતાનો પત્ર આવ્યો, તે વાંચીને ખુશ થઇ ગઇ. પિતાજીએ પત્રમાં લખ્યું હતું કે બેટા! હું તને ભૂલ્યો નથી પણ તારી મમ્મીના કકળાટથી પત્ર લખ્યો નથી. બેટા! હું આવીશ ત્યારે તારે માટે બધું લાવીશ તું મને પત્રનો જવાબ ન લખીશ. તેથી અરૂણા પત્ર લખી શકતી નથી, અ.મ કરતા પરીક્ષાના દિવસો આવ્યા. સૌ કહેવા લાગ્યા કે પરીક્ષા પતશે એટલે અમે બાપુજીના ઘરે, મામાના ઘરે જશું, કોઇ કહે અમે ફરવા જશું. આથી આને થયું કે મારા માટે કોણ? મને તો સોનાપુર લેવા આવે તો ભલે. આમ કરતાં ખૂબ રડે છે.

શિક્ષિકા બહેન કહે તારા બા બાપુજી છે ત્યાં તારે જવાનું હશે કેમ બરું ને? ત્યાં તો હૈયાફાટ રડી બેભાન થઈને પડી ગઇ. બહેન સમજી ગયા કે આને ત્રાસ લાગે છે. તેથી બહેને એકાંતમાં બેસાડીને બધી વાત પૂછી પણ અરૂણા બોલતી નથી. છેવટે ખૂબ સમજાવી ત્યારે દિલ ખોલીને બધી વાત કરી, અને બહેનના ખોળામાં માથું મૂકીને ખૂબ રડી પડી. બહેને માતાની જેમ વહાલભર્યો હાથ એના માથે મૂકયો ત્યારે એને જાણે

માતાનો પ્રેમ ન મળતો હોય! એમ લાગ્યું. બહેનને સમજાવીને કહ્યું. બેટા! તું ચિંતા ન કરીશ. તને તેડવા જરૂર તારા બાપુજી આવશે. વેકેશન પડવાનો સમય થતાં પિતાએ કહ્યું. અરૂણાને મહિનો લઈ આવું, ત્યારે એની પત્ની શીલા કહે છે એ અભાગણી મારા ઘરમાં ન જોઈએ. શેઠ કહે છે અરેરે....તું વિચાર કર એ છોકરી એકલી રહી છે. અકળાઈ ગઈ હશે. તેને રજામાં આવવાનું મન થાય ને! ત્યાં તો વાઘ ઘડૂકે તેમ પત્ની ઘડૂકી.

છેવટે પિતા અરૂણા પાસે આવે છે. અરૂણા બાપને જોતાં ફોટે વળગી પડી છે. બાપુજી આવ્યા! મારી મમ્મી, બાબો, બેબી બધા મઝામાં છે ને? એમને ન લાવ્યા? ભલે, હું આવીશ. બાપુજી! મને મારી મમ્મી બહુ યાદ આવે છે. દીકરીના શબ્દો સાંભળતાં બાપ ખૂબ રડે છે. ચાર દિવસ રહી દીકરીને બધું લાવી આપ્યું ને ચાર દિવસ ફરવા લઈ ગયા ને પછી મિત્રના ઘરે મુકી અને વેકેશન પૂરું થતાં પોતાના ઘરે નોકરડી સાથે રહેવા લાગી. હવે તો ભણીગણીને ખૂબ તૈયાર થઈ છે. સમજણી ખૂબ છે. પોતાના કર્મોનો દોષ કાઢતી ધર્મધ્યાન પણ કરે છે. આમ કરતા આ વર્ષ પૂરું થયું. પરીક્ષાનું છેલ્લું પેપર લખીને ઘેર આવી ત્યાં પિતાનો પત્ર આવ્યો કે બેટા અરૂણા! તારી પરીક્ષા પૂરી થાય એટલે તરત જ તું ત્યાંથી નીકળીને ઘેર આવી જજે, હું તને લેવા સ્ટેશને આવીશ, પણ તું આવવામાં વિલંબ કરીશ નહિ કારણ કે તારી મમ્મીને ખૂબ જ ભારે માતાજી નીકળ્યા છે, તે હોસ્પિતાલમાં છે. આ સાંભળીને એનું હૈયું ભરાઈ આવ્યું, અહો મમ્મી! તું માંદી થઈ ગઈ! મારા ભાઈ બહેન શું કરતા હશે? જલ્દી જાઉં, તરત જ જે ટ્રેઈન મળી તેમાં રવાના થઈને ઘેર આવી, ઘરનું બધું કામકાજ કરવા લાગી. એના પિતાજીને પૂછે છે કે હું હોસ્પિતાલમાં જાઉં? એના પિતાએ કહ્યું. બેટા! જવામાં મઝા નથી ત્યારે કહે છે કે પિતાજી! મારી બા આટલી બધી હેરાન થતી હોય ને હું ખબર કાઢવા પણ ન જાઉં તો કેવું લાગે? મને જવા દો, એમ કહીને હોસ્પિતાલમાં ગઈ.

માતા તો પડખું વાળીને સૂતી હતી. એનું મોઢું આખું બળીયામાં રસી થવાથી જોવાય નહિ તેવું થઈ ગયું હતું. અરૂણા કહે. બા! હું આવી ગઈ છું. તું ચિંતા ન કરીશ. બા! તને ખૂબ પીડા છે પણ માતા તો બોલતી જ નથી, ત્યારે છેવટે અરૂણા ધ્રુજતી ધ્રુજતી તેની પાસે ગઈને કહ્યું બા! ત્યારે કહે છે જોને....મારું મોઢું કેવું કદરૂપું બની ગયું છે! પણ એમ નથી કહેતી કે બેટા! તું આવી? આટલી બધી વેદનામાં પણ એને પોતે કેવી કદરૂપી થઈ ગઈ છે તેનું દુઃખ થાય છે. એટલે અરૂણાએ ધીમે રહીને કહ્યું. બા! તું ભલેને કદરૂપી બની ગઈ પણ તારી બા તારો ત્યાગ નહિ કરે.

બંધુઓ! આ શબ્દોમાં અરૂણાએ એની માતાને કંઈ કહ્યું? સમજે તો ઘણું કહી દીધું. આ શબ્દે કોઈ બહુ કર્યું. અહો! મેં મારા રૂપના અભિમાનમાં આ દીકરીને

કેવા દુઃખ દીધા! એના સામું પણ ન જોયું. મેં તો એને ઘરમાથી કાઢી મૂકીને ઝુંપડીમાં રાખી છતાં એ મારી સેવા કરવા હાજર થઈ ગઈ. હું તો એનાથી પણ કદરૂપી બની ગઈ છું. હવે મારી માતા મારો ત્યાગ કરી દે તો કેવું દુઃખ થાય? એનું હૃદય પલ્ટાઈ ગયું ને દીકરી કહીને વળગી પડી. અરૂણા પ્રેમથી માતાની સેવા કરતી ને પ્રભુને પ્રાર્થના કરતી કે હે પ્રભુ! મારી માતાને બચાવી લેજે ને બધું મટાડી દેજે. એની અંતઃકરણપૂર્વકની સેવા અને પ્રાર્થના ફળી. માતાને રસી સૂકાઈ ગઈ ને એકદમ સાજી થઈ ગઈ. ત્યારે અરૂણાએ માતાના ખોળામાં માથું મૂકીને કહ્યું. બા! તારી સેવા કરતાં મારાથી તને કંઈ દુઃખ થયું હોય તો હું ક્ષમા યાચું છું. ત્યારે માતાએ કહ્યું. બેટા! ક્ષમા તો મારે તારી માંગવાની છે. હું તને અભાગણી કહેતી હતી, તને કાઢી મૂકતી હતી પણ ખરેખર અભાગણી તો હું જ છું. તું કાળી હતી તેથી તારી હું ઘૃણા કરતી હતી. મેં તને સતાવીને કેવા કર્મો બાંધ્યા! તેનું ફળ મને અહીં જ મળી ગયું. મારા કર્મે મને તારાથી પણ ડબલ કદરૂપી બનાવી દીધી. હવે તો તું મને શ્વાસપ્રાણ વહાલી છે. એમ કહીને દીકરીને ભેટી પડી. હવે બધા આનંદથી રહેવા લાગ્યા. અરૂણાના પિતાજીને પણ ખૂબ આનંદ થયો.

બંધુઓ! આ દૃષ્ટાંતથી આપણે તો કર્મની વાત સમજવી છે. જુઓ, મનુષ્યભવમાં પણ કર્મરૂપી બ્રિટીશ જીવને કેવા ત્રાસ આપે છે! ને જીવ કેવા દુઃખો ભોગવે છે. આપણા જૈનદર્શનમાં આત્માની સ્વતંત્રતાને મહત્વ આપવામાં આવ્યું છે. આત્માની સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે આપણે શું કરવું જોઈએ તે જાણો છો? અવિરતિમાંથી વિરતીમાં આવવું જોઈએ. વિરતિ દ્વારા આવતા કર્મો અટકે છે અને જુના કર્મોને ક્ષય કરવા માટે છ પ્રકારે બાહ્ય અને છ પ્રકારે આભ્યંતર એમ બાર પ્રકારનો ભગવંતે તપ કહ્યો છે. તેની આરાધના કરવી જોઈએ. તપશ્ચર્યા કરવાથી પુરાણા કર્મોનો ક્ષય થાય છે. આ રીતે સંવર અને તપ રૂપી ધર્મની આરાધના કરવાથી અનંતકાળથી આત્મા ઉપર લાગેલા કર્મો દૂર થતાં જિનેશ્વર પ્રભુની આજ્ઞાના પાલનથી આત્માને પોતાનું સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય છે, અને જન્મ મરણની ગુલામીની જંજીરો તૂટી જાય છે. આપણે ત્યાં કર્મની જંજીરોને તોડી આત્મિક આઝાદી મેળવવા માટે ઘણાં તપસ્વીઓ તૈયાર થયા છે. તમારે બધાને પણ સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરવી હોય તો તપશ્ચર્યા કરવા તૈયાર થજો.

હવે મૂળ વાત અધિકારની કહું. કુબડાના રૂપમાં આવેલા અપરાજિતકુમારે બે પ્રશ્નોના જવાબ આપ્યા. હવે ત્રીજો પ્રશ્ન એ છે કે દુનિયા કઈ છે? એના જવાબમાં કહે છે કે દુનિયા તો જ્યાં દિલ એક છે ત્યાં છે. ઘરમાં પાંચ માણસો હોય પણ દરેકના વિચારો જુદા હોય, દિલમાં એકતા ન હોય તો તે દુનિયામાં નથી પણ દુનિયાથી જુદા છે. જ્યાં દિલ એક છે ત્યાં દુનિયા છે. જેમ દૂધમાં સાકર ભળી જાય છે પછી જુદી પડતી નથી, દૂધમાં પાણી નાંખીને ચુલે ચઢાવવામાં

આવે છે. પાણી બળી જાય છે ત્યારે દુધ ઉભરાય છે અને પાણી નાંખવામાં આવે છે એટલે ઉભરો બેસી જાય છે. આ દુધ અને પાણીની કેવી એકતા છે! દુધ અને સાકરની કેવી એકતા છે! એવી રીતે માનવના દિલ જ્યારે એકમેક બની જાય, શત્રુને પણ મિત્રની દૃષ્ટિએ દેખે ત્યાં દિલની એકતા છે ને તેનું નામ દુનિયા છે.

હવે ચોથો પ્રશ્ન છે યૌવન શાથી ઓળખાય? માણસ બાલપણમાંથી યૌવનવયમાં આવે છે ત્યારે તેની ઇન્દ્રિયો બેફામ બની જાય છે. યુવાની દિવાની છે. તેથી મહાનપુરૂષો કહે છે કે "અગલી ભી અચ્છી, પીછલી ભી અચ્છી, બીચલી કો જુત્તેકા માર." પહેલી અવસ્થા બાલપણ તે સારું છે, કારણ કે બાલપણમાં જીવને સંસારની વાસના હોતી નથી અને વૃદ્ધાવસ્થામાં પણ વાસનાઓ શાંત પડી જાય છે એટલે તે અવસ્થા સારી છે પણ યુવાની માનવને મદમસ્ત બનાવે છે. એવા યૌવનકાળમાં જાગૃત રહો. મહાનપુરૂષો તપશ્ચર્યા વિગેરે કરીને ઇન્દ્રિયોનું દમન કરી આત્મકલ્યાણ કરે છે પણ યુવાનીની મસ્તીમાં મહાલતા નથી.

અપરાજિતકુમારે ચારે ય પ્રશ્નોના ઉત્તર આપ્યા. એના જવાબ સાંભળીને પ્રીતિમતીને ખૂબ સંતોષ થયો. અહો! હું જે રીતે જવાબ માંગતી હતી તેવો જ આણે જવાબ આપ્યો છે. એટલે તેણે કુબડાના ગળામાં વરમાળા પહેરાવી. કુબડાના ગળામાં વરમાળા પહેરાવવાથી બધા રાજાઓ ગુસ્સે થઈ ગયા. તેમને થયું કે આ તો અમારું હડહડતું અપમાન થયું કહેવાય. આટલા બધા રાજાઓમાં કોઇ નહિ ને આ કુબડો પ્રીતિમતીને પરણી જાય એ અમારાથી સહન નહિ થાય. રાજાઓ બધા તલવાર લઈને કુબડા તરફ આવ્યા. જેવી તલવારો ઉગામવા જાય છે ત્યાં કુમારે ચપળતાથી એમના ઉપર એક દોરડું ફેંકયું. તેથી તે બધા દોરડામાં બંધાઈ ગયા અને જે થોડા બાકી રહી ગયા હતા તેમાંથી એક રાજાના હાથી ઉપર છલાંગ મારીને ચઢી ગયો અને ત્યાંથી તીર ફેંકવા લાગ્યો. પાછો કૂદીને કોઈના રથ ઉપર ચઢીને રાજાઓ સાથે લડવા લાગ્યો.

"કુમારના પરાક્રમે જગાડેલું આશ્ચર્ય" :-કુબડાનું પરાક્રમ જોઈને બધા રાજાઓ વિચારવા લાગ્યા કે આ કોઇ સામાન્ય પુરૂષ નથી. કોઈ પરાક્રમી પુરૂષ છે. કુમાર લડતો લડતો સોમપ્રભ રાજાના હાથી ઉપર ચઢી ગયો. સોમપ્રભ રાજાની દૃષ્ટિ તેના ઉપર પડતાં તેના શરીરના અમુક લક્ષણો જોઇને તેને પૂછયું– ભાઈ! તું કોણ છે? કોનો પુત્ર છે? ત્યારે મંત્રીપુત્રે તેની ઓળખાણ આપી. મંત્રીપુત્રની વાત સાંભળતા સોમપ્રભ રાજા કહે– અરે, ભાણા! મેં તારા શરીરના ચિન્હો ઉપરથી તને ઓળખ્યો હતો પણ કુબડું શરીર હોવાથી શંકા થઈ. વહાલા ભાણેજ! તારું રૂપ આવું કેમ થઈ ગયું? આ સમયે કુમાર ગુટીકાના પ્રભાવથી હતો તેવો બની ગયો. એટલે સોમપ્રભ રાજાએ બધા રાજાઓને લડાઈ બંધ કરવાની સૂચના આપી. બધા રાજાઓ દૃષ્ટિ કરે છે ત્યાં તો કુબડાને બદલે રાજકુમારને જોયો, તેથી બધા ખુશ ખુશ થઈ ગયા ને પૂછયું કે આ કોનો પુત્ર છે? સોમપ્રભ રાજાએ

કહ્યું–આ મારો સગો ભાણેજ છે ને હરિનંદી રાજાનો પુત્ર છે. તેનું નામ અપરાજિત કુમાર છે. એના નામ પ્રમાણે ગુણ છે. કોઇ એને જીતી શકતું નથી.

અપરાજિતકુમાર અને પ્રીતિમતીના લગ્ન :– આ સ્વયંવરમાં પ્રશ્નોના યોગ્ય જવાબ આપીને તેણે રાજકુમારીને જીતી લીધી છે અને પ્રીતિમતીએ તેને વરમાળા પહેરાવી છે. એવી જાણ થતાં બધા રાજા ખૂબ આનંદ પામ્યા અને જિતશત્રુ રાજાએ ખૂબ ધામધૂમથી અપરાજિતકુમાર સાથે પ્રીતિમતીના લગ્ન કર્યા. રાજાએ પોતાની લાડીલી પુત્રીને ઘણો કરિયાવર કર્યો અને જિતશત્રુ રાજાના મંત્રીએ પોતાની રૂપવંતી કન્યા વિમલબોધકુમાર સાથે પરણાવી. પછી જિતશત્રુ રાજાએ સ્વયંવરમાં આવેલા રાજાઓને ભેટણા આપી તેમનો સારો સત્કાર કરીને વિદાય કર્યા. અપરાજિતકુમાર અને પ્રીતિમતી તથા વિમલબોધ અને તેની પત્ની જનાનંદ નગરમાં આનંદથી રહેવા લાગ્યા.

અપરાજિતકુમાર માતાપિતાને છોડીને ફરવા નીકળ્યા પછી સ્નેહ કરવામાં માતાપિતાને ભૂલ્યો હતો પણ માતાપિતા તેમના વિયોગમાં આંસુ સારતા હતા. જ્યારે ખબર પડી કે મારો પુત્ર હયાત છે અને તેના પરાક્રમથી બધે વિજય મેળવે છે. તેથી ખૂબ આનંદ થાતો પણ ઘણો સમય થવા છતાં દીકરો ન આવવાથી માતા–પિતાને અધીરાઈ આવી ગઈ કે હવે પુત્ર કયારે મળશે ? એવામાં ખબર પડી કે અપરાજિતકુમાર સ્વયંવરમાં જીત મેળવીને પ્રીતિમતીને પરણ્યો છે. એટલે કુમારને તેડવા માટે દૂતને જનાનંદ નગર મોકલ્યો. દૂત ચાલતો ચાલતો જનાનંદ નગરમાં આવ્યો, અને અપરાજિતકુમારને જોઇને ભેટી પડ્યો. અપરાજિતકુમાર દૂતને ઓળખી ગયો એટલે માતા પિતાના કુશળ સમાચાર પૂછયા. દૂતે કહ્યું–જે દિવસથી તમે ગયા છો તે દિવસથી માંડીને આજ સુધી માતા–પિતાની આંખમાં આંસુ સૂકાયા નથી. તમને મળવા માટે તેમનું મન તલસી રહ્યું છે. માટે હવે સિંહપુર જલ્દી ચાલો. હવે અપરાજિત કુમારને પણ માતા–પિતા ખૂબ યાદ આવ્યા. તેથી શું વિચારશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– રત્નવતીએ રાજાને ખૂબ ભંભેર્યો એટલે રાજા તેમની પરીક્ષા કરવા તૈયાર થયા. રાજાને જિનસેના ઉપર ખૂબ વિશ્વાસ હતો કે જિનસેના રાણી પવિત્ર ને ગુણવાન છે પણ ખૂબ ચઢાવ્યા એટલે રાજા ચઢી ગયા ને રત્નવતીના મીઠા મીઠા વચનો સાંભળીને ભરમાઈ ગયા. તેથી જિનસેનાને પૂછયું કે હે રાણીજી ! તમને જગતમાં કોણ વહાલું છે ? ત્યારે રાણીએ કહ્યું–નાથ ! આ લોકમાં મને આપ વહાલા છો ને પરલોક માટે મારો ધર્મ મને વહાલો છે, ત્યારે રાજાએ ગુસ્સે થઈને કહ્યું કે જો તમને હું વહાલો હોઉં તો તમે આજથી ધર્મને છોડી દો. હું ધર્મ કર્મને માનતો નથી. તમે ધર્મના બહાને ધતીંગ કરી રહ્યા છો, ત્યારે રાણીએ કહ્યું–નાથ ! જો તમે કહો તો મારા પ્રાણ છોડી દઉં પણ આ લોકમાં ને પરલોકમાં હિતકારી એવા ધર્મને નહિ છોડું.

રાણી અધીરાઇથી કહે છે કે હે નાથ! આપ પોતે જ ધર્મીષ્ઠ છો. આપ રોજ મારી સાથે સામાયિક પ્રતિક્રમણ કરતા, અને કલાક સુધી આપ મારી સાથે ધર્મચર્ચા કરતા હતા ને આજે આપને આ શું થઈ ગયું છે? કે આપ જેવા ધર્મીષ્ઠ પુરૂષ મને ધર્મ છોડી દેવાનું કહો છો! આપણે ધર્મ કરીએ ને કરાવીએ તો મહાન લાભ થાય છે, અને આપણે ધર્મ ન કરીએ ને બીજાને ધર્મ કરતા અંતરાય પાડીએ તો મહાન પાપના ભાગીદાર બનીએ છીએ. માટે આપ સમજો. રાજા ક્રોધ કરીને કહે છે કે હું તો બધું સમજેલો છું. હવે તમે સમજો તો સારી વાત છે.

રાણીજી કહે છે નાથ! આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી હું મારા ધર્મને છોડીશ નહિ. ધર્મને છોડવા સિવાયની બીજી જે કંઈ આજ્ઞા કરશો તેનું પાલન કરવા માટે આ દાસી તૈયાર છે ત્યારે રાજા લાલ આંખ કરીને કહે છે હે રાણી! હવે હું વારંવાર તમને કંઈ કહેવાનો નથી. આ છેલ્લી વખત કહું છું કે જો તમારે મારા મહેલમાં સુખેથી રહેવું હોય તો તમારો ધર્મ છોડી દો ને જો ધર્મને ન છોડવો હોય તો

નહીં તો મહેલોં કો છોડો, રાની વસ્ત્રાભૂષણ ઉતારો,
મહારાનીપદ કો છોડો, યહ હૈ હુકમ હમારો હો...શ્રોતા....

હવે આ મારા સુંદર મહેલમાં તમે રહી શકશો નહિ. આ મહેલમાંથી ઉતરી જાવ અને આ ઝરીની કિંમતી સાડી પહેરી છે તે ઉતારી નાંખો. મૂલ્યવાન દાગીના ઉતારી નાંખો ને આ પટ્ટરાણીપદને છોડી દો એ મારો તમને હુકમ છે. પછી હું જોઉં છું કે જેને તું મારાથી ને તારા પ્રાણથી પણ અધિક વહાલો માને છે તે તારો ધર્મ તને કેવી રીતે સહાય કરે છે. તું ધર્મ ઉપર શ્રદ્ધા રાખીને બેઠી છે તો સાંભળ. તું મારી વાત નહિ માને તો તારા બૂરા હવાલ થશે. વનમાં ભટકી ભટકીને સિંહ-વાઘની દાઢ નીચે ચવાઈ જઈશ. ત્યાં તું ગમે તેટલી બૂમો પાડીશ તો પણ કોઈ સાંભળશે નહિ. માટે તારી દયાને ખાતર કહું છું કે તું તારા ધર્મને છોડી દે અને જો ધર્મને ન છોડવો હોય તો અહીંથી જંગલમાં ચાલી જા. હવે જિનસેના રાણી રાજાને શું જવાબ આપશે ને શું બનશે તેના ભાવ અવસરે.

●

વ્યાખ્યાન નં. ૩૧

શ્રાવણ સુદ ૧૩ ને બુધવાર **તા. ૧૬-૮-૭૮**

અનંતજ્ઞાની પુરૂષો કહે છે કે આ જૈનશાસન એ વડલો છે. એની છાયા એવી શીતળ છે કે તેની નીચે બેસનાર જીવ આધિ, વ્યાધિ અને ઉપાધિના દુઃખથી મુક્ત બને છે. તરસ્યા જીવોને માટે જ્ઞાની પુરૂષોએ ઠેકાણે ઠેકાણે જ્ઞાનની પરબો માંડી છે. આ ચાતુર્માસના પવિત્ર

દિવસોમાં દરેક ક્ષેત્રમાં સાધુ સાધ્વીઓ ચાતુર્માસ બિરાજે છે. એ ભવ્ય જીવોને વીતરાગ-વાણીનું પાન કરાવે છે. તમને વીતરાગવાણી સાંભળવાની તરસ લાગી છે ને ? જેને સાંભળવાની બરાબર તરસ લાગી હોય એ ચિત્તને એકાગ્ર કરીને સાંભળે. અહીંયા તમારું ચિત્ત એકાગ્ર થાય છે ને ? ચિત્તની સ્થિરતા હોય તો વીતરાગવાણી સાંભળવાની મઝા આવે, પણ અહીં વ્યાખ્યાન સાંભળતા હોય ને મનમાં તો ઘરના વિચારો ચાલતા હોય તો સાંભળવાની મઝા આવે ખરી ? "ના". ઘર છોડીને તમે અહીં આવ્યા છો પણ ઘરની મમતા લેગી લઈને તો નથી આવતા ને ? કલાક, બે કલાક માટે જો ઘર છોડીને આવ્યા છો તો એની માયા-મમતાને પણ લેગી મૂકીને આવો અને અહીં બે ઘડી, ચાર ઘડી જેની જેટલી સ્થિરતા હોય તે પ્રમાણે મમતાનો ત્યાગ કરીને સમતારસનું પાન કરો.

જે આત્માઓ સુદેવ-સુગુરૂ અને સુધર્મને શરણે આવે છે એને શીવલક્ષ્મી વરે છે પણ લક્ષ્મીદેવીનું શરણ અંગીકાર કરનારને શીવલક્ષ્મી વરતી નથી. માટે ધનનો મોહ છોડીને ધર્મનું શરણું અંગીકાર કરો, અને જિનવચનમાં અનુરક્ત બનો. જે આત્માઓ—

"जिणवयणे अणुरत्ता, जिणवयण जे करेन्ति भावेणं ।
अमला असंकिलिट्ठा, ते हुंति परित्तसंसारी ॥

જિનેશ્વર ભગવંતના વચનમાં અનુરક્ત બને છે અને તે પ્રમાણે ભાવપૂર્વક આચરણ કરે છે તે આત્મા નિર્મળ અને ક્લેશરહિત બનીને પરિતસંસારી બની જાય છે. તમે જિન-વચનમાં અનુરક્ત છો કે સંસારમાં અનુરક્ત બનેલા છો ? અનંતકાળથી જીવ સંસારમાં અનુરક્ત બન્યો છે. તમે દુકાનેથી ઘેર આવતા હો ને બીજી તરફથી તમારો નાનો ભાઈ સ્કુલેથી છૂટીને ઘેર આવતો હોય તો એને દેખીને તમે તરત ઉંચકી લેશો. મહિને બે મહિને તમે બહારગામથી ઘેર આવ્યા. ઘરમાં માતા, ભાભી, બહેન બધાં જ છે પણ તમારા શ્રીમતીજીને તમે ન જુઓ તો તરત મનમાં થશે કે બધા જ દેખાય છે ને એ કેમ દેખાતા નથી ? ક્યાં ગયા હશે ? આ બધો સંસારનો અનુરાગ છે ને ? સો રૂપિયાની નોટ ખોવાઈ જાય તો જીવને આખો દિવસ ચેન પડતું નથી. મન એમાં ને એમાં રહે છે. આ બધું કરાવનાર સંસારની અનુરક્તતા છે, રાગ છે. સંસારનો રાગ તો જીવે ઘણો કર્યો, હવે જિનેશ્વર પ્રભુની વાણીનો અનુરાગ કરો. જિનવાણીનો અનુરાગ મોક્ષમાં લઈ જશે.

તમને મોક્ષ ગમે છે ને ? 'હા'. જો મોક્ષ ગમે છે તો પછી મોક્ષનો માર્ગ પણ ગમવો જોઈએ, અને મોક્ષનો માર્ગ ગમે તો વર્તમાનકાળે મોક્ષનો માર્ગ બતાવનારા સંતો પણ ગમવા જોઈએ ને ? જેને મોક્ષ, મોક્ષનો માર્ગ અને મોક્ષનો માર્ગ બતાવનારા સંતો ગમે તેને મોક્ષ અવશ્ય મળે, યાદ રાખો. મોક્ષ માર્ગના બતાવનારા જે આજ્ઞા કરે તેનું યથાર્થ પાલન થવું જોઈએ, જિનવચનમાં બરાબર અનુરક્તતા જોઈએ, અને જિનેશ્વર પ્રભુની ભક્તિમાં

લીન બની જવું જોઈએ. સાગરને તરવા માટે જેમ સ્ટીમર સહાયક છે તેમ સંસાર સમુદ્રને પાર કરવા માટે જિનભક્તિ પરમ આલંબન છે. એક ન્યાય આપીને સમજાવું.

એક રાજાને ચાર રાણીઓ હતી. એક વખત રાજા છ મહિના માટે બહારગામ ફરવા ગયા. રાજાને ગયા ચાર પાંચ મહિના થયા પણ રાજાના તરફથી કોઈ સમાચાર ન આવ્યા તેથી રાણીઓ ચિંતાતુર બની ગઈ. સ્વામીનાથ ભલે બહારગામ ગયા પણ તેમના તરફથી કંઈ સમાચાર કેમ આવતા નથી? શું થયું હશે? એ કયાં ગયા હશે? એમ રાણીઓને અનેક પ્રકારના વિચારો આવવા લાગ્યા, અને નક્કી કર્યું કે મહારાજાની તપાસ કરવા માટે એક દૂતને મોકલીએ. રાણીઓએ એક દૂતને તૈયાર કર્યો. દૂત રાજાની શોધમાં જાય છે તો આપણે પત્ર લખીને આપીએ એમ વિચાર કરીને સૌથી મોટી રાણીએ પત્ર લખ્યો. એમાં લખ્યું કે સ્વામીનાથ! આપને ગયા પાંચ પાંચ મહિના પૂરા થયા પણ આપના તરફથી કંઈજ સમાચાર નથી. તો શું અમારો કોઈ અપરાધ થયો છે? અપરાધ થયો હોય તો ક્ષમા માંગું છું. આપ ક્ષેમકુશળ હશો. એમ સારા શબ્દોમાં પત્ર લખ્યો. અંતમાં લખ્યું કે આપ જલ્દી આવો અને મારે માટે કિંમતી મોતીની એક માળા લેતા આવજો. બીજી રાણીએ રાજાને ક્ષેમકુશળના સમાચાર પૂછયા અને લખ્યું કે નાથ! આપના વિના મહેલ સૂનકાર લાગે છે. આપ વહેલા પધારો. વિગેરે લખીને અંતમાં લખ્યું કે આપ આવો ત્યારે મારે માટે ભારે મૂલી સાડી લેતા આવજો. આ બીજી રાણીનો પત્ર છે. ત્રીજી રાણીએ પણ રાજાના સ્વાસ્થ્યના સમાચાર પૂછયા ને લખ્યું કે હવે આપના વિરહનું દુઃખ બહુ સાલે છે. ચાતક જેમ મેઘની રાહ જુએ તેમ અમે તમારી રાહ જોઈએ છીએ. આપ ક્ષેમકુશળ આપના રાજ્યમાં પધારો, આપ આવો ત્યારે મારા માટે નવામાં નવી જાતના કિંમતી કંકણ લેતા આવજો. ત્રણ રાણીએ આ પ્રમાણે પત્ર લખ્યો ત્યારે સૌથી નાની ચોથી રાણીએ પત્રમાં ફક્ત "એક" આ શબ્દ લખીને કવરમાં પત્ર બીડી દીધો.

ચારેય રાણીઓના પત્રો લઈને દૂત રાજાની શોધ કરવા માટે ચાલ્યો. તપાસ કરતાં કરતાં દૂતને રાજાની ભાળ મળી, જે શોધવા માટે નીકળે છે તેને તે અવશ્ય મળે છે. પણ જે શોધ કરતો નથી તેને શું મળે? તમે સંસારનું સુખ શોધો છો, વહેપાર ધંધા શોધો છો, કોઈ ચીજ ખોવાઈ ગઈ હોય તો શોધો છો પણ આત્માની ચેતનાશક્તિ ખોવાઈ ગઈ છે તેને કદી શોધો છો? પૈસા મેળવવાનો પ્રયાસ કરો છો, પેઢીને વિકસાવવાનો પ્રયત્ન કરો છો પણ અનંત સુખનું સ્થાન એવા મોક્ષમાં જવાનો કોઈ પ્રયાસ કરો છો ખરા? બહારગામ જવાનું હોય ત્યારે બધી તૈયારી કરો છો પણ આ જીવને જવાનું છે તેના માટે શી તૈયારી? અનંત સુખનો સ્વામી આત્મા અને અનંત સુખની પ્રાપ્તિ કરાવનાર ધર્મ એ બે ચીજો તમારાથી ભૂલાઈ ગઈ છે. તેને શોધવાનો પ્રયત્ન કર્યો છે?

મનગમતી વસ્તુની માંગણી કરતી રાણીઓ : રાણીઓએ મોકલેલો દૂત રાજાને શોધવા નીકળ્યો. શોધતો શોધતો એ રાજા પાસે પહોંચી ગયો. રાજાના ચરણકમળમાં નમસ્કાર કરીને રાજાના ક્ષેમકુશળ પૂછીને ચારેય રાણીઓના ચાર પત્રો રાજાના કરકમલમાં અર્પણ કર્યા. આ સંસારમાં દરેક પુરૂષોને પત્નીનો અત્યંત મોહ હોય છે. આ રાજાને પણ એની રાણીઓ ખૂબ વહાલી હતી. એમનો પત્ર મળતાં રાજા ખુશ ખુશ થઈ ગયા. પહેલી રાણીએ મોતીનો હાર મંગાવ્યો છે, બીજીએ ભારેમૂલ્લી સાડી મંગાવી છે ને ત્રીજીએ નવામાં નવી જાતના કંકણ મંગાવ્યા છે. આ બધું રાજા સમજી ગયા પણ સૌથી નાની રાણીના પત્રમાં "એક" આ સિવાય બીજું કંઈ લખ્યું જ નથી. એણે રાજાને ક્ષેમકુશળ પૂછ્યા નથી કે તમારા વિના મને ગમતું નથી એવું પણ નથી લખ્યું કે તમે વહેલા આવો એમ પણ નથી લખ્યું. "એક" આટલું જ લખ્યું છે તો એણે "એક" શું મંગાવ્યું હશે ? રાજાને આનો અર્થ સમજાયો નહિ એટલે પ્રધાનને પૂછ્યું કે નાની રાણીએ પત્રમાં "એક" લખ્યું છે તેનો ભાવ શું હશે ? મને આમાં કંઈ સમજ પડતી નથી.

"આપ એક જ મારે જોઈએ" : પ્રધાન ખુબ ચતુર હતો. એ રાણીના પત્રનો ભાવ તરત સમજી ગયો ને કહ્યું–મહારાજા ! ત્રણ રાણીઓના પત્ર કરતાં આ પત્રમાં વિશેષતા છે. અક્ષર બે છે ને શબ્દ એક જ છે પણ એમાં ભાવ ઘણાં ભર્યા છે. રાણીસાહેબે લખ્યું છે કે નાથ ! મારે આપ એક જ જોઈએ છે. આપના વિના આ મારું મનમંદિર સૂનું છે. મારું તન, મન અને ધન એ બધું આપ એક જ છો. આપ એક વહેલા પધારો ને મારા મનમંદિરને પાવન કરો. આપના સિવાય મારે બીજું કંઈ જોઈતું નથી. બધી રાણીઓએ તો કંઇક ને કંઇક ભૌતિક સુખની માંગણી કરી છે પણ નાના રાણીસાહેબે "એક" શબ્દ દ્વારા આપના સિવાય કંઈ જ માગણી કરી નથી. બસ, એક જ માંગણી કરી છે કે નાથ ! આપ પધારો ...જલ્દી પધારો ને મારા મન મંદિરીયામાં આપની પવિત્ર મૂર્તિની સ્થાપના કરી આ દાસીને પાવન કરો. ચાતક જેમ મેઘની રાહ જુએ તેમ હું આપની રાહ જોઇ રહી છું. માટે આપ જલ્દી પધારી મારી વિરહ વેદનાને શાંત કરો.

રાણીના "એક" શબ્દના ગૂઢ રહસ્યને સાંભળીને રાજા રાણી ઉપર ખુશ થયા. અને તેના ઉપર પ્રેમના ફુવારા ઉડવા લાગ્યા. હવે જલ્દી પોતાના નગરમાં જવા રાજાનું મન આતુર બન્યું, અને મનમાં વિચારવા લાગ્યા કે અહો ! નાની રાણીને મારા પ્રત્યે કેટલી બધી ભક્તિ છે. એની ભક્તિમાં કેટલી બધી નિખાલસતા છે કે કોઇ જાતની એણે માંગણી કરી નથી. રાજાએ ત્રણ રાણીઓએ જે જે ચીજો મંગાવી હતી તે બધી ખરીદી લીધી, તે સિવાય બીજી ઘણી ઘણી ચીજો ખરીદીને બધું કાર્ય સંકેલીને રાજા પોતાના નગર તરફ જવા માટે ત્યાંથી રવાના થયા. છ મહિને પોતાના નગરમાં આવ્યા એટલે પ્રજાજનોએ રાજાનું ખુબ સારી રીતે ઠાઠમાઠથી સ્વાગત કર્યું. પ્રજાજનોને ખુબ આનંદ થયો. રાજા મહેલમાં

જઈને રાણીઓને મળ્યા. પોતાના પતિને જોઈ ને ચારેય રાણીઓના હૈયા હર્ષથી નાચી ઉઠયા. રાજાએ મોટી રાણીએ મંગાવેલો મોતીનો હાર એને આપ્યો. બીજીને સાડી અને ત્રીજીને કંકણ આપ્યા. પોતે મંગાવેલી ચીજો મળતાં રાણીઓ ખુશ ખુશ થઈ ગઈ અને નાની રાણી પોતાનો પ્રાણપ્રિય પતિ મળતાં ખુશ થઈ ગઈ. રાજા મંગાવેલી ચીજો સિવાય બીજી ઘણી ચીજો લાવ્યા હતા તે બધી સૌથી નાની રાણીને અર્પણ કરી દીધી.

બંધુઓ ! જુઓ, જે રાણીઓએ ચીજની માંગણી કરી હતી તેમને તો માત્ર એમની મંગાવેલી એકેક ચીજ મળી પણ જેણે માત્ર એક પતિની જ માંગણી કરી હતી, પતિના દર્શન માટે એ તલસી રહી હતી, પતિ સિવાય એણે બીજી કોઈ ચીજની માંગણી કરી ન હતી તો રાજાએ એને પ્રેમના પાણીથી છલકાવી દીધી ને હજારો કિંમતી ચીજો રાણીને અર્પણ કરી દીધી, અને રાણી ઉપર રાજાનો પ્રેમ વધી ગયો, કારણ કે એને મન હાર, સાડી અને કંકણ જે કંઈ કહો તે એનો પતિ જ હતો. પતિમાં જ એ પોતાનું સર્વસ્વ માનતી હતી. જે દિલથી ચાહે તેને વણમાંગી ચીજો મળે છે એમાં કાંઈ નવાઈ નથી. આપણે પણ જિનેશ્વર પ્રભુની ભક્તિમાં ઓતપ્રોત બની જઈએ, પ્રભુની આજ્ઞાનું પાલન અને એની ભક્તિ સિવાય બીજું કાંઈ જ ન માગીએ તો આપણો બેડો પાર થઈ જાય. ભક્તો પ્રભુ પાસે કેવી માંગણી કરે છે ?

જો એક વેળા દર્શન પામું, જન્મ સફળ બની જાયે,
જુગજુગથી જે પાતક બાંધ્યા, ક્ષણભરમાં છૂટી જાયે,
આતમ હળવો થાયે, અદ્ધર ઉડવા જાયે,
ફરી કદી ના નીચે આવું, એવી પદવી દોને....દોને....દોને....દર્શન

પ્રભુ ! મને એક જ વખત જો આપના દર્શન થાય તો મારું જીવન સફળ બની જાય. મારા ભવોભવના બાંધેલા પાપકર્મો ક્ષણવારમાં નષ્ટ થઈ જાય અને મારો આત્મા મોક્ષના સુખો જલ્દી પામે. નાની રાણીને તલસાટ હતો કે નાથ ! આપ આ દાસીને જલ્દી દર્શન આપો. આપના વિના મને મહેલ સ્મશાન જેવો ને શણગાર અંગાર જેવા લાગે છે, અને વસ્ત્રો બંધનરૂપ લાગે છે. આપના દર્શનથી મારું જીવન સફળ બનશે, તેમ ભક્ત પણ કહે છે હે પ્રભુ ! આપની ભક્તિ વિનાનું ને આપના દર્શન વિનાનું જીવન પ્રાણ વિનાના કલેવર જેવું છે. તારી ભક્તિ અને તારા દર્શનથી મારા ભવનો બેડો પાર થઈ જશે. તમે પણ જે કંઈ પ્રભુભક્તિ કરો, ધર્મારાધના કરો તેમાં ભૌતિક સુખની ઈચ્છા ન રાખશો. આત્મકલ્યાણની ભાવના રાખજો તો આત્માનું કલ્યાણ થશે. ભૌતિક સુખો તો આજે છે ને કાલે નથી. લક્ષ્મી ચંચળ છે. આજની દુનિયા પૈસા પાછળ પાગલ છે. આજે દુનિયામાં ધનની પૂજા થાય છે પણ ગુણની પૂજા થતી નથી.

એક વખત એક શ્રીમંત માણસ અમદાવાદથી મુંબઈ જતો હતો. એ જાતિનો મુસ્લમ હતો પણ ખુબ સજ્જન હતો. એની પાસે ધન ઘણું હતું પણ એને શ્રીમંતાઇનો ગર્વ ન હતો. ગાડીમાં બેઠેલા મુસાફરો સાથે વાતચીત કરતાં એની વાણીમાં સૌજન્યતા અને નિખાલસતા દેખાતી હતી. પોતાની પાસે ભાતું હતું તે પોતે ખાતો ને નાતીલાને ખવડાવતો. હિન્દુઓને ફળ, ફૂટ પ્રેમથી ખવડાવતો. આવી રીતે ઉદારતા, નમ્રતા અને સરળતાથી તેણે લોકોનો પ્રેમ ખૂબ સંપાદન કર્યો હતો. એટલે આ શ્રીમંતને મળવા માટે દરેક સ્ટેશને માણસો એમનું સ્વાગત કરવા અને મળવા માટે આવતા. એમની જ્ઞાતિના બધા મુસ્લીમો એમના રિવાજ પ્રમાણે "સલામ આલેકુમ" એટલે નમસ્કાર કરતાં ત્યારે આ શ્રીમંત "આલેકુમ સલામ" (પ્રતિ નમસ્કાર) એમ કહેવાને બદલે એમને એમ કહેતાં "તુમ્હારી સલામ જા કે પહુંચા હુંગા" આ પ્રમાણે કહેતાં. આ સાંભળીને એક માણસના મનમાં ખુબ આશ્ચર્ય થયું કે "આલેકુમ સલામ" એમ કહેવાને બદલે આમ શા માટે કહેતા હશે? એણે હિંમત કરીને શ્રીમંતને પૂછ્યું કે શેઠ! તમે સલામનો જવાબ આમ કેમ આપો છો?

શ્રીમંતે કહ્યું. ભાઇ! આ બધા મારો સત્કાર કે સન્માન નથી કરતાં ને મને સલામ નથી કરતાં પણ મારા ધનને કરે છે. આજથી દશ વર્ષ પહેલાં હું ગરીબ હતો. મારે ખાવાના સાંસા હતા, રહેવા ઘર ન હતું, આવી કંગાલ સ્થિતિમાં કોઈ મને સલામ તો નહોતા કરતા પણ મારી સલામની પણ જરૂર ન હતી. કોઈ મને પૂછતું ન હતું કે તું ભૂખ્યો છે કે તરસ્યો છે? આજે મારા પુણ્યનો ઉદય છે ને કાલે મારું પુણ્ય ખલાસ થઈ જાય ને કદાચ મારી લક્ષ્મી ચાલી જાય પછી મને કોઈ સલામ ન કરે. આ બધા અત્યારે મને સલામ નથી ભરતા પણ મારા ધનને સલામ ભરે છે. એટલે હું એ બધાને કહું છું કે મુંબઈ જઈને તમારા બધાની સલામ મારા ધનને પહોંચાડી દઈશ. તિજોરીમાંથી નોટોના બંડલ, હીરા, માણેક આદિ ઝવેરાત, દાગીના બધું બહાર કાઢીને કહીશ કે તમને બધાએ સલામ કરી છે. કારણ કે આજે સૌ લક્ષ્મીને મહત્વ આપે છે, સૌ લક્ષ્મીને પૂજે છે, ગુણોને પૂજતા નથી. આ વાતથી સૌનું મસ્તક ઝૂકી ગયું.

આપણો ચાલુ અધિકાર અપરાજિતકુમાર જ્યારે કુબડાના વેશમાં હતો ત્યારે સૌ તેમનો તિરસ્કાર કરતા હતા પણ જ્યાં ખબર પડી કે આ તો હરિનંદી રાજાનો પુત્ર છે અને તેનું પરાક્રમ ને બુદ્ધિ પ્રત્યક્ષ જોયા એટલે સૌ તેની પ્રશંસા કરવા લાગ્યા. આ સમયે એક દૂતે આવીને કહ્યું હે અપરાજિત કુમાર! હવે આપણા સિંહપુર નગરમાં પધારો. આપના વિયોગથી માતા-પિતા રડી રડીને રાત દિવસ વીતાવે છે, અને આપ તો મહાસુખમાં પડીને માતા પિતાને તદ્દન વીસરી ગયા લાગો છો.

" માતાપિતાના સમાચાર મળતાં કુમારની આંખમાંથી વહેલી અશ્રુધાર ": દૂતની વાત સાંભળીને અપરાજિત કુમાર અને વિમલાબોધકુમાર બંનેને પોતાના માતા પિતા યાદ આવ્યા ને આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા. હવે માતાપિતાની પાસે જવા મન ઉપડ્યું કે જલ્દી જઈને માતાપિતાને મળીએ. તેથી તરત જિતશત્રુ રાજા પાસે સિંહપુર જવાની આજ્ઞા માંગી. રાજાએ પોતાને ત્યાં રોકાવા માટે ખૂબ આગ્રહ કર્યો પણ જવાની કુમારની તીવ્ર ઇચ્છા જોઈને રજા આપી. સિંહપુર જવાની તૈયારી કરતાં બધા રાજાઓને ખબર આપી. તેથી જે જે કન્યાઓને પરણ્યા હતા તેમના માતાપિતાઓ, એચર અને ભૂચર રાજાઓ ઘણાં કરિયાવર સાથે પોતાની કન્યાઓને લઈને ત્યાં આવ્યા અને બધા મોટા સૈન્ય સાથે સિંહપુર જવા નીકળ્યા. ઘણાં દિવસે બધા સિંહપુર નગરની બહારના ઉદ્યાનમાં પહોંચ્યા. હરિનંદી રાજાને પુત્ર આવ્યાના સમાચાર મળતાં રાજા, પ્રિયદર્શના રાણી, પ્રધાન અને પ્રધાનની પત્નીના બધાના હૈયાં નાચી ઉઠ્યા. હવે રાજા, રાણી બધા અપરાજિતકુમાર અને વિમલબોધને સ્વાગત કરીને નગરમાં લાવશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- કર્મનો ઉદય થાય છે ત્યારે માણસનું હૃદય કેવું પલ્ટાઈ જાય છે! એક વખત જયમંગલ રાજાને જિનસેના રાણી કેટલી વહાલી હતી. એના સંગથી રાજા ધર્મ પામ્યા હતા, પણ એના પાપકર્મનો ઉદય થતાં રત્નવતીની ચઢવણીથી રાજા જિનસેના રાણીને ધર્મ છોડાવવા ઉઠ્યા છે. રાજા કહે છે હે રાણી! જો તમને તમારો ધર્મ વહાલો હોય તો આ કિંમતી વસ્ત્રાભૂષણો અને પટ્ટરાણીનું પદ છોડો અને આ મહેલ છોડીને અત્યારે ને અત્યારે જંગલમાં ચાલ્યા જાવ. અહાહા....રાજા રાણીને ધર્મ છોડાવવા માટે કેટલી ધમકી આપે છે! રાણી કેવા દુઃખો વેઠે છે પણ ધર્મ છોડવા તૈયાર નથી, તમને આવી કસોટી આવે તો શું કરો? ધર્મ રાખો કે છોડી દેશો? મને તો લાગે છે કે રહેજ કષ્ટ પડે કે પહેલે ધડાકે ધર્મને છોડી દેશો. યાદ રાખો, ધર્મ કરનારની કસોટી થાય પણ દેહ છૂટે તો ભલે પણ મારો ધર્મ નહિ છૂટે તેવી મક્કમતા હોવી જોઈએ.

" રાજાના પડકારને ઝીલતી રાણી રાજમહેલ છોડવા તૈયાર :- રાણી કહે છે સ્વામીનાથ! આપનો હુકમ શિરોમાન્ય કરીને હું અત્યારે જ જંગલમાં રહેવા માટે ચાલી જાઉં છું પણ મારા પ્રાણ સમાન ધર્મને તો નહિ જ છોડું. આ સાંભળીને રત્નવતી વચમાં જ બોલી ઉઠી. હે જિનસેના! જોઈ લે તારા ધર્મનું ફળ તને અહીં ને અહીં જ મળી ગયું ને? મેં તો તમને પહેલેથી કહ્યું હતું કે બહેન! તમે ધર્મને છોડી દો પણ મારું કહ્યું ન માન્યું પણ હવે તો છોડવો પડશે ને? તારા ધર્મનું શું ફળ છે એ તો બતાવ! આ તારા ધર્મે તને જંગલમાં મોકલી અને ઘરઘરમાં ટુકડા માંગતી ભિખારણ બનાવી. પટ્ટરાણીનું પદ છોડાવ્યું. બોલ આ છે તારા ધર્મનો પ્રભાવને! જિનસેના કહે

છે હે રત્નવતી! જરા સંભાળીને બોલ. તું મારી નજર સમક્ષ મારા ધર્મના અવર્ણવાદ ન બોલ. મારાથી સંભળાતા નથી. શું ધર્મ માણસને દુઃખ આપે છે? બિલકુલ નહિ. મને મારા કર્મે દુઃખી બનાવી છે. ધર્મે નહિ. સમજીને? આ પ્રમાણે જિનસેના મગરૂરીથી બોલી એટલે રત્નવતી કહે છે ભિખારણ બનીને ભીખ માગવાનો વખત આવ્યો તો પણ સમજતી નથી. એનામાં કેટલો પાવર છે! મહારાજાની સામે કેવા અભિમાન-ભર્યા શબ્દોથી બોલે છે? બસ, હવે તો તારી દયા ખાવા જેવી જ નથી. આમ કહી રત્નવતીએ પોતાની દાસીઓને કહ્યું. હે દાસીઓ! તમે આ જિનસેના રાણીના આભૂષણો ઉતારી લો. આ સારા વસ્ત્રો ઉતારીને ફાટલા કપડા પહેરાવી દો અને આ મહેલમાંથી નીચે ઉતારીને જ્યાં કોઈ માણસ ન હોય એવા ભયંકર જંગલમાં મૂકી આવો. આ પ્રમાણે કહ્યું એટલે એની દાસીઓ જિનસેનાના શરીર ઉપરથી દાગીના ઉતારવા લાગી તો કોઈ એના વસ્ત્રો ખેંચવા લાગી. એટલે જિનસેનાની દાસીઓ ને સખીઓ કાળો કલ્પાંત કરવા લાગી.

"રાણીના વસ્ત્ર-દાગીના ખેંચતા દાસીઓએ કરેલો પોકાર" :-રાજમહેલમાં આનંદને બદલે હાહાકાર મચી ગયો. જિનસેનાની દાસીઓ, સખીઓ અને નોકરચાકરો બધા મોટેથી રડવા લાગ્યા. દોડો....દોડો....આ તો ધર્મીષ્ઠ મહારાણી ઉપર કાળો કેર વર્તાઈ રહ્યો છે. રત્નવતીની દાસીઓ એના કપડા ને દાગીના ઉતારી લે છે. કોઇ તો એમને રોકો. માણસોની આ કારમી ચીસો સાંભળીને ઘણાં માણસો દોડી આવ્યા ને મહેલ પાસે માણસોનું મોટું ટોળું ભેગું થયું. જિનસેનાની દાસીઓ કહે છે અરેરે....મહારાજા! આપ તો ખૂબ દયાળુ છો ને આજે અમારા મહારાણી પ્રત્યે આટલા બધા નિર્દય કેમ બની ગયા છો? અત્યારે તમે આ રત્નવતીના ચઢાવ્યા ચઢી ગયા છો પણ પછી તમને પસ્તાવો થશે. આવી રાણી મળવી મુશ્કેલ છે. આ રાણી તમારા રાજ્યનું રત્ન છે. મહારાણી સાહેબ કેવા દયાળુ છે કે રોજ મારા નગરમાં કે મહેલમાં કોઈ ભૂખ્યું તો નથી રહેતું ને? બધી તપાસ કરીને પછી જમે છે. એવા પવિત્ર રાણીને જંગલમાં મોકલીને પછી પસ્તાશો. આ પ્રમાણે જિન-સેનાની દાસીઓ, સખીઓ અને નગરજનો બધા રાજાને કહે છે ત્યારે બીજી તરફ રત્નવતીની દાસીઓ જિનસેનાના વસ્ત્રો અને આભૂષણો ઉતારે છે.

"જિનસેનાએ સ્વયં ઉતારેલા દાગીના ને વસ્ત્રો" : જિનસેના કહે છે બહેન! તમારે ઉતારવાની તકલીફ લેવાની જરૂર નથી. હું જાતે જ દાગીના ઉતારી આપું છું, એમ કહીને રાણીએ એક પછી એક દાગીના ઉતારીને દાસીઓને આપ્યા ને કહ્યું-મને જૂનામાં જુના હલકા વસ્ત્રો આપો. એટલે દાસીઓએ જુના ફાટેલા કપડા આપ્યા તે પહેરી લીધા ને સારા વસ્ત્રો આપી દીધા. પટ્ટરાણી પદની મુદ્રિકા બધું જ ઉતારીને આપી દીધું, પછી દાસીઓ કહે છે હે મહારાણી! હવે આ મહેલ પણ છોડવો પડશે. જિનસેના કહે છે હું મહેલ પણ છોડી દઈશ. છેલ્લે મહેલના પગથિયા ઉતરતાં મહારાજાને પ્રણામ કરીને કહે છે

નાથ ! અત્યાર સુધીમાં મારાથી આપને દુઃખ થયું હોય તો ક્ષમા માંગુ છું. આ દાસીને ક્ષમા કરો.

"ક્ષમા માંગતી મહારાણી અને આંસુ સારતા લોકો" : પછી રત્નવતી પાસે જઈને કહે છે હે મારી વહાલી બહેન ! તેં મને ધર્મારાધના કરવાનો મોકો આપ્યો છે. હવે જંગલમાં જઈને સ્વતંત્રતાપૂર્વક વિશેષ ધર્મ કરીશ. બહેન ! તારો તો હું જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. બંધુઓ ! સમ્યગ્દૃષ્ટિ આત્મા કોઈને દોષ દેતા નથી. એની દૃષ્ટિ ગુણગ્રાહી હોય છે એટલે એ દુઃખમાંથી સુખ શોધે છે. સુખમાં તો સૌ સુખ શોધે છે પણ જે દુઃખમાંથી સુખ શોધે એ જ સાચો માનવ છે. આ બધું કરાવનારી રત્નવતી છે એ જિનસેના જાણે છે છતાં એમ ન કહ્યું કે રત્નવતી ! તેં જ આ બધું કરાવ્યું છે, પણ કેવા સુંદર શબ્દો કહ્યા ! કે તેં મને ધર્મ કરવાની તક આપી. બંને સારા રાજાઓની દીકરીઓ છે છતાં દૃષ્ટિમાં કેટલો ફરક છે ! એક જ ખેતરમાં ઘાઉમ, સંતરા, મોસંબી, સક્કરજન વિગેરે સ્વાદિષ્ટ ફળફુલ પાકે છે ને કાંદા-લસણ વિગેરે પણ પાકે છે, પણ બંને ચીજોના ગુણમાં કેટલો ફેર હોય છે ! તેમ આ બંને ખાનદાન કુળની રાજપુત્રીઓ છે છતાં બન્નેના સ્વભાવમાં કેટલો ફરક છે. એક ભૌતિક સુખોની ભિખારણ છે અને એક આત્માના સુખોની પ્યાસી છે. રાણી રાજાને નમસ્કાર કરીને રત્નવતીનો ઉપકાર માનીને મહેલના પગથિયા ઉતર્યા. ત્યાં તો લોકોના ટોળાએ રોકકળ કરી મૂકી અને આડા હાથ ધર્યા. મહારાણી ! આપને નહિ જવા દઈએ. રાણીના શરીર ઉપર ફાટલા તૂટલા વસ્ત્રો જોઈને જનતાના હૃદય રડી ઉઠ્યા. અહો ! આપણી માતાસમાન પવિત્ર રાણીની આ દશા ! ઓ પવિત્ર પિતાસમાન મહારાજા ! આપને આવી બુદ્ધિ કેમ સૂઝી ? આવી પવિત્ર ગર્ભવતી રાણીને જંગલમાં મોકલો છો ? અરેરે....અમારા બધાની પુન્નાઈ ખૂટી ગઈ લાગે છે. નહિતર આ પવિત્ર માતાને જંગલમાં ન મોકલે. ખરેખર, આવા રાણીસાહેબ જગતમાં જોયા નહિ મળે. આમ કહીને સૌ ચોધારા આંસુએ રડે છે.

જેમ જેમ જાણ થઈ તેમ ગામના લોકો આવવા લાગ્યા. તેમજ મોટા માણસો દોડતા પ્રધાન પાસે જઈને અરજ કરવા લાગ્યા કે હે પ્રધાનજી ! જલ્દી આવો. આપણાં પવિત્ર મહારાણીના માથે મોટો અન્યાય થઈ રહ્યો છે. રાજા એમને જંગલમાં મોકલવા ઉઠ્યા છે. તો આપ જલ્દી ચાલો ને રાજાને આ કાર્ય કરતા અટકાવો. જુઓ, પ્રજાને પણ રાણી પ્રત્યે કેટલું માન છે ! સૌ રાણીને માટે પ્રાણ આપવા તૈયાર થયા છે. બધા એકી અવાજે બોલે છે કે રાજા અમને ફાંસીની શિક્ષા આપશે તો અમે ફાંસીએ ચઢવા માટે તૈયાર છીએ પણ અમારી પવિત્ર માતા સમાન જિનસેના મહારાણીને અમે જંગલમાં નહિ જવા દઈએ. આ પ્રમાણે પ્રજાએ સત્યાગ્રહ કર્યો છે. હવે પ્રધાન પંચને લઈને આવશે ને રાજાને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૩૨

શ્રાવણ સુદ ૧૪ ને ગુરૂવાર તા. ૧૭-૮-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, ત્રિકાળદર્શી, સર્વજ્ઞ ભગવંતની જે વાણી તેનું નામ આગમ. આગમની વાણી ઝીલવા માટે સૌથી પ્રથમ જીવનમાં નમ્રતા લાવવાની જરૂર છે. છોકરો નિશાળે જાય છે ત્યારે તેના ટીચર પહેલા પાટી સાફ કરાવે છે ને પછી લખવા શીખવાડે છે તેમ તમે પણ ઘર છોડીને અહીં વીતરાગ વાણી સાંભળવા આવ્યા છો તો સૌથી પહેલાં હૃદયરૂપી પાટી ઉપર ચોંટેલી મલીનતાને દૂર કરી સ્વચ્છ બનાવો તો વીતરાગ વાણી તમારા હૃદય ઉપર બરાબર અંકિત થઈ જશે, ને તમને ધર્મનો રંગ લાગશે. વીતરાગવાણીના ભાવને બરાબર સમજવા હોય તો કષાયોને પાતળા પાડવા પડશે, કારણ કે જીવને સંસારમાં રઝળાવનાર કોઈ હોય તો ચાર કષાયો છે. ભગવાન કહે છે હે જીવો ! "वमे चत्तारि दोसो, इच्छन्तो हियमप्पणो ।" જો તમે તમારા આત્માનું હિત ચાહતા હો તો ચાર દોષોનું વમન કરો એટલે ત્યાગ કરો. જ્યાં સુધી કષાયોનો ત્યાગ નહિ કરો ત્યાં સુધી આત્મા વિશુદ્ધ બનશે નહિ, અને ભવભ્રમણ ટળશે નહિ. ચાર કષાયો કઈ છે એના નામ તો તમે જાણો છો ને ? બોલો (સભામાંથી અવાજ : ક્રોધ, માન, માયા અને લોભ) નામ તો બરાબર આવડ્યા. આ ચાર કષાયમાં ક્રોધ એ તો ખુલ્લી કષાય છે. કોઈને ક્રોધ આવે તો આપણે જોઇ શકીએ છીએ કે આ માણસ ક્રોધી છે. ક્રોધ કષાય વ્યક્ત છે. માન-માયા અને લોભ એ પણ કષાયો છે. માન અને માયા એ બંને મીઠા પોઇઝન છે. ઝેરની ગોળી ઉપર સાકરનું પડ ચઢાવી દે તેથી કંઈ ઝેર મટી ગયું ? 'ના.' ઉપરથી મીઠાશ છે પણ અંદર તો ઝેર જ છે ને ? ભલે બાવામાં મીઠું લાગ્યું પણ ઝેર એટલે ઝેર જ છે. એને ખાધા પછી કોઈ જીવતું રહે નહિ. માન-માયા અને લોભ ભલે દેખાય કે ન દેખાય પણ એ કષાયો જ છે. જ્ઞાનીપુરૂષો કહે છે કે

शमांबुभिः क्रोध शिखी निवार्यतां, नियम्यतां मानमुदारमा ।
इयं च मायाऽऽर्जवतः प्रतिक्षणं निरिहतां चाश्रय लोभशान्तये ॥

હે આત્મન્ ! શાંત ભાવ રૂપી જળથી ક્રોધરૂપી અગ્નિને તું ઠારી નાખ. તથા ઉદાર મૃદુપણાથી માનને તું નિયમમાં રાખ, આર્જવતાથી કપટનો નાશ કર અને લોભની શાંતિ માટે તું નિર્લોભતાનો આશ્રય કર. તો તું જરૂર શુદ્ધ, સ્વચ્છ અને પવિત્ર બની જઈશ.

કષાયોના કચરાને દૂર કરવા માટે મહાન પુરૂષોએ આપણને કેવા સુંદર ઉપાયો બતાવ્યા છે, પણ જીવને કચરો સાફ કરવાની જિજ્ઞાસા જાગી નથી એક વાત તો તમે સમજો છો ને કે ઉંચે જવા માટે હળવું બનવું જોઈએ. ટ્રેઈનમાં મુસાફરી કરનારને જેટલું વજન લઈ જવું હોય તેટલું લઈ જવાય છે પણ પ્લેનમાં મુસાફરી કરનારને વજન લઈ જવાની

લિમિટ હોય છે. અમુક કીલો વજન જ સાથે લઇ જવાય. લીમિટ ઉપર લઇ જવું હોય તો વધારે પૈસા આપવા પડે છે, કારણ કે ટ્રેઇનને પૃથ્વી ઉપર ચાલવાનું છે અને પ્લેનને તો ઉંચે ઉડવાનું છે, તેથી વજન ઓછું હોય તેટલું સારું. આ તો તમારા અનુભવની વાત છે ને? તો હવે આપણા આત્માને પણ આપણે ઉર્ધ્વગામી બનાવવો છે ને? આત્માને મોક્ષનગરીમાં લઈ જવો હોય તો વિષય-કષાયોના કચરાને દૂર કરવો પડશે ઉંચે ઉડનારા પક્ષીઓની પાંખમાં જ્યારે ખૂબ કચરો ભરાય છે ત્યારે પક્ષીઓ પોતાની પાંખોને ફફડાવીને કચરો ખંખેરી નાંખે છે. પાંખમાં રહેલો કચરો ખરી જવાથી પક્ષી હળવું ફૂલ બનીને જલ્દી આકાશમાં ઉડ્યન કરે છે તેમ આપણા આત્માને જલ્દી ઉંચે લઈ જવો હોય તો આ કષાયોના કચરાને જલ્દી ખંખેરી નાંખો ને જીવનને શુદ્ધ બનાવો.

જીવન જેટલું શુદ્ધ બનશે તેટલું જલ્દી મોક્ષમાં જવાશે, સ્વાતિ નક્ષત્રના વરસાદનું પાણી જે માછલી અદ્ધર ઝીલીને પીવે છે તેના પેટમાં જે મોતી પાકે છે તે કિંમતી બને છે, અને કોઇ માછલીના પેટમાં સહેજ કચરાવાળું પાણી આવે તો કલ્ચર મોતી બને છે. તમને કલ્ચર મોતી ગમે છે કે સાચું મોતી ગમે છે? સાચું મોતીજ ગમે ને? જો સાચું મોતી જોઇતું હોય તો સાધના શુદ્ધ કરવી પડશે. જીવોને સાધના કલ્ચર મોતીની કરવી છે ને જોઈએ છે સાચું કિંમતી મોતી તો તે કયાંથી મળે? આપણે કષાયનો કચરો ખંખેરીને શુદ્ધ બનવાની વાત ચાલે છે. ચાર કષાયોમાં માન કષાય પણ ભયંકર છે. ક્રોધને ઉત્પન્ન કરનાર માન છે. માનને બીજી ભાષામાં આપણે અડં પણ કહીએ છીએ. અહં અધોગતિની ખાઈમાં પછાડી દે છે.

અહં અને અર્હં આ બે શબ્દોની વચ્ચે ફરક તો માત્ર એક રેફનો છે, પણ જે અહંનો દાસ બને છે તે અધોગામી બને છે અને જે અર્હંનો દાસ બને છે તે ઊર્ધ્વગામી બને છે, કારણ કે અહંમાં રહેલું શૂન્ય માનવીને શૂન્ય બનાવે છે અને અર્હંમાં રહેલી રેફ માનવીને ઉર્ધ્વગામી બનવાની પ્રેરણા આપે છે. અહં નાશને નોતરનાર છે અને અર્હં માનવીને વિકાસની વાટે લઈ જાય છે, માટે અહંને છોડીને આપણે અર્હંની ઉપાસના કરવાની જરૂર છે. અહંકાર કેવું નુકશાન કરે છે તેના ઉપર એક દૃષ્ટાંત યાદ આવે છે.

પદ્મપાણી નામનો એક અદ્ભુત શિલ્પી હતો. તે તક્ષશિલાનો રહેવાસી હતો. તેની શિલ્પકળા તો કોઈ અજોડ હતી, પણ એને એની કળાનો ખૂબ અહં હતો. કોઈ કલાકાર હોય કે વિદ્વાન હોય પણ જે વિદ્યા અહંને આમંત્રણ આપે અને માન-મોટાઇમાં રાચે તે વિદ્યા નથી પણ અવિદ્યા-અજ્ઞાન છે. એક વખત કોઈ જ્યોતિષીએ આ કલાકારની હસ્તરેખા જોઇને કહ્યું કે ભાઈ! આટલા દિવસમાં તારું મૃત્યુ થશે. કલાકાર કહે છે હેં....મારું મૃત્યુ થશે? ના....ના...મારું મોત કેવું? હું તો મોતની સામે મોરચો માંડીને જમરાજાને પણ જીતી લઉં તેવો સમર્થ છું. મારી શિલ્પકળા દ્વારા હું જમરાજાને

પણ ગોથું ખવડાવી દઉં તેવો સમર્થ છું. જુઓ, અહં કેવી બૂરી ચીજ છે! ગમે તેવો સમર્થ મનુષ્ય હોય પણ કોઈનામાં મૃત્યુને જીતવાની તાકાત છે? આ તો મોતની સામે મોરચો માંડવા તૈયાર થયો. કલાના કસબી પદ્મપાણીએ પોતાના જેવા જ આઠ પૂતળા બનાવ્યા. એ પૂતળા એવા આબેહૂબ બનાવ્યા કે જોનાર ભૂલાવામાં પડી જાય કે આ સાચો પદ્મપાણી છે. કોઇને એવી શંકા ન પડે કે આ નકલી પદ્મપાણી છે. આ સાચો જ છે એવી કળા કુશળતા એણે પુતળામાં વાપરી હતી.

"યમરાજાને પાછો વાળીશ" તેવી મગરૂરી ધરતો કલાકાર :- કલાકાર પદ્મપાણી આ પૂતળા બનાવીને એવી મગરૂરીમાં મ્હાલતો હતો કે આ પૂતળા અને મારા વચ્ચેના ભેદ ખુદ જમરાજા પણ નહિ કળી શકે. મારા જેવી આઠ આકૃતિઓને જોઈને એ મૂંઝાઈ જશે કે આ નવ પૂતળામાં સાચો પદ્મપાણી કોણ? આમાંથી કોને ઉપાડવો! એમ મૂંઝાઇને જમરાજા પાછા ફરશે ને જોષીના જોષ પણ જૂઠા પડી જશે. મારી કળાના કિમિયા આગળ ખુદ યમરાજાના પાણી ઉતરી જશે ને હું જીવતો રહીશ. પૂતળામાં માત્ર પ્રાણની ખામી હતી, બાકી બધું સરખું હતું. પોતાની કળા જોઈને એના અંદરનો અહં નાચી ઉઠયો ને બોલવા લાગ્યો કે હવે યમરાજા ગમે ત્યારે આવે તો મને એની ચિંતા નથી. જોષીએ જે દિવસ અને જે પળ એના મૃત્યુ માટે ભાખી હતી તે દિવસની રાહ જોવા લાગ્યો. રાહ જોતાં જોતાં એ દિવસ આવી ગયો અને પદ્મપાણીના મુખમાંથી શબ્દો સરી પડયા કે હે યમરાજ! વહેલા પધારજો, પણ આ કલાના કસબી પદ્મપાણીને લેવા માટે કાળજુ ઠેકાણે રાખીને આવજો, નહિતર મંગાવી મેથીની ભાજી ને લાવ્યા કોથમીરની ભાજી એવો ઘાટ ઘડાશે ને યમલોકમાં બધા દેવો તમારી મજાક ઉડાવશે. પદ્મપાણીની કળાની લોકો ખૂબ પ્રશંસા કરવા લાગ્યા કે શું એની કળા છે! એની કળાનો કસબ અને કીર્તિની કથા યમલોકમાં પહોંચી ગઇ.

પૂતળાની વચમાં કલાકાર : જ્યોતિષીએ પદ્મપાણીના મૃત્યુની જે પળ ભાંખી હતી તે પહેલાં એ તો એક મોટા સુંદર રૂમમાં પૂતળાઓની વચમાં સાવધ બનીને સૂઇ ગયો. ચાર પૂતળા આ બાજુ ને ચાર પૂતળા બીજી બાજુ અને વચમાં પોતે સૂતો. એના મહેલના રૂમમાં અજબ માયા રચાઈ હતી. એને જોવા માટે લોકોના ટોળેટોળા ઉમટયા. સૌ આશ્ચર્ય પામીને મનમાં બોલી ઉઠતા કે શું આ બધા પૂતળા છે કે સાચો પદ્મપાણી છે? એકમાંથી નવ પદ્મપાણી કયાંથી બની ગયા? એના નિકટના પરિચિતો પણ પદ્મપાણીને પારખી શકયા નહિ. જેમ જેમ એના મૃત્યુની પળ નજીક આવતી ગઈ તેમ તેમ યમરાજાને પણ મૂંઝવણ વધવા લાગી કે આ નવ પદ્મપાણીમાં સાચા પદ્મપાણીને કેવી રીતે પકડવો? જો એના બદલે એના પૂતળાને પકડું તો મારી આબરૂ જાય ને બધા દેવો મારી મશ્કરી કરે કે લેવા ગયો હતો મેથી ને લાવ્યો કોથમીર! મારે એવું નથી કરવું. યમરાજા તો

આંટા મારવા લાગ્યા કે આમાં સાચો કોણ ? ઘણું વિચાર કર્યા પછી માનવની એક મોટી ખામી લક્ષમાં આવી ગઈ ને મનમાં બોલી ઉઠયા કે માનવમાં ગમે તેટલી ખુબીઓ હોય પણ સાથે એકાદ ખામી પણ જરૂર હોય છે. એ ખામી દ્વારા હું એને પકડી શકીશ. જેમ નૌકા ભલે અખંડ હોય પણ એનામાં જો એકાદ નાનકડું છિદ્ર રહી ગયું હોય તો નૌકા ડૂબી જાય છે, એવી રીતે પદ્મપાણીની જીવનનૌકામાં રહેલા એકાદ છિદ્રને મોટું બાકોરું બનાવીને હું એને પકડી લઈશ, એમ વિચાર કરીને યમરાજા એની નજીક આવ્યા.

"દેવને પણ દાનવ બનાવનાર અહં" :–પૂતળા તો જડ હતાં એટલે એ તો અચેતનની જેમ સ્થિર પડયા રહે પણ જીવતા માણસ તો શ્વાસ લે ને ? આ પદ્મપાણી શ્વાસ રોકીને પૂતળાની જેમ પડયો હતો, એટલે એનામાં ને પૂતળામાં કંઈ ફરક દેખાતો ન હતો. જડ ચેતનના ભેદને ભૂંસી નાંખનાર કલાકારની કળા ઉપર ખુદ યમરાજા પણ ખુશ થઈ ગયા ને પ્રશંસાના પુષ્પો વેરતાં બોલી ઉઠયા કે વાહ પદ્મપાણી ! શું તારી કળા છે ? આ કળાના સુવર્ણ થાળમાં જો અહંરૂપી લોઢાની મેખ ન હોત તો તું કળાનો કસબી નહિ પણ કળાનો દેવ બની જાત. દુનિયા તારા ચરણોમાં ઝૂકી ઝૂકીને નમસ્કાર કરત પણ તારો અહં તને દેવ બનવાને બદલે દાનવ બનાવી ગયો છે, તેથી તેં જાતની સામે મોરચો માંડયો છે. આ પ્રમાણે પહેલા તેની પ્રશંસા કરી એટલે સૂતો સૂતો હરખાવા લાગ્યો કે અહો ! ખુદ યમરાજા પણ મારી કલાની કેવી પ્રશંસા કરે છે! થોડી પ્રશંસા કર્યા પછી યમરાજા માનવના જીવનમાં રહેલી ખામીનો લાભ લેતા આશ્ચર્યથી બોલી ઉઠયા. વાહ.... વાહ પદ્મપાણી ! તારી કળાને હજારો વાર ધન્યવાદ ! પણ માનવ માત્ર ભૂલને પાત્ર. હું શોધતો હતો તે ભૂલ મને જડી આવી, બધું બરાબર છે પણ આમાં એક જ ભૂલ છે. આ એક જ ભૂલ ન હોત તો તારી કીર્તિનો કળશ ગગનમાં પહોંચી જાત.

યમરાજાના વચન સાંભળીને પોતાની કળાને કલંક લાગ્યું. એને દૂર કરવા માટે એકદમ એ બેઠો થઈ ગયો ને અહંથી યમરાજા સામે પડકાર કરીને બોલી ઉઠયો. શું મારી ભૂલ છે ? બની શકે જ નહિ. હું કદી ભૂલ કરું જ નહિ. માનવ માત્ર ભૂલને પાત્ર ભલે રહ્યો પણ હું તો કળાનો દેવ છું. મારી ભૂલ હોય જ નહિ, જલ્દી બતાવો, શું ખામી છે ? શું ભૂલ છે? યમરાજા ખડખડાટ હસીને બોલ્યા હે પદ્મપાણી ! આ તારો ગર્વ, અહં એ જ તારી મોટી ભૂલ. આ ભૂલથી તારું જીવન ડૂલ કરવાની મને તક મળી ગઈ. હવે તૈયાર થઈ જા. હું તને ઉપાડી જાઉં છું. (હસાહસ) તારી કળાએ જડ અને ચેતનના ભેદ ભૂલાવી દીધા હતા પણ તારા અભિમાને જડ ચેતનના ભેદ ખુલ્લા કર્યા. આમ કહીને યમરાજા પદ્મપાણીને ઉપાડીને ચાલતા થઈ ગયા.

બંધુઓ ! આ તો એક રૂપક છે. આપણે તો એમાંથી એ સાર ગ્રહણ કરવો છે કે

આત્માને અહં બનતા જો કોઈ રોકનાર વિરાટ દિવાલ હોય તો તે અહંભાવ છે. અહંને આપણે ઓગાળીશું તો જ આપણે મૃત્યુંજય બની પરમપદની પ્રાપ્તિ કરી શકીશું. આવા રૂપક દૃષ્ટાંતો સાંભળીને પણ જીવનમાંથી ક્રોધ, માન, માયા, લોભ વિગેરે કષાયોનો ત્યાગ કરો. જ્યાં સુધી જીવનમાં કષાયોનો કચરો ભરેલો છે ત્યાં સુધી જીવને સત્ય વસ્તુનું ભાન થતું નથી. જો જીવ એક વખત સમ્યક્ત્વ પામી જાય તો એ ન્યાલ બની જાય. આજના માનવને કરોડપતિનો ઇલકાબ મળી જાય એટલે માને કે અમે તો ન્યાલ બની ગયા. તે છાતી ફુલાવીને ફરતા હોય છે પણ જ્ઞાનીપુરૂષો કહે છે ભાઇ ! કરોડપતિ બનવાથી ન્યાલ નથી થવાતું. શું તને ખાત્રી છે કરોડપતિ બન્યા પછી રોડપતિ નહિ બનવું પડે ? અને જે કરોડ કમાયા તેને અંત સમયે દુઃખ નહીં પડે ?.“ના”. એ તો જીવના જેવા શુભાશુભ કર્મો હોય તેમ બને છે, પણ જે જીવ સમ્યક્ત્વ પામ્યો તેમના માટે મહોર વાગી ગઈ કે એ જીવ અર્ધપુદ્ગલ પરાવર્તન કાળથી વધુ સંસારમાં ભમશે નહિ. હવે બોલો. સમ્યક્ત્વ પામે તે ન્યાલ થયો ને? જ્ઞાની કહે છે કે ‘संबोही खलु पेच्च दुल्लहा ।” બોધિબીજ– સમ્યક્ત્વની પ્રાપ્તિ મનુષ્યભવ સિવાય બીજા ભવમાં થવી દુર્લભ છે, અને સમ્યક્ત્વ પામ્યા વિનાના જીવનની કિંમત શૂન્ય છે. એકડા વિનાના મીંડાની કિંમત નથી તેમ સમ્યક્ત્વ રૂપી એકડા વિનાના જીવનની કોઈ કિંમત નથી.

અપરાજિત કુમાર પ્રીતિમતી આદિ છ કન્યાઓ સાથે ઘણું મોટું સૈન્ય લઇને સિંહપુર નગરની બહાર આવી પહોંચ્યો છે. પુત્રના વિયોગથી ઝુરતા માતાપિતાને ખબર પડી કે અપરાજિતકુમાર આવ્યો છે એટલે સૌને આનંદ થયો. માતા તો હર્ષઘેલી બની ગઈ અને હરિનંદી રાજાને કહે છે ચાલો નાથ ! આપણો લાડકવાયો દીકરો ઘણાં વર્ષે આવ્યો છે. આપણે જલ્દી તેને મળવા જઇએ. ખરેખર, આજના સંતાનો માતાપિતાને ભૂલી ગયા છે. એમને માતા પિતાના પ્રેમની કદર નથી કે મા–બાપે અમારા માટે શું કર્યું છે?

પુષ્પો બિછાવ્યા પ્રેમથી, જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ.

જેમણે તમારા જીવનમાં પ્રેમના પુષ્પો પાથર્યા છે એવા માતાપિતાના પગ ધોઇને પીજો પણ એમની આંતરડી કદી દુભવશો નહિ. દુનિયામાં બધું મળશે પણ માતા–પિતાનો પ્રેમ નહિ મળે, માતાપિતાને એક તીર્થ જેવા માનો.

“માતાપિતાના ચરણે પડતો અપરાજિત કુમાર :– અપરાજિત કુમારની માતાને પુત્રને જલ્દી મળવાનો તલસાટ છે. હરિનંદી રાજાએ આખું નગર શણગારીને ધામધૂમથી તેનું સ્વાગત કર્યું, પછી બધા મહેલમાં આવ્યા. અપરાજિત કુમાર માતાપિતાના ચરણમાં નમી પડયા. માતા–પિતાએ તેને ઉઠાડીને હૈયા સાથે ચાંપી દીધો. પછી વિમલ-

બોધ કુમારે રાજા-રાણીને પ્રણામ કર્યા એટલે રાજા-રાણી તેને પણ પ્રેમથી ભેટી પડ્યા. ત્યાર બાદ બધી વહુઓ સાસુ-સસરાના ચરણમાં નમી એટલે વિમલબોધકુમારે બધાનો પરિચય આપ્યો. બધી પુત્રવધૂઓને જોઈને રાણીજીને ખૂબ આનંદ થયો, પછી વિમલબોધની પત્નીને જોઈને રાણીએ પૂછ્યું કે આ કોણ છે? ત્યારે પ્રીતિમતીએ કહ્યું. એ મારા પિતાના પ્રધાનની પુત્રી અને વિમલબોધની પત્ની છે. દરેકને મળ્યા પછી મહારાણીએ પુત્રવધૂઓ તથા વિમલની પત્ની બધાના માથે હાથ મૂકીને અખંડ સૌભાગ્યવંતા રહો એવા અંતરના આશીર્વાદ આપ્યા, અને અપરાજિત કુમારની સાથે આવેલા બધા રાજાઓ તથા સૈન્યનો હરિનંદી રાજાએ સત્કાર કર્યો ને મહેલમાં ઉતાર્યા, પછી વિમલબોધ કુમાર પણ પોતાની પત્નીની સાથે પોતાને ઘેર આવ્યો. પ્રધાન પોતાના પુત્રને પ્રેમથી ભેટી પડ્યો, અને માતાએ પુત્રવધૂને ખોળામાં બેસાડીને આશીર્વાદ આપ્યા. આ રીતે સૌ આનંદથી રહેવા લાગ્યા. રાજાઓ તથા સૈન્ય સૌ રજા લઈને ત્યાંથી ગયા.

અપરાજિત કુમારના માતા-પિતાએ પૂછ્યું. દીકરા! તમે બંને અહીંથી ઘોડા ખેલાવવા માટે ગયા પછી શું શું બન્યું તે અમને કહે. એટલે કુમારે સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળીને માતા-પિતાને ખૂબ આનંદ થયો. અપરાજિત કુમારને સૂર અને સોમ નામના બે નાના ભાઈઓ હતા. જે પૂર્વભવમાં પણ મનોગતિ અને ચપલગતિ નામના બે ભાઈઓ હતાં. તે નાના ભાઇઓને પણ મોટાભાઈના આવવાથી આનંદનો પાર ન રહ્યો.

હવે હરિનંદી રાજાને લાગ્યું કે અપરાજિત કુમાર રાજ્યનો કારભાર સંભાળે તેવો હોંશિયાર ને બાહોશ બની ગયો છે, માટે મારે આત્માનું કલ્યાણ કરવા દીક્ષા લેવી જોઈએ. એમ વિચાર કરીને રાજાએ પ્રધાનને બોલાવીને કહ્યું-હવે મારે દીક્ષા લેવી છે તો આપણે અપરાજિત કુમારને ગાદીએ બેસાડીએ, ત્યારે પ્રધાને કહ્યું કે સાહેબ! હું પણ આપની સાથે દીક્ષા લઈશ. રાજાએ કહ્યું-ભલે, તો અપરાજિત રાજા બનશે અને વિમલબોધ એનો પ્રધાન બનશે. આ રીતે નક્કી કરીને રાજા અને પ્રધાને પોતાના પુત્રોને બોલાવ્યા, અને દીક્ષા લેવાની ઈચ્છા પ્રદર્શિત કરી. બંને પુત્રોએ કહ્યું-પિતાજી! અમે આટલાં વર્ષો તો બહાર રહી આવ્યા. અમને આવ્યા થોડા વર્ષ થયા ત્યાં આપ દીક્ષા લેવાની ક્યાં વાત કરો છો? હમણાં નહિ. થોડા વખત પછી દીક્ષા લેજો, ત્યારે રાજા અને પ્રધાને કહ્યું-હે પુત્રો! કાલની કોને ખબર છે? અમે જે નિર્ણય કર્યો છે તે બરાબર છે. બંનેએ પુત્રોને ખૂબ સમજાવીને દીક્ષા લીધી. હરિનંદી રાજા ખૂબ સુંદર સંયમની સાધના કરીને મોક્ષમાં ગયા ને પ્રધાન દેવલોકમાં ગયો.

આ તરફ અપરાજિતકુમાર રાજા બન્યા અને પ્રીતિમતી તેની પટ્ટરાણી બની. વિમલબોધ એનો મંત્રી બન્યો. અપરાજિત કુમાર ખૂબ સુંદર રીતે રાજ્યનો વહીવટ સંભાળવા લાગ્યા. પોતાના બે નાના ભાઈઓ સોમ અને સૂરને પણ અપરાજિત રાજાએ ઘણાં ગામો

આપ્યા. સૌ આનંદપૂર્વક સુખમાં દિવસો વીતાવવા લાગ્યા. સમય જતાં પ્રીતિમતી પટ્ટરાણીએ એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ પદ્મકુમાર રાખ્યું. રાજાએ તેનો જન્મ મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવ્યો. અપરાજિત રાજા ખૂબ સારી રીતે રાજ્ય ચલાવતા તેથી પ્રજાને તેમના તરફથી ખૂબ સંતોષ હતો. રાજ્યમાં ચોરી, લૂંટફાટનો ભય ન હતો, કે કોઈ બહેન, દીકરી મધરાત્રે એકલી નીકળે તો પણ તેની સામે કોઈ આંખ ઊંચી કરી શકતું ન હતું. આવા ન્યાયી અને પ્રતાપી રાજાને ત્યાં પુત્રનો જન્મ થવાથી સારી નગરીમાં આનંદ છવાઈ ગયો. આ રીતે રાજા અને પ્રજા આનંદથી રહે છે.

એક દિવસ અપરાજિત રાજા અને વિમલબોધ મંત્રી બંને ઘોડા ઉપર બેસીને ફરવા માટે નીકળ્યા. પોતાના નગરની બહાર ઉદ્યાનમાં એક સુંદર તંબુ તાણ્યો છે. તેમાં સિંહાસન ઉપર એક ખૂબ સૌંદર્યવાન પુરૂષ બેઠો હતો. તેણે ઘણાં દિવ્ય વસ્ત્રો અને આભૂષણો પહેરેલાં હતા. એની આસપાસ ઇન્દ્રની અપ્સરા જેવી પત્નીઓ અને એના મિત્રો વીંટળાયેલાં હતાં. સેવકો તેને પંખો વીંઝતા હતા. તેના માણસો રાજા–મહારાજાની જેમ તેની બિરદાવલી બોલાવતા હતાં. આ બધાની વચ્ચે તે દેવ–દેવીઓ વડે ઘેરાયેલા ઇન્દ્રની જેમ શોભતો હતો. તેની પાસેથી જે કોઈ ગરીબ યાચકો પસાર થતાં હતાં તેમને છૂટે હાથે દાન આપતો હતો. આ બધો ઠાઠમાઠ જોઇને અપરાજિતરાજાએ વિમલમંત્રીને પૂછ્યું કે આવો દિવ્ય ઋદ્ધિવાળો પુરૂષ કોણ છે? વિમલબોધ મંત્રીએ કહ્યું કે આ તો આપણા નગરમાં વસતા સમુદ્રપાળ નામના ધનાઢ્ય સાર્થવાહને પુત્ર અનંગદેવ છે. તે એના પરિવાર સહિત આજે અહીં આનંદ કરવા માટે આવ્યો છે. આ સાંભળીને અપરાજિત રાજાને ખૂબ હર્ષ થયો ને બોલી ઉઠયા કે અહો! મારી નગરીમાં આવા ધનાઢ્ય અને દાતાર પ્રજાજનો વસે છે, તેનું મને ગૌરવ છે. હું મારી જાતને ધન્ય માનું છું. આગળના રાજાઓ પ્રજાજનોને સુખી જોઈને આનંદ પામતા હતા ને આજે તો તમારી શી દશા છે? છતાં છોડવાનું મન થાય છે? રાજા અને મંત્રી બંને ફરીને પોતાના મહેલમાં આવ્યા.

આ તરફ અનંગદેવ પણ આનંદ કિલ્લોલથી દિવસ પસાર કરીને સાંજે પોતાને ઘેર આવ્યો. બીજે દિવસે સવારના પ્રહરમાં એક માણસનું શબ લઇને ઘણાં માણસો કાળો કલ્પાંત કરતાં રાજમહેલ આગળથી પસાર થતા હતા. સ્મશાનયાત્રામાં ઘણાં માણસો હતાં. નાનાથી મોટા દરેક માણસોની આંખમાં આંસુ હતા. કંઈક જોરજોરથી કરૂણ સ્વરે રૂદન કરતા બોલતા હતાં કે અમારો ગરીબોનો બેલી, અનાથનો નાથ, નિરાધારનો આધારસ્થંભ પડી ગયો. હવે અમે કોના આશ્રયે જઈશું? હે ક્રૂર વિધાતા, તેં આ શું કર્યું? હજારોના પાળનારને તેં ઉપાડી લીધો! તેના કરતાં અમને ઉપાડી લીધા હોત તો સારું હતું. આમ કરૂણ વિલાપ કરતા કરતા જતા હતા. આ રૂદન સાંભળીને રાજાએ સેવકોને પૂછ્યું કે આપણી નગરીમાં આજે કોણ મરણ પામ્યું છે કે આટલો બધો હાહાકાર મચી ગયો છે? હવે કોણ મરી ગયું છે તે વાત સેવકો રાજાને કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : રાજની સમક્ષ પંચે કરેલો પોકાર :- જિનસેના રાણીના સારા વસ્ત્રાલંકારો ઉતરાવીને ફાટયાતૂટયા વસ્ત્રો પહેરાવ્યા, અને મહેલમાંથી નીચે ઉતારી પણ નીચે ચોકમાં તો આખા ગામના પ્રજાજનો ઉમટયા છે. દરેકને ખબર પડી કે મહારાજા મહારાણીને અન્યાય કરે છે. એટલે દરેક પ્રજાજનો પોતાનું કામ પડતું મૂકીને દોડતા આવ્યા, અને જિનસેના રાણીને કહે છે હે અમારી પવિત્ર માતા ! અમે તને નહિ જવા દઈએ.

મંત્રી સબ પંચોં કો લેકર, આયા રાજા પાસ,
હે સ્વામી ! મહારાનીજી કો, કયોં દિયા વનવાસ.

પ્રધાનજી આખા ગામના પંચોને લઈને દોડતા રાજાજી પાસે આવીને કહે છે હે મહારાજા ! આપ આવા વિચારશીલ અને ધર્મપ્રિય થઈને આ પવિત્ર સતી જેવા મહારાણીને આ ગર્ભવતી અવસ્થામાં વનવાસ શા માટે મોકલો છો ? એમનો એવો તે શું ગુન્હો છે કે તમે આટલો બધો જુલમ કરી રહ્યા છો ? આ તો આપ હડહડતો અન્યાય કરી રહ્યા છો. મહારાણી પવિત્ર અને નિર્દોષ છે. એ કયારે ભૂલ કરે તેવા છે જ નહિ, અને એમના ઉપર આટલો બધો કાળો કેર શા માટે કરો છો ? ત્યારે રાજા કહે છે હે પ્રધાનજી તેમજ હે મારા પ્રજાજનો ! હું રાજા છું ને એ મારી રાણી છે. મને ફાવે તેમ હું કરી શકું છું. એમાં તમારે આટલી બધી પંચાત કરવાની શી જરૂર છે ? હું ગુના વિના કોઈને શિક્ષા કરતો નથી, એટલે પ્રધાને કહ્યું–વાત બરાબર છે કે આપ રાણીજીના નાથ છો, માલિક છો. એમને ગમે તેવી શિક્ષા કરી શકો છો, પણ અમે આપને એક જ વાત પૂછવા માંગીએ છીએ કે રાણીજીનો ગુન્હો શું છે ? રાજાએ કહ્યું કે જો રાણીને મારા મહેલમાં રહેવું હોય તો એનો ધર્મ છોડી દે તો મને કાંઇ હરકત નથી.

પ્રધાન કહે છે સાહેબ ! આને કંઈ ગુનો કહેવાય ? આપ પોતે આવા ધર્મીષ્ઠ છો ને રાણીને ધર્મ છોડાવવાનું કારણ શું ? આપના મગજમાં આ શું ભુસુ ભરાઇ ગયું છે ? કે આપ ધર્મનો દેશનિકાલ કરવા ઉઠયા છો ? ધર્મના પ્રતાપે તો આપની કીર્તિ દેશોદેશમાં પ્રસરી છે. ધર્મના પ્રતાપે રાજ્ય આબાદ છે. મહારાણી ધર્મ કરે એમાં તમને શું વાંધો આવે છે ? વિચારીએ તો રાજા પોતે જ ધર્મવાન અને વિવેકી છે પણ અત્યારે રત્નવતીના ચઢાવ્યા ચઢી ગયા છે એટલે કોઈ વાત એમના મગજમાં ઉતરતી નથી. કોઇ સારું કહે તો પણ એ ગમતું નથી. આ સંગનો રંગ છે, આટલા માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે સંગ કરો તો સજ્જનનો કરજો પણ દુર્જનનો સંગ તમે કદી કરશો નહિ.

ભલામનસાઈનો થયેલો દુરૂપયોગ : એક વિધવા બહેન ખૂબ ધર્મીષ્ઠ અને ભલી ભોળી હતી. એને એક જ દીકરો અને વહુ હતા. દીકરો પવિત્ર અને વિનયવંત હતો, અને માડીના પુણ્યપ્રતાપે વહુ પણ સાસુના પગ ધોઈને પીવે તેવી પવિત્ર મળી હતી. કોઇપણ

કાર્ય કરે અગર કયાંય જાય તો સાસુને પૂછ્યા વિના પગલું ભરતી ન હતી એટલે સાસુને મન શી વાત વહુ અને વહુને મન શી વાત સાસુજી હતા. બધા આનંદથી રહેતા હતા. સાસુ તો બે વખત ઘેર જમવા આવતા. બાકી આખો દિવસ ઉપાશ્રયમાં રહીને ધર્મક્રિયા કરતા હતા. આ વહુની બહેનપણીઓ કહે છે કે ચાલને આપણે ફરવા જઈએ, ત્યારે આ સદ્‌ગુણી વહુ કહે છે મારા સાસુને પૂછ્યું નથી એટલે હું નહિ આવું, ત્યારે બહેનપણી કહે છે બાઈ! તારે તો નવાઈના સાસુજી છે. આ વળી બંધન શું? સહેજ કયાંય જવું હોય તો પૂછ્યા વિના જવાય નહીં. મને તો આવું બંધન ન ગમે, ત્યારે વહુએ કહ્યું બહેન! તું આવું ન બોલીશ. મારા સાસુ તો સાસુ જ છે, આવી તો મારી માતા પણ નથી. એ કદી મને રૂકાવટ કરતા નથી પણ પૂછ્યા વિના મારાથી ન અવાય. પાડોશણ બહેનપણી તો રોજ એને એક જ વાત કર્યા કરે એટલે આ કાચા કાનની વહુ ચઢી ગઈ ને એના મનમાં વાત ઠસી ગઈ. હવે આ સાસુ ઘરમાં ન જોઈએ. સાસુજીનું શલ્ય ઘરમાંથી કાઢવા માટે શું કરવું તે નક્કી કરી લીધું.

"પરના સંગે ચઢતાં બગડેલી વહુ" : બીજે દિવસે સાસુજી ઉપાશ્રયમાં ગયા ને પતિ દુકાને ગયો. સાસુજીને આવવાનો સમય થયો એટલે વહુજી તો બરાબર ટાઈફો માંડીને બેઠા હતા. માથાના વાળ છૂટા મૂકીને ધૂણવા લાગી. સાસુ પૂછે છે તું કોણ છે? ત્યારે એ તો વડવાઓના નામ લેવા લાગી. એટલે સાસુના મનમાં થયું કે મારી વહુને ભારે વળગાડ વળગ્યો લાગે છે. તરત જ દીકરાને બોલાવ્યો ને બધી વાત કરી. દીકરાએ પત્નીના સામે નજર કરી તો એને લાગ્યું કે આ તો અનાવટી વળગાડ છે. કારણ કે દીકરાને પણ ધર્મમાં ખૂબ શ્રદ્ધા હતી. સંતના મુખેથી એણે સાંભળ્યું હતું કે દેવની કીકી સ્થિર રહે. જો કોઈ વ્યંતર દેવનો ઉપદ્રવ હોય તો એની કીકી સ્થિર રહે, અને આ તો કીકી હાલે છે માટે કોઈ ઢોંગ છે. એટલે એની પત્નીને એક ઓરડામાં લઈ જઈને કહ્યું કે તારે શું જોઈએ છે? તો કહે છે કે મારે એનો જીવ લેવો છે, પણ તમારી દયા આવે છે. તમને એના વિના ગમશે? ત્યારે કહે છે ગમશે તો નહિ પણ શું થાય? તો એમ કરો. તમારી દયાને ખાતર હું બીજું માંગું છું કે તમારી માતાના માથેથી ચોટલો ઉતારી માથે ચુનો અને મોઢે મેશ ચોપડીને મારી પાસે આવીને એનો ચોટલો આપે ને મને પગે લાગે તો હું જાઉં. છોકરો કહે છે તમારી ભૂત્ત નથી થતી ને? મારી માનો ચોટલો? કે એની માનો ચોટલો? ત્યારે કહે છે–ના...ના..એની માનો નહિ તમારી માનો. પુત્ર કહે છે મારી માતા તો વૃદ્ધ થઈ ગઈ છે ને એના વાળ પણ ધોળા થઈ ગયા છે પણ એની માતાનો ચોટલો તો કાળો ભમ્મર જેવો છે. એ માંગવો હતો ને?

"ચતુર પુત્રની ચતુરાઈ :-" પત્ની કહે છે ભલે સફેદ હોય મારે તમારી માનો ચોટલો જોઈએ. તો કહે ભલે આપું છું. એમ કહીને ઓરડાને તાળું મારીને ભાઈ તો સાસરે ઉપડ્યા. સાસરુ બે માઈલ દૂર હતું. ત્યાં જઈને ચોકમાં પડતું મૂકયું એટલે

સાસુજી દોડતા આવ્યાં ને કહે છે જમાઇરાજ! અત્યારે રાગે અચાનક કેમ આવવાનું બન્યું? મારી દીકરી તો મઝામાં છે ને? એટલે જમાઇએ મોઢું ઢીલું કરીને કહ્યું. બા! તમારી દીકરી મઝામાં હોત તો જોઈતું તું શું? તેથી પૂછે છે હેં...મારી દીકરીને કંઈ થયું તો નથી ને? જમાઇએ કહ્યું. તમારી દીકરીને વળગાડ વળગ્યો છે. મેં ઘણું ઉપચારો કરાવ્યા પણ જતો નથી. ખૂબ પૂછયું ત્યારે તે એક ચીજ માંગે છે. સાસુએ કહ્યું જે માંગે તે આપી દો. એણે જે માંગ્યું છે તે હું આપી શકું તેમ નથી. તમારી પાસેથી લેવા આવ્યો છું. શું માંગે છે? જમાઈ ઠાવકું મોઢું રાખીને કહે છે કહેતાં મારી જીભ ઉપડતી નથી પણ તમારી દીકરીને બચાવવા ખાતર કહું છું. એણે કહ્યું કે એની માતાનો ચોટલો ઉતારીને એના માથે ચુનો ને મોઢે મેશ લગાડીને મને પગે લાગીને કહે કે લો ચોટલો, લે..ભા...લે ને હવે એને છોડ. સાસુજી તો વિચારમાં પડી ગયા કે ચોટલો કેમ ઉતારાય? પણ હવે દીકરીને ખાતર કરવાનું છે એટલે કહે કે ભલે, રાત્રે માથું મુંડાવીને વાળની પોટલી બાંધીને માથે ચુનો ચોપડયો ને મોઢે મેશ લગાડીને અજવાળું થતાં પહેલાં સાસુ અને જમાઈ ઘોડા પર બેસીને આવી પહોંચ્યા.

જમાઇએ કહ્યું. બા! તમે તમારી દીકરીને હેત કરવા અત્યારે વળગી ન પડતાં. અત્યારે તો મેં તમને જેમ કહ્યું છે તેમ બોલીને દૂર ખસી જજો. વળગાડ જાય પછી તમારે જેટલા હેત કરવા હોય તેટલા કરજો. બંને જણાં અંદર ગયા, એની માએ એના બોળામાં વાળ મૂકીને કહ્યું લે..ભા..લે આ ચોટલો ને તું જે હોય તે વિદાય થઇ જા, ત્યારે વહુ શું બોલી **"દેખો રંડીકા ખેલ....મુખ કાળા ને શિર ધોળા. કૈસી બાજી બની"** (કમાલ્યમ) એનો ધણી ખૂણામાં ઉભો હતો. તે છલાંગ મારીને એની પાસે આવ્યો ને જોરથી બોલ્યો. **"દેખ બંદેકા ખેલ, મા મેરી કે તેરી."** (હસાહસ) તું કહે છે ને કે દેખો રંડીકા ખેલ તો હવે જોઈ લે આ બંદે કા ખેલ. આ મા મારી છે કે તારી? કોનું માથું મુંડાવ્યું! તું રંડી છું તો હું કાંઈ રાંડવો નથી. મેં હાથમાં બંગડીઓ નથી પહેરી. સમજી ને? (હસાહસ) એની પત્ની આંખ ખોલીને જુએ તો સાસુ નથી પણ એની મા છે. અરેરે...સાસુનું માથું મુંડાવા જતાં આ તો માતાનું માથું મુંડાઈ ગયું, અને સુનમૂન થઈ ગઈ. પતિ કહે છે આ તમારી માતાની સાથે પિયર સીધાવો. આ ઘરમાં તમારું કામ નથી. પત્નીની આંખ ખુલી ગઈ. પારકાના સંગે ચઢી તો મારી આ દશા થઈ ને? પતિના પગમાં પડીને માફી માંગી. નાથ! હું પારકાની શિખામણે ચઢી ગઈ તેથી આવું કામ કર્યું. હવે હું કદી આવું નહિ કરું. પતિ સજ્જન હતો એટલે બધું ભૂલીને આનંદથી રહેવા લાગ્યા.

જયમંગલ રાજા પોતે સજ્જન છે પણ અત્યારે રત્નવતીના ચઢાવ્યા ચઢી ગયા છે એટલે એમને જિનસેનાના ગુણ દેખાતા નથી. રત્નવતી જ એમને સારી દેખાય છે. પ્રધાન

અને પ્રજાજનો કહે છે મહારાજા! મહારાણીનો કોઇ ગુન્હો છે જ નહિ, છતાં તમે એમને વગર અપરાધે જંગલમાં મોકલવા તૈયાર થયા છો પણ અમે એમને નહિ જવા દઇએ, છતાં તમે જો અઘટિત કરશો તો બળવો ફાટી નીકળશે ને રાજસિંહાસન છોડવું પડશે. માટે હજુ સમજો તો સારું છે, અને ગર્ભવતી સ્ત્રીની તો લોકો દયા કરે છે, ત્યારે તમે તો દયાળુ હોવા છતાં નિર્દય બની ગયા છો, અને બિનગુનેગારને સજા કરવા તૈયાર થયા છો તે આ પ્રજા સહન નહિ કરે. આ સમયે રાણી કહે છે હે પ્રજાજનો! તમારી મારા પ્રત્યે ઘણી લાગણી છે પણ મારા પતિદેવની આજ્ઞાનું પાલન કરવા મને જંગલમાં જવા દો, ત્યારે પ્રજાજનો કહે છે હે માતા! અમે તમને નહિ જવા દઇએ. એમ કહીને બધા આડા સૂઇ ગયા. પ્રજાજનો રાણીને જવા દેતા નથી. રાજાનો કુલ ઓર્ડર છે. બીજી બાજુ મહારાણી પતિની આજ્ઞામાં સમાઇ જવા તૈયાર છે. હવે પ્રજાજનો રાજાની સામે કેવી ઝુંબેશ ઉઠાવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

❁

વ્યાખ્યાન નં. 33

શ્રાવણ સુદ ૧૫ ને શુક્રવાર **તા. ૧૮-૮-૭૮**

"રક્ષાબંધન"

અનંતજ્ઞાની, અનંતદર્શની ભગવાન ફરમાવે છે કે આ અમૂલ્ય માનવભવ જીવનની ક્રાંતિ કરવા માટે મળ્યો છે. બીજા કોઈ ભવમાં આત્માની ક્રાંતિ એટલે પ્રગતિ (ઉત્થાન) થઈ શકતી નથી. આજે જગત તરફ દૃષ્ટિ કરશું તો કીડી, મકોડા, મચ્છર, માખી, વિગેરે વિકલેન્દ્રિય જીવો તથા અસંજ્ઞી, સંજ્ઞી તિર્યંચ પચેન્દ્રિય જીવો અપરંપાર દેખાય છે. પરંતુ એ બધા કરતાં મનુષ્યોની સંખ્યા અતિ અલ્પ છે. તિર્યંચો કરતાં માનવને કેટલી વિશેષતાઓ મળી છે તે આત્માએ વિચાર કરવાની જરૂર છે. માનવને વિશિષ્ટ બુદ્ધિ, વિચારશક્તિ, વિશિષ્ટ ભાષાજ્ઞાન, ઉપદેશ ગ્રહણ કરવાની શક્તિ, વ્રત-નિયમ કરવાની શક્તિ, વસ્ત્ર, મકાન, ખાનપાનાદિની સગવડતા, કેટકેટલું આ ભવમાં મળ્યું છે. તેથી જ બીજા જીવો કરતાં મનુષ્યને વિશિષ્ટ પ્રાણી તરીકે સૌ સમજે છે, એકેન્દ્રિયથી પચેન્દ્રિય સુધીના નજરે દેખાતા તિર્યંચગતિના જીવો આપણને પામર લાગે છે પણ એકવાર આપણો આત્મા પણ ત્યાં પૂરાયેલો હતો. આજે એ તિર્યંચગતિમાંથી બહાર નીકળી મનુષ્યગતિમાં આવ્યો છે. આવો સુંદર વિશિષ્ટ મનુષ્યભવ પામ્યા પછી ને બુદ્ધિશાળી મનુષ્ય બન્યા પછી એ જ વિચારવાનું છેકે આપણે શું એ તિર્યંચ જીવનની હરીફાઈ કરી રહ્યા છીએ કે ક્રાન્તિ સર્જી રહ્યા છીએ?

તમને એક ન્યાય આપીને સમજાવું. એક ચોર બીજા ચોર કરતાં વધુ હોંશિયારીથી મોટી ચોરીઓ કરતો હોય તો એ પેલા ચોરની હરીફાઈ કરી ચોરીમાં ઉંચો રેકોર્ડ નોંધાવી શકો કહેવાય પરંતુ એ ચોરી ઓછી કરી અથવા ચોરીનો ધંધો સંપૂર્ણ બંધ કરી નીતિમાન

શાહુકાર બની જાય તો એણે ક્રાન્તિ કરી કહેવાય. સ્કૂલમાં એક વિદ્યાર્થી ઉડાઉ વિદ્યાર્થી કરતા વધુ ઉડાઉ બને તો એ હરિફાઈ કરી કહેવાય, પણ એ ઉડાઉપણું છોડી સદાચારી, સદ્‌ગુણીજીવન બનાવે તો એણે ક્રાંતિ કરી કહેવાય. બસ, આ જ ન્યાયથી આપણે વિચારવાનું છે કે આપણા જીવનમાં તિર્યંચ જીવનની હરિફાઈ ચાલી રહી છે કે ક્રાંતિ થઈ રહી છે? સારું સારું જોવું, સાંભળવું, સુંઘવું, ખાવું ને મનગમતા સ્પર્શ કરવા એ તિર્યંચોને આવડે છે. તેમના જીવનમાં હર્ષ, આનંદ, ગુસ્સો, શોક, મમતા બધું છે. હવે જો આપણે એ ચાર સંજ્ઞામાં, કષાયમાં આગળ વધ્યા હોય તો તિર્યંચ જીવનની હરીફાઈ કરી કહેવાય પણ જો કષાયો ઓછી કરી, ચાર સંજ્ઞાઓ ઉપર વિજય મેળવી દાન, શીલ, તપ, ભાવ, ક્ષમા, નિર્લોભતા, સરળતા, સંતોષ આદિ ગુણોને અપનાવ્યા હોય તો જીવનમાં ક્રાન્તિ કરી કહેવાય.

પશુજીવન કરતાં ઉચ્ચ માનવજીવન પામ્યા છીએ તો એ વિચારવાનું છે કે આજના આગળ વધેલા વિજ્ઞાને શું ક્રાન્તિ કરી છે? હા, ભૌતિક ક્ષેત્રે ક્રાન્તિ કરી છે પણ આજનો વિકસેલો ભૌતિકવાદ, ભૌતિક સાધન સગવડ, દુઃખમાં આગળ ખેંચી જાય છે, પણ જીવન આધ્યાત્મિક પ્રગતિના પંથે આગળ વધતું નથી. પશુજીવનમાં માત્ર શરીર પર દૃષ્ટિ હોય છે પણ આત્માનો વિચાર હોતો નથી. એને ભૌતિક સાધન સગવડ વધુ મળે તો ઉન્માદી બને છે. આધ્યાત્મિક ક્રાન્તિ કરી માનવતા વિકસાવવી હોય ને ધર્મમય જીવનક્રાન્તિ કરવી હોય તો સંજ્ઞાઓને દબાવવી જોઈએ, કષાય વિજેતા બની, શરીર પરથી દૃષ્ટિ ઉઠાવી લઈ આત્મા તરફ વળીએ તો જીવનની ક્રાંતિ (અભ્યુદય) કરી કહેવાય. જ્ઞાની-પુરૂષો કહે છે કે ભૌતિક સુખની ભૂતાવળમાં ભૂલા પડેલા આત્માઓની દૃષ્ટિ શરીર ઉપર જ હોય છે. તે શરીરને શણગારવા, એને હૃષ્ટપુષ્ટ બનાવવા માટે પોતાના કિંમતી સમયને ગુમાવે છે, પણ આ શરીર કેવું છે?

केशोवधि च नरवाग्रा, दिदमन्तः पूति गंध संपूर्णम् ।
बहिरापि चा गुरु चंदन, कर्पूराद्ये विलेपयति ॥

માથાના કેશથી આરંભીને પગના નખ સુધી આ શરીર દુર્ગંધથી ભરેલું છે પણ શરીરાભિમાની માણસ દુર્ગંધથી ભરેલા શરીરને સુગંધીદાર બનાવવા માટે શરીર ઉપર ચંદન આદિ સુગંધીદાર પદાર્થો ચોપડે છે, પણ અજ્ઞાની મનુષ્યને ખબર નથી પડતી કે આ શરીર ઉપર ગમે તેટલા સુગંધી પદાર્થોના વિલેપન કરવામાં આવે પણ એ પોતાનો સ્વભાવ ન જ મૂકે. શરીરને શિયાળામાં સાલમપાક, બદામપાક, અડદીયા વિગેરે સાત્વિક પદાર્થો ખવડાવો છતાં શરીરનો સ્વભાવ છેવટમાં સડન પડનનો છે. શરીરમાં દુર્ગંધ ભરેલી છે પછી સુગંધ ક્યાંથી આવવાની છે? આવા શરીર ઉપર રાગ રાખવાથી આત્માને શું લાભ?

બંધુઓ! આત્મામાં રાગ-દ્વેષાદિ જે દેખાય છે તે બધા દરિયાની રેલ જેવા છે.

આત્મામાં જન્મતા વિકારીભાવો કર્મસંયોગના નિમિત્તે છે. તે કર્મસંયોગો હટતાં દૂર થઈ જાય છે અને આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં સ્થિર બને છે. પાણી અને સાબુનો સંયોગ થતાં વસ્ત્રનો મેલ નીકળી જાય છે, અને વસ્ત્ર વસ્ત્રના સ્વરૂપમાં રહી જાય છે. મેલ એ ઘરની વસ્તુ ન હતી એટલે નીકળી ગઈ, તેમ આત્મામાં જે રાગદ્વેષાદિ છે તે આત્માના ઘરના નથી પણ કર્મના ઘરના છે માટે નીકળી જાય છે. ટૂંકમાં સ્વભાવ ઘરનો હોય છે. વિભાવ નડિ છતાં આપણો આત્મા વસ્તુઓ પર મમત્વ કરીને વિભાવને વધાર્યે જાય છે, પણ પર વસ્તુઓ પ્રત્યેનો મમત્વ અંતે આત્માને ભારે પડવાનો છે. બીજાના બંગલા જોઈને તેમાં ગમે તેટલો મમત્વ કરો પણ તેમાં તમને મહાલવા તો ન જ મળે. માટે તેને પર માનો છો ને ? તેમ જે બાગ, બગીચા, બંગલા, ગાડી વિગેરે તમારા પોતાના છે તેને પણ પર માનવા જેવા છે. બીજાના બંગલાને જેમ તમારા પોતાના નથી માનતા તેમ જેને તમારા માન્યા છે તે પણ તાત્ત્વિક દૃષ્ટિએ તમારા નથી. તાત્ત્વિક દૃષ્ટિએ શરીર પણ પોતાની માલિકીનું નથી તો પછી આ કંચન, કામિની, કુટુંબ, ઘર વિગેરે આપણા કયાંથી બની શકે ?

આવું જાણવા છતાં અનાદિકાળથી જીવની અજ્ઞાન દશા એવા પ્રકારની છે કે તે પરમાં સ્વની માફક અને સ્વમાં પરની માફક વર્તી રહ્યો છે. આ સંસારમાં ઘણાં માણસો એવા નથી કે જે પોતાના ઘર તરફ લક્ષ ન આપે ને પારકા ઘરની પંચાત કર્યા કરે, તેમ અહીં પણ જીવ સ્વને પર માની સ્વની તરફ પર જેવો અને પરની તરફ સ્વ જેવો વર્તાવ કરી રહ્યો છે. આત્મા એ સ્વ વસ્તુ છે ને શરીરાદિ પર વસ્તુ છે. તો એ વસ્તુઓને પોતાની માની શા માટે ચોવીસે કલાક મથી રહ્યા છો ? પોતાના માટેની પ્રવૃત્તિ તરફ આત્મા જાણે તદ્દન બેદરકાર છે. મહાન પુરૂષો ફરમાવે છે કે આત્મા પ્રવૃત્તા જાગરુકઃ પરપ્રવૃત્તૌ બધિરાન્ધ મૂકઃ । સ્વ પ્રવૃત્તિમાં અત્યંત મગ્ન રહેવું જોઈએ, અને પરપ્રવૃત્તિમાં બધિર (બહેરા), અંધ અને મક (મૂંગા) બની જવું જોઈએ. તમે પણ ઘણી વાર એમ કહો છો ને કે પરની પંચાત કરનારો પોતાનું કાંઈ ન કરી શકે. એ વાત સાચી છે કે પુદ્ગલોની પળોજણમાં જે પોતાનું આખું જીવન વીતાવે છે તે આત્માનું કલ્યાણ કેવી રીતે કરી શકે ? જીવ ચોવીસ કલાકમાં આત્મા તરફ કેટલું લક્ષ કરે છે? જેની તરફ જોવાનું છે તેની તરફ કેમ જોતા નથી ? મહાપુરૂષો ફરમાવે છે કે સ્વ તે સ્વ છે ને પર તે પર છે. સ્વ-પરનો ભેદ જે જાણે છે તે તત્ત્વજ્ઞ છે. દુન્યવી પર પદાર્થો તમારી પાસે ગમે તેટલા હોય છતાં તમને એમ થાય છે ને કે શાંતિ મળે તો સારું. સમજો, આત્મામાં અનંત આત્મિક સમૃદ્ધિ ભરેલી પડી છે એટલે આત્મામાં અનંતુ સુખ છે. જેનામાં અનંતુ સુખ છે તેવા શુદ્ધ સ્વરૂપી અને અનંત સુખના અભિલાષી આત્માએ એ જ્ઞાન મેળવવું જોઈએ કે બહારના બધા પદાર્થો અસ્થિર અને અંતવાળા છે ત્યાં અનંતુ સુખ કયાંથી હોય ? અનંત જ્ઞાન,

અનંત વીર્ય અને અનંત સુખ જોઇતું હોય તો આત્માએ આત્મામાં એટલે કે સ્વમાં સ્થિર બનવું જોઈએ. પરમાં સુખ નહિ મળે.

આજે રક્ષાબંધનનો પવિત્ર દિવસ છે. રક્ષાબંધનનો દિવસ બહેનોને અતિપ્રિય લાગે છે. આજના દિવસે કંઈક બહેનોનાં હૈયા હરખાય છે ને કંઈક બહેનો ઘરમાં બેસીને રડે છે, કારણ કે જેને ભાઈ છે તે બહેન હસતી ને રમતી ભાઈના હાથે રાખડી બાંધવા જાય છે ભાઇ બહેનને જમાડીને પોતાની શક્તિ પ્રમાણે સાડી, પાંચ, પચ્ચીસ કે પચાસ રૂપિયા આપે છે, પણ જેને ભાઈ નથી એવી બહેનો આંખમાંથી આંસુડા સારે છે કે જો મારે ભાઈ હોત તો હું પણ આજે આ બધી બહેનોની માફક રાખડી બાંધવા જાત ને? જે બહેનને ભાઈ નથી તેને તો આટલું દુઃખ થાય છે પણ ઘણી બહેનો એવી છે કે જેને ભાઈ હોવા છતાં એ બહેનને પોતાના ઘેર બોલાવતો નથી. આવી બહેનો છતે ભાઇએ ભાઇ વિનાની છે. એના દિલમાં કારમો આઘાત લાગે છે. એની તો કરૂણદશા બને છે.

આ સંસાર જ એક કરૂણ દશ્ય છે. એક જગ્યાએ હાસ્યના ફુવારા ઉડતા હોય તો બીજી જગ્યાએ કરૂણ રૂદન સંભળાતા હોય છે. એક બાજુ મેવા મિષ્ટાનની મીજબાનીઓ ઉડતી હોય છે તો બીજી બાજુ સૂકો રોટલો ને છાશના પણ સાંસા હોય છે. આ જગતમાં તો જેની પાસે સંપત્તિ હોય તેના સત્કાર-સન્માન થાય છે પણ જેની પાસે કંઈ નથી તેને બિચારાને કોઇ બોલાવતું નથી. એના વહાલા પણ વૈરી બની જાય છે. આવો વિષમ વિષથી ભરેલો સંસાર છે. તેમાં સમભાવ રાખવો સહેલો નથી. એટલા માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે તમને ગમે તેવા સુખ મળે તો છલકાવું નહિ ને દુઃખ આવે તો ગભરાવું નહિ. એવો સમભાવ કેળવવા માટે જીવનમાં સત્સંગ કરવાની જરૂર છે. જે સત્સંગ કરીને કર્મની ફિલોસોફી સમજે છે તે સુખ-દુઃખમાં સમતા રાખી શકે છે, પણ જે કદી સત્સંગ કરતા નથી એવા જીવો તો દુઃખ આવતાં ઢગલો થઈને ઢળી પડે છે. આજે રક્ષાબંધનનો દિવસ છે. એ વાતને લક્ષમાં લઈને કર્મની કઠીનાઈ અને રક્ષાબંધન એ બે વાતની યાદ અપાવતી એક બનેલી કરૂણ કહાની મને યાદ આવે છે.

એક ખાનદાન કુટુંબ હતું. શેઠ તો ઘણાં શ્રીમંત અને સમૃદ્ધ હતા. તેમના પુણ્યોદયે પત્ની પણ ખાનદાન મળી હતી. તેમને એક દીકરો અને બે દીકરીઓ હતી. દીકરાનું નામ રમેશ હતું. મોટી દીકરી દક્ષાને પરણાવીને સાસરે મોકલી. એના પછી નાની દીકરી રમીલા દોઢ વર્ષની હતી. સૌ આનંદથી રહેતા હતા પણ આ સંસાર કેવો છે તે તો તમે જાણો છો ને? માનવના પુણ્યનો સૂર્ય કયારે અસ્ત થશે તે કહી શકાતું નથી. આ શેઠના પુણ્યનું પાંદડું ફર્યું. વહેપાર ધંધામાં બધે ખોટ....ખોટ ને ખોટ. ચારે તરફથી ઘેરાઇ ગયા. છેવટે બધી મૂડી સાફ થઈ ગઈ. એમના કપડા, દાગીના બધું વેચાઈ ગયું. મહેનત મજુરી કરીને આવા લાગ્યા. માણસ પહેલાં ગરીબ હોય ને પછી શ્રીમંત બને એને બહુ

વાંધો નથી આવતો પણ શ્રીમંતમાંથી ગરીબ બનતાં માણસને બહુ દુઃખ થાય છે, કારણ કે પહેલા શ્રીમંત હતો ત્યારે મહાસુખ ભોગવ્યું ને પછી દુઃખ આવે તે સહન કરવું બહુ આકરું લાગે છે, અને બીજી તરફ ખાનદાન માણસો હોય એટલે પહેલાની જેમ ઈજ્જત, આબરૂ સાચવતાં ચિંતાનો કીડો એને કોરી ખાતો હોય છે. આ શેઠની પણ આવી પરિસ્થિતિ થઈ. એક વખતનો શ્રીમંત આજે રંક જેવો બની ગયો. આજ સુધી શેઠને શેઠજી....શેઠજી કરનારાઓ હવે શેઠના સામું પણ જોતા નથી. સગાવહાલા પણ સાથ દેતા નથી. આ પરિસ્થિતિ થતાં શેઠના હૃદયમાં કારમો આઘાત લાગ્યો. બંધુઓ ! ગરીબાઈ તો તાણખલા કરતાં પણ હલકી છે.

"મોહન ! પાસ ગરીબકી, કોઇ આવત કોઇ જાત ?
એક વિચારો સાંસ હૈ, આત જાત દિન રાત !"

ગરીબ માણસની પાસે કોણ આવે ? કોઈ આવતું જતું નથી. માત્ર એની પાસે એના શ્વાસોચ્છ્વાસ છે. ગરીબનો બેલી આ દુનિયામાં ધર્મ સિવાય કોઈ નથી શેઠની સ્થિતિ સાવ ઘસાઈ ગઇ એટલે શેઠને ખૂબ આઘાત લાગ્યો. અહો ! હું એક વખત હજારોને પાળનારો, મારે આંગણેથી કોઈ ભૂખ્યો ન જાય, તેના બદલે હું આજે આવો કંગાલ બની ગયો ! મારે કોઈની પાસે હાથ ધરવાનો સમય આવ્યો ! દુઃખી પરિસ્થિતિમાં ત્રણ વર્ષ તો પસાર કર્યા. ઘસાઈ ગયેલા કપડાને માણસ ગમે તેટલું સાંધીને સાચવીને પહેરે પણ એ કયાં સુધી ટકે ? અંતે તો ફાટી જ જાય ને ? તે રીતે આ શેઠ ખૂબ ઘસાઈ ગયા, તેથી હૃદયમાં જબ્બર આઘાત લાગ્યો હતો. ચિંતામાં ને ચિંતામાં એ રાત-દિવસ પસાર કરતા હતા. એક દિવસ શેઠનું હાર્ટ બેસી ગયું. શેઠાણીને તો વીજળી તૂટી પડે તેવો કારમો આઘાત લાગ્યો. હવે હું શું કરીશ ? મારું આ દુનિયામાં કોણ ? આ બચ્ચે બાળકોને કેવી રીતે ઉછેરીશ ? ગમે તેવી ગરીબાઈ આવે પણ જો ઘરમાં પુરૂષ હોય તો છાશ ને રોટલો તો ખવડાવે પણ હવે કોણ ખવડાવશે ? માથેથી છત્ર ચાલ્યું જતાં શેઠાણી દુઃખી દુઃખી થઇ ગયા પણ ડિંમત રાખ્યા વિના છૂટકો ન હતો.

"બાળકોને ઉછેરવા દુઃખો વેઠતી માતા" : ગરીબાઈના કારમા દુઃખો વેઠીને માતા દીકરા-દીકરીને ઉછેરવા લાગી. પોતે ધનથી તો સાવ સાફ થઇ ગયા હતા પણ ખાનદાન બાઇ ઉપરથી મોટું હસતું રાખીને ઘરસંસાર ચલાવતી હતી. ઘરમાં બેસીને પાપડ વણવા, ભરત-ગૂંથણ જે કંઇ મળે તે કામ કરીને છોકરાને ભણાવતી. દક્ષા તો પરણીને સાસરે ગઈ હતી તેની માતાને ચિંતા ન હતી. આ બે બાળકોની ચિંતા છે, છતાં ખાનદાન શેઠાણી એના બાળકોને ફૂલની જેમ સાચવતી હતી બંને બાળકો ખૂબ દેખાવડા હતા. રમેશ હવે ભણીગણીને તૈયાર થયો. સારી નોકરી મળી એટલે પૈસા કમાવા લાગ્યો, તેથી

માતાના મનમાં થયું કે હાશ....હવે દીકરો તૈયાર થઈ ગયો છે. હવે મારું દુઃખ ટળશે ને હું શાંતિથી ધર્મધ્યાન કરીશ, પણ કુદરત એને માટે કંઈક જુદી જ યોજના ઘડી રાખે છે.

એક દિવસ રમેશ એની માતાને કહે છે બા ! પેલા જામફળીયામાં રહેતા પ્રેમચંદ શેઠની છોકરી પ્રેમીલાને તમે જોઈ છે? આ સાંભળીને માતાનું હૃદય કંપી ઉઠયું, છતાં જેમ તેમ કરીને બોલી કે હા....જોઇ છે. રૂપાળી, નમણી ખૂબ છે. એટલે દીકરાએ કહ્યું–એની સાથે મારા લગ્ન કરીએ તો શું ખોટું ? આ શબ્દ હથોડાના ઘાની જેમ માતાના કાનમાં ગૂંજવા લાગ્યા ને છાતીમાં ધબકારા ઉપડયા. એટલે ઉભી હતી તે ત્યાંની ત્યાં નીચે બેસી ગઇ પણ હા કે ના કંઈ જવાબ ન આપ્યો, તેથી રમેશ સમજી ગયો કે માતાને મરી વાત ગમી નથી લાગતી, પણ આ રમેશને માતા સિવાય ઘરમાં બીજું કોઈ કહેનાર ન હતું, અને માતા એમ માનતી કે મારે એકનો એક દીકરો છે. એના ઉપર મારો બધો આધાર છે. હું કંઈ પણ એને કહું ને એ રિસાઇને ચાલ્યો જાય તો ? એટલે વધુ કહેતી ન હતી. રમેશે એની માતાને કહી દીધું કે બા ! તને એ છોકરી ગમે કે ન ગમે એની મને પરવા નથી. મને ગમે છે એટલે હું એની સાથે લગ્ન કરીશ. એમ કહીને એ તો ચાલ્યો ગયો.

દીકરા માટે પ્રેમીલાની વાત સાંભળતા માતાને પડેલો ફાળકો : પ્રેમચંદ શેઠ ખૂબ ધનવાન છે. એમની દીકરી પ્રેમીલા ધરતીથી વેંત અદ્ધર ચાલે છે. એના મોજશોખ મારાથી કેવી રીતે પૂરા થશે ? એ આ ઘર કેમ ચલાવશે ને અત્યાર સુધી દુઃખ વેઠીને જાળવી રાખેલી આબરૂ એ કેવી રીતે સાચવશે ? એવા અનેક વિચારો એની માતાના દિલમાં રમવા લાગ્યા. મા તો ઉંડા વિચારસાગરમાં ડૂબી ગઇ. ચિંતાનો કીડો એના અંતરને કોરી ખાવા લાગ્યો. ઘણી વખત માતાપિતાઓ પોતાના દીકરાઓની ચિંતા કરે છે પણ એ દીકરાઓ પરદેશ રહેતા હોય એટલે લખે છે કે બા–બાપુજી ! તમે અમારી ચિંતા કરશો નહિ. અમે પુનીત પંથે પગલા માંડી દીધા છે. આપ અમને આશીર્વાદ આપજો. (હસાહસ) અહીં પણ એવું જ બન્યું. માતાએ પ્રેમીલા સાથે લગ્ન કરવામાં સાથ ન આપ્યો ત્યારે રમેશે પોતાની જાતે લગ્ન કર્યા ને એક દિવસ રમેશ પ્રેમીલાને લઈને પોતાને ઘેર આવ્યો. માતાને આવી ઉછાંછળી કન્યા સાથે રમેશને પરણાવવાની બિલકુલ મરજી ન હતી છતાં એકનો એક દીકરો પરણીને આવ્યા પછી શું કરે ? થરથર ધ્રુજતા હાથે પુત્ર અને પુત્રવધૂના ઓવારણાં લઈને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા ને કહ્યું–આવો બેટા ! આટલું બોલતાં હૈયામાં ફાળકો પડયો, અને ભાવિના ભણકારા વાગતા હોય તેમ અંદરથી તેનું હૃદય ધ્રુજવા લાગ્યું ને અંતર બોલવા લાગ્યું કે શું આ છોકરી મારા ઘરની આબરૂ જાળવશે ? એ મારું ઘડપણ તો નહિ બગાડે ને ? ન કરે નારાયણ ને મારું કંઈ બની જાય તો આ મારી લાડકી રમીલાનું શું થશે ? માતાના મનમાં આવા વિચારો

આવવા લાગ્યા ત્યારે કુલ જેવી રમીલાને આવી ચિંતાનું નામનિશાન ન હતું. એ તો ભાભીને જોઇને મારા ભાભી આવ્યા....ભાભી આવ્યા એમ ગાંડીઘેલી બની ગઇ.

કૃપાળા ભાભી પાછળ ઘેલી બનેલી રમીલા :- નાના બાળકને શું ખબર પડે કે આ ભાભી કેવા છે? એ તો પતંગીયાની જેમ ભાભીની આસપાસ ઘૂમવા લાગી ને રાજી થતી બોલવા લાગી કે બા! તું જો તો ખરી, આ મારા ભાભી કેવા કૃપાળા છે! ભાભીની રેશમી સાડી કેવી સરસ છે! અને આ સોનાના નવા નવા ચળકતા દાગીના ભાભીના શરીરે કેવા શોભી ઉઠયા છે! એમના વાળ કેવા લાંબા ને કાળા ભમર જેવા છે! એને તો એવો હર્ષ કે જાણે એનો ભાઇ મોટી રાજકુમારીને પરણીને ન આવ્યો હોય? એને હર્ષનો પાર નથી ને માતાને ચિંતાનો પાર નથી. પ્રેમીલાને પરણ્યા આઠ દિવસ થયા પછી સાસુ રોટલી કરવા બેઠા એટલે તે રોટલી વણાવવા બેઠી ત્યારે સાત વર્ષની રમીલા કહે છે બા! આવા કૃપાળા ભાભીની પાસે તું રોટલી કેમ વણાવે છે? ત્યારે માતાએ કહ્યું-બેટા! ભાભી રોટલી નહિ વણે તો કોણ વણશે? હવે આ તારી માના હાથ ચાલતા નથી. હવે તો ધીમે ધીમે ઘરનું બધું કામ ભાભી કરશે. રમેશને પોતાની વહુ કામ કરે તે ગમતું ન હતું. પ્રેમીલા સારા સારા કપડા પહેરીને પોતાની સાથે હરવા ફરવા આવે, હસે, બોલે એ ગમતું હતું પણ ઘરનું કામ કરે તે ગમતું ન હતું.

મા સામે ત્રાટકેલો દીકરો :- દીકરાએ કહી દીધું કે બા! પ્રેમીલાથી ઘરનું કામ નહિ થાય. તું અત્યાર સુધી બધું કામ કરતી હતી ને? એ આવી એટલે એના માથે નાંખી દેવાનું! એનું શરીર કેટલું નાજુક છે! ઘરના વૈતરા કરે એટલે એ તો કરમાઇ જ જાય ને? દીકરાના શબ્દો સાંભળીને માતા તો ઢગલો થઇને પડી ગઇ. અરેરે....મારો દીકરો જ ઉઠીને વહુને કામ કરવાની ના પાડે છે તો વહુને તો મારે કહેવું જ શું? મારી બહેનોને વહુ લાવવાના બહુ કોડ હોય છે. એ મનમાં કેટલાય મનોરથો ઘણે છે કે મારો દીકરો પરણશે, પછી મારે ઘેર વહુ આવશે ને હું નિરાંતે ધર્મધ્યાન કરીશ....આરામ કરીશ પણ વહુ આવ્યા પછી બિચારી વધુ બંધાઈ જાય છે, અને શાંતિને બદલે અશાંતિ વધે છે. માતાએ કહ્યું-બેટા રમેશ! વહુ ઘરનું કામ નહિ કરે તો કોણ કરશે? તું મારા સામું તો જો. તમને ઉછેરવામાં કાળા વૈતરા કરીને મારી જાત ઘસાઇ ગઈ છે. બેટા! હવે મારા હાથ, પગ નથી ચાલતા. વધુ નહિ તો તારી વહુ રસોઇ કરે એટલું તો કહે, ત્યારે રમેશ રૂઆબ કરીને કહે છે એ રસોઈ નહિ કરે એટલે માતાએ કહ્યું કે એ રસોઇ ન કરી શકે તો તું રસોઇયો રાખી લે....પણ મારાથી નથી બનતું. રમેશે કહ્યું-ન કેમ બને? અત્યાર સુધી બનતું હતું ને હવે કેમ ન બને? બધું જ કામ તમારે કરવાનું. એ તો પાણીનો ગ્લાસ પણ નહિ ભરે. આંસુ સારતી માતા કાંઇ ન બોલી શકી

માતાને રડતી મૂકીને ચાલ્યા ગયેલા દીકરાવહુ :- એક દિવસ આ માતાને

વાંસામાં ભયંકર દુઃખાવો ઉપડ્યો. ન ઉઠી શકે, ન બેસી શકે. શ્વાસ લેતાં પણ દુઃખાવો ઘણો થતો હતો. તેથી સવાર પડી, સાત વાગ્યા પણ માજી ઉઠી શક્યા નહિ. વહુરાણી સાડાસાત વાગ્યા એટલે રસોડામાં આવ્યાં ને જોયું તો રસોડું ઠંડુ છે. દૂધ પણ ગરમ થયું નથી. દરોજ તો વહુ આવે તે પહેલાં સાસુજી એમના માટે ચા-દૂધ અને ગરમ નાસ્તો તૈયાર કરીને રાખતા, પણ આજે તો કંઈ કર્યું નથી એટલે પ્રેમીલા નાક ચઢાવી ઘૂંઘરાટો કરીને જોરથી બોલી, કેમ હજુ ઉઠ્યા નથી ! શું આજે બધાને ઉપવાસ કરવાનો છે ? ત્યારે સૂતા સૂતા સાસુજી કહે છે બેટા ! કોઈને ઉપવાસ નથી પણ આજે મને વાંસામાં સખત દુઃખાવો થાય છે તેથી હું ઉઠી શકતી નથી માટે તું આજે મને ચા બનાવીને પીવડાવ. ત્યાં તો રમેશકુમાર આવી પહોંચ્યા. માતાના શબ્દો સાંભળીને કહે છે અમારે તો આજે રવિવારનો દિવસ છે, એટલે બહાર જવાનું છે. ઘણાં પોગ્રામો ગોઠવેલા છે. એટલે પ્રેમીલાને ચા બનાવવાનો કે રસોઈ બનાવવાનો ટાઈમ નથી. માતા કંઈ બોલે તે પહેલાં રમેશે કહ્યું–ચાલ પ્રેમીલા જલ્દી તૈયાર થઈ જા. પ્રેમીલા અને રમેશ બંને તૈયાર થઈને જતાં જતાં કહે છે કે તમે મા-દીકરી તમારું ફોડી લેજો. અમે તો આજે આખો દિવસ બહાર ફરવાના છીએ અને મારા સાસરે જમી લઈશું. વહેલું મોડું થાય તો અમારી રાહ ન જોતાં,

આમ કહીને દીકરો-વહુ તો ચાલ્યા ગયા. ભીંત બાજુ મુખ રાખીને સૂતેલી માતાની આંખમાંથી આંસુડાની ધાર વહેવા લાગી. અહો મેં રમેશને કેટલા લાડકોડથી ઉછેર્યો. એના પિતાજી નાનો મૂકીને ચાલ્યા ગયા, ઘરમાં પૈસા ન હતા છતાં ઘરની આબરૂ જાળવવા માટે રાત્રે ઉજાગરા કરી છાનામાના ક્રમ કર્યા ને કરકસર કરી પેટે પાટા બાંધી ભૂખી રહીને એને ભણાવ્યું, લોહીના પાણી કરીને એને ભણાવ્યો. બાલપણમાં એણે ઘણી હઠ કરી તે પણ મેં પૂરી કરી. એક વખત રેશમી બમીસ પહેરવાની હઠ લઈને બેઠો હતો. તે વખતે પાસે પૈસા ન હોવાથી મારા ભાઈએ પિયરથી પાંચ વર્ષે રેશમી સાડી મોકલાવી હતી તેને મેં અંગે અડાડી નહિ ને સાડી ફાડીને એને બમીશ સીવીને પહેરાવ્યા. રાત્રે રોજ ઉધરસ બાય કે હું જાગીને બેઠી થઈ જતી. એ મેટ્રિકમાં આવ્યો ત્યારે ઘણી વખત વાંચતા વાંચતા ઉંઘી જતો, ત્યારે એના હાથમાંથી ચોપડી લઈ લેતી ને એને ઓઢાડીને સૂવાડી દેતી, અને હું એને સવારે વહેલો વાંચવા ન ઉઠાડું તો મને ઠપકો આપતો તે હું મૂંગે મોઢે સાંભળી લેતી. રમીલા તો સાવ નાની હતી ને એના બાપુજી ગુજરી ગયા ત્યારે હું છૂટ્ટા મોઢે રડતી ને આ નાની દીકરીનું શું થશે તેની ચિંતા કરતી ત્યારે મારો રમેશ મને કહેતો કે બા ! તું ચિંતા શા માટે કરે છે ? હું બેઠો છું ને ? આવો મારો રમેશ આ માંદી માતાને અને નાની બહેનને ભૂખ્યા મૂકીને ચાલ્યો ગયો ! માતા ખૂબ રડી એટલે માથું પણ ખૂબ દુઃખવા આવ્યું પણ કોણ એને કપ ચા કરીને પીવડાવે ! દિલમાં ખૂબ આઘાત છે. માથું સખત ચઢ્યું છે તે દબાવીને મા સૂતી હતી.

ત્યાં રમીલા બહારથી રમીને આવીને કહે છે બા ! મને બહુ ભૂખ લાગી છે. મને ખાવાનું આપ ને !

"આવા માટે રમીલાએ લીધેલી હઠ" :- માતાએ કહ્યું–બેટા ! આજે ખાવાનું નથી. આ તો બાળક હતું. એને એમ ખબર નથી પડતી કે મારી માતાને ઠીક નથી ને ભાઈ–ભાભી તો બહાર ગયા છે. કોણ ખાવાનું બનાવી આપશે ? એણે તો હઠ લીધી કે મારે ખાવું છે. ઘરમાં વાસણ, કપડા બધું જેમ તેમ ફેંકવા માંડ્યું. અવાજ થવાથી માતાને માથાનો દુઃખાવો ખૂબ વધી ગયો. એટલે પુત્રોના આવા વર્તનથી દુઃખ થયું હતું તે દુઃખ ક્રોધ રૂપે પ્રગટ થયું ને દીકરાની દાઝ દીકરી ઉપર કાઢી. એને ખૂબ મારી તેથી રમીલા રડવા લાગી. બસ....મારે ખાવું છે, ત્યારે મા કહે છે કે જે હું બતાવું તેમ કર ને ખીચડી બનાવ. આપણે બંને બાઈ એ, રમીલા કહે છે મારે ખીચડી નથી ખાવી. મારે દાળભાત ખાવા છે. ખૂબ કજીયો કર્યો એટલે માતાને દયા આવી કે મારી કુલ જેવી કોમળ દીકરી સવારની ભૂખી છે. લાવ ત્યારે હું દાળ–ભાત બનાવું. માંડ માંડ ઉઠીને રાતે નવ વાગે દાળ ભાત બનાવ્યા. રમીલા ખૂબ માર ખાઇને રડીને ભૂખી–તરસી ઉંઘી ગઈ હતી. માતાએ એને ઉઠાડીને કહ્યું બેટા રમીલા ઉઠ. આ દાળભાત બનાવ્યા છે. તું જમી લે. રમીલા જાગીને માતાના ખોળામાં બેઠી ને મોઢું ખોલ્યું. એક સંતાન તરફથી આઘાત પામેલું માતાનું હૈયું અત્યારે વાત્સલ્યની સો સો સરવાણીઓ વડે બીજા સંતાન તરફ વહી રહ્યું હતું. માતા દાળભાતના કોળીયા રમીલાના મોઢામાં મૂકવા લાગી. હજુ ત્રણ ચાર કોળીયા ખવડાવ્યા હતા ત્યાં તો રમેશ અને પ્રેમીલા આવી પહોંચ્યા. માતાને દીકરીને દાળભાત ખવડાવતી જોઈને પ્રેમીલા રમેશને કહે છે જુઓ, આ તમારી માએ સવારે મારી પાસે કામ કરાવવા કેવો ઢોંગ કર્યો હતો ને અત્યારે એમનો રોગ મટી ગયો ! એમની લાડકી કુંવરી માટે કેવી રસોઈ બનાવી ને પ્રેમથી જમાડી રહ્યા છે !

દીકરાના કટાક્ષ ભરેલા વેણ :- આ સાંભળીને માતાના હૃદયમાં વજ્ર જેવો આંચકો લાગ્યો. વહુ કેવી મારા સામું બોલે છે ? હશે....એ તો વહુ છે ને ? વહુ તો ગમે તેમ બોલે પણ દીકરો તો પાસે છે ને ? એ વહુને ધમકાવશે એવી આશાથી દીકરાના સામું જોયું ત્યાં તો જુદું જ બન્યું. દીકરો મોં બગાડીને કહે છે કે સવારે તો ઘૂમો પાડતી હતી કે મને બહુ દુખાવો થાય છે. ડોકટરને બોલાવો. મારી પાસે ડોકટરની દવાના પૈસા ખર્ચાવવા તૈયાર થઇ હતી ને ? તને કામ કરવું ગમતું નથી એટલે ઢોંગ કરે છે. રમેશના શબ્દો સાંભળીને માતાનું કાળજું ચીરાઇ ગયું. અહો....આ મારો દીકરો તદ્દન પરાયો થઈ ગયો ? હે ભગવાન ! મેં પૂર્વે કેવા પાપ કર્યા હશે કે મારે આવા દુઃખો ભોગવવાના આવ્યા ! દીકરો અને વહુ તો રૂમમાં જઈને સૂઈ ગયા પણ માતાને આખી રાત ઉંઘ ન આવી. મનમાં દીકરાના વિચારો ઘૂમ્યા કરતા હતા. અરેરે... દીકરા ! આટલો બધો બરડામાં દુઃખાવો થાય છે તો પણ તેં એક વાર પણ મારી પાસે આવીને ખબર પૂછી છે કે બા ! તને શું થાય છે ? અને ઉપરથી કહે છે કે તું ઢોંગ કરે છે. એક તો બરડામાં પારાવાર દર્દ

થતું હતું. બીજું અપમાનથી હૃદય ઘવાયું હતું ને ત્રીજી રમીલાની ચિંતા થતી હતી. એટલે માતાની આંખો રડીરડીને લાલઘૂમ થઈ ગઇ. આવી સ્થિતિમાં પણ માતાએ સવારમાં ઉઠીને રસોઈ બનાવી. બંને જણાં જમવા આવ્યા. માતા પરાણે કામ કરતી હતી. આ જોઈને રમેશે કહ્યું, બા ! તને ઠીક ન હોય તો રહેવા દે. પ્રેમીલા પીરસશે, એટલે પ્રેમીલાએ તેના હાથમાંથી થાળી વાટકો ઝૂંટવી લીધા તો પણ માતા એક શબ્દ ન બોલી ને બહારના રૂમમાં ગઇ. ત્યાં રમીલા દોડતી આવી ને કહે છે બા ! મને માથું ઓળી આપ ને ! એના વાળ ખૂબ ગૂંચાયેલા હતા એટલે દુખતા હાથે વાર લાગેને ? ત્યાં અંદરથી પ્રેમીલા બોલી ઉઠી કે શણગાર પૂરા થઇ રહ્યા હોય તો બંને જણા આવજો.

"દીકરાના તીર જેવા વચનો સાંભળતી માતા" : ગઇ કાલથી જ વહુરાણી વિફરેલા હતાં. તેમાં દીકરાના દેખતાં આવા શબ્દો માતાને કહ્યા તે માતાથી સહન ન થયું. આ શબ્દે અગ્નિમાં ઘી હોમવાનું કામ કર્યું. માતાએ બીજાઇને કહ્યું, અમારે નથી જમવું. આ શબ્દો સાંભળીને રમેશ અંદરથી બહાર આવીને બોલ્યો–'બા' તમારા રોજના આવા કકળાટ અમારાથી સહન નહિ થાય. જો તો ખરી. કકળાટમાં ને કકળાટમાં પ્રેમીલાની તબિયત કેવી થઇ ગઇ છે ! જો તમારે આવા નાટક કરવા હોય તો અમે જુદા થઇ જઇશું, ત્યારે માતાએ કહ્યું હે મારા વ્હાલસોયા રમેશ ! તારે કોનાથી જુદા થવું છે ? તારે બીજો કોઈ ભાઇ તો છે નહિ. બાપ તો મરી ગયા. મોટી દીકરી દક્ષાને પરણાવ્યા પછી તેં કદી તેડાવી નથી. વધારામાં તો આ તારી કુમળી કળી જેવી બહેન અને આ ખર્યાપાન જેવી તારી રાંકડી માતા છે. બેટા....જરા તો વિચાર કર. હવે મારું શરીર કામ આપતું નથી. હું શું કરીશ ? આટલું બોલતાં તો માતાના શરીરે છેદ છેદ વળી ગયા તો પણ દીકરાએ માતાની સામું ન જોયું. અત્યારે એ જુદા થવાનું કયા બળ ઉપર કૂદતો હતો તે જાણો છો ? પ્રેમીલાની સાથે પરણ્યો ત્યારે એના સાસુ સસરાએ કહ્યું હતું કે તમે જો મારી દીકરીને લઈને જુદા રહેશો તો મારી દુકાનમાં ચાર આની ભાગ કરી આપીશું, એટલે રમેશે વિચાર કર્યો કે અત્યારે આ તક ઝડપી લેવામાં જ લાભ છે.

માતાનો કરૂણ ઝુરાપો :–આમ વિચાર કરીને એણે મકાનની પાછળના ભાગમાં જે નાની ઓરડી હતી તે મા દીકરીને રહેવા આપી. રાંધવા માટે થોડા વાસણો આપ્યા ને કહ્યું મહિને પચ્ચીસ રૂપિયા ખોરાકીના આપીશ. તમે મા–દીકરી આ ઓરડીમાં રહો. માતા ઓરડીમાં રહેવા ગઇ. રડી રડીને એની આંખોના આંસુ હવે સૂકાઈ ગયા. પોતાના પાપકર્મને દોષ આપતી ભાગ્ય જેમ રાખે તેમ રહેવા લાગી પણ એને મનમાં વારંવાર યાદ આવી જતું કે મેં દીકરાને કેવો સાચવ્યો ! તે મારો રમેશ આજે માતાને છોડીને એના સસરા અને વહુનો ચઢાવ્યો ચડી ગયો ને મારાથી જુદો થયો !

સસરાની દુકાનમાં ચાર આની ભાગ થયો ને પોતે માતાથી જુદો રહ્યો તેની ખુશાલીમાં

કંસાર બનાવ્યો ને સાંજે માતાને ઘેર મોકલ્યો, એટલે માતાએ આપવા આવનારને કહ્યું અમારે કંસાર નથી ખાવો. તમે પાછો લઇ જાવ, ત્યારે આવનારે કહ્યું તમારે ન ખાવું હોય તો કાંઇ નહિ. આ રમીલા ખાશે. રમીલાને પૂછયું કે તારે કંસાર ખાવો છે? તે દિવસે રમીલાએ પણ ખાવાની ના પાડી દીધી. એટલે કહે છે પાછો લઇ જાવ. આ તમારા કંસારે મારો કસ કાઢી નાંખ્યો, તેથી કંસાર પાછો ગયો. પ્રેમીલાએ કહ્યું–સ્વામીનાથ! જોયો, તમારી માએ તો કંસાર પણ ન રાખ્યો. કેટલું અભિમાન છે! પત્નીના વચન સાંભળી ધમધમાટ કરતો રમેશ માતા પાસે આવીને કહે છે મા! તમે આ ઠીક કર્યું નથી. આ ખોટું કરી રહ્યા છો હોં....આ સમયે માતાએ મોઢું ઠાવકું રાખીને કહ્યું દીકરા! ખોટું તો જેટલું થવાનું હતું તે થઈ ગયું. હવે કંઈ બાકી રહ્યું નથી. માત્ર મારે જોવાનું જ છે. તે મારા કર્મો બતાવશે એટલા દિવસ જોઈશ, ત્યારે રમેશે ગુસ્સે થઈને કહી દીધું મા....મા! તું મારો કંસાર નથી રાખતી. હવે આજથી મારે ને તારે કંઈ સગપણ નથી. હવે ૨૫ રૂપિયા નહિ આપું. આ સાંભળી માડીના પગ ભાંગી ગયા. માથે આભ તૂટી પડે તેવો આઘાત લાગ્યો.

રમીલાને ધમકાવતી એની ભાભી :– બીજી તરફ રમેશની વહુ નાનકડી રમીલાને ખાવાનું બતાવીને બોલાવતી ને લેવા આવે ત્યારે મારીને ધમકાવીને કાઢી મૂકતી. એટલે રડતી રડતી મા પાસે આવતી ત્યારે માતા કહેતી બેટા! હવે આપણે ત્યાં નહિ જવાનું, પણ આ તો બાળક છે ને? એને કંઈ ભાન હોતું નથી. ગરીબાઇના દુઃખો કેવા છે એનો પણ એને ખ્યાલ ક્યાંથી આવે? દીકરાએ પૈસા આપવાના બંધ કર્યા એટલે પરાણે પરાણે પગ ઘસીને લોકોના કામ કરીને ગુજરાન ચલાવતી. આ દુઃખનો રમીલાને ખ્યાલ આવતો ન હતો તેથી બીજા છોકરાઓ પાસે જોયેલી વસ્તુ લેવા માટે હઠ કરતી. કયારેક એને સારા કપડા પહેરવાનું મન થતું, કયારેક સારું સારું ખાવાનું મન થઇ જતું, તો કયારેક નવા નવા રમકડા રમવાનું એને મન થઇ જતું, પણ આ બધું માતા લાવે ક્યાંથી? રમીલા ખૂબ હઠ કરતી ત્યારે માતા ક્રોધના આવેશમાં આવી એને ખૂબ માર મારતી ને કહેતી કે હવે ભાઇને ઘેર આપણે જવાનું નથી તો પણ એ તો દોડીને જતી ત્યારે ભાભી ધમકાવતી ને રડતી રડતી મા પાસે આવતી તો માતા પણ એને મારતી. આ જોઇને પ્રેમીલા રાજી થતી ને ઉપરથી રમેશને ખોટું મરચું ભભરાવીને કહેતી કે તમારી મા બધાને મોઢે મારું વાંકુ બોલે છે ને મને વગોવે છે. આમ કરવાથી એકબીજા વચ્ચે અંતર વધવા લાગ્યું અને એકબીજા સામું જોવાનું પણ બંધ થઇ ગયું.

માતાના સ્થાને આવેલી સાસુ :– રમેશના ઘરમાંથી રમેશની માતા ગઈ અને પ્રેમીલાની માતા પડીપાથરી રહેવા લાગી. સમય જતાં પ્રેમીલાએ પુત્રને જન્મ આપ્યો, રમેશે પુત્રજન્મની ખુશાલીમાં ઘેર ઘેર પેંડા વહેંચ્યા. માતાનેત્યાં પેંડાનું પેકેટ મોકલાવ્યું.

માતાને લેવાની બિલકુલ ઇચ્છા ન હતી પણ વિચાર કર્યો કે મારા દીકરાને ઘેર દીકરો આવ્યો છે ને આવનાર દીકરાએ મારું શું બગાડયું છે ? પેંડાનું પેકેટ રાખી લીધું. રમેશનો બાબો ખૂબ નબળો હતો. એને ઉંચકતા પણ ડર લાગે એવો હતો. મોટી ઉંમરની બહેનો બાબાને રમાડવા આવી એટલે પ્રેમીલાની માતાએ પૂછયું કે આ બાબો ખૂબ નબળો છે. એનું શરીર કેવી રીતે મજબૂત બનશે ? આ વખતે રમેશ પણ હાજર હતો. આવનાર બહેનોને રમેશની માતા પ્રત્યે ખૂબ લાગણી હતી. એનું દુઃખ જોયું જતું ન હતું એટલે લાગ જોઈને બોલી કે આનો બાપ પણ નાનો હતો ત્યારે આવો જ હતો. એની માએ એને રૂના પોલમાં ઉછેર્યો હતો એને સાજો કરવા માટે એની માતા ઠેર ઠેર કાવડની જેમ લઇને ફરી છે. કેટલાં વાના કર્યા ત્યારે આ એક દીકરો મોટો કર્યો છે. એની માએ તો એને કંઈ લાડ લડાવ્યાં છે ! દુઃખમાં પણ એણે દીકરાને દુભવ્યો નથી. આ શબ્દો રમેશે સાંભળ્યા. એના હૃદયમાં આંચકો આવ્યો. એને એનું બાલપણ પ્રત્યક્ષ દેખાવા લાગ્યું. અહો....હું કેવો અધમ દુઃખ વેઠીને મને ઉછેરનારી માતા ઘડપણમાં માંડ માંડ કામ કરે છે ને એક નોકરડી કરતાં પણ બુરી હાલતમાં દિવસો વીતાવે છે. આ વિચાર એના મગજમાં ઘૂમવા લાગ્યો. ઘેરથી પેઢી ઉપર ગયો પણ એનું મન કામકાજમાં ન લાગ્યું. સાંજ પડી ને ઘેર આવીને સૂઈ ગયો, પણ ઉંઘ આવતી નથી. એક પછી એક બાલપણનાં પ્રસંગો તેને યાદ આવવા લાગ્યા.

"ભાઇને રાખડી બાંધવાની હઠ કરતી બહેન":- બીજે દિવસે રક્ષાબંધનનો દિવસ હતો, બધી છોકરીઓ એમના ભાઈ ને બાંધવા માટે રાખડી લેવા ગઇ, ત્યારે રમીલા કહે છે બા ! મારે પણ મારા ભાઈને રાખડી બાંધવી છે, માતા કહે છે–આપણે રાખડી બાંધવા જવું નથી પણ આ તો સમજી નહિ ને રાખડી લઇ આવી. સવારના પ્રહરમાં કંકુ–ચોખા–નાડાછડી બધું લઈને ભાઈ ને રાખડી બાંધવા માટે ગઇ. બારણું ખખડાવ્યું પણ ભાભીએ ખોલ્યું નહિ એટલે પેલા કંકુ–ચોખા ને નાડાછડી બધું ઓટલે મૂકીને રમીલા માતા પાસે આવીને કહે છે બા! ભાભી બારણું ખોલતા જ નથી. મેં તો તને ના જ પાડી હતી શા માટે ગઈ ? આ તરફ પ્રેમીલાએ થોડી વાર પછી બારણું ખોલ્યું તો ઓટલે કંકુ, ચોખા ને નાડાછડી પડેલા જોઇને એની માતાને કહે બા ! જો તો ખરી, આપણાં ઓટલે આ બધું કોણે મૂક્યું હશે ! એની મા કહે છે બીજું કોઇ નહિ બેટા ! તારી સાસુ તારા છોકરાને સાજો નહિ થવા દેવા માટે અને તમને સુખી નહિ થવા દેવા માટે આ કામણટુમણ કરે છે. પ્રેમીલાની માતા રમેશની માતા પાસે જઇને કહેવા લાગી કે મારી દીકરીને ઘેર દીકરો આવ્યો તે તમારાથી સહન થતું નથી તેથી આવા કામણટુમણ કરો છો ? આવા ધંધા કરશો તો આ ઓરડીમાં પણ નહિ રહેવાય. આ શબ્દો સાંભળીને માતાને ખૂબ ક્રોધ આવ્યો.

બેટા ! તારે ભાઇ જ ક્યાં છે ? એમ બોલતી માતા :– માતા રમીલાને કહે છે તને રાખડી બાંધવાના કેટલા કોડ છે ! તું ચોખા મૂકી આવી તેનું આ પરિણામ આવ્યું. હવે જઈશ નહિ, પણ રમીલા હઠ છોડતી નથી હું તો હમણાં ભાઇને રાખડી બાંધવા જઈશ, તેથી માતાનો ક્રોધ હદ વટાવી ગયો ને લાકડીએ ને લાકડીએ રમીલાને મારવા લાગી, અને બોલવા લાગી કે તારે ભાઈ છે જ ક્યાં કે તારે રાખડી બાંધવા જવું છે ? એમ કહેતી જાય ને મારતી જાય છે એટલે રમીલા ખૂબ ચીસો પાડીને રડવા લાગી, તેથી એનો ભાઇ જાગી ગયો ને વિચારે છે કે અત્યારના પ્રહરમાં આટલું બધું કોણ રડે છે ? તેમ વિચાર કરીને જ્યાં બારીએથી જુએ છે તો પોતાની માતા નાનકડી રમીલાને સોટીએ ને સોટીએ મારે છે ને કહે છે કે તારે ભાઈ ક્યાં છે તે તારે રાખડી બાંધવા જવું છે ! બોલ હવે જવું છે ? રમીલા કહે છે ના, હવે નહિ જાઉં. તું મને મારીશ નહિ. બીજી તરફ સાસુજી લટકો કરતાં કહે છે જમાઇરાજ ! સાત બોટનો દીકરો ઘેર આવ્યો છે પણ આ તમારી મા ક્યાં સુખ પડવા દે છે ! કુલ જેવા દીકરાને કામણટુમણ કરે છે ને પછી સતી થઇને અત્યારના પ્રહરમાં છોકરીને મારે છે. એના જેવા કામણટુમણ કરનાર કોઇ નથી.

"છેવટે રમેશનો હૃદય પલ્ટો" :– રમેશ વિચારમાં પડી ગયો કે એક બાજુ બહેન રાખડી બાંધવા માટે હઠ કરે છે ને આ કહે છે તમારી મા કામણટુમણ કરે છે. ના....ના....મારી માતા એવી નથી. એ તો પવિત્રતાની મૂર્તિ છે. એનું હૃદય ભરાઈ ગયું. પોતાની માતા ઉપર સાસુ જે આક્ષેપ આપી રહ્યા છે તે, તે સહન કરી શકયો નહિ. તરત જ ઝડપભેર દાદરો ઉતરીને માતા પાસે પહોંચ્યો ને હાથમાંથી સોટી ઝુંટવી લઇને દૂર ફેંકી દીધી ને રડતી કકળતી બહેનને ઉંચકી લીધી ને પૂછયું–બહેન ! કેમ રડે છે ? તને શું થયું છે ? મોટાભાઈનો સ્નેહ જોઇને તે ભાન ભૂલી ગઈ ને તેને વધારે રડવું આવ્યું. એને બોલવાનું ભાન ન રહ્યું એટલે તે જેમ તેમ બોલી." હવે કોઇ દિવસ એવું નહિ કરું". આજનો દિવસ મને જવા દો. રમેશે પૂછયું પણ બહેન ! તેં એવું શું કર્યું છે તે તો કહે. ભાઇ ! બધી છોકરીઓ એમના ભાઈને માટે રાખડી લેતી હતી તેથી હું પણ લઈ આવી. તને બાંધવા આવતી હતી પણ બાએ ગુસ્સાથી મને કહ્યું કે બધી છોકરીઓને તો ભાઈ છે. એ અભાગણી ! તારે ક્યાં ભાઇ છે તે તું રાખડી બાંધવા જાય છે ? તારો ભાઇ હોય તો મારી આ દશા હોય ? આ સાંભળી રમેશની આંખમાં દડદડ આંસુ વહેવા લાગ્યા અને રૂંધાયેલા કંઠે બોલ્યો. બહેન રમીલા ! ગમે તેવો ખરાબ પણ તારે ભાઇ તો છે. તું આજે રક્ષાબંધનને દિવસે એને એવા આશિષ આપ કે ભગવાન ! એને માફ કરે અને લે બહેન તું મને રાખડી બાંધ. રમીલાએ પ્રેમથી ભાઇને રાખડી બાંધી પછી રમેશ માતાના ચરણમાં પડયો ને કહ્યું. હે માતા ! આ તારા દુષ્ટ દીકરાને માફ કર. મેં પાપીએ તને

દુઃખ દેવામાં બાકી રાખ્યું નથી. માતાના હૃદયમાંથી સંતાનો પ્રત્યે સદવાત્સલ્યના વહેણ વહેતા હોય છે. માતાએ દીકરાને છાતી સમો ચાંપી દીધો.

પ્રેમીલા અને તેની માતા આ દૃશ્ય જોઇ જ રહ્યા. રમેશ માતા અને બહેનને લઇને ઘેર આવ્યો ને પ્રેમીલાને કહી દીધું કે આજથી તારી માતા જેવી મારી માતાને ગણવી હોય ને તારી બહેન જેવી મારી બહેનને ગણવી હોય તો આ ઘરમાં રહો. નહિતર આ તમારી માતા સાથે પિયર પધારો. હવે પ્રેમીલા શું બોલે ? રક્ષાબંધનના તાંતણાથી બંધાયેલા એ માતા-પુત્ર અને ભગિનીના છિન્નભિન્ન બનેલા સંસારમાં તે દિવસે સુખની ભરતી આવી ને સૌ આનંદથી રહેવા લાગ્યા, છેવટે રક્ષાબંધને વૈરના બંધન તોડાવ્યા ને પ્રેમના બંધન કરાવ્યા.

બંધુઓ ! રક્ષાબંધનના વિષયમાં ઘણી કહાનીઓ પ્રચલિત છે, પણ કહેવાનો ટાઈમ નથી, પણ રાખડી બાંધીને બહેનને સાડી આપી દેવાથી પતી જતું નથી પણ બહેન રાખડી બાંધીને કહે છે વીરા ! હું દુઃખમાં હોઉં ત્યારે મારી રક્ષા કરજે. તું મારી વહારે આવજે, જાહલ સૂમાના હાથમાં સપડાઇ ત્યારે રા'નવઘણ તેની વહારે ગયો હતો. એનું નામ સાચી રક્ષાબંધન છે. આજથી જે ભાઈઓ બહેનોને ન બોલાવતો હોય તે જુના વૈરઝેર ભૂલી જઈને બહેનને બોલાવજો. જેમ રમેશે માતાને અને બહેનને પોતાને ઘેર બોલાવ્યા ને પ્રેમથી રાખ્યા તેમ તમે પણ અણબોલા હોય તેને તોડીને પરસ્પર ક્ષમાયાચના કરી પ્રેમ સંપાદન કરજો. સમય થઈ ગયો છે વધુ ભાવ અવસરે.

●

વ્યાખ્યાન નં. ૩૪

શ્રાવણ વદ ૧ ને શનિવાર તા. ૧૯-૮-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના કલ્યાણ માટે જે વાણી પ્રરૂપી છે તેનું નામ સિદ્ધાંત. આ પંચમકાળમાં એકવીસ હજાર વર્ષ સુધી ભગવાન મહાવીર સ્વામીનું શાસન ઝળહળતું રહેવાનું છે. વીતરાગ પ્રભુની વાણીનો અમૂલ્ય સંદેશ પાંચમા આરાના અંત સુધી રહેશે. શાસન ચલાવવા માટે જો કોઈ મુખ્ય આધારભૂત હોય તો તે વીતરાગ પ્રભુની વાણી (આગમ) છે. આગમના સહારે સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘ ટકી શકે છે, શાસ્ત્રના આધારે સાધુ-સાધ્વીઓ જિનશાસનને વફાદાર રહી શકે છે, અને બીજા જીવોને પ્રેરણા આપી શકે છે. તીર્થંકર પ્રભુ કેવળજ્ઞાન થયા પછી ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. ચતુર્વિધ સંઘ એને તીર્થ કહેવાય છે. તીર્થ કોને કહેવાય ? જેનાથી તરાય એ તીર્થ કહેવાય. આ તીર્થમાં દાખલ કોણ થઇ શકે એ જાણો છો ? તીર્થમાં દાખલ થવા માટે લવાજમ ભરવું પડશે.

મહાન સંઘનો સભ્ય કોણ બની શકે ? સંઘે જે લવાજમ નક્કી કર્યું હોય તે ભરે તો સંઘનો સભ્ય બની શકે. કેમ બરાબર ને ? પછી સંઘની બધી પ્રવૃત્તિનો હકદાર બને ને ?

તે રીતે ચતુર્વિધ સંઘની બે સંસ્થાઓ છે. એક આગાર ધર્મ અને બીજો અણગાર ધર્મ. આગાર ધર્મમાં થોડી છૂટ હોવાથી પાપ કરવાનું સર્વથા બંધ થતું નથી જ્યારે અણગાર ધર્મમાં સર્વથા પાપ બંધ છે. આગાર ધર્મમાં પ્રવેશેલા સાચા શ્રાવકના દિલમાં પાપ પ્રત્યેની ઘણા હોય છે. એનું હૃદય પાપકર્મ કરતાં ડંખે છે. મારાથી જેમ બને તેમ પાપ કેમ ઓછા થાય તે તરફનું એનું લક્ષ હોય છે. આવો આત્મા સંસારમાં રહેલો હોવા છતાં તેને સંસાર સળગતો દાવાનળ જેવો લાગે અને સંયમ માર્ગ એરકંડીશન જેવો શીતળ લાગે. એને સંસાર દુઃખમય અને ત્રાસદાયક લાગે છે, એટલે સંસારથી છૂટવા માટે તીર્થમાં દાખલ થાય છે. જેને આવી ભાવના નથી તે આ ચતુર્વિધ સંઘનો સાચો મેમ્બર બની શકતો નથી. માત્ર દેખાવ પૂરતો જ મેમ્બર છે. આવા આત્માને સાધુ-સાધ્વી અગર કોઈ તત્ત્વનો જાણકાર શ્રાવક પૂછે કે ભાઈ! આગાર ધર્મ એટલે શું ? અને અણગાર ધર્મ એટલે શું ? તેની ખબર છે? ધર્મ કોને કહેવાય ને અધર્મ કોને કહેવાય તે જાણે છે ? છકાયના બોલ અને નવતત્ત્વના સ્વરૂપને જાણે છે ? ત્યારે એ કંઈ જવાબ નથી આપતો. મૌન રહે છે. જ્ઞાની પુરૂષોને આવા જીવોની દયા આવે છે. એમની દૃષ્ટિએ આવા જીવો પામર અને રંક છે. મનુષ્યની પાસે ગમે તેટલું ધન હોય પણ જો એની પાસે આત્મિક જ્ઞાન ન હોય તો તે આત્માની દૃષ્ટિએ ગરીબ છે. જેને પોતાના સ્વરૂપનું ભાન નથી, પોતાના આંતર વૈભવનું જેને જ્ઞાન નથી, સ્વ પરનો વિવેક નથી એવા જીવો ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. આ ઉપરથી તમે પણ સમજી લેજો કે મારો નંબર ભગવાનના તીર્થમાં છે કે નહિ ?

બંધુઓ ! ભગવંતોએ ભવ્ય જીવોને સંસારથી તરવા માટે આગાર ધર્મ અને અણગાર ધર્મનો ઉપદેશ આપ્યો છે. જીવો પોતપોતાની યોગ્યતા પ્રમાણે તે ઉપદેશને ગ્રહણ કરે છે, તેથી ક્રમશઃ જીવને મોક્ષની પ્રાપ્તિ થાય છે. સાધુ-સાધ્વીને તો નવ કોટીએ પાપ ન કરવાના પચ્ચખાણ હોય છે. સાધુ જીવનમાં ગમે તેવું કષ્ટ આવે તો પણ સંતો એમના નિયમથી કદી વિચલિત થતાં નથી. કહ્યું છે કે—

युगान्ते प्रचलदे मेरु, कल्पान्ते सप्त सागराः, ।
साधवः प्रतिभार्याद, न चलन्ति कदाचनः ॥

કદાચિત યુગના અંતમાં મેરૂ પર્વત અને કલ્પના અંતમાં સાત સમુદ્રો ચાલ્યા જાય તો પણ આત્માર્થી સાધુપુરૂષો પોતે સ્વીકારેલા સિદ્ધાંતોથી બિલકુલ ચલાયમાન થતાં નથી. એ પોતાના નિયમોમાં અડગ રહે છે. અહિંસા, સત્ય, અદત્તાદાન, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોનું વીતરાગી સંતો પોતાના પ્રાણ સાટે પાલન કરે છે. સંતને દાંત

ખોતરવાની સળી જોઇતી હોય તો તે પણ ગૃહસ્થની આજ્ઞા વિના ન લઈ શકે. સાધુઓના આચારનું વર્ણન આચારાંગમાં ખૂબ સુંદર સમજાવ્યું છે. મૂળ વાત ચતુર્વિધ સંઘમાં તમારે નામ નોંધાવવું હોય તો દેશથી કે સર્વથી વ્રત પચ્ચખાણરૂપી લવાજમ ભરવું જ પડશે. તે સિવાય તમે આ ચતુર્વિધ સંઘના મેમ્બર કે સભ્ય નહિ બની શકો. તીર્થમાં દાખલ નહિ થઈ શકો, શ્રાવક કુળમાં જન્મ લેવા માત્રથી શ્રાવક બની જવાતું નથી અને સાધુપણાનો વેશ પહેરી લેવા માત્રથી સાધુ બની જવાતું નથી. સાધુએ નવ કોટીએ સર્વથા પાપ નહિ કરવાના પચ્ચખાણ લેવાના હોય છે અને શ્રાવકને શક્તિ પ્રમાણે પચ્ચખાણ કરવાના હોય છે. જેમ ખેડૂત ખેતર ખેડે પણ બીજ ન વાવે તો પાક થતો નથી તેમ તમને બધી સામગ્રી મળવા છતાં જો વ્રત-પચ્ચખાણ નહિ કરો તો જીવનમાં વિરતિના વાવેતર થશે નહિ, અને સમ્યક્ત્વ રૂપ બોધિબીજની પ્રાપ્તિ થશે નહિ.

આપણા મહાવીરપ્રભુનું શાસન ખૂબ વિશાળ છે. એમના સંઘરૂપી તીર્થમાં પ્રવેશ કરવાનો સહુને સરખો અધિકાર છે. ચાહે બ્રાહ્મણ હોય, ક્ષત્રિય હોય, વૈશ્ય હોય કે હરિજન હોય, કોઈને અહીં રૂકાવટ નથી. સૌનો સરખો હક્ક છે. રાજાના નોકરે પહેલાં દીક્ષા લીધી હોય અને રાજા પછી દીક્ષા લે તો રાજાને નોકરના ચરણમાં નમવું પડે છે. તમે સાધુ ન બની શકો તો શ્રાવક તો અવશ્ય બનો. જે બાર વ્રત અંગીકાર કરે, કાંદા કંદમૂળનો ત્યાગ કરે, રાત્રીભોજનનો ત્યાગ કરે, સામાયિક પ્રતિક્રમણ કરે, અભક્ષ્ય ચીજોનો ત્યાગ કરે, મર્યાદિત બ્રહ્મચર્યનું પાલન કરે તે આ ચતુર્વિધ સંઘના સભ્ય બની શકે છે. આવા નાના મોટા વ્રત પચ્ચખાણ દ્વારા માનવી ધીમે ધીમે વૃત્તિઓ ઉપર વિજય મેળવે છે ને તેના જીવનમાં સંતોષ આવે છે. સંતોષી જીવડો સુખમાં ને દુઃખમાં સમભાવ રાખે છે. તેને પાપરૂપી સંસાર ખટકે છે ને તે વિચારે છે કે હું કયારે આ સંસારમાંથી છૂટું ! આવી ભાવનાવાળા જીવોને ગમે તેટલું ધન મળે તો પણ તેને ભેગું કરવાની ઇચ્છા થતી નથી.

એક ગામમાં ધર્મની દૃઢ શ્રદ્ધાવાળા શ્રાવક અને શ્રાવિકા રહેતા હતા. કર્મોદયે ખૂબ ગરીબ હતા પણ તેમનો આત્મા અમીર હતો. વ્રત-નિયમ તે તો તેમનું જીવન હતું. એક દિવસ તેઓ બંને જમવા માટે બેઠા. ઘરમાં એક તોલા જેટલું ઘી હતું તે સાચવીને રાખી મૂકયું હતું. પોતે બંને માણસ લૂખી રોટલી ખાતા હતાં. એટલામાં એક ભૂખ્યો કૂતરો ત્યાં આવીને એમના ભાણામાંથી રોટલી લઈ ગયો. બાઈ કૂતરા પાછળ થોડા ઘીની વાટકી હતી તે લઈને દોડી. જ્યાં કૂતરું રોટલા ખાય છે ત્યાં જઈને ઘી ચોપડી આપ્યું. બોલો તો ખરા, તમારા ભાણામાંથી કૂતરો રોટલી લઈ જાય તો તમે લાકડીનો દંડો લઈને મારવા દોડો કે ઘી ચોપડો ? અહીં ગરીબીમાં પણ આ દંપતીની કેટલી અમીરી છે !

કૂતરાને સંજ્ઞા હોય છે, કૂતરો વિચાર કરવા લાગ્યો કે હું બીજા લોકોને ઘેર જાઉં છું ત્યાં તો મને દંડાનો માર પડે છે. હાકોટા કરીને મને કાઢી મૂકે છે ત્યારે આ તો

પોતે લૂખી રોટલી ખાય અને મને ઘીથી ચોપડીને રોટલી ખવડાવે છે. આથી કૂતરાએ વિચાર્યું કે હવે મારે બીજે ક્યાંય જવું નથી. અહીં જ રહેવું છે. કૂતરો ત્યાં રહ્યો તો ખરો પણ શ્રાવક જે ક્રિયા કરે તે બધી કરતાં શીખી ગયો. બંને માણસ સામાયિક કરે, પ્રતિક્રમણ કરે, નવકારમંત્રનો જાપ કરે ત્યારે કૂતરો પણ એમની સામે આવીને બેસી જતો ને બધું એકચિત્તે સાંભળતો. આ જોઈને આ બંને માણસો વિચાર કરવા લાગ્યા કે આ કૂતરો કોઈ હળુકર્મી જીવ લાગે છે. એમને બંનેને પોતાના પેટના દીકરા જેવો વહાલો થઈ ગયો. એનું નામ મોતીયો પાડયું. જ્યારે કૂતરાને બોલાવે ત્યારે મોતી....મોતી કહીને પ્રેમથી બોલાવતા હતા. એમનો અવાજ સાંભળીને મોતી દોડતો આવે.

દેવાનુપ્રિયો ! કૂતરા જેવા તિર્યંચ પ્રાણીમાં પણ કેટલી કૃતજ્ઞતા છે કે એ જેના ઘરનું રોટલાનું બટકું ખાય છે તેનો બદલો વાળ્યા વિના રહેતો નથી. એક દિવસ આ કૂતરો પગ વડે જમીન ખોદતો હતો. ત્યાં પગ સાથે કંઈક અથડાયું એટલે એના મનમાં થયું કે આ જમીનમાં કંઈક છે. એટલે મોતી દોડતો એના માલીક પાસે આવ્યો ને એના પોતીયાનો છેડો મોઢામાં પકડીને ત્યાં લાવ્યો ને ઇશારો કર્યો. આથી શ્રાવકે તેમાં હાથ નાંખીને જોયું તો સોનામહોરોથી ભરેલો એક ચરૂ જોયો. શેઠે ચરૂ બહાર કાઢયો. શ્રાવક ચરૂ લઈને ઘરમાં આવ્યો, એની પત્નીને ચરૂ બતાવ્યો. તે જોઈને શેઠાણી આનંદ પામ્યા. જ્યાં એક સોનામહોરના સાંસા હોય ત્યાં સોનામહોરોથી ભરેલો ચરૂ મળે તો કેટલો આનંદ થાય ! સોનામહોરો જોઈને આનંદ થયો પણ બંને સંતોષી જીવડા હતા. જરૂર જેટલી રાખી બીજી બધી સ્વધર્મી, ગરીબોમાં અને વિદ્યાલયોમાં વિગેરેમાં વાપરી નાંખી પણ સંગ્રહ ન કર્યો. ધન્ય છે આ આત્માઓને કે ગરીબાઈમાં પણ આટલી મમતા છોડી ! અરે....તમને ચરૂ મળી જાય તો શું કરો ? દેવાનુપ્રિયો ! બોલો તો ખરા. તમે નહિ બોલો, પાકા વણિક છો. તમે તો કોઈને બતાવો પણ નહિ ને કહો પણ નહિ. એની બરાબર વ્યવસ્થા કરીને ઠેકાણે મૂકી દો, એવા હોંશિયાર છો. ગરીબ માણસ આવું દાન કરે તેથી ઘણાને વિચાર થયો કે આ શું ! તેમાં જે પાકા અને ઇર્ષ્યાળુ હતા તેમણે બધી વાત જાણી લીધી. ભલા માણસ કોઇનો અવિશ્વાસ રાખતા નથી.

હવે બન્યું કે પાડોશણે કહ્યું–બહેન ! મને તારો મોતીયો બહુ ગમે છે. બે દિવસ માટે તું એને મારે ઘેર રાખવા આપ ને ! આણે કહ્યું–ભલે બહેન. બે દિવસ તમારે ઘેર રહેશે. એમ કહીને મોતીને પાડોશણને સોંપ્યો. પાડોશણે તો સોનામહોરોની લાલચે કૂતરાને રાખ્યો હતો, તેથી એ રાહ જોયા કરતી કે કયારે મોતી જમીન ખોદે ને મને સોનામહોરોથી ભરેલો ચરૂ મળે ! (હસાહસ) રહેજો કૂતરાએ બેસવા માટે જમીન ખોદી તેથી પાડોશણ બાઈ સમજી મોતી આ ખોદે છે ને મને બોલાવે છે. એ તો હર્ષભેર દોડતી ગઈ અને જોયું તો ખાડામાં માટી છે. સોનામહોર ન નીકળવાથી બાઈએ ક્રોધ કરીને કૂતરાને

માથામાં લાકડીઓ મારી. આથી કૂતરાના પ્રાણ ચાલ્યા ગયા, પણ મરતી વખતે ધર્મ પામેલા કૂતરાએ નવકારમંત્રનું શરણું અંગીકાર કર્યું. ક્રોધ ન કર્યો. તેથી તે મરીને દેવ થયો. મારનાર ભાઈએ કૂતરાને છાનોમાનો દાટી દીધો. બે દિવસ થયા છતાં મોતી ન આવ્યો તેથી ભાઈ કહે કે મારો કૂતરો કયાં ગયો ? ભાઇ ખોટું બોલી કે તે તો ભાગી ગયો છે. આથી ભાઇ 'મારો મોતી મારો મોતી' કરીને ઝૂર્યા કરે છે.

મોતી મરીને દેવ થયો છે. એણે તે વખતે ઉપયોગ મૂકીને જોયું તો ભાઈ ઝૂરે છે. એટલે પોતાના માલિકને સ્વપ્નમાં કહ્યું કે તમારા મોતીને પાડોશીએ મારી નાંખ્યો છે ને એ મરીને આઠમા દેવલોકમાં દેવ થયો છે. ત્યારે માલિકે કહ્યું એની ખાત્રી શું ? દેવ કહે કે તમે ફલાણી જગ્યાએ જાવ અને આ લાકડું કાપી તેની આંડણી બનાવો. પછી તેમાં ડાંગર આંડો. જેટલી ડાંગર નાંખશો તેટલા ચોખા સોનાના થશે. પછી આ ભાઇએ તેમ કર્યું તો ચોખા સોનાના થયા. આથી દરરોજ ચોખા સોનાના કરે ને ગરીબોને આપે. તેથી પાછી પાડોશણે બધી વાત પૂછી લીધી. ભોળી બાઇએ બધું કહ્યું તેથી પાડોશણે આંડણી માંગી ને ડાંગર નાંખીને આંડવા લાગી પણ ચોખા સોનાના ન બન્યા તેથી ગુસ્સે થઈને તેણે આંડણી બાળી નાંખી, અને ઉપર જતાં એમ કહ્યું કે મેં તમોને આંડણી આપી દીધી છે આથી બંને માણસ આપ્યા બદલ ખૂબ પસ્તાવો કરે છે. તેથી ઉપકારીનો ઉપકાર માની દેવ પાછો સ્વપ્નામાં કહે છે તમારા આંગણામાં જે રાખ પડી છે તે આંડણીની છે. તો તે રાખ તમે રાજાના સૂકાઇ ગયેલા બગીચામાં નાંખી આવો, તેથી બગીચો લીલોછમ બની જશે. રાજાની જાહેરાત છે કે જે બગીચો લીલોછમ બનાવી આપે તેને ઈનામ આપીશ. તો તમે રાજાને વાત કરીને પછી રાખ નાંખજો.

આ બંને જણાં રાજા પાસે જઈને કહે છે કે સાહેબ ! અમે આપનો સૂકાઇ ગયેલો બગીચો નવપલ્લવિત બનાવી આપીશું. રાજાએ કહ્યું-ભલે. તેથી તેમણે બગીચામાં જઈને થોડી થોડી રાખ આખા બગીચામાં નાંખી એટલે બગીચો હતો તેના કરતાં પણ સુંદર નંદનવન જેવો બની ગયો. રાજા ખૂબ ખુશ થયા ને માન સન્માન સાથે બોલાવીને ઇનામ આપ્યું. આથી પડોશીની ઈર્ષ્યાની આગ ભભૂકી ઉઠી, ને પૂછયું કે તમે રાજાનો બગીચો કેવી રીતે નવપલ્લવિત બનાવ્યો ? ભોળીબાઇએ સાચી વાત કરી. તેથી પાડોશી બાઇએ આંગણામાં જે થોડી રાખ ધૂળ ભેગી ભળી ગઇ હતી તે બધી ભેગી કરી પોટલું બાંધી રાજા પાસે આવી અને કહે સાહેબ ! હું આપનો બગીચો આનાથી પણ વધારે સુંદર બનાવી શકું તેમ છું. રાજા કહે તો બનાવો. હું જોઉં. બાઇએ ધૂળ મિશ્ર રાખ બગીચામાં નાંખી પણ બગીચામાં કોઇ નવીનતા આવી નહિ, એટલે રાજાએ ગુસ્સે થઈને તેને જેલમાં પૂરી દીધી.

ભલા દંપતિને ખબર પડી કે પાડોશીને રાજાએ જેલમાં પૂર્યા છે એટલે દોડતા રાજા પાસે આવ્યા ને રાજાને ખૂબ આજીજી કરીને તેને છોડાવ્યા. પાડોશીએ ત્રણ ત્રણ વખત

એના ઉપર ઇર્ષ્યા કરી છતાં સજ્જને સજ્જનતા ન છોડી. કહેવાય છે ને કે ચંદનને ઘસો તો પણ સુગંધ આપે ને બાળો તો પણ સુગંધ આપે તેમ આવા પવિત્ર માણસોને કોઇ ગમે તેટલું કષ્ટ આપે છતાં તે પોતાની સજ્જનતા છોડતા નથી. એમનું પુણ્ય ચઢીયાતું હોવાથી પાડોશી જેમ જેમ ઇર્ષ્યા કરતો ગયો તેમ તેમ એ સુખી બનતો ગયો. ઘણી વખત તેઓ મોતીને યાદ કરીને રહતા. એક વખત દેવ મોતીના અસલ રૂપમાં એના માલિક પાસે આવ્યો. એટલે બંને જણાએ એને બાથમાં લઇ લીધો. અરે....મોતી ! તું અમને મૂકીને કયાં ચાલ્યો ગયો ? અમને તો તારા વિના ક્ષણવાર ગમતું નથી, ત્યારે મોતીએ કહ્યું–બા બાપુજી ! હું તો તમારા પ્રતાપે આઠમા દેવલોકમાં દેવ થયો છું. એમ કહીને પોતાનું દિવ્ય દેવનું રૂપ પ્રગટ કર્યું. આ જોઈ બંને માણસો ખુશ થયા ને દેવ પોતાના સ્થાનકે ચાલ્યો ગયો. બંને માણસો વિચાર કરવા લાગ્યા કે એક તિર્યંચ પ્રાણી પણ નવકારમંત્ર સાંભળીને શીખી ગયો અને મરતી વખતે શુદ્ધ ભાવથી શ્રદ્ધાપૂર્વક સ્મરણ કર્યું તો આઠમા દેવલોકમાં આવો મહર્ધિક દેવ બન્યો. તો જે મનુષ્ય સમજણપૂર્વક હૃદયના ભાવથી ધર્મારાધના કરે એને તો કેવો મહાન લાભ થાય ! એનો બેડો પાર થઇ જાય છે અને જે બીજાનું સુખ જોઈને ઇર્ષ્યા કરે છે તે આ ભવમાં ને પરભવમાં દુઃખી થાય છે. માટે કોઇના દુઃખમાં સહાયક બની શકાય તો બનજો પણ કોઇના સુખ જોઇને તેને તોડી પાડવાના કામ ન કરશો.

અનંગકુમારની સ્મશાનયાત્રા જોતાં અપરાજિત રાજાને આવેલો વૈરાગ્ય : આપણે નેમનાથ ભગવાનના પૂર્વભવની વાત ચાલે છે. અનંગકુમારની સ્મશાનયાત્રા જતાં જોઇને અપરાજિત રાજાએ પોતાના સેવકોને પૂછ્યું કે આ કોણ મરી ગયું છે કે લોકો એની પાછળ આટલા બધા રડે છે ? ત્યારે સેવકોએ કહ્યું–મહારાજા ! ગઈ કાલે આપે બગીચામાં ઇન્દ્ર જેવા સૌંદર્યવાન અનંગકુમારને ક્રીડા કરતો જોયો હતો તે એકાએક મરણ પામ્યો છે. રાજાએ પૂછ્યું કાલે તો કલૈયાકુંવર જેવો આનંદ કિલ્લોલ કરતો હતો ને આજે એને શું થઇ ગયું ? ત્યારે કોઈએ કહ્યું કે ગઈ કાલે બગીચામાં આખો દિવસ આનંદ કરીને સાંજે ઘેર આવ્યા ત્યાં જમતાં કંઈક ખાવામાં આવી ગયું ને જમતાં જ એને ઉલ્ટીઓ ઉપર ઉલ્ટીઓ થવા લાગી. છેવટે લોહીની ઉલ્ટીઓ થઇને આખું શરીર લીલું કાચ જેવું થઈ ગયું. એને માટે મોટા ડોકટરો અને વૈદ્યોને બોલાવ્યા પણ કોઇ ઈલાજ કામ આવ્યો નહિ અને છેવટે અનંગદેવે પ્રાણ છોડ્યા. તેના શબને લઇને આ લોકો સ્મશાને જઈ રહ્યા છે. એ ગરીબોનો બેલી હતો. એણે દાન પુણ્ય કરતાં પાછું વાળીને જોયું નથી. એના જવાથી હજારો ગરીબોનો આશ્રય તૂટી ગયો તેથી આ લોકો રડે છે.

આ સાંભળીને અપરાજિત રાજાના મનમાં થયું કે અહો ! ગઈ કાલે તો મેં એને ઇન્દ્રની માફક ક્રીડા કરતો જોયો છે. કાલે એ ધરતી ધ્રુજાવતો હતો ને આજે આમ ચાલ્યો ગયો !

ખરેખર, જ્ઞાની પુરૂષોએ કહ્યું છે કે આ જીવન ક્ષણભંગુર છે. એક દિવસ આ રીતે મારા જીવનનો દિપક પણ બૂઝાઈ જશે તો હું આત્મસાધના નહિ કરી શકું. માટે મારે હવે સંસાર છોડીને સંયમ લેવો જોઈએ. હવે મારે સંસારમાં રહેવું નથી. અપરાજિત રાજાએ આવો વિચાર કર્યો અને વનપાલકે સમાચાર આપ્યાં કે ઉદ્યાનમાં કેવળી ભગવંત પધાર્યા છે. જુઓ, પુણ્યવાન પુરૂષોને કેવો યોગ મળી જાય છે ! તરત જ અપરાજિત રાજા પરિવાર સહિત કેવળી ભગવંતના દર્શન કરવા આવ્યા ને તેમની દેશના સાંભળી, અને પોતાના દીક્ષા લેવાના સંકલ્પને દૃઢ કરી પ્રીતિમતીના પુત્ર પદ્મકુમારને રાજ્ય સોંપી અપરાજિત રાજા કેવળી ભગવંત પાસે દીક્ષા લેવા તૈયાર થયા. તેમની પાછળ પ્રીતિમતી, વિમલબોધ મંત્રી તેમજ અપરાજિત રાજાના બે નાના ભાઇઓ સોમ અને સૂર વિગેરેએ દીક્ષા લીધી. તેઓ બધા ઉચ્ચ ચારિત્રનું પાલન કરી અંતિમ સમયે સંથારો કરી અગિયારમા આરણ નામના દેવલોકમાં દેવ થયા. અપરાજિત રાજાનો આ પાંચમો ભવ અને દેવલોકમાં ગયા તે છઠ્ઠો ભવ થયો. હવે છઠ્ઠો દેવનો ભવ પૂર્ણ કરીને તેઓ કયાં જન્મે છે તે વાત હવે જોઇએ.

નેમનાથનો સાતમો ભવ :- જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં કુરૂ નામના દેશમાં હસ્તનાપુર નામનું વિશાળ નગર હતું. ત્યાં શ્રીષેણ નામના મહાન પ્રતાપી રાજા રાજ્ય કરતા હતા. તેમનું રૂપ ચંદ્ર જેવું તેજસ્વી હતું. એ રાજાને શ્રીમતી નામે પવિત્ર રાણી હતી. તે જાણે ચંદ્રની ચાંદની ન હોય તેમ ચમકતી હતી. રાજા અને રાણી ચંદ્ર અને ચાંદનીની જેમ શોભતા હતાં. એક વખત રાણી પલંગમાં સૂતા હતા. રાત્રિના પાછલા પ્રહરે કંઈક ઉંઘતા ને કંઈક જાગતા હતા. તે સમયે મહારાણીને એક સ્વપ્ન આવ્યું કે આકાશ-માંથી ચંદ્રમા જાણે નીચે ઉતરે છે અને નીચે ઉતરીને પોતાના મુખમાં પેસી ગયો. મહારાણી ધીર-વીર ને ગંભીર હતાં. એટલે એમને એમ ન થયું કે ચંદ્ર મારા મુખમાં પેસી ગયો ? ધીર ને વીર માતાઓ જ આવા સ્વપ્ના ધારણ કરી શકે છે. રાણીજી સ્વપ્ન જોઈને તરત જાગૃત થયા. ધર્મારાધના કરી ને સવાર પડતાં રાણીએ રાજા પાસે જઈને સ્વપ્નની વાત કરી. રાજાએ કહ્યું કે મહારાણી ! તમારું સ્વપ્ન ઉત્તમ છે. છતાં આપણે સ્વપ્નપાઠકને બોલાવીએ. રાજાએ સ્વપ્નપાઠકને બોલાવીને સ્વપ્નનું ફળ પૂછયું ત્યારે સ્વપ્નપાઠકે કહ્યું- મહારાજા ! આપના મહારાણીએ સ્વપ્નમાં ચંદ્ર આકાશમાંથી ઉતરીને તેમના મુખમાં પ્રવેશ કરતો જોયો છે. તેનું ફળ એ છે કે આકાશમાં પૂર્ણિમાના ચંદ્રનો ઉદય થતાં સર્વ પ્રકારના અંધકાર નષ્ટ થાય છે તેમ આપને ત્યાં શત્રુ રૂપી અંધકારનો નાશ કરનારો ચંદ્ર જેવો પરાક્રમી પુત્ર જન્મશે. આ સાંભળીને મહારાજા ખુશ થયા ને સ્વપ્નપાઠકને સારું ઈનામ આપીને વિદાય કર્યો. અગિયારમા આરણ નામે દેવલોકથી અપરાજિત કુમારનો જીવ ચવીને શ્રીમતી મહારાણીની કુક્ષીમાં આવીને ઉત્પન્ન થયો છે. રાણી ધર્મારાધના કરતાં ગર્ભનું પાલન કરે છે. હવે તેમને ત્યાં પુત્રનો જન્મ થશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- જિનસેના રાણી ધર્મ માટે પ્રાણ આપનારી છે. એને માથે કેવું સંકટ આવ્યું છે. છતાં ધર્મ માટે કેટલી અડગ રહી છે ! એણે એમ પણ વિચાર ન કર્યો કે અત્યારે હું ગર્ભવતી છું ને આ સ્થિતિમાં એકલી જંગલમાં કયાં જઈશ ? મારું શું થશે ? એણે એવી વિનંતી ન કરી કે મહારાજા ! પ્રસૂતિનો સમય જાય પછી મને વનવાસ આપજો. અત્યારે મને મહેલમાં રહેવા દો. એને તો પોતાનો ધર્મ સાચવવો છે ને પતિની આજ્ઞાનું પણ બરાબર પાલન કરવું છે. જિનસેના રાણી સંસારમાં હતી પણ એનું મન સંસારથી સદા ઉદ્વિગ્ન રહેતું હતું. એને સંસારના સુખ ડાંગરના ફોતરા જેવા લાગતા હતા. રાજાએ વનવગડામાં જવાનું કહ્યું ત્યારે વિચાર કર્યો કે અહો ! ભગવાન મને ધર્મારાધના વધુ કરવા માટે આ તક મળી છે તો હું શાંતિથી ધર્મધ્યાન કરીશ. જિનસેના રાણી ફાટલા તૂટલા કપડા પહેરીને મહેલમાંથી નીચે ઉતર્યા છે પણ પ્રજાજનો આડા ફૂટી ગયા છે. કોઈ આડા હાથ દઈને ઉભા રહ્યા એટલે રાણી જઈ શકતા નથી.

" રાણીને નહિ જવા દેવાની પ્રજાની વિનવણી " :- રાણીએ પ્રેમથી કહ્યું હે મારા પ્યારા પ્રજાજનો ! તમને બધાને મારા પ્રત્યે ખૂબ પ્રેમ છે, લાગણી છે એ હું સમજી શકું છું પણ હવે મને મારા પતિદેવની આજ્ઞાનું પાલન કરવા માટે જંગલમાં જવા દો. હું મારા ધર્મને ખાતર જંગલમાં જાઉં છું. મને શ્રદ્ધા છે કે મને આંચ આવવાની નથી. તમે મારી ચિંતા ન કરો ને મને જલ્દી જવા દો. પણ પ્રજાજનો જવા દેતા નથી. આ તરફ પ્રધાનોએ જયમંગલ રાજાને ખુબ સમજાવ્યા પણ કોઈ રીતે માન્યા નહિ ત્યારે પ્રધાને કહ્યું–મહારાજા ! આપ મહારાણીને રાખવા માંગતા નથી, પણ પછી પસ્તાવાનો પાર નહિ રહે. હજુ પણ અમારું કહ્યું માનો, પણ રાજા એકના બે ન થયા ત્યારે પ્રધાને કહ્યું–સાહેબ ! ભલે, તમે રાણી સાહેબને ન બોલાવશો પણ આ ગર્ભવતી અવસ્થામાં એમને વગડામાં ન મોકલો. જંગલમાં એમનું કોણ ? માટે જુદા મહેલમાં રાખો પણ વનવાસ ન આપો. પ્રધાન આદિએ ખૂબ સમજાવ્યા ત્યારે રાજાએ કહ્યું કે મને તો એ જિનસેના હવે દીઠી ગમતી નથી, પણ તમે બધા ખુબ કહો છો એટલે વનમાં નહિ મોકલું ને મારા મહેલમાં પણ નહિ રાખું. ભલે એમને રહેવું હોય તો બગીચામાં એક મહેલ છે ત્યાં જઈને રહે. પ્રધાને કહ્યું–ભલે, એ પ્રમાણે કરીશું પણ રાણીની સાથે એક દાસી મોકલજો ને એમને આજીવિકાનું સાધન પણ કરી આપજો.

" ગરીબ હાલતમાં મહારાણી રાજ્યમાંથી લેતા વિદાય " :- પ્રધાનો અને પ્રજાએ ખૂબ કહ્યું એટલે રાજાએ તેની મુખ્ય દાસી તેની સાથે મોકલી, જિનસેના રાણી ફાટલા તૂટલા કપડા પહેરીને એક ભિખારણ જેવી બનીને દાસીની સાથે ગામ બહાર બગીચામાં નાનકડા બંગલો છે ત્યાં જાય છે. આ જોઈને પ્રજાજનોની આંખમાં ચોધાર આંસુ વહેવા લાગ્યા. અહો કર્મરાજા ! તેં આ શું કર્યું ? કયાં એક વખત રાજમહેલમાં મહાલનારી અને તેં એની કેવી દશા કરી ! હે ભગવાન ! મહારાણીનું રક્ષણ કરજો. એમ

સૌ પ્રાર્થના કરવા લાગ્યા ત્યારે રાણીએ કહ્યું– તમે મારી કોઈ ચિંતા ન કરશો. મારા પતિદેવની મારા ઉપર ખૂબ કૃપાદૃષ્ટિ છે કે મને એમણે ભલે મહેલમાંથી કાઢી મૂકી પણ મને મારી નાંખી તો નથી ને! એ મારા સ્વામી છે. એમની જેમ ઇચ્છા હોય તેમ કરી શકે છે. મને એમણે જીવતી રાખી છે તો હું ધર્મારાધના તો કરી શકીશ ને? અને મારો ધર્મ તો મારી સાથે છે ને! હું ધર્મને ખાતર રાજવૈભવનો ત્યાગ કરું છું તો મારો ધર્મ મારું અવશ્ય રક્ષણ કરશે. એમ કહીને જિનસેના રાણી પોતાની દાસીની સાથે બગીચામાં એક નાનકડો બંગલો હતો ત્યાં ગઈ.

પટ્ટરાણીના પદે આવેલી રત્નવતી :– જિનસેના મહેલમાંથી ગઈ એટલે રાજાએ રત્નવતીને પટ્ટરાણીનું પદ આપ્યું, રાજા રત્નવતીને ખૂબ પ્રેમથી રાખવા લાગ્યા. એક તો રત્નવતી અભિમાનનું પૂતળું હતી જ. તેમાં પટ્ટરાણીનું પદ મળ્યું ને રાજાની પૂરી રહેમ દૃષ્ટિ–પછી શું બાકી રહે? કહેવાય છે ને કે "ધણીની માનીતી બાર ગાઉ ઉજજડ કરે." તે રીતે આ રત્નવતી દાસ–દાસીઓ ઉપર પોતાની હકૂમત ચલાવવા લાગી, અને મનમાં હરખાવા લાગી કે મારામાં કેવી ચતુરાઈ છે! મેં જિનસેનાને કેવી જંગલમાં કઢાવી ને હું પટ્ટરાણી બની, પણ એને ખબર નથી કે મારી ચતુરાઈ મને ચાર ગતિના ચક્કરમાં ભમાવશે ને મારે કેવી શિક્ષા ભોગવવી પડશે. રત્નવતી હરખાય છે ને જિનસેના બગીચામાં શું કરે છે તેના ભાવ અવસરે કહેવાશે.

●

વ્યાખ્યાન નં. ૩૫

શ્રાવણ વદ ૨ ને રવીવાર તા. ૨૦–૮–૭૮

અનંત કરૂણાસાગર, શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના કલ્યાણ માટે દિવ્ય દેશનાનો ધોધ વહાવ્યો, એ વીતરાગ વાણી સાંભળ્યા પછી આપણા રાગ–દ્વેષ અને કષાયો ઘટવા જોઇએ. રાગ અને દ્વેષ એ બે આપણા શત્રુઓ છે. દ્વેષ ઉપર વિજય મેળવનારા અને રાગ ઉપર વિજય મેળવનારા આ બે વિજેતામાં વિશેષતા કોની? રાગ ઉપર વિજય મેળવનારની. દ્વેષ ઉપર વિજય મેળવવા કરતાં રાગ ઉપર વિજય મેળવવો અઘરો છે. તેથી જ જગતમાં વીતરાગીઓ વિરલા છે. અહીં તમને કદાચ પ્રશ્ન થશે કે રાગ ઉપર વિજય મેળવવો અઘરો શા માટે કહ્યો? તેના જવાબમાં મહાપુરૂષો કહે છે કે દ્વેષનો વિષય ફકત ચેતન છે. જ્યારે રાગનો વિષય જડ અને ચેતન બંને છે તેથી રાગવિજેતા બનવું અઘરું છે.

ખુબ વિચાર કરશું તો સમજાશે કે દ્વેષ ચેતન પર થાય છે. દ્વેષનો કોઈ પણ વિષય લઇશું તો એ જીવ જ આવશે. બાળક સમજણના અભાવે કદાચ થાંભલા પર ગુસ્સે ભરાય ને એને લાફડી પણ મારે પણ થાંભલા સાથે અથડાઈને પડી ગયેલો ડાઘો

માણસ તો પોતાની અસાવધાનીનો દોષ કાઢશે. સમજુ અને ડાહ્યા માણસો કદી જડ ઉપર દ્વેષ નહિ કરે. થાંભલા સાથે અથડાઈને પડી જવા છતાં એને થાંભલા પર દોષનું આરોપણ કરવાનો વિચાર સ્વપ્ને પણ નહિ આવે. પાગલ માણસ કદાચ ચેતનની જેમ જડ ઉપર દ્વેષ કરે પરંતુ એથી કંઈ દ્વેષની સીમા ચેતનને વીંધીને જડ સુધી પહોંચી શકતી નથી. દ્વેષ તો ચેતનની હદ સુધી જ સીમિત છે.

દ્વેષનો વિષય ચેતન છે જ્યારે રાગનો વિષય ચેતન અને જડ બંને છે. જડ વસ્તુઓ ઉપર રાગ કરીને આપણે આપણા આત્માની ઓછી બરાબી નથી કરી. અનિત્ય નાશવંત વસ્તુઓ ઉપર રાગ કરીને જીવ કેટલા કર્મો બાંધી રહ્યો છે. રાગ અને દ્વેષ એ આત્માના મહાન રોગ છે આ બંનેમાં હલ્કુ દ્વેષ બરાબ લાગશે પણ રાગ બરાબ નથી લાગતો. રાગની વણઝાર તો કેટલી લાંબી છે! અરે જડ વસ્તુ પરનો રાગ પણ આપણને વિચારમાં મૂકી દે તેવો છે. સૌથી પ્રથમ અતિપ્રિય જડ એવા શરીર પર રાગ. પછી એ શરીર પર પહેરવાના વસ્ત્રો પર રાગ, વસ્ત્રોમાં પણ મનગમતા રંગ ઉપર રાગ, વસ્ત્રોને સાચવવાના કબાટ અને કબાટને સાચવતા ઘર પર કેટલો રાગ! આટલેથી અટકી જતું નથી પણ એ ઘર જ્યાં બનાવ્યું એ શેરી પર રાગ, એ શેરીને સમાવતું ગામ અને ગામને સમાવતા દેશ પર રાગ. અહાહા....આ રાગની વણઝાર કેટલી બધી લાંબી! આ તો જડ વસ્તુ પરના રાગની વાત થઈ, હવે ચેતનની વાત કરું. માતા, પિતા, કુટુંબ-પરિવાર અને સગા-સ્નેહીઓ પ્રત્યે રાગ. એ ચેતન પર રાગ. બસ રાગ, રાગને રાગ બધા પ્રત્યેનો જીવને અતિ રાગ છે. તમે કહો છો ને કે અમે અમારા કુટુંબ અને ઘરબાર પ્રત્યે પ્રેમ ન રાખીએ તો કયાં રાખીએ? આ બધો રાગ કર્યો છે પણ એ રાગ ખોટો છે એમ જ્યાં સુધી જીવને નથી લાગતું ત્યાં સુધી રાગ એ ભયંકર મોટો રોગ છે એવું કયાંથી સમજાય? આ કાયામાં કેદ પુરાયેલા આત્માને પોતાના સ્વરૂપનું ભાન નથી. જો આત્માને પોતાના સ્વરૂપનો ખ્યાલ હોત કે જન્મોજન્મ મારા આત્માને નવી નવી કાયાની કેદમાં પૂરાવું પડે છે ને શુભાશુભ કર્મો ભોગવવા પડે છે તો રાગદ્વેષ ઓછા થાત. હું શાશ્વત આત્મા છું આવું જો ભાન થાય તો વિચારે કે મેં આવું બધું અનંતીવાર મેળવ્યું અને ગુમાવ્યું છે તો હવે મારે આના ઉપર રાગ શા માટે કરવો? આ એક જન્મમાં પણ એ વસ્તુ કાયમ રહેશે કે નહિ એની ખાત્રી નથી. કદાચ આ ભવમાં રહેશે તો પણ અંતે તો એને છોડવાનું છે. તો મારે એના ઉપર ફોગટ રાગ-દ્વેષ કરી કર્મો શા માટે બાંધવા? આવા વિચાર આવે તો પણ રાગ-દ્વેષ પાતળા પડી જાય ને દુઃખમાં ઘટાડો થાય. પણ આ નથી બનતું તેનું મુખ્ય કારણ આત્મા અવિનાશી, સ્વતંત્ર અને અનંત સુખનો સ્વામી છે એ વાત ભૂલાઈ ગઈ છે. તેથી જીવ રાગ-દ્વેષ કરી રહ્યો છે.

દ્વેષ જીત્યા પછી રાગને જીતવાનો બાકી રહે છે જ્યારે રાગને જીતતા દ્વેષ જીતાઈ

જાય છે. દ્વેષ ન થવો હલ્લુ સહેલ છે પણ રાગ ન થવો મુશ્કેલ છે. દ્વેષમાંથી રાગનો જન્મ થતો નથી પણ રાગમાંથી દ્વેષનો જન્મ થાય છે. સંસારમાં છીએ ત્યાં સુધી તો રાગ-દ્વેષરૂપી શત્રુઓ આપણી આસપાસ ગોઠવાયેલા રહેવાના. આ શત્રુઓના પંજામાંથી મુક્ત બની અંતે વીતરાગ બનવું હોય તો ચેતન પર થતો દ્વેષ દૂર થાય, કદાચ સંપૂર્ણ દ્વેષ ન જાય તો એ દ્વેષ ખોટો લાગે ને દ્વેષ પર દ્વેષ થાય અને જડ, ચેતન પર થતો રાગ વિલય પામે, રાગ સંપૂર્ણ ન જાય તો એ રાગ ખોટો લાગે ને રાગ પર દ્વેષ થાય તો આ રાગ-દ્વેષ આપણને ફસાવી ન શકે. રાગનો વિષય જડ ચેતન બંને હોવાથી આખી દુનિયા છે. જડ અને ચેતનના ખેલ એટલે જ આ દુનિયા. માટે રાગ વિજેતા બનવું અઘરું છે. જિનેશ્વર ભગવંતોને એથી જ વીતરાગ કહેવાય છે. રાગ અને દ્વેષથી પર બનીને વિરાગ કેળવવો હોય ને "વીતરાગ" બનવું હોય તો એક ઉપાય છે. ચેતન પર થતા દ્વેષને અને જડ ચેતન પર થતા રાગ દ્વેષને જેમ બને તેમ ઓછા કરતાં શીખો.

આપણા ચાલુ અધિકારમાં અપરાજિત રાજાનો જીવ હસ્તિનાપુરમાં શ્રીષેણ રાજાની શ્રીમતી નામની રાણીની કુક્ષીમાં ઉત્પન્ન થયો છે. સવા નવ માસ પૂર્ણ થતાં શ્રીમતી રાણીએ પુત્રને જન્મ આપ્યો. આ પુત્ર પૂર્ણિમાના ચંદ્ર જેવો તેજસ્વી છે. જેમ પૂર્ણિમાનો ચંદ્ર સૌને પ્રિય લાગે છે તેમ આ કુમાર પણ સૌને પ્રિય લાગે છે. રાજાએ પુત્રનો જન્મોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવ્યો અને તેનું નામ શંખકુમાર પાડયું. આ શ્રીષેણ રાજાને ગુણનિધિ નામે એક પ્રધાન છે. એ પ્રધાન ખૂબ બુદ્ધિશાળી હતો. રાજાનું બધું કાર્ય નીતિથી ચલાવતો હોવાથી તે રાજાને ખૂબ પ્રિય હતો. જે પ્રધાન રાજાને અનુકૂળ હોય, રાજાનો કારભાર સારી રીતે ચલાવતો હોય તેના ઉપર રાજાના ચારે હાથ રહે છે ને રાજા એને ન્યાલ કરી દે છે, પણ ઘણાં માણસો ઈર્ષ્યાળુ હોય છે. તેમનાથી આ સારું સહન થતું નથી એટલે સુખીને દુઃખી કરવા પ્રયત્ન કરે છે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક રાજાનો પ્રધાન બુદ્ધિશાળી, નમ્ર અને વિવેકી હતો. એના ઉપર રાજાના ચારેય હાથ હતા. પોતાની કાર્યકુશળતાથી એણે રાજાનું દિલ જીતી લીધું હતું. તેથી રાજાને એ પ્રધાન પોતાના શ્વાસ-પ્રાણ જેવો વહાલો હતો. દરેક કાર્ય રાજા પ્રધાનને પૂછીને કરતા. આથી રાજ્યમાં બીજા નાના મંત્રીઓ તથા અમલદારોને ખૂબ ઈર્ષ્યા આવવા લાગી કે મહારાજા તો જ્યારે ને ત્યારે પ્રધાનની પ્રશંસા કર્યા કરે છે. દરેક કાર્યમાં રાજા એને પૂછે. આપણને તો કોઈ દિવસ કંઈ પૂછતા નથી. ઈર્ષ્યાના કારણે આ બધા પ્રધાનની વિરુદ્ધમાં રાજાના કાન ભંભેર્યા કરતા હતા, પણ રાજા કોઈની વાત સાંભળતા નહિ. એટલે બધા ઈર્ષ્યાળુઓએ ભેગા થઈને પ્રધાનને હલકો પાડવા માટે એક યોજના ઘડી. ઈર્ષ્યાળુ માણસોમાંથી એક માણસે કયાંક એવું વાંચ્યું કે (૧) [illegible] છે....છે...નું છે (૨) નથી....નથી ને નથી. (૩) નથી

ને છે. (૪) છે ને નથી. તેઓ વિચાર કરવા લાગ્યા કે આનો અર્થ શું ? કોઈને એનો અર્થ સમજાયો નહિ. એટલે એમણે વિચાર કર્યો કે આપણા મહારાજાના પ્રધાન ખુબ બુદ્ધિશાળી છે. એ આનો અર્થ સમજાવશે, અને પ્રત્યક્ષ કરી બતાવશે. આપણને આ ઠીક મળી ગયું. એ લોકો રાજાની પાસે આવીને કહે છે સાહેબ ! આ ચાર મુદ્દા અમને કયાંકથી મળી આવ્યા છે પણ એનો અર્થ શું છે તે અમને સમજાતું નથી. અમારે તો અર્થ સમજવો છે ને પ્રેકટીકલ–પ્રત્યક્ષ જોવું છે. અમે આપને તો આવું ન પૂછી શકીએ પણ આપના પ્રધાનજી ખૂબ બુદ્ધિશાળી છે. ભલભલા આંટીઘૂંટીવાળા કોયડા સહેલાઈથી ઉકેલી શકે છે, તો અમારા આ ચાર કોયડા અમને પ્રેકટીકલ કરીને બતાવે તેમ કરો.

"ઈર્ષ્યાળુ માણસોએ કરેલો પ્રપંચ" : બંધુઓ ! ઈર્ષ્યા કેવી બૂરી ચીજ છે ! ઈર્ષ્યાની આગ મનુષ્યના ગુણને બાળીને ખાખ કરી નાંખે છે. કોઈના મકાનમાં આગ લાગી હશે તો તે પાણીથી બૂઝાઈ જશે પણ ઈર્ષ્યાની આગ પાણીથી નહિ બૂઝાય. ઈર્ષ્યા એ ભયંકર અગ્નિ છે. એ બીજાનું સુખ, સૌભાગ્ય, સત્કાર–સન્માન જોઈ શકતી નથી. આજે દુનિયા બીજાનું સુખ જોઈ શકતી નથી. કોઈ માણસને એના કાર્યની સફળતાના ફળ રૂપે સરકાર તરફથી કે સમાજ તરફથી સન્માન કરવામાં આવે અગર કોઈ ઉંચી પદવી આપવામાં આવે તો ઈર્ષ્યાળુ લોકોથી જોઈ શકાતું નથી. એટલે એ અંતરથી બળ્યા કરે છે

પેલી ઈર્ષ્યાળુ કંપનીએ મહારાજાને એવી મીઠાશથી વાત કરી કે રાજાના મગજમાં વાત ઉતરી ગઈ ને મનમાં વિચાર કર્યો કે વાત બરાબર છે. હું પ્રધાનને વાત કરીશ. બીજે દિવસે સભા ભરાઇ. પ્રધાનજી સભામાં આવ્યા. રાજાની બાજુમાં પોતાના આસને બેઠા, પછી થોડી ઘણી રાજકાર્યની ચર્ચા કરીને રાજાએ પેલી વાત ઉપાડીને કહ્યું–પ્રધાનજી ! તમારે આ ચાર બોલને પ્રેકટીકલ કરીને બતાવવાના છે. પ્રધાને કહ્યું–સાહેબ ! કયા બોલ છે ? એટલે રાજાએ કહ્યું–**છે છે ને છે...નથી–નથી ને નથી. નથી ને છે....છે ને નથી.** આ ચાર બોલનો અર્થ શું છે તે પ્રેકટીકલ કરીને મને પ્રત્યક્ષ બતાવો. પ્રધાન અનુભવી ખુબ હતો પણ તેમણે આવું કદી સાંભળ્યું ન હતું એટલે વિચારમાં પડી ગયા કે આનો અર્થ શું ? મને સમજાતું નથી, છતાં હિંમત કરીને કહ્યું સાહેબ ! આ કામ અઘરું છે. એનો અર્થ તો હું કદાચ તમને જલ્દી કહી દઉં પણ પ્રેકટીકલ કરીને બતાવવાનું કામ ખૂબ અઘરું છે. તેને માટે સમય જોઇએ માટે મને છ મહિનાની મુદત આપો. રાજાએ કહ્યું–ભલે, છ મહિનાની મુદત આપું છું પણ તમારે કરી બતાવવું તો પડશે જ. જો પ્રેકટીકલ કરીને નહિ બતાવો તો હું તમારા આખા કુટુંબને કેદમાં પૂરી દઈશ ને તમને તો મારી મરજી મુજબ શિક્ષા કરીશ. તમારા ઘરબાર, મિલ્કત બધું હું જપ્ત કરી લઇશ.

આ તો રાજા, વાજા ને વાંદરા. રીઝે તો ગામ દઇ દે ને ખીઝે તો જીવ લઇ લે. રાજાને પ્રધાન કેટલો વહાલો છે પણ અત્યારે કેવી પરિસ્થિતિ ઉભી થઈ! પ્રધાને કહ્યું–ભલે સાહેબ! હું બરાબર કરી બતાવીશ. પ્રધાને હા તો પાડી દીધી પણ મનમાં મૂંઝવણ થવા લાગી કે આ શું? આને કેવી રીતે પ્રત્યક્ષ કરી બતાવવું? કદાચ હું એનો જવાબ તો ગમે તેમ આપી દઉં પણ પ્રેકટીકલ કરીને કેવી રીતે બતાવવું?

પ્રધાનને ચિંતામાં જોતી પુત્રવધુ :– પ્રધાન એને માટે ઘણી ઘણી શોધખોળ કરવા લાગ્યો પણ એનો કોઈ ઉપાય જડતો નથી. આ વાતને બે મહિના વીતી ગયા પણ કંઈ સમાધાન થતું નથી, એટલે પ્રધાનજીની ચિંતા વધવા લાગી. ઘેરથી રાજસભામાં જાય ને સાંજે ઘેર આવે. ખાય, પીવે, બોલે, ચાલે પણ બધું જ કાર્ય ઉદાસીનતાપૂર્વક કરે છે. પ્રધાનના પુત્રની વહુના મનમાં વિચાર થયો કે હમણાંથી મારા સસરાજી ખૂબ ઉદાસ રહે છે. એનું કારણ શું હશે? પૂરું ખાતા પણ નથી, નક્કી કોઈ મોટી ચિંતામાં હશે, પણ સસરાને પૂછાય કેવી રીતે? એ જમાનામાં મર્યાદા કેટલી હશે! કે વહુ કદી સસરાને આડી ન ઉતરે. એનો અવાજ પણ સસરા ન સાંભળી શકે, પણ આજે તો મર્યાદાએ હદ વટાવી દીધી છે.

આ પુત્રવધૂ ખૂબ ચતુર હતી. પોતે સસરાજીને પૂછવા ન ગઈ પણ એની સાસુને કહ્યું–બા! તમે માનો ન માનો પણ છેલ્લા બે મહિનાથી મારા સસરાજી કોઇ ઉપાધિમાં હોય તેમ લાગે છે. એમનું મુખ કેટલું ઉદાસ થઈ ગયું છે, ત્યારે સાસુએ કહ્યું–બેટા! તું તો હજુ નાની છે. તને શું ખબર પડે? તારા સસરા રાજાના પ્રધાન છે. રાજ્યમાં તો અનેક પ્રકારની ઉપાધિઓ અવારનવાર આવ્યા કરે એટલે કોઇ વાર એવું બની જાય ત્યારે ઉદાસ બની જાય. બીજુ કંઈ કારણ નથી. વહુએ કહ્યું–બા! એવી બાબતમાં કંઈ આટલી બધી ચિંતા ન થાય. એ તો એકાદ બે દિવસ માટે હોય પણ આટલા દિવસ સુધી ન બને, ત્યારે સાસુએ કહ્યું–વહુ! તારી ભૂલ થાય છે. તું બોટી ચિંતા ન કર. વહુએ કહ્યું–બા! ભલે તમને એમ લાગતું ન હોય પણ મને પરણીને આવ્યા એક વર્ષ થયું ત્યારથી હું જોઉં છું કે બાપુજી દરરોજ બહારથી આવતા ત્યારે આનંદ–કિલ્લોલ કરતા આવતા. સાથે કંઇ ને કંઇ લેતા આવતા, અને ઘરમાં બધાની સાથે પ્રેમથી વાત–ચીત કરતા હતા અને અત્યારે ઘરમાં આવે છે, જાય છે, ખાય પીવે છે, બધું કરે છે પણ એમનું મન ઉદાસ ને ચિંતાતુર દેખાય છે. અત્યારે કંઇ હસતા બોલતા નથી અને એમનો બોરાક પણ અડધો થઈ ગયો છે.

"સાસુને વિનંતી કરતી ચતુર વહુ" :– સાસુએ કહ્યું–બેટા! એવું કંઇ નથી. આપણે એવા રાજકાજમાં માથું ન મરાય, પણ વહુ માનતી નથી. એ તો કહે છે બા! તમે ભૂલ કરો છો. પતિના સુખમાં ને દુઃખમાં પત્નીએ ભાગીદાર બનવું જોઇએ, પતિ

મૂંઝવણમાં હોય ત્યારે પત્નીએ મિત્ર જેવા બનીને પતિને સલાહ આપવી જોઇએ અને એમની મુંઝવણ ચિંતા દૂર કરવા માટે જે બને તે આપણે કરવું જોઇએ. માટે બા! આપ પિતાજીને એકાંતમાં બેસાડીને પૂછો તો ખરા પણ સાસુએ વહુની વાત લક્ષમાં ન લીધી. પ્રધાનજીની ચિંતા દિવસે દિવસે વધવા લાગી. એની ભૂખ ભાગી ગઈ ને ઊંઘ ઉડી ગઈ. શું કરવું ને કેવી રીતે બતાવવું....ક્યાં જવું....પણ ઘરમાં કોઇને વાત કરતા નથી. આમ કરતાં ચાર મહિના વીતી ગયા. હવે માત્ર બે મહિના બાકી રહ્યા છે. પ્રધાનજીની મૂંઝવણ વધતી જવા લાગી. ફરીને વહુ સાસુને કહે છે બા! આ મારા સસરાના મુખ સામું જોવાતું નથી. એમનું શરીર તો લાશ જેવું થઈ ગયું છે. જે વડલાની છાયામાં બેસીને આપણે લીલાલહેર કરીએ છીએ તે વડલાના મૂળીયા અંદરથી સૂકાવા લાગ્યા છે. જો મૂળીયા તદ્દન સૂકાઈ જશે તો આ ડાળી અને પાંદડા કોના આધારે લીલા રહેશે? આપણે સોનાના શિખર ઉપર બેઠા છીએ અને સુખ ભોગવી રહ્યા છીએ પણ એ શિખરનો સ્થંભ તૂટી પડશે તો આપણા બધાનું શું થશે? આપણા જીવનના મૂળીયા સમાન, આધારસ્થંભ સમાન પિતાજી જ્યાં સૂકાઈ રહ્યા છે ત્યાં આપણને ખાવું-પીવું કેમ ગમે? બા! આટલી મારી વિનંતી સાંભળો ને તમે બાપુજીને પૂછો કે તમને શું ચિંતા છે? ત્યારે સાસુજીએ મુખ મચકોડીને કહ્યું- વહુ! તમે જ તમારા સસરાજીને પૂછી લો. હું નહિ પૂછું.

"વિવેકી વહુએ સસરાને કરેલી વિનતી :- વહુએ જાણ્યું કે મારા સાસુજી પૂછે તેમ લાગતું નથી. તો કાંઇ નહિ. હવે હું જ પૂછી લઉં. બીજે દિવસે સાસુ અને સસરા બેઠા હતાં તે વખતે પુત્રવધૂ ત્યાં જઇને નમ્રતાપૂર્વક સસરાને પૂછે છે કે બાપુજી! હું એક વાત આપને પૂછું? વહુ ઘરની કુળદેવી સમાન પવિત્ર હતી. બોલે તો જાણે મોઢામાંથી અમી ઝરતું ન હોય! એમ લાગે. એની નમ્રતા ને બોલવાની મીઠાશ જોઈને સસરાજીએ વિચાર કર્યો કે કોઇ દિવસ નહિ ને આજે મને આ પુત્રવધૂ શું પૂછવા માગે છે? સસરાએ કહ્યું-બેટા! તમારે જે પૂછવું હોય તે મને ખુશીથી પૂછો, એટલે વહુએ કહ્યું-પિતાજી! ક્ષમા કરજો. હું પુત્રવધૂ થઈને આપની સામે ઉભી છું પણ મને પોતાની પુત્રી સમજજો. પિતાજી-આજે ચાર ચાર મહિનાથી આપ શાંતિથી જમતા નથી. સુખે ઉંઘતા નથી. કંઈ બોલતા નથી, ચાલતા નથી. આપ ઘરમાં આવો છો ને રાજસભામાં જાવ છો, આપ બધું જ કાર્ય કરો છો પણ આપનું મન ઉદ્વિગ્ન રહ્યા કરે છે. આપનું મુખ ચિંતાતુર દેખાય છે. આનંદનું તો નામનિશાન નથી. પહેલાં તો આપ કેટલા પ્રેમથી આનંદથી બધાની સાથે બોલતા હતા ને રાજસભામાં કંઈક નવીન બન્યું હોય તે ઘેર આવીને કહેતા હતા. હમણાં તો આ બધું બંધ થઇ ગયું છે. આનું કારણ શું! આ સાંભળીને પ્રધાને કહ્યું- બેટા! તમે તો હજુ છોકરા જેવા કહેવાઓ. તમને કહેવાથી શું? મારા મન ઉપર જે ચિંતા છે તેને કોઇ દૂર કરી શકે તેમ નથી. આટલું બોલતાં પ્રધાનનું હૃદય ભરાઇ આવ્યું.

પુત્રવધુએ આપેલી હિંમત :-પુત્રવધૂએ કહ્યું-એ પિતાજી ! આપ એવું શા માટે માનો છો કે નાના છોકરાને કહેવાથી શું ? ઘણીવાર જે વડીલો ન કરી શકે તે નાના છોકરા પણ કરી શકે છે. પુરુષો ઘણીવાર એમ માને છે કે અમે જ બધું કરી શકીએ છીએ. સ્ત્રીઓ શું કરી શકે ? પણ તમે એવું ન માનશો. ઘણીવાર નર જે ન કરી શકે તે નારી કરી શકે છે, અને નારીમાંથી નારાયણી બની શકે છે. તીર્થંકર પુરૂષોને, ચક્રવર્તિઓને અને જગતના સર્વ મહાન પુરૂષોને જન્મ દેનારી તો સ્ત્રી જ છે ને ? જગતમાં સ્ત્રીઓની પૂજા પહેલી થાય છે. ધનતેરસને દિવસે તમે લક્ષ્મીજીની પૂજા કરો છો ને ? એ પણ સ્ત્રી જાતિ જ છે ને ? માટે તમે સ્ત્રી જાતિને હલકી ન માનશો. પ્રધાનની પુત્રવધૂ કહે છે પિતાજી ! હું ભલે નાની છું પણ મને આપની ચિંતાનું કારણ કહો તો ખરા, ત્યારે સસરાજી કહે છે હે વહુ બેટા ! સાંભળો આજે આપણે સુખના સાગરમાં સ્નાન કરી રહ્યા છીએ. આ સુખનો સાગર બે મહિના પછી સૂકાઈ જવાનો છે. અત્યારે આપણે બધા આ સુંદર મહેલમાં રહીએ છીએ, તે મહેલ છોડીને જેલમાં વસવાનો પ્રસંગ આવશે. પુત્રવધુએ પૂછયું-પિતાજી ! શા માટે આપ એમ કહો છો ? એનું કારણ શું છે ?

પ્રધાને કહ્યું કે રાજા સાહેબે મને ચાર પ્રશ્નો પૂછ્યા છે. પ્રશ્નોના જવાબ પ્રેકટીકલ કરીને આપવાના છે. તેમાં શું કરવું એની મને તો સમજ પડતી નથી. રાજાએ છ મહિનાની મુદત આપી છે. તેમાં ચાર મહિના તો પૂરા થઈ ગયા. ફકત બે જ મહિના બાકી છે. પુત્રવધુએ કહ્યું-પિતાજી ! તમે ચિંતા ન કરો. પ્રશ્ન શું છે એ તમે મને કહો પ્રધાને કહ્યું-દીકરી ! એ પ્રશ્નમાં શું કહેવા માંગે છે તે જ મને અબર પડતી નથી. મારા જેવા અનુભવી માણસની બુદ્ધિ કામ કરતી નથી તો પછી તમે કેવી રીતે જવાબ આપી શકશો ? પણ પુત્રવધૂએ તો હઠ પકડી કે મને કહો ને કહો, એટલે પ્રધાને કહ્યું....છે છે ને છે, નથી નથી ને નથી, નથી ને છે, છે ને નથી. આ ચાર પ્રશ્નોના પ્રેકટીકલથી જવાબ દેવાના છે, તેથી હું ચાર મહિનાથી બાધા જેવો થઈને ફરું છું. બેટા ! મારી મતિ મૂંઝાઈ ગઈ છે, ત્યારે પુત્રવધુએ હસીને કહ્યું પિતાજી ! આમાં આટલી બધી ચિંતા શું કરો છો ? આ તો અમારું નાના છોકરાનું કામ છે. મને તો આવા પ્રશ્નોનો બહુ શોખ છે. પ્રધાને કહ્યું-દીકરી ! આ કંઈ મોઢે જવાબ આપવાના નથી. પ્રેકટીકલ કરીને બતાવવાનું છે. ભલે પિતાજી ! ચિંતા નહિ કરો. હું રાજાની સામે પ્રેકટીકલ કરીને બતાવીશ. મારા માતા પિતાએ મને કરીયાવરમાં દાગીના અને કપડાં તો ઘણાં આપ્યાં છે. ભેગા ધર્મના સુસંસ્કારો પણ કરીયાવરમાં આપ્યા છે. અમે ભાઈ-બહેનો નાના હતાં ત્યારે અમારા માતાપિતા અમને આવા પ્રશ્નો ખૂબ સમજાવતાં હતાં એટલે મને તો ચિંતા થતી જ નથી.

દેવાનુપ્રિયો ! આજે માણસ ધર્મના સંસ્કારોને જોતો નથી. આજે તો કન્યા અને કરિયાવર મુખ્ય જોવાય છે. આજના માતાપિતા પણ એમ કહે છે કે જોજે બેટા ! સાસરે

કોઈથી દબાતી નહિ. (હસાહસ) આપણે પહેલેથી દબાયેલા સ્ત્રીએ તો બધા દબાવી દે. તને કોઈ કંઈ કહે તો અમે બેઠા છીએ. આ દીકરીના માતા-પિતા કરોડાપતિ હતા ને સાથે ધર્મીષ્ઠ પણ હતાં. એટલે એવા સંસ્કાર નહોતા આપ્યા પણ એવા સંસ્કાર આપ્યા હતાં કે તારા સાસરે તું પ્રેમથી રહેજે. સાસુ, સસરાનો વિનય કરજે. કદાચ તને કંઈ કહે તો સહન કરજે પણ સામું ન બોલતી. સાસુ, સસરા અને પતિના સુખમાં જેમ સહભાગી બને તેમ તેમના દુઃખમાં પણ તું સહભાગી બનજે.

"પુત્રવધુના જવાબથી પ્રધાનને થયેલી શાંતિ":- પ્રધાને કહ્યું-બેટા ! તમે કેવી રીતે પ્રશ્નના જવાબ આપશો. પહેલા આપણાં ઘરમાં જ અમને બધાને પ્રેકટીકલ કરીને બતાવો, તો મને શાંતિ થાય. વહુએ કહ્યું-પિતાજી ! તમે બેફિકર રહો. તમે રાજાને કહી દેજો કે હું પ્રેકટીકલથી તમારા પ્રશ્નોના જવાબ આપીશ, પછી હું બધું સંભાળી લઈશ. પ્રધાને કહ્યું પણ તમે કરીને ન બતાવો ત્યાં સુધી મને શ્રદ્ધા ક્યાંથી રહે ? તમે એક પ્રશ્નનો જવાબ તો આપો. વહુ ખૂબ હોંશિયાર હતી એટલે મનમાં વિચાર કર્યો કે જો હું આ લોકોને અહીં બતાવી દઈશ તો એનું કંઈ મહત્ત્વ નહિ રહે. એની શ્રદ્ધા નહિ વધે. જેમ વણિકના દીકરાને નવકારમંત્ર આપે તો કાંઇ કિંમત નહિ પણ ઇતર કોમના માણસોને નવકારમંત્ર એ મહાનમંત્ર લાગે છે. એના ઉપર એને અથાગ શ્રદ્ધા હોય છે, ત્યારે વાણીયાના દીકરાના મનમાં તો એમ થાય કે આ નવકારમંત્રમાં શું છે ? આ તો મારા નાના નાના છોકરાને પણ આવડે છે. પોતાને તો શ્રદ્ધા હોય નહિ ને બીજાની શ્રદ્ધા પણ તોડી નાંખે.

"પિયર જઈને કરેલી તૈયારી" :-પ્રધાનની પુત્રવધૂએ કહ્યું-બાપુજી ! તમે ચિંતા ન કરશો. હું રાજસભામાં તમને બતાવીશ. અહીં નહિ બતાવું પણ હવે મને થોડા દિવસ મારા પિયર જવાની આજ્ઞા આપો. હું આઠ દિવસમાં પાછી આવી જઈશ. સાસુ-સસરાએ વહુને જવાની રજા આપી. આ પુત્રવધૂના પિતાજી એટલા બધા સુખી અને સજ્જન હતા કે એમની આખા નગરમાં ખૂબ પ્રતિષ્ઠા હતી. સામાજિક ક્ષેત્રમાં એ આગેવાન હતા. ને ધાર્મિક ક્ષેત્રમાં પણ આગેવાન હતા. એમની વાત ખુદ નગરના મહારાજા પણ માન્ય કરતા. એવા એ પવિત્ર અને સજ્જન પુરૂષ હતા. દીકરી અચાનક આવી તેથી માતાપિતાએ પૂછયું-બેટા ! તું એકાએક કેમ આવી ? દીકરીએ માતા પિતાને બધી વાત કરી કે મારા સસરાજીને રાજાએ ચાર પ્રશ્નો પૂછ્યા છે. તેનો જવાબ પ્રેકટીકલ કરીને આપવાનો છે. જવાબ નહિ આપે તો મારા સસરાને ભયંકર શિક્ષા થશે ને આખા કુટુંબને જેલમાં જવું પડશે, તો પિતાજી ! પ્રશ્નનો જવાબ તો આપની કૃપાથી હું સારી રીતે આપી શકીશ પણ એ માટે મારે આપના સહકારની જરૂર પડશે. પિતાએ ને પુત્રીએ શું કરવું, તે અંદરખાને નક્કી કરી લીધું.

આઠ દિવસ પિયર રહીને પ્રધાનની પુત્રવધૂ સાસરે આવી ગઈ ને સસરાને કહ્યું– પિતાજી ! મારે ચાર કબાટ જોઈએ છે. બેટા ! તમે કબાટને શું કરશો ? પિતાજી ! પ્રેક્ટીકલ માટે મારે કબાટની જરૂર છે. પ્રધાને પુત્રવધૂના કહેવા પ્રમાણે પાછળના ભાગમાં હવા આવવા માટે ઝીણાં ઝીણાં કાણાં પડાવીને કબાટ તૈયાર કરાવ્યા. જે દિવસે પ્રશ્નોના જવાબ આપવાના છે તેના આગલા દિવસે રાતના એ ચાર કબાટ રાજસભામાં બરાબર મધ્યમાં ગોઠવી દેવામાં આવ્યા, અને એના પિતાજીને આવવાના સમાચાર આપ્યા હતા તે પ્રમાણે આવી ગયા. આ બધી વાત પ્રધાનજીથી એણે ગુપ્ત રાખી હતી. ગુપ્ત રીતે એણે કબાટમાં જે કંઈ કરવાનું હતું તે બધું કરી લીધું. રાજાએ આગલે દિવસે આખા નગરમાં ઢંઢેરો પીટાવ્યો હતો કે પ્રધાનજી મારા ચાર પ્રશ્નોના જવાબ સભા વચ્ચે પ્રેક્ટીકલ કરીને આપવાના છે. એટલે આખું ગામ જોવા ઉમટયું. સૌના મનમાં એમ હતું કે છે છે ને છે....નથી નથી ને નથી. આ બધા પ્રશ્નોના જવાબ કેવી રીતે આપશે ? તમાશાને કંઈ તેડું હોય ? એ જોવા તો પડાપડી થાય. અહીં જરા મોડું થાય તો ઉંચાનીચા થઈ જાઓ અને અહીંથી છૂટયા પછી રસ્તામાં આવું કંઈ જોવા મળે ને દશની ગાડી ચૂકી જવાય તો વાંધો નહિ. કેમ બરાબર છે ને ? (હસાહસ) આખી રાજસભા પ્રેક્ટીકલ પ્રશ્ન જોવા માટે ઠઠ ભરાઈ ગઈ. આખા ગામમાં કોઇ ઘેર રહ્યું નહિ હોય. સૌ જોવા માટે આતુરતાથી બેઠા હતા.

સભામાં સોને આવેલી અધીરાઈ :– સમય થતાં રાજા–પ્રધાન બધા આવ્યા. રાજાએ કહ્યું–પ્રધાનજી ! મારા પ્રશ્નોના જવાબ આપો. પ્રધાન વિચાર કરતો હતો કે આ વહુએ ચાર મોટા કબાટ સભામાં ઉભા કરાવ્યા છે. એમાં શું રાખ્યું હશે ? અને એ હવે શું જવાબ આપશે ? જ્યાં મહારાજાએ પ્રધાનને જવાબ આપવાનું કહ્યું કે તરત પુત્રવધૂ ઉભી થઇ ગઇ ને કહ્યું–હે મારા પિતાતુલ્ય મહારાજા ! આ પ્રશ્ન તો મારા સસરાજી માટે સામાન્ય છે. એમના દીકરા પણ એનો જવાબ પ્રેક્ટીકલ કરીને આપી શકે તેમ છે. અમારા ઘરમાં તો બધાને આવડે છે. તો મારી ઇચ્છા એવી છે કે હું જ એનો જવાબ આપું. અમે નાના આવું કામ સંભાળી શકીએ તેમ હોઇએ તો વડીલોને શા માટે તકલીફ આપવી જોઈએ ! મને આવા પ્રશ્નોના જવાબ આપવાનો શોખ છે, માટે મને જવાબ આપવા દો. મારી ભૂલ થશે તો મારા સસરાજી સુધારી લેશે. રાજાએ કહ્યું–ભલે, તમે જવાબ આપો. લોકોને અધીરાઈ આવી છે કે આ પ્રશ્નોના જવાબ શું હશે ? તમને પણ એમ થાય છે ને કે આ ચાર કબાટ લાવીને મૂકાવ્યા છે તેમાં શું કરામત કરી હશે ? સભામાં લોકોને જોવાની અધીરાઈ આવી છે તેમ તમને પણ સાંભળવાની અધીરાઈ આવી છે ને ? લો, ત્યારે સાંભળો.

"આશ્ચર્યપૂર્વક સૌની દૃષ્ટિ પુત્રવધુ ઉપર" : ચતુર પુત્રવધૂએ કબાટ ઉપર પહેલેથી બોર્ડ લગાવ્યા હતા. તેમાં પહેલા કબાટ ઉપર છે છે ને છે નું બોર્ડ હતું. લોકો

કબાટ સામું જોઈ રહ્યા છે કે આમાં શું ભર્યું હશે? સૌના આશ્ચર્ય વચ્ચે પ્રધાનની પુત્રવધૂએ પહેલા કબાટનું બારણું ખોલ્યું તો તેમાંથી સારા વસ્ત્રાલંકારોથી સજ્જ થયેલો એક પુરૂષ બહાર નીકળ્યો. પુત્રવધૂએ મહારાજાને કહ્યું–સાહેબ! આપ આને પૂછો કે તેં જન્મ ધરીને કદી દુઃખ જોયું છે ખરું? તમને છે છે ને છે નો જવાબ પ્રેકટીકલથી મળશે. આ પુરૂષ બીજો કોઈ ન હતો પણ પ્રધાનની પુત્રવધૂનો બાપ હતો. એમણે રાજાને કહ્યું સાહેબ! મેં જન્મ ધરીને કદી દુઃખ જોયું નથી. દુઃખ શું કહેવાય એ જ મને ખબર નથી. રાજાએ પૂછ્યું એનું કારણ શું? પુત્રવધુએ કહ્યું–સાહેબ! એમણે પૂર્વભવમાં ખૂબ દાન પુણ્ય કર્યા છે. દાન દેતાં પાછું વાળીને જોયું નથી. સાધુ સંતોની ખૂબ સેવા કરી છે અને તપ પણ ખૂબ કર્યો છે એટલે પુણ્યની ટાંકી ભરીને આવ્યા છે, તેથી પૂર્વભવમાં એમની પાસે ઘણું હતું. પૂર્વે આપીને આવ્યા છે એટલે આ ભવમાં એમને ઘણું મળ્યું છે. આ ભવમાં પણ સદ્ભાગે ધન વાપરતાં પાછું વાળીને જોતાં નથી એટલે આવતા ભવમાં પણ એમને મળવાનું છે. બીજ વાવ્યું છે તો ફળ મળવાનું છે. એ તો નિઃશંક વાત છે ને? એટલે એનો અર્થ છે છે ને છે. આ આપના પ્રશ્નનો પ્રેકટીકલ જવાબ છે. આખી સભાને અને રાજાને ખૂબ સંતોષ થયો.

પહેલા કબાટમાંથી આવો પુરૂષ નીકળ્યો એટલે લોકોના મનમાં થયું કે આ બીજા કબાટમાંથી કોણ નીકળશે? એમાં કોને પૂર્યો હશે? બીજા કબાટ ઉપર લખ્યું છે **નથી નથી ને નથી**, બીજા પ્રશ્નનો જવાબ માટે બીજું કબાટ ખોલ્યું તો હાથમાં માટીનું શકોરું લઈને ભીખ માંગનારો એક ભિખારી નીકળ્યો. એ બોલે છે આપો મા–બાપ, આપો મા–બાપ, હું ચાર દિવસનો ભૂખ્યો છું.

ગરીબોંકી સુનો (૨) વે તુમ્હારી સુનેગા,
તુમ એક પૈસા દે દો, તો દસ લાખ મિલેગા....ગરીબોંકી સુનો....

હે શ્રીમંતો! તમે મારી ગરીબની પુકાર સાંભળો. મને એક એક પૈસો આપશો તો તમને ભગવાન દશ લાખ રૂપિયા આપશે. તમે મારો પોકાર સાંભળશો તો ભગવાન તમારો પોકાર સાંભળશે. લોકો વિચારમાં પડી ગયા કે આ નથી નથી ને નથી એનો અર્થ આ કેવી રીતે બતાવે છે? સહુના આશ્ચર્ય વચ્ચે પુત્રવધુએ રાજાને કહ્યું–સાહેબ! આને પૂછો કે તેં તારી જિંદગીમાં કદી સુખ જોયું છે? રાજાએ પૂછ્યું એટલે ગરીબે કહ્યું સાહેબ! મેં કદી સુખ જોયું જ નથી મારા જન્મર પાપ કર્મના ઉદયે સ્વપ્નમાં પણ સુખના દર્શન કર્યા નથી. આટલી ઉંમર થઇ પણ ભીખ માંગીને ખાઉં છું, ત્યાં પુત્રવધુએ કહ્યું–સાહેબ પૂર્વભવમાં એની પાસે કાંઇ ન હતું એટલે એણે દાન પુણ્ય કર્યા નથી, તેથી આ ભવમાં એને મળ્યું નથી. એટલે દાન પુણ્ય કરી શકતો નથી. તેથી આવતા ભવમાં પણ તેને મળવાનું નથી. એટલે એનો અર્થ છે નથી નથી ને નથી....આ આપના બીજા

પ્રશ્નનો પ્રેકટીકલ જવાબ છે. બીજા પ્રશ્નનો જવાબ સાંભળીને હવે લોકો ત્રીજા પ્રશ્નનો જવાબ સાંભળવા માટે અધીરા બની ગયા કે આ બેમાં તો બરાબર બતાવ્યું પણ હવે ત્રીજામાં કેવી રીતે બતાવશે ?

બે પ્રશ્નો જાણ્યા પછી ત્રીજા પ્રશ્ન માટે આવેલી પ્રજાજનોને અધીરાઈ :- હવે ત્રીજા પ્રશ્નનો જવાબ સાંભળવાની લોકોને અધીરાઈ આવી. ત્રીજા કબાટ ઉપર લખ્યું છે નથી ને છે. પુત્રવધૂએ ત્રીજો કબાટ ખોલ્યો તો એમાંથી એક સંન્યાસી બહાર નીકળ્યા. એમને જૈન સાધુનો પરિચય થતાં કંચન-કામિનીનો ત્યાગ કર્યો હતો. પોતાની જાતે ભિક્ષાચરી કરીને ખાતા હતા. આવા પવિત્ર સંત હતા. પુત્રવધુએ કહ્યું-સાહેબ ! આ સંતને પૂછો કે તમારી પાસે કંઈ છે ! સંતે કહ્યું કે મહારાજ ! અમે તો ફકીર કહેવાઈએ. અમને પૈસા ન ખપે, રહેવા માટે ઘાસની કુટીર છે. તેમાં બેસીને ભગવાનનું ભજન કરું છું. પહેરવા માટે બે ભગવા કપડા રાખું છું. મને કોઈ જાતની ફિકર ચિંતા નથી. આવો હું મસ્ત સંત છું. મારી પાસે કંઈ જ નથી, છતાં તમારા બધાથી હું મહાન સુખી છું. તમારી આખી સભામાં કોઈને પૂછો કે તે મારા જેવા સુખી છે ? હા, જેને કંચન, કામિનીનો મોહ છૂટયો નથી તે દુઃખી છે. બાકી સાચા સંત જેવા કોઈ સુખી નથી. પુત્રવધૂએ કહ્યું-સાહેબ ! જુઓ, આ સંત પાસે અત્યારે રાતી પાઈ નથી. તેમણે છતી સંપત્તિનો આ ભવમાં ત્યાગ કર્યો છે. તો આવતા ભવમાં એને ઘણું મળવાનું છે. એટલે આનું નામ નથી ને છે. આ આપના ત્રીજા પ્રશ્નનો પ્રેકટીકલ જવાબ છે. આ રીતે ત્રણ પ્રશ્નો હલ થઈ ગયા. હવે એક પ્રશ્ન બાકી છે.

ચોથા કબાટ ઉપર લખ્યું છે "છે ને નથી." ચોથો કબાટ જ્યાં ખોલ્યો ત્યાં અંદરથી સારા વસ્ત્રાભૂષણો પહેરેલો એક શ્રીમંત માણસ નીકળ્યો. પુત્રવધૂએ કહ્યું-સાહેબ ! આને તમે પૂછો કે તારી પાસે ધન કેટલું છે ? તેં તારું ધન કયારે વાપર્યું છે ? દુઃખમાં મદદરૂપ કોઇને થયો છે ખરો ? કબાટમાંથી નીકળેલા માણસે કહ્યું-સાહેબ ! મારી પાસે કરોડોની સંપત્તિ છે પણ કોણ જાણે કેમ હું વાપરી શકતો નથી ? પ્રધાનની પુત્રવધૂએ સમજાવ્યું કે ઘણું ધન હોવા છતાં પોતે ખાતો નથી ને બીજાને આવા દેતો નથી, એટલે પરભવમાં એને કયાંથી મળવાનું છે ? માટે સાહેબ "છે ને નથી" ટૂંકમાં આ ભવમાં ઘણું છે પણ પરભવમાં કાંઈ મળવાનું નથી. આ રીતે આપનો ચોથો પ્રશ્ન છે ને નથી એનો આ પ્રેકટીકલ જવાબ.

આ ચારે પ્રશ્નનો પ્રેકટીકલ જવાબ મળવાથી રાજા તો ખુશ ખુશ થઈ ગયા, અને ખુશ થઇને પુત્રવધૂના ગળામાં નવસેરો કિંમતી રત્નોનો હાર પહેરાવી દીધો ને કહ્યું-બેટા ! તું આજથી મારી પુત્રી છે. તું પ્રધાનના ઘરની પુત્રવધૂ નહિ પણ એક દેવી છે. આજે તેં મારી આંખ ખોલી છે. આ જવાબ આપ્યા પછી આખી નગરીમાં આ ચાર પ્રશ્નોના જવાબ વ્યાપક બની ગયા ને લોકો પોતાની શક્તિ પ્રમાણે દાન પુણ્ય વધુ કરવા લાગ્યા. ઘરઘરમાં પ્રધાનની પુત્રવધુની પ્રશંસા થવા લાગી કે બહેન નાની છે પણ એની બુદ્ધિ તો મોટી છે.

ચેલી ઈર્ષ્યાળુ કંપનીને પ્રધાનનું કાસળ કાઢવું હતું પણ તેના બદલે રાજય તરફથી પ્રધાનનું અને તેના કુટુંબનું ઉલ્ટું માન વધ્યું. બંધુઓ ! આ ચાર પુરૂષોને કબાટમાં પૂરવા ને આ બધું કરવું તે સામાન્ય કામ ન હતું પણ આ પુત્રવધૂના પિતા બહુ મોટા માણસ હતા. તે ખૂબ પવિત્ર હતા એટલે આ કામ પુત્રવધૂ કરી શકી. પિતાની સહાયથી પોતાના સસરાજીને ચિંતામાંથી મુક્ત કર્યા ને કુટુંબની ઇજ્જત વધારી. પ્રધાને પણ ઘેર જઈને પોતાની પુત્રવધૂની મુક્ત કંઠે પ્રશંસા કરતા ધન્યવાદ આપ્યા. બેટા ! તેં તો આજે મને મોટી મુશીબતમાંથી ઉગાર્યો છે ને મારી ઇજ્જત સાચવી છે. ધન્ય છે તારી જનેતાને ! ત્યારે પુત્રવધુએ કહ્યું. પિતાજી ! મેં તો આમાં કંઈ જ કર્યું નથી. આ તો આપ વડીલોની કૃપા અને આશીર્વાદ છે.

આપણા અધિકારમાં અપરાજિત રાજા શ્રીષેણ રાજાને ત્યાં શંખકુમાર તરીકે જન્મ્યા છે. એ રાજાને ત્યાં ગુણનિધિ નામે પ્રધાન છે. તેને ત્યાં કોણ જન્મ લેશે, પ્રીતિમતી કયાં જન્મ લેશે તે વાત અવસરે વિચારીશું. સમય થઈ ગયો છે. ૐ શાંતિ.



વ્યાખ્યાન નં. ૩૬

શ્રાવણ વદ ૩ ને સોમવાર **તા. ૨૧-૮-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! રાગ-દ્વેષના વિજેતા, મોક્ષ માર્ગના પ્રણેતા એવા ભગવંત ભવ્યજીવોને ઉપદેશ આપતા ફરમાવે છે કે હે આત્માઓ ! આ સુંદર માનવજીવન પામીને અનંતકાળથી મલીન બનેલા આત્માને વિશુદ્ધ બનાવવાનો પુરૂષાર્થ કરવાનો છે. આજે જગતમાં માનવી કેટકેટલી વસ્તુને ઉજ્જવળ, નિર્મળ, ચોખ્ખી અને શુદ્ધ રાખવા તત્પર રહે છે. મેલી અને ગંદી વસ્તુ એને જરા વાર પણ ખમાતી નથી. કદાચ સંયોગવશાત ચલાવવી પડે તો ચલાવી લે પણ એની નજરમાં તો એ મેલી વસ્તુ ખટકતી હોય છે. તે મેલ કાઢવા ઝંખતો જ હોય છે. મેલી વસ્તુને જોઈને એને સૂગ ચઢે છે. કયારે તેને શુદ્ધ અને સ્વચ્છ બનાવું તેના વિચારમાં જ રમતો હોય છે અને તક મળતાં જલ્દી એને સાફ કરવા પુરૂષાર્થ કરે છે. કપડા મેલા થયા હોય તો ન ગમે, શરીર પરસેવાવાળું કે મેલવાળું હોય તો ન ગમે. અરે, તમારા ઘરમાં જમવાના વાસણ પણ ગંદા ન ગમે. મકાનમાં ખૂબ કચરો અને ધુળ ભરાયા હોય તો મેલું મકાન પણ ન ગમે. અરે ! તમારી ફરવાની કાર પણ રોજ સાફ કરો છો. આ બધું સાફ કરવાનું તો ધમધોકાર ચાલુ છે, પણ અનંતકાળથી આપણો આત્મા મેલો ઘાટ બની ગયો છે, અશુદ્ધ અને ગંદો બન્યો છે એનું મેલાશપણું ખટકે છે ખરું ? એની સૂગ આવે છે ખરી ? (શ્રોતામાંથી અવાજ : ના) ભલે આત્માની અશુદ્ધતા અને મેલાશ ખટકે તો એને ચોખ્ખો ને શુદ્ધ કરવાની વિચારણા થાય ને ? પણ આત્મા શુદ્ધ બનવાને

બદલે વધુ ને વધુ અશુદ્ધ બનતો જાય છે. સમજાવું. બાલ્યાવસ્થામાં આત્મા અલ્પ ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષથી મલીન હતો પણ ઉંમર વધતાં એ બધું વધે છે. બાલપણામાં મોહ માયા ઘણી અલ્પ હોય છે. કુમાર અવસ્થામાં તેથી વધુ, યુવાનીમાં એથી વધુ અને ઘડપણમાં તો બહીમ મોહમાયા હોય છે. આથી આત્મા અશુદ્ધ બનતો જાય છે. આત્માને મલીન કરે જ જવું એ ઉત્તમ ભવની વિટંબણા છે. આશ્ચર્ય છે કે કપડા, મકાન, ફર્નીચર વિગેરે બધું શુદ્ધ કરાય છે પણ પોતાના ચૈતન્યને શુદ્ધ કયારે કરાશે ? ચૈતન્ય શુદ્ધ કરવાનો સમય એક માત્ર માનવભવ છે. જો આ ભવમાં આ કાર્ય નહિ કરીએ તો બીજે કયાં કરશું ? માટે ચૈતન્યને શુદ્ધ બનાવવા કષાયોમાં મંદતા લાવો. જડ પદાર્થો પ્રત્યેનો રાગ ઘટાડી ચૈતન્ય એવા આત્મ નો રાગ કરો.

આપણે બાવીસમા અધ્યયનનો અધિકાર ચાલે છે. નેમનાથ ભગવાનનો જીવ હસ્તિનાપુરમાં શ્રીષેણ રાજાને ઘેર પુત્રપણે જન્મ્યો અને વિમલબોધનો જીવ પણ દેવલોકમાંથી ચવીને ગુણનિધિ પ્રધાનને ત્યાં પુત્ર તરીકે જન્મ્યો. રાજાના પુત્રનું નામ શંખકુમાર અને પ્રધાનના પુત્રનું નામ મતિપ્રભ રાખવામાં આવ્યું.

પૂર્વ યોગસે શંખકુંવરકા, બના મિત્ર વહ પ્યારા,
રહે સાથમેં સદા પ્રેમસે, ખીર નીર અનુસારા.

શંખકુમાર અને મતિપ્રભ બંને પૂર્વભવના મિત્રો હતા. ગત જન્મની માફક એ બંને રાજકુમાર અને પ્રધાનપુત્ર બન્યા. બંને જણા સાથે રમતા, સાથે હરવા ફરવા જતાં ને સાથે જ જમતા. આ બંને બાળકોની મિત્રતા જોઈને મહારાજા અને પ્રધાનજી ખુશ થતાં, અને રાજા પ્રધાનને કહેતાં પ્રધાનજી ! મારા પછી મારો શંખકુમાર રાજા થશે અને તમારા પછી તમારો મતિપ્રભ શંખકુમારનો પ્રધાન બનશે, ત્યારે પ્રધાનજી હસીને કહેતા સાહેબ ! મતિપ્રભ પણ આપનો જ પુત્ર છે ને ? આમ કરતાં શંખકુમાર અને મતિપ્રભ બંને મોટા થયા એટલે તેમને ગુરુપાસે જ્ઞાન મેળવવા મોકલ્યા. બંને કુમારો ખૂબ સંસ્કારી અને વિનયવંત છે. ગુરૂનો વિનય અને ભક્તિ કરીને ગુરૂનું હૃદય જીતી લીધું, અને થોડા સમયમાં તેમણે ગુરૂ પાસેથી ઘણું જ્ઞાન મેળવ્યું. આમ કરતાં બંને કુમારો પુરૂષની ૭૨ કળામાં પ્રવીણ બન્યા એટલે ગુરૂએ તેમને રાજાને સોંપી દીધા. રાજાએ બંને કુમારોની પરીક્ષા કરી તો બંને પુત્રો બરાબર હોંશિયાર બની ગયા છે. રાજા ખૂબ ખુશ થયા ને તેમના ગુરૂને ઘણું ધન આપી ખુશ કરી વિદાય કર્યા. શંખકુમારનું રૂપ અને તેના ગુણ જોઈને રાજા-રાણી બધા ખુશ થતાં. અહો ! આપણો શંખકુમાર કેવો તેજસ્વી છે ! કેવો વિનયવંત છે ! તે દરેકને ખૂબ પ્રિય છે.

યશોમતીની કળા આગળ હાર પામેલા કુમારો :- ગતભવમાં મીતમતી

હતી તે અંગદેશમાં ચંપાનગરીમાં જિતારી નામે રાજાને કીર્તિમતી નામે એક રાણી હતી ત્યાં પુત્રીપણે ઉત્પન્ન થઈ. તેણે ઘણાં પુત્રો પછી એક પુત્રીને જન્મ આપ્યો. તેનું નામ યશોમતિ પાડવામાં આવ્યું. આ યશોમતિ ઘણાં ભાઈઓની બહેન હોવાથી માતા-પિતા અને ભાઈઓને ખૂબ વહાલી હતી. તે અગિયારમા દેવલોકથી ચવીને આવી છે, મહાન પુણ્ય લઈને આવી છે તેથી દેવી જેવી શોભતી હતી. માતાપિતાએ તેને ખૂબ લાડકોડથી ઉછેરી. પોતાના ભાઈઓની સાથે રમતી ને ખેલતી મોટી થવા લાગી. તે મોટી થતાં જિતારી રાજાએ તેને ગુરૂ પાસે ભણવા મોકલી. તે બોસઠ કળા ભણી પ્રવીણ થઈ. એની કળા કુશળતાના દેશવિદેશમાં ગુણ ગવાવા લાગ્યા. આ સાંભળીને ઘણાં રાજકુમારો યશોમતી સામે હરિફાઇ કરવા માટે આવવા લાગ્યા, અને તેની સાથે વિવિધ પ્રકારે ચર્ચા કરવા લાગ્યા, પણ કોઈ રાજકુમાર યશોમતીને ન જીતી શકે. ભલભલા હોંશિયાર કુમારો યશોમતી પાસે હારી જતા. યશોમતિ વિચાર કરવા લાગી કે જો બધા જ પુરૂષો મારી પાસે હારી જશે તો પુરૂષપણાની પ્રધાનતા કયાં રહેશે ? માટે મારાથી હીન ગુણવાળા સાથે હું કયારે પણ લગ્ન નહિ કરું. જે મારાથી રૂપ અને ગુણમાં શ્રેષ્ઠ હશે તેને હું પરણીશ. હવે કોઈ પણ રાજકુમાર આનાથી ચઢતો નથી તેથી જિતારી રાજાને ચિંતા થવા લાગી કે મારી વહાલી કુંવરીને કોની સાથે પરણાવવી ? આવા વિચારમાં રાજા ઉદાસ થઈને સિંહાસને બેઠા હતા.

આ સમયે હસ્તિનાપુરથી એક સોદાગર જિતારી રાજા પાસે આવ્યો અને રાજાને ભેટણું ધર્યું, પણ રાજા પોતાની કુંવરીની ચિંતામાં ઉદાસ બની ગયા હોવાથી તેમને આ વાતનો ખ્યાલ ન રહ્યો, કારણ કે ચિંતા એવી બૂરી ચીજ છે કે માણસને કોરીને ખાઇ જાય છે. કહેવત છે ને કે

સુખે ન સૂવે ધનનો ધણી, સુખે ન સૂવે જેને ચિંતા ઘણી,
સુખે ન સૂવે દીકરીનો બાપ, સુખે ન સૂવે જેના ઘરમાં સાપ.

આ વાત બરાબર છે ને ? આ તો તમારા અનુભવની વાત છે ને ? ધન ન હોય તો ચિંતા ને ધન વધે તો સાચવવાની ચિંતા. પહેલાના સમયમાં ચોર, ડાકુ, આગ કે પાણીનો જ ભય હતો કે રખે ને ધન લૂંટારા લૂંટી ન જાય, ચોર ચોરી ન જાય, અગ્નિમાં બળી ન જાય અને પાણીના પૂરમાં તણાઇ ન જાય પણ આજે તો સરકારનો ભય વધ્યો છે. બે નંબરના નાણાં સાચવવાની કેટલી ચિંતા છે ? એટલે કહ્યું ને કે જેની પાસે ઘણું ધન હોય તે સુખે ઉંઘી શકતો નથી. આ સંસાર તો અનેક પ્રકારની વિટંબણાઓથી ભરેલો છે. તેમાં જીવોને અનેક પ્રકારની ચિંતાઓ હોય છે એટલે ચિંતાતુર માણસ સુખે ઉંઘી શકતો નથી. ઘરમાં સાપ નીકળ્યો તેને તમે જોયો પણ કયાંય સાપ ન દેખાયો તો પણ તમને સુખે ઉંઘ આવે ખરી ? "ના". જેને દીકરીઓ હોય તેનો બાપ પણ સુખે ઉંઘી શકતો નથી. કારણ કે એક પછી એક દીકરીઓને પરણાવવાની કેટલી ચિંતા થાય છે !

ચિંતાતુર રાજાને સોદાગરે કરેલો પ્રશ્ન :– જિતારી રાજાને ચિંતાતુર જોઈને સોદાગરે પૂછયું કે મહારાજા ! આપ આજે આટલા બધા ઉદાસ કેમ છો ? આપને શું ચિંતા છે ? સોદાગર રાજાને આ પ્રમાણે પૂછતો હતો તે વખતે રાજકુમારી સોળ શણગાર સજીને એના પિતાજીના દર્શન કરવા આવતી હતી પણ સોદાગરના શબ્દો સાંભળીને પડદા પાછળ ઉભી રહી અને સોદાગર અને રાજા વચ્ચે થતી વાતચીત સાંભળવા લાગી. સોદાગરે રાજાને ચિંતાનું કારણ પૂછયું ત્યારે જવાબમાં રાજાએ કહ્યું–સોદાગર ! મારી ચિંતાનું કારણ તને કહી શકાય તેમ નથી. સોદાગરે કહ્યું–સાહેબ ! અમે નાના માણસ છીએ પણ કોઈ વખત આપની મોટી ચિંતા દૂર કરી શકીએ. આપ કહો તો કંઈ માર્ગ બતાવું. હું તો દેશપરદેશમાં ફરું છું એટલે મને ઘણાં અનુભવ છે. માટે આપ મને આપની ચિંતાનું કારણ કહો. એટલે રાજાએ પોતાની પુત્રીની વાત કરી ત્યારે સોદાગરે હસીને કહ્યું–સાહેબ ! આમાં આટલી બધી ચિંતા શું કરો છો ? આ તે કઈ મોટી વાત છે ? હું આપની ચિંતા દૂર કરું. સાંભળો. હું ઘણાં દેશવિદેશ ફર્યો ને ઘણાં રાજ્યમાં ગયો ને ઘણાં રાજકુમારોને જોયા. હમણાં હું હસ્તિનાપુર ગયો હતો ત્યાં મેં શ્રીષેણ રાજાના પુત્ર શંખકુમારને સભામાં બેઠેલો જોયો હતો. શું એનું રૂપ ! જાણે ઈન્દ્ર જોઈ લો ! આખી સભામાં તારાઓમાં જેમ ચંદ્ર શોભી ઉઠે તેમ શોભતો હતો. એકલું રૂપ જ છે એમ નથી. પણ સાથે ગુણ પણ છે.

બંધુઓ ! ઘણી વખત માણસમાં રૂપ હોય પણ બુદ્ધિમાં દેવાળું હોય છે. એક શ્રીમંત શેઠને એકનો એક દીકરો હતો. રૂપ ઘણું પણ બુદ્ધિ ન હતી. શેઠને ત્યાં પૈસો પૂબ હતો એટલે બહારગામથી કન્યાઓના કહેણ આવવા લાગ્યા. ગામમાં તો સૌ જાણતાં હતાં કે આ છોકરો રૂપે રૂડો છે પણ બુદ્ધિ નથી, પણ બહારગામના લોકોને તો આવી ખબર ન હોય ને ? એક વખત આ છોકરાને જોવા માટે આવવાના હતા. એટલે શેઠે કહ્યું–બેટા ! તું આ દુકાનમાં બેસીને આ ચોપડાના પાના ફેરવ્યા કરજે પણ કંઈ બોલતો નહિ. છોકરો કહે ભલે બાપુજી, સારા કપડા પહેરીને દુકાનમાં બેસાડયો ને હાથમાં ચોપડો આપ્યો. છોકરાને જોવા માટે માણસો આવ્યા. આ ભાઈસાહેબ તો ચોપડાનાં પાનાં ઉથલાવે છે. માણસ પાનું વાંચીને ફેરવે અને બાકી ફેરવી જાય એમાં ફેર પડે ને ? બુદ્ધિશાળી માણસોને તો તરત જ ખ્યાલ આવી જાય. જોવા આવનાર વિચાર કરવા લાગ્યા કે આ તો બાકી પાના ફેરવે છે. એમાં છોકરો બોલ્યો. બાપુજી ! ફલાણાને પૈસા આપ્યા ત્યારે આ પાનામાં તમે લખ્યું હતું. મેં બધી અધાર મૂકી ગઈ તેનું મેં નિશાન રાખ્યું છે. (હસાહસ) બુદ્ધિનું પ્રદર્શન થઈ ગયું ને ? જોવા આવનાર સમજી ગયા કે આ તો અભણ લાગે છે. બાકી રૂપ છે. બુદ્ધિનું દેવાળું છે એટલે ઉઠીને હાલતા થઈ ગયા.

" સોદાગરની વાતોથી યશોમતીએ લીધેલો નિર્ણય " :–અહીં સોદાગર કહે

છે સાહેબ ! જેવી તમારી યશોમતી કુમારી છે એવા જ શંખકુમાર રૂપ, ગુણ અને વિદ્યામાં નિપુણ છે. અત્યાર સુધી તમારી કુંવરીને ભલે બીજા કુમારો જીતી શકયા નથી પણ શંખકુમાર તો તમારી કુંવરીને હરાવી દેશે. એ કુમાર તમારીને કુંવરી યોગ્ય છે. હું તો દેશ પરદેશ ફર્યો પણ શંખકુમાર જેવો કોઈ રાજકુમાર મેં હજુ સુધી જોયો નથી. એવો અદ્‌ભૂત કુમાર છે. પડદાની પાછળ ઉભેલી યશોમતી આ બધી વાત સાંભળીને ખુશ થઈ ગઈ. એના મનમાં એમ પણ થયું કે મારા પિતાજી મારા માટે કેટલી ચિંતા કરે છે ? મારે એમની ચિંતા દૂર કરવી જોઈએ. સોદાગરે વાત કર્યા પછી રાજાને ભેટણું આપ્યું ને પછી વિદાય થયો. એટલે પડદા પાછળથી યશોમતીએ બહાર આવીને પિતાજીને નમન કર્યું અને નમ્રતાથી કહ્યું કે પિતાજી ! આપ મારી આટલી બધી ચિંતા શા માટે કરો છો ? હવે આપ મારી ચિંતા છોડી દો. હવે મારે કોની સાથે પરણવું એ મારી જાતે જ નક્કી કરીને આપને કહીશ. જો આપને યોગ્ય લાગે તો મને એની સાથે પરણાવજો. મને પસંદ હશે પણ જો આપને યોગ્ય નહિ લાગે તો હું જિંદગીભર કુંવારી રહીશ અગર તો દીક્ષા લઈશ. પુત્રીની વાત સાંભળીને રાજા ખુશ થયા ને કહ્યું, ભલે બેટા ! આપણે એમ કરીએ.

યશોમતી પિતાજીને પ્રણામ કરીને પોતાના મહેલમાં આવી. એક દાસી ચિત્રકળામાં ખૂબ પ્રવીણ હતી. તેને બોલાવીને કહ્યું. તું આજે ને આજે અહીંથી નીકળીને હસ્તિનાપુર જા. ત્યાં પહોંચીને શંખકુમારનું ચિત્ર દોરી લાવ. ચિત્ર દોરવાની સાથે એ કુમાર કેવો છે તે પણ બરાબર જોતી આવજે. આ સાંભળીને દાસી ખુશ થઈ, કારણ કે જે માણસ જે કાર્યમાં ચતુર હોય તેને તે કાર્ય કરવામાં ઘણો ઉત્સાહ હોય છે. દાસી ચંપાનગરીથી નીકળીને થોડા દિવસમાં હસ્તિનાપુર પહોંચી ગઈ. રાજદરબારમાં જઈને આડકતરી રીતે શંખકુમારને જોઈ લીધા. કુમારને જોતાવેંત દાસીની આંખડી ઠરી ગઈ, બસ. આ શંખકુમાર મારી કુંવરીને યોગ્ય છે. બે દિવસમાં દાસીએ ચિત્ર તૈયાર કરી લીધું ને કુંવરને બરાબર જોઈ લીધો. રૂપ તો છે પણ સાથે ગુણ અને બુદ્ધિ પણ એટલી જ છે. કુંવર યશોમતીથી ચઢિયાતો છે. દાસી શંખકુમારનું ચિત્ર લઈને હોંશભેર ચંપાનગરી આવશે ને યશોમતીને ચિત્ર બતાવશે ત્યારે તેને કેવો આનંદ થશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- રત્નવતી મહેલમાં હરખાય છે ને સુખ ભોગવે છે. આ તરફ જિનસેના બગીચામાં જે મહેલમાં રાજાએ રહેવાનું કહ્યું ત્યાં ગઈ. એ મહેલ તો ખાસ કરીને રાજા બગીચામાં ફરવા માટે જાય ત્યારે આરામ કરવા માટે જ હતો. એટલે ત્યાં કંઈ સગવડ ન હતી પણ જિનસેના તો અગવડમાં પણ આનંદપૂર્વક રહે તેવી હતી. રાજાએ એને માટે થોડા વાસણ અને ઘઉં, બાજરો મોકલાવ્યા, એટલે રાણી દાસીને કહે છે, જો તો ખરી ! સ્વામીનાથની મારા ઉપર કેટલી કૃપાદૃષ્ટિ છે ! મને જંગલમાં મોકલી પણ હું ભૂખી ન રહું તે માટે અનાજ અને વાસણ બધું જ મોકલાવ્યું.

બંધુઓ ! જિનસેનાની કેટલી બધી સમજણ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ અજ્ઞાનમાંથી પણ સવળું જ ઘટાવે છે. પોતાને મહેલમાંથી કઢાવનાર તો રત્નવતી છે એમ પોતે જાણતી હતી. એને રાજા સાથે આટલા વખતમાં કદી અણબનાવ થયો નથી પણ રત્નવતીએ રાજાને ચઢાવીને તેના સંસારમાં આગ લગાડી છતાં એણે મનથી પણ રત્નવતી ઉપર ક્રોધ કર્યો નથી કે શ્રાપ આપ્યો નથી કે તેં મારા સંસારમાં આગ લગાડી તો એના સંસારમાં પણ દાવાનળ લાગજો. આવું કયારે વિચાર્યું નથી. આનું નામ સાચી સમજણ. જિનસેનાની દાસી પણ એવી જ હતી. અનાજને દળીને તેનું ભડકું બનાવીને ખાઇને સંતોષથી રહેવા લાગ્યા.

ધંત જિનસેના શુદ્ધ ભાવોસે, કરતી ધર્મધ્યાન,
શુદ્ધ ભાવોંસે કરે સમાધ, ઔર કરતી આત્મજ્ઞાન.

જિનસેના અને તેની દાસી દરરોજ સવારમાં ઉઠીને સામાયિક, પ્રતિક્રમણ વિગેરે ક્રિયાઓ કરતા. આત્મતત્ત્વ ઉપર ચિંતન કરતા. કયારેક બાર ભાવનાઓનું સ્વરૂપ, સંસારનું સ્વરૂપ અને કર્મનું સ્વરૂપ કેવું છે એ ઉપર ચર્ચા કરતા. કોઈ વખત ખબર પડે કે નગરમાં સંતમુનિરાજ પધાર્યા છે તો તેમના દર્શન કરવા જતાં ને ગૌચરી વહોરવા આવવાની ભાવના ભાવતા. આ પ્રમાણે જિનસેના અને તેની દાસી આખો દિવસ ધર્મારાધના કરવામાં પસાર કરતા હતા.

પુત્રજન્મની વધામણી લઇને આવતી દાસી :– ધર્મવાન આત્માઓ માટે જંગલ પણ મંગલ બની જાય છે ને જેલ એ મહેલ બની જાય છે. રાણી ધર્મમાં એવી એક લીન રહે છે કે એને રાજમહેલ પણ યાદ નથી આવતો. મનમાં એમ પણ નથી થતું કે કયાં હું પટ્ટરાણી હતી અને આજે દાસી કરતાં પણ મારા ભૂંડા હાલ થયા છે. કયાં હું નિત્ય નવા સ્વાદિષ્ટ ભોજન જમનારી અને આજે લૂખી રોટલી ને દાળ, ભડકું વિગેરે ખાઈને પેટ ભરું છું ! આવું રહેજ પણ મનમાં ઓછું આવતું નથી, પણ આનંદપૂર્વક ગર્ભનું સારી રીતે પાલન કરતી દિવસો વીતાવવા લાગી. દિવસો જતાં ગર્ભકાળ પૂરો થતાં જિનસેના રાણીએ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. જિનસેનાએ પુત્રને જન્મ આપ્યા પછી થોડી વારે રત્નવતીએ પણ પુત્રને જન્મ આપ્યો. જિનસેના રાણીની દાસી હર્ષભેર દોડતી રાજાને પુત્રજન્મની વધામણી દેવા આવી. રાણીએ કે દાસીએ એવો વિચાર ન કર્યો કે રાજાએ અમને કાઢી મૂકયા છે તો પુત્રજન્મની વધામણી આપવા જવાની શી જરૂર ? રાજાએ રાણીનો ત્યાગ કર્યો છે પણ પુત્ર તો રાજાનો છે ને ? એટલે હર્ષભેર વધામણી આપી કે મહારાજા ! મારી જિનસેના રાણીએ આપના જેવા મહાન તેજસ્વી પુત્રને જન્મ આપ્યો છે. દાસી આ પ્રમાણે કહેતી હતી ત્યાં રત્નવતીની દાસી પણ દોડતી રાજા પાસે આવી. એટલે મહારાજાએ પૂછયું કે દાસી ! તું આટલી બધી હર્ષભેર આવી છું તો શું કંઇ મંગલ વધામણી આપવા આવી છે ? જુઓ, દૃષ્ટિમાં કેટલો બધો ફરક પડી ગયો છે !

જિનસેનાની દાસી પણ હર્ષભેર જ આવી છે ને? છતાં એને રાજાએ કંઈ ન પૂછ્યું અને રત્નવતીની દાસીને તરત પૂછ્યું.

દાસીએ રત્નવતીના પુત્રના કરેલા વધામણ :- હે મહારાજાધિરાજ! સાંભળો. અમારા રત્નવતી પટ્ટરાણીજીએ પુત્રને જન્મ આપ્યો છે. એ પુત્ર જેમ ચાંદનીમાં ચંદ્ર શોભે છે તેવો તે શોભે છે. તારા, ગ્રહ વિગેરે ગમે તેટલા હોય પણ ચંદ્ર વિના એ બધા શોભતા નથી તેમ મહારાણીએ જે પુત્રને જન્મ આપ્યો છે તે ચંદ્ર જેવો શોભે છે, એનું મુખ તો જાણે પૂર્ણિમાનો ચંદ્ર જોઈ લો. આ તો હું આપને વધામણી આપું છું પણ આપ જોશો ત્યારે વિશેષ આનંદ આવશે, એવો એ રાજકુમાર છે. આ પ્રમાણે રત્નવતીની દાસીએ શુભ સમાચાર આપ્યા એટલે મહારાજાનું મુખ મલકાઈ ગયું ને આનંદ થયો. પુત્રજન્મની વધામણી આપવા આવનાર દાસીને રાજાએ કિંમતી વસ્ત્રા-ભૂષણો ભેટ આપ્યા, અને દાસીને ખુશ કરીને વિદાય કરી, અને પોતાના માણસોને આજ્ઞા કરી કે તમે બધા રત્નવતી રાણીના પુત્રનો જન્મ મહોત્સવ ઉજવવાની તૈયારી કરો. જિનસેનાની દાસી પણ બાજુમાં ઉભી હતી. એને રાજાએ થોડું ધન આપીને કહ્યું- હે દાસી! આ ધન લઈને તું બગીચામાં ચાલી જા.

" જિનસેનાની દાસીએ રાજા સામે માંગેલો ન્યાય " :- આ સાંભળીને દાસીના દિલમાં ખૂબ દુઃખ થયું. દાસીએ કહ્યું- મહારાજા! હું કંઈ ધનની ભૂખી નથી. મારે તમારું ધન જોઈતું નથી પણ આજે તમે મોટો અન્યાય કર્યો છે, તેનું મારા દિલમાં પારાવાર દુઃખ થયું છે. આપે મારું અને મારા રાણીનું ઘોર અપમાન કર્યું છે. આપે મહારાણી જિનસેનાનો ત્યાગ કર્યો છે પણ પુત્રનો થોડો ત્યાગ કર્યો છે? પુત્ર તો તમારો જ છે ને? પણ એક પુત્રનો જન્મ મહોત્સવ ઉજવાય અને બીજા માટે કંઈ નહિ! આ કેટલો ઘોર અન્યાય થઈ રહ્યો છે! આપને ઉજવવો હોય તો બંને પુત્રનો જન્મમહોત્સવ ઉજવો. એકનો શા માટે ઉજવો છો? આમ કહીને ધન ત્યાં ફેંકી દઈને જિનસેનાની દાસી રાણી પાસે આવી.

આગળની દાસીઓ પણ કેવી સ્વમાની હતી! જે રાણીની દાસી હોય તેનું કોઈ સહેજ ઘસાતું બોલે તો એને કંપકિ થઈ જાય. અરે! પોતાના રાજા-રાણી માટે પ્રાણ આપી દેતી પણ પોતાના રાજા કે રાણીનું અપમાન બિલકુલ સહન કરી શકે નહિ. અહીં જયમંગલ રાજાએ રત્નવતીના પુત્રનો જન્મમહોત્સવ ઉજવવાની લોકોને રજા આપી. હવે પ્રધાનજી આવશે ને રાજાને કેવી રીતે સમજાવશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૩૭

શ્રાવણ વદ ૪ ને મંગળવાર તા. ૨૨-૮-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! વિશ્વવંદનીય, અધમ ઉદ્ધારક એવા ત્રિલોકીનાથ ભગવંતોએ જગતના જીવોના એકાંત હિત માટે કહ્યું કે હે ભવ્ય જીવો ! આ સંસારમાં અજ્ઞાનના અંધકારમાં આથડતા અને દુઃખના દાવાનળમાં બળતા ઝળતા જીવોને કોઈ આધારભૂત હોય તો ધર્મ છે. સૂયગડાયંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે દીવે વ ધમ્મં ધર્મ એ દીપક સમાન છે. જેમ અંધારા ઓરડામાં દીવો પ્રગટાવવામાં આવે તો અંધકાર દૂર થઈ જાય છે ને પ્રકાશ પ્રકાશ પથરાઈ જાય છે, તેમ આ સંસારમાં અજ્ઞાન રૂપી અંધકારમાં આથડતા જીવોને માટે ધર્મ એ દીપક સમાન છે. ધર્મ રૂપી દીપક અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરનાર છે. આ ધર્મરૂપી દીપકમાં શ્રદ્ધા રૂપી તેલ અને વિનયરૂપી વાટ અવશ્ય હોવી જોઈએ. ધર્મ એ ચતુર્ગતિ સંસારમાં જીવને આધારરૂપ છે. ધર્મની સહાયથી જીવ સંસાર સાગરને તરી જાય છે. યોગશાસ્ત્રમાં પણ કહ્યું છે કે

अबन्धूनामसौ बन्धूर, सखा नाम सौ सखा ।
अनाथामसौ नाथो, धर्मो विश्वैकवत्सलः ॥

આ જગતમાં ધર્મ એ અબાંધવોનો બાંધવ છે, અમિત્રોનો મિત્ર અને અનાથોનો નાથ છે, તેથી આ જગતમાં એક ધર્મ જ પરમવત્સલ છે અને પરલોકમાં જીવને ધર્મ એ જ સાચું ધન છે, આટલા માટે આપણે જીવનમાં ધર્મની આરાધના કરવી જોઈએ. કારણ કે ધર્મથી સુખ મળે છે ને પાપથી દુઃખ મળે છે, પણ યાદ રાખજો કે સંસાર સુખની ઇચ્છાથી કરેલો ધર્મ સંસારનું સુખ આપે પણ છેવટે દુઃખ મળશે, પણ સંસાર સુખની આકાંક્ષા રહિત અને મોક્ષની ઇચ્છાથી કરેલો ધર્મ સુખ આપે છે. મોક્ષની ઇચ્છાથી કરેલા ધર્મથી સુખ મળે છે તેમાં માણસ મૂંઝાતો નથી. તેમાં મોહ પામતો નથી. ઉંચામાં ઉંચા સુખની વચ્ચે રહેવા છતાં તે જળકમળવત્ નિર્લેપ રહે છે. જ્યાં સુધી મોક્ષ ન પામે ત્યાં સુધી દેવ અને મનુષ્યનાં સુખો અનાસકત યોગીની માફક ભોગવે છે.

સંસાર એ તો વિષય કષાયનો અખાડો છે, દુઃખસ્વરૂપ, દુઃખફલક અને દુઃખની પરંપરાને વધારનાર છે, કારણ કે આત્મા જ્યાં સુધી સંસારમાં છે ત્યાં સુધી તે પાપ કરવાનો છે, અને પાપ થાય એટલે દુઃખ આવે. ભગવાન કહે છે કે સંસારમાં ખાવું, પીવું, હરવું, ફરવું, સંસાર સુખની ઇચ્છા કરવી ને સંસારનું સુખ રસપૂર્વક ભોગવવું તે બધું જ પાપ છે. દરેક સંસારી જીવો આવું પાપ કરે છે પણ જેને અરિહંત પ્રભુના વચન ઉપર શ્રદ્ધા છે કે આ પાપ દુઃખ આપનાર છે તેને સંસારમાં પાપ કરવું પડે ને કરે પણ એનું હૃદય બળતું હોય છે. બળતા હૃદયે જે પાપ થાય છે તેનાથી પાપ તો

બંધાય પણ એ જીવને દુઃખની પરંપરામાં ન નાંખે. સંસારના દરેક કાર્યમાં પાપ છે. આવું સમજાવનાર અરિહંત ભગવાન છે. સંસાર સુખના રાગી આવું નગ્ન સત્ય કયાંથી સમજાવી શકે? જેના હૃદયમાં અરિહંત પ્રભુના વચનની શ્રદ્ધા બેસી જાય તેના હૃદયમાં અરિહંત ભગવાન વસી જાય. આનું નામ શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ. શુદ્ધ યથાપ્રવૃત્તિકરણવાળો જીવ રસપૂર્વક પાપ ન કરે અને દુઃખ આવે ત્યારે એને એ યાદ આવે કે મારા અરિહંત ભગવાનના વચન છે કે તારા પાપ કર્મના ઉદયથી તને દુઃખ આવ્યું છે. તેને તું શાંતિથી ભોગવી લે અને સુખ આવે ત્યારે એવો વિચાર કરે કે આ સંસારના સુખમાં જો હું આસક્ત બનીશ તો જરૂરથી દુઃખ આવવાનું છે. આવો આત્મા ખાય, પીએ, સંસારનો વ્યવહાર અને વહેપાર બધું સંભાળે છતાં એના હૃદયમાં અરિહંત ભગવાનની રમણતા હોય, અને એનું મન સદા એમ ઝંખતું હોય કે હે પ્રભુ! "રહું એક તાર તારામાં, બીજું સ્મરણ નહીં સ્ફુરે."

હું સંસારમાં રહું ત્યાં સુધી તારી આજ્ઞામાં જ રહું. તારા ચરણકમળની સેવા, તારી ઉપાસના અને તારી આજ્ઞાનું પાલન મારા સંસાર સુખના રાગનો નાશ કરીને મને મોક્ષના શાશ્વત સુખો અપાવશે. જીવને આવી અતૂટ શ્રદ્ધા થાય તો જીવ સંસાર સુખનો રાગી ન બને અને દુઃખનો દ્વેષી ન બને. બંધુઓ! અત્યાર સુધીમાં જેટલા અરિહંત ભગવંતો થઈ ગયા તેમણે જગતના સર્વજીવોનું કલ્યાણ ઇચ્છયું છે. ભગવાને એમના જ્ઞાનમાં જોયું કે આ સંસારમાં જીવો ભૂતકાળમાં દુઃખી હતા, વર્તમાનકાળમાં દુઃખી છે અને ભવિષ્યકાળમાં દુઃખી રહેવાના છે એટલે તેઓ જ્યાં સુધી જગતમાં રહ્યા ત્યાં સુધી જગતના જીવોને શાશ્વત સુખના ભાગીદાર બનાવવા તનતોડ પ્રયત્નો કર્યા અને જગતમાંથી વિદાય થયા ત્યારે પણ જગતના જીવોને સુખી થવાનો માર્ગ બતાવતા ગયા. કેટલી એમની કરૂણા છે!

આવા અરિહંત ભગવાનને ઓળખવાનો અને એમને હૃદયમાં સ્થાપવાનો જો કોઈ ઉપાય હોય તો માત્ર એક જ ઉપાય છે કે સંસાર સુખનો દ્વેષ અને મોક્ષની ઉત્કૃષ્ટ અભિલાષા. જેને આવી ભાવના જાગે છે ને અંતરમાં ઝંખના ઉપડે છે તેને અવશ્ય મોક્ષનાં સુખ મળે છે, એટલે મોક્ષ મેળવવા માટે ધર્મ કરો. ધર્મ કરવાથી સુખ મળે પણ સુખની ઇચ્છાથી ધર્મ ન કરાય. આજે તર્કવાદીઓ એમ કહે છે કે એકલા ધર્મમાં શ્રદ્ધા રાખીને બેસી રહે શું વળે? પણ આ વાત માત્ર કહેવાથી નહિ સમજાય. અનુભવથી સમજાશે. સાકર ગળી લાગે છે એમ બોલવા માત્રથી સાકરના ગળપણનો સ્વાદ આવતો નથી પણ સાકર મોઢામાં મૂકીએ ત્યારે એના ગળપણની મધુરતા સમજાય છે. જે ધર્મ સમજ્યો છે અને જેને ધર્મમાં દૃઢ શ્રદ્ધા છે તે સમજે છે કે પાપ કરવાથી દુઃખ આવશે, તેથી પાપ કરતાં ડરે અને કદાચ સંયોગવશાત્ પાપકર્મ કરે તો પણ રસપૂર્વક કરતો નથી, અને પાપ કરીને હરખાતો નથી. એ એમ નથી બોલતો કે આજે પાપ કર્યા વિના કમાણી કયાં

છે? જો બધે પાપ, પાપ ને પાપ માનીએ તો ભૂખ્યા મરીએ. આવું ધર્મીષ્ઠ જીવ ન બોલે. આવા મનુષ્યે સંસારમાં હોવાથી સંસારી ક્રિયામાં પાપ કર્યું હોય પણ તેને વીંછીના ડંખ જેવું ડંખે. આવો આત્મા સંસારમાં ઉંચામાં ઉંચા સુખો ભોગવતો હોય છતાં તે મનથી અલિપ્ત રહે છે.

પુણીયો શ્રાવક ગરીબમાં ગરીબ હતો અને શ્રેણીક રાજા મહર્ધિક હતા. આ બંને જિનધર્મના આરાધક હતા. એ બંને સંતોષી હતા. ગરીબ પુણીયા શ્રાવકને વધુ મેળવવાની ઇચ્છા ન હતી અને શ્રેણીક રાજાને ઘણું મળ્યું હતું છતાં ભોગવવાની ઇચ્છા ન હતી. આ બંને વ્યક્તિઓ જમવા બેસે ત્યારે પહેલાં પૂછતાં કે આપણે ત્યાં સંત પધાર્યા હતા? આવ્યા હોય તો આનંદ અનુભવે અને ન આવ્યા હોય તો ભાવના ભાવીને જમતા. ગુરૂ ન મળે તો સ્વધર્મી બંધુને જમાડ્યા વિના જમતા નહિ, અને કદાચ જો સ્વધર્મી બંધુની સેવાનો લાભ ન મળે તો દીનદુઃખીને જમાડીને જમતા. સંસારમાં બેઠા હોવા છતાં સંસારસુખનો રાગ ન હતો. સંસારમાં રહ્યા હતા છતાં તેમની વિચારધારા કેટલી સુંદર હતી! તેઓ સમજતા હતા કે હું સંસારમાં અથવા ઘરવાસમાં રહ્યો છું તો મારે નિર્દોષ સ્થાવરકાય જીવોનો સંહાર કરવો પડે છે ને! પાણી, અગ્નિ, વનસ્પતિકાય વિગેરેના અસંખ્ય જીવોનો સંહાર કરવો પડે છે તથા પાપસ્થાનકનું સેવન કરવું પડે છે. સમજુ અને ધર્મીષ્ઠ આત્માને તો આ બધું વિટંબણા લાગે છે, તેથી એ આત્મા એમાંથી વહેલામાં વહેલી તકે છૂટવા ઇચ્છે છે. પુણીયો શ્રાવક મહાસંતોષી અને રોજ સામાયિક તથા જિનેશ્વરદેવની આજ્ઞાની આરાધના કરનારો હતો છતાં આ સંસારમાં સ્થાવરકાય જીવોનો સંહાર કરવો પડે તે તેને વિટંબણા માનતો હતો, તેથી જે એ અલ્પ આરંભ પરિગ્રહ રાખી સંસારત્યાગની ઝંખના સદા સેવતા હતા, આથી જ એમની સામાયિક મહામૂલ્યવાન હતી. આ તો મેં સંસારીની વાત કરી, પણ જો સાધુ બન્યા પછી પણ અંતરમાં સંસાર સુખની ઇચ્છા થાય તો તે સાધુ નહિ. જે માણસ ઊંચે ચઢીને પછી પડે તેને વધુ વાગે છે તેમ સાધુ બનીને જો સંસારસુખની ઇચ્છા કરે તો એને વધુ પાપકર્મ બંધાય ને જીવ દુર્ગતિમાં જાય, માટે સંસારસુખમાં આસકત બનીને પાપકર્મ બાંધશો નહિ. અનાસકત ભાવથી સંસાર સુખમાં આસકત બનીને પાપ કર્મ બાંધશો નહિ. અનાસકત ભાવથી સંસારમાં રહીને બને તેટલી ધર્મારાધના કરો. સંસારના સુખ પામવા માટે ધર્મ નથી કરવાનો એ વાત બહુ થોડા જાણે છે ને જે જાણે છે તે સાચા મુમુક્ષુ છે.

આપણે સંસાર સુખના દ્વેષી અને મોક્ષસુખના રાગી જીવોની વાત અત્યારે ચાલી રહી છે. ભાવીમાં બનનાર નેમનાથ અને રાજેમતીનો જીવ જયાં જયાં જન્મ્યો ત્યાં ભલે તેઓ પહેલા વિલાસી હતા પણ જ્યારે સાચી વાત સમજાઇ ત્યારે એક ક્ષણમાં સંસારના બંધનો તોડી સાધુ બની ગયા. સાતમા ભવમાં નેમનાથ પ્રભુનો જીવ શંખકુમાર બન્યો

છે અને રાજેમતીનો આત્મા યશોમતી નામે રાજકુમારી બની છે. યશોમતીની દાસી હસ્તિનાપુર જઈને કુમારને મળી અને તેનું આબેહૂબ ચિત્ર દોરીને થોડા જ દિવસમાં ચંપાનગરી પહોંચી ગઇ, અને હર્ષભેર યશોમતી કુમારી પાસે આવીને તેણે શંખકુમારનું ચિત્ર યશોમતીને બતાવ્યું.

"શંખકુમારનું ચિત્ર જોતાં યશોમતીને લાગેલો રંગ":–શંખકુમારનું ચિત્ર જોઇને યશોમતી સ્થિર થઈ ગઈ. અહો....આ કોઈ અદ્‌ભૂત પુરૂષ છે. આ તો જાણે કોઈ સાક્ષાત્ દેવ જ આ પૃથ્વી ઉપર ઉતર્યો ન હોય! એની મુખાકૃતિ જોતાં એમ લાગે છે કે આ કોઇ ઉત્તમ પુરૂષ છે. એની આકૃતિ જ એનામાં કેવા ગુણો હશે તે કહી આપે છે. અત્યાર સુધીમાં મારી પાસે ઘણા રાજકુમારો આવી ગયા પણ હજુ સુધી મેં આવા રાજકુમારને જોયો નથી. શંખકુમારનું ચિત્ર જોઇને જ યશોમતીએ મનથી એવી પ્રતિજ્ઞા કરી કે હું પરણું તો શંખકુમારને જ. એ સિવાય જગતના તમામ પુરૂષો મારે માટે પિતા અને ભાઈ તુલ્ય છે. જો શંખકુમાર મને નહિ મળે તો જિંદગીભર હું કુંવારી રહીશ. આ પ્રમાણે મનથી નક્કી કરીને યશોમતીએ પિતાની પાસે આવીને પોતાના મનની ઇચ્છા પ્રદર્શિત કરી. જિતારી રાજા આ વાત સાંભળીને ખુશ થયા ને પુત્રીને કહ્યું, હું હસ્તિનાપુર દૂત મોકલીને તારા સગપણ માટે નક્કી કરું છું. યશોમતી પિતાજીને નમન કરીને ખુશ થઈને પોતાના મહેલમાં આવી, અને જિતારી રાજાએ એક હોશિયાર દૂતને બોલાવીને યશોમતીનું શંખકુમાર સાથે સગપણ કરવા માટે હસ્તિનાપુર મોકલ્યો ને કહેવડાવ્યું કે જો રાજા હા પાડે તો સગાઈ કરીને જ આવજે, દૂત રાજાને પ્રણામ કરીને હસ્તિનાપુર જવા માટે રવાના થયો. દૂત હસ્તિનાપુર પહોંચે તે પહેલા ત્યાં શું બનાવ બન્યો?

"શ્રીષેણ રાજા પાસે આવેલી ફરિયાદ":– હસ્તિનાપુરના પ્રજાજનોએ શ્રીષેણ રાજા પાસે આવીને અરજ કરી કે સાહેબ! આપણા નગરથી થોડે દૂર શંગગિરી નામનો પર્વત છે. તેની બાજુમાં શિશિર નામની નદી વહે છે. ત્યાં સમરકેતુ નામનો એક મહાન બળવાન પલ્લીપતિ લૂંટારો રહે છે. તે ત્યાંથી આવતા જતા માણસોનું ધન લૂંટી લે છે અને માણસોને મારી નાંખે છે. તે સિવાય ઘણાં ગામોમાં ધાડ પાડીને લોકોના ઘરબાર અને માલમિલકત બધું લૂંટી લે છે. એ સમરકેતુ અમને ખૂબ હેરાન પરેશાન કરે છે. અમે તમારી પ્રજા છીએ ને આપ અમારા મહારાજા છો. આપ અમારું રક્ષણ કરો. અમને મદદ કરો. આ પ્રમાણે પ્રજાજનોએ અરજ કરી તો પ્રજાનું દુઃખ દૂર કરવા શ્રીષેણ રાજાએ તરત જ રણભેરી વગડાવીને નગરમાં સાદ પડાવ્યો કે શ્રીષેણ મહારાજા સમરકેતુ પલ્લીપતિને જીતવા માટે જાય છે. માટે બધા સૈનિકો સજ્જ થઈ જાઓ. રણભેરી વાગી કે શૂરા સૈનિકો સજ્જ થયા. શંખકુમાર અને પ્રધાનપુત્ર મતિપ્રભને આ વાતની ખબર પડી એટલે દોડતા પિતાજી પાસે આવ્યા ને કહ્યું–પિતાજી! આપના જેવા સમર્થ મહારાજા એક

સાધારણ લૂંટારાને મારવા જાય એમાં આપની શોભા નથી. સમર્થ તો સમર્થની સામે લડે સસલાને મારવા સિંહ જાય એમાં બહાદૂરી ન કહેવાય. સિંહની સામે સિંહ જોઈએ. આ પલ્લીપતિ તો સસલા જેવો છે. એની સામે આપને જવું તે શોભાસ્પદ નથી. મને જવાની આજ્ઞા આપો. એને તો હું પણ સહેલાઈથી જીતી શકીશ. પુત્રનું વચન સાંભળીને રાજાએ કહ્યું–બેટા ! તું તો હજુ નાનો છે. તારું ત્યાં કામ નહિ. પણ શંખકુમારે કહ્યું–પિતાજી ! આપ જુઓ તો ખરા. હું એને પકડી લાવું છું કે નહિ ? પુત્રની વાત સાંભળીને રાજાના મનમાં થયું કે મારો પુત્ર ખૂબ શૂરવીર ને ધીર છે. જરૂર વિજય મેળવીને આવશે. એટલે શંખકુમારને જવાની રજા આપી. તેથી એનો મિત્ર મતિપ્રભ કહે છે મિત્ર ! હું પણ તમારી સાથે આવું છું. તમે યુદ્ધ કરવા જાઓ ને હું મહેલમાં બેસી રહું ! મને તમારા વિના ક્ષણ વાર ગમે નહિ. કુમારે તેને ઘણી ના પાડી પણ પ્રધાનપુત્ર કહે સાચો મિત્ર કોને કહેવાય ? એકલો સુખમાં સહભાગી બને તે નહિ પણ સુખ–દુઃખમાં જે સાથે રહે તે સાચો મિત્ર છે.

આજના મિત્રો તો સ્વાર્થના સગા છે. જ્યારે માણસ સુખમાં હોય ત્યારે સંબંધ રાખે ને ખબર પડે કે હવે આ ખાલી થઈ ગયો છે એટલે એના સામું પણ જોવાનું નહિ. સાચા મિત્રની તો દુઃખમાં જ પરીક્ષા થાય છે.

आपत्काले तु संप्राप्ते, यन्मित्रं मित्रमेवतत् ।
वृद्धिकाले तु संप्राप्ते, दुर्जनोऽपि सुहृद भवेत् ॥

દુઃખના સમયે જે સાથ આપે છે તે સાચો મિત્ર છે. સુખ અને ધનવૃદ્ધિના સમયે તો દુર્જન પણ મિત્ર બની જાય છે. એમાં તો કોઈ વિશેષતા નથી, પણ દુઃખના સમયે સાથ આપવો તેમાં વિશેષતા છે. આજના મિત્રો મોટા ભાગે સુખમાં સાથે રહેનારા હોય છે. જ્યારે પાસે પૈસો હોય ત્યારે સાથે હરવા ફરવા જાય, નાટક સિનેમા જોવા જાય, એક બીજાને ઘેર આવે ને જાય ત્યારે જોનારને પણ એમ લાગે કે શું આ મિત્રોનો પ્રેમ છે !

એક ગામમાં બે મિત્રો રહેતા હતા. બંને વચ્ચે મિત્રાચારી ખરી પણ એકબીજાને ઘેર જવું, આવું પીવું કે લેવા દેવાનો કંઈ સંબંધ નહિ. કયારેક રસ્તામાં ભેગા થઈ જાય ત્યારે પ્રેમથી એકબીજાને ભેટી પડે, એકબીજાની ખબર પૂછે ને છૂટા પડે. આટલો જ સબંધ હતો. એક વખત એના મિત્રની સ્થિતિ પલ્ટાઈ. તે પૈસેટકે બિલકુલ થઈ ગયો. ચિંતામાં ને ચિંતામાં તે બિમાર પડયો. તે વાતની પેલા મિત્રને ખબર પડી કે મારા મિત્રની આ પરિસ્થિતિ થઈ છે એટલે દોડતો મિત્રની પાસે આવ્યો ને મિત્રની પથારીમાં બેસી તેના માથે હાથ ફેરવવા લાગ્યો ને પૂછ્યું. મિત્ર ! તને શું ચિંતા છે ? ખૂબ પૂછ્યું પણ મિત્રે કહ્યું નહિ, પણ પેલો મિત્ર વિચક્ષણ હતો. તે ઘરની પરિસ્થિતિ જોઈને

સમજી ગયો કે ભીડમાં આવી ગયો છે ને તેની ચિંતામાં જ બિમાર પડયો છે. એક તો માણસ પૈસેટકે ઘસાઈ જાય, અને બિમાર પડે એટલે ખબર કાઢવા માટે સગા સંબંધીઓ આવે તેને ચા પાણી પીવડાવવા પડે. જો ચા પાણી ન પીવડાવે તો લોકો એમ કહે કે ચાના પાણીમાંથી ગયા ! એટલે બધું કરવું પડે. આ સાચો મિત્ર ખબર કાઢવા આવ્યો પણ ચાનો કપ ન પીધો, પણ મિત્રના માથે બેસીને તેને મીઠો વહાલભર્યો હાથ ફેરવીને કહ્યું, મિત્ર ! તું ગભરાઈશ નહિ. ચિંતા ન કરીશ.

બંધુઓ ! પોતાની પાસે પૈસા હોય તો મદદ કરી શકાય પણ જો પૈસા ન હોય તો અંતરથી મીઠું આશ્વાસન તો આપી શકાય ને ? આજે તો આશ્વાસન પણ મોંઘું થઈ ગયું છે. આ મિત્રે એના મિત્રના ઓશીકા નીચે ગુપ્ત રીતે રૂપિયા પાંચ હજારની નોટોનું બંડલ મૂકી દીધું. મોઢે ન કહ્યું કે હું તને આટલા પૈસા આપું છું. આજે તો ઘણાં માણસો દાન કરીને કહે કે ભાઈ ! આ હું તને ગુપ્તદાન આપું છું. કોઈને વાત ન કરીશ પણ પોતે સો ઘેર વાતો કહેતો ફરે કે મેં આમ કર્યું ને તેમ કર્યું. દાન તો બને તેટલું ગુપ્ત રાખવું સારું. જમણા હાથે આપો તે ડાબો હાથ ન જાણે. માતા એના પુત્રને દૂધપાન કરાવે છે તેમાં પુત્રને કેટલું દૂધ પીવડાવ્યું એનું કંઈ માપ હોય છે ખરું ? પણ જો એને બાટલીનું દૂધ પીવડાવે તો તરત ખબર પડી જાય છે કે દીકરાને અડધો શેર કે શેર દૂધ પાયું પણ માતાના દૂધમાં એવું માપ નથી હોતું, તેમ જે ગુપ્તદાન આપે છે તેને એવો હિસાબ નથી હોતો કે મેં આટલું દાન કર્યું. એને કોઈ માન કે પ્રશંસાની પણ જરૂર નથી રહેતી.

પેલો મિત્ર તો પાંચ હજારની નોટોનું બંડલ મૂકીને ચાલ્યો ગયો. બીજે દિવસે પથારીની ચાદર બદલાવવા પથારી ઉપાડી તો રૂપિયા પાંચ હજારની નોટો જોઈ મનમાં થયું કે આ કયાંથી આવી ? કોઈ ખબર કાઢવા આવનાર ભૂલી ગયા હશે. ગરીબીમાં પણ પ્રમાણિકતા ખૂબ હતી એટલે જે કોઈ આવે તેને પૂછવા લાગ્યા કે ભાઈ ! આ રૂપિયા તમારા છે ? કોઈ હા પાડતું નથી. પેલો મિત્ર પણ દરરોજ ખબર કાઢવા આવે છે. એને પૂછયું કે ભાઈ ! તમારા પૈસા છે ? એણે કહ્યું કે મારા નથી. ટૂંકમાં આનું નામ સાચો મિત્ર કહેવાય.

શંખકુમારના પરાક્રમ આગળ સમરકેતુની થયેલી હાર :- અહીં શંખકુમારનો મિત્ર મતિપ્રભ પણ આવો જ છે. સુખ અને દુઃખમાં એ સાથે રહેનારો છે, તેથી તે પણ મિત્રની સાથે લડાઈ કરવા માટે ગયો. શંખકુમાર મોટું સૈન્ય લઈને સમરકેતુ નામે પલ્લીપતિ રહેતો હતો ત્યાં જવા નીકળ્યો. સમરકેતુને ખબર પડી કે મને પકડવા માટે મહારાજા મોટું સૈન્ય લઈને આવે છે, એટલે સમરકેતુ તેના સુભટોને લઈને એક ગુફામાં સંતાઈ ગયો. એના મનમાં એમ હતું કે એ આવશે એટલે હું

બહાર નીકળીને એને ઘેરી લઈશું ને પછી પકડી લઈશ, પણ કુમારને ખબર પડી ગઇ કે એ પલ્લીપતિ ગુફામાં છૂપાયો છે એટલે ચારે તરફથી ગુફાને ઘેરી લીધી ને શંખકુમારે શંખ જેવો સિંહનાદ કરીને કહ્યું–હે લૂંટારા ! ગુફામાં શું સંતાઈ ગયો છે ? બહાર નીકળ અને તારામાં તાકાત હોય તો લડવા તૈયાર થઇ જા, એટલે સમરકેતુ બહાર નીકળ્યો ને જોયું તો આ તો રાજા નથી પણ રાજકુમાર છે. સમરકેતુ મનમાં હરખાયો. આ છોકરાનું શું ગજું ! હમણાં જ હું તેને ચપટીમાં ચોળી નાંખીશ. એમ વિચારીને તે શંખકુમારની સામે શસ્ત્ર લઇને ધસ્યો. એના સુભટો પણ બહાર નીકળ્યા, પણ સિંહ આગળ સસલાનું શું ગજું ! કુમારે સિંહની માફક છલાંગ મારીને એને પકડી લીધો. આજ સુધી પોતાને બળવાન માનતો સમરકેતુ જેમ સિંહ સસલાને પકડી લે તેમ શંખકુમારના હાથમાં પકડાઈ ગયો. પછી બધા સૈન્યે ભેગા થઇને એના સુભટોને પકડી લીધા. એકને પણ ચમકવા ન દીધો.

શરણે આવેલો સમરકેતુ :– સમરકેતુ પલ્લીપતિ વિચાર કરવા લાગ્યો કે હવે છટકી શકું તેમ નથી. આ હવે મને મારી નાંખશે. એના કરતાં એના પગમાં પડું તો જીવી શકાશે. બંધુઓ ! જીવવા માટે માણસ શું નથી કરતો ? કોઈને મરવું ગમતું નથી. હવે તો એનું શરણું સ્વીકારે જ છૂટકો છે. એમ વિચાર કરીને સમરકેતુ કંઠમાં કુહાડો લઈને શંખકુમારના ચરણમાં પડયો. કોઈ પણ માણસ ગળામાં કુહાડો લઈને સામો આવે એટલે સમજવું કે એ શરણે આવ્યો છે. કુમારે પલ્લીપતિને આ રીતે આવેલો જોઈને કહ્યું કે કેમ, તું શરણે આવ્યો છે ને ? સમરકેતુએ કહ્યું, હા. મહારાજા. હું તો માનતો હતો કે આ કુમાર શું કરશે ? પણ તમારું પરાક્રમ જોતાં મને લાગે છે કે તમે તો મહારાજા કરતા પણ સવાયા છો. હું આપના શરણે છું. આપ મારું રક્ષણ કરો. માણસ શરણે આવે એટલે પછી એને કંઈ શિક્ષા કરવાની રહેતી નથી. કુમારે કહ્યું. હે સમરકેતુ ! જો તેં મારું શરણું સ્વીકાર્યું છે તો હું તારું રક્ષણ જરૂર કરીશ પણ તારે એક કામ કરવું પડશે, સમરકેતુએ કહ્યું, શું આજ્ઞા છે ? ત્યારે કહ્યું કે તેં અત્યાર સુધી લોકોનું ધન લૂંટી લીધું છે તે બધું કયાં રાખ્યું છે ? એણે કહ્યું.–આ ગુફામાં છે. એ બધું મને સોંપી દે.

"કુમારે ગુફામાંથી કઢાવેલું ધન" :– પલ્લીપતિ પાસે જે ધન હતું તે બધું બહાર કઢાવ્યું ને આસપાસના ગામોમાં ઢાંડી પીટાવી કે જેનો માલ સમરકેતુએ લૂંટી લીધો હોય તે બધો લઈ જાઓ. એટલે લોકો આવીને જેનો જે માલ હતો તે ઓળખીને લઇ ગયા. પોતાની ગયેલી મિલ્કત પાછી મળતાં લોકો રાજી થઈને શંખકુમારને અંતરથી આશીર્વાદ આપવા લાગ્યા કે હે કુમાર ! તમે દીર્ઘાયુષ બનો. બધા લોકોનું ધન વહેંચી દઈને વિજય મેળવીને શંખકુમાર પલ્લીપતિને સાથે લઇને હસ્તિનાપુર જવા માટે પાછા

કર્યા. માર્ગમાં રાત પડી ગઇ એટલે જંગલમાં એક જગ્યાએ પડાવ નાંખ્યો. બધા ઊંઘી ગયા પણ શંખકુમારને ઉંઘ આવતી નથી. મધરાત્રી થતાં કોઈ સ્ત્રી કરૂણ સ્વરે રૂદન કરતી હોય તેવો અવાજ સંભળાયો. રડવાનો અવાજ સાંભળતાની સાથે શંખકુમાર હાથમાં તલવાર લઇને ઉઠયો. તેણે વિચાર કર્યો કે જો પુરૂષનો અવાજ હોત તો વિલંબ કરું તો વાંધો નહિ પણ આ તો સ્ત્રી છે. અગર કોઈ સતી સ્ત્રીને કોઈ લંપટ પુરૂષ વનવગડામાં ઉપાડી લાવ્યો હોય ને તેનું ચારિત્ર લૂંટતો હોય તેથી રડતી હોય અગર બીજું કોઈ પણ કારણ હોય, પણ અબળાનું રક્ષણ કરવું તે ક્ષત્રિયનો ધર્મ છે. પોતાના પ્રાણના ભોગે પણ ક્ષત્રિયો બીજાનું રક્ષણ કરે છે.

"રૂદન કરતી અબળાની વહારે શંખકુમાર" :–મધરાતે હાથમાં ખડ્ગ લઇને જે તરફથી અવાજ આવતો હતો તે તરફ કુમાર ગયા. થોડે દૂર ગયા તો એક આધેડ વયની સ્ત્રીને રડતી જોઈ. કુમારે પૂછ્યું. હે માડી ! તમે કોણ છો ? દેવી છો, ડાકણ છો કે મનુષ્યાણી છો ? અને મધરાત્રે આ જંગલમાં એકલા શા માટે આવ્યા છો ? અને આમ કરૂણ સ્વરે વિલાપ શા માટે કરો છો ? હવે આ બાઈ કોણ છે ? અહીં કેવી રીતે આવી છે ને શા માટે રડે છે ? તે વાત શંખકુમારને તે બાઈ કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :–જિનસેનાની દાસીએ રાજાનું ધન ફેંકી દીધું ને પોતે પોતાની રાણી પાસે ચાલી ગઇ. પ્રધાનજી આ વખતે હાજર હતા. એમનાથી પણ આ સહન ન થયું એટલે રાજાને નમ્રતાથી કહ્યું. સાહેબ ! આ યોગ્ય નથી થતું. જિનસેના રાણીને ભલે તમે જંગલમાં મોકલ્યા પણ અંતે રાણી તો આપની જ છે ને ? કદાચ આપને રાણીજી પ્રત્યે પ્રેમ ન હોય પણ કુંવર તો આપનો જ છે ને ? બંને પુત્રનો જન્મ મહોત્સવ આપે સરખી રીતે ઉજવવો જોઈએ. દાસીઓને ભેટ પણ સરખી આપવી જોઈએ. આપના જેવા મહારાજા જો આવો અન્યાય કરશે, ભેદભાવ રાખશે તો અમારા જેવા શું કરશે ? પ્રધાને રાજાને ખૂબ સમજાવ્યા એટલે રાજાને ગળે વાત ઉતરી કે બરાબર નથી થતું. તેથી બંને રાણીના કુંવરનો જન્મ મહોત્સવ ઉજવવાની રાજાએ દાંડી પીટાવી. આથી આખા નગરમાં આનંદ આનંદ છવાઇ ગયો. પ્રજાજનોએ આખું ગામ શણગાર્યું અને ઘરઘરમાં મંગલ ગીતો ગવાવા લાગ્યા. રાજા પ્રધાન વિગેરેને આનંદનો પાર નથી.

કઇ કેદી કો છોડે રાજા, કઈ જીવોં કો અભયદાન,
લાખોં કા વહાં દાન દિયા હૈ, હો રહા હર્ષ મહાન,

બંને પુત્રોના જન્મ મહોત્સવની ખુશાલીમાં રાજસભામાં ગાનતાન થઇ રહ્યા છે. પ્રજાજનો રાજાને સારા સારા ભેટણાં આપવા આવે છે. તેનો રાજા સહર્ષ સ્વીકાર કરે છે. રાજાએ કેદખાનામાં પૂરેલા કેદીઓને મુકત કર્યા, જેમને ફાંસીની શિક્ષા આપવાની હતી તેમને અભયદાન આપીને છૂટા કર્યા. લાખો ગરીબોને દાન આપ્યા. રહેવા ઘર ન હતું તેને ઘર આપ્યું. ખાવા ભોજન અને પહેરવા વસ્ત્ર ન હતાં તેમને તે આપીને સંતુષ્ટ

કર્યા, આ રીતે દશ દિવસ સુધી જયમંગલ રાજાએ બંને પુત્રોનો જન્મ મહોત્સવ ઉજવ્યો. અને બંને પુત્રોને બારમા દિવસે સૂર્યના દર્શન કરાવીને એમનું નામ પાડયું. જિનસેનાના પુત્રનું નામ જિનસેન કુમાર પાડયું અને રત્નવતીના પુત્રનું નામ રામસેન પાડયું. બંને રાણીઓને ખૂબ આનંદ થયો. બંને પોતાના પુત્રનું પ્રેમથી લાલન પાલન કરવા લાગી. રત્નવતી રાજાની માનીતી છે એટલે રામસેન માટે તો અઢાર દેશની દાસીઓ આવી છે ને અમ્મા અમ્મા થાય છે, પણ જિનસેનાને તો માત્ર એક જ દાસી છે. બીજી કોઇ સગવડ પણ એની પાસે નથી. છતાં ધર્મની જાણકાર છે એટલે મનમાં દુઃખ ધરતી નથી. આનંદથી પુત્રને ઉછેરતી પોતાના દિવસો પસાર કરવા લાગી.

"સંસ્કારની સૌરભ આપતી જિનસેના" :- જિનસેન અને રામસેન બંને રાજાના પુત્રો છે પણ બંનેના શિક્ષણમાં કેટલો ફરક છે તે તમને આ ચરિત્રમાં સાંભળવા મળશે. માતા જો સુસંસ્કારી હોય તો બાળકના જીવનનું ઘડતર સારી રીતે કરી શકે છે. સો શિક્ષકો બાળકને જે શિક્ષણ નથી આપી શકતા તે શિક્ષણ એકલી માતા આપી શકે છે. જિનસેના પોતાના લાડીલા પુત્રને બાલપણથી જ કેવા હાલરડા ગાતી હતી કે હે મારા વહાલસોયા દીકરા ! તું કેવો બનજે ? તું રામચંદ્રજી જેવો પ્રતાપી અને પિતાજીની આજ્ઞાનું પાલન કરનારો વિનયવંત બનજે. રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન વિગેરે ભાઇઓ નાના હતા ત્યારે તેમને ખબર ન હતી કે અમે અપર માના દીકરા છીએ. મોટા થયા ત્યારે ખબર પડી કે અમે અપર માતાના દીકરા છીએ, એવો ભાઇઓ ભાઇઓ વચ્ચે પ્રેમ હતો. તું પણ એવો ભાતૃપ્રેમી બનજે.

महावीर से धर्मधुरंधर, अर्जुन से धनुर्धारी,
लक्ष्मण जैसे भातृप्रेम से, गांगेय से ब्रह्मचारी.

મહાવીર પ્રભુએ સંસાર છોડીને સંયમ લીધો અને જગતના જીવોના તારણહાર તીર્થંકર બન્યા એવો તું પણ ભવ્ય જીવોનો તારણહાર બનજે. બાણવિદ્યામાં અર્જુન શ્રેષ્ઠ થઈ ગયો તેમ હે દીકરા ! તું પણ અર્જુન જેવો અજોડ ધનુષ્યધારી બનજે અને દશરથ રાજાએ રામચંદ્રજીને ચૌદ વર્ષ વનવાસ જવાનું કહ્યું ત્યારે વડીલ બંધુની સેવા કરવા માટે લક્ષ્મણજી સાથે ગયા હતા તેમ તું પણ તારા ભાઇ રામસેનની સેવા કરવા તત્પર રહેજે. રામ અને લક્ષ્મણ જેવી તમે બંને ભાઇઓની જોડી બનાવજો. બંધુઓ ! જિનસેના રાણી કેટલી પવિત્ર છે કે પોતાને રત્નવતીએ મહેલમાં કાઢી મૂકાવી છતાં એના પુત્ર પ્રત્યે બિલકુલ દ્વેષભાવ કરતી નથી પણ પોતાના પુત્રને કહે છે કે તું એની સેવા કરજે અને ભીષ્મપિતામહ જેવો બ્રહ્મચારી બનજે અને હનુમાન જેવો સ્વામીભક્ત બનજે.

હનુમાનજીને રામચંદ્રજી પ્રત્યે કેટલી ભક્તિ હતી તે તો તમે બધા જાણો છો ને ? રાવણ સીતાજીને ઉઠાવી ગયો ત્યાર પછી રામચંદ્રજીએ સીતાજીની ઘણી તપાસ કરી પણ

કયાંય સીતાજીનો પત્તો ન લાગ્યો ત્યારે રામચંદ્રજી ગમગીન બની ગયા. જેની રગેરગમાં રામચંદ્રજી પ્રત્યે ભક્તિભાવ છે એવા હનુમાનજીએ કહ્યું તમે ચિંતા ન કરો. હું સીતાજીની તપાસ કરીને તેમના ક્ષેમકુશળ સમાચાર લઈને આવું છું. આમ કહીને હનુમાનજી લંકામાં આવ્યા અને સીતાજીને શોધતાં શોધતાં અશોકવાટિકામાં આવ્યા. સીતાજી ઉદાસ બનીને બેઠા હતા. ત્યાં વૃક્ષ ઉપરથી રામચંદ્રજીના નામથી અંકિત મુદ્રિકા સીતાજીના ખોળામાં નાંખી. સીતાજીના મનમાં થયું કે મારા પતિની મુદ્રિકા અહીં કોણ લાવ્યું ? ઉંચે દૃષ્ટિ કરી તો હનુમાનજીને જોયા એટલે હનુમાનજી નીચે ઉતર્યા ને સીતાજીને રામચંદ્રજીના કુશળ સમાચાર કહ્યા. પતિદેવના સમાચાર મળતાં સીતાજીના હર્ષનો પાર ન રહ્યો એના દિલમાં થયું કે મારા પતિના સમાચાર આપનારને શું આપી દઉં ? રામચંદ્રજીએ લગ્ન વખતે પ્રેમના પ્રતીક રૂપે સીતાજીને કરોડોની કિંમતની મોતીની માળા આપી હતી તે માળા સીતાજીએ ખુશ થઈને હનુમાનજીના ગળામાં પહેરાવી દીધી, ત્યારે હનુમાનજી એ માળાના મોતી ભાંગીને જોવા લાગ્યા, પણ જેને જોવા હતા તે ન દેખાયા. એટલે મોતીના ટુકડા કરીને એક પછી એક ટુકડા ફેંકવા લાગ્યા, ત્યારે સીતાજીના મુખમાંથી શબ્દ નીકળી ગયા કે આ લાંબા પૂંછડાવાળાને મારી આવી કિંમતી મોતીની માળાની કિંમત કયાંથી સમજાય ? આ તો મને પતિએ પ્રેમથી આપેલી માળા છે. અને આ હનુમાન ટુકડા કરીને ફેંકી રહ્યો છે, ત્યારે હનુમાનજી હસીને કહે છે માતા ! તારી માળા ભલે ને કરોડોની કિંમતની હોય પણ મને એમાં રામ દેખાતા નથી. જ્યાં રામ નહિ ત્યાં મારું કામ નહિ. રામ વિનાની તારી મોતીને માળા મને કાચના ટુકડા જેવી લાગે છે. જેમાં મારા ભગવાનના દર્શન થાય એની જ મારે મન કિંમત છે, બાકી જેમાં રામ નથી તે કરોડની કિંમતની ચીજ મારે મન તુચ્છ છે.

બંધુઓ ! તમને આ ઉપરથી સમજાય છે ને કે હનુમાનજી કેવા સ્વામીભક્ત હતા ! રામચંદ્રજી પ્રત્યે તેમની કેટલી ભક્તિ હતી ! આ જિનસેના રાણી એના પુત્રને કહે છે બેટા ! તું હનુમાનજી જેવો સ્વામીભક્ત અને પરાક્રમી બનજે, અને ભક્ત પ્રહલાદ જેવો ધર્મમાં તું શ્રદ્ધાશીલ બનજે. ગમે તેવા સંકટો આવે તો પણ તું તારા ધર્મને ચૂકતો નહિ. આ માતા એના પુત્રને બાલપણથી જ કેવા મઝાના હાલરડા ગાય છે. આજે પણ બાળકને ઉંઘાડવા માટે એની માતાઓ હાલરડા ગાય છે પણ એ કેવા ગાય છે.

સૂઈ જારે બાબા સૂઈ જા....મામા લાવે ટોપો ને માસી લાવે ટોપલી–તું સૂઈ જા.

તારા મામા તારે માટે ઝરીની સુંદર ટોપી ને અમીશ લાવશે, તે તું પહેરજે અને તારી માસી તારા માટે બરફી, પેંડાની ટોપલી લાવશે. તે ખાઈને મઝા કરજે ને તારી માતા રમકડા લાવશે તે તું રમ્યા કરજે. (હસાહસ) બસ, આવા હાલરડા ગાય. આવા હાલરડા ગાવાથી બાળકના જીવનમાં શું સંસ્કાર પડે ! હાલરડા ગાઓ તો આ જિનસેના

રાણી જેના પુત્રને ગાય છે તેવા ગાઓ તો બાળક શૂરવીર ને ધીર બને. જિનસેના પોતાના લાડીલા પુત્રને પારણામાંથી જ એવા વીરતા ભરેલા હાલરડા ગાઈને ઉચ્ચ શિક્ષણ આપે છે. હજુ પણ કેવા મીઠા હાલરડા ગાશે ને કેવી દિક્ષામણ આપશે અને રત્નવતી પણ તેના કુમારને કેવા હાલરડા ગાશે ને શું બનશે તેના ભાવ અવસરે.

●

વ્યાખ્યાન નં. ૩૮

શ્રાવણ વદ ૫ ને બુધવાર તા. ૨૩-૮-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતના મુખ-કમળમાંથી ઝરેલી અને ત્રણે કાળે સિદ્ધ થયેલી વાણી તેનું નામ સિદ્ધાંત. સિદ્ધાંતની વાણીના શબ્દે શબ્દે અનંત રહસ્યો ભરેલા છે. તે રહસ્યો જો જીવ સમજે તો તેના જીવનમાં જાગૃતિનો ઝણકાર થાય, એનો અંતરાત્મા જાગી ઉઠે અને વિચારે કે આ સંસારની માયાજાળમાં ફસાઈ ગયો છું પણ એક દિવસ તો બધું છોડીને મારે જવાનું છે. માટે હું જતાં પહેલા મારા આત્મા માટે કંઈક સાધના કરી લઉં પણ જેને આ વાત નથી સમજાતી તેવા જીવો સંસારના મોહમાં ફસાઈને પાપકર્મ બાંધે છે. આવા અજ્ઞાની જીવો માટે ભગવાને સૂયગડાયંગ સૂત્રમાં કહ્યું છે કે

आउक्खयं चेव अबुज्झमाणे, ममाइ से साहसकारी मन्दे ।
अहो य राओ परितप्पमाणे, अट्ठेसु मूढे अजरामरे व्व ॥ १०-१८

આયુષ્યના ક્ષયને નહિ જાણતા, મારાપણાની બુદ્ધિથી વ્યાપારમાં સાહસને નહિ પણ ઘોર દુઃસાહસને ખેડનારા, રાત્રિ ને દિવસ તીવ્ર પરિતાપને અનુભવતાં પોતાના ઘોર અજ્ઞાનને કારણે કેટલાક મનુષ્યો જાણે પોતે અજર અમર ન હોય તે રીતે આરંભ સમારંભાદિમાં પ્રવર્તતા હોય છે. આ ગાથામાં ભગવાને સ્પષ્ટ સમજાવ્યું છે કે મૂઢ મનુષ્યો મનમાં મૃત્યુનો વિચાર કરતા નથી. જેને મૃત્યુનો ડર લાગે છે એવા મનુષ્યો અમુક હદ સુધી આરંભ સમારંભથી નિવૃત્ત થઈ જાય છે. સર્વથા નિવૃત્ત ન થઈ શકે તો છેવટે દેશથી પણ નિવૃત્તિ લે છે અને ધર્મપ્રવૃત્તિમાં જોડાય છે. ધર્મપ્રવૃત્તિમાં જોડાયા પછી જીવનો ઉત્સાહ ઉત્તરોત્તર વધતો જાય છે. આટલા માટે જીવે રાત દિવસ એવું રટણ કરતાં રહેવાનું કે આ મારું શરીર અનિત્ય છે. આ ધન વૈભવ, દરેક પ્રકારની સંપદાઓ અને આરોગ્ય પણ અનિત્ય છે અને વિષયજન્ય જે સુખ છે તે પણ અનિત્ય છે. દિવસે દિવસે મૃત્યુ આપણી નજીકમાં આવી રહ્યું છે. એટલું જ નહિ પણ એ આપણી ચોટી પકડીને બેઠું છે. એ કઈ ક્ષણે ઉપાડી જશે તે આપણે જાણી શકતા નથી, માટે જ્ઞાની પુરૂષો કહે છે હે મનુષ્યો ! તમે

જેટલી અને તેટલી ધર્મારાધના કરીને ધર્મનું ભાથું ભરો. જેને આ વાત સમજાણી નથી તેવા જીવો રાત દિવસ ધન મેળવવાની ધમાલમાં મગ્ન બને છે, અને જેને જ્ઞાનીના વચન સમજાઈ જાય છે તે જીવો બને તેટલો ધર્મ કરે છે.

બાર ભાવનાનું ચિંતન શું આપે છે ? :– બંધુઓ ! શરીર, ધન, યૌવન, જીવન અને સંસારના તમામ વૈભવો અનિત્ય છે. આ પ્રમાણે અનિત્યતાના સ્વરૂપનો વિચાર કરતાં તેમાં રાગ ન થાય તેનું નામ વિરાગ છે, અને તેનું ફળ પરંપરાએ વીતરાગ બનવું તે છે, કારણ કે અનિત્યાદિ બાર ભાવનાઓના ચિંતનમાં કેવળજ્ઞાનના બીજ પડેલા છે. બાર ભાવનાઓનું ચિંતન કરનાર સાધકને અંતરમાંથી કેવળજ્ઞાનનો રણકાર આવ્યા વિના રહેતો નથી. એકેક ભાવનાના ચિંતનમાં ભવનો નાશ કરવાની પ્રચંડ તાકાત રહેલી છે. માટે આજથી તમે ચિંતનમાં જોડાઈ જાઓ. મોક્ષપ્રાપ્તિનો આ એક અમોઘ ઉપાય છે. સાચા હૃદયથી આવી ભાવનાનું ચિંતન કરશો તો મોક્ષપ્રાપ્તિ મુશ્કેલ નથી, પણ આ ભાવના લૂખી ન હોવી જોઈએ. સમજણપૂર્વક, શુદ્ધ શ્રદ્ધા સહિત હોવી જોઈએ, તો કેવળજ્ઞાન પ્રાપ્તિ અને મોક્ષ મળે. હું તમને શરૂઆતમાં કહી ગઈ ને કે વીતરાગ પ્રભુની વાણીના શબ્દે શબ્દમાં અલૌકિક રહસ્યો ભરેલા છે, પણ એનું ચિંતન કરીએ તો રહસ્યો સમજાય ને ? બોલો, તમે અહીંથી સાંભળીને ગયા પછી ચિંતન કરો છો ખરા ? જેમ મેંદીના પાંદડે પાંદડે રંગ છે પણ એને ઘૂંટવામાં આવે તો રંગ પ્રગટે છે, તેમ જિનવાણીના શબ્દે શબ્દમાં વિરાગ ભરેલો છે, રહસ્યો ભરેલાં છે પણ અંતરના ઉંડાણમાંથી ચિંતન કરો તો વિરાગ પ્રગટે ને રહસ્યો સમજાય.

ભગવાને એમની દિવ્ય વાણી દ્વારા આપણને સમજાવ્યું છે કે હે જીવો ! તમે આ સંસારમાં કોઈ પણ વસ્તુ કે સ્થાન ઉપર રાગ ન કરો, કારણ કે આ સંસારના દરેક પદાર્થો અનિત્ય છે. સર્વાર્થસિદ્ધિ વિમાનના મહર્ધિક દેવોનું આયુષ્ય તેત્રીસ સાગરોપમનું છે, તેવા દેવો પણ આયુષ્ય પૂરું થયે ત્યાંથી ચવે છે અને તેમનો આત્મા આ મૃત્યુલોકમાં ગંધાતી ગર્ભાવાસની કોટડીમાં ઉત્પન્ન થાય છે. આવા નિશ્ચય એકાવતારી દેવોને પણ આયુષ્ય પૂરું થતાં ત્યાંથી ચવવું પડે છે તો આ સંસારમાં બીજું શું શાશ્વત છે ? આટલા માટે જ્ઞાનીપુરૂષોએ ચાર ગતિ રૂપ સંસારમાં આવેલા સર્વ સ્થાનોને અનિત્ય કહ્યા છે. દેવો જે વિમાનમાં ઉત્પન્ન થાય છે તે વિમાનો શાશ્વત છે પણ તેમાં રહેનારા દેવો શાશ્વત નથી. દેવોની દુનિયામાં સર્વાર્થસિદ્ધ વિમાન એ ઉંચામાં ઉંચું સ્થાન છે. તેમાં ઉત્પન્ન થયેલા દેવ પણ આયુષ્ય પૂરું થતાં ત્યાંથી મૃત્યુલોકમાં આવે છે, પછી દુનિયામાં શાશ્વત કોણ રહેવાનું છે ? શા માટે જીવ આ બધી વર્ગણાઓને પોતાની માનીને બેસી ગયો છે ? જો જીવ આ અનિત્યતાના સ્વરૂપને સમજે તો એક ક્ષણમાં એનો મોહ ઉતરી જાય અને મોક્ષમાર્ગ તરફ વળી જાય.

"સ્થિર કાંઇ નથી તેમ સમજી જાગૃત બનો" :–આ શરીરનું આરોગ્ય, શરીરની તાકાત, આયુષ્ય, ધન વિગેરે બધું અનિત્ય છે એટલું જ નહિ પણ ઉત્સાહ, બળ, વીર્ય કે પરાક્રમ પણ કાંઈ કાયમ સરખા રહેતા નથી. ભૂખ, તરસ, વેદના, વિગેરે પરિષહોને સહન કરવાની તાકાત પણ અમુક ટાઇમે ઘટી જાય છે, એમ સમજીને દરેક મનુષ્યે આત્મ-હિતમાં લાગી જવું જોઇએ. તમે કહો છો ને કે અત્યારે યુવાનીમાં ધન કમાઈ લેવા દો. યુવાનીનું રળેલું ઘડપણમાં ખાઈશું ને ધર્મ કરીશું, પણ હું તમને પૂછું છું કે યુવાનીનું રળેલું ધન તમારા ઘડપણ સુધી રહેશે તેની ખાત્રી છે? તમે રળીરળીને ભેગું કર્યું પણ પણ છોકરો ઉડાઉ નીકળ્યો તો ? તમારું મહેનત કરીને રળેલું બધું ફના કરી નાંખશે. અગર ચોર ચોરી કરીને લઈ જશે, આગ લાગશે ને બળી જશે, અનેક રીતે ચાલ્યું જશે તો શું કરશો ? પણ જો તમે યુવાનીમાં ધર્મ રૂપી ધન રળીને ભેગું કરી લીધું હશે તો પછી કોઈની તાકાત છે કે એ ધન તમારું લઈ શકે ? આ લોકમાં એ તમારી સાથે રહે છે ને પરલોકમાં પણ સાથે આવે છે. માટે આવું સમજીને ધર્મ હમણાં નહિ ઘડપણમાં કરીશું એવા નબળા વિચારોને છોડીને જાગ્યા ત્યારથી સવાર સમજીને આત્મકલ્યાણ કરવામાં જોડાઈ જાઓ. આજે નહિ કાલે કરીશું એવી મુદત કોર્ટમાં હોય, ધર્મમાં નહિ. મૃત્યુને માટે કોઈ કાળ નિશ્ચિત નથી. માનવીને જન્મ તારીખની ખબર છે પણ મૃત્યુ ટાઇમ કે તારીખની કોઇને ખબર પડતી નથી, તેમ ધર્મ કરવા માટે પણ કોઇ નિશ્ચિત કાળ ન જોઇએ. ધર્મ તો સદાકાળ આચરવા યોગ્ય છે, પણ તમે તો શું કહો છો ! ઘડપણમાં ગોવિંદના ગુણ ગાઈશું પણ ઘણાં તો ઘડપણ આવ્યા પહેલાં બળતણમાં ખડકાઈ ગયા ને અત્યારે પણ ખડકાઇ રહ્યા છે. તેનું શું ? ઉમરશીભાઇ ! મારી વાત સમજાય છે ને ? આટલા માટે કહીએ છીએ કે બાલપણ, યુવાની કે ઘડપણ દરેક અવસ્થામાં ધર્મ આચરવા યોગ્ય છે.

કિંમતી ક્ષણનો ઉપયોગ ક્યાં કરશો :– દેવાનુપ્રિયો ! મનુષ્યભવની એકેક ક્ષણ કેટલી કિંમતી છે તે જાણો છો ને ? અરે....તમે બોલો છો કે "ટાઇમ ઇઝ મની" સમય કિંમતી છે પણ કિંમતી સમયનો ઉપયોગ ધન માટે કરો છો કે ધર્મ માટે ? તે તો મને કહો. ભગવતી સૂત્રમાં ભગવાને કહ્યું છે કે તપમાં છઠ્ઠ જેટલો તપ, અને આયુષ્યમાં સાત લવ જેટલું આયુષ્ય ઓછું હોવાથી ઉપશમ શ્રેણીએ ચઢેલા મુનિને સર્વાર્થસિધ્ધ વિમાનમાં ઉત્પન્ન થવું પડયું. લવ કોને કહેવાય ! તે આપ જાણો છો ? સાત શ્વાસોચ્છ્વાસ પ્રમાણ જે કાળ તેને એક સ્તોકનો કાળ ગણવામાં આવે છે અને સાત સ્તોકનો એક લવ થાય છે. બસ, આટલા સાત લવના આયુષ્ય માટે સર્વાર્થસિધ્ધ વિમાનમાં તેત્રીસ સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થવું પડયું ને પાછા ત્યાંથી ચવીને માતાના ગર્ભમાં આવવું પડયું, તેથી કહીએ છીએ કે પ્રમાદ ન કરો. જે સમય તમને મળ્યો છે તેની ક્ષણે ક્ષણ કોહીનૂર કરતાં પણ અધિક કિંમતી છે. તેને ધર્મારાધના કરીને સાર્થક કરો.

"ધર્મની સાથે ગુણોની જરૂર છે" :- બંધુઓ! ધર્મ પણ કેવો હોવો જોઈએ? ધર્મ કરવાની સાથે જીવનમાં ગુણ આવવા જોઈએ. ગુણો એ ધર્મરૂપી મહેલનો પાયો છે. તમે મકાન બંધાવો છો ત્યારે પહેલાં તો પાયો ચણાય છે ને? મકાન કરતાં પાયામાં વધુ ખર્ચ પણ કોઈક વાર લાગી જાય ને? મકાન કરતાં કદાચ પાયામાં વધુ ખર્ચ લાગે તેથી તમે મકાન ન બંધાવો એવું તો ન બને ને? અહીં ગુણો એ ધર્મ મહેલનો પાયો છે. પાયા વિના જેમ મકાન ન બંધાવાય તેમ ગુણો વિના ધર્મ ન આચરી શકાય. કદાચ આચરો તો પણ તેને પડી જતાં વાર ન લાગે. મકાન ગમે તેટલું સુંદર ને ઉંચું બનાવો પણ પાયો ઉંડો ન નાંખ્યો હોય તો પરિણામે વાવાઝોડું થાય ત્યારે પડી જ જાય ને? આ જીવની પણ એવી જ દશા છે. ધર્મ કરવો છે પણ ગુણરૂપી પાયા વિનાનો. આજે મોટા ભાગના મનુષ્યોની જિંદગી આવી રીતે પસાર થઈ રહી છે. ગુણો વિનાના ધર્મીઓએ ધર્મનું તેજ ઝાંખું પાડયું છે. ગુણો વિનાના ધર્માત્માઓએ ઉગતી પેઢીને ધર્મસાધનાથી વેગળી રાખી છે, માટે ધર્મ કરવાની સાથે ધર્મને અનુરૂપ ગુણ પણ પ્રગટાવતા જાઓ.

આપણા ચાલુ અધિકારમાં શંખકુમારનો આત્મા ખૂબ ગુણીયલ છે, દયાળુ છે. એટલે સ્ત્રી રડતી હતી ત્યાં તેઓ જલ્દી પહોંચી ગયા. ત્યાં જઈને જોયું તો એક આધેડ વયની બાઈ બેઠી બેઠી રડે છે. કુમારે તેની પાસે જઈને કહ્યું હે માતા! તું કોણ છે? ક્ષત્રિયપુરૂષોને મન દરેક સ્ત્રીઓ પોતાની માતા સમાન હોય છે. વિનયવંત અને માતૃભક્ત દીકરો માતાની કેવી સેવા કરે છે! તેવી રીતે આ ક્ષત્રિય કુમારો પણ જગતની દુઃખિયારી માતાઓ ખાતર પોતાનું લોહી રેડવું પડે તો રેડી દે છે પણ એનું દુઃખ દૂર કરે છે.

એક માતૃભક્ત યુવાન પુત્રનું દૃષ્ટાંત યાદ આવે છે. સોમદત્ત નામનો એક યુવાન માતૃભક્ત હતો એ છોકરો સમજતો હતો કે મારી માતાનો મારા ઉપર કેવો મહાન ઉપકાર છે! બાપ તો નાનો મૂકીને મરી ગયો, એટલે માતાએ ખૂબ કષ્ટ વેઠીને એને ઉછેર્યો હતો. આ છોકરો પણ માતા માટે પોતાનો જાન અને માન બધું કુરબાન કરવા તૈયાર હતો. એની ફઈબાએ તો એનું નામ સોમદત્ત પાડયું હતું પણ એની માતા એને સૌમ્ય કહીને પ્રેમથી બોલાવતી હતી. અઢાર વર્ષનો યુવાન સૌમ્ય એની માતાની સેવામાં જ પોતાના જીવનનું સર્વસ્વ માનતો હતો. એક દિવસ મા-દીકરો બંને ઘરમાં સૂતા હતા. પહેલી પથારી માતાની હતી અને અંદર દીકરો સૂતો હતો. એ જ રાત્રે એના ઘરમાં ચોરો પેસી ગયા. ઘરનાં બારણાં મજબૂત ન હતાં. એને ખોલતાં શી વાર! આ મા-દીકરો તો બિચારા ઘસઘસાટ ઉંઘતા હતા. આ ચોર અંદર આવ્યો. આ ચોર પણ જેવો

તેવો ન હતો. બહુ જબરો હતો. હાથમાં ખંજર અને કેડે કટાર ખોસેલી હતી. ચોરે અંદર જઈને જોયું તો ઘરમાં માત્ર બે જણાં જ છે. એટલે ચોરી કરવાનો લાગ બહુ સારો છે. બે માણસમાં પણ એક તો વૃદ્ધ ડોશીમા છે. એની તો કોઈ ચિંતા નથી, પણ આ યુવાન કદાચ જાગી જાય તો વળી કદાચ પકડાઈ જવાય એટલે એને સૌથી પહેલા કબજે કરવો જોઈએ.

"સૌમ્યને ધમકાવતો ચોર" :- આમ વિચાર કરીને ચોર એક હાથમાં કટાર અને એક હાથમાં અણીદાર ચમકતું ખંજર લઈને સૌમ્યની પથારી પાસે આવ્યો, અને સામે ખંજર ધરીને સાવધાનીથી તેને જગાડ્યો. સૌમ્ય ભર નિંદ્રામાંથી જાગૃત થયો ને જોયું તો સામે બુકાની બાંધીને હાથમાં કટાર ને ખંજર લઈ પોતાની સામે એક ચોર ઉભેલો છે. સૌમ્યે વિચાર કર્યો કે ઘરમાં હું એકલો જ છું અને આ તો હથિયાર લઈને મારી સામે ઉભો છે. જો હું કંઈ પણ બોલવા જઈશ તો હમણાં જ મને પૂરો કરી નાંખશે, છતાં હિંમત કરીને કંઈક બોલવા જાય તે પહેલાં ચોરે એને ઈશારાથી કહી દીધું કે ચૂપ....એક શબ્દ પણ બોલ્યો છે તો જોયું છે આ અણીદાર ચકમકતું ખંજર! તને એક ઝાટકે મારી નાંખીશ. બિચારો સૌમ્ય તો ગભરાઈ ગયો. અંધારી રાતે કોણ એની વ્હારે આવે? ચોરે ધીમે રહીને કહ્યું કે માલમિલ્કત હોય તે બધી બતાવી દે. આ કબાટની ચાવી કયાં છે? સૌમ્યે ચોરને બધું બતાવીને કહ્યું. ભાઈ! તારે જે લેવું હોય તે લઈ લે પણ મને જીવતો રાખજે. ચાવી મળી એટલે ચોરે સૌમ્યને એક થાંભલા સાથે મજબૂત બાંધી દીધો. એવો બાંધ્યો કે છાતીમાં ભીંસ થવા લાગી પણ ચોરને કંઈ દયા હોય?

"નજર સમક્ષ લૂંટાઈ રહેલું ધન":-ચોરે કબાટ ખોલ્યો ને તેમાંથી કિંમતી સારી ચીજો બહાર કાઢી, અને એક મોટું કપડું પાથરીને તેમાં મૂકવા લાગ્યો. બાપદાદાના વખતની ભેગી કરેલી મિલ્કત પોતાના દેખતાં ચોર કાઢી રહ્યો છે. એ જોઈને સૌમ્યના દિલમાં દુઃખ થવા લાગ્યું કે ચોર આજે મારી બધી જ મિલ્કત લઈ જશે! પોતાની નજર સમક્ષ ચોર બધું કાઢીને ભેગું કરી રહ્યો છે પણ એક શબ્દ બોલી શકાય તેમ નથી. બોલે તો મરી જાય તેમ હતું. હવે જો પોતે મરી જાય તો વૃદ્ધ માતાની સેવા કોણ કરે! એને માતાની ખૂબ ચિંતા હતી. બીજું રખેને માતા જાગી જાય અને આ ચોર મારી માફક માતાને બાંધી દે તો પલકારામાં એનાં પ્રાણ ચાલ્યા જાય. પોતાની માતાની પોતાના જેવી દશા ન થાય તે માટે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો.

"માતૃભક્તિથી બોલી ઉઠેલો સૌમ્ય" :- આ ચોરે ઘરમાંથી બધી સારી સારી ચીજો લઈ લીધી છતાં એને સંતોષ ન થયો એટલે નાની નાની મામૂલી ચીજો પણ ઉપાડવા માંડી. આમ કરતાં ઘરમાંથી બધી ચીજો લઈ લીધી. છેલ્લે એક ખૂણામાં પડેલી નાનકડી

કડાઈ ઉપર ચોરની નજર ગઈ. એટલે તે કડાઈ લાવીને એના કપડામાં મૂકવા જાય છે ત્યાં આટલી વાર મૌન ધરીને ઉભેલો માતૃભક્ત સૌમ્ય બોલી ઉઠ્યો. વીરા ! તારે જે લેવું હોય તે બધું ખુશીથી લઈ જા પણ મારા ઉપર દયા કરીને આ કડાઈ મૂકી દે. તું એ ન લઈ જઈશ. માલ મિલ્કત બધું લીધું છતાં કંઈ નથી બોલ્યો ને આ નાનકડી કડાઈ લીધી ત્યારે રડતો રડતો કહે છે કડાઇ રહેવા દે. આ શબ્દો સાંભળીને ચોર વિચાર કરવા લાગ્યો કે આટલું બધું લીધું ત્યારે કંઈ ન બોલ્યો ને આ કડાઈ લેવાની ના પડે છે માટે નક્કી આ કડાઈમાં કંઈક લાગે છે. નહિતર આટલી બધી ચીજો લેતાં ન બોલ્યો ને એક કડાઇમાં શા માટે બોલે ? ચોરે ધીમે રહીને કહ્યું તું મને કડાઈ લઈ જવાની ના પાડે છે એટલે મને લાગે છે કે એ ઉપરથી લોઢા જેવી દેખાતી કડાઈ કદાચ સોના ચાંદીની હશે ! સૌમ્યે કહ્યું–ભાઈ ! તું જ તપાસ કરી લે ને એટલે ખબર પડશે. ચોરે કડાઈને બરાબર તપાસી તો કાંઇ તો લોઢાની જ છે. તો આ છોકરો કડાઇ લેવાની કેમ ના પાડતો હશે ? એને પૂછી જોઉં. આવો વિચાર કરીને ચોર સૌમ્ય પાસે આવીને પૂછે છે ભાઈ ! તું ના પાડે છે તો હું તારી કડાઇ નહિ લઉં પણ હું તને એક વાત પૂછું છું કે તેં કિંમતી ચીજો લેતાં મને ન અટકાવ્યો ને આ એક નાનકડી લોઢાની કડાઈ લેતા અટકાવ્યો તેનું શું કારણ ?

"સૌમ્યની માતૃભક્તિથી ચોરનો હૃદય પલ્ટો" :–પોતાની માતા ઉંઘમાંથી જાગી ન જાય તેનો ખ્યાલ રાખીને ધીમેથી કહ્યું–ભાઈ ! ઘરની બધી ચીજો વિના હું ચલાવી શકું તેમ છું પણ આ કડાઇ વિના મારે ચાલે તેમ નથી. કારણ કે આ મારી માતા વૃદ્ધ છે, અને પાછી બિમાર છે, એટલે એને માટે રોજ સવારે ઉઠતાવેંત આ કડાઈમાં હું રાબ બનાવું છું. હવે તું જ વિચાર કર કે આ કડાઇ તું લઈ જાય તો ઉઠતાવેંત વહેલી સવારે મારે કડાઇ ક્યાંથી લાવવી. બજાર વહેલી સવારે તો બંધ હોય. કડાઇ ન મળે ત્યાં સુધી મારી માતાને ભૂખ્યા રહેવું પડે એ મારાથી સહન ન થાય. હું ભૂખ્યો રહીશ પણ મારી માતાને હું ભૂખી રાખી શકું તેમ નથી. આ સાંભળીને ચોર તો સ્થંભી ગયો. અહો ! આ છોકરાને એની માતા કેટલી વહાલી છે ! એક યુવાન છોકરામાં પોતાની માતા પ્રત્યેની અજબ માતૃભક્તિ જોઈને કાળમીંઢ કાળજાનો ચોર પણ પીગળી ગયો. અહો ! શું એની માતૃભક્તિ છે ! ચોર પણ અંતે તો માણસ જ હતો ને ? એનો અંતરાત્મા પોકારી ઉઠ્યો કે આવા પવિત્ર છોકરાના ઘરની એક પણ ચીજ મારાથી કેમ લેવાય ? એણે તરત જ સૌમ્યને કહ્યું કે ભાઈ ! તારા જેવા માતૃભક્ત પુત્રની એક પણ ચીજ જો હું લઉં તો મારે ભવોભવમાં ભટકવું પડે. એમ કહીને તરત જ એને બંધનથી મુક્ત કર્યો અને ચોરે એના પગમાં પડીને માફી માંગી ને બધી ભેગી કરેલી ચીજો ત્યાં ને ત્યાં મૂકીને ચાલવા લાગ્યો, ત્યારે માતૃભક્ત સૌમ્યે એને કહ્યું કે ભાઈ ! તું આ બધું મૂકીને કયાં ચાલ્યો ? તું આ બધું ખુશીથી લઈ જા. મારે તો આમાંથી મારી માતાને માટે રાબ બનાવવા આ એક કડાઈ સિવાય કંઈ નથી જોઈતું. મહેનત કરીને

તેં આ બધું ભેગું કર્યું છે. એ મારું નહિ તારું જ ગણાય. માટે તું બધું લઈને જ જા. ચોરે કહ્યું–ભાઈ! મને માફ કર. મારે કંઈ નથી જોઈતું, ત્યારે સૌમ્યે કહ્યું તું કંઈ પણ લીધા વિના જઈશ તો તારી માતા નિરાશ થશે. તારી માતાને ખુશ કરવા માટે પણ તું આ લઈ જા.

ભાઈ! મારે જેવી માતા છે એવી તારે પણ માતા તો હશે જ ને? મારી માતાને ખુશ કરીને તારી માતાને નાખુશ કરું એ મને ન ગમે, માટે તું લઈ જા. ચોરે ઘણી ના પાડી, ત્યારે સૌમ્યે ચોરને કહ્યું-ભાઈ! હવે તું ચોર નથી રહ્યો. હવે તું મારો ભાઈ કહેવાય. ભાઇ પ્રેમથી જે આપે એ તો લેવાય ને! એમ કહીને ચોરને એક વીંટી ભેટ આપી. એ લઇને ચોર ગયો પણ એના હૈયામાં માતૃભક્તિનો અમર મુદ્રાલેખ સદાને માટે કોતરાઈ ગયો, અને માતૃભક્ત સૌમ્ય પણ પોતાની માતૃભક્તિના પ્રતાપે અણુધારી આફતમાંથી ઉગરી ગયો. જુઓ, માતૃભક્તિમાં પણ કેટલી શક્તિ છે! હું તો આજના યુવાનોને કહું છું કે તમે બધું ભૂલી જજો પણ તમારા ઉપકારી માતાપિતાને કદી ભૂલશો નહિ. તમારા ચામડાના જુત્તા બનાવીને માતાપિતાને પહેરાવશો તો પણ એમના ઋણમાંથી મુક્ત નહિ બની શકો. માટે બને તેટલી માતાપિતાની સેવા કરજો. એમના અંતરના આશીર્વાદથી તમે સુખી થશો.

વૃદ્ધાને પૃચ્છા કરતો શંખકુમાર :- શંખકુમાર સ્ત્રીનો અવાજ સાંભળીને તેની વ્હારે આવ્યો. એને ખબર ન હતી કે વૃદ્ધ કે યુવાન સ્ત્રી કોણ છે? સ્ત્રીની પાસે આવીને જોયું તો આધેડ વયની સ્ત્રી છે, એટલે શંખકુમારે એને પૂછયું–હે માતા! તું કોણ છે? તેણે કહ્યું–હે દીકરા! હું કોઇ ભૂત કે વ્યંતરી નથી, હું મનુષ્યાણી છું. હું અંગદેશમાં ચંપાનગરીના જિતારી રાજાની લાડકવાયી પુત્રી યશોમતીની ધાવમાતા છું, એટલે શંખકુમારે કહ્યું– જિતારી રાજાની કુંવરીની ધાવમાતા અહીં વગડામાં કયાંથી હોય? સાચું બોલો. બાઇએ કહ્યું–દીકરા! હું ખોટું નથી બોલતી પણ સત્ય કહું છું, ત્યારે પૂછયું કે તો તમે અહીં કેવી રીતે આવ્યા? તે મને કહો. એટલે એણે કહ્યું કે ભાઈ! સાંભળ. જિતારી રાજાની પુત્રી યશોમતી રૂપ, ગુણ અને કળાનો ભંડાર છે. એની સાથે ઘણા રાજકુમારો હરીફાઇમાં ઉતર્યા પણ કોઇ એને જીતી શકયું નહિ, એટલે રાજાને ચિંતા થવા લાગી કે મારી દીકરી કોને પરણાવું?

એવામાં યશોમતીએ કોઇની પાસેથી હસ્તિનાપુરના રાજાના પુત્ર શંખકુમારની ખૂબ પ્રશંસા સાંભળીને તેણે એવી પ્રતિજ્ઞા કરી કે પરણું તો શંખકુમારને જ. એ નહિ મળે તો જીવનભર કુંવારી રહીશ પણ બીજે તો નહિ જ પરણું. ભાઇની વાત સાંભળી શંખકુમારે વિચાર કર્યો કે હસ્તિનાપુરના રાજાનો પુત્ર અને શંખકુમાર તો હું છું. ઠીક, મને એની વાત બરાબર ધ્યાનપૂર્વક સાંભળવા દે. ભાઇએ વાત આગળ ચલાવતાં કહ્યું કે યશોમતીની

આવી પ્રતિજ્ઞા સાંભળતાં એના પિતાજી ખુશ થયા અને તેમણે યશોમતીનું માંગુ હસ્તિનાપુર મોકલ્યું. તે પહેલાં એવું બનેલું કે મણિશેખર નામના એક વિદ્યાધરે યશોમતીની ખૂબ પ્રશંસા સાંભળી અને ગુપ્ત રીતે તેને જોઇ લીધી, એટલે તેણે પણ જિતારી રાજા પાસે યશોમતીની માંગણી કરી ત્યારે રાજાએ તેને કહી દીધું કે મારી પુત્રી શંખકુમાર સિવાય બીજા કોઇને પરણવા ઇચ્છતી નથી. એ તો મનથી શંખકુમારને વરી ચૂકી છે. આ સાંભળી મણિશેખર વિદ્યાધરને ખૂબ ક્રોધ ચઢયો ને એક દિવસ લાગ જોઈ તેણે યશોમતીનું અપહરણ કર્યું. તે વખતે હું તેની પાસે જ હતી. એણે જેવી કુંવરીને ઉપાડી તેવો મેં એનો હાથ પકડયો ને એને છોડાવવા ઘણું કર્યું પણ વિદ્યાધર આગળ મારું શું ગજું ! એણે બળાત્કારે કુંવરીને ઉઠાવી ત્યારે મેં કુંવરીનો પગ પકડી લીધો. એ હતો વિદ્યાધર એટલે અમને લઈને એ આકાશમાં ઉડયો. અહીં આવ્યા એટલે નીચે ઉતરીને મને તેણે અહીં રસ્તામાં ફેંકી દીધી, અને એ તો કુંવરીને લઈને ક્યાંનો ક્યાંય ચાલ્યો ગયો. હું મારી વહાલી દીકરીને યાદ કરીને રડી રહી છું.

"ધાવમાતાએ શંખકુમારને કહેલી કહાણી" :– દીકરા ! એ યશોમતીને મેં નાનપણથી ઉછેરી છે. એ મને મારા પ્રાણથી પણ અત્યંત વહાલી છે. એ મને હવે ક્યાં મળશે ? એમ કહીને ખૂબ રડવા લાગી. ધાવમાતાએ કહ્યું કે યશોમતી શંખકુમારને ઇચ્છે છે છતાં કુમારે એમ ન કહ્યું કે તો હું જ હસ્તિનાપુરના રાજાનો પુત્ર શંખકુમાર છું, કારણ કે ક્ષત્રિયો ગંભીર હોય છે. આ જગ્યાએ બીજો કોઇ હોત તો કહી દેત કે તારી કુંવરી જેને પરણવા ઇચ્છે છે તે જ હું છું, પણ બાઇને કહ્યું–હે માતા ! તમે રડશો નહિ. હવે તમે ચિંતા ન કરશો. અહીં નજીકમાં જ મારી છાવણી છે ત્યાં તમે ચાલો હું તમને મૂકીને તરત જ તમારી પુત્રીને ગમે ત્યાંથી શોધી લાવીશ. ધાવમાતાએ કહ્યું– દીકરા ! મને વિદ્યાધરે જંગલમાં ફેંકી છતાં પણ હું જીવતી રહી ને તારા જેવો દીકરો મળ્યો તો મારી દીકરીનો સંદેશો તમને આપી શકી. હે દીકરા ! તું મારી દીકરીને જલ્દી લાવી આપ જેથી મને શાંતિ થાય. ધાવમાતાને પોતાની છાવણીમાં સૂવાડવાની વ્યવસ્થા કરીને હાથમાં ખડ્ગ લઇને એકલો જવા તૈયાર થયો, ત્યારે તેના મિત્ર મતિપ્રભે કહ્યું– વીરા ! તું એકલો ક્યાં જાય છે ? હું તારી સાથે આવું છું, પણ શંખકુમારે કહ્યું કે તું અહીં બધું સંભાળજે. હું હમણાં જ યશોમતીને લઇને આવું છું. એમ કહીને શંખકુમાર એકલો હાથમાં તલવાર લઈને યશોમતીની શોધ કરવા ચાલી નીકળ્યો. હવે તે કેવી રીતે લાવશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– ગઇ કાલે તમે સાંભળી ગયા ને કે જિનસેના રાણીએ એના પુત્ર જિનસેન કુમારને કેવા વીરતા ભરેલા મીઠા હાલરડા ગાયા. તમારા પુત્રોને શૂરવીર ને ધીર બનાવવા હોય તો તમે પણ આવા હાલરડા ગાજો ને બાળક મોટો થાય ત્યારે તેને આવા વીર-

પુરૂષોની વાર્તા સંભળાવજો તો એનામાં બાલપણથી જ ધર્મના સંસ્કાર પડશે. આગળ માતા કહે છે–

કર્ણ સે તુમ દાની બનના, પાંડવ સે બલકારી,
શ્રી કૃષ્ણસે યોદ્ધા હોકર, બનના જગમેં પ્રિયકારી.

હે મારા લાલ ! તું કર્ણ જેવો દાનવીર બનજે. તને તારા પુણ્યથી જે મળે તેમાં તું મારાપણાની બુદ્ધિ કરીને સંકુચિત દિલનો ન બનીશ, પણ તને મળ્યું તે બધાનું છે એમ સમજીને તું દાન કરજે ને કર્ણની જેમ દાની તરીકે તું વિશ્વમાં વિખ્યાત બનજે, પાંડવો જેવો બળવાન બનજે. પાંચ પાંડવો કેવા પરાક્રમી હતા અને ધર્મરાજાની આજ્ઞાનું એકી અવાજે તેઓ પાલન કરતા હતા ને સુખ દુઃખમાં પ્રેમથી સંપીને રહેતા હતા તેમ તું પણ એવો પરાક્રમી બનીને તારા વડીલોની આજ્ઞામાં સમાઈ જજે, અને શ્રીકૃષ્ણ તો ત્રણ ખંડના અધિપતિ વાસુદેવ હતાં. એમનું પરાક્રમ અજોડ હતું, છતાં પરોપકારી અને ગુણગ્રાહી હતા. કૃષ્ણજી કોઈનું દુઃખ જોઈ શકતા ન હતા, એટલે પ્રાણના ભોગે પણ બીજાનું દુઃખ મટાડતા હતા. કોઈના ઘણાં દુર્ગુણો જોઈને તેની ઘૃણા કરતા ન હતા પણ હજારો અવગુણમાંથી પણ એ તો ગુણો શોધીને ગ્રહણ કરતા હતા. તું એવો પરાક્રમી, ગુણગ્રાહી અને પરોપકારી કૃષ્ણ જેવો બનજે. પરોપકારના કાર્યો કરી તારા સદ્‌ગુણની સુવાસ જગતમાં ફેલાવીને તું જગતના લોકોને પ્રિયકારી બનજે, અને ગાંગેય જેવો બ્રહ્મચારી અને જીવદયાનો પાળનાર બનજે.

"લગ્ન વખતે ગંગાદેવીએ કરેલ કરાર":–ગાંગેય કોણ હતાં તે તમે જાણો છો ને ? આમાંથી કંઈકને ખ્યાલ નહિ હોય. જેમને આપણે ભીષ્મપિતા તરીકે ઓળખીએ છીએ તેમનું મૂળ નામ ગાંગેયકુમાર હતું. ગાંગેય નામ શાથી પડ્યું ? એ ગંગાનો પુત્ર હતો એટલે ગંગા ઉપરથી એનું નામ ગાંગેયકુમાર પડ્યું. જ્યારે શાંતનુ રાજા ગંગાદેવી સાથે પરણ્યા ત્યારે ગંગાદેવીએ એમની સાથે શરત કરી હતી કે તમારે કદી શિકાર કરવો નહિ. જે દિવસે તમે શિકાર કરશો ત્યારે તમારે ને મારે કંઈ સબંધ નહિ રહે. રાજાએ શરત મંજુર કરી અને ગંગાદેવી સાથે લગ્ન કર્યા. શાંતનુ રાજા ગંગાદેવી સાથે આનંદથી રહેવા લાગ્યા. સમય જતાં ગંગાદેવી ગર્ભવતી બની. એવામાં એક વખત કોઈ માણસે આવીને શાંતનુ રાજાને કહ્યું કે મહારાજા ! અમુક જંગલમાં બહુ સુંદર હરણીયા છે. ત્યાં શિકાર કરવાની ખૂબ મઝા આવે તેમ છે. આ શાંતનુ રાજા પહેલેથી શિકારના શોખીન હતા. તેમાં આવી વાત સાંભળી એટલે શિકાર કરવા મન ઉપડ્યું. જેને જેનો રસ હોય તેને તે વાત સાંભળતાં અનેરો રસ આવે છે. પછી ભલે ને એ કામ પાપનું હોય. શાંતનુ રાજા આ સમયે ગંગાદેવીની સાથે કરેલા કરારને ભૂલી ગયા ને શિકાર કરવા માટે ઉપડી ગયા.

ગંગાદેવીને ખબર પડી કે મહારાજા શિકાર કરવા ગયા. એટલે એણે વિચાર કર્યો કે રાજાએ મારી શરતનો ભંગ કર્યો હવે મારે અહીં રહેવું નથી. તરત જ પહેરેલા કપડે એક દાસીને લઇને ગંગાદેવી વનવગડાની વાટે ચાલી નીકળ્યા. એણે એવો વિચાર ન કર્યો કે હું ગર્ભવતી છું. એકલી સ્ત્રી જાતિ છું તો મારું જંગલમાં શું થશે ? આગળની સ્ત્રીઓ પોતાના પતિને સુધારવા માટે કેટલું સહન કરતી હતી!

"ગંગાદેવીએ પુત્રને આપેલી પિતાની ઓળખાણ" :- ગંગાદેવી દાસીની સાથે જંગલમાં ગઈ ને એક વૃક્ષ નીચે બેસીને પ્રભુને પ્રાર્થના કરી. એના શિયળના પ્રભાવથી દેવોએ એને માટે બંગલો બનાવ્યો ને ખાવાપીવાની સગવડ કરી આપી. ત્યાં ગંગાદેવીએ પુત્રને જન્મ આપ્યો ને તેનું નામ ગાંગેય કુમાર પાડયું. ગંગાદેવી ધર્મધ્યાન કરતી ને પુત્રને સારા સંસ્કારો આપતી ત્યાં રહેવા લાગી. શિકારે ગયેલ શાંતનુ રાજા શિકાર ખેલીને ઘેર આવ્યા. મહેલમાં ગંગાદેવીને ન જોયા. મહેલ એમને સૂના લાગવા માંડયા. પોતાની ભૂલનો ખૂબ પશ્ચાતાપ કર્યો ને ગંગાદેવીની શોધ કરાવી પણ પત્તો ન લાગ્યો. સમય જતાં ફરતાં ફરતાં ગંગાદેવી રહે છે તે જંગલમાં શિકાર કરવા આવ્યા. ત્યાં ગાંગેયકુમારે તેમને શિકાર કરતા અટકાવ્યા, અને નિર્દોષ પશુઓની રક્ષા કરવા માટે શાંતનુ રાજા સાથે યુદ્ધ કરવા તૈયાર થયો. ગાંગેયનું પરાક્રમ જોઈને રાજા તાજુબ થઈ ગયા. છેવટે ગંગાદેવીને ખબર પડી કે આ તો પિતા અને પુત્ર લડે છે એટલે તેણે પોતાના પુત્રને એના પિતાજીની ઓળખાણ કરાવી. શાંતનુ રાજા ગંગાદેવી પાસે ગયા ને પોતાના મહેલે આવવા માટે ખૂબ વિનવણી કરી પણ ગંગાદેવી રાજાના મહેલમાં ગયા નહિ પણ ગાંગેયકુમારને એના પિતાજીને સોંપી દીધો ને પોતે પોતાનું જીવન જંગલમાં વીતાવ્યું.

"ગાંગેય ભીષ્મપિતામહ કેવી રીતે બન્યા ?" :- પિતાજીના રાજ્યમાં આવ્યા પછી એક વખત ગાંગેયકુમાર ફરવા માટે ગયા. ત્યાં તેમણે નાવિક પાસે એક રૂપવતી કન્યાને જોઇ. માછીમારને એ કન્યા કયાંકથી મળી હતી. માછીમારે એને ઉછેરીને મોટી કરી હતી. આ ગાંગેયકુમારને જોઇને માછીમારના મનમાં થયું કે મારી પુત્રીને આ રાજકુમાર સાથે પરણાવું, પણ કુદરતને કરવું કે શાંતનુ રાજાએ પણ આ કન્યાને જોઈ હતી, એટલે એમને એની સાથે પરણવાની ઇચ્છા થઈ. ગાંગેયકુમારે નાવિકને કહ્યું કે તારી પુત્રીને તું મારા પિતાજી સાથે પરણાવ, ત્યારે માછીમારે કહ્યું કે તારા જેવા તેજસ્વી યુવાન કુમારને છોડીને તારા પિતાને કોણ પરણાવે ? બીજી વાત એ છે કે તમારા જેવો પરાક્રમી દીકરો હોય તેને જ રાજગાદી મળે ને ! અને પછી મારી દીકરીને દીકરા થાય તેને તો ગાદી મળે જ નહીં ને ? માટે હું રાજા સાથે મારી દીકરી નહિ પરણાવું, ત્યારે ગાંગેયકુમારે કહ્યું કે ભાઇ ! હું પ્રતિજ્ઞા કરું છું કે હું રાજગાદી નહિ લઉં. તમારી દીકરીના દીકરા થશે તેને જ રાજગાદી મળશે. માછીમાર કહે એ વાત સાચી પણ પછી તમે બીજી રાજકુમારી પરણો ને એના સંતાન થાય એ પણ

તમારા જેવા પરાક્રમી જ થાય ને! પછી મારી દીકરીના દીકરા અને એના દીકરા થાય એ બધાનું શું? ત્યારે ગાંગેયકુમારે કહ્યું કે જો તને એમ હોય તો હું આજથી સૂર્યની સાક્ષીએ જીવનપર્યંત બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરું છું, પછી તને કોઈ વાંધો છે? પછી નાવિકે એની પુત્રીને શાંતનુ રાજા સાથે પરણાવી. ગાંગેયકુમારે પોતાના પિતાજીને ખાતર આવી ભીષ્મ-કડક પ્રતિજ્ઞા કરીને જીવનભર શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કર્યું. તેથી તે ભીષ્મ પિતા કહેવાયા. એ સમયના સંતાનો પણ કેવા હતા! પોતાના પિતાને ખાતર પોતે કેટલો ત્યાગ કર્યો! જીવનભર આ રીતે બ્રહ્મચર્યનું પાલન કરવું તે કોઈ સામાન્ય વાત નથી. આવા પુત્રો જગતમાં મળવા મુશ્કેલ છે.

જિનસેનાએ કરેલા સુંદર સંસ્કારોનું સિંચન :- જિનસેનાએ તેના દીકરાને કહ્યું કે બેટા! તું આવો ભીષ્મપિતા જેવો બનજે. સર્વ જીવોની દયા પાળજે ને દરેકની સાથે પ્રેમ વધારજે. સદા સત્ય બોલજે. બને તેટલો પરોપકારી બનજે. બેટા! તને વધુ તો શું કહું?

વિશ્વ વિજેતા બનકર બેટા, રખના દૂધકી શાન,
દુઃખની માતાકા દુઃખ મિટાજો, દિલાજો સન્માન.

તું જગતમાં મોટો વિશ્વવિજેતા બનીને તારી માતાનું દૂધ દીપાવજે અને આ તારી દુઃખિયારી માતાના દુઃખ મટાડી તેને જગતમાં મહાન બનાવજે. તારા પિતાએ મારું અપમાન કરીને મને કાઢી મૂકી છે તો તું મોટો થાય ત્યારે તારી માતાનું સન્માન તું વધારજે. આ પ્રમાણે દરરોજ જિનસેના હાલરડા ગાવા લાગી એટલે દરરોજ પુત્રના કાને એવા જ શબ્દો પડવા લાગ્યા તેથી તેના જીવનમાં એવા ગુણો આવવા લાગ્યા. દિવસો ઉપર દિવસો વીતતાં જિનસેનકુમાર ચંદ્રની કળાની જેમ દિવસે દિવસે મોટો થતાં આઠ વર્ષનો થયો. જિનસેનાએ એક શુભ દિવસ જોઈને કલાચાર્યને ત્યાં ભણવા મૂક્યો. માતાએ પહેલેથી એના જીવનમાં સુંદર સંસ્કારોનું સિંચન કર્યું હતું એટલે એનામાં વિનય ને વિવેક આદિ ગુણો તો સહેજે આવી ગયા હતા, છતાં જિનસેનાએ ભણવા મૂકતી વખતે પણ હિત શિખામણ આપી કે બેટા! ગુરુની આજ્ઞામાં રહેજે. સદા તેમની સેવા-ભક્તિ અને વિનય કરી તેમની કૃપા મેળવજે ને ખૂબ જ્ઞાન મેળવીને મહાન બનજે. આ રીતે ખૂબ હિતશિખામણ આપીને કલાચાર્ય પાસે ભણવા મૂક્યો.

જિનસેન કલાચાર્યને ચરણે :- માતાની હિતશિખામણને હૃદયમાં અવધારીને જિનસેનકુમાર ભણવા ગયો. જઈને સૌથી પહેલાં કલાચાર્યગુરુના ચરણમાં નમ્યો ને એમની ચરણરજ માથે ચઢાવીને કહ્યું-ગુરુદેવ! આજ્ઞા ફરમાવો. એનો વિનય, વિવેક, બોલવાની મીઠાશ અને નમ્રતા વિગેરે જોઈને ગુરુનું મન ઠરી ગયું ને વિચાર કરતા થયા કે આ

કોઈ સુપાત્ર જીવ છે. આ છોકરો મહાન જ્ઞાની અને પ્રતાપી રાજા બનશે. આગળના ગુરૂઓ પણ વિદ્યાર્થીઓનું વર્તન જોઈને તરત પારખી લેતા હતા. આજે તો "ગુરૂ" શબ્દ કહેવાનું જ જતું રહ્યું ને સ્કુલમાં શિક્ષકને ટીચર કહેવામાં આવે છે. એક બાજુ ગુરૂદેવ શબ્દ બોલો ને બીજી બાજુ 'ટીચર' શબ્દ બોલો, તમને શું બોલતા ભાવ આવશે? તે વિચારજો. ટીચર શબ્દ કેવો તોછડો લાગે છે ને ગુરૂ શબ્દ ભર્યો ભર્યો લાગે છે. એવી રીતે માતાને મધર અને મમ્મી કહો એમાં શું ભાવ આવે છે. અને 'મા....' કહેવામાં કેવા પવિત્ર ને પૂજ્ય ભાવ આવે છે! 'મા' શબ્દ પ્રેમનો ભરેલો છે.

અહીં જિનસેનકુમારે વિનય, વિવેક, આદિ ગુણોથી ગુરૂનું દિલ જીતી લીધું છે. આ એની માતાના સંસ્કારનું બળ છે. હવે રત્નવતી એના પુત્રને કેવા હાલરડા ગાય છે ને એના પુત્ર રામસેનમાં કેવા ગુણો આવશે. એક જ રાજાની બે રાણીઓ અને એક જ પિતાના બે પુત્રો હોવા છતાં બંનેના જીવનમાં કેટલો ફરક છે તેના ભાવ અવસરે કહેવાશે.

*

વ્યાખ્યાન નં.-૩૯

શ્રાવણ વદ ૬ ને ગુરૂવાર તા. ૨૪-૮-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની, પરમ ઉપકારી તીર્થંકર દેવોએ જગતના જીવોના કલ્યાણ માટે સિદ્ધાંતની પ્રરૂપણા કરી. સિદ્ધાંત એ જિનેશ્વરદેવની વાણી છે, એટલે એને આપણે જિનવાણી પણ કહીએ છીએ. દુનિયામાં વાણી તો ઘણાં પ્રકારની રહેલી છે પણ જિનવાણીની તોલે બીજી કોઈ વાણી આવી શકતી નથી. કહ્યું છે કે **"વાણી તો ઘણેરી ભલી પણ વીતરાગ તુલ્ય નહીં, પ્યાલાભર પીવે પ્રાણી."** જિનવચન ઉપરની શ્રદ્ધા જીવને મોક્ષના માર્ગ તરફ લઈ જાય છે. મહાન પુણ્યોદય હોય ત્યારે જિનવાણી સાંભળવા મળે છે. તમે ઘેર બેઠાં રોજ રેડિયો (આકાશવાણી) સાંભળો છો. તેમાં દેશદેશના સમાચાર અને સિનેમાના સૂર સાંભળવા મળે છે. તેનાથી કંઈ આત્માનું કલ્યાણ થતું નથી. ઉલ્ટું કર્મબંધન થાય છે. ભવોભવમાં વિષયોના રંગે રંગાઈને જીવે કર્મો બાંધ્યા છે. એ કર્મોના બંધનને તોડનાર જો કોઈ શસ્ત્ર હોય તો આ કાળમાં જિનવાણી છે.

જીવને ધર્મ પાળવાની ભૂમિકા પ્રાપ્ત થાય એવો ચરમાવર્તકાળ એટલે કે મોક્ષ પામવા પહેલાનો સંસારનો છેલ્લો પુદ્ગલ પરાવર્તનકાળ. આ છેલ્લા પુદ્ગલ પરાવર્તનકાળમાં આવેલા જીવોમાં બધા જીવોને પહેલેથી જિનવચન નથી મળી જતાં, છતાં કોઈ પણ આત્મલક્ષી ધર્મ મળવાથી આત્મા તરફ દૃષ્ટિ જાય છે, દુઃખમય સંસારની ઓળખાણ થાય છે, પાપનો ભય લાગે છે અને મોક્ષ માટે ધર્મ કરવાની રૂચી જાગે છે, છતાં પણ જિનવાણી સાંભળવા નથી મળી હોતી ત્યાં સુધી આત્મા, સંસાર, મોક્ષ, સંસારના હેતુ અને મોક્ષના

હેતુ આ બધાના સાચા સ્વરૂપનું ભાન નથી થતું તેથી મોક્ષમાર્ગની સાચી સાધના હાથ લાગતી નથી, કારણ કે બીજા ગમે તેટલી સુંદર પ્રરૂપણા કરે પણ એ છદ્મસ્થ જીવો છે, જ્યારે તીર્થંકર ભગવાન તો સર્વજ્ઞ છે. સર્વજ્ઞ અને સર્વદર્શી ભગવાન જ સંસારના સ્વરૂપને જાણી દેખી શકે છે, અને પોતાના જ્ઞાનમાં જોયા પછી તેઓ જગતના જીવોને સમજાવે છે. એટલા માટે સિદ્ધાંતમાં કહેવામાં આવ્યું છે કે " तमेव सच्चं निसंकं जं जिणेहि पवेइयं । " જિનેશ્વર ભગવંતોએ જે વાણીનો ઉપદેશ આપ્યો છે તે સત્ય અને નિશંક છે. એમાં છદ્મસ્થ જીવોએ શંકા કરવી જોઈએ નહિ. આપણી અલ્પબુદ્ધિના કારણે આપણને કદાચ સમજાય કે ન સમજાય પણ આપણે તો એમ સમજવું જોઈએ કે જિનવચન એ જ પ્રમાણ છે. ભલે, કદાચ જિનેશ્વર ભગવંતે કહેલું બધું હું પાળી ન શકું એમાં મારી ખામી છે. મારી કમનસીબી છે પણ ભગવાનની વાણી તો સત્ય જ છે. દુનિયામાં બીજું તો ઘણું મળશે પણ આ જિનવચન સાંભળવા કયાં મળશે?

બંધુઓ ! જીવના મહાન પુણ્યોદય હોય ત્યારે જિનવાણી સાંભળવા મળે છે. કંઈક જીવો જિનવાણી સાંભળવા માટે તલસે છે ત્યારે તમને તો સહેજે જિનવાણી સાંભળવા મળી છે એનું મૂલ્ય તમે સમજો. જિનવાણીનો અભ્યાસ કરવાની વાત પછી પણ અહીં આવીને જિનવાણી સાંભળતાં તમને એવા ભાવ આવે કે અહો! કેવું અનંત કલ્યાણકારી જિનવચન! મહાસૂક્ષ્મ અને વિશાળ બુદ્ધિના ધારક શ્રી ગણધર ભગવંતોએ પણ એને અપનાવ્યું ! મોટા દેવેન્દ્ર જેવાઓએ પણ તેને તહત્તિ કર્યું ને એના ગુણ ગાયા. જિનવચન સત્ય અને અલૌકિક તત્ત્વને કહેનારું છે, કેવું ઉત્તમોત્તમ છે ! જગતના જીવોને અભયદાન અપાવનારું છે. ચક્રવર્તિપણું, સ્વર્ગ અને મોક્ષના સુખોને પમાડનાર છે. આ જિનેશ્વર પ્રભુની વાણી કેવી લોકોત્તર છે ! આવા ભાવ ચિત્તમાં આવે તો ધર્મધ્યાન થાય. કર્મોનો થોક ઉડાવે ને પુણ્યનો થોક ઉપાર્જન થાય. આટલા ભાવ આવે તો પણ આવો મહાન લાભ થાય છે તો જે આત્માઓ એનો અભ્યાસ કરી શ્રદ્ધાપૂર્વક અંતરમાં ઉતારે એને તો કેટલો મહાન લાભ થાય? આગળના શ્રાવકો જિનવાણી સાંભળી તેના ઉપર અનન્ય શ્રદ્ધા કરીને કેવા દૃઢ બન્યા હતા એના સિદ્ધાંતમાં દાખલા છે. દેવો એમની પરીક્ષા કરવા આવ્યા ને કહ્યું કે તું તારો જૈન ધર્મ ખોટો છે એમ કહી દે. નહિતર જાનથી મારી નાંખીશ. આ સમયે શ્રાવકો શું વિચારતાં કે કાલે મરતો હોઉં તો ભલે આજે મરું. મને મરણનો ડર નથી.

" शिर जावे तो भले जावे पण मेरा जिन धर्म नहीं जावे. "

મારું શિર જાય તો ભલે જાય મને પરવા નથી પણ મારો જૈન ધર્મ તો નહીં જવા દઉં. મારો જૈન ધર્મ ખોટો છે તે કદી નહિ કહું. દેવોએ મરણનો ડર બતાવ્યો છતાં

એ શ્રાવકો સ્હેજ પણ ચલાયમાન થયા નહિ. તમારી પરીક્ષા કરવા કંઈ દેવો અત્યારે નથી આવતાં, છતાં પણ ધર્મ કરતાં સ્હેજ કષ્ટ આવે તો મન ડગી જાય છે. આનું કારણ હજુ જિનવાણી ઉપર સચોટ શ્રદ્ધા નથી. એ શ્રાવકોને તો જિનવચનના ઉંચા મૂલ્ય સમજાઈ ગયા હતાં. તેમના મનને સચોટ લાગતું હતું કે દુન્યવી મહાન સિદ્ધિ, સમૃદ્ધિઓ જિનવચન રૂપી બજાના આગળ કાંઈ જ વિસાતમાં નથી. કયાં એ ભવકેદમાં ફસાવી નાંખનારી દુન્યવી સિદ્ધિ-સમૃદ્ધિઓ ! અને કયાં ભવોદ્ધારક જિનવચન ! એક મારક અને બીજું તારક. આટલો મોટો આ બનેમાં તફાવત છે. જિનવાણી મળી અને તેને અથાગ શ્રદ્ધાપૂર્વક હૃદયમાં સ્થાપન કરી એટલે તાત્વિક રીતે વીતરાગ બનવાનો પંથ મળ્યો.

શાસ્ત્રમાં શ્રાવકને એક વિશેષણ આપવામાં આવ્યું છે કે ભગવાનના શ્રાવકો કેવા હોય ? જિનવચન ભાવિત મતિવાળા હોય. એટલે એમની મતિ, એમનો આશય જિનવચનથી ભાવિત કરાયેલો હોય. તેમની બુદ્ધિ, આશય અને વિચારસરણીને જિનવચનથી ભાવિત કરેલી હોય, એટલે એ શ્રાવકો કે સાધુઓ જિનવચન ઉપર સચોટ શ્રદ્ધા રાખે છે ને માને છે કે જિનેશ્વર ભગવંતોએ જે કંઈ કહ્યું છે તે સત્ય અને નિઃશંક છે. મારે એની સ્હેજ પણ અવગણના કરાય નહિ, બેપરવાઈ કરાય નહિ. અરે, મનથી પણ જિનવચનથી વિરુદ્ધ ચિંતવણા ન થાય તેની પૂરી તકેદારી રાખવી જોઈએ પછી બોલવાની તો વાત ય કયાં કરવી ! જિનવચનથી વિરુદ્ધ એક પણ શબ્દ ન બોલાઈ જાય તેની પૂરી સાવધાની રાખવાની છે. કોઇ સાધુ અગર શ્રાવક પોતાના અભિમાનના કારણે હું કંઇક છું એમ જગતને બતાવવા માટે પોતાના મનની કલ્પનાથી અગર મનના તર્કથી શાસ્ત્રવચનથી વિરૂદ્ધ કલ્પના કરે તો એનો સંસાર વધી જાય છે. જમાલિ એક પદ ઉત્સૂત્રનું બોલ્યો તો એનું ભવભ્રમણ વધી ગયું. મરીચિએ ત્રિદંડીના વેશમાં એટલું જ કહ્યું કે જેવો ત્યાં ધર્મ છે એવો જ અહીં છે. એટલું જ ઉત્સૂત્ર ભાષણ કર્યું તો એનો સંસાર વધી ગયો. માટે સમજાય તેટલું સમજવું, આચરણ થાય તેટલું કરવું પણ જિનવચનની વિરુદ્ધ પ્રરૂપણા કરવી નહિ, પણ બને તેટલી શ્રદ્ધા કરવી.

લાકડામાં બળતા નાગ અને નાગણને નવકારમંત્ર સંભળાવ્યા. એમણે શ્રદ્ધાપૂર્વક સાંભળ્યા તો મરીને ધરણેન્દ્ર અને પદ્માવતી દેવી બન્યા. એ તો તિર્યંચ જાતિ હતાં અને અંતિમ સમયે બળતાં બળતાં નવકારમંત્ર સાંભળ્યા. નવકારમંત્ર શું છે એ પણ જ્ઞાન ન હતું છતાં શ્રદ્ધાપૂર્વક સાંભળવાથી મરીને દેવ અને દેવી થયા, ત્યારે તમે તો મનુષ્ય છો અને પહેલેથી જૈન ધર્મ પામેલા છો, જિનવાણી સાંભળો છો તો પછી ભવભ્રમણ કેમ ન ટળે ? હવે તો એવી ઇચ્છા થવી જોઇએ કે હે ભગવાન ! અનંતકાળથી સંસારમાં ઘણું રખડ્યો. હવે મારે રખડવું નથી. મારે તો જલ્દી મોક્ષમાં જવું છે અને તે અનુસાર પુરૂષાર્થ પણ અવશ્ય કરવો જોઈએ.

ભગવાનની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનો અધિકાર ચાલે છે. શંખકુમારે યશોમતીની વાત જાણી એટલે તેનું લોહી ઉકળી ગયું. યશોમતીની ધાવમાતાને પોતાની છાવણીમાં સૂવાડીને એકલો શંખકુમાર સતી સ્ત્રીના શીયળનું રક્ષણ કરવા માટે વનવગડામાં ઘૂમવા લાગ્યો. સતીયા પુરૂષો સતી સ્ત્રીની વહારે જરૂર જાય છે. દુનિયામાં કષ્ટ કોને આવે? સતીઓને. તે રીતે યશોમતી સતી સ્ત્રી છે. એણે મનમાં નિશ્ચય કર્યો છે કે મારે શંખકુમાર સિવાય બીજા કોઇ સાથે લગ્ન કરવા નથી. શંખકુમાર નહિ મળે તો હું કુંવારી રહીશ અગર દીક્ષા લઈશ. આવી સતીને મણીશેખર વિદ્યાધર ઉપાડી ગયો છે. છતાં એના સતીત્વથી તલભાર ચૂકતી નથી. સતી સ્ત્રીઓ ભયંકર કસોટીમાં અડગ રહે છે, ત્યારે જ એની જગતમાં કિંમત અંકાય છે. સોનાને ચકાસણી કરવા માટે લોકો અગ્નિમાં નાંખે છે પણ પિત્તળને કોઈ નાંખતું નથી. હીરાને સરાણે ચઢવું પડે છે પણ કાંકરાને કોઇ સરાણે ચઢાવતું નથી, કારણ કે પિત્તળ કે કાંકરાની જગતમાં કિંમત નથી. એના કોઈ મૂલ્ય આંકતું નથી. સોના અને હીરાના મૂલ્ય અંકાય છે તેથી તેની કસોટી થાય છે, તેમ સતી સ્ત્રીઓના જગતમાં ગુણગા ગવાય છે પણ ક્યારે? પહેલાં એમની કપરી કસોટી થાય છે. એ કસોટીમાંથી પાર ઉતરે ત્યારે એ સતી તરીકે જગતમાં પૂજાય છે.

હરિશ્ચંદ્ર રાજા અને તારામતી રાણીની કેવી આકરી કસોટી થઈ. દુઃખમાં પણ પોતાનું સત્ય ચૂક્યા નહિ. જ્યારે રોહિતને સર્પ કરડ્યો અને મૃત્યુ પામ્યો ત્યારે એને બાળવા માટે ઘોર અંધારી રાતે સ્મશાનભૂમિમાં ગઈ પણ વહાલસોયા દીકરાને બાળવા લાકડા નથી. એના શરીરે ઓઢાડવા કપડું નથી ત્યાં સ્મશાનનો કર કયાંથી ચૂકવવો? તે અંધારી રાતે કરૂણ સ્વરે રૂદન કરવા લાગી ત્યારે ભંગીએ કહ્યું કે બાઈ! તારો પતિ કેવો નિષ્ઠુર છે. કે તારો દીકરો મરી ગયો છે છતાં આવતો નથી? કે તારે આ સ્મશાનભૂમિમાં આવવું પડ્યું? ત્યારે તારામતીએ કહી દીધું કે ખબરદાર! મારા પતિને નિષ્ઠુર કહેનારો તું કોણ છે? મારા પતિ તો મહાન પવિત્ર અને સત્યવાદી છે. દયાનો દરિયો છે, આ સાંભળી ભંગીએ પૂછયું કે તારો પતિ કોણ છે? મારા પતિ હરિશ્ચંદ્ર રાજા છે. ઘોર અંધારામાં તારામતીનો સ્વર ઓળખ્યો એટલે પૂછયું કે તું કોણ છે? તારામતી? તો કહે–હા. એક બીજા અંધારામાં કોઈ કોઇનું મુખ જોઇ શકતા નથી, ત્યાં વીજળીનો ઝબકારો થાય છે. તેના પ્રકાશમાં એકબીજાનું મુખ જોઇને ઓળખી જાય છે, ત્યારે તારામતીએ કહ્યું–નાથ! હવે તો સ્મશાનનો કરવેરો માફ કરો. આ લાડીલા રોહિતના અગ્નિસંસ્કારમાં મદદ કરો. આ સમયે હરિશ્ચંદ્ર રાજાએ કહ્યું કે હે તારા! અત્યારે હું ભંગીને ઘેર વેચાયેલો છું, અને તું બ્રાહ્મણને ઘેર વેચાયેલી છે. માટે મારે મારા માલીકનું કામ બરાબર બજાવવું જોઇએ. હું ટેકસ લીધા વિના અગ્નિસંસ્કાર નહિ કરવા દઉં. તારામતી ચોધારે આંસુએ રડે છે, કરગરે છે પણ હરિશ્ચંદ્ર રાજા પોતાના સત્યથી તલભાર

ચૂકતા નથી. આ તેમની કસોટી હતી. એ કસોટીમાંથી પાર ઉતરતાં આકાશમાં દેવવાણી થાય છે ને લોકોને હરિશ્ચંદ્ર રાજા અને સતી તારામતીની પિછાણ થાય છે. દેવ સર્પનું રૂપ લઇને રોહિતને કરડયો હતો. તેને દેવે સજીવન કર્યો. આવી આકરી કસોટી સહન કરી ત્યારે આ જગતમાં મહાનપુરૂષો અને સતીઓ તરીકે એમની ઓળખાણ થઈ.

અહીં યશોમતીને પણ કસોટી આવી છે, પણ એના પુણ્યયોગે શંખકુમાર એની વહારે જઇ રહ્યો છે. તમે કોઈ કાર્ય કરવાનું હોય તો કહો છો ને કે હિંમત રાખો. "હિંમતે મર્દા તો મદદે ખુદા." જો માણસ હિંમતવાન બને છે તો ખુદાને એની મદદે આવવું પડે છે. એમ યશોમતી બળવાન વિદ્યાધરના હાથમાં સપડાઈ છે પણ અંતરમાં હિંમત છે. પોતાના ચારિત્રમાં એને શ્રદ્ધા છે કે શાસનદેવ જરૂર મને સહાય કરશે. શંખકુમાર આખી રાત જંગલમાં રખડયો પણ કયાંય યશોમતીનો પત્તો ન લાગ્યો, કારણ કે યશોમતીને લઈ જનારો વિદ્યાધર હતો. એની શક્તિથી કયાંનો કયાંય લઇ ગયો હોય. શંખકુમારે શોધતાં શોધતાં આખું જંગલ જોઇ લીધું. રાત પૂરી થઇ અને સૂર્યના કિરણો પૃથ્વી ઉપર પડતાં પ્રકાશ પથરાયો. એટલામાં નજીક એક પર્વત જોયો. શંખકુમાર પર્વત ઉપર ચઢયો. ત્યાં એક ગુફામાં કોઇ સ્ત્રી–પુરૂષનો અવાજ સંભળાયો. તેથી શંખકુમાર ગુફા પાસે ગયો ને બહાર ઉભો રહીને સ્ત્રી–પુરૂષ વચ્ચે થતી વાતો સાંભળવા લાગ્યો. ગુફામાં એક પુરૂષ સ્ત્રીને કહેતો હતો કે હે યશોમતી! તું મારી સાથે લગ્ન કર તો હું તને મહાન સુખી બનાવીશ. હું આવો મહાન વિદ્યાધર છું. મારી પાસે આવી આવી મહાન શક્તિઓ અને વિદ્યાઓ છે.

"વિદ્યાધર સામે કડક પડકાર કરતી યશોમતી":- હે દુષ્ટ! હે નરાધમ! તું આ શું બોલી રહ્યો છે? તને લજ્જા નથી આવતી? મેં તો તને પહેલેથી જ કહ્યું છે કે મેં મારા તન, મન અને ધન શંખકુમારને અર્પણ કરી દીધા છે. હું સ્વપ્નામાં પણ અન્ય પુરૂષને ઇચ્છતી નથી, ત્યારે વિદ્યાધરે કહ્યું કે તું શંખ....શંખ શું કરે છે? શંખ તો મારો નોકર છે. હું એનો રાજા છું. તું મારું કહ્યું માની જા. જો નહિ માને તો હું બળાત્કારે પણ તારી સાથે પરણીશ, ત્યારે યશોમતીએ કહ્યું કે લાખ વાતે પણ હું શંખકુમાર સિવાય કોઈની સાથે પરણવાની નથી. હું સતી સ્ત્રી છું. તું મારી સામે બળાત્કાર કરીશ તો બળીને ભસ્મ થઈ જઈશ, એટલે વિદ્યાધર કહે છે કે તું શંખ.... શંખ.... કરે છે પણ તારો શંખ તો કયાંય પડયો હશે. એ તારો છે તો તારી વ્હારે કેમ નથી આવતો? એને ખબર નથી કે શંખ બહાર ઉભો છે. આ પ્રમાણે વાત થઈ એટલે શંખકુમાર સિંહની માફક છલાંગ મારીને ગુફામાં ગયો ને કહ્યું હે પાપી! નાલાયક! એક અબળાને સતાવતાં શરમાતો નથી. તારામાં શૂરાતન હોય તો આવી જા મારી સામે. સ્ત્રીને સતાવવામાં તારી શૂરવીરતા નથી. સિંહની સામે સિંહ બાથ ભીડે,

અબળાની સાથે નહિ ! તું અબળાને સતાવે છે ને કે તું શંખકુમારને ઇચ્છે છે તો શંખકુમાર તારી વહારે કેમ નથી આવતો ? તો દેખ, હું શંખકુમાર પોતે જ છું, અને તારી પાસેથી યશોમતીને લઈ જવા આવ્યો છું.

શંખકુમાર અને વિદ્યાધર વચ્ચે કારમી લડાઈ:- શંખકુમારને જોઈને યશોમતી ખુશ થઈ ગઈ. વિદ્યાધરે પૂછયું કે તું શંખકુમાર છે ? તો એની સાથે તું પણ મરવા તૈયાર થઈ જા. શંખકુમારે કહ્યું-માર્યા....માર્યા હવે, એક અબળાનું ચોરની જેમ હરણ કરનાર મને શું મારી શકવાનો હતો ? તારામાં તાકાત હોય તો થઈ જા તૈયાર. હું જોઉં છું કે તું મને કેવો મારે છે ? એમ કહીને શંખકુમારે વિદ્યાધરને મારવા ખડ્ગ ઉપાડયું અને વિદ્યાધરે પણ ખડ્ગ ઉપાડયું. બંને જણા એકબીજાની સામે ખૂબ ઝઝૂમ્યા પણ કોઈ કોઈને હરાવી શકયા નહિ. લડતા લડતા વિદ્યાધરના બધા શસ્ત્રો ખતમ થઈ ગયા. યશોમતી ઉભી ઉભી બંનેની લડાઈ જોતી હતી ને મનમાં બોલતી હતી કે શંખકુમારનો જ વિજય થશે. વિદ્યાધર શંખકુમારની સામે લડી લડીને થાકી ગયો. એની પાસે કોઈ શસ્ત્ર ન રહ્યું ત્યારે તેણે તેની વિદ્યાના બળથી લોખંડનો ગોળો બનાવીને કુમાર ઉપર ફેંકયો. એ ગોળામાંથી અગ્નિના તણખા ઝરવા લાગ્યા, પણ કુમારને અગ્નિન તણખા બાળી શકયા નહિ. એને તો જાણે પોતાના ઉપર ફુલોની વૃષ્ટિ થતી હોય એવું લાગ્યું. એવી રીતે વિદ્યાધરે ઘણાં ગોળા એની ઉપર ફેંકયા, પણ કુમારને કંઈ નુકશાન ન થયું, ત્યારે છેલ્લું એક ધનુષ્ય પડયું હતું તે લઇને વિદ્યાધર એની સામે ઝઝૂમવા લાગ્યો, ત્યારે શંખકુમારે શૂરવીરતાથી એનું ધનુષ્ય તોડી નાંખીને એને ઘાયલ કર્યો. મણિશેખર વિદ્યાધર બેભાન બનીને ધરતી ઉપર પડી ગયો.

શંખકુમાર અનુકંપાવાન હતા. વિદ્યાધરને જમીન ઉપર બેભાન પડેલો જોઇને તેને દયા આવી ગઇ. તેને પવન નાંખવા લાગ્યા ને પાણી લાવીને વિદ્યાધરના મોઢા ઉપર છાંટયું. એટલે વિદ્યાધર ભાનમાં આવી ગયો. તમને એમ થશે કે હમણાં જેને મારવા ઉઠયો હતો તેને પવન નાંખવા લાગ્યો ! ભાઈ! આગળના રાજાઓ ન્યાયથી લડતા હતા. અન્યાયની સામે એ ઝઝૂમતા હતા. પહેલા મોટી ખૂનખાર લડાઇઓ થતી હતી. સૂર્યોદય થતાં લડાઈ શરૂ થતી ને સૂર્યાસ્ત પછી લડાઈ બંધ થઈ જતી. રાજાઓ દિવસે લડતા અને રાત્રે એકબીજાની ખબર પૂછવા જતા. જ્યારે રાવણ સીતાજીને હરણ કરીને લંકામાં લઈ ગયો અને રામ સીતાજીને લેવા માટે લંકામાં ગયા ને રાવણ પાસે સીતાજીની માંગણી કરી પણ રાવણે સીતાજીને સીધી રીતે ન આપી ત્યારે રામે રાવણની સામે યુદ્ધ કર્યું. લોકવાણી છે કે રામે રાવણને માર્યો પણ રામે રાવણને નથી માર્યો, લક્ષ્મણે માર્યો છે. રાવણના મરી ગયા પછી રામ અને લક્ષ્મણ એની સ્મશાનયાત્રામાં જોડાયા અને એની નનામી પોતાના ખંભે ઉપાડી હતી. એની અંતિમ ક્રિયા કરીને મંદોદરીને આશ્વાસન આપવા ગયા

હતા. એમને રાવણની સાથે વેરઝેર ન હતું. એ રાવણની સાથે લડયા ન હતા પણ એની આસુરી પ્રકૃતિ સામે લડયા હતા. દુર્ગુણની સામે સદ્‌ગુણથી વિજય મેળવ્યો હતો. અન્યાયની સામે ન્યાયથી લડયા હતા. આગળના રાજાઓ કદી અન્યાયથી લડતા ન હતા. ન્યાયથી લડતા હતા. એ દરેક માટે ન્યાય સરખો જ કરતા હતા. અહીં એક ન્યાયપ્રિય રાજાનું દૃષ્ટાંત યાદ આવે છે.

એક વખત એક યશોવર્મ રાજાનો એક અતિદુર્દમ નામનો કુમાર ઘોડો લઈને રાજમાર્ગ ઉપરથી ફરવા માટે જઈ રહ્યો હતો. ઘોડો ખૂબ વેગવાળો હતો. માર્ગમાં એક સફેદ દૂધ જેવી તાજી વીઆયેલી ગાય ઉભી હતી. એની બાજુમાં એક સુંદર અને સુકોમળ વાછરડું પડેલું હતું. ગાય એના બચ્ચાને અતિ વહાલથી ચાટતી હતી, અને એને હેત કરતી હતી, ત્યાં આ અતિદુર્દમકુમારનો ઘોડો આવી પહોંચ્યો. કુમારના મનમાં થયું કે જો મારા ઘોડાનો પગ વાછરડા ઉપર પડશે તો એના પ્રાણ ઉડી જશે. મારાથી આવું પાપ કેમ કરાય ? એટલે ઘોડાને ધીમો પાડવા માટે કુમારે ખૂબ લગામ ખેંચી પણ પૂરવેગમાં જઈ રહેલો ઘોડો ધીમો ન પડયો, અને કુમળા ફુલ જેવા વાછરડા ઉપર રાજકુમારના ઘોડાનો પગ આવી ગયો, એટલે કુમારના હૃદયમાં ધ્રાસકો પડી ગયો અને ઘોડા ઉપરથી નીચે કૂદી પડયો. માતા બાળકને ઉંચકી લે તેમ તેણે તરફડતા વાછરડાને ઉંચકી લીધું. તેના ઉપર પાણી છાંટયું પણ કોઈ રીતે બચ્યું નહિ. એનું પ્રાણપંખેરૂ ઉડી ગયું. કુમારના દિલમાં દુઃખનો પાર ન રહ્યો પણ પ્રાણ ગયા પછી શું કરવાનું ! દુઃખિત દિલે કુમાર તો ઘોડા ઉપર બેસીને પોતાના મહેલે ગયો. આ તરફ ગાય કલ્પાંત કરવા લાગી ને એના વાછરડાને સૂંઘવા લાગી. જમીન સાથે માથું કૂટતી ચારે બાજુ ઘમવા લાગી. ખાવાપીવાનું છોડીને આંખમાંથી દડદડ આંસુ સારવા લાગી.

ગાયના કરૂણ રૂદનને જોતી દુનિયા :- બંધુઓ ! જનવરને પણ સંજ્ઞા છે ને ! જેમ તમને તમારા સંતાનો વહાલા છે તેમ પશુ પક્ષીને પણ એના સંતાનો વહાલા હોય છે. આ ગાયની આવી કરૂણ દશા થવાથી આખા ગામના લોકો ગાયને જોવા માટે આવવા લાગ્યા. ગાયને રડતી જોઈને દરેકના દિલ પીગળી જતા હતાં. આખા નગરમાં ગાયના કરૂણ દૃશ્યથી હાહાકાર છવાઈ ગયો. આ નગરનું નામ કલ્યાણ કટકપુર હતું. અહીંના રાજા ખૂબ ન્યાયી હતા. એમના રાજ્યમાં પશુ પક્ષી કે માનવ કોઈને રહેજ પણ અન્યાય થાય તે રાજાને ગમતું નહિ. દરેકને માટે અટલ ઈન્સાફ હતો. યશોવર્મ રાજા એટલે ન્યાયની મૂર્તિ. આ ન્યાયધર્મના કારણે દેશોદેશમાં રાજાની ખ્યાતિ ખૂબ ફેલાઈ હતી આ રાજાનો મહેલ નગરની મધ્યમાં હતો. એ મહેલની રમણીયતા અને ભવ્યતા તો જાણે બીજું દેવવિમાન જ ન હોય ! તેવી લાગતી હતી. મહેલની આગળના ભાગમાં એક મોટો ઘંટ બાંધવામાં આવ્યો હતો. નગરમાં કોઈપણ જગ્યાએ અન્યાય થતો ત્યારે પ્રજાજનો એ ઘંટ વગાડતા.

રાજા એ ઘંટનો અવાજ સાંભળીને તરત ઝરૂખે આવીને નગરજનોનો પોકાર સાંભળતા અને અટલ ઇન્સાફ કરતા.

"ગાયે માંગેલો ન્યાય" :- યશોવર્મ રાજાના રાજ્યમાં રાય અને રંકને એક સરખો ન્યાય મળતો હતો. રાજાની ન્યાયપ્રિયતાની લોકો મુકતકંઠે પ્રશંસા કરતા હતા. આવા ન્યાયી રાજા કોને ન ગમે ? તમને સૌને ગમેને ? આ રાજા પ્રજાજનોના સુખ દુઃખની વાત જાણવા માટે અને ન્યાયની સત્યતા જાળવવા માટે વેશપરિવર્તન કરીને રાત્રે નગરચર્યા નિહાળવા નીકળતા, અને લોકોના દુઃખ દૂર કરતા. અતિદુર્દમકુમારથી અજાણતા વાછરડાની હત્યા થઈ ગઈ તે વાત આખા નગરમાં ફેલાઈ ગઇ. ગાયને રડતી જોઇને લોકો એને કહેવા લાગ્યા કે આમ માથા પટકી પટકીને રડવાથી શું વળે ! તું રાજાના મહેલ પાસે જઇને ઘંટ વગાડીને કુમારે કરેલા ગુનાની રાજાને જાણ કર તો તને જરૂર ન્યાય મળશે. આપણા રાજા ખૂબ દયાળુ છે. ગાયને પણ સંજ્ઞા તો છે ને !

એક સજ્જન માણસ ગાયને દોરીને ઘંટ પાસે લાવ્યો, અને ઈશારાથી ગાયને ઘંટ વગાડવા સમજાવ્યું. ગાય સમજી ગઈ, એટલે એણે ઘંટ સાથે માથું ઘસ્યું તેથી જોરથી ઘંટ વાગ્યો આ સમયે રાજા જમવા બેઠા હતા. મોઢામાં કોળીયો મૂકવા જાય ત્યાં જોરથી ઘંટ વગ્યો એટલે રાજા હાથમાંથી કોળીયો પડતો મૂકીને તરત ઝરૂખે આવ્યા ને જોયું તો એક સુંદર સફેદ ગાય ઘંટ વગાડી રહી છે. ગાયને ઘંટ વગાડતી જોઇને રાજાના મનમાં થયું કે ગૌમાતાને વળી શી ફરિયાદ હશે ! રાજા તરત નીચે આવીને ગાયની સામે ઉભા રહ્યા એટલે ગાય રાજાના વસ્ત્રનો છેડો પકડીને જ્યાં એનું મરેલું વાછરડું પડયું હતું ત્યાં લઇ ગઈ.

ખુદ રાજા આવ્યા તેથી લોકોની મેદની જામી. રાજાએ માનવ મેદની સામે જોઇને પૂછ્યું કે આવા નિર્દોષ કુમળા કુલ જેવા વાછરડાને મારનાર મારા નગરમાં કોણ છે ! સૌ એક બીજા સામું જુવે છે પણ બોલતા નથી, કારણ કે ખુદ રાજાના કુમારે હત્યા કરી છે એટલે કોણ બોલે ? સૌ મૌન રહ્યા. કોઈ બોલી શકયું નહિ તેથી રાજા પોતાના મહેલે પાછા આવ્યા. પ્રધાને રાજાને કહ્યું–સાહેબ ! આપ ભોજન કરી લો, ત્યારે રાજાએ કહ્યું– ગાયને ન્યાય આપ્યા પહેલાં મારે અન્ન પાણી હરામ છે. રાજાએ આખો દિવસ તપાસ કરાવી પણ વાછરડાને મારનાર કોણ છે તેની ખબર ન પડી. અતિદુર્દમકુમારને આ વાતની ખબર પડી એટલે સાંજે પિતાજીની પાસે આવ્યો ને પિતાજીના પગમાં પડીને રડતા હૃદયે નમ્રતાપૂર્વક કહ્યું–પિતાજી ! મારાથી આ ભયંકર પાપ થઈ ગયું છે. કુમાર પણ ખૂબ દયાળુ ને ગુણીયલ હતો.

કુમારથી થયેલી ભૂલની ક્ષમા માંગતી પ્રજા : રાજાએ જાહેરાત કરી કે મારા અતિદુર્દમ કુમારે વાછરડાની હત્યા કરી છે માટે કાલે સભામાં ન્યાય કરવામાં આવશે.

બીજા દિવસે સભા ઠઠ ભરાઈ ગઈ. રાજા એમના દીકરાને કેવી શિક્ષા કરશે તે જાણવાની સૌને ઈંતેજારી હતી. રાજાને પણ ન્યાય કરવાની કસોટી હતી. પ્રજાજનો સમજતાં હતાં કે આપણા મહારાજા ન્યાયી છે એટલે કુંવરને પણ આકરી શિક્ષા કરશે, તેથી નગરના મુખ્ય માણસો, બધા ઉભા થઈને નમ્રતાપૂર્વક રાજાને વિનંતી કરવા લાગ્યા કે મહારાજા સાહેબ ! આપ અટલ ઈન્સાફ કરનારા છો. પુત્ર કે પ્રજા પ્રત્યે આપ ભેદભાવ રાખતા નથી પણ અહીં ખૂબ વિચારીને ન્યાય કરજો. આપને એક જ લાડીલા કુમાર છે એ પણ ગુણવાન છે. યુવરાજ છે અને ભવિષ્યના રાજ્યના વારસદાર છે. માટે જે કંઈ ન્યાય આપવો હોય તે ખૂબ વિચારપૂર્વક આપજો, એવી અમારી આપને નમ્ર વિનંતી છે.

રાજાના અટલ ન્યાયને ઝીલતો રાજકુમાર :- રાજકુમાર પણ ખૂબ ગુણવાન હતો, એટલે પ્રજાજનોને તેના પ્રત્યે આટલું બધું માન હતું. જો કુંવર ઉન્કાન હોત તો પ્રજાજનો એને માટે રાજાને વિનંતી કરવા ન જાત. પ્રજાની વિનંતી સાંભળીને રાજાએ કહ્યું-હે મારા પ્યારા પ્રજાજનો ! સાચો ન્યાય કરવો તે મારો પ્રથમ ધર્મ છે. અન્યાયન. ભોગે હું મારા પુત્રને બચાવવાનો પ્રયત્ન નહીં કરું. આ જગ્યાએ જો કોઈ બીજાનો પુત્ર હોત તો તમે મને શું સલાહ આપત ! જે ન્યાય પ્રજાના પુત્ર માટે તે જ મારા પુત્ર માટે હોવો જોઈએ. ન્યાય એટલે ન્યાય. ન્યાયમાં કોઈની લાગવગ કે હોંશિયારી ન ચાલે. સભામાં એકદમ ગમગીનતાભર્યું વાતાવરણ છવાઈ ગયું. પ્રજાજનો રાજાની સાચી ન્યાય કરવાની ભાવના જોઈને સ્થંભી ગયા. રાજાએ ફરીને કહ્યું કે ન્યાય તો સૌને સમાન મળવો જોઈએ. માટે હું તમને પૂછું છું કે મારે કુમારને શું શિક્ષા કરવી ? કોઈ ન બોલ્યું, ત્યારે રાજાએ કહ્યું-જો તમારે કોઈને ન બોલવું હોય તો અતિદુર્દમકુમારને એના ગુનાની શિક્ષા હું ફરમાવું છું કે એણે વાછરડા ઉપર ઘોડો ચલાવ્યો છે તો તેને પણ રાજમાર્ગ ઉપર સુવાડી તેના ઉપર ઘોડો ચલાવવો. કુમારે પણ રાજાને કહ્યું-પિતાજી ! બરાબર છે. મને પાપીને એ જ શિક્ષા થવી જોઈએ. હું સહર્ષ મારા ગુનાની સજાનો સ્વીકાર કરું છું.

પિતા-પુત્રનો થયેલો જયજયકાર :- રાજાનું ફરમાન સાંભળીને બાળક, યુવાન અને વૃદ્ધ બધાની આંખમાં આંસુની ધાર વહી, અને રાજાને ફરી ફરીને વિનંતી કરવા લાગ્યા સાહેબ ! કંઈક તો વિચાર કરો. આપના પછી આ રાજ્ય કોણ ચલાવશે ! અમે એવી સજા નહિ કરવા દઈએ, પણ રાજા તો મક્કમ રહ્યા, અને સેવકોને હુકમ કર્યો કે તમે રાજકુમારને રાજમાર્ગ ઉપર સુવાડીને તેના ઉપર ઘોડો ચલાવો. ત્રણ ચાર વખત રાજાએ કહ્યું પણ સેવકો રાજાની આજ્ઞાનું પાલન કરવા તૈયાર ન થયા ત્યારે રાજાએ કહ્યું કે તમે કોઈ નહિ કરો તો હું જાતે કુંવર ઉપર ઘોડો ચલાવીશ પોતાના લાડીલા પુત્ર અતિ દુર્દમકુમારને આજ્ઞા કરી કે જા....તું મુખ્ય રાજમાર્ગ ઉપર જઈને સૂઈ જા. પરમ પિતૃભક્ત અને આજ્ઞાંકિત પુત્ર

પિતાજીની આજ્ઞા શિરોમાન્ય કરીને રાજમાર્ગ ઉપર આવીને સૂઈ ગયો. લોકોની મેદની પણ સભામાંથી ઉઠીને જ્યાં અતિદુર્દમકુમાર સૂતો હતો ત્યાં આવીને એકત્ર થઈ. બીજી બાજુ રાજા યશોવર્મ પણ ઘોડા ઉપર બેસીને ત્યાં આવ્યા અને કુમાર ઉપર ઘોડો ચલાવવા જાય ત્યાં લોકોમાં હાહાકાર મચી ગયો. કંઈક તો બેભાન થઇને પડી ગયા. રાજા કુમાર ઉપર ઘોડો ચલાવીને પસાર થાય ત્યાં આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ ને દેવવાણી થઇ કે ધન્ય છે યશોવર્મ રાજા તારી ન્યાયપ્રિયતાને ! તારા જેવા ન્યાયવંત અને ગુણવંત રાજાઓથી આ પૃથ્વી ઉજ્જવળ છે. ખરેખર આ સાચી ગાય કે વાછરડું નથી. આ તો તારા ન્યાયની દેવે પરીક્ષા કરી છે. એમાં તું સાચો પાસ થયો છે. ધન્ય છે રાજવી તને ! અને ધન્ય છે તારા પુત્રને કે ન્યાય આગળ તૈયાર થઈ ગયો અને ધન્ય છે તને કે તેં તારા પુત્રનો મોહ ન રાખ્યો. આનું નામ જ સાચો ન્યાય છે. ગાય અને વાછરડું બધું અલોપ થયું અને સાક્ષાત્ રૂપમાં દેવ પિતાપુત્રના ચરણમાં નમ્યા.

"શંખકુમારે મેળવેલો વિજય" :– હવે આપણી મૂળ વાત ઉપર આવીએ. શંખકુમાર પણ વિદ્યાધરની સાથે ન્યાયથી લડતો હતો. એને વિદ્યાધરની સાથે વૈર ન હતું પણ એની દુષ્ટ પ્રકૃતિ સાથે વૈર હતું કે જે કન્યા પોતાને મનથી પણ ન ઇચ્છતી હોય તેનું અપહરણ કરાય જ કેમ ? એના સામું દૃષ્ટિ પણ ન કરાય તો તેને અડાય કેમ ! શંખકુમારે એના પરાક્રમથી વિદ્યાધરને હરાવ્યો. વિદ્યાધર બેભાન બની ગયો હતો. શંખકુમારે તેનું માથું ખોળામાં લઈને પવન નાંખ્યો, પાણી છાંટયું એટલે વિદ્યાધર ભાનમાં આવ્યો ને જોયું તો પોતે શંખકુમારના ખોળામાં સૂતેલો છે. આ જોઈને એના મનમાં વિચાર થયો કે અહો ! મેં તો આને મારી નાંખવા માટે કેવા ભયંકર અગ્નિના ગોળા ફેંક્યા હતા. આને મારા ઉપર ક્રોધ આવવો જોઈએ એના બદલે એ મારી સેવા કરે છે ! તરત જ વિદ્યાધર બેઠો થઈ ગયો, એટલે શંખકુમારે કહ્યું કે કેમ ! હવે તારે મારી સાથે લડવાનો વિચાર છે ? જો વિચાર હોય તો તૈયાર થઈ જા, ત્યારે મણિશેખર વિદ્યાધરે કહ્યું–ભાઈ ! હવે તારી સાથે લડવાનું હોય ? સાંભળ, મારા શંખ. તેં યશોમતીના મનને કળાઓ અને વિદ્યાઓ દ્વારા જીતી લીધું છે, તેમ મારું મન તમે તમારા પરાક્રમ વડે જીતી લીધું છે. હું આજ સુધી કદી હાર્યો નથી. આજે તમારી પાસે હારી ગયો. તમે સાચા વીર છો. મારા અપરાધને ક્ષમા કરો. શંખકુમારે કહ્યું કે મને પણ તમારું પરાક્રમ અને વિનય જોઇને ખૂબ આનંદ થયો છે. તમે મારી પાસે જે માંગો તે હું તમને આપવા તૈયાર છું, તમે જે કહો તે કરવા તૈયાર છું.

મણિશેખર વિદ્યાધરે કહ્યું મારે બીજું કંઈ જોઈતું નથી કે તમારી પાસે મારે કોઈ કાર્ય કરાવવું નથી પણ એક માંગણી છે કે તમે મારી સાથે મારા કનકપુર નગરમાં ચાલો. તો હું તમારો બહુમાનગતિનો લાભ લઉં. શંખકુમારે કહ્યું કે હું ખુશીથી આવવા તૈયાર છું

પણ જંગલમાં લશ્કર છાવણીમાં મૂકીને આવ્યો છું. હું નહિ જાઉં તો બધા મારી ચિંતા કરશે ને શોધવા નીકળશે. માટે અત્યારે મને જવા દો. ફરીને કયારેક હું આવીશ પણ મણિશેખરે કહ્યું કે હું તમને નહિ જવા દઉં. એટલે શંખકુમારે તેની માંગણીનો સ્વીકાર કર્યો ને કહ્યું– ભલે હું આવું છું. હવે શંખકુમાર મણિશેખરની સાથે જશે અને એના સૈન્યમાં કેવી ચિંતા થશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– જિનસેના રાણીએ જિનસેન કુમારને સારા સંસ્કારો આપ્યા હતા એટલે એનામાં વિનય, નમ્રતા વિગેરે ગુણો આવ્યા. જતાવેંત ગુરૂના ચરણોમાં પડીને કહ્યું કે ગુરૂદેવ ! હું તો આપનાં ચરણમાં અર્પણ થઈ ગયો છું. આપ હવે મને જ્ઞાન આપો. આવતાંની સાથે જિનસેન પોતાના ગુણોથી ગુરૂના દિલમાં વસી ગયો. એના માથે હાથ મૂકીને કહ્યું–શાબાશ....બેટા....શાબાશ. તું દરેક કાર્યમાં મહાનિપુણ બનજે. એમ કહી એના માથે હાથ મૂકીને અંતરના આશીર્વાદ આપ્યા.

રત્નવતી રાણીએ એના રામસેન કુમારને આઠ વર્ષનો કર્યો પણ એણે કદી એના દીકરાને ધર્મના સંસ્કાર આપ્યા નથી. કદી વિનય નમ્રતાના પાઠ પઢાવ્યા નથી. એણે તો એના લાડીલાને બસ ખાવું, પીવું ને ખેલવું એટલું જ શીખવાડયું હતું. એ કયાંથી શીખવાડી શકે ? એનામાં ગુણ હોય તો એના દીકરાને શીખવાડે ને ? એને તો પાંચપાંચ ધાવમાતાઓ ઉછેરનારી હતી, એટલે ખૂબ લાડ લડાવીને ઉછેર્યો. રામસેન રત્નવતી જેવો રૂપાળો હતો એટલે એને જોઈ જોઈને રાજા–રાણી ખૂબ આનંદ પામતા હતા કે શું મારો કુમાર છે ! રૂપમાં ઘણો રૂડો હતો પણ ગુણમાં જીરો હતો.

માતા જૈસા હૈ અભિમાન, રખતા સબસે એંઠ,
નહીં કિસીકે ચરણે ઝુકતા, નહીં કરતા હૈ ભેટ.

જેવી રત્નવતી અભિમાનનું પુતળું હતી તેવો તેનો દીકરો રામસેન અભિમાની હતો. બધાની પાસે અકડાઈથી જ વાત કરે. એના માતા-પિતા કે કોઈને કદી નમતો ન હતો. કહેવત છે ને કે " નમે તે સહુને ગમે." જે નમે નહિ તે પડે છે. માટે જીવનમાં નમ્રતાની જરૂર છે. નમ્રતાથી માણસ અઘરામાં અઘરા કાર્યો સહેલાઈથી પાર કરી શકે છે. રામસેન આઠ વર્ષનો થયો એટલે એને પણ ગુરૂની પાસે ભણવા મોકલ્યો. રામસેન ભણવા આવ્યો. પણ ગુરૂને નમસ્કાર ન કર્યા. આ જોઈને ગુરૂને થયું કે અહો ! એક જ બાપના બે દીકરા છે પણ બેમાં કેટલો બધો ફરક છે ! એકમાં કેટલા ગુણો ભરેલા છે ને એકમાં ગુણનું નામ નિશાન નથી. ગુરુ પણ જોતા વેંત રામસેનને પારખી ગયા.

બંને રાજકુમારો ગુરૂકુળમાં ગુરૂજીની પાસે અભ્યાસ કરવા લાગ્યા. બીજા પણ

ઘણાં વિદ્યાર્થીઓ ભણવા માટે આવ્યા છે. ગુરૂ તો બધાને સમાનભાવથી જ્ઞાન આપે છે, પણ જેની જેવી યોગ્યતા. બધા વિદ્યાર્થીઓમાં જિનસેન કુમાર ખૂબ વિનયપૂર્વક જ્ઞાન ગ્રહણ કરવા લાગ્યો. ભણવામાં એ સૌથી ફર્સ્ટ નંબરે હતો. ગુરૂ થોડું શીખવાડે અને વધારે આવડી જાય. જ્યારે ગુરૂ પ્રશ્ન પૂછે ત્યારે ફટાફટ એના જવાબ આપી દેતો, એટલે ગુરૂ એની ખૂબ પ્રશંસા કરતા, તેથી અભિમાની રામસેન ઇર્ષ્યાથી બળીને કહેતો કે તમે તો એક જિનસેનને જ દેખો છો. એનો ભૂલ હોય તો પણ તમને ભૂલ દેખાતી નથી. એ જ તમને દેખાય છે. અમે તો કંઈ વિસાતમાં જ નથી. એવા એવા શબ્દો કચારેક ગુરૂને કહી દેતો. આવા વિદ્યાર્થીને કદી જ્ઞાન મળે ખરું ? કદાચ ક્ષયોપશમ હોય તો જલ્દી યાદ રહી જાય પણ વિનય વિનાનું જ્ઞાન લાંબો સમય ટકી શકતું નથી. રામસેન ભણે છે પણ એને આવડતું નથી. કયાંથી આવડે ? અભિમાન છોડે તો જ્ઞાન મળે ને ?

રામસેનથી સૌને થયેલો ત્રાસ :- એને કોઈ કંઈ કહે તો તરત જ કહી દેતો કે હું તો રાજાની માનીતી રત્નવતી રાણીનો પુત્ર છું. મને કોઇએ કંઈ નહિ કહેવાનું. મને જો કોઈ કંઈ કહેશે તો હું મારા પિતાજીને કહી દઈશ. એમ કહીને બધા વિદ્યાર્થીઓની સાથે રોજ ઝઘડતો પણ એ તો માનીતી રાણીનો દીકરો હતો એટલે એને કોઇ કંઈ કહી શકતું નહિ. એને ગુરૂ કંઈ કામ કરવાનું કહે તો પણ કહી દેતો કે હું કંઈ અહીં કામ કરવા નથી આવ્યો, ભણવા આવ્યો છું. એ જમાનામાં રાજકુમારો ભણવા જતાં ત્યારે ગુરૂઓ તેમની પરીક્ષા કરવા માટે કામકાજ પણ કરાવતા હતા. લાકડાના ભારા લેવા મોકલે, પાણી ભરવા મોકલે....તો વિનયવંત વિદ્યાર્થીઓ હસતા મુખે બધું કામ કરતા હતા. આ જિનસેનકુમાર ગુરૂની દરેકે દરેક આજ્ઞાનું પાલન હસતા મુખે કરતો હતો. ગુરૂની જીભ ફરે ને એના પગ ફરે. ગુરૂ જે કહે તે બધું તહેત્ કહી વધાવી લેતો. આ જોઇને ગુરૂની આંખડી એના ઉપર ઠરી જતી અને અંતરમાં હરખાતા કે આ જિનસેનકુમાર જ રાજ્યનો અધિકારી બનશે. બંને કુમારો અહીં ભણે છે. બંને કુમારોને ગુરૂની પાસે ભણવા મૂકયા ને પાંચ વર્ષ થયા એટલે પ્રધાનજીના મનમાં થયું કે લાવને, હું ત્યાં જઇને તપાસ તો કરું કે બંને કુમારો શું ભણે છે ? હવે પ્રધાનજી જિનસેન અને રામસેનની ખબર લેવા માટે ગુરૂકુળમાં આવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

આજે પંદરનું ધર છે. આ દિવસ સૂચના કરે છે કે આજથી પંદરમા દિવસે સંવત્સરી મહાન પર્વનો પવિત્ર દિવસ આવશે. તમે અ। થી જાગૃત બની જજો. તપ સાધનામાં જોડાઈ જજો. આપણે ત્યાં ત્રણ ત્રણ સતીજીઓનાં તપ ચાલી રહ્યા છે. અમારા નાના નવદીક્ષિત બા. બ્ર. સુજાતાબાઇ મહાસતીજીને આજે ૧૭ મો ઉપવાસ છે. ગુરૂકૃપાએ શાતા સારી છે. આજે તેમની તપસાધનાનો છેલ્લો દિવસ છે. બા. બ્ર. શોભનાબાઇ મહાસતીજી અને બા. બ્ર. હર્ષિદાબાઇ મહાસતીજીને આજે નવમો ઉપવાસ છે, બીજા

ઘણાં ભાઇબહેનોને તપશ્ચર્યા ચાલે છે. તેમના તપમાં અનુમોદના કરી સૌ તપ-સાધનામાં જોડાશો. આવતી કાલે સુજાતાબાઇના તપની અનુમોદનામાં સાથેજ ત્રણ ભાઇ-બહેનો આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરવાના છે.

વ્યાખ્યાન નં. ૪૦

શ્રાવણ વદ ૭ ને શુક્રવાર **તા. ૨૫-૮-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! આપણું એ પરમ સૌભાગ્ય છે કે સર્વજ્ઞ અને સર્વદર્શીના મુખમાંથી ઝરેલી વાણી સાંભળવાનો અવસર પ્રાપ્ત થયો છે. દીર્ઘ તપશ્ચર્યા અને કઠીન સાધનાના ફળ સ્વરૂપ એ મહાન આત્માઓએ પરમ તત્ત્વનો સાક્ષાત્કાર કર્યો, અને તે આપની સામે મૂકયો. આ શાસ્ત્રો આપણને ચેતવણી આપે છે કે હે જીવો ! જાગો. આ જ્ઞાનીઓની ચેતવણી સાંભળીને જાગૃત બનવાની જરૂર છે. અનાદિકાળથી જીવે પર દ્રવ્યનો પરિચય કર્યો છે પણ સ્વનો કર્યો નથી. જો જીવ સાચું સમજે તો પરદ્રવ્યમાં સુખ નથી. પરમાં રમણતા કરવાથી સુખ મળતું નથી. સુખ એ આત્માનો ગુણ છે. માટે સ્વમાં સુખ છે અને પરમાં તમે સુખની કલ્પના કરો છો, તે સુખ કલ્પિત છે આત્માના ગુણો જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ છે. તેમાં રમણતા કરવાથી જીવ સાચું સુખ પ્રાપ્ત કરી શકે છે.

આત્માના સાચા સુખની પીછાણ કરાવતા મહાન મંગલકારી પર્યુષણ પર્વના પવિત્ર દિવસો ઝમઝુમ કરતા નજીક આવી રહ્યા છે. તમારે ઘેર દેશના મોટા નેતા પધારવાના હોય ત્યારે તેમના સ્વાગત માટે કેટલા દિવસ અગાઉથી તૈયારી કરો છો ? ઘર વાળીઝૂડીને સાફ કરો છો, આંગણામાં રંગોળી પૂરો છો અને સગાસ્નેહીઓને પણ આમંત્રણ આપો છો ને કે મારે ઘેર દેશના નેતા પધારવાના છે તો તેમના સ્વાગતમાં મારે ઘેર આવજો. બધાને સ્વાગતમાં બોલાવીને ચા-પાણી, નાસ્તા કરાવો છો ને આનંદ ઉત્સાહ મનાવો છો. આ નેતા તો દેશના છે. તે તમારા ઉપર ખુશ રહે ત્યાં સુધી સારું અને નાખુશ થાય ત્યારે તમને જેલમાં પણ બેસાડી દે, છતાં તેના સ્વાગત માટે કેટલી તૈયારીઓ કરો છો ? જ્યારે પવિત્ર પર્વાધિરાજ પર્યુષણ પર્વ તો તમારા હૃદયના આંગણે પધારવાના છે. એ મોટા નેતાના પણ નેતા છે. એના સ્વાગત માટે તમે શું કરશો ? પર્વાધિરાજ પધારે છે ને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનો મંગલ સંદેશો લાવે છે. ચાર સંદેશામાંથી તમે કયો સંદેશો હૃદયમાં અપનાવશો ? પર્વાધિરાજના સ્વાગત માટે આપણે અંતરમાંથી ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ વિગેરે કચરાઓને વાળીઝૂડીને સાફ કરવાના છે, અને દાન, શીયળ, તપ, ભાવ, ક્ષમા, દયારૂપી સજાવટોને પર્વાધિરાજના સ્વાગત માટે આપણે તૈયાર કરવાના છે, અને સ્નેહની સરવાણીથી, અંતરના ઉમળકાથી તેમનું સ્વાગત કરવાનું છે અને મોક્ષમાર્ગના ચાર ભવ્ય દરવાજામાંથી કોઇને કોઈ એક દરવાજામાં પ્રવેશ કરવાનો છે.

મોક્ષમાં જવા માટેના ચાર દરવાજા કયા એ તો તમે જાણો છો ને? દાન, શીયળ, તપ અને ભાવ. પરિગ્રહ સંજ્ઞાને તોડીને હળવા બનવા માટે દાન છે. જેની પાસે ધન હોય તે ધનનો મોહ છોડીને બને તેટલું દાન કરે. મૈથુન સંજ્ઞા ઉપર વિજય મેળવવા માટે શીયળ વ્રતનું પાલન કરવાનું છે. જેનાથી બને તે કામના ઉપર વિજય મેળવીને બ્રહ્મચર્યનું પાલન કરે. આહાર સંજ્ઞા ઉપર વિજય મેળવવા માટે તપ કરે. દાન, શીયળ અને તપ એમાંથી એક પણ તમે કરી શકો તેમ ન હો તો અંતરના ભાવથી એવી શુભ ભાવના ભાવો કે હે ભગવાન ! હું આવું દાન કયારે આપીશ ? શુદ્ધ શીયળવ્રતનું પાલન કયારે કરીશ ? અને આવા મહાન તપસ્વીઓ જેવી તપ સાધના કયારે કરીશ ? આજે આપણે ત્યાં તપ મહોત્સવ છે. મલાડ સંઘને આંગણે ચાતુર્માસ આવ્યા ત્યારથી તપશ્ચર્યાના મંગલકારી માંડવડા નંખાઈ ગયા છે. કંઈકે માસક્ષમણ, સોળભથ્થુ, સિદ્ધિતપ, અઠ્ઠાઈ કરીને પારણા કર્યા. માનવંતા બહેનને આજે ૩૮ મો ઉપવાસ છે. ઉપવાસના ત્રણ સિદ્ધિતપ ચાલે છે. નવદીક્ષિત બા બ્ર. સુજ્ઞાતાબાઇ મહાસતીજીને આજે ૧૭ ઉપવાસનું પારણું છે. સતીજી ઉંમરમાં નાના છે ને દીક્ષામાં પણ નાના છે, પણ તપશ્ચર્યામાં સત્તરે દિવસ જ્ઞાન, ધ્યાન અને સ્વાધ્યાયમાં રક્ત રહ્યા છે. તેમણે સમજણપૂર્વક આત્મલક્ષે આવા મહાન તપની ઉગ્ર સાધના કરી છે.

બંધુઓ ! કર્મની જડને નાબૂદ કરવા માટે તપ એ અમોઘ સાધન છે. તપ વિના પુરાણા કર્મો નાબૂદ થવાના નથી. કપડું સામાન્ય મેલુ થયું હશે તો એને સાબુ દઈને મસળવામાં આવશે તો સાફ થઈ જશે પણ જો કપડું ખૂબ મેલું અને ચીકણું થઈ ગયું હશે તો એને સાફ કરવા માટે ગરમ પાણીમાં સાબુ ને સોડા નાંખીને બાફવું પડશે, તે જ રીતે આપણાં આત્માને ચીકણાં કર્મોના લેપ લાગેલા છે તેને સાફ કરવા માટે આત્માને તપ ત્યાગની ભઠ્ઠીમાં બફાવું પડશે તો જ આત્મા સ્વચ્છ બનશે. આપણાં પરમ પિતા મહાવીર પ્રભુ તો તીર્થંકર નામ કર્મ બાંધીને આવ્યા હતા ને નિયમા મોક્ષમાં જવાના હતા છતાં કર્મોને ચકચૂર કરવા માટે તેમણે ચોમાસી, છમાસી વિગેરે કેવા ઉગ્ર તપ કર્યા ! સાડા બાર વર્ષ અને પંદર દિવસ સુધી તપ કર્યા અને કર્મોનો ક્ષય કરીને આત્માના તેજ ઝળકાવ્યા. આપણે પણ અનંત ભવના કર્મોના કાટને કાઢવા માટે તપ કરવાની જરૂર છે. મશીનરીને સાફ કરવા માટે પેટ્રોલની જરૂર છે, સોનાને શુદ્ધ બનાવવા માટે અગ્નિની જરૂર છે, વાસણને ઉજ્જવળ કરવા બરાશ અને રાખની જરૂર છે, પાણીને શુદ્ધ કરવા ફટકડીની જરૂર છે તેમ આત્માને સ્વચ્છ કરવા માટે તપ અને સંયમની જરૂર છે. તપશ્ચર્યા દ્વારા જુના કર્મો ખપે છે.

આપણા જૈનશાસનમાં તપની વિશેષતા છે. તપના તેજ અલૌકિક છે. ઉગ્ર તપસ્વીઓના ચરણમાં દેવો પણ ઝૂકે છે. આપણે પણ તપસ્વીઓના તપની અનુમોદના

કરવી જોઇએ. જુઓ, આજે તપસ્વી સુજાતાબાઇ મહાસતીજીના તપની અનુમોદના કરવા માટે દાહર સંઘ મલાડ સંઘને આંગણે પધાર્યા છે, તેમજ મુંબઈ, માટુંગા વિગેરે સ્થળેથી પણ શ્રાવકો આવ્યા છે. દરેકના દિલમાં ભાવના છે કે આપણે તપ ન કરીએ તો તપસ્વીના દર્શન કરીને, તેમના તપની અનુમોદના કરીને તો લાભ લઈએ. બીજી પણ એક આનંદની વાત છે કે તપની અનુમોદના કરવા માટે આજે ત્રણ ભાઈ બહેનો સજોડે આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરવાના છે. તેમના નામ (૧) પ્રભુદાસભાઈ વિઠ્ઠલજી શેઠ, અ. સૌ. લીલાવંતીબેન (૨) અમૃતલાલ કુંવરજીભાઈ ભેદા, અ. સૌ. વિમળાબેન (૩) જોગીલાલભાઈ, અ. સૌ. શાન્તાબેન.

બ્રહ્મચર્યવ્રત એ મહાન વ્રત છે. બાર વ્રતમાં ચોથા વ્રતને સાગરની ઉપમા આપવામાં આવી છે ને બીજા વ્રતોને નદીની ઉપમા આપવામાં આવી છે. સાગર તરી જાય તેને નદી તરવાની શું ચિંતા ? ભગવાને કહ્યું છે કે બધા ધર્મનું મૂળ બ્રહ્મચર્ય છે. તે સૌથી ઉંચો તપ છે. બ્રહ્મચર્ય સમાન બીજો કોઈ તપ નથી. કહ્યું છે કે "तवेसु वा उत्तमं बंभचेरं" સર્વ તપોમાં બ્રહ્મચર્ય તપ શ્રેષ્ઠ છે. બ્રહ્મચર્યનો અર્થ કેવળ સ્પર્શેન્દ્રિયનો સંયમ નહિ પણ બધી ઇન્દ્રિયોનો સંયમ છે. જ્યારે બધી ઇન્દ્રિયોનો સંયમ આવે છે ત્યારે આત્મા પોતાનામાં રમણતા કરી શકે છે. બ્રહ્મચર્યના બે પ્રકાર છે. એક દેશ બ્રહ્મચર્ય અને બીજું સંપૂર્ણ બ્રહ્મચર્ય." તમે જ્યાં સુધી સંપૂર્ણ બ્રહ્મચર્ય ન પાળી શકો ત્યાં સુધી દેશ બ્રહ્મચર્ય તો પાળો. દેશ બ્રહ્મચર્ય તમારો શણગાર છે. ખરેખર તો સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવું તે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે, પણ જે મનુષ્ય દેશથી બ્રહ્મચર્યનું પાલન કરતો નથી તેનું અહીંયા પતન થાય છે ને પરલોકમાં તે મહાદુઃખી થાય છે. સોનાની લંકાના સ્વામી રાજા રાવણને કઇ ચીજની કમીના હતી ? હજારો રાજાઓ તેના ઇશારા પર ઝૂકી પડતા હતા. એનો વૈભવ તો કેટલો વિશાળ હતો ! મંદોદરી જેવી સુંદર રાણીઓ એના અંતઃપુરને સુશોભિત કરી રહી હતી. મહાનમાં મહાન યોદ્ધાઓ એનું નામ સાંભળીને ધ્રુજી ઉઠતા હતા. આવા રાવણનો વિનાશ કેમ થયો ? તેણે પરસ્ત્રીગમન તો કર્યું નથી. ફક્ત ચાહના કરી છે, તો વિચાર કરો. ફક્ત પાપસેવનની ઇચ્છા માત્રથી રાવણ જેવા મહાન સમ્રાટે પોતાના રાજ્યને જ નહિ પણ પોતાના પ્રાણ ગુમાવી દીધા. આટલા માટે જ્ઞાનીપુરૂષોએ પરસ્ત્રીગમનને મહાપાપ કહ્યું છે, અને બ્રહ્મચર્યને શ્રેષ્ઠ કહ્યું છે. જે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે તેવા આત્માઓ પણ ધન્યવાદને પાત્ર છે. તપસ્વીનું બહુમાન તપથી જ થાય છે, એ રીતે આજે આ ત્રણ ભાઈબહેનો તપસ્વીનું બહુમાન બ્રહ્મચર્ય તપથી કરે છે.

આવતી કાલે જન્માષ્ટમીનો દિવસ છે. મારા સાંભળવામાં આવ્યું છે કે જન્માષ્ટમીના દિવસે જુગાર ખૂબ રમાય છે. કૃષ્ણજન્માષ્ટમીના પવિત્ર દિવસને તમે જુગારાષ્ટમીનો દિવસ બનાવી દીધો છે, પણ જુગાર રમનારાઓને ખબર નથી કે જુગાર રમવાથી કેટલું મોટું

નુકશાન થાય છે ! તમે અત્યારે પણ નજરે જોતા હશો કે જુગાર રમનારઓ એક પૈસાથી માંડીને જુગાર રમતાં કેટલું ધન હારી જાય છે ! અને પરિણામે તેમની કેવી કફોડી સ્થિતિ થાય છે ! નળરાજાના ભાઈ કુબેરે નળરાજાને પણ જુગાર રમાડ્યા તો અંતે નળરાજા જુગારમાં બધું હારી ગયા ને તેમને પહેર્યે કપડે જંગલમાં જવું પડયું. આવી જ વાત પવિત્ર પાંડવોના જીવનમાં બની હતી તે શું તમે નથી જાણતા ? જુગારે પાંડવોને મહેલમાંથી જંગલમાં મૂકી દીધા. તમને એમ થશે કે પાંડવો જેવા પવિત્ર પુરૂષો જુગાર રમ્યા ત્યારે અમારા જેવા રમે એમાં શું નવાઈ !

બંધુઓ ! તમે એવા વાદ ન લેશો. પાંડવો તો પવિત્ર પુરૂષો હતા. પાંડવોને જુગાર શું કહેવાય તેની પણ ખબર ન હતી. પણ જ્યારે અર્જુનના પુત્ર અભિમન્યુનો જન્મ મહોત્સવ ઉજવાયો ત્યારે કૌરવોને જન્મમહોત્સવમાં ભાગ લેવા માટે પાંડવોએ હસ્તિનાપુર તેડાવ્યા હતા. તે સમયે પાંડવોની જાહોજલાલી, સત્કાર–સન્માન બધું જોઈને દુર્યોધન ઈર્ષ્યાથી બળવા લાગ્યો. પાછું બન્યું એવું કે એ પ્રસંગે દિવ્ય સભામાં જતાં ભીંતને બારણું માનીને અંદર જવા ગયો ત્યારે ભીંત સાથે માથું અથડાવાથી દ્રૌપદીના મુખમાંથી શબ્દો સરી પડયા કે આંધાના જાયા તો આંધા જ હોય ને ! દ્રૌપદીના આ શબ્દો દુર્યોધનને હાડોહાડ લાગી ગયા, અને વગર અગ્નિએ જલવા લાગ્યો. દુર્યોધને ત્યારથી એવો નિશ્ચય કર્યો કે મારે કોઈ પણ રીતે પાંડવોનો વિનાશ કરવો.

દુર્યોધને પાંડવોનો નાશ કરવાનો કરેલો નિશ્ચય :– હસ્તિનાપુરથી પોતાની રાજધાની ઈન્દ્રપ્રસ્થ જતાં રસ્તામાં દુર્યોધને એના સાથીદારોને કહ્યું–આવા અપમાનત થઈને જવા કરતાં મરી જવું શ્રેષ્ઠ છે. મારે આવવું નથી. હું તો આપઘાત કરીને મરી જઈશ, ત્યારે તેના મામા શકુનિએ કહ્યું કે મેં જુગારવિદ્યાને સિદ્ધ કરી છે. હું જુગારમાં ભલભલાને હરાવી શકું છું, માટે તું ચિંતા ન કરીશ. જુગાર સિવાય બીજી કોઈ પણ રીતે આપણે પાંડવોને જીતી શકીએ તેમ નથી. કારણ કે તે પાંચે ભાઈઓ ખૂબ પરાક્રમી છે. માટે તું હમણાં ઈન્દ્રપ્રસ્થ ચાલ, પછી ત્યાં જઈને શું કરવું તે યોજના ઘડીએ, એટલે દુર્યોધન પોતાની રાજધાનીમાં આવ્યો, અને ખૂબ વિચારને અંતે તેમણે નક્કી કરીને એક સુંદર સભા બનાવી. તેમાં વિવિધ પ્રકારની સુંદર રચના કરી, અને એના પિતાજી ધૃતરાષ્ટ્રને કહ્યું કે પિતાજી ! મારે પાંડવોને સભા જોવાના બહાને અહીં બોલાવીને જુગાર રમાડવા છે, ત્યારે ધૃતરાષ્ટ્રે દુર્યોધનને ખૂબ સમજાવ્યો ને કહ્યું કે બેટા ! આ જુગાર અનર્થકારી છે. સાત વ્યસનો માંહેનું મોટું વ્યસન છે. જુગાર રમવાથી ભલભલા સજ્જન પુરૂષોનું પતન થયું છે. માટે તું આ વાત છોડી દે, ત્યારે દુર્યોધને કહ્યું–પિતાજી ! તમે હા કહો કે ના કહો પણ મારું ભરસભામાં અભિમાની પાંચાલીએ અપમાન કર્યું છે. તેનો બદલો મારે આ રીતે લેવો છે. માટે હું તમારી વાત નહિ માનું. જ્યારે પોતાનાથી દુર્યોધન ન માન્યો ત્યારે એમણે વિદુરજીને બોલાવીને દુર્યોધનને સમજાવવા કહ્યું.

દુર્યોધનને સમજાવવાના વિદુરજીએ કરેલા પ્રયત્ન :- વિદુરજીએ આવીને ધૃતરાષ્ટ્રને કહ્યું કે દુર્યોધન જન્મ્યો ત્યારે જ મેં તો કહ્યું હતું કે આ છોકરો કુરૂવંશનો ઉચ્છેદ કરનારો થશે, માટે એને જીવાડશો નહિ પણ તમે પુત્રના મોહથી એને ઉછેર્યો તો જોઈ લો. હવે એના ભાવ ભજવવા તૈયાર થયો ને? હું તેને સમજાવું છું. એમ કહીને વિદુરજી દુર્યોધન પાસે ગયા ને તેને ઘણું સમજાવ્યો પણ માન્યો નહિ, એટલે વિદુરજી તો ત્યાંથી ચાલ્યા ગયા. દુર્યોધને પોતાના બનેવી જયદ્રથ રાજાને પાંડવોને સભા જોવા માટેનું ભાવભીનું આમંત્રણ આપવા મોકલ્યા. પાંડવોને સમાચાર મળતાં એ તો રાજી રાજી થઈ ગયા. ગુણવાન પુરૂષો સર્વત્ર ગુણને દેખે છે. એમના મનમાં થયું કે કૌરવો આટલા પ્રેમથી બધાને તેડાવે છે તો જઈએ, એટલે એ તો દ્રૌપદી સહિત બધા ઈન્દ્રપ્રસ્થ પહોંચ્યા. દુર્યોધને તેમનો ખૂબ સારી રીતે આદર સત્કાર કર્યો. સગો ભાઈ તો શું પ્રેમ બતાવે! એથી અધિક પ્રેમથી સામૈયું કરીને ઈન્દ્રપ્રસ્થમાં લાવ્યા. પાંડવોના મનમાં થયું કે દુર્યોધન આદિ કૌરવોનો આપણા ઉપર કેટલો પ્રેમ છે! એમને તો દુર્યોધનનો પ્રેમ જોઈને આનંદ સમાતો નથી. કપટી દુર્યોધને પાંડવોને પ્રેમથી ભોજન, સ્નાન વિગેરે કરાવ્યું, અને એકબીજાના ખબર પૂછયા. થોડીવાર આરામ કર્યા બાદ દુર્યોધને કહ્યું- મોટાભાઈ! ચાલો, હવે આપણે સભા જોવા માટે જઈએ. જે માણસના મનમાં જેવા ભાવ હોય તે માટે તેનું હયું તલસતું હોય છે. પાંડવો અત્યારે ખાસ કરીને સભા જોવા માટે આવ્યા હતા એટલે તેમને સભા જોવાનું મન હતું. જ્યારે કૌરવોના દિલમાં કપટ હતું કે આપણે સભા જોવાના બહાને તેમને બોલાવ્યા છે પણ જુગાર રમાડીને એમને લૂંટી લેવા, એટલે તેમણે પહેલેથી બધી તૈયારીઓ કરી રાખી હતી. સભા ઘણી મોટી હતી. તેમાં કોઈ જગ્યાએ સંગીતના મીઠા સૂર સંભળાતા હતા, કોઈ જગ્યાએ નાટકના ધમકાર ચાલતા હતા, અમુક જગ્યાએ જોવાલાયક વસ્તુઓ ગોઠવી હતી. દુર્યોધનના કહેવાથી પાંડવો સભા જોવા માટે આવ્યા. પાંડવોએ સભામાં પ્રવેશ કર્યો. સભાની કામગીરી અને નાટક, સંગીત વિગેરેની ગોઠવણ જોઈને ખુશ થતાં પાંડવો આગળ વધ્યા. એ તો સભા જોતા જાય છે ને વખાણ કરતા જાય છે પણ એ પવિત્ર પુરૂષોને ક્યાં ખબર છે કે આ સભા નથી પણ અમને ફસાવવાનું પિંજરું છે.

ધર્મરાજાને જુગાર રમાડવા દુર્યોધનનો અતિ આગ્રહ :- પાંડવો સભા જોતાં જોતાં આગળ ગયા તો કોઈ ચોપાટ રમે છે, કોઈ જુગાર રમે છે પણ યુધિષ્ઠિરને અબર નથી કે જુગાર શું કહેવાય. એ પોતે કદી રમ્યા નથી તો ક્યાંથી ખબર હોય! યુધિષ્ઠિરે જુગાર રમતા જોઈને પૂછ્યું કે તમે બધા શું કરો છો? દુર્યોધનના નાના ભાઈઓ જ જુગાર રમતા હતાં. તેમણે કહ્યું-મોટાભાઈ! અમે જુગાર રમીએ છીએ. અમારી રમતનો રંગ બરાબર જામ્યો છે. અમને ખૂબ મઝા પડી છે. આપ પણ જુગાર રમવા બેસો તો

અમને ખૂબ આનંદ આવશે. અમે તો બધા નાના નાના છીએ. અમારું આપની સાથે કામ નહિ પણ આપ, દુર્યોધન બધા મોટા મોટા રમશો તો વળી ઓર મઝા આવશે. એમ કહીને બધા યુધિષ્ઠિરને જુગાર રમાડવા માટે વળગી પડયા. એમણે અગાઉથી ગોઠવી રાખ્યા પ્રમાણે લાગ જોઈને દુર્યોધને કહ્યું કે યુધિષ્ઠિર વીરા ! આજે તો ઘણું સમયે આપણે બધા ભેગા થયા છીએ. રાજકાર્ય તો છે છે ને છે. આજે તો આપણે મનોરંજન કરવાનો પ્રોગ્રામ છે તો આપણે બેસો જુગાર રમવા માટે બેસીએ. ત્યાં તો દુર્યોધનના મામા શકુનિ આવ્યા, કર્ણ આવ્યા ને કહેવા લાગ્યા કે હા....હા....સાચી વાત છે. તમે બે ને મોટા જુગાર રમશો તો અમને પણ જોવાની ખૂબ મઝા આવશે. બધાએ ખૂબ આગ્રહ કર્યો એટલે યુધિષ્ઠિરે કહ્યું–ઠીક, ત્યારે રમીએ. આ સાંભળીને દુર્યોધન આદિના આનંદનો પાર ન રહ્યો. હાશ....હવે માછલું બરાબર આપણી જાળમાં સપડાઈ જશે, અને આપણી મહેનત લેખે લાગશે. એમ વિચારી દુર્યોધને તેના માણસોને કહ્યું કે જાઓ, અમારે રમવા માટે નવા પાસા લઈ આવો, અને બધાને આમંત્રણ આપો કે યુધિષ્ઠિર અને દુર્યોધન જુગાર રમે છે. માટે બધા સભામાં જોવા માટે પધારો.

"દુર્યોધનની માયાજાળમાં ફસાતા ધર્મરાજા" :– જ્યાં યુધિષ્ઠિરે જુગાર રમવાની હા પાડી ત્યાં ભીમ અને અર્જુને કહ્યું મોટાભાઈ! જુગાર રમવું તે તમારા માટે યોગ્ય નથી જુગાર એ ભયંકર વ્યસન છે, ત્યારે ધર્મરાજાએ કહ્યું–ભાઈ! આમાં મારી જુગાર રમવાની દૃષ્ટિ નથી. આ તો બધા ભાઈઓનો ખૂબ આગ્રહ છે એટલે હું બે ઘડી મનોરંજન ખાતર રમવા બેસું છું. એમ કહીને યુધિષ્ઠિર જુગાર રમવા બેઠા પણ કેમ રમવું તે આવડતું નથી, એટલે પહેલાં જ પૂછી લીધું કે આ બાજી કેમ રમાય ? એટલે દુર્યોધને તેમને બધી વાત સમજાવી કે પહેલા દાવમાં અમુક ચીજ મૂકવાની. જે જીતે તે એ ચીજ લઈ જાય. બંધુઓ ! જુગારમાં પહેલાં નાની નાની વસ્તુઓ મૂકવામાં આવે છે. પછી મોટી ચીજો મૂકાય છે. પહેલાના વખતમાં માણસો આંબીલાથી (કચુકાથી) જુગાર રમવાની શરૂઆત કરતા હતા. આંબીલામાંથી પછી પૈસા, રૂપિયા અને દાગીના મૂકતા હતા. અહીં યુધિષ્ઠિર અને દુર્યોધન રમવા બેઠા એટલે બધા જોવા માટે આવ્યા.

"જુગારના પ્રથમ દાવમાં સોપારી ને પછી આગળ વધતાં સોનાના દાગીના" :– યુધિષ્ઠિર પહેલા દાવમાં સોપારી મૂકીને રમ્યા તે જીતી ગયા. બીજા દાવમાં બીજું ફળ મૂક્યું તે પણ જીત્યા, ત્રીજા દાવમાં વીંટી મૂકી તેમાં પણ જીત્યા. તેમની જીત થવા લાગી એટલે રમવાનો રસ વધ્યો. અત્યાર સુધી યુધિષ્ઠિર કદી જુગાર રમ્યા ન હતા પણ હવે રમ્યા એટલે રમવાનો બરાબર ચસકો લાગ્યો. તેથી સોનાની કંઠી, કડી વિગેરે નાના નાના આભૂષણો મૂકીને રમવા લાગ્યા. રમતાં રમતાં કોઈ વખત યુધિષ્ઠિરની હાર થતી તો દુર્યોધનની જીત થતી અને દુર્યોધનની હાર થતી તો યુધિષ્ઠિરની જીત થતી. એમ

હાર જીતથી જુગારની રમતનો રંગ બરાબર જામ્યો. બધા ખાવાપીવાનું ભૂલી ગયા. હવે બરાબર દાવ હાથમાં આવ્યો છે એમ સમજીને શકુનિએ દુર્યોધનને પાસા મંતરીને આપ્યા. એટલે તેની કદી હાર થાય જ નહિ. સરળ સ્વભાવી યુધિષ્ઠિરને આ લોકોની કપટબાજીની ખબર નથી. એનો રસ લાગ્યો એટલે રમ્યે જ જાય છે. યુધિષ્ઠિર તો રમવામાં એવા મસ્ત બની ગયા કે હવે એ ઉઠવાની વાત કરતા જ નથી. એમણે જુગારમાં સોનું મૂકયું તે હારી ગયા પછી હીરા-માણેક વિગેરે ઝવેરાત મૂકયું તે પણ હારી ગયા. પછી નાના ગામ મૂકયા તે પણ હારી ગયા, છતાં યુધિષ્ઠિરને એમ નથી થતું કે હું ઉપરાઉપરી હારું છું તો હવે રમવાનું છોડી દઉં. એ તો એવા મસ્ત બની ગયા છે કે એમને ખાવાપીવાનું કંઈ જ યાદ આવતું નથી.

દેવાનુપ્રિયો ! આપણી ગુજરાતી કહેવત છે ને કે "હાર્યો જુગારી બમણું રમે" તે અનુસાર વધુ ને વધુ રમવા જાય છે, પછી જુગારીને ભાન નથી રહેતું કે હું રંગમાં આવીને બધું મૂકું છું ને હારી જાઉં છું. તો પછી મારું શું થશે ? તે રીતે ધર્મરાજાએ હારવા છતાં જુગાર રમવાનું ચાલુ રાખ્યું. યુધિષ્ઠિર પાસે હીરા, માણેક, મોતી, સોનાના જેટલા આભૂષણો હતા તે બધા તેમજ મુગટ, બાજુબંધ, સાત સેરા, નવસેરા હાર, કંઠારા બધું મૂકીને રમ્યા. તે બધું હારી ગયા. પછી આખો ભંડાર મૂકી દીધો તે પણ હાર્યા. પછી હાથી-ઘોડા-ઉંટ-રથ વિગેરે પશુધન મૂકીને રમ્યા તે પણ હાર્યા. રાજમહેલ પણ હારી ગયા. યુધિષ્ઠિરની હાર ઉપર હાર થવા લાગી.

"જુગારમાં ભાન ભૂલેલા યુધિષ્ઠિર સામે અર્જુન અને ભીમે કરેલો ચોકાર" :- આ જોઈને ભીમ અને અર્જુન સમસમી ઉઠયા. અરેરે....મોટાભાઈ ! તમે આ શું કર્યું ? અમે તો તમને જુગાર રમવા બેસતાં પહેલા જ રોકયા હતા, પણ તમે માન્યા નહિ. હવે તો ઉઠો ! ખૂબ કહ્યું તો પણ ધર્મરાજા રમવાનું છોડતા નથી ત્યારે ખુદ ભીષ્મપિતા, વિદુરજી વિગેરે વડીલો યુધિષ્ઠિરને સમજાવવા આવ્યા. ભીષ્મપિતાએ કહ્યું કે હે યુધિષ્ઠિર ! આ રમત તો માત્ર મનોરંજન માટે છે. તેમાં વળી હાર-જીત આ બધું શું ? તમારા જેવા સદ્‌ગુણી અને સત્યવાદી પુરૂષનેજુગાર રમવું બિલકુલ શોભતું નથી. હવે રમવાનું બંધ કરો, તો પણ યુધિષ્ઠિર માન્યા નહિ ત્યારે કહે છે કે હે યુધિષ્ઠિર ! જો તમારા જેવા બુદ્ધિમાન પુરૂષો જુગાર રમશે તો પછી અમારે બીજાને જુગાર રમતાં અટકાવવા કેવી રીતે ? જો સૂર્ય પોતે અંધકાર કરી દેશે તો પછી જગતને પ્રકાશ કોણ આપશે ? ચંદ્રમાંથી અંગારા ઝરશે તો જગતના જીવોને શીતળતા કોણ આપશે ? તેમ તમારા જેવા પવિત્ર પુરૂષ જો જુગાર રમશે તો અમારે સજ્જન કોને કહેવા ? તમારા જેવા સજ્જન પુરૂષ જુગાર રમે તે બિલકુલ વ્યાજબી નથી. આ કુવ્યસનનો રંગ તમને કયાંથી લાગ્યો ? એક જ પાત્રમાં વિષ અને

અમૃત સાથે રહે તેવું અમે કદી અમારી આંખથી જોયું નથી ને કાને સાંભળ્યું નથી, તેમ તમે અમૃત જેવા છો ને આ વ્યસનનું વિષ તમારામાં કયાંથી ભળ્યું ? જરા, વિચાર તો કરો કે જુગાર રમવાથી કેટલું નુકશાન થાય છે ? જુગાર રમનાર એક તો પોતાની માલ મિલ્કત બધું હારી જાય છે ને જગતમાં તેની હાંસી થાય છે. માટે કંઈક તો વિચાર કરો. ભીષ્મપિતાએ આટલું સમજાવ્યા છતાં "વિનાશકાળે વિપરીત બુદ્ધિ." એ રીતે ધર્મરાજાની બુદ્ધિ પણ વિપરીત બની ગઈ. તે કોઈની વાત માનતા નથી ને રમે જ જાય છે. યુધિષ્ઠિરે ધીમે ધીમે કરતાં આકર, પુર, ગામ બધું જ દાવમાં મૂકી દીધું.

આથી લોકોમાં પણ હાહાકાર મચી ગયો કે મર્યાદા ઉપરાંત જુગાર રમવો, આવા મોટા દાવ ખેલવા તે બિલકુલ ઠીક નથી. પણ ધર્મરાજાને હવે જુગાર રમવાનો બરાબર રંગ લાગ્યો છે. એ કોઈની વાત સાંભળતા નથી. જુગારમાં બધું હારી ગયા. પાસે કંઈ જ રહ્યું નહિ. શરીર ઉપર પહેરેલા દાગીના પણ હારી ગયા છતાં જુગાર રમવાનું બંધ કરતા નથી. એ જુગારે પાંડવોની કેવી દશા કરી તે વાત ઘણી લાંબી છે પણ મારે તમને સમજાવવી છે. હવે જુગારમાં ધર્મરાજા કોને મૂકશે ને શું બનશે તે વાત અવસરે લઈશું કારણ કે સમય થઈ ગયો છે ને ચાલુ દિવસ છે. બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞા લેનાર ભાઈ-બહેનોને હું પ્રતિજ્ઞા કરાવું છું. સુજાતાબાઇ મહાસતીને ૧૭ ઉપવાસનું પારણું છે તો આજે બધા ઓછામાં ઓછા ૧૭ ઉપવાસ, આયંબીલ, એકાસણા, બ્રહ્મચર્યનું પાલન કરવું વિગેરે પ્રતિજ્ઞા લઈને જજો. તો જ તપસ્વીનું સાચું બહુમાન કર્યું ગણાશે. વધુ ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૪૧

શ્રાવણ વદ ૮ ને શનિવાર **તા. ૨૬-૮-૭૮**

"જન્માષ્ટમી"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતો ફરમાવે છે કે હે ભવ્ય જીવો ! મહાન પુણ્યના ઉદયથી તમને આ માનવદેહની પ્રાપ્તિ થઈ છે. ધર્મ કરવા માટેનું જો કોઈ ઉત્તમ અને અનુકૂળ સ્થાન હોય તો તે માત્ર એક માનવજીવન છે. માનવજીવન એ આધ્યાત્મિક પ્રગતિ કરવા માટેનું એક કેન્દ્રસ્થાન છે. સમસ્ત સંસારનો ત્યાગ કરીને સંયમ માર્ગ સ્વીકારવાનું બીડું ઝડપવાની તાકાત પણ આ માનવજીવન ધરાવે છે. ત્યાગ ધર્મની આરાધના કરવાથી માનવજીવનના મૂલ્ય અંકાય છે. બાકી વિષયવિલાસોના ગરમાગરમ બજારમાં મહાલતા દેવો માટે, ક્ષણે ક્ષણે દુઃખના સાગરમાં ડુબકી મારી રહેલા નારકીઓ માટે અને બિલકુલ વિવેકરહિત અને પરાધીન તિર્યંચો માટે ધર્મની સંપૂર્ણ આરાધના અશકય છે. આટલા માટે સર્વ આસ્તિક દર્શનોએ માનવજીવનની મહત્તાનુ

યશોગાન ગાયા છે. જે અમૂલ્ય દુર્લભ જીવનને સંખ્યાબંધ આત્માઓ ક્ષણિક, અનિત્ય, નાશવંત વૈભવવિલાસોથી ઉત્પન્ન થતાં ક્ષણિક સુખમાં મસ્ત બનીને વેડફી રહ્યા છે તે જ જીવનને સંખ્યાબંધ વિવેકી દેવો સ્વાધીન સુખોને અવગણીને પળે પળે ઝંખી રહ્યા છે. ટૂંકમાં જન્મ અને મરણના બે કારમા રોગોને નાબૂદ કરવા માટેનો રામબાણ ઇલાજ કોઈ પણ સ્થળે પ્રાપ્ત થતો હોય તો તે માત્ર માનવજીવનમાં પ્રાપ્ત થઈ શકે છે. તે નિર્વિવાદ વાત છે.

માનવજીવનની સાર્થકતા કઈ રીતે કરશો ? :– બંધુઓ ! આવો સુંદર માનવદેહ પૂર્વના પ્રબળ પુણ્યોદયે પ્રાપ્ત થવા છતાં એની સાથે મોક્ષમાર્ગની આરાધના કરવામાં સહાયક કેટલીક વિશિષ્ટ અને અનિવાર્ય સામગ્રીઓના અભાવે અરણ્યમાં રહેલા માલતીના પુષ્પની માફક તે નિરર્થક જાય છે. જેવી રીતે ખરાબ વસ્તીમાં રહેલું, નીચ પાડોશીની સંગતિવાળું, ચારે દિશાઓની દુર્ગંધથી વ્યાપ્ત, હવા ઉજાસ વિનાનું, જરૂરિયાતની સગવડથી રહિત અને તોફાની વાતાવરણમાં આવેલું એવું આલીશાન અને સુંદર મકાન પણ આ લોકની સુખાકારી માટે તદ્દન નિરૂપયોગી ગણાય છે, તેમ આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, પાંચ ઇન્દ્રિયોની પટુતા, સુદેવ, સુગુરૂ અને સુધર્મરૂપ તત્ત્વત્રયીનો સંયોગ, આરોગ્યતા અને દીર્ઘાયુષ આદિ સુંદર સામગ્રી રહિત માનવજીવન પણ મોક્ષમાર્ગની સાધના માટે તદ્દન નિરર્થક નીવડે છે. તમને અને અમને બધાને માનવજીવન મળ્યું છે ને ધર્મારાધના કરવાની સામગ્રી પણ મળી છે. હવે તો આપણે પુરૂષાર્થ કરવાની જરૂર છે. સામગ્રી હશે પણ જો પુરૂષાર્થ નહિ હોય તો સામગ્રી શા કામની ? જેમ સ્વાદિષ્ટ ભોજન તૈયાર કરવા માટેની તમામ સામગ્રી તૈયાર છે પણ તેને પકાવવા માટે કોઈ માણસ ન હોય તો રસોઈ તૈયાર થશે ખરી ? બધી જ સામગ્રી તૈયાર હોવા છતાં પણ પકાવવા માટે નિરૂદ્યમી બનેલો આત્મા સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણી શકતો નથી, તે જ પ્રમાણે માનવદેહની સાથે ઉપરોક્ત તમામ સામગ્રી મળવા છતાં પ્રમાદી આત્માઓ ધર્મની આરાધના કર્યા વિના મોક્ષના સુખનો આસ્વાદ લેવા સમર્થ બની શકતા નથી. માત્ર ઉદ્યમના અભાવે પ્રમાદી આત્માઓ સઘળું ગુમાવે છે. આટલા માટે જ્ઞાની ભગવંતો કહે છે કે ધર્મકાર્યમાં પુરૂષાર્થની અત્યંત આવશ્યકતા છે.

"આત્મક્ષેત્રમાં ગુણરૂપી બીજ" :– માનવદેહ મળ્યો, માનવભવ મળ્યો, બધી સામગ્રી મળી અને ધર્મ પણ કરવા લાગ્યા પણ એની સાથે માનવભવને અનુરૂપ માનવતાના ગુણોનું પ્રગટીકરણ કરવું એ પણ જરૂરી છે. આ દુનિયામાં માનવ તો ઘણું છે પણ મોટા ભાગના માનવોમાં માનવતાનો અભાવ છે. માનવતાના અભાવમાં માનવજીવન સાર્થક બનતું નથી. એટલે તમને જો તમારા મહાન પુણ્યોદયે બધી સામગ્રી મળી છે તો માનવતાના ગુણો જરૂર પ્રગટાવો. તો તમે સાચા માનવ છો. જેમ તમારે ઘરમાં ઘરનો

મોટો પાક જોઈતો હોય તો ખેતરમાં ઘઉં વાવવા જોઈએ ને ? એવી રીતે અનંત ગુણોનો પાક આપણે જોઈતો હોય તો ગુણનાં બીજ વાવવા જોઈએ ને ? ગુણોના બીજ વાવ્યા વિના અનંત ગુણોનો પાક નહિ મળે. આટલા માટે આપણા જિનેશ્વર ભગવંતોએ આત્મક્ષેત્રમાં ગુણરૂપી બીજ વાવવાનો ઉપદેશ કર્યો છે.

ગુણોનાં બીજ વાવ્યા વિના કરેલી ધર્મસાધના એ તો ખેતરમાં બીજ વાવ્યા વિના કરેલા ખેડાણ અને પાવામાં આવતા પાણી જેવી છે. બીજ વાવ્યા વિના ખેતરમાં ગમે તેટલું ખેડવામાં આવે અને પાણી રેડવામાં આવે, વાડ કરવામાં આવે છતાં બધું નિષ્ફળ તેમ ગુણોના બીજ વાવ્યા વિના કરાતી ધર્મસાધના પણ નિષ્ફળ છે. આજે ઘણાં માણસો આની સામે એવી દલીલ કરે છે કે અમારા જીવનમાં ગુણો હોય તો પછી ધર્મસાધના ન કરીએ તો ચાલે ને ? આ દલીલ કેવી છે તે તમે સમજ્યા ? કોઈ કહે કે અમે ખેતરમાં બીજ વાવીએ પછી વાડ ન કરીએ. પાણી ન પાઈએ તો ચાલે ને ? (હસાહસ) આવી જગતના જીવોની દલીલ છે. જીવનરૂપી ક્ષેત્રમાં ગુણોના બીજ વાવ્યા વિના ધર્મની ખેતી એ મજુરી છે. હવે તો ગુણરૂપી બીજ વાવીને જ ધર્મની ખેતી કરો. તો માનવજીવન સાર્થક બનશે.

માનવ બનવા માત્રથી કલ્યાણ નથી થવાનું પણ માનવતાના ગુણરૂપી પુષ્પો ખીલવીને માનવતાની મ્હેંક આપણે પ્રસરાવવાની છે. દુનિયામાં જેટલા માનવીઓ છે તે બધા કંઈ સદ્‌ગુણી કે ધર્મીષ્ઠ નથી હોતા. જેમ કે આ દુનિયામાં એક સરખી ઘણી વસ્તુઓ દેખાય છે પણ બધી ચીજોના ગુણ સરખા હોતા નથી. ગોરીયાનું દૂધ સફેદ હોય છે, આકડાનું દૂધ પણ સફેદ હોય છે, ચુનાનું પાણી સફેદ હોય છે અને ગાય-ભેંસનું દૂધ પણ સફેદ હોય છે. દેખાવમાં દરેક ચીજો સફેદ છે પણ ગુણ સરખા હોતા નથી. ગાય ભેંસનું દૂધ પીવો તો શરીરને પુષ્ટિ મળે છે અને આકડાનું, ગોરીયાનું દૂધ પીવે તો મરી જાય અને ચુનાનું પાણી પીવે તો પેટમાં ચાંદા પડી જાય. એ રીતે દરેક માનવમાં અંતર છે. જેનામાં માનવતાના ગુણો ખીલ્યા છે તેનું માનવજીવન સાર્થક બને છે. આપણા ચાલુ અધિકારમાં શંખકુમારની વાત ચાલે છે. એનું જીવન માનવતાની મ્હેંકથી મઘમઘતું હતું, તેથી યશોમતીની વહારે ગયા. યશોમતીને ઉઠાવી જનાર વિદ્યાધર કંઈ સામાન્ય ન હતો. છતાં એની સાથે ઝઝૂમીને વિદ્યાધરને હરાવ્યો અને યશોમતીને તેના બંધનમાંથી મુક્ત કરાવી. શંખકુમારનું પરાક્રમ જોઈને મણિશેખર વિદ્યાધર ખુશ થઈ ગયો અને બંને વચ્ચે મિત્રતા જામી.

બંધુઓ ! એ સમયના રાજા મહારાજાઓનાં જીવનમાં માનવતાની મ્હેંક મઘમઘતી હતી. સમય આવે એકબીજા માટે પ્રાણ દેતા હતા. પછી રાજા હોય કે પ્રજા હોય. કોઇને પણ દુઃખી જોઈને એ લોકો આંખ આડા કાન કરતાં ન હતાં પણ તરત દુઃખીનું દુઃખ મટાડતા હતા. આનું નામ સાચી માનવતા કહેવાય. શંખકુમારની વાત ઘણાં જૂના સમયની

છે પણ હું તમને થોડા સમય પહેલાંની વાત કરું. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ થઈ ગયા. એમને તો તમે જાણો છો ને? સયાજીરાવ ગાયકવાડ સત્તાધીશ હોવા છતાં પ્રજા પ્રત્યે પૂર્ણ પ્રેમ ધરાવનારા હતા. વિનય અને નમ્રતાના ગુણોથી એમનું જીવન મઘમઘતું હતું. એટલે પ્રજાજનોનું નાનામાં નાનું દુઃખ પણ વિના સંકોચે દૂર કરતા હતા. એમને સત્તાનું અભિમાન નડતું ન હતું. મોટાઈ તો મનમાં હતી જ નહિ, તેથી નાનામાં નાનું કામ કરવામાં પણ તેમને નાનપ લાગતી નહિ. એવા એ સયાજીરાવ ગાયકવાડના જીવનમાં બનેલો એક પ્રસંગ છે.

એક દિવસ સયાજીરાવ ગાયકવાડ અને તેમનો પ્રધાન અરવિંદ ઘોષ બંને જણા એક દિવસ ઘોડા ઉપર બેસીને પ્રભાતમાં મીઠી અને ઠંડી હવાની મોજ માણવા માટે જંગલમાં જઈ રહ્યા હતા. ગાયોનાં ધણ પણ સવારમાં જ જંગલમાં ચરવા માટે જતા હતા, તેથી એક ગરીબ પણ ખાનદાન ઘરની વૃદ્ધ સ્ત્રી સવારમાં જ છાણા વીણવા માટે જંગલમાં આવી હતી. એણે છાણ વીણી વીણીને એક મોટો ટોપલો ભર્યો, પણ પોતાની જાતે માથે ઉપાડી ન શકી. તેથી કોઇ ઉંચકાવનારની રાહ જોતી તે જંગલમાં એકલી બેઠી હતી. દૂરથી ઘોડો આવતો જોયો. મહારાજાનો ઘોડો થોડો આગળ હતો ને પ્રધાનનો ઘોડો પાછળ હતો. આ વૃદ્ધ માડીએ જોયું કે ઘોડા ઉપર બેસીને આવનાર કોઈ સારો માણસ લાગે છે. એટલે કહ્યું–ઓ દીકરા! તું ઘોડા ઉપરથી હેઠો ઉતરીને મને માથે આ ટોપલો જરા ચઢાવ ને! મહારાજા તો ખૂબ દયાળુ હતા. એમના જીવનમાં માનવતાની મહેંક મઘમઘતી હતી, તેથી વૃદ્ધ માડીને જોઈને તરત ઘોડેથી નીચે ઉતર્યા. બંધુઓ! હું તમને પૂછું છું કે તમે આ જગ્યાએ ઘોડા પર બેસીને ચાલ્યા જતા હો ને કોઇ વૃદ્ધ માડી કહે કે ભાઈ! જરા મારું આટલું કામ કરો ને, તો તમે શું કરો? ઘોડા ઉપરથી નીચે ઉતરો કે ચાલ્યા જાવ? (હસાહસ) અરે! કરવાની તો વાત જ કયાં, સામું પણ ન જુઓ.

"મહારાજાનો નિરાભિમાનતા" :– મહારાજા સયાજીરાવ ઘોડા ઉપરથી નીચે ઉતર્યા અને બાઈના માથા ઉપર છાણનો ટોપલો ઉંચકીને ચઢાવ્યો. રાજા જેવા રાજાને જરા પણ નાનપ ન આવી કે હું મોટો રાજા અને એને ટોપલો શેનો ચઢાવું! કે સાથે પ્રધાન હતો તેને કહું! એમ નહિ. પોતાની જાતે જ ચઢાવ્યો. રાજાએ તો ટોપલો ચઢાવ્યો. આ જોઈને પ્રધાનજી ખડખડાટ હસી પડયા. એટલે રાજાએ પૂછયું–પ્રધાનજી! મેં આ વૃદ્ધ માડીને માથે ટોપલો ચઢાવ્યો તેમાં તમને આટલું બધું હસવું કેમ આવ્યું? પ્રજાને મદદ કરવી એ મારી ફરજ છે. પ્રજાનું ગમે તેવું નાનામાં નાનું કામ કરી આપવું એમાં જ ગૌરવ છે. એ વાતને તમે શું નથી જાણતાં? પ્રધાને કહ્યું સાહેબ! હું બરાબર જાણું છું, પણ મને સ્હેજ હસવું આવી ગયું. રાજાએ કહ્યું પણ હસવા હસવામાં ફરક હોય છે. તમે ઘણીવાર મોઢું મલકાવીને સ્હેજ હસો છો પણ આજે તો નાના બાળકની જેમ ખડખડાટ

હસ્યા. આનું કારણ શું ! સાહેબ ! કંઈ કારણ નથી. આપને આ ડોશીમાએ કહ્યું–દીકરા ! હેઠો ઉતર અને આપે ઉતરીને ટોપલો એના માથે ચઢાવ્યો એટલે હું નથી હસ્યો. મારું હસવાનું કારણ જુદું છે. તમને પણ એમ થયું હશે કે રાજાએ બાઇના માથે ટોપલો ચઢાવ્યો એટલે એ મજાક ઉડાવે છે પણ એમ નથી. રાજાએ ખૂબ પૂછ્યું ત્યારે પ્રધાને કહ્યું સાહેબ ! મારા મનમાં એમ થયું કે આ બિચારી વૃદ્ધ ગરીબ માડીએ રાજા જેવા રાજાને કહ્યું– દીકરા ! મારા માથે ટોપલો ચઢાવ ને ! એ બાઈ કેટલી ગરીબ હશે કે આવી વૃદ્ધ હોવા છતાં વગડામાં છાણ વીણવા આવી છે. હવે રાજાને જેણે દીકરો કહીને બોલાવ્યો તો દીકરાએ માડીના માથેથી ટોપલો ઉતરાવવો જોઈએ કે ચઢાવવો જોઇએ ? (હસાહસ) આપે એનો ટોપલો ઉતરાવવો જોઇએ તેના બદલે ચઢાવ્યો. આ અવળી રીત જોઇને મને હસવું આવ્યું. ગરીબ માણસની ગરીબાઈ દૂર કરવામાં જ મહારાજાનું ગૌરવ છે.

"પ્રધાનજીની ટકોરે મહારાજા માડીને કરેલો ન્યાય" :–પ્રધાનજીની ટકોરથી રાજા તરત સમજી ગયા ને મનમાં થયું કે વાત તો સાચી છે, એટલે રાજાએ કહ્યું. આ બાઇનું સરનામું નોંધી લો. બાઇ તો થોડે દૂર ચાલી ગઇ હતી. પ્રધાને ઘોડા ઉપર ત્યાં જઈને એનું સરનામું નોંધી લીધું. બીજે દિવસે સયાજીરાવ મહારાજાએ મોટી સભા ભરી અને પ્રધાનને કહ્યું કે જાઓ, પેલી વૃદ્ધ માતાને અહીં બોલાવી લાવો. રાજાની સભા ઠઠ ભરાઇ હતી. રાજાના માણસો બાઈનું સરનામું લઈને શોધતા શોધતા ત્યાં આવ્યા ને વૃદ્ધ માડીને કહ્યું–માડી ! તમને રાજા સભામાં બોલાવે છે. તરત જ ચાલો, વૃદ્ધ માડી તો ગભરાઇ ગયા કે મને વળી રાજા શા માટે બોલાવતા હશે ? મારો શું ગુનો ? આવનાર માણસોએ કહ્યું માડી ! તમારો કંઇ ગુનો નથી. રાજા તમને શિક્ષા કરવાના નથી, શાંતિથી ચાલો.

ગભરાતા માજી આવ્યા સભામાં :– માડી તો રાજસભામાં આવ્યા. આખી સભા ભરાઈ ગઇ છે. મહારાજા સિંહાસન ઉપર બેઠા છે. આ જોઇને વૃદ્ધ માજી તો ધ્રુજી ઉઠયા. શરીરે છેદ છેદ વળી ગયા. આ તો કાલે ઘોડા ઉપર બેસીને જતા હતા, ત્યારે મેં એને કહ્યું હતું કે દીકરા ! જરા ઘોડેથી નીચો ઉતર ને મને ટોપલો ચઢાવ. એ રાજા હતા મને ખબર નહિ એટલે મેં એમને ટુંકારે બોલાવ્યા ને ઘોડા ઉપરથી નીચે ઉતાર્યા, એટલે મને જરૂર શિક્ષા કરશે. હવે મારું શું થશે ? થરથર ધ્રુજતા રૂંધાતા કંઠે કહ્યું–મહારાજા ! મને માફ કરો. મેં કાલે મોટો ગુનો કર્યો છે, ત્યારે રાજાએ કહ્યું–માડી ! તારો ગુનો નથી, મારો ગુનો છે. મારે તારી પાસે માફી માંગવાની છે તેં મને દીકરો કહીને બોલાવ્યો એટલે મારી ફરજ હતી કે મારે માડીના માથેથી છાણનો ટોપલો ઉતરાવવો જોઇએ તેના બદલે મેં તો તારા માથે ટોપલો ઊંચકાવ્યો. પ્રધાનજી ! છાણના ટોપલા જેટલો ટોપલો ભરીને સોનું–રૂપું આ માડીને ઘેર પહોંચાડી દો. એને રહેવા માટે સારું ઘર બંધાવી દો. વૃદ્ધ માડી કહે છે સાહેબ ! આટલું બધું સોનું મારે નથી જોઇતું, પણ રાજાએ કહ્યું–તમારે લેવું

જ પડશે એટલે માડીએ તેનો સહર્ષ સ્વીકાર કર્યો. અંતરમાં આનંદનો પાર ન રહ્યો. રાજાને હજારો આશીર્વાદ આપતી માડી ત્યાંથી ચાલી ગઇ. રાજાએ પ્રધાનને પૂછયું કેમ હવે તો બરાબર છે ને ? પ્રધાને કહ્યું હા. દીકરાએ માડીનો ટોપલો ઉતરાવ્યો એટલે મને આનંદ થયો. આનું નામ માનવતાની મહેંક. મહારાજાના દિલના દિવાનખાનામાં માનવતાનો દીવડો ઝળહળી ઉઠયો. આ સભામાં પણ ઘણાં દીકરાઓ બેઠેલા છે. જે એમની માતાને ભૂત્રી ગમ્યા હોય તે યાદ કરીને શક્તિ અનુસાર સેવા કરજો, અને વૃદ્ધ માતા-પિતાના માથેથી કામકાજના ટોપલા ઉતરાવજો.

ગુલાબનું ફુલ મહેંકે છે તેમ તમે પણ તમારા જીવનમાં માનવતાની મહેંક મહેંકાવજો. ગુલાબનું સાચુ ફૂલ કોમળ મખમલ જેવું મૂલાયમ હોય છે. એને કોઈ ઉપાડીને સૂંઘે તો પણ એમાંથી પાંખડીઓ ખરે છે. એમાંથી પણ સુગંધ પ્રસરે છે. એમ તમે પણ ગુલાબના ફૂલ જેવા બનજો. તમારી પાસે જે કોઈ દુઃખી આવે તો એને તમારામાંથી એકાદ પાંખડી જેટલી સુગંધ તો આપજો. આજે પ્લાસ્ટીકના ગુલાબના ફૂલ ઘણાં દેખાય છે. દેખાવમાં સુંદર હોય પણ એને અડકીશું તો એ કોમળ નહિ લાગે પણ કડક લાગશે. એને નાકે અડાડશો તો સુગંધ નહિ મળે. એમાંથી પાંખડી પણ નહિ ખરે. તમે એવા પ્લાસ્ટીકના ગુલાબ જેવા નહિ બનતાં, સાચા ગુલાબ જેવા બનીને તમારા જીવનમાંથી માનવતાની મહેંક પ્રસરાવજો. આજે આપણે સયાજીરાવ ગાયકવાડને શા માટે યાદ કર્યા ! એમણે જીવનમાં માનવતાની મહેંક પ્રસરાવી છે તેથી ને ? તમે પણ એવા દીન દુઃખીઓની સેવા કરજો.

આજે જન્માષ્ટમીનો પવિત્ર દિવસ છે. આજે વૈષ્ણવો કૃષ્ણ ભગવાનનો જન્મ દિવસ ઉજવે છે. વૈષ્ણવોએ કૃષ્ણજીને જુદી રીતે ઓળખાવ્યા છે અને જૈનો પણ જુદી રીતે માને છે. કૃષ્ણવાસુદેવ અને નેમનાથ ભગવાન બંને કાકા કાકાના દીકરા હતા. નેમનાથ ભગવાન કરતાં કૃષ્ણવાસુદેવ મોટા હતા. એ યાદવકુળ કેવું ભાગ્યશાળી કે એ કુળમાંથી નેમનાથ ભગવાન તો તીર્થંકર થયા અને કૃષ્ણવાસુદેવ આવતી ચોવીસીમાં તીર્થંકર બનશે. એમણે જીવનમાં તપ નથી કર્યો, સામાયિક નથી કરી પણ ધર્મની દલાલી ખૂબ કરી છે. તીર્થંકર ભગવાન અને એમના સંતોની ખૂબ સેવા કરી છે. તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરવાના વીસ બોલમાં આ એક બોલ છે કે " पवयणे पभावणया " પ્રવચનની પ્રભાવના. એમણે જિનશાસન અને ભગવાનના પ્રવચનની પ્રભાવના ખૂબ કરી છે. કોઈ તપ કરે, દીક્ષા લે તો એમના મનનો મોરલો નાચી ઉઠતો કે હું એના માટે શું કરું ? સંયમ લેનાર વૈરાગીને પૂરો સહકાર આપતા. દીન દુઃખીને દેખીને તેમનું દિલ દ્રવી ઉઠતું હતું. શાસનની અપૂર્વ પ્રભાવના કરીને કૃષ્ણે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે. એ રીતે આપણે કૃષ્ણવાસુદેવને ઓળખીએ છીએ.

કૃષ્ણવાસુદેવનો જન્મ એમના મામા કંસને ત્યાં મથુરા નગરીમાં થયો હતો. એમનો

જન્મ ત્યાં શાથી થયો એ પણ જાણવા જેવું છે. કંસ ઘણો ઉદ્ધત અને અભિમાની રાજા હતો. એની પત્ની જીવયશા પણ અભિમાનનું પૂતળું હતી. એક વખત જીવયશા એની નણંદ અને કૃષ્ણની માતા દેવકીનું માથું ઓળી રહી હતી. તે વખતે કંસના નાના ભાઈ અતિમુક્ત મુનિ વિચરતાં વિચરતાં ત્યાં પધાર્યા. અતિમુક્ત મુનિ ખૂબ તપસ્વી હતા. ગાયનું શીંગડું વાગવાથી એ પડી ગયા. એ જોઈને જીવયશા હસીને કહે છે હે દિયરીયા ! એક મુઠ્ઠીથી કોઠાનું ઝાડ પાડી નાંખનારા એવા તમારું બળ ક્યાં ગયું કે ગાયનું શીંગડું વાગતાં પડી ગયા ? આ ઘરઘરમાં ટુકડા માંગીને ખાવાનું છોડીને રાજ્યમાં આવો ને દિયરીયા ! આપણે રમત રમીએ ! આ શબ્દો સાંભળીને ક્રોધાવેશમાં મુનિ ભાન ભૂલ્યા ને બોલી ગયા કે હે જીવયશા ! જરા ઓછો અભિમાન કર. તું જેનું માથું ઓળી રહી છે તે દેવકીનો સાતમો પુત્ર તારા શ્વસુર કુળનું અને પિતૃકુળનું નિકંદન કાઢનારો થશે. જૈન મુનિ જ્ઞાન-બળથી જાણી શકે પણ કદી આવા શબ્દો બોલે નહિ પણ અહીં મુનિ ભાન ભૂલ્યા ને બોલી ગયા.

મુનિના શબ્દો સાંભળીને જીવયશા ઉદાસ બની ગઇ, અને કંસને વાત કરી. એટલે કંસે દેવકીના લગ્ન થયા પછી એક વખત વસુદેવને પોતાને ત્યાં બોલાવીને જુગાર રમવા બેસાડયા. વસુદેવે જુગાર રમવાની ના પાડી પણ કંસે ખૂબ આગ્રહ કર્યો તેથી રમવા બેઠા, ત્યારે કંસે શરત કરી કે જો તમે હારી જાઓ તો મારી બહેનની બધી સૂવાવડો મારે ત્યાં કરવાની, અને હું હારી જાઉં તો મારી બધી મિલ્કત તમને અર્પણ કરવાની. વસુદેવે કહ્યું એવી શરત કરવાનું શું પ્રયોજન ? કંસે જેમ તેમ કરીને વસુદેવને સમજાવી દીધા. અંતે જુગારમાં વસુદેવની હાર થઇ, એટલે દેવકીને દરેક વખતે પ્રસૂતિના સમયે કંસને ત્યાં જાવવામાં આવતી, સાતમી વખતે પ્રસૂતિનો પ્રસંગ આવ્યો. આ વખતે તો કંસે ખૂબ જાપ્તો રાખ્યો છે. વસુદેવને પણ કેદખાનામાં પૂર્યા છે, અને દેવકીના મહેલ ફરતા ચોકી પહેરો ગોઠવી દીધા હતા પણ આજે શ્રાવણ વદ આઠમની રાત્રે જ્યારે દેવકીજીએ કૃષ્ણને જન્મ આપ્યો ત્યારે બધા ચોકીદારો ઉંઘી ગયા, વસુદેવના બંધન ભડાક લઈને તૂટી ગયાં એટલે વસુદેવજી દેવકીજી પાસે આવ્યા અને કૃષ્ણને ટોપલામાં મૂકીને યમુના નદીના કિનારે આવ્યા ત્યાં નદીએ જવા માટે માર્ગ કરી આપ્યો. તેથી વસુદેવ કૃષ્ણને ગોકુળમાં નંદ ગોવાળને ત્યાં મૂકી આવ્યા. નંદની પત્ની યશોદા દેવકીજીની બાલ સખી હતી. તેણે કૃષ્ણને ઉછેરીને મોટા કર્યા. તમને સમજાણું ને કે મહાન પુરૂષોના જન્મથી બંધનો પણ તૂટી ગયા અને ચોકીદારો ઉંઘી ગયા. આ છે મહાન પુરૂષોના જન્મનો પ્રભાવ.

આજે મારે તમને ખાસ કરીને એ સમજાવવું છે કે આવા મહાન પુરૂષોની જન્મ જયંતિને દિવસે જુગાર ખૂબ રમાય છે. તેઓ જીવનને ઉજ્જવળ બનાવી ગયા અને આપણને માનવતાની મહેંક મહેંકાવવાનું શીખવાડી ગયા. તેમની જન્મજયંતિ શું તમારે જુગાર

રમીને ઉજવવાની છે? મેં તો સાંભળ્યું છે કે મુંબઈમાં તો બહેનો, નાની નાની બાલિકાઓ અને બાળકો પણ રમે છે. જુગાર તો ભયંકર વ્યસન છે. જુગાર, માંસભક્ષણ, મદિરાપાન, વેશ્યાગમન, શિકાર, ચોરી અને પરસ્ત્રીગમન આ સાત વ્યસનો જીવને ઘોર નરકગતિમાં લઈ જનારા છે. એમ સમજીને એનો ત્યાગ કરો. જુગાર રમવાથી મહાન પુરૂષો કેવા દુઃખી દુઃખી થઈ ગયા છે. ગઇ કાલે આપણે પાંડવોની વાત કરી હતી તે થોડી બાકી છે તે વાત પછી લઈશું. તે પહેલાં એક દૃષ્ટાંત યાદ આવે છે કે જુગાર માણસનું કેટલું પતન કરાવે છે.

એક શ્રીમંત શેઠ-શેઠાણીને એકનો એક દીકરો હતો. તેમને ઘેર પૈસાનો પાર ન હતો. તનથી, મનથી અને ધનથી બધી રીતે સુખી હતા. સંસારના સમસ્ત સુખો શેઠને ઘેર હતા એમના સુખમાં એક પણ ખામી ન હતી. શહેરની વચ્ચોવચ્ચ શેઠનો સાત માળનો બંગલો હતો. શેઠને ત્યાં ઘણા વર્ષે પારણું બંધાયું હતું એટલે શેઠ-શેઠાણી નાનપણથી જ બાલુડાને ખૂબ લાડકોડથી ઉછેરવા લાગ્યા. આ છોકરાનું નામ રમણ હતું. આ રમણ ત્રણ વર્ષનો થતાં શેરીના છોકરા સાથે રમવા જાય ને બધા છોકરાઓને મારે પણ જો એને કોઈ ભૂલેચૂકે મારે અગર એક શબ્દ કહે તો આવી બન્યું. શેઠ-શેઠાણી કંઈ કહે તો એમના ઉપર પણ તાડૂકી ઉઠતો. ઘરના નોકર ચાકર, રસોઇયો બધા મોટા શેઠ કરતાં નાના શેઠને વધુ સાચવતાં હતાં. દીકરો જે માંગે તે મા-બાપ હાજર કરે છે. દિવસે દિવસે રમણ મોટો થવા લાગ્યો, એને સ્કૂલે ભણવા મૂકયો. રમણ ભણવા જાય એટલે એના માતા-પિતા રોજ એને વાપરવા માટે પૈસા આપતા. કંઈ ને કંઈ ખાવાનું આપતા. રમણ ચાર પાંચ છોકરાઓની સાથે બેસીને ખાતો, તેથી સૌ રમણને બોલાવે ચલાવે અને આનંદ કરતા કયારેક ભણવા જતાં તો કોઈ વખત એ ભણવાના બહાને બડાર રખડવા જતા. આમ કરતાં માંડ માંડ મેટ્રીક પાસ થયો. પછી તો પાંચ-સાત મિત્રોની ટોળી જ્યાં ને ત્યાં રખડયા કરતી હવે રમણના મા-બાપને દીકરાના દર્શન પણ દુર્લભ બના ગયા.

વફાદાર રહેવાને બદલે બેવફા બનેલો રમણ :- રમણને પૈસાની જરૂર પડે ત્યારે પિતાજીની પાસે આવીને પૈસા માંગતો. એના પિતાજી કોઈ વાર આપી દે ને કોઇવાર તાડૂકીને કહેતાં કે આટલા બધા પૈસા તારે શું કરવા છે ! નહિ આપું, ત્યારે માતા પાસે આવતો ને પૈસા લઈ જતો. આ તરફ સરખે સરખા મિત્રોએ એના જીવન ઉપર કાબૂ મેળવવા માંડયો. બસ, શહેરમાં જ્યાં ને ત્યાં હરવું ફરવું, મન ફાવે તે ખાવું, મન ફાવે તેમ વર્તન કરવું કોઈ વડીલ કંઈ પણ કહે તો એમના સામું બોલવું આ જ એમના જીવનનું ધ્યેય બની ગયું. મિત્રોને પણ આવો શ્રીમંતનો દીકરો મિત્ર કયાંથી મળે ? પૈસા એના ને બધાને લહેર કરવા મળે. શા માટે આવા મિત્રને છોડે ! બંધુઓ ! એકનો એક સોનાની રેખ જેવો દીકરો ભલે તમને વહાલો હોય પણ એને બહુ લાડ લડાવવા નહિ. સંતાનને ભલે તમે લાડ લડાવો પણ એના સંસ્કાર ન બગડવા જોઈએ. શેઠ શેઠાણીએ જે દીકરા ઉપર આશાના મોટા મિનારા ચણ્યા હતા તે

દીકરો માતા-પિતાને વફાદાર રહેવાને બદલે બેવફા બની ગયો હતો. જો કે એમાં શેઠ-શેઠાણીની પોતાની ભૂલ હતી. મનમાં ને મનમાં ભૂલ ઉપર પશ્ચાતાપના આંસુ સારતા હતા પણ હવે બાજી બગડી ગઈ હતી.

રાત દિવસ ઝૂરતા શેઠ શેઠાણી :- આ શેઠ અને શેઠાણી દીકરાની ચિંતામાં ને ચિંતામાં અડધા થઈ ગયા. પૈસો ઘણો હતો પણ આવા રખડેલ છોકરાને પરણાવે કોણ ? કોઈ કન્યા આપતું નથી. દીકરો જ્યારે ઘેર આવે ત્યારે મા બાપ ખૂબ સમજાવતાં પણ કોઈનું માનતો ન હતો. આ શેઠ શેઠાણીના દેહ ઉપર હવે ઘડપણની રેખાઓ દેખાવા લાગી ત્યારે રમણના દેહસાગર ઉપર યુવાનીની ભરતી આવી હતી. માતા-પિતાને ધમકાવી ધમકાવીને પૈસા લઈ જવા લાગ્યો. પાસે પૈસા હોય, માથે કોઇનો ડર ન હોય પછી શું બાકી રહે ? આ રમણ તો કુમિત્રોની સંગે ચઢી જુગાર રમતો થઈ ગયો. જુગાર રમતાં રમતાં મિત્રો સાથે વેશ્યાને ઘેર જવા લાગ્યો. જુઓ, એકેક વ્યસન એની પાછળ બીજા વ્યસનને ખેંચી લાવે છે. સાત વ્યસનોમાં સૌથી પહેલું જુગારનું નામ છે. એક જુગારમાંથી સાતે સાત વ્યસનોનો વળગાડ વળગે છે. આ રમણ પહેલાં જુગાર રમ્યો. જુગારમાંથી વેશ્યાને ઘેર જતો થયો. ત્યાં વિષયની મસ્તી માણવા માટે દારૂની પ્યાલીઓ પીતો થયો. આ રીતે એકેક કરતાં સાતે વ્યસનોએ એના જીવનમાં અડ્ડો જમાવ્યો. દીકરો ગમે તેવો નાલાયક ઉઠે પણ માતાપિતાના દિલમાંથી વાત્સલ્યના ઝરણાં સૂકાતા નથી. એક નહિ તો બીજી રીતે માતાપિતાએ રમણને સમજાવીને સુધારવા માટે ઘણાં પ્રયત્નો કર્યા પણ પરિણામ શૂન્ય જ આવ્યું.

દેવાનુપ્રિયો ! આ દીકરાની ચિંતામાં ને ચિંતામાં આપનો દેહ સુકવા લાગ્યો. ઓસરતા પાણીને ઓસરી જતાં શી વાર ? શેઠ માંદગીના બિછાને પડ્યા પણ બિચારા એ તો રમણ ... રમણ કરીને ઝંખે છે પણ લાડકવાયાને તો શેઠના સામું જોવાનો પણ ક્યાં ટાઈમ છે ! ક્યારેક ઘેર આવતો ત્યારે એની માતા કહેતી કે બેટા ! તારા પિતાજી ખૂબ બિમાર છે, તને ઝંખે છે. તું એમની પાસે જા, પણ રમણની રમણતા તો સાત વ્યસનો અને એના મિત્રોની ટોળીમાં હતી. એટલે એની માતાને કહી દેતો કે મારે એમની પાસે જવું નથી. તું મને પૈસા આપી દે ને ! માતા પૈસા ન આપે તો પરાણે શોધીને પણ કંઈ ને કંઈ લઈ જતો. પૈસા ન હોય તો માતાનો દાગીનો પણ લઈ જતો. છેવટે કંઈ ન મળે તો બાપના નામે કોઈ પેઢીમાંથી પૈસા લઈ આવતો. પુત્રનું આવું વર્તન જોઈને શેઠાણી શેઠ પાસે આવીને રડી પડતા ત્યારે શેઠ કહેતા કે પુત્રને નાનપણમાં આપણે ખૂબ લાડ લડાવ્યા તેનું આ પરિણામ છે. હવે તો એ સુધરે તેમ લાગતું નથી. આના કરતાં આપણે દીકરો ન હોત તો સારું હતું. આમ કહીને બંને માણસ ખૂબ રડતા.

દીકરાને છેલ્લો સંદેશો આપતા બાપ :- શેઠને લાગ્યું કે હવે મારો અંતકાળ

નજીક છે. એટલે રમણને તેડવા માણસો મોકલ્યા. રમણ આવ્યો તો ખરો પણ એના બાપને કહે છે તમે મને શા માટે બોલાવ્યો છે ? મને એક મિનિટનો પણ ટાઈમ નથી. મારી બાજીનો રંગ જામ્યો હતો તે તમે મને બોલાવીને ભંગ પડાવ્યો, ત્યારે બાપે નમ્રતાથી ગળગળા થઈને કહ્યું–બેટા ! હવે તો આ દીપક બૂઝાવાની તૈયારીમાં છે. હવે તું સુધરી જાય તો સારું. મને તો આશા હતી કે મારો દીકરો દીપક જેવો બનીને કુળને ઉજાળશે પણ તું તો ઉજાળવાને બદલે કુળને ઉજ્જડ કરી રહ્યો છે. ત્યારે દીકરાએ કહ્યું–બાપુજી ! તમારો દીપક બૂઝાવા આવ્યો હોય તો હું ફૂંક મારીને બૂઝવી નાંખું ને પછી જાઉં. બાકી હું જેમ કરતો હોઉં તેમ મને કરવા દો. મારાથી કંઈ બંધ થાય તેમ નથી, પણ હું જે કંઈ કરું છું તે બધું ચાલુ રહે ને તમારી ઇચ્છા સંતોષાય એમ હોય તો કહો. શેઠને તો પુત્રની ઉદ્ધતાઈ જોતાં લાગ્યું કે હવે આ છોકરો સુધરે તેમ નથી. એને સુધારવો એ રહેલી વાત નથી. છતાં હજુ થોડી ઘણી બાજી હાથમાં છે. જરા અજમાવી જોઉં. શેઠે પ્રેમથી એના માથે હાથ મૂકીને કહ્યું મારા વહાલા દીકરા ! તારે કંઈજ છોડવું ન પડે એવી ત્રણ પ્રતિજ્ઞાઓ છે. તે લે તો હું ખુશ થઈને જાઉં કે મારા દીકરાએ મારું કહ્યું માન્યું. મારા આત્માને સંતોષ થશે. પિતાજીની વાત સાંભળીને દીકરાનું દિલ રહેજ પીગળ્યું. એટલે કહે છે તમે કહો. જે મારાથી પળાશે તેવી પ્રતિજ્ઞા હશે તો લઈશ.

શેઠે કહ્યું. બેટા ! તને જુગાર રમવાની છૂટ પણ (૧) જ્યારે તને જુગાર રમવાની ઇચ્છા થાય ત્યારે તારે જમવાના સમયે બપોરે બાર વાગે જુગારીના ઘેર જવું. (૨) મીઠાઈ ખાવાનું મન થાય તો બપોર પછી જમીને કંદોઈની દુકાને જવું અને (૩) વેશ્યાને ત્યાં જવું હોય તો સવારના પ્રહરમાં જ જવું. બોલ આ ત્રણ પ્રતિજ્ઞાઓ પાળીશ ? રમણે વિચાર કર્યો કે આ બાધા તો સારી. મને કંઈ વાંધો આવે તેમ નથી. માત્ર ટાઈમ ફેરવવાનો છે. એ તો બની શકશે. એણે કહ્યું. હા, બાપુજી ! હું આ પ્રતિજ્ઞા પાળીશ. હવે તો તમને સંતોષ થશે ને ? પિતાએ કહ્યું–હા, બેટા ! જતાં જતાં પણ તેં મારું કહ્યું માન્યું તેનો મારા દિલમાં સંતોષ થયો છે. પુત્રને આ ત્રણ પ્રતિજ્ઞા આપીને એક બે દિવસમાં જ પિતાએ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. પિતાજીના મરણ પછી રમણ તો બેાર દિવસ તો ઘરમાં રહ્યો પણ એનું ચિત્ત તો જુગાર અને વેશ્યામાં જ રમી રહ્યું હતું.

પિતાની પ્રતિજ્ઞા પાળતા રમણના જીવનનો થયેલો પલટો : પિતાજીને ગયા આઠ દિવસ થયા એટલે તે જુગાર રમવા નીકળ્યો, ત્યાં તેને યાદ આવ્યું કે'–પિતાજીએ પ્રતિજ્ઞા આપી છે કે બપોરે બાર વાગે જમવા સમયે જુગારીના ઘેર જવું. બપોરે તો મોટા ભાગે જુગારીયા જમવા માટે ઘેર જ ગયા હોય ને ? જે જુગારના અડ્ડાનો અઠંગ જુગારી હતો તેને ત્યાં રમણ બાર વાગે જુગાર રમવા ગયો, ત્યારે જુગારીની પત્ની જુગારીયા પતિને કહી રહી હતી કે નાથ ! આ જુગારે તો નખ્ખોદ વાળી દીધું. તમે જુગારમાં બધી મૂડી સાફ કરી નાંખી. મારા સાસરા અને પિયરના દાગીના પણ

વેચી નાંખ્યા, ભારે મૂલ્યા કપડા પણ વેચાઈ ગયા. હવે તો ઘરમાં ખાવા માટે મુઠ્ઠી જાર અનાજ પણ નથી. આ છોકરાઓ બે દિવસથી ભૂખ્યા ટળવળે છે ને રડે છે બા! ખીચડી તો ખાવા બનાવી આપ, પણ હું ખીચડી કયાંથી લાવું? જુઓ, આ છોકરાઓને સમજાવવા ચુલ્લે ખાલી પાણી મૂકયું છે. હવે મારાથી છોકરા સામું જોવાતું નથી. આમ કહીને જુગારીની પત્ની કાળો કલ્પાંત કરવા લાગી. રમણે જુગારીના ઘરની બહાર ઉભા રહીને આ બધું સાંભળ્યું. નાના ફુલ જેવા બાલુડા ખાવા માટે કરગરે છે. એ બધું દશ્ય નજરે જોયું એટલે રમણનું હૃદય કંપી ઉઠયું. અહો, જુગારે ઘરની આ દશા કરી? જુગારીના ઘરની પરિસ્થિતિ જોઈને રમણનું દિલ પીગળી ગયું. બસ, હવે મારે કદી જુગાર રમવો નહિ એવો નિર્ણય કર્યો.

જુગારીના ઘેરથી પાછા વળતાં કંદોઈની દુકાન આવી. મીઠાઈ ખાવા માટે લૂલી લબકારા મારી રહી છે. બાપુજીએ પ્રતિજ્ઞા આપી છે કે મીઠાઈ ખાવાનું બન થાય તો બપોરે કંદોઈને ત્યાં જવું. આ સમય બરાબર છે. લાવ, ત્યારે ઉપડી જાઉં. બપોરનો સમય હતો. ચૈત્ર-વૈશાખ મહિનાના દિવસો છે, એટલે ધોમધખતો તડકો હતો. કંદોઈ મીઠાઇ બનાવી રહ્યો હતો. કંદોઈના કપડા ચીકણા ને એકદમ મેલા ગંધાતા હતા. પાસે જઇએ તો ઉલ્ટી આવે તેવી દુર્ગંધ આવતી હતી. કંદોઈ ભઠ્ઠા પાસે બેસીને મેલા અને ગંદા પરસેવાથી રેબઝેબ થયેલા કપડે એક બાજુ માવો હલાવી રહ્યો હતો અને બીજી બાજુ પરસેવાના ટીપા માવામાં ને મીઠાઈમાં પડતા હતા. તમે હોંશે હોંશે મીઠાઈ ખાવ છો પણ કોઈ વખત મીઠાઈ બનતી હોય ત્યાં જોવા જાવ તો ખબર પડે કે મીઠાઈ કેવી રીતે બને છે? તમને ખાવાનું મન નહિ થાય. આ રમણને તો આ દશ્ય જોતાં સૂગ ચઢી ગઇ અને નિર્ણય કર્યો કે મારે બહારની મીઠાઈ કદી ન ખાવી. તેવી મનથી પ્રતિજ્ઞા કરીને ઘેર આવ્યો.

"વેશ્યાના ઘરેથી પાછો ફરેલો રમણ":- બંધુઓ! રમણના બે વ્યસન તો છૂટી ગયા. એટલે એના જીવનની મઝા ઉડી ગઈ હોય એમ તેને લાગ્યું. હવે મનની તાજગી મેળવવા માટે સાંજના વેશ્યાને ત્યાં નાચગાનની મહેફીલ માણવા જવું એમ નક્કી કરીને સાંજે જવા તૈયાર થયો, ત્યાં એને પિતાજીની પ્રતિજ્ઞા યાદ આવી કે વેશ્યાને ત્યાં જવું હોય તો સવારે જવું. એટલે તરત પાછો ફર્યો ને ઘેર આવીને સૂઈ ગયો. સવાર પડતાં ઉઠીને વેશ્યાને ઘેર ઉપડયો. વેશ્યા તો હજુ સૂતી હતી ત્યાં બારણું ખખડયું એટલે વેશ્યા જાગી. કોઇ દિવસ નહિ ને આજે સવારના પહોરમાં વળી કોણ આવ્યો? વેશ્યાએ બારણું ખોલીને જોયું તો શેઠનો પુત્ર છે. રમણે વેશ્યાના દેદાર જોયા તો એના વાળના કોઈ ઠેકાણા નથી. કપડાના ઠેકાણા નથી. એના મોઢા ઉપર તો માખીઓ બણબણતી હતી. મોઢા ઉપર લાલીને બદલે લાળ દેખાતી હતી. આંખોમાં

પણ તેજ દેખાતું નહોતું. મનમાં વિચાર કર્યો. અહો ! આ તો વેશ્યા છે કે કોઈ વાઘરણ છે ? આ કોણ ? હું જેને સૌંદર્યની રાણી માનતો હતો તેના દેહ પર સૌંદર્યનું તો કોઈ નામનિશાન દેખાતું નથી. આ એનો અસલ દેદાર કેવો છે ! એ તો આંખોમાં કાજળ આંજી, મોઢા ઉપર પાવડર છાંટી, હોઠ પર લાલી લગાવી, માથામાં સુંદર ફૂલોની વેણી પહેરી સૌંદર્ય રાણી બનવાનો શ્રમ લઈને મારા જેવા યુવાનોને આંજીને એમનું પતન કરાવે છે ને ઉપરથી મનમાન્યા પૈસા ઉડાવે છે. આવી વેશ્યાના સકંજામાં હવે મારે સપડાવું નથી. હવે કદી વેશ્યાને ઘેર આવવું નહિ એવો નિર્ણય કરીને સડસડાટ વેશ્યાના ઘરના પગથીયાં ઉતરી ગયો ને પોતાને ઘેર આવ્યો.

ઘેર આવીને માતાના ચરણમાં પડીને કહ્યું– હે માતા ! મિત્રોના સંગે ચઢીને હું વ્યસની બની ગયો, અને મારા ઉપકારી માતાપિતાને ભૂલ્યો. માતા....આ પાપી દીકરાને માફ કર. મારા પિતાજીની પ્રતિજ્ઞાએ આજે મારી આંખડી ખોલી છે. હવે હું કદી જુગાર નહિ રમું. વેશ્યાને ઘેર નહિ જાઉં, પરસ્ત્રીગમન નહિ કરું, દારૂ નહિ પીઉં, બહારની મીઠાઈ નહિ ખાઉં. ત્રણ દિવસમાં તો રમણના જીવનમાં અજબ પરિવર્તન આવી ગયું. એના પિતાજીની ત્રણ પ્રતિજ્ઞાએ તો સમસ્ત સંસારના સ્વરૂપનું વાસ્તવિક દર્શન કરાવી દીધું, તેથી રમણ સુધરી ગયો અને સીધી લાઈન ઉપર ચઢી ગયો. પોતે સુધર્યો પણ અનેક પાપોની જાળમાંથી છોડાવનાર પિતાજીની યાદ એને હંમેશા સતાવવા લાગી કે હું સુધર્યો પણ મેં મારા પિતાજીને તો સંતોષ ન પમાડ્યો ને ! તે મનથી દરરોજ પિતાજીના ચરણમાં ઝૂકીને પોતાની ભૂલની માફી માંગતો. માતાને તો વર્ષોથી ખોવાયેલો દીકરો મળતાં જે આનંદ થાય તેવો આનંદ માતાએ અનુભવ્યો. બંધુઓ ! તમે સાંભળી ગયા ને કે જુગાર આદિ વ્યસનોથી કેવી ખુવારી થાય છે ! આજે બધા પ્રતિજ્ઞા લઈને જજો કે મારે કદી જુગાર રમવો નહિ. જુગાર ઉપર ગઈ કાલે પાંડવોની વાત કરી હતી તે થોડી બાકી છે તે કહું છું. સાંભળો.

ધર્મરાજા જેવા પવિત્ર પુરૂષને જુગારનો ચેડો લાગ્યો. એક મનોરંજન ખાતર જુગાર રમતાં બધું જ હારી ગયા. પોતે એક તસુ જમીનના માલિક ન રહ્યા, છેવટે દાવમાં પોતાના ચાર ભાઈઓને, પોતાની જાતને અને છેલ્લે દ્રૌપદીને પણ દાવમાં મૂકી દીધી. આથી આખી સભા હચમચી ઉઠી. સૌની આંખમાં આંસુ આવી ગયા. દુર્યોધનના માણસોનાં દિલ પણ પીગળી ગયા. ધર્મરાજા દ્રૌપદીને પણ દાવમાં હારી ગયા એટલે દુર્યોધન, શકુનિ, કર્ણ વિગેરે તો તાળીયો પાડીને નાચવા લાગ્યા. આખી સભા સ્થિર બની ગઈ. અહાહા.... આવા પવિત્ર ધર્મરાજા હારી ગયા ! દુર્યોધન જીત્યાનો કોઈને આનંદ નથી પણ ધર્મરાજાની હાર થઈ તેથી સૌના દિલમાં દુઃખ થવા લાગ્યું. પાંડવોને દુર્યોધને કપટથી જુગાર રમાડીને બધું જીતીને ભિખારી બનાવ્યા. આટલેથી એમને સંતોષ ન થયો. દુર્યોધન અને દુઃશાસન

વિગેરે ભાઇઓએ પાંડવોના શરીર પર પહેરેલા વસ્ત્રોમાંથી બધાના કહેવાથી એક લંગોટી જેટલું વસ્ત્ર રાખીને બધા વસ્ત્રો ઉતારી લીધા. સભામાં કાળો કેર મચી ગયો કે અહો ! આ દુર્યોધન વિગેરે કેટલા નીચ છે ! ભલે એ બધું હારી ગયા પણ એમનાં વસ્ત્રો ઉતારી લેવા એ કંઈ તેમની રીત છે ! આ કરૂણ દૃશ્ય ન જોઈ શકવાથી કંઈક તો મૂર્છા આવીને પડી ગયા. અહો, આવા પવિત્ર પુરૂષોની આ દશા ! આમ કાળો કલ્પાંત કરે છે, ત્યાં જાડો દુર્યોધન કહે છે હે દુઃશાસન ! હવે તમે બધા જલ્દી જાવ ને દુનિયામાં સતી તરીકે ઓળખાતી પાંચાલીને અહીં લઈ આવો. જો એ ન આવે તો એનો ચોટલો પકડીને ઢસરડીને લઈ આવજો. દુર્યોધનના કહેવાથી દુઃશાસન દ્રૌપદી પાસે આવીને કહે છે હે દ્રૌપદી ! તારા પતિ ધર્મરાજા તને જુગારમાં હારી ગયા છે. હવે તેમની કોઇ સત્તા રહી નથી. એ તો ભિખારી બની ગયા છે. આજથી પાંડવોની સાથેનો તારો સબંધ પૂરો થયો છે. હવે તારા ભાગ્ય જાગ્યા કે તું મારા મોટાભાઇ દુર્યોધનની પટ્ટરાણી બનીશ. આ શબ્દો સાંભળીને દ્રૌપદીને ખૂબ ગુસ્સો આવ્યો. હવે તે તેને કેવા શબ્દો કહેશે તેના ભાવ અવસરે.

●

વ્યાખ્યાન નં-૪૨

શ્રાવણ વદ ૯ ને રવીવાર **તા. ૨૭-૮-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, શાસનપતિ, જીવન ઉદ્ધારક તીર્થંકર ભગવંતના મુખકમળમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. સિદ્ધાંતની વાણી એ આત્માને સ્વચ્છ બનાવવા માટેનું ઉત્તમ સાધન છે. અનાદિકાળથી આપણા આત્મા ઉપર રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ આદિના ડાઘ પડી ગયા છે, તેને સાફ કરવા માટે આગમની વાણીની જરૂર છે. જેટલું મન સ્વચ્છ હશે તેટલું આત્મદર્શન જલ્દી કરી શકાશે. અનાદિકાળથી મલીન બનેલા આપણા આત્માને સ્વચ્છ બનાવવા માટે વીતરાગ વાણીરૂપી પાણી અને સમ્યક્ત્વરૂપી સાબુની જરૂર છે.

જ્યાં સુધી જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરતો નથી ત્યાં સુધી મિથ્યાત્વ જીવને હેરાન કરે છે. કર્મબંધનના પાંચ પ્રકાર છે. તેમાં પહેલો નંબર મિથ્યાત્વનો છે. તમને કોઈ દિવસ વિચાર આવે છે કે કર્મબંધનના પાંચ કારણોમાં પહેલું મિથ્યાત્વ કેમ ! અને બીજો નંબર અવિરતિનો શા માટે ? સાંભળો, તેનું કારણ એ છે કે જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી અવિરતિ જતી નથી. મિથ્યાત્વ એ આત્માનું આરોગ્ય પ્રાપ્ત નહિ થવા દેનારો મહારોગ છે. આત્માને ભવોભવમાં હેરાન કરી મુક્તિનું રાજ્ય નહિ લેવા દેનારો મહાન શત્રુ છે. આત્માને અનંતકાળથી જન્મ મરણ કરાવનાર મહાન વિષ છે અને સાચી દિશા નહિ સુઝવા દેનારો મહાન અંધકાર છે. મિથ્યાત્વને મહારોગની, મહાશત્રુની, મહાવિષની

જ્ઞાને મહાઅંધકારની ઉપમા આપવામાં આવી છે કારણ કે મિથ્યાત્વ કર્મોની જડ છે. જ્યાં સુધી મિથ્યાત્વની હયાતી હશે ત્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. સમ્યક્ત્વ વિના સમ્યક્જ્ઞાન કયાંથી થાય ? અને સમ્યક્જ્ઞાન ન હોય ત્યાં સુધી સમ્યક્ચારિત્ર પણ કયાંથી હોય ? આ ત્રણની ત્રિપુટી ન હોય ત્યાં સુધી મુક્તિ પણ કયાંથી મળે ? ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮ મા અધ્યયનમાં ભગવાન બોલ્યા છે કે–

नादंसणिस्स नाणं, नाणेण विणा न हुन्ति चरण गुणा ।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ॥३०॥

દર્શન વિના જ્ઞાન થતું નથી. જ્ઞાન વિના ચારિત્ર ગુણની પ્રાપ્તિ થતી નથી. ચારિત્ર ગુણથી રહિત જીવની મુક્તિ નથી અને મુક્તિ વિના નિર્વાણ નથી. આટલા માટે જ્ઞાનીઓ કહે છે કે આત્માને સંસારમાં રઝળાવનાર હોય તો તે મિથ્યાત્વ છે. " मिच्छत्त भव वुड्ढि कारणं । " મિથ્યાત્વ એ ભવવૃદ્ધિનું કારણ છે. છતી આંખે આત્માને અંધ બનાવનાર અર્થાત્ વિપરીત દેખાડનાર જો કોઇ હોય તો તે મિથ્યાત્વ છે. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ તો જીવને અનાદિકાળનો છે, તેથી જે જીવનો જેટલા પ્રમાણમાં ક્ષયોપશમ છે તેટલો જ્ઞાનનો ઉઘાડ છે. ઓછો કે વધુ જ્ઞાનનો ઉઘાડ પોતાના સ્વરૂપે નિર્મળ અને જે ભાવો જે સ્વરૂપે હોય તેને તે પ્રમાણે જણાવનાર અને મનાવનાર છે. પોતાનાં સ્વરૂપે તે ઉઘાડ અવિકારી છે. ભલે, હજુ કેવળજ્ઞાન પ્રાપ્ત નથી થયું ત્યાં સુધી જ્ઞાનમાં અપૂર્ણતા છે પણ અનંતમાં અંશ જેટલો જે કોઈ જ્ઞાને પ્રકાશ છે તે તો અવિકારી છે, છતાં અનાદિકાળથી સ્વરૂપે અવિકારી એ જ્ઞાન પ્રકાશની સાથે દર્શનમોહ અને મિથ્યાત્વ મોહનીયનો ઉદય મળવાથી અવિકારી જ્ઞાન પ્રકાશ પણ વિકારી બની ગયો છે. એ વિકારી જ્ઞાન પ્રકાશથી આત્માની અંધાપા જેવી કારમી દશા થાય છે, અને એ કંઇક જાણે છે ને દેખે છે તેમાં પણ વિપર્યાસ–અવળાઈ હોય છે. જેમ કે પોતાની મૂડીને પારકી ગણે ને પારકી મૂડી પોતાની ગણે. સુખના સાધનને દુઃખના સાધનો માને છે અને દુઃખના સાધનોમાં તેને સુખની ભ્રાન્તિ થાય છે. માદક મદિરાનું પાન કરનાર ઉન્માદી પુરૂષ જેવી એ વિકારી આત્માની દુર્દશા થાય છે. એ વિકારનું નામ મિથ્યાત્વ છે. જેનાથી અવળું જાણપણું થાય છે તેનું નામ અજ્ઞાન છે અને જેનાથી અવળી પ્રવૃત્તિ થાય છે તેનું નામ અવિરતિ છે. મિથ્યાત્વના ઉદયથી આત્મા ધન–દોલત–ઘરબાર, સ્ત્રી–પુત્ર–પરિવાર વિગેરે બાહ્ય પદાર્થોમાં વ્યવહારથી તેમજ નિશ્ચયથી મારાપણું માને છે. એ અજ્ઞાન અને મારાપણું માન્યા બાદ રાત દિવસ એ બાહ્ય ભાવોમાં રમણતા તેનું નામ અવિરતિ છે. મિથ્યાત્વ એ અજ્ઞાનનું કારણ છે ને અજ્ઞાન એ અવિરતિનું કારણ છે. અવિરતિ અજ્ઞાનમાંથી જન્મે છે. મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિ એ ત્રણે મોહરાજાના અંગો છે.

દેવાનુપ્રિયો ! મોહની માયાજાળમાં ફસાયેલા જીવને સંસાર ભઠ્ઠી સાકરના ટુકડા

જેવો લાગે છે અને જેણે મોહરાજા ઉપર થોડા ઘણા અંશે પણ વિજય મેળવ્યો છે તેને સંસાર કડવો ઝેર જેવો લાગે છે. અજ્ઞાની જીવો મોહરાજાના પાશમાં બંધાઈને સંસારમાં મારાપણાના મમત્વની સાંકળથી બંધાય છે. જ્ઞાની જીવો આ સંસારમાંથી વિરકત બનીને સરકી જાય છે. તમે બધા હોંશિયાર તો ઘણાં છો. સમય આવે સરકવાની યુકિત તો શોધો છો ને ? માની લો કે તમે બેંકમાંથી એક લાખ રૂપિયા લઈને બહાર નીકળ્યા. કોઈ ગુંડાઓને ખબર પડી કે આ માણસ બેંકમાંથી લાખ રૂપિયા લઈને નીકળ્યો છે. અમુક ગલીના રસ્તેથી તમે નીકળ્યા, ત્યાં તમને ચાર ગુંડાઓ ઘેરી વળ્યા. એ ગુંડાઓ ગુંડા જેવા દેખાતા નથી. એમણે તમારા જેવા સારા કપડા પહેરેલા છે પણ તમને ખબર પડી કે આ ગુંડાઓ છે તો શું કરો ? એ ગુંડાઓના સંકજામાંથી છૂટવાનો પ્રયત્ન કરોને ? હા .... સાહેબ .... હા. હવે હું તમને પૂછું છું કે સંસારની માયારૂપી ગુંડામાંથી સરકવાનું મન થાય છે ? બોલો તો ખરા ! ક્રોધ માન-માયા લોભ-મોહ અજ્ઞાન-રાગ-દ્વેષ વિગેરે ગુંડાઓ છે. તમને એમ થાય છે કે આ ગુંડાઓના પાશમાંથી સરકી જાઉં ? જે આત્મા વિરકત બને છે તે આ ગુંડાઓથી બચી શકે છે, પણ તમને તો સંસાર રસકસમાં મીઠો સાકાર જેવો ને દેખાવમાં સોહામણો દેખાય છે પણ યાદ રાખજો કે તેમાં આસકત બનશો તો હાડકા ભાંગી જશે. માટે સંસારથી વિરકત બનો.

આજે દુનિયામાં જ્ઞાન ઘણું વધ્યું છે. વિચિત્ર પ્રકારની કળાઓ ખૂબ વધી છે પણ એ જ્ઞાન શા કામનું ! આજના માણસો જેટલું ભણે છે તેટલું ગણી શકતા નથી. પહેલાના માણસો ભલે ને ચાર ચોપડીઓ ભણેલા હોય પણ એની પાસે હિસાબ કરાવો તો ફટાફટ હિસાબ કરી દેશે પણ આજના બી.એ. પાસ થયેલા માણસને હિસાબ કરવા બેસાડશો તો એ કાગળ ને પેન લઈને બેસશે. તેમાં લખીને હિસાબ કરશે પણ મોઢે હિસાબ નહિ કરી શકે, ત્યારે આગળનું ભણતર એવું હતું કે માણસ ભણીને કીમતું ચણતર કરી શકતો હતો. ભણ્યા પછી સમયોચિત કાર્યો કરી શકતા હતા. જે સમયે જે કાર્ય કરવાનું હોય તે પ્રમાણે તેઓ બુદ્ધિનો ઉપયોગ કરતા હતા. આજનાં યુવાનો ભણે છે અરા પણ ગણતા નથી. જે ભણે છે પણ ગણતા નથી તેની કેવી દશા થાય છે તે ઉપર એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક નાના ગામમાં એક ગોરમહારાજ રહેતા હતા. ગામ નાનકડુ હતું પણ રળિયામણું હતું. આ ગામમાં બધી જ્ઞાતિના માણસો રહેતા હતા પણ ગોર મહારાજનું એક જ ઘર હતું. ગોરમહારાજ બહુ ભલા. તેમનું ગામમાં માન ઘણું હતું. ઘરબારથી સુખી હતા. તેમને બે દીકરા હતા. મોટાનું નામ શ્યામસુંદર અને નાનાનું નામ રામસુંદર. મોટો શ્યામસુંદર તો ગોરમહારાજના ધંધામાં લાગી ગયો ને હોંશિયાર બન્યો. તે પિતાનું બધું કામ સંભાળતો. નાનાને કાશી ભણવા માટે મોકલ્યો. રામસુંદર બાર વર્ષ કાશીમાં

ભણ્યો, ખૂબ ભણીને આવ્યો. ગામના માણસોને થયું કે ગોર મહારાજનો દીકરો કાશી ખૂબ ભણીને આવ્યો છે એટલે આપણે તેનું સન્માન કરવું જોઈએ. ગામ લોકોએ પ્રેમથી તેનું સન્માન કર્યું. ભણ્યો છે પણ ગણ્યો નથી એવો રામસુંદર ઘરમાં સંસ્કૃત જ બોલ્યા કરે આખો દિવસ સંસ્કૃતમાં જ વાતો કરે પણ એ વિચાર નથી કરતો કે હું સંસ્કૃત ભણીને આવ્યો છું. પ્રણ બધા થોડા સંસ્કૃત ભણેલા છે? એની માતા કહે છે બેટા ! તું સંસ્કૃત ભણીને આવ્યો છું એટલે સંસ્કૃતમાં બોલે છે પણ અમે તો એમાં કંઈ જ સમજતાં નથી. તારું બોલવું ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું છે, માટે અમારા સાથે તું ગુજરાતીમાં વાત કર, પણ આ તો સંસ્કૃત બોલવાનું છોડતો જ નથી. તેમજ કોઈ વ્યવહાર પણ સમજતો નથી.

એક વખત મોટો ભાઈ શ્યામસુંદર બિમાર પડયો તે વખતે એની પત્ની પિયર ગઈ હતી. એટલે એની માતાએ કહ્યું–બેટા ! હું એકલી હેરાન થાઉં છું. માટે તું તારા ભાભીને તેડી આવ તો મોટાભાઈની સંભાળ બરાબર રાખી શકાય. ઘરમાં બીજું કોઈ તેડવા જનાર ન હતું તેથી રામસુંદરને જ મોકલવો પડે તેમ હતું. રામસુંદરે કહ્યું ભલે મા ! હું ભાભીને તેડવા માટે જઈશ. જવાનું નક્કી થયું એટલે એની માતાએ કહ્યું–બેટા! વેવાઈને ઘેર જવાનું છે. તને વ્યવહારનું બહુ જ્ઞાન નથી અને વેવાઈને ઘેર જરા ઠાવકા થઈને રહેવું જોઈએ. ત્યાં તને કોઈ કંઈ વાત પૂછે તો તારે બહુ લાંબા ઉત્તર આપવા નહિ. કોઈ વાતમાં એક વખત હા કહેવું અને અવસર જોઈને બીજી વખત ના કહેવું. બે દિવસ ત્યાં રોકાઈને તારા ભાભીને તેડીને આવજે. રામસુંદરે કહ્યું. ભલે મા ! તું ચિંતા ન કરીશ. હું એ પ્રમાણે કરીશ. માતાની શિખામણ લઈને રામસુંદર રવાના થયો. વેવાઈનું ગામ સાત આઠ માઈલ દૂર હતું. ભાઈસાહેબ વેવાઈના ગામમાં પાદરમાં પહોંચ્યા. પાદરમાં એક તળાવ હતું. એટલે રામસુંદરના મનમાં થયું કે લાવને, તળાવમાં સ્નાન કરીને જાઉં. ત્યાં જઈને સ્નાન કરવાની ચિંતા નહિ. સ્નાન કરી બગલે ભીનું ધોતીયું લઈ ગામમાં વેવાઈને ઘેર આવી રહ્યો છે. ભીના કપડે આવતા જોઈને બધાને શંકા થઈ કે કાંઈક નવાજુની છે. સાસુના મનમાં થયું કે જમાઈ બિમાર હતા તો મારા જમાઈનું તો કંઈ નહિ બન્યું હોય ને? એવો વિચાર થતાં શ્યામસુંદરની સાસુની આંખમાં આંસુ આવી ગયા. આજુબાજુથી આડોશી પાડોશી બધા ભેગા થઈ ગયા. રામસુંદરને દૂરથી બેસ ઓઢીને આવતો જોઈને બધા રડવા લાગ્યા એટલે રામસુંદર પણ ભેગો પોકે ને પોકે રડવા લાગ્યો. અહીં તો ભારે રોકકળ મચી ગઈ, પણ કોઈ કોઈને પૂંછતું નથી કે શા માટે રડો છો? બધાને રડતા જોઈને રામસુંદર પણ વધુ જોરથી રડવા લાગ્યો.

કલાક પછી રોકકળ શાંત થઈ પણ રામસુંદર તો કેમે ય કર્યો છાનો રહેતો નથી.

તેથી બધાના મનમાં એમ થયું કે એમના મોટાભાઈના માઠા સમાચાર આપવા આવ્યા લાગે છે, પણ બોલી શકતા નથી. મહામુશીબતે એને છાનો રાખીને પૂછ્યું કે શ્યામસુંદર બહુ બિમાર થઈ ગયા હતા? રામસુંદરે કહ્યું. "હા" શું એમણે લાંબી માંદગી ભોગવી? "ના." ફરીને પ્રશ્ન કર્યો કે શ્યામસુંદર હમણાં જ ગુજરી ગયા? તો કહે છે "હા" (હસાહસ) એની માતાએ શીખવાડયું હતું ને કે તારે એક વખત "હા" કહેવું ને એક વખત "ના" કહેવું પણ વિચાર નથી કરતો કે આ કઈ વાત છે? જેવી વાત હોય તેવો જવાબ આપવો જોઈએ ને? ભાઈની સાસુએ પૂછ્યું કે જમાઈ કંઈ ભલામણ કરીને ગયા છે? તો કહે કે "ના." તમે સમાચાર આપવા આવ્યા છો ને? "હા." તમારે બીજું કંઈ કહેવું છે? "ના." 'હા' અને "ના"ની ઘટમાળમાં શ્યામસુંદરના સાસરિયા સમજી ગયા કે રામસુંદરના દિલમાં મોટાભાઈના આઘાતનું ઘણું દુઃખ છે એટલે રામસુંદર ખાસ ઉત્તર આપતા નથી, તેથી શ્યામસુંદર ગુજરી ગયા છે તે વાત નક્કી. (હસાહસ)

અહીં તો બધાએ ભેગા થઈને શ્યામસુંદરની વહુને ચૂડી કર્મ કરાવ્યું ને સફેદ સાડી પહેરાવી એટલે હાહાકાર મચી ગયો. સગાવહાલા મોઢે આવે એટલે રડવાનું કૂટવાનું ચાલે. બધા રડે એટલે રામસુંદર પણ ભેગો રડી લેતો પણ બીજો કાંઇ ઉત્તર આપતો નહિ બે દિવસ રોકાઇને ત્રીજે દિવસે રામસુંદરે કહ્યું કે હું આજે ઘેર જાઉં છું. મારા ભાભીને મારી સાથે મોકલો, ત્યારે ભાભીની માતા કહે છે ભાઇ! હમણાં એને અમારાથી મોકલાય નહિ. હજુ પરણ્યાને બાર મહિના થયા છે ને શ્યામસુંદર તો ચાલ્યા ગયા. હવે એને અમે મોકલીને શું કરીએ? એ દુઃખિયારી દીકરી અહીં રહેશે. ત્યારે રામસુંદરે કહ્યું કે મારા મોટાભાઈ તો હજુ જીવતા ને જાગતા બેઠા છે ને તમે આ શું બોલો છો! એમની તબિયત બરાબર નથી એટલે મારી માતાએ મને મારા ભાભીને તેડવા મોકલ્યો છે. (હસાહસ) તમારા ભાઈ જીવે છે તો પછી આવું નાટક શા માટે કર્યું? ત્યારે રામસુંદરે કહ્યું મેં નાટક નથી કર્યું. હું આવ્યો ત્યારે તમે બધા ભેગા થઈને રડતા હતા એટલે મેં માન્યું કે તમારા ઘરમાં કોઈ મરી ગયું હશે. જેથી તમે બધા ભેગા થઈને રડો છો. જેથી હું પણ તમારા ભેગો રડવા લાગ્યો. (હસાહસ)

ભાઈ! તમે આવ્યા ત્યારે અમે રડતા હતા એ વાત સાચી પણ પછી અમે તમને પૂછ્યું કે શ્યામસુંદરનું આમ બન્યું? ત્યારે તમે હા કહી. તો તમે એવા ઉત્તર શા માટે આપ્યા? ત્યારે રામસુંદરે કહ્યું કે હું અહીં આવ્યો ત્યારે મારી માતાએ મને શીખવાડયું હતું કે વેવાઈને ઘેર ઠાવકા થઈને જવું. બહુ બોલવું નહિ. કોઈ વાત થતી હોય ત્યારે જો બોલવું પડે તો એક વખત "હા" કહેવી ને એક વખત "ના" કહેવી, તેથી મેં એવા ઉત્તર આપ્યા હતા. આ સાંભળી બધા કહેવા લાગ્યા કે બુદ્ધિનું દેવાળું જ છે ને! બધી વાતમાં "હા ને ના." (હસાહસ) ફરીને પૂછ્યું કે તમે ભીનો બેસ માથે ઓઢીને કેમ

આવ્યા હતા ? તો કહે છે હું ગામના પાદરે તળાવમાં સ્નાન કરીને આવ્યો એટલે ખેસને સૂકવવા માટે માથે ઓઢી લીધો હતો. રામસુંદરની વાતો સાંભળીને તમને હસવું આવ્યું ને ? આનું નામ ભણ્યા ઘણું પણ ગણ્યા નહિ. માટે સમજણપૂર્વકનું જ્ઞાન મેળવો. આપણા આત્માએ જો સમજણપૂર્વકનું જ્ઞાન મેળવ્યું હશે તો જરૂર સંસારની આસક્તિ ઓછી થશે ને અવિરતિમાંથી વિરતીમાં આવવાનું મન થશે.

આપણે શંખકુમારની વાત ચાલી રહી છે. શંખકુમાર કેવા પ્રતાપી ને પરોપકારી છે એ તમે સાંભળી ગયા ને ! પોતાના ગુણોથી દુશ્મનને પણ દોસ્ત બનાવી દીધો. એ મણિશેખર વિદ્યાધર શંખકુમારને કહે છે, હે મિત્ર ! મારા રાજ્યમાં આવ્યા વિના હું તમને નહિ જવા દઉં. શંખકુમારે કહ્યું–મારી છાવણીમાં બધા મારી રાહ જોતા હશે. આ યશોમતીની ધાવમાતા પણ એના વિયોગે ઝૂરી રહી હશે. આમ વાત કરતા હતાં ત્યાં શંખકુમારના માણસો એને શોધતાં શોધતાં ત્યાં આવ્યા એટલે મણિશેખરે કહ્યું–શંખકુમાર ! તમે ચિંતા ન કરશો. હું બે વિદ્યાધરો દ્વારા છાવણીમાં સંદેશો મોકલાવી દઉં છું. મણિશેખરે બે વિદ્યાધરોને જવાની આજ્ઞા આપી એટલે શંખકુમારે કહ્યું કે ત્યાં મતિપ્રભ નામે મારો મિત્ર અને પ્રધાનપુત્ર છે તેને મારો સંદેશો દેજો કે પલ્લીપતિ સમરકેતુને લઇને સેના સહિત તમે હસ્તિનાપુર પહોંચી જાવ અને મારા તંબુમાં યશોમતીની ધાવમાતા છે એને અહીં તમારી સાથે લેતા આવજો. આ સંદેશો લઇને બે વિદ્યાધરો ગયા.

શંખકુમારના સમાચાર જાણવા અધીરી બનેલી સેના :– યશોમતિ શંખકુમારનું બળ, બુદ્ધિ અને રૂપ જોઇને આશ્ચર્ય પામતી મનમાં વિચારવા લાગી કે પેલા સૌદાગરે જેવી શંખકુમારની પ્રશંસા કરી હતી તેવા જ છે. આવા પ્રભાવશાળી પતિને પ્રાપ્ત કરીને હું ભાગ્યશાળી બનીશ. આ સમયે મણિશેખરે ત્યાં ઉભેલી યશોમતીને કહ્યું–યશોમતી ! તું આજથી મારી બહેન છે. મેં તારા ઉપર કુદૃષ્ટિ કરીને તને હેરાન કરી છે. તે મારા અપરાધને તું માફ કરજે. તું અહીં આવ. હું મારી જાતે જ તારો હાથ શંખકુમારના હાથમાં સોંપું. એમ કહીને શંખકુમાર અને યશોમતીનો હસ્તમેળાપ કરાવ્યો. આ તરફ સમાચાર આપવા માટે મોકલેલા વિદ્યાધરો શંખકુમારની છાવણીમાં પહોંચ્યા, ત્યારે એમની સેના તો ચિંતામાં પડી હતી કે શંખકુમાર હજુ કેમ ન આવ્યા ? એ ક્યાં ગયા હશે ? એમનું શું થયું હશે ? ત્યાં જ આ બે વિદ્યાધરો ત્યાં પહોંચી ગયા ને મતિપ્રભને બધા સમાચાર આપ્યા, તેથી મતિપ્રભ ખુશ થયો અને યશોમતીની ધાવમાતાને વિદ્યાધરો સાથે મોકલી આપી, અને પોતે સૈન્ય અને સમરકેતુને લઇને હસ્તિનાપુર પહોંચ્યો.

શંખકુમારને નહિ જોતાં પ્રજામાં વ્યાપેલી ઉદાસીનતા :– હસ્તિનાપુરમાં ખબર પડી કે શંખકુમાર વિજયડંકા વગાડીને આવ્યા છે તેથી નગરીની પ્રજા તેમનું સ્વાગત કરવા ઉમટી. મતિપ્રભ છે, આખું સૈન્ય છે અને સમરકેતુને કેદી બનાવીને લાવ્યા

છે. બધાને જોયા પણ શંખકુમારને ન જોયા એટલે પ્રજાજનો ઉદાસ બની ગયા. શંખકુમારને ન જોયા એટલે નગરજનોમાં વાતો થવા લાગી કે કુમાર લડાઈમાં મરાયા છે. આ વાતની મતિપ્રભને ખબર પડી એટલે તેમણે બધી વાત કહી તેથી સૌને આનંદ થયો. જિતારી રાજાને પણ દૂત દ્વારા સમાચાર મોકલી દીધા કે શંખકુમાર પોતે જ યશોમતીને લઈને તમારી પાસે આવે છે. રાજાને આ સમાચાર મળતાં આનંદનો પાર ન રહ્યો, કારણ કે જ્યારથી વિદ્યાધર યશોમતીને હરણ કરીને લઈ ગયો ત્યારથી રાજા ચારે તરફ તપાસ કરાવતા હતા, પણ આજ દિન સુધી પત્તો લાગ્યો ન હતો. તેમાં આવા સમાચાર મળે પછી આનંદની સીમા રહે !

શંખકુમારનું યશોમતી તેમજ બીજી કન્યાઓ સાથે થયેલ લગ્ન :- આ તરફ મણિશેખર વિદ્યાધર શંખકુમાર અને યશોમતીને લઈને કનકપુરમાં આવ્યો ને ખૂબ સુંદર રીતે તેમનું ભવ્ય સ્વાગત કર્યું ને તેમની ખૂબ મહેમાનગતિ કરી. શંખકુમારનું તેજ અને પરાક્રમ જોઈને મણિશેખર તેમજ બીજા ઘણાં વિદ્યાધરોએ પોતાની પુત્રીઓને શંખકુમાર સાથે લગ્ન કરવાનું કહ્યું ત્યારે શંખકુમારે કહ્યું હું પહેલાં યશોમતી સાથે લગ્ન કર્યા પછી બીજી કન્યાઓ સાથે પરણીશ. થોડા દિવસ કનકપુરમાં રોકાઈને શંખકુમારે મણિશેખર પાસે જવાની રજા માંગી, તેથી અનિચ્છાએ જવાની રજા આપી પણ હું તમારી સાથે જ આવું છું એમ કહીને મણિશેખર તેની પુત્રી સહિત શંખકુમાર સાથે ચંપાનગરી આવ્યા તેમજ બીજા વિદ્યાધરો પણ પોતાની કન્યાઓને લઈને ત્યાં ગયા. જિતારી રાજાને સમાચાર મળતાં આનંદનો પાર ન રહ્યો ને ખૂબ આનંદપૂર્વક ધામધૂમથી શંખકુમારનું સ્વાગત કરીને નગરમાં પ્રવેશ કરાવ્યો અને સુંદર મહેલમાં ઉતારો આપ્યો, અને જ્યોતિષીને બોલાવીને લગ્ન માટે મુહુર્ત જોવડાવ્યું. શુભ મુહુર્તે ખૂબ ધામધૂમથી શંખકુમાર સાથે યશોમતીના લગ્ન કરાવ્યા, ત્યારબાદ બીજા વિદ્યાધરોએ શંખકુમાર સાથે પોતાની કન્યાઓને પરણાવી. થોડા દિવસ ત્યાં રોકાઈને શંખકુમાર યશોમતી તેમજ બીજી પત્નીઓ સહિત હસ્તિનાપુર આવ્યા. રાજાએ પુત્રનું ખૂબ સારી રીતે સ્વાગત કર્યું.

શંખકુમાર માતા પિતાના ચરણમાં પડયા, એટલે પિતાજી પુત્રને ભેટી પડયા ને માતાએ શંખકુમારના ઓવારણા લીધા. બધી પુત્રવધૂઓ પણ સાસુના ચરણમાં પડી એટલે સાસુજીએ આશીર્વાદ આપ્યા. શ્રીષેણ રાજા અને શ્રીમતી રાણી પુત્ર અને પુત્રવધૂઓના મુખડા જોઈને ખુશ થયા. શંખકુમાર મતિપ્રભને મળ્યો ને બધી વાત કરી. આ સાંભળીને નગરજનો શંખકુમારની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. શંખકુમારને યશોધર અને ગુણધર નામે બે નાના ભાઈઓ હતા. કે અમે હવે અપરાજિત કુમારના ભવમાં પણ બંને સાથે હતા. એમનો પણ સાત ભવથી સંબંધ ચાલ્યો આવે છે. શ્રીષેણ રાજાએ

જાણ્યું કે હવે શંખકુમાર રાજગાદીને યોગ્ય છે, એટલે તેમણે શંખકુમારનો રાજ્યાભિષેક કરીને આત્માનું શ્રેય કરવા માટે ગુણધર નામના ગણધર પાસે દીક્ષા લીધી.

દેવાનુપ્રિયો ! આ આત્માઓ કેવા પવિત્ર હશે ! પુત્ર રાજ્યને યોગ્ય થાય કે આત્માનું કલ્યાણ કરવા નીકળી જાય. આજે તો ઘણા આત્માઓ વનમાં પ્રવેશ કરી ગયા હોય છતાં બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવાનું પણ મન ન થાય. એકાવનમું વર્ષ બેસે એટલે તમે કહો છો ને કે અમે હવે વનમાં પ્રવેશ કર્યો. વનમાં પ્રવેશ કરે એને શું કરવાનું ? તે ખબર છે ને ? વૈષ્ણવ લોકો વનમાં જઈ તપ કરતા. તો તમે ઘરમાં બેસીને તો તપ કરો ! બ્રહ્મચર્ય એ મહાન તપ છે. એ તપ ખાતા પીતા કરવાનો છે. વનમાં પ્રવેશીને પણ જો તપ ત્યાગ નહિ કરો તો વનનો દશકો પૂરો કરીને એકસઠ બાસઠમાં પ્રવેશ કરશે ત્યાં હડહડ થશે. જો તમારે હડ હડ ન થવું હોય તો વનમાં પ્રવેશતા પહેલાં ધર્મારાધન કરવા તૈયાર થઈને રહો.

શ્રીષેણ રાજાએ દીક્ષા લીધા પછી શંખકુમાર રાજા બન્યા અને યશોમતી પટ્ટરાણી બની, અને મતિપ્રભ તેનો પ્રધાન બન્યો. શંખકુમાર રાજા બન્યા છતાં રાજ્યસુખમાં આસક્ત બનતા નથી. તે તો એ જ વિચારે છે કે રાગની રમખાણમાંથી નીકળીને ત્યાગના તપોવનમાં હું ક્યારે વિચરીશ ? અલિપ્ત ભાવે રહીને તેઓ રાજ્યનું સંચાલન કરતા હતા.

મુનિને જોતાં હરખઘેલા બનેલા શંખ રાજા અને યશોમતી રાણી :-

એક દિવસ શંખ રાજા અને યશોમતી પટ્ટરાણી મહેલના ઝરૂખામાં ઉભા રહીને નગરની શોભા નિહાળી રહ્યા હતા. તે સમયે તરસથી આકુળવ્યાકુળ બનેલા એક તપસ્વી ગુણનિધિ અને પવિત્ર મુનિરાજને રાજમહેલ તરફ આવતા જોયા. સંતને આવતા જોઈને રાજા રાણીના સાડાત્રણ ક્રોડ રોમરાય ખીલી ઉઠયા. મહેલેથી નીચે ઉતરી મુનિની સામે સાત આઠ પગલા જઈને મુનિને વંદન કરીને કહે છે હે અશરણના શરણ ! અનાથના નાથ ! અધમ ઉદ્ધારક ! પતિતના પાવન ! નિરાધારના આધાર ! પધારો....પધારો, અમારા પરમ સૌભાગ્યથી પુણ્ય વગરનું કલ્પવૃક્ષ આજે ફળેલ છે, મેઘ વગરનો વરસાદ વરસ્યો છે. આજે અમારા મહેલમાં સોનાનો સૂર્ય ઉગ્યો છે. આપના મુનિત દર્શન કરી અમારા દિલ પવિત્ર બન્યા છે. આપ આપના ચરણોની પવિત્ર ધુળથી અમારા ઘરને પવિત્ર કરો. આ પ્રમાણે મુનિની સ્તુતિ કરીને પોતાના મહેલમાં લાવ્યા. આ સમયે ઘરમાં નિર્દોષ અને સૂઝતું માત્ર દ્રાક્ષ ધોયેલું પાણી કડાઈમાં હતું. રાજા-રાણી બંને ઉત્કૃષ્ટ ભાવથી વહોરાવે છે, પણ રાણીએ સહેજ કપટ કર્યું કે હું વધુ નમાવું તો મને વધુ લાભ મળે. જ્યારે રાજાના એ ભાવ હતા કે આપણે બંને સરખો લાભ લઈ એ. દાન દેનાર રાજા-રાણી પવિત્ર હતા, દાન દેનાર સંત પણ પવિત્ર હતા ને દેવાની ચીજ પણ નિર્દોષ હતી. શુદ્ધ ભાવથી દાન આપીને

શંખ રાજાએ ત્યાં તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવાના વીસ બોલ છે. "**અરિહંત સિદ્ધ પવયણુ, ગુરૂ થેર બહુસ્સુએ તવસ્સિસુ.**" અરિહંત ભગવાનના, સિદ્ધ ભગવાનના, ગુરૂના, સ્થાવરના, નિર્ગ્રંથ પ્રવચનના, બહુ શ્રુતના અને તપસ્વીઓના ગુણગાન કરવાથી પણ જીવ તીર્થંકર નામકર્મ બાંધે છે. કેટલો બધો મહાન લાભ છે! જો આત્મા સવળો પુરૂષાર્થ કરે તો એ પણ તીર્થંકર પદની પ્રાપ્તિ કરી શકે છે.

એક હસ્તિપાળ નામના રાજા થઈ ગયા. ગુરૂના સમાગમથી તેમની આત્મદૃષ્ટિ ખુલી ગયેલી હતી. ગુરૂએ તેમને અરિહંત અને સિદ્ધપદનું સ્વરૂપ સમજાવ્યું, એટલે રાજાના મનમાં ભાવના જાગી કે હું કયારે સિદ્ધપદને પામીશ ? સિધ્ધપદની પ્રાપ્તિ માટે તે "નમો સિધ્ધાણું" નો સદા જાપ કર્યા કરતા હતા. રાજપાટ ચલાવતાં પણ સિધ્ધપદની આરાધના ચાલુ જ રાખી રાજ્યના કાર્યમાં ગૂંચાયેલા હોવા છતાં આત્મદૃષ્ટિ ખુલી ગઈ હોવાથી એમને રાજપાટ, સત્તા, વૈભવ, સમૃધ્ધિ, સન્માન વિગેરે કોઈ ચીજનો મોહ ન હતો. સંસારમાં હતાં એટલે રાજ્ય ચલાવવાની જવાબદારી ઉપાડવી પડે તેથી ઉપાડતા બાકી સિધ્ધપદની આરાધના સિવાય બીજે કયાંય દિલ ઠરતું નથી. "નમોસિદ્ધાણું" એ પદનો જાપ અને સિધ્ધ ભગવાનની નિર્મળ અને નિર્વિકારી અવસ્થાનું ચિંતન સદા કર્યા કરતા. હસ્તિપાળ રાજાને સિદ્ધપદનું આરાધન કરતાં કરતાં વૈરાગ્ય આવી ગયો, એટલે સંસારમાં ચેન પડતું નથી. તેમના મનમાં એમ થાય છે કે હું કયારે આ સંસારરૂપી પિંજરમાંથી છૂટું ? ત્યાં જે ધર્મગુરૂએ ધર્મ પમાડયો હતો તે ગુરૂ આવ્યા. રાજાને ખૂબ હર્ષ થયો ને તેઓ સંસાર છોડી સાધુ બન્યા.

ગુરૂદર્શન માટે અન્નપાણીનો કરેલો ત્યાગ :- દીક્ષા લઈને સિદ્ધપદની આરાધના તો જોરદાર ચાલુ રાખી પણ સિદ્ધ ભગવંતની પિછાણ કરાવનાર ગુરૂ ઘણાં દૂર વિચરતાં હતાં, એટલે ગુરૂદેવના દર્શન કરવાની એમના અંતરમાં તીવ્ર તાલાવેલી જાગી, તેથી ગુરૂના જે સ્થવિર સંતો હતા તેમની આજ્ઞા લઈને ગુરૂના દર્શન કરવા માટે વિહાર કર્યો. તે વખતે અભિગ્રહ કર્યો કે જ્યાં સુધી મારા ગુરૂ ભગવંતના દર્શન ન કરું ત્યાં સુધી મારે આહારપાણી લેવા નહિ. ગુરૂના દર્શન કરીને પછી આહાર પાણી લેવા. ગુરૂ દર્શનની ઉત્કૃષ્ટ ભાવનાથી હસ્તિપાળ મુનિ ઉગ્ર વિહાર કરી રહ્યા છે. આ સમયે દેવલોકમાં રહેલા ઈન્દ્રે અવધિજ્ઞાન દ્વારા હસ્તિપાલ મુનિની દૃઢ પ્રતિજ્ઞાની આરાધના જોઈ, તેથી દેવોની સભામાં એમના ગુણ ગાયા કે અહો ! આજે આ પૃથ્વીતલ ઉપર હસ્તિપાળ રાજર્ષિ કેટલી બધી ભવ્ય આરાધના કરી રહ્યા છે! જ્યાં સુધી એમને ગુરૂ ભગવંતના દર્શન ન થાય ત્યાં સુધી આહારપાણીનો ત્યાગ એવી પ્રતિજ્ઞા કરીને ગુરૂદર્શનની ઉત્કૃષ્ટ ભાવનાથી ઉગ્ર વિહાર કરીને જઈ રહ્યા છે. એમની પ્રતિજ્ઞાથી એમને કોઇ ચલાયમાન કરી શકે તેમ

નથી. ધન્ય છે એ રાજર્ષિને ! અને ધન્ય છે એમની આરાધનાને ! ઇન્દ્ર જેવા ઇન્દ્ર ક્યારે પ્રશંસા કરે ? સામાન્ય કોટિની પ્રતિજ્ઞા કે આરાધના હોય તેની પ્રશંસા ન કરે પણ દૃઢ અને ઉચ્ચકોટિની આરાધના હોય ત્યારે જ પ્રશંસા કરે છે.

હસ્તિપાળ રાજર્ષિની કસોટી કરવા આવેલ દેવ :- ઇન્દ્ર મહારાજાએ હસ્તિપાળ મુનિની મુક્તકંઠે પ્રશંસા કરી તેથી સમકિતી દેવોને તો એમના પ્રત્યે આકર્ષણ થયું પણ મિથ્યાત્વી દેવોથી આ પ્રશંસા સહન ન થઈ, તેથી એના મનમાં થયું કે ઇન્દ્ર મહારાજા એક મનુષ્ય જેવા પામર અને અલ્પશક્તિવાળા પ્રાણીની આટલી બધી પ્રશંસા શા માટે કરતા હશે ? હું એની પરીક્ષા કરવા જાઉં. એમ વિચારીને દેવ નીચે ઉતર્યા અને હસ્તિપાળ મુનિને એવી તીવ્ર ભૂખ ને તરસ લગાડી, શરીર અશક્ત બનાવી દીધું એટલે જલ્દી ચાલી ન શકે ગુરૂદેવની પાસે પહોંચવાનો રસ્તો એક મહિનાનો છે. પણ વચમાં એવી ભૂલ-ભૂલામણી કરી દેવા લાગ્યો કે એક મહિને પહોંચી જવાય એવા માર્ગને બે મહિના જેવો લાંબો કરી દેતો. માર્ગમાં કાંટા ને કાંકરા પાથરી દેતો, અને તીવ્ર ભૂખ તરસની જલિમ વેદના મૂકી. કેવું આકરું લાગે પણ હસ્તિપાળ મુનિ બધું સમભાવે સહન કરતા વિહાર ચાલુ રાખે છે, કારણ કે સિધ્ધ ભગવાનમાં મન જોડી દીધું છે ને ગુરૂદર્શનની ઉત્કૃષ્ટ ભાવના છે. સિધ્ધ ભગવાનની એવી સાધના કરે છે કે એમને એમ જ લાગે કે હું સિધ્ધસ્વરૂપમાં સમાઈ જાઉં છું. પોતાનો આત્મા શરીરથી તદ્દન જુદો શરીરના સબંધ વિનાનો અરૂપી લાગતો હતો પછી ભૂખ, તરસ કે થાકની પીડા એમને સતાવે ખરી ? એ તો એમનામાં મસ્ત રહ્યા.

"દેવે માંગેલી ક્ષમા" :- દેવે એમને ખૂબ કષ્ટ આપ્યું પણ સંત સમભાવમાં ઝીલતા રહ્યા, પ્રખર ચિત્તસમાધિ જાળવતા રહ્યા એટલે અંતે દેવ થાકયો અને તીવ્ર વેદના પાછી ખેંચી લીધી અને મુનિના પગમાં પડીને કહે છે હે સમતાના સાગર અને ક્ષમાના ભંડાર ! આપ મારા અપરાધની મને ક્ષમા આપો. હું દેવ છું. ઇન્દ્ર મહારાજાએ આપની દૃઢ પ્રતિજ્ઞાની પ્રશંસા કરી કે આ મુનિ ગમે તેવા સંયોગોમાં એમની પ્રતિજ્ઞાથી ચલિત નથી થતાં. તે સાંભળીને તુચ્છ બુદ્ધિવાળા એવા મેં એમના વચનની શ્રદ્ધા ન કરી અને આપની પરીક્ષા કરી આપને ડગાવવા માટે આવ્યો. બબ્બે મહિના સુધી આપને તીવ્ર પીડા કરી પણ આપ તલ માત્ર પણ ચલિત ન થયા. આપની કેટલી બધી ચારિત્રમાં સ્થિરતા ! કેટલી સહિષ્ણુતા ! અને શરીર પ્રત્યેની કેટલી નિસ્પૃહતા ! ધન્ય છે આપની અડગતાને ! આવા પવિત્ર મહાત્માને મેં કષ્ટ આપ્યું છે તેથી હું આપનો મહાન અપરાધી છું. મને ક્ષમા આપો, ત્યારે મુનિએ કહ્યું-મહાનુભાવ ! તમે મારું કંઈજ બગાડ્યું નથી. તમે મારો કંઈ અપરાધ કર્યો નથી પણ મને કર્મો ખપાવવામાં સહાયક બની ઉપકારી બન્યા છો. મને તમારા ઉપર અભાવ નથી. મારે તો સર્વ કર્મોનો ક્ષય કરીને સિદ્ધપદની

પ્રાપ્તિ કરવી છે. તેમાં મને સહાયક બન્યા છો તમારું કલ્યાણ થજો ! દેવ હસ્તિપાળ મહર્ષિના શબ્દો સાંભળીને સ્તબ્ધ બની ગયા. અહો કેવી અનુપમ તત્ત્વદૃષ્ટિ ! કેવી નિર્લજ્જતા ! ચંદન બાળનારને પણ સુગંધ આપે છે એમ મેં એમને આટલું કષ્ટ આપ્યું છતાં મને કહે છે તારું કલ્યાણ થાઓ ! અહો, મહાત્માને કોડો ધન્યવાદ મને કોટિ કોટિ નમન ! દેવ હસ્તિપાળ મહર્ષિની સ્તુતિ કરીને ઈન્દ્રની સભામાં ગયા અને બાકી અનુભવ કહીને હસ્તિપાલ મહર્ષિની ભારોભાર પ્રશંસા કરી.

હસ્તિપાલ મુનિ પણ પછી ટૂંક સમયમાં પોતાના ગુરૂ ભગવંત પાસે પહોંચી ગયા. ગુરૂ ભગવંતના દર્શન કરી તેમના ચરણોમાં રહી સિદ્ધપદની આરાધના કરતા કરતા આત્મ-કલ્યાણ કરી ગયા. ટૂંકમાં આવા આત્માઓ તીર્થંકર પદની પ્રાપ્તિ કરી શકે છે. આપણું અધિકારના નાયક શંખકુમારે પવિત્ર મુનિને ઉત્કૃષ્ટ ભાવે દ્રાક્ષ ઘોચેલું પાણી વહોરાવીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. શંખકુમારના પિતાજી શ્રીષેણ રાજાએ દીક્ષા લઈને ઉગ્ર સાધના કરી અને ઘાતીકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા. તેઓ ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા હસ્તિનાપુર નગરના ઉદ્યાનમાં પધાર્યા. હવે વનપાલક શંખરાજાને વધામણી આપશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

આપણે બે દિવસથી જુગાર પર પાંડવોની વાત ચાલે છે. ધર્મસભા જુગારમાં બધું હારી ગયા ને છેલ્લે દ્રૌપદીને પણ દાવમાં મૂકી દીધી, પછી દુઃશાસન દ્રૌપદી પાસે આવીને કહે છે-હવે તારા ભાગ્ય જાગ્યા છે કે તું મારા મોટાભાઈ દુર્યોધનની પટ્ટરાણી બનીશ. આ શબ્દો સાંભળીને દ્રૌપદીનું હૃદય ચીરાઈ ગયું ને ક્રોધથી લાલચોળ થઈને બોલી દિયરજી ! જરા વિચારીને બોલો, હું તમારી બધાની ભાભી છું. તમને આવી અનુચિત વાત કરતાં શરમ નથી આવતી ? કંઈક તો મર્યાદા રાખો ? દુષ્ટ દુઃશાસને કહ્યું કે હે વ્યભિચારિણી ! હવે તું મોટી સતી થઈને બેઠી છે તે મેં તને જોઈ લીધી. તારી લાંબી ચોડી વાતો મારે નથી સાંભળવી. સીધી રીતે નહિ આવે તો ચોટલો પકડીને લઈ જઈશ. દ્રૌપદીએ કહ્યું; દિયરજી ! અત્યારે હું ટાઇમમાં છું. એટલે મેં એક જ સાડી ઓઢેલી છે હું નહિ આવું, ત્યારે દુઃશાસન કોઇ વિચાર કર્યા વિના એનો ચોટલો પકડીને ભરસભામાં લાવ્યો. આ સમયે સતી દ્રૌપદી કરૂણ સ્વરે રૂદન કરતી કહેવા લાગી. હે પવિત્ર ધર્મરાજા ! હે ભડવીર ભીમ ! હે ધનુર્ધારી અર્જુન ! આ પાપી દુર્યોધને મારી આ દશા કરી ! મને ઢસેડીને ભરસભામાં લાવ્યો. છતાં તમે બધા જોઇને કેમ બેસી રહ્યા છો ? તમે કોઈ કેમ ઉઠતા નથી ? જેના પાંચ પાંચ પતિ જાગતા ને જીવતાં બેઠા હોય તેની પત્નીની આ દશા ! દ્રૌપદીના આવા ભયાજનક શબ્દો સાંભળીને પાંડવો ધરતી સામે જોઈ રહ્યા અને ભીષ્મપિતામહ, વિદુરજી, દ્રોણાચાર્ય વિગેરે વડીલો આ દૃશ્ય ન જોઇ શકવાથી વસ્ત્ર વડે પોતાનું મુખ ઢાંકી દીધું,

પણ કોઈ કાંઈ બોલી શક્યું નહિ, પણ ગદાધારી ભીમથી આ કાળો કેર સહન ન થયો. એ તો ગદા લઈને ઉઠવા તૈયાર થયો પણ ધર્મરાજાએ ઇશારો કરીને ઉઠવાની ના પાડી. ભાઇ! હું હારી ગયો છું એટલે આપણી દ્રૌપદી ઉપર સત્તા નથી, માટે તું બેસી જા. દ્રૌપદી કાળો કલ્પાંત કરી રહી છે ત્યારે દુર્યોધન કહે છે હે દ્રૌપદી! હવે તારે શું દુઃખ છે? એમ કહી ડાબા પગ ઉપરથી ધોતીયું બસેડીને જાંઘ ખુલ્લી કરીને કહ્યું હે વહાલી દ્રૌપદી! આ ઘૂંઘટ પટ દૂર કરી દે. હવે તારે કોઇની શરમ રાખવાની જરૂર નથી. શરમ છોડીને મારી જાંઘ ઉપર બેસ.

દુર્યોધને આવા શબ્દો કહ્યા એટલે બાણ જેવા શબ્દોથી દ્રૌપદીએ કહ્યું. હે નરાધમ! હે પાપી દુષ્ટ! તને આવા શબ્દો બોલતાં શરમ નથી આવતી? હે કુરૂવંશને કલંકિત કરનારે! તને ધિક્કાર છે! આવા કુવચનો બોલતા તારી જીભ કેમ કપાઇ જતી નથી? દ્રૌપદીના શબ્દો સાંભળીને દુર્યોધન ક્રોધથી સળગી ઉઠ્યો ને કહ્યું હે દુઃશાસન! તું શું જોઇ રહ્યો છે? આ પાપણી, વ્યભિચારણી દ્રૌપદી એને સતી માને છે એટલે હું બોલાવું છું તો પણ આવતી નથી ને તલવારની ધાર જેવા શબ્દો બોલે છે. એ એના મનમાં શું સમજે છે? હવે એ આપણી દાસી છે. એની સાડી ખેંચીને એને સભા વચ્ચે નગ્ન કરો. એટલે દુઃશાસન ચીર ખેંચવા તૈયાર થયો, ત્યારે દ્રૌપદીએ શાસન દેવોને પ્રાર્થના કરી કે હે પ્રભુ! આ દુષ્ટ નીચ મારી લાજ લૂંટવા તૈયાર થયો છે. મારા પતિ હારી ગયા છે એટલે એ કંઈ કરી શકતા નથી. હવે મારી લાજ તારે હાથ છે. મારી લાજ જશે એ તારી લાજ જાય છે. સતીનો પોકાર સાંભળીને શીયળના રક્ષક દેવો દોડતા આવ્યા અને સતીના ૧૦૮ ચીર પૂર્યા. એકસો આઠ ચીર ખેંચતા દુઃશાસન થાકી ગયો એટલે એ ઝંખવાણો થઇને બેસી ગયો ને સતીની લાજ રહી ગઇ. આ સમયે આકાશમાંથી દેવોએ સતી દ્રૌપદીનો જયજયકાર બોલાવ્યો. જય હો-વિજય હો સતી દ્રૌપદીનો. સતીનો જયજયકાર બોલાયો એટલે પાંડવોના પગમાં જોમ આવ્યું, તેથી ભીમ સભા વચ્ચે ઉભો થયો ને ક્રોધાવેશમાં આવીને બોલ્યો કે હું આજે પ્રતિજ્ઞા કરું છું કે ભરી સભામાં દ્રૌપદીનો ચોટલો પકડીને લાવનાર અને એના ચીર ખેંચનાર દુઃશાસનનો હાથ કાપીને એના લોહીથી પૃથ્વીને લાલ બનાવીશ અને પાપી દુર્યોધને દ્રૌપદીને જાંઘ બતાવી છે, એની જાંઘના મારી ગદાથી ચૂરેચૂરા કરી નાંખીશ. જો આ કાર્ય હું ન કરું તો હું પાંડુપુત્ર ભીમ નહિ. જો હું આ વૈરનો બદલો ન લઉં તો મારું ક્ષત્રિયપણું છોડી દઇશ.

બંધુઓ! આ વાત તો ઘણી લાંબી છે. ટૂંકમાં આપણે તો એ સમજવું છે કે જુગારે કેટલો વિનાશ સર્જ્યો! પાંડવોને ભિખારી બનાવ્યા ને બાર વર્ષ વનવાસ મોકલ્યા, ને તેરમું વર્ષ ગુપ્ત રહેવાનું. વનવગડાના બાર વર્ષો મહાન કષ્ટમાં પસાર કર્યા અને તેરમે વર્ષે વિરાટ રાજાના રાજ્યમાં યુધિષ્ઠિર રાજપુરોહિત બન્યા, અર્જુન નપુંસક બની

સ્ત્રીનો વેશ પહેરીને વિરાટ રાજાની પુત્રી ઉત્તરાને સંગીતકળા શીખવાડનારો બન્યો. ભીમ રસોઇયો, સહદેવ અશ્વપાળ અને નકુળ ગોપાળ બન્યો. દ્રૌપદીને રાણીની દાસી બનવું પડ્યું. આ બધું કરાવનાર હોય તો જુગાર છે. માટે આ જુગારને ભયંકર અને અનર્થકારી સમજી આજે જ એનો ત્યાગ કરજો, અને જુગાર રમવું નહિ તેવી પ્રતિજ્ઞા લઈ લો. સમય થઈ ગયો છે, વધુ ભાવ અવસરે.

(પૂ. મહાસતીજીએ જુગાર ભયંકર વ્યસન છે તે ઉપર જોરશોરથી પ્રવચન આપ્યું. તેમની પ્રેરણાથી ઘણાં ભાઈ–બહેનોએ જુગાર ન રમવો તેવી પ્રતિજ્ઞા કરી હતી.)

●

વ્યાખ્યાન નં. ૪૩

શ્રાવણ વદ ૧૦ ને સોમવાર **તા. ૨૮-૮-૭૮**

અનંત ઉપકારી તીર્થંકર દેવોએ ભવ્ય જીવોને શાશ્વત સિદ્ધિનો માર્ગ બતાવ્યો છે. જે જીવો આ માર્ગે ચાલે છે તેનું અવશ્ય કલ્યાણ થાય છે. આ જીવને સાધના કરવા માટે તમામ સાધનો મળ્યા છતાં સાધક બન્યો નથી. સાધનાને સિદ્ધ કરવાના સાધનો ઉપલબ્ધ હોવા છતાં સાધ્ય તરફ લક્ષ કર્યું નથી. તેના કારણે જીવ અનંતકાળથી જન્મ-મરણના દુઃખ પામી રહ્યો છે, અને સંસારમાં બીજા અનેક પ્રકારના દુઃખો સહન કરી રહ્યો છે. હવે એ દુઃખોથી મુક્ત થવાનું તમને મન થાય છે? જો મન થતું હોય તો સંયમ માર્ગ અપનાવવો પડશે, કારણ કે સંસારનું સુખ અસ્થિર છે બાહ્ય પદાર્થો ગમે તેટલા મળશે પણ તમારા ચિત્તમાં શાંતિ નહિ થાય. જેમ શરીરમાં દાહજ્વર જેવી કાળી બળતરા થાય ત્યારે ઉપરથી ચંદનના ગમે તેટલા વિલેપનો કરવામાં આવે તો એ બળતરા શાંત થાય ખરી? "ના." કારણ કે બળતરા અંદર થાય છે ને વિલેપન બહાર કર્યા છે એનાથી કદી શીતળતા નહિ મળે, તેમ જ્ઞાનીપુરૂષો કહે છે કે જો આત્માનું સુખ જોઇતું હોય તો અંતરમાં દૃષ્ટિ કરો. બાહ્ય પદાર્થો સુખ કે શાંતિ નહિ આપે, કારણ કે બાહ્ય પદાર્થો પોતે જ ક્ષણિક છે પછી તેમાંથી શાશ્વત સુખ ક્યાંથી મળે? ભૌતિક વૈભવો તાપથી ધગધગતા રણમાં બરફના ટુકડા જેવા છે. પાણી વચ્ચે પતાસા જેવા છે. ગરમીથી ધગધગતા રણમાં એક બરફનો ટુકડો મૂકીએ તો કેટલી વાર ટકી શકે? પાણીમાં પતાસું મૂકો તો કેટલી વાર ટકે? તરત જ ઓગળી જાય ને? સંસારના સુખો પણ આવા છે. જ્ઞાનીપુરૂષો કહે છે કે તમારે સાચું સુખ જોઇતું હોય તો અમારા ત્યાગના માર્ગે આવો તો તમારા દુઃખોનો દાવાનળ શાંત થશે ને આત્મામાં શીતળતા મળશે. વીતરાગી સંતોને જેટલું સુખ છે તેટલું સુખ આ દુનિયામાં કોઈની પાસે નથી.

વીતરાગ પ્રભુના સાચા સંતો શાસનના સ્થંભ સમાન છે. સ્થંભ મજબૂત હોય તો

શાસનને પણ ઉજ્જવળ બને ને ? શાસન ટકી શકે ને ? સંતો પંચ મહાવ્રતનું પાલન માથા સાટે કરશે. પોતાના પ્રાણ જવા દેશે પણ મહાવ્રતમાં દોષ લાગવા નહિ દે. સાધુ ગોચરી જાય તો પણ નિર્દોષ અને સૂઝતો આહાર મળે તો જ ગ્રહણ કરે. ન મળે તો ભૂખ્યા રહે પણ અસૂઝતો કે આધાકર્મી આહાર સાધુ ગ્રહણ નહિ કરે. સાધુ સંસ્થાને જાગૃત બનાવવા માટે પહેલા શ્રાવકોએ જાગૃત બનવાની જરૂર છે. કારણ કે શ્રાવક-શ્રાવિકાઓ સાધુના અગ્રગામિયા સમાન છે. તમને સાધુ-સંતો તમારા સંતાન જેવા ભલે વહાલા હોય પણ એમના રાગી બનીને ચારિત્રમાં પોલ ન પેસવા દેશો. સંતની સેવા માટે પ્રાણ દેવા પડે તો દો પણ સાથે સાધુ શિથિલાચારી ન બને તેનું ધ્યાન રાખજો. મારા સંતો વીતરાગ શાસનને વફાદાર રહી શાસનને ઉજ્જવળ કેમ બનાવે એવું ઈચ્છજો. એમનું ચારિત્ર પણ નિર્મળ કેમ બને એવો સાથ આપજો પણ ચારિત્રથી પડવાઈ થાય તેવો સાથ ન આપશો. ભગવાનના સંતો બેંતાલીશ દોષરહિત નિર્દોષ આહાર-પાણી ગ્રહણ કરે છે. પ્રશ્નવ્યાકરણ-સૂત્રમાં ભગવાને કહ્યું છે કે મારા સંતો કેવો આહાર કરે ?

तहा भोत्तव्वं जहा से जाया माया य भवति ।
न य भवति विब्भमो न भंसणा य धम्मस्स ॥

સાધુએ પોતાની જીવનયાત્રા અને સંયમયાત્રાને માટે ઉપયોગી થાય તેવો હિત અને મિત આહાર કરવો જોઈએ. જેથી કોઈ જાતનો વિભ્રમ કે ધર્મની ભ્રંસના થાય નહિ. સાધુને ભગવાને સંયમ યાત્રાનું વહન કરવા માટે ખાવાનું કહ્યું છે પણ ખાઈ પીને પાટ ઉપર પડી રહેવા માટે નહિ. જેટલો નિર્દોષ, શુદ્ધ અને મર્યાદિત આહાર કરે તેટલું ચારિત્ર પણ નિર્મળ પાળી શકે છે, અને જે સાધુ ખાનપાનમાં આસકત બનીને દોષિત આહાર-પાણી ગ્રહણ કરે છે તેનું ચારિત્ર મલીન બને છે. ભગવાને સૂયગડાયંગ સૂત્રમાં કહ્યું છે કે હે સાધક ! તું સંયમની મર્યાદામાં નહિ રહે અને દોષિત આહારપાણી ગ્રહણ કરીશ તો તારી દશા વૈશાલિક માછલી જેવી થશે.

उदगस्स पहावेण, सुक्कं सिग्घं तिमंति उ ।
ढंके हि य कंकेहि य, आमिसत्थेहिं ते दुही ॥

સૂય. અ. ૧ ઉ. ૩ ગાથા ૩

વૈશાલિક નામની માછલી દરિયાના મધ્યભાગમાં જ્યાં અગાધ જળ હોય છે ત્યાં રહે છે પણ કોઈવાર એને સાગરનો કિનારો જોવાની ઇચ્છા થાય છે, ત્યારે તે પાણીના પ્રવાહની સાથે તણાઈને સમુદ્રના કિનારે આવે છે. એ માછલી જાડી ને જબ્બર હોય છે. એના રોમરાય આપણા હાથ જેટલા લાંબા હોય છે. હવે એ પાણીના પૂરપ્રવાહની સાથે કિનારે તો આવી પણ પાણીનો આવવાનો જેટલો વેગ હોય છે તેટલો વેગ જતી વખતે હોતો નથી, તેથી આવી મોટી વજનદાર માછલી કિનારે પડી રહે છે ને તેના રોમરાય કીચડમાં દબાઈ

જાય છે. આથી માછલી પાણી વિના તરફડે છે ને શેભરાય ખેંચવાથી ભયંકર ચીસો પાડે છે. તે સાંભળીને ઢંક અને કંક નામના છરા જેવી મોટી ચાંચોવાળા પક્ષીઓ ત્યાં આવીને માંસ ખાવા માટે માછલીના શરીરને કોચી ખાય છે ને લોહીલુહાણ કરે છે. આ રીતે વૈશાલીક માછલી ભયંકર દુઃખી થાય છે, તેવી રીતે જ્ઞાની કહે છે.

तमेव अवियाणंता, विसमंसि अकोविया ।
मच्छा वेसालिया चेव, उदगस्सऽभियागमे ॥

સૂય. અ. ૧ ઉ. ૩ ગાથા ૨

આધાકર્મી આહારના દોષને નહિ જાણનારા, સંસાર તથા આઠ પ્રકારના કર્મોના જ્ઞાનમાં અકુશળ, આધાકર્મી આહારનો ઉપભોગ કરનારા સંતો વૈશાલિક નામની માછલીની જેમ દુઃખી થાય છે. માટે સાધુએ આધાકર્મી આહાર ગ્રહણ કરવો ન જોઇએ. આધાકર્મી આહાર વહોરનાર સાધુ–સાધ્વી અને વહોરાવનાર શ્રાવક–શ્રાવિકા બંનેની દુર્ગતિ થાય છે, માટે આધાકર્મી આહાર વહોરાવશો નહિ.

ગઇ કાલે આપણે વાત કરી હતી કે શંખરાજા અને યશોમતી રાણીના આંગણે ચારિત્રની જ્યોતથી ઝગમગતા પવિત્ર સંત પધાર્યા. સંતને જોઇને તેઓ ખુશ થઈ ગયાં અને

શંખરાજા ને જશોમતી રાણી, જેમણે વહોરાવ્યા દ્રાક્ષ તણાં રે પાણી,
તીણશું તીર્થંકર નામ કર્મ રે બાંધ્યું, અહો દાન વડો જગમાં પાયો.

દ્રાક્ષ ધોયેલું પાણી ઉત્કૃષ્ટ ભાવે વહોરાવ્યું તો શંખરાજાએ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. સંત તો વહોરીને ચાલ્યા ગયા પણ ઉત્કૃષ્ટ ભાવે જે નિર્દોષ–શુધ્ધ દાન દીધું છે તેનો હર્ષ શંખરાજાના હૈયામાં સમાતો નથી. લેનાર અને દેનાર બંને પાત્રો શુધ્ધ હોય અને દાન પણ શુધ્ધ હોય તેનો આનંદ કોઈ અનેરો હોય છે. દશવૈકાલીક સૂત્રમાં ભગવાને કહ્યું છે કે.

दुल्लहा उ मुहादाई, मुहाजीवि वि दुल्लहा ।
मुहदाई मुहाजीवि, दोवि गच्छन्त सुग्गइ ॥

અ.૫ ઉ. ૧ ગાથા ૧૦૦

આવા સુપાત્ર દાન દેનારા પણ દુર્લભ છે ને લેનારા મળવા પણ દુર્લભ છે. લેનાર અને દેનાર બંને પાત્રો શુધ્ધ હોય અને વસ્તુ પણ શુધ્ધ હોય તો બંને સદ્ગતિમાં જાય છે. (અહીં પૂ. મહાસતીજીએ એક દૃષ્ટાંત આપીને સમજાવ્યું હતું કે કરોડપતિના દીકરાએ સંસાર છોડી સંયમ લીધો. ઉત્કૃષ્ટ ભાવે દીક્ષા લીધી પણ પછી સંસારીના રાગમાં ફસાયો ને ગોચરી પણ એવી જ થવા માંડી. બાર વર્ષે તેની દૃષ્ટિ ખુલી અને વિચાર કર્યો કે મેં ચારિત્ર શા માટે લીધું છે? પછી જીવન પલ્ટાયું અને જે ચારિત્ર

પાળ્યું તેમાં અને આગળમાં કેટલો બધો ફરક પડયો તે સચોટ દાખલો આપીને સમજાવ્યું હતું, અને ચારિત્ર ઉપર તેમજ નિર્દોષ ગોચરી ઉપર ખૂબ ભાર મૂકી જનતાને સાચો માર્ગ ખૂબ સુંદર શૈલીથી સમજાવ્યો હતો.)

શંખરાજા અને યશોમતી રાણીએ પવિત્ર સંતને દ્રાક્ષ ધોયેલું અચેત પાણી ઉત્કૃષ્ટ ભાવથી વહોરાવ્યું. તેમાં યશોમતી રાણીના મનમાં વહોરાવતી વખતે એવી ભાવના થઇ કે હું રાજા કરતાં વધારે લાભ લઇ લઉં, એટલે માયા કરીને દ્રાક્ષ ધોયેલું પાણી જે વાસણમાં ભરેલું હતું તે વધુ નમાવી દીધું. રાજાના મનમાં એવી માયા ન હતી. માત્ર દાન દેવાની ઉત્કૃષ્ટ ભાવના હતી. તે ભાવનાથી વહોરાવીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. સંત વહોરીને ગયા પણ સંયમની સુવાસ મૂકતા ગયા. શંખરાજાના મનમાં પવિત્ર વિચારો આવવા લાગ્યા. સંસારમાં રહેવા છતાં ત્યાગમાર્ગની ભાવના ભાવતા સંસારમાં દિવસો વીતાવતા હતા.

શંખરાજાના પિતાજી શ્રીષેણ મુનિ કેવળજ્ઞાન પામ્યા બાદ ગ્રામાનુગ્રામ વિચરતા અનેક ભવ્ય જીવોને બોધ આપતા એક દિવસ હસ્તિનાપુર ઉદ્યાનમાં પધાર્યા. વનપાલક દોડતો શંખરાજાને વધામણી આપવા આવ્યો. પોતાના પિતાજી કેવળજ્ઞાની બનીને પધાર્યા છે. એ સાંભળીને શંખરાજાના સાડા ત્રણ ક્રોડ રોમરાય ખીલી ઉઠયા. વધામણી આપવા આવનારને રાજાએ કિંમતી વસ્ત્રાભૂષણો આપીને સંતુષ્ટ કરી વિદાય કર્યા. હવે જલ્દી દર્શન કરવા જવાની ચટપટી લાગી છે. પોતાના પરિવાર સહિત શંખરાજા તેમને વંદન કરવા માટે આવ્યા. કેવળી ભગવાનને વંદન કરીને દેશના સાંભળવા બેઠા. શંખરાજાના અંતરમાં વૈરાગ્યની છોળો ઉછળતી હતી. તેમાં કેવળી ભગવાનની વાણી સાંભળીને જલ્દી સંસાર છોડવાની ભાવના જાગી. ભગવાનની દેશના સાંભળ્યા પછી શંખરાજા વંદન કરીને ભગવાનને પૂછે છે.

"શંખરાજાએ કેવળી ભગવાનને કરેલી પૃચ્છા"– હે ભગવંત ! આપની વાણી સાંભળીને મને સમજાઈ ગયું કે આ સંસાર અસાર છે. સ્વાર્થનો ભરેલો છે. આ સંસારમાં કોઈ કોઇનું નથી, છતાં એક વાત હું આપને પૂછું છું કે મારે ઘણી રાણીઓ છે. દરેક રાણીઓને મારા પ્રત્યે ખૂબ પ્રેમ છે. મારા માટે એ બધી રાણીઓ પ્રાણ પાથરે તેવી છે, છતાં બધી રાણીઓ કરતાં આ યશોમતી પ્રત્યે મને કેમ વધારે પ્રેમ છે ? ત્યારે કેવળી ભગવાને કહ્યું–હે રાજન્ ! આજથી સાતમા ભવે તું જ્યારે ધનરાજા હતો ત્યારે આ યશોમતી તારી ધનવતી નામની રાણી હતી. ત્યાં તમે બંનેએ સાથે દીક્ષા લીધી હતી ને અંતે અનશન કરીને બંને કાળ કરીને સૌધર્મ દેવલોકમાં દેવ થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને તું ચિત્રગતિ વિદ્યાધર થયો ને યશોમતી રત્નવતી નામે તારી પટ્ટરાણી થઇ. ત્યાં દીક્ષા લઈ કાળ કરીને તમે દેવલોકમાં દેવ થયા ને પછી મનુષ્યભવમાં આવીને તું

અપરાજિતકુમાર અને યશોમતી પ્રીતિમતી નામે તારી પટ્ટરાણી થઈ. ત્યાં પણ તમે બંને જણાં દીક્ષા લઈને દેવલોકમાં ગયા. ત્યાંથી ચવીને તું શંખકુમાર અને એ યશોમતી તમે બંને પતિ પત્ની થયા. આ રીતે સાત સાત ભવથી તમારો બંનેનો પૂર્વજન્મનો સ્નેહ છે. અહીં પણ તમે બંને દીક્ષા લઈને કાળ કરીને પાંચ અનુત્તર વિમાનમાં ચોથા અપરાજિત નામના વિમાનમાં મહર્ધિક દેવ થશો ને ત્યાંથી ચવીને તમે નેમનાથ નામે બાવીસમા તીર્થંકર થશો ને યશોમતી રાજેમતી થશે. તે ભવમાં એ તમારી અવિવાહિતા અનુરાગી થશે ને તમે બંને દીક્ષા લઈને પરમપદને પામશો, તેમજ તમારા બે નાના ભાઈઓ અને મતિપ્રભ પ્રધાન તમારા ગણધરો બનશે.

કેવળી ભગવંતના મુખેથી પોતાના આગામી ભવની વાત સાંભળીને ખૂબ આનંદ થયો અને તે જ વખતે શંખરાજાએ પોતાના પુંડરિક નામના પુત્રને ગાદીએ બેસાડી પોતે દીક્ષા લીધી. તેમની સાથે યશોમતી રાણી, બે નાના ભાઈ અને મતિપ્રભ પ્રધાને પણ દીક્ષા લીધી. સંયમની ઉગ્ર સાધના કરીને આયુષ્ય પૂર્ણ થતાં બધા અપરાજિત વિમાનમાં દેવ થયા. આ રીતે નેમનાથ ભગવાન અને રાજેમતીના આઠ ભવ થયા. હવે એમનો નવમો ભવ શરૂ થશે. એ નવમા ભવમાં એ મહાન આત્મા કયા કુળમાં જન્મ લે છે, એમનો વંશ કયો હતો તે વાત ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનમાં આવશે. હવે નેમનાથ ભગવાનના ભવની વાત શરૂ થાય છે.

सोरियपुरम्मि नयरे, आसी राया महिड्ढिए ।
वसुदेवत्ति नामेणं, रायलक्खण संजुए ॥१॥

શાસ્ત્રકાર ભગવંત પહેલાં એ બતાવે છે કે નેમનાથ ભગવાન જે કુળમાં ઉત્પન્ન થયા હતા એ કુળમાં વડીલો કોણ કોણ હતા? પહેલાં એમના વડીલોની વાત આવશે. પછી નેમનાથ ભગવાન કોના પુત્ર હતા તે વાત બતાવવામાં આવશે. નેમનાથ ભગવાન અને કૃષ્ણ વાસુદેવ બંને સગા કાકાના દીકરાઓ છે. શૌર્યપુર નગરમાં વસુદેવ નામે એક મહર્ધિક રાજા રાજ્ય કરતા હતા. તે વસુદેવ રાજા ચક્ર, સ્વસ્તિક, અંકુશ, છત્ર, ચામર, હસ્તિ, અશ્વ, સૂર્ય, ચંદ્ર ઇત્યાદિ રાજચિન્હોથી તેમજ દાન, સત્ય, શૌર્ય ઇત્યાદિ લક્ષણોથી યુક્ત હતા. જેઓ છત્ર, ચામર આદિ મહાન વિભૂતિના અધિપતિ હતા. એવા વસુદેવ રાજાના પુત્ર કૃષ્ણવાસુદેવ હતા. હવે એ વસુદેવ રાજાને કેટલી રાણીઓ હતી, અને નેમનાથ ભગવાનના માતા-પિતા કોણ હતા તે વાત શાસ્ત્રકાર ભગવંત બતાવશે. તીર્થંકર ભગવાનના માતા-પિતા બનનાર આત્માઓ મહાન પુણ્યવાન હોય છે. સામાન્ય માણસો તીર્થંકર પ્રભુના માતા-પિતા બની શકતા નથી. નેમનાથ ભગવાનના માતા-પિતા કોણ બનશે તે ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- જિનસેનકુમાર અને રામસેનકુમાર બંને રાજકુમારો માતા-પિતાનો

મોહ છોડીને ગુરૂકુળમાં ભણવા માટે ગયા છે. ગુરૂ બધા વિદ્યાર્થીઓને સમાન ભાવથી ભણાવે છે પણ જેનામાં જેટલી પાત્રતા હોય તેટલું તે ગ્રહણ કરી શકે છે. જ્ઞાન મેળવવા માટે સારું પાત્ર હોવું જોઈએ. જેમ દૂધ લેવા જાવ ત્યારે દૂધ એક જ કેનમાંથી બધાને આપે છે પણ જેનું વાસણ ખાટું હોય તેનું દૂધ ફાટી જાય છે. તો શું દૂધવાળાનો દોષ છે? ના વાસણનો. તે રીતે બંને કુમારને જ્ઞાન સરખું આપે છે પણ જેની જેવી લાયકાત. જિનસેનમાં વિનય, નમ્રતા, સરળતા વિગેરે અનેક ગુણો ભરેલા છે. આવા ગુણોથી તે ગુરૂકુળમાં બધા વિદ્યાર્થીઓને અને પોતાના ગુરૂને પ્રિય થઈ પડ્યો છે. તે નિત્ય નવું નવું જ્ઞાન ગ્રહણ કરે છે. ગુરૂએ સમજાવ્યા પછી જો કોઈને ન સમજાય તો સૌ જિનસેન પાસે સમજવા આવતા, પણ અભિમાની રામસેન કુમાર તો અક્કડ બનીને ફરતો હતો.

એક વખત પ્રધાનજીને વિચાર થયો કે હું બંને કુમારોની ખબર લઈ આવું તેથી એ ગુરૂકુળમાં આવ્યા. પ્રધાનજીને આવતા જોયા કે જિનસેનકુમાર દોડતો એમના સામે ગયો ને તેમને વળગી પડ્યો ને કહ્યું-કાકા ! તમે આવ્યા ? એમ કહીને પગે લાગ્યો. માતા-પિતાના ખબર પૂછ્યા. મારા માતા-પિતાની તબિયત સારી છે ને ? કાકા આપ પણ મઝામાં છો ને ? જિનસેનનો વિનય, વિવેક આદિ ગુણો જોઈને પ્રધાનજીની આંખડી ઠરી ગઈ. રામસેન પ્રધાનજીને આવતા જોઈને ઉભો રહ્યો ને આવ્યા એટલે પૂછ્યું-કેમ કાકા ! તમે આવ્યા ? આટલું પૂછ્યું પણ હાથ જોડવાની તો વાત જ કેવી ? આ બંનેની વર્તણુંકથી પ્રધાનજી સમજી ગયા કે જિનસેન કુમાર રાજ્યને યોગ્ય છે. છતાં ગુરૂજીને પૂછ્યું-બંને કુમારોમાં રાજ્યને યોગ્ય કોણ કુમાર છે ? ત્યારે ગુરૂજીએ કહ્યું-પ્રધાનજી ! તમે તો બુદ્ધિના નિધાન છો. આપ સ્વંય જ પરીક્ષા કરી લો ને ! પ્રધાને કહ્યું – હું તો પરીક્ષા કરવાનો જ છું પણ આ તો આપની પાસેથી રીઝલ્ટ મેળવવા માટે પૂછું છું, ત્યારે ગુરૂએ કહ્યું-પ્રધાનજી ! સાંભળો.

જિનસેન હૈ ગુણકા દરિયા, વિદ્યાવંત ગુણવાન,
કહાં તક તારીફ કરું ઇન્હોંકી, હૈ ગુણોકી ખાન.

આ આપણો જિનસેન કુમાર તો ગુણગુણનો ભંડાર છે. અત્યાર સુધીમાં ઘણાં રાજકુમારો અને વિદ્યાર્થીઓ મારી પાસે આવ્યા પણ જિનસેન કુમાર જેવો વિનય-વિવેક મેં કદી કોઈનામાં જોયો નથી. એનામાં વિનય વિવેક તો છે જ. સાથે બુદ્ધિ પણ ઘણી છે. એટલે તે ખૂબ જ્ઞાન લાવે છે. મને પૂછો તો રાજગાદી તો જિનસેન કુમારને જ આપજો. એનામાં રાજા બનવાને યોગ્ય ગુણો ઘણાં છે. જ્યારે રામસેન કુમાર રૂપમાં ઘણો રૂડો છે પણ એનામાં ગુણ નથી. ગમે તેટલું ભણાવું પણ એને કંઈ આવડતું જ નથી, માટે એનામાં રાજગાદી ચલાવવાની લાયકાત નથી. આ સાંભળીને પ્રધાનજીના મનમાં થયું કે નક્કી જિનસેનકુમાર જ રાજ્યનો અધિકારી બનશે, પણ રામસેન રાજાની

માનીતી રાણીનો પુત્ર છે અને જિનસેન તો અણમાનીતીનો પુત્ર છે. છેવટે ગુરૂજીની વાત સાંભળીને પ્રધાનજી પરીક્ષા લેવા માટે તૈયાર થયા. તેમણે જિનસેનને પાસે બોલાવીને ઘણાં ઘણાં પ્રશ્નો પૂછયા. તેના બરાબર જવાબ આપ્યા. એક પણ પ્રશ્ન ફેલ ન ગયો. જિનસેનની પરીક્ષા કરીને પ્રધાને રામસેનને બોલાવ્યો ને તેને ઘણાં પ્રશ્નો પૂછયા પણ એકે પ્રશ્નનો જવાબ આપી ન શકયો મૌન ઉભો રહ્યો. શું જવાબ આપે? આવડે તો જવાબ આપે ને? મંત્રી સમજી ગયો કે આ તો શોભાનો ગાંઠીયો છે.

"જિનસેનના વિનયથી પ્રધાનને થયેલો સંતોષ" :- બંનેની પરીક્ષા કરીને પ્રધાન પાછો ફરે છે ત્યારે જિનસેન કુમાર પગે લાગ્યો ને કહ્યું, મારા માતા-પિતાને મારા પ્રણામ કહેજો. કાકા! તમે આવ્યા એટલે મને તો ખૂબ આનંદ થયો છે. હવે વહેલા આવજો. એમ કહીને પાછો લેટી પડયો ને દૂર સુધી વળાવવા ગયો. જેનામાં સ્વયં બુદ્ધિ છે તેને કહેવું નથી પડતું કે આમ કર. રામસેન તો પ્રધાનને પગે પણ ન લાગ્યો કે માતાપિતાને સમાચાર પણ ન કહેવડાવ્યા અને મૂકવા પણ ન ગયો. થાંભલાની જેમ ઉભો ઉભો માત્ર આટલું જ બોલ્યો કે કાકા આવજો. પ્રધાન બંને કુમારોની પરીક્ષા કરીને સભામાં આવ્યા અને રાજાને બધી વાત કરી. બે વર્ષ પછી કુમારોનો અભ્યાસ પૂરો થયો એટલે ગુરૂ એમને બંનેને રાજા પાસે મૂકવા આવ્યા. રાજાએ ગુરૂનો સત્કાર કર્યો ને ઘણું ધન આપીને વિદાય કર્યા. પ્રધાને જિનસેન કુમારના રાજા પાસે ખૂબ વખાણ કર્યા હતા પણ રાજાને તો એનો પરિચય ન હતો. અત્યારે તો બંને કુમારો પિતાજીને પગે લાગીને પોતાની માતા પાસે ગયા. રાજાએ વિચાર કર્યો કે બંને કુમારો ભણીને આવ્યા છે તો હું તેમની પરીક્ષા કરું.

"બંને કુમારોને રાજસભામાં આવવાનું મહારાજાનું આમંત્રણ" :- બંને રાણીઓને કહેવડાવી દીધું કે બંને કુમાર બાર વર્ષ ગુરૂકુળમાં અભ્યાસ કરીને આવ્યા છે તો એમને તૈયાર કરીને આવતી કાલે રાજસભામાં મોકલજો. રાજા ભરસભામાં એમની પરીક્ષા કરશે. બીજી તરફ રાજાએ સેવકોને કહ્યું કે આપણાં નગરમાં મોટા મોટા માણસોને સભામાં આવવાનું આમંત્રણ આપો ને સભાને ખૂબ શણગારો. એટલે સેવકોએ સભાગૃહને ધ્વજપતાકા અને તોરણોથી શણગાર્યું ને મોટા મોટા માણસોને સભામાં આવવાનું આમંત્રણ આપ્યું. બીજે દિવસે આખી સભા ઠઠ ભરાઇ ગઈ. જિનસેન અને રામસેન ભણીને આવ્યા છે. એમની પરીક્ષા છે એટલે પ્રજાજનો ખૂબ ઉમટયા છે. માનવમેદનીનો પાર નથી. સમય થતાં જિનસેન અને રામસેન બંને કુમારો સભામાં આવ્યા. રામસેન તો માનીતીનો પુત્ર છે. એટલે એને તો એની માતાએ ખૂબ ભારે વસ્ત્રાભૂષણોથી શણગારીને મોકલ્યો છે પણ જિનસેનની માતા પાસે ભારે પોશાક ન હતો. એની પાસે જે કપડા હતા તે પ્રમાણે પુત્રને શણગારીને મોકલ્યો. જિનસેન સભામાં આવતી વખતે પણ માતાને પગે લાગ્યો. માતાએ તેને અંતરના

આશીર્વાદ આપ્યા કે દીકરા ! તું પરીક્ષામાં પહેલો નંબર લેજે. જિનસેન સાદા વેશમાં છે ને રામસેને શણગાર સજેલા છે છતાં સાદા વેશમાં જિનસેનકુમાર શોભી ઉઠયો છે. પ્રજાજનો પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા કે પ્રભુ ! અમારી માતા સમાન જિનસેના રાણીના પુત્રની જીત થજો. અને સૌ જિનસેનકુમારને અંતરના આશીર્વાદ આપે છે. બંને કુમારો પિતાને પગે લાગીને બેસી ગયા.

"જિનસેન અને રામસેનની પરીક્ષા કરતા મહારાજા":–ભરસભામાં મહારાજાએ પહેલા રામસેનકુમારને ઉભો કર્યો ને એક પછી એક પ્રશ્નો પૂછવા માંડયા પણ રામસેન એક પણ પ્રશ્નનો જવાબ આપી શકતો નથી. તે ખૂબ ગભરાઈ ગયો ને પરસેવા વળવા લાગ્યા. ભણ્યા હોય તો આવડે ને ? સામાન્ય પ્રશ્નોના જવાબ પણ તે આપી શકયો નહિ, તેથી લોકો અંદરોઅંદર વાતો કરવા લાગ્યા. જુઓ તો ખરા ! પટ્ટરાણી રત્નવતીનો લાડકવાયો દીકરો કેવો સજીધજીને આવ્યો છે પણ એક પણ પ્રશ્નનો જવાબ આપી શકતો નથી. આ શું રાજ્ય ચલાવવાનો છે !

"જિનસેનની જવાબ આપવાની શક્તિથી પ્રસન્ન થયેલ મહારાજા" :– પછી રાજાએ જિનસેનકુમારને ઉભો કર્યો. જિનસેનકુમાર સિંહની જેમ છલાંગ મારીને ઉભો થયો ને પહેલા પિતાજીના ચરણમાં મસ્તક મૂકી દીધું, પછી સભાને પગે લાગીને ઉભો રહ્યો. એનો વિનય, વિવેક જોઈને સભામાં બેઠેલા માણસોના મનમાં થઈ ગયું કે જરૂર જિનસેનકુમાર જીતશે. એનામાં બધા જ ગુણો છે. એને કંઈ કહેવાપણું જ નથી. જિનસેના મહારાણીનો પુત્ર એમના જેવો જ ગુણીયલ અને વિનયવાન છે. રાજાએ જિનસેનકુમારને એક પછી એક પ્રશ્નો પૂછવા માંડયા, એના જિનસેનકુમારે તડાતડ જવાબ આપી દીધા. રાજાએ તેને પચ્ચીસ પ્રશ્નો પૂછયા ને કુંવરે તેના બરાબર જવાબ આપ્યા. જવાબ સાંભળીને રાજા, પ્રધાન અને પ્રજાને આનંદ થયો. સૌ તાળીઓ પાડવા લાગ્યા. રાજાએ તો એને ઉંચકીને બાથમાં લઈ લીધો ને પોતાના ખોળામાં બેસાડીને કહ્યું–દીકરા ! તું તો મારા કુળનો દીપક છે. તેં આજે સભામાં લાજ રાખી છે. એમ કહીને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.

પ્રસન્ન હોકર મહારાજાને, ઇનામ દેને કી ધારી,
પટ ઘોડો તલવાર મનોહર, જિનકી કિંમત ભારી.

જિનસેન પરીક્ષામાં પાસ થયો એટલે નગરજનોને પણ ખૂબ હર્ષ થયો. અને રાજાના મનમાં એમ થયું કે આ દીકરો પાસ થયો છે તો મારે કંઈક ઇનામ આપવું જોઈએ. એટલે રાજાએ પોતાનો યશસ્વી જે ઘોડો ખૂબ વહાલો હતો તે અને એક પોતાની ખાસ તલવાર હતી તે બંને ચીજો જિનસેન કુમારને ભેટ આપવા લાગ્યા ત્યારે જિનસેન કુમારે

કહ્યું–પિતાજી ! મારે ઘોડો કે તલવાર કાંઈ જ જોઈતું નથી. બસ, આપની કૃપા જોઈએ છે. આપની કૃપા છે તો મારી પાસે બધું જ છે. મારે એ ચીજોની જરૂર નથી. રાજાએ કહ્યું–બેટા ! હું તને પ્રેમથી ભેટ આપું છું. તેનો તું સ્વીકાર કર, તું બિલકુલ સંકોચ ન રાખીશ. આજ સુધી તો મેં તારી ખબર પણ નથી લીધી કે મારો દીકરો શું કરે છે ? એણે શું આપ્યું ને શું પીધું ? પણ આજે તો તારો વિનય, વિવેક અને જ્ઞાન જોઈને મારું હૈયું નાચી ઉઠ્યું છે, મને એમ થાય છે કે હું તને શું આપી દઉં ? હું તો તને કંઈ વિશેષ આપતો નથી. આ નાનકડી ભેટ શા માટે લેતો નથી ? પોતાને જે કંઈ બક્ષીસ કે ઈનામ મળે એ તો પહેલાં લઈ લેવું જોઈએ. તને હું આટલા કાલાવાલા કરું છું છતાં પણ લેતો નથી. માટે મને લાગે છે કે તને સંકોચ થાય છે પણ તું જરાય સંકોચ ન રાખીશ. આ ચીજો તું લઈ લે. આ રીતે રાજા કુમારને પટ્ટ ઘોડો ને તલવાર ભેટ આપે છે પણ કુમાર લેતો નથી, એટલે રાજા કહે છે બેટા ! તું આ ચીજો નહિ લે તો મને ખૂબ દુઃખ થશે, માટે મારા આત્માને સુખ થાય તે માટે પણ તું આ ચીજો લઈ લે. હવે આ જિનસેન કુમાર આ બે ચીજોનો સ્વીકાર કરતા પહેલા પિતાજીને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

❁

વ્યાખ્યાન નં. ૪૪

શ્રાવણ વદ ૧૧ ને મંગળવાર **તા. ૨૯-૮-૭૮**

અનંતજ્ઞાની વીતરાગ ભગવંતે જગતના જીવોના કલ્યાણને માટે મહાન મંગલકારી વાણી પ્રકાશી. ભગવાનની વાણી જગતના જીવોને દુઃખથી મુક્ત કરાવનારી છે, અને શાશ્વત સુખને અપાવનારી છે. જે આત્માઓને સંસારનું દુઃખ એ દુઃખરૂપ લાગતું નથી તે અનાદિકાળથી પરિભ્રમણ કરે છે. જ્યારે આત્માને સમજાશે કે સંસાર એ આત્માનો રોગ છે અને મોક્ષ એ આત્માનું આરોગ્ય છે. એવું જેને ભાન થાય તે સંસારથી મુક્ત બની શકે છે ને મુક્ત બનવા માટેના પ્રયત્નો પણ કરે છે. બોલો, તમને સંસાર એ આત્માનો રોગ છે તે વાત સમજાય છે ? જો વાત સમજાતી હોય તો હવે ત્યાગના માર્ગે આવવા તૈયાર થઈ જાઓ. ત્યાગની ટેબ્લેટ જન્મ, જરા અને મરણના રોગને જડમૂળમાંથી નાબૂદ કરે છે. બોલો, ગમે છે આ વાત ? મોહ માયામાં પડેલા જીવને સંસારમાં થોડી ઘણી અનુકૂળતા મળી જાય ત્યાં સંસારના દુઃખને ભૂલી જાય છે. જેમ ઓપરેશન કરતી વખતે દર્દીને ક્લોરોફોર્મ સુંઘાડવામાં આવે છે તેથી તેને ઓપરેશનથી થતી પીડાનું ભાન નથી થતું તેમ જીવે મોહનું ક્લોરોફોર્મ સૂંઘ્યું છે તેથી દુઃખમય સંસારના દુઃખોની પીડાનું ભાન નથી થતું. જ્ઞાનીઓ આપણને પડકાર કરીને કહે છે જ્યાં ઝાંઝવાના જળ છે ત્યાં જળની

આશા વ્યર્થ છે તેમ જ્યાં એકાંત દુઃખ જ રહેલું છે ત્યાં સુખની આશા રાખવી વ્યર્થ છે. અહીં એક ન્યાય યાદ આવે છે.

એક બહેન ચુલો સળગાવે છે પણ લાકડા લીલા હોવાથી ખૂબ ધૂમાડો થયો. તે ધૂમાડાના ગોટા અને નળીયામાંથી પડતાં સૂર્યના કિરણો બંને ભેગા થતાં એક જાડી શેડ પડે છે. જાણે થાંભલો ન હોય! એમ લાગતું હતું. આથી એનો નાનો બાબો પકડવા દોડયો. એના મનમાં થયું કે આ તો મારે રમવા માટેનું રમકડું છે. એમ માનીને બાબો એ થાંભલા જેવા દેખાતા તેજલિસોટાને પકડવા દોડયો, પણ હાથમાં ન આવતા પાછો બેસી ગયો. એમ ઘણી વાર એ થાંભલાને પકડવા ઉઠયો ને બેઠો પણ નક્કર થાંભલો હોય તો હાથમાં આવે ને! બંધુઓ! તમારી દશા પણ આવી જ છે ને! તમે પણ જો વૈભવની વાદળી પાછળ આંધળી દોટ લગાવતા હો તો સમજી લેજો કે તમારામાં ને નાના બાળકમાં કંઈ ફેર નથી. આ તમારી આંધળી દોટ તમને દુર્ગતિની ખાઈમાં પટકાવી દેશે માટે આ દોટને થોભાવી આત્મા તરફ દૃષ્ટિ કરો.

આત્મા તરફ દૃષ્ટિ કરનાર એવા નેમનાથ ભગવાન અને રાજેમતીના આઠ ભવની વાત આપ સાંભળી ગયા. હવે નવમા ભવની વાત ચાલે છે. નેમનાથ ભગવાનના માતા-પિતા કોણ હતા તે જાણતા પહેલા તેઓ જે યાદવ વંશમાં જન્મેલા હતા તે યાદવ વંશની ઉત્પત્તિ કયારથી થઈ તે વાત આપણે જાણવી જોઈએ. તે વાતનું આપણે ટૂંકમાં વર્ણન કરવું છે.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં યમુના નદીને કિનારે મથુરા નામની નગરી આવેલી હતી. ત્યાં ઘણાં સમય પહેલાં યદુ નામે પરાક્રમી રાજા રાજ્ય કરતા હતા. એના ઉપરથી યાદવવંશ ચાલ્યો છે, યદુરાજા પછી તેનો પુત્ર શૂર રાજા ગાદીએ બેઠો. તે સૂર્ય જેવો તેજસ્વી અને પરાક્રમી હતો. એ શૂર રાજાને બે પુત્રો હતા. તેમાં એકનું નામ શૌરી અને બીજાનું નામ સુવીર હતું. બંને રાજકુમારો પરાક્રમી, ન્યાયી અને ગુણવાન હતા, તેથી તેમની કીર્તિ ચારે તરફ ફેલાઈ હતી, અને તેમની પ્રશંસા ખૂબ થતી હતી. શુરરાજા વૃદ્ધ થયા ત્યારે તેમણે શૌરીને રાજ્ય આપ્યું અને સુવીરને યુવરાજપદ આપ્યું અને પોતે આત્મકલ્યાણ કરવા માટે દીક્ષા લીધી. દીક્ષા લઇને કર્મક્ષય કરવા માટે કઠોર તપશ્ચર્યા કરવા લાગ્યા. તેમના દીક્ષા લીધા પછી બંને ભાઈઓ સુંદર રીતે રાજકારભાર ચલાવવા લાગ્યા, ત્યારબાદ શૌરી રાજા પોતાના ભાઈ સુવીરને મથુરાનું રાજ્ય સોંપીને કુશાર્ત દેશમાં ગયો. ત્યાં તેણે શૌર્યપુર નામે એક નગર વસાવ્યું.

સમય જતાં શૌરી રાજાને અંધકવૃષ્ણિ અને બીજા પુત્રો થયા. તેમાં અંધકવૃષ્ણિ મોટા થતાં તેને તેમણે ગાદીએ બેસાડી પોતે દીક્ષા લઇને જ્ઞાન, ધ્યાન કરવા લાગ્યા.

અને આયુષ્ય પૂર્ણ કરીને મુક્તિ પામ્યા. આ તરફ સુવીર રાજાને પણ ભોજવૃષ્ણિ વિગેરે ઘણાં પુત્રો થયા. તેમને પણ ફરવા જવાનું તેમજ નવા પ્રદેશો ખેડવાનું મન થતાં ભોજવૃષ્ણિને ગાદી સોંપી પોતે સિંધ દેશમાં ફરવા ગયા, ત્યાં સિંધુ નદીના કિનારે પોતાના નામ પ્રમાણે સુવીરપુર નામે નગર વસાવ્યું. મથુરામાં રાજ્ય કરતાં તેમના પુત્ર ભોજવૃષ્ણિને ઉગ્રસેન નામનો એક પરાક્રમી પુત્ર હતો તે મથુરાનું રાજ્ય કરવા લાગ્યો. આ તરફ શૌર્યપુર નગરમાં અંધકવૃષ્ણિને સુભદ્રા નામની રાણીથી દશ પુત્રો થયા. તેમાં સૌથી મોટાનું નામ સમુદ્ર વિજય અને સૌથી નાનાનું નામ વસુદેવ હતું. આ દશ ભાઈઓ દશ દશાર્હ રાજાઓ કહેવાતા હતા. દશે ભાઈઓને કુંતી નામે એક બહેન હતી. તેને ઉંમર લાયક થતાં તેના પિતાએ પાંડુરાજા સાથે પરણાવી હતી. અંધકવૃષ્ણિ પછી સમુદ્રવિજય રાજા ગાદીએ બેઠા. તેઓ પોતાના ભાઈઓ ઉપર ખૂબ પ્રેમ રાખતા હતા. તેમાં સૌથી નાના ભાઈ વસુદેવ ઉપર એમને ખૂબ પ્રેમ હતો.

"મોટાભાઇનો નાના ભાઇ પ્રત્યેનો અનહદ પ્રેમ" :– દેવાનુપ્રિયો ! જ્યારે પિતાજી પરલોકવાસી બને છે ત્યારે જે સૌથી મોટો ભાઈ હોય તેની ફરજ થઈ પડે છે કે પોતાના નાના ભાઈઓ ને પોતે પિતાની જેમ જ તેમની સંભાળ રાખવી જોઈએ, કારણ કે મોટો ભાઈ પિતા તુલ્ય ગણાય છે, પણ આજે તો બાપ જાય એટલે ભાઇઓ પોતપોતાનું કરવા મંડી જાય છે, અને નાના ભાઇઓને ભૂલી જાય છે. અહીં એવું ન હતું. સમુદ્રવિજય રાજા પોતાના નાના ભાઇઓને જમાડીને જમતા ને તેમને સૂવાડીને પછી સૂતા. નાના ભાઇઓને પિતાની ખોટ સાલવા દેતા ન હતા. બધા ભાઇઓમાં સૌથી નાના ભાઈ વસુદેવ સમુદ્રવિજય રાજાને અત્યંત વહાલા હતા. મારો નાનો ભાઇ શું બોલ્યો ને શું બોલશે. એ રીતે એને અમ્મા અમ્મા કરતા હતા. આ વસુદેવ કુમારનું રૂપ ઘણું હતું. એ યુવાન થયા એટલે એમનું રૂપ–યૌવન ખીલી ઉઠ્યું વસુદેવ કુમાર જ્યારે બહાર નીકળે ત્યારે નગરની સ્ત્રીઓ તેમને જોઇને ગાંડીતુર બની જતી. કોઇ સ્ત્રી રસોઇ કરવાનું છોડીને તેમની પાછળ ફરતી. કોઈ કૂવાકાંઠે પાણીના બેડા મૂકીને તેમને નીરખવા દોડી જતી, તો કોઈ પોતાના છોકરાઓને રડતા મૂકીને નીકળી પડતી, તો કોઈ એના પતિને જમતા છોડીને દોડતી ને વસુદેવને ફરતી ફરી વળતી.

"વસુદેવ સ્ત્રીવલ્લભ શા માટે બન્યા ?" :– વસુદેવ કોઈના તરફ દૃષ્ટિ સરખી પણ ઊંચી કરતા ન હતાં. એ તો એમના કામે બહાર નીકળતા ને ચાલ્યા જતા પણ સ્ત્રીઓ એમની પાછળ ગાંડીઘેલી બની જતી. એનું કારણ શું ? પુરૂષો તો દુનિયામાં ઘણાં છે અને દેવ જેવા રૂપાળા પણ હોય છે, છતાં બધાની પાછળ સ્ત્રીઓ ગાંડી બનતી નથી ને આની જ પાછળ કેમ ગાંડી થઈ છે ? તેનું કારણ એક જ છે કે વસુદેવે ગતજન્મમાં દીક્ષા લીધી હતી ને ખૂબ તપ કરીને નિયાણું કર્યું હતું કે જો મારા તપનું ફળ હોય તો હું આવતા ભવમાં સ્ત્રીવલ્લભ બનું. એ વસુદેવે ગતભવમાં દીક્ષા શા માટે લીધી ? તે

વાત પણ જાણવા જેવી છે. વસુદેવ ગતજન્મમાં રાજકુળમાં રાજકુમાર તરીકે જન્મ્યા હતા કર્મોદયે રૂપ તદ્દન બેડોળ હતું. હોઠ જાડા, કાન સુપડા જેવા, નાક ચીબું, હાથપગ વાંકા, આંખો મોટી કોડા જેવી અને શરીરનો રંગ કાળો હતો. તેનું શરીર બિહામણું હતું. એટલે સૌ તેનો તિરસ્કાર કરતા અને કુબડો-કુબડો કહીને સહુ તેને બોલાવતા. આ કુબડો કુમાર યુવાન થયો એટલે તેને પરણવાના કોડ જાગ્યા.

બંધુઓ ! આ સંસાર વાસનાઓથી ભરેલો છે, અને આત્મા અનાદિકાળથી વાસનાઓનું સેવન કરતો આવ્યો છે. એટલે એને આવું કંઈ શીખવાડવું પડતું નથી. આ કુબડાને પરણવાની ઇચ્છા થઈ પણ એને કોણ કન્યા પરણાવે ? કોઈ પરણાવતું નથી. એક વખત એ કુબડો પોતાના મોસાળ આવ્યો. એના મામાને સાત કન્યાઓ હતી, એટલે કુબડાએ એના મામાને કહ્યું-મામા ! તમારે સાત પુત્રીઓ છે. આપણું રજવાડામાં તો મામા કોઈના પરણે છે તો આપ આપની એક પુત્રીને મારી સાથે પરણાવો. મામાએ જાણ્યું કે જો હું આને ના પાડીશ તો મારી સાથે ઝઘડો કરશે, તેથી મામાએ કહ્યું કે મારી સાત દીકરીઓ છે તેમાં જે ખુશીથી પરણવાની હા પાડે તેને હું પરણાવીશ. જા, તેમને પૂછ. આ સાંભળી કુબડો તો ખુશ ખુશ થઈ ગયો ને કન્યાઓ પાસે આવીને કહેવા લાગ્યો કે મારી સાથે કોણ લગ્ન કરશે ! આ શબ્દ સાંભળતા કન્યાઓએ મોઢું મચકોડીને કહ્યું-કુબડા ! અમને તો તારું મોઢું જોવું ગમતું નથી, ત્યાં પરણવાની તો વાત જ કેવી ! એમ કહીને એના ઉપર થૂંકવા લાગી અને કહ્યું દુષ્ટ ! તું અહીં શા માટે આવ્યો છે ? ચાલ્યો જા અહીંથી. આમ કહી તેનો તિરસ્કાર કરીને કાઢી મૂક્યો. એટલે કુબડાને ખૂબ દુઃખ થયું, ને ત્યાંથી ચાલ્યો ગયો.

"કુબડાએ કરેલો આપઘાતનો વિચાર" :- કુબડાના મનમાં થયું કે મારે પરણવું છે પણ મને કોઈ પરણાવતું નથી, અને ઉપરથી જ્યાં જાઉં ત્યાં મારો તિરસ્કાર થાય છે. આવા અપમાન અને તિરસ્કાર ભરેલા જીવને જીવવાનો શું અર્થ ? બસ, હવે તો આ જંગલમાં ઝાડે ફાંસો ખાઈને મરી જાઉં. આવો વિચાર કરીને પોતાની પાસે એક કપડું હતું તેનો ફાંસો કરીને ઝાડની ડાળીએ લટકાવ્યો. એમાં પોતાનું ગળું ભરાવવા જાય છે પણ વિચાર કરે છે મરી જાઉં કે શું કરું ? બંધુઓ ! માણસ ક્રોધાવેશમાં આવીને મરવા તો તૈયાર થઈ જાય છે પણ મરવું ગમતું નથી હોતું. આ કુબડાને પરણવાની ઇચ્છા છે. મરવું ગમતું નથી પણ હવે હડધુત અને તિરસ્કારનો ત્રાસ સહન થતો નથી. એટલે કંટાળીને મરવા તૈયાર થયો છે, તેથી ગળામાં ફાંસો પહેરે છે ને કાઢે છે. છેલ્લી વખત મનમાં નિર્ણય કર્યો કે હે જીવડા ! તને પરણવાના કોડ છે પણ કોઈ પરણાવતું નથી. ખુદ મામાની દીકરીઓએ તારો તિરસ્કાર કર્યો, તારા ઉપર થૂંકી અને હડધૂત કરીને મૂક્યો. આટલી કન્યાઓમાંથી એક પણ કન્યાએ તને ઇચ્છ્યો

નહિ. આવા જીવને જીવવાનો શું અર્થ છે? આ કરતાં મરી જાઉં. એટલામાં જૈન મુનિ ત્યાંથી નીકળ્યા. એમણે કુબડાને ફાંસો ખાતા જોઇને કહ્યું, છોકરા! તું આ શું કરે છે? આવો મનુષ્યભવ પામીને શા માટે ફાંસો ખાઇને મરી જાય છે?

"મહાત્માના ઉપદેશથી કુબડાના જીવનનો પલટો" :- કુબડાએ કહ્યું મહારાજ! જીવવામાં સાર નથી. મારા જીવનની બાજી બગડી ગઈ છે. કરૂણાસાગર મહારાજે કહ્યું તને શું દુઃખ છે? એટલે કુબડાએ કહ્યું-મને કોઇ કન્યા પરણવા ઇચ્છતી નથી. જ્યાં જાઉં ત્યાં મારો સૌ તિરસ્કાર કરે છે. એની વાત સાંભળીને મહારાજે કહ્યું. વિચાર કર. તને કોઇ કન્યા ઇચ્છતી નથી તો તારું જીવન બગડયું કે સુધર્યું? તને સહેજે બ્રહ્મચર્ય પાળવાનો મોકો મળ્યો. તારું જીવન સુધરી ગયું એમ તું માન. આ માનવજીવન વારંવાર નહિ મળે, તારા પાપકર્મના ઉદયથી તું કુબડો બન્યો છે તેથી તારો તિરસ્કાર થાય છે પણ હવે એવી સાધના કરી લે કે જેથી બીજા ભવમાં કુબડુત થવાનો પ્રસંગ ન આવે. કરૂણામૂર્તિ સંતે એને બોધ આપ્યો એટલે એનું હૃદય પીગળી ગયું ને વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. દીક્ષા લઇને માસખમણને પારણે માસખમણ તપ કરવા લાગ્યો. તપમાં પણ એવો નિયમ કર્યો કે મને એક પણ વડીલ સંતની વૈયાવચ્ચ કરવાનો લાભ મળે પછી જ મારે પારણું કરવું. આવા ભાવથી સંયમમાં આવી અઘોર સાધના કરતા વિચરવા લાગ્યા.

"ઇન્દ્રે કરેલી કુબડા સંતની પ્રશંસા" :- સંતની આવી ઉગ્ર સાધના જોઇને દેવલોકમાં ઇન્દ્ર મહારાજાએ એમની ખૂબ પ્રશંસા કરી કે આ સંતની કેટલી સમતા છે! માસખમણને પારણે માસખમણ કરે છે અને પારણાને દિવસે પણ સંતની વૈયાવચ્ચ કર્યા વિના પારણું કરતા નથી. એમને એ નિયમથી ડગાવવા દેવ પણ શક્તિમાન નથી. મિથ્યાત્વી દેવથી આ પ્રશંસા સહન ન થઈ એટલે તે કસોટી કરવા માટે આવ્યો. આ દિવસે સંતને પારણું હતું, પણ કોઈ સંતની વૈયાવચ્ચનો લાભ ન મળ્યો એટલે દિલમાં ખૂબ દુઃખ થયું. ખિન્ન વદને બાર વાગ્યા પછી પારણું કરવા બેઠા આ સમયે દેવ પરીક્ષા કરવા આવ્યો. દેવે બે સાધુના રૂપ બનાવ્યા. એક સાધુ ગામથી ત્રણ માઇલ દૂર કોઢીયા સાધુનું રૂપ લઇને બેઠા, અને બીજા વૃદ્ધ સાધુ બનીને આ સાધુ પારણું કરવા બેસતા હતા ત્યાં આવીને કહે છે અરે સાધુડા! તું તો મોટો સેવાભાવીનો ઇજારો લઈને ફરે છે અને મારા સાધુની સેવા તો કરતો નથી. તરત જ પારણું કરવાનું છોડીને ઉભા થઈ ગયા ને કહ્યું-પધારો ગુરૂદેવ! આપ ક્યાંથી પધાર્યા? એમ કહીને બેસવા આસન આપે છે ત્યારે કહે છે કે મારે બેસવું નથી. મારા ગુરૂદેવ ગામ બહાર બેઠા છે. એમને ખૂબ તરસ લાગી છે. હું એમના માટે પાણી લેવા આવ્યો છું. આ મુનિ કહે છે આપ અહીં બિરાજો. હું ત્યાં પાણી લઇને જાઉં છું ને પછી ગુરૂદેવને લઇને આવું છું.

સંતને અણધાર્યા વૈયાવચ્ચનો લાભ મળવાથી આનંદનો પાર ન રહ્યો. તે હર્ષભેર પાણી લઇને ગયા. સંતના શરીરે રક્તપિત્ત-કોઢ થયેલો છે. શરીરમાંથી લોહી પરૂના ઢગલા થાય છે. તેમાંથી માથું ફાટી જાય તેવી દુર્ગંધ નીકળે છે, ત્યાં જઇને કહે છે ગુરૂદેવ ! આ પાણી વાપરો, ત્યારે સંત ગુસ્સે થઇને કહે છે મારે આ પાણી પીવું નથી. તું ગામમાંથી બીજું પાણી લઈ આવ. કયારનો તરસે મરી જાઉં છું. મેં તો તારી ખૂબ પ્રશંસા સાંભળી હતી કે તું બહુ સેવાભાવી છે. પણ જોયો, તું કેવો સેવાભાવી છે ! કયારનો બેઠો છું, તરસ્યો મરી જાઉં છું પણ કયાં ખબર લેવા આવ્યો છે ? સંતે કહ્યું-ગુરૂદેવ ! મને ખબર ન હતી. આપને હું બીજું પાણી લાવી આપું છું, પણ આ થોડું પાણી તો વાપરો, ત્યારે ક્રોધથી આંખ લાલ કરીને કહે છે હે ઢોંગી ! તારે પાણી લેવા જવું પડે એટલે કહે છે ને કે આ પાણી પી લો. મારે તારું ગંદુ પાણી પીવું નથી. એમ કહીને હાથમાંથી પાણી ઝૂંટવી લઈને ઢોળી નાંખ્યું ને કહ્યું કે મને જલ્દી પાણી લાવી આપ. એટલે સંત ગામમાં પાણી લેવા માટે ગયા, પણ કયાંય પાણી મળતું નથી. કોઈ ઘેર પાણી હોય તો આપનાર અસૂઝતા હોય. એક ઘરે થોડું પાણી હતું તે લેવા ગયા ત્યાં બાઈના હાથમાંથી પાણીનું વાસણ છટકી ગયું ને પાણી ઢોળાઈ ગયું. આખા ગામમાં ફર્યા પણ પાણી ન મળ્યું એટલે પાછા ફર્યા.

તપસ્વી સંતની દેવે કરેલી આકરી કસોટી :- સંતને ખૂબ અફસોસ થયો કે હું કેવો કમભાગી ! મારા સંતની સેવા ન કરી શકયો ! માસખમણનું પારણું છે પણ મનમાં જરા પણ ખેદ નથી. તે વૃદ્ધ સંતની પાસે આવીને કહે છે ગુરૂદેવ ! કમભાગી છું. માફ કરો, આખું ગામ ફર્યો પણ કયાંય પાણી મળતું નથી. આપ મારી સાથે સ્થાનકમાં ચાલો. તો કહે છે કેવી રીતે આવું ? મારાથી ચલાતું નથી. ગુરૂદેવ ! મારા ખંભે બેસી જાવ. લોહી અને પરૂથી શરીર નીતરે છે. ગંધનો પાર નથી. એવા સાધુ આ તપસ્વીના ખંભે બેસી ગયા. ચાલતાં સહેજ પગ ખાડામાં આવી જાય તો માથામાં મુઠ્ઠી મારે છે ને કહે છે ધુતારા ! મને કયાં હેરાન કરે છે ? આ તારા સેવા કરવાના લક્ષણો છે ? પણ આ સંત તો કંઈ બોલતાં નથી. દેવ જેમ જેમ પરીક્ષા કરે છે તેમ મક્કમ રહે છે, છેવટે સ્થાનકમાં આવ્યા. સંતે તેમને બેસાડીને શરીર સાફ કર્યું. ખૂબ વિનયપૂર્વક સેવા કરી અને પોતે જે આહાર લાવેલા હતા તે સંતને આપ્યો, ત્યારે કહે છે મારે તો તારો આહાર ખાવો નથી. એમ કહીને એ આહાર હાથમાં લઈ લોહી અને પરૂવાળા હાથે ચૂંથી નાંખ્યો ને અંદર થૂંકયા. પછી કહ્યું-લે, આ તું ખાઈ જા. આ સમયે સંતે કહ્યું-ગુરૂદેવ ! આપે મારા ઉપર કેવી કૃપા કરી ! મારો આહાર લૂખો હતો તેમાં આપે ઘી નાંખી આપ્યું.

આપણને તો સાંભળતા સૂગ ચઢે છે પણ માસખમણના તપસ્વી સંત પ્રેમથી એવો ગંધાતો આહાર આરોગી ગયા. એની મક્કમતા જોઇને દેવ સંતના ચરણમાં નમીને

સહર્ષ તેનો સ્વીકાર કર્યો ને રાજાએ તેને સભાની વચ્ચે પ્રેમથી અર્પણ કરી. તે બંને ચીજો લઈને જિનસેનકુમાર પિતાને, પ્રધાનજીને વિગેરેને પ્રણામ કરીને હર્ષભેર સભામાંથી વિદાય થયો. પ્રજાજનો પણ જિનસેનકુમારની પ્રશંસા કરવા લાગ્યા કે આપણા મહારાણી જેવા પવિત્ર છે એવો જ એમનો કુમાર પણ પવિત્ર છે. જિનસેનકુમાર એક છે પણ એક હજાર જેવો શૂરવીર છે. આ પુત્ર રાજા બનશે એમ બધા બોલવા લાગ્યા.

આ તરફ રત્નવતી મનમાં મલકાતી હતી કે મારો પુત્ર પરીક્ષામાં પાસ થશે એટલે એને જ રાજ્યપદ મળશે, કારણ કે હું પટ્ટરાણી છું. મારા પ્રત્યે રાજાને પૂરો પ્રેમ છે એટલે મારા તો માન વધી જશે. રત્નવતીનું નામ તો ઘણું સારું હતું પણ રત્ન જેવો પ્રકાશ ન હતો. તે ઈર્ષ્યાની ભરેલી હતી. એને ખબર ન હતી કે મારો પુત્ર પરીક્ષામાં નાપાસ થયો છે. એ તો પુત્રની રાહ જોતી હતી.

"રત્નવતીને ચઢાવવાના કામ કરતી દાસી":- એટલામાં દાસી દોડતી રત્નવતીની પાસે આવીને ડુસ્કે ને ડુસ્કે રડવા લાગી. રત્નવતીએ પૂછયું-બહેન! તું શા માટે રડે છે? ત્યારે દાસી કહે છે એ મારા મહારાણી સાહેબ! ગજબ થઈ ગયો. કંઈ કહેવાની વાત નથી. રાણીએ ઉતેજનાપૂર્વક પૂછયું. શું થયું? તું કહે તો ખરી. ખૂબ પૂછયું ત્યારે દાસી રડતી રડતી કહે છે બા સાહેબ! આપણાં મહારાજાએ તો જિનસેનાના પુત્રને એક સુંદર ઘોડો અને તલવાર ભેટ આપ્યા ને આપણાં રામસેનકુમારને તો કંઈ નથી આપ્યું. પણ દાસીએ એ વાત ન કરી કે મહારાજાએ બંને કુમારોની પરીક્ષા કરી. તેમાં રામસેનકુમાર એક પણ પ્રશ્નનો જવાબ ન આપી શકયો ત્યારે જિનસેનકુમારે બધા પ્રશ્નોના ઉત્તર આપ્યા છે. ઘણીવાર દાસીઓ રાણીને ખોટી ચઢવણી કરે છે. કૈકેયીને મંથરાએ ચઢાવી હતી તેમ રત્નવતીને તેની દાસીએ ખૂબ ભંભેરી એટલે રત્નવતી ક્રોધે ભરાઈ કે બસ, રાજા એના કુંવરને આવી ચીજો આપનાર કોણ? હવે હું રાજાને બરાબર બતાવી દઇશ. રત્નવતી ખૂબ ક્રોધથી ધમધમી ગઇ છે. હવે એ કેવા નાટક કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

●

વ્યાખ્યાન નં. ૪૫

શ્રાવણ વદ ૧૨ ને બુધવાર તા. ૩૦-૮-૭૮

મહાન પુરૂષો જગતના જીવોના કલ્યાણ માટે ફરમાવે છે કે આ દુર્લભ માનવભવમાં મહત્વની કોઈ વસ્તુ હોય તો વીતરાગ પ્રભુના પ્રરૂપેલા ધર્મ પ્રત્યેની શ્રદ્ધા છે. જેમ પર્વતમાંથી નીકળતી નદીનો પત્થર અથડાતો અથડાતો ઘસાઈને ગોળમટોળ અને લીસ્સો બને છે તેમ આપણો આત્મા પણ આ સંસારચક્રમાં ઘૂમતો, પરિભ્રમણ કરતો, અનેક દુઃખોને

સહન કરતો કર્મથી હળવો બનતો આટલે સુધી પહોંચ્યો. જીવ કર્મથી હળવો બને છે ત્યારે તેનામાં શુભ ભાવો જાગે છે. રાગ-દ્વેષની મંદતા થાય છે ને વિવેક જાગે છે. અવળાઈ ટળે છે વીતરાગ દેવ, નિર્ગ્રંથ ગુરૂઓ અને સર્વજ્ઞ કથિત ધર્મ-આ ત્રણ તત્ત્વો પ્રત્યે પ્રેમ-શ્રદ્ધા જાગે છે. આ ત્રણ તત્ત્વો આરાધ્ય અને ઉપાસ્ય છે એવો આત્માને નિર્ણય થાય છે. આનું નામ ધર્મશ્રદ્ધા છે. આવી ધર્મશ્રદ્ધાથી જીવને અપૂર્વ આનંદ અને શાંતિનો અનુભવ થાય છે.

કોઈ મનુષ્યોને ગુરૂના ઉપદેશનું શ્રવણ, સંત સમાગમ અને શાસ્ત્રનું વાંચન વિગેરેથી થયેલી કર્મની લઘુતાના કારણે ધર્મશ્રદ્ધા પ્રગટે છે. ધોમધખતા ઉનાળામાં બપોરે મધ્યાન્હ સમયે સૂર્યના પ્રખર તાપથી તપેલા નિર્જન વનમાં અથડાતા તરસથી આકુળ વ્યાકુળ થયેલા વટેમાર્ગુને એક વિશાળ વડલાના વૃક્ષની છાયામાં આરામ લેવાનો સુયોગ મળે. અચાનક કોઈ ઠંડુ પાણી પીવા માટે આપે અને આખા શરીરે ચંદનનો લેપ કરે તો એના આનંદનો પાર રહે ખરો ? "ના" એવી રીતે અનાદિ સંસાર રૂપ ઉનાળામાં જન્મ-મરણ રૂપ નિર્જનવનમાં કષાયોના તાપથી સંતપ્ત અને વિષયોની તૃષાથી પીડિત આત્માને જિનશાસન રૂપી વિશાળ અને ઘટાદાર વડલાનું વૃક્ષ દેખાય ત્યારે એ તરફ આત્મા હર્ષપૂર્વક દોડે ને ! એમાં કંઈ નવાઈ ખરી ? ત્યાં તત્ત્વજ્ઞાનના નિર્મળ જળપીવા મળે, તત્ત્વશ્રદ્ધારૂપ ચંદનનો લેપ થાય એના આનંદનું વર્ણન કયા શબ્દોમાં કરવું !

બંધુઓ ! જેમ કોઈ જન્માંધ પુરૂષને એકાએક નવી દૃષ્ટિ મળે અને સમગ્ર જગતને જોવાની તક મળે, ત્રણ ચાર દિવસના ભૂખ્યા માણસને ભોજન મળે, નિર્ધનને ધન મળે ત્યારે કેવો આનંદ થાય ! તેથી પણ અધિક આનંદ અંદરનો મિથ્યાત્વનો અંધાપો ટળે અને સમ્યગ્ દર્શન રૂપ નેત્ર મળે ત્યારે થાય છે. અસાધ્ય રોગથી પીડાતા દર્દીને કોઈ રામબાણ ઔષધિ હાથમાં આવી જાય તો કેવો આનંદ થાય તેવી રીતે કર્મરોગના રામબાણ ઔષધ રૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિથી જીવ અનોખો આનંદ અનુભવે છે. રણસંગ્રામમાં હારી જવાની અણી ઉપર રહેલા સેનાપતિને અચાનક વિજય મળે ને જે આનંદ થાય છે તેનાથી પણ અનંતગણો આનંદ મોહરાજાનું જોર હઠાવી આત્મબળ પ્રાપ્ત કરનારો આત્મા અનુભવે એ સ્વાભાવિક છે. આ બધું ધર્મશ્રદ્ધાથી થાય છે.

આ સંસારમાં દ્રવ્ય શીતળતા આપનાર ઘણાં વૃક્ષો રહેલા છે પણ આત્મશાંતિ આપનાર એક વૃક્ષ છે કે જેનું મૂળ ધર્મશ્રદ્ધા છે. થડ શ્રાવક ધર્મ છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ જેની પાંચ મુખ્ય શાખાઓ છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર આ પાંચ પ્રશાખાઓ છે. અહિંસાના પ્રભેદો એ પાંદડા છે. સમતા એ એના પુષ્પો છે, અને મોક્ષ એ આ વૃક્ષનું મીઠું મધુરું ફળ છે. ધર્મ-શ્રદ્ધારૂપ મૂળ વિના જ્ઞાન અને ચારિત્રનું ગમે તેટલું પાણી સીંચીએ છતાં આપણને

ઈષ્ટ આપનાર ધર્મવૃક્ષ પાંગરતું નથી. ધર્મશ્રદ્ધા એ જ ધર્મવૃક્ષનું મૂળ છે. આત્માર્થી જીવોનો અમૂલ્ય ખજાનો છે. મિથ્યાત્વરૂપ મહારોગને મટાડનાર રામબાણ ઔષધ છે. સંસાર સાગરને પાર કરાવનારી ઉત્તમ નૌકા છે. મુક્તિનગરમાં જવા માટેનો પાસપોર્ટ છે.

ધર્મશ્રદ્ધારૂપ ધનને લૂંટવા માટે વિષય-કષાયરૂપી લૂંટારાઓ સદા ભીટ માંડીને બેઠા છે. જે આત્માઓ પ્રમાદમાં પડયા રહે છે તેનું શ્રદ્ધાધન એ લૂંટારાઓ લૂંટી લે છે. આજે જગતમાં વિષય અને વિલાસમાં મહાલવા માટેની વિવિધ સામગ્રીઓ વધી રહી છે. તેમાં જે આત્માઓ ખૂબ સાવધાન અને જાગૃત રહે છે તે આત્માઓ ધર્મશ્રદ્ધા રૂપ ધનને સુરક્ષિત રાખી શકે છે. બાકી ધર્મશ્રદ્ધારૂપ સિંહણના દૂધને સાચવવા કઠણ છે. આ માટે આત્માએ સુવર્ણપાત્ર જેવી યોગ્યતા કેળવવી પડશે, તો જ શ્રદ્ધારૂપી સિંહણના દૂધ ટકી શકશે.

ધર્મશ્રદ્ધા ટકાવવા માટે શાસ્ત્રનું વાંચન, શ્રવણ અને મનન જરૂરી છે. ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં વસુદેવ રાજા કોણ છે તેનું વર્ણન ચાલે છે. વસુદેવ રાજા સમુદ્રવિજયના નાના ભાઈ હતા. બધા ભાઇઓમાં સમુદ્રવિજય રાજાને પોતાના નાના ભાઈ વસુદેવકુમાર ઉપર ખૂબ પ્રેમ હતો. માતાપિતાને પણ નાનો દીકરો લાડકો હોય છે. ભાઈ-બહેનોમાં પણ જે નાના ભાઈ અગર બહેન હોય તે વધુ લાડકા હોય છે. વસુદેવ યુવાન થયા એટલે તેમને જોઈને નગરની સ્ત્રીઓ તેમની પાછળ પાગલ બનવા લાગી. આ બનવાનું કારણ શું ? એ વાત આપણે ગઈ કાલે આવી ગઈ છે કે એમણે ગતજન્મમાં એવું નિયાણું કર્યું હતું કે જો મારા તપ, સંયમનું ફળ હોય તો હું આવતા ભવમાં સ્ત્રીવલ્લભ થાઉં. એમની પાછળ સ્ત્રીઓ પાગલ બનવા લાગી. એટલે પ્રજાજનોએ ભેગા થઈને વિચાર કર્યો કે જો રોજ આ પ્રમાણે બનશે તો આપણાં ઘર ભાંગી જશે. માટે આ બાબતમાં આપણે મહારાજાને ફરિયાદ તો કરવી જોઈએ. એટલે નગરજનો સમુદ્રવિજય મહારાજા પાસે ફરિયાદ લઈને આવ્યા.

આગળના રાજા મહારાજાઓની કેટલી નીતિ હતી કે એ પ્રજાની બધી જ ફરિયાદ સાંભળતા હતા. એમને મન પ્રજા અને પુત્ર સરખા હતા. એ સમજતા હતા કે પ્રજા મારી અને હું પ્રજાનો. એ રાજાઓ પ્રજાનો પ્રેમ સંપાદન કરીને પ્રજાના હૃદય સિંહાસન ઉપર રાજ્ય કરતા હતા. પ્રજા સુખી તો પોતે સુખી અને પ્રજા દુઃખી તો પોતે દુઃખી. એવા એ સમયના રાજાઓ હતા, પણ અત્યારે તો રાજા સુખી ને પ્રજા દુઃખી છે. રાજા પ્રજાની ફરિયાદ સાંભળતા નથી, પણ એ સમયમાં આવી અંધાધૂંધી ચાલતી ન હતી. પોતાની પ્રજા ગરીબ હોય કે સુખી હોય, દરેકના પ્રત્યે રાજાની સમાન દૃષ્ટિ હતી. સમય આવ્યે સહુને સરખો ન્યાય આપતા હતા. સમુદ્રવિજય તો આપણા હિન્દુ રાજા હતા પણ એક મુસ્લીમ રાજાનો ન્યાય આપું.

હૈદરઅલી નામનો એક સુલતાન થઈ ગયો. એ ખૂબ પ્રજાપ્રેમી અને ન્યાયી હતો. એક વખત તે ઘોડા ઉપર બેસીને ફરવા માટે જઈ રહ્યો હતો. એમનો પવનવેગી ઘોડો ચાર પગે કૂદતો આગળ વધ્યે જતો હતો, ત્યારે એક સાઠ વર્ષની વૃદ્ધ ડોશીમા ઘોડાને જવાના માર્ગમાં વચ્ચે આવીને ઉભી રહી, એટલે સુલતાને કહ્યું હે માડી ! તમે માર્ગમાંથી દૂર બસો. નહિતર આ મારો ઘોડો તમને પછાડી દેશે ને તમે મરી જશો. આ ડોશીમા ખૂબ હોંશિયાર હતા. એ સુલતાનના ઘોડાની સામે જઈને ઉભા રહ્યા એટલે સુલતાને ઘોડાને ઉભો રાખ્યો ને પૂછ્યું. હે માતા ! તમે શું મરવા માટે આ માર્ગમાં ઉભા રહ્યા છો ? મેં આટલી બુમો પાડી છતાં તમે કેમ બસ્યા નહિ ? ત્યારે ડોશીમા ઠાવકું મોઢું રાખીને બોલ્યા. જહાંપનાહ ! હું જીવતાં છતાં મરેલા જેવી છું. હવે મારે જીવીને શું કરવું છે ? જેમ તેમ મરવા કરતાં આપના ઘોડાના પગ નીચે મારું મોત આવે તો હું ભાગ્યશાળી બની જાઉં. હવે કોના માટે મારે જીવન ટકાવવું છે.

"દીકરીના અપહરણની વાત કરતા ડોશીમા" :– ડોશીની વાત સાંભળીને સુલતાને કહ્યું. અમ્મા ! મારા રાજ્યમાં તમને એવું શું દુઃખ પડી ગયું કે આ જવાહર જેવું જીવન તમને અળખામણું લાગે છે ? ડોશીએ કહ્યું, જહાંપનાહ ! વાઘ ઉઠીને જો ચીભડા ગળે તો પછી ફરીયાદ કોને કરવી ? જે રાજ્યમાં રક્ષક જ ભક્ષક બની જાય એ રાજ્યમાં જીવતર જીવવા જેવું નથી રહેતું. ત્યારે સુલતાને કહ્યું, અમ્મા ! આ તારી ગોળગોળ વાત મને સમજાતી નથી. જે વાત બની હોય તે સ્પષ્ટ મને જણાવી દો તો જલ્દી એનો નિકાલ કરવાનું સૂઝે. સુલતાનની વાત સાંભળીને ડોશીમાએ કહ્યું, જહાંપનાહ ! મારી રૂપરૂપના અવતાર સમી એકની એક લાડકી દીકરીને તમારો જુનો સરદાર આગા મહંમદ ઉપાડી ગયો છે ત્યારથી મને મારું જીવતર ઝેર જેવું લાગે છે. આટલું બોલતાં ડોશીમાની આંખમાં આંસુની ધાર થઈ. આ જોઈને સુલતાને પૂછ્યું. તમારી દીકરીને ઉપાડી ગયા કેટલા દિવસો થયા ? જહાંપનાહ ! દોઢ મહિનો થયો. તો દોઢ મહિના સુધી તમે કયાં ગયા હતા ? જેની દીકરીનું અપહરણ થાય એ તો એક પળ પણ શાંતિથી બેસી ન શકે, અને તમે દોઢ મહિનો થઈ ગયો છતાં અત્યાર સુધી ફરીયાદ ન કરી ? તે આજે મને કહેવા આવ્યા છો ? તમારી વાત મને સાચી લાગતી નથી. અને તમે કહો છો કે મારી દીકરીને ઉઠાવી ગયા દોઢ મહિનો થયો તો આગામહંમદ દોઢ મહિનાથી અહીં નથી. એ તો બહારગામ ગયો છે. માટે તમારી વાત મારા માનવામાં આવતી નથી. ફરિયાદની બરાબર ચકાસણી કરવા માટે સુલતાને કડકાઈથી ડોશીમાને કહ્યું.

"ડોશીમાએ રાજાને કહેલી સત્ય હકીકત" :– જહાંપનાહ ! એ મારી દીકરીને ઉઠાવીને દોઢ મહિનાથી ભાગી ગયો છે. જ્યારથી દીકરી ગઈ ત્યારથી ધરાઈને ધાન બાધા નથી ને શાંતિથી ઉંઘી નથી. હું તો તે જ દિવસે તમારા નવા જમાદાર પાસે ફરિયાદ કરવા માટે આવી

હતી પણ અમારા ગરીબની ફરિયાદ કોણ સાંભળે ? ઘણી વાર ફરિયાદ કરી પણ મને કોઇએ દાદ ન દીધી. તમારી પાસે મારી ફરિયાદ પહોંચાડી નહિ. હું શું કરું ? કોને કહું ? મેં આપને રૂબરૂ મળીને ફરિયાદ કરવા માટે ઘણા ફાંફા માર્યા, આપના મહેલના દરવાજે આવીને ઉભી રહી પણ આપના પહેરેગીરોએ મને આપની પાસે આવવા જ ન દીધી, એટલે આજે આપના માર્ગમાં આવીને ઉભી રહી છું. આપને મેં ખોટી કર્યા છે તે બદલ હું આપની માફી માંગું છું. ડોશીની વાત ઉપર હવે સુલતાનને વિશ્વાસ બેઠો, એટલે કહ્યું કે તમે મારી પાછળ પાછળ મારા મહેલે આવજો. એમ કહી ફરવા જવાનું છોડી દઈને સુલતાન પાછા ફર્યા. ડોશી ધીમે ધીમે ચાલતાં સુલતાનના મહેલે પહોંચી ગયા. તે વખતે નવો જમાદાર સુલતાનની સામે આવીને ઉભો રહ્યો. જમાદારને જોઈ ડોશીમા જરા ફુલ્યા પણ સુલતાન સામે બેઠો હતો એટલે ચિંતા ન હતી. હિંમતથી ઉભા રહ્યા.

સુલતાને જમાદારને આપેલી ધમકી :- સુલતાને કડકાઇથી જમાદારને કહ્યું કે આ ડોશીની વહાલસોયી પુત્રીનું તમારા જિગરજાન મિત્ર આગા મહંમદે અપહરણ કર્યું છે, અને જ્યારે આ ડોશીમાએ તમારી પાસે ફરિયાદ કરી ત્યારે તમે તમારા મિત્રના રાગના કારણે મારી આગળ ફરિયાદ આવતી અટકાવી દીધી છે. દોસ્તીની ફરજ આમ અદા ન કરાય. હા, સારા કાર્યમાં તમે તમારા મિત્રને માટે માથું આપો તો એ માથું શિરતાજ જેવું મૂલ્યવાન બની જાય, પણ આવા પાપના કાર્યમાં મિત્રને સાથ આપવો તે જન્નતને બદલે જહાનમના માર્ગે જવા જેવું તમે કામ કર્યું છે. હવે જ્યાં સુધી તમારા મિત્રને દોસ્તીનો દાવ અદા કરવા માટે તમારી સમક્ષ હાજર ન કરું ત્યાં સુધી તમને જેલમાં પૂરવામાં આવે છે. સુલતાનનો હુકમ સાંભળીને જમાદારના તો મોતીયા જ મરી ગયા, પણ હવે શું થાય ? સુલતાનનો હુકમ થયો એટલે જેલમાં ગયે જ છૂટકો. સિપાઇઓએ જમાદારને કેદખાનામાં પૂરી દીધો.

બીજી તરફ સુલતાને આગામહંમદને પકડી લાવવા માટે સિપાઇઓને મોકલ્યા. સુલતાન પોતાના રાજકાર્યથી નિવૃત્ત થઇને સૂવાની તૈયારી કરતા હતા. તે સમયે વજીર સુલતાનને મળવા માટે આવ્યો ને સલામ ભરીને ઉભો રહ્યો, એટલે સુલતાને વજીરને પૂછ્યું કે અત્યારે સૂવાના સમયે આપનું આગમન શા માટે થયું ? વજીરે કહ્યું-જહાંપનાહ ! આ બંને જમાદારોએ અત્યાર સુધી વફાદારીપૂર્વક આપનું કેટલું કાર્ય કર્યું છે. એ બંને ઉપર આપ રહેમ દૃષ્ટિ રાખો. એ માટે હું અત્યારે આપની પાસે આવ્યો છું. સુલતાને કહ્યું-વજીર ! તમે વફાદારી કોને કહો છો ? તમે વફાદારીના કેટલા અર્થ કરો છો ? શું કોઈની બહેન દીકરીને ઉઠાવી જવી તેને તમે વફાદારી ગણો છો ? અને એવા ઉઠાઉગીરને સાથ આપવો તેને તમે વફાદારી કહો છો ? હું એવા જમાદારને વફાદાર નથી માનતો. તમને ખબર છે ને કે પ્રજાનું રક્ષણ કરવા માટે મેં આ રાજ્યની લગામ હાથમાં લીધી છે. હું સુલતાન

પછી છું. પહેલાં તો હું પ્રજાના જાનમાલ અને ઇજ્જતનો ચોકીદાર જમાદાર છું. મારી પ્રજાની બહેન દીકરીની ઇજ્જત મારો જમાદાર લૂંટે અને બીજો જમાદાર એના ગુનાને સાથ આપે, એવા પાપના કાર્ય અટકાવવા માટે સૌથી મોટા જમાદાર તરીકે મારી જુમ્મેદારી કંઈ ઓછી નથી. સમજ્યા વજીરજી! મારી પ્રજાની બહેન દીકરીની ઇજ્જત ઉપર હાથ નાંખનાર એ આગામહું મદનું મસ્તક ધડથી જુદું કરીને લોહીથી નીતરતું એનું મસ્તક હું આખા ગામમાં ફેરવીશ. એ જોઇને મારો કોઈ પણ પ્રજાજન ફરીને કોઈના ચારિત્ર લૂંટે નહિ. સુલતાનની વાત સાંભળીને વજીર તો માફી માંગીને રવાના થઈ ગયો.

આ તરફ આગામહું મદને શોધવા ગયેલા સિપાઇઓએ એને પકડીને સુલતાન પાસે હાજર કર્યો એટલે જેલમાં પૂરેલા જમાદારની નજર સમક્ષ સુલતાને તલવાર ખેંચીને આગામહું મદનું મસ્તક ધડથી જુદું કરી દીધું. આ જોઈને બંધનાવસ્થામાં ઉભેલો જમાદાર તો થરથર ધ્રુજવા લાગ્યો, ત્યારે સુલતાને એની સમક્ષ કરડી નજર કરીને કહ્યું –જમાદાર ! જોયો ને પાપકાર્યનો કરૂણ અંજામ ! હવે તને શિક્ષા કરું છું. પ્રજાની ફરિયાદ તારે મને તરત પહોંચાડવી જોઈએ. તે ન કરતાં તેં તારા દોસ્તની દોસ્તીને તારી પ્રજા પ્રત્યેની ફરજ કરતાં વધુ મહત્વ આપ્યું, માટે તારા દેહમાંથી લોહીની ટશરો ફૂટે ત્યાં સુધી તારા શરીર ઉપર કોરડા મારવાની હું તને સજા કરું છું. હૈદરઅલી સુલતાને બંને જમાદારોને એમના ગુન્હા પ્રમાણે બરાબર શિક્ષા કરી. આગામહું મદનું લોહી નીતરતું મસ્તક આખા ગામમાં ફેરવીને જાહેરાત કરાવી કે મારા ગામમાં જે કોઈ દુષ્ટ માણસ આવું અધમ કાર્ય કરશે તેની આવી દશા થશે. સમજાણું ને કે આગળના રાજાઓનો કેવો ન્યાય હતો ! ન્યાય એટલે ન્યાય. એમાં કોઈની શરમ કે સિફારસ ચાલે નહિ.

આપણે સમુદ્રવિજય રાજાની વાત ચાલતી હતી. સમુદ્રવિજય રાજા પણ ન્યાયી હતા. એમની પાસે પ્રજાજનો દોડતા ફરિયાદ કરવા માટે આવ્યા કે મહારાજા ! આપના લઘુ બાંધવ વસુદેવકુમાર ખૂબ નિર્દોષ અને પવિત્ર છે. એ કોઈના સામે ઊંચી દૃષ્ટિ કરીને જોતાં નથી પણ કોણ જાણે એમનામાં કઇ જાતની એવી આકર્ષણ કરવાની શક્તિ છે કે એ બહાર નીકળે છે ત્યારે આખા નગરની સ્ત્રીઓ તેમની પાછળ ગાંડી બને છે. ચૂલે રસોઇ બળતી મૂકીને વસુદેવકુમારને જોવા માટે દોડીને જાય છે. તો આપ આ બાબતમાં કોઈ વિચાર કરો તો સારું. આ પ્રમાણે પ્રજાજનોએ સમુદ્રવિજય રાજાને અરજી કરી.

સમુદ્રવિજય રાજાને પોતાનો લઘુ બંધવો વસુદેવકુમાર ખૂબ વહાલો હતો. બીજી તરફ પ્રજા પણ વહાલી હતી. હવે શું કરવું ? ખૂબ વિચારતાં એક માર્ગ સૂઝયો. એટલે તેમણે પોતાના લઘુ બંધવાને ખોળામાં બેસાડીને કહ્યું ભાઇ ! તું આપણા બધા ભાઇઓમાં વિશેષ રૂપાળો છે, એટલે તું બહાર જાય છે ત્યારે તારા રૂપ પાછળ સ્ત્રીઓ ગાંડી થાય છે,

રખે ને તને દૃષ્ટિ લાગે ને તું માંદો પડે! માટે ભાઈ હમણાં તને આપણા બગીચામાં જે બંગલો છે તેમાં રાખું તો તને વાંધો નથી ને? વસુદેવ સમુદ્રવિજયને પિતા તુલ્ય સમજતાં હતાં. એટલે કહે–ભલે મોટાભાઇ! ત્યાં રહીશ. તમે તો મારા હિત માટે જ કહો છો ને? એ સમયના આત્માઓ ઘણાં સરળ હતા. વડીલો જે કંઇ કહે તે કોઈ પણ જાતની અપીલ કે દલીલ વિના તહેત્ કરતા હતા.

વસુદેવ સમુદ્રવિજય રાજાના કહેવા પ્રમાણે બગીચાના બંગલામાં રહેવા લાગ્યા. એક દિવસ તેઓ કંપાઉન્ડમાં ફરતા હતા તે સમયે કોઈ પુરૂષ બોલ્યો કે વસુદેવ અહીં કેમ રહે છે? તે શબ્દો સાંભળી એમને ખૂબ લાગી આવ્યું. શું મારા ભાઇએ મને નજરકેદમાં રાખ્યો છે? એમણે મને કપટ કરીને રાખ્યો? બસ, હવે મારે અહીં રહેવું નથી. વસુદેવ હોંશિયાર ખૂબ હતા. એમણે બગીચામાંથી લાકડા લાવીને મહેલના બારણામાં મોટી ચિતા ખડકીને સળગાવી. પછી મહેલના દરવાજે લખ્યું કે, હે સમુદ્રવિજય ભાઈ! તમે મને કપટ કરીને નજર કેદમાં રાખ્યો છે તેથી મારા દિલમાં ખૂબ દુઃખ થયું છે. તે કારણે હું આ ચિતામાં બળી ગયો છું. એવું લખી ચિતા સળગાવીને પોતે છાનામાના ચાલ્યા ગયા.

દરરોજ સવારમાં સમુદ્રવિજય રાજા પોતાના નાના ભાઈની ખબર લેવા માટે આવતા. તેને જોઇતી ચીજો મોકલાવતા હતા. દરરોજ સમુદ્રવિજય પધારે ત્યારે વસુદેવ મહેલની મેડીએથી નીચે ઊતરતાં ને સામે જઈ ને ભાઇને ભેટી પડતા ને ખૂબ વહાલ કરતા પણ આજે તો મહેલનાં બારણામાં ભડભડ ચિતા બળી રહી છે. આ જોઈ ને સમુદ્રવિજય ભડકયા. મહેલ તરફ દૃષ્ટિ કરી મનમાં થયું કે આજે મારો ભાઈ કેમ દેખાતો નથી? શું એને ઠીક નહિ હોય? રોજ તો હું આવું ત્યારે છલાંગ મારતો મારી સામો આવે છે. સમુદ્રવિજય ઉપર જઇને જુએ છે તો વસુદેવને જોયા નહિ. આખા મહેલમાં ને બગીચામાં તપાસ કરી પણ ભાઈ ન મળ્યો, એટલે ખૂબ ચિંતાતુર બની ગયા. છેવટે મહેલની ભીંતે લખાણ લખ્યું હતું તેના ઉપર દૃષ્ટિ પડતા વાંચ્યું, તેથી સમુદ્રવિજય તો ઢગલો થઇને ઢળી પડયા. શું મારો ભાઇ આ ચિતામાં બળી ગયો? ભાનમાં આવ્યા એટલે બોલવા લાગ્યા કે મારા લઘુ બંધવા! તું મને મૂકીને કયાં ચાલ્યો ગયો? મેં તારાથી વાત છાની રાખી ત્યારે આ બનાવ બન્યો ને? મારે તને સાચી વાત કહેવી જોઈતી હતી, પણ બંધુ! તેં આ શું કર્યું? આ રીતે વસુદેવ ચિતામાં બળી ગયા છે એમ માનીને સમુદ્રવિજય રાજા આદિ બધા ભાઇઓ રડવા લાગ્યા. આખી નગરીમાં હાહાકાર મચી ગયો. હજુ સમુદ્રવિજય રાજા તેમજ બીજા ભાઇઓ કેવો ઝુરાપો કરશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– જિનસેન પાસ થવાથી રાજાએ તેના ઉપર ખુશ થઇને મુખ્ય ઘોડો અને તલવાર બંને ચીજો ભેટ આપી. રત્નવતીની દાસીએ આવીને બધી વાત કરી.

ઉપશાંત મીઠું, મરચું ભેળવીને કહે છે બા સાહેબ ! તમારા પટ્ટરાણીપણામાં ધૂળ પડી. છે તમારું કયાંય માન ! જિનસેનાના દીકરાને તો રાજાએ તલવાર અને ઘોડો બધું આપ્યું પણ તમારા રામસેનને તો કંઈ આપ્યું નથી. આ કંઇ તમારું ને રામસેનનું નાનું સૂનું અપમાન કર્યું છે? આવા જીવને જીવવાથી શું ? આ પ્રમાણે દાસીએ રત્નવતીને ખૂબ ચઢાવી. એટલે રત્નવતીને તો ચક્કર આવવા લાગ્યા. મગજ ભમવા લાગ્યું અને જેમતેમ બોલવા લાગી કે હું રાજાની માનીતી પટ્ટરાણી અને રાજાએ આમ શા માટે કર્યું ? મારો દીકરો કંઈ વધારાનો છે? અમારો કંઈ હક્ક જ નહીં ! રાજાએ આવો અન્યાય કેમ કર્યો ? એને તો રગેરગમાં ઝેર વ્યાપી ગયું, અને એની દાસીને કહે છે કે દાસી ! તું જો તો ખરી. હું એવો ઉપાય કરીશ કે રાજાને એ ઘોડો અને તલવાર બંને ચીજો જિનસેન પાસેથી પાછી લીધે જ છૂટકો થશે. જા તું જલ્દી રાજાને બોલાવી લાવ, એટલે દાસી તો રડતી રડતી રાજા પાસે આવી. રાજાએ પૂછ્યું–બાઈ! કેમ રડે છે? દાસી કહે કે મહારાણીને કંઈક થઈ ગયું છે. આપ જલ્દી પધારો. રાજાના મનમાં થયું કે તબિયત સારી નહિ હોય, તેથી રાણીના મહેલે આવ્યા.

મહેલોમેં જબ રાજા આયા, રાની બાત બતાવે,
થારો પ્રેમ ખૂબ હી દેખ્યો, આકરા વચન સુનાવે હો.

રાજા રત્નવતીના મહેલે આવ્યા ત્યારે રત્નવતી તો જાણે એની માતા મરી ગઈ ન હોય એવો છેડો વાળીને રડતી હતી. રાજાએ એની પાસે જઈને પૂછ્યું–હે રત્નવતી ! તને શું દુઃખ છે ? તું શા માટે રડે છે ? એટલે રાણીએ ઘૂંઘરાટો કરીને કહ્યું–તમારો મારા ઉપરનો પ્રેમ કેવો છે એની મને પૂરી ખબર છે. તમે મારી સાથે ઉપરથી મીઠું મીઠું બોલો છો પણ અંદરથી તો મારા ઉપર બિલકુલ પ્રેમ નથી. એની મને હવે ખબર પડી. મને તો નામની જ પટ્ટરાણી બનાવી છે ને ? રાજાએ પૂછ્યું કે રત્નવતી ! આજે તને શું થયું છે ? એ તો કહે.

રત્નવતીએ કરેલો ક્રોધ :– રત્નવતી ક્રોધથી ધમપછાડા કરતી કહે છે કે અશ્વ અને ખડ્ગ તમે જિનસેનને આપી દીધા. તો એને આપતાં તમને શરમ ન આવી ? તમારે આપવું હોય તો રામસેનને જ આપવું જોઈએ ને ? ગાદીનો વારસ તો રામસેન જ છે ને ? પટ્ટરાણીના પુત્રને જ રાજ્ય મળે ને ? રાજ્ય તો મારા રામસેનને મળવાનું અને રાજ્યના ચિન્હો ઘોડો ને તલવાર તો તમે જિનસેનને આપી દીધા. તો એને આપતાં તમને કંઈ વિચાર ન આવ્યો ? મને તો લાગે છે કે હવે તમને ઘડપણ આવ્યું છે. "સાઠે બુદ્ધિ નાઠી" એ કહેવત પ્રમાણે તમારી બુદ્ધિ બગડી ગઇ લાગે છે. હે નાથ ! તમે મારા રામસેનને કંઇ જ આપ્યું નહિ અને જિનસેનને ઇનામ આપ્યું એટલે ભરી સભામાં તમે મારા લાડકવાયાનું અપમાન કર્યું છે. એનું અપમાન એ મારું અપમાન જ

છે ને ? મને હાડહાડ લાગી આવ્યું છે. બસ, જ્યાં આપણું કંઇ માન ન હોય ત્યાં જીવીને શું કામ છે? આવા જીવને જીવવું તેના કરતાં મરી જવું શ્રેષ્ઠ છે. હું તો તમારી નજર સામે ઝેર ખાઇને મરી જઇશ.

બંધુઓ ! સતી સ્ત્રીઓ પતિને પરમેશ્વર તુલ્ય સમજે છે, પણ આ રત્નવતી તો ઝેરની ભરેલી છે. પતિ એની ઇચ્છા મુજબ કાર્ય કરે તો શી વાત, પણ જો પોતાની ઇચ્છા વિરુદ્ધ કંઈ કાર્ય કર્યું તો આવી બન્યું. તે રીતે અત્યારે રાણીના પુત્રને રાજાએ કંઈ આપ્યું નહિ એટલે રાજાની સામે ગમે તેવા શબ્દો બોલવા લાગી. રાણીના શબ્દો સાંભળીને રાજાના દિલમાં ખૂબ દુઃખ થયું. મેં તો જિનસેનકુમાર પરીક્ષામાં પાસ થયો એટલે ખુશ થઇને આ ચીજો ભેટ આપી છે. મેં કંઈ ખાલી એ ચીજો આપી નથી, છતાં રાણીને કેટલી ઈર્ષ્યા આવી ગઈ છે! આ તો ગમે તેમ બકવાદ કરે છે. માટે આ રાણીને કેવી રીતે સમજાવવી અને શું કરવું તેની રાજાને મૂંઝવણ થવા લાગી. રાજાએ રત્નવતીને ખૂબ સમજાવી પણ કોઈ રીતે સમજતી નથી. એ તો એમ જ બોલે છે કે હું ઝેર ખાઈને મરી જઈશ. હજુ રત્નવતી રાજાને કેવા શબ્દો કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

આવતી કાલે આપણા આત્માનું ઉત્થાન કરાવનાર પર્વાધિરાજ પર્વ આવી રહ્યા છે. તેનું સ્વાગત કરવા તપ-ત્યાગમાં જોડાવા પ્રયત્ન કરશો. ઘણાં ભાઈ બહેનો આરાધનામાં જોડાયા છે. ૐ શાંતિ.

વ્યાખ્યાન નં. ૪૬

શ્રાવણ વદ ૧૩ ને ગુરૂવાર અદ્દાઇધર તા. ૩૧-૮-૭૮

વિષય :- "પર્વાધિરાજના વધામણા"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! જે પર્વાધિરાજ પર્યુષણ પર્વની આપણે ઘણાં દિવસોથી રાહ જોઈ રહ્યા હતા તે પરમ મંગલકારી અને આત્માની ઉન્નતિ કરાવનાર પર્વની આજે પધરામણી થઈ ગઈ છે. આજના વ્યાખ્યાનનો વિષય છે "પર્વાધિરાજના વધામણા." આપણે હૈયાના હેતથી અને અંતરના ઉમળકાથી આપણા ભોંયરા મહેમાન પર્વાધિરાજ પર્યુષણ પર્વના વધામણા કરવાના છે. પર્યુષણ પર્વ એટલે શું ? જીવરાજભાઇના જીવનની જ્યોતિને ઝગમગાવનાર જયવંતપર્વ. માનવને મુક્તિનો માર્ગ બતાવનાર મંગલકારી પર્વ, કર્મના કાદવમાં ખરડાયેલાઓને સાફ થવાનું વોટર વર્કસ, આત્માનંદના ઝુલે ઝુલવાનો હિંડોળો અને પામર પ્રાણીને પાવન બનાવનાર પવિત્ર પર્વ. આવા અનુપમ પર્વના આપણે વધામણાં કરવાના છે.

પર્યુષણ પર્વ એ મહાન પર્વ છે. સર્વ નદીઓમાં ગંગા નદી, સર્વ પર્વતોમાં મેરૂ પર્વત, સર્વ મંત્રોમાં નવકારમંત્ર, અને સર્વ સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર શ્રેષ્ઠ છે તેમ સર્વ પર્વોમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વ મુગટમણી સમાન શ્રેષ્ઠ છે. બીજા દિવસોની અપેક્ષાએ આ પર્વના દિવસોમાં ઉત્સાહ વિશેષ રહે છે. જે આત્માઓ જાગૃત બનેલા છે તેમના માટે તો બધા દિવસો સરખા છે પણ જેઓ મોહનિદ્રામાં પોઢેલા છે તેમને જાગૃત કરી નવીન પ્રેરણા આપવા માટે આ પર્વના દિવસો ગોઠવવામાં આવ્યા છે. આ પર્યુષણ પર્વના મંગલકારી દિવસો પ્રતિવર્ષે આવે છે ને જાય છે. ભાગ્યશાળી આત્માઓ આ કલ્યાણકારી દિવસોમાં ધર્મારાધન, જ્ઞાનારાધન, દાન, શીયળ, તપ અને શ્રદ્ધા વિગેરે મંગલ તત્ત્વો દ્વારા પોતાની આત્મશુદ્ધિનો ભવ્ય પુરૂષાર્થ કરે છે. તેનાથી જીવનમાં નવીનતા, સ્ફૂર્તિ, અને ઉલ્લાસનો અનુભવ થાય છે. આ દિવસો જ એવા પવિત્ર છે કે જે માણસો ઉપાશ્રયે નહિ આવતા હોય તેમને પણ આવવાનું મન થાય છે. નાના નાના ફૂલ જેવા બાળકોને પણ આજે ઉપવાસ કરવાનું મન થાય છે.

બંધુઓ! આપણે પર્વાધિરાજના વધામણા શા માટે કરીએ છીએ તે જાણો છો? પ્રતિવર્ષે આવતું આ પર્વ માનવજીવનની ઉજળી ચાદર ઉપર લાગેલા ક્રોધના કાળા ડાઘાને ધોઈને ફરી એને ઉજ્જવળ બનાવી મૈત્રીના સેન્ટથી સુગંધિત બનાવવાનું કામ કરે છે, માટે એમના વધામણાં ને સ્વાગત કરીએ છીએ.

આનંદકારી અમૂલ્ય અવસર આવ્યો રે આંગણીએ,
પર્વાધિરાજ પર્યુષણ પર્વનું પ્રેમે સ્વાગત કરીએ,
મંગલકારી મહોત્સવ ઉજવીએ, પર્યુષણ પર્વનું આરાધન કરીએ,
જગમાં જોટો જડે ના એવા મહાન, મહિમા મોટો ગવાયે, ધરીએ ધ્યાન
કર્મમેલને દૂર કરીને આતમ નિર્મળ કરીએ....પર્યુષણ....

નવપલ્લવિત અને ખીલેલું ગુલાબ પોતાની મઘમઘતી સુવાસ ચારે બાજુ પ્રસરાવે છે તેમ ચારે તરફ ધર્મ પુષ્પની સુવાસને પ્રસરાવતા મહામંગલકારી પર્યુષણ પર્વ આજે આનંદ અને મંગલના શુભ સંદેશાઓ સાથે આવી પહોંચ્યા છે. આપણે આંગણે આજે પર્વના પધરામણા થયા છે. સાથે એ ધર્મારાધના કરવાના મંગલ વધામણા લઈને આવ્યા છે.

પર્યુષણ પર્વ પાપીને પુનિત બનાવે છે, દુઃખીઓના દુઃખોને દૂર કરે છે, અંતરમાં મૈત્રી અને અહિંસાનું પવિત્ર ઝરણું રેલાવે છે, આત્માના અલૌકિક ઉત્સાહમાં બળ પ્રગટાવે છે. આ સંસારમાં પ્રત્યેક માનવી સાચા આત્મિક સુખોને ભૂલી ઝાંઝવાના નીર જેવા અનિત્ય અને દેખાતા સુખોની પાછળ આંધળી દોટ મૂકી રહ્યો છે, તેને સત્ય અને વાસ્તવિક સુખનું ભાન કરાવે છે. વિષયોમાં વિહ્વળ બનેલાની શાન ઠેકાણે લાવે છે. અધોગતિની ગર્તામાં

પડતા આત્માનું ઉર્ધ્વીકરણ કરી ઉન્નતિના શિખરે ચઢાવે છે. અનેક વિકટ રસ્તાઓવાળી ભયંકર ભવાટવીમાં માર્ગ ભૂલેલા જીવનપથિકોને સાચો રાહ બતાવે છે. મોહની ગાઢ નિદ્રામાં નિશ્ચિતપણે પોઢી રહેલા આત્માને જાગૃત કરવા માટે એલાન કરે છે. અનાદિકાળના મોહના તથા કુવાસનાના સંસ્કારોને દૂર કરી આત્મવનમાં ચોમેર ધર્મની સુવાસ ફેલાવે છે.

દેવાનુપ્રિયો ! પર્યુષણ પર્વના દિવસો આઠ છે અને આત્માને મલીન બનાવનારા કર્મો પણ આઠ છે. આ પર્વના ઉત્તમ આઠ દિવસો અનાદિકાળથી આત્મા સાથે યુદ્ધ ખેલી રહેલા આઠ કર્મરૂપી મહાયોદ્ધાઓનો સામનો કરી આત્માને જવલંત વિજય પ્રાપ્ત કરાવી પંચમ ગતિના મહાન સુખોનો ભોક્તા બનાવે છે. વાસનાઓના ગુલામ બનેલા આત્માને સ્વત્વના સ્વામી બનાવે છે. આ પર્વમાં જે જીવો તન, મન અને ધનથી અંતરના ઉલ્લાસથી વધામણાં કરે છે અને આરાધના કરે છે તેમજ વીતરાગ પ્રભુના ધર્મ ઉપર શ્રદ્ધા કરી નિર્મળ સમ્યકૃત્વની પ્રાપ્તિ કરે છે તેનો સંસાર પરિમિત બની જાય છે. તે જીવો મોડામાં મોડા સાત, આઠ, નવ કે પંદર ભવોમાં તો આ પરિવર્તનશીલ જગતમાંથી સંસારના સમસ્ત બંધનની સાંકળોને તોડીને આધિ, વ્યાધિ અને ઉપાધિ રહિત બની અક્ષય, અવ્યાબાધ અને લોકોત્તર દિવ્ય સુખોને પ્રાપ્ત કરે છે. આટલા માટે આ પર્વને મહાન પર્વ કહેવાય છે. ચોમાસાની સીઝનમાં જેમ અનાજ વિશેષ પાકે છે તેમ આ દિવસોમાં ધર્મકરણી વિશેષ થાય છે. આ દિવસોમાં જ્યાં જુઓ ત્યાં સર્વત્ર ધર્મમય વાતાવરણ હોય છે.

જીવનમાં વિશેષ પ્રકારે ધર્મારાધના કરવાના જે પ્રસંગો પ્રાપ્ત થાય છે તે પર્વ તરીકે ઓળખાય છે. પર્વો બે પ્રકારના છે. લૌકિક અને લોકોત્તર. જે પર્વોમાં કેવળ રંગરાગનું પ્રાધાન્ય હોય તેને લૌકિક પર્વ કહેવાય. જેમ કે દશેરા, હોળી, બળેવ, નાગપંચમી, શીતળાસાતમ વિગેરે પર્વો કે જે આધ્યાત્મિક દૃષ્ટિએ કંઈ હિતકારી જણાતા નથી. આ પર્વોને વાસ્તવિક પર્વ કહેવાય નહીં. લૌકિક દૃષ્ટિએ તે પર્વરૂપે મનાય છે. બીજું પર્વ છે આત્માને ઉર્ધ્વગતિના સોપાન સર કરાવનાર લોકોત્તર પર્વ. આ પર્વમાં રંગરાગનું મહત્વ નથી. આમાં તો વિશેષ ત્યાગનું મહત્વ છે. આ પર્વમાં રંગરાગને તિલાંજલી આપવાની હોય છે, માટે આ પર્વ લોકોત્તર પર્વ તરીકે મનાય છે. આ પર્વની શુદ્ધ ભાવે આરાધના કરવાથી લોકોત્તર અને દિવ્ય સુખો મળે છે.

આવા લોકોત્તર પર્વો તો આ જિનશાસનમાં ઘણાં છે. જિનેશ્વર ભગવાનના કલ્યાણકના દિવસો, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, આયંબીલની ઓળી, ચોમાસીપાખી, અક્ષયતૃતિયા, આ બધામાં પર્યુષણ પર્વ અનોખું સ્થાન ધરાવે છે. આ પર્વ જિનશાસનના શણગાર રૂપ છે, તથા પ્રભાવક પણ છે. જૈનેતરો પણ જૈન ધર્મની તથા પર્યુષણ પર્વની મુકત કંઠે પ્રશંસા કરી અનુમોદનાના લાભમાં ભાગી બને છે, તેથી આ પર્વ પ્રભાવક છે. આ

સંસારચક્રની વિષમ ઘટમાળમાં ફસાયેલા જીવોને જીવનમાં રાગ-દ્વેષની પરિણતીના કારણે અપરાધ તથા ઝઘડાઓના અનેક પ્રસંગો આવતા હોય છે. તેની પરસ્પર ક્ષમા માંગવા માટે આજથી આઠમા દિવસે સંવત્સરી મહાન પર્વનો દિવસ આવશે. તે દિવસે વર્ષ દરમ્યાનમાં થયેલા અપરાધોની ક્ષમા યાચના કરી મિચ્છામિદુક્કડં દઈને દરેક જીવો નિખાલસ બને છે જેથી જેની સાથે વ્યાવહારિક સબંધો કપાઈ જવા પામ્યા હોય તે સંબંધોનું પુનઃ જોડાણ થઈ જાય છે. પર્યુષણ પર્વમાં પણ સંવત્સરીના દિનની વધુ મહત્તા છે. તે દિવસે જાગૃત બનવા માટે, અગાઉથી સૂચના કરવા માટે પાંચ પાંચ ધર તમને સિગ્નલ આપે છે. આજથી બાવીસ દિવસ પહેલા મહિનાનું ધર આવ્યું, પછી પંદરનું ધર આવ્યું અને આજના દિવસનું નામ અઠ્ઠાઈધિર છે. આજથી ચોથે દિવસે કલ્પધર આવશે. છેઠું દિવસે તેલાધર આવશે પછી સંવત્સરી મહાપર્વનો દિવસ આવશે તે દિવસે પરસ્પર ક્ષમા આપવાની અને ક્ષમા માંગવાની છે.

"આરાધક કેવી રીતે બનશો ?" :- જે ક્ષમા આપે છે તે આરાધક બને છે અને જે ક્ષમા નથી આપતો તે વિરાધક બને છે, માટે આ દિવસોમાં આપણે ક્ષમા પ્રદાન કરીને આરાધક ભાવ મેળવવો જોઈએ, અને તેમાં જીવની સાર્થકતા રહેલી છે. ક્ષમાની નિર્મળ પવિત્ર અને શીતળ સરિતામાં સ્નાન કરીને દરેક આત્માઓ પાપને પખાળી પવિત્ર બની શકે છે. પયુષર્ણ પર્વના પવિત્ર દિવસોમાં આપણે શમન, દમન અને નમનનો ત્રિવેણી સંગમ સાધવાનો છે. વૈષ્ણુવ ધર્મમાં જ્યાં ત્રણ નદીઓ ભેગી થાય છે તે સ્થળને ત્રિવેણી સંગમ તરીકે પવિત્ર સ્થાન માને છે, અને ત્યાં જઈ સ્નાન કરીને એમની માન્યતા પ્રમાણે પાપ ધોઈને શુદ્ધ બને છે, પણ વાસ્તવિક રીતે જોઈએ તો સ્નાન કરવા માત્રથી માનવ શુદ્ધ બની શકતો નથી, પણ પાપકર્મોનો ક્ષય કરવાથી શુદ્ધ બની શકાય છે. આ શમન, દમન અને નમન રૂપ ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાથી આત્મા અવશ્ય પવિત્ર બની શકે છે. શમન એટલે શું ? શમન કોનું કરવાનું છે ? ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયો રૂપી અગ્નિ છે તેનું ક્ષમાના શીતળ જળ વડે શમન કરવાનું છે. પાંચ ઈન્દ્રિયોના ઘોડા જે મનગમતા વિષયોને મેળવવા માટે દોડાદોડ કરી રહ્યા છે તેનું દમન કરવાનું છે, અને અભિમાન છોડીને નમ્ર, સરળ અને વિનયવંત બનવાનું છે. આ શમન, દમન અને નમન રૂપ ત્રિવેણી સંગમમાં જે આત્માઓ સ્નાન કરે છે તેમના આત્મા ઉપર ચોંટેલો પાપ કર્મનો મેલ ધોવાઈને સાફ થઈ જાય છે.

આ પર્વના પવિત્ર દિવસોમાં જેટલી બને તેટલી દાન, શીયળ, તપ અને ભાવનાની અંતરમાં ભરતી લાવો. તમારા પ્રબળ પુણ્યોદયે તમે બધી રીતે સુખી છો. આટલી મોટી માનવમેદનીમાં કોઈ લાખપતિ હશે, કોઈ કરોડપતિ હશે. તો આ દિવસોમાં જેની જેટલી શક્તિ હોય તેટલું દાન કરવું, ધર્મની પ્રવૃત્તિ કરાવવી, ગરીબોના આંસુ લૂછવા અગર ગરીબ સ્વધર્મી બંધુઓની યથાશક્તિ સેવા કરવી, સ્વધર્મી બંધુઓની સેવાભક્તિમાં પણ

મહાન લાભ સમાયેલો છે. જેની પાસે ધન હોય તેણે અવશ્ય સ્વધર્મી બંધુઓની સેવા-ભક્તિ કરવી જોઈએ. એમાં તમને બે લાભ થશે. એક તો સાધર્મિક બંધુની ભક્તિનો લાભ અને બીજું પરિગ્રહના ભારથી હળવા બનાય છે. હેમચંદ્રાચાર્યના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે.

હેમચંદ્ર સૂરીશ્વરજી એક મહાન જ્ઞાની અને શાસન પ્રભાવક પુરૂષ હતા. તેઓ આ પૃથ્વી ઉપર વિચરતાં અનેક જીવોને ધર્મલાભ આપતાં એક વખત અણહીલપુર પાટણની હદના એક નાનકડા ગામમાં પધાર્યા. તેમના પુનિત પદાર્પણથી એ ગામની ભૂમિ પાવન બની, ગામના લોકોના હૈયા હર્ષથી નાચી ઉઠયા. હેમચંદ્રાચાર્યનું જ્ઞાન વિશાળ હતું. જેની પાસે વિનયપૂર્વકનું જ્ઞાન હોય તેની વાણીમાં ત્યાગ અને વૈરાગ્યની છોળો ઉડતી હોય છે. આ ગામ નાનું હતું પણ જૈનોની વસ્તી સારી હતી. ભવ્ય શ્રાવકો હેમચંદ્રસૂરીના મુખમાંથી વહેતી પવિત્ર વાણીને પોતાના હૃદય સરોવરમાં ઝીલીને પોતાના પાપપંકને પખાળી જીવન પવિત્ર બનાવી રહ્યા હતા.

"ગરીબીમાં વસેલો અમીરી":- આ ગામમાં ધનાશાહ નામનો ભાવિક શ્રાવક વસતો હતો. તેની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. એ વણકરનો ધંધો કરતો હતો. પોતાની જાતે કપડા વણીને વેચતો. એમાં એને જે કાંઈ મળે તેમાંથી પોતાનો જીવન નિર્વાહ ચલાવતો. આ શ્રાવક ધનથી ગરીબ હતો પણ મનથી ગરીબ ન હતો. એના અંતરમાં દેવ-ગુરૂ અને ધર્મ પ્રત્યે અનન્ય શ્રદ્ધા હતી. એના અંતરની ભાવના ખૂબ ભવ્ય હતી. એ રોજ વ્યાખ્યાન વાણી સાંભળતો. સામાયિક, પ્રતિક્રમણ, ચૌવિહાર વિગેરે ધર્મકરણી કરતો. એના મનમાં વિચાર આવ્યો કે આવા મહાન પવિત્ર, જ્ઞાની ગુરૂ ભગવંતે આ નાનકડા ગામમાં પધારીને જૈનશાસનની જ્યોત ઝળકાવી મારા જેવા અભૂજ પ્રાણીના અંતરમાંથી અજ્ઞાનના અંધકાર ઉલેચીને સાચો માર્ગ સમજાવ્યો છે. ઘર આંગણે આવો સુવર્ણ અવસર કયારે આવવાનો છે! હું એમની કંઈક ભક્તિ કરીને લાભ લઉં.

ધનાશાહ વિચાર કરે છે કે હું શું કરીને ભક્તિનો લાભ લઉં! ઘરમાં તો કંઈ છે. નહિ. માંડ માંડ ગુજરાન ચલાવે છે. એમની પત્નીએ શિયાળામાં ઓઢવા માટે એક જાડો ને બરછટ ધાબળો બનાવેલો હતો. ધનાશાહની નજર એના ઉપર પડી. એટલે વિચાર કર્યો કે આ ધાબળો એમને વહોરાવી દઉં. ધનાશાહનો ધાબળો ઘણો બરછટ ને જાડો હતો પણ એની ભાવના સુંવાળી હતી, પણ મનમાં વિચાર આવ્યો કે કયાં શાસનના શિરતાજ મહાન ગુરૂદેવ! અને કયાં મારી ગરીબાઈની ચાડી ખાતો આ બરછટ ધાબળો! ભાવના ઘણી છે પણ મનમાં સંકોચ થાય છે કે શું ગુરૂદેવ આનો સ્વીકાર કરશે ખરા?

ધનાશાહ તો ધાબળો લઈને આચાર્ય ભગવંત પાસે પહોંચી ગયા. અંતરમાં

ભાવનાની ભરતીના મોજા ઉછળી રહ્યા છે પણ જીભ ઉપડતી નથી. એ તો વંદન કરીને હેમચંદ્રાચાર્યની સામે બેસી ગયા પણ સંતે એના હૃદયની રેખાને પારખી લીધી. બંધુઓ ! આ સભામાં આ ડોકટર પણ બેઠા છે. આ તમારા ડોકટરો એકાદ રોગને પારખવામાં નિષ્ણાત હોય છે, પણ આ સંતરૂપી ડોકટરો તો તમારા તનના અને મનના બધા રોગોને જલ્દી પારખી જાય છે. ડોકટર તો તમને તપાસતાં પહેલાં પૂછે છે કે તમને શું થાય છે ? પછી તપાસીને રોગનું નિદાન કરે છે. પણ સંતો તો વગર પૂછયે તમારું મુખ જોઈને પારખી જાય છે. સંત ધનાશાહનું મુખ જોઈને સમજી ગયા કે આ શ્રાવક કંઈક કહેવા માંગે છે. એટલે મધુરતાથી પૂછયું-ભાગ્યવાન ! તમે મને કંઈક કહેવા માંગો છો પણ કહી શકતા નથી. તમારે જે કહેવું હોય તે મને નિઃસંકોચે કહી દો. ગુરૂદેવની અમીઝરતી વાણી સાંભળીને ધનાશાહ ધન્ય બની ગયો. અહો ! અઢાર દેશના અધિપતિ જેના ચરણોમાં ઝૂકે છે એવા ગુરૂદેવ પણ મારા જેવા સામાન્ય માણસને પણ કેવી મધુર વાણીથી સંબોધે છે !

ધનાશાહ બોલ્યા-ગુરૂદેવ ! આટલું બોલતાં એની જીભ અટકી ગઈ ને આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. આ જોઈને ગુરૂદેવે ફરીને કહ્યું-દેવાનુપ્રિય ! તમે શા માટે ગભરાવ છો ? જે કંઈ હોય તે વિના સંકોચે મને જણાવો. એટલે કહે છે ગુરૂદેવ ! હું સામાન્ય સ્થિતિનો શ્રાવક છું પણ મને ભાવના થાય છે કે હું ગુરૂદેવની કંઈક ભક્તિ કરું તો મારું જીવન પવિત્ર બની જાય. જેથી આ એક ધાબળો આપના ચરણે અર્પણ કરવા આવ્યો છું. સુરિશ્વરજીએ ધનાશાહની નિર્મળ અને પ્રબળ ભાવના જોઈને ધાબળો વહોરી લીધો. એટલે એમના આનંદની અવધિ ન રહી. ધાબળો વહોરીને તરત પોતાના શરીરે ઓઢી લીધો. જાડો અને બરછટ ધાબળો હાથમાં પણ લેવો ગમે તેવો ન હતો પણ ગુરૂદેવે ધાબળો નહિ પણ ધનાશાહની ભવ્ય ભાવનાની કદર કરી હતી.

"આચાર્યના સ્વાગતમાં કુમારપાળનું આગમન" :- હેમચંદ્રાચાર્યને પાટણથી કુમારપાળ રાજાના મહામંત્રીઓ વિનંતી કરવા આવ્યા હતા એટલે તેઓ બીજે દિવસે તો પાટણ પધારવાના હતા ને પાટણના પાદરમાં ખુદ કુમારપાળ મહારાજા સત્કાર કરવા સામા આવવાના હતા. ગુરૂ પધારવાના હોય ત્યારે કોના હૃદયમાં આનંદ ન હોય ! પ્રભાત પ્રગટયું. પાટણના પાદરમાં પગ મૂકવાની જગ્યા ન હતી. અઢાર હજાર રાજાઓના સ્વામી એવા કુમારપાળ રાજા ગુરૂદેવના આગમનની રાહ જોતા હતાં, ત્યાં દૂરથી શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ પરિવાર સહિત આવતા દેખાયા. એટલે કુમારપાળ રાજા ગુરૂદેવની સામે ગયા. ગુરૂદેવને જોઈને તેમનું હૃદય આનંદથી ખીલી ઉઠયું, પણ થોડીવારમાં મુખ કરમાઈ ગયું. કુમારપાળના કરમાયેલા મુખ સામે જોઈને હેમચંદ્રાચાર્યે પૂછયું હે રાજન્ !

હમણાં તો તમારા મુખ ઉપર ખૂબ આનંદ હતો અને એકદમ તમારો આનંદ કેમ ઉડી ગયો, અને ખેદની રેખાઓ કેમ ઉપસી આવી ?

" ધાબળો જોતાં કુમારપાળ રાજાના હૃદયમાં લાગેલું દુઃખ " :– કુમારપાળે કહ્યું–ગુરૂદેવ ! અઢાર દેશના અધિપતિ કુમારપાળ જેવા રાજા આપના સેવક હોય, આપની આજ્ઞાનું પાલન કરવા ખડે પગે તૈયાર હોય છતાં આપના દેહ ઉપર જાડો બરછટ ધાબળો જોઈને મને લજ્જા આવે છે. મારા દિલમાં દુઃખ થાય છે. ગુરૂદેવ ! આવો ધાબળો ઓઢવાથી આપના ગૌરવની પણ હીલના થાય છે ને સાથે મને મારી પણ હીનતા લાગે છે. કુમારપાળ સજાના શબ્દો સાંભળીને આચાર્ય મહારાજનું મુખ સહેજ હસી ઉઠયું. આ જોઈને રાજા કહે છે ગુરૂદેવ ! આપ હસો રહ્યા છો પણ મારું અંતર તો રડી રહ્યું છે. આપે આવો ધાબળો શા માટે ઓઢયો છે ?

હેમચંદ્રાચાર્ય અઢાર દેશના અધિપતિની શેહમાં તણાયા વિના નજરે નિહાળાતી પરિસ્થિતિનો ખ્યાલ આવતા પ્રસન્નતાથી બોલ્યા–હે કુમારપાળ રાજા ! મેં જાડો ને બરછટ ધાબળો ઓઢયો છે એટલે તને શરમ આવે છે પણ તેં કદી એવો વિચાર કર્યો છે ખરો કે આ ધાબળો કયાંથી આવ્યો ? કે તારા રાજ્યમાં આ ધાબળો વહોરાવનાર તારો સાધર્મિક ભાઈ પોતાનો જીવનનિર્વાહ કેવી રીતે ચલાવતો હશે ? એ કેવી રીતે મહેનત મજુરી કરીને પૂરું કરતો હશે ? અમે કોઈની ભાવનાને અવગણી ન શકીએ. તેમાં પણ સામાન્ય સ્થિતિના શ્રાવકની ભાવનાને સાચવવી એ અમારી પહેલી ફરજ છે, પણ કુમારપાળ ! તું તારી ફરજને ચૂકી ગયો છે, સમય જોઈને ગુરૂદેવે સોગઠી મારી એટલે કુમારપાળે કહ્યું–ગુરૂદેવ ! હું ફરજ ચૂકયો હોઉં તો આપ મારા શિરછત્ર છો. મને કહો તો હું મારી ભૂલ સુધારી લઈશ. રાજાએ નમ્રતાપૂર્વક કહ્યું એટલે મહારાજે કહ્યું, નિસ્પૃહી મુનિઓને મન જાડા કે પાતળા, બરછટ કે સુંવાળા, કિંમતી કે હલકા વસ્ત્રો સમાન છે. અમારે મન તો ભાવનાની કિંમત છે. હે કુમારપાળ ! તારે વિચાર કરવાની જરૂર છે કે હું અઢાર દેશનો અધિપતિ છું. મારે મારા સાધર્મિકની ખબર લેવી જોઈએ. એમનું દુઃખ દૂર કરવું જોઈએ પણ તેં તારી ફરજ બજાવી છે ખરી ?

બંધુઓ ! અઢાર દેશના અધિપતિમાં પણ કેટલો વિનય છે ! છે આજે આપણામાં ? ગુરૂદેવની મીઠી ટકોરે કુમારપાળ રાજા ચકોર બની ગયો, અને નમ્રતાથી બોલ્યા ગુરૂદેવ ! મારી ભૂલને આપે સમયસર સુધારવાની પ્રેરણા આપીને મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. આજથી હું દર વર્ષે એક કોડ સોનૈયા મારા સ્વધર્મી બંધુઓના ઉદ્ધાર પાછળ ખર્ચીશ. આ બનાવ બન્યા પછી કુમારપાળ રાજાએ ચૌદ વર્ષ સુધી રાજ્યકર્યું. તે દરમ્યાન તેમણે ચૌદ કોડ સોનૈયા સાધર્મીની ભક્તિમાં વાપર્યા. આજે પર્વાધિરાજના

વધામણા કરવા તમે બધા એકત્ર થયા છો ને? આમાં ઘણાં સુખી શ્રાવકો બેઠા છે. તેમણે પણ આ પર્યુષણ પર્વના પવિત્ર દિવસોમાં ઉદાર બનીને પરિગ્રહની મમતા ઓછી કરી આવી ઉત્તમ સાધર્મિક ભક્તિમાં નાણાનો સદ્વ્યય કરવાની ભાવના કરવી જોઇએ. તમારા સંસારના વહેપારમાં ને દીકરા દીકરીના લગ્નમાં કેટલા નાણાનો ધુમાડો થાય છે! એમાં તમારી વાહ વાહ થશે પણ લાભ નહિ થાય. વાહ વાહ તો હવા હવા થઈને ઉડી જશે પણ ધર્મના કાર્યમાં સંપત્તિનો સદુપયોગ કરવો તે જ સાચું ધન છે. પર્વાધિરાજના સાચા વધામણા દાન, શીયળ, તપ અને ભાવથી કરજો.

તમે પરિગ્રહ ગમે તેટલો ભેગો કરશો પણ એ તમારી સાથે નહિ આવે. સાથે તો ધર્મ જ આવશે, માટે સમજીને પરિગ્રહ સંજ્ઞાને તોડો, પરિગ્રહની મમતા જીવને ન કરવાના પાપ કરાવે છે. જ્યાં પરિગ્રહ છે ત્યાં ભય છે અને જ્યાં અપરિગ્રહ છે ત્યાં નિર્ભયતા છે. પરિગ્રહ છે તો તમને સરકારનો, ચોર ડાકુનો, અગ્નિનો, પાણીનો અનેક પ્રકારનો ભય છે, પણ અમારી પાસે કંઈ નથી તો અમને ભય છે? અમે કેવા નિર્ભય છીએ. આ ઉપાશ્રયના બારણા ખુલ્લા મૂકીને સૂઈ જઈએ તો પણ અમને કોઈ ચિંતા નથી. જો તમારે બધા પ્રકારના ભયથી મુક્તિ મેળવવી હોય તો પરિગ્રહની મમતા છોડીને ધનનો સદુપયોગ કરો ને પાપના ભારથી હળવા બનો. પરિગ્રહનો મોહ કેટલું નુકશાન કરે છે અને એ મોહ છૂટી જાય છે ત્યારે મનુષ્ય કેવો નિર્ભય બને છે તે હું તમને એક દાખલો આપીને સમજાવું છું.

જહોન ડી રોકફેલર નામનો એક માણસ ત્રેવીસ વર્ષની ઉંમરનો હતો ત્યારે તે દશ લાખ ડોલર કમાયો હતો અને જ્યારે તેની ઉંમર તેતાલીસ વર્ષની થઈ ત્યારે તે દુનિયાની સૌથી પ્રસિદ્ધ સ્ટેન્ડર્ડ વેકયુમ ઓઈલ કંપનીનો માલિક બન્યો. જ્યારે તે ત્રેપન વર્ષનો થયો ત્યારે રોકફેલર પાસે અબજો રૂપિયા હતા. પરંતુ તેનું સ્વાસ્થ્ય સર્વથા નાશ પામવાથી તેનું શરીર હાડકાના માળા જેવું બની ગયું હતું. એ રોકફેલરે કહ્યું છે કે "મારી એવી કોઇ રાત ગઈ નહિ હોય કે ઉંઘ આવતાં પહેલાં મને એ વાતનો ભય લાગ્યો નહિ હોય કે મારું સર્વસ્વ કદાચ ચાલ્યું જાય તો? એના ડોકટરોએ એને ચેતવણી આપી કે જો તમે ભય, લોભ અને ચિંતાથી મુક્ત નહિ થાવ તો અકાલે મૃત્યુ પામશો. આ ચેતવણી આજે આમાંથી કેટલાયને લાગુ પડતી હશે. ડોકટરના કહેવાથી ભય, લોભ અને ચિંતાથી મુક્ત થવાનો રોકફેલરે દૃઢ નિશ્ચય કર્યો, અને જીવનનો ક્રમ બદલી નાંખ્યો.

હવે તેણે પોતાના ધન વડે લોકોનું હિત કેટલું કરી શકું? આ વિચારણા શરૂ કરી. રોકફેલરે પોતાની બંધ મુઠી ખુલ્લી કરી નાંખી ઉદાર દિલે પરોપકારના કાર્યોમાં લાખો અને કરોડોનું ધન વાપરવા માંડ્યું. આથી તેનો ભય ચાલ્યો ગયો. અનેક દીનદુઃખીને ચિંતા અને ભયથી

મુક્ત કર્યા, એટલે પોતે પણ ભયથી મુક્ત થયો. તેનું સ્વાસ્થ્ય સુધર્યું. મન પ્રસન્ન રહેવા લાગ્યું. ૬૮ વર્ષ સુધી તેણે પરોપકારમાં કરોડો રૂપિયા દાનમાં વાપર્યા. આવી રીતે તમે પણ સમજો. જ્યાં સુધી તમે તમારા સ્વાર્થમાં રત રહેશો ત્યાં સુધી તમને ભય ઉત્પન્ન થવાનો. માટે જો ભયથી મુક્ત થવું હોય તો બીજાના હિતનો વિચાર કરો, અને જો નિર્ભય બનવું હોય તો જગતના જીવમાત્રની કલ્યાણની ભાવના કરો.

"અભય બનવા શું કરશો ?" :- જ્હોન ડી રોકફેલરમાં જ્યાં સુધી લોભ હતો, પરિગ્રહ વૃત્તિ એટલે માત્ર પોતાના સ્વાર્થ માટે સંગ્રહ કરવાની લાલસા હતી ત્યાં સુધી ભય અને ચિંતાથી ઘેરાયેલો રહ્યો પણ જ્યારે તેણે બીજાના દુઃખનો વિચાર કરવા માંડયો કે અન્ય જીવોનું હિત કરવામાં પોતે કઈ રીતે ઉપયોગી બની શકે ? પોતાના ધનનો કેવી રીતે સદુપયોગ કરવો ? આવી રીતે વિચાર કરીને દાન આપવા માંડયું એટલે તેનો ભય દૂર થયો. આવી રીતે જે મનુષ્ય પોતાની ફરજ સમજી પોતાની સ્થિતિ અનુસાર દાન આપે છે તે ભયથી મુક્ત થાય છે.

બંધુઓ ! ધર્મથી મનુષ્ય સાચી નિર્ભયતાને પ્રાપ્ત કરી શકે છે. આપણાં પરમ પિતા મહાવીર પ્રભુએ પણ ફરમાવ્યું છે કે જે મનુષ્ય પાપના પંથ ઉપર ચાલે છે તે સદા ભયભીત રહે છે. પાપમાં, અજ્ઞાનમાં અને વિકારોમાં ભય છે. જે મનુષ્ય પાપના પંથ ઉપર ચાલતો નથી, વિકારોના પ્રવાહોમાં વહેતો નથી અને અજ્ઞાનના અંધકારમાંથી મુક્ત થયો છે તે સદા નિર્ભય છે. એક વાર રાજા સવારી સાથે બહાર જવાની તૈયારી કરતા હતા, તેટલામાં બુદ્ધદેવ ત્યાં આવી પહોંચ્યા. બુદ્ધદેવે પૂછ્યું-રાજન્ ! આપ ક્યાં જઈ રહ્યા છો ? રાજાએ કહ્યું-દુશ્મન રાજાઓનો સામનો કરવા માટે હું લશ્કર તૈયાર કરી રહ્યો છું. બુધ્ધે કહ્યું-હે રાજા ! માની લો કે તમારા પર હિમાલય જેવો પર્વત તૂટી પડવાનો હોય તે સમયે તમે શું કરો ? રાજા કહે-મહારાજ ! તે સમયે તો હું ધર્મમાં લાગી જાઉં. બુદ્ધ કહે-રાજા ! પર્વતોથી પણ દુર્જય એવા જરા અને મૃત્યુરૂપી મહાન પર્વત તારા શરીર પર તૂટી પડવાનો ભય દરેક ક્ષણે ઉભો છે. માટે તું તેમાંથી બચવાનો પ્રયત્ન કર. તેમાંથી બચવા માટે બુદ્ધદેવે તેને ઉપદેશ આપ્યો. હે રાજા ! જરા અને મૃત્યુનો પરાજય તારા સર્વ સૈન્યથી પણ ન થઈ શકે. જરા અને મૃત્યુ બ્રાહ્મણ કે ચંડાલનો ભેદભાવ રાખતા નથી, પણ સદ્ધર્મનું આચરણ જીવને જરા અને મૃત્યુના ભયથી મુક્ત કરે છે. માટે ધર્મથી મોક્ષ અને જરા-મૃત્યુના ભયથી મુક્તિ છે.

આજની દુનિયાનો ભયજનક સ્થિતિનું કારણ ચારે બાજુ તીવ્રપણે વ્યાપી રહેલા પરિગ્રહની મૂર્છા છે. આથી શરીર અસ્વસ્થ બને છે, બિમારી આવે છે ને કયારેક મૃત્યુ પણ થાય છે. કેલીફોર્નીયા વિશ્વવિદ્યાલયમાં એક પ્રયોગ કરવામાં આવ્યો. પોતાની બિમારીની ચિંતાથી ભયભીત બનેલા દર્દીઓની વાતચીતની રેકર્ડ ઉતારવામાં આવી,

અને જ્યાં જ્યાં તે વગાડવામાં આવી ત્યાં ત્યાં તે સાંભળનારાઓ વ્યગ્ર, અશાંત અને ભયભીત બન્યા. જો નિષ્કારણ તમે ભયનો અનુભવ કરો તો નક્કી માનજો કે તમને ભયનો ચેપ લાગ્યો છે. ભય મગજને સંકોચી દે છે. તેની કાર્યશક્તિ અટકી પડે છે. ક્યારેક મનુષ્યની સ્મરણશક્તિ પણ મંદ પડી જાય છે. ભયના દબાણમાં ક્યારેક મનુષ્ય પોતાનું નામ અને ઘરનું ઠેકાણું ભૂલી જાય છે. ખરેખર, મહાનપુરૂષો આ સંસારમાં નિર્ભયતાથી જીવી શકે છે. એમને મરણનો ભય પણ લાગતો નથી.

ઔરંગઝેબના સમયમાં ધર્માંધતાને કારણે લોકોને વટલાવીને મુસલમાન ધર્મી બનાવવામાં આવતા હતા, ત્યારે ઘણા હિન્દુઓએ જીવ બચાવવા માટે મુસલમાન ધર્મ સ્વીકાર્યો, પંજાબમાં ઔરંગઝેબનો ખૂબ જુલમ વધ્યો ત્યારે બ્રાહ્મણો શીખ ગુરૂ તેગ બહાદુરના શરણે ગયા, અને વિનંતી કરી કે અમારા ધર્મનું રક્ષણ કરો, ત્યારે શીખ ગુરૂએ કહ્યું. તમે ઔરંગઝેબ પાસે જાઓ અને કહો કે અમારા યજમાનો મુસલમાન ન થાય ત્યાં સુધી અમે મુસલમાન થઈને શું કરીએ? માટે પહેલાં ક્ષત્રિયોને મુસલમાન કરો. અને બધા ક્ષત્રિયોમાં સૌથી પહેલું મારું નામ દઇને કહેજો કે તેગબહાદુર મુસલમાન થશે તો દેખાદેખીથી બીજા અનેક હિન્દુઓ મુસલમાન ધર્મનો સ્વીકાર કરશે.

"શિર દિયા પણ શિષ ન દિયા" :– ગુરૂની સૂચના પ્રમાણે બ્રાહ્મણોએ દિલ્હી જઈ ઔરંગઝેબને વિનંતી કરી, એટલે બાદશાહે તેગબહાદુરને દિલ્હીમાં આવવાનું આમંત્રણ મોકલ્યું. ગુરૂ દિલ્હી જવા તૈયાર થયા ત્યારે શિષ્યોએ કહ્યું કે ત્યાં ગયા પછી તમારી હત્યા કરશે માટે આપ ત્યાં ન જાવ. ગુરૂએ કહ્યું કે એ હું જાણું છું પણ સાધુને મૃત્યુનો ભય કેવો? ધર્મને ખાતર પ્રાણનું બલિદાન આપવું પડે તો આપવું જોઈએ. તે સિવાય ઉધ્ધાર ક્યાંથી થવાનો છે! શિષ્યોએ **"વાહ ગુરૂકી ફતેહ"** એ શબ્દોથી ગુરૂ તેગબહાદુરનો જયજયકાર બોલાવ્યો, પછી તેગબહાદુર દિલ્હી પહોંચ્યા. ઔરંગઝેબે ગુરૂને મુસલમાન બનવા માટે ઘણી ઘણી લાલચો આપી પણ પોતે ડગ્યા નહિ, ત્યારે છેલ્લે ઔરંગઝેબે કહ્યું જો તમે તમારા ધર્મમાં આટલા બધા દૃઢ છો તો મને તમારા ધર્મનો કંઈક ચમત્કાર તો બતાવો! ગુરૂએ કહ્યું. ચમત્કાર બતાવવા એ તો જાદુગરનું કામ છે. ભગવાનના ભક્તનું કામ નથી. જુઓ, આ આત્મા પોતે જ કેટલો અલૌકિક અને ચમત્કારી છે. કોઈ રીતે તેગબહાદુરે મુસલમાન ધર્મનો સ્વીકાર ન કર્યો ત્યારે દિલ્હીના મોટા ચોકમાં તલવારના એક જ ઝાટકાથી ગુરૂનું મસ્તક કાપી નાંખવામાં આવ્યું તે સમયે ગુરૂ તેગબહાદુરના ગળામાં એક ચિઠ્ઠી બાંધેલી હતી, તેમાં લખ્યું હતું કે **"શિર દિયા પણ શિષ ન દિયા."** એટલે માથું આપ્યું પણ ગુરુએ શિષ–ધર્મને ન આપ્યો. શીખગુરૂ તેગબહાદુરે ધર્મ માટે પ્રાણ આપ્યા, પણ ધર્મ ન છોડયો. તેમને મૃત્યુ મહોત્સવ જેવું લાગ્યું.

દેવાનુ પ્રિયો ! તમે સાંભળી ગયા ને કે મહાન પુરૂષો કેટલા નિર્ભય છે ! અને પરિગ્રહ મનુષ્યને કેટલો ભયભીત બનાવે છે ! તમારે ભયભીત બનવું છે કે ભયથી મુક્ત બનવું છે ? તમારે સર્વ પ્રકારના ભયથી મુક્ત બની નિર્ભયતા, સુખ અને આનંદ જોઈતો હોય તો પરિગ્રહની આસક્તિ છોડો. પોતાનું ધન બીજા જીવોને આપીને તેમને શાંતિ પમાડો. દુઃખીને આશ્વાસન આપો. જે દુઃખીને દુઃખમાં આશ્વાસન આપી શકે છે, તે વ્યક્તિ એના અંતરના આશીર્વાદ જરૂર મેળવી શકે છે. પરિગ્રહની મૂર્છા ઉતરે તો જ મનુષ્ય કોઈને આશ્વાસન આપી શકે છે, અને આશીર્વાદ લઈ શકે છે. દુઃખીના દિલની દુઆ કેવું કામ કરે છે ! તે વાત ખાસ જાણવા જેવી છે. હું એક દૃષ્ટાંત આપીને તમને સમજાવું.

એક કોડાધિપતિ શેઠને એક દીકરો હતો. તે ખૂબ રૂપવંત ને ગુણવંત હતો. એક વખત શેઠને ત્યાં કોઈ જ્યોતિષી આવ્યા, એટલે શેઠે પૂછ્યું–મારા દીકરાનું ભાવિ કેવું છે ? જ્યોતિષીએ કહ્યું–શેઠજી ! તમારો દીકરો દાનમાં, પુણ્યમાં, ગુણમાં, બુદ્ધિમાં બધી રીતે તમારા કરતાં સવાયો થશે. આટલું કહીને જ્યોતિષી અટકી ગયા. શેઠે કહ્યું–કેમ અટકી ગયા ? ત્યારે જ્યોતિષીએ કહ્યું–શેઠ ! તમારા દીકરાને પરણ્યાની પ્રથમ રાત્રે જ ભયંકર ઘાત છે. જીવતો રહેવો મુશ્કેલ છે. આ સાંભળીને શેઠના દિલમાં ગભરાટ થવા લાગ્યો. સમય જતાં છોકરો વીસ વર્ષનો થયો. શેઠ ખૂબ દાનેશ્વરી હોવાથી તેમની ખ્યાતિ ઘણી હતી. તેથી દૂર દૂરથી શેઠના દીકરા માટે કહેણ આવવા લાગ્યા. રૂપ, ગુણ અને ધન, જ્યાં આ ત્રણનો ત્રિવેણી સંગમ થાય ત્યાં શું બાકી રહે ? સારા સારા ઘરની છોકરીઓના કહેણ આવે છે પણ શેઠ વિચાર કરવા લાગ્યા કે મારે શું કરવું ? જો જ્યોતિષીની વાત સાચી હોય તો સામાની દીકરીનું શું ? અને ખોટી હોય તો મારા દીકરા માટે શું ? બડાર પડ્યા પછી દીકરો કુંવારો રહી જાય. છેવટે શેઠે વિચાર્યું કે ધર્મિષ્ઠ છોકરી લઉં. ધર્મના પ્રતાપે સારું થાય અને કદાચ પાપનો ઉદય હોય ને દુઃખ આવે તો દુઃખમાં હિંમત રાખશે. આમ વિચારી શેઠ કન્યા જોવા જાય છે. જ્યાં જાય ત્યાં ધર્મના અનેક પ્રશ્નો પૂછે. ધર્મ કોને કહેવાય ? ધર્મથી શું લાભ થાય ? કર્મોદયથી દુઃખ આવે ત્યારે શું કરવું ? દુઃખમાં અને સુખમાં કેવી રીતે રહેવું ? સામાયિક પ્રતિક્રમણ તમને આવડે છે ? વિગેરે પ્રશ્નો કરતાં. ઘણી કન્યાઓ જોઈ પણ મન ઠર્યું નહિ. છેવટમાં એક ધર્મિષ્ઠ ઘર મળી ગયું. છોકરી રૂપરૂપનો અંબાર, ખૂબ સંસ્કારી અને ધર્મની જાણકાર. કન્યા જોતાં શેઠનું મન ઠરી ગયું, હવે વાંધો નહિ આવે, તેમ વિચારી સગપણ કર્યું ને લગ્ન લીધા.

"પુત્ર પરણ્યાની પહેલી રાત્રિએ ચિંતા કરતા મા–બાપ" :– પોતાના બંગલાની સામે જ શેઠે બીજો નવો બંગલો બંધાવ્યો. બંગલો તૈયાર થઈ ગયો એટલે શેઠે બડી ધામધૂમથી

પોતાના લાડીલા દીકરાને પરણાવ્યો. વર-કન્યા પરણીને ઘેર આવ્યા. માતા પિતાના મનમાં ચિંતા છે કે જ્યોતિષીએ કહ્યું છે કે ભયંકર ઘાત છે તો શું થશે ! જે જ્યોતિષીએ કહ્યું હતું તેને શેઠે ફરીને બોલાવ્યો, ને પૂછ્યું-મહારાજ ! શું થશે ? જોષીએ તો કહ્યું મેં જે કહ્યું છે તે સત્ય જ કહ્યું છે. આપના દીકરાને જરૂર ભયંકર ઘાત આવવાની છે. એમાં બે મત નથી. શેઠે કહ્યું-આજે મારો દીકરો પરણીને આવ્યો છે. તમે આજે અહીં રોકાઈ જાવ. જ્યોતિષીને પોતાને ઘેર રાખ્યા. નવા બંગલામાં શેઠે કોઈ જીવ જંતુ ન પ્રવેશી જાય તે માટે પૂરી સાવધાનીથી બંગલો બંધાવ્યો છે. રાત પડી એટલે પુત્ર અને પુત્રવધૂને નવા બંગલામાં મોકલ્યા. બંગલો ખૂબ શણગાર્યો હતો. પતિ-પત્ની પરણ્યાની પ્રથમ રાત્રે આનંદથી વાતો કરીને આનંદ માણી રહ્યા છે, પણ એમને બિચારાને ખબર નથી કે અમારી સુહાગરાત વેરણ બની જશે ને કેવું દુઃખ આવી પડશે ! એ તો બંને જણાં આનંદ કિલ્લોલ કરીને સૂઈ ગયા.

કરૂણ વિલાપ સાંભળી વહારે ગયેલી પુત્રવધૂ :- બરાબર મધરાત્રીનો સમય થયો ત્યારે એ બંગલાની નીચે કોઈ સ્ત્રી અને પુરૂષ કરૂણ સ્વરે રૂદન કરતા હતા. આ સાંભળીને શેઠની પુત્રવધૂ જાગી ગઈ. એણે બારીએથી નજર કરી તો એક યુગલ પોતાના બંગલાની છત નીચે બેઠું છે. તેમાં સ્ત્રી બેહાલ દશામાં પડી છે. એનો પતિ એને આશ્વાસન આપે છે. આ કન્યા ખૂબ હોંશિયાર ને દયાળુ હતી. એનો પતિ ભરનિંદમાં સૂતો છે એટલે જગાડયો નહિ ને પોતે એકલી જ નીચે આવી. એણે એવો વિચાર ન કર્યો કે હું પરણીને સાસરે આવી છું, અજાણ્યું ઘર છે અને મધરાત્રે આવા માણસો રડે છે તો એ કેવા હશે ? એવો કંઈ જ વિચાર ન કર્યો. હવે તમે બરાબર સાંભળજો. આ કન્યા દરેક મહિનાની તેરસ, ચૌદશ ને પાખીના અઠ્ઠમ કરતી હતી. એના લગ્નનો દિવસ પુનમનો હતો, એટલે એને ત્રીજે ઉપવાસ હતો. ધર્મની શ્રદ્ધા કેટલી દૃઢ કહેવાય કે લગ્નનો દિવસ આવ્યો તો પણ પોતાનો તપ છોડયો નહિ. પરણ્યાની પ્રથમ રાત્રી હતી પણ અઠ્ઠમ તપ હતો એટલે એનું બ્રહ્મચર્ય પણ અખંડિત હતું.

આ કન્યા નીચે ગઈ. જઈને જોયું તો બાઈને પ્રસૂતિ થઈ ગઈ છે એટલે એનો પતિ ગભરાઈ ગયો છે કે હું આને શું કરું ? રહેવા ઘર નથી, ખાવા અન્ન નથી ને પહેરવા બીજું કોઈ વસ્ત્ર નથી. આવી સ્થિતિમાં આ પત્ની અને બાળકને લઈને હું કયાં જાઉં ? તેથી તે રડતો હતો. સ્ત્રી કોચવું વળીને પડી છે. આ કન્યા તરત ઘરમાં આવી અને પાણી નીચે લઈ ગઈ. સ્ત્રીની અશુચી સાફ કરીને પોતાના લગ્નના કરિયાવરમાં જે કપડા લાવી છે તેમાંથી સારા કપડા લાવીને પહેરાવ્યા. પોતાનું મા-બાટલું લાવી છે તેમાંથી મીઠાઈ લઈને બાઈને ખાવા માટે આપી, અને પોતાની પાસે જે પૈસા હતા તે પણ આપી દીધા. આણાની રેશમી રજાઈમાં બાઈને સૂવાડી દીધી, તેથી બંને માણસોને ખૂબ શાંતિ વળી,

અને સહેજે એના મુખમાંથી આશીર્વાદના શબ્દો સરી પડયા કે બહેન! તેં સાચા દિલથી દુઃખમાં અમને આશ્વાસન આપ્યું છે તો "તારો ચૂડી ચાંદલો અખંડ રહેજો." આ ભાઈ કહે છે બહેન! મેં તો તમારું કાંઈ કર્યું નથી. એક માનવ તરીકેની મારી ફરજ બજાવી છે. તમે અહીં નિરાંતે સૂઈ જાવ, જો તમારે રહેવાની સગવડ હોય અને તમારી ઇચ્છા હોય ત્યાં બધું લઈને જજો અને સગવડ ન હોય તો હું તમને રાખીશ.

"આશીર્વાદ મેળવીને આવેલી બાઇએ જોયેલું આશ્ચર્ય" :- આ પ્રમાણે કહીને ઉપર આવે ત્યાં એનો પતિ જ્યાં સૂતો હતો ત્યાં એક બારી હતી, જ્યારે આ બંને માણસ સૂતા હતા ત્યારે તે બારીએથી એક ભયંકર ઝેરી ભોરીંગનાગ એના પતિને ડંખ દેવા માટે આવતો હતો. તે અડધો અંદર આવ્યો હશે ને અડધો બહાર હશે તે સમયે જબ્બર પવન આવવાથી બારી બંધ થઈ એટલે નાગ કપાઈ ગયો. તેનો એક કટકો એના પતિની પાસે પલંગમાં પડયો, અને બીજો અગાશીમાં પડયો. આ કન્યા ઉપર આવી ત્યાં પોતાના પતિ પાસે નાગનો ટુકડો જોયો પણ ગભરાઈ નહિ કે એના પતિને જગાડયો નહિ. એ નાગના બે કટકા લઈને એક ટોપલામાં મૂકી દીધા અને એને એક કપડાથી ઢાંકીને નિરાંતે સૂઈ ગઈ.

આ પતિ પત્નીને તો ખબર ન હતી કે પરણ્યાની પ્રથમ રાત્રે શું બનવાનું છે, એટલે એ તો મસ્ત રીતે સૂતા છે, પણ એમના માતા પિતાને ઉંઘ આવતી નથી. એ તો વારે ઘડીએ ગેલેરીમાં આવીને પુત્રના બંગલા તરફ નજર કર્યા કરે છે કે હમણાં કંઈક નવાજુની થશે, તો શું કરવું? આમ કરતાં ત્રણ વાગ્યા, શેઠ કહે જોષ ખોટા પડશે. જોષી કહે-શેઠ! એ બને જ નહીં, હું કંઈ ટીપણાં જોઈને પેટ ભરનારો ભિખારી નથી. હું કહું તે ખોટું ન પડે. કદાચ એનું આયુષ્ય બળવાન હોય ને કોઈ પણ રીતે બચી જાય પણ એ ઘાતનો ઘા તો જરૂર લાગશે. સવાર પડી એટલે જોષી અને શેઠ-શેઠાણી પુત્રના બંગલામાં જાય છે.

"આશીર્વાદનો અલૌકિક પ્રભાવ" :- માતા-પિતાને આવતા જોઈ વિનયવંત પુત્ર અને પુત્રવધૂ તેમના સામે ગયા અને પગે લાગ્યા, પછી શેઠ-શેઠાણીએ પૂછયું. બેટા! રાત શાંતિથી ગઈ છે ને? છોકરાને રાતની કંઈ ખબર નથી તેથી કહે-હા, બાપુજી, પણ પુત્રવધૂએ કહ્યું મધરાતે એક યુગલ રડતું આવ્યું હતું. એ કદાચ નીચે જ હશે. નજર કરી તો ન હતા. પુત્રવધૂએ બધી વાત કરી અને પછી કહ્યું. બા-બાપુજી! આપની આજ્ઞા વિના મેં દુઃખિયારી બાઇને સહાય કરી છે તો મને માફ કરજો. પુત્રવધૂની ઉત્તમ ભાવના અને ઉદારતા જોઈને સાસુ-સસરાને ખૂબ આનંદ થયો ને કહ્યું. બેટા! તેં ઘણું સારું કામ કર્યું છે. પરણીને આવતાવેંત તમે કેવું પવિત્ર કાર્ય કર્યું! તેથી અમે તમને આશીર્વાદ અને ધન્યવાદ આપીએ છીએ કે તું સુખી થા. આ વાત કર્યા પછી નાગના

બે ટુકડા બતાવ્યા. નાગના ટુકડા જોઈને સાસુ-સસરા ચમક્યા ને પૂછ્યું. બેટા ! આ નાગને કોણે માર્યો ? તમે માર્યો ? વહુએ કહ્યું, બા-બાપુજી ! હું તો એક દીકરીને પણ ન મારું પણ બન્યું છે એમ કે હું બારી ખુલ્લી મૂકીને પેલી બાઈની સેવા કરવા માટે ગઈ, ત્યાં દોઢ બે કલાક થઈ ગયા. હું ઉપર આવી ત્યારે એક ટુકડો તમારા પુત્રની પાસે પડયો હતો અને બીજો નીચે પડયો હતો, અને એ તો ઉંઘતા હતા એટલે હું એમ માનું છું કે કદાચ આ નાગ ઉપર ચડતો હશે ને બારી પવનના જોશથી બંધ થઈ ગઇ હશે એટલે નાગ કપાઈ ગયો હશે. એમ અનુમાનથી કહી શકું છું. જ્યોતિષીએ કહ્યું જુઓ, મારા જોષ સાચા છે ને ? આ નાગ તમારા પુત્રને કરડવા માટે આવતો હતો પણ એ પહેલાં તમારી પુત્રવધૂએ દીન દુઃખીના અંતરના આશીર્વાદ મેળવ્યા, તેના પ્રભાવે જ એનો સૌભાગ્ય ચાંદલો ને ચૂડો અખંડ રહ્યો છે. બાકી ઘાત તો ભયંકર હતી, તમારો પુત્ર બચી શકે તેમ ન હતો.

બંધુઓ ! જુઓ, આ શેઠની પુત્રવધૂએ પર્યુષણ પર્વના દાન, શીયળ, તપ અને ભાવનાથી વધામણા કર્યા. પોતાના પરણ્યાના આણાની ચીજો ગરીબને આપીને દાન કર્યું. તેમજ તેના મુખે અઠ્ઠમ હતો. પરણ્યાની રાત્રે બ્રહ્મચર્ય પણ અખંડ રાખ્યું. એની ભાવના પણ પવિત્ર હતી. એટલે ચારે ય બોલની આરાધનાના પ્રતાપે એનો પતિ ભયંકર ઘાતમાંથી ઉગરી ગયો. આવી રીતે તમે બધાં પણ પર્યુષણ પર્વમાં સુંદર રીતે આરાધના કરશો તો પર્યુષણ પર્વના સાચા વધામણા કર્યા કહેવાય. વધુ ભાવ અવસરે.



વ્યાખ્યાન નં.-૪૭

શ્રાવણ વદ ૧૪ ને શુક્રવાર **તા. ૧-૯-૭૮**

વિષય :- "શાંતિનો મંગલ સંદેશો"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! આજે પર્યુષણ પર્વનો બીજો દિવસ શાંતિનો મંગલ સંદેશો લઈને આવ્યો છે કે હે આત્માઓ ! ભૌતિક સુખની સામગ્રીમાં, વૈભવ અને વિલાસમાં તમને કયાંય શાંતિ નહીં મળે, કારણ કે અનાદિ અનંત સંસારમાં કર્મને પરવશ બની ચાર ગતિમાં પરિભ્રમણ કરતા જીવને ભૂતકાળમાં પુણ્યના કારણે દુન્યવી સાધનો તથા પૌદ્ગલિક સમૃદ્ધિ મળવામાં કંઈ જ કમીના ન હતી. સામાન્ય રીતે ધર્મને આચરવાથી પુણ્યબંધ તો જરૂર થાય છે અને જ્યાં પુણ્ય છે ત્યાં દુન્યવી પૌદ્ગલિક પદાર્થોની અનુકૂળતા પ્રાપ્ત થવામાં કઠીનતા પડતી નથી. સંસારમાં જીવો ત્રણ પ્રકારે ધર્મ કરે છે. આ લોકમાં સુખ, યશ અને પ્રતિષ્ઠા, ધનપ્રાપ્તિ તેમજ વાહ વાહ, મોટાઇ અને જીવનમાં આવેલ મૂંઝવણ અને દુઃખ ટળે એ રીતે કેવળ આ લોકને માટે ધર્મ કરનારા જીવો છે,

બીજા એવા પ્રકારના જીવો છે કે જેઓ પરલોકમાં દેવલોકના સુખ અને સમૃદ્ધિ માટે ધર્મ આચરે. આવા જીવો પુણ્યબંધમાં આનંદ માને. આ લોકના સુખ કે દુઃખમાં પરલોકને ખાતર ધર્મ આચરનારા આ બીજા પ્રકારના જીવો છે. જ્યારે જીવાદિ નવ તત્ત્વોની પીછાણવાળા જીવો કેવળ મોક્ષને માટે ધર્મ કરે છે. સંસારના સર્વ ભાવોનો નાશ કરીને મોક્ષપ્રાપ્તિ તેમનું પરમ ધ્યેય હોય છે.

દંતર ધર્મમાં પણ એક વાત આવે છે કે યાજ્ઞવલ્કય પોતાની બે પત્નીઓને કહે છે કે મારે સંસાર તજીને સંન્યાસી થવું છે માટે તમે બંને આ ઋધ્ધિ અને સમૃદ્ધિ લઈ લો. જવાબમાં પત્નીઓ પોતાના પતિને કહે છે કે કિં કરવાણિ યેન નાહમમૃતા સ્યામ્ જે મળ્યા પછી અજર અમર બનાય નહિ એવી સંપત્તિ અમારે જોઈતી નથી. કહેવાનો આશય એ છે કે આવી ઉત્તમ તત્ત્વદૃષ્ટિના અંશો અન્ય ધર્મોમાં પણ રહેલા છે. તેના કારણે તે લોકો પણ આવી માન્યતા ધરાવતા હોય છે. આત્માના જન્મ મરણના ફેરા કેમ જલ્દી ટળે તે જ લક્ષ્ય આરાધકના પ્રત્યેક ધર્માનુષ્ઠાનોમાં હોવું જોઈએ. એવું જૈનશાસ્ત્રો પ્રતિપાદન કરે છે. પુણ્યોદયે કદાચ આ લોકમાં પૌદ્ગલિક સુખો મળી જાય પણ અંતે શું ? એ પ્રશ્ન તો કાયમ માટે ઉભેલો છે. અનંતજ્ઞાની અરિહંત ભગવંતોએ ફરમાવેલી ધર્મની આરાધના કેવળ આ લોકના સુખ, સ્વાર્થ અને સાધનો માટે કરવી એ તો હાથી વેચીને ગધેડો ખરીદવા જેવી અને કોહીનુર આપીને કાંકરો લેવા જેવી મૂર્ખતા છે. જન્મ જન્માંતરના અનંત પુણ્યરાશીથી માનવદેહ, આર્યદેશ, આર્યકુળ અને ઉત્તમ ધર્મસામગ્રીની પ્રાપ્તિ થઈ છે, માટે કર્મનિર્જરાના ઉદ્દેશથી જ અરિહંત પ્રભુએ ફરમાવેલા ધર્મની આરાધના શુધ્ધભાવથી કરવામાં માનવભવની સાર્થકતા છે.

બંધુઓ ! આપણે ભવના ફેરા ટાળવા માટે વીતરાગ પ્રભુના શાસનમાં ધર્મની આરાધના કરવાની છે. કદાચ દેવલોકાદિના સુખો મળી જાય તો પણ તે સુખો જીવને સંસારમાં પરિભ્રમણ કરાવે તેવા છે, માટે પંચમ ગતિ રૂપ મોક્ષપ્રાપ્તિ માટે ધર્મ કરવો તે હિતાવહ છે. એ ધર્મ હંમેશ કરવા માટે અશક્ત એવા જીવો માટે પર્વના દિવસોમાં જ્ઞાની ભગવંતોએ ધર્મ વિશેષતઃ કરવાનું કહ્યું છે. કર્મોને મૂળમાંથી ઉચ્છેદ કરવા માટે આ મહાપર્વ જેવું બીજું કોઈ પર્વ નથી. જીવનમાં જેમ શ્વાસના ચમકારાની જરૂર છે તેમ ધર્માત્માઓને મન આ પર્વાધિરાજ પર્યોતી મૂડી છે. આ પર્વાધિરાજ જીવનના ઉપવનમાં નવીન ખુશબો ફેલાવે છે. માટે આ પવિત્ર દિવસોમાં આવાપીવાનો, હરવા ફરવાનો, પુત્ર–પત્ની આદિ પરિવારનો અને શરીરનો મોહ છોડીને તપ–ત્યાગ, ઈન્દ્રિઓનું દમન, શીયળ દ્વારા મહાપર્વની પવિત્ર આરાધના કરવા જાગૃત રહેવું જોઈએ. બાહ્ય ભાવને છોડીને અધ્યાત્મ ભાવની પરમ પવિત્ર પ્રેરણા મેળવવા પર્વાધિરાજની આરાધના સાધના કરવી જરૂરી છે. મહાન પુણ્યોદયે પ્રાપ્ત થયેલા મહાપર્વની આરાધના કરવાવાળા ભવ્યાત્માઓએ મોક્ષની અભિલાષાથી

અપ્રમત્ત ભાવે પર્વાધિરાજને તન, મન અને ધનથી આરાધક ભાવના પુષ્પોથી વધાવવા તત્પર રહેવું જોઇએ.

આજના વ્યાખ્યાનનો વિષય છે "શાંતિનો મંગલ સંદેશો" સર્વે પર્વોના પ્રતિનિધિ પર્યુષણ પર્વ આપણી પાસે શાંતિનો મંગલ સંદેશો લઈને પધાર્યા છે. તમારે ઘેર કોઈ મહેમાન આવે છે ત્યારે તમે તેનું સ્વાગત કરો છો ને ? એવી રીતે આ શાંતિના દૂત પર્વાધિરાજના સ્વાગત માટે આપણે શું કરવું જોઇએ ? એમના સ્વાગત માટે તમારી બાહ્ય ચીજની જરૂર નથી પણ અંતર ભવનના આંગણામાં સાથિયા પૂરાવો. ભાવનાના રંગોથી આત્માને આકર્ષક લાગે તેવી રંગબેરંગી રંગોળી પૂરાવો. ગુણ રૂપી ગુલાબ અને વ્રત રૂપી કમળોને નિયમ રૂપી દોરાથી ગુંથી દિવ્ય માળા ગૂંથો. અંતર ભવનના ચોકમાં અહિંસાના શીતળ જળ છંટાવી આરાધનાના સિંહાસન મંડાવો, અને અંતરના ઉમળકાથી આમંત્રણ આપો કે હે પનોતા પર્વાધિરાજ ! મારા અંતરના આંગણે પધારો ! મેં આપના સ્વાગત માટે મારા અંતરના આંગણામાં સત્યના સાથિયા અને ભાવનાની રંગોળી કરી છે. વ્રત-નિયમોની દિવ્ય રંગી પુષ્પમાળાના અર્ઘ્ય આપને વધાવવા માટે જીવન રૂપી સુવર્ણ થાળમાં મેં તૈયાર રાખ્યા છે. તો હે શાંતિના સંદેશવાહક પર્વાધિરાજ ! મારા હાર્દિક સ્વાગતનો સ્વીકાર કરીને આરાધનાના સિંહાસને બિરાજી સાધનાના અમીસિંચન કરો. જેથી અમારી વિરાધનાની વિષમતા વિલીન થાય અને અશાંતિની આગ ઓલવાઈ જાય.

બંધુઓ ! આજે દુનિયામાં એક નાના બાળકથી માંડીને વૃદ્ધ સુધીના મનુષ્યો શાંતિને ઇચ્છે છે પણ એને શાંતિ મળતી નથી, કારણ કે જ્યાં શાંતિ નથી ત્યાં એ શાંતિની શોધ કરી રહ્યો છે પછી શાંતિ ક્યાંથી મળે ? તમારા શરીરમાં રોગ ઉત્પન્ન થાય ત્યારે તમે ડોકટર પાસે જાવ છો ને ? જ્યાં દર્દ છે ત્યાં દવા છે. રોગના ઇલાજો થઇ શકે છે, પરંતુ સૌથી પ્રથમ જરૂર દર્દનું નિદાન કરાવવાનું છે. દવાઓ ઘણી છે ને ડોકટરો પણ ઘણાં છે પણ જ્યાં સુધી રોગનું નિદાન ન થાય ત્યાં સુધી ડોકટરો અને દવાઓ બધા શા કામના ? આજે તો ડોકટરો રોગનું નિદાન કરવા માટે પહેલા અખતરા કરે છે. એમના અખતરા કરવામાં દર્દીના ખતરા થઈ જાય છે, પણ જ્યારે રોગનું નિદાન બરાબર થઈ જાય છે ત્યારે જે રોગ એક મહિનાથી મટતો ન હતો તે એક બે દિવસમાં મટી જાય છે, ને દર્દીને શાતા વળે છે. આજના વધતા જતા બાહ્ય રોગોનું નિદાન કરાવવું જરૂરી છે તેમ અશાંતિ આદિ આંતરિક રોગોનું નિદાન કરાવવાની જરૂર છે. આજે જ્યાં જુઓ ત્યાં અશાંતિ, અશાંતિ ને અશાંતિ દેખાય છે. દિવસે દિવસે અશાંતિ વધતી જાય છે. તેનું નિદાન શોધાશે અને તેને અનુકૂળ પથ્યનું સેવન થશે તથા શાંતિ માટે સાચા ઔષધો લેવામાં આવશે તો જીવનમાં જરૂર શાંતિની કાંતિ પસરાઇ જશે.

ભલભલા મહારથીઓ આજે શાંતિનું સામ્રાજ્ય સ્થાપવાની મહેનત કરે છે અને

શાંતિની દિવાલો ઊભી કરવાની વાતો કરે છે પણ જીવનમાંથી જાણે શાંતિએ દેશવટો ન લીધો હોય અથવા જીવનમાંથી શાંતિદેવી રીસાઇને દૂર ચાલી ગઈ ન હોય એવી નિર્માલ્ય અને નિરસ વાતો સંભળાય છે કે શું કરીએ? કયાંય શાંતિ દેખાતી નથી. કેવો કપરો કાળ આવ્યો છે કે કયાંય શાંતિ મળતી નથી. જ્યાં જુઓ ત્યાં બધે અશાંતિ, અશાંતિ ને અશાંતિ, ત્યારે સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે શું આપણે શાંતિને પિછાણી શકયા નથી! અથવા શાંતિને યોગ્ય આપણે નથી! આ દુનિયામાં રહેવા છતાં કયારેક શાંતિને પીછાણી હશે પણ જ્ઞાનીઓએ ચીંધેલી શાંતિને મેળવવા યોગ્ય પાત્રતા કેળવી નહિ હોય. નહિતર આવી અશાંતિની બૂમો સાંભળવા ન મળત.

આ જગતમાં દરેક પ્રાણીઓ શાંતિના ચાહક છે. તે મેળવવા માટે બનતા બધા પ્રયત્નો કરે છે. તેમાં જરા પણ શંકા નથી. દુનિયાનો કોઈ પણ આત્મા અશાંતિને ઇચ્છતો હોય એમ માનવાનું કોઈ કારણ નથી પણ શાંતિનો ચાહક પોતે જ્યાં સુધી શાંત નહિ થાય ત્યાં સુધી શાંતિ નહિ મળે. શાંતિ કયાં છે? તેનો વિચાર કરો.

સંયમ કેરી સાધના છે શાંતિનો દરવાજો,
વૈરાગ્યની વાટે મળશે મુક્તિ મિનારો,
તૃષ્ણાના તૂટે નહિ જો તાર, લઈ જશે તને કાળ-શાંતિ નહિ રે મળે

સંયમની સાધનામાં શાંતિ છે. સૌથી પ્રથમ અંતરના સિંહાસને શાંતિદેવીની પ્રતિષ્ઠા કરવી જોઇએ, અને તે માટે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહની ભાવનાથી હૈયું વાસિત બનાવવું જોઇએ. આ પંચશીલ જેના હૃદયમાં વસી જાય છે તે આત્મા અવશ્ય વૈરાગ્ય પામીને સંયમ માર્ગ અંગીકાર કરે છે, અને સંયમનું પાલન કરીને અલૌકિક શાંતિ પ્રાપ્ત કરે છે. સંયમ એ શાંતિ મેળવવાનો રાજમાર્ગ છે. શાંતિના મર્મને સમજી તેને અનુકૂળ વર્તન કરવાથી અવશ્ય શાંતિ મળશે, પણ આજનો માનવ કલ્પનાના હવાઇ મહેલો ચણવામાં અને તેને મેળવવામાં શાંતિ માને છે. આવી ભ્રામક શાંતિ મેળવવા જતાં શાંતિ મળવાની વાત તો દૂર રહી પણ મનમાન્યા પદાર્થો મેળવવા જતાં કેટલી દોડધામ કરી મૂકે છે! પરિણામે મૃગજળ સમાન તૃષ્ણા વધતાં શાંતિ પાછળ અશાંતિનો સાગર ખળભળતો દેખાય છે, શાંતિ મેળવવી હોય તો તૃષ્ણા, ઈર્ષ્યા અને વૈરવૃત્તિને જડમૂળમાંથી ઉખેડીને ફેંકી દેવી જોઈએ અને શાંતિની હવા ઉભી કરવા માટે સૌથી પ્રથમ ધનની લાલસા અને સત્તાની ભડકે બળતી આગને સંતોષ અને ક્ષમાના શીતળ જળથી શાંત કરવી પડશે, અને ભૌતિક સુખ પાછળ આચરવામાં આવતા ક્રૂરતા અને હિંસાભર્યા વાતાવરણનું વિસર્જન કરવું પડશે. શાંતિ કોઈ પદાર્થોમાં નથી કે શાંતિ કોઈ ખરીદવાની ચીજ નથી. શાંતિ તો અંતરમાં પોઢેલી છે, પણ અજ્ઞાન કસ્તુરીયા મૃગની જેમ માણસ એને પીછાણી શકતો નથી. કસ્તુરીયા મૃગની નાભીમાં કસ્તુરી હોવા છતાં તેની સુગંધથી એ બહાર કસ્તુરી

શોધે છે પણ એને ખબર નથી કે કસ્તુરીની સુગંધ મારામાંથી આવે છે ને મારી ડૂંટીમાં જ કસ્તુરી ભરેલી છે, પછી પોતાનામાં કસ્તુરી હોવા છતાં બહારમાં શોધે તો ક્યાંથી મળે ?

બંધુઓ ! માનવની પણ આવી જ દશા છે. શાંતિ પોતાનામાં ભરેલી છે છતાં બાહ્ય પદાર્થોમાં શાંતિ શોધ્યા કરે છે તો તે ક્યાંથી મળવાની છે ? શાંતિના ઇચ્છુકે એક વાત સમજી લેવી જોઈએ કે જ્યાં સુધી જડ પદાર્થની વધતી જતી આસક્તિ કે તેને મેળવવા પાછળ રમાતી છળપ્રપંચોની રમતો ઓછી નહિ થાય ત્યાં સુધી શાંતિ મેળવવાની વાતો વાંઝણી બની જશે. મનમાં જ જો શાંતિના પાયા મજબૂત હશે તો સંસારની કોઈ પણ અશાંતિનો એટમબોંબ શાંતિને ભેદી નહિ શકે, પણ આજે તો મનુષ્ય દિનપ્રતિદિન તૃષ્ણાના પુરમાં તણાતો જાય છે. જ્ઞાનીપુરૂષો કહે છે કે તૃષ્ણા અશાંતિને ઉત્પન્ન કરનારી છે. તૃષ્ણાના પૂરમાં જો તમે તણાયા તો તેનું પરિણામ ભયંકર છે. મને આટલું મળ્યું ને આ ન મળ્યું, આને ત્યાં પરદેશની ગાડી છે ને મારે ત્યાં નથી. આની પાસે કરોડ રૂપિયા છે ને મારી પાસે તો લાખ જ છે. આવી ઈરિદાપૂર્વકની નિરંકુશ ઇચ્છાઓ કર્યે જનાર માનવીને શાંતિ ક્યાંથી મળે ? આજે તમને રસ્તામાં તમારો મિત્ર કે સ્નેહી મળે તો શું પૂછો ? વહેપાર ધંધાની જ વાત પૂછો ને ! કોઈ આત્માની વાત પૂછો છો ખરા !

"દીકરાને શું પૂછશો ?" :–તમારો દીકરો બાર વર્ષે પરદેશથી કમાઈને આવે તો તમે પહેલાં એને શું પૂછશો ? બેટા ! કેટલું કમાયો ? તારી તબિયત તો સારી છે ને ? પણ અનીતિ કેટલી કરી ? જુઠું કેટલું બોલ્યો ? કેટલાને છેતર્યા ? આત્મસાધના કેટલી કરી ? આવું કોઈ મા–બાપ પૂછે છે ખરા ? માત્ર શરીર સુધાર્યાની અને ધન વધાર્યાની વાત. ધર્મની વાત તો યાદ જ નથી આવતી. આવી સ્વાર્થ ભરેલી અને પુદ્ગલાનંદીની વાતોમાં શાંતિ જડે ખરી ? તૃષ્ણાવંત મનુષ્ય લક્ષ્મીનો માલિક નહિ પણ એનો ગુલામ બને છે. જેમ જેમ પૌદ્ગલિક ઇચ્છાઓ વધતી જશે તેમ તેમ જીવન બરબાદ બનતું જશે. સાચી શાંતિ જોઈતી હોય તો તૃષ્ણાનો ત્યાગ કરી તૃપ્તિ તરફ આવો. તો જીવતા શાંત મળશે અને મરણ વખતે પણ શાંતિ મળી શકશે. મરણ વખતે કોને શાંતિ રહે !

સાચી શાંતિ મૃત્યુ ટાણે (૨) એને તો મળે,
એ દિશામાં (૨) જીવન સરિતા હજુ એ જો વળે....સાચી....
ખૂબ કરે જે ધર્મ જીવનમાં, શાંતિ એને થાય (૨)
મૂકે મમતા સંસાર કેરી, અશાંતિ દૂર થાય. (૨)
મૈત્રી સાધે (૨) આતમ સાથે ઉદ્યમ તો ફળે....સાચી શાંતિ...

જે મનુષ્ય સત્સંગ કરે છે, ધર્મ કરે છે, તપ અને ત્યાગમાં લીન રહે છે એવા

જીવો સાચી શાંતિ મેળવી શકે છે. બાકી તો આ સંસારમાં ક્યાંય શાંતિ નથી. અત્યારે આ પર્યુષણ પર્વના પવિત્ર દિવસો ચાલે છે. ધર્મારાધના કરવાનો પવિત્ર એક દિવસ તો વીતી ગયો ને આજે બીજો દિવસ આવી ગયો. આ પર્વાધિરાજની આરાધના શ્રેયકારી છે, મંગલકારી છે ને કલ્યાણકારી છે. જેની આરાધનાના બળે ક્રોધ શમી જાય, માન નમી જાય, માયા ભમી જાય અને લોભ થંભી જાય. જ્ઞાનનો ભાનુ જીવનમાં ઝળહળી ઉઠે અને નશ્વર સત્ય સમજાઇ જાય તો જીવ અવશ્ય શાંતિને પ્રાપ્ત કરી શકે. તમે આ દિવસોમાં ઘર છોડીને વહેલા ઉપાશ્રયમાં આવીને બેસી જાવ છો તો અહીં તમને કેટલી શાંતિ લાગે છે? બોલો, તમારા ઘર કરતાં તમને અહીં શાંતિ લાગે છે ને? કેમ જવાબ નથી આપતા? હું તમારા મનની વાત સમજી ગઈ. તમારા મનમાં એમ હશે કે અમે જો એમ કહીએ કે અહીં શાંતિ લાગે છે તો મહાસતીજી એમ કહેશે કે અહીં શાંતિ લાગતી હોય તો સાધુ બની જાવ (હસાહસ) કેમ બરાબર છે ને? તમે મારી વાત માનો કે ન માનો પણ એક દિવસ સંસારનો ત્યાગ કર્યા વિના તમને શાંતિ મળવાની નથી. સંત તમને સાચી શાંતિનો રાહ બતાવી ભાન ભૂલેલાને ઠેકાણે લાવનાર છે. અહીં એક પ્રસંગ યાદ આવે છે.

એક મોટા શહેરમાં હરખાભાઇ નામે એક શ્રાવક રહેતા હતા. નામ તો એમનું હરખચંદ હતું પણ એમની પાસે તમને હરખાવનારી ચીજ ન હતી. તમને હરખાવનારી ચીજ કઇ? એ તો તમે સમજી ગયા ને? (શ્રોતામાંથી અવાજ :- ધન) જુઓ, એ કેવું જલ્દી બોલ્યા. આ જગ્યાએ નવતત્ત્વના નામ પૂછ્યા હોત તો જલ્દી ન આવડત પણ ધન જલ્દી યાદ આવી ગયું. ધન તમને હરખાવનારી ને લોભાવનારી ચીજ છે. આ હરખાભાઈ પાસે એ ન હતું. એટલે નાણાં વિનાના હરખચંદને સૌ હરખો....હરખો કહીને બોલાવતા હતા, પણ જો એની પાસે ધન હોત તો સૌ હરખચંદ શેઠ કહીને બોલાવત. તમે કહો છો ને કે "નાણાં વગરનો નાથીયો ને નાણે નાથાલાલ." આ બધું તમારું કામ છે હોં, અમારું નહિ. અમે સાધુ તો શ્રીમંતને પણ નાથાલાલભાઈ કહીને બોલાવીએ ને ગરીબને પણ નાથાલાલભાઈ કહીને બોલાવીએ. સાધુને શ્રીમંત અને ગરીબના ભેદભાવ ન હોય.

આ સંસારમાં તો ધનના જ માન છે ને? હરખાની પાસે ધન ન હતું એટલે એનો ભાવ પૂછનાર કોઈ ન હતું. એનો સંસાર સહરાના રણ જેવો નિરસ હતો. આવા નિરસ સંસારમાં ધર્મની આરાધના એને આશ્વાસન રૂપ બનતી હતી. આ ધર્મની આરાધના જીવંત રાખવા હરખો ગામમાં આવતા જતાં સાધુ સતીની ખૂબ સેવા કરતો, સંતપ્ત સંસારમાં સાધુની શીતળ છાંયડી હરખાના જીવનને સંતોષી અને સુખી બનાવતી હતી. હરખો આખો દિવસ સાધુ સેવામાં રોકાય તો પણ કોઇ એની ચિંતા કરનાર ન હતું કે ઘેર જમવા કેમ

નથી આવ્યો ? વહેલો કે મોડો ઘેર જાય તો કોઈ પૂછતું ન હતું કે તમે જમ્યા કે નથી જમ્યા ? અરે, છોકરાઓ પણ બાપનો ભાવ પૂછતા ન હતા. ઘરમાં કે ગામમાં કયાંય હરખાનું માન ન હતું. આ તમારો સંસાર કેવો સ્વાર્થી છે ! જો હરખો પૈસા કમાતો હોત તો એને જોઈને પત્ની અને પુત્રો બધા હરખાઈ જાત, અને ભૂખ્યા તરસ્યાની સંભાળ લેત પણ પૈસા નથી એટલે કોઈ પૂછતું નથી.

"રંક અને રાજા ઉપર સમાન દૃષ્ટિ રાખતા મુનિ" :–એક વખત શહેરમાં જ્ઞાની, ધ્યાની ત્યાગી અને તપસ્વી એવા ચાર પવિત્ર સંતો ચાતુર્માસ પધાર્યા. મહાન જ્ઞાની ગુરૂ ચાતુર્માસ પધાર્યા એટલે આખા સંઘમાં આનંદ આનંદ છવાઈ ગયો. ભાવિક શ્રાવક શ્રાવિકાઓ ગુરૂદેવની અમૃતવાણીનો લાભ લેવા લાગ્યા, ધનથી ફકીર અને દિલથી અમીર હરખાને પણ આ મહારાજનો ગાઢ પરિચય થયો. દિવસે પેટ પૂજા કરવા માટે મહેનત કરવા જાય અને રાત્રે ઉપાશ્રયમાં સાધુ મહારાજની પાસે સૂઈ રહેતો. રાત્રે ઉપાશ્રયમાં સૂવાથી તે સાધુની બનતી સેવા કરવાથી સાધુ હરખાના જીવનસાથી બની ગયા. ઘરમાં તો હરખાને કોઈ પ્રેમથી બોલાવનારું ન હતું પણ અહીં સંતો તો તેને પ્રેમથી બોલાવે છે. સાધુ તો સ્નેહનું સરોવર છે, અને સમતાની સરિતા છે. જે કોઈ સરોવરના કિનારે જાય તે તરસ્યો ન રહે. સરોવર તો કોઈપણ જાતના ભેદભાવ રાખ્યા વિના બધાને ઠંડુ પાણી પીવડાવે છે અને નદી જે પ્રદેશમાંથી વહે છે તે પ્રદેશને હરિયાળો બનાવે છે તેમ જે કોઈ સંત સરોવર પાસે આવે છે તેને સંત મધુરી વાણીનું પાન કરાવે છે, અને આત્માને શાંતિ ને શીતળતા આપે છે.

આજે ઉનાળાના દિવસોમાં લોકો શીતળતાનો સ્વાદ લેવા માટે કોલ્ડ્રીંક હાઉસમાં જઈને ફેન્ટા, કોકા કોલા, લેમન, શેરડીનો રસ, વિગેરે ઠંડા પીણા પીવે છે પણ એ ઠંડા પીણા તમને શીતળતા નહિ આપે. ઘડીભર શીતળતા આપશે પછી તો હતા તેવા ને તેવા થઇ જશો, પણ સંતો તમને વીતરાગ વાણીના ફેન્ટા અને કોકાકોલા પીવડાવે છે તેનું પ્રેમથી શ્રદ્ધાપૂર્વક પાન કરશો તો બાહ્ય અને આત્મિક એ બંને પ્રકારની શીતળતા પામી શકશો. આ હરખો સંતની સાથે ગૌચરીમાં ઘર બતાવવા જાય, બીજી પોતાનાથી બને તે સેવા કરે ને રાત્રે સૂઈ રહે. એટલે સંતનો ખૂબ પરિચય થઇ ગયો.

સ્નેહાળ મૂર્તિ સમાન સંત હરખાને સમજાવતા કે ભાઇ ! આ સંસાર તો શોકનું કેન્દ્રસ્થાન છે. એ શોકના ગાઢ વાદળ વિખેરનાર તથા દુઃખ અને આપત્તિમાં ધૈર્ય આપનાર કોઈ હોય તો તે ધર્મ છે. માનવ માત્ર જેને જોઈને નમી પડે છે એવા ધનની પાછળ સંસારી જીવો દોટ લગાવી રહ્યા છે. અગ્નિ બાળે પણ ખરો ને હુંફ પણ આપે, પણ બળવું કે હુંફ મેળવવી તે તો આપણા ઉપર અવલંબે છે, અગ્નિ પર નહિ. ધન મારે છે ને ધન તારે પણ છે પણ તરવું કે મરવું તે ધન પર નહિ પણ મન ઉપર અવલંબે છે. મન જો

પવિત્ર ન હોય તો એ જ ધન સંસાર બંધનનું કારણ બને છે, માટે જે ધનને ન તો કોઈ લૂંટી શકે, ન તો કોઈ બાળી શકે એવા ધર્મ રૂપી ધનનો સંગ્રહ કરવો. એ ધર્મધન પાનબર સમા આ નિરસ સંસારને નંદનવન સમો બનાવી જીવન સુખ અને શાંતિથી સભર બનાવી ઊર્ધ્વગમન કરાવનાર બનશે, એવા આત્મધર્મનું શરણું સ્વીકારી લે. આ રીતે સાધુ હરખાને રોજ ધર્મનું સિંચન કરતા ને સંસારના બંધન અને તત્ત્વે સમજાવતા એટલે હરખાને તો બહુ આનંદ આવતો હતો.

આમ કરતાં સંતોનું ચાતુર્માસ પૂર્ણ થયું ને વિહાર કરવાનો સમય આવી ગયો. જે ગામમાં સંતો ચાતુર્માસ કરે છે ત્યાં વીતરાગ વાણીનું પાન કરાવીને ભવ્ય જીવોમાં નવી ચેતના જગાડે છે. કંઈકને ધર્મ સમજાવી ત્યાગના પંથે વાળે છે. આ સંતો વિદ્વાન અને સરળ હતા. આ શહેરમાં ઘણાં લોકોને કંઈ ને કંઈ ધર્મ પમાડયો છે એટલે એમની ખૂબ માયા લાગી ગઈ છે, તેથી એમના ધર્મસ્નેહના થતાં વિયોગે સૌને વિષાદમાં મૂકી દીધા. સંતોએ તે નગરમાંથી વિદાય લીધી. વિદાય લેતાં છેલ્લે ઉપદેશ આપતાં જણાવ્યું કે માનવ કરોડોનો વૈભવ મેળવી શકે છે, ભોગવી શકે છે ને ગુમાવી શકે છે પણ આત્માની સંજીવની વિદ્યા મેળવવી એ મોટી વસ્તુ છે, કારણ કે દુન્યવી દોલતનો ઢગલો કરવા છતાં મનુષ્ય જીવી શકતો નથી. મૃત જેવું જીવન જીવી જેની પાછળ રાત દિવસ તમે દોડી રહ્યા છો તે ધન દોલત બધા અંતે ઠગારા નીવડે છે. જેણે અંત સમય સુધી આત્માની સ્થિરતા અને પરદુઃખસ્પર્શિતા સાચવી જાણી છે તે જ કમાયો છે. આત્મસ્થિરતા અને પરદુઃખસ્પર્શિતાની કમાણી આત્માને સંજીવની વિદ્યા પ્રાપ્ત કરાવી અજરઅમર બનાવે છે, માટે માનવજીવનનો અમૂલ્ય સમય આત્મસંજીવનીની વિદ્યા મેળવવામાં કામે લગાડો.

આવો ટૂંકો પણ મર્મવેધક બોધ આપીને સંત વિહાર કરી ગયા, અને જનસમુદાય વિદાયના આઘાત સાથે અશ્રુભીની આંખે પોતપોતાના ઘર તરફ વિદાય થયો. સંત સંયમની સાધના કરતાં ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા. હરખાને સંતનો ગાઢ પરિચય થઈ ગયો હતો. એટલે એને તો સંત વિના સાવ સૂનું સૂનું લાગતું હતું. એને સંતની યાદ ખૂબ સતાવતી હતી. હરખો સંતના વચનોને યાદ કરતો પોતાનું કામકાજ કરતાં દિવસો વીતાવતો હતો.

બંધુઓ ! આ માનવજીવન અનેક આશ્ચર્યોથી સભર બનેલું છે. તેમાં કોઈ વખત સુખની લહેરો ઊઠતી હોય છે તો કદીક દુઃખની લૂ પણ વરસતી હોય છે. કોઈક દિન શાંતિની મઝા તો કોઈક દિન અશાંતિની સજા પણ ભોગવવી પડે છે. કયારેક મહેલ તો કયારેક જેલના મહેમાન પણ બનાય છે. આજનો રંક કાલે રાજા અને કાલનો રાજા આજે રંક બને છે. આમ કર્મની કરામત આગળ માનવ અનેકવિધ ખેલ ખેલતો દેખાય છે. આ હરખાના જીવનમાં પણ એવું જ બન્યું. એના પુણ્યનો સિતારો ચમકયો ને સુખનો કિનારો સાંપડયો, તેથી એને કોઈ સારી નોકરી મળી. ખૂબ ઈમાનદારીથી શેઠનું કામકાજ કરવ

લાગ્યો. એટલે શેઠે તેને ધંધામાં ચાર આની ભાગ કરી આપ્યો. એમાં એને ઘણી કમાણી થઈ. જે સુખ મેળવવા હરખાનું દિલ ઝંખતું હતું તે મળી ગયું, દિલની તમન્નાથી અને મનની પવિત્ર ભાવનાની તાકાતથી જે ઇચ્છે છે તે મળી શકે છે.

આ હરખાને ધન મળ્યું એટલે હરખનો પાર ન રહ્યો. દિનપ્રતિદિન ધનની વૃદ્ધિ થવા લાગી તેમ હરખાની તૃષ્ણા પણ વધવા લાગી. સંસારી જીવોની આજ ખૂબી છે કે ધન વધતાં એમનો વ્યામોહ પણ વધતો જાય છે. આશાના અનેક મિનારા ચણતા હોય છે કે જેમાં આત્માના કિનારા તૂટતા જાય છે. પરિણામે આત્મરક્ષણને બદલે ધનરક્ષણ જીવનનું સર્વસ્વ મનાઈ જાય છે. આ હરખાભાઈનું પણ એવું જ બન્યું. ધન વધતાં ધર્મભાવના ઘટતી ગઈ. "લીયા દિયામાં સબ ખોયા." ધર્મસ્થાનક તેના માટે દૂર બની ગયું, અને તે માન મોભો અને મહેરબાની મેળવવાની ધમાલમાં અટવાઈ ગયો.

"બાર બાર વર્ષે સંતોનું થયેલું આગમન" :- પેલા સંતો વિચરતાં વિચરતાં બાર વર્ષે હરખાભાઈના ગામમાં પધાર્યા. આ સંતો ચાતુર્માસમાં ઘણી સુવાસ ફેલાવીને ગયા હતા એટલે ખબર પડતાં લોકોના હૈયા હરખાઈ ગયા....બધા દર્શન કરવા ને વ્યાખ્યાન સાંભળવા માટે આવ્યા, પણ હરખો ન આવ્યો એટલે સંતના મનમાં થયું કે હરખો આવ્યા વિના ન રહે. એ કેમ દેખાયો નથી ? મનમાં માન્યું કે કદાચ આજે ખબર નહિ હોય તો કાલે આવશે. બીજે દિવસે પણ ન દેખાયો. ત્રણ ચાર દિવસ ગયા પણ હરખો ન દેખાયો એટલે ધર્મસ્નેહને કારણે સંતોએ શ્રાવકોને પૂછયું કે તમે બધા આવ્યા ને હરખો કેમ નથી દેખાતો ? શું એ બહારગામ ગયો છે ? ત્યારે એક શ્રાવકે કહ્યું. મહારાજ ! હવે એ તમારો હરખો એ હરખો નથી રહ્યો. એ તો હવે હરખચંદ શેઠ બની ગયા છે. દરિદ્ર કાળ વટાવી શ્રીમંતાઇમાં મહાલતા થઈ ગયા છે. એમને ત્યાં વૈભવની છોળો ઉછળે છે. મહારાજ ! હવે એ તમારી પાસે નહિ આવે. હવે એ તમારી સેવાભક્તિ નહિ કરે.

સંતે કહ્યું. એવું તો ન બને, ત્યારે શ્રાવકે કહ્યું. સાહેબ ! હું સાચું કહું છું. હવે એ હરખામાંથી હરખચંદ શેઠ બન્યા એટલે ધર્મને ભૂલી ગયા છે. ધન પાછળ ભૂલાઈ ગયેલ આત્માને સંતે યાદ કરવાનો વિચાર કર્યો અને કોઇ માણસ સાથે સમાચાર મોકલ્યા કે મહારાજ તમને યાદ કરે છે, ત્યારે હરખચંદ શેઠે કહ્યું. જોઇશ, પણ આવ્યા નહિ એટલે સંતે ત્રણ ચાર વાર સમાચાર કહેવડાવ્યા પણ " ભજકલદાર'ની ભજવાતી ભવાઇમાંથી " શેઠ ન જઈ શકયા. પૈસો વધતાં હરખો ધર્મને ભૂલી ગયો. એક વખત જે સાધુની ખડે પગે સેવા કરતો હતો તે આજે સાધુએ આટલા સંદેશા કહેવડાવ્યા છતાં દર્શન કરવા આવતો નથી. હરખાભાઈ ધન મળતાં ધર્મને ખોઈ બેઠા, અને જીવનને બરબાદ કરનારી પાપ પ્રવૃત્તિ વધી ગઈ. એ પ્રવૃત્તિમાં આજે સાધુ પાસે આવવાનો પણ ટાઇમ મળતો નથી.

"ધર્મ ભુલેલા શેઠને ઠેકાણે લાવવાના પ્રયત્ન કરતા સંત" :- ધનના

વ્યામોહમાં ડૂબેલા હરખચંદ શેઠ સાધુના દર્શન કરવા ન આવ્યા ત્યારે સંતે મનમાં વિચાર્યું કે "**કર્મકી ગત ન્યારી હૈ કેમ પામી શકે સંસારી.**" સંસારી આત્માઓ પદાર્થની લાલસાને આધીન બનીને ધર્મ ભૂલી જાય એ પણ કર્મની કઠણાઈ સમજવી. છતાં પણ જો ધનની મમતા ઓછી થાય અને ધર્મભાવના જાગે તો સારું. સંતે ઘણી રાહ જોઈ પણ હરખો ન આવ્યો તે ન જ આવ્યો. એક વખત એવું બન્યું કે સંતો ઠંડીલ જતા હતા ત્યાં સામેથી શેઠની મોટર આવી. સાંકડી ગલીમાં શેઠ અને સંત બંને સામાસામી ભેગા થઈ ગયા. બંનેની નજર એક થઈ એટલે મોટર ઉભી રાખવી પડી. સંતે પૂછ્યું કે આ જ હરખચંદ શેઠ ને? નામ સાંભળતા શેઠ મોટરમાંથી નીચે ઉતર્યા. કેમ મહારાજ! મને યાદ કર્યો. આમ બોલીને સંતને નમન કર્યું, એટલે સંત બોલ્યા. શેઠ! આ શું કરો છો? કેમ મહારાજ! આપના દર્શન કરું છું. શેઠ! તમારી ભૂલ તો નથી થતી ને? દર્શન તો મારે તમારા કરવા જોઈએ. શેઠે કહ્યું. મહારાજ! આપ આ શું બોલો છો? દર્શન તો મારે જ આપના કરવા જોઈએ ને! આપ ત્યાગી અને હું સંસારી. આપ જ્ઞાની અને હું અજ્ઞાની. ક્યાં આપ ને ક્યાં હું! આ પ્રમાણે કહીને ફરીને વંદન કર્યા.

સંતે પૂછ્યું. શેઠ! તમે સાચું બોલો છો? અંતરની ઉર્મીથી પગે લાગો છો? હા, મહારાજ. શેઠ! ક્યાં તમારો મહાત્યાગ અને ક્યાં મારો અલ્પત્યાગ! સાહેબ! આપ મારા કરતાં મહાન ત્યાગી છો. સંતે કહ્યું, ના. શેઠ! તમે મારાથી વધુ ત્યાગી છો. જુઓ, તમે ધન મેળવવા માટે ધર્મનો ત્યાગ કર્યો. સામાયિક, પ્રતિક્રમણ, આદિ ધર્મ-ક્રિયાઓનો ને તપનો ત્યાગ કર્યો અને મેં તો મોક્ષ મેળવવા માટે માત્ર સંસાર અને ધનનો ત્યાગ કર્યો છે. બોલો, તમે મારાથી મહાન ત્યાગી ખરા કે નહિ? મારે તમને પગે લાગવું જોઈએ કે નહિ? જે ધર્મના પ્રતાપે તમને ધન મળ્યું ને તમે સુખી થયા તે જ ધનાદિની પાછળ ભગવાનને અને ભગવાને બતાવેલા ધર્મને ભૂલી જવાય છે તે શું ઓછા ત્યાગની વાત છે! આવા મહાન ત્યાગ પાછળ કદાચ તમારી અજોડ ધનભક્તિને હું પગે લાગું તો શું વાંધો છે? સંતે આટલા શબ્દો કહ્યા એટલે શેઠનું હૃદય પીગળી ગયું ને એમને પોતાની ભૂલનું ભાન થયું. અહો! હું કેટલું ભાન ભૂલ્યો! જે ગુરૂએ મારા દુઃખમાં મને સાથ આપ્યો, મારા દુઃખના બેલી બન્યા તેમને જ હું ભૂલી ગયો? મને ચાર ચાર વખત યાદ કરીને સંદેશો મોકલાવ્યો છતાં હું નિષ્ઠુર આવ્યો નહિ. કેવો અધમ! આ પ્રમાણે હરખચંદ શેઠ મનમાં વિચાર કરતા હતા ત્યાં સંતે કહ્યું, હે હરખચંદ શેઠ! તમે શું વિચાર કરો છો?

આ સંસાર તો લૂંટારાનું કેન્દ્રસ્થાન છે. જ્યાં રાગ-દ્વેષ અને મોહના લૂંટારા તમારું આત્મિક ધન લૂંટી રહ્યા છે. કષાયાદિ દુર્ધર ધૂર્તો તમારી મહામૂલી જીવન સંપત્તિ હરી રહ્યા

છે, તથા વિષય વિલાસાદિની વિષ વેલડીઓ તમારાં જીવન બાગને વેરાન બનાવી રહી છે. આ તમારું યૌવન પુષ્પની જેમ અકાલે કરમાઈ જનારું અસ્થાયી છે. મળેલી સંપત્તિ વીજળીના ચમકારા જેવી ક્ષણિક છે. વૈભવો સંધ્યાની લાલી જેવા નાશવંત છે. જીવન પાણીના પરપોટા જેવું નશ્વર છે. આ બધા સંયોગો મંદિર ઉપર રહેલી ધ્વજા જેવા ચપળ છે, માટે આ મોહનિદ્રાનો ત્યાગ કરો. માયાની ગોદના સુંવાળા સુખોનો પરિહાર કરો. સંસારના મૃગજળ સમાન ભ્રામક સુખોથી પાછા હઠો, અને આત્મધર્મમાં સ્થિર બનો. જે ધર્મ તમને શાશ્વત, સ્થિર અને અચલ સ્થાને લઈ જશે. તમે જે સંસારમાં મુગ્ધ બન્યા છો તે સંસાર સ્વાર્થનો ભરેલો છે, આ જિંદગી તો કેવી છે ! સાંભળો.

જીવન ચાર દિવસની આ તો ચાંદની રે લોલ,
તારા વહાલા વૈરી થાશે, તને દેખીને દુર જાશે,
તારી વહારે કોઇ ન આવે, પછી પાછળથી પસ્તાશે,
હે....ઘરની ઘરવાળી કહેશે....આ વેઠથી કયારે છૂટાશે, જીવન....

હે શેઠ ! એક દિવસ તમારી કેવી દશા હતી કે ઘરના તમારો ભાવ પણ પૂછતા ન હતા. તે બધા ધન મળતાં તમને ખમ્મા ખમ્મા કરે છે, અને પાછો પાપનો ઉદય થશે ત્યારે એ જ તમારા વહાલા બધા વૈરી બની જશે. કોઈ તમારા સામું પણ નહિ જુએ. માંદા પડશો ને સેવા ચાકરી કરવી પડશે ત્યારે ખુદ તમારી વહાલી પત્ની પણ કહેશે કે હવે ઘરમાંથી આ વેઠ જાય તો શાંતિ થાય. માટે કંઈક સમજો ને આત્મા તરફ વળો.

"સંતના ઉપદેશથી શેઠના ઉઘડેલા દિલના દરવાજા":– સંતની મધુર વાણી સાંભળીને હરખચંદ શેઠે સંતના ચરણમાં પડીને માફી માંગી. ગુરૂદેવ ! મારા અપરાધને ક્ષમા કરો. હું ધનના નશામાં મારા તારક ગુરૂને ભૂલ્યો, ધર્મને ભૂલ્યો. ફળ મળતાં મૂળીયાને ભૂલ્યો. ગુરૂદેવ ! આપ તો મારા કેટલા ઉપકારી છો, હિતસ્વી છો કે હું જ્યારે દુઃખી હતો, મને કોઈ બોલાવતું ન હતું ત્યારે આપે મારો હાથ પકડયો હતો. આપની શીતળ છત્રછાયામાં રાખીને આપ મને ધર્મનો મર્મ સમજાવતા હતા, આપે બતાવેલા ધર્મના પ્રતાપે જ હું સુખી બન્યો ત્યારે હું ધર્મને અને મારા તારણહાર ગુરૂને ભૂલી ગયો. હું ભાન ભૂલ્યો ત્યારે પણ આપ મારો ઉદ્ધાર કરવા પધાર્યા. ગુરૂદેવ ! આપનો ઉપકાર જિંદગીમાં પણ ભૂલાય તેમ નથી. હવે આજથી હું હરખચંદ શેઠ નહિ પણ આપનો હરખો જ છું. જે ધનની પાછળ હું ધર્મને ભૂલ્યો એ ધનનો ધર્મકાર્યમાં જ ઉપયોગ કરીશ. શેઠને હવે સત્ય વસ્તુનું ભાન થયું એટલે ધનની મમતા ઓછી કરી આત્માને નિર્મળ કરનાર ધર્મની આરાધના કરવા લાગ્યા.

બંધુઓ ! હરખચંદ શેઠ તો સંતની ટકોરથી પાછા ઠેકાણે આવી ગયા, પણ હું તમને પૂછું છું કે જો તમે પણ ધનને ખાતર ધર્મને ભૂલ્યા હો તો મારે પણ તમને પગે

લાગવું જોઈએ ને ? કારણ કે આજની થતી પ્રવૃત્તિઓમાં ધનની પાછળ ધર્મ, સ્વાર્થ પાછળ સંત, વૈભવ પાછળ વાત્સલ્ય અને વિલાસ પાછળ વીતરાગને ભૂલી જવાય છે. શ્રીમંત કે સત્તાધારીની જેટલી ખુશામતની પડી છે એટલી ભગવાન, સંત કે ધર્મની પડી છે ? હાલની થતી કાર્યવાહી આત્મધર્મ કેળવવા અને પાપાચરણથી બચવા માટે થાય છે કે માન, મોભો અને ધન મેળવવા થાય છે ? તે જરા અંતરથી તપાસજો. ભારતનું ગૌરવ ધનનો સંગ્રહ કે આધુનિક વિલાસના સાધનોના સર્જનથી નથી પરંતુ અહિંસા, સંયમ અને તપની સાધનાથી છે. તેનાથી અશાંતિની આગ ઓલવાઈને શાંતિનું સર્જન થાય છે. હરખચંદ શેઠનો મોહાંધકાર નષ્ટ થયો. ધનની મમતા ઓછી થઈ ગઈ એટલે ધનનો સદુપયોગ દુઃખીની સેવામાં કરવા લાગ્યા. હવે આ હરખચંદ શેઠ કેવા દિલાવર બની ગયા તેમના જીવનનો એક પ્રસંગ છે.

એક ગામમાં રવચંદ નામના એક શેઠના વહાણ પરદેશ ગયેલા. એને આવવાની મુદત થઈ ગઈ હતી. ઉપર પંદર દિવસ વીતી ગયા છતાં વહાણ આવ્યા નહિ એટલે શેઠની ઉંઘ હરામ થઈ ગઈ હતી. વહેપારનું કામકાજ કરતાં પણ પળે પળે એમને એ વિચારો આવતાં કે મારા વહાણનું શું થયું હશે ? ચાંચીયાઓએ લૂંટી લીધા હશે ! કે દરિયામાં ડૂબી ગયા હશે ? કે કંઈ દગો રમાયો હશે ? આવા વિચારોમાં રવચંદ શેઠ માંડ દિવસો વીતાવતા હતા. રવચંદ શેઠના વહાણ આવ્યા નથી તે વાતની બજારમાં ખબર પડી ગઈ હતી. જગતમાં ઈર્ષ્યાળુ માનવીઓ ઘણા હોય છે. રવચંદ શેઠના એક ઈર્ષ્યાળુ માણસને તેમને બેઆબરૂ કરવાની તક મળી. એક માણસની સારી રકમ આ રવચંદ શેઠને ઘેર વ્યાજે મૂકેલી હતી. તેમની પાસે જઈને ઈર્ષ્યાળુએ કહ્યું–ભાઈ ! તમે કંઈ સાંભળ્યું ? ના ભાઈ ! શું કંઈ નવીન વાત લાવ્યો છો ? 'હા'. તમારી થાપણ રવચંદ શેઠને ત્યાં છે તે આજે ને આજે તમે ઉપાડી લો. શેઠ દેવાળું કાઢવાની તૈયારીમાં છે.

થાપણદારે કહ્યું–એ બને જ નહિ. ઈર્ષ્યાળુએ કહ્યું–તમારી વાત સાચી છે. એ શેઠ એવા નથી પણ વાત એમ બની છે કે કરોડ રૂપિયાના માલ સહિત એમના વહાણ દરિયામાં ડૂબી ગયા છે એટલે એ દેવાળું કાઢશે ખરા. આ સાંભળીને થાપણદારના પેટમાં તો તેલ રેડાઈ ગયું. તે તરત જ રવચંદ શેઠ પાસે આવ્યો ને કહ્યું–શેઠ ! મને મારા લાખ રૂપિયા અત્યારે જોઇએ છે. રવચંદ શેઠે કહ્યું–ભાઈ ! બધી થાપણ લઈ જઈને શું કરીશ ? તો કહે મારે બીજે ઠેકાણે વ્યાજે મૂકવી છે. એ જમાનાની પેઢીઓ ના કહી શકતી નહિ. એ જમાનાના લાખ રૂપિયા એટલે અત્યારના પચાસ લાખ જેવા હતા. વહાણ આવ્યા નથી ને લાખ રૂપિયા કેવી રીતે આપવા ! ખૂબ વિચાર કર્યો.

એ સમયે અમદાવાદમાં હરખચંદ શેઠના નામની ખૂબ પ્રશંસા થતી હતી. કારણ કે સંતના ઉપદેશથી હરખચંદ શેઠનું જીવન પલટાઈ ગયું હતું. તે ધનનો સત્કાર્યોમાં સદુપયોગ

ખૂબ કરતા હતા ને પેઢી ધમધોકાર ચાલતી હતી, એટલે એમની ઉદારતા, શ્રીમંતાઈ અને ધર્મપ્રિયતાનો ડંકો વાગતો હતો. એમની પ્રશંસા રવચંદ શેઠે ખૂબ સાંભળેલી. બાકી હરખચંદ શેઠને ત્યાં રવચંદ શેઠની કંઈ પણ રકમ જમા ન હતી. છતાં રવચંદ શેઠના મનમાં થયું કે હરખચંદ શેઠ ઉપર હુંડી લખીને આપું. ત્યાં મારું કંઈ જમા નથી એટલે થાપણદારને નાણાં તો નહિ જ મળે પણ એ લેવા જશે ત્યાં સુધીમાં જો મારા વડાણ આવી જશે ને એ ખાલી હાથે પાછો આવશે તો હું એના પૈસા ચૂકવી શકીશ.

"હુંડી લખતા રવચંદ શેઠની આંખમાંથી પડેલા આંસુ" :– રવચંદ શેઠે થાપણદારને કહ્યું. ભાઈ! હું તમને હરખચંદ શેઠ ઉપર લાખ રૂપિયાની હુંડી લખી આપું છું. તમારે લઈને અમદાવાદ જવું પડશે. ત્યાં તમારું બધું લેણું વ્યાજ સહિત પતી જશે. થાપણદારને અમદાવાદ જવું પડયું એ ગમ્યું નહિ પણ જ્યાં નાણાં મળવાની આશા જ નથી ત્યાં અમદાવાદ જવાથી મળી જાય તો શું ખોટું? એણે કહ્યું, ભલે શેઠ, લખી આપો. હું અમદાવાદ હુંડી લઈને જઈશ. શેઠ હુંડી લખવા માટે અંદરના રૂમમાં ગયા. ધ્રુજતા હાથે હુંડી લખી, ત્યારે આંખમાંથી આંસુના બે ટીપા હુંડી ઉપર પડયા. સહી કરીને હુંડી થાપણદારને આપી. એને તો પૈસા જોઈતા હતા એટલે જલ્દી અમદાવાદ પહોંચી ગયો. હરખચંદની પેઢી પ્રખ્યાત હતી એટલે બહુ શોધવાની મહેનત ન પડી. મુનિમે એને આવકાર આપ્યો, અને તેને માટે જમવાની સગવડ કરાવી આપી. થાપણદાર જમવા ગયો તે દરમ્યાનમાં મુનિમે બધા ચોપડા ઉથલાવ્યા પણ ક્યાંય રવચંદ શેઠના નામનું ખાતું નથી. એમના લાખ તો શું હજાર રૂપિયા પણ ચોપડે જમા કરેલા નથી. મુનિમે કહ્યું. શેઠજી! આપણે ત્યાં રવચંદ શેઠનો એક પૈસો પણ જમા નથી હરખચંદ શેઠે હુંડી હાથમાં લીધી ને ઝીણવટથી જોયું તો હુંડી ઉપર પડેલા આંસુના બે ટીપા શેઠે જોયા. ટીપા તો સૂકાઈ ગયા હતા પણ ચાલાક હરખચંદ શેઠ સમજી ગયા કે રવચંદ શેઠ ભીડમાં આવી ગયા લાગે છે.

"હરખચંદ શેઠની ભવ્ય ઉદારતા" :– શેઠે મુનિમને કહ્યું. આ આંસુના ટીપાનાં નિશાન જુઓ. વહેપારી જ્યારે ભીંસમાં આવી જાય છે ત્યારે તે ભગવાનને યાદ કરતા આંસુ સારે છે. તો મારા જેવા ધનિકનો ધર્મ શું છે? ભીડમાં આવી પડેલાને મદદ કરવી જોઈએ. જો આવા સમયે ધનનો સદુપયોગ નહિ થાય તો ધનને શું કરવાનું? મુનિમજી! તમે આવેલા મહેમાનને કંઈ વાત કરશો નહિ. તમે મારા નામે લાખ રૂપિયા ઉધારી નાંખો અને હુંડી સ્વીકારીને મહેમાનને આપી દો. થાપણદારને લાખ રૂપિયા આપીને વિદાય કર્યો. આ સમાચાર રવચંદ શેઠને મળ્યા. એમના મુખમાંથી શબ્દો સરી પડયા કે હે ભગવાન! તમે મારી લાજ રાખી. આ બનાવ બન્યા પછી અઠવાડિયામાં તેમના વહાણ પરદેશથી પાછા ફર્યા. લઈ ગયેલા માલનો સારો નફો મળ્યો હતો તે બદલામાં સારો માલ લઈને આવ્યા હતા.

રવચંદ શેઠે વિચાર કર્યો કે મારે હરખચંદ શેઠને હુંડીની રકમ સવાયા વ્યાજ સહિત પાછી વાળવી જોઈએ. એમ નિશ્ચય કરી રૂપિયા લઈને અમદાવાદ આવ્યા અને હરખચંદ શેઠની પેઢી ઉપર જઈને પોતાની ઓળખાણ આપી. હરખચંદ શેઠે પ્રેમથી બોલાવીને પોતાની બાજુમાં બેસાડયા. રવચંદ શેઠ ગળગળા થઇ ગયા. તેમણે પોતાની પાઘડી ઉતારી હરખચંદ શેઠની સામે મૂકતા કહ્યું, શેઠ! તમે તો મારી લાજ રાખી છે. હરખચંદ શેઠે પાઘડી ઉઠાવીને રવચંદ શેઠના માથે મૂકતા કહ્યું. મેં શું લાજ રાખી છે! લાજ તો ભગવાને રાખી છે એ વાત સાચી પણ ભગવાને તમને પ્રેરણા કરી. મારા વહાણ પરદેશથી પાછા આવ્યા ન હતા તેથી મારા કોઇ ઈર્ષ્યાળુએ અફવા ફેલાવેલી. જેથી થાપણદાર એની થાપણ માંગવા આવ્યો. તે સમયે મારી પાસે લાખ રૂપિયા નહોતા. આપનું નામ સાંભળીને ભગવાન ભરોસે એને હુંડી લખી આપીને મોકલ્યો હતો. હવે મારા વહાણો આવી ગયા છે. એટલે આપના લાખ રૂપિયા લેતો આવ્યો છું. તે વ્યાજ સહિત જમા કરી દો.

"રવચંદ અને હરખચંદમાં બંધાયેલી મૈત્રી" :- હરખચંદ શેઠે કહ્યું. ભાઇ! હવે આ રૂપિયા તમે જ રાખો, એ તો મેં મારા નામે ઉધારી દીધા છે માટે મને એ લેવા કલ્પે નહિ. રવચંદ શેઠે કહ્યું, શેઠ! એ મારા માથે ઋણ રહી જાય. મારા ભગવાને દયા કરીને હું પાછો અસલ સ્થિતિમાં આવી ગયો છું. એટલે પૈસા દૂધે ધોઇને પાછા આપવા એ મારી ફરજ છે. પણ હરખચંદ શેઠ લેવાની ના પાડે છે. બંનેએ પરસ્પર ખૂબ આગ્રહ કર્યો પણ બેમાંથી કોઈ લેવા તૈયાર થતું નથી. છેવટે હરખચંદ શેઠે કહ્યું, રવચંદ શેઠ! તો આપણે એમ કરીએ. આ તમારા લાખ રૂપિયામાં હું બીજા લાખ ઉમેરું અને આપણે એમાંથી સ્વધર્મી બંધુઓની સેવાનું કેન્દ્ર ખોલીએ, જેનો લાભ લઇને અશાંતિમાં જલતા જીવો શાંતિના સરોવરમાં સ્નાન કરી શીતળતાનો અનુભવ કરશે. આ બનાવ બન્યો ત્યારે પર્યુષણ પર્વ ચાલતા હતા. પર્વના દિવસોમાં આ બંને શેઠે આવું સુંદર કાર્ય કર્યું.

બંધુઓ! તમે પણ આ પવિત્ર પર્વના દિવસોમાં તમારી શક્તિ અનુસાર ધર્મના કાર્યમાં, સ્વધર્મીની સેવામાં સહાયક બનજો. એક વખતનો હરખો ધર્મનું શરણું અંગીકાર કરતાં હરખચંદ શેઠ બની ગયો, અને પરના માટે સર્વસ્વ અર્પણ કર્યું. આનું નામ જ શાંતિનો મંગલ સંદેશો છે. તમારે પણ જો શાંતિ મેળવવી હોય તો જીવનમાં અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પંચશીલને અપનાવજો અને તેટલી તપશ્ચર્યા કરજો. તપ કરવાથી પુરાણા કર્મો બળીને ખાખ થઇ જાય છે ને આત્મા તેજસ્વી બને છે. કર્મોનો ક્ષય થવાથી આત્મા શાશ્વત સુખ અને શાંતિ મેળવે છે. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૪૮

શ્રાવણ વદ અમાસ ને શનિવાર "ભાવના ભવનાશિની" તા. ૨-૯-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! આત્મસ્વરૂપની પિછાણ કરવા માટે પર્યુષણ પર્વના મંગલકારી દિવસો ચાલી રહ્યા છે. તેમાંના બે દિવસો તો ધર્મારાધનામાં પસાર થઈ ગયા. આજે ત્રીજા દિવસનું મંગલ પ્રભાત પ્રગટયું છે. પર્યુષણ પર્વ આપણું મહાન ઉપકારી છે કારણ કે જડના રાગને નિર્મૂળ કરવા આત્મામાંથી જરૂરી બળ મેળવવા પર્યુષણ પર્વ આપણને સાનુકૂળતા કરી આપે છે. તેનો જો આપણે વિવેકપૂર્વક સદુપયોગ કરીએ તો આપણો અમૂલ્ય સમય આત્માની શુદ્ધિ માટે સાર્થક થાય. આટલા માટે આ પર્વને આત્મશુદ્ધિનું અનુપમ પર્વ માનવામાં આવે છે. પર્યુષણ પર્વના દિવસોમાં મનુષ્યોના અંતરમાં શુભ ભાવનાની ભરતી આવે છે. એટલે આ પર્વને અનુલક્ષીને આજના વ્યાખ્યાનનો વિષય રાખવામાં આવ્યો છે "ભાવના ભવનાશિની".

ભાવના શું ચીજ છે ? આજે તમે બધા આટલી મોટી સંખ્યામાં વહેલા આવીને બેસી ગયા છો તે શું બતાવે છે ? જે ઉપાશ્રયમાં નથી આવતા તે બધા પણ આ પર્યુષણ પર્વના આઠ દિવસોમાં આવે છે અને ઉત્સુકતાથી સાંભળવા બેસી જાય છે. તે ભાવનાથી કે ભાવના સિવાય ? તમારા બધાના અંતરમાં વીતરાગ વાણી સાંભળવાની ભાવના છે. આ જોઈને અમને પણ આનંદ થાય છે, અને સમજાય છે કે ભાવના અને ભક્તિ એ પોતાના દિલની વાત છે. માણસ એ ચૂકે તો પોતાનો અધિકાર ચૂકે છે. સંસારમાં પ્રાણી માત્રના જીવન નિર્માણની આધારભૂમિ ભાવના છે. એ ભાવના બે પ્રકારની છે. એક પ્રશસ્ત ભાવના અને બીજી અપ્રશસ્ત ભાવના. પ્રશસ્ત ભાવના એટલે શુદ્ધ વિચારો. આ ભાવના પોતાની જીવનયાત્રાને પ્રગતિશીલ બનાવવામાં પ્રેરણા આપે છે અને અપ્રશસ્ત ભાવના એટલે અશુદ્ધ વિચારો. તે પોતાના જીવનપંથને અવરોધક બનાવવામાં પ્રેરણા આપે છે. આ રીતે આપણા અંતરમાં ઘૂંટાતી ભાવના આપણને ઉર્ધ્વગામી અને અધોગામી બનવાનું પ્રેરણા બળ આપે છે. માટે સમજો અને અંતરમાં વિચાર કરો.

માયા અને મમતા એ માનવીને સંસારમાં જકડી રાખનારા બંધનો છે. એ બંધનો તોડવાની માનવીમાં જ્યાં સુધી તાકાત જન્મતી નથી ત્યાં સુધી તે પરવશપણે મોહની ગુલામી કર્યા કરે છે. જીવ જેના ઉપર માયા અને મમતા કરે છે તે પદાર્થો ક્ષણભંગુર છે છતાં માનવી તેમાં જીવનને વેડફ્યા કરે છે. તેનો મનમાં અફસોસ પણ થતો નથી, કારણ કે આત્માના જ્ઞાનથી તે અજ્ઞાન હોય છે, અને તે જ્ઞાનથી વંચિત હોવાના કારણે હું અશરણ છું એવો દૃઢ વિચાર હજુ તેના હૃદયમાં સ્થિર થયો હોતો નથી. જ્યાં સુધી માનવીને માયા મમતાથી ઉત્પન્ન થતું દુઃખ, એની નિરર્થકતા અને એના વિષાદનું જ્ઞાન થતું નથી ત્યાં સુધી તે જીવન સાફલ્યથી દૂર ને દૂર રહે છે. જે માનવીના હૃદયમાં ભૌતિક

સંપત્તિ પર અને સંસાર પર માયા મમતા કે આસક્તિ છે તેની દશા કાદવમાં ખદબદતા કીડા જેવી છે.

બંધુઓ ! જે વસ્તુઓ નાશવંત છે, અસ્થાયી છે તેનો મોહ અંતે વિષાદ મૂકી જાય છે. ઝાંઝવાના જળથી કદી તૃષા છીપી શકતી નથી, કલ્પનાના હવાઈ મહેલો રહેવા માટે કામ આવતા નથી અને સ્વપ્નાની સુખડીથી કદી ભૂખ ભાંગતી નથી, તેમ ભૌતિક પદાર્થોમાંથી મળતાં સુખો ગમે તેટલા સારા ને સોહામણા લાગતા હોય પણ તેનાથી કદી પણ શાશ્વત સુખ કે આનંદ જીવને મળવાનો નથી. એમ સમજીને માયા અને મમતાના બંધનો તોડીને ભવરાશીનો ભૂક્કો કરવાની ભાવના ભાવો. મનુષ્યની જેવી ભાવના હોય તેવું ફળ મળે છે સારી ભાવના હોય તો સારું ફળ મળે છે ને ખરાબ ભાવના હોય તો ખરાબ ફળ મળે છે. સારા કે ખરાબ દરેક કાર્યનો આધાર મનુષ્યની ભાવના ઉપર રહેલો છે.

આ પવિત્ર પર્યુષણના દિવસોમાં આપણે કેવી ભાવના ભાવવાની છે, એ તમે આજના વ્યાખ્યાનના વિષય ઉપરથી સમજી ગયા ને? ભાવના ભવનાશિની એટલે ભવનો નાશ થાય અને મોક્ષ મળે એવી ભાવના હોવી જોઈએ. ભવનો નાશ કઈ ભાવના કરાવે? નાટક સિનેમા જોવાની ભાવના, રેડિયો સાંભળવાની ભાવના, ખાવાપીવાની ભાવના, સારા વસ્ત્રાલંકારો પહેરવાની ભાવના, લાખપતિ કે કરોડપતિ બનવાની ભાવના? બોલો મૂળચંદ-ભાઈ! તમે આનો જવાબ આપવાના નથી પણ યાદ રાખો કે આ સંસારની ભાવના ભવનો નાશ નહિ કરાવે, પણ કઈ ભાવના ભવનો નાશ કરાવનારી છે? હે ભગવાન! હું આરંભ સમારંભનો ત્યાગ કરી મોહ, માયા અને મમતાના બંધનો તોડીને હું સાધુ ક્યારે બનીશ? સાધુ બન્યા પછી તપ, જ્ઞાન-ધ્યાનાદિની ઉગ્ર સાધના કરી કર્મોને ખપાવીને ક્યારે કેવળજ્ઞાન પામીશ. આવી ભાવના ભવનો નાશ કરે છે. તમે માંગલિક પછી બોલો છો ને

ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન,
ભાવે ધર્મ આરાધીએ, ભાવે કેવળજ્ઞાન.

દરેકમાં પહેલા ભાવ શબ્દ આવ્યો છે એટલે સહેજે સમજી શકાય છે કે દરેક કાર્યમાં ભાવનાનું મહત્વ વિશેષ છે. ભાવના વિના કોઈ કાર્ય થતું નથી. દાન, શીયળ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો છે, પણ ભાવના એ દાન, શીયળ, અને તપની જનેતા છે, કારણ કે તમે વિચાર કર્યો હશે કે પર્યુષણ પર્વના દિવસો આવે છે તો મારે યથાશક્તિ દાન કરવું છે. આ વિચાર એ શું છે? ભાવના પછી અમલ થાય છે. મનમાં ભાવના થાય કે અનાદિકાળથી જીવ સંસારની વિષયવાસનાનો ગુલામ બનેલો છે. જીવે ઘણાં ભોગ ભોગવ્યા. હવે એ છોડવા જેવા છે. મૈથુનસંજ્ઞાના સામ્રાજ્યને હટાવીને

બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરું એવી પહેલી ભાવના જાગે છે પછી બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. તપ કરતાં પહેલાં પણ અંતરમાં ભાવના જાગે છે કે કર્મોનો ક્ષય કરવા માટે તપની જરૂર છે. પર્યુષણ પર્વમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓ તપ કરે છે તો હું પણ કરું, આનું નામ ભાવના, એટલે પહેલા ભાવના જાગે છે પછી મનુષ્ય આરાધના કરે છે, તેથી સ્પષ્ટ સમજાય છે કે ભાવના એ દાન, શીયળ અને તપની જનેતા છે, માટે તમે ભાવનામાં ભરતી લાવો.

ભાવનામાં ભરતી લાવો એટલે શું? તમારા અંતરમાં જે દાન, શીયળ અને તપ કરવાની શુભ ભાવના પડેલી છે તેને તમે વેગ આપો. જ્યારે ધીમો ધીમો વરસાદ વરસે છે ત્યારે રસ્તા ગંદા ને ચીકણા બની જાય છે. કાદવ ને કીચડ વધે છે, પણ જ્યારે ધોધમાર વરસાદ વરસે છે ત્યારે કાદવ, કીચડ બધું ધોઈને રસ્તા સાફ કરી નાંખે છે, તેમ તમારા અંતરમાં ભાવનાની ભરતી લાવો કે કર્મો બળીને સાફ થઈ જાય. જુઓ, હું તમને ન્યાય આપીને સમજાવું.

ઋષભદેવ ભગવાનની માતા મરૂદેવી ઋષભદેવ ભગવાને દીક્ષા લીધા પછી મારો ઋષભ....ઋષભ કહીને ઝૂરતા હતા. શિયાળે, ઉનાળે અને ચોમાસામાં વિચાર કરતા હતા કે મારો નંદ આવી ઠંડી કેવી રીતે સહન કરતો હશે! એને કેટલી ગરમી લાગતી હશે! ચોમાસામાં વરસાદ બંધ ન રહે ને ગોચરી ન મળે ત્યારે એ શું ખાતો હશે? માતાને એનો નંદ કેટલો વહાલો હોય છે! નંદને માતા વહાલી હોય કે ન હોય પણ માતાને તો એનો નંદ વહાલો હોય છે જ. મરૂદેવી માતા એમના પુત્રની પાછળ ઝૂરતા હતા. એક વખત ઋષભદેવ ભગવાન કેવળજ્ઞાન થયા પછી પધાર્યા. દેવોએ સમોસરણ રચ્યું હતું. મરૂદેવી માતા હાથીની અંબાડી ઉપર બેસીને ભગવાનના દર્શન કરવા આવ્યા. ભગવાનની સામે મેળોમેળ દૃષ્ટિથી જોઈ રહ્યા પણ ભગવાને તો એમના સામું ન જોયું, ત્યારે મનમાં જરાજ કલુષિત ભાવ આવી ગયા કે અહો! હું તો મારો ઋષભ....ઋષભ કરું છું પણ એ તો મારા સામું જોતો નથી, ને મને બોલાવતો પણ નથી. બીજી જ ક્ષણે એ કલુષિત ભાવ બદલીને શુભ ભાવનામાં જોડાયા કે અહો! હું આ કેવો કુવિચાર કરી રહી છું. એ તો વીતરાગ બની ગયા છે. વીતરાગ પ્રભુને રાગ કે દ્વેષ ન હોય.

વીતરાગ પ્રભુને મન તો કોણ માતા, કોણ પિતા અને કોણ પુત્ર! એને તો જગતના તમામ જીવો માટે સમાન કરૂણાભાવ છે. અહો પ્રભુ! તું કેવો ને હું કેવી! તેં રાગ-દ્વેષને જીતી લીધા ને મારામાં તો હજુ રાગ-દ્વેષ ભરેલા છે. એ બંધન કયારે તૂટશે? અંતરના પશ્ચાતાપપૂર્વક એવી ઉચ્ચ ભાવનાની શ્રેણીએ ચઢયા કે હાથીની અંબાડીએ બેઠા બેઠા એ ઉચ્ચતમ ભાવનાના બળે કર્મોના આવરણ સહજ વારમાં તોડી નાખ્યા ને કેવળ-જ્ઞાનની જ્યોત પ્રગટાવીને મોક્ષમાં ગયા. જુઓ, ભાવનામાં કેટલું બળ છે! દૃઢપ્રહારી,

વંકચૂલ, ચિલાતીપુત્ર વિગેરે નરકે જાય તેવા ક્રૂર કર્મો કરતા હતા પણ એમના આયુષ્યનો બંધ પડેલો નહિ એટલે કંઈક નિમિત્ત મળતાં શુભ ભાવનાના જોરે ભયંકર પાપના બંધનો તોડીને આત્મકલ્યાણ કર્યું. તમે આ પુરૂષોની વાતો ઘણીવાર સાંભળી ગયા છો એટલે અત્યારે એનો વિસ્તાર કરતી નથી.

બંધુઓ ! ભાવના એ વ્યક્તિના વ્યક્તિત્વને માપવાનું થર્મોમીટર છે, કારણ કે વ્યક્તિની જેવી ભાવના હોય છે તેવા જ તેના વાણી, વર્તન અને વિચાર થઈ જાય છે. ભાવનાનું પ્રતિબિંબ વિચારોના સ્વચ્છ સ્થાન ઉપર પડે છે, અને પછી ત્યાં ભાવના ભવનાશિનીનો સાક્ષાત્કાર થઈ જાય છે. યાદ રાખજો કે હૃદયમાંથી નીકળેલી વાત જ હૃદય સુધી પહોંચે છે. પાણીની ટાંકી જેટલી ઉંચી હશે તેટલી ઉંચાઈ સુધી નળ વાટે પાણી પહોંચાડી શકે છે. એમ જે વિચાર હૃદયમાંથી નીકળે છે તે હૃદયને સ્પર્શે છે. સદ્‌ભાવના જીવને ઉર્ધ્વગામી બનાવે છે ને દુર્ભાવના જીવને અધોગામી બનાવે છે, માટે તમારી ભાવના પવિત્ર અને નિર્મળ રાખજો.

જો તમારી ભાવના પવિત્ર અને નિર્મળ હશે તો તમારા મુખમાંથી વાણી પણ નિર્મળ અને મીઠી નીકળશે, અને ભાવના મલીન હશે તો વાણી પણ કર્કશ અને કડવી નીકળશે. પવિત્ર મનુષ્યો તપસ્વીઓને તપ કરતાં દેખે, દાતારને દાન દેતાં દેખે તો એના મનમાં એવી ભાવના જાગે છે કે ધન્ય છે આ તપસ્વીને ! એ આવી મહાન તપ સાધના કરી કર્મોનો ક્ષય કરી રહ્યા છે. દાતાર દાન આપીને પરિગ્રહની મમતા છોડે છે ને પુણ્ય બાંધે છે. મારામાં તો દાન આપવાની કે તપ કરવાની શક્તિ નથી. હું આવી સાધના કયારે કરીશ ? આવી ભાવના ભાવતાં એની આંખમાં આંસુ આવી જાય છે. એ તપસ્વીના, દાતારના ગુણ ગાય છે. એની અનુમોદના કરે છે, અને શુભ ભાવના દ્વારા કર્મો ખપાવે છે. જ્યારે કંઈક જીવો એવા હોય છે કે કોઈ તપ કરે તો કહેશે કે અરે ! મહાસતીજી તો કહ્યા કરે પણ આપણે તપ કરીએ શા માટે શરીર સૂકવવું જોઈએ ? અત્યારે તો ખાઈ પીને આનંદ કરો. પોતે તો કરી શકતો નથી પણ જે કરે છે તેને અટકાવવા જાય છે. આવા જીવો કર્મો તોડવાને બદલે કર્મ બાંધે છે. એની ભાવના દુષ્ટ હોય છે એટલે એની વાણી પણ કડવી હોય છે.

બંધુઓ ! તમને બધાને સાકર ખાવી બહુ ગમે છે ને ? જો સાકર ભાવે છે તો ભાષા પણ સાકર જેવી મીઠી બોલજો. અત્યાર સુધીમાં કેટલી સાકર ખાઇ ગયા કે શરીરમાં પણ સાકર વધી ગઇ, અરે, સાકર તો ક્યાં સુધી વધી એ જાણો છો ને ? લોહીમાં ને પેશાબમાં. કેમ બરાબર છે ને ? બધે સાકર વધી પણ બોલવામાં મીઠાશ ન આવી. (હસાહસ) મલીન વિચારોથી ભરેલું મન આનંદ આપી શકતું નથી. તમે બગીચામાં જઈને બેસો તો તમારું દિલ ખુશ થઇ જાય છે ને ? પણ બગીચો કોને કહેવાય ? જ્યાં

લીલુછમ ઘાસ હોય, ગુલાબ, મોગરા જુઈ વિગેરે ફૂલના છોડ હોય, તેમાંથી ખુશ્નુમા પવન આવી રહ્યો હોય અને જાંબુ, મોસંબી, સંતરા, દાડમ, ચીકુ વિગેરે ફૂટના છોડ બગીચાની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા હોય, પાણીના ફુવારા ઉડતા હોય, પક્ષીઓ મીઠા સ્વરે કુંજન કરતા હોય, એવું વાતાવણું જ્યાં હોય તેને બગીચો કહેવાય. ત્યાં જઈને બેસો તો તમને આનંદ આવે છે ને ? પણ જ્યાં આકડા, થોરીયા કે બાવળીયાના ઝાડ હોય તેને બગીચો કહેવાય ? ના ત્યાં બેસવાની મઝા પણ ન આવે ને ? એવી રીતે જેના મનમાં સુવિચારોના સુમનો ખીલ્યા હોય એમાં શુભ ભાવનાના ફુવારા ઉડતાં હોય એવું મન બગીચા જેવું છે અને જ્યાં કુવિચારોના આકડા ને થોરીયા ઉગેલા છે તે મન વેરાન વન જેવું છે. જે મનમાં સારા અને પવિત્ર વિચારો આવે તેમની વાણી પણ મીઠી અને મધુરી હોય છે ને એનું વર્તન પણ સારૂં હોય છે. સારી ભાવના વર્તનમાં પરિવર્તન લાવે છે.

શુભ ભાવના અશુભ કર્મોને શુભમાં ફેરવી શકે છે. ગોશાલક મરીને નરકે જવાનો હતો પણ મરવા પહેલા બે ઘડી બાકી રહી ત્યારે એની વિચારધારામાં પરિવર્તન થયું. અહો ! મેં ભગવાનની કેટલી અવહેલના કરી ! હું સર્વજ્ઞ ન હોવા છતાં હું સર્વજ્ઞ છું મેં એવો અપલાપ કર્યો. સર્વજ્ઞ ભગવાનની મેં કેટલી ઘોર અશાતના કરી ? એમનો મારા ઉપર કેટલો મહાન ઉપકાર છે ! પેલા તાપસે મારા ઉપર તેજુલેશ્યા મૂકી ત્યારે કરૂણાસાગર ભગવાને શીતળલેશ્યા મૂકીને મને બચાવ્યો, ત્યારે મેં પાપીએ તો ભગવાન ઉપર તેજુલેશ્યા મૂકી પણ એ તો સાચા તીર્થંકર છે. એમને લેશ્યા બાળી શકી નહીં પણ એમના શિષ્યોને તેજુલેશ્યા મૂકીને બાળી મૂક્યા. ધિક્કાર છે મને ! બે ઘડી પહેલાં ગોશાલકને આવો પશ્ચાતાપ થયો. તો નરકમાં જવાને બદલે બારમા દેવલોકે ગયા. જુઓ, આ શુભ ભાવનાનું બળ છે. આ તો આત્માની ભાવનાની વાત થઈ.

"અશુભ પુદ્ગલ શુભ બને તો ભાવના કેમ ન બને ?" :– અશુભ પુદ્ગલોને પણ પ્રયોગના બળથી શુભ કરી શકાય છે. જ્ઞાતાજી સૂત્રમાં એનો સુંદર ન્યાય આપ્યો છે. જિતશત્રુ રાજા અને તેનો સુબુદ્ધિપ્રધાન ફરવા માટે ગયેલા. માર્ગમાં એક ખાડી આવી. એ ખાડીનું પાણી એવું ગંધાતું હતું કે માણસનું માથું ફાટી જાય એવી દુર્ગંધ હતી. રાજાએ તો નાક આડુ કપડું રાખ્યું પણ પ્રધાન તો તત્ત્વદૃષ્ટિવાળો હતો. જૈન ધર્મી હતો. એટલે એ સમજતો હતો કે સંસારના સમસ્ત પદાર્થો પરિવર્તનશીલ છે. પ્રત્યેક પુદ્ગલોનું અશુભમાંથી શુભમાં ને શુભમાંથી અશુભમાં સંક્રમણ થયા કરે છે,માટે મહારાજાને આ પ્રયોગ કરી બતાવવો જોઈએ. આવો વિચાર કરીને પ્રધાને એ ગંધાતી ખાડીમાંથી સો ઘડા ભરીને પાણી મંગાવ્યું. તેમાંથી આછરતું આછરતું પાણી લઈને કચરો કાઢી નાંખતા સો ઘડામાંથી એક ઘડો પાણી રહ્યું. એ પાણી શુદ્ધ, સ્વચ્છ અને શીતળ બનાવ્યું.

પછી રાજાને જમવાનું આમંત્રણ આપ્યું. રાજાએ જમીને પાણી પીધું એટલે પ્રધાનને પૂછયું. પ્રધાનજી ! તમે આવું પાણી કયાંથી લાવો છો ? આ પાણી તો કોકાકોલા અને ફેન્ટા કરતાં પણ મીઠું ને શીતળ અમૃત જેવું લાગે છે. તમે એકલા જ આવું પાણી પીઓ છો ? મને તો કદી આપતાં નથી. પ્રધાને કહ્યું. સાહેબ ! આ તો ગંધાતી ખાડીનું પાણી છે. એ આપ પીવો કે ન પીવો એટલે હું નથી આપતો. રાજાએ કહ્યું પ્રધાનજી ! ગંધાતી ખાડીનું પાણી આવું બને જ નહિ. પ્રધાને નજર સમક્ષ પ્રયોગ કરી બતાવ્યો ત્યારે રાજાના મગજમાં વાત ઉતરી કે અશુભમાંથી શુભ અને શુભમાંથી અશુભ બને છે. આવા પુદ્ગલો પણ જ્યારે અશુભમાંથી શુભમાં પરિણમે છે તો શું ભાવના અશુભમાંથી શુભ ન થાય ? જરૂર થાય.

"ભાવનાનું ભવ્ય બળ" :- બંધુઓ ! શુભ ભાવનામાં મહાન શક્તિ રહેલો છે. ભાવનાભરી ભક્તિથી ભગવાન પણ ભક્તને આધીન બને છે. શબરીની રામચંદ્રજી પ્રત્યે ભાવભરી કેટલી ભક્તિ હતી ! એની ભાવનાના બળથી એક દિવસ રામચંદ્રજી એની ઝુંપડીએ આવ્યા ને એના એંઠા બોર પ્રેમથી આરોગ્યા. આ ભાવનાનું બળ છે. શ્રીકૃષ્ણ અને સુદામાની મિત્રતા કેવી હતી તે તમને અમર છે ને ? પરસ્પર કેવી ઉચ્ચતમ ભાવના હતી. મુઠ્ઠીભર ચોખા અને તે પણ કાચા. તેની કેટલી કિંમત હશે ? એ જમાનામાં તો માત્ર બે પૈસાના હશે, કારણ કે એ જમાનામાં આજના જેવી કારમી મોંઘવારી ન હતી, છતાં એ કાચા ચોખામાં શ્રીકૃષ્ણને કેવો સ્વાદ આવ્યો હતો ! તમારી દૃષ્ટિએ ભલે એ ચોખાની કાંઈ જ કિંમત ન હોય પણ તેનું મૂલ્ય શ્રીકૃષ્ણને સમજાયું હતું. એની કિંમત બીજા ન આંકી શકે અને એના સ્વાદની મીઠાશ બીજા ન માણી શકે, કારણ કે એની પાસે એવું મૈત્રીભર્યું હૈયું નથી હોતું કે જે સુદામાની મિત્ર ભાવનાને સમજી શકે.

જ્યાં શુદ્ધ ભાવનાનો અભાવ હોય છે ત્યાં ઇચ્છા, તૃષ્ણા અને કલ્પનાના ઘોડા દોડવા માંડે છે. પરિણામે સંપત્તિનો નાશ, અનિષ્ટનો સંયોગ, ઇષ્ટનો વિયોગ, અને સંસ્કૃતિનો વિનાશ થતાં ભવની પરંપરા વધી જાય છે. જેનાથી ભવ ઘટે તે ભાવના કહેવાય, અને જેનાથી ભવ વધે તે દુર્ભાવના કહેવાય. ભવ વધતાં દુઃખ વધે છે ને ભવ ઘટતાં સુખ વધે છે. અનાદિ કાળથી ચાલ્યું આવતું સુખ-દુઃખનું ચક્ર સદ્ભાવના અને દુર્ભાવનાનું પરિણામ છે. આત્મવિકાસ કે આત્મવિનાશની સાથે ઉન્નતિ અને અવનતિનું જો કોઈ કારણ હોય તો તે ભાવના છે. ભાવના કર્મમળનો નાશ કરી સંસારની પરંપરાને ઘટાડનાર મહાન રસાયણ છે, તેથી મહાનપુરૂષો પોકાર કરીને કહે છે કે **"ભાવના ભવનાશિની"** શુભ ભાવના ભવપરંપરાનો નાશ કરનાર છે, અને દુર્ભાવના ભવપરંપરાને વધારનાર છે. ભવવૃદ્ધિનું કારણ કર્મબંધ છે. આ કર્મબંધની ન્યૂનતા કે અધિકતાનો આધારસ્થંભ આપણી ભાવના, આપણા વિચારો, અને આપણા અધ્યવસાયો જ કારણભૂત છે. પોતાની અંતર્ગત જેવી ભાવના તેવા પ્રકારનું પ્રાયઃ જીવન બની જાય છે.

જુઓ, ભરત ચક્રવર્તીને અરિસા ભવનમાં કેવળજ્ઞાન થયું હતું. તમે પણ દરરોજ અરિસા સામે જુઓ છો ને! અડધો કલાક તો ફક્ત વાળ સરખા કરવામાં વીતાવી દો છો, અને શું તમારી આંગળીએ પહેરેલી વીંટી ખોવાઈ ગઈ નહિ હોય? અરે, વીંટી તો શું પણ હાર સુદ્ધાં ગુમ થયો હશે પણ અરિસા સામે દેહની નશ્વરતાનો વિચાર કેટલાને આવ્યો? અને ભરત ચક્રવર્તિની જેમ અરિસાભવનમાં કેટલાને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું? ભરત ચક્રવર્તિને અરિસાભવનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તો તમે શું હોટલોમાં ચા પીતાં પીતાં કે થીયેટરમાં નાટક સિનેમા જોતાં જોતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરશો? એમના દાદીમા મરૂદેવી હાથીની અંબાડી પર કેવળજ્ઞાન પામ્યા પણ આજની માતાઓ તો મને લાગે છે કે મોટરમાં બેસી, ચોપાટીની હવા ખાતાં ખાતાં કેવળજ્ઞાન પામવાની ઇચ્છા રાખતી હશે. ખરું ને! (હાસ્યાહસ) તમે તમારા અંતરાત્માને પૂછી જુઓ કે એમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થઈ? અને મારો આત્મા કેમ રઝળી રહ્યો છે? જરૂર અંતરમાંથી અવાજ આવશે કે આ બધું ભાવનાનું પરિણામ છે.

જીવન બાગ કેવો બનાવશો? :– બગીચામાં પુષ્પો ખીલે છે ને એ પુષ્પો બાગને સુવાસથી ભરી દે છે, તેમ આ માનવજીવન એ એક બગીચો છે. એ બગીચામાં સુવિચારના પુષ્પો ખીલવા જોઇએ. જેથી જીવનબાગ સુવાસથી મહેંકતો રહે. શું આ જીવન તમે ઉકરડો બનાવી દેવા જેવું સસ્તુ માનો છો? બંધુઓ! તમારા મહાન પુણ્યયોગે તમને આવો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે. અનેક સાધનોની સુંદર તક તમને મળી છે અને તે પણ માનવ જેવા ઉત્તમ જીવનમાં, પછી તો પ્રત્યેક શ્વાસોચ્છ્વાસમાં ભાવનાનો આવિર્ભાવ થવો જોઈએ ને? જેટલા પ્રમાણમાં ભાવનાનો વિકાસ થતો જાય તેટલા પ્રમાણમાં દુર્ભાવનાનો વિનાશ થતો જાય છે. બગીચામાં બાવળીયા ન શોભે. ત્યાં તો સુગંધ અને ઠંડક આપનાર ચંદન આદિના વૃક્ષો શોભે તેમ માનવ જેવા ઉચ્ચતમ જીવનમાં કાંટાળા બાવળીયા સમી દુર્ભાવના કયારે ય સંભવી શકે નહિ. ત્યાં તો પરમશાંતિની પરિમલ પ્રસરાવનાર ભાવનાના સુગંધી ચંદનવૃક્ષો સંભવી શકે.

દેવાનુપ્રિયો! તમે આટલું ગોખી રાખજો કે આપણે અહીં દટાવા નથી આવ્યા પણ અદ્ધર ઉડવા આવ્યા છીએ. આત્મા મરતો નથી, દેહ મરે છે, શરીર દટાય છે, આત્મા કદી દટાતો નથી. ધૂળની તાકાત છે કે તે આત્માને દાટી શકે? જેનું માટીમાં જ સર્જન અને માટીમાં જ વિસર્જન થાય છે તે આત્મા નહિ પણ દેહ છે. દેહને આત્મા માની લેવો તે કેવી ભયંકર ભૂલ છે! એકનો માર્ગ અધોગામી છે ને બીજાનો માર્ગ ઉર્ધ્વગામી છે. માટે આ ભવમાં એવી ભાવના ભાવો કે ભવમાં વધારે ભમવું પડે નહિ. આવા ઉચ્ચ ભવમાં પણ જો રહેજ દુર્ભાવના આવી જાય છે તો જીવની કેવી દશા થાય છે! અને એ જ આત્મા જ્યારે પાછો સ્વઘરમાં સ્થિત થાય છે ને શુભ ભાવના ભાવે છે તો

કર્મથી મુક્ત બનીને મોક્ષમાં જાય છે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે. પંદરમા તીર્થંકર પ્રભુ શ્રી ધર્મનાથ ભગવાનના સમયની આ વાત છે. એક વખત ધર્મનાથ ભગવાન સમોસરણમાં બેસીને દેશનાનો અસ્ખલિત પ્રવાહ વહાવી રહ્યા હતા. ભગવાનના સમોસરણમાં બાર પ્રકારની પ્રખદા બેઠી હતી. દેવો, અસુરો, મનુષ્યો અને તિર્યંચો ભગવાનની અમૃત જેવી મીઠી વાણી સાંભળવા માટે આવીને બેસી ગયા હતા. ભગવાન અર્ધમાગધી ભાષામાં દેશના ફરમાવે છે પણ દરેક જીવો ભગવાનની વાણીને પોતપોતાની ભાષામાં સમજી શકે એવો તીર્થંકર ભગવાનની વાણીનો અતિશય હોય છે. ભગવાનની વાણીમાં એવું સામર્થ્ય હોય છે કે એક બીજાના વિરોધી પ્રાણીઓ જેમ કે સર્પ અને ગરૂડ, બિલાડી અને ઉંદર, સિંહ અને મૃગ જે એકબીજાને જોતાં જ તેને પકડીને મારી નાંખે છે તેવા જીવો પણ ભગવાનના સમોસરણમાં જઈને પોતાના જન્મજાત વૈરને ભૂલીને પ્રેમથી એકબીજાની સાથે બેસે છે.

અહીં બધા જ જીવો વૈરઝેરને ભૂલીને એકાગ્ર ચિત્તે પ્રભુની વાણી સાંભળી રહ્યા હતા. સમોસરણ ઠઠ ભરાઈ ગયું છે. આ વખતે ગણધર ભગવંતે સમય જોઈને ભગવંતને પ્રશ્ન પૂછયો ભગવંત ! આપના સમોસરણમાં આટલા બધા જીવો બેઠા છે. તેમાં સૌથી પહેલો મોક્ષમાં કોણ જશે ! ભગવંતે કહ્યું–જુઓ, સામેથી પેલો ઉંદર આવી રહ્યો છે એ તમારા ને મારા બધાના પહેલા મોક્ષમાં જવાનો છે. આ સાંભળીને ગણધર ભગવંતે પુનઃ પૂછયું–હે પ્રભુ ! આપ આ શું બોલો છો? આપના વચન તો ત્રિકાળ સત્ય જ હોય. એમાં મીનમેખ ફરક ન પડે પણ અમને આશ્ચર્ય થાય છે કે એ ઉંદર બધાથી પહેલો મોક્ષમાં જશે ? ભગવંત ! આમાં કંઈ સમજાતું નથી.

બંધુઓ ! કર્મની સ્થિતિ ગહન છે. એ કોઇથી સમજાય તેવી નથી. જીવ કેવી દશામાંથી કેવી દશામાં ભૂકાઇ જાય છે અને એનો મોક્ષ કેવી રીતે ને કયારે થાય છે એ આગમના ઉંડા ભેદને જ્ઞાની વિના કોઇ જાણી શકતું નથી. પ્રભુ ! ઉંદરે એવી શું કરણી કરી કે જે બધાથી પહેલો મોક્ષમાં જશે? આપ કૃપા કરીને ઉંદરના ભવ જણાવશો ! ભગવંતે કહ્યું–હા. એ ઉંદરના પૂર્વભવની વાત સાંભળવા જેવી છે. મીઠી મધુરી અને મેઘ ધ્વનિ જેવી ગંભીર વાણી ભગવાને પ્રકાશી.

હે ભવ્ય જીવો ! વિંધ્ય નામના પર્વતની તળેટીમાં વિંધ્યવાસ નામે નાનકડો સંનિવેશ છે. ત્યાં મહેન્દ્ર નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને તારા નામે રાણી હતી અને તારાચંદ્ર નામે એક પુત્ર હતો. એક વખત કોઈ દુશ્મન રાજા મોટું સૈન્ય લઇને વિંધ્યવાસ સંનિવેશ ઉપર ચઢી આવ્યો. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. તેમાં મહેન્દ્ર રાજા મૃત્યુ પામ્યા એટલે સૈન્ય પણ છિન્નભિન્ન થઈ ગયું. તારા રાણીને આ વાતની ખબર પડી એટલે તે ગભરાઇ

ગઇ, પણ હિંમત કરીને પોતાના શીયળનું રક્ષણ કરવા અને બાળકને બચાવવા માટે તે બાળકને લઈને ગુપ્ત રીતે જંગલમાં ભાગી ગઈ. તારાચંદ્રને લઈને લપાતી છૂપાતી ચાલતી ચાલતી એક દિવસ ભરૂચ સુધી પહોંચી ગઈ. આ તો રાજાની રાણી છે પણ કર્મોદયે એને રખડતી કરી મૂકી છે. ભરૂચમાં કોઈ એને ઓળખતું નથી. કોના સહારે જવું ? એ વિચારે રાણી ચિંતામાં પડી ગઇ. ઉદાસીન વદને ભરૂચ શહેરમાં પ્રવેશ કર્યો. ત્યાં સામેથી એણે સાધ્વીજીઓનો સમુદાય આવતો જોયો.

" રાણી અને પુત્ર બજારમાં " :– બંધુઓ ! સાધુ સાધ્વી તો બધાના સગા છે. એમને કોઇના પ્રત્યે રાગ કે દ્વેષ હોતો નથી. સુખી કે દુઃખી, શ્રીમંત કે ગરીબ બધા એને મન સરખા છે. આ રાજરાણી છે, મન ચિંતાથી વ્યગ્ર બનેલું છે. આ જોઇને સાધ્વીજીએ પૂછયું કે બહેન ! તું કોણ છે ! ક્યાંથી આવી છે ? ને આમ ચિંતાતુર કેમ દેખાય છે ? સાધ્વીજીના વચન સાંભળીને રાણીએ પોતાની બધી વાત કરી. સાધ્વીજીઓ ખૂબ ગંભીર હતા. એમણે કહ્યું–બહેન ! તું ગભરાઇશ નહિ. અમારી સાથે ચાલ. આ સાંભળીને રાણીના આનંદનો પાર ન રહ્યો. એ સાધ્વીજીની સાથે ધર્મસ્થાનકમાં ગઇ. આ સમયે ભરૂચની જાહોજલાલી ખૂબ હતી. સાધ્વીજીએ સંઘના મુખ્ય ગંભીર શ્રાવકોને બોલાવીને આ રાણી સબંધી વાત જણાવી. શ્રાવકોએ કહ્યું–ચિંતા નહિ. અમે એમનું રક્ષણ કરીશું, એટલે એ રાણી અને પુત્રને શ્રાવકને ઘેર લઈ ગયા. બંને સુખેથી શ્રાવકને ઘેર રહેવા લાગ્યા. રાણી દરરોજ સાધ્વીજી પાસે આવીને ધર્મારાધના કરવા લાગી. સાધ્વીજીઓ પણ એને ખૂબ પ્રેમથી સંસારની અસારતા સમજાવતા હતા.

" રાણીની આત્મવિચારણા " :– ગુરૂણીદેવના દરરોજના સહવાસથી તારામતી રાણીના મનમાં થયું કે આ સંસારમાં ક્યાંય સુખ નથી. મેં આ સંસારમાં સુખની છાયા જોઈ અને દુઃખના પડછાયા જોયા, દરેક સંસારી જીવો જ્યાં ને ત્યાં સુખ શોધવા જાય છે પણ ક્યાંય સ્થાયી સુખ મળતું નથી. આવું સમજીને રાણીને વૈરાગ્ય આવ્યો. એના અંતરમાંથી વૈરાગ્ય રસના ઝરણા વહેવા લાગ્યા, એટલે તેણે સંસારનો ત્યાગ કરીને સંયમ માર્ગ સ્વીકાર્યો. તારાચંદ્રકુમારને પણ સંસારની વિચિત્રતાનું ભાન થતાં ચૌદમા ભગવાનના શાસનમાં સુનંદ નામના આચાર્ય ભગવંતની પાસે સંયમ લીધો. ચૌદમા તીર્થંકર કોણ ? અરે ચૌદમા ભગવાનનું નામ બોલતાં આટલી બધી વાર ! આ જગ્યાએ એમ પૂછું કે તમારા પાંચ દીકરામાં ત્રીજા નંબરના દીકરાનું નામ શું ? તો તરત જવાબ આપશો. તમારા દીકરાનું નામ તો આવડે પણ દીકરાના દીકરાનું નામ પણ ઝટ બોલી જશો, અને ભગવાનનું નામ બોલતાં આટલી બધી વાર ? (હસાહસ.) કેટલો વિચાર કરીને બોલ્યા કે " અનંતનાથ ભગવાન," આજ બતાવે છે કે તમને સંસારનો જેટલો રસ છે તેટલો ધર્મ પ્રત્યેનો નથી પણ યાદ રાખજો કે સંસાર સ્વાર્થનો ભરેલો છે.

આ માતા અને પુત્ર બંને અનંતનાથ ભગવાનના શાસનમાં સંયમી જીવનમાં ખૂબ સુંદર આરાધના કરી રહ્યા છે. તારાચંદ્ર મુનિ યુવાન થતાં અત્યાર સુધી કાબૂમાં રહેલી એમના મનની પવિત્ર ભાવનાઓ એક દિવસ વાસનાના હિલોળાથી વિચલિત બની ગઈ. મનમાં અનેક પ્રકારના વિચારના તરંગો ઉછળવા લાગ્યા, પણ કંઈ બોલી શકતા નથી. આ દુષ્ટ મન માનવીને કયારે વિષય વાસનાથી મલીન બનાવી દે છે તે કહી શકાતું નથી. મનની ગતિ અતિ ચપળ છે, અને આ ઈન્દ્રિયોના ઘોડા બહુ સાહસિક છે માટે એના ઉપર ખૂબ કંટ્રોલ રાખો. એને જ્યાં ને ત્યાં ભમવા ન દેશો.

"મુનિની ભાવનામાં દુષ્ટ વિચારોનું આંદોલન" :– તારાચંદ્ર મુનિનું મન વાસનાના વંટોળથી મલીન બન્યું. એક વખત આ તારાચંદ્ર મુનિ બહાર જાય છે. વાસનાઓથી ભરેલા વિચારોના ઝૂલે ઝુલતા તારાચંદ્ર મુનિ પ્રકૃત્તિના એકેક રમણીય દૃશ્યોને પોતાની અનોખી દૃષ્ટિથી જોતાં જોતાં જંગલના માર્ગે આગળ વધ્યા. ત્યાં ઉંદરના ટોળાને ઘણી ઉંદરડીઓ સાથે ગેલ કરતું જોયું. ઉંદરડાઓ એમની ઉંદરડીઓ સાથે નાચે છે કૂદે છે અને એકબીજા પ્રેમથી મસ્તી કરી રહ્યા છે. આ જોઈને તારાચંદ્રજી મુનિનું વિષયવાસનાથી વિહ્વળ બનેલું ચિત્ત વધુ ચકડોળે ચઢયું, અને મનમાં વિચાર કરવા લાગ્યા કે અહો ! સાધુપણામાં એક જ જગ્યાએ બંધાઈ રહેવાનું ! સાધુઓના આદેશ સહન કરવાના પણ મુક્તપણે વિચરવા ન મળે. સાધુપણાની દશા તો બંધને બંધાયેલા હાથી જેવી છે ને પિંજરમાં પૂરાયેલા પક્ષી જેવી છે. પિંજરમાં પૂરાયા પછી પક્ષી વલોપાત કરે છે. ઝૂરે છે પણ એને સ્વતંત્રપણે જંગલની મોજ માણવા મળતી નથી, તેમ સાધુપણામાં પણ એવી જ દશા છે. આ એક પિંજરું જ છે ને ? સાધુપણા કરતાં તો આ ઉંદરોનું જીવન કેટલું સુંદર છે ! કે નહીં કોઈ જાતનું બંધન કે ન કોઈની રોકટોક કે નહીં કોઈના તાબામાં રહેવાનું. સ્વતંત્રપણે સંસારની મોજ માણવાની. સાધુપણામાં તો આવી સ્વતંત્રતાનું નામ જ નહિ. આવા હેત ને પ્યાર પણ નહિ, એટલે આ ઉંદરોનું જીવન સાધુપણા કરતાં શ્રેષ્ઠ છે.

દેવાનુપ્રિયો ! વિચાર કરજો. કયાં સાધુપણાનું શ્રેષ્ઠ જીવન ! અને કયાં તિર્યંચ ઉંદરનું જીવન ! પણ અંતરમાં વાસનાનો કચરો ભર્યો એટલે ઉંદરનું જીવન સાધુપણા કરતાં શ્રેષ્ઠ લાગ્યું. તારાચંદ્ર મુનિ ઠંડીલ જઈને પાછા ફર્યા અને પોતાની સાધુપણાની આરાધના કરવા લાગ્યા. મન મલીન બન્યું પણ સાધુપણું છોડ્યું નથી, પણ મનમાં આવા ભાવ આવ્યા તેનો આલોચના કરી નહિ. મનથી બાંધેલા પાપના પરિણામ પણ જીવને ભોગવ્યા વિના છૂટકો થતો નથી. તારાચંદ્ર મુનિએ સાધુપણાની આરાધના કરવા છતાં મનના અશુભ પરિણામોના યોગે પૂર્વના પાપની આલોચના ન કરી, તેથી ત્યાં કાળ કરીને ઓછી સંપત્તિવાળા અને અલ્પ આયુષ્યવાળા દેવ થયા. દેવોની ચાર જાતિ છે. ભવનપતિ વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક. આરાધક સાધુ તો વૈમાનિક દેવમાં જ જાય પણ જે

પાપની આલોચના ન કરે તે વિરાધક થાય છે. તે વાણવ્યંતર આદિ દેવ થાય છે. દેવનું ઓછામાં ઓછું આયુષ્ય દશ હજાર વર્ષનું હોય છે. આ તારાચંદ્ર મુનિ કાળધર્મ પામીને અલ્પ આયુષ્યવાળા દેવ થયા.

દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને પૂર્વે ઉંદર અને ઉંદરડીઓને કિલ્લોલ કરતાં જોઇને મનમાં વિચાર કર્યો હતો ને કે સાધુપણા કરતા આવું જીવન કેવું સારું ! એ પાપકર્મના યોગે એમને ઉંદર યોનિમાં ઉત્પન્ન થવું પડયું. ભગવાનની વાણી સાંભળીને સભા છક થઇ ગઈ. ઉંદરે પણ પોતાના પૂર્વભવની કહાની સાંભળી. એને ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો. એ પાપનો પશ્ચાતાપ એના અંતરના ઓરડામાં પ્રકાશ પાથરી રહ્યો હતો. આંખમાંથી દડદડ આંસુ વહેતા હતાં. અશ્રુભીની આંખે ઉંદર એની ભાષામાં પ્રભુને વિનવણી કરવા લાગ્યો. અહો હે કરૂણાસિંધુ ભગવંત ! સાધુપણામાં સંયમની વફાદારી સાચવી ન શકયો. કુવિચારોના વાવાઝોડામાં જીવન લુપ્ત કરી બેઠો. પ્રભુ ! હવે મારા ઉદ્ધાર માટે કોઇ માર્ગ ખરો?

ઉંદરના પ્રશ્નનો જવાબ આપતા ભગવંતે કહ્યું. હે ભદ્ર ! કર્મ બાંધતી વખતે જીવે વિચાર ન કર્યો. હવે એ કર્મનો વિપાક ભોગવવાનો સમય આવ્યો છે પણ હજુ બાજી હાથમાં છે. સાવધાન બનીને સર્વ સાવદ્ય વ્યાપારોનો ત્યાગ એટલે કે અણસણ કરીશ તો બાજી સુધરી જશે. ભગવાનની વાણી સાંભળીને ઉંદરે કહ્યું. ભગવંત ! મને અણસણ કરાવો. આજથી હું ખાવું–પીવું બધું બંધ કરીને મૌનપણે રહીને મારા આત્માને પરમાત્માના ધ્યાનમાં સ્થાપન કરીને શેષ જીવન સુધારીશ. ત્યાં ભગવાને ઉંદરને અણપણ કરાવ્યું. એટલે પોતાના પાપનો પશ્ચાતાપ કરતો ઉંદર ભગવાનના સમોસરણમાંથી નીકળીને પોતાના સ્થાને ગયો. ઉંદરને ગયા ઘણો સમય થઈ ગયો હતો એટલે એની ઉંદરડીઓ રાહ જોતી હતી કે હજુ કેમ ન આવ્યા ? ઉંદર પણ પંચેન્દ્રિય છે એટલે એને પણ મનુષ્યની માફક બધી સંજ્ઞાઓ છે, તેથી ઉંદરડીઓને ચિંતા થવા લાગી.

"ઉંદરના ભવમાં કરેલી સાધના":– દૂરથી ઉંદરને આવતો જોઇને ઉંદરડીઓ કૂદવા લાગી ને તેના સામી જઈ પ્રેમનો ઘોધ વહાવવા લાગી, પણ ઉંદર તો હવે મસ્ત યોગી જેવો બની ગયો હતો, એટલે આત્મધ્યાનમાં લીન બનીને એક ખૂણામાં મૌન લઇને નીચું જોઈને બેસી ગયો. હવે એ સ્નેહના બંધનમાં ફસાવા ચાહતો ન હતો. એના હૈયાના હોજમાં વૈરાગ્યના ફુવારા ઉછળી રહ્યા હતા. ઉંદરડીઓએ ઉંદરને મનાવવા ઘણી મહેનત કરી પણ સફળ ન થઈ, છેવટે ઉંદર સમાધિભાવમાં મૃત્યુ પામીને મિથિલા નગરીના મિથિલા રાજાની મિત્રારાણીની કુક્ષીમાં રાજકુમારપણે ઉત્પન્ન થશે. ત્યાં તેનું નામ ચિત્રકુમાર પડશે. ત્યાં મુનિના વચન સાંભળીને તેને જાતિસ્મરણ જ્ઞાન થતાં પોતાના પૂર્વભવો દેખશે અને વિચારશે કે અહો ! હું સાધુના ભવમાં કુવાસનાએ ચઢીને કયાં પટકાઈ ગયો ! મારે ઉંદર થવું પડયું ! ત્યાં ભગવાન મને મળ્યા ને સાચો માર્ગ બતાવ્યો. તેના પ્રતાપે મરીને

રાજકુમાર બન્યો. ત્યાં સંતના વચન સાંભળતાં ચિત્રકુમાર ચિંતન કરતાં કરતાં ક્ષપક શ્રેણીએ ચઢતાં ભાવ ચારિત્ર મેળવશે ને તરત જ મોક્ષે જશે. આ રીતે ધર્મનાથ પ્રભુના શાસનમાં ઉંદરનો જીવ સર્વ પ્રથમ મોક્ષગામી બનશે.

બંધુઓ ! આવા દૃષ્ટાંતો સાંભળીને તમે સમજો કે ભાવનાથી ભવનો નાશ થાય છે, અને જીવ શિવગતિને પામે છે. એ વાત નિઃશંક છે. શુભ ભાવમાં રમણુતા કરતો જીવ કર્મનો ક્ષય કરે છે અને અશુભ ભાવમાં આથડતો જીવ કર્મના કાદવમાં રીબાઈ રીબાઈને પોતાનું જીવન બરબાદ કરે છે, માટે શુભ ભાવનાના સરોવરમાં સદા સ્નાન કરીને જીવનને પવિત્ર બનાવવું એ જ મનુષ્યને માટે શ્રેયકારી છે.

આપણે ત્યાં દાનની પરબો મંડાઈ છે, ભવ્યજીવોએ શીયળના સાજ સજ્યા છે. તપસ્વીઓએ તપ કરીને મલાડ સ્થાનકને તપોવન બનાવી દીધું છે. બા. બ્ર. શોભનાબાઈ અને બા. બ્ર. હર્ષિદાબાઈને આજે ૧૮ મો ઉપવાસ છે. માનવંતા બેનને આજે ૪૬ મો ઉપવાસ છે. મંજુલાબહેનને, વૈરાગી મીનાક્ષીબહેનને ૨૬ મો છે. ઘણાં ભાઈ-બહેનો આત્મલક્ષે ઉગ્ર તપની સાધના કરી રહ્યા છે. એ તો તપ કરીને કર્મની ગાંઠોને બાળીને સાફ કરશે. આવા તપસ્વીઓને જોઈને આપણે પણ આજના દિવસે શુભ ભાવના ભાવીએ કે આપણે પણ આવા તપ કરીને કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામીને આપણો માનવભવ સફળ બનાવીએ. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૪૯

ભાદરવા સુદ ૧ ને રવિવાર **તા. ૩-૯-૭૮**

"હૃદય પરિવર્તન"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, પ્રેમના પયોદધિ, વાત્સલ્ય-મૂર્તિ ભગવંતોએ ભવ્ય જીવોના આત્મકલ્યાણનો અનુપમ માર્ગ બતાવતા સમજાવ્યું છે કે હે ભવ્ય જીવો ! માનવભવની એકેક ક્ષણ અમૂલ્ય છે. એ હાથમાંથી જશે તો ફરીને નહિ મળે. તમે નજરે દેખો છો ને કે આ પર્યુષણ પર્વના ત્રણ ત્રણ દિવસો તો જોતજોતામાં પસાર થઈ ગયા ને આજે ચોથો દિવસ આવી ગયો. આ પર્યુષણ પર્વ પ્રેરણાનો પવિત્ર પયગામ લઈને આવ્યા છે. જેમના પુનિત પગલા થતાં જ માનવમાં પડેલી અનંત સુષુપ્ત શક્તિઓ એકાએક જાગૃત બને છે. જીવનમાં કંઈ જ નહિ કરનારા માણસો પણ આ પાવનકારી પર્વની પ્રેરણા પામીને ધર્મારાધના કરવા તત્પર બને છે. સૂના સૂના દેખાતા ધર્મસ્થાનકો પર્યુષણ પર્વના પગલે ધમધમી ઉઠે છે. આખો દિવસ પવિત્ર વાતા-વરણ દેખાય છે. ધર્મક્રિયાઓના સુમધુર ઘોષ અધર્મીઓને પણ ધર્મની નવી દિશા તરફ

ખેંચી જતા દેખાય છે. આ દિવસોમાં બાળક, યુવાન અને વૃદ્ધ દરેકના હૈયા હર્ષના હિંડોળે ઝૂલે છે.

આ પર્વનો પવન વાતાં જ જીવનની ક્ષિતિજ પર છવાયેલા વૈરના ઘનઘોર વાદળા વિખરાઈને વિલીન થઈ જાય છે, અને ચારે તરફ અવૈર પ્રેમ અને મૈત્રીનું ખિલખિલાટ-ભર્યું વાતાવરણ ઉભું થાય છે. માનવ-માનવ વચ્ચે, ભાઈ-ભાઈ વચ્ચે, મિત્ર-મિત્ર વચ્ચે તૂટેલા સંબંધો પર્વની પધરામણી થતાં સંધાઈ જાય છે. તૂટેલા અને વેરવિખેર થઈને કકડે કકડા થઈ ગયેલા હૈયાને સાંધનારું જો કોઈ સોલ્યુસન આ વિશ્વમાં હોય તો તે આ મહાન પર્વ છે. વૈરવિરોધની ઉંચી દિવાલોને જમીનદોસ્ત કરી દેવાની જંગી તાકાત આપણાં પર્યુષણ પર્વમાં રહેલી છે. ક્રોધના સળગતા દાવાનળોએ આ માનવજીવનમાં સર્જેલી અનંત હોનારતોનો અંત આ પર્વની આરાધના કર્યા વિના નહિ આવે. માનવને રાત દિવસ રાગ અને દ્વેષ નામના બે શત્રુઓ હેરાન પરેશાન કરી રહ્યા છે. આ પર્વના આઠ દિવસો રાગ અને દ્વેષ રૂપી ડંખીલા દુશ્મનોની સામે ભરી બંદુકે લડી લેવાનું આપણને એલાન આપે છે.

પર્વનો મહિમા અંતરે રાખી, તજો સંસારના કાજ,
સંસારની આ અટપટ છોડી, વિષય કષાયની તોડી ચાહના,
દાન શીયળ તપમાં દિલને જોડી, આરાધન કરવા આવો દોડી.

દર વર્ષે પર્યુષણ પર્વ આપણી સમક્ષ પ્રેરણાના પીયૂષના પાન કરાવવા આવે છે ને જાય છે પણ આપણે એ તપાસવાનું છે કે આપણે હતા ત્યાંના ત્યાં છીએ કે જીવનમાં કંઈ આગળ પ્રગતિ કરી છે! અરિસો આપણાં મુખ ઉપર રહેલા ડાઘાનું દર્શન કરાવે છે તેમ આત્મા ઉપર રહેલા ડાઘોનું દર્શન કરવા માટે આપણા અંતરને જ અરિસો બનાવીને જોવું પડશે કે મારા આત્મા ઉપર ક્રોધાદિ કષાયોના કાળા ડાઘા કેટલા છે? આપણા જીવન તરફ દૃષ્ટિ કરીશું તો અવશ્ય જણાઈ આવશે કે આપણું જીવન ગતિશીલ છે, ક્રિયાશીલ છે પણ પ્રગતિશીલ નથી. જો પ્રગતિશીલ બનેલું હોત તો આત્મા કયારનોય ડાઘ વિનાનો પવિત્ર બની ગયો હોત.

જે ચકાવામાં છીએ એ ચકાવામાં જ ફર્યા કરવું એનું નામ ગતિ, અને ચકાવામાંથી છલાંગ મારીને જે લક્ષ્ય છે તે લક્ષ્ય ભણી સીધી દોટ મૂકવી એનું નામ પ્રગતિ છે. આજે માણસો કરે છે ઘણું પણ સાંજે આત્મનિરીક્ષણ કરતાં જોવામાં આવશે તો દેખાશે કે હતા ત્યાંના ત્યાં જ છે, કારણ કે ગતિ ઘણી છે પણ પ્રગતિ બિલકુલ નથી. ઘણાં માણસો દરરોજ પ્રતિક્રમણ કરે છે. કોઈ દરરોજ નહિ કરનાર આઠમપાખીના દિવસે કરતા હશે. આઠમપાખીના દિવસે નહિ કરનારાઓ ચોમાસી પાખીના દિવસે પણ કરતા હશે.

અરે, ચોમાસી પાખીના દિવસે નહિ કરનારાઓ છેવટે સંવત્સરીના દિવસે તો અવશ્ય કરે છે અને આખા વર્ષભરમાં કરેલા પાપોના મિચ્છામિ દુક્કડં દઈને પાપોની આલોચના કરી અને કાલે તો પાછા એવા જ પાપો કરવા લાગ્યા. એ પાપો અને દુષ્કૃતો તો એક ઉંડો ખાડો છે. ખાડામાં પડેલો કોઇકની સહાયતાથી બહાર નીકળે અને નીકળતા વેંત ફરી ખાડામાં ઝંપલાવે તો એને કોણ ઉગારી શકે ?

બંધુઓ ! આ જીવની પણ એવી જ પરિસ્થિતિ છે. આ મહાન પર્વ દર વર્ષે આપણી સમક્ષ આવીને આપણો હાથ ઝાલી વૈર વિરોધ અને દુશ્મનાવટના દુર્ગમ ખાડામાંથી આપણને બહાર કાઢે છે, પણ આપણે ફરી ફરીને એમાં જ ઝંપલાવીએ છીએ, જ્યાંથી નીકળ્યા ત્યાંને ત્યાં આવીને ફરી ઉભા રહેવું તેનું નામ તો ગતિ છે. ગતિની ગજબ નાગચુડમાંથી જ્યાં સુધી છલાંગ મારીને ન છટકીએ ત્યાં સુધી મહાપર્વ આપણને પ્રગતિના પંથે કેવી રીતે ચઢાવી શકે ? માનવ જો ગતિને મૂકીને પ્રગતિના પંથે પ્રયાણ આદરે તો જ આ પર્યુષણ પર્વ પધાર્યાની સાર્થકતા થાય, અને આ પર્વ મનુષ્યને માટે પ્રથમ પગથિયું બની રહે.

આ પર્યુષણ પર્વના દિવસોમાં તમે આટલી બધી ધર્મારાધના કરો છો, વ્યાખ્યાન વાણી સાંભળો છો, દાન કરો છો, તપ-જપ આદિ ઘણી ક્રિયાઓ કરો છો. આટલું કર્યા પછી જીવનમાં પરિવર્તન અવશ્ય થવું જોઈએ. એક જડ પથ્થર પણ નદીના પ્રવાહમાં તણાતો તણાતો ગોળ-મટોળ બની જાય છે તો આટલા વર્ષોથી ધર્મક્રિયાઓ કરનાર મનુષ્યના જીવનમાં પરિવર્તન ન આવી શકે ? પરિવર્તન આવવું જ જોઈએ. જો ન આવે તો સમજી લેવું કે આપણે હજુ સાચો ધર્મ સમજ્યા નથી. આજે વ્યાખ્યાનનો વિષય છે.''હૃદય પરિવર્તન.'' હૃદય પરિવર્તન એટલે શું ? એટલે કંઈ હાર્ટ બદલવાનું નથી પણ આપણા જીવનમાં રહેલી દુષ્ટ પ્રકૃતિઓનું પરિવર્તન કરવાનું છે. અત્યાર સુધી જીવ ક્રોધી હતો, માની હતો, માયાવી હતો ને લોભી હતો. હવે જો સમજ્યા હો તો ક્રોધ, માન, માયા, અને લોભાદિ દોષોને જીવનમાંથી ઓછા કરવા, અને દાનવ વૃત્તિમાંથી માનવવૃત્તિ લાવવી. એક શિલ્પી પથ્થરના ટુકડા ઉપર ટાંકણા મારીને તેને ઘડીને તેમાંથી સુંદર મૂર્તિ બનાવે છે. જુઓ, એ પથ્થરને ઘડનારો મળ્યો તો એ પથ્થરનું પરિવર્તન થતાં પથ્થર એ પથ્થર રૂપે ન રહ્યો, પણ પથ્થરમાંથી પ્રતિમાનું સર્જન થયું, તો શું આપણા હૃદયરૂપી પથ્થરના આપણે શિલ્પી ન બની શકીએ ! ધારીએ તો અવશ્ય બની શકીએ છીએ, પણ હજુ હૃદય પરિવર્તન કરવાની ઇચ્છા જ થતી નથી. પછી ક્યાંથી બની શકે ? તમારી જાતે તમે કંઈ ન કરો તો ખેર, પણ જેમ પેલા પથ્થરને ઘડનારો શીલ્પી મળી ગયો તેમ તમને પણ સદ્‌ગુરૂ રૂપી શીલ્પીઓ મળ્યા છે. એ તમને રોજ વીતરાગ વચનના ટાંકણા મારીને ઘડવાનો પ્રયત્ન કરે છે પણ તમે ગુરૂને અર્પણ થતાં જ નથી પછી તમારા હૃદયનું પરિવર્તન કેવી રીતે થાય ?

રોજના સાત સાત ખૂન કરનારા પાપીમાં પાપી અર્જુનમાળીને પણ ભગવાન મહાવીર

સ્વામી જેવા શીલ્પી મળ્યા તો એ પાપીમાંથી પુનિત બની ગયો. તે દીક્ષા લઈને રાજગૃહી નગરીના એકેક દરવાજે ધ્યાન ધરીને ઉભો રહેવા લાગ્યો, ત્યારે લોકો બોલવા લાગ્યા કે આ મારા પુત્રને મારનારો હત્યારો છે. કોઈ કહે મારી પત્નીને અને પિતાને મારનારો છે એટલે વૈર લેવા કોઈ લાકડીના માર મારે છે, કોઈ એના ઉપર પથ્થરનો વરસાદ વરસાવે છે ત્યારે અપૂર્વ ક્ષમા રાખી, મનમાં એક જ વિચાર કર્યો કે મેં તો એમના સગાના પ્રાણ લીધા છે પણ એ મારા પ્રાણ તો નથી લેતા ને? આવો વિચાર કરી ક્ષમા રાખીને છ મહિનામાં તો કર્મોનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો. જુઓ, એણે પાપ તો કર્યું પણ પછી ભગવાનના ચરણમાં જીવન અર્પણ કર્યું તો એના હૃદયનું પરિવર્તન થયું. તમે એના જેવા પાપી તો નથી ને? છતાં તમારા હૃદયનું પરિવર્તન કેમ થતું નથી? એ વાત ખૂબ વિચારવા જેવી છે. અત્યાર સુધી ભલે તમે ન સમજ્યા પણ હવે સમજો ને વિચાર કરો. ભગવાનની વાણીને અંતરમાં ઉતારીને હૃદયનું પરિવર્તન કરો.

"સૂકાયેલા વાત્સલ્યના વહેણ" :–એક માતાને એકનો એક પુત્ર હતો. આ સંસારમાં જ્યાં જુઓ ત્યાં માતાઓને એના સંતાનો વહાલા હોય છે. માતાનું હૃદય સંતાનો માટે સદા કુણું માખણ જેવું હોય છે. બાળક બહુ હેરાન કરે ત્યારે માતા ક્રોધમાં આવીને બાળકને મારે છે પણ બાળકને રડતો જોઈને એ જ માતાની આંખમાં આંસુ આવી જાય છે, અને એને બાથમાં લઈ લે છે. એવો માતાનો સંતાન ઉપર પ્રેમ હોય છે, પણ આ માતાને એના પુત્ર પ્રત્યે બિલકુલ પ્રેમ ન હતો. એને દીકરો દીઠો ગમતો ન હતો. જ્યાં આવું બને ત્યાં સમજી લેવું કે આ જીવોને પૂર્વભવના કોઈ વૈર હશે. સમરાદિત્ય કેવળીના નવ ભવમાં એક ભવમાં સગી માતા બનીને દીકરાની સાથે કેવા વૈર લીધા છે એ વાત વાંચતાં આપણું કાળજું કંપી જાય છે. કોઈ ભવમાં માતા અને પુત્ર બનીને તો કોઈ ભવમાં પુત્ર બનીને પિતાની સાથે વૈરનો બદલો લે છે. શ્રેણીક રાજાનો પુત્ર કોણીક માતાના ગર્ભમાં આવ્યો ત્યારથી પિતાના કાળજાનું માંસ ખાવા ઉઠયો હતો. કંસ પણ એની માતાના ગર્ભમાંથી જ કોણીકની જેમ એના પિતાના કાળજાનું માંસ ખાવા માંગતો હતો. તેના કારણે એના પિતાએ એને કાંસાની પેટીમાં પૂરીને નદીમાં વહેતો મૂકી દીધો હતો. તે કાંસાની પેટીમાંથી નીકળ્યો હતો તેથી તેનું નામ કંસ પાડવામાં આવ્યું હતું. આ જીવોને એના પિતા સાથે પૂર્વભવનું વૈર હતું. આ માતાને પણ પુત્ર સાથે કંઈક વૈર હશે એટલે છોકરો મા....મા કરીને માતાને વળગી પડવા જાય, ખોળામાં બેસવા જાય ત્યારે એને માર મારીને હાંકી મૂકતી.. એને ખાવાનું પણ આપતી નહિ. મા પોતે દીકરાનો આટલા બધો તિરસ્કાર કરે ત્યારે એ કયાં જાય! ઘણી વખત ખૂબ ભૂખ્યો થાય ત્યારે ભિખારાની જેમ છોકરો કરગરતો. બા! મને ભૂખ લાગી છે. મને ખાવાનું આપ ને! ત્યારે મનમાં આવે તો થોડું ખાવાનું આપે અને કોઈવાર ખાવાનું દેવાને બદલે માર મારતી. આવી આ બાલુડાની દશા હતી, છતાં માતાનો તિરસ્કાર વેઠીને સમતાભાવથી ઘરમાં રહેતો.

બંધુઓ ! આજે ભૂખ વેઠવી સહેલ છે પણ સગી માતાનો આવો તિરસ્કાર વેઠવો સહેલ નથી, પણ આ બાળકના જીવનમાં ઘણી ક્ષમા હતી. આજે માસખમણના તપસ્વીઓના દર્શન થશે પણ પોતાના ઉપર કોઇ ગમે તેવા પસ્તાર પાડે છતાં આંખના ખૂણામાં પણ ક્રોધ ન આવે એવા તપસ્વીના દર્શન થવા મુશ્કેલ છે. આ છોકરો એની માતા એને ગમે તેવા વચનો કહે, એને મારે તો પણ એના પ્રત્યે ક્રોધ કરતો નથી. કોઇવાર બહારથી ઘરમાં આવે ત્યારે એની માતા કહી દેતી કે તું આ ઘરમાં ન આવીશ. ચાલ્યો જા અહીંથી. મારે તારી જરૂર નથી, ત્યારે શાંતિથી કહેતો કે બા ! તું મને આમ કરે છે પણ હું ક્યાં જાઉં ? જો તું મારી ઓરમાન માતા હોત તો હું બહાર જઈને એમ કહેત કે મારી ઓરમાન માતા છે તે મને દુઃખ દે છે. કદાચ માતા ન હોત અને ભાઈ-ભાભી હોત તો પણ એમ કહેવાત કે આ માતા થોડી છે ? આ તો ભાભી છે એટલે દુઃખ આપે છે, પણ તું તો મારી સગી માતા છે. હું બહાર જઇને કોઈ ને વાત કરું તો તારું ખરાબ દેખાય. અગર જે બાળકના માતા કે પિતા કોઈ ન હોય તેને કાકા, મામા કોઈ પણ રાખે છે. પણ તું તો મારી જીવતી ને જાગતી માતા બેઠી છે ને મને કાઢી મૂકે છે તો હું ક્યાં જાઉં ? મને કોણ રાખે ! બા ! તું મને આવું ન કર. આવું નાનકડો છોકરો કહેતો પણ માતાનું હૃદય પીગળતું નથી.

"મિત્રોનો આનંદ જોતાં બાબુની આંખમાં આવેલા પાણી" :- છોકરાનું નામ બાબુ હતું. એ રોજ નિશાળે ભણવા જતો. નિશાળમાં બપોરની રીસેસ પડે ત્યારે બધા છોકરાઓ ડબ્બીમાં લાવેલો નાસ્તો કાઢીને ખાતાં. કોઈ પેસા લાવતા તે કંઈ ને કંઈ વેચાતું આવાનું લઇને ખાતા અને આનંદ કિલ્લોલ કરતા હતા ત્યારે આ બિચારો બાબુ ખૂણામાં બેસીને રડી પડતો. કોઈ વખત એના મિત્રો કહેતાં,કેમ બાબુ ! તું કંઇ નથી લાવ્યો ? ત્યારે બાબુ એમ જ કહેતો કે હું પેટ ભરીને જમીને આવું છું એટલે મને ભૂખ લાગતી જ નથી, અને મને પહેલેથી બપોરે નાસ્તો કરવાની ટેવ નથી એટલે હું કંઇ નથી લાવતો. ગમે તેમ તોય બાળક છે ને ! તેથી હૃદયમાં ઘણું દુઃખ થાય છે પણ માતાનું ખરાબ દેખાય એવું નથી કરતો. એક દિવસ બાબુનો મિત્ર કહે છે બાબુ ! આજે તું સીધો તારે ઘેર ન જતો, પહેલા મારે ઘેર આવજે. બાબુએ કહ્યું-ભાઈ ! મારું શું કામ છે ? મને મારે ઘેર જવા દે ને ? પણ એના મિત્રે ખૂબ આગ્રહ કર્યો એટલે એને ઘેર ગયો.

મિત્રના ઘરના દરવાજામાં દાખલ થયા ત્યાં મિત્રની માતા દોડતી આવી અને એના મિત્રને ઉંચકી લીધો, એના માથે હાથ ફેરવવા લાગી ને વહાલ કરવા લાગી. આ જોઇને બાબુને ખૂબ ઓછું આવ્યું. અહો ! મારે માતા તો છે પણ આવા હેત મળતા નથી. એની આંખમાં આંસુ આવી ગયા. આ જોઈ ને મિત્રની માતાએ કહ્યું. બાબુ ! તું શા

મારે નૂડે છે! એમ કહીને એણે પણ ઉંચકી લીધો અને પોતાના દીકરાની જેમ પ્રેમ કરીને કહે છે દીકરા! છાનો રહી જા. કેમ રડે છે? ત્યારે આણથી પૂછ્યું બોલ્યો કહે બા! આવો માતાનો પ્રેમ મારી જિંદગીમાં મેં પહેલી વખત જોયો. દીકરા કેમ રડે છે છાનો રહી જા. આવા પ્રેમભર્યા શબ્દ મેં આજે જ સાંભળ્યા. આટલું બોલતાં તો એનું હૃદય ભરાઈ આવ્યું ત્યારે મિત્રની માતાએ તેને છાનો રાખીને ખૂબ પૂછ્યું કે દીકરા મારા માતા પણ તને અંદરખાને કંઈક ઠપકો છે. હું કોઈને નહિ કહું બતાવો તો ખરા હું દૂર કરવા પ્રયત્ન કરીશ? તેથી આણુએ મિત્રની માતાને બધી વાત કરી કે મારા કોઈ પાપકર્મનો ઉદય છે એટલે મારી માતાને મારા પ્રત્યે બિલકુલ પ્રેમ નથી. મારી માતા આશાશીલાશીનો છોકરાઓને પોતાના ઘરમાં લાવીને રમાડે છે, જમાડે છે ને હેત કરે છે. શું પોતાના એકના એક દીકરાનો તિરસ્કાર કરે ખરી? એમાં એનો દોષ નથી. મારા કર્મનો છે. માતાની આવી સમજણ જોઈને એના મિત્રની માતાને ખૂબ આશ્ચર્ય થયું કે શું આ બાળકની સમજણ છે! એના માથે હાથ મૂકીને કહ્યું આણુ! તું ચિંતા ન કરીશ. હું તારી માતા જ છું એમ સમજીને અહીં આવજે.

આણુને પ્રેમ આપવા મિત્રમાતાએ કરેલા બહેનપણા :– મિત્રની માતાને આણુની ખૂબ દયા આવી અહો, કેવી નિષ્ઠુર માતા છે! ગમે તે રીતે મારે એને સુધારીને બાબુનું દુઃખ મટાડવું છે. એમ સમજીને એણે આણુની માતા સાથે બહેનપણા કર્યા. એને ઘેર જાય, બેસે, વાતો કરે મન આનંદ કરે છે. આ મિત્રની માતા સજ્જન હતી. સજ્જનનો સંગ કેવું પરિવર્તન લાવે છે! લીંબુના ઝાડ સાથે સંતરાનું ઝાડ વાવવામાં આવે છે તો લીંબુ લીંબુ મટીને સંતરા બની જાય છે. લીંબુનો રસ એકલો પીશો તો ખાટો લાગશે. એનાથી દાંત ખટાઈ જાય પણ જો એમાં થોડી સાકર નાંખો તો લીંબુનો ખાટો રસ મીઠો બની જાય છે. તમે એને શું કહો છો? લીંબુના રસમાં સાકર નાંખો તો શરબત બની જાય ને? શરબત તો મધુર લાગે ને? તમે તેને હોંશે હોંશે પી જાઓ છો. લીંબુના ખાટા રસમાં જો સાકર ભળી તો મીઠું શરબત બની જાય, તો જો મધુર સજ્જનોનો સંગ કરે તો એના હૃદયનું પરિવર્તન ન થાય? જરૂર થાય.

સખીએ સુધારવા કરેલો પ્રયત્ન :– આણુની માતાને સજ્જન સખી મળી. એક દિવસ આણુની માતાને એની સખી કહે છે કે નાટક સરસ આવ્યું છે. ચાલને આપણે જોવા જઈએ. બંને વચ્ચે ખૂબ બહેનપણા જામી ગયા હતા એટલે કહે છે ચલે, હું નાટક જોવા માટે આવીશ. નાટકમાં કેવા પાત્રો છે ને નાટકની શું કહાની છે તે આણુના મિત્રની માતા જાણતી હતી, તેથી જ એને નાટક જોવા લઈ ગઈ. નાટકમાં એક કરુણ દૃશ્ય બતાવ્યું છે. એક માતા પ્રથમવાર સૂતી છે. સૂતી સૂતી એના વહાલસોયા બાળકને માથે હાથ ફેરવતી હતી; સામે બાજામાં બુઢ્ઢો સાસુ નીરખી નીરખીને જોતી કહે છે વહુ! હું કહું છું થજે, હોંશિયાર થજે ને ખૂબ જાગજે હોં...ને. મેં તને જે જે હિતશિક્ષા આપી છે

કદી ભૂલીશ નહિ. હોં....બેટા ! આ રીતે કહે છે ત્યારે બાબો કહે છે મમ્મી ! તું મને કોઈ દિવસ આવું નથી કહેતી ને આજે આમ શા માટે કહે છે ? તું કંઈ બહારગામ જવાની છે ! કે મામાને ઘેર જવાની છે કે તું મને આટલી બધી ભલામણ કરે છે ? હું તો તારી સાથે જ આવીશ. હું તને એકલી કયાંય જવા નહિ દઉં. એમ કહીને એની માતાને કોટે વળગી પડયો. આ બાબાના બાપુજી દુકાનેથી ઘેર જમવા માટે આવ્યા હતા પણ માતા અને પુત્ર વચ્ચે થતી વાતચીત બહારથી સાંભળી ગયા, એટલે પત્નીને કહે છે તું આ શું બોલી રહી છે ? અને આ બાબાને શેની ભલામણ કરે છે !

પત્નીએ કહ્યું-નાથ ! હું હવે તમારા ઘરમાંથી એક બે દિવસમાં કાયમને માટે વિદાય લઉં છું, તેથી બાબાને હિતશિખામણ આપતી હતી. એના પતિએ કહ્યું.-તું આ શું બોલે છે ! નાથ ! સત્ય કહું છું. આ જિંદગીનો શું ભરોસો છે ! સૌને વહેલા કે મોડા એક દિવસ અવશ્ય જવાનું છે. મને એનો કોઈ અફસોસ નથી પણ નાથ ! આપને એક ભલામણ કરું છું કે આ મારો લાલ વીસ વર્ષનો થાય ત્યાં સુધી તમે એની બરાબર ખબર લેજો. એને દુઃખ ન પડે તેનું બરાબર ધ્યાન રાખજો, કારણ કે આ સંસારમાં તો સ્વાર્થની સગાઈ છે. માતા ગયા પછી બાળકની કોઈ ખબર લેતું નથી. મા ત્યાં સુધી મોસાળ અને કાકા ત્યાં સુધી કુટુંબ છે. માટે તમે બરાબર ધ્યાન રાખજો. બાઈનો પતિ કહે છે પણ તું આ શું બોલે છે ? શું તને ખબર છે કે તારે જવાનું છે ? નાથ ! સત્ય કહું છું. મારી વાત ઉપર વિશ્વાસ રાખો. બીજે જ દિવસે બાઈ મરણ પામી. છોકરો અને એનો પતિ કાળો કલ્પાંત કરે છે. માંડ માંડ અગ્નિસંસ્કાર કરવા લઈ ગયા. માતા ગઈ ને દીકરાના હેત ને લાડ ગયા. છોકરો મમ્મી મમ્મી કરતો બંધ રહેતો નથી. આઠ દિવસ થયા પણ છોકરો તો ખાતો નથી, દૂધ પણ પીતો નથી, હાડપિંજર જેવો થઈ ગયો.

બધા બાબાને ખૂબ સમજાવે છે કે બેટા ! તું ખાઈ લે, દુધ પી લે, ત્યારે બાબો તો કહે છે કે મને મમ્મી લાવી આપો તો જ હું ખાઇશ. હવે એની મમ્મી તો સ્વર્ગેથી પાછી આવવાની નથી. છોકરાના બાપ ને એમના સગાવહાલા કહે છે કે ભાઈ ! તું બીજી વખત લગ્ન કર તો છોકરાને મમ્મી મળે. એના બાપને ફરી લગ્ન કરવાની ઈચ્છા ન હતી પણ બાબો મમ્મીની હઠ છોડતો નથી એટલે લગ્ન કરવા પડયા. નવી પરણીને આવી એટલે છોકરો કહે છે કે પપ્પા ! આ કોણ છે ? તો કહે એ તારી મમ્મી છે. હેં મમ્મી છે ! એમ કહીને મમ્મીને વળગી પડયો. નવી આવનારી સારી હતી. એ બાબાને જોઈને વિચારવા લાગી કે બાળક પ્રેમના કેટલા ભૂખ્યા હોય છે ! એણે બાબાને બાથમાં લઈ લીધો ને તેને હેતથી રમાડયો. ખાવાપીવામાં જેમ સગી માતા ધ્યાન રાખે તેમ બાબાનું ધ્યાન રાખવા લાગી, ત્યારે બાબાના મનમાં થયું કે હાશ....મને મારી મમ્મી મળી ગઈ. બધા આનંદથી રહેવા લાગ્યા, પણ આ દુનિયામાં કોઈનું સુખ કોઈથી સહન થતું નથી.

નવી મમ્મીને સંગ અરાબ મળ્યો. એની સખીઓ કહેવા લાગી કે આ તારો દીકરો કયાં છે કે તું આટલા બધા લાડ લડાવે છે ! હજુ તો પરણીને હાલી આવી અને મા થઈને બેસી ગઈ. છોકરાને આટલો બધો માથે ચઢાવવાનો ન હોય. આ રીતે રોજ ચઢવણી થવા લાગી. તમે જાણો છો ને કે દૂધ અને પાત્ર બંને સારા હોય પણ લીંબુનું ટીપું પડે તો શું થાય ? ફાટી જાય છે, તેમ આ પાત્ર સારું હતું પણ અંદર કુસંગ રૂપી ટીપું પડયું એટલે દૂધ ફાટી ગયું. હવે બાબા ઉપરથી નવી મમ્મીનો પ્રેમ ઓછો થવા લાગ્યો, પણ બાબો તો દોડીને એના ખોળામાં બેસવા આવતો ત્યારે મમ્મી એમ કહેતી કે ખબરદાર ! તું મને મમ્મી કહે તો ! મને મમ્મી કહીશ નહીં. મને અડકીશ નહિ. બાબો કહે કે મમ્મી ! હવે તું મને આમ શા માટે કરે છે ? મારે મમ્મી જોઈતી હતી, એટલે તો મારા પપ્પા તને લાવ્યા છે. ત્યાં તો મમ્મી એને મારવા લાગી. ધીમે ધીમે ખાવાપીવામાં દુઃખ દેવા લાગી એટલે બાળક ઝૂરવા લાગ્યો. હવે એને એની મમ્મી યાદ આવી. એને થયું કે હું મમ્મીને પત્ર લખું.

પત્રનો પરચો :- એક દિવસ નવી મમ્મી બહાર ગઈ હતી ત્યારે બાબાએ એના પપ્પાના ટેબલમાંથી એક પોસ્ટકાર્ડ કાઢયું. તેમાં લખ્યું કે હે મારી વહાલી મમ્મી ! તને ભગવાનને ઘેર ગયા એક વર્ષ થઈ ગયું. તને ભગવાનનું ઘર બહુ ગમી ગયું છે કે ફરીને પાછી આવતી જ નથી ? તારો વહાલો બાબો તને યાદ નથી આવતો ? તારા ગયા પછી નવી મમ્મી આવી છે. એ મને બહુ સાચવે છે પણ મને તારા વિના ગમતું નથી. માટે તું હવે જલ્દી આવજે. લી, તારો છોરૂ. આટલું લખ્યું ત્યાં મમ્મી સાહેબ ધમધમાટ કરતા આવ્યા, તેથી છોકરાએ ડરનો માર્યો કાગળ ખિસ્સામાં મૂકી દીધો. એને ખિસ્સામાં કાગળ મૂકતો જોઇને કહે છે તેં શું ચોરી લીધું છે ? બતાવ. આ કહે છે મમ્મી ! મેં કંઇ નથી લીધું. તો ખિસ્સામાં શું મૂકયું ? એમ કહીને લાફો માર્યો એટલે બાબાએ કાગળ કાઢીને આપ્યો. નવી મમ્મીએ કાગળ વાંચ્યો. બાબાનો કાગળ વાંચતા એનું હૈયું હચમચી ગયું. અહો ! બાળક કેટલો નિર્દોષ છે ! હું તો એને મારકૂટ કરું છું, પૂરું ખાવા દેતી નથી છતાં લખ્યું છે કે મારી મમ્મી મને ખૂબ સાચવે છે. મેં પારકા સંગે ચઢીને બાબાને કેટલું કષ્ટ આપ્યું ! આમ વિચાર કરતી બેભાન થઈને પડી ગઈ.

" માતાના હૃદયનું થયેલું પરિવર્તન ":- મમ્મી બેભાન બની ગઇ એટલે બાબો વધુ ગભરાયો. એની મમ્મીને કહે છે મમ્મી ! હવે હું કાગળ નહીં લખું. તું બેઠી થઈ જા. એમ કહીને પવન નાંખવા લાગ્યો. ઠંડુ પાણી છાંટયું એટલે મમ્મી ભાનમાં આવી ને બેઠી થઈ. બાબાને ખોળામાં લઇને ભેટી પડીને કહ્યું–બેટા ! મેં તને બહુ દુઃખ આપ્યું છે. હવે હું તને કદી નહિ મારું હોં.... તું મારાથી ડરીશ નહિ. એમ કહીને ખૂબ રમાડયો અને બાબો પણ હેતથી મમ્મીને વળગી પડયો. નાટકમાં આવું દૃશ્ય જોયું ત્યારે બાળુની માતા વિચાર કરવા લાગી કે અહો ! આ

[illegible] દીકરો કેવું કહેતો હતો ! કેવા લાડ કરતો હતો મારે પણ દીકરો તો છે જ ને ! [illegible] દીકરાને કેટલી આશા રાખું છું. આવડા દિવસમાં મારા દીકરા ! એટલું પણ મેં [illegible] કર્યું ધિક્કાર છે મને ! બહેનપણીની સાથે નાટક જોઈને બાબુની માતાના [illegible] પરિવર્તન થયું હવે તો જલ્દી ઘેર જઈને બાબુને લેતી પહું. એને હૈયાથી ચાંપું. [illegible] થતાં વેર આવી ત્યારે બાબુ ઊંઘી ગયો હતો. એને માતા એ ઢંઢોળીને જગાડ્યો. [illegible] ને કહ્યું બેટા ! તારી માતા આવી હવે ક્યાંય સુધી ઊંઘીશ ?

! [illegible] કઠોરમાંથી કોમળ બનેલી માતા આ શબ્દો સાંભળીને બાબુ કોઈ નવી દુનિયામાં આવ્યો હોય એવું તેને લાગ્યું. જિંદગીમાં આ માતાનો મુખેથી બોલ ! આ શબ્દો પહેલી વખત સાંભળ્યો, અને માતા પોતાની પાસે આવીને જગાડે એ પણ નવું [illegible] બાબુ બધું એની માતાને ભેટી પડ્યો; ત્યારે માતાની આંખમાં હર્ષનાં આંસુ [illegible] મને કહ્યું બેટા ! મેં અત્યાર સુધી તને ઘણું કષ્ટ આપ્યું. તું પ્રેમથી મારી

પાસે આવતો ત્યારે હું તને ધક્કો મારીને કાઢી મૂકતી. હું માતા બનીને તારા પ્રત્યે કેવી ક્રૂર બની ગઈ હતી. બાબુએ કહ્યું : બા ! હવે તું રડીશ નહિ. અત્યાર સુધી મારા ! પાપકર્મનો ઉદય હતો. એમાં તારો દોષ નથી. દોષ મારા કર્મનો છે. હવે તું મારી મા એ મા જ રહેવાની છું. આ રીતે બાબુની માતાનું કઠોર હૃદય કોમળ બની ગયું, એટલે તેનું હૃદયનું પરિવર્તન થઈ ગયું, અને માતા-પુત્ર આનંદથી રહેવા લાગ્યા.

[illegible] [illegible] સાંભળવાનું પરિણામ કેવું સુંદર આવ્યું ! બાબુના મિત્રની માતા [illegible] હતી. તેના સાંભળે એનું હૃદય પરિવર્તન પામ્યું ! બાબુને માતા મળી અને માતાને [illegible] પુત્ર મળ્યો. તે જીવન ધન્ય બની ગયું. આ દૃષ્ટાંતમાં માતા અને પુત્રના હૈયાની વાત છે. [illegible] માતા પુત્ર પ્રત્યે ક્રૂર બની ગઈ હતી. તેના હૃદયનું પરિવર્તન થયું. હવે માતાના એક [illegible] શબ્દોથી પુત્રના હૃદયનું કેવી રીતે પરિવર્તન થયું તે વિષે બીજું એક જ્ઞાનપ્રદ દૃષ્ટાંત [illegible] સાંભળો.

[illegible] એક શ્રીમંત શેઠ શેઠાણીને એક પુત્ર હતો. આ પુત્ર મોટો થતાં તેને એક શ્રીમંત [illegible] પુત્રી સાથે પરણાવ્યો. પિતાજી ખૂબ શ્રીમંત હતા એટલે છોકરો મોજશોખમાં ખૂબ [illegible] પરતેતે લાડકવાયો દીકરો હતો, એટલે મા-બાપ એને રોકતાં ન હતા. [illegible] થી એક વર્ષ [illegible] એના પિતાજીનું અવસાન થયું, તેથી ઘરનો તમામ [illegible] ચલાવવાની તમામ જવાબદારી શેઠાણીના માથે આવી પડી. એકનો એક પુત્ર [illegible] [illegible] વ્યસનોનો ભોગ બની ગયો હતો પણ એની [illegible] ને ખબર ન પડે કે કુટેવ આવો વ્યસની બની ગયો છે. વ્યસનોનો ગુલામ બનેલો [illegible] પુત્ર પોતાની પત્નીની પણ દરકાર કરતો ન હતો. કન્યા ઘણી સંસ્કારી હતી, એ [illegible] ઘરમાં આવી ત્યારથી એનું જીવન તો એકલવાયું જ હતું. આ છોકરો હાર,

વેશ્યાગમન વિગેરે વ્યસનોમાં એટલો બધો મસ્ત રહેતો કે એ માત્ર જમવા માટે જ ઘરે આવતો. ક્યારેક જમવા પણ આવતો ન હતો, અને રાત્રે તો મધરાત પછી ઘરે આવતો ને પત્ની સાથે કોઈ વાતચીત પણ કરતો ન હતો; છતાં પત્ની એના પતિને કંઈ કહેતી ન હતી કે બીજા કોઈને આ વાતની ગંધ પણ આવવા દીધી નહિ, પણ પોતે પતિની ચિંતામાં ને ચિંતામાં દિવસે દિવસે સૂકાવા લાગી. પરણીને સાસરે આવી ત્યારે એનું જે રૂપ અને તેજ હતા તે દિવસે દિવસે ઓછા પડતા ગયા ને શરીર પણ સૂકાઈ ગયું.

"માતાના હેત આપતી સાસુ" :– પુત્રવધૂની આવી દશા જોઈને સાસુએ પૂછ્યું–દીકરી ! તારું મુખ કરમાઈ કેમ ગયું છે? શું તને અહીં કોઈ વાતનું દુઃખ છે? ત્યારે વહુએ કહ્યું–માતાજી ! આપ જેવા મને શું દુઃખ હોય ? આપનું વાત્સલ્ય અને પ્રેમ છે તેમાં દુઃખ શું તેની મને ખબર નથી. સાસુએ કહ્યું–બેટા ! તું મારાથી છુપાવે છે ? તારે મારી શરમ રાખવાની જરૂર નથી. તું જરાપણ સંકોચ રાખ્યા વિના મને તારી સખી માનીને જે દુઃખ હોય તે મને કહે. મારા પુત્ર તરફથી તો કોઈ અસંતોષ કે દુઃખ નથી ને ? સાસુના શબ્દો સાંભળી પુત્રવધૂની આંખમાં આંસુ આવી ગયાં. સાસુએ કહ્યું–બેટા ! તું રડીશ નહિ, જે હોય તે તું મને કહી દે. આ તારા મુખ સામે મારાથી જોવાતું નથી. મારા પુત્રની જે ફરિયાદ હોય તે તું મને ખુશીથી કહે. વિવેકી વહુ કહે આ ! એ તો દેવ જેવા છે. એમની સામે મારી બીજી કોઈ ફરિયાદ નથી, પણ એ રોજ મધરાતે આવે છે ને અહીંના યોગીની જેમ સૂઈ જાય છે. દીકરી ! હવે તું ચિંતા ન કરીશ. આજે તો મારો દીકરો ઘેર આવશે ત્યારે હું જ બારણાં ખોલીશ, પણ તું ઊઠીશ નહિ. શેઠાણી પોતાના શયનખંડમાં સૂતાં સૂતાં જાગતાં હતાં, એમને ઊંઘ આવતી ન હતી. રાત્રે બે વાગ્યા પછી દીકરાએ બારણાં ખખડાવ્યાં. રોજ તો સહેજ ખખડાવે ત્યાં બારણું ખુલી જતું પણ આજે ખુલતું નથી, તેથી સમજ્યો કે પત્નીને ઊંઘ આવી ગઈ હશે એમ માનીને જોરથી બારણું ખખડાવ્યું એટલે બારણું ખોલ્યું.

માતાના વચને દીકરાનો બદલાયેલો જીવનનો રંગ : પુત્ર ઘરમાં પગ મૂકવા જાય છે ત્યાં માતા બોલ્યાં–દીકરા ! ઘેર આવવાનો શું આ સમય છે ? અત્યાર સુધી તું ક્યાં હતો ? આટલું બોલતાં પુત્રની આંખો સહેજ પહોળી થઈ અને કપાળ તરફ ચઢી ગયો. માતાએ કહ્યું–હા, દીકરા ! હું તારી જનેતા છું, આટલો મોડો તું આવે તો શું તારા માટે રોજ અમારે જાગતા રહેવું ! જા, જ્યાં બારણાં ખખડાવ્યાં ત્યાં જઈને રહેજે, આજે આ ઘરના બારણા તારા માટે નહિ ખૂલે. આમ માતાએ તો પ્રેમભર્યા ગુસ્સામાં બારણાં બંધ કરી દીધાં. પુત્ર વિચારમાં પડી ગયો કે માતાજી આ શું કહે છે. પત્ની ક્યાં સુધી જાગતી રહે ? પણ આજે તો ખુદ માતાજીએ જ ના કરી દીધું. હવે મારે એમની આજ્ઞાનું પાલન કરવું જોઈએ, એટલે દીકરો ત્યાંથી પાછો ફર્યો.

નગરમાં બધે ફર્યો પણ કોઈ ઘરના બારણા ખુલ્લા ન હતા. બધે બંધ હતા. દારૂનું પીઠું, વેશ્યાના ઘરના દરવાજા બધું બંધ હતું. હવે કયાં જવું ? છેવટે ફરતો ફરતો એક જૈન ઉપાશ્રય પાસે આવ્યો. ત્યાં જોયું તો બારણા ખુલ્લા હતા. અંદર પ્રવેશ કરીને જોયું તો આચાર્ય મહારાજ ધ્યાનમાં બેઠા હતા. તેમના ચરણોમાં ઝૂકી પડયો. આચાર્યશ્રીએ ધ્યાન પાળીને પૂછયું-ભાઈ ! તું કોણ છે ? અને મધરાતે અહીં કેમ આવ્યો છે ? ત્યારે તેણે કહ્યું. મારી માતાએ જ્યાં બારણા ખુલ્લા હોય ત્યાં જા, એમ કહેલ. તેથી અહીં બારણા ખુલ્લા હોવાથી રહેવા માટે આવ્યો છું. મહારાજે કહ્યું-મહાનુભાવ ! અહીં રહેવા માટે તો તારે સંસાર છોડીને અમારા જેવા સાધુ બનવું પડશે. આ છોકરાએ કહ્યું-ગુરૂદેવ ! ભલે, મને દીક્ષા આપો. હું સાધુ થઇ જઈશ. આચાર્ય મહારાજે કહ્યું-ભાઈ ! અમે તો જૈન સાધુ છીએ. તારા માતા પિતાની સંમતિ વિના દીક્ષા ન આપી શકીએ. આમ કહીને આચાર્ય ભગવંતે એને ધર્મનો ઉપદેશ આપ્યો ને સંસારનું સ્વરૂપ સમજાવ્યું ને સાધુ ધર્મ પણ સમજાવ્યો.

"પ્રવજ્યાના પંથે પ્રયાણ" :- સવાર પડતાં એ તો ઘેર ઉપડયો ને માતાજીના ચરણમાં પ્રણામ કરીને કહ્યું-હે માતા ! મને દીક્ષા લેવાની આજ્ઞા આપો તો હું જલ્દી દીક્ષા લઉં. પુત્રના વચનો સાંભળી માતા ચમકી ઉઠયા ને પત્નીને પણ ખૂબ આઘાત લાગ્યો. માતા અને પત્નીએ સંસારમાં રોકાવા માટે તેને ખૂબ સમજાવ્યો. સાધુપણામાં તને કેવી કેવી મુશ્કેલીઓ આવશે તે વાત સમજાવી પણ હવે પુત્ર સંસારમાં રહી શકે તેમ ન હતું. એણે કહ્યું-માતાજી ! મારો નિર્ણય અફર છે. આપે મને પ્રેમભર્યા ગુસ્સાથી કહ્યું કે જ્યાં બારણા ખુલ્લા હોય ત્યાં જઈને રહે. આમ કહીને આજે આપે મારી આંખો ખોલી દીધી છે. હવે મને નવીન જીવન દૃષ્ટિ મળી છે. દારૂ આદિ વ્યસનોથી ભરેલું જીવન બદલવાનો મેં નિશ્ચય કર્યો છે. આપ મને પ્રેમથી રજા આપો જેથી હું મારા આત્માનું કલ્યાણ કરી શકું. છેવટે માતાએ આજ્ઞા આપી અને દીકરાએ દીક્ષા લીધી.

ગઇ કાલનો દારૂડિયો આજે સાધુ બની ગયો. આ સાધુ કોણ હતા તે તમે જાણો છો ? ઉપદેશમાલાની બાલાવબોધિની વૃતિના રચયિતા અને ઉપમિતિ ભવપ્રપંચ કથાના સમર્થ યોજક શ્રી સિદ્ધર્ષિ ગણી બન્યા. બંધુઓ ! માતાના એક જ શબ્દથી પુત્રના હૃદયમાં કેટલું બધું પરિવર્તન આવી ગયું ને સાધુ બની ગયા. હૃદય-પરિવર્તન માટે અનેક દાખલા જૈનદર્શનમાં છે, પણ આજે તો પર્યુષણ પર્વના રવિવારનો પવિત્ર દિન છે. માનવભેદની ખૂબ ભરાણી છે. સંઘના કાર્યકર્તાઓને પણ સમય આપવાનો છે. સમય થઇ ગયો છે. વધુ ભાવ
અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૫૦

ભાદરવા સુદ ૨ ને સોમવાર "મહાવીર જયંતિ" તા. ૪-૯-૭૯

"જન્મ્યો રાજદુલારો"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! પર્યુષણ પર્વની આરાધના એ જિંદગીનો અમૂલ્ય લ્હાવો છે. આજે પર્યુષણ પર્વના પાંચમા દિવસનું સોનેરી પ્રભાત ઉગ્યું છે જીવનમાં છવાયેલા અઘોર અંધકાર અને કષાયોની ગીચ ઝાડી વચ્ચે પણ મોક્ષમાર્ગની પગદંડી બતાવી એના પર ચઢાવી દેવાની તાકાત આ તેજસ્વી પર્વ ધરાવે છે. આભની અટારીએ ટમટમતા તારાઓની સંખ્યાનો કોઈ પાર નથી. એ ટમટમતા તારલા પણ પૃથ્વી પર એમનો પ્રકાશ તો પાથરે છે છતાં એમના નામઠામ જાણવાની કોઈને જિજ્ઞાસા હોતી નથી, પણ એ આભની અટારીએ ઉગતો તેજસ્વી સૂર્ય છે તો એક, પણ જગત આખું એને જાણે છે. નાના બાળકવો લઈને વૃદ્ધ સુધીનો કોઈ એવો માનવ નહિ હોય કે જે એનું નામ જાણતો ન હોય, કારણ કે એના વિના જગતમાં સર્વત્ર અંધકાર વ્યાપી જાય છે. હજાર કે લાખ પાવરના ગ્લોબ પણ સૂર્યના એક કિરણના પ્રકાશની આગળ સાવ ઝાંખા ને નિસ્તેજ બની જાય છે. જો માત્ર એક દિવસ સૂર્ય ન ઉગે તો દુનિયા કેવી અંધકારમય બની જાય; ચારે બાજુ અંધાધૂંધી ફેલાઇ જાય, તેથી સૂર્ય આકાશમાં પોતાનું એક છત્રી સામ્રાજ્ય જમાવી શક્યો છે. આ રીતે પર્યુષણ મહાપર્વ પણ પર્વોના હજારો ટમટમતા તારાઓ વચ્ચે એકહથ્થુ સામ્રાજ્ય અને સત્તા ભોગવનારું પ્રકાશમય પર્વોનું પર્વ છે. આ મહાપર્વ આપણા જીવનના અંધકાર ઉલેચવા પ્રતિવર્ષે આપણી પાસે આવે છે ને જાય છે.

સૂર્ય તો ૩૬૦ દિવસ ઉગીને આથમે છે, છતાં એ અસ્ત થતાંની સાથે એનો પ્રકાશ પણ એની સાથે ચાલ્યો જાય છે. એક રાત પણ એના પ્રકાશની અસર પૃથ્વી પર દેખાતી નથી, ત્યારે આ મહાપર્વ ૩૬૦ દિવસમાં માત્ર એકવાર આવે છે છતાં એની પ્રેરણા ઝીલનારને એનો પ્રકાશ ૩૬૦ દિવસ મળ્યા કરે છે. અહિંસા અને મૈત્રી એ આ પર્વની એક મહાનમાં મહાન ભેટ છે. "**આત્મવત્ સર્વભૂતેષુ**" નો મુદ્રાલેખ જીવનની દિવાલે કોતરી બીજાના સુખે સુખી અને બીજાના દુઃખે દુઃખી થઈ એના દુઃખ દૂર કરવાના પ્રયત્ન કરવાનું આ મહાપર્વનું એલાન છે.

આજે મહાવીર પ્રભુનો જન્મ વાંચવાનો મંગલકારી દિન છે. આત્મ સ્વભાવની સ્મૃતિ કરાવવા માટે જ્ઞાનીઓએ આપણા માટે આઠ દિવસનો કાર્યક્રમ ઘડયો છે. આ આઠે આઠ દિવસો આપણને આપણા સ્વભાવની યાદ કરાવે છે. આપણો આત્મા સ્વરૂપે નિષ્કષાય છે. તેમાં ક્ષમા આદિ અનંતા ગુણો પડયા છે, પણ તે બધા આપણી અવળી પ્રકૃતિના કારણે દબાઈ ગયા છે. પ્રભુએ સમજાવ્યું કે હે આત્મા ! ક્રોધાદિ ભાવો તારા પોતાના નથી પણ તારા શત્રુઓ છે, માટે તેનાથી પાછો હઠીને તારા ક્ષમાદિ ભાવો તરફ

દૃષ્ટિ કર. આત્માના ગુણોને સમજીને તે ક્ષમાદિ ગુણોમાં તારો મિત્ર અનુભવ. સાથે એ પણ વિચાર કર કે હે જીવ ! તારો પોતાનો સ્વભાવ અણાહારી છે. આહાર વિનાનો અનંતકાળ સુધી જીવવાની તાકાત ધરાવવાનો જીવનો સ્વભાવ છે. આહારની જરૂરિયાતના કારણે જીવ અનેક પ્રકારના પાપકર્મોનું આચરણ કરી રહ્યો છે. તેમાં પણ જે આહારમાં સુખબુદ્ધિ માને છે એણે તો આત્માના ગુણોનો દાટ વાળી નાંખ્યો છે. આહાર સંજ્ઞાના પ્રભાવે જીવ અનેક પ્રકારની વિટંબણા ભોગવી રહ્યો છે. આહારની ઇચ્છારૂપ રોગના વિકારને મારવા જ્ઞાનીઓ કહે છે કે આ દિવસોમાં થાય તેટલો તપ કરીને આપણા આત્માના અણાહારી સ્વભાવને યાદ કરો. આહારસંજ્ઞાને તોડવા માટે તપ છે. તપ કરતાં વિચાર કરો કે હું મારા મૂળ સ્વભાવ તરફ જઈ રહ્યો છું. તો તપ કઠીન નહિ લાગે. પણ આત્મા સમાધિભાવમાં ઝૂલશે. અને આત્માના અણાહારી સ્વભાવને પેદા કરવામાં મદદગાર અદ્‌ભુત સંસ્કારો પડશે. આ પવિત્ર પર્યુષણ પર્વ આપણને એ સમજાવે છે કે તું આત્મા છે. અનંત શક્તિ, સુખ અને જ્ઞાનનો માલિક છે. જડમાં તેં સુખ માન્યું છે એટલે તું તેને ભૂલી ગયો છે. આજે આપણે જેમનો જન્મદિન વાંચવાનો છે તે આપણાં ભગવાન મહાવીર દેવ પણ એક વખત આપણાં જેવા જ હતા પણ એમણે એ આત્મસ્વરૂપને પ્રગટ કરવા ઘોર પરિષહ-ઉપસર્ગોની પણ પરવા ન કરી, પણ સામેથી આમંત્રણ આપ્યું કે આવો, હું તમારો બધાનો સત્કાર કરવા તૈયાર છું. દુઃખ દેનારને પોતાના ઉપકારી માન્યા. કઠોર તપ અને સંયમનું પાલન કર્યું. તેના પ્રભાવે આજે તેઓ સ્વભાવના સ્વામી બની ગયા. જેથી આપણે તેમને વર્ષભરમાં ત્રણ ત્રણ વખત યાદ કરીએ છીએ.

આપણાં આત્માએ તો અત્યાર સુધી જડમાં જ લાભ જોયો અને એનું જ બહુમાન કર્યું છે. રાગ-દ્વેષ અને મોહને પોષ્યા ને ઘાતી કર્મોને મજબૂત બનાવ્યા. આ પર્વના દિવસોમાં આપણે રાગ-દ્વેષ અને મોહને માઠા પાડી કર્મોની જડને મૂળમાંથી ઉખાડી નાખવાનો જબ્બર પુરુષાર્થ કરવાનો છે. ભગવાને પ્રબળ પુરુષાર્થ કરીને કર્મશત્રુને મૂળમાંથી ઉખેડીને ફેંકી દીધા, તેમ કર્મોને દુશ્મન સમજી તેને મૂળમાંથી ઉખેડ્યા વિના મોક્ષ નહિ મેળવી શકાય. માટે આજથી નક્કી કરો કે જે મને આવો ઉત્તમ માનવભવ મળ્યો છે તો હે કર્મરાજા ! હવે હું તારા મૂળીયા ઉખેડી તારા ભૂક્કા બોલાવ્યા વિના રહેવાનો નથી. જ્યાં સુધી હું તને ન હટાવું ત્યાં સુધી મારે તારી સાથે કજીયો છે.

બંધુઓ! કર્મ આપણાં સ્વરૂપને બગાડનાર છે. અનંત કાળથી કર્મોએ આપણાં સ્વરૂપને બગાડ્યું છે. તેના કારણે આપણે સંસારમાં ભટકીએ છીએ. આપણું હવે સારું કુટુંબ સંસાર જોઈતો નથી. એક જ વિચાર કરો કે હવે જન્મ-મરણ માથે લેવા છે. આ વાત તમારી દરકની મગજમાં બરાબર ઠસી જાય તો તમે સાચા આત્મવાદી બની જાઓ. આત્મવાદી એટલે આત્મ સ્વરૂપના જ્ઞાતા, જે આત્માના સ્વરૂપને જાણે છે તે લોકના સ્વરૂપને સારી રીતે સમજી શકે છે. લોકના સ્વરૂપને સમજનારો કર્મના સ્વરૂપને બતાવી શકે છે.

આપણે તીર્થંકર પ્રભુને અરિહંત પ્રભુ કહીએ છીએ ને ? શા માટે ? અરિ એટલે રાગ-દ્વેષ આદિ શત્રુઓ અને હંત એટલે હણનારા, એનું નામ અરિહંત. એવા અરિહંત પ્રભુના ઉપાસક કર્મને શત્રુ માને. કર્મો ચાહે શુભ હોય કે અશુભ હોય પણ એ બધા શત્રુ જ છે ને ? એ બધા કર્મોને રાખવા જેવા છે કે કાઢવા જેવા ? ખરાબને કાઢવા છે ને સારાને રાખવા છે એમ છે ? તમે તો એવો નિર્ણય કર્યો લાગે છે કે જે કર્મ દુઃખ આપનારા છે તેમને આપણે કાઢવા છે, અને જે કર્મો સુખ આપનારા છે તેમને આપણે રાખવા છે. ચાહે રાખો. સુખ આપનારાં કર્મો સારાં લાગે પણ અંતે તો પાપ જ બંધાવે છે. કોઈ દિવસ એકાંતમાં બેસીને આત્માને કહ્યું છે ખરું કે કર્મ તો આપણાં શત્રુ છે. આ સંસાર તો શુભાશુભ કર્મનું નાટક છે. એમાં જે લેપાય છે તે મરે છે. ખરાબ નાટકમાં ઉદ્વિગ્ન થાય તે પણ મરે અને સારા નાટકમાં રાજી થાય એ પણ મરે છે. સંસારની મુસાફરી પાયમાલ કરનારી છે એમ લાગે છે ? તમારી પાસે ઘણું પૈસા છે તેનો તમને અભિમાન છે કે દુઃખ છે ? બીજાને જોઈને આનંદ-અભિમાન આદિ મેળવવાનું મન છે તેટલું ધર્મ પામવાનું મન છે ? અમે વેપાર સંસારમાં પણ તમે વ્યવહારને નહિ ચૂકો, પણ ધર્મની બાબતમાં કંઈ જોખમ લેવાની તૈયારી નથી. કોઈ કષ્ટ પડે એટલે ધર્મને છોડી દો છો કારણ કે જીવનો સાચો આત્મવાદ, કર્મવાદ અને મોક્ષવાદ સમજાયો નથી. ભગવાન મહાવીરસ્વામી આપણને આત્મવાદ, મોક્ષવાદ અને કર્મવાદ પ્રકાશ સમજવવી ગયા છે, તેવા ભગવાનનો જન્મ આજે આપણે વાંચવાનો છે.

જ્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી જીવના ભવની ગણત્રી થતી નથી. અનાદિ કાળથી જીવ અને કર્મનો સંયોગ છે. સોનું અને માટી જેમ અનાદિકાળથી ભેગા રહે છે પણ પ્રયોગ કરવાથી બંનેને જુદા પાડી શકાય છે તેવી રીતે કર્મનો સંયોગ પણ જુદો પાડી શકાય છે. બંનેનો સંબંધ આજકાલનો નથી. અનાદિકાળનો છે, અને સંસાર પણ અનાદિ છે, છતાં તેનો અંત આવી શકે છે. કારણ કે આત્મા અને કર્મનો સંબંધ છે પણ તે સંબંધ તાદાત્મ્ય સંબંધ નથી, માટે એ સંયોગનો વિયોગ થઈ શકે છે. ભગવાન મહાવીર સ્વામીનો આત્મા પણ આપણી માફક એક વખત ભવાટવીમાં ભમતો હતો પણ સમ્યક્ત્વ પામ્યા પછી તેમના ભવની ગણત્રી થઈ છે.

ભગવાન સમ્યક્ત્વ પામ્યા તે ભવથી લઈ ને મહાવીર પ્રભુ તરીકે જન્મ્યા ત્યાં સુધીના ભવનું આજે વાંચન કરવામાં આવે છે. એ સત્તાવીસ ભવ મોટા છે. ચરમ તીર્થંકર શાસનપતિ ભગવાન મહાવીરસ્વામી મોક્ષે ગયાને આજે ૨૫૦૦ ઉપરાંત વર્ષો થઈ ગયા છતાં એમને યાદ કરતાં આપણાં રૂંવાડાં ખડાં થઈ જાય છે. અત્યારે ભગવાન મહાવીર સ્વામીનું શાસન જયવંતુ વર્તે છે. આપણે જેમના શાસનમાં જન્મ્યા છીએ તેમની આજ્ઞાનું પાલન કરવું જોઈએ ને ? મુંબઈમાં મહારાષ્ટ્ર સરકારનું શાસન છે તો તમારે બધાએ મહારાષ્ટ્ર

સરકારના કાયદા-કાનૂનનું બરાબર પાલન કરવું પડે છે ને ? એવી રીતે ભગવાનના શાસનમાં વર્તતા સાધુ, સાધ્વી અને શ્રાવક શ્રાવિકાઓએ પણ તેમના શાસનને બરાબર વફાદાર રહેવું જોઈએ. ભગવંતે સાધુ-સાધ્વીઓ માટે પાંચ મહાવ્રત અને શ્રાવક શ્રાવિકાઓ માટે બાર વ્રત રૂપી ધર્મનો ઉપદેશ આપેલો છે. એનું અવશ્ય પાલન કરવું જોઈએ. બાયોકેમીકની બાર દવાઓ છે. તે દવાઓ બારસો (૧૨૦૦) રોગોને નાબૂદ કરે છે, પણ તમારા બાર વ્રત રૂપી બાર દવાઓ તો બારસો નહિ, બાર હજાર નહિ, બાર કરોડ નહિ પણ કરોડો ભવના સંચિત કરેલા કર્મરૂપી રોગોનો નાશ કરે છે. આવા બાર વ્રતનું પાલન કરનાર શ્રાવક જો આગળ વધે તો પંચમહાવ્રત અંગીકાર કરી સાધુ બનીને જલ્દી કર્મોનો ક્ષય કરીને મોક્ષમાં જાય છે. આવો સુંદર માર્ગ ભગવાને બતાવ્યો છે.

ભગવાને આપણને આવો સુંદર આરાધનાનો માર્ગ બતાવ્યો છે. એ ભગવાને પણ ભગવાન બનતાં પહેલા પૂર્વભવમાં કેવી આરાધના કરીને તીર્થંકરપદની પ્રાપ્તિ કરી તે આપણે જાણવું જોઈએ. ભગવાન મહાવીર સ્વામીના જીવે મહાવિદેહ ક્ષેત્રમાં સુથાર કોમમાં જન્મ લીધો હતો. તેમનું નામ ત્યાં નયસાર રાખવામાં આવ્યું હતું. નયસારમાં લાકડા પારખવાની શક્તિ અજબ હતી. પાસે પૈસો પણ ઘણો હતો. એક વખત રાજાએ નયસારને બોલાવીને કહ્યું કે મારે એક ભવ્ય મહેલ બનાવવો છે. તેને માટે ઉંચા પ્રકારના મજબૂત લાકડા લાવવાના છે, એટલે નયસાર ઘણાં સુથારોને લઈને જંગલમાં લાકડા લેવા માટે ગયા. એ જમાનામાં અત્યારની માફક સીમેન્ટ અને કાંકરેટના બોકસીન ભરીને મકાન બનતા ન હતા. મકાનમાં લાકડું વધારે વપરાતું. નયસાર સુથાર બધા સુથારોના નેતા હતા, એટલે ઘણાં સુથારોને સાથે લઈને જંગલમાં લાકડા લેવા માટે ગયા. મોટા સમૂહમાં માણસો પાસે લાકડા કપાવી રહ્યા છે. પોતાને તો કેવા લાકડા લેવા તેનું ધ્યાન રાખવાનું હતું. લાકડા ઘણાં મોટા પ્રમાણમાં કાપવાના હતા એટલે બધાને જમવા માટે રસોઈની સામગ્રી લઈને ગયા હતા. બપોરે જમવાનો સમય થયો એટલે નયસારે જમતા પહેલાં વિચાર કર્યો કે મને કોઈ અતિથિનો લાભ મળે તો જમાડીને જમું, તો મારું અન્ન પવિત્ર થાય. એકલા પોતે પોતાનું પેટ ભરીને જમી લેવામાં સાર્થકતા નથી.

જંગલમાં પવિત્ર ભાવના ભાવતો નયસાર :- બંધુઓ ! આ નયસાર જૈન કુળમાં જન્મેલા ન હતા છતાં ભાવના કેટલી ઉદાર છે ! તમે જૈનકુળમાં જન્મેલા છો. ભગવાને તમને બારમા વ્રતમાં ભાવના ભાવવાનું કહ્યું છે પણ આટલામાંથી જમવા સમયે કેટલા શ્રાવકો ભાવના ભાવતા હશે કે સંત-સતીજી પધારે તો વહોરાવવાનો લાભ લઈને જમું ? આ તો સુથાર હતા, જંગલમાં લાકડા કપાવવા ગયા હતા, ત્યાં પણ એમને અતિથિને જમાડવાની ભાવના જાગી. જ્યારે પોતાના ઉપાદાનની જાગૃતિ થવાની હોય છે ત્યારે નિમિત્તના સંયોગો પણ ફુદરતી મળી રહે છે. જુઓ, નયસારને કેવું નિમિત્ત મળ્યું કે ઘણાં મુનિરાજો

વિહાર કરતાં કરતાં જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. જૈનમુનિઓ પાદવિહાર કરીને દેશોદેશમાં વિચરે છે અને વીર ભગવાનનો સંદેશો ઘરઘરમાં પહોંચાડે છે. વિહાર કરતાં એક સાધુ શારીરિક કારણે પાછળ રહી ગયા. જંગલમાં તો ઘણાં કેડીના રસ્તા નીકળતા હોય છે એટલે આ સંત કેડીના માર્ગે ચઢી જતાં ભૂલા પડી ગયા. વચમાં ઘણાં ડુંગરા ને ટેકરા આવ્યા. ચારે તરફ માર્ગ શોધવા લાગ્યા, પણ સાચો માર્ગ જડતો નથી. ગરમી કહે મારું કામ. બરાબર ખરો બપોર થઈ ગયો. સંત ભૂખ-તરસથી આકુળ વ્યાકુળ થઈ ગયા છે. સખત ગરમીમાં કંઠ સૂકાવા લાગ્યો. આંખે અંધારા આવવા લાગ્યા. હવે ચાલવાની શક્તિ રહી નથી. એટલે મુનિએ વિચાર કર્યો કે ખરેખર, હું ભૂલો પડયો છું. કોઈ માર્ગ બતાવનાર માણસ દેખાતો નથી. નજીકમાં કોઈ ગામ પણ દેખાતું નથી. તો હવે સાગારી સંથારો કરવો તે મારે માટે શ્રેષ્ઠ છે.

બંધુઓ ! મહાન સંતો મરણથી ડરતા નથી. સાધુ જીવે તો ય લાભ છે ને કાળધર્મ પામે તો ય લાભ છે જીવે તો સંયમની વૃદ્ધિ છે અને મરે તો કાં મોક્ષ અને કાં દેવલોકમાં જાય છે. આ સંત સંથારો કરવાની ભાવનાથી સારી જગ્યા જોઈને જમીન પુંજીને બેસવાની તૈયારી કરે છે. આ તરફ નયસાર કોઈ અતિથિ મળી જાય તો દાન આપીને પછી જમું એવી ભાવનાથી અતિથિની શોધ કરવા નીકળ્યા. જંગલમાં ચારે તરફ દૃષ્ટિ કરવા લાગ્યા. શોધતાં શોધતાં નયસાર એક ટેકરી ઉપર ચઢયા તો નીચે એક મુનિને જોયા, તેથી તેમને ખૂબ આનંદ થયો અને હર્ષભેર દોડતા મુનિ પાસે આવ્યા. મુનિ સંથારો કરવા માટે ઈરિયાવહી પડિક્કમે છે, ત્યાં નયસાર પહોંચી ગયા, અને પ્રણામ કરીને કહ્યું-અહો હે કૃપાળુ ! આપ આવા વિકરાળ પ્રદેશમાં ક્યાંથી આવી ચઢયા ?

મુનિએ કહ્યું મહાનુભાવ ! વિશાળ સાધુ સમુદાય સાથે વિહાર કરીને જતાં શારીરિક કારણે પાછળ રહી જવાથી હું માર્ગ ભૂલવાથી ચારે તરફ ખૂબ ઘૂમ્યો પણ મારે જે ગામ જવું છે ત્યાં જવાનો માર્ગ ન મળ્યો અને ફરતો ફરતો આ અટવીમાં આવી પહોંચ્યો છું. ભૂખ તરસથી આકુળ વ્યાકુળ થઈ ગયો છું પણ મને એનું દુઃખ નથી કારણ કે જૈન મુનિઓ આવા પરિષહ હસતા હસતા સહન કરે છે, પણ મારો સાધુ સમુદાય મારી ચિંતા કરતો હશે તેનું મને દુઃખ થાય છે. માટે ભાઈ! તું મને માર્ગ બતાવ. જેની રગેરગે સંતની સેવા કરવાનો આનંદ છે તેવો નયસાર કહે છે પ્રભુ ! આપનું મુખ જોતાં એમ લાગે છે કે હવે આપનામાં ચાલવાની શક્તિ નથી. મુખ કરમાઇ ગયું છે. ભૂખ અને તરસ આપને પીડી રહી છે. તો અમારો તંબુ નજીકમાં જ છે. અમે ઘણાં માણસો જંગલમાં લાકડા કાપવા આવ્યા છીએ. અમારે માટે રસોઈ બનાવી છે. કામ કરીને થાકી ગયા હોવાથી સ્નાન કરવા ગરમ પાણી પણ તૈયાર છે. આપને માટે તો બધું નિર્દોષ છે તો આપ પધારો અને મને લાભ આપીને પાવન કરો.

"સંતને માર્ગ બતાવતાં સાચો માર્ગી બનનાર નયસાર" :- મુનિ

નયસારની આવી ઉચ્ચ ભાવનાને જોઈને તેમની સાથે ગયા, અને નિર્દોષ આહાર પાણીથી ગૌચરી કરી. થોડીવાર વિસામો આપીને થાક ઉતાર્યો પછી મુનિએ કહ્યું ભાઈ હવે હું જાઉં છું. નયસારે કહ્યું આપને માર્ગ બતાવવા માટે આવું છું. જુઓ, નયસારની ભાવના કેટલી પવિત્ર છે પોતાની પાસે ઘણા માણસો હોવા છતાં જાતે જ માર્ગ બતાવવા ગયા. તે જંગલના રસ્તેથી મુનિને લઈ ગયા, કારણ કે તે ભૂમિના જાણકાર હતા. જ્યાં તેમને જવાનું હતું તે ગામ આવી ગયું, એટલે કહ્યું લ્યો હવે હું જઉં? પણ નયસાર કંઈ અધવચ્ચે મૂકીને જાય તેમ ન હતા. તે કહે હું ગામમાં આપના પરિવારમાં લેવા મૂકીને જ જઈશ. નયસારે જ્યાં સાધુઓનો પરિવાર હતો ત્યાં પહોંચાડી દીધા, ત્યારે સંતે કહ્યું ભાઈ! હું આ દ્રવ્ય અટવીમાં ભૂલો પડ્યો તેમ તું સંસાર રૂપી ભાવ અટવીમાં ભૂલો પડેલો છે, તેં મને માર્ગ બતાવ્યો તો હું પણ તને માર્ગ બતાવું. એમ કહીને સંતે એમને ધર્મનો ઉપદેશ આપ્યો. નયસારે તેને ઝીલવા માંડ્યો. સાદી અને સરલ ભાષામાં જીવ, અજીવ, આદિ તત્ત્વ તત્ત્વના ગૂઢ રહસ્યો સમજાવી દીધા. નયસારે આવો ઉપદેશ કદી સાંભળ્યો ન હતો, પૂર્વે કદી નહિ સાંભળેલી અપૂર્વ વાત સાંભળતા તેમના જીવનમાં સમ્યક્ત્વનો સૂર્ય ઉદયમાન થયો. સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં કોડાકોડ સાગરોપમના ક્રોડો કર્મો ક્ષય થઈ ગયા. મિથ્યાત્વની ગાંઠ ભેદાઈ ગઈ. નયસારનો આત્મા જડ-ચૈતન્યનું સ્વરૂપ સમજતાં આત્મામાં અનેરો આનંદ થયો. એ આનંદ નયસારના જીવનભર સુધી ટકી રહ્યો.

"સાચો માર્ગ પામતા આત્મામાં થયેલો પ્રકાશ" :- સુપાત્ર દાન અને ધર્મોપદેશનું શ્રવણ એ બંને વસ્તુ નયસાર માટે અપૂર્વ હતી. જૈન સાધુને નિર્દોષ ગોચરી વહોરાવવામાં મહાન લાભ છે. એ તમારી પાસેથી અલ્પ લે છે ને મહાન લાભ આપે છે. શાલીભદ્રના જીવે ભરવાડના ભવમાં માગી માગીને બનાવેલી પણ ઉત્કૃષ્ટ ભાવે સંતને વહોરાવી હતી તેમાં એણે કેટલો મહાન લાભ મેળવ્યો? એના પ્રતાપે અઢળક ઋદ્ધિ મેળવી. મમ્મણ શેઠ પણ ઉત્કૃષ્ટ ભાવે સંતના પાત્રમાં લાડવા વહોરાવ્યા પણ માછણથી અટકાવ્યે થકે તેથી સાધુના પાત્રમાંથી લાડવા પાછા લેવા ગયા ત્યારે સંતે લાડવા પરઠવી દીધા. ઉત્કૃષ્ટ ભાવથી વહોરાવ્યા તેના લાભ રૂપે અઢળક ઋદ્ધિ પામ્યો પણ એને ભોગવી શક્યો નહિ. તમે બધા ચોમાસુ પૂજન કરો ત્યારે શાલીભદ્રની ઋદ્ધિ મળજો એમ લખો છો પણ મમ્મણશેઠની ઋદ્ધિ મળતો વ્યવ્યું કોઈ લક્ષી લખાતું, કારણ કે શાલીભદ્રને ઋદ્ધિ મળી પણ ચોમાસુ ત્યાગ કરીને દીક્ષા લીધી તેને એકાવતારી બન્યા, અને મમ્મણ શેઠ મરીને નરકે ગયા.

"ત્રીજો ભવ મરીચિ" :- નયસાર સમ્યક્ત્વ પામીને ત્યાંથી મરીને પહેલા દેવલોકે ગયા ત્યાંથી ચવીને ભરતક્ષેત્રમાં અયોધ્યા નગરીમાં ઋષભદેવ સ્વામિના પુત્ર ભરત ચક્રવર્તીના પુત્ર મરીચિ કુમારપણે જન્મ્યા. ત્યાં ચારિત્રને સ્વીકારીને, મનુષ્યોને

[illegible] [illegible] [illegible] [

દર્શન કરીને પૂછયું–હે ભગવંત ! આ સમોસરણમાં આપના જેવો તીર્થંકરપદ પામનાર કોઈ આત્મા છે ? ભગવાને કહ્યું–હે ભરત ! આ સમોસરણની બહાર તારો જ પુત્ર મરીચી-કુમાર અત્યારે જે ત્રિદંડીના વેશમાં છે તે આ જ ચોવીસીમાં ચોવીસમા તીર્થંકર વર્ધમાન સ્વામી બનશે. નવ વાસુદેવમાં પ્રથમ વાસુદેવ થશે અને મહાવિદેહ ક્ષેત્રમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તિ થશે. આ વાત સાંભળીને ભરત મહારાજા તરત જ સમોસરણની બહાર બેઠેલા મરીચીકુમાર પાસે આવીને વંદન કરતાં પહેલા બોલ્યા હે મરીચી ! હું તારા ત્રિદંડીવેશને વંદન કરતો નથી પણ ભગવાને સ્વમુખે ભાંખ્યું છે કે તું વાસુદેવ થઈશ, ચક્રવર્તિ થઈશ અને આ ચોવીશીમાં ચરમ તીર્થંકર મહાવીર સ્વામી બનવાનો છે, તેથી હું તારા ભાવિ તીર્થંકરપદને નમસ્કાર કરું છું. એમ કહીને વંદન કરીને ચાલ્યા ગયા, પણ મરીચીને આ સાંભળીને ખૂબ આનંદ થયો. તે અભિમાનમાં આવી ખૂબ નાચ્યા કે અહો ! અમારું કુળ કેવું ઉજ્જવળ છે ! મારા દાદા આ ચોવીશીમાં પ્રથમ તીર્થંકર, મારા પિતા પ્રથમ ચક્રવર્તિ અને હું વાસુદેવમાં પ્રથમ વાસુદેવ થઈશ. ચક્રવર્તિ પણ થઈશ અને તીર્થંકર પણ થઈશ. આ રીતે કુળનો મદ કરવાથી નીચ ગોત્ર કર્મ બાંધ્યું.

એક વખત મરીચી બિમાર પડયો. ભગવાનના શિષ્યો અવતીની સેવા કરે નહિ. તે સમયે એમ થયું કે મારે એક શિષ્ય હોય તો સારું. એક વખત કપિલ નામે રાજા મરીચી પાસે આવે છે. તેને ધર્મનો ઉપદેશ આપ્યો. કપિલે પૂછયું કે તમે એમ કહો છો કે ભગવાન પાસે જ ધર્મ છે તો શું તમારી પાસે ધર્મ નથી ? ત્યારે મરીચીના મનમાં થયું કે મેં ઘણાંને પ્રતિબોધ પમાડીને ભગવાન પાસે મોકલ્યા પણ કોઈ મારી સેવા કરતું નથી, તેથી ચેલો કરવાની ભાવના થઈ એટલે તેણે કપિલ રાજાને કહ્યું કે અહીં પણ ધર્મ છે ને ત્યાં પણ ધર્મ છે. આ ઉત્સૂત્રની પ્રરૂપણાથી તેમનો સંસાર વધી ગયો, પછી મરીચી ત્રિદંડીના વેશમાં મરીને ચોથા ભવે પાંચમા દેવલોકે ગયા. ત્યાંથી દેવનું આયુષ્ય પૂર્ણ કરીને પાંચમા ભવે કૌશિક નામે બ્રાહ્મણ થયા, ત્યાંથી છઠ્ઠા ભવે પુષ્પમિત્ર નામે બ્રાહ્મણ થયા. સાતમા ભવે પહેલા દેવલોકે ગયા. આઠમા ભવે અગ્નિદ્યોત નામે બ્રાહ્મણ થયા. નવમા ભવે બીજા દેવલોકે ગયા. દશમા ભવે અગ્નિભૂતિ નામે બ્રાહ્મણ થયા. અગિયારમા ભવે ત્રીજા દેવલોકે ગયા. બારમા ભવે ભારદ્વાજ નામે બ્રાહ્મણ થયા. તેરમા ભવે ચોથા દેવલોકે ગયા. ચૌદમા ભવે થાવરવિપ્ર નામે બ્રાહ્મણ થયા. પંદરમા ભવે પાંચમા દેવલોકે ગયા. આમ પંદર ભવ થયા તેમાં બ્રાહ્મણના ભવમાં ત્રિદંડીનો વેશ લીધો. સોળમા ભવે તેઓ વિશ્વભૂતિ નામે રાજકુમાર બન્યા.

"સોળમા ભવે કરેલું નિયાણું" :– આ વિશ્વભૂતિકુમાર ખૂબ પરાક્રમી હતો, પણ એની ઓરમાન માતાને એક પુત્ર હતો. તેને રાજ્ય આપવાની રાજા પાસે માંગણી કરી. તેથી વિશ્વભૂતિના પિતાજીએ કપટથી એને યુદ્ધમાં મોકલી દીધો ને પાછળથી ઓરમાન

ભાઇને વિશ્વભૂતિનો મહેલ રહેવા માટે આપી દીધો. વિશ્વભૂતિ આનંદભેર વિજય પ્રાપ્ત કરીને આવ્યો અને પોતાના મહેલના બગીચામાં પ્રવેશ કરવા જાય છે ત્યાં પટાવાળો કહે છે કે અંદર તમારા નાનાભાઈ છે માટે તમે નહિ જઈ શકો. આ સાંભળીને વિશ્વભૂતિને ખૂબ ક્રોધ આવ્યો કે અહો! મને યુદ્ધમાં મોકલીને મારા માતા-પિતાએ આવું કપટ કર્યું? આ સંસારમાં આવો સ્વાર્થ ભરેલો છે! ક્રોધાવેશમાં આવીને તેણે એક કોઠાના ઝાડને એવો મુઠ્ઠો માર્યો કે ઝાડ ઉપરથી બધા કોઠા ખરી પડ્યા, ને ઝાડ પડી ગયું. વિશ્વભૂતિને સંસારનો મોહ ઉતરી ગયો ને મથુરામાં જઈ સંભૂતિ મુનિ પાસે દીક્ષા લીધી.

દીક્ષા લઇને વિશ્વભૂતિ મુનિ માસખમણને પારણે માસખમણ કરવા લાગ્યા, તેથી શરીર એકદમ દુર્બળ બની ગયું. એક વખત તે વિચરતા વિચરતા પોતાના ગામમાં પધાર્યા. માસખમણના પારણે ગોચરી જતાં ગાયની હડફેટમાં આવતા પડી ગયા. નાનાભાઇની વહુ આ મુનિને ઓળખી ગઇ એટલે મજાકમાં બોલી ઉઠી કે એક મુઠીએ કોઠાના ઝાડને પાડી નાંખનારા તમારું બળ કયાં ગયું? આ વચન સાંભળીને મુનિને ક્રોધ આવ્યો અને પોતાનું બળ બતાવવા ગાયને શીંગડાથી પકડીને ઉંચે ચક્કર ચક્કર ફેરવીને પાછી જમીન ઉપર મૂકી દીધી, પણ ગાયને ધ્રાસ્કો પડયો તેથી કર્મબંધન થયું. નાનાભાઈની વહુને મુનિની મશ્કરી કરવા બદલ ખૂબ દુઃખ થયું. વિશ્વભૂતિ મુનિએ અહીં નિયાણું કર્યું કે મારા તપ સંયમનું ફળ હોય તો હું અપૂર્વ બળનો ધણી થાઉં. વિશ્વભૂતિ મુનિ ત્યાંથી કાળ કરીને સત્તરમા ભવે દેવલોકે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવ થયા. અઢારમા ભવે પોતનપુરના પ્રજાપતિ નામે રાજાની પ્રભાવતી રાણીની કુક્ષીએ ત્રિપૃષ્ઠકુમાર તરીકે જન્મ લીધો. વાસુદેવની માતા સાત સ્વપ્ના દેખે છે તે રીતે પ્રભાવતીએ પણ સાત સ્વપ્ના જોયા હતા. ઓગણીસમા ભવે સાતમી નરકે ગયા. વાસુદેવ મરીને નરકે જ જાય છે. નરકનું આયુષ્ય પૂર્ણ કરીને વીસમા ભવે સિંહ થયા. એકવીસમા ભવે ચોથી નરકે ગયા. બાવીસમા ભવે વિમલ રાજા બન્યા. ત્રેવીસમા ભવે મહાવિદેહ ક્ષેત્રમાં મુકા નામે નગરીમાં ધનંજય નામના રાજાને ત્યાં જન્મ થયો. તેમનું નામ પ્રિયમિત્ર પાડયું. એ પ્રિયમિત્ર ચક્રવર્તિ થયા, પછી ચક્રવર્તિપણું છોડી દીક્ષા લઈ ને ક્રોડ વર્ષ સુધી ઉગ્ર ચારિત્ર પાળીને ચોવીસમા ભવે સાતમા દેવલોકે ગયા પચ્ચીસમા ભવે ક્ષત્રલ નામની નગરીમાં જિત્રશત્રુ રાજાને ત્યાં તેમની ભદ્રા નામની રાણીની કુક્ષીમાં નંદ નામના પુત્રપણે જન્મ્યા. નંદકુમાર મોટા થયા પછી ૨૪ લાખ વર્ષ સંસારમાં રહી પોટ્ટિલાચાર્ય પાસે વૈરાગ્ય પામીને દીક્ષા લીધી અને માસખમણને પારણે માસખમણ એવી ઉગ્ર તપ સાધના કરવા લાગ્યા. અઘોર તપ અને સંયમની સાધના કરતાં નંદ અણગાર એવી ભાવના ભાવવા લાગ્યા કે "**જો મુજ શક્તિ હોવે એસી તો સવિ જીવ કરું શાસનરસી**" નંદ અણગારના ભવમાં ૧ લાખ વર્ષ સંયમ પાળ્યો. ૧૧ લાખ ને ૮૧ હજાર માસખમણ કર્યા અને વીસ સ્થાનકની આરાધના કરીને આ ભવમાં તેમણે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

[illegible] કરીને [illegible] કરી [illegible] કરી છે, કેટલા [illegible] કર્યા [illegible] ત્રીજા ભવમાં તીર્થંકર [illegible] પાળીને [illegible] ઇંદ્રો [illegible] ભવે પ્રાણત દેવલોકે [illegible] વિમાનમાં [illegible] હવે [illegible] [illegible] કરીને [illegible] ભવે બ્રાહ્મણકુંડ ગ્રામમાં [illegible] બ્રાહ્મણને [illegible] દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં [illegible] થયા. તીર્થંકર પ્રભુની માતા ચૌદ સ્વપ્ન દેખે છે. [illegible] દેવાનંદાએ ચૌદ સ્વપ્ન જોયા, તેથી તેને ખૂબ આનંદ થયો. પ્રેમથી [illegible] ગર્ભનું પાલન કરવા લાગી, પણ એને કયાં ખબર છે કે મારો આનંદ કયાં સુધી ટકવાનો છે.

"ભગવાનનું ગર્ભસાહરણ" :- ભગવાન સાડી બ્યાસી રાત્રિ દેવાનંદાના ગર્ભમાં રહ્યા. [illegible] શક્રેન્દ્રનું આસન ચલાયમાન [illegible] ઇન્દ્રે અવધિજ્ઞાન દ્વારા જોયું તો તીર્થંકર [illegible] બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થયેલા જોયા. તીર્થંકર ભગવાન ક્ષત્રિય કુળમાં જ જન્મ [illegible] ભગવાન બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયા તેનું કારણ જો જોઈ હોય તો ત્રીજા ભવમાં તેમણે કુળનો મદ કર્યો હતો. તે વાત તમે સાંભળી ગયા છો. ભગવાન બ્રાહ્મણને ત્યાં ઉત્પન્ન થયા આ એક અત્યંત અનુચિત બન્યું છે. શક્રેન્દ્રે હરિણૈગમેષી દેવને બોલાવીને કહ્યું, દેવાનંદા માતાની કુક્ષીમાંથી તીર્થંકર ભગવંતને ત્રિશલા રાણીની કુક્ષીમાં મૂકો, અને ત્રિશલા રાણીની કુક્ષીમાં જે બાળક છે તેને દેવાનંદાની કુક્ષીમાં મૂકો. હરિણૈગમેષી દેવે દેવાનંદાને અવસ્વાપિની નિદ્રા મૂકી તેના ગર્ભનું સાહરણ કરીને ભગવાનને ત્રિશલા રાણીના ગર્ભમાં મૂકયા ને ત્રિશલાના ગર્ભને દેવાનંદાના ગર્ભમાં મૂકયો. દેવાનંદાના મુખમાંથી સ્વપ્ના ખેંચીને જવા લાગ્યા. આ જોઈને દેવાનંદા રડવા લાગ્યા. પૂર્વે ચોરેલા હરિણૈગમેષીના લાભકાનું કર્મ ઉદયમાં આવ્યું તે કર્મના ઉદયથી દેવાનંદાના ગર્ભમાંથી રત્નો કરતાં પણ અધિક કિંમતી તીર્થંકર પ્રભુનો ગર્ભ ચોરાઈ ગયો. આ ચૌદ શુભ સ્વપ્ના એક પછી એક ત્રિશલા માતાએ જોયા. ત્રિશલાદેવી જાગૃત બન્યા. સવાર પડતાં ત્રિશલા રાણી સિદ્ધાર્થ રાજા પાસે આવ્યા ને સ્વપ્નની બધી વાત કરી. ત્રિશલા રાણી અને સિદ્ધાર્થ રાજા જૈન ધર્મ પામેલા શ્રાવક શ્રાવિકા હતા, એટલે એમને ખબર હતી કે ચૌદ સ્વપ્ના તીર્થંકરની માતા દેખે કાં ચક્રવર્તિની માતા દેખે. બાર ચક્રવર્તિ તો જન્મી ચૂકયા છે એને શ્રીમંત તીર્થંકર પણ થઈ ગયા છે. હવે ફકત એક જ તીર્થંકર જન્મવાના બાકી છે, એટલે સિદ્ધાર્થ રાજાએ ત્રિશલા રાણીને કહ્યું હે મહારાણી ! તમે ભાગ્યવાન છો, પુણ્યવાન છો. તમારા સ્વપ્નાના ફળરૂપે તમારી કુક્ષીમાં તીર્થંકર ભગવાન જન્મશે. આ સાંભળી માતાના આનંદનો પાર ન રહ્યો.

"સિદ્ધાર્થ રાજાએ બોલાવેલા સ્વપ્નપાઠકો" :- સિદ્ધાર્થ રાજાએ સ્વપ્નનું ફળ જાણવા સવારમાં પંડિતોને બોલાવ્યા. આવા મોટા મહારાજા બોલાવે ત્યારે પંડિતો પણ હોંશેહોંશે દોડતા આવે ને ! બધા પંડિતો ભેગા થઈને મહારાજા પાસે આવ્યા. મહારાજાએ સ્વપ્નોનું ફળ પૂછયું. પંડિતોએ ટીપણા જોઈને કહ્યું. મહારાજા ! આમને ત્યાં ઘણું જતન

ઉદ્ધારક તીર્થંકર પ્રભુનો જન્મ થશે. આ સાંભળતાં સૌના આનંદનો પાર ન રહ્યો. રાજાએ પંડિતોને ખૂબ દાન આપીને વિદાય કર્યા. સિદ્ધાર્થ રાજાને ત્યાં ઢોલ નગારા અને શરણાઇ વાગવા લાગ્યા. ત્રિશલા માતા આનંદપૂર્વક ગર્ભનું પાલન કરી રહ્યા છે. ભગવાનના મનમાં થયું કે હું હલનચલન કરું છું તેથી મારી માતાને દુઃખ થતું હશે. એમ માનીને હલનચલન બંધ કર્યું ત્યારે માતા સમજ્યા કે મારો ગર્ભ ચોરાઈ ગયો લાગે છે, એટલે તે રડવા લાગ્યા તેથી વાજા ને શરણાઈ વાગતા બંધ થઈ ગયા. રાજ્યમાં ગમગીન વાતાવરણ છવાઇ ગયું. ભગવાને જ્ઞાનથી જાણ્યું કે આમ શા માટે બન્યું ? અહો ! મારા માટે જ રડે છે મારી માતાને મારા પ્રત્યે કેટલું વાત્સલ્ય છે ! માતાના વાત્સલ્યના તો મૂલ્ય જ ન થાય. પ્રભુએ માતાનો શોક દૂર કરવા હલનચલન શરૂ કર્યું, તેથી માતા ખુશ થઈ ગયા. ભગવાને જ્ઞાન દ્વારા જાણી લીધું કે મારા માતા-પિતાનું આયુષ્ય કેટલું છે ને મારું આયુષ્ય કેટલું છે. તે જાણીને માતા-પિતાના જીવતા દીક્ષા ન લેવી તેવો નિશ્ચય કર્યો.

ભગવાન જ્યારથી ગર્ભમાં આવ્યા ત્યારથી સિદ્ધાર્થ રાજાને ત્યાં ધનધાન્યની વૃદ્ધિ થવા લાગી સર્વત્ર આનંદનું વાતાવરણ છવાઇ ગયું. આમ સુંદર રીતે ગર્ભનું પાલન કરતાં બરાબર સવાનવ માસ પૂર્ણ થતાં ચૈત્ર સુદ તેરસની મધ્ય રાત્રે સારા નક્ષત્ર અને શુભ યોગ હતો તેવા સમયે ચરમ તીર્થંકર આપણાં શાસનપતિ પ્રભુ મહાવીર સ્વામીનો જન્મ થયો.

એક જન્મ્યો રાજદુલારો, દુનિયાનો તારણહારો

ત્રણે લોકમાં પ્રકાશ પ્રકાશ પથરાઈ ગયો. નરકમાં રહેલા નારકોએ બે ઘડી શાંતિનો અનુભવ કર્યો. ચોસઠ ઇન્દ્રો, છપ્પન દિક્કુમારીકાઓ બધા ભગવાનનો જન્મમહોત્સવ ઉજવવા માટે આવ્યા ને ભગવાનને મેરૂ પર્વત ઉપર સ્નાન કરાવવા લઈ ગયા. ખૂબ આનંદપૂર્વક દેવોએ જન્મમહોત્સવ ઉજવ્યો. સિદ્ધાર્થ રાજાએ પણ ખૂબ ભવ્ય રીતે જન્મમહોત્સવ ઉજવ્યો અને પુત્ર ગર્ભમાં આવતા રાજ્યમાં ધનધાન્યની વૃદ્ધિ થઈ હતી, તેથી તેમનું ગુણનિષ્પન્ન "વર્ધમાનકુમાર" નામ આપ્યું. આપણાં ભગવાન બાલપણથી જ કેવા પરાક્રમી હતા, જન્મ પછી કેવું જીવન જીવ્યા ને કેવા મહાન કાર્યો કર્યા એ વિષયમાં તો ઘણી વાતો બાકી છે. તેનું વર્ણન કરવા ઘણો સમય જોઇએ.

આજે આપણે ભગવાનનો જન્મદિન વાંચ્યો છે. ભગવાન જન્મીને કેવું જીવન જીવી ગયા તે જાણીને જીવનમાં અપનાવો. ભગવાન મહાવીરે આપેલો અહિંસાનો ઉપદેશ, સત્ય અને શાંતિનો સંદેશ, અને મૈત્રીભાવનાનો પરમ મંત્ર અનેક આત્માઓના જીવનમાં આજે પણ પ્રકાશ પાથરી રહ્યો છે. એમણે જગતના તમામ જીવોનું કલ્યાણ ઇચ્છયું હતું, પછી તે ભલે નાનો હોય, મોટો હોય, માનવ હોય કે દાનવ હોય, શત્રુ હોય કે મિત્ર હોય, પશુ હોય કે પક્ષી હોય, કીડી હોય કે કુંજર હોય, ગમે તે જાતિ કે કુળનો હોય એમની

દૃષ્ટિમાં દરેક જીવો સમાન હતા. અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદ અને કર્મના સિદ્ધાંતો જગતને આપ્યા. સત્ય, પ્રેમ, કરૂણા, સમતા અને સંયમના આચરણ દ્વારા પ્રચંડ પુરૂષાર્થ કરી પ્રાણીમાત્રને પાવનકારી પંથે પહોંચવાની પ્રેરણા આપી.

ભગવાને આત્મસાધના સાધવા માટે ભરયુવાનીમાં રાજપાટના સુખ, વૈભવ ભોગવવાને બદલે સંસારનો ત્યાગ કરી દીક્ષા લીધી, અને મહાભયંકર વગડાની વાટે વિચર્યા. શાશ્વત પદની સિદ્ધિ માટે આત્માનું ધ્યાન ધર્યું. માર્ગમાં અનેક સંકટના કંટક આવ્યા, ઉપસર્ગોની આંધી આવી. તે દરેકનો તેમણે પ્રસન્નતાપૂર્વક સામનો કર્યો. લેશમાત્ર ડગ્યા વિના પોતાના ધ્યાનમાં મગ્ન રહ્યા. દુઃખ દેનારા જીવોનું પણ એમણે કલ્યાણ ઇચ્છ્યું અને ક્ષમા, સમતા અને કરૂણાના શસ્ત્રો વડે પોતાની સાધનાનો વિજય મેળવ્યો. એવા સમતાના સાગર ભગવાને સાડા બાર વર્ષ અને એક પખવાડિયા સુધી કઠણમાં કઠણ તપશ્ચર્યા કરી ત્યારે કષ્ટ અને દુઃખ, ભૂખ અને તરસ, ટાઢ અને તડકા જે કાંઇ જીવનના ક્રમમાં સામેથી આવ્યું તેનો સહર્ષ સ્વીકાર કર્યો અને સાધના સાધતાં પરમ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શાશ્વતપદની પ્રાપ્તિ કરી અને **"જે સહન કરે તે શુદ્ધ થાય અને શુદ્ધ થાય તે સંપૂર્ણ બને."** એવા ઉચ્ચ આદર્શો શીખવ્યા. અરસપરસના વેર શમાવ્યા, રાગ દ્વેષના ઝઘડા શમાવ્યા, પ્રેમ મૈત્રીની ભાવના પ્રગટાવી શાંતિનો સંદેશો સંભળાવ્યો, એવા

ત્રિશલાનંદન વીર જિણંદને, વંદન વારંવાર.

ભગવાન મહાવીરના જીવન વિષે ઘણું કહેવાયું છે. સમય થઇ ગયો છે. વધુ ભાવ અવસરે.

●

વ્યાખ્યાન નં. ૫૧

ભાદરવા સુદ ૩ ને મંગળવાર **તા. ૫-૯-૭૮**

શીલ અને સૌંદર્ય

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતકાળથી કર્મના કાટથી મલીન બનેલા આત્માનો કાટ ઉખાડી આત્માને શુદ્ધ કરવા માટે પર્યુષણ પર્વના દિવસો ચાલી રહ્યા છે. આપણા જૈનશાસનમાં પર્યુષણ પર્વને બધા પર્વોનો રાજા કહેવાય છે. આ આઠ દિવસ મહાન છે. **"આતમને કરે તાજા ને કર્મોને કરે સજા."** આ આઠે આઠ દિવસો કર્મોને સજા કરે છે ને આત્માને તાજો કરે એટલે કર્મોના કાટ ઉખેડીને તેજસ્વી બનાવે છે. દિવાળીમાં લોકો વાસણના કાટ ઉખેડે છે તેમ આપણે પર્યુષણ પર્વમાં છકાઈ, અઠ્ઠાઇ, સોળભથ્થુ, માસખમણ વિગેરે તપશ્ચર્યાઓ કરીને કર્મોના કાટ ઉખેડીને તેને ઉજ્જવળ બનાવવાનો છે. આ પર્વના દિવસો આરાધક આત્માઓના મદને રદ કરે છે. આ દિવસો તો ગણત્રીના જ છે. પાંચ પાંચ દિવસો તો પલકારામાં પસાર થઈ ગયા ને આજે છઠ્ઠો

દિવસ પણ આવી ગયેા. આજના દિવસનું નામ તેલાધર છે. તેલાધર એટલે કે આજથી ત્રીજે દિવસે સંવત્સરીનો પવિત્ર દિવસ આવશે. આજનો દિવસ એ સૂચન કરે છે કે સંવત્સરી આવતા પહેલાં હે જીવેા ! તમે પાપેાનું પ્રક્ષાલન કરીને પવિત્ર બની જાવ.

આ પવિત્ર દિવસેા આપણને ચરમધામ (મેાક્ષ) પામવા અને પરમ કામ કરવા માટેની પ્રેરણા આપી રહ્યા છે. સુધર્મ અને સુકર્મના માર્ગમાં આગેકૂચ કરવાનું આમંત્રણ આપે છે. જીવનને તપ-ત્યાગ અને તિતીક્ષાની ત્રિવેણીનું મંગલ પ્રયાગ બનાવવા માટેનું ઉદ્બોધન કરે છે. સંસારના સમરાંગણમાં શૂરવીર બની વિજયની વરમાળ વરવા માટેનેા શંખનાદ ફૂંકી રહ્યું છે. આ પર્યુષણ પર્વનેા શંખનાદ સાંભળીને જાગૃત બનો અને કર્મના રસિક મટીને કલ્યાણના રસિક બનો. આ પર્વાધિરાજનેા મંગલ સંદેશેા છે. આવા પર્વના દિવસેાનું સ્વાગત કરતા આત્મક સુખના ઉલ્લાસી આત્માઓ ગાય છે કે—

ચમક ચમક ચમકારો કરે....જિનશાસનનો ચમકારો રે....પર્વાધિરાજ પધાર્યા.
હેમ તણેા સૂર્ય ઉગ્યેા આજે, મેાતીડે મેહ વરસ્યા.
રત્નચિંતામણી આવી મળીયું, ધર્મના દિવસેા ફરસ્યા.
શાસન શેાભા વધારેા રે...જાગ્યેા પુણ્ય સિતારો રે....પર્વાધિરાજ પધાર્યા.

આ દિવસેામાં અપૂર્વ તપ-ત્યાગની આરાધના કરીને આત્મારૂપી વાસણ ઉપરથી કર્મોરૂપી કાટ ઉખેડીને આત્માની જ્યેાત ઝળકાવેા ને જિનશાસનની શેાભા વધારેા. પર્યુષણ પર્વના દિવસેા આવે છે ત્યારે જૈનેાની ઉગ્ર તપશ્ચર્યાઓ જોઈને જૈનેતરેા પણ આનંદ અનુભવે છે. જૈનોનેા તપ ઇતર ધર્મોમાં ઘણેા પ્રભાવ પાડે છે. જૈન ધર્મની નાનામાં નાની ક્રિયાઓ પણ મહાન લાભદાયી છે. સમજણપૂર્વકની અલ્પ ક્રિયાઓ પણ કર્મોનેા ક્ષય કરાવીને મહાન લાભ આપે છે. જૈનશાસન એટલે મહાન લાભ અપાવનારું શાસન.

તમે કેાઈ માણસની પાસેથી દશ હજાર રૂપિયા વ્યાજે લીધા. વર્ષે બે વર્ષે તમારી પાસે સગવડ થઈ ત્યારે તમે વ્યાજ સહિત સામેથી આપવા માટે જાઓ. એ લેણીયાતે પૈસા વ્યાજ સહિત ગણીને લઈ લીધા પણ એને સામેથી આપવા ગયા છતાં એ તમને પાંચસેા કે હજાર રૂપિયા પણ પાછા આપે ખરેા કે લે ભાઈ ! તું મને સામે ચાલીને આપવા આવ્યેા તેા તને ખુશ થઈને આપું છું. બેાલેા આપે ? (શ્રેાતામાંથી અવાજ-પાંચસેામાંથી પચાસ પણ ન આપે) એ તમને ન આપે પણ અહીં જુઓ કેટલેા લાભ છે ! ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું કે હે ભગવંત ! વીતરાગી સંતેાને વંદન કરવાથી જીવને શું લાભ થાય ? ભગવંતે જવાબમાં કહ્યું- હે ગૌતમ ! " नीयागोयं कम्मं खवेइ, उच्चगोयं कम्मं निबन्धइ " । વંદન કરવાથી જીવ નીચગોત્ર કર્મ ખપાવે છે ને ઉંચગોત્ર કર્મ બાંધે છે. વંદન કરવામાં પણ કેવેા મહાન લાભ છે ! વંદણા કરી તેથી નીચ ગેાત્ર કર્મનું આયુષ્ય બાંધ્યું હતું તે ખપાવ્યું. એ તેા કર્મનું કરજ ચૂકવ્યું પણ સાથે ઉંચગોત્ર કર્મ બાંધ્યું એ લાભ થયેાને ? તમારા

સંસારમાં પૈસાના દેણા વ્યાજ સહિત ચૂકવવા છતાં આવો લાભ નહિ મળે, માટે આ પર્વના પવિત્ર દિવસોમાં તમે સુંદર આરાધના કરીને કર્મના કરજ ચૂકવાય એટલા ચૂકવી દો ને આત્માના ઓજસ ઝળકાવો.

આજના વ્યાખ્યાનનો વિષય છે" શીલ અને સૌંદર્ય" આજનો માનવી સૌંદર્યની પાછળ પાગલ બનેલો છે, પણ આત્માના સૌંદર્યને એ ઓળખતો નથી. દેહનું સૌંદર્ય એ સાચું સૌંદર્ય નથી છતાં એ સૌંદર્યની વૃદ્ધિ કરવા માટે માણસ પાપની પ્રવૃત્તિ કર્યા કરે છે. શરીરનું સૌંદર્ય વધારવા પાછળ અન્યાય, અનીતિથી ધન કમાય છે. આપણા જૈન ધર્મમાં જ્ઞાની પુરૂષોએ ચાર પ્રકારના પુરૂષાર્થ બતાવ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એમાં મોક્ષ એ જીવનનું અંતિમ સાધ્ય છે, અને ધર્મ એ મોક્ષપ્રાપ્તિનું સાધન છે. અર્થ અને કામ એ બે મોક્ષપ્રાપ્તિમાં બાધક છે. જો મનુષ્ય સમજે તો ધર્મ પુરૂષાર્થ મુખ્ય છે ને અર્થ અને કામ એ બે પુરૂષાર્થ ગૌણ છે. આટલા માટે મહાપુરૂષોએ ધર્મશાસ્ત્રોની રચના કરી છે. આર્ય અને અનાર્યમાં આ ભેદ છે. આપણી આર્ય સંસ્કૃતિએ ધર્મ પુરૂષાર્થને પ્રધાન માન્યો છે ત્યારે પાશ્ચાત્ય સંસ્કૃતિએ કામને સાધ્ય બનાવ્યું, અને અર્થને સાધન માન્યું. આ રીતે તેમણે અર્થ અને કામને મુખ્ય સ્થાન આપ્યું, જેથી તેઓએ અર્થશાસ્ત્રોની રચના કરી.

બંધુઓ ! આપણી આર્ય સંસ્કૃતિનું કેન્દ્રસ્થાન મુક્તિ છે અને તેની પ્રાપ્તિનું સાધન ધર્મ છે, એટલા માટે આપણા મહર્ષિઓએ ધર્મશાસ્ત્રો રચ્યા છે, પણ આપણે જીવનમાં ધર્મની પ્રવૃત્તિ કેટલી કરી તેનો વિચાર કરવાનો છે. પશ્ચિમની સંસ્કૃતિનું મુખ્ય ધ્યેય કામભોગ છે. એટલે તેઓ એમના જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં અર્થનો કેટલો લાભ થયો એનો વિચાર કરે છે. આ રીતે એક સંસ્કૃતિ આત્માની શોધમાં તન્મય છે જ્યારે બીજી સંસ્કૃતિ એટમ બોંબ આદિની શોધમાં તન્મય રહે છે. પરિણામે સંરક્ષક જીવન સંહારક બનતું ગયું અને જીવનની શાંતિ નષ્ટ થઈ છે. જ્યારે આર્ય દેશમાં જન્મેલો માનવી એ જ વિચારે છે કે મારા જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ ધર્મમય છે કે નહિ ? મારા જીવનમાં ધર્મનો લાભ કેટલો થયો ? મારો આત્મા આવા પવિત્ર પર્યુષણ પર્વના દિવસોમાં પરિગ્રહના ભારથી કેટલો હળવો બન્યો ! બ્રહ્મચર્યના પાલનથી મારું જીવન કેટલું પવિત્ર બન્યું ! માનવજીવનને પવિત્ર બનાવવા માટે પરિગ્રહ પરિમાણ અને સ્વદારા સંતોષ આ બે નિયમો તો અવશ્ય હોવા જોઈએ. જેના જીવનમાં આ બે નિયમો નથી તેનું આ જગતમાં કયાંય સ્થાન નથી. પાશ્ચાત્ય સંસ્કૃતિની એવી હવા લાગી ગઈ છે કે પૂર્વ સંસ્કૃતિનો માનવી પણ અર્થ અને કામને મહત્વ આપતો થઈ ગયો છે, તેથી તેનું કેટલું પતન થઈ રહ્યું છે કે એને નટ, નટીઓના ફોટા ગમે છે, એના ગીતો સાંભળવા ગમે છે. જ્યાં જોશો ત્યાં નટ-નટીઓના ફોટા જોવા મળે છે. જો સાચું સુખ મેળવવું હશે તો આજનું બરાબ વાતાવરણ બદલવું પડશે, અને

જીવનમાં સંયમ અપનાવવો પડશે. આ દુર્ગુણોની દુર્ગંધથી ભરેલા વાતાવરણના અણુ-અણુમાં શીયળની સૌરભ સ્પર્શશે તો આ દુર્ગંધ દૂર થશે. એક જમાનો એવો હતો કે માનવ પોતાના જીવનને પવિત્ર રાખવા માટે દેહ અને દોલતની પરવા કરતા ન હતા. આજે જીવો વિષય વાસનાના કીડા બનીને હરખાય છે પણ એને ખબર નથી કે જેની પાછળ કામનાનો કીડો બનીને પાગલ બન્યો છું એ મારો સાથ કયાં સુધી રાખશે ?

રાયપસેણી સૂત્રમાં પરદેશી રાજાનો અધિકાર આવે છે. એ તો તમે ઘણી વાર સાંભળ્યો છે. પરદેશી રાજાને સૂરકંતા નામની સૌંદર્યવતી રાણી હતી. તેની પાછળ પરદેશી રાજા મુગ્ધ હતા. એમના હૈયામાં વાસનાનું રાજ્ય હતું. તેમના હૈયામાં સંયમ માટે એક તસુ જેટલી જગ્યા પણ ન હતી. હૃદયમાં કયાંય સદાચારના અંકુરા દેખાતા ન હતા, પણ એક વખત કેશીસ્વામીનો પરિચય થતાં પરદેશી રાજા પરદેશી મટી સ્વદેશી બન્યા. જેમનું જીવન વાસનામાં તરબોળ હતું તેમનું જીવન વાસનાથી વિરક્ત બન્યું અને ધર્મવાન બન્યા, પણ એમની પ્રિયરાણી સૂરીકંતાને વિશ્વાસ નથી કે જે પરદેશી રાજાના અણુઅણુમાં વાસના ભરેલી છે, જે મારી પાછળ પાગલ છે એ વળી ધર્મી કયાંથી બની જાય ? એમના અંતરના કોડીયામાં ધર્મની જ્યોત કયાંથી જલે ? પણ અનુભવ થતાં ખાત્રી થઈ કે આ તો બરાબર ધર્મના રંગે રંગાઈ ગયા છે. એમને સંગનો રંગ બરાબર લાગ્યો છે.

પતિની રગેરગમાં ધર્મનો રંગ ચઢેલો જોઈને સૂરીકંતાએ મનમાં વિચાર કર્યો કે મારે માટે હવે આ તો મૃત કલેવર છે, એ મારા માટે કંઈ કામના નથી. જે સૂરીકંતા પોતાના પતિની પાછળ પ્રાણ આપવા તૈયાર હતી તે જ સૂરીકંતા પોતાનો સ્વાર્થ પૂરો થતાં આજે પ્રાણ લેવા તૈયાર થઈ. અત્યાર સુધી પરદેશી રાજાના સુખે સુખી અને દુઃખે દુઃખી થનારી સૂરીકંતાએ વાસનામાં અંધ બનીને પરદેશી રાજાને ભોજનમાં વિષ આપ્યું. આ સમયે કેશીસ્વામી પાસેથી મળેલી ધર્મની નાની સરખી જ્યોત પરદેશીને મશાલ રૂપ બની ગઇ. અંધકારભર્યું જીવન મહાપ્રકાશના પંથે વળી ગયું. એમને ખબર પડી કે સૂરીકંતાએ ઝેર આપ્યું છે છતાં એ ઝેરનું વમન કરવા કોઇ દવા લેવા ન ગયા પણ પૌષધશાળામાં જઈ પૌષધવ્રતમાં બેસી ગયા. ઝેર આપીને પણ ઝેરીલી નાગણ જેવી સૂરીકંતા અટકી નહિ. પૌષધશાળામાં જઈને હે પ્રાણનાથ ! કહેતા ગળે ટૂંપો દઈ દીધો છતાં પણ પરદેશીએ સૂરીકંતા પ્રત્યે બિલકુલ ક્રોધ ન કર્યો પણ ક્ષમાભાવ રાખ્યો. પૌષધમાં સમાધિ મરણે મરીને દેવલોકમાં મહાન સુખના સ્વામી બન્યા.

બંધુઓ ! જુઓ, પરદેશી રાજાના જીવનમાં સંતના સંગે કેવું પરિવર્તન કરાવ્યું ! આટલા માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે સંગ કરો તો સંતનો અને સજ્જનોનો કરો, પણ આજે સંતોની-ત્યાગીની વાતો કોને ગમે છે ? ત્યાગીની વાતો હુંબક લાગે છે, અને વાસનાઓ વધતી જાય છે એ વાસનાઓથી ભરેલી દૃષ્ટિ સૌંદર્યને શોધે છે. જ્ઞાનનો ઉપાસક, શીલનો

ઉપાસક આજે સૌન્દર્યનો ઉપાસક બની ગયો છે, તેથી વિલાસી ચિત્રો જોવા કેટલા દિવસ અગાઉથી ટિકિટો મંગાવી રાખે છે. એવા વિલાસી ચિત્રો જોઇને ભોગપ્રધાન જીવનમાં એનું આંધળું અનુકરણ કરવા લાગે છે, તેથી ત્યાગ, શીલ વિગેરેથી મઘમઘતું માનવજીવન વિલાસમય બનતું જાય છે અને માનવ ભોગો તરફ ઢળતો જાય છે. શીલ વિનાનો માનવ કીડાથી ખદબદતા કૂતરા જેવો છે. જેના શરીરમાં ચાંદા પડી ગયા છે તેમાં કીડા ખદબદે છે, દુર્ગંધ મારે છે, આવો કૂતરો જ્યાં જાય ત્યાં બધા એનાથી ભયભીત રહે છે અને તે બધેથી હડધૂત થાય છે તેમ શીલ વિનાનો માનવી જ્યાં જાય ત્યાં તેને બધા હડધૂત કરે છે એનો કોઇ વિશ્વાસ કરતું નથી. આટલા માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે શીલ વિનાના જીવનની કોઈ કિંમત નથી. શીયળ એ માનવજીવનનું સર્વોપરિ શિખર છે. માનવમાં વિનય, નમ્રતા, ઉદારતા, સરળતા, જ્ઞાન આદિ ગમે તેટલા ગુણો હોય પણ જો તેનું શીલ ચોખ્ખું ન હોય તો બીજા ગુણોની કોઇ કિંમત નથી. ઘણાં માણસો પર્વત ઉપર ચઢવાની તાલીમ લઈને હિમાલય જેવા ઉંચામાં ઉંચા પર્વતના શિખર ઉપર ચઢે છે તેમ આપણે પણ શીયળ વ્રત પાળવાની તાલીમ લઇને શીલધર્મના ઉંચામાં ઉંચા શિખરને સર કરીને આત્મિક સુખની પ્રાપ્તિ કરવાની છે.

પહેલાના માણસો ફાનસ સળગાવતા હતા. આજે તો ઘરઘરમાં લાઇટો આવી ગઇ છે. એ ફાનસમાંથી પણ બોધ મળી શકે છે. ફાનસમાં કેરોસીન પૂરીને તેને વાટ દ્વારા ઉંચે ચઢાવવામાં આવે છે ત્યારે અંધારા ઓરડામાં પ્રકાશ પથરાય છે, પણ જો ફાનસનું તળીયું કાણું હોય તો તે કેરોસીન ઉંચે જવાને બદલે જમીનમાં ચૂસાઈ જાય છે જેથી ફાનસ અંધકાર નષ્ટ કરી શકતું નથી, તેવી રીતે જો માનવ શીયળવ્રતનું પાલન કરે તો વીર્યશક્તિને ઉર્ધ્વગામી બનાવી આત્માનું ઓજસ વધારીને જીવનને તેજસ્વી બનાવી શકે છે, અને જો શીયળવ્રતનું પાલન ન કરે તો વીર્યશક્તિને ક્ષીણ કરીને જીવનને અંધકારમય બનાવી દે છે. જેમણે શીયળવ્રતનું પાલન કરીને આત્માનું સૌંદર્ય ઝળકાવ્યું હતું એ પુરૂષ કોણ હતા ? તે તમે જાણો છો ? હમણાં નહિ ખબર પડે પણ હું કહીશ ત્યારે એમ થશે કે આ તો અમને આવડતું હતું. શીયળવંતા સુદર્શન શેઠના જીવનમાં કેવી કપરી કસોટી આવી હતી છતાં કેવા અડગ રહ્યા.

"શીલના સૌંદર્યથી ઝળહળતા સુદર્શન" :- શ્રેણીક રાજાની અભયા નામની રાણીને એની કપિલા નામની દાસીએ કહ્યું કે આપણી નગરીમાં સુદર્શન શેઠ ખૂબ સૌંદર્યવાન છે. એના સૌંદર્ય આગળ દેવ પણ ઝાંખા પડી જાય. આ સાંભળીને અભયા રાણીને સુદર્શન શેઠ પ્રત્યે મોહ જાગ્યો, એટલે તેણે એની પંડિતા દાસીને સુદર્શન શેઠને પોતાના મહેલે લઇ આવવાનો હુકમ કર્યો. પંડિતા દાસીએ કહ્યું--મહારાણીજી ! સુદર્શન શેઠ એ કોઇ સામાન્ય માણસ નથી. ફણીધર નાગના મસ્તકેથી મણી લાવવો સહેલ છે પણ સુદર્શન શેઠને શીયળથી ભ્રષ્ટ કરવા તે મહાન અઘરું કામ છે, પણ કામાતુર

બનેલી રાણી માની નહિ. પંડિતા તો ગમે તેમ તોય દાસી હતી એટલે રાણીની આજ્ઞાને આધીન થવું પડયું, પણ સુદર્શન શેઠને કેવી રીતે અભયાના મહેલે લાવવા તે માટેનો ઉપાય શોધવા લાગી.

ખૂબ વિચારને અંતે એક ઇલાજ શોધ્યો. રાણીએ દાસીના કહેવા મુજબ એક કામદેવનું પૂતળું બનાવડાવ્યું. આ પૂતળાને દરરોજ પાલખીમાં બેસાડીને બહાર ફરવા મોકલતી. અનુચરો એને લઈને જતાં ને પાછા આવી જતા. આ રીતે રોજ કરવા લાગી. આમ કરતાં એક દિવસ કૌમુદી મહોત્સવ આવ્યો. આખું ગામ કૌમુદી મહોત્સવ ઉજવવા ગયું છે, પણ સુદર્શન શેઠ નથી ગયા. એ પૌષધ બાંધીને પૌષધશાળામાં બેઠા હતા. આ વાતની અભયાને ખબર પડી એટલે એ પણ કૌમુદી મહોત્સવમાં ન ગઈ. તકનો લાભ લઈને તેણે સુદર્શન શેઠને લેવા પાલખી મોકલી. આ સમયે સુદર્શન શેઠ ધ્યાનમાં હતા એટલે અનુચરોને ઠીક પડયું. શેઠને ઉંચકીને પાલખીમાં બેસાડી તેમના ઉપર કપડું ઢાંકીને અભયાના મહેલે લાવ્યા, પછી પંડિતા ત્યાંથી રવાના થઈ ગઈ. મહેલમાં અભયા રાણી અને સુદર્શન શેઠ બે જણા રહ્યા. રાણીએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી. તે પૂર્ણ કરવા સુદર્શન શેઠને સમજાવ્યા પણ શેઠ મૌન રહ્યા. કંઈ જ ન બોલ્યા, ત્યારે અનેક પ્રકારની કુચેષ્ટાઓ કરવા માંડી. છતાં સુદર્શનને એની અસર ન થઈ. એ તો નિર્વિકારી રહ્યા. રાણીની ઇચ્છાને આધીન ન થયા.

'અભયા રાણીએ કરેલો પ્રપંચ' :– બંધુઓ ! સુદર્શન શેઠે પાંચ ઇન્દ્રિયો અને મન ઉપર કાબુ મેળવી જીવનમાં શીલધર્મનું સત્ત્વ ખીલવ્યું હતું, તેથી કસોટીના સમયે અડગ રહી શકયા. પોતાની ઇચ્છાને આધીન ન થવાથી અભયાએ ધમકી આપવા માંડી કે હે સુદર્શન ! જો જીવવું હોય તો મારી ઇચ્છાને આધીન બની જા. નહિતર તારા માથે મોતની તલવાર લટકી રહી છે. ખૂબ ધમકી આપી છતાં સુદર્શન અડગ રહ્યા. રાત આખી પૂરી થવા આવી એટલે અભયાએ વિચાર કર્યો કે હવે એને કલંકિત કરું તો મારો દોષ ઢંકાઈ જાય. આવો વિચાર કરીને પોતાની જાતે પોતાના શરીરે નખ માર્યા, વાળ છૂટા મૂકી દીધા, કપડાં ફાડી નાંખ્યા પછી બૂમો પાડી કે દોડો....દોડો. આ દુષ્ટ સુદર્શને મારા ઉપર બળાત્કાર કર્યો. રાણીની ચીસો સાંભળીને રાજસેવકો દોડી આવ્યા. સેવકોએ રાજાને સમાચાર આપ્યા, તેથી રાજા પણ આવ્યા. અભયાને પૂછયું કે શું બન્યું છે ? એટલે રાણીએ રાજાને વાત કરી. રાજાએ રાણીની વાત સાંભળી. અભયા રાણીના દેહ ઉપર નખ માર્યાના ચિન્હો જોયા અને સુદર્શન પણ ત્યાં જ છે. બધી વાત બંધબેસતી છે પણ રાજા સુદર્શન માટે આ વાત માનવા તૈયાર નથી, કારણ કે સુદર્શન શેઠની શીલધર્મની પ્રતિભા આખી નગરીમાં ખૂબ હતી, તેથી રાજાએ સુદર્શનને પૂછયું–આમાં સત્ય શું છે ? પણ શેઠ મૌન રહ્યા, કારણ કે એ સમજતાં હતાં કે જો હું સત્ય વાત કહી દઈશ તો મહારાજા

અભયાને શિક્ષા કરશે. એના કરતાં હું જ શિક્ષા ભોગવી લઉં એમાં મારી શોભા છે. આમ વિચારીને મૌન રહ્યા. રાજાએ ઘણીવાર પૂછ્યું છતાં સુદર્શન મૌન રહ્યા.

"કપરી કસોટીમાં પણ બીજાનું ભલું કરવાની ભાવનાવાળા શેઠ" :– રાજાને તો ન્યાય કરવો જોઈએ. એટલે રાજાએ તેમને શૂળીએ ચઢાવવાની આજ્ઞા કરી. આ વાતની જાણ થતાં નગરીમાં હાહાકાર મચી ગયો. અહો, સુદર્શન શેઠ તો કેવા પવિત્ર છે ! આમાં રાણીનો કોઈ પ્રપંચ લાગે છે પણ એ કેમ મૌન રહ્યા છે ? આ વાત સુદર્શનની પત્ની મનોરમા શેઠાણીના કાને આવી. લોકો એને કહેવા ગયા પણ એને જરા પણ ગભરામણ ન થઈ કારણ કે એ સમજતી હતી કે મેરૂ પર્વત કદાચ ચલાયમાન થાય, સૂર્ય પશ્ચિમમાં ઉગે, પાણીમાંથી અંગારા ઝરે અને અગ્નિમાંથી શીતળતા ઝરે તો પણ મારા પતિ શીલ ધર્મ ચૂકે નહિ. એટલો એને એના પતિ પ્રત્યે વિશ્વાસ હતો. તમારી પત્નીને તમારા ઉપર આટલો વિશ્વાસ છે ? સુદર્શન અને તેની પત્ની બંને શીલવંતા હતા, તેથી આ વાતની જાણ થતાં મનોરમાએ પૌષધશાળામાં જઈને શાસનદેવને પ્રાર્થના કરી કે હે શાસનદેવ ! જો અમે બંને શુદ્ધ અને પવિત્ર હોઈએ તો મારા પતિના માથે આફત આવી છે તે દૂર કરો. જ્યાં સુધી મારા પતિના માથે આવેલું સંકટ ન ટળે ત્યાં સુધી મારે અન્ન જળના પચ્ચખાણ છે, એમ કહીને તે નવકાર મંત્રના ધ્યાનમાં લીન બની ગઇ.

રાજાના માણસો સુદર્શન શેઠને શૂળીએ ચઢાવવા લઈ આવ્યા પણ સુદર્શનને તો નામ ગભરાટ નથી, કારણ કે પોતે રાણી સામે કુદૃષ્ટિ કરી જ નથી પછી શેની ચિંતા હોય? એમના શીયળના પ્રભાવે અને અપૂર્વ શ્રદ્ધાના બળે શાસનદેવે સહાય કરી અને શૂળી ફોટીને સુવર્ણમય સિંહાસન બની ગયું. અસત્યના ગાઢ આવરણો ભેદાઈ ગયા ને શીલ ધર્મનો જયજયકાર થયો. શીલધર્મના તેજ આગળ દેવોના તેજ પણ ઝાંખા પડે છે. સુદર્શન શેઠના શીલ–સૌંદર્ય આગળ રાજા અને પ્રજા બધા નમી પડયા આનું નામ શીલ અને સૌંદર્ય. આવું સૌંદર્ય તમે ખીલાવો અને શીયળના તેજ ઝળકાવો, તો જ માનવભવ પામ્યાની સાર્થકતા છે. આ ભારતભૂમિ અનેક રત્નોની ખાણ છે. આ ભારતભૂમિ ઉપર આવા અનેક નરરત્નો અને નારીરત્નો પાકયા છે. તમને નરરત્નની વાત કરી. હવે એક નારીરત્નની વાત કરું. એ વાત બરાબર ધ્યાનપૂર્વક સાંભળવા જેવી છે.

સોળમા સૈકામાં બનેલી આ વાત છે. તે સમયે હિંદમાં અકબર બાદશાહનું શાસન ચાલતું હતું. એક વખત દિલ્હીમાં અકબરના હાથ નીચેના બધા રાજાઓને અકબર બાદશાહે કોઈ પ્રસંગે બોલાવ્યા હતા. તે સમયે દિલ્હી હિંદનું મુખ્ય નગર ગણાતું. બધા રાજાઓની સભા ઠઠ ભરાઈ છે. રાજ્યકાર્ય સંબંધી ઘણી વાતચીતો કર્યા પછી અકબર બાદશાહે જ્ઞાનગોષ્ઠીની શરૂઆત કરી. અકબર બાદશાહ તો ખૂબ મોજીલા હતા એટલે અવનવા પ્રશ્નો અને કોયડા શોધી લાવતા. જ્ઞાન ગમ્મત કરતાં બાદશાહે કહ્યું કે હિંદુ ધર્મમાં તો સતી સ્ત્રીઓની ખૂબ

પ્રશંસા કરવામાં આવી છે. સતીઓના શીલનો મહિમા ખૂબ વર્ણવ્યો છે. સતી સ્ત્રીઓ પોતાના પ્રાણના ભોગે પણ શીલ ધર્મનું રક્ષણ કરે છે આવા ઉલ્લેખો મેં ઘણોવાર વાંચ્યા છે. તો હવે હું તમને એક પ્રશ્ન પૂછું કે આટલા બધા રાજપૂત રાજાઓ બેઠા છો. તેમાંથી કોઇને ઘેર આવું નારીરત્ન છે? આ સાંભળીને સભામાં બેઠેલા રાજપૂત રાજાઓ મૌન રહ્યા. આખી સભા શાંત હતી. બાદશાહ દરેકના સામું ધારીધારીને જોયા કરે છે. દરેકના ઘરમાં સતી સ્ત્રીઓ હતી પણ બાદશાહ સામે કહેવાની કોઇની હિંમત ન હતી, કદાચ કહે કે અમારે ઘેર સતી સ્ત્રી છે ને રાજા એની કસોટી કરે તો? કારણ કે આ તો રાજા, વાજા અને વાંદરા કહેવાય. કોઈ એવી કસોટી કરે તો મુશ્કેલીમાં મૂકાઇ જવું પડે. તેના કરતાં મૌન રહેવું સારું. રાજાના પ્રશ્નનો કોઇ જવાબ આપી શકતું નથી એટલે બાદશાહનું મુખ જરા વક્ર બન્યું અને રાજપૂતોના મોઢા ઢીલા પડી ગયા. સૌ નીચું જોઇને બેસી રહ્યા. અકબરે બે-ત્રણ વાર સભામાં કહ્યું–આટલા બધા રાજાઓમાં કોઇને ઘેર સતી સ્ત્રી નથી?

"બાદશાહ સામે ટક્કર ઝીલતો ચાંપરાજ હાડો" :– આ વખતે કોઇએ જવાબ ન આપ્યો ત્યારે ત્યાં બેઠેલા બુંદીકોટાના રાજા ચાંપરાજ હાડાથી આ સહન ન થયું. એ સિંહણનો જાયો ક્ષાત્રતેજથી ઝળહળતો રાજપૂત રાજા ઉભો થયો, અને બોલ્યો–જહાંપનાહ! આ પૃથ્વી અનેક સ્ત્રીરત્નોથી શોભી રહી છે. ભારતની પવિત્ર ભૂમિમાંથી સતી સ્ત્રીઓનો વંશ ગયો નથી. આપના આ સેવકને ઘેર આવી સતી સ્ત્રી મોજુદ છે. આ સાંભળીને બાદશાહે કહ્યું–હાડા! આમ તો દરેક પતિ પોતાની પત્નીને સતી સ્ત્રી માનતો હોય છે પણ સતીની સાચી અબર તો કસોટી થયા પછી પડે. આ શબ્દો બોલતાં બાદશાહના મુખ ઉપર હાસ્યની રેખાઓ તરવરી ઉઠી હતી. બાદશાહના વચનો સાંભળીને હાડાનું લોહી ઉકળી ગયું. એ બોલ્યો–જહાંપનાહ! આ કહેવાની કે કલ્પના કરવાની વાતો નથી. મને મારી પત્ની ઉપર પૂર્ણ શ્રદ્ધા છે. આપને સત્ય વાત કહું છું કે આપને જે પરીક્ષા કરવી હોય તે કરી શકો છો. જો કોઈ મારી પત્નીના શીયળનું ખંડન કરે તો હું મારું માથું આપવા તૈયાર છું અને જો મારી સોનરાણી એનું શીયળવત અખંડિત રાખે તો મારે એનું માથું લેવું, પણ એક વાત ખ્યાલમાં રાખજો કે મારી સોનરાણીનું શીયળ ખંડિત કરવું તે માથું આપીને માત્ર લેવા બરાબર છે. એ પ્રાણ જશે પણ શીયળ નહિ છોડે એવી સતી છે.

ચાંપરાજ હાડાને પોતાની પત્નીના શીલ પર અતૂટ વિશ્વાસ :– અકબર બાદશાહે સભામાં વેધક દૃષ્ટિ ફેરવીને ગર્વથી સૌને ઉદ્દેશીને કહ્યું–બોલો, ચાંપરાજ હાડાની સોનરાણીના સતીત્વની પરીક્ષા કરવાની કોઇનામાં તાકાત છે? એ જમાનાની સતીઓના સતીત્વની પરીક્ષા કરવા જવી તે કંઈ સામાન્ય વાત ન હતી. બહુ કપરું કામ હતું. સતી જો એવા પુરૂષની સામે દૃષ્ટિ ફેંકે તો બળીને ભસ્મ થઈ જાય, અને સતીત્વની કસોટી

કરવા જતાં પોતે જ ફસાઈ જાય એમ હતું. એટલે કોઈ હિંમત કરતું નથી. સભામાં ગંભીર વાતાવરણ છવાઈ ગયું. બાદશાહની દૃષ્ટિ ચારે તરફ ફરે છે. આ સભામાં બાદશાહનો શેરખાં નામનો હજુરીયો સિપાઈ બેઠો હતો. બાદશાહની નજર તેના ઉપર પડતાં તે ઉભો થયો ને બીડું ઝડપ્યું ને બોલ્યો–જહાંપનાહ ! હું જવા તૈયાર છું. એને જોઈને સૌના મનમાં થયું કે આ સામાન્ય સિપાઈ શેરખાં શું કરી શકવાનો છે ? તેને રોકતાં સભાજનો બોલ્યા શેરખાં ! હાડાની હોડ તો તને યાદ છે ને ? શેરખાએ કહ્યું–હા. મને બધું જ યાદ છે પણ મને છ મહિનાની મુદત આપો. ચાંપરાજ હાડાની રાણીનું શીયળ છ માસમાં ખંડિત કરીને આવું તો હાડાનું માથું લઈશ અને જો એ ન કરી શકું તો મારું માથું દઉં. આ શરત નક્કી થઈ. સાથે એ પણ નક્કી કર્યું, કે જ્યાં સુધી શેરખાં ન આવે ત્યાં સુધી ચાંપરાજ હાડાને દિલ્હીમાં નજરકેદ રહેવું. બંનેની શરતોની સહી લેવામાં આવી. ચાંપરાજને પોતાની પત્નીમાં વિશ્વાસ હતો કે મારી સોનરાણી શીયળ અને સૌંદર્યની પવિત્ર પ્રતિમા છે. સાક્ષાત્ શક્તિનો અવતાર છે. એ પ્રાણ છોડશે પણ શીયળ નહિ છોડે. મારે એને સંદેશો કહેવડાવવાની પણ જરૂર નથી. બોલો, તમને તમારી પત્ની ઉપર આટલો વિશ્વાસ છે ? ચાંપરાજ દૃઢ વિશ્વાસ સાથે શાંતિથી દિલ્હીમાં રહેવા લાગ્યો.

"બુંદી કોટામાં સોનરાણીની સુવાસ" :– આ તરફ શેરખાં બીડું ઝડપીને બીજે દિવસે બુંદીકોટા જવા રવાના થયો. ત્યાં જઈને એક ધર્મશાળામાં ઉતર્યો ને બુંદીકોટામાં ફરવા લાગ્યો. ત્યાંના નાગરિકોને પૂછ્યું તમારા રાજા કોણ છે ? અને તે અહીં છે કે નહીં ? અને તમારા રાજા રાણી કેવા છે ? ત્યારે નગરજનોએ કહ્યું કે ભાઈ ! તમે કોઈ પરદેશી માણસ લાગો છો. અમારા રાજાનું નામ ચાંપરાજ હાડા છે. એ અત્યારે રાજ્યના કામે દિલ્હી ગયા છે. અમારા મહારાણીનું નામ સોનરાણી છે. એ મહાન પવિત્ર સતી છે. એમની સામે કોઈ માણસ કુદૃષ્ટિથી જુએ તો બળીને ભસ્મ થઈ જાય. એના મળ–મૂત્રમાં પણ એવી તાકાત છે કે કોઇ રોગીના શરીરે ચોપડે તો એનો રોગ મટી જાય ને ભૂત પલિત હોય તો ભાગી જાય એવો એમના સતીત્વનો પ્રભાવ છે. બુંદી કોટામાં રહીને શેરખાંએ સોનરાણીને મળવા માટેના ઘણાં પ્રયત્નો કર્યા પણ એને મળવાની વાત તો દૂર રહી પણ એનું મુખ સરખું પણ જોવા ન મળ્યું આમ કરતાં ઘણો સમય વીતી ગયો પણ શેરખાંની કોઇ યુક્તિ કામ લાગી નહિ તેથી તે ખૂબ મૂંઝાયો કે હું તો બીડું ઝડપીને આવ્યો છું પણ જો કંઈ નહિ થાય તો ચાંપરાજને મારે શીર આપવું પડશે હવે ગમે તે યુક્તિ કરું પણ હું સોનરાણીનું શીયળ ખંડન કરીને આવ્યો છું તેની ખાત્રી થાય તેવી એકાદ બે ચીજો મળી જાય અને તેના એકાદ બે ગુપ્ત ચિન્હોની માહિતી મળી જાય તો ત્યાં જઈને નિશાની તરીકે બતાવી શકાય અને કહી શકાય.

"નાસીપાસ થયેલા શેરખાંએ કરેલો વિચાર" :– આ બાબતમાં શેરખાંએ ખૂબ વિચાર કર્યો. ખૂબ તપાસ કરતાં એને ખબર પડી કે બુંદીકોટામાં મદનસેના નામની

મહાચતુર વેશ્યા રહે છે. તેને મળું તો મારું કાર્ય સફળ થાય. આમ વિચાર કરીને એ વેશ્યાને ઘેર ગયો. તેને પોતાની બધી વાત કરીને કહ્યું કે તું તો મહાચતુર છે. જો તું કોઈપણ યુક્તિ ગોઠવીને સોનરાણીને હાડાએ યાદગીરીમાં આપેલી એક બે ચીજો લઈ આવે અને સોનરાણીના ગુપ્ત અવયવનું એકાદ ચિન્હ જોઈ આવીને મને કહે તો હું તારો મહાન ઉપકાર માનીશ, અને તારે જિંદગીભર આવો ધંધો ન કરવો પડે એવી ન્યાલ કરી દઈશ. મદનસેનાએ પહેલાં તો જવાની ચોખ્ખી ના પાડી દીધી ને કહ્યું કે હું ગમે તેવી ચતુર હોઉં પણ એ સતીની પાસે મારી યુક્તિ ફાવે તેમ નથી. શેરખાંએ કહ્યું તું જે માંગીશ તે આપીશ પણ મારું કામ કરી દે. ખૂબ કરગર્યો એટલે મદનસેનાએ કામ કરી આપવાની ખાત્રી આપી, એટલે શેરખાંને શાંતિ વળી.

"મદનસેનાએ પાથરેલી જાળ" :- મદનસેના ખૂબ ચતુર હતી. તેમાં પણ સોનરાણીના જીવનથી પરિચિત હતી, તેથી છળકપટ વિના ફાવી શકે તેમ ન હતું, એટલે તેણે વેશ્યાનો સ્વાંગ ઉતારી ક્ષત્રિયાણીનો સ્વાંગ સજ્યો અને ખૂબ દૂર દેશાવરથી આવતી હોય તેમ નોકર ચાકરો અને વાહનો સાથે ઠાઠમાઠથી બુંદીકોટામાં પ્રવેશ કર્યો અને રાજમહેલમાં સમાચાર મોકલાવ્યા કે ચાંપરાજના ફઈબા આવ્યા છે. સોનરાણીને આ ખબર મળતાં તે ખુશ થઈ ગયા. હાડાના ફઈબા પધાર્યા અને તે પણ તેમની ગેરહાજરીમાં પધારે એટલે તેમના સ્વાગત અને સન્માનમાં જરા પણ ખામી ન આવવી જોઈએ. ખૂબ વાજતે ગાજતે ફઈબાનું સ્વાગત કરાવ્યું. સોનરાણીએ ઘણી વખત હાડા પાસેથી ફઈબાના વખાણ સાંભળેલા, તેથી ઘણી વાર સોનરાણીને ફઈબાને મળવાનું મન થતું. તે ફઈબા ઘેર આવ્યા છે એટલે સોનને ફઈબા પ્રત્યે ઘણું માન ઉપજ્યું. સોનરાણીમાં જેટલી વીરતા હતી તેટલી જ સરળતા હતી. ફઈબા સોનની સાથે મીઠી મીઠી વાતો કરીને એવો પ્રેમ બતાવે કે સોનનું હૃદય પીગળી જતું.

"બનાવટી ફઈબાના પ્રેમમાં ફસાયેલો સોનરાણી" :- આજે દુનિયામાં અસલી વસ્તુ કરતાં નકલી વસ્તુનો પ્રકાશ વધુ હોય છે. ખોટું સાચાને ઝાંખુ પાડી દે છે, તે જ રીતે વેશ્યાના કૃત્રિમ પ્રેમે સોનરાણીનું હૃદય જીતી લીધું. સરળ અને ભલી સોનરાણીને ખબર ન હતી કે આ ફઈબાના વેશમાં મહાકપટી વેશ્યા છે. સતી સોનરાણી પતિ પરાયણતા અને સતીત્વનો પ્રભાવ જોઈને વેશ્યાના મનમાં એમ થઈ જતું કે અહો ! ક્યાં આની પવિત્રતા અને ક્યાં મારી અધમતા ! આ અવાજ તેના હૃદય સુધી પહોંચે તે પહેલાં શેરખાંની સંપત્તિ એની આંખો આંજી નાંખતી હતી. ફઈબા પૂછે છે સોન ! મારો હાડો ક્યાં ગયો છે ? હવે મારે જલ્દી જવું છે, ત્યારે સોને કહ્યું, ફઈબા ! તે દિલ્હી ગયા છે. થોડા દિવસમાં આવવા જોઈએ. શી ઉતાવળ છે ? હમણાં શાંતિથી અહીં રોકાવ. આપના ભત્રીજાને મળ્યા વિના નહીં જવા દઉં. તમે જાવ ને એ આવે તો મને ઠપકો આપે.

માટે થોડા દિવસ વધુ રોકાઈ જાવ. ફઈબાએ કહ્યું ભલે. સોન અને વેશ્યા વચ્ચે ગાઢ પ્રેમની ગાંઠ બંધાઈ હતી. હાડાસાહેબના ફઈબા એટલે સોન દિલની બધી વાતો એને કરતી. અને એ પણ સોન જ્યાં જાય ત્યાં સાથે ને સાથે રહેતી. એક દિવસ સોનરાણી વિશાળ હોજમાં એક કપડું પહેરીને સ્નાન કરતી હતી. કપડા ભીંજાઈ જવાથી અંગોપાંગ દેખાઇ જાય છે તે રીતે રાણીની જાંઘ પર લાખાનું ચિહ્ન હતું તે વેશ્યા જોઇ ગઇ એટલે તેને ખૂબ આનંદ થયો, અને પોતાનું કાર્ય પૂરું થવાથી હૈયું હર્ષથી નાચી ઉઠયું.

આ તરફ શેરખાંની મુદત પૂરી થવા આવી છે એટલે હવે વધુ રોકાઇ શકે તેમ ન હતું, તેથી વેશ્યાએ ફરીને કહ્યું સોન ! મારે જવું છે. મને મારા હાડાને મળવાની ખૂબ ઇચ્છા હતી એટલે તારા આગ્રહને માન આપી વધુ રોકાઈ ગઇ પણ એ આવ્યો નહીં. તો તું મારા વતી એને કહેજે કે ફઈબા તારી રાહ જોઇને ગયા. ભોળી સોન કહે છે ફઇબા ! તમારો પ્રેમ ઘણો છે. મારે તમને રોકવાની ઇચ્છા છે પણ તમે ના પાડો છો એટલે વધુ શું કહું ? પણ ફઇબા ! આપના ભત્રીજાની ગેરહાજરીમાં મારાથી આપની સેવામાં કંઇ ખામી આવી હોય કે આપને ઓછું આવ્યું હોય તો માફ કરજો ને ફરીને વહેલા આવજો. આટલું બોલતાં સોનની આંખમાં આંસુ આવી ગયા. ફઈબા કહે છે બેટા ! મને તારી સાથે ખૂબ આનંદ આવ્યો છે. તારો પ્રેમ એવો છે કે મને જવાનું મન થતું નથી પણ હવે રોકાઇ શકું તેમ નથી.

"ફઈબાએ સોનરાણીના વહાલા પ્રતીકની કરેલી માંગણી" :- તેં મારી સેવામાં બિલકુલ ખામી રાખી નથી. મને તારી યાદ ખૂબ આવશે. તો બેટા ! મારી એક ઇચ્છા છે કે મારા હાડાની તલવાર અને રૂમાલ જે તારી પાસે છે તે મને તું યાદગીરી તરીકે આપે તો ઘેર બેઠા તું મને યાદ આવીશ. એને જોઈને હું માની લઇશ કે મારો ભત્રીજો અને વહુ મને મળ્યા. ફઈબાની વાત સાંભળીને સોનરાણીને ખૂબ આઘાત લાગ્યો. તે જમીન પર પડી ગઈ, કારણ કે ચાંપરાજ હાડો જ્યારે બહાર જતો ત્યારે સોન કટાર અને રૂમાલ પ્રેમના પ્રતીક રૂપે લઈ લેતી, અને તેની પૂજા કરતી. આ બે ચીજો આપવાનું સોનાને મન ન હતું. થોડી વારે શાંતિ વળી એટલે બેઠી થઈને કહે છે ફઇબા ! તમે તો મારું હાર્ટ માંગી લીધું. જેમ હાર્ટ વિના માણસ જીવી શકતો નથી તેમ મારા પતિએ આપેલી પ્રિયવસ્તુઓ મને મારા હાર્ટ કરતાં પણ પ્રિય છે. આપ આ સિવાય બીજું કંઇક માંગો. ત્યાં ફઈબાએ મોઢું મચકોડયું. આ જોઈને સોનરાણીના મનમાં થયું કે ફઇબા પ્રત્યે મારા પતિને ખૂબ માન છે અને હું ફઈબાને આ વસ્તુઓ નહીં આપું તો એ મને ઠપકો આપશે અને આપવા માટે મન માનતું નથી, પણ ફઈબાને તો લેવાની પ્રબળ ઇચ્છા હતી તેથી સોનરાણીએ અનિચ્છાએ કટાર અને રૂમાલ આપ્યા. ફઈબાને તો જે જોઇતું હતું તે મળી જવાથી ખુશ ખુશ થઇ ગયા. સરળ સોનરાણીને ખબર ન

હતી કે આનું પરિણામ શું આવશે? મદનસેના તો બરાબર નાટક ભજવીને પોતાને ઘેર ગઈ.

કટાર અને રૂમાલ મળવાથી શેરખાંમાં આવેલું જોમ :- આ તરફ શેરખાંની મુદત પૂરી થવાને ચાર દિવસ બાકી હતા એટલે તે રાહ જોઈને બેઠો હતો. વેશ્યાએ જઈને સોનરાણીના ગુપ્ત ચિહ્નની વાત કરી અને કટાર ને રૂમાલ તેને આપી દીધા એટલે શેરખાંના નિસ્તેજ જેવા બની ગયેલા દેહમાં પ્રાણ આવ્યા ને પગમાં જોમ આવ્યું. પોતાનું કાર્ય સફળ થવાથી તેને ખૂબ આનંદ થયો ને વેશ્યાનો ઉપકાર માની અઢળક સંપત્તિ આપી. વસ્તુઓ લઈને શેરખાં બુંદીકોટાથી રવાના થયો અને દિલ્હીમાં આવી અકબર બાદશાહની સભામાં હાજર થયો. એના મુખ ઉપર આનંદ હતો ને પગમાં વેગ હતો, ત્યારે ચાંપરાજ શું બન્યું હશે તેની ચિંતામાં મગ્ન હતો, પણ સોનરાણી પ્રત્યે મેરૂ જેવો અટલ વિશ્વાસ હતો. બાદશાહે શેરખાં સામે જોઈને પૂછ્યું. શેરખાં! શું કરી આવ્યો? બધાની વચ્ચે શેરખાંએ કહ્યું, સાહેબ! આ શેરખાં કંઈ જેવો તેવો માણસ છે? હું તો જીતના ડંકા વગાડીને આવ્યો છું. ચાંપરાજના મહેલમાં ઘણો સમય રહીને મેં ખૂબ મોજ માણી છે. સોનરાણીની તાકાત છે કે એ શેરખાં સામે ટકી શકે? હું મારું કાર્ય બરાબર સિદ્ધ કરીને આવ્યો છું. સાથે ચાંપરાજે એની પત્નીને યાદગીરી રૂપે આપેલા રૂમાલ અને કટાર નિશાન તરીકે લેતો આવ્યો છું. રૂમાલ ને કટાર જોતાં ચાંપરાજ નીચું જોઈ ગયો. તેની બાજુમાં બેઠેલા તેના અંગત મિત્ર પહાડસિંહે કહ્યું, આ વસ્તુઓ તો ચોરી કરીને પણ લાવી શકાય, એટલે શેરખાં ઉશ્કેરાઈને બોલ્યો. હું આપની સમક્ષમાં ચાંપરાજ હાડાને પૂછું છું કે સોનરાણીની જમણી જાંઘ ઉપર લાખાનું ચિન્હ છે કે નહિ? આ સાંભળીને હાડાના હાજા ગગડયા. એને મરણનો ડર ન હતો પણ આબરૂનો સવાલ હતો. એના મનમાં થયું કે મારી સોનરાણી માટે આ શું બોલે છે? એના અંતરમાં અનેક વિચારો આવ્યા પણ હવે કોઈ ઉપાય ન હતો.

બાદશાહે કહ્યું–હાડા! તમે હારી ગયા છો. હવે મસ્તક ઢેરા તૈયાર થઈ જાવ. આ સાંભળીને સભાજનોનું હૃદય રડી ઉઠયું કે આવા પવિત્ર પુરૂષને સજા થશે? ચાંપરાજ કહે બાદશાહ! મને મરણનો ડર નથી પણ મને મરતાં પહેલાં સોનરાણીને મળવાની ઇચ્છા છે તે પૂરી કરવા માટે ત્રણ દિવસની મુદત આપો. આ હાડો ત્રીજે દિવસે સાંજે હાજર થઈ જશે. બાદશાહે કહ્યું–તમે જાવ પણ જામીન આપતા જાવ. જો તમે ત્રીજે દિવસે સાંજ સુધી ન આવો તો જામીનનું માથું ધડથી જુદું કરવામાં આવશે. હાડો વિચાર કરે છે શીર સાટે જામીન કોણ મળે? ચાંપરાજનો મિત્ર એનો જામીન બન્યો.

ચાંપરાજે સોનને આપેલો ધિક્કાર :- સોનરાણી ઘણાં દિવસથી હાડાની રાહ જોતી હતી. એને આ કપટની કંઈ ખબર ન હતી તે સમયે ચાંપરાજે મહેલમાં પ્રવેશ

કર્યો ને ગુસ્સામાં બોલ્યા–હે રાણી! તને ધિક્કાર છે! ફટફટ એ અભાગણી! નિર્લજ્જ! દુષ્ટ! કુળખંપણુ! પાપણી! તારા પાપે કાલે મારું મસ્તક દિલ્હીના દરબારમાં પડશે. ગમે તેમ તો ય તું આખરે તો સ્ત્રી જાતિને! તારો શું ભરોસો? ધિક્કાર છે તારી જનેતાને! આ શબ્દો સાંભળીને સોન ચમકી. પતિની સામે જઈને પૂછે છે સ્વામીનાથ! મારો શું ગુન્હો છે? મને આ વાતમાં કંઈ સમજાતું નથી. હજુ સોન પૂછે છે તે પહેલાં રાજા કહે છે હું દિલ્હી જાઉં છું. કાલે મારું મસ્તક પડવાનું છે. ન જાઉં તો મારા મિત્રનું મસ્તક ઉડી જાય. એમ કહીને ચાલતા થઇ ગયા. એ સોનને પ્રેમથી મળવા ન્હોતા આવ્યા પણ હૃદયનો રોષ ઠાલવવા આવ્યા હતા. સોન તો ધરતી ઉપર ઢગલો થઇને પડી ગઇ. થોડી વારે મૂર્છા વળી એટલે સ્વસ્થ થઇને વિચારવા લાગી કે મારા પાપે મારા પતિનું મસ્તક જશે! એ મને સમાચાર કહેવા જ આવ્યા હશે! શું મારા નાથનું મૃત્યુ થશે! તો હું તેમના પહેલાં દિલ્હી પહોંચી જાઉં ને વસ્તુસ્થિતિ જાણી લઉં. એ આદર્શ નારીની ફરજ છે, માટે મારે જવું જોઇએ.

બંધુઓ! આ સોનરાણી કાચીપોચી ન હતી. એ એક વીરાંગના હતી. જો અબળા હોત તો રડવા બેસી જાત. એણે પાણીદાર સાંઢણી મંગાવી અને પ્રભુને પ્રાર્થના કરી કે નાથ! જો મેં મારા પતિ સિવાય બીજા પુરૂષોને ભાઇ અને પિતા સમાન માન્યા હોય તો પતિ પહેલાં મને દિલ્હી પહોંચાડી દેજો. એમ કહી પવનવેગી સાંઢણી ઉપર બેસીને દિલ્હી પહોંચી ગઈ ને કોઇ સજ્જનને ત્યાં ઉતારો કર્યો. ત્યાં તેને બધા સમાચાર મળી ગયા. આ સાંભળીને સોનરાણી થોડી વાર સ્તબ્ધ બની ગઇ. હવે તેને સમજાયું કે કૃષ્ણા મને ફંદામાં ફસાવીને કટાર ને રૂમાલ લઈ ગઇ અને ન્હાતા ધોતા પોતાની સાથે રહેતા મારી જાંઘ ઉપરનું લાખું જોઇ ગઇ હશે. એ શેરખાંને મારી પાસે આવવાની હિંમત ન ચાલી એટલે ધૂતારી વેશ્યાનો આશ્રય લીધો હશે અને તે જ કૃષ્ણા બનીને આવી હશે. ખેર, જે બન્યું તે ભલે બન્યું પણ હવે તેમાંથી બચવાનો પ્રયત્ન કરું ને મારા પતિને બચાવી લઉં. હજુ ચાંપરાજ દિલ્હી પહોંચ્યા નથી.

આ તરફ સભા ઠઠ ભરાઇ છે કારણ કે ચાંપરાજનું દિલ્હીના દરબારમાં મસ્તક પડવાનું છે. ત્યાં સોનરાણીએ દરબારમાં સમાચાર મોકલાવ્યા કે બુંદીકોટાથી એક નર્તકી આવી છે. તે સંગીતકળામાં અને નૃત્યકળામાં હોંશિયાર છે. સોનરાણી ૬૪ કળામાં પ્રવીણ હતી. તેનામાં કંઠ અને નૃત્ય કરવાની કળા તો અદ્‌ભૂત હતી. બાદશાહ નૃત્યકળા અને સંગીતકળાના શોખીન હતા. અહીં ચાંપરાજ માટે અને જો તે સમયસર ન આવે તો તેનો મિત્ર પહાડસિંહ માટે ફાંસીનો માંચડો તૈયાર છે, છતાં બાદશાહે કહ્યું કે ફાંસી મોડી આપીશું પણ નર્તકીને કહો કે જલ્દી આવે ને નૃત્ય કરે. સોનને જોઇતું હતું તે મળી ગયું. તે તરત નર્તકીનો સ્વાંગ સજીને રાજસભામાં દાખલ થઈ. સોનરાણીએ એવું સુંદર નૃત્ય કર્યું અને સંગીતના સૂર છોડ્યાં કે જોનારને કલાક મિનિટ

જેવો લાગ્યો. જેમાં જેને રસ હોય છે તેમાં તેનો સમય ક્યાં ચાલ્યો જાય છે તે ખબર પડતી નથી. બધા જોવામાં મસ્ત છે ત્યાં ચાંપરાજ પહોંચી ગયો. ચાંપરાજની દૃષ્ટિ નર્તકી ઉપર પડી. ખૂબ ધારી ધારીને જોતાં એને લાગ્યું કે આ સોનરાણી જ છે, તેથી તેને તેના પર ખૂબ ક્રોધ આવ્યો કે તલવારના એક ઘાએ બે ટુકડા કરી નાખું, પણ બાદશાહની સભામાં અત્યારે એનું કંઈ ચાલે તેમ ન હતું. તેથી ગુસ્સો દબાવી દીધો. સોના પોતાના પતિના મુખ પરના ભાવ નિહાળી રહી હતી પણ અત્યારે એને પોતાનું કાર્ય સાધવું હતું તેથી કંઈ લક્ષમાં લીધા વિના નૃત્ય કર્યા કર્યું. નૃત્ય પૂરું થતાં આખી સભા ખુશ થઈ ને તાળીઓના ગડગડાટ થયા.

"ગુંડાને ખુલ્લો કરવા કરેલો કીમિયો" :– સોનરાણીની અદ્‌ભુત નૃત્યકળા જોઈ ને બાદશાહ તેના ઉપર પ્રસન્ન થયા ને કહ્યું, હે નર્તકી! હું તારી નૃત્ય અને સંગીતકળા જોઈને ખૂબ ખુશ થયો છું. તારે જે જોઈએ તે માંગ. નર્તકી કહે છે જહાંપનાહ! મારે કંઈ નથી જોઈતું. બાદશાહે ખૂબ કહ્યું ત્યારે નર્તકીએ કહ્યું, સાહેબ! થોડા વખત પહેલાં અહીંનો એક ગુંડો બુંદીકોટા આવ્યો હતો. તે મારી એક લાખ સોનામહોરો ચોરી ગયો છે. તે મને અપાવી દો. મારે બીજું કંઈ નથી જોઈતું. બાદશાહ કહે અહીંનો ગુંડો બુંદીકોટા પહોંચી ગયો? બને જ નહિ. છતાં હું કહું છું કે તું એને ઓળખે છે? એનું નામ તું જાણે છે? સોન કહે. એ પોતે કહેતો હતો કે મારું નામ શેરખાં છે. હું બાદશાહની પાસે રહેનારો ચાકર છું ને દિલ્હીમાં રહું છું. સોને છૂપી રીતે શેરખાંને જોયો હતો, એટલે કહ્યું અન્નદાતા! તે અહીં હશે તો હું એને ઓળખી લઈશ. આમ કહીને તેણે સભાજનો તરફ દૃષ્ટિ કરી અને જ્યાં શેરખાં બેઠો હતો તે તરફ દૃષ્ટિ ફેંકીને તેના તરફ આંગળી ચીંધીને કહ્યું કે આ ગુંડો મારી લાખ સોનામહોર ચોરી ગયો છે. આ બધું નાટક જોઈને ચાંપરાજ હાડો તો સજ્જડ થઈ ગયો. બાદશાહે કહ્યું–શેરખાં! અહીં આવ. શેરખાંના હાજા ગગડી ગયા. લથડતા પગે ત્યાં આવ્યો. બાદશાહે કહ્યું–તમે આની લાખ સોનામહોરો ચોરી લીધી છે!

શેરખાં કહે–જહાંપનાહ! મેં તો આ બાઈને સ્વપ્નામાં પણ જોઈ નથી અને એનું ઘર પણ જોયું નથી ને હું એને ઓળખતો પણ નથી, ત્યારે સોનરાણી કહે છે નામદાર! એને પૂછો તો ખરા કે એણે મને જોઈ નથી. મારી સોનામહોરો લીધી નથી તો પછી મારી સાથે મારા મહેલમાં રહીને કેવી રીતે મોજ ઉડાવી છે? આ સાંભળીને શેરખાંનું શરીર ધ્રુજવા લાગ્યું, આંખે અંધારા આવી ગયા ને થોથવાતી જીભે કહે છે સાહેબ! એ તો મારી મા છે. હું એને ઘેર ગયો નથી ને મોજ મજા ઉડાવી નથી. આમ બોલતાં ભોંય પર પડી ગયો. સોનરાણીએ જાણ્યું કે હવે મારું કામ પતી ગયું એટલે તેણે આડો પડદો નંખાવીને નર્તકીનો સ્વાંગ ઉતારી શુદ્ધ ક્ષત્રિયાણીનો સ્વાંગ સજી લીધો અને પડદામાં રહીને બોલી કે શેરખાં મારે

ઘેર આવ્યો નથી, મારું મુખ પણ તેણે જોયું નથી. તેની વાત સાચી છે પણ **'મુજ ઉપર ગુજરી પિતા બાદશાહ જાણી, હું નથી ગણિકા, છું હાડાની રાણી.''** આ પ્રમાણે બોલીને કહ્યું-હું ગણિકા નથી પણ ચાંપરાજ હાડાની રાણી છું, પણ તમારા આ શેરખાંએ બુંદીકોટા આવીને મારું શીયળ ખંડિત કરવા થાય તેટલા વાના કર્યા પણ તે ફાવ્યો નહિ, ત્યારે તેણે મદનસેના ગણિકાનો સંપર્ક સાધ્યો અને એ મારી ફઈજી થઈને મારા ઉપર પ્રેમ બતાવીને રૂમાલ અને કટાર લઈ ગઈ છે. મને તો આનું પરિણામ શું આવશે તેની ખબર ન હતી પણ મારા પતિએ કહ્યું કે તારા પાપે દિલ્હીના દરબારમાં મારું મસ્તક પડશે. ધિક્કાર છે તને ! આટલા ફીટકારના શબ્દો કહીને આવ્યા તેવા પાછા ફર્યા ને હું અહીં આવી છું. ત્યારે પછી શું બન્યું એ તો આપ જાણો છો.

શેરખાંને બાદશાહે ફટકાનો માર મરાવીને પૂછયું-બોલ, સાચી વાત છે? શેરખાંએ કબૂલ કર્યું કે સોન સતી છે. મેં મદનસેના મારફત આ વસ્તુઓ મેળવી છે, તેથી બાદશાહને ખાત્રી થઈ કે સોનરાણી સાચી ક્ષત્રિયાણી અને સતી છે. સોનરાણી કહે-જે થયું તે સારું થયું. મારા પતિ જો ત્યાં ન આવ્યા હોત તો મને કંઈ ખબર પડત નહિ. કદાચ હું તો મારી જીવનલીલા સમાપ્ત કરત તેની મને પરવા ન હતી પણ મારા પતિની ઈજ્જત અને ક્ષત્રિયાણીઓના શીયળ ઉપર કલંક લાગે તેની ચિંતા હતી. તેનો હવે ખુલાસો થઈ ગયો. હવે આપને જેમ કરવું હોય તેમ કરી શકો છો. આ બધું જાણીને ચાંપરાજનો ગુસ્સો શાંત થયો. તેમની છાતી ગજગજ ફૂલી, ધન્ય છે સતી ! સતીની હિંમત, વીરતા અને પવિત્રતાને ! આ જોઈને બાદશાહ ખુશ ખુશ થઈ ગયા ને બોલ્યા-બેટા ! તું મારી દીકરી છે. મને ફરીને એક વાર તારું મુખ બતાવ, સોન કહે-પિતાજી ! બસ, હવે સમય ગયો. ક્ષત્રિયાણીઓના મુખ જોવા એ સહેલા નથી, સભા વચ્ચે સોનના શીયળની અને સચ્ચાઈની પ્રતિભા પડી, અને સૌએ એકી અવાજે અંતરના આશીર્વાદ આપીને સતીનો જયજયકાર બોલાવ્યો. જે ફાંસીનો માંચડો ચાંપરાજ માટે તૈયાર થયો હતો તેના ઉપર શેરખાંને ચઢાવી દીધો. ચાંપરાજને છ છ મહિને બાદશાહની તહેનાત ભરવી પડતી હતી તેમાંથી તેને બાદશાહે મુક્ત કર્યો. ચાંપરાજ હાડાની કીર્તિ ચારે તરફ ફેલાઈ અને સોનરાણીના શીયળની સુવાસ ચારે તરફ મહેંકી ઉઠી જ્યારે જગતના લાખો અને કરોડો ફીટકાર વચ્ચે શેરખાંની જીવનલીલા સમાપ્ત થઈ.

ટૂંકમાં સોનરાણીમાં સૌંદર્ય તો હતું ને સાથે એનું શીયળ નિર્મળ હતું, તો તેનો કેવો પ્રભાવ પડયો ! સૌંદર્ય ગમે તેટલું હોય પણ જો સાથે શીલ ચોખ્ખું ન હોય તો શીલ વિનાના સૌંદર્યની કોઇ કિંમત નથી. સૌંદર્ય નહિ હોય તો ચાલશે પણ શીલ વિના નહિ ચાલે, અને જેનું સૌન્દર્ય સુંદર હોય અને શીલ નિર્મળ હોય તો તેની શોભા ઓર વધી જાય છે. શીલ અને સૌંદર્ય બંનેનો સુમેળ હોય તો જ જીવન શોભી ઉઠે છે, માટે

સૌંદર્ય વધારવા કરતાં પહેલાં શીલ નિર્મળ પાળો તો જીવનની ઉન્નતિ થાય. સોનરાણીના શીલવતે કેવો પ્રભાવ પાડ્યો ! આવા સતીરત્નોથી ભારત દેશ મહાન બન્યો છે. આજે શીલ અને સૌંદર્ય વિષે ઘણું કહેવાયું છે. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

●

વ્યાખ્યાન નં. ૫૨

ભાદરવા સુદ ૪ ને બુધવાર "વિજય પ્રાપ્તિનો ઉપાય" તા. ૬-૯-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! મહાન મંગલકારી પર્યુષણ પર્વ કલ્યાણની કુમકુમ પત્રિકા લઈને આપણે ત્યાં પધાર્યા છે. તેના છ છ દિવસો તો આત્મ આરાધનામાં આનંદપૂર્વક પસાર થઈ ગયા. તેની ખબર પણ ન પડી. આ પર્વ આત્મકલ્યાણનો દિવ્ય સંદેશો લઈને આવ્યું છે. ફક્ત શબ્દના સાથીયાથી જીવન ચણુતર સુંદર બનવાનું નથી. કેવળ મહેલ ચણવાની કલ્પનાઓથી મહેલ ચણાઈ જવાનો નથી. એ માટે યોગ્ય સાધન સામગ્રી જોઇશે, તે રીતે આ મહાન પર્વની ઉજવણી કરવા માટે દાન, શીયળ, તપ અને ભાવની સામગ્રી જોઇશે. જીવનના આંગણે આવેલા આત્મશુદ્ધિના આ સોનેરી અવસરને ઉમંગ અને ઉત્સાહથી અપનાવીને આત્મકલ્યાણ માટે કટિબદ્ધ બનીએ. દિવાળી આવે ત્યારે બહેનો ઘરને વાળીઝૂડીને સ્વચ્છ કરે છે તેમ આ પર્વ માનવીના તનને, મનને અને વચનને શુદ્ધ કરવાનું કહે છે. વસ્તુ જો શુદ્ધ ન હોય તો તેનો ઉપયોગ કરવામાં આનંદ કે ઉલ્લાસ આવતો નથી તેમ જીવનશુદ્ધિ વિના કાર્યમાં આનંદ કે સ્ફુર્તિ ન આવે. આવો આત્મશુદ્ધનો અવસર જીવનમાં વારંવાર આવતો નથી. આજે પર્યુષણ પર્વનો સાતમો દિવસ છે, અને આવતી કાલે સંવત્સરી મહાપર્વનો પવિત્ર દિવસ છે. સાત સાત દિવસ સુધી સાધનાના સરોવરમાં સ્નાન કરીને શુદ્ધ બનેલા આત્માઓ આવતી કાલે એક બીજાની સાથે પરસ્પર ક્ષમાપના કરી આ ભવ અને પૂર્વભવમાં લાગેલા પાપોની આલોચના કરી અને પ્રતિક્રમણમાં વર્ષભર લાગેલા પાપોનું પ્રાયશ્ચિત કરીને શુદ્ધ બનશે.

અનાદિકાળથી આત્માને લાગુ પડેલ ભવરૂપી રોગનું ઔષધ આ પર્યુષણ પર્વ છે. જ્યારે યોગ્ય ઔષધના સેવન સાથે પથ્યાપથ્યનું જ્ઞાન પ્રાપ્ત થાય અને તે પ્રમાણે આચરણ કરે તો રોગનો અંત આવે છે. આ બાહ્યરોગની વાત થઈ પણ આપણે તો આભ્યંતર રોગ વિષય કષાય રૂપ રોગને દૂર કરવાનો છે. જો વિષય કષાયોનો અંત આવે તો ભવ-રોગનો અવશ્ય વિયોગ થઈ જાય. આ પર્વના એકેક અનુષ્ઠાનો કર્મક્ષય માટે છે. આ પર્વનું એક પણ અનુષ્ઠાન જો શ્રદ્ધા અને ભાવપૂર્વક કરવામાં આવે તો જરૂર અજરામર સ્થાન પ્રાપ્ત થઈ જાય. પર્વાધિરાજની પધરામણી અને ઉજવણી દર વર્ષે આપણે કરીએ છીએ. આ ભવમાં સંજ્ઞાતી વખત પણ અનંત ભવોમાં અનંત વખત ઉજવણી કરેલી છે, છતાં જો અન્યા-બાધ સ્થાને ન પહોંચ્યા તો વિચારવું પડશે કે આપણામાં કંઈક ઉણપ છે. એ ઉણપ એ

છે કે વીતરાગ પ્રભુની આજ્ઞા મુજબની ઉજવણી નહીં કરી હોય. કારણ કે "आणाए धम्मो" એ આપણાં જિનાગમનું સોનેરી સૂત્ર છે. જેની જિનશાસનમાં પ્રત્યેક સ્થાને મહત્તા આંકેલ છે, માટે આપણી સર્વ આરાધનાઓમાં જિનાજ્ઞા મોખરે હોવી જોઈએ. મહાનપુરૂષો કહે છે કે સર્વ અનુષ્ઠાનોનો આરાધક પણ જો જિનાજ્ઞાનો વિરાધક હોય તો તે અનંત સંસાર વધારે છે. આત્માના ભવરોગને નાબૂદ કરવા માટે ભાવ ઔષધ સમાન મહાપર્વની આરાધના દ્વારા અનંત ભવરોગીઓ રોગને નિવારી શાશ્વત સુખાનુભૂતિ કરી રહ્યા છે તેમ આપણે પણ કરીએ.

બંધુઓ! ભવરોગને નાબૂદ કરવા માટે સૌથી પ્રથમ આપણે પાંચ ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવો પડશે. ઇન્દ્રિયો ઉપર વિજય મેળવ્યા વિના એ રોગ નાબૂદ નહીં થાય તે માટે આજે આપણા વ્યાખ્યાનનો વિષય રાખ્યો છે "વિજય પ્રાપ્તિનો ઉપાય". જે મનુષ્યો પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મન ઉપર વિજય મેળવે છે તે આત્મા ઉપર અવશ્ય વિજય પ્રાપ્ત કરી શકે છે. આ જીવે બાહ્ય સંગ્રામોમાં તો ઘણી વખત વિજય મેળવ્યો પણ એ વિજય તે સાચો વિજય નથી. એ વિજય તો ક્યારેક પાછો પરાજયમાં ફેરવાઈ જશે. એ વિજય દેહવિલય થતાં વિલય થઈ જશે. સમ્રાટ સિકંદરે લડાઈઓ કરીને કેટલા દેશ ઉપર વિજય મેળવ્યો હતો ને કેટલી સમૃદ્ધ ભેગી કરી હતી! પણ એનો દેહવિલય થયો ત્યારે સાથે એક દેશ કે થોડી ઘણી સંપત્તિ પણ સાથે લઈ ગયો ખરો? આવો વિજય શા કામનો? આ વિજયથી કર્મ બંધાય છે ને સુખ મળતું નથી તો હવે વિચાર કરો કે કોના ઉપર વિજય મેળવવાથી સાચું સુખ મળી શકે?

अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो।
अप्पा दन्तो सुही होइ, अस्सिं लोए परत्थ य॥ ઉત્ત. સૂ અ-૧ ગાથા ૧૫

ભગવાને આ ગાથામાં કેવા સરસ ભાવ બતાવ્યા છે! જગતમાં બધું જીતી શકાય છે પરંતુ આત્મા ઉપર વિજય મેળવવો મુશ્કેલ છે. રાગ-દ્વેષ તથા કષાયોનું દમન કરનાર આત્મા આ લોક અને પરલોકમાં સુખી થાય છે. આટલી એક જ ગાથા ઉપર જો મંથન કરવામાં આવે તો ભવનો બેડો પાર થઈ જાય. સૂત્રની એક ગાથાના ચિંતને કેવો ચમત્કાર સર્જ્યો એ એક ન્યાય આપીને સમજાવું.

એક વખત જૈન સંતો વિહાર કરીને આવતા હતા. વિહાર ખૂબ લાંબો હતો. ચાલતાં ચાલતાં સાંજ પડી ગઈ. સૂર્યાસ્ત થવાનો સમય થઈ ગયો હતો. જૈન મુનિઓ સૂર્યાસ્ત પછી એક કદમ પણ બહાર ચાલે નહિ. પોતાની શારીરિક ક્રિયા માટે ચાલવું પડે તો છૂટ, બાકી ચાલે નહીં. આ સંતો વિહાર કરીને આવતાં હતાં. સ્થાનક દૂર હતું પણ માર્ગમાં નગરશેઠાણીનો એક ભવ્ય મહેલ આવ્યો. સંતોએ પૂછ્યું-બહેન! સૂર્યાસ્ત

થવાની તૈયારી છે. તો તમારા મહેલમાં અમારે કલ્પે તેવી જગ્યા છે? શેઠાણી જૈન હતાં. તે સંતોને જોઇને ખુશ થઈ ગયા ને કહ્યું–ગુરૂદેવ! ઘણી જગ્યા છે. પધારો....પધારો. મારું ઘર આપના પુનીત પગલાથી પાવન થશે. શેઠાણીએ બંગલામાં છેક નીચેના ભાગમાં જગ્યા આપી. આજ્ઞા લઈને સંતો ઉતર્યા.

શેઠાણીનો એકનો એક દીકરો મહેલના સાતમા માળે એની રૂપવંતી સ્ત્રીઓ સાથે આનંદ વિનોદ કરી રહ્યો હતો. પૂર્વના પુણ્યોદયે દુઃખ શું કહેવાય તેની અબર નથી. પોતાને ઘેર સંતો પધાર્યા છે તે પણ જાણતો નથી. આ સંતો પ્રતિક્રમણ કરીને સ્વાધ્યાય કરવા બેઠા. એનો મધુર રણકાર મહેલના સાતમે માળે પહોંચ્યો. સ્વાધ્યાય કરતાં "નલીની ગુલ્મ વિમાન" આટલો શબ્દ શેઠાણીના પુત્રના કાને અથડાયો. 'નલીની ગુલ્મ વિમાન" આ શબ્દ સાંભળતાં સ્ત્રીઓ સાથે આનંદ કરી રહેલા શ્રેષ્ઠીપુત્રના મનમાં થયું કે આવું મેં કયાંક સાંભળ્યું છે. એના ઉપર ચિંતન કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું, એટલે નલીની ગુલ્મ વિમાન એની નજર સમક્ષ દેખાયું. તેમાં પોતે કયાં હતો, કેવા સુખો ભોગવ્યા હતા એ પ્રત્યક્ષ જોયું. એને આ સંસારના સુખો ગંધાતી ગટર જેવા લાગ્યા. સ્ત્રીઓની સાથે આનંદ કરવાનો છોડીને એકદમ ઉભો થઈ ગયો. એની પત્નીઓ કહે છે સ્વામીનાથ! એકદમ ઉઠીને કયાં ચાલ્યા? ત્યારે કહે છે હવે હું આ સંસારમાં રહી શકું તેમ નથી. તે સડસડાટ સીડી ઉતરીને માતા પાસે આવ્યો. માતાના ચરણમાં પડીને કહે છે માતા! મને દીક્ષાની આજ્ઞા આપ.

માતા કહે છે દીકરા! તને એકદમ આ શું થઈ ગયું? કે આમ દીક્ષા લેવાનું કહે છે? માડી! હવે હું આ સંસારમાં રોકાઈ શકું તેમ નથી. મારે જલ્દી દીક્ષા લેવી છે. જુઓ, એણે સાધુને જોયાં નથી. સંતોને પણ અબર નથી કે શેઠાણીનો દીકરો છે. એ તો એમની સ્વાધ્યાયમાં લીન છે. માતાએ પૂછયું બેટા! તને વૈરાગ્ય કેમ આવ્યો? પુત્રે વાત કરી એટલે સમજી ગઈ કે સંતોની સ્વાધ્યાયનો રણકાર સાંભળ્યો લાગે છે. આ જગ્યાએ જો તમે હોત તો એમ જ કહેત કે સંતોને ઘરમાં રાખ્યા તો મારું જ ઘર ખોદ્યું. માતાએ કહ્યું–બેટા! દીક્ષા લેવી તે જેવી તેવી વાત નથી. મહાદુષ્કર છે પણ જેને પૂર્વભવોનું જ્ઞાન થયું છે, જે પૂર્વે ચારિત્ર પાળીને નલીની ગુલ્મ વિમાનના સુખો ભોગવીને આવ્યો છે એને અહીં કેમ ગમે? માતાને સમજાવીને ગુરૂ પાસે આવી દીક્ષા લીધી. હવે નવદીક્ષિત સાધુ ગુરૂદેવને કહે છે ગુરૂદેવ! આપની આજ્ઞા હોય તો સ્મશાનભૂમિમાં જઇને પડિમા વહન કરું. એની યોગ્યતા જોઈ ને ગુરૂએ આજ્ઞા આપી.

આ નવદીક્ષિત સંત સ્મશાન ભૂમિમાં જઈને પડિમા વહન કરવા કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા રહ્યા. રાત્રીના સમયે ભૂખી શિયાળણી આવીને તેમના પગે બટકા ભરવા લાગી. બીજી તરફ એના બચ્ચા બટકા ભરવા લાગ્યા. આ સમયે મુનિએ ખૂબ સમતા રાખી. પગ કરડી ખાધા એટલે મુનિ ભૂમિ ઉપર ઢળી પડયા તેથી પેટ ચીરીને માંસ ખાવા લાગી. શિયાળણીને

માંસ આવાની મઝા આવી ને મુનિને કર્મની સજા થઈ, પણ સંતે ખૂબ ક્ષમા રાખી. તે કાળ કરીને નલીની ગુલ્મ વિમાનમાં ગયા. આ તરફ એની માતા અને પત્નીઓ દર્શન કરવા આવ્યા. બધા સંતોના દર્શન કર્યા પણ નવદીક્ષિત સંતને ન જોયા એટલે ગુરૂને પૂછયું– આપના નવદીક્ષિત શિષ્ય કયાં ગયા ? ગુરૂ જ્ઞાની હતા. એમણે પોતાના જ્ઞાનબળથી જાણી લીધું હતું કે મુનિ કયાં ગયા ? તેથી કહ્યું કે એ તો એમના આત્માનું કાર્ય સાધીને જ્યાંથી આવ્યા હતા ત્યાં ગયા. માતાને પુત્રના અને પત્નીઓને પતિના દર્શન ન થવાથી ખૂબ દુઃખ થયું. એમને પણ અંતે સંસાર અસાર લાગ્યો ને દીક્ષા લીધી.

ટૂંકમાં મારો કહેવાનો આશય એ છે કે ભગવાનની વાણીમાં કેવો જાદુ છે કે એક શબ્દે પુત્રને મોહ નિદ્રામાંથી જાગૃત કરી આત્મવિજય પ્રાપ્ત કરાવ્યો. દુનિયામાં પોતાની સત્તાથી કે સંપત્તિથી બીજા ઉપર વિજય મેળવવો તે કંઇ સાચો વિજય નથી. સાચો અને શ્રેષ્ઠ વિજય કયો છે ? જ્ઞાની પુરૂષોએ સાચો વિજય કોને કહ્યો છે ? "एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ !" એક આત્મા ઉપર વિજય પ્રાપ્ત કરો, એ જ સર્વશ્રેષ્ઠ વિજય છે. ઇન્દ્રિયો ઉપર વિજય મેળવનાર આત્મા સહેજે પોતાના આત્મા ઉપર વિજય મેળવી શકે છે, પણ આજે જીવની દશા બદલાઇ ગઇ છે. એને આત્માની પીછાણ જ નથી થઈ એટલે ચેતન એવો આત્મા જડ જેવો બનતો જાય છે, જડની દુનિયામાં વિચરતો અને કલ્પનાની પાંખે આકાશમાં ઉડતો હોવા છતાં આત્મા જેવી ચીજને ભુલતો જાય છે. જીવન શું ચીજ છે ? જીવન કેવી રીતે જીવવું જોઇએ ? એવા વિચારને પણ એના મગજમાં જ્યાં અવકાશ નથી ત્યાં આત્માને જીતવાનું કે રાગ–દ્વેષ હટાવવાનું તો એને ભાન જ કયાંથી હોય !

બંધુઓ ! માનવભવની સાર્થકતા કે નિષ્ફળતાનો આધાર આત્માની સાધના ઉપર છે. જેણે આત્માને ઓળખ્યો હોય, જેને આત્મા ઉપર શ્રદ્ધા હોય તેને આત્માની સાધનાનો વિચાર આવે છે પણ લક્ષ્મીના લાલચુઓ અને ભોગના ભિખારીઓ તો એ વસ્તુઓ મેળવવામાં ને ભોગવવામાં હિતાહિતનો વિવેક ખોઈ બેસે છે. એવો આત્મા કદાચ દુનિયા ઉપર વિજય મેળવશે પણ એનું અંતર તો અનેક પરાજયોની હારમાળાથી લદાયેલું હશે કે જે એના જીવનને કોતરી ખાતું હશે, આટલા માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે આત્મવિજય એ જ શ્રેષ્ઠ વિજય છે. એ માટે પહેલાં પાંચ ઇન્દ્રિયો ઉપર વિજય મેળવો.

એક વખત ઘણાં સાધુઓ ભેગા થયા. સાધુસંતો ભેગા થાય ત્યારે તેઓ જ્ઞાનચર્ચા કરે છે. આત્મિક જ્ઞાનના રસની લૂંટાલૂંટ થાય છે. તમે બધા ભેગા થાવ ત્યારે શું કરો ? બોલો, સંસારની વાતો. જ્યારે સાધુઓની સભા ભરાઈ એમાં ચર્ચા ચાલી. ચર્ચાનો વિષય એ હતો કે પાંચ ઇન્દ્રિયોમાં કઈ ઇન્દ્રિય ઉપર વિજય મેળવવો મુશ્કેલ છે ? એ વિષયમાં ખૂબ વિચારણા કરી પણ કોઈ એનો નિર્ણય કરી શકયું નહિ, ત્યારે એક ડાહ્યા ને ગંભીર

સાધુએ કહ્યું–આ ચર્ચાનો નિર્ણય કરવા માટેનો એક રસ્તો બતાવું. સાંભળો, આમાંથી પાંચ સાધુઓ તૈયાર થાવ અને તે દરેકને એકેક ઇન્દ્રિય ઉપર વિજય મેળવવાનું કામ સોંપી દો. પછી તેમને પૂછી લો એટલે આપોઆપ નિર્ણય થઈ જશે કે કઈ ઇન્દ્રિય ઉપર વિજય મેળવવો મુશ્કેલ છે. આ વાત બધા સંતોને ગમી, તેથી પાંચ સાધુઓ તૈયાર થયા. વડીલ સંતોએ જેને જે ઇન્દ્રિય ઉપર વિજય મેળવવાની આજ્ઞા ફરમાવી તે પ્રમાણે નક્કી કરીને પાંચ સાધુઓને એકેક ઇન્દ્રિય ઉપર વિજય મેળવવા ચાતુર્માસમાં જુદા જુદા સ્થળે મોકલ્યા. પાંચે ય સાધુઓ એકેક ઇન્દ્રિય ઉપર વિજય મેળવીને ચાતુર્માસ પૂરું કરીને પાછા ફર્યા. બધા સાધુઓ ભેગા થયા. પાંચે સાધુઓને બોલાવીને પૂછવામાં આવ્યું કે કઈ ઇન્દ્રિય જીતવી મુશ્કેલ છે ?

જે સાધુએ જીભ ઉપર વિજય મેળવ્યો હતો તે બોલ્યા–દુનિયામાં બધું જીતવું સહેલ છે પણ જીભ ઉપર જીત મેળવવી ઘણી કઠીન છે. કહેવત છે ને કે "જેણે જીભ જીતી તેણે જગ જીત્યું." કારણ કે બધી ઇન્દ્રિયોના કામ એક અને તેમની સંખ્યા બે છે. આંખ બે છે ને કામ એક જોવાનું કરે છે, કાન બે છે ને કામ એક સાંભળવાનું કરે છે, જ્યારે જીભ એક છે ને તેના કામ બે છે. એક બોલવાનું અને બીજું ખાવાનું. બોલતાં આવડે તો વૈરીને વશ કરે છે અને ખાતા આવડે તો શરીરને પુષ્ટ બનાવે પણ જો એ આવડતને બદલે ચટકા જ કરવા જાય તો બોલવામાં જગતને શત્રુ બનાવે અને ખાવામાં હાથ–પગ, માથું એમ આખા શરીરને હેરાન થવાનું થાય. કામ કરી જાય જીભ અને હેરાન થાય બીજા. આટલા માટે કુદરતે પણ બીજી બધી ઇન્દ્રિયોને બહાર રાખી અને જીભને અંદર પૂરીને તેને ફરતી બત્રીશીની ચોકી મૂકી અને હોઠનું તાળું દીધું, તો પણ આ જીભને વશ રાખવા માટે કેટલી તકેદારી રાખવી પડે છે. એને જીતવા જતાં મારા નાકે દમ આવી ગયો માટે રસેન્દ્રયને જીતવી મુશ્કેલ છે.

એક સાધુની વાત પૂરી થઈ ત્યાં બીજા સાધુ બોલી ઉઠયા–જીભ ઉપર કાબૂ મેળવવો એમાં શી મોટી વાત છે ? આંખને જીતવી તે કંઈ નાની સૂની વાત નથી. જ્યાં નવા નવા રૂપ દેખે, નવા નવા દૃશ્યો જોવા મળે એટલે આંખડી એમાં મસ્ત બની જાય. આંખ દ્વારા પદાર્થો જોઈએ એટલે તેને મેળવવાનું મન થાય. આંખ સામે સુંદર રૂપ અને દૃશ્યો ખડા થાય એટલે તે તરફ ગયા વિના રહે જ નહિ. મહામુશીબતે એને રોકી શકાય છે. માટે મારો અનુભવ તો એમ કહે છે કે જીભને જીતવા કરતાં આંખને જીતવાનું કામ અઘરું છે.

ત્યાં ત્રીજા સાધુ કહે છે કે હવે બેસો છાનામાના. વરને તો વરની માતા જ વખાણે ને ! જીભને જીતવી કે આંખને કાબૂમાં રાખવી એમાં કંઈ તમારી બહાદુરી નથી. એના કરતાં શ્રોતેન્દ્રિય ઉપર વિજય મેળવવો કઠીન છે, કારણ કે કોઈ આપણું સારું બોલે કે

ખરાબ બોલે, કોઈ નિંદા કરે કે કોઈ પ્રશંસા કરે અગર કોઈ આપણને કટુ શબ્દો કહી જાય આ બધું કાન દ્વારા સંભળાય છે, એટલે બોલનાર પ્રત્યે રાગ-દ્વેષ થાય છે. આપણું સારું બોલનાર પ્રત્યે રાગ આવે છે ને ખરાબ બોલનાર પ્રત્યે દ્વેષ આવે છે કે ક્રોધ આવે છે. અરે એને મારી બેસીએ પણ ખરાં. માટે શ્રોતેન્દ્રિયને જીતવી મુશ્કેલ છે.

ચોથા સાધુ કહે છે તમારી બધાની વાત છોડી દો. આંખ, કાન અને જીભ ઉપર વિજય મેળવનારા તમે બધા સ્પર્શેન્દ્રિય ઉપર વિજય મેળવો ત્યારે સાચા. મખમલ જેવા કોમળ સુંવાળા ચામડીના સ્પર્શોથી ભલભલા આળોટી જાય છે. આવા મનગમતા મૂલાયમ સ્પર્શોને વહાલા માનનાર સ્પર્શોથી દૂર રહીને સ્પર્શેન્દ્રિય જીતવામાં જ બહાદુરી છે, ત્યારે એક સાધુએ કહ્યું સારી અને ખરાબ ગંધ આવે ત્યારે ઘ્રાણેન્દ્રિયને વશ રાખવી મુશ્કેલ છે. અત્તર, ગુલાબ અને મોગરાની સુગંધ આવે ત્યારે નાકને બહુ ગમે છે અને વિષ્ટાની દુર્ગંધ આવે ત્યારે નાક આડા ડુચા દેવા પડે છે, ઉલ્ટી આવે છે. આ સમયે ઘ્રાણેન્દ્રિયને સમભાવમાં રાખવાનું કામ અઘરું છે.

આવી રીતે જે સાધુએ જે જે ઈન્દ્રિય વશ કરી હતી તેની તેમણે મહત્તા બતાવી, પણ કઈ ઇન્દ્રિય જીતવી મુશ્કેલ છે તેનો નિર્ણય અધૂરો રહ્યો તેથી નિર્ણય કરવા ભગવાન પાસે આવ્યા ને પોતાના પ્રશ્નની રજુઆત કરી. સર્વજ્ઞ ભગવાને કહ્યું-હે મારા સાધકો ! તમે સાંભળો. પોતપોતાની રીતે તમે બધા સાચા છો. હવે હું તમને એક ન્યાય આપીને સમજાવું. સાંભળો. એક મોટો મહેલ છે. તેને પાંચ દરવાજા છે. તેમાં એક દરવાજે ચોકી પહેરો મૂકીએ ને ચાર દરવાજા ચોકી પહેરા વિના ખુલ્લા મૂકીએ તો લૂંટાવાનો ભય ખરો કે નહિ ? બધા સાધુએ કહ્યું-હા, ભગવંત ! હવે માનો કે ચાર દરવાજે ચોકી પહેરો મૂકીએ ને એક દરવાજે ચોકી પહેરા વિનાનો ખુલ્લો રાખીએ તો પણ લૂંટાવાનો ડર તો ખરો જ ને ? હાં. એટલે આનો અર્થ એ છે કે પાંચે દરવાજે ચોકી પહેરો રાખવો જોઈએ. એક પણ દરવાજે ચોકીપહેરા વિનાનો રાખીએ તો ચોરનો ભય રહે જ છે. તે રીતે હે સાધુઓ ! આ તમારા પ્રશ્નનો જવાબ છે. કહેવાનો આશય એ છે કે મન રૂપી મહેલના પાંચ ઇન્દ્રિયોના દરવાજામાંથી કઈ ઇન્દ્રિયના દરવાજા ઉપર ચોકી રાખવી તે કોઈ મહત્વની વાત નથી, કારણ કે ચોર તો જે દરવાજે ખુલ્લો હોય તે દરવાજેથી પ્રવેશ કરીને ચોરી કરી જાય છે. જેણે જીભ ઉપર જીત મેળવી હોય છતાં જાતજાતના સુંદર સંગીત સાંભળવામાં, સુગંધી તેલ, અત્તર વિગેરે વસ્તુના મોહમાં પડે, આંખ વિગેરે ઇન્દ્રિયો જીતી હોય પણ સ્વાદિષ્ટ ભોજનો ખાવા માટે જીભ લપકારા મારતી હોય, તો એ બધું સરખું છે. પાંચે ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવો જોઈએ. મન ઉપર વિજય મેળવી લીધાં પછી પાંચ ઇન્દ્રિયો તો જીતાઇ જશે. સેનાપતિ જાય તો સૈન્ય તો જીતાયેલું જ છે, તેમ મન જીતી લીધા પછી ઇન્દ્રિયો તો જીતાઈ જ જવાની છે.

દેવાનુપ્રિયો ! જીવન એ એક સંગ્રામ છે. સંસાર એ સમરાંગણ છે, અને આત્મા એ લડવૈયો છે. દુષ્ટ મન એ દુશ્મન છે અને ઈન્દ્રિયો એનું સૈન્ય છે. કામ, ક્રોધ, મોહ, રાગ, દ્વેષ એના શસ્ત્રો છે. એની સામે આત્માને સંયમના શસ્ત્રથી લડવાનું છે. જો સંયમનું શસ્ત્ર ગુમાવ્યું તો આત્મા હાર્યો સમજો. મનને જીતવા માટે સંયમ રૂપી શસ્ત્ર ખૂબ મહત્વનું છે. જે જીવનને ક્ષણે ક્ષણે જાગૃત રાખે, સંયમના શસ્ત્ર વડે પૂર્ણ સંભાળ રાખે તે મનને જીતી શકે છે. આત્મસંયમ કેળવવો એ વિજય મેળવવાની અમોઘ ચાવી છે. આત્મસંયમ કેળવનારે જીવનમાં પ્રત્યેક ક્ષણે સજાગ અને સચેત રહેવું જોઈએ. પદાર્થોના પહાડ ખડકી દેવા કે મોટા મોટા સામ્રાજ્યો જીતી લેવા માત્રથી વિજયી નથી બનાતું, પણ ભોગોને તજીને મનને જીતવામાં સાચો વિજય છે વિજય મેળવનાર સાધક તો ભોગોને રોગોનું કેન્દ્રસ્થાન માનીને ભોગથી દૂર ભાગે છે. હું તમને પૂછું કે તમને ભોગ ગમે છે કે ત્યાગ ? ભોગને રોગનું ઘર સમજીને તેનાથી દૂર રહેવા ઇચ્છો છો ખરા ? ભોગ ઉપર વિજય મેળવે તેમાં ખરો વિજય સમાયેલો છે. સમજો, વિજય જડ વસ્તુ ઉપર નહીં પણ આત્મા ઉપર વિજય મેળવવાનો છે. એ વિજય મેળવવા માટે જીવને કષ્ટ તો સહન કરવું પડે છે ! સહન કર્યા વિના સુખ નથી મળતું અને કોઇના ઉપર વિજય પણ નથી મેળવી શકાતો. હું તમને એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક ધનદાન કુટુંબમાં અરૂણ નામનો એક સુખી સદ્‌ગૃહસ્થ હતો. તેની પત્નીનું નામ સુશીલા હતું. તેમને એક રૂપેન્દ્ર નામે બાળો હતો. અરૂણ સ્વભાવનો ખૂબ ક્રોધી હતો પણ સુશીલા ખૂબ શાંત અને ડાહી હતી. રૂપેન્દ્ર પાંચ વર્ષનો થયો ને તેની માતા ગુજરી ગઈ, આથી તેને ખૂબ આઘાત લાગ્યો. તે મા વિના તરફડવા લાગ્યો. હવે એના મિત્રો હતા તેમાં ત્રણ મિત્રો મા વગરના છે. તે ખૂબ દુઃખી છે, તેથી બધા તેને શીખવાડે છે કે તારા પપ્પા ફરીને પરણે તો તેમાં તું સંમત ન થઈશ નવી મા ખૂબ દુઃખ આપે છે. શરૂઆતમાં સુખ આપશે પણ પછી ખૂબ દુઃખ આપશે આ રીતે મિત્રોએ રૂપેન્દ્રને ચઢાવીને તૈયાર કર્યો. છ મહિના બાદ અરૂણને તેના કુટુંબીજનો ફરીને લગ્ન કરવા સમજાવે છે ત્યારે અરૂણ ના પાડે છે પણ બધાએ પરાણે સમજાવીને હા પડાવી. આ વાત રૂપેન્દ્રને ન ગમી, તેથી બધાની સામે ક્રોધથી જોવા લાગ્યો, છેવટે અરૂણનો લગ્નદિવસ આવ્યો. બધાએ તેને સારા કપડા પહેરાવવા માંડયા પણ પહેરતો નથી. સગાંસ્નેહીઓ બધાને આનંદ હતો પણ રૂપેન્દ્ર તો કોઈ સાથે બોલતો ચાલતો નથી. આખો દિવસ મોઢું ચઢાવીને એક ખૂણામાં બેસી રહ્યો.

રમાની વિશાળ દૃષ્ટિ ને રૂપેન્દ્રને મિત્રની ચઢવણી :– જેની સાથે અરૂણના લગ્ન થયા તેનું નામ રમા હતું. ખરેખર, રમા એટલે રમા જ હતી. રમા આત્મામાં રમણતા કરનારી હતી. એને પરણતાં પહેલાં જ ખબર હતી કે મારે જ્યાં જવાનું છે

ત્યાં માતા બનીને રહેવાનું છે. તેણે પરણીને રૂમઝુમ પગલે પોતાના ઘરમાં પ્રવેશ કર્યો પણ રૂપેન્દ્રને ગમતું નથી. એ વધુ સમય બહાર પસાર કરવા લાગ્યો. રૂપેન્દ્રના પિતા પાસે પૈસો ખૂબ હતો પણ એમનો સ્વભાવ ખૂબ ક્રોધી હતો. ઘરમાં સહેજ વસ્તુ અવ્યવસ્થિત દેખે અગર તો કોઇ વસ્તુનું નુકશાન થઇ જાય તો એ સહી શકતા નહિ. કઈ મિનટે તેમના ક્રોધની જ્વાળા ભભૂકી ઉઠશે તે કહી શકાય નહિ. જ્યારે એ ખુશીમાં હોય ત્યારે રૂપેન્દ્રને વહાલથી બોલાવતા પણ આ છોકરો અંદરથી ડર્યા કરતો હતો. એની વાત્સલ્યમય માતાના ગયા પછી ઘરમાં જાણે એનું કોઇ જ ન હોય તેમ એને લાગતું હતું. ઘણીવાર એકલો પડતો ત્યારે રડી લેતો અને ભગવાનને પ્રાર્થના કરીને કહેતો–હે ભગવાન ! તેં મારી વહાલી મમ્મીને શા માટે બોલાવી લીધી ? નવી મમ્મી આવતાં એને જુની મમ્મીની યાદ ખૂબ સતાવવા લાગી. નવી માતા રમા ખૂબ પ્રેમાળ અને પવિત્ર હતી. એનું રૂપ પણ અથાગ હતું. સાથે એનામાં ગુણો પણ ઘણાં હતાં. એણે હૃદયને વિશાળ બનાવી દીધું હતું. હજુ નવી પરણીને આવી છે પણ રૂપેન્દ્રને કહે છે બેટા ! એમ કહીને બાથમાં લેવા જાય ત્યાં રૂપેન્દ્ર છટકી જતો. રમાએ જોયું કે જેમ હરિણી શિકારીને જોતાં દૂર નાસે છે તેમ રૂપેન્દ્ર મારાથી દૂર ભાગે છે, તેથી રમાના મનમાં થયું કે હું ગમે તેમ તો ય અપરિચિત છું, એટલે એ મારી પાસે આવતાં સંકોચ પામે છે. એ સંકુચિતતાનું કોચલું તોડવા માટે રમા પ્રયત્નો કરવા લાગી. પરણીને આવ્યા બે દિવસ થયા. ત્રીજે દિવસે રૂપેન્દ્રને પ્રેમથી જગાડવા ગઇ ને મધુર સ્વરે બોલી બેટા રૂપેન્દ્ર ! ઉઠો. સવાર પડી. તો પણ રૂપેન્દ્ર એના સામું જોતો જ નથી, કારણ કે એના મિત્રોએ એને બરાબર ચઢાવ્યો હતો કે જોજે રૂપેન્દ્ર ! તારી નવી મમ્મીની ફસામણીમાં ન ફસાતો. પહેલાં તો તને પ્રેમથી બોલાવશે ને બધું જ કરશે પણ પછી બધું નાટક ભજવશે. આ ઝેર એના અંતરમાં બરાબર વ્યાપી ગયું હતું એટલે નવી માતાના પ્રેમની કદર કરી શકતો નથી.

માતા કરતાં અધિક પ્રેમ આપતી રમા :– રમા તો રૂપેન્દ્રને પોતાનો બનાવવા માટે જેટલું બને તેટલું કરી છૂટે છે. એને ગમે તેવા કપડા લાવે, સારું સારું ખાવાનું આપે, જમતા વખતે એની જનેતા માતા જમાડતી તેના કરતાં પણ અધિક પ્રેમથી જમાડતી પણ આને તો કંઈ હિસાબમાં જ નથી. ઓરમાન પુત્રને પોતાનો બનાવવો એ કંઈ સામાન્ય વાત નથી. રમાના દિલમાં ઘણું દુઃખ થતું કે હું રૂપેન્દ્રને કેટલો પ્રેમ આપું છું છતાં એ મારાથી અલગ ને અલગ જ રહે છે. મારે શું કરવું ? એને કેવી રીતે સમજાવવો ? એના પતિની પાસે તે ઘણી વાર રડી પડતી, ત્યારે એનો પતિ કહેતો કે એ હજુ બાળક છે ને ? પછી જરૂર સમજશે. આમ કરતાં એક દિવસ રૂપેન્દ્ર આઠ વાગ્યા તો પણ પથારીમાંથી ઉઠ્યો નહિ. તે એક સુમધુર સ્વપ્નની મઝા માણી રહ્યો હતો. આ સમયે રમા તેને ઉઠાડવા ગઈ ને પ્રેમથી બોલી બેટા રૂપેન્દ્ર ! જલ્દી ઉઠ. તારે સ્કુલે જવાનું મોડું થાય છે, ત્યારે ગુસ્સો કરીને માતાનો હાથ તરછોડીને કહે છે મારે

નથી ઉઠવું. મને ઉંઘ આવે છે. આ સાંભળીને માતાએ કહ્યું–દીકરા! તારી પરીક્ષા નજીક આવે છે. માટે અભ્યાસ બગડશે તો પણ આ ઉઠતો નથી. ત્યાં એના પપ્પાનો અવાજ આવ્યો. રૂપેન્દ્ર! તું કેમ ઉઠતો નથી? જલ્દી બેઠો થઈ જા. એના પપ્પાનો અવાજ સાંભળીને તરત બેઠો થઈ ગયો. એના મનમાં થયું કે જુઓ મમ્મી કેવી હોંશિયાર છે કે મારા પપ્પા જાણે તે માટે એમની હાજરીમાં મને એ પ્રેમથી ઉઠાડવા આવી, પોતે સારી રહે ને પપ્પા મારા ઉપર ભલેને ગુસ્સો કરે! આ રીતે ખોટી કલ્પના કરતો હતો.

રૂપેન્દ્ર ભણવામાં હોંશિયાર હતો પણ ગણિતના વિષયમાં કાચો હતો. એની મમ્મી એને લેશન કરવા બોલાવતી પણ એ તો એના મિત્રોની સલાહ પ્રમાણે ચાલતો. માતાને તો ગણતો જ ન હતો. એની ત્રિમાસિક પરીક્ષાનું રીઝલ્ટ આવ્યું તેમાં તે ગણિતના વિષયમાં નાપાસ થયો. રીઝલ્ટમાં પપ્પાની સહી જોઇએ પણ જો પપ્પાને કહેવા જાય તો એના હાડકા ખોખરા કરી નાંખે, કારણ કે પપ્પાનો સ્વભાવ કેટલો ક્રોધી છે એ તે બરાબર જાણતો હતો. એટલે પપ્પાની પાસે તો જવું કેવી રીતે? ભયથી ધ્રુજતો મમ્મી પાસે આવીને મૂંગા મોઢે પેલું રજીસ્ટર મમ્મી સામે ધર્યું. રમાએ જોયું તો રૂપેન્દ્રની આંખોમાં કરૂણા, ભય અને આજીજીના ભાવો તરવરતા હતા. એણે કહ્યું–બેટા! હું તને દરરોજ મારી પાસે લેશન કરવા આવવાનું કહેતી હતી પણ તું માન્યો નહિ. બોલ, હવે તું દરરોજ મારી પાસે લેશન કરવા બેસીશ ને? મને વચન આપ, પણ મારા પપ્પા જાણશે તો મારા ઉપર ખીજાશે ને મને ખૂબ માર મારશે. રમાએ પ્રેમાળ સ્વરે કહ્યું–તારા પપ્પા તને કંઈ નહિ કહે. એ જવાબદારી મારી. પછી તને કંઈ ચિંતા છે?

બીજે દિવસે રૂપેન્દ્રને એના પપ્પાએ બોલાવીને ત્રિમાસિક પરીક્ષાનું રીઝલ્ટ માંગ્યું. પવનથી ધ્રુજતી વેલની માફક રૂપેન્દ્ર એના પપ્પા પાસે જઈને ઉભો રહ્યો. એના મનમાં એમ હતું કે હમણાં મને પપ્પા કંઈકે કહેશે ને બે લાફા જોરથી મારશે પણ અહીં તો જુદું જ બન્યું. એના પિતાએ શાંતિથી કહ્યું–બેટા રૂપેન્દ્ર! હવે દરરોજ તારી મમ્મી પાસે લેશન કરવા બેસજે. એણે કહ્યું–ભલે, હું ભણવા બેસીશ. એના પપ્પાએ રીઝલ્ટપત્રમાં સહી કરી આપી એટલે લઈને ચાલ્યો ગયો પણ એના મનમાં થયું કે હું ગણિતમાં ફેઈલ થયો એટલે મારા પપ્પાને ક્રોધ આવ્યા વિના રહે જ નહીં પણ મારી મમ્મીએ પપ્પાને સમજાવ્યા લાગે છે. મમ્મી બહુ સારી છે. નહિતર આવું બને જ નહિ. સાંજે એણે એના મિત્રોને વાતચીતમાં કહ્યું કે તમે બધા કહો છો ને કે નવી મમ્મી સારી ન હોય પણ મને એવું નથી લાગતું. મારી મમ્મીએ મારા પપ્પાને એવા સમજાવી દીધા કે આજે એ મારા ઉપર ગુસ્સે થવાને બદલે મારી સાથે પ્રેમથી વાત કરી, ત્યારે એના મિત્રે કહ્યું તારી વાત સાચી છે, પણ મારી મમ્મી પણ મને પહેલાં આમ જ કરતી હતી. પણ જોજે તો ખરો, પાછળથી તને ખબર પડશે, ત્યારે બીજા મિત્રે કહ્યું તારી મમ્મી તારા પપ્પાને શું સમજાવતી હતી. એ તો તારા પપ્પા પોતે જ સુધરી ગયા હશે. રૂપેન્દ્રે કહ્યું ના, મારા પપ્પા તો ક્રોધી છે. હજુ આજે સવારે

દાળમાં મોકું વધારે પડી ગયું હતું એટલે થાળી વાટકો પછાડીને મમ્મી ઉપર ક્રોધ કરીને જમ્યા વિના દુકાને ચાલ્યા ગયા હતા. કાલે ઘાટીના હાથે કાચનો ગ્લાસ ફૂટી જતાં કેટલું બીજાયા હતા! એ બધું મેં નજરે જોયું છે. અરે ગાંડા! તને કયાંથી ખ્યાલ હોય કે માનવ કેવા હોય છે! ત્યાં રૂપેન્દ્રના વિચાર બદલાયા કે ઓરમાન માતાને મારા માટે કયાંથી લાગણી હોય કે તે પપ્પાને મારા માટે સમજાવે. કંઈક હૃદય કુણું પડયું હતું તે મિત્રોની શિખામણથી પાછું કઠોર બની ગયું, અને તેના અંતરમાં માતા પ્રત્યે પ્રેમના અંકુરા ન જ ફૂટયા. તેને મન અપરમાતાનું હૃદય એટલે રેતાળ પ્રદેશ હતો કે જ્યાં સ્નેહનું ઝરણું ફૂટવાની કદી શકયતા ન હતી, જ્યારે રમા તો એને ખવડાવવાથી માંડીને રાત્રે સૂવે ત્યાં સુધી એને માટે પૂરું ધ્યાન રાખતી.

"રમાનો અફસોસ":- રમા એક સદ્‌ગુણી નારી હતી. એ જ્યાં જાય ત્યાં એના સદ્‌ગુણથી દરેકનું મન જીતી લેતી પણ આ નાનકડા રૂપેન્દ્રનું મન કોઇ રીતે જીતી શકતી નથી. એક દિવસ રમાની આંખમાં આંસુ આવી ગયા ત્યારે એનો પતિ રડવાનું કારણ પૂછે છે. જવાબમાં રમાએ કહ્યું, રૂપેન્દ્રને મારા પ્રત્યે શું અણગમો છે તે મને સમજાતું નથી. હું એને ગમે તેટલા પ્રેમથી બોલાવું છું પણ એ મારી પાસે આવતો કે બેસતો નથી પછી વાત કરવાની તો વાત જ કયાં! એ મારાથી દૂર ને દૂર ભાગે છે, ત્યારે અરૂણ કહેતો કે હશે, હજુ એ બાળક છે. હજુ એની માતાનો આઘાત એના હૃદયમાંથી ગયો નથી. એ સમજણો થશે એટલે ધીમે ધીમે સુધરી જશે. તું રડીશ નહિ. સાથે રૂપેન્દ્રને પણ પાસે બોલાવીને પ્રેમથી કહેતા કે રૂપેન્દ્ર! આ મમ્મી તને ગમે છે ને? ત્યારે એ ડોકું ધુણાવીને પરાણે હા કહેતો. જો તારે તારી મમ્મી પાસે લેશન કરવા બેસવાનું, એની સાથે વાતો કરવાની. સમજ્યો ને! પણ રૂપેન્દ્ર તો કંઈ જવાબ આપ્યા વિના બહાર મિત્રો સાથે રમવા દોડી જતો.

રમાને પરણીને આવ્યા બે મહિના થયા એટલે રમાને પિયર આણું વળવા જવાનો સમય આવ્યો, તેથી તેના મોટા ભાભી તેડવા આવ્યા, ત્યારે રમાએ કહ્યું. ભાભી! મારા રૂપેન્દ્રની સ્કુલ ચાલુ છે. એને મૂકીને મારાથી ન અવાય. બાને કહેજો કે હું વેકેશનમાં રૂપેન્દ્રને લઇને આવીશ. અરૂણે રમાને કહ્યું. હું બે મહિના માટે રસોઈયો રાખી લઇશ. તું પિયર જા. મારું ખરાબ દેખાય પણ રમા જવા તૈયાર ન થઇ. આ વખતે રૂપેન્દ્ર ત્યાં ઉભો હતો. તેણે સાંભળ્યું કે મારા રૂપેન્દ્રને એકલો મૂકીને નહિ આવું. પિતાએ ખૂબ સમજાવી છતાં એ ન ગઈ. રૂપેન્દ્ર બધું સમજે છે. હજુ સુધી રમા તરફથી રૂપેન્દ્રને અપરમાતા જેમ રાખે તેવા કોઇ કારણો મળ્યા ન હતા, પણ જન્મદાતા માતાની બરાબરી કરી શકે તેવો નિષ્કલંક, માતૃત્વના સંવેદનથી છલકાતો સ્નેહ મળતો હતો. તેની પ્રેમ નીતરતી આંખો અને સ્નેહ ઝરતી અમીમય વાણી સાંભળતાં તેના મનમાં માતા પ્રત્યેના પ્રેમના

જોરદાર આવેગો ઉઠવા મથતા અને તેના અંતરની ઉર્મિઓ ઉછળીને બહાર આવવા પ્રયત્ન કરતી પણ મિત્રોની ખોટી શિખામણોનો પૂર્વગ્રહ દિવાલ બનીને તેના આવેગને રૂંધતો હતો ને ઉરની ઉર્મિઓને અટકાવતો હતો.

અરૂણને નવી નવી ચીજોનો સંગ્રહ કરવાનો ખૂબ શોખ હતો. એક વખત તે જાપાનનો કાચની સુંદર ફૂલદાની લાવેલો, એ હંમેશા દિવાનખાનામાં એના ટેબલ પર પડી રહેતી. એને રમા સિવાય કોઈ અડતું નહિ. નોકર પણ એને સાફ કરવા હાથ અડાડતો નહિ, કારણ કે જો કૂટી જાય તો અરૂણ શેઠના ક્રોધનો પારો આસમાને ચઢી જાય, એટલે રમા જ એને સાફ કરી લેતી. એક વખત રૂપેન્દ્ર એના મિત્રો સાથે પીકચર જોવા માટે ટિકિટના પૈસા માંગ્યા, ત્યારે રમાએ પૂછયું કયું પીકચર છે ? રૂપેન્દ્રે પીકચરનું નામ આપ્યું એટલે રમાએ પ્રેમથી કહ્યું–બેટા ! જો અત્યારે તારી પરીક્ષા નજીક આવે છે. માટે તારું લેશન બગડશે અને બીજું આ પીકચર બાળકોને બિલકુલ જોવા લાયક નથી, માટે આજે જોવા જવાનું રહેવા દે. પરીક્ષા પછી સારું પીકચર આવશે ત્યારે હું તને જરૂર જોવા લઈ જઈશ. ખૂબ સમજાવ્યો પણ રૂપેન્દ્ર માનતો નથી.

"રૂપેન્દ્રનું ગુસ્સાભર્યું વર્તન" પીકચર જોવા જવાની ના પાડી એટલે તે એના ઉપર ખૂબ ખીજાઈ ગયો. અત્યાર સુધીનો નવી મા તરફનો ગુસ્સો એક સામટો ભેગો કરીને મન ફાવે તેમ બોલવા લાગ્યો કે તું તો આવી છે ને તેવી છે. મને તું બિલકુલ ગમતી નથી, છતાં રમા એક શબ્દ ન બોલી ને પ્રેમથી એને સમજાવવા લાગી કે જો બેટા ! ડાહ્યા ને સમજુ છોકરા કદી આવું ન બોલે. તું સમજ, ત્યારે ઉભલ ગુસ્સો કરીને કહે છે કે હું કયાં ડાહ્યો છું ! હું તો સાવ ગાંડો છું. એમ કહીને ઘરમાંથી બધી વસ્તુઓ જેમ તેમ ફેંકવા લાગ્યો. કપડા વાસણ બધું ઉપાડીને પછાડવા લાગ્યો. કાચના વાસણો ફોડી નાંખ્યા. આમ કરતાં એક વાસણ દિવાનખાનામાં ફેંકયું તે ટેબલ ઉપર મૂકેલી ફૂલદાની ઉપર પડયું, તેથી ફૂલદાની ટેબલ ઉપરથી પડીને ફૂટી ગઈ ને તેના ટુકડા થઈ ગયા. ફૂલદાનીના ટુકડા થતાંની સાથે રૂપેન્દ્રના હૃદયના પણ ટુકડા થઈ ગયા. એનું મગજ ઠેકાણે આવી ગયું. પિતાજીને પ્રાણ જેવી પ્રિય ફૂલદાની મારાથી ફૂટી ગઈ. હવે મારું આવી બન્યું. મારા પપ્પાને ખબર પડશે તો મારા હાડકા ભાંગી નાંખશે. પારધીના હાથમાં પારેવું થરથર ધ્રુજે તેમ તે ધ્રુજવા લાગ્યો અને રાંક જેવો બનીને એક ખૂણામાં બેસી રહ્યો. રૂપેન્દ્રની દશા જોઈને એની મમ્મીએ કહ્યું–બેટા ! હું તને કહેતી હતી કે તું તોફાન ન કરીશ પણ તું માન્યો નહિ. આ ફુલદાની તો તારા પપ્પાને પ્રાણપ્રિય છે. મમ્મી ! હવે હું શું કરું ? મારા પપ્પા જાણશે તો મારું આવી બનશે. મને બહુ બીક લાગે છે. હું શું કરું ? રમાએ કહ્યું તું ચિંતા ન કરીશ. હું તારા પપ્પાને સમજાવી દઈશ, પણ

તું મને વચન આપ કે હું રોજ નિયમિત લેશન કરીશ, તોફાન નહિ કરું અને હું જે પીકચર જોવાનો તને ના પાડું તે નહિ જોઉં.

"રૂપેન્દ્રની ભૂલને પોતાની ભૂલ કહેતી રમા" :- પિતાના ભયથી કંપતા રૂપેન્દ્રે વિચાર્યું પછી જોયું જશે હમણાં હા પાડવામાં મારું શું જાય છે? એણે કહ્યું ભલે. હવે હું તોફાન નહિ કરું પણ મારા પપ્પા એમ માને તેવા નથી. તું શું કરીશ ? રમાએ કહ્યું તું જોયા કર. ચિંતા ન કરીશ. આમ વાત કરતા હતાં ત્યાં અરૂણ આવી પહોંચ્યો. એને કુલદાની ખૂબ વહાલી હતી એટલે ઘેર આવે કે તરત પહેલાં કુલદાનીને જોઈ લે. આજે ઘરમાં પગ મૂકયો ત્યાં બધું અસ્તવ્યસ્ત પડેલું જોયું, અને દિવાનખાનામાં દૃષ્ટિ કરી તો કુલદાનીના ટુકડા પડેલા જોયા, એટલે અરૂણે પૂછ્યું કે આ કુલદાની કોણે ફોડી નાંખી ? રમાએ કહ્યું તમે પહેલાં જમી લો પછી કુલદાનીની વાત. આ કહે છે ના, મને પહેલાં કહે કે આ કોનાથી કુટી ગઈ છે ? તે સિવાય મને ખાવું નહિ ભાવે. ખૂણામાં બેઠેલા રૂપેન્દ્રના મનમાં થયું કે હમણાં મારું નામ દેશે એટલે ધરતીકંપ થશે કે ચારે દિશાઓમાંથી દાવાનળ ભભૂકી ઉઠશે કે માથે વિજળી તૂટી પડશે. એવી ચિંતાથી ધ્રૂજવા લાગ્યો પણ એના આશ્ચર્ય વચ્ચે રમાએ ધીમે કહીને કહ્યું આજે સાફ કરવા જતાં મારા હાથમાંથી છટકી જવાથી જમીન ઉપર પડીને તૂટી ગઈ. આ સાંભળીને અરૂણના કપાળે ક્રોધનો પારો ચઢ્યો. એક લાકડી પડી હતી તે લઈને ધડાધડ રમાના બરડામાં મારવા લાગ્યો. રમા કહે છે નાથ ! મારી ભૂલ થઈ. મને માફ કરો, પણ આ મારતો બંધ થતો નથી ઉલટો ક્રોધે ભરાયો ને તેના માથામાં જોરથી લાકડીનો ઘા કર્યો એટલે કપાળમાંથી લોહીની ધાર થઈ.

"માતાની ક્ષમાથી પુત્રનું થયેલું પરિવર્તન" :-આ દૃશ્ય જોઈને રૂપેન્દ્રનું હૃદય પીગળી ગયું. તેના મિત્રોના સંગે ચઢીને તેના મગજમાં જે પૂર્વગ્રહ બંધાઈ ગયો હતો કે ઓરમાન માતા સારી હોય જ નહિ તે બધો પૂર્વગ્રહ એક સાથે ઓગળી ગયો. અહો ! મારી મમ્મી કેટલી ખાનદાન ને ગુણીયલ છે કે કુલદાની તો મેં ફોડી છે પણ પપ્પાને કહે છે કે એ મારાથી કુટી ગઈ છે. હવે મમ્મીને મારે છે તે એનાથી સહન ન થયું. એકદમ દોડીને રમાને ભેટી પડ્યો અને એના પપ્પાને કહે છે પપ્પા ! મારી મમ્મીને ન મારશો. એ કુલદાની મારી મમ્મીએ નથી ફોડી, મેં ફોડી છે. મારી મમ્મી તો બહુ સારી છે. હું જ ખરાબ છું, મને મારો. આ સાંભળીને અરૂણના આશ્ચર્યનો પાર ન રહ્યો. આ બધું શું બન્યું ? રમા ! કુલદાની રૂપેન્દ્રે ફોડી છતાં એનું નામ તેં ન લીધું ને તેં આટલો બધો માર ખાધો ? રમાએ હસતા ચહેરે કહ્યું રૂપેન્દ્ર તે હું જ છું ને હું તે રૂપેન્દ્ર છું એ બાળક છે અને એનું નામ દઉં તો કદાચ તમે એના ઉપર ક્રોધ કરી બેસો તો ! હું સહન કરી શકું એ બાળક સહન ન કરી શકે, રૂપેન્દ્રે એની મમ્મીના ચરણમાં પડીને માફી માંગી કે હે મમ્મી ! તેં મારા માટે ઘણું કર્યું

પણ મેં તારા પ્રેમની કદર ન કરી. હું મિત્રોની શિખામણ માનીને તારાથી દૂર ને દૂર ભાગ્યો. તું મારા માટે પિયર ન ગઈ. રમાએ કહ્યું બેટા ! એ તારી બાળકબુદ્ધિ હતી. હવે તને સાચું સમજાઈ ગયું તેથી મને ખૂબ આનંદ છે.

માતા અને પુત્રનો પ્રેમ જોઈને અરૂણને ખૂબ આનંદ થયો. રમાની ક્ષમા અને સૌજન્યતાથી અરૂણનો ક્રોધ પણ ચાલ્યો ગયો ને ઘરમાં આનંદમય વાતાવરણ છવાઈ ગયું. અને સ્વર્ગ જેવા સુખો ભોગવવા લાગ્યા. ટૂંકમાં આપણે તો "વિજયપ્રાપ્તિનો ઉપાય" એ વિષે વાત ચાલતી હતી. રમાએ સદ્‌ગુણોથી દુર્ગુણો ઉપર વિજય મેળવ્યો તો એનો સંસાર સ્વર્ગ જેવો બની ગયો, તેવી રીતે આપણે પણ આપણા આત્મા ઉપર વિજય મેળવવાનો છે. આ જીવે પોતાની સત્તાથી, ધનથી, બુદ્ધિથી બીજા ઉપર ઘણી વાર વિજય મેળવ્યો પણ આત્મા ઉપર વિજય મેળવ્યો નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે

"अप्पाणमेव जुज्झाहिं, किं ते जुज्झेण बज्झओ ।
अप्पाणमेवमप्पाणं, जइता सुहमेहए ॥" અ. ૯, ગાથા ૩૫

હે આત્માઓ ! જો તમારે સાચું સુખ મેળવવું હોય તો આત્મા સાથે યુદ્ધ કરો. બહારના યુદ્ધથી શું વળવાનું છે ? શુદ્ધ આત્માથી દુષ્ટ પ્રકૃતિવાળા આત્માને જીતીને સુખ મેળવો. દુર્જય સંગ્રામમાં દશલાખ સુભટોને એકલા હાથે જીતનાર શૂરવીર યોદ્ધા કરતાં પણ જે આત્માને જીતે છે તે સાચો શૂરવીર યોદ્ધો છે. રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ આદિ દુર્ગુણો ઉપર દયા, સમતા, ક્ષમા, ધૈર્યતા, સત્ય, બ્રહ્મચર્ય આદિ ગુણો દ્વારા યુદ્ધ કરીને વિજય પ્રાપ્ત કરવો તે સાચો વિજયપ્રાપ્તિનો ઉપાય છે. એક વખત જો આત્મા સાચો વિજય પ્રાપ્ત કરી લેશે તો ફરી ફરીને એને વિજય પ્રાપ્ત કરવાનું નહિ રહે. એનું સંસાર પરિભ્રમણ અટકી જશે, માટે સદ્‌ગુણો દ્વારા દુર્ગુણો ઉપર વિજય મેળવીને સાચું સુખ પ્રાપ્ત કરો. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

●

વ્યાખ્યાન નં. ૫૩

ભાદરવા સુદ ૫ ને ગુરૂવાર "સંવત્સરી" તા. ૭-૯-૭૮

વિષય :- "આદાન પ્રદાનનું મહાપર્વ"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! જૈન ધર્મમાં બધા પર્વો મહત્વના છે પરંતુ પર્વાધિરાજનું મહત્વપૂર્ણ બિરૂદ તો પર્યુષણને જ આપવામાં આવ્યું છે. આ પર્વનું આગમન થતાં લોકોના મનમાં નવું ચેતન, નવી જાગૃતિ અને ભવ્ય ભાવનાનો ચમકારો

થાય છે. જે લોકોની જીભે ધર્મનું નામ પણ કોઈ દિવસ આવતું નથી તે પણ આ પવિત્ર દિવસોમાં ધર્મારાધના કરતા નજરે ચઢે છે. એક સપ્તાહની ભાવપૂર્ણ સાધના પછી પર્વનો જે છેલ્લો દિવસ આવે છે તેને સંવત્સરી કહેવામાં આવે છે. તેનું બીજું નામ ક્ષમાપના પર્વ છે. સાત સાત દિવસ સુધી સાધના કર્યા બાદ આજે ક્ષમાના નીરમાં સ્નાન કરીને આત્માને પવિત્ર બનાવવાનો છે. આજે અમારે ને તમારે લેતી દેતીના બે કાર્યો કરવાના છે, તેથી આજના વ્યાખ્યાનનો વિષય રાખ્યો છે.

"આદાન પ્રદાનનું મહાપર્વ" આદાન એટલે લેવું અને પ્રદાન એટલે આપવું. આપણે આજે શું લેવાનું છે ને શું આપવાનું છે? આખા જગતનો તમામ વ્યવહાર લેવડદેવડથી ચાલે છે મોટા વહેપારીઓ પાસેથી નાના વહેપારીઓ માલ ખરીદે છે અને નાના વહેપારીઓ પાસેથી ગ્રાહકો માલ ખરીદે છે. મૂલ્ય અપાય છે ને માલ ખરીદાય છે. તમારી દીકરી સારા કુટુંબમાં પરણાવો છો ને સારા કુટુંબની દીકરી તમારે ઘેર લાવો છો, એવી રીતે આપણે જેની જેની સાથે વૈરઝેર થયા હોય તેમની પાસે અંતઃકરણપૂર્વક ક્ષમા માંગવાની છે અને જે આપણી પાસે ક્ષમા લેવા આવે તેને પ્રેમથી ક્ષમા આપવાની છે. આ પર્વ વર્ષમાં એક જ દિવસ આવે છે તેથી તેને સંવત્સરી કહેવામાં આવે છે.

ભારતભરમાં અને ભારતની બહાર પણ પ્રશંસા પામેલ આ પર્વનું કયો આત્મા સ્વાગત કરવા તૈયાર ન હોય! કોઈ તપથી તેનું સ્વાગત કરે તો કોઈ દાનથી, કોઈ શીયળથી, કોઈ ભાવથી આ પર્વનું સ્વાગત કરે. જીંદગીની મોટી કમાણી કરવાના દિવસો હોય તો આ મહાપર્વના દિવસો. આ પર્વ પોકારી પોકારીને આપણને કહે છે ભલે કરો મારું સ્વાગત. આ સ્વાગત મારું નથી પણ આમાં તો તમારું સ્વાગત સમાયેલું છે. એ સ્વાગતમાં તમારી સાધના છે, અને એ સાધનામાં તમારી સિદ્ધિ છે. આરાધનાના અમૃતમાંથી પ્રાપ્ત થતું પરમાત્મપદ એનું નામ જ સ્વાગત. હું સ્વાગતનો ઇચ્છુક નથી પણ હું આરાધનામાંથી ગૂંજતા મૈત્રીયુક્ત પ્રેમભાવનો પૂજારી છું. મમતાભરી વૃત્તિએ મને જો સ્વીકારવામાં આવે તો તમારી મુક્તિ મેળવવાની મનોકામનાનો હું પૂરક બનું, પણ હું કહું તે ખાસ યાદ રાખજો. ભૌતિક સુખની પાછળ ભોળવાઈ જઈ મને જો ભૂલી ગયા તો સમજજો કે ભૂલભૂલામણીમાં અથડાઈ પડશો. સ્વાગતની મોટી મોટી વાતો કરનાર, વિવેકની મોટી મોટી હીમાયતો રચનાર પણ જો ક્રોધ, માન, માયા અને લોભની જાળમાં ફસાતા રહેશે તો એવા સ્વાગતથી શું! એવા સ્વાગતથી આત્માને શો લાભ! બાકી મારું સ્વાગત જો સાચી મિત્રતાથી, સાચા સ્નેહ સંતોષથી, સાચા તપથી, સાચા દાનથી, સાચી શાંતિથી, અપૂર્વ આરાધનાથી અને ઉપસર્ગો ને આપત્તિમાં ક્ષમા રાખીને કરશો તો મારું સ્વાગત સિદ્ધિના દ્વાર ખખડાવશે.

આજનો દિવસ આપણને ક્ષમાનો મહાન સંદેશ આપે છે, ક્ષમા મનુષ્યને શાંત

અને સહનશીલ બનાવે છે. ક્ષમા આત્માની અનંત શક્તિને ઓળખવાનો સંદેશ આપે છે. અપકાર પર અપકાર કરવો, ગુન્હેગારને શિક્ષા કરીને નિર્બળ બનાવવો એ તો દુર્જનનું કાર્ય છે, પણ અપકાર કરનાર પર પણ ઉપકાર કરવો, ગુન્હેગારને પ્રેમથી વશ કરવો અને ક્ષમાથી પાપીના હૃદયનું પરિવર્તન કરવું એ ઉત્તમ પુરૂષોનું કાર્ય છે. માણસ ભૂલ કરે પણ તેને ક્ષમા આપવી તે દૈવી ગુણ છે. કોઈની સાથે ઝઘડો થયો હોય કે વૈર બંધાયું હોય તેને હૃદયમાં સંઘરી રાખવું તે પાશવી વૃત્તિ છે પણ દૈવી વૃત્તિ નથી. ગુન્હેગારના ગુનાને હૃદયમાંથી કાઢી નાંખીને તેની સાથે પ્રેમથી વર્તવું અને તેને ક્ષમા આપવી તે દૈવીવૃત્તિ છે. ક્ષમા જીવનમાં સત્યની સુવાસ પ્રસરાવે છે. જો તે સુવાસમાં સહુ આકર્ષાય તો તેમાં અનેરી તાકાત અને તાજગી ભરી છે. જ્યાં કલેશના કાંટા, કંકાશના કાંકરા, અને રાગ–દ્વેષના ઝાંખરા ઉગ્યા છે ત્યાં ક્ષમા નવો ઉજાશ, નવું જીવન અને નવો પ્રકાશ પાથરે છે. આ ક્ષમાપનાના પર્વે સંતોષનું ઝરણું વહાવો મીઠામધુરા પાન કરાવ્યા છે. ક્રિયાના સથવારે ક્ષમાની કળાએ જીવનના પડ઼ા ઉપર વિકાસના પ્રતિબિંબ પાડયા છે.

સાચી ક્ષમા તો તેને કહેવાય કે જે ક્રોધને વિલીન કરી દે ક્રોધની કોઇ ચરમ સીમા નથી ક્રોધી માણસ શું ન કરે એ જ કહેવું મુશ્કેલ છે. ક્રોધમાં બીજાના તો શું પણ પોતાના હાથે પોતાના જીવનનો અંત આણનારા માનવોનો આજે જગતમાં તોટો નથી. ક્રોધે તો ભલભલા તપસ્વીઓનેય કજ્જે કરી પોતાની કેદમાં પૂર્યા છે. જે એની કેદમાં પૂરાયા એણે એના જીવનના ઘાટ ઘડી નાંખ્યા. ન શેહ રાખી કે ન શરમ રાખી. પોતાના હાથે પોતાના પતિને વિષ ભરેલા કટોરા કોણે પીવડાવ્યા ? ઘર–ઘરમાં ઝઘડા કોણ કરાવે છે ? ભાઈ ભાઈ વચ્ચે અબોલા કોણ લેવડાવે છે ? માનવ માનવ વચ્ચે ઉભી દિવાલો કોણ ચણે છે ? ક્રોધ જ ને ? ક્રોધની અગનઝાળ જ્યાં જ્યાં ફેલાઈ ત્યાં મૈત્રી અને ક્ષમાની ચિતાઓ સળગી ઉઠી. કંઈકના જીવન એ ચિતાઓમાં સદાને માટે સળગી ગયા. ક્રોધે સર્જેલો આજ સુધીનો કરૂણ ઇતિહાસ માનવ જો વાંચે તો ક્રોધ ઉપર ક્રોધ આવ્યા વિના રહે નહિ. ક્રોધ દુશ્મનાવટ ઉભી કરે છે. દુશ્મનાવટ વૈર વિરોધની જનેતા બને છે વૈર વિરોધ હૈયાને વિખૂટા પાડે છે, વિખૂટા પડેલા હૈયામાં ઈર્ષ્યા ભરાય છે. ઈર્ષ્યામાંથી એકેક બળતરા એવી જાગતી હોય છે કે જે માનવના હૈયાને સળગાવી મૂકતી હોય છે. માનવ માનવ વચ્ચે, દેશ દેશ વચ્ચે, હૈયા હૈયા વચ્ચે વિરોધ, આંતરકલહ, અને હૈયાહોળી સળગાવનાર હુતાશન કોઈ હોય તો આ ક્રોધ છે. ક્રોધ આપણી ઉત્તમ સાધનાને માટીમાં મીલાવી દે છે.

ક્રોધે જે મહર્ષિઓએ તપ કરીયા, તે અગાધ સંસાર સમુદ્રમાં ડુબીયા,
ચાર ગતિ રૂપ દુઃખ કાદવમાં ખૂંચીયા, તેથી બનો ક્ષમાપનાના રસીયા,

બંધુઓ ! તમે બસ કે ટ્રેઈનમાં મુસાફરી કરો છો ત્યારે ખિસ્સું ન કપાય તે માટે ખિસ્સા કાતરૂઓથી સાવધાન રહો છો ને ? તેમ તપસ્વીઓને, દાનવીરોને અને શીયળવં-

તપ્યોને પણ દાન, શીયળ, અને તપની સુંદર આરાધના કરતાં, ક્રોધ અને માનના ગંઠીયા જિસ્સાકાતરુઓ પોતાની ઉત્તમ આરાધનાનો માલ ઝૂંટવી ન જાય તે માટે ખાસ તકેદારી રાખવાની જરૂર છે. જો તકેદારી નહિ રાખો તો જેનું ખિસ્સું કપાય છે તે આખી બંગાળી બની જાય છે તેમ આ જીવ પણ આખી બંગાળી બની જશે, માટે સાવધાન બનો અને ક્રોધ, અભિમાન આદિ શત્રુઓ ઉપર વિજય મેળવો. ગૌતમસ્વામીએ ભગવંતને પ્રશ્ન પૂછ્યો કે હે ભગવંત! ક્રોધ ઉપર વિજય મેળવવાથી જીવને શું લાભ થાય છે? ભગવંત કહ્યું હે ગૌતમ! 'खन्ति जणयइ, कोहवेयणिज्जं कम्मं न बन्धइ, पुव्ववद्धं च निज्जरेइ।" ક્રોધ ઉપર વિજય મેળવવાથી જીવ ક્ષમાના ગુણને પ્રગટ કરે છે. ક્રોધથી ઉત્પન્ન થતાં કર્મોને જીવ બાંધતો નથી અને પહેલા બાંધેલા કર્મોને ખપાવે છે.

આજના મહાન મંગલકારી સંવત્સરી પર્વનું એલાન શું છે? તે તમે જાણો છો? क्रोधं मा कुरु, क्षमा कुरु। હે ભવ્ય આત્માઓ! તમે ક્રોધ ન કરો પણ ક્ષમા કરો, ક્ષમા રાખો કારણ કે ક્રોધના દાવાનળને ઠાર્યા વિના ક્ષમાની શીતળતા નહીં મળે. ક્ષમા એ વૈરઝેરના દાવાનળને બુઝાવનાર શીતળ જળ છે. ક્ષમા એ એક પ્રકારનું આભૂષણ છે. ક્ષમા એ કોનું આભૂષણ છે તે વાત હું પછી કહીશ પણ જ્યારે આભૂષણની વાત આવે ત્યારે તમારા બધાના કાન ચમકે છે કે આભૂષણ હીરાનું, સોનાનું કે ચાંદીનું? તમે સારા વસ્ત્રાભૂષણ પહેરીને દેહને શોભાવો છો અને એ પહેરીને ગર્વ અનુભવો છો કે મારા જેવાં હીરા, માણેક, કે સોનાના દાગીના અને કિંમતી વસ્ત્રો બીજા કોઈ પાસે નથી, પણ આ જડ દાગીના પહેરવાથી દેહ શોભવાનો નથી પણ જેના વડે આપણે શોભીએ, આપણી શોભા શાશ્વત રહે એવું આભૂષણ કયું છે? ને કોણ પહેરી શકે છે. "क्षमा वीरस्य भूषणम्।" ક્ષમા એ વીર પુરૂષનું આભૂષણ છે. કાયર મનુષ્યો આવું અમૂલ્ય આભૂષણ પહેરી ન શકે. આવું સર્વશ્રેષ્ઠ આભૂષણ પહેરવા માટે તો યોગ્યતા કેળવી જોઈએ ને? જે ક્ષમા માંગી શકે છે, ક્ષમા આપી જાણે છે અને ક્ષમાની દૃષ્ટિએ જોઈ શકે છે તે જ વીરપુરૂષ છે, અને તે વીરપુરૂષ જ આવું ઉત્તમ આભૂષણ પહેરી શકે છે. આજના પવિત્ર દિવસે વૈરનું વિસર્જન કરી ક્ષમાનું સર્જન કરવાનું છે પણ વેરનું વાવેતર કરવાનું નથી. આ પર્વના દિવસો આપણને ક્ષમાની અમૂલ્ય ભેટ આપે છે.

વૈર ઝેરના ભાવ વિદારો, મૈત્રીના છોડને રોપો,
કામ, કષાયના કાજલ ધોવો, સ્નેહ સરિતા વહાવો,
જીવન નિર્મળ કરવાને....ક્ષમાની સોનેરી ભેટ લાવ્યા.

શું કહે છે? સાત સાત દિવસ સુધી સુંદર આરાધના કર્યા પછી આજે આ સંવત્સરી પર્વના દિવસે વૈરઝેર છોડીને જીવનમાં ક્ષમા અપનાવવાની છે, કારણ કે ક્ષમા એ માનવીનો કલ્યાણસાધક ઉત્તમ ગુણ છે. જેનામાં ક્ષમા અપનાવવાનો ગુણ છે, દુઃખ

સહન કરી લેવાની ઉદારતા છે. પરદોષને સ્વદોષ સમજવાની વિવેકદૃષ્ટિ છે તેને માટે ક્ષમા એ કલ્પવૃક્ષ છે, તેના દ્વારા આ લોકમાં અને પરલોકમાં સર્વ ઇચ્છિત વસ્તુઓને પ્રાપ્ત કરી શકાય છે. ક્ષમા ક્રોધીને શાંત કરે છે, માર્ગ ભૂલેલાને સન્માર્ગે દોરે છે. આ દાવાનળ જેવા સળગતા સંસારમાં શાંતિ અને ભ્રાતૃભાવ જન્માવે છે અને જન્મ મરણના ફેરા ટાળી મોક્ષ સુધી પહોંચાડે છે. ક્ષમાપના વૈરની પરંપરા નાબૂદ કરવા માટે સંજીવની-ઔષધ સમાન છે. મનથી ક્ષમાપના કરવાથી ચિત્તમાં પ્રસન્નતાની અનુભૂતિ થાય છે. ચિત્તમાંથી ઉદ્વેગ, વિષાદ મટી જાય છે. બીજાઓ સાથે તૂટેલો પ્રેમનો દોર ફરીથી સંધાય છે. ચિત્તમાં પ્રસન્નતા થવાથી મૈત્રીભાવની ઉત્પત્તિ થાય છે. મૈત્રીભાવના પામવાથી ભાવ વિશુદ્ધિ થાય છે. એ ભાવની વિશુદ્ધિ આપણો ભવરોગ મટાડવામાં અર્થાત્ જન્મ-મરણના ચક્ર અટકાવીને મોક્ષ પામવામાં પરમ સહાયક બને છે. ક્ષમાના શસ્ત્રથી ભયંકર ક્રોધીમાં ક્રોધી મનુષ્યો પણ શાંત બની જાય છે.

કેન્સરની ગાંઠ કરતાં ભયંકર ગાંઠ કઈ ? :- દેવાનુપ્રિયો ! આજે તો આપણા જીવનમાંથી કષાયો કેમ નિર્મૂળ બને ને આત્મા કેવી રીતે નિર્મળ બને તે વિષે વિચારવું છે. અનાદિકાળથી કષાયો આપણા આત્માને રીબાવે છે, હેરાન કરે છે. જેમ માણસને કેન્સરની ગાંઠ થાય છે તે કેટલી હેરાન કરે છે ? કેન્સરની ગાંઠ જીવલેણ હોય છે. એ ગાંઠ થયા પછી માણસ દિવસે દિવસે બેચેન બનતો જાય છે. તે વાત કેન્સરના દર્દીઓના પ્રત્યક્ષ અનુભવથી સમજાય છે. કેન્સરની ગાંઠ મટાડવા વિજળીના કિરણો આપી ગાંઠને બાળી નાંખવામાં આવે છે, તેવી રીતે તેનાથી પણ વધુ ભયંકર એકબીજા વચ્ચે પડી ગયેલી વૈર વિરોધની ગાંઠ છે. કેન્સરની ગાંઠ એક વખત મૃત્યુના દર્શન કરાવે છે, જ્યારે આ વૈરની ગાંઠ જીવને અનેક જન્મો સુધી દુઃખી કરે છે, અને દુર્ગતિમાં લઈ જાય છે. જેમ કે કમઠે પાર્શ્વનાથ પ્રભુ પ્રત્યે કેવું વૈર રાખ્યું ! અગ્નિશર્માએ સમરાદિત્ય ઉપર કેવું વૈર રાખ્યું ! છેવટે એ વૈર સંસારમાં અનંત દુઃખની યાતના આપનારું બની ગયું. આ બંનેમાં એક વૈર રાખનારો હતો ને બીજો ક્ષમા રાખનારો હતો. કમઠની સામે પાર્શ્વનાથ પ્રભુના જીવે ક્ષમા રાખી છે. અગ્નિશર્માએ ગમે તેટલું કષ્ટ આપ્યું તો પણ સમરાદિત્ય કેવળીના જીવે એની સામે ક્ષમા રાખી છે, છતાં આઠેક ભવ સુધી વૈરની વણઝાર ચાલી તો પછી બંને જો વેર રાખે તો તેનું પરિણામ કેટલું ભયંકર આવે અને તેની પરંપરા પણ ક્યાં સુધી ચાલે એ કલ્પી શકાય નહિ.

આટલા માટે જ્ઞાનીપુરુષો કહે છે કે કોઈના પ્રત્યે વૈરવિરોધ, તિરસ્કાર, ધિક્કાર, દુર્ભાવ-અભાવ કરવો નહિ, છતાં કદાચ કષાયવશ દુર્ભાવ થઈ ગયો હોય તો એ વૈર પરસ્પર શલ્યભૂત ન બની જાય તે પહેલાં પરસ્પર ક્ષમાનું આદાન-પ્રદાન કરીને શુદ્ધ બની જવું જોઈએ. નહીંતર વૈરના વિપાક બહુ કડવા આવે છે. પહેલું તો વર્ષાધિક રાખેલું વૈર

સમકિત ગુણનો નાશ કરે છે. મિથ્યાત્વને જાગૃત કરે છે અને તેનાથી આત્માને અનંતગણું નુકશાન પહોંચે છે. જ્યારે ક્ષમા આત્માને મોક્ષના અનંત સુખ આપનાર છે. ક્ષમામાં અલૌકિક શક્તિ છે. જુઓ, ગજસુકુમાલ કેવા મહાન ક્ષમાધારી વીરરત્ન થયા ! સોમિલે તો બાંધી ગજસુકુમાલના મસ્તક પર માટીની પાળ ને એમાં ભર્યા ભારોભાર અંગાર ! અણગારને વળી અંગાર શું ? અણગારને વળી આગ શું ! અણગારને વળી દેહનો મોહ શું ! આવા જડ ચેતનના ભેદને સમજેલા ગજસુકુમાલ અણગારે આપત્તિને સામે પગલે વધાવી. તેમના મસ્તક પર સળગતા ખેરના અંગારા છે છતાં આ અણગાર શું વિચારે છે? મારા પરમ ઉપકારી સસરાને શું કહું ? શેનાથી વધાવું ? મારા દુર્ગમ દુર્ગોને તોડવામાં સહાયરૂપ સસરા સોમિલ મળ્યો તો આવા મળો કે જેમણે મને મૂલ્યવાન મોક્ષની પાઘડી બાંધી અને મુક્તિરમણીમાં સુખાનંદ મેળવવા માટે મહાન માર્ગ બતાવ્યો. આમ ભાવના ભાવતા ક્ષપક શ્રેણી માંડીને મોક્ષ મેળવી લીધો. જુઓ, ગજસુકુમાલની કેટલી અપૂર્વ ક્ષમા ! આકૃતમાં અકળામણ નહિ, અધીરાઇ નહિ, અસંતોષ નહિ, અશાંતિ નહિ. સોમિલ પ્રત્યે વૈરભાવ નહિ. પરિણામે અજરઅમર સ્થાનને પામી ગયા.

"આત્મામાં ઘર કરી ગયેલો ભયંકર રોગ-ક્રોધ" :- કષાયો જીવને કેટલી હેરાન કરે છે ને ક્ષમા કેટલી શાંતિ આપે છે તે વિષે જેટલું કહું તેટલું ઓછું છે. અનંતકાળથી આત્મામાં ઘર કરી ગયેલા એક ભયંકર રોગનું નિદાન આપણે શાસ્ત્રોમાંથી જાણી શકીએ છીએ. એ રોગનું નામ છે કષાય. આ કષાય આપણા તમામ ભાવ રોગોનું મૂળ છે. ભવરોગ હઠાવીને ભાવ આરોગ્ય પામવું હોય તો પહેલા કષાયને બરાબર પિછાણી લેવી જોઈએ. કષાયોની કાળી કથાથી સરજાતી વસમી વ્યથાથી કોણ અજાણ હશે ! નરકથી માંડીને સ્વર્ગ સુધી સર્જાયેલી, સર્જાતી ને સર્જનારી બધી ખાનાખરાબીનું મૂળ આ કષાયો છે. કષાય એટલે સળગતો સંસાર ! અને સળગતો સંસાર એટલે કષાય. કષાયનો કસાઈ ચાર ચાર છરાઓથી આપણાં ભાવ પ્રાણની કતલ કરી રહ્યો છે. આ ચાર છરા એટલે ક્રોધ, માન, માયા અને લોભ. કષાયો આપણો કેડો પકડીને જીવનને બરબાદ કરી રહ્યા છે. કષાયો તો આપણા દુશ્મન છે. આ દુશ્મનો કેદી તરીકે રહે એમાં જ આપણે સલામત છીએ. કષાય આપણાં પર સ્વામીત્વ ભોગવે પછી તો ખાનાખરાબી થવામાં કંઈ બાકી ન રહે. ક્રોધ અને માન દ્વેષાત્મક કષાય છે, માયા અને લોભ રાગાત્મક કષાય છે. ક્રોધનો વિષય ફક્ત જીવસૃષ્ટિ જ છે જ્યારે રાગની દુનિયા વિસ્તૃત છે. જીવ અને જડ બંને રાગના વિષય છે.

દેવાનુપ્રિયો ! યાદ રાખજો કે જ્યાં સુધી આપણા આત્મપ્રદેશ ઉપર કષાયની કોઠી સ્થાપાયેલી રહેવાની ત્યાં સુધી દ્વેષના ધગધગતા અંગારા અને રાગની રાખથી અવરાયેલા અંગારા આપણી ચારે તરફ રહેવાના. કષાયોને કાબૂમાં લેવા માટે બે મંત્રો છે.

" खामेमि सव्वे जीवा अने एगो ऽहं नत्थि मे कोइ " કષાયના દ્વેષાંશને પહેલો મંત્ર કાબૂમાં લઈ શકે છે અને રાગાંશને કાબૂમાં લેવા માટે બીજો મંત્ર સમર્થ છે. હું સર્વ જીવોને ક્ષમા આપું છું અને હું એકલો છું, મારું કોઇ નથી. આ બે મંત્રોમાં મહાન રહસ્યો અને ચમત્કારો ભરેલા છે. એ રહસ્યના પડદા પાછળ ડોકિયું કરવાની જરૂર છે.

" खामेमि सव्वे जीवा " આ મંત્રથી ક્રોધ અને માન કેવી રીતે કાબૂમાં આવી શકે છે એ જાણતાં પહેલા વૈર વિરોધને ઉત્પન્ન કરનારા તત્ત્વો કોણ છે તે જાણી લેવું પડશે. આપણા હૈયામાં રહેલો ક્રોધ વેર વિરોધ કરાવે છે ને એમાંથી શત્રુઓ સર્જાય છે. શત્રુતાને ઉત્પન્ન કરવામાં મૂળ કારણ ક્રોધ છે અને વૈરની ઢીલી પડતી પકડને મજબૂત રાખવાનું કામ માન કરે છે. આ તો મારા ને તમારા દરેકના અનુભવની વાત છે. ક્રોધ આવે ત્યારે માણસ ગમે તેમ બોલી નાંખે છે પણ ક્રોધનો આવેશ શાંત થાય ત્યારે ઘણીવાર હૈયામાં પશ્ચાતાપ થાય છે. "खामेमि सव्वे जीवा"નો ઇકરાર કરવા મન પોકાર પણ કરે છે, છતાં હૈયામાં રહેલો માનનો પહાડ નમવા દેતો નથી. " खामेमि सव्वे जीवा " એ અઘરું સૂત્ર છે. એમાં માન ઉપર માર મારવો પડે છે. હું સર્વ જીવોને ક્ષમા આપું છું. આ ઇકરારમાં ક્રોધની સાથે માનને પણ કાબૂમાં લેવું પડે છે. ક્રોધ અને માન કાબુમાં આવે પછી જ ક્ષમા માંગવા જેવી નમ્રતા આવે છે. ક્ષમા આપવી સહેલ છે, કારણ કે એમાં એટલું ગૌરવ હણાતું નથી. માનને રાખીને પણ ક્ષમા આપવાનું કાર્ય થઈ શકે છે, જ્યારે ક્ષમા માંગવામાં તો ક્રોધ અને માન બંનેને દબાવવા પડે છે.

બંધુઓ ! " खामेमि सव्वे जीवा " આ મંત્ર જો સિદ્ધ થઈ જાય તો પછી આપણે કષાયની છાવણી પર બરાબર છાપો મારી શકીએ. આ મંત્રને સિદ્ધ કરવાની સાધના કરવી હોય તો ક્રોધના પ્રસંગોમાં પોતાની જાતને વધુ દોષિત તરીકે જોવાનો દૃષ્ટિકોણ અપનાવવો પડશે, ત્યારે વિચાર કરવો કે મારા પાપકર્મનો ઉદય છે કે મને જોઈને સામામાં છૂપાયેલો ક્રોધ ભડભડ કરતો બહાર ભભૂકી ઉઠે છે. આગ તો ભલે લાકડામાં છૂપાયેલી હોય પણ દીવાસળીથી એ આગને પ્રગટાવનાર જેમ વધુ દોષિત છે એમ જ્ઞાની વ્યક્તિઓ પોતાને જોઈને કોઈ ગુસ્સે થાય તો એમ વિચાર કરે છે કે એમાં દોષ મારા કર્મનો છે. માટે મારે વધુ સાવધાન રહેવાની જરૂર છે. હું જ ગુનેગાર છું. આવું ચિંતન જો કોઠે પડી જાય તો પછી " खामेमि सव्वे जीवा "નો મંત્ર સિદ્ધ થઇ જતાં વાર ન લાગે.

" खामेमि सव्वे जीवा " એ મંત્ર દ્વારા દ્વેષ ઉપર વિજય મેળવીને પછી " एगोहं नत्थि मे कोइ " આ મંત્ર દ્વારા રાગ ઉપર વિજય કેવી રીતે મેળવવો તે વિચારીએ. માયા અને લોભ આ કષાય નો રાગાંશ છે. રાગનો જન્મ હું કોઈનો છું અને કોઈ મારું છે આ ભ્રમણામાંથી થાય છે. હું એકલો છું. આ સત્યની સામે આંખ આડા કાન કરીને પોતાનું બીજું કોઈ છે એમ માન્યું એટલે પછી બીજાને પોતાનો કરવાનો મોહ

તો જોર કરવાનો. એ બીજામાં ભલે જડ કે જીવનો સમાવેશ થતો હોય પણ એ પોતાનું ન થતાં પછી માયાની મેલી રમત રમાવાની, અને જો એ પોતાનું થઈ જાય તો આ લાભમાંથી વધુ ને વધુ લોભ જાગતો જાય છે કષાયના રાગાંશ જીવને અનાદિ કાળથી આંગળીના ટેરવે નચાવતો રહ્યો છે. હવે આ રાગાંશને મુઠ્ઠીમાં લેવો હોય તો "એગોહં નત્થિ મે કોઇ" એ મંત્રનો જાપ કરવો પડશે.

દેવાનુપ્રિયો ! કષાય આપણું એ રીતે નુકશાન કરાવી રહેલ છે. દ્વેષ કરાવીને એ અધઃપતન નોતરે છે અને રાગ કરાવીને આપણો સર્વનાશ નોતરે છે. ક્રોધ અને માન આપણા દિલમાં દાહ લગાડી રહ્યો છે, તો માયા અને લોભ તૃષ્ણાનું તાંડવ ખેલાવી રહ્યો છે. આ દાહ જ્યાં સુધી ઓલવાય નહિ અને તૃષ્ણા જ્યાં સુધી શાંત થાય નહિ ત્યાં સુધી તો આધ્યાત્મિક જ નહિ પણ ભૌતિક શાંતિ મળવી પણ મુશ્કેલ છે. જ્યાં સુધી આપણું જીવન શીતળ અને પવિત્ર ન બને અને તૃષ્ણામાંથી આપણે તૃપ્તિ તરફ ન વળીએ ત્યાં સુધી આ કષાયો આપણાં ઉપર કાળો કેર વર્તાવ્યા જ કરવાની છે. ઝેર વરસાવતા વૈરમાંથી છૂટી જઈને લીલા લહેર કરવી હોય તો "ખામેમિ સવ્વે જીવા" અને "એગોહં નત્થિ મે કોઇ" આ બંને મંત્રો આપણે સિદ્ધ કરવા પડશે. આ મંત્રની સાધના માટે ક્ષમાપના પર્વ એક સુવર્ણ અવસર છે. આવો અવસર પ્રાપ્ત કરીને જેમ બને તેમ જીવનમાંથી કષાયોના ઝેર કાઢો અને તેના ઉપર વિજય મેળવો. ચાર કષાયોમાં લોભ તો મહા ભયંકર છે.

कोहो पीइं पणासेइ, माणो विणय नासणो ।
माया मित्ताणि नासेइ, लोहो सव्व विणासणो ॥

અ. ૮ ગાથા ૩૮

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો, માયા મિત્રતાનો અને લોભ સર્વ ગુણોનો નાશ કરે છે. લોભી મનુષ્ય પૈસા ખાતર ખતરનાક પાપ કરતાં અચકાતો નથી. સ્વધર્મી બંધુઓને લૂંટતા પણ પાછો પડતો નથી.

એક ગામમાં એક જૈન વણિક વસતો હતો. પાસે પૈસો ઘણો પણ ખૂબ લોભી હતો. કાળા બજાર કરી ભોળા ઘરાકોને છેતરીને ખૂબ ધન ભેગું કર્યું હતું. ધર્મનું તો એના જીવનમાં નામનિશાન ન હતું. આવા પર્યુષણના દિવસો આવ્યા. પર્યુષણ પર્વના દિવસોમાં એ ગામમાં દુકાનો બંધ રહેતી હતી. દુકાનો બંધ રહે એટલે સૌ કામધંધો છોડીને શાંતિથી ધર્મારાધના કરી શકે, પછી દુકાનમાં મન જાય જ નહીંને ! તમે બધા અહીં બેઠા છો પણ જો બજાર ચાલુ હોય તો એમ થાય કે હવે કયારે અહીંથી છૂટું ને દુકાને જાઉં પણ બંધ જ હોય તો મન ત્યાં જાય જ નહિ ને ! જેને ધર્મારાધના કરવી ગમે તેને આનંદ આવે પણ જેને ધર્મારાધના કરવી ગમતી નથી તેને તો ટાઈમ કયાં પસાર કરવો

એમ થાય છે. આ જૈન શેઠે વિચાર કર્યો કે બન્દર બંધ છે તો આજુબાજુના ગામોમાં ઉઘરાણીનું કામ પતાવી આવું. શેઠ ઉઘરાણી નીકળ્યા ત્યારે એમના ઘરાકો કહેવા લાગ્યા શેઠ ! અત્યારે તો તમારા પર્યુષણ ચાલે છે. ધર્મ કરવાનું છોડીને ઉઘરાણી કયાં નીકળ્યા ! ત્યારે કહે છે કે આ પણ ધર્મ જ છે ને ? (હસાહસ) જેની પાસે પૈસા ન હોય તે કહે છે શેઠ ! દયા કરો. હમણાં પૈસા નથી. સગવડ થશે એટલે વ્યાજ સહિત પાછા આપી દઈશું, પણ આ મહાલોભી શેઠ તો ગમે તેમ કરીને પૈસા કઢાવ્યે જ છૂટકો કરતો.

એક ઘોડાગાડી ચલાવનારો માણસ જ્ઞાતિનો મુસલમાન હતો. એની પાડોશમાં જૈનનું ઘર હતું. જૈનના સહવાસથી તેને જૈન ધર્મના સારા સંસ્કારો પડયા એટલે એ મુસલમાન હોવા છતાં જૈન જેવું જીવન જીવતો. મુસલમાનોના તમામ વ્યવહારથી તે અલગ થઇ ગયો. એને ટાઈમ મળે એટલે જૈનને ઘેર જઇને બેસે અને તે ઘરના સંસ્કારી માણસો એને ધર્મ સમજાવતા એ અંતરમાં ઉતારતો. જૈન ધર્મની શ્રદ્ધા દૃઢ બની. આ મુસલમાને પેલા લોભી શેઠ પાસે એક વખત ૫૦૦૧ રૂપિયા લીધેલા, તેથી તે રાત દિવસ ચિંતા કરતો કે કયારે ભરી દઉં, પણ એ.ા પાપકર્મનો એવો ઉદય હતો કે સ્ટેશને બીજા ગાડીવાળાઓની ગાડીમાં બેસવા માણસો પડાપડી કરે અને આની ગાડીમાં બેસવા કોઈ આવતું નહિ. આખો દિવસ જાય ત્યારે માંડ એની ગાડીમાં એકાદ બે માણસો બેસનારા નીકળતા, તેથી એને પોતાનો ખર્ચ કાઢવો પણ મુશ્કેલ પડતો હતો. આવી એની પરિસ્થિતિ હતી. એવામાં પેલા શેઠ સંવત્સરીના આગલા દિવસે મુસલમાનને ઘેર ઉઘરાણી કરવા આવ્યા અને રૂઆબથી કહે છે કે મારા રૂ. ૫૦૦ અને સવાસો રૂપિયા વ્યાજના એમ સવા છસો રૂપિયા રોકડા ગણી આપ.

મુસલમાન કહે છે શેઠ ! મારી પાસે હાલ કંઈ નથી. મારું ગુજરાન માંડ માંડ ચાલે છે. મને આપના રૂપિયાની રાત દિવસ ચિંતા થાય છે કે હું કયારે આપી દઉં ! પણ મારા પાપકર્મનો ઉદય છે. શેઠ ! મારું કામ ચાલતું નથી ને કમાણી થતી નથી, પછી હું પૈસા કયાંથી લાવું ? મને માફ કરો શેઠ ! અને અત્યારે તો આ પર્યુષણ પર્વના દિવસો ચાલે છે. આપે ધર્મ કરવાનો છોડીને આ તકલીફ શા માટે લીધી ? ત્યાં તો શેઠે તાડૂકીને કહી દીધું કે મારે તારો ઉપદેશ સાંભળવો નથી, તું મને પૈસા આપી દે. પૈસા સિવાય બીજી કોઇ વાત નહીં. જુઓ, આ શેઠ જૈન છે પણ જૈનના સંસ્કારો નથી, અને આ મુસલમાન જૈન નથી પણ રગેરગમાં જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધા છે. શેઠને ખૂબ સમજાવ્યા કે હું ગમે તેમ કરીને પંદર દિવસમાં તમને વ્યાજ સહિત રૂપિયા આપી દઇશ, ત્યારે શેઠ કહે છે જો જે હોં-ભૂલતો નહિ. પંદર દિવસમાં પૈસા નહિ આપે તો જીવતો નહિ રાખું. એમ કહીને શેઠ ચાલ્યા ગયા. મુસલમાન ખૂબ ચિંતાતુર બની ગયો. ખાતોપીતો નથી. એને એક જ વિચાર આવવા લાગ્યો કે શું કરું ? ઝેર ખાઇને મરી જાઉં ? આ પૈસા કયાંથી લાવું ? ત્યારે સ્ત્રી કહે છે તમે આ જૈન ધર્મ સ્વીકાર્યો ત્યારથી દુઃખી દુઃખી થઇ ગયા. છોડી દો આ ધર્મ. આપણો ધર્મ પાળો.

મુસલમાન કહે છે તું આ શું બોલે છે? જૈન ધર્મ જેવો દુનિયામાં કોઇ ધર્મ નથી. એ ધર્મ કોઈને દુઃખી કરતો નથી. એ તો મારા પાપકર્મનો ઉદય છે. બસ, મને આ શેઠના પૈસા આપવાની ચિંતા છે, ત્યારે મુસલમાનની પત્ની કહે છે હું કહું તેમ કરો. એ શેઠને ઘેર જાવ ને કહો કે કાલે સંવત્સરી છે એટલે કતલખાના બંધ રહેશે. પરમ દિવસે માંસ બહુ મોંઘુ મળશે તો શેઠ! મારી પાસે પૈસા નથી તો હું ૨૫ બકરા ખરીદ કરું એટલા પૈસા મને વ્યાજે આપો. હું એ પૈસામાંથી બકરા ખરીદીશ અને માંસ વેચીને પૈસા કમાઈશ ને તમને તમારા આ પૈસા અને પેલા ૫૦૦) રૂ. બધા વ્યાજસહિત ચૂકતે કરી દઇશ, ત્યારે આ મુસલમાન કહે છે તું આ શું બોલી? એક કીડી મરે ત્યાં પણ મારો જીવ દુભાય છે તો આ બકરાને મારવા પૈસા લેવા જાઉં? મારાથી પૈસા નહિ અપાય તો ઝેર ખાઇને મરી જઇશ પણ એ કામ મારાથી નહિ થાય. પત્ની કહે છે કે હું પણ તમારા જેવીજ છું. મારે એક પણ જીવને મારવો નથી પણ શેઠની પરીક્ષા કરું શું થાય છે? તેમ વિચારી બાઇ શેઠના ઘેર ગઇ બધી વાત કરી. શેઠ કહે શું વ્યાજ આપીશ? ૧૫ ટકા. શેઠ કહે ભલે. બાઇ કહે અરેરે....તમારા પૈસા ભરવા આવા પાપ કરવા પડશે! જો શેઠ તમે અમી જાવ તો અમારે આ પાપ કરવા નથી.

આ બધી વાત શેઠાણીએ સાંભળી. તે તરત બોલી હે શેઠ! તમને ધિક્કાર છે કે તમે આવા પાપ કરવા ઉઠ્યા છો! તમને કોઈ દિવસ ધર્મ કરવાનું તો મન થતું નથી ને આવા પાપ કરવા ઉઠ્યા છો! આવા કસાઈ જેવા પતિના ઘરમાં રહીને જીવવું તેના કરતાં મરવું બહેતર છે. શેઠે કહ્યું–હું એનું વ્યાજ નહીં લઉં પછી તો તમે રાજી છો ને! શેઠાણીએ કહ્યું–નાથ! જો તમારે એ મુસલમાન ભાઇના પૈસા વ્યાજ સહિત આજે માફ કરવા હોય તો મારે જીવવું છે, નહિતર તમારી સામે ઝેર પીને પ્રાણ ત્યાગીશ. આજે તો સંવત્સરીનો ઉપવાસ છે. કાલે ઝેરથી જ પારણું કરીશ. આ શેઠાણી તો હઠ લઈને બેઠા. હવે લોભી શેઠને પાંચસો રૂપિયાનો મોહ છોડે જ છૂટકો થયો. મુસલમાનને કહ્યું, જા ભાઈ, આજે તું મારા કરજમાંથી મુક્ત થાય છે.

બંધુઓ! શેઠાણીની પવિત્ર પ્રેરણાથી મુસલમાનને શેઠે કરજમાંથી મુક્ત કર્યો તેમ આપણે પણ આપણી સુમતિ નામની શેઠાણીની પવિત્ર પ્રેરણાથી ચેતનદેવને વૈરઝેર ભૂલાવીને આપણે કર્મના કરજમાંથી મુક્ત થવાનું છે. આ જ સંવત્સરી પર્વની મહત્તા છે. કષાયોનું શમન અને આત્માનું દમન કરી દુષ્ટ વૃત્તિઓ ઉપર વિજય મેળવવાનો છે. આપણા પરમપિતા મહાવીર પ્રભુએ આપણાં કલ્યાણ માટે ઉપદેશ આપ્યો છે કે સંગ્રામમાં એકલો માણસ હજારો સુભટોને જીતે એના કરતાં જે પોતાની જાત સાથે જીવનસંગ્રામ ખેડી પોતાના આત્મા ઉપર વિજય મેળવે એ ખરેખરો પરાક્રમી છે, સાચો વીર છે. હજારોને જીતવા સહેલ છે પણ પોતાના આત્મા પર પોતાની દુષ્ટ વૃત્તિઓ ભર્યા મન

પર વિજય મેળવવો કઠીન છે. કઠીનને સાધે તે વીર અને જે કઠીનમાં હારી જાય તે કાયર છે. ક્રોધી માણસ ક્રોધ કરીને બીજાને દબાવે છે પણ ક્ષમાશીલ પોતાની જાતને દબાવે છે, અને એ જ સાચો વીર છે. ખંધક મુનિ, ગજસુકુમાલ અણગાર, મેતારજ મુનિ વિગેરે પુરૂષોએ કસોટી વખતે ક્ષમા રાખી તો એ ક્ષમાશીલ તરીકે પંકાઈ ગયા.

ભગવાન મહાવીર સ્વામીએ ઢગલાબંધ જીવતા માણસોના મડદા પાડનારા મહા ઝેરી ચંડકૌશિક સર્પની સામે જઈ એના ડંખ સહીને ક્ષમા રાખી, કરૂણાથી "**બૂઝ બૂઝ ઓ ચંડકૌશિયા**" આ મધુર શબ્દે એને શાંત કરી મહા ક્ષમાશીલ બનાવ્યો, પછી ક્ષમાશીલ તો કેવો બન્યો કે કીડીઓએ ચટકા ભરીભરીને તેના શરીરને ચાળણી જેવું બનાવી દીધું છતાં સમતાને છોડી નહી, અને મનમાં શું વિચાર કર્યો ? અરે....હે ચેતન ! સામાન્ય કીડીના ચટકાની વેદના આટલી ભયંકર છે તો શું હું જેને ડંખ મારતો હતો ત્યારે તેને કંઇ વેદના નહી થતી હોય ! બસ, ત્યારે જમણા હાથે દીધું છે તો ડાબા હાથે લે. જેવું દીધું છે તેવું લે ! લેવામાં કચાશ રાખીશ નહિ. આ કીડીઓ મને ચટકા ભરતી નથી પણ મારા અપકૃત્યમાંથી ઉત્પન્ન થયેલા કર્મો ચટકા ભરે છે. કીડીઓ મારી દુશ્મન નથી પણ મારા અપકૃત્યો દુશ્મન છે. જેણે મને અગાધ સંસાર સાગરમાં ડૂબાડયો તે મારો ક્રોધ મારો દુશ્મન છે. આવી ભાવના ભાવતાં તે મરીને આઠમા દેવલોકમાં દેવ બન્યો. ક્ષમાની કેટલી શક્તિ છે ! આટલા માટે સંતો તમને આ દિવસોમાં સમજાવે છે કે

ક્ષમાપના સાચી કરજો, સાથે શીલ ને સમતા ધરજો,
સાચા દિલથી તમે, મિથ્યા મે દુષ્કૃત વદજો.

વ્યાખ્યાન પૂરું થશે પછી બે વાગે આલોચના કરાવવામાં આવશે ત્યારે તમે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આદિ સર્વ જીવોને ખમાવશો ત્યારે મિચ્છામિ દુક્કડં બોલશો. આ મિચ્છામિ દુક્કડં તમે હૃદયના રણકારથી શુદ્ધ ભાવે બોલજો. બાકી તો સંવત્સરી આવે એટલે આ પણી જુની પ્રણાલિકા મુજબ મોટા મોટા અવાજે મિચ્છામિ દુક્કડં દેવાના. એવા મિચ્છામિ દુક્કડં દેવાથી કંઇ પાપ દુષ્કૃતો–મિથ્યા થતા નથી. મિચ્છામિ દુક્કડં દેતાં જો આત્માને પૂર્વે કરેલા પાપોનો પશ્ચાતાપ ન થતો હોય તો સમજી લેવું કે જૈનોને મન માટલી ફોડવી ને મિચ્છામિ દુક્કડં દેવા એ સમાન છે. એક જૈન વણિકનો દીકરો એક વખત કુંભારવાડામાં ગયો. હાથમાં લાકડી રાખી હતી. તે લાકડી કુંભારે ઘડીને તૈયાર કરીને મૂકેલા માટલા ઉપર મારી, ત્યારે કુંભારે કહ્યું–ભાઈ ! આ મારી મજાની સુંદર બનાવેલી માટલી તેં કેમ ફોડી નાંખી ? ત્યારે વણિકનો દીકરો કહે છે ભાઈ ! મારી ભૂલ થઇ ગઇ. મિચ્છામિ દુક્કડં. થોડો આગળ ચાલ્યો ત્યાં બીજા કુંભારના નિભાડા પાસે જઈ લાકડી મારીને ઘડો ફોડયો, એટલે કુંભારે કહ્યું–તેં મારો ઘડો કેમ ફોડયો ? ત્યારે કહે છે ભૂલ થઈ ગઈ, 'મિચ્છામિ દુક્કડં' આ રીતે ચાર પાંચ કુંભારના નિભાડા પાસે ગયો. લાકડીઓ મારીને માટલી ફોડતો ગયો ને મિચ્છામિ

દુક્કડં દેતો ગયો. તમે આવા મિચ્છામિ દુક્કડં નથી દેતાને ? (હસાહસ) એક કુંભાર એવો માથાનો મળ્યો કે એની માટલી ફોડીને મિચ્છામિ દુક્કડં દીધા એટલે કુંભારે પણ હાથમાં લાકડી લીધી ને એના બરડામાં જોરથી મારી, તેથી વાણિયાનો દીકરો રાડ પાડતા કહે છે ભાઇ ! તું મને શા માટે મારે છે ? ત્યારે કુંભારે કહ્યું, ભૂલી ગયો. મિચ્છામિ દુક્કડં (હસાહસ) ત્રણ ચાર વખત જોરથી એને લાકડી મારી, એટલે છોકરો કહે છે વોય....વોય....મરી જાઉ છું. કુંભારે કહ્યું-ભાઈ ! મિચ્છામિ દુક્કડં (હસાહસ) છેવટે કુંભારે કહ્યું તેં આટલા કુંભારોની માટલીઓ ફોડી નાંખી ત્યારે તું મિચ્છામિ દુક્કડં મિચ્છામિ દુક્કડં બોલતો જ રહ્યો ને માટલીઓ ફોડતો રહ્યો. તો તને હું લાકડી મારું છું ને મિચ્છામિ દુક્કડં બોલું છું. શા માટે રડે છે ને બૂમો પાડે છે ?

ટૂંકમાં કહેવાનો આશય એ છે કે વર્ષોના વર્ષો સુધી આવા મિચ્છામિ દુક્કડં દેતા રહેશો તો તમારું પાપ મિથ્યા નહિ થાય પણ અંતઃકરણપૂર્વક પાપનો પશ્ચાતાપ થશે ત્યારે જ તમારું પાપ મિથ્યા થશે ને આત્મા પવિત્ર ને નિર્મળ બનશે." મિચ્છામિ દુક્કડં " એ કેવો પવિત્ર શબ્દ છે. આ શબ્દ સાંભળતાં હૈયામાંથી ક્ષમાનો એક ઝરો વહેવા માંડે છે. ક્રોધની ધરતી જો આ પાર છે તો ક્ષમાની ધરતી એને પેલે પાર છે. ક્ષમાની અગોચર ધરતીને ઢૂંઢવાનો કોઈ મહામંત્ર હોય તો તે મિચ્છામિ દુક્કડં છે. " મિચ્છામિ દુક્કડં " એ તો ક્ષમાના પ્રયોગ કેન્દ્રમાં પ્રવેશ કરવાનો પાસપોર્ટ છે. પાસપોર્ટ વગર કદાચ પ્રવેશ કરશું તો બે મિનિટ રહી ત્યાંથી પાછા ક્રોધની ધરતી પર આવીને ધકેલાઈ જવું પડશે. " મિચ્છામિ દુક્કડં " કહે છે ભૂલભર્યો ભૂતકાળ ભૂલી જાવ ને પ્રેમભર્યો વર્તમાન ખડો કરો. શત્રુની શત્રુતા ભૂલી જાવ. શત્રુને પણ મિત્ર કહી વધાવી લો. વૈરનો બદલો વૈરથી લેતાં તો પશુને પણ આવડે છે. માનવમાં જ એ સમજણ છે કે વૈરનો બદલો વૈરથી નહિ પણ પ્રેમથી લેવા ધારે તો એ લઈ શકે વૈરનો બદલો વૈરથી જેવો નહિ મળે એથી વધુ સારો પ્રેમથી મળશે. વૈરનો બદલો વૈરથી લેવા જશો તો જગતમાં તમારા વૈરી વધશે ને પ્રેમથી લેવા જશો તો તમારા મિત્રો વધશે, માટે શત્રુની શત્રુતા ભૂલી જઈ તેને પણ ક્ષમા આપો. અણુબોંબ, એટમબોંબ કે ન્યુટ્રોન બોંબમાં જે વિસ્ફોટક તાકાત રહેલી છે, એથી પણ વધુ વિસ્ફોટક તાકાત ક્ષમામાં રહેલી છે. શસ્ત્રોની વિસ્ફોટક તાકાત ફાટી નીકળતાં માનવ માનવ વચ્ચે, વિશ્વ વિશ્વ વચ્ચે યુદ્ધ અને સંહાર થશે, જ્યારે ક્ષમાની વિસ્ફોટક તાકાત એવી છે કે યુદ્ધની સામે યુદ્ધ બેલો, યુદ્ધને ખતમ કરી વિશ્વ પર વિશ્વયુદ્ધને બદલે વિશ્વશાંતિ ફેલાવી દેનારી છે. ક્ષમાની વ્હીસલ વગર યુદ્ધવિરામની કોઈ શકયતા નથી. પ્રેમ કે મૈત્રી તો જ ટકશે જો "મિચ્છામિ દુક્કડં" નો મંત્ર અપનાવ્યો હશે. મિચ્છામિ દુક્કડં એટલે ભૂલો ભૂલી જાવ, શત્રુને પણ ક્ષમા આપો, વૈરીને પણ અપનાવો ને વિરોધીને પણ અપનાવો. આ સનાતન સત્ય રસ્તે

ચાલતાં કોઇ સામાન્ય માણસે બહાર પાડયું નથી પણ સાડા બાર વર્ષ સુધીની એકધારી સાધના પછી આત્મામાં જ્ઞાનજ્યોતિ પ્રગટાવી ભગવાન શ્રી મહાવીર પ્રભુએ માનવના જીવનમાં મૈત્રીનું પ્રભાત પ્રગટાવવા બહાર પાડેલું આ સત્ય છે. આજે એ સત્યને અપનાવવાનો પવિત્ર દિવસ આવી ગયો છે. ચૂકયા તો ફરી પાછો આ પવિત્ર દિવસ હાથ નહિ લાગે. આજના દિવસે બીજું બધું ભૂલી એક કામ કરો. જે મળે એને મિચ્છામિ દુક્કડં કહો. તમારી ભૂલ હોય તો માથું મૂકીને રડી પડો ને બીજાની ભૂલ હોય તો હસતાં હસતાં એને ભેટી પડો. આજથી હૃદયની નોંધપોથીમાં આ મોસ્ટ ઇમ્પોર્ટન્ટ નોંધી રાખજો કે ક્રોધની શરૂઆત અને વૈરનો વસવસો જાગે કે ક્ષણ પણ ઉપેક્ષા નહિ કરતાં ભડકાની શરૂઆતમાં ચેતી જજો અને પર્યુષણ પર્વનું ક્ષમાપના કર્તવ્ય એ સ્મરણ કરજો.

બંધુઓ ! અંતઃકરણપૂર્વક પાપનો પશ્ચાતાપ થાય, મિચ્છામિ દુક્કડં દેવાય તો આપણો આત્મા પવિત્ર અને નિર્મળ બને. (પૂ. મહાસતીજીએ ક્ષમાપના વિષે ઉદાયન રાજા અને ચંડપ્રદ્યોતન, તથા મૃગાવતીજી તેમ જ વૈરનું વાવેતર કરવાથી આ જીવને વૈરની વણઝાર ભવોભવમાં કેટલી હેરાન કરે છે તેનું ખૂબ સુંદર રીતે ન્યાય અને દાખલા આપીને ખૂબ વિસ્તૃત રીતે વર્ણન કર્યું હતું. જે સાંભળતાં શ્રોતાજનોના દિલ કુણા બની ગયા હતા.) આજે ક્ષમાપના વિષે ઘણું ઘણું કહેવાઇ ગયું છે. આ સાંભળીને જીવનમાંથી વૈર ઝેરના કાંટા કાઢીને સાચી ક્ષમાપના કરીએ તો જ આપણે આદાન પ્રદાનનું મહાપર્વ સારી રીતે ઉજવ્યું ગણાય. છેલ્લે હું આપ બધા પાસે એટલી અભિલાષા રાખું છું કે–

"તન મન વચનના તાપ શમાવી, વૈર ઝેર વિસરીએ,
સંવત્સરીનું પ્રતિક્રમણ કરીને, ક્ષમાયાચના કરીએ,
ભવોભવ કેરું ભ્રમણ ટાળવા, આ ભવથી ઉગરીએ,
કષાયોની કાલિમા ધોઈને, આત્માને ઉજ્જવળ કરીએ."

ॐ શાંતિ

*

ભાદરવા સુદ ૭ ને શનિવાર વ્યાખ્યાન નં. ૫૪ તા. ૯–૯–૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત કરૂણાનિધિ, શાસનસમ્રાટ, તીર્થંકરદેવ મહાવીર સ્વામીએ ભવ્ય જીવોના ઉદ્ધાર માટે ફરમાન કર્યું કે હે ચેતન ! તું અનાદિકાળથી પરભાવમાં રખડી રહ્યો છે. ઇન્દ્રિયોને વશ થઈને પૌદ્ગલિક સુખમાં તેં અનંતોકાળ પસાર કર્યો, પણ હજુ તને તૃપ્તિ ન થઈ. શા માટે ? અંતરના ઊંડાણથી વિચાર કરશો તો સમજાશે કે તમે જે સુખની ઇચ્છા રાખો છો તે અશાશ્વત છે. ક્ષણિક છે અને મહાનપુરુષો જે સુખ માટે પ્રયત્ન કરે છે તે સુખ શાશ્વત છે. તે સુખ

આવ્યા પછી કદી જતું નથી. આવું સુખ કયાંથી અને કેવી રીતે મળે ? તેનો કદી વિચાર કર્યો છે ? આવું સુખ શાસ્ત્ર-સિદ્ધાંતનું વાંચન કરી, શ્રવણ, મનન કરી તેનું શ્રદ્ધાપૂર્વક આચરણ કરવાથી મળે છે.

આપણે ત્યાં ભગવાનની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રનું બાવીસમું અધ્યયન જે રહનેમીય નામનું છે તેમાં રહનેમી, નેમનાથ ભગવાન અને રાજેમતીનો અધિકાર ચાલે છે. પર્યુષણમાં આપણે વિષયો ઉપર વ્યાખ્યાન હોવાથી ચાલુ અધિકાર મૂકાઈ ગયો હતો તે હવે શરૂ કરીએ છીએ. વસુદેવને નહિ જોવાથી સમુદ્ર-વિજય રાજા ખૂબ કલ્પાંત કરવા લાગ્યા કે મેં પ્રજાની ફરિયાદ સાંભળીને મારા ભાઈને નજરકેદમાં રાખ્યો. મેં એને સાચી વાત ન જણાવી ત્યારે આમ બન્યું ને ! તેમને કયાંય ચેન પડતું નથી. ખૂબ ઉદાસ બની ગયા, ત્યારે કોઈ જ્યોતિષીએ તેમને કહ્યું તમે રડશો કે ઝૂરશો નહિ. તમારો ભાઈ જીવતો છે, ત્યારે સમુદ્રવિજયે પૂછયું, એ મને કયાંથી મળશે ? હાલ કયાં છે ? જવાબમાં જ્યોતિષીએ કહ્યું હાલ કયાં છે તે હું જાણી શકતો નથી પણ તમને મળતાં સમય લાગશે. જ્યારે દેવકીના લગ્નનો સ્વંયવર રચાશે ત્યારે દેવકી જેના ગળામાં વરમાળા પહેરાવશે છે. તે તમારો ભાઈ વસુદેવ હશે. આ સાંભળીને સમુદ્રવિજય રાજાને ખૂબ આનંદ થયો અને પોતાના ભાઈના મિલનના અવસરની રાહ જોવા લાગ્યા.

આ તરફ વસુદેવકુમાર ચાલતા ચાલતા મથુરા નગરીમાં આવ્યા. આ સમયે મથુરા નગરીમાં કંસ નામે રાજા રાજ્ય કરતા હતા. કંસ ખૂબ અભિમાની હતો. એણે ખુદ એના પિતાજીને પણ કેદમાં પૂર્યા હતા, કારણ કે કંસ માતાના ગર્ભમાં આવ્યો ત્યારે તેને તેના પિતા ઉગ્રસેન રાજાનું માંસ ખાવાની ઈચ્છા થઇ હતી, તેથી તેનો જન્મ થતાં તેની માતાએ તેને પેટીમાં પૂરીને વહેતી મૂકી હતી. તે પેટી એક વણિકના હાથમાં આવી. તેમણે તેને ઉછેરીને મોટો કર્યો. પછી સમય જતાં તે રાજા થયો. આ વસુદેવની સાથે કંસને પરિચય થયો. એક વખત જરાસંધ નામના પ્રતિવાસુદેવ રાજાએ ઢાંઢી પીટાવી કે જે કોઈ સિંહરથ રાજાને પકડી લાવશે તેને પોતાની કુંવરી જીવયશાને પરણાવશે. આથી વસુદેવે પોતાના પરાક્રમથી સિંહરથ રાજાને પકડયો એટલે જીવયશા તેને મળે તેમ હતી પણ વસુદેવ એ વાત જાણતાં હતાં કે જીવયશા જેને પરણશે તેના બાપ અને સસરા બંને કુળનો નાશ કરશે. એટલે વસુદેવે કંસને કહ્યું મારે જીવયશા સાથે પરણવું નથી, તમે પરણો. કંસને તો એ જોઈતું જ હતું, તેથી તેની સાથે લગ્ન કર્યા.

જેવો કંસ અભિમાની હતો તેવી તેની પત્ની જીવયશા પણ અભિમાની હતી. જીવયશાના પિતાજી જરાસંધની મદદથી જ કંસે તેના પિતા ઉગ્રસેન રાજાને કેદમાં પૂર્યા હતા. સમય જતાં કંસની બહેન દેવકી મોટી થઈ. તેના લગ્નનો સ્વયંવર રચ્યો. દરેક

રાજાઓને આ સ્વયંવરમાં આવવાનું આમંત્રણ આપ્યું. આ સમયે સમુદ્રવિજય આદિ રાજાઓ આવ્યા. સ્વયંવરમાં વસુદેવ વેશ અને રૂપ પરિવર્તન કરીને આવ્યા હતા, પણ દેવકીએ વસુદેવને જ વરમાળા પહેરાવી તેથી બીજા રાજાઓ યુદ્ધ કરવા તૈયાર થયા કે આટલા બધા રાજાઓને છોડીને એક ભિખારી જેવા સામાન્ય માણસને વરમાળા પહેરાવી ? આ સમયે વસુદેવ પરાક્રમથી રાજાઓ સાથે લડયા અને વિજય મેળવીને પોતાનું રૂપ પરિવર્તન કર્યું, ત્યારે ખબર પડી કે આ કોઈ સામાન્ય માણસ નથી. આ તો વસુદેવકુમાર છે. સમુદ્ર-વિજય રાજા પોતાના લઘુ બંધવાને પ્રેમથી ભેટી પડયા, અને દેવકી સહિત ભાઈને લઈને શૌર્યપુર નગરમાં આવ્યા, અને વસુદેવ રાજા બન્યા. રાજલક્ષણો વિષે આપણે પહેલી ગાથામાં વર્ણન કરી ગયા કે વસુદેવ રાજા કેવા કેવા રાજલક્ષણોથી યુક્ત હતા ! હવે બીજી ગાથામાં શાસ્ત્રકાર ભગવાન બતાવે છે કે—

तस्स भज्जा दुवे आसी, रोहिणी देवई तहा ।
तासिं दोण्हं दुवे पुत्ता, इट्ठा राम केसवा ॥२॥

વસુદેવ રાજાને બે રાણીઓ હતી. એક રોહિણી અને બીજી દેવકી. તે બંનેને એકેક પુત્ર હતો. તેમાં રોહિણીના પુત્રનું નામ રામ (બળદેવ) અને દેવકીના પુત્રનું નામ કેશવ (કૃષ્ણ) હતું. એ બંને પુત્રો પ્રજાજનોને ખૂબ પ્રિય હતા, તેમજ આપસઆપસમાં પણ બંને ભાઈઓ વચ્ચે ખૂબ પ્રેમ હતો.

આ વસુદેવ પૂર્વભવમાં સ્ત્રીવલ્લભ બનવાનું નિયાણું કરીને આવેલા હતા. તે વાત આગળ આવી ગઈ છે. આ વસુદેવને બહોંતેર હજાર રાણીઓ હતી પણ આ અધિકારમાં રોહિણી અને દેવકી બે રાણીઓનો જ સંબંધ છે તેથી તેમનું નામ અહીં લેવામાં આવ્યું છે. તે સિવાય રોહિણી બલદેવની માતા છે અને દેવકી કૃષ્ણવાસુદેવની માતા હોવાથી તેમનાં નામ જગતમાં વિખ્યાત છે.

દેવકી સાથે વસુદેવના લગ્ન થયા બાદ કંસને ખબર પડી કે દેવકીનો સાતમો પુત્ર પોતાનો વધ કરશે, તેથી કંસે વસુદેવને કપટપૂર્વક જુગાર રમાડીને શરત કરી કે તમે હારો તો મારી બહેનની સાત સુવાવડો મારે ત્યાં કરવાની. વસુદેવે હા પાડી. તેમને ખબર ન હતી કે આમાં શું મેલી રમત છે. સમય જતાં દેવકીની દરેક પ્રસૂતિ કંસને ત્યાં થતી. છેવટે સાતમી વખત પ્રસૂતિનો સમય આવ્યો ત્યારે કંસે જબ્બર જાપ્તો રાખ્યો હતો, પણ પુણ્યવાન પુરૂષનો જન્મ થતાં બધી સાનુકૂળતા થઈ ગઈ અને વસુદેવ કૃષ્ણને ગોકુળમાં મૂકી આવ્યા. નંદ અને યશોદા કૃષ્ણને પોતાના પુત્રને ઉછેરે તેમ ઉછેરતા હતાં. એ જાણતાં હતાં કે આ પારકી થાપણ છે. વળી કંસને આ વાતની જાણ થવા દેવાની નથી એટલે તેને બહાર જવા દેતા નથી પણ કૃષ્ણ તો મહા પરાક્રમી હતા. છાનામાના બહાર જઈને કોઈને મારતા, તો કોઈની મટકીમાંથી દહીં ને દૂધ ખાઈ

આવતા, તો કોઈની મટકી ફોડીને રાડબૂમ લઈ આવતા. આમ કૃષ્ણ ગોકુળમાં ઉછરવા લાગ્યા. વસુદેવે પોતાના મોટા પુત્ર બળદેવને કૃષ્ણનું રક્ષણ કરવા ગોકુળ મોકલી આપ્યો, તેથી બળદેવ ત્યાં આવીને ભાઈની સાથે રહેવા લાગ્યા. અત્યાર સુધી કૃષ્ણને ખબર ન હતી કે હું નંદ અને યશોદાનો પુત્ર નથી. એવી રીતે તેને રાખતા હતા, અને કૃષ્ણ પણ નંદ-યશોદાને પોતાના માતાપિતા માનતા હતા, કારણ કે જન્મ ધરીને તેણે પોતાના માતા-પિતાને જોયા જ નથી ને કોઇએ કહ્યું પણ નથી.

આ તરફ કંસ માનતો હતો કે મેં તો દેવકીના સાતમા પુત્રને મારી નાંખ્યો છે. તેથી હવે મને કોનો ડર છે? મેં જ્યોતિષીના વચન કેવા ખોટા પાડયા! ત્યારે જ્યોતિષીએ એને કહ્યું, તમારો દુશ્મન ગોકુળમાં ઉછરી રહ્યો છે. ખાત્રી કરવી હોય તો તમારા બળદેવને છૂટા મૂકો. એને જે મારી નાંખે તે તમારો શત્રુ સમજવો. એટલે કંસે મદોન્મત્ત બળદેવને છૂટા મૂક્યા તો કૃષ્ણજીએ બળદેવને મારી નાંખ્યા. કંસે કૃષ્ણને મારવા માટે ઘણાં પ્રયોગો કર્યા પણ કૃષ્ણની હંમેશા જીત થઈ. છેવટે કંસે મલ્લયુદ્ધ કરવાની ગોઠવણ કરીને બધાને બોલાવ્યા. તેમાં કૃષ્ણ અને બળદેવ બંને ભાઈઓ ભાગ લેવા આવ્યા. એ મલ્લયુદ્ધ જોવા કંસે સમુદ્રવિજય રાજા વગેરેને પણ આમંત્રણ આપ્યું એટલે દશ દશાર્હ ભાઈઓ પણ આવ્યા. મલ્લયુદ્ધમાં કૃષ્ણે બધા મલ્લોને હરાવી જીત મેળવી. કૃષ્ણને જોઈને સમુદ્રવિજય વિગેરેને ખૂબ આનંદ થયો. કૃષ્ણને ખબર પડી કે આ બધા મારા કુટુંબીજનો છે. અત્યાર સુધી ખબર ન હતી કે મારા માતા-પિતા અને કુટુંબીજનો કોણ છે?

મલ્લયુદ્ધમાં વિજય મેળવવાથી કૃષ્ણની ખૂબ પ્રશંસા થવા લાગી, તેથી કંસ તો ઈર્ષ્યાની આગથી જલી ઉઠયો, અને કૃષ્ણને મારવા તૈયાર થયો. તે વખતે એના સસરા જરાસંધનું સૈન્ય ત્યાં હતું. તે કંસના કહેવાથી કૃષ્ણ ઉપર તૂટી પડયું. આ સમયે સમુદ્રવિજય અને વસુદેવે પોતાના સૈન્ય વડે તેમનો સામનો કર્યો, ત્યારે લાગ જોઈને કૃષ્ણે કંસને મારી નાંખ્યો. કંસનો વધ કરીને કૃષ્ણ વિજેતા બનીને પોતાની માતા દેવકી અને પિતા વસુદેવ પાસે આવ્યા. પુત્રને જોઈને માતા દેવકી તો ગાંડીઘેલી બની ગઈ. કૃષ્ણ માતા-પિતાના પગમાં પડયા. માતા-પિતા પ્રેમથી તેને ભેટી પડયા. આ તરફ કંસનું મરણ થતાં જીવયશાએ જરાસંધને ખબર આપ્યા એટલે તેની ઉત્તરક્રિયા કરવા જરાસંધ ધમધમતો આવ્યો. કંસ યાદવોનો કટ્ટો વિરોધી હતો. કંસનો વધ થયા પછી વસુદેવ રાજાએ કંસના પિતા ઉગ્રસેન રાજાને કેદમાંથી મુક્ત કરાવ્યા હતા, એટલે તેમણે પોતાની પુત્રી સત્યભામાને કૃષ્ણ સાથે પરણાવી, પણ યાદવોને જરાસંધનો ખૂબ ડર લાગ્યો કે એના જમાઇનો વધ થવાથી વૈરનો બદલો લેવા હવે આપણને હેરાન કરશે તો આપણે શું કરવું!

આ સમયે યાદવકુળના એક નિપુણ જ્યોતિષીએ કહ્યું કે હમણાં તમે બધા કૃષ્ણને લઈને પશ્ચિમમાં જાવ. ત્યાં કૃષ્ણને નગરી વસાવવામાં દેવો સહાય કરશે, એટલે તે બધા

કૃષ્ણની સાથે ચાલ્યા. પશ્ચિમમાં સાગર કિનારે આવીને કૃષ્ણે તપ કરીને વૈષ્ણવ દેવની આરાધના કરી એટલે દેવ તેના ઉપર પ્રસન્ન થયો. તેની સહાયથી બાર યોજન લાંબી ને નવ યોજન પહોળી દ્વારકા નામની નગરી વસાવવામાં આવી. તે નગરી દેવોની વસાવેલી હોવાથી સોનાની હતી. દેવલોક જેવી તે શોભાયમાન અને રાવણની લંકાને પણ ઝાંખી પાડી દે તેવી હતી. આ નગરીમાં સમુદ્રવિજય રાજાએ કૃષ્ણનો રાજ્યાભિષેક કર્યો, અને કૃષ્ણ-બલભદ્ર વિગેરે યાદવો અહીં નિર્ભયતાપૂર્વક રહેવા લાગ્યા. અહીં કૃષ્ણે-પ્રતિ વાસુદેવ જરાસંધને મારવાની યોજના તૈયાર કરી. જરાસંધ સાથે યુદ્ધ કરી કૃષ્ણે તેને મારી નાંખ્યો, અને ભરતક્ષેત્રના ત્રણ ખંડ ઉપર કૃષ્ણે પોતાનું રાજ્ય સ્થાપિત કર્યું. કૃષ્ણ વાસુદેવ હતા અને જરાસંધ પ્રતિવાસુદેવ હતા. એવો નિયમ છે કે પ્રતિવાસુદેવનું ભાણું વાસુદેવ જમે એટલે પ્રતિવાસુદેવની ગાદી વાસુદેવ ભોગવે. તે નિયમ મુજબ કૃષ્ણજી ત્રણ ખંડના અધિપતિ બન્યા.

કૃષ્ણ વાસુદેવ ત્રિખંડ અધિપતિ હતાં પણ તેમનામાં અભિમાન જરા પણ ન હતો. ખૂબ સરળ, વિનયવંત અને ધર્મ ઉપર શ્રદ્ધાવંત હતા. ધર્મ એ જીવને તારનાર છે. અહીં મને રામાયણનો એક પ્રસંગ યાદ આવે છે. રાવણના દાદા સુમાલીના દાદા તડિતકેશ રાજા પૂર્વભવમાં સાધુ બનેલા, ત્યારે એક પારધીએ શિકાર કરીને તેને મારી નાંખેલા. મુનિ સાધુપણાના ભાવમાં કાળધર્મ પામી દેવલોકમાં ગયા ને ત્યાંથી ચવીને અહીં તડિતકેશ રાજા બન્યા, અને સાધુની ઘાત કરનારો પારધી નરકે ગયો. તે ત્યાંથી મરીને અહીં વાનર થયો. એક દિવસ આ તડિતકેશ રાજા અને રાણી બંને ઉદ્યાનમાં ફરવા ગયેલા. આ વખતે પેલો વાંદરો કૂદતો કૂદતો ત્યાં આવ્યો ને રાજા સાથે પૂર્વના વૈરના કારણે રાજાની પાસે બેઠેલી તેની રાણીના શરીરે નખુરીયા ભરવા લાગ્યો, બટકા ભરવા લાગ્યો. આ જોઈને રાજાને વાંદરા ઉપર ક્રોધ આવ્યો કે મારી રાણીને શા માટે આટલી બધી હેરાન કરે છે? તેથી રાજાએ વાંદરાની છાતીમાં બાણ માર્યું. વાંદરો તરફડતો તરફડતો થોડે દૂર ગયો. ત્યાં જઈને પડી ગયો. ત્યાં એક મુનિ ઉભા હતા તેમણે વાંદરાની પરિસ્થિતિ જોઈને તેને નવકારમંત્ર સંભળાવ્યા, એટલે વાંદરો મરીને ભવનપતિમાં ઉદધિકુમાર નિકાયનો દેવ થયો.

"દેવ બનેલો વાંદરો મુનિના દર્શને" :- આ તરફ રાણીને વાનરે નખુરીયા ભર્યા એટલે રાજાના માણસો ઉદ્યાનમાં રહેલા બીજા નિર્દોષ વાનરોને મારવા લાગ્યા. આ સમયે પેલા દેવ થયેલા વાનરે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું કે હું શેના પ્રતાપે દેવ થયો? તો મુનિને જોયા. અહો! આ મહાત્માએ મને નવકારમંત્ર સંભળાવ્યા, તેના પ્રભાવે હું દેવ થયો, એટલે તે દેવ સંતના દર્શન કરવા માટે આવ્યો. રાજાના માણસો નિર્દોષ વાનરોને મારી રહ્યા છે આ જોઈને તે ક્રોધે ભરાયો કે મેં રાજાની રાણીને હેરાન કરી તો મને માર્યો તે ઠીક છે પણ આ બિચારા નિર્દોષ વાનરોને શા માટે મારી રહ્યા

છે ! એ દેવ બન્યો છે એટલે એની પાસે શક્તિ છે તેનાથી મોટા જંગી વાનરો વિકુર્ત્યા. એ વાનરોએ મોટા ઝાડના ઝાડ ઉપાડી એનાથી રાજાના માણસોને મારવા માંડયા. એ વાંદરાઓને હાંકવા ખૂબ પ્રયત્નો કર્યા પણ કોઈ રીતે જતા જ નથી. જેમ મારવા જાય તેમ વધુ સામા થાય છે.

"વાંદરાના પ્રકોપથી ગભરાયેલ રાજા" :– આ જોઈને રાજા ગભરાયા, ને મનમાં વિચાર કર્યો કે આવા મોટા જંગી વાનરો એ અહીંના વાનરો નથી પણ આ કોઈ દૈવી ઉપદ્રવ લાગે છે. રાજા આકાશ તરફ દૃષ્ટિ કરીને હાથ જોડીને કહે છે કે હે દેવ ! તમે કોણ છો ? આપ અમારી જે ભૂલ હોય તે માફ કરીને આ ઉપદ્રવ શાંત કરો. દેવ અદૃશ્યપણે બોલ્યો– માફ કરું ? આ નિર્દોષ વાનરોએ તમારું શું બગાડયું છે કે તમે એને મારો છો ? ગુનેગાર તો હું છું ને તમે તો નિર્દોષ વાનરોને મારો છો. ગુનેગાર એવો હું તમને બરાબર સજા કરીશ, જેથી આવા નિર્દોષ પ્રાણીઓને મારવાની તમે બો ભૂલી જાવ. રાજાએ કહ્યું–દેવ ! સજા તો થઈ ગઇ. હવે આપ કોણ મહાનપુરૂષ છો તેની મને ઓળખાણ આપો. આ નિર્દોષ વાનરોની રક્ષા કરવા પધારેલા આપ જરૂર કોઈ મહાપુરૂષ છો અને આ સિપાઇઓ નિર્દોષ વાનરોને મારનારા અજ્ઞાન અને મૂઢ જીવો છે. એમના પર દયા કરીને આપનો પવિત્ર પરિચય આપો, ત્યારે દેવે અદૃશ્યપણે કહ્યું–અહીં નજીકમાં મુનિરાજ બિરાજે છે તેમને પૂછો. એ તમને જવાબ આપશે.

"જાણવાની જિજ્ઞાસાથી મુનિ પાસે આવેલ રાજા" :– રાજા અને તેમનો બધો પરિવાર મુનિવર પાસે આવ્યા. મુનિને જોઇને રાજાનું ચિત્ત એકદમ પ્રસન્ન બની ગયું અને નમસ્કાર કરીને પૂછયું–ગુરૂદેવ ! આ વાનરોનો ઉપદ્રવ કરનારા અને અમારા સિપાઇઓને શિક્ષા કરનાર અદૃશ્ય વ્યક્તિ કોણ છે ? મુનિએ કહ્યું–હે રાજન્ ! તારી રાણીને જેણે ઉપદ્રવ કર્યો અને તેં જેને બાણ માર્યું એ વાનર તારા બાણથી ઘવાઇને તરફડતો તરફડતો અહીં આવ્યો. એ મરવાની અણી ઉપર છે એમ જાણીને મેં તેને નવકારમંત્ર સંભળાવ્યા. તે નવકારમંત્રના શુભ ધ્યાનમાં મરીને દેવ થયો, અને દેવ થઇને ઉપકારીના ઉપકારને યાદ કરતો અહીં દર્શન કરવા આવ્યો. તેણે તારા માણસોને નિર્દોષ વાનરો ઉપર ઉપદ્રવ કરતા જોયા એટલે તેણે પોલીસને શિક્ષા કરીને અટકાવ્યા. આ સાંભળીને રાજાએ કહ્યું–અહો ગુરૂદેવ ! નવકારમંત્રનો આવો અદ્‌ભૂત મહાન પ્રભાવ છે કે માત્ર અંતિમ સમયે નવકાર મંત્રનું શ્રવણ કરીને એના ધ્યાનમાં સ્થિર થતાં આવા વાંદરા જેવા જંગલી પ્રાણીની પણ દેવ જેવી સદ્‌ગતિ થઈ, તો જે મનુષ્ય નવકારમંત્રનું શુદ્ધ ભાવે એક ચિત્તે સ્મરણ કરે તો તેનો બેડા પાર થઈ જાય ને ! રાજાની ધર્મશ્રદ્ધા વધી.

"મુનિને પ્રશ્ન કરતા રાજા" :– રાજાએ મુનિને પૂછયું–ભગવંત ! આ વાનરને મારી રાણી ઉપર ઉપદ્રવ કરવાનું કારણ શું ? મુનિ જ્ઞાની હતા. તેમણે કહ્યું–હે રાજન્ !

તું પૂર્વભવમાં દત્ત નામનો રાજમંત્રી હતો, પછી દીક્ષા લઇને જંગલમાં જઇને કઠોર સાધના કરવા ધ્યાન ધરતો હતો. તે વખતે આ વાનરનો જીવ પારધી હતો. એણે તારો શિકાર કર્યો હતો. એ વૈરથી નરકમાં જઇને અહીં આ વાનર થયો અને તું સમાધિ મરણે મરીને દેવ થયો, ને પછી અહીં આવીને રાજા થયો. તારા પર દ્વેષના સંસ્કારથી આ વાનરે તારી રાણીને ઉપદ્રવ કર્યો પણ એની ભવિતવ્યતા ઉજ્જવળ કે નવકારમંત્ર સાંભળવાનો યોગ મળ્યો. સૌમ્ય ભાવે બોલાતા નવકારમંત્રના શ્રવણ પર એનું દિલ ઠર્યું. દિલમાંથી ગુસ્સો ઓસરી ગયો. તારા બાણથી ઘાયલ થયો હતો, અતુલ વેદના હતી પણ નવકારમંત્રનું શ્રવણ મળતાં તારા ઉપરનો દ્વેષ છોડીને નવકારમંત્રમાં તેનું મન સ્થિર થયું તો દેવ બન્યો.

બંધુઓ ! વાનરે રાજા ઉપરનો દ્વેષ છોડીને નવકારમંત્રમાં ચિત્ત પરોવ્યું તો દેવ થયો પણ જો દ્વેષ ઉભો રાખ્યો હોત તો દેવગતિ તો શું મનુષ્યગતિ પણ ન મળત, પણ અંતિમ સમયે દ્વેષ છોડીને નવકારમંત્ર ઉપર શ્રદ્ધા કરી તો દેવ બન્યો. કહો તો ખરા કે આ વાનરે બાહ્ય શું ધર્મક્રિયાઓ કરી કે દેવ બન્યો ? બાહ્યથી માત્ર મહાત્મા પાસે ઘવાયેલો જઇને પડયો અને તેમના નવકારમંત્રના ઉચ્ચારણ પર કાન માંડયા. એટલો જ ધર્મ ને ? એમ તો તમે પણ સાધુ મહાત્માઓ પાસે નથી આવતાં ? એમના મુખેથી માત્ર નવકારમંત્ર નહિ પણ બીજી ધર્મની વાતો નથી સાંભળતા ? તો શું તમને એમ લાગે છે કે એટલાથી સ્વર્ગના પુણ્ય ઉપાર્જન કરી રહ્યા છો ખરા ? જુઓ, વાનરનું આખું જીવન રેઢીયાળ ગયું. લગભગ તો પાપના જ અધ્યવસાય અને પાપની પરિણતિમાં ગયું પણ અંતકાળની નજીકના સમયમાં રાજા પ્રત્યેના પૂર્વના વૈરના કારણે રાણીને નખુરીયા ભરવાનું કાર્ય કર્યું, પણ મરવાની અણી ઉપર દ્વેષના ઉપશમની અને નવકારમંત્રના ધ્યાનની જ્યોત પ્રગટાવી તો ફાવી ગયો. પૂર્વભવમાં પારધીપણાનો માનવભવ હતો પણ ત્યાં પાપકર્મોનું બંધન કરીને નરકે ગયો ને ત્યાંથી નીકળીને તે તિર્યંચ વાનર થયો. તેમાં છેલ્લે કષાયોને દબાવી ધર્મશ્રદ્ધા કરી તો દેવગતિને પામ્યો.

બંધુઓ ! બહારના સંયોગ અને બહારની પ્રવૃત્તિ આપણાં હાથમાં ન હોય પણ ચિત્તની પરિણતિ તો આપણા હાથની વાત છે. એને જો આપણે બગાડવી હોય તો જ બગડે અને એને સુધારીને જો પવિત્ર રાખવી હોય તો એ જરૂર સુધરે અને પવિત્ર રહે. વાંદરાને રાજાએ મરણાંત કષ્ટ આપ્યું તે સંયોગ એના હાથની વાત ન હતી. રાજા એના પ્રાણ લઈ શકયા પણ એની લેશ્યાને કે ચિત્તની પરિણતિને બગાડી ન શકયા. એ તો વાનર દ્વેષ છોડીને નવકારમંત્રના ધ્યાનમાં પોતાના પુરૂષાર્થથી સ્થિર બન્યો. બાણના ઘાથી આવેલું મરણાંત કષ્ટ અને મૃત્યુ એનું કંઈ બગાડી શકયું નહિ, પણ એ કષ્ટ સત્સમાગમ અને નવકારમંત્ર મળવામાં નિમિત્ત બની ગયું અને એને એના ઉપર શ્રદ્ધા થઈ તો દેવ થયો. ક્રોધને અટકાવવા માટે આ ઉત્તમ વિચાર છે કે જેના પ્રત્યે ક્રોધ આવવા જાય છે

તે જીવ માત્ર મારા પ્રાણ જ લૂંટે છે ને? મારી ધર્મશ્રદ્ધા તો નથી લૂંટતા ને? અંત સમય સુધી જો મારી ધર્મશ્રદ્ધા સલામત છે તો પછી મને શું ચિંતા છે? **"પ્રાણના નાશે અવશ્ય દુર્ગતિ નથી પણ ધર્મશ્રદ્ધાના નાશ પર જરૂર દુર્ગતિગમન છે. જેની ધર્મશ્રદ્ધા સલામત તેની સદ્ગતિ સલામત."** ધર્મશ્રદ્ધાના મહામૂલ્ય આંક્યા હોય તો વાનરના પ્રસંગ ઉપર વિચાર કરો.

રાજા તડિતકેશે મુનિ પાસેથી વાનરની હકીકત સાંભળીને વિચાર્યું કે દેવ બનેલો વાનર પરમ ઉપકારી મહાત્માને વંદન કરવા માટે આવ્યો છે તો મારી પાસે તો જીવન છે તો હું વિષય પરિણતિ, સુખલાલસા, આસક્તિ, રાગ, દ્વેષ અને મોહની પરિણતિ મૂકીને આ ધર્મ પરિણતિ જગાડવા અને વધારવાના પ્રયત્નો શા માટે ન કરું? તડિતકેશ રાજાને આ શુદ્ધ ધર્મની સાધના કરવા માટે આ સંસાર અકારો લાગ્યો. એમને સમજાયું કે આ વાનર પૂર્વનો પારધી અને નરકગામી જીવ છે. જો એને અહીં ધર્મ ન મળ્યો હોત તો કોણ જાણે કઇ ગતિમાં પટકાઈ જાત? માત્ર અંતિમ સમયે ધર્મ પામવાથી કેવો સદ્ગતિમાં પહોંચી ગયો! એ ધર્મનો મહિમા કેવો અજબ હશે! એ દ્વેષમાં સબડતો હતો ને હું રાગમાં સબડું છું. સંસારના સંયોગો જીવને રાગ-દ્વેષ વિના બીજું શું કરાવે છે? જ્યારે ધર્મ તારણહાર છે. તો મારે હવે એવા સંસારમાં રહીને શું કામ છે? બસ, હવે મારે આ સંસાર ના જોઇએ. આમ વૈરાગ્ય પામી રાજાએ સંસારનો ત્યાગ કરી દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું.

કૃષ્ણ મહારાજા આવા પવિત્ર અને ધર્મમાં શ્રદ્ધાવાન હતા. તેઓ નીતિપૂર્વક રાજ્ય ચલાવતા હતા. હવે કૃષ્ણજી તો દ્વારકા નગરીમાં આનંદથી રહેવા લાગ્યા, પણ આપણે જેમનો અધિકાર વાંચીએ છીએ તેવા નેમનાથ ભગવાનનો જન્મ કઇ માતાની કુંખે થશે તેના વિશેષ ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- જિનસેન અને રામસેનની રાજાએ સભામાં પરીક્ષા કરી તેમાં જિનસેન પાસ થયો ને રામસેન નાપાસ થયો. રાજાએ જિનસેનને ઇનામમાં તલવાર અને ઘોડો આ બે ચીજો ભેટ આપી. આ વાતની રત્નવતીને દાસી મારફત ખબર પડતાં રત્નવતીના દિલમાં ક્રોધની આગ ભભૂકી ઉઠી એટલે તરત જ દાસીને રાજાને બોલાવવા મોકલી, તેથી રાજા રત્નવતીના મહેલે આવ્યા ત્યારે રાણીએ ન કહેવાના શબ્દો રાજાને કહ્યા, અને કહ્યું કે તમે જે ચીજો જિનસેનને આપી છે તે તમે તેની પાસેથી પાછી મંગાવી લો, અને મારા રામસેનકુમારને આપો. રાજાએ કહ્યું હે રત્નવતી! તું આ શું બોલે છે? તને શરમ નથી આવતી? આપેલી ચીજ કદી પાછી લેવાય? આ દુનિયામાં એક સામાન્ય માણસ પણ કોઇને વસ્તુ આપીને પાછી લેવામાં પોતાની હીનતા સમજે છે તો મારા જેવો મોટો રાજા પોતાના પુત્રને ખુશ થઇને ઇનામ આપે તે પાછું લે તો કેવું ખરાબ લાગે? હે રાણી! તારું કહ્યું માનીને હું એ ચીજો પાછી લેવા જાઉં તો મારું દુનિયામાં માન શું

રહે ? જગત મને ગાંડો જ કહે ને ! તું મારી આબરૂ માટે પણ સમજ, પણ રાણી કોઇ રીતે સમજતી નથી. સ્ત્રી હઠ લઇને બેઠી છે ત્યારે રાજા કહે છે.

વહ પહલે હી નહીં લેતા થા, મૈં કીની મનુવાર,
પીછી માંગતે દુનિયા માંહી, મૈં બાજુ ગિવાર.

એ બિચારો જિનસેનકુમાર તો પહેલા લેવાની ના પાડતો હતો. મેં એને ખૂબ કહ્યું ત્યારે એણે આ બે ચીજોનો સ્વીકાર કર્યો. જેને પરાણે આપ્યું તેની પાસેથી હું પાછી લેવા કેવી રીતે જાઉં ? આ વાતની પ્રજાજનોમાં જાણ થશે તો મને ગાંડો ગણશે. રાણી કહે એ હું કંઈ ન જાણું. આપતી વખતે વિચાર કેમ ન કર્યો ? ને હવે લેવા જતાં શરમ આવે છે ? એ કંઇ નહિ ચાલે. ગમે તેમ થાય પણ એ ચીજો પાછી મંગાવશો તો જ હું જીવીશ, નહિતર તમારી સામે ઝેર પીને પ્રાણ છોડીશ. તો તમને સ્ત્રી હત્યાનું પાપ લાગશે.

"રાજાની ચિંતા દૂર કરવા પ્રધાનનો પ્રયત્ન" :– રાજાને ખૂબ દુઃખ થયું. હૈયું ભરાઈ આવ્યું અને ઉદાસ બનીને બેસી ગયા, એટલામાં પ્રધાનજી રાજા પાસે આવ્યા. રાજાને ચિંતાતુર જોઇને પ્રધાને પૂછયું કે સાહેબ ! આપ આજે આટલા બધા ઉદાસ કેમ છો ? આ સમયે જયમંગલ રાજાએ પ્રધાનને કહ્યું– મેં જિનસેનને ઘોડો અને તલવાર ભેટ આપ્યા તેથી રત્નવતી ઝઘડો માંડીને બેઠી છે. જિનસેન ગુણવાન છે ને રામસેનમાં તો કંઈ દેખાતું નથી અને એને માટે ઘોડો ને તલવાર પાછા મંગાવવાનું કહે છે પણ દીધેલી ચીજ પાછી કેવી રીતે મંગાય ? જો રાણીના કહેવાથી પાછી માંગુ તો મારી કીર્તિને કલંક લાગે ને લોકો મારી હાંસી ઉડાવે. પ્રધાને કહ્યું–સાહેબ ! આપની વાત સાચી છે. જ્યારે મહારાણી માનતા જ નથી તો પછી શું કરવું ? આપણાં જિનસેના રાણી અને જિનસેનકુમાર બંને ખૂબ ગુણવાન છે. એ તરત પાછા આપી દેશે. કદાચ જિનસેનકુમાર એ પાછું આપવા તૈયાર નહિ થાય પણ જિનસેના રાણી એવા પવિત્ર છે કે તેને સમજાવીને પાછું અપાવી દેશે. આપ શાંતિ રાખો. હું જ રાણી પાસે જઇને બધી વાત કરીને લઈ આવું છું. આ પ્રમાણે રાજાને શાંત કરીને પ્રધાન જિનસેના રાણી પાસે ગયો.

આ તરફ જિનસેનકુમાર બંને ચીજો લઈને માતા પાસે આવ્યો અને આ બે ચીજો બતાવીને કહ્યું–મા ! તારા આશીર્વાદથી પિતાજીએ લીધેલી પરીક્ષામાં પાસ થયો ને મને આ બંને ચીજો પિતાજીએ ભેટ આપી. આમ કહીને જિનસેનકુમાર માતાના ચરણમાં પડયો ને માતાએ તેને આશીર્વાદ આપ્યા કે બેટા ! તું ભવિષ્યમાં મહાન પરાક્રમી રાજા બનજે ને સાથે તારા આત્માનું શૌર્ય પ્રગટ કરી આત્માનું કલ્યાણ કરજે, પછી જિનસેનાએ કહ્યું બેટા ! તારા પિતાજીએ તને ખુશ થઈને ભલે આ ચીજો આપી પણ તું શા માટે

લાવ્યો ! તારે લાવવાની જરૂર ન હતી કારણ કે રત્નવતી આ વાત જાણશે તો તારા પિતાજી સાથે ઝઘડશે.

"કુંવરને રત્નવતીની વાત કરતી જિનસેના" :– રત્નવતી રાજા સાથે ઝઘડી છે તે વાતની રાણીને ખબર ન હતી, પણ જેવું માણસ હોય છે તેવી તેની છાપ પડે છે, એટલે જિનસેના કહે છે હે દીકરા ! મને લાગે છે કે આ વસ્તુઓ આપણે ત્યાં ટકી શકે જ નહિ, કારણ કે જેવી રત્નવતીને ખબર પડશે તેવી એ તરત રાજાની સાથે ભયંકર ઝઘડો કરશે. તો બેટા ! આ બે ચીજો માટે તારા બાપુજીને કેટલું સહન કરવું પડશે ? તેં આપણે એ બે ચીજો લઈને ઝઘડામાં નિમિત્ત બનવું નથી, માટે તું જઈને બે વસ્તુઓ રાજાને પાછી આપી આવ. આ પ્રમાણે જિનસેના અને જિનસેનકુમાર વાત કરતા હતા, ત્યાં પ્રધાનજી રાણી પાસે આવ્યા ને બધી વાત કરી. જિનસેનાએ તો પહેલેથી જ ભવિષ્ય ભાંખ્યું હતું તેવું જ બન્યું. હવે જિનસેના રાણી જિનસેનકુમારને વસ્તુઓ પાછી દેવાની વાત કરશે ને ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૫૫

ભાદરવા સુદ ૮ ને રવીવાર દુબળી આઠમ તા. ૧૦-૯-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, ત્રિલોકીનાથ, શાસનપતિ ભગવાને જગતના જીવોના એકાંત હિત માટે આત્મકલ્યાણનો મંગલકારી માર્ગ બતાવ્યો છે. પર્યુષણ પર્વના પવિત્ર દિવસો આવ્યા ને ગયા અને આપણને નવીન સંદેશો આપતા ગયા કે હે આત્માઓ ! મોહનિદ્રામાંથી જાગૃત બનો. દિવસો તો બધા ઉગે છે ને આથમે છે પણ પર્વના દિવસોની વિશેષતા છે. કર્મના મર્મને ભેદી નાખવા એ આ પર્વનું અદ્‌ભૂત કાર્ય છે. તાડના ઝાડ ઉપરના મર્મ ભાગમાં જેના આધારે એ તાડનું ઝાડ અડીખમ ઉભું રહે છે ત્યાં સોય ભોંકવામાં આવે તો અડીખમ ઉભેલું તાડનું ઝાડ તરત પડી જાય છે, એવી રીતે આ પર્યુષણ પર્વ કર્મના મર્મને સોય ભોંકવાનું કામ કરે છે, જેથી એ કર્મરૂપી તાડનું ઝાડ ભોંય ભેગું થઈ જાય છે. આપણા આત્માએ અનંત ભવમાં ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ આદિ કરીને કર્મો બાંધ્યા છે તેનો ક્ષય આ માનવ ભવમાં સમ્યક્ દર્શન, જ્ઞાન ચારિત્ર અને તપ દ્વારા થઈ શકે છે.

પર્યુષણ પર્વના દિવસોમાં ઘણાં ભાઈ બહેનોએ ધર્મની આરાધના કરી. કોઈએ યથા-શક્તિ દાન દીધું, કંઈ કે શીયળ વ્રતના પચ્ચખાણ લીધા, ઘણાંએ શક્તિ અનુસાર તપશ્ચર્યાઓ કરી. આજે મહાડ સંઘ તપસ્વીઓનું બહુમાન કરે છે. તપનું બહુમાન શા માટે કરે છે ! આપણાં જૈન ધર્મમાં તપનું વિશેષ મહત્વ છે. તપનો મહિમા અપાર છે,

તપ એ આત્મા ઉપર રહેલા કર્મોને બાળીને આત્માને વિશુદ્ધ બનાવે છે. જેમ મેલા કપડા ગરમ પાણી, સાબુ અને સોડામાં બાફીને ધોવાથી સ્વચ્છ બની જાય છે તેમ આપણો આત્મા અનાદિકાળથી કર્મના મેલથી મલીન બનેલો છે. એ મેલને બાળીને આત્માને વિશુદ્ધ કરવા માટે તપ એ અમોઘમાં અમોઘ જડીબુટ્ટી છે. ઉત્ત. સૂત્રના ૨૯મા અધ્યયનમાં ગૌતમ સ્વામીએ પ્રભુને પ્રશ્ન કર્યો કે "तवेणं भंते जीवे किं जणयई तवेण वोदाणं जणयइ।" "હે ભગવંત! તપશ્ચર્યા કરવાથી જીવને શું લાભ થાય? ભગવંતે કહ્યું હે ગૌતમ! શુદ્ધ તપશ્ચર્યા કરવાથી પૂર્વકર્મોનો ક્ષય થાય છે. નવા આવતાં કર્મોને રોકનાર સંયમ છે, અને ભવોભવમાં બાંધેલા પુરાણા કર્મોને ક્ષય કરવા માટે તપ છે. આગળના સંતો સંયમ લઈને આત્મવિશુદ્ધિ માટે કર્મોનો ક્ષય કરવા માટે મહાન અઘોર તપશ્ચર્યા કરતા હતા. તપસ્વીઓના તપ આગળ દેવોના મસ્તક ઝૂકી જાય છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનો અધિકાર ચાલે છે. નેમનાથ ભગવાન કયા કુળમાં જન્મ્યા છે તે બતાવવા માટે પહેલાં વસુદેવની વાત કરી. વસુદેવ રાજાને દેવકી રાણીથી કૃષ્ણજી અને રોહિણીથી બલભદ્રજી એમ બે પુત્રો જન્મ્યા, તેમાં કૃષ્ણજી વાસુદેવ હતા. કૃષ્ણજીએ દ્વારકા નગરી વસાવી પ્રતિવાસુદેવ જરાસંધનો વધ કરીને પોતે ત્રણ ખંડના અધિપતિ બન્યા અને યાદવો સાથે દ્વારકા નગરીમાં આનંદથી રહેવા લાગ્યા. આ વાત હવે અહીં અટકાવીને આપણા અધિકારના નાયક નેમનાથ ભગવાનની વાત કરવી છે એટલે તેમના માતા-પિતા કોણ હતા ને તે કેવા પવિત્ર હતા, તે વાત જોઈએ.

सोरियपुरम्मि नयरे, आसि राया महड्ढिए।
समुद्दविजये नाम, रायलक्खण संजुए ॥ ३ ॥

શૌર્યપુરનગરમાં વસુદેવ રાજાના મોટાભાઈ સમુદ્રવિજય નામના રાજા હતા. જે રાજ-લક્ષણોથી યુક્ત તથા છત્ર ચામરાદિ વિભૂતિથી વિશિષ્ટ હતા. સમુદ્રવિજય અને વસુદેવ બંને ભાઈઓ વચ્ચે કેવો પ્રેમ હતો તે વાત આગળ આવી ગઈ છે. સમુદ્રવિજય રાજામાં નામ પ્રમાણે ગુણો હતા. સમુદ્ર એટલે સમુદ્ર જેવા ગંભીર અને વિજય એટલે ઇન્દ્રિયો ઉપર વિજય મેળવનાર હતા તેથી એમનું નામ સમુદ્રવિજય સાર્થક હતું. આજે નામ તો ફક્કડ હોય છે પણ ગુણ હોતા નથી. નામ તો મજાનું ચંદન બહેન હોય પણ ન હોય ચંદન જેવી સુવાસ કે શીતળતા. નામ હોય સમતા બેન પણ સમતાનો છાંટો ય ન હોય. આવા નામની કોઈ સાર્થકતા નથી.

"જતુ" કરશો તો જગદીશ બનશો :- સમુદ્રવિજય રાજા "યથા નામ તથા ગુણા" હતા. પોતાની પાસે જે કંઈ હોય તે બધું પહેલાં પોતાના નાના ભાઈઓને આપતા હતા. એમ નહિ કે હું સૌથી મોટો છું એટલે મારો જ હક્ક છે. નાના ભાઈઓ એમને ઘણીવાર કહેતા-મોટાભાઈ! તમે તો બધું જ અમને આપી દો છો. તમે તો કંઈ

રાખતા જ નથી, ત્યારે સમુદ્રવિજય પ્રેમથી કહેતા–મારા લઘુ બાંધવો ! જે તમારી પાસે છે તે બધું મારું જ છે ને? તમે તે હું ને હું તે તમે છો, પછી મારા તારાના ભેદ શા માટે ? પોતે મોટા હતા એટલે બધું જતું કરતા હતા. ભગવાન કહે છે જે જતું કરે તે જગદીશ બની શકે છે. જતું કરવું એટલે શું? ધન કે વસ્તુ જતી કરવી એટલું જ નહિ પણ કોઈ આપણને ગાળ દે તો પણ જતી કરવાની. કોઈ કટુવચન કહે તો પણ સમતા ભાવે સહન કરી લેવાના. કોઈ પથ્થર મારે તો પણ સહન કરી લેવાના. આપણે નિર્દોષ હોવા છતાં કોઈ આપણને દોષિત બનાવે તો પણ સહન કરી લેવું એનું નામ જતું કર્યું કહેવાય. મહાવીર પ્રભુને અનાર્ય દેશમાં અનાર્ય લોકોએ કેવા કેવા કષ્ટો આપ્યા છતાં સહન કર્યા ને ? કોઈનો સામનો કરવા ગયા? 'ના.' એમણે જીવનમાં કેટલું જતું કર્યું ત્યારે જગદીશ બન્યા. જગદીશ તો બધાને બનવું છે પણ જતું કરવું નથી. જગદીશ બનવું હોય તો તેને માટે એક ઉપાય છે કે જતું કરતાં શીખો. કોઈ ગાળ દે, કટુવચન કહે, ખોટા દોષનું આરોપણ કરે ત્યારે એક જ વિચાર કરવો કે મારા પાપકર્મનો ઉદય છે. એમ માનીને ક્ષમા રાખીએ તો સામી વ્યક્તિને જરૂર એની ભૂલનું ભાન થશે અને છેવટે ચરણમાં નમી પડશે.

"ઈર્ષ્યાએ સર્જેલી આગ":–મદ્રાસમાં અન્ય ધર્મના પ્રચારક એક તેલંગ સ્વામી હતા. એમના જીવનમાં ક્ષમા ઘણી હતી અને જ્ઞાન પણ ખૂબ હતું. આપણા જૈન ધર્મમાં ક્ષમાનું વિશેષ મહત્વ છે. જૈન સાધુના દશ ધર્મમાં પહેલો ધર્મ ક્ષમા છે, એટલે જૈન ધર્મના સંતો તો ક્ષમાવાન હોય પણ આ તો જૈનેતર સંત હોવા છતાં તેમનામાં ગજબની ક્ષમા હતી, અને પોતાની પાસે આવનારા ભક્તોને ક્ષમાનો ઉપદેશ આપતા, અને આત્મજ્ઞાનની ઊંડી વાતો સમજાવતા, તેથી તેમની ખૂબ પ્રશંસા થતી. આ બીજા ધર્મના ભક્તોથી સહન ન થયું. અમારા ધર્મગુરૂની આટલી પ્રશંસા નથી કરતા ને આની આટલી બધી પ્રશંસા ! આવી ઈર્ષ્યાના કારણે તેલંગ સ્વામીને હલકા પાડવા માટે તેમણે એક પ્રપંચ ઉભો કર્યો. એક દિવસ ત્રણ ચાર અજાણ્યા ભક્તો તેલંગ સ્વામીની પાસે આવ્યા ને કહ્યું. સ્વામીજી ! અમારી એક નાનકડી ભક્તિનો સ્વીકાર કરશો ! અમે ખૂબ ભક્તિભાવથી આ એક દૂધનો ગ્લાસ લાવ્યા છીએ તે આપ પી જાવ તો અમને લાભ મળે.

"ચુનાનું પાણી દૂધની માફક પીતા મહાન સંત" :– તેલંગ સ્વામીએ જોયું તો આ તદ્દન અજાણ્યા ભક્તો હતા. કદી તેમને જોયેલા ન હતા, છતાં તેમની ભક્તિનો સ્વીકાર કરીને પ્રેમથી દૂધ પી ગયા. પીતાં ખબર પડી કે આ દૂધ છે કે શું ? એમણે પીધું પણ આવનારની આંખો પહોળી થઈ ગઈ કે હવે શું થશે? દૂધની કેવી અસર થાય છે તે જોવા માટે ભક્તો તેમની પાસે બેસી રહ્યા. તેલંગ સ્વામીએ દૂધ પીને ગ્લાસ જમીન પર મૂકી દીધો ને જેવી મુખ ઉપર પહેલાં પ્રસન્નતા હતી તેવી જ પ્રસન્નતાથી બેસી રહ્યા. આવનાર પ્રત્યે જરા પણ દ્વેષ કે અણગમો ન કર્યો. હોઠ ઉપર પણ કડવાશનો વળાંક ન

હતો. આંખોમાં પ્રેમનું સરોવર છલકતું હતું, અને હોઠ ઉપર મધુર સ્મિત હતું. દૂધ લઈને આવનારાઓ કહે છે સ્વામીજી ! આપને કોઈ તકલીફ તો નથી થઈ ને ? સ્વામીજીએ કહ્યું–ભાઈઓ ! તમે મને પ્રેમથી દૂધ પીવડાવ્યું ને મેં પીધું. પીવામાં વળી તકલીફ કેવી ! મેં તો પ્રેમથી તમારું દૂધ પીધું છે. સ્વામીજીના શબ્દોમાં સાહસિકતા હતી.

"દ્વેષી ભક્તોને થયેલો પશ્ચાતાપ" :– સ્વામીજીનો જવાબ સાંભળીને દ્વેષી ભક્તોના હૈયા ફફડી ઉઠયા. એમની આંખો રડી ઉઠી. કંઠ રૂંધાઈ ગયો ને ચરણમાં મસ્તક નમાવીને બોલ્યા–સ્વામીજી ! અમને માફ કરો. અમે ઘણી જ નાદાની કરી છે, ત્યારે સ્વામીજી પ્રસન્નતાથી બોલ્યા....હોય–નાદાન તો બાળકો જ હોય, બાળકો તો પ્રભુને પ્યારા હોય. તમે પણ મને વહાલા છો. તમે તમારી નાદાનીને ભૂલી જાઓ. સ્વામીજી ! એ કેમ ભૂલાય ? અને અમને માફ પણ કેમ કરાય ? અમે તો આપની પ્રશંસા સાંભળી ઇર્ષ્યાની આગથી બળી જતા હતા તેથી આપની કસોટી કરવા માગતા હતા ને તમને ગુસ્સે કરવાના આશયથી અમે દૂધ નહિ પણ કળીચૂનાનું પાણી આપને આપ્યું હતું. આ અમારા અપરાધને માફ કરો. અમને ક્ષમા કરો. સ્વામીજીએ કહ્યું એમાં તમારો દોષ કે ગુન્હો છે જ નહિ. આ તો મારી કસોટી છે. કસોટી વખતે દૃઢ રહેનારની જ જગતમાં કિંમત થાય છે. સ્વામીજીએ વમન કરીને ચુનાનું પાણી બહાર કાઢી નાંખ્યું, પણ કસોટી કરવા આવનારા ભક્તો શાંત અને ક્ષમાશીલ તેલંગ સ્વામીને વારંવાર વંદન કરતાં તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા ચાલ્યા ગયા. બંધુઓ ! દુનિયામાં જે સહન કરે છે તે પાર ઉતરે છે ને જતું કરે છે તે જગદીશ બને છે. મહાત્મા ચુનાના પાણીને દૂધની માફક ગટક ગટક પી ગયા. ચુનાનું પાણી પીવડાવનાર ઉપર પણ પ્રેમ રાખ્યો તો તેમને સત્ય વસ્તુનું ભાન થયું ને નમી પડયા.

સમુદ્રનું મંથન કરવા બધા દેવો આવ્યા ને મંથન કરીને અમૃત કાઢયું. તે બધા દેવો પી ગયા ને ઝેર હતું તે પડયું રહ્યું. બધા દેવોની પરીક્ષા કરવા બ્રહ્માજીએ કહ્યું કે આ ઝેર કોણ પીશે ? ઝેર પીવા કોઈ તૈયાર ન થયું. એક દેવે કહ્યું હું ઝેર પી જઈશ. જે દેવે ઝેર પીધું તેને બ્રહ્માજીએ મહાદેવનો ઇલકાબ આપ્યો. **જેણે પીધા ઝેર તે બન્યા મહાદેવ.** મહાવીર ભગવાનનું નામ તો વર્ધમાન કુમાર હતું પણ એ મહાવીર કેમ કહેવાયા ? તે જાણો છો ? બાલ્યાવસ્થામાં પણ દેવથી ડર્યા નહિ પણ દેવોને ડગાવ્યા, ત્યારે દેવોએ નામ આપ્યું મહાવીર.

આપણે સમુદ્રવિજય રાજાની વાત ચાલતી હતી. સમુદ્ર ગંભીર હોય, વિશાળ હોય, અને સમુદ્રના પેટાળમાં રત્નો ભરેલા હોય છે, તેમ આ સમુદ્રવિજય રાજા પણ ઉદારતા, ક્ષમા, સહિષ્ણુતા, શૌર્ય, દયા આદિ ગુણોના ભંડાર હતા. આવા મહાન ગુણોના કારણે તે જગતમાં પ્રખ્યાત હતાં. તેઓ શૌર્યપુર નગરમાં આનંદથી રહેતા હતા. તેમની રાણી કોણ હતા ?

तस्स भज्जा सिवा नाम, तीसे पुत्तो महायसो ।
भगव अरिट्ठनेमि त्ति, लोगनाहे दमीसरे ॥ ४ ॥

સમુદ્રવિજય રાજાને શીવાદેવી નામની ભાર્યા–રાણી હતી. શીવાદેવી રાણી પણ સમુદ્રવિજય રાજાની માફક ધીર, વીર, ગુણીયલ અને ગંભીર હતા. રાજાની રાણી સારી હોય અને પ્રધાન સારો હોય તો રાજ્ય આબાદ બને છે, કારણ કે આવી પવિત્ર રાણીઓ રાજાને રાજકાર્યમાં સારી સલાહ અને સૂચનાઓ આપે છે અને પ્રધાન રાજાનું કાર્ય સારી રીતે સંભાળી શકે તેવો બુદ્ધિમાન અને પરાક્રમી હોય તો રાજાની શોભા વધે છે. સમુદ્રવિજય રાજાને બીજી રાણીઓ હશે પણ શીવાદેવી રાણી મહાન પુણ્યવંતી છે તેથી તેમનું નામ શાસ્ત્રના પાને અંકિત થયું છે. આજે તમે બધા જે સુખ ભોગવો છો, સંસારમાં માન-પ્રતિષ્ઠા પામો છો તેમાં તમારા પુણ્ય કામ કરી રહ્યા છે. પુણ્ય વિના સુખ, રૂપ કે માન પ્રતિષ્ઠા મળતા નથી. જો સુખ જોઈતું હોય તો ધન કરતાં ધર્મની કિંમત વધુ આંકો. ધન તો મળશે પણ ધર્મારાધના કરવાનો અવસર ફરી ફરીને નહિ મળે. જીવનમાં ધનની વિશેષતા નથી, ધર્મની વિશેષતા છે. સદ્‌ગુરૂઓ તમને વારંવાર ધર્મારાધના કરવાની ટકોર કરે છે. તેજીને ટકોરો બસ છે.

પાટણના મહારાજાને શાંતનુ નામે મહામંત્રી હતો. તે મહામંત્રી ધન કરતાં ધર્મને મહાન માનતો હતો. જ્યારે મહામંત્રીનું પદ સ્વીકાર્યું ત્યારે તેમણે રાજા સાથે કરાર કર્યો હતો કે જ્યારે મારા ધર્મગુરૂ પાટણમાં પધારે ત્યારે દરરોજ વ્યાખ્યાન સાંભળવા ગયા વિના મારે નહિ ચાલે. દરરોજ પ્રતિક્રમણ કરવા જઈશ અને બપોરના પણ મારા ગુરૂની પાસે ધર્મચર્ચા કરવા જઈશ. આટલી છૂટ હોય તો મંત્રીનું પદ લેવા તૈયાર છું. મારા ધર્મના કાર્યમાં રૂકાવટ થાય તો મારે મંત્રીનું પદ ન જોઈએ. રાજાએ તેની વાતનો સ્વીકાર કર્યો એટલે શાંતનુએ મહામંત્રી પદનો સ્વીકાર કર્યો.

એક વખત શાંતનુ મહામંત્રી પાટણમાં પોતાને માટે સાત માળનો ભવ્ય મહેલ બંધાવતા હતા. મહેલ બંધાવવામાં અઢળક ધન ખર્ચાઈ રહ્યું હતું. જોનારની આંખો ઠરી જાય તેવો સુંદર આરસપહાણનો મહેલ બંધાઈ રહ્યો હતો. એ સમયે એક આચાર્ય મહારાજ શિષ્ય પરિવાર સહિત પાટણની પવિત્ર ભૂમિમાં પધાર્યા. આ મહામંત્રી શાંતનુ દરરોજ સવારે વ્યાખ્યાનમાં, બપોરે ધર્મચર્ચામાં અને સાંજે પ્રતિક્રમણ કરવા જતા એમ ત્રણે ટાઈમ ગુરૂની પાસે જતાં હતાં. આવું મહામંત્રીનું પદ મળ્યું છતાં ધર્મમાં કેટલી શ્રદ્ધા છે! બોલો, તમને આવી શ્રદ્ધા છે? ટાઈમસર પ્રતિક્રમણ કરવા જનાર મંત્રી એક દિવસ થોડા મોડા પહોંચ્યા એટલે આચાર્ય મહારાજે પૂછયું–મંત્રીશ્વર! આજે તમે કેમ મોડાં પડ્યા? મહામંત્રી જવાબ આપે તે પહેલાં જ ગુરૂદેવનો એક નાનકડો શિષ્ય બોલી ઉઠ્યો–ગુરૂદેવ! આપના ભક્ત મહામંત્રીને પૂછો તો ખરા કે એમને કેટલો મોહ છે!

એમને રહેવા માટે એક માળનું મકાન નાનું પડ્યું એટલે સાત માળનો ભવ્ય મહેલ બંધાવી રહ્યા છે, ને પાપની સામગ્રી વધારી રહ્યા છે. સંપત્તિને નશ્વર માનવા છતાં હજુ મોહને વધારવાના કામ કરી રહ્યા છે. એક નાનકડા મુનિરાજે મહામંત્રીને મીઠી ટકોર કરી. આચાર્ય મહારાજ એની સામે મૌનપણે જોઈ રહ્યા. ત્યાં એ નાના મુનિ ફરીને બોલ્યા; ગુરૂદેવ ! આવા ધર્મીષ્ઠ મહામંત્રી જેવા જો સંપત્તિના મોહમાં ફસાશે તો શ્રાવક ધર્મની ઉચ્ચ કક્ષાની આરાધના કોણ કરી શકશે ?

"મુનિની ટકોર ઝીલતા શાંતનુ મહામંત્રી" :– નાનકડા મુનિરાજની શાસ્ત્ર સંમત મીઠી ટકોર સાંભળીને મહામંત્રીનું હૃદય પોકારી ઊઠ્યું. અહો ! ગુરૂદેવની પવિત્ર વાણી સાંભળવાં છતાં મને આ સંસારની સામગ્રી વધારવાની તમન્ના જાગી ! આ મકાન બંધાવવામાં છકાય જીવોનો કેટલો આરંભ સમારંભ થઇ ગયો ! મારી જિંદગી કેટલી ? નાણાંનો સદ્વ્યય ધર્મના શુભ ખાતામાં કરવાને બદલે આ ઈમારત બાંધવામાં કર્યો ! હવે મારે આ સંસાર સુખની સારી દેખાતી સામગ્રી ન જોઈએ. પરિણામે તો એ આત્માનું અહિત કરનારી જ છે ને ? આમ વિચાર કરી ગુરૂદેવને હાથ જોડીને શાંતનુ મહામંત્રી કહે છે ગુરૂદેવ ! આ બાલમુનિરાજે મને સમયસર મીઠી ટકોર કરી છે. મહેલમાં મહાલવાના મારા મનના કોડને આજથી હું દફનાવી દઉં છું અને મોહને હું તિલાંજલી આપું છું. એ મહેલ તૈયાર કરીને હું ધર્મારાધના કરવા માટે શ્રી સંઘને સમર્પણ કરી દઈશ. મહામંત્રીના શબ્દો સાંભળીને ગુરૂ બોલી ઉઠ્યા–ધન્ય શાંતનુ મહામંત્રીને ! તમે આજે શ્રાવક નામને ઉજાગર બનાવ્યું. તેજીને ટકોરો બસ છે. ચકોરને ટકોર થતાં તે પાપને છોડી દે છે. અમે પણ તમને ટકોર તો કરીએ છીએ ને ? આમાંથી કેટલા ચકોર બન્યા ? જો આટલી આટલી ટકોર કરવા છતાં સમજતા ન હો તો મારે તમને શું કહેવું ? પ્રભુ મહાવીરના શ્રાવકો જાતિવંત ઘોડા જેવા હોય, એમને તો ટકોર કરવાની હોય, ડફણા મારવાના ન હોય. ડફણા કોણ ખાય ? હમણાં તમે સાંભળી ગયાં ને ? મારે તમને ગધેડા નથી કહેવા. (હસાહસ). તમે જે હો તે તમારી જાતે સમજી લેજો. ઘણાં હળુકર્મી જીવોને સંતો ટકોર કરે તે ગમે છે. એ મનમાં એમ સમજે છે કે મારા કેવા અહોભાગ્ય કે સંતો મને ટકોર કરે છે ! હું એમની ટકોરને કયારે જીવનમાં અપનાવીશ ? અને કંઈક જીવો એવા હોય છે કે એમને સંતો મીઠી ટકોર કરે કે હે દેવાનુપ્રિયો ! સંસારના કામ ઘણાં કર્યા. એ તો છે છે ને છે. હવે એ પળોજણ છોડીને આત્મા માટે કંઈક પરભવનું ભાથું બાંધો. વ્રત નિયમમાં આવો ત્યારે એ જીવોને સંતો અળખામણા લાગે છે. (હસાહસ) તમને તો આવું નથી થતું ને ? શાંતનુ મહામંત્રી સંતની ટકોરથી ચકોર બની ગયા ને સાત માળનો મહેલ ધર્મક્રિયાઓ કરવા માટે ધર્મસ્થાનક તરીકે સંઘને અર્પણ કરી દીધો. તમે પણ આવા બની જજો.

સમુદ્રવિજય રાજાને શીવાદેવી મહારાણી હતા. તે સમુદ્રવિજય રાજાની આજ્ઞાનું પાલન

કરનાર પતિવ્રતા હતા. રાજાના સ્વભાવને બરાબર અનુકૂળ હતા. સમુદ્રવિજય રાજા અને શીવાદેવી રાણી સંસારના સુખ ભોગવતાં, ધર્મારાધના કરતાં સુખપૂર્વક જીવન વ્યતીત કરી રહ્યા છે. એક દિવસ શીવાદેવી મહારાણી શૈયામાં સૂતા હતા. કંઈક જાગતા અને કંઈક ઉંઘતા એવી અવસ્થામાં રાણીએ ચૌદ સ્વપ્ના એક પછી એક આકાશમાંથી ઉતરીને પોતાના મુખદ્વારા ઉદરમાં પ્રવેશ કરતાં જોયા. ચૌદ સ્વપ્ના જોઇને રાણી સુખશૈયામાંથી જાગ્યા. આ સમયે દેવલોકમાં દેવોના આસન ડોલ્યા ત્યારે તેમણે અવધિજ્ઞાન દ્વારા ઉપયોગ મૂકીને જોયું તો ખબર પડી કે નેમનાથ ભગવાનનો જીવ અપરાજિત વિમાનમાંથી ચવીને શીવાદેવી માતાના ગર્ભમાં આવ્યો છે. હવે રાણી સમુદ્રવિજય રાજા પાસે જશે, સ્વપ્નાની વાત કરશે અને રાજા જ્યોતિષીઓને તેડાવીને સ્વપ્નનું ફળ પૂછશે. તેના ભાવ અવસરે કહેવાશે.

"ચરિત્ર :- રાણીના આવાસે પ્રધાનજી" :- જિનસેના રાણી જિનસેનકુમારને સમજાવી રહી છે કે બેટા ! આ ચીજો આપણે રાખવી નથી. તું તારા પિતાજીને પાછી આપી આવ. આમ વાત ચાલતી હતી ત્યાં પ્રધાનજી જિનસેના રાણી પાસે આવ્યા એટલે રાણીએ તેમનો ખૂબ આદરસત્કાર કર્યો. પધારો પ્રધાનજી ! આજે આપનું આગમન અહીં કેમ થયું ? પ્રધાન જિનસેનકુમાર પાસેથી ઘોડો અને તલવાર લેવા માટે આવ્યા છે પણ આવતાવેંત એમ થોડું કહેવાય કે હું આ વસ્તુઓ લેવા આવ્યો છું. એ તો વાત ગોઠવીને કરાય ને ? એટલે પ્રધાન જિનસેના રાણીને કહે છે હે મહારાણીજી ! આપનો પુત્ર જિનસેન કુમાર તો ખૂબ ગુણવાન છે. એના ગુણોનો જગતમાં જોટો નહિ જડે.

"જિનસેના રાણી પાસે પ્રધાને કુંવરની કરેલી પ્રશંસા" :-હે મહારાણીજી ! આવા પવિત્ર પુત્રની માતા બનીને આપ મહાન ભાગ્યશાળી બની ગયા છો. જિનસેનકુમાર બરેબર મહાન પરાક્રમી સિંહ જેવો બનશે. કરોડો તારાઓની વચ્ચે જેમ એક ચંદ્ર શોભી ઉઠે છે તેમ આ જિનસેનકુમાર પણ હજારો માણસોની વચમાં ચંદ્ર સમાન શોભે છે. સભામાં રાજાએ જિનસેન અને રામસેનકુમારની પરીક્ષા લીધી ત્યારે જિનસેનકુમારે જે જડબાતોડ જવાબ આપ્યા તે સાંભળીને પ્રજાજનોના અંતરમાંથી એક જ ઉદ્‌ગાર નીકળ્યો કે આ રાજકુમાર ભવિષ્યમાં મહાન પરાક્રમી કેશરી સિંહ જેવો રાજા બનશે. ધન્ય છે એની જન્મદાતાને ! હું ખોટી વાત નથી કહેતો. જે છે તે સત્ય કહું છું. આ રીતે પ્રધાને જિનસેનકુમારનો ખૂબ પ્રશંસા કરી અને આવા પુત્રને જન્મ આપવા બદલ જિનસેના રાણીને ખૂબ ધન્યવાદ આપ્યા, ત્યારે રાણીએ કહ્યું-પ્રધાનજી ! ધર્મના પ્રતાપે પુણ્યના ઉદયથી મા દીકરો આનંદથી દિવસો પસાર કરીએ છીએ, બાકી સુખ-દુઃખ મળવું એ તો કર્માધીન છે. કર્મ આગળ કોઈનું ચાલતું નથી. એ તો પોતાના કરેલા કર્મો જીવને પોતાને ભોગવવાનાં છે.

પ્રધાને કહ્યું–મહારાણીજી ! આપની વાત સાચી છે પણ આપનો જિનસેનકુમાર અવશ્ય રાજ્યનો માલીક બનશે અને આ પરીક્ષા કર્યા પછી તો જિનસેનકુમાર રાજાને પણ ખૂબ વહાલો થઇ પડ્યો છે. રાજાના તેના ઉપર ચારેય હાથ છે પણ રત્નવતી રાજાને એવી કજીયાળી મળી છે કે નાની બાબતોમાં પણ કજીયા કરે છે. પોતે સુખે સૂતી નથી ને બીજાને પણ સુખે સૂવા દેતી નથી એવો એનો ક્રૂર સ્વભાવ છે, ત્યારે રાણીએ કહ્યું પ્રધાનજી ! એમાં એનો પણ શું દોષ ? આ તો સૌના કર્મનો દોષ છે. આ પ્રમાણે વાતચીત કરીને પ્રધાનજીએ જિનસેના રાણીને કહ્યું કે આ જિનસેનકુમારને રાજાએ ખડ્ગ અને ઘોડો એ બે ચીજો આપી છે તેથી રત્નવતી રાણીને ખૂબ ઇર્ષ્યા આવી છે, અને ઝઘડો માંડીને બેઠી છે કે તમે જિનસેનકુમાર પાસેથી ઘોડો અને તલવાર લઈ આવો ને મારા રામસેનકુમારને આપો, ત્યારે રાજાએ કહ્યું કે ભેટ આપેલી ચીજ કદી પાછી લેવાય નહીં. હું કદી પાછી લેવા નહિ જાઉં. રત્નવતી કહે છે હું તમારી સામે ઝેર ખાઇને મરી જઈશ. બસ, તમે એ બે ચીજો પાછી લાવી આપો તો જ મારે જીવવું છે. તેથી મહારાજા ખૂબ મૂંઝાયા છે. એમની આંખમાંથી શ્રાવણ–ભાદરવો વહે છે. તે મારાથી જોઈ શકાયું નહિ, તેથી હું આપની પાસે એ બે ચીજોની માંગણી કરવા માટે આવ્યો છું.

રાની બુલાયા જિનસેન કુંવરકો, દેવો વસ્તુ પાછી,
કુંવર કહે હરગીઝ નહીં દેઉં, એ વાત નહીં આછી.

રાણીએ તરત જિનસેનકુમારને બોલાવીને કહ્યું કે બેટા ! મેં હમણાં જ તને વાત કરી હતી ને કે રત્નવતી રાજા સાથે ઝઘડો કરશે ને તારા પિતાજીને મૂંઝવણનો પાર નહીં રહે, માટે તું એ બે ચીજો પાછી આપી આવ. જો, આ પ્રધાનજી એવા જ સમાચાર લઇને આવ્યા છે. તારા પિતાજીને મૂંઝવણનો પાર નથી, માટે બેટા ! તું એ બે ચીજો પાછી આપી દે. તને તારા પરાક્રમથી ઘણું મળશે, ત્યારે જિનસેનકુમારે કહ્યું–ના એ વસ્તુઓ તો હું ત્રણ કાળમાં પાછી આપવાનો નથી. મેં લીધી ત્યારે મારા પિતાજી સાથે મેં કરાર કર્યો છે કે હું આ ચીજો તમને પાછી નહિ આપું. ગમે તેમ તોય ક્ષત્રિયનો બચ્ચો છે ને એટલે એનું લોહી ઉકળી ગયું ને કહી દીધું કે હું એ ચીજો પાછી નહિ આપું. હવે જિનસેના કુંવરને કેવી રીતે સમજાવશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

તપના મહિમાના દિવસો ભલે ચાલ્યા ગયા પણ આપણે ત્યાં હજુ તપ મહોત્સવ ચાલી રહ્યો છે. ઘણાં તપસ્વીઓના અને મહાસતીજીઓના તપ હજુ ચાલે છે બા. બ્ર. પૂ. શોભનાબાઈ મહાસતીજીને તથા બા. બ્ર. પૂ. હર્ષિદાબાઇ મહાસતીજીને આજે છવ્વીસમો ઉપવાસ છે. બા. બ્ર. પૂ. ભાવનાબાઇ મહાસતીજીને આજે બારમો ઉપવાસ છે. તો તમે પણ મહાસતીજીઓની સાથે તપ સાધનામાં જોડાશો. ૐ શાંતિ.

વ્યાખ્યાન નં.-૫૬

ભાદરવા સુદ ૧૦ ને મંગળવાર તા. ૧૨-૯-૭૮

અનંતજ્ઞાની, ત્રૈલોકય પ્રકાશક, કરૂણાનીધિ સર્વજ્ઞ ભગવંતો જગતના જીવોને ફરમાન કરે છે કે હે જીવો ! અનંતકાળથી સંસારની માયામાં મૂઢ બનીને આસક્ત બન્યા છો પણ વિચાર કરો. આ સંસાર એક રંગભૂમિ છે. રંગભૂમિમાં જુદા જુદા પાત્રો હોય છે તેમ આ સંસારમાં પણ દરેક જીવો પોતાના કર્મ પ્રમાણે જુદા જુદા પાત્ર ભજવે છે.

કોઇ રાજા ને કોઇ બને રંક, કોઈ બાય બાજા ને કોઇનું પેટ બાલી,
કોઇ મહેલાતમાં મહાલે ને કોઇ બિચારાને રહેવા પણ ના મળે ઝુંપડી.

કોઇ પુણ્યોદયથી રાજા બને છે તો કોઈ રંક બને છે. કોઈ શ્રીમંતને ત્યાં જન્મ લે છે તો એને સૌ બમ્મા બમ્મા કરે છે, તો કોઈ ગરીબને ત્યાં જન્મે છે તો એને ગળથૂથીના પણ સાંસા હોય છે. કોઈ સાત માળની ઈમારતોમાં મહાલે છે તો કોઈને ભાંગીતૂટી ઝુંપડી પણ હોતી નથી. કોઈ પોતાના શરીરને સારા સારા વસ્ત્રાભૂષણોથી શણગારે છે તો કોઇને બિચારાને અંગ ઢાંકવા માટે ફાટયા તૂટયા વસ્ત્રો પણ મળતા નથી. એક લંગોટીભેર ફરતા નજરે પડે છે. કોઇને દરરોજ સારા સારા મેવા મિષ્ટાન્ન બાવા મળે છે અને સંતરા, મોસંબી, દ્રાક્ષના ઠંડા મજાના જયુસ પીવા મળે છે ત્યારે કોઇને બાવા માટે લૂખો સૂકો રોટલો અને પીવા માટે બાટી છાશ પણ મળતી નથી. કોઈ શ્રીમંત ગાદીએ બેસીને ટેલીફોનમાં વહેપારી સાથે વાત કરીને પળવારમાં હજારો રૂપિયા પેદા કરે છે જ્યારે કોઈ ગરીબ માણસ સવારથી સાંજ સુધી ધગધગતા તડકામાં કાળી મજૂરી કરે છે છતાં માંડ રૂપિયો કમાય છે. આ બધું કર્મરાજાનું નાટક છે. કર્મરાજાએ બધાં પાત્રોના વિભાગ પાડેલા છે. તે પ્રમાણે પાઠ ભજવવા માટે આપણે આ સંસાર ભૂમિ ઉપર આવ્યા છીએ અને પાઠ ભજવીને સૌને એક દિવસ ચાલ્યા જવાનું છે.

બધુઓ ! તમને કોઇ પૂછે કે તમે કયાંના રહેવાસી છો ? તો તમે તરત કહેશો કે અમે મલાડના રહેવાસી છીએ. કોઇ કહેશે કે મુંબઇ રહીએ છીએ પણ અમારું મૂળ વતન તો રાજકોટ છે, કચ્છ છે, જામનગર છે, પણ જ્ઞાનીપુરૂષો તો કહે છે કે ભાઈ ! તમે ગુજરાતના હો, કાઠીયાવાડના હો, કચ્છના હો કે મુંબઇ અગર મલાડના વતની હો પણ કોઇને અહીં શાશ્વત રહેવાનું નથી, માટે આપણે રહેવાસી નથી પણ પ્રવાસી છીએ. જીવનું શાશ્વત ઘર તો મોક્ષ છે. આ તો સંયોગ સબંધે આ જીવ સંસારમાં આવ્યો છે, મનગમતાં સંયોગો મળતાં હરખાય છે પણ આ સંયોગનો અવશ્ય એક દિવસ વિયોગ થવાનો જ છે. આપણું શરીર પણ એક ભાડૂતી મકાન છે. તમે ભાડૂતી મકાનમાં ગમે તેટલા વર્ષો રહો પણ એના પ્રત્યે મમત્વ નહીં જાગે, કારણ કે એને મારું માન્યું નથી. એને તમે રંગરોગાન

કે રીપેરીંગ પણ કરાવતા નથી, કારણ કે તમે સમજો છો કે મકાન માલીક કયારે ખાલી કરાવશે તેની ખબર નથી, તેમ આ શરીર પણ કર્મરાજાએ આપેલું ભાડૂતી મકાન છે. આપણે કયારે ખાલી કરવું પડશે તેની ખબર નથી, માટે એનો મોહ છોડીને પ્રવાસી બનીને મોક્ષનગરના નિવાસી બનવા માટે પુરુષાર્થ કરો.

ઉત્તરાધ્યયન સૂત્રનો બાવીસમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં સમુદ્રવિજય રાજા અને શીવાદેવી રાણીની વાત ચાલે છે. સમુદ્રવિજય રાજા ન્યાયી, ઉદાર, પ્રજાપ્રેમી અને ગંભીર હતા. તેવા જ શીવાદેવી મહારાણી પણ તેમને અનુકૂળ બનીને રહેવાવાળા હતા. આવી સ્ત્રીઓ ઘરનો શણગાર છે. ઘર તમે ગમે તેટલું સુંદર બનાવો, જાતજાતની સજાવટથી ઘર શણગારો પણ જો ઘરમાં સ્ત્રી ન હોય તો ઘર શોભતું નથી. શીયળવંતી અને સદ્‌ગુણી સ્ત્રીઓ ઘરની શોભા છે. સદ્‌ગુણી સ્ત્રી પોતાનો પતિ ઓછું કમાઈ લાવતો હોય તો પણ એવી રીતે ઘર ચલાવે છે કે બીજા લોકોને એમ લાગે કે એનો પતિ કેટલું કમાઈને લાવતો હશે કે આ બાદશાહીથી રહે છે. સ્ત્રી વિનાનું ઘર ઉજ્જડ છે. અહીં શીવાદેવી મહારાણી સ્ત્રીના સમરત ગુણોથી યુક્ત હતા. સમય આવ્યે સમુદ્રવિજય મહારાજાને રાજકાર્યમાં સાચી સલાહ આપવામાં સહાયક બનતા હતા. આવા શીવાદેવી રાણી એક દિવસ છત્રપલંગમાં સુખશૈયામાં પોઢેલા છે. તે સમયે તેમણે ચૌદ સ્વપ્ના જોયા. ચૌદ સ્વપ્ના તીર્થંકર પ્રભુની માતા દેખે છે. એ સ્વપ્નોમાં હાથી, સિંહ, અગ્નિશીખા વિગેરે જોવા છતાં શૂર-વીર ને ધીર માતાઓ ડરે નહિ. બીજી માતાઓ તો સ્વપ્નમાં સિંહ દેખે તો પણ ડરી જાય. તીર્થંકર ભગવંત શૂરવીર ને ધીર હોય છે તો તેમને જન્મ દેનારી માતા પણ એવી જ હોય ને ! મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે તીર્થંકર પ્રભુની માતા બનવાનું સૌભાગ્ય સાંપડે છે.

કહ્યું છે કે હે ભગવાન ! સેંકડો સ્ત્રીઓ સેંકડો પુત્રોને જન્મ આપે છે, પરંતુ તમારા જેવા પુત્રને જન્મ આપનારી બીજી કોઈ માતા નથી. જેમ દરેક દિશાઓ નક્ષત્રને ધારણ કરે છે પણ સ્ફુરાયમાન કિરણોના સમુહવાળા હજારો કિરણોના સ્વામી સૂર્યને તો માત્ર પૂર્વ દિશા જ જન્મ આપે છે. પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ એ ચાર દિશાઓ, ઇશાન-અગ્નિ-નૈઋત્ય અને વાયવ્ય એ ચાર ખૂણા, ઉંચી અને નીચી એમ દશ દિશાઓ કહેવાય છે તેમાં પૂર્વ સિવાય કોઈ દિશામાં સૂર્ય ઉદયમાન થાય છે ? પૂર્વ દિશામાં જ સૂર્ય ઉગે છે ને ? એટલા માટે બધી દિશાઓમાં પૂર્વ દિશા શ્રેષ્ઠ છે, તેમ જગતની સર્વ માતાઓમાં તીર્થંકર પ્રભુની માતા શ્રેષ્ઠ છે. તીર્થંકર પ્રભુની માતામાં ધૈર્યતા અને ગંભીરતા હોય છે, તેથી સ્વપ્નામાં સિંહ, અગ્નિશિખા બધું દેખે છે તો પણ ડરતી નથી. વસ્તુ મળે પણ તેને જીરવવાની તાકાત જોઇએ. સિંહણના દૂધ સોનાના પાત્રોમાં ટકી શકે છે તેમ આવી પવિત્ર, ગંભીર અને સત્ત્વશાળી માતાઓ જ તીર્થંકર પ્રભુને ગર્ભમાં ધારણ કરી શકે છે.

શીવાદેવી માતાએ ચૌદ મહાન શુભ સ્વપ્ના સ્પષ્ટ જોયા. તીર્થંકર પ્રભુની માતા ચૌદ સ્વપ્ના સ્પષ્ટ, નિર્મળ ને તેજસ્વી દેખે છે અને ચક્રવર્તિની માતા ઝાંખા દેખે છે. સ્વપ્નો જોઇને શીવાદેવી માતાએ ધર્મારાધના કરતા રાત પસાર કરી. સવારે સમુદ્રવિજય રાજા પાસે આવીને નમ્રતાપૂર્વક સ્વપ્નની વાત કરી. આવા ચૌદ ઉત્તમ સ્વપ્ના આવ્યા જાણીને રાજા ખુશ થઈ ગયા, અને શિવાદેવીને કહ્યું હે મહારાણી ! તમે આજે ભાગ્યશાળી બની ગયા. તમે આવા ચૌદ શ્રેષ્ઠ સ્વપ્ના જોયા છે તેથી મને તો લાગે છે કે તમારી કુંખે તીર્થંકર પ્રભુનો જન્મ થશે.

દેવાનુપ્રિયો ! આગળના રાજા મહારાજાઓ પણ કેવા જ્ઞાની હતા કે અમુક સ્વપ્ન આવે તો આનું ફળ આવું હોય તે જાણી શકતા હતા. સમુદ્રવિજય રાજાએ પોતાની મતિ અનુસાર સ્વપ્નનું ફળ કહ્યું પણ વિશેષ નિર્ણય કરવા માટે રાજાએ સ્વપ્નપાઠકોને બોલાવ્યા. રાજય તરફથી સ્વપ્નાનું ફળ જોવાનું આમંત્રણ મળ્યું એટલે મોટા મોટા સ્વપ્નપાઠકો, જ્યોતિષીઓએ ભેગા થઇને વિચારણા કરી કે આપણે બધાએ રાજા પાસે જવાનું છે. બધાએ પોતપોતાના જ્ઞાન પ્રમાણે જોવું ખરું પણ પોતાની મતિ પ્રમાણે જુદા જુદા જવાબ ન આપવા પણ સંપથી એકત્ર થઇને જવું ને જવાબ એક જ્યોતિષીએ આપવો. દરેક કાર્યમાં સંગઠન અને સંપની જરૂર છે. ભેગા મળીને કામ કરીએ પણ જો સંપ ન હોય તો કાર્યમાં જે સફળતા મળવી જોઇએ તે મળતી નથી. (અહીં પૂ. મહાસતીજીએ ૫૦૦ સૈનિકનું રમુજી દૃષ્ટાંત આપ્યું હતું ને તેના ઉપર ટકોર કરી હતી કે જ્યાં સંપ સંગઠન નથી ત્યાં આવું બને છે.)

"શીવાદેવી તીર્થંકરને જન્મ આપશે આ વાતથી નગરજનોને આનંદ" :- સમુદ્રવિજય રાજા અને શીવાદેવી રાણીને તો હર્ષ હોય પણ આખી નગરીમાં આ વાતની જાણ થતાં આનંદ આનંદ છવાઈ ગયો. તમારા જેવાને ઘેર પણ એક પુત્રનો જન્મ થાય છે તો કેટલો આનંદ થાય છે. તીર્થંકર પ્રભુ ગર્ભમાં આવ્યા છે તે જાણીને રાજા રાણીએ ખૂબ દ્રવ્ય દાનમાં વાપર્યું. દુઃખીઓના દુઃખ મટાડી દીધાં. શીવાદેવી રાણી આનંદપૂર્વક ગર્ભનું પાલન કરવા લાગ્યા. નેમનાથ ભગવાન ગર્ભમાં આવ્યા પછી જે રાજાઓ સમુદ્રવિજયને નમતા ન હતા તે રાજાઓ સામેથી તેમના ચરણમાં નમસ્કાર કરવા લાગ્યા. આમ કરતાં બરાબર સવાનવ માસે શીવાદેવી રાણીએ એક મહાન યશસ્વી પુત્રને જન્મ આપ્યો. "भगवं अरिट्ठनेमित्ति लोगनाहे दमीसरे" । ભગવાન ગર્ભમાં આવ્યા પછી બધા રાજાઓ સમુદ્રવિજય રાજાના ચરણોમાં નમ્યા તેથી તેમનું નામ અરિષ્ટનેમિ પાડવામાં આવ્યું. એ ભગવાન કેવા હતા ? ત્રણ લોકના નાથ અને પાંચ ઇન્દ્રિયોના દમનાર હતા. તેઓ આજીવન પર્યંત શુદ્ધ બ્રહ્મચારી રહેવાવાળા બનવાના છે તેથી તેઓ દમીશ્વર અને લોકના નાથ કહેવાયા. જે તીર્થંકર ભગવાન બનવાના હોય છે તે તો બાલપણથી જ વિશિષ્ટ પ્રકારની શક્તિઓના ધારક અને મન ઉપર વિજય મેળવનાર હોય છે.

"તીર્થંકરના જન્મથી નરકમાં પણ અજવાળા" :– તીર્થંકર ભગવાનનો મૃત્યુલોકમાં જન્મ થાય કે તરત નરકમાં પ્રકાશ પથરાઇ જાય છે. અને બે ઘડી માટે મારકૂટ બધું બંધ થઇ જાય છે, તેથી નરકના જીવો શાંતિ અને શીતળતાનો અનુભવ કરે છે. ભગવાનનો જન્મ થતાં ચોસઠ ઇન્દ્રો, છપ્પન કુમારિકાઓ તેમજ બીજા કરોડો દેવો ભગવાનનો જન્મ મહોત્સવ ઉજવવા માટે મૃત્યુલોકમાં આવે છે અને ભગવાનના જેવું બીજું રૂપ બનાવી માતાની પાસે મૂકીને ભગવાનને મેરૂ પર્વત ઉપર લઈ જાય છે. ઇન્દ્ર મહારાજા ભગવાનને ખોળામાં લે છે, અને દેવ દેવીઓ ત્રિલોકીનાથના શરીર ઉપર પાણી રેડે છે ને સ્નાન કરાવે છે. ભગવાનના ખૂબ ગુણગાન કરે છે. તીર્થંકર પ્રભુના ગુણ અનંતા હોય છે. કવિઓ તો કહે છે હે પ્રભુ ! આખી પૃથ્વી જેટલો મોટો કાગળ બનાવું, વનના જેટલા વૃક્ષો છે તેની કલમ બનાવું અને સમુદ્રના પાણી જેટલી શાહી બનાવીને તારા ગુણગાન લખવા બેસું તો પણ તારા ગુણો લખી શકાય નહિ. એટલા અનંત ગુણો તારામાં રહેલા છે. હે પ્રભુ ! જે આત્માઓ સાચા દિલથી તારી ભક્તિ કરે તેનું તો કામ થઈ જાય. એના ભવનો બેડો પાર થઈ જાય એ નિઃશંક વાત છે. એટલું જ નહિ પણ તારી આજ્ઞામાં વિચરતા સંતોની આજ્ઞાનું જે કોઈ આત્માઓ શુદ્ધ ભાવથી પાલન કરે છે તે આ ભવ અને પરભવમાં મહાન સુખી થાય છે. એક દૃષ્ટાંત આપીને સમજાવું.

એક ગામમાં એક કુટુંબ વસતું હતું. માતાપિતાને બે દીકરા હતા. તે બે મોટાનું નામ ગણેશ અને નાનાનું નામ મહેશ હતું. બંને દીકરા મોટા થતાં માતાપિતાએ તેમને પરણાવ્યા, પછી થોડા સમયમાં તેમના માતાપિતા સ્વર્ગવાસ થયા. આ બે ભાઈમાં મોટો ગણેશ મકરદમ હતો. એણે થોડા વખતમાં જ નાના ભાઈ મહેશને ઘરમાંથી જુદો કર્યો. બંને માણસોને કંઈ પણ આપ્યા વિના હાથેપગે કાઢી મૂક્યા. મહેશ સાવ નિરાધાર બની ગયો, એટલે ખૂબ મૂંઝાયો. શું કરવું ને કયાં જવું ? આ બંને પતિ–પત્ની ગામના પાદરમાં ઘાસ અને પાંદડાની એક નાનકડી ઝૂંપડી બાંધીને રહેવા લાગ્યા. મહેશ દરરોજ જંગલમાં જઇને લાકડા કાપી લાવતો. એમાંથી બે ભારા બનાવીને પતિ–પત્ની બંને જણા ગામમાં લાકડાનો ભારો વેચવા નીકળતા. તેમાંથી જે કંઈ મળે તેમાંથી પોતાનું ગુજરાન નભાવતા હતા. એક વખત મહાન સુખ ભોગવનારા આજે લાકડા વેચીને પેટ ભરી રહ્યા છે. આ જોઈ લોકો તેના મોટાભાઇનો ખૂબ તિરસ્કાર કરતા પણ ગણેશ કોઇને ગણે તેવો ન હતો.

આ નાનાભાઇના દિલમાં પણ ઘણું દુઃખ થતું કે માતા પિતા ગયા ને મોટાભાઇએ મને આવો દગો કર્યો ? રહેવા માટે એક ઓરડો પણ ન આપ્યો ? એક દિવસ આ મહેશ જંગલમાં લાકડા કાપવા માટે ગયો છે. ત્યાં લાકડા કાપીને ખૂબ થાકી જવાથી એક ઝાડ નીચે બેસીને પોતાની પૂર્વસ્થિતિને યાદ કરીને રડવા લાગ્યો. આ સમયે તેના મહાન

પુણ્યોદયે કોઈ જૈન સંત ત્યાંથી નીકળ્યા. સંત તો કરૂણાના સાગર હોય છે. એમણે પેલા રડતા માણસને પૂછ્યું-ભાઈ! તું શા માટે રડે છે? ત્યારે મહેશે પોતાની કથની કહી સંભળાવી. મુનિએ કહ્યું-ભાઈ! એમાં તારા ભાઇનો દોષ નથી. દોષ તારા કર્મનો છે. શાંતિ રાખ. ધર્મારાધના કર. મહેશે કહ્યું હું શું કરું? સંતે કહ્યું તને નવકારમંત્ર આવડે છે ને? હા. તો તારે રોજ એક કલાક નવકારમંત્રનો જાપ કરવાનો અને એક નિયમ લે કે મારે લીલા લાકડા કાપવા નહીં. મહેશે કહ્યું-ભલે. મહારાજે એને પ્રતિજ્ઞા કરાવી કે તારે લીલા લાકડા કાપવા નહિ. હવે આ તો જંગલમાંથી સૂકા લાકડા લાવી ગુજરાન ચલાવે છે. મહેશે આ નિયમ લીધો ત્યારે એક વાણવ્યંતર દેવ ત્યાં હાજર હતો, એટલે એને પરીક્ષા લેવાનું એક દિવસ મન થયું.

"દેવે કરેલી પરીક્ષા" :- દેવે આખું વન લીલુંછમ બનાવી દીધું. મહેશ જ્યાં નજર કરે ત્યાં બધું લીલુંછમ દેખાય છે. કયાંય સૂકા લાકડા દેખાતા નથી. આખું વન ઘૂમી વળ્યો પણ કયાંય સૂકા લાકડા મળતા નથી, તેથી પાછો ફર્યો. આમ કરતાં ત્રણ ચાર દિવસ ગયા પણ સૂકા લાકડા ન મળ્યા. રોજ લાકડા વેચીને જે પૈસા મળે તેમાંથી અનાજ લાવીને રાંધતા હતા. બંને માણસને ત્રણ ત્રણ દિવસના ઉપવાસ થયા, એટલે પત્ની કહે છે તમને કોણ એવો સાધુડો મળ્યો કે આવો નિયમ આપ્યો? હવે તો મારાથી ભૂખ્યા નથી રહેવાતું. જાવ, પૈસા કમાઈને આવશો તો જ આ ઝૂંપડીમાં આવવા દઈશ. કડક શબ્દો સાથે ધક્કા મારીને ધણીને કાઢી મૂકયો. આ તો જંગલમાં જઈને એક વૃક્ષ નીચે બેઠો. આટલું કષ્ટ પડે છે પણ મનમાં ખેદ નથી કે કયાં આ સાધુએ મને બાધા આપી ને મારે દુઃખ વેઠવું પડે છે! ત્યાં એક માણસ આવીને કહે છે ભાઈ! આ આખું જંગલ લીલા લાકડાથી ભરપૂર છે, તું લાકડા કાપી લે ને. શા માટે ભૂખ્યો મરે છે? એવા તે કંઈક સાધુડા નીકળી પડશે અને બાધાઓ આપશે. એણે કંઈ વિચાર ન કર્યો કે સૂકા લાકડા નહિ મળે ત્યારે એનું શું થશે? મહેશે કહ્યું, તમે મારા ગુરૂનું વાંકુ ન બોલો. મારો નિયમ એટલે નિયમ. હું પ્રાણ છોડવા પડશે તો છોડીશ પણ નિયમ નહીં છોડું. આ જોઇને દેવ આશ્ચર્ય પામ્યો ને વિચાર કરવા લાગ્યો કે સો ટચનું સોનું છે, પિત્તળ નથી. તેની અડગતા જોઇને દેવ ખુશ થયો.

"પ્રતિજ્ઞાપાલનનું ફળ" :- આમ કરતાં સાત દિવસ પસાર થયા. ઘેર જાય છે તો પત્ની બટકા ભરે છે, બાવાનું લાવો, અને જંગલમાં લાકડા મળતા નથી તેથી હવે એ ઘેર જતો નથી. એક વૃક્ષ નીચે બેસી નવકારમંત્રનું સ્મરણ કરે છે. સાતમે દિવસે વાણવ્યંતર દેવ પ્રસન્ન થયો, અને તેની પાસે આવીને કહે છે મહેશ! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. તારે જે માંગવું હોય તે માંગી લે. બોલો, તમારા ઉપર દેવ પ્રસન્ન થાય તો શું માંગો? તમે તો માંગવામાં બાકી જ ન રાખો ને? મહેશે કહ્યું-મારે કંઈ ન જોઇએ,

મારું ગમે તે થાય પણ મારી પ્રતિજ્ઞામાં અડગ રહું તેવું વચન આપો. જુઓ, આટલા દુઃખમાં પણ એને કંઈ માંગવાનું મન ન થયું. માત્ર પ્રતિજ્ઞાનું પાલન કરવાનું માંગ્યું, ત્યારે દેવે કહ્યું–મહેશ ! તારી અડગતા અને નિસ્પૃહતાને ધન્ય છે ! તું કંઈ માંગતો નથી પણ હું તને કહું છું કે આ જંગલ તારા માટે ચંદનનું બની જશે. તારે દરરોજ લાકડાનો એક ભારો કાપી જવો ને ગામમાં વેચવો. તું ન્યાલ થઈ જઈશ. બીજા કોઈને ચંદન નહિ દેખાય. તને જ ચંદન દેખાશે. આમ કહીને દેવ ચાલ્યો ગયો. મહેશ વનમાં દૃષ્ટિ કરે છે તો એને ચંદનના સૂકા ને લીલા ઝાડ દેખાયા. તે સૂકા લાકડાનો ભારો લઈ વેચવા ગયો. ચંદનના ઘણા મૂલ્ય ઉપજ્યાં. પૈસા લઈને ઘેર ગયો એટલે પત્ની ખુશ ખુશ થઈ ગઈ. હવે તો રોજ ચંદનના લાકડા વેચવા લાગ્યો, તેથી તે ન્યાલ થઈ ગયો. એની પત્નીએ પૂછ્યું તમે આવા લાકડા ક્યાંથી લાવો છો ? ત્યારે એણે દેવ પ્રસન્ન થયાની વાત કરી.

થોડા સમયમાં મહેશ શ્રીમંત બની ગયો. એટલે સુંદર બંગલો બંધાવ્યો અને આનંદ કરવા લાગ્યો. રોજ સાદા વેશમાં લાકડાનો ભારો લાવીને વેચી આવતો પણ એવો વિચાર ન કર્યો કે હવે તો ઘરમાં નોકરચાકરો ઘણાં છે તો ચંદનના લાકડા કપાવીને ઘરમાં ભરી લઉં. રોજ લેવા જવાની ખટપટ મટે. ના, આ તો એક જ ભારો લાવવાનો અને તે પણ જાતે જ લાવવાનો.

"મહેશનો વાદ કરતો ગણેશ" :– આ તરફ ગણેશની પત્નીને ખબર પડી કે દિયર ખૂબ ધનવાન બની ગયો છે. તે આટલો બધો સુખી કેવી રીતે થયો તે તપાસ કરું. તપાસ કરતાં મહેશની પાડોશણે કહ્યું કે એની વહુ એમ કહેતી હતી કે સાધુ પાસે નિયમ લીધો હતો. તેનું પાલન કરવાથી તેના ઉપર દેવ પ્રસન્ન થયો છે, તેથી સુખ મળ્યું છે ગણેશની વહુ ઘેર આવીને કહે છે તમે પણ જંગલમાં જાવ ને સાધુ પાસે નિયમ લો એટલે દેવ પ્રસન્ન થાય. ગણેશ સાધુની શોધ કરવા લાગ્યો. શોધ કરતાં સાધુ તો મળ્યા પણ એના જેવા જ હતા. "ઐસા ગુરુ ને ઐસા ચેલા." આણે સાધુ પાસે બાધા લીધી કે મારે લીલા લાકડા કાપવા નહિ. આ વખતે દેવનો ઉપયોગ હતો. એટલે આખું જંગલ લીલું બનાવી દીધું. ત્રણ દિવસ થયા પણ સૂકા લાકડા ન મળ્યા એટલે તે કંટાળી ગયો. એના મનમાં થયું કે લીલા લાકડા કાપી લઉં. અહીં કોણ જોવાનું છે ? એ લીલા લાકડા કાપવા જાય ત્યાં પેલો દેવ મનુષ્યના રૂપમાં પ્રગટ થયો ને કહ્યું હે પાપી ! તેં તો લીલા લાકડા ન કાપવા તેવો નિયમ લીધો છે ને આ શું કરી રહ્યો છે ? જો લાકડા કાપીશ તો આ ઝાડ સાથે ચોંટી જઈશ. આમ કહીને દેવ ચાલ્યો ગયો. ગણેશને થયું કે આવા તો ઘણા નવરા પડયા હોય, એમ માની લાકડા કાપવા ગયો તો ઝાડ સાથે ચોંટી ગયો. ખૂબ મહેનત કરી પણ ઉખડતો નથી. આ તો દૈવી શક્તિ છે. આખો દિવસ ઉભો રહ્યો ત્યારે દેવે પ્રગટ થઈને કહ્યું કે ગોલ, હવે નાના ભાઈ ઉપર ઈર્ષ્યા કરીશ ! તેં નાના ભાઈને

કેટલો અન્યાય કર્યો છે ? અને પાછો ઉપરથી ઇર્ષ્યા કરે છે પણ એનો વાળ વાંકો નહિ થાય. જો તારે છૂટવું હોય તો આજથી નિયમ લઈ લે કે તારો ભાઈ ગમે તેટલો સુખી થાય તો પણ તારે એના ઉપર ઈર્ષ્યા ન કરવી, તો તને છોડીશ. ગણેશે પ્રતિજ્ઞા કરી એટલે દેવ એને છૂટો કરીને ચાલ્યો ગયો.

મહેશે શ્રદ્ધાપૂર્વક સંતની આજ્ઞાનું પાલન કર્યું તો સુખી બની ગયો ને પરભવમાં પણ સુખી બનશે. જે ભગવાનના સંતોની આજ્ઞાનું શુદ્ધ ભાવે પાલન કરે છે તેનું કલ્યાણ થઈ જાય છે, તો ખુદ ભગવાનની આજ્ઞાનું પાલન કરનારો તો કેટલો ન્યાલ થઈ જાય ! એવા તીર્થંકર ભગવાનનો શૌર્યપુર નગરમાં જન્મ થયો છે. દેવો તેમને મેરૂ પર્વત ઉપર લઈ ગયા ને જન્મ મહોત્સવ ઉજવીને પાછા માતાની પાસે લાવીને મૂકયા. હવે સમુદ્રવિજય રાજા તેમનો જન્મ મહોત્સવ કેવી રીતે ઉજવશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- જિનસેનાએ જિનસેનકુમારને બોલાવીને કહ્યું-બેટા ! આપણે તલવાર અને ઘોડો નથી લેવડતા. હું તો તને કયારની કહું છું ને કે તું પાછા આપી આવ, કારણ કે તને રાજાએ આ ચીજો આપી અને તારા ભાઇ રામસેનને નથી આપી તેથી તારી નવી માતાને ઈર્ષ્યા આવશે. જો મારું અનુમાન સાચું પડયું ને ? તું આપી દે, ત્યારે કુમારે કહ્યું બા ! હું કંઇ ચોરી કરીને થોડો લાવ્યો છું ! હું તો લેતો જ ન હતો. આ વસ્તુની મને કંઇ કિંમત નથી. મેં તો જ્યારે પિતાજી આપતા હતા ત્યારે જ લેવાની ના પાડી હતી, પણ ન લઉં તો પિતાજીને ખૂબ દુઃખ થતું હતું, તેથી મેં પિતાજીને કહ્યું કે હું લીધા પછી પાછી નહિ આપું, ત્યારે પિતાજીએ કહ્યું-બેટા ! તને મારા આટલો પણ વિશ્વાસ નથી કે હું વસ્તુ આપીને પાછી માંગું ખરો ? હજારો માણસો વચ્ચે મારું સન્માન કરીને જે વસ્તુઓ આપી તે પાછી અપાય ? આવા ઘોડા અને તલવાર તો મને ઘણાં મળશે પણ એ ઈનામમાં મળેલું છે તેથી તે પાછા નહિ આપું.

" પતિપ્રેમી જિનસેના " :- જિનસેના રાણીએ કહ્યું-બેટા ! તારી વાત સાચી છે. વસ્તુની કોઈ કિંમત નથી. એની પાછળ રહેલા બહુમાનની કિંમત છે. એનું જ મહત્વ છે, પણ એના માટે તારા પિતાજીને કેટલું સહન કરવું પડે છે ! રત્નવતી એમને હડધૂત કરે છે. ન કહેવાના શબ્દો કહી રહી છે, અને રાજા ચોધાર આંસુએ રડે છે. તું એ ચીજો નહીં આપે તો રત્નવતી આપઘાત કરીને મરી જશે. તો પચેન્દ્રિય જીવની હત્યામાં તું નિમિત્ત બનીશ. મારા પાપકર્મના ઉદયના કારણે મને રાજાએ અહીં મોકલી છે પણ એ મારા પતિ તો છે ને ? સતી સ્ત્રીઓને પોતાના પતિને સહેજ દુઃખ થાય તો એનું કાળજુ કપાઈ જાય. દીકરા ! તારા પિતાજીની આવી દશા થઇ છે. આ વાત સાંભળીને મને કંઇક થઈ જાય છે. એ છે તો હું ઉજળી છું. કપાળમાં કંકુનો ચાંદલો કરીને ફરું છું. એ ન હોય તો મારું કોણ ? માટે તું એ બે ચીજો તારા પિતાના ભલા માતર પણ

આપી દે. કુંવરને આપવાની ઇચ્છા ન હતી પણ માતાએ સમજાવ્યો એટલે એના મગજમાં વાત ઉતરી ગઇ.

મેરે કારણ માતા પિતાકો યદિ દુઃખ વહાં હોવે,
લે જાકર વસ્તુ વહાં દેવો, તો સુખ મુઝે ભી હોવે.

કુમારે કહ્યું જે વસ્તુ લેવાથી મારા માતાપિતાને દુઃખ થતું હોય તે વસ્તુ ગમે તેવી મૂલ્યવાન હોય તો મારે શું કામની ? માતા પિતાજી રાજી તો હું રાજી. જાઓ પ્રધાનજી ! આ ઘોડો અને તલવાર બંને ચીજો તમે ખુશીથી પાછી લઈ જાવ. મારે તેની જરૂર નથી. એમ કહી જિનસેન કુમારે પ્રેમથી બંને ચીજો પ્રધાનને આપી દીધી ને કહ્યું–જલ્દી તમે આ ચીજો પિતાજીને આપો એટલે તેમની મૂંઝવણ દૂર થાય ને માતા રત્નવતીને પણ સંતોષ થાય. પ્રધાન જિનસેના રાણી અને જિનસેન કુમારની પવિત્રતા જોઇને ખુશ થયો ને મનમાં વિચાર કરવા લાગ્યો કે જિનસેના રાણી કેવા પવિત્ર છે ! કેવા ઉદાર છે ! એમના ગુણોનું વર્ણન કર્યે પાર આવે તેમ નથી. આ જગ્યાએ બીજી સ્ત્રી હોત તો એમ વિચાર કરત કે મારા દીકરાને આપેલી ચીજો શા માટે પાછી આપવી જોઈએ ! રાજાએ મને કાઢી મૂકી છે. એમનું ને રત્નવતીનું જે થવું હોય તે થાય. એમાં મારે શું ? આવો વિચાર ન કર્યો. કેટલી એની ખાનદાની છે ! અને જેવી માતા છે તેવો જ પુત્ર છે. માતાએ કહ્યું એટલે એની ઇચ્છા ન હોવા છતાં વસ્તુઓ પાછી દીધી. પ્રધાનજી તલવાર અને ઘોડો લઇને રાજા પાસે ગયા ને રાજાને તે ચીજો પાછી આપી. આ વસ્તુઓ જોતાં જયમંગલ રાજાને આનંદ થયો ને લજ્જા પણ આવી કે મને ધિક્કાર છે. મેં ભરસભા વચ્ચે જે ચીજો જિનસેનકુમારને આપી તે જ મારે પાછી લેવાનો વખત આવ્યો ? ઝેર ખાઈને મરી જવું સારું પણ આપીને ચીજ પાછી લેવી તે ખરાબ છે પણ રત્નવતીના ક્લેશથી કંટાળી ગયેલા હોવાથી લેવું પડે છે. ભલે રત્નવતી મને કુભાર્યા મળી પણ મારું પુણ્ય હજુ જાગતું છે તેથી

પુત્ર સુપાત્ર મિલા પુણ્ય સે, મહારાણી ભી ગુણ રાસ,
ઈસ દુષ્ટા કે કહનેસે મૈંને દિયા વનવાસ.

મને આવો પુણ્યવંતો ગુણવાન પુત્ર મળ્યો છે. એને હું આ ચીજો આપતો હતો છતાં એ લેતો ન હતો. મેં કેટલું કહ્યું એ ન લે તો મારા દિલમાં કેટલું દુઃખ થતું હતું તેથી મારા માન ખાતર એણે વસ્તુઓ લીધી અને મારે એની પાસે પાછી માંગવાનો સમય આવ્યો ? ખરેખર, એ જિનસેના રાણી પણ ગુણવાન છે. સમય આવે ત્યારે જ ખબર પડે છે કે કોણ સાચું છે ? હું રત્નવતીના ચઢાવ્યો ચઢી ગયો અને તેના કહેવાથી મેં એને જંગલમાં મોકલી. મેં એને કેવા કેવા શબ્દો કહ્યાં છતાં મારા પ્રત્યે કેટલી લાગણી

દર્શાવે છે ! ખરેખર, કનક તે કનક અને કથીર તે કથીર છે. સમય આવે જ પીછાણ થાય છે. હું તો એના મીઠા મીઠા શબ્દોમાં અંજાઈ ગયો પણ ખરેખર તો જિનસેના જ સાચી છે.

એક શેઠને બે સ્ત્રીઓ હતી. એક જુની અને એક નવી. તેમાં જુની શેઠાણી રોજ શેઠના નામની માળા જપે પણ શેઠનું કંઈ કામ ન કરે, ત્યારે નવી શેઠાણી શેઠની જે આજ્ઞા થાય તે કરવા તૈયાર રહેતી. શેઠનું હાથ માથું દુઃખે તો અડધી અડધી થઈ જતી શેઠ જે કહે તે હસતે મુખે કરતી, તો પણ શેઠના મનમાં એમ હતું કે મારી જુની શેઠાણીને મારા પ્રત્યે કેટલો પ્રેમ છે કે હું જ્યારે જોઉં ત્યારે મારા નામની માળા જપતી હોય છે. એક દિવસ એવું બન્યું કે નવી શેઠાણીને ખૂબ તાવ આવ્યો. શેઠ બહારથી આવ્યા ને શેઠાણીને કહ્યું મને પાણી આપો, ત્યારે જુની કહે છે તમારા હાથ ભાંગી ગયા છે ? આ માટલું નથી દેખાતું ! તમે તમારી જાતે પાણી પી લો. હું તમારા નામની માળા જપું છું. આ સાંભળીને નવી શેઠાણીને ચાર ડીગ્રી તાવ હતો છતાં ઉભી થઈને શેઠને પાણી આપી ગઈ. હવે શેઠની આંખ ખુલી કે મારા પ્રત્યે સાચો પ્રેમ કોને છે ? જુની તો માળા ગણે છે એટલું જ છે. બાકી કંઈ નથી. નવી શેઠાણીને સાચો પ્રેમ છે.

આ રીતે અહીં પણ રાજાને હવે સમજાયું કે સાચો પ્રેમ રત્નવતીનો છે કે જિનસેનાનો છે ? પોતે રત્નવતીની ચઢવણીથી જિનસેનાને કાઢી મૂકી છે તેનું દિલમાં ખૂબ દુઃખ થયું. હવે રાજાને જિનસેના પ્રત્યે પ્રેમ જાગ્યો. પોતે નિર્દોષ રાણીને કાઢી મૂકી છે એટલે તેની પાસે જતા નથી પણ એની યાદ ખૂબ સતાવે છે, અને રત્નવતી ઉપર તો ઉપરથી જ પ્રેમ બતાવે છે ને મહેલમાં રહે છે પણ રાજાને કયાંય ચેન પડતું નથી. હવે રાજા શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૫૭

ભાદરવા સુદ ૧૧ ને બુધવાર **તા. ૧૩-૯-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની વાત્સલ્યમૂર્તિ તીર્થંકર ભગવંતો જગતના જીવોને બોધ આપતાં ફરમાવે છે કે હે ભવ્ય જીવો ! આ જીવને જો મોટામાં મોટું કોઈ દુઃખ હોય તો જન્મ અને મરણ છે. જગતમાં દરેક જીવો જન્મ અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા છે, તો મનુષ્યભવ પામીને એવા કાર્યો કરી લો કે આ ચતુર્ગતિ સંસારમાં "પુનરપિ જનનં પુનરપિ મરણં, પુનરપિ જનની જઠરે શયનમ્ ।" વારંવાર જન્મ મરણ કરવા ન પડે અને માતાના ગર્ભમાં આવવું ન પડે. જન્મ પામ્યા પછી મૃત્યુની મંઝીલ સુધી પહોંચતા પહેલા કર્તવ્યની કેડીએ આગેકૂચ કરતો માનવ તપ-

ત્યાગના દીપ દ્વારા પ્રકાશના પુંજ વેરતો ઉત્તમ માનવભવને ધન્ય અને સફળ બનાવી શકે છે. આ જગતમાં જેનો જન્મ છે તેનું મૃત્યુ તો નક્કી જ છે. જન્મ્યો ત્યારથી મૃત્યુ મુખ ફાડીને માનવની સામે ઉભેલું છે. જીવનનું માધુર્ય મૃત્યુના સમયે પ્રગટ થાય છે. જેને સુંદર જીવન જીવતાં આવડે છે એને મૃત્યુ ઉપર વિજય મેળવતા આવડે છે.

એવરેસ્ટને સર કરવું સહેલ છે, ચીનની અભેદ્ય દિવાલોને ઓળંગવી સહેલ છે, શિયાળાની કડકડતી ઠંડીમાં હિમાલયની ગોદમાં સમાઈ જવું સહેલ છે, પણ મૃત્યુ ઉપર વિજય મેળવવો મહાન મુશ્કેલ છે. મૃત્યુનો મહોત્સવ મહાભાગ્યશાળી જીવો ઉજવી શકે છે. મૃત્યુના રંગમહેલમાં મહાલતા અનેક જીવો કર્તવ્યની કેડીએ કદમ ઉઠાવીને આનંદની રસલ્હાણ લૂંટી ગયા છે. જો આપણે સમજીએ તો મૃત્યુ એ મૃત્યુ નહિ પણ મંગલ કામનાઓનું પ્રતીક છે. પામર અજ્ઞાન જીવો મૃત્યુને અમંગલ માને છે. જ્યારે કે ત્યારે મૃત્યુ આવવાનું છે એ વાત તો નક્કી છે. મૃત્યુને પાછું વાળી શકવાની કોઇની તાકાત નથી. જન્મવું અને મરવું આ જગતનો એક સનાતન સત્ય કાર્યક્રમ છે. આ કાર્યક્રમને ઉલ્લંઘી જવાની કોઇની તાકાત છે ખરી? ઘણાં મનુષ્યો જન્મે છે ને મરે છે. કેટલાક જીવનને ઉજ્જવળ બનાવીને જાય છે. જેનું મૃત્યુ પણ મહોત્સવરૂપે ઉજવાય છે. જીવનમાં મંગલ સાધના કરી જનારનું મૃત્યુ પણ મંગલમય બની જાય છે.

બંધુઓ! મૃત્યુ આવે ત્યારે મૂંઝાવાની કોઈ જરૂર નથી. મરણ આવે ત્યારે ગભરાઈ જવાથી કે ડરી જવાથી કંઈ મૃત્યુ દૂર ભાગી જતું નથી કે મરણ એ કોઇની દયા ખાતું નથી. એ તો દિવસે દિવસે ને ક્ષણે ક્ષણે આપણી નજીક આવી રહ્યું છે. મૃત્યુ એક દિવસ આવવાનું જ છે. એમાં કોઈ ફેરફાર થવાનો નથી તો પછી મરણ આવે ત્યારે ગભરાઈ જવાથી શો ફાયદો થવાનો છે? કેટલાય મનુષ્યો આ જગતમાં જન્મ્યા ને મર્યા. એમાંથી કેટલાક મહાન પુરૂષો આ જગતમાં જન્મીને એમના સદ્‌ગુણોની સૌરભ ફેલાવી ગયા છે કે તેઓ મૃત્યુ પામ્યા છતાં જાણે અત્યારે અહીંયા હાજર ન હોય! મરવા છતાં એમના સદ્‌ગુણોથી એ જીવતા છે. આવી રીતે જીવનના રંગમંડપમાં મૃત્યુની મહેફીલ માણતાં જેમને આવડે છે તે આત્માઓ ધન્યવાદને પાત્ર છે. અજ્ઞાની મનુષ્યોને જીવતાં પણ નથી આવડતું ને મરતાં પણ નથી આવડતું. જેને સુંદર જીવન જીવતાં આવડે છે તેને મરણ વખતે શોક, દુઃખ કે ખેદ થતા નથી.

મૃત્યુની મોંઘેરી રસલ્હાણ જ્યારે ઉજવવાની હોય છે તે વખતે મનની ભૂમિકાને મજબૂત ભાવનાના બંધનથી બાંધી, કાયાને કંટ્રોલમાં રાખી, વચનને સંયમિત બનાવી ઉજવણી કરવાથી ભવના બંધનોને તોડી શકાય છે. મહાનપુરૂષોના દાખલા લઈએ. જ્યારે ચંડાળો ખંધકમુનિની ચામડી ઉતરડી રહ્યા હતા ત્યારે સમતાના સાગર સ્કંધક મુનિ એમને કહે છે કે ભાઈઓ! તમે મારા શરીરની ચામડી ઉતારતાં સ્હેજ પણ ગભરાશો

નહિ. મારી ચામડી ઉતરવાની સાથે ભવના બંધન પણ તૂટવાના છે, માટે તમે મારી દયા ખાશો નહિ. તમે કહો તે રીતે હું ઊભો રહું. જેથી ચામડી ઉતારતા તમને જરા પણ તકલીફ ન પડે. એ મહામુનિવર મૃત્યુ પામતા પામતા મૃત્યુને જીતી ગયા.

આવા મૃત્યુંજય મહાત્મા પુરૂષો હસતા મુખે રટણ કરતા હોય છે કે "મૃત્યુ મરી ગયું રે લોલ" આ માનવજન્મ પામીને આપણે એવો પુરૂષાર્થ કરીએ કે આપણું મૃત્યુ જ મરી જાય જેથી જન્મ મરણની જંજાળમાંથી જીવ સદાને માટે મુક્ત બની જાય. આજ સુધી અજ્ઞાનવશ અનેક જીવાત્માઓ મૃત્યુની ગોદમાં લપેટાઈને અનંત મૃત્યુના ચક્કરમાં પીસાતા રહ્યા છે જ્યારે મહાનપુરૂષો મૃત્યુની સામે નિર્ભય ઉભા રહી મૃત્યુવિજેતા બની સંસાર સાગરને તરી જાય છે. આવા મૃત્યુ વિજેતા મહાન પુરૂષોને આપણાં કોટી કોટી વંદન. દીન હીન બનીને મૃત્યુને વરવા કરતાં પ્રચંડ ભાવનાની ભરતી સાથે મૃત્યુને ભેટવા તૈયાર થવું એ જ માનવ જીવનનો લ્હાવો છે. આપણા અંતરના ઓરડામાં એક જ નાદ કાયમ માટે ગુંજતો કરી દેવો જોઈએ કે "મૃત્યુ મરી ગયું રે લોલ."

જેમણે મૃત્યુને મહોત્સવ બનાવ્યું હતું એવા અમારા તારણહાર, જીવન નૈયાના સાચા સુકાની, પરમ ઉપકારી ગચ્છાધિપતિ બા. બ્ર. પૂજ્ય ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબની પુણ્યતિથિનો દિવસ છે. એ ગુરૂદેવનો અમારા ઉપર મહાન ઉપકાર છે. એમનો ઉપકાર આ જીવનભર ભૂલાય તેમ નથી. કોઈ માણસ આપણા પગમાંથી કાંટો કાઢી દે અગર આંખમાંથી તણખલું કાઢી દે તો પણ આપણે તેનો ઉપકાર માનીએ છીએ. કોઈ માણસની આર્થિક સ્થિતિ ખરાબ થઈ ગઈ હોય તે વખતે કોઈએ એને પૈસા આપીને સહાય કરી હોય ને આફતમાંથી ઉગારી લીધો હોય તો તે પણ એના ઉપકારીના ઉપકારને ભૂલતો નથી. એક ન્યાય આપીને સમજાવું. (અહીં પૂ. મહાસતીજીએ દરિયા કિનારે ફરતા એક માનવને કેવી રીતે એક દયાળુભાઈએ બચાવ્યો અને બચનાર ભાઈ છેવટે કયાં સુધી તેનો ઉપકાર માને છે તે સુંદર સમજાવ્યું હતું.)

ઠાણાંગ સૂત્રના ત્રીજા ઠાણે ત્રણ પ્રકારના ઋણ બતાવ્યા છે. માતાપિતાનું, શેઠનું અને ગુરૂદેવનું. તેમાં જો સંતાન માતાપિતાની જીવનભર સેવા કરીને તેમને સંતોષ પમાડે અને અંતિમ સમયે ધર્મ સંભળાવે તો માતાપિતાના ઋણમાંથી મુક્ત થઈ શકે. જે શેઠે આપણો હાથ પકડયો હોય, જેના પ્રતાપે સુખી થયા હોઈએ તે શેઠ કદાચ કર્મોદયે ગરીબ થઈ જાય ત્યારે તેમને મદદ કરી તેમનું દુઃખ દૂર કરવામાં આવે તો નોકર શેઠના ઋણમાંથી મુક્ત થાય છે પણ જે આવું ઉત્તમ ચારિત્રરત્ન આપે છે તેવા સદ્‌ગુરૂઓના ઋણમાંથી તો કયારે પણ મુક્ત થવાતું નથી. એવા અમારા મહાન ઉપકારી તારણહાર પૂ. ગુરૂદેવની આજે ૩૦ મી પુણ્યાતિથિ છે. એ ગુરૂદેવના ગમે તેટલા ગુણ ગાઉં તો પણ તેમના ઋણમાંથી મુક્ત બની શકાય તેમ નથી.

ગુરૂદેવ અમારી જીવનનૈયાના નાવિક છે. નૌકા ગમે તેટલી સારી હોય પણ જો તેનો નાવિક બરાબર ન હોય તો ? નૌકા મધદરિયે ડૂબી જાય ને ? પ્લેન ગમે તેટલું સારું હોય પણ જો તેનો પાયલોટ સાવધાન ન હોય તો મોટી હોનારત સર્જાય છે તેમ જીવનનૈયાના નાવિક બરાબર ન હોય તો જીવનનૈયા સામે પાર પહોંચતી નથી, માટે ગુરૂ તો બરાબર જોઈએ. શાસ્ત્ર એ દવાખાનું છે ને ગુરૂ એ વૈદ્ય છે. જેનામાં જેવો રોગ દેખે છે તેવો શાસ્ત્રનો નિચોડ કાઢીને ગુરૂ રૂપી વૈદ્ય દવા આપે છે. ડોકટર ગમે તેવી દવા આપે તેમાં દલીલ તર્ક કરતો નથી. શ્રદ્ધાપૂર્વક દવા પી જાય છે, તેમ શિષ્યોએ પણ ગુરૂના વચનમાં શ્રદ્ધા રાખવી જોઈએ. જેમ ડોકટર રોગીઓને નિરોગી બનાવવા ઈચ્છે છે, અધ્યાપક પોતાના વિદ્યાર્થીઓને વિદ્વાન બનાવવા ઈચ્છે છે, ગાર્ડ ગાડીને ક્ષેમકુશળ સ્ટેશને પહોંચાડવા ઈચ્છે છે અને નાવિક નૌકાને નદી અગર સમુદ્રને સામે કિનારે લઈ જવા ઈચ્છે છે તેવી રીતે ગુરૂની ભાવના પણ એવી હોય કે પોતાના શિષ્યોનું જલ્દીથી જલ્દી કેમ કલ્યાણ થાય ! અમારા પૂ. તારણહાર ગુરૂદેવની પણ આવી જ ભાવના હતી. એવા મહાન ઉપકારી ગુરૂદેવનો ઉપકાર કેમ ભૂલાય ! એ ગુરૂદેવ કઇ પવિત્ર ભૂમિમાં જન્મ્યા હતા અને તેમને કેવી રીતે વૈરાગ્ય ભાવના જાગી તેનું આપણે સ્મરણ કરીએ. એ ગુરૂદેવ જૈનધર્મી ન હતા. એ રાજપૂત જ્ઞાતિમાં જન્મ્યા હતા, પણ કેવી રીતે જૈનધર્મ પામ્યા અને કેવું ચારિત્ર પાળ્યું અને અમને કેવો બોધ આપ્યો તે પૂ. ગુરૂદેવના જીવન ચરિત્રમાંથી આપણને જાણવા મળશે.

"નાનકડા ગામમાં પ્રકાશિત થયેલું રત્ન" :–ખંભાતના તાબામાં આવેલું ગલિયાણા નામનું એક ગામ છે. એ ગામમાં મોટા ભાગની રાજપૂત–ગરાશીયાની વસ્તી છે. આ ગલિયાણા ગામમાં પૂ. ગુરૂદેવનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ જેતાભાઈ હતું ને માતાનું નામ જયાકુંવર બહેન હતું. સંવત ૧૯૪૨ની સાલમાં કારતક સુદ ૧૧ ના પવિત્ર દિવસે પૂ. ગુરૂદેવનો જન્મ થયો હતો. તેમનું નામ રવાભાઈ પાડવામાં આવ્યું હતું જેમ નાનકડા રવા જેટલા હીરામાં તેજ હોય છે તેમ આ નાનકડા રવાભાઈના લલાટ ઉપર ક્ષત્રિયના તેજ ઝળકતા હતા, રવાભાઇ બે ભાઇ અને એક બહેન હતા. તેમાં રવાભાઈ સૌથી મોટા હતા. રવાભાઈ પાંચ વર્ષના થયા ને તેમના માતા–પિતા સ્વર્ગે સીધાવ્યા એટલે આ ત્રણ ભાઈ–બહેન કાકાને ત્યાં મોટા થવા લાગ્યા. રાજપૂતોને મુખ્ય ધંધો ખેતીનો હોય છે. આ રવાભાઇને ત્યાં જમીન જાગીર ઘણી હતી, એટલે તેઓ મોટા થતાં કાકાની સાથે ખેતરમાં જવા લાગ્યા. તેઓ નોકરો મારફત બધું કામ કરાવતા હતા. રવાભાઈના જીવનમાં પહેલેથી જ વિનય, નમ્રતા, ગંભીરતા વિગેરે ગુણો હતા. એ ગુણો દ્વારા તે દરેકને પ્રિય થઇ પડતા. વિનય એ તો વૈરીને વશ કરવાની જડીબુટ્ટી છે. તેઓ કાકા–કાકીના દરેક કાર્યમાં સહભાગી બનતા, તેથી કાકા–કાકીને ખૂબ પ્રિય હતા.

"ગીતે કરેલી કરામત" :– તમે જાણો છો ને કે ક્ષત્રિયના બાળકોને બાલપણથી

શૂરવીરતા વરી ચૂકેલી હોય છે. ગમે ત્યાં જવું હોય તો પોતે એકલા જતા હતા. રવાભાઈ તેર વર્ષના થતાં એક વખત ગલિયાણા નજીક આવેલા વટામણ ગામમાં કોઈ કામ પ્રસંગે તેમના સબંધીને ત્યાં આવ્યા. આ સબંધીનું ઘર ઉપાશ્રયની બાજુમાં હતું. આ રવાભાઈ તો જમીને ઓસરીમાં ખાટલા ઉપર સૂતા હતા. આ વખતે વટામણમાં ખંભાત સંપ્રદાયના વિદ્વાન મહાસતીજી ચાતુર્માસ બિરાજતા હતા. પૂ. મહાસતીજીએ પ્રતિક્રમણ પૂરું થયા પછી આધ્યાત્મિક ભાવથી ભરેલું સ્તવન મધુર સ્વરે ગાયું. તેના સૂર રવાભાઈના કાને પડયા એટલે તેમણે સબંધીને પૂછયું. કાકા! મધુર સ્વરે આવું સુંદર ગીત કોણ ગાય છે? કાકાએ કહ્યું–બેટા આ બાજુમાં જૈનનો ઉપાશ્રય છે. ત્યાં સાધ્વીજી બિરાજે છે. તે આવું સુંદર ગીત ગાય છે. કાકા! આપણાથી ત્યાં ન જવાય? બેટા! સૂર્યાસ્ત પછી આપણાથી ત્યાં જવાય નહિ. સવારે સૂર્યોદય પછી પુરૂષથી જઈ શકાય. ભલે, કાકા! તો મને તમે સવારે સૂર્યોદય થાય ત્યારે ત્યાં લઈ જજો.

"રવાભાઈને લાગેલી લગની અને મહાસતીજીએ કેંકેલો પ્રકાશ":-કેવાતુ પ્રિયો! રવાભાઈને સાધ્વીજીના મુખેથી સ્તવન સાંભળવાની લગની લાગી. કયારે સવાર પડે ને કયારે હું ઉપાશ્રયમાં જાઉં! આમ કરતાં રાત્રી પૂરી થઈ ને સોનેરી સુપ્રભાત પ્રગટયું. કોણ જાણે ભાવિના ગર્ભમાં શું છૂપાયેલું હશે કે અગર રવાભાઈના જીવનમાં પણ રાત્રીનો ગાઢ અંધકાર બસીને સોનેરી સુપ્રભાત પ્રગટવાનું હશે કે જેથી ગીત સાંભળવાનું મન થયું. સવાર પડી એટલે રવાભાઈ તો ઉપાશ્રયમાં ગયા ને સાધ્વીજીને નમન કરીને કહ્યું–આપ રાત્રે જે ભજન ગાતા હતા તે મારે સાંભળવું છે. રવાભાઈની ભાવના જોઈને સાધ્વીજીએ ભજન ગાયું. ભજનના એકેક પદ વૈરાગ્ય રસથી ભરપૂર હતા. આ સાંભળીને રવાભાઈનું હૈયું હર્ષથી નાચી ઉઠયું. ભજન પૂરું થયા બાદ રવાભાઈ કહે છે મને આ ભજનનો વિશેષ ભાવ સમજાવો. સાધ્વીજી વિચાર કરવા લાગ્યા કે અહો! આ બાલુડો જૈન નથી અને હજુ તેર વર્ષનો છે છતાં તેને જાણવાની જિજ્ઞાસા કેટલી છે! પણ એ બહુ ઝીણી વાત તો સમજી શકે નહિ એટલે એને સમજણ પડે તેવી રીતે સમજાવું. એમણે ભજનના આધ્યાત્મિક ભાવ સમજાવ્યા પછી માનવભવની દુર્લભતા અને સંસારની અસારતા સમજાવતા કહ્યું કે ભાઈ! આ સંસારમાં તો પ્રાણીમાત્રને સુખ ગમે છે. દરેકને જીવવું ગમે છે. કોઈને મરવું ગમતું નથી માટે તારે કોઈ જીવોને મારવા નહિ. અમારો જૈન ધર્મ તો પૃથ્વી, પાણી, અગ્નિ વાયરો અને વનસ્પતિમા જીવ માને છે. લીલા ઝાડના પાંદડા, ફુલ વિગેરે તોડવામાં ઘણું પાપ છે. કીડી, મંકોડા, માંકડ, વિગેરે જીવોને મારવામાં પણ ઘણું પાપ લાગે છે. આ સાધ્વીજીનો ઉપદેશ તેર વર્ષના રવાભાઈના હૃદયમાં કોતરાઈ ગયો ને તેમને સમજાઈ ગયું કે સાચો ધર્મ હોય તો આ જૈન ધર્મ જ છે. આત્મકલ્યાણ અહીં જ થઈ શકે તેમ છે.

"રવાભાઈના જીવનમાં જાગેલી વૈરાગ્યની જ્યોત":- બીજે દિવસે તેઓ

પોતાને ઘેર આવ્યા. ખેતીનો ધંધો એટલે કાકા સાથે અવારનવાર ખેતરમાં જવું પડતું હતું. કપાસની સીઝન આવી. ખેતરમાં કપાસનો ભરચક પાક થયો હતો, એટલે રવાભાઈ ઘણાં માણસોને લઈને ખેતરમાં કપાસ વીણાવવા ગયા. પોતે કપાસ વીણે છે ને માણસો પાસે કપાસ વીણાવે છે. ખીલેલા કપાસમાંથી રૂ ખેંચતા રવાભાઈને વિચાર આવ્યો કે પેલા સાધ્વીજી તો એમ કહેતા હતા કે એક પાંદડુ તોડવામાં પણ ઘણું પાપ છે તો હું તો આ ખીલેલા કાલામાંથી રૂ ખેંચી રહ્યો છું તો મને કેટલું પાપ લાગશે ! પાપના ડરથી રવાભાઈનું હૃદય રડી ઉઠયું અને કાલા વીણવાનું કામ છોડીને ઘેર આવ્યા ને કાકા કાકીને કહે છે મારે હવે આ પાપથી ભરેલા સંસારમાં રહેવું નથી. સંસારમાં તો ડગલે ને પગલે પાપ છે. આ પાપના પિંજરમાંથી છૂટવા માટે મારે તો જૈનધર્મની દીક્ષા લેવી છે. કાકા-કાકી કહે છે રવા ! તું આ શું બોલે છે ? તને વળી જૈન ધર્મની દીક્ષા લેવાનું ભૂત ક્યાંથી વળગ્યું ? આપણે જૈનધર્મી નથી. આપણો ધર્મ તો સ્વામીનારાયણનો છે. રવાભાઈએ કહ્યું આપણો ધર્મ ગમે તે હોય, મારે ધર્મની સાથે કોઈ નિસ્બત નથી મારે તો આત્મકલ્યાણ કરવું છે પણ કાકા કાકી કહે છે તું હજુ તેર વર્ષનો છે. પાપ-પુણ્યમાં તું શું સમજે ! પણ રવાભાઈ તો કહે છે કે મારે તો સંસારમાં રહેવું જ નથી.

"મહંતની રવાભાઈમાં ઠરેલી દૃષ્ટિ" :- ખૂબ હઠ કરી ત્યારે કાકા કાકી કહે છે જો તારે દીક્ષા લેવી હોય તો આપણા સ્વામીનારાયણ ધર્મના સાધુ બનવાની રજા આપીએ પણ જૈન ધર્મના સાધુ તો તને નહીં જ બનવા દઈએ, ત્યારે રવાભાઈએ વિચાર કર્યો કે ઠીક, ત્યાં જાઉં તો ખરો મારે તો આત્મકલ્યાણ જ કરવું છે ને ? એટલે રવાભાઈ તો સ્વામીનારાયણના ગઢડા ગયા ત્યાં જઈને મુખ્ય સ્વામીને મળ્યા. ત્રણ ચાર દિવસ ત્યાં રોકાયા એટલે સ્વામીની નજર રવાભાઈ ઉપર ઠરી ને વિચારવા લાગ્યા કે આ છોકરો તેજસ્વી પુરૂષ બનશે. મારી ગાદ્દી સંભાળે તેવો છોકરો છે, એટલે સ્વામીએ પાસે બોલાવીને પૂછ્યું-છોકરા ! તું ક્યાંથી આવ્યો છે ? તમે કેટલા ભાઈ બહેનો છો ? તમારો ધંધો શેનો છે ? રવાભાઈએ કહ્યું હું ગલિયાણાનો રહેવાસી છું. કુટુંબમાં કાકા, કાકી, બે ભાઇઓ અને એક બહેન છીએ. અમારે જમીન ઘણી છે. ખેતી અમારો મુખ્ય ધંધો છે, ત્યારે સ્વામીએ કહ્યું કે તારા ભાગની જેટલી મિલ્કત હોય તેટલી ગાદ્દીને અર્પણ કરી દે તો હું તને મારો ચેલો બનાવું.

"રવાભાઈએ કરેલી ધર્મની પરીક્ષા" :- સ્વામીજીની વાત સાંભળીને રવાભાઈના મનમાં વિચાર થયો કે જ્યાં મિલ્કતની મમતા છે, પરિગ્રહ ઘટાડવાને બદલે વધારવાની વાત છે ત્યાં આત્મકલ્યાણ ક્યાંથી થઈ શકે ? પેલા સાધ્વીજી તો એમ કહેતા હતાં કે સાધુથી પૈસા રખાય નહિ, વાહનમાં બેસાય નહિ અને આ સાધુઓ તો પૈસા રાખે છે, વાહનમાં બેસે છે, પગમાં જોડા પહેરે છે તો અહીં આત્માનું કલ્યાણ કેવી રીતે થાય ? જ્યાં પરિગ્રહનો મોહ છે ત્યાં કલ્યાણ થવું મુશ્કેલ છે.

બંધુઓ ! તેર વર્ષનો બાલુડો તો રમતિયાળ હોય. એને આવું જ્ઞાન કે ભાન ક્યાંથી હોય ? પણ તેર વર્ષના બાલુડાએ કેવું આત્મમંથન કર્યું ! એને કેવી ધર્મની પરીક્ષા કરતા આવડી ! તે તરત ત્યાંથી પાછા આવ્યા ને કાકા-કાકીને કહ્યું કે તમારો ધર્મ સ્વામીનારાયણ ભલે રહ્યો પણ મને ત્યાં કલ્યાણ થાય તેવું દેખાતું નથી, માટે હું તો વઢામણ જાઉં છું. એમ કહીને એ તો વઢામણ આવ્યા ને મડાસતીજીને કહે છે મને તમારા જેવો સાધુ બનાવો. મારે જલ્દી આત્મકલ્યાણ કરવું છે. મહાસતીજીએ કહ્યું-ભાઈ ! તમારે મારી પાસે સાધુ ન બનાય. અમારા ગુરૂદેવ પૂ. છગનલાલજી મહારાજ સાહેબ ખંભાત બિરાજે છે. તમે ત્યાં જાવ, તેથી રવાભાઇ ખંભાત ગયા ને પૂ. ગુરૂદેવ છગનલાલજી મહારાજ સાહેબના દર્શન કર્યા, પછી ગુરૂદેવને કહે છે મને આપનો શિષ્ય બનાવો. ગુરૂદેવે જોયું કે આ ભાવિનો મહાનપુરૂષ બને તેવો હળુકર્મી આત્મા છે, એટલે કહ્યું-ભાઈ ! હમણાં તું સામાયિક પ્રતિક્રમણ શીખ, પછી દીક્ષા લેવાય. અંતરમાં જલ્દી દીક્ષા લેવાની લગની લાગી છે એટલે આઠ દશ દિવસમાં તો સામાયિક પ્રતિક્રમણ કંઠસ્થ કર્યા, પછી ગુરૂદેવને કહે છે મને જલ્દી દીક્ષા આપો, ત્યારે ગુરૂદેવે કહ્યું-ભાઇ ! તારા વડીલોની આજ્ઞા સિવાય મારાથી દીક્ષા ન અપાય, માટે એમની રજા લઇ આવ. રવાભાઇ કાકા-કાકીની આજ્ઞા લેવા ગલિયાણા આવ્યા ને દીક્ષાની આજ્ઞા માંગી. કાકા-કાકીએ જૈન ધર્મની દીક્ષા ન લેવા ખૂબ વિરોધ કર્યો પણ રવાભાઇ તેમના નિશ્ચયમાં અડગ રહ્યા. અંતે વૈરાગીની જીત થઇ અને કુટુંબીજનોને રવાભાઇનો તીવ્ર વૈરાગ્ય જોઇને દીક્ષાની આજ્ઞા આપવી પડી. દીક્ષાની આજ્ઞા મળતાં રવાભાઇનું હૈયું હર્ષથી નાચી ઉઠયું.

"ભાગવતી દીક્ષા અંગીકાર કરતાં રવામાંથી થયેલા રત્ન" :-સંવત ૧૯૫૬ના મહા સુદ પાંચમના દિવસે ખંભાત શહેરમાં તેમનો દીક્ષા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. દીક્ષા લઇને તેમનું સંયમી નામ **બા. બ્ર. પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ** રાખવામાં આવ્યું. ગુરૂદેવ પૂ. છગનલાલજી મહારાજ સાહેબ ક્ષત્રિય ને શિષ્ય પણ ક્ષત્રિય મળ્યા. બંને શૂરવીર ને ધીર પુરૂષો ભેગા થયા પછી શું બાકી રહે ! પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ દીક્ષા લઇને પોતાના ગુરૂદેવનો ખૂબ વિનય કરવા લાગ્યા. તેઓ કયારે પણ ગુરૂથી દૂર બેસતા નહિ. જ્યાં પોતાના ઉપર ગુરૂની દૃષ્ટિ પડે ત્યાં જ બેસતા. કારણ કે દૂર બેસે તો ગુરૂદેવને કંઇ કામ હોય તો સેવાનો લાભ ન મળે ને ? એટલે કયારે પણ દૂર જતા નહિ. આ ગુરૂ-શિષ્યની જોડીને જોઇને લોકો એમ જ કહેતાં કે આ મહાવીર ગૌતમની જોડલી છે. મન, વચન અને કાયાથી ગુરૂદેવના ચરણમાં અર્પણ થઇને જ્ઞાન ભણવા લાગ્યા. પૂ. ગુરૂદેવની કૃપાથી સંસ્કૃત-પ્રાકૃત, ન્યાય અને શાસ્ત્રોનો ઉંડો અભ્યાસ કર્યો. વિનય તો પૂ. ગુરૂદેવના જીવનમાં તાણાવાણાની જેમ વણાયેલો હતો અને ક્ષમાનો ગુણ પણ અજબ હતો.

"ગુરૂ આજ્ઞામાં જીવન સમર્પણ કરતા ગુરૂદેવ" :– એક દિવસ પૂ. છગનલાલજી મહારાજ સાહેબની તબિયત બરાબર ન હતી, એટલે કહ્યું કે રત્નચંદ્રજી ! આજે તમે વ્યાખ્યાન માટે જાવ. અત્યાર સુધી કદી વ્યાખ્યાન વાંચ્યું ન હતું છતાં એવી દલીલ ન કરી કે મેં કોઇ દિવસ વ્યાખ્યાન વાંચ્યું નથી ને હું કેવી રીતે વાંચીશ ! તહેત્ ગુરૂદેવ કહીને ઉપર વ્યાખ્યાન વાંચવા ગયા પણ ગુરૂદેવ જે સિંહાસને બેસે ત્યાં ન બેઠા પણ બાજોઠ ઉપર બેઠા. શ્રાવકોએ ખૂબ કહ્યું– ગુરૂદેવ ! પાટ ઉપર બિરાજો. તેમણે શ્રાવકોને કહ્યું કે મારા ગુરૂદેવ જે પાટ ઉપર બેસીને વ્યાખ્યાન આપે છે તે પાટે બેસવાની મારામાં લાયકાત નથી. પોતે બાજોઠ ઉપર બેસીને વ્યાખ્યાન આપ્યું પણ પાટે ન બેઠા. તે સિવાય પૂ. ગુરૂદેવ ન સૂવે ત્યાં સુધી પોતે સૂતા ન હતા. એક તો જીવનમાં વિનયનો મહાન ગુણ હતો, બીજું બ્રહ્મચર્ય ખૂબ નિર્મળ હતું. સાથે ક્ષમા, સમતા, સરળતા આદિ ગુણો હતા. તેથી પૂ. ગુરૂદેવનું લલાટ ઝગમગતું હતું. ગુરૂ અને શિષ્ય વચ્ચે ક્ષીર નીર જેવો અથાગ પ્રેમ હતો, પણ કાળની ગતિ ન્યારી છે. કાયમ માટે પ્રેમ ટકતો નથી. સવંત ૧૯૯૫ના તેમના પૂ. ગુરૂદેવ છગનલાલજી મહારાજ કાળધર્મ પામ્યા એટલે ખંભાત સંપ્રદાયનું સુકાન પૂ. ગુરૂદેવના હાથમાં આવ્યું. ૧૯૯૫ના વૈશાખ વદ ૧૧ ના દિવસે તેમને આચાર્ય પદવી પ્રદાન કરવામાં આવી. ૧૯૯૫નું ચાતુર્માસ ગુરૂદેવ સાણંદ પધાર્યા.

ગુરૂદેવ સાણંદ પધારતાં શ્રી સંઘમાં વર્તેલો આનંદ :– પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબનું સાણંદ શહેરમાં આગમન થવાથી આનંદ આનંદ છવાઇ ગયો. પૂ. ગુરૂદેવ જૈન શાળાના બાળકો કેમ સારી રીતે વધુ જ્ઞાન મેળવે તે માટે ખૂબ રસ ધરાવતા હતા. તે માટે ખૂબ મહેનત કરતા. આ રીતે જહેમત ઉઠાવીને બાળકો અને બાલિકાઓના જીવનમાં ધર્મનું સુંદર સિંચન કર્યું. અમારા જીવનમાં વૈરાગ્યની જ્યોત પ્રગટાવી એવા તારણહાર ગુરૂદેવનો મારા પર મહાન ઉપકાર છે. એમના કયા શબ્દોમાં ગુણ ગાઉં ? આ માટે મારી પાસે શબ્દો નથી. પૂ. ગુરૂદેવના સદુપદેશથી મને અને મારા ગુરૂબહેન પૂ. જશુબાઈ મહાસતીજીને સંસારની અસારતા સમજાણી ને અંતરાત્મા જાગૃત બન્યો અને એ ગુરૂદેવે અમને બંનેને દીક્ષા આપી.

ગુરૂ મારા સાચા છે ઉપકારી (૨) સંસાર સાગર તરવા માટે (૨)
ચારિત્ર નૈયા તમે આપો...

સંયમરત્ન આપનાર પૂ. ગુરૂદેવનો ઉપકાર કદી ભૂલાય નહીં. પૂ. ગુરૂદેવ અમને સંયમ આપીને અમારા જીવન બાગના માળી બન્યા. સંયમ લઈને કેવી રીતે જીવન જીવવું જોઇએ, સંયમના આચાર કેમ પળાય, ગોચરી કેમ કેવી રીતે કરાય ને લોચ કેવી રીતે કરાય તે બધું અમને પૂ. ગુરૂદેવે શીખવાડ્યું છે. પૂ. ગુરૂદેવ અમને ભણાવતાં ઘણી વખત કહેતા

કે જો તમારે જલ્દી કલ્યાણ કરવું હોય તો જીવનમાં વિનય અવશ્ય જોઈશે. વિનય એટલે શું ? જે પ્રવૃત્તિ દ્વારા કર્મનું નિકંદન થાય તે વિનય. અવિનયથી કર્મનો સબંધ થાય છે. વિનયથી કર્મનો નાશ થાય છે. વિનયનું પાલન કરનાર શિષ્ય ગુરૂકૃપા મેળવી શકે છે. ગુરૂનું વચન મંત્ર સમાન છે. ગુરુ એ કોઈ વ્યક્તિ નથી પણ વિશ્વનું એક મહાન વિરાટ તેજપૂંજ રૂપ તત્ત્વ છે. ગુરૂ તત્ત્વની આરાધના કરનાર મહાનતા, વિરાટતા અને આત્માના શુદ્ધ તેજપૂંજને પામે છે. ગુરૂ તત્ત્વની વિરાધનાથી આત્મવિકાસ અટકી જાય છે અને દુર્ગતિના મંડાણ થાય છે. આપણાં જ્ઞાનના વિકાસમાં જો કોઈ પ્રતિબંધક હોય તો ગુરૂ પ્રત્યેનો અવિનય છે. ગુરૂના વિનયથી જ્ઞાનના દ્વાર ખુલે છે. કરોડપતિનો પુત્ર જેમ પિતાની કરોડોની મિલ્કતનો વારસદાર બને છે તેમ ગુરૂનો વિનય કરનાર વિનિત શિષ્ય પણ ગુરૂની જ્ઞાનાદિક તેમજ આધ્યાત્મિક સંપત્તિનો માલિક બને છે.

મહાવીરપ્રભુના પટ્ટ શિષ્ય ગૌતમસ્વામી વિનયથી ભગવાન પાસેથી શું નથી પામ્યા ? અર્થાત્ બધું જ પામ્યા છે. ભગવાન પ્રત્યેના સર્વોત્કૃષ્ટ વિનયના પ્રભાવે ગણધરપદ, લબ્ધિઓ, કેવળજ્ઞાન અને મોક્ષ પામેલ છે. આવું વિનયનું સ્વરૂપ પૂ. ગુરૂદેવ ખૂબ સુંદર રીતે સમજાવતા હતા. માતા પોતાના પુત્રને જેમ વહાલથી હિત શિખામણો આપે તેમ પૂ. ગુરૂદેવ અમને હિતશિખામણો આપતા હતા. આવા મહાન ઉપકારી પૂ. ગુરૂદેવનો ઉપકાર કયારે પણ આ જીવનમાંથી ભૂલાશે નહિ. પૂ ગુરૂદેવ લગભગ મધ્યરાત્રીએ તો ધ્યાનમાં રહેતા. ગુરૂદેવે શાસ્ત્રો પણ લખ્યા છે. તેમના પ્રભાવશાળી પ્રવચનોથી તેમજ તેમનામાં રહેલા અદ્‌ભૂત ગુણોથી જૈન જૈનેતરો ધર્મને પામ્યા છે, અનેક અધર્મીઓ ધર્મી બન્યા છે. પૂ. ગુરૂદેવ પાસે હજારો માણસો ધર્મ જાણવાની જિજ્ઞાસાથી આવતા. બધાને સંતોષ થાય તેમ સમજાવતા હતા.

પૂ. ગુરૂદેવ કયારે પણ બિમાર પડયા ન હતા. સંવત ૨૦૦૪ના ખંભાત ચાતુર્માસમાં પ્રથમ વખત જ સંવત્સરીના દિવસે શરદી થઈ હતી ને મટી ગઈ. પૂ. ગુરૂદેવે પોતાના સારા જીવનમાં કયારેય દવાનો ઉપયોગ કર્યો નથી. ભાદરવા સુદ ૧૦ ના દિવસે તેમના શિષ્ય પૂ. કુલચંદ્રજી મહારાજ સાહેબને ૩૮ ઉપવાસ પૂરા થયા. તેમણે કહ્યું ગુરૂદેવ ! આપની કૃપાથી મને શાતા ઘણી સારી છે. તો ત્રણ ઉપવાસ ભેળવીને ૪૧ના પચ્ચખાણ કરાવો, ત્યારે પૂ. ગુરૂદેવે કહ્યું આજે હું તમને છેલ્લું પારણું કરાવી લઉં. તેમના આ ગૂઢ સંકેતને કોઈ સમજી શકયું નહિ કે પૂ. ગુરૂદેવ આમ શા માટે કહે છે ? તે દિવસે સાડા દશ વાગ્યા સુધી વ્યાખ્યાન ફરમાવ્યું ને પછી ગૌચરી છેલ્લી વખત કરવાની છે તે પોતાને જાણ હતી તેથી પોતે આખા સંઘના દરેક ઘરમાં ગૌચરીનો લાભ આપીને પોતાના શિષ્યને પારણું કરાવ્યું, પછી પોતાના બંને શિષ્યોને સંયમમાં દૃઢ બનવાની અને ચારિત્ર માર્ગને દીપાવવાની હિત શિખામણો આપી. બપોરે ધર્મચર્ચામાં આવેલા શ્રાવક-શ્રાવિકાઓને

પણ પોતે કહી દીધું કે તમારે ધર્મસબંધી જે પ્રશ્નો પૂછવા હોય તે આજે પૂછી લો. ખંભાતના વતની માણેકલાલ ભગવાનદાસ ઝવેરી સાડાત્રણ વાગે પૂ. ગુરૂદેવ પાસે મુંબઈ જવા માટે માંગલિક સાંભળવા આવ્યા ત્યારે ગુરૂદેવે કહ્યું–માણેકલાલ ! આજે તમે રોકાઈ જાવ. કાલે તમારું કામ પડવાનું છે, એટલે તેમના મનમાં થયું કે ગુરૂદેવ કદી આવું કહે નહિ ને આજે કહે છે તો રોકાઈ જાઉં.

"અંતિમ આરાધના કરતા ગુરૂદેવ" :– ગુરૂદેવે તો પોતાનું મૃત્યુ અગાઉથી સૂઝી આવવાથી પોતાની બધી તૈયારીઓ કરી લીધી હતી. પૂ. ગુરૂદેવને પ્રતિક્રમણ બાદ રાતના નવ વાગે શરદીનું મોજું ફરી વળ્યું. હાર્ટ ઉપર અસર થવા લાગી. પૂ. ગુરૂદેવે પોતાના શિષ્યોને તથા સંઘને કહી દીધું કે મારા ચારિત્રમાં રહેજ પણ દોષ લગાડશો નહિ. મને ગમે તેમ થાય પણ મારો સંયમ લૂંટાય તેવો એક પણ ઉપચાર કરશો નહિ. આ રીતે ખૂબ ભલામણ કરી, અને પોતાના શિષ્ય હર્ષદમુનિને કહ્યું કે સ્વાધ્યાય બોલો. શિષ્યો સ્વાધ્યાય સંભળાવવા લાગ્યા. રાતના બાર વાગે ચાર આંગળા ઉંચા કરીને સંકેત કર્યો કે આ નશ્વર દેહ ચાર વાગે છૂટી જવાનો છે. પૂ. ગુરૂદેવની તબિયત બગડી છે એવા સમાચાર મળતાં ખંભાતની જનતા રાત્રે પૂ. ગુરૂદેવના દર્શન કરવા ઉમટી. પૂ. ગુરૂદેવની તબિયત સામું જોતાં સંઘના ભાઈ–બહેનોની આંખમાં આંસુની ધારા વહેવા લાગી. આત્મભાવના ઝૂલણે ઝુલતાં સેંકડો માનવીઓની વચ્ચેથી અમારા જીવનબાગના માળી, પૂ. તારણહાર ગુરૂદેવ સંવત ૨૦૦૪ ના ભાદરવા સુદ ૧૧ ના બરાબર પરોઢીયે ચાર વાગે આ નશ્વર દેહનો ત્યાગ કરી શિષ્ય–શિષ્યાઓ અને શ્રાવક–શ્રાવિકાઓને રડતા કકળતા નિરાધાર મૂકીને આ ફાની દુનિયામાંથી વિદાય લીધી. ખંભાતમાં હાહાકાર મચી ગયો. ગામેગામ તાર અને ટેલીફોન દ્વારા શ્રી સંઘે સમાચાર આપ્યા, જ્યાં જ્યાં આ સમાચાર પહોંચ્યા ત્યાં બધાને કારમો આઘાત લાગ્યો ને પૂ. ગુરૂદેવના અંતિમ દર્શન માટે જનતા ઉમટી પડી.

પરમ વાત્સલ્યવારિધી ગુરૂદેવના ગુણવૈભવની તો વાત શું કરીએ ! એકેક ગુણોનું જો વિશ્લેષણ કરવા બેસીએ તો પાનાના પાના ભરાય. તેમનું જીવન અનેક ગુણોની સુવાસથી મઘમઘતું હતું. પૂ. ગુરૂદેવ અમને મૂકીને આ દુનિયામાંથી ચાલ્યા ગયા છે પણ એમના સદ્‌ગુણોની સુવાસ અને હિત શિખામણો આપીને જાગૃતિનો ઝણકાર અમારા જીવનમાં તેઓ મૂકતા ગયા છે. આજના દિવસે પૂ ગુરૂદેવના ગુણોનું સ્મરણ કરતાં હૃદય રડી ઉઠે છે. સાથે હૃદય વીણાના તાર ઝણઝણી ઉઠે છે, ને અંતર બોલી ઉઠે છે કે

તમારા ગુણોને હું ગાઉં જ્યારે જ્યારે,
મારા અંગે અંગે આનંદ પ્રગટે ત્યારે....

પૂ. ગુરૂદેવે સરળ સ્વભાવથી સહુના દિલ જીત્યા હતા. મધુર અને મિતભાષી વાણીથી દરેક આત્માઓના દિલમાં વાસ કર્યો હતો. જૈનશાસન પ્રત્યે સંપૂર્ણ વફાદારી તેમના અંતરના આંગણામાં સદા માટે જીવતી અને જાગતી હતી. તેમણે કદાગ્રહને તો સદાને માટે દેશવટો આપ્યો હતો. નિંદક અને પૂજક બંને પ્રત્યે સમાનભાવ હતો. આવા પૂ. ગુરૂદેવ ખરેખર આ કળીકાળમાં સંયમના અવતાર હતા. પૂ. ગુરૂદેવનું જીવન જ્ઞાનાદિ ઘણાં વિશિષ્ટ ગુણોથી સભર હતું. ગંભીરતાના ગિરિવર હતા, અને નમ્રતાની નદી એ ગિરિવરની શોભા હતી. આવા ગુણમૂર્તિ પૂ. ગુરૂદેવ હતા. કસ્તુરી ઉડી ગઇ ને સુગંધ મહેંકાવતી ગઇ. ફૂલ ખરી ગયું પણ ફોરમ રહી ગઈ છે. એમના આયુષ્યનું તેલ ખૂટી ગયું ને બત્તી બૂઝાઈ ગઈ. પૂ. ગુરૂદેવના જીવનમાં જે ગુણો હતા તે ગુણો આપણા જીવનમાં અપનાવીએ તો જ આપણે તેમના ઉપકારના ઋણથી મુક્ત થઈ શકીએ.

ૐ શાન્તિઃ

●

વ્યાખ્યાન નં.-૫૮

ભાદરવા સુદ ૧૩ ને શુક્રવાર તા. ૧૫-૯-૭૮

અનંતજ્ઞાની શાસ્ત્રકાર ભગવંતો જગતના જીવોના કલ્યાણ માટે ઉપદેશ આપતા કહે છે કે હે ભવ્ય જીવો ! જો તમારે આધિ, વ્યાધિ અને ઉપાધિ રૂપ ત્રિવિધ તાપના ભડકામાંથી ઉગરવું હોય અને સાચું સુખ પ્રાપ્ત કરવું હોય તો મમત્વને છોડીને સમત્વના ઘરમાં આવો. આ જગતમાં મમત્વ અને સમત્વ એ બે સામસામા કિનારા છે. એક કિનારો પૂર્વમાં છે ને બીજો પશ્ચિમમાં છે. તેમાં મમત્વના કિનારે ગરમ ગરમ આગ જેવી લૂ વાય છે અને સમત્વના કિનારે હિમાલયને સ્પર્શીને આવતો હોય તેવો શીતળ મંદ મંદ પવન વાય છે. આજે સંસારમાં મોટા ભાગના મનુષ્યો દુઃખી છે તેનું કારણ હોય તો તે એક જ છે કે તે મમત્વના પશ્ચિમ કિનારે જઇને બેઠા છે. જ્યાં એકલી અશાંતિની આગ, બળતરા અને વેદના જ છે. આવા મનુષ્યને જ્ઞાની પુરૂષો સંબોધન કરીને કહે છે હે માનવ ! જો તારે સાચું સુખ અને શાંતિ મેળવવી હોય તો જ્યાં શાંતિનું નામનિશાન નથી, શીતળતાની એકે ય લહેર નથી, સુખના સંવેદનનું એક પણ સ્વપ્ન નથી, એવો મમત્વનો કિનારો તું છોડી દે ને સમત્વના પૂર્વ કિનારે આવીને બેસી જા, પછી જો કે કેવો શાંતિનો અનુભવ થાય છે ! અંતરના ઉંડાણમાંથી શીતળતાનો ઝરો કેવો ફૂટી નીકળે છે અને સુખનું કેવું સંવેદન થાય છે.

આજનો માનવ ખરેખર અશાંત છે તે હકીકત છે. બિચારો શાંતિ માટે તરફડિયા મારે છે, શીતળતા માટે આબુ, પંચગીની, માથેરાન વિગેરે સ્થળોએ પૈસા ખર્ચીને જાય છે.

સુખ મેળવવા માટે દુઃખના ડુંગરા ને ડુંગરા ઉલ્લંઘી જાય છે, છતાં અંતે એ નાસીપાસ થાય છે. એના અંતરમાં નિરાશા જ ડોકિયા કરતી હોય છે. આનું કારણ શું ? એની ચાલમાં ગતિ છે, પ્રગતિ નથી. વિચાર કરો કે ગતિ તો બળદ, ગાય, ભેંશ વિગેરે પશુઓ પાસે પણ કયાં નથી ? જડયંત્રથી ચાલતાં ઘડિયાળના કાંટા પાસે પણ ગતિ તો છે, પણ એથી શું વળ્યું ? જ્યાંથી નીકળ્યા ત્યાંને ત્યાં અંતે આવીને ઉભું રહેવાનું કે બીજું કંઈ ?

ઘડિયાળના કાંટા સતત ગતિ કર્યા કરે છે. એ નથી જોતા રાત કે નથી જોતા દિવસ, નથી જોતો તડકો કે નથી જોતો છાંયડો, નથી જોતો શિયાળો, ઉનાળો કે ચોમાસું. બસ એ તો રાત દિવસ ફર્યા જ કરે છે. આટલું ફરવા છતાં, આટલી બધી ગતિ કરવા છતાં બરાબર બાર વાગે નજર નાંખો તો એ હતા ત્યાં ને ત્યાં દેખાશે, માનવનું જીવન પણ આજે લગભગ ઘડિયાળના કાંટા જેવું બની ગયું છે. સતત ગતિ કરવા છતાં એક પગલાભર પણ પ્રગતિ દેખાતી નથી, પણ એમાં માનવનો દોષ નથી. દોષ છે એ જે કિનારા પર બેઠેલો છે એ મમત્વના કિનારાનો. એ મમત્વનો કિનારો એવો વર્તુળાકારે ગોઠવાયેલો છે કે એમાં માનવ ફરી ફરીને જ્યાં હતો ત્યાં ને ત્યાંજ આવીને ઉભો રહે છે. ભલે એ ઇંગ્લેન્ડ, અમેરિકા, આફ્રિકા, યુરોપ, જાપાન, જર્મની જાય પણ અંતે ફરી ફરીને બધું ભેગું કરીને જ્યાં એનું પોતાનું વતન હશે, ઘર હશે, પુત્ર પરિવાર બધું હશે ત્યાં જ આવીને ઉભો રહે છે, કારણ કે એ મમત્વના કિનારામાં એવું ચુંબકીય તત્ત્વ રહેલું છે કે જે લોહ જેવા ભારે માણસને પણ એ ગમે ત્યાંથી પોતાના તરફ ખેંચી લાવે છે.

માનવ જ્યારે મમત્વના કિનારેથી કૂદકો મારી એના વર્તુળથી બહાર નીકળીને સમત્વના સોનેરી કિનારે આવીને ઉભો રહે છે ત્યારે માનવ સ્થિર બને છે, શાંત બને છે, પ્રસન્ન અને ગંભીર બને છે. મમત્વના આકર્ષણો એને અકળાવી કે લલચાવી શકતા નથી. એની શાંતિનો તસુભર પણ ભંગ કરી શકતા નથી. મમત્વના કિનારે 'અહં' અને 'મમ'ના ઘૂઘવાટ સંભળાય છે અને સમત્વના કિનારે 'નાહં'–'ના મમ'ના શાંત સૂરો સંભળાય છે. હું અને મારાના બંધનો તૂટતાં જગત વિશાળ બને છે. સંકુચિતતાનું કોચલું તૂટી જાય છે. બંધ બ્લોકમાં બેઠેલો માનવ વિશાળ મેદાનમાં આવીને ઉભો રહે છે, પછી એને કોઈ પારકું દેખાતું નથી. સૌ એને પોતાના જ દેખાય છે.

દેવાનુપ્રિયો ! મમત્વના આખા કિનારાનું કેન્દ્ર 'અહં'' ને "મમ" છે અને સમત્વના આખા કિનારાનું કેન્દ્ર "નાહં" ને "ન મમ" છે. જગતના તમામ ઝઘડા અને ઝંઝટો મમત્વના કિનારા પર રહેલ એ મુખ્ય કેન્દ્રમાંથી ફેલાય છે. જ્યારે મનુષ્ય સમત્વના કિનારે રહેલ 'નાહં' અને 'ન મમ'ના કેન્દ્રમાં પ્રવેશ કરે છે ત્યારે એ ઝઘડા ને ઝંઝટો શાંત થાય છે. આ જગતમાં હું અને મારું એ બે ન હોય તો કયાંય ઝઘડા–ટંટા ન હોત. મમત્વના કિનારાને છોડીને જે સમત્વના કિનારે પહોંચી ગયા એ સુખી

થઈ ગયા. એમના શરીરની જીવતાં છાલ ઉતારવામાં આવી, માથે અંગારા મૂકયા, બે પગનો ચૂરો બનાવીને ખીર રાંધી, ઘાણીમાં પીલાયા તો પણ હસતા ને હસતા જ રહ્યા. રહેજ પણ મૂરઝાયા નહિ પણ પ્રસન્ન બની ગયા, કારણ કે એ બધા સમત્વના કિનારે બેઠા હતા. નાડહં-ન મમ ના મુખ્ય કેન્દ્ર ઉપર એમણે બેઠક મેળવી લીધી હતી. એમણે પોતાના શરીરને જ જ્યાં પોતાનું માન્યું ન હતું ત્યાં એને લગતી વેદના પોતાની કયાંથી બને ? જ્યાં સુધી સુખ અને દુઃખ બંનેમાં સ્થિર ઉભા રહી હસતા રહેવાની તાકાત માનવ નહીં કેળવે ત્યાં સુધી એ જ્યાં જશે ત્યાં એને સુખ કે શાંતિ નહિ મળે. એ તાકાત મેળવવા માટે આજે નહીં તો કાલે પણ માનવને સમત્વના સોનેરી કિનારા તરફ ડગ માંડયે જ છૂટકો છે. નાડહં અને ન મમ ના મુખ્ય કેન્દ્રમાં બેઠક જમાવે જ છૂટકો છે. એ સિવાય જીવનની અશાંતિ દૂર નહિ થાય ને આત્માની પરમ શાંતિ પ્રાપ્ત નહિ થાય, માટે મમત્વનો ત્યાગ કરી સમત્વના કિનારે આવી જાવ.

જેઓ મમત્વનો કિનારો છોડીને સમત્વના કિનારે આવીને બેઠા છે તેવા નેમકુમારનો જન્મ મહોત્સવ દેવોએ ઉજવ્યો ને પછી માતાની પાસે લાવીને મૂકયા, હવે તે નેમકુમાર કેવા હતા તે શાસ્ત્રકાર ભગવાન બતાવે છે.

सोऽरिट्ठनेमिनामो उ, लक्खणस्सर संजुओ ।
अट्ठसहस्सलक्खण धरो, गोयमो कालगच्छवी ॥५॥

તે (અરિષ્ટનેમિ નામના કુમાર) નેમકુમાર માધુર્ય, ગાંભીર્ય આદિ લક્ષણોથી યુક્ત સ્વરવાળા હતા, તથા હાથ પગમાં સાથિયા, વૃષભ, સિંહ, શ્રી વત્સ, શંખ, ચક્ર, ગજ, અશ્વ, છત્ર, સમુદ્ર વિગેરે શુભસૂચક (૧૦૦૮) એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરેલા હતા. નેમનાથ ભગવાનની ચામડીનો વર્ણ ભલે શ્યામ હતો પણ એમનો આત્મા શ્યામ ન હતો. આત્મા તો ઉજ્જવળ હતો. ઘણી વખત માણસ બહારથી શ્યામ હોય છે પણ એમનું અંતર ઉજ્જવળ હોય છે. ઘણાં માણસો દેખાવમાં બહારથી રૂડા ને રૂપાળા હોય છે પણ એમનો આત્મા મલીન હોય છે. કૃષ્ણ વાસુદેવ શ્યામ હતા ને નેમનાથ ભગવાન પણ શ્યામ હતા પણ એમનું આંતરિક રૂપ સુંદર હતું. આજે તો કાળી ચામડીને ઉજળી બનાવવા માટે લાલી, સ્નો, પાવડર, લીપ્સ્ટીક આદિ કેટલા રંગરોગાન કરે છે પણ ઉપરના લપેડાથી કંઈ સુંદરતા આવવાની છે ? ભગવાન કહે છે હે માનવ ! તારે તારું સાચું રૂપ પ્રગટ કરવું હોય તો વિનય, નમ્રતા, સત્ય, નીતિ, સદાચાર, શીયળ વિગેરે ગુણોને તારા જીવનમાં અપનાવ તો તારું સાચું સૌંદર્ય ખીલી ઉઠશે.

દેવાનુપ્રિયો ! જ્ઞાની પુરૂષો કહે છે કે અસલ તે અસલ છે ને નકલ તે નકલ છે પણ આજના વૈજ્ઞાનિક યુગમાં અસલ જુની-પુરાણી વસ્તુ કોઈને ગમતી નથી. આધુનિક

ઢબથી સ્વાંગ–શણગાર સજનારી ફેશનેબલ કન્યાને સૌ પસંદ કરશે. પણ સાદી છતાં ગુણીયલ છોકરીને બહુ ઓછા પસંદ કરશે. એક જમાનો એવો હતો કે માણસો સાદાઈ અને ગુણ જોતાં હતાં, આજે એવું કંઈ જોવાતું નથી. માત્ર ચામડીનું બાહ્ય રૂપ જ જોવાય છે. એનું કારણ શું ? તમને સમજાય છે ? આજે યુગ પલ્ટાઈ રહ્યો છે. વિજ્ઞાન યુગના ઝડપી સાધનોએ માનવ માત્રમાં એક પરિવર્તનની ભયંકર ઘેલછા ઉભી કરી છે. પોતાનું સ્થાન હવે એને ગમતું નથી. ગામડાના માણસો હવે શહેર તરફ દૃષ્ટિ કરી રહ્યા છે. શાંતિનું જીવન આજે અશાંતિ ભરેલું બની ગયું છે.

અમેરિકન એલ્વીનટોફરના જણાવ્યા મુજબ ૧૯૧૪ માં સરેરાશ તેના જીવનમાં ૮૮૫૧૦ મઈલ મુસાફરી કરતો. આજે તેનો આંકડો ત્રીશ લાખ માઈલે પહોંચ્યો છે. ઉદ્યોગ અને ધંધાનો વિકાસ થતાં ઘણાં માણસોને પરિવારથી વિખૂટા પડવાનું બને છે. ઘરમાં બેસી રહેવું એ આજે જુનવાણી બની ગયું છે. પંદર લાખ જર્મનો પોતાની રજાઓનો આનંદ સ્પેનમાં માણે છે. બીજા લાખો લોકો દર વર્ષે હોલેન્ડ, ઈટાલીના સાગર કાંઠે દિવસો સુધી રહે છે. એકલા સ્વીડનમાં દર વર્ષે બાર લાખ સહેલાણીઓ આવે છે. દર વર્ષે ૪૦ લાખ અમેરિકનો બીજા દેશની સફર કરે છે. છેલ્લા પાંચ વર્ષોમાં વિદેશ જતાં ભારતવાસીઓની સંખ્યા પણ ઘણી વધી ગઈ છે. ૧૯૪૭ થી આજ સુધીમાં વાહનવ્યવહારની સગવડ ભારતમાં પચાસ ગણી વધી ગઈ છે ને હજુ પણ વધતી રહી છે, છતાં ઠોડધામના જમાનામાં બહુ ઓછી લાગે છે. વિજ્ઞાનવાદે બીજું ગમે તે કર્યું હોય પણ માનવને લાગણીવિહીન બનાવી દીધો છે. આજે પાડોશમાં શું બની રહ્યું છે, કોણ મર્યું અને કોણ જીવ્યું એ જાણવાની પણ તેને ફુરસદ નથી.

દેવાનુપ્રિયો ! આ ભૌતિકવાદના જમાનામાં મનુષ્ય ધર્મ–કર્મને ભૂલી ગયો છે, ને સહનશીલતા પણ ઘટી ગઈ છે, પણ યાદ રાખજો કર્મ–ધર્મ વિના નહિ ખપે અને સહનશીલ બન્યા વિના સુખ કે શાંતિ નહિ મળે. મનુષ્યમાં જો સહનશીલતા આવે તો આર્તધ્યાન ઓછું થાય અને દુઃખની સામે ટક્કર ઝીલી શકાય. મહાપુરૂષોની માફક આપણે સંપૂર્ણ કષ્ટ ન વેઠી શકીએ તો પહેલા થોડા થોડા દુઃખ તો ખમતા શીખીએ. જાણે એ કંઈ દુઃખ છે જ નહિ એવું મનને લગાડી દેવાનું. જ્યારે વહેપાર ધમધોકાર ચાલતો હોય, પૈસાની ખૂબ કમાણી હોય તે વખતે ટાઢ–તડકો, ભૂખ–તરસ કે ઘરાકનાં ટોણાં વહેપારીને કોઈ દુઃખરૂપ લાગતા નથી. એ મન વાળી લે છે કે પૈસા કમાવા હોય તો આટલું તો વધાવી લેવું જ જોઈએ ને ! કમીશન વધાવી લો છો ને ? દલાલી ખર્ચ ઉઠાવી લો છો કે નહિ ? ખૂબ કમાણી છે તો દલાલને દલાલી કમીશન આપો છો ને ? બસ, એવી જ રીતે જ્યાં સામા પક્ષેથી બીજી રીતે લાભ થયો છે કે થાય છે તો થોડી અગવડ આવે તો એ કમીશન ખાતે રાખવામાં આવે તો કોઈ વ્યાકુળતા રાખવાની જરૂર નહીં.

અહીં કોઇ એમ પ્રશ્ન કરે કે સામી વ્યક્તિ તરફથી આપણને કોઈ લાભ થયો નથી, કોઇએ આપણું કંઈ સારું કર્યું નથી પણ બગાડ્યું છે, આપણા કાર્યમાં અંતરાય નાંખી છે અથવા આપણે કોઇનો અપરાધ કર્યો નથી પણ આપણી જ કોઈ વસ્તુ બગડી છે કે રોગપીડા આવી ગઈ છે ત્યાં મન કેવી રીતે સ્વસ્થ રાખવું ? બંધુઓ ! ત્યાં આપણે એમ વિચારવું કે આપણને જે આ મનુષ્ય ભવ મળ્યો છે તેમાં વળી સદ્‌ગુરૂ અને ધર્મનો યોગ મળ્યો છે કે જે બીજા અનંતા જીવોને નથી મળ્યો. એ એક મોટી કમાણી થઇ છે. તો હવે બાહ્ય કોઈ જીવનો અપરાધ હોય કે કોઇ વસ્તુ બગડી હોય કે શરીર બગડ્યું હોય એ કમીશન ખાતે રાખવાનું. બીજી કમાણી મોટી હોય તો આટલું કમીશન દેવું પડે એ કોઈ મોટી વસ્તુ નથી, પછી શા માટે વિહ્વળ બનવું. વિવેકી વહેપારી સારી કમાણીમાં થોડું કમીશન દેતાં ગભરાતો નથી શેર બજારો કે બીજા બજારોમાં કમીશનની મોટી મોટી રકમો ચૂકવાય છે, છતાં સરવાળે લાખો કે હજારોના લાભ દેખી એને નહિવત્ ગણે છે. એ દેતા કોઈને સંકોચ કે હાયકારો થતો નથી. એ સમજે છે કે દલાલી તો દેવી જ જોઇએ. એક ન્યાય આપીને સમજાવું.

આજે જેમ રીઝર્વ બેંક છે એમ બ્રિટીશ રાજ્ય વખતે મુંબઈમાં બેંક હતી. સાંભળ્યું છે કે એ વખતે પ્રેમચંદ રાયચંદ મુંબઈના રાજા ગણાતા અને એમની હુંડી બેંકને મોટા મોટા વહેપારીઓ સાથે વહેપાર થતો અને પ્રેમચંદ રાયચંદની કંપનીને કમીશન અપાતું. એવામાં એક વાર બેંકનો ગવર્નર બદલાઈ ગયો ને નવો યુરોપીયન ગવર્નર આવ્યો. એને એમ લાગ્યું કે આ પ્રેમચંદ રાયચંદની કંપની નકામું કમીશન લઈ જાય છે. આપણે વહેપાર કરીએ છીએ તો ફ્રેગટ કમીશન શા માટે દેવું ? એમ વિચારી એણે કમીશન બંધ કરી કંપનીને નોટીસ આપી દીધી. જો કે બેંકના જુના સેક્રેટરીએ સલાહ આપી કે આ બંધ કરવા જેવું નથી. બેંકને ધક્કો પહોંચશે, પણ કોઈ રીતે ગવર્નર માન્યો નહીં. નોટીસ ગઈ એટલે પ્રેમચંદ શેઠની કરામતે વહેપારીઓએ મૂકેલી ડીપોઝીટના મોટા મોટા ચેક ફાડ્યા, એટલે બેંક પર દરોડો પડ્યો. ગવર્નર ગભરાઈ ગયો. આટલી મોટી રકમ ચૂકવવા માટે લાવવી કયાંથી ? બેંકે તો કેટલાય રોકાણ કર્યા હોય.

સેક્રેટરીને પૂછે છે કે હવે શું કરવું ? સેક્રેટરીએ કહ્યું મેં તો પહેલેથી જ આપને કહ્યું હતું કે પ્રેમચંદ રાયચંદનું કમીશન બંધ કરવા જેવું નથી. એની ઓથ પર બેંક જે મોટો વહેપાર કરી કમાણી કરી રહી છે એની પાછળ આટલું કમીશન તો દેવું પડે. ગવર્નર કહે પણ હવે શું થશે ? તમે પ્રેમચંદ શેઠની સહાય લો, પણ હવે એ સહાય કરે ખરા ? કરશે. કેમ નહીં કરે ? કમીશન ચાલુ કરો. જરૂર પડે તો કમીશનમાં વધારો કરો. નહિતર બેંક ઉઠી જશે. ગવર્નરે કહ્યું તો જાઓ ને પ્રેમચંદ શેઠને સમજાવો. સેક્રેટરીએ કહ્યું આ કામ આપનું છે. મારું નહિ માને, છતાં પ્રયત્ન કરું. સેક્રેટરી પ્રેમચંદ

શેઠને ત્યાં ગયો ને વાત કરી પણ ત્યાંથી એક જ જવાબ મળ્યો કે શેઠને મળવાનો ટાઇમ નથી. પ્રેમચંદ શેઠ સદ્ધર છે. શા માટે ગભરાય ?

દેવાનુપ્રિયો ! ધર્માત્માઓ સાધનાથી સદ્ધર હોય છે એટલે તેઓ આપત્તિથી ગભરાતા નથી. સેક્રેટરી વીલે મોઢે પાછો આવ્યો એટલે ગવર્નરને વિનંતીપત્ર લખવો પડયો કે મહેરબાની કરીને હમણાં મને મળી જાઓ તો સારું, એમ લખીને પ્રેમચંદ શેઠને તેડવા ગાડી મોકલી. પ્રેમચંદ શેઠ આવ્યા. ગવર્નર કહે છે કે આજે આ આફત આવી પડી છે. માટે તમારું કમીશન ચાલુ કરીએ છીએ. તમે મદદ કરો. પ્રેમચંદ શેઠ કહે છે ના....ના. કમીશન ચાલુ કરવાની જરૂર નથી. નકામો બેંકને ખોટો ખર્ચો શા માટે કરવો જોઇએ ? અને અમારે તો બીજા વહેપારમાં નાણાં રોકવાના હોય છે, એટલે બેંક તરફથી અમને રાહત મળવાથી સરળતા સારી થઈ. આ પ્રમાણે પ્રેમચંદ શેઠે ઠાવકે મોઢે વાત કરી પણ ગવર્નરના દિલમાં તો ભારે ઉકળાટ છે. સાંજ પડતા પહેલાં તો ચેકના જવાબ દેવા જોઇએ એટલે અહીં તો મિનિટ મિનટ મોંઘી જાય છે. બોલો; ગવર્નરને કેટલી ચિંતા હશે !

"આપણા જીવનમાં પણ ઘડપણનો સંધ્યાકાળ અને મૃત્યુનો અંધારી રાત આવે છે. તે પહેલા પરલોક સદ્ધર કરવા માટે કામ પતાવી લેવાનું છે." એમાં મિનિટ મિનિટ મોંઘી છે. સંસારની નકામી વાતચીતમાં, નિંદાકુથલીમાં પસાર ન થાય એ ખાસ જોવાનું છે. પ્રેમચંદ શેઠ તો ઠંડે કલેજે વાત કરે છે પણ ગવર્નરને તો ભારે ઉચાટ છે. એ તો ઢીલા બનીને શેઠના ગુણ ગાતા કહે છે કે તમારા જેવાની ઓથ છે તો બેંકને સારું કામકાજ થાય છે, માટે કમીશન નક્કી કરી દઉં છું. કૃપા કરીને બેંકને મદદ કરો, છેવટે પ્રેમચંદ શેઠે કહ્યું તમે ફિકર ન કરશો, વહેપારીઓને સંતોષ કરી દઉં છું. એ દરમ્યાન બેંકને રોકડ નાણાં ધીરવા તૈયાર છું. આ પ્રમાણે કહીને પ્રેમચંદ શેઠ ઉઠ્યા ને વહેપારીઓને કહી દીધું કે બેંક બહુ સદ્ધર છે, અવિશ્વાસ કરવા જેવો નથી. આટલી વારમાં ટપોટપ ચેક પાછા મંગાવ્યા અને ઉપરથી નવી રકમો જમા કરવામાં આવી, અને નાણાં લઈ ગયેલા પાછા ભરી ગયા.

બંધુઓ ! આવી રીતે આપણે પણ થોડું કમીશન ખાતે રાખવું પડે. શરીરને રોગ આવે તો ગભરાવાનું નહિ. મનને મનાવી લેવાનું કે એક બાજુ વ્યાધિ આવી છે પણ બીજી બાજુ ઉત્તમ માનવભવ છે. તેમાં આવો ઉત્તમ ધર્મ મળ્યો છે. શરીર માંદુ છતાં મગજ પાગલ નથી થયું, એટલે ઉચ્ચ ભાવનાઓ તથા નવકારમંત્રનું સ્મરણ કરી શકું છું ને ? વળી આ શરીરે ઘણું કામ આપ્યું છે ને હજુ પણ આપશે તો આટલી પીડાને તો કમીશન ખાતે રાખવાની. આવું કમીશન ખાતું ખોલો પછી જુઓ કે મનને કેટલી બધી રાહત, સમાધિ અને સ્વસ્થતા રહે છે.

હવે આપણી મૂળ વાત ઉપર આવીએ. નેમકુમારનો વર્ણ શ્યામ હતો પણ એમનો આત્મા ઉજ્જવળ હતો. તેમના શરીરનું સંઘયણ અને સંઠાણ કેવું હતું તે બતાવતાં કહે છે.–

वज्जरिसह संघयणो, समचउरंसो झसोयरो ।
तस्स राइमइं कण्णं, भज्जं जाइय केसवो ॥ ६ ॥

નેમકુમાર વજ્રઋષભનારાચ સંઘયણવાળા હતા. વજ્રઋષભનારાચ સંઘયણ કોને કહેવાય ? બીલાના આકારના હાડકાનું નામ વજ્ર છે. પટ્ટાકાર હાડકાનું નામ ઋષભ છે ને ઉભયત : મર્કટબંધનું નામ નારાચ છે. તેનાથી શરીરની જે રચના થાય છે તેનું નામ વજ્રઋષભનારાચ સંઘયણ છે. તીર્થંકર ભગવાનને હંમેશાં વજ્રઋષભનારાચ સંઘયણ હોય છે. આ સંઘયણવાળા ગમે તેટલા ઉંચેથી પડી જાય તો પણ તેમના હાડકામાં તીરાડ પડતી નથી. તેમના ઉપરથી ગાડી પસાર થઈ જાય તો પણ તેમના શરીરને આંચ આવતી નથી. આપણે તો બે ત્રણ પગથીયેથી પડી જઈએ તો હાડકામાં ફેકચર થઈ જાય છે. એવું આપણું શરીર તકલાદી છે. આ નેમનાથ ભગવાનનું સમચઉરસ સંઠાણ હતું.

"રમત રમતા આત્મચિંતન કરતા નેમકુમાર" :– આવા નેમકુમાર અનુક્રમે બાલપણ વીતાવીને યુવાન થવા આવ્યા, પણ બધાયથી તે જુદા પડે છે. બધા છોકરાઓ રમત કરતા હોય, ગમ્મત કરતા હોય, હડ્ડો મરકરી અને મસ્તી કરતા હોય ત્યારે નેમકુમાર તો એકાંતમાં બેસીને આત્માનું ચિંતન કરતા હોય. સંસારના સુખો પ્રત્યે ઉદાસીનતા હતી. જેમ કાંકરાના ઢગલામાં રત્ન અલગ પડે છે, તારાઓના સમુહમાં ચંદ્ર જુદો પડે છે તેમ આ નેમકુમાર બધા બાળકોમાં અલગ પડતા હતા. તેમના સરખે સરખા છોકરાઓ તેમને બગીચામાં ફરવા કે સરોવર કિનારે જળક્રીડા કરવા માટે આવવાનું કહેતા. તેમને જવું ગમતું ન હતું, પણ શીવાદેવી માતા તેમને પરાણે મોકલતા ત્યારે એ જતા ખરા પણ એક જગ્યાએ જઈને બેસી જતા. બધા છોકરાઓને જળક્રીડા કરતા જોઈને વિચાર કરતા કે આ લોકો અપકાયના જીવોની કેટલી હિંસા કરે છે ! આમાં શું આનંદ ! એવી એમને કરૂણા હતી. ભગવાન તો બાલપણથી જ્ઞાની હતા એટલે એમને આ બધું શીખવાની જરૂર ન પડે. પાણીના એક બિંદુમાં અસંખ્યાતા જીવો રહેલા છે. તમને ઘણી વખત કહ્યું પણ પાણીનો વપરાશ ઓછો કરો છો ? ભગવાનની આજ્ઞામાં વર્તનારા સંતો પોતાના પ્રાણનું બલીદાન આપીને પણ બધા જીવોની દયા પાળે છે.

નેમકુમાર સંસારમાં વિરક્ત ભાવથી રહેતા હતા. જે અનાસક્ત ભાવથી રહે છે તેને કર્મબંધન ઓછું થાય છે ને જે આસક્ત ભાવથી સંસારના ભોગવિલાસમાં રચ્યોપચ્યો રહે છે તેને કર્મબંધન વધારે થાય છે. નેમકુમાર સંસારના કોઈપણ કાર્યમાં ભાગ લેતા નથી. કદાચ ભાગ લેવો પડે તો તે પણ અનિચ્છાએ લે છે, તેથી માતા–પિતાના મનમાં ચિંતા

થવા લાગી કે આ નેમકુમાર પરણશે કે નહિ ? દીકરો મોટો થાય એટલે માતાપિતાને એમ થાય કે હવે ઝટ દીકરાને પરણાવીએ ને ઘેર ઘમઘમ ઘુઘરા વગાડતી વહુ લાવીએ. શીવા-દેવી રાણી અને સમુદ્રવિજય રાજાએ નેમકુમારને સંસારના માર્ગે વાળવા માટે ઘણાં પ્રયત્નો કર્યા પણ કોઈ રીતે તેમનું મન સંસારની પ્રવૃત્તિમાં લાગ્યું નહિ.

એક વખત કોઇ ઉત્સવ હતો, એટલે યાદવ કુળના યુવાન કુમારો અને કુમારિકાઓએ તેમાં ભાગ લીધો. બધા ભેગા થઇને બગીચામાં ફરવા જવાના હતા. શીવાદેવીએ નેમકુમારને તેમાં ભાગ લેવા માટે મોકલ્યા. બધા ભેગા થઇને આનંદ વિનોદ કરે છે, એક બીજાની મજાક કરે છે. પાણીના સરોવરમાં જઈને સ્નાન કરે છે. એક બીજા ઉપર પાણી છાંટે છે. આ રીતે બધાને જળક્રીડામાં મસ્ત જોઇને નેમનાથ તો ત્યાંથી દૂર ચાલ્યા ગયા. શીવાદેવી પોતાનો પુત્ર રમતમાં કેવો ભાગ લે છે તે જોવા માટે ત્યાં આવ્યા ને જોયું તો નેમકુમારને જોયા નહિ. બધા છોકરાઓને પૂછ્યું નેમકુમાર ક્યાં છે ? બધાએ જોયું તો નેમકુમાર કંઇ દેખાયા નહિ. શીવાદેવીએ તપાસ કરી તો ખબર પડી કે એક ઝાડની નીચે બેસીને તેઓ કંઇક ચિંતન કરે છે. આ જોઈ ને શીવાદેવીને ચિંતા થવા લાગી કે મારા નેમકુમારને સંસાર તરફ વાળવો મુશ્કેલ છે. હવે આને કેવી રીતે સમજાવીને અમારે પરણાવવો. બીજા યાદવકુમારોને તેમની પત્નીઓ સાથે જોઈ ને શીવાદેવીના મનમાં એમ થતું કે મારો નેમકુમાર કયારે પરણશે ને મારે ઘેર ક્યારે વહુ આવશે ! અમારી બહેનોને સાસુ બનવાના કોડ ઘણાં હોય છે. કેમ બહેનો સાચી વાત છે ને ? (હસાહસ) તમારી માફક શીવાદેવીને પણ સાસુ બનવાના કોડ જાગ્યા, પણ નેમકુમાર તો કંઈ જુદા જ વિચારના હતા.

"પુત્રને પરણાવવાના વિચાર કરતા શીવાદેવી" :- ચિંતામાં ને ચિંતામાં શીવાદેવીનું શરીર સૂકાવા લાગ્યું. સમુદ્રવિજય રાજા શીવાદેવીની ચિંતાનું કારણ સમજતા હતા એટલે ઘણીવાર રાણીને સમજાવતા, પણ કોઇ રીતે રાણીનું મન માનતું નથી. એ કહે છે કે આપણા નેમકુમાર નમણા છે. એની નમણાશમાં કમીના નથી ને પરાક્રમી પણ ખૂબ છે તો પછી આવી વૈરાગી હાલતમાં રહેશે તો હું એને પરણાવીને ક્યારે વહુનું મુખ જોઈશ ? રાજા કહે રાણીજી ! તમે ચિંતા ન કરો. આપણે તેને બોલાવીને તેના મનની વાત જાણી લઈએ. તરત નેમકુમારને બોલાવ્યા. નેમકુમારે આવીને માતાપિતાને વંદન કરીને કહ્યું-આપને મારું શું કામ પડ્યું ? આપ આજ્ઞા આપો, હું તેનું પાલન કરું. રાજાએ નેમકુમારને પાસે બેસાડીને કહ્યું-બેટા ! હવે તું યુવાન થયો છે. આવા શ્રેષ્ઠકુળમાં જન્મ લેવા છતાં હજુ તારું લગ્ન થયું નથી. હવે અવિવાહિત રહેવું તે ઠીક નથી, કારણ કે અવિવાહિત રહેવાથી લોકો યાદવકુળ વિષે અથવા તારા વિષે પણ કોણ જાણે શું શું બોલતા હશે ! આ જગતમાં અવિવાહિત પુરૂષ વિશ્વાસ કરવા યોગ્ય મનાતો નથી. સ્ત્રી વિનાના યુવક પ્રત્યે અનેક પ્રકારની

શંકાઓ થાય તે સ્વાભાવિક છે. તે ઉપરાંત તારો વિવાહોત્સવ જોવાની અમારી ખૂબ ઈચ્છા છે. તારા માટે અમે કેટલા સુખમય સ્વપ્નો સેવ્યા છે. માટે તું વિવાહ કરવાનો સ્વીકાર કર. તારો વિવાહોત્સવ જોઈને અમારી આંખો તૃપ્ત થાય. અમને અમારું ભવિષ્ય સુખમય દેખાય. અમે પૌત્રાદિકનો આનંદ લઈ શકીએ ને સ્વજનો પણ સુખી થાય.

માતાપિતાની દલીલ સામે નેમકુમારનો જવાબ :- માતાપિતાની વાત સાંભળીને નેમકુમાર ઉશ્કેરાયા અને માતાપિતાને કહેવા લાગ્યા કે હે મારા પૂજ્ય માતા-પિતા ! તમે મને લગ્ન કરવા માટે આટલો બધો આગ્રહ શા માટે કરો છો ? લગ્ન ન કરવાથી અને બ્રહ્મચર્ય પાળવાથી યાદવકુળ ઉપર લાંછન લાગે તે કઈ રીતે સંભવિત છે ! બ્રહ્મચારી પ્રત્યે અવિશ્વાસ કરવાનું કોઈ કારણ નથી. અવિશ્વાસ તો દુરાચારી હોય તેનો થાય. વળી આપ બધાને વિવાહોત્સવ જોવા માત્રથી સંતોષ થાય તેમ છે તો શું બ્રહ્મચારીને જોઈને સંતોષ નહિ થાય ? જો આપને આ રીતે વિવાહોત્સવ જોઈને આનંદ થતો હોય તો એનો અર્થ એ કે બ્રહ્મચર્ય બરાબર છે ને વિવાહ સારો છે. મારી દૃષ્ટિએ તો બ્રહ્મચર્ય-પૂર્ણ જીવન સર્વોત્તમ છે. જેનામાં બ્રહ્મચર્યપૂર્ણ જીવન વ્યતીત કરવાની શક્તિ ન હોય તેના માટે લગ્ન કરવું તે જુદી વાત છે પણ મારામાં તો શુદ્ધ બ્રહ્મચર્ય પાળવાની શક્તિ છે એટલે લગ્ન કરવું તે જરૂરી માનતો નથી. મને લગ્ન કરવાની બિલકુલ ઇચ્છા નથી, માટે હું આપને વિનંતી કરું છું કે મને લગ્ન કરવાનો આગ્રહ ન કરો. હજુ આગળ માતાપિતા નેમકુમારને લગ્ન કરવા માટે શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- જયમંગલ રાજાની આંખ ખુલી ગઈ. સોનું કોણ ને કથીર કોણ ? રત્ન કોણ ને કાચનો ટુકડો કોણ ? રત્નવતીની ખોટી કાન ભંભેરણીથી રાજા ચઢી ગયા ને આવેશમાં આવીને જંગલમાં કાઢી મૂકી પણ જ્યારે પોતે ભેટ આપેલી ચીજો પાછી આપી દીધી તેથી રાજાને રાણી અને પુત્ર પ્રત્યે માન જાગ્યું. હવે રત્નવતીના સામું જોવું પણ ગમતું નથી પણ જો તેની સાથે પ્રેમથી ન બોલે તો ઝઘડો થાય એટલે એને ઉપરથી બોલાવે છે પણ રાજાનું મન કયાંય ઠરતું નથી. જિનસેનાને મહેલમાં બોલાવતાં સંકોચ થાય છે કે જેને મેં કાઢી મૂકી તેને કેમ કહેવાય કે મહેલમાં પધારો. કદાચ મન મક્કમ કરીને રાણીને બોલાવે તો રત્નવતી ઝઘડો કરે, એટલે રાજા તેને બોલાવી શકતા નથી. જિનસેનાનો ગુણવાન પુત્ર ભવિષ્યમાં રાજ્યનો વારસ બને તેવો છે માટે તેને પ્રેમથી બોલાવવો જોઈએ, પણ જો એને બોલાવું ને રામસેનને ન બોલાવું તો પણ રત્નવતી ઝઘડો કરે.

પુત્રને આપેલું ઈનામ પાછું લેવું પડયું તેનું તો રાજાના દિલમાં ખૂબ દુઃખ સાલે છે, તેથી રાજાને કયાંય ચેન પડતું નથી. રાજસભામાં જાય, રાજ્યનું કામકાજ સંભાળે પણ કોઈ કાર્યમાં રાજાનું મન લાગતું નથી. રાત દિવસ ચિંતાતુર રહેવા લાગ્યા. દિવસે

દિવસે રાજાનું શરીર સુકાવા લાગ્યું ત્યારે પ્રધાને પૂછયું સાહેબ! તમે આટલા બધા ઉદાસ કેમ છો? હમણાંથી તો આપના મુખ ઉપર આનંદ નામ દેખાતો નથી. આપ આટલી બધી ચિંતા શા માટે કરો છો? ત્યારે રાજાએ પોતાના મનની બધી વાત કરી અને કહ્યું–

મૈં જાઉં પરદેશ બીચમેં, સુખે પ્રજાને પાલો
મેરી આજ્ઞા માનો મંત્રી, યું લે ચાલ્યો ટાલો.

પ્રધાનજી! મારું મન કંટાળી ગયું છે, જો તમે આ રાજ્યનું કાર્ય બરાબર ચલાવો તો હું થોડા સમય માટે પરદેશ જાઉં તો મારું મન કંઈક શાંત થાય. તમે ખૂબ ચતુર છો માટે મારી માફક બધું રાજ્ય સંભાળી શકશો. એમાં વાંધો નહિ આવે. મંત્રીને થયું કે હમણાં રાજા ગમગીન રહે છે તો છ મહિના ભલે પરદેશ જાય, તો તેમનું મન શાંત થશે ને આ બધું દુઃખ ભૂલી જશે, એટલે પ્રધાને કહ્યું મહારાજા! આપ ખુશીથી પરદેશ સિધાવો. આપ રાજ્યની બિલકુલ ચિંતા ન કરશો, પણ આપ વહેલા વહેલા પધારજો. આપના વિના અમને સૂનું સૂનું લાગશે. રાજાએ કહ્યું–ભલે, હું વહેલો આવી જઈશ. ચિંતા ન કરશો.

મહારાજા પરદેશ ગયા. રાજાની આજ્ઞા પ્રમાણે પ્રધાનજી સુંદર રીતે રાજ્યનું પાલન કરે છે. બરાબર વફાદારીથી આખા રાજ્યનો વહીવટ ચલાવે છે. આ તરફ રાજાના ગયા પછી રત્નવતી માનવા લાગી કે હું મોટો રાજા છું, મારા આધારે બધું કામકાજ ચાલે છે, એમ અભિમાનથી ફક્કડ થઈને ફરવા લાગી. પ્રધાન, નોકર ચાકરો બધા ઉપર વટહુકમ ચલાવવા લાગી. મહારાજા પરદેશ ગયા પછી તો એના મિજાજનો પારો ખૂબ ચઢી ગયો હતો પણ મહારાજાની માનીતી રાણી હોવાથી એને કોઈ કંઈ કહી શકતું નથી. હવે બીજી તરફ શું બન્યું.

"જિનસેન કુંવરે ત્રણ હજાર સામંતો સામે કરેલો પડકાર":– એક દિવસ જિનસેનકુમાર વનમાં રમવા, ખેલવા માટે એકલો ગયો હતો. ચાલતાં ચાલતાં ઘણે દૂર નીકળી ગયો. ત્યાં એક સામટા ત્રણસો ઊંટ ત્યાંથી જતાં કુમારે જોયા. આ ત્રણસો ઊંટને સાચવનારા ત્રણ હજાર સામંતો સાથે હતા. આ બધા સામંતો માર્ગમાં શિકાર કરતા ચાલતા હતા. શિકારના શોખ ખાતર હજારો નિર્દોષ પ્રાણીઓને મારતા હતા. આ જોઈને જિનસેન કુંવરનું હૃદય કંપી ઉઠયું. અહો! જંગલમાં પોતાની સ્વેચ્છાએ ફરતા મૃગલા આદિ પશુઓએ આ લોકોનું શું બગાડયું છે કે આ લોકો એમને બાણ ચલાવીને વીંધી નાખે છે. એ કેવા તરફડે છે! જિનસેનકુમારને તેની માતાએ બાલપણથી જીવદયાના પાઠ ભણાવ્યા હતા, એટલે આ કરૂણ દૃશ્ય તે જોઈ શકયો નહીં, તેથી પેલા સામંતો પાસે જઈને કહે છે ભાઈ! તમે આ નિર્દોષ જીવોને શા માટે મારો છો? એમાં તમારા હાથમાં શું આવવાનું છે! તમારે મન રમત છે પણ એ પ્રાણીઓના તો પ્રાણ હરાય છે. એને કેટલું દુઃખ થાય છે! પહેલાં તો સમજાવટથી વાત કરી પણ એ ઉન્મત બનેલા સામંતો

માન્યા નહીં ને ઉપરથી કુંવરને કહે છે એમાં તારા બાપનું શું જાય છે ? ત્યારે કુંવર કહે છે આ મારા બાપનું જ રાજ્ય છે. મારા પિતાજી એક કીડીને પણ દુભવે તેવા નથી. હિંસા કરવાની મારા બાપની મનાઈ છે. તમે મારા ગામના પાદરમાં જીવોની કતલ કરો છો એ મારાથી કેમ સહન થાય ? આ પ્રમાણે કુંવરના કહેવાથી સામંતો ખૂબ ગુસ્સે થયા અને કુમાર ઉપર તૂટી પડયા, હવે જિનસેનકુમાર સામંતો સાથે કેવી રીતે ઝઝુમશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૫૯

ભાદરવા સુદ ૧૫ ને શનિવાર **તા. ૧૬-૯-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, પરમ હિતસ્વી, મહાન ઉપકારી તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના એકાંત કલ્યાણને માટે સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ આદિ સાધનાના સુંદર માર્ગો બતાવ્યા છે. એ માર્ગ ઉપર શ્રદ્ધા કરી તે માર્ગે ચાલીને અનંતજીવો કલ્યાણ કરી ગયા છે, વર્તમાનકાળે કરે છે ને ભવિષ્યમાં કરશે. મલાડ સંઘને આંગણે પર્યુષણ પર્વ અને તપ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયા. પર્યુષણ પર્વના મંગલકારી દિવસો ચાલ્યા ગયા પણ આપણે ત્યાં હજુ પર્યુષણ જેવો તપ મહોત્સવ ચાલે છે. તપના માંડવડા પણ છૂટયા નથી, કારણ કે આપણે ત્યાં પહેલા બા-બ્ર. સુજ્ઞતાબાઈની તપશ્ચર્યા થઈ ગઈ અને બીજા ચાર મહાસતીજીઓ અને વૈરાગી બહેનની તપશ્ચર્યા ચાલે છે, તેમજ અમારા તારણહાર પરમ પૂજ્ય ગુરૂદેવ બા-બ્ર. શ્રી રત્નચંદ્રજી મહારાજસાહેબની પુણ્યતિથિ નિમિત્તે નવાંગી તપની સાધના પણ ચાલે છે. તેમાં ઘણાં ભાઈ બહેનો જોડાયા છે, એટલે આપણો ઉપાશ્રય તપશ્ચર્યાના નાદથી ગુંજતો ને ગાજતો છે. જ્યાં જોઈએ ત્યાં તપનો જ નાદ સંભળાય છે. ભવરોગ નાબૂદ કરવા માટે તપ એ એક અમૂલ્ય સંજીવની છે. આપણાં જૈનદર્શનમાં તો તપનું એક મહત્વપૂર્ણ સ્થાન છે. અન્ય ધર્મમાં પણ જૈન ધર્મના તપ વિષે બહુમાન છે. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે

यद्दुस्तरं यद्दुरापं, यद्दुर्गं यच्चदुष्करम् ।
सर्वं तु तपसा साध्यं, तपो हि दुरतिक्रमम् ॥

જે દુસ્તર છે, દુષ્પ્રાપ્ય છે, દુર્ગમ છે અને દુષ્કર છે તે બધું તપ દ્વારા સિદ્ધ કરી શકાય છે, કારણ કે તપ દુરતિક્રમ છે. તેની આગળ કોઈ ચીજ કઠીન નથી. આપણે ત્યાં ચાર મહાસતીજીઓ અને એક વૈરાગી બહેનની તપશ્ચર્યાનો આજે છેલ્લો દિવસ છે. આવતી કાલે તેમના પારણા છે એટલે આજે તપ ઉપર થોડું કહીશ.

તપશ્ચર્યા દ્વારા આત્માના તેજ ઝળકે છે. દુનિયામાં કઠીનમાં કઠીન વસ્તુ તપથી સિદ્ધ થઈ શકે છે. તપ દ્વારા મહાનપુરૂષોએ અનેક સિદ્ધિઓ અને લબ્ધિઓ પ્રાપ્ત કરેલી છે. બળવાનમાં બળવાન અને ક્રૂરમાં ક્રૂર વ્યક્તિઓ પણ તપસ્વીઓના ચરણમાં ઝૂકી પડે છે. બે હજાર સિંહનું બળ એક અષ્ટાપદમાં છે. દશ લાખ અષ્ટાપદનું બળ એક પ્રતિવાસુદેવમાં છે. બે પ્રતિવાસુદેવનું બળ એક વાસુદેવમાં છે. બે વાસુદેવનું બળ એક ચક્રવર્તિમાં છે. દશ કોડ ચક્રવર્તિનું બળ એક ઇન્દ્રમાં હોય છે, એવા બળવાન ઇન્દ્ર મહારાજાનું આસન વિધિપૂર્વકના તપથી ચલાયમાન થાય છે. આવા દેવો પણ તપસ્વીના ચરણમાં ઝૂકે છે. તપથી અનેક રોગો અને ઉપદ્રવો શાંત થાય છે. જે આત્માઓ આવા ઉગ્ર તપ કરે તેને આપણા કોટી કોટી ધન્યવાદ અને વંદન, કારણ કે આપણે આવો તપ કરી શકતા નથી.

બંધુઓ ! આ શરીરને આજ સુધી આપણે એટલું બધું ખવડાવ્યું છે કે મેરૂ જેટલા ઢગલા કરીએ તો પણ ઓછા લાગે, અને પાણી પણ એટલું બધું પીવડાવ્યું છે કે સ્વયંભૂરમણ સમુદ્ર પણ છીછરો લાગે, છતાં આ શરીર હજુ ખાવાપીવાથી ધરાતું નથી, તપ કરવાથી શરીરની અંદરની ધાતુ તપે છે. સોના ચાંદીને તપાવવાથી વિશુદ્ધ બને છે તેમ તપ કરવાથી આત્મા વિશુદ્ધ બને છે. તપ એ આત્માને નિરોગી બનાવવાનું પરમ ઔષધ છે. તપ દ્વારા આત્મા કર્મના ભારથી હળવો બને છે ને હળવો બનેલો આત્મા ભવસાગરને તરી શકે છે. જૈન ધર્મમાં તપનું સ્થાન વિશિષ્ટ કોટીનું છે. લગ્નમાં જેમ ચોથા ફેરાની કિંમત વધારે હોય છે, ટ્રેનમાં ગાર્ડના ડબ્બાનું મહત્વ છે કારણ કે તેના આધારે ગાડી ચાલે છે. ચિત્રકાર ચિત્રમાં છેલ્લી બોર્ડર મારે છે તેથી ચિત્રની શોભા વધી જાય છે તેમ આ માનવ ભવમાં તપશ્ચર્યાદ્વારા આત્માની શોભા વધી જાય છે, માટે તપ વધારે કિંમતી છે. ગામનું રક્ષણ કરવા માટે જેમ કિલ્લાની જરૂર છે તેમ આત્માનું રક્ષણ કરવા માટે તપ રૂપી કિલ્લાની જરૂર છે. ચોપડીમાં ડાઘ પડયો હોય તો તે રબરથી ભૂંસી શકાય છે તેમ આત્માના અસંખ્યાતા પ્રદેશ પર લાગેલા કર્મોના ડાઘ તપરૂપી રબ્બરથી ભૂંસી શકાય છે ધન્ના અણગારે દીક્ષા લીધી તે જ દિવસે ભગવાન પાસે પચ્ચખાણ કર્યા કે મારે જાવજીવ સુધી છઠ્ઠને પારણે છઠ્ઠ કરવા અને પારણાને દિવસે આયંબીલ કરવું. આયંબીલ પણ કેવું ? એમાં તમારા આયંબીલની માફક ટેસ્ટ નહોતા. એકલા ભાત ખાતા હતા. આવી ઉગ્ર તપ સાધના કરીને માત્ર નવ માસની દીક્ષા પર્યાય પાળી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જઈને મોક્ષ પ્રાપ્ત કરશે.

આહાર સંજ્ઞાને તોડવાને માટે જ્ઞાનીઓએ તપ કરવાનું કહ્યું છે. ચારેય સંજ્ઞાઓનું મૂળ આહાર સંજ્ઞા છે. આહારસંજ્ઞામાંથી પરિગ્રહ સંજ્ઞા ઉત્પન્ન થાય છે. જીભને મનગમતું ખાવાનું આપવા માટે પૈસાની જરૂર પડે છે. પૈસા માટે અનેક પ્રકારના પ્રપંચો કરવા પડે છે. જીભના સ્વાદને કારણે વધુ ખવાઈ જાય તો શરીરમાં ગરમી ઉત્પન્ન થાય છે. એ

માટે પંખાની જરૂર પડે છે અને વધુ ખાધા પછી મગજને ફ્રેસ બનાવવા માટે રેડિયો સાંભળવાનું ને ટી. વી. જોવાનું મન થાય છે, એટલે પરિગ્રહ સંજ્ઞાનું કારણ આહાર સંજ્ઞા છે અને જ્યાં પરિગ્રહ આવ્યો ત્યાં પરિગ્રહને સાચવવા માટે જીવને અનેક પ્રકારના ભય ઉભા થાય છે. પરિગ્રહને સાચવવા ચોકીયાત રાખવો પડે છે. સાચા ખોટા વહેપાર કર્યા હોય તો ઈન્કમટેક્ષવાળાનો ભય રહે છે. આહારસંજ્ઞાથી મૈથુનસંજ્ઞા પણ ઉત્પન્ન થાય છે કારણ કે અતિ આહાર કરવાથી શરીર પુષ્ટ બને છે ને તેમાંથી વિકાર ઉત્પન્ન થાય છે. આ રીતે બધી સંજ્ઞાઓનું મૂળ આહાર સંજ્ઞા છે, જ્યારે તપ એ આહાર સંજ્ઞાને દૂર કરવા માટેનું પ્રબળતમ સાધન છે, એટલે જૈન ધર્મમાં દરેક પ્રકારના દોષોનું અને કોઈ પણ જાતના ગુનાનું પ્રાયશ્ચિત તપ દ્વારા આપવામાં આવે છે.

દેવાનુપ્રિયો ! પેટ એ ગોડાઉન છે અને જીભ એ દલાલ છે. દલાલ દ્વારા માલ ગોડાઉનમાં ભરાય છે. ગોડાઉનમાં માલ ગમે તેટલો ભરાય પણ જીભ રૂપ દલાલને કંઈ ન્હાવા નીચોવાનું રહેતું નથી જીભ સ્વાદ કરે છે, અને દુઃખ પેટને ભોગવવું પડે છે. આ જીભ એ હરામખોરની જાત છે. જીભથી સ્વાદના ચટકા કર્યા તો શરીરના પ્રત્યેક અંગ વિફરે છે માથું દુઃખે છે, હાથ પગમાં કળતર થાય છે, પેટમાં બાદી થાય છે. આટલા માટે આપણા જ્ઞાની ભગવંતોએ રસેન્દ્રિયને કાબૂમાં રાખવા માટે તપ કરવાનું કહેલ છે. તપ અનેક રીતે જીવને લાભકારી છે, તેથી જ્ઞાની ભગવંતોએ તપ ઉપર ખૂબ ભાર મૂકયો છે. જો કે તપ આત્માના રોગના નાશ માટે કરવાનો છે છતાં તપ કરવાથી શરીરના રોગો પણ નાશ પામે છે. ખેડૂત અનાજ પકવવા માટે બીજ વાવે છે પણ ઘાસ માટે વાવતો નથી, છતાં ઘાસ તો અનાજ પહેલાં ઓટોમેટીક આવે છે તેવી રીતે તપ એ આત્મા માટે કરવાનો છે, પરંતુ તપદ્વારા શરીરની સુખાકારી ઓટોમેટીક પ્રાપ્ત થાય છે. આપણે ત્યાં ચાર મહાસતીજીમાં બા. બ્ર. શોભનાબાઈ તથા બા. બ્ર. હર્ષિદાબાઈ બંનેને આજે ૩૨મો ઉપવાસ છે. શોભનાબાઈને આ બીજું ને હર્ષિદાબાઈને આ સાતમું માસખમણ છે. બા. બ્ર. ભાવનાબાઈએ અગાઉ પાંચ માસખમણ કર્યા છે ને તેમને આજે ૧૮મો ઉપવાસ છે. બા.બ્ર. પ્રફુલ્લાબાઈને આજે ૧૦મો ઉપવાસ છે. ધન્ય છે તપસ્વીઓને ! આવી નાની ઉંમરમાં ઉગ્ર તપશ્ચર્યા કરી કર્મોને ચકચૂર કરી રહ્યા છે. વૈરાગી વનિતા બહેનને આ ત્રીજું માસખમણ છે અને વૈરાગી મીનાક્ષીબેનને બીજું માસખમણ છે.

તપસ્વીઓના ગુણગાન ગાવાથી, તેમનું તપ દ્વારા બહુમાન કરવાથી જીવ મહાન લાભ મેળવે છે. સમ્યક્ત્વ નિર્મળ બને છે. સમ્યગ્ દર્શનના પાંચ લક્ષણ છે. સમ્યગ્દર્શન એ દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમાદિથી પ્રગટ થતા આત્માના શુભ પરિણામ છે, એ આપણે જગાડવા છે. શાસ્ત્રમાં એના સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, અને આસ્થા એ પાંચ લક્ષણો બતાવવામાં આવ્યા છે. એને જગાડવા અને વિકસાવવા માટે જીવે પુરૂષાર્થ

કરવાની જરૂર છે. આ પાંચ લક્ષણોનો ક્રમ વિશેષતાની અપેક્ષાથી છે. પણ એનો ઉત્પત્તિક્રમ પાછળથી છે. એટલે કે પહેલાં આસ્થા છે. આસ્થા ઉત્પન્ન થાય છે એના ઉપરથી સાચી અનુકંપા પ્રગટે છે, પછી એના ઉપર નિર્વેદ આવે છે. નિર્વેદ પછી સાચો સંવેગ જાગે છે અને તેના આધાર પર 'સમ' ગુણ પ્રગટ થાય છે.

(૨) આસ્થા :– આસ્થા (શ્રદ્ધા) લાવવા માટે આપણે શું કરવું જોઈએ ? તે જાણો છો ? આચારાંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે કે "तमेव सच्चं निसंकं जं जिणेहि पवेइयं !" જિનેશ્વર દેવોએ જે ભાખ્યું છે તે જ સત્ય છે, શંકા વિનાનું છે. જિનપ્રવચન એ જ આ વિશ્વમાં યથાર્થ છે. 'स एव अट्ठे परमट्ठे सेसे सव्वं खलु अणट्ठे ।" જિનાગમ એ જ મારે ઇષ્ટ છે, પરમ ઈષ્ટ છે, એજ હિતકારી છે. પરમ હિતકારી છે, બાકી બધું અનિષ્ટ છે, અનર્થ રૂપ છે. આવી દૃઢ શ્રદ્ધા, સચોટ ધર્મનો રંગ લાગે તેનું નામ આસ્થા છે. (૨) અનુકંપા :– જીવને ધર્મ પ્રત્યે, જિનેશ્વર દેવના વચન પ્રત્યે શ્રદ્ધા–આસ્થા થાય ત્યારે અનુકંપાનો ગુણ પ્રગટે છે, એટલે જિનપ્રવચને ઓળખાવેલા જગતના બે પ્રકારના દુઃખી જીવો પ્રત્યે અનુકંપા એટલે દયાભાવ જન્મે છે. બે પ્રકારના દુઃખી જીવોમાં જે ભૂખ, તરસ, રોગ, પરાધીનતા, ગરીબાઈ વિગેરેથી પીડાતા જીવો છે તે એક પ્રકારના દુઃખી જીવો છે. આ જીવો દ્રવ્યથી દુઃખી છે. બીજા પ્રકારના જીવોમાં સંસારમાં જેની પાસે સમસ્ત ભૌતિક સુખો છે પણ ધર્મ નથી કરતા. સંસારના વિષયભોગમાં રક્ત રહે છે, પાપ કરે છે, અન્યાય, અનીતિ અને અધર્મ કરે છે તેવા જીવો ભાવથી દુઃખી છે. આ બંને પ્રકારના દુઃખી જીવોમાંથી કોઈના પ્રત્યે દ્વેષભાવ નહિ પણ દયાભાવ આવે કે આ બિચારા કેવા દુઃખોથી પીડાઈ રહ્યા છે ! તેમના દ્રવ્ય અને ભાવ બંને પ્રકારના દુઃખો દૂર થાવ ! હું ક્યારે એમના દુઃખ દૂર કરું ? એવી લાગણી અને ભાવના થવી તે અનુકંપા છે. અનુકંપાથી દુઃખ દૂર કરવા માટે સદા તત્પર રહેવું જોઈએ અનુકંપા પછી ત્રીજો ગુણ છે નિર્વેદ.

(૩) નિર્વેદ :– બંધુઓ ! અંતરમાં અનુકંપા આવે એટલે એમ થાય કે અહો ! આ સંસાર કેવો દુઃખથી ભરેલો છે ! એમાં ચારે તરફ દુઃખ, દુઃખ અને દુઃખ દેખાય છે છતાં જીવો એના મૂળ કારણભૂત વિષયકષાયોને છોડતા નથી, અને ચાર ગતિ, ચોવીસ દંડક અને ચોરાશી લાખ જીવાયોનીઓમાં નિરાધારપણે ભટક્યા કરે છે. કેવો ભયાનક સંસાર ! કેવા આત્મઘાતક વિષયકષાયો ! એમ એના ઉપર હ�ૃદયનો ઉદ્વેગ ઉભો થાય છે. એ ભવકેદ અને વિષયકષાયના બંધનથી છૂટવાની તાલાવેલી જાગે એનું નામ નિર્વેદ છે. નિર્વેદ એટલે સંસાર અને સંસારના કારણભૂત અઢાર પાપસ્થાનક પ્રત્યે અરૂચી, તિરસ્કાર અને તેમાંથી છૂટવાની અંતરઝંખના. નિર્વેદ પછી નંબર આવે છે સંવેગનો.

(૪) સંવેગ :– નિર્વેદ પ્રગટે તો પછી એના અંતરૂપ મોક્ષ અને મોક્ષના ઉપાયભૂત

શ્રુતધર્મ અને ચારિત્રધર્મ ઉપર સાચી પ્રીતિ થાય. એ પાળવાની હાર્દિક અભિલાષા પ્રગટે. પ્રબળ ભવનિર્વેદની ઇચ્છા જાગ્યા વિના આપણે કહીએ કે મારે મોક્ષ જોઇએ છે, ધર્મ જોઇએ છે એ કથન માત્ર જ છે પણ હાર્દિક સંવેદન નહિ. સંસાર ન ગમે તો જ મોક્ષ ગમે. પાપસ્થાનકો અને વિષયકષાયો અટકે તો જ ધર્મ ખરેખર રૂચે, એટલે નિર્વેદ જગાડીને દિલને ધર્મ અને મોક્ષમાં ઠારવાનું છે, પછી ઇન્દ્રના કે અનુત્તર વિમાનના સુખ મળે તો પણ અંતે તો સંસારના જ સુખ ને! એમ માનીને એના પ્રત્યે આકર્ષણ નહિ પણ અભાવ થશે ને સરવાળે તે દુઃખરૂપ લાગશે અને એકમાત્ર અનંત અવ્યાબાધ આત્મિક સુખની તમન્ના જાગશે. આનું નામ છે સંવેગ.

(૫) સમ :– સંવેગની પ્રાપ્તિ થઈ એટલે ઉપશમ, પ્રશમ અને સમગુણને પ્રગટાવવાનો અવકાશ મળે છે, પછી હ�ૃદયમાં એવા શાંત રસની છોળો ઉછળે છે ને હૈયું એવું પ્રશાંત બની જાય છે કે પોતાનો મોટો અપરાધ કરનારની પણ અહિત કરવાની ભાવના થતી નથી, કારણ કે પછી જીવ એમ સમજે છે કે એ મારો અપરાધી નથી. એમાં મારા કર્મનો દોષ છે. હું હજુ સંસારમાં છું, મોક્ષ પામ્યો નથી તેથી મારા અપરાધી અને શત્રુઓ છે પણ એ મારા આત્મધર્મ અને આત્મસંપત્તિને ભગાડી શકતા નથી. મારા ભગવંત શ્રી અરિહંત દેવે એને ખરો દુશ્મન નહિ પણ પોતાના કર્મોને અને મોહને ખરા દુશ્મન કહીને અપરાધીનું અહિત ચિંતવવાની ના પાડી છે. એવા તારક જિનેશ્વર પ્રભુની આજ્ઞામાં જ કલ્યાણ છે. માટે મારા અપરાધીનું પણ બૂરુ ઇચ્છાય નહિ. આ રીતે હૃદય સ્વસ્થ અને શાંત બને અને અશાંતિના મૂળ કારણ પદાર્થ માત્ર પ્રત્યેની આશા ઉઠી જઈને સ્વસ્થતા પ્રાપ્ત થાય એ 'સમ' ગુણ છે. સમ્યક્ત્વના પાંચ ગુણોને પ્રગટાવવા માટે જીવે સતત મહેનત કરવી જોઇએ તો સમ્યક્ત્વ પ્રાપ્ત થાય.

જેમણે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે એવા નેમકુમાર હજુ નાના છે પણ તેમનામાં કેટલું શૂરાતન છે ! એમણે માતાપિતાને કેવો જડબાતોડ જવાબ આપી દીધો ! આ તો મહાન બળ અને પરાક્રમના ધણી તથા ભાવિમાં તીર્થંકર પ્રભુ બનનાર હતા. તેમણે માતા-પિતાને સત્ય વાત સમજાવી દીધી અને માતાપિતાને શાંત પાડવા કહ્યું કે હે મારા માતા-પિતા ! તમણાં તમે લગ્ન કરવા માટે આટલો બધો આગ્રહ ન રાખો. હમણાં મારે લગ્ન કરવાનો અવસર આવ્યો નથી. સમય આવતાં બધું થઈ રહેશે. નેમકુમારનો જવાબ સાંભળી તેમના માતા-પિતા કોઈ કાંઇ વિશેષ કહી શક્યા નહિ પણ તેમને હવે આશા બંધાણી.

એક દિવસ નેમકુમાર પોતાના સરખે સરખા મિત્રોની સાથે ફરવા માટે ગયા હતા. તેઓ ફરતા ફરતા કૃષ્ણ મહારાજાની આયુધશાળા તરફ ગયા. કૃષ્ણ વાસુદેવના વહાલા ભાઈ અને સમુદ્રવિજયના લાડીલા પુત્રને આવતા જોઈને શસ્ત્ર ભંડારના રક્ષકે નમ્રતાપૂર્વક તેમનું સ્વાગત કરતાં કહ્યું–પધારો....પધારો નેમકુમાર ! આજે આપનું આગમન આ

તરફ થયું ? શું કોઈ શત્રુ ચઢી આવ્યા છે કે જેને કાળનો ગ્રાસ બનાવવા માટે આપ શસ્ત્ર લેવા પધાર્યા છો ? અથવા કોઈ દેશ ઉપર ચઢાઈ કરવા માટે શસ્ત્ર લેવા માટે આપનું શુભાગમન થયું છે ? આપ આજ્ઞા ફરમાવો. હું સેવા કરવા તૈયાર છું. શસ્ત્ર ભંડારના રક્ષકની વાત સાંભળીને નેમકુમારે કહ્યું, કોઈ શત્રુ ચઢી આવ્યો નથી કે મારે કોઈ દેશ ઉપર ચઢાઈ કરવા જવું નથી કે હું શસ્ત્ર લેવા માટે આવ્યો નથી. અમે તો કૌડા કરવા માટે નીકળ્યા છીએ ને ફરતા ફરતા અહીં આવી પહોંચ્યા છીએ. મારે આ શસ્ત્ર ભંડારમાં રહેલા શસ્ત્રો જોવા છે.

શસ્ત્રભંડારના રક્ષકે કહ્યું ખૂબ આનંદની વાત છે. આપના પધારવાથી શસ્ત્રભંડાર પણ પવિત્ર બની જશે, આપ શસ્ત્રભંડારમાં પધારો. શસ્ત્રભંડારના રક્ષકની સાથે નેમકુમાર શસ્ત્રભંડારમાં ગયા. શસ્ત્રભંડારનો રક્ષક એક પછી એક શસ્ત્રો બતાવવા લાગ્યો. શસ્ત્રો જોતાં જોતાં નેમકુમાર જ્યાં કૃષ્ણ વાસુદેવના દિવ્ય હથિયારો અલગ રાખવામાં આવ્યા હતા ત્યાં આવ્યા. શસ્ત્ર ભંડાર રક્ષકે નેમકુમારને કહ્યું કે જુઓ ! આ હથિયારો કૃષ્ણ મહારાજાના છે. આ સૂર્ય સમાન તેજસ્વી સુદર્શન ચક્ર યુદ્ધ વખતે કૃષ્ણ મહારાજાના હાથમાં શ્યામ ઘટાની સાથે જેમ વિદ્યુત શોભે તેમ શોભે છે. આ ચક્ર જેના ઉપર છોડવામાં આવે છે તે વ્યક્તિ કદાપિ બચી શકતી નથી. આ ચક્રને યદુકુળ દિવાકર (કૃષ્ણ) પોતાની આંગળી પર ફેરવે છે ત્યારે સેનાનો મોટો ભાગ તો તેજથી વિહ્વલ બનીને નાસી જાય છે. આ કૌમુદકી ગદા છે. આ ગદાનો પ્રહાર સહન કરવામાં પર્વત પણ અસમર્થ છે. જો તેના વડે પર્વત પર પ્રહાર કરવામાં આવે તો પર્વતના પણ ચૂરેચૂરા થઈને રજકણ બની જાય અને મનુષ્યની તો શક્તિ જ શું કે જેનો ઘા સહન કરી શકે ! આ ધનુષ્યનું નામ સારંગ છે. તેને શ્રીકૃષ્ણ સિવાય કોઇ ચઢાવી શકતું નથી. તેના ટંકારનો ધ્વનિ પ્રચંડ ગર્જના જેવો હોય છે. શત્રુસેનાનો મોટો ભાગ તો તે ધનુષ્યના ભયંકર અવાજથી ભયભીત બનીને ભાગી જાય છે. આ મહારાજા શ્રીકૃષ્ણનો પંચજન્ય શંખ છે. આ શંખને વગાડવાની શક્તિ શ્રી કૃષ્ણ મહારાજામાં જ છે. બીજો કોઇ એને વગાડી તો નથી શકતો પણ તેને ઉંચકવા પણ અસમર્થ છે. જ્યારે કૃષ્ણ વાસુદેવ આ શંખને વગાડે છે ત્યારે યુદ્ધક્ષેત્રમાં ખળભળાટ મચી જાય છે અને શત્રુસેના ભયભીત બનીને ભાગવા લાગે છે. આ વિશાળ ખડ્ગ મહારાજા શ્રીકૃષ્ણનું છે. એની પાસે વજ્રશીલા પણ નકામી છે. એ જેના ઉપર પડે છે તેના ટુકડા કરી નાંખે છે. આ બધા શસ્ત્રો તે મહારાજા કૃષ્ણ જ ધારણ કરે છે.

શસ્ત્રભંડાર રક્ષકના મુખેથી નેમકુમારે શ્રીકૃષ્ણના શસ્ત્રોની પ્રશંસા સાંભળી, પછી તેઓ કૃષ્ણનું સારંગ ધનુષ્ય ઉંચકવા નીચા નમ્યા એટલે શસ્ત્રભંડાર રક્ષકે કહ્યું-ભાઈ! તમે એને ઉંચકવાનો વિચાર પણ ન કરશો. કૃષ્ણ સિવાય બીજા કોઈની એને ઉંચકવાની

તાકાત નથી અને કદાચ કોઈ પોતાની શક્તિનો વિચાર કર્યા વિના ઉંચકવા જાય તો એના હાડકા ભાંગી જાય છે, માટે તમે એને અડકશો નહિ. તમે ઉંચકવા જાવ ને તમને કંઈ વાગે તો મારે મહારાજાનો ઠપકો સાંભળવો પડે. આ સાંભળીને નેમકુમારે કહ્યું-ભાઈ ! તેં મને ચેતવણી આપીને તારી ફરજ બજાવી છે. હવે જે કંઈ થાય તેની જવાબદારી મારી છે. તમે ચિંતા ન કરશો. એમ કહીને નેમકુમારે તો ફુલની જેમ વિના પરિશ્રમે ધનુષ્ય ઉપાડ્યું, અને કમળ નાળની જેમ રહેજ વાળીને ચઢાવ્યું અને ટંકાર કર્યો. સારંગ ધનુષ્યના ટંકારના ધ્વનિથી આખી દ્વારકા નગરી કંપાયમાન થઈ ગઈ. સાગરના પાણી પણ ખળભળવા લાગ્યા. જલચર જીવો ગભરાઈને ભાગવા લાગ્યા. ધનુષ્યના ટંકારનો ભયંકર ધ્વનિ સાંભળીને દ્વારકા નગરીના પ્રજાજનો ભયભીત બની ગયા ને વિચાર કરવા લાગ્યા કે શ્રીકૃષ્ણથી કોઈ બળીયો રાજા ચઢી આવ્યો છે કે શું ?

વગર મહેનતે નેમકુમારને ધનુષ્ય ઉઠાવતાં, ચઢાવતા અને ટંકાર કરતા જોઈને શસ્ત્રભંડાર રક્ષક તો આશ્ચર્યચકિત બની ગયો ને વિચાર કરવા લાગ્યો કે મેં આવું બળ અને આવી હસ્તકુશળતા ખુદ કૃષ્ણ મહારાજામાં પણ જોઈ નથી. આમનું બળ તો તેમનાથી પણ ચડીયાતું છે. મને તો લાગે છે કે શ્રીકૃષ્ણે તો ફક્ત ત્રણ ખંડ ધરતી ઉપર જ પોતાની વિજયપતાકા ફરકાવી છે, પણ આ નેમકુમાર તો સમસ્ત પૃથ્વી ઉપર પોતાનું આધિપત્ય જમાવશે. આ પ્રમાણે શસ્ત્રભંડાર રક્ષક વિચાર કરતો હતો ત્યાં નેમકુમારે ધનુષ્યને તેના સ્થાને મૂકીને પંચજન્ય શંખ ઉપાડીને વગાડવા લાગ્યા. કૃષ્ણ વાસુદેવના શંખને અનંત બળના ધણી તીર્થંકર પ્રભુ ફૂંકે પછી શું બાકી રહે ! નેમકુમારે શંખ ફૂંક્યો તેમાંથી જે ધ્વનિ નીકળ્યો તેનાથી આખી દ્વારકા નગરી ખળભળી ઉઠી ને નગરજનોનો ભય વધી ગયો કે નક્કી કોઈ કૃષ્ણથી બળીયો રાજા ચઢી આવ્યો લાગે છે. હવે આપણે બધા મરી જઈશું. એવી અમંગળની શંકાથી સૌના હૃદય ધ્રુજી ઉઠ્યા. રાજસભામાં બેઠેલા કૃષ્ણજી, બલભદ્રજી આદિ યાદવોએ આ ધનુષ્યનો ટંકાર અને શંખનો નાદ સાંભળ્યો. એમના મનમાં પણ ભ્રમ સાથે આશ્ચર્ય થયું કે મારો પંચજન્ય શંખ કોણે વગાડ્યો ? અને સારંગ ધનુષ્ય કોણે ટંકાર્યું ? શું કોઈ શત્રુ તો નથી ચઢી આવ્યો ને ? આખી દ્વારકા નગરી ધ્રુજી ઉઠી છે. પ્રજાજનો નાસભાગ કરે છે, હવે કૃષ્ણવાસુદેવ તપાસ કરશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- સિંહનાદ કરતો જિનસેનકુમાર :- સામંતોને નિર્દોષ પ્રાણીઓનો શિકાર કરતાં જોઈને જિનસેનકુમાર સિંહનાદ જેવી ગર્જના કરીને કહે છે હે પાપીઓ ! તમને આવા નિર્દોષ જીવોને મારતા શરમ નથી આવતી ? તો જોઈ લો. હવે હું તમને બતાવી દઉં છું. એમ કહી હાથમાં તલવાર લઈને એકલો ત્રણ હજાર સૈનિકો સામે ઝઝૂમવા લાગ્યો. એણે એકલા હાથે કેટલાક સામંતોને મારી નાંખ્યા. કેટલાક તો એનું પરાક્રમ

જોઇને બેભાન થઇને પડી ગયા. તો કેટલાક તો થરથર ધ્રુજવા લાગ્યા. આ સમયે કુમારે ત્રણસો ઉંટને ઘેરી લીધા, એટલે સામંતો વધુ ગભરાયા કે હવે શું કરવું ? આ નાનકડો છોકરો તો બહુ બળવાન લાગે છે. હવે આપણે એની સામે જીતી શકીશું નહિ અને આ ઉંટ એણે ઘેરી લીધા. હવે આપણે જવું કેવી રીતે ? આ ત્રણસોમાં મુખ્ય સામંત હતો તે જિનસેનકુમાર પાસે આવીને કહે છે ભાઈ! હવે અમે શિકાર નહીં કરીએ, પણ તું અમારા ઉંટ આપી દે અને અમને આગળ જવા દે, પણ કુંવર કહે છે હવે નહીં મળે પહેલા માન્યા નહિ ને હવે હાર્યા એટલે આવ્યા છો પણ હવે હું તમને બરાબર બતાવી દઈશ. તમારા માલિકને જઈને કહેજો કે એને ઉંટ જોઇતા હોય તો મારી સામે આવે. હું કોણ છું તે તમને કે તમારા ઉંટના માલિકને ખબર નહીં હોય તો એ પણ કહી દઉં. સાંભળો.

પોતાની ઓળખાણ આપતો જિનસેનકુમાર :– હું આ કંચનપુરના જયમંગલ મહારાજાનો પુત્ર છું. તેમાં પણ રાજાની અણુમાનીતી રાણીનો પુત્ર છું. મારું નામ જિનસેનકુમાર છે. આ પ્રમાણે મારું નામ દઈને તમારા ઉંટના માલીકને કહેજો કે જિનસેનકુમારે ઉંટ રોકયા છે. જો એમને ઉંટ જોઇતા હોય તો મારી સામે આવે. જિનસેનકુમારના શબ્દો સાંભળીને સામંતોના ગાત્ર ધ્રુજવા લાગ્યા. જાણ્યું કે હવે આપણું ચાલે તેમ નથી, એટલે સામંતો પોતાના રાજ્યમાં આવ્યા. આ બધા વિજયપુરના રાજાના સામંતો હતા, એટલે રાજા પાસે આવ્યા પણ બધાના મોઢા પડી ગયેલા હતા. આ જોઇને રાજાએ પૂછયું–તમારા બધાના મુખ ઉદાસ કેમ છે ? સામંતોએ કહ્યું સાહેબ શું એ છોકરો છે! એકલાએ અમને બધાને ધ્રુજાવી નાખ્યા છે. એની સામે અમારા તો હાજા ગગડી ગયા. એણે બધા ઉંટ ઘેરી લીધા છે અને કહ્યું છે કે હું કંચનપુરના જયમંગલ રાજાની અણુમાનીતી રાણીનો પુત્ર જિનસેન કુમાર છું. ઉંટના માલીકને કહેજો કે ઉંટની જરૂર હોય તો મારી સામે આવે.

ક્રોધથી ધમધમતા ચંદ્રસેન રાજા :– આ સાંભળીને વિજયપુરના ચંદ્રસેન રાજાને ખૂબ ક્રોધ આવ્યો અને પોતે સૈન્ય લઈને કંચનપુર જવા તૈયાર થયા, ત્યારે તેમના પ્રધાને કહ્યું મહારાજા ! આપ યુદ્ધ કરવા જાવ છો પણ આ સામંતોની વાત સાંભળતાં મને એમ લાગે છે કે જે કુમારે એકલાએ ત્રણ હજાર સામંતોને હરાવ્યા તે મહાન બળવાન હશે. સામંતો હાર્યા તેનો વાંધો નહિ પણ આપ તો ખુદ રાજા છો માટે ખૂબ સંભાળીને એની સામે બાથ ભીડજો, પણ મને લાગે છે કે એની સાથે યુદ્ધ કરવામાં સાર નથી, તેથી રાજાના મનમાં થયું કે શું કરવું ? આ બાબતમાં રાજા પ્રધાનની સલાહ લેશે ને શું વિચારશે તેના ભાવ અવસરે કહેવાશે.

આપણે ત્યાં કાલે ચાર તપસ્વી મહાસતીજીઓ અને પાંચમા વૈરાગી વનિતાબહેન એ પાંચ તપસ્વીઓના પારણા છે. તપસ્વીઓના બહુમાનમાં કાલે આઠ કંપતિઓ સજોડે

બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરવાના છે. અગાઉ ત્રણ દંપતિઓએ પ્રતિજ્ઞા લીધી એટલે ૧૧ દંપતિઓના સાન્નિધ્યે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાનો મહોત્સવ ઉજવાશે. આવતી કાલે આપણે ત્યાં મહાસતીજીઓના પારણા હોવાથી કાંદીવલી, બોરીવલી અને દોલતનગર વિગેરે સ્થળેથી મહારાજ અને મહાસતીજીઓ પધારશે. આપ સૌ મહાસતીજીઓના તપની અનુમોદનમ ૩૨ દિવસના કંઈક પચ્ચખાણ લેશો. વધુ ભાવ અવસરે.

(તા. ૧૭ ને ૧૮ રવિ, સોમ બે દિવસ વ્યાખ્યાન નથી લખાયા.)

વ્યાખ્યાન નં. ૬૦

ભાદરવા વદ ૩ ને મંગળવાર તા. ૧૯-૯-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની, સર્વજ્ઞ અને સર્વદર્શી તીર્થંકર ભગવંતોના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. આપણે નેમનાથ ભગવાનની વાત ચાલે છે. તીર્થંકર ભગવાન અપૂર્વ અને અલૌકિક બળના ધણી હોય છે. તેમને વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચઉરસ સંસ્થાન હોય છે. એટલે તેમના બળની તોલે કોઈનું બળ આવી શકતું નથી. તીર્થંકર ભગવંતો તેમના બળનો ઉપયોગ કર્મક્ષય કરવામાં જ કરે છે. આવા નેમકુમાર તીર્થંકર નામકર્મ બાંધીને આવેલા છે. હજુ એ કુમાર અવસ્થામાં છે છતાં તેમનું બળ કેટલું છે તે તમે સાંભળી ગયા ને? તેમણે પંચજન્ય શંખ ફૂંકયો. તેનાથી ભારે ખળભળાટ મચી ગયો. જેણે જેણે એ અવાજ સાંભળ્યો તેમાં કંઈક તો બેહોશ થઈ ગયા. જે ગજશાળામાં હાથીઓ બાંધેલા હતા તેમને લાગ્યું કે હવે મૃત્યુ નજીક આવી રહ્યું છે, એટલે તે ઉન્મત થઈને સાંકળ તોડીને ભાગવા લાગ્યા. અશ્વશાળામાં ઘોડાઓ હણહણવા લાગ્યા. દ્વારકા નગરીની બહાર સમુદ્રના મોજા જોરશોરથી ઉછળવા લાગ્યા. આ વખતે કૃષ્ણ સભામાં બેઠા હતા. તેમને થયું કે આ શું ધરતીકંપ થયો કે કોઈ દેવનો કોપ છે? દ્વારકાના મહેલો જાણે કકડભૂસ કરીને જમીન ઉપર પડતા ન હોય! એવો અવાજ આવે છે. તેમણે સભામાં જોયું તો ઘણાં પૂતળાની જેમ પોતાના સ્થાને બેઠા હતા. ઘણાં મૂર્છિત થઈને નીચે પડી ગયા હતા. કૃષ્ણ અને બલભદ્ર બંને ભ્રમમાં પડયા કે આ વજ્રપાત થયો કે પ્રલયકાળના મેઘનાદનો શબ્દ થયો! અથવા કોઈએ પંચજન્ય શંખ વગાડયો! આમ તો પંચજન્ય શંખનો જ ધ્વનિ હતો પણ આ પંચજન્ય શંખનો અવાજ ન હોય, કારણ કે બે શંખ તો પોતાના સિવાય કોઈ વગાડી શકતું નથી, છતાં જો એનો અવાજ હોય તો પોતાના કરતાં આ શંખ વગાડનારો કોઈ મહાન છે તે વાત નક્કી છે. આ પ્રમાણે તેઓ વિચાર કરવા લાગ્યા.

નેમકુમારે તો રમતમાં ધનુષ્યનો ટંકાર કર્યો અને કૃષ્ણનો શંખ વગાડયો, ત્યાં આખી નગરીમાં ખળભળાટ મચી ગયો, અને કૃષ્ણ તથા બલભદ્રના દિલમાં અનેક પ્રકારની

શંકાઓ થવા લાગી. નેમકુમારે શંખ વગાડીને મૂકી દીધો અને સુદર્શન ચક્ર ઉપાડ્યું. તેઓ તે ચક્રને આંગળી ઉપર ધારણ કરીને ફેરવવા લાગ્યા. નેમકુમારની આંગળી ઉપર સુદર્શન ચક્ર કુંભારના ચાકડાની જેમ વેગથી ફરવા લાગ્યું અને વિજળીની જેમ તે ચમકવા લાગ્યું. તેના તેજમાં નેમકુમારના મિત્રો અને શસ્ત્રભંડાર-રક્ષકની આંખો અંજાઈ ગઈ. નેમકુમારને આ પ્રમાણે સુદર્શન ચક્ર ફેરવતાં જોઈને શસ્ત્રભંડાર રક્ષક વિચારવા લાગ્યો કે ચક્ર ફેરવવાની આવી કળા મેં કયારે જોઈ નથી. આ તો કોઇ વીરપુરૂષ લાગે છે.

આ તરફ કૃષ્ણ ચિંતાતુર બનીને તરત જ સભાભવનમાંથી ઉભા થયા, અને બળદેવ આદિ મુખ્ય યાદવોની સાથે પોતાના શસ્ત્રો લેવા માટે શસ્ત્રભંડારમાં આવ્યા. ત્યાં નેમકુમારને તલવાર ફેરવતા જોયા. ખુદ પોતાની તલવારને નેમકુમારને ફેરવતા જોઈને કૃષ્ણને ખૂબ આશ્ચર્ય થયું. પોતાના મોટાભાઇ શ્રીકૃષ્ણને આવતા જોઇને નેમકુમારે તલવાર ફેરવવાનું બંધ કરીને તેને તેના સ્થાને મૂકી દીધી, અને પોતાના મોટાભાઇ કૃષ્ણ મહારાજાનો આદર કરતાં કહ્યું પધારો....પધારો મોટાભાઇ ! કૃષ્ણ પણ નેમકુમારને ભેટી પડયા ને તેના કુશળ સમાચાર પૂછયા. નેમકુમારને તલવાર ફેરવતા જોઈ હતી એટલે તેમને થઇ ગયું કે શંખનાદ કરનાર નેમકુમાર જ હોવો જોઇએ, છતાં વિશેષ ખાત્રી કરવા માટે કહે છે ભાઈ નેમકુમાર ! શું હમણાં તમે જ શંખનાદ અને ધનુષ્યનો ટંકાર કર્યો હતો ? નેમકુમારે કહ્યું હા, મોટાભાઇ ! મેં જ શંખ વગાડીને ધનુષ્યનો ટંકાર કર્યો હતો.

કૃષ્ણે કહ્યું કે અચાનક ધનુષ્યનો ટંકાર અને શંખનાદ સાંભળીને અમારા સૌના દિલમાં થયું કે કોઇ શત્રુ ચઢી આવ્યો લાગે છે, પણ એ શંકા ખોટી ઠરી. અમને આનંદ થયો કે મારા શસ્ત્રોનો પ્રયોગ તમે પણ કરી શકો છો. ફરીને એક વાર તમે અમારા સૌના દેખતાં મારા શસ્ત્રનો પ્રયોગ કરો, જેથી અમે આપનું કૌશલ્ય અને પરાક્રમ અમારી નજર સમક્ષ જોઇ શકીએ ને ખુશ થઇએ. આ સાંભળીને નેમકુમારે સરળતા અને નમ્રતાપૂર્વક સારંગ ધનુષ્ય ઉઠાવ્યું. આ જોઇને કૃષ્ણને થયું કે આ ધનુષ્ય ઉપાડતાં મને પણ મહેનત પડે છે ત્યારે આ તો વિના મહેનતે ઉપાડે છે, પછી પંચજન્ય શંખ, સુદર્શન ચક્ર, કૌમુદકી ગદા અને તલવારનો પ્રયોગ પહેલાંની માફક બધાની સમક્ષ કરી બતાવ્યો નેમકુમારનું બળ, કૌશલ્ય અને તેમની શસ્ત્રાશસ્ત્ર પ્રયોગ વિધિ જોઇને સઘળા લોકો આશ્ચર્ય સાથે પ્રસન્ન થયા. કૃષ્ણના હૃદયમાં એક ચિંતાની ચિનગારી પ્રગટી કે આ નેમકુમાર નાનપણથી જ જો આટલો બધો બળવાન છે તો મોટો થતાં એ મારું રાજ્ય લઈ લેશે.

જ્ઞાનીપુરૂષો કહે છે કે સંસારની ચિંતા ખોટી છે. ખરેખર તો મનુષ્યે વિચાર કરવો જોઇએ કે મારે શાની ચિંતા કરવી જોઇએ ને શાની નહિ, કારણ કે ચિંતાનો આત્મા ઉપર મોટો પડઘો પડે છે. સારી ચિંતા કરવાથી આત્માનો વિકાસ થાય છે અને ખરાબ

ચિંતા કરવાથી આત્મા વિકૃત બને છે, વિકારનો ભાગી બને છે, આ વિકાસ અને વિકારને કારણે જીવન સારું અને ખરાબ બને છે, અને એના ઉપર પરલોકનો આધાર રહે છે. આમ તો તમે કહો છો ને કે ચિંતા વિનાનો માણસ મૂર્ખ છે. દરેક મનુષ્યને ચિંતા તો હોવી જ જોઇએ. તો એ ઉપરથી સમજી શકાય છે કે ચિંતા સારી હોવી જોઇએ, કારણ કે સારી ચિંતા જીવને ચાનક લગાડે છે, ઉદ્યમી બનાવે છે ને ઉર્ધ્વગામી બનાવે છે. સારી ચિંતા આત્માનું ઘડતર કરે છે અને તેવા વિચાર, વાણી અને વર્તનને પ્રવર્તાવે છે. માનવને પશુ કરતાં ઉચ્ચ કોટીનું મન મળ્યું છે. તેમાં પણ આર્યદેશ, ઉત્તમકુળ અને ઉત્તમ દેવ-ગુરૂ અને ધર્મના સંયોગવાળો જન્મ મળ્યો છે એટલે સારી ચિંતા જ કરવાની. સારી ચિંતા વધારવાની અને તેને ટકાવી રાખવાની આ અમૂલ્ય તક છે. આ તકને જો મનુષ્ય ઝડપી લેશે તો મહાન ઉન્નતિ અને વિકાસ સાધી શકશે અને ખરાબ ચિંતા કરશે તો ભવચક્રમાં ભ્રમણ કરીને અધોગતિમાં જવું પડશે.

માણસ જીવનમાં હલકી ચિંતાઓ કરી કરીને કુસંસ્કારોનો પાયો મજબૂત બનાવે છે, પછી અંતિમ સમયે મહાદુઃખ ભોગવે છે, અને પરભવમાં તો પૂછવું જ શું ? માટે હલકી ચિંતા છોડો ને સારી ચિંતા કરો. સારી ચિંતા એટલે કઇ ચિંતા તે તમે જાણો છો ? આત્મચિંતા એ સારી-ઉત્તમ ચિંતા છે. આત્મચિંતા એટલે ભવભવમાં ભટકી રહેલા અને અત્યારે કાયાની કેદમાં પૂરાયેલા પોતાના આત્માની ભારે ચિંતા હોવી અને ભવિષ્યની સ્થિતિ કેમ સારી બને એ માટે ખબરદાર રહેવું તે. આત્માની જાગૃતિ રાખવા માટે શરીરની ચિંતા, પૈસા ટકા, વિષય સુખો અને પરની ચિંતા ઓછી કરવી પડશે, તો જ આત્મચિંતા કરી શકાશે. આત્મચિંતા એટલે બસ આત્મચિંતા. મારો આત્મા એ જ મારે મુખ્ય સંભાળવાની વસ્તુ છે, બાકી બીજું બધું આત્માની પછી છે. આવો વિવેક જાગૃત રાખવો પડશે. આત્મચિંતામાં મસ્ત રહેનાર એક મંત્રીનું દૃષ્ટાંત યાદ આવે છે.

એક રાજ્યમાં રાજા મરણ પામ્યા છે એટલે રાણી રાજ્યનો વહીવટ સંભાળે છે. એક વખત કોઈ દુશ્મન રાજા રાજ્ય ઉપર ચઢી આવ્યો. એની સામે લડવા જવાનો પ્રસંગ આવ્યો. લડવા માટે રાણી અને મંત્રી સૈન્ય લઈને યુદ્ધભૂમિ ઉપર પહોંચી ગયા. સવારે સૂર્યોદય પછી યુદ્ધ શરૂ થવાનું છે, મંત્રી પરોઢીયે તંબુમાં બેસીને પ્રતિક્રમણ કરે છે. જ્યાં માથા ઉપર ભારે ચિંતા હોય, જ્યાં માનવસંહારની ક્રિયા થવાની છે, જ્યાં બીજાઓ યુદ્ધની ધમાલમાં છે ત્યાં મંત્રીની આત્મચિંતા કેટલી સજાગ હશે કે યુદ્ધભૂમિમાં પણ પ્રતિક્રમણ કરવા બેસી ગયા. પાછું એનું પ્રતિક્રમણ પણ કેવું ? યતનાપૂર્વક બધી ક્રિયા કરે છે. જ્યાં વંદણા કરવાની આવે ત્યાં ગુચ્છાથી બધી જગ્યા પૂંજે છે. આ બધી જીવરક્ષાપૂર્વકની પ્રતિક્રમણની ક્રિયા જોઇને બીજા સેનાપતિ, સૈનિકો વિગેરેના મનમાં થયું કે આ મંત્રી શું લડી શકશે ?

રાણીને કહે છે હે મહારાણી સાહેબ ! આ તમારો મંત્રી તો નાના નાના જીવોની પણ દયા કરે છે તો યુદ્ધમાં મોટા મોટા હાથી, ઘોડા, અને માણસોને ઠાર કરવાનું કાર્ય કેવી રીતે કરશે ? રાણીના મનમાં મંત્રી પ્રત્યે ક્ષોભ થયો પણ મંત્રી ઉપર તેને અથાગ વિશ્વાસ હતો, એટલે કહે છે તમે ધીરજ રાખો. લડાઈમાં એનું પરાક્રમ જોજો. આ મંત્રી કેવું પ્રમાણિકતા અને એકદિલીથી જીવન જીવ્યા હશે કે આવા કટોકટીના પ્રસંગે પણ રાણી એના ઉપર વિશ્વાસ મૂકે છે ! આત્મચિંતા વિના આવું બનવું મુશ્કેલ છે. આજે મોટા ભાગના મનુષ્યોને તો ધન ભેગું કરવાની મુખ્ય ચિંતા હોય છે તેમાં પ્રમાણિકતા તો નેવે મૂકાઇ ગઈ છે. આ મંત્રી આત્મચિંતાવાળો છે, પ્રમાણિક છે, વફાદાર છે અને કર્તવ્યનિષ્ઠ છે, એટલે રાણીના હૈયે વિશ્વાસ છે કે આ મંત્રી મને ધોખો નહિ દે. સૂર્યોદય થયો એટલે લડાઇ શરૂ થઈ. મંત્રી મોખરે રહીને ઉત્સાહથી લડે છે એટલે લશ્કર પણ જોરથી ઉત્સાહભેર લડે છે. કોઈપણ કાર્યમાં આગેવાનની પ્રવૃત્તિ તેના અનુયાયીઓ ઉપર મોટી અસર કરે છે, માટે મોટાએ વધુ સાવચેત રહેવાની જરૂર છે. નાનાઓના હિત માટે પણ મોટાનું જીવન વિવેક, ત્યાગ, સંયમ વિગેરે ગુણોથી સંપન્ન હોવું જોઈએ. જીવનમાં કોઈપણ ખરાબ આદત ન હોવી જોઇએ, નહિતર નાના જેવું દેખશે એવું શીખશે.

આ મંત્રી ખૂબ જોરશોરથી લડ્યો ને સાથે લશ્કર પણ એવી જ રીતે લડ્યું. સૂર્યાસ્ત થતાં મંત્રીએ દુશ્મનને હરાવીને વિજય મેળવ્યો પણ મંત્રીના શરીરે ઘણાં ઘા વાગ્યા છે. ઘવાયેલી સ્થિતિમાં એને છાવણીમાં લાવ્યા. એના શરીરની માવજત થઈ રહી છે. રાણી સાહેબ પાસે બેસીને એના પરાક્રમના ગુણ ગાય છે. ગુણ ગાતા ગાતા મંત્રીને પૂછે છે કે મંત્રીશ્વર ! એક પ્રશ્ન પૂછું ? મંત્રીએ કહ્યું બા સાહેબ ! ખુશીથી પૂછો ને. એમાં પૂછવાનું શું હોય ! ત્યારે રાણી કહે છે મારા મનમાં એક શંકા થાય છે કે તમે પરોઢિયે તો એગેંદિયા, બેઇંદિયા કરતા હતા અને બારીક જીવ પણ ન મરે એવી કાળજીપૂર્વક પ્રતિક્રમણની ક્રિયા કરતા હતા, તો આવા મોટા પચેન્દ્રિય જીવોનો ખૂનખાર જંગ કેમ ખેલી શકયા ? એ મને સમજાતું નથી.

મંત્રી કહે છે મહારાણી સાહેબ ! એમાં ન સમજાય એવું શું છે ? જુઓ, સૂર્યોદય પહેલા શરીર પર મારા આત્માનો અધિકાર હતો, તેથી એણે એનો અધિકાર બરાબર બજાવ્યો છે અને સૂર્યોદય પછી આ શરીર પર નોકરીના હિસાબે તમારો અધિકાર હતો એટલે ત્યાં શરીરે એની રૂએ એ કામ બજાવ્યું. મંત્રીએ બે ખાતા કેવા જુદા પાડી નાંખ્યા ! તેથી રાણીને કહી શકયા કે આત્માના અધિકારની રૂએ શરીરે બારીક જીવોની રક્ષા કરી ને પ્રતિક્રમણની ક્રિયા કરી અને રાણીના અધિકારની રૂએ યુદ્ધ કર્યું. તે તમે સાંભળ્યું ને ? યુદ્ધભૂમિ ઉપર મંત્રીને પ્રતિક્રમણ કરવાનું યાદ આવ્યું તો વિચાર કરો કે દરરોજ પ્રતિક્રમણ કરતા હશે ને ? કેટલી આત્મચિંતા ! આજે મારે કામ છે, કોઈ

પ્રસંગમાં જવાનું છે, મને ઠીક નથી માટે આજે પ્રતિક્રમણ નહિ કરું તો ચાલશે, એમ નહિ, પણ યુદ્ધભૂમિ ઉપર પ્રતિક્રમણ ચાલુ રાખ્યું. તે પણ જેમ તેમ નહિ બરાબર જાગૃતિ અને વિધિપૂર્વક અણીશુદ્ધ કર્યું. હૈયામાં આત્મચિંતાની કેટલી પ્રબળ ભાવના હશે !

બંધુઓ ! આવી આત્મચિંતા જગાડવા માટે આત્માને શરીરથી અલગ સમજવાનો છે. આજ સુધી શરીર મારું છે ને શરીર તે હું છું એમ કરીને કર્યા છીએ એટલે એના ગાઢ સંસ્કારોના કારણે આત્મા ઉપર જલ્દી દૃષ્ટિ થવી મુશ્કેલ છે પણ વિચાર કરો કે તમારા મકાન, તિજોરી, સરસામાન, પૈસા વિગેરે પદાર્થોને તમારી કોઈ ચિંતા છે ખરી ? એ તમારી ચિંતા કરે છે ? 'ના'. તો તમે એની ચિંતામાં શા માટે બળી રહ્યા છો ? એ બધા પદાર્થો તમને અનુકૂળ રહે એવો નિયમ નથી, પણ તમારે તો એને અનુકૂળ બનીને રહેવું પડે છે ને ? ખરેખર, આ બધા જડ પુદ્ગલોનો આત્મા ઉપર એક ફાંસલો છે તેથી રાત દિવસ એની ગુલામી કર્યા કરવી પડે છે. એની પૂરી સંભાળ રાખવી પડે છે, છતાં સરવાળે તો એ વાંકા થઈને બેસે છે અને મૃત્યુ વખતે નફટની જેમ પોતે તદ્દન સલામત ઉભા રહીને આપણને મરવા દે છે માટે એની ચિંતા છોડવા જેવી છે.

આત્મચિંતા જાગે ત્યારે મનને એમ થાય કે હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? મારે શરીરની વેઠ શા માટે કરવી પડે છે ? એની આટલી બધી વેઠ કરું છું છતાં તે કેમ વાંકુ થઈને બેસે છે ? એ બરાબર મારી ઇચ્છા મુજબ કેમ નથી ચાલતું ? એ કેમ ઘસાતું જાય છે ? એને કેમ રોગ થાય છે ! એ કેમ થાકી જાય છે ? આ બધું શાથી થાય છે ? તેમજ મને શા માટે ભૂખ-તરસ લાગે છે ? રાગ દ્વેષ, ગર્વ અને ગુસ્સો આવા વિકારો શા માટે જાગે છે ? કોઈ વખત મારી ધારણાઓ નિષ્ફળ જાય છે તો કોઈ વખત સફળ બને છે. કોઇ વખત રહેજે સંપત્તિ મળે છે તો કોઇ વખત અણધારી આપત્તિઓ આવે છે. આનું કારણ શું ? આવા વિચારો કરવા. આ વિચાર પણ ખરા હૃદયની ચિંતાથી કરવા. જેમ વહેપારમાં ધક્કો લાગે ત્યારે ચિંતામાં પડી જઈને વિચાર કરવા લાગો છો ને ? એવી રીતે ચિંતામાં પડી જઈને આત્માનો વિચાર કરવા લાગવું જોઈએ. આવા વિચાર કરવાથી શરીરને છોડીને આત્મા ઉપર લક્ષ જાય છે અને સંસાર પરિભ્રમણના મૂળ કારણ કર્મ ઉપર દૃષ્ટિ પડે, પછી એવી આત્મચિંતા કરવી કે હવે મારે પાપ કરીને કર્મરોગને વધારવો શા માટે ? ભગવાન જિનેશ્વરદેવોએ સ્વયં પાપ બંધ કર્યા અને મોટા મોટા રાજા મહારાજાઓ, શેઠ શાહુકારોને પણ પાપ બંધ કરાવ્યા અને જગતના જીવોને પણ પાપમય જીવન બંધ કરવાનું ફરમાવ્યું, પછી મારે શા માટે પાપમય જીવન ચાલુ રાખવું જોઈએ ? હું અરિહંતને માનનારો, તેમની ભક્તિ કરનારો છતાં પાપમય જીવનનો રસિયો રહું ? હે નાથ ! આપે જડ પુદ્ગલ માત્રના બંધનથી મુક્ત થવાનું કહ્યું તો હું એથી ઉલટું એના ફાંસલા હાથે કરીને શા માટે ઉભા કરું ? આ પુદ્ગલના ફાંસલા અને પાપમય જીવન માનવ આયુષ્યરૂપી ચંદનની હોળી

કરી રહ્યા છે. આત્મા ઉપર કર્મના પહાડ ઉભા કરીને આગામી ભારે દુઃખને આવકારી રહ્યા છે. ત્યાં મારું શું થશે ? આમ વિચાર કરીને પુદ્ગલના ફાંસલાની ખટક અને પાપનો ભય જાગતો કરી દેવો જોઇએ. આનું નામ આત્મચિંતા કહેવાય. આવી ચિંતા આત્માને હિતકારી બને છે, બાકીની બધી ચિંતાઓ જીવને ભવમાં ભ્રમણ કરાવનારી બને છે.

આપણે કૃષ્ણવાસુદેવની વાત ચાલે છે. કૃષ્ણને નેમકુમારનું બળ જોઇને ચિંતા થઈ કે આ તો મારાથી બળીયો નીકળ્યો ભવિષ્યમાં મને હરાવીને રાજ્ય લઈ લેશે. તે સિવાય કૃષ્ણ વાસુદેવ યાદવકુળમાં મુગટ સમાન ગણાતા હતાં ને બધા યાદવોમાં પોતે બળવાન, પરાક્રમી, અને શસ્ત્રકલાકુશલ મનાતા હતા તેમજ યાદવોની દૃષ્ટિમાં પણ એમ જ હતું કે આપણા કુળમાં કૃષ્ણ જેવો કોઈ પરાક્રમી નથી પણ નેમકુમારનું બળ જોઇને બધા યાદવોના મનમાં એમ થઈ ગયું કે બધા યાદવોમાં એક નેમકુમાર બળવાન છે, પરાક્રમી છે અને શસ્ત્રાસ્ત્રકુશળ છે. આવું સૌના દિલમાં પરિવર્તન આવ્યું. આ પરિવર્તને કૃષ્ણના હૃદયમાં એક ગંભીર ચિંતા પેદા કરી, છતાં વિચારવા લાગ્યા કે આમ તો નેમકુમાર ખૂબ સરળ અને વિનયવાન છે પણ ચિત્તની સ્થિતિ સદા એકસરખી રહેતી નથી. જો તેનામાં રાજ્યનું પ્રલોભન જાગશે તો મારું રાજ્ય પડાવી લેવામાં એને જરા પણ પરિશ્રમ પડશે નહિ. બીજું બધા યાદવો ઉપર અત્યાર સુધી મારા બળનો પ્રભાવ પડતો હતો. હવે એ પ્રભાવ રહેશે નહિ કારણ કે બધા યાદવો એને મારાથી અધિક બળવાન માનશે. કદાચ અધિક નહિ તો મારા જેટલા બળવાન તો માનશે જ. એમાં જો કદાચ નેમકુમાર મારા દ્રોહી બની જશે તો બધા યાદવો પણ એના પક્ષમાં ચાલ્યા જશે, માટે મારે કોઈપણ રીતે તેનું બળ ઘટે તેવું કાર્ય કરવું જોઈએ, જેથી મારા માટે કોઇ ભય ન રહે અને એના બળથી કાંઇક લાભ પણ થાય.

બંધુઓ ! જુઓ, રાજ્યનો લોભ કેવો છે ! કૃષ્ણવાસુદેવને નેમકુમાર ખૂબ વહાલા હતા અને પોતે કેટલા ગુણીયલ હતા, છતાં નેમકુમારનું બળ જોઈને કેવો વિચાર આવ્યો ? કેવી ચિંતા થઈ ? નડિતર આવા મહાન પુરૂષને આવો વિચાર આવે ખરો ? પોતાના નાના ભાઈને પોતાના જેવા બળવાન જોઈને ખુશ થવું જોઈએ ને ? તેના બદલે દિલમાં દુઃખ અને ચિંતા થઈ અને તેમનું બળ ઘટાડવાનો વિચાર કરવા લાગ્યા. કૃષ્ણના દિલમાં દુઃખ અને ચિંતા છે પણ પ્રસન્નતા બતાવતા કહે છે કે મારા લઘુ બંધવા નેમકુમાર ! તમે તો શસ્ત્રાશસ્ત્રનો પ્રયોગ કરવામાં ખૂબ નિષ્ણાત છો. તમારું બળ પરાક્રમ જોઈને મને ખૂબ આનંદ થયો. હું પણ બળમાં તમારી બરાબરી કરી શકું તેમ નથી. અત્યાર સુધી મને ખબર નહોતી કે આપણા યાદવકુળમાં તમે આવા બળવાન છો. જો મને તમારા બળની ખબર હોત તો હું તમારી મદદથી જંબુદ્વીપના બાકીના ખંડ ઉપર વિજય મેળવી આપણા યદુવંશીઓની વિજયપતાકા ફરકાવી દેત. જે થયું તે થયું પણ હવે તમે મારી આ સેના લઇને જાવ અને જંબુદ્વીપના બાકીના ખંડો ઉપર વિજય મેળવો.

નેમકુમારે પૂછયું–મોટાભાઇ ! આમ કરવાથી શું થશે? ત્યારે કહે છે રાજ્ય સમૃદ્ધિમાં વૃદ્ધિ થશે. મોટાભાઈ ! તમારે ત્રણ ત્રણ ખંડનું રાજ્ય છે તો પછી વધારે રાજ્યનો વિસ્તાર કરીને શું કરશો ? ભાઇ ! તમે નાના છો એટલે તમને ખબર નથી પડતી પણ રાજાઓએ આટલા રાજ્યથી સંતોષ ન માનવો જોઇએ, પણ હંમેશા રાજ્યવૃદ્ધિ માટે પ્રયત્ન કરતા રહેવું જોઈએ. આ જગતમાં જે પોતાના ભુજાબળથી રાજ્ય, યશ વૈભવ પ્રાપ્ત કરે છે તેનું જીવન સફળ છે. નેમકુમારે કહ્યું પણ મોટાભાઇ ! આપ જરા વિચાર તો કરો કે રાજ્યની વૃદ્ધિ કરવા જતાં કેટલા નિર્દોષ જીવોની હિંસા થશે ! અને કેટલી લોહીની નદીઓ વહેશે? ત્યારે કૃષ્ણે કહ્યું ભાઇ ! જો આવો વિચાર કરવા બેસીએ તો તો સામ્રાજ્યની વૃદ્ધિ થવી તો દૂર રહી પણ પોતાનું રાજ્ય પણ ગુમાવવાનો વખત આવી જાય. રાજ્ય માટે હિંસા અને અહિંસાનો વિચાર ન કરાય.

નેમકુમારે કૃષ્ણને કહ્યું મોટાભાઈ ! રાજ્યવૃદ્ધિના લોભ માટે બીજા જીવોને દુઃખમાં નાંખવા, બીજા જીવોની સ્વતંત્રતા લૂંટવી તેને હું સર્વથા અનુચિત, અન્યાય અને અધર્મ સમજું છું, તેથી હું આપની આ આજ્ઞાનું પાલન કરવા માટે અસમર્થ છું, તો આપ મને ક્ષમા કરો. કૃષ્ણે કહ્યું ભાઇ ! તમે તમારા બળનો શું ઉપયોગ કરશો ? એ તો કહો. નેમકુમારે કહ્યું બળ ગમે તેટલું મળ્યું હોય પણ બીજા જીવોને કષ્ટ આપવામાં તેનો ઉપયોગ કરવાનો નથી પણ તેનો ઉપયોગ બીજા જીવોને મદદ કરવામાં, બીજાની રક્ષા કરવામાં અને બીજા જીવોને સુખ આપવામાં કરવો જોઈએ. કૃષ્ણે કહ્યું કે આવી નીતિનું અવલંબન લેવાથી રાજ્ય કેવી રીતે ચાલી શકે ! નેમકુમારે કહ્યું કે જો નીતિથી રાજ્ય ન ચાલી શકે તો બીજાઓને દુઃખ આપવાથી પણ રાજ્ય ચાલી શકતું નથી, અને કદાચ બીજા જીવોને દુઃખ આપવાથી જો રાજ્ય ચાલી શકતું હોય તો એવા રાજ્યનો ત્યાગ કરવો એ શ્રેયકારી છે, એવા રાજ્યથી કદી કલ્યાણ થતું નથી.

નેમકુમારનો જવાબ સાંભળીને કૃષ્ણ તો મૌન થઈ ગયા. તેઓ નેમકુમારને વિશેષ કહી શક્યા નહિ. અંતે તેમણે કહ્યું કે ભાઇ ! જો તમારી ઇચ્છા દિગ્વિજય કરવા જવાની ન હોય તો હું તમને બળાત્કારે મોકલવા ઇચ્છતો નથી. એમ કહીને કૃષ્ણ યાદવોની સાથે પોતાના મહેલે ગયા ને નેમકુમાર પણ મિત્રો સાથે પોતાના મહેલે ગયા. નેમકુમારને તો કોઇ ચિંતા નથી પણ કૃષ્ણજીને ભારે ચિંતા થવા લાગી. હવે મારે કોઈ પણ રીતે નેમકુમારનું બળ ઘટાડવું છે. કૃષ્ણજી હજી નેમકુમારના બળની પરીક્ષા કરશે અને તેમનું બળ ઘટાડવા માટે શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :– ચંદ્રસેન રાજા ક્રોધે ભરાઇને જિનસેન સાથે યુદ્ધ કરવા તૈયાર થયા પણ પ્રધાન ખૂબ ડાહ્યો ને શાણો હતો. તેણે કહ્યું મહારાજા ! જે કુમાર આટલા બધા સામંતોની સામે એકલો ઝઝૂમ્યો છે વળી એણે નીડરપણે એનું નામઠામ બધું કહ્યું છે તો આપ

વિચાર કરો કે એ કેવો પરાક્રમી હશે! માટે આપ યુદ્ધ કરવાની વાત છોડી દો. પ્રધાનની વાત રાજાના ગળે ઉતરી એટલે રાજાએ પ્રધાનને પૂછયું કે હવે મારે શું કરવું? એણે કહેવડાવ્યું છે એટલે જો હું મારા ઉંટને છોડાવવા ન જાઉં તો મારી કાયરતા સિદ્ધ થાય અને જાઉં છું તો એ બળવાન છે. તો હવે મારે શું કરવું?

"મદનમાલતીને જિનસેન સાથે પરણાવવાનો કરેલો વિચાર" :– પ્રધાને કહ્યું સાહેબ! આપની મદનમાલતી રાજકુમારીને યોગ્ય જમાઇ હોય તો આ જિનસેનકુમાર છે. રૂપમાં, ગુણમાં ને પરાક્રમમાં બધી રીતે કુંવરીની બરાબરી કરી શકે તેવો છે. એણે કહ્યું છે કે હું અણમાનીતી રાણીનો કુંવર છું તેથી આપણે અચકાવાની જરૂર નથી, કારણ કે જો માનીતી રાણીનો પુત્ર હોય પણ કુંવર હોંશિયાર ન હોય તો શા કામનું? આજે આ સંસારમાં એવું બને છે ને કે માતાપિતા પોતાની દીકરીને રૂપ અને પૈસો જોઇને પરણાવી દે છે અને માને છે કે મારી દીકરીને સારું ઘર મળ્યું. ઘર સારું મળ્યું પણ વરમાં મીઠું ન હોય તો શું થાય? દીકરી રડતી ઘેર પાછી આવે ને? (હસાહસ) આ તો તમારા અનુભવની વાત છે ને? આટલા માટે ઘણાં એમ માને છે કે ભલે, પૈસો નહીં હોય તો ચિંતા નથી પણ વર સારો હોય તો સારું. ઘણાં પૈસા અને રૂપ જોએ છે.

પ્રધાન ખૂબ વિચક્ષણ હતો. એણે કહ્યું–મહારાજા! જિનસેન ભલે અણમાનીતી રાણીનો પુત્ર છે પણ એનું લલાટ તેજ કરે છે. ભવિષ્યમાં એ મોટો રાજા બનશે. એની સાથે લગ્ન કરવા મદનમાલતીનું કહેણ મૂકો તો બધી વાત પતી જશે. આ વાત રાજાને ગમી ગઇ એટલે પ્રધાનને કહે છે તમારી વાત સાચી છે. તો હવે તમે જલ્દી સોનામહોરોના ખડિયા ભરીને અહીંથી જાવ અને મદનમાલતીનું કહેણ મૂકો. પ્રધાને સોનામહોરો આદિ સામગ્રી આપીને પુરોહિતને કહેણ મૂકવા મોકલ્યો.

ચંદ્રસેન રાજાનો પુરોહિત ચાલતો ચાલતો એક દિવસ કંચનપુર પહોંચ્યો ત્યાં જઇને જયમંગલ રાજાના પ્રધાનને મળ્યો. આ સમયે જે મુખ્ય પ્રધાન હતો કે જેને જિનસેના રાણી અને જિનસેનકુમાર પ્રત્યે માન હતું એ પ્રધાન કોઇ કારણસર એક દિવસ માટે બહારગામ ગયેલો એટલે એના હાથ નીચેનો પ્રધાન હતો. ચંદ્રસેન રાજાનો પુરોહિત એ પ્રધાનને મળ્યો અને તેના કુશળ સમાચાર પૂછીને કહ્યું કે હું વિજયપુરથી આવું છું. વિજયપુરના ચંદ્રસેન મહારાજાની પુત્રી મદનમાલતી ખૂબ સુંદર છે. તે ચોસઠ કળામાં નિપુણ છે. તેનું અમારે જિનસેનકુમાર સાથે સગપણ કરવું છે. એ માટે રાજાએ મને ખાસ મોકલ્યો છે. આ પુરોહિત પ્રધાન સાથે વાત કરતો હતો ત્યારે રત્નવતીની અંગત દાસી કોઈ કામ પ્રસંગે ત્યાં આવી હતી. તેણે આ વાત સાંભળી એટલે દોડતી રત્નવતીની પાસે જઇને વાત કરી દીધી, તેથી એને ખબર પડી કે જિનસેનકુમાર માટે કહેણ આવ્યું છે એટલે તેણે આવેલા પુરોહિતને પોતાની પાસે બોલાવવા માણસ મોકલ્યો.

"પુરોહિતને અવળા કાન ભંભેરતી રાણી રત્નવતી" :- આ સમયે જુનો પ્રધાન હોત તો વાંધો ન આવત પણ નવા પ્રધાને પેલા આવનાર પ્રધાનને કહ્યું-ભાઇ ! હું સગાઈની બાબતમાં પડતો નથી. એ બાબતમાં રાણીને પૂછો. આમ વાત થતી હતી ત્યાં રત્નવતીની દાસી આવી પહોંચી ને પુરોહિતને રાણી પાસે લઈ ગઇ. રત્નવતી પહેલેથી જ ઈર્ષ્યાળુ તો છે જ, તેમાં વળી જિનસેન માટે કહેણ આવ્યું ને રામસેન માટે ન આવ્યું તેથી એને ઇર્ષ્યા આવી ગઈ કે હું મારા રામસેન પહેલાં જિનસેન પરણે જ કેમ ? એટલે પુરોહિતને રત્નવતી કહે છે કે તમે જિનસેન સાથે સગાઇ કરવા આવ્યા છો ને ! પણ તમે ભીંત ભૂલ્યા છો ! રામસેન મારો દીકરો છે પણ તમને કોઇએ રામસેનને બદલે જિનસેનકુમાર કહ્યું લાગે છે. જિનસેનકુમાર પાસે તો રહેવા માટે ઘર નથી ને આવા માટે અન્ન પણ નથી. બગીચામાં એક ભાંગીતૂટી ઝુંપડીમાં પડયા રહે છે. એને પહેરવા માટે કપડા પણ સારા નથી, એવા જિનસેન સાથે શું લગ્ન કરવા તૈયાર થયા છો ? મારો રામસેનકુમાર કેવો હોંશિયાર છે ! અત્યારે રાજ્યમાં મારા નામની આણ વર્તાય છે એટલે ભવિષ્યમાં રાજગાદી પણ મારા રામસેનકુમારને જ મળશે.

મને તો એમ જ થાય છે કે તમે શું જોઇને જિનસેન સાથે કન્યાનું કહેણ મૂકવા આવ્યા છો ? તમારી રાજકુમારી દુઃખી દુઃખી થઇ જશે, માટે જો તમારું મન માનતું હોય તો મારા રામસેન સાથે સગાઈ કરી દો. મારા રામસેનકુમારને તો મોટા મોટા રાજાઓની કન્યાઓના કહેણ આવ્યા છે એટલે કદાચ તમે નહિ કરો તો મને વાંધો નથી. આ તો તમારી કુંવરી દુઃખી ન થાય તે માટે કહું છું. હજુ રત્નવતી પુરોહિતને લલચાવવા માટે શું કરશે ને શું કહેશે તેના ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૬૧

ભાદરવા વદ ૪ ને બુધવાર તા. ૨૦-૯-૭૮

અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવંતો અનાદિકાળથી મોહનિદ્રામાં પોઢેલા જીવોને સિંહનાદ કરીને જાગૃત કરતાં કહે છે કે હે ભવ્ય જીવો ! **" રાત્રી વીતી અને પ્રગટયું પ્રભાત "** હવે તો જાગો. કયાં સુધી ઉંઘ્યા કરશો ? આ માનવજીવન એ મોક્ષપ્રાપ્તિ માટે પ્રભાત છે, જ્યારે બીજા ભવો રાત્રી સમાન છે, કારણ કે બીજા ભવોમાં જીવને મોક્ષપ્રાપ્તિ માટે સામગ્રી મળતી નથી. માત્ર મનુષ્ય ભવમાં મળે છે. આ અપેક્ષાએ માનવજીવનને પ્રભાતની ઉપમા આપવામાં આવી છે. હવે આ પ્રભાત પ્રગટયું છે તો રાત્રી પડતા પહેલા તમે તમારું કાર્ય સાધી લો. તમે તો બધા સૂર્યોદય થતાં જે પ્રકાશ પથરાય છે તેને પ્રભાત કહો છો અને સૂર્યાસ્ત થતાં અંધારુ વ્યાપી જાય તેને રાત્રી કહો છો. જ્ઞાની પુરૂષો

કહે છે જાગૃતિ જ દિવસ છે, પછી ભલે તે સમયે મધરાતની મહાશાંતિ વ્યાપેલી હોય કે મધ્યાન્હનો સૂર્ય તપતો હોય ! મહાન પુરૂષો રાત અને પ્રભાતની વ્યાખ્યા આ રીતે કરે છે ને જાગૃત બનીને પોતાનું કાર્ય સાધી લે છે.

કહ્યું છે ને કે "या निशा सर्वभूतानां, तस्यां जागर्ति संयमी" । આ વિશ્વમાં દૃષ્ટિ કરીશું તો એક વાત દીવા જેવી સ્પષ્ટ જણાઈ આવશે કે જ્યાં જ્યાં યોગી લોકો જાગૃત છે ત્યાં ત્યાં સંસારી સુષુપ્ત છે, અને જ્યાં જ્યાં સંસારી જીવો જાગૃત છે ત્યાં ત્યાં યોગીઓ સુષુપ્ત છે. કંચન, કામિની, કાયા, કુટુંબ અને કીર્તિ આ પાંચ કક્કાની કૃપા મેળવવા માટે બધા સંસારી જીવો દિવસે તો જાગે જ છે પણ મધરાત સુધી શાંતિથી સૂતા નથી, જ્યારે સંયમી પુરૂષો આ કક્કાની સાથે આંખની પણ ઓળખાણ ન હોય તે રીતે બેફીકર બનીને ઉંઘતા હોય છે. અક્રોધી, અમાની, અમાયી અને અલોભીના અનંત ઐશ્વર્યને પામવા સંયમી દિનરાત જાગૃત રહે છે જ્યારે આ ઐશ્વર્યનું નામ પડતાં સંસારીની આંખો નિદ્રાથી ઘેરાવા લાગે છે. સંયમી આત્માઓની આવી જાગૃતિની જોડ જગતમાં જડવી મુશ્કેલ છે ત્યારે સંસારીની આ સુષુપ્તિની રૂઆબભણી મળવી પણ સહેલી નથી. સંસારી જીવો પાપ અને સ્વાર્થમાં ખૂબ જાગૃત છે અને પરમાર્થને તો એ રાત માને છે જ્યારે સંયમી પરમાર્થ અને સત્કર્મમાં જાગૃત રહે છે.

યોગી, ત્યાગી, સંયમી આત્માઓની જાગૃતિ એવી અદ્ભૂત હોય છે કે તેઓ પ્રકાશમાંથી વધુ ને વધુ પ્રકાશ તરફ આગેકૂચ કરતા રહે છે ત્યારે સંસારી જીવોની સુષુપ્તિ એવી ભયંકર છે કે તે અંધારામાંથી વધુ અંધારા તરફ જીવને ખેંચી જાય છે. અંધકારની અવિરત અથડામણમાં લાગેલા ઘાને રૂઝવવા હોય ને પ્રકાશના પંથે જવું હોય તો હવેથી આત્માએ યુગયુગના અવળા ગણિતને સવળું કરવું પડશે અને પોતાની જાગૃતિને સુષુપ્તિ અને સંયમીની સુષુપ્તિને જાગૃતિ સમજવી પડશે. મહાન પુરૂષો જાગૃતિના ઝણકારે જીવનને ઉન્નત બનાવી ગયા છે.

જાગૃતિના ઝણકારે જીવનને ઉન્નત બનાવનાર નેમનાથ ભગવાનનો અધિકાર ચાલે છે. નેમકુમાર સમુદ્રવિજય રાજા અને શીવાદેવી રાણીના લાડીલા નંદ હતા અને કૃષ્ણ સમુદ્રવિજય રાજાના સૌથી નાના ભાઈ વસુદેવ રાજા અને દેવકી માતાના લાડકવાયા પુત્ર હતા. તેમાં નેમકુમાર તીર્થંકર નામ કર્મ બાંધીને આવેલા છે અને કૃષ્ણ વાસુદેવ વાસુદેવની પદવીને પામેલા હતા. એક જ કુટુંબમાં બંને બળીયા પુરૂષોનો જન્મ થયો છે પણ એક આત્માને રાજ્યલક્ષ્મીનો મોહ છે. જ્યારે બીજો આત્મા જાગૃત, વિવેકી અને જ્ઞાની છે. તેને રાજ્યલક્ષ્મીનો જિલકુલ મોહ નથી. જ્ઞાની પુરૂષોને ગમે તેટલી ભૌતિક સંપત્તિ મળે તેમાં તે રાજી થતા નથી પણ એનો ત્યાગ કરવામાં આનંદ માને છે. જે જડ-ચેતનના ભેદ સમજાવીને તેમાંથી મુક્તિ અપાવે તે સાચું જ્ઞાન છે.

બંધુઓ ! આજે દુનિયામાં ભૌતિક જ્ઞાન ઘણું વધ્યું છે, અને તે જ્ઞાન મેળવવા માટે પ્રયત્નો ઘણાં થઈ રહ્યા છે, પણ તે જ્ઞાન સાચું જ્ઞાન નથી, સંસાર વૃદ્ધિનું કારણ છે. તૃષ્ણા, લોલુપતા, મોહ, માન, માયા, લોભ વિગેરે દુર્ગુણોની વૃદ્ધિ કરી જીવને ભવાટવીમાં ભટકાવનારું જ્ઞાન છે. આત્મિક જ્ઞાન આગળ ભૌતિક જ્ઞાનનું કંઈજ પણ મહત્વ નથી, કારણ કે ભૌતિક જ્ઞાનથી ભૌતિક સુખોની પ્રાપ્તિ થઈ શકે છે પણ આત્મિક સુખોની પ્રાપ્તિ થતી નથી, તેથી આત્મા કર્મોની નિર્જરા કરી શકતો નથી. જ્યારે આત્માને સમ્યગ્–જ્ઞાનની પ્રાપ્તિ થાય છે ત્યારે જ સાચું જ્ઞાન કહેવાય છે. ભૌતિક જ્ઞાન અને આત્મિક જ્ઞાન વચ્ચે મોટું અંતર છે. ભૌતિક જ્ઞાન ભલે તમને આકાશમાં ઉડાડી શકે, પાણીમાં ચલાવી શકે, સુખના સાધનો અપાવી શકે અને જગતમાં પ્રશંસાને પાત્ર બનાવી શકે પણ તે જ્ઞાન ચિરસ્થાયી નથી, અને પરલોકમાં સહાયક પણ બનતું નથી, જ્યારે આત્મિક જ્ઞાન અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરે છે, કષાયોને નષ્ટ કરે છે, આત્મિક ગુણોનું પ્રગટીકરણ કરે છે, વિભાવ દશાને તેમજ મિથ્યાત્વને દૂર હટાવે છે, અને આત્માના અખંડ આનંદ, જ્ઞાન અને સુખને પ્રગટ કરે છે. જ્ઞાનનો મહિમા બતાવતા એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે

न ज्ञान तुल्यः किल कल्पवृक्षो, न ज्ञान तुल्यः किल कामधेनुः ।
न ज्ञान तुल्यः किल कामकुंभोः, ज्ञानेन चिन्तामणि रुप्य तुल्यः ॥

જ્ઞાન કલ્પવૃક્ષથી પણ અધિક ફળ દેનાર છે, કામધેનુથી પણ અધિક અમૃત આપનાર છે કામકુંભ પણ આત્મિક જ્ઞાનની તુલના કરી શકતો નથી. મનવાંછિત ફળ આપનાર રત્ન–ચિંતામણી પણ આત્મિક જ્ઞાન પાસે કોઈ વિસાતમાં નથી. અરે ! હજારો સૂર્યો અને હજારો ચંદ્રો જ્ઞાની માણસ માટે નિરર્થક છે. અરે ! જો કોઈ અંધ માણસ આત્મજ્ઞાન પામે તો તેનું અંતર દિવ્ય પ્રકાશથી ઝળહળી ઊઠે છે. ચંદ્ર અને સૂર્યનો દ્રવ્ય પ્રકાશ પરિમિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે પણ જ્ઞાનનો પ્રકાશ તો લોકાલોકને પ્રકાશિત કરે છે, એટલા માટે જ્ઞાની પુરૂષો આપણને વારંવાર ટકોર કરે છે કે હે ભવ્ય જીવો ! આત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાની અત્યંત જરૂર છે. જ્ઞાનપ્રાપ્તિ માટે જેટલો બને તેટલો પુરૂષાર્થ કરો ને જ્ઞાન પ્રાપ્ત કરો. જ્ઞાન એ આત્માનો ગુણ છે. જ્ઞાન એ કંઈ બહારથી આવતું નથી પણ આત્મામાં પડેલું છે, માટે આત્મા તરફ દૃષ્ટિ કરી પ્રબળ પુરૂષાર્થ કરીને કેવળ જ્ઞાનનો પ્રકાશ પ્રગટાવો.

ભાવિમાં કેવળ જ્ઞાનનો પ્રકાશ પ્રગટાવનાર નેમકુમારનું બળ, પરાક્રમ જોઇને કૃષ્ણજીને ચિંતા થઈ. ચિંતામાં ને ચિંતામાં થોડા દિવસ વીતી ગયા, પછી એક દિવસ કૃષ્ણ વાસુદેવ બગીચામાં ફરવા માટે ગયા. તે બગીચામાં યાદવકુમારોને વ્યાયામ કરવા માટે એક મોટો અખાડો બનાવેલો હતો. ત્યાં યાદવકુમારો પરસ્પર મલ્લયુદ્ધ, કુસ્તી વિગેરે કરીને પોતાનું બળ બજમાવતા હતા. યાદવકુમારોનું મલ્લયુદ્ધ જોવા માટે ઘણાં મોટા

મોટા યાદવકુમારો ત્યાં આવતા હતા. આ બગીચામાં કૃષ્ણવાસુદેવ આવ્યા. આ સમયે યાદવકુમારો વચ્ચે મલ્લયુદ્ધનો રંગ જામ્યો હતો. નેમકુમાર ત્યાં હાજર હતા. આ જોઈને કૃષ્ણના મનમાં થયું કે અત્યારે મારા અને નેમકુમારના બળનું માપ કાઢવાનો બરાબર પ્રસંગ છે. અત્યારે બધા યાદવકુમારો મલ્લયુદ્ધ કરે છે એટલે સાથોસાથ મારા અને નેમના બળનું માપ નીકળી જાય. મલ્લયુદ્ધ કરતાં જો મારું બળ વધે તો યાદવો ઉપર નેમકુમારના બળનો જે પ્રભાવ પડયો છે તેમાં ફેરફાર થશે ને યાદવો તેમને મારા સમાન માનશે અથવા તેમનો પ્રભાવ નષ્ટ થશે.

કૃષ્ણજીએ નેમકુમાર સામે મલ્લયુદ્ધ કરવાનો મૂકેલો પ્રસ્તાવ :– ભાઈ બળવાન હોવાથી કૃષ્ણને આનંદ તો હતો પણ આનંદ સાથે ચિંતા હતી, એટલે પ્રસંગ જોઇને નેમકુમારને કહે છે મારા લઘુબંધવા ! આવો, આપણે બંને અખાડામાં જઈને મલ્લયુદ્ધ કરીએ, તેથી ખબર પડે કે આપણા બંનેમાં કોણ વધુ બળવાન છે? કૃષ્ણની વાત સાંભળીને નેમકુમાર સમજી ગયા કે મારા મોટાભાઇને મારા બળ માટે હજુ શંકા છે, છતાં કૃષ્ણને નમ્રતાપૂર્વક કહેવા લાગ્યા કે વડીલબંધુ! આ પ્રમાણે બળપ્રયોગ કરવો તે બીલકુલ યોગ્ય નથી. મને આ વાત બીલકુલ પસંદ નથી. આ રીતે મલ્લયુદ્ધ કરવાથી શું લાભ ? તમે મને જમીન ઉપર પછાડો ને હું તમને પછાડું તેથી જમીન ઉપર રહેલા કીડી, મંકોડા આદિ જીવજંતુઓ પણ મરી જાય. શરીર ધૂળથી ખરડાય. તે સિવાય હું નાનો છું ને તમે મોટા છો. કદાચ હું તમારાથી વધારે બળવાન હોઉં તો પણ આપ મારા વડીલ છો એટલે મારે આપની સામે નમ્ર અને નિર્બળ થઇને રહેવું જોઇએ. હું જીતું ને તમે હારી જાવ તો આપનું ગૌરવ હણાય, માટે આપણે એ કામ કરવું નથી.

નેમકુમારની વાત સાંભળીને કૃષ્ણવાસુદેવે કહ્યું ભાઈ! બલપ્રયોગ કરવામાં નાના મોટાના માન અપમાનનો કે મર્યાદાનું ઉલ્લંઘન કરવાનો ભય નથી, તેમજ તમે મારી સામે તમારા બળનો પ્રયોગ કરો તો તે પણ અનુચિત નથી, કારણ કે તમે પોતે પોતાને મારાથી અધિક બળવાન સાબિત કરવા માટે મલ્લયુદ્ધ કે કુસ્તી કરતા નથી પણ મારા કહેવાથી કરો છો. આપણે બંને ક્ષત્રિયો છીએ, એટલે આપણને એકબીજાના બળની ખબર પડે. જો આપણને એકબીજાના બળની ખબર હોય તો અવસર આવતાં ખ્યાલ રહે ને આપણે એકબીજાને મદદગાર બની શકીએ. નેમકુમારે કહ્યું મોટાભાઈ! આપને જો બળનું માપ જ કાઢવું હોય તો ભલે એમ કરીએ પણ તે માટે આપણે મલ્લયુદ્ધ કે કુસ્તી કર્યા વિના બળનું માપ નીકળી શકે છે. એકબીજાના હાથ નમાવવાથી પણ એ જાણી શકાય છે કે કોનામાં બળ વધારે છે. કૃષ્ણને આ વાત ગમી એટલે કહ્યું ભલે, આપણે એકબીજાનો હાથ નમાવીને બળનું માપ કાઢીએ.

કૃષ્ણ વાસુદેવ અને નેમકુમાર બંને અખાડામાં ઉતર્યા. કૃષ્ણે નેમકુમારને કહ્યું ભાઇ !

તમારો હાથ લંબાવો. હું પહેલા નમાવું, ત્યારે નેમકુમારે કહ્યું મોટાભાઇ! એમ નહિ. આપ મોટા છો એટલે આપ જ પહેલા હાથ લંબાવો, હું નમાવું, એટલે કૃષ્ણે પોતાનો હાથ લંબાવીને કહ્યું ભલે, તમે મારો હાથ નમાવો. આ સમયે કૃષ્ણજી માનતા હતાં કે ભલે આયુધશાળામાં તેણે મારા શસ્ત્રનો પ્રયોગ કર્યો પણ અહીં તો હું પોતે છું એટલે તે મારો હાથ નમાવી નહિ શકે પણ તેમનું અનુમાન ખોટું પડ્યું, કારણ કે તીર્થંકરના બળમાં શું બાકી હોય! પગના અંગુઠાથી મેરૂ પર્વતને ડોલાવનાર નેમકુમારને માટે કૃષ્ણ વાસુદેવનો હાથ નમાવવો એ તો રમત વાત હતી. કયાં વાસુદેવનું બળ અને કયાં તીર્થંકરદેવનું બળ! કૃષ્ણજીએ પોતાનો હાથ લંબાવ્યો ત્યારે નેમકુમારે જેમ મદમસ્ત હાથી પોતાની સૂંઢ વડે વાંસને પકડીને નમાવી દે તેમ કૃષ્ણના હાથને પકડીને કોઈ પણ જાતના શ્રમ કે મુશ્કેલી વિના નમાવી દીધો. નેમકુમારનું પરાક્રમ જોઇ ને ત્યાં રહેલા બળદેવ આદિ યાદવોએ તેમજ બીજા મનુષ્યો તેમનો જયજયકાર બોલાવવા લાગ્યા. કૃષ્ણમહારાજાને પણ નેમકુમારનું બળ જોઇને ખૂબ આશ્ચર્ય થયું ને સાથે ભય વધ્યો ને પોતાના બળ પ્રત્યે નિરાશા થઈ. તેઓ વિચાર કરવા લાગ્યા કે જો હું નેમકુમારનો હાથ નમાવી શકું તો સારું, તો અમે બંને સરખા બળવાન સાબિત થઇએ. મનમાં નિરાશા છે છતાં હિંમત કરીને કહે છે મારા લઘુબંધવા! તમે મારો હાથ નમાવી દીધો પણ હવે તમારો હાથ લંબાવો ને જુઓ કે હું તમારો હાથ નમાવી શકું છું કે નહિ?

"કૃષ્ણજીના બળની થયેલી પરીક્ષા" :- નેમકુમારે કૃષ્ણના કહેવાથી પોતાનો હાથ લંબાવ્યો. કૃષ્ણજીએ નેમકુમારને હાથ એવી રીતે પકડ્યો કે જેમ કોઈ હાથી પોતાની સૂંઢથી કોઈ પાતળા વૃક્ષના થડને પકડે તેમ પકડીને પોતાના બળનો અજમાશ શરૂ કર્યો. ઘણું બળ કરવા છતાં નેમકુમારનો હાથ તો અડગ જ રહ્યો. એટલે બે હાથેથી નમાવવો શરૂ કર્યો તો પણ ન નમ્યો. છેવટે કૃષ્ણ નેમકુમારનો હાથ પકડીને લટક્યા ને ડિંચકા ખાવા લાગ્યા તો પણ નેમકુમારનો હાથ ન નમાવી શકયા એટલે કૃષ્ણને સમજાઈ ગયું કે નેમકુમાર પોતાના કરતા અનેક ગણા બળવાન છે. એમના બળ પાસે મારું બળ કાંઈ વિસાતમાં નથી. એમ સમજીને નેમકુમારનો હાથ છોડી દીધો ને તેને પ્રેમથી ભેટી પડીને કહ્યું ભાઈ! તું જીત્યો. બળભદ્રજીએ પણ નેમકુમારની પ્રશંસા કરતાં કહ્યું નેમકુમાર! ખરેખર તમારામાં અદ્‌ભૂત બળ છે. ત્રણ લોકમાં આવો તમારા જેવો કોઈ વીર નહિ હોય. કૃષ્ણજીએ નેમકુમાર તરફ જોઇને કહ્યું વીરા! સાચે જ આપણું યાદવકુળ પવિત્ર છે કે જે કુળમાં તમારા જેવા પવિત્ર વીર રત્નો પાકયા છે. આ રીતે નેમકુમારના બળ અને પરાક્રમની પ્રશંસા કર્યા બાદ ત્યાંથી છૂટા પડીને પોતપોતાના મહેલે આવ્યા.

નેમકુમારને તો કોઈ જાતની ચિંતા કે ખેદ નથી પણ કૃષ્ણજીને ભારે લજ્જા અને ગ્લાનિ પેદા થઈ કે એના બળની તો મને ખબર હતી છતાં ફરીને એમના બળનું માપ

કાઢવા જતાં મારા બળનું માપ નીકળી ગયું. મેં મોટી ભૂલ કરી છે. આવું ન કર્યું હોત તો સારું હતું. આમ અનેક પ્રકારના તર્કવિતર્ક કૃષ્ણજીના દિલમાં થવા લાગ્યા. બસ, કૃષ્ણજીને એક જ ભય લાગ્યો કે અત્યારે તો નેમકુમારને રાજ્યનો મોહ નથી, નિર્મોહી દેખાય છે પણ માનવીના મનના પરિણામની કોને ખબર છે? કાલે તેના વિચાર બદલાય તો મોટો ચક્રવર્તિ બની મારું રાજ્ય લઈ શકે છે.

બંધુઓ! પરિગ્રહની મમતા મનુષ્યને અનેક પ્રકારની ચિંતાઓ કરાવે છે. અઢાર પાપસ્થાનકમાં પાંચમું પાપ પરિગ્રહ છે. ગ્રહ તો નવ છે પણ પરિગ્રહ એ દશમો ગ્રહ છે. સર્વ પ્રકારના દુઃખ અને પાપનું મૂળ પરિગ્રહ છે. પરિગ્રહ એટલે શું? તે તમે સમજો છો ને? જગતની કોઈ પણ વસ્તુ પ્રત્યેનો મમત્વ તે પરિગ્રહ છે. પ્રશ્ન-વ્યાકરણ સૂત્રમાં કહ્યું છે કે—

परिग्गहे चेव होन्ति नियमा, सल्ला दंडा य गारवा य।
कसाया सन्ना य कामगुण, अण्हया य इन्दिय लेसाओ॥

માયા આદિ શલ્ય, દંડ, ગારવ, કષાય, સંજ્ઞા, શબ્દાદિ ગુણ રૂપ આશ્રવ, અસંવૃત્ત ઇન્દ્રિયો, અને અપ્રશસ્ત લેશ્યાઓ આ બધું જ્યાં પરિગ્રહ હોય છે ત્યાં અવશ્ય હોય છે. આવા પરિગ્રહને જગતના જીવો સુખરૂપ સમજે છે પણ અત્યાર સુધીમાં પરિગ્રહથી કોઈ સુખી થયું નથી ને થવાનું પણ નથી.

કૃષ્ણ વાસુદેવ જેવા પવિત્ર પુરૂષ વિચાર કરવા લાગ્યા કે નેમકુમારનું બળ ઘટે તેમ કરવું જોઈએ. આ વિચાર શા કારણે? પરિગ્રહની મમતા જ ને? રાજ્યને ખાતર કંસે પોતાના પિતા ઉગ્રસેનને, ઔરંગઝેબે પોતાના પિતા શાહજહાંને, શ્રેણીક રાજાને કોણીકે કેદખાનામાં પૂર્યા હતા. દુર્યોધને પોતાના ભાઈ પાંડવોનો નાશ કરવાના ઉપાયો કર્યા હતા અને ઔરંગઝેબે પોતાના ભાઇઓને મારી નાંખ્યા હતા. આ બધું પાપ એક રાજ્યના લોભ ખાતર જ થયું ને? કોણીક અને ચેડા મહારાજાના સંગ્રામનું કારણ પણ એ જ હતું. પરિગ્રહ મેળવવામાં પાપ, ભોગવવામાં પાપ અને તેને સાચવવામાં પણ દુઃખ. મહાપુરૂષો કહે છે કે

अर्थानामर्जने, दुःखमाजतानां च रक्षणे।
प्राये दुःखं व्यये दुःखं, धिगर्थाः दुःखः संश्रयाः॥

પ્રાપ્ત થયેલો પરિગ્રહ દંભ, અભિમાન અને અનૈતિકતાનું આચરણ પણ કરાવે છે. જગતમાં વધુમાં વધુ પાપ પરિગ્રહ દ્વારા થાય છે. હિંસા, જુઠ, ચોરી, આદિ પાપ પરિગ્રહી કરે છે. પરિગ્રહી ભલે ખુલ્લી રીતે કોઇ જીવનો વધ ન કરતો હોય પણ તે પોતાના

આચરણ વડે બીજા જીવોને દુઃખમાં નાંખે છે. ભલે તે વાણીથી જુઠું ન બોલતો હોય પણ વ્યવહારમાં છળકપટ કરે છે ને બીજાઓને અનૈતિક આચરણ કરાવે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સમસ્ત દુઃખ અને પાપનું કારણ પરિગ્રહ છે.

નેમકુમાર ખૂબ બળવાન છતાં તેમને રાજ્ય લેવાની બિલકુલ ઇચ્છા ન હતી, જ્યારે કૃષ્ણવાસુદેવે તેમને કહ્યું કે તમે જંબુદ્વીપના બાકી રહેલા ખંડ ઉપર વિજય મેળવો ત્યારે નેમકુમારે ચોખ્ખી ના પાડી હતી. જો તેમને રાજ્ય મેળવવાની ઇચ્છા હોત તો પોતાના બાહુબળ પરાક્રમથી આખી પૃથ્વીનું રાજ્ય મેળવી શકે તેમ હતા પણ જેને ઇચ્છા જ નથી તે શું પોતાના મોટાભાઈ કૃષ્ણજીનું રાજ્ય લેવાની ઇચ્છા રાખે ખરા? ના, પણ રાજ્યના મોહમાં મુગ્ધ બનેલા કૃષ્ણ વાસુદેવને આ વાત ધ્યાનમાં આવી નહિ. એ તો એવા ચિંતા મગ્ન બની ગયા કે નેમકુમારથી નિર્ભય બનવા માટે મારે શું કરવું? જુઓ, રાજ્યના પરિગ્રહની મમતાએ કેવો ભય ઉભો કર્યો? બાકી નેમકુમાર તો કરૂણાના સાગર છે. એમનાથી ભય લાગે ખરો? પણ આ પરિગ્રહની મમતા બધું કરાવે છે ને? હવે શું કરવું તે વિચારમાં કૃષ્ણજી ખૂબ મૂંઝાયા.

"કૃષ્ણજીએ બલભદ્ર સામે વ્યકત કરેલી ચિંતા" :- હવે શું કરવું તે વિચારમાં કૃષ્ણજી ખૂબ મૂંઝાયા પણ તે બાબતમાં શુ કરવું તે કંઇ નિશ્ચય ન કરી શકયા, ત્યારે મોટાભાઈ બલભદ્રજી પાસે આવ્યા ને નમ્રતાથી કહ્યું કે મોટાભાઈ! આ નેમકુમાર મારા કરતા વધારે બળવાન અને પરાક્રમી છે. તેમણે મારો હાથ કેવી સરળતાથી નમાવી દીધો અને હું કેટલું બળ વાપરવા છતાં તેમનો હાથ નમાવવા સમર્થ ન થયો. એ બધું આપે નજર સમક્ષ જોયું છે. સાથે આપે તેમનું શસ્ત્ર કૌશલ્ય પણ જોયું છે. તેમનું બળ અને શસ્ત્ર કૌશલ્ય જોઇને મારા મનમાં એવી ચિંતા અને ભય પેદા થયો છે કે કોઇ વખત તે વિદ્રોહી બનીને મને રાજ્યથી ભ્રષ્ટ તો નહિ કરી દે ને? જો તેઓ આવો વિદ્રોહ મચાવે તો આપણામાંથી કોઈની પણ એવી તાકાત નથી કે જે તેમને પરાજિત કરી શકે. મેં તેમને એમ કહ્યું કે તમે મારી સેના લઈને જાવ અને જંબુદ્વીપના બાકી રહેલા ખંડોને જીતી આવો. જો તેમણે એ પ્રમાણે કર્યું હોત તો મને તેમના તરફનો ભય કંઈક ઓછો થાત પણ તેમણે મારી આ વાત ન માની. હવે શો ઉપાય કરવો કે જેથી મારો આ ભય ટળે ને હું નિર્ભય બનું.

"બલભદ્રજીએ કૃષ્ણજીને આપેલો જવાબ :- બલભદ્રજીએ કૃષ્ણની બધી વાત સાંભળી, પછી હસીને કહેવા લાગ્યા કે તું તો કેવી વાત કરે છે? નેમકુમાર તરફથી તને કોઈ જાતનો ભય નથી. શું તને ખબર નથી કે નેમકુમાર શીવાદેવીના ગર્ભમાં આવ્યા ત્યારે તેમણે ચૌદ મહાસ્વપ્નો સ્પષ્ટ રૂપે જોયા હતા. એ ઉપરથી પણ નક્કી થાય છે કે નેમકુમાર ત્રિલોકીનાથ તીર્થંકર ભગવાન બનવાના છે. તેઓ જગતમાંથી અધર્મનો નાશ કરાવી

ધર્મની સ્થાપના કરવા માટે જ આ પૃથ્વી ઉપર જન્મ્યા છે, માટે એમના હૃદયમાં રાજ્યનો બીલકુલ લોભ કે મોહ નથી. કૃષ્ણજીએ કહ્યું ભાઈ ! તમારી વાત સાચી છે પણ રાજ્ય-લક્ષ્મી જોઈને કોનું મન લલચાતું નથી ? જો નેમકુમાર કોઈપણ જાતનો ઉપદ્રવ ન કરે તો ઘણું સારું છે પણ કદાચ તેઓ મારી પાસેથી રાજ્ય પડાવી લેવા માટે કોઈ ઉપદ્રવ કરે તો તે વખતે મારા અને તમારા માટે તેમનો સામનો કરવાનું સર્વથા અસંભવિત બની જાય, માટે હમણાં જ એ ભયને ટાળવાનો ઉપાય કરવો જોઈએ.

કૃષ્ણજીની વાત સાંભળી બલભદ્રજીએ કહ્યું-ભાઈ! અસંભવિત વાતને સંભવિત માનીને તું વિના કારણે ભય પેદા કરે છે ને તે ભયને ટાળવાની ચિંતા કરે છે. તું વિચાર કર કે જેઓ આ સમસ્ત સંસારને તૃણવત્ સમજીને ત્યાગ કરવાના છે, જેઓ રાગ-દ્વેષ છોડીને સંસારના સમસ્ત જીવોને ઉપદેશ આપવા માટે જ ઉત્પન્ન થયા છે તેમનામાં રાજ્યલોભ કેવી રીતે હોઇ શકે ? તેઓ રાજ્ય માટે યુદ્ધ કેમ કરી શકે ? અને પોતાના ભાઈઓને કેમ મારી શકે ? કદાચ તેમને રાજ્ય કરવાની ઈચ્છા થશે તો પણ તેઓ તમારા કરતાં વધુ બળવાન અને શસ્ત્રાસ્ત્ર કુશળ હોવાથી તેમને માટે બીજું રાજ્ય મેળવવું એ કયાં કઠીન છે ! જો તેમને રાજ્ય કરવું જ હોત તો તેઓને તમે જે દિગ્વિજય કરવાની આજ્ઞા કરી તેનો અસ્વીકાર શા માટે કરત ? મહાનપુરૂષોએ કહેલી ભવિષ્યવાણીથી અને તેમના વ્યવહારથી મને તો સ્પષ્ટ સમજાય છે કે તેમનામાં તમારા આ નાના રાજ્યનો તો શું પણ અખિલ જગતના રાજ્યનો પણ લોભ નથી. તમે તેમનાથી ખોટા ભયભીત બની રહ્યા છો. આ ખોટો ભ્રમ કાઢીને શાંતિથી રાજ્યનું પાલન કરો. આ પ્રમાણે બલદેવજીએ કૃષ્ણજીને સમજાવ્યા એટલે તેમનો સંદેહ અને ભય દૂર થયો ને શાંતિથી રહેવા લાગ્યા. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- વિજયપુરના ચંદ્રસેન રાજાની કુંવરી મદનમાલતીનું કહેણ લઈને પુરોહિત કંચનપુર નગરમાં જિનસેનકુમાર સાથે સગાઈ કરવા આવ્યો, તેથી ઈર્ષ્યાળુ રત્નવતી જિનસેન સાથે સગાઈ કરવાને બદલે રામસેન સાથે સગાઈ કરવા માટે ઘણું કહે છે પણ પુરોહિત રામસેન સાથે સગાઇ કરવાની ના પાડે છે, છેવટે રત્નવતીએ ઘણું કહ્યું અને મીઠું બોલીને કહે કે તમે સગાઇ ગમે ત્યાં કરો પણ મારા મહેમાન છો તેમ કહીને પાંચસો સોનામહોરો આપી.

"દગાબાજીથી થયેલી રામસેનની સગાઈ" :- આ સંસારમાં તો તમે જાણો છો ને કે કોના માન છે ? "પૈસાના." પૈસો મળે એટલે માણસનું મન પીગળી જાય છે. "દેખે પીળું ને મન થાય શીળું". તે રીતે પુરોહિતનું મન પીગળી ગયું અને રામસેનકુમારને જોઇને તેના મનમાં થયું કે રામસેનકુમાર પણ રૂપવંત છે, અને જેની માતા આટલી હોંશિયાર છે તો તેનો પુત્ર પણ એવો જ હશે ને ! માટે રામસેન સાથે મદનમાલતીની

સગાઈ કરી દઉં. હવે કયાં જિનસેનને શોધવા જવો? રામસેન અને જિનસેન બંને ભાઈઓ જ છે ને? જો હું રામસેન સાથે સગાઈ કરીશ તો આ મહારાણીજી પણ મારા ઉપર ખુશ રહેશે ને મને બીજું વધારે ધન આપશે. આમ વિચાર કરીને પુરોહિતે તો રામસેન સાથે સગાઈ કરવાનું નક્કી કર્યું.

"રાણીએ પુરોહિતને પોતાનો બનાવવા આપેલી લાંચ" :– પુરોહિતે રામસેન સાથે સગાઈ કરવાની હા પાડી એટલે રાણીના આનંદનો પાર ન રહ્યો, તેથી ખુશ થઈને રાણીએ બીજી પાંચસો સોનામહોરો પુરોહિતને આપી દીધી. દગાબાજ માણસો પોતાનું કામ કઢાવવા માટે શું નથી કરતા? રાણીએ પુરોહિતને સોનામહોરો આપી એટલે પુરોહિતને તો તેના પ્રત્યે માન જાગે ને? ચંદ્રસેન રાજાએ તો પુરોહિતને પોતાનો સમજીને મોકલ્યો હતો પણ પૈસાની લાલચે એણે તો રામસેન સાથે મદનમાલતીની સગાઇ કરી દીધી, અને ખુશ થતો વિજયપુર પહોંચી ગયો. રામસેનકુમારની સગાઇ થઈ તે દિવસે સાંજે જ મુખ્ય પ્રધાનજી આવી ગયા. તેમને ખબર પડી કે રામસેનકુમારની વિજયપુરના રાજાની કુંવરી સાથે સગાઈ થઇ. પ્રધાન વિચાર કરવા લાગ્યા કે રામસેનમાં કયાં હોંશિયારી છે કે તેની સાથે કોઈ કન્યા પરણાવે? આ તો રામનું સ્વપ્ન ભરતને ફળ્યું લાગે છે. સગાઈ જિનસેનકુમારની કરવા આવ્યા ને ફાવી ગયો છે રામસેન, પણ હવે બગડેલી બાજી કેમ સુધારવી એ તો મારા હાથની વાત છે.

આ તરફ પુરોહિત મદનમાલતીની સગાઈ કરીને વિજયપુર પહોંચી ગયો. પુરોહિતનું મુખ હસતું જોઈને રાજા સમજી ગયા કે પુરોહિતજી કાર્ય સફળ કરીને આવ્યા છે પણ વિશેષ ખાત્રી કરવા માટે પૂછ્યું કે જિનસેનકુમાર સાથે સગાઈ કરીને આવ્યા ને? પુરોહિતે કહ્યું હા....સાહેબ. જિનસેનકુમાર કેવા છે? તો કહે છે સાહેબ! આપણી કુંવરી કરતા રૂપ અને ગુણમાં સવાયા છે. એમને જોઇને મારું મન ઠરી ગયું. હવે જલ્દી લગ્નનું મુહુર્ત જોવડાવો ને ત્યાં સમાચાર કહેવડાવો, એટલે રાજાએ તાબડતોબ લગ્નનું શુભ મુહુર્ત જોવડાવ્યું ને કંચનપુર સમાચાર મોકલાવ્યા કે તમે જલ્દી મોટી જાન લઈને આવો.

आइ लगनकी अभर तब, सोचे मंत्री और सरदार.
किसको अगवानी करे ब्यावमें, ईसका है विचार.

જાન લઈને જવાના સમાચાર આવ્યા એટલે પ્રધાનજી વિચાર કરવા લાગ્યા કે અત્યારે મહારાજા તો છે નહિ અને રામસેનમાં મીઠું નથી તો જાનમાં આગેવાન કોને કરવો? આગેવાન વિનાની જાન શોભે? 'ના', અને રામસેનને લઇને જઈએ તો આબરૂના કાંકરા જ થઇ જાય ને? રાજાની ગેરહાજરીમાં રાણી પુત્રને પરણાવવા તૈયાર થયા છે. જો રાજાને કદાચ સમાચાર આપીએ તો પણ રામસેનના લગ્ન છે એમ જાણે તો આવે જ નહિ. હા.... જિનસેનના લગ્નની ખબર પડે તો દોડતા આવે. અહીં તો રાણી રાજાને યાદ પણ કરતા

નથી. પ્રધાન અને બીજા મંત્રીએ ભેગા થઈને વિચાર કર્યો કે જિનસેનકુમારને આગેવાન બનાવીએ. જો તે આગેવાન થાય તો ચિંતા નહિ તે એકલો બધાને પહોંચી વળે તેમ છે, માટે આપણે બધા રાણીસાહેબને વાત કરીએ. જો રાણીસાહેબ જિનસેનને જાનમાં લઈ જવાની ના પાડે તો આપણે આબરૂના કાંકરા કરવા જાનમાં જવું નથી. આવો નિર્ણય કર્યો. આ તરફ રત્નવતી રાણીને જલ્દી સાસુજી બનવાના કોડ જાગ્યા છે એટલે પ્રધાનને કહે છે કે આપણા રામસેનકુમારના લગ્ન માટે જલ્દી જાનની તૈયારી કરો, હવે પ્રધાન તેમજ સામંતો બધા રાણીને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

●

વ્યાખ્યાન નં. ૬૨

ભાદરવા વદ ૫ ને ગુરૂવાર તા. ૨૧-૯-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, શાસનપતિ, ચરમ તીર્થંકર, મહાવીર પ્રભુના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. મનુષ્ય ભવ પામીને જેટલું બને તેટલું વધુ શાસ્ત્રનું શ્રવણ કરી લેવું જોઈએ. બધા અવસર મળશે પણ આ અવસર વારંવાર નહિ મળે, કારણ કે શાસ્ત્રસિદ્ધાંતનું વાંચન કરીને આત્મકલ્યાણ કરવા માટે આપણને મોટામાં મોટી મનુષ્ય જન્મની સંપદા મળી છે પણ જીવને તેની કિંમત સમજાઈ નથી. જો જીવને મનુષ્ય જન્મની કિંમત સમજાણી હોત તો એવો વિચાર કરત કે મને આ બહુ મૂલ્યવાન રત્ન મળેલ છે તો હવે કાંકરાને બદલે આ રત્ન આપી દેવાની મૂર્ખતા શા માટે કરું છું ? જો તમે મનુષ્યભવરૂપી રત્નની કિંમત સમજતા હો તો એક પણ ક્ષણ નકામી વ્યર્થ ન જવા દેતા. પરમાત્માની ભક્તિમાં, ધર્મારાધના કરવામાં સમયનો સદુપયોગ કરો તો મનુષ્યભવરૂપી રત્નની કિંમત આંકાશે.

આ સંસારમાં કાલ્પનિક અને વાસ્તવિક એમ બે પ્રકારના પદાર્થો છે. વાસ્તવિક પદાર્થ ન હોય તો પણ એ વિષે કલ્પના કરવામાં આવે એ અજ્ઞાન છે. અજ્ઞાનને લીધે કરવામાં આવતી કલ્પના મુશ્કેલીમાં મૂકી દે છે. કાલ્પનિક પદાર્થ અને વાસ્તવિક પદાર્થ બંને જુદા હોય છે. જ્યાં સુધી વાસ્તવિક પદાર્થ જોવામાં નથી આવતા ત્યાં સુધી કલ્પનાનું અજ્ઞાન મટી શકતું નથી. જેમ કે તમે કોઈ દિવસ છીપ જોઈ અને એ છીપમાં ચાંદીની કલ્પના કરી પણ જ્યારે એ છીપની પાસે જઈને જોયું અને તે છીપ છે એમ ખાત્રી થઈ ત્યારે જ તે ચાંદી નહિ પણ છીપ છે એમ સમજી શકયા. છીપમાં જેમ ચાંદીની કલ્પના કરવામાં આવે છે તેમ અજ્ઞાની જીવો સંસારના ભૌતિક સુખમાં સાચા સુખની કલ્પના કરે છે પણ તે સાચું સુખ નથી. આવી કલ્પનાને છોડો અને પરમાત્માના ગુણ અને નામસ્મરણમાં એકતાન બનો અને પરમાત્મ સ્વરૂપ બની જાઓ. તે સમયે વિચાર થશે કે નાક, કાન અને શરીર છે તે હું નથી. હું તો અનંતશક્તિનો સ્વામી આત્મા છું.

બંધુઓ ! જ્યારે તમે ઉંઘી જાઓ છો ત્યારે આંખ, કાન વિગેરે બધા બંધ થઈ જાય છે તો પણ સ્વપ્નામાં આત્મા સાંભળે છે ને દેખે છે પણ ખરો, કારણ કે સ્વપ્નાવસ્થામાં ઈન્દ્રિયો સૂઈ જાય છે અને મન જાગતું રહે છે. આ અવસ્થાનું નામ સ્વપ્નાવસ્થા છે. ઈન્દ્રિયો સૂતેલી હોય છતાં સ્વપ્નામાં ઈન્દ્રિયોનું કામ ચાલુ હોય છે. ઇન્દ્રિયો સૂતેલી હોય છે તો પછી સ્વપ્નામાં ઇન્દ્રિયોનું કામ કોણ ચલાવે છે ? તેનો ઉંડો વિચાર કરશો તો તમને ખ્યાલ આવશે કે એ બધું કામ આત્મા કરી રહ્યો છે. આત્મામાં અનંત શક્તિ રહેલી છે પણ તે ભ્રમમાં પડીને શરીરાદિ પોતે છે એમ માની બેઠો છે. આત્મા અત્યારે કલ્પનાના વમળમાં ગોથા ખાય છે માટે કલ્પનાને છોડીને આત્માના વાસ્તવિક તત્ત્વને સમજો અને સંસારિક પદાર્થોનું મમત્વ છોડો. આત્મામાં અનંત શક્તિ છે તેથી સ્વપ્નાવસ્થામાં કાન સુષુપ્ત હોવા છતાં સાંભળે છે ને આંખ બંધ હોવા છતાં જોઈ શકે છે. તે સ્વપ્નાવસ્થામાં ગંધ, રસ, સ્પર્શ વિગેરેની કલ્પના કરી આનંદ પણ માણે છે. સ્વપ્નામાં ક્રોધ પણ કરે છે, લોભ પણ કરે છે અને સિંહાદિને જોઈને ભય પણ પામે છે. આ પ્રમાણે આત્મા સ્વપ્નામાં સુખ પણ માણે છે ને દુઃખ પણ અનુભવે છે. સ્વપ્નાની વાતોથી આત્મામાં કેટલી શક્તિ છે તેનું માપ કાઢી શકાય છે ને સમજી શકાય છે. ઇન્દ્રિયોની સહાયતા વિના પણ આત્મા કામ ચલાવી શકે છે. આ પ્રમાણે આત્મામાં અનંત શક્તિ રહેલી છે, એમ સમજીને ધર્મારાધનામાં અને પ્રભુની ભક્તિમાં તેનો ઉપયોગ કરશો તો આ મનુષ્ય જન્મ સાર્થક બનશે.

આપણા ચાલુ અધિકારમાં બલભદ્રજીએ કૃષ્ણને કહ્યું કે તમે ખોટી ચિંતા ન કરો. નિઃશંક બનીને રાજ્ય કરો. બંને ભાઈઓ આ રીતે વાતચીત કરતા હતા તે સમયે દેવોએ આકાશવાણી કરી કે હે કૃષ્ણ અને બળરામ ! તમે મનમાં ખોટા વિચારોને સ્થાન ન આપો. કારણ કે એકવીસમા નમિનાથ ભગવાન ખુદ ભાંખી ગયા છે કે એ બાવીસમા તીર્થંકર થશે અને તે બહુ બળવાન હોવા છતાં રાજ્યને ગ્રહણ કરશે નહિ. આ સાંભળીને કૃષ્ણની ચિંતા દૂર થઈ અને નેમકુમાર પ્રત્યે તેમનો પ્રેમ વધી ગયો ને વિચાર કરવા લાગ્યા કે અમારું કુળ કેવું ઉજ્જવળ છે કે આ યાદવકુળમાં ત્રણ જગતના નાથ તીર્થંકર ભગવાન જન્મ્યા !

"નેમ પ્રત્યે સ્નેહની સરવાણી વહાવતા કૃષ્ણ" :–હવે કૃષ્ણ વાસુદેવને નેમકુમાર ઉપર જે પ્રેમ હતો તેનાથી ઘણો વધી ગયો, એટલે કૃષ્ણ જ્યાં જાય ત્યાં નેમકુમારને સાથે ને સાથે લઈ જાય છે. રાજસભામાં જાય કે બગીચામાં ફરવા જાય તો સાથે લઈ જતા. સ્નાન કરવા બેસે તો પણ સાથે ને જમે તો પણ સાથે. દાગીના અને વસ્ત્રો પણ પોતાના હાથે પહેરાવે. નેમકુમાર કૃષ્ણની સાથે રહેતા, બધું જ કરતા, ઘણી વાતો પણ કરતા પણ એમનો મુખ્ય ધ્વનિ તો એક જ હતો કે જીવનમાં ભોગવિલાસ કરતાં સંયમ મહાન છે. એક વખત મહાભારતના યુદ્ધ વિષે વાત નીકળતા કૃષ્ણે કહ્યું કે દુષ્ટોનો તો સંહાર જ કરવો જોઈએ, ત્યારે નેમકુમારે કહ્યું કે દુષ્ટતાનો સંહાર કરવો જોઈએ, કારણ કે દુષ્ટ

માનવી તો સજ્જન બની શકે છે પણ દુષ્ટતા સજ્જન નથી બનતી. તે ઉપરાંત એ પણ વિચાર કરવો જોઈએ કે દુનિયાના દરેક જીવોને જીવવું ગમે છે પણ મરવું કોઈને ગમ્તું નથી, માટે કોઈ જીવને મારવો નહિ. કૃષ્ણજીએ તેમની વાત કબૂલ કરી, અને તેમના મનમાં થઈ ગયું કે નેમકુમાર પોતાના કરતાં જ્ઞાન, બળ અને બુદ્ધિ દરેકમાં વિશિષ્ટ છે, તેથી એ ખુશ થતાં કે અમારા યાદવકુળમાં આવો નરરત્ન પાકયો છે.

આ તરફ નેમકુમાર વૈરાગ્યની વાતો કરે છે ત્યારે બીજી તરફ તેમના માતાપિતાને એમને પરણાવવાના કોડ છે, એટલે સમુદ્રવિજય રાજા અને શીવાદેવી રાણી નેમકુમારને વિવાહ કરવા માટે વારંવાર આગ્રહ કરતા ત્યારે નેમકુમાર તેમના આગ્રહનો હંમેશા ઇન્કાર કરતા. પોતાને લગ્ન કરવાની બિલકુલ ઈચ્છા નથી પણ માતાપિતાને દુઃખ ન થાય તે માટે એમ કહેતા કે હમણાં નહિ, પછી થઈ પડશે. શી ઉતાવળ છે? આથી માતા પિતાના દિલમાં દુઃખ થવા લાગ્યું કે જ્યારે કહીએ ત્યારે આ નેમ તો આપણી વાતને ગણકારતો જ નથી. આટલો મોટો થયો છતાં લગ્ન કરતો નથી તો પછી કયારે કરશે? હવે શું કરવું? આમ વિચાર કરતાં સમુદ્રવિજય રાજા અને શીવાદેવી રાણીએ વિચાર કર્યો કે નેમ આપણી વાત માનતો નથી તો હવે કૃષ્ણ વાસુદેવને આ કાર્ય સોંપીએ. સંભવ છે કે કદાચ તેનાથી નેમ માની જાય.

"કૃષ્ણજીને સમુદ્રવિજયનું આમંત્રણ":– ઘણી વાર એવું બને છે કે જે કાર્ય મોટા નથી કરી શકતા તે નાના કરી શકે છે. બીજી વાત આપણે ગમે તેટલા મોટા ભલે રહ્યા અને કૃષ્ણ આપણાથી ભલે નાના હોય પણ અત્યારે તેનો પ્રભાવ પડે છે, કારણ કે તે ત્રણ ખંડના સ્વામી છે. છપ્પન કોડ યાદવો ઉપર તેમની હાક વાગે છે. વળી નેમકુમાર મોટા ભાગે કૃષ્ણની સાથે ને સાથે રહે છે. બંનેનો પરસ્પર ખૂબ પ્રેમ છે એટલે સંભવિત છે કે કૃષ્ણ તેને આગ્રહ કરશે તો માની જશે. ઘણી વખત એવું બને છે ને કે ઘરમાં વડીલો બેઠા હોય છે પણ દીકરો એવો પુણ્યવાન અને પ્રભાવશાળી હોય છે કે સૌ કોઇ એની સલાહ માંગે છે ને એ કહે તેમ સૌ કરે છે. મોટાને પણ એની વાત કબૂલ કરવી પડે છે. અહીં સમુદ્રવિજય રાજા અને શીવાદેવી રાણીએ ઘણાં વિચારને અંતે નક્કી કર્યું કે આપણે કૃષ્ણને બોલાવીને આપણા મનની મૂંઝવણ વ્યક્ત કરીએ. આમ વિચાર કરીને કૃષ્ણજીને સમાચાર મોકલાવ્યા. કૃષ્ણજીને સમાચાર મળ્યા કે મારા કાકા અને કાકી મને બોલાવે છે. નાના તો મોટાને બોલાવે એમાં વિશેષતા નહિ પણ જ્યારે વડીલો નાનાને બોલાવે ત્યારે એની મહત્તા હોય છે. કૃષ્ણજીના રોમેરોમમાં આનંદ થયો કે મારા કાકા કાકીએ મને આજે યાદ કર્યો? તો હું જલ્દી જાઉં. એવો વિચાર ન કર્યો કે મારે ઘણું કામ છે તો આજે નહિ કાલે જઈશ, પણ વડીલો બોલાવે એટલે હજારો કામ પડતા મૂકીને મારે તરત જવું જોઇએ, એટલે કૃષ્ણજી તરત જ જવા માટે તૈયાર થયા.

"સમુદ્રવિજયના મહેલે કૃષ્ણજીનું આગમન" :- હાથી ઉપર બેસીને કૃષ્ણવાસુદેવ સમુદ્રવિજય રાજાના મહેલે આવ્યા અને પોતાના કાકા કાકીને પગે લાગ્યા. જુઓ, ત્રણ ત્રણ ખંડના સ્વામી છે છતાં વિનય કેટલો છે ! અભિમાનનું તો નામનિશાન નથી. આજે તો ત્રણ ઓરડાના ધણીને ફાંકાનો પાર નથી. (હસાહસ) કૃષ્ણજીના જીવનમાં નમ્રતા હતી. આજે તો જ્યાં જુઓ ત્યાં વિનય અને નમ્રતાનો તો દેશનિકાલ થઈ ગયો છે. નોકર શેઠને નમતો નથી. વહુ સાસુને, દીકરી માતાને, પુત્ર પિતાને નમતા નથી ને શિષ્યો ગુરૂને નમતા નથી, કારણ કે દરેકના મનમાં અમે મોટા એમ છે, એટલે વડીલોનો વિનય કરતાં એમને સંકોચ થાય છે, બાકી જો ખરેખર સમજે, તો વિનય અને નમ્રતામાં તો મહાન શક્તિ રહેલી છે. વિનયથી અશક્ય કાર્યોને શક્ય બનાવી શકાય છે. જે શિષ્ય ગુરૂનો વિનય કરે છે અને ગુરૂની આજ્ઞામાં સમાઈ જાય છે તેના ઉપર ગુરૂની કૃપા ઉતરે છે ને રહેજે ગુરૂના અંતરના આશીર્વાદ મળે છે કે જા બેટા ! તારું કલ્યાણ થઈ જશે. તારો બેડો પાર થશે. વિનયવંત શિષ્યના ગુણો જોઈને રહેજે આવા અંતરના આશીર્વાદ મળી જાય છે. કોઇ કહે કે મને હાથ મૂકીને આશીર્વાદ આપો તો એ માંગ્યા આશીર્વાદ મળતા નથી, કદાચ પરાણે મળી જાય તો ફળીભૂત થતાં નથી.

કૃષ્ણવાસુદેવે સમુદ્રવિજય રાજા અને શીવાદેવી રાણીના ચરણમાં મસ્તક ઝુકાવ્યું એટલે બંનેએ માથે હાથ મૂકીને કહ્યું બેટા ! તારું કલ્યાણ થાઓ, તમે દીર્ઘાયુષ બનો એવા અંતરના આશીર્વાદ આપ્યા, પછી કૃષ્ણે પૂછયું–અહો મારા માતા પિતા તુલ્ય કાકા–કાકી ! આજે આપે આ દીકરાને કેમ યાદ કર્યો ? આમ કહી વિનયપૂર્વક કાકા–કાકીની બાજુમાં બેસી ગયા એટલે કહ્યું–વત્સ ! તારો નાનોભાઈ નેમકુમાર હવે યુવાન બન્યો છે, છતાંપણ હજુ સુધી તે અવિવાહિત જ છે. એના સરખા બધા યાદવકુમારો પરણી ગયા છે અને નેમકુમારને અમે લગ્ન કરવાની વાત કરીએ છીએ ત્યારે કંઇ ને કંઈ બહાના કાઢીને અમારી વાતનો ઈન્કાર કરે છે. એનું જીવન જોઈને અમને એમ જ થાય છે કે એ લગ્ન કરશે જ નહિ. આપણા આવા મોટા યાદવકુળમાં એક નેમકુમાર યુવાન થવા છતાં જો કુંવારો રહે તો લોકો એના વિષે શું અનુમાન કરે ! વળી તમે ત્રણ ત્રણ ખંડના સ્વામી છો ને નેમકુમાર તમારો લાડીલો ભાઈ છે. એ આટલી ઉંમર સુધી અવિવાહિત રહે તે પણ એક વિચારવા જેવી વાત છે. અમે તો તેને કહી કહીને થાકયા પણ હજુ તેણે અમારી વાતનો સ્વીકાર કર્યો નથી, પણ તું એનો મોટોભાઈ છે. તે તારી પાસે વધુ રહે છે એટલે તું એને આગ્રહ કરીને કહીશ તો એ તરછોડી નહિ શકે અને વિવાહ કરવાનો સ્વીકાર કરશે. આ માટે ખાસ અમે તને બોલાવ્યો છે.

દેવવાણી થઈ એટલે કૃષ્ણજીને શ્રદ્ધા છે કે નેમકુમાર પરણવાના નથી તેમજ પોતાની સાથેની વાતચીતમાં પણ વૈરાગ્યની જ વાતો હોય છે એટલે નેમકુમાર કોઇ પણ રીતે

વિવાહ કરવાની વાતમાં સંમત થાય તે શકય નથી, છતાં કૃષ્ણજીને લાગ્યું કે આ વૃદ્ધ કાકા કાકીને નેમકુમારને પરણાવવાની તીવ્ર ઇચ્છા છે ને હું આમ કહીશ તો તેમને દુઃખ થશે, માટે તેમની ઇચ્છા પૂરી કરવાનો ઉપાય કરવો તે પણ મારી ફરજ છે. પછી તો જે થવાનું હશે તે જ થશે. આ પ્રમાણે વિચાર કરીને કૃષ્ણજીએ કહ્યું કાકા-કાકી ! આપની વાત સાચી છે. મારો ભાઇ નેમકુમાર અવિવાહિત રહે તે કોઈ પણ દૃષ્ટિએ ઉચિત નથી. અરેરે ! આ બાબતમાં મારી પણ ભૂલ છે કે મેં કેમ વિચાર ન કર્યો કે નેમના સરખા બધા યાદવકુમારો પરણી ગયા ને એ હજુ કેમ કુંવારો છે ? અત્યાર સુધી આ તરફ ન તો મારું ધ્યાન ગયું હતું કે ન તો આપે મારું ધ્યાન ખેંચ્યું. નહિતર નેમકુમારનો વિવાહ કયારનોય થઈ ગયો હોત. આજે આપે મને આ કાર્ય સોંપ્યું છે તો હું તે પૂર્ણ કરવા પ્રયત્ન કરીશ. મને વિશ્વાસ છે કે મારો પ્રયત્ન સફળ થશે, એટલે સમુદ્રવિજય રાજા અને શીવાદેવી રાણીને ખૂબ આનંદ થયો.

"નેમકુમારને પરણાવવા ચિંતાતુર બનેલા કૃષ્ણજી" :-કૃષ્ણ વાસુદેવ કાકા કાકીને વિશ્વાસ આપીને પોતાના મહેલે આવ્યા. કાકા-કાકીને ખુશ તો કર્યા પણ નેમકુમારને પરણાવવો એ કંઈ સામાન્ય વાત નથી. બળવાન સિંહને પકડીને પિંજરમાં પૂરવો હજુ સહેલ છે. પણ વૈરાગ્ય ભાવમાં રમણતા કરનાર નેમકુમારને સંસારના પિંજરમાં પૂરવો મહામુશ્કેલ છે. તો હું એવો કયો ઉપાય કરું કે મારો ભાઇ અરિષ્ટનેમિ (નેમ)કુમાર વિવાહ કરવાની વાતનો સ્વીકાર કરે ! આ વાતની તેમને ચિંતા થવા લાગી અને તેના વિચારમાં એવા તલ્લીન બની ગયા કે પાસે કોણ આવ્યું ને કોણ ગયું ને કોણે શું કહ્યું તે પણ તેમને ખબર નથી. કૃષ્ણજીને ખૂબ ચિંતાતુર અને ઉંડા વિચારસાગરમાં ડૂબેલા જોઇને કૃષ્ણજીની મુખ્ય પટ્ટરાણી સત્યભામાએ પૂછયું નાથ ! આપને રાજયની તેમજ બીજી ઘણી ચિંતાઓ હશે છતાં આપ દરરોજ બધી ચિંતાઓ મૂકીને પ્રસન્ન મુખે હસતા ને ખેલતાં આનંદલહેર અહીં પધારો છો પણ આજે તો આપ કોઈ ઉંડા વિચારમાં ડૂબેલા જણાઓ છો, કોઈની સાથે બોલતા પણ નથી તો આપના માથે એવી શું ચિંતા આવી પડી છે ? આપ કહેવા માટે કૃપા કરો.

કૃષ્ણજીએ સત્યભામાને આપેલો જવાબ :- સત્યભામાની વાત સાંભળીને કૃષ્ણે કહ્યું-હે દેવી ! હું જે બાબત વિચારી રહ્યો છું ને જેની ચિંતા કરી રહ્યો છું તે એક દૃષ્ટિએ તો બહુ સામાન્ય કામ છે અને બીજી દૃષ્ટિએ ઘણું કઠીન કામ છે. મારો ભાઇ નેમકુમાર પૂર્ણ યુવાન બની ચૂકયો છે. તેની ઉંમરનો કોઈ પણ યાદવકુમાર અવિવાહિત નથી અને મારો ભાઇ આટલી ઉંમર સુધી અવિવાહિત રહે તે મારા માટે ખૂબ શરમજનક વાત છે. હું એની ચિંતામાં ડૂબી ગયો છું. સત્યભામાએ કહ્યું-નાથ ! નેમકુમારને પરણાવવા એમાં આટલી બધી ચિંતા શું કરો છો ? તેમની સાથે પરણવા અનેક રાજકન્યાઓ તૈયાર છે. કૃષ્ણજીએ કહ્યું એને માટે કન્યાઓનો તો તૂટો જ નથી પણ વાત

એમ છે કે નેમકુમાર વિવાહ કરવાની કોઈ રીતે હા પાડતા જ નથી. કાકા-કાકીએ ખૂબ સમજાવ્યા પણ એ ના પાડે છે એટલે એ કાર્ય મને સોંપ્યું છે. તેથી વિચાર કરું છું કે મારે નેમને કેવી રીતે સમજાવવા !

સત્યભામાએ કહ્યું સ્વામીનાથ ! આપ ચિંતા ન કરો. એ કામ સ્ત્રીઓનું છે. અમને સોંપી દો. ભલભલા પુરૂષને સમજાવવા તે સ્ત્રીઓનું કામ છે, પણ આપની આજ્ઞા વિના અમે શું કરીએ ? કૃષ્ણજીએ કહ્યું-દેવી ! તમારી વાત સાચી છે. આ કામ તો તમે જ કરી શકશો. સત્યભામાએ કહ્યું આપ ચિંતા ન કરો. અમે બધી સ્ત્રીઓ ભેગી થઇને નેમકુમારને એવા સમજાવી દઈશું કે તે વિવાહ કરવાની ના પાડી નહિ શકે. મને તો આ કાર્ય સહેજ પણ મુશ્કેલ લાગતું નથી. સત્યભામાના કહેવાથી કૃષ્ણની ચિંતા ઓછી થઈ. હવે સત્યભામા આદિ રાણીઓ નેમકુમારનો વિવાહ કરવાની સંમતિ મેળવવા શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર : રામસેનકુમારના લગ્નની વાત ચાલે છે. મદનમાલતી સાથે જિનસેનને બદલે રામસેનની સગાઇ થઇ ગઇ અને લગ્નનું મંગલ મુહૂર્ત પણ જોવાઇ ગયું. ચંદ્રસેન રાજાએ કહેવડાવ્યું કે મારે ખાંડા સાથે મારી પુત્રીને પરણાવવી નથી, માટે મોટી જાન જોડીને ઠાઠમાઠથી વરરાજાને લઇને આવો. ખાંડા સાથે પરણાવવાની હોત તો રત્નવતીને ચિંતા ન રહેત, પણ આ તો જમાઈને બોકલવાનો છે, એટલે રત્નવતીના મનમાં થયું કે હવે જલ્દી લગ્ન થઇ જાય તો સારું, કારણ એ મનમાં તો સમજે છે ને કે કહેણ તો જિનસેન માટે જ આવ્યું છે પણ મેં કપટથી રામસેનની સગાઇ કરાવી છે. માટે જલ્દી કામ પતી જાય તો સારું થાય. નહિતર જો કોઇ વાત ફોડનાર મળશે તો મારો રામસેન કુંવારો રહી જશે ને જિનસેન પરણી જશે, તેથી ઉતાવળ કરે છે કે જલ્દી જાનની તૈયારી કરાવો, ત્યારે પ્રધાન, મંત્રી અને સામંતો બધા કહે છે મહારાણીજી ! એમ જાન તૈયાર ન કરાય. જાન તો જોડીએ પણ આગેવાન તો કોઈ જોઈશે ને ! જો મહારાજા હાજર હોત તો કંઈ ચિંતા ન હતી પણ એ તો છે નહિ, માટે જિનસેનકુમારને જાનનો આગેવાન બનાવો, આ શબ્દથી રત્નવતીની પારાશીશી ચઢી ગઈ.

"ક્રોધથી ધમધમતી રાણીએ પ્રધાન સામે કરેલો પ્રકોપ" :-રાણી ખૂબ ક્રોધે ભરાઈને કહે છે પ્રધાનજી ! તમે બધા જિનસેનના જ પ્રેમી છો. એ હવે મને સમજાઈ ગયું. તમને જિનસેન વહાલો છે ને રામસેન અળખામણો છે. એના પ્રત્યે તમને બિલકુલ પ્રેમ નથી પણ પ્રધાનજી ! યાદ રાખજો કે હું કંઈ તમારા બધાની દબાયેલી નથી કે પરાધીન નથી. તમને જિનસેન વહાલો લાગે છે તો મારા રામસેનમાં શું ખામી છે ? જિનસેન કરતાં રામસેન કંઈ કમ છે કે તમે જિનસેનને જાનમાં લઈ જવાનું કહો છો ? મારે એને નથી લઈ જવો, ત્યારે પ્રધાન વિગેરે માણસોએ રાણીને કહી દીધું કે જો તમારે જિનસેનને

આગેવાન બનાવીને જનમાં મોકલવો હોય તો જ અમારે બધાએ જવું છે. બાકી અમારે કોઈ ને જવું નથી, એટલે રાણીને વધુ ક્રોધ ચઢયો ને આંખો લાલઘૂમ થઈ ગઈ. ક્રોધથી ધમધમીને પ્રધાનને કહે છે કે તમારે જનમાં જવું હોય તો જાઓ નહિતર જહાનમમાં જાઓ. મારે તમારું કોઈનું કામ નથી. હું નવો પ્રધાન શોધી લાવીશ. હું રાજાની પટ્ટરાણી છું. આખા કંચનપુરમાં મારી આણ વર્તે છે ને તમે મને એમ કહેનારા કોણ ? તમે મને કંઈ નહિ કહી શકો. જો કહેશો તો તમારા ઘરબાર લૂંટાવી લઈને તમને ભિખારી બનાવીને ગામ બહાર કઢાવી મૂકીશ. અત્યારે મારી કુલ સત્તા છે. હું ધારું તે કરી શકું છું. રાણીના આવા કટુ શબ્દો સાંભળીને પ્રધાને કહ્યું કે મહારાણી ! તમે આ શું બોલી રહ્યા છો ? તમે જે બોલો તે બરાબર વિચારીને બોલો. આ શબ્દો તમારા મુખમાં શોભે છે ! જો તમને અભિમાન હોય તો બીજો પ્રધાન શોધી લાવો. હું અહીં એક મિનિટ ઉભો રહેવા માંગતો નથી પણ મને મહારાજા રાજ્ય સંભાળવાનું કહી ગયા છે એટલે તમે ગમે તેમ કરશો તો પણ હું જવાનો નથી. હું જોઉં છું કે તમે કોને જહાનમમાં મોકલો છો ? ને કોને પ્રધાન બનાવો છો ! આ રાજ્ય આટલું વ્યવસ્થિત ચલાવવાની કોની તાકાત છે? તમે મારી સામે ગમે તેમ બોલો છો. જરા તો શરમાઓ.

હુકમ ચલાઓ રાજાજી પે, માંયે ચાલે નાંય,
સીધી તરહસે બોલિયો સરે, નહીંતર બોલો નાંય,

તમારો વટહુકમ રાજા ઉપર ચલાવજો, મારા ઉપર નહીં, તમે રાજાજીને ગમે તેમ ચઢાવીને જિનસેનાને મહેલમાંથી કઢાવી અને રાજાજીએ કાચા કાનના બનીને તમારી વાતો સાંભળી પણ હવે તો રાજાજીની આંખ પણ ખુલી ગઈ છે. સમજ્યા ને ? રાજા જેટલી મારી વાત માને છે તેટલી તમારી માનતા નથી, છતાં અભિમાને ચઢીને ફૂટેલું ઢોલ જેમ ઉબલ અવાજ કરે તેમ તમે પણ ઢોલની જેમ વાગી રહ્યા છો. મારી સાથે વાત કરવી હોય તો સીધી રીતે વિચારીને કરો. જો બોલતાં ન આવડે તો મૌન રહો. હું કંઈ તમારો સામાન્ય નોકર નથી. આખા રાજ્યનો સંચાલક છું. મારી સાથે સભ્યતાથી વાત કરો. નહિતર હું આ ચાલ્યો.

પ્રધાને તો રાણીને બરાબર ખખડાવી એટલે મામલો તંગ બન્યો, તેથી રામસેનના પગ ધ્રુજવા લાગ્યા કે જો પ્રધાન રીસાઈને ચાલ્યો જશે તો બધો વહીવટ કોણ ચલાવશે ? આથી રામસેન એની માતાને કહે છે મા ! તું પ્રધાનજી સામે શા માટે ઝઘડો કરે છે ? બોટો બકવાદ શા માટે કરો છો ? આ તારી તલવારની ધાર જેવી જીભ હમણાં બધું કામ બગાડી નાંખશે, માટે તું તારી લૂલીને વશ રાખ. તારી જીભમાં મીઠાશ જ નથી એટલે તું કોઈનો પ્રેમ જીતી શકતી નથી. એથી બધા નારાજ થાય છે. જો બધા જતા રહેશે તો મને પરણાવવા કોણ આવશે ? માટે તું શાંતિ રાખ.

"રામસેન અને પ્રધાનના વચનથી ઠંડી પડેલી રત્નવતી" :- પ્રધાન અને રામસેનના વચનથી રત્નવતી શાંત પડી ને વિચાર કરવા લાગી કે મેં ભૂલ કરી છે, તેથી પ્રધાનને કહે કે ભાઇ ! મારો સ્વભાવ ઉગ્ર છે પણ આપ જ કામને દીપાવનાર છો. મને તમારા પ્રત્યે જરા પણ દ્વેષ નથી. તમારા પ્રત્યે ખૂબ માન છે, માટે તમારે ખોટું લગાડવું નહિ. પ્રધાનજી ! આપણા રામસેનના લગ્ન ખૂબ ધામધૂમથી કરવા છે માટે આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. મારી તમને છૂટ છે, એટલે પ્રધાને મંત્રી અને સામંતોની સલાહ લઇને કહ્યું બોલો, તમારી બધાની શું ઇચ્છા છે? બધાએ કહ્યું કે જિનસેનકુમાર આવે તો અમે બધા તૈયાર છીએ. પ્રધાને માણસોને કહ્યું કે તમે જલ્દી જાઓ ને જિનસેનકુમારને બોલાવી લાવો, એટલે સામંતો જિનસેનકુમારને બોલાવી લાવ્યા. જિનસેન કાંઈ જાણતો નથી. પ્રધાન આદિ બધા સભાસદોએ કહ્યું હે જિનસેનકુમાર ! તમારા ભાઇ રામસેનકુમારના લગ્ન છે. તેમાં આપને આગેવાન બનવાનું છે કારણ કે તમારા પિતાજી હાજર નથી. આપ રાજા સમાન ગુણીયલ છો તેમજ મોટા છો. વળી આગેવાન બનવામાં પરાક્રમ, વિનય આદિ બધા ગુણો આપનામાં છે, માટે જલ્દી તૈયાર થઇ જાઓ. હવે જિનસેનકુમાર શું જવાબ આપશે તેના ભાવ અવસરે.

(સ્વ. બા. બ્ર. પૂ. હર્ષદમુનિની પુણ્યતિથિ હોવાથી પૂ. મહાસતીજીએ તેમના જીવનમાં રહેલા ગુણોનું સુંદર વર્ણન કર્યું હતું.)

*

વ્યાખ્યાન નં. ૬૩

ભાદરવા વદ ૬ ને શુક્રવાર **તા. ૨૨-૯-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! મહાનપુરૂષો ફરમાવે છે કે હે ભવ્ય જીવો ! આ સંસાર સાગરમાં તરવા માટેનું જો કોઈ સદ્ધર સાધન હોય તો ધર્મ છે. દરિયામાં ડૂબકી ખાતા, ડૂબવાની અણી ઉપર આવી ગયેલા મનુષ્યને જો કોઈ પાટીયાનો સહારો મળી જાય તો તેના સહારે મનુષ્ય સામે કિનારે પહોંચી શકે છે, તેમ મનુષ્ય ધર્મરૂપી પાટીયાના સહારે સંસાર સમુદ્રના સામા કિનારે એટલે કે મોક્ષમાં પહોંચી શકે છે. આપણને આ મનુષ્ય ભવમાં સંસાર સાગર તરવા માટે ઉત્તમ ધર્મ મળ્યો છે. દુનિયામાં ધર્મ તો અનેક પ્રકારના છે પણ આપણને જે ધર્મ મળ્યો છે તે ધર્મની તોલે કોઇ ધર્મ આવી શકે તેમ નથી. જૈન ધર્મ કેવો છે? રંગરાગનો નહિ પણ વિરાગ-વિરતિનો, ભોગનો નહિ પણ ત્યાગનો, અલ્પજ્ઞાનીનો નહિ પણ અનંતજ્ઞાનીનો, એકાંતવાદીનો નહિ પણ અનેકાંતવાદીનો, એકલા જ્ઞાન કે એકલી ક્રિયાનો નહિ પણ જ્ઞાન અને ક્રિયા બંને સહિતનો, સામાન્ય કોટીનો નહિ પણ વિશિષ્ટ કોટીના તત્વ, યોગ, ધ્યાન, સંયમ સહિતનો આ જૈન ધર્મ છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ કોટીની અહિંસા જૈન ધર્મમાં બતાવેલી છે. આવો ઉત્તમ ધર્મ મળ્યો છે પણ તમને તેની કિંમત સમજાણી છે ?

વહેપારમાં સીઝનનો સમય આવે તેને તમે શું ગણો છો? કમાણી કરી લેવાનો અને ખરીદી કરી લેવાનો પુરૂષાર્થ કાળ ગણો છો ને? બસ, આ રીતે તમે સમજી લો કે દરેક ભવમાં માનવભવ એ ધર્મ સાધનાનો પુરૂષાર્થ કાળ છે. એમાં મનુષ્ય જો પુરૂષાર્થ ન કરી લે તો એણે આરાધનાનો પુરૂષાર્થ કાળ ગુમાવ્યો છે. પછી ઈચ્છા કરે કે હવે જો મારું આયુષ્ય વધે તો ધર્મનો ભરપૂર પુરૂષાર્થ કરી લઉં તો કંઈ બની શકે ખરું? બીલકુલ નહિ. તમારા અંતરમાં એક વાત લખી રાખો કે **"માનવ જીવનની પ્રત્યેક ક્ષણ એ ધર્મ આરાધનાનો મોંઘેરો પુરૂષાર્થ કાળ છે. તમે ભલે ને લાખો કે કરોડો રૂપિયા આપવા તૈયાર હો પણ ગયેલી એક પણ ક્ષણ પાછી નહિ આવે"**, માટે અહીં એ લક્ષ રાખવાનું છે કે મારી વર્તમાનક્ષણ ધર્મના પુરૂષાર્થ વિનાની તો જઈ રહી નથી ને? ગમે ત્યાં, ગમે તે સ્થિતિમાં કે ગમે તે સંસારિક કાર્યમાં બેઠા હો ત્યાં પણ ઓછામાં ઓછો માનસિક પુરૂષાર્થ તો કરી શકો ને? જેમ કે હૃદયમાં વીતરાગ પ્રભુને યાદ કરી શકાય અથવા સંસારની વિચિત્રતા, સંયોગોની અનિત્યતા, પદાર્થોનું પરપણું, પાપનો ભય, મારો પરલોક કેમ સુધરે એનો ખ્યાલ રાખી શકાય અગર કોઈ તત્ત્વનું ચિંતન, નવકાર મંત્રનું સ્મરણ, આવું આત્માને પવિત્ર રાખનાર કંઈક ને કંઈક ચિંતન કરી શકાય.

આ માટે મનમાં પાકો નિશ્ચય કરવો જોઈએ કે મારી ક્ષણે ક્ષણે આરાધનાનો કિંમતી કાળ પસાર થઈ રહ્યો છે. અને જો હું જેમ તેમ વેડફી નાંખીશ અને દુનિયાની બીજી ગમે તેવી હોંશિયારી બતાવી યા ગમે તેવા દુન્યવી સંતાપ કરીશ તો પણ તેમાં સરવાળે શું ઉતરવાનું! સત્પુરૂષાર્થનો અમૂલ્ય કાળ તો મેં ગુમાવી દીધો ને! મારા મર્યા પછી દુનિયા મારી હોંશિયારીને યાદ કરવાની છે? અને કરે તો પણ મારે કંઈ જોવું છે? માટે ક્ષણ ક્ષણના પુરૂષાર્થને લેખે લગાડવા આરાધનાથી સફળ કરી લેવા નિર્ધાર કરો અને પછી હૃદયની અપવિત્રતાઓને દૂર કરાવો. એટલું ધ્યાનમાં રાખવાનું છે કે મૂળમાં આવશ્યક પવિત્રતા વિના આરાધનાનો પુરૂષાર્થ સફળ થશે નહિ.

જેમને માનવભવની એકેક ક્ષણની કિંમત સમજાઈ છે તેવા નેમકુમારની વાત ચાલે છે. નેમકુમાર સંસારમાં અનાસકત ભાવથી રહે છે. તેઓ સંસારમાં રહેવા છતાં સંસારમાં લેપાતા નથી. એમને આત્માનો રસ છે, જ્યારે તેમના માતા પિતા, ભાઈ ભાભીઓ બધાને સંસારનો રસ છે. જેને જેમાં રસ હોય તે પોતાની પાસે આવનારને તે તરફ ખેંચી જાય છે. જેમ કોઈને બગીચામાં ફરવા જવાનો રસ, કોઈને નાટક સિનેમા જોવાનો રસ, કોઈને હોટલમાં ખાવા પીવાનો રસ તો કોઈને ધર્મનો રસ આ રીતે જેને જે રસ હશે તે રીતે વર્તશે. નેમકુમારને ત્યાગનો રસ છે ને તેમના માતા-પિતા વિગેરેને પરણાવવાનો રસ છે.

કૃષ્ણજીને ચિંતાતુર જોયા પછી રાણીઓ કહે છે અમે અમારી વાકચાતુરી અને કળાથી વૈરાગી નેમકુમારને વરણાગી બનાવી દઈશું, તે માટે આ વસંતઋતુ પણ આવી ગઈ છે. આવા કાર્ય વસંતઋતુમાં સરળતાથી થાય છે. માટે સ્વામીનાથ! આપ રૈવતગિરિ ઉપર

વસંતોત્સવ ઉજવવાની તૈયારી કરાવો ત્યાં મુખ્ય મુખ્ય યાદવો અને નેમકુમાર સહિત આપ પણ ત્યાં પધારજો. અમે બધી રાણીઓ ત્યાં ભેગી થઈને નેમકુમારને વિવાહ કરવા માટે પ્રસન્ન કરી દઈશું. સત્યભામાની વાત સાંભળીને કૃષ્ણજીને ખૂબ આનંદ થયો. તેમણે બીજે જ દિવસે રૈવતાગરિ ઉપર વસંતોત્સવ ઉજવવાની બધી તૈયારીઓ કરાવી. પોત પોતાની પત્નીઓ સહિત કૃષ્ણજી, બલભદ્રજી આદિ મુખ્ય રાજપુરૂષો અને સરખી ઉંમરવાળા યાદવકુમારો રથમાં બેસીને રૈવતગિરિ પર્વત તરફ જવા તૈયાર થયા, ત્યારે કૃષ્ણજીએ નેમકુમારને કહ્યું કે મારા લાડીલા લઘુ બંધવા ! ચાલો, આપણે બધા રૈવતગિરિ ઉપર ઉપર વસંતોત્સવની મોજ માણવા માટે જઈએ. નેમકુમારે કહ્યું મોટાભાઈ ! મારી ત્યાં શી જરૂર છે ? મારે નથી આવવું. પણ કૃષ્ણજીએ કહ્યું મને તારા વિના ગમે. તારે આવવું જ પડશે. એટલે નેમકુમાર કૃષ્ણજીના આગ્રહને માન આપી રથમાં બેસી ગયા.

કૃષ્ણજી, રૂક્મણી, સત્યભામા, નેમકુમાર વિગેરે એક રથમાં બેઠા રસ્તામાં જ આ સત્યભામા અને રૂક્મણી કંઇ ને કંઈ ગીતો ગાવા લાગી અને વચમાં વચમાં વાત કાઢીને નેમકુમાર સામે જોઈને કહેવા લાગી કે અહો નેમનગીના ! અમારા લાડકા દિયરીયા ! હવે તમે કયાં સુધી કુંવારા રહેશો ? આજે અમે અને તમારા ભાઇ તેમજ બધા યાદવો પોતપોતાની પત્નીઓની સાથે આવ્યા છીએ તો કેવો આનંદ આવે છે ! બધા પોતાની પત્નીઓ સાથે કેવા રથમાં બેઠા છે ને કેવા શોભે છે ! અને તમે તો અમને એકલા લાગો છો. અમે તમને અમારી દેરાણી સાથે ફરવા આવેલા જોવા ઇચ્છીએ છીએ. અમે બધા સાથે આવીએ ને તમે અમારી બધાની વચ્ચે કુંવારા થઈને ફરો એ અમને ઠીક નથી લાગતું. માટે તમે હવે લગ્ન કરો તો અમને બધાને ખૂબ આનંદ આવશે.

નેમકુમારે કહ્યું ભાભી ! તમે બધા મને લગ્ન કરવા માટે આટલો બધો આગ્રહ કરો છો પણ લગ્ન કરીને શું કામ છે ? રાણીઓએ કહ્યું, અમારી દેરાણી હોય તો તમને આનંદ આવે ને ? તો શું પરણ્યા વિના એ આનંદ નથી મળતો. તમે બધા શું મને નથી ચાહતા ? ત્યારે સત્યભામા અને રૂક્મણી કહે છે દિયરજી ! અમે તો તમારી ભાભીઓ છીએ પણ તમારી પત્ની હોય તો વધુ ફેર પડે ને ? પત્ની અને ભાભી વચ્ચે ફરક છે. આ રીતે ઘણું કહેવા છતાં નેમકુમાર લગ્નની હા પાડતા જ નથી. આમ કરતા રૈવતગિરિ ઉપર પહોંચ્યા ને સઘળા સ્ત્રી પુરૂષો વસંતોત્સવ ઉજવવા લાગ્યા. તેમાં કેટલીક સ્ત્રીઓ વસંતઋતુને અનુકૂળ ગીતો મધુર સ્વરે ગાવા લાગી, કેટલીક સ્ત્રીઓ વાજિંત્રો વગાડતી હતી અને કેટલીક સ્ત્રીઓ ટોળેટોળા મળીને નૃત્ય કરતી હતી અને પુરૂષો પણ સ્ત્રીઓની ક્રીડા જોઈને આનંદ પામતા હતા ને પોતે પણ ક્રીડામાં ભાગ લેતા હતા.

કૃષ્ણ વાસુદેવ અને તેમની મુખ્ય આઠ પટ્ટરાણીઓ પણ વસંતોત્સવની મોજ માણતા હતા. તેમાં પટ્ટરાણીઓ તેમજ બીજી ઘણી રાણીઓ નેમકુમારને ઘેરીને ઉભી રહેતી અને નેમકુમારને લગ્નની ઇચ્છા થાય તેવી મોહભરી વાતો કરતી ને સાથે સાથે પૂછતી હતી કે દિયરજી ! આવતા વસંતોત્સવ વખતે તો તમે પણ અમારી દેરાણી સહિત જ હશો ને ?

દેરાણી વિના તમે સૂના લાગો છો. દેરાણી હોય તો કેવા શોભી ઉઠો ! જુઓ, આ વૃક્ષ પણ કયારે શોભે છે ? ફળ, ફૂલ અને પાંદડા હોય ત્યારે ફળ, ફૂલ અને પાંદડા વિનાનું ઝાડ ઠુંઠું લાગે છે તેમ સ્ત્રી વિનાનો પુરૂષ ઠૂંઠા ઝાડ જેવો લાગે છે. આ રીતે કૃષ્ણજીની રાણીઓ નેમકુમારની મજાક ઉડાવવા લાગી.

કૃષ્ણપ્રભુની સૌ નારીઓ, એ છે પૂરી કામણગારી,
વિવાહની વાતો કરીને, મન ડોલાવવા લાગી....મન...(૨)

કૃષ્ણજીની રાણીઓએ નેમકુમારને અનેક પ્રકારના હાસ્ય અને મોહભર્યા વચનોથી પીગળાવવાના પ્રયત્નો કર્યા, પણ નેમકુમાર આ બાબતમાં નિશ્ચલ રહ્યા. જેનામાં કામ-વિકારનો થોડો ઘણો પણ અંશ હોય તે જ આવી બાબતોમાં વિચલિત બને છે પણ આ તો મેરૂની જેમ અડોલ હતા એટલે એમના મનમાં વિકારનો અંકુરો ફૂટતો નથી. એ તો નિર્વિકારપણે વસંતોત્સવની લીલા જોવા લાગ્યા. આવા મોહભર્યા વાતાવરણમાં નેમ-કુમારના મનને નિર્વિકાર જોઈને કૃષ્ણજીને ખૂબ આશ્ચર્ય થયું. વસંતોત્સવ પૂરો થતાં સૌ રૈવતગિરિ ઉપરથી પાછા ફર્યા. સમય જતાં પાછા ફરીને કૃષ્ણવાસુદેવ વનક્રીડા અને જળ-ક્રીડા કરવા માટે પોતાની રાણીઓની સાથે નેમકુમારને લઈને રૈવતગિરિ ઉપર ગયા. ત્યાં પણ અરિષ્ટનેમિકુમાર નિર્વિકારપણે વનક્રીડા અને જલક્રીડા જોવા લાગ્યા. આ સમયે અવસર જોઈને રૂક્મણી તથા સત્યભામા આદિ આઠે પટ્ટરાણીઓ નેમકુમારને ફરતી વીંટળાઈ વળી. તેમાં સૌથી પ્રથમ રૂક્મણીજી નેમકુમારની પાસે આવીને બોલ્યા.

હે લાડકા દિયરીયા ! તમે શું ચિંતામાં પડયા છો ? આટલા બધા આનંદ અને ઉત્સવમાં તમે મૌન લઈને કેમ બેઠા છો ? મને તો લાગે છે કે તમારા મનમાં એમ થતું હશે કે આ બધા મને પરણવાનું કહે છે પણ હું પરણીને નવવધૂનો નિર્વાહ કેવી રીતે કરી શકીશ ? તેની તમને ચિંતા થતી લાગે છે. તેથી તમે પરણવાની ના પાડો છો પણ તમારો આ વિચાર અમને યોગ્ય લાગતો નથી. કારણ કે તમારા ભાઈ તો મહાન સમર્થ પુરૂષ છે. તે તમારી નવવધૂનો નિર્વાહ કરશે. જેઓ બત્રીસ હજાર સ્ત્રીઓને નભાવે છે તે શું તમારી નવવધૂને નહિ નિભાવે ? તમે આવી ચિંતા શા માટે કરો છો ? એ ચિંતા છોડીને લગ્ન કરવાની હા પાડો. ત્યાં સત્યભામા કહે છે.

ऋषभ मुख्य जीनाः करपीडनं, विदधिरे दधिरे च महीशताम् ।
बुभुजीरे विषयानुदभावयन, सुतनिान शिवमप्यथलेभिरे ।
त्वमसि किंनु नवोऽद्य शिवगमी, भृशमरिष्टकुमार विचाराय ।
कलय देवर ! चारुगृहस्थतां, रचयवन्धू मनस्स् च सुस्थताम् ॥

સત્યભામાએ ટોણો મારતા નેમકુમારને કહ્યું અહો દિયરજી ! તમે જ એક નવા

મોક્ષગામી નથી થયા કે જે આ પ્રકારથી પોતાના બંધુજનોના ચિત્તમાં અસ્વસ્થતા ઉત્પન્ન કરી રહ્યા છો પણ તમે જરા સમજો કે તમારા પહેલા ઋષભદેવ ભગવાન આદિ તીર્થંકરો થઈ ગયા છે તેમણે પણ વિવાહ તો કર્યા છે ને આ પૃથ્વીનું એકછત્ર રાજ્ય પણ ભોગવ્યું છે. તેમને પુત્ર-પુત્રી આદિ પરિવારની પ્રાપ્તિ પણ થઈ છે અને અંતમાં ભુક્ત ભોગી બનીને તેમણે દીક્ષા લીધી છે ને મોક્ષમાં ગયા છે. માટે હે નેમકુમાર ! તમે આ બાબતમાં કંઈક વિચાર કરો ને સમજો. ગૃહસ્થ બન્યા સિવાય જીવન સુંદર બની શકતું નથી. તો તમે તમારા ભાઇને શા માટે નકામી ચિંતા કરાવો છો ? હવે તમે માની જાઓ.

હવે ત્રીજી જાંબુવતી કહે છે દિયરજી ! તમે આ તે કેવી નવી રીત ચલાવી રહ્યા છો. તમે તો હરિવંશના વિભૂષણ છો. લગ્ન કરીને પુત્રપ્રાપ્તિ નહિ કરો તો આ હરિવંશની પરંપરા કેવી રીતે ચાલશે ? મુનિસુવ્રત નાથ પણ આ જ વંશના એક વિભૂષણ થયા છે. તેમણે પણ વિવાહ કર્યા હતા ને તેમને એક પુત્ર પણ હતો. પછી તેમણે દીક્ષિત થઇને મુક્તિ પ્રાપ્ત કરેલ છે.

હવે ચોથી પદ્માવતી કહે છે દિયરજી ! સ્ત્રી વગરના પુરૂષની કોઈ શોભા નથી અને સ્ત્રી વગરના પુરૂષનો કોઈ વિશ્વાસ કરતું નથી, તથા સ્ત્રી વગરના પુરૂષને લોકો નપુંસક કહે છે. આ માટે પણ તમે લગ્ન કરો. આ પ્રમાણે એકેક પટ્ટરાણી નેમકુમારને સમજાવે છે ને તેમના મુખ સામું જોતી જાય છે કે કંઈક કરતાં નેમકુમારનું મુખ મલકે છે કે એ માથું ધુણાવે છે તો આપણે આપણા કાર્યની સફળતા માનીએ. ઘણી વખત એવું બને છે કે પોતાને અનુકૂળ વાત આવે છે તેમાં બંધ બેસતી પાઘડી પહેરી લે છે.

એક નગરમાં એક શેઠ રહેતા હતા. એમને ધર્મનું નામનિશાન ગમે નહિ. ન કોઈ દિવસ સંતના દર્શન કરે, ન રાતી પાઈ દાનમાં વાપરે, કે ન કોઇ દિવસ નવકારશી જેવું તપ કરવું ગમે. નામ તો ભગવાનદાસ હતું પણ ભગવાનનું નામ લેવું એમને ગમતું ન હતું. શેઠના શેઠાણી ખૂબ ધર્મીષ્ઠ હતા. એ રોજ શેઠને ધર્મ કરવા ટકોર કરતા પણ શેઠ સાંભળે જ નહિ. હવે શેઠને કેવી રીતે સમજાવવા એ માટે શેઠાણી લાગ જોતા હતા. એક વખત કોઈ મહાન જ્ઞાની અને પ્રખર વિદ્વાન સાધુ પધાર્યા. એમનું વ્યાખ્યાન સાંભળવા જેવું હતું. ઘણાં લોકો દૂર દૂરથી વ્યાખ્યાન સાંભળવા માટે આવતા. શેઠાણીના મનમાં થયું કે જો એકાદ દિવસ શેઠ આવે તો કંઈક ધર્મ પામે. એ ધર્મ પામશે તો દાન દેશે, સંતના દર્શન કરશે, બ્રહ્મચર્ય પાળશે ને તપ પણ કરશે. એમનો જન્મારો સુધરી જશે. આવો વિચાર કરીને શેઠાણીએ નમ્રતાપૂર્વક શેઠને કહ્યું સ્વામીનાથ ! એક દિવસ મહારાજનું વ્યાખ્યાન સાંભળો. શેઠાણીના ખૂબ આગ્રહથી શેઠ વ્યાખ્યાનમાં આવીને બેઠા. ત્યાં પ્રસંગોપાત વ્યાખ્યાનમાં એક દૃષ્ટાંત આવ્યું.

એક ઉંદર જમીન ખોદતો હતો. ત્યાં એક માણસ સૂતો હતો. તે ખોદવાના અવાજથી

જાગી ગયો અને ઉંદરને બોદતો જોઈને બોલ્યો કે "બર બર બોદત હૈ". આ અવાજ સાંભળીને ઉંદરે ઉંચું જોયું. ઉંદર તિર્યંચ છે પણ એને સંજ્ઞા તો છે ને ? એટલે બોલનારના ભાવ ઉપરથી સમજી શકે છે કે આ મને કંઈક કહેવા માંગે છે તેથી ઉંદરે ઉંચું જોયું, ત્યારે તે માણસ ફરીને બોલ્યો કે "ઉંચી ડોકે દેખત હૈ". પછી ઉંદર શાંતિથી બેઠો એટલે પેલો માણસ બોલ્યો કે "જકડ મકડ કર બેસત હૈ". તેથી ઉંદરે દોટ મૂકી એટલે કહ્યું કે "દડબડ દડબડ દોડત હૈ". શેઠે આ દૃષ્ટાંત સાંભળ્યું. શેઠને બીજી કોઇ તત્ત્વની વાત યાદ ન રહી પણ પેલા માણસે ઉંદરને કહેલા ચાર વાકયો યાદ રહ્યા. એ ભૂલાઈ ન જાય તે માટે આખો દિવસ તેનું રટણ કર્યા કર્યું.

શેઠે અનિચ્છાએ વ્યાખ્યાન સાંભળ્યું છે, પણ બનવા જોગ એવું બન્યું કે શેઠ રાત્રે સૂતા હતા ને ચોર એમને ઘેર ખાતર પાડવા માટે આવ્યા. કરામાં બાકોરું પાડવા બેઠે છે. આ શેઠને ખબર નથી કે મારે ઘેર ચોર આવ્યા છે. એ તો ઉંઘમાં ઉંદરના દૃષ્ટાંતમાં સાંભળેલા વાકયો મોટેથી બોલ્યા કે "બર બર બોદત હૈ" આ શબ્દો સાંભળીને ચોરના મનમાં થયું કે આ શેઠ જાગતા લાગે છે. એમ કહીને ઉંચુ જોયું ત્યાં શેઠ ઉંઘમાં ને ઉંઘમાં ફરીને બોલ્યા કે "ઉંચી ડોકે દેખત હૈ". આ સાંભળીને ચોરના મનમાં થયું કે હમણાં કંઈ બોદવું નથી. શાંતિથી લપાઈને બેસી જઈએ, એટલે ખબર પડશે કે શેઠ જાગે છે કે ઉંઘે છે ? ત્યાં તો શેઠજી બોલ્યા "જકડ મકડ કર બેસત હૈ". આ સાંભળીને ચોરને ખાત્રી થઇ કે નક્કી આ શેઠ જાગે છે. માટે જલ્દી ભાગો. નહિતર પકડાઈ જઇશું. એમ કહીને દોડવા જાય છે ત્યાં શેઠ બોલ્યા કે "દડબડ દડબડ દોડત હૈ". આ સાંભળીને ચોરો તો જીવ લઈને ઉભી પૂંછડીએ નાઠા. એવા નાઠા કે પાછું વાળીને જોયું જ નહિ. આ શેઠ તો ઉંઘમાં બોલ્યા હતા. એમને ખબર નથી કે મારે ઘેર ચોરો ખાતર પાડવા આવ્યા હતા પણ ઘરમાંથી એક પણ ચીજ ચોરાઈ નથી તેથી શેઠના મનમાં થયું કે મહારાજે જે ચાર વાકયો કહ્યા હતા તેનું મેં રટણ કર્યું તેનો પ્રભાવ પડયો કે મારે ઘેર ચોર આવ્યા પણ ધન ચોરી શકયા નહિ. અનિચ્છાથી સાંભળવા ગયો તો આટલો બધો લાભ થયો તો શ્રદ્ધા અને સમજણપૂર્વક સાંભળવાથી કેવો મહાન લાભ થાય ? પછી શેઠને ધર્મ ઉપર સાચી શ્રદ્ધા થઈ ને જીવન સુધરી ગયું. શેઠાણીએ શેઠને જેમ આગ્રહ કર્યો હતો તેમ કૃષ્ણવાસુદેવની પટ્ટરાણીઓ નેમકુમારને પરણાવવાને માટે ખૂબ આગ્રહ કરે છે. સ્હેજે હકાર ભણે તો પણ આપણે એને સાચું કરી બતાવીએ પણ ચાર ચાર પટ્ટરાણીઓએ સમજાવવા છતા નેમકુમાર કંઈ જવાબ આપતા નથી. હજુ બીજી ચાર પટ્ટરાણીઓ નેમકુમારને સમજાવશે ને પછી શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર : રાજાના માણસો જિનસેનકુમારને બોલાવવા માટે ગયા એટલે તરત તે ત્યાં આવ્યો અને પ્રધાન પાસે આવીને કહ્યું–કાકા ! મને કેમ યાદ કર્યો ? એટલે પ્રધાન આંહ

સરદારોએ કહ્યું કે તમારા નાનાભાઇની જાનમાં અગ્રેસર બનીને આવવાનું છે. તેથી તમને બોલાવ્યા છે. માટે તમે જલ્દી તૈયાર થઈ જાઓ. આ સમયે જિનસેનકુમાર નમ્રતાપૂર્વક પ્રધાનને કહે છે કાકા ! મારા ભાઇના લગ્નમાં મારે આવવું જોઇએ પણ હું મારી માતાની આજ્ઞા વિના નહિ આવું, કારણ કે માતાપિતા કહું કે ભગવાન કહું જે કહું તે મારી માતા છે. એનો મારા ઉપર મહાન ઉપકાર છે. માટે માતાની આજ્ઞા વિના હું એક કદમ પણ નહિ ભરી શકું, એટલે પ્રધાન આદિ મુખ્ય માણસો ભેગા થઇને જિનસેના રાણી પાસે આવ્યા ને હાથ જોડીને કહે છે મહારાણી ! તમે વિવાહના શુભ કાર્યમાં પધારો. આ સાંભળી જિનસેના રાણી કહે છે કે

કિસકા બ્યાવ હૈ મંત્રીજી, થેં કયોં કરો મનવાર,
મંત્રી બોલે રામસેનકા, બ્યાવ મંડા સુખકાર.

પ્રધાનજી ! કોના વિવાહ ને શું વાત છે ? મને તો કાંઇ અબર પણ નથી ને તમે મને લગ્નમાં આવવાની વાત કરો છો ? પ્રધાને કહ્યું મહારાણીજી ! વિજયસેન રાજાની કુંવરી સાથે રામસેનની સગાઇ થઇ છે ને હવે લગ્ન માટે જાન લઇને જવાનું છે માટે તમે રાજમહેલમાં પધારો ને જિનસેનકુમારને જાનમાં આગેવાન બનાવવાનો છે માટે તમે જલ્દી આજ્ઞા કરો કે જેથી અમે જાન લઇને જઇએ. ત્યારે જિનસેના મહારાણીએ કહ્યું કે પ્રધાનજી ! તમે કોના વતી અમને આમંત્રણ આપવા આવ્યા છો ? જેને ઘેર વિવાહ છે તેને તો અમારી જરૂર નથી. અમે એમને દીઠા ગમતા નથી. રત્નવતી કે રામસેન અમને આમંત્રણ આપવા આવ્યા નથી. તો જ્યાં અમારું માન સન્માન ન હોય ત્યાં અમારે કેવી રીતે જવું ? તમે રત્નવતીના તરફથી ભલે આમંત્રણ આપવા આવ્યા પણ અમારે આવવું નથી. પ્રધાનજી કહે–મહારાણીજી ! આમ ન ચાલે. કુંવરને મોકલો. આબરૂનો સવાલ છે.

જિનસેના રાણીએ કહ્યું પ્રધાનજી ! જો રાજ્યનું કોઇ કામ હોત અગર કોઇ શત્રુ ચઢી આવ્યો હોત અને રાજ્યનું રક્ષણ કરવા માટે તમારે જિનસેનકુંવરને લઈ જવો હોત તો વગર પૂછે મારી ના નથી. ખુશીથી મોકલવા તૈયાર છું, પણ રામસેનના લગ્નમાં હું તેને મોકલવાની નથી. રત્નવતીને અમારા ઉપર કેવો પ્રેમ છે એ શું તમે નથી જાણતા ? કે મને આટલી બધી વિનંતી કરો છો ? અને ત્યાં લઇ જઇને પણ એમ જ કહેવડાવવું છે ને કે આ અણમાનીતી રાણીનો દીકરો છે. મારે મારા દીકરાનું માન ગુમાવવા મોકલવો નથી. તમે તમારે ખુશીથી જાઓ.

"જિનસેનાનો પડકાર ભર્યો જવાબ સાંભળીને પાછો વળેલો પ્રધાન" :- પ્રધાનજી ! જેને ઘેર લગ્ન છે તેને ગરજ હશે તો આવશે. તમારે અમને મનાવવા આવવાની જરૂર નથી. હું રાજાની રાણી છું. અમે મા દીકરો આ બગીચામાં એકલા પડ્યા

રહીએ છીએ. અમે ભૂખ્યા છીએ કે તરસ્યા છીએ અમારી કોણ ખબર લેનાર છે! કે અત્યારે તમે બોલાવવા આવ્યા છો? રત્નવતીને કહી દેજો કે એને સો વાર ગરજ હોય તો બોલાવવા આવે. મારો દીકરો કંઈ વધારાનો નથી કે તરત મોકલી દઉં. આ પ્રમાણે જિનસેના રાણીએ પ્રધાનને સાફ શબ્દોમાં કહી દીધું એટલે બધા રત્નવતી રાણી પાસે આવ્યા ને કહ્યું કે મહારાણી! આપના રામસેનકુમારને સારી રીતે પરણાવવો હોય તો તમે જિનસેના રાણી પાસે જાઓ ને તેમને મનાવો. તમારા ગયા વિના એ માને તેમ નથી. એ તો જિનસેનકુમારને મોકલવાની ચોખ્ખી ના પાડે છે. રત્નવતી તો અભિમાનથી ભરેલી હતી. એ તો પહેલેથી કોઇને નમતી નથી. એ જિનસેનાને નમતી કેવી રીતે જાય? એને જિનસેના રાણી અને જિનસેનકુમારને મનાવવા જવાનું બિલકુલ મન નથી, પણ ગરજે ગધેડાને બાપ કહેવો પડે તેમ રત્નવતી મન વગર કેવી રીતે મનાવવા જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

●

વ્યાખ્યાન નં. ૬૪

ભાદરવા વદ ૭ ને શનિવાર **તા. ૨૩-૯-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! આપણે બાવીસમા અધ્યયનનો અધિકાર ચાલે છે. ગઈ કાલે ચાર પટ્ટરાણીઓએ નેમકુમારને શું શું કહ્યું તે વાત કરી હતી. હવે બાકીની ચાર પટ્ટરાણીઓ શું કહે છે તે વાત આજે કરીએ.

પાંચમી પટ્ટરાણી ગાંધારી કહે છે દિયરજી! તમે આ શું લઈ બેઠા છો કે મારે પરણવું નથી. પરણ્યા વિના તો કંઈ ચાલતું હશે! મારી વાત સાંભળો.

संसारयात्रा शुभ संग सार्थ, पर्वोत्सवा वेश्यविवाह कृत्यम् ।
उद्यानलीला कमला विलासहः, शोभन्त विनाऽङ्गनां नो ॥

લાડકા દિયરીયા! તમે તો અમને સાવ ભોળા લાગો છો, પણ સંસારનું કાર્ય આવા ભોળપણથી ચાલતું નથી. સંસારમાં દયા, દાન વિગેરે શુભ કાર્યો કરવા, સૌના સંગમાં રહેવું, પર્વો-તહેવારોને ઉજવવા, ઉત્સવો કરવા વિગેરે કાર્યો સ્ત્રી વિના સુંદર લાગતા નથી. આથી જીવનમાં ઘરની શોભારૂપ સ્ત્રી હોવી જોઇએ. સ્ત્રી વિના ઘર શોભતું નથી. વિવાહ, ઉત્સાહ વિગેરે પ્રસંગોમાં સ્ત્રી સાથે હોય તો આનંદ આવે છે. ઉપવનની ક્રીડા પણ સ્ત્રી વિના શોભતી નથી તેમજ લક્ષ્મીનો આનંદ અને વિલાસ પણ સ્ત્રી વિના મળી શકતો નથી, અર્થાત્ સ્ત્રી વિના લક્ષ્મી પણ ફિક્કી લાગે છે.

છઠ્ઠી ગૌરી પટ્ટરાણી કહે છે દિયરજી! તમારું આ ઉદાસીનપણું જોઇને અમને તો

અપાર દુઃખ થાય છે. આ સંસારમાં જ્યાં જુઓ ત્યાં સ્ત્રીની મહત્તા છે. તિર્યંચ અજ્ઞાની પશુ પક્ષીઓ પણ આખો દિવસ રઝળી રખડીને સાંજે પોતાના સ્થાન પર આવે છે ત્યારે તે પણ પોતાની પત્નીની સાથે આનંદથી મનોરંજન કરે છે. તો તમને અમે આટલું બધું સમજાવીએ છીએ છતાં કેમ સમજતા નથી ? તમે એ પશુ–પક્ષીઓથી પણ વધારે અજ્ઞાન કેમ બની ગયા છો ?

ત્યાં સાતમી લક્ષ્મણા રૂમઝુમ કરતી આવીને કહે છે દિયરજી ! આમ શું કરો છો ? અમારા સામું તો જુઓ. બીજી વાત તો આજુમાં મૂકો પણ કોઈ વખત તમારી તબિયત બરાબર ન હોય તો સેવા સુશ્રૂષા કરવા માટે જો એક સ્ત્રી ઘરમાં હોય તો બધું જ કરે. પુરૂષને માટે વિશ્વાસપાત્ર અને પ્રેમપાત્ર જો કોઇ હોય તો તે પોતાની અર્ધાંગના છે. પતિ કોઈ વખત આપત્તિમાં ફસાઈ ગયો હોય ત્યારે ડાહી અને વિચક્ષણ સ્ત્રી હોય તો પતિને સહાયતા અને પ્રસન્નતા આપે છે. આ માટે પણ સ્ત્રીની જરૂર છે.

ત્યાં આઠમી સુસીમા પટ્ટરાણી નેમકુમારની પાસે આવીને બોલી દિયરજી ! હું તમને પૂછું છું કે તમારે ઘેર કોઇ મહેમાન આવશે ત્યારે જો તમારા ઘરમાં સ્ત્રી નહિ હોય તો એમની આગતા સ્વાગતા કોણ કરશે ? અગર કોઇ સાધુ મુનિરાજ પધારશે તો તેમને આહાર પાણી કોણ વહોરાવશે ? આ કામ કંઈ પુરૂષનું નથી, સ્ત્રીઓનું છે. ઘરને સ્વચ્છ અને સુઘડ રાખવાનું કામ પણ સ્ત્રીઓનું છે. તમારું નથી. માટે અમારું બધાનું કહેવું માનીને તમે જીવનસાથીની કન્યા સાથે વિવાહ કરો લો. પ્રિયા વગર આ સઘળું કામ તમારાથી ચાલશે નહિ.

આ રીતે કૃષ્ણજીની આઠે આઠ પટ્ટરાણીઓએ નેમકુમારને જુદી જુદી રીતે સમજાવ્યા તો પણ માન્યા નહિ. નેમકુમાર જ્ઞાની હતા. એ સમજી ગયા કે મને પરણાવવા માટે જ મારા ભાઈ અને ભાભીઓએ આ કાર્યક્રમ ગોઠવ્યો લાગે છે, પણ એ તો બધું નાટક જોયા કરે છે. બધાએ જાણ્યું કે નેમકુમાર કોઇ રીતે સમજે તેમ નથી, ત્યારે બધી રાણીઓ ભેગી થઈને નેમકુમારની ઠઠ્ઠા મશ્કરીઓ કરે છે તો પણ નેમકુમારને તેની કંઇ અસર ન થઈ, પણ મનમાં વિચાર કરવા લાગ્યા કે અહો ! આ સંસારી જીવોની કેવી મોહદશા છે ! આવા વિચારથી તેમને જરા હસવું આવી ગયું. મુખડું મલકાઈ ગયું. આ જોઈને સત્યભામા, રૂક્મણી આદિ પટ્ટરાણીઓએ ચોકઠું બેસાડી દીધું ને આનંદમાં આવીને મોટેથી બોલી ઉઠી કે માન્યા.... માન્યા... નેમ માન્યા. એમણે વિવાહ કરવાની સંમતિ આપી. આમ કહીને ખૂબ આનંદમાં આવી ગઈ, અને કૃષ્ણજી પાસે આવીને કહેવા લાગી કે નેમકુમારે વિવાહ કરવાની સ્વીકૃતિ આપી દીધી. એ માની ગયા છે. આ શુભ સમાચાર સાંભળીને કૃષ્ણજી બલભદ્રજી વિગેરે યાદવોને ખૂબ આનંદ થયો, અને બધા રૈવતગિરિથી ઉતરીને દ્વારકામાં આવ્યા.

કૃષ્ણવાસુદેવ તો સીધા સમુદ્રવિજય રાજા અને શીવાદેવી રાણી પાસે આવ્યા ને

કહ્યું કાકા-કાકી ! આપણું કાર્ય સફળ થયું. આનંદે આનંદ. નેમકુમારને વિવાહ કરવા માટે મનાવી દીધા છે એટલે હવે આપણે વિવાહની તૈયારી કરવાની મંગલ શરૂઆત કરો. આ સાંભળીને સમુદ્રવિજય રાજા અને શીવાદેવી માતાનું હૈયું હર્ષથી નાચી ઉઠ્યું. તેમના આનંદનો પાર ન રહ્યો. કૃષ્ણ વાસુદેવને બે પ્રકારે આનંદ થયો. એક તો કાકા કાકીએ જે કાર્ય શ્રદ્ધાપૂર્વક સોંપ્યું હતું તે સફળ થયું. અને બીજું હવે નેમકુમાર જે મારાથી બળવાન છે તે લગ્ન કરશે એટલે એની શક્તિ હણાઈ જશે. કૃષ્ણ જેવા મહાનપુરૂષને પણ કેવો વિચાર આવ્યો ! આ બધી મોહની વિટંબણા છે બ્રહ્મચર્યમાં તો મહાન તાકાત રહેલી છે.

જે પુરૂષ અગર સ્ત્રી અખંડ બ્રહ્મચારી હોય છે તેનામાં અજબ ગજબની શક્તિ રહેલી છે. બ્રહ્મચારી આત્માઓ શક્તિના પ્રભાવથી આખી દુનિયાને ડોલાવી નાંખે છે. બ્રહ્મચારી એ ભગવાન તુલ્ય છે. એક બ્રહ્મચર્યની પાછળ અનેક ગુણો પ્રાપ્ત થાય છે. પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં ભગવંતે બ્રહ્મચર્યનો મહિમા બતાવતા કહ્યું છે કે "एगंमि बंभचेरे जमिय आराहियंमि आराहियं वयमिणं सव्वं सीलं तवो य, विणओ य, संजमो य, खंती, मुत्ती, मुत्ती तहेवय इहलोइय, पारलोइय, जसे य कित्ती य पच्चओ य तम्हा णिहुएण बंभचेरं चरियव्वं ।" એક બ્રહ્મચર્યની આરાધના કરવાથી શીયળ, તપ, વિનય, સંયમ, ક્ષમા, નિર્લોભિતા, ગુપ્તિ આદિ બધા ગુણોની આરાધના થઈ જાય છે, અને આ પ્રમાણે આ લોક અને પરલોકમાં યશ, કીર્તિ અને વિશ્વાસની પ્રાપ્તિ થાય છે, તેથી નિશ્ચલ ભાવે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. સર્વ પ્રકારના દુઃખોના મૂળનો નાશ કરવા માટે પણ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું જરૂરી છે.

બ્રહ્મચર્યના પ્રભાવથી અગ્નિ પાણી સમાન શીતળ બની જાય છે. સર્પ ફુલની માળા, ઝેર અમૃત તુલ્ય, વિઘ્ન મહોત્સવ રૂપ, શત્રુ મિત્ર સમાન, મોટો સમુદ્ર ખાબોચીયા જેવો અને જંગલ મંગલ બની જાય છે. બ્રહ્મચર્ય જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, સમ્યકૂત્વ અને વિનયનું મૂળ છે. સર્વ તપોમાં બ્રહ્મચર્ય એ શ્રેષ્ઠ તપ છે. બ્રહ્મચર્ય એ તો એક અસાધારણ જડીબુટ્ટી છે. આપણા શરીરનો રાજા વીર્ય છે. બ્રહ્મચર્ય એનું એવું સુંદર સંરક્ષણ અને વર્ધન કરે છે કે એ ઓજસ બધી ઈન્દ્રિયો અને ગાત્રોમાં ફેલાઈ જઈને અદ્‌ભૂત સ્ફુર્તિ દેખાડે છે, શરીરમાં તેજ અને બળ વધારે છે અને મનની શક્તિ વધારે છે. ત્યારે અબ્રહ્મચર્યના સેવનથી વીર્યશક્તિનો નાશ થઈ જવાથી શરીરમાં અનેક રોગોને ઉભા થવાનો અવકાશ મળે છે. બહારના પ્રતિકૂળ નિમિત્તો સામે ટકવા માટે અંદરની વીર્યશક્તિ જરૂરી હોય છે. પણ વિષયોની આસક્તિથી એ વીર્યશક્તિ નષ્ટ થઈ જતાં એ પ્રતિકૂળ નિમિત્તો શરીર ઉપર માઠી અસર કરી જાય છે, એના પરિણામે શરીરમાં કોઈને કોઈ વ્યાધિ ઉભી થાય છે, શરીરમાં રોગ વધતા મન અસ્વસ્થ અને વિહ્વલ બને છે, એટલે આત્મિક શાંતિ-સમાધિ જાળવવી મુશ્કેલ બને છે. પછી હલકા વિચાર, સંતાપ, તામસી પ્રકૃતિ

વિગેરે ઉભા થાય છે, અને પરિણામે એ અનુસાર મનના પરિણામ પ્રમાણે કર્મનો બંધ થાય છે. મનના પરિણામ બગડતાં અશુભ કર્મબંધ થાય છે ને તે ભોગવતાં જીવને મહાન દુઃખ ભોગવવું પડે છે. આવા દુઃખદ પરિણામમાંથી બ્રહ્મચર્ય બચાવી લે છે.

દેવાનુપ્રિયો ! બ્રહ્મચર્ય પાલનમાં કેવા કિંમતી લાભો સમાયેલા છે. તમે તો લાભના જ ઇચ્છુક છો ને ? તો આ મહાન લાભ ચૂકશો નહિ. જરા વિચાર કરો ને ધ્યાનમાં રાખો કે ઇન્દ્રયોના ક્ષણિક સુખની કોઈ કિંમત નથી. એના વિકારોના આવેગ ક્ષણિક છે. ક્ષણિક આવેગને રોકવામાં મનને સમજાવીને મજબૂત કરવાનું હોય છે. બાકી કોઈ શારીરિક તકલીફ પડતી નથી. ઇન્દ્રિયોના ઘોડા છૂટા મૂકવાથી તો આ ભવમાં રોગાદિ અને પરભવે દુષ્કર્મના ઉદયથી જે પીડાઓ ઉત્પન્ન થાય છે તેમાં ત્રાસ અને તકલીફનો પાર રહેતો નથી. વિષય વાસનામાં રક્ત રહેનારા મનુષ્યોને જ્યારે કર્મનો ઉદય થતાં પીડા, આફત કે દુઃખ આવીને ઉભા રહે છે ત્યારે હાય....હાય કરે છે. મને બચાવો....બચાવો.... એવી કારમી ચીસો પાડે છે. એક દૃષ્ટાંત આપીને તમને સમજાવું.

એક નવાબી રાજ્ય હતું. નવાબ ઘણા ન્યાયી અને પવિત્ર હતા. એનો ફોજદાર મુસલમાન હતો. તે વિષયાંધ હતો. ફોજદારપણું તો બરાબર બજાવતો હતો. કયાંય ગુનો ન થાય તે માટે ખૂબ સાવધાની રાખતો અને બધા ઉપર ખૂબ કડકાઈ રાખતો પણ પોતે દુરાચારના ગુન્હા કરતો, કારણ કે વિષયમાં અંધ હતો. આ ફોજદાર વિષય વાસનામાં મસ્ત રહેતો હતો. ગામમાં કયાંય નવી વહુ આવી છે ? અગર બીજે કયાંય દાવ લાગે એવો છે ? એની તપાસ કર્યા કરતો હતો. ગામમાં કેટલીય સ્ત્રીઓને ફસાવીને એણે શીયળ ખંડન કર્યું હતું. ઘણી સ્ત્રીઓને એ હેરાન કરવા લાગ્યો પણ કોઈ નવાબ સુધી આ વાત પહોંચાડતું નથી. એક વખત ગામમાં એક લુવાણાના દીકરાનું લગ્ન થયું. નવી વહુ પરણીને આવી. ફોજદારને આ વાતની ખબર પડી એટલે ફોજદારે એને ઘેર છોકરાને કહેવડાવ્યું કે હું રાતના તારે ઘેર આવવાનો છું. માટે તું ઘરમાં રહેતો નહિ, અને ઘરમાં રહીશ તો તારા બાર વાગી જશે. લવાણાની પત્ની ક્ષાત્રયાણી જેવી શૂરવીર હતી. એને આ વાતની ખબર ન હતી. રાત પડી એટલે એનો પતિ બહાર જવા તૈયાર થયો, ત્યારે એની પત્ની પૂછે છે નાથ ! કયાં જાઓ છો ? ત્યારે એના પતિએ બધી વાત કરી એટલે સ્ત્રી કહે છે આ શું ? પતિ કહે છે આ ગામમાં એનું જ રાજ્ય ચાલે છે, એટલે આપણાથી હા કે ના કંઈ બોલાય જ નહિ. બોલીએ તો મારી જ નાંખે.

શીયળ સાચવવા કરતી પ્રભુને પ્રાર્થના :– પત્ની કહે છે કે તો શું તમારે મારું શીયળ ભંગાવવું છે ? પતિ કહે છે હું શું કરું ? હું શું કરું એટલે શું ? તમને શરમ નથી આવતી ? જો તમારામાં આટલી પણ શક્તિ ન હતી તો મરદ બનીને મારો હાથ પકડવા શા માટે આવ્યા હતા ? શું તમે ચૂડીઓ પહેરી છે ? નહિ જવા દઉં. ઉભા

રહો અહીં. એ દુષ્ટ આવે એટલે એને કાઢી મૂકજો. પતિ કહે છે એમાં આપણું કંઈ ન ચાલે. તું એને ઓળખતી નથી. એ માણસ નથી પણ રાક્ષસ છે. હવે એને આવવાનો સમય થયો છે માટે મને જવા દે. નહિતર એ મને અહીં ને અહીં જ પૂરો કરી નાંખશે ને તારો ચુડો ભાંગવાનો વખત આવશે. એમ કહીને એ તો ચાલ્યો ગયો ને બાઇ ચિંતાતુર બનીને ભગવાનને પોતાનું શીયળ ચોખ્ખું રાખવા પ્રાર્થના કરવા લાગી.

શીલનો ચમત્કાર :– એટલામાં પેલો વિષયાંધ ફોજદાર આવી પહોંચ્યો. આ તો શૂર વીર ને ધીર હતી. અત્યાર સુધી જે જે સ્ત્રીઓના શીયળ લૂંટ્યા તેના જેવી કરપોક ન હતી. જેવો તેની સામે બળાત્કાર કરવા આવ્યો તેવી સિંહની જેમ ગર્જના કરીને નીડરતાથી બોલી–દુષ્ટ ! મારાથી દૂર ઉભો રહેજે. જો મને અડીશ તો બાળીને ભસ્મ કરી નાંખીશ. ફોજદાર થઇને પ્રજાનું રક્ષણ કરવાને બદલે તું ભક્ષણ કરવા ઉઠ્યો છે ? તને જરા પણ શરમ નથી આવતી ? બાઇની કરડી આંખ જોઇને ફોજદાર ધ્રુજી ઉઠ્યો. એની પાસે જવા ઘણાં ઘણાં પ્રયત્નો કર્યા પણ એ જઇ શક્યો નહિ. એના પગ પાછા પડ્યા ને ભયભીત બનીને ચાલ્યો ગયો. એના ગયા પછી થોડી વારે એનો પતિ આવ્યો. એને બધી વાત કરી અને કહ્યું કે હું તો પ્રભુની શ્રદ્ધાથી મજબૂત બની તો મારું શીયળ અખંડિત રહી ગયું પણ મારી કેટલીય બહેનોના આ પાપીએ શીયળ લૂંટ્યા હશે ! એ દુષ્ટને કોઇ કહેનાર નથી, પણ હું તો એને બરાબર બતાવી દઇશ. એના પતિને કહે છે ચાલો ઉઠો, અત્યારે ને અત્યારે નવાબ પાસે જઇને ફરિયાદ કરીએ.

"ગામની સ્ત્રીઓના દુઃખ મટાડવા રાજાને કરેલી ફરિયાદ" :– એનો પતિ કહે છે તું તો બચી ગઇ છે. હવે તારે જવાની શી જરૂર છે ? ત્યાં ગયા એટલે મરી ગયા સમજ. આ સ્ત્રી કહે છે તમે તો કાયર છો. બેસી રહો ઘરમાં. હું તો આ ચાલી. એ તો ક્રોધથી ધમધમતી ઘરની બહાર નીકળીને ચાલવા લાગી એટલે એનો પતિ પણ પાછળ પાછળ ગયો. બાઈ નવાબના મહેલની બારી આગળ આવીને જોરશોરથી કરૂણ સ્વરે રૂદન કરવા લાગી, ત્યારે દરવાન દોડતો ત્યાં આવીને કહે છે બહેન ! તમે અત્યારે મોટા અવાજે અહીં રડશો નહિ. નવાબ સાહેબ ઉંઘમાંથી જાગી જશે, પણ આ તો સાંભળતી જ નથી. એ તો નવાબ સાહેબની ઉંઘમાં ખલેલ પાડવા માટે જ આવી છે, એટલે કરૂણસ્વરે છાતીફાટ રૂદન કરે છે. તેની આંખમાંથી શ્રાવણ–ભાદરવો વહી રહ્યો છે. શાંત રાત્રિ અને સ્ત્રીનો કરૂણ કલ્પાંત, એમાં હૈયું કંપાવનારો આર્તનાદ, રાત્રિના શાંત વાતાવરણમાં બધે ફેલાઇ ગયો. આ સાંભળીને નવાબ જાગી ગયા ને તપાસ કરાવી કે અહીં કોણ રડે છે ? તપાસ કરતાં ખબર પડી કે કોઈ દુઃખી સ્ત્રી રડી રહી છે. તરત જ નવાબે એને ઉપર બોલાવીને પૂછ્યું કે બહેન ! તું કેમ રડે છે ? બાઇએ કહ્યું સાહેબ ! તમે જાણીને શું કરવાના છો ? આ રાજ્ય તમારું કયાં ચાલે છે ? નવાબે કહ્યું, આ રાજ્ય મારું નહિ તો

કોનું ચાલે છે ! બાઈએ નવાબને સ્પષ્ટ જવાબ આપી દીધો કે તમારું નહિ, ફોજદારનું રાજ્ય ચાલે છે. નવાબે કહ્યું બહેન ! તું આમ શા માટે બોલે છે ? મને સ્પષ્ટ વાત કહે. બાઈએ કહ્યું–જો તમારું રાજ્ય હોત તો આ ગામની બહેન અને વહુ દીકરીઓની ઈજ્જત લૂંટવાનું એનું શું ગજું હતું ? એ એને મન ફાવે તેવા વર્તન કરી શકે ખરો ? મારા ફોજદારે શું કર્યું ? એ તો મને કહે. બાઈએ કહ્યું હું હજુ નવી પરણીને આવી છું. એ દુષ્ટ મારું શીયળ લૂંટવા આવ્યો હતો. ધર્મના પ્રતાપે હું બચી ગઈ છું પણ મેં સાંભળ્યું છે કે મારા જેવી કંઈક સ્ત્રીઓને એણે સતાવી છે. આ સાંભળીને નવાબ ક્રોધથી ધમધમી ઉઠયો. આંખો ને મોઢું લાલઘૂમ થઇ ગયું. અહો ! ફોજદાર આટલો બધો જુલ્મ ગુજારે છે ? મેં પ્રજાપાલક બનીને શું રક્ષણ કર્યું ? હું કેટલું ભાન ભૂલ્યો કે મારી પ્રજાની આ દશા થઈ !

રાજાએ બાઇને આશ્વાસન આપતાં કહ્યું બહેન ! મને આજ સુધી કંઇ ખબર ન પડી. તેં અહીં આવીને મને જગાડયો ને મારા કર્તવ્યનું ભાન કરાવ્યું. હવે સમજી લે કે એના જુલ્મનો અંત આવ્યો છે. હવે તું ચિંતા ન કરીશ. બહેન ! તું જા. હું એની ખબર લઉં છું. એમ કહીને બહેનને ઘેર પહોંચાડવા સિપાઇઓ સાથે મોકલ્યા. આ તરફ પ્રધાનને બોલાવીને નવાબે હુકમ કર્યો કે તમે હમણાં ને હમણાં ફોજદારને ઘેર જાઓ ને તેને પકડીને મારી પાસે હાજર કરો. ફોજદાર આવ્યો એટલે તેને પૂછ્યું કે તેં ઘણી સ્ત્રીઓ ઉપર બળાત્કાર કર્યો છે એ વાત સાચી છે ને ? ફોજદાર શું બોલે ? એનું મોઢું કાળી શાહી જેવું થઇ ગયું. નવાબ તરત સમજી ગયો. પ્રધાનને કહે છે આ હડકાયા કૂતરાને અહીંથી લઈ જાઓ ને જેલમાં પૂરી દો. એને ડબલ મીઠાની રાબ પીવડાવજો અને કપડાં ઉતારી એના બરડા ઉપર જોરથી કોરડાના માર મારજો.

ફોજદારને ગુન્હાની મળેલી શિક્ષા :- નવાબસાહેબનો હુકમ થયો એટલે ફોજદારને જેલમાં પૂર્યા. તેને ડબલ મીઠાની રાબ પીવડાવે છે તેમજ રોજ એક લંગોટી રાખીને શરીરે કોરડાના માર સનનન....સનનન મારે છે ત્યારે મોટેથી ઓ....મા....ઓ બાપ રે ! હાય....હાય.... નહીં સહન હોતા હૈ એમ મોટેથી ચીસો પાડે છે ને રડે છે પણ અહીં એનું કોણ સાંભળે ! એની કોણ દયા ખાય ! આ તો નવાબસાહેબનો હુકમ છે. એના પાલનમાં જો કચાશ રહે તો જેલરના બાર વાગી જાય. આમ છ મહિના સજા થઇ. પછી નવાબ જેલમાં તપાસ કરવા માટે આવ્યા. જેલના સળીયા પાછળ દુર્બળકાય ફોજદાર ટુંટીયું વાળીને કરૂણ દશામાં પડયો છે. એને બોલાવીને નવાબ જાતે ચાબખાના માર મારવા લાગ્યો. ખૂબ માર માર્યો એટલે ફોજદાર કરૂણ આક્રંદ કરતો કહે છે નવાબ સાહેબ ! માફ કીજિયે. મેં મર ગયા. સાહેબ ! ફિર કભી મૈં ઐસા નહીં કરું. ખૂબ કરગર્યો એટલે નવાબે એની પાસે પાકો કરાર કરાવીને છોડી મૂક્યો. આટલી શિક્ષા

ભોગવ્યા પછી ફરજદાર સુધરી ગયો, પછી તો કોઈ સ્ત્રીની સામે ઊંચી આંખ કરીને જોવાનું ભૂલી ગયો.

ટૂંકમાં વાસનાનો ગુલામ બની વિષયલંપટ બન્યો તો આ દશા થઈ ને ? ગુન્હાની શિક્ષા આ ભવમાં તો ભોગવવી પડી ને પરભવમાં તો કોણ જાણે કેવી શિક્ષા ભોગવવી પડશે ! આટલા માટે વિષયવાસનાને છોડીને ભગવંતે બ્રહ્મચર્યનું પાલન કરવાનું કહ્યું છે. બ્રહ્મચર્ય એ જીવનનું નૂર છે, કોહીનૂર છે, બ્રહ્મચર્યથી મનુષ્ય મહાન શક્તિ પ્રાપ્ત કરે છે. નેમકુમાર બ્રહ્મચારી હતા, અને તીર્થંકર બનવાના છે એટલે એમનું બળ અનોખું છે. નેમકુમારના હાસ્યનો અર્થ બધાએ લગ્ન કરવાની હા પાડી એમ માન્યું તેથી બધાને ખૂબ આનંદ થયો. માતા પિતા કહે છે હાશ....અમારો લાંબા વખતનો મનોરથ હવે પૂર્ણ થશે. નેમકુમારનો વિવાહોત્સવ જોઇને અમારી આંખોને સફળ બનાવીશું, પછી કૃષ્ણજીને કહ્યું–વત્સ ! તમારા જેવા ધુરંધર અને નીતિજ્ઞ પુરૂષ માટે કોઈ કાર્ય કઠિન નથી. તમે નેમકુમાર પાસેથી વિવાહની મંજુરી મેળવીને અમારી સૂકાતી આશાની વેલને નવપલ્લવિત બનાવી છે તે બદલ તમોને કોટીશઃ આશીર્વાદ આપીએ છીએ પણ આટલાથી તમે એમ ન માનશો કે મારા માથેથી ભાર ઉતર્યો, મારી જવાબદારી પૂરી થઈ. જે રીતે તમે નેમકુમાર પાસેથી લગ્નની સંમતિ મેળવવાનું કાર્ય કર્યું છે તે જ રીતે તેને યોગ્ય કન્યા શોધીને તેનું લગ્ન કરવાનું કાર્ય તમારા માથે જ છે. સમુદ્રવિજય રાજા અને શીવાદેવી રાણીનું કથન સાંભળીને કૃષ્ણ વાસુદેવે હસીને કહ્યું–પૂજ્ય કાકા–કાકી ! આપની આજ્ઞાનું પાલન કરવા માટે હું સદૈવ તૈયાર છું. હું આપની આજ્ઞાનું પાલન કરીશ. એમ કહીને બંનેના આશીર્વાદ મેળવીને કૃષ્ણજી પોતાના મહેલે ગયા, હવે તેઓ નેમકુમાર માટે કઈ કન્યા પસંદ કરશે ને શું બનશે તે અવસરે કહેવાશે.

ચરિત્ર :– જિનસેના રાણીની વાત સાંભળીને પ્રધાનને લાગ્યું કે વાત તો સાચી જ છે ને ! એ પણ ગમે તેમ તોય રાજાની રાણી છે. વધુ નહિ તો એક વખત પણ રાણીએ કહેવા તો આવવું જ જોઈએ ને ? કે મારા દીકરાના લગ્ન છે. તમે બંને આવો. વગર બોલાવે તે થોડા આવે ? એટલે પ્રધાન આદિ બધા રત્નવતી પાસે આવ્યા ને જિનસેના રાણી અને જિનસેનકુમારને મનાવવા માટે જવાનું કહ્યું, ત્યારે અભિમાનથી ભરેલી રત્નવતી કહે છે શું હું એને બોલાવવા જાઉં ? તમે ગયા તે એ છું હતું તે હું જાઉં ? સાંભળો, પ્રધાનજી ! હું તો મોટી પટ્ટરાણી અને રાજાની માનીતી રાણી છું ને એ તો અણમાનીતી રાણી છે. એને રાજાએ મહેલમાંથી કાઢી મૂકી છે. એનું કંઈ માન નથી, એવી જિનસેનાને મનાવવા હું જાઉં ? હું પટ્ટરાણી થઇને એના ચરણમાં નમું ? આ તે કેમ બને ? ત્યારે પ્રધાને કહ્યું રાણીજી ! તમારે ઘેર લગ્ન છે એટલે ગરજ તમારે છે. તમારા દીકરાના લગ્નનું કામ ઉકેલવું હોય તો જાઓ, નહીંતર અમે તો આ બેઠા. તમે જિનસેનને બોલાવી લાવશો

તો જ અમે બધા જઈશું. હવે શું થાય ? રત્નવતીને જવું જ પડે ને ? ઘણું જવું નથી પણ ન છૂટકે ગરજે જવું પડ્યું. રત્નવતી બગીચામાં આવીને જિનસેનાના ચરણમાં મસ્તક મૂકીને કહે છે મોટા બહેન ! આપણા કુંવર રામસેનના લગ્ન છે તે પ્રસંગે હું આપને આમંત્રણ દેવા માટે આવી છું. તો આપ અને જિનસેનકુમાર બંને પધારો ! મોટા બહેન ! તમે તો ગુણના ભંડાર છો, વડીલ છો. હું નાની છું, મારામાં ઘણાં અવગુણો છે. આપ મારા અવગુણ સામું નહિ જોતાં જલ્દી પધારો અને લગ્નની શોભામાં અભિવૃદ્ધિ કરો. આપને આવ્યા વિના ચાલશે જ નહિ. મહેલ વિગેરે બધું તમારું છે.

ચલો બહેન મહલા માંઈ, ખેંચનમેં નહિ સાર,
ધૈર્યવંત હો તુમ ભારી, વિપદ સહિ અનપાર.

બહેન ! તમે બહુ કષ્ટ સહન કર્યાં છે. તમે ગર્ભવતા હતા ને રાજાએ જંગલમાં મોકલી દીધા છે. તમારી ધીરજનો પાર નથી. મોટીબહેન ! તમે હવે જલ્દી પધારો. આ સમયે જિનસેના રાણી કહે છે બહેન ! તારો આગ્રહ ખૂબ છે પણ મને પતિએ આ બગીચામાં મોકલી છે. આટલા વર્ષો વીતી ગયા પણ કદી મારી ખબર લીધી નથી, માટે એમની આજ્ઞા વિના હું મહેલમાં નહિ આવું. જેવી રીતે મહારાજાએ મને વગડામાં મોકલી છે તેવી રીતે મને મહેલમાં બોલાવશે તો જ હું આવીશ. તે સિવાય હું મહેલમાં નહિ આવું પણ જિનસેનકુમારની મરજી હોય તો તમે તેને ખુશીથી લઈ જાઓ. તેમાં મારી બીલકુલ ના નથી.

રત્નવતી કહે છે મોટી બહેન ! તમો આવ્યા હોત તો મારા માથે ભાર ન રહેત. તમે બેઠા મને શું ચિંતા હોય ! તમે આવવાની ના પાડો છો તેથી મને ખૂબ દુઃખ થાય છે. જુઓ, બોટા માણસોને કેવું મીઠું મીઠું બોલતાં આવડે છે ! જિનસેનકુમારને કહ્યું બેટા જિનસેન ! તું જલ્દી તૈયાર થઈ જા. તારા ભાઈના લગ્નમાં તારે આગેવાન બનીને જવાનું છે, હવે જિનસેનકુમાર રામસેનકુમારની જાનમાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

(તા. ૨૪મીને સંઘ દર્શનયાત્રામાં જવાનો હોવાથી વ્યાખ્યાન બંધ છે.)

●

વ્યાખ્યાન નં. ૬૫

ભાદરવા વદ ૧૦ ને મંગળવાર **તા. ૨૬-૯-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, ત્રૈલોક્ય પ્રકાશક, શાસનપતિ, તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના ઉદ્ધાર માટે સિદ્ધાંત વાણીની પ્રરૂપણા કરી. જેને ભગવાનની વાણી ઉપર શ્રદ્ધા થાય તેના અનંત જન્મોના કર્મોના કચરા સાફ થઈ જાય.

તમે જાણો છો ને કે જેમ પહાડમાંથી પાણીનો ધોધ પડે છે ત્યારે મોટા મોટા મજબૂત પથ્થરોને પણ તોડી નાંખે છે તેમ વીતરાગ પ્રભુની વાણીના ધોધમાં પણ એવી શક્તિ રહેલી છે કે તે અનંત જન્મના કર્મના મજબૂત પહાડને પણ તોડી નાંખે છે પણ તેમાં શ્રદ્ધા હોવી જોઇએ. ઘણી વાર એવું બને છે કે ઘણાં જીવો ઉપાશ્રયે આવે, ધર્મારાધના કરે પણ એના અંતરમાં શ્રદ્ધા હોતી નથી. ઠીક, જૈન કુળમાં જન્મ્યા છીએ એટલે કરવું જોઇએ. નહિ કરું તો મને કોઈ કંઈ કહેશે કે આ તો નાસ્તિક છે. જ્યારે કંઈક જીવો હૃદયના ઉમળકાથી ધર્મ કરે છે કે આવો ઉત્તમ મનુષ્ય ભવ મળ્યો છે તો જેટલી બને તેટલી ધર્મ આરાધના કરી લઇએ. આવો અવસર ફરીને નહિ મળે. ભગવાનની વાણી સત્ય અને નિઃશંક છે એવી શ્રદ્ધાપૂર્વક ભાવના ઉછાળાથી ધર્મક્રિયાઓ કરે છે તેના કર્મની સાંકળો તૂટી જાય છે. ધર્મક્રિયા તો બંનેએ કરી પણ એકે કરવી પડે એટલે શ્રદ્ધા રહિત કરી અને બીજાએ મનુષ્ય ભવ પામીને ધર્મારાધના કરવી જોઇએ એમ જિનેશ્વર દેવના વચન ઉપર શ્રદ્ધા રાખીને કરી. તેમાં જે શ્રદ્ધા રહિત કરે છે એને પુણ્ય બંધાય છે પણ એના કર્મની નિર્જરા થતી નથી, જ્યારે શ્રદ્ધા સહિત કરનારને કર્મની નિર્જરા થાય છે, માટે ધર્મક્રિયા કરો તે શ્રદ્ધાપૂર્વક કરો.

આપણા ચાલુ અધિકારમાં નેમકુમારની વાત ચાલે છે. નેમકુમાર ભાવિમાં તીર્થંકર બનવાના છે. તેમને પરણવાની બીલકુલ ઇચ્છા નથી પણ સ્હેજ હસ્યા તેમાં ભાભીઓએ તો બરાબર ચોકઠું બેસાડી દીધું, ત્યારે નેમકુમારે વિચાર કર્યો કે મને તો પરણવાના બીલકુલ ભાવ નથી પણ આ ભાભીઓએ તો પાયા વિનાની ભીંત ચણી છે. જે થાય તે થવા દો. એમ સમજીને મૌન રહ્યા. આ તરફ સમુદ્રવિજય રાજા કૃષ્ણને કહે છે બેટા ! તમારે નેમકુમારને યોગ્ય કન્યા શોધીને તેના ધામધૂમથી લગ્ન કરવાના છે. નેમકુમાર પરણે અને ઘરમાં રૂમઝુમ કરતી વહુ આવે, એને આનંદ કરતો જોઇએ ત્યારે અમારી આશા પૂરી થાય. કૃષ્ણજીએ કહ્યું કાકા-કાકી ! તમે એની ચિંતા ન કરો. એ બધું કાર્ય હું પૂરું કરીશ. કૃષ્ણજીને તો એવો આનંદ થયો કે હું નિર્ભય બનીશ. મારા ભાઇને હું પરણાવીશ એટલે કાકા-કાકી પણ મારા ઉપર પ્રસન્ન રહેશે ને બીજું એ પરણશે એટલે બધા માને છે કે નેમકુમાર કૃષ્ણજીથી વધુ બળવાન છે પણ લગ્ન કરશે એટલે બળ ઓછું થશે, પછી મને એના તરફથી બીલકુલ ડર નહિ રહે. નેમકુમારનું બળ જોઇને કૃષ્ણ વાસુદેવને એ ડર લાગ્યો હતો કે નેમકુમાર કદાચ ભવિષ્યમાં મારું રાજ્ય લઇ લેશે તો ! પણ નેમકુમારને તો કોઇ ડર ન હતો કારણ કે એમને રાજ્ય આદિ પર વસ્તુની મમતા નથી. એ તો સ્વભાવમાં રમણતા કરી રહ્યા છે, તેથી તેમને ભય નથી. ભય કયાં છે તે જાણો છો ને ? પરઘરમાં સામાયિક એ સ્વઘરમાં સ્થિર થવાનો ઇલાજ છે પણ આ ઇલાજનો ઉપયોગ હજુ કર્યો નથી. વિભાવમાં પડીને જ્યાં ને ત્યાં ફાંફા મારી રહ્યા છો. સ્વભાવ એ સ્વઘર છે ને વિભાવ એ પરઘર છે. પરઘરમાં અનંતો કાળ કાઢ્યો. હવે સ્વઘરમાં આવવાની કોશિષ

કરો. ભગવાનની વાણીનો એક પણ અક્ષર જો રૂચી જશે તો આત્માનો આનંદ મેળવી શકશો., બાકી સંસારમાં સ્વાર્થ સધાય ત્યાં સુધી સગપણ છે. સ્વાર્થ પૂરો થાય એટલે કોણ માતા અને કોણ પુત્ર ! અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક ગામમાં ખૂબ સુંદર હોટલ હતી. હોટલમાં જાતજાતની વાનગીઓ બનતી હતી. ઘણાં માણસોને એવી આદત હોય છે કે ઘેર પત્ની ગમે તેટલી સારી સારી ચીજો કરીને જમાડે તો પણ એના પતિને સંતોષ ન થાય. એ હોટલમાં જઈને કંઈ ને કંઇ ખાઇ આવે પછી જ એમ લાગે કે કંઇક ખાધું, એમ આ હોટલમાં પણ જીભના સ્વાદના રસીયાઓ ખાવા માટે આવતા હતા. એક દિવસ એક યુગલ હોટલની બારી આગળની પહેલી જ ખુરશીમાં બેસીને ઠંડા મશ્કરી કરતાં ગરમાગરમ નાસ્તા ખાઇ રહ્યા હતા ને આ લાવો, તે લાવો ઉપરઉપરી મંગાવતા હતા અને એમની માંગણી પ્રમાણે બધું હાજર થતું હતું. ત્યાં એક વૃદ્ધ ડોશીમા આવીને રડતી રડતી કહે છે મા....બાપ ! ત્રણ ત્રણ દિવસની ભૂખી છું. પેટમાં અસહ્ય પીડા ઉપડી છે. એક બટકું આપો તો પેટની આગ બૂઝાવું. ડોશીના હાથ પગ ધ્રુજતા હતા, આંખે અંધારા આવતા હતા. એણે બે ત્રણ વખત માંગણી કરી ત્યારે પેલા યુગલને ખૂબ ક્રોધ આવ્યો, કારણ કે એમના આનંદમાં કોઇ ડખલગીરી કરે તે તેમને પોસાય તેવું ન હતું. એ દંપતિએ ડોશી સામે જોયું. બંનેની નજર એક થઇ એટલે ક્રોધ વધ્યો, તેથી યુવાન છોકરો ગરમગરમ ચા પીતો હતો તે ચાનો ભરેલો કપ ડોશીમાના મોઢા ઉપર ફેંકયો, અને એની પત્ની એક ડીસમાં ગરમાગરમ ભજીયા ખાઇ રહી હતી. તેણે ભજીયાની ડીસ તેના ઉપર છૂટી ફેંકી. ડોશીમાના મોઢા ઉપર ગરમ ચા પડવાથી દાઝી ગયા ને કાળી બળતરા ઉઠી, અને ડીસ કપાળમાં વાગવાથી ઘા પડયો તેમાંથી લોહીની ધાર થઈ.

ભાજીની દયા ખાતો દયાળુ યુવાન :– ત્રણ દિવસના ભૂખ્યા ડોશીમા બેભાન થઇને રસ્તા ઉપર પડી ગયા ને પેલા પતિ–પત્ની તો હોટલનું બીલ ચૂકવી ગાડીમાં બેસીને રવાના થઈ ગયા. આ સમયે એક દયાળુ યુવાન ત્યાંથી નીકળ્યો. એણે આ દૃશ્ય નજરે જોયું. એનું દિલ કરૂણાથી દ્રવી ઉઠયું. અહો ! આ સંસાર કેવો સ્વાર્થનો ભરેલો છે ! જ્યાં જુઓ ત્યાં પૈસાના માન છે. જ્યાં પૈસો છે ત્યાં સૌ આદર સત્કાર કરે છે. આવા દીન દુઃખીના સામું જોનાર કોણ છે ! ખરી રીતે તો દુઃખીની સેવા કરવી જોઇએ. સુખી માણસની પાસે બધું છે. દુઃખીની પાસે કંઈ નથી. દુઃખીની સેવા એ સાચી સેવા છે. આમ વિચાર કરીને યુવાન પેલા બેભાન અને લોહી લુહાણ બની ગયેલા ભાજીને ઉંચકીને દવાખાનામાં લઇ ગયો. ડોકટરે તેના ઘા સાફ કરી પાટો બાંધ્યો, અને દવા વિગેરે આપ્યું તેથી તે ભાનમાં આવ્યા અને ખૂબ રડવા લાગ્યા તેનું કરૂણ રૂદન જોઈને યુવાનને દયા આવી. તેને ચા, દૂધ વિગેરે આપ્યું ને પૂછયું–મા ! તમારું ઘર કયાં છે ? હું તમને મૂકી જાઉં બેટા ! મારે

ઘર જ નથી. નીચે ધરતી અને ઉપર આભ છે. બહુ બહુ પૂછ્યું ત્યારે માજીએ પોતાની કરૂણ કહાણી કહેવા માંડી.

મારા લગ્ન નાની ઉમરમાં થયા હતા. મારે એક દીકરો થયેા. તેનું નામ કલ્પેશ હતું પણ લાડમાં કલપ કહીને બોલાવતાં. કલપ બેાઢ વર્ષનેા થયેા ત્યાં તેના પિતાજી ગુજરી ગયા, પછી હું ને મારેા કલપ બે જ રહ્યા. પાસે પૈસેા ન હતેા એટલે કોઈ અમારું સગું ના થયું. મારેા ભાઈ ઘણેા સુખી હતેા તેણે મને પોતાને ઘેર આવવાનું કહ્યું પણ ઘરમાં ભાભી વ ઘણુ જેવી હતી, એટલે હું ત્યાં ન ગઇ પણ ભાઇ છાની રીતે મને મદદ કરતેા હતેા, તેમજ મહેનત મજુરી કરીને કલપને ઉછેરવા લાગી. કલ્પેશ મેાટેા થતાં તેને સ્કુલે ભણવા બેસાડયેા. મારેા કલ્પેશ ખૂબ હેાંશિયાર હતેા. તે કાયમ પ્રથમ નંબરે પાસ થતેા. તે મારી આજ્ઞા વિરૂદ્ધ કોઇ કામ કરતેા ન હતેા, એટલે આવા દુઃખમાં પણ આનંદ હતેા કે કાલે મારેા કલ્પેશ મેાટેા થશે ને મારા દુઃખના દિવસેા ચાલ્યા જશે. એ આશામાં હું જીવતી હતી. એમ કરતાં કલ્પેશ મેટ્રીકમાં સારા નંબરે પાસ થયેા, એટલે મેં કહ્યું કે બેટા ! હવે તું કંઈક નેાકરી કર. હવે મારાથી કામ થતું નથી. દુઃખ અને ભૂખમાં હું મરી ગઈ છું.

કલ્પેશને આગળ ભણવાની ખૂબ ઇચ્છા હતી પણ મેં ના પાડી એટલે એણે ભણવાનેા વિચાર માંડી વાળ્યેા, પણ કલ્પેશ ખૂબ હેાંશિયાર એટલે શિક્ષકેા પણ મને કહેવા આવ્યાં કે કલ્પેશને ભણાવેા. એની ફી અને પુસ્તકેાની સગવડ અમે કરી આપીશું. અને પણ ભણવાની ખૂબ હેાંશ હતી એટલે મેં એને દુઃખ વેઠીને ભણાવ્યેા. તે બી. કેામ. પાસ થઇ ગયેા. અમારા ભાગ્ય–યેાગે એને બેંકમાં સારી નેાકરી મળી ગઈ, એટલે મને થયું કે હાશ.... હવે મારું બધું દુઃખ ગયું, અને દીકરાએ કહ્યું–બા ! હવે તું કામ ન કરીશ. એના પગારમાંથી અમે આનંદથી ખાતા હતા. ધીમે ધીમે એનેા પગાર વધતેા ગયેા. એટલે કરકસર કરીને એક નાનકડું ઘર લીધું. ઘરમાં વસ્તુઓ વસાવી. અમારી સ્થિતિ સુધરી એટલે સારા ઘરના કહેણ આવવા લાગ્યા. હું એના માટે સારી, સુશીલ અને સંસ્કારી કન્યાની શેાધમાં હતી પણ દીકરા ! મારા ભાવિમાં શું લખ્યું તેની મને કયાં ખબર હતી ! કલ્પેશની સાથે બેંકમાં એક પારસીની છેાકરી નેાકરી કરતી હતી. તેના પ્રેમમાં પડયેા અને એક દિવસ એણે એની સાથે લવમેરેજ કરી લીધા અને કન્યાને લઇને ઘરમાં આવ્યેા.

મેં કહ્યું બેટા ! આ કેાણ ? કહે તારી વહુ. મેં કહ્યું કલપ ! તને આ શું સૂઝયું ? આપણે જૈન છીએ. સારા ઘરની સુશીલ કન્યા સાથે પરણાવવાના મને કેાડ હતા ને તેં આ શું કર્યું ? આપણાં ઘરમાં પારસીની છેાકરી શેાભે ? ઘણું કહ્યું પણ પછી શું થાય ? અંતે મેં એને કહ્યું બેટા ! તેં મેાટી ભૂલ કરી છે પણ એટલું ધ્યાન રાખજે કે તું શાકાહારી રહેજે. કદી અભક્ષ આતેા નહિ, આ જૈનનું બેાળીયું અભડાવતેા નહિ. શરૂઆતમાં તેા તે કંઇ બેાલતેા

નહિ પણ ધીમે ધીમે છ મહિના થતાં ઘરમાં માછલી આવવા લાગી. એની વાનગીઓ બનવા લાગી અત્યાર સુધી મારો કલપ કંદમૂળ ખાતો ન હતો પણ હવે એની પત્નીના સંગે ચઢીને નવતર જીવન જીવવા લાગ્યો. આજ સુધીના આચાર વિચાર બધું પાતાળમાં ચાલ્યું ગયું. આ જોઈને મારું કાળજું કંપી ઉઠયું એટલે મેં કહ્યું બેટા કલપ ! તને આ બધું શોભે છે ? જૈન માતા-પિતાનો સંસ્કારી પુત્ર થઈને તું આ શું કરી રહ્યો છું ? શું આજ સુધી મેં આપેલા સંસ્કાર તું ભૂલી ગયો ? બેટા ! જરા વિચાર તો કર. આ તને શોભે છે ! મને તો તારું વર્તન બીલકુલ ગમતું નથી છતાં બધું નભાવી લઉં છું, પણ આ તો મારાથી સહન નહિ જ થાય. મારા ઘરમાં માછલી, ઈંડા તો નહિ આવવા દઉં. મેં આટલું કહ્યું એટલે દીકરો ઉછળીને કહે છે ડોશી ! બકબક કરતી બંધ થા. તારી કટકટ અમારાથી સહન થતી નથી. જો તારાથી સહન ન થાય તો ચાલી જા અહીંથી. એમ કહીને મને ધક્કો મારીને ઘરમાંથી કાઢી મૂકી.

હું મજુરી કરીને પેટ ભરતો, અથવા કોઈ દયાળુ મને આપતા, પણ ત્રણ દિવસથી મને ખૂબ તાવ આવતો હતો તેથી કામ ન કરી શકી ને કમોંદયે મને કોઈએ આપ્યું નહિ. ભૂખ અને દુઃખની મારી હોટલ પાસે આવીને મેં ભીખ માંગી. આંખે અંધારા આવવાથી મેં તેમને ઓળખ્યા નહિ. એ મારા દીકરા વહુ હતા. આટલું બોલતાં માજીની આંખમાં આંસુ ભરાઈ ગયા ને ગભરામણ થવા લાગી. ભલભલા કઠોર હૃદયના માનવીના કાળજાને કંપાવી દે એવી વૃદ્ધ ડોશીમાની કરૂણ કહાની સાંભળીને યુવાન પણ રડી પડયો. માજી થોડી વારે સ્વસ્થ થઈને કહે છે બેટા ! તું રડીશ નહિ. એમાં કોઈનો દોષ નથી. દોષ માત્ર મારા કર્મનો છે.

યુવાને કહ્યું-માડી ! મને તમારા દીકરાનું સરનામું તો આપો. બેટા ! એ પાપી દીકરાને મળીને તું શું કરીશ ? હું એને માતાની સેવા કરવાનો પાઠ ભણાવીશ. બેટા ! મેં એને ઘણાં પાઠ ભણાવ્યા છે પણ હવે એની કોઈ અસર રહી નથી, માટે એની પાસે જવું નથી. હું તને સરનામું નહિ આપું. કહેવત છે ને કે "ભયનો માર્યો ભય જ દેખે". માડીના મનમાં થયું કે છોકરો ક્રૂર બની ગયો છે. એના દિલમાં દયાનો છાંટો રહ્યો નથી, અને આ યુવાન જઈને એને કંઈ સમજાવે તો શરમનો માર્યો મને ઘેર લઈ જશે પણ પછી મને ઘરમાં ઉભી સળગાવી મૂકશે, માટે મારે ઘેર જવું નથી. યુવાન સમજી ગયો કે આ માજી એના છોકરાથી કંટાળે છે. તો હવે હું એને માટે બીજી ગોઠવણ કરું. એમ વિચાર કરીને કહે છે માજી ! તમે બે દિવસ અહીં રહેજો, હું બધું લઈને આવું છું. યુવાન પોતાના ઘેર જઈને એની પત્નીને કહે છે કે તારી માતા નાનપણમાં ગુજરી ગઈ છે ને મારી માતા પણ બાલપણમાં ગુજરી ગઈ છે. આપણે બંને મા વિનાના છીએ. તું કહે તો બંનેને મા મળે તેવા એક દુઃખીયારા માજી છે તેને લાવું. એની

બધી કહાની પત્નીને કહી. પત્ની કહે છે નાથ ! માજીને લઈ આવો. આપણને બંનેને માતાનો પ્રેમ મળશે ને એનું દુઃખ ટળશે. આથી યુવાન સવારમાં ગાડી લઇને લેવા ગયો, ત્યારે માડીના મનમાં રાત્રે એમ થયું કે મને ડોકટર કાલે રજા આપવાનું કહે છે તો હું કયાં જઈશ ? પેલો યુવાન મારા દીકરાને ઘેર લઈ જાય તો મારે જવું નથી. આથી તે માડી હોસ્પિતાલમાંથી વહેલી સવારે નીકળી દૂર વગડામાં ચાલ્યા ગયા. ચાર દિવસના ભૂખ્યા હતા ને પુત્રના આવા વર્તનનો આઘાત હતો એટલે ચક્કર આવતા પડી ગયા. પડતાની સાથે નમો અરિહંતાણું બોલતાં પ્રાણ પંખેરું ઉડી ગયું. એણે કોઈની સાથે વૈર ન રાખ્યું. સમાધિ ભાવે મૃત્યુ પામ્યા. આ તરફ સેવાભાવી પતિ અને પત્નીને માતા આવશે તેનો આનંદ છે. ઘેર એના માટે બધી તૈયારી કરી માજીને લેવા ગયા. ત્યાં ખબર પડી કે માજી ચાલ્યા ગયા છે. બધે શોધ કરી પણ પત્તો ન પડયો. છેવટમાં બંને માણસો ખૂબ રડયા ને વિચાર કરવા લાગ્યા કે જેણે જન્મ દીધો તે જ દીકરો શત્રુ બન્યો ને માતાને કાળા પાણીએ કાઢી. કેવો સ્વાર્થીલો સંસાર !

કૃષ્ણ વાસુદેવ નેમકુમાર માટે કેવી કન્યા યોગ્ય છે તેનો વિચાર કરવા લાગ્યા. આ માટે તેમણે પોતાના કુટુંબના મુખ્ય મુખ્ય સ્ત્રી પુરૂષોની એક સભા ભરીને બધાની સમક્ષ રજૂઆત કરી કે નેમકુમાર માટે કઈ કન્યા યોગ્ય છે ? જેને જે કન્યા ધ્યાનમાં હોય તે ખુશીથી મને કહી શકે છે. આ સમયે કૃષ્ણજીની આઠે આઠ પટ્ટરાણીઓ ત્યાં હાજર હતી. તેમણે કહ્યું-સ્વામીનાથ ! મારા લાડકા દિયરને માટે હું એક કન્યા બતાવું ? કૃષ્ણજીએ કહ્યું ખુશીથી બતાવો, ત્યારે સત્યભામાએ કહ્યું બતાવું તો ખરી પણ કોઈના મનમાં એમ નહિ થાય ને કે જમણો હાથ તો મોં ભણી જ વળે ને ! કૃષ્ણજીએ કહ્યું સત્યભામા ! તમારે એવું માનવાની જરૂર નથી, કારણ કે જે માણસ કન્યા બતાવવા આવે છે તે ખાસ કરીને તો પોતાના પક્ષના માણસોને જ ઓળખે છે તે બીજાને કયાંથી ઓળખે ? આટલા બધામાંથી જે કોઇ કન્યા બતાવશે તે પોતાના પક્ષની જ બતાવશે. જો તમારી માફક બધા આવો વિચાર કરશે તો મને નેમકુમાર માટે કન્યા કોણ બતાવશે ?

સત્યભામાએ કહ્યું તો મારી નાની બહેન રાજેમતી મારા માનવા પ્રમાણે બધી રીતે દિયરજીને યોગ્ય છે. આ સાંભળીને સભામાં બેઠેલા શીવાદેવી રાણી, દેવકીજી, રૂક્ષ્મણી આદિ પટ્ટરાણીઓ વિગેરે એકી અવાજે બોલી ઉઠયા કે સત્યભામાની વાત સાચી છે. રાજેમતી દરેક રીતે નેમકુમારને યોગ્ય છે. એક તો એનું રૂપ, સૌંદર્ય અલેડ છે અને દરેક ગુણ લક્ષણ સંપન્ન છે. એની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. દરેકે સર્વાનુમતે રાજેમતીને પસંદ કરી કૃષ્ણજીએ વિચાર કર્યો કે અહીં તો બધાએ રાજેમતીને પસંદ કરી કે તે નેમકુમારને માટે યોગ્ય છે પણ હવે રાજેમતીને નેમકુમાર ગમે છે કે નહિ અગર ઉગ્રસેન રાજા આ વાતમાં સંમત છે કે નહિ એ આપણે જોવાનું રહે છે. જ્યાં સુધી ઉગ્રસેન રાજા અને રાજેમતી આ બાબતમાં સંમત ન થાય ત્યાં સુધી આપણે બધાએ જે પસંદગી કરી

તે વ્યર્થ છે. જો કે એવું કંઈ બનશે નહિ છતાં તેમને ત્યાં રાજેમતીનું માંગુ કરીએ. એમ નક્કી કર્યું, હવે રાજેમતીનું માંગુ કરવા માટે કોણ જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :–જિનસેના રાણીએ કહ્યું જિનસેનકુમાર આવે તો લઇ જાઓ. મારી આજ્ઞા છે એટલે રત્નવતી કહે છે બેટા જિનસેન ! તું ચાલ. જો ન આવે તો આ તારી માતાના સોગન છે. જિનસેનકુમારે કહ્યું–માતા ! સોગન શા માટે ખાય છે? મારે મન તો જિનસેના માતા અને રત્નવતી માતા બંને સરખા છે. ચાલો, હું તૈયાર છું. તરત જ જિનસેનકુમાર તૈયાર થઇ ગયો. એને લઈને રત્નવતી મહેલ તરફ જવા તૈયાર થઈ.

લે કુંવર કો મહલ આઇ, બજા હર્ષ કા ઢોલ,
બરાત કી કરી તૈયારી, હો રહી હર્ષ હિલ્લોલ.

રત્નવતી જિનસેન કુમારને લઈને મહેલમાં આવી, એટલે એના માનમાં ઢોલ નગારા ખૂબ વગાડયા ને સૌને આનંદ થયો કે જિનસેનકુમાર આવ્યા. હવે જલ્દી જાનની તૈયારી કરો. જોરશોરથી જાનની તૈયારી થવા લાગી. જિનસેનકુમારે બધું કાર્ય સંભાળી લીધું હાથી, ઘોડા, રથ, બધું શણગારવાનો હુકમ કર્યો, એટલે માણસો કામે લાગી ગયા, અને નગરના મુખ્ય મુખ્ય માણસોને આમંત્રણ આપ્યું. રાજાઓને પણ આમંત્રણ આપ્યું એટલે સારા વસ્સાલંકારો સજીને રાજા અને પ્રજાજનો સૌ આવવા લાગ્યા. જિનસેનકુમાર દરેકનું પ્રેમથી સ્વાગત કરવા લાગ્યા. તેનો વિનય, વિવેક અને બુદ્ધિ જોઇને આવનાર રાજાઓ અને પ્રજાજનો બધા ખુશ થયા કે શું જિનસેનકુમારના ગુણ છે ! શું એની બુદ્ધિ અને પરાક્રમ છે ! ખરી રીતે તો આને પરણાવવો જોઈએ.

રવાના થયેલી જાન :– શુભ મુહુર્ત જોઈને કંચનપુરથી જાન રવાના થઇ. સૌના દિલમાં હર્ષની છોળો ઉછળે છે. વચમાં પડાવ નાંખતા જાન આગેકૂચ કરી રહી છે. જાન ચાલતાં ચાલતાં ચંપાપુરના પાદરમાં આવી ત્યાં તબું તાણ્યા પ્રધાન જિનસેનકુમારને કહે છે આ ચંપાપુરના માધવસિંહ રાજા આપના પિતાજીના ખાસ મિત્ર થાય છે માટે તેમને મળવા તમારે જવું જોઈએ. પાદરમાં આવીને મળ્યા વિના જઇશું તો એમને ખરાબ લાગશે એટલે જિનસેનકુમારે કહ્યું તો આપણે જઇએ. જિનસેનકુમાર પ્રધાનજીને સાથે લઇને ચંપાપુરના રાજમહેલમાં ગયા અને માધવસિંહ રાજાને પ્રણામ કરીને કુશળ સમાચાર પૂછ્યા. પછી કહ્યું કે કાકા ! હું તમારો દીકરો છું. આપને પહેલાથી આમંત્રણ આપવાનું ભૂલી ગયો છું. એ મારી ભૂલની પહેલા જ માફી માંગી લઉં છું, અત્યારે મારા બાપુજી હાજર નથી તો આપ જાનમાં પધારીને શોભામાં અભિવૃદ્ધિ કરો. આપના જેવા વડીલ સાથે હોય તો અમારા જેવા છોકરાઓને ચિંતા નહિ, અને આપના જેવા વડીલોથી શોભા વધે. જિનસેન કુમારનું રૂપ, તેજ, એનો વિનય, વિવેક, ચતુરાઈ આ બધું જોઈને માધવસિંહ રાજા વિચાર

કરવા લાગ્યા કે આ કુમાર મારી દીકરી ચંપકમાલાને બધી રીતે યોગ્ય છે. જો રાણી અને કુંવરીને પસંદ પડી જાય તો આના જેવું ઉત્તમ શું ? આવો વર શોધવા જઈશું તો પણ મળવાનો નથી. આમ વિચાર કરીને માધવસિંહ મહારાજા કહે છે હે જિનસેનકુમાર ! તમારે જો મને જાનમાં લઈ જવો હોય તો તમે મારા આમંત્રણનો સ્વીકાર કરો પછી હું આવીશ. જિનસેન કુમારે પૂછયું બોલો, આપની શું ઇચ્છા છે ? તો કહે છે કે આજે જાનને મારે ત્યાં જમવાનું આમંત્રણ સ્વીકારો. જિનસેને કહ્યું અમારે વિજયપુર પહોંચવાનું છે માટે અત્યારે નહીં વળતા આવીશું, પણ માધવસિંહ રાજાએ ખૂબ આગ્રહ કર્યો એટલે આમંત્રણનો સ્વીકાર કરવો પડયો.

માધવસિંહ રાજાએ જાનને જમાડવા માટે જાતજાતના અને ભાતભાતના મિષ્ટાન્નો બનાવ્યા. ફરસાણ, શાક, રાયતા વિગેરે બનાવ્યા. જો જો મન ના થઈ જાય. (હસાહસ) જાનનું સ્વાગત કરીને ચંપાપુરમાં લાવ્યા. રાજાને હર્ષ સમાતો નથી. નગરજનો પણ જિનસેનકુમારને જોઇને કહે છે કે ખરેખર આ કુંવર આપણી કુંવરીને યોગ્ય છે. આ હાલીચાલીને જમાઈરાજ ઘરઆંગણે આવ્યા છે. આ તરફ માધવસિંહ રાજાની રાણી અને કુંવરીને ખબર પડી કે આ જાનમાં એક કુમાર આવ્યો છે તે રૂપ અને ગુણનો ભંડાર છે. એની વાણી તો જાણે અમૃત જેવી મીઠી છે, ને સાગર જેવો ગંભીર છે. એનું રૂપ તો જાણે બીજો કામદેવ જોઈ લો. આ સમાચાર સાંભળી આ રાજાની કુંવરી ચંપકમાલાને એ કુમાર જોવાનું મન થયું. ચંપકમાલા પણ રૂપ, ગુણ અને સર્વ પ્રકારની કળાઓમાં પ્રવીણ હતી. ધર્મની પણ ખૂબ અનુરાગી હતી.

જિનસેનની કરેલી માંગણી :– ચંપકમાલાએ કોઈ પણ યુક્તિથી દાસી દ્વારા જિનસેનને પોતાના મહેલે બોલાવીને બરાબર જોઈ લીધો, અને નક્કી કર્યું કે આ પુરૂષ બરાબર મને યોગ્ય છે. તેણે નિશ્ચય કર્યો કે પરણું તો જિનસેનકુમાર સાથે જ. બાકી દુનિયાના સર્વ પુરૂષો મારા માટે ભાઈ અને બાપ સમાન છે. આ વાત દાસીએ રાણીને જણાવી, એટલે રાણીએ રાજાને બોલાવીને કહ્યું સ્વામીનાથ ! આવો જમાઈ ગોતવા જઈશું તો નહિ મળે. આ કુંવરીના ભાગ્યે ઘેર બેઠા ગંગા આવી છે તો અવસર ચૂકશો નહિ. આપણી ચંપકમાલાને જિનસેનકુમાર સાથે પરણાવી દઇએ. આથી રાજાને ખૂબ આનંદ થયો અને જિનસેનકુમારને બાનગીમાં પોતાની ઇચ્છા જણાવી પણ જિનસેનકુમારે કહ્યું હમણાં તો મારા ભાઈનાં લગ્નમાં જાઉં છું. માધવસિંહ રાજાએ કહ્યું પણ એમાં તમને શું વાંધો છે ? આ જાન જમવા આવી છે. લગ્ન જેવો જ જમણવાર કર્યો છે. બધું કામ પતી જશે પણ જિનસેનકુમારે કહ્યું મારી ઇચ્છા નથી પણ તમારો અત્યંત આગ્રહ છે તો વળતા જોઈશું. માધવસિંહ રાજાએ વચનથી બાંધી લીધો. ખૂબ સારી રીતે જાનને જમાડી, આદર સત્કાર કરી વિદાય કરી. હવે જાન વિજયપુરના પાદરમાં પહોંચશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

(આજે મહાન તપસ્વી સ્વ. પૂ. ગુરૂદેવ ગુલાબચંદ્રજી મહારાજસાહેબની પુણ્યતિથિ છે. પૂ. મહાસતીજીએ તેમના ઉગ્ર તપ અને ચારિત્રનું સુંદર વર્ણન કર્યું હતું, જે સાંભળતા સૌના મસ્તક નમી ગયા હતા કે ધન્ય છે આવા મહાન ચારિત્રવાન સંતોને ! ગુરૂગુણનું સ્મરણ કરી સૌને પચ્ચખાણ કરાવ્યા હતા.)

❀

વ્યાખ્યાન નં.-૬૬

ભાદરવા વદ ૧૧ ને બુધવાર તા. ૨૭-૯-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની ભગવંતો ભવ્ય જીવોને ઉપદેશ આપતાં સમજાવે છે કે મનુષ્યભવની પ્રાપ્તિ થવી મહાન દુર્લભ છે, પણ દુર્લભ એવું માનવજીવન તમને મળી ગયું. હવે સાચું માનવજીવન કોને કહેવાય તે સમજવાની જરૂર છે. ખાવું, પીવું, હરવું, ફરવું, જિંદગી ટકાવવી, ધન મેળવવું તે સાચું માનવજીવન નથી, પરંતુ જે જીવન દોષો, વિકારોથી રહિત થઈને જીવાય તે વાસ્તવિક માનવજીવન છે. પશુ પક્ષીની જેમ માત્ર જિંદગી પસાર કરવી તે શું વાસ્તવિક માનવજીવન કહેવાય ? જે વિકારો સાથે ઝઘડીને જીવે છે તે જ વ્યક્તિનું જીવન સાચું જીવન છે. જે સિંહની જેમ નીડરતાથી ગર્જના કરતો અન્યાય, અસંતોષ, અનાચાર અને ભ્રષ્ટાચાર સાથે લડતો ઝઘડતો આગળ વધે છે. દુઃખ, અસંતોષ, કલેશ, કષાય વિગેરે પાપોને હઠાવીને નિશ્ચિતપણે આગળ વધે છે તે જ સાચું જીવન છે. વિકારો અને વાસનાઓ સાથે ઝઝુમવું તેનું નામ સાચી જિંદગી. વિકારોનો અને વાસનાઓનો ધુમાડો ફેલાવીને સો વર્ષ સુધી જીવવા કરતાં ક્ષણનું પણ દીપકની જેમ પ્રકાશ પાથરતું જીવન જીવવું વધુ સારું છે. જીવન જીવવાની કલાથી અજાણ એવા માણસને જ્યારે માનવજીવન રૂપી ગાડી મળી જાય છે ત્યારે તે બીજાના જીવનને કચડતો પોતાના જીવનની ગાડીને ભગાડી મૂકતો આગળ વધવાનો પ્રયત્ન કરે છે. આવા માણસને પાપકર્મરૂપી સિપાઈઓ પકડી લે છે અને તેનું માનવજીવન રૂપી ગાડી ચલાવવાનું લાયસન્સ છીનવી લેવામાં આવે છે.

જેમને માનવજીવનની કિંમત સમજાણી છે એવા નેમકુમારને પરણવાની બીલકુલ ઇચ્છા નથી પણ રહેજ હસ્યા તેમાં નક્કી કરી લીધું કે નેમ માન્યા. પછી એમને માટે કઇ કન્યા યોગ્ય છે તે વિચારણા કરતા બધાએ કહ્યું કે નેમકુમાર માટે ઉગ્રસેન રાજાની પુત્રી રાજેમતી સર્વ રીતે યોગ્ય છે. આપણને બધાને રાજેમતી પસંદ છે. હવે રાજેમતીને તથા ઉગ્રસેન રાજાને નેમકુમાર પસંદ છે કે નહિ તે જોવાનું છે. કૃષ્ણજીએ સમુદ્રવિજય રાજા અને શીવાદેવી રાણીને કહ્યું પૂજ્ય કાકા કાકી ! હવે મારા ભાઇ અરિષ્ટનેમિ કુમારના વિવાહમાં વિલંબ કરવો એ ઠીક નથી કારણ કે એની તો લગ્ન કરવાની ઇચ્છા નથી. એ તો અનાસક્ત

યોગી જેવો છે. કયારે પાછું એનું મન ફરી જાય તે કહેવાય નહિ, કારણ કે તેના ભાભીઓએ ઘણા પ્રયત્ને નષ્ટી કર્યું છે તેથી જલ્દી ઉગ્રસેન રાજા પાસે જઈને રાજેમતીનું માંગુ કરીએ. સમુદ્રવિજય રાજાએ કહ્યું કે આપણા પ્રધાનને ત્યાં મોકલી દઈએ. કૃષ્ણજીએ કહ્યું કાકા ! આ કામ માટે પ્રધાનને મોકલવાની જરૂર નથી. હું જાતે જ જઈશ. સમુદ્રવિજય રાજા કહે છે બેટા ! તું ત્રણ ખંડનો અધિપતિ આવો મોટો માણસ જાય તે ઠીક નહિ. આપણે બીજાને મોકલીએ. ના, કાકા ! હું જ જઈશ. કેટલો ભાઈ પ્રત્યે પ્રેમ છે ! પહેલાના સમયમાં ભાઇ પ્રત્યેના પ્રેમ કેવા હતા તે માટે એક ઐતિહાસિક દાખલો છે.

સ્થાનેશ્વરમાં પ્રભાકરવર્ધન નામે રાજા રાજ્ય કરતા હતા. એમને રાજ્યવર્ધન અને હર્ષવર્ધન નામે બે રાજકુમાર હતા. બંને પુત્રો રાજાને ખૂબ વહાલા હતા. બંને વચ્ચે પરસ્પર ખૂબ પ્રેમ હતો. બંને ભાઇઓને ભણવા માટે ઘણે દૂર દૂર જુદા જુદા રાજગુરૂઓ પાસે ભણવા મૂકેલા, કારણ કે જુદી જુદી જગ્યાએ ભણે તો બંનેને જુદા જુદા અનુભવ મળે ને ? બંને ભાઇઓ ભણવા માટે ગયા છે. આ તરફ પ્રભાકરવર્ધન રાજા અચાનક બિમાર પડયા. એમને લાગ્યું કે હવે વધુ જીવી શકીશ નહિ એટલે બંને પુત્રોને સમાચાર મોકલાવી દીધા. હર્ષવર્ધન નજીક હતો એટલે તેને જલ્દી સમાચાર મળી ગયા, તેથી તે ભણવાનું છોડીને જલ્દી પિતાજીની મૃત્યુશૈયા પાસે હાજર થઈ ગયો, પણ રાજ્યવર્ધન તો એનાથી ઘણો દૂર હતો. એને સમાચાર પહોંચ્યા નથી પણ હર્ષવર્ધનને આવેલો જોઈને રાજાને ખૂબ સંતોષ થયો. પુત્રને પાસે બેસાડીને રાજાએ તેને કેટલીક સૂચનાઓ આપી અને પ્રધાનમંડળ આદિની વચ્ચે હર્ષવર્ધનને રાજગાદીના અધિકારી તરીકે જાહેર કર્યો, પછી ભગવાનનું નામ લેતા એમણે દેહ છોડયો.

પ્રભાકરવર્ધન રાજા પ્રજાપ્રેમી અને ન્યાયી હતા, ઉદાર દિલના હતા. અત્યાર સુધી પ્રજાનું ખૂબ સુંદર રીતે પાલન કર્યું હતું, તેથી તેમના અવસાનથી આખા સ્થાનેશ્વરમાં શોકની છાયા ફરી વળી. પ્રજાજનો ચોધાર આંસુએ રડવા લાગ્યા. રાજા હોય કે પ્રજા હોય પણ જે માનવી દુનિયામાં કંઈક કરીને જાય છે તેની પાછળ સૌ આંસુ સારે છે. કહેવાય છે ને કે **જબ તુમ આયે જગતમેં, તુમ રોતે સબ હસતે, જાતે સમય તુમ હસતે તબ જગ રોતે.** જ્યારે બાળક જન્મે છે ત્યારે તે રડે છે પણ બધા હસે છે અને એ જન્મીને સારા કાર્યો કરીને આ દુનિયામાંથી વિદાય થાય છે ત્યારે જનારનું મુખ હસતું હોય છે ને જગત તેની પાછળ રડતું હોય છે, તેમ આ પ્રભાકરવર્ધન રાજાની પાછળ આખા નગરની પ્રજા કાળો કલ્પાંત કરવા લાગી. અહીં હર્ષવર્ધનકુમારને રાજ્ય મળ્યું તેનો હર્ષ ન હતો પણ પિતાજીની વિદાયથી એના હૈયામાં કારમો ઘા પડયો હતો. તેમાં પિતાજીએ અંતિમ સમયે એને રાજા તરીકે જાહેર કર્યો એની વેદના પિતાજીના આઘાતના ઘા ઉપર મીઠું ભભરાવે તેવી હતી કે શું મોટાભાઈ રાજ્યવર્ધનના હક્ક ઉપર

રાપ મારીને મારે રાજ્યનો તાજ પહેરવો પડશે ? મારો ભાઈ મોટો કે રાજ્ય મોટું ? આ વિચારો તેને સતત સતાવ્યા કરતા હતા.

પ્રભાકરવર્ધન રાજાને વિદાય થયાને દિવસો વીતી ગયા પણ હર્ષવર્ધનના મુખ ઉપર અંકાયેલી શોકની ઘેરી છાયા જ્યારે ઓછી ન થઈ ત્યારે એક દિવસ મંત્રીઓએ તેની પાસે આવીને વિનંતી કરી કે હે કુમાર ! સાચો દીકરો તો એ જ કહેવાય કે જે પિતાજીના અધૂરા અરમાન પૂરા કરે. પિતાજી આપના શિરે રાજ્યનો ભાર સોંપીને ગયા છે માટે આપ હવે શોકને દૂર કરો ને કર્તવ્ય બજાવવા કદમ ઉઠાવો, ત્યારે ઉંઘમાંથી ઝબકીને જાગતો ન હોય તેમ હર્ષવર્ધને કહ્યું રાજ્યનો ભાર મારા શિરે ? ના....ના....એ વિષયમાં મારે કાંઇ જ વિચાર કરવાનો નથી. રાજ્યનો હક્ક તો જે પાટવીપુત્ર હોય તેનો જ હોય. મોટાભાઇ રાજ્યવર્ધનને વગર માંગ્યે અને વગર આપે મળેલો હક્ક છે. આ બાબતમાં હું સ્વપ્નામાં પણ વિચાર કરું તો મારા માથે ભાતૃદ્રોહીનું કલંક ચોંટે. કુમારનો જવાબ સાંભળીને મંત્રીશ્વરના મનમાં થયું કે જગતમાં સત્ય હજુ જીવે છે. સતિયા પુરૂષોનો હજુ સુકાળ છે છતાં પિતૃઆજ્ઞાને વચમાં લાવતા એ બોલ્યા કુમાર ! અંતિમ સમયે પિતાજીએ આપને આજ્ઞા કરી છે એનું શું ? હર્ષવર્ધને કહ્યું મંત્રીશ્વર ! એ તો પિતાજીનો અંતિમ સમય હતો. એ સમયે એમણે મને આજ્ઞા કરી એને વધાવી લેવી તે એક સુપુત્ર તરીકે મારી ફરજ છે, તેથી હું કંઈ બોલી શકયો નહિ. જો કંઈ બોલું તો એમને દુઃખ થાય અને મૃત્યુ બગડી જાય. હું સમજું છું કે પિતાજીની આજ્ઞા મહાન છે તેમ મોટાભાઇનો હક્ક પણ મહાન છે.

'મોટાભાઇ માટે તલસતો નાનોભાઇ" :- મારા મોટાભાઇને હજુ સમાચાર પહોંચ્યા નથી લાગતા. નહિતર કયારના આવી ગયા હોય ! માટે આગ મોટાભાઇને ફરીને જલ્દી બધા સમાચાર મોકલો ને એમને અહીં તેડાવીને રાજમુગટ પહેરાવો હું એમના યુવરાજ તરીકે જેટલો શોભીશ એટલો તમારા રાજા તરીકે નહિ શોભું. એ શું તમારા જેવા વિચક્ષણ મંત્રીઓને મારે સમજાવવું પડશે ? હર્ષવર્ધનકુમારનો જવાબ સાંભળીને મંત્રીશ્વરોના મનમાં થયું કે આ ફરજના ફિરસ્તાને આપણે વળી રસ્તા ચીંધનાર કોણ ? ચિઠ્ઠીના ચાકર બન્યા વિના છૂટકો ન હતો. ફરીને રાજ્યવર્ધનને તેડવા માટે માણસ મોકલ્યો. રાજ્યવર્ધનને સમાચાર મળતાં તરત જ નીકળ્યો અને થોડા દિવસમાં સ્થાનેશ્વર આવી ગયો. સ્થાનેશ્વરમાં પગ મૂકતાં જ એને લાગ્યું કે આખા નગરમાં શોકમય વાતાવરણ છવાઈ ગયું છે. પિતાજી જાણે હજુ કાલે જ મૃત્યુ પામ્યા ન હોય ! એમ લાગતું હતું. ગમગીન વદને રાજસભામાં પ્રવેશ કર્યો. બંને ભાઇઓ ભેટી પડયા અને પિતાજીને યાદ કરીને ખૂબ રડયા.

"ભાઇ ભાઇ વચ્ચે વહેતા પ્રેમના ઝરણા" :- થોડી વાર મૌન રહ્યા પછી

રાજ્યવર્ધને કહ્યું વીરા પિતાજીએ વિદાય લીધી એ વેદનાના ઘા શું હજુ રૂઝાયા નથી? નગરીમાં આનંદ કેમ નથી? પિતાજીને ગયા આટલા દિવસ થયા છતાં હજુ આ સિંહાસન સૂકાની વિનાનું કેમ છે? મોટાભાઈની ચરણરજને મસ્તકે ચઢાવીને હર્ષવર્ધને કહ્યું–મોટાભાઈ! સિંહાસન આપની પ્રતીક્ષા કરી રહ્યું છે. આપ આ સ્થાનેશ્વરનું સુકાન હાથ ધરો પછી જુઓ કે અહીં ચાર ચાંદ ખીલી ઉઠે છે કે નહિ? પછી આપ મને કહેજો. મોટાભાઈ એ કહ્યું વીરા! તું ભાગ્યવાન છે કે પિતાજીની સેવામાં હાજર થયો. તને પિતાજીના દર્શન થયા. હું કમભાગી છું કે પિતાજીના અંતિમ સમયે પણ હાજર ન થઈ શકયો. મને જાણવા મળ્યું છે કે પિતાજીએ રાજ્યનો તાજ તને આપ્યો છે, માટે મારા વહાલાભાઈ! સ્થાનેશ્વરના રાજ્યનું સુકાન તારે જ સંભાળવાનું છે. ના....ના....મોટાભાઈ! તમે આ શું બોલ્યા? વીરા! આ રાજપાટ બધું સાથે આવનાર નથી. પિતાજી જે માર્ગે ગયા તે માર્ગે આપણે બધાને જવાનું છે.

પિતાજીના મૃત્યુના સમાચાર સાંભળ્યા ત્યારથી મારું મન સંસાર ઉપરથી ઉઠી ગયું છે, એટલે હું કંઈ સિંહાસન અને સત્તાનો દોર સંભાળવા માટે નથી આવ્યો. મારી ઈચ્છા તો સંસાર ત્યાગીને સાધુ બનવાની છે, માટે તું ખુશીથી રાજસિંહાસને બેસી સ્થાનેશ્વરની ગાદી સંભાળ. મોટાભાઈની વાત સાંભળીને હર્ષવર્ધનની આંખમાં આંસુ આવી ગયા. અંતે બધાના કહેવાથી હર્ષવર્ધનને રાજ્યનું સુકાન સંભાળવું પડ્યું અને મોટાભાઈએ દીક્ષા લીધી.

ટૂંકમાં આ દૃષ્ટાંતથી આપણે એ સમજવાનું છે કે આગળના ભાઈ ભાઈ વચ્ચે કેવી સ્નેહની સગાઈ હતી! આજે તો ભાઇ ભાઇ વચ્ચેની સ્નેહ સગાઈ એક જાતની ભવાઇ બની ગઈ છે. એ સમયમાં ભાઇ-ભાઈ વચ્ચે ક્ષીર નીર જેવા પ્રેમ હતા. કૃષ્ણવાસુદેવને પણ નેમકુમાર પ્રત્યે એટલો જ પ્રેમ છે તેથી સમુદ્રવિજય રાજાને કહ્યું નેમકુમાર માટે રાજેમતી કન્યાનું માંગુ કરવા માટે હું જાતે જ ઉગ્રસેન રાજા પાસે જઈશ, કારણ કે બીજી કોઈ વ્યકિતને આપણે મોકલીએ અને માની લો કે ઉગ્રસેન રાજા કે રાજેમતીની ઈચ્છા ન હોય તો કોઈ બીજો જવાબ આપે તો વિલંબ થાય. તેના કરતાં મારા ભાઈ માટે હું જાતે જ યાચક બનીને ઉગ્રસેન રાજા પાસે જાઉં તો એમાં કંઈ અયુકત નહિ લાગે, કારણ કે ઉગ્રસેન રાજા મારા સસરા થાય છે. તે સિવાય મેં કંસને મારીને તેમને કેદખાનામાંથી છોડાવેલા છે એટલે તેઓ મારા ઉપકારથી દબાયેલા છે, તેથી હું યાચક બનીને જઈશ એટલે ઉગ્રસેન રાજાને મારી યાચના પૂરી કરવી જ પડશે. કૃષ્ણની વાત સાંભળીને સમુદ્રવિજય રાજા, બળદેવ, શિવાદેવી રાણી દરેકને લાગ્યું કે કૃષ્ણની વાત સાચી છે. ભલે, આપ જ પધારો. સત્યભામાને પણ ખૂબ આનંદ થયો.

"ઉગ્રસેનના દરબારમાં કૃષ્ણજીનું આગમન" :– બીજે દિવસે જ કૃષ્ણજી ઉગ્રસેન રાજાને ત્યાં પહોંચ્યા. ઉગ્રસેન રાજા પોતાના જમાઇ ત્રિખંડ અધિપતિ કૃષ્ણવાસુદેવને પોતાને

ત્યાં અચાનક આવતા જોઈને ખૂબ પ્રસન્ન થયા, અને ખૂબ પ્રેમથી તેમનું સ્વાગત કરતાં કહ્યું જમાઈરાજ ! આપનું અચાનક આગમન કેમ થયું ? આપના જેવા ત્રણ ખંડના સ્વામી મારે ત્યાં અચાનક પધાર્યા ! મને અગાઉથી સમાચાર તો આપવા હતા. તો હું બરાબર આપનું સ્વાગત કરી શકું ! આપના જેવા મોટા માણસ બોલી આવે નહિ. આપ પધાર્યા છો તો જરૂર કંઈ ને કંઈ પ્રયોજન હશે ! આપ ક્ષેમકુશળ છો ને ? આપના માતા-પિતા તેમજ મારી દીકરી સર્વે ક્ષેમકુશળ છે ને ? આ રીતે તેમના કુશળ સમાચાર પૂછ્યા ને અચાનક આગમનનું કારણ પૂછ્યું, ત્યારે કૃષ્ણે મનમાં વિચાર કર્યો કે હું રાજેમતીની માંગણી કરવા આવ્યો છું, બધાએ રાજેમતીની ખૂબ પ્રશંસા કરી છે પણ જ્યાં સુધી હું રાજેમતીને ન જોઉં ત્યાં સુધી તેની માંગણી કેવી રીતે કરી શકું ? માટે પહેલાં હું રાજેમતીને જોઉં પણ રાજેમતી અહીં જોવા મળે નહિ એટલે કૃષ્ણજી સાસુજીને મળવાના બહાને ઉગ્રસેન રાજાના અંતેઉરમાં ગયા.

"સાસુ-જમાઈનું મિલન" :- જમાઈને આવતા જોઈને સાસુજીને પણ ખૂબ હર્ષ થયો. એ તો બહેનોના અનુભવની વાત છે ને ? કહેવત છે ને કે જમાઈને જોઈને સાસુ આવાનું ભૂલી જાય. (હસાહસ) તેમ કૃષ્ણજીના સાસુજીને પણ ખૂબ હર્ષ થયો ને બોલી ઉઠ્યા પધારો....પધારો જમાઈરાજ ! આપ એકલા જ આવ્યા છો ? મારી દીકરીને નથી લાવ્યા ? કૃષ્ણે કહ્યું-હું એકલો જ આવ્યો છું. સાસુજીએ જમાઈનો આદર સત્કાર કરીને યોગ્ય આસને બેસાડ્યા. ઘણા સમયે મળવાથી કૃષ્ણજીને તથા તેમના સાસુ સસરાને ખૂબ આનંદ થયો. રાજેમતીને ખબર પડી કે મારા બનેવી શ્રીકૃષ્ણજી માતાજીને મળવા માટે અંતેઉરમાં આવ્યા છે એટલે રાજેમતી પણ હર્ષભેર બનેવીને મળવા માટે આવી. તેણે આવીને કૃષ્ણજીને વંદન કર્યું અને કૃષ્ણજીએ તેને આશીર્વાદ આપ્યા. રાજેમતીએ પોતાની બહેનના ખબર પૂછ્યા. ખાસ કરીને કૃષ્ણજી રાજેમતીને જોવા માટે જ અંતેઉરમાં આવ્યા હતા. રાજેમતીની નમ્રતા, સરળતા, એની વ્યવહારકુશળતા આ બધું જાણી લીધું તેથી કૃષ્ણજી ખૂબ પ્રસન્ન થયા. તેઓ નેમકુમાર માટે જે રાજેમતી કન્યાની માંગણી કરવા માટે આવ્યા છે તે રાજેમતી રૂપમાં કેવી છે તે શાસ્ત્રકાર કહે છે.

अह सा रायवरकण्णा, सुसीला चारुपेहिणी ।
सव्व लक्खण संपन्ना, विज्जु सोया मणिप्पभा ॥ ७ ॥

આગળની ગાથામાં નેમકુમાર કેવા હતા તે વાત બતાવી છે. એ નેમકુમાર માટે કૃષ્ણ વાસુદેવ રાજેમતી કન્યાની માંગણી કરવા આવ્યા છે તે કન્યા કેવી છે ? રાજાઓમાં શ્રેષ્ઠ એવા એ ઉગ્રસેન રાજાની કન્યા રાજેમતી સુંદર આચારવાળી, સુંદર નેત્રોવાળી, સ્ત્રીઓના સઘળા ઉત્તમ લક્ષણોથી યુક્ત અને વિશેષરૂપથી ચમકવાવાળી વિજળીની સમાન પ્રભાવાળી હતી. આવી રાજેમતીને જોઈને કૃષ્ણજી મનમાં કહેવા લાગ્યા કે સૌંદર્યની

સાક્ષાત્પ્રતિમા સમાન આ રાજેમતી બધી રીતે મારા લઘુબંધવા નેમકુમારને યોગ્ય છે. આજ સુધી મેં આવું સૌંદર્ય અને આવા ગુણોથી યુક્ત કન્યા જોઇ નથી. રાજેમતીને જોઇને કૃષ્ણનું મન ઠરી ગયું. વળી તે રાજેમતી કેવી હતી ? "सव्व लक्खण संपन्ना, विज्जु सोयामणी प्पभा।"

તે સુશીલ, સુનયના અને સ્ત્રીઓના સર્વોત્તમ લક્ષણોથી સંપન્ન હતી. તેની કાન્તિ તો સૌદામિની જેમ મનોહર અને વિદ્યુત એટલે વીજળી જેવી મનોહર હતી. જેમ ઘમઘોર અંધકારમાં વીજળીનો ઝબકારો થાય ત્યારે કેવો પ્રકાશ....પ્રકાશ પથરાઇ જાય છે તેવો રાજેમતીના શરીરનો પ્રકાશ હતો. જેમ કિંમતી રત્નમણી ઉપર સૂર્યના કિરણો પડે છે ત્યારે એ રત્ન ઝળહળી ઉઠે છે અને તેમાંથી તેજના કિરણો બહાર નીકળે છે. એ રત્ન જ્યાં પડયું હોય તે સ્થાન પણ તેજના કિરણોથી ઝકઝમાળ બની જાય છે તેમ રાજેમતીના શરીરની કાંતિ પણ એવી દેદિપ્યમાન અને તેજસ્વી હતી. એક તો આત્મા પવિત્ર, બાહ્ય રૂપ અને ગુણો એ ત્રણેના સુયોગથી રાજેમતીનું સૌંદર્ય એવું ખીલી ઉઠયું હતું કે તે ઇન્દ્રની ઇન્દ્રાણી કરતા પણ અધિક શોભતી હતી. આવી સર્વ પ્રકારના ગુણસંપન્ન અને રૂપસંપન્ન રાજેમતીને જોઇને કૃષ્ણનું મન ઠરી ગયું કે મારા લઘુ બંધવાને બરાબર યોગ્ય છે, તેમજ મારા કાકા કાકીને સંતોષ પમાડે એવી ગુણવાન છે, માટે હું મારા સસરા ઉગ્રસેન રાજા પાસે એની માંગણી કરું. આમ વિચાર કરીને કૃષ્ણજી અંતેઉરમાંથી સાસુજીની રજા લઇને ઉગ્રસેન રાજા પાસે આવ્યા.

ઉગ્રસેન રાજાએ કૃષ્ણને ઉંચા આસને બેસાડીને નમ્રતાપૂર્વક કહ્યું કે આજે મારું અહોભાગ્ય છે કે આપ મારે ત્યાં સામેથી પધાર્યા. આપે અહીં પધારવાની તકલીફ ઉઠાવીને મારું ગૌરવ વધાર્યું છે. સેવકને ત્યાં સ્વામીનું આગમન મહાન મંગલકારી હોય છે. મહારાજા ! મારે યોગ્ય સેવા હોય તે ફરમાવો. ઉગ્રસેન રાજાની વાત સાંભળીને કૃષ્ણજીએ કહ્યું–મહારાજા ! આપ મારા સેવક નથી પણ મારા પૂજનીય સસરા છો, પણ હું આજે આપને ત્યાં યાચક બનીને આવ્યો છું. મને શ્રદ્ધા છે કે આપ મારી યાચના પૂરી કરશો. આ સાંભળીને ઉગ્રસેન રાજાએ આશ્ચર્યપૂર્વક કહ્યું કે ત્રણ ખંડના સ્વામી અને મારા જમાઈ મારી પાસે યાચક બનીને આવે ને હું દાતા બનું એ તો મારા માટે પરમ સૌભાગ્યની વાત છે. બોલો, આપ શું માંગવા ઇચ્છો છો ? આપની જે ઇચ્છા હોય તે વિના સંકોચે માંગો. આપના જેવા યાચક મને ફરી ફરીને કયારે મળશે ? કૃષ્ણજીએ કહ્યું હું મારા નાનાભાઈ અરિષ્ટનેમિકુમાર માટે તમારી રાજેમતી કન્યાની માંગણી કરું છું.

"ઉગ્રસેન અને કૃષ્ણજી વચ્ચે થયેલો વાર્તાલાપ" :– કૃષ્ણજીની વાત સાંભળીને ઉગ્રસેન રાજા અત્યંત પ્રસન્ન થયા. તેમના રોમેરોમ વિકસિત થઈ ગયા. તેમની પ્રસન્નતા તેમની આકૃતિ ઉપર ઝળકવા લાગી, આ જોઈને ચતુર કૃષ્ણ વાસુદેવ સમજી ગયા કે ઉગ્રસેન

રાજા મારી માંગણી પ્રેમપૂર્વક પૂરી કરશે. આનંદપૂર્વક ઉગ્રસેન રાજાએ કૃષ્ણજીને કહ્યું કે યાદવરાજ ! આપે મારું ગૌરવ વધારવા માટે જ મારી પાસે રાજેમતીની માંગણી કરી છે, અને આપ પોતે જ તે માટે યાચક બનીને આવ્યા છો, અને તે પણ ચરમશરીરી અરિષ્ટનેમિ માટે જ. બરેબર, આપે મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેનું વર્ણન થઈ શકે તેમ નથી. આપ અરિષ્ટનેમિ માટે રાજેમતીની માંગણી કરો ને હું તેનો અસ્વીકાર કરું એ કેમ સંભવિત હોય ! આવો સુયોગ કોણ ચૂકે ? ચૂકે તો મૂર્ખો ગણાય. આમ તો નેમકુમાર સાથે રાજેમતીના વિવાહ કરવાની અમારી ઘણાં વખતથી ઈચ્છા હતી પણ અમે સાંભળ્યું હતું કે નેમકુમાર વિવાહ કરવાનો સ્વીકાર કરતા જ નથી, તેથી અમે કહેણ મોકલ્યું નહીં પણ મારા પરમ સદ્ભાગ્યે મને આ દુર્લભ સુયોગ આપવા માટે આપે પોતે જ પધારવાની કૃપા કરી છે તો આપની યાચના મારે તરત જ પૂરી કરવી જોઈએ, જો કે રાજેમતી આ બાબતમાં હા જ પાડશે પણ મારી ફરજ છે કે મારે એની સંમતિ લેવી જોઈએ, બીજા કુટુંબીજનોની ઉપેક્ષા કરું પણ આ બાબતમાં રાજેમતીની ઈચ્છા જાણ્યા વિના હું આપની માંગણીનો સ્વીકાર કરી લઉં તો રાજેમતીને ઘોર અન્યાય કરવા સમાન છે. ગમે તેવું ઘર અને વર સુંદર હોય છતાં કન્યાની ઈચ્છા તો જાણવી જ જોઈએ. મને પૂર્ણ વિશ્વાસ છે કે રાજેમતીના વિવાહ નેમકુમાર સાથે કરવામાં મારું આખું કુટુંબ સહમત થશે ને રાજેમતી પણ નેમકુમાર જેવા પતિને પ્રાપ્ત કરવામાં પોતાને સદ્ભાગી માનશે, છતાં હું તેની ઈચ્છા જાણ્યા વિના આપને ચોકકસ જવાબ આપી શકું નહિ. આપ થોડીવાર બેસો. હું સૌની સંમતિ લઈને ચોકકસ જવાબ આપું છું. કૃષ્ણજીએ કહ્યું આપની વાત બરાબર છે. આપ ખુશીથી આ બાબતમાં બધાની સંમતિ લઈ વિચાર કરીને મને જવાબ આપજો. હવે ઉગ્રસેન રાજા અંતેઉરમાં જઈને રાજેમતી તેમજ તેની માતા વિગેરેનો સંમતિ લઈને કૃષ્ણજીને શું જવાબ આપશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : રામસેનકુમારની જાન ચંપાપુરથી નીકળીને થોડા દિવસમાં વિજયપુરની નજીક આવી એટલે ચંદ્રસેન રાજાને ખબર આપી, તેથી ખુદ મહારાજા ઘણાં માણસોને સાથે લઈને સામા આવ્યા અને એક સુંદર બગીચામાં જાનને ઉતારો આપ્યો. રાજા જાનની શોભા જોઈને ખુશ થયા પણ જમાઈને જોઈને દિલમાં દુઃખ થયું કે મેં જિનસેનકુમારની જેવી પ્રશંસા સાંભળી હતી તેવો આ કુમાર નથી, એટલે જે સામંતો ઉંટની સાથે હતા તેમને બોલાવીને રાજાએ પૂછયું કે મારા ઉંટને ઘેરી લેનાર કોણ કુમાર છે ? તમે મને જલ્દી કહો, એટલે સામંતોએ હાથ જોડીને કહ્યું સાહેબ ! આ જાનનો આગેવાન જિનસેન કુમાર છે અને વરરાજા બનીને પરણવા આવ્યો છે તે રામસેનકુમાર છે. આ સાંભળીને રાજાનો આનંદ ઉડી ગયો અને જાનને બગીચામાં રોકીને પોતાના મહેલમાં આવ્યા. આ તરફ આખા નગરમાં ખબર પડી કે જાન બગીચામાં આવી ગઈ છે એટલે નગરજનોના

હૈયા હર્ષના હિલોળે ચઢયા ને સૌના મનમાં થયું કે આપણા કુંવરીબા મદનમાલતીના વર કેવા છે તે આપણે જોવા જઈએ. નગરજનોના ટોળેટોળા જમાઈને જોવા માટે જવા લાગ્યા. મદનમાલતીની દાસીઓ અને સખીઓ પણ વરને જોવા માટે આવી. આગળના વખતમાં કન્યાએ વરને ન જોયેા હોય અને વરે કન્યા ન જોઈ હોય એટલે એકબીજાને જોવાની ઉતેજરી ખૂબ રહેતી પણ આજે તેા શું છે? તમે સમજી ગયા ને? બધા લેાકેા રામસેનકુમારને જોઈને કહેવા લાગ્યા કે અરે, આવેા જમાઈ હેાય? જમાઇને યેાગ્ય તેા આગેવાન છે તે છે.

"સત્ય વાતનું થયેલું દર્શન" :- મહારાજા ચંદ્રસેને મહેલમાં આવીને પુરેાહિતને બેાલાવીને પૂછ્યું પુરેાહિતજી! તમે સગાઈ કરવા માટે ગયા હતા ને? પુરેાહિતે કહ્યું, હા. તેા તમે મારી કુંવરીની સગાઈ કેાની સાથે કરી આવ્યા છેા તે મને સત્ય કહેા જો ખેાટું બેાલશેા તેા જાનથી મારી નાંખીશ. રાજાનેા ગુસ્સેા અને જુસ્સેા જોઇને પુરેાહિતજી તેા થરથર ધ્રુજવા લાગ્યા. શરીરે પરસેવાના છેદ છેદ વળી ગયા. બેાલતાં જીભ થેાથવાય છે પણ રાજાને જવાબ આપ્યા વિના છુટકેા નથી, એટલે કહે છે મહારાજા! અમે તેા જિનસેન સાથે સગાઈ કરવા ગયા હતા પણ અમને જિનસેનકુમાર કેાઇએ બતાવ્યા નહિ, અને રત્નવતી રાણીની દાસી અમને એના મહેલે લઈ ગઈ. એ જિનસેનના ખૂબ અવર્ણવાદ બેાલી અને રામસેનની પ્રશંસા કરીને એણે અમને પાંચસેા સેાનામહેારેા આપી એટલે લાલચમાં અમે રામસેન સાથે સગાઈ કરી આવ્યા છીએ. સાહેબ! અમારાથી ભૂલ થઈ છે. અમને માફ કરેા. રાજા કહે માફ કેવી રીતે કરું? તમે તેા મારી દીકરીનેા ભવ બગાડયેા. હવે તમને જીવતા નહિ મૂકું. આ સમયે પ્રધાને કહ્યું મહારાજા! અત્યારે પુરેાહિત ઉપર ગુસ્સેા કરવાથી કંઈ વળે તેમ નથી. એને પછી શિક્ષા કરજો, પણ હમણાં તેા બગડેલી બાજી સુધારવાની વાત કરેા.

"જિનસેન સાથે લગ્ન કરવા કરેલેા કિમિયેા" :- રાજા પૂછે છે પ્રધાનજી! હવે શું કરવું? પ્રધાને કહ્યું સાહેબ! હજુ આપણું કંઈ બગડી ગયું નથી. આપણે કયાં રામસેન સાથે કન્યા દીધી છે? આપણી મદનમાલતીને જિનસેનકુમાર સાથે જ પરણાવવી, રામસેન સાથે નહિ. આપણે જાનનું સામૈયું કરીને નગરમાં લાવવી અને જ્યારે જમાઈ તેારણ પર પાંદડું તેાડવા આવે ત્યારે તમે બધા તલવાર લઈને ઉભા રહેજો ને એને પાંદડું તેાડતાં અટકાવીને કહેજો કે અમે જિનસેનકુમારને કન્યા પરણાવીશું. રામસેનને નહીં પરણાવીએ. અમે સગાઈ જિનસેન સાથે કરી છે પણ આ તેા કપટ થયું છે એમ સ્પષ્ટ શબ્દોમાં કહી દેજો. આ પ્રમાણે સૂચના કરીને રાજા પ્રધાન બધા જાનનું સામૈયું કરવા ગયા. ધામધૂમથી જાન નગરમાં આવી. વરરાજા તેારણ નજીક પહેાંચ્યા ત્યાં તેા સૈનિકેા જાનને રેાકીને તલવાર લઈને ઉભા રહ્યા એટલે ખળભળાટ મચી ગયેા કે લગ્નના માંડવામાં આ ધમાલ શેની છે?

રામસેન તો બિચારો ગભરાઈ ગયો. આથી જિનસેનકુમારે આગળ આવીને કહ્યું મહારાજા ! લગ્નના મંડપમાં આ બધી ધમાલ શેની છે ? મારા જીવતાં હું મારા ભાઈ સિવાય બીજા કોઇને કન્યા નહિ પરણવા દઉં. તમે એમ ન માનશો કે અમારી પાસે સૈન્ય નથી. હું એકલો બધાને પહોંચી વળું તેમ છું. એ તમે નક્કી સમજી લેજો. આ લગ્ન વખતે તમે યુદ્ધ કરવા તૈયાર થયા છો પણ વિચાર કરો. એમાં કેટલા જીવોની હિંસા થશે ? આ સમયે ચંદ્રસેન રાજાએ કહ્યું હે જિનસેનકુમાર ! આ ઉહાપોહ થવામાં બીજું કોઈ કારણ નથી પણ વાત એમ છે કે અમે રામસેન સાથે અમારી કુંવરીની સગાઇ કરી નથી. મારા જમાઇ તમે જ છો પણ આ બધી કપટબાજી રમાઇ ગઇ છે. તેના કારણે આ બધું ધાંધલ મચી ગયું છે. અમે યુદ્ધથી ડરતા નથી. ચાહે લોહીની નદીઓ વહેવડાવીશું પણ અમે રામસેનકુમારને તો નહિ જ પરણાવીએ. તમે પરણો તો બધું તોફાન બંધ થઈ જાય. આ શેખડ જેવો રામસેન મારી દીકરીને પરણીને શું કરશે ? એનામાં કાંઈ બુદ્ધિ તો છે નહિ. આટલું તોફાન થાય છે પણ એ તો આરામથી બેસી રહ્યો છે. બોલો શું વિચાર છે ? તમારે મદનમાલતી સાથે પરણવું હોય તો આનંદની વાત છે, નહીંતર લડાઈ કરવા તૈયાર થઈ જાઓ.

કુંવર કહે સુનો મહારાયા, કન્યા ન પરણી જાય,
મુઝ લઘુ બંધવકી હુઇ સગાઈ, યહ ન મુઝે સુહાય.

જિનસેનકુમારે કહ્યું મહારાજા ! આપની વાત સાચી છે પણ હવે મારાથી આ કન્યા પરણાય નહિ, કારણ કે ગમે તેમ તો ય એ મારો નાનો ભાઈ છે. નાના ભાઇની સાથે એની સગાઈ થઈ છે એટલે એની પત્ની કહેવાઈ ગઈ. હવે એની સાથે મારાથી લગ્ન કેવી રીતે કરાય ? મારો ભાઈ રામસેનકુમાર હોંશિયાર છે, તમે ચિંતા ન કરો. જેની સાથે સગાઇ થઇ છે તેની સાથે તમે કન્યાને પરણાવી દો. અત્યારે ઝઘડો કરવો તે યોગ્ય નથી, ત્યારે રાજા અને પ્રધાન કહે છે ઠીક, કુંવરની સામે કપટબાજી રમ્યા વિના છૂટકો નથી તો કુમાર ! તમે એમ કરો. અમારી બીજી કન્યા સાથે લગ્ન કરો તો અમે આ બધું તોફાન બંધ કરીએ. જિનસેનકુમાર વાતને સમજી ગયો ને અવસર જોઇને મૌન રહ્યો. રાજા અને પ્રધાનને ખૂબ આનંદ થયો અને સૈનિકોને આજ્ઞા કરી એટલે તોફાન બંધ થઈ ગયું ને લગ્નના વાજા વાગવા લાગ્યા. મંગલ ગીતો ગવાવા માંડ્યા. રાજા અને પ્રધાને ભેગા થઇને જિનસેનકુમારને મદનમાલતી સાથે કેવી રીતે પરણાવવા તે નક્કી કર્યું.

"બિછાવેલી કપટજાળ" :– રૂપમાં અને દેખાવમાં ઊંચી, નીચી, જાડી, પાતળી મદનમાલતીને મળતી આવે એવી એક સામંતની છોકરીને શોધી લાવ્યા. તેને નવરાવી ધોવડાવી મદનમાલતી જેવા કપડા ને દાગીના પહેરાવીને શણગારીને તૈયાર કરી, અને માયરામાં બેસાડી દીધી, રામસેનકુમાર તોરણે આવ્યા. સાસુજીએ પોંખ્યા. બધા વિધિવિધાનો

કર્યા અને રામસેન સાથે સામંતની દીકરી પરણાવી ને જિનસેન સાથે મદનમાલતીને પરણાવી. બંને ઘૂંઘટમાં છે એટલે કોઇને ખબર નથી કે આ શું કપટબાજી રમાઇ છે ? રાજાએ પોતાની પુત્રી મદનમાલતીને ખૂબ કરિયાવર કર્યો. બડી ધામધૂમથી તેના લગ્ન કર્યા ને જાનને વિદાય કરી. માધવસિંહ રાજા પણ જાનમાં આવેલા છે. તેમણે જિનસેનકુમારને કહ્યું તમે વળતી વખતે મારી પુત્રીને પરણવાનું વચન આપ્યું છે માટે આવવું જ પડશે. રાજા ખૂબ આગ્રહ કરીને ચંપાપુર લઇ ગયા ને ધામધૂમથી પોતાની કુંવરી ચંપકમાલાને જિનસેન સાથે પરણાવી ને તેને ખૂબ કરિયાવર કર્યો. આખી ચંપાપુરની જનતા બે મોઢે જિનસેનકુમારની પ્રશંસા કરવા લાગી કે શું જિનસેનકુમાર છે ! આપણી કુંવરીને એનાથી સવાયો વર મળ્યો. જિનસેનકુમારને પણ ખૂબ આનંદ થયો. જિનસેનકુમારનો ઠાઠમાઠ અને માનપાન, એનો કરિયાવર બધું જોઇને રામસેન મનમાં સમજી ગયો કે મને જે કન્યા પરણાવી છે તે રાજાની કુંવરી નથી. મદનમાલતી તો જિનસેનકુમારને પરણાવી છે. મારી સાથે બીજી કન્યા પરણાવી છે છતાં મારા ભાઇના પ્રતાપે મારી લાજ રહી છે ને મને રાજાએ બીજી કન્યા પરણાવી. જો એ જાનમાં ન આવ્યા હોત તો લીલા તોરણે કુંવારા પાછા આવવું પડત તો મારી આબરૂ શું રહેત ? ભાઇ તો બહુ ગુણીયલ છે પણ મારી માતાએ આગળ પાછળનો કોઇ વિચાર કર્યા વિના કપટ કર્યું છે. આ રીતે રામસેન જિનસેનનો ઉપકાર માનવા લાગ્યો.

ચંપાપુરથી જાન રવાના થઇને કંચનપુર આવી. કુંવરજી પરણીને આવ્યા છે તે જાણીને પ્રજાજનો તેમને વધાવવા ઉમટયા. નગર બહાર આવીને બંને કુમારોને જોયા. પરણવા તો રામસેનકુમાર ગયો હતો ને જિનસેન બે કન્યાઓને પરણીને આવ્યો છે ને રામસેન તો એક કન્યાને પરણ્યો છે ને તે પણ રાજકુમારી જેવી દેખાતી નથી. આ બધું શું ? કેટલાક માણસોએ જાનમાં ગયેલા માણસોને પૂછ્યું કે આ બધું શું બન્યું ? એટલે માણસોએ સત્ય હકીકત કહી. રત્નવતીની દાસીઓ પણ આવી હતી. તે જિનસેનના પરાક્રમની વાત સાંભળીને ઇર્ષ્યાની આગથી જલી ઉઠી અને રડતી રડતી રત્નવતીની પાસે આવીને બધી વાત કહી તેથી રત્નવતીને પણ ખૂબ દુઃખ થયું ને બોલવા લાગી કે હું તો જિનસેનને મોકલવામાં બિલકુલ રાજી ન હતી પણ આ પ્રધાનો અને પ્રજાજનો બધા રીસાઈને બેઠા એટલે મોકલવો પડ્યો, ત્યારે મારા દીકરાની આ દશા થઈ ને ? પણ વિચાર નથી કરતી કે મારા લાલમાં કેટલું મીઠું છે ! હવે જિનસેન અને રામસેનનું સામૈયું થશે, બંને કંચનપુરમાં પ્રવેશ કરશે, રત્નવતીને કેવી ઇર્ષ્યા આવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

●

વ્યાખ્યાન નં.-૬૭

ભાદરવા વદ ૧૨ ને ગુરૂવાર તા. ૨૮-૯-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, વિશ્વની વિરલ વિભૂતિ,

ત્રિકાળદર્શી તીર્થંકર ભગવંતો મોહાનદ્રામાં પોઢેલા જીવોને જાગૃત કરતા કહે છે કે અહો ભવ્ય જીવો! તમે જેની માયાજાળમાં ફસાઈને આત્મસ્વરૂપનું ભાન ભૂલી ગયા છો તે સંસાર અસાર છે. તેમાં ફસાવા જેવું નથી, કારણ કે સંસાર ઉપરથી જેટલો તમને સોહામણો લાગે છે તેટલો જ અંદરથી બિહામણો છે. અંતરના ઉંડાણમાંથી જો આપણે વિચાર કરીશું તો સમજાશે કે આપણું આ શરીર અને સંસાર બંને સરખા છે. જેવું શરીર છે તેવો જ આ સંસાર છે. આ શરીર આપણને ઉપરથી રૂડું, રૂપાળુ અને રંગીલું દેખાય છે પણ અંદર દૃષ્ટિ કરીએ તો શું ભર્યું છે? લોહી, માંસ, હાડકા સિવાય બીજું કંઈ છે? એ આપણને જોવું પણ ગમે ખરું! "ના". એવી રીતે આ સંસાર પણ ઉપરથી ભલે તમને રૂડો, રૂપાળો ને રંગીલો દેખાતો હોય પણ એમાં ઉંડા ઉતરીને જોનારા અને અનુભવનારા તો એના ત્રાસથી ત્રાહિ ત્રાહિ પોકારીને બહાર નીકળી ગયા છે. તમે પણ ઘણીવાર સંસારથી ત્રાસી જતા હશો પણ મોહ એવો ભયંકર છે કે તેમાંથી બહાર નીકળવાનું મન થતું નથી.

આ શરીરની શોભા એની ચામડીથી છે. ચામડી રૂડી-રૂપાળી ને રંગીલી હોય તો શરીર પણ રૂડુ-રૂપાળુ ને રંગીલું દેખાય છે. સૌ એને જોવા ઇચ્છે છે. એને શણગારે છે, એની પ્રશંસા કરે છે ને એને સ્પર્શ કરે છે પણ જો ચામડી કાળી ને ખરબચડી હોય તો કોઇ એને જોવા કે સ્પર્શ કરવા ઇચ્છતું નથી. કોઈ એની પ્રશંસા કરતું નથી. આ રીતે જેમ શરીર ચામડીથી શોભે છે તેમ સંસાર પણ એના ઉપર ઢંકાયેલ પુણ્યની રેશમી ચાદરથી શોભે છે. શરીર ઉપરથી ચામડી ઉતારી લેવામાં આવે તો પછી શરીર કેવું બિહામણું અને ભયંકર લાગે છે! તેમ આ સંસાર ઉપરથી પુણ્યની ચાદર ખસી જાય પછી જુઓ કે સંસાર પણ કેવો ભયંકર અને બિહામણો લાગે છે? તમને બધાને સંસાર સારો કેમ લાગે છે? તેનું કારણ એક જ છે કે સંસાર પર હજુ પુણ્યનું થોડું ઘણું સામ્રાજ્ય છવાયેલું છે. પુણ્યવાનોના પુણ્ય જીવતા છે ત્યાં સુધી આનંદ, બાકી પુણ્યની ચાદર ખસી એટલે પુણ્ય ખતમ થયું એ જ દિવસે સુખ પણ ખતમ થશે અને જે દિવસે સુખ ખતમ થશે એ દિવસે સુખમય દેખાતો સંસાર પણ ખતમ.

દેવાનુપ્રિયો! આજે તમારી પાસે લાખ્ખો રૂપિયા છે, સુંદર મઝાનો રાજભવન જેવો બંગલો છે, બંગલાના દરવાજે ચાર ચાર કાર ખડી રહે છે, બજારમાં પેઢી પણ ધમધોકાર ચાલે છે, લોકોમાં પણ માન-પ્રતિષ્ઠા અને મોભો સારો છે. આ વખતે તમને કોઇ પૂછે કે ભાઈ! કેમ છે? તે વખતે તમે શું કહેશો? ખૂબ મઝા છે, ખૂબ આનંદ છે, એમ જ કહેશો ને! આ સમયે તમને અમારા જેવા ત્યાગીઓ કહે કે ભાઈ! આ સંસાર અસાર છે, દુઃખમય છે, એને છોડવા જેવો છે તો આ વાત તમારા ગળે નહિ ઉતરે. અરે! તમે સાંભળવા પણ નહિ ઉભા રહો. એમ જ કહેશો કે સાધુઓને ધંધો શું છે? પણ આ જ વાતને પાંચસાત વર્ષો વીતી ગયા પછી પેઢીએ દેવાળુ કાઢ્યું, બંગલો ગીરવે મૂકવાનો વખત આવ્યો, મોટર વેચી દેવી પડી,

નોકર ચાકરો અને રસોઈયાને રજા આપવી પડી. છોકરાઓ પણ છૂટા થઈ ગયા. એક નાનકડી ભાડૂતી રૂમમાં રહેવાનો વખત આવ્યો. માંડ માંડ પેટ પૂરતું ખાવા મળે છે. કોઈ વખત ભૂખ્યા પણ રહેવું પડે છે. આવા દુઃખના સમયે કોઈ તમને પૂછે કે ભાઈ! કેમ છે! તો તમે શું કહેશો? અરેરે....શું વાત કરવી? માથે દેવું ખૂબ વધી ગયું છે. જ્યાં જાઉં છું ત્યાં લોકો મને આંગળી ચીંધે છે, હડધૂત કરે છે. ઘરમાં કંઈ નથી ને બહાર પણ કંઈ સત્કાર સન્માન નથી. મરેલા જેવું જીવન જીવી રહ્યા છીએ, આ સંસારમાં કંઈ સાર દેખાતો નથી. ખરેખર આ સંસાર દુઃખમય જ છે.

જરા વિચાર કરો. પાંચ સાત વર્ષ પહેલા સુખમય લાગતો સંસાર પછી દુઃખમય કેમ લાગ્યો? અહીંયા કહેવું જ પડશે કે સંસાર ઉપર ઢંકાયેલી પુણ્યની ચાદર ખસી ગઈ, અને સંસાર જેવો હતો તેવા મૂળ સ્વરૂપે ખુલ્લો થઇ ગયો. હવે સમજો. સંસાર તો જે પાંચ વર્ષ પહેલા હતો એ જ આજે છે. એમાં કંઈ ફેરફાર થયો નથી છતાં એ વખતે સુખમય લાગતો હતો તે આજે દુઃખમય કેમ લાગવા માંડયો? કયું તત્ત્વ ખૂટી ગયું? તો તમારે કહેવું પડશે કે સુખ. વિચાર કરો કે સુખ કેમ ખૂટયું? પુણ્ય ખૂટયું એટલે સુખ ખૂટયું. પુણ્ય કેમ ખૂટયું? ધર્મને નેવે મૂકી દીધો માટે. આ ઉપરથી સમજી શકાય છે કે સુખ આપનાર સંસાર નહિ પણ પુણ્ય છે અને પુણ્યની કમાણી કરી આપનાર ધર્મ છે. બાકી સંસાર એના મૂળ સ્વરૂપે તો દુઃખમય જ છે. પુણ્યની ચામડી ચળકતી હોય ત્યાં સુધી સંસાર રૂપી શરીર રૂડુ ને રૂપાળુ દેખાય છે પણ જે દિવસે એ ચામડી ઉતરી જશે તે દિવસે તમને સંસાર બિહામણો અને ભયંકર લાગશે. એને જોતાં જ તમે પોકાર કરીને કહેશો કે અરેખર! આ સંસાર અસાર છે. એમાં રાચવા જેવું નથી. આટલા માટે જ્ઞાની પુરૂષો મનુષ્યને જાગૃતિનો નાદ કરતાં કહે છે કે સંસાર દુઃખમય છે ને ધર્મ સુખમય છે, માટે જો સાચું સુખ જોઈતું હોય તો ધર્મના શરણે આવો. ધર્મ વિના ત્રણ કાળમાં સંસારમાં સુખ મળવાનું નથી, આટલા માટે મહાનપુરૂષો સંસારનો ત્યાગ કરીને સંયમના પંથે ચાલ્યા જાય છે.

આપણા અધિકારમાં ઉગ્રસેને કહ્યું કૃષ્ણજી! રાજેમતી આદિ સર્વેની સંમતિ મળવાની જ છે. મને શ્રદ્ધા છે. તો સંમતિ મળ્યા પછી આપે મારી બીજી એક માંગણીનો સ્વીકાર કરવો પડશે. કૃષ્ણે કહ્યું–બોલો, એમાં સંકોચ શા માટે રાખો છો?

अहाह जणओ तीसे, वासुदेवं महिड्ढियं।
इहा गच्छउ कुमारो, जासे कन्नं ददामिहं ॥ ८ ॥

કૃષ્ણજીએ રાજેમતીની માંગણી કરી ત્યારે તેના પિતા ઉગ્રસેન રાજાએ વિપુલ સમૃદ્ધિના સ્વામી ત્રણ ખંડ અધિપતિ કૃષ્ણ વાસુદેવને કહ્યું નેમકુમાર અહીં પરણવા માટે પધારે તો હું કન્યા તેમને આપું એટલે કે તેમની સાથે પરણાવું.

બંધુઓ ! ઉગ્રસેન રાજાએ આવી માંગણી કરી તેનું કારણ તમે સમજ્યા ને ? આગળના વખતમાં ક્ષત્રિયકુળમાં એવો રિવાજ હતો કે કન્યાના સ્નેહીજનો કન્યાને સાથે લઈને વરરાજાના સ્થાને આવતા અને ત્યાં મંડપ રચી મોટી ધામધૂમથી કન્યાને પરણાવતા, અને કેટલાક ક્ષત્રિયકુળોમાં વરરાજાને બદલે ખાંડુ (તલવાર) મોકલીને કન્યાને તેની સાથે પરણાવતા તેથી ઉગ્રસેન રાજાએ કૃષ્ણ પાસે માંગણી કરી કે આપ બીજી કન્યાઓને આપને ત્યાં બોલાવીને લગ્ન કરો છો તે રીતે હું રાજેમતીને નહિ મોકલું, પણ અરિષ્ટનેમિકુમાર મારે ત્યાં જાન જોડીને આવશે ત્યારે હું રાજેમતીને તેમની સાથે પરણાવીશ. કૃષ્ણ વાસુદેવે કહ્યું એમ કરવામાં આપને શું લાભ થશે ? ઉગ્રસેન રાજાએ કહ્યું–સાંભળો. આપ મારે ત્યાં યાચક બનીને આવ્યા છો તેમ નેમકુમાર પણ મારે ત્યાં યાચક બનીને આવે ને હું તેમને કન્યાદાન આપું એવી મને હોંશ છે. તે સિવાય રાજેમતી મારી સૌથી નાની દીકરી છે. એ મને અત્યંત વહાલી છે, તેથી મારે તેના લગ્ન ખૂબ ધામધૂમથી કરવા છે. અને જમાઇને મારે ત્યાં બોલાવી તેમના હાથમાં રાજેમતીનો હાથ સોંપવા ઈચ્છું છું. આટલા માટે હું આપને એવી નમ્ર વિનંતી કરું છું કે આપે જેવી રીતે રાજેમતીની યાચના કરીને મારું ગૌરવ વધાર્યું છે તેવી રીતે આપ મારી આ વિનંતીનો સ્વીકાર કરો.

"ઉગ્રસેન રાજાની વિનંતીનો સ્વીકાર કરતા કૃષ્ણ મહારાજા" :– ઉગ્રસેન રાજાની વિનંતી સાંભળીને કૃષ્ણજીએ કહ્યું આ તો બહુ આનંદની વાત છે. હું આપની વિનંતીનો પ્રેમથી સ્વીકાર કરું છું, કારણ કે જાન લઇને આવવાની અમને તો ઘણી હોંશ છે. અત્યાર સુધી કોઈ કન્યાના બાપે અમને જાન લઇને આવવાનું આમંત્રણ આપ્યું જ નથી. મને પણ એમ થતું હતું કે કોઈ જાન લઇને આવવાનું આમંત્રણ કેમ નહિ આપતા હોય ! કદાચ એમને એમ થતું હોય કે અમારો પરિવાર કેટલો મોટો ? છપ્પનકોડ તો યાદવો જ થઈ જાય, અને બીજા આવે તે જુદા. આટલી મોટી વિશાળ જાનને સાચવવી એ સામાન્ય વાત નથી. આવી મોટી જાનનું સ્વાગત અને સરભરા કરવામાં પોતાને અસમર્થ માનીને અમને કોઈ પોતાને ત્યાં નહિ બોલાવતા હોય. આપે આવું મોટું સાહસ કર્યું તેથી મને ખૂબ આનંદ થયો છે. આપને હું ધન્યવાદ આપું છું ને વચન આપું છું કે અમે જાન જોડીને નેમકુમારને પરણાવવા માટે આવીશું, આથી ઉગ્રસેન રાજાને ખૂબ આનંદ થયો અને તેઓ કૃષ્ણજીને બેસાડીને અંતઃપુરમાં આવ્યા.

અંતેઉરમાં આવીને ઉગ્રસેન રાજાએ પોતાની રાણી, કુટુંબીજનો તથા સ્નેહીજનોને બોલાવીને બધી વાત કરી, અને રાજેમતીના નેમકુમાર સાથે વિવાહ કરવાની સંમતિ માંગી. આ સાંભળીને સૌને ખૂબ આનંદ થયો ને કહેવા લાગ્યા કે આપણી રાજેમતી મહાભાગ્યવાન છે કે તેની માંગણી કરવા માટે ખુદ ત્રણ ખંડના સ્વામી પધાર્યા છે, અને તેને નેમકુમારની અર્ધાંગના બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, માટે આ સુઅવસરને ચૂકશો નહિ. વધાવી લો.

કૃષ્ણજીની માંગણીનો સ્વીકાર કરવામાં સૌએ સહર્ષ સંમતિ આપી એટલે ઉગ્રસેન રાજાએ કહ્યું આપણે બધા એકમત થયા ને મેં જાન જોડીને આવવાની કૃષ્ણજી પાસે વિનંતી કરી. તેનો પણ તેમણે સહર્ષ સ્વીકાર કર્યો છે. હવે આ બધાનો મુખ્ય આધાર રાજેમતી ઉપર છે. એની સંમતિ લેવાની બાકી રહે છે. હવે એની જલ્દી સંમતિ મેળવો એટલે રાજેમતીની માતા ધારણી રાણીએ કહ્યું કે હું રાજેમતીની પાસે જઈને તેની સંમતિ લઈ આવું છું.

રાજેમતીના મહેલે માતાજી :– રજવાડામાં તો રાજકુમાર, રાજકુમારીઓ બધાના મહેલ અલગ અલગ હોય છે. આ રાજેમતી એના મહેલમાં હતી એટલે એની માતા ત્યાં ગઈ, ત્યારે રાજેમતી તેની સખીઓ અને દાસીઓ સાથે આનંદ વિનોદ કરી રહી હતી. આ સમયે પોતાની માતાને અચાનક આવેલી જોઇને રાજેમતીને આશ્ચર્ય થયું, કારણ કે માતા-પિતા પોતાના કુંવર-કુંવરીના મહેલે અચાનક જતા નહિ. કોઈ ખાસ કામ પ્રસંગે જવું પડે તો સમાચાર મોકલાવીને જતા એવી મર્યાદા હતી. માતાને આવતી જોઈને રાજેમતી સામે ગઈ ને વંદન કરીને કહેવા લાગી કે માતાજી ! આજે આપ અચાનક આવ્યા છો. આપના મુખ ઉપર પ્રસન્નતા જોઈને મને લાગે છે કે તમે કોઈ ખાસ અંગત કામે આવ્યા છો. માતાએ કહ્યું બેટા ! હું એક શુભ કાર્ય માટે તારી સંમતિ અને સ્વીકૃતિ લેવા આવી છું.

બેટા રાજેમતી ! તારા ભાવી ત્રિખંડ અધિપતિ કૃષ્ણવાસુદેવ આવ્યા છે. તે તો તું જાણે છે ને ? તેઓ તેમના નાનાભાઈ અરિષ્ટનેમિકુમાર માટે તારી યાચના કરવા માટે આવ્યા છે. અમે બધા તો આનંદપૂર્વક તેમાં સંમત છીએ પણ તારી સંમતિ વિના અમે કેમ હા પાડી શકીએ ? બોલ, તારી શું ઇચ્છા છે ? આ માટે જ તારા પિતાજીએ મને ખાસ મોકલી છે. માતાની વાત સાંભળીને રાજેમતી શરમથી નીચું જોઈ ગઈ, ત્યારે માતાએ કહ્યું જો બેટા ! આ કહેણ સ્વીકારવા માટે અમે બધા ખૂબ રાજી છીએ છતાં તારી સંમતિ વિના અમે હા પાડી નથી, કારણ કે અમને બધાને ઘર અને વર ગમે પણ પરણીને તો તારે જવાનું છે. સુખ-દુઃખ તારે ભોગવવાનું છે, માટે તારી બુદ્ધિથી તું વિચાર કર. આ બાબતમાં તું એવો સંકોચ ન રાખીશ કે માતા પિતા બધા સંમત છે ને હું ના કેવી રીતે પાડું ? તારી જેમ ઇચ્છા હોય તેમ કહે. આ સાંભળીને રાજેમતીના મુખ ઉપર આનંદ છલકાઈ ગયો. એ જમાનામાં સંતાનોમાં પણ એવી મર્યાદા હતી કે માતા-પિતા આગળ વ્યક્ત કરતા સંકોચ પામતા. રાજેમતીના મુખ ઉપરના ભાવ જોઇને માતા સમજી ગઈ કે મારી દીકરી નેમકુમાર સાથે વિવાહ કરવામાં ખુશી છે, છતાં એના મુખે સ્પષ્ટ સંમતિ લેવા કહ્યું બેટા ! જો તું આ બાબતમાં જલ્દી નિર્ણય ન કરી શકી હોય તો હું થોડી વાર પછી આવું. તારા પિતાજી મારી રાહ જોઇને બેઠા છે.

રાજેમતીએ આપેલી સંમતિ :– રાજેમતીએ કહ્યું માતાજી ! આપ મારા વડીલો

જે કંઈ કરો છો તે મારું હિત જોઈને જ કરો છો. એમાં મારે લાંબો વિચાર કરવાનો શું હોય ? આવા મહાન પુરૂષ જે ભાવિમાં તીર્થંકર બનવાના છે તેઓ સંસારમાં અનાસક્ત ભાવથી રહે છે. એમની સાથે મારા લગ્ન થશે તો હું પણ ઉચ્ચ આદર્શમય જીવન જીવી મારા મનના મનોરથ પરિપૂર્ણ કરીશ. તો કૃષ્ણ મહારાજની માંગણી આપની મારફત સ્વીકારી લેવામાં મારું કલ્યાણ ઇચ્છું છું. રાજેમતીની મંજુરી મળવાથી તેની માતાને ખૂબ આનંદ થયો અને તેને આશીર્વાદ આપીને ઉગ્રસેન મહારાજા પાસે આવીને રાજેમતી આ શુભ કાર્યમાં સંમત છે તેવા શુભ સમાચાર આપ્યા તેથી ઉગ્રસેન મહારાજાને ખૂબ આનંદ થયો. ઉગ્રસેન રાજા કૃષ્ણ મહારાજા પાસે આવ્યા ને બે હાથ જોડીને કહ્યું, દ્વારકાધીશ ! આપની માંગણી બાબતમાં મેં સૌની સંમતિ જાણી લીધી છે ને સૌએ સહર્ષ સંમતિ આપી છે, માટે હું આપની માંગણીનો સ્વીકાર કરું છું પણ મેં જાન લઇને આવવાની વિનંતી કરી છે તે ભૂલતા નહિ. કૃષ્ણજીએ કહ્યું અરે ! એ કેમ ભૂલું ? હું જે બાબતનો સ્વીકાર કરી ચૂકયો છું તેને કદી ભૂલીશ નહિ, પણ તમે મારી માંગણીનો સ્વીકાર કર્યો તેથી હું આપનો આભાર માનું છું. ઉગ્રસેન રાજાએ કહ્યું એ તો આપની મહાનતા છે, બાકી આપને મારો આભાર માનવાનો હોય નહીં.

કૃષ્ણ મહારાજાએ કહ્યું–બધું નક્કી થઇ ગયું. ખૂબ આનંદ મંગલ વર્તાય છે પણ લગ્ન બાબતમાં અમારે શું કરવું ? નેમકુમારને પરણવાની ઇચ્છા થાય ત્યારે અમારે જાન લઇને આવવું કે એક દિવસ નક્કી કરીને તે દિવસે આવવું ? ઉગ્રસેન રાજાએ કહ્યું મહારાજા ! લગ્ન માટે તો એક શુભ દિવસ નક્કી જ કરવો જોઈએ અને તે દિવસે જાન આવે તે જ સારું કહેવાય. દિવસ નક્કી કર્યા વિના બધી સગવડ પણ કેવી રીતે કરી શકાય ? કૃષ્ણજીએ કહ્યું તો આપણે હવે લગ્નનો દિવસ પણ નક્કી કરી લઇએ. આ શુભકાર્યમાં વિલંબ કરવો ઠીક નથી, કારણ કે પોતે સમજે છે કે નેમકુમારને માંડ માંડ મનાવ્યા છે. તેમાં જો વિલંબ થાય ને નેમકુમારનું મન ફરી જાય તો શું કરવું ? ઉગ્રસેન રાજાએ તરત જ જ્યોતિષીઓને બોલાવ્યા. મોટા મોટ જ્યોતિષીઓ હર્ષભેર ટીપણાં લઇને ઉગ્રસેન રાજાના દરબારમાં આવ્યા. નેમકુમાર અને રાજેમતીના લગ્નનું વહેલામાં વહેલું જે મુહૂર્ત આવે તે જુઓ. જ્યોતિષીએ બધું જોઇને કહ્યું રાજન્ ! હમણાં તો વર્ષાકાળ ચાલે છે. શરદઋતુની આખરે અને શીતના પ્રારંભમાં લગ્નની તિથિઓ આવે છે. આ સાંભળીને કૃષ્ણ મહારાજાએ કહ્યું કે એ દિવસોને તો ઘણી વાર છે. કોઈ તિથિ નજીકની સારી આવે તે બરાબર જુઓ.

ઉગ્રસેન રાજા અને કૃષ્ણવાસુદેવે આ પ્રમાણે કહ્યું એટલે જ્યોતિષીઓએ નેમકુમાર અને રાજેમતીના લગ્ન માટે શ્રાવણ સુદ છઠ્ઠનો દિવસ આપ્યો. આ દિવસ ઉગ્રસેન રાજા અને કૃષ્ણવાસુદેવ આદિ સર્વેએ માન્ય કર્યો. લગ્નનો દિવસ નક્કી થયો. બધાને ખૂબ આનંદ થયો. જ્યોતિષીઓને ખૂબ ધન આપીને તેમનો સત્કાર કરીને વિદાય કર્યા. ઉગ્રસેન રાજાએ

શ્રીફળ આપ્યું. તે લઈને કૃષ્ણજી હર્ષભેર દ્વારકા નગરીમાં આવ્યા. સમુદ્રવિજય રાજા પણ રાહ જોતા હતા કે મારો કૃષ્ણ કયારે આવશે ? ત્યાં કૃષ્ણજી આવી પહોંચ્યા. એમના મુખ ઉપર આનંદ હતો. કૃષ્ણજીએ સમુદ્રવિજયના ચરણમાં નમન કરીને કહ્યું-કાકા ! આપની કૃપાથી કામ સફળ કરીને આવ્યો છું. ત્રણ ખંડના સ્વામી છે છતાં નમ્રતા કેટલી છે ! એમ ન કહ્યું કે હું જાતે ગયો તો કામ સફળ થયું.

કાકા ! સગાઈનું શ્રીફળ લાવ્યો છું અને લગ્ન માટે શ્રાવણ સુદ છઠ્ઠનો દિવસ નક્કી કર્યો છે માટે હવે ઝટ લગ્નની તૈયારી કરો. આપણે જાન જોડીને મથુરા જવાનું છે. બધી વાત કરી અને રાજેમતીના રૂપ ગુણની પણ ખૂબ પ્રશંસા કરી. સમુદ્રવિજય રાજા, શીવાદેવી રાણી આદિ સર્વેને ખૂબ આનંદ થયો. આખા યાદવકુળમાં આનંદનું વાતાવરણ છવાઈ ગયું, અને રમઝટ લગ્નની તૈયારીઓ થવા લાગી. માતા પિતા વિગેરે સંસારના મોહમાં મૂંઝાયેલા છે. એમને નેમકુમારને પરણાવવાના કોડ છે, ત્યારે નેમકુમાર વિરક્ત દશામાં મસ્ત છે. તેઓ માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી ત્રણ જ્ઞાન સાથે લઈને આવ્યા છે. પોતે જાણે છે કે હું તીર્થંકર થવાનો છું. રાજેમતી સાથે મારા લગ્ન થવાના નથી, છતાં માતા પિતાનો વિનય સાચવવા એક શબ્દ પણ બોલતા નથી. મૌનપણે અનાસક્ત ભાવે થાય છે તે જોવે છે. આવા તીર્થંકરના આત્માએ પણ વડીલોનો કેટલો વિનય સાચવ્યો છે ! જ્યારે આજના છોકરાઓ કેટલા ઉદ્ધત હોય છે તે દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક નાના ગામડામાં ચાર માણસનું કુટુંબ હતું. તેમાં બે માણસ અને દીકરો-દીકરી હતા. દીકરીનું નામ સદ્‌ગુણા હતું. જેવું નામ તેવા તેનામાં ગુણ હતા. તે ખૂબ ભણી ને ડાહી હતી. તે પરણીને સાસરે ગઈ. તેનો વિનય-વિવેક, ગુણ, પ્રેમાળ સ્વભાવ ઇત્યાદિ સદ્‌ગુણોથી તે આખા ઘરમાં સૌને વહાલી થઈ ગઈ. તેના ગુણ જોઈને તેના કાકાજીને થયું કે સદ્‌ગુણા આવી ગુણીયલ છે તો એનો ભાઇ મનોજ પણ આવો જ ગુણીયલ હશે ને ? તો તેની સાથે આ ણી દીકરી પરણાવીએ. મનોજ અમદાવાદ કોલેજમાં ભણતો હતો તેથી સદ્‌ગુણાએ તેના માતા પિતા ઉપર આ બાબતનો પત્ર લખ્યો. મા-બાપે દીકરાને જણાવ્યું પણ મનોજ જવાબ આપતો નથી. ત્રણ ચાર પત્રો ગયા ત્યારે તેણે જવાબ આપ્યો કે તમારે મારા લગ્નની ચિંતા ન કરવી. હું મારું કરી લઈશ. આથી મા-બાપને ખૂબ આઘાત લાગ્યો ને તેને ઉપરાઉપરી પત્રો લખી રૂબરૂ તેડાવ્યો.

મનોજના મનમાં થયું કે આ લોકો મારું માથું ખાઈ જાય છે તો હું એક વાર જઈને રોકડો જવાબ આપી આવું તો કટકટ કરતા બંધ થાય, એટલે મનોજ માતાપિતાને મળવા માટે જવા તૈયાર થયો. આ બોર્ડીંગના સંચાલક ગૃહપતિ એક બાપ દીકરી હતા. મનોજને અચાનક જવા તૈયાર થયેલો જોઈને સંચાલક બહેને અચાનક જવાનું કારણ પૂછયું તેથી મનોજે વાત કરી એટલે સંચાલક બહેને કહ્યું-મનોજ ! લગ્નની બાબતમાં

તો માતા-પિતા કે સગા સ્નેહીની પસંદગી પ્રમાણે કરવું જ નહિ. પોતાની પસંદગી પ્રમાણે કરવું. મા-બાપની ઇચ્છા મુજબ કરવાથી હું દુઃખી થઈ ગઈ છું. મનોજને જોઈતું હતું તે મળી ગયું, અને વિચાર્યું કે તેઓ જે કન્યા પસંદ કરે તેની સાથે મારે પરણવું નથી. મને જે કન્યા ગમશે તેની સાથે હું લગ્ન કરીશ. એમ મગજમાં પાકું નક્કી કરીને ઘેર જવા નીકળ્યો.

હવે ગાડીમાંથી ઉતરી બસમાં પોતાને ગામ જવાનું હતું તેથી બાકડા ઉપર બેઠો ને વિચારે છે કે મારે એમને સ્પષ્ટ શબ્દોમાં કહી દેવું છે કે ફરીથી કકળાટ ન રહે. આમ વિચારમાં મગ્ન છે ત્યાં બસ આવીને ચાલી ગઇ પછી ભાઇને ખબર પડી એટલે નિરાશ થઈ ગયો. હવે શું કરું ? ત્યાં એક પવિત્ર પ્રાગજીભાઈ નામે માણસ આવ્યો. એણે મનોજને ચિંતાતુર જોઇને પૂછયું કે ભાઈ! તું કોણ છે ? મનોજે બધી વાત કરી, એટલે પ્રાગજીભાઇએ કહ્યું એવા કયા ઉંડા વિચારમાં પડી ગયો હતો કે બસ આવીને ગઈ તેની પણ ખબર ન રહી ! મનોજે પોતાના મનની વાત કરી, ત્યારે પ્રાગજીભાઇએ કહ્યું-ભાઈ ! તારા માતા પિતા તારા દુશ્મન થોડા જ છે ? એ તો તારા હિત માટે જ કરે છે ને ? જો તું તારા માતા-પિતાની ઇચ્છા વિરુદ્ધ પરણશે ને પછી કંઈ થશે તો તારા માતા-પિતા તારી વાત નહીં સાંભળે અને જેની સાથે તું પરણીશ એ પણ તારાથી દબાશે નહિ ત્યારે તું શું કરીશ ! બરાબર વિચાર કર. જે માતા-પિતાએ દુઃખ વેઠીને તને ભણાવ્યો, તારા હિત માટે સારા ઘરની કન્યા સાથે લગ્ન કરવા ઈચ્છે છે ત્યારે તું એમની આટલી જ કદર કરે છે ? પ્રાગજીભાઈની વાત સાંભળીને મનોજકુમારનું મન જરા ઢીલું પડયું. પ્રાગજીભાઈ એને પોતાને ઘેર લાવ્યા અને ચા પાણી પીવડાવ્યા, જમાડયો ને પ્રેમથી પોતાને ઘેર રાખ્યો.

"પ્રાગજીભાઇની શિખામણથી મનોજના સુધરેલા વિચારો" :- પ્રાગજીભાઈના ઘરમાં એમના વૃદ્ધ માતા-પિતા હતા. પ્રાગજીભાઈ એમના માતાપિતાની ખૂબ સેવા કરતા હતા. એમના પડયા બોલ ઝીલતા હતા. આ જોઇને મનોજના મનમાં થયું કે આ પ્રાગજીભાઈ માતા-પિતાની કેટલી સેવા કરે છે ત્યારે હું કેટલો ઉદ્ધત છું કે માતા પિતાની સેવા કરવાની વાત તો દૂર રહી પણ એમની લાગણીની પણ કદર કરી શકતો નથી. પ્રાગજીભાઇ રાત્રે બાર વાગ્યા સુધી આ મનોજકુમાર સાથે બેઠા ને માતા-પિતાનો આપણા ઉપર કેવો ઉપકાર છે, એમને માટે આપણે શું શું કરવું જોઇએ તે બધી વાત સમજાવી અને માતા પિતા પ્રત્યેનું પ્રાગજીભાઈનું વર્તન નજરે જોયું એટલે તેનું હૃદય પલ્ટાઈ ગયું ને બીજે દિવસે બસમાં પોતાને ગામ આવી પહોંચ્યો.

આ તરફ તેના માતા-પિતાએ ખૂબ રાહ જોઈ કે આપણો મનોજ આજે આવશે, અને જો મનોજ આપણું કહ્યું ન કરે અને બીજી કોમની કન્યા પરણે તો આપણે બંને ઝેર પીને મરી જશું. આ રીતે બંને વાત કરે છે તે બારણે ઉભેલો મનોજ સાંભળે છે.

તેનું અંતર વલોવાઈ ગયું. પોતાની ભૂલ સમજાણી. તેણે બારણું ખખડાવ્યું. દરવાજો ખુલ્યો. મા-બાપ વિચાર કરતા હતા ત્યાં દીકરો આવી ગયો. મનોજે માતા પિતાના પગમાં પડી આંસુની ધાર વહાવી થયેલી ભૂલ અને પોતાની ઉદ્ધતાઇની માફી માંગી. છેવટમાં સત્યના પંથે વળતા મા-બાપને સંતોષ થયો.

નેમકુમારના લગ્નની તૈયારીઓ થઈ રહી છે, બધાને આનંદ છે. જ્યારે નેમકુમાર અનાસકતભાવે બધું જોયા કરે છે. હવે જાન કેવી રીતે જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ગઈ કાલ સવારે વ્યાખ્યાન પૂરું થયા બાદ મુળચંદભાઇ સંઘવી એક સમાચાર લઈને આવ્યા. તે સમાચાર આપતા પહેલા તેમના મુખ ઉપર કંઈ અઘટિત વાત હશે એમ છાયા તરવરતી હતી. દુઃખિત દિલે તેમણે કહ્યું પૂ. મહાસતીજી ! શ્રીયુત રસીકલાલ હરીલાલ ઝવેરી આજ સવારે પોણા દશ વાગે સ્વર્ગવાસ થયાના સમાચાર આવ્યા છે. આ સાંભળતા એમ થયું કે શું જીવનદીપક આમ જ બૂઝાઈ જાય છે ? મારા બંધુઓ ! હું તમને વધુ શું કહું ? રસીકભાઇનો આત્મા ખૂબ સરળ અને ભદ્રિક હતો. તેઓ જૈન ધર્મમાં ચુસ્ત શ્રદ્ધાવાળા હતા. દરરોજ સામાયિક કરવાનો તેમને નિયમ હતો. કંદમૂળનો સદંતર ત્યાગ હતો. સાધુ સાધ્વીને દેખે ત્યાં તેમનું હૈયું હર્ષથી નાચી ઉઠતું હતું. તેઓ દાનમાં ગુપ્ત દાનેશ્વરી હતા. એમની પાસે ગયેલો માનવ કયારે પણ પાછો ફર્યો નથી દુઃખીના આંસુ લૂછનાર હતા. તેઓ પાંચ ભાઇનું કુટુંબ છે. ખરેખર એ પવિત્ર માતા એ પાંચે પુત્રોને જન્મ આપીને ધન્ય બની છે, કારણ કે પાંચે ભાઇઓમાં ખૂબ સંપ, એકતા અને ધર્મલાગણી છે. તેઓની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા અને લાગણીનું જેટલું કહું તેટલું ઓછું છે. એ મારા જાત અનુભવની વાત છે. તા. ૧૭-૯-૭૮ ના રોજ ચાર મહાસતીજીના પારણા હતા ત્યારે રસીકભાઈ અને અ. સૌ. સુભદ્રાબહેન બંને આવ્યા હતા. કહ્યું છે ને કે ન જાણ્યું જાનકીનાથે કાલે સવારે શું થવાનું છે ? તે રીતે રસીકભાઈ તા. ૨૭મી ના સવારમાં ઉઠયા ત્યારે કોઈ ન જાણતું હતું કે હમણાં શું બનશે ? પોતાનો નિત્ય નિયમ બધો રોજની માફક કર્યો અને એકાએક સવારે પોણાદશ વાગે બે મિનિટમાં હાર્ટના હુમલાથી રસીકભાઈ સમૃદ્ધ અને ભરેલા કુટુંબ પરિવારને રડતા કકળતા મૂકીને પળવારમાં સ્વર્ગના પંથે ચાલ્યા ગયા. ખરેખર, આવા મૃત્યુ દરેકને જાગૃત કરે છે કે ક્ષણનો ભરોસો રાખ્યા વિના જીવન સાધના કરી લેવી, કારણ કે ઘડી પછી શું થવાનું છે તે આપણને ખબર નથી. રસીકભાઈની જૈન સમાજમાં ખૂબ ભારે ખોટ પડી છે. ૐ શાંતિ.



વ્યાખ્યાન નં. ૬૮

ભાદરવા વદ ૧૩ ને શુક્રવાર તા. ૨૯-૯-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! ભવસાગરમાં ડૂબતા જીવોને વીતરાગ પ્રભુના વચનામૃતો આલંબન રૂપ છે. જે આત્માઓને ભવનો ભય લાગ્યો છે તેમને વીતરાગ પ્રભુના વચનામૃતો રક્ષણ રૂપ દેખાય છે. તેમાં પણ અત્યારે આપણી પાસે તીર્થંકર ભગવંતો, કેવળજ્ઞાની ભગવંતો, પરમ અવધિજ્ઞાની કે નિર્મળ શ્રુતજ્ઞાની પુરૂષો પણ નથી. તેમની ગેરહાજરીમાં તો વીતરાગ પરમાત્માએ પ્રકાશેલું શ્રુતજ્ઞાન જ જીવને મહાન ઉપકારી છે, આલંબન રૂપ અને તારનાર છે. માટે શ્રુતજ્ઞાન ઉપર શ્રદ્ધા કરો. એની ઉપેક્ષા કે અવજ્ઞા ન કરો, કારણ કે તેની અવજ્ઞા કે ઉપેક્ષા કરવાથી સમ્યગ્દર્શન કે સમ્યગ્ચારિત્ર ટકી શકતું નથી. કહ્યું છે ને संकाए सम्मत्तं नासइ । જિનવચનમાં શંકા કરવાથી સમ્યક્ત્વનો નાશ થાય છે માટે આપણી અલ્પબુદ્ધિના કારણે આપણને સમજાય કે ન સમજાય પણ આપણે જિનવચન પ્રત્યે આદર જ રાખવો જોઈએ, અને શ્રદ્ધાનો પાયો મજબૂત રાખવો જોઈએ.

આપણો ચાલુ અધિકાર કૃષ્ણજીએ કાકાને કહ્યું હવે લગ્નની જલ્દી તૈયારીઓ કરવી પડશે એટલે સમુદ્રવિજય રાજા, શીવાદેવી રાણી અને કૃષ્ણવાસુદેવે નેમકુમારના લગ્નની જોરશોરથી તૈયારીઓ કરવા માંડી. દ્વારકા નગરી અનેક પ્રકારની ધ્વજાપતાકા અને તોરણોથી શણગારવામાં આવી મંગલ વાજિંત્રો વાગવા લાગ્યા. નેમકુમાર શાંતિથી આ બધું જોયા કરે છે. એમને આ બાબતમાં કોઈ રસ કે આનંદ નથી. એ સમયે કૃષ્ણજીની પટ્ટરાણીઓ આવીને કહે છે રંગીલા નેમકુમાર ! તમે શું શાંતિથી બેસી રહ્યા છો ? હવે સારા વસ્ત્રાભૂષણો પહેરીને બધાની સાથે આનંદ વિનોદ કરો. અમારી દેરાણી આવશે પછી આમ બેસી નહિ રહેવાય. આમ નેમકુમારની મજાક ઉડાવે છે પણ નેમકુમાર મૌન રહે છે. શા માટે મૌન રહ્યા તે વાત હું તમને સમજાવું.

"યાદવોને દુર્વ્યસનોથી અટકાવવાની ભાવના" :- દ્વારકા નગરીમાં વસ્યા પછી યાદવો કૃષ્ણવાસુદેવના અનુશાસનમાં રહીને દિનપ્રતિદિન ઉન્નતિની ટોચે પહોંચ્યા હતા. તેમની કીર્તિના ગૌરવનો સૂર્ય મધ્યાન્હે તપી રહ્યો હતો. ધન, યશ, વૈભવ આદિ કોઈ પણ બાબતમાં તેમની બરાબરી કરનાર તે સમયમાં કોઇ ન હતું, પણ ઉન્નતિમાંથી અવનતિ અને અવનતિમાંથી ઉન્નતિ એ જગતનો સ્વાભાવિક ક્રમ છે. આ ક્રમથી યાદવો પણ બચ્યા નથી. તેમનામાં પણ અવનતિનું કારણ ઘર કરી ચૂક્યું હતું. કંઈક યાદવો જુગાર રમવો, શિકાર કરવો, દારૂ પીવો અને પરસ્ત્રીગમન કરવું એમાં જ પોતાના જીવનની સાર્થકતા માનવા લાગ્યા. દિવસે દિવસે આ દુર્વ્યસનોમાં તેઓ વધુ ને વધુ ફસાવા લાગ્યા. તેમાં પણ વિવાહ આદિ અવસરોમાં તો હજારો ને લાખો પશુપક્ષીઓના નિર્દયતાપૂર્વક સંહાર કરી

નાંખતા હતા. કૃષ્ણવાસુદેવ પોતાના કુટુંબમાંથી આ દુર્વ્યસનો કાઢીને યાદવોને અવનતિના પંથે જતા અટકાવી દુર્ગતિમાં જતા અટકાવવા ઇચ્છતા હતા પણ તેઓ આ કામ કરવામાં અસમર્થ બન્યા.

નેમકુમાર મહાનપુરૂષ હતા, તીર્થંકર હતા. તેમનામાં જન્મથી જ અનંત શારીરિક, માનસિક અને આધ્યાત્મ શક્તિ વિદ્યમાન હતી. તેમનાથી આ મહાન ભયંકર પાપ જોઈ શકાતું ન હતું. પશુપક્ષીઓની હિંસા તેમને કરૂણાર્દ્ર બનાવી રહી હતી. તેઓ વિચારતા હતા કે આ બિચારા મૂંગા પશુપક્ષીઓને આ યાદવો પોતાના આનંદ માટે મારી નાંખે છે, અને તેમને દુઃખી કરે છે. તે સાથે તેઓ પણ પોતાના આત્માને નરકમાં લઈ જવા માટે કર્મબંધનો કરી રહ્યા છે. આ વ્યસનો દૂર કરવા માટે મારા વડીલ બંધુ કૃષ્ણ વાસુદેવ પણ ઘણાં પ્રયત્નો કરી રહ્યા છે પણ તેમાં સફળ બની શકતા નથી. તો હું હવે આ લોકોને આવા મહાન પાપથી મુક્ત કરવા માટે તેમની સામે ત્યાગનો આદર્શ ખડો કરું. ત્યાગ વિના એમના ઉપર પ્રભાવ પાડી શકીશ નહિ. બીજાને ત્યાગ કરાવવા માટે પહેલાં પોતે જ ત્યાગ કરવો જોઈએ. જ્યાં સુધી પોતાનામાં સંપૂર્ણ ત્યાગ ન હોય ત્યાં સુધી બીજાને ગમે તેટલો ઉપદેશ આપવામાં આવે પણ તેની અસર સામા ઉપર થતી નથી, તેથી અરિષ્ટનેમિ કુમાર હિંસા બંધ કરાવવા માટે પોતે દુષ્કર ત્યાગ આવશ્યક સમજતા હતા.

પોતે ત્યાગી બનવાના છે તે વાત નક્કી જાણતા હતા પણ જો પોતે વરરાજા બનીને તોરણ દ્વાર સુધી ન જાય તો તેમની પશુડા પ્રત્યેની અનુકંપા કોણ જાણે ? જગતના બધા માણસોને સાચું સમજાવવું છે તેથી તેમણે લગ્ન વખતે કોઇ જાતનો વિરોધ ન કર્યો. બીજું કારણ એ હતું કે જેથી નેમકુમાર લગ્નનો વિરોધ ન કરી શકે. પોતાના જ્ઞાનથી તેઓ જાણતા હતા કે રાજેમતી મારા પૂર્વના આઠ આઠ ભવોમાં સહચારિણી રહી છે. આઠ ભવોમાં તેણે મારી સાથે રહીને સર્વ પ્રકારનો સહયોગ આપ્યો છે. તે સુખ અને દુઃખમાં મારી સાથે રહી છે. હવે આ નવમા ભવમાં હું મારું તો કલ્યાણ કરી લઉં અને શું તેને આ સંસારની માયાજાળમાં ફસાઇ રહેવા દઉં ! એ ઠીક ન કહેવાય, માટે હું તેને સાવધાન તો કરું કે હું સંસાર વ્યવહાર છોડીને આત્માનું કલ્યાણ કરવા અને અક્ષય સુખ પ્રાપ્ત કરવા માટે જાઉં છું એટલે જો તું આ ભવમાં પણ મારી સાથે સહયોગ કરવા ઇચ્છતી હોય તો જે માર્ગને હું પકડું છું તે માર્ગને તું પણ અપનાવ. આ વિચારથી પણ નેમકુમાર લગ્નની બાબતમાં મૌન રહ્યા હતા.

કૃષ્ણજી લગ્નનો દિવસ નક્કી કરીને આવ્યા હતા. લગ્નનો દિવસ નજીક આવતા સ્થળે સ્થળે આમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી. રાજમહેલમાં યાદવકુળની સ્ત્રીઓ મંગલ ગીતો ગાવા લાગી. ઢોલ, નગારા ને શરણાઈઓ વાગવા લાગ્યા. અને યાદવો અરિષ્ટનેમિકુમારની જાનમાં જવા માટે તૈયારીઓ કરવા લાગ્યા. આ તો તમને અનુભવ છે, હવે નેમકુમારને શણગારવાની તૈયારીઓ થવા લાગી.

सव्वोसहीहिं ण्हविओ, कयकोउय मंगलो ।
दिव्वजुयल परिहिओ, आभरणेहिं विभूसिओ ॥९॥

નેમકુમારને જયા, વિજયા, ઋદ્ધિ, વૃદ્ધિ ઇત્યાદિ નામવાળી પ્રસિદ્ધ ઔષધિઓ દ્વારા સ્નાન કરાવવામાં આવ્યું. તેમના માથા સાથે સાંબેલાનો સ્પર્શ કરાવવા રૂપ કૌતુક અને દૂધ, દહીં, ચોખા આદિ રૂપ માંગલિક પદાર્થોથી ઓવારણા રૂપ મંગલ કાર્ય કરવામાં આવ્યું. તેમને બે પ્રશસ્ત દિવ્ય વસ્ત્રો પહેરાવવામાં આવ્યા. તેમજ મુકુટ, કુંડળ આદિ આભૂષણોથી તેમને સુશોભિત કરવામાં આવ્યા, પછી કૃષ્ણવાસુદેવની પટ્ટરાણીઓએ નેમકુમારને સોનાના રત્નજડિત બાજોઠ ઉપર બેસાડયા ને ગીતો ગાતા ગાતા પીઠી ચોળી. પીઠી ચોળીને પાણીમાં અનેક પ્રકારની ઔષધિઓ અને અત્તર વિગેરે સુગંધી પદાર્થો નાંખીને સુગંધિત પાણી તૈયાર કરાવ્યું. તે પાણી કુંભમાં ભર્યું. તેમાં ૧૦૮ કુંભ સોનાના, ૧૦૮ ચાંદીના, ૧૦૮ સોનામાં રત્ન-જડેલા, ૧૦૮ રૂપાના, ૧૦૮ સોનાચાંદીના, ૧૦૮ માટીના, આ રીતે એકબીજામાં મિકસ કરીને ૧૦૮ જાતિના ૧૦૮ કુંભમાં નેમકુમારને સ્નાન કરાવવા માટે ખાસ તૈયાર કરેલું પાણી ભર્યું, અને એટલા બધા પાણીથી નેમકુમારને ચોળી ચોળીને સ્નાન કરાવવા લાગ્યા. પછી તેમની ભાભીઓએ આંખમાં અંજન આંજયું. કોઈની નજર ન લાગે તે માટે મેશનું ટપકું કર્યું. આ રીતે બધું કૌતુક મંગલ કર્યું. આ બધું કૌતુક જોઈને નેમકુમાર વિચારવા લાગ્યા કે આ જગતમાં કેવા કેવા વ્યવહારો ભરેલા છે. અનાદિ કાળથી જગત પોતાના સ્વરૂપને ભૂલીને બાહ્ય વ્યવહારમાં પડયો છે. ધર્મ પણ એક વ્યવહાર દૃષ્ટિથી કરે છે. એમના આત્માનું કલ્યાણ કયારે થશે ?

બંધુઓ ! અનાદિકાળથી જીવની આવી જ દશા છે. એનો સંસાર વ્યવહાર પહેલા ને ધર્મ પછી માને છે. ધર્મને પહેલું સ્થાન આપવાનું છે તેનું સ્થાન આજે પાછળ રાખ્યું છે. એ પણ સાચા દિલથી સમજણપૂર્વકનો ધર્મ થાય તો સારી વાત છે પણ આજે તો ધર્મ બાહ્ય દેખાવથી શ્રદ્ધા વિના થાય છે. જ્ઞાનીઓ કહે છે થોડું કરો પણ શ્રદ્ધાપૂર્વક કરો. જેમ પેટ્રોલ વિના મોટર ચાલતી નથી, કોલસા કે ડીઝલ વિના ગાડી આગળ વધી શકતી નથી, નાનકડો દીવો પણ તેલ વિના જલતો નથી, ઉંચે ઉડતા વિમાનોને પણ કંઈ ને કંઈ બળતણ જોઈએ છે તો જ આગળ વધી શકે છે તેમ આપણા જીવનરથને પણ પ્રગતિના પંથે આગળ ધપવા માટે શ્રદ્ધાના પ્રેરક બળની જરૂર છે. શ્રદ્ધા વિના એક પગલું પણ આગળ વધવું અત્યંત દુષ્કર બની જાય છે. સમગ્ર કાર્યમાં શ્રદ્ધાનું બળ સહાયક બને છે. જીવનમાં ભાંગી પડેલાને બેઠા કરનાર હોય તો પણ શ્રદ્ધા છે.

પ્રગતિનો એવરેસ્ટ સર કરવામાં પણ શ્રદ્ધા કામ કરે છે. શ્રદ્ધાથી બળ, સ્થિરતા, એકાગ્રતા અને શાંતિ પ્રાપ્ત થાય છે. શ્રદ્ધા વિનાના ઘણાં જીવો આગળ વધવાની બધી

સામગ્રી મળવા છતાં આગળ વધી શકયા નથી. શ્રદ્ધા એ તો દિવ્ય સંજીવની છે. શ્રદ્ધાનું ઔષધ માંદાને તાજગી આપે છે. શ્રદ્ધાથી આત્મવિશ્વાસ ખીલે છે. આ શ્રદ્ધા રૂપી દીપકના સહારે આપણે સહુ પ્રગતિ સાધી શકીશું, પણ શ્રદ્ધા વિના કરણી કરવાથી આગળ વધી શકાશે નહિ. તમે અહીં વ્યાખ્યાન સાંભળવા માટે આવીને બેઠા છો પણ "મન મથુરામાં ને દિલ દિલ્હીમાં" હોય. આ રીતે વ્યાખ્યાન વાણી વર્ષો સુધી સાંભળ્યા જ કરો તો અંતરના ઓરડામાં અડ્ડો જમાવીને બેઠેલા અજ્ઞાન રૂપી અંધકારને ઉલેચી શકાય ખરો ? "ના", તો તમે એક ચિત્તે સાંભળો. અહીં એક વાત યાદ આવે છે.

એક મોટા શહેરમાં ઘણાં શ્રાવકોના ઘર હતા. શ્રાવકો ખૂબ ભક્તિભાવવાળા હતા. એટલે અવારનવાર સાધુ સાધ્વીજીઓનું આગમન થતું ને ભાવિકજનો તેમની વ્યાખ્યાન વાણીનો લાભ લેવા માટે આવતા. આ ગામમાં એક કેસરબા રહેતા હતા. ગામમાં સાધુ સાધ્વીની હાજરી હોય કે ન હોય પણ કેસરબાની ઉપાશ્રયમાં અચૂક હાજરી હોય જ. એમને વ્યાખ્યાન સાંભળવાના કોડ ઘણાં, પણ કેવા ? "મન માળવામાં ને કાયા કાશીમાં" એ રીતે તે દરરોજ વ્યાખ્યાન સાંભળતા હતા. મહારાજ વ્યાખ્યાન આપે ત્યારે કેસરબા જગતને જુવે. ઉપાશ્રયમાં કોણ આવ્યું ને કોણ ગયું ? કોણે શું પહેર્યું છે, કયારે આવ્યા ને કયારે ગયા તેની બધી જ ખબર રાખે. નામ તો મઝાનું કેસરબા હતું પણ કેસર જેવા ગુણ ન હતા. આ કેસરબા વર્ષો સુધી વ્યાખ્યાન સાંભળે તો પણ કલ્યાણ કયાંથી થાય ?

"કંકુબાઈની પવિત્રતા" : આ કેસરબાની પાડોશમાં એક કંકુ નામે સોનારણ બાઈ રહેતી હતી. એને ઘેર આ કેસરબા ઘણી વાર બેસવા જતાં ને એને કહેતા કંકુ ! તું કોઈક દિવસ તો અમારા ઉપાશ્રયે આવ, અને અમારા ગુરૂનું વ્યાખ્યાન તો સાંભળ. એક દિવસ તું આવીશ એટલે તને તો એમ જ થશે કે જાણે ગુરૂદેવની અમૃત વાણી સાંભળ્યા જ કરું. કંકુએ કહ્યું કેસરબા ! શું કરું ? મને ટાઈમ મળતો જ નથી. બીજું તમારા ધર્મના નિયમ જાણું નહિ એટલે મનમાં સંકોચ થાય છે. કેસરબાએ કહ્યું-બહેન ! અમારા ધર્મમાં સંકોચ થાય તેવું કંઈ નથી. તું ખુશીથી આવજે. એક દિવસ કંકુના મનમાં વિચાર થયો કે કેસરબા મને રોજ કહે છે તો આજે જાઉં. એમ વિચાર કરીને કંકુબહેન કેસરબાની સાથે વ્યાખ્યાનમાં આવ્યા એ વખતે મહારાજ સીતાજીની રામ પ્રત્યે કેવી પતિભક્તિ હતી, લોકોની નિંદા સાંભળીને રામચંદ્રજીએ સીતાજીને ગર્ભવંતા હતા ને વનવાસ મોકલી દીધા, છતાં સીતાજીએ એવો વિચાર ન કર્યો કે મારા પતિએ મને પૂછ્યું નહિ ને પ્રજાની પરવા કરીને મોકલી દીધી ! રહેજ પણ પતિનો દોષ ન જોયો. એવી સીતાજીની પતિભક્તિ હતી. આ વાત સાંભળીને કંકુબહેનનું હૃદય પીગળી ગયું અને ત્યાં જ તેણે સંકલ્પ કર્યો કે મારે આજથી પતિને પરમેશ્વર તુલ્ય સમજીને તેમની

ભક્તિ કરવી, તેમજ કોઇનો ઉપર ક્રોધ કરવો નહિ, કોઈને કટુવચન કહેવા નહિ, કદી અસત્ય બોલવું નહિ. સમજાણું ને? કંકુબહેન સોનારણે એક જ દિવસ શ્રદ્ધાપૂર્વક મહારાજનું વ્યાખ્યાન સાંભળ્યું ને આટલા નિયમો લીધા. પણ કેસરબા આટલા વર્ષોથી દરરોજ એકધારું વ્યાખ્યાન સાંભળતા હતા છતાં જીવનમાં સુધારો થયો ન હતો. કંકુબાઈને સમય ન હતો એટલે વ્યાખ્યાનમાંથી થોડી વહેલી ઉભી થઈ એટલે કેસરબા સમસમી ઉઠયા ને મનમાં બબડયા કે આ કંકુડીને કંઈ ખબર પડે છે? અધવચ ઉભી થઈને મારા ગુરૂનું ઘોર અપમાન કર્યું. હવે વ્યાખ્યાન પૂરું થાય ને ઘેર જાઉં એટલે એની બરાબર ખબર લઈ નાંખું છું. વ્યાખ્યાન પૂરું થયું એટલે ક્રોધથી ધમધમતા કેસરબા ઘેર આવીને કહે છે કંકુડી! તને કંઈ લાજ શરમ છે કે નહિ? તારે અધવચ ઉઠી જવું હતું તો શા માટે આવી? કેસરબાએ તો કડવા વેણ કહેવામાં બાકી ન રાખ્યું પણ કંકુ તો શાંત રહી. એક શબ્દ ન બોલી કારણ કે એક દિવસ ફકત અડધો કલાક વ્યાખ્યાન સાંભળીને અંતરમાં ઉતારીને જીવનને શાંત અને ક્ષમાવાન બનાવ્યું હતું. જ્યારે કેસરબાએ ચાર ચાર મહિના સુધી એ જ ગુરૂનું વ્યાખ્યાન સાંભળ્યું હતું પણ જેમ ડામર રોડ ઉપર ગમે તેટલો વરસાદ પડે પણ બંધ થયે રોડ કોરો ને કોરો, તેમ કેસરબાનું હૃદય કોરું ને કોરું જ હતું. તે નિંદા-કુથલી કરવામાંથી ઉંચા જ ન આવે. એ નવરા પડે એટલે કંકુને ઘેર જઈને વાતોના તડાકા મારે, કંકુને ટાઈમ ન હતો. એ તો એની પતિભક્તિ અને ઘરકાર્યમાં પરોવાયેલી હતી.

એક વખત કેસરબા કંકુને ઘેર ગયા ત્યારે તે ચોખા છડતી હતી. ચોખા છડતા સાંબેલું ઉંચું કર્યું તે જ સમયે એના પતિએ પાણી માંગ્યું એટલે તરત જ સાંબેલુ હતું તેમ છોડીને એના પતિને પાણી આપવા દોડી ગઈ. ત્યાં ઉંચું કરેલું સાંબેલુ અદ્ધર જ રહ્યું. જુઓ, આ કંકુના સતીત્વ અને પતિ ભક્તિનો ચમત્કાર હતો, એનો પતિ તો પાણી પીને હુકાને ગયો, અને કંકુ અદ્ધર રહેલા સાંબેલાને પકડીને પાછી ચોખા છડવા બેસી ગઇ, પણ કેસરબા તો આ ચમત્કાર જોઇને ચમકી ઉઠયા અને કંકુને મજાકમાં કહ્યું, તને આ ચમત્કાર શીખવનાર વળી કયા ગુરૂ મળી ગયા! ત્યારે કંકુએ શાંતિથી કહ્યું કેસરબા! આ તો આપની કૃપાનું અમરફળ છે. આપ મને તે દિવસે ગુરૂની પાવન વાણીનું પાન કરવા લઈ ગયા હતા તેનું આ મધુર ફળ ભોગવી રહી છું. આ જોઈને કેસરબાના અંતરમાં આંચકો લાગ્યો કે અહો! મેં તો પચાસ વર્ષ સુધી વાણી સાંભળી તે શું પાણીમાં ગઈ? ના....ના.... એમ તો ન બને હું પણ એના જેવું કંઈક કરું તો મારું નામ કેસરબા સાચું. એવો નિશ્ચય કરીને કેસરબા પોતાને ઘેર આવ્યા.

" પતિને ધમકી આપતા કેસરબા " :- કેસરબા ઘેર આવીને એમના પતિને કહે છે તમે બજારમાંથી નવા ચોખા લઇ આવો, ત્યારે એમના પતિ કહે છે કે ઘરમાં તો ઘણાં ચોખા

છે ને નવા ચોખા શું કરવા છે ? ત્યારે કહે છે કે તમારે એ પૂછવાની જરૂર નથી. હું કહું તેમ કરો, મારે ચોખા છડવા બેસવું છે, તમે અત્યારે જ ચોખા લઈ આવો. પતિ તો સરળ ને ભદ્રિક હતો. તેણે ચોખા લાવીને હાજર કર્યા. બીજે દિવસે સવારના પ્રહરમાં એના પતિને કહે છે જુઓ, આજે દુકાનેથી જમવા માટે વહેલાસર આવી જજો. જમીને થોડીવાર સૂઈ જજો. તે વખતે હું ચોખા છડવા બેસીશ, પછી તમે અડધો કલાક સૂઈને ઉઠી જજો ને મારી પાસે પાણી માંગજો. એનો પતિ પૂછે છે આ બધું કરવાનું કારણ શું ? એટલે કેસરબા ક્રોધે ભરાઈને કહે છે કે એ કંઈ તમારે પૂછવાની જરૂર નથી. તમને સમજણ પડે નહિ. તમે તો હું કહું તેમ કરો ને ? આ બધું હું શા માટે કરું છું તે થોડીવારમાં તમને જોવા મળશે. પતિ કહે છે ભલે. પત્નીની આજ્ઞાને આધીન બનેલો પતિ વહેલાસર જમવા માટે આવ્યો. જમીને સૂઇ ગયો. ઉનાળાની સખ્ત ગરમીના દિવસો હતા એટલે તરત ઉંઘ આવી ગઇ.

"નકલ કરવા અક્કલનો અજમાશ" :– કેસરબાને સાંબેલું અદ્ધર રાખવાના કોડ જાગ્યા હતા. એમણે વિચાર કર્યો કે કંકુએ એક સાંબેલુ અદ્ધર રાખ્યું પણ હું તો બે સાંબેલા અદ્ધર રાખીશ. એટલે એ તો એક નહિ પણ બે સાંબેલા લઇને ચોખા છડવા બેસી ગઇ. હવે પતિ તો ઘસઘસાટ ઉંઘી ગયો છે. તેથી તે કેવી રીતે પાણી માંગે ? અડધા કલાકને બદલે કલાક થઇ ગયો પણ પતિ ઉઠયો નહિ એટલે કેસરબા અધીરા બની ગયા અને સાંબેલાની સાથે મઢેલું લોખંડનું કડું કાઢીને સીધો એના પતિ ઉપર ઘા કર્યો, તેથી પતિનું માથું ફૂટી ગયું ને લોહીની ધાર થઇ ને પતિએ પાણી માંગ્યું એટલે પતિવ્રતા કેસરબા સાંબેલું અદ્ધર મૂકીને પતિને પાણી આપવા દોડયા, ત્યાં બંને સાંબેલા તેમના માથા ઉપર પડયા ને માથું ફૂટી ગયું ને લોહીની ધાર વહેવા લાગી. (હસાહસ) કેસરબા તો કંકુને ઘેર આવીને કહે છે રાંડ ! તેં તારું સાંબેલું અદ્ધર રાખ્યું ને મારું માથું ફોડાવ્યું ! બહાર નીકળ....તને બતાવી દઉં. (હસાહસ) કંકુ કહે છે કેસરબા ! આ તો હૃદયનો રંગ છે, અને સાચી પતિભક્તિનો પ્રભાવ છે. આ બાબતમાં કોઈની નકલ કરી અક્કલનો અજમાશ ન કરાય. એ માટે તો બરાબર શ્રદ્ધાપૂર્વક કામ કરવું જોઈએ તો જ સફળતા મળે.

નેમકુમારને સ્નાન કરાવી કૌતુક મંગલ કર્યા, અને દિવ્ય વસ્ત્રો પહેરાવ્યા. કંઠમાં સાતસેરા, નવસેરા અને અગિયાર સેરા હીરા, માણેક અને મોતીના હાર પહેરાવ્યા. લગ્ન કરવા જવા માટેના મંગલ વાજિંત્રો વાગવા લાગ્યા. મંગલ ગીતો ગવાવા લાગ્યા અને નેમકુમારને વરરાજા તરીકે શણગારવા લાગ્યા. યાદવો પણ કિંમતી વસ્ત્રાભૂષણો પહેરીને તૈયાર થવા લાગ્યા. સારા યાદવકુળમાં અને આખી દ્વારકા નગરીમાં આનંદનો પાર નથી. હજુ જાન કેવી રીતે તૈયાર થશે તે અવસરે કહેવાશે.

ચરિત્ર :– જિનસેન અને રામસેન બંને પરણીને આવ્યા. તેમના સ્વાગત થયા.

જિનસેનની પત્નીઓ ખૂબ કરિયાવર લાવી છે અને રામસેન તો સામંતની પુત્રીને પરણ્યો છે એટલે સામાન્ય છે. આ સમાચાર સાંભળીને રત્નવતીના પેટમાં તો તેલ રેડાઇ ગયું. જિનસેનકુમાર તેની બંને પત્નીઓ સાથે પોતાની માતા જિનસેના મહારાણીના મહેલ તરફ ચાલ્યો. એ ચાલ્યો એટલે તેની પાછળ કરિયાવરની ગાડીઓ પણ જવા લાગી. રત્નવતી કહે છે માલની ગાડીઓ કયાં લઇ જાઓ છો? એ તો મારા રામસેનકુમારને કરિયાવરમાં આવી છે. એને બગીચામાં કયાં લઇ જાઓ છો? પણ એનું કોણ સાંભળે? એતો બકબક કરતી રહી ને જિનસેનની પાછળ બધું ગયું. જિનસેનકુમાર બંને પુત્રવધૂ અને કરિયાવર સહિત બગીચામાં જિનસેના રાણીના બંગલે આવ્યો ને માતાના ચરણમાં પડયો, પછી બંને પુત્રવધૂઓ મદનમાલતી અને ચંપકમાલા સાસુજીના ચરણમાં પડયા. સાસુએ બંને પુત્રવધૂઓના માથે હાથ મૂકીને અંતરના આશીર્વાદ આપ્યા ને કહ્યું બેટા! તમો બંને સુખી થાઓ. તમારું સૌભાગ્ય અખંડ રહો. પોતાના પુત્રની પુન્નાઈ અને આવી દેવકન્યા જેવી વહુઓને જોઇને જિનસેના રાણીનું હૈયું હરખાઈ ગયું. જિનસેનાને પોતાની બંને વહુઓ પુત્રીઓ જેવી વહાલી લાગે છે. વહુઓ પગમાં પડી પણ તેની પાસે આપવાનું કંઈ ન હતું કારણ કે રાજાએ પહેરેલા કપડે કાઢી છે. કંઈ આપ્યું નથી, તેથી બંને વહુઓને અંતરના આશીર્વાદ આપ્યા ને બધા આનંદથી રહેવા લાગ્યા.

ખુશી મેં ખુશી એક ઔર હુઇ, આયે જયમંગલ સરકાર,
નરનારી સબકે મન ભાયા, આનંદ હુઆ અપાર.

રત્નવતીના કલેશથી કંટાળીને ચાલ્યા ગયેલા જયમંગલ રાજા ઘણાં વખતે પોતાના નગરમાં પધાર્યા એટલે આખા નગરની જનતાને તેમજ બંને રાણીઓને ખૂબ આનંદ થયો. અને તેમનું ભવ્ય સ્વાગત કરીને કંચનપુરમાં લાવ્યા, પોતાની ગેરહાજરીમાં પણ રાજ્યની વ્યવસ્થા બરાબર છે. જાણી રાજાને ખૂબ આનંદ થયો. તેમજ બને રાણીના પુત્રો પરણ્યા તે જાણીને વિશેષ આનંદ થયો અને પ્રધાનને શાબાશી આપીને કહ્યું પ્રધાનજી! તમારી બુદ્ધિ ઘણી તીવ્ર છે ને તમને ધન્યવાદ છે કે મારી ગેરહાજરીમાં પણ તમે આટલી સુંદર રાજ્યની વ્યવસ્થા કરી છે. તમારો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. રાજાએ પ્રધાનને મોટું ઈનામ આપ્યું.

"ઇર્ષ્યાળુ રત્નવતી" :– આ તરફ જિનસેનકુમારના લગ્ન થયા અને થોડા દિવસ પછી બંને કુમારીઓને પિયરથી તેડવા આવ્યા, તેથી તે પિયર ગયા. હવે જિનસેનકુમાર અવારનવાર પિતાજી પાસે જતો અને રાજ્ય સબંધી કાર્યો પણ કરતો, તેથી રાજાનો તેના ઉપર ખૂબ પ્રેમ વધ્યો, ને રાજ્યમાં જિનસેનકુમારની ખૂબ પ્રશંસા થવા લાગી. સાથે જિનસેના રાણીની પણ પ્રશંસા થવા લાગી. પણ રત્નવતી કે રામસેનની કોઈ પ્રશંસા કરતું નથી, એટલે તે ઈર્ષ્યાની આગમાં બળવા લાગી અને રાજાને કહે છે નાથ! આ રાજ્યમાં રહેવું મને ગમતું નથી, કારણ કે હું તમારી પટ્ટરાણી છું, છતાં કોઈ મને ચાહતું નથી. સૌ જિનસેના અને જિનસેનને ચાહે છે. આ મારાથી કેમ સહન થાય?

મારા દુઃખનો તો પાર નથી. આવા જીવને જીવવા કરતાં ઝેર પીને મરી જવું સારું છે. બીજું જિનસેનકુમાર જ્યાં સુધી જીવતો રહેશે ત્યાં સુધી મારો રામસેન કેવી રીતે રાજ્ય કરી શકશે ? માટે એને તમે કોઈ પણ રીતે મારી નાંખો. તો જ હું જીવીશ, બાકી મારે જીવવું નથી.

આ સાંભળીને જયમંગલ રાજા ક્રોધમાં આવીને કહે છે તમારે જીવવું હોય તો જીવો ને મરવું હોય તો ઝેર લાવી આપું. તમારા કલેશથી કંટાળીને તો હું ચાલ્યો ગયો હતો છતાં તમને ભાન થતું નથી ? મેં તમારું કહ્યું ઘણું કર્યું. મેં તમારા કહેવાથી ઈનામમાં આપેલી ચીજો પણ પાછી લઈ લીધી, અને નિર્દોષ જિનસેના રાણીને મહેલમાંથી કાઢી. હવે હું તમારું કહ્યું કરવાનો નથી. જિનસેન તો મારો રત્ન જેવો દીકરો છે. ભવિષ્યમાં એ રાજ્ય ચલાવશે. તારો રામસેન શું કરવાનો છે ? એને રાજ્ય અપાવવા માટે જિનસેનને મરાવી નાંખવા તૈયાર થઈ છે પણ રામસેનને પૂછ તો ખરી કે એનામાં રાજ્ય ચલાવવાની ત્રેવડ છે ? એક કન્યા પરણ્યો તે પણ જિનસેનના પ્રતાપે પરણ્યો છે, બાકી એને કોણ કન્યા પરણાવે તેમ છે ?

રાજાના વચન સાંભળીને રત્નવતી તો ધ્રુજી ઉઠી. એના મનમાં થઈ ગયું કે હવે મહારાજા મારા ઉપર વિફર્યા છે એટલે બોલતી જ બંધ થઈ ગઈ ને વાત બદલાવી નાંખી, પછી રાજાના ચરણમાં પડીને કહે છે સ્વામીનાથ ! આપની વાત સાચી છે. મારી ભૂલ થઈ ગઈ. જિનસેનકુમાર ઉપર તો આપણો બધો આધાર છે. મેં એના માટે આવો વિચાર કર્યો ? નાથ ! હવે હું તેના ઉપર બિલકુલ દ્વેષ નહિ કરું. મારો જિનસેન દીર્ઘાયુષ બને તેમ કહીને ખૂબ ગુણ ગાવા લાગી, આથી જયમંગલ રાજાના મનમાં થયું કે રત્નવતી હવે સુધરી જશે. મહારાજાને ખૂબ આનંદ થયો. રત્નવતી અવારનવાર જિનસેનને પોતાના મહેલે બોલાવીને મીઠી મીઠી વાતો કરવા લાગી. આ જોઈને રાજાને વિશેષ આનંદ થયો. ઉપરથી પ્રેમ બતાવતી રત્નવતી હવે શું કરશે તેના ભાવ અવસરે.

●

વ્યાખ્યાન નં. ૬૯

ભાદરવા વદ અમાસ ને રવીવાર **તા. ૧-૧૦-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત ઉપકારી, પરમ તારક, અરિહંત ભગવંતે જગતના સર્વ જીવોના કલ્યાણ માટે શાસ્ત્રમાં ધર્મનું શુદ્ધ સ્વરૂપ બતાવ્યું છે. તેમાં પણ સર્વ ત્યાગમય શ્રમણધર્મની પ્રધાનતા બતાવી છે. અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. આવો ધર્મ સમગ્ર વિશ્વનું કલ્યાણ કરે છે, અને તે ધર્મનું સંપૂર્ણ પ્રકારે સાધુ મહાત્માઓ પાલન કરી શકે છે, અહિંસા અને સંયમના પાલન સાથે

જ્યારે તપની વિરાટ શક્તિ ભળે છે ત્યારે કર્મોનો સર્વથા ક્ષય થાય છે દર્શન હોય, સાથે જ્ઞાન હોય પણ જો ચારિત્ર ન હોય તો મોક્ષ ન થાય, જો ચારિત્રના અભાવમાં મોક્ષ થતો હોત તો સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોમાં પણ જ્ઞાન છે. તેમને મતિ, શ્રુત ને અવધિ જ્ઞાન હોય છે. દર્શન પણ નિર્મળ હોય છે પણ ત્યાં ચારિત્ર નથી એટલે મોક્ષ થતો નથી. ચારે ય ગતિમાં જો મનુષ્યગતિનું માહાત્મ્ય હોય તો તે ચારિત્રના કારણે છે. દર્શન અને જ્ઞાન બીજી ગતિઓમાં હોય છે પણ સર્વવિરતિ તો મનુષ્યભવમાં હોય છે, તેથી જ્ઞાનીઓએ કહ્યું છે કે મનુષ્યભવ દુર્લભ છે. તેમજ મનુષ્યભવની સાથે સર્વવિરતિ ચારિત્રની દુર્લભતાનું શાસ્ત્રોમાં ઠેરઠેર વર્ણન કરેલું છે. બીજી ગતિમાં ચારિત્ર મળતું નથી માટે મનુષ્યભવમાં ચારિત્ર પાળીને કર્મોનો ક્ષય કરીને મોક્ષમાં જઈ શકાય છે. ટૂંકમાં કહું તો મનુષ્યગતિ એ મોક્ષના પંથે જવાનું સ્ટેશન છે કે જ્યાંથી આરાધનાની ગાડી સીધી મોક્ષમાં પહોંચાડે છે.

બધા શ્રુતનો સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર નિર્વાણ એટલે મોક્ષ છે, માટે ચારિત્ર સંપન્ન સંતોનો સમાગમ કરો. સંતો સંસારના મોહમાં મુગ્ધ બનેલા જીવોને ધર્મ-અધર્મ-પુણ્ય-પાપ બધું સમજાવે છે. દુષ્કૃત્યોની ગર્હા કરાવતા આંખોમાંથી અશ્રુની ધારા વહાવે અને જગતના જીવોને સર્વ સુકૃતોની અનુમોદના કરાવીને હર્ષવિભોર પણ બનાવે છે. આવા સંતો ભગવાન મહાવીરનો સંદેશો ફેલાવવા માટે કષ્ટ વેઠીને દેશોદેશમાં વિચરે છે. સંતો સાચું સુખ કયાં છે તે સારી રીતે સમજાવી સત્ય-અસત્યનું ભાન કરાવે છે. બંધુઓ ! જગતના તમામ જીવો સુખની ઝંખના કરે છે અને તેની પાછળ કારમી ચિંતાની હોળી હૈયામાં સળગાવ્યા કરે છે, અને દિવસ રાત મહેનત કરે છે છતાં પણ તે આત્માઓએ સુખના સાગરમાં સ્નાન કર્યું નથી, પણ ભયંકર દુઃખોના સાગર સમા સંસારમાં સ્નાન કર્યું છે. સ્વાર્થમય સંસારમાં મુગ્ધ બનેલા મનુષ્યો પાસે પાંચ સાત માળનો આલીશાન ભવન જેવો બંગલો હોય, પાંચ સાત મોટરો દોડાદોડ કરતી હોય, પેઢીઓમાં લાખો ને કરોડો રૂપિયાની ઉથલપાથલ થતી હોય, નોકરચાકરો ખમ્મા ખમ્મા કરતા હોય, બાગ બગીચાની લહેજતો લૂંટાતી હોય, વિષય વિલાસના સાધનો ભરપૂર વસાવેલા હોય, અને લાડી, વાડી અને ગાડીમાં મસ્ત બનીને ફરતા હોય, આવા જીવોને તમે બધા શું કહો ? મહાસુખી. યાદ રાખજો કે આ સુખો શાશ્વત નથી, પણ પુણ્ય છે ત્યાં સુધી સુખ છે. જ્યાં પાપોદય થયો કે બધા સુખો ચાલ્યા જાય. બ્રહ્મદત્ત ચક્રવર્તી, સુભૂમ ચક્રવર્તિને ત્યાં દુન્યવી સુખોની કંઈ કમીના ન હતી પણ આજે કઈ સ્થિતિમાં છે તે જાણો છો ને ? નારકીના કેવા મહાન દુઃખો ભોગવે છે !

દેવાનુપ્રિયો ! આવી રીતે આ દુન્યવી સુખો અનાદિકાળથી જીવને હેરાન પરેશાન કરી રહ્યા છે, આત્મહિતનું ખૂન કરી રહ્યા છે અને મોક્ષરૂપી મહેલના સરળ માર્ગને વાંકો-ચૂંકો અને અટપટો બનાવી રહ્યા છે. આત્માની ઉન્નતિના પંથમાં મોટી શીલાઓ ખડકી

રહ્યા છે. આ ભૌતિક સુખો જીવને ભોગવવામાં સુખદાયક લાગે છે પણ એ કિંપાક વૃક્ષના ફળ જેવા છે. કિંપાક વૃક્ષના ફળ દેખાવમાં અતિ સુંદર અને સ્વાદમાં અમૃત સમાન છે પણ તે ખાવાથી પરિણામે જીવ અને કાયા જુદા થઈ જાય છે, તેમ તમારા સુખો દેખાવમાં સુંદર, ઉપભોગમાં મીઠા મધુરા લાગે છે પણ પરિણામે ભયંકર છે, એટલે અનંત જન્મ-મરણની પરંપરાને વધારનાર છે. આ મોહઘેલું જગત બંગલાઓ અને વિષયવિલાસના સાધનો જોઈને ભલે સુખ માને પણ જ્ઞાનીની દૃષ્ટિએ તે સુખી નહિ પણ મહાદુઃખી છે, અને સમ્યક્‌દર્શન, જ્ઞાન અને ચારિત્રવાન સંતો મહાસુખી છે. સાચું સુખ તો ત્યાગમાં જ છે અને ભૌતિક સુખોના રાગમાં તો મોટા મોટા દુઃખોના પહાડોની શ્રેણીઓ છે.

સાચું સુખ બજારમાં, ઘરોમાં, આલીશાન મહેલાતોમાં, વિષય વિલાસોમાં, લાડી વાડી ને ગાડીમાં નથી. સાચા સુખનું સ્થાન જ્યાં આધિ, વ્યાધિ, ઉપાધિ, જન્મ-જરા-મરણ, સંયોગ-વિયોગ, રાગ-દ્વેષ, ભય, શોક નથી ત્યાં છે. આ બધું કયાં ન હોય તે જાણો છો ને ? બોલો તો ખરા. મોક્ષમાં જ છે. જે જે આત્માઓએ સાચા સુખના સ્થાનમાં વાસ કર્યો તે તે આત્માઓને દુન્યવી સુખો કિંપાકના ફળ જેવા લાગ્યા અને આધ્યાત્મિક માર્ગ રૂપ હાથીના સ્કંધ ઉપર આરૂઢ થઈને મૈત્રીભાવનાનો મુગટ મસ્તક ઉપર પહેરીને ક્ષમા રૂપી બાણોથી આંતર શત્રુઓનો વિનાશ કરીને મોક્ષરૂપી આલીશાન મહેલાતની મઝા માણી સુખ સાગરમાં સ્નાન કરીને સાચા સુખના ભોક્તા બન્યા.

અનાદિકાળથી આત્મા દુન્યવી સુખોનું સંશોધન કરી રહ્યો છે. એણે સાચા સુખનું સંશોધન કર્યું નથી, એટલે સાચું સુખ મેળવી શકતો નથી. આધ્યાત્મિક જીવન ઉપાધિઓથી રહિત ને દુન્યવી સુખોની ઝંખનાથી પર છે. વીતરાગ પ્રભુએ જેવું આધ્યાત્મિક જીવન જીવવાનું કહ્યું છે તેવું જીવન જીવનાર આત્મા સાચા સુખનો ભોક્તા બની શકે છે, માટે દુન્યવી સુખોને લાત મારી વીતરાગ પ્રભુએ બતાવેલી સંયમરૂપી નાકામાં બેસી મોક્ષમાર્ગની ઉપાસના કરી ભવસાગરને તરવા અને અનંતસુખના ભોક્તા બનવા માટેનો સતત પુરૂષાર્થ કરવો જોઈએ.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમાં અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં નેમકુમાર વરરાજાના વેશમાં વસ્ત્રાભૂષણોથી સજ્જ થઈ ગયા છે. પોતાના લાડકવાયા નેમકુમારને વરરાજાના રૂપમાં જોઈને સમુદ્રવિજય રાજા અને શીવાદેવી મહારાણીને આનંદનો પાર નથી. કૃષ્ણજીને જાનના આગેવાન બનીને જવાનો, યાદવોને જાનૈયા બનીને મહાલવાનો અને રાણીઓને જાનડીઓ બનીને નેમકુમારને ગીતો ગાવાનો હરખ હતો. વરઘોડો ચઢવાનો સમય થયો નેમકુમારને રત્નજડિત સિંહાસનેથી ઉભા કર્યા, ત્યાર પછી શું કરે છે—

मत्तं च गंधहत्थिं, वासुदेवस्स जेट्ठगं ।
आरुढो सोहई अहियं, सिरे चूडामणी जहा ॥१०॥

કૃષ્ણ મહારાજાના પ્રધાન એવો મદોન્મત્ત ગંધ નામનો હાથી જેને ખૂબ સુંદર રીતે શણગાર્યો હતો તેના ઉપર નેમકુમારને બેસાડવામાં આવ્યા. તે સમયે હાથી ઉપર બેઠેલા નેમકુમાર એવા સુંદર દેખાતા હતા કે જેવી રીતે માથા ઉપર ધારણ કરેલો ચૂડામણી શોભી ઉઠે છે તેમ ગંધ હસ્તિ ઉપર બેઠેલા નેમકુમાર શોભી ઉઠ્યા.

એક તો તીર્થંકર ભગવાન છે. તીર્થંકર પ્રભુના પુણ્ય અલૌકિક હોય છે. વળી જગતમાં રહેલા શુભ અને પવિત્ર પરમાણુઓથી તેમનું શરીર બનેલું હોય છે. તેમનો આત્મા પણ તેજસ્વી હોય છે. તેમાં પાછા કિંમતી વસ્ત્રાભૂષણો પહેરાવ્યા અને હાથીને પણ ખૂબ સુંદર રીતે શણગાર્યો હતો તેના ઉપર નેમકુમારને બેસાડ્યા, પછી એની શોભામાં કંઈ બાકી રહે ! સાક્ષાત્ દેવો અને ઇન્દ્રો પણ તેમની આગળ ઝાંખા પડી જાય તેવા દેખાતા હતા. નેમકુમારનું શરીર ઝગારા મારી રહ્યું હતું. તેમના શરીરમાંથી જાણે પ્રકાશની સહસ્ત્ર કિરણાવલીઓ છૂટતી હોય તેમ દેખાતું હતું. નેમકુમારના માથે છત્ર ધરવામાં આવ્યું ને બંને બાજુ ચામરો વિંઝાવા લાગ્યા.

જે હાથી ઉપર નેમકુમારને બેસાડ્યા છે તે હાથી ઉપર ખુદ કૃષ્ણ વાસુદેવ જ બેસતા હતા. તે સિવાય કોઈ બેસતું ન હતું, પણ આજે તો કૃષ્ણ વાસુદેવને આનંદનો પાર નથી. ભાઈને તો પરણવાના કે હાથી ઉપર બેસવાના બિલકુલ કોડ નથી પણ માતા-પિતા અને મોટાભાઈને કોડ છે કે આપણે નેમકુમારને ખૂબ લડાવો લેવડાવીએ અને ધામધૂમથી રાજેમતી સાથે પરણાવીને આપણા મનની હોંશ પૂરી કરીએ. નેમકુમારને સારી રીતે શણગારીને હાથી ઉપર બેસાડ્યા છે. તે એવા શોભે છે કે જોનારની આંખડી ઘરાય જ નહિ. માતા શીવાદેવી અને પિતા સમુદ્રવિજય રાજા તો પોતાના લાલને નીરખી નીરખીને દેખે છે કે અમારો નેમ કેવો શોભે છે ! રાજેમતી પણ ખૂબ રૂપાળી છે. આ બંનેની જોડી શોભી ઉઠશે. જાનમાં જવા તૈયાર થયેલા જાનૈયા તેમજ આવેલા મહેમાનો બધાં નેમકુમારને જોઈને આશ્ચર્યચકિત બની ગયા કે શું નેમકુમારનું રૂપ છે ! આવા વરરાજા તો કદી અમે જોયા નથી.

अह उसिएण छत्तेण, चामराहि य सोहिए ।
दसार चक्केण य सो, सव्वओ परिवारिओ ॥ ११ ॥

નેમકુમારના માથે સેવકોએ છત્ર ધર્યું, અને ચામર ઢોળનારા સેવકો તેમના ઉપર ચામર ઢોળવા લાગ્યા. તેમજ નેમકુમાર સમુદ્રવિજય, અક્ષોભ, સ્તમિત, સાગર, હિમવત,

અચલ, ધરણ, પૂરણ, અભિચંદ તથા વસુદેવ આદિ દશ દશાર્હો વિગેરે સર્વ યાદવોના પરિવારથી ચારે બાજુ વીંટળાઈ રહ્યા હતા. નેમકુમારને એવી સુંદર રીતે શણગારવામાં આવ્યા છે કે કૃષ્ણજીના ગંધહસ્તિ ઉપર બેઠેલા મહારાજાના મુગટ ઉપર મણી શોભી ઉઠે છે તેના કરતા પણ તે અધિક શોભતા હતા. આ તો શણગાર સજાવ્યા છે પણ ભાવિના તીર્થંકર તો વગર શણગારે સાદાવેશમાં પણ શોભી ઉઠે છે, કારણ કે આથી ત્રીજા ભવમાં એવી લગની જાગી હતી કે "सर्वजीव करुं शासनरसी". સર્વજીવોને શાસનરસી બનાવું તેમજ જન્મ-જરા અને મરણના દુઃખોમાંથી મુક્ત કરાવીને હું તેમને શાશ્વત સુખના અધિકારી કેમ બનાવું એવી લગની લાગી હતી, તેથી તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું. તીર્થંકરના પુણ્યમાં શું કમીના હોય ! એમના તેજમાં પણ શું ખામી હોય !

ભગવાનને તો સારાયે જગતના જીવોનો ઉદ્ધાર કરવાની લગની લાગી હતી, પણ તમને તો તમારા આત્માનો ઉદ્ધાર કરવાની લગની લાગે તોય સારું. મીરાંબાઇને આત્મકલ્યાણ કરવાની કેવી લગની લાગી હતી ! એ મીરાં શ્વેત સાડી પહેરતી હતી. બીજા વસ્ત્રો ભૂષણો પહેરતી ન હતી, છતાં કેવી શોભતી હતી ! એને ભગવાનની ભક્તિમાં કેવી શ્રદ્ધા અને લગની હતી કે લોકો એને ગાંડી કહેતા પણ પ્રભુભક્તિમાં મસ્તાની બનેલી મીરાંને જગતની પરવા ન હતી. એને માટે ભક્તો પણ કહે છે કે

ગાંડીરે ગાંડીરે મીરાં એવી ગાંડી, ઝેરના કટોરા પીવા માંડી હો....હો....
હાથે પગે ઘૂંઘરું બાંધી નાચવા લાગી.
એના હૃદિયામાં શ્યામની લગની લાગી....હો....
નાચી નાચી રાતભર, શ્યામ મારું કામ કર (૨)
મને રાખ તારા ચરણોની દાસી રે....એ...એ....ગાંડી રે.

મીરાંને એના ભગવાન શ્યામસુંદર ઉપર કેવી અતૂટ શ્રદ્ધા હતી કે પગે ઘૂઘરા બાંધીને એની ભક્તિમાં દિવાની બનીને રાતની રાત નાચતી હતી. એ મીરાંને પોતાની બનાવવા માટે રાણાએ કેટલા વાના કર્યા, છેવટે મીરાંને મારી નાંખવા માટે સર્પના કરંડીયા મોકલ્યા. તો એની ભક્તિના પ્રતાપે સર્પ ફીટી ફૂલની માળા બની ગઈ. ઝેરના પ્યાલા મોકલ્યા તો શ્યામસુંદરની ભક્તિમાં તરબોળ બનેલી મીરાં ઝેરને અમૃતની જેમ ગટક ગટક પી ગઈ તો ઝેરનું અમૃત બની ગયું. મીરાંની કેવી શ્રદ્ધા ને ભક્તિ હશે ! જો તમને પણ આવી શ્રદ્ધા જાગે તો બેડા પાર થઈ જાય. માણસ કંઇક તપ, જપ કે નિયમ કરે છે ત્યારે તેને કસોટી તો આવે જ છે, પણ કસોટીમાં સ્થિર રહેવાય તો કામ થઈ જાય. મીરાંએ કસોટીમાં પણ ભગવાનની ભક્તિ ન છોડી તો એની કેવી અખૂટ શ્રદ્ધા હશે !

આપણાં વીતરાગ શાસનમાં વિચરતા સંતોની પણ કસોટી થઈ છે તેમને મારણાંત

પરિષહ આવ્યા છતાં સંયમથી તેઓ ચલિત થયા નથી. ખંધક અણગારની જીવતા દેહની ચામડી ઉતારવામાં આવી, ગજસુકુમાલ અણગારને માથે ધગધગતા અંગારાની સગડી મૂકાણી, મેતારજ મુનિના માથે વાધળી વીંટવામાં આવી, અને ઝાંઝરીયા મુનિવરને મોટો ખાડો ખોદી ગળા સુધીના ભાગને દાટી દીધો અને તલવારથી મસ્તક છેદી નાંખવામાં આવ્યું છતાં સંયમભાવથી રહેજ પણ મન ચલાયમાન થયું નહિ તેમણે એક જ વિચાર કર્યો કે મારનાર મારા શત્રુ નથી પણ મારા કર્મો જ મારા શત્રુ છે. કર્મશત્રુઓને હણવા માટે મેં સંયમ લીધો છે, એમ સમજીને આ સમતાના સાગર મુનિવરો કસોટીના સમયમાં ગજબની સમતા રાખીને કર્મશત્રુઓને હણી મોક્ષમાં ગયા. આવા ઘણાં દાખલાઓ છે. અત્યારના કાળમાં આવા ઉપસર્ગો ઓછા આવે છે, પણ જો સામાન્ય ઉપસર્ગ આવે ને તે સહન કરે તો બેડો પાર થઈ જાય. જૈનના સંતો દરેક કાર્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઈને કરે છે.

એક વખત દેશમાં દુષ્કાળ પડયો. લોકોના અન્નના ભંડારો ખૂટવા લાગ્યા. પાણી માટે પણ પ્રાણીઓ વલખા મારવા લાગ્યા, પેટની આગ શમાવવા માટે માણસો અનેકવિધ ઈલાજો કરવા લાગ્યા. આવો કપરો કાળ આવવા છતાં લોકોની ધર્મભાવનામાં જરા પણ ઓટ આવી ન હતી. દેવ–ગુરૂ અને ધર્મ પ્રત્યેની પ્રીતિ અંતરમાં ઝળકતી હતી. અંતરની અમીમાં કમી આવે ત્યારે સારો કાળ પણ વિકરાળ લાગે છે અને અંતરમાં અમી ઉભરાતા હોય ત્યારે વિકરાળ કાળ પણ સુકાળમાં ફેરી જાય છે. એક વખત મહાન જ્ઞાની આચાર્ય ભગવંત વિશાળ શિષ્ય પરિવાર સાથે એક નગરીમાં પધાર્યા. શ્રાવક શ્રાવિકા ગુરૂના દર્શન માટે ઉમટી પડયા. પોતાનું સમસ્ત દુઃખ ભૂલીને જનતા ગુરૂના ચરણમાં આળોટી પડી. સૌ સમજતા હતા કે મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે આવા મહાન જ્ઞાની ગુરૂ ભગવંતના દર્શનનો લાભ મળે છે.

ખૂબ ઉત્સાહપૂર્વક ગુરૂદેવનું સ્વાગત કરીને નગરમાં લાવ્યા. મહારાજે માનવ મેદનીને ધર્મનો ઉપદેશ આપ્યો. સંસારની અસારતા સમજાવી, જ્ઞાની ગુરૂનો અમૃતમય ઉપદેશધારાથી મનુષ્યોના મન આનંદવિભોર બની ગયા. શ્રાવકોએ ધનના ભંડાર ખુલ્લા મૂકી દીધા. પુણ્યોદયથી ધન તો ઘણું હતું, માત્ર ધાન્યની ખોટ હતી, છતાં જેના દિલમાં દાનની ભાવના ઓછી થઈ ન હતી એવા પોતાના ઉપયોગમાં ઓછું વાપરે પણ દાન દેવામાં કમીના ન રાખે. ગૌચરીનો સમય થતાં શિષ્યોએ ગુરૂદેવને વંદન કરી ગૌચરી જવાની આજ્ઞા માંગી ત્યારે ભાવિક શ્રાવકો પણ ગૌચરી માટે ભાવના ભાવવા આવ્યા કે ગુરૂદેવ ! અમારું આંગણું પાવન કરવા પધારો. જ્ઞાની ગુરૂએ ગીતાર્થ સાધુઓને ગૌચરી જવાની આજ્ઞા આપી અને કહ્યું હે સંતો ! અત્યારે કપરો કાળ છે, અનાજની તંગી છે, લોકોના કોઠારમાં અનાજ ખૂટી ગયા છે માટે ઉપયોગ રાખીને થોડું

થોડું વહોરજો. આ તો દુષ્કાળનો સમય હતો પણ સુકાળ હોય તો પણ સંતો મર્યાદિત ગોચરી કરે.

ગુરૂની આજ્ઞા શિરોમાન્ય કરી શિષ્યો ગોચરી માટે વિદાય થયા. લોકોના કોઠારમાં અનાજ ખૂટયા હતા પણ અંતરમાં તો ભાવના તો ઘોડાપૂર વહી રહ્યા હતા. સંતોને ગોચરી નીકળેલા જોઈને ભાવિક શ્રાવકો બહાર નીકળીને અમારે ઘેર પધારો.....અમારે ઘેર પધારો એમ નમ્રભાવે વિનંતી કરી રહ્યા હતા. સમયના જાણકાર સંતો એક પછી એક ઘરમાં વારાફરતી ગોચરી જાય છે. જ્યાં જાય છે ત્યાં રસોઈના તપેલા ભર્યા છે, મીઠાઈઓના થાળ ભર્યા છે ને શ્રાવકોના ભાવ પણ ભરપૂર છે, છતાં સંતો પોતાના નિયમ મુજબ દરેક ઘરમાથી થોડા થોડા આહાર પાણી વહોરે છે. સાધુઓનો સમુદાય વિશાળ હતો ને શ્રાવકોના ઘર પણ ઘણાં હતા, એટલે દરેક ઘરમાંથી થોડું થોડું વહોરીને ગોચરી પૂરી કરીને સાધુઓ પાછા વળ્યા, ત્યારે એક ગરીબ ભિખારી ફાટલાતૂટલા કપડા પહેરેલા છે, પેટ પાતાળમાં ઉતરી ગયું છે ને આંખો પણ ઉંડી ઉતરી ગઈ છે, પગમાં ચાલવાની શક્તિ નથી. ત્રણ ત્રણ દિવસનો ભૂખ્યો છે, પેટની આગ સતાવી રહી છે તેવો ભિખારી આ સાધુઓની પાછળ પાછળ ચાલ્યો. શ્રાવકો સંતોને થોડે મૂકીને પાછા ફર્યા.

આ ગરીબ માણસ સંતોની નજીકમાં જઇને કહે છે મહારાજ ! પેટમાં ક્ષુધાની આગ સળગી છે. ત્રણ ત્રણ દિવસથી ભૂખ્યો છું. મને ગામમાં કોઈ બટકું રોટલો આપતું નથી ને ભૂખ સહન થતી નથી. આપને ભક્તોએ ઘણું આપ્યું છે તેથી પેટની આગ બુઝાવવા લાગ જોઈને તમારી પાસે આવ્યો છું. મને આપ લાવ્યા છો તેમાંથી થોડું તો આપો. મને આપ થોડું આપશો તો આપને ખૂટી નહિ પડે, અને મારો જીવન બાગ ઉજજડ બનતા બચી જશે. ભિખારીની આવી વાણી સાંભળીને સાધુઓ આશ્ચર્યચકિત બની ગયા ને કહ્યું ભાઈ ! આ ગોચરી તને અમારાથી અપાય નહિ. અમે અમારા ગુરૂદેવની આજ્ઞાથી ગોચરી આવ્યા છીએ, એટલે આનો હક્ક ગુરૂદેવનો છે, માટે અમે તને આપી શકીએ નહિ. એટલે આ તો પાછળ પાછળ ચાલ્યો. સાધુઓએ ગોચરીના પાતરા નીચે મૂકીને ગુરૂ ભગવંતને વંદન કર્યા એટલે આ ભિખારીએ પણ ગુરૂદેવ પાસે આવીને નમસ્કાર કર્યા. આ ગુરૂ જ્ઞાની અને ગંભીર હતા. આ ભિખારીનું મુખ જોઇને કહે છે અરે દુમક ! તું અડીંયા કેમ આવ્યો છે ? મહાન પુરૂષોની ભાષામાં કેટલો વિવેક હોય છે ! એમ ન કહ્યું કે ભિખારી ! તું કેમ આવ્યો છે ? ચાલ્યો જા. જ્ઞાની ગુરૂના સ્નેહભર્યા વચન સાંભળીને ભિખારીને આનંદ થયો. એણે કહ્યું ગુરૂદેવ ! ભૂખનું દુઃખ સહન થતું નથી. પેટની આગ બૂઝાવવા આપની પાસે આવ્યો છું. આપના શિષ્યો ઘણું બધું લાવ્યા છે તેમાંથી મને થોડું આપો ને ! એમ કરગરવા લાગ્યો. ગુરૂએ કહ્યું દુમક ! અમારી ગોચરી પચાવવી સ્હેલી નથી, કારણ કે અમારા જૈન સાધુઓના આચાર બહુ કડક હોય છે. અમે અમારા સાધુ-

પણાનો નિર્વાહ કરવા માટે ગૃહસ્થોના ઘરોમાંથી વહોરી લાવીએ છીએ, એટલે સંસારીની પાસેથી લાવેલી ચીજ પાછી સંસારીને ન આપી શકીએ. હા, અમારા જેવો સાધુ બની જા તો તને ખાવું હોય તેટલું આપીએ. બોલો, કબૂલ છે?

દ્રુમકે કહ્યું ગુરૂદેવ! ભૂખના દુઃખને શમાવવા આપ કહો તો સાધુ થવા તૈયાર છું. મારા સાધુ બનવાના ભાગ્ય જાગ્યા. ગુરૂદેવ! મને આપનો શિષ્ય બનાવો. ભૂખનું દુઃખ મટાડવા સાધુ બનવા તૈયાર થયો. ગુરૂએ એને વિધિપૂર્વક સાધુનો વેશ પહેરાવ્યો. જ્યાં ભિખારીનો વેશ ઉતારી સાધુનો વેશ પહેર્યો ત્યાં રંકના હાથમાં રત્ન આવ્યું હોય તેમ તેનું હૃદય નાચી ઉઠયું, દ્રુમક ન્યાલ થઈ ગયો. એના મનનો મોરલો થૈ થૈ નાચવા લાગ્યો. દીક્ષા વિધિ પતી ગઇ એટલે ગુરૂએ નવદીક્ષિત સાધુની સામે ગૌચરીના પાત્રા મૂકી દીધા ને કહ્યું તારાથી જેટલું ખવાય તેટલું ખાઈ લે ને તારા પેટની આગ બૂઝાવ. હવે તું સાધુ બન્યો. બિલકુલ સંકોચ ન રાખીશ. આણે ભૂખ મટાડવા જ દીક્ષા લીધી હતી. એક તો કદી મિષ્ટાન્ન ખાધું ન હતું. બીજું ત્રણ દિવસનો ભૂખ્યો હતો તેમજ ઘણા દિવસોની ભૂખ ભેગી થઈ હતી તેથી ખૂબ ખાધું એટલે ગભરામણ થવા લાગી. પેટમાં દુઃખવા લાગ્યું. આહાર કરીને માંડ માંડ ઉઠયા, પછી તો ઉઠવા બેસવાની તાકાત ન રહી. આચાર્ય ભગવંત બધું દૃશ્ય શાંતપણે નિહાળી રહ્યા હતા.

જ્ઞાની ગુરૂએ એનું ભાવિ જોઈ લીધું હતું એટલે એમને સૂવાડી દીધા. એમની અકળામણ વધતી જતી હતી. ગુરૂએ સંતોને કહ્યું નવદીક્ષિતની સેવા કરો. ગુરૂદેવની આજ્ઞાથી વિનયવંત સંતો એમની સેવામાં લાગી ગયા. આચાર્ય તેની પાસે બેસી પ્રેમથી તેના શરીરે હાથ ફેરવતા હતા ને કહેતા હતા કે હે શિષ્ય! આ શરીર સાથે આવવાનું નથી. આ સંસારમાં અરિહંત પ્રભુ સિવાય બીજું કોઈનું શરણ સાચું નથી. જીવન વીજળીના ચમકારા જેવું ક્ષણિક છે. આ કાયાની માયા કરવા જેવી નથી. એની છાયા ક્યારે સંકેલાઈ જશે એની ખબર પડતી નથી. તારા મહાન પુણ્યોદયે તને આવું ઉંચું સાધુપણું મળ્યું છે. માટે સાવધાન રહેજે. બીજું કંઇ ન આવડે તો "નમો અરિહંતાણં" આટલું બોલ્યા કરજે, આ પ્રમાણે ગુરૂદેવ મીઠી ને મધુરી વાણીથી એને સમજાવતા હતા.

આ સાધુને બોલવાની શક્તિ ન હતી પણ એની નજર સમક્ષ તો ઉત્તમ ગુરૂદેવ અને ઉત્તમ સાધુપણું જ દેખાતું હતું. અહો! આ ગુરૂદેવે મને સાધુપણું ન આપ્યું હોત તો મારી શી દશા થાત? આવા જ્ઞાની સંતો મારી ખડે પગે સેવા કરે છે, શ્રીમંતો શાતા પૂછે છે. આ બધો સાધુપણાનો પ્રતાપ છે. ધન્ય છે સાધુપણાને! અને મારા ઉપકારી ગુરૂદેવને! મેં તો પેટની આગ બૂઝાવવા જ સાધુપણું લીધું છે છતાં કેટલો લાભ! તો જેણે સમજીને લીધું છે તેનું તો કલ્યાણ થઈ જાય. હવે એને ખાવાની

મમતા નથી. અંત સમય નજીક આવી રહ્યો હતો, એની નસેનસો તૂટતી હતી. દેહ છેહ દઈ રહ્યો હતો પણ આત્માનું ઓજસ અનેરો પ્રકાશ પાથરી રહ્યું હતું. અંતરમાં નમો અરિહંતાણુની ધૂન હતી. એક જીવ છેલ્લે પોતાનું મરણ સુધારી રહ્યો છે તેથી ગુરૂદેવને આનંદ થયો. ભિખારીમાંથી સાધુ બનેલો કાળધર્મ પામીને દેવલોકમાં ગયો.

બંધુઓ ! વિચાર કરો. એક દિવસનું ચારિત્રપણ કેટલું મહાન છે કે જેણે બાવા માટે દીક્ષા લીધી. થોડા કલાક પહેલાં તો આપો મા–બાપ કહેતો હતો પણ સાધુપણું લીધા પછી તેના વિચાર શુદ્ધ બની ગયા. તે સાધુપણું લઈને જીવન ધન્ય બનાવી ગયો. વધુ ભાવ અવસરે.

ચરિત્ર :– રત્નવતી રાણી જિનસેનકુમાર પ્રત્યે ઉપરનો પ્રેમ બતાવવા લાગી. આથી રાજાના મનમાં થયું કે હવે રત્નવતીના દિલમાં જિનસેનકુમાર ઉપર ઝેર નથી. જેવો રામસેનને માને છે તેવો જ જિનસેનને માને છે, એટલે મહારાજાનું મન પણ કંઈક શાંત થયું પણ આ તો જિહ્વાગ્રે મધુતિષ્ઠતિ હૃદયે તુ વિષ હલાહલમ્ । જીભના ટેરવે મધ હતું પણ હૃદયમાં તો જિનસેનકુમાર અને જિનસેના રાણી ઉપર ઝેર ભર્યું છે. જેની દૃષ્ટિમાં વિષ ભર્યું છે ત્યાં અમૃત કયાંથી આવે ?

"લાડુમાં ઝેર આપતી રત્નવતી" :– હવે રત્નવતી જિનસેનકુમારને મારી નાંખવાના ઉપાયો શોધવા લાગી. ઉંદરને પિંજરામાં પૂરવા માટે રોટલાનું બટકું ભરાવવું પડે છે ને ? તેમ આ રત્નવતી પણ રાજાના દેખતાં જિનસેનને પ્રેમથી કહેવા લાગી કે દીકરા ! તારું મુખ જોયા વિના મને ચેન પડતું નથી, માટે બેટા ! દરરોજ એક વાર તો આવજે. જિનસેન વિચારે છે કે રત્નવતી સાથે હું પ્રેમ રાખું અને જો મારી માતા પ્રત્યે ઝેર ઓછું થાય અને મારા બાપુજીનો મારી માતા પર પ્રેમ ચાલુ થાય તો સારું. રત્નવતીને લાગ્યું કે જિનસેનને મારા પ્રત્યે પૂરો વિશ્વાસ છે તેથી એક દિવસ ભારોભાર ઝેર નાંખીને લાડવો બનાવી ડબ્બામાં મૂકીને દાસીને બગીચામાં આપવા મોકલી. દાસીએ આવીને કુંવરને કહ્યું કુંવરજી ! તમારા માતાજી રત્નવતીએ તમારા માટે ખૂબ પ્રેમથી પોતાની જાતે લાડવો બનાવ્યો છે તો તમે આ લાડુ ખાજો. ખાસ આપને માટે જ મોકલાવ્યો છે. એમ કહી લાડવો આપીને દાસી તો વિદાય થઈ. લાડવામાં મસાલો ખૂબ નાંખ્યો હતો એટલે અંદરથી સુગંધ સુગંધ મહેંકતી હતી. કુમારને થયું કે પ્રેમથી મોકલ્યો છે તો હું ખાઉં. તેથી કુંવરે ખાધો, કુંવર અને માતાનો મહેલ જુદો હતો. કન્યા બંને પિયર ગઈ છે. કુમાર લાડવો ખાઈને સૂઈ ગયો. આખા શરીરમાં ઝેર વ્યાપવાથી શરીર લીલું બની ગયું. જિનસેનકુમાર દરરોજ સવારમાં ઉઠીને તરત માતાને વંદન કરવા આવતો હતો. રોજનો સમય થયો છતાં દીકરો ન આવ્યો ત્યારે થયું કે કદાચ ઉંઘી ગયો હશે પણ બે કલાક થઈ છતાં જિનસેન ન આવ્યો એટલે જિનસેના રાણીનું મન પુત્રને મળવા અધીરું બન્યું કે દીકરો આવ્યા વિના રહે નહિ ને આજે કેમ નથી આવ્યો ? શું એને ઠીક નહિ હોય ! એમ

અનેક તર્કવિતર્ક કરતી જિનસેનના મહેલે આવી. જિનસેનકુમાર પલંગમાં ચાદર ઓઢીને સૂતો હતો. ચાદર ખસેડીને જોયું તો પુત્રના શરીરમાં ઝેર વ્યાપી જવાથી શરીર લીલુંછમ થઈ ગયું છે.

વિષયુત દેખી પુત્રને સરે, માતા ગઈ ઘબરાય,
બેહોશ હો પડયા રાનીજી, ભૂમિ પછાડો ખાય.

જિનસેનકુમારના શરીરમાં ઝેર વ્યાપેલું જોઈને જિનસેના રાણી તો ગભરાઈ ગયા. અરેરે....મારા દીકરાને આ શું થઈ ગયું ? શું ઝેરી સર્પ તો નહિ કરડયો હોય ને ? બેભાન થઈ ગયો છે. હાલતો ચાલતો નથી. ખૂબ ઢંઢોળીને કહ્યું બેટા ! તને શું થયું છે ? મને જવાબ તો આપ. આમ કહ્યું પણ કુમાર ન બોલ્યો એટલે રાણી પછાડો ખાવા લાગી, છાતી અને માથા કૂટવા લાગી અને બેભાન થઈને પડી ગઈ. રાણીનો કલ્પાંત સાંભળીને દાસીઓ દોડતી ત્યાં આવી ને રાણીને પંખાથી હવા નાંખી. તેના ઉપર ઠંડુ પાણી છાંટયું તેથી તે ભાનમાં આવી અને બોલવા લાગી કે મારા પ્યારા જિનસેન ! તું કેમ બોલતો નથી ? બેટા ! તું તો મારી આંધળાની આંખ સમાન છે. તારા ઉપર તો મારી આશાના મિનારા છે ને તું કેમ રિસાઈ ગયો છે ! આમ કહે છે પણ કુમાર બોલતો નથી ત્યારે ભગવાનને પ્રાર્થના કરતી કહે છે હે મારા જિનેશ્વર ભગવાન ! આ દુઃખીયારી ઉપર દયા લાવીને મારા દીકરાને ભાનમાં લાવો. હજુ હું મારા દુઃખમાંથી મુક્ત થઈ નથી ત્યાં આ દુઃખ મારા માથે કયાંથી આવ્યું ?

પાપનો પશ્ચાતાપ કરતી જિનસેના રાણી :- અરેરે....ભગવાન ! મેં પૂર્વભવમાં કેવા પાપકર્મો કર્યા હશે ! મેં પૂર્વભવમાં વ્રત લઈને તોડયા હશે, કોઈની થાપણો ઓળવી હશે, ખોટા લેખ-દસ્તાવેજમાં સહી કરી હશે, કોઈની નિંદાકુથલી કરી હશે, કોઈના માથે ખોટા આળ ચઢાવ્યા હશે, અઢાર પાપસ્થાનક સેવ્યા હશે, અસત્ય બોલી હોઈશ, આવા કર્મો પૂર્વભવમાં કર્યા હશે તેથી મારે આવા કર્મો ભોગવવાનો વખત આવ્યો છે. એક તો મહારાજાએ વગર વાંકે તજી દીધી છે અને બીજું આ પુત્રને ઝેર ચઢયું છે. બોલાવું છું પણ બોલતો નથી એટલે રાણી મોટેથી રડવા લાગી. માથા ને છાતી કૂટવા લાગી દાસીઓ પણ રડવા લાગી. બગીચામાં તો રોકકળ મચી ગઈ છે.

રાણી વારંવાર બેભાન થઈને પડવા લાગી, એટલે દાસીઓએ આવીને જયમંગલ રાજાને આ સમાચાર આપ્યા. રાજાને આ વાતની ખબર પડતાં દોડતા બગીચામાં આવ્યા. પોતાના પુત્રને આવી સ્થિતિમાં પડેલો જોઈને તેમના પણ હોશકોશ ઉડી ગયા. મારા લાડકવાયા લાલને આ શું થઈ ગયું ? એને કોણે ઝેર આપ્યું ? કોઈ સર્પ અગર ઝેરી જંતુ કરડયું હશે ! આટલું બોલતાં રાજા પણ પછાડ ખાઈને ધરતી ઉપર

બેભાન થઈને પડયા એટલે દાસ દાસીઓ કોઈ શીતળ પાણી છાંટવા લાગી તો કોઈ પંખાથી હવા નાંખવા લાગ્યા. ઘણાં ઉપચારો કર્યા ત્યારે મહારાજા ભાનમાં આવ્યા, એટલે કહે છે કે હે મહારાણીજી ! આપણાં લાડીલાને આ શું થઈ ગયું ? અરેરે....આપણું કિસ્મત ફૂટી ગયું. બેટા જિનસેન ! તું જો તો ખરો કે આ કોણ આવ્યું છે ? મારા સામું તો જો. આમ મૌન થઈને કેમ સૂઈ રહ્યો છે ? હું તને એક વખત કહું કે બેટા જિનસેન ! ત્યાં તો તું જી પિતાજી ! એમ કહીને દોડતો મારી પાસે આવતો ને આજે આટલું બોલાવું છું તો પણ તું કેમ જાગતો નથી ? ને મને જવાબ પણ આપતો નથી. તો શું તને મારાથી કંઈ દુઃખ થયું છે તે રિસાઈ ગયો છે ? દીકરા ! એક વાર તો મારા સામું જો ને મને જવાબ આપ.

અરેરે....દીકરા ! તું મારા કુળમાં સૂર્ય સમાન તેજસ્વી ને ગુણવાન છે. તેં આ શું કર્યું ? મને એક વાર તો કંઈક જવાબ આપ કે જેથી મને હિંમત આવે. પિતાજી આટલું બધું બોલાવે ને તારા જેવો વિનયવંત દીકરો આમ મૌન પડયો રહે તે શું તને શોભે છે ? તું આમ સૂઈ રહે તેવો નથી. મને તો લાગે છે કે તારી ઓરમાન માતા રત્નવતીને તારા ઉપર ઘણો દ્વેષ છે એટલે તેણે તને ઝેર આપ્યું લાગે છે. જિનસેના કહે છે સ્વામીનાથ ! રત્નવતી તો અહીં આવી નથી. એ ઝેર કયાંથી આપે ? નજરે જોયા વિના કોઇના ઉપર ખોટું આળ ચઢાવવું તે મહાન પાપ છે. ચાહે કોઈએ ઝેર આપ્યું અગર કોઇ ઝેરી જીવજંતુ કરડયું છે, શું બન્યું તે સમજાતું નથી. આપણા લાલને ગમે તેવું ઝેર ચઢયું છે પણ મારું મન કહે છે એ મરી ગયો નથી. જીવતો જ છે. રાજા કહે તો આપણે ઝેર ઉતારનારને બોલાવીએ. જિનસેના રાણીને જૈન ધર્મ પ્રત્યે અત્યંત શ્રદ્ધા હતી એટલે કહે છે નાથ ! કોઈ ઝેર ઉતારનારને બોલાવવો નથી. મને મારા ભગવાન ઉપર શ્રદ્ધા છે. એ જરૂર આપણાં કુમારનું ઝેર ઉતારી નાંખશે. આમ કહી જિનસેના રાણી કુમારની સામે પદ્માસન લગાવીને એક ચિત્ત કરીને ધ્યાનમાં બેસી ગઈ.

પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરતી રાણી :- હે વામાદેવીના નંદ ! અશ્વસેન રાજાના કુલદીપક પાર્શ્વનાથ ભગવાન ! આપ તો મહાન દયાળુ છો, કરૂણાના સાગર છો, આપનો જગતમાં મહાન પ્રભાવ છે. તો આપ મારા લાડીલા પુત્રને બચાવવા મારી વહારે આવો. આપની કૃપાથી દુઃખીઓના દુઃખ ટળ્યા છે. આપે લાકડામાં બળતા નાગ નાગણીને બચાવ્યા છે ને કમઠને બૂઝવ્યો છે. આપના જેવા સમર્થ સ્વામીની જે ભક્ત નિશદિન ભક્તિ કરતો હોય તેને કદી દુઃખ આવતું નથી, અને કદાચ કર્મોદયે દુઃખ આવી જાય તો આપના નામસ્મરણ માત્રથી દુઃખ દૂર થઇ જાય છે. તેને ઘેર આનંદ મંગલ વર્તાય છે. તો હે કરૂણાસિંધુ ! મારી વહારે આવો ને મારા જીવનના આધાર એવા મારા જિનસેન કુમારને ઝેર ઉતારો. આ રીતે જિનસેના રાણી પાર્શ્વનાથ પ્રભુને પ્રાર્થના કરે છે. હવે શું બનશે તે અવસરે.

વ્યાખ્યાન નં. ૭૦

આસો સુદ ૧ ને સોમવાર તા. ૨-૧૦-૭૮

અનંતજ્ઞાની, શાસનપતિ, તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના કલ્યાણ માટે સિદ્ધાંતરૂપ વાણી પ્રકાશી. તેમાં આપણે નેમનાથ ભગવાન અને રાજેમતીની વાત ચાલી રહી છે. ભાવિના તીર્થપતિ અરિષ્ટનેમિ ભગવાન હજુ સંસારાવસ્થામાં છે. એમના માતા પિતાને એમને પરણાવવાના કોડ છે. જાન જોડાઈ ગઇ છે. સૌના દિલમાં નેમકુમારને પરણાવવાનો હર્ષ છે. નેમકુમાર વડીલોની ઇચ્છા પૂર્ણ કરવા અત્યારે વરરાજા બનીને પરણવા જવાની તૈયારીમાં છે. તેઓ હાથી ઉપર બેઠા છે. દશ દશાર્હો અને યાદવોથી ઘેરાયેલા તે કરોડો તારાઓમાં ચંદ્રમા શોભે તેમ શોભી ઉઠયા છે. તેમના વરઘોડામાં કેવ રચના કરી છે તે વાત શાસ્ત્રકાર ભગવંત બતાવે છે.

चउरंगिणीए सेणाए, रइयाए जहक्कमं
तुरियाण सन्निनाएणं, दिव्वेण गगणं फुसे ॥ ११ ॥
एयारिसाए इड्ढिए, जुत्तीए उत्तमाइ य ।
नियगाओ भवणाओ, निज्जाओ वण्हिपुंगवो ॥ १२ ॥

નેમકુમારની સાથે હાથી, ઘોડા, રથ અને પાયદળ એમ ચાર પ્રકારની સુવ્યવસ્થિત રીતે શણગારેલી સેનાથી તેમજ ગગનભેદી એવા દિવ્ય વાજિંત્રોના તુમુલ નાદથી આકાશ ગાજી ઉઠયું હતું. આવી સર્વોત્તમ ઋદ્ધિ અને શરીરની ઉત્તમ કાન્તિથી શોભતા યાદવકુળના આભૂષણ રૂપ નેમકુમાર લગ્ન કરવા જવા માટે પોતાના ભવનથી બહાર નીકળ્યા.

નેમકુમારની જાનમાં સૌથી આગળ ડંકાનિશાન હતા, પછી ચતુરંગી સેના રાખવામાં આવી. તેના પછી મંગલ વાજિંત્રો, ઢોલ-નગારા, શરણાઇઓ વાગી રહ્યા હતા. તેના પછી ગાયકો અને બંદીજનોનો સમૂહ હતો, તેના પછી હાથી ને ઘોડા હતા. જેના ઉપર મુખ્ય મુખ્ય યાદવો સુંદર સ્વાંગ સજીને બેઠા હતા. તેમની પાછળ કૃષ્ણનો ગંધહસ્તિ હતો. જેના ઉપર છત્ર, ચામર વિગેરેને ધારણ કરેલા તેમજ અનેક પ્રકારના વસ્ત્રાલંકારોથી અલંકૃત બનેલા નેમકુમાર વરરાજા બનીને બેઠા હતા. તે હાથીની જમણી બાજુએ ઘોડા ઉપર સવાર થયેલા નેમકુમારના શરીરરક્ષકો હતા, અને પાછળની બાજુએ પોતપોતાના વાહનો પર સમુદ્રવિજય રાજા, વસુદેવજી, બલભદ્રજી, કૃષ્ણજી વિગેરે મુખ્ય માણસો હતા, અને સૌની પાછળ બીજી સેના હતી, આવી રીતે જાનને શણગારવામાં આવી હતી, ત્યાર પછી ગગનભેદી ભેરીનાદ કરીને શુભ મુહુર્તે ત્યાંથી પ્રસ્થાન કર્યું.

જાન જાય આજે યાદવકુળની, શોભા બની જાણે ઇન્દ્રભવનની,
યાદવકુળ કેરી દીસે જાન આ, કૃષ્ણ મહારાજા જેવા સજી જાય જાનમાં,
છપ્પન કરોડ યાદવ દીપે છે નેમકુમારની જાનમાં,
ચાલ્યા નેમકુમાર પરણવા (૨)

દ્વારકાના રાજમહેલમાંથી યાદવકુળની જાન નીકળી. જાનમાં એટલી બધી સુંદર રચના અને ગોઠવણ હતી કે જોનાર છક થઈ જાય. સેનાના સૈનિકોના એક સરખા વસ્ત્રો, વાજિંત્રો વગાડનારના એક સરખા, અને યાદવોના વસ્ત્રો પણ એક સરખા એટલે જોનારને ખ્યાલ આવે કે આ સૈન્ય છે, આ યાદવો છે. સૌના મોભા પ્રમાણે તેમના વસ્ત્રો હતા. ઝૂલતા મદમસ્ત હાથીઓ, હણહણતા ચપલ ઘોડાઓ, ગાજતા ડંકા નિશાનોથી સુસજ્જિત નેમકુમારની જાન ધરતીને ધણધણાવતી હતી. વાજિંત્રોના અવાજથી આખું આકાશ પણ ભરાઈ ગયું હતું. આટલી મોટી જાન છતાં વ્યવસ્થામાં સ્હેજ પણ ખામી ન લાગે. દ્વારકા નગરીના મધ્ય ભાગમાં જાન ધરતીને ધ્રુજાવતી ચાલવા લાગી.

નેમકુમારની જાન જોવા માટે દ્વારકા નગરીના નરનારીઓ ઘેલા બની ગયા. સ્ત્રીઓ અગાશીમાં, ગેલેરીઓમાં ને કોઈ મકાનના ધાબા ઉપર ચઢયા. પુરૂષો રાજમાર્ગની બંને તરફ હારબંધ ઉભા રહીને ખૂબ ઉમંગભેર જાન જોવા લાગ્યા. જાનને જોઇને કોઈ હાથીઓની, કોઈ ઘોડાની, કોઈ રથોની, અને કોઈ સેનાની સુવ્યવસ્થાની પ્રશંસા કરતા હતા. કોઈ શ્રીકૃષ્ણનો વૈભવ જોઇને આશ્ચર્યચકિત બનતા હતા. કોઈ શૂરવીર યાદવોના ઠઠારાની પ્રશંસા કરતા હતા અને કોઇ યાદવોના વિશાળ પરિવાર સહિત આટલી મોટી જાનની ઉગ્રસેન રાજા કેવી રીતે વ્યવસ્થા કરશે તેની ચિંતા કરતા હતા. કોઈ કહેતા કે એ તો ઉગ્રસેન રાજાએ બધો વિચાર કરીને જાન તેડાવી હશે ને ! કોઈ કહે છે અરે ! નેમકુમાર વરરાજા કેવા શોભે છે ! ખરેખર, આવો વર તો આજ સુધી કોઈ કન્યાને મળ્યો નહિ હોય ! રાજેમતી ભાગ્યવાન છે કે એને નેમકુમાર જેવો વર અને યાદવ કુળ મળ્યું. આ વર કંઈ જેવો તેવો નથી. એ કોણ છે ?

પ્યારા નેમકુમાર ચાલ્યા છે સાસરીયે,
એ તો યાદવકુળના રાજા, સૌ વગાડે છે રૂડા વાજા (૨)
સમુદ્રવિજયના કુળદીપક છે, શીવાદેવીના હૃદય દીપક છે.
કૃષ્ણ મોરારીના લાડલા બાંધવ, એ તો રાણી રાજુલના સ્વામી.

આ તો સમુદ્રવિજય મહારાજાના કુળદીપક છે, શીવાદેવી રાણીના હૃદયનો દીવડો છે ને કૃષ્ણ વાસુદેવનો લાડીલો લઘુ બંધવો છે અને આખા યાદવકુળના રાજા કહો કે શણગાર કહો તે નેમકુમાર છે. એની જાનમાં શું ખામી હોય ! ખુદ કૃષ્ણ મહારાજાના વહાલા ભાઈ અને જાનમાં એમની જ આગેવાની હોય પછી એની શોભામાં કંઈ કમીના

રહે ! ત્યારે કોઇ કહે છે કે તમે જુઓ તો ખરા ! નેમકુમાર અને કૃષ્ણ મહારાજાના રૂપ, રંગ બધું જ મળતું આવે છે. કોઈ અજાણ્યા માણસને તો એમ જ લાગે કે બંને સગા ભાઇઓ હશે...ત્યારે કોઈ કહે કે કાકાના દીકરા અને સગાભાઈમાં શું અંતર છે! કૃષ્ણજીને સગા ભાઈ કરતાં નેમકુમાર પ્રત્યે ઘણો સ્નેહ છે એટલે તો નેમકુમારને માટે રાજેમતીનું માંગુ કરવા માટે પોતે જાતે ગયા હતા. આ રીતે દ્વારકા નગરીના લોકો જાનને જોઇ જોઇને ખુશ થતા વિવિધ પ્રકારે પ્રશંસા કરતા અને દ્વારકા નગરીની સ્ત્રીઓ અગાશીમાંથી નેમકુમારને કોઈ હીરાથી, કોઈ મોતીથી, તો કોઈ માણેકથી વધાવવા લાગી. કોઈની પાસે હીરા-મોતીથી વધાવવાની શક્તિ ન હોય તે કુલથી તો કોઈ ચોખાથી વધાવે છે.

આવી રીતે ઠાઠમાઠથી નેમકુમારની જાન દ્વારકા નગરીમાંથી પસાર થઈ રહી છે. કોઇ મહાવતો અંકુશ મારીને હાથીને ઝુલાવતા હતા, તો કોઇ ઘોડેસ્વારો ઘોડાને એડી મારીને કૂદાવતા હતા. વાજા વગાડનારા માણસો ઉત્સાહથી નવા નવા રાગ વગાડી રહ્યા હતા. ગાયકગણ પણ નવા નવા બનાવેલા ગીતો ગાતા હતા, અને બંદીજનો પણ ઉંચા સ્વરે યશોગાન સંભળાવતા હતા. આ રીતે ઠાઠમાઠથી નેમકુમારની જાન નીકળી. દેવો પણ આકાશમાં રહીને નેમકુમારની જાન જોવા લાગ્યા. જાન જોઇને આશ્ચર્યપૂર્વક કહેવા લાગ્યા કે અહો ! નેમકુમાર વરરાજાના રૂપમાં કેવા શોભી રહ્યા છે ? કેવું અદ્‌ભૂત એમનું રૂપ છે ! એમની જાન કેવી સુંદર શોભી રહી છે ! ખુદ દેવો પણ નેમકુમારના રૂપની પ્રશંસા કરે છે ત્યારે એ રૂપ કેવું હશે ! અને જાન જોઇને આશ્ચર્ય પામ્યા છે તો એ જાન કેવી હશે ! જાનૈયાઓને તો આનંદનો પાર નથી.

નેમકુમાર દ્રવ્યથી પરણવા જાય છે. તેઓ ગંધહસ્તિ ઉપર બેઠા બેઠા સંયોગ અને વિયોગથી ભરેલા સંસારના સ્વરૂપનું ચિંતન કરી રહ્યા છે ત્યારે સમુદ્રવિજય આદિ દશ ભાઇઓ, કૃષ્ણવાસુદેવ તથા યાદવોને હર્ષનો પાર નથી. મથુરા નગરીમાં ઉગ્રસેન રાજાને પણ આનંદ ને હર્ષનો પાર નથી, કારણ કે પોતાને ત્યાં યાદવકુળની મોટી જાન આવવાની છે. યાદવકુળની જાન તેડાવવી એ સામાન્ય કામ નથી, કારણ કે આટલા બધા જાનૈયાઓનો આદર સત્કાર કરવો, એમને સાચવવા એ મહાન કાર્ય છે પણ જ્યારે માણસને હોંશ અને ઉમંગ આવે છે, ભાવનામાં ભરતી આવે છે ત્યારે ભગીરથ કાર્ય પણ એને માટે સામાન્ય બની જાય છે. એક દૃષ્ટાંત આપીને સમજાવું.

અકબર બાદશાહના રાજ્યમાં બીરબલ પ્રધાન હતો. અકબર અને બીરબલ વચ્ચે વાત વિનોદ ખૂબ થતો. બાદશાહ નવા નવા તુક્કા ઉભા કરતા ત્યારે બીરબલ શાંતિથી એનું સમાધાન કરતો. એક વખત મહા માસમાં સખત ઠંડી પડી. સાથે પવન પણ ખૂબ હતો. તળાવ અને નદીઓના પાણી બરફ બનવા લાગ્યા. આવા સમયે અકબર બાદશાહે બીરબલને પૂછ્યું કે બીરબલ ! આવી ઠંડીમાં કોઈ માણસ આખી રાત તળાવના પાણીમાં ઉભો રહી

શકે ખરો ! બીરબલે કહ્યું–સાહેબ ! આમ તો કોઈ ઉભો રહી શકે નહિ પણ જો પૈસા મળતા હોય તો ઉભો રહી શકે. તેમાં પણ બ્રાહ્મણ બહુ લોભી હોય છે. એ તો જરૂર ઉભો રહે. બાદશાહે કહ્યું ખાત્રી કર્યા વિના કેવી રીતે બબર પડે ? તો બીરબલે કહ્યું ખાત્રી કરવી હોય તો ઢંઢેરો પીટાવો. બાદશાહે શહેરમાં ઢંઢેરો પીટાવ્યો કે જે કોઇ આ તળાવના પાણીમાં આખી રાત ઉભો રહેશે તેને બાદશાહ તરફથી રૂ. પાંચ હજાર ઇનામ આપવામાં આવશે.

ઢંઢેરો સાંભળી સખ્ત ઠંડી હોવાથી કોઈ તૈયાર ન થયું. એક ગરીબ બ્રાહ્મણ તૈયાર થયો. રાજા કહે છે કે કમ્મર સમા પાણીમાં ઉભું રહેવાનું. ભલે સાહેબ. રાજમહેલ સામે તળાવ હતું. કમ્મર સમા પાણીમાં મોતને ભેટે તેવી ઠંડીમાં લોભનો માર્યો ઉભો રહ્યો. પહેરેગીર વિચાર કરે છે કે તે ઉભો છે ને ! તે જોવા માટે બહાર નીકળીએ તો પણ મરી જવાય છે તો આ કેમ જીવશે ? આવી ઠંડીમાં બ્રાહ્મણે પાણીમાં ઉભા રહીને આખી રાત વીતાવી. સવારે પહેરેગીરોએ એને અકબર બાદશાહ પાસે હાજર કર્યો. પહેરેગીરોને પૂછ્યું આ માણસ આખી રાત પાણીમાં ઉભો રહ્યો હતો? હા, સાહેબ, બરાબર ઉભો રહ્યો હતો. બાદશાહે બ્રાહ્મણને પૂછ્યું ભાઈ! તમે કોના આધારે આખી રાત પાણીમાં વીતાવી શક્યા ?

આ બ્રાહ્મણ બિચારો ભોળો હતો. એણે કહ્યું સાહેબ ! આપના મહેલમાં દીવો બળતો હતો. તેના સહારાથી હું આખી રાત તળાવના ઠંડા હીમ જેવા પાણીમાં વીતાવી શક્યો. બાદશાહે કહ્યું–ઠીક ! ત્યારે તમને દીવાની ગરમીથી ઠંડી નહિ લાગી હોય, માટે તમને પાંચ હજાર રૂપિયા નહિ મળે. આ સાંભળીને બિચારા બુઢા બ્રાહ્મણના હોશકોશ ઉડી ગયા. તેણે કહ્યું સાહેબ ! કયાં દીવો ને કયાં હું ! આટલે બધે દૂર દીવાની ગરમી કયાંથી લાગે ? સાહેબ ! મારા સામું તો જુઓ. બાદશાહે કહ્યું, તમને દીવાની ગરમી મળી તેથી આવી ઠંડીમાં ટકી શક્યા. બાકી કોઇની તાકાત નથી કે આવી થીજી જવાય એવી ઠંડીમાં ઉભા રહી શકે. દીવાની ગરમી ગ્રહણ કરવાની મારી શરત ન હતી, માટે ચાલ્યા જાઓ. બિચારો બ્રાહ્મણ તો નિરાશ થઇને લથડતા પગે આંખમાંથી આંસુ સારતો બાદશાહ પાસેથી ચાલ્યો ગયો, એને રસ્તામાં બીરબલ સામો મળ્યો. બ્રાહ્મણને રડવાનું કારણ પૂછ્યું એટલે બાદશાહે પોતાને કરેલા અન્યાયની વાત કરી. બીરબલે તેને દિલાસો આપતા કહ્યું-ભૂદેવ ! ચિંતા ન કરશો. થોડા દિવસ ધીરજ ખમો. લાગ આવશે ત્યારે હું તમને તમારું ઇનામ અપાવીશ.

બીરબલ લાગ શોધવા લાગ્યો. બહુ બે મહિના થયા હશે ત્યારે બાદશાહને કોઇ દુશ્મન રાજા સાથે લડાઈ કરવા જવાનું થયું એટલે બાદશાહે બીરબલને કહ્યું, બીરબલ ! તારે મારી સાથે આવવું પડશે. તારા વિના મને ગમે નહિ માટે જલ્દી તૈયારી કરો. બીરબલે કહ્યું જહાંપનાહ ! હું બીચડી પકાવીને આઇ લઉં, પછી તરત તૈયાર થઇને

આપની પાસે આવું છું. એમ કહીને બીરબલ ઘેર ગયો. કલાક દોઢ કલાક થઈ પણ બીરબલ આવ્યો નહિ. બે ત્રણ વાર બોલાવવા મોકલ્યો ત્યારે એણે કહ્યું કે બાદશાહને કહો કે આપ ચાલતા થાવ. હું ખીચડી ચઢે એટલે ખાઈને આવું છું. બાદશાહના મનમાં થયું કે હું બોલાવું કે તરત હાજર થનાર આજે આમ કેમ કરે છે? તેથી ખૂબ ગુસ્સે થયા, અને બીરબલ વિના પોતે એકલા જ સૈન્ય લઈને રવાના થયા.

બીરબલ હોંશિયાર હતો. એણે પહેલેથી જ ગોઠવણ કરી રાખી હતી. તે પ્રમાણે બાદશાહ જે રસ્તેથી નીકળવાના હતા તે જ રસ્તે રાજગઢના દરવાજાની નજીક એક લાંબો વાંસડો દાટીને તેની ટોચ ઉપર એક માટીની હાંડલી ભરાવી દીધી હતી, અને હાંડલીની બરાબર નીચે એક દીવો મૂકયો. બાદશાહ સૈન્ય સાથે નીકળ્યા. તેમની દૃષ્ટિ બીરબલ તરફ ગઈ. બાદશાહે કહ્યું બીરબલ! તું આ શું કરી રહ્યો છે? બીરબલે હાંડલી તરફ જોઈને કહ્યું સાહેબ! મને ખીચડી ખાવાનું મન થયું છે એટલે ખીચડી ચઢે કે ખાઈને તરત આવું છું. (હસાહસ) બાદશાહે હસીને કહ્યું બીરબલ! તું કંઈ દિવાનો તો નથી થયો ને? વાંસડાની ટોચ ઉપર ખીચડીની હાંડલી લટકાવી એની નીચે દીવો મૂકીને તાપ આપે છે. એ તાપ કોઈ દિવસ હાંડલીને પહોંચે ખરો? અને કદી ખીચડી પાકે ખરી? બીરબલે હાથ જોડીને કહ્યું જહાંપનાહ! માફ કરજો, તળાવમાં ઉભેલા બ્રાહ્મણને કડકડતી ઠંડીમાં આપના મહેલમાં બળતા દીવાની ગરમી પહોંચી હતી તો આ હાંડલી તો ઘણી નજીક છે તો એને દીવાની ગરમી નહિ પહોંચે?

બીરબલની વાત સાંભળીને બાદશાહ સમજી ગયો કે નક્કી આ માટે જ બીરબલે આ બધું કામ કર્યું છે. બાદશાહે કહ્યું બીરબલ! ધન્ય છે તારી બુદ્ધિને! હું અત્યારે જ વૃદ્ધ બ્રાહ્મણને જાહેરાત પ્રમાણે ઈનામ અપાવી દઉં છું. અકબર બાદશાહે માણસોને હુકમ કર્યો કે આખી રાત પાણીમાં ઉભા રહેનાર વૃદ્ધ બ્રાહ્મણને બોલાવીને અત્યારે ને અત્યારે રૂ. ૫૦૦૦) આપી દો. બીરબલની બુદ્ધિથી ગરીબ બ્રાહ્મણને ઈનામ મળ્યું એટલે તે ખુશ ખુશ થઈ ગયો ને બીરબલને ધન્યવાદ આપ્યા. પછી બીરબલ લડાઈમાં જવા તૈયાર થઈ ગયો. ટૂંકમાં આપણે આ દૃષ્ટાંતથી એ વાત સમજવી છે કે માણસ ધન મેળવવા માટે કઠીનમાં કઠીન કાર્ય કેટલી હોંશથી કરે છે!

નેમકુમારની જાનમાં જવા માટે બધાને ઉત્સાહ છે ને જાન તેડાવનારને અનેરો ઉત્સાહ છે. બંને પક્ષમાં ઉત્સાહ ને આનંદ છે બંધુઓ! ઉત્સાહમાં તો મહાન વિરાટ શક્તિ રહેલી છે. ઉત્સાહ વિનાનો માનવી પંકચર પડેલી મોટર જેવો છે. જેમ પંકચર પડેલી મોટર આગળ વધી શકતી નથી તેમ ઉત્સાહમાં પડી ભાંગેલો માનવી પણ આગળ વિકાસ કરી શકતો નથી. વજ્ર જેવો ઉત્સાહ સફળતાનું રસાયણ છે માટે કોઈ પણ કાર્યમાં ઉત્સાહને વજ્ર જેવો બનાવીને જીવનમાં વિકાસ સાધવો જોઈએ. તો જ માનવ આગળ વધી શકે છે. કવિઓ પણ કહે છે કે

જહાં અમાવસ્યા હૈ વહાં એક દિન પૂર્ણિમા ભી આયેગી,
જહાં પતઝડ હૈ વહાં એક દિન બહાર ભી આયેગી,
જીવનકી અસફલતા પે, આંસુઓ ન બહાઓ દોસ્તો;
જહાં ગમ હૈ વહાં એક દિન ખુશીયાં ભી આયેગી.

જ્યાં અમાસનો ઘોર અંધકાર છે ત્યાં એક દિવસ પૂર્ણિમાનો પ્રકાશ થવાનો છે. જ્યાં પાનખર આવે છે ત્યાં એક દિવસ વસંત અવશ્ય ખીલે છે. જ્યાં દુઃખ છે ત્યાં એક દિવસ જરૂર સુખ આવે છે માટે હે મનુષ્યો! તમે કદી નિરાશ ન થાઓ. દરેક કાર્યમાં સદા ઉત્સાહિત રહો, તો તમને અવશ્ય સફળતા મળશે. નેમકુમારની જાનમાં જનૈયાઓ ઉત્સાહલેર જાય છે. જાનમાં યાદવકુળના કુમારો તૈયાર થઈને એવી રીતે બેઠા છે કે જાણે પોતે જ પરણવા જતાં ન હોય! નગરજનો સાચા દિલથી સાચા મોતીડાથી વધાવવા લાગ્યા ને બોલવા લાગ્યા કે ધન્ય છે નેમકુમારને! અને ધન્ય છે રાજુલને કે તેને આવો પુણ્યવાન પતિ મળ્યો. પતિ પત્નીની સુંદર જોડી થશે. એમનાથી આપણી દ્વારકા નગરી શોભી ઉઠશે. સ્ત્રીઓ ઉત્સાહમાં આવીને મંગલ ગીતડા ગાવા લાગી કે—

નેમકુમારની જાન આજે જાય છે રે લોલ,
યાદવકુળની જાન આજે જાય છે રે લોલ,
શીવાદેવીના વહાલા નંદ, હાથીએ શોભે પુનમ ચંદ
સમુદ્રવિજયના પ્યારા નંદ, યાદવકુળના શરદ ચંદ.
એ....કૃષ્ણવાસુદેવની આગેવાની, એમના હૈયે હર્ષ ન માયે....નેમકુમારની.

તમે બધાએ ગીત ઝીલ્યું. એ ગાતાં તમારા બધાના મુખ જોતાં મને એમ જ લાગે છે કે જાણે મલ્હાડના ઉપાશ્રયેથી જ નેમકુમારની જાન જવાની ન હોય! અને તમે બધા જનૈયા બનીને જવાના ન હો! એવો ઉત્સાહ તમારા મુખ ઉપર દેખાય છે. આ તો આપણે અધિકાર વાંચીએ છીએ પણ જ્યારે નેમકુમારની જાન જોડીને ગયા હશે તે વખતે કેવું સુંદર દૃશ્ય હશે! શીવાદેવી માતાની આંખ તો પોતાના લાડીલા દીકરાનું મુખ જોતાં ધરાતી જ નથી. શું મારો દીકરો શરદપુનમના ચાંદ જેવો શોભે છે! નેમનો વર્ણ શ્યામ છે પણ તેઓ તેજસ્વી શરદપૂર્ણિમાના ચંદ્ર જેવા શોભે છે. તેમના મુખ ઉપર કેટલી બધી સૌમ્યતા છે! અને બરોબર રાજુલ પણ વીજળીના ઝબકારા જેવી તેજસ્વી છે. કુદરતે કેવી સુંદર જોડીનો યોગ મળ્યો છે! દ્વારકા નગરીના નાગરિકો બે મોઢે પ્રશંસા કરતા બોલવા લાગ્યા કે અત્યાર સુધીમાં ઘણાં યાદવકુમારો મોટા મોટા રાજાઓની કુંવરીઓને પરણ્યા પણ હજુ સુધી યાદવકુળના ઇતિહાસમાં આવી મોટી જાન જોડીને કોઈ પરણવા ગયું હોય તેમ બન્યું નથી.

ખુદ કૃષ્ણવાસુદેવ પણ વિચારે છે કે આટલી મોટી જાનની આગેવાની લઈને જવાનું

સૌભાગ્ય પ્રથમ વાર મને સાંપડયું છે. શીવાદેવી, રોહિણી, દેવકી, કુંતા ફઇબા તેમજ સત્યભામા, રૂક્મણી, જાંબુવતી, દ્રૌપદી આદિ સર્વેને આનંદ છે, અને આ છેલછબીલા યાદવો તો જાણે વરરાજા ન હોય તેમ શણગાર સજીને ઘોડા ઉપર બેઠા છે. કોઈ કહે છે કે જાનમાં જઈને ખૂબ મઙાલીશું, કોઈ કહે કે આપણે ભાભી લેવા જઈએ છીએ, કોઇ કહે છે આપણે નેમકુમારના સસરા ઉગ્રસેન રાજાનો ઠાઠ જોઇશું ને આનંદ મસ્તી કરીશું. એમ અનેકવિધ આનંદની કલ્પનાઓ કરે છે. મંગલ વાજિંત્રો જોરશોરથી વાગે છે. તેનો દિવ્ય ધ્વનિ આકાશને સ્પર્શે છે. ચારે તરફ આનંદમય વાતાવરણ દેખાય છે. આવો અનોખો ઉત્સાહ કોઇના લગ્નમાં જોયો નથી.

નેમકુમારની જાન આનંદ ને ઉત્સાહપૂર્વક દ્વારકા નગરીના રાજમાર્ગો ઉપરથી પસાર થાય છે. જાનનો ઠાઠમાઠ જોઈને દેવો પણ આશ્ચર્યચકિત બન્યા છે, ત્યારે નેમકુમાર વિચાર કરે છે કે મારે કયાં પરણવું છે? મારા લગ્નનું નિમિત્ત અનેક જીવોને જાગૃત કરવા માટે છે. મારા યાદવકુળના યુવાનો છેલછબીલા બનીને દારૂ પીવે છે, શિકાર કરે છે, ને પરમાટી ખાતા થઈ ગયા છે તે દરેકને મારે સંપૂર્ણ અહિંસક બનાવવા છે, તેમજ આઠ આઠ ભવથી મારે જેની સાથે પ્રીતડી બંધાયેલી છે તેવી રાજેમતીને નવમે ભવે સંયમ લઈને પ્રીતડી અખંડ રાખવા માટે વિવાહના બહાને ત્યાં જઈને મારે જગાડવી છે. નેમકુમારની જાન ભવ્ય ઠાઠમાઠથી નીકળી છે. તે દ્વારકા નગરીમાં ફરીને નગરીની બહાર નીકળશે ને ઉગ્રસેન રાજાની મથુરા નગરીમાં પહોંચશે. ત્યાં શું બનશે તે અવસરે.

ચરિત્ર :- રત્નવતીએ એટલો વિચાર ન કર્યો કે મારા રામસેનમાં તો કંઈ મીઠું નથી અને રાજ્યનો વહીવટ સંભાળે તેવા દીકરાને હું ઝેર આપીશ તો આ રાજ્ય સંભાળનાર કોણ રહેશે? જિનસેનકુમાર જો હશે તો અમારા બધાનું રક્ષણ કરશે. એ નહિ હોય તો બધાની શી દશા થશે? એનું જતન કરવાને બદલે ઝેર આપ્યું. રાજા, રાણી, પ્રધાન, દાસ, દાસીઓ બધા રડવા ને ઝૂરવા લાગ્યા. અંતે જિનસેનારાણીને વિચાર થયો કે હું જિનેશ્વર પ્રભુની આટલી બધી ભક્તિ કરું છું તે શું મારા લાલનું ઝેર નહિ ઉતારે! મને શ્રદ્ધા છે કે જરૂર ઝેર ઉતરી જશે. એમ વિચાર કરીને શ્રદ્ધાપૂર્વક પાર્શ્વનાથ ભગવાનને પ્રાર્થના કરવા લાગી કે હે પ્રભુ! મારા જિનસેનકુમારનું ઝેર ઉતારો. હે ભગવાન! તમને જે રાત દિવસ રટે છે તેના સઘળા દુઃખો દૂર થાય છે ને તેને ઘેર આનંદ વર્તાય છે, તેમ પ્રભુ! આજે મારે માથે પણ ધર્મસંકટ આવ્યું છે. જરા મારા સામું જુઓ ને મારો પોકાર સાંભળો.

ભીડ પડી મેરે ભગવન્, અબ તો લાજ બચાના,
પ્રાણપ્રિય પુત્રકા સ્વામી, જહર આપ મિટાના.

જિનસેના ભગવાનને પોકાર કરીને કહે છે હે કૃપાળુ ભગવંત ! મારી લાજ રાખો. મારી લાજ તમારે હાથ છે. મારી લાજ જશે તો તમારી લાજ જશે. મને કંઈ ચિંતા નથી. જેમ કુંવરબાઈનું મામેરું ભગવાને કર્યું ને નરસિંહની લાજ રાખી તેમ હે જૈન-શાનનના દેવો ! તમે મારી લાજ રાખો. આ પ્રમાણે જિનસેના રાણી પાર્શ્વનાથ ભગવાનને પ્રાર્થના કરે છે હે પ્રભુ ! હું તમારે શરણે છું. આપ મારા પુત્રનું ઝેર જલ્દી ઉતારો ને મારી લાજ રાખો. ધરણેન્દ્ર અને પદ્મવતી દેવી જેવા આપના ભક્ત દેવ છે તો શું મને સહાય નહિ કરે ! જરૂર કરશે.

"પ્રાર્થના કરી પાણી છાંટતા કુંવરના ઉતરેલા ઝેર" :-જિનસેના રાણીએ એક ચિત્તે પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરીને જિનસેનકુમાર ઉપર પાણી છાંટયું કે તરત જિનસેનકુમારનું ઝેર ઉતરી ગયું ને આળસ મરડીને બેઠો થયો. આ જોઈને સૌને આશ્ચર્ય થયું કે આ શું ? હમણાં તો બેભાન હતો ને એકદમ ઝેર કેવી રીતે ઉતરી ગયું ? ત્યારે મહારાજા કહે છે આ તો મહારાણીની પ્રભુભક્તિ અને ધર્મશ્રદ્ધાનો પ્રભાવ છે. જિનસેનકુમાર ઊભો થઈને માતા પિતાના ચરણમાં પડયો ને પગે લાગીને કહે છે હે માતા-પિતા, પ્રધાનજી ! તમે બધા અહીં ભેગા થઈને કેમ બેઠા છો ? ત્યારે એને ઝેર ચઢયાની વાત કરી, એટલે કુંવરે કહ્યું મારી માતા રત્નવતીએ મારા માટે લાડવો મોકલાવ્યો હતો તે ખાઈને હું સૂઈ ગયો હતો. પછી શું બન્યું તે મને ખબર નથી, તેથી રાજાના મનમાં થયું કે નક્કી રત્નવતીએ લાડવામાં ઝેર આપ્યું હશે.

સૌની સમક્ષમાં જિનસેના રાણીએ પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરીને પાણી છાંટયું કે ઝેર ઉતરી ગયું. આથી સૌને ધર્મનો પ્રભાવ સમજાયો. મહારાજા કહે છે કે મહારાણી ! મેં તમને ધર્મ છોડાવવા ઘણું કષ્ટ આપ્યું પણ તમે ધર્મ ન છોડયો એટલે મેં તમને કાઢી મૂકયા, છતાં તમે ધર્મમાં અડગ રહ્યા તેનો જ આ પ્રભાવ છે. રાજાની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા વધી. પ્રધાન આદિ પ્રજાજનોને પણ ખૂબ આનંદ થયો, પણ રત્નવતી તો ઈર્ષ્યાની આગથી બળવા લાગી. હવે શું બનશે તે અવસરે.

વ્યાખ્યાન નં. ૭૧

આસો વદ ૨ ને મંગળવાર **તા. ૩-૧૦-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત કૃપાનિધિ, શાસનસમ્રાટ, તીર્થંકર ભગવંતે જગતના જીવોના ઉદ્ધાર માટે સિદ્ધાંત વાણીનો શ્રોત વહાવ્યો છે. સિદ્ધાંત એટલે ત્રણે કાળે સિદ્ધ થયેલી વાણી. ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનો અધિકાર

ચાલે છે. તેમાં કરૂણાના સાગર નેમનાથ ભગવાન સંસારાવસ્થામાં પરણવા માટે જઈ રહ્યા છે. માતાપિતાને પુત્રને પરણાવીને રાજેમતી પુત્રવધૂ લાવવાનો ઉમંગ છે. પુત્રને પરણાવીને વહુ લાવવી એ જ એમનો ઉદ્દેશ છે જ્યારે નેમકુમારનો ઉદ્દેશ એથી જુદો જ છે. લગ્નની ક્રિયા એક છે પણ એક તરફ માતા-પિતા, કૃષ્ણ વાસુદેવ આદિ વડીલોનો અને બીજી તરફ નેમકુમારનો એ બંનેના ઉદ્દેશમાં મોટું અંતર છે. ચાહે તમારા સંસારની ક્રિયા હોય કે અમારા સાધુપણાની ક્રિયા હોય પણ દરેકમાં ઉદ્દેશ તો હોય છે. સાધુ-સાધ્વીઓ શાસ્ત્ર ભણે, સ્વાધ્યાય કરે, વાંચન અને મનન કરે, એનો ઉદ્દેશ શું હોય તે જાણો છો? એમનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આત્મામાં સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ કેમ આવે, જ્ઞાન કેમ વધે અને જ્ઞાન કેમ ટકે. એનાથી આત્મકલ્યાણનો માર્ગ કેમ ખુલ્લો થાય અને એ આરાધના માટેનો સમ્યગ્ પુરૂષાર્થ ચાલુ રહે. આવા ઉદ્દેશથી શાસ્ત્ર ભણવા, સ્વાધ્યાય, ચિંતન, મનન આદિ ક્રિયાઓ કરવી જોઈએ. તો સ્વાધ્યાય તપ કહેવાય અને એનાથી કર્મોની નિર્જરા થાય. નહિતર એ સ્વાધ્યાય સ્વનો અધ્યાય ન બને. સ્વાધ્યાયમાં સ્વને અનુલક્ષીને કામ કરવાનું છે. જો શાસ્ત્રાધ્યયન લોકપ્રસિદ્ધિ, વિદ્વતા, ઉત્કર્ષ, માન-સન્માન વિગેરે ઉદ્દેશથી થાય તો તે સ્વાધ્યાય નામના અભ્યંતર તપમાં નહિ ગણાય, કારણ કે એમાં તો માત્ર લોકપ્રસિદ્ધિ અને વિદ્વતાનું લક્ષ રહેલું છે. તે કંઇ આત્મહિત રૂપ બનતા નથી. એ તો લોભકષાય અને માનકષાય આદિ દ્વારા આત્માનું અહિત થાય છે. આટલા માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે માત્ર ક્રિયા ઉપર જ ફળનો આધાર નથી પણ સાથે ઉદ્દેશ પણ ભાગ ભજવે છે. જુઓ, હું તમને એક ન્યાય આપીને સમજાવું.

પેટમાં છરી ખોસવાની ક્રિયા તો ખૂની પણ કરે છે ને ડોકટર પણ કરે છે, છતાં એકનો ઉદ્દેશ મનુષ્યના પ્રાણનો નાશ કરવાનો છે જ્યારે બીજાનો ઉદ્દેશ મનુષ્યનું દર્દ મટાડી પ્રાણની રક્ષા કરવાનો છે. એક જ ક્રિયા હોવા છતાં આટલો બધો ફરક કેમ? બંનેનો ઉદ્દેશ જુદો છે માટે એવી શાસ્ત્રાધ્યયનની ક્રિયા સમાન હોવા છતાં જો આશય જુદો હોય તો ફળ જુદું મળે છે. શાસ્ત્રનું અધ્યયન અને સ્વાધ્યાયની સાધના મહાન છે પણ એનો ઉદ્દેશ દુન્યવી માન-પાન મેળવવા માટેનો ન હોવો જોઈએ અને એ સાધના કરતી વખતે આહારાદિ સંજ્ઞા કે અમૈત્રી આદિ ભાવ મનમાં ન આવવો જોઈએ. ખરાબ ભાવ એટલે મલીન આશય. મલીન આશય ઉંચી ધર્મસાધનાને મલીન બનાવી દે છે.

આપણે નેમકુમારની વાત ચાલતી હતી. નેમકુમારનો પરણવાનો આશય જુદો છે. દ્વારકા નગરીના મુખ્ય મુખ્ય માર્ગો ઉપરથી તેમની જાન રૂમઝુમ કરતી પસાર થઈ રહી છે.

આગે ચતુરંગી સેના ચાલે, પાછળ ઝૂલતા હાથી આવે,
નેમકુમાર અંબાડીએ શોભે, દ્વારકા નગરી ચઢી હિલોળે,
એ...દશ દશાર રાજા યાદવ સાથે જેની શોભા અપરંપાર
નેમકુમારની જાન આજે જાય છે રે લોલ....

એક પછી એક હાથી, ઘોડા, રથ, સૈન્ય વિગેરેની ગોઠવણ એવી સુંદર અને વ્યવસ્થિત હતી કે જોનાર બે ઘડી મુગ્ધ બની જાય. કૃષ્ણજી પણ વિચાર કરે છે કે આવી સુંદર જાન તો કોઈની જોડાઈ નથી. સમુદ્રવિજય મહારાજાએ પોતાના લાડીલા દીકરાને પરણાવવા પાછળ દ્રવ્ય ખર્ચવામાં પાછું વાળીને જોયું નથી. તમે કહો છો ને કે ગોળ નાંખીએ તેવું ગળ્યું થાય. મૂલ્ય આપીએ તેવો માલ મળે. તે રીતે દરેક વસ્તુમાં મૂલ્ય ખર્ચાય અને સાથે ઉત્સાહ પૂરો હોય તો કાર્ય શોભી ઉઠે છે, તેમ અહીં સમુદ્રવિજય રાજાએ ધન ઘણું ખરચ્યું છે, કૃષ્ણજી મુખ્ય આગેવાન છે અને સૌને હૃદયનો ઉમંગ છે. જનૈયાઓને નેમકુમારને પરણાવવા જવાની હોંશ છે, એટલે જાન ખૂબ શોભી ઉઠી છે. જાન જોઇને દ્વારકા નગરીના પ્રજાજનોના હૈયા પણ હર્ષના હિલોળે ચઢયા છે. જાન આગળ વધતાં દ્વારકા નગરીની બહાર નીકળી. ભાવિના ભગવાન અરિષ્ટનેમિની જાન દ્વારકા નગરીથી નીકળીને ઉગ્રસેન રાજાની મથુરા નગરી તરફ જઈ રહી છે. દેવો પણ પોતાના વિમાનોમાં બેસીને જાનની શોભા નિહાળી રહ્યા છે અને નેમનાથ ભગવાનના હાલ વરરાજાના રૂપમાં દર્શન કરીને આનંદ પામે છે પણ શકેન્દ્ર મહારાજાના મનમાં આશ્ચર્ય થયું ને તે વિચારવા લાગ્યા કે આગળના એકવીશ તીર્થંકર ભગવંતો એમ ભાંખી ગયા છે કે બાવીસમા તીર્થંકર ભગવાન અરિષ્ટનેમિ બાલબ્રાહ્મચારી દીક્ષા લેશે ને તીર્થની સ્થાપના કરશે, ત્યારે ભગવાન તો અત્યારે જાન જોડીને ઠાઠમાઠથી પરણવા માટે જઈ રહ્યા છે તો શું પૂર્વના તીર્થંકર ભગવંતોની વાણી ખોટી હશે ? તીર્થંકર પ્રભુની વાણી કદાપિ ખોટી હોય જ નહિ. આ પ્રમાણે વિચાર કરી શકેન્દ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો. અવધિજ્ઞાન દ્વારા શકેન્દ્રને ખબર પડી કે ભગવાન લગ્ન કરવા માટે જતા નથી, પણ લગ્નના બહાને એમનો ઉદ્દેશ કોઈ જુદો જ છે. તેઓ જગત સન્મુખ એક મહાન આદર્શ ઉપસ્થિત કરવા માટે જાય છે. એમ જાણીને શકેન્દ્રને ખૂબ આનંદ થયો, અને ભગવાનની જાનમાં જવાનું મન થયું.

ભગવાનની જાનમાં જવા માટે શકેન્દ્ર એક તેજસ્વી બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા ને ત્રિખંડ અધિપતિ કૃષ્ણ વાસુદેવ પાસે આવીને કહેવા લાગ્યા મહારાજા ! આપ તો ઉત્સાહભેર આપના લઘુભાઈને પરણાવવા જઈ રહ્યા છો પણ આપના ભાઈ પરણવાના નથી. ત્રણ કાળમાં પણ રાજેમતી સાથે એમના લગ્ન થવાના નથી. આપે કયા મૂર્ખ જ્યોતિષી પાસે લગ્નનું મુહુર્ત જોવડાવ્યું હતું ? કોણે આ લગ્નનું મુહુર્ત કાઢી આપ્યું છે ? બ્રાહ્મણનું બોલવું, ચાલવું અને એના લક્ષણો ઉપરથી કૃષ્ણ વાસુદેવ સમજી ગયા કે આ કોઈ મનુષ્ય નથી. ગમે તેવો સમર્થ અને જાણકાર બ્રાહ્મણ હોય પણ એ મારી સામે જતી જાનમાં નીડરપણે આવી રીતે બોલી શકે નહિ. મારી સામે બોલાવાની કોઈની તાકાત નથી, છતાં આ બોલે છે તેથી લાગે છે કે બ્રાહ્મણના રૂપમાં કોઇ બીજા જ છે. શ્રીકૃષ્ણે તેમને કહ્યું કે બ્રાહ્મણદેવ ! આપનું આ જાનમાં આગમન થયું તેથી મને ખૂબ આનંદ થયો છે અને તમે જે કાંઈ કહો છો તે અમારું હિત લક્ષમાં રાખીને જ

કહેતા હશો, પણ એક તો વગર આમંત્રણે આપ આવ્યા છો અને બીજું લગ્ન બાબતમાં તમને કંઈ પૂછયું નથી તો આવા પ્રકારની વાત કરવી એ મર્યાદા વિરુદ્ધ છે. આવી વાત કરીને લગ્નમાં વિઘ્ન ઉભું કરશો નહિ ને બધાના મનમાં સંદેહ થાય તેવી વાત તમે બોલશો નહિ. તમે મને કહ્યું તો ભલે કહ્યું પણ હવે બીજા કોઈને આ વાત કહેશો નહિ, અને જ્યાંથી આવ્યા હો ત્યાં પાછા ચાલ્યા જાઓ. કૃષ્ણની વાત સાંભળીને શકેન્દ્ર ઉત્તેજિત બનીને કહેવા લાગ્યા કે હે કૃષ્ણજી ! મારો કહેવાનો ઉદ્દેશ લગ્નમાં વિઘ્ન ઉત્પન્ન કરવાનો કે કોઈના મનમાં સંદેહ કરવાનો નથી. આપ મારા તરફથી કોઈ જાતની ચિંતા ન કરશો. મેં તો જે વાત મારા સમજવામાં આવી તે વાત આપને કહી છે. હવે આ વાત હું બીજા કોઈને નહિ કહું, પણ હું એ જોઉં છું કે નેમકુમારના વિવાહ કેમ રીતે થાય છે !

"લગ્ન મહોત્સવથી ગાજી રહેલી મથુરા નગરી" – આ તરફ દ્વારકા નગરીથી જાન મથુરા તરફ રવાના થઈ ગઈ છે. બીજી તરફ મથુરા નગરીમાં ઉગ્રસેન રાજાને ત્યાં પણ ધામધૂમ ચાલે છે. લગ્નનો દિવસ નક્કી થયો ત્યારથી રાજેમતીને માટે વસ્ત્રો તૈયાર થવા માંડયા હતા. હીરા, મોતી, માણેક અને સોનાના આભૂષણો ઘડવા ચતુર સોનીઓને બોલાવ્યા હતા. રાજેમતીને આપવા માટે બધો કરીયાવર તૈયાર થઈ ગયો હતો. હવે તો લગ્નના દિવસની રાહ જોવાતી હતી. જેમ જેમ લગ્નનો દિવસ નજીક આવતો જતો હતો તેમ તેમ રાજેમતીનો આનંદ પણ વધતો જતો હતો. એમ કરતાં લગ્નનો દિવસ આવી ગયો. ઉગ્રસેન રાજાએ ઘણા દિવસ અગાઉથી તૈયારીઓ કરવા માંડી હતી. ધ્વજપતાકાઓથી આખું નગર શણગાર્યું છે. ઘરઘરમાં આનંદની ઉર્મિઓ ઉછળી રહી છે ને જાનની રાહ જોવાય છે.

આનંદ ઉત્સવ આજે થાય આખા શહેરમાં રે,
આવે નેમકુમારની જાન....આનંદ અપાર,
મંડપ મોટો બાંધીયો, જેની શોભાનો નહિ પાર,
શહેર આખું શણગાર્યું, ઘરઘર આનંદ અપાર,
વાગે વાજા શરણાઈ ને ઢોલ-નેમજીની જાન આવે શોભતી રે....

આખી મથુરા નગરી ઢોલનગારા અને શરણાઇઓના નાદથી ગાજી રહી છે. સ્થળે સ્થળે સૌભાગ્યવતી સ્ત્રીઓ મંગલ ગીતો ગાઈ રહી છે. ઉગ્રસેન મહારાજાના મહેલમાં તો ભારે ધમાલ મચી રહી છે. રાજકુળની સૌભાગ્યવતી સ્ત્રીઓ રાજેમતીને સોનાના રત્નજડિત બાજોઠ ઉપર બેસાડીને મંગલ ગીત ગાતી ગાતી પીઠી ચોળવા લાગી. પીઠી ચોળ્યા પછી પાણીમાં અત્તર આદિ કિંમતી પદાર્થો નાંખી રાજેમતીને સ્નાન કરાવ્યું, પછી રાજેમતીની સખીઓ તેના માથામાં ઉંચા પ્રકારનું કિંમતી સુગંધિત તેલ નાખી માથું ઓળવા લાગી. માથું ઓળ્યા પછી વસ્ત્રાભૂષણોથી સખીઓ રાજેમતીને શણગારવા લાગી.

ત્યાં સમાચાર આવ્યા કે મથુરા નગરીની બહાર જાન આવી ગઈ, એટલે આખી નગરીમાં વિશેષ આનંદ છવાઈ ગયેા. રાજેમતીની સખીઓ તેને શણગારતાં શણગારતાં પરસ્પર લગ્ન સબંધી હાસ્યભરી વાતેા કરતી રાજેમતીની મજાક ઉડાવતી કહેવા લાગી.

"રાજેમતીની મજાક કરતી સખીઓ":- પહેલી સખી કહે છે કે હવે તેા આપણી વહાલી સખી જેમ વૃક્ષ સાથે લતા શેાભે છે તેમ શેાભી ઉઠશે, ત્યારે બીજી સખી બેાલી ઉઠી કે અરે! એ તેા જેમ ચંદ્રને દેખીને ચકેારી સૌને ભૂલી જાય છે તેમ આપણી વહાલી સખી મને અને તમને બધાને ભૂલી જશે. ત્રીજી સખી કહે છે અરે! તમે બધા આ શું બેાલેા છેા? આપણે બધા બાલપણથી જેની સાથે રમ્યા, જમ્યા ને ફર્યા છીએ તે સખી શું એની વહાલી સખીઓને ભૂલે? ચેાથી સખી કહે તું તેા મૂર્ખ છે. પ્રિય પતિ મળતાં એ બિચારી તમને કેવી રીતે યાદ કરશે? પાંચમી સખી કહે છે કે એના સદ્‌ભાગ્યે એને પતિ પણ કેવા મળ્યા છે! જેની બરાબરી કરનાર આ સંસારમાં કેાઈ પુરૂષ નથી. આવા નેમનગીના જેવા પતિ મેળવીને આપણને ભૂલી જાય તે સ્વાભાવિક છે. છઠ્ઠી સખી કહે છે તમે બધા શા માટે ચિંતા કરેા છેા? એ આપણને સાથે લઈ જશે, ત્યારે સાતમી કહે છે જરા વિચાર તેા કરેા. એના સાસરિયાનેા પરિવાર કેટલેા મેાટેા છે. એમાં એવી ભળી જશે કે તમને મળવા નહિ પામે, માટે બધી વાત છેાડી દેા. આ રીતે રાજેમતીની સખીઓ ઠઠ્ઠા મશ્કરી કરતી રાજેમતીને શરમાવી રહી હતી. રાજેમતી સખીઓની મીઠી મજાક સાંભળી શરમથી નીચું જોઈ જતી હતી, પણ એના હૃદયમાં તેા અતિશય આનંદ છે.

લગ્ન માટેની બધી તૈયારીઓ થઈ ગઈ છે. રાજેમતીને પણ સેાળ શણગાર સજાવી સુંદર રીતે શણગારી છે. એ દેવકન્યાથી પણ અધિક શેાભતી હતી. હવે યાદવકુળની જાન મથુરા નગરીની બહાર આવી ગઈ છે. ઉગ્રસેન રાજા પણ વિવાહ તથા જાનનું સામૈયું કરવાની તૈયારીમાં મશગૂલ બનેલા હતા. એમને ચિંતા હતી કે મેં મારા શિર ઉપર ભગીરથ કાર્યનેા બેાજો લીધેા છે. એક તેા કૃષ્ણજી પેાતે જ મારા જમાઈરાજ છે. એમનેા પરિવાર ઘણેા મેાટેા છે. વળી પેાતે ત્રણ ખંડના અધિપતિ છે, એટલે અનેક રાજાઓ તેમની સાથે આવશે તેથી જાન ઘણી મેાટી હેાય તે સ્વાભાવિક છે. મેં પ્રેમથી તેમને જાન જોડીને આવવાનું આમંત્રણ આપ્યું છે એટલે જો મારા તરફથી જાનનેા બરાબર સત્કાર કે સ્વાગત નહિ કરી શકાય તેા યાદવેા મારી મશ્કરી કરશે. આ વાતને લક્ષમાં રાખીને ઉગ્રસેન રાજાએ જાનને ઉતારવાનેા, ખાવા-પીવાનેા અને તેનું સ્વાગત સત્કાર કરવાનેા વિગેરે બરાબર વ્યવસ્થિત રીતે પ્રબંધ કર્યો હતેા. સ્થળે સ્થળે સેાનેરી ધ્વજાપતાકાઓ અને દરવાજા બાંધ્યા હતા, અને લગ્નમંડપ તેા એવેા સુંદર સ્વર્ગના વિમાન જેવેા બાંધેા હતેા કે આખી નગરીના લેાકેા મંડપ જોવા ઉમટયા હતા. સ્થળે સ્થળે ઠંડા મીઠા પીણાનેા પ્રબંધ કર્યો હતેા, અને જે માર્ગેથી જાન આવવાની હતી તે માર્ગ વિશેષ પ્રકારે શણગારવામાં આવ્યેા હતેા.

આ સાથે ઉગ્રસેન રાજાએ બીજો પણ પ્રબંધ કર્યો હતો. તેઓ પોતે જાણતાં હતાં કે કંઈક જાનૈયાઓને ભોજનમાં માંસની જરૂર પડશે. હું આટલું બધું કરીશ પણ એ માટેનો પ્રબંધ નહિ કરું તો જાનૈયાઓને અસંતોષ થશે, અને મારી વ્યવસ્થામાં ઉણપ લાગશે, એટલે તેમણે વધ કરાવવા માટે હૃષ્ટપુષ્ટ પશુ-પક્ષીઓને માણસો દ્વારા પૈસા આપીને વનમાંથી મંગાવ્યા અને એક વિશાળ વાડામાં પૂરાવ્યા ને તેમને ખવડાવી પીવડાવીને હૃષ્ટપુષ્ટ કરાવવા લાગ્યા. તે પશુપક્ષીઓને જે માર્ગેથી જાન તોરણદ્વાર પર આવવાની હતી તે માર્ગે ઉગ્રસેન રાજાના મહેલથી થોડે દૂર માર્ગના કિનારા પર એક વાડામાં પૂર્યા હતા. આ પ્રમાણે લગ્નની કુલ તૈયારી થઈ ગઈ હતી. જાન પણ સમયસર મથુરા નગરીની બહાર બગીચામાં આવી ગઈ એટલે ઉગ્રસેન રાજાના માણસો દોડતા વધામણી લઈને આવ્યા કે જાન આવી ગઈ છે. સૌને જાન કયારે આવશે તેની અધીરાઈ હતી, તે જાન આવી ગઈ એટલે નગરજનો તો ટોળે ને ટોળા જાન જોવા માટે ઉમટયા. હવે ઉગ્રસેન રાજા જાનનું સામૈયું કેવી રીતે કરશે તે ભાવ અવસરે.

"ચરિત્ર" :- જિનસેના રાણીએ એક ચિત્તે પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કર્યું. એનો પોકાર શાસનરક્ષક દેવોએ સાંભળ્યો ને જિનસેનકુમારના શરીરમાંથી ઝેર કોણ જાણે કયાં અલોપ થઈ ગયું. રત્નવતીને આ વાતની ખબર પડી એટલે એનું મુખ તો કાળું ધબ થઈ ગયું. એનો આનંદ ઉડી ગયો. એને ડર લાગ્યો કે કુંવર કોઈને આ વાત કહી દેશે તો મારું શું થશે? આ તરફ કુમારને પૂછતાં મહારાજાને ખબર પડી કે રત્નવતીએ કુમારને માટે લાડવો મોકલાવ્યો હતો તે ખાધા પછી જ ઝેર ચઢયું છે. એટલે રાજાને ખાત્રી થઈ ગઈ કે નક્કી રત્નવતીએ જિનસેનકુમારને લાડવામાં ઝેર આપ્યું છે. બાકી એને જિનસેન ઉપર કયાં પ્રેમ વહી જાય છે કે લાડવા મોકલે. આ તો બધો કૃત્રિમ પ્રેમ બતાવે છે. આથી રાજાને રત્નવતી ઉપર ખૂબ ક્રોધ ચઢયો. બસ, હવે એ દુષ્ટ રત્નવતી મારા મહેલમાં ન જોઈએ.

રાજા ઐસા હુકમ સુનાવે, રત્નવતી મહલમેં ન રહને પાવે,
ઉસ દુષ્ટાને અત્યાચાર કરના, ચાહે વહાં વહ જાવે.

માણસ બીજાને કષ્ટ આપતા વિચાર નથી કરતો કે હું આ શું કરું છું પણ પોતાને કષ્ટ પડે ત્યારે અનુભવે ખબર પડે છે. રત્નવતીએ જિનસેનાને મહેલમાંથી બહાર કઢાવી હતી. તે વખતે એણે વિચાર ન કર્યો કે હું આ પવિત્ર જિનસેના રાણીને દુઃખમાં ધકેલી રહી છું, એણે ખાડો ખોદયો હતો તો હવે પડવાનો વખત આવ્યો. રાજાએ માણસને હુકમ કર્યો કે રત્નવતીને અત્યારે ને અત્યારે મહેલમાંથી કાઢી મૂકો. હવે મારે એનું મોઢું જોવું નથી. એને જંગલમાં રહેવું હોય તો જંગલમાં રહે ને પિયર જવું હોય તો

પિયર જાય પણ મારા મહેલમાં એ દુષ્ટ રત્નવતી ન જોઈએ. મહારાજાનું ફરમાન સાંભળીને જિનસેના કહે છે સ્વામીનાથ ! આપ અમારી ખાતર એને મહેલમાંથી કાઢી ન મૂકશો. એમાં એ બિચારી રત્નવતીનો શું દોષ છે ! પૂર્વભવમાં અમે એવા વૈર બાંધ્યા હશે તેથી એને અમારા ઉપર ઈર્ષ્યા આવે છે. બાકી એનો દોષ નથી. ગમે તેમ તો ય એ આપની પટ્ટરાણી છે ને મારી નાની બહેન છે, માટે આપ એને આવી શિક્ષા ન કરો. આપના પુણ્ય પ્રતાપે શાસનદેવની કૃપાથી મારો લાલ બચી ગયો છે, પછી એને દુઃખી કરવાથી શું લાભ ? જુઓ, રત્નવતીએ જિનસેના રાણી અને જિનસેનકુમાર ઉપર કેટલી ઈર્ષ્યા કરી છે છતાં એની કેટલી ઉદારતા છે ! જાત અને કજાતની આવા સમયે જ પરીક્ષા થાય છે. જિનસેનાએ મહારાજાને સમજાવીને શાંત કર્યા, પછી જિનસેનકુમાર કહે છે પિતાજી ! મારી વાત સાંભળો.

"મરજીની કરેલી અરજી" :– મારી માતા રત્નવતીને મારા કર્મના ઉદયથી મારા પર દ્વેષ છે. જોકે મારે મન તો જિનસેના માતા અને રત્નવતી માતા બંને સરખા છે. મને એના પ્રત્યે બિલકુલ દ્વેષભાવ નથી કે એ મારી ઓરમાન માતા છે ને આ મારી સગી માતા છે, છતાં એને મારા ઉપર દ્વેષ આવે છે તો મને હમણાં પરદેશ જવાની રજા આપો. હું પરદેશ જાઉં તો મારું ભાગ્ય કેવું છે તેની પણ મને ખબર પડે. મારું ભાગ્ય અજમાવીશ અને બીજું પરદેશ ખેડવાથી મારામાં હિંમત આવશે, મને નવા અનુભવ મળશે, અને મારી માતાનું મન શાંત થશે. મારા નિમિત્તે કર્મબંધન કરતી અટકશે. જિનસેનકુમારની વાત સાંભળીને રાજા અને રાણી કહેવા લાગ્યા બેટા ! તું આ શું બોલે છે ! આવા શબ્દ તું મુખમાંથી કાઢીશ નહિ. તારી પરદેશ જવાની વાત અમને આંખમાં કણાની જેમ ખૂંચે છે. આ વાત અમને સાંભળવી પણ ગમતી નથી. જિનસેનાના મનમાં થયું કે આ તો સાચો ક્ષત્રિયનો બચ્ચો છે. એ જવાનું નામ લે છે એટલે રહેશે નહિ. એને સમજાવવો મુશ્કેલ છે, એટલે રડતી રડતી આંખમાંથી ચોધાર આંસુ વહાવતી કહે છે.

તુઝ વિરહ સહન નહિ હોય, તું મારે એકાકી લાલ,
તેરે જનેસે પ્યારે બેટા, કિસકા દેખું ભાલ

અરેરે....બેટા ! તું મારી આંધળાની આંખ છે. તું જાણે છે ને કે તું અડધો કલાક મોડો આવે છે તો મારા જીવને ઉત્પાતનો પાર રહેતો નથી. તને હું એક કલાક ન જોઉં તો મને કંઈક થઈ જાય છે. તું મારે એકનો એક લાડકવાયો પુત્ર છે. તું મને મૂકીને પરદેશ જઈશ તો હું તારો વિયોગ કેવી રીતે સહન કરી શકીશ ? તારું મુખ જોઈને હું મારું બધું દુઃખ ભૂલી જાઉં છું. બેટા ! તારા વિના હું ઘડીએ ઘડીએ કોનું મુખ જોઈશ ? તારા સિવાય મારે બીજા કોનો આધાર છે ? માટે તું રત્નવતીની ઈર્ષ્યાના કારણે જવાની વાત છોડી દે. તારા માતા–પિતા સામું જો. મહારાજા કહે છે બેટા ! એના

પાપે તારે જવાની જરૂર નથી. એ દુષ્ટાને હવે હું રાખવા માંગતો નથી પણ તું અને તારી માતા ના કહેતા હો એટલે મેં વાત છોડી દીધી પચુ મારે તને જવા દેવો નથી. જો તું અમને છોડીને જવાની વાત કરે છે તો તેના કરતા રત્નવતીને કાઢવી સારી છે. જિનસેન કહે છે ના, પિતાજી! એ વાત કરશો જ નહિ હું લાંબો ટાઇમ નહિ રહું. થોડા સમયમાં જ પાછો આવી જઈશ આપને જરૂર પડશે તો હું તરત પાછો આવીને આપની સેવામાં હાજર થઈશ. કુંવરની જવાની વાતથી બધાને ખૂબ આઘાત લાગ્યો છે. હવે શું બનશે તે અવસરે.



વ્યાખ્યાન નં. ૭૨

આસો સુદ ૩ ને બુધવાર **તા. ૪-૧૦-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવંતે જગતના જીવોના ઉદ્ધાર માટે આગમની વાણીનું નિરૂપણ કર્યું. આગમ એ અરિસો છે. આજનો માનવી પળેપળે અરિસામાં દૃષ્ટિ કરે છે. તેમાં પોતાનું મુખડું જોઈને હરખાય છે કે હું કેવો સુંદર દેખાઉં છું પણ જ્ઞાની પુરૂષો તો કહે છે કે હે દેહના સૌંદર્ય જોવામાં પાગલ બનેલા માનવી! આ અરિસો તો તને દેહના સૌદર્યનું જ દર્શન કરાવશે પણ જો તારે તારા આત્માના સૌંદર્યનું દર્શન કરવું હોય તો આગમ રૂપી અરિસામાં દૃષ્ટિ કર. જે દેહનું સૌન્દર્ય નીરખી નીરખીને તું હરખાય છે, સૌંદર્ય વધારવા માટે કેટલા ઉપાયો કરે છે તે દેહ તો આજે રૂડો છે ને કાલે કરચલીઓ પડીને કદરૂપો બની જશે. અનેક રોગોથી ઘેરાઈ જશે. એ દેહનું સૌંદર્ય જોઈને હરખાવું, મલકાવું, સૌંદર્યની વૃદ્ધિ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું અને અરિસા સામે ઉભા રહીને મલક મલક હસવું તે તો એક પ્રકારનું ગાંડપણ છે.

જે આત્મા સદાકાળ ટકવાનો છે, શાશ્વત છે, એના સૌન્દર્ય તરફ બેદરકાર બની જે સૌંદર્ય એક દિવસ સ્મશાનમાં રાખની ઢગલીમાં જ સમાઇ જવાનું છે એવા દેહના સૌંદર્ય તરફ મશગુલ બનવું તે કેટલી અજ્ઞાનતા છે! મહાપુરૂષો કહે છે કે હે ભાન ભૂલેલા માનવ! તું દર્પણમાં તારું રૂડું ને રૂપાળું મુખડું જોઈને શું હરખાઈ રહ્યો છે? દેહ ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને આત્મા ઉપર દૃષ્ટિ કર તો તને પોતાને જ ખ્યાલ આવશે કે આટલા વર્ષો મેં દેહની સાફસૂફી કરવામાં જ ખોયા છે. આત્મા સામે દૃષ્ટિ કરી જ નથી. પરિણામે મારો આત્મા કર્મના કાટથી કેટલો મલીન બની ગયો છે. એ કાટને કાઢવા માટે કેટલો સતત પુરૂષાર્થ કરવો પડશે? દેહને નિહાળવા રોજ દર્પણમાં દૃષ્ટિ કરનારા મનુષ્યો કદી આત્માના ડાઘ ધોવા માટે કોઈ સ્થળે ગયા છે ખરા? ના. દેહના અને કપડાના ડાઘ દૂર કરવા માટે જેટલી સાવધાની છે તેટલી આત્માના ડાઘ દૂર કરવાની નથી.

ચ્હા પીતાં પીતાં એ તમારા કપડા ઉપર ઢોળાય છે તેમાં જો કિંમતી મોંઘા વસ્ત્રો ઉપર ઢોળાય ને ડાઘ પડે છે ત્યારે તમો શું એક મિનિટ પણ બેસી રહો ખરા ? ના. ત્યારે તો જલ્દી જલ્દી ઉઠો છો. ચ્હાનો સ્વાદ છોડીને કપડાનો ડાઘ ધોવા લાગી જાઓ છો. શા માટે ? રહેવા દો ને એ ડાઘ ! આરામથી ચ્હા પી લો પછી ડાઘ કાઢવા જાઓ તો ? પણ એમ નથી કરતા, કારણ કે ડાઘ જ્યાં સુધી તાજો છે ત્યાં સુધી જલ્દી નીકળી જશે. સૂકાઇ ગયા પછી નીકળવો મુશ્કેલ બને છે. અરે ! કોઈ કોઈ વાર તો નીકળતો જ નથી. તમારા ભારે કપડા ઉપર તમને આવો ડાઘ ગમે ખરો ? ના. તેથી જ ગરમ ગરમ ચ્હાનો સ્વાદ છોડીને ડાઘ કાઢવા જાઓ છો ને ? મહાપુરૂષો કહે છે તારા કપડાની તું આટલી સંભાળ રાખે છે તેથી ડાઘ કાઢવા જલ્દી ઉઠે છે જ્યારે તારા જીવનમાં ડાઘ લાગે છે ત્યારે આળસુ થઈને બેસી રહે છે. જો આમ બેસી રહીશ તો પછી તારું જીવન ડાઘોથી ખરડાઇ જશે અને એ ડાઘવાળું જીવન પછી કોઇને નહિ ગમે. બધા તારાથી દૂર ભાગશે, માટે હે માનવ ! ઉઠ, સજાગ બન. જ્યાં કોઈ ડાઘ લાગ્યો હોય તે જલ્દી સાફ કરી નાંખ. દ્વેષના ડાઘને પ્રેમના પાણીથી ધોઈ નાંખ, વાસનાનો ડાઘ લાગે તો સંયમના સાબુથી સાફ કર, અસત્યના ડાઘને સત્યથી સાફ કરી દે અને કોઈપણ પાપના ડાઘ લાગ્યા હોય તેને ધર્મના નીરથી નિર્મળ બનાવી દે આત્મા ઉપરના ડાઘ સાફ કરવા માટે બાહ્ય અરિસામાં જોવાની જરૂર નથી. તે માટે આગમ રૂપ અરિસામાં દૃષ્ટિ કરવાની જરૂર છે. આગમ એ આત્મા ઉપર રહેલા ડાઘને દૂર કરાવનાર અરિસો છે. આગમના વચનામૃતોનું વાંચન, શ્રવણ, તેના ઉપરની શ્રદ્ધા અને તે પ્રમાણેનું આચરણ જીવને શુદ્ધ બનાવનાર છે.

આગમમાં અલૌકિક ભાવ ભરેલા છે. આપણે બાવીસમા અધ્યયનનો અધિકાર ચાલે છે. નેમકુમારની જાન મથુરા નગરીની બહાર બગીચામાં આવી ગઈ. નગરજનો તો ટોળે ને ટોળા જાન જોવા માટે ઉમટ્યા. રાજુલની સખીઓ પણ ઉભી થઈ થઇને ગોખમાંથી જાનની રાહ જોઈ રહી છે ને રાજુલને પૂછે છે કે નેમકુમાર ક્યારે આવશે ? રાજુલ લજ્જાવશ બોલતી નથી પણ અંતરમાં તો નેમકુમારને જોવાની અધીરાઈ છે, એટલે ગોખે આવીને સખીઓ સાથે ઉભી છે.

રાજુલ બેની ગોખે ઉભી છે, સરખી સાહેલી સો ટોળે મળી છે
મનમાં રાજુલ બહુ હરખાયે, ક્યારે આવશે નેમજીના.

સૌના દિલમાં હર્ષનો પાર નથી. રાજુલ અને તેની સખીઓ પણ રાહ જોઈ રહી છે. આ તરફ સમાચાર મળતાની સાથે ઉગ્રસેન રાજા પોતાના કુટુંબીજનો, સંબંધીઓ અને સૈન્યને લઈને મોટી ધામધૂમથી ઠાઠમાઠ સહિત જાનનું સામૈયું કરવા ચાલ્યા. આ તો બધો તમારો વ્યવહાર છે એટલે મારે વધુ સમજાવવું નહિ પડે. તત્ત્વની ઊંડી વાત મારે સમજાવવી પડત. મથુરાના નરેશ મોટા પરિવાર સાથે જાનનું સામૈયું કરવા ગયા. બંને

પક્ષના માણસો પરસ્પર મળ્યા અને એકબીજાની પ્રશંસા કરતા આનંદ પ્રગટ કરવા લાગ્યા. મહારાજા ઉગ્રસેન પોતાના વેવાઈ સમુદ્રવિજય રાજા આદિ દશ ભાઈઓને તથા કૃષ્ણજી, બલભદ્રજી વિગેરેને મળ્યા અને કહેવા લાગ્યા કે મારા અહોભાગ્ય છે કે આપ જેવા મોટા મહારાજાઓ અહીં પધાર્યા. આ રીતે પોતાને અહોભાગ્ય માનતા તેમની પ્રશંસા કરવા લાગ્યા અને તેમનો મહાન ઉપકાર માનવા લાગ્યા. આ પ્રમાણે પરસ્પર બંને પક્ષના મિલનનું દૃશ્ય પણ થોડી વાર દર્શનીય બની ગયું. બધાને મળ્યા પછી ઉગ્રસેન રાજાએ જાનને લઈને મથુરા નગરીમાં પ્રવેશ કર્યો.

આટલી મોટી વિશાળ જાને મથુરામાં પ્રવેશ કર્યો ત્યારે ધરતીને ધ્રુજાવે અને ગગનને ભેદી નાંખે એવા જોરશોરથી વાજા વાગી રહ્યા છે. માણસોનો કોઈ પાર નથી. મથુરા નગરીના પ્રજાજનો અગાશીમાં ચઢયા. જાન ગમે તેટલી મોટી ને સુંદર જોડી હોય પણ સૌ પહેલાં તો વરરાજાને જ જુવે ને? સૌની દૃષ્ટિ પહેલાં નેમકુમાર ઉપર જાય છે વરરાજાના વેશમાં વરણાગી બનીને આવેલા નેમકુમારને જોઈને સૌના હૈયા હરખાય છે કે અહો! શું નેમકુમારનું રૂપ છે! આપણા રાજુલ બહેની અને આ નેમકુમારની જોડી તો દેવલોકના ઇન્દ્ર અને ઇન્દ્રાણીને શરમાવે તેવી શોભી ઉઠશે. રાજુલબહેની ઘણું ભાગ્યશાળી છે. આમ કોઈ રાજુલના ભાગ્યની પ્રશંસા કરે છે, તો કોઈ કહે છે કે નેમકુમાર પણ ભાગ્યશાળી ખરા ને કે આવી રાજુલ જેવી એમને પત્ની મળી! આ રીતે પ્રજાજનો બંનેના ભાગ્યની પ્રશંસા કરે છે અને જાનનો ઠાઠમાઠ જોઈને મથુરા નગરીની પ્રજા આશ્ચર્યમુગ્ધ બની જાય છે કે શું યાદવકુળની જાન છે! જાન તો ઝમઝમ કરતી મથુરા નગરીના મુખ્ય મુખ્ય માર્ગે થઈને આગળ વધતી જાય છે. આ રીતે જાન ચાલતી ચાલતી તોરણદ્વાર તરફ ચાલી આવતી હતી. ચાલતા ચાલતા જાન ઉગ્રસેન રાજાના મહેલેથી દૂરથી દેખી શકાય તે સ્થળે આવી પહોંચી.

"નેમને જોવા રાજુલને વિનંતી કરતી સખીઓ":– ઉગ્રસેન રાજાના મહેલની સ્ત્રીઓ મહેલના ગોખમાં ઉભી રહીને જાનને જોવા લાગી. રાજેમતીની સખીઓ પણ જાનને જોવા લાગી. વરરાજા અને જાનના ઠાઠમાઠ જોઈને સખીઓ રાજેમતીને કહે છે કે સખી! જો તો ખરી! કેવા સુંદર નેમકુમાર છે! ને સુંદર જાન જોડીને આવ્યા છે! નીચું જોઈને શું બેસી રહી છે? ઉઠ, ઉભી થા, પણ રાજેમતી શરમાય છે. એ જમાનામાં લજ્જા ખૂબ હતી. રાજેમતીએ નેમકુમારને જોયા નથી ને નેમકુમારે રાજેમતીને જોઈ નથી. નેમકુમાર તો વૈરાગી છે એટલે એમને રાજુલને જોવાની અધીરાઈ નથી પણ રાજુલને તો અધીરાઈ હતી પણ શરમ આવે છે કે હું જોવા ઉભી રહું ને પિતાજી આદિ કોઇ વડીલ જોઇ જાય તો? એ જમાનામાં વડીલો હોય ત્યારે પતિ-પત્ની એકબીજા સામે દૃષ્ટિ પણ કરતા ન હતા. તેમજ દીકરી સાસરે જાય ત્યારે ખૂબ રડતી હતી, કારણ કે એ પક્ષની તે તદ્દન અપરિચિત

હોય છે. માતા પિતાની માયા છોડીને અપરિચિત ઘરમાં જવાનું, એ ઘરના રીતરિવાજો તથા એકબીજાના સ્વભાવ કેવા હોય, એમની સાથે મળીને રહેવાનું, પારકાને પોતાના કરવાના એટલે સ્વાભાવિક અજાણ્યું લાગે પણ અત્યારે એવું રહ્યું નથી. કુંવારા એકબીજા હરવા ફરવા જાય, નાટક સિનેમા જોવા જાય અને કુંવારી વહુ અઠવાડિયું સાસરે આવીને રહે એટલે પતિ અને સાસરિયાના સ્વભાવથી પરિચિત થઈ જાય તેથી ચિંતા થાય જ નહિ ને ! અને બીજે ત્રીજે દિવસે જમાઈ એના સાસરે ને વહુ એના સાસરે જાય એટલે સાસરિયાને એવો નવાઈ જ ન રહે કે વહુ આવી કે જમાઈ આવ્યા. (હસાહસ)

રાજુલના હૃદયમાં લજ્જા હતી એટલે નેમકુમારને જોવાની ઇચ્છા હોવા છતાં સંકોચ અનુભવવા લાગી, તેથી સખીઓ કહે છે વહાલી સખી ! આમ શરમાય છે શું ? ઉઠ, ઉભી થા, પછી તો મોટો ઘૂંઘટ તાણીને માયરામાં બેસવું પડશે એટલે નેમકુમારનું મુખ જોવા નહિ પામે. એમ કહીને સખીઓ તેને પરાણે ઉભી કરીને નેમકુમારને જોવા માટે ગોખે લઇ આવી.

નેમકુમારની જાન પહોંચી મથુરા રે લોલ....યાદવકુળની જાન...
રાજુલ ઉભી ગોખે જુવે, સખી વૃંદની સાથે એ શોભે,
નેમકુમારને રાજુલ નીરખે, એનું જમણું અંગ ફરકે,
એ....સખીઓને પૂછે શું પડશે રંગમાં ભંગ રે....નેમકુમારની....

સખીઓની વચમાં રાજેમતી શરદપૂર્ણિમાના ચંદ્રની માફક શોભતી ગોખમાં ઉભી રહીને દૂરથી આવતા હાથી ઉપર બેઠેલા નેમને નીરખવા લાગી. આઠ આઠ ભવની પ્રીતડી છે એટલે નેમકુમારને જોઇને રાજેમતીને અલૌકિક આનંદ થયો. સખીઓની સાથે એ જાનને જોતી હતી પણ તેની દૃષ્ટિ જાન પર ન હતી પણ જાનના નાયક પર હતી. જાનના નાયક અરિષ્ટનેમિકુમારના દૂરથી દર્શન કરીને રાજેમતી પોતાના મનમાં વિચારવા લાગી કે અહો ! હું મહાન ભાગ્યશાળી છું કે મને ભગવાન જેવા અલૌકિક, પવિત્ર, સૌંદર્યવાન, તેજસ્વી અને પરાક્રમી પતિની પત્ની બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ભગવાનની મારા ઉપર કેવી કૃપા છે કે મને પોતાની અર્ધાંગના બનાવીને લઇ જવા માટે તેમણે પોતે અહીં પધારવાનું કષ્ટ ઉઠાવ્યું છે. આજે મારી સાથે લગ્ન કરીને મને તેઓ પોતાની ધર્મપત્ની બનાવશે અને હું પણ આજે મારા હૃદયેશ્વરના સારી રીતે દર્શન કરી શકીશ. આવા પતિની પત્ની બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવાની સાથે મને મહારાણી શીવાદેવી અને મહારાજા સમુદ્રવિજય જેવા સાસુ સસરાની સેવા કરવાનો સુયોગ પણ મળશે. હું ત્રિખંડ અધિપતિ શ્રીકૃષ્ણ અને બલભદ્રજીની બંધુપત્ની (ભાભી) બનીશ. મારી મોટી બહેન સત્યભામા મારી જેઠાણી બનશે. આ જગતમાં મારા જેવી ભાગ્યશાળી

બીજી કોણ સ્ત્રી હશે ! આવા પ્રકારના મનમાં મનોરથ કરતી રાજેમતી આનંદ પામતી હતી, પણ એના ભાવિમાં કંઇ જુદું જ લખ્યું હતું.

બંધુઓ ! આજે માણસ ગમે તેટલા મનમાં મનોરથોના મિનારા ચણે પણ કાલે સવારે શું થવાનું છે તેનો ખબર પડતી નથી. આપણે બોલીએ છીએ. કે **"ન જાણ્યું જાનકીનાથે, કાલે સવારે શું થવાનું છે"** રામચંદ્રજીનો બીજે દિવસે રાજ્યાભિષેક થવાનો છે એટલે સારી અયોધ્યા નગરીમાં આનંદની છોળો ઉછળે છે. દરેકના હૈયા આનંદની ઉર્મિઓથી હિલોળે ચઢયા છે. પ્રભાતના પ્રહરમાં રામચંદ્રજી સ્નાન આદિ કાર્ય કરીને હર્ષભેર પિતાજીને વંદન કરવા આવ્યા, ત્યારે પિતાજીના મુખ ઉપર આનંદને બદલે આંખમાં આંસુ જોયા. રામચંદ્રજીએ પૂછ્યું પિતાજી ! આજે આનંદને બદલે આંખમાં આંસુ કેમ ? શું મારાથી કોઈ અપરાધ થયો છે ? અગર આપને કોઇ ચિંતાનું કારણ આવી પડયું છે ? જે હોય તે કહો. ત્યારે દશરથરાજાએ કહ્યું–બેટા ! બીજું કોઈ કારણ નથી, પણ તારી માતા કૈકેયીનું એક વચન મારી પાસે બાકી હતું, તેની એણે આજે માંગણી કરી છે કે મારા ભરતને રાજ્ય આપો અને રામને ચૌદ વર્ષ વનવાસ આપો. આટલું બોલતાં દશરથ રાજાની આંખમાં ચોધાર આંસુ વહેવા લાગ્યા, ત્યારે રામચંદ્રજીએ કહ્યું પિતાજી ! આપ બિલકુલ ચિંતા ન કરો. મારી માતાનું વચન બરાબર પાળો. હું આપની આજ્ઞાનું પાલન કરવા જવા તૈયાર છું, અને રામચંદ્રજી તે જ દિવસે વનમાં ગયા. શું રામચંદ્રજીને ખબર હતી કે જે દિવસે રાજમુગટ પહેરવાનો છે તે જ દિવસે મારે વનમાં જવાનું થશે ! તે જ રીતે રાજેમતીના હૃદયસાગરમાં અનેકવિધ આનંદના મોજા ઉછળતા હતા પણ **"ન જાણ્યું રાજેમતીએ કે હમણાં શું થવાનું છે"** રાજેમતી યાદવકુળ જેવું ઉંચું કુળ અને નેમકુમાર જેવા પતિને પ્રાપ્ત કરીને મનમાં પોતાના ભાગ્યની પ્રશંસા કરતી નેમકુમારની સામે જોઈ રહી હતી ત્યાં જ તેની જમણી આંખ ફરકી ને સાથે જમણું અંગ પણ ફરકવા લાગ્યું. કુંવારી કન્યાની જમણી આંખ ફરકે એ અપશુકન ગણાય છે. આ અપશુકનથી એનો આનંદ ઉડી ગયો. આનંદથી ખીલેલું મુખ કરમાઇ ગયું. મુખ ઉપર ઉદાસીનતા છવાઈ ગઈ અને મનમાં ચિંતવવા લાગી કે શું મારી આશાઓ અધૂરી રહેશે ? શું મારા વિચારો સ્વપ્નસુખ જેવા જ બનશે ? શું હું નેમકુમારની પત્ની નહિ બની શકું ? અત્યાર સુધી રાજેમતીની સખીઓ તેની ગમે તેવી મજાક ઉડાવતી હતી છતાં તેનું મુખ આનંદમાં હતું. તેની સખીઓ એના આનંદમાં વૃદ્ધિ કરવા માટે કોઈ ને કોઈ વાત કાઢીને તેના સામું જોતી હતી પણ આ વખતે રાજેમતીના સામું જોયું તો તેમણે રાજેમતીના મુખ ઉપર આનંદને બદલે ચિંતાનું સામ્રાજ્ય જોયું, એટલે સખીઓ આશ્ચર્ય-પૂર્વક પૂછવા લાગી કે હે અમારી પ્રાણપ્રિય વહાલી સખી રાજેમતી ! નેમકુમારને જોઇને વધુ આનંદિત બનવાને બદલે તું એકદમ ઉદાસ કેમ થઈ ગઈ ? શું અમારી મજાકથી

તને ક્રોધ તો નથી આવ્યો ને? રાજેમતીએ કહ્યું–સખીઓ! તમારી મજાકથી હું કદી પણ ક્રોધિત થઈ નથી ને આજે સારા પ્રસંગે શા માટે ક્રોધિત થાઉં? તો પછી તું એકદમ ઉદાસ કેમ થઈ ગઇ? અમને વાત કર. અમને નહિ કહે તો કોને કહોશ? સખી! મારા અંતરમાં તો અલૌકિક ઉર્મિઓ ઉછળે છે પણ એકદમ મારી જમણી આંખ અને જમણું અંગ ફરકે છે. એ ફરકીને મને કંઇ બીજું જ કહે છે. હે અભાગિની રાજેમતી! તું જે કાંઈ ધારે છે તે ભૂલી જા. તારી આશાઓ બધી નિરર્થક છે.

"રંગમાં પડેલો ભંગ":- સખીઓ કહે છે બહેન! જમણી આંખ અને જમણું અંગ ફરકયું એમાં તું આટલી બધી ચિંતાતુર બની ગઇ? અંગ ફરકવું તે શરીરનો સ્વભાવ છે. ઘણી વાર વાયુ થાય તો પણ અંગ ફરકે છે, એથી તારે આટલી બધી ચિંતાતુર કે ઉદાસ બનવાની જરૂર નથી. જો તો ખરી! નેમકુમાર કરોડો તારાઓમાં ચંદ્રની માફક કેવા શોભે છે? આ જાન તો રૂમઝુમ કરતી નજીક આવી રહી છે. હમણાં જ તોરણ દ્વારે આવી પહોંચશે અને નેમકુમાર સાથે તારા લગ્ન પણ થઈ જશે. આજે તારે આવી ચિંતા કરવાની ન હોય. ચિંતા છોડીને આનંદમાં આવી જા. બહેન! જો કંઇ બનવાનું હોય તો પહેલાં જ બને. હવે તો લગ્નની તૈયારી છે. આમ સખીઓ રાજેમતીને ખૂબ સમજાવે છે પણ કોઇ રીતે રાજેમતીનું મન પ્રફુલ્લિત થતું નથી. એણે સખીઓને કહ્યું તમે મને ગમે તેમ કહો પણ મારું મન માનતું નથી. મારું હૃદય તો એમ જ કહે છે કે તેઓ મને છોડીને ચાલ્યા જશે. મારા રંગમાં ભંગ પડશે. આ તરફ નેમકુમારની જાન આગળ વધીને ક્યાં આવી?

अह सो तत्थ निज्जंतो, दिस्स पाणे भयद्दुए ।
वाडेहिं पंजरेहिं च, संनिरुद्धे सुदुक्खिए ॥१४॥

નેમકુમાર લગ્ન મંડપમાં પહોંચે તે પહેલાં જ રસ્તામાં જતા વાડામાં અને પાંજરામાં પૂરાએલા દુઃખિત અને મરણના ભયથી ત્રાસ પામેલા પ્રાણીઓને તેમણે નજરોનજર જોયા.

"મહાન પુરૂષોની વિશેષતા":- વાડામાં અને પાંજરામાં પૂરવામાં આવેલા પ્રાણીઓની કરૂણ ચીચીયારીઓ નેમકુમારના કાને અથડાઈ. મહાનપુરૂષની મહાનતાનું આપણને અહીં દર્શન થાય છે. નેમકુમારના હાથીની આગળ તો ઘણાં માણસો હતા. આગળ ડંકાનિશાન, ચતુરંગી સેના, પછી ઘોડે બેઠેલા યાદવકુમારો આટલા બધા આગળ હતા પણ કોઈનું ધ્યાન પશુઓના કરૂણરૂદન સામે ખેંચાયું નહિ. સૌ પોતપોતાની ધુનમાં મસ્ત હતા, પણ આ જાનના નાયક સામાન્ય પુરૂષ ન હતાં પણ મહાનપુરૂષ હતા. મહાપુરૂષ ભલે કોઈ પણ કાર્યમાં પ્રવૃત્ત હોય અને ગમે ત્યાં બેઠા હોય પણ તેમની દૃષ્ટિ તો હંમેશાં દુઃખીજનો પર હશે. તેઓ એ બાબતનું હંમેશાં ધ્યાન રાખે છે કે મારા કોઇપણ કાર્યથી, વાતથી કે વિચારથી કોઈને દુઃખ ન થાય. તેઓ દીન દુઃખીજનોનું દુઃખ દૂર કરવામાં

પ્રવૃત્ત રહે છે. પરના હિત માટે તે પોતાનું હિત છોડી દે છે અને પોતાની જાતને કષ્ટમાં નાંખે છે. મહાપુરૂષોની આ જ વિશેષતા છે. એ વિશેષતાના કારણે તે જનતાના હૃદય પર પોતાનું આધિપત્ય જમાવે છે.

"પશુડાઓનો પોકાર" :- નેમકુમારની જાન તોરણ દ્વારે આવતા વચમાં વાડા અને પાંજરા પાસે આવી કે જેમાં અનેક પશુ-પક્ષીઓને વધ કરવા માટે પૂર્યા હતા. તે પશુઓ પોતાની સ્વતંત્રતા લૂંટાવાથી, મરવાના ભયથી અને પૂર્વે નહિ સાંભળેલા એવા નાદથી તેમજ આટલા મોટા જનસમુદાયના કોલાહલથી તે પશુ-પક્ષીઓ આકુળવ્યાકુળ બની રહ્યા હતા અને પોતપોતાની ભાષામાં કરૂણ સ્વરે વિલાપ કરી રહ્યા હતા, પણ એમનો વિલાપ સાંભળવાની અને તેમને ભયમુક્ત કરવાની કોઈને પડી ન હતી. સૌ જાનનો આનંદ માણતા હતા, ત્યારે જાનના નાયકનું ધ્યાન કરૂણ સ્વરે રૂદન કરતાં નિર્દોષ પશુપક્ષીઓ તરફ ખેંચાયું. પશુઓને પણ સંજ્ઞા હોય છે. તેમને થયું કે આ મોટી જાન આવી છે એટલે બધાને જમાડવા માટે આપણા ગળા ઉપર છરી ફેરવીને મારી નાંખશે, તેથી પશુ-પક્ષીઓના બચ્ચાઓ એમની માતાને વળગીને રડે છે કે મા! હવે આપણને મારી નાંખશે, ત્યારે એમની માતા કહે છે બેટા! રડશો નહિ, કલ્પાંત કરશો નહિ. આ તો કરૂણાના ક્રિમિયાગર નગીના નેમકુમાર પરણવા આવ્યા છે. એ આપણને મરવા નહિ દે. એ તો મહાનપુરૂષ છે. પશુડાઓએ નેમકુમારને જોયા નથી, છતાં તેમના અંતરમાં રહેલી કરૂણાનો પડઘો પશુપક્ષીઓના અંતર સુધી પડયો હતો, એટલે પરસ્પર એક બીજાને પોતાની ભાષામાં સમજાવતા હતા. સાથે કરૂણાવંત નેમ પ્રભુને કહેતા હતા ઓ નેમકુમાર! તમે પરણવા માટે આવ્યા છો પણ તમારા લગ્નમાં અમારો ભોગ ન અપાય. અમને બચાવજો. દયાળુ! અમારી વિનંતી સ્વીકારજો. એમ કરૂણ સ્વરે કલ્પાંત કરતા ચીચીયારીઓ કરી રહ્યા છે. આ તરફ નેમકુમાર સિવાય કોઈનું લક્ષ નથી. નેમકુમારનું લક્ષ આ તરફ દોરાયું. તેમને વિચાર થયો કે અહો! લગ્નના માંગલિક પ્રસંગે આ પશુડાઓ આવો કલ્પાંત શા માટે કરી રહ્યા છે? આ બાબતમાં નેમકુમાર વધુ વિચારણા કરશે ને રાજેમતીનું જમણું અંગ ફરકવાથી ચિંતામાં મૂકાઇ ગઈ છે તેનું શું પરિણામ આવશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- જિનસેનકુમાર માતા પિતાને કહે છે હે માતા-પિતા! મને પરદેશ જવાની રજા આપો, પણ માતા-પિતા કહે છે દીકરા! અમે તને જવાની રજા નહિ આપીએ. તારા વિના અમને એક ક્ષણ પણ ગમતું નથી. રાજા કહે છે બેટા! રત્નવતીએ આવીને એક પણ કામ સારું કર્યું નથી, માટે એને દેશનિકાલ કરવા દે પણ તને નહિ જવા દઉં. પિતાજી! મારે મારા નિમિત્તે કોઇ જીવને દુઃખ આપવું નથી. મારા પાપ કર્મનો ઉદય છે તે હું ભોગવી લઈશ. તમે મારી બિલકુલ ચિંતા ન કરશો. મારી મા૬ક

ઘણી માતાના દીકરાઓ પરદેશ ગયા છે, અને સમય થતાં માતા પિતાની સેવામાં હાજર થયા છે, તેમ હું પણ થોડા સમયમાં પાછો આવી જઈશ, પણ કોઈ રીતે હવે મારે અહીં રહેવું નથી. રાજા રાણીએ જાણ્યું કે હવે કુંવરનું મન ઉપડ્યું છે એટલે તે કોઈ રીતે રોકાવાનો નથી, તેથી રાણીએ કહ્યું-બેટા ! ભલે, તારી ખૂબ ઈચ્છા છે તો તું પરદેશ જા અને સુખી થા પણ આ તારી દુઃખીયારી માતાની ખબર લેવા વહેલો આવજે. તું તો ગુણવાન છે, હોંશિયાર ને શૂરવીર છે એટલે તું જ્યાં જઈશ ત્યાં પૂજાવાનો છે. તારું માન વધવાનું છે. તને ત્યાં ઘણાં મિત્રો, સ્નેહીઓ મળશે પણ એ બધાની સાથે રહેતાં અમને ભૂલતો નહિ. રાજા કહે છે બેટા ! તું એક રાજકુમાર થઈને નોકરી કરશે, વહેપ.ર કરશે એ મને બિલકુલ પસંદ નથી. કુમારે કહ્યું-પિતાજી ! આપના આશીર્વાદથી સહુ સારા વાના થશે. કુંવરની તીવ્ર ઈચ્છા જોઈને રાજાએ પણ રજા આપી, એટલે જિનસેનકુમાર જવા માટે તૈયાર થઈ ગયો. માતા પિતાને વંદન કરી તેમના આશીર્વાદ લઈને એ રત્નવતી માતાને વંદન કરવા ગયો.

બંધુઓ ! જે માતાએ આટલી બધી ઈર્ષ્યા કરી હોય, મારી નાંખવા માટે ઝેર દીધા હોય તેના સામું જોવાનું મન થાય ? પણ જિનસેનકુમાર કેટલો સજ્જન છે ને એની માતા પણ કેટલી સજ્જન છે કે એને ત્યાં જવા દીધો. બાકી આજની માતા અને પુત્ર હોય તો એના સામું પણ જોવા જાય નહિ. જિનસેનકુમાર રત્નવતી માતાના ચરણમાં પડીને કહે છે હે માતા ! તને મારા નિમિત્તે બહુ દુઃખ થયું છે તો હું તારી ક્ષમા માંગું છું, મને માફ કરજે.

सुख से रहिजो माता मेरी, हम परदेश सिधावे,
मुझे देख आप दुःख पावो, यह न मुझे सुहावे.

હે માતા ! તને મને દેખીને ખૂબ દુઃખ થાય છે, મારા નિમિત્તે તને ખૂબ કર્મબંધન થાય છે તેથી મને દુઃખ થાય છે હવે તું સુખપૂર્વક આનંદથી રહેજે. હું પરદેશ જાઉં છું. કુંવરે એની પાસે ક્ષમા માંગી, નમ્રતાપૂર્વક આવા શબ્દો કહ્યા પણ રત્નવતી કંઈ બોલી શકી નહિ. પોતે પાપ કર્યું હોય પછી શું બોલી શકે ? એ ન બોલી પણ જિનસેનકુમારે તો એની ફરજ બરાબર બજાવી, અને માતાને પગે લાગીને નીકળી ગયો ને સભામાં આવ્યો. રાજાની સભા ઠઠ ભરેલી છે ત્યાં આવીને પ્રધાન આદિ દરેક સભાજનોને પગે લાગ્યો ને સહુની માફી માંગી. જિનસેનકુમારનો વિનય અને નમ્રતા જોઈને આખી સભા રડી ઉઠી. અહો ! આપણા રાજ્યના રત્ન સમો કુમાર ચાલ્યો જશે ! બધાએ કુંવરને રોકવા માટે ખૂબ પ્રયત્નો કર્યા પણ નિષ્ફળ ગયા. છેવટે જિનસેનકુમારે મહારાજા અને સભાજનોને ઉદ્દેશીને કહ્યું કે હે પિતાજી ! હે સભાજનો ! હું તો જાઉં છું પણ

મારી માતા બગીચામાં એકલી છે. એ મારા વિયોગે ઝૂર્યા કરશે, માટે તમે બધા એને ઓછું ન આવે તેમ ખબર લેજો. માતૃપ્રેમના કારણે કુમાર આટલું બોલતાં રડી પડયો. બધાએ કુંવરને બાથમાં લઇ લીધો. સૌના હૃદય ભરાઈ ગયા, કુંવરના વિયોગના કારણે આંખોમાંથી આંસુની ધારા વહી. હવે રડતી આંખે વિદાય કેવી રીતે દેશે તે અવસરે.

●

વ્યાખ્યાન નં. ૭૩

આસો સુદ ૫ ને શુક્રવાર તા. ૬-૧૦-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની શાસ્ત્રકાર ભગવંતોએ જગતના જીવોના આત્મ ઉદ્ધાર માટે આગમવાણી પ્રકાશી છે. ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા "રહનેમીય" નામના અધ્યયનમાં નેમ-રાજુલનો અધિકાર ચાલી રહ્યો છે. નેમનાથ ભગવાન જગતમાં સર્વશ્રેષ્ઠ પુરૂષ છે. મહાન પુરૂષોની દૃષ્ટિમાં અને સામાન્ય પુરૂષોની દૃષ્ટિમાં અંતર હોય છે. મહાન પુરૂષમાં અને સામાન્ય પુરૂષમાં શું અંતર છે તે બાબતમાં વિચાર કરીએ તો આપણને તેમાંથી ઘણું જાણવાનું મળે છે. આ જગતમાં બે પ્રકારના મનુષ્યો હોય છે પણ એકમાં કોઇ વિશેષતા હોય છે અને બીજામાં કોઈ ન્યૂનતા હોય છે. જેનામાં વિશેષતા હોય તે મહાપુરૂષ ગણાય છે અને જેનામાં કોઈ ન્યૂનતા હોય એટલે કે વિશેષતા હોતી નથી તે સામાન્ય પુરૂષ ગણાય છે. હવે આપણે જોવાનું એ છે કે કઈ વિશેષતાને કારણે માણસ મહાન પુરૂષ ગણાય છે ને કઈ ન્યૂનતાને કારણે સામાન્ય માણસ ગણાય છે. દૃષ્ટિભેદના કારણે ગુરૂતા અને લઘુતાના કારણોમાં ભેદ પડી જાય છે. કોઈ માણસ જેનામાં શારીરિક બળ, પરાક્રમ વધારે હોય તેને મોટા માને છે, અને જેનામાં એનો અભાવ હોય તેને નાનો માને છે. કોઈ માણસ જેનામાં બુદ્ધિ વધારે હોય તેને મોટા માને છે ને જે બુદ્ધિહીન હોય તેને નાનો માને છે. કોઇની દૃષ્ટિએ જેની પાસે ધન વૈભવ અને સંપત્તિ વધારે હોય તે મહાન ગણાય છે અને જેની પાસે ધન વૈભવ નથી તે સામાન્ય ગણાય છે. આ પ્રમાણે જુદા જુદા માણસો ગુરૂતા અને લઘુતાને કારણે પણ જુદા જુદા માને છે, પણ ધર્મને સમજનારા મનુષ્યો ગુરૂતા અને લઘુતાના જે કારણો માને છે તે આ કારણોથી સર્વથા ભિન્ન છે.

આત્માર્થીજનો કહે છે કે શારીરિક બળ હોવું અથવા ન હોવું તે ગુરૂતા અને લઘુતાનું કારણ ન હોઈ શકે, કારણ કે જે માણસો બીજા અનેક પ્રાણીઓ ઉપર અત્યાચાર કરે છે, અનેક જનોને સતાવે છે અને અનેકને લૂંટવાનો પ્રયત્ન કરે છે એમનામાં પણ શારીરિક બળ તો ઘણું હોય છે. ધન-વૈભવસંપન્ન હોવું એ પણ મોટાઈનું કારણ નથી, કારણ કે ધન-વૈભવસંપન્ન માણસો એવા હોય છે કે જેઓ ગરીબોની રોટલી ઝૂંટવીને, કંઈકને છેતરીને, દગા-પ્રપંચો કરીને ધનવાન બની જાય છે અને પછી તે જ ધન વડે

અન્યાય, અનીતિ અને અત્યાચાર કરે છે ને પાપ બાંધે છે, બુદ્ધિ પણ મોટાઇનું કારણ નથી, કારણ કે ઘણાં માણસો પોતાની બુદ્ધિ દ્વારા ભલા ને ભોળા મનુષ્યોને શીશામાં ઉતારી દે છે, દુઃખ આપે છે. આ રીતે શારીરિક બળ, ધન–વૈભવ કે બુદ્ધિના કારણે કોઇ માણસ મોટો કહેવાતો નથી પણ જ્ઞાનીની દૃષ્ટિએ તો જેનામાં દયા છે, સહિષ્ણુતા છે, સહૃદયતા છે તથા બીજાના દુઃખે દુઃખી છે, દુઃખીયાના દુઃખ જોઇને તેને સુખી બનાવવાનો સ્વભાવ છે, જે પોતાના હિત માટે બીજાનું અહિત નથી કરતો અને જેની દૃષ્ટિ પાપથી બચવાની છે તે જ મહાન પુરૂષ છે, પછી ભલે તે બળ–બુદ્ધિસંપન્ન ન હોય પણ તેનામાં ઉપરોક્ત ગુણો હોય તો તેની ગણના મહાનપુરૂષોમાં થાય છે, આપણા અધિકારના નાયક નેમકુમાર કંઈ સામાન્ય કે સાધારણ પુરૂષ ન હતા કે જેઓ લગ્નના આનંદમાં દયા, કરૂણા, અહિંસા કે સહિષ્ણુતાને ભૂલી જાય. કરૂણાનું મહત્વ બતાવવા માટે અને જગતના જીવોને અહિંસાનું સ્વરૂપ સમજાવવા માટે જ તેમણે લગ્નનો વિરોધ કર્યો ન હતો, એટલે આવો જીવરક્ષાનો અમૂલ્ય પ્રસંગ તેઓ કેમ ભૂલે ! લગ્નના આનંદમાં તેઓ આ પ્રસંગને ભૂલી જાત તો મહાનપુરૂષોમાં તેમની ગણના ન થાત અને આપણે તેમના આટલા બધા ગુણગાન પણ ન ગાત.

આ તરફ રાજેમતી તોરણે આવતા નેમકુમારના સામે અનિમેષ દૃષ્ટિથી જોઇ રહી હતી. જાન ઘણી મોટી અને સુશોભિત હતી. જાનૈયા ઘણાં હતા પણ રાજેમતીની દૃષ્ટિ કોઇના તરફ નથી. સખીઓ તેની મજાક ઉડાવતાં કહે છે સખી ! તું તો નેમકુમારને જોવામાં જ મુગ્ધ બની ગઈ છે પણ આ જાન તો જો. કેટલી મોટી જાન આવી છે ! જાનની શોભા કેટલી સુંદર દેખાય છે ! પણ જેમ રાધાવેધ કરનારની દૃષ્ટિ જે વીંધવાનું હોય છે તે તરફ જ કેન્દ્રિત થઈ જાય છે. એ બીજા કોઇની તરફ લક્ષ રાખતો નથી, તેમ રાજેમતી એની સખીને કહે છે કે મારે જેમની સાથે જોડાવાનું છે તેમના સિવાય બીજા તરફ દૃષ્ટિ પણ શા માટે કરવી જોઇએ ? એ તો નેમકુમારને જોઇને ભાવિના સુખની અનેકવિધ કલ્પનાઓ કરી રહી હતી પણ એનું ભાવિ જુદી જ આગાહી આપતું હતું. એકદમ એની જમણી આંખ અને જમણું અંગ ફરકવાથી તે ઉદાસ બની ગઇ, તેથી સખીઓ કહે છે બહેન ! આ તારો ખોટો ભ્રમ છે. અંગ ફરકવું એ તો શરીરનો સ્વભાવ છે. તું ચિંતા છોડીને આનંદમાં આવી જા. એમ સમજાવવા લાગી.

આ તરફ નેમકુમાર હાથી ઉપર બેસીને લગ્નમંડપ તરફ આવી રહ્યા છે. ત્યાં પંખીઓ ગગનભેદી નાદ સાંભળીને ક્ષુબ્ધ ઉઠયા, અને ભયના માર્યા આક્રંદ કરવા લાગ્યા. પશુ પક્ષીઓના દિલમાં બે ત્રણ પ્રકારનું દુઃખ હતું. આ પશુ પક્ષીઓને જંગલમાંથી પકડીને લાવ્યા ત્યારે કંઈકની માતાઓ રહી ગઈ ને બચ્ચાને પકડી લાવ્યા. કંઈકના માતા–પિતાને પકડી લાવ્યા ને બચ્ચા જંગલમાં રહી ગયા હતા, એટલે તેઓ કાળો કલ્પાંત કરતા હતા,

કારણ કે આ સંસારમાં પોતાના પ્રિયજનોનો વિયોગ પશુ પક્ષીઓ આદિ દરેક જીવોને સતાવે છે. બીજું દુઃખ તેમની સ્વતંત્રતા લૂંટાઇ ગઇ તેનું હતું. જંગલમાં પશુપક્ષીઓ ખુલ્લી હવામાં પોતાના સાથીઓ સાથે સ્વતંત્રતાપૂર્વક આમથી તેમ નાચતા કૂદતા હતા. પશુઓ એક સ્થાન છોડીને બીજે સ્થાને જતા હતા, અને લીલો ચારો ચરતા હતા. આમ સ્વતંત્રતાપૂર્વક વિહરતા પશુ પક્ષીઓની સ્વતંત્રતા છીનવી લઇને તેમને બંધનમાં નાંખ્યા હતા.

મનુષ્ય પોતાના સુખ દુઃખ પરથી બીજા જીવોના સુખ–દુઃખને સહજ રીતે જાણી શકે છે. તે સમજે છે કે મને જે બાબતથી દુઃખ થાય છે તેનાથી બીજાને સુખ કેવી રીતે થાય ? છતાં સ્વાર્થાંધ મનુષ્ય આ વાતને બિલકુલ ભૂલી જાય છે કે મારા કાર્યથી બીજાને સુખ થાય છે કે દુઃખ ? તે એવો વિચાર નથી કરતો કે હું મારા સુખને માટે બીજા જીવો સાથે કેવો વ્યવહાર કરું છું ! એવો જ વ્યવહાર બીજો માણસ પોતાના સુખને માટે મારી સાથે કરે તો મને કેવું દુઃખ થશે ? પશુ પક્ષીઓની અપેક્ષાએ તો મનુષ્ય વધારે વિવેકી છે, પણ સ્વાર્થને કારણે મનુષ્ય વિવેકહીન બની જાય છે. જો મનુષ્ય સ્વાર્થભાવનાથી વિવેકહીન ન બને અને જેવું દુઃખ સુખ પોતાને માટે માને છે તેવું જ જો બીજાને માટે માને તો તે બિલકુલ પાપમાં પ્રવૃત્ત ન બને, પણ સંસારમાં એવા મનુષ્યો બહુ થોડા નીકળશે કે જેઓ સ્વાર્થ છોડીને પોતાની માફક બીજાના સુખદુઃખને સમજે, અથવા બીજા જીવોને દુઃખમાં ન નાંખવા માટે અને સુખ આપવા માટે પોતાનો સ્વાર્થ છોડી દે. ઘણાં માણસો તો એવા પણ હોય છે કે પોતાને કોઇ જાતનો સ્વાર્થ ન હોવા છતાં બીજા જીવોને દુઃખ આપે છે. જ્યારે વિવેકહીન ગણાતા પશુઓ પણ વિના કારણે કોઇને નુકશાન પહોંચાડતા નથી, પણ વિવેકસંપન્ન મનુષ્ય કોઈ વાર પશુઓથી પણ હલકો બની બીજાનું અહિત કરવા તત્પર બને છે. તે માટે ભર્તૃહરિએ પણ કહ્યું છે કે

अन्के सत्पुरुषाः परार्थघटका स्वार्थं परित्यज्यये,
सामान्यास्तु परार्थमुद्यम भृतः स्वार्थाधिरोधेन ये ।
तेऽमी मानुष राक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये,
ये निघ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ॥

જે મનુષ્યો પોતાના સ્વાર્થનો ખ્યાલ ન કરતા બીજાનું ભલું કરે છે તેઓ સત્પુરૂષ છે. જેઓ બીજાના ભલાની સાથે પોતાનું ભલું કરે છે તેઓ સાધારણ પુરૂષ છે. જેઓ પોતાના ભલા માટે બીજાનું બગાડે છે તેઓ મનુષ્યના રૂપમાં રાક્ષસો છે, અને વગર કારણે બીજાનું અહિત કરે છે તેમને શું કહેવું એ જ મારી સમજમાં આવતું નથી.

આ સંસારમાં સમસ્ત પ્રાણીઓ સુખ ચાહે છે. કોઈ દુઃખ ચાહતું નથી. સર્વ જીવો દુઃખથી બચવાનો અને સુખ મેળવવાનો ઉપાય કર્યા કરે છે. મૃત્યુ, જરા, વ્યાધિ અને

માનસિક દુઃખોથી સઘળા જીવો ડરતા રહે છે, અને એવા દુઃખોથી રક્ષણ મેળવવાની શોધમાં રહે છે. સુખની પ્રાપ્તિ અને દુઃખનો નાશ ઇચ્છતા હોવા છતાં પણ કોઇ ભ્રમમાં પડી કોઇ વિપરીત માર્ગ ગ્રહણ કરે તે વાત જુદી છે, બાકી સૌનો ઉદ્દેશ સુખ મેળવવાનો હોય છે. એમ હોવા છતાં પણ મનુષ્ય બીજાઓને માટે એ વાત ભૂલી જાય છે અને કોઈ કોઈ વાર તો બીજાના સુખની ઇર્ષ્યા કરે છે. અથવા બીજાને દુઃખો જોઈને રાજી થાય છે. તેઓ એવો વિચાર નથી કરતા કે દુઃખ અમને જેમ ગમતું નથી તેમ બીજાને પણ નથી ગમતું.

દેવાનુપ્રિયો ! આપણા ભાવિના નેમનાથ ભગવાન તો કરૂણાના સાગર અને પરમાર્થ-દર્શી હતા. એ કોઇ જીવોનું દુઃખ જોઈ શકે તેવા ન હતા. જ્ઞાની પુરૂષોને મન કોઈ પોતાનું કે કોઇ પરાયું હોતું નથી. એમને મન તો દરેક જીવો સમાન છે. "वसुधैव कुटुंबकम्" આખી પૃથ્વી ઉપર રહેલા ત્રસ-સ્થાવર, સુક્ષ્મ અને બાદર દરેક જીવોને એમનું કુટુંબ માને છે પછી કોઇનું મન દુભાવે ખરા ? આજે તો પોતાના સુખ ખાતર બીજાને દુભાવવા તો શું પણ બીજાના પ્રાણ લેવા તે પણ સહજ વાત બની ગઈ છે. એક જમાનો એવો હતો કે આપણા વડીલો લોટ લઈને નીકળતા ને જ્યાં જ્યાં કીડીઓના દર હોય ત્યાં જઈને લોટ નાંખતા. આવી તેમના દિલમાં દયા હતી આજે તો દયાને દેશનિકાલ કરી દીધી છે. ઘણાં માણસો પોતે સુખી થવા માટે દેવ-દેવીઓને પાડા અને બકરાનો ભોગ ચઢાવે છે. આવી વાતો સાંભળીને આપણું હૃદય કંપી ઉઠે છે. બીજા જીવોની હિંસા કરીને કદી સુખ મળે ખરું ? અહિંસાનું પાલન કરવાથી સુખ મળે છે, કારણ કે "दया धर्मका मूल है." દરેક ધર્મોનું મૂળ દયા છે. કોઈ ધર્મમાં હિંસાને ધર્મ કહેલ નથી પણ દયાને ધર્મ કહ્યો છે. જીવોની દયા કરશો તો તેની દુવા તમને મળશે ને સુખી થશો પણ દિલમાં દયા નહિ રાખો તો તમે દુઃખી થવાના. અહિંસાના શરણે જવાથી આત્માનો વિજય થાય છે, હિંસાથી નહિ. અહીં એક અન્ય દર્શનની વાત મને યાદ આવે છે.

કચ્છમાં એકલગામ નામે ગામ હતું તે ગામના બાદરમાં એકલમાતાનું મંદિર હતું. આ ગામની ચારે તરફ સૂકી રણ જેવી વેરાન ધરતી હતી. આ માતાના મંદિરે દર શરદપુનમના દિવસે મેળો ભરાતો હતો. મેળામાં હજારો નરનારીઓ આવતા ને અજ્ઞાનતાથી હોમહવન વિગેરે કરતા, અને અહિંસાના માર્ગને નહિ સમજનાર અજ્ઞાન ગરાસીયા લોકો આ દિવસે પાડાનું બલિ ચઢાવતા ને એકલમાતાનું પવિત્ર મંદિર લોહીથી ભરાઈ જતું. આ સમયે મહાજનનું દયાળુ હૃદય ધ્રુજી ઉઠતું પણ ગરાસીયા લોકો સામે ઝુંબેશ કોણ ઉઠાવે ? અહિંસા ખાતર ઝેર પી જનારે એવા મર્દોના મડદા પડે તો પણ આ ગરાસિયા સમજે તેવા ન હતા. આ બાબતમાં શું કરવું તેનો સૌ વિચાર કરતા. આ મંદિરના પૂજારી તરીકે એક બાવાજી થોડા સમય પહેલા આવેલા. એ બાવાજીએ એમના ગુણોથી

ઘણું લોકોને પ્રભાવિત કર્યા હતા, અને ઘણી લોકપ્રિયતા સંપાદન કરી હતી, એટલે મહાજને બાવાજી તરફ મીટ માંડી. શરદપૂનમનો દિવસ નજીક આવતો જતો હતો. એક દિવસ મહાજન ભેગું થઈને બાવાજી પાસે આવ્યું. બાવાજીએ કહ્યું પધારો મહાજન ! અત્યારે અચાનક આવવાનું કેમ બન્યું ? મહાજન વિનય વિવેક જાળવીને બાવાજી પાસે બેઠું ને પૂછયું કે બાવાજી! આ બધી શેની તૈયારીઓ ચાલે છે ? બાવાજીએ કહ્યું તમને ખબર નથી કે શરદપૂનમનો મેળો નજીક આવી રહ્યો છે.

બાવાજીની વાત સાંભળીને મહાજનનું મુખ પડી ગયું તેથી બાવાજીએ પૂછયું કેમ બધા ઉદાસ થઈ ગયા ? બધાએ વાત કરી. ગરાસીયા આગળ અમારું જોર ચાલતું નથી, પણ આ દિવસે પાડાનું બલિ અપાય છે. તે હિંસા આપ બંધ કરાવો. બાવાજી કહે હું તો નવો છું, મને ખબર નથી પણ ગરાસીયાને સમજાવવા બહુ કઠીન છે. મહાજને કહ્યું–કાળા માથાનો માનવી ધારે તે કરી શકે છે. જ્યારે આપ તો બાવાજી છો. બધાનું દિલ આપે જીતી લીધું છે. આપના હૃદયમંદિરમાં રહેલી અહિંસા ઉપર આપને શ્રદ્ધા છે કે નહિ ? અમને આપના ઉપર શ્રદ્ધા છે કે જાણીને ઝેર પીનારા આપ મહાન પુરુષ છો. એ શ્રદ્ધાથી અમે આપની પાસે અમારા દુભાતા દિલની દવા લેવા આવ્યા છીએ. આ હિંસાના હુતાશન વચ્ચે આપ અહિંસાના અમૃતકુંભ તરીકે ઉભા રહો તો અમને વિશ્વાસ છે કે એકલમાતાના મંદિરે અહિંસાનો વિજયધ્વજ લહરાઈ ઉઠે ને માતાજી આપના ઉપર વધુ પ્રસન્ન થાય.

બાવાજીએ કહ્યું મેં આ વાત જાણી ત્યારથી મારૂં દિલ પણ દુભાય છે. તો હવે હું મારા જાનના જોખમે પણ પાડાનો જાન બચાવીશ. અહિંસા તો બધા ધર્મોની માતા છે. એની પૂજાનો લાભ લેવાનો અવસર મને કયાંથી મળે ? મહાજન ! તમે નિશ્ચિંત બનો. બાવાજીના ગૌરવવંતા શબ્દો સાંભળીને મહાજનના હૈયા હરખાઈ ગયા ને બોલી ઊઠયા કે બાવાજી ! જો વધ બંધ રહેશે તો અમારા તરફથી મેળાની મેદનીને પેટ ભરીને શીરો ખવડાવવામાં આવશે. આ જવાબદારીનો બોજો લઈને મહાજન ઊઠયું. શરદપૂનમના મેળાને એક દિવસ બાકી રહ્યો એટલે બાવાજી ગરાસીયાઓના ઉતારે ગયા. ગરાસીયાઓએ બાવાજીને આવકાર આપીને આસન ઉપર બેસાડયા ને પૂછયું બાવાજી ! આમ એકાએક કેમ પધાર્યા ? શું હોમ, હવન અને હત્યાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ ને ? ગરાસિયાઓના પ્રશ્નનો જવાબ આપવાને બદલે બાવાજીએ કહ્યું. ભઈઓ ! હું તમને એક પ્રશ્ન પૂછું છું કે દરેક જીવોને જીવવું ગમે છે કે મરવું ? ગરાસીયાઓએ કહ્યું કે બધાને જીવવું ગમે છે.

ગરાસીયાઓની વાત સાંભળીને બાવાજી દાવ જોઈને સોગઠી નાંખતા બોલ્યા કે દરેક પ્રાણીને જીવવું ગમે છે. તમે પાડાઓનો ભોગ આપીને માતાને પ્રસન્ન કરવા ઈચ્છો છો તે કયાંથી બને ? આ સાંભળીને ગરાસીયાઓ સમજી ગયા કે આ બાવો તો પાડાના વધની

પરંપરા બંધ કરવા ઇચ્છે છે, પણ જો આપણે ભોગ ન ચડાવીએ તો માતાજી આપણા ઉપર કોપે ને આપણે બધા સાફ થઈ જઇએ, તેથી ગરાસીયાઓએ ગુસ્સે થઇને કહ્યું બાવાજી! તમારે આ બાબતમાં માથું મારવું નહિ. અમે તો અમારી પરંપરા મુજબ પાડાનો વધ કરવાના જ. ચાલ્યા જાઓ અહીંથી. બાવાજીએ નીડરપણે કહ્યું કે હું તો એમ માનું છું કે એકલમાતાને પ્રસન્ન કરવાનો સાચો ઉપાય અહિંસા છે. માતા પોતાના બાલુડાના લોહીથી કદી રાજી થતી નથી. આપણે એકલમાના બાલુડા છીએ તો આ પશુ-પક્ષી એના બાલુડા નથી? એ પાડો શું માતાજીની પ્રજા નહિ!

આ સાંભળીને ગરાસીયાઓ તો વધુ બળભળી ઊઠયા ને કહ્યું બાવા તું જે કરતો હોય તે કર ને અમે કરીએ છીએ તે અમે કરીશું. એમ કહીને બાવાજીને ધક્કો મારીને કાઢી મૂક્યા. બીજે દિવસે શરદપૂનમનું પ્રભાત પ્રગટયું. માતાજીના મંદિરે મેદની જામવા લાગી. આ બાજુ પેલા ગરાસીયાઓ બલિ આપવાના પાડાને શણગારી મંદિરે જવાની તૈયારી કરવા લાગ્યા. પાડાને લઇ જવા માટે થાળી વગાડી, એટલે બધા ગરાસીયા ભેગા થયા. આગેવાન ગરાસીયો પાડાને બાંધ્યો હતો ત્યાં લેવા ગયો તો પાડો ગુમ થઇ ગયો. પાડો કોણ ચોરી ગયું? ગરાસીયા તો ધારીયા લઇને પાડાના ચોરને શોધવા નીકળ્યા પણ કયાંય એમનો પાડો મળ્યો નહિ. બધાના મનમાં થયું કે પેલો બાવો ચોરી ગયો હશે, ચાલો ત્યાં. આ તો બધા ધારીયા ને લાકડીઓ લઇને ઉપડયા બાવાના મઠમાં. પણ બાવો ત્યાં ન હતો એટલે માતાજીના મંદિરમાં આવ્યા ને જોયું તો માતાજીની સામે એકચિત્તે હાથ જોડીને અડગ ઉભેલા બાવાજીને જોયા, તેથી કહેવા લાગ્યા કે આ તો માતાજીના પાડાની ચોરી કરીને પાછો શાહુકાર બનીને હવે બગલાની જેમ ધ્યાન ધરવા ઉભો છે, એક ધારીયાના ઘાએ એને પૂરો કરો. પણ બાવાજી તો પથ્થરની પ્રતિમાની જેમ ઉભા રહ્યા. એમના મુખ ઉપર મરણનો ડર ન હતો. આંખો બંધ હતી ને શરીરમાં ધ્રુજારી પણ ન હતી. એટલે ગરાસીયાઓના મનમાં થયું કે આના શરીરમાં માતાજીએ પ્રવેશ તો નહિ કર્યો હોય ને! ભાગો અહીંથી. નહિતર આપણું સો વર્ષ પૂરા થઈ જશે. ગરાસીયા દોડવા ગયા પણ દોડી શકતા નથી. બધા ત્યાં ને ત્યાં સ્થંભી ગયા, અને શસ્ત્રો પડી ગયા. સિંહણની જેમ ગર્જના કરતા ગરાસીયા હવે સસલા જેવા બનીને બાવાજીની માફી માંગીને કહેવા લાગ્યા કે બાવાજી! અમને માફ કરો. અમારા ઉપર દયા કરો. આ સમયે આંખ ખોલી દરેકના ઉપર કરૂણાનું અમી છાંટતા બાવાજી બોલ્યા કે માફી તો માતાજી પાસે માંગો. હું શું આપવાનો હતો? પણ મને એટલો કોલ આપો કે હવે અમે પાડાનો વધ નહિ કરીએ, અને આટલા વખત સુધી હત્યા કરી તેની માફી માંગો. ત્યાં ગરાસીયાઓએ માફી માંગીને વચન આપ્યું કે હવે અમે કદી પાડાનો ભોગ નહિ આપીએ. ત્યારથી ત્યાં હિંસા બંધ થઈ ને અહિંસાનું સામ્રાજ્ય સ્થપાયું. અહિંસાનો નાદ ત્યાં ગુંજી ઉઠયો ને

મહાજને સૌને શીરા ખવડાવી મોઢું મીઠું કરાવ્યું ને ગરાસિયા અહિંસાના પૂજારી બન્યા. જુઓ, આ રીતે અન્ય દર્શનમાં પણ અહિંસાનો મહિમા ગાયો છે. અહિંસાનો પ્રભાવ અલૌકિક છે.

નેમકુમાર દ્રવ્યથી પરણવા માટે આવ્યા છે પણ ભાવથી તો અહિંસાનો ધ્વજ ફરકાવવા માટે આવ્યા છે, એટલે એમણે વાડામાં પશુઓને અને પાંજરામાં પક્ષીઓને પૂરાયેલા અને ભયથી કરૂણ સ્વરે વિલાપ કરતા જોયા. આ દૃશ્ય જોઈને કરૂણાવંત નેમકુમારનું હૃદય પીગળી ગયું.

जीवियं तं तु संपत्ते, मंसट्ठा भक्खियव्वए ।
पासित्ता से महापण्णे, सारहिं इणमब्ववी ॥१५॥

માંસભક્ષણ કરવા માટે રોકેલા અને તેથી મૃત્યુની સમીપ પહોંચેલા એવા પાંજરામાં પૂરાયેલા પ્રાણીઓને જોઇને તે બુદ્ધિમાન નેમકુમાર સારથીને સંબોધીને આ પ્રમાણે બોલ્યા.

પશુપક્ષીઓનો કલ્પાંત જોઇને નેમકુમારના દિલમાં કરૂણા આવી અને મનમાં વિચાર કરવા લાગ્યા કે મારા લગ્નના શુભ કાર્યમાં આટલા બધા માણસો આનંદ પામે છે, હરખાય છે, ઢોલ-નગારા અને શરણાઇઓ વાગે છે ત્યારે આ બિચારા નિર્દોષ પશુ પક્ષીઓ કલ્પાંત કરે છે. આ મારાથી કેમ જોવાય ? મારાથી કેમ સહન થાય ? એમનું હૃદય કરૂણાથી આર્દ્ર બની ગયું.

બંધુઓ ! આ તો અહિંસાના અવતારી ભગવાન હતા, પણ રામચંદ્રજીની ભક્તિ કરનાર શબરીનું નામ તો તમે સાંભળ્યું છે ને ? શબરી ભીલોના રાજાની દીકરી હતી. એ ભીલકુમારીને તાલીમ આપવા માટે ભીલરાજાએ તેને માતંગઋષિના આશ્રમે મૂકી હતી. ત્યાં માતંગઋષિ અને તેમની પત્નીએ શબરીને પુત્રીની માફક અપનાવી હતી. ઋષિના આશ્રમમાં રહીને શબરી એક તપસ્વીની જેવી બની ગઈ હતી. સમય જતાં શબરી યુવાન થઈ એટલે એના લગ્ન કરવા માટે એના માતા-પિતા એને પોતાને ઘેર લઈ ગયા ને તેની સગાઈ કરી અને થોડા દિવસમાં તેના લગ્ન લીધા.

શબરીના લગ્નનો દિવસ નજીક આવતો ગયો તેમ તેમ મંગલ ગીતોના મધુરા સૂર સંભળાવા લાગ્યા. લગ્નની ધામધૂમ થવા લાગી. આમ કરતાં લગ્નનો આગલો દિવસ આવી ગયો. એ શબરીના મકાનની આસપાસ પાડા, ઘેટા, બકરા, મરઘા, કૂકડા વિગેરે ઘણાં પશુપક્ષીઓને રાખવામાં આવ્યા હતા. તેમનો શોરબકોરભર્યો આર્તનાદ અને ચીસાચીસ સાંભળીને શબરી એની માતાને પૂછવા લાગી બા ! આ પશુપક્ષીઓને શા માટે પકડયા છે ? એમને છૂટા કેમ નથી મૂકતા ? અને એ શા માટે આટલી બધી ચીસો પાડયા કરે છે ? ત્યારે શબરીની માતાએ કહ્યું-બેટા ! આવતી કાલે તારા લગ્ન છે. તે માટેના

મહેફિલમાં એ સઘળા ઠેકાણે પડી જશે. શબરીએ પૂછયું શું એ બધાનો વધ કરવામાં આવશે ? ત્યારે એની માતાએ કહ્યું-દીકરી ! એમાં નવાઇ પામવા જેવું શું છે ? આપણે ત્યાં લગ્ન હોય ત્યારે આપણી ઇજ્જત અને મોભા પ્રમાણે બધું જ કરવું પડે. આ સાંભળી શબરી તો આભી જ બની ગઇ. કોઇપણ પ્રાણીને અજાણતાં પણ દુભાવાય નહિ એવું આશ્રમમાં શિક્ષણ પામી હતી તે ભીલપુત્રી પોતાના જ લગ્નમાં આટલા બધા પશુઓનો વધ થાય તે કેવી રીતે સહન કરી શકે ! એણે નિશ્ચય કર્યો કે મારાથી આવા હિંસામયી વાતાવરણમાં રહી શકાશે નહિ. એટલે ઘરના બધા રાત્રે સૂઇ ગયા પછી મધરાત્રે તે ઘરમાંથી છાનીમાની ચાલી નીકળીને આશ્રમમાં આવી.

ઋષિ અને ઋષિપત્નીએ તેને પૂછયું બેટા ! અત્યારે કયાંથી આવી ? શબરી ડુસકે ને ડુસકે રડી પડી ને બધી વાત કરી. માતંગઋષિએ તેને ધીરજ આપીને સમજાવી કે બેટા ! હું જાણું છું કે હવે તું ત્યાં નહિ રહી શકે, છેવટે તપાસ કરતા તેના મા-બાપ આશ્રમે આવ્યા ને શબરીને લઇ જવા ખૂબ સમજાવી પણ શબરી ઘેર ન ગઇ તે ન જ ગઇ. એ જ શબરી રામની પરમ ભક્ત બની ગઇ. એની ભક્તિના પ્રભાવે એને રામચંદ્રજીનો ભેટો થયો ને એના એંઠાં બોર રામચંદ્રજીએ પ્રેમથી આરોગ્યા હતા. ટૂંકમાં મારો કહેવાનો આશય એ છે કે એક ભીલની દીકરીના જીવનમાં આવી અહિંસા હતી કે જે પશુઓની દયા ખાતર પરણી નહિ, ત્યારે દયાના અવતાર નેમકુમાર પરણે ખરા ? તેમણે પણ વાડામાં પૂરેલા પશુપક્ષીઓને ભયભીત બનીને ચીચીયારીઓ કરતા જોયા ને મનમાં થયું કે આ શું ? તેમનું હૃદય હચમચી ઉઠયું.

તોરણ આવ્યા નેમકુમાર જ્યાં, પિંજરમાં પશુઓને દેખે
પશુઓના કલરવ અવાજ સુણ્યા, ગૌરવ કાજે હિંસા થાશે;
પોકાર સુણતાં નેમકુમારનું હૈયું વીંધાઇ જાય રે....ચાલ્યા
નેમકુમારનો જાન આવી ઉગ્રસેન રાજ રે-ચાલ્યા નેમકુમાર.

નેમકુમાર તોરણે જાય છે ત્યારે પશુપક્ષીઓ એમની ભાષામાં કહે છે ઓ દયાળુ નેમકુમાર ! અમારા ઉપર કરૂણા કરીને અમને બચાવો. કંઇક પશુડાઓ કરૂણ સ્વરે રડે છે ત્યારે કોઇ પશુ એને સમજાવે છે કે તમે રડો નહિ. નેમકુમાર તો કરૂણાવંત છે. એક કીડીનો પ્રાણ દુભાય ત્યાં નેમનું કાળજુ કપાય છે. એવા એ કરૂણાવંત શું આપણા ગળા ઉપર છરી ફરવા દેશે ? નહિ....નહિ એવું કદી નહિ બને. હમણાં આપણને પાંજરામાંથી છોડાવશે. આ પશુ પક્ષીઓ નેમકુમારને ઓળખતા પીછાણતા નથી પણ એમનું દિલ આ પ્રમાણે કહે છે. તો વિચાર કરો કે ભગવાનના દિલમાં અહિંસાનું કેવું આંદોલન હશે કે પાંજરામાં પૂરાયેલા પશુપક્ષીઓના દિલ સુધી એનો પડઘો પડયો ! નેમકુમારે પશુઓનો પોકાર સાંભળ્યો ને અંતરમાં કરૂણાના ઝરણા વહેવા લાગ્યા.

ભગવાન તો જન્મથી ત્રણ જ્ઞાન સાથે લઈને આવ્યા હતા એટલે જાણતાં હતાં કે આ નિર્દોષ પશુપક્ષીઓને માંસ માટે મારી નાંખવા પાંજરામાં ને વાડામાં પૂર્યા છે, છતાં જો તેઓ પોતાના જ્ઞાનના આધારે પશુ પક્ષીઓ પર કરૂણા દર્શાવીને તેમને બંધનમુક્ત કરી દે તો જનના માણસો તથા બીજા માણસો પશુ-પક્ષીઓને બંધનમુક્ત કરાવવાનું કારણ કેવી રીતે સમજી શકે ? બીજા જીવોને અહિંસાનું મહત્ત્વ સમજાવવા માટે વાડાની પાસે આવતા નેમકુમારે સારથી-મહાવતને પૂછયું હે સારથી ! આ બિચારા સુખાભિલાષી પશુપક્ષીઓને આ વાડાના ને પાંજરાના બંધનમાં શા માટે નાંખ્યા છે? હવે સારથી તેનો શું જવાબ આપશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- જિનસેનકુમાર એવો ગુણીયલ છે કે એના જવાથી આખી નગરીની જનતા રડે છે. નગરની બહાર ઘણે દૂર સુધી માતાપિતા અને પ્રજાજનો સૌ વળાવવા માટે ગયા. બધા જોતા રહ્યા ને જિનસેનકુમાર તો બધાની વિદાય લઈને ચાલી નીકળ્યો. ચાલતો ચાલતો એક દિવસ ચંપાપુર નગરની બહારના બગીચામાં આવ્યો. થાક ઉતારવા માટે થોડી વાર જિનસેનકુમાર સૂતો હતો, એટલામાં રાજાના માણસોએ બગીચામાં બાંકડા ઉપર સૂતેલા જિનસેનકુમારને જોયા. માણસોએ રાજાને ખબર આપી કે આપણા જમાઈરાજ જિનસેનકુમાર આવ્યા છે. રાજા રાણીને ખબર પડી એટલે મહારાજા ઘણાં માણસોને સાથે લઈને બગીચામાં આવ્યા.

"જમાઈને એકલા જોતાં શંકાશીલ બનેલા સસરા" :- પહેલાં સસરા સમજતા હતા કે જમાઈ મોટા પરિવાર સાથે આવ્યા હશે, એટલે પોતે પણ પરિવાર સહિત જમાઈને તેડવા માટે આવ્યા, પણ અહીં તો જમાઈ એકલા જ હતા. એમનું મુખ પણ ઉદાસ હતું તેથી સસરા સમજી ગયા કે જમાઈ કોઈ પણ કારણથી એકલા આવ્યા છે. સ્વાગત કરીને મહેલમાં આવ્યા. સ્નાનાદિ કરાવી, જમાડીને રાજાએ પૂછયું કે આપ એકલા જ કેમ આવ્યા છો ! અને આમ અચાનક આવવાનું કારણ શું ? આપના મુખ ઉપર આનંદ દેખાતો નથી. તો શું કારણ છે ? શું તમારા પિતાજીએ તમને દેશનિકાલ કર્યા છે ? જે હોય તે મને જલ્દી કહો. માધવસિંહ રાજાએ તેમને આ પ્રમાણે પૂછયું એટલે જિનસેનકુમારે કહ્યું-મહારાજા ! મારા પિતાજી મારા ઉપર નારાજ થયા નથી ને મને દેશનિકાલ કર્યો નથી. તમે મારા માટે એવી કોઈ શંકા કરશો નહિ. મને પોતાને પરદેશ જોવાની ઈચ્છા છે તેથી હું સિંહલદ્વીપ જઈને નોકરી કરી મારું ભાગ્ય અજમાવવા માંગું છું. પિતાજીના પૈસા ઉપર જે દીકરાઓ તાગડધીન્ના કરે છે તે અધમ છે. મારે મારા બાહુબળથી આગળ આવવું છે. તે માટે હું જાઉં છું. મને ત્યાં ઘણા અનુભવ મળશે. મારા માતા પિતાએ મને પરદેશ ન જવા માટે ખૂબ સમજાવ્યો પણ હું એમને સમજાવીને પરાણે આવ્યો છું.

જમાઈની વાત સાંભળીને સસરાજીએ કહ્યું-જમાઈરાજ ! તમારા માતા-પિતાને

સમજાવીને તમે ભલે આવ્યા પણ અમે તમને કોઈ રીતે નહીં જવા દઈએ. તમે આવા ચતુર અને પરાક્રમી રાજકુમાર થઈને સિંહલદ્વીપ જઈને નોકરી કરો તે અમને શોભે ? મારે તો દીકરી કહું કે દીકરો કહું તે તમે જ છો, માટે ચંપાનગરીનું રાજ્ય તમે સંભાળો. હું તમને રાજતિલક કરી દઉં, ત્યારે જિનસેને કહ્યું–મારે અત્યારે રાજ્ય જોઈતું નથી. મારે તો મારું ભાગ્ય અજમાવવા પરદેશ જવું છે. જિનસેનકુમારને સાસુ, સસરા, પ્રધાન વિગેરેએ મળીને ખૂબ સમજાવ્યો પણ ન સમજ્યો ત્યારે એમના મનમાં થયું કે કુંવરીને મળવા દો. એ એમને જરૂર સમજાવશે. બધાને મળ્યા પછી જિનસેનકુમાર ચંપકમાલાને મળવા માટે એના મહેલે આવ્યો. જિનસેનકુમારને આવતા જોઈને ચંપકમાલા ઉભી થઈ અને સન્માનપૂર્વક પતિને ઉંચા આસને બેસાડી ચરણમાં પડીને પૂછયું–સ્વામીનાથ ! આપ આમ એકાએક અને એકલા કેમ પધાર્યા છો ? મેં દાસી દ્વારા જાણ્યું કે આપ પરદેશ પધારો છો, તો શું આ વાત સત્ય છે ? નક્કી કોઈ પણ કારણ હોવું જોઈએ. આપને એકાએક પરદેશ જવાનું શું કારણ છે તે આપ મને કહો, ત્યારે જિનસેનકુમાર ચંપકમાલાને કહે છે.

કુછ નહિ કારણ હૈ પ્યારી, પુન્ય અજમાને જાઉં,
વિમાતા કે મન નહિ ભાઉં, ઇસલિયે મૈં જાઉં.

મારે જવાનું બીજું કોઈ કારણ નથી. તું જાણે છે ને કે મારી ઓરમાન માતા રત્નવતીને મારા પ્રત્યે કેટલું ઝેર છે ! એણે મને કપટ કરીને લાડુમાં ઝેર આપ્યું. મારા નિમિત્તે એને પાપ કરવા પડે છે, તેથી મને થયું કે હું મારું ભાગ્ય અજમાવવા પરદેશ જાઉં. આ કારણથી હું પરદેશ જવા માટે નીકળ્યો છું. જતા ચંપાનગરી રસ્તામાં આવી એટલે હું તને મળવા માટે આવ્યો છું. ત્યારે ચંપકમાલાએ કહ્યું–નાથ ! ત્યાં તમારા ઉપર માતા ઈર્ષ્યા કરે છે પણ અહીં તો કોઈ ઈર્ષ્યા કરનાર નથી, માટે આપ સુખેથી ચંપાનગરીનું રાજ્ય કરો ને અહીં જ રહો, ત્યારે જિનસેનકુમાર કહે છે ચંપકમાલા ! સસરાના રાજ્યમાં રહેવું મને પસંદ નથી. લોકમાં કહેવત છે કે જે દીકરો પોતાના નામથી ઓળખાય તે ઉત્તમ, જે દીકરો પિતાજીના નામથી ઓળખાય તે મધ્યમ અને સસરાના નામે ઓળખાય તે અધમ. તે સિવાય જે જમાઈ પરદેશ રહે છે તે હીરા તુલ્ય છે, જે ગામમાં રહે છે તે મોતી તુલ્ય અને જે ઘરજમાઇ થઈને રહે છે તે કાંકરા તુલ્ય. (હસાહસ) હે ચંપકમાલા ! મારે ઘરજમાઈ થઈને રહેવું નથી. હું તો મારા નિર્ણય પ્રમાણે પરદેશ જઈશ. જિનસેનકુમાર પરદેશ જશે ત્યારે ચંપકમાલા સાથે જવા તૈયાર થશે ને શું બનશે તેના ભાવ અવસરે.

*

વ્યાખ્યાન નં. ૭૪

આસો સુદ ૬ ને શનિવાર તા. ૭-૧૦-૭૮

અનંત ઉપકારી, વિશ્વવંદનીય પરમ તારક પ્રભુએ સર્વ જીવોના આત્મવિકાસ માટે અનેક માર્ગો બતાવ્યા છે. આજે દુનિયામાં કોઈ પણ એવો આત્મા હશે કે જે વિકાસને ન ઇચ્છતો હોય ! દરેક જીવો ઇચ્છે છે કે હું આગળ વધું, વિકાસ કરું પણ એ વિકાસ શેમાં ? ભૌતિક સુખમાં, ભૌતિક સુખના સાધનોમાં, ધન મેળવવામાં, માન-પ્રતિષ્ઠા કેમ વધુ મળે, સત્કાર-સન્માન મળે ઇત્યાદિ ભૌતિક વિકાસની ઝંખના તો સૌ કોઈને હોય છે. જ્ઞાનીઓ કહે છે આ વિકાસ મહત્વનો નથી, કારણ કે મોટા ભાગે ભૌતિક વિકાસ વધતા આત્મિક વિકાસ રુંધાય છે. આત્મામાં અહં, આસક્તિ વિગેરે વધતા જાય છે તેથી ચિત્ત શાંત, સ્વસ્થ બનવાને બદલે અશાંત, અસ્વસ્થ અને રતિ અરતિ આદિના મેલથી મલીન બનતું જાય છે. ભૌતિક વિકાસથી જીવને જો આ કચરાખાતું મળતું હોય તો એ વિકાસનું શું મૂલ્ય ? બીજી વાત એ છે કે ભૌતિક વિકાસ ગમે તેટલો કરો છતાં સરવાળે મૃત્યુ વખતે જીવને એ શું આશ્વાસન આપી શકે ? કંઇ જ નહિ, અને મૃત્યુ બાદ એમાંથી રજમાત્ર પણ જીવની સાથે લઇ જઇ શકે ? લેશ માત્ર નહિ. જ્ઞાની કહે છે "**નાશવંતના ભરોસા મગ્ન જ થવાના.**"

નિર્મળ જીવ ભૌતિક વિકાસ વિના ચલાવી ન શકતો હોય એ જુદી વાત છે અને એના બહુ મૂલ્ય આંકી એમાં જ સર્વસ્વ માનવું એ પણ જુદી વાત છે. રોગીને દવા વિના ચાલતું ન હોય છતાં એ રોજ જે દવા ખાવી પડે એને આનંદથી વધાવી લેતો નથી. એથી પોતાને ભાગ્યશાળી માનતો નથી. એના હૃદયને એ ડંખે છે કે હોય ! આ કેવા પાપના ઉદય કે રોજ દવાની ગુલામી કરવી પડે છે. કેવી કડવી બેસ્વાદ દવા ! ખાવાપીવા પર પણ કેટલો અંકુશ રાખવો પડે છે ! ઇત્યાદિ બળતરા તેના મનમાં ચાલુ રહે છે. બસ, આ જ રીતે ભૌતિક વિકાસ આત્માર્થી જીવને બળતરા કરાવનારો હોય, ભૌતિક વિકાસના સાધનો મેળવવામાં જાત ભાગ્યશાળી ન લાગે પણ આત્માના રોગ તરીકે એમાં કમનસીબી દેખાય. તેના મનને એમ થયા કરે કે હું કેવો કમનસીબ કે મારે આના વિના ચાલતું નથી. ધન્ય છે તે મહાન આત્માર્થી મુનિઓને ! કે જેઓ ભૌતિક વિકાસની બલા વિના જીવી શકે છે. હું આનો ગુલામ ! રોજ મારે આના કડવા અનુભવ કરવા પડે. આમાં મારો આત્મા ધર્મક્રિયાઓ, તપ વિગેરે સાધના કરવામાં કેવો મડદાલ ને અશક્ત બની ગયો છે ! ક્યારે આ ભૌતિક વિકાસની ગુલામીના કારમા બંધનમાંથી છૂટીશ ?

આ માનવ જીવનમાં દૃષ્ટિ જેટલી સ્વચ્છ અને નિર્મળ બનતી જાય એટલું જીવન ઉંચું અને દૃષ્ટિ જેટલી મલીન એટલું જીવન નીચા દરજ્જાનું. ભૌતિક વિકાસના બહુ મૂલ્ય આંકવા જતાં, એમાં પોતાને ભાગ્યશાળી માનતા અને એમાં જ પોતાનું સર્વસ્વ

માનવા જતા દૃષ્ટિ મલીન બને છે કારણ કે એમાં આત્માના હિતાહિતનો વિચાર કે મારી પુણ્ય રૂપી મુડી ખતમ થઈ જશે તેનો ખ્યાલ નથી રહેતો. પછી ખેદ કે દુઃખ થવાની વાત જ ક્યાં ? ઉપરથી આત્મામાં ક્રોધ, માન, માયા, લોભ, આસક્તિ, રાગ, દ્વેષનો ઉકરડો વધતો જાય છે, પરિણામે જલીમ પાપમુડીમાં વધારો થાય છે એકેન્દ્રિયપણામાંથી માંડ છૂટીને ઠેઠ ઉંચા માનવભવમાં આવ્યાની મહેનત ધૂળધાણી થાય છે એટલું નહિ પણ ઊંચામાં ઊંચું અને કિંમતીમાં કિંમતી મળેલું જિનશાસન, કેવળીપ્રરૂપિત ધર્મ, મહાન ત્યાગી સદ્ગુરૂઓ અને સિદ્ધાંતો કે જેના સહારે આપણે જલ્દી ભવપાર થઈ શકીએ, એવા સાધનોને ભૌતિક વિકાસના સાધનો પરની આસક્તિ નિરર્થક બનાવી દે છે, માટે ભૌતિક વિકાસની લાલસાને તો નવગજથી નમસ્કાર કરવા જેવા છે અને આત્મિક વિકાસની માયા લગાડવા જેવી છે.

ભૌતિક વિકાસ મહત્ત્વનો નથી. મહત્ત્વનો છે આત્મવિકાસ, કારણ કે આત્મવિકાસથી જ સાચી શાંતિ, સાચી પ્રસન્નતા અને પવિત્રતા મળે છે, માટે આત્મવિકાસ માટે પ્રયત્ન કરવો જોઈએ. કદાચ તમને થશે કે આત્મવિકાસ શો ? તો હું આપને સમજાવું. જેમ ભૌતિક વિકાસમાં કાયા સુંદર ને સુખી બને, માલમિલ્કત, પ્રતિષ્ઠા, માન-સન્માન વિગેરે વધતા જાય એવી રીતે આત્મવિકાસમાં આત્મા પવિત્ર, ઉજ્જવળ અને સદ્ગુણી બનતો જાય તેથી આત્મામાં જ્ઞાન, વૈરાગ્ય, શ્રદ્ધા, ક્ષમા, અનાસક્તિ, તૃપ્તિ વિગેરે ભાવો વધતા જાય, એ બધું આવે તેથી આત્માનું સૌંદર્ય, સ્વસ્થતા ને પ્રસન્નતા વધતી જાય. આજે બધે વિકાસની વાતો ચાલે છે પણ એમાં માત્ર જડ વિકાસનો કોલાહલ મચી રહ્યો છે. તે માટે કેળવણી વધારો, શાળાઓ વિકસાવો, સિનેમાદિ મનોરંજન વધારો વિગેરે કેટલા પ્રયત્નો ચાલી રહ્યા છે. રાગદ્વેષ, આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને વધારે એવા છાપા, રેડિયા, પિકચર, ટી. વી. વિગેરે ખૂબ વધી ગયા. આ કોલાહલમાં આત્મવિકાસની વાત કોણ સાંભળે ? જ્યાં આત્મામાં વિલાસપ્રિયતા વધે, રાગ-દ્વેષ અને આર્ત-રૌદ્રધ્યાન વધે એને વિકાસ કેવી રીતે મનાય ? આ જડ વિકાસે માનવના આત્મવિકાસને ગૂંગળાવી ખતમ કરી નાંખ્યો છે. આ માનવજીવન આત્મવિકાસ માટે છે. એનું સાધન છે ધર્મ. માટે ધર્મની આરાધના કરો તેથી આત્મવિકાસ થશે.

જેમને આત્મવિકાસની ભાવના છે તેવા નેમકુમાર પરણવા માટે આવ્યા છે પણ તેમની દૃષ્ટિ આત્મા તરફ જ છે. જાનમાં ઘણાં માણસો તેમની આગળ હતા છતાં નિર્દોષ પશુઓનું કરૂણ આકંદ સાંભળીને તેમનું હૃદય દ્રવિત ન થયું, કારણ કે આ લગ્નના ઉત્સાહમાં પશુઓના હૃદયદ્રાવક પોકાર તરફ કોઈનું લક્ષ ખેંચાયું નથી અને કોઈએ તે તરફ ધ્યાન આપ્યું નથી. જાનની આગળ જેટલા માણસો હતા તે બધા ઉગ્રસેન રાજાના મહેલ તરફ આગળ વધતા જતા હતા, પણ નેમકુમાર તો પશુઓનો વાડો આવ્યો એટલે તેમનો પોકાર

સાંભળીને આગળ ન વધ્યા. ત્યાં જ ઉભા રહી ગયા. બીજા માણસોએ પશુ પક્ષીઓની દયા ન કરી પણ નેમકુમાર તેની ઉપેક્ષા કેમ કરે ? વાડામાં પૂરેલા ભયગ્રસ્ત પશુ પક્ષીઓને જોઈને નેમકુમારનું હૃદય કરૂણાના ધોધથી ઉભરાઈ ગયું. એમની કરૂણા અજોડ હતી. સમગ્ર વિશ્વના પ્રાણીઓને હિંસાથી બચાવીને અહિંસાના પવિત્ર માર્ગે વાળવાની તેમની ભાવના હતી.

દેવાનુપ્રિયો ! આપણો ભારતદેશ પહેલા અહિંસાપ્રધાન દેશ હતો. "**અહિંસા પરમો ધર્મ**" આ સૂત્ર ભારતની પ્રત્યેક વ્યક્તિના હૃદયમાં જડાયેલું હતું. "જીવો ને જીવવા દો" આ મહામંત્ર આર્ય મનુષ્યોના અંતરમાં ગૂંજતો હતો. આ ભારતવર્ષની પવિત્ર ભૂમિ ઉપર અહિંસાનો સિંહનાદ ગજાવનાર અનેક ઝળહળતા રત્નો પાક્યા છે. ભારત દેશમાં જ્યાં જુઓ ત્યાં અહિંસાનો નાદ ગૂંજતો હતો. એ સમયના મોટા રાજા મહારાજાઓ પણ અહિંસાનો પ્રચાર કરતા હતા. મહારાજા કુમારપાળના શાસનકાળમાં તો કેટલું સુક્ષ્મ અહિંસાનું પાલન થતું હતું કે કોઈ "મર" આવો શબ્દ બોલે તો તેને પણ કડક શિક્ષા થતી હતી તો જીવહિંસાની તો વાત જ ક્યાં રહી ! હીરસૂરીશ્વરજી મહારાજના સમયમાં ચંપાબાઈ નામે શ્રાવિકાના છમાસી તપથી આકર્ષાઈને અકબર બાદશાહે હિંસાનો ત્યાગ કર્યો હતો, અને પોતાના તાબાના દેશોમાં પણ સંપૂર્ણ અહિંસા પાળવાનો પડહ વગડાવ્યો હતો. પોતે મુસ્લીમ હોવા છતાં અહિંસા ધર્મનું પાલન કરવામાં સજાગ હતા.

ઈસુના ચોથા સૈકામાં ચીનમાં યુ.તી. નામનો મહાન સમ્રાટ થઈ ગયો. પોતે સ્વયં માંસાહારનો ત્યાગી હતો એટલું જ નહિ પણ પોતાના સમગ્ર રાજ્યમાં પણ જીવહિંસા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આગળ વધીને ચીનના એક સમ્રાટે કાપડ ઉપર ભરતકામ કે ચિત્રામણોમાં પણ પશુઓના ચિત્રો ભરવા કે ચીતરવાની મનાઈ કરી હતી. કપડું ફાડવાથી ધોવાથી પ્રાણીની હિંસાનો દોષ લાગે છે, એવી તેની માન્યતા હતી. મોગલ સમ્રાટોના સમયમાં ગૌ અને ગૌવંશની હિંસાનો પ્રતિબંધ હતો. ખુદ ઔરંગઝેબે પણ એ અમલને બરાબર પાળ્યો હતો.

કાશ્મીરમાં થયેલ ભારત સમ્રાટ અશોકસેન પોતે ચુસ્ત વૈદિક હતા, છતાં તેઓ અહિંસાના પરમ ઉપાસક હતા. યજ્ઞ વિગેરેમાં હિંસા ન કરવાની તેમની સખ્ત મનાઈ હતી. એ અશોકસેનના સમયમાં એક બ્રાહ્મણનો પુત્ર મરણ પામ્યો. તે વખતે એવી માન્યતા હતી કે યજ્ઞમાં પશુ હોમવામાં આવે તો પુત્ર જીવતો થઈ જાય, એટલે બ્રાહ્મણ અશોક સેન પાસે આવ્યો ને વિનંતી કરી કે મહારાજા ! હું મારા પુત્ર વિના જીવી શકું તેમ નથી, માટે આપ યજ્ઞમાં પશુનું બલિ આપવાની મને છૂટ આપો. નહિ તો હું આપની સમક્ષ જ મરણનું શરણ સ્વીકારું છું. સમ્રાટ અશોકસેને કહ્યું–જો, આ રીતે પશુનું બલિ આપવાથી તારો પુત્ર જીવતો થતો હોય તો ચાલ, હું મારી જાતને અગ્નિમાં હોમી દઉં છું, તો તારો પુત્ર જીવતો થશે અને તને પણ નવજીવન મળશે, પણ હું મારા રાજ્યમાં

નિર્દોષ પશુઓની હત્યા તો નહિ જ થવા દઉં. આવા મોટા રાજા પણ પોતાની જાતને હોમી દેવા તૈયાર હતા પણ નિર્દોષ જીવોની કતલ કરવા તૈયાર ન હતા. આવા આર્ય સંસ્કૃતિના સંસ્કાર હતા. આવા ઉત્તમ પુરૂષોનો ઇતિહાસ આજે સાક્ષી પૂરી રહ્યો છે. અહિંસા એ જીવનનું પરમ કર્તવ્ય છે. કોઈ પણ જીવની આપણાથી જાણતાં કે અજાણતાં હિંસા ન થાય તેનો પૂરેપૂરો ખ્યાલ રાખવાની જરૂર છે.

એક જમાનો એવો હતો કે તળાવમાં માછીમાર માછલા પકડે તો ગામના લોકો તેની સામે સત્યાગ્રહ કરતા, અને રાજાને ફરિયાદ કરતા. રાજા પ્રજાની ફરિયાદ સાંભળતા ને માછલા પકડવાની મનાઈ કરતા. રસ્તામાં ગાડા કે ગાડી નીચે કૂતરું આવીને મરી જાય તો તેની સામે સત્યાગ્રહ કરતા. આવી ભારતની પ્રજા દયાળુ હતી, પણ આજે તો અહિંસા અને દયાનું નામનિશાન રહ્યું નથી. આપણા આર્યદેશમાં અંગ્રેજોનું શાસન આવ્યું ત્યારથી આર્ય પ્રજાના માનસને વિકૃતિના માર્ગે દોરી જઈને આર્ય પ્રજાને હિંસાના માર્ગે અગ્રેસર બનવાનું ષડ્યંત્ર રચાયું. જેથી આજે આર્યદેશની ઉજ્જવળતા હિંસાની કાલિમાથી કલંકિત બની રહી છે. ભલભલાના કાળજા કમકમાવી દે એવી ભયંકર હિંસાઓ આજે ભારતમાં થઈ રહી છે. ઠેરઠેર ઈંડાનું વેચાણ થાય છે. મત્સ્ય ઉદ્યોગના નામે લાખો ટન માછલાઓની નિકાસ થઈ રહી છે. વાંદરાઓને પકડીને તેના ઉપર ક્રૂરતા ભર્યા પ્રયોગ થઈ રહ્યા છે. કૂતરાઓને ઝેરી દવા આપીને નાશ કરવામાં આવે છે.

જે પ્રજા એક વખત માંસ અને મચ્છી જોઈને કમકમી ઉઠતી હતી એને માંસાહારી બનાવી તેના આર્ય સંસ્કારને જડમૂળથી ઉખેડી નાખવાના પ્રયત્નો ચાલુ થયા છે. આરબો પાસેથી તેલ લેવા માટે બદલામાં તેમને ગાયનું માંસ અપાઈ રહ્યું છે. અંગ્રેજો ભલે ભારત ઉપર રાજ્ય કરીને ગયા પણ ભારતવાસીઓના માનસમાં તેઓ ભારોભાર વિકૃતિ મૂકતા ગયા છે. નાના નાના બાળકોને નાની ઉંમરથી જ હિંસાનું શિક્ષણ આપવામાં આવે છે એટલે એ જેમ મોટા થતા જાય છે તેમ હિંસા પ્રત્યેની સૂગ ઓછી થતી જાય છે. ભારતવાસીઓ સામે આજે હિંસાનો રાક્ષસ વિકરાળ સ્વરૂપ ધારણ કરીને ઉભો છે. આર્ય પ્રજાનું સાચું ખમીર ચૂસાઈ રહ્યું છે. પરિણામે ભારતની પ્રજાના દિલમાંથી ધર્મ ઉપરની શ્રદ્ધા, સંસ્કારો, અને મૈત્રી, કરૂણા આદિ ભાવો અસ્ત થતા દેખાય છે.

બંધુઓ ! સર્વનાશને નોતરનારી હિંસા છે. એ વાત તમે તમારા હૃદયમાં કોતરી રાખજો. અભક્ષ પદાર્થોના વપરાશથી દૂર રહેજો. એક વાત ખાસ યાદ રાખજો કે અન્નના આહારથી જેટલો શરીરને લાભ થાય છે તેટલું માંસાહારથી શરીરને નુકશાન થાય છે. આજે તો હિંસાએ માઝા મૂકી દીધી છે. ઠેરઠેર યાંત્રિક કતલખાનાઓ ખુલી રહ્યા છે. મૂંડાની તો ભયંકર ભૂંડી દશા થઈ છે, અને કતલખાનામાં પશુઓની કરૂણ રીતે કતલો થઈ રહી છે. આજે સ્કૂલના બાળકોને પણ એવું શિક્ષણ અપાય છે કે દૂધ કરતા ઈંડામાં

વધુ પ્રોટીન મળે છે, અને હવે તો બાળકોને સ્કૂલમાં દૂધ અને ઈંડાનો રસ આપવાની યોજના ઘડાઈ રહી છે. સાંભળવા મુજબ કેટલીક જગ્યાએ આપવાની શરૂઆત થઈ ગઈ છે ને કેટલીક જગ્યાએ હવે અપાશે. આપણી કલ્પનામાં ન આવે એ રીતે હિંસાની વિષવેલ ફાલીફૂલી રહી છે. આ હિંસાના વડવાનલને શાંત કરવા માટે માત્ર જૈનોએ જ નહિ પણ સમગ્ર ધર્મપ્રેમી આર્ય જનતાએ સજાગ બનવાની જરૂર છે તે માટે ભારતની આર્ય પ્રજાનું ખમીર જાગી ઉઠવું જોઈએ. સંતો તો ગામેગામ ફરીને અહિંસાનો પ્રચાર કરી રહ્યા છે અને માતા-પિતાઓએ પણ પોતાના સંતાનોમાં એવા સંસ્કાર રેડવા જોઈએ કે જેથી બાળક ગમે ત્યાં જાય પણ તે હિંસાને માર્ગે આગળ વધી શકે નહિ. અહિંસા તો આપણી સહુની માતા છે. આપણી નજર સમક્ષ આપણી અહિંસા માતાના વસ્ત્રો ખેંચાઈ રહ્યા છે. એને સખ્ત ફટકો લાગી રહ્યો છે છતાં તમે કેમ સજાગ નથી બનતા ? અહિંસા માતાની આબરૂ સાચવવા માટે સમગ્ર આર્ય સમાજે કટિબદ્ધ બનવાની જરૂર છે.

નેમકુમારના દિલમાં વાડામાં પૂરાયેલા પશુ પક્ષીઓને જોઈને કરૂણા આવી. લોકો માને છે કે નેમકુમાર પરણવા જાય છે પણ એમના અંતરમાં સંપૂર્ણ અહિંસાનું પાલન કરવા માટે સંયમની ભાવના રમી રહી છે. આ તરફ નેમકુમાર સાથે પરણવા માટે ઉત્સુક બનેલી રાજેમતીનું જમણું અંગ ફરકવાથી તેનો આનંદ ઉડી ગયો છે, તેથી એની સખીઓ એને સમજાવી રહી છે કે બહેન! હવે તું શા માટે રડે છે? જો તો ખરી, વર તોરણે પહોંચવા આવ્યો છે. હમણાં પોંખાશે ને પછી તને ચોરીમાં લઈ જવામાં આવશે ને હમણાં તમારા લગ્ન પણ થઈ જશે, પણ રાજેમતીનું મન કોઈ રીતે માનતું નથી. એટલામાં નેમકુમારનો હાથી પશુઓને જે વાડામાં પૂર્યા છે ત્યાં આવી પહોંચ્યો, એટલે તેમણે ચાલ્યા જતા હાથીને થોભાવ્યો ને સારથીને પૂછ્યું કે

कस्स अट्ठा इमे पाणा, एए सव्वे सुहेसिणो ।
वाडेहिं पंजरेहिं च, संनिरुद्धा य अच्छई ॥१६॥

ભગવાન તો જન્મથી જ મતિ-શ્રુત અને અવધિજ્ઞાનથી યુક્ત હતા. આ પશુઓને વાડામાં અને પક્ષીઓને પાંજરામાં શા માટે પૂર્યા છે તે બધું જાણતા હતા. કોઈને પૂછવાની જરૂર ન હતી પણ જગતના સમગ્ર જીવો સમક્ષ અહિંસાનું વિશિષ્ટ માહાત્મ્ય બતાવવા માટે સારથીને આ પ્રમાણે પૂછ્યું. અહીં તમને એમ થશે કે નેમકુમાર તો હાથી ઉપર બેસીને આવ્યા છે ને સારથીને પૂછ્યું એમ કહેવાનું કારણ શું ? હાથીને હાંકનાર તો મહાવત હોય છે. અહીં મહાવતને શાસ્ત્રકાર ભગવંતે સારથી કહેલ છે, એટલે ગાથામાં કહ્યું કે નેમકુમારે સારથીને આ પ્રમાણે પૂછ્યું કે હે સારથી ! આ મૃગ આદિ જનાવરો સુખના અભિલાષી છે, છતાં આ પ્રાણીઓને અહીં વાડામાં ને પિંજરમાં શા માટે પૂરવામાં

આવ્યા છે! પશુ-પક્ષીઓ તો બિચારા જંગલમાં પોતાની ઇચ્છા પ્રમાણે સ્વતંત્રપણે જંગલમાં વિહરનારા છે. એમને શા માટે આ પાંજરામાં પૂરી દેવામાં આવ્યા છે? કોઈ પણ પ્રાણીની સ્વતંત્રતા લૂંટીને તેને દુઃખી કરવાનો આપણને શું હકક છે?

ઘણાં માણસોને પોપટ, ચકલા વગેરે પક્ષીઓને પાળવાનો શોખ હોય છે, એટલે એને પકડીને પાંજરામાં પૂરે છે, ત્યારે એ જીવોને કેદખાના જેવું બંધન લાગે છે. પક્ષીઓને માટે પાંજરું જેમ બંધનરૂપ છે તેમ આપણા આત્મા માટે આ શરીર પણ બંધનરૂપ છે. કર્મના સંયોગથી આત્મા શરીરરૂપી પિંજરમાં પૂરાયો છે. જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી જીવને શરીરનું બંધન રહેવાનું છે, આ શરીર છોડીને જીવ બીજી ગતિમાં જાય છે ત્યારે વાટે વહેતા જીવને તૈજસ અને કાર્મણ એ બે શરીર તો હોય છે. જો મનુષ્ય મરીને દેવગતિમાં જાય તો ત્યાં એને વૈક્રિય શરીર મળે છે, અને મનુષ્ય-તિર્યંચ થાય તો ઔદારિક શરીર મળે છે. આહારક શરીર તો ચૌદ પૂર્વધારી મહાત્માઓ જ કરી શકે છે. જ્યારે આઠે કર્મોનો ક્ષય થાય ત્યારે જ જીવને શરીરનું બંધન છૂટે છે ને સ્વતંત્ર બનીને મોક્ષમાં જાય છે. પક્ષીઓને પાંજરાનું બંધન સાલે છે તો એ તેમાંથી છૂટવા તરફડાટ કરે છે, પણ તમને બધાને આ શરીરનું બંધન સાલે છે ખરું? છૂટવા માટેનો તરફડાટ થાય છે ખરો? જો બંધન તોડીને છૂટવાનો તરફડાટ થતો હોય તો અમારી પાસે આવી જાઓ. બોલો, મન થાય છે નટુભાઈ, મૂળચંદભાઈ! (શ્રોતામાંથી અવાજ :– બંધનથી મુક્ત થવાનું મન થાય છે પણ સંસારનો મોહ છૂટતો નથી.) તમે તો એવી વાત કરી કે લાડુ ભી ખાના ને મોક્ષમાં ભી જાના". પણ તેમ નહિ બને. સંસારનો મોહ છોડવો પડશે.

નેમકુમાર વિચાર કરે છે કે આ પ્રાણીઓને વાડામાં પૂરીને તેમની સ્વતંત્રતા તો લૂંટી લીધી છે ને હવે મારી નાંખવાના છે. દુનિયામાં મરણ જેવું બીજું કયું દુઃખ હોઈ શકે? ભયંકર રોગથી ઘેરાયેલા અને પીડા ભોગવતા માણસને મરવું ગમતું નથી તો આ જીવોને મરવું કેમ ગમે? કોઇ પણ જીવોને મારવાનો બીજાનો શો હક્ક છે! જ્યારે આપણે કોઈને જીવન આપવા શક્તિમાન નથી તો મારવાનો હક્ક ખરો! આજના યુગમાં તો માણસને પોતાના પ્રાણ સિવાય બીજાના પ્રાણની પડી જ નથી. હિંસક શોધખોળો વધી રહી છે. ઘરમાં માંકડ, મચ્છર, માંખીઓ ને વાંદા થાય તો તેને મારી નાંખવા માટે પૈસા આપીને દવા છાંટનારાઓને બોલાવે છે. ઘણાં માણસો માંકડને મારવાનો પાવડર ઘરમાં રાખે છે. પેપરમાં ઘણીવાર વાંચવામાં આવે છે કે કલ્યાણનો દીકરો, દીકરી કે વહુ માંકડ મારવાનો પાવડર ખાઈને મરી ગયા. એ નિર્દોષ જીવોને મારવાનો પાવડર ઘરમાં લાવ્યા તો આ બનાવ બન્યો ને? બીજાને મારવા જતાં પહેલાં પોતાને નુકશાન થાય છે. તે ઉપરાંત પાપકર્મોનું બંધન થાય છે. જૈનકુળમાં જન્મ્યા હોય તેનાથી આવી હિંસક દવાઓનો ઉપયોગ કરાય જ નહિ. જૈનોની રગેરગમાં "અહિંસા પરમો ધર્મ :" આ

મંત્ર ગુંજતો હોય એનાથી આવું પાપ થાય ખરું ? જો સાચા જૈન હો તો હવે આવી હિંસક દવાઓ દ્વારા જીવોને મારવાનું બંધ કરજો.

નેમકુમારે સારથીને પૂછયું આ વાડામાં ને પાંજરામાં પશુ પક્ષીઓને શા માટે પૂર્યા છે ? આ સાંભળીને સારથી વિચારે છે કે નેમકુમારને આ પશુઓ શા માટે પૂર્યા છે તેની ખબર નથી માટે મને આ પ્રમાણે પૂછે છે. એ પૂછે છે તો મારે પણ સત્ય જ કહેવું જોઈએ. નેમકુમાર તો શું બનવાનું છે તે બધું જાણે છે પણ સારથીને ખબર નથી કે હું એમને કહીશ કે આ પશુ પક્ષીઓને આ માટે વાડામાં પૂર્યા છે ત્યારે શું થશે ? આ તરફ નેમકુમારનો હાથો ઉભો રહ્યો તે જોઇને રાજેમતીની શંકા દઢ બની, અને વિચારવા લાગી કે હાથી અધવચ શા માટે થોભાવ્યો ? રાજેમતીનું શરીર ધ્રુજવા લાગ્યું તેની સખીઓ તેને સમજાવવા લાગી. આ તરફ સારથી નેમકુમારને શું જવાબ આપશે ને શું બનશે તેના ભાવ અવસરે.

"ચરિત્ર":-"જિનસેનકુમારને નહિ જવાની વિનવણી કરતી ચંપકમાલા":- જિનસેનકુમાર માતા પિતા પાસેથી મહામુશીબતે રજા લઇને પોતાની પત્ની ચંપકમાલાને મળવા માટે સાસરે આવ્યો. ત્યાં પણ સાસુ-સસરા અને ચંપકમાલાએ તેને રોકવા માટે ઘણી વિનંતી કરી પણ જિનસેનકુમારે કહ્યું-ના, હું કોઇ રીતે રહેવાનો નથી. ચંપકમાલાએ પણ પતિને ઘણું સમજાવ્યા પણ જિનસેને ચોખ્ખી ના પાડી ને કહ્યું કે તું શાંતિથી રહેજે. હું જાઉં છું, ત્યારે ચંપકમાલાએ કહ્યું કે જો તમારે જવું જ છે તો હું પણ તમારી સાથે આવીશ. આપ એકલા દુઃખ સહન કરો ને શું હું પિયરમાં રહીને સુખ ભોગવું ? સાચી પત્ની તો તેને જ કહેવાય કે જે પતિના સુખમાં જેમ સાથે રહે છે તેમ દુઃખમાં પણ સાથે રહે. માટે હું આપના દુઃખમાં સહભાગી બનવા માટે આપની સાથે આવું છું. મને આપની સાથે જ લઇ જાઓ. ચંપકમાલાની વાત સાંભળીને જિનસેનકુમાર કહે છે.

પરદેશોમેં વિપત્તિ બહુત હૈ, કૈસે સહોગી પ્યારી,
અન્ન પાની નહીં મિલે સમય પે, તૂ સુકુમાલ કુમારી.

હે ચંપકમાલા ! તું અહીં રહે, કારણ કે પરદેશમાં સ્ત્રી સાથે રાખવી તે પુરૂષને માટે એક બંધન છે. બીજી વાત જંગલમાં તું દુઃખ કેવી રીતે સહન કરી શકીશ ? જંગલમાં તો ખાડા ને ટેકરા આવશે, કાંટા ને કાંકરા વાગશે. કયારેક ત્રણ ત્રણ દિવસ સુધી ખાવાનું નહિ મળે. એ સમયે પુરૂષની જાતિ ભૂખ-દુઃખ અને થાક બધું સહન કરી શકે છે પણ સ્ત્રી જાતિ કોમળ હોય છે એટલે તે સહન ન કરી શકે. તેમાં પણ તું તો સામાન્ય ઘરની સ્ત્રી નથી પણ એક રાજકુમારી છે. તું તારા માતા પિતાને એકની એક લાડકવાયી દીકરી છે ને લાડકોડથી ઉછરી છે. ખૂબ સુકુમાલ છે, માટે જંગલના દુઃખો ભૂખ

–દુઃખ–થાક–ગરમી, ઠંડી આ બધું સહન નહિ કરી શકે. અમે પુરૂષની જાતિ ગમે ત્યાં વૃક્ષ નીચે પડયા રહીએ તો પણ કંઇ ભય કે ચિંતા નહિ પણ સ્ત્રી જાતિ સાથે હોય તો અનેક પ્રકારનો ભય રહે છે. માટે તું સમજી જા ને મારી સાથે આવવાની હઠ છોડી દે, તો પણ ચંપકમાલા ન સમજી ત્યારે ફરીને જિનસેનકુમારે કહ્યું ચંપકમાલા ! તું તો મહેલ છોડીને કદી બહાર નીકળી નથી. તને જંગલના દુઃખોનો અનુભવ કયાંથી હોય ! જંગલમાં તો સિંહ–વાઘ–વરૂની ભયંકર ગર્જનાઓ થશે. એ સાંભળીને તું થરથર ધ્રુજી જઈશ. એવા ભયંકર જંગલ આવશે. જિનસેનકુમારની વાત સાંભળીને ચંપકમાલા કહે છે સ્વામીનાથ ! આપ આટલી બધી ચિંતા શા માટે કરો છે ! મારી વાત સાંભળો.

સીતા ગઇ રામ કે સાથે, કયેાં અબ મુઝે ડરાઓ,
મૈં ક્ષત્રાણી વીર નારી હૂં, કૈસેા ભય દિખલાવેા.

જ્યારે દશરથ રાજાએ રામચંદ્રજીને વનવાસ આપ્યો ત્યારે સતી સીતાજી રામચંદ્રજીની સાથે જ ગયા હતા ને ? પતિના દુઃખમાં સહભાગી બનવું તે પાતવ્રતા સ્ત્રીનો ધર્મ છે. જ્યાં વૃક્ષ હોય ત્યાં જ છાયા રહે છે, તેમ સતી સ્ત્રીઓ વૃક્ષની છાયાની જેમ પતિની સાથે જ શોભે છે. નાથ ! આપ જેમ ક્ષત્રિયના બચ્ચા છો તેમ હું પણ ક્ષત્રિયાણીની દીકરી છું. મારામાં દુઃખ સહન કરવાની તાકાત છે. આપ જંગલના દુઃખોનું વર્ણન કરીને મને શા માટે ડરાવો છો ? મને આપ સાથે લઈ જવા કૃપા કરો. જિનસેને ચંપકમાલાને ઘણું સમજાવી પણ સમજી નહિ ત્યારે જિનસેનકુમારને લાગ્યું કે ચંપકમાલા કોઇ રીતે સમજી શકે તેમ નથી એટલે સાથે આવવાની હા પાડી તેથી એ પતિની સાથે જવા માટે તરત તૈયાર થઈ ગઈ.

"પતિની સાથે જવા તૈયાર થયેલી ચંપકમાલા" :– ચંપકમાલા માતા–પિતાના ચરણમાં મસ્તક ઝૂકાવીને કહે છે હે માતા પિતા ! મને તેમની સાથે જવાની આજ્ઞા આપો. પુત્રીની વાત સાંભળીને માતા–પિતાની આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી. તેઓ ઢગલો થઇને પડી ગયા ને કહેવા લાગ્યા–દીકરી ! જમાઇને ઘણું સમજાવ્યા પણ એ ન માન્યા. હવે તું પણ અમને છોડીને જઇશ ! બેટા અમારે પુત્ર કહો કે પુત્રી કહો તું જ છે. અમારો બધો આધાર તારા ઉપર છે ને તું અમને છોડીને જવાની કયાં વાત કરે છે ? વળી તું આવી સુકુમાલ છે. તેં કદી જમીન ઉપર પગ મૂકયો નથી અને જંગલના ભયાનક દુઃખો કેવી રીતે વેઠી શકીશ ? આ રીતે માતા–પિતાએ ખૂબ સમજાવી પણ ચંપકમાલાએ કહ્યું કે મારે સાથે જ જવું છે, એટલે માતા–પિતાને પણ અનિચ્છાએ જવાની રજા આપવી પડી". જિનસેનકુમાર અને ચંપકમાલા બંને જણા સિંહલદ્વીપ જવા માટે તૈયાર થયા.

"જિનસેને મદનમાલતીને મોકલેલ સંદેશો" :– ચંપકમાલા તો તૈયાર થઇ

પણ વિજયપુરના રાજાની પુત્રી મદનમલ્લાતીને આ વાતની ખબર નથી, તેથી જિનસેનકુમારે વિજયપુરના ચંદ્રસેન રાજાને સમાચાર મોકલાવ્યા કે હું સિંહલદ્વીપ જાઉં છું તો આપ આપની પુત્રીને કંચનપુર મોકલો. મારી માતા બગીચામાં એકલી છે. તે મારા વિયોગથી ખૂબ દુઃખી થઈ રહી છે, તેથી એની સેવા કરવા માટે આપ મદનમાલતીને ત્યાં મોકલી આપજો. જેથી મારી માતાને સારું પડે ને મારા વિયોગના દુઃખમાં સહભાગી બની શકે. આ પ્રમાણે સંદેશો મોકલાવીને જિનસેનકુમાર અને ચંપકમાલા બંને જણા રાજા રાણીને પગે લાગીને ત્યાંથી નીકળ્યા. આ સમયે રાજા રાણી બંને પછાડ ખાઈને ત્યાં પડી ગયા. અરેરે.... અમે આપનો વિયોગ કેવી રીતે સહન કરી શકીશું ? થોડી વારે રાજા રાણી સ્વસ્થ થયા એટલે બંને ત્યાંથી નીકળ્યા, ત્યારે રાજા-રાણી, પ્રધાન વિગેરે ઘણાં માણસો ઘણે દૂર સુધી તેમને વળાવવા માટે ગયા, પછી જિનસેનકુમારે કહ્યું-હવે તમે બધા પાછા ફરો, પણ કોઈને જવાનું મન થતું નથી, છેવટે બધાને સમજાવીને જિનસેનકુમારે ઉભા રાખ્યા, ત્યારે ચંપકમાલાના માતા-પિતા બંનેને આશીર્વાદ આપીને કહે છે તમારો માર્ગ નિષ્કંટક બનો, અને જમાઈરાજ ! અમારી દીકરીને આપ બરાબર સાચવજો. એ બહુ કોમળ છે. કદી ખુલ્લા પગે ચાલી નથી. આપ બંને સંભાળીને જજો ને વહેલા વહેલા આવજો. આ સિંહલદ્વીપનો માર્ગ બહુ વિકટ છે, માટે આપ આ ઘોડો સાથે લઈ જાઓ, ત્યારે જિનસેને કહ્યું અમારે ઘોડાની જરૂર નથી. અમે બંને બસ છીએ, કારણ કે જંગલના પ્રવાસમાં ક્યારેક પહાડ પર ચઢવું પડે તો ક્યારેક ખીણોમાં ઉતરવું પડે ત્યારે ઘોડાને પણ છોડી દેવો પડે, માટે અમારે કોઈની જરૂર નથી. તમે બધા હવે ઉભા રહો. એમ કહીને બંને આગળ ચાલવા લાગ્યા. દીકરી-જમાઈને એકલા વગડાની વાટે ચાલ્યા જતાં જોઈને બધાની આંખો આંસુથી છલકાઈ ગઈ. જ્યાં સુધી દેખાયા ત્યાંસુધી સૌ ઉભા રહ્યા. પછી રડતે આંસુએ પાછા ફર્યા. આ તરફ જિનસેન અને ચંપકમાલા બંને ચાલ્યા જાય છે.

"ભયાનક જંગલની વાટે" :- બંને જણા નદી, નાળા, અને પહાડ ઓળંગતા ઓળંગતા આગળ ચાલ્યા જાય છે. કોઈ વખત જંગલમાં વનફળ મળે તો ખાઈ લે છે ને કોઈ વખત કંઈ ન મળે તો ઝાડના પાંદડા ખાઈને ચલાવી લે છે. રોજ નિત્ય નવા ભોજન જમનારા આજે ફળ અને પાન ખાઈને રહે છે. રોજ છત્રપલંગમાં સુંવાળી શૈયામાં પોઢનારા જમીન ઉપર સૂઈ રહે છે. વાહનમાં ફરનારા પગપાળા ચાલે છે. સુકોમળ પગમાં કાંટા ને કાંકરા વાગતાં લોહીની ધાર થાય છે. કયારેક જંગલમાં સિંહ, વાઘ આદિની ગર્જનાઓ સંભળાય છે ત્યારે વૃક્ષ ઉપર ચઢી જાય છે, આવા કષ્ટો હસતા મુખે સહન કરતા બંને આનંદથી વાતો કરતા ચાલ્યા જાય છે. ચાલતા ચાલતા બંને ભયંકર જંગલમાં આવ્યા. જંગલ વટાવતા આગળ વધ્યા ત્યાં માર્ગમાં એક વિકરાળ સિંહ અને સિંહણને સામેથી આવતાં જોયા. આ જોઈને જિનસેનકુમારે ચંપકમાલાને કહ્યું જો,

સામેથી સિંહ અને સિંહણ આવે છે. જો એ સીધા ચાલ્યા જશે તો આપણે જવા દઈશું પણ જો એ આપણા સામા થશે તો હું એમને પૂરા કરી દઈશ, પણ તું આ ઝાડ ઉપર ચઢી જા. તારું અહીં કામ નથી. ચંપકમાલાએ હસીને કહ્યું–નાથ! આપ ઝાડ ઉપર ચઢી જાઓ. હું સિંહ અને સિંહણનો સામનો કરીશ. જિનસેને કહ્યું હું બેઠો હોઉં ને તું સામનો કરે! એ ન બને, ત્યારે ચંપકમાલાએ કહ્યું તો આપણે એમ કરીએ. તમે સિંહનો સામનો કરજો ને હું સિંહણનો કરીશ. હવે સિંહ અને સિંહણ નજીક આવશે ત્યારે બંને કેવી રીતે સામનો કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

●

વ્યાખ્યાન નં. ૭૫

આસો સુદ ૭ ને રવીવાર તા, ૮-૧૦-૭૮

સુજ્ઞ બંધુઓ. સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની મહાપુરૂષો ફરમાવે છે કે હે આત્માઓ! મહાન પુણ્યોદયે તમને આર્યદેશ, ઉત્તમકુળ, અને વીતરાગ શાસનમાં મનુષ્ય જન્મ મળ્યો છે. આ માનવભવમાં તમને બે પ્રકારના સાધનો મળ્યા છે. એક ડૂબવાના સાધનો ને બીજા તરવાના સાધનો. દા.ત. પૈસા, વહેપાર, દુકાન, સારા સારા ખાનપાન, શબ્દ–રૂપ–રસ–ગંધ–સ્પર્શ વિગેરે પાંચ ઈન્દ્રિયોના વિષયો, સત્તા, ઐશ્વર્ય, માન–સન્માન વિગેરે સાધનો જીવને ભવસાગરમાં ડૂબાડનારા છે. આવા સાધનોમાં મસ્ત બનીને રહ્યાલનારા અનંતા જીવો આવો ઉંચો મનુષ્ય જન્મ પામવા છતાં દુર્ગતિઓમાં ભમતા થઈ ગયા. નહિતર આવા ઉત્તમભવમાં આવીને દુર્ગતિમાં જવાનું કેમ હોય? આવા સાધનોના મોહમાં રાચવાથી અને હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહનું સેવન કરવાથી ભવભ્રમણ વધે છે. આ ડૂબવાના સાધનોની વાત થઈ. હવે આપણે તરવાના સાધનોની વાત કરીએ. તરવાના સાધનો કયા છે તે જાણો છો ને? દેવાધિદેવ અરિહંતપ્રભુ, નિર્ગ્રંથગુરૂ, સર્વજ્ઞપ્રણિત ધર્મ, શાસ્ત્ર, વૈરાગ્ય, ક્ષમા, સંતોષ, સંયમ, દાન, શીયળ, તપ, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વિગેરે ભવસાગર તરવાના સાધનો છે. આ સાધનોના સહારે અનંતાજીવો ભવસાગર તરી ગયા છે. બુદ્ધ ભગવંતોએ પણ આ સાધનોનો સહારો લઇને આત્માને પરમાત્મા બનાવ્યો છે, અને જગતના જીવોને પણ આ તરવાના સાધનોનું સેવન કરવાનો ઉપદેશ આપ્યો છે, અને ભગવાનના અનુયાયીઓ નિર્ગ્રંથ સંતો પણ આ તરવાના સાધનો દ્વારા પોતે આરાધના કરે છે ને બીજાને આરાધના કરવાનો ઉપદેશ આપે છે.

જ્ઞાનીએ પાંચ ઈન્દ્રિયોના વિષયો, ધન વૈભવ, માલ મિલ્કત વિગેરે ડૂબવાના સાધનો બતાવ્યા અને નિર્ગ્રંથ ગુરૂઓ, શાસ્ત્રો વિગેરે તરવાના સાધનો બતાવ્યા. હવે આ બંનેમાંથી તમને કયા સાધનોનું સેવન કરવાનું મન થાય છે? આ બેમાંથી તમને જેનું સેવન કરવાની ઈચ્છા થાય તે ઈચ્છા તમારા ભવિષ્યના તરવાના કે ડૂબવાના પરિણામને

સૂચવે છે. આપણે ભવસાગરમાં ડૂબી જઈશું કે ભવસાગરને તરી જઈશું એનું માપ આના ઉપરથી નીકળે છે. બોલો, તમને આ બેમાંથી શું ગમે ? તરવાના સાધનોનું સેવન કરવું ગમે કે ડૂબવાના સાધનોનું ? આજે મોટાભાગના માનવીના જીવન જોઈએ તો લાગે છે કે એ બિચારા ડૂબવાના સાધનોની સેવા કરતા નજરે પડે છે. સવારમાં ઉઠયા ત્યારથી દાતણ પાણી કરવા, સ્નાન કરવું, ચા-પાણી નાસ્તા ઉડાવવા, પેપર વાંચવા, તેમાં પેપરમાં સમાચાર વાંચ્યા કે બજારો તંગ છે, મોંઘવારી વધતી જાય છે, એને પહોંચી વળવા માટે મારે શું કરવું ? પૈસા કેવી રીતે કમાવા આવા વિચારો રાત્રે ઉંઘે ત્યાં સુધી ચાલ્યા કરે છે. રવિવાર જેવો રજાનો દિવસ હોય ત્યારે નાટક સિનેમા જોવા, ચોપાટી ફરવા જવું વિગેરે આવા ડૂબવાના સાધનોમાં રચ્યાપચ્યા રહેવું એ ભવિષ્યમાં ભવસાગરમાં ડૂબી જવાની આગાહી કરે છે અને રોજ સવારમાં ઉઠીને નવકારમંત્રનું સ્મરણ કરવું, સામાયિક પ્રતિક્રમણ કરવા, સંતના દર્શન કરવા અને વ્યાખ્યાન વાણીનો લાભ લેવો, કંદમૂળ, રાત્રી ભોજનનો ત્યાગ, ઉપવાસ, આયંબીલ વિગેરે યથાશક્તિ તપ કરવો, અન્યાય, અનીતિ, દગા પ્રપંચથી દૂર રહેવું, કષાયો ઓછી કરવી, આવી જો ભાવના થતી હોય તો તે ભવિષ્યમાં ભવસાગરને તરી જવાની આગાહી સૂચવે છે.

બંધુઓ ! વિશ્વમાં શ્રેષ્ઠ જિનશાસન મળ્યું, ઉચ્ચ મનુષ્યભવ મળ્યો એની તમને કિંમત છે ખરી ? હું તમને પૂછું છું કે તમને કોઈ સારી દલાલી આપે એવા શેઠ મળી જાય તો એની તમારે મન કેટલી બધી કિંમત હોય છે ! એ શેઠનું તમે કેટલું સન્માન કરો છો ? એનો કેટલો બધો ઉપકાર માનો છો ? કારણ કે ત્યાં તમે સમજો છે કે આ શેઠનો સારી રીતે સત્કાર સન્માન કરીશ તો શેઠ મારા ઉપર રાજી રહેશે ને મને સારી દલાલી મળશે, અને હું ધનવાન બની જઈશ. આવી રીતે તમને જો જિનશાસન મળ્યું છે તેની કિંમત હોય તો જિનશાસને બતાવેલા તરવાના સાધનોની કેટલી સરભરા ને સાધના થાય ? એનું કેટલું બહુમાન કરાય ? તમને ખબર છે ને કે એનો સત્કાર, સન્માન અને સાધના કરવાથી મારા કર્મો ખપી જશે અને વધારામાં પુણ્યની પુંજી લેગી થશે ને ભવિષ્યમાં ભવસાગર સહેલાઈથી તરી શકાશે.

જેમણે જન્મ લીધો છે તેમને એક દિવસ મરવાનું તો છે જ, પણ આપણે મરીને નરક, તિર્યંચ આદિ દુર્ગતિમાં જવું નથી. બોલો, આમાંથી કોઈને નરક કે તિર્યંચગતિમાં જવાની ઈચ્છા છે ? " ના, " સ્વપ્નમાં પણ દુર્ગતિના દર્શન ગમતા નથી. જો તમને દુર્ગતિ સ્વપ્ને પણ ગમતી નથી તો એ દુર્ગતિમાં લઈ જનારા ભવસાગરમાં ડૂબાડનારા સાધનોને પણ છોડવા પડશે અને સદ્ગતિમાં લઈ જનારા-તારનારા સાધનોની આરાધના કરવી પડશે. આ માટે તમે ઘરમાં એક બોર્ડ લગાવી રાખો ને એનું હેડિંગ મોટા અક્ષરે લખો કે " ડૂબવાના સાધન, તરવાના સાધન. " આવું હેડિંગ આપીને ડૂબવાના સાધન લખ્યું છે તેની નીચે ડૂબવાના સાધનોનાં નામ લખો અને તરવાના સાધન લખ્યું છે તેની નીચે

તરવાના સાધનોના નામ લખો. આ બોર્ડ એવી જગ્યાએ લટકાવો કે જ્યાં તમારી દૃષ્ટિ વારંવાર જતી હોય ત્યાં નજર પડશે એટલે તરત ખ્યાલ આવશે કે હું શું કરી રહ્યો છું ? મારે ભવસાગર તરવો છે માટે ડૂબવાના સાધનોની ઉપાસના છોડીને તરવાના સાધનોની ઉપાસના કરું.

જેઓ આ ભવમાં ભવસાગર તરવાના છે અને અનેક જીવોને ભવસાગર તરવાનો રાહ બતાવવાના છે એવા ભાવિના નેમનાથ ભગવાન અત્યારે નેમકુમાર વરરાજા બનીને પરણવા માટે જાનના નાયક બનીને આવ્યા છે. તેઓ તોરણદ્વારે જઈ રહ્યા છે. આ તરફ રાજેમતીનું જમણું અંગ ફરકવાથી તેના મનમાં શંકા થાય છે કે તોરણે આવેલા નેમકુમાર મને પરણ્યા વિના પાછા તો નહિ ફરે ને ? આ અપશુકનનું પરિણામ શું આવશે ? ઘણી વાર જેવું બનવાનું હોય છે તેના પડઘા પહેલાથી પડે છે. તમને અનુભવ હશે કે ઘણીવાર સારું બનવાનું હોય ત્યારે આપણું હૈયું હર્ષથી ઉભરાઈ જાય છે અને ખરાબ થવાનું હોય છે ત્યારે ઊંડે ઊંડેથી જીવ બળતો હોય છે. અમુક દિશામાં વાદળી ચઢી આવે છે ત્યારે ખેડૂત વિચાર કરે છે કે આજે ધોધમાર વરસાદ આવશે અને અમુક દિશામાં ઘમઘોર વાદળી ચઢી આવે ત્યારે વિચાર કરે છે કે ગમે તેટલી વાદળી ભલે ચઢી આવી પણ વરસાદ પડવાનો નથી. એવી રીતે અહીં રાજેમતીનું જમણું અંગ ફરકવાથી એના આનંદના રંગમાં ભંગ પડી ગયો. એના અંતરમાં ઊંડો ફાસકો પડ્યો કે નક્કી આજે મને અપશુકન થશે.

નેમકુમાર પશુ-પક્ષીઓને પૂરેલા વાડા પાસે આવ્યા અને પશુ-પક્ષીઓની કારમી કીકીયારીઓ સાંભળતાં તેમનું દિલ દ્રવી ઉઠ્યું. એમણે આ કરૂણ દૃશ્ય જોઈને સારથીને પૂછ્યું હે સારથી ! આ બધા નિર્દોષ અને સુખના અભિલાષી પ્રાણીઓને શા માટે વાડામાં પૂર્યા છે ? એમની સ્વતંત્રતા શા માટે લૂંટી લીધી છે ? નેમકુમારની કરૂણા તો જુઓ. આજે માનવ માનવની દયા કરે, માણસની ખબર લે પણ કંઈ પશુ-પક્ષીઓની ખબર લેતા નથી. જ્યારે આ તો પશુ-પક્ષીઓની ખબર લે છે. કરૂણાવંત નેમકુમારના કાને પશુઓનો પોકાર સંભળાયો, અને વાડામાં પૂરેલા નજરે જોયા એટલે સારથીને પૂછ્યું. હવે સારથી તો જેવું હોય તેવું સત્ય જ કહે ને ? સારથીને ખબર નથી કે હું સાચો જવાબ આપીશ તો એનું પરિણામ શું આવશે ? નેમકુમારના પ્રશ્નના જવાબમાં સારથી કહે છે.

अह सारही तओ भणइ, एए भद्दाउ पाणिणो ।
तुज्झ विवाह कज्जम्मि, भोयावेउं बहु जणं ॥१७॥

હે નેમકુમાર ! આ બધા નિર્દોષ પ્રાણીઓને આપના વિવાહમાં આવેલા માણસોમાં જે માંસાહારી છે તેમના ભોજન માટે પશુઓને વાડામાં અને પક્ષીઓને પાંજરામાં પૂરેલ

છે. નેમકુમાર કરૂણાવંત છે. "જીવો અને જીવવા દો" આ આદર્શ જગતના સમસ્ત જીવોને સમજાવવો હતો. તેઓ પોતાનું એકનું સુખ જોતા ન હતા પણ બધા જીવોને કેમ સુખી બનાવું તેની તેમની સદ્‌ભાવના હતી. કોઈના માટે આપણે સારી ભાવના રાખીએ તો બીજાની પણ આપણા પ્રત્યે સારી ભાવના રહે છે અને આપણે કોઈના માટે ખરાબ ભાવના રાખીએ તો આપણું પોતાનું ખરાબ થાય છે. એક લૌકિક દૃષ્ટાંત આપીને સમજાવું.

એક વખત ભસ્માસુર નામનો રાક્ષસ શંકરજી પાસે આવ્યો. આ સમયે શંકરજી એમની સ્ત્રીઓ સાથે આનંદ કિલ્લોલ કરી રહ્યા હતા. ભસ્માસુર શંકરજી પાસે આવીને તેમને ઢળીઢળીને પગે લાગ્યો, અને બે હાથ જોડી શંકરજીની સ્તુતિ કરવા લાગ્યો. આ જોઈને ભલા ને ભોળા શંકરજીના મનમાં થયું કે શું આની મારા પ્રત્યેની ભક્તિ છે! એમને ખબર નથી કે ભસ્માસુરની ભક્તિ શુદ્ધ છે કે અશુદ્ધ? ઘણાં માણસો એવા હોય છે કે કોઈની પાસેથી સ્વાર્થ સાધવો હોય ત્યારે મીઠું મીઠું બોલીને સામ ને પોતાના બનાવી દે અને પોતાનાથી કંઈ જુદાઈ છે જ નહિ એવી રીતે વર્તન કરે, એટલે સામાના મનમાં એવી છાપ પડે કે આ કેટલો સજ્જન છે! કેવો પવિત્ર છે! એને મારા પ્રત્યે કેટલો પ્રેમ છે! મીઠું બોલી પ્રેમ બતાવીને પોતાનો સ્વાર્થ સાધે છે. આ રીતે બાહ્ય પ્રેમ બતાવતાં ભસ્માસુર પણ શંકરની અત્યંત નમ્રભાવે ભક્તિ કરવા લાગ્યો. વારંવાર એમને પગે પડવા લાગ્યો, પણ એનું નમન કેવું હતું? કહેવત છે ને કે

નમન નમનમેં ફેર હૈ, બહોત નમે નાદાન
દગલબાજ દોહા નમે, નમે ગરજવાન.

ભસ્માસુરનું નમવું, બોલવું, ચાલવું અને એની ભક્તિભાવ જોઈને શંકર તો એના ઉપર પ્રસન્ન થઈ ગયા ને બોલી ઉઠયા કે માંગ....માંગ....માંગે તે આપું. શંકરજી ભસ્માસુરની ભક્તિથી પ્રસન્ન થયા ને વચન માંગવાનું કહ્યું પણ વિચાર ન કર્યો કે આ જાતિનો રાક્ષસ છે. એ શું માંગશે? અને એને વચન આપવાથી કેવું નુકશાન થશે? ભસ્માસુરે કહ્યું– શંકરજી! આપ મારા ઉપર પ્રસન્ન થયા છો તો મને એવું વરદાન આપો કે હું જેના માથે હાથ મૂકું તે બળીને ભસ્મ થઈ જાય. શંકરજીએ કહ્યું–"તથાસ્તુ". મહાનપુરૂષો કહે છે કે તમે કોઈ પણ કાર્ય કરતાં પહેલા ખૂબ વિચાર કરો. કોઈને આશીર્વાદ આપવા કે જ્ઞાન આપવું તે પાત્ર જોઈને આપવું જોઈએ. જેમ સર્પને દુધ પીવડાવવાથી ઝેર જ વધવાનું છે તેમ દુષ્ટ પ્રકૃતિના માનવીને ગમે તેટલું કરો તો તે સુધરતો નથી.

શંકરજીએ ભસ્માસુરની ભક્તિને વશ થઈને આગળપાછળનો વિચાર કર્યા વિના વરદાન આપ્યું. જેવું વરદાન આપ્યું તેવો જ ભસ્માસુરે શંકરના માથે હાથ મૂકયો. શંકરે કહ્યું– અરે! મેં તને વરદાન આપ્યું એટલે તું સૌથી પહેલાં મને જ બાળવા ઉઠયો?

ભસ્માસુરની શંકર પ્રત્યે કયાં સાચી ભક્તિ હતી! એ તો શક્તિ મેળવવા માટેની જ ભક્તિ હતી. શંકરના શરીરમાં આગ ઉઠી એટલે એ તો ત્યાંથી ભાગ્યા ને કૃષ્ણજી પાસે આવ્યા. કૃષ્ણજીએ પૂછયું–શંકરજી! આજે આપ ગભરાતા ગભરાતા અચાનક કેમ આવ્યા? શંકર કહે મને જલ્દી સંતાડી દો. હું બળી જાઉં છું. કૃષ્ણે પૂછયું પણ છે શું? તમને આ દુનિયામાં બાળનાર વળી કોણ છે! શંકરે કૃષ્ણને બધી વાત કરી એટલે કૃષ્ણે કહ્યું, પણ તમે એ ભસ્માસુરને વરદાન આપતાં કંઈ વિચાર ન કર્યો! એ રાક્ષસની જાતિને આવું વરદાન અપાય? આજે તમને બાળવા ઉઠયો છે, કાલે આખી દુનિયાને બાળી મૂકશે. હવે તો તમારે બળવું જ પડશે. વરદાન પાત્રતા જોઈને આપવું જોઈએ. શંકર કહે છે જે થયું તે થયું પણ હમણાં મને બચાવો. પેલો ભસ્માસુર હમણાં જ આવશે.

કૃષ્ણજીએ શંકરને સંતાડી દીધા. ત્યાં ભસ્માસુર આવી પહોંચ્યો. આ વખતે કૃષ્ણ મહારાજાએ સ્ત્રીનું રૂપ બનાવ્યું. હાથે પગે ઘૂઘરા બાંધ્યા ને સુંદર નૃત્ય કરવા લાગ્યા. સ્ત્રીનું રૂપ, એનું સંગીત અને નૃત્યકળા આ બધું જોઈને ભસ્માસુર તો ખુશ ખુશ થઈ ગયા. અહો! આવી રૂપાળી સ્ત્રી મને મળે તો કેવું સારું! શંકર પાસેથી વરદાન મેળવીને ભસ્માસુર માનતો હતો કે દુનિયાની તમામ શક્તિ મને મળી ગઈ છે. હું જ શંકર છું એમ માનીને નૃત્ય કરતી સ્ત્રીને કહે છે હું તારા ઉપર ખૂબ પ્રસન્ન થયો છું. "તું માંગે તે વરદાન આપું", એટલે સ્ત્રીના રૂપમાં રહેલા કૃષ્ણે કહ્યું–જો તમે મારા ઉપર પ્રસન્ન થયા હો તો તમને શંકરે જે શક્તિ આપી છે તે મને આપી દો. પરણવાની લાલચે ભસ્માસુરે કહ્યું–ભલે, એ શક્તિ તમને મળી જાઓ. એ બોલ્યો એટલે તરત કૃષ્ણે પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કરીને ભસ્માસુરના માથે હાથ મૂકયો તેથી એ બળવા લાગ્યો. બૂમાબૂમ કરવા લાગ્યો કે મને બચાવો....બચાવો. કૃષ્ણે કહ્યું હું તને બચાવીશ નહિ તારા જેવા ક્રૂર રાક્ષસને આવી શક્તિ આપવાથી ભયંકર અનર્થ સર્જાઈ જશે. તું જીવતો હોઈશ તો અનેકના પ્રાણ લઈશ. તેના કરતાં તું એક ભલે બળી જાય. અંતે ભસ્માસુર બળી ગયો. ટૂંકમાં પોતાની ભાવના મલીન હોય તો તેનું ફળ મલીન મળે છે. બીજાનું અહિત કરવા જતાં પહેલાં પોતાનું જ અહિત થઈ જાય છે.

નેમકુમારની ભાવના પવિત્ર હતી. તેઓ સર્વ જીવોનું હિત ચાહતા હતા. સારથીએ કહ્યું–નેમકુમાર! આ બધા પ્રાણીઓને તમારા લગ્નમાં આવેલા જે માંસાહારી યાદવો છે તેમને માટે તેમજ બીજા રાજાઓ માટે ભોજન બનાવીને જમાડવા માટે આ પાંજરામાં પૂર્યા છે. જ્યાં એક કીડીનો પ્રાણ દુભાય તો પોતાનું દિલ ઘવાઈ જાય એવા નેમકુમાર આટલા બધા પ્રાણીઓની હિંસા કેમ થવા દે? એમના હૃદયમાં કંપારી છૂટી ગઇ. ત્યાં સારથી કહે છે ઓ દયાળુ નેમકુમાર! આ પશુઓ કાળી કીકીયારીઓ કરીને કહે છે હે કરૂણાવંત નેમકુમાર! અમને બચાવો. અમારું રક્ષણ કરો.

મૂંગા પશુડાઓ પોકાર કરતા, પ્રાણ બચાવો નેમને વિનવતા,
પોકાર સુણીને કરે વિચાર, લગ્ન કાજે ઘોર હિંસા થાય....પ્યારા

પશુ પક્ષીઓ એમની ભાષામાં વિલાપ કરતા પોકાર કરે છે કે હે નેમકુમાર ! અમને બચાવો. અમારું રક્ષણ કરો. એમ આજીજી કરી રહ્યા છે. આ સાંભળી નેમકુમાર વિચાર કરવા લાગ્યા કે અહો ! આ બિચારા ભલા ને ભોળા નિર્દોષ પ્રાણીઓને શું મારા લગ્નના કારણે એકઠા કરવામાં આવ્યા છે ? એમનો વધ કરીને મારા લગ્નપ્રસંગમાં લોકોને તેમનું માંસનું ભોજન કરાવવામાં આવશે ! આ નિર્દોષ પ્રાણીઓ મરણના ભયથી કેવા દુઃખી થઈ રહ્યા છે ! જંગલમાં ઘાસ ચરીને નિર્વાહ કરનાર પશુઓ અને ફળ ખાઈને જીવનાર પક્ષીઓ જે બિચારા કોઇનું અહિત કરતા નથી. એવા નિર્દોષ જીવોનો સંહાર મારા લગ્નના કારણે થશે ? આ વિચારે તેમનું હૃદય ખળભળી ઉઠ્યું.

દેવાનુપ્રિયો ! નેમકુમારના અંતરમાં કેવી કરૂણા ઉત્પન્ન થઈ છે ! તમારા દિલમાં પ્રાણી માત્ર પ્રત્યે આવી કરૂણા છે ? આજે મૂંગા પ્રાણીઓનો પોકાર સાંભળનાર કોણ છે ? કોઈ માણસનો એકસીડન્ટ થયો હોય તો હજારો માણસો ભેગા થશે, એના માટે ઉપચારો થશે ને સરકારમાં ફરિયાદ પણ થશે પણ આવા મૂંગા પ્રાણીઓને માટે કોઇના દિલમાં દયા છે ? દેવનારના કતલખાનામાં રોજના હજારો જીવોની કરૂણ રીતે કતલ થાય છે. એની કહાની વાંચતા ને સાંભળતાં આંખમાં આંસુ આવી જાય છે. એ જીવોને કેટલું કષ્ટ પડતું હશે ! એ જીવો કેવો પોકાર કરતા હશે ! પણ કોઈ એમનો પોકાર સાંભળનાર છે !

નેમકુમારે પશુઓનો પોકાર સાંભળ્યો. તેમણે વિચાર કર્યો કે જો મારા લગ્નના નિમિત્તે આટલા બધા જીવોને વાડા અને પાંજરાના બંધનમાં પૂરાવું પડે, એમનો સંહાર થઈ જાય એના કરતા મારા લગ્ન ન થાય તો કેવું સારું ! મારા લગ્ન જ આ બધા જીવોના મરણ અને ત્રાસનું કારણ છે ને ! આવા લગ્ન શા માટે કરવા જોઇએ ? આ વાડામાં પૂરાયેલા પશુ-પક્ષીઓની હિંસા નેમકુમાર પોતે કરતા ન હતા, બીજા પાસે કરાવતા ન હતા અને પોતે અનુમોદના પણ આપતા ન હતા, છતાં એમણે એવો વિચાર ન કર્યો કે હું કયાં માંસ ખાઉં છું, મારી જાનમાં આવનારા માટે મેં કયાં માંસનું ભોજન બનાવવાનું કહ્યું છે, મારી કોઈ એમાં અનુમોદના નથી એટલે મને કયાં પાપ લાગવાનું છે ? પણ પોતે એક જ વિચાર કર્યો કે ભલે મારી મનથી, વચનથી કે કાયાથી કોઈ પણ રીતે અનુમોદના આ હિંસાયુક્ત કાર્યમાં નથી પણ નિમિત્ત તો મારું જ છે ને નેમકુમારની જાનમાં આવેલા માણસોને ભોજન જમાડવા માટે પશુઓનો વધ કરવાનો છે. આજના માણસો આવો વિચાર નથી કરતા. એ તો આવી બાબતોમાં આંખ આડા કાન કરે છે ને કહે છે કે અમે વસ્તુનો ઉપભોગ કરીએ પણ અમે અમારી જાતે કાંઈ ન કરીએ એટલે અમને પાપ નહિ લાગે, પછી ભલે કોઇ પણ પાપના કાર્યમાં પોતાની પ્રત્યક્ષ રીતે કે

પરોક્ષ રીતે પ્રેરણા કેમ ન હોય! અથવા તે પાપનું કાર્ય તેમના માટે જ કરવામાં કેમ ન આવ્યું હોય! છતાં તેઓ પોતાને તે પાપના કાર્યથી મુક્ત માને છે. દા.ત. ચીનમાં માંસ વેચનારાઓની દુકાનો ઉપર બોર્ડ લગાવેલું હોય છે કે "વિશ્વાસ રાખો. આ જીવ આપના માટે મારવામાં આવ્યા નથી." આવું બોર્ડ લાગેલું હોવાથી ત્યાંના બૌદ્ધો માંસ ખરીદીને ખાય છે ને પોતાને પાપથી મુક્ત અને અહિંસક માને છે. તેઓ એમ વિચારતા નથી કે અમે માંસ ન ખરીદીએ તો કોઈ પણ જીવને શા માટે મારવામાં આવે? અમે માંસ ખરીદીએ છીએ માટે માંસ વેચનારાઓ જીવોને મારે છે. આવી સ્થિતિમાં તેમને પાપમુક્ત કેવી રીતે કહી શકાય?

અહીં તો સારથીનો જવાબ સાંભળીને નેમકુમારના હૈયામાં આઘાત લાગ્યો કે શું મારા લગ્ન નિમિત્તે આટલા બધા જીવોની ઘાત! આ ભયંકર મહાન પાપમાં નિમિત્ત તો હું જ છું ને? કોઈ જીવોના પ્રાણ લુંટવાનો કોઈને હક્ક નથી. દુનિયામાં સર્વ પ્રાણીઓને પોતાનું જીવન વહાલું છે, માટે મારા નિમિત્તે આ ઘોર પ્રાણીવધ ન થવો જોઈએ.

सोउणं तस्स वयणं, बहुपाणि विणासणं।
चिन्तेई से महापन्ने, साणुक्कोसे जिए उ ॥१८॥

"તમારા લગ્ન નિમિત્તે આટલા જીવોનો વિનાશ થશે." આવા સારથીના વચન સાંભળીને સર્વ જીવો ઉપર અનુકંપા ધરાવનાર બુદ્ધિમાન નેમકુમાર ખૂબ વિચારમાં પડી ગયા.

સારથીના એ વચનો સુણીને, નેમકુમાર મનમાંહી વિચારે,
હજારો જીવના પ્રાણ લુંટાશે, એવા લગ્ન કેમ થાય રે.

નેમકુમાર તો મહાજ્ઞાની છે, પણ અજ્ઞાની જીવોને હિંસાથી દૂર હટાવીને અહિંસાનું સ્વરૂપ સમજાવવા માટે જ આ કાર્ય કર્યું છે. તેઓ સારથીના વચનો સાંભળીને વિચાર કરવા લાગ્યા કે આ બધા પશુઓ સંજ્ઞી છે, મનવાળા છે, એટલે તેઓ મરણના ડરથી ભયભીત બની ગયા છે. એમના દશ પ્રાણમાંથી એક પણ પ્રાણને દુભાવવાનો મને હક્ક નથી તો એમની ક્રૂર કતલ કરાવી શું હું લગ્ન કરું ખરો? આવા લગ્ન મારે ન જોઈએ. મારો હાથી આ જીવોને રડતા મૂકીને આગળ નહીં વધી શકે. નેમકુમારે પોતાનો હાથી ત્યાં જ થોભાવી દીધો. મહાન પુરૂષોની દૃષ્ટિ કેવી પવિત્ર છે! ને આપણી દૃષ્ટિ કેવી છે તેનો વિચાર કરજો. જીવનમાં જ્યારે આવા પ્રસંગ આવે છે ત્યારે આપણે એવો વિચાર કરીએ છીએ કે બીજાનું જે થવું હોય તે ભલે થાય પણ મારું સારું થાય તેમ કરો. જ્યારે મહાન પુરૂષો એમ વિચાર કરે છે કે મારું જેવું હોય તે થાય પણ બીજા જીવોને મારા નિમિત્તે કષ્ટ

ન પડવું જોઈએ. જો બીજાનું હિત થતું હોય તો મહાનપુરૂષો પોતે નમતું મૂકી દે છે ત્યારે આપણે તો બીજાનું ગમે તે થાય પણ સહેજ પણ નમતું મૂકવા તૈયાર થતા નથી.

ઘણાં વખત પહેલા બનેલો એક પસંગ છે. બાલસિંહજી રાજાનું રાજ્ય હતું. તે સમયમાં મહારાજાઓ અને મહાજનનું વિશેષ મહત્વ હતું. એક વખત વૈશાખ મહિનામાં લગ્નગાળો આવ્યો. આખા ગામમાં ઠેરઠેર લગ્નના વાજા વાગવા લાગ્યા. એ સમયમાં શેઠ અને શાહ બંને ખાનદાન અને સંપત્તિશાળી કુટુંબ વસતા હતા. બંને કુટુંબમાં દીકરાના લગ્ન હતા. શેઠ અને શાહુ બંનેના એકના એક દીકરાના લગ્ન હતા. બંનેના લગ્નનો દિવસ એક જ આવ્યો. બંનેના વરઘોડાના સમય પણ એક આવ્યો. બંને કુટુંબ વૈભવ અને સંપત્તિથી છલકતા છે એટલે પાણીની જેમ પૈસા વાપરવાના હતા. ઘણાં દિવસ અગાઉથી બંને કુટુંબમાં લગ્નની તૈયારીઓ થવા લાગી. ધામધૂમ ને ધમાલ ચાલે છે. આમ કરતા લગ્નનો દિવસ આવી ગયો.

શેઠના પુત્રનો અને શાહના પુત્રનો બંનેના વરઘોડા પોતાને ઘેરથી ચઢયા અને જુદે જુદે રસ્તેથી રવાના થયા પણ યોગાનુયોગ બંનેના વરઘોડા એક રાજમાર્ગ ઉપર સામસામા ભેગા થઈ ગયા. રાજમાર્ગ તો ઘણો વિશાળ હતો પણ બંને વરઘોડામાં જોડાયેલા વિશાળ સાજન અને મહાજને વિશાળ રાજમાર્ગને સાંકડો બનાવી દીધો હતો. આ બંને વરઘોડા સામાસામી થઈ ગયા. એટલે પરિસ્થિતિ એવી સર્જાઈ ગઈ કે એમાંથી એક વરઘોડો પાછો ફરે તો જ બીજો વરઘોડો આગળ વધી શકે તેમ હતો. લોકો વિચાર કરવા લાગ્યા કે બંને બળિયા કુટુંબ છે. હવે એમાંથી કોનો વરઘોડો પાછો ફરે છે તે એક પ્રશ્ન છે. ઘણી વાર થઈ પણ કોઈ પાછા હઠતા નથી. ઘોડા પણ અકળાઈ ગયા ને માણસો પણ અકળાઈ ગયા ને થાકી ગયા ત્યારે શાહે ગૌરવથી કહ્યું–શેઠ ! અમને માર્ગ કરી આપવો તે તમારી ફરજ છે. મને વિશ્વાસ છે કે તમે અમને માર્ગ કરી આપશો. શાહના ગૌરવભર્યા શબ્દો સાંભળીને શેઠે ગુસ્સાથી રોકડો જવાબ આપી દીધો કે મારી ફરજ તમને માર્ગ કરી આપવાની છે તો શું તમારી ફરજ મારા માથે ચઢી બેસવાની છે? ફરજના બહાને તમે મને પાછો હઠાવવા માંગતા હો તો હું એક કદમ પણ પીછે હઠ નહિ કરું.

અહીં તો નાની વાતની ચિનગારીમાંથી વાદનો દાવાનળ ભભૂકી ઉઠયો, અને વાતાવરણ એવું તંગ બની ગયું કે હવે તો બંને પક્ષમાંથી એક પણ પક્ષ તસુભર પાછા નહિ હઠવાના મક્કમ નિર્ણય પર આવી ગયા. ડાહ્યા અને સજ્જન માણસો વચ્ચે પડયા કે એમાંથી ગમે તે એકને પાછા હઠવું જ પડશે. આ વાદાવાદીમાં તો લગ્નનું મુહુર્ત પણ વીતી જશે. આપ લગ્નમાં વિઘ્ન શા માટે નાખી રહ્યા છો ? પણ અભિમાનની આંધી એવી ભયંકર હતી કે સજ્જન પુરૂષોની વાત પણ હવામાં ઉડી ગઈ. બંને પક્ષની પરિસ્થિતિ જોઈને સજ્જન પુરૂષોએ વિચાર કર્યો કે આ વાતનો ઉકેલ કરવા માટે રાજા પાસે ગયા વિના કામ નહિ ચાલે. એમ સમજી ડાહ્યા પુરૂષો બાલસિંહજી મહારાજા પાસે પહોંચી ગયા. મહારાજાએ બંને પક્ષની વાત સાંભળી ખરી પણ મનમાં વિચાર કર્યો કે આ તો

વણિયાની વાત છે. એમાં મારું કામ નહિ. એ કામ મહાજનને સોંપું. એમ સમજીને મહારાજાએ છટકી જવા માટે કહ્યું આ પ્રશ્ન તો સમાજનો છે માટે આનો ઉકેલ મહાજન કરશે. મહાજન જે ન્યાય કરશે તે બરાબર કરશે. ઘણીવાર જે કાર્ય મહાજન કરી શકે છે તે હું નથી કરી શકતો, માટે આ કાર્ય મહાજનને સોંપી દો.

આ પ્રશ્ન મહાજન સમક્ષ ખડો કરવામાં આવ્યો. મહાજને વિચાર કરીને કહ્યું શેઠ અને શાહ બંને શ્રીમંત ભલે રહ્યા. અમારે મન બંને સરખા છે. જે પારેવાને માટે વધારે મણ જુવાર આપે એનો વરઘોડો આગેકૂચ કરી શકશે. બોલો, મહાજનની વાત તમને માન્ય છે? બંને પક્ષને મહાજનની વાતનો સ્વીકાર કર્યે જ છૂટકો હતો. બંને પક્ષે વાત કબૂલ કરી ને શેઠે શરૂઆત કરી ૧૦૦ મણ, એટલે શાહે કહ્યું બસોમણ, શેઠ કહે ૩૦૦ મણ, શાહે કહ્યું ૪૦૦ મણ, શેઠ કહે પાંચસોમણ, એમ રસાકસી બરાબર જામી. બંનેની હરિફાઈ વચ્ચે પારેવાના ભાગ્ય ખુલી ગયા. જોતજોતામાં ત્રણ હજાર મણ સુધી વાત પહોંચી ગઈ. છેલ્લે શાહે બત્રીસો મણનો ધડાકો કર્યો. શેઠે વિચાર કર્યો કે ભલે શાહ લઈ જાય. એટલે શેઠે વરઘોડો સહેજ બાજુમાં વાળી દીધો. સમજાણું ને હરીફાઇ કેવી થઇ ને કોણે કરાવી! ટૂંકમાં આવા દૃષ્ટાંતથી આપણે તો એક વાત સમજવાની છે કે માન કેવું ભયંકર છે!

આજથી આયંબીલની ઓળીના માંગલિક દિવસોની શરૂઆત થાય છે. આયંબીલની ઓળીનું ઘણું મહત્વ છે. આયંબીલ તપ કરવાથી ભયંકરમાં ભયંકર રોગ મટી જાય છે. તે માટે આપણા જૈન ધર્મમાં શ્રીપાળ રાજાનું જવલંત દૃષ્ટાંત છે.

આવી આયંબીલની ઓળી, લાવી નવલા સંદેશા લાવી,
શ્રી નવપદજીને આરાધીએ, ભક્તિ ભાવના ભાવી-આવી
કર્મના કારણે થયા કોઢિયા, શ્રીપાળ રાજા સલુણા,
નવપદની આરાધના કીધી, આયંબીલ કીધા અલૂણા,
તપના પુણ્ય પ્રભાવે કોઢનો રોગ દીધો રે મિટાવી.....આવી

આયંબીલ તપની આરાધના કરવાથી શ્રીપાળ રાજા સહિત ૭૦૦ કોઢીયાઓનો ભયંકર કોઢ રોગ મટી ગયો. (શ્રીપાળ રાજા કોણ હતા, તેમને કોઢ રોગ કેવી રીતે થયો, એ કોઢીયાની અવસ્થામાં મયણાસુંદરીના લગ્ન તેમની સાથે કેમ થયા અને સંતનો સમાગમ થતાં કેવી રીતે આયંબીલ તપની આરાધના કરી ને રોગ મટયો તેનું પૂ. મહાસતીજીએ ખૂબ વિસ્તૃત વર્ણન કર્યું હતું.) આજે સુરત સંઘ મલાડ સંઘને આંગણે પૂ. મહાસતીજીને ચાતુર્માસની વિનંતી કરવા તથા દર્શન કરવા આવેલ છે. સમય થયો છે. વધુ ભાવ અવસરે.

ચારિત્ર :- ચંપકમાલા સામાન્ય સ્ત્રી ન હતી. સાચી ક્ષત્રિયાણી હતી. એણે કહ્યું- સ્વામીનાથ! આપણે બંને જણા સામનો કરીએ. તમે સિંહનો સામનો કરો ને હું સિંહણનો

કરીશ. ત્યાં સિંહ અને સિંહણ ગર્જના કરતા સામે આવ્યા. સિંહ ઉછળીને જિનસેનકુમારને પંજામાં લેવા આવ્યો ત્યારે જિનસેન કહે છે.

રે વનચર સબકો દુઃખદાયી, દીનો પંથ બીગાર,
અબ સંભાલ નહિ ભાગ સકેગા, લેઉં તુઝે ડકાર.

હે વનરાજ કેશરી! તેં ઘણાં માણસોને ફાડી ખાધા છે, ઘણાંનો શિકાર કર્યો છે ને લોકોને હેરાન પરેશાન કરી રહ્યો છે, પણ હવે તું મને નહિ મારી શકે. હું પણ તારા જેવો પરાક્રમી છું. મારા પંજામાંથી તને છટકવા નહિ દઉં. તું સાવધાન બની જા. પ્રાણીઓને પણ સંજ્ઞા હોય ને! સિંહ જિનસેનકુમારનું ઉગ્ર સ્વરૂપ જોઈને વિચાર કરવા લાગ્યો કે આ કોઈ બળવાન માણસ છે. અત્યાર સુધીમાં જેટલા માણસોને મેં માર્યા તે બધા તો મને જોઈને ભયથી ધ્રૂજી ઉઠતા, ત્યારે આ તો મારી સામે પડકાર કરે છે. એ મારાથી બિલકુલ ડરતો કે ગભરાતો નથી. આમ વિચારીને સિંહે જિનસેનકુમારને મારવા માટે પંજો ઉગામ્યો એટલે જિનસેનકુમારે પણ સાવધાન બનીને તીર ખેંચ્યું ને એવું નિશાન તાકીને તીર છોડ્યું કે સીધું સિંહના પેટમાં વાગ્યું, તેથી સિંહ તરફડતો જમીન ઉપર ઢળી પડ્યો. ચંપકમાલા એના પતિનું પરાક્રમ જોઈને ઘડીભર સ્થિર થઈ ગઈ. શું મારા પતિનું શૌર્ય છે! શું એમની હિંમત ને પરાક્રમ છે! જિનસેને કહ્યું ચંપકમાલા! આ સિંહણ તારા ઉપર તરાપ મારવા આવી છે. તું શું જોઈ રહી છે? સજાગ બન, એટલે ચંપકમાલાએ પણ ધનુષ્ય ઉપર બાણ ચઢાવ્યું અને એવું તીર છોડ્યું કે સિંહણના મસ્તકમાં વાગ્યું, તેથી એ પણ તમ્મર ખાઈને નીચે પડી ગઈ. ચંપકમાલાનું પરાક્રમ જોઈને જિનસેન ખુશ થઈ ગયો. તે બોલી ઉઠ્યો કે હું માનતો હતો કે સ્ત્રીઓ અબળા હોય છે પણ હે ચંપકમાલા! તું ખરેખર અબળા નહિ પણ સબળા છે. તારું પરાક્રમ જોઈને મને આનંદ થયો. આમ એકબીજાની પ્રશંસા કરતા બંને જણા આગળ ચાલ્યા જાય છે. થોડું ચાલ્યા ત્યાં એક મોટું શહેર આવ્યું. આ બંનેને જંગલમાંથી આવતા નગરજનોએ જોયા. એમને જોઈને સૌના મનમાં થયું કે આ બંનેનું લલાટ તેજસ્વી છે, તેથી લાગે છે કે કોઈ પુણ્યવાન આત્માઓ છે.

જિનસેનકુમાર સામે સિંહના ત્રાસનો પ્રજાએ કરેલો પોકાર : નગરજનો સામા આવીને પૂછે છે કે તમો બંને કયા માર્ગેથી આવ્યા? એટલે જિનસેનકુમારે જે માર્ગેથી આવ્યા હતા તે તરફ હાથ કરીને કહ્યું અમે આ ભયંકર અટવીમાંથી આવ્યા છીએ, ત્યારે નગરજનો કહે છે હે પુણ્યવાન! એ જંગલમાં તો ક્રૂર સિંહ અને સિંહણ રહે છે. એ કોઈ પણ માણસને જીવતા જંગલની બહાર નીકળવા દેતા નથી જે આવે છે તેમને ફાડીને ખાઈ જાય છે. એ સિંહ-સિંહણ આ વનમાં આવ્યા ત્યારથી કાળો કેર વર્તાઈ રહ્યો છે. બધા એના ત્રાસથી હેરાન પરેશાન થઈ ગયા છે. સિંહ-સિંહણના ત્રાસથી એ

જંગલમાં કોઇ જઇ શકતું નથી. એ માર્ગે જે લોકોના ખેતર છે તે લોકો ખેતી કર્યા વિના બેકાર થઇ ગયા છે. ઘણાં માણસો એ જંગલમાં થઇને વહેપાર ધંધો કરવા માટે સામે ગામ જતા હતા તે પણ જઇ શકતા નથી. અમારા મહારાજાએ સિંહ-સિંહણને પકડવા માટે ઘણાં ઘણાં પ્રયત્નો કર્યા પણ કોઇ રીતે પકડાતા નથી. એમનો એવો ભયંકર ત્રાસ છે ને તમે એ જંગલમાંથી કેવી રીતે આવ્યા ?

જિનસેનકુમારે કહ્યું-હવે તમે બધા ડરશો નહિ. અમે એ સિંહ-સિંહણને મારી નાંખીને આવ્યા છીએ. જો તમને મારી વાત સાચી માનવામાં ન આવતી હોય તો જાતે જઈને ખાત્રી કરી આવો. જંગલમાં સિંહ સિંહણના કલેવર પડ્યા છે. લોકો કહે છે આપ અસત્ય બોલો તેમ નથી, અને એ જીવતા હોય તો તમે આવો જ કેવી રીતે ? છતાં કંઈક લોકો ખાત્રી કરવા માટે જંગલમાં ગયા. સિંહ-સિંહણને મરેલા જોઇ હર્ષભેર દોડતા આવ્યા ને જિનસેનકુમાર અને ચંપકમાલાને કહ્યું-ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય અમારા કે આપના જેવા પુણ્યવાન આત્માઓ અમારા નગરમાં પધાર્યા. અમે હજાર જીભો ભેગી કરીને આપના ગુણ ગાઈએ તો પણ પૂરા થાય તેમ નથી. અમે આપને શું આપીએ ? આપને માટે શું કરીએ ને શું ન કરીએ ! આ વાત આખા નગરમાં વાયુવેગે પહોંચી ગઇ, તેથી આ પવિત્ર આત્માઓના દર્શન કરવા માટે આખા નગરની પ્રજા આવવા લાગી. રાજાને પણ આ વાતની જાણ થતાં જિનસેનકુમાર અને ચંપકમાલા બેઠા હતા ત્યાં આવ્યા અને હાથ જોડીને કહ્યું કે ભાગ્યવાન ! આપ કયાંથી પધાર્યા છો ? આપે સિંહ-સિંહણને કેવી રીતે માર્યા ? એ મારે જાણવું છે, પણ પહેલા આપ મારા મહેલમાં પધારો. હું આપનું સ્વાગત કરું પછી બધી વાત શાંતિથી પૂછીશ, હવે રાજા આ બંનેને કેવી રીતે મહેલમાં લઇ જશે તેના ભાવ અવસરે કહેવાશે.

●

વ્યાખ્યાન નં.-૭૬

આસો સુદ ૮ ને સોમવાર તા. ૯-૧૦-૭૮

અનંતજ્ઞાની જિનેશ્વર ભગવંતો જગતના જીવોને નશ્વરતાનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે આ વિશ્વ વિનશ્વર છે, એની પ્રીત પણ વિનશ્વર છે, પણ વિનશ્વરની પ્રીતમાં અવિનશ્વર આત્મા પોતાની સમગ્ર શક્તિને હોમી દેવા આજે તૈયાર થઈ રહ્યો હોય એવું દેખાય છે. ક્ષણિકતામાં એ અક્ષણિકતાનું દર્શન કરે છે અને અક્ષણિકમાં એ ક્ષણિકતાનું દર્શન કરે છે. આત્મા પોતે અવિનશ્વર હોવા છતાં એ પોતાને વિનશ્વર માને છે, અને આખું જગત નશ્વર હોવા છતાં એને અવિનશ્વર માને છે. આ ભૂલભૂલામણીએ એને ભવવનમાં ભૂલો પાડ્યો છે. ગણિતના આ ગૂંચવાડાએ એને ગોથે ચઢાવ્યો છે. જે સતત

પરિવર્તનશીલ છે, જે પલટા પર પલટો કરે જાય છે એવા જગતના પૌદ્ગલિક વિનશ્વર તત્વોથી તૃપ્ત થવાના આશાના મિનારા આત્માને આ ભયંકર ભૂલ કરાવે છે. નશ્વર એ નશ્વર જ છે. એ કદી અનશ્વર બનનાર નથી, છતાં નશ્વરના નેહમાં અવિનશ્વર એવો આત્મા તણાતો ને તણાતો જ જાય છે.

પોતાની એક નાનકડી રૂમને જોતાં અવિનાશી આત્મા બોલી ઉઠે છે કે આ મારું ઘર છે. પચાસ પંચોત્તેર વર્ષમાં જમીનદોસ્ત થનારી નાનકડી રૂમની માલિકી મળતાં "મારું ઘર....મારું ઘર" કહીને હરખાય છે પણ જ્ઞાની કહે છે કે તું સદાને માટે આ રૂમમાં રહેવા સર્જાયેલો નથી. આ ઘર તારું નથી, તારું અસલી ઘર તો પીસ્તાલીસ લાખ યોજનની સ્ફટિક જેવી શુદ્ધ સિદ્ધશિલા પર આવેલ મોક્ષ છે. નશ્વરનો નેહ કરવો તારા જેવા વિનશ્વર આત્માને ન શોભે. છોડી દે એ નશ્વરનો નેહ, આંખો ખોલીને ઉભો થા અને અસલી સ્વરૂપે જગતનું દર્શન કર, પછી તારો આત્મા બોલી ઉઠશે કે આ જગતમાં કંઈ જ અવિનાશી નથી, બધું જ વિનાશી છે. બધું જ પરિવર્તનશીલ અને એક દિન દગો દેનારું છે. અવિનાશી મારો એક આત્મા છે. નશ્વરનો નેહ જો પ્રભુ સાથેની પ્રીતીને તોડનારો હોય તો ન જોઇએ એ નેહ, ન જોઇએ એની ગુલામી. હવે આજથી અવિનાશી પ્રભુ સાથે પ્રીતનો તાર કાં ન જોડું ! કે જે કદી ન દગો દે, ન તોડ્યો તૂટે, ન છોડ્યો છૂટે.

જગતની દરેક વસ્તુઓ નિત્ય રૂપે જોવા ટેવાયેલી આપણી દૃષ્ટિ જે દિવસે બદલાઈ જશે એ દિવસે પછી બધે જ અનિત્યતાનું દર્શન થશે. બધે જ નશ્વરતાનું ભાન થશે. વસ્તુને નિત્ય સ્વરૂપે જોનારો વસ્તુ પ્રત્યે રાગી બને છે ને વસ્તુને અનિત્ય રૂપે જોનારો વસ્તુ પ્રત્યે વિરાગી બને છે. રાગી સદા રીબાય છે. વસ્તુની હાજરીમાં એના સંરક્ષણની ચિંતામાં સડે છે ને વસ્તુની ગેરહાજરીમાં ફરી એને પ્રાપ્ત કરવાની ચિંતામાં ટળવળે છે. જ્યારે વિરાગી સદાય આનંદી રહે છે. વસ્તુની પ્રાપ્તિ થાય તો એનો સદુપયોગ કરી આનંદ મેળવે છે ને વસ્તુની ગેરહાજરીમાં વસ્તુ માત્ર અનિત્ય એ વાત લક્ષમાં રાખી આનંદ અનુભવે છે. આજે સંસાર આખોય દુઃખી દેખાય છે એનું મુખ્ય કારણ એ છે કે એક જ આંખ લઈને ફરે છે. એની પાસે જગતની તમામ ચીજોને નિત્યરૂપે જોવાની આંખ છે, અનિત્ય રૂપે જોવાની આંખ નથી. મહાપુરૂષો કહે છે કે જગતની તમામ ચીજોમાં જેને અનિત્યતાનું ભાન થઇ જાય છે એ માનવ ચાહે તો મહેલમાં હોય કે જેલમાં હોય, જનમાં હોય કે જંગલમાં હોય, શહેરમાં હોય કે સ્મશાનમાં હોય, બિહામણા કોઈ વનમાં હોય કે ફુલોથી ખીલેલા કોઈ ઉપવનમાં હોય બધે જ એ સુખી, સુખી ને સુખી છે. દુઃખી બનાવનારી કોઇ શક્તિ એની આગળ ટકી શકતી નથી, માટે વસ્તુ માત્રને અનિત્ય રૂપે જુઓ. એના ઉપરનો રાગ ટળી જશે, એને મેળવવાની ઇચ્છા મરી જશે, એની ખાતર ખતમ થઈ જવાની ભાવના મટી જશે, પછી જ્યાં જશો ત્યાં બધે જ સુખ, સુખ અને સુખ દેખાશે.

જેમનો આત્મા સંસારમાં રહેવા છતાં વિરાગી દશામાં રમણતા કરી રહ્યો છે એવા સમુદ્રવિજયના નંદ નેમકુમારનું દિલ રડતાં પશુઓનો પોકાર સાંભળીને પીગળી ગયું છે. આજે મોટા ભાગે સુખી માણસો દુઃખી માણસોના દિલનો પોકાર સાંભળતા નથી ત્યારે નેમકુમારે તો દુઃખી પશુડાઓનો પોકાર સાંભળીને પોતાના હાથીને થંભાવી દીધો. આ તો ભાવિના ભગવાન બનનાર છે.

જ્ઞાતાસૂત્રમાં મેઘકુમારનો અધિકાર આવે છે. એ મેઘકુમાર કેવી રીતે બન્યા? મેઘકુમારનો આત્મા પૂર્વભવમાં હાથી હતો. એણે જંગલમાં ઝાડ પાન સાફ કરીને જગ્યા સ્વચ્છ બનાવી હતી. જ્યારે જંગલમાં ભયંકર દાવાનળ લાગ્યો ત્યારે મરણના ત્રાસથી ભયભીત બનેલા પ્રાણીઓ પોતાનો જીવ બચાવવા માટે હાથીએ બનાવેલા માંડલામાં આવીને ભરાઈ ગયા. બધાને આશ્રય મળ્યો. માત્ર એક સસલું રહી ગયું. એ જગ્યા મેળવવા ફાંફા મારતું હતું. એટલામાં હાથીને ખણજ આવવાથી ખણવા માટે પગ ઉંચો કર્યો, ત્યારે એ જગ્યા ઉપર સસલું આવીને બેસી ગયું. હાથીએ જોયું કે સસલું પોતાના પ્રાણ બચાવવા માટે આવીને બેસી ગયું છે. હવે મારે પગ નીચે કેવી રીતે મૂકવો? હું પગ નીચે મૂકું તો સસલું છુંદાઈ જાય. એ સસલાની દયા ખાતર હાથીએ અઢી દિવસ સુધી પગ ઉંચો રાખ્યો. જ્યારે દાવાનળ શાંત થયો ત્યારે સૌ પ્રાણીઓ પોતાના સ્થાને ચાલ્યા ગયા. સસલાને બચાવવાના હેતુથી અઢી દિવસથી ઉભેલા હાથીને અસહ્ય પીડા થતાં મરણ પામ્યો ને શ્રેણીક મહારાજાનો પુત્ર મેઘકુમાર બન્યો. તિર્યંચના ભવમાં પણ કેટલી અનુકંપા!

આજે માનવીને દુઃખ પડે ત્યારે શાંતિનાથ ભગવાનને યાદ કરે છે કે હે શાંતિનાથ ભગવાન! મારા દુઃખને ટાળજો ને મને શાંતિ કરજો. એ શાંતિના કરનાર શાંતિનાથ ભગવાન કેવી રીતે બન્યા? મેઘરથ રાજાના ભવમાં પોતાના શરણે આવેલા પારેવાની જાનના જોખમે પણ રક્ષા કરી હતી. પારેવું બચાવવા પોતાના હાથ-પગ કાપી નાંખ્યા પણ એવો વિચાર ન કર્યો કે હું મરી જઈશ તો મારી પ્રજાનું શું થશે? ભલે, એક પારેવું મરી જાય. હું જીવતો હોઈશ તો હજારો જીવોનું રક્ષણ કરીશ, એવો વિચાર ન કર્યો. શરણાગતને પહેલા શરણું આપ્યું. એમની પરીક્ષા કરવા માટે દેવ આવ્યો હતો. અંતે દેવ થાકીને ચરણમાં પડી ગયો. કુંકમાં સમ્યકદૃષ્ટિ મહાનપુરૂષો બીજાનું રક્ષણ કરવા માટે પોતાના પ્રાણનું બલીદાન આપતા પાછી પાની કરતા નથી.

નેમકુમારનું દિલ પશુઓનો પોકાર સાંભળીને પીગળી ગયું. સારથીએ કહ્યું કે તમારા લગ્નના કારણે જ આ બધા પશુઓનો વધ થવાનો છે. એ માટે જ આ બધા પશુઓ મરણના ભયથી પોકાર કરી રહ્યા છે. એ એમની ભાષામાં ચીત્કાર કરીને તમને કહી રહ્યા છે કે હે કરૂણાવંત નેમકુમાર! તમે અમને બચાવો. તમે જ અમારા

આધાર છો. તમારા સિવાય અમને કોઇ બચાવે તેમ નથી. આ સાંભળીને નેમકુમારના દિલમાં પશુઓ પ્રત્યે વાત્સલ્યના વહેણ ઉભરાયા. અહો ! આ પશુ-પક્ષીઓની કતલ કરીને શું નેમકુમાર પરણશે ? બીલકુલ નહીં. એ જીવોને રડતા જોઈને જેમ માતાને પોતાના સંતાનો પ્રત્યે વાત્સલ્ય આવે છે એવું વાત્સલ્ય નેમકુમારના અંતરમાં પશુઓ પ્રત્યે આવ્યું. આ દુનિયામાં માતાનું સંતાન પ્રત્યેનું વાત્સલ્ય અલૌકિક હોય છે. ઘણી વાર સંતાનો ભણીગણીને હોંશિયાર થયા પછી મા-બાપની ખબર લે કે ન લે પણ માતા સંતાનને ભૂલતી નથી. કદાચ કોઈ માતાને સંતાન પજવે ત્યારે ક્રોધમાં આવીને માર મારે, ઘરમાંથી કાઢી મૂકે, પણ છેવટે તે જ માતા સંતાનને પંપાળે છે. એક દૃષ્ટાંત આપીને સમજાવું.

એક નાનું ગામ હતું. તેમાં એક સામાન્ય કુટુંબ રહેતું હતું. માતા-પિતા અને એક દીકરો હતો. દીકરાનું નામ રમેશ હતું. રમેશ એક જ દીકરો હોવાથી ખૂબ લાડ કરાવતા. રમેશ પાંચ વર્ષનો થતાં એના પિતાજી પરલોક સીધાવ્યા. રમેશની માતાને ખૂબ આઘાત લાગ્યો. માતા બધી રીતે સદ્‌ગુણી હતી પણ તેનો સ્વભાવ ખૂબ ક્રોધી હતો. દીકરો ખૂબ વિનયવંત છે. માતા દુઃખ વેઠીને રમેશને ભણાવે છે. સમય જતાં રમેશ ભણીને તૈયાર થયો. નોકરી શોધે છે પણ મળતી નથી, તેથી એની માતાને કહે છે બા ! હું બહારગામ જાઉં ? માતાએ ના પાડી તેથી ગામમાં જે નોકરી મળી તે લીધી.

હવે રમેશ યુવાન થતાં તેની માતા રમેશને માટે સારા ઘરની કન્યાઓ જોવા લાગી. થોડા દિવસમાં સારા સંસ્કારી ઘરની કન્યા પસંદ કરીને રમેશના તેની સાથે લગ્ન કર્યા. કન્યાનું નામ રેખા હતું. રેખા પણ રમેશની માફક શાંત, ગંભીર અને વિનયવંત હતી. તે પરણીને આવી તે દિવસે જ રમેશે રેખાને સમજાવી દીધું કે જો રેખા ! મારી માતા હવે વૃદ્ધ થવા આવી છે. એનો સ્વભાવ ગરમ છે. માટે એ ગમે તેમ બોલે તો તારે દુઃખ લગાડવું નહિ પણ એના સ્વભાવને બરાબર અનુકૂળ થઈને રહેવું. રેખાએ કહ્યું-ભલે. રેખા એટલે રેખા જ હતી. રોજ સવારમાં ઉઠીને એ સાસુના ચરણમાં પડતી ને ઘરના રિવાજ મુજબ વહેલી ઉઠીને ઘરનું સઘળું કામકાજ કરી લેતી પણ કોઈ વખત કંઈ કાર્ય કરવાનું રહી જાય અગર કરવામાં ભૂલ થઈ જાય તો સાસુજીનો પિત્તો જાય. ધમપછાડા કરવા લાગે ને રેખાની ધૂળ કાઢી નાંખે, પણ સદ્‌ગુણી રેખા મૂંગે મોઢે બધું સહન કરી લેતી. સાસુ સામે એક શબ્દ બોલતી નહિ પણ એમ કહેતી બા ! મારી ભૂલ થઈ ગઈ. હવે હું ધ્યાન રાખીશ. રેખા તો પોતાની જનેતા માતા હોય એમ સાસુને બા....બા કરતી હતી પણ સાસુના ક્રોધનો પારો પળે પળે ચઢી જતો. રમેશ પણ માતાનો ક્રોધ જોઈને ઘણી વાર ફફડી ઉઠતો.

રેખાની સાસુ રેખાને ગમે તેવા કટુ શબ્દો કહે, ધમકાવે છતાં રેખાના મુખની રેખા જરા પણ બદલાતી ન હતી. તે બધું સહન કરી લેતી, પણ દિવસે દિવસે રેખા આ કારણથી સૂકાવા

લાગી. તેમાં રેખાને એક દિવસ તાવ આવ્યો. તેનાથી દૂધ ઉતું કરતાં ઢોળાઇ ગયું, એટલે સાસુના ક્રોધનો પાર ન રહ્યો. રેખાને ન કહેવાના વેણ કહ્યા, તો પણ રેખા એક શબ્દ બોલી નહિ ને ખૂણામાં બેસીને ડુસ્કે ને ડુસ્કે રડવા લાગી. એક બાજુ રેખાને સખત તાવ અને બીજી બાજુ સાસુના ક્રોધની સખત ગરમી છે. રમેશે રેખાને કહ્યું તને આટલો બધો તાવ છે, તારાથી કામ થતું નથી ને જો નહિ થાય તો બા કટકટ કર્યા કરશે. એના કરતાં તું હમણાં થોડા દિવસ તારા પિયર જઇને રહે. રમેશે રેખાને પિયર મોકલી દીધી. હવે પોતે વિચાર કરવા લાગ્યો કે મારે શું કરવું ? માતા કોઈ રીતે શાંત થતી નથી. મેં તો ઘણું સહન કર્યું પણ બિચારી રેખાનું શું ? આના કરતાં હું માતાથી અલગ થઈ જાઉં. આવો નિર્ણય કરીને કહે છે બા ! હું અઠવાડિયા માટે મારા મિત્રને ઘેર જાઉં છું. માતાની રજા લઈને રમેશ મિત્રને ઘેર ગયો ને રેખા પિયર ગઈ.

રમેશ એના મિત્રના ઘેર પહોંચ્યો. રમેશને આવતો જોઈને એનો મિત્ર સામો આવ્યો. આદર સત્કાર કરીને ઘરમાં લઈ ગયો, પ્રેમથી જમાડયો. પછી એના મિત્રે રમેશને એકાએક આવવાનું કારણ પૂછયું, એટલે રમેશે બધી વાત કરી. મિત્રની લાગ-વગથી રમેશને સારી નોકરી મળી ગઈ, પછી રમેશે રહેવા માટે નાનકડું ઘર ભાડે લીધું. મિત્ર પાસેથી અમુક રૂપિયા લઈને જરૂરિયાતની સામગ્રી પણ વસાવી લીધી. અને રેખાને પત્ર લખ્યો કે મને અહીં નોકરી સારી મળી ગઈ છે. રહેવા માટે ઘર પણ લઈ લીધું છે ને જરૂરિયાતની સામગ્રી પણ વસાવી દીધી છે, માટે હવે તું અહીં આવી જા. રેખાનો પણ પત્ર આવ્યો કે હું અઠવાડીયામાં આવું છું. રમેશે જે ઘર ભાડે લીધું હતું તેની આગળના ભાગમાં મેઈન રોડ હતો અને રોડની સામે શ્રીમંતોના મોટા મોટા બંગલા હતા, અને પાછળના ભાગમાં નાનકડી ગલી હતી ને સામે ગરીબ લોકોના ઝુંપડા જેવા મકાન હતા, એટલે રમેશને શ્રીમંતાઈનું અને ગરીબાઈનું બંને દશ્યો જોવા મળે.

એક દિવસ રમેશ પાછલા ભાગની બારી પાસે ખુરશીમાં બેઠો હતો ત્યારે એની સામેના એક નાનકડા ઘરમાં એક માતા એના એકના એક દીકરાને ધમકાવતી હતી કે ઢોર જેવા ! મૂઆ તું મરી જા....તને ઝેરની પડીકી પણ મળે છે કે નહીં ? તે ખાઇને મરી જા. તારું કાળુ મોઢું હવે મારે જોવું નથી. આમ કહીને છૂટી થાળી છોકરાના માથામાં મારી પણ વાગી નહિ, ત્યારે છોકરો નમ્રતાપૂર્વક કહે છે બા ! તું આટલો બધો ક્રોધ શામાટે કરે છે ? હું મારો બધો પગાર તને આપી દઉં છું. એક પાઇ પણ મારી પાસે રાખતો નથી પણ બે વર્ષથી પીકચર જોયું ન હતું એટલે જોવાનું મને મન થઈ ગયું. એમાં મેં ફક્ત એક રૂપિયો વાપર્યો છે. હું તને કાલે રૂપિયો કમાઇને આપી દઈશ પણ તું મને આમ શા માટે કરે છે ? પણ માતાના શરીરમાં એવો ક્રોધ રૂપી રાક્ષસ પેસી ગયો હતો કે મા દીકરાની વાત સાંભળતી ન હતી. બસ, એ તો એક જ વાત કરતી હતી કે તેં

મને પૂછ્યા વિના એક રૂપિયો વાપર્યો જ કેમ? તેં સિનેમા જોઈ જ કેમ? છોકરો માતાના ચરણમાં પડીને કહે છે બા! હવે હું કદી તને પૂછ્યા વિના સિનેમા જોવા નહિ જાઉં. એક પાઈ પણ નહિ વાપરું પણ તું મને માફ કર, ત્યારે માતા કહે છે બસ, મારે તારું કાળું મુખ જોવું જ નથી. નીકળ ઘરની બહાર, એમ કહીને ધક્કો માર્યો તો પણ છોકરો તો બા....બા કરે છે.

રમેશ બારી પાસે ખુરશીમાં બેઠો બેઠો બધું દૃશ્ય જોયા કરે છે. જ્યાં માતાએ છોકરાને ધક્કો માર્યો ત્યાં તો રમેશના મુખમાંથી કાળી ચીસ નીકળી ગઈ. એના મનમાં થયું કે હું ફૂલીને ત્યાં જાઉં ને પેલી માતાને ક્રોધ કરતી અટકાવું. છોકરો જેમ જેમ નમ્રતા બતાવતો ગયો તેમ તેમ માતાનો ક્રોધ વધતો ગયો. માણસને જ્યારે ક્રોધ આવે છે ત્યારે હું શું બોલું છું ને શું કરું છું તેનું ભાન રહેતું નથી. ક્રોધ આવે છે ત્યારે માણસની આંખો બંધ થઈ જાય છે ને મોઢું ખુલ્લું થઈ જાય છે. છોકરાને ધક્કો માર્યો તો પણ તે માતા પાસે માફી માંગે છે ને કહે છે બા! ગમે તેમ તોય હું તારો એકનો એક દીકરો છું. મને માફ કર, ત્યારે મા કહે છે મરી ગઈ તારી મા. તું આજથી મારો દીકરો નહિ ને હું તારી મા નહિ, મેં તો આજથી જ તારા નામનું નાહી નાંખ્યું છે. આમ કહીને તીક્ષ્ણ ધારવાળો વાટકો છૂટો દીકરાનાં માથામાં માર્યો એટલે છોકરાને માથામાં જોરથી વાગ્યો ને લોહીની ધાર થઈ. છોકરો માથે હાથ દઈને કહે છે બા! હવે તું શાંતિથી રહેજે. તને મારું મોઢું જોવું ગમતું જ નથી ને હું તારો દીકરો નથી તો હું કદી આ ઘરમાં પગ નહિ મૂકું. હું જાઉં છું એમ કહીને છોકરો ચાલ્યો ગયો. આ દૃશ્ય જોઈને રમેશનું દિલ કંપી ગયું. એના મનમાં થયું કે અહો! આના કરતાં મારી માતા તો સો દરજ્જે સારી છે. એનો સ્વભાવ ક્રોધી છે. ગમે તેટલો ક્રોધ કર્યો પણ કદી મને કે રેખાને આવા વેણ કહ્યા નથી, છતાં હું એને છોડીને અહીં રહેવા આવી ગયો છું.

આ તરફ પેલા છોકરાએ કોઈની પાસે જઈને ઘા ઉપર દવા લગાડી એટલે લોહી બંધ થયું, પછી તે જંગલમાં ચાલ્યો ગયો. એક ઝાડ નીચે બેસીને છૂટી પોકે રડતો રડતો કહે છે બાપુજી! તમે ચાલ્યા ગયા ને મારી માતાએ મને કાઢી મૂક્યો. હવે હું ક્યાં જાઉં? જન્મદાતા માતાએ મને કાઢી મૂક્યો તો હવે બીજું મને કોણ રાખશે? આમ રડવા લાગ્યો ને ઝાડ નીચે બેસી રહ્યો. આ તરફ છોકરાને ગયા કલાક થયો એટલે માતાનો ક્રોધ શાંત થયો એટલે એને ઘર સૂનું સૂનું લાગવા માંડયું. ખીચડી રાંધી હતી તે ખાવા બેઠી પણ ગળે ન ઉતરી. અરેરે....મેં આ શું કર્યું? મારો દીકરો કયાં ગયો હશે? તરત જ દીકરાને શોધવા નીકળી. શોધતી શોધતી ઝાડ નીચે છોકરો બેઠો હતો ત્યાં આવીને કહે છે બેટા! આ તારી અભાગણી ક્રોધી માને માફ કર ને ઘેર ચાલ. બેટા! તેં મારી પાસે ઘણી માફી માંગી પણ એક રૂપિયા ખાતર મેં તો તારા માથે ફેર કર્યો. છોકરો

ડાહ્યો હતો એટલે ઘેર આવ્યો. રાત પડી. માતાએ કોડિયાનો દીવો કર્યો. રમેશની નજર પેલી ઝુંપડી સામે ગઇ. આ સમયે માતા કહે છે બેટા ! ચાલ, તું ખાઇ લે, પણ એને તલવારના ઘા જેવા માતાના શબ્દો યાદ આવી જાય છે એટલે તે ખાતો નથી.

માતા રડતી રડતી છોકરાને કહે છે બેટા ! મારો સ્વભાવ જ ખરાબ છે. મને ક્રોધ આવતા ય વાર નહિ ને ઘડી પછી પસ્તાવાનો પણ પાર નહિ. બેટા ! મેં તને ભૂંડે હાલ ઘરમાંથી કાઢયો. હું એકલી પડી ત્યાં મને તારા વિના ઘર ખાલી દેખાવા લાગ્યું. ખાવા બેઠી પણ ખીચડીનો કોળિયો મારા ગળે ઉતર્યો નહિ. ખૂબ રડી ને પછી બપોરની તને શોધવા નીકળી. તારા મિત્રોને ઘેર બધે શોધી વળી પણ કયાંય તારો પત્તો ન લાગ્યો એટલે નિરાશ થઈને રખડતી રઝળતી તું જ્યાં બેઠો હતો ત્યાં આવી. તને જોઈને હું હર્ષથી તને ભેટી પડી. બેટા ! તું ન મળ્યો હોત તો આજે હું ઝેર પીને જીવનનો અંત લાવત. મારી ભૂલ થઈ ગઈ. હવે હું તને કદી નહિ વઢું, માટે તું ખાઈ લે. એમ કહીને રડતી રડતી દીકરાના મોઢામાં કોળિયા મૂકવા લાગી. દીકરો કહે છે બા ! તું રડીશ નહિ. તારી ભૂલ નથી. મારી જ ભૂલ હતી. હવે હું તારી રજા સિવાય એક પાઈ પણ નહિ વાપરું. આમ કહીને પરસ્પર મા દીકરો ભેટી પડયા. આ છે વાત્સલ્યના વહેણ.

આ દૃશ્ય જોઈને રમેશનું હૃદય રડી ઉઠયું. અહો ! મારી માતાને પણ મારા પ્રત્યે આવું જ વાત્સલ્ય હશે ને ? એના ક્રોધી સ્વભાવથી કંટાળીને અમે બંને એને એકલી મૂકીને નીકળી ગયા છીએ. એ એકલી શું કરતી હશે ? એ ગમે તેવી છે પણ કદી આ માતા જેવો ક્રોધ મારા ઉપર નથી કર્યો. આ વિચારે રમેશનું હૃદય ભરાઇ ગયું. ત્યાં અચાનક એનું બારણું કોઈએ ખખડાવ્યું, એટલે નીચે જઈને બારણું ખોલ્યું તો પોતાની માતા જ આવી છે. રમેશે કહ્યું બા ! અત્યારે અચાનક કયાંથી ? માતાએ કહ્યું બેટા ! તું અહીં આવ્યો ને રેખા પિયર ગઈ પછી મને તો તમારા વગર બિલકુલ ગમ્યું નહિ. મને જીવતર ઝેર જેવું લાગ્યું. ગમે તેમ તો ય તારી જનેતા છું. બેટા ! તારા વિના હું નહિ જીવી શકું, માટે હું તને લેવા આવી છું, ચાલ બેટા ઘેર. હવે આજથી હું પ્રતિજ્ઞા કરું છું કે તને કે રેખાને હું કદી એક શબ્દ નહિ કહું. હું ક્રોધ નહિ કરું. મને લાગે છે કે મારા ક્રોધી સ્વભાવથી તમે કંટાળી ગયા છો. દીકરા....ઘેર ચાલ. આટલું બોલતાં માતાનું હૃદય ભરાઇ આવ્યું ને રમેશ પણ રડી પડયો. મા-દીકરો ભેટી પડયા. બંનેએ એકબીજાની ભૂલની માફી માંગી. રમેશે કહ્યું-બા ! તારે માફી માંગવાની ન હોય, મારે જ માંગવાની હોય. એમ કહીને રમેશે માફી માંગીને સત્ય હકીકત કહી દીધી ને કહ્યું-બા ! અહીં મને સારી નોકરી મળી ગઇ છે. આ ઘર મેં લઇ લીધું છે, માટે અહીં જ રહીએ. માતા રહેવા સંમત થઈ. રેખા પણ આવી ગઇ. માતા, પુત્ર અને વહુ ત્રણ માણસનું કુટુંબ આનંદથી

રહેવા લાગ્યું. માતાનો ક્રોધી સ્વભાવ પ્રેમાળ બની ગયો અને પુત્ર તથા પુત્રવધૂ પ્રત્યે વાત્સલ્યના વહેણ વહાવવા લાગી ને ઘર સ્વર્ગ જેવું બની ગયું.

નેમકુમારના દિલમાં જગતના સર્વ જીવો પ્રત્યે માતા જેવું વાત્સલ્ય ઉભરાતું હતું. તેમાં આ પશુ-પક્ષીઓને વાડામાં અને પાંજરામાં પૂરાયેલા જોઇને તેમના ઉપર અત્યંત કરૂણા આવી. આટલા બધા પ્રાણીઓનો વધ થાય તે મારાથી કેમ સહન થાય? કોઇની એક આંગળી કપાઈ જાય છે તો કેટલું દુઃખ થાય છે? ત્યારે આ જીવોના ગળા ઉપર છરી ફરશે ત્યારે એમનું શું થશે?

નેમકુમાર આવ્યા પરણવા રાજુલને આનંદ થાય.
લગ્નની ખાતર હિંસા જોઈને, મનમાં કરે વિચાર (૨)
એકને માટે અનેક જીવોના, પ્રાણ રે ચાલ્યા જાય (૨)
એ....અનુકંપા કરી કરૂણાના ભંડાર....નેમકુમાર ચાલ્યા પરણવા.

નેમકુમારની જાન મથુરામાં આવી. તે જોઇને સૌના હૈયા હેલે ચઢયા. રાજુલે પણ ગોખમાંથી નેમકુમારને જોયા, ત્યારે તેના હૈયામાં અનેરો હર્ષ હતો. અંતરમાં આનંદની ઉર્મિઓ ઉછળતી હતી કે હું આવા નેમકુમારની અર્ધાંગના બનીને દ્વારકા જઈશ, પણ એનું જમણું અંગ અને જમણી આંખ ફરકતા એનો હર્ષ ઉડી ગયો ને આનંદ ઓસરી ગયો. તે એકદમ વિહ્વળ બની ગઇ. નેમકુમારને પરણવાના કોડ ન હતા. એ તો જગતના જીવોને અહિંસાનો માર્ગ બતાવવા આવ્યા હતા. વાડામાં પૂરેલા પશુઓને જોઇને એમણે હાથીને થોભાવ્યો ને મનમાં વિચાર કરવા લાગ્યા કે આ અજ્ઞાની લોકો લગ્ન જેવા શુભ પ્રસંગોમાં પણ આવી હિંસા કરે છે? અને તે પણ મારા નિમિત્તે? મારે આવા લગ્ન કરવા નથી. હાથી ચલાવનાર મહાવત-સારથી પણ નેમકુમારનું મુખ જોઈને સમજી ગયા કે નેમકુમાર આ પશુઓને વાડામાંથી બંધનમુક્ત કર્યા વિના પરણશે નહિ, માટે આ જીવોને બંધન મુક્ત કરવા જોઈએ. હવે વાડામાં કલ્પાંત કરતા પશુ-પક્ષીઓને કેવી રીતે બંધનથી મુક્ત કરાવશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- સિંહ-સિંહણને જિનસેનકુમાર અને ચંપકમાલાએ માર્યા છે આ જાણી પ્રજાનું દુઃખ દૂર થવાથી બધાને ખૂબ આનંદ થયો. આખું નગર શણગારી બંનેને હાથી ઉપર બેસાડીને મહારાજા પોતાના મહેલમાં લઈ ગયા. ત્યાં રાજાએ તેમનો ખૂબ આદર-સત્કાર કર્યો. નગરજનો પણ તેમનો જયજયકાર બોલાવતા ખૂબ પ્રશંસા કરતા સૌ પોતપોતાને ઘેર ગયા. રાજાએ કુંવરને પૂછ્યું તમે સિંહ-સિંહણને કેવી રીતે માર્યા? મેં ઘણા પ્રયત્નો કર્યા પણ આ કાર્યમાં મને સફળતા મળી નહિ. તે કામ તમે કેવી રીતે કર્યું? જિનસેનકુમારે બધી વાત કરી એટલે મહારાજાએ બંનેને ધન્યવાદ આપીને તેમનો ઉપકાર માનતા કહ્યું-કુમાર! તમે સિંહ સિંહણને મારીને મને મોટામાં મોટી આફતથી બચાવ્યો છે.

હું પણ નિશ્ચિંત થયો ને મારી પ્રજા પણ ભયમુક્ત બની. હવે પ્રજાજનો ખેતીવાડી સુખેથી કરશે ને વહેપારી લોકો વહેપાર-ધંધા અર્થે ખુશીથી જઇ શકશે. તમે મને સદા ભયથી મુક્ત કર્યો છે. આ રીતે જિનસેનકુમાર અને ચંપકમાલાની પ્રશંસા કર્યા પછી રાજાએ પૂછ્યું કે

હે સૌભાગી કહાં સે આયા, કૈસે રાજ પધાર્યા,
લો મિજબાની મેરે ઘર, તુમને સંકટ ટાલ્યા.

હે પરાક્રમી પુરૂષ ! તમે બંને કયાંથી આવ્યા છો? તમારી મુખાકૃતિ જોતાં તમે કોઇ રાજકુમાર હો તેમ મને લાગે છે. તો આપ કયાંથી પધાર્યા છો ? કયા રાજાના પુત્ર છો? અને આપ બંનેને એકલા આવવાનું કારણ શું ? જવાબમાં જિનસેનકુમારે કહ્યું-અમે બંને સિંહલદ્વીપના રાજાની પાસે અમારું કિસ્મત અજમાવવા જઇ રહ્યા છીએ. સિંહલદ્વીપ જવાની વાત સાંભળીને રાજાએ કહ્યું-ભાઈ! તમે કોણ છો ? તે મને જાણવાની ખૂબ જિજ્ઞાસા છે પણ કુંવર કાંઈ ન બોલ્યે એટલે રાજાએ કહ્યું તમે રાજપુત જણાવ છો. હું તમારા હિત માટે વાત કરું છું કે સિંહલદ્વીપના રાજા ખૂબ ક્રૂર છે. એના હાથ નીચે રહેવું તે મોતના મુખમાં રહેવા બરાબર છે, માટે તમે બીજે ગમે ત્યાં જાઓ પણ સિંહલદ્વીપ જવાની વાત છોડી દો. રાજા અને પ્રજા બધાએ જિનસેનકુમારને સિંહલદ્વીપ ન જવા માટે ખૂબ સમજાવ્યો પણ કોઈની વાત માની નહિ. રાજાએ કહ્યું કે જો તમે માનો તો મારા રાજ્યમાં જ રાખી લઉં. હું તમને સિંહલદ્વીપ જવા દેવામાં બિલકુલ રાજી નથી. પ્રજાજનોએ પણ રાજાની વાતને ટેકો આપતા કહ્યું કે આવા માણસો આપણા રાજ્યમાં હોય તો રાજ્યની આબાદી વધે, રાજ્ય સુરક્ષિત અને નિર્ભય બને પણ જિનસેનકુમારે તો એક જ વાત કરી કે સિંહલદ્વીપના રાજા ગમે તેવા હોય તો મને ભય નથી. ફકત મને માર્ગ બતાવો.

ઘણો આગ્રહ કરવા છતાં કોઈ રીતે જિનસેનકુમારે રોકાવાની હા પાડી નહિ એટલે રાજાએ તેને રજા આપી અને કહ્યું દરિયાઈ માર્ગે સિંહલદ્વીપ જલ્દી પહોંચી શકાશે. હું તમને વહાણ આપું છું. તેમાં બેસીને જાઓ. રાજાએ મોટું વહાણ તૈયાર કરાવ્યું અને સાથે માણસો પણ આપ્યા. જિનસેનકુમાર તથા ચંપકમાલાને વળાવવા માટે રાજા તથા પ્રજાજનોના ટોળા ઉમટયા. થોડીવારમાં વહાણ ઉપડયું. સૌ જોતા રહી ગયા. થોડા દિવસમાં જ તેઓ સિંહલદ્વીપ પહોંચી ગયા. દરિયાકિનારે વહાણ ઉભું રાખીને તેઓ નીચે ઉતર્યા અને વહાણ તથા માણસોને રવાના કર્યા. હવે આ બંને જણા થોડીવાર સિંહલદ્વીપના દરિયાકિનારે આરામ કરવા બેઠા છે. ત્યાં કોઈના રૂદનનો અવાજ આવશે ને જિનસેન દુઃખ મટાડવા જશે ને ત્યાં શું બનશે તે અવસરે.

વ્યાખ્યાન નં.-૭૭

આસો સુદ ૯ ને મંગળવાર તા. ૧૦-૧૦-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની ભગવંતોએ શાસ્ત્રમાં મનુષ્ય જીવનને ડાભની અણી ઉપર રહેલા ઝાકળના બિન્દુ જેવી, પીળા થયેલા વૃક્ષના પાંદડા જેવી વિગેરે અનેક ઉપમાઓ આપેલી છે. સાહિત્યકારો અને કવિઓએ મનુષ્ય જીવનને એક કિતાબ-પુસ્તકની ઉપમા આપી છે. ગત જન્મમાં આપણે સારા કે ખરાબ વર્તનની કલમથી જે પુસ્તક લખ્યું છે એની પ્રસિદ્ધિ એટલે આ જન્મ, અને હવે આપણે આ જન્મમાં જે લખીશું એનું મુદ્રણ એટલે આવતો જન્મ. જીવનની કિતાબમાં એક એક દિવસ એ પાનાઓ છે. એમાં રહેલા કાળા અક્ષરો એ આપણાં કાળા કર્મોની કાળી કથા છે, અને સુવર્ણાક્ષરો આપણાં સુકૃતોનો ઊજળો ઇતિહાસ છે. પુસ્તકનો પ્રારંભ એ આપણો જન્મ છે ને અંત એ મૃત્યુ છે.

આ જીવન આવતા જીવનના પુસ્તકનું ગેલીપ્રુફ છે. એનામાં જેટલી શુદ્ધિ અને વૃદ્ધિ કરવી હોય એને માટે હજુ અવકાશ છે. વૃદ્ધાવસ્થાની છેલ્લી ક્ષણો એ જીવન કિતાબનું પેજપ્રુફ છે. બસ સુધારા અને વધારા માટેની છેલ્લી મુદત અહીં પૂરી થાય છે ને પછી ફાઇનલ પ્રુફનો ઓર્ડર છૂટી જાય છે. આ ઓર્ડર છૂટે તે પહેલાં એની શુદ્ધિ, વૃદ્ધિ, કલાત્મક સુંદર ગોઠવણી, એનું વિવિધરંગી મુખપૃષ્ઠ કેવું બનાવવું તે આપણા હાથની વાત છે. પુસ્તકનો ફાઇનલ ઓર્ડર એટલે જ મરણ. મરણ સુધીમાં જેટલો સુધારો વધારો થશે એટલો સુધારો પુનર્જન્મના પુસ્તકમાં તમને દેખાશે. મનુષ્ય માત્ર એ પુસ્તકનો લેખક છે. કર્મરાજાએ એના હાથમાં કરણીની કલમ પકડાવી છે એટલે જન્મથી જ એ પુસ્તક લખવાનું કાર્ય શરૂ કરી દે છે ને એ છેક મરણ સુધી લખ્યા જ કરે છે. આ જીવનની કિતાબ તૈયાર કરવા માટે જેટલું આપણું આયુષ્ય હોય તેટલી મુદત મળી છે. આટલા સમયમાં આપણે પ્રમાદમાં પડીને જો આકર્ષક ટાઇટલ, સુંદર લખાણ, કલાત્મક મુદ્રણ અને ટકાઉ બાંધણીવાળું પુસ્તક તૈયાર ન કરી શકીએ તો કેટલા દુઃખની વાત છે. જે આત્માઓએ એમના જીવનની સુંદર કિતાબ તૈયાર કરી છે તેવા પવિત્ર આત્માઓના નામ શાસ્ત્રના પાને લખાય છે, અને તેમના રોજ ગુણગાન ગવાય છે.

જેઓ જીવનની સુંદર કિતાબ તૈયાર કરી રહ્યા છે એવા આપણા અધિકારના નાયક નેમકુમારનું જીવન અહિંસા, દયા, કરૂણા, સહૃદયતા, પરદુઃખભંજન આદિ ગુણોની સુવાસથી મ્હેંકતું હતું, તેથી પશુડાઓને વાડામાં પૂરાયેલા જોઇને વિચાર કરે છે કે જ્યાં આટલા જીવો જીવનથી મુક્ત થતા હોય ત્યાં મારે લગ્ન કેવી રીતે કરવા? મારા નિમિત્તે એક પણ જીવની હિંસા ન થવી જોઈએ.

પોતાના સ્વાર્થને કાજે, હણાયે બહુ જંતુઓ,
નથી કલ્યાણ તેમાં કૈં, પોતાનું કે પારકું.

માત્ર મારા લગ્ન ખાતર જે આટલા બધા જીવોની હિંસા થતી હોય તો તેમા મારું કે બીજા કોઈનું કલ્યાણ થવાનું નથી. આ પશુઓના પ્રાણ લૂંટીને જે માઠકો ધર્મ પામેલા નથી, જેઓ માંસાહારના લોલુપ છે તેમને માટે ભોજન બનશે! અરેરે... આ સંસાર કેવો સ્વાર્થનો ભરેલો છે! આ સંસારમાં એક ક્ષણ રહેવા જેવું નથી. જે આત્માઓને ભય લાગે છે તે આ સ્વાર્થભર્યા સંસારમાંથી સરકી જાય છે, અને પોતાના આત્માને તારે છે, માટે જ્ઞાનીપુરૂષો પડકાર કરીને કહે છે કે

સમજીને તું સરકી જા, પરથી તું અટકી જા,
સ્વમાં તું ચીટકી જા, તો અનંત સુખ પામી જા.

હે જીવડા! જોજે, આ સ્વાર્થભર્યા સંસારમાં અટવાતો નહિ. તું સંસારના મનમોહક પદાર્થોને જોઇને તેમાં અટવાય છે ને તેને મેળવવા માટે તનતોડ પ્રયત્નો કરે છે પણ એ તારા નથી થવાના ને પરલોકમાં તારી સાથે નથી આવવાના, માટે તું આ સંસારના સ્વાર્થમય સ્વરૂપને સમજીને પર પદાર્થોનો મોહ છોડી દે અને સ્વ સ્વરૂપમાં તારું ચિત્ત જોડી દે. સ્વ સ્વરૂપમાં રમણુતા કર, તો તું મોક્ષના સુખ પામી શકીશ, બાકી સંસારના પદાર્થોમાં રમણુતા કરવાથી ત્રણ કાળમાં સાચું સુખ પામી શકાશે નહિ. તમે સંસારમાં કોઇને ભૌતિક સંપત્તિ, પુત્ર–પરિવાર આદિથી સુખી દેખો ત્યારે કહેતા હો ને કે આનો સંસાર ઉજળો છે પણ સંસાર કદી ઉજળો છે જ નહિ, ઉજળો હોય તો સંયમ છે. જે આત્માઓ સંસાર છોડીને સંયમ લે છે અને ભગવાનની આજ્ઞા પ્રમાણે પાંચ મહાવ્રત, પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિનું યથાર્થ રીતે પાલન કરે છે તેનું જીવન ઉજ્જવળ બને છે. સંયમી આત્માઓ ક્ષણે ક્ષણે આત્માની સાવધાની રાખે છે ને વિચાર કરે છે કે મનુષ્યનું જીવન ક્ષણિક છે. માનવી ધારે છે શું ને બની જાય છે શું? કદી માનવીના મનના મનોરથો પૂરા થતા નથી. આશાઓ અધૂરી ને અધૂરી જ રહે છે. રાજેમતી માનતી હતી કે નેમકુમાર તોરણે આવી ગયા છે, હમણાં પોંખાશે ને પછી લગ્નવિધિ શરૂ થશે. એના મનમાં અનેક પ્રકારના કોડ હતા, પણ નેમકુમાર તોરણે પહોંચતા પહેલાં જુદી જ ઘટના બની. આવી રીતે સંસારમાં માતાપિતા વિચાર કરે છે કે દીકરાને ઉછેર્યો, ભણાવ્યો, વહેપાર કરતાં શીખવ્યો, ને પરણાવ્યો, હવે દીકરા આપણને પાળશે, આપણે નિરાંતે ધર્મધ્યાન કરીશું. પુણ્યવાન માતા પિતાના આવા કોડ પૂરા થાય છે ને કંઈક જગ્યાએ તો માતા પિતાના કોડ પૂરા થવાને બદલે વિરુદ્ધ વાત બની જાય છે. આટલા માટે જ્ઞાનીપુરુષો વારંવાર ટકોર કરે છે કે સંસારના મોહમાં ફસાશો નહિ. તમારી આશાના મિનારા કયારે જમીનદોસ્ત થઈ જશે તેની ખબર નથી, માટે સમજીને આત્મસાધના કરો.

શીલા નામની સત્તર વર્ષની કોડભરી કન્યા પરણીને સાસરે આવી. એના મનમાં અનેક પ્રકારના કોડ હતા. એના પતિનું નામ મનહર હતું, અને સાસુનું નામ સરસ્વતીબહેન હતું. વાત એમ બની હતી કે મનહરભાઈની પત્ની એક ત્રણ વર્ષના અને એક માત્ર ત્રણ મહિનાના બાબાને મૂકીને સ્વર્ગવાસ પામી હતી. એ મરનાર પત્નીને પોતાના સંતાનો પ્રત્યે અપાર મમતા હતી. હું મારા વહાલસોયા બાળકોને ખૂબ પ્રેમથી ઉછેરીશ, એને ખૂબ લાડ લડાવીશ એવા કેટલાય કોડ એના મનમાં ભર્યા હતા પણ એના કોડ પૂરા થતાં પહેલાં કાળરાજા એને કોળીયો કરી ગયા. યુવાન પત્ની બબ્બે ફૂલ જેવા બાલુડાઓને મૂકીને ચાલી ગઈ એટલે મનહર અને તેની માતાને ખૂબ આઘાત લાગ્યો કે હવે આ બે છોકરાઓનું શું થશે? મરનાર પત્ની પણ ગુણીયલ હતી, તેથી મનહરના માથે તો આભ તૂટી પડયો હોય તેવો આઘાત લાગ્યો. માતા એને સમજાવવા લાગી કે બેટા! તું રડીશ નહિ. વહેલું કે મોડું એક દિવસ સૌને જવાનું છે. કોઈને કાયમ રહેવાનું નથી. આ સંસાર તો પંખીના મેળા જેવો છે. એમ કહીને માતા તેમજ સગાવહાલા સૌએ મનહરને આશ્વાસન આપીને શાંત કર્યો. દિવસો ઉપર દિવસો જવા લાગ્યા. મનહરનો આઘાત ધીમે ધીમે વિસારે પડવા લાગ્યો. પત્નીને ગયા બે ત્રણ મહિના થયા એટલે માતા કહે છે બેટા મનહર! હજુ તારી ઉંમર નાની છે, માટે તું ફરીને લગ્ન કર. આ છોકરાઓની હું પૂરી કાળજી રાખીશ, પણ તું જાણે છે ને કે આ ઉંમરે આ ફુલ જેવા મા વિનાના છોકરાને ઉછેરવા, ઘરના કામકાજ કરવા એ મુશ્કેલ છે. તું લગ્ન કરે તો મને સથવારો મળે.

મનહરે પહેલાં તો ઘણી ના પાડી પણ માતાએ તથા કુટુંબીજનોએ તેને ખૂબ સમજાવ્યો એટલે એને લાગ્યું કે બધાની વાત તો સાચી છે. માતા એકલી કેટલા વૈતરા કરે? તેથી મનહરે લગ્ન કરવાની હા પાડી, અને આ શીલા સાથે તેના લગ્ન થયા. શીલા પણ ખૂબ ડાહી ને ગુણીયલ છોકરી હતી. બે બાબામાં ત્રણ વર્ષના બાબાનું નામ કમલેશ હતું ને ત્રણ મહિનાના બાબાનું નામ કિશોર હતું. કિશોર તો ત્રણ મહિનાનો છે એટલે એને કંઈ સમજણ પડતી નથી પણ કમલેશ તો ત્રણ વર્ષનો છે એટલે શીલાને જોઈને દાદીને પૂછે છે બા! આ કોણ છે? ત્યારે દાદીમા કહે છે બેટા! એ તારી મમ્મી છે, એટલે એ તો ઉછળીને મમ્મીને વળગી પડયો. હેં મમ્મી! તું ઘણાં દિવસથી કયાં ગઈ હતી? તને મારા પપ્પા લેવા આવ્યા હતા? કમલેશની કાલીઘેલી બોલી સાંભળીને શીલાના હૃદયમાં માતાનું હેત ઉભરાઈ આવ્યું. બાળકને ગળે વળગાડી દીધો ને તેને પ્રેમથી હેત કરવા લાગી. રૂમમાં ગઈ તો ત્રણ મહિનાના બાબાને પારણામાં સૂતેલો જોયો. સાસુએ શીલાને કહ્યું–બેટા! આ બંને બાળકો તારા છે, ને તારે સંભાળવાના છે. શીલાએ કહ્યું–ભલે, બા! હવે તમે ચિંતા ન કરશો. આ તો હજુ પરણીને આવી છે. પહેલો દિવસ છે. કંકુવર્યા પગલા છે, પણ રૂમ બંધ કરીને નાના બાબાને લઈને રમાડવા બેસી ગઈ ને તેને દૂધ પીવડાવવા લાગી.

ફરજ બજાવતી શીલા :- પહેલાના જમાનામાં નવી વહુ પરણીને આવે એટલે લોકો જોવા આવતા. આડોશી પાડોશી બહેનો આવીને કહે છે સરસ્વતીબહેન ! તમારા મનહરની વહુ તો બતાવો. સાસુએ ધૂમ પાડી કે વહુ ! જરા બહાર આવો. બધા તમને જોવા માટે અધીરા બન્યા છે, ત્યારે વહુએ કહ્યું બા ! મને હવે જોવાની જ છે ને ! આ બાળકોને મૂકીને બહાર આવીશ તો એ વધારે અધીરા બનશે, માટે હમણાં નહિ આવું, એટલે સાસુએ કહ્યું વહુ ઘણી શરમાળ છે તેથી એ બહાર નહિ આવે. એમ કહી જોવા આવનારને વિદાય કર્યા. શીલા તો પતિ કરતાં બંને બાળકોની ખૂબ સંભાળ રાખતી. સગી મા શું સાચવે, એના કરતા પણ અધિક સાચવવા લાગી. સાસુની પણ ખૂબ સેવા કરતી. શીલા એટલે શીલા જ હતી. પોતાનું ઘર છોડીને કયાંય જતી નહિ. ત્યારે આડોશી પાડોશી એને કહેતા શીલા ! તું તો ઘરની બહાર નીકળતી જ નથી. કોઈ કોઈ તો એની પાસે આવીને કહેતી કે અરે ! પરણીને આવી તે દિવસથી આ છોકરાની પળોજણમાં કયાં પડી ગઈ ! હજુ તો નવી નવી છે. તારે તો હરવા ફરવાનું હોય, ત્યારે શીલા કહી દેતી કે હું સમજીને જ પરણી છું. હું જે ઘરમાં પરણીને આવી ત્યાં બાળકો ટળવળતા હોય ને હું બહાર નીકળી જાઉં એમાં મારી શું શોભા છે ? આ બાળકોને, પતિને અને સાસુને સંતોષ પમાડવો એ આદર્શ સ્ત્રીની ફરજ છે. મારે મન બગીચો, નાટક સિનેમા બધું અહીં જ છે. આમ કહી દેતી એટલે કોઇ એને શું કહી શકે ! શિખામણ દેનાર શરમાઈને ચાલ્યા જતા.

"શીલાને આશીર્વાદ આપતા સાસુ" :- શીલાનો વિનય, વિવેક અને સેવા જોઈને એની સાસુ પણ કહેતા કે વહુ ! આવી તો મારે દીકરી પણ નથી. "તું સો વર્ષની થા ને તારો સૌભાગ્ય ચાંદલો અમર રહો". એમ અંતરના આશીર્વાદ આપતા ને કયારેક કહેતા કે બેટા ! તું આખો દિવસ ઘરના કામ કર્યા કરે છે તો થોડી વાર તો બહાર ફરવા જા. તું પરણીને આવી પછી પિયર ગઈ જ નથી. તારા પિયરથી તેડવા આવ્યા તો પણ તું આણું વળવા ગઈ નથી. તો થોડા દિવસ જઈ આવ, ત્યારે મમતાળુ શીલા કહેતી બા ! આ નાના બાળકોને નિયમિત રીતે દૂધ કોણ પાશે ? કમલેશને દરરોજ સ્કૂલે મૂકવા જવાનો, એને તૈયાર કરવાનો. આ બધું કોણ કરશે ? તમારી તબિયત તો બરાબર રહેતી નથી ને હું બંનેને મૂકીને જાઉં તો તમે થાકી જશો. આવા મીઠા શબ્દો સાંભળીને સાસુની છાતી ગજગજ ફૂલતી ને આડોશી પાડોશી તેમજ સગાવહાલાને કહેતી કે મારી શીલા એ વહુ નથી પણ મારા ઘરની દેવી છે. આ બે બાલુડાની તો જાણે સગી માતા ન હોય તેમ રાખે છે. અરે... સગી મા પણ આવા સાચવતી ન હતી. મને લાગે છે કે એ પૂર્વભવની તેમની મા હશે. આ છોકરાઓએ એના પેટે જન્મ લેવાને બદલે મરનારી વહુના પેટે જન્મ લીધો છે. એણે જન્મ આપ્યો એટલું જ છે પણ શીલા જ એમની માતા છે.

આવી ગુણીયલ પત્ની મળવાથી મનહરને પણ ખૂબ સંતોષ હતો કે એક તો વૃદ્ધ

માતાની આટલી બધી સેવા કરે છે ને બાળકોને પણ ખૂબ લાડ પ્યારથી ઉછેરે છે. છોકરાઓ કયારે પણ દુઃખી નહિ થાય. પોતે સંસ્કારી છે એટલે બાળકોના જીવનનું પણ સુંદર ઘડતર કરશે. પતિ-પત્ની, બે બાબા અને માતા આ પાંચ માણસનું કુટુંબ સંસારમાં સ્વર્ગ જેવો આનંદ માણતું હતું, પણ કર્મની વિચિત્રતા કોઇ અલૌકિક છે. એક દિવસ રાત્રે મનહરને અચાનક છાતીમાં દુઃખવા આવ્યું. મોટા ડોકટરને બોલાવ્યા. ઘણાં ઈલાજો કરાવ્યા પણ કોઈ ઈલાજ કામ ન લાગ્યો. માત્ર ૦૧ કલાકમાં જ મનહર આ ફાની દુનિયા છોડીને ચાલ્યો ગયો. આવી આદર્શ દેવી સમાન પત્ની મળવાથી મનહરનો સંસાર સ્વર્ગ જેવો હતો. એણે પત્ની અને પુત્રો માટે મોટા આશાના મિનારા બાંધ્યા હતા પણ તૂટીને જમીનદોસ્ત બની ગયા.

જિના દિલમાં સુખી જિંદગી જીવવાના અરમાન ભર્યા,
એવા ઘણાં યુવાનોના પણ અણધાર્યા અવસાન થયા,
સૂતા સૂતા અંધારામાં જોજો મૃત્યુ ના થઇ જાય-મનની મનમાં ના રહી જાય.

જિંદગી ક્ષણિક છે. જીવનદિપક બૂઝાઇ જતાં વાર લાગતી નથી. મૃત્યુ આવશે ત્યારે મનની બધી ઇચ્છાઓ મનમાં રહી જશે, માટે સમજ્યા ત્યારથી સવાર સમજીને બને તેટલી ધર્મની આરાધના કરી લેા. જુઓ, આ મનહરના અંતરમાં કેટલા અરમાનો ભર્યા હતા પણ બધા અરમાનો અધૂરા રહી ગયા ને પોતે એકાએક પળવારમાં ફાની દુનિયામાંથી વિદાય લઈને ચાલ્યો ગયો. મનહરના અવસાનથી માતાને અને પત્નીને ભયંકર આઘાત લાગ્યો. શીલા એની સાસુના ખોળામાં માથું મૂકીને છાતીફાટ રડતી, ત્યારે સાસુ એના માથે હાથ મૂકીને આશ્વાસન આપતા. સાસુનું હૈયું ભરાઈ જાય ત્યારે તે રૂમ બંધ કરીને રડી લેતા. અરેરે....અમારું શું થશે ? પુત્રના આઘાતમાં માતા પણ થોડા દિવસમાં વિદાય થઇ ગઇ, એટલે શીલાના માથે તો જાણે પહાડ તૂટી પડયો હોય તેવો આઘાત લાગ્યો. પોતે ઘરમાં એકલી થઈ ગઈ. થોડા દિવસ તો સૂનમૂન બની ગઇ, પછી બંને મોટા આઘાતોને સહન કરતાં હૈયું મજબૂત બનાવી શીલા એના બાળકોને ઉછેરવા લાગી. હવે તો એને માટે આ દીકરાઓ જ આધારભૂત હતા. શીલાએ બંને છોકરા પાછળ પોતાની જાત ઘસી નાંખી. પેટે પાટા બાંધી, હોઠ ઉપર હાસ્ય રાખી એણે પુત્રો માટે પાસે જેટલું ધન હતું તેટલું બધું ખર્ચી નાંખ્યું, અને પોતે જાતે શ્રમ કરી, મહેનત મજુરી કરીને એણે બંને છોકરાઓને ઉછેર્યા ને ભણાવ્યા.

એના દિલમાં એક જ ભાવ હતો કે પૈસા તો આજ છે ને કાલ નથી. મારા છોકરા એ જ મારું ધન છે. છોકરા કમાશે પછી આઇપીને નિરાંતે ધર્મધ્યાન કરીશ. એણે બંને છોકરાઓને ધંધે લગાડયા ને સારા ઘરની છોકરી સાથે પરણાવ્યા, પછી શીલાના અંતરમાં શાંતિ થઇ. હાશ....હવે મારા દીકરાઓ મોટા થઇ ગયા. છોકરાઓ હોંશિયાર થયા એટલે કોઈ

સારા માણસની હુંફ મળવાથી મુંબઇ જેવા શહેરમાં કમાવા માટે આવ્યા. શીલાને કહ્યું– બા ! અમે હમણાં મુંબઈ જઈએ, એક વર્ષ પછી બરાબર ઠેકાણું થઈ જશે પછી તને ત્યાં લઈ જઈશું, તેથી શીલા અમદાવાદ રહી અને કિશોર મુંબઈ ગયો. કમલેશને પણ સારો મિત્ર મળી જવાથી તે મદ્રાસ ગયો. એકે પુત્રને શીલા જેવી મમતાળુ માતાથી છૂટા પડવું ગમતું ન હતું પણ અનિચ્છાએ કમાવા માટે જવું પડયું. બંને પુત્રોને સારી સર્વિસ મળી ગઈ. રૂમ પણ ભાડે લેવાઈ ગઇ, બંને પુત્રોના અવારનવાર સમાચાર આવવા લાગ્યા. દર મહિને છોકરાઓ પૈસા પણ મોકલવા લાગ્યા, એટલે શીલા બાઈપીને શાંતિથી ધર્મધ્યાન કરવા લાગી. એના દિલમાં પણ શાંતિ વળી કે મેં મારા જીવનમાં કંઇક ફરજ અદા કરી છે.

"કિશોરે શીલાનો કરેલો તિરસ્કાર":– ચોમાસાના દિવસો આવ્યા, ઘર ઘણું જુનું થઈ જવાથી વરસાદ પડે ત્યારે ઘરમાં પાણી પડતું, એટલે શીલાએ વિચાર કર્યો કે હવે ઘર રીપેર કરાવવા જેવું છે. ત્યાં એની તબિયત બગડી તેથી પાસે બચાવીને ભેગા કરેલા પૈસા દવામાં ખર્ચાઈ ગયા, એટલે શીલાના મનમાં થયું કે મારો કિશોર મુંબઈમાં છે, તો હું ત્યાં જાઉં. કિશોર તો સાવ ત્રણ મહિનાનો હતો. એને ઉછેરીને મોટો કર્યો હતો એટલે ખૂબ વહાલો હતો. શીલા મુંબઇ આવી ને કિશોરના ઘરનું બારણું ખખડાવ્યું. કિશોરે તરત બારણું ખોલ્યું પણ શીલાને જોઈને તરત બારણું બંધ કરી દીધું, ત્યારે શીલાના મનમાં થયું કે કિશોરની વહુ કપડા બદલાવતી હશે તેથી બંધ કરી દીધું હશે, હમણાં ખોલશે એમ માનીને બહાર ઉભી રહી. ઘણીવાર થઇ પણ બારણું ન ખોલ્યું એટલે શીલાએ ફરીને બારણું ખખડાવ્યું. કિશોરે બારણું ખોલ્યું એટલે શીલા હોંશલેર પોતાના લાડકવાયા કિશોરના ઘરમાં પ્રવેશ કરવા જાય છે ત્યાં કિશોર બારણા આડા હાથ રાખીને ઉભો રહ્યો ને લાલઘૂમ આંખ કરીને કહ્યું તું મારા ઘરમાં કેમ આવી ? જા, આવી છે તેવી પાછી ચાલી જા. ફરી કદી આ ઘરમાં પગ મૂકીશ નહિ. હું તને દર મહિને પૈસા મોકલાવું છું છતાં તારું પેટ ભરાતું નથી કે પાછી ચાલી આવી ? તું તો મારા બાપની મિલ્કત લેવા આવી છે, પણ હું તને એક પાઈ આપવાનો નથી, પણ તારી પાસેથી બાપની મિલ્કત કઢાવવાનો છું. હવે હું છેતરાવાનો નથી.

"માતાને લાગેલો આઘાત":– શીલા તો મોટી આશાથી પ્રથમ વખત જ કિશોરને ઘેર આવી હતી. એના મનમાં તો એમ હતું કે હું જઈશ એટલે મારો કિશોર મને પાછી આવવા જ નહિ દે. તેના બદલે આ તો ઘરમાં પગ મૂકવાની જ ના પાડે છે. કિશોરના શબ્દો સાંભળીને શીલાના માથે મોટી શીલા તૂટી પડી હોય એવો આઘાત લાગ્યો, છતાં હિંમત કરીને કહ્યું મારા વહાલસોયા બેટા કિશોર ! તું કોની સામે બોલે છે એની તને ખબર છે ? ત્યાં કિશોર ધડૂકીને કહે છે હા....હું મારી ઓરમાન માતા સામુ બોલું છું.

હવે હું તને સારી રીતે ઓળખું છું. આખી દુનિયા એમ કહે છે કે તું પૈસા લેવા માટે જ અમને વળગી રહી છું. જો અમારી પાસે પૈસા ન હોત તો તું અમારી ખબર લેવા પણ ન આવત. શીલા કહે છે બેટા ! તું કંઈક તો વિચાર કર. હું તારી માતા છું. કિશોરે કહ્યું તારો બકવાદ મારે સાંભળવો નથી. તું માતા થઈને અમારા ઉપર સત્તા કરવા આવી છું. ચાલી જા. એમ કહીને બારણું બંધ કરી દીધું. મોટી આશાએ આવેલી શીલાનું હૈયું તૂટી ગયું. પગ ભાંગી ગયા. તે નિરાશ થઈને પાછી અમદાવાદ આવી.

"ભાંગીને ભુક્કા થયેલા આશાના મિનારા" :- શીલા રાત દિવસ ઉદાસ રહેવા લાગી ને વિચારવા લાગી અહો કેવો આ સંસાર છે ! જે દીકરા ઉપર મેં આશાના મિનારા બાંધ્યા હતા તે આજે તૂટી પડયા. જે દીકરાને એની માતા જન્મ આપીને ત્રણ મહિનાનો મૂકીને વિદાય થઈ હતી એવા દીકરાને અમૃતના ઘૂંટડા પાઈને ઉછેર્યો. રાત દિવસ જોયા વિના એણે તમામ ભોગ આપીને પોતે આ બાબતમાં બીલકુલ અનુભવી ન હોવા છતાં એક અનુભવી માતા બનીને છોકરાને ઉછેરવામાં પોતાનું લોહી રેડ્યું હતું. એ જ વહાલા દીકરાએ આજે ઓરમાન મા કહીને તિરસ્કાર કર્યો. પોતે જન્મદાતા છે એમ સમજીને ઉછેર્યા હતા. છોકરાને ખાતર પોતાના પિયર જવાનો, પતિ સાથે હરવા ફરવાનો બધો મોહ છોડી દીધો હતો. પોતાને સંતાન થયું ન હતું છતાં કદી એવો વિચાર કર્યો ન હતો કે મારે સંતાન નથી, એ તો એના પતિને એમ જ કહેતી કે મારા કમલેશ અને કિશોર મારે મન લવ-કુશની જોડી છે, મને બહુ આનંદ છે. આજે એ જ દીકરાએ એને ઉંચા શિખર ઉપરથી લાત મારીને ઉંડી ખાઈમાં ધકેલી દીધી. જે માતા વિનાના અનાથ બાળકોને એણે પાળ્યા એ જ છોકરાએ એને અનાથ બનાવી દીધી. જેમને ખાતર પોતે જિંદગી બરબાદ કરી હતી તે જ છોકરાએ આજે એના જીવનને છિન્નભિન્ન કરી નાંખ્યું, તેથી પતિ અને સાસુ જતાં જે આઘાત લાગ્યો હતો તેનાથી પણ ભયંકર આઘાત આજે શીલાને લાગ્યો.

શીલાને બે દિવસમાં પાછી આવેલી જોઈને આડોશીપાડોશી કહેવા લાગ્યા કે શીલા બહેન ! તમે મુંબઈ ગયા હતા ને બે દિવસમાં જ કેમ પાછા આવ્યા ? ત્યારે કહે છે કે મારો કિશોર અને એની વહુ મહિનો ફરવા માટે ગયા છે એટલે ઘર બંધ હતું તેથી હું પાછી આવી. લોકો કહે તારા મુખ ઉપર આટલી બધી ઉદાસીનતા કેમ દેખાય છે ? શીલાએ કહ્યું આજે મને મારા પતિ ખૂબ યાદ આવ્યા છે. બીજું કોઈ કારણ નથી. બધુ, કિશોરે આટલું બધું અપમાન કર્યું છતાં કોઈને કહેતી નથી, કારણ કે એ સમજતી હતી કે ગમે તેમ તોય એ છોકરો છે ને હું માતા છું. જો મારે એની માતા બનવું હોય તો મારે એમનું અપમાન પણ ઘોળીને પી જવું જોઈએ, એમ સમજીને એના મનને વાળી દીધું. ઘરમાં બેઠા જે કામકાજ થાય તે કરીને દિવસો પસાર કરવા લાગી.

"કિશોરની ભૂલને માફ કરતી શીલા" :–એક દિવસ શીલા વહેલી ઉઠીને સામાયિક પ્રતિક્રમણ પૂરું કરી નવકારમંત્રનું સ્મરણ કરતી હતી ત્યાં અચાનક એનું બારણું બખડ્યું. બારણું ખોલ્યું તો બેહાલ દશામાં કિશોરને આવેલો જોયો. શીલા એકદમ બોલી ઉઠી બેટા કિશોર ! આમ અચાનક કયાંથી? ને તારી આ દશા કેમ? એમ બોલતાં શીલાએ કિશોરને બાથમાં લઈ લીધો ને માથે હાથ ફેરવવા લાગી. કિશોર ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો ને કહ્યું–મા ! આ તારા નિષ્ઠુર અને નાલાયક છોકરાને માફ કર. મા....મેં તને ન ઓળખી. તું આશાભેર મારે ઘેર આવી ત્યારે મેં તારો તિરસ્કાર કર્યો. મેં તને ધક્કો મારને કાઢી મૂકી છતાં તેં તો મને પ્રેમથી જ બોલાવ્યો. મા ! મારા પાપે જ મારી કંગાલ દશા કરી છે. મારું શું થશે ? શીલાએ પ્રેમથી કહ્યું–બેટા ! ચિંતા ન કર. આ ઘર તારું જ છે. કિશોર એના પાપકર્મના ઉદયથી ગરીબ થઈ ગયો હતો એટલે પત્ની પિયર ચાલી ગઈ. બીજા કોઇએ તેને સહકાર ન આપ્યો ત્યારે માતાના ચરણે આવ્યો. શીલા તો શીલા જ હતી. તેણે સહકાર આપ્યો. કિશોરની આંખ ઉઘડી ગઈ. તે બોલ્યો ઝેર પીને અમૃતના ઘૂંટડા પાનારી તારા જેવી માતા જગતમાં નહિ મળે. આમ કહીને માતાને ભેટી પડ્યો. માતાએ તેને પ્રેમથી પંપાળ્યો ને કહ્યું બેટા ! તારો વાંક નથી. વાંક મારા પાપકર્મનો છે, પણ આજે મને મારો ખોવાઈ ગયેલો કિશોર પાછો મળ્યો એનો આનંદ છે. થોડા દિવસમાં કિશોરને અમદાવાદમાં સારી નોકરી મળી ગઈ.

બીજી તરફ મદ્રાસમાં કમલેશે મિત્રના સહયોગથી વહેપાર કર્યો. એને સારી કમાણી થઈ એટલે ઘરબાર વસાવ્યા, પછી એના મનમાં થયું કે હું મારી માતાને તેડી આવું, એટલે એ પણ આવી ગયો. પુત્ર અને પુત્રવધૂ બંને માતાને મળ્યા ને કહ્યું–મા ! અમે તને લેવા આવ્યા છીએ. શીલાએ ના પાડી પણ કમલેશે કહ્યું હવે આપણે સાથે જ રહેવું છે. ખૂબ આગ્રહ કરીને કમલેશે માતા અને કિશોરને સાથે લઈ જવા તૈયાર કર્યા. કિશોરની પત્નીને પણ તેડાવી લીધી. બધા મદ્રાસમાં આનંદથી રહેવા લાગ્યા. બંને પુત્રો શીલાની ખૂબ સેવા કરવા લાગ્યા. શીલાને પણ પુત્રોની માતા બન્યાનો આનંદ થયો. સાથે સંસારનું સ્વરૂપ પણ સમજ્યું. સુખમાં પણ અનાસક્ત ભાવે રહી ધર્મારાધનામાં જિંદગી પૂરી કરી. ટૂંકમાં સંસારમાં માનવીનું ધાર્યું કંઈ થતું નથી. જુઓ, શીલા કેવી કોડભરી પરણી હતી પણ પરણીને નાના બાળકો ઉછેરવામાં પડી. બાળકો થોડા મોટા થયા ત્યાં પતિ અને સાસુ ચાલ્યા ગયા, પછી કિશોરે ફટકો માર્યો. તે જ કિશોર ગરીબ થઈ જતાં પગમાં પડતો આવ્યો, પછી મોટો દીકરો તેડવા આવ્યો ને સુખની ઘડી આવી. આ રીતે વિચારીએ તો સંસારમાં કાંઈ સાર નથી. સંસારથી સરકી જવામાં જ સાર છે.

નેમકુમાર પરણવા આવ્યા છે પણ પશુડાનો પોકાર સુણીને સ્થંભી ગયા, અને મનમાં વિચાર કરવા લાગ્યા કે જ્યાં હજારો જીવોના મોત થાય તે શું લગ્ન કહેવાય ? આવા લગ્ન કરવાથી શું સુખ મળે ?

जइ मज्ज कारणा एए, हम्मन्ति सुबहू जिया ।
न मे एयं तु निस्सेसं, परलोगे भविस्सई ॥ १९ ॥

જો મારા જ કારણથી આ સઘળા જીવો હણાઈ જતા હોય તો આ હિંસા મારા માટે મોક્ષગમનમાં કલ્યાણકારી નહિ થાય, અર્થાત્ હિંસાથી કદી મોક્ષ થતો નથી.

અનુકંપા વૃત્તિના દિવ્ય પ્રભાવે નેમકુમારના હૃદયને હચમચાવી મૂકયું. સૌથી પ્રથમ તેમણે વિચાર્યું કે લગ્ન ક્રિયા જેવી સામાન્ય ક્રિયામાં પણ આવી ઘોર હિંસા ! સ્હેજ જીભના સ્વાદ માટે આટલો મોટો અનર્થ ! સંસારના પામર જીવો શું બીજાના દુઃખો પારખવાની લાગણી સાવ ખોઈ બેઠા હશે ? આવો સામાન્ય વિચાર પણ તેમને નહિ સ્ફુરતો હોય ? ખરેખર, જ્યાં દયાની દિવ્ય દૃષ્ટિ જ નથી ત્યાં આવા વિચારો કયાંથી આવે ? જ્યાં આંધળું અનુકરણ છે ત્યાં વિવેક કયાંથી જન્મે ? આવા પાપથી ભરેલા સંબંધોમાં ઉન્નતિ કયાંથી થાય ? મારા નિમિત્તે થનારી આ હિંસા મારે માટે પરલોકમાં શ્રેયકારી નથી નેમકુમારને ચિંતનમાં મગ્ન બનેલા જોઈને સારથીએ તેમના મુખ ઉપરથી તેમના ભાવ જાણીને વિચાર કર્યો કે આ પ્રાણીઓને છોડીને એમનું રક્ષણ કરવું એ શ્રેયકર છે, એવો નેમકુમારનો વિચાર છે તેમ સમજી તેણે પ્રભુના વિચાર અનુસાર પાંજરામાં અને વાડામાં પૂરેલા સઘળા પશુ પક્ષીઓને મુકત કરવા માટે દ્વાર ખોલી નાંખ્યું, અને તેમના પગમાંથી ને ગળામાંથી બંધન કાપી નાંખ્યા. આથી સઘળા જીવો બંધનમુક્ત થતાં આનંદિત બનીને નિર્ભયપણે વનમાં પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. આ સમયે તેમને કેટલો ને કેવો આનંદ થયો હશે એ તો એ જ અનુભવી શકે.

પિંજરમાંથી પશુઓને છોડયા, સહુ પ્રાણીઓ હરખાતા ચાલ્યા,
કરૂણામૂર્તિ નેમકુમારે, સર્વ જીવોને અભયદાન દીધા.
બંધન છૂટયા મુક્તિ મોજ મળી....

સારથીએ વાડા અને પિંજરાના દ્વાર ખોલી નાંખ્યા, એટલે પશુ પક્ષીઓ આનંદભેર નાસવા લાગ્યા. એક જ વાડામાં મા દીકરા અલગ પડી ગયા હતા તે એકબીજાને ભેટી પડયા, અને એમની ભાષામાં એકબીજાને કહેવા લાગ્યા કે આપણે ન્હોતા કહેતાં કે દયાળુ નેમકુમાર આપણને મરવા નહીં દે. આપણને જરૂર બચાવશે. ખરેખર ? એમણે આપણને બચાવ્યા. ઓ કરૂણાવંત નેમકુમાર ! તમારું જલ્દી કલ્યાણ થાઓ એમ આશીર્વાદ આપતા ખુશ થતાં ચાલ્યા ગયા. કોઈ માણસને ફાંસીની શિક્ષા માફ થાય તો કેટલો આનંદ થાય ! તેમ પશુ પક્ષીઓને આનંદ થયો. આ પશુ પક્ષીઓ તો ઉગ્રસેન રાજાએ પૂરાવ્યા હતા, એટલે એના ઉપર એમની માલિકી હતી, છતાં હિંમત કરીને સારથીએ તેમને બંધનમુક્ત કર્યા તેથી નેમકુમાર ખૂબ સંતુષ્ટ અને પ્રસન્ન થયા. હવે નેમકુમાર ખુશ થઈને સારથીને શું આપશે તેના ભાવ અવસરે.

ચારત્ર :– જિનસેનકુમાર અને ચંપકમાલા બંને સિંહલદ્વીપના સાગરતટે પહોંચ્યા. પછી રાજાના વહાણ અને માણસોને તરત જ રવાના કરી દીધા, અને પોતે બંને થોડીવાર આરામ કરીને ત્યાંથી ઉઠીને આગળ ચાલ્યા. શહેર નજીક એક સુંદર સરોવર આવ્યું. સરોવરમાં સુંદર કમળો ખીલેલા છે. અનેક પ્રકારના પક્ષીઓ આનંદ કિલ્લોલ કરી રહ્યા છે. આવું સુંદર સરોવર જોઈને જિનસેન અને ચંપકમાલા થોડી વાર તેના કિનારે બેઠા. ત્યાં કોઈ બાળક કરૂણ સ્વરે રડતો હોય એવો અવાજ આવ્યો. આ સાંભળીને જિનસેનકુમાર ચંપકમાલાને કહે છે કોઈ બાળક રડતો હોય એવો અવાજ સંભળાય છે. નજીકમાંથી જ અવાજ આવે છે. કોણ રડતું હશે ? જિનસેનકુમાર ચંપકમાલાને કહે છે તું અહીં થોડી વાર બેસજે. કોણ રડે છે ? શા માટે રડે છે ? એ તપાસ કરીને તેને હું દુઃખમુક્ત કરીને આવું છું. આપણા જેવા શૂરવીર આત્માઓ જ્યાં હોય ત્યાં કોઈ દુઃખી ન રહેવું જોઇએ. આપણામાં જો શક્તિ છે તો દુઃખીના દુઃખ મટાડવા એ આપણી ફરજ છે. ચંપકમાલાએ કહ્યું નાથ ! આપની વાત સાચી છે. હું આપના વિચારને ટેકો આપું છું, પણ આ અજાણ્યો પ્રદેશ છે માટે એકલા બેસતા મારું મન માનતું નથી. જિનસેને કહ્યું અરે ચંપકમાલા ! તું તો શૂરવીર ને ધીર છે. સિંહણને મારવા વખતે મેં તારું શૂરાતન જોયું છે ને આટલામાં ગભરાય છે ? તું શાંતિથી બેસજે, ત્યારે ચંપકમાલાએ કહ્યું–નાથ ! ભલે, પધારો પણ કામ પતાવીને જલ્દી પાછા આવજો. ચંપકમાલાને સરોવર પાસે એક ઘટાદાર વૃક્ષ નીચે બેસાડીને જિનસેનકુમાર જે દિશામાંથી રડવાનો અવાજ આવતો હતો તો તે તરફ ગયો. થોડે દૂર ગયો ત્યાં એક માતાજીનું મંદિર આવ્યું. એ મંદિરમાંથી એક બાળકનો રડવાનો અવાજ આવતો હતો એટલે જિનસેનકુમાર મંદિરમાં ગયો.

"બાળકની બહારે કરૂણાવંત જિનસેન" :– કેટલાક માણસોએ દશ–અગિયાર વર્ષના એક બાલુડાની ચોટી પકડીને દેવીની સામો ઉભો રાખ્યો હતો. એક માણસના હાથમાં તલવાર હતી. તે બાળકને દેવીને ભોગ ચઢાવવા માટે તલવારથી તેનો વધ કરવાની તૈયારીમાં હતા. એવા સમયે કુમાર ત્યાં પહોંચી ગયો. બાળક બેઠેલા માણસોની સામે જોઇને આજીજી કરતો હતો કે કાકા ! તમે મને બચાવો. હું તમારી પાસે કંઈ બાવાનું નહિ માંગું. તમે કહેશો તેમ કરીશ પણ મારશો નહિ. સામે ચકમકતી તલવાર જોઈને તે ધ્રુજી ઉઠયો છે ને આંખમાં આંસુ સારતો બધાને વિનવી રહ્યો છે પણ આ કાકાઓ કયાં હતા ? આ તો કસાઈ જેવા હતા. એમના અંતરમાં કરૂણાનો અંશ પણ કયાંથી હોય ? છેવટે છોકરો બધા સામું જોઈ નિરાશ થઇ પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો કે હે ભગવાન ! તમને પણ મારી દયા નથી આવતી ? ભગવાને એનો પોકાર સાંભળીને જાણે જિનસેનકુમારને ન મોકલ્યો હોય ! તેમ હાથમાં તલવાર લઇને જિનસેનકુમાર ત્યાં આવ્યો ને મોટા અવાજે બોલ્યો કે દુષ્ટો ! આ નિરપરાધી નિર્દોષ બાળકે તમારું શું બગાડયું છે ? કે તમે એને આવી ક્રૂર રીતે મારી રહ્યા છો ? તમે જરા વિચાર તો કરો.

મનુષ્યની હિંસા કરવાથી મહાન પાપ લાગે છે. નરકગતિમાં ભયંકર દુઃખો ભોગવવા પડે છે, માટે તમે આ છોકરાને છોડી દો. આ સાંભળી ત્યાં બેઠેલા માણસો કપાળે ભ્રકુટી ચઢાવી લાલ આંખ કરીને કહે છે તું અમારા કાર્યમાં વિઘ્ન નાંખનારો કોણ છે? આવા શબ્દો બોલીને અપશુકન કયાં કરે છે! તું અમને કહેનાર કોણ? ચાલ્યો જા અહીંથી. નહિતર તારું આવી બનશે. કુંવર કહે હરગીઝ નહિ. હું આ છોકરાને છોડાવ્યા વિના જવાનો નથી, ત્યારે માણસો કહે છે એમ છે તો સાંભળ.

પહલે તેરી બલિ ચઢાવે, ફિર ઈસકો હમ મારે,
બીચમેં આયા બડા અકડકે, કયા કિસ્મત બગાડે.

જો તું આ છોકરાને છોડાવવા માટે જ આવ્યો હોય તો એ વાત ક્ષણમાં બનવાનું નથી, પણ એનું બલિદાન આપતા પહેલાં તારું બલિદાન આપીશું, પછી એનું બલિદાન આપીશું. તું આ છોકરા ખાતર તારું ભવિષ્ય શા માટે બગાડે છે? તારી માતાને તું બાળખામણો લાગે છે તેથી અહીં મરવા માટે આવ્યો લાગે છે. જો તારે જીવવું હોય તો ચાલ્યો જા અહીંથી. અમને તારી દયા આવે છે. આ સાંભળીને જિનસેનકુમાર ક્રોધથી ધમધમી ઉઠયો ને સિંહની જેમ ગર્જના કરીને કહે છે હે દુષ્ટો! તમને મારી દયા આવે છે પણ મને તમારી દયા આવે છે. જો તમારે જીવવું હોય તો આ બાળકને છોડી દો. જો નાહ છોડો તો હું તમને બધાને ભૂંડા હાલે મારી નાંખીશ. તમારામાંથી એકને પણ જીવતો નહિ જવા દઉં, પછી કોઈની તાકાત નથી કે તમને છોડાવી શકે. કુંવરનો જવાબ સાંભળીને બધા માણસો ક્રોધે ભરાયા ને બોલી ઉઠયા. પાપી! જો તને આટલું બધું અભિમાન છે તો તૈયાર થઈ જા, એટલે જિનસેને હાથમાં તલવાર લીધી. જિનસેનકુમાર એકલો હતો ને સામે ઘણાં માણસો હતા પણ જિનસેન તો શૂરવીરતાથી તેમની સામે ઝઝૂમવા લાગ્યો. સામાસામી તલવારો ઝઝૂમવા લાગી. જિનસેને તો કંઈકના હાથ ને કંઈકના પગ કાપી નાંખ્યા. એનું પરાક્રમ જોઈને બધા ઉભી પૂંછડીએ ભાગ્યા. એક પણ ઉભો ન રહ્યો, એટલે પેલો છોકરો નિર્ભય બનીને જિનસેનકુમારને ભેટી પડયો. અહો ભગવાન! તમે મને બચાવ્યો, તમે ન આવ્યા હોત તો હું મરી ગયો હોત. જેમ નેમકુમારે પશુઓને છોડાવ્યા ને આનંદ થયો તેવો આનંદ આ બાળકને થયો. જિનસેને તેના માથે હાથ ફેરવીને કહ્યું ભાઈ! તું બચી ગયો તેથી મને પણ આનંદ થયો. ચાલો, હવે આપણે જઈએ.

"ચંપકમાલાને ન જોતાં ચિંતાતુર જિનસેન"– જિનસેનકુમાર બાળકને લઈને જ્યાં ચંપકમાલાને બેસાડી હતી ત્યાં આવ્યો ને જોયું તો ચંપકમાલાને ન જોઈ એટલે કુંવરના હોશકોશ ઉડી ગયા. હું અહીં બેસાડીને ગયો છું ને એટલી વારમાં એ કયાં ગઈ! હજુ મેં સિંહલદ્વીપમાં પગ પણ મૂકયો નથી ને તે પહેલા આ શું થઈ ગયું? મને

બધાએ સિંહલદ્વીપ ન આવવા માટે રોકયો પણ હું રોકાયો નહિ ને આવ્યો તો પહેલે જ કોળિયે માખ આવી ! અરેરે...ચંપકમાલા ! તું કયાં ગઇ ? એમ કહીને ચારે તરફ દૃષ્ટિ કરવા લાગ્યો. આજુબાજુમાં તપાસ કરી પણ કયાંય ચંપકમાલા દેખાઈ નહિ. હવે જિનસેનકુમારને તો ચિંતાનો પાર ન રહ્યો. બીજું આ છોકરાને પણ સાચવવાનો થયો. છોકરો પૂછે છે કાકા ! તમે આટલા બધા ચિંતાતુર કેમ છો ? હવે જિનસેનકુમાર આ બાળકને શું જવાબ આપશે ને ચંપકમાલાની કેવી રીતે તપાસ કરશે તેના ભાવ અવસરે.

●

વ્યાખ્યાન નં. ૭૮

આસો સુદ ૧૦ ને બુધવાર **તા. ૧૧-૧૦-૭૮**

અનંતજ્ઞાની મહાનપુરૂષોએ જગતના જીવોના ઉદ્ધાર માટે કલ્યાણમયી વાણી પ્રકાશી. ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં આપણે નેમ-રાજુલના વિવાહની વાત ચાલે છે. નેમકુમાર પરણવા માટે આવ્યા છે. તેઓ જાનના ઠાઠમાઠ સામે કે ઉગ્રસેન રાજાએ પોતાના સ્વાગત માટે કેવું નગર શણગાર્યું છે ને કેવો મંડપ રચ્યો છે તે જોતા નથી પણ તેઓ તો આત્મસ્વરૂપમાં સ્થિર થયા છે. આવા મહાનપુરૂષો પોતાના જીવન દ્વારા જગતના જીવોને સમજાવે છે કે હે આત્માઓ **"ઠર્યા વિના ઠેકાણું નથી ને અટકયા વિના અમરતા નથી."** કારણ કે આત્માનો મૂળ સ્વભાવ સ્થિર રહેવાનો છે. એક પણ પ્રદેશનું હલનચલન કર્યા વગર અનંતકાળ સુધી સ્થિર રહી શકવાની અનંત શક્તિ આત્મામાં રહેલી છે. એ શક્તિનો પ્રગટપણે સંપૂર્ણ અનુભવ સિદ્ધગતિના આત્માઓ કરે છે. આત્માની સંપૂર્ણ સ્થિરતાના અનુભવકાળમાં અનંત સુખનો તેઓ અનુભવ કરે છે. સ્થિરતામાં સુખ છે ને અસ્થિરતામાં દુઃખ છે. કર્મસંયોગના કારણે આત્માનો સ્વભાવ અસ્થિર બની ગયો છે, છતાં સંસારી આત્મામાં અપ્રગટપણે સ્થિરતા રહેલી છે. તે સ્થિરતા પ્રગટ થવામાં રૂકાવટ કરનાર કર્મનો સંયોગ છે. કર્મસંયોગ છૂટી જતાં આત્મા સંપૂર્ણરૂપે સ્થિર થઈ જાય છે.

આત્માના આ અસલ સ્થિરતાના સ્વભાવને પ્રગટ કરવા અને કર્મના સંયોગને દૂર કરવા તીર્થંકર ભગવંતોએ મોક્ષમાર્ગની સ્થાપના કરી છે. તે મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે દાન-શીયળ-તપ-ભાવ, જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિમાં મન-વચન-કાયાની સ્થિરતા કેળવવી જોઇએ. તમારા સંસારના કાર્ય પણ સ્થિરતા વિના કદી સિદ્ધ થતા નથી. વિદ્યાર્થીઓને પરીક્ષામાં સારા નંબરે પાસ થઈને ડીગ્રી મેળવવા માટે ચંચળ ચિત્તને અભ્યાસમાં સ્થિર કરવું પડે છે. નામું લખનારાઓ નામું લખતી વખતે ચિત્તને એકદમ સ્થિર કરી દે છે. એક ખાતાની રકમ બીજા ખાતામાં ખતવાતી નથી. જેના ખાતાની જે રકમ હોય તે તેના ખાતામાં જ ખતવાય છે. અમુકનું ખાતું અમુક પાને છે તે પણ ચોપડા લખનારાઓના

મોટે હોય છે. તેનું કારણ તમે સમજી ગયા ને ? એ બાબતમાં તો તમે ખૂબ હોંશિયાર છો. મારે તમને કહેવું નહિ પડે. તેનું કારણ એક જ છે કે ચિત્તની સ્થિરતાપૂર્વક ચોપડા લખ્યા છે. આજે દુનિયામાં થતી નવી શોધખોળોની સફળતા માટે મુખ્ય કારણ સ્થિરતા છે. કોઈ પણ માણસે કોઈ પણ કાર્યમાં સફળતા મેળવી હોય અગર કોઈ કળા સિદ્ધ કરી હોય તો તેને તમે પૂછી જોજો કે તમે આ કળા કેવી રીતે હસ્તગત કરી ? તમને કાર્યમાં સફળતા કેવી રીતે મળી ? તો એ તમને એમ જ કહેશે કે કાર્યની સફળતામાં અને કળા સિદ્ધ કરવામાં મુખ્ય કારણ મેં કેળવેલી સ્થિરતા છે. જો વ્યવહારમાં પણ કાર્યને સિદ્ધ કરવા માટે સ્થિરતા મુખ્ય ભાગ ભજવે છે તો પછી આત્મિક ગુણોની સિદ્ધિ માટે જન્મ-મરણાદિ દુઃખોથી ભરેલા સંસારથી છૂટવા માટે અને અનંત સુખોથી ભરેલા મોક્ષને મેળવવા માટે કેટલી સ્થિરતા કેળવવી જોઈએ તેનો વિચાર કરજો.

અત્યાર સુધીમાં કોઈ પણ આત્માએ સ્થિરતા વિના કોઈપણ કાર્યની સિદ્ધિ કરી નથી. જ્યાં સુધી અનાસક્ત ભાવ સહિત સ્થિરતાપૂર્વક ધર્મક્રિયાઓ નહિ થાય ત્યાં સુધી તે ધર્મક્રિયાઓમાં આવેલી સ્થિરતા પણ મોટે ભાગે આસક્તિભાવવાળી હોય છે. તેનાથી પુણ્ય બંધાય છે. તે પુણ્યથી ધન, વૈભવ વિગેરે સુખ સામગ્રી મળે છે અને ધર્મસામગ્રીનો યોગ પણ મળે છે પણ આસક્તિપૂર્વક ધર્મક્રિયા કરી હોવાથી ધર્મના સંસ્કાર પડતા નથી અને આત્મામાં જોરદાર મોહાદિના સંસ્કાર પડેલા હોવાથી તે સમયે જીવોને ધન વિગેરે સંસાર સુખની સામગ્રી ઉપર જોરદાર આકર્ષણ થાય છે પણ ધર્મસામગ્રી પ્રત્યે આકર્ષણ થતું નથી. ધનાદિનું આકર્ષણ જીવ પાસે અનેક પાપકર્મો કરાવે છે. પાપકર્મોમાં રસ પેદા કરે છે તેથી જોરદાર પાપકર્મો બંધાય છે અને તે જોરદાર બંધાયેલ પાપકર્મોથી જીવને અસંખ્યાત કે અનંતકાળ સુધી નરક તિર્યંચાદિ દુર્ગતિઓમાં ભટકવું પડે છે. દુર્ગતિઓના દારૂણ દુઃખથી બચવા માટે જીવે ધર્મક્રિયામાં નિરાશંસભાવપૂર્વક સ્થિરતા લાવવાની જરૂર છે.

દૂધનું તપેલું ભરેલું હોય તેમાં જો લીંબુના રસના ત્રણ ચાર ટીંપા પડી જાય તો દૂધને ફાડીને નકામું બનાવી દે છે, તેમ ધર્મક્રિયામાં રહેલી અસ્થિરતા અને આશંસા ધર્મક્રિયાને નકામી બનાવી દે છે. સંસારના સુખો માટે વિદ્યા સાધવા ગયેલા વિદ્યાસાધકો વિદ્યાની સાધના કરતી વખતે કેવા સ્થિર બની જાય છે ! રાવણ વિદ્યા સાધવા માટે જંગલમાં તહલીન બનીને આસન લગાવીને બેસી ગયો ને સ્થિર બનીને વિદ્યાનો જાપ કરવા લાગ્યો. તે વખતે દેવ તેની પરીક્ષા કરવા માટે અનેક પ્રકારના અનુકૂળ અને પ્રતિકૂળ ઉપદ્રવો કરવા લાગ્યો. દેવોએ આપેલા અનેક પ્રકારના ઉપદ્રવો રાવણે સહન કર્યા. કષ્ટ વખતે ચિત્તને બિલકુલ ચલાયમાન થવા દીધું નહિ તો બધી વિદ્યાઓ સિદ્ધ થઈ, અને કષ્ટ વખતે કુંભકર્ણ અને વિભિષણનું ચિત્ત જરા અસ્થિર બન્યું. તો તેમને બધી વિદ્યાઓ સિદ્ધ ન થઈ. હવે વિચાર કરો કે સંસાર સુખ માટે વિદ્યા સાધવાની કળામાં જો આટલી બધી સ્થિરતા રાખવી પડે છે તો મોક્ષના સુખ માટે ધર્મક્રિયાઓમાં કેટલી બધી સ્થિરતા રાખવી જોઈએ ?

સંસારના સુખમાં રહેલી જોરદાર સ્થિરતા જો નબળી પડે તો ધર્મમાં સ્થિરતા આવે. અનંતકાળથી જીવે પાંચ ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોમાં ઘણી સ્થિરતા કેળવી છે તેથી આ ભવમાં સહજ રીતે તે પાંચ ઇન્દ્રિયોના વિષયો તરફ આકર્ષાય છે, તેવી જ રીતે જો જીવ મોક્ષસાધક ધર્મમાં સ્થિર થઈ જાય તો ભવાંતરમાં પણ તેની સામે મોક્ષસાધક ધર્મ આવતાં તે ધર્મ તરફ આકર્ષાશે. અનુકૂળ શબ્દાદિ વિષયો તરફ દોટ લગાવવાના કારણે તે અત્યાર સુધી સંસારમાં ભટક્યો અને અનેક પ્રકારના ભયંકર દુઃખો ભોગવ્યા. હવે જો મોક્ષમાર્ગ રૂપ ધર્મ સામે દોટ લગાવે તો તેના પ્રતાપે જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી તેને સંસારમાં અનુકૂળ શબ્દ રૂપાદિ વિષયોની સામગ્રી મળે તો પણ એના અંતરમાં મોક્ષમાર્ગ ઝળહળતો રહે.

ખંધક મુનિના ૫૦૦ શિષ્યોએ મરણાંત ઉપસર્ગ વખતે કેવી સ્થિરતા કેળવી હતી તે જાણો છો ને? એ વાત તમે ઘણી વાર સાંભળી ગયા છો કે એક બાજુ ઘાણીમાં હાડકા તડતડ તૂટવા લાગ્યા, નસો તૂટવા લાગી અને લોહીના કુવારા ઉડયા. શરીર પીલાવા લાગ્યું ત્યારે બીજી બાજુ આત્મામાં અદ્‌ભૂત સ્થિરતા રાખી. આ સ્થિરતા ક્યાંથી આવી? ભાવનાથી. કઈ ભાવનાથી? હે જીવ! તેં આ શરીરને માટે આનાથી પણ ઘણી ભયંકર પીડાઓ પરાધીનપણે રડી રડીને દુશ્મનાવટ કેળવીને સહન કરી છે પણ આત્મા માટે સ્વાધીનપણે હસતા હસતા મિત્રતા કેળવીને સહન કરી નથી. રોઈ રોઈને પરાધીનપણે શરીર ખાતર પીડાઓ સહન કરી હોવા છતાં તે સહન કરેલી પીડાઓએ અનંતીપીડા વધારી છે. જો આ વર્તમાનમાં ઉદયમાં આવેલી પીડાઓને હસતા હસતા સહન કરી લઉં તો સર્વ પીડાઓથી મુકત થઈ જાઉં. અત્યાર સુધી સંસારના સુખ માટે સહન કરેલી પીડાઓમાં અનંતમા ભાગની પણ આ પીડા નથી, માટે આ પીડાથી ગભરાવાનું શું? આવી રીતે ખંધકમુનિ, ઝાંઝરીયા મુનિ, ગજસુકુમાલ આદિ મહાત્માઓએ મરણાંત ઉપસર્ગ વખતે ક્ષમાદિ દશ પ્રકારના ધર્મમાં સ્થિરતા કેળવી તો તેના પ્રભાવે ક્ષપક શ્રેણી માંડીને કર્મોનો ક્ષય કરીને કેવળ જ્ઞાન પામીને મોક્ષમાં જઈ અનંત સુખોના ભોકતા બન્યા.

દેવાનુપ્રિયો! આટલું સાંભળવા છતાં જીવને સંસારનો મોહ કેમ છૂટતો નથી? એનું કારણ અંતરના ઉંડાણમાંથી વિચાર કરતાં મને લાગે છે કે જીવો સંસારમાં ખૂબ સ્થિર છે તેથી સંસારથી છૂટી શકતા નથી, તેથી ધન, ભોગ વિષયો આદિ અસ્થિર હોવા છતાં જીવ તેને સ્થિર માની તેની ખાતર જોરદાર કર્મો બાંધે છે. તે સ્થિરતાને ત્યાંથી ખસેડી મોક્ષસાધક ધર્મમાં લઈ જવી છે. ધર્મમાં સ્થિરતા એટલે સમકિતમાં સ્થિરતા, દેશવિરતિ અને સર્વવિરતિ ધર્મમાં સ્થિરતા. આ સ્થિરતા મરણાંત ઉપસર્ગો વખતે જીવને મક્કમ બનાવે છે. સ્થિરતા એટલે મન, વચન, કાયાની એકાગ્રતા. આવી ધર્મની સ્થિરતાના સ્વરૂપને તથા તેના ફળને સમજીને તેમજ સંસારની સ્થિરતાના સ્વરૂપને સમજીને, અધર્મની સ્થિરતાથી સરકીને ધર્મની સ્થિરતા કેળવી મનુષ્યભવમાં મળેલી ઉત્તમ સામગ્રીને સફળ કરી લો. આ અવસર ચૂક્યા તો ફરીને આવો અમૂલ્ય અવસર મળવો મુશ્કેલ છે.

આપણા અધિકારના નાયકે લગ્નના ઉત્સાહ અને મહોત્સવમાં પણ તેઓએ આત્મ સ્વરૂપમાં કેટલી સ્થિરતા કેળવી હશે કે વાજિંત્રોના ગગન ભેદી સૂરમાં પણ પશુ પક્ષીઓના રૂદનનો અવાજ એમના અંતર સુધી પહોંચી ગયો. તેમના મનમાં મંથન શરૂ થયું કે એકબાજુ લગ્નની શરણાઈઓના સૂર ગગનને ભેદી નાંખે છે, ત્યારે બીજી તરફ આ નિર્દોષ પશુઓ બિચારા કરૂણ કલ્પાંત કરે છે. આ મારાથી કેમ સહન થાય ? આવું પરણવા જવાનું પણ કેમ ગમે ? આ રાંકડા પશુ પક્ષીઓને અભયદાન મળવું જ જોઈએ. આવા નેમકુમારના અંતરના ભાવ જાણીને સારથીએ વાડામ થી અને પિંજરમાંથી પશુ પક્ષીઓને બંધનથી મુકત કરી દીધા એટલે જેમ જેલમાંથી જેલી છુટેને આનંદ થાય, ભૂખ્યાને ભોજન મળે, તરસ્યાને પાણી મળે, અંધાને આંખ અને પાંગળાને પગ મળે ને જેટલો આનંદ થાય તેથી પણ અધિક આનંદ આ પશુ-પક્ષીઓને અભયદાન મળતાં થયો. પશુઓને આનંદ થયો તેનાથી અધિક આનંદ નેમકુમારને થયો. એ આનંદ અને હર્ષની ખુશાલીમાં એમણે સારથીને ખૂબ ધન્યવાદ આપ્યા ને કહ્યું કે સારથી ! તારી વીરતાને ધન્યવાદ છે. તારું કાર્ય જોઇને હું ખુશ થયો છું. નેમકુમારે ભાષાથી સારથીને ધન્યવાદ આપ્યા. ઘણાં માણસો કોઈ સારું કાર્ય કરે ત્યારે વચન દ્વારા પ્રસન્નતા વ્યક્ત કરે છે પણ એની કદર કરતા નથી, પણ નેમકુમારના ધન્યવાદ લૂખા ન હતા. તેઓ સમજતા હતા કે મોઢાના ધન્યવાદ કે વાહ વાહ ખાવા પીવાના કે પહેરવા ઓઢવાના કામમાં આવતા નથી. મોઢાના ધન્યવાદ સંસાર વ્યવહારમાં ગૃહસ્થને સહાય કરી શકતા નથી, તેમ મોઢાના ધન્યવાદથી તેને આનંદ પણ થતો નથી, એટલે નેમકુમાર સારથીને મોઢાના ધન્યવાદ આપીને ખુશ થઇને બેસી ન રહ્યા પણ સારથીને ખુશ કરવા માટે શું કર્યું.

सो कुंडलाण जुयलं, सुत्तगं च महायसो ।
आभरणाणि य सव्वाणि, सारहिस्स पणामए ॥२०॥

એ મહાન યશસ્વી ભાવિમાં તીર્થંકર ભગવાન બનવાવાળા નેમકુમારે પોતાના કાનમાંથી કુંડળો કાઢયા, એ કુંડળોમાં જડેલા રત્નો અત્યંત કિમતી હતા. એના ઉપર સૂર્યના કિરણો પડતાં એ રત્નોમાંથી તેજમય કિરણો નીકળતા હતા. એવા કિંમતી રત્નો કુંડળમાં જડેલા હતા. એવા કુંડળો જલ્દીથી કાનમાંથી ઉતારી નાખ્યા, પછી હાથમાંથી બાજુબંધ, કેડમાંથી કંદોરો, કંઠમાંથી સાત સેરા, નવસેરા હીરા, માણેક, મોતી જડેલા કિંમતી હાર, આંગળીઓમાં પહેરેલા વેઢ અને વીંટી આ બધું એક પછી એક ઉતારવા લાગ્યા. આ જોઇને સારથી પણ વિચારમાં પડી ગયો કે નેમકુમાર પરણ્યા પહેલા જ બધા આભૂષણો કેમ ઉતારે છે ? ત્યાં તો નેમકુમારે બધા આભૂષણો ઉતારીને સારથીને આપી દીધા.

ઉત્કૃષ્ટ ભાવે આભરણ ઉતાર્યાં, આપ્યા સારથીને હાથ (૨)
નથી પરણવું હવે મારે, જીવોને મુક્ત કર્યા આજ (૨)
એ....એ કરૂણાસાગરે કરૂણા કરી, શીખવ્યા અહિંસાના પાઠ....

નેમકુમારે શરીર ઉપરથી ઝડપભેર આભરણો ઉતાર્યા, ધીમે ધીમે નહિ. તમે તો કંઇક આપો તો વિચાર કરો કે કેટલું આપું? શું આપું? નેમકુમારે એવો વિચાર ન કર્યો પણ ઉત્કૃષ્ટ ભાવે ઉદારતાથી શરીર ઉપર પહેરેલા નાના મોટા બધા દાગીના ઉતારીને પશુ પક્ષીઓને અભયદાન આપ્યું તેની ખુશાલીમાં સારથીને ઇનામ તરીકે આપી દીધા. તે કિંમતી અલંકારો મળવાથી સારથીને કેટલો બધો આનંદ થયો હશે? એનો અનુભવ તો તે સારથી પોતે કરી શકે અને તમે બધા પણ કરી શકો, કારણ કે આ તો તમારા અનુભવની વાત છે ને?

"નેમકુમારનું ફરમાન" :– હવે નેમકુમાર સારથીને કહે છે હે સારથી! તું હાથીને પાછો વાળ. આ સાંભળી સારથી સ્તબ્ધ બની ગયો. સહેજ અચકાઈને આશ્ચર્ય સાથે નેમકુમારને કહે છે કુમાર! હજુ તો તોરણદ્વારે પહોંચ્યા નથી ને હાથી પાછો વાળવાનું કેમ કહો છો? આપના દિલમાં મારા લગ્ન નિમિત્તે પશુ પક્ષીઓની હિંસા થશે એ વાતનું દુઃખ હતું, તો પશુ પક્ષીઓને તો આપણે છોડી મૂક્યા. હવે હિંસાનો પ્રશ્ન રહેતો નથી, પછી શા માટે પાછા ફરો છો? હું હાથીને પાછો નહિ વાળું. તોરણે આવીને લગ્ન કર્યા વિના પાછા ફરવું તે આપને માટે યોગ્ય નથી, માટે આપ આ બાબતમાં વિચાર કરો, ત્યારે નેમકુમારે કહ્યું સારથી! એ બાબતમાં તારે ચિંતા કરવાની જરૂર નથી. સારથીએ કહ્યું હે આયુષ્યમાન્! જો કે આપના હુકમનું પાલન કરવું એ મારું કર્તવ્ય છે. આપના હુકમથી વિરુદ્ધ કંઈ કરવાનો કે કહેવાનો મને કંઈ અધિકાર નથી, છતાં હું આપને પ્રાર્થના તો અવશ્ય કરી શકું છું, તો હું નમ્રપણે આપને પ્રાર્થના કરું છું કે આપ આપના હુકમ ઉપર ફરીને એક વાર વિચાર કરવા કૃપા કરો. આપ લગ્ન માટે હોંશે હરખે જાન જોડીને અહીં આવ્યા ને લગ્ન કર્યા વિના તોરણદ્વાર આગળ આવીને પાછા ફરવું તે આપ જેવા ઉત્તમ પુરૂષો માટે ઉચિત નથી. આપના મોટાભાઈ કૃષ્ણમહારાજા પણ આપને કોઈ રીતે પાછા ફરવા દેશે નહિ.

"હાથી પાછો ફરતા મચેલો કોલાહલ" :– સારથીના પ્રશ્નના જવાબમાં નેમકુમારે ગંભીરતાપૂર્વક કહ્યું કે હું મારા કર્તવ્યને બરાબર સમજું છું. મેં જે કંઈ કર્યું છે તે ખૂબ વિચાર કરીને કર્યું છે. આ બાબતમાં તમારે ચિંતા કરવાની જરૂર નથી. તમે હું કહું તેમ કરો. ગમે તેમ તો ય સારથી તો ચિઠ્ઠીનો ચાકર છે. શેઠ એ શેઠ અને ચાકર તે ચાકર, શેઠના વટહુકમ આગળ ચાકરનું બિચારાનું શું ચાલે? સારથી નેમકુમાર આગળ વધુ બોલી શક્યો નહિ. એણે નેમકુમારના હુકમ મુજબ હાથી પાછો વાળ્યો. નેમકુમારનો હાથી પાછો વળેલો જોઈને આખી જાનમાં કોલાહલ મચી ગયો કે નેમકુમારનો હાથી પાછો ફર્યો. આગળ સૈન્ય અને સાથેલા હતા. તેમને ખબર પડી એટલે આગળના માણસો દોડતા પાછળ આવ્યા અને કૃષ્ણવાસુદેવ, સમુદ્રવિજય આદિ દશ દશાર્હ રાજાઓ પાછળ હતા. તેમને ખબર પડતાં તેઓ બધા દોડતા આવ્યા. કૃષ્ણવાસુદેવે આ વાત સાંભળી ત્યારે એમના

દિલમાં ખૂબ દુઃખ થયું કે મારા ભાઈને આ શું થઈ ગયું ? તેઓ ખૂબ ચિંતાતુર બની ગયા, કારણ કે જનના આગેવાન પોતે હતા. નેમકુમારના વિવાહ માટે રાજેમતીનું માંગુ કરવા પણ પોતે આવ્યા હતા, એટલે નેમકુમારના પિતા સમુદ્રવિજય રાજા કરતાં કૃષ્ણવાસુદેવની જવાબદારી વધુ હતી, તેથી તેમના મનમાં થયું કે મારા ભાઈએ હાથી કેમ પાછો ફેરવ્યો ? કૃષ્ણવાસુદેવ, દશ દશાર્હ રાજાઓ બધા નેમકુમારના હાથીને ઘેરી વળ્યા.

"રાજેમતીને લાગેલ આઘાત" :– આ તરફ રાજેમતી જમણી આંખ અને જમણું અંગ ફરકયું ત્યારથી ચિંતાતુર બનેલી હતી. તેની સખીઓ તેને ચિંતા દૂર કરવા સમજાવી રહી હતી રાજેમતી સખીઓની વાત સાંભળતી સજળનેત્રે નેમકુમાર સામે જોઈ રહી હતી, અને મનમાં અનેક પ્રકારના અનિષ્ટોની આશંકા કરી રહી હતી. એટલામાં તેણે નજરો–નજર જોયું કે નેમકુમારના સારથીએ વાડામાં અને પાંજરામાં પૂરાયેલા પશુ પક્ષીઓને બંધનથી મુક્ત કરી દીધા અને પોતાના બધા આભૂષણો ઉતારીને સારથીને આપી દીધા ને પોતાનો હાથી પાછો ફેરવ્યો. આ બધું જોઈને રાજેમતીની શંકા દૃઢ થતી ગઈ અને જ્યાં નેમકુમારનો હાથી પાછો ફર્યો તે જોઈને તેની ધીરજ તદ્દન ખૂટી ગઈ ને મૂર્છિત બનીને પૃથ્વી ઉપર પડી ગઈ. જુઓ, આ સંસારનો મોહ કેવો છે ! નેમકુમાર શા માટે પાછા ફર્યા એ વાત રાજેમતી જાણતી નથી, તેમજ તે પોતાની સાથે લગ્ન નહિ જ કરે તે પણ જાણતી નથી છતાં નેમના હાથીને પાછો ફરતો જોયો ત્યાં બેભાન બની ગઈ, એટલે બેની સખીઓ કહે છે બહેન રાજેમતી ! તું આ શું કરે છે? જો તો ખરી. હમણાં નેમકુમાર આવશે. તું સ્વસ્થ બન, પણ રાજેમતી કંઈ બોલતી નથી એટલે સખીઓ તેને પંખા વડે હવા નાંખવા લાગી, કોઈ પાણીની ઝારી લઈને શીતળ પાણી છાંટવા લાગી.

આ તરફ ઉગ્રસેનના મહેલમાં ખબર પડી કે વરરાજા પાછા ફર્યા છે તેથી રાજેમતી મૂર્છિત બનીને પૃથ્વી પર ઢળી પડી છે. આ સમાચાર વાયુવેગે બધે ફેલાઈ ગયા. મહેલમાં થતો આનંદ પ્રમોદ બંધ થઈ ગયો. વાજા વાગતા બંધ થઈ ગયા. ઉગ્રસેન રાજા અને ધારણી રાણીના અંતરમાં ભયંકર આઘાત લાગ્યો. તેઓ બધા દોડતા રાજેમતી પાસે આવ્યા ને તેની મૂર્છા દૂર કરવાના પ્રયત્નો કરવા લાગ્યા. રાજેમતી મૂર્છિત થવાથી ઉગ્રસેન રાજાના મહેલમાં ખળભળાટ મચી ગયો અને નેમકુમાર પાછા વળવાથી જાનમાં ખળભળાટ મચી ગયો. વરપક્ષ અને કન્યાપક્ષ બંને પક્ષમાં અશાંતિ ઉત્પન્ન થઈ. બંનેના વડીલો ચિંતાતુર બની ગયા. રાજેમતીને શુદ્ધિમાં લાવવા સૌ પ્રયત્નો કરે છે. હવે કૃષ્ણવાસુદેવ નેમકુમાર પાસે આવશે ને સમજાવશે પણ નગીના નેમ સમજશે કે નહીં તેના ભાવ અવસરે.

ચરિત્ર :– **"જિનસેન આવે ત્યાં ચંપકમાલા ગૂમ"** :–જિનસેનકુમાર ચંપકમાલા નહિ મળવાથી ચિંતાતુર બની ગયો ત્યારે પેલો દશ વર્ષનો બાળક પૂછે છે કે કાકા ! તમે આટલા બધા કેમ ગભરાઈ ગયા છો ? તમને શું ચિંતા છે ? જિનસેનકુમારે કહ્યું–

બાબા ! તારો રડવાનો અવાજ સાંભળીને હું દેવીના મંદિરે આવ્યો ત્યારે મારી પત્નીને હું અહીં બેસાડીને આવ્યો હતો. હું તને લઇને આવ્યો ત્યારે તે દેખાતી નથી, તેથી મને એની ચિંતા થાય છે કે તેનું શું થયું હશે ? તેને કોઇ ઉઠાવી ગયું હશે ? તે કયાં ગઈ હશે ? આ સાંભળીને બાળકની આંખમાં આંસુ આવી ગયા ને રડતો રડતો કહેવા લાગ્યો કાકા ! તમે તો મને જીવતદાન દીધું. તમે મારી વ્હારે આવ્યા ને તમારે માથે આવું દુઃખ આવી પડયું ? જિનસેનકુમાર કહે છે હવે મારે ચંચકમાલાની શોધ કરવાજવું છે પણ હું તને તારે ઘેર પહોંચાડી દઉં. તું કહે તારું ઘર કયાં છે ? બાળકે કહ્યું કાકા ! આ સિંહલદ્વીપના નગરશેઠનો હું દીકરો છું. આ નજીકના શહેરમાં જ મારું ઘર છે. જિનસેનકુમાર બાળકના બતાવ્યા પ્રમાણે એને લઇને ઘેર આવ્યો. ઘરમાં શેઠ-શેઠાણી પોતાના લાડીલા પુત્રના વિયોગથી રડતા ને ઝૂરતા હતા. ત્યાં અચાનક પુત્રને આવેલો જોઈને શેઠના હર્ષનો પાર ન રહ્યો. જેમ મડદાને જીવન મળ્યું હોય તેમ ઉભા થઇને પુત્રને બાથમાં લઇને પૂછ્યું– બેટા ! આ કોણ છે ! તું કેવી રીતે આવ્યો ? અમે તો તારી શોધ કરીને થાકયા પણ તારો પત્તો ન લાગ્યો, એટલે તારા વિયોગથી ઝૂરતા હતા ત્યાં તું આવી ગયો, ત્યારે બાળકે કહ્યું– બા – બાપુજી ! મને બચાવનાર આ પરમ ઉપકારી પુરૂષ છે. એ મારા ભગવાન છે. મારું મોત થવાની તૈયારી હતી. જો એ ન આવ્યા હોત તો મારા જીવનનો અંત આવી ગયો હોત. એમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. આમ કહીને પોતાને જે જે વીતક વીતી હતી તે કહી સાંભળાવી.

શેઠ-શેઠાણી આ વાત સાંભળીને જિનસેનકુમારના ચરણમાં પડી ગયા ને પોતાના પુત્રને બચાવવા બદલ તેનો ખૂબ ઉપકાર માન્યો. જમવાનો સમય થયો એટલે કહે છે ભાઇ ! તમે પહેલા જમી લો. આપની અમે શું સેવા કરીએ કે આપના ઉપકારના ઋણમાંથી અમે મુક્ત બની શકીએ ! જિનસેનકુમારે કહ્યું મેં કોઇ ઉપકાર કર્યો નથી. મેં તો મારી ફરજ બજાવી છે. મારે જમવું નથી. આપને કોઈ કામ હોય તો કહો. નહિતર હું જાઉં છું. શેઠ-શેઠાણી કહે છે ભાઇ ! બે દિવસ તો રોકાઓ. આપને શું ઉતાવળ છે ? ત્યારે છોકરાએ કહ્યું બા-બાપુજી ! એ મને છોડાવવા આવ્યા ને પાછળ એમની પત્ની ગુમ થઈ છે, એટલે તે ચિંતાતુર બની ગયા છે. શેઠ-શેઠાણી કહે છે ભાઈ ! તમે ચિંતા ન કરો, અમે આપને આ કાર્યમાં અમારાથી બનશે તેટલી મદદ કરીશું. અમારા પુત્રને બચાવવા જતાં આપના માથે આવી આફત આવી પડી ! ખરેખર, આ તો ધર્મીને ઘેર ઘાડ પડી છે. આપનું દુઃખ તે અમારું જ દુઃખ છે, માટે આપ અહીં રોકાઈ જાઓ. આપણે શોધ શરૂ કરીશું. આમ વાત કરે છે ત્યાં એક માણસ આવીને શેઠ-શેઠાણીને કહે છે આપણા ગામમાં એક આશ્ચર્યકારી ઘટના બની છે. તે તમને ખબર છે ? શેઠ-શેઠાણી કહે છે અમે કંઇ જાણતા નથી. શું વાત છે ? કહો, ત્યારે આવનાર માણસે કહ્યું-આપણા નગરમાં એક વેશ્યા રહે છે તેને ત્યાં એક રૂપરૂપના અવતાર સમાન કન્યા

આવી છે તે વેશ્યાના મકાનમાં મોટા હોલના બારણા બંધ કરીને બેઠી છે. દરવાજા ખોલવા માટે વેશ્યાએ ખૂબ મહેનત કરી, છેવટે ખુદ મહારાજા ગયા પણ દ્વાર ખુલતા નથી.

શહેર કે સબ નરનારી, જાવે તમાશા દેખન કાજ,
કુંવર કહે તુમ મુઝે બતાવો, વેશ્યાકા ઘર આજ.

શેઠ ! તમે ચિંતામાં હતા તેથી ખબર નહિ હોય આખા ગામની પ્રજા વેશ્યાને ઘેર તમાસો જોવા ગઇ છે. કોઈ ઘરમાં રહ્યું નથી. આ સાંભળીને જિનસેનકુમારના મનમાં થયું કે કદાચ ચંપકમાલા જ ત્યાં આવી હોય તો ! મારે ત્યાં તપાસ કરવી જોઈએ, એટલે એણે શેઠને કહ્યું મને વેશ્યાનું ઘર બતાવો. મને પણ એ તમાસો જોવાનું મન થયું છે. નગરશેઠ જિનસેનકુમારને લઈને વેશ્યાને ઘેર આવ્યા તો ત્યાં તો માણસનો પાર નથી. સિંહલદ્વીપના મહારાજા પણ ત્યાં બેઠા છે. રાજાએ દ્વાર ખોલાવવા. ખૂબ મહેનત કરી પણ ન ખૂલ્યું ત્યારે રાજા વેશ્યાને કહે છે હે વેશ્યા ! એ સ્ત્રી તારે ઘેર હાલી ચાલીને આવી છે કે તું ઉપાડીને લાવી છે ? શું વાત છે એ મારે જાણવું છે, માટે તું મને સત્ય કહે. જો તું સત્ય વાત નહિ જણાવે તો હું આ તલવારથી તારું મસ્તક ઉડાવી દઈશ. આ સાંભળીને વેશ્યા તો ધ્રુજી ઉઠી, કારણ કે મરણનો ડર કોને નથી લાગતો ? રાજાએ મરણનો ડર બતાવ્યો એટલે વેશ્યા કહે છે સાહેબ ! હું સત્ય વાત કહું છું. આપ સાંભળો.

"મરણના ડરથી વેશ્યાએ કહેલી સત્ય વાત" :- હું સરોવર કિનારે ફરવા માટે ગઈ હતી, ત્યાં વૃક્ષ નીચે એક અપ્સરા જેવી સુંદર સ્ત્રી બેઠી હતી. મેં એને પૂછ્યું કે બાઈ ! તું કોણ છે ? અને આ સરોવરની પાળે કેમ બેઠી છે ? ત્યારે એણે કહ્યું કે મારા પતિ કોઈ રડે છે તેને બચાવવા ગયા છે તેથી હું અહીં બેઠી છું. એ દેવરૂપ જેવી કન્યાને જોઈને મારી દાનત બગડી. મનમાં એમ થયું કે જો આ સ્ત્રી મારે ઘેર આવે તો મારે કમાણી સારી થાય. એટલે મેં આ માયાજાળ રચી. સાહેબ ! મેં એને કહ્યું કે ભાભી ! મારા ભાઈ મારે ઘેર આવી ગયા છે. ને તમારી રાહ જુએ છે માટે ચાલો. ત્યારે એણે કહ્યું આ ગામમાં મારા નણંદ રહેતા નથી ને તમે કોણ છો ? ત્યારે મેં એને કહ્યું કે તારી વાત સાચી છે. હું તારી સગી નણંદ નથી પણ કાકાજીની દીકરી છું, એટલે એણે વાત સાચી માની અને તે મારે ઘેર આવી. આવીને તરત એણે મને પૂછ્યું કે તમારા ભાઈ ક્યાં છે ? મેં થોડીવાર બહાના કાઢયા કે બહાર ગયા છે હમણાં આવશે, પણ ભાઈ આવ્યા નહિ અને મારા ઘરની રહેણીકરણી જોઈને એને લાગ્યું કે આ મારી નણંદનું ઘર હોય તેમ લાગતું નથી, તેથી તેણે મને પૂછ્યું કે તમારા ઘરના આચારવિચાર કેવા છે ? મેં એને કહ્યું બાઈ ! આ તારી નણંદનું ઘર નથી. આ તો વેશ્યાનું ઘર છે. તારે રોજ નવા નવા સ્વાંગ સજીને નવા નવા પુરૂષોને રીઝવી રૂપિયાની ટંકશાળ પાડવાની. આ મારા ઘરના

આચાર-વિચાર છે. આ સાંભળીને એ બાઈ ખૂબ કોપાયમાન થઈ અને લાલઘૂમ આંખ કરીને કહ્યું-દુષ્ટ ! તું મને કપટ કરીને લાવી છું. હવે જોઈ લે, હું તને બરાબર બતાવી દઈશ. એમ કહીને અંદર જઇને જોરથી બારણું બંધ કરી દીધું. કલાક, બે કલાક થઈ પણ બારણું ખોલ્યું નહિ ત્યારે મેં ખૂબ બબડાવ્યું તો પણ એણે ખોલ્યું નહિ. મારા નોકર ચાકરો દ્વારા મહેનત કરાવી તો પણ દ્વાર ખુલ્યું નહિ. આમ કરતાં સવાર પડી તો પણ દરવાજા ન ખૂલ્યા, તેથી હું ખૂબ ગભરાઈ ગઈ ને આપને ખબર આપ્યા ને આપ આવ્યા. આ સત્ય વાત મેં આપને જણાવી, હવે જિનસેનકુમાર ત્યાં ઉભો છે. તેણે બધી વાત સાંભળી. હવે રાજા વેશ્યાને કેવી ધમકી આપશે ને શું બનશે તેના ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૭૯

આસો સુદ ૧૧ ને ગુરૂવાર **તા. ૧૨-૧૦-૭૮**

અનંતજ્ઞાની મહાપુરૂષો ફરમાવે છે કે હે સુખપિપાસુ જીવડા ! જો તારે સુખ જોઈતું હોય ને દુઃખથી મુક્ત બનવું હોય તો તું પાપનો નાશ કર. પાપનો નાશ થવાથી જે સુખ મળશે તે સુખનો આનંદ અલૌકિક હશે. એ સુખ કોઈ લૂંટી શકશે કે છીનવી શકશે નહિ. તમારા માનેલા સુખો જીવને ક્ષણિક આનંદ આપશે પણ તેની પાછળ દુઃખની ઘેરી છાયા ઉભેલી છે, માટે જે સુખ સદા સુખ જ રહે ને દુઃખના રૂપમાં ફેરવાઈ ન જાય એવું સુખ મેળવવું હોય તો પાપનો નાશ કરો. આજનો માનવી સુખ મેળવવા દુઃખનાશ કરવાના પ્રયત્નો કરી રહ્યો છે, પણ જ્ઞાની કહે છે કે દુઃખનાશ અને પાપનાશ આ બંનેમાં વધુ મહત્વ કોનું ? એનો વિચાર કદી કર્યો છે ખરો ? અજ્ઞાની જીવો દુઃખનાશને મહત્વ આપે છે, કારણ કે એ પ્રત્યક્ષ લાભને જોનારા છે. જ્યારે જ્ઞાની અને સમજુ આત્માઓને પાપ-નાશ વધુ મહત્વનું દેખાય છે. એ સમજે છે કે પાપનો નાશ કરતાં દુઃખનો નાશ તો થવાનો જ છે. જેના પાપ નાશ પામ્યા એના દુઃખ તો નાશ પામવાના છે. દુઃખનો નાશ કરવા જતાં પરિણામે દુઃખો વધુ ઘેરા બનવાના. દુઃખોનો દાવાનલ પાપના પેટ્રોલમાંથી જાગે છે. આ દાવાનળને શાંત કરવાનો ઉપાય એક છે કે પાપના પેટ્રોલને દૂર ખસેડી દેવું. જ્યાં સુધી પાપનું પેટ્રોલ ખસે નહિ ત્યાં સુધી દાવાનળ શાંત થાય નહિ, માટે દુઃખનાશ કરતાં પાપનાશની મહત્તા વધુ છે. પાપનો નાશ રોગને મૂળમાંથી દૂર કરે છે, એટલે કે પાપનાશ થતાં દુઃખનો પણ નાશ થઈ જાય છે. જ્યારે દુઃખનો નાશ બકરું કાઢીને ઉંટનો પ્રવેશ કરાવે છે, કારણ કે ભૌતિક સુખનો પ્યાસી જીવડો બાહ્ય દુઃખનાશ કરવા અનેક કાવાદાવા અને પાપ કરે છે એટલે નવા પાપ બંધાય છે ને પરિણામે દુઃખ ભોગવવું પડે છે.

દુઃખનાશક સાધનોમાં બાહ્ય સુખ સગવડના ઉપાય આવી શકે. આ દુઃખનાશક સાધનો ઉપરથી દુઃખને દૂર કરતા દેખાય છે પરંતુ એના દ્વારા દુઃખના મૂળીયા ઉપર ઘા

પડતો નથી. જ્યારે પાપનાશક સાધનો સામાયિક, પ્રતિક્રમણ, માળા, તપ–ત્યાગ, સત્ય, નીતિ, સદાચાર આદિ કદાચ બહારથી કોઈને દુઃખ દૂર કરનારા ન દેખાતા હોય પણ એ તો દુઃખના મૂળીયા પાપ ઉપર જ સીધો ઘા કરે છે. દુઃખનાશક સાધનો સંસારના બાવળીયા પર ઉગેલા દુઃખના કાંટાઓનો ઉપર ઉપરથી નાશ કરે છે જ્યારે પાપનાશક સાધનો દુઃખના કાંટાઓને મૂળમાંથી ઉખેડી નાંખે છે. દુઃખનાશક સાધનોથી અવશ્ય દુઃખ દૂર થઈ જશે એમ નિશ્ચિત કહી શકાય નહિ પણ પાપનાશક સાધનો પાસે તો એવું સ્વતંત્ર સામર્થ્ય છે કે દુઃખના પુનરાગમનને નકરનો નક્કર કોલ એ આપી શકે. દુઃખનાશક અને પાપનાશક સાધનો વચ્ચે આટલું બધું અંતર છે. આ અંતરની સામે આંખમીચામણા કરી પાપનાશક સાધનો કરતાં દુઃખનાશક સાધનોને વધુ મહત્વ આપવું એ કેટલી અજ્ઞાનતા !

જેમને પાપનાશની મહત્તા વધુ સમજાઈ છે એવા નેમકુમારની આપણે વાત ચાલે છે. નેમકુમારે પશુ–પક્ષીઓને પિંજરમાંથી છોડાવ્યા ને પોતાનો હાથી ત્યાંથી પાછો વાળ્યો. નેમકુમારે હાથી પાછો વળ્યો છે એમ ખબર પડતા કૃષ્ણજી વિગેરે જાનૈયાઓ ચિંતાતુર બનીને નેમકુમારને હાથી પાછો ફેરવવાનું કારણ પૂછવા લાગ્યા એટલે સારથીએ બધી વાત કહી સંભળાવી. તે સાંભળીને કૃષ્ણજી આદિ યાદવો કહેવા લાગ્યા કે નેમકુમારે પશુપક્ષીઓ ઉપર કરૂણા કરીને તેમને છોડાવ્યા અને સારથીને પોતાના આભૂષણો ઇનામમાં આપી દીધા. એ બધી વાત ઠીક છે. એ વાતને અમે અનુચિત **નથી** કહેતા પણ પછી તોરણદ્વાર તરફ ન જતાં હાથીને પાછો વાળવાનું કારણ શું ?

"નેમકુમારને સમજાવતા કૃષ્ણવાસુદેવ" :– કૃષ્ણવાસુદેવ નેમકુમાર પાસે આવીને કહે છે મારા લઘુ બંધવા ! આ તેં શું કર્યું ? રંગમાં ભંગ કયાં પાડયો ? તોરણ દ્વાર નજીક આવીને આમ એકાએક પાછા ફરો તે સારું કહેવાય ? એમાં આપણા યાદવ-કુળની શોભા શી ? કોઈ જીવ હણાય તેમાં તમે રાજી નથી તેથી તમે બધા પશુપક્ષીઓને છોડાવી મૂકયા. પછી શું છે ? હવે કોઈ જીવનો વધ થવાનો નથી પછી શા માટે પાછા ફરો છો ? લગ્નના મુહુર્તનો સમય થઈ ગયો છે. લગ્નના મુહુર્ત વખતે આમ અચાનક પાછા ફરવું તે તમને શોભે છે ? હવે જલ્દી હાથીને તોરણદ્વાર તરફ ચલાવો, લગ્નનું મુહુર્ત વીતી જાય છે, ત્યારે નેમકુમારે કહ્યું–મોટાભાઈ ! હવે તમે મને પાછા ફરવાનો આગ્રહ કરો નહિ, મને મારા માર્ગે જવા દો, ત્યારે કૃષ્ણજીએ કહ્યું–શું તમે લગ્ન કર્યા વિના જ પાછા ફરશો ? તમે એમ પરણ્યા વિના છૂટી જવા ઈચ્છતા હશો પણ અમે તમને પરણ્યા વિના પાછા જવા દેવાના નથી. તમે જો લગ્ન કર્યા વિના પાછા ફરો તો લોકો તમને ને અમને શું કહેશે ? અને રાજુલની શી દશા થશે ? તેનો તમે જરા વિચાર કર્યો ?

"કૃષ્ણજીને જવાબ આપતા નેમકુમાર" – નેમકુમારે કહ્યું–મોટાભાઈ ! તમારી દૃષ્ટિએ એમ લાગે છે કે હું વરરાજા બનીને પરણવા આવ્યો છું પણ હું કંઈ પરણવા આવ્યો નથી. મારી પરણવાની ઈચ્છા પણ ન હતી અને મેં પરણવાની હા પણ પાડી નથી. મારા

ભાભીઓ બધા ભેગા થઈને મને પરણવા માટે સમજાવતા હતા, મારી મજાક ઉડાવતા હતા ને મન ફાવે તેમ બોલતા હતા ત્યારે મને સહેજ હસવું આવી ગયું કે આ મોહનીય કર્મનું નાટક કેવું છે! એ ઉપરથી એમણે અનુમાન કર્યું કે નેમ પરણવા માટે ખુશી છે, એટલે તેમણે અસત્ય પ્રચાર કરી દીધો કે નેમકુમારે લગ્ન કરવાની વાતનો સ્વીકાર કર્યો છે. આપ બધાએ એ વાત સાચી માનીને મારા વિવાહ નક્કી કર્યા. આ બાબતમાં મેં વિરોધ ઉઠાવ્યો નહિ તેનું કારણ એક જ છે કે મારે માંસભક્ષણ કરનારા યાદવોને તેમજ સમસ્ત જગતને અહિંસાનો પાઠ શીખવવો હતો. એ આ લગ્નનો ઉદ્દેશ છે. એ ઉદ્દેશને પરિપૂર્ણ કરવા માટે હું જાઉં છું. મને કોઈ રોકશો નહિ, ત્યારે કૃષ્ણવાસુદેવ, સમુદ્રવિજય રાજા વિગેરે કહે છે ભાઈ! તું કંઈક તો સમજ, તોરણેથી આવીને કોઇ વરરાજા પાછા ફર્યા હોય એવું હજુ સુધી યાદવકુળના ઇતિહાસમાં બન્યું નથી અને તમે ચાલ્યા જાઓ તો યાદવકુળની આબરૂ શું રહેશે? માટે પાછા વળો. અહીં કૃષ્ણવાસુદેવ નેમકુમારને સમજાવે છે.

બીજી તરફ રાજેમતી કલ્પાંત કરતી બોલવા લાગી અહો વિધાતા! તેં આ શું કર્યું? મને પરણ્યા વગર જ નેમકુમાર શા માટે તોરણેથી પાછા ફર્યા હશે? શું એમને કંઈ ઓછું આવ્યું હશે! કંઈ સમજાતું નથી.

આંગણે આવેલા નેમ પાછા ફરી જાય–રાજુલની આંખે આંસુડા વહી જાય,
કોડભરી કન્યાનું કાળજું કપાય–સ્નેહભર્યા સોણલા એના સરી જાય,
નિર્દોષ પ્રાણીઓની હિંસા નિહાળી, નેમજીને અંતર અનુકંપા જાગી,
પશુઓને છોડીને પાછા વળીયા, આશ ભરી એ રાજુલને ત્યાગી,
વરણાગી વર વીતરાગી થઇને જાય–હોંશીલા જાનૈયાના હોશ ઉડી જાય....

નેમકુમાર સાથે પરણવા માટે રાજુલે મનમાં કેવા કેવા કોડ કર્યા હતા. ક્ષણ પહેલાં તે નેમકુમારને જોઇને પોતાના ભાગ્યની કેટલી પ્રશંસા કરી રહી હતી. એ બધા એના કોડ અધૂરા રહી ગયા. આશાના મિનારા તૂટી ગયા. નેમકુમારને પાછા વળતા જોઇને રાજુલ પછાડ ખાઇને પડી ગઇ. ઉગ્રસેન રાજા અને ધારણી રાણી પણ થોડી વાર તો બેભાન બની ગયા. ભાનમાં આવ્યા ત્યારે સહુએ હાથ દઇને બોલવા લાગ્યા અહો ભગવાન! શું ધાર્યું હતું ને શું થઇ ગયું? મને તો મારી લાડીલી દીકરી રાજેમતીને પરણાવવાના કેટલા કોડ હતા! એ માટે તો મેં જાન તેડાવી. હું માનતો હતો કે મેં અમારી દીકરી સત્યભામાને તો યાદવકુળમાં પરણાવી છે અને બીજીને પરણાવું છું તો બે બહેનોને આનંદ આવશે. અરેરે....નેમકુમાર! જો તમારે આમ જ કરવું હતું તો શા માટે મોટા ઉપાડે જાન જોડીને આવ્યા? તમે પશુપક્ષીઓને મારી રજા વગર છોડાવી મૂક્યા છતાં એ વાત મેં જતી કરી. અગર તમે પહેલાથી જ કહ્યું હોત તો હું માંસભોજન ન કરાવત પણ આવું શા માટે કર્યું? મારી લાડીલી દીકરી સામું પણ ન જોયું! એની દશા કેવી થઈ છે?

"નેમ પાછા ફરતા સખીઓએ કરેલ કટાક્ષ" :–રાજેમતીની સખીઓ રાજેમતીને ભાનમાં લાવવા માટે ઉપચાર કરી રહી છે. આ તરફ તેના પિતાજી ઉગ્રસેન રાજાની પણ દયાજનક સ્થિતિ થઈ છે. આ જોઈને રાજેમતીની સખીઓ એકબીજાને વ્યંગમાં કહે છે નેમકુમારની વાત જ મૂકી દો ને. તોરણે આવીને પાછા ફર્યા એ શું એમનું ડહાપણ કહેવાય? બીજી કહે છે પણ એ પરણવા જ કયાં આવ્યા હતા! એ તો પશુડાઓની દયા કરવા આવ્યા હતા, ત્યારે ત્રીજી સખી કહે છે એ નેમકુમારને મન પશુની કિંમત લાગે છે એટલે પશુડાઓને રડતા જોઈને એમના દિલમાં દયા આવી પણ રાજેમતી રડે છે એનું શું? એમના દિલમાં રાજેમતો પ્રત્યે દયા નથી. એમણે પશુની દયા કરી પણ માણસની દયા ન કરી. એમણે એવો પણ વિચાર ન કર્યો કે રાજુલનું શું થશે? ત્યારે ચોથી સખી કહે છે બહેન! એની વાત જ છોડી દો ને. એ તો મોટા લોકોની મોટી વાતો હોય. યાદવકુળ મોટું ને ખાનદાન કહેવાય. આ નેમકુમારે આવું નાટક કર્યું. હવે એમના કુળની આબરૂ ઉપર પાણી ફેરવ્યું. આમ એક પછી એક સખીઓ વ્યંગમાં વાતો કરવા લાગી. રાજેમતી વચમાં થોડી વાર ભાનમાં આવે છે ત્યારે સખીઓના શબ્દો સાંભળીને બોલે છે સખી! તમે આ શું બોલો છો? નેમકુમાર તો મહાન પવિત્ર છે. એમની તમે નિંદા ન કરશો, ત્યારે સખીઓ કહે છે બહેન! શું ન બોલે! એમણે તોરણે આવીને પાછા ફરતા કંઈ વિચાર કર્યો છે! અમારું તો હૈયું ચીરાઈ જાય છે, અમારી સખીની આવી દશા કરનાર એ વળી કોણ? રાજેમતીની આંખમાંથી આંસુડાની ધાર વહે છે તે ઘડીકમાં ભાનમાં આવે છે ને ઘડીકમાં બેભાન બની જાય છે. ભાનમાં આવે ત્યારે બોલે છે કે અરેરે....નેમકુમાર! તમે આવ્યા પણ મને મળ્યા પણ નહિ! એક વખત તો મળવું હતું ને! આમ કહીને વિલાપ કરે છે. રાજેમતીને રડતી જોઈને માતા–પિતા, સખીઓ બધા રડે છે. આ તરફ કૃષ્ણ વાસુદેવ નેમકુમારને પાછા તોરણે જવા માટે સમજાવતા કહે છે વીરા! આમ પરણ્યા વિના પાછા ન વળાય. તમે આમ કરો તો અમારી ઈજ્જત શું રહેશે! સૌને પોતાનો મોભો ને પ્રતિષ્ઠા વહાલી હોય છે, આપણા યાદવકુળ વિષે લોકો શું શું બોલશે તેનો તમને ખ્યાલ છે? નેમકુમાર કહે છે પણ તમારી ઈજ્જત ને પ્રતિષ્ઠાને કલંક લાગે એવું મેં શું કાર્ય કર્યું છે! કે તમે બધા આ રીતે કહો છો! સમજો તો આજે યાદવો એમની મર્યાદા ઉલ્લંઘી ગયા છે, એમને સમજાવવા માટે જ મારી મહેનત છે. દ્વારકા નિવાસી યાદવોને આજે કયા સુખની ખામી છે! એમને સર્વ પ્રકારનું સાંસારિક સુખ પ્રાપ્ત થયું છે. ધન–જન સર્વ પ્રકારે તેઓ ઉન્નત છે. આટલું સુખ મળવા છતાં તેમને સંતોષ ન થયો તેથી મોટા ભાગના યાદવો આજે યાદવકુળની મર્યાદાનું ઉલ્લંઘન કરીને માંસ અને મદિરાપાનમાં માનવજીવનની સાર્થકતા માનવા લાગ્યા છે. પોતાના સુખ માટે તેઓ બીજા જીવોની હત્યા કરે છે. પોતાના સુખ–દુઃખનો તેમને ખ્યાલ આવે છે પણ બીજાને કેટલું દુઃખ થતું હશે એનો તો તેઓ વિચાર કરતા જ નથી. કોઈ માણસ અથવા કોઈ દેવ પોતાના સુખ માટે

તમને દુઃખ આપે તો શું તમે દુઃખ આપનારનું કૃત્ય સારું માનશો? આપ તે દુઃખ આપનાર વ્યકિતના કૃત્યને શું અન્યાયી અથવા અનુચિત નહિ કહો? જો આપને દુઃખ આપનાર વ્યકિતના કાર્યને અન્યાયી અથવા અનુચિત કાર્ય કરનાર આપ કહી શકો છો તો પોતાના સુખને માટે જેઓને દુઃખમાં નાંખવામાં આવે છે તે જીવો શું પોતાને દુઃખ આપનારના કાર્યને અનુચિત નહિ કહે? જે કાર્યથી પોતાને દુઃખ થાય છે તે કાર્યથી બીજાને દુઃખ નહિ થતું હોય? અવશ્ય થાય, પણ લોકો પોતાના સ્વાર્થમાં આ વાત ભૂલી જાય છે, અને એ જ કારણે માંસને માટે અનેક પશુ પક્ષીઓની હિંસા કરે છે, અને તેનાથી જે લગ્નાદિ કાર્યો મંગલકાર્ય મનાય છે તે લગ્નાદિ પ્રસંગોમાં કેટલા જીવોનું અમંગલ થઈ જાય છે. કેટલા જીવોની નિર્દયતાપૂર્વક હિંસા કરવામાં આવે છે. એ બાબતમાં કદી કોઈએ વિચાર કર્યો છે ખરો? પોતાનું મંગલ ઇચ્છવું ને બીજાનું અમંગલ કરવું એ કોના ઘરનો ન્યાય છે! આપ બધા આ બાબતમાં બરાબર વિચાર કરો. નેમકુમાર આ પ્રમાણે કૃષ્ણજીને કહી રહ્યા છે. બીજી બાજુ રાજુલ કલ્પાંત કરી રહી છે. હવે રાજુલને તેના માતા પિતા કેવી રીતે સમજાવશે તે અવસરે.

ચરિત્ર : "દરવાજા નહિ ખુલતા રાજાને થયેલો ગભરાટ" :- જિનસેનકુમારની પત્ની ચંપકમાલા ગુમ થઈ તેથી તે ચિંતાતુર બની ગયો હતો. ત્યાં તેણે જાણ્યું કે આશ્ચર્યકારક ઘટના બની છે અને આખું ગામ જોવા ઉમટ્યું છે. આ સાંભળીને જિનસેન કુમાર શેઠને સાથે લઈને તે વેશ્યાને ઘેર આવ્યો. તે સમયે રાજાએ વેશ્યાને મરણની ધમકી આપીને સત્ય વાત કહેવાનો હુકમ કર્યો એટલે તેણે રાજાને સત્ય વાત જણાવી દીધી. વેશ્યાની વાત સાંભળીને રાજાને તેના ઉપર ખૂબ ક્રોધ આવ્યો ને કહ્યું હે પાપણી! એક તો તું પાપ કરીને પેટ ભરે છે અને પાછું બીજું આ પાપનું કામ કયાં કર્યું? નક્કી આ બાઈ કોઈ સતી હોવી જોઈએ. સતી સ્ત્રીને આવું કષ્ટ આપવાથી જો એ કોપાયમાન થશે ને શ્રાપ આપશે તો તારા પાપે આખા નગરના લોકોને બાળીને ભસ્મ કરી મૂકશે. આ દરવાજા ગમે તેમ કરીને ખોલાવવા જોઈએ. વેશ્યા કહે છે વાત સાચી છે પણ થવાનું હતું તે થઈ ગયું. હવે શું કરું! મેં તો ઘણી મહેનત કરી પણ દરવાજા ખુલતા નથી. આપ ખોલાવો. રાજાએ પોતે દરવાજા પાસે જઈને ખૂબ જોરથી બબડાવ્યા અને મોટા અવાજે કહ્યું બહેન! તમે જે હોય તે દરવાજા ખોલો, પણ કોણ સાંભળે? દરવાજા ખોલવાની વાત તો દૂર રહી પણ જવાબ પણ આપતી નથી. રાજાથી દ્વાર ન ખુલ્યા ત્યારે બીજા ઘણાં માણસો આવ્યા પણ કોની તાકાત છે કે દ્વાર ખોલાવી શકે. અંદરથી જવાબ ન મળ્યો અને બારણું પણ ન ખુલ્યું એટલે મહારાજાએ હુકમ કર્યો કે આ દરવાજા તોડી નાંખો, તેથી રાજાના માણસો મોટા શસ્ત્રો લાવીને બારણા તોડવા લાગ્યા પણ કોઈ રીતે લાકડાના દરવાજા તૂટતા નથી. નહિતર લાકડાના દરવાજાને તોડતા શી વાર? પણ અહીં તો એક જાદું થયું હોય તેમ જો કોઈ દરવાજાને ઘા કરવા જાય છે તો તે ઘા પોતાના ઉપર જ આવે છે

પણ દરવાજાને તીરાડ પડતી નથી. આ જોઇને લોકોના મનમાં આશ્ચર્ય થયું કે આ શું? રાજાએ મોટા મોટા હાથી દ્વારા પ્રયત્નો કર્યા છતાં દરવાજા ન ખુલ્યા. છેવટે બળવાન મલ્લો અને યોદ્ધાઓને તેડાવ્યા. તેમણે ખૂબ મહેનત કરી પણ કોઇ રીતે દરવાજો ખુલતો નથી.

"સતીના સતીત્વનો પ્રભાવ" :- રાજાએ આટલા વાના કર્યા છતાં દરવાજો રજેજ પણ હાલ્યો નહિ ત્યારે રાજાની હિંમત ખૂટી ગઇ કે હવે શું થશે? નક્કી કોઈ દેવી લાગે છે. નહિતર આમ કેમ બને? રાજાએ કહ્યું એ દ્વાર બોલતી નથી કે જવાબ પણ આપતી નથી, તો હે સુભટો! તમે એમ કરો કે છાપરા ઉપર ચઢીને એકાદ બે નળીયા કાઢીને પોલાણમાંથી જુઓ કે એ બાઇ અંદર શું કરે છે, એટલે માણસો તો છાપરે ચઢયા ને અંદર દૃષ્ટિ કરી. ત્યાં સતીએ કહ્યું કે હે દુષ્ટો! જો મારા સામે દૃષ્ટિ કરશો તો બળી જશો. એમ કહીને એમની સામે તલવાર ધરી. તો તલવારમાંથી તણખા ઉડયા. તેનાથી જનારા માણસોના શરીરમાં કાળો બળતરા થવા લાગી એટલે તરત ભાગીને રાજા પાસે આવ્યા ને બધી વાત કરી. આ સાંભળીને રાજાના આશ્ચર્યનો પાર ન રહ્યો. આવો બનાવ બનવાથી કોઇ પણ હવે એની સામે જવાની ઇચ્છા કરતું જ નથી.

"જિનસેનનું શૂરાતનપણું" :- આટલા બધા પ્રયત્નો કરવા છતાં દ્વાર ન ખુલ્યા એટલે રાજાની મૂંઝવણનો પાર ન રહ્યો. તે ચિંતા કરવા લાગ્યા કે હવે શું કરવું? આ દેવીનો કોપ કેવી રીતે શાંત કરવો? આમ વિચાર કરતા હતા આ તરફ ચંપકમાલાનો પતિ જિનસેનકુમાર ત્યાં જ હતો. તેણે આ બધું જોયું. એટલે એના મનમાં થયું કે કદાચ ચંપકમાલા પણ હોઈ શકે. દરવાજા ખોલવા માટે આટલી મહેનત કરવા છતાં ન ખુલ્યા ત્યારે ક્ષત્રિયનો બચ્ચો જિનસેનકુમાર ઉભો થઈને કહે છે અહો! આટલા બધા શૂરવીર ક્ષત્રિયો અહીં બેઠા છે એમાંથી કોઇની તાકાત નથી કે આ દરવાજા ખોલી શકે? શું ક્ષત્રિયોનું ક્ષત્રિયપણું ચાલ્યું ગયું છે? તમારામાં મર્દાઇ જ નથી લાગતી કે દરવાજા ખોલી શકતા નથી. જો ન ખોલી શકો તો બારો ખોદીને દટાઈ મરો. એક સ્ત્રીને જીતવી તેમાં શી મોટી વાત છે! હું કહું છું કે તમારા જીવતરમાં ધૂળ પડી.

ભૂમિકો ભાર મૈં જાનું, જો સ્વામીકી ચિંતા નહિ ટાળે.
યદિ હુકમ હો તો કવાડ ખુલા દું, બોલે ભૂપત આલે.

જે સુભટો પોતાના મહારાજાની ચિંતા દુર ન કરે એ તો પૃથ્વી ઉપર ભારરૂપ છે. હે મહારાજા! જો આપની આજ્ઞા હોય તો હું આ દ્વાર ખોલું. જિનસેનકુમારના શબ્દો સાંભળીને બધા ક્ષત્રિયો સમસમી ઉઠયા કે આની ઉંમર તો નાની દેખાય છે ને નાને મોઢે મોટી વાતો કરી રહ્યો છે. આપણું તો એણે હડહડતું અપમાન કર્યું છે. હવે આપણે જોઇએ કે એ કેવો દ્વાર ખોલે છે! રાજાએ કહ્યું હે પરદેશી કુમાર! આ કામ

કંઈ સહેલું નથી. તેં મારા મુબટો માટે આવા શબ્દો ઉચ્ચારીને તેમનું ઘોર અપમાન કર્યું છે. જો તારામાં શક્તિ હોય તો પહેલા કામ કરી બતાવ પછી બોલ. નાના મોઢે મોટી વાતો ન કર, તું કહે છે ને કે દરવાજા બોલવા એમાં શી મોટી વાત છે? તો તું ખુશીથી દરવાજા બોલ. દરવાજો ખુલશે તો તને મોટું ઈનામ આપીશ, અને જો નહિ ખુલે તો તલવારથી તારું માથું ઉડાવી દઈશ. જિનસેનકુમારે કહ્યું મને એ શરત મંજુર છે. હું છમણાં દ્વાર બોલીશ. આ તરફ ક્ષત્રિયો તેના ઉપર ગુસ્સે થયા છે ને બોલે છે એ શું બોલવાનો છે? ન બોલે તો રાજાએ માથું લેવાનું કહ્યું છે તે ઠીક કર્યું છે. આ રીતે વાતો કરે છે. હવે જિનસેનકુમાર કેવી રીતે દ્વાર બોલશે તેના ભાવ અવસરે.

*

વ્યાખ્યાન નં. ૮૦

આસો સુદ ૧૨ ને શુક્રવાર **તા. ૧૩-૧૦-૭૮**

સ્યાદ્વાદના સર્જક, ભવોભવના ભેદક, મમતાના મારક, સમતાના ધારક એવા ભગવંતોના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. ભગવાનની વાણીના એકેક શબ્દોમાં અનંત ભાવો ભરેલા છે. પ્રભુની વાણી એટલે તત્ત્વજ્ઞાનની સરવાણી. સંસારના તાપથી બળ્યાઝળ્યા જીવોને માટે શીતળ પાણી સમાન છે. ભવોભવથી તૃષાતુર બનેલા આત્માઓ માટે અમૃતની ઝારી સમાન છે. વીતરાગ પ્રભુની વાણી એટલે ભવ્ય જીવોના હૃદયના તારને ઝણઝણાવનારી પ્રેરણાત્મક કવિતા છે. આ વાણીને અંતરમાં ઉતારી તેના ઉપર શ્રદ્ધા કરીને ઘણાં આત્માઓ સંસાર સાગરને તરી ગયા છે. મજબૂત લાકડાની ગાંઠને ચીરવા માટે શ્રદ્ધારૂપી કુહાડાની જરૂર છે. શ્રદ્ધા એટલે સમ્યગ્દર્શન. વીતરાગ વચન ઉપર જીવને રૂચી થાય, શ્રદ્ધા થાય એટલે સમ્યક્દર્શન આવે, અને સમ્યગ્દર્શન આવે એટલે સંસાર પરિત થયા વિના રહે નહિ. વીતરાગ પ્રભુના અમૂલ્ય અને મંત્રતુલ્ય વચનામૃતોમાં આવી તાકાત રહેલી છે. એવી વીર પ્રભુની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનો આપણે અધિકાર ચાલે છે.

નેમકુમારે પશુપક્ષીઓને બંધનમાંથી મુક્ત કરાવ્યા ને પરણ્યા વિના પોતાનો હાથી ત્યાંથી પાછો વાળ્યો, ત્યારે કૃષ્ણવાસુદેવે તેમને ખૂબ સમજાવ્યા પણ નેમકુમારે તેમને અહિંસાનું સ્વરૂપ સમજાવ્યું ને કહ્યું કે લગ્ન જેવા મંગલ પ્રસંગોમાં પોતાનું મંગલ ઈચ્છવું અને બીજાનું અમંગલ કરવું એ કોના ઘરનો ન્યાય! આપ બધા આ વાતનો ખૂબ વિચાર કરો. બીજી તરફ નેમકુમાર તોરણેથી પાછા ફર્યા તે જોઈને રાજેમતી બેભાન થઈને પડી ગઈ અને કાળો કલ્પાંત કરવા લાગી. ભાનમાં આવે છે ત્યારે ઝૂરાપો કરતી કહે છે ઓ નગીના નેમ! તમે મારા પ્રત્યે રહેમ ન કરી! તમે મને છોડીને કયાં ચાલ્યા ગયા?

"રાજુલને રડતી જોઈ માતાપિતાએ વ્યકત કરેલા ભાવ" :– રાજેમતીને ઝૂરાપો કરતી જોઈને તેની માતા કહે છે બેટા રાજુલ! નેમ તોરણે આવીને પાછા ફર્યા તે શા કારણે ફર્યા એ તો તું જાણે છે ને? હા, બા. પશુઓનો કલ્પાંત સાંભળીને એમને દયા આવી અને તેઓ પાછા વળ્યા છે. ધારણી દેવી કહે છે બેટા! હવે તું એને ભૂલી જા. એને પશુઓની દયા આવી પણ મારી વહાલી દીકરીની દયા ન આવી. એમને જો પરણવું ન હતું તો જાન જોડીને શા માટે આવ્યા? આ તો તોરણે આવીને પાછા ફરીને એમણે અમારું ઘોર અપમાન કર્યું છે. આ વાતને ટેકો આપતા ઉગ્રસેન રાજાએ કહ્યું જે માણસ સાધુ થવા ઇચ્છતો હોય, જેનું મન ત્યાગમાં જ રમણતા કરતું હોય એને આપણી દીકરી દેવામાં સાર નથી. જે થયું તે સારું થયું કે લગ્ન કર્યા વિના જ પાછા ફર્યા. કદાચ આપણી રાજુલના લગ્ન થઈ ગયા હોત અને પરણ્યા પછી એ સાધુ જેવું જીવન જીવત તો આપણી રાજુલનું શું થાત? આપણાથી કહેવાત નહિ ને સહેવાત નહિ. આપણું હૃદય બળી જાત. રાજેમતીની સખીઓ પણ માતાપિતાની વાતને ટેકો આપવા લાગી.

"માતા પિતાને જવાબ આપતી રાજુલ":– માતા પિતાની વાત સાંભળીને રાજુલ કહે છે હે માતા–પિતા! તમે આ શું બોલી રહ્યા છો? નેમકુમાર એ સામાન્ય પુરૂષ નથી, મહાન પુરૂષ છે. તમે એમને ઓળખ્યા નથી. એમણે તમારું શું અપમાન કર્યું છે? મારો કદાચ અવિનય લાગે તો માફ કરજો પણ એમનું નમતું ન બોલશો. આ સાંભળીને ઉગ્રસેન રાજા કહે છે બેટા! તને લાગે કે શું અપમાન કર્યું છે પણ તું હજુ બાળક છે. તને ખબર ન પડે પણ વિચાર કર. વર્ષોના વહાણાં વાઈ જશે પણ જગતમાં એમ કહેવાશે કે સમુદ્રવિજયના નંદ નેમકુમાર ઉગ્રસેનની બેટીને પરણવા ગયા ને તોરણેથી પાછા ફર્યા. આ બાબતમાં અજાણ લોકો અનેક પ્રકારના વિચાર કરશે. એમણે મને જણાવ્યું હોત તો એમને જે નહોતું ગમતું એ હું ન કરત પણ આવું શા માટે કર્યું? આ બાબતનું અમને બહુ દુઃખ થયું છે. આટલું બોલતાં ઉગ્રસેન રાજા અને ધારણી રાણીનું હૈયું ભરાઈ આવ્યું.

તમને બધાને એમ થતું હશે કે નેમકુમાર રાજેમતીને મળ્યા નથી. તે પરણવા આવીને તોરણેથી પાછા ફરી ગયા, તેથી માતા પિતાના દિલમાં દુઃખ સાથે ક્રોધ આવ્યો છે ત્યારે રાજેમતીને નેમકુમાર પ્રત્યે આટલો બધો રાગ કેમ છે? નેમકુમારનું કોઈ નમતું બોલે છે તો એનું કાળજું કપાઈ જાય છે. એનું કારણ એક જ છે કે એને નેમકુમાર સાથે આઠ આઠ ભવની પ્રીતડી છે. નેમ પાછા વળ્યા એનું એના દિલમાં પારાવાર દુઃખ થાય છે. એનું હૃદય ઘવાઈ જાય છે, વિલાપ કરે છે ને ઘડીકમાં બેભાન થઈને પૃથ્વી પર પડી જાય છે.

રાજુલ કરે રે વિલાપ....નેમજી નહીં રે મળે.
મારા હૈયાના હાર, મારી આંખોના તાર...નેમજી.

આપણે નેમ રાજુલના આઠ ભવની વાત આવી ગઈ ને! તેમાં તમે સાંભળ્યું ને કે તેઓ મનુષ્યના ભવમાં બંને પતિ પત્ની બનતા હતા અને છેલ્લે સંસારની અસારતા સમજીને દીક્ષા લેતા હતા. દીક્ષા લઈ આયુષ્ય પૂર્ણ કરીને દેવલોકમાં જતા. ત્યાં તેઓ એક જ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થતા હતા. આવી આઠ આઠ ભવની ગાઢ પ્રીતિ છે એટલે રાજુલ રૂદન કરે છે કે મારા હૈયાના હાર નેમ મને નહિ મળે? રાજુલનો વિલાપ સાંભળીને માતા પિતા કહે છે હે વહાલી દીકરી! તું આ વિલાપ છોડી દે. નેમકુમારને આંટી મારે એવા એક એકથી ચઢીયાતા મુરતીયા આ જગતમાં છે. હું નેમથી પણ સારો મુરતીયો શોધીને તને પરણાવીશ. હવે નેમ સાથે પરણવામાં સાર નથી, કારણ કે જેમણે ઈન્દ્રિયોને જીતી લીધી છે, જેને વિષયો વિષના કટોરા જેવા લાગ્યા છે એની સાથે પરણવામાં તને શું સુખ મળવાનું છે? માટે જે થયું તે સારું થયું. તું હવે બધી ચિંતા છોડીને સ્વસ્થ બન.

રાજેમતી કહે છે હે માતા-પિતા! તમે આમ શા માટે બોલો છો? આવા ત્યાગી યોગી જેવા પતિ પણ મહાન ભાગ્ય હોય તો મળે છે. જો એ મને પરણ્યા હોત તો મને ખૂબ આનંદ થાત. આ સંસારમાં ભોગી પતિ તો ઘણીવાર મળ્યા પણ આત્માનું ઉત્થાન કરાવનાર યોગી પતિ નથી મળ્યા. હું નેમકુમારની સાથે જળ અને કમળની માફક અલિપ્ત જીવન જીવત, પણ એ મને પરણ્યા વિના તરછોડીને ચાલ્યા ગયા એ આઘાતનું દુઃખ મને નહિ ભૂલાય. તમે એમને એટલું તો કહેવડાવો કે મને એક વાર મળવા માટે આવે, ત્યારે એની સખીઓ કહે છે હે રાજુલ! તું તો કેવી ઘેલી છે! જેમણે તારા સામું જોયું નથી, તને છોડીને ચાલ્યા છે એને હજુ તારે મળવું છે? માતા-પિતા પણ કહે છે જે અમારું અપમાન કરીને ગયા એને મળવા પણ કેવી રીતે બોલાવીએ? કદાચ માન છોડીને એને બોલાવીએ તો પણ આવવાના નથી. રાજુલ શરમાતા શરમાતા કહે છે પિતાજી! એમાં તમારું સ્વમાન ક્યાં હણાય છે? ત્યારે ઉગ્રસેન રાજા કહે છે બેટા! સૌને પોતાનું સ્વમાન વહાલું છે. હું પણ આટલું મોટું રાજ્ય લઈ ને બેઠો છું. આ પ્રમાણે વાતચીત થાય છે ત્યારે ઉગ્રસેન રાજાનો મંત્રી કહે છે મહારાજા! તમે ચિંતા ન કરો. કૃષ્ણવાસુદેવ, સમુદ્રવિજય રાજા વિગેરે મોટા મોટા માણસો નેમકુમારને ફરતા ઘેરી વળ્યા છે, અને એમને તોરણે આવવા માટે વિનવી રહ્યા છે, એટલે મને લાગે છે કે નેમકુમાર બધાની વિનવણીને માન આપીને પાછા ફરશે. આ સાંભળી ઉગ્રસેન રાજા ઉગ્ર બનીને કહે છે કે હવે તો એ પરણવા આવે તો ય મારે મારી દીકરી એની સાથે પરણાવવી નથી. મારી દીકરીને એના કરતાં સારો વર મળશે. સમજાણું, આ સંસારનું નાટક કેવું છે! તમે પૈસા ખર્ચીને નાટક જોવા જાઓ છો ને? પણ હું તો કહું છું કે તમારો સંસાર એ એક નાટક છે. નાટક

જોતાં સમય કયાં પસાર થઈ જાય છે તેની ખબર પડતી નથી તેમ જીવને સંસારરૂપી નાટક જોતાં જિંદગી પસાર થઈ જાય છે, અને આત્માની સાધના કર્યા વિના જીવ ચાલ્યો જાય છે, પછી પશ્ચાતાપ કરશો તો કાંઈ નહિ વળે. અહીં આત્માને સ્પર્શતું એક કલ્પિત દૃષ્ટાંત યાદ આવે છે.

એક સાવ નાનકડા ગામમાં એક ગરીબ વણિક વસતો હતો. એનું નામ તો જીવરાજભાઈ હતું પણ ગરીબ હતો એટલે સૌ એને જીવો કહીને બોલાવતા હતા. આજે તો જ્યાં જુઓ ત્યાં પૈસાના જ માન છે. પાસે પૈસા હોય તો સૌ માન સન્માન આપે છે ને માનપાનથી બોલાવે છે. આ જીવરાજભાઈની નાનકડી હાટડી જેવી દુકાન હતી. માંડ માંડ ગુજરાન ચલાવે તેટલું તે કમાતો હતો. સાધારણ સ્થિતિ એટલે સારું ખાવાપીવાનું કે કપડા પણ સારા કયાંથી મળે? ઘણો વખત એ ગામડામાં રહ્યો. સમય જતાં જીવરાજભાઈના કંઈક પુણ્યનો ઉદય થયો એટલે ધીમે ધીમે એ પૈસા કમાયો. બે ત્રણ વર્ષમાં એની પાસે રૂ. પાંચ હજારની મુડી ભેગી થઈ, એટલે તેમના હરખનો પાર ન રહ્યો. તમારા મનમાં કદાચ થશે કે પાંચ હજાર રૂપિયા એ કંઈ મુડી કહેવાય! ભાઈ! જેની પાસે લાખો રૂપિયાની મિલ્કત હોય એને મન પાંચ હજારની કિંમત ન હોય પણ જેને પાંચ રૂપિયા પણ માંડ મળતા હોય એને મન પાંચ હજાર તો પાંચ લાખ જેવા લાગે છે.

આ જીવરાજભાઇ પાસે પાંચ હજાર રૂપિયા ભેગા થયા એટલે એ ઉંચા ઉંચા મનોરથો ઘડવા લાગ્યો. એના મનમાં થયું કે આવા ગામડામાં હવે મારે નથી રહેવું, કારણ કે આ ગામમાં માણસો પણ હલકી કોમના રહે છે. ખાવા પીવાનું પણ હલકું ને વહેપાર ધંધો પણ એવો જ ચાલે છે. હું આટલા વર્ષો આ ગામડામાં રહ્યો ત્યારે માંડ પાંચ હજાર કમાયો. હવે તો આ ગામડું છોડીને કોઈ મોટા શહેરમાં જાઉં ને વહેપાર ધંધો કરું. આવો વિચાર કરીને જીવાભાઇએ પોતાની પાસે જે સોનું–ચાંદી–રૂપિયા ને કપડા હતાં તે બધું ભેગું કરીને એક પોટલી બાંધી અને પોતાના ગામની બાજુમાં આવેલા નાના સ્ટેશનેથી મોટા શહેરમાં જવા નીકળ્યો. રસ્તામાં એને ખૂબ કકડીને ભૂખ લાગી પણ નાના સ્ટેશનોમાં તો કંઈ ખાવાપીવાનું મળે નહિ. આગળ જતાં મોટું જંકશન આવ્યું. ત્યાંથી ચારે દિશામાં જવાય, અને ચારે દિશાઓથી અવાય અને ત્યાં ગાડી પણ એક કલાક રોકાય. જીવરાજભાઇને ખબર પડી કે આ તો મોટું જંકશન આવ્યું અને અહીં એક કલાક ગાડી રોકાવાની છે. એટલે જીવરાજભાઈ નીચે ઉતર્યા. ત્યાં તો એમણે ઘણી જાતના મેવા, મીઠાઈ અને ફળ ફ્રુટની ઘણી દુકાનો જોઇ. એ તો ખુશ ખુશ થઈ ગયા કારણ કે તદ્દન નાનકડા ગામડામાં અત્યાર સુધી રહ્યા હતા એટલે એમણે આવું કંઈ જોયું ન હતું.

મેવા, મીઠાઈ અને ફળની દુકાનો પહેલ વહેલી તેમણે જોઇ, અને તેમને ભૂખ પણ કકડીને લાગી હતી એટલે ખાવા માટે એનું મન લલચાયું, તેથી લેવા જવા માટે પગ

ઉપાડયો. ત્યાં રસ્તામાં એક જગ્યાએ નાટક ચાલતું હતું. તેના સામે જીવાભાઈની દૃષ્ટિ ગઈ. એટલે જોવા માટે એનો પગ ત્યાં થોભી ગયો. એને આ નાટકનો ખેલ જોવાની ખૂબ મઝા આવી ગઈ, તેથી તે જોવા માટે ઉભો રહ્યો. મનમાં વિચાર કર્યો કે એવા મીઠાઈની દુકાનો ક્યાં ચાલી જવાની છે, ગાડી એક કલાક રોકાવાની છે અને પૈસાની પોટલી તો મારી પાસે છે એમ વિચારીને નાટક જોવા ઉભો રહ્યો. ૦૧ કલાક થયો એટલે વધારે સરસ દૃશ્ય જોવાનું આવ્યું. જીવાભાઈ વિચાર કરે છે કે આ નાટક બહુ સરસ છે. ગાડી ઉપડવાની વાર છે માટે જોઈ લઉ. જોવામાં બીજો ૦૧ કલાક વીતી ગયો, રહેજ આગળ ગયા ત્યાં એના કરતા વધુ સુંદર દૃશ્ય આવ્યું, એટલે પાછા જીવાભાઈ મનમાં બોલ્યા કે ભલે મને ભૂખ લાગી. આ દુકાનો તો સામે જ છે, પૈસા મારી પાસે છે ને ગાડી કલાક રોકાવાની છે તો આવો સુંદર ખેલ જતો કેમ કરાય ? તેમાં ૦૧ કલાક નીકળી ગયો. આગળ ગયો ત્યાં ત્રણે દૃશ્યને ટક્કર મારે એવું ચોથું દૃશ્ય આવ્યું, એટલે જીવાભાઈ તો આંખો ફાડીને જોવા લાગ્યા. લોકો નાટક જોઈને તાળીઓ વગાડવા લાગ્યા. આ જીવાભાઈ પણ પોટલી નીચે મૂકીને તાળીઓ વગાડવા લાગ્યા. એમાં જીવાભાઈને ટાઇમનો ખ્યાલ ન રહ્યો ને ગાડી ઉપડવાની સીટી વાગી, એટલે જીવરાજભાઈ ઝબકયા ને કોઇને પૂછયું–ભાઈ! આ સીટી શેની વાગી ? ત્યારે કહ્યું કે ગાડી ઉપડવાની સીટી વાગે છે.

જીવરાજભાઇ કહે છે શું ગાડી ઉપડે છે ? મેં તો હજુ ખાધું પણ નથી. અરે, નાટક જોવામાં જ સમય પસાર થઈ ગયો. એમ અફસોસ કરતો ગાડી ઉપડવાની તૈયારીમાં નીચે મૂકેલી પોટલી લેવા ગયો તો પોટલી મળે નહિ. આટલું મોટું જંકશન હોય, માણસોની ઠઠ જામી હોય અને પોતે નાટક જોવામાં મશગૂલ બની ગયો હોય ત્યાં નીચે મૂકેલી પોટલી રહે ખરી ? જીવાભાઈ તો પોટલીની શોધ કરવા લાગ્યા. પોટલીની શોધ કરવા જતાં ગાડી ઉપડી ગઈ. જીવાભાઈ ન તો ખાઈ શકયા કે ન ગાડીમાં જઇ શકયા. બક્કે પાસે હતું તે પણ ગુમાવી દીધું ને હતા તેવા થઇ ગયા. આ તો જીવરાજભાઇ વણિકની આપણે એક કલ્પિત વાત કરી પણ હવે આત્મા સાથે ઘટાવીએ.

અનાદિ નિગોદ તે ગામડું અને આપણો આત્મા તે જીવરાજભાઈ. આપણો આત્મા પેલા ગામડા સમાન નિગોદમાં અનંતકાળ રહ્યો નિગોદમાં રહેલો જીવરાજ એકેન્દ્રિય-પણામાં શું વહેપાર કરી શકે ? ત્યાં એની પાસે મનબળ કે વચનબળ નથી હોતું. ફકત એક કાયબળ હોય છે. તે પણ અતિ સુક્ષ્મ. તેનાથી શું બની શકે ? વ્યવહારમાં એક જુની કહેવત છે ને કે "પંડ રળે પેટ ભરાય પણ કંઈ મૂડીવાળા ન થવાય," તેમ નિગોદમાં કંઈ વહેપાર કે વકરો ન થાય પછી મૂડી કયાંથી થાય ? ત્યાં નિગોદમાં અકામ નિર્જરા કરીને કંઇક પુણ્ય રૂપી મુડી એકઠી કરી તેનાથી બાદરપણું પામ્યો. તેનાથી આગળ વધતા ત્રસપણામાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિયપણું પ્રાપ્ત કરીને આગળ વધ્યો એટલે કંઇક મુડી થવાથી વહેપાર વધાર્યો.

વિકલેન્દ્રિયમાં વચનબળ મળવાથી શક્તિ વધી, વ્હેપાર વધ્યો તેથી મુડી પણ વધી. તેના અંગે સંજ્ઞી પચેન્દ્રિયપણામાં તિર્યંચપણું પામ્યો એટલે મનબળ વધ્યું, તેથી વિચાર કરવાની શક્તિ મળી. ત્યાં પરાધીનપણે કષ્ઠ સહન કરતા અકામ નિર્જરા કરી જીવરાજભાઇ પોતાની પુણ્યરૂપી મુડી એકઠી કરીને મનુષ્યગતિ રૂપી શહેરના જંકશનમાં આવ્યો. આ જંકશનમાં આવ્યો ત્યારે અનંતી લક્ષ્મી રૂપી મોક્ષલક્ષ્મી મેળવવાની બરેબરી કકડીને ભૂખ લાગી હતી તેથી ચારિત્ર રૂપી દુકાનની તપાસ કરી પણ માતાપિતાના લાડકોડના પહેલા ખેલે એને મૂંઝવ્યો. ત્યારે જીવરાજભાઈ એ મનથી વિચાર કર્યો કે આ મનુષ્યગતિ રૂપી શહેરના જંકશનમાં આયુષ્ય પ્રમાણે ગાડી રોકાવાની છે. પુણ્ય રૂપી મુડી મારી પાસે છે, અને ચારિત્રની દુકાનો તો જ્યારે જોઇએ ત્યારે ખુલ્લી છે. આ નાટકનો પહેલો ખેલ. માતા પિતાના લાડકોડમાં ઉછરતા જીવરાજભાઈ એ પહેલું બાલપણના નાટકનું દૃશ્ય જોઇને યુવાનીમાં પ્રવેશ કર્યો. ત્યાં બીજો ખેલ પત્નીનો. એ ખેલ આગળ પહેલો ખેલ ઝાંખો લાગ્યો ત્યાં પત્નીના મોહમાં મૂંઝાયો, અને મનમાં બોલ્યો કે હજુ આયુષ્ય ઘણું બાકી છે. પુણ્ય રૂપી મુડી મારી પાસે છે. ચારિત્રની દુકાનો ચાલી જવાની નથી. આ ખેલની મઝા કોઇ ઓર છે. એ કેમ જતી કરાય ? આ બીજા પત્નીના નાટકના ખેલની મઝા પૂરી થઈ નથી ત્યાં તો ત્રીજો ખેલ છોકરા છૈયાનો નીકળ્યો. આ ખેલમાં તો એને એટલી બધી મઝા આવી ગઇ કે આગળના નાટકના બે ખેલના દૃશ્યો તો એની આગળ નિસ્તેજ દેખાયા. પત્ની અને બાળકોની મમતામાં જીવરાજભાઈની પોણી ઉંમર તો પસાર થઈ ગઈ, છતાં મનમાં બબડે છે કે હજુ આયુષ્ય કયાં પૂરું થઈ ગયું છે, ઘણું આયુષ્ય બાકી છે, પુણ્યની મુડી મારી પાસે છે અને ચારિત્રની દુકાનો કંઈ ચાલી જવાની નથી પણ આ જીવડો મોહમાં એવો મૂંઝાઈ ગયો છે કે એને ખબર નથી કે આ ગાડી કયારે ઉપડી જશે, માટે જ્ઞાની ભગવંતો જીવને ચેતવણી આપે છે કે હે જીવાત્માઓ ! હવે જાગો.

માનવ જાગો રે હવે, આવું જીવન ફરી નાહ રે મળે,
સર્વ ગતિમાં શિરદાર, એનો કરજે વિચાર—ફરી નહિ રે મળે.
નર્ક નિગોદમાં ભમી ભમી આવ્યો (૨) પુણ્યબળે માનવભવ તું પામ્યો,
બન્યો પૈસાનો પૂજારી, વિષયવૃત્તિનો ભિખારી....શાંતિ નહિ રે મળે...

સર્વ ગતિઓમાં શ્રેષ્ઠ મનુષ્યગતિ તમે પામ્યા છો. નરક, નિગોદમાં ઘણું ભમ્યા હવે પુણ્યની મુડી લઇને માનવભવમાં આવ્યા છો. અહીં માતા–પિતા, પત્ની, પૈસા, પુત્ર પરિવારના મોહમાં પડયો છે ને તે વિચાર કરે છે કે આ સંસારનું નાટક પૂરું જોઇ લેવા દો. હજુ ઘણું આયુષ્ય બાકી છે પણ આ પામર આત્માને ખબર નથી પડતી કે પુણ્યરૂપી મુડી મોહરાજાના સુભટોએ લૂંટવા માંડી છે. હવે ખલાસ થવાની તૈયારી છે. છોકરા મોટા થયા એટલે એના સગપણના શ્રીફળ આવ્યા ને પરણાવ્યા. ઘરમાં પુત્રવધૂઓ આવી. આ

નાટકના ચોથા ખેલના દૃશ્યે તો માઝા મૂકી અને જીવરાજભાઇને હરખઘેલા બનાવી દીધા. હરખમાં ને હરખમાં એમને ન રહી પોટલીની ખબર કે ન રહી ટાઇમની ખબર. મૃત્યુની સીટી વાગી ને જીવરાજભાઇ ગભરાઈ ગયા.

અરર....આ શું થઇ ગયું ? મેં તો મનુષ્યભવ પામીને દાન ન દીધું, શીયળ ન પાળ્યું, આ શરીરને સાચવવાની મમતામાં તપ પણ ન કર્યું કે શુભ ભાવના પણ ન ભાવી. કોઈ જાતની આરાધના કરી શકયો નહિ. મોક્ષની અનંતી લક્ષ્મી મેળવવા આવેલા જીવરાજ-ભાઇએ મનુષ્યગતિના જંકશનમાં આવીને પાસે જે મુડી હતી તે પણ ગુમાવી દીધી. આ સંસારના નાટકના ચાર ખેલની ચપટીમાં એવા તો ચોળાઇ ગયા કે મૂળગી મુડી ખોઇ માથે કરજ વધારી ચોર્યાંશીના ચકરાવામાં ચક્કર લગાવવા જીવરાજભાઇ ચાલી નીકળ્યા. ટૂંકમાં આ દૃષ્ટાંતનો સાર બરાબર સમજશો તો એટલો છે કે આ મનુષ્યભવમાં સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રના સાધનોની જેટલી સુલભતા છે તેટલી બીજા કોઇ ભવમાં નથી. માટે મહાન પુણ્યોદયે મળેલા આ માનવભવને જ્ઞાન દર્શન, ચારિત્રાદિ ગુણોની પ્રાપ્તિ કરવામાં સાર્થક બનાવો, નહિતર આ જીવરાજભાઇ જેવી તમારી દશા થશે.

માનવભવને સાર્થક બનાવવા માટે જેમનો આત્મા જાગૃત બન્યો છે એવા નેમકુમાર તો તોરણદ્વારે આવીને પાછા ફર્યા એટલે કૃષ્ણ વાસુદેવ આદિ વડીલો તેમને સમજાવે છે કે હવે હિંસાનું કાર્ય નહિ થવા દઇએ. બધા યાદવો પણ સમજી જશે ને માંસાહારનો ત્યાગ કરશે પણ તમે પાછા ફરો તો અમારું નાક રહે. અમારી ઇજ્જત આતર હાથીને પાછો વાળો પણ નેમકુમાર પાછા ફરતા નથી. આ તરફ આ બનાવ બનવાથી ઉગ્રસેન રાજા પણ ઉદાસ બનીને લમણે હાથ દઇને બેઠા ત્યારે મંત્રી કહે છે મહારાજા ! હવે તમે ચિંતા છોડી દો. ચિંતા કરવાથી શું વળશે ? ત્યારે ઉગ્રસેન રાજા કહે છે મંત્રીશ્વર ! ચિંતા કેમ ન થાય ! જુઓ તો ખરા, મારી લાડકવાયી રાજુલની કેવી દશા થઈ ગઈ છે ! અરેરે.... આ યાદવકુળના જાયા નેમકુમારે અમારી હોંશ પૂરી ન કરી. રાજુલના મનના કોડ મનમાં રહી ગયા. એક તો એ ચિંતા થાય છે ને બીજી એ ચિંતા થાય છે કે આ પીઠી ભરેલી કન્યાને કયાં સુધી કુંવારી રાખી શકાય. રાજુલ નેમ...નેમ કરે છે. હવે આ બાબતમાં શું કરવું ? અહીં ઉગ્રસેન રાજા, ધારણી રાણી અને સખીઓ બધા રાજુલને રૂદન બંધ કરવા સમજાવે છે અને ત્યાં કૃષ્ણવાસુદેવ, સમુદ્રવિજય વિગેરે નેમકુમારને હાથી તોરણદ્વાર તરફ પાછો વાળવા સમજાવે છે. હવે શું બનશે તે અવસરે.

ચારિત્ર :– જિનસેનકુમાર જ્યાં બેઠો હતો ત્યાંથી ઉભો થયો ને દરવાજા પાસે આવ્યો. આ જોઇને ક્ષાત્રિયો અને નગરલોકો બોલવા લાગ્યા કે ખુદ મહારાજા પણ દરવાજા બોલી શક્યા નહિ, મોટા મદોન્મત્ત હાથીઓ, બલ્લો અને બળવાન સુભટો કોઇથી જે

કાર્ય ન થઈ શકયું તે આ નાનો છોકરો શું કરી શકવાનો છે ? એની માતાને અળખામણો લાગે છે કે તે હાથે કરીને મરવા માટે જઇ રહ્યો છે. એનાથી કંઈ બની શકવાનું નથી. એ ખોટો અભિમાન કરે છે. ક્ષત્રિયો મનમાં બબડે છે કે આપણું અપમાન કર્યું છે તો હવે જોઇએ છીએ કે એ શું કરે છે ! બધાને એને માટે શંકા થાય છે પણ જિનસેનના દિલમાં બિલકુલ શંકા નથી કે મારાથી દ્વાર નહિ ખુલે. એ તો ઉમો થઇને નીડરપણે દરવાજા પાસે આવ્યો.

કહે કુંવર દ્વાર પર જા કે, કૌન હૈ મહલા માંય,
જલ્દી ખોલો આકર દ્વાર યે, નહીંતર દ્વાર તોડાય.

દરવાજા પાસે જઇને જિનસેનકુમારે કહ્યું કે મહેલમાં તમે કોણ છો ? જે હોય તે દરવાજા જલ્દી ખોલો, નહિતર હમણાં હું દરવાજા તોડી નાંખીશ. આ રીતે જિનસેનકુમાર બે ત્રણ વખત બોલ્યો. ચંપકમાલા દરવાજા પાસે જ બેઠી હતી. એણે જિનસેનકુમારનો અવાજ સાંભળ્યો. એના મનમાં થયું કે નક્કી આ અવાજ મારા સ્વામીનાથનો જ છે. મને શોધતા શોધતા અહીં પહોંચી ગયા લાગે છે. હવે મારે દ્વાર ખોલવા જોઇએ. દરવાજા ખોલતા પહેલા એણે નવકારમંત્રનું સ્મરણ કરીને ભગવાનને પ્રાર્થના કરી કે હે શાસનદેવ ! અવાજ ઉપરથી મને એમ લાગે છે કે નક્કી મારા પતિ જ છે, પણ જો કદાચ એ ન હોય તો તમે મારું રક્ષણ કરજો એમ કહીને એણે હિંમતથી દરવાજા ખોલ્યા. દરવાજા ખુલ્યા એટલે લોકોના મનમાં આશ્ચર્ય થયું કે આટલા આટલા પ્રયત્નો કરવા છતાં કોઈ દરવાજા ખોલી શકયું નહિ અને આણે તો કોઈ શસ્ત્ર લીધું નથી, કંઈ મહેનત પણ કરી નથી, માત્ર અવાજ કર્યો ને દરવાજો ખુલી ગયો, માટે આનામાં કંઈ જાદુ લાગે છે. નહિતર એકદમ દરવાજો કેવી રીતે ખુલે ?

ચંપકમાલાને જોતા ભયભીત બનેલી પ્રજા :- આમ લોકો આશ્ચર્યમાં પડીને વિચાર કરે છે ત્યાં તો રૂપરૂપના અવતારસમી તેજસ્વી ચંપકમાલા હાથમાં તલવાર લઇને બહાર આવી. રૂપ તો ઘણું છે પણ એના મુખ ઉપર ક્રોધ ક્રોધ વ્યાપેલો છે. આંખો લાલચોળ છે. માથાના લાંબા વાળ છૂટા મૂકી દીધા છે, એટલે જોનારને લાગે કે આ તો કોઈ સાક્ષાત્ દેવી લાગે છે. ખરેખર દેવી જેવી સતી કોપાયમાન થઈ છે. એનું રૂપ જોઇને બધા ધ્રુજી ઉઠયા. ચંપકમાલા દરવાજામાંથી નીકળીને હાથમાં તલવાર લઇને દોડતી જ્યાં વેશ્યા હતી ત્યાં આવીને તલવારથી વેશ્યાનું મસ્તક ઉડાવી દીધું. આ જોઇને ખુદ સિંહલદ્વીપના મહારાજા પણ ધ્રુજી ઉઠયા. બધાના મનમાં થયું કે ભાગો. આ જગદંબા તો બરાબર કોપાયમાન થયા છે. આ વેશ્યાના પાપે હમણાં આપણને બધાને મારી નાંખશે. આખું ગામ સાફ કરી નાંખશે.

આપણું અને આખા નગરનું શું થશે ? એમ બોલતાં રાજા, પ્રધાન, સુભટો, તેમજ

દરેક પ્રજાજનો ત્યાંથી જીવ લઇને ભાગ્યા. સૌને પોતાનો જીવ વહાલો છે. કોઇને મરવું ગમતું નથી. રાજા અને પ્રજા સૌ પોતપોતાનો જીવ બચાવવા ભાગ્યા. પાછું વાળીને કોઇ જોતું નથી. કોઇના બાળકો પડી જાય છે તો પણ તેને લેવા રહેતા નથી. બધા દોડીને જ્યાં જગ્યા મળી ત્યાં ભરાઇ ગયા. વેશ્યા તો પરલોકમાં પહોંચી ગઇ, અને રાજા તથા પ્રજા બધા ડરના માર્યા ભાગી ગયા. હવે ચંપકમાલા અને જિનસેનકુમાર એ બે જ રહ્યા બંને ભેગા થશે ને સુખ દુઃખની વાત કરશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૮૧

આસો સુદ ૧૩ ને શનિવાર **તા. ૧૪-૧૦-૭૮**

અનંત કરૂણાસાગર, તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના હિત માટે આગમવાણી પ્રકાશી. તેમાં આપણે ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનો અધિકાર ચાલે છે. એમાંથી આપણને ઘણું ઘણું જાણવાનું મળે છે. કૃષ્ણવાસુદેવ નેમકુમારને સમજાવે છે ત્યારે નેમકુમારે કહ્યું વડીલ બંધુ ! મેં બધો જ વિચાર કરી લીધો છે. તમે મારી વાત સાંભળો. આ મનુષ્ય જન્મ મહાન મુશ્કેલીથી મળ્યો છે. તે પહેલાં કોણ જાણે કેટલાય કાળ સુધી જીવને વનસ્પતિ, કીડા, મંકોડા આદિની યોનિઓમાં રહેવું પડ્યું હશે અને જે નિર્દોષ પશુ પક્ષીઓને લોકો પોતાનો ભક્ષ્ય માનીને મારી નાંખે છે તેવા પશુઓના શરીરમાં પણ આ જીવને રહેવું પડ્યું હશે. આ પ્રમાણે અનેક જન્મો સુધી કષ્ટ ભોગવ્યા પછી આ મનુષ્ય શરીર જીવને પ્રાપ્ત થયું છે. તો આવા દુર્લભ અને ઉત્તમ માનવ શરીરને નરક, તિર્યંચ વિગેરે યોનિમાં જઇને મહાન દુઃખો ભોગવવા પડે તેવા કાર્યમાં જોડવું ઇષ્ટ છે કે ફરીને સંસારમાં વારંવાર જન્મ મરણના મહાન દુઃખો ભોગવવાનું મહાદુઃખ દઠાવવું ન પડે એવા કાર્યોમાં જોડવું ઇષ્ટ છે ? જે મનુષ્ય પોતાના જન્મનો ઉદ્દેશ વિષયભોગ જ માને છે અને એ કારણે અધિકાધિક વિષયભોગમાં પ્રવૃત્ત બને છે તે પોતાને માટે વારંવાર જન્મ મરણ કરવાની સામગ્રી એકત્રિત કરે છે અને જે મનુષ્ય જન્મનો ઉદ્દેશ જન્મ મરણથી મુક્ત થવાનો સમજે છે તે વિષયભોગમાં સુખ માનતો નથી, પણ વિષયજન્ય સુખોને છોડી દે છે, અને સમસ્ત પ્રાણીઓને પોતાના સમાન માનીને સૌની સાથે પ્રેમ અને મૈત્રીભર્યો વ્યવહાર રાખે છે. એવી જ વ્યક્તિ પ્રેમ અને મૈત્રીભાવને પૂર્ણરૂપે વિકસિત કરીને જન્મ મરણથી છુટકારો મેળવે છે ને અક્ષય સુખને પ્રાપ્ત કરે છે.

આ મહાન મુશ્કેલીથી મળેલા માનવદેહને જન્મ મરણથી મુક્ત થવાય એવા કાર્યોમાં જોડવો જોઈએ પણ અજ્ઞાન લોકો જન્મ-મરણ વધે એવા કાર્યોમાં જોડી રહ્યા છે. આ વાત મારા દિલમાં ખટકતી હતી. તે સિવાય હું પોતે તો અક્ષય સુખ મેળવવા ઇચ્છું છું. સાથે બીજા જીવોનું ધ્યાન પણ એ તરફ ખેંચવા ઇચ્છતો હતો અને તે માટે એવા કોઈ પ્રસંગની

રાહ જોતો હતો. એમાં મારા ભાભીઓએ નેમ માન્યા....નેમ માન્યા કહીને પરણવાનું ચોકકું બેસાડી દીધું અને વિવાહની તૈયારીઓ થવા લાગી, ત્યારે મેં વિચાર કર્યો કે વિવાહના બહાને મને લોકોને ઉપદેશ દેવાનો અવસર મળશે એમ માની વિવાહ સંબંધી કોઇ વાતનો વિરોધ ન કર્યો. મારે લોકોને એ બતાવવું હતું કે હું રાજ્યને અધિક સમજતો નથી, રાજેમતી જેવી સ્ત્રીમાં મને મોહ નથી, તેમજ વિષયજન્ય સુખોને પણ હું સારા સમજતો નથી. મારી દૃષ્ટિએ તો એ બધા કરતા અહિંસા જ શ્રેષ્ઠ છે. તેને માટે હું સંસારના સમસ્ત સુખોને છોડી શકું છું અને એટલા માટે હું પાછો જઈ રહ્યો છું. હવે હું સંસારના કોઇ પણ પ્રપંચમાં પડવા ઇચ્છતો નથી પણ હું મને પોતાને જન્મમરણથી મુકત થવાના ઉપાયની સાથે જગતના જીવોને આ પાઠ શીખવવા ઇચ્છું છું. માટે હે મોટાભાઈ! આપ મને રોકવાનો નિષ્ફળ પ્રયાસ ન કરો. મને જવા દો.

દેવાનુપ્રિયો! લગ્નપ્રસંગમાં પણ નેમકુમારે કેવી અમૂલ્ય તત્ત્વદૃષ્ટિ કેળવી હતી. તમને બધાને તો લગ્ન પ્રસંગે સંસારના સુખ સિવાય બીજો કોઈ વિચાર આવે છે ખરો? અહીં નેમકુમારનો વૈરાગ્યભરેલો જવાબ સાંભળીને કૃષ્ણવાસુદેવ આદિ બધા નિરાશ થઇ ગયા પણ લોકોના હૃદય પર નેમકુમારના જવાબનો ખૂબ પ્રભાવ પડયો. એમના કથનની સત્યતાનો કોઇ ઇન્કાર કરી શકયા નહિ. કૃષ્ણવાસુદેવ, સમુદ્રવિજય બધા મૌન રહ્યા. થોડી વાર મૌન રહ્યા પછી કૃષ્ણજીએ કહ્યું હે મારા લઘુ બંધવા! તારી વાત સત્ય છે. એનો અમે ઇન્કાર કરી શકતા નથી. તમે અહિંસાનો જે ક્રિયાત્મક ઉપદેશ આપ્યો છે તે નિષ્ફળ નહિ જાય પણ ઉગ્રસેન રાજાની પુત્રી રાજેમતી સાથે લગ્ન કર્યા વિના ચાલ્યા જવું તે ઠીક નથી. કારણ કે એમ કરવાથી યાદવકુળની પ્રતિષ્ઠાને ધક્કો લાગે છે. અમારા બધાનું અપમાન થાય છે અને એક નિર્દોષ અને કોડભરી કન્યાનો તિરસ્કાર થાય છે માટે તમે પાછા ફરો અને લગ્ન કરો.

કૃષ્ણજી સામે નેમકુમારે કરેલી વૈરાગ્યભરી વાતો :– કૃષ્ણવાસુદેવની વાત સાંભળીને નેમકુમારે કહ્યું–મોટાભાઈ! હું રાજેમતીને છોડીને બીજી કન્યા સાથે લગ્ન કરું તો મેં એનો તિરસ્કાર કર્યો ગણાય પણ મારે મન તો રાજેમતી કે જગતની તમામ સ્ત્રીઓ માતા સમાન છે, માટે હું એનો તિરસ્કાર નથી કરતો કે તમારું કોઇનું અપમાન નથી કરતો. આમ તો મારે મન જગતના સઘળા વિષયભોગના સાધનો તિરસ્કારને પાત્ર છે, પણ આત્મદૃષ્ટિએ હું એક નાનામાં નાના પ્રાણીનો પણ તિરસ્કાર કરી શકતો નથી, માટે સંસારિક દૃષ્ટિએ હું રાજેમતીનો તિરસ્કાર નથી કરતો અને તેમ કરવાનું કોઇ કારણ પણ નથી, કારણ કે મેં રાજેમતીને જોઈ નથી, તેમજ તેનો કોઈ અપરાધ પણ મેં સાંભળ્યો નથી, તો પછી મારાથી એનો તિરસ્કાર કેમ કરાય? વીરા! હું કોઇપણ સંસારિક બંધનમાં પડવા ઇચ્છતો નથી પણ સમસ્ત સંસારિક બંધનોથી મુકત થવા ઇચ્છું છું. જો મેં પશુપક્ષીઓને

પણ બંધનથી મુક્ત કરાવી સ્વતંત્રતા અપાવી, તો પછી હું પોતે સ્વતંત્રતાને ગુમાવીને બંધનમાં કઈ રીતે પડી શકું? આપ બધાને મારા ઉપર ખૂબ સ્નેહ ને લાગણી છે પણ મારી દૃષ્ટિમાં તો કુટુંબ પરિવાર બધું બંધનરૂપ છે. મેં તો હમણાં જ જોયું કે બંધનમાં પડેલા પશુપક્ષીઓ કેવો કાળો કકળાંત કરતા હતા. એમને સ્વતંત્રતા મળવાથી આનંદ-ભેર તેમના પોતાના સ્થાને ચાલ્યા ગયા. એમને પણ બંધનમાં રહેવું ગમતું ન હતું તો પછી મને પણ કયાંથી ગમે? મને પણ એમ જ થાય છે કે હું પણ બંધનમાંથી મુક્ત બનીને સ્વતંત્ર બનું. સંસારમાં વારંવાર જન્મ-મરણ કરવા માટે મારા આત્માને એવા બંધનમાં નાંખવા ઇચ્છતો નથી. સંસારના બંધનમાં આરંભ સમારંભાદિ અનેક પાપો કરવા પડે છે, માટે મારે આરંભ સમારંભથી બચવું છે, અને જગતને પણ એ જ પાઠ શીખવાડવા છે, માટે હું આપને મારો દૃઢ નિશ્ચય જણાવી દઉં છું કે હું સંસારના કોઈ પણ બંધનમાં નહિ રહું પણ સંયમ સ્વીકારીને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ વિગેરે વ્રતોનું પાલન કરીશ અને બીજા લોકોને પણ તે માર્ગે વાળીશ.

બંધુઓ! આ જગતમાં પ્રત્યેક પ્રાણીઓની સામે બે ચીજો હોય છે એક શ્રેય અને બીજી પ્રેય. જે ચીજ ઇન્દ્રિયો અને મનને પ્રિય છે, જે તરફ ઇન્દ્રિયો અને મન સ્વાભાવિક રીતે પ્રવૃત્ત બને છે, જે તરફ ઇન્દ્રિયો અને મનનું આકર્ષણ થાય છે તે પ્રેય છે, અને જેનાથી ઇન્દ્રિયો અને મનની પ્રવૃત્તિનું પોષણ થતું નથી પણ નિરોધ થાય છે તે શ્રેય છે. દરેક જીવો સામે આ બંને બાબતો હાજર છે. તેમાંથી જેને જે ગમે તે ગ્રહણ કરી શકે છે. જો કે મોટા ભાગે ઇન્દ્રિયો અને મનનો ઝોક પ્રેય તરફ વળે છે પણ પ્રેયને લેવું તે સંસારમાં જન્મ મરણના ફેરા વધારવા જેવું છે. પ્રેયને અપનાવવાથી આ સંસારમાં વારંવાર જન્મ મરણ કરવા પડે છે. અને અનેક પ્રકારના સંયોગ વિયોગના કષ્ટો સહન કરવા પડે છે, તેથી ઉલ્ટું પ્રેયને છોડીને શ્રેયને અપનાવવાથી ઇન્દ્રિયો અને મનોવૃત્તિનું પોષણ તો નથી થતું પણ ઇન્દ્રિયો અને મનની વૃત્તિના પોષણથી ઉત્પન્ન થનારા દુઃખોથી બચી જવાય છે, અને અક્ષય સુખ પ્રાપ્ત થાય છે. શ્રેયને અપનાવવાથી આત્મા ધ્રુવ અને સુખપ્રદ સ્થાનને પ્રાપ્ત કરે છે. જ્યાં પહોંચ્યા પછી જન્મ મરણનો ભય રહેતો નથી અને સંયોગ વિયોગનું દુઃખ પણ આવતું નથી. હે મોટાભાઈ! પ્રેયનો ત્યાગ કરીને શ્રેયને અપનાવવાથી આવો મહાન લાભ થાય છે, છતાં લોકો મિથ્યામોહમાં પડેલા છે, અને હાનિકર પ્રેયને માટે શ્રેયનો ત્યાગ કરે છે, એટલું જ નહિ પણ પ્રેયના અભાવમાં પોતાનું જીવન જ નિરર્થક માને છે. આવું માનનારા લોકોની સામે હું એ આદર્શ બતાવવા ઇચ્છું છું કે શ્રેયને માટે તમે પ્રેયનો ત્યાગ કરો, અને પ્રેયને માટે શ્રેયને ન ભૂલો. પ્રેયના મોહમાં પડીને જન્મ મરણના દુઃખો વધારો નહિ પણ શ્રેયને અપનાવીને શાશ્વત સુખનું ધામ-મોક્ષને પ્રાપ્ત કરો.

નેમકુમારને તોરણદ્વાર પરથી પાછા ફરતી વખતે બે તરફથી આકર્ષણ હતું. એક તો સંસારિક વિષયભોગોનું આકર્ષણ નેમકુમારને પોતાના તરફ ખેંચી રહ્યું હતું, ત્યારે બીજી તરફથી દીનદુઃખી જીવોની કરૂણા નેમકુમારને ખેંચી રહી હતી. એક બાજુથી કૃષ્ણ પ્રમુખ યાદવો નેમકુમારને કહેતા હતા કે તમે લગ્ન કર્યા વિના ચાલ્યા જશો તો અમારું બધાનું ઘોર અપમાન થશે ત્યારે દુઃખી પશુડાઓ તેમને અંતઃકરણપૂર્વક ભાવથી પ્રાર્થના કરતા હતા કે હે દયાળુ ! જો તમે લગ્ન કરીને સંસારની ઝંઝટમાં પડી જશો તો અમારું રક્ષણ કોણ કરશે ? આ બંને પરસ્પર વિરોધી આકર્ષણો હતા, પણ એમાંથી અહિંસાનો જ વિજય થયો. નેમકુમારનો ઉપદેશ સાંભળીને યાદવકુમારો ચકિત થઈ ગયા, અને તેમના ઉપર એવો પ્રભાવ પડયો કે જાનમાં આવેલા યાદવકુમારોમાંથી લગભગ એક હજાર યાદવો વૈરાગ્ય પામી ગયા ને નેમકુમારને સાથ દેવા તૈયાર થયા. સમુદ્રવિજય તો નેમકુમાર સામે એક શબ્દ પણ બોલી શકયા નહિ. કૃષ્ણવાસુદેવે પણ તેમને આટલું આટલું સમજાવ્યા છતાં ન સમજ્યા તેથી તેમનો ઉત્સાહ તૂટી ગયો. પગ ઢીલા થઈ ગયા ને મુખ ઉપરનો આનંદ ઉડી ગયો, અને બધા નિરાશ બની ગયા. આ વાતને હવે અહીં અટકાવીને રાજેમતીનું શું થયું તે તરફ દૃષ્ટિ કરીએ.

"રાજેમતીનો ઝૂરાપો" :- રાજેમતી બેભાન થઈ જાય છે ને ભાનમાં આવે છે ત્યારે નેમકુમારને યાદ કરી કરીને ઝુરે છે નાથ ! આ શું થઈ ગયું ? મારી આશાના મિનારા તૂટી ગયા. આપ મને તરછોડીને આમ ચાલ્યા ગયા ? રાજેમતીને ઝૂરતી જોઈને તેના માતા પિતા પણ ઝૂરવા લાગ્યા. ઉગ્રસેન રાજા અને રાણીનું મન પણ કયાંય ઠરતું નથી ત્યારે મંત્રી રાજાને સમજાવે છે મહારાજા ! આમ ઝુરાપો કરવાથી શું ? આપ તો સમજુ છો. જો આપ આમ ઝુર્યા કરશો તો રાજુલ બહેનનું શું થશે ? ઉગ્રસેન રાજા કહે મંત્રીજી ! મારી કુમળી કુલ જેવી રાજેમતીના મુખ સામું મારાથી જોવાતું નથી. હું એને કઈ રીતે આશ્વાસન આપું ! જો કે નેમકુમાર પરણ્યા વિના ચાલ્યા ગયા એટલે મને એમના પ્રત્યે નફરત થઇ છે, બાકી તો રાજેમતીનું મન જેમ નેમકુમારને જોઇને ઠરી ગયું હતું તેમ મારું મન પણ એમને જોઈને ઠરી ગયું હતું. શું એનું તેજ ! શું એનું લલાટ ! નેમકુમાર જમાઈ સર્વગુણસંપન્ન હતા એટલે રાજુલ એને ઝંખે છે, ઝુરાપો કરે છે. હું એને કઈ રીતે કહું કે બેટા ! તું એને ભૂલી જા. મને નથી ભૂલાતા તો એને કેમ ભૂલાય ! હવે મારે શું કરવું ? એને કેવી રીતે સમજાવવી ? આ રીતે ઉગ્રસેન રાજા અફસોસ કરે છે. બીજી તરફ રાજેમતીને વિલાપ કરતાં એની માતા અને સખીઓ વારે છે કે બહેન ! તું સમજ. આપણી તો ઘણી હોંશ હતી. તું તારા પિતાજીને ખૂબ વહાલી દીકરી છે એટલે તને ખૂબ હોંશેથી ધામધૂમથી પરણાવવા માટે તો જાન તેડાવી પણ આપણી આશાઓ ધૂળમાં મળી ગઈ, ત્યારે રાજેમતી રડતી રડતી શું કહે છે હે પ્રાણનાથ ! હવે તમે મને કયારે મળશો ? તમારા વિના મારું જીવતર ધૂળ થઈ ગયું.

તુમ વિના સુના સુના મનના મંદિરિયા (૨)
સુની આ કાયા મારી સુના રે આંગણીયા,
ચાખ્યો નહિ રે કંસાર....સુનો મારો સંસાર....નેમજી નહિ રે મળે.

રાજુલનો વિલાપ એવો કરૂણ હતો કે ઝાડે બેઠેલા પંખીઓ પણ કુજી ઉઠે, ત્યારે માણસની તો વાત જ કયાં કરવી ! એનો વિલાપ સાંભળીને કઠોરમાં કઠોર હૃદયના માણસો પણ પીગળી ગયા. રાજુલ કલ્પાંત કરતી કહે છે અરેરે....નાથ ! આપ પાછા વળ્યા તો ભલે વળ્યા પણ મને એક વાર તો મળવું હતું ને ! મને એક સંદેશો તો કહેવડાવવો હતો કે રાજુલ ! હું તને છોડીને મોક્ષની વરમાળા પહેરવા જાઉં છું. તારી પહેરવાની ઇચ્છા હોય તો ચાલ. મને આમ છોડી દીધી ! મારા હૃદયમંદિરમાં તો આપની જ મોહનગારી મૂર્તિ બિરાજેલી છે. આપના જવાથી મારા મનનું મંદિર તદ્દન સૂનું સૂનું બની ગયું છે. આપ આટલી મોટી જાન જોડીને સસરા ઉગ્રસેન રાજાને ઘેર આવ્યા ને એક કોળિયો કંસાર પણ ન ચાખ્યો ! આપ મને એક વખત મળ્યા હોત તો પણ મને સંતોષ થાત. આવા કરૂણ શબ્દો બોલતાં બોલતાં રાજુલ પોતે રડતી જાય છે ને પોતાના માતા-પિતા, સખીઓ આદિ સ્વજનોને પણ રડાવતી જાય છે. મહેલમાં તો વિવાહોત્સવના આનંદને બદલે કાળો કલ્પાંત મચી ગયો છે.

જાનનું ઉડી ગયેલું નૂર :- આ તરફ કૃષ્ણવાસુદેવ, તેમજ સમુદ્રવિજય આદિ દશ દશાર્હ ભાઇઓએ નેમકુમારને પાછા વળવા ઘણું સમજાવ્યા પણ એ પાછા ન વળ્યા. એમણે તો પોતાનો હાથી આગળ ચલાવ્યો. જાનમાંથી વરરાજા ચાલ્યા જાય પછી એ જાન કેવી કહેવાય ? જાનમાં જો વરરાજા હોય તો જાનના માન છે. વરરાજા વિનાની જાનના માન નથી. વર વિનાની જાન શોભતી નથી. એ જાન જાન નથી રહેતી, એમ દ્વારકા નગરીથી આવેલી જાન વેરવિખેર થઇ ગઇ. જો નેમકુમાર પરણ્યા હોત તો જેમ જાન ધમધમાટ કરતી આવી હતી તેમ ધમધમાટ કરતી વિદાય થાત. મથુરા નગરીમાં જાનના વળામણાં થાત ને દ્વારકા નગરીમાં સામૈયા થાત. હવે તો એ કંઇ રહ્યું નહિ. કૃષ્ણજી, સમુદ્રવિજય આદિના મુખ ઉપરથી નૂર ઉડી ગયું. સૌ વીલે મોઢે પાછા ફર્યા ને દ્વારકા પહોંચી ગયા, પણ મનમાંથી આઘાત જતો નથી. સમુદ્રવિજય અને કૃષ્ણજી તો એવા લજ્જાઈ ગયા કે આપણે ઉગ્રસેન રાજાને મોઢું કેવી રીતે બતાવી શકીશું ? ને રાજેમતીનું શું થયું હશે ? શીવાદેવી માતા કહે છે નેમ ! તું તો વૈરાગી જ રહ્યો, તારું મન સંસાર તરફ ન વળ્યું તે ન જ વળ્યું, પછી સમુદ્રવિજય રાજા કૃષ્ણજીને બોલાવીને કહે છે દીકરા ! આપણે આ રીતે પાછા ફર્યા છીએ તેથી ઉગ્રસેન રાજા અને રાજેમતીને ખૂબ આઘાત લાગ્યો હશે. તેમને આશ્વાસન આપવા માટે આપણે એક પત્ર તો લખવો જોઇએ પણ મારા હાથ પગ ભાંગી ગયા છે. મારું હૃદય તૂટી ગયું છે, તેથી હું પત્ર લખી શકું તેમ નથી, માટે તું પત્ર લખી દેજે. આમ

તો કૃષ્ણજીને પણ ખૂબ આઘાત લાગ્યો છે કારણ કે બધી જવાબદારી પોતે લીધી હતી. પોતે જ માંગુ કરવા ગયા હતા એટલે લખતા સંકોચ તો થાય ને ? પણ કાકાની આજ્ઞા થઈ એટલે પોતે પત્ર લખવા બેઠા.

"ઉગ્રસેન રાજાને લાગેલો ભયંકર આઘાત" :- આ તરફ ઉગ્રસેન રાજાની પણ એવી જ દશા થઈ હતી. ઉગ્રસેન રાજા સભામાં ગયા ત્યારે સૌના મસ્તક નીચા નમી ગયા. સભામાં બેઠેલા દરેક મનુષ્યોના મુખ ઉદાસ હતા ને પ્રધાન આદિ સર્વેની આંખોમાં આંસુ હતા. મહારાજા ઉગ્રસેન સિંહાસન પર બેઠા પણ તેમનું ચિત્ત ચોંટયું નહિ, એટલે પ્રધાનને કહે છે મને ચેન પડતું નથી. મારાથી કામ નહિ થાય. એમ કહીને સિંહાસનેથી ઉભા થઈને મંત્રણાગૃહમાં ચાલ્યા ગયા. રાજા સિંહાસને બેઠા ત્યારે દ્વારકાથી એક દૂત કૃષ્ણજીનો લખેલો પત્ર લઈને આવ્યો ને રાજાના હાથમાં આપ્યો, પણ અત્યારે મન ઉદાસ હતું એટલે પત્ર લઈને મંત્રીના હાથમાં મૂકી દીધો. મંત્રણાગૃહમાં જઈને ઉગ્રસેન રાજા ઢગલો થઈને પડી ગયા ને તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા, પણ એ આંસુમાં યાદવો પ્રત્યે રોષ હતો, અને પુત્રી પ્રત્યે વાત્સલ્ય હતું. મંત્રીએ કહ્યું–મહારાજા ! આપ શાંત થાઓ. બધો રસ્તો નીકળી જશે; પણ આ દ્વારકાથી પત્ર આવ્યો છે એ તો આપ વાંચો ? મહારાજા કહે છે મારે એમનો પત્ર નથી વાંચવો. મહારાજા ! એમ તે કંઈ ચાલે ? પત્ર તો વાંચવો જ જોઈએ ને. દુશ્મનનો પત્ર લઈને દૂત આવે છે તે પણ આપણે વાંચીએ છીએ તો આ પત્ર તો વાંચવો જ જોઈએ. મંત્રીએ આ પ્રમાણે કહ્યું એટલે ઉગ્રસેન મહારાજા કંઈક સ્વસ્થ થઈને બોલ્યા–ઠીક, તો તમે મને પત્ર બરાબર વાંચી સંભળાવો. મહારાજાની આજ્ઞા થતાં મંત્રીએ પત્ર વાંચવા માંડયો.

પરમપૂજ્ય શ્રી ઉગ્રસેન મહારાજાની પવિત્ર સેવામાં,

અમારા કાગળે આપને માનભંગ, વેદના અને પારાવાર તકલીફ ભોગવવી પડી છે એ માટે અમે તો આપની માફી માંગીએ છીએ. મારા કાકાશ્રી તો એટલા બધા ભગ્નહૃદયી બની ગયા છે કે તેઓ પોતે પત્ર લખી શકે તેમ નથી, પણ આ પત્ર તેમણે જ મારી પાસે લખાવ્યો છે. તેમની આજ્ઞાથી હું પત્ર લખી રહ્યો છું. કાકાશ્રીને બદલે આ કડવી ફરજ મારે બજાવવી પડે છે. કયા શબ્દોમાં ક્ષમાયાચના કરવી એ પણ સમજાતું પડતી નથી, છતાં અમારી સ્થિતિ સમજાવીશ તો મને આશા છે કે આપ અમારી સ્થિતિ સમજી શકશો ને અમને ક્ષમા પણ આપી શકશો.

મારા લગ્ન નિમિત્તે પશુઓની હિંસા થશે ! એ કારણે નેમકુમારે તોરણદ્વાર નજીક આવીને હાથી પાછો વાળ્યો ત્યારે અમે બધાએ તેને ઘણો સમજાવ્યો પણ એ પાછો ન વળ્યો. અમને લાગે છે કે એના અંતરમાં રાત દિવસ સંસાર અને વૈરાગ્ય વચ્ચે ઘર્ષણ ચાલતું હોવું જોઈએ. એ સંસાર તરફ વળ્યો તેથી અમને બધાને આનંદ થયો પણ

સંસારે એને એક નિમિત્ત આપ્યું અને એનાથી એ વિમુખ બની ગયો, હવે એને એ માટે આગ્રહ કરવો નકામો છે, કારણ કે ગમે ત્યારે એને એવું નિમિત્ત એક યા બીજા રૂપમાં મળી રહેવાનું અને પછી આવું થાય તો વધારે વિષમ અને દુઃખદ બને. એની સાથે અમે ઘણી દલીલો કરી પણ એનો તો એક જ જવાબ છે કે મને સંસારમાં રસ નથી. મને એમાં જોડી રાખવાથી કોઈનું કલ્યાણ નહિ થાય. સંસારના આટલા દુઃખો અને કઠિનતાઓ જોઈને મને એના તરફ તિરસ્કાર છૂટયો છે, અને એટલા માટે જ મને વિચાર આવ્યો કે પરણીને ત્યાગ કરવો એના કરતાં ન પરણવું તે વધારે સારું છે, તો પછી પહેલેથી જ ના પાડવી હતી ને? આટલો બધો ઉહાપોહ શા માટે કર્યો? એવી દલીલ પણ મેં કરી. એ બાબતમાં એણે એક જ વાત કરી કે જગતના જીવોને અહિંસાનો સંદેશો આપવા માટે જ આ પ્રમાણે કર્યું છે. આપણને બધાને દુઃખ થયું છે એ બદલ એણે આપણા બધાની માફી માંગી. હવે એને અમારે વધુ શું કહેવું? રાજેમતીને અમારા સૌના વતી આશ્વાસન આપજો, અને એ બાબતમાં અમારા લાયક કંઈ પણ કામ હોય તો ફરમાવજો. એના ચિત્તને ભયંકર વજ્રઘાત લાગ્યો હશે પણ એની સાથે સ્વસ્થતાથી કામ લેજો. એનો યાદવકુળ ઉપર સંપૂર્ણ અધિકાર છે એટલું એને ખાસ કહેજો. ફરીને આપ સૌની ક્ષમા યાચીએ છીએ. લી. આપનો કૃષ્ણ.

મંત્રીએ પત્ર વાંચ્યો. તે સાંભળીને ઉગ્રસેન મહારાજા ઉંડા વિચારમાં પડી ગયા ને નિરાશ થઈને લમણે હાથ દઈને બેઠા. મંત્રીએ કહ્યું, આપ આટલા બધા નિરાશ થશો તે કેમ ચાલશે? મંત્રીજી! હું બધું સમજું છું પણ મારાથી રાજુલનું મુખ જોવાતું નથી. એ રડી રડીને જિંદગી વીતાવે ને મેં મારું કામ પતાવ્યું એમ માનીને હું સંતોષ અનુભવું? ના....ના મારાથી એવું નહિ બને, મંત્રીએ કહ્યું-સાહેબ! એમણે આપણને પત્ર લખ્યો તો આપણે જવાબ તો આપવો જોઈએ ને? હા. જવાબ તો આપવો જ પડશે. મારા હાથ ચાલતા નથી, મારું ચિત્ત ભમી રહ્યું છે પણ તમે પત્ર લખી દેજો કે તમારો સંદેશો મળ્યો, અને એ બાબતમાં તમારે ક્ષમા માંગવાની હોય જ નહિ. તમે તમારું કર્તવ્ય બરાબર બજાવ્યું પણ મારી પુત્રીનું ભાગ્ય એવું અને અમારે એવું દુઃખ જોવાનું લખ્યું હશે. એમાં તમે શું કરી શકો? કેમ બરાબર છે ને મંત્રીજી? જી....હા, અને સાથે એ પણ જણાવજો કે યાદવકુળની લક્ષ્મી બનવાનું સદ્‌ભાગ્ય રાજુલ નહિ લખાવી લાવી હોય, છતાં આપે એનો જે અધિકાર સ્થાપિત કર્યો છે એ જ ઘણું છે. એ માટે અમે તમારા ઋણી છીએ. નેમકુમારને અમારા આશીર્વાદ પાઠવજો. મંત્રી કહે મહારાજા! નેમકુમારના સંસાર ત્યાગ માટે કંઈ નિર્દેશ નથી કરવો?

સંસારત્યાગ! આ સાંભળીને ઉગ્રસેન રાજા ઉશ્કેરાયા ને બોલ્યા કે આપણે એની સાથે કંઈ લેવાદેવા નથી. જેનામાં આટલો મોટો ત્યાગ કરવાની શક્તિ હોય એનામાં આપણે

આવવાની હિંમત ન હતી! મારી પાસે જો આવ્યા હોત તો એને સમજાવત કે વત્સ! આમ સંસારથી નાસભાગ કરવાનું કામ કાયરનું છે. ક્ષત્રિયપુત્રનું નહિ. એણે તો ક્ષત્રિયનું નામ લજવ્યું. જે પ્રાણીઓથી ગભરાયો એ માણસોને જોઈને તો શું કરે? શોક અને રોષના કારણે મહારાજા આવા શબ્દો બોલી રહ્યા છે. એમ સમજીને સૌ મૌન રહ્યા. થોડી વાર મૌન રહ્યા પછી મહારાજા ઉગ્રસેન કહે છે શું કરવું ને શું ન કરવું તે કંઈ સમજાતું નથી. મંત્રી કહે હવે રાજુલબાને સમજાવી પરણાવવાની તૈયારી કરો. આપણે પણ આપણા કુળની પ્રતિષ્ઠા તો સાચવવાની છે. મંત્રીજી! વાત તો સાચી છે કે પીઠી ભરેલી કન્યાને લાંબો સમય કુંવારી ન રખાય પણ એનો વિલાપ અને શોક જોઈને હૈયું ચીરાઈ જાય છે. એને મારે કેવી રીતે સમજાવવી? મહારાજા! આપ ચિંતા નહિ કરો. આ એની સખીઓ અને એના માતાજી એ બધું સંભાળી લેશે. રાજકાજમાં પડેલો માનવી એવો વિચાર કરવા બેસે તો પાર જ ન આવે. એ બધું સામાન્ય માણસને પાલવે. એમ મંત્રી ઉગ્રસેન રાજાને સમજાવે છે. બીજી તરફ ધારણી રાણી અને રાજેમતીની સખીઓ નેમકુમારના વિયોગથી ઝુરતી રાજેમતીને કહે છે બહેન! તું હવે છાની રહે, રડીશ નહિ. નેમકુમાર સાથે લગ્ન કરવાનું તારા લલાટે નહિ લખાયું હોય. નહિતર તોરણે આવીને શા માટે પાછા ફરે? ત્યારે માતા કહે છે કંઈ નહિ, કુંવારી કન્યાને "સો ઘર અને સો વર." નેમકુમાર સાથે કયાં લગ્ન કર્યા છે. હજુ તો મારી રાજુલ કુંવારી જ છે ને! એને માટે નેમ કરતાં સવાયો મુરતીયો શોધીને પરણાવીશું. શા માટે રડે છે? આ શબ્દો સાંભળીને રાજુલ કહે છે હે માતા! તું આવા શબ્દો ન બોલ.

તને વિનવું છું માડી, તારા પગમાં પડી, હવે નહિ રે ઓઢું બીજાની ચુંદડી
કહેવું શું માવડી તને ઘડી ઘડી, હવે નહિ રે ઓઢું હું બીજાની ચુંદડી.
ભલે માનો સૌ કુંવારી મને, હું તો પરણી ચુકી છું મારા નેમને,
મારા અંગે છે એમની પીઠી ચડી.....હવે નહિ રે....

હે માતા! હું તારા ચરણમાં પડીને તને વિનંતી કરું છું કે હવે તમે મને બીજે પરણાવવાની વાત ન કરશો. ભલે તમારી બધાની દૃષ્ટિમાં હું કુંવારી છું પણ હું મારા મનના ભાવથી નેમકુમાર સાથે પરણી ચૂકેલી છું. નેમકુમાર જ મારા પતિ છે. તમે માંડવો નાંખ્યો ત્યારે કોના નામથી નાંખ્યો હતો? દેશો દેશમાં બધાને લગ્નમાં આવવાનું આમંત્રણ કોના નામથી આપ્યું હતું? સમુદ્રવિજય રાજાના પુત્ર નેમકુમાર સાથે ઉગ્રસેન રાજાની પુત્રી રાજેમતીના લગ્ન છે. આ રીતે જ આમંત્રણ આપ્યું છે ને? મને પીઠી ચોળી ત્યારે પણ નેમકુમારના નામથી ગીત ગવાયા. એના નામથી મારા શરીરે પીઠી ચોળી. એના નામની મેં ચુંદડી ઓઢી અને હવે હું બીજાની ચુંદડી ઓઢું? બીજાના નામની પીઠી ચોળાવું ને બીંઢળા બાંધું? હવે આ ભવમાં નેમ સિવાય બીજો પતિ મારે ન જોઈએ. સતી સ્ત્રીને એક ભવમાં બીજો પતિ ન હોય.

તમે કોઈ મારા નિમિત્તે નેમકુમારને ઓલંભા આપશો નહિ. એમના માટે ગમે તેવા શબ્દો બોલશો નહિ. એ તો મહાન પવિત્ર પુરૂષ છે. એમનો કોઈ દોષ નથી. દોષ તો મારા કર્મનો છે. મારા ભાગ્યમાં એ પવિત્ર પુરૂષની અર્ધાંગના બનવાનું લખાયું નહિ હોય. એથી જ એમ બન્યું. રડતા પશુઓનો પોકાર સુણીને એમના અંતરમાં કરૂણા આવી અને એમને છોડાવીને પાછા ફર્યા. શું એ પશુની દયા કરે ને મારી દયા ન કરે ? એમને મન તો સર્વ જીવો સમાન છે. મને તો એક જ વાતનું દુઃખ થાય છે કે જતા જતા એક વખત મને મળ્યા હોત અને એમના અંતરની વાત કરી હોત તો હું એમના વિચારને અનુકૂળ બની જાત. એ કહેત એમ કરત. મેં તો દૂરથી એમને જોયા પણ એમણે તો મને જોઈ જ નહીં. એમ કહીને રાજુલ રડે છે. હજુ પણ તે કેવો વિલાપ કરશે, ત્યારે માતા-પિતા શું કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે.

●

વ્યાખ્યાન નં. ૮૨

આસો સુદ ૧૪ ને રવિવાર **તા. ૧૫-૧૦-૭૮**

આગમના આખ્યાતા, વિશ્વમાં વિખ્યાતા, જગત ઉધ્ધારક એવા ભગવંતો ભવ્ય જીવોને જગાડતાં કહે છે કે હે આત્માઓ ! મોહ રૂપી ભાવનિદ્રાનો ત્યાગ કરી ધર્મરૂપી ભાવ-જાગૃતિ લાવો, અને વિચારો કે મને અમૂલ્ય સમય મળ્યો છે તો મારે કયું કર્તવ્ય કરવું ઉચિત છે ? આ જીવે અજ્ઞાન અવસ્થામાં અનંત પુદ્ગલ પરાવર્તન જેવો જંગી કાળ વીતાવ્યો. તેમાં અનંતા જન્મ મરણ કરી અનંતા શરીરના પરાવર્તનો કર્યા. હવે એવા પરાવર્તનો ફરીને કરવા ન પડે એવી સ્થિતિને પામવા માટે આ કેટલો બધો સમર્થ સમય મળ્યો છે ! છતાં આ સમયનો હું કેવો ઉપયોગ કરી રહ્યો છું ? અજ્ઞાનમાં, વિષય વાસનામાં, સંસારના વિકટ પંથોમાં હજુ પણ શું આત્માને રખડતો રાખવાનો ? આત્માને ભાન નથી કે એનાથી મારા પુદ્ગલ પરાવર્તનો વધે છે કે ઘટે છે ! આ માનવ જીવનના સમયનું મહામૂલ્ય કેટલું છે ? છતાં જીવ એનું અવમૂલ્ય કરી રહ્યો છે. આવા સુંદર પ્રકાશના પંથને અવગણીને ઘોર અંધારી અજ્ઞાનની ખીણમાં ઉતરી રહ્યો છે. આત્માએ વિચારવાની જરૂર છે કે મેં સંસારવર્ધક પ્રવૃત્તિ વધારી કે ઘટાડી ? આવો સુંદર મનુષ્ય જીવનનો કાળ શા માટે છે ? આ કાળમાં સવારમાં પ્રભુસ્મરણ, મહાપુરૂષોના ભવ્ય પરાક્રમો યાદ કરી જિન શાસનના અને તત્ત્વવિચારના ભવ્ય પ્રકાશ આત્મા પર ઝળહળતા કરી આત્મા પરથી અનંતકાળથી જામેલી વાસનાઓના જાળા ઉખેડી શકાય, જ્યાં અનંત કર્મરૂપી કાષ્ટને ધર્મસાધનાના જવલંત અગ્નિથી બાળી શકાય, અનાદિ અનંતકાળથી મલીન બનેલા આત્માને વિશુદ્ધ ભાવનાઓથી સૂર્ય સમાન તેજસ્વી બનાવી શકાય. આ કરવાને બદલે

આ કાળમાં આત્મા વિષયવાસનાના જળા વધારતો હોય, નવા કર્મરૂપી ઉકરડાના કચરા મોહના ટોપલાથી ભરીને આત્મામાં ઠાલવતો હોય અને અધમ વિચારોથી આત્માને વધુ અંધકારમય બનાવતો હોય તો આ કાર્ય કેટલું અનુચિત કહેવાય !

અનાદિકાળથી આહારાદિ દશ સંજ્ઞાઓ ચેતન આત્માને જડવત્ બનાવી રહી છે. એ સંજ્ઞાઓના સામ્રાજ્યને દાન, શીયળ, તપ, ભાવ, ક્ષમા, વિનય, વિવેક આદિથી હટાવીને આત્માને સ્વસ્થ બનાવવા માટેનો આ મનુષ્યભવ એ ભવ્ય કાળ છે, માટે તપ વિગેરે કરી લો, પેટને ગમે તેટલું ખાવા આપો પણ જ્યારે જુઓ ત્યારે ભૂખ્યું હોય છે. આ કેવી વેઠ છે ! વિચાર કરો. સદાને માટે માંગણીયું અને ભૂખણીયું પેટ ખવડાવવાથી તૃપ્ત નહિ થાય. એને તપ-ત્યાગથી જ તૃપ્ત કરવાની જરૂર છે. આવી રીતે ધન પણ ગમે તેટલું મળવા છતાં જીવને સંતોષ થતો નથી, કારણ કે ઇચ્છા ઽ આગાસ સમા અણંતયા ઇચ્છા આકાશ જેટલી અનંત છે. જેમ મળે તેમ લોભ અને પરિગ્રહ સંજ્ઞા વધતી જ જાય છે. તેમને દેવોની ઋદ્ધિ આપવામાં આવે તો પણ તૃપ્તિ થતી નથી, દેવોને પણ પોતાનાથી ઉંચા દેવલોકની ઋદ્ધિ જોવે ત્યારે એમ થાય છે કે હું પણ આવી ઋદ્ધિ મેળવું. આ જડ પદાર્થની ઇચ્છાઓનું એ માહાત્મ્ય છે કે ઇચ્છા પૂરી થતી નથી. એ માટે સંતોષની જરૂર છે. આ સંજ્ઞાઓના સામ્રાજ્યને હટાવવા માટેનો કિંમતી કાળ મનુષ્યભવ જ છે.

દેવભવમાં પણ પરિગ્રહ સંજ્ઞાનું સામ્રાજ્ય સ્થપાયેલું છે. દેવભવમાં ઘણી રિદ્ધિ-સિદ્ધિ મળી હતી. ત્યાં ખાવાની પણ જરૂર ન હતી. ખાવાની ઇચ્છા થાય ત્યારે તેને માત્ર દિવ્ય ઓડકારથી જ શમાવી શકાતી હતી. ત્યાં ખાવાપીવાની કોઈ ખટપટ ન હતી. પુણ્યાઇથી દિવ્ય સંપત્તિ મળી હોવા છતાં ઇચ્છાઓ ઉપર ઇચ્છાઓ દોડતી જ રહી, ત્યાં આહાર સંજ્ઞા ક્યાંથી તૂટે ? સૂવા બેસવા માટે, હરવા ફરવા માટે, આમોદ પ્રમોદ માટે બાગ બગીચા, મુલાયમ વસ્ત્રો, મખમલના ગાલીચા, એક દેવભવમાં કરોડો દેવીઓ વિગેરે ત્યાં જે મળ્યું હતું તે રાગને વધારનારું હતું પછી વિષયસંજ્ઞા ક્યાંથી તૂટે ! ત્યાં સંજ્ઞાઓને તોડવાનું ક્ષેત્ર કે કાળ ન હતો, માટે અહીં જ વિચાર કરો કે મને આ બધું કરવાનો ઉત્તમ અવસર મળ્યો છે. અહીં આત્મસ્વરૂપની આડે આવેલા કર્મના પડદાને ચીરી શકાય તેમ છે. જ્યાં મોહની નદીમાં તણાઇને ભવસમુદ્રમાં ડૂબી જવાને બદલે વીતરાગ શાસનરૂપી નાવમાં બેસીને ભવસાગર પાર ઉતરી શકાય એવો આ કાળ છે. પૂર્વે નાવ મળી હતી તે કાણી હતી કારણ કે ધર્મસાધના કરવા છતાં મોક્ષનું લક્ષ ન હતું. હવે તો બધું લક્ષ આવ્યું છે તો ચારિત્રરૂપી નાવમાં બેસીને ભવસાગર શા માટે ન તરી જાઉં !

નરક અને તિર્યંચમાં પણ આ જીવે કેટલા કષ્ટો સહન કર્યા છે તેનો ખ્યાલ નથી. વિચાર કરો. તિર્યંચના ભવમાં બળદ હતો ત્યારે ગાડામાં પચ્ચીસ મણ ભાર ભર્યો હતો. મધ્યાન્હ સમયે ચૈત્ર વૈશાખના ધોમધમતા તડકા તપી રહ્યા હતા, જમીન અગ્નિની માફક તપેલી હતી, ભૂખ-તરસનો પાર ન હતો. શરીર પરસેવાથી રેબઝેબ બની ગયું હતું,

મોઢામાંથી ફીણ છૂટતા હતા ત્યારે ગાડાવાળો ઉપરથી લોખંડની પરાણી શરીરમાં ભોંકતો હતો તે સહન થતું ન હતું, છતાં પરાધીનપણે સહન કરવું પડતું હતું ત્યારે અહીં આ માનવભવમાં તો સમતા–સમાધિ અને સહિષ્ણુતા લાવીને કર્મોની નિર્જરા કરી શકાય તેમ છે. પૂર્વનો કાળ રાગનો હતો આજે વિરાગનો કાળ છે. પૂર્વનો કાળ દ્વેષનો હતો, આજે ઉપશમનો કાળ છે, માટે શાંત ચિત્તે વિચાર કરો કે આપણને આવા ઉત્તમ કાળની બક્ષીસ મળી છે તો તેમાં જાગૃત બની જેમ બને તેમ જલ્દી કલ્યાણ કરી લઉં. હવે આવો અવસર જલ્દી મળવો મુશ્કેલ છે.

જેમણે માનવભવના અમૂલ્ય અવસરને ઓળખ્યો છે એવા નેમકુમાર પરણવા માટે જાન જોડીને આવ્યા પણ રાજુલને રડતી મૂકીને પરણ્યા વિના ચાલ્યા ગયા. રાજુલને નેમકુમાર પ્રત્યે અપાર પ્રેમ હતો. નેમને મળવાના એના અંતરમાં કેટલા અરમાનો ભરેલા હતા પણ એને નેમ ન મળ્યા તેથી એમનો વિયોગ પડતાં મહાન દુઃખ થાય છે. વિયોગનું દુઃખ ભયંકર છે. વિયોગના દુઃખના કારણે આ સંસારમાં કંઈક જીવો પાગલ જેવા બની જાય છે અને ઘણાં તો આત્મહત્યા પણ કરી નાંખે છે, પછી ચાહે તે વિયોગ ધનનો હોય, પત્નીનો હોય કે કોઈ પણ ઇષ્ટ ચીજનો હોય પણ જેનો જેટલો પ્રેમ હોય છે તેટલું તેના વિયોગથી દુઃખ થાય છે.

રાજેમતીને નેમકુમાર પ્રત્યે અનન્ય પ્રેમ હતો એટલે પરણવા આવેલા નેમકુમાર તોરણ દ્વારથી પાછા ચાલ્યા તેથી રાજેમતીને જે દુઃખ થયું એ તો એ જ જાણી શકે. નેમકુમાર પરણ્યા નહિ તેથી સમુદ્રવિજય, કૃષ્ણજી, વસુદેવ આદિ પુરૂષોને પણ દુઃખ થયું. ઉગ્રસેન રાજા આદિને પણ ખૂબ દુઃખ થયું ને સૌ ઉદાસ બનીને દુઃખિત દિલે ચાલ્યા ગયા. તો જેની સાથે નેમકુમારના લગ્ન થવાના હતા તે રાજેમતીને તો કેટલું દુઃખ થયું હશે ? એની કેવી દશા થઈ હશે એ તો અનુભવે જ ખબર પડે છે. રાજેમતી તો નેમને હાથી પાછો વાળતા જોયા કે તરત મૂર્છા આઇને પડી ગઈ હતી. એની સખીઓએ ઘણા પ્રયત્નો કર્યા પછી એ ભાનમાં આવી ત્યારે એના હૃદયમાં ધૈર્ય ન હતું. ભાનમાં આવી કે તરત એ વિલાપ કરતી કહેતી હતી કે

ઓ મારા જીવનના સાથી ના જાશો, ના જાશો મુજને છોડી...ઓ મારા...
પશુના પોકારથી હૈયું વિંધાયું આપનું.
સ્વ સુખ ખાતર જીવોની હિંસા કરૂણાથી હૈયું ભર્યું,
જાગૃત કરી મુજને ઓ સ્વામી-ના જાશો-ના જશો. રોકો કોઇ....

હે મારા જીવન આધાર ! મને રડતી ને ઝૂરતી છોડીને તમે કયાં ચાલ્યા ? મારા અરમાનો આજે ભાંગીને ભૂક્કો થઈ ગયા. નાથ મારા મનમાં તો આપના માટે કેવી કેવી

આશાઓ હતી ! મારી આંખો આપને નીરખવા માટે કેટલી આતુર હતી. મને ખબર ન હતી કે ક્ષણ પછી શું થઈ જશે ? મારા મનમાં આપની પત્ની બનવાની કેટલી બધી ઉત્કંઠા હતી. નાથ ! મારો સ્વીકાર કર્યા વિના જ કેમ ચાલ્યા ગયા ? મારા મનની બધી આશાઓ વ્યર્થ ગઇ. મારી આશા નિરાશામાં જ પરિણત થઈ ગઈ. મારા મનની ભાવના મનમાં જ રહી ગઇ. હે મારા ભગવાન ! મેં આપનો શું અપરાધ કર્યો ? આપે મને કેમ ન અપનાવી ? હે કરૂણાસાગર ! આપે આ બંધનમાં પડેલા પશુ પક્ષીઓ ઉપર કરૂણા કરી તો આ અભાગણી રાજેમતી ઉપર કરૂણા ન કરી ? આપે આ દાસીને એક વખત દર્શન તો આપવા હતા ને. મારો શું અપરાધ હતો એ તો મને કહેવું હતું. શું આ પાપણી રાજુલ આપના દર્શનને યોગ્ય પણ ન હતી ? શું મને દર્શન આપવાનું પણ આપને ઉચિત ન લાગ્યું ? આવા કરૂણાવંત આપે જો મારો હાથ ન પકડયો, મને આપે ન અપનાવી તો પછી આ સંસારમાં મારું કોણ રહ્યું ? હવે મારું જીવન શા કામનું છે ? આજ સુધી હું મારી આશાની વેલડીને આપનાં પ્રેમના પાણીથી સીંચતી હતી. એને ફળ આવવાના સમયે જ એના ઉપર હિમ પડયું તેથી એ કરમાઈ ગઈ. જો આપ મને અપનાવવા ઇચ્છતા ન હતા, હું આપની દૃષ્ટિમાં યોગ્ય ન હતી તો મારી આશાની અમરવેલને શા માટે વધવા દીધી ? જો આપે મને પહેલેથી ખબર આપ્યા હોત તો આટલું દુઃખ થવાનો પ્રસંગ જ ન આવત ને !

હે મારા નાથ ! મને આશા હતી કે હું સમુદ્રવિજય મહારાજા તથા શીવાદેવી મહારાણીની પુત્રવધૂ બનીશ, શ્રીકૃષ્ણજી તથા બળદેવજીના ભાઇ અને યાદવકુળના ભૂષણ એવા નેમકુમારની ધર્મપત્ની બનીશ, પણ મારી એ આશાઓ પાણીના પરપોટાની સમાન ક્ષણવારમાં વિલીન બની ગઈ. આપ મને દૂરથી જ દર્શન આપીને ચાલ્યા ગયા. હું તો મારા મનથી આપના ચરણકમલની દાસી બની ચૂકી હતી. હું આપની સેવા કરવા માટે ઉત્સુક હતી, એવા હે મારા પ્રાણેશ ! આપ ઉપેક્ષાપૂર્વક મને છોડીને ગયા ! મારી સાથે આપે વાત પણ ન કરી ! મારા ઘર સુધી પણ ન આવ્યા ? મને કોઇ સંદેશો પણ ન મોકલાવ્યો ! આપે મને કોઈ માર્ગ પણ ન બતાવ્યો ! હે જીવનઆધાર ! આપની દૃષ્ટિમાં મારો ગમે તે અપરાધ દેખાતો હોય ને તેના કારણે મારો ત્યાગ કર્યો હોય પણ હું તો આપની જ છું ને આપની જ રહેવાની છું. આપના સિવાય મારો કોઈ આધાર નથી. આપ મને પાસે રાખો કે ન રાખો, આપ મારું સન્માન કરો કે અપમાન કરો, મને આપની માનો કે ન માનો પણ હું તો પહેલેથી જ આપની થઈ ચૂકી છું. હવે મારી જીવનનૈયા ભલે આપ પાર પહોંચાડો કે ઉંડા જળમાં ડૂબાડો એ આપના હાથની વાત છે. મેં તો આપના હાથમાં મારી જીવનનૌકા સોંપી છે ને આપને જ સંભાળવાની છે.

આ પ્રમાણે બોલીને રાજેમતી વિલાપ કરવા લાગી, ત્યારે તેની સખીઓ અનેક

પ્રકારની વાતો કરીને તેનું મન શાંત કરવાના ઉપાયો કરવા લાગી પણ કોઈ રીતે રાજેમતીનું મન શાંત ન થયું. સખીઓએ ખૂબ સમજાવી ત્યારે એનું મન સ્વસ્થ થતાં એની પ્રિય સખીને કહેવા લાગી કે હે સખી! હું વિચાર કરું છું ત્યારે એક બાજુ મને આનંદ થાય છે ને બીજી બાજુ મને ખેદ થાય છે કે મારા પતિએ બધી સ્ત્રીઓમાં મને શ્રેષ્ઠ માનીને મારું ગૌરવ વધાર્યું છે. આ સંસારમાં એમને માટે અનેક કન્યાઓ હતી પણ એમાં મને જ પસંદ કરી અને મારે માટે આવી મોટી જાન જોડીને પધાર્યા. વસુદેવજી, સમુદ્રવિજય વિગેરે વડીલોએ પણ મને જ યોગ્ય માની તેમજ નેમકુમાર દુઃખી જીવોની કરૂણા કરીને જગતમાં અહિંસાનો પ્રચાર કરવા, દુઃખી જીવોને શરણ આપવા તેમજ જગતના જીવોનું કલ્યાણ કરવા માટે અને સ્વયં મોક્ષ પ્રાપ્ત કરવા માટે ગયા છે એ મારે માટે ગૌરવની વાત છે. જ્યારે હું વિચાર કરું છું કે નેમકુમારે દુઃખી જીવોની કરૂણા માટે જ મારો ત્યાગ કર્યો છે ત્યારે મારા હર્ષનો પાર નથી રહેતો ને હું મને પોતાને બડી ભાગ્યવાન માનું છું.

પશુપક્ષીઓની કરૂણા માટે યુવાવસ્થામાં અને તે પણ લગ્નના સમયે જ લગ્ન ન કરતાં આજ સુધીમાં આ સંસારમાં કોણ વિરકત થયું છે? માત્ર મારા પતિ નેમકુમાર જ આવા પુરૂષ નીકળ્યા છે. સખી! જ્યારે મને આવા વિચારો થાય છે ત્યારે તો મને ખૂબ પ્રસન્નતા થાય છે, પણ જ્યારે મારા મનમાં એવા વિચારો આવે છે કે મને પરણ્યા વિના જ નેમકુમાર તોરણદ્વારથી પાછા કેમ વળ્યા? તે વાત યાદ આવતા મારા દિલમાં ઘણું દુઃખ થાય છે. મારું હૃદય ભરાઈ જાય છે. તે વખતે મને એવો વિચાર આવે છે કે જો તેઓ મારી સાથે પરણ્યા હોત અને પછી ગયા હોત તો શી હરકત હતી? હું સંસારના વિકારોની પૂર્તિ માટે તેમની અર્ધાંગના બનતી ન હતી. તેઓ મને પરણ્યા પછી પણ એમ કહી શકતા હતા કે હું સંસારિક વિષયભોગોને છોડીને જગતમાં અહિંસા, કરૂણાનો પ્રચાર કરવા, ભવ્ય જીવોને કલ્યાણનો માર્ગ બતાવવા અને મોક્ષ રૂપી લક્ષ્મી મેળવવા માટે જાઉં છું. જો તેઓ મારી સાથે લગ્ન કરીને જાત તો હું શું એમને રોકત! શું હું એમના માટે મોક્ષમાં વિઘ્ન કરનાર નીવડત? જો એમના મનમાં એમ ન હોત તો મને પરણીને કેમ ન ગયા? એ બાબતનું મારા દિલમાં અતિશય દુઃખ થાય છે.

હું ક્ષત્રિય કન્યા છું. ક્ષત્રિય કન્યા પોતાના પતિને જો તે યુદ્ધથી ભય પામતો હોય તો નમ્રતાપૂર્વક મર્મભર્યા વચનો વડે પોતાના હાથે સુસજ્જિત કરીને રણસંગ્રામમાં મોકલે છે કે જ્યાં પ્રાણોની હારજીત છે. ક્ષત્રિય કન્યાઓ આવા સમયે પણ જો પતિને રોકતી નથી પણ પ્રેરણા આપીને યુદ્ધમાં મોકલે છે તો પછી કર્મશત્રુઓ સાથે યુદ્ધ કરીને જીવનમુકત બનવા માટે જતાં પતિને કેમ રોકું? હું એમને પ્રસન્નમુખે વિદાય

આપત. છતાં હે સખી! નેમકુમાર મને કેમ ન પરણ્યા એ વાત હવે હું સમજી શકી છું. હું અત્યારે એમ કહું છું કે મને પરણીને ગયા હોત તો હું પોતે જ એમને વિદાય આપત પણ જ્યારે તેઓ મને પરણ્યા જ નહિ ત્યારે કદાચ મારા હૃદયમાં આવા વિચારો ન આવત. પછી હું તેમને રોકવા માટે આંખોમાંથી અશ્રુ વહાવત. તેમની પાસે દયાની ભિક્ષા માંગત, એમના ચરણ પકડત અને એ જ પ્રાર્થના કરત કે આપ મને છોડીને ન જશો. સખી! એ તો એવા દયાળુ છે કે જો પશુ પક્ષીઓને પણ દુઃખિત ન જોઈ શકયા તો મારી આંખોમાંથી નીકળતા અશ્રુઓ તેઓ કેમ જોઈ શકત? મને દુઃખી જોઈને કેમ ચાલ્યા જાત! મને રૂદન કરતી છોડીને કેમ જાત? એ રીતે પતિને માટે હું વિઘ્નકર્તા જ બનત. કોમળ હૃદયના મારા પતિ આટલા માટે જ મને ન પરણ્યાં તોરણદ્વાર આગળથી ચાલ્યા ગયા.

આટલું બોલતાં રાજુલનું હૈયું ભરાઈ ગયું ને ખૂબ રડવા લાગી. રાજુલની વાતો સાંભળીને એની સખીઓ ખૂબ આશ્ચર્ય પામતી અને વારંવાર એને ધીરજ રાખવા ને નેમકુમારને ભૂલી જવા માટે સમજાવતી પણ રાજેમતીનું દુઃખ કોઇ પણ રીતે ઓછું ન થયું. એ તો નેમકુમારના વિરહથી દુઃખિત બની સખીઓ પ્રત્યે પોતાની વિરહ વેદના પ્રગટ કરતી નેમકુમારના ગુણગાન કરતી, ત્યારે એની સખીઓ કહેતી કે તું તો ઘેલી છે. જેણે આપણા સામું ન જોયું તેને આટલા યાદ કરીને શા માટે ઝૂરે છે? બીજી બાજુ એની માતા કહે છે બેટા! તું કહે તેવા મુરતીયા શોધી લાવીએ. નેમ તો રંગે શ્યામ હતા. અમે એનાથી સારો વર શોધીને તને પરણાવીશું પણ તું શાંત થા. તારું કરૂણ રૂદન અમારાથી જોવાતું નથી, ત્યારે રાજેમતી શું કહે છે.

બીજાના મીંઢળ મારે નથી બાંધવા, બીજા કોઈ દેવને નથી આરાધવા
નવલી દુનિયાની મને કેડી જડી-હવે નહિ રે ઓડું હું બીજાની ચુંદડી.

હે માતા! તું મારી પાસે વારંવાર આ એક વાત શા માટે કર્યા કરે છે? મેં નેમના નામનું મારા હાથે મીંઢળ બાંધ્યું છે તે છોડીને બીજાના નામનું નહિ બાંધું. હું ભોગની ભિખારણ નથી પણ આત્મિક ગુણોની પૂજારણ છું. તમે કહો છો કે નેમથી સવાયો મુરતીયો શોધીને તને પરણાવીશું પણ આ દુનિયામાં નેમકુમાર જેવો શ્રેષ્ઠ મુરતીયો કોણ છે એ તો બતાવ. આ જગતમાં એમનાથી કોઇ શ્રેષ્ઠ નથી. મારા દિલમાં નેમ સિવાય બીજા કોઇનું સ્થાન નથી, માટે હે માતા! તારા પગમાં પડીને હું વિનંતી કરું છું કે આ શબ્દો હવે તમે બોલશો નહિ. સંસારનો માર્ગ તો જગતમાં બધાના પતિ બતાવે પણ મારા પતિએ તો મને સંસારનો માર્ગ છોડી ત્યાગનો નવો માર્ગ બતાવ્યો છે. એટલે એમનો જે માર્ગ તે જ મારો માર્ગ છે. રાજેમતીના વચનો સાંભળીને માતા બોલતી બંધ થઈ ગઈ.

બંધુઓ! આ પાત પત્નીનો સબંધ કેવો છે! આજે આવું બન્યું હોય તો કન્યા

શું કરે ? કેટલા વેરઝેર ઉભા થાય ને કંઈક ધાંધલ મચી જાય. આજે તો પરણ્યા પછી બે માણસને ન બન્યું એટલે છૂટાછેડા થઈ જાય. આ તમારો સંસાર. સંસારમાં જ્યાં જુઓ ત્યાં ઝઘડા, કલેશ અને ધમાલ છે, કયાંય શાંતિ નથી. પાસે ગમે તેટલું ધન હોય તો પણ માણસ ધન માટે જ્યાં ને ત્યાં વલખા મારે છે પણ એને ખબર નથી કે ધન સાથે આવવાનું નથી. છ છ ખંડની સંપત્તિના સ્વામી એવા ચક્રવર્તિઓ પણ બધું છોડીને ગયા છે. સમ્રાટ સિંકદરે સારી દુનિયાની લક્ષ્મી લૂંટીને લેગી કરી હતી છતાં જતી વખતે સાથે શું લઈ ગયો ? જતી વખતે તો ખાલી હાથે જ ગયો ને ? પૈસા માટે તો આજનો માનવી માનવ મટીને પિશાચ બની ગયો છે. પોતાના સુખ માટે બીજાને તો કચડી નાંખે છે. એ નરપિશાચને ગરીબની દયા પણ નથી આવતી. શ્રીમંત પોતાની સત્તાથી મનુષ્ય મટીને કેવો નરપિશાચ બની જાય છે, તે વાત બતાવતું એક દૃષ્ટાંત આપું છું.

અમદાવાદમાં બનેલી કહાની છે. એક ગરીબ માતા-પિતાનો લાડીલો એકનો એક છોકરો મહેશ બી. એ. પાસ થયો, પછી નોકરી મેળવવા માટે તપાસ કરવા લાગ્યો. મહેશના માતા-પિતા બાલપણથી ગુજરી ગયા હતા. આ છોકરો જેમતેમ કરીને ભણ્યો, પછી એને લાયક કન્યા પણ મળી ગઈ. એ છોકરી ખૂબ સજ્જન હતી. મહેશ પણ ખૂબ ગુણીયલ છોકરો હતો. એણે મનથી નિર્ણય કર્યો હતો કે પોતાની જાત મહેનતથી કમાણી કરીને ખાવું. કદી કોઈની પાસે લાંબો હાથ કરવો નહિ. અન્યાયનું ધન કદી લેવું નહિ, મહેશ બુદ્ધિશાળી ખૂબ હતો. નોકરી માટે એક દિવસ તે મીલમાલિકને ત્યાં ગયો, પણ કોઈ નોકરી રાખતા નથી. આજે પણ નોકરી કોને મળે ? લાગવગવાળાને. મહેશને નોકરી મળતી નથી. મીલમાલિકે કહ્યું હમણાં જગ્યા નથી. મહેશ ખૂબ કરગર્યો એટલે શેઠે એને પટાવાળા તરીકે રાખ્યો. મહેશની બુદ્ધિ, હોંશિયારી, બધું મીલનો મેનેજર બને તેવી હતી પણ એના કર્મોદયે એને મેનેજરને બદલે પટાવાળો બનાવ્યો, છતાં મહેશ વિચારે છે કે શેઠે મને પટાવાળાની નોકરી તો આપી ને ! એમનો મહાન ઉપકાર છે, મહિને બસો રૂપયાનો પગાર મળે છે તેમાંથી આ બંને માણસો વીસ રૂપિયા તો દાનમાં વાપરતા હતા. આજે તો શ્રીમંતોની પણ આવી ઉદાર ભાવના ઓછી જોવા મળે છે. શ્રીમંત વર્ગના દિલમાંથી જો દયા દેશવટો લેશે તો ગરીબની ખબર કોણ લેશે ? આજે જ્યાં જુઓ ત્યાં પૈસાની કિંમત છે. પૈસા માટે નરપિશાચ જેવો બની ગયો છે.

મહેશ પટાવાળાની નોકરી કરે છે. એની હોંશિયારી, બુદ્ધિ, વિનય આ બધું જોઈને મીલમાં કામ કરનારા સજ્જન માણસો વિચાર કરવા લાગ્યા કે આ તો બકરીના ઠાટે રત્ન બાંધ્યું છે. આ છોકરો ભણેલો ગણેલો ને કેવો વિવેકી છે ! આને તો મેનેજર બનાવવો જોઈએ પણ એના પાપકર્મનો ઉદય છે કે શેઠ એના કામની કદર કરતા નથી. મહેશે ત્રણ વર્ષ મીલમાં નોકરી કરી. તેમાંથી જે પગાર મળ્યો તેમાંથી પોતાનું જીવન

આનંદપૂર્વક વીતાવતો હતો. એને અઢી વર્ષનો એક બાબો હતો. ત્રણ માણસનું કુટુંબ શાંતિથી રહેતું હતું, પણ કુદરતની કળા ન્યારી છે. કર્મરાજા કોઈને છોડતા નથી. આ મહેશને એકાએક સખત તાવ આવવા લાગ્યો. ડોકટર બોલાવ્યા. ડોકટરે તપાસીને કહ્યું કે ટાઈફોઈડ છે. તાવના જોરના કારણે તે બકે છે તેથી તેની પત્ની સરલા ખૂબ ગભરાઈ જતી પણ દુનિયામાં ગરીબનું કોણ ? પાસે પૈસા નથી. દવા, ફ્રૂટ, ડોકટર વિગેરેના પૈસા કયાંથી કાઢવા ? મહેશને માથે તાવની ગરમી ચઢી જવાથી બેભાન બની જાય છે તેથી સરલા ખૂબ ગભરાય છે ને રડે છે. ઘરમાં જે હતું તે બધું વેચીને દવા કરે છે.

બીજી તરફ તેનો અઢી વર્ષનો બાબો બધા છોકરાઓ સાથે રમતો રમતો રોડ ઉપર જતો રહ્યો. ત્યાં રોડ ઉપર શેઠની મોટરની ટક્કર લાગતા બાબો પડી ગયો ને તેના ઉપર ગાડીનું પૈડુ ફરી વળ્યું. ત્યાં ને ત્યાં જ ફુલ જેવા બાળકનું પ્રાણપંખેરુ ઉડી ગયું. આ શેઠ મનુષ્યના રૂપમાં પિશાચ હતો. એનો સ્વભાવ ક્રૂર છે એ સૌ સારી રીતે સમજતા હતા, એટલે ત્રણ ચાર માણસોએ ભેગા થઈને ગાડી અટકાવી. અમે નહીં જવા દઈએ. અહીં આ પરિસ્થિતિ બની એટલે પાડોશી બહેનને ખબર પડતાં એણે મહેશની પત્નીને કહ્યું– બહેન! જરા બહાર આવો ને. તમારો બાબો પડી ગયો છે ને એને ખૂબ વાગ્યું છે. આ તરફ પતિ બેભાન છે ને બીજી તરફ પુત્રને વાગ્યું છે એટલે ગયા વિના ચાલે તેમ ન હતું, તેથી સરલા ગઇ ને જોયું તો પુત્રના પ્રાણ ઉડી ગયા છે. માણસો કહે છે બહેન ! તમારા પતિ જે મીલમાં નોકરી કરે છે એના આ શેઠ છે. એની ગાડીએ તમારા બાબાના પ્રાણ લીધા છે, માટે તમે એના ઉપર કેસ કરો. શેઠ ગાડીમાં બેઠા છે. એમના મનમાં થયું કે જો આ બાઈ કોર્ટમાં કેસ કરશે તો મને જિંદગીની જેલની સજા થશે. સરલા પોતાના લાડકવાયા દીકરાની આ દશા જોઈને તરત બેભાન થઇને પડી ગઈ. અરર....આ શું થઈ ગયું ? આજે કુદરત પણ મારા ઉપર કોપાયમાન થયેલી લાગે છે. એક બાજુ પતિને કોઇ રીતે તાવ નોર્મલ થતો નથી ને બીજી તરફ દીકરાની આ દશા થઇ. લોકો સરલાને પાણી છાંટીને ભાનમાં લાવ્યા. પેલા શેઠ નમ્રતાથી કહે છે બહેન ! અમારાથી તારા દીકરાનો એકસીડન્ટ થયો છે. તું કહે તેટલા રૂપિયા આપી દઉં પણ મને જવા દે. જલ્દી કહે. પચ્ચીસ હજાર...પચાસ હજાર કેટલા આપું ? લોકો કહે છે બહેન ! આ શેઠ એ શેઠ નથી પણ પિશાચ જેવો છે. તું એને જતો કરીશ નહિ. બરાબર કોર્ટના બારણા બતાવજે. એને જતો કરવા જેવો નથી.

સરલાના દિલમાં પુત્રનો જબ્બર આઘાત છે. પતિની ભયંકર બિમારી છે એટલે ચિંતાનો પાર નથી. તેમાં ખબર પડી કે એનો પતિ જેને ત્યાં નોકરી કરે છે એ શેઠ છે એટલે એને જેલમાં કેમ બેસાડાય ? સરલા કહે છે શેઠ ! મારો પતિ ત્રણ ત્રણ વર્ષથી આપને ત્યાં નોકરી કરે છે. આપની બાજરી મારા પેટમાં પડી છે, એટલે હું તમને જેલમાં

નહિ જવા દઉં. મારે તમારા રૂપિયા નથી જોઈતા. મારો દીકરો કંઈ તમારા પચ્ચીસ કે પચાસ હજારની કિંમતનો ન હતો. શેઠ કહે છે બાઈ! તું કંઈ માંગી લે, આ કહે છે કે શેઠ ! વધુ શું કહું, તમારી આખી મીલ મને આપી દો તો પણ મને મારો લાલ મળવાનો છે ? મારે તમારી એક રાતી પાઈ જોઈતી નથી. અમે અનીતિની રાતી પાઈ લેતા નથી, પણ તમે બહુ કહો છો તો એટલું કરજો કે આપની મીલમાં જે ત્રણ વર્ષથી પટાવાળાની નોકરી કરે છે તે મારા પતિ છે. તેમને પંદર દિવસથી ટાઈફોઈડ થયો છે. તાવ કોઈ રીતે ઉતરતો નથી. અત્યારે બેભાન પડયા છે. તેમને મૂકીને આવી છું. તેમની દવા માટે મને જરૂર પડે ને હું આવું તો મને મદદ કરજો. ભલે, બહેન ! જ્યારે તારે પૈસાની જરૂર પડે ત્યારે તું ખુશીથી આવજે. મારી મીલના દ્વાર તારે માટે ખુલ્લા છે. આમ કહીને શેઠ તો જાણે બિલાડીના મુખમાંથી ઉંદર છૂટયો હોય તેમ છૂટયા ને જલ્દી ઘર ભેગા થઈ ગયા. ભાંગ્યા હૃદયે પુત્રની અંતિમ ક્રિયા કરી સરલા પાછી આવી ત્યારે પતિ કહે છે કે તું કયાં ગઈ હતી ? વજ્ર જેવી છાતી બનાવીને સરલાએ કહ્યું નાથ ! બાબાને પગે વાગ્યું હતું. તેને દવાખાને લઈ ગઈ હતી. બાબો કયાં છે ? તેના માસીના ઘરે મૂકયો છે.

હવે સરલાની પાસે પૈસા નથી. દવા કયાંથી લાવવી ? ડોકટર કેવી રીતે બોલાવવા ? અને મહેશને તો તાવ નોર્મલ થતો નથી, છેવટે સરલા મીલમાં ગઈ ને બસો રૂપિયાની માંગણી કરી. એટલે શેઠ એના માણસોને કહે છે બાઈનું બાવડું પકડીને બહાર કાઢો. જાણે એમના માટે જ કમાતા ન હોઈએ ! બસો રૂપિયા કમાતા કેટલી મહેનત પડે છે ! આકાશમાંથી પૈસા પડતા નથી. સમજી ? શેઠના માણસો બાઈને બાવડું પકડીને બહાર કાઢે છે ત્યાં મીલમાં કામ કરતા ત્રણ ચાર સજ્જન માણસો દોડીને આવ્યા ને શેઠને કહેવા લાગ્યા શેઠ ! આ બાઈને તમે ઓળખી ? બે દિવસ પહેલાં તમે એના અઢી વર્ષના કુલ જેવા બાબાને તમારી મોટર નીચે કચડી નાંખ્યો હતો. એ વખતે તમે પારેવાની જેમ ફફડતા હતા ત્યારે તમે એને પચાસ હજાર રૂપિયા આપવા તૈયાર થયા હતા. એ પવિત્ર બાઈએ રાતી પાઈ ન લીધી અને તમને છૂટા કર્યા હતા. એ શું તમે ભૂલી ગયા ? એનો બાબો ચાલ્યો ગયો ને પતિ બિમાર છે. તમે એના ઉપર કંઈક તો દયા કરો. બે દિવસમાં તમે ભૂલી ગયા ? આ સાંભળી નરપિશાચ જેવા શેઠના દિલમાં ક્રોધની જવાળાઓ ભભૂકી ઉઠી અને એના માણસોને કહેવા લાગ્યા કે આ દુષ્ટોને નોકરી પરથી ઉતારી મૂકો. મને કહેનાર કોણ ? એ લોકોને કાઢી મૂક્યા ને આશાભેર આવેલી મહેશની પત્ની સરલાને પણ ચોટલો પકડીને મીલના કંપાઉન્ડની બહાર કાઢી મૂકી. સરલા ઘરે આવીને કાળા પાણીએ રડી. અહો, પ્રભુ ! મારા કર્મે મારી આ દશા કરી. હવે તો તારા શરણે છું. આ દુનિયામાં કહેવાય છે ને કે દીન દુઃખીનો બેલી ભગવાન. હે પ્રભુ ! અમે જીવનમાં કદી અન્યાયનું બાકુ નથી. અમારું જીવન સદાચારી હોય તો મને સહાય કરજે. એમ કહી એક હાથ પતિના માથે

મૂકીને પ્રભુને પ્રાર્થના કરતી ધ્યાનમાં એવી લીન બની ગઈ કે હું કયાં છું એનો ખ્યાલ ન રહ્યો, અને બે કલાક થયા ત્યાં પતિનો તાવ તદ્દન નોર્મલ થઈ ગયો ને ભાનમાં આવ્યો, પણ પત્ની ધ્યાનમાં છે, છેવટે જ્યારે ધ્યાન પૂરું થયું ત્યારે પતિને તાવ ઉતર્યો જાણી ખૂબ આનંદ થયો. મહેશ કહે છે બાબો કયાં ગયો ? બાબાને લાવ. બાબો કયાંથી લાવે. ઘણા આડાઅવળા જવાબ આપ્યા, છેવટે મહેશે ખૂબ હઠ લીધી એટલે સત્ય હકીકત કહી. આ સાંભળતા મહેશને ખૂબ આઘાત લાગ્યો. સરલાએ તેને ખૂબ સમજાવ્યો. સંસારની અસારતા સમજાવી તેથી મહેશનું મન શાંત બન્યું. હવે ધીમે ધીમે તબિયત સુધરવા લાગી.

એક દિવસ મહેશ ઓટલે બેઠો છે ને બંબા દોડતા જોયા. લોકોને પૂછ્યું કે કયાં આગ લાગી છે ? બધાએ કહ્યું કાંતીલાલ શેઠની મીલમાં આગ લાગી છે ને શેઠ સપડાયા છે. આ વાત જાણીને મહેશ દોડયો. લોકો કહેવા લાગ્યા કે આ શેઠે તો આઠ દિવસ પહેલાં જ તારા એકના એક બાબાને મોટર નીચે કચડી નાંખ્યો છે અને તારી પત્ની તારી ચાકરી માટે પૈસા લેવા ગઈ, કેટલું કરગરી અને કહ્યું અમે મજુરી કરીને પૈસા પાછા આપીશું તો પણ એ નરપિશાચને દયા ન આવી. હવે તું શું જોઈને જાય છે ? તું જીવતો કોઈશ તો કોઈનું ભલું કરીશ પણ એ પિશાચ તો બધાને ભરખી જાય છે, માટે એને બચાવવો નથી. પણ જેના દિલમાં કરૂણા ભરી છે તે રહે ખરો ? દોડતો જઈને ભડભડતી આગમાં ઝંપલાવ્યું, ઓફીસમાં જઈ શેઠને ઉંચકીને બહાર લાવ્યો. શેઠ ખૂબ દાઝયા હતા ને મહેશ પણ ખૂબ દાઝી ગયો, છતાં ક્ષેમકુશળ જીવતા બહાર આવ્યા.

લોકો કહે છે શેઠ ! તમને બચાવનાર કોઈ ન હતું. આજે તમે બળીને ખાખ થઈ જાત પણ આ કરૂણાસાગર ભગવાન જેવો મહેશ આવ્યો ને તમને બચાવ્યા. જુઓ, લોકોને તો વહેલા મોડા કર્મો ઉદયમાં આવે પણ તમારા કર્મોએ તો તમને તરત જ પરચો બતાવ્યો. તમે તો મહેશની પત્નીને ચોટલો પકડીને કઢાવી હતી. એક રાતી પાઈ આપી ન હતી છતાં એણે જ તમને બચાવ્યા. હવે શેઠની આંખ ખુલી ગઈ. દવા ઉપચારોથી દાઝયાના ઘા રૂઝાઈ ગયા પછી શેઠે મહેશનું ખૂબ બહુમાન કર્યું ને પોતાની મીલનો મેનેજર બનાવવા કહ્યું પણ મહેશે કહ્યું હવે હું એ મીલમાં નહિ આવું. હું કરેલા કર્તવ્યનો બદલો નહિ લઉં, પણ શેઠ ! આપ એક વાત જરૂર ધ્યાનમાં રાખજો કે મારા જેવા દીનદુઃખી તરફ સદા દયાદૃષ્ટિ રાખજો. શેઠે પોતાની ભૂલોની માફી માંગી ને પોતાનું જીવન પલટાવી દીધું. શેઠ દાનવ મટીને માનવ બન્યા.

બંધુઓ ! પવિત્ર માણસના સંગથી ક્રૂરમાં ક્રૂર માનવીનું હૃદય પલટાઈ જાય છે. મહેશના સંગથી શેઠના જીવનનું પરિવર્તન થયું. શેઠે એને લાખ રૂપિયા ભેટ આપવા કહ્યું પણ ન લીધા. એના સદ્‌ગુણ અને પરોપકારથી પ્રેરાઈને બીજી મીલમાં એને સામેથી બોલાવ્યો ને મેનેજર બનાવ્યો. પોતે મીલનો મેનેજર બન્યો, સારો શ્રીમંત બન્યો પણ એના જીવનમાં

કદી અભિમાન ન આવ્યું. તે જીવનભર દુઃખીની સેવા અને પરોપકારના કાર્યો કરતો રહ્યો ને પોતાનું જીવન સુવર્ણાક્ષરે લખાવી ગયો. જે સારા કાર્યો કરે છે તેનું જીવન અમર બને છે. રાજેમતી અને નેમના અધિકારમાં આગળ શું આવશે તેના ભાવ અવસરે.

*

વ્યાખ્યાન નં. ૮૩

આસો સુદ ૧૫ ને સોમવાર તા. ૧૬-૧૦-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની ભગવંતે ફરમાવ્યું છે કે હે ભવ્ય જીવો! અનંત પુણ્યાઈથી તમને આ માનવ દેહ મળ્યો છે. તે રંગરાગ, ભોગ-વિષય અને ઐશઆરામ કરવા માટે નથી મળ્યો પણ તપ-ત્યાગ દ્વારા ભવના બંધનો તોડવા માટે મળ્યો છે. રંગરાગાદિમાં તરબોળ રહેવાથી માનવ ભવની હાથમાં આવેલી સોનેરી તક નિષ્ફળ જાય છે અને ભવના ફેરા વધી જાય છે અને જીવને ચોર્યાશી લાખ જીવાયોનિના દુઃખદ પરિભ્રમણમાં ફેંકાઈ જવું પડે છે. આત્માની અને ધર્મની શ્રદ્ધાવાળો જીવ આ વાત સમજવા છતાં પણ વિષયોના રંગરાગ છોડી શકતો નથી ત્યારે એ મૂંઝાય છે કે જીવન આવી રીતે પસાર થઈ જશે તો મારું શું થશે? આ મૂંઝવણને ટાળવા માટે અને રંગરાગાદિના ત્યાગ માટે સત્સંગ, જિનવાણીનું શ્રવણ અને આધ્યાત્મિક વાંચન એ શ્રેષ્ઠ ઉપાયો છે. આવા ઉપાયો અમલમાં લેવા છતાં પણ જો રંગરાગનો ત્યાગ ન થાય, આત્મકલ્યાણ માટેનો પ્રબળ પુરૂષાર્થ ન પ્રગટાવી શકાય તો શું કરવું? આ બાબતમાં મહાનપુરૂષો કહે છે કે એના માટે એક શ્રેષ્ઠ ઉપાય છે જેનાથી તપ-ત્યાગ વિગેરેનો પુરૂષાર્થ પ્રગટાવી શકાય.

એ ઉપાય કયો છે? તીર્થંકર ભગવંત પ્રત્યે આપણા દિલમાં એવો પ્રેમ જાગૃત કરીએ કે એ પ્રેમના કારણે આપણા દિલમાં એમ થાય છે કે જો મારા પ્રભુને રંગરાગ, ભોગવિષયો, ઐશઆરામ વિગેરે ન ગમ્યા તો મને શા માટે ગમે? જો એમને ન ખપ્યા તો મને શા માટે ખપે? એમને તપ-ત્યાગ, ઉપશમ, ક્ષમા, ધર્યતા વિગેરે ગમ્યા તો મને પણ એ જ ગમવા જોઈએ. હૈયાનો જવલંત પ્રેમ અંતરમાં આવી વૃત્તિને બળ જગાડે છે. આ સંસારમાં પણ આપણે જોઈએ છીએ તો પતિ પ્રત્યે પ્રેમ ધરનારી સુશીલ પત્ની એના પતિના સ્વભાવને અનુસરે છે ત્યારે એ વિચાર કરે છે કે મારા પતિને ક્રોધ ગમતો નથી, ગમે તેવા સંયોગમાં પણ એમને ક્રોધ આવતો નથી તો મારે ક્રોધી સ્વભાવ કેમ રખાય? મારે ક્રોધનો ત્યાગ કરવો જોઈએ. મારા પતિને જો અમુક વસ્તુ ન ખપે અને ન ગમે તો પછી મને પણ એ વસ્તુ શા માટે ખપે ને શા માટે ગમે? એમને જેનો ત્યાગ એનો મારે પણ ત્યાગ. મારા પતિ જો આટલું બધું કષ્ટ સહન

કરે છે તો મારે પણ કરવું જ જોઈએ. તો જ એમના પર મારો સાચો પ્રેમ છે ને હું એમની સાચી પત્ની છું મારા અહોભાગ્ય છે કે મને આવા ગુણસંપન્ન પતિ મળ્યા છે.

બંધુઓ ! એક સંસારી પત્નીને પણ આવા ગુણીયલ પતિ મળ્યાની કદર હોય અને પતિ પ્રત્યે આવો પ્રેમ હોય તો પછી જિનેશ્વર પ્રભુ પ્રત્યે ભક્તને આવો સક્રિય પ્રેમ ન હોય ? પતિ માત્ર રોટલી, દાળ, ભાત ને શાકનું સાદું ભોજન જમતો હોય અને એની જ સામે પત્ની થાળીમાં બરફી, પેંડા, લાડુ ને ગુલાબજાંબુ આદિ પકવાન લઈને બેસે છતાં પાછી કહેતી જાય કે મને તમારા ઉપર બહુ પ્રેમ છે તો એનો પ્રેમ કેવો કહેવાશે ? બનાવટી જ કહેવાય ને ? તેમ આપણે પણ કોઈ જાતના ત્યાગ, તપ, ક્ષમા, ઉપશમ કે કષ્ટ વિગેરેને જીવનમાં અપનાવીએ નહિ ને કહીએ કે પ્રભુ ! મને તમારા ઉપર ઘણો પ્રેમ છે તો એ પ્રેમ સાચો કે ઠગારો ? આપણે પણ પહેલા તો એ તપાસવાની જરૂર છે કે શું આપણા દિલમાં વીતરાગ પ્રભુ ઉપર જવલંત પ્રેમ છે ! જવલંત પ્રેમભર્યો સેવકભાવ છે ? એક પતિભક્તા સુશીલ પત્ની જે રીતે પતિને સ્વામી માને છે એ રીતે આપણે પ્રભુને સ્વામી માનીએ છીએ. એ પતિવ્રતા પત્ની એના પતિના સ્વભાવમાં અને પ્રવૃત્તિમાં ભળી જાય છે તેમ આપણે પણ જેમને તરણતારણ માન્યા છે એવા તીર્થંકર પ્રભુના સ્વભાવ અને પ્રવૃત્તિમાં ભળી શકીએ છીએ ખરા ! જ્યાં ન ભળી શકીએ ત્યાં આપણને શરમ લાગે છે ? અંતરમાં તેનું વારંવાર દુઃખ કે ખેદ થાય છે ખરો ? આપણે આપણા આત્માને એમ કહેવું જોઈએ કે જો તેં ભગવાનને નાથ માન્યા છે તો એમને જે ગમે ને જે રૂચે તે તને ગમવું જોઈએ ને રૂચવું જોઈએ. આપણે ભગવાનને શા માટે નાથ માનીએ છીએ ? એમણે સત્તા અને સંપત્તિનો ત્યાગ કર્યો છે માટે, શાંતિનાથ ભગવાને છ ખંડના વૈભવ વિલાસ અને સામ્રાજ્યનો ત્યાગ કર્યો છે તો વિચાર કરો કે આપણાથી નાનીશી સત્તા પણ નથી છોડાતી ? દાનમાં થોડું ધન પણ નથી વપરાતું ? ભગવાને તો સમસ્ત વિષય-વિલાસોનો ત્યાગ કર્યો તો તારાથી થોડો પણ ત્યાગ નથી કરાતો ? ભગવાને સંયમ લઈને અઘોર સાધના કરી તો તારાથી થોડો પણ તપ નથી કરી શકાતો ? એમણે અનાર્યોના અઘોર કષ્ટો સહન કર્યા ને ઉપરથી કેટલી કરૂણા કરી ! તો તારાથી એ અનાર્યો કરતાં પણ કંઈક દરજ્જે સારા માણસોના કટુ વચનો કે અપમાન સહન નથી થતા ? તો પછી તને ભગવાન પ્રત્યે સાચો પ્રેમ શેનો ? જેને ભગવાન ઉપર સાચો પ્રેમ છે એ તો ભગવાનના નામ ઉપર ઘણું પાપ છોડી શકે છે, અને તપ-ત્યાગ કરી શકે છે. ઉપશમભાવ કેળવી શકે છે. શાલીભદ્રે ભગવાનના નામ ઉપર દેવતાઈ વૈભવો, ભોગવિલાસ અને આખો સંસાર છોડ્યો, અને સાધુ બન્યા પછી પણ એ જ વિચાર્યું કે મારા પ્રભુએ ઉગ્ર તપશ્ચર્યાઓ કરી તો મારે પણ એ જ કરવું જોઈએ અને તે પ્રમાણે કર્યું. આપણને પણ જો પ્રભુ પ્રત્યે સાચો પ્રેમ હોય તો ભગવાને જે અપનાવ્યું તે જ અપનાવવું જોઈએ, ભગવાનને જે ગમ્યું તે જ આપણને ગમવું જોઈએ. તો જ આપણો સંસારના બંધનમાંથી છૂટકારો થાય.

આપણા ચાલુ અધિકારમાં નેમકુમાર તોરણદ્વારે આવ્યા ને લગ્ન કર્યા વિના પાછા ફર્યા તેથી રાજેમતીના દિલમાં તેમના વિરહનું અપાર દુઃખ થવા લાગ્યું, એટલે તે વિલાપ કરવા લાગી, ત્યારે એની સખીઓ નેમકુમારને ભૂલવા માટે ખૂબ સમજાવતી પણ કોઇ રીતે એના વિરહની વેદના ઓછી ન થઈ. એ તો સખીઓ પાસે નેમના વિરહની વેદના પ્રગટ કરતી અને સાથે એમના ગુણોને યાદ કરતી હતી. સજ્જનોને સારી દુનિયા યાદ કરે છે. યુગોના યુગ વીતે છતાં એમને કોઈ ભૂલતું નથી. દેવાનુપ્રિયો ! સજ્જન પુરૂષોનો એ સહજ સ્વભાવ હોય છે કે તેઓ બીજાના લાભમાં પોતાનો લાભ અને બીજાની હાનીમાં પોતાની હાની માને છે. તેઓ બીજાઓના હિતની વાત જાણીને પ્રસન્ન થાય છે અને બીજાઓના અહિતની વાત જાણીને દુઃખી થાય છે. બીજાના હિતાહિતને તેઓ પોતાનું જ હિતાહિત માને છે. બદ્દકે પોતાના હિતાહિતથી તેઓ પ્રસન્ન કે દુઃખી થતા નથી પણ બીજાનું અહિત કે દુઃખ જોઇને દુઃખી થાય છે અને બીજાઓનું હિત કે સુખ જોઇને પ્રસન્ન થવાનો તેમનો સ્વભાવ હોય છે. બીજા કોઇને દુઃખી અથવા તેનું અહિત થતું જોઇને તેઓ એવી ભાવના પણ નથી લાવતા કે હવે આ વખતે મારે મારો સ્વાર્થ સાધી લેવો જોઇએ. તેઓ બીજાના હિતને અર્થે પોતાનો સ્વાર્થ પણ છોડી દે છે. તો પછી બીજાના અહિતથી પોતાનો સ્વાર્થ સાધવાની તો વાત જ કયાં રહી ! તેથી ઉલ્ટું દુર્જનોનો સ્વભાવ સજ્જનોના સ્વભાવથી સર્વથા વિપરીત હોય છે. તેઓ બીજાઓના લાભમાં પોતાની હાનિ અને બીજાઓની હાનિમાં પોતાનો લાભ માને છે. બીજાઓને સુખી જોઇને તે દુઃખી થાય છે અને બીજાઓને દુઃખી દેખીને તે પ્રસન્ન થાય છે. કોઇને વિપત્તિમાં આવેલા જોઇને સજ્જન માણસો તો તેને સહાય કરે છે, તેની વિપત્તિ ટાળવાનો પ્રયત્ન કરે છે પણ દુર્જન માણસો બીજાઓની વિપત્તિને પોતાની સ્વાર્થપૂર્તિનું એક સાધન માને છે અને સમજે છે કે અમારું કાર્ય સિદ્ધ થવા માટે જ તેના ઉપર આવી વિપત્તિ આવી છે. સજ્જનતા અને દુર્જનતાનું કારણ પોતાનો સ્વભાવ છે. આ વિષયમાં કુલ, વંશ કે માતા–પિતા કારણભૂત નથી. જો કે સંતાનમાં માતા–પિતાનો સ્વભાવ પણ આવે છે પણ એમ ન કહી શકાય કે સંતાનમાં માતા–પિતાના ગુણ–દુર્ગુણ આવે જ છે. કયારેક એમ હોય છે ને કયારેક નથી પણ હોતું.

નેમકુમાર અને રથનેમિ બંને સહોદર ભાઇઓ હતા છતાં બંનેના સ્વભાવમાં વિષમતા હતી. જેઓ ભવિષ્યમાં તીર્થંકર બનવાના છે તેવા નેમકુમાર કેવા વિચારો ધરાવતા હતા તે વાત તો તમે સાંભળી ગયા, પણ તેમના નાના ભાઇ રથનેમિના વિચારો તેમના જેવા ન હતા, પણ જે યાદવો સ્ત્રીના ભોગમાં જ સુખ માનતા હતા તેના જેવા હતા. નેમકુમાર રાજેમતીને પરણ્યા વિના પાછા ફર્યા તેથી બીજા યાદવોને ખેદ થયો પણ રથનેમિને આનંદ થયો. તેમને ઉત્પન્ન થયેલી પરિસ્થિતિનો લાભ લેવાની લાલચ થઈ. તે વિચારવા લાગ્યા કે રાજેમતી જેવી સૌન્દર્યવતી રમણીને છોડીને મારા ભાઈ ચાલ્યા ગયા તેથી એમ લાગે છે કે તેઓ સ્ત્રીઓના પરીક્ષક નથી અને શૃંગારરસના રસીક પણ નથી નહિતર રાજેમતી

સાથે લગ્ન કર્યા વિના પાછા કેમ ફરે ! જો તેમને દીક્ષા લેવી હતી તો રાજેમતી સાથે લગ્ન કરીને સુખ ભોગવ્યા પછી જ લેવી હતી ને ? સંસારના આ આનંદને તરછોડીને તથા રાજેમતીને નહિ પરણીને ભાઇએ બહુ મોટી ભૂલ કરી છે.

ઉગ્રસેન રાજાની પુત્રી રાજેમતીને મેં જોઈ છે. તે સોળે કળાએ સંપૂર્ણ સૌંદર્યવાન સ્ત્રી છે. મેં તો રાજેમતીના રૂપની બરાબરી કરનાર બીજી કોઈ સુંદર સ્ત્રી આજ સુધીમાં જોઈ નથી. એવી સુકુમાલી અને નવયૌવના રાજેમતીને ત્યાગી દેવાની ભૂલ જો કોઇ કરી શકે તો તે જ કરી શકે કે જે સ્ત્રીરત્નનો પરીક્ષક ન હોય. હું તો તેને જોઇને આશ્ચર્યચકિત બની ગયો છું. મારું મન મારા કાબૂમાં રહ્યું ન હતું પણ ભાઇની સાથે વિવાહ થઈ રહ્યો હતો એટલા માટે હું વિવશ હતો પણ ભાઇ તો રાજેમતીને છોડીને ચાલ્યા ગયા. હવે રાજેમતી શું કરશે ? ભાઇ સાથે તેના લગ્ન તો થયા નથી. તે તો હજુ કુંવારી જ છે એટલે તેના વિવાહ અવશ્ય બીજા કોઇ રાજકુમાર સાથે થવાના જ છે, તો પછી હું તેની સાથે વિવાહ કેમ ન કરું ! એવું ઉત્કૃષ્ટ કન્યારત્ન કોઇ બીજાના હાથમાં જવા દેવાને બદલે અને જે કન્યા યાદવ કુળની વધૂ બનવાની હતી તેને બીજા કુળની વધૂ બનવા દેવાને બદલે તેની સાથે મારો વિવાહ કરી લેવો એ કોઇ રીતે અનુચિત ગણાશે નહિ. હું માનું છું ત્યાં સુધી રાજેમતી પ્રસન્નતાપૂર્વક મને તેનો પતિ બનાવવાનો સ્વીકાર કરશે. એટલા માટે મારે આ વિષે પ્રયત્નશીલ બનવું જોઈએ. આ પ્રમાણે વિચાર કરીને રથનેમિએ રાજેમતી પાસે લગ્નનો પ્રસ્તાવ મોકલવાનો નિશ્ચય કર્યો. તે માટે તેણે એક એવી દૂતીને તૈયાર કરી કે જે ઉગ્રસેનના મહેલમાં જતી આવતી હતી અને એ રાજેમતીથી પરિચિત પણ હતી. રથનેમિએ તે દૂતીને પોતાનો પ્રસ્તાવ સંભળાવીને કહ્યું કે જો તું રાજેમતી સાથે મારા લગ્નનો સ્વીકાર કરાવી લાવીશ તો હું તને મોટું ઈનામ આપીશ.

બંધુઓ ! એક જ માડીના જાયા હોવા છતાં બંને ભાઇઓના સ્વભાવમાં કેટલું બધું અંતર છે ! એક વિષયો પ્રત્યેથી વિરાગી બનેલા છે જ્યારે બીજો વિષયમાં લુબ્ધ છે. એને વિષયનો કીડો કોરી ખાય છે. જેમ ઉધઈ જીવાત દેખાવમાં ઘણી નાની હોય છે પણ મોટા મોટા લાકડાને ઉપરથી એવું ને એવું રાખીને અંદરથી કોરી ખાય છે. કપડાને ખાઈ જાય છે ને કાગળને પણ ખાઈ જાય છે, એમ જેના અંતરમાં વિષયની ઉધઈ પ્રવેશે છે તેને અંદરથી કોરી ખાય છે, પછી એના મનમાં વિચારો પણ એવા આવે છે. જેવા વિચારો આવે છે તેવી વાણીનો ઉચ્ચાર થાય છે. પછી માણસ એવું વર્તન કરવા તૈયાર થાય છે, માટલા માટે જ્ઞાની ભગવંતો કહે છે કે સૌથી પ્રથમ તમારા અંતરમાં એક પણ કુવિચાર આવે તો તેને તરત નાબૂદ કરો. એક જ કુવિચાર જીવનમાં મોટો સડો ઉભો કરશે.

રથનેમિના મનમાં વિષય વિકારનો સડો ઉત્પન્ન થયો એટલે તે વાણીમાં આવ્યો. તેથી તેણે રાજેમતીની પરિચિત દૂતીને બોલાવી તેની સાથે સંપર્ક સાધ્યો. તેને પોતાના મનની વાત જણાવીને કહ્યું કે આ વાત તારે છાનગી રાખવાની. કોઇને કહેવાની નહિ.

જો તારી મહેનતથી રાજેમતી મારી સાથે લગ્ન કરશે તો હું તને મોં માંગ્યું ઈનામ આપીશ. મોહાંધ બનેલા રથનેમિને ભાન નથી કે જે એક વખત મારા ભાભી કહેવાઈ ગયા તે શું મારી સાથે વિવાહ કરવા કબૂલ થશે? અને મારાથી એની સાથે લગ્ન કરવાનો વિચાર પણ કેમ કરાય? કાગડા રાત્રે દેખતા નથી ને ઘુવડ દિવસે દેખતું નથી પણ જેની દૃષ્ટિમાં વિકાર ભર્યો છે તેવા કામાંધ પુરૂષો તો રાત્રે અને દિવસે દેખતા નથી. આ રથનેમિ પણ કામાંધ બન્યો છે તેથી તેના મનમાં વિચાર નથી આવતો કે હું આ શું કરી રહ્યો છું! ત્યારે જે દૂતીને તૈયાર કરી છે તે પણ પૈસાની લાલચુ હતી. પૈસાના લોભ ખાતર માનવી શું નથી કરતો? પૈસા પાછળ માનવો પોતાની જાત હોમી દેવા પણ તૈયાર થઈ જાય છે. આ દાસી જો પવિત્ર હોત તો એ રથનેમિને એમ કહી દેત કે હે યાદવકુળના જાયા! તને આ શોભે છે! જેને તારા સગા ભાઈએ છોડી તેને તું ઈચ્છે છે! આ કામ મારાથી નહિ થાય. પૈસાના લોભથી દૂતી મથુરા રાજેમતી પાસે જવા તૈયાર થઈ.

"દૂતીનું મથુરામાં આગમન" :- દૂતી દ્વારકાથી નીકળીને મથુરા પહોંચી અને તે રાજેમતીના મહેલમાં ગઈ. દાસી રાજેમતીને ઓળખતી હતી પણ રાજેમતી તો આ દાસીથી તદ્દન અજાણ હતી. અજાણી દાસીને પોતાના મહેલમાં આવેલી જોઈને રાજેમતીએ તેને પૂછ્યું-બહેન! તું કોણ છે? અને ક્યાંથી આવી છે? ત્યારે દાસી કહે હું દ્વારકાથી આવી છું. જ્યાં દ્વારકાથી આવી છું એમ કહ્યું ત્યાં રાજેમતીના રૂંવાડા ખડા થઈ ગયા. હૈયું હર્ષથી નાચી ઉઠયું. રાજેમતીને હર્ષ થવાનું કારણ તમે સમજ્યા ને? દ્વારકામાં એના સ્વામી નેમનગીના વસે છે તેથી તેને દ્વારકાનું નામ સાંભળીને આનંદ થયો, એના મનમાં થયું કે મારા નાથ ભલે મને છોડીને ગયા પણ મને ભૂલ્યા નથી. જરૂર તેમણે મને કંઈક સંદેશો પાઠવ્યો હશે એટલે એણે પહેલાં તો આવનારી દાસીનો આદર સત્કાર કર્યો. પછી કહ્યું-બહેન! તું જે કામે આવી હોય તે જલ્દી કહે, એટલે દાસીએ કહ્યું કે બહેન! મારે તમને એકાંતમાં ખાનગી વાત કરવાની છે. રાજેમતી તો સરળ સ્વભાવની હતી. એના મનમાં તો એમ જ હતું કે મારા સ્વામીનો સંદેશો લાવી છે.

"દૂતી પાસેથી સંદેશો સાંભળવા અધીરી બનેલી રાજેમતી" :- પતિનો સંદેશો સાંભળવા આતુર બનેલી રાજુલે તે દૂતીને એક રૂમમાં લઈ ગઈ ને કહ્યું-હવે તારે જે કહેવાનું હોય તે મને જલ્દી કહી દે, એટલે દૂતી કહે છે બહેન! મારા દિલમાં એક વાતનું ખૂબ દુઃખ થયું છે. રાજેમતી કહે છે બહેન! તને કઇ વાતનું દુઃખ થયું છે? ત્યારે કહે છે બહેન! તમે આવા તેજ તેજના અંબાર જેવા, તમારું રૂપ-સૌંદર્ય જોઇને દેવલોકના દેવો પણ ચલાયમાન થઈ જાય એવા તમને તરછોડીને નેમ તોરણદ્વારેથી ચાલ્યા ગયા. મને તો અફસોસ થાય છે કે આવી દેવરૂપ જેવી કન્યાને કોઈ ઇચ્છે તો પણ મળતી નથી, તો એમણે શા માટે તમારો ત્યાગ કર્યો? આ મારા દિલમાં ખૂબ લાગી આવ્યું છે.

દૂતીની વાત ઉપરથી રાજેમતી સમજી ગઇ કે આ મારા સ્વામીનો સંદેશો આપવા આવી નથી. આ જે કંઇ વાત કરે છે એમાં કોઈ ભેદ લાગે છે પણ હવે એની વાત મારે બરાબર સાંભળી લેવી જોઈએ.

રાજેમતી ગંભીરપણે દૂતીની વાત સાંભળવા લાગી. દૂતીએ એની વાત આગળ ચલાવતા કહ્યું–બહેન ! હવે નેમકુમાર પાછા આવે અને તેમના તમારી સાથે લગ્ન થાય એવી કોઇ આશા નથી. માટે તમે એ બાબતમાં અફસોસ છોડી દો. એની પાછળ ઝૂરીને આ તમારું રૂપ અને યૌવન શા માટે ગુમાવી રહ્યા છો ! હવે એને ભૂલી જાઓ. એને યાદ કરીને ઝૂરવાથી, વિલાપ કરવાથી તમને કંઈ ફાયદો થવાનો નથી. જેના હૃદયમાં સંસાર પ્રત્યે વિરક્ત ભાવ છે તેની સાથે પરણવાથી પણ શું સુખ મળવાનું હતું ? માટે બહેન ! હું તો તમારા હિત માટે કહું છું કે તમારું યૌવન અને સૌંદર્ય એની પાછળ ગુમાવશો નહિ. નેમકુમારે તમારા રૂપ, સૌંદર્યનો ત્યાગ કર્યો તેથી શું થઇ ગયું ? નેમકુમાર જેવા બદલે તેમનાથી પણ રૂપાળા હજારો પુરૂષો તમને પરણવા માટે તલસે છે માટે તમે બીજા તમારા જેવા સુંદર પુરૂષની સાથે લગ્ન કરીને સંસાર સુખ ભોગવો. કદાચ તમારા મનમાં એમ થતું હોય કે નેમકુમાર મને છોડીને ગયા. હવે એવો વર ક્યાંથી મળશે ? જો તમને ખબર ન હોય તો હું તમને બતાવું. ખુદ નેમકુમારના નાના ભાઇ રથનેમિકુમાર તમારી સાથે વિવાહ કરવાની ઇચ્છા રાખે છે. તમારે જે ઘેર પરણીને જવાનું હતું તે જ ઘર છે. માત્ર વર જ બદલાયો છે. બીજું, નેમકુમાર તો શ્યામ હતા પણ રથનેમિ તો તમારા જેવા ગોરા છે. શું એનું રૂપ છે ! શું એનામાં ગુણ છે ! નેમકુમાર તો એમની આગળ કાંઈ નથી. નેમકુમાર ઉંમરમાં મોટા છે ને રથનેમિ નાના છે, એટલે તમારા બંનેની જોડી શોભી ઉઠશે. આ રીતે નેમકુમારની અપેક્ષાએ રથનેમિકુમાર બધી રીતે શ્રેષ્ઠ છે અને તેમણે જ મને વિવાહની વાત કરવા મોકલી છે. બહેન ! મારી તો તમને એ જ સલાહ છે કે તમે માની જાઓ અને રથનેમિનું આમંત્રણ સ્વીકારી લો. આવો વર તમને બીજો કોઈ નહિ મળે. એમની સાથે લગ્ન કરીને તમારું જીવન સફળ બનાવો.

દૂતીએ તો બે કલાક સુધી રાજેમતી પાસે રથનેમિના ગુણ ગાયા. એ તો સંસારનો નિયમ છે ને કે જેના માંડવે બેઠા હોય તેના જ ગીતડા ગવાય. એમ આ દૂતી રથનેમિના પક્ષની હતી. બીજું જો કાર્ય સિદ્ધ થાય તો રથનેમિ એને મોટું ઈનામ આપવાના હતા, એટલે એ તો બરાબર ગુણ ગાવા લાગી. દૂતીની વાત સાંભળતા રાજેમતીના શરીરમાં સનસનાટી વ્યાપી ગઈ. એની વાતમાં બિલકુલ રસ ન રહ્યો. એનું મોઢું બગડી ગયું પણ દાસીને કંઈ સમજણ પડતી નથી. એ તો વાત કરે જ રાખે છે. જો હોંશિયાર માણસ હોય તો સામી વ્યક્તિનું મુખ જોઇને સમજી જાય છે કે આના ભાવ કેવા છે. માણસનું મુખ એ અંતરનો કેમેરો છે પણ આ દાસી તો કાંઈ સમજતી નથી. રાજેમતી દૂતીની વાત સાંભળતા મનમાં વિચાર કરવા લાગી કે શું રથનેમિ પોતાના ભાઇએ તજેલી સ્ત્રી સાથે

લગ્ન કરવા તૈયાર થયા છે? એક જ માતાની કુખે જન્મેલા બે ભાઇમાં એક કેટલો પવિત્ર અને બીજો કેટલો મલીન! ઉજ્જવળ યાદવકુળમાં જન્મેલા યાદવનું આટલું બધું અધઃપતન થશે? ના....ના....ગમે તેમ તોય રથનેમિ પવિત્ર કુળમાં જન્મેલા છે, કુલીન છે અને નેમકુમારના નાના ભાઈ છે એટલે મારે જે કંઈ જવાબ આપવો છે તે તેમને જ આપીશ. આ દૂતીને જવાબ આપવાથી શું લાભ? એને હું કંઈક કહીશ અને એ જઈને જુદું જ કહેશે. તેના કરતા રથનેમિ મારી પાસે આવશે ત્યારે હું કોઈ યુક્તિપૂર્વક એમને સમજાવીશ, તો સંભવ છે કે તેમનું હૃદય સદાને માટે શુદ્ધ પવિત્ર બની જશે.

રાજેમતી મનમાં આ પ્રમાણે વિચારતી હતી ત્યાં દાસીએ પૂછ્યું–બહેન! આ બાબતમાં તારી શું ઇચ્છા છે? જે હોય તે મને કહે. જેથી હું જઈને રથનેમિકુમારને સમાચાર આપું, ત્યારે રાજેમતીએ કહ્યું મને રથનેમિકુમાર દિલથી ચાહતા હશે તે વાત બરાબર છે પણ હું તેમણે મોકલેલા વિવાહના સંદેશનો જવાબ તમને નહિ આપું. એ તો રથનેમિજીને જ આપીશ, માટે તમે એમને કહેજો કે તેઓ પોતે જાતે આવીને જ એમના સંદેશનો જવાબ લઇ જાય અને સાથે એ પણ કહેજો કે તેઓ આવે ત્યારે એમને પ્રિયમાં પ્રિય જે પીણું હોય તે લેતા આવે. બસ, આટલું તમે રથનેમિકુમારને કહેજો. દુતી રાજેમતીનો જવાબ સાંભળીને હરખાવા લાગી કે હવે મારું કામ સફળ થશે, કારણ કે જો એણે રથનેમિને અહીં બોલાવ્યા છે તો જો એની ઇચ્છા હોય તો જ બોલાવે ને? નહિતર શા માટે બોલાવે? દુતીએ રાજેમતીનો જવાબ સાંભળ્યો પણ એના મુખ ઉપરના ભાવ ન જોયા. એણે તો એક જ વિચાર કર્યો કે રાજેમતીને રથનેમિ સાથે લગ્ન કરવાનું મન છે માટે એમને જોવા માટે અહીં બોલાવે છે. એમ રાજી થઇ ને મથુરાથી રવાના થઇ. આ તરફ રથનેમિ પણ રાજેમતીના સંદેશની આતુરતાપૂર્વક રાહ જોતો હતો કે કયારે રાજેમતીનો સંદેશો આવે. ત્યાં દાસીને દુરથી આવતી જોઇ. દાસી તો એમ જ માને છે કે રાજેમતીની ઇચ્છા છે એટલે એના મુખ ઉપર આનંદ સમાતો નથી. હવે દાસી રથનેમિને સંદેશો આપશે ત્યારે તેને કેવો આનંદ થશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– "ચંપકમાલાએ કહેલી વીતક કહાની" :–ચંપકમાલાથી સિંહલદ્વીપના લોકો ડરી ગયા. સૌના મનમાં એમ થયું કે તેણે વેશ્યાને મારી નાંખી તો આપણને મારી નાખશે. ખરેખર, આ કોઈ જગદંબા છે ને તે આપણા ઉપર કોપાયમાન થઇ છે. દેવીના કોપથી બચવા માટે રાજા અને પ્રજા બધા ભાગ્યા એટલે ચંપકમાલા અને જિનસેન કુમાર બે જણા રહ્યા. જિનસેને એના હાથમાંથી તલવાર લઇ લીધી ને કહ્યું હે ચંપકમાલા! તું જરા શાંત થા. તું તો જાણે કોઇ દેવીની માફક કોપાયમાન થઈ હોય એમ લાગે છે. જો તો ખરી, તારા ડરથી આખા ગામમાં ખળભળાટ મચી ગયો છે ને સૌ અહીંથી ભાગી ગયા. ચંપકમાલા કહે છે સ્વામીનાથ! હું કોપાયમાન ન થાઉં તો શું કરું? મને તો એ વેશ્યા ઉપરથી હજુ ક્રોધ જતો નથી. કુમાર કહે તેં એને તો પરલોક પહોંચાડી દીધી.

હવે શાંત થા, અને શું બન્યું તે મને કહે. સ્વામીનાથ! આપ મને સરોવરની પાળે મૂકીને ગયા પછી થોડીવારમાં એ દુષ્ટ વેશ્યા ત્યાં ફરવા માટે આવી. એ મારું રૂપ જોઈને મુગ્ધ બની, એટલે થોડીવાર મારી સાથે મીઠી મીઠી વાતો કરીને મને બધું પૂછી લીધું અને પછી કહેવા લાગી કે હું તો તમારી નણંદ છું. મારા ભાઇ તો કયારના ઘેર આવીને બેઠા છે. હું તમને કયારની શોધતી હતી. ચાલો, મને બોલાવવા મોકલી છે. ત્યારે મેં કહ્યું એ તો કોઈ રડતું હતું તેને છોડાવવા ગયા છે ને તમારે ઘેર કયાંથી આવે? ત્યારે એણે કહ્યું એ તો બધું કામ પતાવીને આવી ગયા છે. માટે તમે જલ્દી ચાલો, એટલે મેં તો એની વાત સાચી માની ને હું અહીં આવી, ત્યારે ખબર પડી કે આ નણંદનું ઘર નથી પણ વેશ્યાનું ઘર છે, એટલે મને વેશ્યા ઉપર ક્રોધ આવ્યો, તેથી હું દરવાજા બંધ કરીને હોલમાં પેસી ગઈ ને પ્રભુને શુદ્ધ ભાવથી પ્રાર્થના કરી કે હે શાસનદેવ! જો મારું શીયળ શુદ્ધ હોય તો આ દરવાજા હું બોલું તો જ ખુલે પણ કોઇ બોલવા ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ ન ખૂલે. ગમે તેવા શસ્ત્રોથી તોડવા પ્રયત્ન કરે તો પણ ન તૂટે. આ પ્રમાણે પ્રાર્થના કરી, પછી તો જે બન્યું તે આપ જાણો છો, પણ આપ જ્યાં ગયા હતા ત્યાં શું બન્યું તે મને કહો, એટલે જિનસેનકુમારે પોતાની વાત કહી સંભળાવી. બંને મળ્યા પછી ચંપકમાલાને ત્યાં બેસાડીને જિનસેનકુમાર સિંહલદ્વીપના રાજાની સભામાં આવ્યા. જિનસેન કુમારે દરવાજા બોલ્યા હતા એટલે લોકો તો એના સામું જોવા લાગ્યા કે આ કેવો બહાદુર ને પવિત્ર પુરૂષ છે કે લાખો પ્રયત્નો કરવા છતાં જે દ્વાર ન ખુલ્યા તે આ પુરૂષે સહેલાઈથી બોલ્યા.

કુંવર હાથ જોડ રાજા સે, ઐસી અર્જ ગુજારી,
વેશ્યા કા ઘર આપ લો સંભાલી, વસ્તુ દો સબ હમારી.

સિંહલદ્વીપના મહારાજા સભામાં રાજાસંડાસને બેઠેલા હતા ત્યાં આવીને જિનસેન-કુમારે કહ્યું મહારાજા! આપ વેશ્યાનું ઘર અને એની માલમિલકત સંભાળી લો. એણે તો પાપના ધંધા કરીને કરોડો રૂપિયા ભેગા કર્યા હશે. રાજા કહે છે હે પરોપકારી પુરૂષ! આપ જ એ ઘર સંભાળી લો. આપે તો દેવીનો કોપ અટકાવીને મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. જિનસેને કહ્યું–સાહેબ! એ વેશ્યાનું ઘર તો શું એની રાતી પાઇ પણ મારે ન જોઇએ. એનું ધન લઈએ તો આપણી બુદ્ધિ પણ બગડી જાય, માટે આપ બધું સંભાળી લો, અને આપની જો મરજી હોય તો મને તમારા રાજ્યમાં નોકરી રાખો. આપ જે કાર્ય સોંપશો તે કરીશ, પણ વેશ્યાનું ધન મને ન ખપે. બીજી વાત આપ મને નોકરી રાખો પણ મારો પગાર મહિને બે લાખ સોનૈયા હોવો જોઈએ, પછી આપ મને નાનું કે મોટું ગમે તે કામ બતાવશો તો હું કરવા તૈયાર છું. મહિને બે લાખ સોનૈયા પગાર! આ સાંભળીને રાજાને જરા આશ્ચર્ય તો થયું પણ કહ્યું–ભાઇ! તમે હાલ એક મહિનો રહો, પછી કાયમ

માટે તમને રાખવા કે ન રાખવા તે હું ચોક્કસ કહીશ, તેથી જિનસેનકુમારે શહેરમાં એક ભાડૂતી મકાન રાખ્યું ને ત્યાં બંને માણસો આનંદથી રહેવા લાગ્યા. જિનસેનકુમાર દરરોજ એક વખત રાજસભામાં જઈ આવતો. આ માણસ કેવો છે એની પરીક્ષા કરવા માટે અવાર-નવાર નોકર તેમજ બીજા માણસોને રાજા એને ઘેર મોકલવા લાગ્યા. બધાને ખાત્રીપૂર્વક તપાસ કરવાનું કહેલ કે આ માણસ કેવો છે?

ઉદાર હાથથી દાન કરતો જિનસેનકુમાર :- જિનસેનકુમાર બાહુબળથી જે મેળવે તે દાનમાં વાપરતો ને મનમાં વિચાર કરતા કે આજે આપણો દિવસ સફળ બન્યો. આપણા ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય કે આપણને આવો દાન દેવાનો અવસર મળ્યો છે. પાસે હોય ને બીજાને આપીએ તેની વિશેષતા નથી પણ પાસે કંઈ ન હોય ને પોતે કષ્ટ વેઠીને બીજાને આપીએ તેની જ મહત્તા છે. આ બંને પોતાને માટે બનાવેલું ભોજન ભૂખ્યાને જમાડીને આનંદ પામતા ને પાછા એમ કહેતા કે ભાઈ! તમે ફરીને પાછા મારે ઘેર આવીને આવો અમૂલ્ય લાભ આપજો. આવી રીતે દાન દેવાથી જિનસેનકુમારને ઘેર ઘણાં યાચકો આવવા લાગ્યા. જિનસેન પણ પ્રેમથી બધાનો આદરસત્કાર કરીને જેને જે ચીજની જરૂર હોય તે આપી દેતો, તેથી ચારે બાજુ તેની કીર્તિ ખૂબ પ્રસરી ગઈ. જિનસેનકુમાર અને ચંપકમાલા બંને ખૂબ દાનવીર, ગુણવંત ને જ્ઞાની છે એટલે આખા સિંહલદ્વીપમાં તેના ગુણ ગવાવા લાગ્યા. રાજા જેને પરીક્ષા કરવા મોકલે તે પણ રાજા પાસે આવીને જિનસેનના ગુણની ખૂબ પ્રશંસા કરતા કે સાહેબ! શું એની પવિત્રતા છે! શું એનું પરાક્રમ છે! ને શું એની બુદ્ધિ છે! આવો પવિત્ર માણસ આપણા રાજ્યમાં રહે તો આપણી પણ શોભા વધે. એક મહિનો બરાબર પૂરો થયો એટલે રાજાએ તેને બે લાખ સોનૈયા ગણીને આપી દીધા. જિનસેનકુમારે સોનૈયા તો ગણીને લઈ લીધા પણ રાજાને કહ્યું સાહેબ! હું મહિનાથી આપને ત્યાં નોકરી કરું છું પણ આપે મને કંઈ કામ બતાવ્યું નથી, તેથી મને કામ કર્યા વિના આ સોનૈયા લેવા ગમતા નથી. મને સભામાં બાલી આંટા મારવા ગમતા નથી. આપ મને કંઈક કામ બતાવો. વગર મહેનતનો હું પગાર નથી લેતો. આપ કામ બતાવો તો ખુશીથી રહું. નહિતર અમે બીજે કયાંય ચાલ્યા જઈશું. આ પ્રમાણે જિનસેનકુમારે કહ્યું ત્યારે રાજાએ કહ્યું કે કાલથી મહેલના દરવાજે ચોકીપહેરો તમે કરજો. કુમાર કહે ભલે. જિનસેન રાજકુમાર છે એ કોઈને ખબર નથી. હવે જિનસેનકુમાર રાજાના મહેલના દરવાજે ચોકી કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

આજે પરમ ઉપકારી પૂ. ગુરૂણીદેવ પાર્વતીબાઇ મહાસતીજીની પુણ્યતિથિ છે તો દરેક ભાઇ બહેનો સારા વ્રત નિયમ અંગીકાર કરશો.

વ્યાખ્યાન નં.-૮૪

આસો વદ ૨ ને બુધવાર **તા. ૧૮-૧૦-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! જ્ઞાનીપુરૂષો કહે છે કે અનંત સંસારમાં પરિભ્રમણ કરતો આત્મા જ્યાં સુધી સમતા રૂપી સરોવરમાં સ્નાન કરતો નથી ત્યાં સુધી તેનો આત્મા શુદ્ધ થતો નથી. સમતારૂપી સુધાનું પાન કરનારા મનુષ્યો આ જીવનમાં મોક્ષના શાશ્વત સુખનો અનુભવ કરે છે. આપણા પરમ પિતા, જગતબંધુ ભગવાન મહાવીર સ્વામી જ્યાં જ્યાં નિવાસ કરતા હતા ત્યાં ત્યાં પશુ પક્ષીઓ પણ નિર્વૈર થઇ જતા હતા. પરસ્પર સ્વાભાવિક વૈરવાળા પ્રાણીઓ પણ તેટલા સમય સુધી પોતાનો વૈરભાવ ભૂલી જઈને સહયોગથી રહેતા હતા. આવો શાંતિદાયક સમતાનો ગુણ જ્યાં સુધી આત્મામાં પ્રગટે નહિ ત્યાં સુધી પોતે પોતાનું કલ્યાણ સાધી શકે નહિ તો પછી બીજાનું કલ્યાણ કરાવવાની તો વાત જ કયાં રહી ? મોક્ષાભિલાષી જીવોએ સમતાનો ગુણ અવશ્ય પ્રાપ્ત કરવો જોઈએ, કારણ કે એક સમતાનો ગુણ પ્રગટે તો તેની પાછળ બીજા અનેક ગુણો પ્રગટે છે. અનેક સત્પુરૂષો સમતાને ધારણ કરી, પરમાત્મારૂપ બની સ્વ-સ્વરૂપમાં લીન બન્યા. એવા મહાપુરૂષોના ગુણ ગાવાથી પણ કર્મની નિર્જરા થાય છે. તેમાં કોઈ આશ્ચર્યની વાત નથી.

બંધુઓ ! તમે સમજો, આપણું આયુષ્ય અલ્પ છે ને સંસારની જંજાળ મોટી છે. માટે સંતોષ ધારણ કરી દુર્લભ મનુષ્યભવને સફળ કરવા સમતાને અપનાવવી તે આવશ્યક છે. તે સિવાય સુખ કે શાંતિ મળવાના નથી. સદા શાંતરસમાં સ્થિત થયેલા ભગવંતોની ભક્તિ કરી તેમના વચનામૃતોનું પુનઃ પુનઃ મનન કરી પોતાનું વર્તન સુધારી માનવભવને સફળ બનાવો. આવો ઉત્તમ સમય, અનુકૂળ સંયોગો અને સદ્‌ગુરૂનો યોગ મહાપુણ્યોદયે પ્રાપ્ત થયો છે. તેને સાર્થક કરવા પ્રમાદ છોડીને જાગૃત બનો અને મલિન વૃત્તિઓને કાબૂમાં લેવા માટે પુરૂષાર્થને પ્રજ્વલિત કરી, સમતાનો ગુણ પ્રગટ કરી અપૂર્વ શાંતિનો અનુભવ કરો.

ક્ષમાથી ક્રોધનો નિરોધ થાય છે, મૃદુતાથી માયા શમે છે, ઋજુતાથી માયા ખસે છે ને સંતોષથી લોભ જીતાય છે. આ કષાયોનો પરાજય ઇન્દ્રિયોના વિજય ઉપર આધાર રાખે છે. ઇન્દ્રિયવિજય ચિત્તશુદ્ધિથી સધાય છે અને ચિત્તશુદ્ધિ રાગ-દ્વેષરૂપી મેલને દૂર કરવાથી થાય છે. એ દૂર કરવાનું કામ સમતારૂપી જળથી બને છે. સમતા મમતાનો ત્યાગ કરવાથી પ્રગટે છે. મમતાને દૂર કરવા માટે અનિત્ય ભાવના અને અશરણ ભાવના ભાવવાની જરૂર છે. સંસારમાં જે કાંઈ દેખાય છે તે બધું અનિત્ય છે. આ ભાવનાઓનું બળ જેમ જેમ એકત્ર થતું જશે તેમ તેમ મમત્વરૂપી અધિકાર નષ્ટ થતો જશે, અને સમતાની જ્યોત પ્રગટતી જશે. આ સમતાની પરાકાષ્ટા ના પરિણામે ચિત્તની એકાગ્રતા સિદ્ધ થઈ શકે છે. જેના પરિણામે આત્મા ધ્યાન કે સમાધિ યોગની ભૂમિકાએ પહોંચે છે. જ્ઞાની ધ્યાની પુરૂષો મોહ શત્રુને હઠાવવાના કાર્યમાં અખંડ ધૈર્ય રાખી સંપૂર્ણ સાવધાન રહે છે.

આત્મા સાધનાના ચરમ શિખરે (મોક્ષમાં) જ્યારે પહોંચે છે ત્યારે પૂર્ણ કૃતાર્થ થાય છે, ત્યારે એ આત્મામાં પૂર્ણ રૂપે પરમાત્મ ભાવ પ્રગટે છે. આટલી ઉચ્ચ કક્ષાને પામેલો આત્મા એ જ પરમાત્મા છે. જ્યાં સુધી શરીર હોય ત્યાં સુધી સાકાર પરમાત્મા છે અને છૂટી ગયા પછી એ નિરાકાર પરમાત્મા છે.

જેઓ ભાવિમાં તીર્થંકર પ્રભુ બનવાના છે એવા નેમકુમારે પોતાના જીવનમાં સમતાનો મહાન ગુણ પ્રગટ કર્યો છે, એટલે પોતાના આત્મા સમાન સર્વે આત્માઓને જાણ્યા ને દયા કરીને પ્રાણીઓને બંધનમાંથી મુક્ત કરાવીને ચાલ્યા ગયા. રાજેમતી ઝૂરતી રહી ગઈ. બીજી તરફ નેમકુમારના નાના ભાઈ રથનેમિકુમારને રાજેમતી સાથે લગ્ન કરવા છે એટલે તેણે દૂતીને મથુરા મોકલી હતી તે દૂતી રાજેમતીનો સંદેશો લઇને કયારે આવશે તેની ચાતક પક્ષીની જેમ રાહ જોતો હતો. એવામાં દાસીને આવતી જોઈ. દાસીના મુખ ઉપર હર્ષ હતો ને પગમાં જોમ હતું એટલે રથનેમિ સમજી ગયા કે નક્કી કાર્ય સફળ કરીને આવી હોય તેમ લાગે છે, તેથી આવતાવેંત જ રથનેમિએ તેને મૂઠી ભરીને સોનામહોરો આપીને પૂછ્યું–બોલ, શું સમાચાર લાવી છે ? જેવા શેઠ હોય એવા જ એના નોકર હોય ને ? એટલે દાસી કુલાઈને કહે છે અરે ! હું જાઉં એટલે કંઈ બાકી રહે બરુ ? ફત્તેહના ડંકા વગાડીને આવી છું. રથનેમિને રાજેમતીનો જવાબ સંભળાવીને કહ્યું કે મારા માનવા પ્રમાણે રાજેમતી આપના વિવાહનો પ્રસ્તાવ સ્વીકારી લેશે. મને તો લાગે છે કે તેણે આપને જોવા માટે જ બોલાવ્યા હશે, અને સાથે આપને જે પ્રિયમાં પ્રિય પીવાનું પીણું હોય તે લઇ જવાનું કહ્યું છે તે એ માટે જ મંગાવ્યું હશે કે આપ એની ઇચ્છા પૂરી કરો છો કે નહિ ? એટલે આપ પીવાનું કોઇ ઉત્તમ પીણું લઈ ને રાજેમતીને ત્યાં જાઓ. મને વિશ્વાસ છે કે તે આપને દેખીને જ પતિ તરીકે સ્વીકારી લેશે.

"હર્ષમાં આવેલા રહનેમિ" :– દૂતીની વાત સાંભળીને રથનેમિના આનંદનો પાર ન રહ્યો. એ મનમાં રાજેમતીને પરણવા માટેની અનેકવિધ કલ્પનાઓ કરવા લાગ્યો. રાજેમતીને મળવા માટે તેનું હૃદય ઉત્સુક બન્યું. બસ, હવે તો જલ્દી જાઉં ને રાજેમતીને મળું. એવા વિચારથી રથનેમિ સારા સારા વસ્ત્રાલંકારો સજીને તૈયાર થયા અને સાથે એક સોનાના રત્નજડિત થાળમાં એક કિંમતી હીરાથી જડેલો સોનાનો ગ્લાસ લીધો અને ઉત્તમ પ્રકારનું સુગંધિત અને સ્વાદિષ્ટ પીણું લીધું. એ બધું રત્નજડિત સુવર્ણના થાળમાં મૂકી તેના ઉપર કિંમતી રેશમી વસ્ત્ર ઢાંકીને બનીઠનીને રથનેમિ ઉત્સાહભેર દ્વારકાથી નીકળીને મથુરા આવ્યા. જાણે અત્યારે પરણવા જ ન આવ્યા હોય તેમ સારા શુકન જોઇને રાજેમતીના મહેલે ગયા. રાજેમતીએ કોઇ દિવસ રથનેમિને જોયો ન હતો પણ એ સમજતી હતી કે બીજો કોઇ પુરૂષ પોતાના મહેલે આવી શકે તેમ નથી. આ રથનેમિ જ હોવો જોઇએ. હોંશભેર આવેલા રથનેમિનો રાજેમતીએ સત્કાર કર્યો, અને તેમને કહેવા લાગી કે ખરેખર તમે બધી રીતે સુંદર છો. દૂતીએ જેવી તમારી પ્રશંસા કરી હતી તેવા જ

તમે છો. જ્યારથી દુતી તમારો સંદેશો લઇને આવી હતી ત્યારથી હું તમારી રાહ જોતી હતી. મને ખૂબ આનંદ થયો કે આપે મારા માટે અહીં સુધી આવવાનું કષ્ટ ઉઠાવ્યું.

"રથનેમિએ દર્શાવેલા વિચારો" :– રાજેમતીના મીઠા મધુરા શબ્દો સાંભળીને રથનેમિના હૃદયમાં આનંદનો મહાસાગર ઉછળવા લાગ્યો. તેઓ મનમાં કુવાતા વિચારવા લાગ્યા કે જે થયું તે સારું થયું કે મારા મોટાભાઇ સાથે રાજેમતીના વિવાહ ન થયા, અને તેઓ પશુઓનાં પોકાર સાંભળીને તોરણદ્વારથી પાછા વળી ગયા. મને તો લાગે છે કે આ સૌંદર્યની પ્રતિમા મારા ભાગ્યમાં જ હશે. એનું સૌભાગ્ય મારાથી જ ખીલવાનું છે, તેથી મારા ભાઇએ એની સાથે લગ્ન નહિ કર્યા હોય. જો મારા ભાઇએ એની સાથે લગ્ન કર્યા હોત તો આ ત્રિલોકસુંદરી મને કયાંથી મળત? આમ મનમાં વિચાર કરીને રથનેમિ રાજેમતીને કહેવા લાગ્યા કે હે રાજેમતી! મેં તમારા સૌન્દર્યની અને ચાતુરીની ખૂબ પ્રશંસા સાંભળી હતી, તે બિલકુલ સત્ય છે. સાચે જ તમે દેવીને પણ શરમાવો તેવી સુંદરી છો. મેં જ્યારથી તમારા સૌંદર્યની પ્રશંસા સાંભળી અને તમને જોયા ત્યારથી જ મારા હૃદયમાં તમારી સાથે લગ્ન કરવાની ઇચ્છા હતી પણ વચમાં મારા ભાઈ સાથે તમારી સગાઈ થઇ તેથી મારે મારી ઇચ્છાને દબાવી દેવી પડી, પણ મારું મન તો તમારામાં જ હતું, પણ જેની જેનામાં સાચી લગની હોય છે તે તેને મળી જ રહે છે. આ વાત સાચી ઠરાવવા માટે જ મારા ભાઇ તમારી સાથે લગ્ન કર્યા વિના પાછા ફર્યા હશે, અને મને આ સૌભાગ્યનો સુઅવસર પ્રાપ્ત થયો છે. જો કે મને વિશ્વાસ છે કે તમે મારો પ્રસ્તાવ સ્વીકારશો, છતાં હું તમારા મુખથી તેની સ્વીકૃતિ સાંભળવા ઉત્સુક બન્યો છું.

"ધિક્કાર છે મોહને" :– રથનેમિએ તો રાજેમતીની ખૂબ પ્રશંસા કરી. રાજેમતીએ બધું મૌનપણે સાંભળ્યું. તેને જવાબ દીધો નહિ પણ મનમાં વિચાર કરવા લાગી કે હાય! આ સંસારમાં પુરૂષોનું આટલું બધું પતન છે! મારા રૂપ, લાવણ્ય પર મુગ્ધ બનીને રથનેમિ પોતાના ભાઇનું પણ આવું અનિષ્ટ ઇચ્છે છે? શું તેના હૃદયમાંથી ભ્રાતૃપ્રેમ પણ સૂકાઈ ગયો છે? નેમકુમારે મારો કોઇ પણ પ્રકારે ત્યાગ કર્યો હોય પણ તેમના ત્યાગને રહનેમિએ પોતાનું સૌભાગ્ય માન્યું. ધિક્કાર છે એ મોહને કે જેના કારણે આવું ભયંકર પાપ થાય છે. આ તો ઠીક છે, નેમકુમાર મારી સાથે લગ્ન કર્યા વિના જ પાછા ફર્યા પણ જો અમારા લગ્ન થયા હોત તો પણ આ મોહાંધ રથનેમિ અમને સુખે રહેવા દેત નહિ. આ વિષયાંધ એના ભાઇની હત્યા કરતા પણ પાછો પડત નહિ. મારા રૂપને પણ ધિક્કાર છે કે જેની પાછળ આ રથનેમિ પાગલ બન્યો છે ને કેવા કેવા શબ્દો બોલે છે! રાજેમતી વિચાર કરે છે કે હું એને સમજાવવાની કોશિષ કરું તો સમજી જશે. ભલે, અત્યારે મોહાંધ બન્યો પણ ગમે તેમ તો ય યાદવકુળમાં જન્મ્યો છે અને મારા સ્વામીનો ભાઇ છે માટે એ જરૂર સુધરી જશે.

રાજેમતીએ રથનેમિના સામું જોઇને કહ્યું મેં તમારા પ્રસ્તાવનો ઉત્તર આપવા માટે જ તમને બોલાવ્યા છે. માટે આપ ધીરજ રાખો. હું તમને થોડીવારમાં જ ઉત્તર આપીશ પણ મેં તમારી દુતી સાથે કહેવડાવ્યું હતું કે તમને જે પીણું વધુમાં વધુ પ્રિય હોય તે લેતા આવે. તો તમે તે ચીજ લાવ્યા છો? રથનેમિએ કહ્યું હા....હા. આ તો તમારી સૌથી પહેલી જ માંગણી છે. એને હું કેમ ભૂલી શકું! તમે મારા પ્રેમની પરીક્ષા કરવા માટે એક તુચ્છ વસ્તુ જ મંગાવી પણ જો તમે કોઇ મોટામાં મોટી કરોડોની કિંમતની ચીજ મંગાવી હોત તો પણ હું એ લેતો આવત. અરે, વસ્તુની તો કયાં વાત કરો છો. કદાચ તમે મારો પ્રાણ માંગત તો પણ હું આપવા તૈયાર છું. મોહાંધ બનેલો રથનેમિ કેવા કેવા શબ્દો બોલે છે પણ વિચાર નથી કરતો કે હું આ શું બોલી રહ્યો છું. પ્રાણ આપ્યા પછી શું સુખ ભોગવવાનું છે? આ બધી જીવની પાગલતા છે. જ્ઞાની પુરૂષો કહે છે કે આ સંસારમાં બધું જીતવું સહેલ છે પણ કામને જીતવો મુશ્કેલ છે. કામાંધ બનેલો પુરૂષ જાત કે ભાત કંઈ જોતો નથી.

એક વખત એક રાજકુમાર પોતાના મહેલની ગેલેરીમાં ઉભો હતો. ત્યારે ચોકમાં ભંગડી ઝાડુ વાળતી હતી જાતની ભંગડી હતી પણ એને રૂપ ખૂબ મળ્યું હતું. આ રૂપાળી યુવાન ભંગડીને જોઈને રાજકુમારનું મન ભંગડીના રૂપમાં મુગ્ધ બન્યું. અહો, શું એનું રૂપ છે! આવી તો મારી રાણી પણ રૂપાળી નથી. આ સ્ત્રી મને મળે તો મારું જીવન સફળ થાય. ભંગડી રોજ સવારના પ્રહરમાં ઝાડુ કાઢવા આવે ત્યારે રાજકુમાર ગેલેરીમાં ઉભો રહેતો અને મોહના લટકા ચટકા કરતો એટલે ભંગડી સમજી ગઇ કે આ રાજકુમારનું મન ભગડયું છે. રાજકુમારનું ચિત્ત ભંગડીમાં જ ભમ્યા કરે છે. એને ઉંઘ પણ આવતી નથી. એણે ગુપ્ત માણસો દ્વારા ભંગડી કયાં રહે છે તે ધ્યાન રખાવ્યું અને રાત્રે બાર વાગે મહેલમાંથી નીકળીને ભંગડીની ઝુંપડીએ આવીને બારણું અખડાવ્યું એટલે ભંગડીએ ઘૂઘરાટો કરીને કહ્યું–મધરાતે કોણ આવ્યો છે? જે હોય તે જલ્દી ચાલ્યો જા. પણ કામાંધને શું ખબર પડે? એણે તો જોરથી ઝુંપડીનું બારણું અખડાવવા માંડયું એટલે ભંગડીએ ઝૂંપડીની બહાર આવીને તેને જોરથી ધક્કો મારીને કહ્યું–નાલાયક! તું કોણ છે? ચાલ્યો જા અહીંથી, ત્યારે કહે છે તારા રૂપમાં પાગલ બન્યો છું. તારો દાસાનુદાસ છું. ત્યારે ભંગડી કહે છે ધિક્કાર છે તને! આવા ઉત્તમકુળમાં જન્મીને એક ભંગડીમાં મોહ પામ્યો છું! અત્યારે ચાલ્યો જા. આઠ દિવસ પછી આવજે. કામાંધ રાજકુમાર ચાલ્યો ગયો.

હવે આઠ દિવસ કયારે પૂરા થાય ને કયારે ભંગડીને ઘેર જાઉં તેની રાહ જોવા લાગ્યો. આઠ દિવસ પૂરા થયા એટલે તે ભંગડીને ઘેર ગયો, ત્યારે ભંગડીએ એને જોરથી લાત મારીને કહ્યું મૂર્ખા! તને શરમ નથી આવતી? એમ કહીને જોરથી લાત મારીને ગબડાવી દીધો તો પણ તે દુષ્ટ કામના પૂરી કરવા કરગરવા લાગ્યો, ત્યારે ભંગડીએ કહ્યું

આઠ દિવસ પછી આવજે, તેથી પાછો ગયો ને આઠ દિવસ પૂરા થયા એટલે ફરીને રાજકુમારે ઝુંપડીના દ્વાર ખખડાવ્યા. અંદરથી ભંગડીએ કહ્યું તને અત્યારે મારે ઘેર આવતા શરમ નથી આવતી ? મારા ઘરમાં મારો ધણી બેઠો છે. ચાલ્યો જા અહીંથી. તો પણ ગયો નહિ ત્યારે ભંગડીએ કહ્યું જો, આ સામે પહાડ દેખાય છે. ત્યાં જઈને એક મહિનો રામનામનો એક ચિત્તે જાપ કર. રહેજ પણ તારું ચિત્ત મારામાં ન આવવું જોઇએ. જો તારું ધ્યાન બીજે કે મારામાં જશે તો ફરીને જાપ કરવો પડશે. ૨૯ દિવસ પૂરા થશે ને ૩૦ મા દિવસે ચિત્ત રહેજ પણ ચંચળ બનશે તો ફરીથી મહિનો જાપ કરવા પડશે. માટે ધ્યાન રાખજે. હું અહીં બેઠી છું પણ મને બધી અબર પડે છે. મોહાંધ બનેલો રાજકુમાર ભંગડીને પોતાની બનાવવા પહાડ ઉપર જઈને રામનામના ધ્યાનમાં બેસી ગયો. જો એને ભગવાનનું નામ લેવા માટે પહાડ ઉપર મોકલ્યો હોત તો જાત નહિ પણ ભંગડીને પોતાની પત્ની બનાવવાની લગની લાગી છે એટલે ગયો. જઇને એ તો એક ચિત્તે એવા જાપ કરવા લાગ્યો કે ન હાલે કે ન ચાલે. પથ્થરના પૂતળાની માફક સ્થિર બેસીને જાપ કરવા લાગ્યો. ભંગડી કર્મોદયે નીચકુળમાં જન્મી હતી પણ એનો આત્મા પવિત્ર હતો. એણે રાજકુમારને સુધારવા માટે આ યુક્તિ કરી હતી. એ સમજતી હતી કે જો એક મહિના સુધી બરાબર રામનામમાં ચિત્ત જોડી દેશે તો પછી મારા સામું પણ જોવાનો નથી. ભગવાનના નામનો એવો પ્રભાવ છે કે તે આપોઆપ સુધરી જશે. કુમાર તો રામનામમાં એવો એકતાર બની ગયો કે એને બીજું કાંઇ યાદ આવતું નથી. એના વિકારો નષ્ટ થઈ ગયા. એક મહિનો પૂરો થયો એટલે ભંગડી પહાડ ઉપર આવીને જુએ છે તો એ તો રામનામમાં રક્ત છે. ભંગડીએ એને ઢંઢોળીને કહ્યું કેમ રાજકુમાર ! હવે શું વિચાર છે ? રાજકુમારે કહ્યું બહેન ! તમે કોણ છો ? ત્યારે કહે છે કે જેને માટે આ પહાડ ઉપર ધ્યાન ધરીને બેઠા છો તે હું છું, રાજકુમાર ભંગડીના ચરણમાં માથું નમાવીને કહે છે મૈયા ! તારું ભલું થજો. તેં મને પતનના માર્ગે જતાં અટકાવ્યો છે. તું મને ઠેકાણે લાવી છું. તારો મહાન ઉપકાર છે, મારી ભૂલની માફી માંગું છું. હવે તો મને સંસાર ઝેર જેવો લાગે છે. હવે મારે તારી સાથે લગ્ન કરવા નથી. હું આ પહાડ ઉપર રહીને રામનામના સ્મરણમાં જ મારું જીવન વીતાવીશ. ભંગડી પવિત્ર હતી તો રાજકુમારને પતનના પંથે જતો અટકાવીને તેનું ઉત્થાન કરાવ્યું.

રથનેમિ લોગનો ભિખારી બનીને આવ્યો છે પણ રાજેમતી શુદ્ધ છે. એને કંઇ રથનેમિ સાથે પરણવું નથી પણ પતનના પંથેથી ઉત્થાનના પંથે લઇ જવો છે. એણે પૂછયું કે તમે પીવાનો પદાર્થ લાવ્યા છો ? ત્યારે રહનેમિએ પ્રેમથી કહ્યું–તમે પહેલી જ વખત જે મંગાવો તે લાવ્યા વિના રહું ? તમે મામૂલી ચીજ મંગાવી છે એમ કહીને સોનાના થાળમાંથી પેલો ગ્લાસ લઇને રાજેમતીને આપ્યો, રાજેમતીએ તે પ્યાલો હાથમાં

લીધો ને મનમાં વિચાર કર્યો કે અત્યારે રથનેમિ મારા ઉપર અત્યંત મોહાસક્ત છે. જો અત્યારે તેમને મોહની સીડી ઉપરથી ઉતારીને બરાબર ઉપદેશ આપવામાં આવે તો ઘણો જ સારો પ્રભાવ પડશે. આ પ્રમાણે વિચાર કરીને રાજેમતી રથનેમિનું લાવેલું પીણું તેની સામે જ ગટક ગટક પીવા લાગી. એ પીને સાથે એક ઔષધિ પણ ખાઈ ગઈ. એમાં તરત વમન કરાવવાનો ગુણ હતો. રાજેમતીને પોતાના લાવેલા પીણાને પ્રેમથી પીતી જોઇને રહનેમિ મનમાં વિચાર કરવા લાગ્યા કે મારો પ્રસ્તાવ રાજેમતીએ સ્વીકારી લીધો છે, કારણ કે જો એને પ્રેમ ન હોય અગર મારી સાથે વિવાહ કરવાની મરજી ન હોય તો મારું લાવેલું પીણું તરત પીવે નહિ પણ આ પી રહી છે. તે મારો પ્રસ્તાવ સ્વીકારવાનું પ્રમાણ છે. રાજેમતી તો મારી સમક્ષ આ પેય પદાર્થ પીને મને એમ બતાવી રહી છે કે જેવી રીતે હું આપના આ પદાર્થને મારા હૃદયમાં સ્થાન આપું છું તેવી રીતે આપને પણ મારા હૃદયમાં સ્થાન આપું છું.

આ રીતે રથનેમિ મનમાં અનેક પ્રકારની કલ્પનાઓ કરતા આનંદ પામતા હતા, એમના મનમાં એવું અનુમાન થતું હતું કે હમણાં રાજેમતી મને એમ કહેશે કે મેં આપના પીણાનો જે રીતે સ્વીકાર કર્યો છે તેમ આપના પ્રસ્તાવનો પણ પ્રેમથી સ્વીકાર કર્યો છે, પણ ક્ષણવારમાં એમની આશાના મિનારા તૂટી ગયા. એમણે જોયું કે રાજેમતીના મુખમાંથી સ્વીકૃતિનો શબ્દ નીકળવાને બદલે રથનેમિનો લાવેલો પેય પદાર્થ બહાર નીકળી રહ્યો છે, જેવું પીણું પીધું તેવું તરત જ રાજેમતીને વોમીટ થઈ એટલે રાજેમતી તે વમનને રહનેમિના લાવેલા રત્નજડિત ગ્લાસમાં લેતી હતી. આ જોઇને રહનેમિના દિલમાં ખેદ થયો કે શું મારા લાવેલા પદાર્થમાં તો એવું કંઇ આવ્યું નહિ હોય ને કે જેથી રાજેમતીને વમન થયું. એક તરફ ખેદ થયો ને બીજી તરફ દુઃખ થયું ને ક્રોધ આવ્યો કે આ રાજેમતી આવી ચતુર છે છતાં એને ભાન નથી કે હું વોમીટ બહાર જઈને કરું. એના બદલે મારી સામે રત્નજડિત ગ્લાસમાં કરી રહી છે! એને કોઇ જાતનું ભાન છે કે નહિ? આવો કિંમતી ગ્લાસ વોમીટ કરવા માટે લાવ્યો છું? ખૂબ ક્રોધ આવ્યો પણ રાજેમતી પ્રત્યે મોહ છે એટલે ક્રોધને મનમાં શમાવી દીધો.

રાજેમતીએ વમનથી ભરેલો પ્યાલો રહનેમિ સામે ધરીને કહ્યું રાજકુમાર! આપ આ પીણું પી લો. પોતાની સન્મુખ વમનનો પ્યાલો ભરેલો ધરેલો જોઈને રથનેમિ પાછા હઠી ગયા, અને એમના ક્રોધમાં ઉભલ વધારો થયો. એમના હૃદયનો સઘળો આનંદ ક્રોધે નષ્ટ કરી નાંખ્યો. આનંદના સ્થાને ક્રોધે પોતાનું આધિપત્ય જમાવી લીધું. તેમની આંખો લાલઘૂમ બની ગઈ, તેમના હોઠ ફફડવા લાગ્યા અને ખૂબ ક્રોધાવેશમાં આવીને રાજેમતીને કહ્યું–શું તમને તમારા રૂપ, લાવણ્યનો આટલો બધો ગર્વ છે? કે કોઈ ભદ્રપુરૂષને પોતાને ત્યાં બોલાવીને તેનું આવી રીતે અપમાન કરો છો? શું તમે મને કાગડો કે કૂતરો સમજો

છો કે તમે વમન કરેલી વસ્તુ મને પીવડાવવા ઇચ્છો છો? હું કંઈ જેવો તેવો પુરૂષ નથી, સામાન્ય માણસ નથી પણ હું યાદવકુળમાં જન્મેલો છું. સમુદ્રવિજય પિતા અને શીવાદેવી માતાનો લાડીલો નંદ છું. વમન કરેલો પદાર્થ તમે કોને પીવડાવવા ઉઠયા છો? વમેલું તો કાગડા અને કૂતરા પીવે પણ કંઇ માણસ ન પીવે. વમેલું પીવાનો મનુષ્યનો સ્વભાવ નથી, ત્યારે રાજેમતીએ કહ્યું-કુમાર! ભલે તમે દેખાવથી મનુષ્ય છો પણ તમારી પ્રકૃતિ તો મને કાગડા અને કૂતરા જેવી દેખાય છે. આ સાંભળતા રથનેમિનો ક્રોધ વિશેષ ભભૂકી ઉઠયો.

રથનેમિનો ક્રોધ જોઈને રાજેમતીએ તેને ઉપદેશ આપવાનો સુઅવસર સમજીને રથનેમિને કહ્યું-રાજકુમાર! તમે કોપાયમાન ન થાઓ. જરા ધીરજ રાખો. આ તો હું આપના પ્રેમની પરીક્ષા કરીને જાણવા ઇચ્છું છું કે તમે ખરેખર મારી સાથે લગ્ન કરવા ઇચ્છો છો કે માત્ર એમ જ કહો છો? રથનેમિએ કહ્યું કે શું આ તમારી પરીક્ષા કરવાની રીત છે? પરીક્ષા કરવી હોય તો બીજા ઘણાં ઉપાયો છે. વાહ! તમે પરીક્ષાનો ઘણો સારો ઉપાય શોધ્યો. તમને બીજો કોઈ ઉપાય જડયો નહિ? રાજેમતીએ કહ્યું આ ઉપાય સિવાય આપના પ્રેમની પરીક્ષા થઈ શકે તેમ નથી. જો તમે આ પ્યાલામાંનો પદાર્થ પ્રેમથી પી ગયા હોત તો હું સમજત કે તમે મને અપનાવી શકશો. આ શબ્દો રથનેમિને તલવારના ઘા જેવા લાગ્યા. હવે રાજેમતીને તે શું જવાબ આપશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : જિનસેનકુમાર સિંહલદ્વીપના રાજાના મહેલના દરવાજે ચોકીદાર બનીને ઉભો રહ્યો, આખી રાત પસાર થઈ એટલે સવાર પડતાં રાજાજી જાગ્યા તેથી કુમારે રાજા પાસે જઇને કહ્યું સાહેબ! આપ કંઈ કામકાજ હોય તો મને ફરમાવજો. હું રાજ્ય સંબંધી જે કાંઇ કામ હશે તે જરૂર કરીશ. મને રાજકાર્યમાં ખૂબ રસ છે. કુમારે આટલું કહ્યું ત્યાં રાજાની આંખમાં આંસુ આવી ગયા. અશ્રુભરી આંખે ને ગદ્‌ગદ્‌ કંઠે મહારાજાએ કહ્યું-બેટા! તેં રાત્રે મહેલમાં ચોકી ભરી તો અમારા મહેલમાં શું થયું તે તું જાણે છે? તને કંઇ નવાજુની લાગી? જિનસેનકુમારે કહ્યું સાહેબ! હું તો બહાર ચોકી કરું છું. બહારથી કોઈ અંદર પેસી ન જાય તે મારે ધ્યાન રાખવાનું હોય? પણ આપ જે મહેલમાં સૂતા હોય ત્યાં મારે બીજું શું ધ્યાન રાખવાનું હોય? મેં રાતના કોઈ રંગ-ઢંગ જોયા નથી. આ પ્રમાણે જિનસેનકુમારે રાજાને કહ્યું પણ એમની આંખમાં આંસુ જોઈને ચતુર જિનસેનકુમાર સમજી ગયો કે નક્કી મહારાજાને કંઈક દુઃખ છે. નહિતર રાજા જેવા રાજાની આંખમાં કદી આંસુ આવે નહિ. આ તો રાજાની વાત છે પણ સામાન્ય પુરૂષની આંખમાં પણ આંસુ જલ્દી ન આવે. અમારી બહેનોને તો પળે પળે આંસુ આવી જાય. એને કોઈ રહેજ કહે અગર એને ગમતું ન થાય તો તરત આંસુ આવી જાય છે, એટલે કુમારે કહ્યું-મહારાજા! આપની આંખમાં આંસુ કેમ? આપને જે કંઇ દુઃખ હોય તે મને ખુશીથી કહો. હું દૂર કરવા તૈયાર છું.

"કુમારને દુઃખભરી કહાની કહેતા રાજા" :- કુમારના શબ્દો સાંભળીને મહારાજા ખુશ થયા ને તેને પ્રેમથી ભેટી પડયા, અને કહ્યું-દીકરા ! તને શું વાત કરું ? તને કહેવાય તેમ નથી. મારું જીવન ધૂળધાણી બની ગયું છે. મારા જીવનમાં કંઈ સાર કે સુખ દેખાતા નથી. જિનસેનકુમાર કહે છે મહારાજા ! તમે કહો તો ખરા, કહેશો તો બહર પડશે પણ નહિ કહો તો મને શી રીતે બહર પડશે ? માટે હવે વિલંબ ન કરો. મને જલ્દી કહો, ત્યારે રાજા કહે છે દીકરા ! તને કહેવાની મારી હિંમત નથી, અને ન કહું તો કંઈ ચાલે તેમ નથી. તો સાંભળ. અમારા મહેલમાં મધરાત્રે એક રાક્ષસ આવે છે. તે રાક્ષસ મને પલંગમાંથી ઉઠાવીને નીચે ફેંકી દે છે અને પછી મારા હાથપગ બાંધીને મારી આંખે મજબૂત પાટા બાંધી દે છે. પછી એ રાક્ષસ રાણી ઉપર બળાત્કાર કરવા જાય છે. એવો દુષ્ટ, પાપી અને કામાંધ રાક્ષસ છે.

"શીલ સાચવવા કષ્ટ વેઠતી મહારાણી" :- એ મહારાણીનું શીયળ લૂંટવા માટે ખૂબ સતાવે છે, માર મારે છે. મને તો મજબૂત બંધને બાંધી આંખે પાટા બાંધી દે છે જેથી હું તો એનો સામનો કરી શકું નહિ. મને ઘણું એની સામે ઝઝુમવાનું મન થાય પણ હું બંધનથી છૂટી શકતો નથી, પણ રાણી એ દુષ્ટ પાપીને કેવા કેવા શબ્દો કહે છે અને એ કામાંધ વિકરાળ રાક્ષસ રાણીને કેવી રીતે સતાવે છે તે સાભળું છું ત્યારે મારું હૃદય ચીરાઈ જાય છે, પણ હજુ સુધી મહારાણીએ તેની સામે ખૂબ ટક્કર ઝીલી છે. એ પાપી હજુ સુધી રાણીને અડી શકયો નથી, પણ આ ત્રાસ કયાં સુધી સહન થાય ! ભાઈ ! મોટા બળવાન રાજાઓ પણ મારું નામ પડે ત્યાં ધ્રુજી ઉઠે છે, પણ આ નરાધમ, કામાંધ રાક્ષસ મારાથી ડરતો નથી. કોણ જાણે હવે અમારા દુઃખનો અંત કયારે આવશે ! અત્યાર સુધી ઘણાં માણસો આવ્યા. મેં ઘણાં ઘણાં ઉપચારો કરાવ્યા પણ કોઈ આ દુઃખ મટાડી શકયું નથી પણ તારું તેજસ્વી મુખડું જોઈને મને એમ લાગે છે કે તું જ મારું દુઃખ મટાડીશ. તું આમ દેખાવમાં નાનકડો છે પણ તારી બુદ્ધિ, સાહસ, બળ મને અજોડ દેખાય છે માટે મારું મન એમ કહે છે કે અમારું દુઃખ ટળશે.

"જિનસેને કરેલી કપરી પ્રતિજ્ઞા" :- રાજાની વાત સાંભળીને જિનસેનકુમારે કહ્યું- પિતાજી ! હવે આપ નિશ્ચિત બની જાઓ. આજથી હું પ્રતિજ્ઞા કરું છું કે એ રાક્ષસને માર્યા વિના અન્ન ખાઈશ નહિ. રાજા કહે તું એવી પ્રતિજ્ઞા ન કર, પણ જિનસેનકુમાર કહે-નહિ, હું એને માર્યા પહેલા ખાઈશ નહિ. અત્યારે તો હું મારે ઘેર જાઉં છું. રાત્રે હું આવી જઈશ. હવે રાજા રાણી પાસે આવીને કહે છે મહારાણી ! આપણા રાજયમાં એક શૂરવીર યુવાન પુરૂષ આવ્યો છે અને એણે રાક્ષસને માર્યા પહેલા જમવું નહિ એવી પ્રતિજ્ઞા કરી છે તેથી મારું હૃદય કહે છે કે નક્કી હવે આપણા દુઃખનો અંત આવશે. આથી રાણીને પણ ખૂબ આનંદ થયો. બીજી તરફ જિનસેનકુમાર પોતાને ઘેર આવીને ચંપકમાલાને

કહે છે આજે તો મારે પરોપકારનું કાર્ય કરવા જવાનું છે. ચંપકમાલાએ કહ્યું-શું વાત છે? મને કહો તો ખરા, ત્યારે જિનસેનકુમારે કહ્યું-આપણા માલિક જેનો મહિને બે લાખ સોનામહોરોનો પગાર ખાઇએ છીએ એવા મહારાજાને આવું ભયંકર દુઃખ છે. એ દુઃખનો જ્યાં સુધી અંત ન આવે ત્યાં સુધી મારે અન્નનો ત્યાગ છે. મારા જેવો ક્ષત્રિયપુત્ર જે રાજાનું લૂણ ખાતો હોય તેની આવી દશા કેમ જોઈ શકાય? આ સાંભળીને ચંપકમાલા ખુશ ખુશ થઈ ગઈ. ધન્ય છે સ્વામીનાથ આપને! હું આપના જેવા પવિત્ર અને શૂરવીર પતિને મેળવીને ધન્ય બની ગઈ છું. હે મારા સ્વામીનાથ! આપ જલ્દી જલ્દી એ રાક્ષસને હણીને આપણા મહારાજા અને મહારાણીનું દુઃખ મટાડો. મહાન ભાગ્ય હોય તો આવા વીરપુરૂષની પત્ની બનવાનું સૌભાગ્ય સાંપડે છે. આપ જલ્દી રાક્ષસ ઉપર વિજય મેળવીને વહેલા વહેલા પધારજો. ચંપકમાલા કેવી પવિત્ર ને ધૈર્યવાન છે! આ જગ્યાએ જો આજની સ્ત્રી હોત તો એમ જ કહી દેત કે શું પારકા માટે આપણે મરવું! નહિ જવા દઉં-પણ ચંપકમાલા આજની સ્ત્રીઓ જેવી ન હતી. સાચી ક્ષત્રિયાણી હતી. રાત પડી અને જવાનો સમય થયો એટલે જિનસેનકુમાર શસ્ત્ર વિગેરે જરૂરની ચીજો લઇને જવા તૈયાર થયો. ત્યારે ચંપકમાલાએ એના પતિના કપાળમાં કંકુનો ચાંલ્લો કર્યો અને પતિના ચરણમાં પડીને કહ્યું આપ પરોપકારનું કાર્ય કરીને વહેલા પધારજો. એમ કહી હસતે મુખડે પતિને વિદાય આપી.

જિનસેનકુમાર પોતાના ઘેરથી નીકળીને રાજમહેલમાં આવ્યો અને મહારાજાને પૂછયું કે એ દુષ્ટ રાક્ષસ કયારે આવે છે? રાજાએ કહ્યું બાર વાગ્યા પછી આવે છે. જિનસેનકુમારે રાણીને કહ્યું કે એ આવે ત્યારે તમે આવા શબ્દો બોલજો પછી હું આવીશ. એમ કહીને કુમાર મહેલમાં સંતાઈ ગયો. હવે રાક્ષસ આવશે ને શું બનશે તે અવસરે.



વ્યાખ્યાન નં. ૮૫

આસો વદ ૩ ને ગુરૂવાર **તા. ૧૯-૧૦-૭૮**

અનંતજ્ઞાની કરૂણાસાગર તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના ઉદ્ધાર માટે દ્વાદશાંગીની પ્રરૂપણા કરી. તેમાં ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનની વાત ચાલે છે. તેમાં નેમકુમારને આત્મિક સુખ મેળવવું છે તેથી તોરણદ્વારથી પાછા ફર્યા. આજનો માનવી પણ સુખ શાંતિ અને સમાધિને ઇચ્છે છે એટલે આખા વિશ્વની દોટ આ ત્રણ ચીજોને મેળવવા માટે હોય છે. આજનું ગણ્યાતું બાહ્ય સુખ બાહ્ય સામગ્રીને આભારી છે. શાંતિ આંતર સામગ્રીને આભારી છે, અને સમાધિ એ બંનેથી પર આંતરિક અનુભૂતિ સ્વરૂપ અલૌકિક ચીજ છે. માનવ બાહ્ય સુખને મેળવી શકશે કારણ કે એ બાહ્ય સામગ્રીથી મળે છે. બાહ્ય સામગ્રી પૈસાથી મળે છે અને પૈસા પુરૂષાર્થ અને પ્રારબ્ધથી મળે છે. ફૂટપાથ પર સૂનારા કંગાલ માણસના કર્મનું પાંદડું ફરી જાય અને પચાસ કે સો રૂપિયા તેના

હાથમાં જો આવી જાય તો ખુલ્લી ધરતી ઉપર પોતાની સ્વતંત્ર ઝુંપડી બાંધી દેશે ને સુખનો અનુભવ કરશે. નોકરી માટે આંટા ફેરા મારતો, જ્યાં ને ત્યાં લાગવગ લગાવતો અને શ્રીમંતોની તહેનાતમાં ઉભો રહેતો ગ્રેજ્યુએટ થયેલો યુવાન કે જેની પાસે રહેવા ઘર છે, સૂવા પલંગ છે, હવા આવા પંખો છે ને આગળ ભણવા પૈસા પણ છે છતાં પેલા ફૂટપાથમાંથી સ્વતંત્ર ઝુંપડી બનાવનાર કંગાલ કરતાં તે વધુ દુઃખી છે કારણ કે એને નોકરી જોઇએ છે. તે નોકરી માટે ચારે બાજુ ફાંફાં મારી રહ્યો છે. પેપરોના છેલ્લા પાના ઉપર ઝીણી ઝીણી આંખે નિહાળી નિહાળીને એ થાકી ગયો છે. એમાં એના પુણ્યોદય જાગતા નોકરી મળી જાય છે એટલે એ માને છે કે હવે હું સુખી છું.

જેને નોકરી મળી ગઇ છે એ ધંધાની શોધમાં પોતાની શક્તિ ખર્ચી પોતાની જાતને દુઃખી માને છે, અને ધંધો મળી જતાં ક્ષણવારમાં હું સુખી છું એવી અનુભૂતિ કરે છે, કારણ કે આજનું ગણ્યુંતું સુખ બાહ્ય સામગ્રીને આભારી છે. બાહ્ય સામગ્રીના તો ચોમેર ખડકલા ખડકાયેલા છે. એ બાહ્ય સામગ્રી ઘડીભર માનવને સુખ આપી શકશે પણ જીવનભર શાંતિ નહિ આપી શકે. બંધુઓ ! જરા કલ્પના કરો કે એક માનવને સુખની સામગ્રી કેટલી જોઇએ ? માણસ દીઠ એક બંગલો, એક ટેલીવીઝન એક ટેલીફોન, એક રેડિયો, એક ઓફીસ અને એક ઉદ્યોગ આટલું મળી જાય તો માનવી સુખી થઇ જાય ખરો ? 'ના', કારણ કે એના અંતરમાં હજુ એનાથી વધારે સુખનું પ્રલોભન જીવતું ને જાગતું બેઠું છે અને એ પ્રલોભન દુઃખના ભયને જન્મ આપે છે. એ દુઃખનો ભય માનવને છતે સુખે દુઃખી અને અશાંત બનાવે છે. સુખની અપેક્ષા જ્યાં સુધી જાય નહિ ત્યાં સુધી દુઃખનો ભય જાય નહિ ને ત્યાં સુધી અશાંતિ પણ જાય નહિ અને અશાંતિ ન જાય ત્યાં સુધી શાંતિ પણ ક્યાંથી મળે ? જ્યાં સુખનો લોભ, દુઃખનો ભય અને એના ફળ રૂપે જન્મેલી અશાંતિ આ ત્રણ ચીજ હોય ત્યાં સુધી સમાધિની તો વાત જ ક્યાં કરવી ?

આજે દિનપ્રતિદિન સુખની સામગ્રી વધે છે. આગળ વધીને કહો તો બાહ્ય દૃષ્ટિએ સુખ પણ વધ્યું છે પણ આભ્યંતર સુખ કે જેને આપણે શાંતિનો મીઠો અનુભવ કહીએ એની અછત છે, અને જેટલી એની અછત છે એટલી જ માંગ છે. જેની અછત વધુ હોય એની માંગ વધુ હોય એવો કુદરતી નિયમ છે. આજે તમે જર્મન, અમેરિકા, જાપાન, ફ્રાન્સ, અમેરિકા, યુરોપ ગમે તે દેશ કે પ્રદેશમાં જાઓ, દરેક જગ્યાએ એક જ ફરિયાદ અને એક જ માંગ સંભળાશે કે અમારી પાસે બંગલો, મોટર, સ્કુટર, સાઇકલ, ટેલીફોન, ટેલીવીઝન, બેંક બેલેન્સ આ બધું છે છતાં પણ અમે સુખી નથી, અમારી પાસે સુખની અનુભૂતિ નથી, અમને શાંતિ નથી એટલે અમારી મોટામાં મોટી માંગ છે કે અમને શાંતિ મળો.

દેવાનુપ્રિયો ! શાંતિની માંગ આટલી બધી કેમ ઉભી થઈ ? અશાંતિની આગ આટલી

બધી કેમ વ્યાપી ગઈ? સુખની સામગ્રી હોવા છતાં સુખની અનુભૂતિ કેમ થતી નથી! જ્ઞાની પુરુષો કહે છે કે આનો જવાબ એક જ છે કે આજે સુખનો રાગ વધ્યો છે, એ રાગમાંથી લોભ જન્મ્યો છે અને એ લોભમાંથી એના પ્રતિપક્ષી દુઃખનો દ્વેષ અને દુઃખ કદી ન આવે એવો ભય ઉભો થયો છે. દુનિયાનો નિયમ છે કે જેનો રાગ એનો લોભ અને જેનો દ્વેષ એનો ભય છે. સુખનો રાગ છે માટે સુખનો લોભ છે, અને દુઃખ પ્રત્યે દ્વેષ છે માટે દુઃખનો ભય છે. જ્યાં રાગ, દ્વેષ, લોભ અને ભયના ચાર ચાર સાણસા વચ્ચે જીવ સપડાઈ ગયો હોય ત્યાં શાંતિ કયાંથી મળે? સાચું સુખ મેળવવું હોય તો તેને માટે એક જ ઉપાય છે કે સુખ પ્રત્યેનો રાગ અને દુઃખ પ્રત્યેનો દ્વેષ એ બંનેને ઘટાડો. એને ઘટાડયા વિના સાચું સુખ, શાંતિ અને સમાધિ નહિ મળે.

આપણા અધિકારના નાયક નેમકુમાર સાચું સુખ, શાંતિ અને સમાધિ પ્રાપ્ત કરવા માટે રાજેમતીને છોડીને ચાલ્યા ગયા, ત્યારે બીજી તરફ એમના નાના ભાઈ સંસારમાં સુખ માનીને રાજેમતીને પરણવાની ઈચ્છાથી ત્યાં આવ્યા. પહેલાં તો રાજેમતીની સાથેની વાતચીત ઉપરથી એમ લાગ્યું કે મારી સાથે લગ્ન કરવાનો સ્વીકાર કરશે પણ જ્યારે પોતે લાવેલા પીણાને રાજેમતીએ પીધું ને તરત જ ઔષધિના પ્રયોગથી સોનાના રત્નજડિત કિંમતી ગ્લાસમાં વોમીટ કરી ત્યાં રહનેમિનો ક્રોધ ફાટી નીકળ્યો. લાલપીળો થઈ ગયો કે આને વોમીટ કરવાની કયાંય જગ્યા ન મળી કે મારા કિંમતી ગ્લાસમાં કરવા બેઠી? આટલેથી પત્યું નહિ તે પાછી રાજેમતી રહનેમિની સામે ગ્લાસ ધરીને કહે છે આ પી જાઓ, એટલે એનો ક્રોધ વિશેષ પ્રમાણમાં ભભૂકી ઉઠયો ને કહ્યું તમે મારા પ્રેમની પરીક્ષા કરવાનો આ ઉપાય શોધ્યો. બીજો કોઇ ઉપાય ન જડયો? રાજેમતીએ કહ્યું પણ એમાં શી મોટી વાત છે! વમેલો પદાર્થ છે તેથી શું થઈ ગયું? છે તો એ જ ને કે જે તમે લાવ્યા છો અને તમને વિશેષ પ્રિય છે. તેના રૂપ, રંગ કે સ્વાદમાં કંઈ વિશેષ ફરક પડયો નથી, કારણ કે એ તો ફક્ત મારા પેટ સુધી જ ગયો હતો અને એ જ રીતે બહાર નીકળી ગયો છે.

રથનેમિએ કહ્યું તમે પીધો તેવો જ તે પદાર્થ બહાર નીકળ્યો પણ અંતે છે તો વમન કરેલો જ ને! જવાબમાં રાજેમતીએ કહ્યું કે તમને જે પ્રિય હતું તે તમે લાવ્યા ને મેં પ્રેમથી પીધું. હવે હું પણ તમને પ્રિય છું તો જે તમને પ્રિય છે. જેની સાથે વિવાહ કરવા તમે ઉત્સુક બન્યા છો તેનો વમન કરેલો પદાર્થ પીવો એ કંઈ મુશ્કેલ કામ નથી. રથનેમિએ કહ્યું તમે એમ શા માટે કહો છો? રાજેમતીએ કહ્યું–હું એટલા માટે કહું છું કે જે રીતે આ પદાર્થ મારા વડે વમન કરાયેલો છે તે જ રીતે હું પણ આપના મોટાભાઈ દ્વારા તજાયેલી છું, છતાં તમે મારા પ્રત્યે ખૂબ પ્રેમ રાખો છો. મને તમારા ભાઈએ ત્યાગેલી છે, છતાં તમે અપનાવી લેવા તૈયાર છો તો પછી આ પદાર્થે

શો અપરાધ કર્યો છે કે તમે એને અપનાવતા નથી ? આ પણ તમને તો ખૂબ પ્રિય છે ને? આ પદાર્થ બીજા કોઈ દ્વારા ત્યજાયેલો નથી પણ જેનામાં તમે મુગ્ધ છો તેના દ્વારા ત્યજાયેલો છે, છતાં તે પીવામાં તમે તમારું અપમાન સમજો છો અને મારી સાથે વિવાહ કરવામાં તમારું અપમાન સમજતા નથી તેનું કારણ શું ? જેવી રીતે હું તમારા મોટાભાઈથી ત્યજાયેલી હોવા છતાં મારા રૂપ, લાવણ્યમાં કોઈ ખરાબી નથી આવી તેવી રીતે આ પદાર્થ મારાથી ત્યજાયેલો છતાં એના રૂપ, રંગમાં કોઈ ખરાબી નથી આવી છતાં તે પીનારને તમે કાગડા અને કૂતરા સમાન માનો છો તો મને અપનાવવામાં કેમ વિચાર નથી થતો ! રથનેમિજી ! તમે કંઈક તો વિચાર કરો. તમારું કુળ કોણ ? તમારા માતા-પિતા કોણ ? આવા ઉજ્જવળ યાદવકુળને તમે કલંક લગાડવા ઉઠયા છો ! એક ભાઈ ઉન્નતિના શિખરે આરૂઢ થયા. તેઓ મને ત્યજીને ચાલ્યા ગયા ત્યારે તમે અવનતિના પંથે જવા ઇચ્છો છો ?

બંધુઓ ! માણસ ગમે તેવો હોય, તે એક વખત ભાન ભૂલ્યો પણ એને જો કોઈ સુધારનાર મળે તો સુધરી જાય છે. જાતિવંત માણસ કદાચ ભૂલ કરતા કરી બેસે છે પણ પછી એને લજ્જા આવી જાય છે. અહીં રથનેમિએ પોતાના ભાઈ દ્વારા ત્યજાયેલી રાજેમતીને પરણવાની ઇચ્છા કરી અને અહીં સુધી આવ્યા, પણ રાજેમતીની યુક્તિપૂર્વકની વાત સાંભળીને એને લજ્જા આવી ગઈ અને લજ્જાના ભારથી તેનું મસ્તક નીચું નમી ગયું. રાજેમતી રથનેમિને લજ્જિત દેખીને વિચાર કરવા લાગી કે રથનેમિ આખરે છે તો કુલીન પુરૂષ, એટલે તેને પોતાના દુષ્કૃત્ય પ્રત્યે લજ્જા આવે છે. માણસ પતનના પંથે જાય પણ જો સામું પાત્ર સારું ને પવિત્ર હોય તો પતનના પંથે ગયેલાનું પણ ઉત્થાન કરાવે છે. આ તો રાજેમતી અને રથનેમિની વાત છે. બીજા ઐતિહાસિક દાખલા પણ ઘણાં છે.

ઘણાં વખત પહેલાની બનેલી વાત છે. એક ગામમાં રાજાનો જાદવજીભાઈ નામે કોઠારી હતો. કોઠારી એટલે સમજો છો ને ? રાજ્યના કોઠારોનો વહીવટ બધો સંભાળે તે. વર્ષે રાજ્યમાં કેટલું અનાજ જોઈએ, કેટલું છે ને કેટલું નવું લાવવું એ બધું કાર્ય જાદવજીભાઈ સંભાળતા. જાદવજીભાઈ ખૂબ સજ્જન માણસ હતા. રોજ ધર્મારાધના કરે, યથાશક્તિ દાન કરે, દુઃખીની સેવા કરે ને ગુરૂની ભક્તિ કરે. કોઈનું ખરાબ થતું હોય તો અટકાવી તેને સાચી ને સારી સલાહ આપતા, તેથી ગામમાં એમના ગુણ ખૂબ ગવાતા હતા. ખુદ મહારાજા પણ તેમની ખૂબ પ્રશંસા કરતા હતા. તમે જાણો છો ને કે સજ્જન પુરૂષ હોય ત્યાં દુર્જન તો હોય જ, તેમ આ ગામમાં ઈર્ષ્યાળુ માણસો જાદવજીભાઈ ઉપર ખૂબ ઇર્ષ્યા કરતા હતા. એક દિવસ જાદવજીભાઈ કોઈ કામ પ્રસંગે બહાર ગયા હતા. તે વખતે બધા ઇર્ષ્યાળુઓ ભેગા થઈને રાજા પાસે આવ્યા અને મીઠી મીઠી વાતો કરવા લાગ્યા. વાતમાં વાત એવી રીતે ગોઠવીને રાજાને કહે છે સાહેબ ! આપના અંતેઉરમાં ઘણી રાણીઓ છે. એક એકથી ચઢીયાતી છે પણ જાદવજીભાઈની પત્નીના રૂપ આગળ તમારી રાણીઓ

કંઈ હિસાબમાં નથી. આ તો ગમે તેમ તો ય "રાજા વાજા ને વાંદરા." એક તો દારૂની પ્યાલીઓ પીને વિષયમાં ચકચૂર રહેતો હોય અને આવું કહેનાર મળે એટલે ચઢી જાય.

જાદવજીભાઈની પત્નીના રૂપની પ્રશંસા સાંભળીને રાજા મુગ્ધ બન્યા અને એને કેવી રીતે મેળવવી તેનો વિચાર કરવા લાગ્યા. જાદવજી ઘરમાં હોય ત્યાં સુધી એની પત્ની મળે જ નહિ ને? ત્યારે ઇર્ષ્યાખોરો કહે છે એમાં શી મોટી વાત છે? જાદવજીને છ મહિના બહારગામ મોકલી દો. બીજે દિવસે રાજાએ જાદવજીને બોલાવીને કહ્યું–જાદવજીભાઇ! તમારે છ મહિના માટે ખરીદી કરવા બહારગામ જવાનું છે. જાદવજીએ કહ્યું–સાહેબ! શેની ખરીદી કરવાની છે? ત્યારે રાજાએ કહ્યું થોડા પાણીદાર ઘોડા અને અમુક કિંમતી ઝવેરાત ખરીદવાનું છે. સાહેબ! હું તો અનાજ ખરીદી જાણું. ઘોડા અને ઝવેરાત ખરીદવાનો મારો વિષય નથી. રાજા કહે છે એ તો હું તમારી સાથે ઝવેરાત અને ઘોડા પારખનારા હોંશિયાર માણસો મોકલીશ. તમારે તો માત્ર ધ્યાન જ રાખવાનું છે ને દૂર દેશાવર જવાનું છે. જાદવજીભાઇ હોંશિયાર હતા. તે સમજી ગયા કે આટલા વખતમાં કદી ખરીદી કરવા મને મોકલ્યો નથી ને આજે મોકલે છે માટે કંઈક દાળમાં કાળું લાગે છે, પણ રાજાના હુકમ આગળ કંઈ ચાલે તેમ ન હતું.

જાદવજીએ ઘેર આવીને પત્નીને વાત કરી. પત્ની પણ ચતુર હતી. એણે કહ્યું–સ્વામીનાથ! આપ ખુશીથી જાઓ. જ્યાં સુધી આ બોળીયામાં પ્રાણ છે ત્યાં સુધી કોઇની તાકાત નથી કે મને આંગળી અડાડી શકે. આપ બેફિકર રહેજો. કોઇ જાતની ચિંતા કરશો નહિ. જાદવજીને પોતાની પત્ની પ્રત્યે વિશ્વાસ હતો. એ તો બીજે દિવસે ગયા. પછી ચાર પાંચ દિવસ બાદ રાજાએ જાદવજીને ઘેર મેવા મીઠાઇના પડીકા અને સારા કપડા મોકલવા માંડ્યા ને પોતાની જાળમાં ફસાવવાના પ્રયત્ન શરૂ કર્યા. જાદવજીની પત્ની સમજી ગઇ કે નક્કી રાજાની દાનત બગડી છે. એણે વસ્તુઓ આપવા આવનારને કહી દીધું કે તમે જઇને રાજાને કહેજો કે મારા ઘરમાં મેવામીઠાઇઓ ઘણું છે. મારે કોઇ ચીજની જરૂરિયાત નથી, માટે મહેરબાની કરીને મોકલાવશો નહિ અને જો તમે મોકલાવશો તો હું ગાય, કૂતરા અને ગધેડાને ખવડાવી દઇશ પણ મારા ઘરમાં નહિ રાખું. બેધડક રીતે આમ કહી દીધું. એટલે રાજા અકળાયા. છેવટે શરમ છોડીને કહેવડાવ્યું કે મારે તમને મળવું છે. કાં તમે મારા મહેલે આવો કાં હું તમારે ઘેર આવું. તમને મળવા મારું મન તલસી રહ્યું છે.

જાદવજીની પત્નીએ કહેવડાવ્યું કે ખુશીથી મારે ઘેર આવો. રાજાએ પણ કહેવડાવ્યું કે હું આજે રાત્રે તમારે ત્યાં આવીશ, એટલે જાદવજીની પત્નીએ તો ઘર શણગાર્યું. આંગણામાં રંગોળી પૂરી અને પોતાની ભારેમૂલી સાડીઓ ને શેલા પાથરી દીધા. રાત પડતા રાજા તેને ત્યાં આવ્યા. બધો ઠાઠમાઠ જોઇને રાજા વિચાર કરવા લાગ્યા કે શું એને મારા પ્રત્યે પ્રેમ છે! રાજાજીનો સત્કાર કરીને એક રૂમમાં બેસાડ્યા. પછી તે બાઇએ એક ટેબલ ઉપર ચાર કલરના ચાર ગ્લાસ તૈયાર કરી રાખ્યા હતા. એમાં બદામ, પિસ્તા, કેસર

વિગેરે નાંખીને ઉકાળેલું દૂધ તૈયાર રાખ્યું હતું તે થોડું થોડું બધા ગ્લાસમાં નાંખી દીધું અને પ્રેમથી રાજાને પીવા આપ્યું. રાજાએ એક ગ્લાસમાંથી દૂધ પીધું ત્યારે કહે છે હવે બીજામાંથી પીઓ. રાજાએ કહ્યું મને ભૂખ નથી ત્યારે કહે છે તમારે ચારે ચાર ગ્લાસનું દૂધ પીવું જ જોઈએ. બીજા ગ્લાસમાંથી પીધું એટલે કહ્યું હવે ત્રીજામાંથી પીઓ. રાજાએ કહ્યું મને ઉછાળા આવે છે. મારાથી નથી પીવાતું. ગમે તે ગ્લાસમાંથી દૂધ પીઉં પણ દૂધ તો એક જ છે ને? માત્ર ગ્લાસ જ જુદા છે, ત્યારે જાદવજીની પત્નીએ કહ્યું–સાહેબ! ગ્લાસ જુદા છે પણ દૂધ તો એક જ છે એમ તમારા અંતેઉરમાં આટલી બધી રાણીઓ છે. એમનામાં ને મારામાં શું ફરક છે? કોઈ રૂપાળી છે, કોઈ ઘઉંવર્ણી છે, તો કોઈ અતિ રૂપાળી છે. ગ્લાસ સમાન શરીરમાં જ ફેર છે. બાકી સ્ત્રીઓ તો એક જ છે ને! છતાં શું જોઈને હડકાયા કૂતરાની જેમ મારે ઘેર લંપટવેડા કરવા આવ્યા છો? આટલી બધી રાણીઓ હોવા છતાં સંતોષ નથી કે અહીં ભોગના ભિખારી બનીને હાલ્યા આવ્યા છો! શરમ નથી આવતી? જરા વિચાર કરો. તમે તો રાજ્યના રક્ષક છો. રક્ષક ઉઠીને જો ભક્ષક બનશે તો પ્રજા કોને ફરિયાદ કરવા જશે? ભાઈનું અમીર જોઈને રાજા ધ્રુજી ઉઠયા ને એના ચરણમાં પડી માફી માંગી અને કહ્યું–માતા! આજથી પ્રતિજ્ઞા કરું છું કે કદી પરાઈ સ્ત્રી સામે આંખ ઊંચી નહિ કરું. મારી દૃષ્ટિ આવી ન હતી પણ મને ચઢાવનારા મળ્યા તેથી હું ચઢી ગયો. રાજાની દૃષ્ટિ સુધરી ગઈ ને શરમાઈને ત્યાંથી ચાલ્યા ગયા.

આપણે રથનેમિની વાત ચાલતી હતી. રાજેમતીના વચન સાંભળીને રથનેમિ પણ શરમાઈ ગયા ત્યારે રાજેમતી તેમને ફરીથી કહેવા લાગી કે યાદવકુમાર! મારી સાથે વિવાહ કરવા બાબતમાં તમારે થોડો વિચાર કરવાની જરૂર હતી. હું તમારા વડીલ ભાઈની પરિત્યક્તા પત્ની છું છતાં પણ તમે મોહવશ મારી સાથે વિવાહ કરવા તૈયાર થયા! તમને તમારો મોટાભાઈના સબંધનો જરા પણ ખ્યાલ ન આવ્યો? તમારા મોટાભાઈ મને ત્યજીને ચાલ્યા ગયા તેમાં તમે તમારું સૌભાગ્ય માન્યું? થોડો તો વિચાર કરો. તમારા આ વિચારો તમને ઉન્નતિના માર્ગે લઈ જશે કે અવનતિના માર્ગે? તેનો કંઈક તો ખ્યાલ કરો. શરમના કારણે રથનેમિના મનમાં થઈ ગયું કે જાણે પૃથ્વી જગ્યા આપે તો સમાઈ જાઉં. અરર.... મેં આ શું કર્યું! રાજકુમારી રાજેમતીનું કહેવું સત્ય છે. એક સ્ત્રીને માટે હું મારા ભાઈનો સંબંધ પણ ભૂલી ગયો? ધિક્કાર છે મને! રથનેમિ રાજેમતીને કહેવા લાગ્યા કે રાજકુમારી! તમે મને ઉપદેશ આપી ઠેકાણે લાવવા જ અહીં બોલાવ્યો હશે. ખરેખર તમે મને ઉપદેશ આપીને પવિત્ર બનાવ્યો છે. તમે મારો અપરાધ ક્ષમા કરો. મને મારા કર્તવ્યથી લજ્જા આવી ગઈ છે, હવે હું જાઉં છું. હવે તમે થોડા સમયમાં જ સાંભળશો કે રથનેમિએ પોતાના દુષ્કૃત્યનું પ્રાયશ્ચિત કરી લીધું છે, એમ કહીને રથનેમિ રાજેમતીના મહેલમાંથી ચાલ્યા ગયા.

નેમકુમાર તોરણદ્વારેથી પાછા ફરીને પોતાના મહેલે આવ્યા ને મનમાં એવો નિર્ણય કર્યો કે એક વર્ષ પછી હું દીક્ષા ગ્રહણ કરીશ. નેમકુમારે આવો દૃઢ નિર્ણય કર્યો. આ તો તીર્થંકર ભગવાન હતા એટલે તેમના નિર્ણયમાં ફેર થતો નથી કે તેમને કોઇ વિઘ્ન કે બાધા આવતી નથી, કારણ કે તેઓ જ્ઞાન દ્વારા બધું જાણે છે. અરિહંત ભગવાનની પુન્નાઈ ઘણી હોય છે, એટલે તેમણે આ જાતનો નિર્ણય કર્યો. તે સમયે શકેન્દ્રનું આસન ચલાયમાન થયું. જુઓ, અરિહંત ભગવાનના પુણ્ય કેવા જબ્બર હોય છે કે અહીં મૃત્યુલોકમાં નેમકુમારે મનમાં એવો નિર્ણય કર્યો કે હું એક વર્ષને અંતે દીક્ષા અંગીકાર કરીશ. તેના પડઘા દેવલોક સુધી પહોંચી ગયા અને શકેન્દ્ર મહારાજનું આસન ચલાયમાન થયું. બધા દેવોમાં પરમ ઐશ્વર્યવાન દેવરાજ શકેન્દ્રે પોતાનું આસન ડોલતું જોયું ત્યારે વિચાર કર્યો કે મારું આસન કેમ ડોલે છે? દેવોના આસન વિના પ્રયોજને ડોલતા નથી. કોઈ પણ કારણ ઉપસ્થિત થાય ત્યારે ડોલે છે. જ્યારે દેવોનું આસન ડોલે છે ત્યારે તે અવધિજ્ઞાન દ્વારા ઉપયોગ મૂકીને જુએ છે ને તેમાં દેખે છે કે ભગવાનનો કોઈ ભક્ત કષ્ટમાં આવ્યો છે? શાસનની હેલણા થાય છે? કે કોઈ સતીનું શીયળ ખંડિત થવાનો પ્રસંગ આવ્યો છે? શું છે? અવધિજ્ઞાન દ્વારા જોઈને દેવોને સહાય કરવા જેવી લાગે તો સહાય કરે છે.

નેમકુમારના દીક્ષા લેવાના નિર્ણયથી શકેન્દ્રનું આસન ડોલ્યું ત્યારે ઉપયોગ મૂકીને અવધિજ્ઞાન દ્વારા જોયું તો નેમકુમારને લગ્ન કર્યા વિના પાછા આવેલા જોયા. તે જોઈને ઇન્દ્રના મનમાં આવા પ્રકારનો અધ્યવસાય ઉત્પન્ન થયો કે આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં દ્વારકા નગરીમાં સમુદ્રવિજય રાજાના પુત્ર નેમકુમાર એવા અરિહંત પ્રભુ એમના રાજમહેલમાં "હું વર્ષને અંતે દીક્ષા ગ્રહણ કરીશ." આ પ્રમાણે વિચાર કરી રહ્યા છે તેથી મારું આસન ચલાયમાન થયું છે. આ કારણે ઇન્દ્રનું આસન ડોલે છે ત્યારે કાળત્રયવર્તી એટલે અતીત કાળના એટલે ભૂતકાળમાં થઈ ગયેલા, વર્તમાન સમયમાં વર્તતા અને ભવિષ્યમાં થનાર સર્વ શક્ર, દેવેન્દ્રો, દેવરાજાઓને, પરંપરાથી ચાલતો આવેલો આ પ્રમાણેનો આચાર છે કે તેઓ અરિહંત ભગવાન દીક્ષા લેવાના હોય ત્યારે એમને આટલી અર્થસંપદા (દાન દેવા માટે) આપવી જોઈએ. તે પ્રમાણે અર્થસંપત્તિ અર્પણ કરે છે. તેનું પ્રમાણ કેટલું છે?

"तिण्णेव य कोडिसया, अट्ठसीतिं च होन्ति कोडीओ।
असितिं च सयसहस्सा, इन्दा दलयन्ति ॥"

ત્રણસો કોડ એટલે ત્રણ અબજ, અઠ્ઠાસી (૮૮) કોડ, અને એંશી લાખ સુવર્ણ મુદ્રાઓ વાર્ષિક દાન માટે તેમને ઘેર પહોંચાડે છે. તીર્થંકર પ્રભુની કેટલી પ્રબળ પુન્નાઈ છે. મહાન પુણ્યના થોક ભેગા થાય ત્યારે જીવ તીર્થંકર નામકર્મ બાંધે છે. એ બધી પુન્નાઈ તીર્થંકરના ભવમાં ખપાવવાની હોય છે, એટલે તીર્થંકરને વર્ષીદાન માટે તેમના પિતાના ભંડારમાંથી ધન કાઢવું પડતું નથી. દેવો તેમના ભંડારમાં ભરી જાય છે. આ ધન આપવા

માટે ઈન્દ્ર મહારાજ પોતે જાતે આવતા નથી પણ પોતાની નીચેના દેવોને આજ્ઞા કરે છે. તે દેવો ઇન્દ્ર મહારાજની આજ્ઞાનો સહર્ષ સ્વીકાર કરીને કાર્ય કરે છે. શકેન્દ્ર મહારાજ વૈશ્રમણદેવ કુબેરને બોલાવે છે ને આજ્ઞા કરે છે કે હે દેવાનુપ્રિય ! નેમકુમાર તીર્થંકર પ્રભુ દીક્ષા લેવાનો વિચાર કરી રહ્યા છે, તેમને ત્યાં તમે આટલું દ્રવ્ય પહોંચાડો. વૈશ્રમણ કુબેર દેવ આ આજ્ઞાનો સ્વીકાર કરીને હરખાય છે ને મનમાં વિચાર કરે છે કે અહો ! આજે અમારા મહાન સદ્ભાગ્ય છે કે જે નેમકુમાર તીર્થંકર થવાના છે તે સંસારના રંગરાગ અને સમસ્ત સંસારને ઠોકરે મારી હવે દીક્ષા લેવાના છે તેવા પ્રભુના પિતાના ભંડારમાં અમે ધન ભરી આવીશું. તેનાથી નેમકુમાર એક વર્ષ સુધી દાન દેશે અને તેમનો દીક્ષા મહોત્સવ ઉજવાશે. આવું ઉત્તમ સત્કાર્ય કરવાનો આજે અમને લાભ મળ્યો.

વૈશ્રમણ દેવ ઈન્દ્રની આજ્ઞાને વિનયપૂર્વક વધાવીને જાંભૃક દેવોને બોલાવીને તેમને વર્ષીદાન માટેનું ધન પહોંચાડવા આજ્ઞા ફરમાવે છે એટલે તે જાંભૃક દેવો તીર્થંકરના પિતાના મહેલમાં ત્રણ અબજ, અઠ્ઠાસી કોડ, એંસી લાખ સોના મહોરો ખજાનામાં ભરી આવે છે. પછી તેઓ વૈશ્રમણ દેવને તેમની આજ્ઞા પાછી આપે છે, પછી તે વૈશ્રમણદેવ શકેન્દ્ર મહારાજાને તેમની આજ્ઞા પાછી આપે છે. આ પ્રમાણે નેમકુમારે વર્ષને અંતે દીક્ષા લેવાનો નિર્ણય કર્યો એટલે દેવો તેમના પિતાજીના ખજાનામાં ધન ભરી ગયા, પછી નેમકુમાર દરરોજ પ્રાતઃકાલથી આરંભીને બે પ્રહર સુધી સનાથ–અનાથ, રંક–નિરાધાર, ભિક્ષુકો–પથિકો વિગેરેને દાન આપે છે. દેવોનું આપેલું દ્રવ્ય તીર્થંકર પ્રભુ દરરોજ એક કોડ ને આઠ લાખ સોના મહોરો દાનમાં આપતા એક વર્ષમાં પૂરું થાય તે પ્રમાણે હોય છે, તે સિવાય બીજું પોતાના પિતાજીના ભંડારમાં રહેલા દ્રવ્યનું પણ દાન આપે છે. આ રીતે નેમકુમારે દાન દેવાની શરૂઆત કરી. આખી દ્વારકા નગરીમાં આનંદ આનંદ ઉભરાઈ રહ્યો છે. જેના ઘરમાં આવા તીર્થંકર પ્રભુ જન્મ્યા હોય તેમના માતાપિતાને કેટલો આનંદ હોય ! પોતાના પુત્ર માટે દેવો જ્યારે આટલું દ્રવ્ય દાનમાં આપે છે ત્યારે પોતે પણ પોતાના ભંડારમાંથી છૂટે હાથે ધન વાપરે છે.

બંધુઓ ! જેમ જેમ ધન દાનમાં વપરાય છે તેમ તેમ વૃદ્ધિ પામે છે. માણસ માને કે હું દ્રવ્યનો સંગ્રહ કરું પણ સંગ્રહ કરેલું રહેતું નથી. જેમ કૂવામાંથી પાણી ઉલેચાય છે તો સવારે કૂવો ભરાઈ જાય છે. કહેવાય છે ને કે "વહેતા પાણી નિર્મળા, બંધા ગંદા હોય" તેમ લક્ષ્મી પણ વહેતી સારી. તમને તમારા પુણ્યથી લક્ષ્મી મળી છે તો તેનો દાનમાં સદુપયોગ કરજો પણ તિજોરીમાં લક્ષ્મીને ભરી રાખશો તો બિચારી અકળાઈ જશે. અહીં નેમકુમાર દરરોજ સવારમાં બે પ્રહર સુધી સતત દાન આપે છે. તીર્થંકર પ્રભુના હાથનું દાન લઈને લોકો હરખાય છે. આ તરફ સમુદ્રવિજય પિતા અને કૃષ્ણ વાસુદેવને પણ પોતાના ઘરમાં આવા પ્રભાવશાળી પ્રભુનો દીક્ષા મહોત્સવ ઉજવવાનો આનંદ છે. શીવાદેવી

માતાને લાલને પરણાવીને વહુ લાવવાના કોડ હતા પણ એ પૂરા ન થયા તેનું પહેલાં ઘણું દુઃખ થયું પણ હવે તેમનું મન વળી ગયું ને આનંદ થયો કે અહો! હું કેવી ભાગ્યશાળી કે આ તીર્થંકર પ્રભુ જેવા પુત્રરત્નની હું માતા બની. નેમકુમાર વર્ષીદાન આપે છે, દ્વારકા નગરીમાં આનંદ આનંદ છવાઈ રહ્યો છે. દાન દેવાને વર્ષ પૂરું થશે ને પછી શું બનશે તે અવસરે.

ચરિત્ર :- "ભયંકર ત્રાસમાં શીલ સાચવતી રાણી" જિનસેનકુમાર ચંપકમાલાના આશીર્વાદ મેળવીને રાજમહેલમાં આવ્યો અને બધી વાત પૂછી નક્કી કરીને મહેલમાં અમુક જગ્યાએ સંતાઈ ગયો. રાજા અને રાણી એમના શયનરૂમમાં સૂતા હતા. બરાબર મધરાત થઈ ત્યાં પેલો ક્રૂર રાક્ષસ ધમધમ કરતો શયનગૃહમાં આવ્યો અને રાજાને ઉંચકીને પૃથ્વી ઉપર પછાડયા. તેમના હાથ-પગ મજબૂત બંધને બાંધી એક થાંભલા સાથે રાજાને બાંધી દીધા, પછી રાણી પાસે આવ્યો ને તેને સતાવવા લાગ્યો. આ રાક્ષસ રાણીને ખૂબ ત્રાસ આપે છે છતાં બધું સહન કરીને રાણી પોતાનું ચારિત્ર લૂંટાવા દેતી નથી. રાક્ષસ કહે છે આજે મને કોઈ બીજા માણસની ગંધ આવે છે. અહીં કોણ માણસ છે! ત્યારે રાણીએ કહ્યું કે હે નિર્લજ્જ! તેં મને ખૂબ હેરાન કરી છે. આજકાલ કરતા સાત સાત વર્ષથી તું મને હેરાન કરી રહ્યો છે પણ હવે સમજી લેજે કે તારો કાળ આવી ગયો છે. તારા કરેલા કર્મો તારે પોતાને જ ભોગવવા પડશે. જો હજુ પણ તારે જીવવું હોય તો સમજીને માફી માંગીને ચાલ્યો જા. એમ કહીને રાણી કહે છે હે ક્ષત્રિયકુમાર! તમે જલ્દી આવો. આ પાપી નિર્લજ્જ ક્રૂર રાક્ષસ સાત સાત વર્ષથી મારું શીયળ ખંડિત કરવા તડપી રહ્યો છે પણ ભગવાને મારી લાજ રાખી છે, પણ હવે તો હું એના ત્રાસથી દુઃખી થઈ ગઈ છું. હવે જો તું મારી વહારે નહિ આવે તો મારા પ્રાણ છોડી દઈશ. એમ બોલીને રાણી કાળો કલ્પાંત કરતી ઝુરવા લાગી ને રડતી રડતી બોલવા લાગી.

કામી કૂત્તા નહીં માનતા હૈ, હૈ પૂરા ચંડાલ,
જલ્દી આવો વીર પુત્ર તુમ, ઉતારો ઉસકી ખાલ.

હે ક્ષત્રિય પુત્ર! આ રાક્ષસ કામી કૂતરા જેવો છે. એ એવો તો ક્રૂર છે કે અહીં આવીને મારા પતિને ઉંચકીને ઉંચેથી જમીન પર પછાડે છે. એમને ખૂબ માર મારીને ગાઢ બંધને બાંધી દે છે. મારા પતિ મહાન શૂરવીર છે પણ આ ચંડાળે અત્યારે તેમને નિર્બળ બનાવી દીધા છે. આવી અમારી દશા કરી છે માટે હે કુમાર! તમે જલ્દી આવો ને આ ચંડાળને અહીંથી હઠાવો. આ પ્રમાણે રાણીના વચનો સાંભળીને રાક્ષસ પૂછે છે હે પ્યારી! તું મને ગમે તેવો કહે, ગમે તેટલી ગાળો આપે એ બધું સાંભળવા તૈયાર છું કારણ કે હું તારા પ્રેમનો ભૂખ્યો છું. તને પ્રેમથી ચાહું છું માટે મારી વાત માની જા ને

મારી સાથે પ્રેમ કર ને મારી ઈચ્છા પૂર્ણ કર. તું કયારની કહે છે હે ક્ષત્રિયકુમાર! તમે આવો ને મારી રક્ષા કરો, પણ અહીં તારી રક્ષા કરનાર કોણ છે? કોની માતાએ સવાશેર સૂંઠ ખાઈને જન્મ દીધો છે કે એ મારી સામે આવી શકે? આ દુનિયામાં મારાથી બળવાન બીજું કોઈ નથી કે જે મારી સામે આવવાની હિંમત કરી શકે. કદાચ જો કોઈ હિંમત કરીને આવે તો હું એને મચ્છરની જેમ ચપટીમાં ચોળી નાંખું તેમ છું. એટલે તું ગમે તેમ કર, પણ તારી વાત સાંભળનાર કોઈ નથી. હું સાત સાત વર્ષથી તારી પાછળ ઝઝુમું છું. તેં અત્યાર સુધી ગમે તેમ કર્યું પણ હવે હું કોઇ રીતે તને છોડનાર નથી. તું મારી એક વાત માની જા, તો હું તારા ચરણોનો દાસ બનીને રહીશ. તું કહીશ તેમ હું કરીશ પણ આજે તો હું ગમે તેમ કરીને મારી ઈચ્છા પૂર્ણ કરીશ. આમ કહીને રાણી ઉપર જુલમ કરવા તૈયાર થયો.

રાણીની વહારે આવેલો જિનસેન :– ત્યારે રાણી બોલે છે કે હે કુમાર! તું જલ્દી આવ. નહિ આવે તો મારા પ્રાણ છોડી દઉં છું પણ આ પાપીની ઈચ્છાને આધીન નહિ થાઉં. આ સમયે જિનસેનકુમાર હાથમાં ચકમકતી તલવાર લઈને દોડતો રાણી પાસે આવ્યો ને રાક્ષસને પડકાર કરીને કહ્યું–હે પિશાચ! હે નરાધમ! હે કામાંધ! તું એ મારી માતા સમાન રાણીથી દૂર ખસ. નહિતર આ તલવારથી તારું શીર ઉડાવી દઈશ. હું કયારનો સાંભળું છું કે તું એક અબળા સ્ત્રીને કેટલી સતાવે છે પણ હવે સમજી લે કે તારો કાળ નજીક આવ્યો છે. જિનસેનકુમારના વચનો સાંભળીને રાક્ષસ ઉશ્કેરાઈ ગયો ને કહેવા લાગ્યો કે મારી આગળ તું એક મચ્છર જેવો છે. હું ધારું તો તને ચપટીમાં ચોળી નાંખુ તેમ છું પણ હજુ તારી ઉંમર સાવ નાની છે, તું પચ્ચીસ વર્ષનો હોય તેમ લાગે છે. તારા મોઢામાંથી દુધીયા દાંત પણ પડયા નથી, એટલે તને મારતા મારો હાથ ઉપડતો નથી. તારી માતાએ તને કેટલી કોશે ઉછેર્યો હશે. તારી પત્ની પણ હજુ કોડભરી હશે. આ સ્થિતિમાં જો હું તને મારી નાંખીશ તો તારી માતા અને પત્ની બંને જણા તારી પાછળ ઝૂરી ઝુરીને પ્રાણ છોડશે. માટે તું દૂર ખસ, ત્યારે જિનસેનકુમારે કહ્યું–હે દુષ્ટ અસુર! મારે તારો બકવાદ સાંભળવો નથી. મને મારામાં કેટલું બળ છે તેનો પૂરો ખ્યાલ છે. ભલે, હું ઉંમરમાં નાનો દેખાતો હોઉં પણ મારામાં ઘણું બળ છે. તેનો પરચો તને અત્યારે જ બતાવી દઉં છું. જો તું સાચો શૂરવીર હોય તો મારી સામે આવી જા. તારા મનમાં તને એવો અભિમાન છે કે મારાથી કોઈ બળીયો આ દુનિયામાં છે નહિ. મને મારનાર કોઈ નથી, તો હવે જોઈ લે કે તારી માએ તને સવાશેર સૂંઠ ખાઈને જન્મ આપ્યો છે કે મારી માતાએ આપ્યો છે! એમ કહીને જિનસેનકુમાર હાથમાં તલવાર લઈને રાક્ષસ સામે ઉભો રહીને કહે છે આજે હું તને ચોક્કસ મારી નાંખીશ. હું આજે તને કોઈ રીતે જીવતો નહિ છોડું.

પરસ્ત્રીગામી લંપટ પૂરા, સતીયાં ને તું સતાવે,
રાણી બોલે અય પુણ્યવંતા, વિજય તેરા હી થાવે.

તેં આજ સુધી આવી પવિત્ર કેટલી સતીઓને સતાવી છે! તું જીવતો રહીશ તો આવી કંઈક સ્ત્રીઓને હેરાન પરેશાન કરીશ, માટે આજે તો ગમે તેમ કરીને હું તારો વધ કરીને જ જંપીશ. તે સિવાય મને ચેન નહિ પડે, માટે જો તારે જીવતા રહેવું હોય તો આ રાણીના ચરણમાં પડીને તારી ભૂલની માફી માંગી લે ને આજથી પ્રતિજ્ઞા કર કે કોઈ પણ સ્ત્રીને સતાવવી નહિ. એ વાત કબૂલ ન હોય તો મારી સામે આવી જા. રાણી તો જિનસેનકુમારનું ખમીર જોઈને સજ્જડ થઈ ગઈ. એને હવે હિંમત આવી ને કહેવા લાગી હે કુમાર! તું શીયળની રક્ષા માટે આવ્યો છે માટે જરૂર તારો વિજય થશે. કુમારનું તેજ અને શૂરાતન જોઈને રાક્ષસ પણ વિચાર કરવા લાગ્યો કે મેં અત્યાર સુધી આવો કોઈ શૂરવીર પુરૂષ જોયો નથી. હવે રાક્ષસ અને જિનસેનકુમાર વચ્ચે મોટો જંગ જામશે. રાણી શું કહેશે ને કોનો વિજય થશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં ૮૬

આસો વદ ૫ ને શનિવાર **તા. ૨૧-૧૦-૭૮**

અનંત ઉપકારી, પરમ કરૂણાસિંધુ એવા પરમપિતા પ્રભુની વાણીમાં અલૌકિક શક્તિ છે. જેનું પાન કરવાથી આત્માને અનંતકાળથી ચઢેલા ભયંકરમાં ભયંકર મોહના ઝેર ઉતરી જાય છે. તેમાં શ્રદ્ધા કરી આચરણ કરવાથી જન્મ મરણની સાંકળ તૂટી જાય છે. આવી અજોડ શક્તિ અને સામર્થ્ય હોય તો તે ભગવાનની વાણીમાં છે. તમારા પૈસા કે પદવીમાં એ તાકાત નથી કે તેનાથી ભવના ફેરા ટળે, પણ અફસોસ છે કે હજુ આજના માનવીને ભગવાનની વાણીમાં રસ જાગ્યો નથી. જો એક વખત સિદ્ધાંતની વાણી સાંભળવાનો રસ જાગશે તો સંસારનો રાગ ને રસ છૂટી જશે.

ભગવાનની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનમાં નેમનાથ ભગવાનનો અધિકાર ચાલે છે. નેમકુમાર વર્ષીદાન આપી રહ્યાં છે. ભાગ્યવાન આત્માઓ ભગવાનના હાથનું દાન લઈ રહ્યા છે. આ રીતે એક વર્ષ સુધી સતત નેમકુમારે એક ક્રોડ ને આઠ લાખ સોનામહોરોનું દાન આપ્યું, ત્યાર પછી મનમાં દીક્ષા લેવાનો વિચાર કર્યો.

मण परिणामो य कओ, देवा य जहोइयं समोइण्णा ।
सव्वड्ढीइ सपरिसा, निक्खमणं तस्स काउं जे ॥ २१ ॥

ભગવાને દીક્ષા લેવાનો મનમાં વિચાર કર્યો તે જ વખતે તેમના તીર્થંકર પદના પ્રભાવથી પ્રેરાઈને દિવ્ય ઋદ્ધિ અને મોટી પરિષદ સાથે ઘણાં (લોકાંતિક) દેવો ત્યાં ભગવાનનું નિષ્ક્રમણ કરાવવા માટે મનુષ્ય લોકમાં ઉતર્યા.

નેમકુમાર વર્ષીદાન આપી રહ્યા, લોકાંતિક દેવો પ્રાર્થના કરી રહ્યા,
પ્રભુ તીર્થની સ્થાપના કરે રે રાજ.... નેમકુમાર....

તીર્થંકર પ્રભુને દાન દેતાં એક વર્ષ પૂરું થાય છે અને તેઓ દીક્ષા લેવાનો વિચાર કરે છે ત્યારે લોકાંતિક દેવોના આસનો ચલાયમાન થાય છે. આ લોકાંતિક દેવો ઉત્તમ જાતિના દેવો છે. આ દેવો પાંચમા બ્રહ્મદેવલોકના વિમાનોમાંના ઉત્તમ પ્રાસાદોના જુદા જુદા ચાર હજાર સામાનિક દેવોની સાથે, ત્રણ પરિષદાઓની સાથે, સાત સાત અનીકોની સાથે, સાત સાત અનીકાધિપતિઓની સાથે અને સોળ સોળ હજાર આત્મરક્ષક દેવોની સાથે તેમજ બીજા પણ લોકાંતિક દેવોની સાથે નૃત્ય-ગીત તેમજ વાજાઓના અપ્રતિહત ધ્વનિ સાંભળતા દિવ્ય ભોગોનો ઉપભોગ કરતા રહે છે. તે લોકાંતિક દેવોના નવભેદ આ પ્રમાણે.

सारस्सय माइच्चा, वण्ही वरुणा य गद्दतोया य ।
तुसिया अव्वाबाहा, अग्गिच्चा चेव रिट्ठा य ॥

સારસ્વત, આદિત્ય, વન્હિ, વરૂણ, ગર્દતોયા, તુષિત, અવ્યાબાધ, અગ્નેય, રિષ્ટ આ નવ પ્રકારના લોકાંતિક દેવો હોય છે. તે લોકાંતિક દેવોના આસન ચલાયમાન થયા ત્યારે તેમણે અવધિજ્ઞાન દ્વારા ઉપયોગ મૂકીને જોયું કે આપણા આસન શા માટે ડોલે છે? જોયું તો તોરણેથી પરણ્યા વિના પાછા ફરેલા સમુદ્રવિજય રાજાના નંદ અને શીવાદેવી માતાના અંગજાતક નેમકુમારને દીક્ષા લેવાનો વિચાર કરતાં જોયા, ત્યારે દેવોએ મનમાં વિચાર કર્યો કે નેમકુમાર આ દાન પૂરું થયા પછી ઘેરથી નીકળીને દીક્ષા લેવાનો વિચાર કરી રહ્યા છે. આ સમયે આપણી (લોકાંતિક) દેવોની એવી પ્રણાલિકા છે કે તીર્થંકર પ્રભુ દીક્ષા લેવા ઈચ્છે ત્યારે આપણે ત્યાં જઈને તેમને આ પ્રમાણે વિનંતી કરવી, પ્રાર્થના કરવી કે હે ભગવાન! દીક્ષા ગ્રહણ કરવાનો આ ઉચિત અવસર છે. માટે આપણે ત્યાં જઈને નેમકુમારને સંબોધન કરીએ.

દેવાનુપ્રિયો! આ સંસારમાં મનુષ્યો ભૌતિક સુખ મેળવવા દેવોને પ્રસન્ન કરવા કેટલી સાધના-ઉપાસના કરે છે! અરે, વિકરાળ સ્મશાન ભૂમિમાં જઈને લોકો દેવોને સાધવા માટે પ્રયત્નો કરે છે. કેટલા કષ્ટો અને ભય સહન કરે છે, તો વિચાર કરો કે તીર્થંકર પ્રભુના પુણ્ય કેટલા પ્રબળ હશે કે મનમાં ઈચ્છા કરે કે દેવોના આસન ડોલી ઉઠે છે! આપણે તો નેમનાથ ભગવાનની વાત ચાલે છે પણ દરેક તીર્થંકર ભગવંતો દીક્ષા લે ત્યારે દેવોને આ પ્રમાણે કરવું પડે છે. આ અનાદિનો શાશ્વત વ્યવહાર છે. તીર્થંકર ભગવંતનો જન્મ મહોત્સવ, દીક્ષા મહોત્સવ, કેવળજ્ઞાન મહોત્સવ અને નિર્વાણમહોત્સવ દરેક વખતે દેવો આવે છે ને અત્યંત હર્ષથી આવા મહોત્સવો ઉજવે છે. તીર્થંકર પ્રભુને દાન દેતાં દેખે, દીક્ષા લેતા દેખે ત્યારે સમકિતી દેવોનું હિલડું નાચી ઉઠે છે. અહો,

ભગવંત દીક્ષા લઈને ઘણાં જીવોને સંસાર સાગરથી તારશે. આપણને આવો અવસર ક્યારે પ્રાપ્ત થશે ? આવા ભગવાનના સાનિધ્યમાં દીક્ષા લઈને આપણા આત્માનું કલ્યાણ ક્યારે કરીશું ? આ દેવગતિના અવિરતિના બંધન તોડીને વિરતી ભાવમાં ક્યારે આવીશું. એવો ભાવ એમના હૃદયમાં જાગી ઉઠે છે.

"નેમકુમાર પાસે આવેલા લોકાંતિક દેવો :-" નવ લોકાંતિક દેવો નેમકુમારને સંબોધન કરવા માટે મૃત્યુ લોકમાં આવવા તૈયાર થયા. તે બધા લોકાંતિક દેવો પૂર્વ અને ઉત્તર દિશાની વચ્ચે ઈશાન ખૂણામાં ગયા. ત્યાં જઈને તેમણે વૈક્રિયસમુદ્રઘાતથી ઉત્તર વૈક્રિયરૂપની વિકુર્વણા કરી. દેવો મૃત્યુલોકમાં આવે છે ત્યારે વૈક્રિયરૂપે આવે છે. મૂળ રૂપે આવતા નથી. આ દેવો ઉત્તર વૈક્રિય રૂપ કરીને દેવ સંબંધી ત્વરિત ગતિથી જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં દ્વારકા નગરીમાં જ્યાં જે મહેલમાં નેમકુમાર (ભાવિના અરિહંત ભગવાન) બિરાજમાન હતા ત્યાં આવીને આકાશમાં અદ્ધર ઉભા રહ્યા. આ વખતે દેવોએ ઝરીના વસ્ત્રો પહેર્યા હતા, તે વસ્ત્રોને નાની નાની ઘૂઘરીઓ ટાંકેલી હતી અને દિવ્ય આભૂષણો પહેર્યા હતા. આવા દિવ્ય વસ્ત્રાભૂષણોથી શોભતા ઘૂઘરીના ઘમકારથી રૂમઝુમ કરતા તે દેવોએ આકાશમાં અદ્ધર ઉભા રહીને બંને હાથની અંજલિ બનાવી મસ્તકે મૂકીને ત્યાંથી જ નેમનાથ ભગવાનને નમસ્કાર કર્યા, પછી ભગવંતને સંબોધન કરવા માટે શું બોલે છે ! સૂત્રકાર કહે છે.

"દેવોએ મીઠી વાણીમાં કરેલું સંબોધન :-" "તાહિં ઇટ્ઠાહિં જાવ વગ્ગૂહિં એવં વયાસી બુજ્ઝાહિ ભયવં લોગનાહા પવત્તેહિં ધમ્મતિત્થં, જીવાણં હિયસુય નિસ્સેયકર ભવિસ્સઇ।" ખૂબ મીઠા અને મનોહર શબ્દો દ્વારા લોકાંતિક દેવો વિનંતી કરવા લાગ્યા કે હે ભગવંત ! હે લોકનાથ ! તમે ભવ્ય જીવોને જ્ઞાન આપો. ચતુર્વિધ સંઘ રૂપ ધર્મતીર્થની સ્થાપના કરો. તે ધર્મતીર્થ ભવ્ય જીવોને હિતકારક, સુખકારક અને કલ્યાણકારક થશે. ધર્મતીર્થની સ્થાપના થતાં જીવો જ્ઞાન (બોધ) પામીને નરક અને નિગોદના દુઃખોથી મુક્ત બની કલ્યાણ કરશે. ધર્મતીર્થ લોકોને સ્વર્ગ અને મોક્ષનો આનંદ આપનાર હોવાથી સુખકર થશે તેમજ મોક્ષ મેળવવાનું કારણ હોવાથી તે ધર્મતીર્થ ભવ્ય જીવોને માટે કલ્યાણકારી થશે, માટે આપ ધર્મતીર્થ પ્રવર્તાવવાની કૃપા કરો. જગતના મનુષ્યો વિષયલોગોમાં જ પોતાના જીવનની સફલતા માને છે અને તે માટે અનેક દીન જીવોની હિંસા કરી રહ્યા છે. આપ ધર્મોપદેશની ગગનભેદી દુદુંભી વગાડીને દુઃખી જીવોની રક્ષા કરો, તથા જે લોકો પોતાના સુખને માટે બીજા જીવોને દુઃખ આપી ઘોર પાપકર્મમાં પ્રવૃત બન્યા છે તેમને પણ પાપ કરતા બચાવો. આ પ્રમાણે કહીને દેવોએ ફરીથી ભગવાનને નમસ્કાર કર્યા અને આ પ્રમાણે "દોચ્ચંપિ તચ્ચંપિ એવં વયંતિ" તે દેવોએ નેમનાથ પ્રભુને બીજી વખત અને ત્રીજી વખત પણ વિનંતી કરી.

વિનંતી કરીને તે દેવોએ પ્રભુને વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરીને તેઓ જે દિશા તરફથી આવ્યા હતા તે દિશામાં પોતાના સ્થાને ચાલ્યા ગયા. આવું કહેવા આવવું તે લોકાંતિક દેવોનો આચાર છે.

"માતા પિતા પાસે આજ્ઞા માંગતા નેમકુમાર" :- દેવો તો ભગવાનને સંબોધન કરીને ચાલ્યા ગયા પછી નેમકુમાર જ્યાં પોતાના માતા પિતા હતા ત્યાં આવ્યા ને પોતાના માતા પિતાને વંદન કર્યા ને કહ્યું કે હે માતા પિતા ! હું આપની આજ્ઞા મેળવીને દીક્ષા અંગીકાર કરવા ઇચ્છું છું. આ તો તીર્થંકર પ્રભુ છે પણ તેમનામાં કેટલો વિનય છે ! માતા પિતાને નમસ્કાર કરીને આજ્ઞા માંગી. માતા પિતા તો જાણે છે કે આ તો ત્રિલોકીનાથ છે. ધર્મતીર્થ પ્રવર્તાવવા માટે સંયમ લેવાના જ છે. તે હવે આપણા રોક્યા રોકાવવાના નથી એટલે પુત્રની વાત સાંભળીને સમુદ્રવિજય રાજા પિતા અને શીવાદેવી રાણી માતાએ તેમના માથે હાથ મૂકી આશીર્વાદ આપીને કહ્યું કે હે દેવાનુપ્રિય ! તમને જેમ સુખ ઉપજે તેમ કરો. આ માતા પિતા કેવા પુણ્યવાન કે જેમને ત્યાં ત્રિજગત ઉદ્ધારક નાથ પુત્રરત્ન તરીકે જન્મ્યા. મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે તીર્થંકર પ્રભુના માતા-પિતા બનવાનું સૌભાગ્ય સાંપડે છે. જે માતા પવિત્ર હોય તે જ આવા પુત્રને જન્મ આપી શકે છે. માતા પિતાને નેમકુમારનો કેટલો મોહ હતો ! પણ હવે સમજ્યા કે રહેવાના નથી એટલે દીક્ષાની આજ્ઞા આપી. તમે પણ તમારા સંતાનો દીક્ષાની આજ્ઞા માંગે તો આ રીતે આજ્ઞા આપશો ને ? આ તો તીર્થંકર પ્રભુની વાત ચાલે છે પણ હું તો કહું છું કે આ કાળમાં જેના દીકરાઓ સંસાર ત્યાગીને ભગવાનના શાસનમાં અર્પણ થાય તે માતા પિતા પણ મહાન ભાગ્યશાળી છે. કુટુંબમાંથી એક સંતાન દીક્ષા લે છે તો અનેક જીવોને ધર્મના માર્ગે વાળે છે, માટે તમે તમારા સંતાનોને ત્યાગમાર્ગે આવવાનું સિંચન કરો ને હળુકર્મી જીવ દીક્ષા લેવા તૈયાર થાય તો તેમને તમારે દીક્ષા લેતા રોકવા નહિ. એટલું તો તમે જરૂર નક્કી કરજો.

"નેમકુમારને દીક્ષાની આજ્ઞા મળતાં કૃષ્ણજીએ કરેલી તૈયારી" :-નેમકુમારને માતા પિતાએ દીક્ષાની આજ્ઞા આપી ત્યાર પછી કૃષ્ણવાસુદેવને જાણ કરી. નેમકુમાર હવે દીક્ષા લે છે. આ સાંભળીને કૃષ્ણવાસુદેવ દોડતા આવ્યા ને પોતાના લઘુભાઈને પ્રેમથી ભેટી પડયા. હે મારા લઘુ બંધવા ! તમે સંસાર સાગરને તરવા માટે જઈ રહ્યા છો તો અમને પણ તરવાનો માર્ગ બતાવજો, ને અમને તારજો. પછી સમુદ્રવિજય રાજા અને કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા અને નેમકુમારનો દીક્ષા મહોત્સવ ભવ્ય રીતે ઉજવવાની તૈયારી કરવા માંડી. કૌટુંબિક પુરૂષોને કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે જલ્દી એક હજાર ને આઠ સોનાના કળશો, એક હજાર ને આઠ ચાંદીના કળશો, મણીમય કળશો, સોના અને ચાંદીથી બનાવેલા કળશો, સોના અને મણીઓથી બનાવેલા કળશો, સોનું, ચાંદી અને

મણીઓથી બનાવેલા કળશો, માટીના કળશો, આ રીતે કુલ આઠ જાતિના કળશો દરેક એક હજાર ને આઠ લાવો. તેમજ તીર્થંકર પ્રભુના અભિષેકની મોટા અર્થવાળી સર્વ સામગ્રી લાવો. સમુદ્રવિજય રાજાએ કૌટુંબિક પુરૂષોને આઠ જાતિના એકેક જાતિના એક હજાર ને આઠ કળશો તેમજ દીક્ષા માટેના સાધનો, પાતરા, રજોહરણ વિગેરે દીક્ષાની મૂલ્યવાન સામગ્રી લાવવાની આજ્ઞા આપી. તેમની આજ્ઞા પ્રમાણે કૌટુંબિક પુરૂષો દીક્ષા માટેના દરેક સાધનો લઈ આવ્યા અને નેમકુમારના દીક્ષાના અભિષેકની તૈયારી કરવા લાગ્યા.

આ સમયે ચમરેન્દ્રથી માંડીને બાર દેવલોક સુધીના ચોસઠ ઇન્દ્રોએ અવધિજ્ઞાનથી જાણ્યું કે દ્વારકા નગરીમાં તીર્થંકર બનનારા નેમકુમારનો દીક્ષા મહોત્સવ ઉજવાઈ રહ્યો છે, એટલે હર્ષભેર દ્વારકા નગરીમાં આવ્યા. ત્યાર બાદ શકેન્દ્ર અને સૌધર્મેન્દ્રે પોતાના આભિયોગિક દેવોને બોલાવીને કહ્યું કે દેવાનુપ્રિયો ! તમે જલ્દી જાઓ અને સોના, ચાંદી, મણી, રત્ન વિગેરે આઠ જાતિના એક હજાર ને આઠ કળશો લઈ આવો તેમજ તીર્થંકર પ્રભુના અભિષેક માટેના બધા સાધનો પુષ્કળ પ્રમાણમાં લઈ આવો. ઇન્દ્રોની આજ્ઞા થતાં જ આભિયોગિક દેવો કુંભ વિગેરે બધી ચીજો લાવ્યા. જ્યાં સમુદ્રવિજય રાજાએ બધા કળશો ગોઠવ્યા હતા ત્યાં દેવોએ પોતાના લાવેલા કળશો ગોઠવી દીધા. મનુષ્યના કળશો કરતાં દેવોના લાવેલા કળશો દિવ્ય તેજસ્વી હોય છે પણ તીર્થંકર પ્રભુના પિતાજીના કળશને ઝાંખા પાડે તેવું દેવો કરતા નથી, પણ તે દિવ્ય કળશો એવી રીતે મનુષ્યના કળશો સાથે ગોઠવી દીધા કે દેવશક્તિથી સમુદ્રવિજય રાજાના કળશોમાં દેવોના કુંભ સમાઈ ગયા. એનાથી સમુદ્રવિજય રાજાના કુંભોની શોભા ઓર વધી ગઇ અને રોશનીની માફક બધા કળશો ઝળહળી ઉઠ્યા. જેમ કોડિયાનો દીવો જલતો હોય ત્યાં કોઇ ઇલેકટ્રીક ટ્યુબલાઇટ ગોઠવી દે તો કોડિયાના દીવાના તેજ તેમાં સમાઈ જાય છે ને ? એનું તેજ કંઈ જુદું દેખાય છે ? 'ના'. તેમ સમુદ્રવિજય રાજાના કળશોમાં દેવોના કળશો સમાઈ ગયા.

"નેમકુમારનો અભિષેક" :- ત્યાર પછી સમુદ્રવિજય રાજા અને શકેન્દ્રે નેમકુમાર અરિહંત પ્રભુને પૂર્વ દિશા સન્મુખ મુખ રાખીને સિંહાસન ઉપર બેસાડયા. બેસાડીને તેઓ એક હજાર આઠ સોનાના વિગેરે આઠ જાતિના કળશો વડે તેમનો અભિષેક કરવા લાગ્યા. નેમકુમારના અભિષેકની વિધિ શરૂ થતાં પહેલાં ચોસઠ ઇન્દ્રો તો આવી ગયા હતા પણ જે વખતે અભિષેકની વિધિ શરૂ થઈ તે વખતે બીજા ઘણાં દેવો ભગવાનના દીક્ષા મહોત્સવમાં ભાગ લેવા માટે ઉત્સાહભેર સ્વર્ગમાંથી નીચે ઉતરવા લાગ્યા. સૌના દિલમાં એમ થવા લાગ્યું કે અમે પણ પ્રભુનો અભિષેક કરવા જઇએ. આપણે ત્યાં કોઈ ભાઈ કે બહેન દીક્ષા લે છે ત્યારે તમને ઉલ્લાસ હોય છે ને તેમ દેવોને તીર્થંકર પ્રભુની દીક્ષામાં અલૌકિક ઉત્સાહ હોય છે. દેવોથી આકાશ છવાઈ ગયું. કેટલાક દેવો દ્વારકા નગરીની અંદર અને કેટલાક બહાર અને કેટલાક આકાશમાં રહીને સર્વ દિશા-

વિદિશામાં હર્ષથી આમ તેમ દોડાદોડ કરવા લાગ્યા અને હર્ષથી નાચવા ને કૂદવા લાગ્યા. દેવોમાં અને મનુષ્યોમાં ચારે તરફ આનંદનું વાતાવરણ છવાઈ ગયું.

નેમકુમારનો ભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવવા માટે દેવો અને મનુષ્યો હર્ષઘેલા બની ગયા છે. નેમકુમાર વૈરાગ્ય પામ્યા તે સાથે એક હજાર યાદવો પણ વૈરાગ્ય પામ્યા છે. તેઓ બધા પણ એમની દીક્ષાની રાહ જોતા હતા. નેમકુમારના નાનાભાઈ રથનેમિ જે રાજેમતિના રૂપમાં મુગ્ધ બનીને તેને પરણવા ઇચ્છતા હતા તેઓ પણ રાજેમતીએ તેમને યુક્તિપૂર્વક સમજાવવાથી વૈરાગ્ય પામીને દીક્ષા લેવા તૈયાર થયા છે. એટલે એ દરેકને ત્યાં દીક્ષા મહોત્સવની તૈયારીઓ ચાલી રહી છે. બંધુઓ! આ યાદવકુળ કેટલું ભાગ્યશાળી છે! એક હજાર પુરૂષો દીક્ષા લેવા તૈયાર થયા છે. તે કોણ કોણ છે તે વાત બતાવવામાં આવે છે. શ્રીકૃષ્ણજીના આઠ પુત્રો, બલદેવના ૭૨ પુત્રો, કૃષ્ણજીના ૫૬૩ ભાઈઓ, ઉગ્રસેન રાજાના આઠ પુત્રો, નેમકુમારના ૨૮ ભાઈઓ, દેવસેન વિગેરે સો જણા, ૨૧૦ યાદવપુત્રો, તથા આઠ મોટા રાજાઓ, એક અક્ષોભ, બીજો તેનો પુત્ર અને ત્રીજા વરદત્ત એમ બધા મળીને એકી સાથે નેમકુમાર સાથે એક હજાર પુરૂષો દીક્ષા લેવા માટે તૈયાર થયા હતા. એ વૈરાગ્યની ઝલક કેવી હશે! તમારે ત્યાં બે ત્રણથી વધુ દીક્ષાઓ હોય તો એમ થાય છે કે આટલી બધી દીક્ષાઓ છે ને ત્યારે કેટલી મેદની ઉભરાય છે! અહીં તો ખુદ તીર્થંકર પ્રભુ દીક્ષા લેવાના છે અને એમની સાથે આટલા બધા રાજકુમારો જ દીક્ષા લેવાના હોય ત્યાં શું બાકી રહે? દ્વારકા નગરીમાં છપ્પન ક્રોડ તો યાદવો હતા એમ કહેવાય છે અને આટલા બધા દેવો આવ્યા છે, બહારગામથી બીજા રાજા મહારાજાઓ આવ્યા છે એટલે કેટલી મેદની હોય!

"ઉત્સાહથી ઉજવાઈ રહેલો ભવ્ય દીક્ષા મહોત્સવ" :- જ્યારે અભિષેકની વિધિ પૂરી થઇ ત્યારે સમુદ્રવિજય રાજા તથા કૃષ્ણવાસુદેવે નેમકુમારને ફરીથી ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેસાડયા અને તેમને ઉત્તમ પ્રકારના વસ્ત્રાભૂષણો પહેરાવીને શણગાર્યા, ત્યાર પછી કૌટુંબિક પુરૂષોને આજ્ઞા કરી કે હે દેવાનુપ્રિયો! તમે અનેક સ્થંભોવાળી શિબિકા તૈયાર કરીને જલ્દી લાવો એટલે તે શિબિકા તૈયાર કરીને લાવ્યા. આ સમયે શક્રેન્દ્ર દેવરાજે પણ પોતાના આભિયોગિક દેવોને બોલાવીને કહ્યું કે તમે પણ અનેક સ્થંભોવાળી શિબિકા બનાવીને જલ્દી લાવો. ઇન્દ્રોને પણ કેટલો હર્ષ છે કે તીર્થંકર પ્રભુના પિતાજી શિબિકા તૈયાર કરાવે છે તો આપણે પણ એવી શિબિકા બનાવીએ તો ભગવાન એમાં બેસીને દીક્ષા લેવા નીકળે. દેવોની શક્તિ ઘણી છે એટલે એમને વાર જ નહિ. ઇન્દ્ર મહારાજાની આજ્ઞા થતાંની સાથે જ દેવો શિબિકા તૈયાર કરીને લાવ્યા. ઇન્દ્ર મહારાજાની શિબિકા તેમની દિવ્યપ્રભાથી સમુદ્રવિજય રાજાની બનાવડાવેલી શિબિકામાં સમાઇ ગઇ તેથી તેનું તેજ અને શોભા અલૌકિક બની ગઇ. દેવોની શિબિકા આગળ

મનુષ્યની શિબિકા કાચ જેવી ઝાંખી લાગે છે પણ દેવો પોતાની શિબિકા અલગ રાખતા નથી, કારણ કે તેમને તીર્થંકર પ્રભુનું અને તેમના માતા-પિતાનું બહુમાન કરવું છે. એમનો મહિમા વધારવો છે એટલે આ બધું કાર્ય કરે છે. નેમકુમારને માટે શિબિકા તૈયાર થઇ ગઇ છે દેવ-દેવીઓને તથા મનુષ્યોને હર્ષનો પાર નથી. બીજા યાદવો માટે પણ કૃષ્ણ વાસુદેવે શિબિકાઓ તૈયાર કરાવી છે. દ્વારકા નગરીમાં દેવતાઇ વાજા વાગી રહ્યા છે. માણસો અને દેવોનો પાર નથી. ચારે તરફ આનંદમય વાતાવરણ દેખાય છે.

સમુદ્રવિજય મહારાજા અને કૃષ્ણવાસુદેવ અનેક દેવો, ઇન્દ્રો બધા નેમકુમારનો દીક્ષા મહોત્સવ ઉજવી રહ્યા છે સૌના દિલમાં ભગવાનનો દીક્ષા મહોત્સવ ઉજવવાનો ઉમંગ છે. ભગવાનના દીક્ષા મહોત્સવમાં હાજર રહીને તેમની સેવાનો જેટલો બને તેટલો લાભ ઉઠાવીએ ને આપણા આત્માને ઉજ્જવળ બનાવીએ. નેમકુમારના પિતાજી દીક્ષા મહોત્સવમાં જે જે ચીજો લાવ્યા તે બધી ઇન્દ્રો પણ લાવ્યા ને તેમની વસ્તુઓમાં દેવોએ પોતાની વસ્તુઓ સમાવી દીધી, તેથી તેનું તેજ અનેક ગણું વધી ગયું. શિબિકા તૈયાર થઈ ગયા પછી નેમકુમાર સિંહાસન ઉપરથી ઉભા થયા ને જ્યાં શિબિકા હતી ત્યાં આવ્યા.

देव मणुस्स परिवुडो, सिबिया रयणं तओ समारुठो।
निक्खामिय बारगाओ, रेवयम्मि ठिओ भयवं ॥ २२॥

ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચારે ય જાતિના અનેક દેવો તથા અનેક મનુષ્યોના પરિવારથી ઘેરાયેલા નેમકુમાર ઉત્તમ રત્નોથી જડેલી શિબિકામાં બેઠા. તીર્થંકર પ્રભુ આત્મશ્રેયની ઇચ્છાથી શિબિકાને ફરતી ત્રણ પ્રદક્ષિણા કરીને પૂર્વ દિશા તરફ મુખ રાખીને શિબિકામાં મૂકેલા સિંહાસન ઉપર તેઓ બેસી ગયા. ત્યાર પછી સમુદ્રવિજય રાજાએ શિબિકા ઉપાડનારા માણસોને સ્નાનાદિ કરાવી સારા વસ્ત્રાભૂષણો પહેરાવીને તૈયાર કર્યા હતા તેમને ભગવાનની પાલખી ઉંચકવાનો આદેશ આપ્યો. રાજાની આજ્ઞા થતાં પાલખી વહન કરનારા માણસોનું હૈયું પણ હર્ષથી નાચી ઉઠયું. અહો! આપણાં ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય કે તીર્થંકર પ્રભુની શિબિકા ઉંચકવાનું આપણને સદ્‌ભાગ્ય મળ્યું. સંસારનો ભાર તો ઘણો ઉંચકયો. તેનાથી આપણા આત્માનું કલ્યાણ થયું નહિ પણ ભગવંતની શિબિકા ઉંચકતા આપણા કર્મની કોડો ખપી જશે. આ પ્રમાણે હર્ષભેર માણસોએ શિબિકા ઉંચકી લીધી.

"ભગવાનની શિબિકાના દાંડાને ઝાલતા ઇન્દ્રો" :- ત્યાર પછી શકેન્દ્ર મહારાજે શિબિકાના દક્ષિણ બાજુના દાંડાને ઝાલ્યો, ઈશાનેન્દ્રે ઉત્તર તરફના દાંડાને ઝાલ્યો, બલિન્દ્રે ઉત્તર દિશા તરફના નીચેના દાંડાને ઝાલ્યો, તે સિવાય બાકીના બધા ભવનપતિ વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોએ પોતપોતાની યોગ્યતા પ્રમાણે પાલખીના

દાંડાને પકડ્યા, અને બધાએ ભેગા થઇને અરિહંત પ્રભુની પાલખી ઉંચકી. ભગવાનની પાલખી ઉંચકતા ઇન્દ્રો, દેવો અને મનુષ્યોના દિલમાં હર્ષ સમાતો નથી. તેમના સાડા ત્રણ ક્રોડ રોમરાય ખીલી ઉઠયા, આ સમયે દેવોએ પોતાની શકિતથી વિકુર્વેલા આભરણો અને વસ્ત્રો પહેરીને ભગવાનની શિબિકા ઉપાડી હતી. તે વખતે દેવોએ કાનમાં પહેરેલા કુંડળો આમથી તેમ હાલતા હતા. તેમના મસ્તકે પહેરેલા મુગટના મણીઓ અને રત્નો ઝગમગ થતા હતા. એક તો દેવો અને મનુષ્યોથી બનેલી દિવ્ય શિબિકા અને તેમાં સાક્ષાત્ તેજોમૂર્તિ તીર્થંકર ભગવંત બેઠા હોય અને દેવો તેમની શિબિકા ઉપાડીને ચાલતા હોય તે સમયની શોભા કેટલી વધી જાય ! તે સમયનો દેખાવ અલૌકિક હતો. તેમના તેજની સામે ચંદ્ર અને સૂર્યના તેજ પણ ઝાંખા પડી જાય.

ભગવાનની દીક્ષાનો વરઘોડો ચઢયો ત્યારે આખી દ્વારકા નગરી હેલે ચઢી. શીવાદેવી માતા તો પોતાના વ્હાલસોયા પુત્રને ધારી ધારીને જોવા લાગ્યા. દ્વારકા નગરીના રાજમાર્ગો ઉપરથી વરઘોડો પસાર થવા લાગ્યો. ભગવાનની આટલી મોટી શિબિકા અને બીજા એક હજાર પુરૂષોની શિબિકાઓ સાથે દીક્ષાનો ભવ્ય વરઘોડો આખી દ્વારકા નગરીમાં ફરીને ચાલતો ચાલતો રૈવતક પર્વત ઉપર આવ્યો. દીક્ષાના કામી નેમકુમાર રૈવતક પર્વત ઉપર પધાર્યા, ત્યાર પછી શું બને છે.

उज्जाण संपत्तो, ओइण्णो उत्तमाओ सीयाओ ।
साहस्सीह परिवुडो, अभिनिक्खमईउ चिताहि ॥ २३ ॥

રૈવતક પર્વત ઉપર જઇને તેઓ પર્વતના સહસ્રામ્ર નામના ઉદ્યાનમાં પહોંચ્યા. ત્યાં પહોંચીને નેમકુમાર એ સર્વોત્કૃષ્ટ પાલખીમાંથી નીચે ઉતર્યા. નીચે ઉતરીને તેમણે પોતાના શરીર ઉપર પહેરેલા આભરણો પોતાની જાતે ઉતારવા લાગ્યા, ત્યારે તેમના માતાજી શીવાદેવી રાણીએ બધા આભૂષણો પોતાની સાડીના પાલવમાં ઝીલી લીધા. આમ એક પછી એક બધા આભૂષણો ઉતારી નાંખ્યા, અને એક હજાર પુરૂષોની સાથે ચિત્રા નક્ષત્રમાં શ્રાવણ સુદ છઠ્ઠના દિવસે નેમકુમારે દીક્ષા અંગીકાર કરી. હવે નેમકુમાર મટીને તેઓ નેમનાથ ભગવાન બની ગયા. નેમનાથ ભગવાનના પાંચે કલ્યાણકો ચિત્રા નક્ષત્રમાં થયેલ છે. ભગવાને ત્રણસો વર્ષ સુધી ગૃહસ્થાવાસમાં કુમારપણામાં વ્યતીત કરીને પ્રવજ્યા ગ્રહણ કરી છે. ભગવાને દીક્ષા કેવી રીતે લીધી તે કહે છે.

अह सो सुगंधगंधिए, तुरियं मिउय कुंचिए ।
सयमेव लुंचइ केसे, पंचमुट्ठिहि समाहिए ॥ २४ ॥

પ્રવજ્યા લેતી વખતે ભગવાને શીઘ્રપણે સુગંધમય, સુકોમળ અને વાંકડિયા વળેલા કેશનો તરત જ પોતાના હાથે પંચમુષ્ટિ લોચ કર્યો અને સમાધિપૂર્વક સાધુપણું અંગીકાર

કર્યું. અરિહંત પ્રભુ પોતે સ્વયં બોધ પામેલા હોય છે અને સ્વંય દીક્ષા લે છે. અરિહંત પ્રભુથી સિદ્ધ ભગવંતો મોટા છે એટલે તેઓ સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરે છે. **"નમો સિદ્ધાણું"** સિદ્ધ ભગવંતોને મારા નમસ્કાર એમ કહીને સામાયિક ચારિત્ર અંગીકાર કર્યું. ભગવાને જ્યારે ચારિત્રનો સ્વીકાર કર્યો ત્યારે દેવોના દિવ્ય વાજિંત્રો વાગી રહ્યા હતા. મનુષ્યોના મંગલ વાજિંત્રો વાગતા હતા. તે વખતે શક્રેન્દ્ર મહારાજાએ આજ્ઞા કરી કે વાજિંત્રો વાગતા બંધ કરો અને શાંત થઈ જાઓ. શક્રેન્દ્ર મહારાજાની આજ્ઞા થતાંની સાથે વાજિંત્રો વાગતા બંધ થઈ ગયા અને દેવો તથા મનુષ્યો પોતાના મુખેથી તીર્થપતિ નેમનાથ ભગવાનનો જયજયકાર બોલાવવા લાગ્યા, એટલે બધો અવાજ શાંત થઈ ગયો. જે સમયે નેમનાથ ભગવાને સામાયિક ચારિત્ર અંગીકાર કર્યું તે સમયે તેમને "मणुस्सधम्माओ उत्तरिए मणपज्जवनाणे समुपन्ने।" મનુષ્ય ક્ષેત્ર સંબંધી એટલે મનુષ્ય ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવને જાણનારું ઉત્તમ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું.

તીર્થંકર ભગવાન મતિ–શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન સાથે લઈને જન્મે છે પણ જ્યારે ચારિત્ર અંગીકાર કરે ત્યારે ચોથું મનઃપર્યવજ્ઞાન થાય છે. મનઃપર્યવ જ્ઞાન દ્વારા મનુષ્ય ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવને જાણી શકાય છે. મનુષ્ય ક્ષેત્ર કેટલું છે તે તમે જાણો છો? બોલો. તમે કોઈ જવાબ નહિ આપી શકો. લો, ત્યારે હું કહું. જંબુદ્વીપ, ધાતકીખંડ દ્વીપ અને અર્ધપુષ્કર દ્વીપ એ અઢી દ્વીપ મનુષ્ય ક્ષેત્ર છે. એ અઢીદ્વીપમાં રહેનારા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગતભાવને મનઃપર્યવજ્ઞાની જાણી શકે છે. આવું ચોથું મનઃપર્યવજ્ઞાન નેમનાથ ભગવાનને ઉત્પન્ન થયું. તમને પણ અહીં બેઠા બેઠા થાય તો ગમે છે ને? એવું જ્ઞાન જોઈએ છે ને? 'હા' એવું જ્ઞાન તો તમને બહુ ગમશે પણ ઘર છોડવું ગમે છે? ઘર છોડો તો જ્ઞાન મળે, બાકી નહિ.

નેમનાથ ભગવાને રૈવતક પર્વત ઉપર સહસ્રામ્ર ઉદ્યાનમાં એક હજાર પુરૂષોની સાથે ચારિત્ર અંગીકાર કર્યું. દેવો તથા મનુષ્યોએ ખૂબ ઠાઠમાઠથી ભગવાનનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો. ભગવાને તો આત્મકલ્યાણનો માર્ગ સ્વીકારી લીધો પણ રાજેમતીને તેમના પ્રત્યે હજુ રાગ ભાવ રહી ગયો છે. એના દિલમાં એક જ ભાવ છે કે અહો નાથ! આપને દીક્ષા લેવી હતી તો ભલે પણ એક વખત તો મને મળવું હતું. મને સંદેશો તો આપવો હતો. હવે નેમનાથ ભગવાનનો દીક્ષા મહોત્સવ ઉજવીને સમુદ્રવિજય આદિ દશ દશાર્હો, કૃષ્ણ વાસુદેવ, તેમજ ઈન્દ્રો અને દેવો ભગવાનને વંદન કરીને પાછા ફરશે અને રાજેમતીને નેમકુમારની દીક્ષાની જાણથી કેવું દુઃખ થશે ને શું બનશે તે અવસરે.

ચરિત્ર :– પરોપકારી જિનસેનકુમાર પરમાર્થને કાજે રાક્ષસને હરાવવા આવ્યો છે. રાક્ષસ જેવો રાક્ષસ પણ એનું ધૈર્ય અને પરાક્રમ જોઈને સ્થંભી ગયો. આ તરફ રાણી પણ કુંવરને હિંમત આપતા કહે છે હે દીકરા! હું પરમાત્માની સાક્ષીએ કહું છું કે

જો મેં આજ સુધીમાં મારા પતિ સિવાય મન-વચન અને કાયાથી પરપુરૂષની ઈચ્છા કરી ન હોય તો મારા શીયળના પ્રભાવે આ ક્રૂર રાક્ષસ તારા હાથે મરી જજો ને તારો વિજય થજો. ત્યાર પછી જિનસેનકુમારે રાક્ષસને ઘણું સમજાવ્યો કે તું આ કર્તવ્ય છોડી માફી માંગી લે પણ એ સમજ્યો નહિ એટલે કુમારે કહ્યું તો હવે લડવા તૈયાર થઈ જા, પછી તો બંને જણા મદોન્મત્ત હાથીની જેમ સામાસામી લડવા લાગ્યા. ઘડીકમાં રાક્ષસ જિનસેનને પછાડે છે તો ઘડીકમાં જિનસેન રાક્ષસને પછાડી દે છે. આ રીતે બંને જણા લડતા લડતા મહેલની અગાશીમાં આવ્યા અને અગાશીમાંથી નીચે મેદાનમાં પડયા.

ધર હર ધ્રુજે મેદની સરે, ગિર ગિર પડે મકાન,
ચપલ ચાલ ચૂકે નહિ સરે, ઈતિ ઉગ્યો હૈ ભાન.

બંને જણા મેદાનમાં પડયા એનો એટલો મોટો ભયંકર અવાજ થયો કે ધરતી ધ્રુજવા લાગી. કાચા પોચા મકાન તો પડી ગયા અને આખા નગરમાં ખળભળાટ મચી ગયો કે આ શું થઈ ગયું ? બધા લોકો દોડતા ત્યાં આવ્યા તો જિનસેનકુમાર અને રાક્ષસને લડતા જોયા. રાક્ષસમાં તો ઘણી શક્તિ હોય છે. એની શક્તિના બળથી અનેક પ્રકારના શસ્ત્રો કુમાર ઉપર છોડવા લાગ્યો ત્યારે કુમાર પણ પોતાના પરાક્રમથી એના શસ્ત્રોને તોડવા લાગ્યો. આમ બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. લડતા લડતા સવાર પડી ગઈ. લોકો તો જિનસેનના પરાક્રમને જોઈ જ રહ્યા કે અહો ! આવો નાનકડો યુવાન આવા ભયંકર રાક્ષસની સામે કેટલા પરાક્રમથી ઝઝૂમી રહ્યો છે. જરા પણ હિંમત હારતો નથી. આમ કરતાં સૂર્યોદય થયો. સૂર્યના તેજસ્વી કિરણો પૃથ્વી ઉપર પથરાયા એટલે આ રાક્ષસનું જોમ ઘટવા લાગ્યું, કારણ કે આ રાક્ષસ નિશાચર હતો. નિશાચર એટલે રાત્રે ચાલનારો, એટલે એનું જોર રાત્રે વધુ ચાલે. દિવસે એનું જોમ ઘટી જાય.

"જિનસેનકુમારનો થયેલો જયજયકાર" :- જિનસેનકુમાર ચતુર હતો. તે સમજી ગયો કે આ રાક્ષસ નિશાચર છે એટલે હવે એનું જોર ચાલશે નહિ, તેથી કુમાર રાક્ષસને ઉંચકીને જ્યાં ખુલ્લા સૂર્યના કિરણો પડતા હતા ત્યાં લઈ આવ્યો એટલે એનું જોર એકદમ ઘટી ગયું. લોકો તો જોવા લાગ્યા કે આ રાક્ષસ શું કરશે ? કુમારે જાણ્યું કે હવે એકદમ નરવસ બની ગયો છે. એને મારવાનો બરાબર લાગ છે. આ લાગ જતો કરવા જેવો નથી, એટલે જિનસેનકુમાર સજાગ બન્યો અને હાથમાં તલવાર લઈને એની ચોટી પકડી રાક્ષસને ધરતી ઉપર પછાડી દીધો અને એની છાતી ઉપર ચઢી બેઠો ને સામે તલવાર ધરીને કહેવા લાગ્યો કે હે નરાધમ ! હે ક્રૂર રાક્ષસ ! હવે તારું રક્ષણ કરનાર કોઇ નથી. તારું મોત નજીકમાં આવ્યું છે, માટે તારા ઈષ્ટદેવને યાદ કરી લે. આમ કહીને તલવારના એક ઝાટકે રાક્ષસના બે ટુકડા કરી નાંખ્યા. રાક્ષસ મરાણો અને ભૂમિ ઉપર પડયો ત્યાં મોટો ધડાકો થયો. લોકો ભેગા થઈ ગયા અને જિનસેનકુમારનો જયજયકાર

બોલાવવા લાગ્યા. રાજા પણ ત્યાં દોડીને આવ્યા ને જિનસેનકુમારને બાથમાં લઈ લીધો ને કહ્યું–બેટા ! તેં તો છોટી ઉંમરમાં મોટું કામ કર્યું છે. ધન્ય છે તારી વીરતાને ! તું તો મનુષ્યના રૂપમાં સાચો દેવ પાકયો છે. ધન્ય છે તારી જનેતાને ! રાક્ષસની સાથે યુદ્ધ કરવાથી તેનું શરીર તો ચાળણી જેવું થઈ ગયું છે. લોકોએ તેને શાબાશી આપીને ફૂલના હાર પહેરાવ્યા અને સતી સ્ત્રીનું રક્ષણ કર્યું તેથી દેવો પણ એના ઉપર પ્રસન્ન થયા ને ફુલોની વૃષ્ટિ કરી અને એનો જયજયકાર બોલાવ્યો. અત્યાર સુધી કોઈ પ્રજાજનોને ખબર ન હતી કે રાક્ષસ આ રીતે રાણીને હેરાન કરતો હતો. આજે બધી વાત બહાર પડી. જિનસેનકુમારનો આખા સિંહલદ્વીપમાં જયજયકાર બોલાવા લાગ્યો અને સૌ તેને આશીર્વાદ આપવા લાગ્યા. બધાના આશીર્વાદ ઝીલતો જિનસેનકુમાર પોતાને ઘેર આવ્યો. ચંપકમાલાએ પતિને આશીર્વાદ આપીને મોકલ્યા હતા અને વિજયની વરમાળા પહેરીને આવ્યા તેથી એના આનંદનો પાર ન રહ્યો. પતિ પત્ની બંને મળ્યા. ચંપકમાલાએ કંસાર બનાવી પતિને જમાડયો. એના શરીરમાં ખૂબ ઘા પડયા હતા. રાજાએ તેને માટે ઘણી કિંમતી દવાઓ કરાવી તેથી થોડા દિવસમાં બધા ઘા રૂઝાઈ ગયા, પછી રાજાએ મોટી જાહેરસભા ભરીને જિનસેનકુમારનું સન્માન કર્યું અને બધાની વચમાં તેને મુખ્ય પ્રધાન મંત્રીનું પદ આપ્યું, આથી નગરના લોકોને ખૂબ આનંદ થયો. બધા કહેવા લાગ્યા કે પ્રધાન તો આવા જ જોઈએ. જિનસેનકુમાર પ્રધાન બન્યા પણ રાજાના મહેલની ચોકી કરવાનું કામ તો ચાલુ જ રાખ્યું. આ વાતની રાજાને ખબર પડી એટલે રાજાએ કહ્યું દીકરા ! તેં તો મારું ઘણું કામ કર્યું છે. હવે તારે આ ચોકીપહેરો કરવાની જરૂર નથી. તું શાંતિથી સૂઈ જા. બીજા ચોકીદારો ઘણાં છે. ખરો ભય તો તેં દૂર કર્યો છે, ત્યારે કુમાર કહે છે:-

હે સ્વામી મેં ચાકર થારો, હું હરદમ તૈયાર,
પહરા કભી ન બંદ કરું મૈં, હૂં મેં તાબેદાર.

હે મહારાજા ! આપે મને પ્રધાન ભલે બનાવ્યો, પણ પહેલાં તો હું ચોકીદાર હતો ને ? ચોકીદારમાંથી જ પ્રધાન બન્યો છું એટલે હું આપના મહેલની ચોકી તો કરવાનો જ. એ કામ બંધ નહિ કરું. હું સદા આપનો ચાકર બનીને રહીશ. જિનસેનકુમાર પ્રધાન બનવા છતાં રાજાના મહેલની ચોકી તો પોતે જ કરતો. એક દિવસ જિનસેનકુમારની પત્ની ચંપકમાલા શૈયામાં સૂતી હતી. એણે પાછલી રાત્રે સ્વપ્નમાં ચંદ્ર અને સૂર્યની સુંદર અને સૌમ્ય જોડી જોઈ. આ સ્વપ્ન જોયા પછી ચંપકમાલાએ ધર્મજાગ્રિકા કરી. સવાર પડતાં પતિને સ્વપ્ન સંબંધી વાત કરી, એટલે જિનસેનકુમારે કહ્યું હે ચંપકમાલા ! તારું સ્વપ્ન શ્રેષ્ઠ છે. તેં ચંદ્ર અને સૂર્યની જોડી દેખી છે તેથી એમ લાગે છે કે તારી કુક્ષીએ ચંદ્ર અને સૂર્યસમાન તેજસ્વી પુત્રનો જન્મ થશે. આ સાંભળીને ચંપકમાલાને ખૂબ આનંદ થયો. તે આનંદપૂર્વક ગર્ભનું પાલન કરે છે. હવે તેને ત્યાં પુત્રનો જન્મ થશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૭૮

આસો વદ ૬ ને રવિવાર **તા. ૨૨-૧૦-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવંતોએ જગતના જીવોના કલ્યાણ માટે મોક્ષ માર્ગ બતાવ્યો છે. આપણે નેમનાથ ભગવાનનો અધિકાર ચાલે છે. એક વખતના નેમકુમારે શાશ્વત સુખ મેળવવા માટે સંયમનો માર્ગ સ્વીકાર્યો. રાજવૈભવ હોવા છતાં એમને સંસારમાં સુખ લાગ્યું નહિ. જ્ઞાનીઓ કહે છે હે ભવ્ય જીવો ! જગતની કોઈ પણ ચીજમાં સુખની કલ્પના કરવી એ એક ભ્રાન્તિ છે. જ્યાં સુધી આ ભ્રાન્તિ નહિ ટળે ત્યાં સુધી જીવનમાં ક્રાન્તિ નહિ આવે. ક્રાન્તિ એટલે શું ? ક્રાન્તિ એટલે જીવનમાં પરિવર્તન, વિચારોમાં ઉર્ધ્વીકરણ અને આચારોમાં શુદ્ધિકરણ. આજે જીવનમાં પરિવર્તન દેખાતું નથી. માત્ર જે છે તેનું પુનરાવર્તન દેખાય છે. વિચારોમાં ઉર્ધ્વીકરણને બદલે અધોકરણ દેખાય છે અને આચારોમાં શુદ્ધિકરણની તો કલ્પના કરવી એ જ વ્યર્થ છે. આજની સુંદર દેખાતી ભૌતિક સામગ્રી જીવને ક્રાન્તની કેડીએ કદમ ઉઠાવતા અટકાવીને ભ્રાન્તિમાં પાડનારી છે.

જ્યાં ભ્રાન્તિ ભરેલી છે ત્યાં ક્રાન્તિ ક્યાંથી આવે ? આજનો માનવી ક્રાન્તિની કેડીએ કદમ ભરવાના મોટા મોટા મનોરથો સેવે છે પણ ભ્રાન્તિને ટાળવાનો કોઈ પુરૂષાર્થ કરતા નથી, પછી એના ક્રાન્તિના મનોરથો કલ્પનાના હવાઈ મહેલ જેવા જ છે ને ? મહાનપુરૂષોએ તો જીવનમાં ક્રાન્તિ લાવવા કેટલો પ્રબળ પુરૂષાર્થ કર્યો છે. એનો અંશ જેટલો પુરૂષાર્થ આજે છે ખરો ? જે સાચું સુખ નથી એમાં સાચા સુખની કલ્પના કરી છે. અસત્યમાં સત્યની કલ્પના કરવી, એ જીવની મોટી ભ્રમણા છે. આ સંસારનું સુખ એ સાચું સુખ નથી પણ સુખાભાસ છે, આ સુખાભાસથી ભરેલા સંસારમાં મોટી કલ્પનાનો ભોગ બનેલો માનવ સંસારના રંગરાગમાં રગદોળાતો જાય છે. એમાં તે ઉંડો ઉતરતો જાય છે. એને મહાપુરૂષો સમજાવે છે કે ભાઈ ! સંસારમાં સુખ જ નથી તો પછી તું મથી-મથીને મરી જઈશ તો પણ ક્યાંથી મળવાનું છે ? તો પણ એ સમજતો નથી.

બંધુઓ ! આ સંસારના પદાર્થોમાં તમે રાત-દિવસ સુખ મેળવવા માટે મથો છો, ફાંફા મારી રહ્યા છો એમાં સુખ છે જ નહિ. કદાચ તમને એમાં સુખ દેખાતું હોય પણ એ સુખ પાછળ અંતે દુઃખ આવ્યા વિના નહિ રહે. એ વાત સો ટચના સોના જેવી સત્ય છે. જેમ ધનને સુખનું સાધન માનો છો એટલે ધન મેળવવા માટે કેટલો પરસેવો પાડો છો ? કેટલી ભૂખ-તરસ ને કષ્ટ વેઠો છો ? ખૂબ મહેનત કરીને ધન મેળવ્યું, ખૂબ ધનવાન બન્યા, લોકો પણ કહેવા લાગ્યા કે ફલાણાભાઈ તો ઘણાં સુખી બની ગયા. તમને પણ લાગે કે હું મોટો શ્રીમંત બની ગયો. દશ-બાર વર્ષ આ સુખ ટક્યું, દુનિયામાં વાહ વાહ કહેવાઈ ગઈ, માન-પ્રતિષ્ઠા પણ ખૂબ વધ્યા પણ પાપકર્મનો

ઉદય થતાં એકાએક પૈસા ચાલ્યા ગયા. માથે દુઃખના ડુંગરા તૂટી પડયા. જ્યારે પૈસા ન હતા ત્યારે જે દુઃખી ન હતા એ કરતાં પૈસા આવીને ચાલ્યા ગયા પછી અનેક ગણા દુઃખી થઈ જાય છે, હવે વિચાર કરો કે પૈસામાં સુખ આપવાની તાકાત છે કે દુઃખ આપવાની ? વચમાં દશ-બાર વર્ષ જે સુખ ભોગવ્યું તે પૈસાથી ભોગવ્યું કે પુણ્યથી ? પૈસા પુણ્યથી મળે છે એટલે પુણ્યની પુંજી હોય ત્યાં સુધી માણસ સુખ ભોગવી શકે છે. પુણ્ય ખલાસ થતાં સુખની બધી લીલા ખતમ થઈ જાય છે.

કોઇને પુત્ર નથી હોતો તે પુત્ર વિના ઝુરે છે કારણ કે પુત્રને સુખનું સાધન માને છે, એટલે પુત્રપ્રાપ્તિ માટે કંઈક માતા-બાવડીની માનતાઓ માને છે. જંતરમંતર કરાવી માદળીયા બાંધે છે. એમાં જો "કાગને બેસવું ને ડાળને પડવું" એ ન્યાયે થોડા સમયમાં ઘેર દીકરો જન્મે તો આનંદ આનંદ છવાઈ જાય. ધીમે ધીમે દીકરો મોટો થતાં ભણાવ્યો. ભણતા ભણતા એ મેટ્રીક પાસ થયો, પછી કોલેજમાં દાખલ થયો. કોલેજમાં ને યુનિવર્સીટીમાં પહેલો નંબર આવ્યો એટલે એના બહુમાનમાં પાર્ટીઓ ગોઠવવામાં આવી. આ બધું થયું ત્યાં દીકરો એકાએક બિમાર પડયો એટલે માતાપિતાએ મોટા મોટા નિષ્ણાત ડોકટરોને બોલાવ્યા. ડોકટરની સલાહ પ્રમાણે ભારે દવાઓ લાવ્યા, ખૂબ સારવાર કરી પણ બિમારી ઘટવાને બદલે વધવા જ માંડી. ડોકટરો બધા છૂટી પડયા. માતાપિતાની આશાનો મિનારો એકાએક તૂટવાની અણી ઉપર આવી ગયો. દેહપિંજરમાંથી પ્રાણપંખેરું ઉડી ગયું એટલે ઘરમાં કાળો કલ્પાંત મચી ગયો. માતા-પિતા ભીંત સાથે માથા પછાડવા લાગ્યા. આઠ દિવસ પહેલા તો આનંદની મીજબાનીઓ ઉડતી હતી, હાસ્યના કુવારા ઉડતા હતા ત્યાં કરૂણ આક્રંદ મચી ગયું. સુખ ગયું પણ હતું એ કરતાં દશ ગણું દુઃખ આવ્યું. એ દુઃખ કયાંથી આવ્યું ? પાપકર્મથી જ ને ? કેટલાય મનુષ્યોના જીવનમાં આવા સખત ફટકા આવ્યા ને ચાલ્યા ગયા માટે સમજો. સંસારના સુખ એ સુખ નથી પણ માત્ર સુખાભાસ છે. છતાં હજુ આ મોહમાં ઘેલા બનેલા માનવીને સત્ય વસ્તુનું ભાન થતું નથી.

જ્ઞાની પુરૂષો કહે છે કે મનુષ્યની સૌથી મોટામાં મોટી ભ્રમણા હોય તો તે આ એક જ છે કે જ્યાં સુખ નથી ત્યાં સુખ માને છે. જે દુઃખનું કારણ છે એને જ સુખનું કારણ માને છે અને જે સુખનું કારણ છે એ એને દુઃખનું કારણ લાગે છે. આ ભ્રમણા અને ભ્રાન્તિની દિવાલો તોડીને જ્યાં સુધી માનવ બહાર ન આવે ત્યાં સુધી આ જીવનમાં પરિવર્તન, વિચારોમાં ઉર્ધ્વીકરણ અને આચારોમાં શુદ્ધિકરણ થઈ શકતું નથી. ભ્રાન્તિ જેની તૂટી ગઈ છે તે આત્માઓ ક્રાન્તિની કેડીએ ચાલીને સંસારસાગરને તરીને સામે પાર પહોંચી ગયા છે અને આપણને સંસાર સાગરને તરવા માટે સોનેરી સૂત્ર દ્વારા શિખામણ આપતા ગયા કે "સંસારોડયં અસારઃ" આ સંસાર અસાર છે. આ સૂત્ર જેના હૃદયપટ પર અંકિત થઈ ગયું તે આત્માઓની ભ્રાન્તિ ટળી ગઈ, અને ભ્રાન્તિની

દિવાલો તૂટતા તેના જીવનમાં ક્રાન્તિનો પ્રકાશ પથરાઈ ગયો. જીવનમાં ક્રાન્તિ લાવવા માટે યુગો કે વર્ષોની જરૂર નથી. એક જ પળ બસ છે. ગાઢ અંધકારને દૂર કરવા માટે એક જ દિવાસળી બસ છે તેમ જીવનમાં ક્રાન્તિનું એક કિરણ ફૂટયું કે પછી પ્રકાશ પ્રકાશ પથરાઇ જશે. શાલીભદ્ર, સ્થુલિભદ્ર, ઈલાચીકુમાર વિગેરે આત્માઓનું જીવન પહેલા કેવું હતું ? તેઓ મોહમાં કેટલા મસ્ત બનેલા હતા પણ જીવનમાં સહેજ નિમિત્ત મળતાં ઉપાદાન જાગૃત થયું અને ક્રાન્તિનું કિરણ ફૂટી નીકળતા ભ્રાન્તિનો પડદો ચીરાઈ ગયો અને એ પવિત્ર આત્માઓ સંસારનો ત્યાગ કરી કલ્યાણ કરી ગયા.

આપણા અધિકારના નાયક નેમનાથ ભગવાન પણ ક્રાન્તિવીર પુરૂષ હતા. જગતના જીવોને સંસારના મોહાંધકારમાંથી કાઢવા પ્રકાશના પંથે પોતે પ્રયાણ કર્યું છે. જુઓ ! એ મહાત્માના વૈરાગ્યની જ્યોત કેવી હતી ? એમના વૈરાગ્યની જ્યોતે એક હજાર જીવોના અંતરની ભ્રાન્તિ ટાળીને જાગૃત કર્યા. એક હજાર પુરૂષો તેમની સાથે દીક્ષા લેવા તત્પર બન્યા. નેમકુમારે વસ્ત્રાભૂષણો ઉતારીને સ્વયં દીક્ષા લીધી. પોતાના મસ્તક ઉપર શોભતાં સુંદર વાંકડીયા અને કાળા ભમ્મર જેવા વાળનો પોતાની જાતે પંચમુષ્ટિ લોચ કર્યો. દ્રવ્યથી કેશનું લુંચન કર્યું ને ભાવથી કષાયોને દૂર કરી. ભગવાનના વાળમાંથી પણ દિવ્ય સુગંધી નીકળે છે. તીર્થંકર પ્રભુના એવા જબ્બર પુણ્ય હોય છે કે તેમના શરીરમાંથી સુગંધ મહેંકે છે. આપણા શરીરે પરસેવો વળે, મેલ જામે અને દુર્ગંધ આવે છે પણ તીર્થંકર પ્રભુનો આત્મા શુદ્ધ હોય છે એટલે એમના પરમાણુમાંથી સુગંધ નીકળે છે. તે સિવાય તીર્થંકર પ્રભુ દીક્ષા લેવા નીકળે છે ત્યારે દેવો તેમના શરીરે ગોશીર્ષ (ગોક્ષીર) ચંદનના વિલેપન કરે છે, તેની સુગંધ છ મહિના સુધી શરીરમાંથી જતી નથી.

મહાવીર પ્રભુના શરીરે દેવોએ ગોશીર્ષ ચંદનના વિલેપન કર્યા હતા. પ્રભુ તો દીક્ષા લઈને વિહાર કરી ગયા અને જંગલમાં જઈને ધ્યાનાવસ્થામાં સ્થિત થયા ત્યારે સુગંધથી આકર્ષાઈને ભ્રમરો પ્રભુની પાસે આવ્યા ને શરીરમાં દર કર્યા છતાં ભગવાન સહેજ પણ ચલાયમાન ન થયા પણ ધ્યાનમાં અડગ રહ્યા. આવા તો કંઈક ઉપસર્ગો ભગવાને સહન કર્યા છે ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થયું છે. આપણે તો સહન કરવું નથી ને કેવળજ્ઞાન જોઈએ છે તો કયાંથી મળે ? નેમકુમારે સાધુનો વેશ પહેર્યો, કરેમિભંતેનો પાઠ ભણ્યા, એમની સાથે એક હજાર આત્માઓએ દીક્ષા લીધી. એક સામટા એક હજાર સાધુઓનું મંડળ કેવું સુંદર શોભી ઉઠયું હશે ! નેમનાથ ભગવાન તો હજારો તારાઓમાં ચંદ્ર શોભે તેમ શોભી ઉઠયા.

નેમકુમારને સાધુના વેશમાં જોઈને ત્રિખંડ અધિપતિ કૃષ્ણવાસુદેવ, સમુદ્રવિજય રાજા, શીવાદેવી મહારાણી બધા સજળ નેત્રે તેમના સામું જોઇ રહ્યા. અહો ! આ યાદવકુળનો બાલુડો આપણા ખોળામાં ખેલ્યો, રમ્યો ને મોટો થયો ત્યાં ત્યાગના પંથે ચાલી નીકળ્યો

ને આપણે સંસારમાં રહી ગયા. કૃષ્ણજી કહે છે અહો મારા લાડકવાયા વીરા ! મેં તો તને સંસારનાં રંગરાગમાં રગદોળવા માટે કેટલા કેટલા ઉપાયો કર્યા, વસંતોત્સવ ઉજવવા લઈ ગયા, તારી કેટલી મજાક ઉડાવી છતાં તું તો જળમાં કમળ અલિપ્ત રહે તેમ અલિપ્ત રહ્યો. તને સંસારનો રંગ ન ચઢયો ત્યારે તારી ભાભીઓએ માન્યા–માન્યા નેમ માન્યા એમ માનીને પરાણે પરણવાનું ચોકકું બેસાડી દીધું અને રાજેમતી સાથે વિવાહ નક્કી કર્યા ને મોટી જાન જોડીને પરણાવવા ગયા. તો પણ કોડભરી રાજેમતીને છોડીને તું તો તોરણદ્વારથી પાછો ફર્યો. તારા માટે તલસતી રાજેમતીના સામું પણ તેં ન જોયું ને આજે સંયમપંથે ચાલી નીકળ્યો. તું તો તરવા તૈયાર થયો ને સાથે હજાર હજાર આત્માઓને પણ સાથે લીધા. ધન્ય છે તારા વૈરાગ્યને ! અને ધન્ય છે તારા જીવનને ! તેં તો અમારા યાદવકુળને આજે ઉજ્જવળ બનાવ્યું. મારા કરતાં પણ અનંત ગણા અધિક બળનો ઉપયોગ તેં સંયમની સાધનામાં કર્યો અને અનેક જીવોની ભ્રાન્તિ ટાળી ક્રાન્તિની કેડીએ કદમ ઉઠાવ્યા, અમને આવો અવસર કયારે પ્રાપ્ત થશે ? આ પ્રમાણે વિચાર કરતાં ત્રિખંડ અધિપતિ કૃષ્ણવાસુદેવ શું બોલે છે ?

वासुदेवो य णं भणई, लुत्तं केसं जिइन्दियं ।
इच्छियं मणोरहं तुरियं, पावसु तं दमीसरा ॥ २५ ॥

લુંચિત કેશવાળા અને જિતેન્દ્રિય એવા અરિષ્ટનેમિ ભગવાનને કૃષ્ણવાસુદેવે કહ્યું હે જિતેન્દ્રિય ! હે દમીશ્વર ! મોક્ષ પામવા રૂપ તમે તમારા ઇચ્છિત મનોરથને જલ્દી પ્રાપ્ત કરો. અહીં કૃષ્ણવાસુદેવે આ પ્રમાણે કહ્યું એમ કહેવામાં આવ્યું છે. સૂત્રમાં એક મુખ્ય વ્યક્તિનું નામ લેવામાં આવે છે, પણ સમુદ્રવિજય રાજા આદિ દશ દશાર્હ ભાઈઓ, શીવાદેવી વિગેરેએ નેમનાથ પ્રભુને આ પ્રમાણે કહીને આશીર્વાદ આપ્યા. તમારે ઘેર દીકરાની વહુ પરણીને આવે અગર તમારી દીકરી પરણીને સાસરે જાય ત્યારે અંતરના આશીર્વાદ આપો છો ને કે તમે સંસારમાં સર્વ પ્રકારે સુખી થાઓ. સંસારી જીવોને તો સંસારમાં સુખી થવાના જ આશીર્વાદ આપો ને ? જ્યારે આ તો સંસારનો ત્યાગ કરીને સંયમના પંથે સીધાવ્યા છે. એમને શેની ઇચ્છા હોય ? સંયમીને તો જલ્દી જલ્દી મોક્ષમાં જવાની જ ઇચ્છા હોય છે, એટલે નેમકુમારના માતા–પિતા ભાઇ વિગેરે કહે છે વીરા ! તમારી સંયમ સાધના સફળ બનો અને તમારી ઇચ્છા શીવરમણીને વરવાની છે તે જલ્દી પૂર્ણ કરો.

એ માતા–પિતા પણ કેવા ને એ સંતાનો પણ કેવા ! સંતાનોને વૈરાગ્ય આવે ત્યારે પરીક્ષા પણ ખૂબ કરે, પ્રલોભનો પણ ખૂબ આપે પણ પછી પોતાના સંતાનને વૈરાગ્યમાં દૃઢ છે એમ જાણે છે ત્યારે એવા અંતરના આશીર્વાદ આપે છે કે દીકરા ! તેં આ ભવમાં માતાને રોવડાવી છે પણ હવે બીજી માતાઓને રોવડાવવી ન પડે એવું નિર્મળ ચારિત્ર

તું પાળજે અને જલ્દીથી જલ્દી ભવસાગર તરી જજે. કૃષ્ણ વાસુદેવ નેમકુમારને અંતરના આશીર્વાદ આપતા કહે છે કે મારા વ્હાલા વીરા ! તમે જે ધ્યેયથી દીક્ષા લો છો તે ધ્યેયને જલ્દી પાર પાડો. તમારા મનોરથો પૂર્ણ થાઓ. હજુ પણ આગળ શું કહે છે.

नाणेण दंसणेणं च, चरित्तेण तवेण य ।
खंतीए मुत्तीए, वड्ढमाणो भवाहि य ॥ २६ ॥

આપ જ્ઞાન, દર્શન, ચારિત્રમાં તેમજ ક્ષમા તથા નિર્લોભતાના ગુણોમાં વૃદ્ધિ પામો. કેવા સુંદર આશીર્વચનો કહે છે? સાચો સબંધ આને જ કહેવાય. સંસાર-સુખના આશીર્વાદ એ કંઈ સાચા આશીર્વાદ નથી. એ તો સંસારની વૃદ્ધિના આશીર્વાદ છે, પણ કૃષ્ણવાસુદેવે જે આશીર્વાદ આપ્યા એ સાચા આશીર્વાદ છે. તમારા સંતાનો કદાચ દીક્ષા ન લઈ શકે તો ખેર, પણ સંસારમાં રહીને પણ ધર્મ આરાધનાપૂર્વકનું જીવન ગુજારે, ન્યાય, નીતિ, સત્ય અને સદાચારથી ભરેલું જીવન જીવે એવા આશીર્વાદ આપજો.

આપણું જૈનદર્શન જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણની પૂર્ણ સાધનાથી મુક્તિ માને છે. જ્ઞાન એટલે આત્માની ઓળખાણ, દર્શન એટલે શ્રદ્ધા અને ચારિત્ર એટલે આત્મરમણતા. આ ત્રિપુટીની તન્મયતા જેમ જેમ વૃદ્ધિ પામતી જાય તેમ તેમ કર્મના બંધનો શિથિલ થાય અને જ્યારે કર્મોથી સર્વથા મુક્ત થઈ જવાય તે સ્થિતિને મુક્તિ કહેવાય. સકલ કર્મોને ગાળીને મુક્તિ મેળવવાના અભિલાષી જીવો આવું ઉગ્ર ચારિત્ર અંગીકાર કરે છે અને ચારિત્ર લીધા પછી અપ્રમત્ત ભાવ કેળવી સદા જ્ઞાનાદિમાં તલ્લીન રહે છે. સુખ અને દુઃખમાં સમભાવ રાખે છે. ગાથામાં કૃષ્ણવાસુદેવે કહ્યું ને કે ક્ષમા, નિર્લોભતા આદિ ગુણોની વૃદ્ધિ થાઓ. ભગવંતે સાધુના દશ પ્રકારના ધર્મો બતાવ્યા છે. તેમાં સૌથી પ્રથમ ધર્મ ખંતી એટલે ક્ષમા છે. મોક્ષના અભિલાષી સાધકે સંયમ લઈને સૌથી પ્રથમ સ્વભાવનું પરિવર્તન કરવું પડે છે. માત્ર વેશ બદલવાથી કલ્યાણ નથી થઈ જતું, પણ વર્તન-સ્વભાવ બદલવાથી કલ્યાણ થાય છે. કોઈ આપણને કટુવચન કહે, કોઈ અપમાન કરે, ગાળ દે, નિંદા કરે ત્યારે સ્હેજ પણ ક્રોધ ન આવે તે સાચી ક્ષમા રાખી શકે છે. સાધુપણામાં ક્ષમાનો મુખ્ય ગુણ તો અવશ્ય જોઈશે. ચાહે સંસારી હોય કે સાધુ હોય પણ જે ક્ષમા રાખે છે તેને ખમા ખમા થાય છે. ક્ષમાવાન આત્મા આ લોકમાં તો ખમા ખમા થાય છે અને પરલોકમાં પણ ખમા ખમા થાય છે. એક ક્ષમાનો ગુણ જો જીવનમાં આવી જાય તો તેની પાછળ બીજા ઘણાં ગુણો આવી જાય છે, માટે ક્ષમા એ માનવજીવનનો મહાન ગુણ છે.

મહાનપુરૂષો જીવનમાં ક્ષમા અપનાવીને મોક્ષમાં ગયા છે. ખંધક મુનિના શરીરની ચામડી ઉતારી ત્યારે કેટલું કષ્ટ પડયું હશે ! પોતાના સંસાર પક્ષના ભત્રીજાને ખંધક મુનિની ચામડી ઉતરાવવાનું મન કેમ થયું ! એમાં એમના પૂર્વભવનું કર્મ હતું. ઘણાં ભવ પહેલા ખંધક મુનિનો જીવ મનુષ્ય હતો અને જે ભત્રીજા હતા તે કોઠીંબડાનો આત્મા હતો. એ મનુષ્યે કોઠીંબડાની આખી ખાલ ઉતારી હતી. તેના ફળસ્વરૂપે મનુષ્યના ભવમાં સાધુપણામાં

એમના શરીરની ચામડી ઉતારવામાં આવી. એ કર્મનો ઉદય પણ કેવી રીતે થયો ? ખંધક-મુનિની બહેને એમને દીક્ષા લીધા પછી જોયા ન હતા. એક વખત ખંધક અણગાર વિચરતા વિચરતા પોતાની બહેનના ગામમાં પધાર્યા. ખંધક મુનિ એમના માતાપિતાને એકના એક પુત્ર હતા એટલે દીક્ષા લીધી ત્યારે ૫૦૦ સુભટો તો એમની સેવામાં સાથે રાખ્યા હતા, પણ કર્મનો ઉદય થવાનો હોય છે ત્યારે કેવો સંયોગ મળે છે એ વાત ખૂબ સમજવા જેવી છે. સુભટો સમજ્યા કે આ તો મહારાજની બહેનનું ગામ છે એટલે વાંધો નહિ. સૌ કોઈ ન્હાવા ધોવા અને હરવા ફરવામાં પડયા. સંત તો પહેલા પ્રહરે સ્વાધ્યાય, બીજા પ્રહરે ધ્યાન કરીને પછી ગોચરી નીકળ્યા. વીતરાગી સંતો પોતાનું સગપણ બતાવીને કે ઓળખાણ આપીને ગોચરી કરતા નથી. એ તો વીતરાગ પ્રભુના કાયદાને વફાદાર રહીને ગોચરી કરે છે. હા, કોઈ સંતને એમ પૂછે કે તમે કયાંના છો? કોણ છો ? તો ઓળખાણ આપે પણ પોતાની જાને માન પામવા કે ગોચરી લેવા માટે ઓળખાણ આપે નહિ. ગામના રાજાની રાણી પોતાની બહેન છે ને પોતે રાજકુમાર છે એવી કોઇને ઓળખાણ આપતા નથી. એ તો ઇર્યા-સમિતિ જોતા ચાલ્યા જાય છે. આ સમયે એમના બહેન-બનેવી મહેલની બારી પાસે બેસીને સોગઠાબાજી રમતા હતા. રમતા રમતા રાણીની દૃષ્ટિ મુનિરાજ ઉપર પડી. ધોમ-ધખતા ઉનાળાના દિવસો છે. બરાબર મધ્યાન્હનો સમય છે. માથે તાજો લોચ કરેલો છે. આ જોઈને રાણીને પોતાના ભાઈ યાદ આવ્યા. મારા ભાઈએ પણ દીક્ષા લીધી છે એ પણ આવી રીતે જ ગોચરી જતા હશે ને ? આવી ગરમીમાં એમના પગ કેવા બળી જતા હશે ? આવો વિચાર આવતા એની આંખમાં આંસુ આવી ગયા. એને ખબર નથી કે આ મારો જ ભાઈ છે. રાણીની આંખમાં આંસુ જોઈને રાજા શંકાશીલ બન્યા. રાણીને કંઈ પૂછ્યું નહિ અને સીધા મહેલની સીડી ઉતરી ગયા અને ચાંડાળને બોલાવીને ખંધકમુનિના શરીરની ખાલ ઉતારવાનો હુકમ કર્યો. રાજાની આજ્ઞા થતાં ચાંડાળોએ મુનિની ખાલ ઉતારી ત્યારે મુનિએ એવી અલૌકિક ક્ષમા રાખી કે રાજા પ્રત્યે કે ચાંડાળ પ્રત્યે રજેજ પણ ક્રોધ ન આવ્યો, મુનિએ એક જ વિચાર કર્યો કે મેં પૂર્વભવમાં કર્મ બાંધ્યા હશે તેથી જ રાજાને આવી બુદ્ધિ સૂઝી છે. એમાં એમનો દોષ નથી. દોષ માત્ર મારા કર્મનો છે. આવી સમજણપૂર્વક દુઃખમાં પણ ક્ષમા રાખી તો કલ્યાણ કર્યું. સંયમમાર્ગમાં આવા ઘોર ઉપસર્ગો આવે ત્યારે આવી ક્ષમા રાખવી જોઈએ. નેમકુમાર તો તીર્થંકર પ્રભુ છે એટલે એમની તો વાત જ ન્યારી છે. એમનું બળ, પરાક્રમ, પુરૂષાર્થ ને સાહસ અજોડ હોય છે. એમને શિખામણ આપવાની હોતી નથી પણ કૃષ્ણ વાસુદેવ તેમજ માતાપિતાને તો મોહ હોય ને ! એટલે કહે છે.

ઉરના આશીષ કૃષ્ણજી આપે, સંયમ બનો સુખકાર,
ત્રિભુવનના નાથ બનીને, ભવ્ય જીવોના તારણહાર,
એ....કેવળ જ્ઞાનની જ્યોતિ જલાવો, અજ્ઞાન તિમિરના હરનાર,
શીવાદેવીના નંદન નેમકુમાર .... સંયમ પંથે જાય ....

હે પ્રભુ! આપનો સંયમ નિષ્કંટક બનો. આપ ઘાતીકર્મોનો ક્ષય કરી કેવળ જ્ઞાનની ઝગમગતી જ્યોતિ જલાવી એના પ્રકાશથી સારાયે જગત ઉપરથી અજ્ઞાનના અંધકાર નષ્ટ કરી ત્રણ જગતના નાથ બની અનેક જીવોના તારણહાર બનો. તમે તર્યા છો ને અમને તારજો. આટલું બોલતાં એમની આંખમાંથી દડદડ આંસુડા સરી પડયા. જે સંસારનો ત્યાગ કરીને સંયમ માર્ગ સ્વીકારે છે તેને માતા-પિતા, ભાઈ-બહેન કે સગા સ્નેહીઓનો મોહ હોતો નથી. એ તો સંયમ લઈને જ્ઞાન ધ્યાનમાં એવા તલ્લીન બની જાય છે કે એમને સગા વહાલા કોઈ યાદ આવતા નથી, પણ માતાપિતાને પોતાના દીકરા દીકરી યાદ આવે છે.

અહીં કૃષ્ણવાસુદેવ, સમુદ્રવિજય રાજા આદિ દશ દશાર્હો નેમપ્રભુને અંતરના આશીર્વાદ આપીને વળી વળીને વંદન કરે છે અને ઇન્દ્રો બધા ભગવાનનો દીક્ષા મહોત્સવ ઉજવી વંદન કરી હૃષ્ટ તુષ્ટ થઈને પોતાના સ્થાને ચાલ્યા ગયા. કૃષ્ણ વાસુદેવ વિગેરે પણ જવાની તૈયારી કરી રહ્યા છે પણ ભાઈનો મોહ છૂટતો નથી. એ લોકો પ્રભુને વંદન કરીને દ્વારકા નગરીમાં જશે ને બીજી તરફ રાજેમતી નેમનાથ ભગવાન દીક્ષા લીધાના સમાચાર જાણશે ત્યારે તેને કેવો આઘાત લાગશે ને શું બનશે તે અવસરે.

ચરિત્ર :- જિનસેનકુમાર સિંહલદ્વીપના રાજાનો માનનીય પ્રધાન બન્યો છે. રાજાને એ પોતાના પુત્રથી પણ અધિક વહાલો છે. જિનસેન પ્રધાન પણ ન્યાયનીતિપૂર્વક રાજ્યનું પાલન કરે છે. પ્રજાજનોને તેના કારભારથી ખૂબ સંતોષ થયો છે. રાજાએ તેને મુખ્ય પ્રધાન બનાવ્યો છે છતાં પોતે રાત્રે તો રાજાના મહેલનો ચોકીપહેરો ભરે છે. બીજી તરફ જિનસેનની પત્ની ચંપકમાલા ગર્ભવતી થઈ છે. એ સુખપૂર્વક ગર્ભનું પાલન કરે છે. ગર્ભમાં ઉત્તમ પ્રકારના જીવો આવે તો માતાને દાન દેવાની, સંતોના દર્શન કરવાની વિગેરે ઉત્તમ પ્રકારની ભાવનાઓ થાય છે. ચંપકમાલાને પણ ઉત્તમ પ્રકારના વિચારો આવવા લાગ્યા. ચંપકમાલા ધર્મારાધન કરતી સુખપૂર્વક ગર્ભનું પાલન કરવા લાગી. સવા નવ માસ પૂરા થતાં ચંપકમાલાએ જોડલે બે પુત્રોને જન્મ આપ્યો. આ પુત્રો ગર્ભમાં આવ્યા ત્યારે ચંપકમાલાએ ચંદ્ર અને સૂર્યની જોડી દેખી હતી. આ બંને બાળકો પણ ચંદ્ર અને સૂર્ય સમાન તેજસ્વી છે. પ્રધાનને ઘેર પુત્રોનો જન્મ થયાના સમાચાર આખા નગરમાં વાયુવેગે પ્રસરી ગયા. આખા નગરની પ્રજાને અને રાજાને અત્યંત આનંદ થયો. જાણે રાજાને ઘેર જ કુંવર ન જન્મ્યા હોય ! એવો સૌના દિલમાં આનંદ હતો. રાજાએ જિનસેનના પુત્રોનો જન્મમહોત્સવ ઉજવ્યો. જન્મમહોત્સવની ખુશાલીમાં યાચકોને ખૂબ દાન આપ્યું. દરિદ્રિઓનું દારિદ્ર ટાળ્યું, આથી નગરજનોને ખૂબ આનંદ થયો.

દશવેં દિન દેશાટન કીના, સારા શહર જિમાયા,
દાનસેન ઔર શીલસેન યે, નામ સભી મન ભાયા.

જિનસેન પોતાના પિતાજીના રાજ્યમાં હોય ને જેમ કુંવરોનો જન્મ મહોત્સવ ઉજવાય એવી રીતે અહીં એના પુત્રોનો જન્મ મહોત્સવ ઉજવાયો, એટલે એને સહેજ પણ ઓછું ન આવ્યું. બંને કુમારો દશ દિવસના થયા એટલે એમને ચંદ્ર-સૂર્યના દર્શન કરાવ્યા અને રાજાએ તે બંને કુમારોનું નામ હાનસેન અને શીલસેન પાડયા. જુઓ આ આત્માઓ પવિત્ર છે એટલે એમના નામ પણ એવા જ પડયા. બંને નામ રાજા અને પ્રજાને ખૂબ ગમ્યા. આ બંને બાળકો દિવસે દિવસે મોટા થવા લાગ્યા. ચંદ્રની કળા દિવસે દિવસે વૃદ્ધિ પામે છે એમ આ બંને બાળકો વૃદ્ધિ પામવા લાગ્યા. બંને બાળકો સાથે રમે છે, જમે છે ને સાથે હરેફરે છે. બંને બહાર નીકળે ત્યારે જોનારને એમ જ લાગે કે આ કોઇ દેવકુમારો જ ન હોય ! જિનસેનના કાર્યથી આખા રાજ્યમાં શાંતિ છે. ચોર ડાકૂનો ભય નથી. અન્યાય અનીતિ પણ દૂર થઈ ગયા છે. જાણે રામરાજ્ય જોઈ લો. એના ગુણોની કીર્તિ ચારે દિશામાં ફેલાઈ ગઈ. સિંહલદ્વીપના રાજાના દુશ્મનો પણ એની ખ્યાતિ સાંભળીને ડરી ગયા. આ રીતે રાજ્ય ચલાવતા પાંચ વર્ષ તો સુખપૂર્વક પસાર થઈ ગયા.

"દુઃખીની વહારે જતો જિનસેન" :- એક વખત રાત્રે જિનસેન પ્રધાન મહારાજાના મહેલને ચોકીપહેરો ભરી રહ્યો છે ત્યાં બરાબર મધરાત્રે કોઇ બાઈ કરૂણસ્વરે રૂદન કરતી હોય એવો અવાજ સંભળાયો. રાજા ઉંઘમાંથી જાગી ગયા. મહારાજાએ જિનસેનને કહ્યું પ્રધાનજી ! આપણા રાજ્યમાં કોઇ દુઃખીયારી બાઇ રડી રહી છે. એને કેટલું દુઃખ હશે કે મધરાત્રે રડે છે? આપ ત્યાં જઇને તપાસ કરો કે કોણ રડે છે? અને શા માટે રડે છે? એને શું દુઃખ છે? પ્રધાને કહ્યું મેં પણ અવાજ સાંભળ્યો ને શું કરવું તે વિચારમાં હતો. ત્યાં આપની આજ્ઞા થઈ એટલે હવે હું જાઉં છું. મહારાજાની આજ્ઞા થતાં જિનસેનપ્રધાન હાથમાં ખુલ્લી તલવાર લઈને જે તરફથી અવાજ આવતો હતો તે તરફ ચાલ્યો. રાજાના મનમાં વિચાર થયો કે લાવને હું પણ જોઉં કે આ કોણ રડે છે? અને પ્રધાન ત્યાં જઇને શું કરે છે? એટલે મહારાજા પણ જિનસેનની પાછળ ગુપ્ત રીતે ચાલ્યા. જિનસેન તો દુઃખીના દુઃખ દૂર કરવાની ધૂનમાં ચાલ્યો જાય છે. એ પાછું વાળીને જોતો નથી કે પાછળ કોણ આવી રહ્યું છે. જિનસેનપ્રધાન ચાલતો ચાલતો જ્યાં બાઈ રડતી હતી ત્યાં પહોંચી ગયો. નગરના દરવાજા બહાર એક વૃક્ષ નીચે બેસીને મોટો ઘૂંઘટો તાણીને એક વૃદ્ધ સ્ત્રી રૂદન કરતી હતી. ત્યાં જઈને જિનસેને કહ્યું હે માતાજી ! આપ કોણ છો ? આ સિંહલદ્વીપ રાજાના રાજ્યમાં આપને શું દુઃખ છે કે મધરાત્રે જંગલમાં આવીને રડો છો ? જે હોય તે મને કહો, પણ બાઈ છાની રહેતી નથી. વધુ રડવા લાગી, ત્યારે પ્રધાને કહ્યું તમે રડો નહિ. તમે વિના સંકોચે જે દુઃખ હોય તે કહો. હું હમણાં જ તમારું દુઃખ દુર કરીશ. વગર કહે મને શું ખબર પડે? ત્યારે બાઈ કહે છે બેટા ! તને શું કહું. મારી જીભથી કહેવાય તેમ નથી. બહુ દુઃખજનક વાત છે, ત્યારે પ્રધાન કહે છે મા ! નાની કે મોટી જે વાત હોય તે મને કહો. હું મારા પ્રાણનું બલિદાન આપીને

પણ તારું દુઃખ દૂર કરીશ. આ સાંભળીને સ્ત્રી કહે છે બેટા ! હું સિંહલદ્વીપના રાજાની કુળદેવી છું. પ્રધાન કહે છે તમે દેવી થઈને શા માટે રડો છો ? તમને શું દુઃખ છે?

સંકટ મોટો નૃપ પે આયે, કાલી કોપી ક્રૂર,
કારણ તસ સેવક ભણી, માર્યો જિનસેન જરૂર.

બેટા ! હું આ રાજાની કુળદેવી છું, એટલે એ મને દીકરા જેવો વહાલો છે. એના ઉપર ભયંકર સંકટ આવ્યું છે. રાજા ઉપર મહાકાળીદેવી કોપાયમાન થયા છે. પ્રધાને પૂછયું એ મહારાજા ઉપર શા માટે કોપાયમાન થયા છે? ત્યારે કુળદેવી કહે છે થોડા દિવસ પહેલા રાજાના પ્રધાને એક રાક્ષસને મારી નાંખ્યો તે મહાકાળી દેવીનો સેવક હતો. તેને મારી નાંખ્યો તેથી તેના વૈરનો બદલો લેવા માટે મહાકાળી દેવી આજથી ત્રીજે દિવસે રાજાને મારી નાંખવાની છે, ત્યારે પ્રધાને પૂછયું માતા ! રાજાને બચવાનો કોઇ ઉપાય ખરો ? જો ઉપાય હોય તો મને જલ્દી બતાવો. કુળદેવીએ કહ્યું હે પ્રધાન ! કોઈ બત્રીસ લક્ષણો પુરૂષ રાજાને બદલે મહાકાળી માતાને પોતાનું મસ્તક આપે તો રાજા બચી શકે. તે સિવાય બીજો કોઈ ઉપાય નથી. આટલું કહીને કુળદેવી અદૃશ્ય થઇ ગઇ.

"ચંપકમાલાનો પડકાર" :- જિનસેન પ્રધાન ત્યાંથી પાછો ફરીને પોતાને ઘેર આવ્યો ત્યારે રાજા પણ ગુપ્તપણે તેની પાછળ ચાલ્યો. પ્રધાને પોતાના ઘરના દરવાજા ખખડાવ્યા, ત્યારે અંદરથી ચંપકમાલા કહે છે કોણ દુષ્ટ પુરૂષ છે ? જે મધરાત્રે મારા ઘરના દ્વાર ખખડાવી રહ્યો છે. મારા પતિ તો મહારાજાના મહેલની ચોકી કરી રહ્યા છે ને તું કોણ લંપટ પુરૂષ મરણનો સંદેશ લઇને આવ્યો છે ? જે હોય તે જલ્દી ચાલ્યા જાઓ. નિર્લજ્જ ! પારકાના બારણા મધરાત્રે ખખડાવતા શરમ નથી આવતી ? આ તો શૂરી ક્ષત્રિયાણી છે, એનો જવાબ સાંભળીને જિનસેન સજ્જડ થઇ ગયો. રાજા પણ આ શબ્દો સાંભળીને વિચાર કરવા લાગ્યા કે મારી રાણીઓમાં આટલું ખમીર નથી. શું આ બંને માણસોની બદલાબદલી છે. જિનસેને ધીમેથી કહ્યું–ચંપકમાલા ! બીજો કોઇ નથી. હું તારો પતિ છું. જલ્દી દ્વાર ખોલ, ત્યારે પતિને પણ ગુસ્સે થઈને કહે છે નાથ ! આપ નોકરી છોડીને શા માટે ઘેર આવ્યા ? શું હું યાદ આવી કે બાળકો યાદ આવ્યા ? નોકરી એટલે નોકરી. તમે મહિને રાજાના બે લાખ સોનૈયા પગાર લો છો તો બરાબર કામ કરવું જોઈએ ને ? શા માટે આવ્યા ? અત્યારે દ્વાર નહિ ખોલું, ત્યારે જિનસેન કહ્યું ચંપકમાલા ! હું મહારાજાની આજ્ઞા લઇને અગત્યના કામે આવ્યો છું. દરવાજા ખોલ, પછી બધી વાત કરું, એટલે ચંપકમાલા એ દરવાજા ખોલ્યા.

"પરોપકાર પરાયણતા" જિનસેનકુમારે અંદર જઈને ચંપકમાલાને બધી વાત કરી ને કહ્યું કે આપણા પાલણહાર મહારાજા માટે મારું મસ્તક આપવા માટે જાઉં છું. તમે બધા શાંતિથી રહેજો. આ રીતે કહીને જિનસેન પ્રધાન જવા જાય છે ત્યાં ચંપકમાલા

એનો હાથ પકડીને કહે છે નાથ! હું તમને એકલા નહિ જવા દઉં. હું પણ મહારાજાને બદલે માથું આપવા આવું છું. જિનસેને કહ્યું હે ચંપકમાલા! એક જ વ્યક્તિનું મસ્તક જોઈએ છે. બેની જરૂર નથી. પછી તારે આવવાની શી જરૂર? તું આ બે બાલુડાને સાચવજે. તારા વિના કુમળા ફૂલ જેવા બાલુડાને કોણ સાચવશે? પણ ચંપકમાલા માનતી નથી. એ પતિની સાથે જવા તૈયાર થઈ. આ બંનેના અવાજમાં દાનસેન અને શીલસેન બે બાલુડા પણ જાગી ગયા અને માતા પિતાની વાત સાંભળીને પાંચ વર્ષના બાલુડા કહે છે હે બા-બાપુજી! તમે અહીં શાંતિથી રહો. અમને બંનેને ત્યાં જવાદો. મહારાજાને બદલે અમે અમારો ભોગ આપીશું. તમે જીવતા હશો તો મહારાજાને સહાયક બનશો. અમે શું કરી શકવાના છીએ! માટે અમને જવા દો. મહારાજા પણ સાથે આવ્યા છે. એ બહાર ગુપ્ત રીતે ઉભા છે. એમને જિનસેન, ચંપકમાલા અને બંને પુત્રોની વાત સાંભળીને મનમાં ખૂબ આશ્ચર્ય થયું કે અહો! કેવા પરોપકારી માણસો છે! પ્રધાન તો છે પણ એની પત્ની પણ એવી જ છે ને એના બાલુડા પણ એવા જ છે. મારા માટે આ જીવો કેટલું કરવા તૈયાર છે! એમના માટે હું જેટલું કરું તેટલું ઓછું છે. રાજા આવો વિચાર કરે છે. આ ચાર જણામાં બાળકો કહે અમે જઈએ, જિનસેન કહે હું જાઉં ને ચંપકમાલા કહે હું સાથે આવું. હવે કોણ માતાને બલીદાન આપવા માટે જશે ને શું બનશે તે અવસરે.

*

વ્યાખ્યાન નં. ૮૮

આસો વદ ૭ ને સોમવાર તા. ૨૩-૧૦-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! પરમ તારક, વિશ્વવત્સલ, અનંતજ્ઞાની અને અનંતદર્શી ભગવંતોએ પોતાના જીવનમાંથી પહેલા અનાદિના રાગની આગને ઓલવીને વીતરાગદશા પ્રાપ્ત કરેલ છે, તથા પરમ સાધનો દ્વારા પુરૂષાર્થ કરીને કેવળજ્ઞાન અને કેવળદર્શનની ઝગહળતી જ્યોતિ જીવનમાં પ્રગટાવી છે અને પરમ સાધ્યની સિદ્ધિ કરી છે એવા તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના ઉદ્ધાર માટે મહાન કરૂણા કરીને સિદ્ધાંત રૂપ વાણીનું પ્રકાશન કર્યું છે. સિદ્ધાંત એટલે આત્માના અખૂટ અને અલૌકિક ભંડારને ખોલવા માટેની સુવર્ણચાવી છે, અને આત્માના અલૌકિક સુખોને પ્રાપ્ત કરવા માટે ભાવભીનું આમંત્રણ આપવા માટેની કુમકુમ પત્રિકા સમાન ભગવાનના સિદ્ધાંતો રહેલા છે. વીતરાગ પ્રભુના વચનામૃતો ઉપર જીવ જો શ્રદ્ધા કરે તો અનાદિકાળથી આત્મા ઉપર રહેલા અજ્ઞાનના અંધકાર દૂર થયા વિના ન રહે. અજ્ઞાનને કારણે આત્મા અનંતકાળથી સંસાર અટવીમાં ભમ્યા કરે છે. ભગવાન કહે છે અજ્ઞાન એ દુઃખનું મૂળ છે. આ સંસારમાં જ્ઞાન જેવું કોઈ સુખ નથી ને અજ્ઞાન જેવું કોઈ દુઃખ નથી. જ્ઞાન જેવો કોઈ પ્રકાશ

નથી ને અજ્ઞાન જેવો કોઇ અંધકાર નથી. જ્ઞાન જેવું કોઇ અમૃત નથી ને અજ્ઞાન જેવું કોઇ વિષ નથી. કહ્યું છે કે

તન રોગોકી ખાન હૈ, ધન ભોગોકી ખાન,
જ્ઞાન સુખોકી ખાન હૈ, દુઃખ ખાન અજ્ઞાન.

આપણું ઔદારિક શરીર એ રોગોથી ભરેલું છે, એટલે કે રોગોની ખાણ છે કારણ કે આપણા શરીર ઉપર સાડા ત્રણ ક્રોડ રોમરાય છે તેમાં એકેક રૂંવાડા ઉપર પોણા બબ્બે રોગો રહેલા છે, પણ એનો ઉદય થયો નથી, સત્તામાં પડેલા છે. જ્યાં સુધી સત્તામાં પડેલા છે ત્યાં સુધી સુખપૂર્વક ધર્મારાધના કરી શકાશે. ધન એ ભોગોની ખાણ છે. તમે જાણો છો ને કે માનવી પાસે ધન ન હોય ત્યારે એ કેટલું સાદગીભર્યું જીવન જીવતો હોય છે ? ખાવા-પીવામાં, પહેરવા-ઓઢવામાં, નાટક-સિનેમા વિગેરે મોજશોખો ઉપર કેટલો કંટ્રોલ હોય છે પણ જ્યારે માનવી પાસે ધનના ઢગલા ખડકાય છે ત્યારે એના ભોગવિલાસ વધતા જાય છે, એટલે કહ્યું છે કે ધન એ ભોગોની ખાણ છે અને જ્ઞાન એ સુખની ખાણ છે, કારણ કે જ્ઞાન દ્વારા જીવ શુભાશુભ કર્મના ફળને જાણી શકે છે. તેને જીવ-અજીવ વિગેરેનું જ્ઞાન થાય છે, અને આત્મજ્ઞાનનું જીવનમાં આગમન થતાં વિષયો પ્રત્યેથી વિરાગ આવે છે. સાચું શું, ખોટું શું એની તારવણી કરી શકે છે. આવો જ્ઞાનવાન આત્મા સુખમાં છલકાતો નથી ને દુઃખમાં અકળાતો નથી. એ ગમે તેવા સંયોગોમાં સમભાવ રાખી શકે છે, જ્યારે અજ્ઞાની મનુષ્યને જીવાજીવનું ભાન નથી, સાચા ખોટાની પીછાણ નથી. કરવા યોગ્ય શું છે ને છોડવા યોગ્ય શું છે તે જાણતો નથી, તેથી તેને પળે પળે દુઃખ થાય છે, આટલા માટે જ્ઞાનીઓ અજ્ઞાનને દુઃખની ખાણ કહી છે.

બંધુઓ ! સાચું કહું તો અજ્ઞાન એક પ્રકારનો અંધાપો છે. કર્મના ઉદયથી કોઈ માણસ આંખે આંધળો બને છે ત્યારે એને માટે જગત અંધકારમય બની જાય છે. આજે તો આપણે નજર સમક્ષ જોઇએ છીએ કે આંખે અંધ માણસો બી એ. એમ.એ. થાય છે, મોટા કલાકાર અને સંગીતકાર બને છે. ઘણાં પ્રકારના ઉદ્યોગો કરે છે. જેની બાહ્યદૃષ્ટિ ખુલી છે ને આંતરદૃષ્ટિ બંધ છે તેવો અજ્ઞાની આત્મા રાત-દિવસ અશાંતિની આગમાં જલ્યા કરે છે. દુઃખ આવે છે ત્યારે રડે છે, ઝુરે છે અને પોતાની ભૂલનો બીજા ઉપર આરોપ મૂકીને નવા કર્મો બાંધી સંસાર વધારે છે. જ્યારે જ્ઞાની આત્માને કર્મનો ઉદય થાય ત્યારે તે પોતાના કર્મોનો દોષ દેખે છે, તે કોઇના ઉપર આરોપ મૂકતો નથી. જ્ઞાન દ્વારા સમભાવથી ઉદયમાં આવેલા કર્મોને ખપાવી શકાય છે. જ્ઞાનથી શું લાભ થાય છે ? "જ્ઞાનાગ્નિ સર્વ કર્માણિ ભસ્મસાત્ કુરુતે ક્ષણાત્" સમ્યક્જ્ઞાન રૂપી અગ્નિનો એક તણખો કર્મના ગંજને ક્ષણવારમાં બાળીને ભસ્મીભૂત કરી દે છે. જ્ઞાની આત્મા દુઃખથી ગભરાતો નથી પણ દુઃખના કારણને શોધે છે, અને શોધીને તેને જડમૂળમાંથી નાબૂદ કરે છે,

જેમના આત્મા ઉપરથી અજ્ઞાનનો અંધકાર નષ્ટ થઈ ગયો છે અને મુખ ઉપર ત્યાગ અને વૈરાગ્યની જ્યોત ઝળહળી ઉઠી છે એવા નેમકુમારે એક હજાર પુરૂષો સાથે દીક્ષા લીધી–નેમકુમાર મટીને નેમનાથ ભગવાન બની ગયા. કૃષ્ણવાસુદેવે એમને અંતરના આશીર્વાદ આપ્યા. તીર્થંકર પ્રભુ દીક્ષા લીધા પછી તે સ્થાનકમાં રોકાતા નથી. વિહાર કરી જાય છે, ત્યાગ કરનારને તો સંસારની જેલમાંથી મુક્ત બન્યાનો આનંદ હોય છે પણ માતા પિતા ભાઈ વિગેરેને દિલમાં ખૂબ દુઃખ થાય છે એટલે તે રડે છે, ઝુરે છે, કલ્પાંત કરે છે પણ ત્યાગી પાછું વાળીને જોતા નથી. મહાવીર પ્રભુએ દીક્ષા લીધા પછી વિહાર કર્યો ત્યારે તેમની પત્ની યશોદા તથા પુત્રી પ્રિયદર્શના અને તેમના મોટાભાઈ નંદીવર્ધન વિગેરે પછાડ આઇને ભોંય પડયા. મુખમાંથી ચીસ નીકળી ગઈ કે ઓ વર્ધમાનકુમાર ! અમને મૂકીને ક્યાં ચાલ્યા ? ખૂબ કલ્પાંત કર્યો પણ ભગવાન ઉભા રહ્યા નહિ. એ તો ચાલ્યા ગયા. સનત્કુમાર ચક્રવર્તિએ છ છ ખંડની સાહ્યબી છોડીને સંયમ લીધો ત્યારે એમની રાણીઓ, પુત્ર-પુત્રીઓ, નોકરચાકરો આદિ પરિવાર છ છ મહિના સુધી એમની પાછળ ફર્યો, ખૂબ ઝુર્યો, ખૂબ કલ્પાંત કર્યો પણ એમના સામી દૃષ્ટિ પણ ન કરી. ઉત્તમ પુરૂષો જેને એક વખત છોડી દે છે તેના સામી ફરીને દૃષ્ટિ કરતા નથી. એ તો એમનો આત્મસમાધિમાં લીન રહે છે. સનત્કુમાર ચક્રવર્તિએ પરિવારના સામે દૃષ્ટિ ન કરી ત્યારે બધા છ મહિને હતાશ થઈને પાછા ફર્યા. સંસારના બંધનો તૂટી જાય છે ત્યારે મોક્ષ મળે છે.

નેમકુમાર સંસાર છોડીને એક હજાર સંતોના શીરોમણી બન્યા. કૃષ્ણવાસુદેવ આદિ પરિવારે તેમને અંતરથી આશીર્વાદ આપ્યા કે હે નેમકુમાર ! તમે જે ધ્યેયથી દીક્ષા લો છો તેને જલ્દી સિદ્ધ કરો. જ્ઞાન–દર્શન–ચારિત્રમાં વૃદ્ધિ પામો, પણ આંખમાંથી આંસુડાની ધારા વહેવા લાગી. હવે એમને મૂકીને જવું ગમતું નથી પણ ત્યાગી એ ત્યાગી અને સંસારી તે સંસારી. દીક્ષાનું કાર્ય સમાપ્ત થયું. અંતરના આશીષ આપ્યા પછી હવે શું કરે છે.

एवं ते रामकेसवा, दसारा य बहुजणा।
अरिट्ठनेमिं वंदित्ता, अभिगया बारगापुरिं ॥२७॥

રામ એટલે બળદેવ, કેશવ એટલે કૃષ્ણ અને સમુદ્રવિજય રાજા આદિ દશ દશાર્હ ભાઈઓ તથા સાથે આવેલી દ્વારકા નગરીની જનતા બધાએ અરિષ્ટનેમિ ભગવાનને વંદન કર્યા પછી આંખમાંથી આંસુડા વહાવતા દ્વારકા નગરી તરફ ગયા. દ્વારકા નગરી તો ઘણી મોટી છે. વસ્તી પણ ઘણી છે પણ આ બધો પરિવાર રૈવતક પર્વત ઉપરથી ઉતરીને દ્વારકા નગરીમાં આવ્યો ત્યારે બધાને નગરી શૂનકાર લાગવા માંડી. દીક્ષા તો નેમકુમાર અને હજાર યાદવોએ લીધી છે પણ એમને તો જાણે આખી નગરી શૂન્ય લાગવા માંડી. રાજભવનો સૂના સૂના લાગવા માંડયા. એમને કયાંય ચેન પડતું નથી. મોક્ષગામી જીવો તો દીક્ષા

લઇને એમની સાધનામાં મસ્ત બની ગયા પણ સમુદ્રવિજય, રાજા શીવાદેવી માતા, કૃષ્ણ વાસુદેવ બધાને તો હજુ મોહ છે ને! મોહનીય કર્મ જીવને રડાવે છે અને બોલાવે છે કે અરેરે.... અમારો લાડકવાયો અમને છોડીને ચાલ્યો ગયો ! એના વિના ગમતું નથી. આપણું શું થશે ? રડતાં રડતા શું બોલે છે ?

અમને મૂકી એકલડા કયાં ચાલ્યા, આપનો વિયોગ કેમ સહેવાશે,
રહી રહી (૨) રહી છે અમારી આંખલડી, તુમ વિના સૂની દ્વારકા નગરી.
દિન વીતે (૨) ન વીતે અમારી રાતલડી.....આપનો વિયોગ....

વીરા ! તમને છોડીને આવ્યા પણ અમને ગમતું નથી. તમારો વિયોગ જીવનભર કેમ સહન થશે ? તમારી પાસેથી ઉઠવાનું મન થતું ન હતું પણ અમારો ને તમારો બંનેનો રાહ જુદો છે એટલે અમારે તો તમને છોડીને દ્વારકા નગરીમાં આવવું પડ્યું પણ તમારા વિના નગરી સ્મશાન જેવી સૂની લાગે છે. આવું પીવું ભાવતું નથી. તમારો વિયોગ કેવી રીતે સહન કરી શકીશ ? વીરા ! એક વખત તો પાછા દ્વારકામાં પધારો. અંતરમાં રહેલો મોહ આવા શબ્દો બોલાવે છે. જ્યારે દીકરાને વૈરાગ્ય આવ્યો ન હોય ત્યારે પોતાની માતાની આંખમાં આંસુ દેખે તો દીકરાને કંઈક થઈ જાય. માતાને છાની રાખવા કંઈક વાના કરે છે, પણ એ જ દીકરો વૈરાગ્ય પામીને દીક્ષા લેવા નીકળે ત્યારે માતા ગમે તેટલું રડે, ઝુરે, કલ્પાંત કરે તો પણ માતાના સામું જોતો નથી. શું દીકરો નિષ્ઠુર બની ગયો ? "ના" એવું નથી, પણ એ સમજે છે કે પહેલા મારી માતા દુઃખના કારણે રડતી હતી પણ અત્યારે જે રડે છે તે એના મોહના કારણે રડે છે. અત્યારના લોકો મોહને પ્રેમમાં ખતવે છે પણ ખરી રીતે મોહ અને પ્રેમ બંને અલગ વસ્તુ છે. મોહ છે એ રાગમાંથી ઉત્પન્ન થાય છે. રાગ એ ભયંકર આગ છે. મોહ એ માનવીને સંસારમાં મૂંઝવે છે. એ સત્ય વસ્તુનું ભાન થવા દેતો નથી. મોહનો સબંધ શરીર સાથે છે ત્યારે પ્રેમનો સબંધ આત્મા સાથે છે. પ્રેમ સર્વ જીવો પ્રત્યે સમાનભાવ રાખતા શીખવાડે છે, પ્રેમમાં વિશાળતા છે ને મોહમાં સંકુચિતતા છે. આજે પ્રેમના બહાને મોહ વધ્યો છે. ચુનો અને સાકર બંને શ્વેત છે, પિત્તળ અને સોનું બંને પીળા છે. બંનેના કલર સરખા છે પણ એમના ગુણમાં આસમાન અને જમીન જેટલું અંતર છે. એવી રીતે પ્રેમ અને મોહ તમને સરખા જેવા ભલે લાગતા હોય પણ બંનેના ગુણમાં મોટું અંતર છે. જ્ઞાની પુરૂષો કહે છે કે જલ્દી મુક્તિ જોઈતી હોય તો સૌથી પ્રથમ મોહ શત્રુને જીતો. કૃષ્ણવાસુદેવ વિગેરે નેમનાથ ભગવાનને વંદન કરીને દ્વારકા નગરીમાં આવ્યા છે પણ એમને કોઇને ગમતું નથી. તેઓ મોહના કારણે ઝુરાપો કરે છે.

બીજી તરફ વાયુવેગે મથુરાનગરીમાં સમાચાર પહોંચી ગયા કે નેમકુમારે દીક્ષા લીધી. એ વખતમાં અત્યારની માફક તાર, ટેલીફોન કે કોલ ન હતા પણ માણસો દ્વારા સમાચાર પહોંચી જતા. ઉગ્રસેન રાજાની લાડકવાયી દીકરી રાજેમતી જ્યારથી નેમકુમાર તોરણે આવીને

પાછા ફર્યા ત્યારથી ઝૂરતી હતી કે નાથ ! આપ મને છોડીને ચાલ્યા ગયા ! પછી ખબર પડી હતી કે નેમકુમાર વર્ષીદાન દે છે. તેઓ એક વર્ષ પછી દીક્ષા લેવાના છે, પણ એના મનમાં આશા હતી કે ભલે, તેઓ દીક્ષા લેવાના છે પણ દીક્ષા લેતા પહેલા એક વખત મને મળવા તો જરૂર આવશે જ. એમ આશામાં ને આશામાં દિવસો વીતાવતી હતી ત્યાં મથુરાનગરીમાં નેમકુમારે દીક્ષા લીધાના સમાચાર પહોંચી ગયા.

सोउण रायवरकन्ना, पव्वज्जं सा जिणस्सउ ।
नीहासा य निराणंदा, सोगेण उ समुत्थिया ॥ २८ ॥

ઉગ્રસેન રાજાની પુત્રી રાજેમતીએ નેમનાથકુમારે દીક્ષા લીધી એ વાત સાંભળીને હાસ્ય અને આનંદથી રહિત બની ગઈ અને શોકથી સંતપ્ત થઈને મૂર્છિત બનીને ધરતી ઉપર ઢળી પડી.

આશાના તંતુએ દિવસો વીતાવતી રાજેમતીને ખબર પડી કે નેમકુમારે દીક્ષા લઈ લીધી ત્યાં એના હૈયામાં ભયંકર આઘાત લાગ્યો. પછાડ ખાઈને ધરતી ઉપર ઢળી પડી. અરેરે.... નાથ ! તમને મારી દયા ન આવી ? એક વાર તો મારા સામું જોવું હતું ! વધુ નહિ એક વખત તો મને મળવા આવવું હતું ને ! મને મળ્યા વિના ચાલ્યા ગયા ! મને એકલી મૂકી દીધી ! આપે મારી સાથે લગ્ન કર્યા હોત તો પરણીને આપણે બંને સાથે દીક્ષા લેત. ન પરણ્યા તો ખેર, પણ દીક્ષાના સમાચાર તો આપવા હતા ! આ રીતે ઝૂરાપો કરતી બેભાન થઈને ધરતી ઉપર ઢળી પડી. આ વાતની ઉગ્રસેન રાજા અને ધારણીદેવીને ખબર પડી એટલે દોડતા ત્યાં આવ્યા. સખીઓ એને ભાનમાં લાવવા માટે પંખો નાંખે છે. કોઈ પાણી છાંટે છે ને અનેક પ્રકારના ઉપચારો કરે છે. થોડી વારે રાજેમતી ભાનમાં આવી ત્યારે એના માતા-પિતા કહે છે બેટા ! તું શા માટે ઝૂરે છે ? આપણે પહેલેથી જાણતા હતા કે નેમકુમાર દીક્ષા લેવાના છે. આમ તો પહેલેથી જ તારી સગાઈ નેમકુમાર સાથે કરવાની અમારી ભાવના હતી પણ ખબર પડી કે નેમકુમાર વિવાહ કરવાની જ ના પાડે છે એટલે અમે અમારો વિચાર માંડી વાળ્યો, પણ પછી કૃષ્ણવાસુદેવ જાતે માંગણી કરવા માટે આવ્યા ત્યારે એમ થયું કે એમણે હા પાડી હશે એટલે તારા વિવાહ કર્યા. બેટા ! જે થયું તે સારું થયું એમ માન. એ તને પરણ્યા વિના જ ચાલ્યા ગયા. જો પરણીને તારો ત્યાગ કર્યો હોત તો ? તું દુઃખી દુઃખી થઈ જાત. માટે જે થયું તે સારું થયું.

" રાજેમતીનો નેમનાથ પ્રત્યે અખૂટ પ્રેમ ":- નેમકુમાર જ્યારથી રાજેમતીને છોડીને ગયા ત્યારથી એના માતાપિતા બીજા રાજકુમાર સાથે લગ્ન કરવા રાજેમતીને સમજાવતા હતા, પણ રાજેમતીએ તો એક જ વાત કરી કે જીવનમાં પતિ એક જ હોય. મારે નેમકુમાર

સિવાયના દરેક પુરૂષો પિતા અને ભાઈ તુલ્ય છે. મારા દિલમાં નેમ સિવાય બીજા કોઇને સ્થાન નથી, એટલે માતાપિતા કંઈ બોલી શકતા ન હતા. ત્યાં આ બનાવ બની ગયો એટલે રાજેમતીના દિલમાં સખત આઘાત લાગ્યો ને બેભાન બનીને ઢળી પડી. માતા-પિતા અને સખીઓએ ઘણાં ઉપચારો કર્યા ત્યારે રાજેમતી ભાનમાં આવી. જેવી ભાનમાં આવી તેવી નેમનાથ ભગવાનનું સ્મરણ કરવા લાગી. નેમ સિવાય એને કાંઈ ગમતું નથી. નાથ! તમે આ શું કર્યું? આપ મને એકલવાયી કરીને કયાં ચાલ્યા ગયા?

છોડ ગયે ગિરનાર....મેરે નાથ અકેલી છોડ ગયે,
મેરે નેમ ગયે ગિરનાર....મેરા આશ ભરા દિલ તોડ ગયે,
બીન પાની મછલી તરફડતી, ઐસે મેં ગભરાઉં,
જલ રહી હું વિરહાનલસે, દડ દડ નીર વહાઉં મેં....છોડ ગયે...

હે મારા નેમનગીના! મેં એવો શું અપરાધ કર્યો કે મને છોડીને ચાલ્યા ગયા? મારા સામું તો જોવું હતું. પાણી વિના માછલી તરફડે તેમ આપના વિયોગથી તરફડી રહી છું. આપના વિયોગમાં મારા રાત દિવસો જતા નથી. એમ ઝુરતી કલ્પાંત કરવા લાગી. તમને થશે કે રાજેમતીને આટલો બધો શું મોહ હશે કે આટલી બધી ઝુરે છે? રાજેમતીને નેમકુમાર પ્રત્યે સંસારનો મોહ ન હતો, શુદ્ધ પ્રેમ હતો. તે વિષયસુખની પ્યાસી ન હતી, પણ આત્મિક સુખની પ્યાસી હતી.

રાજેમતી એક પવિત્ર સતી હતી. ભારતની સતી સ્ત્રીઓ પતિનું જીવન એ જ પોતાનું જીવન માનતી હતી. પતિની સેવા કરવી, પતિની આજ્ઞાનું પાલન કરવું અને પતિના સત્કાર્યોને અનુસરવામાં જ પોતાના જીવનની સફળતા માનતી હતી. પતિના સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી થવાવાળી હતી. ગમે તેવા સંકટના સમયમાં પણ સતી સ્ત્રીઓ પતિને સાથ છોડતી ન હતી. રામચંદ્રજીને વનવાસ મળ્યો ત્યારે સીતાજી સાથે જ ગયા હતા ને? સતી સ્ત્રીઓ એમ જ સમજે છે કે જેમ પતિના સુખમાં સાથે રહીએ છીએ તો દુઃખમાં પણ સહભાગી બનવું જ જોઇએ. સુખમાં પતિની સાથે રહેવું અને દુઃખ આવે ત્યારે સાથ ન આપવો એ સતી સ્ત્રીનું લક્ષણ નથી. કદાચ પતિ કર્મોદયથી દુઃખી બની જાય પણ સતી સ્ત્રી પતિનો સાથ છોડતી નથી કારણ કે એ સતી સ્ત્રીઓ પોતાનું જીવન ભોગો ભોગવવા માટે છે એમ સમજતી નથી પણ આત્માને ઉન્નત બનાવવા માટે આ જીવન મળ્યું છે એમ સમજે છે. એવું સુંદર અને પવિત્ર જીવન જીવીને આત્માને ઉન્નત બનાવે છે.

આ રાજેમતીને નેમનાથ ભગવાન તરફથી સંસારનું સુખ મળ્યું ન હતું ને મળવાની આશા પણ ન હતી છતાં તે નેમનાથમાં ખૂબ અનુરક્ત હતી. જો રાજેમતી વિષય

સુખની પ્યાસી હોત તો નેમનાથ ભગવાન તોરણદ્વારેથી પાછા ફર્યા પછી માતાપિતાએ બીજે લગ્ન કરવા માટે ખૂબ સમજાવી હતી તો તે વાતનો સ્વીકાર કરી લેત પણ એણે એ વાતનો સ્વીકાર ન કર્યો. એ વિષય સુખ માટે નેમનાથ ભગવાન ઉપર પ્રેમ રાખતી ન હતી પણ પતિની સેવા કરી એમના પગલે ચાલીને આત્માને ઉન્નત બનાવવા ઇચ્છતી હતી. રાજેમતી વિચાર કરવા લાગી કે જો મારા પતિ બ્રહ્મચર્યનું પાલન કરે છે તો મારે પણ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ. પુરૂષ ધારે તો અનેક સ્ત્રીઓ સાથે વિવાહ કરી શકે છે છતાં મારા પતિ મને છોડીને પાછા ફર્યા પણ બીજી કોઈ સ્ત્રીની સાથે વિવાહ કર્યો નથી તો પછી હું પણ બીજા પુરૂષ સાથે લગ્ન નહિ કરું. હું સ્વપ્ને પણ બીજા પુરૂષની સાથે લગ્ન કરવા ઇચ્છતી નથી, પણ મારા સ્વામી નેમનાથ ભગવાન જેવું જીવન જીવશે એવું જ જીવન હું જીવીશ અને આ રીતે પતિના વિરહમાં પણ તેમના પગલે ચાલીને મારા આત્માનું કલ્યાણ કરીશ. આ પ્રમાણે રાજેમતી વિચાર કરતી વિરહ વેદનાથી ઝુરવા લાગી. ઝૂરાપો કરતાં રાજેમતીને કેવું જ્ઞાન પ્રગટ થશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- જિનસેનકુમાર પરોપકાર કરવા માટે પ્રાણ આપવા તૈયાર થયો છે. તે પત્નીની આજ્ઞા લેવા માટે ઘેર આવ્યો ત્યારે પત્ની કહે છે હું સાથે આવું. ત્યાં એના બે બાળકો જાગી ગયા. એ કહે છે અમે દેવીને ભોગ માટે જઇએ. આપ ખુશીથી રહો. આ ચાર જણાની વાતો સાંભળીને રાજા કહે છે અહો ! આ પાંચ વર્ષના બાલુડા પણ કેટલા હોંશિયાર છે. એ દેવીને બલી આપવાની બાબતમાં શું સમજે ? છતાં કહે છે અમે જઇશું. આ ઘરમાં તો બધા આત્માઓ ભગવાન તુલ્ય પવિત્ર જન્મ્યા છે. ધન્ય છે એમના જીવનને ! જિનસેનકુમારે ચંપકમાલા અને એના બે બાળકોને ખૂબ સમજાવ્યા પણ સમજ્યા નહિ. અને હઠ કરીને તેની સાથે ચાલ્યા. ચારે જણા ચાલતા ચાલતા મહાકાલી દેવીનું મંદિર હતું ત્યાં આવ્યા. આવીને જિનસેનકુમારે ચંપકમાલાને કહ્યું દેવી ! તમે બંને બાળકોને લઇને ઘેર જાઓ ને આનંદથી રહો. મને મારા મહારાજાને બચાવવા માટે પ્રાણનું બલીદાન આપવા દો. ચંપકમાલા કહે છે સ્વામીનાથ ! હું આપને સત્ય કહું છું કે આપ આપનું બલીદાન આપવું રહેવા દો.

બત્તીસ લક્ષણી મૈં ભી સ્વામી, માનો મેરી બાત,
આપ કુંવર આનંદમેં રીજો, દેઉં જોડી હાથ.

આપ જેમ બત્રીસ લક્ષણા પુરૂષ છો એમ હું પણ બત્રીસ લક્ષણવાળી સ્ત્રી છું. તો મને મરવા દો. આપ જીવતા હશો તો કેટલા જીવોને આધારભૂત છો ને હું સ્ત્રી જાતિ શું કરી શકવાની છું ? આપને બીજી પત્ની મદનમાલતી પણ છે. એ આ બાળકોને સંભાળશે, માટે આપ મને જવા દો. આપ મારી આટલી વિનંતી સ્વીકારો. આમ પરસ્પર

વાતચીત કરતા હતા, એટલામાં આ કાલીદેવીએ જિનસેનકુમારની સાચી પત્ની ચંપકમાલા અને બે બાળકોને અદૃશ્ય કરી દીધા અને એના જેવી બનાવટી ચંપકમાલા અને બે કુમારોના રૂપ બનાવીને હાજર કર્યા. આ તો દેવોની શક્તિ છે. દેવો પોતાની શક્તિથી જે ધારે તે બનાવી શકે છે. એટલે બનાવટી રૂપ બનાવીને હાજર કર્યા. આ વાતની જિનસેનકુમારને ખબર ન પડી એટલે એ બનાવટી ચંપકમાલાને કહે છે કે ચંપકમાલા! હું જીવતો રહું ને તને દેવીનો ભોગ ચઢાવવા જવા દઉં! એ કદી નહિ બને. હે ચંપકમાલા! તું તારા બે બાલુડાને લઈને ઘેર ચાલી જા, અને મને મરવા દે.

"પ્યારી પત્ની અને વહાલસોયા બાલુડાઓનો આપેલો ભોગ":–વૈક્રિયરૂપધારી ચંપકમાલા કહે છે નાથ! આપ કહો છો કે ચાલી જા પણ આપ વિચાર તો કરો. પ્રાત વિનાનું જીવન એ કંઈ જીવન છે! વિધવા બનીને જીવવું એના કરતાં મરવું શું ખોટું? આપ જશો પછી હું જીવી શકીશ નહિ ને બે જીવોની ઘાત થશે એના કરતા મને મરવા દો. ત્યાં બે છોકરાઓ આડા પડીને કહે છે બા–બાપુજી! તમે રહેવા દો. અમારો બંનેનો ભોગ ચઢાવી દો. આ રીતે ખૂબ ખેંચતાણ કરી. સ્ત્રી અને બાળકોએ હઠ ન છોડી એટલે જિનસેનકુમારને ક્રોધ આવ્યો. તેથી હાથમાં તલવાર લઈને ચંપકમાલા અને પોતાના બે પુત્રોનો માતાજીને ભોગ આપી દીધો. તલવારના એક ઝાટકે ત્રણ જીવોના માથા ધડથી જુદા થઈ ગયા. જિનસેને કરતા શું કર્યું પણ એનું હૈયું હાથ ન રહ્યું. હાય! આ શું થઈ ગયું? આવી પ્રેમાળ ને ગુણીયલ પત્ની અને ફૂલ જેવા આ મારા બાલુડા મને ક્યાં મળશે? ધિક્કાર છે મને પાપીને! મેં ત્રણ ત્રણ જીવોની ઘાત કરી નાંખી! હવે મારે પણ જીવીને શું કામ છે? હું પણ મરી જાઉં, એમ વિચાર કરીને હાથમાં તલવાર લઈને પોતાનું માથું કાપવા લાગ્યો. ત્યાં રાજા પાછળથી દોડતા આવ્યા ને જિનસેન પ્રધાનના હાથમાંથી તલવાર ઝુંટવી લીધી ને કહ્યું કે દીકરા! તું આ શું કરી રહ્યો છે? હું તને મરવા નહિ દઉં. તેં તારી પત્ની અને બબ્બે દીકરાઓ તો હોમી દીધા. હવે તું શા માટે મરવા તૈયાર થયો છે? મારે તો તારા જેવા ડાહ્યા પ્રધાનની બહુ જરૂર છે. જિનસેન પ્રધાન કહે છે મહારાજા! મારી દેવી જેવી પવિત્ર પત્ની મરી ગઈ. મારા હૈયાને આનંદ આપનારા મારા બબ્બે લાડકવાયાને મેં મારી નાખ્યા, હવે મારા જીવનમાં શું બાકી રહ્યું છે? પત્ની અને પુત્રો વિના મારો સંસાર સૂનો બની ગયો. હવે મારે જીવવાનો કોઈ અર્થ નથી, માટે મને મરવા દો. અમારા બલીદાનથી આપ જીવતા રહેશો અને પ્રજાનું પાલન કરશો એ મારે મન આનંદની વાત છે ત્યારે રાજા કહે છે

मैं तुझको नाह मरने दूंगा, लाख करो उपाय,
तेरी जगह मैं शीश चढाउं, राज करो तुम सदाय.

હે દીકરા! હું તને કોઈ રીતે મરવા નહિ દઉં. ભલે દેવી મારો ભોગ લઈ લે. હું

મરી જઈશ તો હવે મને ચિંતા નથી. તું મારા કરતા પણ શ્રેષ્ઠ છે. સવાયું રાજ્ય ચલાવે તેમ છે. તને જીવાડીને મારે જીવવું છે પણ તને મારીને મારે જીવવું નથી. રાજા જિનસેનકુમારને મરવા દેતા નથી ત્યારે જિનસેન કહે છે પિતાજી! આપને મારા ઉપર ઘણો પ્રેમ છે, લાગણી છે પણ હવે મને મારું જીવન શુષ્ક-નિરસ દેખાય છે. હું જીવીશ તો પણ મરેલા જેવો જ છું. એના કરતા આપ સુખે રાજ્ય કરો અને મને મરવા દો. રાજા અને પ્રધાન વાતચીત કરે છે. હવે શું બનશે તેના ભાવ અવસરે.

●

વ્યાખ્યાન નં. ૮૯

આસો વદ ૮ ને મંગળવાર **તા. ૨૪-૧૦-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની શાસ્ત્રકાર ભગવંતોએ જગતના જીવોના આત્મ કલ્યાણ માટે આગમવાણી પ્રકાશી. ભગવંત એમની અમોઘ વાણીમાં ફરમાવે છે કે હે ભવ્ય જીવો! આ સંસાર અસાર અને દુઃખનું મંદિર છે, એવા સંસારમાં સ્વર્ગ અને મોક્ષને આપનાર એક ધર્મ છે. આ સંસાર રૂપ સાગરમાં પરિભ્રમણ કરતા જીવને જમીનમાંથી નિધાનની માફક મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય છે. જે મનુષ્યભવ મેળવીને પોતાના આત્માનું હિત કરતો નથી તે અનંતકાળ સંસારમાં પરિભ્રમણ કરે છે. અગ્નિથી ભડકે બળતા મહેલમાં રહેવું યોગ્ય નથી તેમ દુઃખ રૂપ ભયંકર અગ્નિથી સળગતા સંસારમાં રહેવું યોગ્ય નથી. આ ચિંતામણી રત્ન સમાન દુર્લભ મનુષ્ય ભવ પામીને આત્માર્થી જીવોએ પ્રમાદની પથારીનો ત્યાગ કરીને પુરૂષાર્થ કરવો જોઈએ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરૂષાર્થમાંથી આજે જીવો ધર્મ અને મોક્ષને લગભગ ભૂલી ગયા છે. ૯૯ ટકા અર્થના ગુલામો અર્થ માટે દોટ મૂકી રહ્યા છે, કામના ગુલામો કામ અર્થે ફાંફાં મારી રહ્યા છે, પણ ધર્મ જે આપે છે તે કોઇપણ આપી શકતું નથી. જ્યાં સુધી સત્ય ધર્મ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અનંત કાળની જન્મ-મરણ અને દુઃખોની ઘટમાળ ચાલુ રહેશે. સંસારના સુખમાં જે ફસાય અને એ ફસામણમાં જે મોજ માણે એ જ્ઞાનીઓની દૃષ્ટિએ દુઃખી છે. જ્ઞાની પુરૂષો સંસારનું સુખ છોડીને અને સંયમ માર્ગમાં આવતા કષ્ટોને આનંદથી વેઠીને ધર્મનો રસ્તો બતાવી ગયા અને આ રસ્તે ચાલનારા ઘણાં મોક્ષે પહોંચી ગયા. સૌથી પ્રથમ ધર્મમાં શ્રદ્ધા હોવી જોઈએ. જો ધર્મ પ્રત્યે શ્રદ્ધા જાગશે તો ધર્મ કરવાની શક્તિ જાગૃત થવાની છે. ધર્મના અભાવમાં થોડી અથડામણમાંથી મોટી કષાયની આગ ઉભી થાય છે જે આત્માના ગુણોને ભસ્મીભૂત કરી નાંખે છે, માટે જીવનમાં ધર્મની અતિ આવશ્યકતા છે. આપણો આત્મા રોગી છે. કર્મના કીટાણુઓ એના આરોગ્ય પર હુમલો કરી રહ્યા છે. આ હુમલાને દૂર કરી આત્માને આરોગ્ય બક્ષનારી અમૃત સમાન ઔષધિ કોઈ હોય તો ધર્મ છે. ધર્મ એક એવી આબરૂદાર પેઢી છે કે જો એની શ્રદ્ધાપૂર્વક આરાધના કરીએ તો

એના બદલામાં એ આત્માના મહાન સુખો આપ્યા વિના રહે જ નહિ, પણ તે ધર્મ માત્ર મોક્ષની અભિલાષાથી જ કરવો જોઈએ. દુઃખભીરૂ આ ધર્મનો ઉપયોગ સુખ મેળવવા કરે અને સુખનો લાલચુ પણ એ માટે કરે. આત્મકલ્યાણ માટે ધર્મનો ઉપયોગ તો તે જ આત્મા કરી શકે કે જેનામાં મોક્ષની કામના જાગી હોય. ધર્મ જો મોક્ષ સિવાય બીજી કોઈ ભાવનાથી થતો હોય તો એનાથી બંધાતું પુણ્ય સંસાર ખાતે જમા થાય ને પરિણામે પાયની મૂડીમાં વધારો થાય, જ્યારે આત્માને ધર્મનું સ્વરૂપ યથાર્થ રીતે સમજાઈ જાય ત્યારે એને દાન દેતા જાય એમ લક્ષ્મીની અનિત્યતા સમજાતી જાય. બ્રહ્મચર્ય પાલન કરતા જાય એમ ભોગ વધુ ને વધુ ખરાબ લાગતા જાય. તપ કરતા આહાર સંજ્ઞા તરફ અરૂચી વધતી જાય ને ભાવધર્મના પ્રભાવે આ ભવની ભીષણતા વધુ ને વધુ સમજાતી જાય, અને સંસારના સુખો પ્રત્યે નિસ્પૃહતા આવતી જાય. આ રીતે જો ધર્મ રૂપ અમૃતનું પાન કરીએ તો જરૂર અજર અમર પદને મેળવી શકીએ.

ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનમાં નેમનાથ ભગવાન અને રાજેમતીનો અધિકાર ચાલે છે. નેમકુમાર યાદવકુળના હીરા સમાન હતા. એમને ત્યાં ભૌતિક સુખોની કમીના ન હતી, માતા પિતાએ અને કૃષ્ણવાસુદેવે એમને પરણાવવા માટે કેટલા પ્રયત્નો કર્યા, જાન જોડીને પરણવા માટે ગયા તો પણ પાછા ફર્યા અને કોડભરી કન્યા રાજેમતીને મૂકીને એક હજાર પુરૂષોની સાથે દીક્ષા લીધી. એમને સંસાર દુઃખનો દરિયો દેખાયો એટલે છોડી દીધો. તમને સંસાર કેવો લાગે છે ? દુઃખથી ભરેલો કે સુખથી ભરેલો ? બોલો તો ખરા ! તમને સુખથી ભરેલો લાગે છે એટલે જ બોલતા નથી. જો સંસાર દુઃખરૂપ લાગ્યો હોત તો કયારનો છોડી દીધો હોત. નેમકુમારને સંસારનું સ્વરૂપ સમજાયું એટલે છોડીને નીકળી ગયા પણ પાછળ રાજેમતી ઝુરતી રહી ગઈ. એને ખબર પડી કે મારા નાથે દીક્ષા લીધી ત્યાં એનું હૈયું તૂટી ગયું. હે પ્રભુ ! આ શું કર્યું ? આપે મને એક વખત તો દર્શન દેવા હતા ! હું કેવી કમભાગી છું કે મને એક વખત પણ મારા ભગવાનના દર્શન ન થયા ! એક વખત પણ મને દર્શન થયા હોત તો મારા હૈયામાં હિંમત આવત. પ્રભુ ! મને અત્યાર સુધી તો એવી આશા હતી કે આપ આ દાસીને એક વખત તો દર્શન દેવાની કૃપા કરશો, પણ આપની દીક્ષાની વાત સાંભળતા આજે મારી આશાના મિનારા તૂટી ગયા. હવે હું કોના સહારે જીવી શકું ? આવા પતિના વિયોગના દુઃખ સહન કરવા એના કરતા મરી જવું એ શ્રેષ્ઠ છે. મેં પૂર્વભવમાં એવા કયા પાપકર્મો કર્યા હશે કે મારે પતિના વિયોગનું દુઃખ સહન કરવાનો વખત આવ્યો ! આ રીતે રડતી ને ઝુરતી રાજેમતી શું વિચાર કરે છે.

राईमई विचिन्तेई, धिरत्थु मम जीवियं ।
जाहं तेण परिच्चत्ता, सेयं पव्वईउं मम ॥ २९ ॥

રાજેમતી સ્વસ્થ થયા પછી ચિંતવવા લાગી કે મારા જીવનને ધિક્કાર છે! કારણ કે નેમકુમાર મને છોડીને ચાલ્યા ગયા છે. હવે મારે માટે તો દીક્ષા લેવી એ જ કલ્યાણકારી છે કારણ કે જેમણે મને છોડી છે એ તો રાજપાટ અને ભોગસુખોને તજીને યોગી બની ગયા છે અને હું તો હજુ અહીં જ બેઠી છું. મને ધિક્કાર છે! મારા નેમકુમાર તો મહાન કરૂણાવંત છે. તેઓ મને છોડીને ગયા એમાં એમનો કોઇ દોષ નથી. દોષ માત્ર મારા કર્મનો છે. નહિતર તેઓને જો પશુની દયા આવી અને શું મારી દયા ન આવે?

પશુદાની દયા કરી મુજને તરછોડી (૨) મેલી નિરાશ મને ભમતાને મોડી,
આવ્યા તોરણદ્વાર, પાછા વળીયા ગિરનાર...નેમજી....

મોક્ષગામી જીવો કર્મોદય વખતે પોતાનો જ દોષ જુએ છે. બીજાને દોષ આપતા નથી. રાજેમતી મનમાં વિચાર કરે છે કે જેના દિલમાં પશુઓ પ્રત્યે આટલી કરૂણા છે તો શું મારા પ્રત્યે કરૂણા ન હોય? જરૂર હોય, પણ મારા અંતરમાં મોહ ભર્યો છે તેથી મને સત્ય વાત સમજાતી નથી. મારા પોતાના પાપકર્મોનો ઉદય છે. આ રીતે દુઃખથી વ્યાકુળ થતી રાજેમતી પાપકર્મોની આલોચના કરતી પશ્ચાતાપ કરવા લાગી. પોતાના પાપકર્મોનો અંતઃકરણપૂર્વક પશ્ચાતાપ થતાં રાજેમતીને જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થયું. જ્ઞાન દ્વારા એણે પૂર્વના આઠ ભવો જોયા તો ખબર પડી કે નેમનાથ ભગવાનની સાથે પોતાને આઠ આઠ ભવની પ્રીતડી છે. જે જે ભવમાં મનુષ્ય થયા તે તે ભવમાં પતિ-પત્નીનો જ સબંધ હતો અને દેવલોકમાં દેવપણે સાથે રહ્યા છે. આ અમારો નવમો ભવ છે.

"શુભ ચિંતન કરતી રાજેમતી":- આ નવમા ભવમાં ભગવાને ભૌતિક સુખો અને સંસારના પ્રેમનો ત્યાગ કરીને સંયમ અંગીકાર કર્યો છે અને તેઓ હવે પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ કરવાનો બોધ આપે છે અને સંયમ દ્વારા અક્ષય સુખની પ્રાપ્તિ કરવા ઇચ્છે છે. હવે મને સમજાયું કે તેઓ જાન જોડીને મથુરા પધાર્યા અને તોરણદ્વારેથી પાછા ફર્યા એમાં શું રહસ્ય હતું, આવા મહાનપુરૂષ વિના પ્રયોજને આવી મોટી જાન જોડીને આવે નાહ ને આવ્યા તો નક્કી એમાં એક શુભ સંકેત છે. તેઓ પરણવા નહોતા પધાર્યા પણ મને જગાડવા માટે જ આવ્યા હતા કે હે રાજેમતી! હું આ પશુઓની દયા કરીને સંયમના માર્ગે જાઉં છું. તું પણ સંસારના સમસ્ત બંધનો તોડીને પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ કરવા માટે મારી પાછળ ચાલી આવ. આવો શુભ સંદેશો આપી મને જાગૃત કરવા માટે જ આવ્યા હતા. શું એમની કરૂણા છે! અત્યાર સુધી મને આ વાત સમજાણી નહિ. આઠ આઠ ભવની પ્રીત અમર રાખવા માટે મને એમણે શુભ સંદેશો આપ્યો છે. તો હવે હું પણ તેમના માર્ગે જ સિધાવું તો જ સાચી પત્ની છું. મારા પતિનો જે માર્ગ તે જ મારો માર્ગ. એમને જેમાં સુખ દેખાયું એમાં જ મને પણ સુખ દેખાય છે. આ સંસાર તો એક મોહક જાળ છે. અનેકવિધ દુઃખોથી ભરેલો છે. આવા સંસારનો હું ત્યાગ કરું

તો વારંવાર આવા સંયોગ વિયોગના દુઃખો મારે સહન કરવા ન પડે. પતિએ શીવરમણીને વરવા માટે સંયમ લીધો છે તો હું પણ સંયમ લઈને શીવરમણીને વરું. અમે બંને મોક્ષમાં જઈશું ત્યાં તો સંયોગ અને વિયોગના દુઃખો સહન કરવા નહિ પડે.

જાતિસ્મરણ જ્ઞાન થયા પછી રાજેમતીને વૈરાગ્ય આવી ગયો, એટલે રડવા ઝુરવાનું બંધ થઈ ગયું. એના મુખ ઉપર પ્રસન્નતા છવાઈ ગઈ. આંખોમાં અશ્રુઓને બદલે અપૂર્વ તેજ ઝળકવા લાગ્યું અને એના હૃદયનો બધો ખેદ નષ્ટ થઈ ગયો. પોતે દીક્ષા લેવાના વિચારોમાં મગ્ન બની હતી. આ તરફ ઉગ્રસેન રાજા અને ધારણી માતાને ચિંતાનો પાર નથી કારણ કે નેમકુમાર તોરણેથી પાછા ફર્યા ને દ્વારકા જઈને વર્ષીદાન દેવા લાગ્યા પછી તેમણે રાજેમતીને બીજે લગ્ન કરવા માટે સમજાવવામાં બાકી રાખી નથી. ઘણી સમજાવી છે પણ રાજેમતી નેમ સિવાય બીજા પતિને ઇચ્છતી નથી. નેમકુમારે તો દીક્ષા લીધી પણ રાજુલને નેમ પ્રત્યેથી રાગ હટતો નથી તેથી રાત દિવસ ઝુરાપો કરી રહી છે. એના મુખ સામું જોવાતું નથી. હવે શું કરવું ? રાજેમતીની માતા ધારણી રાણી એને સમજાવવા માટે ફરીથી તે પુત્રીના મહેલે આવી. માતાના મનમાં હતું કે મારી દીકરી બેભાન પડી હશે. હવે ગમે તેમ કરીને પણ એને સમજાવ્યા વિના છૂટકો નથી. આવો વિચાર કરીને માતા રાજેમતી પાસે આવી.

"નેમનો માર્ગ તે જ મારો માર્ગ" :– જ્યારે માતા આવતી ત્યારે રાજેમતી નેમકુમારને યાદ કરીને રડતી, ઝુરતી ને કલ્પાંત કરતી જોતા અને એની સખીઓ એને સમજાવતી. તેમાં નેમકુમારની દીક્ષાની વાત સાંભળીને તો જબ્બર આંચકો લાગ્યો છે એટલે માતાના મનમાં હતું કે બેભાન હશે પણ આવીને જોયું તો રાજેમતી રડવાનું ને ઝુરવાનું છોડી દઈને વિરકત બનીને બેઠી છે. એના મુખ ઉપર પ્રસન્નતા છે અને નયનોમાં અલૌકિક તેજ છે. માતાએ તેની પાસે આવીને કહ્યું બેટા રાજેમતી ! નેમકુમારે તને છોડીને દીક્ષા લીધી. હવે તું એમનો મોહ છોડી દે અને અમારું કહેવું માનીને ફરીને લગ્ન કરી લે. તને જે રાજકુમાર પસંદ હોય તેની સાથે પરણાવીશું. અમે તને દુઃખી કરવા ઇચ્છતા નથી. તને સુખી કરવા ઇચ્છીએ છીએ. ત્યારે રાજેમતીએ કહ્યું હે માતા ! હવે વારંવાર એકની એક વાત મારી પાસે શા માટે કરો છો ? હું નેમકુમાર સિવાય બીજા કોઇને ઇચ્છતી નથી. હવે તમે સમજી લો કે જે મારા પતિનો માર્ગ એ જ મારો માર્ગ છે. આઠ આઠ ભવથી જેમની સાથે પ્રીત બાંધી છે તે શું હવે બીજા સાથે જોડાશે ? બિલકુલ નહીં. માતા ! નેમકુમાર મને પરણવા માટે નહિ પણ મને જગાડવા માટે જ આવ્યા હતા, એટલે હવે મારો આત્મા જાગૃત બની ગયો છે. હવે તો મારા નેમનાથ પ્રભુનો જે માર્ગ એ જ મારો માર્ગ, હું પણ એમની માફક દીક્ષા લેવા ઇચ્છું છું.

રાજેમતીની માતાએ જાણ્યું કે રાજેમતી હવે કોઈ રીતે સમજે એમ નથી. એણે

દીક્ષા લેવા માટે મક્કમ નિર્ણય કર્યો છે એટલે કહે છે હે મારી વહાલી પુત્રી ! શું તું દીક્ષા લેવાની વાત કરે છે ? દીક્ષા એ કંઈ નાના બાળકને રમવાનું રમકડું નથી કે જલ્દી લઈ શકાય. સંયમ લેવો એ તો મીણના દાંતે લોખંડના ચણા ચાવવા જેવું કઠીન કામ છે. બેટા ! તું દીક્ષાની વાત છોડી દે. તારાથી સંયમ પાળી શકાશે નહિ કારણ કે મોટા મોટા યોદ્ધાઓ પણ સંયમ માર્ગનું પાલન કરવામાં અસમર્થ છે, તો પછી તારા જીવી સુકોમળ રાજકુમારી કેવી રીતે સંયમનું પાલન કરી શકશે ? તું તો રાજમહેલમાં જન્મી છે ને રાજમહેલમાં ખૂબ લાડકોડથી ઉછરી છે. આટલી બધી દાસીઓ તારી સેવામાં હાજર રહે છે. તું મખમલની મૂલાયમ શૈયા ઉપર સૂવે છે. કદી ખુલ્લા પગે ચાલી નથી. ઉગતા સૂર્યના કિરણો તારા મુખ ઉપર પડે ત્યાં તારું મુખ લાલઘૂમ થઈ જાય છે, તો આ સંયમના કષ્ટો તું કેવી રીતે સહન કરી શકીશ ? દીક્ષા લીધા પછી તારે ખુલ્લા પગે ચાલવું પડશે. વનવગડાની વાટે વિહાર કરતા ખાડા ને ટેકરા આવશે, કાંટાને કાંકરા પગમાં ભોંકાઈ જશે ત્યારે લોહીની ધાર થશે. ઉનાળાના દિવસોમાં ધરતી ધખધખી ઉઠશે. એવી ધોમધખતી ગરમીમાં ગૌચરી જવું પડશે. પગે ફોલ્લા પડશે. ગૌચરીમાં લૂખા સૂકા ને ટાઢા-ઉના ભોજન મળશે. તે નહિ ભાવે તો કાઢી નંખાશે નહિ. જેવું મળશે તેવું સમભાવપૂર્વક આવું પડશે એ તો ઠીક પણ ગૌચરી જઇશ ત્યાં કોઈ માન આપશે ને કોઈ અપમાન કરશે એ તારાથી કેમ સહન થશે ? ગૌચરી લેવા જઇશ અને તને કોઇ નહિ આપે ત્યારે તને ખેદ નહિ થાય ને ? આ બધી બાબતોનો તું ખૂબ વિચાર કરીને દીક્ષા લેવાની વાત કરજે. સંયમ માર્ગમાં ઘણું કષ્ટ સહન કરવું પડે છે. આ તારું સુકોમળ શરીર એ દુઃખો સહન કરી શકે એમ નથી.

રાજેમતી કહે છે માતા ! તું મને કહે છે કે સુકોમળ છે, રાજકુમારી છે. તું આવા કષ્ટો સહન નહિ કરી શકે. તો વિચાર કર, હું રાજકુમારી છું તો નેમકુમાર પણ એક સુકોમળ રાજકુમાર જ છે ને ? એ સહન કરવા સંયમના પંથે ચાલી નીકળ્યા તો શું મારાથી સહન નહિ થાય ? હું બધું જ સહન કરી શકીશ. માતા ! તું એની ચિંતા ન કરીશ, ત્યારે માતા કહે છે બેટા ! બીજું બધું તો ઠીક, પણ આ તારા માથા ઉપર શોભતા કાળા ભંમર જેવા વાળ અને આ ચાબૂક જેટલો લાંબો તારો ચોટલો છે. એ વાળ ભાજીપાલાની જેમ ચૂંટવા પડશે. એક વાળ ખેંચાતા કેટલું કષ્ટ પડે છે તો આખા માથાના વાળ હાથથી ચૂંટવા પડશે ત્યારે કેવી વેદના થશે ? એનો તેં વિચાર કર્યો ? રાજેમતી કહે છે હે માતા ! જે મનુષ્યને જે કાર્ય કરવાની લગની લાગે છે એને માટે કોઈ વાત મુશ્કેલ રહેતી નથી. જે કાયર હોય એને જ મુશ્કેલ લાગે છે.

એક વખત એક મહાત્મા પોતાના વસ્ત્ર, પાત્ર વિગેરે ઉપકરણો લઇને પહાડ ઉપરથી નીચે ઉતરી રહ્યા હતા ત્યારે એક છોકરી એના ભાઈને લઇને પહાડ ઉપર ચઢી રહી

હતી. મહારાજના હાથમાં સામાન જોઇને પેલી છોકરી પૂછે છે મહારાજ! તમને ભાર નથી લાગતો? ત્યારે મહારાજે એને કહ્યું–બહેન! તું આટલી નાની છું ને આ છોકરાને ઉંચકીને પહાડ ઉપર ચઢે છે તો તું થાકી નહિ જાય? ત્યારે છોકરી કહે છે મહારાજ! આ તો મારો ભાઈ છે. મને મારા પ્રાણથી પણ અધિક વહાલો છે. આ તો એક જ ભાઈ છે પણ આવા બે ભાઇને ઉંચકીને ચઢવું પડે તો પણ મને થાક નહિ લાગે, કારણ કે મારો ભાઈ મને બહુ વહાલો છે, ત્યારે મહારાજે કહ્યું–બહેન! તને જેમ તારો ભાઈ વહાલો છે એટલે એને ઉંચકીને ચઢતા થાક નથી લાગતો તેમ મને પણ મારો સંયમ મારા પ્રાણથી પણ અધિક વહાલો છે. એ સંયમનું પાલન કરવા માટેના સાધનો ઉંચકવામાં થાક લાગે ખરો? જેને જે વસ્તુ ગમે છે તેના માટે ગમે તેટલું કષ્ટ પડે તો તે કષ્ટ લાગતું નથી.

"સંયમની દુષ્કરતા બતાવતા માતાજી":– રાજેમતીને પણ નેમનાથ ભગવાન પ્રત્યે પ્રેમ છે. એમણે દીક્ષા લીધી છે તો હવે મારે પણ એમનો માર્ગ જ અપનાવવો જોઇએ. એ માર્ગે જવામાં જ મારું કલ્યાણ છે. એમ સમજાઈ ગયું છે. એટલે એને સંયમ માર્ગ કઠીન લાગતો નથી પણ એની માતાને તો મોહ છે ને? એટલે સંયમમાં કેવા કેવા કષ્ટો આવશે તે વાત સમજાવીને કહે છે બેટા! પહેલા તો નેમકુમાર તારી સાથે લગ્ન કર્યા વિના ચાલ્યા ગયા એ માટે તું એમને યાદ કરી કરીને ઝૂરતી હતી. એ બાબતનું તારા દિલમાં કેટલું દુઃખ હતું. હમણાં તો એમણે દીક્ષા લીધી એ વાત સાંભળીને પણ બેભાન બની ગઈ હતી ને એટલી વારમાં તારો મોહ કયાં ચાલ્યો ગયો? અને તને સંસાર ઉપરથી વૈરાગ્ય કેવી રીતે આવ્યો? નેમકુમારે ભલે દીક્ષા લીધી પણ તને સંયમ લેવાની ધૂન કયાંથી લાગી? સંસારના ભોગવિલાસ ભોગવતા અમારી તો આટલી ઉંમર વીતી ગઈ તો પણ અમને વૈરાગ્ય નથી આવ્યો ને તને વૈરાગ્ય કેવી રીતે આવ્યો? આવી રીતે ક્ષણિક આવેશમાં આવીને કોઈ પણ કાર્ય કરવું તે હાથે કરીને દુઃખ મેળવવા જેવું છે. નેમકુમારનો તને રાગ છે ને એમણે દીક્ષા લીધી એટલે તું પણ દીક્ષા લેવાની વાતો કરે છે પણ એ કામ કંઈ ખાવાના ખેલ નથી. સંયમ લેવો એ તો માથે મેરૂપર્વતનો ભાર ઉપાડવા જેવું છે. તારું એમાં કામ નથી. હું તને સાચું કહું છું, બેટા! મારી વાત માનીને તું દીક્ષા લેવાની વાત છોડી દે. હું ને તારા પિતા તારા હિતસ્વી છીએ એટલે તારા હિત માટે વાત કરીએ છીએ. અમે તારા શત્રુ નથી કે તારા અહિતની વાત કરીએ. માટે જો તને અમારા ઉપર વિશ્વાસ હોય કે મારા માતા–પિતા મારા હિત માટે જ કહે છે તો તું અમારી ઇચ્છા વિરુદ્ધ કાર્ય કરવાનો વિચાર પણ ન કરીશ.

માતાજીની વાત સાંભળીને રાજેમતી કહે છે માતાજી! હું તમને એક વાત પૂછું છું કે પત્નીને માટે પતિની આજ્ઞા માનવી આવશ્યક છે કે માતાપિતાની આજ્ઞા માનવી

આવશ્યક છે ? મારા પિતાજી તને કંઈ આજ્ઞા કરે અને બીજી તરફ તારા પિતાજી કંઈ આજ્ઞા કરે તો તું પહેલા કોની આજ્ઞાનું પાલન કરે ? મારા પિતાની કે તારા પિતાની ? ત્યારે માતાએ કહ્યું–બેટા ! એમાં પૂછવાનું જ શું હોય ? એ તો તારા પિતાની આજ્ઞાનું જ પાલન કરવાનું હોય ને ! પરણેલી સ્ત્રી પહેલા પતિની આજ્ઞાનું પાલન કરે છે. માતાજી ! આ વાત તો તમે પણ સમજો છો ને કહો છો કે પત્નીએ પતિની આજ્ઞાનું પાલન કરવું જોઈએ, તો પછી આપની આજ્ઞા હું ન માનું અને દીક્ષા લઉં તો તે કંઈ અનુચિત તો નથી કરતી ને ? તમે મને દ્રવ્યથી નેમકુમારની સાથે પરણાવી નથી, એમના હાથમાં મારો હાથ સોંપ્યો નથી પણ હું તો મારા મનના ભાવથી એમને અર્પણ થઈ ચૂકી છું. મેં એમના હાથમાં મારો હાથ સોંપી દીધો છે, પછી એમણે દીક્ષા લીધી એટલે એમની મને આજ્ઞા છે કે હે રાજેમતી ! તું દીક્ષા અંગીકાર કર, અને કદાચ એમની આજ્ઞા ન હોય તો પણ સતી સ્ત્રીનો ધર્મ છે કે પતિ જે માર્ગે અનુસરે તે માર્ગે પત્નીએ ચાલવું જોઈએ.

માતાજી ! તમારી બધાની દૃષ્ટિએ નેમકુમાર પરણવા આવ્યા હતા એમ લાગે છે પણ મને તો એમ જ લાગે છે કે તેઓ પરણવાના બહાને મને જાગૃત કરવા આવ્યા હતા. તેઓ મારી પાસે આવ્યા નહિ. મેં એમને દૂરથી નિહાળ્યા પણ એમણે તો મારા સામું જોયું નથી. એમણે તો દૂરથી જ મને જાગૃત કરી દીધી કે હે રાજેમતી ! તું મારી સાથે સંબંધ જોડીને મારા માર્ગે આવવા ઇચ્છતી હો તો હું જેમ સંસારના સંબંધોને તોડીને સંયમ માર્ગ અંગીકાર કરું છું તેમ તું પણ મારી માફક સંસારના સબંધો તોડીને સંયમ માર્ગ અપનાવી લે. સંસારમાં રહેવાથી ત્રણ કાળમાં કલ્યાણ થવાનું નથી. એમણે પહેલા ત્યાગ માર્ગ અપનાવ્યો અને મને એ માર્ગ અપનાવી લેવાનો સંકેત કરી ગયા છે. હું એમ માનતી હતી કે મને તરછોડીને ગયા પણ હવે મને સત્ય સમજાયું કે મને તરછોડીને ગયા નથી પણ મને સાથે લેવા માટે આવ્યા હતા. જો એ મને પરણવા આવ્યા જ ન હોત તો મને ક્યાંથી ખબર પડત.

વરસીદાન જ દીધા, પરણ્યા સંયમ નાર,
હાથ ઉપર હાથ મૂકી, આપ્યો સંયમ ભાર,
પ્રીત રાખી નિરધાર, તારી રાજુલ નાર–નેમજી નહીં રે મળે.

નેમકુમાર જાન જોડીને મથુરામાં આવ્યા અને પશુડાઓનો પોકાર સુણીને એમને બંધનમાંથી મુક્ત કરીને પાછા દ્વારકામાં ગયા ને એક વર્ષ સુધી તો એમણે વર્ષીદાન દીધું ને પછી દીક્ષા લીધી, પણ જ્યાં સુધી મને સાચું ભાન ન થયું ત્યાં સુધી મને મોહ હતો એટલે એમ થતું કે નેમકુમારે મને અન્યાય કર્યો અને મને છોડીને ચાલ્યા ગયા પણ હવે મારો આત્મા જાગૃત બન્યો છે તેથી મને એમ થાય છે કે ભગવાને મને અન્યાય નથી કર્યો પણ મારા ઉપર દયા કરી છે. પશુઓને તો એક જ ભવના બંધનથી

મુક્ત કર્યા છે પણ મારા તો ભવોભવના બંધન એમણે તોડાવી નાંખ્યા છે. ભૌતિક સુખની ઇચ્છાઓની પૂર્તિ માટે મારી સાથે અપવિત્ર સબંધ ન જોડતાં એમણે મારી સાથે સાચો પ્રેમ સબંધ જોડીને મને જન્મ-મરણથી બચાવી લીધી છે. તેઓ દ્વારકાથી અહીં મને એમ કહેવા માટે પધાર્યા હતા કે હે રાજેમતી ! શું, તું આ ભવમાં મારી સાથે અપવિત્ર પ્રેમ સબંધ બાંધવા ઇચ્છે છે? આ વખતે આપણે એવા સંસારના અપવિત્ર પ્રેમ સંબંધથી બંધાવું નથી પણ આ ભવમાં આપણે એવો પ્રેમસબંધ જોડવો છે કે પછી એમાં વિયોગનું દુઃખ ન આવે કે જન્મ મરણનું દુઃખ પણ ન આવે. આ પ્રમાણે સમજાવીને તેઓ પાછા ફર્યા પણ આજ સુધી મારા અજ્ઞાનના કારણે મને સાચી વાત સમજાતી ન હતી તેથી આટલા દિવસથી સંસારિક પ્રેમ સંબંધ માટે દુઃખ પામતી હતી પણ હવે મને નેમકુમાર અહીં પધાર્યા અને પાછા ફર્યા એ વાતનું રહસ્ય બરાબર સમજાઈ ગયું છે. એટલે હવે હું પણ ભગવાનની માફક દરેક જીવો સાથે પવિત્ર પ્રેમ સબંધ જોડવા માટે સંયમ માર્ગ અંગીકાર કરીશ.

રાજેમતીની વાત સાંભળીને એની માતાએ કહ્યું બેટા ! તારા શરીરની સુકોમળતા જોતા મને લાગે છે કે તું એ દુઃખો સહન કરવા શક્તિમાન નથી. હું તને દીક્ષાની આજ્ઞા કેવી રીતે આપી શકું? ત્યારે રાજેમતીએ કહ્યું-માતાજી ! હું જેવી સુકોમળ છું, સુખમાં ઉછરી છું તો શું નેમકુમાર પણ મારી માફક સુકોમળ નથી ! એ સુખમાં જ ઉછર્યા છે ને? એમણે પણ કયાં દુઃખ જોયું છે ! તેઓ જો આવા દુષ્કર સંયમનું પાલન કરશે તો શું હું નહિ કરી શકું? હું સંયમ લઈને એમના માર્ગે જ ચાલીશ. તેઓ જે સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે તે સુખને હું પણ પ્રાપ્ત કરીશ, માટે આપ મને રોકશો નહિ. રાજેમતી આ પ્રમાણે એની માતાને કહી રહી છે. હવે એની માતા એના પિતાજીને વાત કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- પરદુઃખભંજન જિનસેન પ્રધાન તલવારથી પોતાનું ગળું કાપવા તૈયાર થયો ત્યારે રાજાના દિલમાં થયું કે શું આ જીવોની પવિત્રતા છે ! એક મારા બચાવ ખાતર ત્રણ ત્રણ જીવોનો વધ થઈ ગયો, અને ચોથાનો વધ થઈ રહ્યો છે. હું એને મરવા નહિ દઉં. આ તો મનુષ્યના રૂપમાં ભગવાન આવ્યા છે. એમ વિચારીને રાજાએ એના હાથમાંથી તલવાર ઝુંટવી લીધી ને કહ્યું હવે તારે ભોગ આપવો નથી. દેવીને ભોગ જોઈએ તો મારો આપવા તૈયાર છું, ત્યારે જિનસેનપ્રધાને કહ્યું મહારાજા ! આપ દૂર ખસી જાઓ. મને રોકશો નહિ. મારી કુળદેવી સમાન પત્ની ચંપકમાલા અને કુળદીપક સમાન દાનસેન અને શીલસેન બે પુત્રો ગયા. હવે હું જીવીને શું કરું? હવે મને મારા જીવનમાં કંઈ રસકસ કે સાર દેખાતા નથી, માટે હવે આપ મને આગ્રહ કરશો નહિ, મને મરવા દો. આપને જીવાડવા ખાતર હું જાઉં છું એટલે મને તો આનંદ

છે. આપ ખુશીથી રાજ્ય કરો. એમ કહીને જિનસેન રાજાના હાથમાંથી તલવાર લઈને પોતાનું મસ્તક ઉડાડવા તૈયાર થયો.

ઈતને પ્રગટી કાલીદેવી, માફ તુઝે કર દીના,
કુંવર કહે મૈં નહીં માનૂંગા, ગયે મેરે કુલ નગીના.

જિનસેન પોતાના ગળે તલવાર મારવા જાય છે ત્યાં એકદમ સાક્ષાત્ મહાકાળી દેવી પ્રગટ થઈ ને દિવ્ય અવાજથી બોલી સબૂર....જિનસેન સબૂર કર. હું તને માફ કરું છું. તારે ભોગ દેવાનો નથી, ત્યારે જિનસેન કહે છે માતાજી ! હવે તમે મને માફ કરો તો પણ શું ને ન કરો તો ય શું ! મારી પ્રાણપ્યારી પત્ની ગઈ, મારા બબ્બે પુત્રો ગયા. હવે મારે જીવવાનો શું અર્થ છે ? હવે મારે જીવવું નથી, ત્યારે દેવીએ કહ્યું–દીકરા ! શાંત થા. દેવલોકમાં ઈન્દ્ર મહારાજાએ તારી પ્રશંસા કરી હતી કે મૃત્યુલોકમાં જિનસેનકુમાર મહાન પરોપકારી પુરૂષ છે. પોતાના પ્રાણનું બલિદાન આપીને પણ બીજાનું હિત કરવા તત્પર રહે છે. ધન્ય છે એની પવિત્ર ભાવનાને ! આ તારી પ્રશંસા મારાથી સહન ન થઈ. મને એમ થયું કે ઈન્દ્ર મહારાજાની આજ્ઞાનું ખડે પગે પાલન કરીએ છીએ છતાં અમારી પ્રશંસા કરતા નથી ને એની આટલી બધી પ્રશંસા કરે છે ! આ સંસારમાં આપણે નજરે જોઇએ છીએ ને કે કોઈ માણસ કોઇની પ્રશંસા કરે તો બીજાથી સહન થતું નથી. કોઈ વધારે સુખી થઈ જાય તો પણ બીજાથી સહન ન થાય એટલે એના ઉપર ઇર્ષ્યા કરે, એની નિંદા કરે અને એને હલકો પાડવાના પ્રયત્નો કરે છે તે રીતે દેવલોકમાં પણ મિથ્યાત્વી દેવોને બીજાની પ્રશંસા સહન થતી નથી.

"પરોપકારનું ફળ" :– આ કાલીદેવીનું નામ ધરાવતી દેવી કહે છે જિનસેનકુમાર ઇંન્દ્ર મહારાજાએ તારી પ્રશંસા કરી તે મારાથી સહન ન થઈ, તેથી તારી પરીક્ષા કરવા માટે મેં આ માયાજાળ બિછાવી હતી પણ હવે મને સમજાણું કે જેવી તારી પ્રશંસા સાંભળી હતી તેવો જ તું છે. ધન્ય છે તારી પરોપકાર ભાવનાને ! તારી જનેતાને પણ ધન્ય છે કે આવા દેવ જેવા દીકરાને જન્મ આપ્યો છે. હું તારા જેટલા ગુણ ગાઉં એટલા ઓછા છે. આ પ્રમાણે બોલીને દેવીએ જિનસેનકુમારને ખૂબ ધન્યવાદ આપ્યા, પછી તરત જ દેવીએ અદૃશ્ય કરેલી પત્ની ચંપકમાલા અને દાનસેન અને શીલસેન બે કુમારોને એની સામે લાવીને મૂકી દીધા. આ જોઇને જિનસેનપ્રધાન અને રાજા તો જાણે આશ્ચર્યચકિત બની ગયા કે હમણાં જેના મસ્તક ઉડાડ્યા હતા એ અહીં જીવતા કયાંથી આવ્યા ? એમને વિચારમાં પડેલા જોઈને દેવીએ બધી વાત સ્પષ્ટ કરી કે મેં એમને અદૃશ્ય કર્યા હતા અને તમે જેને મારી નાંખ્યા એ તો કૃત્રિમ રૂપ હતા. આથી જિનસેન પ્રધાન અને મહારાજાને ખૂબ આનંદ થયો. જિનસેનકુમારની પરોપકાર ભાવનાથી પ્રસન્ન થઇને એને રોહિણી અને પ્રજ્ઞપ્તિ આદિ ઘણી વિદ્યાઓ આપી અને કામકુંભ આપ્યો

અને દરેકની વિધ કેવી રીતે કરવી અને એનાથી શું લાભ થાય છે તે બધી વાત સમજાવી દીધી ને કહ્યું કે હું કાલીદેવી નથી પણ તારી પરીક્ષા કરવા આવેલી દેવી છું.

બંધુઓ ! વિના સ્વાર્થે પોતાનું સુખ જતું કરે છે તેને કેવો મહાન લાભ થાય છે ! જિનસેનકુમારે રાજાને બચાવવા માટે પોતાનું જીવન કુરબાન કર્યું. એને ખબર ન હતી કે આ મારી પરીક્ષા છે. એ તો પોતાનો પ્રાણ દેવા તૈયાર થયો હતો ને ? પણ કસોટીમાંથી પાર ઉતર્યો તો દેવી પ્રસન્ન થઈ. તેને ઘણી વિદ્યાઓ મળી ને ઇચ્છિત સુખ આપનાર કામકુંભ મળ્યો અને દેવીએ કહ્યું જ્યારે તારે મારી જરૂર પડે ત્યારે યાદ કરજે તો હું આવીને હાજર થઈશ. આ રીતે કહીને દેવી અદૃશ્ય થઈ ગયા, પછી રાજા પ્રધાનને ખૂબ વાજતે ગાજતે નગરમાં લઈ ગયા. હવે બધા આનંદપૂર્વક રહેવા લાગ્યા પણ કુદરત એને આનંદથી રહેવા દેતી નથી. મહાનપુરૂષોને કંઈ ને કંઈ ઉપાધિ આવ્યા કરે છે. હવે અહીં શું બનશે તેના ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૯૦

આસો વદ ૯ ને બુધવાર **તા. ૨૫-૧૦-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, પરમ ઉપકારી તીર્થંકર પ્રભુએ જગતના જીવોના ઉદ્ધાર માટે સિદ્ધાંતો પ્રરૂપ્યા છે. ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનમાં નેમનાથ ભગવાન અને રાજેમતીની વાત ચાલે છે. નેમનાથ ભગવાને દીક્ષા લીધી તે વાત સાંભળીને એને ખૂબ દુઃખ થયું ને સાથે પોતાના પાપકર્મોનો પશ્ચાતાપ કરતા તેને જાતિ-સ્મરણ જ્ઞાન થયું. જ્ઞાન દ્વારા પૂર્વભવો જોયા પછી સંસાર ઉપરથી તેનું મન ઉઠી ગયું અને ભગવાને જે માર્ગ લીધો એ માર્ગે જવા તૈયાર થઈ. હળુકર્મી આત્માઓને સત્ય વસ્તુનું ભાન થતાં સંસારને લાત મારીને નીકળી જાય છે પણ તમને તો સંતો સંસારનું સ્વરૂપ ગમે તેટલું સમજાવે પણ વૈરાગ્ય આવતો નથી. સંસારના મોહમાં ઉંડા ને ઉંડા ખૂંચી રહ્યા છો, પણ જરા વિચાર કરશો તો સમજાશે કે આ સંસાર કેવો છે !

સંસાર સાગરમાં રાગના મોટા ભોરીંગ ફુંફાડા મારી રહ્યા છે. આંખમાંથી અગ્નિ વરસાવતા દૃષ્ટિવિષ ભોરીંગ કરતા પણ રાગના કાળીનાગનું દમન કરવું મુશ્કેલ છે. સમુદ્રના પેટાળમાં પડીને મહાન યત્નપૂર્વક રત્નો મેળવવા છે. સમુદ્રમાં ઉપર પાણી ખારું છે ને અંદર કિંમતી રત્નો ઝળહળી રહ્યા છે. એ રત્નો મેળવવા જતાં વહેપારીઓને ઘણી જ મુશ્કેલી વેઠવી પડે છે. જંતુઓ કરડી ન જાય તેની પણ ખૂબ સાવધાની રાખવી પડે આટલી બધી મુશ્કેલીઓને પાર કર્યા પછી સફળતાપૂર્વક વહેપારી રત્નોને ગ્રહણ કરી શકે છે. આવી જ રીતે સંસાર સમુદ્રના ખારા પાણીની દોસ્તી છોડીને શાંત અને સમાધિ-

પૂર્ણ જીવન જીવવાની ઇચ્છા રાખનારા સંયમી આત્માઓ પણ સંયમ માર્ગમાં આવતી મુશ્કેલીઓ આનંદપૂર્વક વેઠીશ તેમ પહેલેથી જ વિચાર કરી લે છે.

કોઈપણ કાર્યમાં ઉપરછલ્લી નજરે જોયા કરતા એના ઉંડાણમાં ઉતરવાથી જ સાચી વસ્તુ પ્રાપ્ત થાય છે. કહેવાય છે ને કે "**માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જો ને.**" આ વાત બરાબર વિચારી લેવાની જરૂર છે. આવી રીતે ધર્મને પણ ઉપરછલ્લી નજરે નહિ જોતાં એના ઊંડાણમાં ઉતરીને સાચું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઇએ. આત્મિક સુખ અને સમાધિ મેળવવા માટે ધર્મારાધના કરવાની જરૂર છે. ધર્મારાધના માટે ઉપયોગી સાધનો એકઠા થયા પછી બાહ્ય ઉપાધિથી અળગા બની આંતર સમાધિના માર્ગે આગળ વધવું જોઇએ. અનંતજ્ઞાની ભગવંતોએ ધર્મના એકેક માર્ગની પ્રરૂપણા અનંતજ્ઞાનથી સર્વજીવોના સર્વ ભાવોને જાણીને ત્રણકાળમાં અવ્યાબાધપણે કરી છે. આવા ઉત્તમ ધર્મની સાધના કરવા તત્પર બનેલા સાધકોને અંતરના ઉંડાણમાં ઉતરતા અનાદિકાળથી અડ્ડો જમાવીને બેઠેલા રાગાદિ ભોરીંગો એને ભય પમાડીને એ માર્ગેથી ચલિત કરવા માટે સામા ધસી આવે છે પણ જો સાધક એ ભોરીંગથી ભય પામીને દૂર ભાગી જાય તો એનો માર્ગ કાંટાળો બની જાય છે અને જો એને જીતી લે તો એનો માર્ગ નિષ્કંટક બની જાય છે.

બંધુઓ ! જ્યાં રાગ હોય ત્યાં દ્વેષનો દાવાનળ ફાટી નીકળે છે. નાનકડી ચીનગારીમાંથી મહાનલ સર્જાતા વાર લાગતી નથી. રાગ અને દ્વેષ એ જીવના મહાશત્રુઓ છે. તે અનાદિકાળથી આત્માનું અહિત કરી રહ્યા છે. ઝેરની કણી નાનકડી દેખાતી હોય પણ એ મહાવિષ પેટમાં પડતા જ ભયંકર પરિણામ સર્જે છે. રાગની છાયા નીચે જીવનારને શાંતિ મળતી નથી. રાત દિવસના રઝળપાટ પછી આત્મા શાંતિનો દમ ખેંચી શકતો નથી. રાગની રામાયણ કંઈ જેવી તેવી નથી. ભયંકર કોટીની છે. એ રાગની આગમાં કંઇક જીવો ઝડપાઈ ગયા છે. રંગરાગના રાગીને ત્યાં કાયમ હોળી જલતી હોય છે અને રાગના ત્યાગીને ત્યાં કાયમ દિવાળી છે. બોલો, તમને હોળી ગમે છે કે દિવાળી ? (શ્રોતામાંથી અવાજ :- દિવાળી) ગમે છે દિવાળી પણ પેટાવવી છે હોળી. આવું કેમ બને છે ? આનું કારણ એક જ છે કે જિનવાણી રૂપ અમૃતનો આસ્વાદ હજુ સુધી જીવે ચાખ્યો નથી.

શાસ્ત્રોમાં ભગવંત ફરમાવે છે કે રાત-દિવસ જિનવાણીરૂપ ઉપશમ રસના અમૃતથી જેનું મન સદા સીંચાયેલું રહે છે તે રાગ રૂપ કાળા ભોરીંગની ઝેર વમતી ઉર્મિઓથી કદી બળતો નથી. જેના અંતરમાં રાત-દિવસ જિનવાણીનું રટણ ચાલતું હોય એ જિનવાણીરૂપી અમૃતનું પાન કરનારને રાગનું ઝેર શું કરી શકે ? એ ઝેર ઉતારવાનો જાદુ તો જિનવાણીમાં જ છે. ઉપશમ ભાવના તોરણો આત્મદ્વારે લટકતા હોય એને સદા લીલાલહેર હોય છે. જો મનુષ્યની પાસે જિનવાણીરૂપી અમૃતના ઘડા ભરેલા હોય તો ગમે ત્યારે અમૃતનું પાન કરી શકે છે. અનાદિકાળના રાગનું ઝેર ઉતારવા જિનવાણી ઉપર શ્રદ્ધા કરવાની અવશ્ય

જરૂર છે. ચતુર ચેતનદેવે વિચાર કરવાની જરૂર છે કે આ અસાર સંસારની નશ્વર સામગ્રીમાં મમત્વ ધારણ કરીને મારે મારા જીવનરૂપી નંદનવનમાં આગ લગાડીને ભવ બગાડવો નથી. સંપત્તિના શરણે રાગમય જીવન જીવનાર પોતાના જીવનમાં પ્રલયને સર્જે છે. રાગની સારેગમ સર્વનાશ માટે આહ્વાન આપતી રહે છે, માટે જો સર્વનાશના પાશમાંથી છૂટવું હોય તો શુદ્ધભાવે શ્રદ્ધાપૂર્વક જિનવાણીનું પાન કરો. આ સંસારમાં વ્યાપી ગયેલા રાગ રૂપી ઝેરનું જો કોઈ મારણ હોય તો તે જિનવાણીનું સુધાપાન છે. ઝેરનું મારણ આપણી પાસે હોય તો ઝેરથી ડરીને દૂર ભાગવાની કોઈ જરૂર નથી. ઝેર એની જાતે જ તમારાથી દૂર ભાગી જશે.

રાજેમતી જ્યાં સુધી સમજી ન હતી ત્યાં સુધી એને નેમકુમારનો રાગ રડાવતો હતો પણ જાતિસ્મરણ જ્ઞાન થતા રાગની આગ બૂઝાઈ ગઈ અને આત્મા વૈરાગ્ય ભાવનાથી વાસિત બન્યો, પછી એની માતાએ એની સામે સંયમમાં કેવા કેવા કષ્ટો પડશે તે વાત સમજાવી છતાં ન માની ત્યારે છેલ્લે કહે છે બેટા ! તું બધું દુઃખ ભલે સહન કરી લઈશ પણ જ્યારે કામવાસનાના કીડા તને સતાવશે ત્યારે તું હેરાન થઈશ. આ સાંભળી રાજેમતી કહે છે માતા ! હું મારા મનને સંયમ ભાવમાં જ લીન રાખીશ. જ્ઞાન-ધ્યાનમાંથી ચિત્તને બહાર નીકળવા જ નહિ દઉં, પછી કામના કીડા મને ક્યાંથી સતાવશે ? સંયમ માર્ગમાં મારે કેવા કેવા ઉપસર્ગો અને પરિષહો સહન કરવા પડશે એ બધી વાતનો વિચાર કરીને મેં દીક્ષા લેવાનું નક્કી કર્યું છે, માટે આ બાબતમાં તમે નિશ્ચિંત રહો. રાજેમતીનો જવાબ સાંભળીને એની માતાના મનમાં થઈ ગયું કે હવે મારી દીકરી સંસારમાં રહેશે નહિ. એને વધુ શું કહેવું ? વધારે કંઈ પણ કહેવું એ એના દિલને દુભાવવા જેવું છે. હવે અમારે એને દીક્ષાની આજ્ઞા આપવી જોઇએ. એ વિચાર કરીને ધારણી રાણીએ ઉગ્રસેન રાજા પાસે આવીને રાજેમતીના વૈરાગ્યની વાત કરી, ત્યારે તેમના દિલમાં પણ થઈ ગયું કે આપણી લાડકડી વહાલસોયી રાજેમતીને પરણાવવા આપણે ઘણાં ઘણાં પ્રયત્નો કર્યા પણ એ ન સમજી. હવે એ સંયમના પુનિત પંથે પ્રયાણ કરવા ઈચ્છે છે તો હવે આપણે એને દીક્ષાની આજ્ઞા આપવી જોઇએ. આત્માનું સુખ મેળવવા માટે સંયમ માર્ગ જ શ્રેષ્ઠ છે. સંયમ વિના કલ્યાણ થવાનું નથી. આમ સમજીને માતા-પિતા રાજેમતીને દીક્ષા આપવા માટે શું કરવું તે વિચાર કરવા લાગ્યા.

દેવાનુપ્રિયો ! જેને જે કાર્યમાં મન લાગી જાય છે તેને માટે કઠીનમાં કઠીન કામ પણ સહેલું બની જાય છે અને જો રસ નથી હોતો તો સહેલું કાર્ય પણ કઠીન બને છે. રાજેમતીને સંયમની લગની લાગી છે એટલે એની માતાએ એની સામે સંયમના કષ્ટોનું વર્ણન કર્યું તો પણ એનું મન પાછું ન પડ્યું કે હું આ કષ્ટ કેવી રીતે સહન કરી શકીશ ! તમને સાધુના પરિષહો દુઃખરૂપ લાગે છે ત્યારે સાધુને સંસાર દુઃખરૂપ લાગે છે,

જેને જેમાં રસ હોય છે એમાં એને આનંદ આવે છે. શિયાળાની કડકડતી ઠંડીના દિવસોમાં કોઈ માણસના મનમાં એમ થાય કે આ માછલીઓ બિચારી પાણીમાં ઠરી જશે, માટે લાવ હું એને બહાર મૂકી દઉં. દયાળુ દયા કરીને બહાર કાઢે છે. પણ માછલી પાણી વિના તરફડીને મરી જાય છે. એમ જ્ઞાનીઓને તમારી દયા આવે છે કે આ બિચારા જીવોનું શું થશે ? તેથી તમને સમજાવે છે પણ તમને સંસારમાં રસ છે એટલે આટલું દુઃખ હોવા છતાં તમને સુખ દેખાય છે.

રાજેમતીને હાડહાડની મીંજમાં સંયમનો રંગ લાગ્યો છે. એના દિલમાં અપૂર્વ આનંદ છે. અહો મારા ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય કે મારા નાથે આઠ આઠ ભવની પ્રીત ટકાવવા માટે અહીં આવીને મને જાગૃત કરી. એ જો મને પરણવા માટે પધાર્યા ન હોત તો હું ક્યાં જાગૃત બનવાની હતી! ક્યાંય મોહ નિદ્રામાં આળોટતી હોત. મહાનપુરૂષોનું આગમન અનોખો સંદેશો આપી જાય છે.

મોટા રે માનવીના પાવન પગલા, આત્મ કલ્યાણનો માર્ગ બતાવે,
નશ્વર દેહના પ્રેમથી અધિકો, આત્મપ્રેમનો પંથ બતાવે,
સંકેત સ્વામીનો હવે સમજાય, સતી રાજુલ સંયમપંથે જાય....

રાજેમતી મનમાં નેમનાથ પ્રભુનો ઉપકાર માનતી વિચાર કરે છે કે નાથ ! આપના જેવા મહાનપુરૂષના પગલે મથુરાનગરી પાવન થઈ ગઈ. આપ મને નશ્વરદેહની પ્રીત તોડીને શાશ્વત આત્માની સાથે પ્રેમ જોડવાનો શુભ સંકેત કરવા આવ્યા હતા, પણ અત્યાર સુધી હું મોહમાં પાગલ બનેલી હતી તેથી આપનો સંકેત મને સમજાયો નહિ. હવે હું સાચી વાત સમજી શકી છું, એટલે આપે બતાવેલા પુનિત પંથે આપની પાછળ આવીશ. રાજેમતી પોતે તો વૈરાગ્ય પામી પણ સાથે પોતાની સાતસો (૭૦૦) સખીઓને પણ સંસારની અસારતા સમજાવે છે. રાજેમતી વિરક્ત બનીને સંસારમાં વૈરાગ્ય અવસ્થામાં પિતાજીને ઘેર રહીને જ્ઞાનનો અભ્યાસ કરવા લાગી. એનો ઝળહળતો વૈરાગ્ય જોઇને એના માતા-પિતાના દિલમાં થયું કે હવે આપણી રાજેમતીને સંસારનો બિલકુલ રાગ નથી. એ એની આરાધનામાં જ મસ્ત છે. હવે એને સંસારમાં પાડવાની વાત કરવી એ એના દિલને દુભવવા જેવું છે, માટે એને જેમાં રસ છે તે કાર્ય કરવા દો. એનું મન આનંદમાં રહે તે જ આપણો આનંદ છે. રાજેમતીની ૭૦૦ સખીઓ પણ એના જેવી વૈરાગી બની ગઇ. આ પ્રકારે વિશુદ્ધ ભાવનાવાળી બનેલી રાજેમતી વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ સાથે જ્ઞાનાભ્યાસ કરતી પોતાનો સમય વ્યતીત કરવા લાગી. જ્ઞાનાભ્યાસ અને તપશ્ચર્યામાં લીન રહેવાથી તેના દિવસો સુખપૂર્વક વ્યતીત થવા લાગ્યા.

આ તરફ નેમનાથ ભગવાને રૈવતક પર્વત ઉપર દીક્ષા લીધી, પછી કૃષ્ણવાસુદેવ

સમુદ્રવિજય આદિ દશ દશાર્હો તેમને આશીર્વાદ આપી વંદન કરીને પાછા ફર્યા હતા અને ભગવાને પણ ત્યાંથી એક હજાર સંતોની સાથે વિહાર કર્યો હતો. નેમનાથ ભગવાન દીક્ષા લીધા પછી ચોપન દિવસ સુધી છદ્મસ્થાવસ્થામાં ગ્રામાનુગ્રામ વિચર્યા પછી તેઓ પાછા રૈવતક પર્વત ઉપર પધાર્યા અને ત્યાં તેમણે અઠ્ઠમ તપ કરીને ધ્યાનસ્થ બનીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. ઋષભદેવ ભગવાનને દીક્ષા લીધા પછી એક હજાર વર્ષે કેવળજ્ઞાન થયું છે. મહાવીર ભગવાનને સાડા બાર વર્ષ અને પંદર દિવસ પછી કેવળજ્ઞાન પ્રગટ થયું હતું. મલ્લીનાથ ભગવાનને દીક્ષા લીધી તે જ દિવસે ચોથા પ્રહરે કેવળજ્ઞાન પ્રગટ થયું હતું અને નેમનાથ ભગવાને દીક્ષા લીધા પછી ચોપન દિવસ બાદ પંચાવનમા દિવસે ઘાતીકર્મોનો ક્ષય કર્યો ને કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી. ઘાતી કર્મો એટલે શું ? તે જાણો છો ને ? જે કર્મો આપણા આત્માના જ્ઞાનાદિ ગુણો ઉપર ઘા કરે તેને ઘાતી કર્મો કહેવાય. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મો છે. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મો છે. અઘાતીકર્મો આત્માના જ્ઞાનાદિ ગુણોને કોઈ જાતની હાની કરતા નથી. ચાર ઘાતી કર્મો આત્માના ગુણોને આવરવામાં બાધારૂપ છે.

નેમનાથ ભગવાને દીક્ષા લઈને પરમ પુરૂષાર્થ કરીને ચોપન દિવસમાં ઘાતી કર્મોનો ઘાણ કાઢી નાંખ્યો ને અનેક સૂર્યો કરતાં પણ અતિ નિર્મળ, તેજસ્વી કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી. ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ થતાંની સાથે જ દેવલોકમાં ઈન્દ્રોના આસન ડોલવા લાગ્યા, એટલે દેવોએ અવધિજ્ઞાનદ્વારા ઉપયોગ મૂકીને જોયું તો નેમનાથ ભગવાનને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે. તે જાણીને ઈન્દ્રો પોતાના સામાનિક આદિ ઘણાં દેવોના પરિવાર સાથે હર્ષભેર રૈવતક પર્વત ઉપર આવ્યા અને ભગવાનના સમોસરણની રચના કરી, પંચવર્ણી અચેત દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરી. આકાશમાં દેવદુંદુભીના દિવ્ય ધ્વનિ ગાજી ઉઠયા અને હર્ષભેર કરોડો દેવો નેમનાથ ભગવાનનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવવા હાજર થઈ ગયા. તીર્થંકર પ્રભુની અને સામાન્ય કેવળજ્ઞાનીની પુન્નાઈમાં ફરક હોય છે. તીર્થંકર પ્રભુની પુન્નાઈના કારણે ઈન્દ્રો અને દેવો સમોસરણની રચના કરે છે. અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, પ્રભુના માથે ત્રણ ત્રણ છત્ર ધરવા, ચામર વીંઝવા વિગેરે કરે છે. એમાં પ્રભુને તો કંઈ ઇચ્છા હોતી નથી, પણ એમની પુન્નાઈના થોક એ ભવમાં જ ખપાવવાના હોય છે, એટલે સમકિતી દેવો આ બધું કરે છે. પ્રભુનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવતા ઈન્દ્રો અને દેવો હર્ષઘેલા થઈને ડોલવા લાગ્યા. અહો પ્રભુ ! અમે આવું જ્ઞાન ક્યારે પ્રાપ્ત કરીશું ? અમને આવો અવસર ક્યારે પ્રાપ્ત થશે ?

આ તરફ દેવોના ટોળા રવતક પર્વત ઉપર ઉતર્યા છે. બીજી તરફ વનપાલકે નેમનાથ ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થયાના સમાચાર દ્વારકા નગરીમાં કૃષ્ણવાસુદેવને આપ્યા. આ શુભ મંગલ સમાચાર સાંભળીને કૃષ્ણવાસુદેવના સાડા ત્રણ કોડ રોમરાય ખીલી ઉઠયા.

મંગલ વધામણી આપવા આવનાર વનપાલકને ખૂબ ધન આપીને સંતુષ્ટ કરીને વિદાય કર્યો અને પછી કૃષ્ણવાસુદેવ, બળદેવ અને સમુદ્રવિજય રાજા આદિ દશ દશાર્હ રાજાઓ તેમજ બીજા ઘણાં યાદવો અને દ્વારકા નગરીના નાગરિકો પણ રૈવતક પર્વત ઉપર પહોંચી ગયા. ત્રીજી તરફ વિરક્ત ભાવમાં રહેલી રાજેમતીને પણ ખબર પડી કે મારા જીવનઉદ્ધારક, જગતપતિ નેમનાથ ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ થયું છે એટલે ઉગ્રસેન મહારાજા, રાજેમતી અને એની સખીઓ આદિ ઘણાં મોટા પરિવાર સાથે રૈવતક પર્વત ઉપર પહોંચી ગયા. ભગવાન સમોસરણમાં બિરાજી રહ્યા છે. દેવ-દેવીઓ, મનુષ્ય-મનુષ્યાણી, તિર્યંચ-તિર્યંચાણી આદિ બાર પ્રકારની પ્રખદા ભરાણી છે. આ જોઈને કૃષ્ણવાસુદેવ, રાજેમતી વિગેરેનું હૈયું હર્ષથી નાચી ઉઠયું. અહો પ્રભુ ! આપે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ધન્ય છે નાથ-અમારા તારણહાર ! આપનું શાસન જયવંતુ વર્તો. ત્રણ જગતના દુઃખી જીવોના દુઃખને દૂર કરીને આપ સૌના ઉદ્ધારક બનો. જય હો....વિજય હો....જગતઉદ્ધારક, ત્રિલોકીનાથ અરિષ્ટ નેમિનાથ અરિહંત પ્રભુનો ! દેવો અને મનુષ્યો વિવિધ શબ્દોમાં પ્રભુની સ્તુતિ કરી, વંદન નમસ્કાર કરીને સૌ યથાસ્થાને બેસી ગયા.

રાજેમતીએ તો નેમનાથ ભગવાન નેમકુમારના વેશમાં વરરાજા બનીને પરણવા માટે આવ્યા ત્યારે દૂરથી જ દર્શન કર્યા હતા. આજે તો સમોસરણમાં દિવ્યઋદ્ધિ સાથે પ્રભુને બિરાજેલા જોઈને એનું હૃદય હર્ષોલ્લાસથી પુલકિત બની ગયું. એના હૈયામાં હર્ષ સમાતો નથી. એ અનિમેષ દૃષ્ટિથી પ્રભુને નિહાળી રહી છે. અહો, શું મારા નાથ છે ! શું એમના તેજ છે ! શું એમના ગુણ છે ! પછી નેમનાથ પ્રભુના મુખમાંથી દિવ્ય દેશનાની ધારા છૂટી. સૌ શ્રોતાજનો હર્ષિત હૃદયથી એક ચિત્તે સાંભળવા લાગ્યા. પ્રભુની ધર્મ-દેશના સાંભળીને અનેક રાજાઓ, મહારાજાઓ, શ્રેષ્ઠી અને શ્રીમંતાદિ મનુષ્યો તથા ઘણાં અનાર્યો વૈરાગ્ય પામી ગયા અને ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી. ઘણાં મનુષ્યોએ શ્રાવકના વ્રત અંગીકાર કર્યા જેમણે દીક્ષા લીધી હતી તેમાંથી વરદત્ત આદિ અઢાર ગણધરો થયા. દરેક તીર્થંકર પ્રભુને ગણધરો હોય છે. મહાવીર પ્રભુના ગણધર અગિયાર હતા. નેમનાથ પ્રભુના અઢાર ગણધર હતા. તેમાં વરદત્ત નામે પ્રથમ ગણધર હતા. ભગવાન તો ત્રિપદી-ત્રણ પદમાં ઉપદેશ આપે છે. એ ત્રિપદીમાંથી ગણધર ભગવંતો દ્વાદશાંગી સૂત્રની રચના કરે છે. ગણધર ભગવંતોનું જ્ઞાન વિશાળ હોય છે. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે

अत्थं भासंति अरहा, सुत्तं गंथंति गणहरा निउणं ।
सासणस्स हियट्ठाए, तओ सुत्तं पवत्तइ ॥

અરહંત ભગવાન અર્થરૂપ વાણી બોલે છે અને નિપુણ ગણધર ભગવંતો એ વાણીને

સૂત્ર રૂપે ગૂંથે છે, ત્યાર પછી શાસનના હિત માટે સૂત્રનું પ્રવર્તન થાય છે. દશાશ્રુતસ્કંધની વૃત્તિમાં આચાર્ય ભગવંતો કહે છે કે સૂત્ર કોને કહેવાય ?

सुत्तं गणहर रइयं, तहेव पत्तेय बुद्ध रइयं च ।
सुय केवलिणा रइयं, अभिन्नदसपुव्विणा रइयं ॥

ગણધર, પ્રત્યેક બુદ્ધ, શ્રુત કેવળી અને અભિન્ન દશપૂર્વધારીના રચેલા ગ્રંથને સૂત્ર કહેવાય છે. ભગવાનના ત્રિપદી ઉપદેશમાંથી આટલા બધા સૂત્રોનો વિસ્તાર કરવાની જેમનામાં તાકાત છે, આટલું બધું જ્ઞાન જેઓ ધરાવે છે તે ગણધર પદવી પ્રાપ્ત કરી શકે છે. ગણધર પ્રભુએ ગ્રંથિત કરેલા સૂત્રોનું આચાર્ય ભગવંતોએ સંકલન કર્યું તો આપણે આજે જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યા છીએ.

નેમનાથ પ્રભુના અઢાર ગણધરો થયા. એમણે ભગવાનની અર્થરૂપે ત્રિપદી વાણીમાંથી દ્વાદશાંગી સૂત્રની રચના કરી. તમને થશે કે ગણધર ભગવંતો આટલા બધા જ્ઞાની હોય છે તો પછી ભગવતી સૂત્રમાં મહાવીર પ્રભુના ગણધર ગૌતમ સ્વામીએ મહાવીર પ્રભુને છત્રીસ હજાર પ્રશ્નો શા માટે પૂછયા? ભાઈ! ગણધર પ્રભુનું જ્ઞાન ઘણું છે પણ તીર્થંકર પ્રભુના જ્ઞાનની અપેક્ષાએ તો ભર્યા સમુદ્રમાંથી ચકલીની ચાંચમાં જેટલું પાણી સમાય તેટલું જ છે. ગણધર પ્રભુના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન ઘણાં નિર્મળ હોય છે. એ બધું જાણી શકે છે, પણ કેવળી ભગવંત પાસે શિષ્યો સદા જ્ઞાન પ્રાપ્ત કરવાના જિજ્ઞાસુ હોય છે, એટલે પોતાના જ્ઞાનનો પ્રયોગ ન કરતા સામાન્યમાં સામાન્ય પ્રશ્નોનું પ્રભુના મુખેથી સમાધાન કરે છે. ભગવાનના મુખેથી દેશના સાંભળીને બધાને ખૂબ આનંદ થયો. રાજેમતીને પણ અત્યંત આનંદ થયો. ખૂબ ભવ્ય રીતે ભગવાનનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવીને વંદન કરીને ઇન્દ્રો અને દેવો પોતાના સ્થાને ચાલ્યા ગયા, પછી કૃષ્ણવાસુદેવ, બલદેવ, સમુદ્રવિજય આદિ દશ દશાર્હો તેમજ ઉગ્રસેન રાજા, રાજેમતી અને તેની સખીઓ પોતાના સ્થાને ચાલ્યા ગયા. ભગવાન પણ ત્યાંથી વિહાર કરી ગયા, ત્યાર પછી નેમનાથ ભગવાન ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતા એક વખત ઉર્જયન્ત પર્વતની નજીક આવેલા સહસ્રામ્રવનમાં પધાર્યા ત્યારે રાજેમતી પ્રભુના દર્શન કરવા માટે ગઇ. પ્રભુના મુખેથી અમૃતમય દિવ્ય દેશના સાંભળીને રાજેમતીના વૈરાગ્યમાં એકદમ ભરતી આવી. વૈરાગ્યની જ્યોત પ્રગટ થતાં રાજેમતી નેમનાથ ભગવાન પાસે દીક્ષા લેવા તત્પર બની. સૂત્રકાર ભગવંત કહે છે.

अह सा भमर सन्निभे, कुच्चफणगप्पसाहिए ।
सयमेव लुंचइ केसे, धिईमन्ती ववस्सिया ॥ ३० ॥

નેમનાથ ભગવાનના મુખેથી ધર્મદેશના સાંભળ્યા પછી ધૈર્યને ધારણ કરનારી તથા ધર્મને અંગીકાર કરવાના અધ્યવસાયવાળી રાજેમતીએ ભમરાના જેવા કાળા તથા સુંદર રીતે

ઓળાયેલા લાંબા કેશનું પોતાના હાથે લુંચન કર્યું. રાજેમતી રૂપ અને ગુણથી સંપન્ન હતી. એનું સૌંદર્ય અપ્રતિમ હતું. એના વાળ ઘણાં લાંબા અને મુલાયમ હતા. સ્ત્રીઓની શોભા એના વાળથી છે. અસલના જમનામાં જે સ્ત્રીના વાળ લાંબા હોય તે ભાગ્યશાળી ગણાતી હતી. આજે તો ઉલ્ટી ગંગા વહી રહી છે. સ્ત્રીઓ લાંબા વાળ કપાવીને ટૂંકા કરાવે છે ને પુરૂષો વાળ વધારે છે. જમાનો હદ વટાવી ગયો છે. યુવાન છોકરાઓ અને છોકરીઓના વેશ સરખા થઈ ગયા છે. રાજેમતીએ આવા કોમળ અને લાંબા કેશનો પોતાની જાતે જ લોચ કર્યો. એક વખત એક વાળ ખેંચાય તો ચીસ નીકળી જાય એવી કોમળ રાજેમતી આત્મા જાગૃત બનતા એ કષ્ટ ગૌણ બની ગયું. નેમકુમાર સાથે લગ્ન કરીને વરમાળા પહેરવાની હતી તેના બદલે મોક્ષની વરમાળા પહેરીને સંયમના સ્વાંગ સજ્યા. રાજેમતી દીક્ષા લે છે એ વાત સાંભળીને કૃષ્ણવાસુદેવ, સમુદ્રવિજય રાજા વિગેરેને ખૂબ આનંદ થયો. એમના દિલમાં થયું કે રાજેમતી ખરેખર આપની સાચી પુત્રવધૂ છે. એણે સાચું સગપણ રાખ્યું છે, એટલે બધા રાજેમતીના દીક્ષા મહોત્સવમાં ભાગ લેવા માટે દોડતા આવ્યા હતા. રાજેમતીએ દીક્ષા લીધા પછી તેઓ શું કહે છે.

वासुदेवो य णं भणइ, लुत्तकेसं जिइन्दियं ।
संसार सागर घोरं, तर कन्ने लहुं लहुं: ॥३१

પોતાના જ હાથથી પોતાના કેશોનું લુંચન કરનાર તથા પોતાની ઇન્દ્રિયોને જેણે વશમાં લીધેલી છે એવી સાધ્વી બનેલી રાજેમતીને કૃષ્ણવાસુદેવ તથા સમુદ્રવિજય રાજાએ આશીર્વાદ આપતા કહ્યું કે હે પુત્રી ! આ સંયોગ-વિયોગ, જન્મ-મરણ આદિ અનેક દુઃખોથી ભરેલા ભયંકર ચતુર્ગતિ રૂપ સંસાર સાગરને જલ્દી જલ્દીથી તરી જા. જે ઉદ્દેશથી તમે દીક્ષા અંગીકાર કરી છે તે ઉદ્દેશ જલ્દી જલ્દીથી પૂર્ણ કરો, અર્થાત્ મુક્તિને પ્રાપ્ત કરો. કેટલા સુંદર આશીર્વાદ આપ્યા ! સંસારમાં સુખી થવાના આશીર્વાદ તો ઘણાં આપે છે પણ એ આશીર્વાદ તો જીવને સંસારમાં રખડાવે છે. જલ્દીથી મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરવાના આશીર્વાદ એ જ સાચા આશીર્વાદ છે. તમે પણ તમારા સંતાનોને આવા આશીર્વાદ આપજો. અહીં લહું-લહું શબ્દનો બે વખત પ્રયોગ કર્યો છે એનું કારણ ગાથામાં તો માત્ર કૃષ્ણવાસુદેવનું જ નામ છે પણ સમુદ્રવિજય રાજા વિગેરેએ પણ રાજેમતીને આશીર્વાદ આપ્યા છે. તે વાત પ્રગટ કરવા માટે અને જલ્દીથી જલ્દી રાજેમતી મોક્ષને પ્રાપ્ત કરે એ માટે બે વખત પ્રયોગ કરવામાં આવ્યો છે.

રાજેમતીએ નેમનાથ પ્રભુના બતાવેલા પરમ પાવનકારી પ્રવજ્યાના પુનીત પંથે પ્રયાણ કરીને પતિ પ્રત્યેનો સાચો પ્રેમ પ્રદર્શિત કર્યો છે. આઠ આઠ ભવની પ્રીતિ નવમા ભવમાં પણ એણે સંયમ લઈને ટકાવી રાખી. આવા શુદ્ધ અને નિર્દોષ પ્રેમનો જોટો જગતમાં

જડવો મુશ્કેલ છે. આવી પવિત્ર અને ઉત્તમ સતી સાધ્વી સ્ત્રીઓથી આ જૈનશાસન ઝળહળતું બન્યું છે. નેમનાથ ભગવાન અને રાજેમતીએ અખૂટ વૈભવ અને સુખોનો ત્યાગ કરીને ભરયુવાનીમાં દીક્ષા લીધી. આવા પવિત્ર આત્માઓનો અધિકાર સાંભળીને તમે પણ જીવનમાં બ્રહ્મચર્ય અપનાવજો. દીક્ષા ન લઈ શકો તો આટલું કરો. શું વિચાર થાય છે નટુભાઈ! દીક્ષા લેવાની ભાવના જાગે તો મલાડનું ચાતુર્માસ સફળ થાય. (હસાહસ) દીક્ષા ન લઈ શકો તો બને તેટલું વિશેષ બ્રહ્મચર્યનું પાલન કરવું. એટલું તો અવશ્ય કરજો. રાજેમતીએ દીક્ષા લીધા પછી શું કર્યું તે અવસરે.

ચરિત્ર :– સિંહલદ્વીપના મહારાજાનું રક્ષણ કરવા માટે જિનસેન પ્રધાને કેટલો બધો ભોગ આપ્યો. આ બધું નજરે જોઈને રાજાને ખૂબ આનંદ થયો. અહો ! આવા પવિત્ર આત્માઓ મારા મહાન પુણ્યોદયે મારા નગરમાં આવ્યા છે. ખૂબ સન્માન કરીને નગરમાં લઈ ગયા. એક દિવસ મોટી જાહેર સભા ભરીને જિનસેન પ્રધાને પોતાને માટે કેવું કેવું કષ્ટ સહન કર્યું, એના બાળકો અને પત્નીએ પણ કેટલો ભોગ આપ્યો તે વાત સભા સમક્ષ રજુ કરીને ખૂબ ગુણગાન કર્યા અને પ્રધાનને સારું ઈનામ આપ્યું પણ પ્રધાને કહ્યું મહારાજા ! મેં આમાં કંઈ મોટો ઉપકાર કર્યો નથી. મેં તો મારી ફરજ બજાવી છે. આપ મારા આટલા બધા ગુણગાન ન કરો. રાજા કહે છે આપ તો મહાન ગુણીયલ છો. હું કંઈ વિશેષ પ્રશંસા કરતો નથી. જેનામાં જે ગુણ હોય એ તો મારે કહેવા જ જોઈએ. તમે આજે ન હોત તો મારી શી દશા થાત ? આપના પુનીત પગલે મારા બધા વિઘ્નો દૂર થયા છે. જિનસેનકુમારે વેશ્યાના ઘરના દ્વાર ખોલ્યા ત્યારથી જ રાજાને તેના પ્રત્યે પ્રેમ હતો. પછી એણે રાક્ષસનો ઉપદ્રવ દૂર કર્યો અને મહાકાલી દેવીને પોતાનું રક્ષણ કરવા માટે પોતાનો ભોગ આપવા તૈયાર થયો. આ બધું બનતા એના પ્રત્યે રાજાનો અનેક ગણો પ્રેમ વધી ગયો. રાજા અને પ્રધાનના તન જુદા છે પણ મન એક થઈ ગયા હોય તેમ એકમેક બનીને પ્રેમથી રહેવા લાગ્યા. પ્રધાન ન હોય તો રાજાને ગમે નહિ અને રાજા ન હોય તો પ્રધાનને ન ગમે. એ રીતે દૂધ સાકરની જેમ પ્રેમથી એકબીજાની પ્રશંસા કરતા આનંદથી સુખપૂર્વક રાજા, પ્રધાન અને પ્રજાના દિવસો જવા લાગ્યા.

"દુઃખિયારી મદનમાલતીની વ્હારે" :– આ રીતે સુખમાં ઘણાં દિવસો પસાર થયા. એક દિવસ જિનસેન પ્રધાન વનક્રીડા કરવા માટે જંગલમાં ગયો. ત્યાં ગાઢ જંગલમાં કોઈ સ્ત્રી કરૂણસ્વરે રૂદન કરતી હોય એવો અવાજ સંભળાયો, એટલે પરોપકારી સાહસિક જિનસેનકુમારના મનમાં થયું કે આ અઘોર અટવીમાં કોણ સ્ત્રી રૂદન કરી રહી છે ! લાવ, જોઉં તો ખરો ! જિનસેનકુમાર પારકાનું દુઃખ ટાળવા માટે પોતાનું, પોતાની પત્નીનું અને પુત્રોનું શું થશે એ જોતો નથી. એ તો એક જ વિચાર કરે છે કે આ શરીર અને શક્તિ મળી છે તો એના દ્વારા પરોપકારના કાર્યો કરી લઉં. જે માણસ બીજાનું સારું કાર્ય કરે છે

તો સહુ એની પાસે આવે છે. કોઈ દાતાર દાન દે તો યાચકો એની પાસે લેવા આવે છે. તે રીતે આ જિનસેનકુમાર પરદુઃખભંજન છે એટલે એના કાને આવા દુઃખીનો અવાજ સંભળાય છે. જો બીજો હોય તો એમ વિચાર કરે કે એવા તો ઘણું રડતા હોય, એમાં મારે જોવાની શી જરૂર ? એવો વિચાર ન કર્યો પણ જે દિશામાંથી અવાજ આવતો હતો તે દિશા તરફ ચાલ્યો અને જ્યાં સ્ત્રી રડતી હતી ત્યાં પહોંચીને જોયું તો એક સ્ત્રીને વૃક્ષની ડાળે હાથ પગ મજબુત બંધને બાંધીને ઉંધા મસ્તકે લટકાવી છે. એકદમ નજીક જઇને જોયું તો જિનસેનકુમારને લાગ્યું કે આ મદનમાલતી છે. મદનમાલતી કોણ છે એ તમને બધાને યાદ છે ને ? (શ્રોતામાંથી અવાજ :– જિનસેનકુમારની પત્ની છે) જેની સાથે સૌથી પ્રથમ જિનસેનકુમારના લગ્ન થયા હતા. જિનસેન એને જોઇને ઓળખી ગયો કે આ તો મારી પત્ની મદનમાલતીજ છે. આની આ દશા કેમ થઈ હશે ? મેં એને મારી માતાની સેવા કરવા જવાનું કહ્યું હતું ને અહીં કયાંથી આવી હશે ? એને પૂછીને ખાત્રી કરું, તેથી જિનસેનકુમાર એની નજીક જઇને પૂછે છે હે બાઈ! તું કોણ છે ? અને આ જંગલમાં કોણ દુષ્ટે તને ઉંધે મસ્તકે લટકાવી છે ? અવાજ સાંભળીને મદનમાલતીએ જિનસેનકુમાર સામું જોયું. અવાજ ઉપરથી અને મુખ જોઇને મદનમાલતી પણ પોતાના પતિને ઓળખી ગઈ. એના મનમાં થયું કે નક્કી મારા પતિ જ છે, પણ એ પૂછે છે તો હું જવાબ આપું અને વિશેષ ખાત્રી કરું કે આ કોણ છે ? એટલે મદન-માલતીએ કહ્યું–મહાભાગ ? સાંભળો.

વિજયપુરકી રાજદુલારી, ચંદ્રસેનકી બાલા,
કંચનપુરમેં બ્યાહ રચા હૈ. પતિ હૈ જિનસેન લાલા.

હું વિજયપુરના મહારાજા ચંદ્રસેનની પુત્રી મદનમાલતી છું. મારા લગ્ન કંચનપુરના જયમંગલ મહારાજાના પુત્ર જિનસેનકુમાર સાથે થયા છે. મારા સાસુનું નામ જિનસેના રાણી છે. હું અહીં કેવી રીતે આવી તે વાત સાંભળો. મારા પતિ જિનસેનકુમાર એમનું ભાગ્ય અજમાવવા સિંહલદ્વીપ ગયા, ત્યારે મને સમાચાર મોકલાવ્યા કે તું મારી માતાની સેવામાં કંચનપુર જજે, તેથી મારા પતિની આજ્ઞા શિરોમાન્ય કરી મારા માતા–પિતાની આજ્ઞા લઇને હું મારા સાસરે જવા તૈયાર થઈ, ત્યારે મારા માતા–પિતાએ મારી સાથે ઘણાં માણસો મને મૂકવા મોકલ્યા. સાથે ઘણાં વસ્ત્રાલંકારો ધન વિગેરે આપ્યું હતું એટલે મોટા રસાલા સાથે હું મારા સાસરે કંચનપુર જતી હતી. ત્યાં માર્ગમાં શું બન્યું ?

મારા પતિ જિનસેનકુમારને રત્નવતી નામે એક બોરમાન માતા છે. એને કોઈ પણ રીતે ખબર પડી ગઇ હશે કે મદનમાલતી આવે છે. રત્નવતીને મારા પતિદેવ જિનસેનકુમાર ઉપર ખૂબ ધર્યા છે. એના ત્રાસથી જ તેઓ સિંહલદ્વીપ ગયા છે. એ રત્નવતીએ ગુપ્ત રીતે બળવાન સુભટોને અમારી સામે મોકલ્યા. કંચનપુરથી થોડે દુર

અમે પડાવ નાંખીને સૂતા હતા ત્યાં એ સુભટો આવ્યા ને મને કહેવા લાગ્યા કે હે મદનમાલતી ! તું હવે જિનસેનની આશા છોડી દે. એ તો ક્યાંનો ક્યાંય ચાલ્યો ગયો છે. હવે તું રામસેનની રાણી બની જા તો મહાન સુખી થઈશ. આવો રત્નવતી મહારાણીનો હુકમ છે. આ હુકમ માનીને તું અમારી સાથે રામસેનના મહેલે ચાલ. જો આ હુકમ નહિ માને તો તને અમે અહીં જ મારી નાંખીશું. બોલ, તારી શું ઈચ્છા છે? ત્યારે મેં એ દુષ્ટ સુભટોને નિર્ભયપણે કહી દીધું કે હે દુષ્ટો ! તમને આ શબ્દો બોલતાં શરમ નથી આવતી ? સાંભળો.

જિનસેન હૈ નાથ હમારા, વહી હૈ પ્રાણસે પ્યારા,
ઔર ન વાંછુ સ્વપ્ન બીચમેં, રામસેન દેવર હમારા.

મારા પતિ તો જિનસેનકુમાર છે ને રામસેન તો મારો દિયર છે. હું જિનસેનકુમાર સિવાય બીજા કોઈ પુરૂષને સ્વપ્નમાં પણ ઇચ્છતી નથી. તમારે મારો પ્રાણ જોઈએ તો આપવા તૈયાર છું પણ હું રામસેનની રાણી બનીને તમારી સાથે નહિ આવું. સતી સ્ત્રીને પતિ એક જ હોય, માટે આપ બધા અહીંથી ચાલ્યા જાઓ. સુભટોએ કહ્યું હે મદનમાલતી ! અમે તો તારા હિત માટે કહીએ છીએ, ત્યારે હું એમના પર ખૂબ ગુસ્સે થઈ અને કહ્યું કે હે નરાધમો ! હું તમને કેટલી વાર કહું ? કોઈ હિસાબે તમે મને લઈ જઈ શકશો નહિ. એ સમયે નિર્દય સુભટોએ મને ઉંચકીને દરિયામાં ફેંકી દીધી. મારી સાથે આવેલા માણસો ઓછા હતા ને આ તો ઘણાં હતાં એટલે એમનું શું બળ ચાલે ? હવે મદનમાલતીનું દરિયામાં શું થશે તેના વધુ ભાવ અવસરે.

●

વ્યાખ્યાન નં. ૯૧

આસો વદ ૧૧ ને શુક્રવાર **તા. ૨૭-૧૦-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત ઉપકારી, ત્રૈલોક્ય પ્રકાશક, વિશ્વની વિરલ વિભૂતિ તીર્થંકર પ્રભુ ફરમાવે છે કે હે ભવ્યજીવો ! અનાદિકાળથી આ સંસારચક્રમાં પરિભ્રમણ કરી રહ્યા છો. એનો અંત લાવવા માટે આ ઉત્તમ જિનશાસન તમને મળ્યું છે. જૈનકુળમાં જન્મ લેનાર આત્માઓ મહાન પુણ્યશાળી છે કારણ કે એને જન્મતાની સાથે જ દેવ તરીકે વીતરાગ પરમાત્મા, ગુરૂ તરીકે પંચમહાવ્રતધારી નિર્ગ્રંથ મહાત્માઓ અને ધર્મ તરીકે સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મની પ્રાપ્તિ થાય છે. આ તત્ત્વત્રયીની પ્રાપ્તિ પ્રબળ પુણ્યોદય વિના થઈ શકતી નથી. જે આત્મા તત્ત્વત્રયીની ઉપાસનામાં તત્પર બને છે તેનું જીવન સફળ બને છે, કારણ કે માનવજીવન પામ્યાનો જો કોઈ ધ્યેય હોય તો તે મોક્ષપ્રાપ્તિ છે અને આ તત્ત્વત્રયીની ઉપાસના વિના મોક્ષપ્રાપ્તિ થઈ શકતી નથી.

મોક્ષપ્રાપ્તિના ઉપાય તરીકે જે યોગ, અધ્યાત્મ, અને ધર્મના ભિન્ન ભિન્ન માર્ગો આપણને જોવા, સાંભળવા કે જાણવાના મળે છે તે બધા હકીકતમાં તો એક જ છે. નામભેદથી ભિન્ન ભિન્ન લાગતા યોગ, અધ્યાત્મ અને ધર્મ શબ્દોનું કાર્ય એક જ હોવાથી એકરૂપ છે. જે આત્માને મોક્ષ સાથે જોડી આપે તે યોગ. આત્માને પોતાના સ્વરૂપની પીછાણ કરાવે તે અધ્યાત્મ, અને જે આત્માને દુર્ગતિમાં પડતા બચાવે તે ધર્મ. આ તત્ત્વત્રયીની ઉપાસના એ યોગ, અધ્યાત્મ અને ધર્મસ્વરૂપ છે. આ તત્ત્વત્રયીની ઉપાસના એના ઉપાસકને મોક્ષ આપવાની, સ્વરૂપ પ્રગટીકરણની અને દુર્ગતિમાંથી પડતા બચાવી લેવાની સંપૂર્ણ બાંહેધરી અથવા કબુલાત આપે છે, માટે મહાન પુણ્યોદયે પ્રાપ્ત થયેલી તત્ત્વત્રયીની ઉપાસના કરીને સંસાર સાગરને પાર પામી માનવભવને સફળ કરો.

જ્ઞાનીપુરૂષો કહે છે કે આ સંસાર અનાદિકાળથી ચાલે છે ને સદાને માટે ચાલવાનો છે. એમાં અનંતા જીવો અરિહંત બનીને મોક્ષમાં ગયા. વીસ વિહરમાન અરિહંતો મોક્ષમાં જવાના છે. ભવિષ્યમાં પણ અનંતા અરિહંતો થવાના છે. એમના શાસનકાળમાં બીજા અનંતાજીવો તત્ત્વત્રયીની આરાધના કરીને મોક્ષમાં ગયા. વર્તમાનકાળે મહાવિદેહક્ષેત્રમાંથી જઇ રહ્યા છે ને ભવિષ્યમાં જશે, તો વિચાર કરો. અનાદિકાળથી આપણો આત્મા સંસાર-ચક્રમાં ભમી રહ્યો છે છતાં આજ સુધી આપણો નંબર મોક્ષમાં જવા માટે કેમ લાગ્યો નહિ ? એનો કદી જીવને અફસોસ થાય છે ખરો? હજુ જીવને સંસાર દુઃખમય લાગ્યો નથી પણ સુખમય લાગ્યો છે. ખુદ તીર્થંકર પ્રભુની પાસે જઈ આવ્યા છતાં હજુ આત્માનું ઠેકાણું કેમ પડતું નથી ? એ સમજાય છે ? એના પાંચ કારણો છે. આત્મામાં સાચું જ્ઞાન પેદા થયું નથી, મોક્ષસાધક ક્રિયાઓમાં રસ આવ્યો નહિ, હૃદયમાં શાંતિ આવી નહિ, અનિત્યાદિ ભાવનાઓથી આત્મા ભાવિત થયો નહિ અને ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવ્યો નહિ. આ પાંચ ગુણો જ્યાં સુધી જાય નહિ અને આત્મા જ્ઞાની, ક્રિયાવાન, શાંત, ભાવિતાત્મા અને જિતેન્દ્રિય આ પાંચ ગુણોવાળો જીવ બને નહિ ત્યાં સુધી એનો મોક્ષમાં જવા માટે નંબર લાગવાનો નથી. આ જીવે ધર્મ તો ઘણો કર્યો છે પણ ધર્મ શું ચીજ છે ધર્મ શા માટે કરવો જોઈએ ? તે રહસ્યને જીવ સમજ્યો નથી એટલે ધર્મના સ્વરૂપને પામ્યો નથી, તેથી સંસાર ભડભડતો દાવાનળ છે. એને છોડીને હું પંચમહાવ્રતધારી સંત બનીને પંચ પરમેષ્ટિમાં મારો નંબર લગાડી દઉં. એવું જીવને મન થતું નથી પછી મોક્ષમાં નંબર ક્યાંથી લાગે?

આ સંસાર અનંત દુઃખોની ખાણ છે અને મોક્ષ અનંત સુખોનો ભંડાર છે. આવા અનંત દુઃખોની ખાણ સમા સંસારથી છૂટવા અને અનંત સુખોના ભંડાર મોક્ષને મેળવવા માટે એક દિવસ ચારિત્ર તો અવશ્ય લેવું પડશે. તે સિવાય કદી મોક્ષ નહિ મળે, પણ આ વાત કોને સમજાય છે ? વીતરાગનું શાસન મળ્યું છે પણ એની પીછાણ કયાં છે ? રબારીને જંગલમાંથી કોડની કિંમતનો હીરો એના પુણ્યોદયે પ્રાપ્ત થયો પણ એને એની

પીછાણુ ન હોવાથી લાવીને બકરીની ડોકે બાંધ્યો. એના મૂલ્ય તો ઝવેરી આંકી શકે છે તેમ આત્માર્થી મોક્ષગામી જીવો જ જિનશાસનની કિંમત આંકી શકે છે, બાકી લોગમાં પડેલા મોહાસકત અને અજ્ઞાની જીવો માટે તો ચેલા રબારીની માફક કરોડની કિંમતનો હીરો બકરીની ડોકે બાંધવા જેવું છે. સાધુપણું લેવાની ભાવના થવી એ ઉત્તમ વાત છે પણ જો એવી ભાવના ન જાગતી હોય તો સંસારમાં રહીને પણ કંઈક તો કરું, જિનશાસન મળ્યું છે એની સાર્થકતા કરું એવી ભાવના તો જગાડો. વધુ ન કરી શકો તો ખેર, પણ ગામમાં સાધુ સાધ્વીજીઓ બિરાજમાન હોય તો એક વખત દર્શન કરવા જાઉં, સમયની અનુકૂળતા હોય તો વ્યાખ્યાન સાંભળવું, એક સામાયિક કરવી, એટલો સમય ન હોય તો વીસ લોગસ્સનો કાઉસગ્ગ કરવો, એક માળા ગણવી આટલું તો કરો. વધુ નહિ તો એવી ભાવના તો રાખજો કે પ્રભુ ! મને બીજું કાંઇ ન મળે તો ખેર, પણ જ્યાં સુધી હું મોક્ષમાં ન જાઉં ત્યાં સુધી ભવોભવ મને જિનશાસન મળજો. જિનશાસન જેને મળે એનું બધું દુઃખ ટળે છે.

સુંદર શાસન પ્રભુ મહાવીરનું, જેને મળે એની બધી વ્યાધ ટળે,
એનું જીવન સુધરે, એનું વર્તન સુધરે,
જેને મળે એની શીતળ છાંયડી, રાગ અને દ્વેષ રહે ના ઘડી,
જીવન બને પુષ્પ સમી પાંખડી, વિશ્વપ્રેમ કેરી બાંધે રાખડી,
હૈયાના હેત વહાવે બધાએ....જેને મળે એની બધી વ્યાધિ ટળે.

જે પુણ્યાત્માને વીતરાગ પ્રભુનું શાસન મળે છે એના બધા દુઃખો નાશ પામે છે. અને એનું જીવન માનવતાની મહેંકથી મઘમઘતું બની જાય છે. એના વિચાર, વર્તન અને વાણી પણ સુધરી જાય છે. જેની રગેરગમાં જિનશાસનનો રણકાર છે એવા સંસ્કારી કુટુંબના નાના બાલુડાઓને કોઈ કાંદા બટાટા આપે તો એ કહી દેશે કે અમારાથી ન ખવાય. અમે જૈન છીએ. જો તમારા અણુઅણુમાં જૈનશાસનનો ધબકાર હશે, ખમીર ને ગૌરવ હશે તો તમારા સંતાનોના જીવનમાં પણ આવા સંસ્કાર પડશે અને જિનશાસન જયવંતુ બનશે.

આપણે નેમનાથ ભગવાન અને રાજેમતીનો અધિકાર ચાલે છે. રાજેમતીએ નેમનાથ પ્રભુએ બતાવેલ પરમ પાવનકારી ભાગવતી દીક્ષા અંગીકાર કરી, પછી શું કર્યું તે વાત સૂત્રકાર ભગવંત બતાવે છે.

सा पव्वइया संती, पव्वावेसी तहिं बहुं ।
सयणं परियणं चेव, सीलवन्ता बहुस्सुया ॥३२॥

દીક્ષા લઈને મૂળ અને ઉત્તર ગુણોનું પરિપાલન કરવામાં અતિશય સાવધાન અને

બહુશ્રુતા એટલે ઉપાંગ સહિત સઘળા અંગોનું અભ્યાસથી વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરનાર તે બાલબ્રહ્મચારિણી અને વિદુષી રાજેમતી સાધ્વી દીક્ષિત થયા ત્યારે તેમણે તેમની ઘણી સાહેલીઓ, બહેનો અને દાસીઓને દીક્ષા ધારણ કરાવી હતી. જેની સંખ્યા સાતસો હતી.

પરમ સુશીલ અને ઉત્કૃષ્ટ વૈરાગ્યવતી રાજેમતીએ સંસારથી વિરક્ત બનીને પોતાના એકના આત્માનો જ ઉદ્ધાર નથી કર્યો પણ સાથે પોતાની બહેનો, સખીઓ, દાસીઓ તેમજ બીજી સ્ત્રીઓનો પણ ઉદ્ધાર કર્યો છે. પોતે દીક્ષા લઈને દ્વારકા નગરીમાં પણ ઘણી સ્ત્રીઓને જિનધર્મ સમજાવીને દીક્ષા અંગીકાર કરાવી છે. અહીં આ ગાથામાં રાજેમતી સાધ્વીને બહુશ્રુતા વિશેષણ આપવામાં આવ્યું છે. આ ઉપરથી એમ લાગે છે કે સતી રાજેમતીએ વૈરાગ્ય અવસ્થામાં ગૃહવાસમાં રહીને પણ શ્રુતજ્ઞાનનો ઘણો અભ્યાસ કર્યો હશે. આ ઉપરથી એ વાત પણ સમજી શકાય છે કે શ્રાવક-શ્રાવિકાઓ સંસારમાં રહીને શાસ્ત્ર-જ્ઞાનનો અભ્યાસ કરી શકે છે.

બંધુઓ ! આગળના શ્રાવક-શ્રાવિકાઓ પણ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરતા હતા ને સાધુ સાધ્વીઓને ભણાવતા હતા. શ્રાવકો ભણેલા હોય તો સાધુ સમાજ પણ જાગૃત બને. શિથિલાચાર અટકી જાય ને સાધુ-સાધ્વીઓને ગૌચરી પાણી તેમજ વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણો કેવા વહોરાવી શકાય તેનું જ્ઞાન થાય છે. સાથે ગૃહસ્થ જીવન કેમ જીવવું તેનું પણ જ્ઞાન થાય છે, પણ આજે શ્રાવકોને સિદ્ધાંતનું વાંચન કરવાની કે ભણવાની રૂચી કયાં છે ? છે કોઈ કોઈ શ્રાવકો પણ બહુ વિરલ. સિદ્ધાંતના જાણકાર શ્રાવકો હશે તો સંઘ પણ ઝળહળતો બનશે અને બીજા શ્રાવકોને તેની પ્રેરણા મળશે, પણ આજે તો બહારના વાંચનનો જેટલો રસ છે તેનો અંશ ભાગ પણ સિદ્ધાંતનો રસ નથી. જે સંઘમાં શાસ્ત્રના જાણકાર શ્રાવકોને જોઉં ત્યાં મારું હૈયું નાચી ઉઠે છે ને એમ થાય છે કે આ શ્રાવક વીતરાગ શાસનને સાચા અર્થમાં પામ્યો છે. એણે જીવનને ઉજ્જવળ બનાવ્યું છે.

રાજેમતી સાધ્વીજીએ પોતાના સ્વજનોમાંથી અને પરિજનોમાંથી તે સિવાય ઘણી કુમારિકાઓને તેમજ સ્ત્રીઓને બોધ આપીને વૈરાગ્ય પમાડીને દીક્ષિત કરી. આ ઉપરથી પણ સમજી શકાય છે કે એમનું જ્ઞાન કેટલું વિશાળ હશે. રાજેમતી સાધ્વીજી ઘણાં વિશાળ શિષ્યાઓના પરિવાર સાથે ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા. આ રીતે સંયમ પર્યાયમાં વિચરતા વિચરતા ઘણો સમય વ્યતીત થયો. એક વખત ખબર પડી કે નેમનાથ ભગવાન રૈવતક પર્વત ઉપર પધાર્યા છે. તે જાણ થતાં રાજેમતી સાધ્વીજીને તીર્થંકર પ્રભુના દર્શન કરવાની ભાવના જાગી, તેથી પોતાના શિષ્યા પરિવાર સાથે ગિરનાર પર્વત પાસે આવ્યા. હવે પર્વત ઉપર ચઢતાં શું બન્યું તે વાત શાસ્ત્રકાર ભગવંત બતાવે છે.

गिरिं रेवतयं जन्ति, वासेणुल्ला उ अन्तरा ।
वासंते अंधयारम्भि, अंतो लयणस्स सा ठिया ॥ ३३ ॥

રાજેમતી સાધ્વીજી ભગવાન અરિષ્ટનેમિના દર્શન કરવા માટે રૈવતક પર્વત ઉપર જઈ રહ્યા હતા. એ સમયે રસ્તામાં વરસાદ આવવાથી તેમના સઘળા વસ્ત્રો ભીંજાઈ ગયા અને ઘૂપ અંધકાર છવાઈ જવાથી એક ગુફામાં જઈને ઉભા રહ્યા.

રાજેમતી સાધ્વીજીને નેમનાથ ભગવાનના મુખારવિંદના દર્શન કરવાની તીવ્ર ભાવના છે. જલ્દી મારા ભગવાનના દર્શન કરું, એમને સુખશાતા પૂછું. એવી ભાવનાથી ઘણાં શિષ્યાઓની સાથે ગિરનાર પર્વત ઉપર ચઢવા લાગ્યા. વિહાર કરતાં સૌની ચાલ પ્રમાણે આગળ પાછળ હોય એ રીતે રાજેમતીજી તથા શિષ્યાઓ બધા આગળ પાછળ ચાલતા હતા. ત્યાં અધવચ્ચ એકાએક જબ્બર પવનની આંધી ચઢી આવી. એ સમયે ઘનઘોર પ્રચંડ વાદળા ચઢી આવ્યા. વીજળીના ઝબકારા થવા લાગ્યા, પક્ષીઓ માળામાં છૂપાઈ ગયા, પશુઓ પણ ભયથી વ્યાકુળ બનીને આમ તેમ દોડવા લાગ્યા. સૂર્યનારાયણ પણ વાદળામાં છૂપાઈ ગયા. ચારે તરફ અંધકાર છવાઈ ગયેા. એક તરફ અંધકાર છે, બીજી તરફ સખત પવનની આંધી છે એટલે ધૂળ ઉડી રહી છે. એવેા ગાઢ અંધકાર છવાઈ ગયેા કે એક બીજાને દેખી શકાય નહિ. શિષ્યાઓ સહિત રાજેમતી સાધ્વીજી તે પ્રચંડ આંધીના વેગમાં ઘેરાઈ ગયા. પરિણામે સૌનેા સાથ છૂટી ગયેા. કોઇ કયાં તેા કોઈ કયાં. જેને જ્યાં જગ્યા મળી ત્યાં તેઓ સ્થાનનેા આશ્રય લઈને રોકાઈ ગયા. સખત આંધી ને તોફાન, ભયંકર અંધકાર વચ્ચે વીજળીનેા ચમકાર અને આકાશ વાદળેાના ગડગડાટથી ગાજી ઉઠયું. થેાડી વારમાં મૂશળધાર વરસાદ તૂટી પડયેા.

ગિરનારની પગવાટ સાવ સૂની પડી ગઈ. દુર દુર એક રાજેમતી સાધ્વી સિવાય કોઈ દેખાતું ન હતું. જૈનના સાધુ–સાધ્વીઓના આચાર છે કે વરસાદનું પાણી શરીર ઉપર પડે તેા પ્રાયશ્ચિત લેવું જોઈએ. પેાતે એકલા રહી ગયા એનેા રાજેમતીને ભય ન હતેા, કારણ કે જે પેાતાના ચારિત્રમાં નિર્મળ છે એને કોઈ જાતનેા ભય હેાતેા નથી, પણ પેાતાના આચારની મર્યાદાનેા ભંગ થતેા હતેા તે શલ્ય એમના હૈયામાં ડંખતું હતું તેથી ઝડપથી તેઓ ચાલ્યા જતા હતા. વરસાદના કારણે રાજેમતી સાધ્વીના વસ્ત્રો ભીંજાઈ ગયા. તેઓ ઉભા રહેવા માટે ચારે બાજુ દૃષ્ટિ કરવા લાગ્યા પણ કયાંય ગુફા ન દેખાઇ તેથી આગળ વધ્યા વિના છૂટકેા ન હતેા, એટલે ભીના વસ્ત્રે તેઓ થેાડે દુર ગયા. ત્યાં એક ગુફા તેમના જોવામાં આવી એટલે તેઓ ગુફામાં પ્રવેશી ગયા, કારણ કે વરસાદ બંધ થાય તેમ લાગતું ન હતું.

એક તેા બહાર અંધકાર છવાઈ ગયેા હતેા એટલે ગુફામાં પણ ભયંકર અંધકાર જ દેખાય ને ? આપણે ઘણી વખત બહાર પ્રકાશમાંથી કોઇના ઘરમાં પ્રવેશ કરીએ છીએ તેા

પહેલાં અંધકાર દેખાય છે, પછી થોડી વાર થાય ત્યારે પ્રકાશ દેખાવા લાગે છે. આ સતી રાજેમતીએ ગુફામાં પ્રવેશ કર્યો. એકદમ ભંયકર અંધકાર હતો, એટલે એમને ખબર નથી કે ગુફામાં કોણ છે? આ ગુફામાં નેમનાથ ભગવાનના નાના ભાઇ રથનેમિ જે નેમનાથ પ્રભુ તોરણેથી પાછા ફર્યા પછી જે રાજેમતીના રૂપમાં પાગલ બનીને તેની સાથે પરણવા તૈયાર થયા હતા પણ રાજેમતી યુક્તિદ્વારા સમજાવીને તેને ઠેકાણે લાવ્યા હતા ને પછી વૈરાગ્ય પામીને એમણે દીક્ષા લીધી છે એ રહનેમિ મુનિવર આ ગુફામાં એક ખૂણામાં ધ્યાનાવસ્થામાં મગ્ન બનેલા હતા. રાજેમતીજીને રહનેમિ અંદર છે તે ખબર ન હતી. હવે રાજેમતી સાધ્વીજી વિચાર કરવા લાગ્યા કે આ ગુફામાં હું એકલી જ છું. મારા વસ્ત્રો પાણીથી રસબોળ થઈ ગયા છે, એટલે કાઢીને સૂકવી નાંખું જૈનના સાધુ-સાધ્વીઓ વિહાર કરતા હોય ને અચાનક આવો પ્રસંગ બની જાય ને કપડા પલળી જાય તો એને નીચોવે નહિ. નીચોવે તો અપકાયના જીવો મરી જાય એટલે કાઢીને પહોળા કરી દે. એની મેળે એ સૂકાઇ જાય. શરીર ઉપર વરસાદના સચેત પાણીના ફોરા પડયા હોય તો લૂછાય પણ નહિ. એ એની મેળે જ સૂકાઈ જવા જોઈએ. આવો જૈન મુનિઓનો આચાર છે.

અહીં રાજેમતી સાધ્વીજી પોતાના ભીંજાયેલા વસ્ત્રો ઉતારીને હું સૂકવી દઉં એવો વિચાર કરવા લાગ્યા. જે રહનેમિય નામનું અધ્યયન છે એની વાત હવે જ શરૂ થાય છે. રહનેમિ આ રાજેમતીને જોશે ત્યારે એના મનમાં કેવા ભાવ જાગશે. આ સાથે રાજેમતી સાધ્વીજીનું ચારિત્ર કેવું નિર્મળ છે, એમનામાં કેટલું ખમીર છે તે આપણને જાણવા મળશે. એક સ્ત્રી હોવા છતાં રથનેમિને પડકાર કરશે કે ચારિત્ર વિનાનું જીવન મડદા જેવું છે. શ્વાસ વિનાના કલેવરની, પાણી વિનાના મોતીની અને સુગંધ વિનાના પુષ્પની કોઇ કિંમત નથી, તેમ ચારિત્ર વિનાના જીવનની કોઇ કિંમત નથી. ચારિત્ર એ તો જીવનનું કોહીનુર છે. જીવનમાંથી બધું જાય તો ભલે જાય પણ ચારિત્ર કદી ગુમાવશો નહિ. જેનું ચારિત્ર નિર્મળ નથી એનો દુનિયામાં કોઇ વિશ્વાસ કરતું નથી. ચારિત્રના રક્ષણ માટે ભગવાને કોઈ સ્ત્રી કે પુરૂષ વૃદ્ધ હોય, પ્રૌઢ હોય, તેની સાથે એકાંતમાં ઉભા રહેવાની કે બેસવાની ના પાડી છે, કારણ કે એકાંત બહુ બૂરી ચીજ છે. અહીં એકાંત સ્થાન છે. રાજેમતીજીને અંદર કોણ છે તે ખબર નથી. પોતે વસ્ત્રો ઉતારીને પહોળા કરે છે. હવે રહનેમિનું ચિત્ત કેવી રીતે ચલાયમાન થશે ને રાજેમતી સાધ્વીજી તેમને કેવી રીતે ઠેકાણે લાવશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :– મદનમાલતી જિનસેનકુમારને પોતે અહીં કેવી રીતે આવી તે વાત કરે છે. મેં રામસેનની રાણી બનવાની ના પાડી એટલે તેમના નિર્દય સુભટોએ મને ઉંચકીને દરિયામાં ફેંકી દીધી, ત્યારે મેં પ્રભુને પ્રાર્થના કરી કે હે ભગવાન! મેં મારા

પતિ જિનસેનકુમાર સિવાય મનથી પણ જો પરપુરૂષની ઈચ્છા ન કરી હોય તો મને સહાય કરજો. ભગવાને મારો પોકાર સાંભળ્યો. હું દરિયામાં પડી પણ એક મોટા મગરમચ્છની પીઠ ઉપર પડી. મગરમચ્છ જાણે મારો હિતસ્વી જ ન હોય ! તેમ મને પીઠ ઉપર બેસાડીને દરિયામાં ચાલ્યો. હું તો જાણે સ્ટીમરમાં બેઠી હોય તેમ લાગ્યું. ચાલતાં ચાલતાં મગરમચ્છે મને આ નગરના દરિયા કિનારે મૂકી દીધી. હું દરિયા કિનારે બેસીને વિચાર કરતી હતી કે હું આ અજાણ્યા પ્રદેશમાં કયાં જઉં ? કયાં મારું સાસરું, કયાં પિયર ને હું કયાં આવીને પડી ! મારા પતિ કયાં હશે ? આ બધી બાબતનો વિચાર કરતી ચિંતાતુર બનીને બેઠી હતી ત્યાં એક યોગી દરિયાકિનારે આવ્યો ને મને ઉદાસ જોઈને પૂછયું–બેટા ! અહીં એકલી કેમ બેઠી છું ? ને તું કોણ છે ? મને બેટા કહીને બોલાવી એટલે શાંતિ થઈ કે આ યોગી મારા શીયળ ઉપર તરાપ નહિ મારે. મેં પણ મારા પિતાતુલ્ય માનીને મારી કહાની એમને કહી. એટલે એમને મારા ઉપર દયા આવી અને મને ખૂબ આશ્વાસન આપીને પોતાની દીકરીની જેમ ગુફામાં રાખી. હું ત્યારથી આ ગુફામાં પ્રભુને પ્રાર્થના કરતી રહેવા લાગી. મને એક આશા હતી કે મારા પતિ જ્યારે આવશે ત્યારે મારી શોધ તો કરશે ને ? અગર મારા માતાપિતાને ખબર પડશે તો એ પણ મારી શોધ તો કરાવશે ને ? એ આશામાં મેં આટલો વખત પસાર કર્યો.

એક દિવસ યોગીને સુવર્ણપુરૂષ સિદ્ધ કરવાનું મન થયું એટલે એણે એક નિર્દોષ માણસને પકડીને મારી નાંખ્યો. આ દૃશ્ય મારાથી જોવાયું નહિ, તેથી મેં કહ્યું, પિતાજી ! આપ આવા મહાન યોગી થઈને આવું પાપકર્મ શા માટે કરો છો ! મારાથી આ સહન નહિ થાય. તમારા જેવા ત્યાગીને આવું દુષ્ટ કર્મ કરવું શોભે નહિ. મેં આ પ્રમાણે કહ્યું એટલે યોગી મારા ઉપર કોપાયમાન થયો ને મને આ રીતે બાંધીને લટકાવી છે. આ તેલની કડાઈ ઉકાળીને રાખી છે. આજે તે સુવર્ણપુરૂષને સિદ્ધ કરવાનો છે. આજે મારા મહાન પુણ્યોદયે આપ અહીં પધાર્યા છો. ભગવાને મારી લાજ રાખવા આપને અહીં મોકલ્યા. ખરા દુઃખ વખતે સ્વામીનાથ ! આપ પધાર્યા છો. હવે મને જલ્દી આ બંધનથી મુક્ત કરાવો, ત્યારે જિનસેનકુમારે કહ્યું મદનમાલતી ! હવે તું શાંતિ રાખ. તારા દુઃખનો અંત આવી ગયો છે. તને બંધનથી મુક્ત કરવા માટે જ મને કુદરત અહીં ખેંચી લાવી છે.

કૈસે અચાનક મિલ ગઈ મુઝકો, કૈસા કર્મકા ખેલ,
કુંવરજી મનમેં સોચ રહે હૈ, કૈસે કાટું અબ જેલ.

આ પણ એક કર્મનો ખેલ છે ને ? કયાં વિજયપુર અને કયાં કંચનપુર ! એ છોડીને તું અહીં આવી અને આપણે અહીં મળ્યા. હવે હું યોગી પાસેથી કળથી કામ લઈને તને છોડાવીશ. હવે તું ચિંતા કરીશ નહિ. આમ કહે છે ત્યાં દુરથી જોગીને આવતો જોઈને મદનમાલતીએ કહ્યું આ દુષ્ટ યોગી આવી રહ્યો છે, એટલે જિનસેન સાવધાન બનીને ઉભો

રહ્યો. યોગી નજીક આવ્યો ને કુમારને જોઇને ખુશ થયો ને પૂછયું–ભાઇ ! તમે કોઈ રાજકુમાર હો તેવા દેખાઓ છો તો આપ કોણ છો ? મને તો તમારું મુખ જોઇને જ આનંદ થાય છે. જાણે તમે કોઈ મહાનપુરૂષ હો તેમ લાગે છે, ત્યારે જિનસેનકુમારે નિર્ભયતાથી કહ્યું કે હું સિંહલદ્વીપના રાજાનો મુખ્ય મંત્રી છું. મારું નામ જિનસેનકુમાર છે. આ પ્રમાણે કહ્યા પછી જિનસેનકુમારે યોગીને કહ્યું કે મહાત્માજી ! આપ આ જંગલમાં રહીને શું કરો છો ? આ તેલની કડાઈ આપે શા માટે ઉકાળી છે ? ને આ અબળાને તમે શા માટે લટકાવી છે ? એણે આપનો શું અપરાધ કર્યો છે કે આપ એને આવી કઠક શિક્ષા કરી રહ્યા છો ? ત્યારે યોગીએ કહ્યું–કુમાર તમારી વાણી મને બહુ મીઠી લાગે છે. તમે ખૂબ ભલા ને ભોળા છો પણ તમે પૂછો છો તો એનો હું તમને જવાબ આપું છું. સાંભળો.

"અપકારી ઉપર પણ ઉપકાર કરતો જિનસેન" :- આ સ્ત્રી દરિયા કિનારે નિરાધાર બનીને બેઠી બેઠી રડતી હતી. એનું કોઈ ન હતું એટલે મેં એને દીકરી કરીને આશરો આપ્યો. મેં એને કદી દુઃખ આપ્યું નથી. મારી દીકરી જેમ ગણીને મેં એને પાળી હતી પણ એ પાપણી મારા કામમાં મને નડતર રૂપ બની, એટલે મને એના ઉપર ક્રોધ આવ્યો તેથી મેં એને આ રીતે બંધનમાં બાંધી છે. હવે હું એને જીવતી છોડીશ નહિ. એના પ્રાણ લઈશ અને બીજું મારે સુવર્ણપુરૂષની સિદ્ધિ કરવી છે તે માટે આ તેલની કડાઇ ઉકાળી છે, પણ મારે આ કાર્યમાં એક ઉત્તર સાધકની જરૂર છે. તો તમે મારા ઉત્તરસાધક બનશો ! સમય જોઇને જિનસેન કુમારે કહ્યું–ભલે, તમે ખુશીથી તમારી સાધના કરો. હું ઉત્તરસાધક બનીને અહીં ઉભો રહું છું. આમ કહીને જિનસેનકુમાર યોગીના કહેવા મુજબ સામે ઉભો રહ્યો, એટલે યોગીએ મંત્રના જાપ શરૂ કર્યા. તે વખતે કુમાર મનમાં નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યો, ત્યારે જોગીએ કહ્યું કે ભાઇ ! તમે જલ્દી આ મડદાના પગ ધોઈ નાંખો. કુમાર મડદાના પગ ધોવા ગયો પણ એનાથી મડદુ ઉંચકાયું નહિ એટલે યોગીને કહ્યું–મહારાજ ! મારાથી ઉંચું થતું નથી. હું કેવી રીતે એના પગ ધોઉં ? બીજી તરફ યોગીએ ઘણું મંત્રનો જાપ કર્યો પણ એના મંત્રની સિદ્ધિ થતો નથી. એટલે કહે છે કુમાર ! તમે શું મનમાં જાપ જપો છો ? મંત્ર ભણ્યા નથી ને ? મારા મંત્રજાપની સિદ્ધિ કેમ થતી નથી ? કુમારે કહ્યું હું તો મારા ધર્મના મંત્રનો જાપ કરું છું. એમાં તમને શું વાંધો આવે છે ? તમે તમારે તમારું કામ કરોને. જોગી કહે છે તમારો મંત્ર બંધ કરી દો. કુમાર કહે છે એ તો હું બોલવાનો. તમારે જેમ કરવું હોય તેમ કરો, આમ રકઝક કરતા હતા ત્યાં આકાશમાંથી વિદ્યાની અધિષ્ઠાત્રી દેવીઓ નીચે ઉતરીને બોલવા લાગી કે અમારો ભક્ષ અમને આપો. અમને જલ્દી આપો. એમ બોલતી ખાઉ....ખાઉ કરતી યોગી પાસે આવીને કહે છે અમારો ભક્ષ આપ, નહિતર તને ભક્ષી જઈશું. આ દેવીઓનો કોપ જોઇને જોગી તો થરથર ધ્રુજવા લાગ્યો. ત્યાં દેવીઓ કહે છે અમારું ભક્ષણ અમને દઇ દે, નહિતર આ તલવારથી તારું માથું કાપી નાંખીશ. આ

સમયે જિનસેનકુમારે કહ્યું–હું યોગીનો ઉત્તરસાધક બન્યો છું. મારા જીવતા હું એને મરવા નહિ દઉં. હે દેવીઓ ! તમે કોણ છો ? અને આ યોગીને શા માટે મારો છો ? તમારે બીજું જે જોઇએ તે માંગી લો પણ મનુષ્યનો સંહાર કરવાથી શું લાભ થાય છે ? જિનસેનકુમાર કેટલો પરોપકારી ને દયાળુ છે ! પોતાની પત્નીને જે યોગીએ બાંધી છે તેની પણ દયા કરે છે. હવે આ દેવીઓ જિનસેનકુમારને શું જવાબ આપશે ને શું બનશે તેના ભાવ–અવસરે કહેવાશે.

*

વ્યાખ્યાન નં. ૯૨

આસો વદ ૧૨ ને શનિવાર **તા. ૨૮–૧૦–૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની મહાનપુરૂષો ભવ્યજીવોના કલ્યાણ માટે અમૂલ્ય દેશના આપતા કહે છે કે હે ભવ્ય જીવો ! અનંતકાળથી આ જીવને ચતુર્ગતિ સંસારમાં રખડાવનાર હોય તો તે મોહ છે. આ સંસારરૂપી નાટકમાં મોહરૂપી મેનેજર રાજા, રંક, દાસ, સ્વામી વિગેરે જે પાત્ર આપે તે ભજવવું જ પડે પણ તેને રાજીનામું દેવાય તો નાટક ભજવવું પડે ખરું ? આ મોહ માસ્તરે જીવને વિષયકષાયના હુન્નરો પાઠો અનાદિકાળથી ભણાવ્યા છે તે ભૂલ્યા ભૂલાતા નથી. જ્યારે તે ભૂલાશે ત્યારે મોક્ષ મળશે, માટે દરેક પદાર્થો ઉપરથી મોહનો ત્યાગ કરો. બીજી વસ્તુઓ તો ઠીક પણ જો આત્મકલ્યાણ કરવું હોય તો આ શરીરનો મોહ પણ છોડવો પડશે, કારણ કે શરીરનો મોહ પણ આત્માને સંસારમાં રખડાવે છે. મોહના કારણે જીવને કાયાની કેદમાં પૂરાવું પડ્યું છે. કેદખાનામાં ભૂખ–તરસ, સખત મજુરી આદિ દુઃખો સહન કરવા પડે છે. તેમાંથી ક્યારે છૂટું અગર લાગ મળે તો સાંકળીયા તોડીને નાસી જાઉં એમ કેદી ઇચ્છે છે તેવી રીતે આ શરીર એક કેદખાનું છે. તેમાં અશુચી ભરેલી છે, છતાં તેમાંથી નાશી છૂટવાને બદલે મોહાંધ બનેલો જીવ શિયાળાના દિવસોમાં અડદીયાપાક, બદામપાક, સાલમપાક, મેથીપાક વિગેરે પૌષ્ટિક પદાર્થો ખવડાવીને પોષે છે, પંપાળે છે અને તેને જરાજ પીડા થાય તો ગાંડોઘેલો બની જાય છે. હાયવોય કરી મૂકે છે, પણ એને ભાન નથી કે આનો મોહ તો મને સંસારમાં ભમણ કરાવનાર છે. જ્ઞાની આત્માઓ દેહમાં પ્રાણ હોય છે ત્યાં સુધી એની પાસેથી એવું કામ કઢાવી લે છે કે ફરીને જીવને આ કાયાની કેદમાં પૂરાવું ન પડે.

આ શરીરની તાકાત નથી કે આત્માને જકડી રાખે પણ આત્મા પોતે જ એના મોહના કારણે કાયા રૂપી કેદમાં જકડાયો છે. જેમ એક વાંદરાએ ચણા લેવા માટે ગાગરમાં હાથ નાંખ્યો. ચણાની મૂઠી વાળેલી હોવાથી એનો હાથ નીકળી શકયો નહિ ત્યારે વાંદરાને લાગ્યું કે આ ગાગરે મારો હાથ બાંધી દીધો છે, પણ વાસ્તવિક રીતે તો પોતાની મૂઠીથી જ પોતે બંધાયો છે, તેવી રીતે જીવ માને છે કે મને શરીરે પકડી રાખ્યો છે પણ એમ નથી.

જો શરીર પકડી રાખતું હોય તો કોઈ જીવ મોક્ષમાં જઈ શકે નહિ. શરીર ઉપરનું મમત્વ છોડીને અનંતા જીવો મોક્ષમાં ગયા છે. જેઓ એનું મમત્વ છોડતા નથી તે જીવો વારંવાર કાયાની કેદમાં પૂરાઈને દુઃખ ભોગવ્યા કરે છે. જો દુઃખ ન ભોગવવું હોય તો સમજીને દેહનું મમત્વ ઓછું કરો. અત્યારે સમજીને મમત્વ નહિ છોડો તો જ્યારે મરણ આવશે ત્યારે તો છોડવું જ પડશે ને ! એના કરતા સમજીને છોડશો તો સારું છે. આ શરીરને અભક્ષ પદાર્થો ખવડાવીને પોષવું તે ઝેર ખાઈને જીવવા જેવું છે.

બંધુઓ ! આ શરીર એ કર્મરાજાનો નોકર છે. એક વખત કર્મરાજાએ એની રાજસભામાં પોતાના સેવકોને હુકમ કર્યો કે આ જીવને કેદખાનામાં પૂરી દો. નહિતર એ આપણી સત્તા બહારની મુક્તિનગરીમાં ચાલ્યો જશે, ત્યારે શરીર નામના સેવકે કહ્યું કે હું જાઉં પણ એને બાંધવા માટે દોરડા તો જોઈએ ને ? ત્યારે કર્મરાજાએ કહ્યું કે આપણી ચૌદ રાજલોકની શાળામાં કર્મ વર્ગણારૂપી અનંત દોરડાઓ છે. તેમાંથી જોઈએ તેટલા લઈ લેજો, ત્યારે આ શરીર સેવકે વિચાર કરીને કહ્યું કે મહારાજા ! આ જીવમાં અનંત શક્તિ છે, તેથી તે મને મારીને પાછો હઠાવી દે તો ? માટે આપ એવી કોઈ વસ્તુ આપો કે તે ઘેનમાં ને ઘેનમાં પડી રહે અને એને પોતાની શક્તિનો ખ્યાલ ન આવે. આ શરીર રૂપી સેવકની વાત સાંભળીને કર્મરાજાએ મદ, વિષય, કષાય, નિદ્રા, વિકથા આ પાંચ પ્રમાદ રૂપ મદિરા આપીને ભલામણ કરી કે આ મદિરા તારે રોજ તારા શરીરને પીવડાવ્યા કરવા. શરીરે કર્મરાજાના હુકમ પ્રમાણે અમલ કર્યો તેથી પાંચ પ્રમાદ રૂપ મદિરાના ઘેનમાં જીવ એવો મગ્ન બની ગયો છે કે એને કર્તવ્યાકર્તવ્યનો વિવેક પણ નથી રહ્યો. જ્યારે શરીર સેવકને ખાત્રી થઈ કે હવે આ જીવ મોક્ષમાં નહિ જાય પણ નરક તિર્યંચાદિ દુર્ગતિઓમાં જશે ત્યારે પોતાનો વિજય થયો એમ માનીને જીવને છોડીને ચાલ્યા જવાનો વિચાર કરવા લાગ્યો. એવામાં જીવના મહાન પુણ્યોદયે એને સદ્‌ગુરૂનો યોગ મળ્યો. તેમણે આ જીવની મદિરા પીધેલી દશા જોઈને ખૂબ દયા લાવીને જીવને કેદખાનાનું સ્વરૂપ સમજાવ્યું કે હે જીવાત્મા ! આ શરીર રૂપી કેદખાનામાંથી છૂટવા માટે તારે યુક્તિથી કામ લેવું પડશે. તેને રસકસ વિનાનું ભોજન આપવું, ઉપવાસ આદિ તપશ્ચર્યાઓ કરાવવી, પાંચ ઇન્દ્રિયોનો સંયમ રાખવો, પાંચ પ્રમાદરૂપી મદિરાનું પાન કરવું નહિ તો જરૂર તને મોક્ષ મળશે. એવા હિતકારી સદ્‌ગુરૂની શિખામણ પણ મોટા ભાગના મનુષ્યો માનતા નથી અને પરિણામે જેમ રાજ્યના કાયદાને નહિ માનનાર જેલમાં દુઃખી થાય છે, તેમ આ જીવ પણ ધર્મના કાયદાને નહિ માનવાથી પરલોકમાં દુઃખી થાય છે. જે શરીર કૃમિ, લોહી, માંસ, ચરબી આદિથી ભરપૂર છે, જેના સંબંધથી પવિત્ર વસ્તુઓ પણ અપવિત્ર બની જાય છે. જે શરીરની અંતે અગ્નિ દ્વારા રાખ થવાની છે તેના દ્વારા આત્મસાધના કરી લેવી એમાં જ મનુષ્ય જીવનની સફળતા છે. મનુષ્યનું શરીર મરણ પછી કોઈ ઉપયોગમાં આવતું નથી. બે દિવસ પડયું રહે તો ગંધાઈ ઉઠે છે ને રોગ ફેલાવે છે તેથી તેને બાળીને રાખ કરી દેવામાં આવે છે. આવા શરીરનો શા માટે મોહ રાખી રહ્યા છો ?

શરીર કોના જેવું ? :– આ શરીર તો ભાડૂતી મકાન જેવું છે. ભાડાનું મકાન ગમે તેટલું સારું ને સગવડવાળું હોય, હવા ઉજાસ અને સર્વ પ્રકારની અનુકૂળતાવાળું હોય પણ ભાડું આપવાનું બંધ કરીએ એટલે મકાનનો માલિક તરત જ ખાલી કરાવે છે. જેમ રાજાની આજ્ઞાથી ગવર્નર, વાઇસરોય આદિ અધિકારીઓને દેશ, ઇલાકા કે પ્રાંતનો અધિકાર મળે છે પણ જો તે નીતિપૂર્વક રાજ્ય ન ચલાવે તો એ ઉડી જાય છે ને ધિક્કારને પાત્ર બને છે તેમ કર્મરાજાએ આ જીવને શરીરનો અધિકાર આપ્યો છે. તે પોતાનું શું કાર્ય છે તે સમજે નહિ તો પદભ્રષ્ટ થાય છે, માટે સમજો ને શરીરનો સદુપયોગ કરો. આ શરીર કચરાપેટીની ગાડી જેવું છે. ઉપરથી સુંદર અને અંદરથી દુર્ગંધમય છે, છતાં એના દ્વારા વિરતિ સાધીને મોક્ષ જવાના સાધનરૂપ છે, એટલા માટે જ્ઞાનીપુરૂષોએ એને ઉત્તમ કહ્યું છે. હાડ, ચામ રૂપ શરીરને ખોરાક, વસ્ત્રો ને આભૂષણો માટે જીવ જોખમ ખેડે ને કર્મરાજાનું દેવું વધાર્યે જાય તો એની કેવી દશા થાય ? ભાડાના ઘરમાં સોનાની દિવાલો અને રત્નના ચોક કરાવો પણ એક દિવસ તો ખાલી કરવું પડે છે. એ તો તમે જાણો છો ને ? અત્યારે તો ભાડાના મકાનમાં વીસ વર્ષ રહ્યા પછી મકાનમાલિકની સત્તા નથી કે એકદમ ખાલી કરાવી શકે, પણ આ દેહ રૂપી મકાન ખાલી કરવાનું થશે ત્યારે નોટીસ પણ નહિ આવે, અને ખાલી કરાવતી વખતે કંઇ દાદ–ફરિયાદ પણ નહિ સાંભળે, પછી ભલે ને તમે એમાં ૮૪ લાખ પૂર્વ, પલ્યોપમ કે સાગરોપમ રહ્યા હોય તો પણ એક જ સમયમાં ખાલી કરાવી દેશે. મકાનમાલિકને તમે ભાડુ વધારે આપવાની લાલચ બતાવો તો મુદત વધારી આપશે, મકાનમાલિકનું ખિસ્સું ભરી દો તો ક્ષેમકુશળ રહી શકશો, પણ આ શરીર રૂપી ઘરમાં કોઈ કાયદો કે વાયદો ચાલી શકતો નથી. માની લો કે તમે સાગરોપમનું દેવનું આયુષ્ય બાંધ્યું હોય અને દેવભવમાં ઘણું સુખ છે છતાં દેવભવમાં પચ્ચીસ વર્ષ કાપવાની શરતે માત્ર એક વર્ષ આ ભવમાં વધારે રહેવાની ઇચ્છા હોય તો પણ રહી ન શકાય. એવા અંજામવાળા આ માનવ શરીરમાં મોહ પામીને જીવ કર્મરાજાનું દેણું વધારી રહ્યો છે.

દેવાનુપ્રિયો ! આ શરીર અશુચીથી ભરેલી કોથળી જેવું છે. અનેક રોગોનું ઘર છે. દુર્જનની માફક અકાળે દગો દેનાર છે માટે તેનો મોહ છોડીને તેના દ્વારા ઇન્દ્રિયોનું દમન, સંયમપાલન, તપ, જપ, સેવા, પરોપકાર વિગેરે કરાવીને આપણું કાર્ય સાધી લો. શરીર છોડતી વખતે જીર્ણ વસ્ત્ર ઉતારીને નવું વસ્ત્ર પહેરવા મળે તો જરા પણ મૂંઝવણ ન થાય એવી વૃત્તિ કેળવી લો. અનેક મહાનપુરૂષો આ માનવદેહનો મોહ ઉતારી તેની પાસેથી યુક્તિપૂર્વક કામ કઢાવીને મુક્તિપુરીમાં મહાન શાશ્વત સુખ મહાલવા માટે પહોંચી ગયા છે.

જેમણે મુક્તિનો માર્ગ સ્વીકાર્યો છે એવા અરિહંત અરિષ્ટનેમિ ભગવાન ગિરનાર પર્વત ઉપર પધાર્યા છે. રાજેમતી સાધ્વી પોતાના વિશાળ શિષ્યાપરિવારને સાથે લઇને હોંશહોંશે નેમનાથ પ્રભુના દર્શન કરવા માટે ચાલ્યા. મનમાં એવા ભાવની છોળો ઉછળતી

હતી કે જલ્દી મારા નાથના દર્શન કરું અને એમના મુખેથી અમૃતવાણીના ઘૂંટડા પીઉં. તીર્થંકર પ્રભુની વાણી એવી મીઠી ને મધુરી હોય છે કે એના અમૃત ઘૂંટડાનું પાન કરનાર કદી ધરાતો જ નથી. એ સદા તરસ્યો જ રહે છે, આવા ઉત્કૃષ્ટ ભાવથી રાજેમતી ચાલ્યા જાય છે પણ અધવચ્ચ પહોંચતા અચાનક ભયંકર આંધી ચઢી આવી. ગાજવીજ અને કડાકા સાથે ઘોધમાર વરસાદ તૂટી પડયો અને અંધકાર છવાઈ ગયો. બધા સાધ્વીજીઓ એકબીજાથી છૂટા પડી ગયા. જેને જ્યાં જગ્યા મળી ત્યાં ઉભા રહી ગયા. રાજેમતીને એક ગુફા દેખાઈ એટલે તેઓ એક ગુફામાં પેસી ગયા. એક તો વરસાદને કારણે અંધકાર થઈ ગયો છે ને ગુફામાં તો અંધકાર જ હોય એટલે ગુફામાં કોણ છે તે બહારથી જનાર વ્યક્તિ જોઈ શકતી નથી. અંદર બેઠેલી વ્યક્તિને દેખાય છે. રાજેમતીના મનમાં થયું કે હું અહીં એકલી જ છું એટલે આ પાણીથી નીતરતા વસ્ત્રોને કાઢીને પહોળા કરું તો સૂકાઈ જાય અને વરસાદ બંધ રહે એટલે પહેરીને ભગવાનના દર્શન કરવા જાઉં. આવા ભાવથી પોતાના શરીર ઉપરથી વસ્ત્રો ઉતારીને પહોળા કર્યા અને પછી પોતે પણ ધ્યાનમાં લીન બન્યા. વીતરાગ પ્રભુના સાધુ સાધ્વીઓ એક ક્ષણ પણ આત્મસાધના વિના ગુમાવતા નથી. રાજેમતી સાધ્વીજી સમજે છે કે હું આ ભયંકર અંધારી ગુફામાં એકલી છું. એને મરણનો ડર નથી પણ બ્રહ્મચારી સાધ્વીને પોતાના ચારિત્ર માટે સદા ભય હોય છે.

જેમ કુર્કટ બચ્ચાને, બિલાડીનો સદા ભય,
તેમ છે બ્રહ્મચારીને, સ્ત્રીના સંસર્ગનો ભય.

જેમ કુકડાનું બચ્ચું સદા બિલાડીથી ફફડતું રહે છે તેમ બ્રહ્મચારી સ્ત્રી હોય તો પુરૂષથી ડરે છે ને પુરૂષ બ્રહ્મચારી હોય તો સ્ત્રીથી ડરે છે, એટલે કે પોતાના બ્રહ્મચર્યને હાની ન પહોંચે તે માટે સદા જાગૃત રહે છે. રાજેમતી ગુફામાં વસ્ત્રો પહોળા કરીને બેઠા છે ત્યાં શું બન્યું—

चीवराइं विसारन्ति, जहा जायत्ति पासिया ।
रहनेमी भग्गचित्तो, पच्छा दिट्ठो य तीई वि ॥३४॥

રાજેમતીએ ગુફામાં પ્રવેશ કરીને પોતાના પછેડી આદિ ભીંજાયેલા વસ્ત્રોને સૂકવવા માટે અંગ ઉપરથી ઉતાર્યા એટલે એનું શરીર તો વસ્ત્રરહિત બની ગયું. આ ગુફામાં નેમનાથ પ્રભુના નાના ભાઈ રથનેમિ જેમણે દીક્ષા લીધી હતી તે એક ખૂણામાં ધ્યાનમાં બેઠા હતા, પણ ગુફામાં અંધારું ઘમઘોર, નથી બારી કે નથી બાળી ઝરૂખા પછી ધ્યાનસ્થિત મુનિને રાજેમતી કયાંથી દેખે ? કારણ કે અજવાળામાંથી અંધકારવાળા સ્થાનમાં જઈએ તો તરત કોઈ વસ્તુ પડી હોય તો તે જોઈ શકાતી નથી. થોડી વાર થાય પછી અંધારામાં

દેખાવા લાગે છે, પણ જે અંદર હોય છે તેને તો બધું દેખાય છે. તે રીતે રથનેમિ ગુફામાં ધ્યાન ધરીને બેઠેલા હતા. ગુફામાં એકદમ શાંતિ હોય છે, તેથી પગરવનો કંઈક ભાસ થયો જાણી મુનિ ધ્યાનમુક્ત બન્યા. રાજેમતી ગુફામાં ગયા, વસ્ત્રો ઉતારીને સૂકવ્યા. આ દૃશ્ય જોઈને રથનેમિનું ચિત્ત સંયમથી વિચલિત બની ગયું.

બંધુઓ ! એકાંત અતિ ભયંકર વસ્તુ છે. અંતરમાં બીજરૂપે રહેલો વિકાર એકાંતમાં સંયોગ મળવાથી છૂપાયેલા અગ્નિની માફક ઝળકી ઉઠે છે. સ્ત્રી અને પુરૂષનો આકસ્મિક અને એકાંત સહવાસ પણ અડોલ યોગીને ચલિત બનાવે છે. શાસ્ત્રમાં ભગવંતે બ્રહ્મચારી પુરૂષને સ્ત્રીનું સ્મરણ કરવું, સ્ત્રીઓની કથા કરવી, અને સ્ત્રીનું ચિત્ર જોવાની પણ મનાઇ કરી છે. શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવા માટે આ બાબતોનો નિષેધ કર્યો છે. બ્રહ્મચારી પુરૂષને એકાંતમાં કોઈ સ્ત્રી મળી જાય અગર બ્રહ્મચારી સ્ત્રીને કોઈ પુરૂષ મળી જાય તો કોઈક વખતે મન વિકૃત બનવાનો સંભવ છે. આ તો મેં બ્રહ્મચારી સ્ત્રીપુરૂષની વાત કરી પણ ગમે તે સ્ત્રી કે પુરૂષ હોય પણ એને માટે એકાંતમાં મળવું ખરાબ છે. દશવૈકાલિક સૂત્રમાં તો ભગવાને ત્યાં સુધી કહ્યું છે કે—

हत्थ पाय पडिछिन्नं, कण्ण नास विगप्पियं ।
अवि वाससयं नारिं, बंभयारि विवज्जए ॥ અ. ૮. ગાથા ૫૬

જે સ્ત્રી સો વર્ષની બુઢ્ઢી થઇ ગયેલી હોય, તેના હાથ, પગ, કાન, નાક છેદાઈ ગયા હોય એવી સ્ત્રીની સાથે બ્રહ્મચારી પુરૂષે એકાંતમાં રહેવું ન જોઇએ. કદાચ કોઇ સ્ત્રીપુરૂષનું મન આવા એકાંતમાં અડોલ રહે તો તે ધન્યવાદને પાત્ર છે, કારણ કે એકાંતમાં મનમે સ્થિર રાખવું બહુ મુશ્કેલ છે. મનુષ્યનું ચિત્ત ચંચળ બને છે પછી અવશ્ય તેનું પતન થાય છે. કદાચ માની લો કે કોઈ વ્યક્તિ એના દેહથી પતન પામતો નથી પણ એના મનથી એ અવશ્ય પતન પામે છે. જેમણે સંસારને ભયંકર જાણીને ત્યાગી દીધો હોય છે એવા ત્યાગી પુરૂષો પણ એવા સમયે વિચલિત બની જાય છે. અહીં રથનેમિએ પણ રાજેમતીના ઉપદેશથી સંસારને ઘૃણાજનક સમજીને છોડી દીધો હતો અને આત્મચિંતન કરવા માટે ગુફામાં બેઠેલો હતા પણ રાજેમતીને જોતા મન ચંચળ બન્યું. તિમિરની કાળાશમાં પણ કાળી કીકીએ અંબર વિણ રાજેમતીની કાયા નિહાળી. રાજેમતીને જોતાં કીકીમાં કામણ જાગ્યા, કાળામાં શ્વેતવર્ણી કાયા જાણે ચમકવા લાગી એટલે એમના અંતરમાં કામવાસના જાગૃત થઇ ગઇ. ક્ષણવાર પહેલાં જે અંતરમાં આત્મચિંતન ચાલતું હતું તે અંતરમાંથી આત્મભાવના પલાયન થઇ ગઇ ને વાસનાની વીજળી ઝબુકી ઉઠી અને સાધનાની ઇમારત હચમચી ઉઠી. એમની નજર સમક્ષ રાજેમતીની સુંદર તેજસ્વી આકૃતિ જ દેખાવા લાગી.

એમના મનનો મોરલો નાચવા લાગ્યો અને સંયમની ભાવના ભૂલીને વિચાર કરવા લાગ્યા કે રાજેમતીની સાથે ભોગ ભોગવવા માટે આ સ્થાન શ્રેષ્ઠ છે. હવે મારે ના જોઇએ આ જોગ, ભોગવવા રૂડા ભોગ ને લાગ્યા રાજુલના પ્રેમના મને રોગ. રાજેમતીની સાથે ભોગ ભોગવીને મારું જીવન સફળ બનાવું. બંધુઓ ! જે કાયાએ અધ્યાત્મના દિવડા પ્રગટયા હતા તેમાં ભોગના ટમટમીયા ટમટમી રહ્યા. જે કાયાએ આરાધનાના માર્ગે કદમ ઉઠાવ્યા હતા તે કાયાએ કામીનીના કરકમલમાં જકડાવા કદમ ઉઠાવ્યા. એવા રહનેમિ શું વિચારે છે ? આમ તો મને પહેલેથી જ રાજેમતી પ્રત્યે મોહ હતો એટલે તેની સાથે પરણવા હું તૈયાર થયો હતો પણ એ સમયે એણે મારી વાતનો સ્વીકાર ન કર્યો, પણ મને એવો ઉપદેશ આપ્યો કે મને વૈરાગ્ય આવ્યો ને મેં મારા ભાઇની સાથે દીક્ષા લીધી, પણ આજે એનું અનુપમ સૌંદર્ય જોતાં મને એમ લાગે છે કે આવી સૌન્દર્યવતી સુંદરી સાથે ભોગ ભોગવવામાં જે આનંદ છે તે આનંદ કે સુખ સંયમમાં નથી. આ સ્થાન પણ એકાંત છે. અહીં મારા ને એના સિવાય બીજું કોઈ નથી. તે વખતે તો મારા ભાઈ પ્રત્યે તેને તીવ્ર પ્રેમ હતો. હવે આટલો બધો સમય થયો એટલે એનો પ્રેમ ઓછો થઇ ગયો હશે, તેથી એ મારી વાતનો અવશ્ય સ્વીકાર કરશે ને મારી ઇચ્છા પૂરી થશે. આવો વિચાર કરીને રથનેમિ વિકાર ભરેલી ચેષ્ટાઓ કરવા લાગ્યો, હાથપગ હલાવવા લાગ્યો એટલે રાજેમતીનું ધ્યાન એ તરફ ખેંચાયું. એના મનમાં થયું કે ગુફામાં કોઈ પશુ પક્ષી હશે તેથી આ અવાજ આવે છે, એમ વિચાર કરીને તે તરફ દૃષ્ટિ કરી. તો કોઇ પુરૂષને બેઠેલો જોયો. ગુફામાં કોઇ પુરૂષ છે એ જોતાં રાજેમતી લજ્જા અને ભયથી ધ્રુજી ઉઠી. ગુફામાં ગયા પછી પણ જો રાજેમતીને ખબર પડી હોત કે અંદર કોઇ પુરૂષ છે તો તે ગુફામાં ઉભા રહેત નહિ. અંદર કોઈ પુરૂષ છે એ જોઇને ફાળ પડી ગઈ. તે મનમાં વિચાર કરવા લાગ્યા કે મેં કેવો અનર્થ કર્યો ! આ ગુફાને નિર્જન માનીને મેં વસ્ત્રો ઉતારી નાખ્યા છે. આ પુરૂષ મને નગ્ન અવસ્થામાં એકાંત સ્થાનમાં એકલી જોઇને મારું શીયળ ખંડન કરવા બળાત્કાર કરશે તો હું શું કરીશ ! આવા વિચારથી ધ્રૂજવા લાગી.

દેવાનુપ્રિયો ! તમારી પુન્નાઈ કેટલી બધી છે ! તમને સ્ત્રીઓની માફક આવો ડર નથી. પુરૂષનું ચિત્ત વાસનાથી મલિન બને ને ભાન ભૂલે તો જુદી વાત છે, બાકી સ્ત્રીઓની માફક કોઇ બળાત્કાર તો ન કરે ને ? જો કે સતી સ્ત્રીઓના જીવનમાં આવો પ્રસંગ બને ત્યારે પોતાના પ્રાણ આપી દે પણ પોતાના શીયળનું ખંડન ન થવા દે. સતી ચંદનબાળા અને તેની માતા ધારણી રાણી પોતાના પતિનું યુદ્ધમાં મૃત્યુ થવાથી પોતાના ચારિત્રનું રક્ષણ કરવા માટે રાજમહેલ છોડીને ભાગી છૂટયા ત્યારે સારથીએ કહ્યું કે હું તમારું રક્ષણ કરીશ. રથમાં બેસી જાઓ, એટલે મા-દીકરી બંને રથમાં બેસી ગયા. અધવચ પહોંચ્યા ને રાણીનું રૂપ જોઇને સારથીની દૃષ્ટિ બગડી. એને વિષય વાસનાનો કીડો સતાવવા લાગ્યો. આ સમયે ધારણીદેવી પોતાની પુત્રીને શિખામણ આપતા હતા કે હે

દીકરી ! અત્યારે આપણે નિરાધાર થઈ ગયા છીએ. આ સ્થિતિમાં કોઈ પુરૂષ આપણા ચારિત્ર પર દૃષ્ટિ કરે તો આપણે ચારિત્રનું રક્ષણ કરવાનું. મક્કમ બનવાનું અને કદાચ કોઈ બળાત્કાર કરવા આવે તો જીભ ખેંચીને મરી જવાનું પણ કદી શીયળનું ખંડન થવા દેવાનું નહિ. આપણા જીવતા આપણા દેહને કોઈ પરપુરૂષની આંગળી અડવા દેવી ન જોઈએ. આવી ચારિત્રની ઉંચી વાતો સમજાવતી હતી. જો સજ્જન પુરૂષ હોય તો આવી વાતો સાંભળીને પણ ઠેકાણે આવી જાય, પણ વિષયના વંટોળે ચઢેલા સારથીને આવી વાતો સાંભળીને અસર ન થઈ. એણે વનવગડામાં અધવચ્ચ રથ ઉભો રાખ્યો ત્યારે ધારણી રાણીએ કહ્યું-ભાઈ! તેં કેમ રથ ઉભો રાખ્યો? ત્યારે સારથી કહે છે તું મને ભાઈ ન કહીશ. હું તારા રૂપમાં મુગ્ધ બન્યો છું. મારા અંગેઅંગમાં કામનો દાવાનલ વ્યાપી ગયો છે. તું મારી ઈચ્છાને આધીન બની જા. આ સમયે રાણીએ સારથીને ઘણું સમજાવ્યો. ભાઇ ! પરસ્ત્રી સામે દૃષ્ટિ કરનારને નરકમાં જવું પડે છે પણ સારથી ન સમજ્યો ત્યારે રાણીએ જીભ કચરીને પ્રાણ કાઢી નાંખ્યા. રાણીએ વિચાર ન કર્યો કે આ વગડામાં મારી દીકરીનું શું થશે ? રાણીની આ સ્થિતિ જોઈને સારથીના હાજા ગગડી ગયા. એના હ�ૃદયનું પરિવર્તન થઇ ગયું. અહો, ધિક્કાર છે મારી અધમ કામવાસનાને ! મારા નિમિત્તે પચેન્દ્રિય જીવની હત્યા થઈ ગઈ! સારથીના દિલમાં આવા ભાવ કયારે આવ્યા ? ધારણી રાણીના સતીત્વની ખુમારી જોઇ ત્યારે ને ? સારથીના મનમાં થયું કે આ છોકરી પણ ડરથી મરી જશે તો મને વધુ પાપ લાગશે, તેથી ચંદનબાળાને કહે છે બેટા ! તું મારાથી ડરીશ નહિ, હવે હું તારી સામે કુદૃષ્ટિ નહિ કરું. મને મારા પાપકર્મનું ફળ મળી ગયું છે. હવે તું મારાથી નિર્ભય રહેજે, ત્યાર પછી ચંદનબાળાને ચૌટામાં વેચવાનો પ્રસંગ આવ્યો ને વેશ્યાએ ખરીદી. આ બધા પ્રસંગોમાં ચંદનબાળા પોતાના ચારિત્રમાં અડગ રહી છે. એ બધી વાત તમે ઘણી વખત સાંભળી છે એટલે વિશેષ કહેતી નથી પણ કહેવાનો આશય એ છે કે સતી સ્ત્રીઓના જીવનમાં આવો પ્રસંગ આવી જાય ત્યારે તે પોતાના ચારિત્રમાં મક્કમ રહે છે.

અહીં રાજેમતી સાધ્વી ગુફામાં એકલા છે. પોતે આવી અવસ્થામાં કોઈ પુરૂષને જોયો એટલે ભય અને લજ્જાથી તે ધ્રુજવા લાગ્યા.

भीया य सा तहिं दट्ठुं, एगंते संजयं तयं ।
बाहाहिं काउं संगोफं वेवमाणी निसीयई ॥३५॥

એકાંતમાં તે સંયમીને જોઇને ભયભીત બની ગયા ને ભયથી કંપવા લાગ્યા, અને પોતાના બંને હાથથી પોતાના શરીરને ઢાંકીને ખૂબ સંકોચ અનુભવતા બેસી ગયા. પોતે નિર્ભયપણે બેઠા હોય અને આમ અચાનક આવી સ્થિતિમાં પુરૂષને દેખે તો લજ્જા પણ

આવી જાય ને ? અને સ્ત્રી જાતિ એકલી છે એટલે ભય પણ લાગે એ સ્વાભાવિક છે. આ પુરૂષ મારા ચારિત્ર ઉપર તરાપ મારશે તો ? ક્ષણવાર તો રાજેમતીના હૃદયમાં આંચકો લાગ્યો પણ બીજી જ ક્ષણે ધૈર્યવાન બનીને વિચાર કરવા લાગી કે હું સાચી શ્રમણી છું અને ક્ષત્રિયની પુત્રી છું. આવા સંયોગોમાં મારા જેવી સાધ્વીજીએ ભયભીત બનવું તે ઉચિત નથી. ભયભીત બની જઈશ તો હું કંઈ નહિ કરી શકું. આ સમયે મારે ધૈર્ય અને સાહસથી કામ લેવું જોઈએ. આ સંસારમાં કોઈ પુરૂષની એવી શક્તિ નથી કે તે બળાત્કારે સતી સ્ત્રીનું શીયળ ખંડન કરી શકે. તો પછી મારા જેવી વીર સાધ્વીનું શીયળ કેવી રીતે ખંડન કરી શકે ? જો એ મારી સામે આવશે તો હું મારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી એને અડવા નહિ દઉં. કદાચ એમ બનશે તો મારા પ્રાણ છોડીશ પણ મારું ચારિત્ર નહિ જવા દઉં. આ પ્રમાણે વિચાર કરીને રાજેમતીએ પોતાના હાથપગ દ્વારા પોતાના અંગોને ઢાંકી દીધા.

રાજેમતીને ખબર નથી કે આ રહનેમિ જ છે પણ કોઈક પુરૂષ છે એમ લાગ્યું, પણ રહનેમિએ તો રાજેમતીને બરાબર ઓળખી લીધી છે. એનું મુખ જોઈને રહનેમિ સમજી ગયા કે રાજેમતી મને જોઈને ભયભીત બની ગઈ છે. અહીં રાજેમતી મર્કટાસન લગાવીને પોતાના અંગોપાંગ ગોઠવીને બેઠા છે. હવે કામવાસનાથી પીડાયેલા રહનેમિ શું કહેશે અને ત્યારે રાજેમતી એને કેવો જડબાતોડ જવાબ આપશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : વિધાની અધિષ્ઠાતી દેવીઓ ત્યાં ખાઉ....ખાઉ કરતી ક્રોધે ભરાઈને યોગીને મારવા આવી, પણ પરોપકારી અને દયાવંત જિનસેનકુમારે દેવીઓને કહ્યું કે હું કોઈ રીતે યોગીને મારવા નહિ દઉં. તમારે એના બદલે જે જોઈએ તે માંગી લો. જિનસેનકુમારનું તેજ અને એની પરોપકાર ભાવના જોઈને દેવીઓ પણ સ્થંભી ગઈ કે શું આ પુરૂષ છે ! મનુષ્યનું ચારિત્ર નિર્મળ હોય અને પરાક્રમ હોય તો દેવ-દેવીઓ પણ એનાથી ડરે છે. આ દેવીઓ કહે છે હે પવિત્ર પુરૂષ ! તું કોણ છે ? આ યોગીને જીવાડીને તારે શું કામ છે ? એ જીવતો હશે તો ઘણાં પાપ કરશે. એ મહાન દુષ્ટ છે. અમે એને ભક્ષી આવા માટે જ આવ્યા છીએ, ત્યારે જિનસેનકુમારે કહ્યું એનું ભક્ષણ કરવાનું શું કારણ છે ? ત્યારે દેવીઓએ કહ્યું કે એણે સુવર્ણપુરૂષની સિદ્ધિ કરવા માટે અમારી સાધના કરી હતી, પણ એ દુષ્ટ યોગી આ નિર્દોષ અબળાને આવા ગાઢ બંધને બાંધીને કષ્ટ આપી રહ્યો છે તે જોઈને અમારું કાળજું કંપી ગયું.

નારી સતા કે નારીકો હી, કરન ચાહે પ્રસન્ન,
આપ હી સાધો હી બુદ્ધિમતા, કૈસે ખુશ હો મન.

જે પુરૂષ આવી સતી જેવી પવિત્ર સ્ત્રીને સતાવીને અમને પ્રસન્ન કરવા ચાહે તે કયાંથી બને ! આ કારણથી એના મંત્રની સિદ્ધિ થતી નથી. આ તો આપના કહેવાથી અમે

એને જીવતો છોડી મૂકયો. આપ ન હોત તો એને પૂરો કરી નાંખત. હવે અમે સુવર્ણ પુરૂષ સિદ્ધ કરી આપીએ છીએ, પણ એ તમે લઇ લેજો. જોગીને નહિ મળે. એમ કહીને જે મડદું હતું તેનો સોનાનો પુરૂષ બનાવી જિનસેનકુમારને આપીને દેવીઓ ત્યાંથી ચાલી ગઇ, પણ જોગી તો ડરનો માર્યો થરથર ધ્રુજવા લાગ્યો. એના મનમાં ભય છે કે દેવીઓ પાછી આવીને મને ખાઇ જશે તો ? દેવીઓના ગયા પછી જોગી જિનસેનકુમારના ચરણમાં પડીને કહે છે ભાઇ ! તમે મડદાનપુરૂષ છો. આજે તમે ન હોત તો હું મરી જાત. તમે મને બચાવ્યો છે, માટે તમારો ઉપકાર હું જિંદગીભર નહિ ભૂલું. બોલો, આપની શું આજ્ઞા છે ? આપ જે કહેશો તે કરવા હું તૈયાર છું, ત્યારે જિનસેનકુમારે કહ્યું આ સ્ત્રીના બંધન જલ્દી તોડી નાંખો, એટલે જોગીએ તરત જ મદનમાલતીના બંધનો તોડી તેને મુક્ત કરી. જેવા એના બંધનો તૂટયા એવી તરત જ મદનમાલતી જિનસેનકુમારના ચરણમાં પડી ગઈ ને કહેવા લાગી નાથ ! મારા ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય કે આપ આ જંગલમાં આવ્યા ને મારું દુઃખ મટાડયું. આપ અહીં ન આવ્યા હોત તો આ જોગી મને મારી નાંખત. આપ મળ્યા એટલે મારું બધું દુઃખ ચાલ્યું ગયું. જિસેનકુમારે જોગીને પણ ખૂબ ઠપકો આપીને કહ્યું–મડદાત્મા ! તમે સંસારનો ત્યાગ કર્યો છે. ભિક્ષા માંગીને ખાવું છે તો પૈસાની શી જરૂર છે ? આવો સુવર્ણપુરૂષ બનાવવા માટે માણસને મારવાનું પાપ શા માટે કરો છો ? હવે નિરાંતે ભગવાનનું નામ લો. આ રીતે ખૂબ સમજાવ્યા એટલે જોગીએ કહ્યું તમારી વાત સાચી છે. હવે હું કદી આવું પાપ નહિ કરું. હવે હું તમારા જૈન ધર્મનું પાલન કરીશ. ત્યારથી જોગી જૈન ધર્મી બની ગયો. યોગીને સમજાવીને જિનસેનકુમાર મદનમાલતીને લઇને પોતાને ઘેર આવ્યો. ચંપકમાલા મદનમાલતીને જોઇને ખૂબ હરખાઈને પૂછયું–બહેન ! તમે અહીં અચાનક કયાંથી આવ્યા ? એટલે મદનમાલતીએ બધી વાત કરી. ચંપકમાલાએ કહ્યું–બહેન ! તમે ખૂબ ગુણીયલ છો તમે ઘણું દુઃખ સહન કર્યું. આજે તમારા આવવાથી મને ખૂબ આનંદ થયો. એમ કહીને પ્રેમથી ભેટી પડી.

દોનો બહન રહે પ્રેમસે, દૂધ મિશ્રી કે ન્યાય,
પ્રેમ ઉન્હોંકા ઐસા માનો, ગંગા જમુના મન ભાય.

ચંપકમાલા અને મદનમાલતી બંને દૂધ સાકરની જેમ એકબીજાની સાથે હળીમળીને પ્રેમથી રહેવા લાગી. આમ તો બંને શોકયો છે. સ્ત્રીઓને શોકય ગમે નહિ પણ આ તો હળુકર્મી જીવો છે એટલે કોઈ કોઇના ઉપર ઇર્ષ્યા કરતી નથી, પણ આનંદથી રહે છે. ગંગા અને યમુનાના નીર એકબીજામાં ભળી જાય એમ મદનમાલતી અને ચંપકમાલાના મન એવા મળી ગયા છે કે એકબીજા વિના એમને ગમે નહિ. એવા પ્રેમ અને આનંદથી સુખપૂર્વક દિવસો પસાર કરવા લાગ્યા. એક દિવસ બધા સૂતા છે ત્યારે જિનસેનકુમારની ઉંઘ ઉડી ગઇ ત્યારે એને પોતાની માતા યાદ આવી, કે હું તો અહીં મહાસુખ ભોગવું

છું પણ મારી માતા મારા વિયોગે ઝૂરતી હશે. હવે મારે જવું જોઇએ. હવે જિનસેનકુમાર શું કરશે તેના ભાવ અવસરે.

*

વ્યાખ્યાન નં.- ૯૩

આસો વદ ૧૩ ને રવીવાર ધનતેરસ તા. ૨૯-૧૦-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, રાગદ્વેષના વિજેતા, મોક્ષ માર્ગના પ્રણેતા એવા સર્વજ્ઞ ભગવંતોએ જગતના જીવોના આત્મકલ્યાણ માટે સિદ્ધાંતરૂપ વાણી પ્રકાશી છે. તેમાં ઉત્તરાધ્યયન સૂત્ર જે મહાવીર પ્રભુની અંતિમ વાણી છે તેમાં બાવીસમા અધ્યયનમાં નેમનાથ ભગવાન, રાજેમતી અને રહનેમિની વાત ચાલે છે. રાજેમતી સાધ્વીજી ઉત્કૃષ્ટભાવથી ગિરનાર પર્વત ઉપર નેમનાથ ભગવાનના દર્શન કરવા જઈ રહ્યા છે. માર્ગમાં વરસાદ અને ભયંકર આંધી આવવાથી તેઓ એક ગુફામાં રોકાઈ ગયા ભીના વસ્ત્રોને સૂકવવા માટે ગુફામાં પહોળા કર્યા. આ બધું દૃશ્ય ગુફામાં બેઠેલા રહનેમિએ જોયું. રાજેમતી સાધ્વીના દેહનું સૌંદર્ય નિહાળતા સંયમથી એમનું મન ચલાયમાન બન્યું. રહનેમિ પોતાનું ભાન ભૂલ્યા. જેમને એક વખત સંસાર ઉપરથી નફરત થઈ તેથી સંસાર છોડીને સંયમી બન્યા, પણ સમય આવતા ભાન ભૂલી ગયા. જ્ઞાનીપુરૂષો પણ કયારેક પોતાના સ્ટેજને ભૂલીને ભૂલ ખાઈ જાય છે.

જ્ઞાનીપુરૂષો કહે છે કે જીવનમાં મનુષ્ય વારે ને તહેવારે, ડગલે ને પગલે ભૂલો તો કરે છે, ભૂલ કદાચ થઇ જાય પણ તમે ભૂલને વિકાસનું પગથીયું બનાવી દો. ભૂલમાં બે પ્રકારની તાકાત છે. ભૂલ વિકાસનું પગથિયું પણ બની શકે છે ને વિનાશનો ખાડો પણ બની શકે છે. ભૂલ જીવનને સુધારી પણ શકે છે ને બરબાદ પણ કરી શકે છે. એક વખત ભૂલ થઈ ગયા પછી ભૂલ ભૂલરૂપે લાગે, ફરીથી ન કરવા જેવી લાગે અને કદાચ થઈ જાય તો આંખમાં આંસુડા આવી જાય તો ફરીને એ ભૂલ જીવનમાં નહિ થાય. એ થઈ ગયેલી ભૂલ ફરીથી જીવનમાં કદી ભૂલ ન કરાવવામાં નિમિત્તરૂપ બની જઇને જીવન વિકાસનું પગથિયું બની જાય છે પણ જો એ જ ભૂલ થયા પછી એવો વિચાર આવે કે એમાં શું ? એ તો થઈ જાય. "માનવ માત્ર ભૂલને પાત્ર" તો એ જ ભૂલ એક નહિ પણ અનેક ભૂલોની જનેતા બની જીવનને પતનની ખાઇમાં ફેંકી દેનાર વિનાશક બની જાય છે.

બંધુઓ ! જીવન કેવું બનાવવું છે ? ભૂલોથી ભરેલું કે તદ્દન ભૂલો વિનાનું ? એનો પહેલા નિશ્ચય કરો. આવો નિશ્ચય થયા પછી જ આપણું જીવન નવી દિશા તરફ આગળ વધી શકશે. માનવનો એવો સ્વભાવ છે કે પોતે ભૂલવા છતાં હું ભૂલ્યો, અગર મારાથી ભૂલ થઈ ગઇ છે એમ ભૂલની કબુલાત કરતા એનું મન અચકાય છે, કારણ કે ભગવાને

કહ્યું છે ને કે દેવોને લોભ ઘણો હોય છે, નારકીઓને ક્રોધ ઘણો હોય છે, તિર્યંચોને માયા ઘણી હોય છે ને મનુષ્યને માન વધારે હોય છે. માનવનું માન ઘવાઈ જાય તો બસ, જીવતો માનવ મરવા પડે તેવો થઇ જાય અને જો એનું માન સચવાય તો માનની રક્ષા ખાતર એ જ માનવ મોટા મોટા જંગ ખેલવા પણ તૈયાર થઇ જાય છે. ભૂલ કબુલ કરવી એટલે માનને મારવું. જો અંતરમાંથી માન મરે નહિ તો મારી ભૂલ થઈ ગઈ એ શબ્દો મોઢામાંથી નીકળે નહિ અને જ્યાં સુધી ભૂલની સાચી કબુલાત ન થાય ત્યાં સુધી એ ભૂલ ફરી ફરીને થયા જ કરવાની છે. ભૂલ થઇ જવી એ જેટલો મોટો ગુનો નથી તેના કરતા ભૂલ કર્યા પછી ભૂલની કબૂલાત ન કરવી એ મોટો ગુનો છે.

ભૂલ એ એક પ્રકારનો રોગ છે. શરીરમાં રોગ થયા પછી મનુષ્ય એવી કબૂલાત ન કરે કે હું રોગી છું અને રોગને નાબુદ કરવા માટે કોઇ ઉપચારો ન કરે તો દિવસે દિવસે રોગ વધતો જશે અને એક દિવસ શરીરનો વિનાશ થઈ જશે પણ આવું ઓછું બને છે, કારણ કે શરીરનો રોગ છે ને? એટલે શરીરમાં રહેજ રોગ આવે કે તેને નાબુદ કરવા માટે ડોકટર પાસે દોડે છે. શરીરનો રોગી રોગથી સદા ચેતતો રહે છે, તેમ આત્માનો રાગી સદા ભૂલથી ચેતતો રહે છે. જે આત્મા એક વખત ભૂલ થઈ ગયા પછી ફરીને ભૂલ કરે છે ને કહે છે કે માણસ ન ભૂલે તો બીજો કોણ ભૂલે! આવો બચાવ કરનાર એના જીવનમાં ભૂલના ગુણાકાર કરતો રહે છે, પણ ભૂલ થયા પછી ભૂલ જેને ડંખે છે, સુધારવા જેવી લાગે છે, ફરીને ભૂલ થઇ જાય તો અંતરમાં પશ્ચાતાપનો પાવક જલાવનાર બને છે એના જીવનમાં ભૂલોનો ગુણાકાર નથી થતો, ભૂલોનો સરવાળો પણ નથી થતો પણ ધીમે ધીમે ભૂલોની બાદબાકી થતી જાય છે અને જીવન નિર્દોષ બને છે. ભૂલ ડંખે તો ફરીને ભૂલ ન થાય પણ થયેલી ભૂલનો પશ્ચાતાપ જ આગળ વધતાં પ્રાયશ્ચિતરૂપ બની જઇને ભૂલને ધોઇ નાંખે છે. ભૂલને જીવન વિકાસનું પગથિયું બનાવી દેનારા મહાન આત્માઓના નામ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાઈ ગયા છે. ચંદનબાળાના શિષ્યા મૃગાવતી સાધ્વીજીથી એક નજીવી ભૂલ થઇ ગઇ પણ ભૂલ કરતા ભુલનો પશ્ચાતાપ અનેક ગણો વધી ગયો અને એક જ ભુલની ચિનગારીમાંથી જાગી ઉઠેલ પશ્ચાતાપનો એ આગમાં એક નહિ પણ અનેકાનેક જન્મની અનેકાનેક ભૂલો બળીને ભસ્મીભુત થઇ ગઇ અને મૃગાવતીજીના જીવન–આકાશમાં એક જ ભૂલે, એક જ ભૂલના પશ્ચાતાપે કેવળજ્ઞાનનો ઝળહળતો સૂર્ય પ્રગટાવી દીધો. આવી જ રીતે દરેક મનુષ્યો પોતાના જીવનમાં થતા ભૂલોના ગુણાકારને અટકાવી દઇ ભૂલોને જીવન વિકાસનું પગથિયું બનાવી દઇ આગળ વધવા માંડે તો જીવનમાં જરૂર વિકાસ સાધી શકે.

અહીં રહનેમિ રાજેમતીનું દેહસૌન્દર્ય જોઇને ભાન ભુલ્યા છે. એમના મનમાં એમ થાય છે કે આવી સૌંદર્યવાન સુંદરી સાથે ભોગ ભોગવું તો મારું જીવન અને મારું

યૌવન સફળ થાય. ભોગ ભોગવવામાં જે સુખ છે તે ત્યાગમાં નથી. અત્યારે રહનેમિ આવી ભુલના ભોગ બન્યા છે પણ સામું પાત્ર રાજેમતી પવિત્ર છે એટલે પતનના પંથે જતા રહનેમિને અટકાવીને ઉત્થાનના માર્ગે લઇ જશે એ વાત હવે પછી આવે છે. રાજેમતી સાધ્વીજીએ જાણ્યું કે ગુફામાં કોઇ પુરૂષ છે એટલે પહેલા તો એ ભયથી ધ્રુજી ઉઠ્યા, પણ પછી હિંમત લાવીને વિચાર કર્યો કે એ પુરૂષ ગમે તે હોય, ગમે તે થશે પણ હું મારા ચારિત્રને આંચ નહિ આવવા દઉં. જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તો શીયળની રક્ષા કરીશ. કદાચ મને એમ લાગશે કે હવે હું શીયળની રક્ષા નહિ કરી શકું ત્યારે આ શરીરનો હું અંત લાવીશ, પણ મારું શીયળ અખંડ રાખીશ, પણ અત્યારે જો વસ્ત્ર પહેરવામાં પડી જઇશ તો સંભવ છે કે આ પુરૂષ મારા ઉપર જલ્દી આક્રમણ કરવા આવે. એટલા માટે મારે શીયળ નષ્ટ ન થાય એવો પ્રબંધ કરવો જોઇએ. આ પ્રમાણે વિચાર કરીને રાજેમતી સાધ્વીજી મર્કટાસન લગાવીને બેસી ગયા. તેમણે પોતાના બંને પગ વડે પોતાનું ગુપ્ત અંગ ઢાંકી દીધું અને પગ હાથ વડે જકડી લીધા. આ રીતે કરવાથી તે શીલરક્ષાની ચિંતાથી થોડી ઘણી મુકત થઈ. રાજેમતીને ખબર નથી કે એ કોણ પુરૂષ છે ? કોઈ પુરૂષ છે એટલી ખબર પડી છે. એમણે રહનેમિને ઓળખ્યા નથી પણ રહનેમિએ રાજેમતીને બરાબર ઓળખી લીધી હતી, એટલે રાજેમતીના મુખના હાવભાવ જોઇને સમજી ગયા કે એ મને જોઇને ભયભીત બની ગઇ છે, એટલે તેમણે શું કર્યું ?

अह सो वि रायपुत्तो, समुद्दविजयंगओ ।
भीयं पवेइयं दट्ठुं, ईमं वक्कमुदाहरे ॥३६॥

પોતે જ્યાં બેઠા હતા ત્યાંથી ઉભા થઇને જ્યાં રાજેમતી હતી ત્યાં આવ્યા. ત્યાં આવીને સમુદ્રવિજય રાજાના અંગજાત રહનેમિ રાજેમતીને ભયભીત બનેલી જોઇને આ પ્રમાણે બોલ્યા.

रहनेमि अहं भद्रे ! सुरुवे, चारुभासिणि ।
मम भयाहि सूयणू, न ते पीला भविस्सई ॥३७॥

હે ભદ્રે ! હું રથનેમિ છું. હે રૂપવતી ! હે મંજુલ ભાષિણિ ! મારાથી લેશ માત્ર તમને દુઃખ નહિ થાય માટે હે કોમલાંગિ ! મને હવે તમે પતિ સ્વરૂપ સમજીને અંગીકાર કરો. હે રાજેમતી ! તમે મારાથી ભય ન પામો. હું બીજો કોઈ નથી પણ તમારો પૂર્વનો પ્રેમી રથનેમિ છું. મારા અને તમારા સબંધો પહેલેથી સંકળાયેલા છે, એટલે મને પહેલેથી તમારા પ્રત્યે પ્રેમ હતો. મારા ભાઈની સગાઈ તમારી સાથે થઇ પણ મારા સદ્‌ભાગ્યે એમણે દીક્ષા લીધી, પછી હું તમારી પાસે આવ્યો હતો ત્યારે તમે મને યુકિતપૂર્વક એવો

ઉપદેશ આપ્યો કે જેથી મને સંસાર ઉપરથી તિરસ્કાર છૂટયો ને મેં દીક્ષા લીધી, પણ જુઓ આપણું ભાગ્ય કેવું કામ કરે છે કે આપણે આ ગુફામાં એકાંતમાં મળ્યા છીએ, માટે તમે મારાથી ભય ન રાખો. જ્યારે માનવીનું મન વિષયવાસનાથી મલીન બને છે ત્યારે ભાન ભૂલી જાય છે કે પોતે કયા સ્થાનમાં છે, કોની સાથે આવી વાતચીત કરી રહ્યો છે તે ભૂલી જાય છે. મોહાંધ બનેલા રહનેમિ રાજેમતીને આવા શબ્દો કહી રહ્યા છે અને હજુ પણ લજ્જા છોડીને કેવા શબ્દો કહેશે તે વાત અવસરે વિચારીશું.

આજે ધનતેરસનો દિવસ છે. ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ આ પાંચ દિવસ પર્વોના માનવામાં આવ્યા છે. આ દિવસોમાં કંઈ ને કંઈ નવાજુની બનેલી છે તેથી તેનો મહિમા છે. આજે ધનતેરસનો દિવસ કેમ મનાવવામાં આવ્યો છે ? જ્યારે ભગવાન મહાવીર સ્વામી ઉપર ગોશાલકે તેજુલેશ્યા છોડી ત્યારે ભગવાનના મુખમાંથી શબ્દો સરી પડયા કે હે ગોશાલક ! તું આ શું કરી રહ્યો છે ? તારી તેજુલેશ્યા મને નહિ બાળી શકે. હું આ પૃથ્વી ઉપર હજુ સોળ વર્ષ વિચરવાનો છું પણ આજથી સાતમે દિવસે તારું મૃત્યુ છે. આ વખતે જે હાજર હતા તેમણે ભગવાનના શબ્દો યાદ રાખી લીધા, કારણ કે ભગવાન તો સર્વજ્ઞ છે. એમના વચન તો સત્ય જ હોય. એમની વાણીમાં ફરક પડે જ નહિ. આ વાતને સોળમું વર્ષ આવ્યું ને ભગવાનનું છેલ્લું ચાતુર્માસ પાવાપુરીમાં થયું ત્યારે નવમલ્લી અને નવલચ્છી એમ અઢાર દેશના રાજાઓ રાજ્યવૈભવ છોડીને આસો વદ ચૌદશ અને અમાસના છઠ્ઠ પૌષધ કરવા પાવાપુરીમાં આવ્યા. અઢાર દેશના રાજાઓ એમના પરિવાર સાથે હાથી–ઘોડા બધું લઈને આવે એટલે માણસો તો ઘણાં જ હોય ને ! અને અવાજ પણ ઘણો થાય તે સ્વાભાવિક છે. ચૌદશ અને પાખીના પૌષધ કરવા હોય એટલે તેરસના દિવસે આવી જવું જોઇએ એટલે આ અઢાર દેશના રાજાઓ પાવાપુરીમાં આવ્યા. તે વખતે ગાયોના ઘણ વગડામાંથી ચરીને પાવાપુરીમાં જઇ રહ્યા હતા. આટલા બધા માણસોને આવતા જોઈને ગાયો ડરીને ભાગાભાગ કરવા લાગી, તેથી આ દિવસનું નામ ધણતેરસ પડયું છે પણ તમને તો ધન બહુ વહાલું છે એટલે ધણતેરસના દિવસને ધનતેરસનો દિવસ બનાવી દીધો.

આજે ધનતેરસના દિવસથી તમારી દિવાળી શરૂ થઈ. આ પર્વ માત્ર જૈનોમાં જ નહિ પણ વિશ્વભરમાં આનંદ, ઉત્સાહ અને આશાના ઉજાશ પાથરનારું સર્વમાન્ય આ એક પર્વ છે. પર્વ તે જ ગર્વ લેવા લાયક કહી શકાય કે જે ધર્મની સાથે સબંધ ધરાવતું હોય. આ દિપાવલી પર્વ પણ દુનિયામાં એક અગ્રગણ્ય અને માંગલિક પર્વ ગણાય છે. એની આદિમાં નિમિત્તભૂત મહાન મંગલભુત પ્રભુ મહાવીર અને અનંતલબ્ધિનિધાન ગુરૂ ગૌતમ સ્વામી છે. એકનું નિર્વાણ અને બીજાનું કેવળજ્ઞાન આ પર્વની પાછળ છૂપાયેલું છે પણ અફસોસની વાત છે કે હવે આ પર્વ ધીમે ધીમે આધ્યાત્મિક મટીને ભૌતિક બનતું

જાય છે. આ પર્વ આવે એટલે બધા ઘરની સાફસૂફી કરવા લાગશે પણ આત્મઘરની સંભાળ લેનારા, તેને સ્વચ્છ કરનારા દેખાતા નથી. ઘરઘરમાં દીવા પ્રગટેલા દેખાય છે પણ આત્મ-ઘરના અઘોર અંધકાર ઉલેચવાની કોઈની ઇચ્છા સરખી પણ ક્યાંય દેખાતી નથી. આખા વર્ષના સરવૈયા કાઢી લેણદેણ ચૂકવી બધે નવા ચોપડાની શરૂઆત થાય છે, પણ જીવનના ચોપડામાં કર્મનું લેણું કેટલું ને ધર્મરાજાનું લેણું કેટલું ? એ તરફ કોઈની આંખ પણ જતી નથી.

જે ભગવાનના નિર્વાણમાંથી દિવાળીનો જન્મ થયો છે એ ભગવાને જગત માટે કેટલું કર્યું, એટલું આપણે આપણી જાત માટે કરવા પણ આજે તૈયાર નથી. ભગવાને કેવળજ્ઞાન ન મેળવ્યું ત્યાં સુધી સાડા બાર વર્ષ ને પંદર દિવસ સુધી ભૂખ કરીને ખાધું નથી, ઉંઘ કરીને ઉંઘ્યા નથી ને ભુમિ પર પલાંઠી વાળીને બેઠા પણ નથી. કેવળજ્ઞાન મેળવ્યા પછી હજારો જીવોનો ઉદ્ધાર કર્યો એટલું જ નહિ પણ જીવનની છેલ્લી ઘડી સુધી સોળ પ્રહર દેશનાનો ધોધ વહાવી અંતે દેહ છોડ્યો, અઘાતી કર્મોનો ક્ષય કરી નિર્વાણ પામ્યા. જગતભરમાં પ્રકાશ પાથરનારો એક મહાન ભાવદીપક બૂઝાઈ ગયો. એની યાદમાં લોકોએ દિવડા પ્રગટાવ્યા ને દિવાળીની શરૂઆત થઈ. ભગવાનના વિરહમાંથી ગુરૂ ગૌતમે અનિત્યતાનો સાદ ઝીલ્યો ને એ સાદમાંથી એમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું. ત્યારથી શરૂ થયેલી દિવાળી તો આજ સુધી અખંડ રીતે ચાલતી આવી છે પણ એની પાછળ રહેલી આધ્યાત્મિકતા હવે ભૂંસાઈ રહી છે. એ આધ્યાત્મિકતાને ફરી જગાવવા માટે સંતો પડકાર કરે છે પણ એ પડકાર ઝીલનાર આજે કોણ છે ?

એ મહાન સંતો જીવોને પડકાર કરીને કહે છે આ દિવાળીના દિવસોમાં તમારે લખવું હોય તો ભલે ચોપડાના પ્રથમ પાને લખો કે ગૌતમ સ્વામીની લબ્ધિ મળજો, ધન્ના શાલીભદ્રની ઋદ્ધિ મળજો, અભયકુમારની બુદ્ધિ મળજો પણ આટલું લખવા માત્રથી જ મળી જાય એટલી સોંઘી એ લબ્ધિ, ઋદ્ધિ કે બુદ્ધિ નથી પણ યાદ રાખજો કે એને માટે જીવનને સાધનામાં પરોવવું પડશે, આરાધનામાં આગળ લાવવું પડશે ને વિરાધનાથી પાછું ફેરવવું પડશે. શાલીભદ્રની ઋદ્ધિને આપણે યાદ કરીએ છીએ પણ શાલીભદ્ર થયા શી રીતે ? એ વાત યાદ કરી છે ? શાલીભદ્ર જેવા દાનેશ્વરી થવાના ભાવ જાગ્યા છે ? એક ભકત બોલે છે.

અમે દાન પુણ્ય કંઇ કર્યું નહિ ને સાધી ના કોઇ સિદ્ધિ
તો ય તારી પાસ માગીએ, શાલીભદ્રની રિદ્ધિ.

હે પ્રભુ ! અમે દાન, પુણ્ય કંઈ કર્યું નથી કે કોઈ સિદ્ધિ પણ સાધી નથી છતાં તારી પાસે માંગીએ છીએ કે મને શાલીભદ્રની રિદ્ધિ મળજો. બંધુઓ ! જે દિવસે શાલીભદ્ર જેવો ત્યાગ અને દાનવૃત્તિ આવશે એ દિવસે વગર લખ્યે શાલીભદ્ર જેવી રિદ્ધિ

મળી જશે. ગૌતમસ્વામીની લબ્ધિને આપણે યાદ કરી પણ ગૌતમ સ્વામીએ કેટલા છઠ્ઠ અઠ્ઠમ કર્યા, કેવી અનન્યભાવે ભગવાનની સેવા કરી અને શી રીતે લબ્ધિઓ પ્રાપ્ત કરી એ વિચાર્યું છે ખરું ? આપણે તો માત્ર નામ લખીને બધું મેળવવા માંગીએ છીએ પણ ગૌતમસ્વામી જેવા થવું નથી, થવાનો ભાવ રાખવો નથી ને લબ્ધિઓ મેળવવી છે એ કેવી રીતે મળશે ?

આજથી દિવાળીની મંગલ શરૂઆત થઈ. દિવાળી કંઈકને હસાવશે ને કંઈકને રડાવશે. શ્રીમંતોના ઘરમાં આ દિવસોમાં મીઠાઈ બનશે, બહારથી પેકેટો આવશે એટલે ખાઈ પી, સારા કપડા પહેરીને સારી રીતે દિવાળી ઉજવશે, ત્યારે ગરીબના સંતાનો ધનવાનને ઘેર મીઠાઈ જોઈને રડશે. ને એના મા બાપને કહેશે બા. બાપુજી ! આપણા પાડોશીને ઘેર પેંડા, ગુલાબજાંબુ, ઘૂઘરા બધું બનાવ્યું છે તો આપણે આ બધું નહિ લાવવાનું ? એમ કહીને રડે છે, ત્યારે મા-બાપની આંખમાં પણ આંસુ આવી જાય છે કે આપણી પાસે કંઈ નથી. ક્યાંથી લાવી આપીએ ? માંડ માંડ બાળકોને સમજાવે છે ત્યારે પર્યુષણ પર્વ એવા છે કે તે કોઈને રડાવતા નથી પણ અધર્મી જીવોને પણ ધર્મ કરવાની પ્રેરણા આપે છે. પર્યુષણમાં આવા પીવાની કે સારા કપડા પહેરીને હરવા ફરવાની વાત હોતી નથી. તે દિવસોમાં તો આરંભ-સમારંભનો ત્યાગ કરી તપ-ત્યાગથી આત્માને પુષ્ટ કરવાનો હોય છે.

પર્યુષણ પર્વ માત્ર જૈનો જ ઉજવે છે ત્યારે આ દિવાળી પર્વ એવું છે કે જે જૈન-જૈનેતર બધાને માન્ય છે. આપણી દૃષ્ટિએ વિચારીએ તો દિવાળી પર્વ એ કંઈ પહેરી-ઓઢી, ખાઈ પીને હરવા ફરવાનું નથી પણ ભગવાન મહાવીર સ્વામી આસો વદ અમાસના દિવસે પાછલી રાત્રે મોક્ષમાં ગયા છે તેથી અઢાર દેશના રાજાઓ જેમ ભગવાનની અંતિમ દેશના શ્રવણ કરવા માટે છઠ્ઠ પૌષધ કરીને બેસી ગયા હતા તેમ તમારે બધાએ પણ આરંભ સમારંભનો ત્યાગ કરીને પૌષધ કરીને બેસી જવાનું છે. જ્યારે તમને તમારા સગા-સ્નેહીનો વિયોગ પડે છે ત્યારે ખાવું-પીવું, હરવું-ફરવું ગમે છે ? બધું છોડી દો છો ને ? તો જ્યારે આપણને અરિહંત પ્રભુનો વિયોગ પડયો હોય ત્યારે ખાવું-પીવું ને હરવું ફરવું કેમ ગમે ? આ દિવસોમાં તો આપણે બધું છોડીને ધર્મારાધના કરવી જોઈએ ને ભગવાનના વચનામૃતો યાદ કરવા જોઈએ.

મહાનપુરૂષો મહત્ત્વનો સંદેશો આપી ગયા છે કે હે માનવો ! તમે સુખે જીવો અને બીજાને સુખપૂર્વક જીવવા દો. તમારા પુણ્યોદયે તમે સુખી હો તો તમારી શક્તિ અનુસાર સ્વધર્મીને મદદ કરી સુખી કરો, પણ આ દિવાળીના દિવસોમાં તમે મેવા મીઠાઈ ખાઈને જલસા કરો ને તમારા સ્વધર્મી બંધુઓ, આડોશીપાડોશી ભુખ્યા રહેતા હોય, ઘરના ખૂણે બેસીને રડતા હોય એવું ન બનવું જોઈએ. આવી દિવાળી એ સાચી દિવાળી નથી. મુંબઈની જનતા પુણ્યવાન છે. હું જોઉં છું કે મુંબઈમાં ઘણાં સંઘો પોતાની શક્તિ

અનુસાર ગરીબોને રાહત આપે છે. જેનામાં બીજાને દેવાની વૃત્તિ છે તે દેવ છે અને પોતાની પાસે હોવા છતાં બીજાનું પડાવી લેવાની વૃત્તિ છે તે દાનવ છે. દેવ બનજો પણ દાનવ ન બનશો. જો પોતાની પાસે હોવા છતાં બીજાનું લેવાની વૃત્તિ રાખશો તો એ પચશે નહિ, માટે દિલને વિશાળ બનાવો. તમે સુખ ભોગવો ને તમારો પાડોશી ભાઈ દુઃખી રહે એ કેમ જોઈ શકાય ? મહાવીર પ્રભુના શાસનમાં જન્મેલા શ્રાવકોના હૃદયમાં તો દયાના ઝરણા વહેતા હોય. એ દુઃખીના દુઃખ ન જોઈ શકે. તમે મઝાની ફૂલની શૈયામાં પોઢો છો ને તમારા સ્વધર્મી ભાઇને અંગ ઢાંકવા ફાટલું તૂટલું કપડું નથી, ખાવા માટે શેર જુવાર નથી, એના બાળકો ખાવા માટે રડે છે. આ બધું જોઇને તમારી ઉંઘ ઉડી જવી જોઇએ. તમારા દિલમાં એમ થવું જોઇએ કે આ બધું જે મને મળ્યું છે તે પુણ્યથી મળ્યું છે. લક્ષ્મી મળવી અને ન મળવી એ તો પાપ પુણ્યના ખેલ છે. એક જ ઘરમાં ને એક જ માતાની કુંખે જન્મેલા ચાર પુત્રો હોય તો તેમાં ચારે ય ભાઇઓના પુણ્ય સરખા નથી હોતા. એક ભાઇને ત્યાં પૈસાનો પાર ન હોય અને બીજાને લૂખીસૂકી રોટલીના પણ સાંસા હોય છે. એમ બનવાનું કારણ શું ? એ તો તમને સમજાય છે ને ? ભલે, એમના માતાપિતા એક જ છે પણ એમના કર્મો જુદા છે. એક બનેલી કહાની છે.

એક જ માતાની કુંખે જન્મેલા બે સગા ભાઇઓ હતા. બંને ભાઇઓ વચ્ચે દૂધ સાકર જેવો પ્રેમ હતો. એક બીજા વિના તેઓ રહી ન શકે. એક ભાઇ ક્યાંય ગયો હોય તો બીજો એના વિના જમે નહિ. એવા પ્રેમ હતા. એ બંને મોટા થયા એટલે માતા પિતાએ સારા ઘરની કન્યાઓ સાથે પરણાવ્યા. પછી થોડા સમયમાં માતાપિતા બંને પરલોકવાસી બન્યા. બંને ભાઇઓ પ્રેમથી રહેતા હતા તેથી મા-બાપ તો સંતોષ લઇને ગયા પણ થોડા સમય પછી બંને ભાઇઓની પત્નીઓમાં પરસ્પર વિખવાદ થવા લાગ્યો. નાની નાની વાતોમાં એક બીજા ઝઘડો પડવા લાગ્યા. દેરાણી જેઠાણી રાઇ અને મેથીની માફક તડતડ કરવા લાગ્યા. બંને ભાઇઓ વચ્ચે એવો જ પ્રેમ છે પણ સૌઓના રોજના ઝઘડાથી કંટાળીને બંને ભાઇઓ અલગ થઇ ગયા. જ્યાં સુધી માણસો ભેગા રહે છે ત્યાં સુધી ખબર નથી પડતી કે લક્ષ્મી કોના પુણ્યની છે. ઘણીવાર એવું બને છે કે ઘરમાં એક માણસની પુન્નાઇ હોય તેના પ્રતાપે આખું કુટુંબ શાંતિથી આઇપીને લીલા લહેર કરતું હોય છે. એ માણસ ચાલ્યો જતાં પાછળ બધા દુઃખી થઈ જાય છે, ત્યારે સૌને સમજાય છે કે જનાર આત્મા પુણ્યવાન હતો.

આ બંને ભાઇઓ જુદા પડયા પછી થોડા જ સમયમાં નાનાભાઇની બધી જ લક્ષ્મી ચાલી ગઇ. એ ગરીબ બની ગયો. મોટાભાઇની પુન્નાઈ ઘણી હતી એટલે એને ત્યાં તો લક્ષ્મી પાણીના પૂરની જેમ આવવા લાગી. એની પાસે હતું તેના કરતાં પણ ઘણું ધન વધી ગયું. એને ત્યાં વૈભવની છોળો ઉછળવા લાગી ત્યારે નાનાભાઇનું પુણ્ય ખતમ થતાં બેહાલ બની ગયો તેથી પોતાની નજીકના ગામડામાં જઈ એક ઝૂંપડી બાંધીને રહેવા

લાગ્યા. ત્યાં રહીને અધમણ અનાજ માથે ઉપાડીને વેચવા લાગ્યો. એમાંથી જે રૂપિયો બે રૂપિયા મળતાં તેમાંથી ઘેંસ બનાવીને ખાઈ લેતા. કોઇ વાર દાળીયા લાવીને ખાઈ લેતા. બે છોકરા અને એક છોકરી એ ત્રણ સંતાનો છે. આમ દુઃખી અવસ્થામાં દિવસો પસાર કરતા દિવાળીના દિવસો આવ્યા. એમના શરીર ઉપર પહેરેલા કપડા પણ ફાટી ગયા હતા, પણ ખાવાનું જ જ્યાં માંડ પૂરું થતું હોય ત્યાં અંગ ઢાંકવા કપડા લાવવા કયાંથી ?

કર્મ રાજાનો ખેલ :- બંધુઓ ! કર્મરાજાનો ખેલ કેવો છે ! મોટાભાઈને ત્યાં પૈસાનો પાર નથી. એમના કાઢી નાખેલા કપડાથી બીજા માણસો અંગ ઢાંકે છે પણ પોતાના ભાઇને અને એના કુટુંબને અંગ ઢાંકવા કપડા નથી. દિવાળીના દિવસોમાં મોટા ભાઈને ઘેર તો અનેક જાતની મીઠાઈઓ બની ત્યારે નાનાભાઈને ત્યાં ચપટી ચણાના પણ સાંસા પડી ગયા. લોકોને ઘેર મીઠાઈઓના બોકસ આવતા જોયા એટલે નાના બાળકો એના મા-બાપને કહે છે બા-બાપુજી ! બધાને ઘેર તો બરફી પેંડા છે ને આપણે ઘેર કેમ નથી ? લોકો તો કેવા સારા સારા કપડા પહેરીને ફરવા જાય છે તો આપણે નવા કપડા પહેરીને ફરવા નહિ જવાનું ? અમને મીઠાઈ આપી છે, સારા કપડા પહેરવા છે એમ કહીને કજીયો કરવા લાગ્યા, ત્યારે મા-બાપ કહે છે બેટા ! રડશો નહિ. તમારે માટે મીઠાઇ મંગાવી છે પણ હજુ આવી નથી. કપડા દરજીને ઘેર સીવવા આપ્યા છે એ આવશે એટલે તમને પહેરાવીશું હોં ! મારા દીકરા ! શાંતિ રાખો. રડશો નહિ. એમ કહીને સમજાવી દેતા પણ બાળકોને કયાં સુધી સમજાવવા ? બાળકોને સમજાવી સમજાવીને બે દિવસ કાઢયા પછી બાળકો કયાં સુધી ધીરજ રાખી શકે ? છેલ્લા ત્રણ દિવસથી તો ઘેંસ કે દાળીયા પણ મળ્યા નથી. ત્રણ દિવસના તદ્દન ભૂખ્યા બાળકો ટળવળવા લાગ્યા ને કજીયો કરવા લાગ્યા કે અમારે તો મીઠાઇ જ આવી છે. કોઇ રીતે છાના રહેતા નથી ત્યારે પત્ની કહે છે નાથ ! આ બાળકોના મુખ સામું મારાથી જોવાતું નથી. આપ એમ કરો. મોટાભાઇ પાસે જાઓ. એ દયાળુ છે. જરૂર કંઈક મદદ કરશે.

મોટાભાઇ પાસે જતાં પણ શરમ આવે એવી ચીંથરેહાલ દશા છે, પણ દુઃખનો માર્યો ભાઈ પાસે જવા તૈયાર થયો. મોટાભાઈ દુકાનમાં બેઠા છે. નાનાભાઇને દૂરથી આવતો જોયો. એના મનમાં થયું કે નક્કી મારો ભાઇ જ છે. એની આવી દશા કેમ થઈ ગઈ હશે ? નાનાભાઈની દશા જોઇને મોટાભાઈનું દિલ દ્રવી ગયું. તે ઉભો થઇને નાનાભાઇના સામે ગયો. પોતાની દુકાનમાં બેસાડીને પૂછે છે લાડીલા વીરા ! તારી આ દશા કેમ થઇ ? તારા દેદાર જોતાં મને તો લાગે છે કે તારી બેહાલ દશા થઈ ગઇ છે. આટલી ખરાબ પરિસ્થિતિ થઈ ગઈ છતાં તેં મને જાણ ન કરી ? ત્યારે નાનો ભાઇ કહે છે મોટાભાઇ ! મારા દુઃખનો પાર આવે તેમ નથી. તમારો મારા ઉપર અનહદ પ્રેમ છે. હવે મને સમજાઇ ગયું કે પુણ્ય તો તમારું જ છે. તમારા પુણ્યથી સુખ ભોગવતા હતા

પણ પત્નીઓના કલેશને કારણે જુદા થવું પડયું પણ હવે અમને પસ્તાવાનો પાર નથી. તમારાથી જુદા થયા પછી મારી આવી પરિસ્થિતિ થઇ છે. છેલ્લા ત્રણ દિવસથી આખું કુટુંબ ભૂખ્યું છે અને આ દિવાળીના દિવસો આવ્યા એટલે બાળકો આડોશી પાડોશીને મીઠાઈ ખાતા ને સારા કપડા પહેરતા જોઈને કજીયા કરે છે. ભાઇ! જ્યાં શેર બાજરીના સાંસાં હોય ત્યાં હું એમને મીઠાઈ લાવીને કયાંથી આપું? આટલું બોલતાં નાનો ભાઈ તમરી ખાઈને પડી ગયો.

બંધુઓ! ગરીબાઈ તો તણખલા કરતા પણ હલકી છે. આજે આ જગતમાં જેટલી તણખલાની કિંમત છે એટલી પણ ગરીબ માણસની કિંમત નથી. જે ગરીબાઈના દુઃખ વેઠે તે જ જાણી શકે કે ગરીબાઇના દુઃખ કેવા છે! જે માણસ ખાજા ખાતો સૂવે ને ખાજા ખાતો ઉઠે એને ભૂખનું દુઃખ કેવું હોય એની કયાંથી ખબર પડે? એ તો અનુભવે તે જ જાણી શકે.

ધનવાન મોજ માણે છે, દુઃખીયારા આંસુ સારે છે,
કોઇ અનુભવીને પૂછી લો, એ કેમ જીવી જાણે છે.

આ મુંબઈની જનતા હજુ પુણ્યવાન છે, કારણ કે દરેક સંસ્થાઓમાં દાતારો દિલાવર દિલથી દાન આપે છે એટલે લોકોને કંઈ ને કંઇ રાહત મળે છે અને અનેક ગરીબ કુટુંબોનો નિર્વાહ થાય છે, પણ તમે દેશ તરફ દૃષ્ટિ કરો તો ખબર પડશે કે ત્યાં કોઇ આવી રાહત મળતી નથી. એવા કંઈક ગરીબ કુટુંબો છે કે કારમી ગરીબાઈથી રીબાય છે. એમની કોઈ ખબર લેનાર નથી. એક જમાનો એવો હતો કે ગરીબ ખાનદાન કુટુંબની સ્ત્રીઓ ઘરમાં બેસીને અનાજના દળણાં દળીને પેટ ભરતી હતી. હાથે ભરતગૂંથણ કરીને પૈસા કમાતી હતી પણ આજે તો દળવા માટે ઘંટીઓ થઇ ગઈ અને ભરતકામ માટે મશીનો થઇ ગયા એટલે ગરીબોની આજીવિકા ભાંગી ગઈ છે અને ગરીબ કુટુંબો બેકાર બની ગયા છે. એમની દશા જોતા કંપારી છૂટી જાય છે. આવા ગરીબ કુટુંબો સામે તમે દૃષ્ટિ કરજો.

કરૂણાવંત મોટાભાઇ :– નાનાભાઈ પોતાના દુઃખની કહાની કહેતા તમરી ખાઈને પડી ગયો. મોટાભાઈએ એને પાણી છાંટીને સ્વસ્થ બનાવ્યો ને માથે હાથ મૂકીને કહ્યું– વીરા! તું ગભરાઈશ નહિ. હું તને પૈસા આપું છું તે લઈને તું ઘેર જા અને તારા બાળકો અને પત્નીને બચાવ. એમ કહીને મોટાભાઇએ ખિસ્સામાં હાથ નાંખ્યો. જુઓ, ભાગ્યની વાત કેવી છે! મોટાભાઇના ખિસ્સામાં કાયમ હજાર, બે હજાર રૂપિયા હોય પણ આજે તો ફકત પાંચની નોટ નીકળી. અરેરે....ભાઇ! આજે ખિસ્સામાં રોકડા પૈસા નથી. કાંઈ વાંધો નહિ, હું તને ચિઠ્ઠી લખી આપું છું તે લઇને તું ઘેર જા. તારી ભાભી તને રૂપિયા ૫૦૦૦ આપશે. તે લઇને તું ઘેર જજે અને જમીને જજે, ત્યારે કહે છે મોટાભાઈ

હું જમવા તો નહિ રોકાઉં. મારી પત્ની અને છોકરા ભૂખ્યા ટળવળતા હોય ને હું જમવા બેસું ! મારા ગળે કેવી રીતે ઉતરે ! મોટાભાઇ કહે છે ભલે, તું જમવા ન રોકાઇશ, આમ તો હું તારી સાથે જ ઘેર આવું પણ મારે એક અગત્યનું કામ છે એટલે ગયા વિના ચાલે તેમ નથી. એ કામ પતાવીને હું અડધા કલાકમાં ઘેર આવું છું. તને ટાઇમ હોય તો રોકાજે, નહિતર પૈસા લઇને જજે ને ફરીને પાછો આવજે. આમ કહીને મોટાભાઇ એના કામે ગયા ને નાનોભાઈ મોટાભાઇની ચિઠ્ઠી લઇને એને ઘેર ગયો.

"ધનવાનને પૂજતી ભાભી":– ભાભીએ દિયરને દૂરથી આવતો જોયો. તે સમજી ગઈ કે આ ભિખારી કંઇક લેવા માટે આવ્યો છે, પણ મારે એને કંઈ આપવું જ નથી. કારણ કે જો એક વખત એને આપીશ તો વારંવાર હાલ્યો આવશે. આ જગ્યાએ જો દિયર શ્રીમંત હોત તો ભાભી આવો વિચાર ન કરત પણ પ્રેમથી બોલાવત. આજે જ્યાં જુઓ ત્યાં પૈસાના માન છે. મહેમાન આવે તો ઘરવાળી એના પતિને પૂછે કે મહેમાન કેવા છે ? ત્યારે પતિ કહે કે થર્ડ કલાસ. તો એના માટે રોટલા ને છાશ બને. સેકંડ કલાસ હોય તો દાળભાત, શાક ને રોટલી બને અને ફર્સ્ટ કલાસ હોય તો એના માટે મિષ્ટાન્ન અને ફરસાણ બને છે. બોલો, આવું કરો છો ને ? (હસાહસ) એને એક દિવસ રોકાઈને જવું હશે તો તમે એને આગ્રહ કરી કરીને પરાણે રોકશો અને પેલા ગરીબને રોકવું હશે તો પણ એને રહેવા નહિ દો. એ કયારે જાય એની રાહ જોતા હશો. આ બધા કર્મના ખેલ છે. જીવના પોતાના કર્મો જ એને દુઃખી અને સુખી કરે છે, માટે જ કહ્યું છે ને કે **" કરમનો કોયડો અલબેલો, એજી એને પામવો નથી સહેલો "**. માનવી દુનિયામાં બધા કોયડાને ઉકેલી શકે છે પણ કર્મના કોયડાને ઉકેલવો મહામુશકેલ છે. કર્મ મનુષ્યને રાયમાંથી રંક બનાવે છે ને રંકમાંથી રાજા બનાવે છે. જ્ઞાની પુરૂષો કર્મની વિચિત્રતાને સમજીને સંસારની મોહમાયામાં લેપાતા નથી. આ નાનો ભાઈ મોટાભાઇની ચિઠ્ઠી લઇને મોટાભાઇને ઘેર આવ્યો. ભાભી પાસે જઇને ઉભો રહ્યો પણ ભાભીએ એમ ન કહ્યું કે આવો દિયર ! સોફો ખાલી પડયો હતો પણ નાનાભાઇના મનમાં થયું કે હું સોફા ઉપર બેસીશ તો ભાભીને નહિ ગમે એટલે સમજીને નીચે બેઠો. અડધો કલાક થયો પણ ભાભીએ એના સામું ન જોયું અને એક શબ્દ પણ ન બોલી, ત્યારે દિયરના મનમાં થયું કે મારા કર્મે મને ગરીબ બનાવી દીધો છે. જીવ ! ગરીબાઇમાં તું શા માટે માન માંગે છે કે ભાભી મને બોલાવે તો જ બોલું. એ ન બોલાવે તો તારે માન છોડીને ભાભીને બોલાવવા જોઈએ.

"દિયરની નમ્રતા ને ભાભીની કૃપણતા" :– આમ વિચાર કરીને દિયરે ઉભા થઇને નમ્રતાથી કહ્યું–ભાભી ! મારા ભાઇએ આ ચિઠ્ઠી આપી છે તે આપ વાંચો. ભાઇએ ચિઠ્ઠીમાં પહેલા લખ્યું હતું કે મારા ભાઇને પહેલા જમાડજે અને રૂ. ૫૦૦૦) આપજે.

ચિઠ્ઠી વાંચીને ભાભીએ કહ્યું–ભાઇ! હું તમને જરૂર જમાડત પણ આજે અમારા ઘરના બધાને જમવા જવાનું છે, એટલે રસોડું બંધ છે, તેથી તમને કેવી રીતે જમાડું? દિયરે કહ્યું–ભાભી! કંઇ નહિ. મારે જમવું નથી પણ નીચે મારા ભાઈએ લખ્યું છે એ તો વાંચો. ભાઇએ તો રૂ. ૫૦૦૦) આપવાનું લખ્યું છે પણ મારે પાંચ હજાર નથી જોઈતા. મને ૧૦૦) રૂ. આપો. તે પણ હું કામ કરીને મને મળશે એટલે તરત પાછા આપી જઈશ, પણ હાલ મારા બૈરી–છોકરા ત્રણ દિવસના ભૂખ્યા છે, એમને માટે હું કંઇક લઇને જાઉં ને એમની ભૂખ મટાડું, ત્યારે ભાભી કહે છે દિયરજી! તમારી વાત સાચી છે પણ વાત એવી બની છે કે અત્યારે ઘરમાં સિલકમાં સવા રૂપિયો પણ રોકડો નથી. કાલે પૈસાની જરૂર પડી હતી એટલે તમારા ભાઇ ઘરમાંથી બધા પૈસા લઇ ગયા છે, તેથી "હું તમને સો રૂપિયા પણ કયાંથી આપી શકું?

દિયરને કંપાઉન્ડ બહાર કાઢતી ભાભી" :– દિયર સમજી ગયો કે ભાભીને આપવાની દાનત નથી. તે ખૂબ હતાશ બનીને ઘરની બહાર નીકળ્યો. એના મનમાં થયું કે મારા ભાઇએ મને બેસવાનુ કહ્યું છે તો બહાર ઓટલે બેસું. હમણાં મારો ભાઈ આવશે. આમ વિચાર કરીને ઓટલે જઇને બેઠો. ભાભી સમજી ગઇ કે એના ભાઇની રાહ જોતો હશે, એટલે બહાર આવીને કહે છે ભાઇ! આ દિવાળીના દિવસો છે. મારે બહાર જવાનો પોગ્રામ છે માટે તમે ઉભા થઇ જાઓ. દિયરે કહ્યું–ભાભી! તમે ખુશીથી ઘર બંધ કરીને જાઓ. હું તો ઓટલે બેઠો છું, ત્યારે ભાભી કહે છે મારે કંપાઉન્ડનો દરવાજો પણ બંધ કરવો છે. જો ખુલ્લો મૂકીને જાઉં તો કૂતરા બગાડી જાય. લોકોના છોકરા પણ આવીને કચરો નાંખે છે માટે તમે અહીંથી ઉભા થઈ જાઓ. બીજે ગમે ત્યાં જઇને બેસો. ભાભીએ દિયરને ઓટલે પણ ન બેસવા દીધો. દિયર સમજી ગયો કે મારા જન્મર પાપકર્મનો ઉદય છે. હવે જે થવું હશે તે થશે પણ અહીં બેસવામાં સાર નથી. સગી ભાભી પણ આવી દુઃખી સ્થિતિમાં મને દાદ દેતી નથી તો બીજે કયાં જાઉં! એ તો ઉઠીને ચાલતો થયો ને ઘર ભેગો થયો. ભૂખથી ટળવળતા બાલુડા રાહ જોતા હતા કે મારા બાપુજી મીઠાઇ લેવા ગયા છે. ત્યાં પિતાને આવતા જોઇને ચોંટી પડયા. બાપુજી! અમારે માટે બરફી પેંડા લાવ્યા? ત્યારે બાપ પોતાના બાળકોને બાથમાં લઇને કહે છે બેટા! હમણાં જ બાપુજી તમારે માટે ઘણી બધી મીઠાઈ અને સારા સારા કપડા લઈને આવે છે. તમે સૂઈ જાઓ. આવશે એટલે તમને ઉઠાડીશ. એમ કહી સમજાવીને બાળકોને સૂવાડી દીધા.

" દુઃખના માર્યા આણેલો જીવનનો અંત :– પછી પત્નીને બધી વાત કરી. પત્ની કહે છે હવે આ છોકરાના મુખ સામું જોવાતું નથી. આના કરતા મરી જવું સારું છે. આવું જીવન જીવવાનો શું અર્થ છે? બંને માણસોએ કૂવામાં પડીને મરી જવાનો નિશ્ચય કર્યો. બાળકોને ભૂખ્યા ને તરસ્યા ભરનિદ્રામાં ઊંઘતા મૂકી બંને માણસો ઘરમાંથી બહાર નીકળ્યા. છોકરાઓના પુણ્ય હશે તો કોઈ હરિનો લાલ મળી જશે ને નહિ મળે તો આપણી પાછળ

આવશે. એવો વિચાર કરીને મધરાત્રે ગામના પાદરમાં ઉંડો કૂવો હતો તેમાં પડતું મૂકયું ને પોતાના જીવનનો અંત આણ્યો. સવારમાં બહેનો કૂવે પાણી ભરવા આવવા લાગી. કૂવામાં નજર કરે છે તો બે મડદા તરતા જોયા. લોકોને આ વાતની ખબર પડી. આ તરફ સવાર પડી ને બાળકો જાગ્યા પણ પોતાના મા–બાપને ન જોયા એટલે મા–બાપુજી ! તમે અમને મૂકીને કયાં ચાલ્યા ગયા ? એમ કહીને કાળો કલ્પાંત કરવા લાગ્યા. આડોશીપાડોશી દોડી આવ્યા. આજુબાજુમાં તપાસ કરી પણ એમના મા–બાપ ન મળ્યા. ત્યાં ખબર પડી કે કૂવામાં બે મડદા તરે છે. લોકોએ તપાસ કરી તો ખબર પડી કે આ બાળકોના મા–બાપ જ કૂવામાં પડીને મરી ગયા છે. લોકોએ એના મોટાભાઈને જાણ કરી. મોટોભાઈ દોડતો આવ્યો. પોતાના ભાઈ અને ભાભીની આ દશા જોઈને પછાડ ખાઈને પડી ગયો. ઘરમાં નાના ભાઈએ ચિઠ્ઠી લખીને મૂકી હતી કે મારા પિતાતુલ્ય વડીલ ભાઈ ! તમારા આશરે બાળકોને મૂકયા છે. તમે એને સાચવજો. તમારી ચિઠ્ઠી લઈને ભાભી પાસે ગયો હતો પણ ભાભીએ કંઈ આપ્યું નહિ. હું તો માત્ર એમની ચરણરજ મસ્તકે ચઢાવીને પાછો ફર્યો છું.

"નાનાભાઈની ચિઠ્ઠી વાંચી તુટી પડેલું મોટાભાઈનું હૃદય" :-નાનાભાઈના આ શબ્દો વાંચતા મોટાભાઈને ખૂબ આઘાત લાગ્યો. અહો ! મારી તિજોરીમાં ભલે લાખો રૂપિયા હોય તો પણ શું કરવાના ? જ્યાં મારા ભાઈના બાળકો બાપા વિના તરફડતા હોય અને મારા ભાઈ–ભાભીને ગરીબાઈના કારણે કૂવો પૂરવો પડયો એમાં મારી જ ભૂલ છે ને ? મેં એમની ખબર ન લીધી ત્યારે એમની આ દશા થઈને ? દુનિયામાં બધું મળશે પણ મારો ભાઈ નહિ મળે. મોટાભાઈએ ખૂબ કલ્પાંત કર્યો ને એમના શબની અંતિમ ક્રિયા કરીને બાળકોને લઈને પોતાને ઘેર આવ્યો એટલે શેઠાણી બોલવા લાગી કે આ લોથ કયાં લાવ્યા ? હું કંઈ ઘરની નોકરડી નથી કે આ બધી વેઠ કરું, ત્યારે શેઠે કહી દીધું કે જો એ તને વેઠ લાગતી હોય તો મારે જીવવું નથી. જો તમારે આ બાળકોને બરાબર સાચવવા હોય તો મારે જીવવું છે નહિતર મરી જઈશ, પછી તમે નિરાંતે સુખ ભોગવજો. તેં મારા ભાઈને મદદ ન કરી ત્યારે આ દશા થઈ ને ? શેઠાણીએ કહ્યું–તમારો ભાઈ આવ્યો જ નથી, પણ શેઠ તો સમજી ગયા કે શેઠાણી જુઠું બોલે છે, પણ હવે કોઈ ઉપાય નથી. અંતે શેઠાણીને પણ થઈ ગયું કે જો શેઠ મરી જશે તો મારા જીવનમાં શું સુખ રહેશે ! એટલે ફિયરના દિકરાઓને પ્રેમથી ઉછેરવા લાગી. બાળકોને મોટા કરીને ઠેકાણે પાડયા.

ટૂંકમાં મારે તો તમને એટલું જ કહેવું છે કે તમને ધન મળ્યું છે તો તમે તેનો સદુપયોગ કરજો. આજે ધનતેરસના દિવસે લક્ષ્મીની પૂજા કરવાથી લક્ષ્મી નહિ મળે પણ દાનમાં વાપરવાથી તમારું પુણ્ય વધશે, માટે મન મોકળું કરીને ધનનો સદુપયોગ કરશો તો જ તમે ધનતેરસ સાચી ઉજવી છે. સમજ થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૯૪

આસો વદ ૧૪ ને સોમવાર "કાળીચૌદશ" તા. ૩૦-૧૦-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની મહાપુરૂષોએ જગતના જીવોને આત્મસ્વરૂપની પીછાણ કરાવવા માટે અમૂલ્ય ઉપદેશ આપ્યો છે કે હે ભવ્ય જીવો ! આત્મા પોતે જ્ઞાતા અને દૃષ્ટા છે કારણ કે જ્ઞાન અને દર્શન તે જીવનો સ્વભાવ છે પણ અજ્ઞાન દશાના કારણે આત્માના યથાર્થ સ્વરૂપને સમજી શકતા નથી તેથી આત્માને રાગી અને દ્વેષી માની લીધો છે, પણ તત્ત્વદૃષ્ટિએ આત્મા એવો નથી. તત્ત્વદૃષ્ટિએ તો આત્મા જ્ઞાન-દર્શન સ્વભાવવાળો છે પણ અનાદિકાળના દેહાધ્યાસને કારણે અજ્ઞાનીઓને આત્મા દેહ સમાન દેખાય છે. જ્ઞાનીઓની દૃષ્ટિમાં આત્મા અને શરીર બંને ભિન્ન છે, કારણ કે બંનેના લક્ષણો જુદા છે. શરીર એ પુદ્ગલ રૂપ હોવાથી પુદ્ગલનું લક્ષણ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮ મા અધ્યયનમાં પુદ્ગલના અને જીવના લક્ષણ બતાવતાં કહ્યું છે કે-

सद्दंधयार उज्जोओ, पहा छायाऽऽ तवो इ वा।
वण्ण रस गंध फासा, पुग्गलाणं तु लक्खणं ॥१२॥

શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, ધૂપ (તાપ), વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ બધા પુદ્ગલના લક્ષણ છે. શરીર એ પુદ્ગલ રૂપ છે. સડન, પડન, વિધ્વંસન એ શરીરનો સ્વભાવ છે. સડન એટલે કેન્સર જેવો રોગ લાગુ પડતા શરીર સડવા માંડે છે. અંતે એક દિવસ આખું શરીર સડી જાય છે. પડન એટલે ઉપરથી નીચે પડે ને મૃત્યુ પામે છે અને વિધ્વંસન એટલે અંતે વિનાશને પામે છે. આ શરીરના લક્ષણો છે. આત્માના લક્ષણો જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, બળ, વીર્ય અને ઉપયોગ છે. આત્મા જ્ઞાન અને દર્શન સ્વરૂપ હોવાથી જ્ઞાતા અને દૃષ્ટા છે.

બંધુઓ ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ, પુદ્ગલ, આકાશ અને કાળ એ છ દ્રવ્યો છે તેમાં જીવ સિવાયના પાંચ દ્રવ્યો જડ છે. જડમાં જ્ઞાતા અને દૃષ્ટા ભાવ હોઈ શકે નહિ. એક ચેતન દ્રવ્ય હોય તો તે જીવ દ્રવ્ય છે. તેમાં જ્ઞાતા અને દૃષ્ટા ભાવ છે. જે આપણી દૃષ્ટિ છે એ તો બાહ્ય દૃષ્ટિ છે. જ્યારે આત્મા તો એ દૃષ્ટિનો પણ દૃષ્ટા છે. આત્મા દૃષ્ટા હોવાથી બધા ભાવોને જાણનારો છે. આત્મા ઇન્દ્રિયોથી ભિન્ન છે, કારણ કે દરેક ઇન્દ્રિયોને પોતપોતાના વિષયનું જ્ઞાન હોય છે. શ્રોતેન્દ્રિયને સાંભળવાનું જ્ઞાન હોય છે. ચક્ષુઇન્દ્રિયને જોવાનું, ઘ્રાણેન્દ્રિયને ગંધનું, રસેન્દ્રિયને રસનું અને સ્પર્શેન્દ્રિયને સ્પર્શનું જ્ઞાન હોય છે, પણ શ્રોતેન્દ્રિયને ગંધનું કે ચક્ષુઇન્દ્રિયને રસનું જ્ઞાન હોતું નથી. જ્યારે આત્માને તો પાંચે ઇન્દ્રિયોના વિષયનું જ્ઞાન હોય છે, માટે ઇન્દ્રિયો તે ઇન્દ્રિયો છે. જ્યારે આત્મા ઇન્દ્રિયોથી ભિન્ન હોવાથી અતિન્દ્રિય છે. કોઈક વખત મકાનની બારીએથી રસ્તા ઉપરના જુદા જુદા પ્રકારના દૃશ્યો મનુષ્યે જોયા હોય પણ અશુભ કર્મના ઉદયે કદાચ એની આંખ ચાલી જાય

છતાં તેણે જે રસ્તા પરના દૃશ્યો નિહાળ્યા હોય છે તે આંખ ચાલી જવા છતાં તેનું સ્મરણ આવ્યા કરે છે. તેનું કારણ એ જ છે કે દૃશ્યોને નિહાળનારી દૃષ્ટિ ભલે ચાલી ગઇ પણ દૃષ્ટિથી નિહાળેલા દૃશ્યોને મગજમાં ધારી રાખનારો દ્રષ્ટા એટલે આત્મા હજુ દેહરૂપી દેવાલયમાં બિરાજેલો છે. ઘણાં વર્ષો પહેલાની વાતો પણ માનવીને યાદ રહી જાય છે તે આત્માની જ્ઞાનશક્તિને આભારી છે. આત્માને અનંત શક્તિનો સ્વામી કહેવામાં આવે છે તે તદ્દન યથાતથ્ય વાત છે. મનુષ્યના જીવનમાં આજે જે હતાશા અને કંગાળતા આવી ગઈ છે તેનું મુખ્ય કારણ એક જ છે કે પોતાની (આત્માની) અનંતશક્તિનું પોતાને ભાન નથી. જો આત્માને પોતાની શક્તિનું ભાન થાય તો એની દશા આવી ન હોય.

ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં રહનેમિ અત્યારે પોતાની અનંત શક્તિનું ભાન ભૂલી ગયા છે. પોતે સંયમ લીધો છે તે વાત પણ અત્યારે ભૂલી ગયા છે. રાજેમતીના રૂપમાં મુગ્ધ બની જવાથી કામવાસનાનો કીડો તેને કોરી ખાવા લાગ્યો, એટલે પોતે જ્યાં બેઠા હતા ત્યાંથી ઉઠીને જ્યાં રાજેમતી પોતાના અંગોપાંગ સંકોચીને બેઠી હતી ત્યાં આવ્યા ને મીઠા મીઠા શબ્દોથી કહેવા લાગ્યા હે રાજેમતી ! હું બીજો કોઈ નથી પણ સમુદ્રવિજય રાજાનો અંગજાત રહનેમિ છું, માટે તું મારાથી ડરીશ નહિ. રાજેમતીને ખબર પડી કે આ તો રહનેમિ છે એટલે એનો ભય ઓછો થયો, કારણ કે એને રહનેમિનો પૂરો પરિચય છે, તેથી રાજેમતીએ વિચાર કર્યો કે આ રહનેમિ અત્યારે મને જોઈને ભાન ભૂલ્યા છે પણ એ કુળવાન, લજ્જાવંત અને જાતિવંત છે એટલે જરૂર ઠેકાણે આવી જશે. લજ્જાવંત માણસ ભૂલ કરતા કરી બેસે છે પણ જો એને કોઇ જોઇ જાય તો એમ થાય છે કે જાણે ધરતી ફાટે તો સમાઈ જાઉં. આવો એને લજ્જા આવી જશે પણ જેનામાં લજ્જા નથી એ ઠેકાણે આવવો મુશ્કેલ છે.

રાજેમતીએ રહનેમિને એક વખત સમજાવીને સ્થિર કર્યા હતા એટલે એનામાં હિંમત આવી કે અત્યારે પણ હું એને સમજાવવામાં સફળ બની શકીશ. મારો જરૂર વિજય થશે, ત્યારે બીજી તરફ રહનેમિ સમજે છે કે અત્યારે રાજેમતી ઉપર મારો જરૂર વિજય થશે, કારણ કે પહેલા એ તો મથુરાના મહેલમાં હતી અને એ વખતે એને મારા ભાઇનો મોહ હતો. હવે તો એ બધું ભુલી ગઇ હશે અને અત્યારે ગુફામાં એ એકલી છે, માટે મારી ઇચ્છાને આધીન થશે. એમ વિચાર કરીને તેની પાસે આવ્યો એટલે રાજેમતી ખૂબ લજ્જાઇ ગઈ. એના મનમાં થયું કે આને બિલકુલ શરમ છે ? હું વસ્ત્રરહિત છું છતાં મારી સામે શરમ છોડીને ઉભો રહ્યો છે. રાજેમતી પડખું વાળીને ઝટપટ કપડા પહેરવા લાગી ત્યારે એના સામે ઉભો રહીને કહે છે હે ભદ્રા ! હે મધુરભાષિણી ! હે રૂપવતી ! તું મારો ભય છોડી દે. શું તારું રૂપ છે ! શું તારા મીઠા મીઠા બોલ છે ! જ્યારે માણસ કોઇના મોહમાં પાગલ બની કામનાનો કીડો બને છે ત્યારે સ્ત્રીઓના અંગોપાંગનું વર્ણન કરે છે.

રાજેમતી પડખું વાળીને પોતાના વસ્ત્રો પહેરતી હતી ત્યારે રથનેમિ ત્યાં જ ઉભા ઉભા કહે છે હે સુલોચની ! મારા હૃદયમાં તમને પત્ની બનાવવાની પહેલા જે ઇચ્છા થઈ હતી તે તમારા ઉપદેશથી શાંત થઈ હતી અને તમારા તે ઉપદેશથી વૈરાગ્ય પામીને મેં સંયમ સ્વીકાર્યો પણ તે ઇચ્છાનો વિનાશ થયો ન હતો, તેથી આજે તમને જોઈને મારી તે ઉપશાંત થયેલી ઇચ્છા ફરીને જાગૃત થઈ છે. મારા હૃદયમાં તમારા પ્રેમનો જે અંકુર ઉત્પન્ન થયો હતો અને તમારા ઉપદેશથી જે દબાઈ ગયો હતો તે આજે ફરીને વિકસીત થયો છે. ખરેખર ! તમે અપ્રતિમ સુંદરી છો. તમારા જેવી સુંદરી પ્રત્યે એક વાર હૃદયમાં જે પ્રેમ થાય છે તે સ્વાભાવિક રીતે નષ્ટ થતો નથી, માટે તમે મારી ઇચ્છાને આધીન બનીને મને પતિ તરીકે સ્વીકારો. મને તમારા શરીર સ્પર્શથી સુખી બનાવો અને તમે પોતે પણ આનંદનો અનુભવ કરો. આગળ શું કહે છે—

एहिता भुंजिमो भोए, माणुसं खु सुदुल्लहं ।
भुत्तभोगी तओ पच्छा, जिणमग्गं चरिस्समो ॥ ३८ ॥

હે સુંદરી ! આવો. આપણે બંને વિષય ભોગને ભોગવીએ. જુઓ, આ મનુષ્યભવ અત્યંત દુર્લભ છે, તેમાંથી તૃપ્તિ મેળવ્યા પછી ભુક્તભોગી બનીને આપણે બંને જિનમાર્ગને આચરીશું એટલે કે ચારિત્ર અંગીકાર કરીશું.

રથનેમિ આવા આવા શબ્દો બોલ્યા પણ રાજેમતીએ બધું મૌનપણે સાંભળ્યું. એક શબ્દ બોલ્યા નહિ. મનમાં એક જ વિચાર કર્યો કે ધિક્કાર છે મારા રૂપને ! આ રૂપ છે તો આ કામી પાગલ બન્યો છે ને ! બાકી આ શરીરમાં શું ભરેલું છે !

શું રે ભર્યું છે શરીરમાં, જીવડા કંઇક તો વિચાર,
લોહી પરૂ મજ્જા નાડીઓ, મળમૂત્રની રે આણ,
નથી કેસર કપુર કે કસ્તુરી ભર્યા, શું રે મોહ્યો છે એ જીવડા.

બહારથી રૂપાળા દેખાતા પણ અંદરથી અશુચી ભરેલા શરીરનો મોહ માનવીને મુગ્ધ બનાવે છે. રૂપથી માણસ સારું દેખાય છે પણ ઘણી વખત પોતાનું જ રૂપ પોતાને હાનીકારક બને છે. આવા ઘણાં જ દાખલા છે. ભરતચક્રવર્તિ જ્યારે છ ખંડ સાધવા માટે જતા હતા ત્યારે તેમની બહેનો બ્રાહ્મી અને સુંદરી એમને ચાંલ્લો કરવા માટે મહેલના દરવાજે આવીને ઉભી રહી હતી. ભાઈના કપાળમાં ચાંલ્લો કર્યો ત્યારે એનું રૂપ જોઈને ભરતચક્રવર્તિ મુગ્ધ બની ગયા ને મનમાં વિચાર કર્યો કે આવી સૌંદર્યવતી બાળા કોણ હશે ? હું છ ખંડ સાધીને આવીશ ત્યારે એની સાથે લગ્ન કરીશ. ચતુર માણસ સામી વ્યક્તિના મુખ ઉપરના હાવભાવ જોઈને સમજી જાય છે કે આના મનમાં કઈ જાતનો સડો પેઠો છે. ભરતજી છ ખંડ સાધવા માટે ગયા ને બીજી તરફ સુંદરીએ વિચાર કર્યો કે આ રૂપ છે તો મારા ભાઈના દિલમાં દુષ્ટ ભાવના જાગીને ! હવે આ રૂપને તપ કરીને નષ્ટ કરી નાંખવું, એટલે ત્યારથી સુંદરીએ આયંબીલ શરૂ કર્યા.

ભરત ચક્રવર્તિ ૬૦૦૦૦ વર્ષે છ ખંડ સાધીને પાછા આવ્યા ત્યારે સુંદરી એમને ચાંલ્લો કરવા આવીને ઉભી રહી. તેનું શરીર હાડકાનો માળો બની ગયું છે. ઉભા રહેવાની તાકાત નથી. આ જોઈને ભરતજીએ પ્રધાનને કહ્યું, હું છ ખંડ સાધવા ગયો હતો પણ સાથે ધન અને ધાન્યને લઈને નહોતો ગયો. તમે મારી પ્રજાનું ધ્યાન રાખ્યું નથી લાગતું. પ્રધાને કહ્યું–સાહેબ ! એમ શા માટે કહો છો ? ત્યારે કહે છે જુઓ, આ છોકરી કેવી હાડપિંજર બની ગઈ છે. એને શું દુઃખ છે તે તમે ખબર લીધી છે? પ્રધાને કહ્યું–મહારાજ ! એ દુઃખી નથી. સુખી ઘરની દીકરી છે. ભરત રાજાએ કહ્યું જો સુખી ઘરની દીકરી છે તો આવી દશા કેમ ? પ્રધાને કહ્યું આ બીજી કોઈ નથી, તમારી બહેન સુંદરી છે. તમે જ્યારે છ ખંડ સાધવા ગયા ત્યારે એનું રૂપ જોઈને એને પરણવાનો સંકલ્પ કર્યો હતો ને ? તેથી એણે તપ કરીને રૂપ ગાળી નાંખ્યું. આ સાંભળીને ભરતરાજાને લજ્જા આવી ગઈ. ધિક્કાર છે મારી દુષ્ટવૃત્તિને ! પછી ભરતજીએ સુંદરીને દીક્ષા લેવાની આજ્ઞા આપી એટલે બ્રાહ્મી–સુંદરીએ દીક્ષા લીધી.

આવો જ બીજો એક દાખલો છે. એક નગરશેઠની દીકરી ખૂબ સૌંદર્યવાન હતી પણ એના માતા-પિતા ગુજરી ગયા હતા એટલે તે કાકાની દીકરીની સાથે રહેતી હતી. એક વખત તે બહાર ગયેલી. ત્યાં રાજાનો કુંવર એને જોઈ ગયો એટલે મોહથી ભરેલા ચેનચાળા કરવા લાગ્યો. છોકરી સમજી ગઈ કે મારું રૂપ જોઈને આની બુદ્ધિ બગડી છે. રાત પડી એટલે રાજકુમાર છોકરીને ઘેર આવ્યો ને બારણા ખખડાવ્યા. છોકરી સમજી ગઈ કે નક્કી રાજકુમાર છે. એણે બારણું ખોલીને પૂછયું કે તમે મધરાત્રે અહીં શા માટે આવ્યા છો ? ત્યારે વિષયાંધ બનેલા રાજકુમારે એની દુષ્ટ ઈચ્છા પ્રદર્શિત કરી. છોકરીએ કહ્યું મારે હમણાં છ મહિનાની પ્રતિજ્ઞા છે. છ મહિના પછી આવજો. રાજકુમારના મનમાં થયું કે છ મહિના કાલે વીતી જશે. એ તો ચાલ્યો ગયો પણ રોજ મેવા મિષ્ટાન્ન મોકલવા લાગ્યો. આ છોકરીને પોતાના શીયળનું રક્ષણ કરવું છે. રાજકુમાર જે મોકલાવે છે તે પોતે ખાતી નથી. ગરીબો, કૂતરા અને કાગડાને ખવડાવી દે છે. પોતે લૂખા સૂકા ભોજન કરવા લાગી અને દરરોજ રેચક પદાર્થની પડીકી ખાવા લાગી, એટલે એને ઝુલાબ થવા લાગ્યા. એ વિષ્ટા આ છોકરી એક કોઠીમાં ભરવા લાગી. હવે રોજ ઝાડા થાય એટલે માણસનું રૂપ તો નષ્ટ થઈ જાય ને ! હરવું ફરવું ને ખાવું પીવું બધું શરીર સારું હોય તો જ ગમે છે ને ! રૂપાળી છોકરીનું શરીર હાડકાનો માળો બની ગયું. આમ કરતાં પૂરા છ મહિના થયા એટલે જાણ્યું કે હવે પેલો રૂપનો કીડો આવશે, તેથી એણે કાકાની દીકરીને વિદાય કરી દીધી અને પેલી કોઠી પાસે ખાટલો ઢાળીને સૂઈ ગઈ.

વિષયાંધ માણસ તો એની વિષય વાસનાનું પોષણ કરવા માટે સદા આતુર જ હોય છે. કયારે છ મહિના પૂરા થાય ને રૂપસુંદરી સાથે સુખ ભોગવું. તેની રાહ જોઈ રહ્યો હતો. છ મહિના પૂરા થયા એટલે તે છોકરીને ઘેર આવ્યો. તે

ખાટલામાં સૂતી છે, એને પૂછે છે હે બાઈ! પેલી રૂપસુંદરી કયાં ગઈ? ત્યારે કહે છે એ હું જ છું. કુંવર કહે છે ના....એ તું નથી, બીજી હતી. એ મને છેતરીને ભાગી ગઈ લાગે છે, ત્યારે છોકરી કહે છે ભાગી ગઈ નથી. એ હું પોતે જ છું, એટલે કહે છે મેં તને જોઈ ત્યારે તો તું દેવકન્યા જેવી શોભતી હતી ને અત્યારે આ દશા કેમ? તારું રૂપ કયાં ગયું? છોકરી કોઠી સામે આંગળી કરીને કહે છે તારે રૂપનું જ કામ છે ને? તો આ કોઠીમાં જોઈ લે. મારું બધું રૂપ એમાં ભર્યું છે. કુંવર ઢાંકણું ખોલીને જુવે છે તો માથું ફાટી જાય એવી દુર્ગંધ મારે છે. એને સૂગ ચઢી ગઇ. બેભાન થઈને પડી ગયો. થોડીવારે ભાનમાં આવ્યો ત્યારે છોકરી કહે છે હે રૂપમાં મુગ્ધ બનેલા કુંવર! તને હવે સમજાય છે કે આ શરીરમાં શું ભર્યું છે? જે મારા રૂપમાં મુગ્ધ બનીને તું પાપ કર્મ કરવા આવ્યો છે એ રૂપ મેં એમાં ભર્યું છે. આ શરીરમાં મળ, મૂત્ર, લોહી, પરુ, માંસ વિગેરે અશુચી પદાર્થો જ ભર્યા છે. એમાં તું શું મોહ પામ્યો છે કે હડકાયા કૂતરાની જેમ અહીં આવ્યો છે! તને શરમ નથી આવતી? જો તારામાં આનદાની હોય તો ચાલ્યો જા અહીંથી. નગરશેઠની પુત્રીના શબ્દો સાંભળીને રાજકુમારની સાન ઠેકાણે આવી ગઈ. તે માતા કહીને ચરણમાં પડીને ચાલ્યો ગયો. ટૂંકમાં કૂળવાન અબળાઓના ચારિત્ર લૂંટાવાનો પ્રસંગ આવે તો બાનદાન કુળની છોકરીઓ પોતાની જાતનું બલિદાન આપીને પણ પોતાનું શીયળ સાચવે છે ને કામાંધ બનેલાને પણ સુધારે છે.

રાજેમતીના જીવનમાં પણ આવો જ પ્રસંગ બન્યો છે. પોતે પોતાના વસ્ત્રો પહેરી રહ્યા હતા તે સમયે રહનેમિ નિર્લજ્જ બનીને એની સામે આવીને કહે છે હે રાજેમતી! આવ, આપણે વિષયસુખ ભોગવીને જિંદગીની મોજ માણીએ, પણ રાજેમતી જ્યાં સુધી વસ્ત્રો પહેરી ન રહી ત્યાં સુધી એના ભાષણનો કંઈ જ જવાબ ન આપ્યો. એમણે વિચાર કર્યો કે હું એનું માપ કાઢી લઉં કે એ કયાં સુધી બગડયા છે. તાવ ચઢે ત્યારે તમે થર્મોમીટરથી ગરમી માપો છો ને કે કેટલી ગરમી છે, એમ રાજેમતી પણ રહનેમિનું માપ કાઢે છે કે એના વિચારોમાં કયાં સુધી સડો પેઠેલો છે. એ જેટલું બોલ્યો તેટલું બધું સાંભળ્યું. તેણે પોતાના વસ્ત્રો બરાબર પહેરી લીધા. હવે રાજેમતીને બિલકુલ ડર નથી. એના મનમાં શ્રદ્ધા છે કે ગમે તેમ તો ય યાદવકુળનો જાયો છે, સમુદ્રવિજય રાજાનો પુત્ર અને શીવાદેવીનો નંદન છે. અત્યારે ભાન ભૂલ્યો છે પણ ઠેકાણે જરૂર આવશે. એવી શ્રદ્ધાથી રાજેમતી મુખ ઉપર વક્રતા લાવીને કહે છે હે રહનેમિ! તમે તો સાધુ થયા છો ને? આપ તો ત્યાગી મુનિરાજ છો. મુનિ થઈને જ્ઞાન ધ્યાનની વાતો છોડીને આવી વાતો કેમ કરો છો? તમને તમારા સાધુપણાનું લક્ષ નથી? આપના મુખમાં આવા અનુરાગ ભર્યા શબ્દો શા માટે?

જવાબમાં રહનેમિએ કહ્યું, રાજેમતી! હું આજે મુનિ મટી ધૂની બન્યો છું. અત્યારે તને જોઈને એવો મુગ્ધ બની ગયો છું કે મને તમારા સિવાય બીજું કંઈ દેખાતું નથી. અત્યારે હું મારું જ્ઞાન, ધ્યાન બધું જ ભૂલી ગયો છું. મને સંયમમાં સુખ દેખાતું નથી

પણ તમારી સાથે ભોગ ભોગવવામાં સુખ દેખાય છે. હે રાજુ ! તારું નિરાભરણ સ્વરૂપ જોતાં મને લાગે છે કે મારા ભાઇએ તો મહાન ભૂલ કરી છે કે તને ત્યજી. અરે ! આવા નારીરત્નને ત્યજી દઇ સંસારમાં મળેલા જીવનમાં ધૂળ નાંખી છે પણ હવે આ એનો નાનો ભાઈ એવો મૂર્ખ નથી કે તારા જેવા કોમળ કમળ સરખા દેહમાં લુબ્ધ ન બને, આ રહનેમિ તને હવે કદી પણ આ જીવનમાં છોડી શકે તેમ નથી. એની વાત સાંભળીને રાજેમતી કહે છે હે રહનેમિ ! બસ કરો હવે. એક સજ્જન પુરૂષને ન શોભે તેવા શબ્દો બોલી તમારા સાધુત્વને શા માટે લજવો છો ? તમે જરા તો વિચાર કરો. તમે કોના પુત્ર છો ? કયા કુળમાં જન્મ્યા છો ? તેનો તો ખ્યાલ છે ને ? ત્યારે કહે છે હા, સુંદરી, મને બધો જ ખ્યાલ છે. હું સમુદ્રવિજય રાજાનો લાડીલો ને શીવાદેવીનો અંગજાત છું. નેમનાથ ભગવાનનો ભાઇ છું. ઉત્તમ યાદવકુળમાં જન્મ્યો છું પણ અત્યારે મારું તન કહો મન કહો કે ધન કહો બધું તું જ છે. તારી આગળ મને બીજું કોઈ યાદ આવતું નથી. રાજેમતીએ કહ્યું તમે સંયમ સ્વીકારતી વખતે કઇ કઈ પ્રતિજ્ઞાઓ કરી હતી તે યાદ છે ? હા....રાજેમતી ! બધું યાદ છે, મેં સંયમ લઇને પાંચ મહાવ્રત અંગીકાર કર્યા છે. તો હે મુનિ ! આવી વાતો કરવાથી તમારા મહાવ્રતમાં દોષ નથી લાગતો ? ત્યારે રહનેમિ કહે છે દોષ લાગતો હોય તો ભલે લાગે. હું તેનું પ્રાયશ્ચિત કરી લઇશ. રાજેમતીએ કહ્યું પાપ કરીને પ્રાયશ્ચિત લેવું તેના કરતાં પાપ ન કરવું શું ખોટું ? રહનેમિ કહે–અરે, અત્યારે તો મારે પાપ કરીને પ્રાયશ્ચિત પણ નહિ કરવું પડે.

રાજેમતીએ પૂછ્યું એમ શાથી કહો છો ? તો કહે છે તને ખબર નથી કે અહીં તારા ને મારા સિવાય ત્રીજું કોઈ નથી. આવા એકાંત સ્થાનમાં આપણે ગમે તે કરીએ તો કોણ જાણવાનું છે ? ત્યારે રાજેમતીએ ઉગ્ર બનીને કહ્યું શું આપણે પાપ કરીએ ને કોઇ ન જાણે તો તેનું ફળ ભોગવવું નહિ પડે એમ ને ! ભલે, તમારા પાપને બીજું કોઇ ન જાણે પણ તમે તો જાણો છો ને ? શું તમારા કૃત્યો માટે તમારો આત્મા સાક્ષીભૂત નથી ? જઘન્ય બે ક્રોડ કેવળી, ઉત્કૃષ્ટા નવ ક્રોડ કેવળી ભગવંતો અને અનંતા સિદ્ધ ભગવંતો તો બધું જાણે છે ને ! ત્યાં તમારું પાપ કયાં છાનું રહેવાનું છે ! શું આ રીતે છૂપું પાપ કરવાની ઇચ્છા રાખનાર સાધુપણું અંગીકાર કરીને સાધુપણાને દુષિત નથી કરતા ? આ પ્રકારે છૂપાઇને પાપ કરવાની ભાવના સેવવી એ તો મહાન અપરાધ છે. તમે આ આ રીતે છૂપું પાપ કરવા તૈયાર થયા છો પણ હું એવું પાપ કરીને મારા સાધુપણાને કલંકિત કરવા ઇચ્છતી નથી. મારા પ્રાણનો ત્યાગ કરીશ પણ સાધુપણું નહિ જવા દઉં. હજુ રથનેમિ રાજેમતીને કેવા શબ્દો કહેશે ને રાજેમતી કેવો ફીટકાર આપશે તે અવસરે.

ચરિત્ર : જિનસેનકુમાર ઉંઘમાંથી જાગૃત થયો એટલે એની માતા જિનસેના યાદ આવી. મનમાં વિચાર થયો કે હું તો અહીં રાજકુમારની માફક બબ્બે પત્નીઓ સાથે

મહાન સુખ ભોગવું છું પણ મારી માતા બગીચામાં એકલી શું કરતી હશે? મદનમાલતીને માતાની સેવામાં મોકલી હતી તે પણ પહોંચી શકી નહિ એટલે મારી માતા ઝૂરતી હશે. મેં ઘણાંના દુઃખ મટાડયા પણ હજુ મારી માતાનું દુઃખ ટાળ્યું નથી. આ તો એવો ઘાટ બન્યો છે કે "ઘરના છોકરા ઘંટી ચાટે અને બહારનાને આટો મળે." ઘણાં માણસોને એવી ટેવ હોય છે કે બહારના માણસોને દાન કરી આવશે ને ઘરના છોકરા ભૂખ્યા ટળવળતા હોય છે, એમ મેં પણ બધાના સામું જોયું પણ માતાના સામું જોયું નથી. માતા યાદ આવવાથી આંખમાં આંસુ આવી ગયા. સવાર પડતા વહેલો ઉઠયો ને નાહી ધોઈને વહેલો રાજા પાસે સભામાં પહોંચી ગયો અને મહારાજાના ચરણમાં પડીને કહ્યું, મહારાજા! મને મારી માતા ખૂબ યાદ આવી છે માટે મને મારા ગામ જવાની આજ્ઞા આપો, ત્યારે મહારાજા કહે છે,

કહાં જાવો તુમ પ્યારા મંત્રી, સુની દિલ ઘબરાવે,
હમ તુમકો નહીં જાને દેંગા, કૃપા કર યહીં રહાવે.

હે મંત્રીશ્વર! તમારું જવાનું નામ સાંભળીને મને તો ગભરામણ થાય છે. હું તમને નહિ જવા દઉં. તમે મારા માત્ર પ્રધાન નથી પણ તમે મારા પુત્ર જ ન હો એટલો મને તમારા પ્રત્યે પ્રેમ છે. આ રાજપાટ બધું તમારું જ છે. તમે તો મને જીવતદાન આપ્યું છે. હું તમને કેવી રીતે જવાની રજા આપું? તમને જવાની આજ્ઞા આપવા માટે મારું મન માનતું નથી. તમે અહીં જ રહી જાઓ, જિનસેન પ્રધાને કહ્યું મહારાજા! આપની મારા ઉપર અપાર કૃપા છે તેથી મને પણ અહીં ઘણો આનંદ થયો છે પણ હવે મને મારી માતા પાસે જવાનો તલસાટ ઉપડયો છે એટલે આપ મને પ્રેમથી જવાની રજા આપો, તો હું પણ આનંદથી આપના આશીર્વાદ લઈને જાઉં તો મને સંતોષ થાય.

મહારાજા કહે છે તમારી વાત સાચી છે પણ હું તમને કેવી રીતે જવા દઉં? મને તમારા વિના એક પગલું પણ ભરવું ગમતું નથી. આપણા દેહ જ જુદા છે પણ આત્મા એક છે. આટલું બોલતા રાજાની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યા. પ્રધાને મહારાજાને સમજાવીને શાંત કર્યા. મહારાજા રડતા રડતા કહે છે પ્રધાનજી! આપે મારા જ દિલમાં સ્થાન જમાવ્યું છે એટલું જ નહિ પણ મારી પ્રજાના દિલમાં સ્થાન જમાવ્યું છે. તમે એવું રાજ્ય ચલાવ્યું છે કે મારા રાજ્યની રોનક બદલાઈ ગઈ છે. હજુ તો તમે મને જવાની જ વાત કરી છે પણ પ્રજાજનો જાણશે તો એ પણ તમને જવા નહિ દે, ત્યારે પ્રધાને કહ્યું. મહારાજા! આપની વાત સાચી છે પણ હવે મારું મન માતા પાસે જવા માટે તલસી રહ્યું છે એટલે આપ ગમે તેમ કરશો તો પણ હું અહીં રોકાવાનો નથી માટે મને જવાની રજા આપો. હું રોકાઈશ તો પણ મને આનંદ

નહિ આવે. તમને બહુ એમ હશે તો મારી માતાના દર્શન કરીને પછી આવીશ, પણ મને અત્યારે જવા દો. રાજાએ જાણ્યું કે હવે કોઇ રીતે પ્રધાન રોકાય તેમ લાગતું નથી, એટલે કહે છે તમારા વિના મારું રાજય સૂનું થઇ જશે. આ બધું આપના વિના કોણ સંભાળશે? મારાથી હવે કામકાજ થતું નથી. એમ કહેતા રાજાની આંખમાંથી આંસુની ધાર થઈ, ત્યારે પ્રધાને કહ્યું-સાહેબ! આપ આવી ચિંતા ન કરો. બીજા પ્રધાનો હોંશિયાર છે. એ બધું કામકાજ સંભાળી લેશે, પણ મને જવાની આજ્ઞા આપવા માટે કૃપા કરો.

સિંહરાપતિ પૂછે કુંવરસે, કૌન ગાંવ કયા હૈ પિતુ નામ,
કુંવર કહે કંચનપુર સ્વામી, સોહી તાત ગુણધામ.

અત્યાર સુધી મહારાજાએ કદી પૂછ્યું નથી કે તું કયા ગામનો છે? તારા માતા-પિતા કોણ છે? એટલે હવે પૂછે છે કે હે પ્રધાનજી! તમે કહો તો ખરા કે તમે કયા ગામના છો? અને તમારા માતા પિતા કોણ છે? જિનસેનકુમાર પણ કેટલો ગંભીર છે. અત્યાર સુધી કદી કોઈને કહ્યું નથી કે હું રાજકુમાર છું. હવે જવાના સમયે મહારાજાએ પૂછયું ત્યારે કહે છે સાહેબ! હું કંચનપુરના મહારાજાનો પુત્ર છું. મારા પિતાજીનું નામ જયમંગલ મહારાજા છે અને માતાનું નામ જિનસેના રાણી છે. મારી માતા જૈનધર્મની અનુરાગી છે. એ માતાએ મને જન્મ આપીને મારા જીવનમાં જૈનધર્મના સંસ્કાર રેડયા છે. આજે હું આટલો બધો આગળ આવ્યો હોઉં તો એ મારી માતાએ આપેલા સંસ્કારોનો પ્રભાવ છે. એ મારી માતા વિયોગથી ઝુરી રહી છે. એ માટે મારે જલ્દી જવું છે. કંચનપુરના જયમંગલ રાજા અને જિનસેના રાણીનું નામ સાંભળીને રાજાના રોમેરોમમાં આનંદ થયો.

ભાણેજની ઓળખાણ થતાં રાણીને થયેલો આનંદ :- રાજા સિંહાસનેથી એકદમ ઉભા થયા ને હર્ષભેર રાણીના મહેલે આવીને કહે છે કે હે મહારાણી! આપણો પ્રધાન એ તારી બહેનનો પુત્ર જિનસેનકુમાર છે. આ સાંભળીને રાણીના સાડા ત્રણ કોડ રોમરાય ખડા થઈ ગયા. હેં, શું કહો છો? મારી બહેનનો દિકરો જિનસેનકુમાર છે? મારી બહેનના સમાચાર તો હતા કે મારો દીકરો પરદેશ ગયો છે પણ એનો પત્તો નથી. આપણને શી ખબર કે આ મારો ભાણેજ છે. અરેરે....આટલા વર્ષોથી આપણે ઘેર એ આવ્યો છે પણ આપણે એને કદી પૂછયું છે કે તું કોનો દીકરો છે? આપણે તો એની પાસે નોકર જેવા કામકાજ કરાવ્યા છે. આપણા મહેલનો ચોકીદાર બનાવ્યો, તેમજ નોકર-ચાકરના કામ કરાવ્યા. એણે પણ ઘરના દીકરાની જેમ આપણા કામ કર્યા છે. કદી કોઈ પણ કામ કરવામાં એણે આનાકાની કરી નથી. એવો એ બુદ્ધિવંત ને ગુણીયલ છોકરો છે. એ આવ્યો ન હોત તો આપણા દુઃખોનો પણ અંત આવત નહિ. એક તરફ દિલમાં દુઃખ છે ને બીજી તરફ હર્ષ છે, એટલે રાણી જિનસેનકુમારને મળવા માટે દોડતી આવી અને કુંવરને ભેટી પડીને કહ્યું, દીકરા! તેં અમને કદી ઓળખાણ ન આપી! કુમાર માસીના ચરણમાં પડી ગયો. આવો જ આનંદ ચંદનબાળાની માસી મૃગાવતીને થયો હતો.

જ્યારે ચંદનબાળાના હાથે મહાવીર પ્રભુનો અભિગ્રહ પૂરો થયો ત્યારે દેવદુંદુભી વાગી અને સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થઇ ત્યારે આખા નગરની જનતા જોવા માટે ઉમટી ત્યારે ગામના રાજા રાણીના મનમાં પણ થયું કે લોકો કહે છે કે ચંદનબાળાના હાથે પ્રભુનો અભિગ્રહ પૂર્ણ થયો. તો એ સતી કોણ છે? આપણે એના દર્શન કરીએ. એમ વિચાર કરીને રાજા રાણી આવ્યા. રાણીએ તરત ઓળખી લીધી કે આ તો મારી ભાણેજ ચંદનબાળા છે, ત્યારે મૃગાવતી રાણીએ કહ્યું–બેટા! તેં માસીના રાજ્યમાં આટલું દુઃખ વેઠયું? અમને ખબર પણ ન આપી? માસીને ખબર ન હતી કે ચંદનબાળા અહીં છે પણ ચંદનબાળા તો જાણતી હતી ને કે માસીનું ગામ છે પણ એ જાણીને ગઇ ન હતી. મહાન આત્માઓ દુઃખના સમયે સગાની પાસે જતા નથી.માસીને પોતાની ભાણેજને જોઈને ખૂબ હર્ષ થયો ને પોતાને ઘેર લઈ જવા ખૂબ આગ્રહ કર્યો પણ પછી તો ચંદનબાળાએ દીક્ષા લીધી.

અહીં જિનસેનના માસીને પોતાના ભાણેજને જોઇને ખૂબ હર્ષ થયો. માસી ભાણેજ મળ્યા પણ ભાણેજવહુઓ જાણતી નથી કે આ માસીનું ગામ છે. હવે રાણીજી વહુઓ પાસે જશે ને તેમનું સ્વાગત કરીને પોતાના મહેલે કેવી રીતે લાવશે ને શું બનશે તે અવસરે.

વ્યાખ્યાન નં. ૬૫

આસો વદ અમાસ ને મંગળવાર દિવાળી તા. ૩૧-૧૦-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની ભગવંતો જગતના જીવોને ઉદ્‌ઘોષણા કરીને કહે છે કે ભવ્ય જીવો! પ્રમાદની પથારીનો ત્યાગ કરીને ધર્મજાગ્રિકા કરો. ધર્મજાગ્રિકા એટલે મોહનિદ્રાનો ત્યાગ. મનુષ્ય દ્રવ્યથી જાગતો હોય પણ જો એને પોતાના આત્માનું ભાન ન હોય તો એ ભાવનિદ્રામાં ઉંઘતો જ છે. અનાદિકાળથી જીવ મોહનિદ્રામાં ઉંઘતો છે. એના પરિણામે આ વિરાટ વિશ્વમાં જીવ ચારે ગતિમાં રખડતા અનંત અનંત જન્મ–મરણ કરતો આવ્યો છે અને હજુ પણ જો મોહનિદ્રાનો ત્યાગ નહિ કરે તો જન્મમરણનું ચક્ર ચાલુ જ રહેવાનું છે. અનંતા તીર્થંકરો આ વાતને વારંવાર સમજાવી ગયા છે કે ઉત્તમ મનુષ્યભવ પામ્યા છો એ જાગવા માટે પામ્યા છો, ઉંઘતા રહેવા માટે નહિ, તેથી જાગો અને મોહનિદ્રાનો ત્યાગ કરો. ભગવાને તો પોતે જોયું છે કે ખુદ પોતાનો આત્મા મોહની નિદ્રા ફગાવી દઇને જાગ્યો ત્યારે જ એની ઉન્નતિના પગરણ શરૂ થયા અને આત્મજાગૃતિ રાખીને આરાધના કરતો રહ્યો તો પરમાત્મપદની પ્રાપ્તિ કરી શકયો.

ધર્મજાગ્રિકા કહો કે આત્મજાગૃતિ કહો એ પરમાત્મપદની પ્રાપ્તિનો પાયો છે. પાયા ઉપર જ ધર્મની આરાધનાની ઈમારત ખડી રહી શકે છે, એટલે તમે ધર્મજાગ્રિકા કરતા એ ચિંતન કરો કે હું કોણ? હું એટલે આ કાયાની કોટડીમાં કેદ પૂરાયેલ સચેતન

સનાતન આત્મા. જન્મ લીધો ત્યારથી મરણ સુધી આ કાયાની વેઠ કરનારો હું એમાં એવો અટવાઈ ગયો છું કે આ કાયા ભૂખી થઈ તો એને ખવડાવવું, થાકી ગઈ તો એને સૂવાડવાની, મેલી થઈ તો એને નવડાવવાની, ઇન્દ્રિયોને વિષયોની ઇચ્છા થાય તો એને ઇષ્ટ વિષયોની તૃપ્તિ કરાવવી, એ માટે પૈસાની જરૂર પડે એટલે કમાવાની વેઠ કરવાની, કાયાના સગા-સંબંધી અને સ્નેહીઓને સાચવવા, આ બધી પરની વેઠ કરનારો હું વેઠીયો જ છું ને! અનાદિકાળથી કાયાની કેદમાં પૂરાઈને મેં આવી ગુલામી જ કરી છે ને? મારા પોતાના સ્વરૂપનો વિચાર કર્યો નથી ને હજુ પણ આ જ કરી રહ્યો છું. કેવી દુર્દશા છે! શું, ત્યારે હું આ જ સ્વભાવવાળો છું? મારે કાયાની કેદમાં પૂરાવું જ પડે? એની અને એના લાગતાવળગતાની વેઠ કરવી પડે! આયુષ્ય પૂર્ણ થતાં એમાંથી મૃત્યુ પામીને રવાના થવું પડે અને ફરીથી કરોળિયાની જેમ નવા શરીરનું જાળું બનાવીને એમાં પૂરાવું જ પડે! શું આ મારો સ્વભાવ છે? આવી ચિંતવના કરતા અંદરથી ચેતનદેવ કહેશે કે ના....ના....હું આવા સ્વભાવવાળો નથી, ત્યારે હું કોણ? કેવો? હું અરૂપી આત્મા, અનંત જ્ઞાન દર્શન અને અનંત સુખના સ્વભાવવાળો છું પણ મોહના કારણે કર્મના આવરણોથી ઢંકાઈ ગયો છું અને તેથી જ કર્મની ગુલામી નીચે અનંત જ્ઞાનાદિ સંપત્તિ ખોઈ બેઠો છું. તેના કારણે એ જ્ઞાન અને આનંદ સ્વરૂપને પણ દેખાતા નથી. બાકી હું ખરેખર કંગાળ કે કાયર નથી. હું ઇન્દ્રિયોનો ગુલામ નથી પણ ઇન્દ્રિયો, વાણી, અને મન પર વર્ચસ્વ ધરાવતો જીવ છું. હું સ્વતંત્ર છું. આ કાયા અને ઇન્દ્રિયો બધા પરતંત્ર છે. હું ધારું તે પ્રમાણે મારી ઇન્દ્રિયોને પ્રવર્તાવી શકું છું ને ધારું તો પાછા હટાવી શકું છું. હું ધારું તે પ્રમાણે વાણી બોલાવી શકું છું. બોલવામાં ફેરફાર કરી શકું છું ને ધારું તો વાણીને બોલતી પણ બંધ કરી શકું છું. મનથી મારા ધાર્યા પ્રમાણે વિચારણા ચલાવી શકું છું ને વિચારણા બદલી શકું છું. હું આ દેહ અને ઇન્દ્રિયોનો ગવર્નર, સુપ્રીમ રાજા છું, માટે એ બધાને અશુભમાંથી રોકી શુભ વિષયોમાં પ્રવર્તાવી પુણ્યના ગંજ ઉભા કરનારો, નવા પાપ અટકાવનારો ને જુના પાપના ઢગલાને ઉખેડનારો અનંત શક્તિવંત છું. આ કાયા ઉપર મારું સંપૂર્ણ વર્ચસ્વ છે. ચરમ તીર્થપતિ મહાવીર ભગવાન, ધન્નાજી અને શાલીભદ્રજી જેવા મહાન આત્માઓ આવી ધર્મજાગ્રિકા કરીને જન્મમરણની જંજટથી મુક્ત થયા તો હું કોણ? હું એ પરાક્રમી પૂર્વજોનો વારસદાર છું. હું એમના જેવું જ ધર્મશાસન પામ્યો છું તો એમના પગલે ચાલીને માનવજીવનને સફળ બનાવી લઉં.

બંધુઓ! આવી ચિંતવણા કરવાથી આત્માને પોતાની શક્તિનું ભાન થાય છે ને મોહ ઉતરી જાય છે. આપણા ભગવાને આવી જાગ્રિકા કરીને કર્મશત્રુઓને હઠાવી કેવળ-જ્ઞાન પ્રગટ કર્યું હતું. કેવળજ્ઞાન પામ્યા પછી ભગવાને અનેક જીવોને તાર્યા છે, અને છેલ્લે આયુષ્ય પૂર્ણ થતાં અઘાતી કર્મોનો ક્ષય કરી આજે આસો વદ અમાસની પાછલી રાત્રે મોક્ષમાં પધાર્યા. તે પર્વને આપણે દિવાળી તરીકે ઉજવીએ છીએ. આજે દિવાળીનો

પવિત્ર દિવસ છે. અવનીના આંગણે આવેલ આ દિવાળીએ સૌના દિલમાં નૂતન ભાવનાના સમીરો હુલશાવ્યા, ઉત્સાહના પમરાટ ફેલાવ્યા, જ્યાં જુઓ ત્યાં બસ આનંદ આનંદ ને આનંદ. આ દિવસોમાં બાળકો, યુવાનો, નર–નારી સર્વે સારા સારા વસ્ત્રોથી દેહને શણગારી, રસની મધુરતા માણવા ખાનપાનની મહેફીલો ઉડાવે છે. રંગબેરંગી રંગોળીથી આંગણાને શણગારે છે. ચોરે અને ચૌટે, દ્વારે અને ગોખે, આંગણે ને પ્રાંગણે ઝગમગ દીવડાઓ પ્રગટે છે. સૌના હૃદયમાં એક જ ગુંજન ભાઇ! **"આજ તો દિવાળી આવી, નવા સંદેશા લાવી મહેફીલને મિજબાનીની, આનંદની નિશાની."** આવા જીવો માને છે કે રંગરાગની મસ્તી ને આનંદની ઉજવણી એ જ દિવાળી. દિવાળી એટલે પૈસાનો ધૂમાડો. દિવાળી એટલે દેહશણગારની હરીફાઇ અને ખાનપાનની મિજલસ. આવી દિવાળી ઉજવવાથી દેહને, ને મનને આનંદ થાય પણ આત્માની તો દિવાળીને બદલે હોળી થાય છે. દિવાળીના આગમનથી તમને જે આનંદ થાય છે તે આનંદ ક્ષણિક છે, નશ્વર છે. વાસ્તવિક રીતે દિવાળીનો અર્થ જો જીવ સમજે તો જે દિ વાળે તે દિવાળી. આજે જ્યાં નજર નાંખીએ ત્યાં દિવાળીનો મર્મ ભૂલાયો છે, ભાવના ભૂલાઈ છે.

દિવાળીના નિર્માણમાં હેતુભૂત કોણ હતા એ તો તમને ખબર છે ને? શાસનપતિ ત્રિલોકીનાથ શ્રી મહાવીર પ્રભુનો નિર્વાણ ને ગૌતમ સ્વામીનું કેવળજ્ઞાન. ચરમ તીર્થંકર મહાવીર પ્રભુ વિશ્વના બંધનથી મુક્ત બની સદૈવ વિદાય લઈને મોક્ષ લક્ષ્મીને વર્યા, અખંડ અજર પદને પામ્યા, દુનિયાના સર્વાંગી સુખ છોડીને અલૌકિક સુખ પ્રાપ્ત કર્યું અને તેમના પટ્ટ શિષ્ય ગૌતમ સ્વામીએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. વિશ્વના ઉપકારક, ઉદ્ધારક, કરૂણાસાગર, માર્ગદર્શક, પ્રભુ જગતના પ્રાંગણથી અદૃશ્ય થાય, વિશ્વ-વાત્સલ્યના ઝરણાનું અમૃત શુષ્ક બની જાય, પરમાર્થનું પંખેરૂ ઉડી જાય ત્યારે શું જગતના જીવોની આંખમાં આંસુ ન હોય? શોકની ઘેરી છાયા ન હોય? હોય જ. પ્રભુ તો વીતરાગ બની ગયા. એમણે રાગાદિ શત્રુઓનો નાશ કર્યો પણ બીજા જીવો તો છદ્મસ્થ હતા. પ્રભુને આધારસ્થંભ માનનારા હતા એટલે શાસનના તેજસ્વી રત્ન વિલય થયાનો, આધાર સ્થંભ તૂટી ગયાનો આઘાત સહન કરવાને સમર્થ ન બને એ સ્વાભાવિક છે. તેઓ સાચા રાહે ગયા ને સાચા પંથનો માર્ગ બતાવતા ગયા. આત્માની કમાણી કરી બીજાને કીમીયો બતાવતા ગયા. દેહ ગયો પણ શાસન મૂકતા ગયા. ઉપદેશધારા ગઇ પણ વચનબિંદુ મૂકતા ગયા.

ગઈ કાલના દિવસે અને આજના દિવસે ભગવાને સોળ પ્રહર સુધી એકધારી સતત દેશના આપી હતી. એ દેશનામાં ઉત્તરાધ્યયન સૂત્ર અને વિપાક સૂત્ર અંતિમ સમયે ભગવાને આપણને અમૂલ્ય હિત શિખામણ આપેલી છે, પિતા એના પુત્રને જિંદગીભર શિખામણ આપે પણ અંતિમ સમયે જે છેલ્લી શિખામણ આપે તેની કિંમત વધારે હોય ને? તેવી રીતે ભગવાનની અંતિમવાણી આપણા હૃદયમાં મંત્રની જેમ વણાઇ જવી

જોઇએ અને જીવનના અંત સુધી આપણે એને શ્રદ્ધાપૂર્વક હૃદયમાં ધારણ કરી રાખવી જોઇએ. ભગવાનની વાણી આપત્તિને ભેદનારી અને મનવાંછિત સુખને આપનારી છે. અનિચ્છાએ સાંભળનાર આત્માઓનો પણ ઉદ્ધાર થઇ ગયો છે તો પછી જે શ્રદ્ધાપૂર્વક સાંભળીને આચરણ કરે એની તો વાત જ શું કરવી ? આજે આપણા માટે પ્રભુવાણીનો દીપ આત્માના અટલ અંધારાને ઉલેચીને મુક્તિમંઝીલ પર પહોંચવા સમર્થ શક્તિવાન છે. આપણે એટલા ભાગ્યશાળી છીએ કે આજ ઝગમગતા વીરવાણીના અજવાળાના ચમકારા ભાવિના ઉત્થાન માટે રહ્યા છે. જેટલા શુદ્ધ ભાવથી આપણે વીરવાણીને હૃદયમાં ઝીલીએ તેટલા આપણા કર્મો જલ્દી ખપે છે. અહીં બેસીને એક ચિત્તે જો સાંભળશો તો તમારા હૃદયમાં ચોંટી જશે અને ક્ષણભર તો થઈ જશે કે પ્રભુની વાણી કેવી મધુર છે ! ભગવાને શું કરવાનું કહ્યું છે ને હું શું કરી રહ્યો છું ? અને હવે સમજ્યા પછી પણ મારે શું કરવું જોઇએ ? પણ જો અહીં આવીને બેઠા પછી ચિત્ત વેર જતું હોય, પૈસા યાદ આવતાં હોય, વહેપાર ધંધો યાદ આવતો હોય તો પછી ભગવાનની વાણી અંતરમાં ઉતરે ખરી ? અને મોક્ષનું મોતી મળે ખરું ? , "ના" તો મોક્ષનું મોતી કોણ મેળવી શકે ? જે ભગવાનની વાણીમાં એકતાન બની જાય તે. જો તમારે જલ્દી મોક્ષ મેળવવો હોય તો ભગવાનની વાણીમાં એકતાન બની જાઓ.

ભગવાને અંતિમ દેશના પાવાપુરીમાં આપી છે. ભગવાન એક વખત ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા પાવાપુરી નગરીને પાવન કરવા માટે શેષકાળ પધાર્યા. ભગવાનનું આગમન થતાં પાવાપુરીની જનતા ભગવાનના દર્શન કરવા ઉમટી. પાવાપુરીના હસ્તિપાળ રાજાના સાડા ત્રણ ક્રોડ રોમરાય ખીલી ઉઠ્યા. અહો ! આજે મારે આંગણે સોનાનો સૂર્ય ઉગ્યો. મારી પાવાપુરી નગરી પ્રભુના પુનીત પગલે પાવન બની ગઇ. મોર ગાજે અને મોર નાચે તેમ હસ્તિપાળ રાજાના મનનો મોરલો નાચવા લાગ્યો અને જલ્દી પરિવાર સહિત પ્રભુના દર્શન કરવા માટે આવ્યા. ખૂબ ભાવપૂર્વક પ્રભુને વંદન નમસ્કાર કરીને દેશના સાંભળવા માટે બેસી ગયા. એક ચિત્તે પ્રભુની દેશના સાંભળી. હસ્તિપાળ રાજાને ખબર હતી કે આ પ્રભુનું છેલ્લું ચાતુર્માસ છે એટલે મનમાં વિચાર કર્યો કે પ્રભુના છેલ્લા ચાતુર્માસનો અમને લાભ મળે તો જીવન સફળ બની જાય. હું પ્રભુને વિનંતી કરું, એટલે દેશના પૂર્ણ થયા પછી હસ્તિપાળ રાજા પ્રભુને ચાતુર્માસ માટે વિનંતી કરવા ઉભા થયા, તેથી પાવાપુરીની જનતા પણ ઉભી થઈ ને બધા પ્રભુના ચરણમાં મસ્તક નમાવીને વિનંતી કરવા લાગ્યા.

બંધુઓ ! જે હળુકર્મી અને મોક્ષગામી જીવો હોય છે તેમના જીવનમાં વિનય, નમ્રતા, સરળતા, ક્ષમા વિગેરે ગુણોનો સુમેળ હોય છે. આજે તો વિનયનો દેશનિકાલ થઇ ગયો છે. ધન કમાવા માટે ઘણો વિનય બતાવો છો. તમારી ઓફીસમાં કોઈ મોટો

વહેપારી આવે ત્યારે તમે તમારી ખુરશી કે ગાદી ઉપર બેઠા હો તો ઉભા થઈ જાઓ છો ને? એના સામા જાઓ, આદર સત્કાર કરો છો પણ તમે દિવાનખાનામાં બેઠા છો ને સાધુ-સાધ્વી તમારે ઘેર પધારે તો કેટલો વિનય કરશો! સંસારના સુખ માટેનો વિનય તમને તારશે નહિ.

ભગવાને પોતાની અંતિમ દેશનામાં સૌથી પ્રથમ આપણને વિનય શીખવાડ્યો છે. ઉત્તરાધ્યયન સૂત્રનું પ્રથમ અધ્યયન વિનય વિષે છે વિનય એ તો વૈરીને વશ કરવાનું વશીકરણ છે. આ વિનયવંત હસ્તિપાળ રાજા પ્રભુને વિનંતી કરવા ઉઠયા તો પ્રજા પણ ઉઠી. પ્રભુના મુખડા સામે જોઇને હસ્તિપાળ રાજા કહે છે હે મારા કરૂણાનીધિ! અનાથોના નાથ! દીનદયાળ! મારા ત્રિલોકીનાથ! આ સેવકની એક નમ્ર વિનંતીનો આપ સ્વીકાર કરો. રાજા પ્રભુને શું વિનંતી કરે છે?

થેં અબકો ચોમાસો સ્વામીજી અહે કરોજી, થેં પાવાપુરીસે પગ
આધો મતિ ધરોજી,
હાસ્તપાળ રાજા વિનવે બે કરજોડ, પુરો પ્રભુજી મારા મનના હો કોડ,
શીશ નમાય ઉભા જોડી હાથ, કરૂણાસાગર વાંછો કૃપાજી નાથ. થેં અબકો.

હસ્તિપાળ રાજા પ્રભુની સામે જોઇને કહે છે હે કરૂણાસિન્ધુ! આપ મારી વિનંતીનો સ્વીકાર કરી આ છેલ્લું ચાતુર્માસ પાવાપુરીને આંગણે બિરાજો. આપના ચાતુર્માસથી અમને મહાન લાભ થશે. ભવ્ય જીવો આત્માનું કલ્યાણ કરશે. હું આપને આ વખતે અહીંથી દૂર નહિ જવા દઉં. આ લાભ અમને જ આપો. હસ્તિપાળ રાજા પ્રભુને વિનંતી કરતા આંખમાંથી નાના બાળકની જેમ આંસુ સારી રહ્યા છે. નાનું બાળક માતા પાસેથી કંઇ લેવું હોય તો કાલીઘેલી ભાષા બોલીને માતાનું હૃદય પીગળાવી નાંખે છે ને? તેમ હસ્તિપાળ રાજા પણ નાના બાળકની જેમ ભગવાન પાસે કરગરે છે.

જે ભૂમિના મહાન પુણ્ય હોય ત્યાં શાસનપતિ તીર્થંકર પ્રભુનું ચાતુર્માસ થાય. જ્યાં તીર્થંકર પ્રભુ બિરાજમાન હોય ત્યાં ઉપદ્રવ, રોગ, શોક, દૂર થઈ જાય અને શાંતિમય, આનંદદાયક વાતાવરણ પ્રસરી જાય છે. હસ્તિપાળ રાજાએ પ્રભુને ખૂબ જોરદાર વિનંતી કરી. ભગવાન તો કેવળજ્ઞાની હતા. તેમણે પોતાના જ્ઞાન દ્વારા જાણ્યું કે મારો દેહ આ ભૂમિમાં જ વિલય થવાનો છે. આ ભૂમિમાંથી જ મારે મોક્ષમાં જવાનું છે. મારા માટે આ ભૂમિની છેલ્લી સ્પર્શના છે. એમ જાણીને ભગવાને હસ્તિપાળ રાજાની વિનંતીનો સ્વીકાર કર્યો. પ્રભુનું ચાતુર્માસ પાવાપુરીમાં થશે તે જાણી રાજા અને પ્રજાના દિલમાં આનંદ આનંદ છવાઈ ગયો. સમય થતાં ભગવાન પાવાપુરીના આંગણે ચાતુર્માસ માટે પધાર્યા. શ્રાવક શ્રાવિકાઓને આનંદનો પાર નથી. પ્રભુના પુનીત પદાર્પણથી પાવાપુરી નગરી ગાજી ઉઠી છે. ભવ્ય જીવો પ્રભુની વાણીના ઘૂંટડા પીતા ધરાતા નથી.

પ્રભુનું ચાતુર્માસ થયું તેનો આનંદ છે અને સાથે આ પ્રભુનું ચરમ ચાતુર્માસ છે. હવે આપણને ભરતક્ષેત્રમાં અરિહંત પ્રભુનો વિયોગ પડશે તેનું અત્યંત દુઃખ છે, કારણ કે અરિહંત પ્રભુનો વિયોગ પડે તે કોને ગમે? આજે અમે ભગવાનના શાસ્ત્રોના આધારે ચાલીએ છીએ પણ કયારેક કોઈ વાત ન સમજાય ત્યારે ભગવાન ખુદ બિરાજમાન હોત તો એમની પાસે જઈને શંકાનું સમાધાન કરત, પણ અત્યારે શંકાનું સમાધાન કરનાર કોણ છે? આજે આપણી પુન્નાયમાં કચાશ છે કે આપણને સર્વજ્ઞ પ્રભુનો વિયોગ છે. જેની રગેરગમાં જિનભાષિત ધર્મ વણાઈ ગયો હોય તેને અરિહંત ભગવાનનું અને એમની વાણીનું મૂલ્ય સમજાય. ધર્મની કિંમત ધર્મી જ આંકી શકે છે. હીરાના મૂલ્ય તો ઝવેરી જ આંકી શકે, ભરવાડને કંઈ હીરાના મૂલ્યની ખબર પડે? (અહીં પૂ. મહાસતીજીએ ભોળા ભરવાડનું દૃષ્ટાંત આપ્યું હતું.)

બંધુઓ! આપણા આત્માની પણ આવી દશા છે. ભોળા ભરવાડને તો સમજણ ન હતી એટલે પચ્ચીસ હજારની કિંમતનો હીરો દશ રૂપિયામાં આપી દીધો પણ તમે તો એના જેવા નથી ને? ચતુર વણિક છો ને? વિચાર કરો કે કરોડોના હીરા કરતાં પણ કિંમતી માનવભવનો તમે શેમાં ઉપયોગ કરો છો! કામભોગોમાં, મોજશોખમાં ને ખાવા-પીવામાં ગુમાવી રહ્યા છો પણ યાદ રાખજો કે કરોડો રૂપિયા આપતા પણ આ મનુષ્યભવ અને મનુષ્યભવની અમૂલ્ય ક્ષણો નહિ મળે. તમે પૈસાની કિંમત સમજો છો પણ એ પૈસો તમને જીવાડી શકતો નથી. કલૈયાકુંવર જેવો એકનો એક યુવાન દીકરો મૃત્યુશય્યા પર પોઢે છે ત્યારે એના માતાપિતા લાખો રૂપિયા અર્પે તો પણ તૂટી તેની બૂટી છે? લાખો ને કરોડો રૂપિયા દઈ દો પણ ગયેલી જિંદગીની એક ક્ષણ પાછી મળવાની નથી. હવે કહો કે પૈસાની કિંમત છે કે માનવભવની? આપણો કિંમતી સોનેરી સમય સરી જાય છે. તક ગયા પછી ગમે તેટલો પશ્ચાતાપ કરશો તો પણ નહીં મળે, માટે સમયને ઓળખીને બને તેટલી સાધના કરી લો.

મહાવીર પ્રભુને મોક્ષમાં ગયા આટલા વર્ષો થઈ ગયા છતાં આજે દિવાળીના દિવસે આપણે ભગવાનને યાદ કરીએ છીએ. આજનો પવિત્ર દિવસ મહાવીર પ્રભુના કલ્યાણક સાથે સંકળાયેલો છે. આ દિવસે આપણને અરિહંતનો વિયોગ પડયો છે તેનું સ્મરણ તાજું થાય છે. વહેપારીઓ વર્ષની કાર્યવાહીની સમાપ્તિ કરીને નફો તથા લેવડદેવડનું સરવૈયું કાઢે છે પણ આજે તો આપણે આત્માનું સરવૈયું કાઢવાનું છે. ભગવાન સર્વજ્ઞ તો હતા પણ આજના દિવસે તેઓ સર્વાંગસંપન્ન બન્યા. જ્યાં સુધી પ્રભુનો આત્મા સમકિત પામ્યો ન હતો ત્યાં સુધી બીજા જીવોની જેમ ભવાટવીમાં ભમીને નુકશાની પર નુકશાની કરતો હતો, કારણ કે મોહ અને અજ્ઞાનને કારણે જીવ અવળો વહેપાર કરતો હોય છે. ભગવાનના આત્માએ સમ્યકત્વ પામ્યા પછી ભવભ્રમણ ટાળવા માટેનો પુરૂષાર્થ ઉપાડયો. આજથી ૨૫૦૪

વર્ષો પૂર્વે પ્રભુએ એવી દિવાળી ઉજવી કે જેમાં સર્વ નુકશાનીનું વળતર કરીને કેવળ નફાનું સરવૈયું કાઢયું. ચાર ગતિના જન્મ-મરણના ફેરા ચૂકતે કરી નાંખ્યા. સમસ્ત દોષોને ટાળીને અનંત ગુણોનો નફો મેળવી લીધો.

દેવાનુપ્રિયો ! આજે રાત્રે આપણા પ્રભુ નિર્વાણ પામ્યા છે. આપણા પ્રભુએ આપણને ઘણું ઘણું શીખવ્યું છે. એમની સાધના એવી જબ્બર હતી કે જ્યારે આપણે વાંચીએ ત્યારે આપણો પ્રમાદ ટળી જાય. ભગવાને ઘોર સાધનાને અંતે કેવળજ્ઞાન અને કેવળ દર્શન પ્રાપ્ત કર્યું, પછી આપણને તેમણે કર્મબંધનથી મુક્ત થવાનો માર્ગ બતાવ્યો ને ઉદ્‌ઘોષણા કરીને કહ્યું કે ભવ્ય જીવો ! જાગો. આ સાધના કરવાનો કિંમતી સમય હાથમાંથી ચાલ્યો ન જાય તેની સાવધાની રાખો. સમ્યગ્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન સમ્યક્‌ચારિત્રમાં રમણતા કરવી તે નિજસ્વરૂપમાં રમણતા છે, પણ અનાદિકાળથી ભૂલો પડેલો જીવ પરમાં રમણતા કરી રહ્યો છે. કોઈ દિવસ જીવને વિચાર આવે છે કે હું ક્યાં સુધી પરમાં સ્વપણું માનીને ભટકીશ ? આત્માનો અનંત બળનો પરમાં રમણતા કરવાથી નહિ મળે. કાજળની કોટડીમાં રહીને કાળાશ લાગવા દેવી નથી એ કેમ બને ? એવી રીતે કર્મની કોટડીમાંથી મુક્ત થવું હશે તો આત્મા ઉપરથી કષાયોની કાલીમાને દૂર કરવી પડશે. જેમની પાસે સંસારના સમસ્ત સુખો હતા, જેમની સેવામાં ઇન્દ્રો હાજર હતા તેવા ભગવાન મહાવીરે પણ ત્યાગના પંથે પ્રયાણ કર્યું. જીવનમાં ત્યાગની ખૂબ આવશ્યકતા છે. ત્યાગ વિના ત્રણ કાળમાં કલ્યાણ નથી. ત્યાગ પણ કેવો ? ફક્ત શ્વેત વસ્ત્રો પહેરી લેવાથી કે માથે મુંડન કરવાથી કલ્યાણ નથી થવાનું પણ આત્માના લક્ષપૂર્વકનું સાધુપણું અંગીકાર કરીને જબ્બર પુરૂષાર્થ ઉપાડી, કર્મના ઓઘને ઉડાડવા માટે તપ-ત્યાગની અવશ્ય જરૂર છે. ભગવાને સાડા બાર વર્ષ સુધી અઘોર તપશ્ચર્યા કરી કર્મોને ખપાવ્યા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવ્યા પછી પ્રભુએ તીર્થની સ્થાપના કરી. દેવોએ ભગવાનનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવ્યો અને પ્રભુ ત્રણ જગતના નાથ બન્યા. ભગવાને સંયમ લઈને પોતાના આત્માનું જ કલ્યાણ નથી કર્યું પણ અનેક જીવોને તાર્યા છે. ભગવાન કેવા છે ? "તિન્નાણં તારયાણં" પોતે તર્યા છે ને ભવ્ય જીવોને તાર્યા છે. પરમ કરૂણાનિધિ ભગવાને પાપીમાં પાપી જીવોનો ઉદ્ધાર કર્યો છે. ચંડકૌશિક જેવા ભયંકર ઝેરી દૃષ્ટિવિષ સર્પને પણ ઉપદેશ આપીને તાર્યો છે. રોજ સાત સાત જીવોની ઘાત કરનારા અર્જુનમાળી જેવા પાપીને પણ સંયમ આપીને તેનો ઉદ્ધાર કર્યો છે અને સતી ચંદનબાળા જેવી રાજકુમારીને પણ પોતાની વડી શિષ્યા બનાવીને તારી છે.

આવા કરૂણાના સાગર મહાવીર પ્રભુનું ચાતુર્માસ પાવાપુરીમાં થયું છે. ભગવાનના ચોમાસા તો બેંતાલીસ થયા, તેમાં ચૌદ તો રાજગૃહી નગરીમાં થયા. એ ભૂમિ પણ

પુણ્યવાન હતી પણ આ તો છેલ્લું ચાતુર્માસ છે એની એટલે વિશેષ મહત્તા છે. ભગવાનની વાણી સાંભળીને જીવો પ્રતિબોધ પામે છે. સૌના આનંદનો પાર નથી પણ સાથે પ્રભુનો વિયોગ પડવાનો છે તેનું દુઃખ દિલને સતાવી રહ્યું છે. ચાતુર્માસના દિવસો પસાર થતાં થતાં દિવાળીના દિવસો આવી ગયા. અઢાર દેશના રાજાઓ રાજ્યનું કામકાજ છોડીને છઠ્ઠ પૌષધ કરીને પ્રભુ સન્મુખ બેસી ગયા ને પ્રભુના મુખ સામે મીંડાની મેખ દૃષ્ટિથી જોતાં એકાગ્રચિત્તે વાણી સાંભળી રહ્યા છે. દરેકના દિલમાં દુઃખ છે, કારણ કે અરિહંત પ્રભુનો વિયોગ પડવાનો છે. ભગવાન મોક્ષ જવાના સમયે ઇન્દ્ર આવીને પ્રભુને વિનંતી કરે છે કે પ્રભુ ! આપના નિર્વાણ સમયે ભસ્મગ્રહ બેસવાનો છે તો આપ વધુ નહિ, બે ઘડી રોકાઇ જાઓ તો પાછળના લોકોને દુકાળના દુઃખ વેઠવા ન પડે, ત્યારે ભગવાને કહ્યું હે ઈન્દ્ર ! "न भूतो न भविष्यति." એ બન્યું નથી ને બનશે નહિ. જે જન્મે છે તેને અવશ્ય જવાનું છે. પ્રભુએ એ વાતનો સ્વીકાર ન કર્યો. અખંડ સોળ પ્રહર સુધી દેશના આપીને સર્વ કર્મોને ગાળીને મહાવીર પ્રભુ આસો વદ અમાસની પાછલી રાત્રે મોક્ષમાં બિરાજ્યા.

જેણી રાતે વીર પામ્યા મુક્તિ, કેવળ પામ્યા ગૌતમસ્વામી,
જ્યારો જાપ જપો નવકારવાળી, વીર મુક્તે બિરાજ્યા દિન દિવાળી.

આસો વદ અમાસની પાછલી રાત્રે મહાવીર પ્રભુ મોક્ષે પહોંચ્યા અને બીજી તરફ ભગવાનના પટ્ટશિષ્ય ગણધર ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, એટલે એક તરફ વિયોગનું દુઃખ અને બીજી તરફ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનના મહોત્સવનો આનંદ છે. આવા મહાન પ્રસંગોને લક્ષમાં લઈને આપણે ધર્મારાધનાથી દિવાળી ઉજવવાની છે. ભગવાને ઘાતી કર્મોનો ક્ષય કર્યો ને ગૌતમસ્વામીએ ઘાતી કર્મોનો ક્ષય કર્યો છે. એમણે કર્મના ફટાકડા ફોડીને ભવભ્રમણ અટકાવ્યું છે ને તમે બધા દારૂના ફટાકડા ફોડી હિંસા કરીને ભવભ્રમણ વધારો છો. જો ફટાકડા ફોડવા હોય તો કર્મના ફટાકડા ફોડો ને આત્માને પવિત્ર બનાવી સાચી દિવાળી ઉજવો. જેણે આત્માને ઉજ્જવળ બનાવ્યો તે સાચી દિવાળી ઉજવી ગયા છે. મહાવીર પ્રભુ અને ગૌતમસ્વામી એ ગુરૂ શિષ્યે એવી દિવાળી ઉજવી અને આપણને ઉજવવાનો ઉપદેશ આપી ગયા છે.

ભગવાનની અંતિમદેશના ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનો અધિકાર આપણે રોજ વંચાય છે. આજે પણ થોડું વાંચીએ. ગિરનારની ગુફામાં રાજેમતીને જોઈને રહનેમિનું મન ચલાયમાન થયું અને તે રાજેમતી પાસે જઈને કહે છે હે રાજુલ ! આ શબ્દો સાંભળી રાજેમતી ચમક્યા. આ સાદમાં વાત્સલ્ય ન હતું પણ વાસના ભરી હતી. એ વિચારવા લાગી કે રહનેમિ અહીં કયાંથી ? ત્યાં તો મુનિના મનનો મોરલો ટહુકી ઉઠ્યો. હે રાજુ ! તું ઢેલ ને હું મોર ! હું તને સુંદરી માનું છું. તું આવ મારી પાસે,

આપણે ભોગ ભોગવીએ. રહનેમિના શબ્દો સાંભળીને શ્રમણી રાજેમતીની આંખ આગળ પૂર્વનો ભૂતકાળ ખડો થઈ ગયો. એક વખતની પોતે રાજકુમારી, નેમકુમાર પોતાની સાથે લગ્ન કરવા માટે જાન જોડીને આવ્યા પણ અબોલોની આલમના આંસુ એમણે જોયા અને એમનો જાન બચાવવા પોતાની જાન એમણે પાછી વાળી. એક વર્ષ દાન આપ્યું અંતે આજ ગરવા ગઢ ગિરનાર ઉપર તેઓ પ્રવર્જિત થયા. વર્ષો પછી પોતે પણ આ પંથે ચાલી નીકળી. રહનેમિએ પણ નેમનાથ પ્રભુ સાથે દીક્ષા લીધી હતી. રહનેમિને પતનના પંથે ગયેલા જોઇને રાજેમતી વિચાર કરવા લાગી કે શું, સિંહના સામર્થ્યથી સંયમના પંથે સંચરેલા દેવરિયા મુનિવર શું સસલું બની જશે? એમનું હૃદય કંપી ઉઠયું પણ બીજી જ ક્ષણે સ્વસ્થ બનીને બોલ્યા.

દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો, ધ્યાન થકી હોય ભવનો પાર રે....મુનિવર

રાજેમતીના શબ્દો સાંભળીને રહનેમિ કહે છે. સુંદરી ! શું ધ્યાન અને શું ધારણા! તું મને આજે મુનિવર તરીકે ન નિહાળીશ. હું આજે તારી સામે મુનિ તરીકે નહિ પણ પાંત તરીકે ઉભો છું. રાજેમતી મનમાં વિચાર કરવા લાગ્યા કે માખણ ભલે ને સામે રહ્યું પણ જ્યાં સુધી હું અગ્નિ ન બનું ત્યાં સુધી કોઈની તાકાત નથી કે માખણને પીગળાવી શકે. રાજેમતી કહે છે મુનિવર! તમારું ધ્યાન તોડીને આ શું ધતીંગ કરવા તૈયાર થયા છો? તમારા ધ્યાનમાં લીન રહો પણ જેના અંતરમાં વાસનાનો કીડો સળવળાટ કરી રહ્યો છે એવા રહનેમિ કહે છે રાજુલ સુંદરી ! વીજ ઝબૂકે એટલામાં મોતી પરોવી લે. યૌવનનું ઉપવન હજુ પૂર બહારમાં છે, ત્યાં સુધી ચાલો, ભોગી ભ્રમર બનીને આપણે એની પરાગ પી લઇએ. ધર્મ, ધ્યાન અને ધારણાની વાતો કરવાની આ વય નથી. ભોગ ભોગવ્યા પછી ઘડપણમાં એ બધું નિરાંતે કરીશું.

સાધ્વી રાજેમતીએ વિચાર કર્યો કે જ્યાં સુધી રહનેમિના હૈયામાં ચોટ નહિ લાગે ત્યાં સુધી તુચ્છવૃત્તિ શાંત નહિ થાય, માટે એને ઝાટકવાની જરૂર છે. રાજેમતી તેજસ્વી સાધ્વી હતી. સાચી સિંહણ હતી. ડરીને બેસી જાય તેવી ન હતી. પહેલાં એણે રહનેમિને સમજાવ્યો પણ સમજ્યો નહિ. મહાન આત્માઓ પહેલા શામ એટલે સમજાવે પણ ન સમજે તો દામ કડકાઈથી વાત કરે. કડકાઈથી પણ જો કાબૂમાં ન આવે તો દંડ આપીને વાત કરે છે. આવી એકાંત ગુફામાં રહનેમિ લાજ મર્યાદા છોડીને એની સામે ઉભા રહ્યા, ત્યારે રાજેમતી પણ મક્કમ બની. ભારતની સતીઓમાં કેવું ખમીર હોય છે કે એના માથે મારણાંત સંકટ આવે તો પણ ચારિત્ર છોડતી નથી. કોઈ વખત મહેલમાં પણ સતીઓને શીયળની કસોટી આવે અને કોઈવાર આવા જંગલમાં પણ આવી જાય છે પણ આવા એકલા હોય અને કસોટી આવે ત્યારે પોતાના પ્રાણની પરવા કર્યા વિના મક્કમ રહેવું એ સામાન્ય વાત નથી. સતીઓએ શીયળને માટે પ્રાણ આપ્યા છે અને સાધુઓએ સંયમને માટે પ્રાણ આપ્યા છે પણ સંયમ છોડયો નથી. આગળના શ્રાવકો પણ એવા ખમીરવંતા હતા કે ધર્મને માટે પ્રાણ દીધા છે પણ ધર્મ છોડયો નથી.

એક ગામમાં જૈન ધર્મની દૃઢ શ્રદ્ધાવંત ઘણાં શ્રાવકો વસતા હતા. એમની રગેરગમાં જૈન ધર્મની શ્રદ્ધા હતી. એ ગામના રાજા મરણ પામ્યા ને નવા રાજા આવ્યા. રાજા સાથે પ્રધાન પણ બદલાયો. એ રાજા અને પ્રધાન બને ધર્મના દ્વેષી હતા. એમણે જૈન ધર્મનો વિરોધ કરવા માંડયો અને શ્રાવકોને બોલાવીને કહે છે તમારો જૈન ધર્મ હંબક છે. મારા ગામમાં જૈન ધર્મનું નામનિશાન ન જોઈએ તમારો ધર્મ છોડી દો. શ્રાવકો કહે છે મહારાજા! અમારા પ્રાણ જશે તો કુરબાન પણ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી જૈન ધર્મ નહિ છુટે. ત્યારે રાજાએ કહ્યું જો તમે જૈન ધર્મ નહિ છોડો તો હું તમને બધા જૈનધર્મીઓને તેલના કડકડતા તાવડામાં તળી નાંખીશ. શ્રાવકો કહે છે તેલની કડાઈમાં તળાઈ જવા તૈયાર છીએ ધર્મને ખાતર પ્રાણ છુટશે તો પણ અમારું તો કલ્યાણ જ છે. રાજાને ખૂબ ક્રોધ આવ્યો ને ઓર્ડર કર્યો કે આ લોકોને પકડીને તાવડામાં તળી નાંખો. બધા યુવાન શ્રાવકોને પકડી લીધા ને બીજે દિવસે મોટો ભઠ્ઠો સળગાવી તેના ઉપર તેલનો તાવડો મૂકાવ્યો ને ઉકળતા તેલમાં શ્રાવકોને તળવા લાગ્યા. જોઈ ન શકાય એવું કરૂણ દૃશ્ય હતું, પણ જિનશાસન માટે પ્રાણ દેવા શ્રાવકો હસતા હસતા તાવડામાં પડવા લાગ્યા. જેમ અંધક અણગારના શિષ્યોને પાલક પ્રધાને ઘાણીમાં પીલ્યા ત્યારે ગુરૂ શિષ્યોને કહેતા હતા કે હે મારા શિષ્યો! કસોટીનો સમય છે. મન સમાધિમાં રાખજો, ત્યારે શિષ્યો કહે છે "ગુરૂદેવ! **'અમે નથી પીલાતા, અમારા કર્મો પીલાય છે. તન પીલાય છે ચીચોડામાં, પણ મન રમે છે નવકારમાં.**" જેમ અંધક મુનિના શિષ્યો હસતા હસતા ઘાણીમાં પીલાયા હતા તેમ આ શ્રાવકો હસતા મુખે તાવડામાં તળાવા લાગ્યા. એક પછી એક એમ કરતા એકવીસ શ્રાવકોને તળી નાંખ્યા, પછી એક યુવાન શ્રાવકની નવોઢા પત્ની આવીને કહે છે અમારા પતિને તાવડામાં તળ્યા તો હવે અમારે જીવીને શું કામ છે? અમને પણ તળી નાંખો. આ દૃશ્યથી આખી સભામાં કમકમાટી છવાઈ ગઈ. કેટલાક પુરૂષો બેભાન બની ગયા અને જ્યાં નવયુવાન મીંઢળ બાંધેલી કન્યા રૂમઝુમ કરતી તેલના ઉકળતા તાવડા પાસે આવી ત્યાં રાજા અને પ્રધાન ધ્રુજી ઉઠયા, ને બોલી ઉઠયા બસ કરો. હવે આ દૃશ્ય અમારાથી નથી જોવાતું. હવે મારા રાજ્યમાં જૈનધર્મનો ધ્વજ ફરકશે. જે જૈન ધર્મની ટીકા કરશે તેને સજા કરવામાં આવશે, અને હું પણ આજથી જૈન ધર્મ સ્વીકારું છું.

બંધુઓ! શ્રાવકોની અડગ શ્રદ્ધાને કારણે જૈન ધર્મના દ્વેષી રાજા પણ પ્રેમી બની ગયા, પણ એ કયારે બન્યું? એક વાર પ્રાણનું બલીદાન આપવું પડયું. તમારે માથે આવું ધર્મસંકટ આવે તો પ્રાણ આપવા તૈયાર છો? આવા દૃઢ શ્રાવકો જૈનશાસનને જયવંતુ બનાવે છે. અહીં રાજેમતીની પણ કસોટી આવી છે. રહનેમિને એણે અત્યાર સુધી સમજાવ્યો પણ જાણ્યું કે હવે આ તો સમજે તેમ નથી. એની સાથે કડકાઈથી કામ લેવું પડશે. હવે રાજેમતી રહનેમિને કેવા કડક શબ્દો કહેશે ને કેવી રીતે સંયમમાં

સ્થિર કરશે તેના ભાવ અવસરે કહેવાશે. ભગવાનની વાણી અંતરમાં ઉતારી જીવનમાંથી અજ્ઞાનના અંધકાર દૂર કરી જ્ઞાનના દિપક પ્રગટાવશો તો જ તમે સાચી દિવાળી ઉજવી છે.

વ્યાખ્યાન નં.-૯૬

કારતક સુદ ૨ ને ગુરૂવાર "ભાઈબીજ" તા. ૧-૧૧-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! મહામંગલકારી દિવાળીના પનોતા દિવસો ચાલી રહ્યા છે. તમે બધાએ ગઈ કાલે નૂતન વર્ષાભિનંદન કર્યા અને અન્યોન્ય શુભેચ્છાઓ પાઠવી. આવા પવિત્ર દિવસો આત્માને નૂતન સંદેશાઓ આપે છે. હે ચેતન ! નૂતન વર્ષ એટલે જીવનની એક ડાયરી પ્રત્યેક વર્ષ એના કર્મા છે. પ્રત્યેક દિવસ એ એના પાના છે. પ્રત્યેક અક્ષર એ કાર્ય છે. કાગળની ડાયરી ત્યારે જ સુંદર અને સુશોભિત લાગે છે કે જ્યારે એના કર્મા સ્વચ્છ અને સુંદર હોય, કર્મા ત્યારે જ સુંદર બને કે એના પાના પરના અક્ષરો સુરેખ અને સ્વચ્છ હોય, તેમ નૂતન વર્ષ એટલે ૩૬૦ પાનાની એક નાનકડી સુંદર ડાયરી. આ ડાયરીને કેવી રીતે સાચવવી ? એમાં શું લખવું ? શું ચીતરવું ? એને શું કરવું ? માત્ર એને સાચવીને મૂકી રાખવી કે ફાડી નાંખવી કે એને એક આદર્શ ડાયરી બનાવવી ? શું કરવું એ તમારા હાથની વાત છે. આ ડાયરીમાં બધું નોંધાય છે. વર્ષની એક પણ વાત એવી નહિ હોય કે એમાં નહિ નોંધાતી હોય. જીવનમાં કાળા કર્મો કર્યા હોય તે નોંધાય છે અને કોઈને આર્થિક મુશ્કેલીમાં અણીના સમયે સહાય કરી શુભ કર્મો ઉપાર્જન કર્યા હોય તે પણ નોંધાય છે. કોઈ ભોળા ઘરાકના ગળા ઉપર છરી ફેરવી હોય એવા અહેવાલ પણ લખાય છે ને કોઈ બબ્બે ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા ભિખારીની ભૂખ મટાડી એના અંતરના મેળવેલા આશીર્વાદના અહેવાલ પણ લખાય છે.

બંધુઓ ! તમારે તમારી જીવનડાયરીને સુશોભિત બનાવવી હોય તો જીવન રૂપી ડાયરીના પાને સત્કાર્યની રંગોળી પૂરો, સદ્‌ભાવનાના સપ્તરંગી ચિત્ર ઠોરો, પરોપકાર, પ્રેમ, પરમાર્થ અને ક્ષમાની સૌરભથી જીવન મઘમઘતું બનાવો, જ્ઞાનના દીવડા પ્રગટાવો, તપના તોરણ બંધાવો. સારું વર્ષ ભલે વીતી જાય પણ આ આદર્શ ડાયરીમાં આદર્શ કરેલા કાર્યોની નોંધને ટાંકીને જીવનભર માટે આંખ સામે રાખી તેનું ચિંતન કરો, પ્રત્યેક માનવી જો પોતાની આ ડાયરીને કેન્દ્રમાં રાખી એના એકેક પાનાને સુંદર બનાવવા પ્રયત્ન કરે, એના એકે પાના પર જાણતાં કે અજાણતાં કોઈ કાળો ડાઘ ન પડી જાય તે માટે એની પૂર્ણ તકેદારી રાખે તો આત્માનું ઉત્થાન થયા વિના ન રહે. આ જીવન ડાયરીને સાચવીને રાખવી કે રખડાવવી ? બગાડવી કે સુધારવી ? એ બધી પોતાના હાથની વાત છે. આ જીવન રૂપ ડાયરીના જેટલા પાના ફાટી ગયાં એટલા ફાટી ગયા પણ હવે જે પાના બાકી છે તેને કાળા કર્મોથી કલંકિત કરી બગાડવા નથી. એટલો નિર્ણય તો બધાએ કરવો જોઈએ. આજના નૂતન વર્ષના પ્રથમ દિવસે નિર્ણય કરી લો કે મારી જીવન રૂપી ડાયરીને હું આદર્શ સંસ્કાર અને સદ્‌ગુણોથી જરૂર સુશોભિત બનાવીશ.

આજે ભાઈબીજનો દિવસ છે. આજના દિવસનું નામ ભાઈબીજ કેમ પડ્યું? આજે ભાઈ બહેનને ઘેર જાય છે. આમ તો એવો રિવાજ છે કે બહેન ભાઈને ઘેર જાય. વાર તહેવારે ભાઈ બહેનને પોતાને ઘેર જમવા બોલાવે છે, પણ ભાઈ બહેનને ઘેર જમવા જતો નથી પણ આજના ભાઈબીજના દિવસે બહેન ભાઈને જમવા તેડાવે છે. એનું કારણ શું? આ પ્રથા કયારથી શરૂ થઈ? ભગવાન મહાવીરસ્વામી મોક્ષમાં ગયા ત્યારથી. ભગવાન તો ત્યાગી હતા એટલે એમને સંસારના સ્નેહ સબંધ ન હતા. ત્યાગી પુરૂષો સંસાર છોડી દે છે પછી એમને સગા સ્નેહીઓનો રાગ હોતો નથી, પણ એમના સગા-વહાલા, માતા-પિતા, ભાઈ-બહેન વિગેરેને તો એમ થાય છે કે 'આ અમારો પુત્ર છે' ભાઈ છે, બહેન છે એમ ભગવાન મોક્ષમાં ગયા ત્યારે એમના મોટાભાઈ નંદીવર્ધન અને બહેન સુદર્શનાને ખૂબ આઘાત લાગ્યો. મોક્ષમાં પધાર્યા એનો આનંદ થયો પણ આ પૃથ્વીપટ ઉપરથી તો એમનો વિયોગ પડયો ને? એનું દિલમાં ખૂબ દુઃખ થયું, તેથી બહેને પોતાના ભાઈ નંદીવર્ધનને પોતાને ઘેર તેડાવ્યા છે અને ભાઈ પણ શોક મૂકવા માટે બહેનને ઘેર ગયા. બહેને ભાઇને સેવનું જમણ જમાડયું, ત્યારથી આ દિવસને ભાઈબીજ કહેવામાં આવે છે.

રક્ષાબંધનના દિવસે ભાઈ બહેનને પોતાને ઘેર જમવા તેડે છે ને બહેન પણ ભાઇને હોંશથી રાખડી બાંધે છે, ત્યારે ભાઇ પોતાની સ્થિતિ અનુસાર બહેનને કંઇ ને કંઈ આપે છે. આ ભાઇનો પ્રસંગ છે. આજે ભાઈબીજના પ્રસંગે બહેન ભાઈને હિંમત આપવાની છે. ભાઈ સુખી હોય તો બહેનના દુઃખમાં સહાયક બને છે તેમ ઘણી વાર એવું બને છે કે બહેન ઘણી સુખી હોય છે ને ભાઈ ગરીબ હોય છે. આવા સમયે બહેને ભાઇને યથાશક્તિ મદદ કરવી જોઇએ. તો જ ભાઈ બહેનના સ્નેહ સાચા કહેવાય છે. ભાઈબીજ ઉપર એક બનેલી કહાની છે.

સંપતરાય નામના એક ગર્ભશ્રીમંત શેઠ હતા. પુણ્યોદયે એમને ત્યાં પાણીના પૂરની જેમ લક્ષ્મી આવતી હતી. શેઠની પાસે સંપત્તિ હતી ને સાથે જીવનમાં ધર્મ પણ ખૂબ હતો, શેઠાણી પણ એવા જ હતા. તેમને ચાર પુત્રો હતા. આબરૂ પણ ઘણી હતી, એટલે શેઠ-શેઠાણીને કોઈ વાતની ખોટ ન હતી. શેઠને ત્યાં ઘણાં લોકોની થાપણો હતી. શેઠ લોકોને ના પાડતા કે મારે પૈસાની જરૂર નથી પણ કોઇ વૃદ્ધ કે ગરીબ હોય એવા માણસો કહેતા શેઠ! આપને ભલે જરૂર ન હોય પણ અમારા આટલા પૈસા રાખો. અમારો એના ઉપર આધાર છે. આપને ત્યાં અમારી મૂડી સલામત રહેશે, એટલે શેઠ લોકોના પૈસા રાખતા ને વ્યાજ આપતા હતા. સંપતરાય શેઠ ન્યાય, નીતિને કદી છોડતા નહિ. એમના આંગણેથી ભિક્ષુક કદી પાછા જતા ન હતા. અતિથિને દાન દીધા વિના એમને ચેન પડતું નહિ. સાધુ-સંતોની ભક્તિ તો એમના જીવનમાં તાણાવાણાની માફક વણાયેલી હતી.

શેઠના પુત્રો પણ એવા જ સંસ્કારી હતા. દીકરા મોટા થયા. શેઠે એમને ધંધે લગાડયા ને પરણાવ્યા, છોકરાઓ ધંધો કરવા લાગ્યા. સમય સમયનું કામ કરે છે. માણસ ધારે છે કંઈ ને કર્મરાજા કરે છે કંઈ. શેઠના દીકરાઓ વહેપાર ધંધો કરવા લાગ્યા. પૈસા એવી ચીજ છે કે માણસને ભાન ભૂલાવી દે છે. છોકરાઓ વધુ ધન કમાવા માટે થોડી અનીતિ કરવા જતા પણ શેઠ તરત જ ટકોર કરતા કે દીકરાઓ! આપણા પુણ્યથી ઘણું મળ્યું છે. અન્યાય-અનીતિ કરીને તમે ધન કમાશો તો તમારે પાપ ભોગવવું પડશે. પૈસાથી મોજમઝા ઉડાવવા, માલ ખાવા સહુ આવશે પણ માર ખાવા કોઇ નહિ આવે. પાપના પોટલા બાંધીને પૈસા મેળવશો તો તે પાપ તો તમારા ખાતે લખાશે. એ પૈસો કદાચ અહીં બલાસ થઇ જશે પણ પાપ પૂરું નહિ થાય. એમાં કોઈ ભાગ પણ નહિ પડાવે એમ સમજાવતા. આમ કરતા એક વખત છોકરાઓએ મોટો ધંધો કર્યો. એમાં જબરજસ્ત ખોટ આવી ગઈ, એટલે ઘરબાર, દાગીના બધું વેચવાનો વખત આવ્યો. શેઠ સમજી ગયા કે હવે મારા જબ્બર પાપ કર્મનો ઉદય થયો છે. કંઇ રહે તેમ લાગતું નથી. મારા પાપનો ઉદય થશે તો હું તો દુઃખ ભોગવીશ પણ જેની રકમો મારે ત્યાં મૂકેલી છે એ ગરીબોનું શું થશે? એમની રકમ ચૂકતે કરી દઉં. આવો વિચાર કરીને શેઠ દુકાનમાં જે માલ હતો તે વેચીને જેની રકમો હતી તે આપવા લાગ્યા.

બંધુઓ! માણસના પુણ્યનો ઉદય હોય ત્યારે સૌ ખબર લેવા આવે છે, સૌ સાથ આપે છે પણ પુણ્યનો સૂર્ય અસ્ત થાય છે ત્યારે કોઇ સાથ આપતું નથી. સગાસ્નેહીઓ અને સંબંધીઓએ જાણ્યું કે હવે શેઠ નિર્ધન બની ગયા છે, એટલે કોઇ એમની પાસે આવતું નથી. શેઠ બધું સમજે છે કે આ સંસાર સ્વાર્થનો ભરેલો છે, પણ પોતાના મનના ભાવ પવિત્ર હતા. એ તો પોતાની પત્ની અને પુત્રોને કહેતા કે "**समय समय बलवान है नहि पुरुष बळवान.**" શેઠને હું શું ખાઈશ ને શું પીશ, ઘર-બંગલા વેચાઇ જશે તો કયાં રહીશ એની ચિંતા નથી પણ જેની થાપણ પડી છે એ બધાને પૂરેપૂરી ચૂકવી દેવાય તો મારા માથે કરજ ન રહે એની ચિંતા રહ્યા કરતી હતી, છતાં બનતા ઉપાયે મહેનત કરીને શેઠે બધાને બોલાવી બોલાવીને જેના જેટલા પૈસા હતા તે આપવા માંડયા. બધાની રકમો ચૂકાઈ ગઇ, પણ એક વિધવા માતાની દશ હજારની રકમ બાકી રહી ગઈ, પણ હવે શેઠની પાસે કંઈ રહ્યું નથી. કેવી રીતે આપવી?

એ વિધવાને પણ ખબર પડી કે શેઠ બધાની રકમો આપી દે છે, એટલે એ પણ શેઠની પાસે ઉઘરાણી કરવા આવી. દિવાળીના દિવસે આવીને કહે છે શેઠ! મારી જીવન-મૂડી દશ હજાર રૂપિયા છે. મારી પાસે બીજી કોઇ મિલ્કત નથી. હું કાળી મજુરી કરીને ખાઉં છું. આ તો મારા હાથપગ ન ચાલે ત્યારે પાસે હોય તો ખાઇ શકાય. એમ સમજીને તમારે ત્યાં મૂકી છે, પણ હવે આ ભાઇબીજનો દિવસ આવે છે ત્યારે મારા ભાઇને મારે

ઘેર તેડાવવો છે. મારા ભાઈની પરિસ્થિતિ ખરાબ થઇ ગઇ છે. આ પૈસા મને મારા ભાઇએ જ થોડા થોડા કરીને આપેલા છે તો એના દુઃખમાં હું સહાય કરી શકું ને? શેઠની પાસે હવે રાતી પાઇ રહી નથી. કેવી રીતે આપવા? ખૂબ ચિંતાતુર બની ગયા પણ વૃદ્ધ માજીને કહ્યું–માડી! હું તમને કાલે ગમે તેમ કરીને તમારા પૈસા આપી દઈશ. માડી કહે–ભલે, હું કાલે આવીશ. શેઠ ચિંતામાં પડયા કે હવે આ દશ હજારની રકમ મારે કયાંથી લાવવી? શેઠને કોઇ ઉપાય સૂઝતો નથી. આવા સમયમાં સગાસંબંધી પાસે હાથ ધરવો પણ નકામો છે, કારણ કે પોતે જેને સારી સ્થિતિમાં હજારો રૂપિયા આપ્યા છે તે સામું જોતા નથી. સંસારના સંબંધોમાં કાયમ ભરતી ને ઓટ આવ્યા કરે છે, પણ આ ગરીબ વિધવા માતાએ મારે ત્યાં વિશ્વાસથી જે રકમ મૂકી એને હું પાછી ન આપી શકું તો મારું જીવતર ધૂળ છે.

ઘણા વિચારો કર્યા પણ છે જ નહિ તો કયાંથી લાવવા? આવા જીવને જીવવા કરતા જીવનનો અંત લાવવો સારો. એમ વિચાર કરી શેઠ રાતના છાનામાના ઘરમાંથી ચાલ્યા ગયા. ગામ બહાર ખેતરમાં એક ઉંડો કૂવો હતો ત્યાં આવ્યા. વિચાર કર્યો કે આ કૂવામાં પડીને મરી જાઉં. આજુબાજુમાં કોઇ દેખાતું નથી, એની તપાસ કરી. કોઈ દેખાયું નહિ એટલે કૂવાના કાંઠે આવ્યા. ત્યાં અચાનક કોઇ માણસ ત્યાં આવી પહોંચ્યો ને બોલી ઉઠયો ભાઇ! તમે કોણ છો? શા માટે આ કૂવાના કાંઠે ઉભા છો? શેઠ કાંઈ બોલ્યા નહિ, ત્યારે તે માણસ શેઠની નજીક આવ્યો ને ધારી ધારીને જોતાં શેઠને ઓળખી ગયો ને બોલ્યો–શેઠ! આપ શા માટે આ કૂવાના કાંઠે ઉભા છો? શેઠ મૌન રહ્યા પણ પેલા માણસે ખૂબ પૂછયું ત્યારે શેઠે કહ્યું–ભાઇ! મારે વહેપારમાં મોટી ખોટ આવી છે. ખોટ પૂરી કરતાં મારો બધો જ વ્યવહાર ખોટવાઇ ગયો. આજ સુધી આંધી મુઠી રાખી પણ હવે રહે તેમ નથી. એક વિધવા માતાની મારે ત્યાં દશહજારની થાપણ છે તે આપવાની બાકી રહી ગઇ છે. માતાને જરૂર પડી છે એટલે તે ઉઘરાણી કરે છે. કાલે સવારે લેવા આવવાના છે, પણ હું કોઈ રીતે આપી શકું તેમ નથી. ગરીબ વિધવા માતાનું દેવું રાખીને જીવવા કરતા લાખ દરજ્જે મરી જવું સારું છે. ખરેખેર, હવે હું હિંમત હારી ગયો છું. એટલું બોલતા શેઠની આંખમાંથી આંસુ સરી પડયા.

આવનાર માણસ સુથાર હતો. ઘણાં સમય પહેલાં શેઠે એને મદદ કરી હતી. એ ઉપકારીને જોતાં સુથારને પૂર્વે કરેલો ઉપકાર યાદ આવ્યો. એણે કહ્યું કે શેઠ! આપ ચિંતા ન કરો. હમણાં મારા મકાનનો મજલો ચણવા માટે મારા સસરાએ મને રૂ. પંદર હજાર આપ્યા છે. મકાનનો મજલો પછી થશે, હું આપને એમાંથી રૂ. દશ હજાર આપી દઉં. શેઠે કહ્યું–ભાઇ! તું તારું મકાન ચણાવ. એમ પૈસા ન અપાય. તારે તારી પત્નીને અને સસરાને પૂછવું જોઇએ. સુથારે કહ્યું–શેઠ! આપ મકાનની ચિંતા ન કરો, મકાન તો પછી

બંધાવી શકાશે પણ આપના જેવા ઉપકારી શેઠના ઉપકારનો બદલો વાળવાનો લાભ ફરીને નહિ મળે. મકાનની ચિંતા કરતા માણસની ચિંતા મોટી છે. તમારી આબરૂ રહેશે. જીવ બચશે તો મારે મન મકાનનો મજલો ચણાવ્યા કરતા પણ મોટો આનંદ છે. આમ કહીને સુથાર શેઠને પોતાને ઘેર લઈ ગયો ને રૂપિયા દશ હજાર રોકડા ગણી આપ્યા. તે લઈને શેઠ રાતે ને રાતે વિધવા માતાને ઘેર આપી આવ્યા.

વિધવા માતાની થાપણ ચૂકવાઈ ગઈ એટલે શેઠને શાંતિ થઈ, પછી પોતે ખૂબ મહેનત કરવા લાગ્યા. દુઃખમાં પણ ધર્મ અને પ્રમાણિકતા છોડી નહિ. એક બે વર્ષ કપરા દુઃખમાં પસાર થયા પછી શેઠના પુણ્યનો ઉદય થયો ને હતા તેનાથી વધુ સુખી થઈ ગયા. એટલે પેલા સુથારને બોલાવીને શેઠે તેને દશ હજારના ડબલ કરીને રૂપિયા આપ્યા, ત્યારે સુથારે કહ્યું– શેઠ ! મારે ડબલ રૂપિયા ન જોઈએ. શેઠે કહ્યું–ભાઈ ! તેં તો ખરા સમયે મારી લાજ રાખી છે, માટે તારે લેવા જ જોઈએ. સુથારે કહ્યું–મેં તો કંઈ કર્યું નથી. આપનો જ પ્રતાપ છે. મેં તો મારી માનવ તરીકેની ફરજ બજાવી છે, પણ શેઠે ખૂબ કહ્યું એટલે પોતાના દશ હજાર રૂપિયા લીધા. આવા માણસો માનવ જીવન પામીને સુવાસ ફેલાવી પોતાનું જીવન સફળ બનાવી જાય છે. પેલી વૃદ્ધ માતાએ પણ એના ભાઈને સહાય કરીને ભાઈબીજનો દિવસ સફળ બનાવ્યો.

ભગવાનની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનો અધિકાર ચાલે છે. રહનેમિએ રાજેમતીને કહ્યું હે રાજેમતી ! આપણે સંસાર સુખની મોજ માણીને ચારિત્ર અંગીકાર કરીશું. આ તારી સુકોમલ કાયાને સંયમ તપની આકરી કસોટીએ ચઢાવી શા માટે કચરી નાંખે છે ? પુષ્પ કચરવા માટે નથી, સૌરભ લેવા માટે છે. તું આ શ્વેત વસ્ત્ર તજી દે. જીવનની પ્રગતિ ત્યાગમાં નથી, સંસારના ઉપભોગમાં છે. રહનેમિ પોતે સાધનાની સડક ઉપર છે તે સાવ ભૂલી જ ગયા છે. અરે, પોતાની જાતને પણ પોતે ભૂલી ગયા છે. રાજુલની કમળ જેવી કાયામાં કામણ થયેલા રહનેમિને કયાંથી ખ્યાલ હોય કે કમળ કાદવથી સદા અલિપ્ત હોય છે. અંધકારમાં દેખતા ઘૂવડને પ્રકાશના મહિમાનો ખ્યાલ કયાંથી હોય ? તારલાના તેજમાં અંજાઈ જનાર અજ્ઞાનીને ચંદ્રના તેજની કયાંથી ખબર હોય ? રાજેમતીએ જાણ્યું કે રહનેમિનું મન ચલાયમાન થયું છે. એને ઠેકાણે લાવવા માટે કડક બનવું પડશે.

दट्ठूण रहनेमिं तं, भग्गुजोय पराजियं ।
राईमई असंभंता, अप्पाणं संवरे तहिं ॥३९॥

રાજેમતી સાધ્વીએ જોયું કે સ્ત્રી પરિષહથી પરાજિત થઈને રહનેમિનો ઉત્સાહ સંયમ તરફથી નષ્ટ થઈ ગયો છે, ત્યારે તે સંયમથી ભ્રષ્ટ થયેલા રહનેમિને જોઈને ભાનવાળી બની ગઈ અર્થાત્ પોતાના આત્માના વીર્યોલ્લાસથી શીલનું રક્ષણ કરવા માટે દૃઢ મનવાળી

બની ગઇ. તે સમયે તેણે ગુફામાં પોતાના શરીરને વસ્ત્રોથી ઢાંકી દીધું હતું. રાજેમતીના મનમાં યાદવકુળનું ઘણું ગૌરવ છે, એટલે એ સમજે છે કે ગમે તેમ તોય યાદવકુળનો નંદ છે તેથી નયનોમાં કરૂણા, હૃદયમાં આર્દ્રતા અને વાણીમાં વકતા લાવી બોલ્યા કે રહનેમિ ! આ રાજેમતી તમારા શબ્દની રંગભરી રંગોળીથી અંજાઈ કદી પણ સાધના માર્ગથી ચલિત થઇ શકે તેમ નથી. જેને પ્રભુ શ્રી નેમનાથ મળ્યા, જેમના ત્યાગથી વિરાગી બની સંસારનો ત્યાગ કર્યો છે તે સ્ત્રી હવે રહનેમિને કાજે સાધનાને તરછોડી અધોગતિના મહાકાવ્યને રચવા ઇચ્છતી નથી. એક આત્માને દુઃખી કરી તમે સુખ માણવા ઇચ્છો છો તે કદી બની શકવાનું નથી. મને વધુ પરેશાન ન કરો....મને સુખી કરો. તમે વિચાર કરો. જ્યારે સંયમના ઓછાડ ઓઢયા ત્યારે કયા સુખની તમન્ના હતી ? એ સુખ હવે દુઃખરૂપ લાગે છે ? આર્ય સંસ્કારને પણ ભૂલી ગયા છો ? એક વડે ત્યજાયેલીનો તમે આદર કરવા તૈયાર થયા છો ? વમેલું કદી ખાઇ શકાય છે ખરું ? હું તમને એક વાત પૂછું છું કે જ્યારે તમે મારી પાસે પીવાનો પદાર્થ લઇને આવ્યા હતા તે જ પદાર્થ મેં તમને પાછો આપ્યો હતો, તે તમે કેમ પીધો ન હતો ? રહનેમિએ કહ્યું–એ તો તમે મને વમન કરીને આપ્યો હતો, તે મારાથી કેવી રીતે પીવાય ? ત્યારે રાજેમતીએ કહ્યું મેં વમન કરેલો પદાર્થ તમે ન પીધો પણ જો તમે પોતે જ તે પદાર્થને વમન કર્યો હોત તો શું તમે પી જાત ને ? રહનેમિએ કહ્યું મારાથી વમન કરાયેલો પદાર્થ પણ હું કેવી રીતે પી શકું ? હું એ પણ ન પી શકું, ત્યારે રાજેમતીએ કહ્યું–તમારાથી વખાયેલો પદાર્થ પણ તમને પીવો ગમતો નથી, તો પછી તમે પોતે સંસારનો ત્યાગ કર્યો છે છતાં ફરીને ભોગવવા તૈયાર થયા છો ? જ્યારે તમે પોતે છોડેલા કામભોગોને ફરીથી ભોગવવા ઇચ્છો છો તો પછી તમને વમન કરેલો પદાર્થ પીવામાં શી હરકત હતી? હે રહનેમિ ! જરા વિચાર કરો. તમારું કુળ કયું ? પ્રભુ નેમના બાંધવ ! તમને આ શોભે ? માત્ર ક્ષણિક સુખને ખાતર યુગ-યુગ જુનું કાવ્ય તમારા નામે રચાશે ને તમારી કાયાને અને તમારા કુળને કલંક લાગશે. સંયમ સાધનામાં જે સુખ છે તેનાથી વિશેષ સુખ કયાંય દેખાય છે ? મારી કાયામાં જો સુખ હોત તો તમારા વડીલ બાંધવ મને તરછોડીને ચાલ્યા ન જાત. વધુ શું કહું ? યાદ કરો રહનેમિજી ! તમને પણ એક વખત તમારી કાયામાં સુખ ન લાગતા સંયમ સ્વીકાર્યો છે કે નહિ ? તો આજે બીજાની કાયામાં તમને સુખનો આસ્વાદ લેવાની તીવ્ર તમન્ના જાગી છે ? તમને શરમ નથી આવતી ?

अह सा रायवरकन्ना, सुट्ठियानियमव्वए ।
जाइं कुलं च सीलं च, रक्खमाणी तयं वए ॥४०॥

પોતાના શરીરને વસ્ત્રોથી ઢાંકી દીધા પછી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના અનુસાર અભિગ્રહ ગ્રહણ કરવા રૂપ નિયમમાં તથા પ્રાણાતિપાતાદિ મહાવ્રતોમાં સારી રીતે સ્થિર

બનેલ તે રાજેમતી સાધ્વીએ પોતાના માતૃપક્ષરૂપ જાતિની અને પિતૃપક્ષરૂપી કુળની અને ચારિત્રરૂપ શીલની રક્ષા કરતા સંયમથી ચલાયમાન બનેલ રહનેમિને આ પ્રમાણે કહ્યું :–

जइसि रूवेण वेसमणो, ललिएण नलकूबरो ।
तहा वि ते न इच्छामि, जइसि सक्खं पुरंदरो ॥

હે રહનેમિ ! ભલે, તમે રૂપમાં કુબેર જેવા હો, લલિતકળાઓથી નળકૂબેર જેવા પણ હો, વધુ તો શું કહું, સાક્ષાત્ ઇન્દ્ર જેવા હો તો પણ હું તમને ચાહતી નથી.

રાજેમતીની રગેરગમાં ચારિત્રનું પ્રેમ હતું, એટલે તે સાચી સિંહણ બનીને રહનેમિને પડકાર કરીને કહે છે હે રહનેમિ ! વિષયવાસનાથી ચિત્તને મલીન બનાવીને તમે આજે સંયમની સાધનાને કયાં મલીન બનાવી રહ્યા છો ! યાદવકુળના તિલક સમાન નેમનાથ ભગવાનના તમે સગા ભાઈ છો. એ તમારા ભાઇએ મને વમી નાંખી છે. આ વમનને ચાટવા માટે તમે આવ્યા હતા ત્યારે તો મેં તમને સમજાવીને સ્થિર કર્યા હતા પણ હવે તો તમે તમારું વમન કરેલું ચાટવા જીભ લંબાવી રહ્યા છો. શરમ નથી આવતી ! કારણ કે તમને સંસાર અસાર લાગ્યો ત્યારે છોડી દીધો ને ? તમારા માતા–પિતાએ કે મોટાભાઇએ તમને પરાણે તો દીક્ષા નથી આપી ને ? તમે સંસાર દુઃખરૂપ જાણીને ભરયુવાનીમાં સંયમ લીધો ને હવે પાછા કામભોગ ભોગવવાની ઇચ્છા કરો છો ? તમને લાજ કે શરમ નથી આવતી ? જરા, વિચાર તો કરો કે આ શરીરમાં શું ભર્યું છે ? એ તો મળમૂત્રની કયારી છે, પછી એ રાજરાણી હોય કે રખડતી ભિખારણ હોય. આ દુર્ગંધની કોથળી તમને આજે કેમ આટલી પ્યારી લાગી છે ? એ જ મને સમજાતું નથી.

તમે મનતા હો કે હું રૂપાળો છું, યુવાન છું તેથી રાજેમતી મારામાં મુગ્ધ બનશે પણ હે કામી રહનેમિ ! તમે સમજી લેજો કે તમારું રૂપ સાક્ષાત્ કામદેવ જેવું ભલે ન હો, અગર તમે બધી જાતની કળાઓમાં નળકૂબેર જેવા ભલે હો, એ બધાની વાત તો ઠીક, અરે, તમે સાક્ષાત્ ઇન્દ્ર જેવા કેમ ન હો ! તમે ઇન્દ્ર જેવું સુખ આપશો તો પણ હું સ્વપ્નામાં પણ તમને ઇચ્છતી નથી. માથા સાટે મડાવ્રત લીધા છે. આવું રૂડું ઉત્તમ ચારિત્રરત્ન મેં ભોગવિષયના કાદવમાં રગદોળવા નથી લીધું. એક વખત મરણ આવશે તો મરવા તૈયાર છું પણ મારું ચારિત્ર વેચવા તૈયાર નથી. તમે સંયમથી ભ્રષ્ટ થવા તૈયાર થયા છો. હું તમારા જેવી નથી. હું મારા પ્રાણના ભોગે પણ મારા ચારિત્રનું રક્ષણ કરીશ. આ પ્રમાણે રાજેમતીએ રહનેમિને કડક શબ્દો કહ્યા. આવું કહેવામાં રાજેમતીનો બીજો કોઇ ભાવ નથી, પણ રહનેમિ કેમ ઠેકાણે આવે, એનું પતન થતું અટકી જાય એવા ભાવ છે. રહનેમિ એમના પાપકર્મના ઉદયથી પતનના પંથે ગયા છે પણ સાથે પુણ્યનો ઉદય છે કે રાજેમતી જેવા પવિત્ર સાધ્વી મળ્યા છે. હજુ પણ રાજેમતી રહનેમિને ઠેકાણે લાવવા કેવા શબ્દો કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- સિંહલદ્વીપના રાજાએ જિનસેનકુમાર પોતાને ઘેર આટલો વખત ગુપ્ત રહ્યો ને પોતે કેવા કામ કરાવ્યા તે બદલ ખૂબ અફસોસ વ્યક્ત કર્યો ને ખૂબ પ્રશંસા કરી, ત્યાર પછી જિનસેનકુમારને મહેલમાં બેસાડીને રાણી જ્યાં જિનસેનકુમારની પત્નીઓ ચંપકમાલા અને મદનમાલતી રહેતા હતા ત્યાં આવ્યા. રાણીને પોતાને ઘેર આવતા જોઇને બંને રાજકુમારીઓ હર્ષઘેલી બનીને સામે ગઈ ને પગે લાગી. મહારાણીને ઉંચા આસને બેસાડીને તેમનો ખૂબ આદર સત્કાર કર્યો ને પગમાં પડી બે હાથ જોડીને પૂછયું-બાસાહેબ ! આપે અહીં પધારવાની શા માટે તકલીફ ઉઠાવી ? અમને ત્યાં બોલાવવા હતા ને ! ત્યાં તો રાણીએ બંને વહુઓને બાથમાં લઈ લીધી ને કહ્યું-બેટા ! તમે તો મારી ભાણેજવહુઓ છો મેં તમને અત્યાર સુધી ઓળખ્યા નહિ. જિનસેનકુમાર મારી સગી બહેનનો દીકરો છે. બેટા ! હું તમને તેડવા માટે આવી છું. રાણીજી ઠાઠમાઠથી આવ્યા હતા. વાજતેગાજતે બંને વહુઓને મહેલમાં લાવ્યા ને સહુ આનંદથી મળ્યા.

રાણી એકાંતમાં જઈને રાજાને કહે છે સ્વામીનાથ ! જિનસેન જેવો ગુણવાન અને પરાક્રમી છોકરો મળવો મુશ્કેલ છે, તો આપણી કમલા નામની કુંવરી મોટી થઈ છે. તે પણ ઘણી રૂપવાન અને ગુણવાન છે. એને જિનસેન સાથે પરણાવી દો. રાણીની આ વાત રાજાના દિલમાં ઉતરી ગઈ. રાણીની વાત તો સાચી છે. તે સિવાય જિનસેને મારા ઘણાં કામ કર્યા છે એટલે મારે એનો કોઇ ને કોઈ રીતે સત્કાર તો કરવો જોઈએ. એમ વિચાર કરીને રાજા જિનસેનકુમાર પાસે આવીને કહે છે —

કમલા વરો ગુણકે સાગર, માનો મુઝ મનવાર,
જિનસેનજી મૌન કરી હૈ, બ્યાહ મંડયો સુખકાર.

હે જિનસેનકુમાર ! તમે તો મારા ઘણાં કાર્યો કર્યા છે. મોટી મોટી આફતોમાંથી મને ઉગારી લીધો છે. એનો બદલો હું વાળી શકું તેમ નથી, પણ આપે મારી એક વાત સ્વીકારવી પડશે. મારી બીજી રાણીની પુત્રી કમલા રૂપ, ગુણમાં ચઢીયાતી છે માટે આપ એની સાથે લગ્ન કરો. તમારે મારું આટલું માન રાખવું પડશે. જિનસેનકુમારે જાણ્યું કે રાજાને મારા પ્રત્યે ખૂબ પ્રેમ છે, એટલે એમની વાતનો મારે સ્વીકાર કરવો જ પડશે. નહિ સ્વીકારું તો દુઃખ થશે, તેથી જિનસેનકુમાર મૌન રહ્યા. કોઈ પણ કાર્યમાં હા કે ના ન કહે ને મૌન રહે તો સમજવું કે એની ઇચ્છા છે, એમ અહીં પણ રાજા સમજી ગયા કે જિનસેનકુમારની ઇચ્છા છે એટલે તાબડતોબ લગ્નની તૈયારી કરાવી. નગરજનોને પણ ખબર પડી કે જિનસેન પ્રધાન સાથે મહારાજા એમની કુંવરી પરણાવે છે, તેથી સૌને ખૂબ આનંદ થયો. સૌ કહેવા લાગ્યા કે મહારાજાએ બહુ સારું કર્યું. પ્રધાનજી રાજા કરતાં પણ ચઢે તેવા છે. રાજાએ લગ્ન માટે મુહુર્ત જોવડાવ્યું અને પછી લગ્નને માટે મોટો વિશાળ મંડપ બંધાવ્યો.

"હસ્તમેળાપ વખતે કમલાએ માંગેલા સાત વચન" :- મંડપના મધ્ય ભાગમાં સોનાનો રત્નજડિત સ્થંભ બનાવ્યો. એને ફરતી કિંમતી મણી અને માણેકથી જડેલી પૂતળીઓ મૂકી, અને આખા મંડપમાં સાચા મોતીની લૂમો લટકાવી. મંડપની શોભા તો જાણે દેવલોકને પણ ઝાંખી પાડે તેવી બની હતી. એવા મંડપમાં જિનસેનકુમાર વરરાજા બની વરઘોડે ચઢીને ઠાઠમાઠથી પરણવા માટે આવ્યા. સાસુએ તેમને પોંખ્યા અને બધી વિધિ કરીને માયરામાં લઈ ગયા. જિનસેનકુમાર અને કમલાની જોડી માયરામાં એવી તો શોભવા લાગી કે જાણે કૃષ્ણ અને રૂક્ષ્મણી, રામ અને સીતાની જોડી જ ન હોય ! એમને જોઈને લોકોનું હૈયું હરખાઈ ગયું. સૌ બોલવા લાગ્યા કે કુદરતે કેવી સુંદર જોડી મેળવી આપી છે ! આ વર-કન્યાની જોડી અખંડ રહે ને ખૂબ સુખ પામે. એમ સૌ અંતરના આશીર્વાદ આપવા લાગ્યા. લગ્નવિધિમાં હસ્તમેળાપનો સમય થયો ત્યારે જિનસેનના હાથમાં કમલાકુમારીનો હાથ મૂકવામાં આવ્યો ત્યારે કુંવરી મધુર ભાષામાં કહે છે 'નાથ ! આપના હાથમાં મારો હાથ સોંપતા પહેલાં હું આપની પાસે સાત વચન માંગું છું. આ બધાની સાક્ષીમાં તમે તેનો સ્વીકાર કરી લો. જિનસેનકુમારે કહ્યું-તમારે શું વચન જોઇએ છે તે પહેલા મને કહો. કમલા કહે છે નાથ ! હું જે ઉમંગ ને કોડથી આપની સાથે લગ્ન કરું છું તે મારા કોડ પૂરા કરજો. હું હજુ બાળક છું. કદાચ મારી ભૂલ થઈ જાય તો મને જીવનભર નભાવજો પણ કદી છેહ દેશો નહિ. બીજું આપ કોઈ પણ કામ કરો ત્યારે આપના હૈયાને પૂછીને કરજો પણ કોઇની ઉંધી સલાહે ચઢતા નહિ. મારી અણ-સમજણના કારણે કદાચ મારી કોઈ ભૂલ થઈ જાય તો મને ભૂલની શિક્ષા કરજો. હું શિક્ષા લેવા તૈયાર છું. મને જે કંઈ કહેવું હોય તે આપ મને એકાંતમાં કહેજો. હું બધું સાંભળી લઈશ પણ મારા સાસુ, નણંદ કે દેરાણી-જેઠાણી કોઈ પણ હોય ત્યારે એમના દેખતા મને કટુવચન ન કહેશો, ક્રોધ ન કરશો કે કોઈના દેખતા મોહભરી આંખડી ન કરશો. ચોથું વચન એ કે નાથ ! હું મારા માતા-પિતાની મમતા છોડીને તમારા શરણે આવું છું તો આપ મને હું જે માંગુ તે જરૂર લાવી દેજો. કદી મને નિરાશ ન કરશો. પાંચમું આપ સુખ અને દુઃખમાં બધે મને સાથે રાખજો, પણ મને કાઢી ન મૂકશો, એવી મારી નમ્ર પ્રાર્થના છે. છઠું આપ તો ઘણાં વિદ્વાન છો અને રૂપવંત છો એટલે જ્યાં જશો ત્યાં તમને ઇન્દ્રની ઇન્દ્રાણી તેમજ બીજી અપ્સરાઓ જેવી સ્ત્રીઓ મળશે, તો આપ તેમના સામી દૃષ્ટિ પણ ન કરતા. સાતમું ગંગા અને યમુના નદી એ બંને નદીઓ એકબીજામાં સમાઈ જાય એવો એને પ્રેમ હોય છે તેમ આપ પણ આપના હૃદયસાગરમાં ગંગા યમુનાની જેમ મને સમાવી દેજો. આ રીતે કમલાએ સાત વચનો માંગ્યા તે કુમારે એને આપ્યા, પણ પછી કહે છે તેં મારી પાસે જેમ વચન માંગ્યા તેમ હું પણ તારી પાસે સાત વચન માંગું છું તે તું બરાબર પાળજે. હવે જિનસેનકુમાર કમલા પાસે કેવા સાત વચન માંગશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૯૭

કારતક સુદ ૪ ને શનિવાર તા. ૪-૧૧-૭૮

અનંત જ્ઞાની ભગવંતો શાસ્ત્રમાં ફરમાવે છે કે હે ભવ્ય જીવો ! જો તમારે સાચું અને શાશ્વત સુખ જોઇતું હોય તો તે મોક્ષમાં છે. મોક્ષમાં બિરાજેલા સિદ્ધ ભગવંતોનું સુખ નિરૂપમ, અનંત અને અવ્યાબાધ છે. એ સુખમાં દુઃખનો અંશ પણ હોતો નથી, ત્યારે તમારા સંસારનું સુખ તો દુઃખમિશ્રિત છે. તેમજ આ લોકમાં જગતના જીવોને ઓછું કે વધતું જે કંઈ સુખ થાય છે તે સુખ કોઇ પણ સાધન દ્વારા થાય છે. જેમ કોઇ માણસને સુંદર સ્ત્રીને જોઇને આનંદ આવે છે, કોઇને સ્વાદિષ્ટ ભોજન ખાવામાં આનંદ આવે છે તો કોઈને સારા વસ્ત્રો પહેરી ફરવા ફરવામાં ને નાટક સિનેમા જોવામાં આનંદ આવે છે. આ આનંદ અને સુખનો જે અનુભવ થાય છે તે સાધન દ્વારા થાય છે, ત્યારે મોક્ષમાં સિદ્ધ પરમાત્માને જે સુખ છે તે કોઈ પણ જાતના સુખના સાધનો વિના થાય છે કારણ કે મોક્ષમાં સુખના કોઈ સાધનો નથી. તમને એમ થશે કે સુખના સાધનોના અભાવમાં કેવી રીતે સુખ થાય છે ? તો જ્ઞાનીના વચન અનુસાર હું તમને સમજાવું

આ વાત ઉપર આપણે ઉંડાણથી વિચાર કરીશું તો સમજાશે કે કેટલીક વખત સુખના સાધનો દ્વારા આપણને સુખ થાય છે ને કેટલીક વખત દુઃખના કારણો દૂર થતાં સુખ થાય છે. માની લો કે એક માણસે સરકારનો ભયંકર ગુનો કર્યો એટલે સરકારે એના ઘરબાર, માલ મિલ્કત જપ્ત કરી લીધા અને એના કુટુંબને કાઢી મૂક્યું અને એને જન્મટીપની સજા કરી. જેલમાં એને જાલીમ દુઃખો ભોગવવા પડે છે. એને બળદીયાની માફક જોડીને પાણીના કોશ ખેંચાવે છે. માણસ ગમે તેટલી કાળી મહેનત મજુરી કરે પણ આ બળદ જેવી મજુરી ન કરી શકે, છતાં આને તો બળદના જેવી મજુરી કરાવે છે. કોશ ખેંચતા થાકી જાય તો લાકડીના માર પડે છે. આવી સખત મજુરી કરીને પણ પાછું પેટ ભરીને ખાવાનું નહિ. જાડો રોટલો ને ડબલ મીઠાની ઘેંશ ખાવા માટે આપે છે. આ જેલી જેલમાં વર્ષોથી આવી દુઃખી અવસ્થા ભોગવી રહ્યો છે. જો પાંચ વર્ષની જેલ હોય તો એમ થાય કે જો પાંચ વર્ષે પણ દુઃખથી મુક્ત થઈશ પણ આ તો જન્મટીપની સજા છે એટલે એ બિચારો કેદી ખૂબ દુઃખી થઇને કલ્પાંત કરે છે, રડે છે, ઝુરે છે. માણસ ગમે તેવો નાસ્તિક હોય, કોઇ દિવસ ભગવાનને યાદ કરતો ન હોય પણ આવું દુઃખ પડે ત્યારે તે જરૂર ભગવાનને યાદ કરે છે. આ કેદી બિચારો વિલાપ કરતો કહે છે. ભગવાન ! હું આ ભયંકર કેદખાનામાંથી કયારે છૂટીશ ? મનુષ્ય હોવા છતાં નારકી અને તિર્યંચ જેવા ઘોર દુઃખો હું અહીં ભોગવી રહ્યો છું. આના કરતા તો હવે જીવનનો અંત આવી જાય તો આ દુઃખોથી મારો છૂટકારો થાય. આવા ભયંકર દુઃખો સહન કરતા વર્ષો પસાર થઈ ગયા છતાં મારા દુઃખનો અંત આવતો નથી. હવે મારું દુઃખ મટાડો. હવે હું દુઃખથી ત્રાસી ગયો છું.

આમ ભગવાનને પ્રાર્થના કરતો હતો. એવામાં એવું બન્યું કે એ ગામના રાજાને ત્યાં પુત્રનો જન્મ થયો. પુત્રજન્મની ખુશાલીમાં રાજાએ બધા કેદીઓને છોડી મૂકયા. એમાં પેલા જન્મટીપની સજાવાળા કેદીને પણ મુક્ત કરવામાં આવ્યો. જેલરે કહ્યું તમને આજથી કેદમાંથી મુક્ત કરવામાં આવે છે. હવે તમે સ્વતંત્ર છો. જ્યાં જવું હોય ત્યાં જઈ શકો છો. આ સાંભળતા જ કેદી એકદમ કેદમાંથી બહાર નીકળ્યો. કેદમાંથી છૂટો થતાં, બહાર નીકળતા એના આનંદનો પાર ન રહ્યો.

બંધુઓ ! વિચાર કરજો. હવે એની પાસે સુખનું કોઈ સાધન નથી, કારણ કે ઘરબાર અને માલ મિલ્કત તો સરકારે લઈ લીધા છે. પત્નીને અને બાળકોને કાઢી મૂકયા છે એટલે પાસે કંઈ જ નથી. એની દાઢી અને માથાના વાળ વધી ગયા છે. કપડાં ફાટી ગયા છે છતાં એના આનંદનો પાર નથી. જિંદગીમાં જે આનંદ અનુભવ્યો ન હતો તેવો અપૂર્વ અને અનુપમ આનંદ એને થયો. અત્યારે એની પાસે કોઈ પણ વિષયસુખના કે ભોગોપભોગના એવા સાધનો નથી. પત્ની, સંતાનો કે ધન નથી છતાં એને આનંદ કેમ થાય છે ? આ ઉપરથી સમજી શકાય છે કે બાહ્ય સુખોપભોગના સાધનો વિના પણ આત્માને આનંદ થાય છે. એ કેદીને બહારના સુખના સાધનોના અભાવે પણ સુખ અને આનંદનો અનુભવ થયો. આ સુખ શેનું ? ભયંકર દુઃખથી મુક્ત થયો, કેદમાંથી છૂટયો તેથી તેને સુખ અને આનંદ થયો, તેમ સિદ્ધ ભગવાનનો આત્મા પણ અનંતકાળના સંસારની કેદમાંથી છૂટી, જન્મ–મરણના દુઃખથી મુક્ત થાય એટલે એનો આનંદ અને સુખ તો અલૌકિક જ હોય ને ? પેલા કેદીને તો જન્મ–મરણના દુઃખ ઉભા છે. એનું સુખ અને આનંદ તો ક્ષણિક છે પણ સિદ્ધ ભગવાનને તો મુક્તિમાં અજબ, અનુપમ, અજોડ, અલૌકિક અને અસાધારણ સુખ છે. ત્યાં દુઃખનો પૂર્ણ અભાવ છે અને અનંત સુખનો સદ્ભાવ છે. ત્યાં કદી દુઃખ આવતું જ નથી. તમને બધાને સુખ ગમે છે ને ? દુઃખ નથી ગમતું ને ? જો આવું સુખ અને આનંદ જલ્દી મેળવવાની લગની લાગી હોય તો ચારિત્ર અંગીકાર કરવું પડશે અને ચારિત્ર પણ ભગવાનની આજ્ઞા પ્રમાણે બરાબર પાળવું પડશે.

આપણે ઉત્તરાધ્યયન સુત્રના બાવીસમાં અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં રહનેમિએ સંસારના સ્વરૂપને નિહાળી શાશ્વત સુખ મેળવવા દીક્ષા લીધી, પણ રાજેમતીને ગુફામાં જોઈને તેના મનનો ઘોડો કાબૂમાં ન રહ્યો એટલે રાજેમતીની પાસે આવીને એણે એની હલકી ભાવના પ્રદર્શિત કરી, ત્યારે રાજેમતીએ એને પહેલા તો ધીરેથી સમજાવ્યો કે હે રહનેમિ ! તમારા જેવા ત્યાગીને આ શોભતું નથી. એક વખત વિષય–વિકારના અંકુશને ઉખેડી નાંખ્યા પછી એ કેમ પ્રગટ થયા ! સતી કદી અન્ય પુરૂષને ઈચ્છતી નથી. વળી સંયમ માર્ગમાં સ્થિત બનેલી સતી તમારા જેવા ભોગીના હાથે જીવનને કદી કલંકિત નહિ કરે. કાળા કપડામાં ગમે તેટલા ડાઘ પડે તો એ દેખાય નહિ,

પણ શ્વેત કપડામાં તો સહેજ ડાઘ પડે તો દેખાઈ આવે છે, તેમ આ તમારું ચારિત્ર શ્વેત કપડા જેવું છે. એમાં સહેજ પણ દોષ લાગે તો એ મલીન બની જાય છે. માણસની આંગળીમાં સેપ્ટીક થઈ જાય તો ડૉકટર કહી દે છે કે તમારી આંગળીમાં સડો થયો છે. આંગળી કપાવવી પડશે. તે વખતે કદી વિચાર કરે કે આંગળી કપાવી નાખું તો મારા હાથની શોભા મારી જાય, તો સડો વધતો જાય ને ભવિષ્યમાં આખો હાથ કપાવવાનો વખત આવે છે તો આખો હાથ કપાવવાનું કોણ પસંદ કરે ? સડો થયો છે એવી ખબર પડી તો તરત જ આંગળી કપાવી નાંખે છે, તેમ રાજેમતી રહનેમિને કહે છે હે રહનેમિ ! હજુ તમારા મનમાં અને વચનમાં વિકારનો સડો પેઠો છે પણ આચરણ કર્યું નથી તો હજુ સમજીને આ સડાને કાઢી નાંખો તો તમારું કલ્યાણ થશે. તમે મને ગમે તેટલી ઈચ્છતા હો, તમને તમારા રૂપનો ને તમારી યુવાનીનો ગમે તેટલો ગર્વ હોય તો તે કાઢી નાંખજો. તમે કદાચ સાક્ષાત્ ઈન્દ્રસમાન વૈભવશાળી તેમજ પ્રભાવશાળી હો, રૂપમાં કદાચ તમે વૈશ્રમણ ધનપતિ જેવા હો, લલિતકળાઓથી નળકુબેર સમાન હો તો પણ હું તમને મનથી પણ ઇચ્છતી નથી. રહનેમિ ! તમે કદાચ એમ માનતા હો કે આ ગુફામાં રાજેમતી એકલી છે ને હું પુરૂષ છું. મારી આગળ એનું શું ગજુ છે ? તો તમે એવું ન માનશો. મારો આત્મા અસંખ્યાતપ્રદેશી છે. એની શક્તિ અનંત છે. મારા આત્માની શક્તિથી મને તમારી સામે ટકવાની શક્તિ છે, માટે તમે તમારા વિચારના સડાને નાબૂદ કરો. આવા શબ્દોથી પણ રહનેમિને કંઈ અસર ન થઈ ત્યારે રાજેમતી આગળ શું કહે છે–

पक्खंदे जलियं जोइं, धुमकेउं दुरासयं ।
नेच्छंति वंतयं भोत्तुं, कुले जाया अगंधणे ॥४२॥

અગંધનકુળમાં ઉત્પન્ન થયેલ નાગ જાજ્વલ્યમાન, ધૂમરૂપ ધ્વજાવાળી એવી દુષ્પ્રવેશ (જેમાં પ્રવેશ કરવો મુશ્કેલ છે) અગ્નિમાં પ્રવેશ કરે છે પરંતુ વમેલા ઝેરને પાછું ચૂસતા નથી.

હે રહનેમિ મુનિ ! તમે સંયમ લઈને શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે ને ? તો ગંધનકુળના અને અગંધનકુળના નાગની વાત તો તમે જાણતા હશો ને ? નાગ બે પ્રકારના હોય છે. એક ગંધનકુળના અને બીજા અગંધન કુળના હોય છે. જે મંત્રાદિકના પ્રયોગથી પોતે વમેલા ઝેરને ચુસી લે છે તે ગંધનકુળના નાગ છે અને જે અગંધનકુળના નાગ હોય છે તે પોતે અગ્નિમાં પડીને મરી જવાનું પસંદ કરે છે પણ વમેલું ઝેર પાછું ચૂસવાનું પસંદ કરતા નથી. તેના ઉપર શાસ્ત્રમાં એક દૃષ્ટાંત આપ્યું છે. તે રાજેમતી રહનેમિને સંયમમાં સ્થિર કરવા માટે કહી રહ્યા છે.

એક ગામમાં એક નગરશેઠને એકનો એક પુત્ર હતો. કોઈ જ્યોતિષીએ એનું ભવિષ્ય ભાંખ્યું હતું કે આ છોકરાને જે દિવસે પરણાવશો તે રાત્રે એને નાગ ઉપદ્રવ કરશે.

એ બચવો મુશ્કેલ છે. એને માથે ભયંકર ઘાત છે. આ સાંભળીને શેઠના હાજા ગગડી ગયા. એકનો એક લાડકવાયો પુત્ર છે. પૈસાનો પાર નથી એટલે શેઠ શેઠાણીને પરણાવવાના ખૂબ કોડ છે. દીકરો ભણીગણીને યુવાન થયો એટલે સારા સારા શ્રીમંત ઘરની કન્યાઓના કહેણ આવવા લાગ્યા. પુત્રને પરણ્યાની રાત્રે ભયંકર ઘાત છે એ વાત શેઠ અને શેઠાણી વિના બીજુ કોઈ જાણતું નથી, એટલે શેઠ-શેઠાણી વિચાર કરે છે કે મારા દીકરાને કેવી કન્યા પરણાવવી ? જો પૈસા અને રૂપનો મોહ કરીશ તો મોટો વાંધો આવશે, કારણ કે જ્યોતિષીના કહેવા પ્રમાણે કદાચ મારા દીકરાને ઘાત આવી જાય તો શ્રીમંત ઘરની કોમળ કન્યા દુઃખ સહન નહિ કરી શકે, પણ જો સામાન્ય ઘરની ધર્મીષ્ઠ કન્યા હશે અને એને આવું કંઈ બનશે તો એ દુઃખ સહન કરી શકશે. ધર્મ સમજેલી હશે તો એનામાં ધૈર્યતા રહેશે માટે એવી કન્યા શોધીએ, તેથી ઘણી કન્યાઓના કહેણ આવે છે પણ શેઠ રૂપ કે શ્રીમંતાઈને પસંદ કરતા નથી. શોધતા શોધતા મધ્યમ સુખી ઘરની ધર્મના સંસ્કાર પામેલી એક કન્યા પસંદ કરી અને તેની સાથે સગપણ કર્યું.

પોતાના પુત્રના લગ્ન થયા પછી પહેલી રાત રહેવા માટે શેઠે એક ઢંઢિયો મહેલ તૈયાર કરાવ્યો. એક ઢંઢિયો મહેલ એટલે તમે સમજો છો ને ? એ મકાનને છાપરું હોય હોય પણ બારી બારણા કંઈ ન હોય. એવા તબેલા જેવા મકાનને ઢંઢિયો મહેલ કહેવામાં આવે છે. માત્ર હવા આવવા એકાદ નાની બારી મૂકવામાં આવે છે. શેઠે આવો મહેલ તૈયાર કરાવ્યો. હવા આવવા માટે એક નાનકડી બારી મૂકાવી છે તેને પણ ઝીણી બારીક જાળી જડાવી દીધી છે. સહેજ પણ છિદ્ર રાખે તો અંદર નાગ પ્રવેશ કરી શકે ને ? શેઠે સુથારને કહ્યું હતું કે આ બારીએ જાળી જડી દેજો. સુથારે કહ્યું ભલે, શેઠ ! ચિંતા ન કરો. એ કામ હું પૂરું કરી દઈશ, એટલે શેઠ તો નિશ્ચિત બની ગયા અને શુભ દિવસે શેઠના દીકરાના ધામધૂમથી લગ્ન કર્યા. આખો દિવસ આનંદથી પસાર થયો. રાત્રે શેઠે પોતાના પુત્ર અને પુત્રવધૂને એ ઢંઢિયા મહેલમાં સુવા મોકલ્યા. બનવા યોગ બન્યું એવું કે સુથારને બારીને જાળી જડવાનું શેઠે કહેલું તે લક્ષ ચૂકાઈ ગયું. શેઠે પણ ફરીને તપાસ કરેલી નહિ. મહેલને બીજા બારી બારણા ન હતા એટલે આ બંને પતિ-પત્ની બારી ખુલ્લી મૂકીને આનંદ વિનોદ કરીને નિશ્ચિંત બનીને સુઈ ગયા, કારણ કે એમને ખબર નથી કે આજે રાત્રે શું બનવાનું છે ? જે નિમિત્તે જે કાળે જે બનવાનું હોય છે તે બને છે. એમાં ભલભલા જ્ઞાની કે બુદ્ધિવંત પુરૂષોનું પણ કંઈ ચાલતું નથી.

આ બંને પતિ-પત્ની ઘસઘસાટ ઉંઘે છે. બીજી તરફ અગંધનકુળના નાગને એના ઉપરીએ આજ્ઞા કરી કે જા, ફલાણા શેઠનો દીકરો આજે પરણીને આવ્યો છે એને તારે કરડવાનું છે. મોટાની આજ્ઞા થાય એટલે નાગને જવું જ પડે, તેથી નાગ બારીમાંથી પ્રવેશ કરીને મહેલમાં આવ્યો. બે માણસ પલંગમાં સૂતા છે. આ જોઈને નાગના મનમાં

વિચાર થયો કે આ નવદંપતની જોડી કેવી શોભી રહી છે. હજુ પરણ્યાની પ્રથમ રાત છે. હાથના મીંઢળ પણ છૂટ્યા નથી. પગની પાનીમાંથી કંકુ લૂછાયા નથી. આ કોડભરી કન્યા કેટલા મનોરથ લઈને પરણી હશે! હું એના પતને ડંખ દઉં તો એનું શું થશે? એના મનના મનોરથ ભાંગીને ભૂક્કો થઈ જશે. મારે નથી કરડવું. નાગને દયા આવી એટલે કરડ્યા વિના પાછો ચાલ્યો ગયો, ત્યારે ભરનિદ્રામાં સુતેલી કન્યાને સ્વપ્ન આવ્યું કે એના પતિને જાણે કોઈ ભયંકર નાગ ડંખ દઈ રહ્યો છે ને પતિનું મૃત્યુ થાય છે. આવું દશ્ય જોઈને પત્ની એકદમ જાગૃત થઇ ગઇ. એની છાતીમાં થડકારો થવા લાગ્યો, છતાં હિંમત કરીને પલંગમાંથી નીચે ઉતરીને બેસી ગઈ પણ પતિને જગાડ્યા નહિ.

આ છોકરી ખૂબ ધર્મીષ્ઠ હતી એટલે એણે વિચાર કર્યો કે મને સ્વપ્ન આવ્યું છે ને કહાય એમ બનશે તો નાગદેવ અહીંથી જ જશે ને! ત્યારે હું એમને ઓળો પાથરીશ, વિનંતી કરીશ તો જરૂર કૃપા કરીને મારું સૌભાગ્ય અખંડ રાખશે. આવો વિચાર કરીને એ પલંગના પાયા પાસે બેસીને નવકારમંત્રનું સ્મરણ કરવા લાગી. બીજી તરફ નાગ કરડ્યા વિના પાછો ગયો ત્યારે એના ઉપરીએ કહ્યું કે તું પાછો કેમ આવ્યો? મારી આજ્ઞાનું પાલન કેમ ન કર્યું? હવે પાછો જા. ઉપરીની આજ્ઞા થાય એટલે જવું જ પડે. એમાં ચાલે નહિ, તેથી નાગદેવ પાછા આવ્યા, જોયું તો બાઇ પલંગનો પાયો પકડીને બેઠી છે. બંધુઓ! પાપકર્મનો ઉદય કેવું કામ કરે છે! બાઈ પતિને બચાવવા માટે તો બેઠી છે, પણ ભાગ્યવશ તે જ વખતે એને બેઠા બેઠા ઝોકું આવી ગયું એટલે નાગ આવ્યો તે ખબર ન પડી. નાગ પલંગ ઉપર ચઢ્યો પણ એને કરડવાની હિંમત ચાલતી નથી. અરેરે....આ બિચારી પલંગનો પાયો પકડીને બેઠી છે. એનું સૌભાગ્ય રોળાઈ જશે. મારે નથી કરડવું ને પાછા પણ જવું નથી. હવે બે ત્રણ કલાકની રાત બાકી છે. જે છે તે આજની રાતનો જ પ્રશ્ન છે. આજની રાત વીતી ગયા પછી ચિંતા નથી. તો હું એની બાજુમાં પડ્યો રહીશ, એટલે નાગ છોકરાની બાજુમાં પથારીમાં પડ્યો રહ્યો.

આ છોકરાને ખબર નથી કે એની પત્નીને પણ ખબર નથી. છોકરો ઉંઘમાં ને ઉંઘમાં પડખું ફર્યો એટલે નાગને જોરથી એના પગની લાત વાગી, તેથી નાગને ક્રોધ ચઢ્યો અરે....મેં તારા ઉપર કરૂણા કરી ત્યારે તેં જ મને લાત મારી? બસ, હવે તને કરડું. ભાવિમાં બનવાનું છે એટલે કોઈ મિથ્યા કરી શકતું નથી. નાગ જોરથી એના પગે ડંખ દીધો. ડંખ દીધો એવી એના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઇ નાગ ડંખ દઈને જલ્દીથી ચાલ્યો ગયો. પતિની ચીસ સાંભળીને બાઈ બેબાકળી ઉભી થઇ. જોયું તો નાગ જાય છે. બાઇએ પતિની ચીસ સાંભળીને બૂમો પાડી. બા....બાપુજી! દોડો એમને નાગ કરડી ગયો, બા–બાપુજી તો જાણતાં હતાં કે આજે રાત્રે કંઇક નવાજુની થશે એટલે ઝેર ઉતારનારા ગારૂડીઓ અને વાદીઓને તૈયાર રાખ્યા હતા. તરત જ બધા દોડતા આવ્યા. નાગ ભયંકર ઝેરી હતો એટલે ડંખ દેતાની સાથે છોકરાનું શરીર લીલું

કાચ જેવું થઈ ગયું. છોકરી કહે હે બા–બાપુજી ! મને રાત્રે આવું સ્વપ્ન આવ્યું ત્યારથી હું જાગતી બેસીને નવકાર મંત્રનું સ્મરણ કરતી હતી પણ કોણ જાણે મને સ્હેજ ઝોકું આવી ગયું ને આ બનાવ બની ગયો. એમ બોલતી કાળો કલ્પાંત કરવા લાગી. સાસુ કહે બેટા ! અમે તો જાણતા જ હતા એટલે જાગતા જ છીએ.

છોકરાને નાગ કરડયો છે એ ખબર મળતા મંત્રવાદીઓએ મંત્ર જાપ શરૂ કર્યા. મંત્રની એવી શક્તિ છે કે વાદી મંત્ર બોલે એટલે નાગને ત્યાં આવીને હાજર થવું જ પડે. વાદીઓએ કેસર આદિ સુગંધી પદાર્થો નંખાવીને દુધ ઉકાળી ઠંડુ કરાવી મોટું કુંડું ભરાવ્યું અને બીજી તરફ અગ્નિનો ભડભડતો કુંડ તૈયાર કરાવ્યો અને સુગંધીદાર પુષ્પો લાવ્યા કારણ કે નાગને સુગંધ બહુ ગમે છે. આ બધી તૈયારી કરીને વાદી મંત્ર ભણવા લાગ્યો એટલે અગંધન કુળનો નાગ ત્યાં હાજર થયો. વાદીઓ પૂછે છે તું કરડયો છે ? તો કહે છે હા. તો હવે તારું કાઢેલું ઝેર તું ચૂસી જા અને આ શેઠના દીકરાને બચાવ. જો આ એની નવપરણેતા સ્ત્રી કેટલો કલ્પાંત કરે છે ? નાગે કહ્યું. તમારી વાત સાચી છે. મને પણ એની ખૂબ દયા આવી હતી. પહેલી વખત આવીને કરડયા વગર જ પાછો ગયો પણ મારા ઉપરીની આજ્ઞા થઈ એટલે પાછા આવવું પડયું. આવીને પણ મેં એને સીધો ડંખ દીધો નથી. હું બીજી વખત પણ કરડવાનો ન હતો. હું એના પડખામાં સૂઈ રહ્યો હતો પણ એણે મને જોરથી લાત મારી એટલે મેં તેને ડંખ દીધો, પછી પણ મને ખૂબ પશ્ચાતાપ થયો કે એણે બિચારાએ તો મને ઉંઘમાં લાત મારી હતી ને મેં એને ડંખ દીધો ! વાદીઓ કહે છે જે થયું તે થયું પણ હે નાગદેવ ! હવે તમે એ ઝેર ચૂસી લેશો તો તમને આ ઠંડા ને મીઠા દૂધ પીવા મળશે, આ પુષ્પોની સુગંધ લેવા મળશે અને નહિ ચૂસો તો આ ભડભડતી અગ્નિના કુંડમાં પડવું પડશે. નાગે કહ્યું તમે મને બોલાવ્યો છે ને હું આવ્યો છું. મારે તમારું કહેલું કાર્ય કરવું પડે. એમાં ના નથી પણ

"नेच्छन्ति वंतयं भोत्तुं कुले जाया अगंधणे ।"

અગંધનકુળમાં ઉત્પન્ન થયેલા નાગ વમેલું ઝેર કદી પાછું ચૂસતા નથી, માટે હું એ ઝેર પાછું નહિ ચૂસું. વાદીઓએ ખૂબ કહ્યું પણ નાગે વમેલું ઝેર પાછું ચૂસ્યું નહિ, ત્યારે કહે છે તો તમે આ અગ્નિના કુંડમાં બળી મરો. નાગે કહ્યું એ વાત કબૂલ છે. હું અગ્નિના કુંડમાં પડીને મરી જવું પસંદ કરીશ પણ વમેલું ઝેર નહિ ચૂસું. એમ કહીને અગંધનકુળનો નાગ ગુંચળું વળીને ઉછળીને ભડભડતી અગ્નિના કુંડમાં પડીને બળીને મરી ગયો પણ વમેલું ઝેર પાછું ન ચૂસ્યું, તેમ હે રહનેમિ ! જે વમેલાને વાંછે એ નાગ ગંધનકુળનો છે અને જે પ્રાણને હોડમાં મૂકીને પણ વમેલું ન વાંછે એ અગંધનકુળનો નાગ છે. ભોગી ગંધનકુળના નાગ જેવો છે ને યોગી અગંધનકુળના નાગ જેવો છે. હું સંયમી છું ને તમે પણ સંયમી છો. મને વાંછીને તમે મહાવ્રતને હારવા કયાં તૈયાર થયા

છો ? હે રહનેમિ ! એક નાગ જેવા તિર્યંચ પ્રાણીથી પણ તમે ગયા ? એ પણ પાછા મુનિ થઈ ને ? અગંધનકુળના નાગ વમેલાને વાંછવા કરતા મોતને મહાન ગણે છે તો તમારાથી પણ કામના ઉપર વિજય મેળવી શકાતો ન હોય તો સંથારો કરો. સંથારો કરીને શરીરને છોડી દો પણ વમેલા કામભોગની ઇચ્છા ન કરો. તમે આવું ઉત્તમ ચારિત્ર-રત્ન પ્રાપ્ત કરીને કોડી જેવા કામભોગમાં એને વેચી દેવા ઉઠયા છો. કિંમતી ચંદનના વનમાં આગ લગાડી એના કોલસા કરવા તૈયાર થયા છો. જરા વિચાર કરો. તમે મને ગમે તેટલી ઇચ્છતા હો પણ હું તમને અંશ માત્ર ઇચ્છતી નથી ? હું મારા પ્રાણના ભોગે પણ મારું ચારિત્ર રત્ન ઝાંખુ પડવા નહિ દઉં. કદાચ એવો વખત આવશે તો અગંધન કુળના સર્પની જેમ હું મારા પ્રાણનો ત્યાગ કરીશ પણ વમેલા કામભોગ તરફ દૃષ્ટિ પણ નહિ કરું, એમ તમે પણ વમેલા કામભોગને ઇચ્છવા કરતા અગંધનકુળના નાગની જેમ મરણને ઇચ્છો તે શ્રેષ્ઠ છે પણ કામભોગમાં દૃષ્ટિ કરવી તે ખરાબ છે. આ પ્રમાણે રાજેમતીએ રહનેમિની ઝાટકણી કાઢી. જો કુળવાન પુરૂષ હોય તો આવા શબ્દો એને છાતીમાં ગોળી વાગે એવા લાગે. હજુ રાજેમતી રહનેમિને શું કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :-સિંહલદ્વીપના રાજાની પુત્રી કમલાએ જિનસેનકુમાર પાસે સાત વચન માંગ્યા તે સહુની સાક્ષીમાં જિનસેને કમલાને આપ્યા; પણ જિનસેનકુમાર પણ એનાથી ઉતરે તેવો ન હતો. એણે કહ્યું તું પણ મને સાત વચન આપ. આ તો પરસ્પર છે ને ! મારે તમારું કહ્યું માનવાનું ને તમારે મારું કહ્યું માનવાનું. કમલાએ કહ્યું ભલે સ્વામીનાથ ! આપ ફરમાવો. હું આપની આજ્ઞાનું પાલન કરવા તૈયાર છું.

હે કમલા ! હું જ્યારે જે સમયે તને જે આજ્ઞા કરું તેનું તારે બરાબર પાલન કરવું પડશે, પછી એમ નહિ કે હમણાં નહિ, પછી કરીશ. જમણા કાને સાંભળ્યું ને ડાબા કાને કાઢી નાંખવું એમ નહિ ચાલે. એવું થશે તો મારા દિલમાં દુઃખ થશે, માટે મારું દિલ કહી તું દુભાવીશ નહિ. એક વખત દિલ તૂટી જશે તો પછી સંધાવું મુશ્કેલ છે. બીજું મારે ચંપકમાલા અને મદનમાલતી બે પત્ની છે, ને તું ત્રીજી પત્ની છે ને મારા ભાગ્યમાં હોય તો ચોથી પણ આવે તો તારે એમની સાથે તારી સગી બહેનોની માફક પ્રેમથી રહેવું પડશે. મારા માતા-પિતા પણ છે. એમનો વિનય તારે કરવો પડશે. હું બહારથી આવું ત્યારે તમારા ત્રણેના મુખ હસતા હોવા જોઇએ. તમારું મન જરાજ પણ ઉંચું થશે તો મારો આનંદ ઉડી જશે, માટે તારે દૂધ-સાકરની જેમ મળીને બધાની સાથે રહેવાનું.

મૈં પૂર્વકો જાઉં પ્યારી, તુમ મત પશ્ચિમ જાના.
દો તન એક મન હો રહના, મુજસે કભી ન છિપાના.

ત્રીજું હું કહું કે મારે પૂર્વમાં જવું છે તો તારે પૂર્વમાં જ આવવાનું પણ હું જાઉં પૂર્વમાં ને તું કહે મારે પશ્ચિમમાં જવું છે એવું નહિ કરવાનું. મારાથી કોઇ પણ વાત છૂપાવવાની નહિ. જે પતિવ્રતા સ્ત્રી છે તે પોતાના પતિથી સહેજ પણ વાત છૂપાવતી નથી. તે પતિને એવી અર્પણ થઇ જાય છે કે એમના શરીર ભલે જુદા હોય પણ મન તો એક જ હોય છે. એમ આપણે જીવનમાં રહેવાનું. એવું જીવન જીવીએ તો જીવન જીવવાની મઝા આવે. બાકી તો જીવનમાં કંઇ સુખ કે આનંદ નહિ મળે. ચોથી વાત તારું રૂપ જોઇને કોઇ દેવ કે ઇન્દ્ર તારા ઉપર મોહિત થાય અને તને સમજાવવા આવે તો પણ તું કદી પરપુરૂષની મનથી કે સ્વપ્નમાં પણ ઇચ્છા ન કરીશ, કારણ કે સતી સ્ત્રીને પતિ એક જ હોય છે. પાંચમી વાત તું જે માંગીશ તે હું જરૂર લાવો આપીશ પણ કદાચ માની લે કે તારા માંગ્યા પ્રમાણે હું ન લાવી શકયો અગર લાવું ને બીજી પત્નીઓ માંગે તો આપવું પડે તે તને કંઇક ઓછું આપે તો તું કલેશ કે કજીયો ન કરીશ પણ જે મળે તેમાં શાંતિ રાખજે.

છઠ્ઠી વાત તું સુખમાં જેમ પતિની સાથે રહેવા ઇચ્છે છે તેમ દુઃખના સમયમાં પણ પતિની સાથે રહેજે. સુખમાં ને દુઃખમાં, સંપત્તિમાં ને વિપત્તિમાં પતિની સાથે પ્રેમથી રહેવું પણ દુઃખ પડે ત્યારે રીસાઇને પિયર ભાગી જવું નહિ. આ બધી વાત તું ધ્યાનમાં રાખજે. સાતમી વાત અંતરમાં કરૂણાભાવ રાખજે. તને જેવું સુખ ગમે છે તેવું સર્વ જીવોને ગમે છે, માટે દરેક જીવો પ્રત્યે કરૂણા રાખજે. સાસુ-સસરા અને વડીલ બહેનોની તું સેવા કરજે. જીવનમાં નમ્રતા, લજ્જા રાખજે. કરૂણા, સેવા અને લજ્જાથી માનવદેહ શોભી ઉઠશે. આ સોનાના ને રત્નોના આભૂષણો તો દ્રવ્ય આભૂષણો છે, પણ આ આભૂષણો તે સાચા આભૂષણો છે. મારા આટલા વચન તું પાળીશ તો જીવનમાં આનંદ-સુખ અને પ્રેમનો ત્રિવેણી સંગમ થશે. આ પ્રમાણે જિનસેનકુમારે સાત વચન માંગ્યા. કમલાએ પણ તેનું પાલન કરવાનું કબૂલ કર્યું, ત્યાર બાદ ખૂબ ધામધૂમથી એના લગ્ન થયા. કરિયાવરમાં કમલાના માતાપિતાએ હાથી, ઘોડા, રથ, પાલખી, કિંમતી વસ્ત્રો, આભૂષણો અને આખું રાજ્ય આપ્યું. સાથે અઢાર દેશની દાસીઓ આપી. રાજા અને પ્રજાના હૈયા હરખાઇ રહ્યા છે. શું દીકરી છે ને શું જમાઇ છે! મહારાજાએ જમાઈ સારા પસંદ કર્યા. હવે એ પરણીને જશે એટલે કયારે પાછા આવશે? જમાઇ બન્યા છે તો કોઇક વાર ખબર લેવા આવશે, માટે જે થયું તે સારૂં થયું. જિનસેન અને કમલાના લગ્ન થઇ ગયા. બધી વિધિ સમાપ્ત થઈ એટલે સૌ આશીર્વાદ આપીને પોતપોતાને ઘેર ગયા. હવે જિનસેનકુમારને જલ્દી માતા-પિતાને મળવાની લગની લાગી છે એટલે તે સિંહલદ્વીપથી કેવા ઠાઠમાઠથી નીકળશે, કમલાને એની માતા કેવી શિખામણ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૬૮

કારતક સુદ ૫ ને રવિવાર જ્ઞાનપંચમી તા. ૫-૧૧-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, દિવ્ય દિવાકર તીર્થંકર ભગવંતોએ ભવ્ય જીવોના એકાંત હિત માટે દ્વાદશાંગી સૂત્રની પ્રરૂપણા કરી છે. દ્વાદશાંગી સૂત્ર એ ભગવાનના મુખમાંથી ઝરેલી વાણી છે. દ્વાદશાંગી સૂત્રમાં જ્ઞાનનો ભંડાર ભર્યો છે. આજે જ્ઞાનપંચમીનો પવિત્ર દિવસ છે. જ્ઞાન એ જીવને પરમ હિતકારી છે. અનંતકાળથી આત્મા અજ્ઞાનને કારણે ભવાટવીમાં ભ્રમણ કરતો ભયંકર દુઃખ ભોગવી રહ્યો છે, કારણ કે દુઃખનું મૂળ જો કોઈ હોય તો તે અજ્ઞાન છે અને સુખનું મૂળ કારણ હોય તો તે જ્ઞાન છે. હજારો સૂર્યના પ્રકાશ કરતાં જ્ઞાનનો સૂર્ય મહાન તેજસ્વી છે. સૂર્ય તો દિવસે પ્રકાશ આપે છે ને સાંજે અસ્ત થઈ જાય છે ત્યારે જ્ઞાનરૂપી સૂર્ય તો રાત્રે અને દિવસે સદાકાળ પ્રકાશ આપે છે. તે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે છે. દ્રવ્ય અંધકાર જેટલું આત્માનું અહિત નથી કરતો તેટલું આત્મામાં રહેલ ભાવ અંધકાર–અજ્ઞાન આત્માનું અહિત કરનાર છે. જગતની દૃષ્ટિમાં જેને આંખ ન મળી હોય એ અંધ ગણાય છે. જગત એને કરૂણા-પાત્ર સમજે છે, પણ જ્ઞાનીની દૃષ્ટિ એથી આગળ પહોંચે છે. જ્ઞાનીની દૃષ્ટિમાં આંખથી અંધ જેટલો કરૂણાપાત્ર નથી એથી વધુ કરૂણાપાત્ર અજ્ઞાની છે. આંખના અંધાપાને જગતના જીવો જોઈ શકે છે. આંખેથી અંધ માનવી કોઈ આમથી તેમ ઠેબા ખાતો રસ્તા પર સામેથી આવી રહ્યો હોય તો લોકો એમ જ કહે છે કે ભાઈ ! એ અંધ છે. એને માર્ગ કરી આપો નહિ તો કોઈની સાથે ભટકાઈ જશે.

એક વખત એક અંધ મુસાફીર અંધારી રાતે ફાનસ લઈને રસ્તા પરથી પસાર થતો હતો. સામેથી બે ચાર મશ્કરીયા યુવાનો આવ્યા ને મશ્કરીમાં બોલ્યા–સુરદાસ ! તમે તો આંખેથી દેખતા નથી તો પછી આ ફાનસ લઈને કેમ નીકળ્યા છો ? સૂરદાસે કહ્યું–તમારી વાત સાચી છે. હું તો આંખે અંધ છું. આંખે દેખતો નથી પણ તમારા જેવા જે આંખેથી દેખતા છે એ ભૂલથી અંધારામાં મારી સાથે અથડાઈ ન પડે એ માટે ફાનસ સાથે લઈને નીકળ્યો છું. આંખના અંધને તો જગત આખું દેખે છે પણ જ્ઞાનના અંધાપાને જ્ઞાનીઓ જ જોઈ શકે છે. આ અંધાપો જેને વળગ્યો હોય એ અંધ હોવા છતાં પોતે પોતાને દેખતો માને ને દેખતાને આંધળા માને. એ પોતે તો દુર્ગતિના ખાડામાં પડે પણ જે એની સાથે ભટકાય એનેય દુર્ગતિમાં પાડે, માટે જ્ઞાન મેળવવાની અવશ્ય જરૂર છે.

આજે આપણા જૈન સમાજમાં દિવસે દિવસે જ્ઞાનનો અભાવ વધતો જાય છે. વધુ નહિ તો તમે એટલું અવશ્ય કરજો કે આપના બાળકો સામાયિક, પ્રતિક્રમણ, છકાયના બોલ, નવતત્ત્વ શીખ્યા વગરના ન રહેવા જોઈએ, એટલું જ્ઞાન તો જરૂર આપજો. જેમ તમે બાળકોને સ્કુલમાં ને કોલેજોમાં ભણાવવાની જેટલી ખંત રાખો છો તેનાથી અધિક જૈનશાળામાં

મોકલવાની રાખો. જો તમારા બાળકો ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરશે તો તમને પણ સુખે રહેવા દેશે પણ જો જ્ઞાન નહિ હોય તો તમારી સાથે પ્રેમથી નહિ રહી શકે, માટે સંતાનોને જ્ઞાન આપવા માટે ખૂબ તકેદારી રાખો. જ્ઞાન એ તો આંખ સમાન છે. તમે કહો છો ને કે "આંખ વિના અંધારું" દુનિયામાં આંખ છે તો બધું જ છે. આંખની શરમ પડે છે. આંખ ગઈ એની શરમ ગઈ. જો તમને દ્રવ્ય આંખ વિના પણ આટલું દુઃખ સાલે છે તો પછી ભાવ આંખ-જ્ઞાન વિના કેટલું દુઃખ થવું જોઈએ ? સુભાષિતકારો પણ કહે છે કે જ્ઞાનં જગલ્લોચનમ્ । જ્ઞાન એ દુનિયાની આંખ છે. આપણા જૈન શાસ્ત્રોમાં બૃહત્કલ્પભાષ્યમાં પણ કહ્યું છે કે "सुयं तइयं चक्खु". સૂત્રજ્ઞાન એ ત્રીજું નેત્ર છે. બે નેત્ર તો દરેક મનુષ્યને હોય છે પણ જ્ઞાન એ ત્રીજું નેત્ર છે. જ્ઞાન દ્વારા જીવ સંસારના સ્વરૂપને સમજી શકે છે. શુભાશુભ કર્મોનું બંધન કઈ રીતે થાય છે ને કઈ રીતે એ બંધનો તૂટે છે તે વાત જ્ઞાન દ્વારા સમજી શકાય છે.

આજે બધે ધર્મક્રિયાઓમાં ભેળસેળ કેમ ચાલે છે ? સામાયિક કેવી હોવી જોઈએ તેનું કંઈક જીવોને જ્ઞાન નથી, એટલે સામાયિકમાં વિના પ્રયોજને હરફર કરવી, વાતોના ગપાટા હાંકવા આ બધું કરે છે પણ જો એવું જ્ઞાન હોય કે મારી સામાયિક શા માટે છે ? મારે સામાયિક કરવાનું શું પ્રયોજન છે ? કેટલા દોષો ટાળીને સામાયિક કરવી જોઈએ ? આવું જ્ઞાન હોય તો સાચી સામાયિક કરી શકાય. એ સામાયિકમાં તમને અલૌકિક રાહ આવશે. જ્ઞાન સહિત ક્રિયા કરવાથી મહાન ફળની પ્રાપ્તિ થાય છે. સામાયિક કેટલા દોષ ટાળીને કરવાની તે વાત તો તમે જાણો છો ને ? દશ મનના, દશ વચનના ને બાર કાયાના એ બત્રીસ દોષ ટાળીને જે સામાયિક થાય તે શુદ્ધ સામાયિક છે. એ બે ઘડીની સામાયિકમાં મહાન કર્મોની નિર્જરા થાય છે. તપ કરો, દયા પાળો, સામાયિક-પ્રતિક્રમણ આદિ ગમે તે ક્રિયાઓ કરો પણ જો જ્ઞાન સહિત કરશો તો અલ્પક્રિયા પણ મહાન ફળદાયી નીવડશે.

જ્ઞાની આત્મા દુઃખમાં પણ સુખ શોધે છે અને અજ્ઞાની આત્મા સુખમાં પણ દુઃખ શોધે છે. જ્ઞાની આત્મા કર્મના ઉદયથી કદાચ ગરીબ બની ગયો હશે અને ઝુંપડીમાં રહીને રોટીને દાળ ખાતો હશે ત્યારે એ પોતાનાથી નીચી કક્ષાના માણસો તરફ દૃષ્ટિ કરશે અને વિચાર કરશે કે મારે તો રહેવા માટે ઝુંપડી છે ને મારું શરીર સારું છે તો હું મહેનત કરીને રોટલી ને દાળ પેટ ભરીને ખાઉં છું પણ જેને બિચારાને રહેવા ઝુંપડી નથી, ખાવા અન્ન નથી ને પહેરવા કપડા નથી એવા નિરાધાર માણસોનું શું થતું હશે ! શ્રેણીક મહારાજાને કોણીકે જેલમાં પૂર્યા અને ચાબુકના માર મારવા લાગ્યો ત્યારે એમની જ્ઞાનદૃષ્ટિએ એવો જ વિચાર કર્યો કે મેં તો જીવતા જીવોને વીંધી નાંખ્યા છે. એમના જીવ અને કાયા જુદા કરાવ્યા છે. આ મને એવું તો નથી કરતો ને ? માત્ર ચામડા જ મારે છે ને મને

કર્મ ખપાવવામાં સહાય કરે છે. આવો વિચાર કરીને દુઃખમાં પણ સુખ શોધ્યું, ત્યારે તમારા સંસારની અપેક્ષાએ મહાન સુખી ગણાતા માણસો પણ અજ્ઞાનના કારણે સુખમાં પણ દુઃખનો અનુભવ કરતા હોય છે, એનું ધાર્યું ન થાય તો રડવા માંડે. સહેજ રોગ આવે તો ચિંતાનો પાર નહિ. પોતાના કરતા બીજાને વધારે સુખી જોઈને ઈર્ષ્યાની આગમાં જલવા લાગશે. આવા જીવો વધારે પૈસા મેળવવા માટે કંઈક કાળાધોળા કરી ઘોર કર્મો બાંધીને દુઃખ ભોગવે છે. આ બધું કરાવનાર જો કોઈ હોય તો ઘોર અજ્ઞાન છે, જ્ઞાન વિનાનો મનુષ્ય જીવતો છતાં મરેલા જેવો છે. એક સંસ્કૃત શ્લોકમાં પણ કહ્યું છે કે—

ज्ञानादयस्तु भावप्राणा, मुक्तोऽपि जीवति स तर्हि ।
तस्माज्जीवत्वं हि, नित्यं सर्वस्य जीवस्य ॥

પ્રાણ ધારણ કરવાથી જીવ જીવ કહેવાય છે. જ્ઞાન–દર્શન આદિ ભાવ પ્રાણ છે. તેને ધારણ કરવાથી મુક્ત જીવો સિદ્ધ ભગવંતો પણ જીવિત રહે છે તેથી તે જીવ કહેવાય છે. જો જીવનું સંપૂર્ણ જ્ઞાન અવરાઈ જાય, નષ્ટ થઈ જાય તો જીવ અજીવ બની જાય.

બંધુઓ ! આત્મામાં જ્ઞાન પ્રગટે છે ત્યારે તે વિચારે છે કે હું અનંત શક્તિનો સ્વામી આત્મા આ દેહની નાનકડી દુનિયામાં કેમ ભરાઈને બેઠો છું ? હું આ જન્મની પહેલાં હતો, મરણ પછી પણ રહેવાનો છું, તો મરણના ભયથી કેમ ગભરાઈને બેઠો છું ? મૃત્યુ કોનું ? દેહનું કે આત્માનું ! દેહ મરે અને આત્મા તરે તેવી આત્માની અખૂટ શ્રદ્ધા તે જ સમ્યગ્ દર્શન છે. આત્માની ઓળખાણ ન થાય ત્યાં સુધી કાંઈ નથી. તમે માત્ર દેહને ઓળખો છો, આત્માને નહિ. જે પોતાને જ ન ઓળખે કે હું આત્મા છું, જ્યોતિર્મય છું, ત્રણ કાળમાં મરવાનો નથી તે બીજાને ચૈતન્ય રૂપે કેવી રીતે ઓળખી શકે ? જે પોતાને ઓળખશે તે બીજાને ઓળખી શકશે. આત્માની ઓળખાણ થતાં સંસાર અનાસક્તિવાળો અને ઉચ્ચ વિચારોનું ધામ બનશે. અંજના સતીને એના પતિનો વિયોગ બાર વર્ષ રહ્યો. પવનકુમારે પરણ્યા પછી બાર બાર વર્ષો સુધી એના સામું જોયું નહિ, ત્યારે અંજના એ જ વિચાર કરતી હતી કે મારા પતિનો કોઈ દોષ નથી. દોષ મારા કર્મોનો છે. મને સહેજે બ્રહ્મચર્ય પાળવાનો અવસર મળ્યો છે. એવા સમભાવમાં બાર વર્ષો પસાર કર્યા પછી જ્યારે પવનકુમારની આંખ ઉઘડી ત્યારે તેમને પોતાની ભૂલનો ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો અને આંખમાં આંસુ સારીને અંજના પાસે ક્ષમા માંગતા કહે છે સતી ! હું દુષ્ટ છું, મને માફ કર. ત્યારે અંજના કહે છે સ્વામીનાથ ! તમે દુષ્ટ હતા જ નહિ. જો દુષ્ટ હતા તો આંસુ ક્યાંથી ! પછી જાણે કંઈ બન્યું જ નથી તેવા આનંદથી રહેવા લાગ્યા. આ છે આત્માની ઓળખાણ. આવા તો અનેક દાખલાઓ છે. આત્મજ્ઞાનવાળી વ્યક્તિ જ સુખ દુઃખમાં સમાન ભાવ રાખી શકે છે. ગમે તેટલું ધન મળે તો અભિમાન ન કરે અને નિર્ધનતામાં કંગાળ ન બને. બંને સમયે નમ્રતા અને

સાદાઈ રાખે. જ્ઞાન કસોટીના સમયમાં પણ આત્માને સ્થિર રાખી શકે છે ને બીજાને પણ સ્થિર કરી શકે છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં રાજેમતી સાધ્વી બહુશ્રુતા બનેલા છે. તેમના આત્માના અલૌકિક ઓજસ ઝળકી રહ્યા છે. એવા સતી રાજેમતીને ગુફામાં એકલા જોઈને રહનેમિનું મન ચલાયમાન થયું ત્યારે રાજેમતી રહનેમિને સંયમ માર્ગમાં સ્થિર કરવા માટે કેવો જોરદાર ઉપદેશ આપે છે. ગઈ કાલે વાત આવી ગઈ ને કે રાજેમતીએ કહ્યું–હે રહનેમિ ! અગંધનકુળનો નાગ ભડભડતી અગ્નિમાં પડીને મરી જવાનું પસંદ કરે છે પણ વમેલું ઝેર પાછું ચૂસવાનું પસંદ કરતો નથી. એ ગૂંચળું વળી અગ્નિમાં પડીને મરી ગયો પણ વમેલું ઝેર પાછું ચૂસ્યું નહિ. એક નાગ જેવા તિર્યંચ પ્રાણીથી પણ તું નપાવટ નીકળ્યો કે વમેલા કામ ભોગોને ફરીથી ભોગવવાની ઇચ્છા કરે છે. હજુ પણ રાજેમતી કેવા શબ્દો કહે છે.

धिरत्थु ते ऽ जसोकामी, जो तं जीविय कारणा ।
वंतं इच्छसि आवेउं, सेयं ते मरणं भवे ॥ ४३ ॥

હે અપયશના કામી ! તને ધિક્કાર હો કે તું જે વાસનામય જીવન માટે વમેલા ભોગોને ભોગવવા ઇચ્છે છે. એવા અસંયમી પતિત જીવને જીવવા કરતાં તારું મૃત્યુ ઉત્તમ (શ્રેષ્ઠ) છે.

જુઓ, સતી રાજેમતીના શબ્દો કેટલા કડક છે ! તે શું કહે છે-હે રહનેમિ ! તને ધિક્કાર છે. માણસને ધિક્કાર છે એમ કયારે કહેવાય ? એના ઉપર કેટલી ઘૃણા છૂટી હોય ત્યારે માણસ આવા શબ્દો કહી શકે છે અને જેને આવા શબ્દો કહેવાય એ વ્યકિત જો જાતિવાન હોય તો લજ્જાઈ જાય. એને એમ જ થાય કે ધરતી ફાટે તો સમાઈ જાઉ પણ જો જાતિવંત ન હોય તો એને અસર પણ ન થાય. એ તો આવા શબ્દો સાંભળીને નઠોર બની ગયો હોય છે. રાજેમતીના આ શબ્દો છાતીમાં ગોળી વાગે તેવા છે કે અપયશના કામી ! જો તારી કામનાને તું જીતી શકતો ન હોય તો અગંધનકુળના સર્પનો મેં તને દાખલો આપ્યો. એ સર્પ અગ્નિમાં પડીને બળી મર્યો પણ વમેલું ન ચાટયું તેમ તું પણ આ દેહ છોડી દે પણ આવા અસંયમી અને વાસનામય જીવને જીવવાની ઇચ્છા ન કરીશ. આ તો તું યાદવ કુળને લાંછન લગાડવા ઉઠયો છે. મારા જીવનમાં કદાચ જો આવો પ્રસંગ આવે તો હું અગંધનકુળના સર્પની જેમ મરણને વહાલું કરું પણ તમારી માફક ચારિત્રને બાળવા તૈયાર ન થાઉં. આવી કુવાસનાની પૂર્તિ કરવાની વાંછના કરતા તને શરમ નથી આવતી ! આ તો તેં મૂળમાં જ સડો લગાડયો છે.

બંધુઓ ! કોઈ વૃક્ષનું મૂળ જો સડી જાય તો તે વૃક્ષ ઉભું રહી શકતું નથી પણ પડી

જાય છે. જો એના ડાળા, પાંખડાને સડો લાગે પણ મૂળીયું સજીવન રહે તો તે વૃક્ષ નવ-પલ્લવિત થાય છે તેમ સાધુના મૂળ ગુણ અને ઉત્તર ગુણ હોય છે. પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રીભોજન એ મૂળ ગુણો છે અને તપ, ધ્યાન,, સ્વાધ્યાય, પાંચ સમિતિ આદિ ઉત્તર ગુણો છે. મૂળ ગુણો વૃક્ષના મૂળીયા જેવા છે. સાધુથી હિંસા કરાય નહિ, મૃષાવાદ બોલાય નહિ, ચોરી કરાય નહિ, મૈથુન સેવાય નહિ, પરિગ્રહ રખાય નહિ, અને રાત્રી ભોજન કરાય નહિ. આ મૂળ ગુણોમાં સહેજ પણ કચાશ આવવા દેવાય નહિ. કદાચ શરીરની શક્તિ નબળી હોય તો તપ ઓછો કરી શકાય. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ઓછો હોય તો જ્ઞાન ઓછું ભણી શકાય તો વાંધો નહિ આવે, પણ મહાવ્રત શુદ્ધ હોવા જોઈએ. મૂળ સાજું હશે તો વૃક્ષ ટકી શકશે પણ જો એ સડી ગયું તો વૃક્ષ કોના આધારે ટકી શકશે ? તેમ જેના સંયમ રૂપી વૃક્ષના મહાવ્રત રૂપી મૂળ જો સડી જાય તો સંયમવૃક્ષ કોના આધારે ટકી શકે ? અહીં રહનેમિના મહાવ્રત રૂપી મૂળીયામાં વિષય વિકારનો સડો લાગ્યો છે એટલે રાજેમતી ઉગ્ર બનીને એને ફટકારે છે કે તું મરી જા, મરણને વહાલું કર પણ આવા અસંયમી જીવનને ઇચ્છીશ નહિ.

જૈન ધર્મના સાધુ-સાધ્વીઓ કોઇને મરી જા....એવા શબ્દો ન કહે. એક કીડી જેવા પ્રાણીનું પણ મનથી મોત ન ઇચ્છે તો સાધુને કહે ખરા ? કોઇને તું મરી જા એમ કહીએ તો એની હત્યાનું પાપ લાગે પણ અહીં રાજેમતીને એવું પાપ નહિ લાગે, કારણ કે એના ભાવ રહનેમિને મારી નાંખવાના નથી પણ આવા કડક ચાબખા જેવા શબ્દો કહીને એને સંયમ માર્ગમાં સ્થિર કરવાના ભાવ છે, એટલે આટલા શબ્દો કહીને અટકતી નથી પણ આગળ શું કહે છે—

अहं च भोगरायस्स, तं चडसि अंधगवण्हिणो ।
मा कुले गंधणा होमो, संजमं निहुओ चर ॥४४॥

હે રહનેમિ ! આપણી જાતિનો ને કુળનો ખ્યાલ કરો. તમે કોણ છો ને હું કોણ છું ? હું ભોજક વિષ્ણુની પૌત્રી અને ઉગ્રસેન રાજાની પુત્રી છું. તમે અંધક વિષ્ણુના પૌત્ર અને સમુદ્રવિજય મહારાજાના પુત્ર છો. શું આપણે ગંધનકુળના સર્પ જેવા થઇએ ? ઓ સંયમેશ્વર ! નિશ્ચલ થઇને સંયમમાં સ્થિર થાઓ.

બંધુઓ ! રાજેમતીએ કેવા જોમભર્યા શબ્દો ઉચ્ચાર્યા કે ખાનદાન માણસ હોય તો આવા જોમભર્યા શબ્દો સાંભળીને એના રોમેરોમમાં જાગૃતિ આવી જાય. રાજેમતીએ શું કહ્યું હે રહનેમિ ! હું અને તમે બંને કુલીન છીએ. ખાનદાન કુળના છીએ. ગંધનકુળનો સર્પ માણસને કરડે છે એટલે એને મંત્રવાદીઓ મંત્રનું ઉચ્ચારણ કરીને બોલાવે છે તેથી એને હાજર થવું પડે છે. મંત્રવાદીઓ એને કહે છે કે ઓ ગંધનકુળના સર્પ ! તું આને

કરડયો છે ? તો કહેશે કે હા, હું એને કરડયો છું, ત્યારે વાદીઓ કહે કે તું એના ઝેરને પાછું ચૂસી લે તો તને મીઠું દૂધ પીવા મળશે અને નહિ ચૂસે તો આ અગ્નિના કુંડમાં બળી મરવું પડશે. આ સમયે ગંધનકુળનો સર્પ મરણના ડરથી વમેલું ઝેર પાછું ચૂસી લે છે તો હે રહનેમિ ! વમેલાને પાછું ચૂસનાર ગંધનકુળના સર્પ જેવું આપણે થવું નથી પણ અગંધનકુળના સર્પ જેવા બનવું છે. મરી જવું કબુલ પણ વમેલાને ચૂસવું નહિ. હે સંયમી રહનેમિ ! તમે તમારા પ્રાણના ભોગે પણ સંયમ પાળવા તત્પર રહો. જો તમે તમારું મન સંયમમાં નિશ્ચલ નહિ રાખો તો તમારી કેવી સ્થિતિ થશે તે સાંભળો.

जइ तं काहिसि भावं, जा जा दिच्छसि नारिओ ।
वायाविद्धो व्व हडो, अट्ठिअप्पा भविस्ससि ॥४५॥

હે મુનિ ! તમે જે જે સ્ત્રીઓને જોશો અને તે સ્ત્રીઓને જોયા પછી જો કામભોગની ઇચ્છા કરશો તો સમુદ્રકિનારે હડ નામનું વૃક્ષ જેમ પવનથી ઉખડી જાય છે તેમ તમારો આત્મા ઉચ્ચ ભૂમિકાથી પતિત થશે.

અહીં રાજેમતિએ રહનેમિને સંયમમાં સ્થિર થવા માટે હડ નામના વૃક્ષનો ન્યાય આપ્યો છે. હડ નામનું વૃક્ષ નદી અગર દરિયા કિનારે થાય છે. એ ઉપરથી ખૂબ ફાલે છે. ઘટાદાર હોય છે. એની છાયામાં ઘણાં માણસો બેસી શકે છે. આ વૃક્ષ ગહેર ગંભીર અને શોભાયમાન હોય છે, પણ એના મૂળીયા બહુ ઉંડા હોતા નથી, એટલે એને સહેજ પાણીનો ધક્કો લાગે કે વાવાઝોડું થાય તો એ પડી જાય છે. એના મૂળીયા સહિત ઉખડી જાય છે, તેમ હે રહનેમિ ! આ ગુફામાં તો હું એકલી જ છું. મને એકલીને સાધ્વીપણામાં જોઈને પણ જો તમારું મન સંયમ માર્ગથી વિચલિત બની ગયું તો આ ગુફામાંથી બહાર નીકળશો અને ઘરઘરમાં ગોચરી જશો ત્યાં તો તમને નવયુવાન અને સૌંદર્યવતી ઘણી સ્ત્રીઓ જોવા મળશે. એને જોઈને તમારું મન કેમ સ્થિર રહેશે ? તમે જે જે સ્ત્રીઓને જોશો અને તેનામાં ભોગની અભિલાષા કરશો તો વાયુથી સદા કંપાયમાન હડ નામની નિર્મૂળ વનસ્પતિની માફક ચંચળ સ્વભાવના બની જશો. આ વાતથી કહેવાનો આશય એ છે કે સંસાર રૂપ અટવીમાં વિષયવાસના રૂપ વાયુથી કંપાયમાન ચિત્તવાળા થવાથી શાંતિને પ્રાપ્ત કરી શકશો નહિ. રાજેમતી રહનેમિને આવા તલવારની ધાર જેવા તીક્ષ્ણ વચનો કહે છે. જેમ હાથી સીધો ન ચાલે તો મહાવત એને અંકુશ મારે છે તેમ રાજેમતી પણ વિષયવાસનાથી મદોન્મત્ત બનેલા રહનેમિને તીક્ષ્ણ વચનો રૂપી અંકુશ મારે છે. આટલું બધું રાજેમતી બોલે છે તો પણ રહનેમિ બિલકુલ ઉગ્ર થતા નથી, કારણ કે ગમે તેવો પડવાઈ થયો છે પણ ઉત્તમ કુળનો દીકરો છે, એટલે આવા શબ્દો સાંભળીને મનમાં એમ નથી થતું કે સ્ત્રી જાતિ થઇને મને આવા

શબ્દો કેમ કહે છે? એનામાં ખાનદાની છે, લજ્જા છે. હજુ રાજેમતી કેવા શબ્દો કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- સિંહલદ્વીપના મહારાજાની કુંવરી કમલા સાથે જિનસેનકુમારના ધામધૂમથી લગ્ન થયા, પછી જિનસેનકુમારે સાસુ-સસરા પાસે જવાની રજા માંગી, ત્યારે કમલાએ પણ માતા-પિતાને વિનંતી કરી કે એમને એમના માતા-પિતા બહુ યાદ આવ્યા છે. જેવી હું તમને વહાલી છું એવા એ એમના માતાપિતાને પણ વહાલા તો હોય ને? માટે હે માતા-પિતા! તમે અમને અંતરના આશીષ આપીને રજા આપો. આ સાંભળીને માતા-પિતાને ખૂબ દુઃખ થયું.

નયનાશ્રુના માતા બોલે, જાવો લાડલી જાવો,
સાસ સસુરકી સેવા કરજો પતિકા હુકમ બજાવો.

માતાને દીકરી બહુ વહાલી હોય છે અને અહીં તો એકની એક લાડકવાયી દીકરી છે, એટલે હૈયાના હાર જેવી ને આંખની કીકી જેવી વહાલી છે, તેથી જવાનું નામ પડતાં માતાની આંખમાં ચોધાર આંસુ વહેવા લાગ્યા. માતા રડતી રડતી કહે છે બેટા! તું સાસરે જઈ ને તારા સાસુ-સસરાને માતા-પિતા સમાન ગણીને એમની ખૂબ સેવા કરજે અને તારા પતિની આજ્ઞાનું બરાબર પાલન કરજે. એમની સામે તું કદી કોઈ પણ જાતની હઠ પકડીશ નહિ. એ કહે કે રાત તો રાત અને એ કહે દિવસ તો રાત હોય તો પણ દિવસ માનજે. એવી રીતે તું એમની આજ્ઞામાં રહેજે. એમાં જરા પણ ખામી આવવા દઈશ નહિ, તારી શોકયેાને તું સગી બહેનો સમજીને ખૂબ પ્રેમથી એમની સાથે હળીમળી રહેજે. રાજ્યમાં નોકર-ચાકર, દાસ-દાસીઓ બધા ખૂબ હોય પણ એ આપણા પોતાના જ માણસો છે એમ માની તેમનું બરાબર ધ્યાન રાખવું. એમને પરાયા ગણવા નહિ. એમની ભૂખ્યા -તરસ્યાની અને માંદા સાજાની ખૂબ સંભાળ રાખજે, તો તું બધાનો પ્રેમ સંપાદન કરી શકીશ. કરિયાવરમાં ઘણો દાયજો આપ્યો છે. સાથે પથરણું, મુહપત્તિ અને ગુચ્છો પણ આપ્યા ને કહ્યું-દીકરી! તને રાજ્યમાં ગમે તેટલા સુખ મળે પણ તું ધર્મને કદી ભૂલતી નહિ. દરરોજ એક સામાયિક તો અવશ્ય કરજે. તમે બધા તમારી પુત્રીને સાસરે મોકલો ત્યારે આવી શિખામણ આપતા હશો ને!

માતાએ દીકરીને આપેલી હિતશિખામણ :- માતાપિતા પોતાના સંતાનોને બધું આપે પણ જો ધર્મના સંસ્કાર ન આપે તો તે સાચા માતા-પિતા નથી. સંસ્કાર ધન એ જ સાચું ધન છે. બીજું ધન તો ચાલ્યું જશે પણ સંસ્કાર રૂપી ધન આપેલું નહિ જાય. આ માતા-પિતાએ કમલાને ખૂબ સારા સંસ્કાર આપ્યા છે એટલે પુત્રીને સાસરે જતી વખતે હિતશિખામણ આપે છે કે હે પુત્રી! તું દરરોજ જમતાં પહેલા સુપાત્ર દાન દેજે. મહાન ભાગ્ય હોય તો સુપાત્ર દાન દેવાનો અવસર મળે છે. ધર્મને તારા હૃદયમાં

સદા સ્થાપન કરીને રાખજે. હંમેશા નવકાર મંત્રનું સ્મરણ કરજે. મારી વહાલી પુત્રી ! વધુ તો તને શું કહું ? આ સંસારમાં સુખ દુઃખના વાદળો આવે છે ને વિખરાય છે. તારા અશુભ કર્મનો ઉદય થાય ને દુઃખ આવે તો તું ગભરાઈશ નહિ ને સુખમાં ફૂલાઈશ નહિ પણ સુખ દુઃખમાં સમભાવ રાખજે. સાસુ, નણંદ કે શોકય કદાચ આકરા ઉતાવળા થઈને તને કંઈ કહે તો તું તેમના સામું બોલીશ નહિ પણ વિનય અને નમ્રતાથી સહન કરજે. આટલું બોલતાં માતાનું હૈયું ભરાઈ ગયું ને ગદ્‌ગદ્ કંઠે કહે છે બેટા ! હવે તો મારા ને તારા વચ્ચે ઘણું અંતર પડી જશે. કયાં સિંહલદ્વીપ અને કયાં કંચનપુર ! બાલપણાથી કુલની જેમ રમાડેલી કોમળ કળી જેવી લાડીલી દીકરી ચાલી જશે ? મને મોકલવાનું બિલકુલ મન નથી પણ અનાદિની એ રીત છે કે કન્યા પર ઘેર જ શોભે, એટલે મારે તને સાસરે મોકલવી પડશે પણ બેટા ! ક્ષણે ક્ષણે તારા સ્મરણો આવશે. અમારા અંતરના શુભાશિષ છે કે તમે સુખી થાઓ. એમ કહી રાજા રાણીએ દીકરી જમાઈને આશીર્વાદ આપ્યા ને જમાઈને કહ્યું કે

સાસુ સસરા નિજ જમાત સે, બોલે ઇસ પ્રકાર,
પ્યારા જમાઈ જલ્દી આકર, સુધ લીજો હરબાર.

હે જમાઈરાજ ! અત્યારે તો આપને જવું જ છે એટલે અમે વધુ કહી શકતા નથી, પણ હવે આ રાજ્ય આપનું જ છે, એટલે સંભાળવા માટે વહેલા આવજો. જિનસેનકુમાર મસ્તક ઝૂકાવી સાસુ-સસરાને પગે લાગ્યા ને જવા માટે તૈયાર થયા. મોટા ઠાઠમાઠથી રાજા અને પ્રજા એમને વળાવવા માટે આવ્યા. રાજાને પહેલેથી જ જિનસેન પ્રત્યે માન હતું. પહેલા પટાવાળાની નોકરી હતી. એના ગુણના કારણે પટાવાળામાંથી પ્રધાન બન્યા અને પ્રધાનમાંથી જમાઈરાજ બન્યા એટલે એના માનપાનમાં શું ખામી હોય ! આખા નગરની પ્રજા દૂર સુધી વળાવવા આવી, પછી સૌને પાછા વાળીને જિનસેનકુમાર ચતુરંગી સેના સાથે આગળ ચાલ્યા. કંચનપુરમાં જતાં વચ્ચે ચંપકમાલાના પિતા માધવસિંહ રાજાનું ગામ ચંપાપુર આવ્યું, એટલે માધવસિંહ રાજાને ખબર આપી. પોતાની દીકરી અને જમાઈ આવ્યા છે જાણીને માધવસિંહ મહારાજાને ખૂબ આનંદ થયો. રાજાએ આખું નગર ધ્વજા પતાકાઓથી શણગાર્યું અને વાજતે ગાજતે સ્વાગત કરીને જિનસેનકુમારને ચંપાપુર નગરમાં પ્રવેશ કરાવ્યો. આ માધવસિંહ મહારાજાને પણ પુત્ર નથી, એટલે એમણે જિનસેનકુમારનો રાજ્યાભિષેક કરવાની તૈયારી કરવા માંડી. જિનસેનકુમારે કહ્યું-મહારાજા ! આપ આ શું કરી રહ્યા છો ? હું રાજ્ય લેવા માટે નથી આવ્યો. હું તો આપના આશીર્વાદ લેવા માટે આવ્યો છું, ત્યારે સસરા કહે છે હે જમાઈરાજ ! તમે મહાન ગુણવાન છો, નિર્લોભી છો. આપ જ આ રાજ્યને યોગ્ય છો. મારે ચંપકમાલા એક જ પુત્રી છે એટલે રાજ્ય આપને જ આપવાનું છે. આપ રાજ્ય સંભાળો, પછી હું આત્મકલ્યાણ કરવા દીક્ષા લઉં. એમ કહી

જિનસેનકુમારનો રાજ્યાભિષેક કર્યો ને તેની આખા નગરમાં આણ ફેરવાઈ. જિનસેનકુમાર મહારાજા બન્યા એટલે પ્રજાજનોને પણ ખૂબ આનંદ થયો. આપણાં ધન્યભાગ્ય કે આપણને આવા જિનસેન જેવા પ્રતાપી રાજા મળ્યા. જુઓ, જિનસેનકુમાર કેટલો પુણ્યવાન છે કે રત્નવતીના ત્રાસથી કંટાળીને પોતાનું ભાવિ અજમાવવા નીકળ્યો ને બધે રાજ્યનો સ્વામી બન્યો. જિનસેનકુમાર માધવસિંહ મહારાજાને કહે છે મહારાજા ! આપ મને જવાની રજા આપો, કારણ કે મને નીકળ્યા ઘણો સમય થઈ ગયો છે. હવે મારી માતા મારા વિયોગે ઝૂરતી હશે. એમ કહી રાજાને સમજાવીને ત્યાંથી નીકળ્યો અને મદનમાલતીના પિતાને ગામ વિજયપુર આવ્યા. ચંદ્રસેન રાજાને ખબર આપી કે તમારા જમાઈ જિનસેનકુમાર આવ્યા છે.

સુન કર રાજા બહુ દુઃખ પાયા, આઈ બેટીકી યાદ,
હૈ બેટી તુ ગુણકી પેટી, દિલકો ઉપજે દાદ.

ચંદ્રસેન રાજાને ખબર પડી કે જમાઈ આવ્યા છે એટલે દિલમાં ખૂબ દુઃખ થયું કે મારી દીકરીને રાજરે મોકલવાનો સંદેશો મોકલીને પોતે ચાલ્યા ગયા. પાછળ મારી દીકરીની શી દશા થઈ એની ખબર પણ લીધી નથી. દીકરી હોય તો આપણે જમાઈની સગાઈ છે. આપણી દીકરીનો પત્તો નથી. કયા મોઢે જમાઈને બોલાવવા ? રાજાનો પ્રધાન ખૂબ ડાહ્યો ને ગંભીર હતો. એણે કહ્યું–મહારાજા ! હમણાં તો જમાઈ મોટા રસાલા સાથે આવ્યા છે. ચંપાપુરી અને સિંહલદ્વીપના રાજા બન્યા છે, માટે એમનું આપણે સ્વાગત કરવું જોઈએ, પછી આપણી દીકરી સબંધી એમની સાથે વાતચીત કરશું પણ આવા મોટા રાજાનું આપણે સ્વાગત ન કરીએ તો આપણી શોભા નથી. પ્રધાનના કહેવાથી ચંદ્રસેન રાજાએ જિનસેનકુમારના સ્વાગત માટે તૈયારી કરવા માંડી. હવે ચંદ્રસેનરાજા, પ્રધાન .તેમજ નગરજનો જિનસેનકુમારનું સ્વાગત કરવા માટે જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

●

વ્યાખ્યાન નં. ૬૯

કારતક સુદ ૬ ને સોમવાર તા. ૬-૧૧-૭૮

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, વિશ્વની વિરલ વિભૂતિ તીર્થંકર ભગવંતો અને મહાનપુરુષો આ સંસારના સ્વરૂપને સમજીને તેમાંથી સરકી ગયા અને આપણા એકાંત હિત માટે ઉપદેશ આપી ગયા કે હે ભવ્ય જીવો !

"अहो दुक्खो हु संसारो, जत्थ कीसन्ति जन्तवो ।"

આ સંસાર ભયંકર દુઃખમય છે. જેમાં અનંતા જીવો દુઃખ અને કલેશ પામી રહ્યા છે. તો આવા દુઃખમય સંસારના સ્વરૂપને સમજીને તમે એમાંથી સરકી જાઓ, કારણ કે

આ સંસાર સળગતી સગડી જેવો છે. સગડીને તમે હાથ અડાડશો તો હાથ બળવા માંડશે. શું, સગડી તમારા હાથ બાળે છે ખરી ? "ના". સગડીમાં પડેલા ધગધગતા અંગારા હાથ બાળે છે. સગડીમાંથી અંગારા લઈ લો અને પછી સગડીને ખોળામાં લઈને તમે કલાકોના કલાકો સુધી બેસી રહો તો પણ કંઈ નહિ થાય, કારણ કે દઝાડનાર તત્ત્વ સગડી નથી પણ સગડીમાં ભરેલા અંગારા છે. આ સંસાર પણ સગડી જેવો છે. સંસાર પ્રત્યેનો રાગ એ અંગારા છે. આ રાગે આજ સુધી કેટલાય જીવોને દઝાડયા છે ને હજુ પણ એનું દઝાડવાનું કાર્ય તો ચાલુ છે. સગડીને ઠારવી હોય તો એના માટે સરળમાં સરળ એક જ ઉપાય છે કે સગડીમાંથી સળગતા અંગારાને બહાર ઠાલવી દેવા. આવી રીતે સંસારમાં રહેવા છતાં, સંસારને અડવા છતાં ન દઝાડી શકે કે ન રીબવી શકે એનો એક જ ઉપાય છે કે સંસાર તરફ અને સંસારના આકર્ષક પદાર્થો તરફ મનમાં ઉઠતી રાગની આગને સળગતા વેંત જ ઠારી દેવી જોઇએ, કારણ કે ઘણીવાર એવું બને છે કે માણસ પાસે કંઈ હોતું નથી ત્યારે એ ઘણો સુખી હોય છે ને એની પાસે ઘણું હોય છે ત્યારે ખૂબ દુઃખી હોય છે. એનું મૂળ કારણ શું ? એ વાત અંતરના ઉંડાણથી વિચારીશું તો સમજાશે કે જ્યારે એની પાસે કંઈ ન હતું ત્યારે એના રાગની આગને વધવાનો ચાન્સ જ મળતો ન હતો. બસો-અઢીસોના પગારમાં પાંચ સાત માણસનું ગુજરાન માંડ ચાલતું હોય ત્યાં મોટો બંગલો બંધાવવાની, ફ્લોક લેવાની, મોટર, ટી. વી. ને ફ્રીજ વસાવવાની વાસનાને ચાન્સ કયાંથી મળે ! કદાચ એવી વાસના જાગે તો પણ એને દિવેલ વિનાના દીવાની જેમ આપોઆપ ઠરે જ છૂટકો છે પણ પાસે લાખ, બે લાખની મૂડી થાય ત્યારે બંગલો બાંધવાની, મોટો ફ્લોક ખરીદવાની, ટી. વી. ને ફ્રીજ વસાવી આંગણે મોટર ખડી રાખવાની વાસના એવી વકરી ઉઠે છે કે એ શાંત જીવનને અશાંત બનાવી મૂકે છે.

દિવાસળીને ઘસતાં એની અણી ઉપરથી ઉભી થતી આગ દિવાસળીને બાળીને મિનિટ, બે મિનિટમાં પોતે ખલાસ થઈ જાય છે. એ આગ આપણને અકળામણ ઉભી કરતી નથી, કારણ કે મોઢાની એક ફૂંકથી એને દબાવી દેવાની આપણામાં તાકાત છે પણ એ જ સળગાવેલી દિવાસળી ઘાસની ગંજી કે રૂની ગાંસડીઓની વખારમાં જઈને પડે તો દોડા-દોડ થઈ જાય. ફોન કરીને બંબાવાળાને બોલાવવા પડે, કારણ કે એ આગને ઠારવી એ તો બહારની વાત બની જાય છે, એવી રીતે માનવીના મનમાં ઉગતી કોઈ પણ સંસારના આકર્ષક પદાર્થની અભિલાષા કે વાસનાની આગ જો દિવાસળી જેટલી હોય તો ધારીએ તો એ જ મિનિટે આપણે એને ઠારી શકીએ છીએ. એ આગ આપણને બહુ રીબાવી નહિ શકે, પણ એ જ આગ એટલેથી ન અટકતા એક પછી એક બાહ્ય સુખની સામગ્રી મળતાં વધતી જ જાય તો એક દિવસ એ આપણા જીવનમાં પ્રસરી જતાં જીવનને બાળીને ભસ્મીભૂત કરીને અટકશે.

બંધુઓ ! ઝેર સર્પમાં નથી પણ સર્પના મોઢામાં રહેલી દાઢની કોથળીમાં છે. ઝેરની

કોથળી નીકળી જાય તો ગમે તેવો ભયંકર ફોરીંગ સર્પ મદારી માટે રમકડું બની જાય છે, આવી જ રીતે માનવને રીબાવવાની તાકાત કે દુર્ગતિમાં ફેંકી દેવાની તાકાત સંસારમાં નથી પણ સંસારના રાગમાં છે. સંસારમાંથી જો એક રાગનું તત્ત્વ નીકળી જાય તો પછી સંસાર આપણા માટે ઝેર વિનાના સર્પ જેવો અને અંગારા વિનાની સગડી જેવો બની જાય, પછી એ ન તો આપણને ડંખી શકે કે ન દઝાડી શકે.

આપણે રાજેમતી અને રહનેમિની વાત ચાલી રહી છે. એક વાર જેણે સંસારના રાગના અંકુરા બાળી નાંખ્યા પણ રાજેમતીનું રૂપ જોતાં એ અંકુરો પ્રજ્વલિત બન્યો, તેથી વિષયવાસનાની આગ તેના અંતરમાં ભભુકી ઉઠી એટલે રાજેમતી પાસે આવીને કહેવા લાગ્યા કે હે રાજેમતી ! આવ, આપણે સંસારના સુખો ભોગવીએ, પછી દીક્ષા લઈને આત્માનું કલ્યાણ કરીશું. આ સમયે રાજેમતી સાધ્વીએ રહનેમિને પડકાર કરીને કહ્યું. હે રહનેમિ ! ધિક્કાર છે તારી આ કુવાસનાને ! અગંધન કુળના સર્પની જેમ મરી જવું તારા માટે શ્રેયકારી છે, પણ આવા વિષયવાસનાથી મલીન બનેલા અસંયમી જીવને જીવવું બહેતર છે. અત્યારે સાધુપણામાં તમે ચોરી જશો તો સહુ તમારો આદર સત્કાર કરશે. તમને કહેશે કે પધારો મહારાજ, પણ જો આ ચારિત્ર છોડીને જશો તો કોઇ તમારા સામું પણ નહિ જુવે. તમારો તિરસ્કાર કરશે, પછી ભલે ને તમે યાદવકુળના જાયા હો. એથી કોઈ તમારી શરમ નહિ ભરે. જીવનમાં ચારિત્રની કિંમત છે. ચારિત્ર ગુમાવ્યા પછી કોઈ તમારો વિશ્વાસ નહિ કરે. રાજેમતી જબ્બર સાધ્વી છે એટલે રહનેમિને ઠેકાણે લાવવા માટે પ્રયત્ન કરે છે.

બંધુઓ ! માનવ માત્ર ભૂલને પાત્ર છે. પાપકર્મનો ઉદય હોય તો માનવ ભુલ કરી બેસે પણ જો એને કોઈ સજ્જનનો સંગ મળે તો ભુલ સુધરી જાય છે. કવિઓ પણ કહે છે.

પવન સાથે મિત્રતાથી, ધૂળ પણ ઉંચે ચઢે,
પાણી સાથે મિત્રતાથી, તે જ કાદવ થઇ પડે,
પાપી તણા સહવાસથી, જન પાપના પંથે પડે,
સાધુ તણા સહવાસથી, જન પુણ્યના પંથે ચઢે.

ધૂળ તો ધરતી ઉપર જ રહેનારી છે પણ જો એ ધૂળ પવન સાથે મિત્રતા કરે છે તો પવન એને ઉંચે લઈ જાય છે, પણ જો એ જ ધૂળ ઉડીને પાણીમાં પડે તો કાદવ બની જાય છે, આવી રીતે સજ્જન મનુષ્ય પણ જો દુર્જનનો સંગ કરે તો દુર્જન બની જાય છે. જેમ ઘોડાને ગધેડાની સાથે બાંધવામાં આવે તો ઘોડો કંઇ ગધેડો નહિ બની જાય, ગધેડાની જેમ ભુંકશે નહિ પણ ઓળોટતા જરૂર

શીખશે, એમ સારો માણસ પણ દુર્જનના સંગે ચઢીને બગડી જાય છે. કોઇ તદ્દન સીધો ને સાદો માણસ હશે પણ એને જો દારૂડીયા કે જુગારીયાનો સંગ થશે તો એના સંગે ચઢીને એના જેવો બની જાય છે. કોઈ માણસને બીડી પીવાની ટેવ ન હોય પણ કોઇ બીડી પીનાર મિત્રનો સંગ થશે તો ધીમે ધીમે બીડી પીતો થઈ જશે, પણ જો ખરાબ માણસને સજ્જનનો સંગ થશે તો એ સારા માર્ગે વળશે. અહીં રહનેમિ તો ઉત્તમ કુળનો દીકરો છે પણ એના કર્મે એને ભૂલવાડયો છે પણ સાથે એટલા સદ્‌ભાગ્ય છે કે સામું પાત્ર સોટચના સોના જેવું તેજસ્વી છે, એટલે ફીટકાર આપીને પણ ઠેકાણે લાવવા માટે પ્રયત્નો કરે છે. ગઈ કાલે ગાથામાં કહ્યું હતું કે હે રહનેમિ ! મને જોઇને તમારું મન ચલાયમાન થયું છે તો પછી તમે ગામ–નગરમાં ઘરઘરમાં ગૌચરી જશો ત્યાં સૌંદર્યવાન યુવાન સ્ત્રીઓને જોશો ત્યાં તમારું મન કેવી રીતે સ્થિર રહી શકશે ? તમારી દશા હડ નામના વૃક્ષ જેવી થશે, માટે હજુ પણ સમય છે. સમજીને સંયમમાં સ્થિર બનો. હજુ રાજેમતી શું કહે છે.

गोवालो भंडवालो वा, जहा तद्दवणिस्सरो ।
एवं अणिस्सरो तं पि, सामण्णस्स भविस्ससि ॥ ४६ ॥

જેમ ગાયોનું રક્ષણ કરનાર ગોવાળ એ ગાયોનો માલિક નથી હોતો, અને ભંડારનું રક્ષણ કરનાર ભંડારી ભંડારનો માલિક નથી હોતો તેમ તમે પણ સંયમ લઈને પણ જો વિષયાભિલાષી બનીને રહેશો તો સંયમ પાળવા છતાં શ્રામણ્યના સ્વામી નહીં બની શકો.

શ્રમણી રાજેમતીના સિંહગર્જના જેવા જોરદાર શબ્દો સાંભળીને રહનેમિના હૃદયમાં ઝણઝણાટી થઇ. રાજેમતી એના મુખ ઉપરના ભાવો નિહાળી રહ્યા હતા. એમને ઉદ્દેશીને કહે છે દેવરિયા મુનિવર ! ધ્યાનમાં રહેજો. ગાયોના ધણને હાંકનારો ગોવાળ એ ગાયોનો ધણી નથી. એની માલિકી ફકત એક નાનકડી લાકડી ઉપર છે, તેમ મહાન સંયમ માર્ગથી ચૂકનાર મુનિ મહાવ્રત રૂપી ધણની માલિકી જતી કરીને ફકત વેશ રૂપી લાકડીનો માલિક બને છે. આવા શબ્દો પણ રહનેમિ મુનિ મૌનપણે સાંભળી રહ્યા, ત્યારે રાજેમતીએ કહ્યું–રહનેમિ મુનિ ! તમે તો જ્ઞાન–દર્શન ચારિત્ર રૂપી રત્નોના ધનકુબેર છો. આ તમારી કામવાસનાને કચડી નાંખો, નહિતર ધનકુબેરમાંથી તમે માત્ર એ ધનના ભંડારી બની જશો, એટલે કે તમે સંયમ પાળવા છતાં ચારિત્રના ધણી નહિ પણ માત્ર વેશના ધણી રહેશો.

બંધુઓ ! રાજેમતીના એકેક શબ્દો કેવા હિતકારી અને બોધદાયક છે. એક સ્ત્રી જાતિ–સાધ્વીમાં પણ ચારિત્રની કેટલી ખુમારી છે ! આજે ઘણાં માણસો પોતાને દીકરો ન હોય તો એમ કહે છે કે મારે દીકરો નથી, બધી દીકરીઓ જ છે. નામ કેવી રીતે રહેશે ? પણ ઘણી વખત એવું બને છે કે દીકરા કરતા દીકરીઓ ચઢી જાય છે ને દીકરીએ દીવો

પ્રગટે છે. ચેડા રાજાને સાત દીકરીઓ હતી, એકે ય દીકરો ન હતો. ભગવાને ચેડારાજાને કહ્યું હતું કે તમારી સાતે સાત દીકરીઓ સતી છે. રોજ પ્રભાતના પ્રહરમાં મનુષ્યોના મુખે એમના નામ ગવાશે. ચેડારાજાની સાત દીકરીઓએ માતા પિતાના કુળને ઉજ્જવળ બનાવ્યું. એવી રીતે આ રાજેમતી પણ સાચી સતી છે. સોળ સતીઓમાં સતી રાજેમતીનું નામ છે. એવી મહાસતી રાજેમતીએ રહનેમિને પતનને પંથે જતા અટકાવવા ગોળી જેવા કઠોર શબ્દો કહ્યા. મુખેથી કઠોર શબ્દો બોલી પણ એના અંતરમાં કઠોરતા નથી, કોમળતા છે. દીકરો જો ઉંદાઉ કે રખડેલ થઈ ગયો હોય તો એના માતા પિતા એને કહે છે ને કે દીકરા ! તું સુધરી જા. તારી કુટેવો છોડી દે. જો તારે સુધરવું હોય તો મારા ઘરમાં આવજે, નહિતર મરી જજે પણ મને તારું કાળું મોઢું બતાવવા આવીશ નહિ. આ શબ્દોમાં દીકરાને મારી નાખવાના ભાવ નથી. દીકરો વહાલો નથી એમ નથી પણ એને ઠેકાણે લાવવાના ભાવ છે, એમ રાજેમતીને પણ રહનેમિને સુધારવાના ભાવ છે એટલે રાજેમતીએ રહનેમિને સમજાવીને સંયમમાં સ્થિર કરવા માટે કઠોર વચનો રૂપી ચાબખા માર્યા, ત્યારે રહનેમિ એની સામે મૌન રહ્યા. એક શબ્દ પણ ન ઉચ્ચાર્યો કે ન રાજેમતી ઉપર બળાત્કાર કર્યો, કારણ કે ગમે તેમ તોય એ યાદવકુળ જેવા ખાનદાન કુળનો જાયો છે એટલે એનામાં લજ્જા હતી, તેથી શરમના માર્યા નીચું જોઈને ઉભા રહ્યા. રહનેમિને લજ્જા આવી ગઈ કે આ મેં શું કર્યું ? રહનેમિનો રથ પથ પર આવી ગયો. રાજેમતીના વચનબાણે રહનેમિનું હૃદય વીંધાઈ ગયું. સાધનાની ઈમારતમાં પડેલી ચિરાડ જાણે સંધાવા લાગી. છેવટે પરિણામ શું આવ્યું તે વાત હવે શાસ્ત્રકાર ભગવંત બતાવે છે.

तीसे सो वयणं सोच्चा, संजयाए सुभासियं ।
अंकुसेण जहा नागो, धम्मे संपडिवाइओ ॥ ४७ ॥

બ્રહ્મચારિણી સાધ્વી રાજેમતીના આત્મસ્પર્શી અને સચોટ વચનોને સાંભળીને જેમ અંકુશ વડે મદોન્મત્ત હાથી વશ થાય છે તેમ રહનેમિ હાથીની માફક ચારિત્ર ધર્મમાં બરાબર સ્થિર થયા.

આ ગાથામાં રહનેમિની વાસનાનો અંત આવી ગયો. તાવ આવે ત્યારે કવીનાઈનની કડવી ગોળી આપવામાં આવે છે એમ અહીં રાજેમતીએ રહનેમિને કવીનાઈનથી પણ કડવા શબ્દો કહ્યા ને રહનેમિએ મૌનપણે સાંભળ્યા તો એમની વાસનાનો તાવ ઉતરી ગયો. હાથી ગમે તેવો મદોન્મત્ત બની ગયો હોય પણ જો એને ઠેકાણે લાવનાર મહાવત કુશળ હોય તો અંકુશ મારીને એને ઠેકાણે લાવે છે. પ્લેન પડવાની તૈયારીમાં હોય પણ જો પાયલેટ હોંશિયાર હોય તો નીચે ઉતારી દે અને માણસોના જાન બચાવી દે છે, તેમ આવા પ્રસંગો બને ત્યારે સાધુ કે સાધ્વી જો ચારિત્રમાં મજબૂત હોય તો પતનના પંથે જતા વ્યક્તિને

બચાવી લે છે અને સ્વ-પર કલ્યાણ કરે છે. રહનેમિને પોતાના સાધુપણાનું ભાન થયું. અહો ! હું કયા સ્થાનમાં હતો, મેં મારા ચારિત્રનો પણ ખ્યાલ ન કર્યો ! આ સતી રાજેમતીની જગ્યાએ જો બીજી કોઈ સ્ત્રી હોત તો હું કયાં પટકાઈ જાત ! આ પવિત્ર સતીએ તો મને પહેલા પણ સમજાવીને વૈરાગ્ય પંથે વાળ્યો હતો અને સંયમ લીધા પછી પતન થતાં મને બચાવ્યો. આમ વિચાર કરીને રહનેમિ શું કરે છે ?

कोहं माणं निगिण्हित्ता, माया लोभंच सव्वसो ।
इन्दियाइं वसे काउं, अप्पाणं उवसंहरे ॥ ४८ ॥

ક્રોધ, માન, માયા અને લોભને જીતીને તથા પાંચ ઇન્દ્રિયોને વશમાં કરીને તે રહનેમિએ પોતાના આત્માનો ઉપસંહાર કર્યો અથવા પ્રમાદ તરફ વળેલા આત્માને પાછો હઠાવીને ધર્મમાં સ્થિત કર્યો.

કર્મના ઉદયથી રહનેમિનું મન વિકાર ભાવનાથી મલીન બન્યું પણ રાજેમતીના વચનોએ તેના ઉપર ઘણી અસર કરી. ત્યાં હાથીરૂપ રહનેમિ, મહાવતરૂપ રાજેમતી અને અંકુશરૂપ તેના વચનો હતા. રાજેમતીના ઉપદેશપૂર્ણ વચનો સાંભળતા રહનેમિના હૃદયનો કામવિકાર નષ્ટ થઈ ગયો. તેમણે રાજેમતીનો બધો ઉપદેશ ધ્યાનપૂર્વક સાંભળ્યો. તે ઉપદેશથી જેમ અંકુશ દ્વારા હાથી પોતાના સ્થાન પર આવી જાય છે તે રીતે તેઓ સંયમમાં દૃઢ બની ગયા. તેમની કામવાસના શાંત થઈ અને પોતાના પાપનો પશ્ચાતાપ કરવા લાગ્યા. બંધુઓ ! એક વખત માણસ ભાન ભુલે છે પણ જ્યારે તેને પોતાની ભુલનું ભાન થાય છે અને એના અંતરમાં પાપનો પશ્ચાતાપ થાય છે ત્યારે કાજલ જેવા કાળા કર્મોને પણ બાળીને સાફ કરી નાંખે છે. લોખંડને ગમે તેટલો કાટ ચઢયો હોય પણ એને અગ્નિમાં નાંખવામાં આવે તો કાટ બળીને ખાખ થઈ જાય છે તેમ ભયંકરમાં ભયંકર પાપ પણ અંતઃકરણપૂર્વકના પશ્ચાતાપના પાવકમાં બળીને સાફ થઈ જાય છે.

ગોશાલક કેવો પાપી હતો. ખુદ તીર્થંકર ભગવાનના અવર્ણવાદ બોલનારો, પોતે જિન ન હોવા છતાં પોતાને જિન માનતો હતો. ભગવાનના બબ્બે શિષ્યોને તેજુલેશ્યાથી બાળીને ભસ્મ કર્યા હતા. હું જિન છું, અરિહંત છું એવી જાહેરાત કરતો હતો. અગિયાર લાખ તો એના શ્રાવકો હતા. એના શ્રાવકો એને ભગવાન માનતા હતા. આવા ગોશાલકને પણ મરણ પહેલા બે ઘડી બાકી રહી ત્યારે પોતાની ભુલનું ભાન થયું અને પોતે ખૂબ પશ્ચાતાપ કર્યો. પોતાના મુખ્ય શ્રાવકોને પાસે બોલાવીને કહી દીધું કે હું અરિહંત નથી. મહાવીર ભગવાન સાચા અરિહંત છે. મેં પાપીએ એમની આવી અવહેલના કરી. હું પાપી છું. મારાં મરણ પછી તમે બધા મારા મોંમાં થૂંકજો. મારા પગે દોરડી બાંધીને રસ્તા ઉપરથી ઢસેડજો અને એવી જાહેરાત કરજો કે આ પાપી ગોશાલક મરી ગયો હતો આવી રીતે પોતાની ભુલનો પશ્ચાતાપ કરીને પોતાના જ શ્રાવકો સામે સત્ય વાત પ્રગટ

કરી દેવી એ કાંઈ સામાન્ય વાત નથી. અંતરમાંથી માન છૂટે ત્યારે આવા શબ્દો બોલી શકાય છે. ગોશાલકે પોતાના પાપનો પશ્ચાતાપ કર્યો. આયુષ્યનો બંધ પડયો ન હતો એટલે પાપકર્મના દળિયા વિખેરીને બારમા દેવલોકે ગયો.

અન્ય ધર્મમાં જેસલ અને તોરલની વાત આવે છે. જેસલ બહારવટીયો કેવો પાપીમાં પાપી હતો. તોરલને લઈને જેસલ હોડીમાં બેસીને કચ્છમાં જાય છે. તે સમયે નદીમાં ભયંકર તોફાન થયું. હોડી ડૂબવાની તૈયારીમાં હતી. જેસલના હોશકોશ ઉડી ગયા ત્યારે તોરલ સતી કહે છે જેસલ ! ગભરાઈશ નહિ. હું તારી નૌકાને ડૂબવા નહિ દઉં, પણ એક વાત છે કે તેં જીવનમાં કેવા કેવા પાપ કર્યા છે તે તું પ્રગટ કરી દે.

પાપ તારું પ્રકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે,
તારી બેડલીને બૂડવા નહિ દઉં, (૨) જાડેજારે–એમ તોરલ કહે છે જી.

હે જેસલ ! માનવ માત્ર ભૂલને પાત્ર છે, માટે તું તારા પાપ કહેવામાં સંકોચ ન રાખ. જો તારે આ આંધી ને તોફાનમાંથી બચવું હોય તો તેં તારા જીવનમાં નાના મોટા જે પાપો કર્યા હોય એ પ્રગટ કરવા માંડ. પાપને પ્રગટ કરીને તારું હૈયું હળવું બનાવી દે. જેનું જીવન ભારોભાર પાપથી ભરેલું હતું એવા જેસલને પોતાના પાપકર્મનો પશ્ચાતાપ થવા લાગ્યો. આંખમાંથી પશ્ચાતાપના આંસુડા સરી પડયા. આજ સુધી એક હાકે ધરતીને ધ્રુજાવનારો જેસલ બહારવટીયો નમ્રતાપૂર્વક આંખમાંથી આંસુ સારતો કહે છે હે તોરલ સતી ! મારા પાપની તો શી વાત કરું ? આ પાપીએ તો તારા ઉપર પણ કુદૃષ્ટિ કરી છે, પણ તારા સતીત્વના પ્રભાવથી મારી કુવાસના દુર થઇ છે. મારા પાપની તો કંઇ સીમા જ નથી. હે માતા ! સાંભળ.

હરણ હણ્યાં લાખ ચાર તોળી રાણી, હરણ હણ્યાં લાખ ચાર રે,
વનના તે મોરલા મારીયા, (૨) તોળાદે રે એમ જેસલ કહે છે જી.

હે માતા ! મેં ચાર લાખ તો વનમાં કૂદતા ને નાચતા હરણીયા માર્યા છે. કેટલા મોરને માર્યા છે અને કોડભર્યા યુવાનો પરણીને આવતા હોય અગર પરણવા જતા હોય એવી જતી ને આવતી જાનો લૂંટી છે. તે સિવાય બીજા કેટલાયને લૂંટયા છે. સતી ! વધુ તો શું કહું, મારા માથામાં જેટલા વાળ છે એટલા કર્મો મેં કર્યા છે. મારા પાપ પ્રગટ કરતા પાર આવે તેમ નથી. અંતરના પશ્ચાતાપપૂર્વક જેસલે પોતાના પાપ પ્રગટ કર્યા તો એની હોડી ડૂબતી બચી ગઇ. આવી રીતે દરેક જીવો પોતાના પાપકર્મનો પશ્ચાતાપ કરે, નવા પાપ કરતા અટકે અને પોતાની ભૂલોને સુધારે તો જીવન પવિત્ર બન્યા વિના ન રહે પણ આજે તો પાપ કરવું ને મિચ્છામિ દુક્કડં દેવું અને માને કે મારું પાપ ધોવાઇ ગયું પરંતુ માત્ર મિચ્છામિ દુક્કડં દેવાથી પાપ નહિ ધોવાય પણ હ�ૃદયના ભાવથી પાપકર્મના

પશ્ચાતાપ પૂર્વક મિચ્છામિ દુક્કડં દેવાય અને ફરીને એવા પાપ ન થાય તેની સાવધાની રહે તો પાપ ધોવાય છે.

રહનેમિ મુનિએ માનસિક અને વાચિક ભૂલ કરી. કાયાથી દોષનું સેવન કર્યું નથી પણ રાજેમતીના ઉપદેશપૂર્ણ વચનો સાંભળીને લજ્જાથી એમનું મસ્તક રાજેમતી પાસે ઝૂકી પડયું. એમની કામવાસના શાંત થઈ. એમણે પોતાના અંતરમાં રહેલા ક્રોધ–માન માયા અને લોભને જીતીને પોતાની પાંચ ઇન્દ્રિયોને વશ કરીને પોતાના ચિત્તને સંયમ ધર્મમાં સ્થિર કર્યું ને પોતાની ભૂલનો પશ્ચાતાપ કરવા લાગ્યા. હવે પશ્ચાતાપના પાણીમાં સ્નાન કરતા રહનેમિ રાજેમતીને કેવા શબ્દો કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : જિનસેનકુમાર ચંપકમાલાના પિતાને ત્યાંથી નીકળીને મદનમાલતીના પિતા ચંદ્રસેનરાજાને ત્યાં વિજયપુર આવ્યા ને પોતે આવ્યાના સમાચાર આપ્યા. તેણે નગર બહાર તંબુ તાણીને ઉતારો કર્યો. આ તરફ ચંદ્રસેન રાજાને પોતાના જમાઈ આવ્યાના સમાચાર સાંભળીને દિલમાં ખૂબ દુઃખ થયું ને પોતાની પુત્રી યાદ આવી ગઈ. એમના દિલમાં એક જ આઘાત હતો કે તમે જતી વખતે મારી દીકરીને મળવા પણ ન આવ્યા ને સાસરે જવાની આજ્ઞા મોકલાવી, તમારે ઘેર જતાં મારી દીકરીની આવી દશા થઈ છતાં તમે એની ખબર પણ લીધી નથી. હવે તમારું સ્વાગત કરીને મારે શું કામ છે ? પણ પ્રધાન ડાહ્યો હતો. એણે રાજાને સમજાવ્યા કે મહારાજા ! એમને આ વાતની ખબર પણ નહિ હોય. બીજું અત્યારે એ મોટા મહારાજા બની ગયા છે, એટલે સાથે સૈન્ય પણ ઘણું છે, માટે એમનું સ્વાગત કરવું જોઇએ. આપણે સ્વાગત કરીને લઇ આવીએ, પછી આપણી દીકરી બાબતમાં બધું એમને કહીશું. પ્રધાને ચંદ્રસેન રાજાને ખૂબ સમજાવ્યા એટલે રાજાએ સ્વાગતની તૈયારી કરાવી. મોટી સ્વારી સાથે જિનસેનકુમાર જ્યાં ઉતર્યા હતા ત્યાં સ્વાગત કરવા માટે આવ્યા.

"પિતા-પુત્રીના મિલનથી થયેલો આનંદ :" જિનસેનકુમારે પોતાના સસરાને દૂરથી આવતા જોયા એટલે ઉભા થઈને સસરાજીના સામા ગયા ને પ્રેમથી પુત્ર પિતાને ભેટી પડે તેમ ભેટી પડયા. રાજા પણ કુંવરને ભેટયા પણ મુખ ઉપર આનંદ ન હતો, કારણ કે એને પોતાની પુત્રીના વિયોગનું દિલમાં દુઃખ છે. એને ખબર નથી કે મારી દીકરી જમાઈની સાથે જ છે. મદનમાલતીને ખબર પડી કે પોતાના પિતાજી આવ્યા છે એટલે હર્ષભેર પોતાના તંબુમાંથી બહાર નીકળીને પિતાજી પાસે આવીને ચરણમાં પડી ગઈ. રાજાને પોતાની દીકરી મદનમાલતીને જોઈને ખૂબ આનંદ થયો કારણ કે પોતે જાણતા હતા કે મારી દીકરીને તો રત્નવતી રાણીના સુભટોએ સમુદ્રમાં ફેંકી દીધી છે, ત્યાર પછી પોતે ખૂબ તપાસ કરાવી હતી પણ પત્તો લાગ્યો ન હતો એટલે દિલમાં ખૂબ દુઃખ હતું. પોતાને હવે દીકરીની આશા ન હતી. એવી નિરાશામાં જો દીકરી મળે

તો કેટલો બધો આનંદ થાય ? માણસ આપણને બે પાંચ વર્ષે મળવાનું હોય તો એમ થાય કે મળશે પણ જેની આશા બીલકુલ છોડી દીધી હોય, ફરીને મળવાના કોઈ નિશાન પણ ન હોય એ આમ અચાનક મળે તો કેટલો આનંદ થાય ? એ તો અનુભવી જ જાણી શકે છે. આંધળાને આંખ મળે ને ભૂખ્યાને ભોજન મળે એથી પણ અધિક આનંદ પોતાની વહાલી પુત્રીને જોવાથી ચંદ્રસેન રાજાને થયો. પોતાની પુત્રીને રાજાએ બાથમાં લઈ લીધી ને પૂછયું બેટા ! તને તો રત્નવતી રાણીના સુભટોએ સમુદ્રમાં ફેંકી દીધી હતી ને તું જમાઈરાજ પાસે કેમ રીતે પહોંચી ? ખૂબ આશ્ચર્યપૂર્વક રાજા પોતાની પુત્રીને પૂછવા લાગ્યા.

સારી બાત કહી આપસમેં, આંખો સે આંસુ ટપકે,
સારે શહરકો ખૂબ સજાયા, હર્ષ હૃદયમેં ધર કે.

મદનમાલતીએ પોતાના પિતાજીને બધી વાત વિસ્તારપૂર્વક કહી સંભળાવી. પુત્રી સમુદ્રમાં મગરમચ્છની પીઠ પર પડી. મગરે એને કિનારે મૂકી. ત્યાં ચોગો એને લઈ ગયો. છેવટે ઉંધે મસ્તકે બાંધી અને પછી જિનસેનકુમારે તેને કેવી રીતે છોડાવી તે બધી વાત સાંભળતા ચંદ્રસેન રાજા અને તેમના પરિવારની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. બેટા ! તેં ઘણું કષ્ટ વેઠયું પણ તારા સદ્‌ભાગ્યે તને તારા પતિ મળી ગયા ને તને છોડાવી. આજે અમારા દિલમાં શાંતિ થઇ. આટલા વખતથી તારા વિયોગે અમે ઝૂરતા હતા. પોતાની દીકરી મળી એટલે આનંદનો પાર ન રહ્યો. આખું ગામ ખૂબ સુંદર રીતે શણગાર્યું અને જાણે આજે જ દીકરીના લગ્ન ન હોય એવી ધામધૂમ અને ઠાઠમાઠથી સ્વાગત કરીને દીકરી અને જમાઈને નગરમાં લઈ ગયા. જિનસેન અને મદનમાલતીને જોઈને પ્રજાજનોને પણ ખૂબ આનંદ થયો. ખૂબ સ્વાગત કરીને મહેલમાં લાવ્યા અને પ્રેમથી મળ્યા. બધાએ સાથે બેસીને ભોજન કર્યું અને સુખ-દુઃખની વાતો કરીને આનંદથી દિવસ પસાર કર્યો. બીજે દિવસે ચંદ્રસેન મહારાજાએ મંત્રીઓ, સામંતો અને સરદારો વિગેરેને બોલાવીને મોટી સભા ભરી અને બધાની વચમાં મહારાજા કહે છે કે મારા મંત્રીઓ, સરદારો, સુભટો અને પ્રજાજનો ! હવે આજથી આ જિનસેનકુમાર તમારા છત્રપતિ મહારાજા છે. હું એમને રાજ્ય સોંપી દઉં છું. તમે બધા મારી આજ્ઞાનું પાલન કરો છો તેમ હવે એમની આજ્ઞાનું પાલન કરજો. આ સાંભળીને જિનસેનકુમારે કહ્યું- મહારાજા ! આપ વડીલ છો ને હું તો હજુ બાળક છું. બાલપણમાં આપ મારા માથે વધુ બોજો કયાં નાંખો છો ? આપ જ રાજ્ય સંભાળો મારે રાજ્ય જોઈતું નથી, ત્યારે રાજાએ કહ્યું-જમાઈરાજ ! આપ રાજ્ય ચલાવવાને બરાબર યોગ્ય છો. મેં આપની બુદ્ધિ, ગુણ, ચતુરાઈ અને પરાક્રમ જોઈને પહેલેથી જ પારખી લીધા છે, માટે મેં જે કંઈ કર્યું છે તે બરાબર છે. આપને રાજ્યનો સ્વીકાર કરવો જ પડશે. રાજાએ ખૂબ આગ્રહ કર્યો એટલે જિનસેનકુમારને સ્વીકાર કરવો પડયો. વિજયપુરમાં જિનસેનનો રાજ્યાભિષેક કરી એમના માથે રાજમુગટ પહેરાવી એના નામની આણ ફેરવવામાં આવી.

માતાને મળવા તલસેલું મનઃ જિનસેનકુમાર વિજયપુરના મહારાજા બન્યા પણ એમનું મન માતાને મળવા માટે તલસી રહ્યું છે. જલ્દી માતા પાસે જવું છે એટલે સસરાને કહે છે મારી માતાને છોડીને નીકળ્યા મને ઘણો સમય થઇ ગયો છે તેથી મારે જલ્દી કંચનપુર જવું છે. મને જવાની આજ્ઞા આપો, પછી હું આવીશ. જમાઈને માતાના દર્શનની ખૂબ ઝંખના છે. એ જોઇને રાજાએ જવાની રજા આપી. જિનસેનકુમાર ત્રણ ત્રણ રાજ્યના રાજા બન્યા, એટલે મોટી ચતુરંગી સેના લઇને ત્યાંથી નીકળ્યા ને પડાવ કરતા કરતા એક દિવસ કંચનપુરના બગીચામાં આવી પહોંચ્યા. જિનસેનકુમારે બગીચામાં તંબુ તાણ્યા ને રાજ્યમાં ખબર આપવા દૂત મોકલ્યો. બગીચામાં જઇને જિનસેનકુમાર પોતાની માતાના મહેલ તરફ ગયો. જઇને જુવે છે તો માતાનો મહેલ બંધ છે. માતાનો મહેલ બંધ જોઇને જિનસેનકુમારના મનમાં ખૂબ દુઃખ થયું કે અહો ! મારી મહાન ઉપકારી પવિત્ર માતા કયાં ગઈ? એનું શું થયું હશે ? એને કોઇએ કાઢી મૂકી હશે ? એમ અનેક પ્રકારના વિકલ્પ આવવા લાગ્યા. ઘણી વખત વૈરી માણસ ન ચિંતવે એવું વહાલા ચિંતવે છે. ઘરના માણસો બે કલાક મોડા પડે તો તમને શું વિચાર આવે ? એકસીડન્ટ તો નહિ થયો હોય ને ! એવા એવા ખરાબ વિચારો આવે છે. અહીં જિનસેનકુમારને પણ એની માતા માટે અનેક પ્રકારના વિચારો આવે છે. બીજી તરફ જિનસેના માતાનું શું થયું તે વાત અવસરે કહેવાશે.

❶

વ્યાખ્યાન નં. ૧૦૦

કારતક સુદ ૮ ને મંગળવાર તા. ૭-૧૧-૭૮

કેવળજ્ઞાની અને કેવળદર્શની ભગવંતો જગતના જીવોને પડકાર કરીને જાગૃત કરતા કહે છે હે જીવો ! તમને આ જે સુંદર માનવજીવન મળ્યું છે તો જીવન એવું સુંદર જીવી જાણો કે આત્મા ઉન્નતિના શિખરે ચઢતો જાય. આ વિશ્વના વિશાળ પટ પર જન્મ લઈ જીવન ધારણ કરનારા જીવોમાંથી જીવન જીવી જનારા તો લગભગ બધા હોય છે પણ જીવન જીવી જાણનારા બહુ અલ્પ હોય છે. જીવન જીવી જવું એ જુદી ચીજ છે ને જીવન જીવી જાણવું એ જુદી ચીજ છે. જીવન જીવી જવું એ પર્વતની ટોચ પરથી પત્થરનો ગોળો નીચે ગબડાવવા જેવું છે એમાં કોઇ પ્રયત્નની, કોઈ સાહસની કે કોઈ મહાન ઉત્સાહની જરૂર રહેતી નથી. ગોળો ટોચ પર મૂકયો કે એ સ્વયં ગબડતો ગબડતો નીચે ઉતરી જવાનો છે, તેમ જીવન જીવી જવામાં કોઈ પ્રયત્નની, સાહસની કે ઉત્સાહની અપેક્ષા રહેતી નથી. જીવન મળ્યું એટલે આપમેળે એ જીવાઇ તો જવાનું છે. જીવન તો કીડી, મંકોડા, આદિ પ્રાણીઓને મળ્યું છે ને માનવને પણ મળ્યું છે. જેમ

કીડી, મંકોડા પોતાને મળેલું જીવન જીવીને જગતમાંથી વિદાય લે છે એમ માનવ પણ ગમે તેમ જીવન જીવીને ચાલ્યો જાય તો કીડી, મંકોડાના જીવનમાં ને માનવના જીવનમાં કોઇ મોટો તફાવત ન કહેવાય, છતાં જગતના તમામ જીવનો કરતાં માનવના જીવનનું વધુ ને વધુ મૂલ્યાંકન આજ સુધી અંકાતુ આવ્યું છે. તો એ પ્રશ્ન ઉઠે છે કે માનવના જીવનમાં શું વિશેષતા છે કે જેથી એને સૌથી વધુ કિંમતી ગણી શકાય ? જ્ઞાની પુરૂષો આ પ્રશ્નનું સમાધાન કરતા કહે છે કે બીજા બધા જીવોને માત્ર જીવન જીવવાનો હકક મળ્યો છે જ્યારે માનવને માત્ર જીવન જીવી જવાનો જ નહિ પણ જીવન જીવી જાણવાનો મહાનમાં મહાન હકક એને જન્મ લેતા વારસામાં જ મળી જાય છે, તેથી જ એનું મૂલ્ય જગતના બધા જીવો કરતા કંઇક ગણું વધી જાય છે.

જીવન જીવી જાણવું એટલે પર્વતની ટોચ પરથી ગોળો ગબડાવવાનો નથી પણ તળેટીમાં પડેલા બરબચડા પત્થરને કળશનો આકાર આપી પર્વતની ટોચ ઉપર ચઢાવી ત્યાં ને ત્યાં સ્થિર રાખવા જેટલું અઘરું કામ છે. જીવન જીવી જાણવું એ કંઈ સહેલું કામ નથી. જીવન તે જ જીવી જાણે કે જેનામાં સાહસ હોય, ઉત્સાહ હોય, પુરૂષાર્થ ને પરાક્રમ હોય. જગતમાં જન્મ લેતા મોટા ભાગના માનવોનું જીવન બરબચડા પત્થરના ગોળા જેવું હોય છે. એમાં પ્રયત્ન અને પુરૂષાર્થના ટાંકણા મારી સદ્‌ગુણોને આકાર આપવામાં જે સફળ બને છે તે જ જીવન જીવી જાણે છે. તે જ માનવ માનવ હોવા છતાં મહામાનવ બની વિશ્વ માટે આદર્શરૂપ બની શકે છે. એવા બનવાનું સૌભાગ્ય માત્ર એક માનવના ફાળે જાય છે અને એથી જ માનવજીવનની સરખામણીમાં બીજું કોઇ જીવન આવી શકતું નથી, છતાં આશ્ચર્ય એ છે કે જેને મહા મોંઘેરું અને કિંમતી આ માનવજીવન મળી ગયું છે એવો આજનો માનવ જીવન જીવી જાણવાને બદલે જીવન જીવી જતો દેખાય છે. નથી એની પાસે કોઇ જીવન જીવી જાણવાની દૃષ્ટિ, નથી કોઇ ચોકકસ ગણિત કે નથી ગણિતમાં ઉભી થયેલી ગૂંચને ગમે ત્યારે ગમે તે રીતે ઉકેલી આપે એવા જીવનગુરૂ, છતાં એ જીવન જીવે જ જાય છે. અફસોસની વાત છે કે આમ ને આમ એક દિવસ જીવન પૂરું થઇ જશે, માટે સમજીને જીવનમાં કંઇક કરી લો. આ સંસારમાં જ્યાં જીવ જાય છે ત્યાં રાગ કરે છે. રાગના કારણે જીવ ચીકણા કર્મો બાંધે છે. આટલા માટે કહ્યું છે કે **રાગ જેવો ભયંકર કોઈ રોગ નથી અને તેને મટાડવા માટે જિન વચન સમાન કોઈ ઉત્તમ ઔષધ નથી.**" આ વાત તમને સમજાય છે ને ? તમને શરદી થાય, તાવ આવે, ટી.બી., કેન્સર કે ડાયાબીટીસ આદિ રોગો થાય તો તરત ડોકટર કે વૈદ્યની દવા લેવા માટે જાઓ છો, પણ અનાદિકાળથી આત્માને રાગનો રોગ લાગુ પડયો છે તેની દવા લેવા માટે જાઓ છો ખરા ? જેવા રોગને નાબૂદ કરવા માટે ઠેરઠેર દવાખાનાઓ છે ને ડોકટરો પણ છે પણ રાગનો રોગ મટાડનારા ડોકટરો અને દવાખાનાઓ ઠેરઠેર નથી. એ રોગ મટાડનારા ડોકટરો કયા ને દવાખાના કયા છે

એ તમે જાણો છો ને? વીતરાગી સંતો, સદ્‌ગુરૂઓ રાગનો રોગ મટાડનારા નિષ્ણાત ડોકટરો છે, અને આ વીતરાગ ભવન-ઉપાશ્રય એ દવાખાનું છે અને જિનેશ્વર પ્રભુના વચન એ રામબાણ ઔષધિ છે. તમારી મુંબઇ નગરીના એ પુણ્ય છે કે નાના મોટા દરેક ક્ષેત્રોમાં ઉપાશ્રય થઇ ગયા છે અને સાધુ-સાધ્વીઓ પણ સામેથી હાલીચાલીને આવે છે.

બંધુઓ! રાગનો રોગ મટાડવા જિનવચન જેવું બીજું કોઇ ઔષધ નથી. જિનેશ્વર પ્રભુના એક વચનને અંગીકાર કરનારા જીવો પણ મોક્ષમાં જાય છે, માટે જો તમને ભવનો ભય લાગ્યો હોય, રાગનો રોગ મટાડવાની જિજ્ઞાસા જાગી હોય તો જિનવચન ઉપર શ્રદ્ધા કરો. તમને તો ગળથૂથીમાંથી જૈન ધર્મના સંસ્કાર મળ્યા છે પણ જેને સંસ્કારો નથી મળ્યા એવા જીવો પણ કોઇવાર જિનવચનની શ્રદ્ધા કરીને તરી જાય છે. આ જિનવચન તમને સંસારમાં રહેતા શીખવાડે છે. સાચું સુખ કયું અને દુઃખ કયું તેનું ભાન કરાવે છે. દુર્ગતિ કઇ અને સદ્‌ગતિ કઇ? દુર્ગતિમાં જીવ કેવી રીતે જાય છે ને સદ્‌ગતિમાં કેવી રીતે જાય છે તેનું જ્ઞાન આપે છે ને રાગનો રોગ જડમૂળમાંથી નાબૂદ કરી મોક્ષમાં પ્રયાણ કરાવે છે. જ્યાં રાગનો રોગ મટે ત્યાં દેહના રોગ મટી જાય છે, પછી એને માટે દવા લેવાની જરૂર પડતી નથી. જિનવચનની ઔષધિનું સેવન કરીને અન્ય ધર્મી આત્માઓ પણ ઉન્નતિ કરી ગયા છે. હું એક દૃષ્ટાંત આપીને સમજાવું.

એક ગામમાં એક માતાના લાડીલા બે ભાઇઓ હતા. તેમને જૈન ધર્મ મળ્યો ન હતો પણ એમના પુણ્યોદયે એમને એક વખત જૈન સાધુનો સમાગમ થયો. એમની પાસેથી જૈન ધર્મની ફિલોસોફી સમજ્યા પછી એમના દિલમાં એમ થઇ ગયું કે જૈન ધર્મની દીક્ષા લીધા વિના ત્રણ કાળમાં મોક્ષ મળવાનો નથી. પણ જૈન ધર્મનું સાધુપણું પાળવું ખૂબ કઠીન છે, એટલે એકદમ અંગીકાર કરી શકાય નહિ. પણ આપણે પહેલા સંન્યાસી બનીને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પંચશીલનું પાલન કરીએ. બરાબર તાલીમ લીધા પછી આપણે જિનશાસનમાં દાખલ થઇશું. આમ વિચાર કરી જૈન ધર્મની તાલીમ લેવા માટે બંને ભાઇઓ સંન્યાસી બન્યા ને પંચશીલ ધર્મનું કડક રીતે પાલન કરવા લાગ્યા. થોડો સમય સાથે રહ્યા પછી વિચાર કર્યો કે આપણને પરસ્પર એકબીજા પ્રત્યે રાગ છે અને આપણે તો જૈન સંતો પાસેથી સાંભળ્યું હતું કે રાગ જેવો કોઇ રોગ નથી, તો હવે રાગને જીતવા માટે આપણે અલગ રહીએ, તેથી બંને ભાઇઓએ ગામથી ઘણે દૂર નદીકિનારે બગીચા બનાવીને એકબીજાથી દૂર આશ્રમ બનાવ્યા ને ત્યાં રહેવા લાગ્યા. થોડા દિવસે એકબીજાને મળી જતા હતા.

બંધુઓ! આ બંને ભાઇઓ જિનશાસનમાં દાખલ થવા માટે તાલીમ લેવા લાગ્યા. જેમ કોઇ માણસને લશ્કરમાં દાખલ થવું હોય તો પહેલા એની તાલીમ લેવી પડે છે ને? લશ્કરી તાલીમ લીધા પછી જ લશ્કરમાં દાખલ થવાય છે. લશ્કરી તાલીમ લેતી વખતે પણ

લશ્કરના નેતા જેમ કહે તેમ કરવું પડે છે. જ્યાં સુધી એના સંકેત પ્રમાણે સીસોટી ન વગાડે ત્યાં સુધી ઉભા રહેવાય નહિ, પછી કૂવો આવે તો પણ અટકાય નહિ. કૂવામાં પડવું પડે તો કબૂલ પણ જો ઉભો રહે તો લશ્કરના નેતા સૂટ કરે છે, આવી રીતે જિનશાસનમાં દાખલ થવા માટે પણ તાલીમ લેવી જોઇએ. જિનશાસનમાં દાખલ થઇને જિનેશ્વર પ્રભુની આજ્ઞાને વફાદાર ન રહે તો કલ્યાણ ન થાય. તમે ભગવાનની આજ્ઞાનું પાલન નહિ કરો તો જિનવચન તમને સૂટ નહિ કરે પણ જીવને દુર્ગતિમાં જવું પડશે. સાધુપણું લીધા પછી સંસારના સગાવહાલાનો, ક્ષેત્રનો, ભક્તોનો અને સંપ્રદાયનો રાગ ન છૂટે તો એ રાગ કલ્યાણ નહિ થવા દે. જેને જલ્દી કલ્યાણ કરવાની લગની લાગી હોય તેણે તો વીતરાગ શાસનમાં દાખલ થઈને પ્રભુની આજ્ઞાને બરાબર વફાદાર રહેવું પડશે.

આ બંને ભાઈઓ રાગનો રોગ મટાડવા માટે અલગ આશ્રમમાં રહેવા લાગ્યા. એક વખત નાનો ભાઈ દેહનો રાગ છોડવા માટે આશ્રમથી ઘણે દૂર જઈને પ્રભુના ધ્યાનમાં લીન બન્યો. બે દિવસ ધ્યાન કર્યા પછી એના મનમાં થયું કે મારા મોટાભાઈને મળી આવું. બે દિવસના ઉપવાસ છે. ત્રીજા દિવસે મોટાભાઇના આશ્રમે આવ્યો ત્યારે મોટાભાઈ બહાર ગયા હતા એટલે રાહ જોઈને બેઠો. આ તો અન્યધર્મી હતા એટલે જૈનના ઉપવાસ કરવા ટેવાયેલા ન હતા. બે દિવસનો ભૂખ્યો હતો તેથી કંઇક ખાવાનું મન થયું. આશ્રમને ફરતો સુંદર બગીચો હતો. આ ગામના રાજાએ આ સંન્યાસીને રહેવા માટે જાતજાતના ફળફૂલથી ભરચક બગીચો આપ્યો હતો. એમાં આશ્રમ બનાવ્યો હતો. રાગના રોગથી મુક્ત થવા માટે બંને ભાઈઓ અલગ રહેતા હતા. નાનાભાઈને ક્ષુધા ખૂબ સતાવતી હતી તેથી બગીચામાં દૃષ્ટિ કરી તો જાતજાતના ફળ જોયા એટલે ખાવાનું મન થયું. એના મનમાં કે મોટાભાઈનો આશ્રમ છે ને બગીચો પણ એમનો છે. એમાંથી ફળ લેવામાં મને શું વાંધો છે? એમ વિચારી બે ફળ તોડીને ખાધા અને ત્યાં શાંતિથી બેઠો. ત્યાં મોટાભાઈ આવ્યા એટલે ઉભા થઇને પગે લાગ્યા. એકબીજાના ખબરઅંતર પૂછ્યા, ત્યારે નાનાભાઇએ કહ્યું–ભાઈ! બે દિવસનો ભૂખ્યો હતો એટલે મેં આ બગીચામાંથી બે ફળ તોડીને ખાધા છે.

મોટાભાઇએ કહ્યું–તારાથી આ રીતે ફળો તોડાય જ કેમ? આ બગીચો મારો નથી, ગામના રાજાનો છે. મને રહેવા માટે આપ્યો છે એટલે રાજાની આજ્ઞા વિના એક ફળ પણ ન લેવાય. નાનાભાઇનું હૈયું નિર્મળ હતું. એનું દિલ મોં જોવાના અરિસા જેવું સ્વચ્છ હતું એટલે નમ્રતાપૂર્વક કહ્યું–રાજાનો બગીચો છે એવી ખબર ન હતી. મેં એમ માન્યું કે આપનો બગીચો છે તેથી આ ફળો આપના બગીચાના માનીને મેં લીધા. ભારી ભૂલ થઇ ગઇ. મને માફ કરો. મોટાભાઇએ કહ્યું–માફ શી રીતે થાય? તારું ત્રીજું વ્રત ગયું. તું જૈનના સાધુપણાને તો લાયક નથી પણ સંન્યાસીને લાયક પણ નથી. આ તારો ભગવો વેશ ઉતારી નાંખ. તારું ત્રીજું વ્રત ગયું. તે સિવાય મારા ભાઇનો બગીચો છે એવો રાગ

આવ્યો ને ! બીજું ભૂખ ન વેઠી શકયો એટલે દેહનો રાગ પણ ખરો ને ! તારા રાગનો રોગ કયાં ઓછો થયો છે ? આ તારા ગુના માટે તારે એનો દંડ લેવા રાજા પાસે જવું પડશે અને રાજા જે શિક્ષા કરે તે ભોગવવી પડશે. મોટાભાઈએ નાનાભાઈનું હડહડતું અપમાન કર્યું છતાં નાનાભાઈને રહેજ પણ ક્રોધ ન આવ્યો, પણ પોતાની ભૂલનો પશ્ચાતાપ કરવા લાગ્યો.

બંધુઓ ! આ જન્મથી જૈન નથી છતાં કેટલી સમજણ છે, કેટલો એનામાં વિવેક છે ! નાનાભાઈને ચોરી કરવાના ભાવ કે કલ્પના ન હતી પણ ખૂબ ભૂખ લાગી અને પોતાના ભાઈનો આશ્રમ છે એમ માનીને ફળ તોડીને આપ્યા, ત્યારે એના મોટાભાઈને નાનાભાઈનો નાનકડો અપરાધ પણ નામંજુર હતો. એના દિલના ભાવ એવા હતા કે આજે ભાઈનું લેનારો કાલે મિત્રનું નહિ લે એની શી ખાત્રી ? સત્ય અને અસ્તેય એ સદ્‌ગુણો જીવનમાંથી ચાલ્યા ન જાય અને દુર્ગુણો પ્રવેશી ન જાય. આ માટે ભાઈને કડકાઈથી કહી દીધું કે તું અત્યારે ને અત્યારે રાજા પાસે જા અને ચોરીનો અપરાધ કબુલ કરી એ જે દંડ આપે તે ભોગવીને ચોરીના પાપનું પ્રાયશ્ચિત કર. એક નાનકડા અપરાધમાં મોટાભાઈ હડહડતું અપમાન કરે અને એ અપમાનને પચાવવું અને પોતાની ભૂલને ભૂલ તરીકે સ્વીકારી લેવી એ સામાન્ય વાત નથી. આ બંને ભાઈઓને આત્મકલ્યાણની સાચી લગની લાગી હતી. તમને આવું રૂડું જિનશાસન મળ્યું છે. વીતરાગી સંતોના મુખેથી રોજ વીતરાગવાણી સાંભળવા મળી છે છતાં તમને જલ્દી મારું કલ્યાણ થાય એવી લગની લાગી છે ? આ બંને સંન્યાસી જેવી લગની જો તમને લાગે તો કલ્યાણ થઇ જાય.

મોટાભાઈની આજ્ઞા માથે ચઢાવીને નાનો ભાઈ રાજાની પાસે આવ્યો ને હાથ જોડી નમ્રતાપૂર્વક રાજાને કહે છે મહારાજ ! મેં આપનો એક ગુનો કર્યો છે. એની શિક્ષા લેવા માટે આવ્યો છું. સંન્યાસીના મુખ ઉપર ઝગકતી પવિત્રતા, નમ્રતા અને સરળતા જોઈને રાજા કહે છે હે સંત ! તમે તો મહાન પવિત્ર છો. અમારા પૂજનિક અને વંદનીય છો. આપના ચરણમાં મારું શિર ઝૂકી જાય છે. બાદલ છૂપો સૂર્ય ન રહે, રણે ચઢયો રાજપૂત છૂપો ન રહે તેમ ઓ અવધૂત ! સાચો સંત છૂપો ન રહે. આપની મુખાકૃતિ ઉપરથી આપના ગુણો દેખાઇ આવે છે. ત્યારે સંન્યાસી કહે છે મહારાજ ! હું અવધૂત કે સંન્યાસી નથી. મારામાં એવા ગુણો નથી. હું તો ચોર છું. મેં ચોરી કરી છે. રાજા કહે છે તમે ચોરી કરી હોય એવું મને લાગતું નથી, છતાં આપ કહો છો તો હું પૂછું છું કે આપે શેની ચોરી કરી છે ? ત્યારે કહે છે મને ખૂબ ભૂખ લાગી હતી તેથી આપની આજ્ઞા વિના આપના બગીચામાંથી મેં બે ફળ તોડીને ખાધા છે, એનું મને પ્રાયશ્ચિત-શિક્ષા આપો. સંન્યાસીની સરળતા, નમ્રતા અને પશ્ચાતાપ જોઈને રાજાનું દિલ પીગળી ગયું.

દેવાનુપ્રિયો ! માણસની નમ્રતા, સરળતા આદિ ગુણો જોઈને સામી વ્યક્તિનું હૃદય

પીગળી જાય છે. ઘણી વખત વહુથી દૂધ, ઘી ઢોળાઈ જાય અગર કંઈ ફૂટી જાય તો જો વહુ નમ્રતાથી કહે કે બા ! મારાથી દૂધ ઢોળાઈ ગયું, મારી ભૂલ થઇ ગઇ તો સાસુ કહેશે કે કંઈ વાંધો નહિ. બેટા ! ભલે ઢોળાઈ ગયું પણ તમે દાઝ્યા નથી ને ? એમ કહેશે, પણ જો દૂધ ઢોળાઈ જાય ને સાસુ કંઈ કહે ત્યારે વહુ એમ કહે કે એમાં શું થઈ ગયું ? તો મોટો ઝઘડો થઈ જાય, પણ સરળતા અને નમ્રતાથી સામી વ્યક્તિનું દિલ પીગળી જાય છે. રાજાએ સંન્યાસીને હાથ જોડીને કહ્યું કે આપના અંતરના ભઠ્ઠામાં પ્રગટેલો પશ્ચાતાપ એ જ આપના પાપનું પ્રાયશ્ચિત છે. રાજાને શિક્ષા કરવાનો જેટલો અધિકાર છે એટલો જ અધિકાર ક્ષમા આપવાનો પણ છે. ખરેખર તો આપનો કોઈ ગુનો જ નથી છતાં આપ ગુનો માનો છો તો હું તમારા અપરાધને માફ કરું છું પણ જેના હૈયામાં પશ્ચાતાપની અગ્નિ પ્રગટી હોય તેને પ્રાયશ્ચિત કર્યા વિના કેમ શાંતિ વળે ? એને સંતોષ ન થયો. ઘણું કહેવા છતાં રાજાએ પોતાના અપરાધની એને શિક્ષા ન કરી ત્યારે એ સંન્યાસીએ રાજાની તલવાર લઈને પોતાની જાતે જ પોતાના જમણા હાથનું કાંડુ કાપી નાંખ્યું. રાજા કહે છે મહાત્મા ! તમે આ શું કર્યું ? આપનો પશ્ચાતાપ જ એવો હતો કે પાપ ધોવાઈ જાય. રાજાની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યા, ત્યારે સંન્યાસી કહે છે મહારાજા ! આપ રડશો નહિ. મેં મારા પાપનું પ્રાયશ્ચિત કર્યું છે. આ હાથે માલિકની રજા વિના ફળ તોડ્યાં એટલે એને શિક્ષા ભોગવવી પડી. હવે ફરીને એવી ભૂલ નહિ કરે. રાજા તો આ દૃશ્ય જોઈને બેભાન બની ગયા. થોડી વારે ભાનમાં આવ્યા ત્યારે કહે છે મહાત્માજી ! શું તમારી પવિત્રતા છે ! તમે સાચા સંત છો. તમારા જેવા સંતો પાપીને પુનિત બનાવી શકે છે. સંન્યાસી રાજાને ઉપદેશ આપીને હસતા ચહેરે પોતાના મોટાભાઇ પાસે આવ્યા. પોતાના ભાઇની પવિત્રતા જોઈને એને પણ ખૂબ આનંદ થયો ને બોલી ઊઠયો, હવે આપણે જિનશાસનની સ્કૂલમાં દાખલ થઈ શકીશું. હવે વાંધો નહિ આવે.

બંધુઓ ! આ બંને ભાઇઓ જૈન સાધુ બન્યા ન હતા પણ બનવાની તીવ્ર ભાવના હતી કડક નિયમો પાળતા હતા. જૈન સાધુ બનવાની તૈયારીમાં હતા તે પહેલાં તેમનું આયુષ્ય પૂર્ણ થયું. આપણે કહીએ છીએ ને કે અન્યલિંગે સિદ્ધ થાય તે રીતે આ સંન્યાસીઓએ જૈન મુનિનો વેશ પહેર્યો ન હતો પણ એમની શ્રદ્ધા તો જૈન ધર્મની હતી. જૈન સાધુ બનવાના ભાવમાં આયુષ્ય પૂર્ણ કરી તેઓ એમના આત્માનું કલ્યાણ કરી ગયા. બાહ્ય વેશ ગમે તેવો પહેર્યો હોય પણ જો સાધુપણાના ભાવ ન આવે તો કલ્યાણ થવું મુશ્કેલ છે. જો તમારે પણ જલ્દી કલ્યાણ કરવું હોય તો રાગ છોડો. રાગ જેવો કોઈ રોગ નથી ને જિનવચન જેવી કોઇ ઔષધિ નથી. રાગ એ ચેપી રોગ છે. જેમ કોઈને ડિપ્થેરીયા થયો હોય તો ત્યાં કોઇને ઉભા રહેવા દેતું નથી તેમ રાગ એ ડિપ્થેરીયા જેવો ચેપી રોગ છે. એને નાબૂદ કરવા માટે જિનવચનરૂપી ઔષધિનું પાન કરો તો અવશ્ય કલ્યાણ થશે.

આપણે રોજનો ચાલુ અધિકાર ભગવાન મહાવીર સ્વામીની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનું વાંચન ચાલે છે. તેમાં અત્યારે રાજેમતી અને રહનેમિની વાત ચાલે છે. સતી રાજેમતીના વચનો સાંભળીને જેમ મદોન્મત્ત હાથી અંકુશથી વશ થાય છે તેમ રહનેમિ ઠેકાણે આવી ગયા. રહનેમિનું પતન થતાં જો અટકયું હોય તો તેનું એક જ કારણ છે કે સતી રાજેમતીમાં એના ચારિત્રનું ઓજસ હતું, અમીર હતું અને રહનેમિમાં કુળની આનદાની હતી એટલે રાજેમતીએ એમને ગમે તેવા કઠોર શબ્દો કહ્યા તે બધા મૌનપણે સાંભળી લીધા. સાંભળીને મનમાં વિચાર થયો કે અહો ! હું કેટલું ભાન ભૂલ્યો ? મેં આત્માનું કલ્યાણ કરવા માટે સંસાર છોડીને સંયમ લીધો. સંયમના ઉચ્ચ શિખરે ચઢીને ક્યાં ગબડી પડયો ? ચિંતામણી રત્ન સમાન સંયમ છોડીને ભૌતિક સુખ ભોગવવાની ભાવનામાં પડીને મેં મારા ચારિત્રને દૂષિત બનાવ્યું. ધિક્કાર છે મારી કામવાસનાને ! પોતાના પાપકર્મનો એમને ખૂબ પશ્ચાતાપ થયો ને આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા અને રાજેમતી સાધ્વીના ચરણમાં નમી પડયા ને એમનો ઉપકાર માનતા કહે છે કે

"ભવ કૂપ પડંતા કર ઝાલી રાખિયો, મુજ પર મહાન ઉપકાર કરિયો"

હે પવિત્ર સતી ! તમે તો આજે ભવના ભયંકર ઉંડા કૂવામાં ઝંપલાવતા મને હાથ ઝાલીને ઉગારી લીધો. જો તમે મને આજે ન મળ્યા હોત તો મારી કઈ દશા થાત ? પોતાના અપરાધની ક્ષમા માંગતા કહે છે કે હે સતી ! આપ મને માફ કરો. મને મારી ભૂલની ક્ષમા આપો. તમે મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. તમારો ઉપકાર આ જીવનમાં કદી પણ ભૂલી શકું તેમ નથી. હું મારા મનથી તો પતિત થઇ ચૂકયો જ હતો. હું મારા સાધુપણાનું ભાન ભૂલી ગયો હતો. મારા મનમાં પૂરો સડો પેઠો હતો. એ સડો વચનમાં પણ આવ્યો અને આપની પાસે ભોગ ભોગવવાની માંગણી કરી પણ કાયાથી તમારા ચારિત્રના પ્રભાવે તમે મને બચાવ્યો છે. મારા જેવા પતિતને આજે પાવન બનાવ્યો છે. આજથી આપની પાસે પ્રતિજ્ઞા કરું છું કે હવે હું કોઇપણ સ્ત્રીને જોઇને મારું મન ચલાયમાન નહિ કરું. મારા સંયમમાં દૃઢ રહીશ.

આ પ્રમાણે રહનેમિની પ્રતિજ્ઞા સાંભળીને રાજેમતીના દિલમાં ખૂબ આનંદ થયો કે અંતે જાદવકુળનો જાયો સમજ્યો તો ખરો. એમને ખૂબ સંતોષ થયો અને રહનેમિને ધન્યવાદ આપતાં કહ્યું–હે રહનેમિ ! તમે ગભરાઓ નહિ રડો નહિ. માનવ માત્ર ભૂલને પાત્ર છે. જે થયું તે થયું પણ આજથી હવે કદી આવી ભૂલ કરશો નહિ. તમે તમારી પ્રતિજ્ઞાઓમાં દૃઢ રહી સંયમનું શુદ્ધ ભાવથી પાલન કરજો. સંયમ માર્ગમાં દૃઢ રહેવાથી સમસ્ત પૂર્વપાપકર્મોથી મુક્ત બની શકશો, તથા આત્મકલ્યાણ પણ કરી શકશો. હવે હું તમને એટલું જ કહું છું કે આજની પ્રતિજ્ઞા તમે કદી તોડશો નહિ. તે હંમેશા યાદ રાખજો. પ્રતિજ્ઞામાં કદાચ દોષ લાગી જાય તો તેને દબાવશો નહિ પણ નિંદા, ગર્હા

વડે પ્રગટ કરીને તેનું પ્રાયશ્ચિત લઈને શુદ્ધ બની જજો. આ પ્રમાણે મીઠા અને વહાલભર્યા ઉપદેશ પૂર્ણ શબ્દો સાંભળીને રહનેમિનું મન સંયમ માર્ગમાં નિશ્ચલ બની ગયું, ત્યાર પછી તેમણે શું કર્યું તે વાત બતાવતા શાસ્ત્રકાર ભગવાન કહે છે.

मणगुत्तो वयगुत्तो, कायगुत्तो जिइंदिओ।
सामण्णं निच्चलं फासे, जावज्जीवं दढव्वओ ॥४९॥

સતી રાજેમતીના વચનો સાંભળીને રહનેમિ મુનિ મનગુપ્ત, વચનગુપ્ત, અને કાયગુપ્ત એટલે મન, વચન અને કાયાથી સુસંયમી અને સર્વોત્કૃષ્ટ જિતેન્દ્રિય બની ગયા તથા જીવન પર્યંત પોતાના વ્રતમાં અખંડ દૃઢ રહ્યા અને ચારિત્રને મરણાંત સુધી અખંડ નિભાવી રાખ્યું.

બંધુઓ ! સાધકે સંયમ લીધા પછી ખૂબ સજાગ રહેવાનું કે મનથી, વચનથી કે કાયાથી કોઈ પણ જાતનો દોષ ન લાગે, કોઈ જીવને દુઃખ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. આપણે પ્રતિક્રમણમાં રોજ બોલીએ છીએ ને કે પડિક્કમામિ તિહિં દંડેહિં,—મણદંડેણં, વયદંડેણં, કાયદંડેણં એ ત્રણ પ્રકારે મારો આત્મા દંડાયો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. જીવ મનથી, વચનથી અને કાયાથી દંડાય છે. તેમાં સૌથી પ્રથમ નંબર મનનો છે. જીવને સૌથી પ્રથમ કર્મ-બંધન કરાવનારું મન છે. કોઈપણ સારું કે ખરાબ કાર્ય કરવા માટે પહેલા મનમાં વિચાર આવે છે, પછી વચન દ્વારા પ્રગટ થાય છે ને પછી કાયા દ્વારા સેવન થાય છે. માટે ભગવાન કહે છે કે સૌથી પહેલાં તમે તમારા મનને જીતો. મન ઉપર ખૂબ નિયંત્રણ રાખો. ઘોડો ગમે તેવો સારો હોય તો પણ એનો માલિક એના ઉપર લગામ રાખે છે. ગાડીનો માલિક ગાડી ચલાવતા એના ઉપર બ્રેક રાખે છે. હાથીનો મહાવત હાથી ઉપર અંકુશ રાખે છે. લગામ વિનાનો ઘોડો, બ્રેક વિનાની ગાડી અને અંકુશ વિનાનો હાથી બેફામ બની જાય છે તેમ મન ઉગર અંકુશ નહિ રાખો તો બેફામ બની જશે. મન તો એવું દુષ્ટ છે કે તમને ખરાબ વિચારો કરાવીને દુર્ગતિમાં ફેંકી દેશે. આપણું જૈન-દર્શન કાયાથી પાપ કરીએ તો જ પાપ લાગે એટલું જ નથી માનતું પણ મનથી જો પાપ કરવાના વિચાર કરશો, તો પણ પાપ લાગશે, માટે મન ઉપર ખૂબ કંટ્રોલ રાખો. સાધુએ વચન પણ એવું બોલવું જોઈએ કે જેનાથી પોતાના ચારિત્રમાં દોષ ન લાગે, અને બીજા જીવોને દુઃખ પણ ન થાય. સાધુને ભગવાને સોળ પ્રકારની સાવદ્ય ભાષા બોલવાની ના પાડી છે. ક્રોધકારી, માનકારી, માયકારી, લોભકારી, નિશ્ચયકારી આદિ સોળ પ્રકારની ભાષા સાધુથી બોલાય નહીં. જે ભાષા બોલવાથી બીજાને ક્રોધ આવે, માન, માયા અને લોભ ઉત્પન્ન થાય તો તેવી ભાષા ન બોલવી કારણ કે તેથી પાપકર્મનું બંધન થાય છે. નિશ્ચયકારી ભાષા પણ સાધુથી બોલાય નહિ. મન-વચન અને કાયા શુભ પ્રવર્તાવવાથી કર્મબંધન તૂટે છે ને અશુભમાં પ્રવર્તાવવાથી કર્મનું બંધન થાય છે.

રહનેમિમુનિ સંયમમાં સ્થિર બન્યા. રાજેમતીના આનંદનો પાર ન રહ્યો. હવે મુખ્ય વાત તો એ હતી કે રાજેમતી તેમના શિષ્યા પરિવાર સાથે ગિરનાર પર્વત ઉપર જઈ રહ્યા હતા, પણ વચમાં વરસાદ આવ્યો એટલે ગુફામાં રોકાઈ ગયા ને રહનેમિની વાત આપણે જે બની તે આજ સુધી કહી. વરસાદ બંધ થતા રાજેમતી સાધ્વી ગુફામાંથી બહાર નીકળ્યા. આજુબાજુમાં ઉભા રહેલા તેમના શિષ્યાઓ એમની રાહ જોતા હતા. આસપાસથી બધા ભેગા થઈ ગયા. શિષ્યાઓને પોતાના ગુરૂણી મળ્યા એટલે એમને ખૂબ આનંદ થયો. રાજેમતીજી ઉલ્લાસભેર પોતાની શિષ્યાઓ સાથે ગિરનાર પર્વત પર ચઢવા લાગ્યા. એકેક કદમ ઉઠાવતા એમના મનમાં એવા ભાવ આવે છે કે અહો! હવે જલ્દી મારા નેમનાથ પ્રભુના દર્શન કરું. જલ્દી દર્શન કરવાની લગની છે એટલે થાક પણ લાગતો નથી. તેઓ જલ્દી ગિરનાર પર્વત ઉપર ચઢી ગયા અને નેમનાથ ભગવાન બિરાજતા હતા ત્યાં આવ્યા અને ખૂબ ઉત્કૃષ્ટ ભાવથી ભગવાનને તિક્ખુત્તોનો પાઠ ભણીને વંદન કરવા લાગ્યા. જેને નેમનાથ પ્રભુના દર્શન કરવાની અત્યંત લગની છે એવા રાજેમતી સાધ્વીજી ભગવાનનું મુખ જોતાં ધરાતા નથી. અનિમેષ દૃષ્ટિથી ભગવાનના મુખ સામે જોઇને કહે છે.

દૃષ્ટવા ભવન્ત મનીમેષ વિલોકનીયં, નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ ।
પીત્વાપયઃ શશિકર દ્યુતિ દુગ્ધ સિન્ધોઃ, ક્ષારં જલં જલનિધેરશિતું કઃ ઇચ્છેત્ ॥

હે પ્રભુ ! આપને જોયા પછી મારું મન બીજે કયાંય ઠરતું નથી. એક વખત જે મનુષ્યે ચંદ્રની કાંતિ જેવા નિર્મળ ક્ષીર સમુદ્રના મીઠા પાણીનો સ્વાદ ચાખી લીધો પછી એને લવણસમુદ્રના ખારા પાણી પીવા ગમે ખરા ? ન જ ગમે, તેમ હે ભગવાન ! આપને જોયા પછી દુનિયામાં મને બીજું કંઈ ગમતું નથી. દુનિયામાં આપનાથી બીજું કોઈ શ્રેષ્ઠ નથી. આ પ્રમાણે રાજેમતી સાધ્વીજી ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા. રાજેમતીને નેમનાથ પ્રભુની સાથે આઠ આઠ ભવની સગાઈ છે એટલે પ્રભુને જોતા તેનું હૃદય અલૌકિક હર્ષના હિલોળે ચઢયું છે. હવે રાજેમતી નેમનાથ પ્રભુને શું કહેશે અને ભગવાન પણ તેમને શું કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : જિનસેનકુમાર મોટા ઠાઠમાઠથી કંચનપુરની બહાર બગીચામાં આવ્યો. જેમ રાજેમતીને નેમનાથ ભગવાનના દર્શન કરવાની લગની હતી તેમ જિનસેનકુમારને એની માતાને મળવાની લગની લાગી છે. બગીચામાં તંબુ તાણીને ઉતર્યો અને માતાને મળવા માટે મહેલે ગયો પણ મહેલ બંધ છે. એ જોઇને એના દિલમાં ફાસ્કો પડયો કે મારી માતા કયાં ગઈ? શું પિતાજીએ એને કાઢી મૂકી હશે કે શું હશે ? એમ અનેક પ્રકારના વિકલ્પો જિનસેનકુમારના મનમાં થવા લાગ્યા. બીજી તરફ દૂતે રાજમહેલમાં સમાચાર

આપ્યા એટલે પ્રધાનજી દોડતા જોવા આવ્યા કે કોણ મોટા રાજા આવ્યા છે? જિનસેન-કુમારે દૂરથી પ્રધાનજીને આવતા જોયા એટલે તરત ઉભો થઈને તે સામો ગયો.

રત્નવતીના કુકર્મોની વાત કરતા પ્રધાનજી :- બંધુઓ! જિનસેનકુમારમાં કેટલો બધો વિનય છે! તે ત્રણ ત્રણ રાજ્યનો સ્વામી બન્યો છે પણ એના દિલમાં નામ અભિમાન નથી. એવો વિચાર ન કર્યો કે આ તો પ્રધાન છે. મારે શા માટે ઉભા થઈને સામા જવું જોઈએ? જિનસેન પ્રધાનના સામે જઈને પગે લાગ્યો. પ્રધાન પણ જિનસેન-કુમારને જોઈને હરખાઈ ગયો ને ગળે વળગાડીને કહે છે, દીકરા! તું આવ્યો? આજે તને જોઈને મને ખૂબ આનંદ થયો છે. જલ્દી જલ્દી શહેરમાં પધારો. જિનસેનકુમારે કહ્યું-કાકા! મારી માતા આ મહેલમાં રહેતી હતી તે કયાં ગઈ? મારી માતાનું મુખ જોયા વિના હું શહેરમાં પગ નહિ મૂકું, ત્યારે પ્રધાને કહ્યું-કુમાર! તમે એની ચિંતા ન કરો. આપના માતુશ્રી જિનસેના મહારાણીને મહારાજા ખુદ વાજતે ગાજતે શહેરમાં લઈ ગયા છે. એમાં કારણ એ બન્યું કે તમે અહીંથી માતા-પિતાની રજા લઈને સિંહલદ્વીપ ગયા પછી તમારી ઓરમાન માતા રત્નવતીએ ખૂબ તોફાન કરવા માંડયા, આમ તો જ્યારથી તમને ઘોડો અને વીંટી આપી અને રત્નવતીએ પાછી મંગાવી ત્યારથી તે રાજાના મન ઉપરથી ઉતરી ગઈ હતી, તેથી તેઓ પરદેશ ચાલ્યા ગયા હતા. એમને સમજાઈ ગયું હતું કે કંચન કોણ છે ને કથીર કોણ છે? પણ જિનસેના રાણીનું ઘોર અપમાન કરીને કાઢી મૂકેલા એટલે બોલાવતા સંકોચ થતો હતો ને બીજું રત્નવતીનો કોપ પણ ઘણો હતો, તેથી કંઈ કરી શકતા ન હતા. એવામાં એણે તમને ઝેર આપ્યું અને તમે ચાલ્યા ગયા, પછી તમે વિજયપુરના રાજાની પુત્રીને માતાની સેવામાં મોકલવાનો સંદેશો આપ્યો હશે એટલે મદનમાલતી તેના માણસો સાથે અહીં આવતી હતી. આ વાતની એ દુષ્ટ રત્નવતીને ખબર પડી તેથી એણે એને પોતાના રામ-સેનની પત્ની બનાવવા માટે પોતાના મહેલે લઈ આવવા ગુપ્ત રીતે સુભટોને મોકલ્યા ને રસ્તામાં મદનમાલતીને એના માણસોએ ખૂબ હેરાન કરી, પણ એ સતીએ કહી દીધું કે મારા પ્રાણ આપી દઈશ પણ જિનસેનકુમાર સિવાય બીજા પતિને નહિ ઇચ્છું, એટલે એ માણસોએ મદનમાલતીને ઉંચકીને સમુદ્રમાં ફેંકી દીધી. આવા જુલમ કર્યા એટલે વિજય-પુરના માણસો જે સાથે હતા તે રડતા અને કકળતા અહીં આવ્યા ને રાજાને બધી વાત કરી. બાકી તો અમને આ વાતની ખબર પણ ન પડત. જયમંગલ મહારાજાને રત્નવતીના આવા ક્રૂર વર્તનથી ખૂબ દુઃખ થયું ને રાણી ઉપર ખૂબ ગુસ્સો આવ્યો. આમ તો તમને ઝેર આપ્યું ત્યારે જ એને મહારાજા દેશનિકાલ કરવાના હતા પણ તમે ના પાડી એટલે રાખી હતી, પણ આ બનાવ બનતા રાજા એના ઉપર ખૂબ કોપાયમાન થયા.

મહારાજાને કુપિત હોકર, દીના દેશ નિકાલા,
વન વનમેં વહ ફિરતી હોગી, દેખો કરમકા જાલા.

મહારાજાએ ક્રોધે ભરાઈને એ રત્નવતીને એના પરિવાર સહિત દેશનિકાલ કરી છે. માતા એવી નીકળી તો સાથે રામસેન અને એની વહુ બધાને કાઢી મૂકયા છે. એ અત્યારે કોણ જાણે કયાંય જંગલમાં ભટકતી હશે ! અત્યાર સુધી એણે આપની માતા ઉપર ઘણી ઈર્ષ્યા કરી અને આપને મારી નાંખવા પણ થાય તેટલા પ્રયત્નો કર્યા, પણ જુઓ, હવે એના કર્મો ઉદયમાં આવ્યા છે તે ભોગવતી હશે. એને કાઢી મૂકીને મહારાજા આપના માતાજીને મહેલમાં લાવ્યા છે. આ વાત જાણીને જિનસેનકુમારને ખૂબ આનંદ થયો. જિનસેનકુમાર બગીચામાં પધાર્યા છે આ વાત પ્રધાને મહારાજાને જણાવી એટલે આનંદનો પાર ન રહ્યો. થોડી વારમાં આખું ગામ શણગાર્યું. આખા કંચનપુરમાં પણ જિનસેન આવ્યાની ખબર પડી એટલે રાજા અને પ્રજા બધા બગીચામાં આવ્યા. પિતાજીને આવતા જોઇ જિનસેનકુમાર દોડતો સામે ગયો. પિતા અને પુત્ર ભેટી પડયા. પુત્રને જોઇને પિતાની આંખમાં આંસુ આવી ગયા. જિનસેનકુમાર પિતાના ચરણમાં પડયો. પિતા, પુત્ર અને પ્રજા બધા પ્રેમથી મળ્યા. એક બીજાની ખબર પૂછી રહ્યા છે ત્યાં એક કોઢીલી સ્ત્રી આવી. એના શરીરની ચામડી લટકે છે. શરીરમાંથી લોહી ને પરૂના ઢગલા થાય છે અને તેમાંથી દુર્ગંધ છૂટી રહી છે. આવી કોઢવાળી સ્ત્રીને પ્રધાન તેમજ બીજા માણસો આગળ આવવા દેતા નથી. એને લાકડી મારીને કાઢી મૂકે છે. જિનસેનકુમારની દૃષ્ટિ એ તરફ ગઈ, એટલે પૂછયું પ્રધાનજી ! આ બાઇ કોણ છે ? અને તમે બધા શા માટે એને માર મારીને કાઢી મૂકો છો ?

પ્રધાને કહ્યું–કુંવર સાહેબ ! મેં હમણાં જ આપને વાત કરીને, એ તમારી અપર માતા રત્નવતી છે. મહારાજાએ તો એને જંગલમાં કાઢી મૂકી છે. પણ કોણ જાણે કયાંથી રખડતી રખડતી આજે અહીં આવી પહોંચી છે. કહેવત છે ને કે " **કરે તેવું પામે, ને વાવે તેવું લણે.**" એ કહેવત અનુસાર એણે જેવા કર્મો કર્યા એવા એને ઉદયમાં આવ્યા છે. એનું ફળ આજે પ્રત્યક્ષ દેખાઇ રહ્યું છે. જુઓ, એની પાછળ એનો દીકરો રામસેન વિગેરે પણ ઉભા છે. રામસેનના દિલમાં તો ઘણું દુઃખ થાય કે મારી માતા આવી દુષ્ટ નીકળી ત્યારે મારી આ દશા થઈને ? જો મારી માતા જિનસેના રાણી અને જિનસેન કુમાર સાથે સંપીને રહી હોત તો મારે આવા દુઃખો ભોગવવાનો વખત ન આવત, મારો ભાઈ જિનસેનકુમાર તો મહાપ્રતાપી છે, તો શું એનો ભાઇ વનવગડે રઝળતો હોય ? ન હોય, પણ માતાના દુષ્ટ સ્વભાવના કારણે વનવગડે રખડવાનો પ્રસંગ આવ્યો, એમ કરીને રડે છે. પ્રધાનના મુખેથી વાત સાંભળી અને રત્નવતી માતાની આવી દશા જોઇને જિનસેનકુમારને દયા આવી. એની આંખમાંથી આંસુ સરી પડયા. હવે જિનસેનકુમાર એ કોઢવાળી સ્ત્રીને પોતાની પાસે બોલાવીને શું કહેશે ને શું બનશે તે અવસરે.

વ્યાખ્યાન નં. ૧૦૧

કારતક સુદ ૧૧ ને શુક્રવાર **તા. ૧૦-૧૧-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત કરૂણાસાગર, વિશ્વવત્સલ, અનંતજ્ઞાની ભગવંતો જગતના જીવોના એકાંત હિત માટે ઉપદેશ આપતા ફરમાવે છે કે હે ભવ્ય જીવો ! તમને આત્મસાધના કરવાનો અમૂલ્ય અવસર માનવભવ મળ્યો છે તેને તમે વધાવી લો, કારણ કે દેવલોકમાં આત્મસાધના કરી શકાતી નથી. નરક તથા તિર્યંચના ભવ એ તો અંધારી રાત્રી જેવા છે, કારણ કે ત્યાં જીવને તત્ત્વનો પ્રકાશ મળતો નથી. માત્ર મનુષ્યભવમાં તત્ત્વજ્ઞાનનો પ્રકાશ મળે છે. માટે વિચાર કરો કે હું નરક-તિર્યંચાદિ અંધકારના ભવો વટાવીને કેવો સરસ અજવાળાનો અવતાર પામ્યો છું. હવે જો હું અહીં ભાન ભૂલું તો મારી કેવી દુર્દશા થાય ? કહેવાય છે ને કે રાત્રિનો ભૂલેલો માનવી દિવસ ઉગતા ઠેકાણે આવે પણ દિવસના ભૂલેલા માનવીને તો રાત્રિ પડતા અંધારે અથડાવવાનું જ થાય ને ? એમ નરક-તિર્યંચના ભવ અમાસની અંધારી રાત્રિ જેવા મળ્યા હતા. ત્યાં ભલે અથડાયો પણ દિવસ સમાન મનુષ્યભવ મળ્યો છતાં જો ભાન ભૂલીને મોહમાં પડીશ તો પછી ભવોભવમાં અથડાયા સિવાય બીજું શું થશે ? કદાચ કયારેક મનુષ્યભવ મને મળ્યો હશે તો વીતરાગ પ્રભુનું શાસન નહિ મળ્યું હોય તેથી ધર્મારાધના નહિ કરી હોય. બસ, ખાવું, પીવું, ખેલવું ને પરિગ્રહના પોટલા ભેગા કરવા આ બધું કર્યું હશે તેથી હું ભવમાં ભમું છું, પણ આ ભવમાં તો મને વીતરાગ પ્રભુનું શાસન મળ્યું છે. અહીં ખાવાને બદલે તપ કરું, પરિગ્રહના પોટલા ભેગા કરવાને બદલે દાન દઉં, ભોગ ભોગવવાને બદલે બ્રહ્મચર્યનું પાલન કરું, બીજા વ્રત નિયમો અંગીકાર કરું, મોહનિદ્રામાં પોઢવાને બદલે અનિત્ય, અશરણ વિગેરે બાર ભાવનાઓ, મૈત્રી આદિ ચાર ભાવનાઓ તેમજ સંવેગ અને વૈરાગ્યની ભાવનામાં રમણુતા કરું, પાપસંજ્ઞાઓ ઉપર કાપ મૂકી ધર્મારાધના કરવાનો મને કેવો સુંદર અવસર મળ્યો છે તેને હું સાર્થક કરી લઉં. માનવભવના મોંઘેરા અવસર માટે એ ઉચિત છે કે કષાય ન કરું, ધર્મ ન છોડું પણ ધર્મ વિશેષ કરું, કારણ કે પૂર્વભવમાં ધર્મ નથી કર્યો તેથી જ દુઃખ આવ્યું છે. હવે આ ભવમાં ધર્મની વિશેષ આરાધના કરવાનો સોનેરી સુઅવસર કહેવાય, તો પછી મારે ધર્મ શા માટે છોડવો જોઈએ ? અહીં તો ધર્મની વિશેષ આરાધના કરી લેવી જોઈએ. દુર્ગતિઓમાંથી માંડ માંડ મારો છૂટકારો થયો ને માનવભવ મળ્યો છે તો આ ભવમાં ક્રોધ, માન, માયા, લોભ વિગેરે કષાયોનો નિગ્રહ કરીને ક્ષમા, નમ્રતા, લઘુતા, સરળતા અને નિસ્પૃહતા વિગેરે ગુણો કેળવવાના છે. અધમ ભવોમાં જે કર્યું તે અહીં કરવાનું હોય ? ના. આવા ઉંચા ભવમાં તો ઊંચા કર્તવ્યો જ કરાય ને ! માટે ક્રોધાદિ પર કાપ મૂકી ક્ષમાદિ ઉંચા કર્તવ્યો બજાવું. વાતવાતમાં ક્રોધ આવે છે તેના બદલે વાતવાતમાં ક્ષમા લાવું. વાતે વાતે માન આવે છે એના બદલે નમ્રતા,

લઘુતા રાખું. માયા મૂકી સરળતા-નિખાલસતા કેળવું. બહુ વસ્તુઓની જરૂરિયાતોના લોભ-તૃષ્ણા, આસક્તિના બદલે જરૂરિયાતો ઘટાડી નાંખું ને આત્મતૃપ્તિનો આનંદ માણું ને મારા આત્માનું કલ્યાણ થાય તેવો માર્ગ પકડી લઉં.

આ માનવભવ એવી વિશિષ્ટ બુદ્ધિશક્તિનો અવતાર છે કે જે શક્તિ અસંખ્ય જીવજંતુ અને જનાવરને નથી મળી. આ વિશિષ્ટ બુદ્ધિશક્તિનો સોનેરી સુઅવસર મળ્યા પછી એને ઉચિત એ બુદ્ધિશક્તિનો વિશિષ્ટ ઉત્તમ ઉપયોગ કરી લેવો જોઈએ. તો મને મળેલી આ બુદ્ધિશક્તિથી તુચ્છ, જડ પદાર્થો મેળવવાના મનોરથો કરવાનું અને એને મેળવવાની યોજનાઓ ઘડવાના વિચારો કરવાનું કામ બંધ કરીને અરિહંત, અને સિદ્ધ ભગવાનના અનેકાનેક ગુણોનું સ્મરણ કરું, આત્મા માટે હેય-ઉપાદેયની વિચારણા કરું, સર્વજ્ઞ ભગવંતે કહેલા જીવ-અજીવાદિ તત્ત્વ, સ્યાદ્વાદાદિ સિદ્ધાંત તથા સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગનું ચિંતન કરું. ઉત્તમ ચારિત્ર માર્ગ અંગીકાર કરવાના મનોરથો ઘડું અને જલ્દી આત્માનો ઉદ્ધાર થાય તેવી યોજનાઓ ઘડું. આ રીતે મહાન પુણ્યોદયે મળેલા માનવભવના સોનેરી સુઅવસરને ઓળખી આત્મિક ગુણોની સાધના કરવામાં આવે તો ભવના ફેરા ટળી જાય.

જેમને જલ્દી ભવભ્રમણા ટાળી મોક્ષ મેળવવાની લગની લાગી છે એવા સતી રાજેમતી પોતાના શિષ્યા પરિવાર સાથે ગરવા ગિરનાર ગઢ ઉપર જ્યાં મહાન વિભૂતિ, તીર્થંકર નેમનાથ ભગવાન બિરાજમાન હતા ત્યાં આવ્યા. નેમનાથ પ્રભુના દર્શન કરવાનો ઉમંગ હતો એટલે ચઢતા વાર ન લાગી. કોઈ પણ કાર્ય કરવું હોય તો તેમાં ઉમંગ જોઈએ. જો ઉમંગ હોય તો અઘરામાં અઘરું કાર્ય સહેલું બની જાય છે અને જો તેમાં ઉમંગ કે રસ નથી હોતો તો સહેલું કાર્ય પણ અઘરું બની જાય છે. તે રીતે રાજેમતીને પણ ભગવાનના દર્શન કરવાનો તલસાટ હતો, અંતરમાં ઉમંગ હતો એટલે બીલકુલ થાક ન લાગ્યો. તે ભગવાન પાસે પહોંચી ગયા ને ખૂબ ભાવપૂર્વક પ્રભુને વંદન કર્યા. પ્રભુને વંદન કરીને હૈયું હરખાઈ ગયું. પ્રભુના દર્શન કરતા એના અંતરમાં અલૌકિક આનંદના ઉભરા આવ્યા. નેમનાથ પ્રભુના દર્શન કરતા રાજેમતીનું હૈયું જો આટલું બધું હરખાતું હોય તો તેનું કારણ નેમનાથ ભગવાન પ્રત્યેનો અનન્ય પ્રેમ છે.

આજના માણસો પ્રેમ કરે છે પણ એ પ્રેમ નથી પણ મોહ છે. મોહ અને પ્રેમમાં ફેર છે. અનન્ય પ્રેમની બાબતમાં અનેક દાખલાઓ છે. સીતાજીને રામચંદ્રજી પ્રત્યે અનન્ય પ્રેમ હતો એટલે તે રામની સાથે વનમાં ગયા. ત્યાં કપટ કરીને રાવણ તેને ઉઠાવી ગયો ને લંકાની બહાર અશોકવાટિકામાં રાખ્યા. ત્યાં રાવણ રોજ એની પાસે આવીને ધમકી આપતો ને ઝરીના વસ્ત્રો, કિંમતી રત્નોના આભૂષણો, મેવા-મિષ્ટાન્નના થાળ મોકલાવીને પ્રલોભનો પણ ખૂબ આપતો, છતાં સીતાજીના હૃદયમાં રામ પ્રત્યેનો

પ્રેમ ઓછો થયો ન હતો, એને મન રામ વિના બધું શૂન્ય હતું. સીતાજીના શુદ્ધ પ્રેમના કારણે રામ સીતાજીને શોધતા શોધતા છેક લંકામાં આવ્યા. આવી રીતે રૂકિમણીને પણ અનેક પ્રકારના કષ્ટો આપવામાં આવ્યા અને પ્રલોભનો પણ ખૂબ આપવામાં આવ્યા છતાં રૂકિમણીનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ અડગ રહ્યો હતો. એ અનન્ય પ્રેમનો મહિમા હતો. જો અનન્ય પ્રેમ ન હોય તો થોડો ભય કે થોડું પ્રલોભન મળે ત્યાં જીવન બદલાઈ જાય છે. જે પ્રેમમાં કેવળ વિષય ભોગની જ લાલસા છે તે અનન્ય પ્રેમ નથી કહેવાતો. વિષય સુખજન્ય પ્રેમ વિષય સુખ મળતું બંધ થતા નાશ પામે છે. પરદેશી રાજા અને સૂરીકંતા રાણીનો કેવો પ્રેમ હતો ? પણ પરદેશી રાજા ધર્મ પામ્યા, અને સૂરિકંતાને વિષય સુખ મળતું બંધ થઈ ગયું એટલે સૂરીકંતાએ જાણ્યું કે હવે આવો પતિ મારે શું કામનો છે ? પોતાનો સ્વાર્થ પૂરો થયો એટલે સૂરીકંતા રાણીએ પરદેશી રાજાને ઝેર આપ્યું. આ સાચો પ્રેમ ન કહેવાય. આજે સંસારમાં જ્યાં સુધી પતિ ખૂબ કમાતો હોય ને પત્નીને સુખ આપતો હોય ત્યાં સુધી ખમ્મા ખમ્મા કરે છે પણ જ્યારે માંદો પડે ને કમાતો બંધ થાય ત્યારે શું થાય તેનો ઘણાને અનુભવ છે. આવો પ્રેમ એ પ્રેમ નથી પણ મોહ છે, સંસારનો સ્વાર્થ છે.

રાજેમતીના હૃદયમાં અરિષ્ટ નેમિનાથ ભગવાન પ્રત્યે જે પ્રેમ હતો તે અનન્ય પ્રેમ હતો. તેનો આ પ્રેમ માત્ર આ જ ભવથી ન હતો પણ આઠ આઠ ભવથી ચાલ્યો આવતો હતો. જો રાજેમતી વિષયસુખની લાલસાથી જ નેમનાથ ભગવાન પ્રત્યે પ્રેમ ધરાવતી હોત તો તો નેમકુમાર તોરણદ્વારેથી પાછા ફર્યા ત્યારે જ એનો પ્રેમ તૂટી જાત અને તે બીજા કોઈ રાજકુમારને પોતાનું પ્રેમપાત્ર બનાવી લેત. નેમકુમાર પાછા ફર્યા પછી એના માતા-પિતાએ બીજે લગ્ન કરવા માટે એને ઘણી સમજાવી હતી છતાં એણે લગ્ન કર્યા નહિ. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે રાજેમતી નેમનાથ ભગવાન પ્રત્યે માત્ર વિષયસુખની લાલસાથી પ્રેમ કરતી ન હતી પણ એને સ્વાભાવિક અનન્ય પ્રેમ હતો. પતિ પ્રત્યે અનન્ય પ્રેમ ધરાવતી કુલાંગનાઓ વિષયસુખને માટે જ પતિ સાથે પ્રેમ કરતી નથી પણ તેમનામાં પતિ પ્રત્યે સહજ પ્રેમ હોય છે અને એ જ કારણે તે પ્રેમ અનન્ય પ્રેમની સીમા સુધી પહોંચે છે.

મહાન સતી રાજેમતીએ પોતાના અનન્ય પ્રેમપાત્ર અરિષ્ટનેમિનાથ ભગવાનના માર્ગનું બરાબર અનુસરણ કર્યું. નેમકુમાર તોરણદ્વારેથી પાછા ફરીને દ્વારકા ગયા ને પોતાના મહેલમાં રહીને એક વર્ષ સુધી વર્ષીદાન દીધું ને પછી દીક્ષા લીધી તો રાજેમતી પણ ત્યાં સુધી અનાસક્ત ભાવે ઘરમાં રહી અને પછી તેણે પણ ભગવાને બતાવેલા ત્યાગ-માર્ગે પ્રયાણ કર્યું. જે મોક્ષપદને પામવા માટે ભગવાન પ્રયત્નશીલ હતા તેને માટે રાજેમતી પણ પ્રયત્નશીલ હતા. આ પ્રમાણે ભગવાનનું પદાનુગમન કરતી રાજેમતી ભગવાનના દર્શન કરવા માટે ભગવાનની સેવામાં હાજર થઈ. આજે એના દિલમાં એવો આનંદ અને ગૌરવ

હતું કે આજે મેં મારા ભગવાનના માર્ગનું અનુસરણ ન કર્યું હોત તો મને આજે ભગવાનને મુખ બતાવતા પણ સંકોચ થાત. હું આજે દર્શન કરવા આવી છું તે આવી શકત નહિ, પણ મેં મારા કર્તવ્યનું પાલન કર્યું છે તેથી મને કોઈ જાતનો ભય કે સંકોચ થતો નથી પણ ભગવાનને જોઈને હૈયામાં આનંદની ઊર્મિઓ ઉછળે છે.

આવા હર્ષથી પ્રસન્ન બનેલી રાજેમતીને ઘણા સમયથી ભગવાનના દર્શનની ઝંખના હતી તે પૂર્ણ થતાં અપૂર્વ આનંદ થયો. તેના સાડા ત્રણ કોડ રોમરાય વિકસિત થયા. તેમણે પોતાની શિષ્યાઓની સાથે ભગવાનને વિધિપૂર્વક વંદન નમસ્કાર કર્યા અને પછી પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા. રાજેમતીને જાતિ સ્મરણ જ્ઞાન પ્રગટ થયું હતું, તેથી તે જાણતા હતા કે મારે ભગવાનની સાથે આઠ આઠ ભવથી સબંધ છે. આઠ આઠ ભવની અમારી પુરાણી પ્રીત છે, તેથી પ્રાર્થના કરતા કહે છે પ્રભુ! પૂર્વના આઠ ભવમાં મારા ઉપર આપની જે કૃપા રહી છે તેનાથી વિશેષ કૃપા આપે આ નવમા ભવમાં કરી છે. આઠ ભવોના પ્રેમમાં તો વિયોગાદિના અનેક કષ્ટો સહન કરવા પડયા છે. એવા પ્રેમમાં રહેવાથી તો જન્મ મરણના દુઃખો ભોગવવા પડે છે, માટે આપણા પૂર્વપ્રેમને સુદૃઢ અને શાશ્વત બનાવવા આપે તોરણદ્વારે આવીને મને જાગૃત કરી છે. પ્રભુ! મને સંયમના પંથે વાળવા માટે જ આપ મથુરામાં પધાર્યા હતા પણ જ્યાં સુધી આપનું આ કાર્ય મારી સમજણમાં નહોતું આવ્યું ત્યાં સુધી મેં ખૂબ ઝુરાપો કર્યો. આપને ખૂબ ઓલંભા દીધા કે નેમકુમાર! તમને પશુની દયા આવી ને મારી દયા ન આવી? તમે મને એક વાર મળવા પણ ન આવ્યા! હું તમને દીક્ષા લેવામાં આડી ન આવત. જ્યારે મને આપના કાર્યનું મહત્વ સમજાયું ત્યારે મને ખૂબ આનંદ થયો, અને મેં આપની સાથેના મારા પ્રેમને અવિચળ બનાવવા માટે આપે જે માર્ગ અપનાવ્યો અને તોરણદ્વાર સુધી પધારીને જે માર્ગ અપનાવવાની સૂચના આપી હતી તે જ માર્ગ મેં અપનાવ્યો છે, તો હે દીનદયાળુ! કરૂણાસિંધુ ભગવાન! હવે કૃપા કરીને મને આપ એવો ઉપદેશ આપો અને એવા આશીર્વાદ આપો કે મારો સંયમમાર્ગ સુગમ બને અને હું મોક્ષગતિને શીઘ્ર પ્રાપ્ત કરી શકું કે જ્યાં પહોંચવાથી મારો પ્રેમ હંમેશ માટે સ્થાયી બની જાય.

રાજેમતીની ભાવભરી પ્રાર્થના સાંભળીને નેમનાથ ભગવાને મધુર શબ્દોથી કહ્યું કે સતી રાજેમતી! તમે જે સંયમ માર્ગ અપનાવ્યો છે તે માર્ગ પર દૃઢ રહેવું. તેમાં પ્રમાદ ન કરવો. એ જ જલ્દી મોક્ષ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. હું જાણું છું કે તમે સંયમની આરાધના રૂડી રીતે કરી રહ્યા છો ને આગળ પણ કરશો તે પણ હું જાણું છું, છતાં પણ તમારા પૂછવાથી મેં તમને સંયમ માર્ગ પર દૃઢ રહેવાની જે સાવધાની આપી છે તે આપના પરિવાર તેમજ બીજા જીવો માટે હિતકર થશે એ દૃષ્ટિથી આપી છે. ભગવાનની

અમૃતવાણી સાંભળીને સતી સાધ્વી રાજેમતી ગદ્‌ગદ્‌ બની ગયા. તેમના નેત્રો ભગવાનના દર્શન કરતા અતૃપ્ત જ રહ્યા. શ્રમણી રાજેમતી નેમનાથ ભગવાનની વાણી સાંભળીને કે એમના દર્શન કરીને બેસી ન રહ્યા. ભગવાને કહ્યું કે તમારું કલ્યાણ થઇ જશે એટલે હવે મારે કંઈ પુરૂષાર્થ કરવાની જરૂર નથી એમ નહિ પણ તેઓ ઉગ્ર તપ અને સંયમની આરાધના કરવા લાગ્યા. રહનેમિ પણ રાજેમતીના અંકુશરૂપી વચનોથી સંયમમાં સ્થિર થઈને ઉગ્ર તપ અને સંયમની આરાધના કરવા લાગ્યા. તેનાથી શું બન્યું તે વાત ભગવંત કહે છે.

दुग्गं तवं चरित्ताणं, जाया दोण्णि वि केवली ।
सव्वं कम्मं खवित्ताणं, सिद्धिं पत्ता अणुत्तरं ५०॥॥

રાજેમતી અને રહનેમિ એ બંને આત્માઓ ઉગ્ર તપશ્ચર્યા અને સંયમની આરાધના કરવાથી ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાની બન્યા. કેવળજ્ઞાન પામ્યા પછી ઘણું સમય સુધી લોકોને ધર્મનો બોધ આપીને તાર્યા. કંઇક જીવોને ધર્મના માર્ગે ચઢાવ્યા અને છેવટે શેષ અઘાતી કર્મોનો ક્ષય કરીને ઉત્તમ એવી સિદ્ધગતિને પામ્યા. તેમાં રાજેમતી ભગવાન અરિષ્ટનેમિનાથથી ચોપન (૫૪) દિવસ પહેલાં મોક્ષ પ્રાપ્ત કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા.

બંધુઓ ! સ્ત્રી જાતિ સહેજે કોમળ હોય છે. સ્ત્રીની શક્તિનો સૂર્ય લજ્જાના વાદળોથી ઘેરાયેલો હોય છે. સ્ત્રીનું ઐશ્વર્ય ભયથી વિંટળાયેલું હોય છે, પણ એ કયાં સુધી ? સમય ન આવે ત્યાં સુધી. સમય આવે ત્યારે લજ્જાના વાદળા વિખરાઇ જાય છે, કોમળતા પ્રચંડતામાં પલટાઈ જાય છે અને તેજસ્વી સૂર્ય ઝળહળી ઉઠે છે. ત્યાં જગતનું સર્વ બળ હારી જાય છે. પુરૂષ શક્તિનો આવેશ પૂરો થઈ ઓસરી જાય છે અને આખરે એ સ્ત્રી શક્તિનો વિજય થાય છે. આપણા અધિકારમાં એવું જ બન્યું. રહનેમિ યોગીશ્વર હતા, આત્મધ્યાનમાં મસ્ત રહેનારા હતા પણ કર્મયોગે એમના અંતરમાં વિકારવાસનાનો અંકુરો પેદા થયો. તેને નિર્મૂળ કરવા માટે સતી રાજેમતીનું તપોબળ, નિર્વિકારતા ધૈર્ય અને પરાક્રમે મહત્વનો ભાગ ભજવ્યો. આ તેમના આત્મ ઓજસની પ્રતીતિ છે. ધન્ય છે આવા પવિત્ર આત્માઓને ! રાજેમતી અને રહનેમિ મોક્ષમાં ગયા. નેમનાથ ભગવાન તો મોક્ષે જવાના જ છે. હવે છેલ્લી ગાથામાં ઉપસંહાર કરતાં ભગવાન કહે છે

एवं करंति संबुद्धा, पंडिया पवियक्खणा।
विणियट्टन्ति भोगेसु, जहा से पुरिसोत्तमो त्तिबेमि ॥५१॥

જેમ તે પુરૂષશ્રેષ્ઠ રહનેમિએ વિષયભોગથી મનને શીઘ્ર હઠાવી લીધું તેમ વિચક્ષણ અને તત્વજ્ઞ પુરૂષો પણ વિષય ભોગોથી નિવૃત થઈને પરમ પુરૂષાર્થ કરે. જેમને જલ્દી

આત્માનું કલ્યાણ કરવું હોય તેમણે આવો પુરૂષાર્થ કરવો જોઈએ. એમ ભગવાને કહ્યું છે આપણા બાવીસમા અધ્યયનનો અધિકાર આજે સમાપ્ત થાય છે.

પૂ ઘાસીલાલજી મહારાજ સાહેબે આ અધ્યયનની ટીકામાં લખ્યું છે કે રાજેમતી અને રહનેમિનું આયુષ્ય નવસોને એક (૯૦૧) વર્ષનું હતું. તેમાં બંનેએ (૪૦૦) ચારસો વર્ષ તો ગૃહસ્થ પર્યાયમાં વ્યતીત કર્યા. એક વર્ષ છદ્મસ્થ અવસ્થામાં ગયું અને પાંચસો (૫૦૦) વર્ષો કેવળી પર્યાયમાં સમાપ્ત કર્યા.

નેમનાથ ભગવાને ભૂમંડળ ઉપર વિહાર કરતા કરતા ભવ્ય જીવોરૂપી કમળોને સૂર્યની માફક વિકસિત કર્યા. ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકારના ધર્મનો ઉપદેશ આપ્યો અને પોતાના વિહારથી દશે દિશાઓને પવિત્ર કરી. પ્રભુ શંખ, ચક્ર આદિ લક્ષણોના ધારણ કરનાર હતા. તેમના શરીરની કાન્તિ મેઘની પ્રભા જેવી નીલરંગી હતી. શરીરની ઉંચાઈ દશ ધનુષ્યની હતી. ભગવાનને અઢાર હજાર સાધુઓ હતા, ચાલીસ હજાર સાધ્વીઓ હતી, એક લાખ ઓગણોતેર હજાર, નવસો ને નવ્વાણુ શ્રાવકો હતા. ત્રણ લાખ ને છત્રીસ હજાર શ્રાવિકાઓ હતી. કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પ્રભુએ આ ભૂમંડળ ઉપર સાતસો વર્ષમાં ફકત ચોપન દિવસ ઓછો વિહાર કર્યો. અંતમાં રૈવતક પર્વત ઉપર પધારીને પાંચસો (૫૦૦) સાધુઓની સાથે એક માસનું અનશન કરીને આ વિનશ્વર શરીરનો ત્યાગ કર્યો અને સિદ્ધ પદને પ્રાપ્ત કર્યું. ભગવાન જ્યારે મોક્ષમાં પધાર્યા ત્યારે સઘળા ઇન્દ્રોએ જય જય શબ્દ કર્યા. આ પ્રમાણે પ્રભુએ એક હજાર વર્ષનું આયુષ્ય સમાપ્ત કરીને સિદ્ધિ પદને પ્રાપ્ત કર્યું. નેમનાથ ભગવાનના બીજા ભાઈનું નામ રહનેમિ, ત્રીજા ભાઈનું નામ સત્યનેમિ અને ચોથા ભાઈનું નામ દૃઢનેમિ હતું. એ ત્રણે ભાઈઓ પણ મુક્તિને પામ્યા છે. આ પ્રમાણે આ રીતે આપણા બાવીસમા અધ્યયનનો અધિકાર આજે પૂર્ણ થયો. હવે થોડીવાર ચરિત્ર કહું છું.

ચરિત્ર : કોડવાળીબાઈને ધક્કા મારતા જોઈને જિનસેનકુમારે પૂછ્યું, તમે આ દુઃખી બાઈને શા માટે આમ હેરાન કરો છો ! એ કોણ છે ? ત્યારે પ્રધાને કહ્યું એ તમારી માતા રત્નવતી છે, ત્યારે જિનસેનકુમારે કહ્યું તમે એને મારો નહિ. મારી પાસે લઈ આવો, પ્રધાને કહ્યું કુંવરજી ! એનો રોગ ચેપી છે. તેમાંથી માથું ફાટી જાય એવી દુર્ગંધ નીકળે છે, માટે તમે એને જવા દો, પણ જિનસેનકુમાર માન્યો નહિ અને પોતાની પાસે બોલાવીને આટલા બધા માણસોની વચમાં પૂછ્યું માતાજી ! તમને આવો રોગ કયાંથી થયો ? તમારી આવી દશા કેમ થઈ ? તમને આવું દુઃખ કયાંથી આવ્યું તે મને કહો.

નમ્ર ભાવસે રાણી બોલી, સુનો કુંવર ગુણધામ,
મૈં ને સતીકો બહુ દુઃખ દીના, ત્રાસ પાઉં હું તામ.

જિનસેનકુમારે આ પ્રમાણે પૂછયું એટલે રત્નવતીની આંખમાં દડદડ આંસુડા સરી પડયા અને અત્યંત નમ્ર બનીને કહે છે હે મારા ગુણવાન વ્હાલા દીકરા! મારા કર્મે મને દુઃખી કરી છે. મારી મોટી બહેન જિનસેના જે પવિત્ર સતી છે, જેના દર્શનથી માણસના દુઃખ ટળી જાય છે એવી સતીને મેં દુઃખ દેવામાં બાકી રાખી નથી. મેં મહારાજાને ખોટી રીતે ચઢાવીને એને મહેલમાંથી કઢાવી જંગલમાં મોકલી, એનું પટ્ટરાણી પદ છીનવી લીધું. આવા મેં એને દુઃખ દીધા. એથી ન પત્યું તે મેં તારા ઉપર ઇર્ષ્યા કરવામાં પણ બાકી રાખી નથી. એથી અધિક તારી પત્ની મદનમાલતીને મેં સમુદ્રમાં નંખાવી દીધી. એનું શું થયું હશે? દીકરા? આ બધા મારા પાપ મને ફૂટી નીકળ્યા છે. તેના કારણે હું આવી દુઃખી બની ગઈ છું. હું આ નગર બહારના જંગલમાં રખડતી હતી ત્યાં મને ખબર પડી કે જિનસેનકુમાર આવ્યા છે એટલે મને થયું કે એની માતા જિનસેના રાણી પણ દીકરાનું સ્વાગત કરવા આવ્યા હશે. તો હું એ પવિત્ર આત્માઓના દર્શન કરીશ ને મારી ભૂલની એમની પાસે ક્ષમા માંગીશ તો મારા મનનો ભાર હળવો થશે ને મારા પાપ દૂર થશે. એવા ભાવથી બેટા! હું અહીં આવી છું. રત્નવતીના આ શબ્દો સાંભળીને જિનસેનકુમારનું હૃદય પીગળી ગયું.

"અપકાર પર પણ ઉપકાર કરતી મદનમાલતી":– રત્નવતીની બધી વાત તંબુમાં બેઠેલી ચંપકમાલા, મદનમાલતી અને કમલાએ સાંભળી. સૌના મનમાં એમ છે કે મદનમાલતીને સમુદ્રમાં ફેંકી દીધી પછી એનો પત્તો લાગ્યો નથી એટલે મરી ગઈ હશે, પણ સાથે આવી છે એ કોઈને ખબર નથી. ત્યાં શું બન્યું? મદનમાલતી રાજકુમારી વીજળીના ઝબકારાની જેમ એકદમ તંબુમાંથી બહાર નીકળીને જિનસેનકુમારને કહે છે સ્વામીનાથ! આપની માતા હોય તો હું આ કોઢનો રોગ મટાડી દઉં. મને શ્રદ્ધા છે કે હું એનો રોગ મટાડી શકીશ. મદનમાલતીને જોઈને મહારાજા, પ્રધાન અને પ્રજાજનો બધાને એકદમ આશ્ચર્ય થયું કે આને તો રત્નવતીના માણસોએ સમુદ્રમાં ફેંકી દીધી હતી ને અહીં જીવતી કેવી રીતે આવી? શું ભૂત તો નહીં થઈ હોય ને? (હસાહસ) અત્યાર સુધી સૌ જિનસેનકુમાર સામે જોતા હતા. હવે સૌ કુમાર સામે જોવાનું છોડીને મદનમાલતીને જોવા લાગ્યા. જુઓ, મદનમાલતી પણ કેવી પવિત્ર સતી છે! જે રત્નવતીએ પોતાના ઉપર આવો જુલમ ગુજર્યો હોય એના સામું જોવાનું મન થાય? છતાં પોતાને સમુદ્રમાં ફેંકી દેનાર રત્નવતીનું દુઃખ જોઈને એનું હૃદય પીગળી ગયું અને પતિ પાસે રોગ મટાડવાની આજ્ઞા માંગી. દયાળુ જિનસેનકુમારે એને રજા આપી એટલે મદનમાલતીએ શુદ્ધ પાણી મંગાવીને પોતાના હાથમાં પાણી લઈ આંખ બંધ કરીને પ્રભુને પ્રાર્થના કરવા લાગી કે હે પ્રભુ! હે મારા શાસનના દેવો! મેં આજ દિન સુધી મારા પતિ સિવાય બીજા કોઈ પણ પુરૂષની મનથી પણ ઇચ્છા ન કરી હોય તો આ કોઢનો રોગ મટી જજો. એમ કહીને મદનમાલતીએ રત્નવતી ઉપર પાણી છાંટયું. જેવું પાણી

છાંટયું કે તરત એનો કોઢનો રોગ મટી ગયો. એના આંગળા, કાન અને નાક ખરી ગયા હતા તે બધા પાછા હતા તેવા થઈ ગયા ને એની કાયા કંચનવર્ણી પહેલા જેવી હતી તેવી બની ગઈ. આવો ચમત્કાર જોઈને લોકો મદનમાલતી સતીનો જયજયકાર બોલાવવા લાગ્યા. જય હો, વિજય હો પવિત્ર સતીનો ! રત્નવતીનો રોગ મટયો ને નવું જીવન મળ્યું તેથી અપૂર્વ આનંદ થયો.

"દુઃખ દેનાર પ્રત્યે કરૂણા" :- આકાશમાંથી દેવોએ પણ મદનમાલતી સતી ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી અને જય હો, વિજય હો પવિત્ર શીલવતી સતીનો ! એવી ઉદ્‌ઘોષણા કરવા લાગ્યા. રાજા અને પ્રજા બધા સતી મદનમાલતીના બે મોઢે વખાણ કરવા લાગ્યા કે ધન્ય છે આવી સતીને ! એણે આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે, જો એણે રોગ મટાડયો ન હોત તો આ રત્નવતી આખા નગરમાં ચેપી રોગ ફેલાવત ને આપણે બધા હેરાન હેરાન થઈ જાત. આ રીતે મદનમાલતીની ખૂબ પ્રશંસા કરી. ત્યાર પછી જય-મંગલ મહારાજા જિનસેનકુમારને કહે છે બેટા ! અત્યારે શુભ મુહુર્ત ચાલી રહ્યું છે માટે હવે તમે મોડું ન કરો. આપણે જલ્દી કંચનપુરમાં પ્રવેશ કરી જઈએ, ત્યારે જિનસેનકુમારે કહ્યું પિતાજી ! હું આવવા તૈયાર છું પણ મારી એક શરત મંજુર કરો રાજાએ કહ્યું-શું ? ત્યારે જિનસેનકુમારે કહ્યું આ મારી માતાને તમે સાથે લઈ લો તો હું આવીશ. નહિતર મારે નથી આવવું. રાજા, પ્રધાન અને પ્રજાજનો કહે છે હે કુમાર ! તમે કાલના દિવસો ભૂલી ગયા ? આ રત્નવતીએ તમને અને તમારી માતાને કેટલા હેરાન કર્યા છે, કેવા દુઃખ દીધા છે. હવે એને રાજમહેલમાં લઈ જવા જેવી નથી. તમારી રાણીએ એને કોઢનો રોગ મટાડયો એ ઘણું છે. હવે એના કર્મો એ ભોગવશે, પણ દયાળુ જિનસેનકુમાર કહે તમે બધા એવું ન બોલો. એક વખત માણસ ભૂલ કરી બેસે પણ એની ભૂલનું ફળ મળી ગયા પછી માણસ સુધરી જાય છે. સદા એવો નથી રહેતો. અમે રાજમહેલમાં સુખ ભોગવીએ અને મારી માતાની આ દશા !

મેરી માતા ફિરે ભટકતી, યહ મુઝકો ન સુહાય,
રત્નવતી પડી ચરણોમેં, રહી અપરાધ ખમાય.

હું સુખ ભોગવું અને મારી માતા, મારો ભાઈ, બધા ભૂખ્યા ને તરસ્યા વનવગડામાં ભટકતા ફરે, દુઃખ વેઠે, આ મારાથી કેમ જોવાય ? હું આ સહન નહિ કરી શકું, માટે એને તમે સાથે લઈ લો. રત્નવતીને પોતાની ભૂલનો પૂરેપૂરો પશ્ચાતાપ થઈ રહ્યો છે. એ જિનસેનકુમારના ચરણમાં પડીને પોતાના પાપનો પશ્ચાતાપ કરતી ભૂલની માફી માંગી રહી છે. રામસેન પણ જિનસેનના ચરણમાં પડયો અને મા દીકરો બંને કહે છે ખરેખર ! આ દુનિયામાં ઉપકાર ઉપર સૌ ઉપકાર કરે છે, એમાં બહુ મોટી વાત નથી પણ જે અપકાર ઉપર ઉપકાર કરે છે તે તો દેવ છે. મારા દીકરા ! તું તો દેવ છે દેવ. મેં તને, તારી

માતાને અને તારી પત્નીને કેટલા દુઃખ દીધા છે એ તો હું જ જાણું છું ને બીજા ભગવાન જાણે છે. આ જગ્યાએ બીજો દીકરો હોય તો સામું પણ ન જુએ, ત્યારે તારી પત્નીએ તો મને કોઢનો રોગ મટાડ્યો ને તું મને રાજ્યમાં લઈ જવાનું કહે છે. ધન્ય છે દીકરા તને ! અને તારી જનેતાને ! આમ રત્નવતી અને રામસેન જિનસેનકુમારના ગુણ ગાવા લાગ્યા અને જિનસેનના ચરણમાં પડીને માફી માંગવા લાગ્યા, ત્યારે જિનસેનકુમાર કહે છે માતાજી ! તમે મને પગે ન લાગો. હું તો ગમે તેમ તોય તમારો દીકરો છું. મને પગે લાગીને મારા માથે ભાર વધારો નહિ. હું તમને પગે લાગવા યોગ્ય છું. એમ કહીને રત્નવતીને શાંત કરી. રાજાને રત્નવતીને સાથે લઈ જવાની બિલકુલ ઇચ્છા નથી પણ જિનસેનકુમાર માનતો નથી એટલે રાજાએ એને સાથે લેવાની હા પાડી, પછી જિનસેનકુમાર શહેરમાં જવા તૈયાર થયો. જયમંગલ મહારાજા અને જિનસેનકુમાર હાથીની અંબાડીએ બેઠા. તે હજારો યાચકોને દાન દેતા જાય છે. ખૂબ ઠાઠમાઠથી એમની સવારી કંચનપુરની મધ્યમાં આવી. નગરજનો જિનસેનકુમારનો જયજયકાર બોલાવવા લાગ્યા. ધન્ય છે જિનસેન કુમારને ! જેવા જિનસેના મહારાણી છે એવા જ એમના પુત્ર છે. આ તો દીકરો નથી પણ દેવ છે દેવ કે અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કર્યો છે. આ કુમાર હજારો જીવનો રક્ષણદાતા બનશે. ઓ કુમાર ! તમે ઘણું જીવો, તમે દીર્ઘાયુષ બનો. એમ કહીને આશીર્વાદ આપવા લાગ્યા. હજારો લોકોના આશીર્વાદ લેતા જિનસેનકુમારની સ્વારી આખા ગામમાં ફરીને રાજમહેલમાં આવી. જિનસેનકુમારને એની માતાના દર્શન કરવાનો તલસાટ જાગ્યો છે. હવે જલદી મારી માતાના દર્શન કરું. હવે કુમાર માતાના મહેલે જશે ને માતાને કેવો આનંદ થશે તે અવસરે.

●

વ્યાખ્યાન નં. ૧૦૨

કારતક સુદ ૧૪ ને સોમવાર **તા. ૧૩-૧૧-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત કરૂણાના સાગર, વિશ્વ વંદનીય, જગતઉદ્ધારક, અનંત ઉપકારી તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના ઉદ્ધાર માટે આગમ વાણી પ્રકાશી. જન્મ-જરા અને મરણના દુઃખોથી છૂટવા માટે ભગવાને કેવો રૂડો ને સરળ માર્ગ બતાવ્યો છે. માની લો કે આપણે કોઈ ગામ અથવા કોઈ સ્થાને જવું હોય ત્યારે કોઈ ઉપકારી માણસ આપણને ટૂંકો ને સરળ માર્ગ બતાવી દે તો આપણે સહેલાઈથી પહોંચી જઈએ ને ? અને સાચો માર્ગ ન મળે તો ભમવું પડે છે ને ? તેમ આપણને ઉત્તમ મનુષ્ય જન્મ મળ્યો છે. મનુષ્ય જન્મ અને સાથે આવું ઉત્તમ જિનશાસન મળ્યું છે. તે કંઈ ઓછા પુણ્યની વાત છે ? મહાન પુણ્યોદયે જિનશાસન મળ્યું છે. જિનશાસન મોક્ષમાં જવા માટેનો ટૂંકો અને સીધો માર્ગ બતાવે છે. જેને આ જિનશાસન મળે એ

તો મહાન સુખી બની જાય છે, ન્યાલ બની જાય છે. વધુ તો શું કહું ? જે સુખ દેશના વડાપ્રધાન મોરારજીભાઇને પણ નથી મળ્યું તે તમને મળ્યું છે. મોરારજીભાઇને ભલે ભારતના વડાપ્રધાનની પદવી મળી પણ જો એ એમાં તરબોળ થઈ જાય તો એ ભવકૂપમાં ફેંકાઇ જાય, કારણ કે એમાં કંઈ કર્મનિર્જરા કે પુણ્યનું કામ નથી પણ એકાંત પાપકર્મની જ કાર્યવાહી છે. એમાં કોઇ લાભ નથી પણ જેને જિનશાસન મળે છે અને તેને સંપૂર્ણ વફાદાર રહે તેનો તો બેડો પાર થઈ જાય છે.

દેવાનુપ્રિયો ! જિનશાસનનો પ્રભાવ તો જુઓ. જેને જિનશાસન મળે એ તો પ્રધાનની પદવી કરતાં પણ ઊંચી પદવી પામ્યા છે. જીવને પરભાવમાંથી સ્વભાવમાં લાવે, ભવભ્રમણ ટાળે એવો જિનશાસનનો પ્રભાવ છે. ગમે તેવો હોંશિયાર ખેડૂત હોય પણ એ આરસની ભૂમિ ઉપર ઘઉં, બાજરી કે શાકભાજી ઉગાડી શકશે ? વાવણી કરી શકશે ? 'ના'. ત્યાં તેની ચતુરાઈ કે બુદ્ધિ કામ કરી શકે નહિ. આ જિનશાસન એ સમ્યકૂત્વના બીજ વાવવા માટેની પવિત્ર ભૂમિ છે. ખેડૂતને ફળદ્રુપ જમીન મળી હોય અને ચોમાસાનો સમય આવે ત્યારે શું એ પ્રમાદ કરીને બેસી રહે ખરો ? એ તો પ્રમાદ છોડીને કમર કસીને મહેનત કરવા લાગે છે પણ એમ વિચાર નથી કરતો કે જમીન ફળદ્રુપ છે ને વરસાદ પડે છે એટલે જેટલું અનાજ પાકવાનું હશે તેટલું પાકશે, ભાગ્યમાં હશે તે થશે. પણ તમે ડાહી-માના દીકરા થઇને આવું વિચારો છો ને કે ભાગ્યમાં હશે તે થશે. તમે આવો વિચાર ન કરશો. એવો વિચાર તમને ન શોભે. તમે એવો વિચાર કરો કે મનુષ્યભવ એ આત્મકલ્યાણ કરવાની મોસમ છે અને જિનશાસન એ સમ્યકૂત્વનું બીજ વાવવા માટેની પવિત્ર ભૂમિ છે. જિનશાસનમાં એવો કુલપાવર છે કે જેને એક વખત એની પીછાણ થઈ જાય એને સ્વરૂપની પીછાણ થયા વિના ન રહે. એના જન્મ-જરા અને મરણના દર્દ ગયા વિના ન રહે.

બંધુઓ ! તમને દેહના દર્દ ખટકે છે એટલે તમે એની ઝટ દવા કરો છો પણ જન્મ-જરા અને મરણના દર્દો ખટકે છે ખરા ? એ ખટકે તો તમે એને નાબૂદ કરવા માટેની દવા કરશો પણ હજુ એ દર્દ ખટક્યું નથી એટલે દેહની આળપંપાળમાં પડ્યા છો પણ આ શરીર તો અહીં જ છૂટી જવાનું છે. ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીસમા અધ્યયનમાં ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો કે હે ભગવંત ! જીવ મોક્ષમાં જાય છે ત્યારે શરીરને ક્યાં છોડે છે ? એના જવાબમાં ભગવંતે કહ્યું કે હે ગૌતમ "इहं बोन्दि चइत्ताणं, तत्थ गन्तूण सिज्झई।" જીવ શરીરને અહીં મનુષ્ય લોકમાં જ છોડે છે. આ તો મોક્ષમાં જનારની વાત કરી પણ બધા જીવો જ્યારે આયુષ્ય પૂરું થાય છે ત્યારે શરીર તો અહીં જ છોડે છે ને ? કંઈક છોડીને ગયા ને તમે તેને ભાળી આવ્યા, કેમ બરાબર છે ને ? હા, તો વિચાર કરો કે જે શરીર આપણે અહીં જ છોડીને જવાનું છે તેને માટે તમે આટલું બધું કર્મબંધન શા માટે કરો છો ? આવું ઉત્તમ શરીર મળ્યું છે તો આત્મસ્વરૂપની

પિછાણ કરી લો. તપ-ત્યાગ કરીને ભવરોગને નાબૂદ કરી મોક્ષની આરાધના કરી લો. આ શરીરના મોહમાં પડીને અજ્ઞાનપણે ઘણાં કર્મો બાંધ્યા છે અને અનંતકાળથી રખડપટ્ટી કરી રહ્યો છે. આ રખડપટ્ટી બંધ કરાવવા માટે જિનશાસન મળ્યું છે. જેને જિનશાસનની પિછાણ થઈ છે એવા આત્માઓ આત્મસ્વરૂપને પામી ગયા છે. જેઓ આત્મસ્વરૂપને પામ્યા છે તેઓ આશ્રવના સ્થાનમાં પણ સંવર કરે છે ને કર્મો ખપાવે છે અને જે અજ્ઞાની જીવો છે તે સંવરના સ્થાનમાં પણ આશ્રવ કરે છે ને કર્મો બાંધે છે. ભવસાગરને તરવાના સાધનો દ્વારા ડૂબે છે, માટે આવો રૂડો મનુષ્યભવ અને ઉત્તમ જિનશાસન પામીને એક જ વિચાર કરો કે અજ્ઞાનપણે મારા આત્માએ ઘણાં કર્મો બાંધ્યા ને ભવમાં ઘણું ભમ્યો હવે ભવભ્રમણ ટાળવા માટે મારે દીક્ષા જ લેવી જોઈએ. ત્યાગ વિના ત્રણ કાળમાં મુક્તિ નથી. ત્યાગ એ મુક્તિની યુક્તિ છે. ત્યાગ માર્ગ સ્વીકારાય તો ઉત્તમ છે પણ જો તમે ત્યાગી ન બની શકો તો સંસારમાં રહેવા છતાં સંસાર કાંટાની જેમ ખૂંચવો જોઈએ. જો કાંટો ખૂંચશે તો કાંટો કાઢયે જ છૂટકો થશે પણ કાંટો ખૂંચશે નહિ તો કાઢવાનું મન નહિ થાય.

મહાનપુરૂષોને તો રાત દિવસ સંસાર કાંટાની માફક ખૂંચે છે. એ જ્ઞાની આત્માઓ **"ક્રિયા કરે પરની અને વિચારણા કરે સ્વની"** અને અજ્ઞાની જીવો **"ક્રિયા કરે સ્વની અને વિચારણા કરે પરની."** તમને એમ થશે કે પરની ક્રિયા કરે ને સ્વની વિચારણા કરે એ કેવી રીતે ? તો સાંભળો. જ્ઞાની આત્માઓને ખાવું પીવું તો પડે છે ને ? ખાવું પડે એ તો પરની ક્રિયા છે ને ? કેવળી ભગવંતોને પણ પેટને ભાડું આપવા અને ક્ષુધા વેદનીય શમાવવા માટે ખાવું તો પડે છે, ગૌચરી પણ જવું પડે છે. આ બધું કરે છે પણ એમની વિચારણા તો આત્મા તરફની હોય છે. તમે કોની વિચારણા કરો છો ? સ્વની કે પરની ? ઉપવાસ, સામાયિક, પૌષધ આદિ ક્રિયા આત્માની કરો છો પણ વિચારણા પર પુદ્ગલ, પૈસા વિગેરે મેળવવાની કરો છો. પરંતુ વિચાર કરજો કે આમાં તમારું કાંઇ નથી, સાથે કંઈ આવવાનું નથી. યાદ રાખજો કે મગના ઢગલા ઉપર પગ મૂકીને ફોટ મૂકવા જશો તો પડી જશો ને હાડકાં ભાંગી જશે. અહીં તમારા હાડકાં ભાંગશે તો સાંધવા માટે હાડવૈદ અને હાડકાંના સ્પેશ્યાલીસ્ટ ડોકટરો મળી જશે પણ અધોગતિમાં કોઈ નહિ મળે. માટે સમજો, અહીં સ્વરૂપની પિછાણ નહિ કરો ને ભોગમાં જ મસ્ત રહેશો તો પાપ કર્મના બંધ થઈ રહ્યા છે ને પુણ્યની પૂંજી ખર્ચાઈ રહી છે. કર્મ ભોગવતી વખતે કોઇ છોડાવવા નહિ આવે. ચિત્તમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તિને ઘણું ઘણું સમજાવ્યો પણ એની મોહાસક્તિ ઓછી ન થઈ તો છેવટે મરીને સાતમી નરકે ગયો. ત્યાંની તીવ્ર વેદના ભોગવતા કાળો કલ્પાંત કરવા લાગ્યો ને બોલવા લાગ્યો હે કુરૂમતી ! તું મને બચાવ....બચાવ....પણ કોની તાકાત છે કે બચાવી શકે ! પરભવમાં કોઇ બચાવવા સમર્થ નથી. તમારું વર્તન જોતાં એમ લાગે છે કે તમારા શ્રીમતી તમને બચાવવા

આવશે ખરા. (શ્રોતામાંથી અવાજ :– ના, સાહેબ....જો ચક્રવર્તિની સ્ત્રી રત્ન અને બચાવવા સમર્થ ન બની તો અમારા શ્રીમતી કયાંથી બચાવી શકે? (હસાહસ)

આટલું તો તમે જાણો છો ને સમજો છો તો પછી પરની પળોજણમાં શા માટે પડયા છો? પરની પંચાત અને પરનો સંગ છોડીને સત્સંગ કરો, સત્સંગ કરીને આત્મ-સ્વરૂપમાં લીન બનવા માટે અસંગી બનો. કુટુંબ પરિવાર, પૈસા, બંગલા બધાનો સંગ જીવને છોડવો પડશે પણ આજના જીવોની દશા કેવી છે તે જાણો છો? "**પરમાં લીન અને સ્વમાં દીન.**" પૈસા, પત્ની, પરિવારમાં એવા લીન બન્યા છે કે એને માટે ગમે તેટલું કષ્ટ પડે તો એને કષ્ટ લાગતું નથી અને આત્મ કલ્યાણ કરવા માટે કષ્ટ વેઠવું પડે તો એવો રાંકડો બની જાય છે કે હું આવા કષ્ટો કેવી રીતે સહન કરું? મારાથી ત્યાગ નહિ થાય. સાચું સુખ મેળવવું હશે તો આ બધાનો સંગ છોડીને અસંગી બનવું પડશે. કુંવારી છોકરી પરણે છે ત્યારે લગ્ન વખતે એને બે સાડી પહેરાવવામાં આવે છે. એક પાનેતર ને બીજું ઘરચોળું. તમને એનો કદી વિચાર આવ્યો છે કે બે સાડી શા માટે પહેરાવવામાં આવે છે? પાનેતરનો રંગ સફેદ અને ઘરચોળાનો રંગ પચરંગી છે. પરણીને સાસરે જતી કન્યાને ઘરચોળું ઉપદેશ આપે છે કે હે દીકરી! તું માતાપિતાનું ઘર છોડીને પર ઘેર....સાસરે જાય છે. ત્યાં તને બધું પચરંગી વાતાવરણ મળશે. પણ તું એ પચરંગી વાતાવરણમાં રહીને પણ પાનેતરના એક રંગની માફક એક રંગી રહીને સહન કરતા શીખજે. સત્સંગી બનીને પુદ્ગલના પચરંગી ભાવોને ટાળજે ને તારા આત્માને પવિત્ર અને નિર્મળ બનાવજે.

આત્મસ્વરૂપની વિચારણામાં લીન બનેલા છે અને જેને મોક્ષમાં જવા માટેનો તલસાટ છે તેવા વીતરાગી સંતોનું હૃદય પવિત્ર અને નિર્મળ હોય છે. જેમ નદી વહે છે તો તેનું પાણી નિર્મળ રહે છે પણ ખાબોચીયાનું કે તળાવનું પાણી નદીના નીર જેવું નિર્મળ હોતું નથી, તેમ ભગવાન કહે છે કે મારા સંતો પણ આત્માને નિર્મળ બનાવવા માટે જ ગ્રામાનુગ્રામ વિચરે છે અને જે ક્ષેત્રમાં જાય છે ત્યાંના શ્રાવકોને ધર્મના રંગે રંગી આત્મ-સ્વરૂપની પિછાણ કરાવે છે. કોઈ માણસના હાથમાં પાંચ રૂપિયાની નોટ હોય ને કહે કે મને કોઇ શેર દૂધ આપતું નથી, એ કદી બને ખરું? બીજું ન મળે તો કંઇ નહિ પણ શેર દૂધ તો મળે ને? જો કોઇ દૂધ ન આપે તો સમજી લેવું કે એ પાંચની નોટ નથી પણ કાગળીયું છે. જો પાંચની નોટ હોય તો દૂધ મળ્યા વિના ન રહે. સમજ્યા? એવી રીતે જેમણે ચારિત્ર અંગીકાર કર્યું છે તે આત્માઓ વહેલામાં વહેલા તે ભવે, ત્રીજા ભવે ને મોડામાં મોડા પંદર ભવે મોક્ષમાં જાય. જો એને મોક્ષ ન મળે તો સમજી લેવું કે ચારિત્ર નથી પણ બાહ્ય વેશ છે અને શ્રાવકનું પણ કલ્યાણ ન થતું હોય તો સમજી લેવું કે માત્ર શ્રાવકપણાનું લેબલ લગાવેલું છે. આ જિનશાસનની બલીહારી છે કે આવો

સુંદર માર્ગ આપણને બતાવે છે. જીવને અંધકારમાંથી પ્રકાશમાં લાવે છે; વાણી, વિચાર અને વર્તનમાં પરિવર્તન લાવે છે.

વીતરાગ શાસન પામી વીતરાગ પ્રભુના સંતોના મુખેથી તમને વીતરાગ વાણી સાંભળવા મળે છે એ પણ મહાન પુણ્યનો ઉદય હોય તો મળે છે. એમાંથી જીવની જેટલી પાત્રતા હોય તેટલું અંગીકાર કરે છે. બંધુઓ ! વીતરાગ પ્રભુની વાણી એ નક્કર સત્ય છે. એ અમૃત તે અમૃત અને ઝેર તે ઝેર છે એ સ્પષ્ટ સમજાવે છે. ભગવાનની વાણીમાં કોઇ પ્રત્યે રાગ કે દ્વેષ નથી. દરેક જીવો માટે સમાન અને સત્ય વાત કરી છે. જેને એના ઉપર શ્રદ્ધા થાય છે તેનો બેડો પાર થઈ જાય છે. જિનશાસનનું મહત્વ સમજેલા આત્માને આંખની પાંપણ જેટલું પાપ પણ અટકે. એને એમ જ થાય કે કયારે હું આ સંસાર છોડીને સાધુ બનીશ. આ કર્મના કારખાના સમાન સંસારમાંથી મારો છૂટકારો કયારે થશે? બાંધેલા કર્મો તો જીવને જરૂર ભોગાવવા પડે છે. કર્મ કરનારને પકડે છે બીજા કોઈને પકડતું નથી કહ્યું છે ને કે,

શોધી કાઢે માતને ટોળામાંથી વાછડી, ખાંડના ભંડારને જેમ શોધી કાઢે કીડી,
શોધી કાઢે ગુપ્તચર જેમ ગુન્હેગારને, શોધી કાઢે કર્મ કર્મના કરનારને.

હજારો ગાયોનું મોટું ટોળું ઊભું હોય તો તેમાંથી વાછરડી એની માતાને શોધીને એને વળગે છે. નાનામાં નાની કીડી પણ ખાંડના ભંડારને શોધી કાઢે છે. રાજાની ગુપ્ત સી. આઇ. ડી. ગમે તેમ કરીને ગુન્હેગારને શોધી કાઢે છે, તેવી રીતે કરેલા, કર્મો એના કરનારને શોધીને શુભાશુભ કર્મના મીઠા ને કડવા ફળ એને ચખાડે છે. કર્મો કોઇને છોડતા નથી. માટે કર્મરાજાની કેદમાંથી છુટવા માટે પ્રયત્ન કરો. માખી બળખામાં ફસાઈ ગઈ હોય છે તો તેમાંથી છુટવા તરફડીયા મારે છે, જેલમાં પૂરાયેલો કેદી જેલમાંથી છૂટકારો મેળવવા તરફડિયા મારે છે, સ્વતંત્ર રીતે ઊડવાના સ્વભાવવાળું પક્ષી પિંજરામાં પૂરાઇ જાય તો છુટવા માટે તરફડિયા મારે છે પણ તમે સંસારથી છૂટવા માટે તરફડિયા મારો છો ખરા ? આટલા બધા બેઠા છો તેમાંથી કોને સંસારમાંથી છૂટવાનો તરફડાટ છે ? (મૌન) કોઈ બોલતા નથી એટલે કોઇને તરફડાટ નથી. તમને શેનો તરફડાટ છે તે હું સારી રીતે જાણું છું. તમે પદવી અને પૈસા, પ્રતિષ્ઠા માટે તરફડીયા મારો છો ને એ માટે અનંતા કર્મો બાંધો છો પણ એક વાત નક્કી સમજી લેજો કે તમારા કર્મો તમને નહિ છોડે. પાતાળમાં જશો તો પણ શોધી કાઢશે. કોઇની તાકાત નથી કે કર્મની કેદમાંથી પૂરી સજા ભોગવ્યા વિના તમને કે મને છોડાવી શકે. કર્મની કહાની ઓર છે. (કર્મની કહાની ઉપર પૂ. મહાસતીજીએ સુંદર દૃષ્ટાંત આપ્યું હતું) હવે થોડું ચરિત્ર બાકી છે તે કહું છું.

ચરિત્ર :– જિનસેનકુમારને ખૂબ ઠાઠમાઠથી મહારાજાએ નગરમાં પ્રવેશ કરાવ્યો.

જિનસેનકુમારને માતાને મળવાની ખૂબ લગની લાગી છે એટલે તે હાથી ઉપરથી ઉતર્યા અને સ્વાગત, સન્માનનો કાર્યક્રમ પત્યો કે તરત જ જિનસેનકુમાર પિતાની આજ્ઞા લઈ જિનસેના માતાના મહેલે ગયો. એની ત્રણ પત્નીઓ પણ સાથે ગઈ. જિનસેનકુમાર માતાના ચરણમાં નમ્યો એટલે ત્રણે પુત્રવધૂઓ પણ સાસુના ચરણોમાં પડી. જિનસેનાએ પોતાના પુત્રને તથા પુત્રવધુઓને આશીર્વાદ આપ્યા. ચંપકમાલાના બે બાલુડા દાનસેન અને શીલસેન એ બંને તો દાદીમાને વળગી પડયા. દાદીમાએ પણ બંને બાલુડાને ગળે વળગાડી દીધા. પૌત્રોને જોઈને દાદીમાને ખૂબ હર્ષ થયો, બહેનોને રૂપિયા કરતા વ્યાજ વહાલું હોય છે, એટલે દીકરાના દીકરાને જોઈને દાદા–દાદી બહુ હરખાય છે અને પ્રેમથી રમાડે છે. આ જિનસેનાને પોતાનો પુત્ર ઘણા વખતે મળ્યો, સાથે ત્રણત્રણ પુત્રવધૂઓ અને બબ્બે પૌત્રોને જોઈને એના આનંદની સીમા ન રહી. માતાના દર્શન કરી આશીર્વાદ લઈને પુત્ર અને પુત્રવધૂઓ જિનસેના પાસે બેઠા. જિનસેના રાણીને હવે સંસાર પરથી વૈરાગ્ય આવી ગયો હતો એટલે થોડીવાર એકબીજાના ખબરઅંતર પૂછી આનંદપ્રમોદથી વાતો કરી. પછી શું કહે છે.

"માતાએ વ્યકત કરેલી વૈરાગ્ય ભાવના" :– હે મારા વહાલા દીકરા ! તું આવ્યો તેથી મને ખૂબ આનંદ થયો, પણ હવે આ સંસારમાં રહેવા મારું મન માનતું નથી. આ સંસારમાં મેં શુભ કર્મોદયથી સુખ પણ ઘણું ભોગવ્યું અને અશુભ કર્મોદયથી દુઃખ પણ ઘણું ભોગવ્યું. મે સંસારનું સ્વરૂપ બરાબર જોઈ લીધું. હવે મને તું આજ્ઞા આપ. મારે દીક્ષા લેવી છે. આ સાંભળીને જિનસેનકુમારે કહ્યું–માતાજી ! સંયમ માર્ગ શ્રેષ્ઠ છે. સંયમ વિના કોઈનું કલ્યાણ થવાનું નથી એ વાત હું સમજું છું પણ અત્યારે તો તને દીક્ષાની આજ્ઞા નહિ આપું. તેં મારા જીવનમાં સુંદર સંસ્કારોનું સિંચન કર્યું છે પણ મેં તારી કંઈ સેવા કરી નથી એટલે મને સેવા કરવાનો લાભ આપ. ત્યાં ત્રણ પુત્રવધૂઓ પણ કહેવા લાગી કે બા ! અમે તો હજુ આપની કંઈ સેવા જ કરી નથી. અમે સાસુના લાડ જોયા નથી ને અમારા આવતા વેંત આપ દીક્ષા લેવાની વાત કયાં કરો છો ? આપની દીક્ષા લેવાની વાત સાંભળીને અમને ખૂબ દુઃખ થાય છે, માટે વધુ નહિ તો વર્ષ, બે વર્ષ પણ આપ રોકાઈ જાઓ. આ રીતે ખૂબ કહ્યું એટલે જિનસેના રાણી અનિચ્છાએ રોકાયા, પણ અનાસક્ત ભાવથી રહેવા લાગ્યા અને કયારે હું દીક્ષા લઉં તેની રાહ જોવા લાગ્યા. આમ કરતાં છ મહિના ગયા હશે ત્યાં શું બન્યું ?

ધર્મઘોષમુનિ આયે વિચરતે, કંચનપુર બહાર,
રાજા પ્રજા ગયે વાંદવા, ઔર જિનસેનકુમાર.

ધર્મઘોષ નામના મુનિ ગ્રામાનુગ્રામ વિચરતા કંચનપુરમાં પધાર્યા. જયમંગલ રાજાને

આ વાતની ખબર પડી, એટલે રાજા, જિનસેના રાણી, જિનસેનકુમાર બધા દર્શન કરવા ગયા. તેમને વંદન કરી તેમના મુખેથી વાણી સાંભળીને જયમંગલ રાજાને વૈરાગ્ય આવ્યો એટલે ઘેર આવીને પ્રધાન, મંત્રી વિગેરેને બોલાવ્યા. જિનસેનકુમારને બોલાવ્યો ને બધાની સમક્ષમાં કહ્યું–હવે મને સંસાર અસાર લાગ્યો છે. મેં જિનસેના રાણીને ઘણું કષ્ટ આપ્યું છે, મારે પાપનું પ્રાયશ્ચિત કરવા દીક્ષા લેવી છે, ત્યારે જિનસેનકુમારે કહ્યું–પિતાજી ! હું તો હજુ નાનો છું. આપ મારા માથે કયાં ભાર નાખો છો ? હજુ મેં તો આપના લાડ જોયા નથી, મેં આપની સેવા પણ કરી નથી, માટે હું આપને દીક્ષા લેવા નહિ દઉં. હમણાં તો મને આપની છત્રછાયામાં રાખો પછી આપ દીક્ષા લેજો, ત્યારે રાજાએ કહ્યું બેટા ! હવે મારી એકેક ક્ષણ લાખેણી જાય છે. મને ક્ષણવાર સંસારમાં રહેવું ગમતું નથી. માટે મને દીક્ષાની આજ્ઞા આપ. જિનસેનકુમાર ખૂબ આનાકાની કરવા લાગ્યો, ત્યારે પ્રધાને કહ્યું જિનસેનકુમાર ! તમે બધી રીતે યોગ્ય છો, માટે પિતાજીને એમની ઇચ્છાનુસાર દીક્ષા લેવા દો. બધાએ ખૂબ સમજાવ્યા એટલે અનિચ્છાએ દીક્ષાની આજ્ઞા આપી. જયમંગલ રાજાએ પોતાના સ્વહસ્તે ખૂબ ધામધૂમથી ને ઠાઠમાઠથી પોતાના વહાલસોયા પુત્ર જિનસેનકુમારનો રાજ્યાભિષેક મહોત્સવ ઉજવ્યો ને શુભ દિવસ ને શુભ મુહુર્તે જિનસેનકુમારને રાજતિલક કર્યું. જિનસેનકુમારે પિતાના દીક્ષા મહોત્સવની તૈયારી કરી. જિનસેના રાણી દીક્ષાની રાહ જોતા હતા. રાજા દીક્ષા લેવા તૈયાર થયા, એટલે રાણી પણ દીક્ષા લેવા તૈયાર થયા, તેથી જિનસેનકુમારના ત્રણ સસરા ચંદ્રસેન રાજા, માધવસિંહ રાજા, અને સિંહલદ્વીપના રાજા એ ત્રણેને જાણ કરી. ત્રણે રાજાઓ પોતાની રાણીઓ સહિત કંચનપુરમાં આવ્યા. જયમંગલ રાજા અને જિનસેના રાણીનો તીવ્ર વૈરાગ્ય જોઇને તેમને પણ દીક્ષા લેવાનું મન થયું. ચાર મહારાજા અને પાંચ રાણીઓએ ધર્મઘોષ મુનિ પાસે દીક્ષા લીધી. જિનસેનકુમારે બડી ધામધૂમથી પોતાના માતાપિતા અને સાસુ સસરાનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો.

બંધુઓ ! પવિત્ર માણસોના સંગમાં રહેવાથી પાપી પણ પુનિત બની જાય છે. રત્નવતી રાણી એક વખત કેવી પાપી અને કેટલી દ્વેષી હતી, પણ જિનસેના રાણી અને જિનસેનકુમારના સંગમાં રહેવાથી એનું જીવન સુધરી ગયું ને એણે પણ દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી એ બધા આત્માઓએ ઉગ્ર તપ, સંયમની સાધના કરી ને અંતિમ સમયે સંથારો કરીને દેવલોકમાં ગયા.

"વૈરાગ્યવાસિત બનેલા જિનસેન રાજા" :– આ તરફ જિનસેન મહારાજા ચારેય રાજ્યનું ખૂબ ન્યાયનીતિથી પાલન કરવા લાગ્યા. તેમણે પોતાના રાજ્યમાં અહિંસાનો અમારી પડહ વગડાવ્યો ને હિંસાનો નાશ કર્યો. પોતે રાજ્ય ચલાવવા છતાં રોજ દર્શન કરવા, વ્યાખ્યાન સાંભળવા, દાન દેવું વિગેરે ધર્મારાધના ચાલુ રાખી. જિનસેનકુમારને માથે ચારચાર રાજ્યોની જવાબદારી હોવા છતાં ધર્મ ભૂલ્યા ન હતા. સંસાર સુખ ભોગવતાં મદનમાલતીને એકપુત્ર થયો તેનું નામ મદનસેન પાડયું. ચંપકમાલાને દાનસેન અને શીલસેન

બે પુત્રો હતા ને કમલાને પણ એક પુત્ર થયો તેનું નામ કમલસેન પાડયું. ચારે પુત્રો દેવકુમાર જેવા શોભતા હતા. એ ચારેય ભાઈઓ ફરવા નીકળે ત્યારે પ્રજાજનોને એમ જ થતું કે આ કોઈ દેવકુમારો જ પૃથ્વી પર ઉતર્યા ન હોય ! શું એમનું તેજ છે ! જેવા આપણા મહારાજા છે એવા જ એમના કુમારો છે. એમ ખૂબ પ્રશંસા કરતા. જિનસેન રાજાએ ચારેય પુત્રોને ખૂબ ભણાવ્યા ને કેળવણી આપી. ચારેય પુત્રો મોટા થતા એમને પરણાવ્યા. બધા આનંદથી રહેતા હતા. એવામાં કોઇ મહાજ્ઞાની સંત પધાર્યા. મહારાજાને ખબર પડી એટલે દર્શન કરવા ગયા. પ્રજા પણ ખૂબ ઉમટી. સંતે સંસારની અસારતા સમજાવી, એટલે જિનસેન રાજાને વૈરાગ્ય આવ્યો. ઘેર આવીને રાજાએ પોતાની ત્રણે રાણીઓને અને ચારેય પુત્રોને બોલાવીને પોતાની દીક્ષા લેવાની ઇચ્છા પ્રદર્શિત કરી.

ચારોં પુત્ર આંસુ ડાલ કે, બોલે ઇસ પ્રકાર,
કહાં જાઓ છોડ તાતજી, બાલકકો નિરાધાર.

પિતાજીની દીક્ષા લેવાની વાત સાંભળીને ચારે ય ભાઈઓની આંખમાં આંસુ આવી ગયા ને પિતાજીના ખોળામાં માથું મૂકીને કહે છે હે પિતાજી ! અમને નિરાધાર મૂકીને તમે ક્યાં ચાલ્યા ! અમે તમને જવા નહિ દઇએ, ત્યારે જિનસેન રાજાએ પુત્રોને ખૂબ સમજાવ્યા કે બેટા ! આ સંસાર તો સ્વપ્ન જેવો છે, અસાર છે ને સ્વાર્થનો ભરેલો છે. સંસાર છોડીને સંયમ લીધા વિના કોઇનું કલ્યાણ થતું નથી. આ સાંભળીને મદનમાલતી, ચંપકમાલા અને કમલા ત્રણે રાણીઓ પણ દીક્ષા લેવા તૈયાર થઈ. જિનસેન રાજાએ મદનસેનને વિજયપુરનું, કમલસેનને સિંહલદ્વીપનું દાનસેનને ચંપાપુરીનું અને શીલસેનને કંચનપુરનું રાજ્ય આપ્યું. ચારેય પુત્રોનો રાજ્યાભિષેક કર્યો. દરેકને સરખે ભાગે રાજ્ય વહેચી આપી પોતે ત્રણ રાણીઓ સહિત દીક્ષા લીધી, અને પુત્રોએ ભવ્ય રીતે દીક્ષા મહોત્સવ ઉજવ્યો. જિનસેન રાજા અને તેમની ત્રણ રાણીઓ એ ચારે ય આત્માઓએ દીક્ષા લઈને અગિયાર અંગનો અભ્યાસ કર્યો. જ્ઞાનની સાથે છઠ્ઠ-અઠ્ઠમ-ચાર, પાંચ, છ, સાત, આઠ એમ મહાન તપની આરાધના કરવા લાગ્યા. ઘણો સમય દીક્ષા પાળીને તેમણે ઘણા જીવોને તાર્યા. છેવટે અંતિમ સમયે સંથારો કરી આઠે કર્મોનો ક્ષય કરીને એ ચારે ય જીવો મોક્ષમાં ગયા છે. આ પવિત્ર આત્માઓ પારસનાથ ભગવાનના સમયમાં થયા છે એમ આ રાસના રચનાર લખે છે. જિનસેનકુમાર અને તેની માતાએ સુખમાં ને દુઃખમાં ધર્મ છોડયો નથી. ધર્મના પ્રતાપે એમના સઘળા દુઃખો ટળી ગયા ને જયજયકાર થયો. એમણે સંસારમાં સુખ અને દુઃખ ભોગવ્યા. સંસારને જાણ્યો, માણ્યો, છોડયો ને આત્માનું કલ્યાણ કર્યું. તમે પણ જિનસેનકુમારની જેમ જીવનમાં પરોપકાર, સત્ય, નીતિ અને ધર્મનું પાલન કરી આત્માનું કલ્યાણ કરો. આપણો અધિકાર પણ પૂરો થયો ને ચરિત્ર પણ પૂર્ણ થયું. વધુ ભાવ અવસરે કહેવાશે.



વ્યાખ્યાન નં. ૧૦૩

કારતક સુદ પુનમ ને મંગળવાર **તા. ૧૪-૧૧-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અહિંસાના અવતાર, અનંત કરૂણાના સાગર તીર્થંકર પરમાત્માએ ભવ્ય જીવોનું ભવભ્રમણ અટકાવવા માટે આત્મકલ્યાણનો રાહદારી માર્ગ બતાવતા ફરમાન કર્યું છે કે હે ભવ્ય જીવો ! જો તમને સાચું સુખ પ્રાપ્ત કરવાની લગની લાગી હોય તો સૌથી પહેલા અઢાર પાપસ્થાનકથી પાછા ફરો. આશ્રવનું ઘર છોડીને સંવરના ઘરમાં આવો. મિથ્યાત્વના અંધકાર દૂર કરી સમ્યક્ત્વની સૂર્યલાઈટનો પ્રકાશ પ્રાપ્ત કરો. જ્યાં સુધી અઢાર પાપનો ત્યાગ નહિ કરો, આશ્રવનું ઘર નહિ છોડો અને સમ્યક્ત્વનો પ્રકાશ પ્રાપ્ત નહિ કરો ત્યાં સુધી મોક્ષનો રાહદારી માર્ગ નહિ મળે, ભવભ્રમણ નહિ ટળે અને સાચું સુખ પણ નહિ મળે. સાચું સુખ તો મોક્ષમાં છે. આ સંસારનું સુખ એ દુઃખમિશ્રિત સુખ છે. મોટા છ છ ખંડના અધિપતિ ચક્રવર્તિ હોય છતાં એમના સુખની પાછળ દુઃખની જ્વાળાઓ તો સળગેલી છે. જુઓ, જ્યાં જન્મ છે ત્યાં મરણનો તણખો છે. સંયોગનું સુખ છે ત્યાં વિયોગનો તણખો છે. આવું સંસારનું સ્વરૂપ સમજીને તમે સંસારથી અલિપ્ત રહો. ઉદાસીન ભાવથી રહો. હું તમને બધાને પૂછું છું કે તમે સંસારમાં કેવી રીતે રહો છો ? આસક્ત ભાવથી રહો છો કે અનાસક્ત ભાવથી રહો છો ? તમારા જીવન ઉપરથી તો મને એમ લાગે છે કે તમને સંસારમાં બરાબર રહેતાં પણ આવડતું નથી. જેને સંસારમાં રહેતા આવડે છે તે જ્યારે ધારે છે ત્યારે સંસારથી છટકી શકે છે. દશ શ્રાવકો સંસારમાં રહ્યા હતા પણ એમને રહેતા આવડ્યું તો સંસારમાં રહીને એકાવતારી બની ગયા.

બંધુઓ ! જલ્દી મોક્ષ મેળવવા માટેનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જો કોઈ માર્ગ હોય તો ત્યાગ માર્ગ છે, પણ જો તમે ત્યાગ માર્ગ અપનાવી શકતા ન હો અને સંસારમાં રહેવું પડે તે રીતે અનિચ્છાથી રહેતા હો તો કેવી રીતે રહો ! અતિથિની જેમ રહો. સંસારમાં મહેમાન બનીને રહો પણ માલિક બનીને ન રહો. મહેમાન બનીને શા માટે રહેવાનું એ હું તમને સમજાવું. સાંભળો, દાખલા તરીકે મહેમાન અને માલિક બંને ઘરમાં પ્રવેશ કરે છે તો બંનેમાં ફેર ખરો કે નહિ ! અતિથિ મહેમાન બનીને રહે છે, માલિક બનીને નહિ. મહેમાન તો મોજથી રહે છે. માલિકના માથે બોજ હોય છે. તમારા ઘરે મહેમાન આવે ને રાત્રે ઘરનો કકરો પડી જાય તો મહેમાનને કંઈ ચિંતા ખરી ? ચિંતા તો ઘરના માલિકને જ થાય ને ? એની ઉંઘ ઉડી જાય પણ મહેમાન તો આરામથી ઉંઘે છે ને એ તો સવાર પડે ચાલતો થઈ જાય છે. ઘરનો માલિક દૂધ માંગે ત્યારે પાણી પણ મોડું મળે છે જ્યારે મહેમાન તો પાણી માંગે ત્યાં કેસરીયા દૂધનો ગ્લાસ હાજર થઈ જાય છે. માલિકના મનમાં મમતાનો ભાવ હોય છે જ્યારે મહેમાનને

મમતા હોતી નથી, એટલે એ ઘર છોડતી વખતે ઉદાસ કે દુઃખી હોતો નથી. આટલા માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે હે ભવ્ય જીવો! તમે સંસારમાં મહેમાનની માફક રહો. પછી જુઓ, કેવો આનંદ આવે છે? આપણા પરમ ઉપકારી ભગવંતોએ પણ માનવીને સંસારમાં રહેવું પડે તો કેવી રીતે રહેવું એ માટે માર્ગદર્શન આપતા ઘણાં રસ્તા બતાવ્યા છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫ મા અધ્યયનમાં કહ્યું છે ને કે—

जहा पोम्मं जले जायं, नोव लिप्पइ वारिणा।

જેમ કમળ કાદવમાં અને પાણીમાં ઉત્પન્ન થાય છે પણ એ પાણીમાં લેપાતું નથી પણ એ પાણી અને કાદવથી અલિપ્ત રહે છે તેમ મળ અને વમળથી ભરેલા સંસારના સરોવરમાં દરેક મનુષ્યે કમળની જેમ અલિપ્ત રહેવું જોઈએ. તીર્થંકર ભગવંતો અને બીજા મહાનપુરૂષો પણ આ સંસાર સરોવરના કાદવમાં ઉત્પન્ન થયા હતા પણ એમને જીવન જીવવાની કળા આવડી હતી એટલે સંસારમાં રહ્યા ત્યાં સુધી એ મહેમાન બનીને રહ્યા ને નીકળવાનું મન થયું ત્યારે સંસાર છોડીને નીકળી ગયા. તમે બધા કેમ નીકળી શકતા નથી? એનું એક જ કારણ છે કે તમે મહેમાન બનીને રહેતા નથી પણ માલિક બનીને બેસી ગયા છો. આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, અને પરિગ્રહ સંજ્ઞા એ ચાર સંજ્ઞાઓએ એવું સામ્રાજ્ય જમાવ્યું છે અને એના પાશમાં એવા જકડી લીધા છે કે તેનાથી છૂટી શકવું મુશ્કેલ છે, જીવ એનાથી છૂટવા જાય ત્યાં તે સંજ્ઞાઓ એવી સતાવે છે કે જીવ બહાર નીકળી શકતો નથી, છતાં ન છૂટાય એવું નથી. જો ન છૂટાતું હોત તો મહાનપુરૂષો કેવી રીતે છૂટી શકત! અફસોસની વાત છે કે તમે આટલો બધો સંતોનો સમાગમ કરો છે, વ્યાખ્યાન વાણી સાંભળો છો, સામાયિક આદિ ધર્મક્રિયાઓ કરો છો, ઉપવાસ, આયંબીલ આદિ તપ કરો છો, છતાં મમતા છુટતી નથી. મહેમાન બનીને રહેતા શીખતા નથી પણ યાદ રાખજો કે જ્યાં મમતા છે ત્યાં જ માર છે. જ્યાં વિષય-કષાય અને મમત્વ છે ત્યાં સંસાર છે. તમે અને અમે વીતરાગ ભાવ કેળવવા માટે આટલી બધી મહેનત કરી રહ્યા છીએ પણ જો વીતરાગીપણું ન આવતું હોય તો સમજી લેવું કે હજુ મમત્વનો સડો મૂળમાંથી નાબૂદ થયો નથી. મૂળમાં જ સડો હોય ત્યાં વીતરાગ ભાવનું વૃક્ષ કેવી રીતે નવલ્લવિત થાય! તમે સંસારમાં રહો તો જીભની માફક લૂખા-શુષ્ક બનીને નિરસભાવથી રહો. નાવડી સાગરના પાણીમાં રહે છે પણ સાગરના પાણી નાવડીમાં ન ભરાઈ જાય તેની નાવિક પૂબ તકેદારી રાખે છે. તકેદારીપૂર્વક સાગરની સફર કરે છે તો ક્ષેમકુશળ સામે કિનારે પહોંચી જાય છે, એવી રીતે જ્ઞાની કહે છે સંસાર તમારામાં પ્રવેશી ન જાય તે માટે આત્મા રૂપી નાવિકે તકેદારી રાખવી જોઈએ.

આ સંસાર કાજળની કોટડી જેવો છે. જો તમારામાં એને છોડવાનું સામર્થ્ય હોય તો છોડવા જેવો છે. કદાચ ન છોડી શકો તો એના અનેક રસ્તાઓ મહાન

પુરૂષોએ બતાવ્યા છે. એમાંનો જ આ એક સરળ માર્ગ છે કે સંસારમાં "वसनीयं अतिथिवत्" અતિથીની જેમ વસવું. મહાનપુરૂષોના અંતરનો ધ્વનિ એવો છે કે **આ ધરતીની ધર્મશાળામાં માલિક નહિ પણ મહેમાન બનીને રહો. સંસારમાં રહો પણ રમો નહિ. વિશ્વમાં વસો પણ હસો નહિ,** મહેમાન બનીને રહેવાના સંદેશનું રહસ્ય એ જ છે કે મમતા ત્યાગીને રહેવું. માલિક એ મમતાનું પ્રતીક છે, જ્યારે મહેમાનવૃત્તિ મમત્વના અભાવની પ્રતીતિ કરાવે છે. મહેમાન બનીને આવેલો માણસ સાત માળની આલિશાન ઈમારતને છોડીને જાય તો પણ એને દુઃખ કે ખેદ થાય? ના એ સમજે છે કે હું એનો માલિક છું જ કયાં? હું તો મહેમાન બનીને આવ્યો છું પછી દુઃખ શા માટે થાય? સંતો રાજભવન જેવા ઉપાશ્રય છોડીને જાય છે તો એને ખેદ થવાનો છે? ના. કેમ? એ માલિકી રાખતા નથી. મહેમાન સાત માળના બંગલાને ઘડીકમાં છોડી શકે છે, જ્યારે માલિકને એનું ભાંગલુ તૂટલું ઘર છોડવાનો વિચાર આવે તો પણ તે ધ્રુજી ઉઠે છે, કારણ કે મહેમાન મહેલમાં રહે છે પણ રમતો નથી, જ્યારે માલિક એના ભાંગ્યાતૂટ્યા ઘરમાં રહેવાની સાથે રમે છે. એકમાં મમનો અભાવ છે જ્યારે બીજામાં મમની મોહિની ઠાંસી ઠાંસીને ભરેલી છે.

દેવાનુપ્રિયો! આવું સાંભળ્યા પછી હવે તમને સમજાય છે ને કે "**જ્યાં મમતા નથી ત્યાં મઝા છે ને જ્યાં મમતા છે ત્યાં સજા છે,**" આ વાત અનુભવગમ્ય પણ છે. સમજો. દાખલા તરીકે તમે પ્રદર્શન જોવા માટે તો ઘણીવાર ગયા હશો. તમે ઘરમાં જે ચીજો સ્વપ્નમાં પણ નહિ જોઈ હોય તેવી ચીજો ત્યાં નજરે જોવા મળે છે. પ્રદર્શનમાં કંઈક ચીજો તો ઘણી કિંમતી હોય છે. આવી બધી ચીજો જોયા પછી પણ તમે હસતા મુખે ત્યાંથી વિદાય થઈ જાઓ છો ને? આનું કારણ શું? એ તમે સમજ્યા? જ્યારે તમે પ્રદર્શન જોવા માટે પ્રવેશ કર્યો ત્યારે તમારામાં માત્ર પ્રેક્ષક ભાવ હતો, માલિકીનો ભાવ નહોતો. પ્રેક્ષકભાવમાં મમત્વનો અંશ હોતો નથી તેથી લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા પ્રદર્શનને હસતા મુખે તમે છોડી શકો છો. આટલા માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે આ સંસારમાં મહેમાન બનીને વસવું એ આધ્યાત્મિક દૃષ્ટિએ ખૂબ મહત્વની વાત છે. એટલું જ નહિ પણ સંસારના સુખો ઉપર સ્વામિત્વ મેળવવાનો એ અમોઘ ઉપાય છે, કારણ કે માલિકને તો સંસાર સુખો મેળવવા માટે ભમવું પડે છે, જ્યારે સંસારના સુખો મહેમાનની પાછળ ભમતા હોય છે. સંસારના સુખો તો પડછાયા જેવા છે. પડછાયાની પાછળ માણસ દોટ મૂકે તો એ હાથમાં ન જ આવે. આગળ ને આગળ દોડતો જાય. જ્યારે પડછાયા તરફ પીઠ કરીને મનુષ્ય ચાલતો થઈ જાય તો પડછાયો પાળેલા કૂતરાની જેમ પાછળ પાછળ ચાલ્યો આવે છે. કેમ, આ વાત બરાબર છે ને? હવે તમને સમજાય છે ને કે સંસાર છોડવા જેવો છે ને કદાચ સંસારમાં રહેવું પડે તો મહેમાન બનીને રહેવા જેવું છે.

દેવાનુપ્રિયો ! જે આત્મા સંસારમાં માલિક બનીને વસે છે તે ક્ષણે ક્ષણે કર્મબંધન કરે છે. જ્યારે એ બાંધેલા કર્મો ઉદયમાં આવે છે ને દુઃખ ભોગવવા પડે છે ત્યારે હાયવોય કરે છે. કર્મ ભોગવતી વખતે ગમે તેટલા ઉંચા નીચા થાવ પણ એથી કંઈ કર્મો તમને છોડશે નહિ. કદાચ કોઈ કોર્ટમાં કેસ થશે તો વકીલના બિસ્સા ભરવા પડશે ને કેસ તમારી ફેવરમાં આવી જશે. તમારી જીત થશે તો તમે વકીલને ખુશ કરશો અને એને શાબાશી આપીને એનો ઉપકાર માનશો કે તમારા પ્રતાપે હું જીતી ગયો. પૈસા આપીને ઉપરથી એનો ઉપકાર માનશો, પણ સમજી લેજો કે આ જીત તમને પાપના પિંજરમાં પૂરાવનારી છે, પણ ભગવાનના પટ્ટશિષ્ય ગૌતમ સ્વામીએ તો આપણા માટે એવી સુંદર વકીલાત કરી છે કે એમના કાયદાનું પાલન કરીએ તો કર્મરાજાની કોર્ટમાં આપણે જીતી જઈએ, પણ એમાં દૃષ્ટિ કરવાનો તમને ટાઈમ જ ક્યાં છે ? તમારે એટલો પણ નિયમ છે કે એવા મહાપુરૂષોનું મારે ઉઠીને તરત સ્મરણ કરવું ?

બંધુઓ ! આવો અમૂલ્ય અવસર પામીને તમે પ્રમાદ ન કરો પણ વીતરાગ વાણી સાંભળીને જીવનમાં ઉતારો. જ્ઞાનીપુરૂષો કહે છે કે **" સંસાર સમો કોઈ રોગ નથી, જિનશાસન સમાન કોઈ ઔષધિ નથી અને વ્રત પચ્ચખાણ સમાન કોઈ પરેજી નથી."** આ સંસાર તમને રોગ સમાન લાગે છે ? રોગરૂપ લાગે તો નાબૂદ કરવાનું મન થાય ને ? મહાન પુણ્યનો ઉદય છે કે સંસાર રોગ નાબૂદ કરવા માટે જિનશાસનની ઔષધિ મળી છે. જિનશાસનમાં જિનેશ્વર પ્રભુની આજ્ઞાનું પાલન કરવા જિન વચનમાં દૂધ અને સાકરની જેમ એકમેક બની જાઓ. દૂધમાં સાકર ભળે તો મીઠાશ આવે પણ મીઠું ભળે તો દૂધ ફાટી જાય તેમ તમે પણ સાકર જેવા બનજો પણ મીઠા જેવા ન બનશો. જિનશાસન એ ભવરોગ નાબૂદ કરવા માટેની અકસીર ઔષધિ છે. તમને અને અમને બધાને ઔષધિ તો મળી ગઈ છે પણ સાથે પરેજી તો પાળવી પડશે ને ? ડાયાબીટીસનો રોગ થાય એટલે ડોકટર ડી.બી.આઈ, રેસ્ટોનોન વિગેરે જે ગોળી કહે તે આવી પડે અને ડોકટર કહે તે રીતે પરેજી પણ પાળવી પડે ને ? ડાયાબીટીસના દર્દીને આંડ ન ખવાય, એ ડોકટરના કહ્યા પ્રમાણે દવા નિયમિત લે પણ દિવસ ઉગે ને બરફી, પેંડા ખાવા માંડે તો ડાયાબીટીસ મટે ખરો ? ના. સંગ્રહણીનો દર્દી દૂધ પીવે તો એનો રોગ મટે ? ના. જેના શરીરમાં કોલેસ્ટ્રોલ (ચરબી) વધતી હોય તેને ઘી, દૂધ કે તળેલી વસ્તુઓ ખવાય ? એ ખાય તો રોગ વધતો જ જાય ને ? પછી બિચારી દવા શું કરે ? (હસાહસ) દર્દને જો દૂર કરવું હોય તો દવા નિયમિત લેવી પડશે ને પરેજી પણ કડક પાળવી પડશે, તો નિરોગી બની શકાશે તેમ સંસાર રોગ નાબૂદ કરવા માટે જિનશાસનરૂપ ઔષધિ મળી છે તો તપ-ત્યાગ આદિ વ્રત નિયમોરૂપ પરેજી પાળવી પડશે. તો જ ભવરોગ નાબુદ થશે. જિનશાસન પામીને

જિનશાસનને વફાદાર બનો પણ સંજ્ઞાના ગુલામ ન બનો. ખંધક મુનિના ૫૦૦ શિષ્યો, ગજસુકુમાલમુનિ, ખંધકમુનિ વિગેરે મહાન પુરૂષો કસોટીમાં સમભાવ રાખીને જિનશાસનને વફાદાર રહી નીરોગી અવસ્થાને પામી ગયા. આ તો સાધુની વાત કરી પણ આ જિનશાસનમાં શ્રાવકો પણ કેવા અડગ હતા. કામદેવ શ્રાવક, આનંદ શ્રાવક, અર્હન્નક શ્રાવક વિગેરે શ્રાવકોની દેવે કેવી કપરી કસોટી કરી છે છતાં શ્રદ્ધાથી રહેજ પણ ચલિત થયા નથી પણ એમના શ્રાવકપણામાં બરાબર વફાદાર રહ્યા છે. ધર્મને પોતાના પ્રાણથી પણ અધિક માન્યો છે ને ધર્મનું પાલન કર્યું છે. આ જૈનશાસનમાં અનેક સતીઓ પણ એવી થઈ છે કે જેમણે કપરી કસોટીના પ્રસંગે પણ પોતાના ચારિત્રનું રક્ષણ કર્યું છે. અહીં એક ઐતિહાસિક વાત મને યાદ આવે છે.

દિલ્હીમાં અકબર બાદશાહનું રાજ્ય હતું તે સમયની આ વાત છે. અકબર બાદશાહના તાબામાં ઘણાં રાજાઓ હતાં. તેમાંના એક ઈન્દ્ર નામના રાજાને રૂપસુંદરી નામે રૂપરૂપના અવતાર જેવી રાણી હતી. અકબર બાદશાહને કોઈએ કહ્યું–જહાંપનાહ ! તમારા જનાનખાનામાં ગમે તેટલી બેગમો ભલે હોય પણ ઈન્દ્રનરેશની રાણી રૂપસુંદરીની તોલે કોઈ આવી શકે તેમ નથી. શું એનું સૌંદર્ય છે ! જાણે ઈન્દ્રની અપ્સરા જોઈ લો. રૂપસુંદરીના સૌંદર્યની વાતો સાંભળીને અકબર બાદશાહના અંતરમાં વાસનાનો કીડો સળવળવા લાગ્યો. હું પહેલાં જ કહી ગઈ ને કે ચાર સંજ્ઞાઓએ આ જગત ઉપર સામ્રાજ્ય જમાવ્યું છે. એ સંજ્ઞાઓ જીવને ક્ષણે ક્ષણે સતાવી રહી છે. અકબર બાદશાહને મૈથુન સંજ્ઞા સતાવવા લાગી. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા આ ચાર સંજ્ઞાઓએ તો નખ્ખોદ વાળ્યું છે. ભલભલા પુરૂષો એની સત્તામાં સપડાઈ જાય છે. જાગૃત બનેલાને પણ પટકાવી દે છે. અકબર બાદશાહ તો જૈન ન હતા. એમને સમજણ ન હતી કે સંસાર સમો કોઈ રોગ નથી, જિનશાસન સમાન કોઈ ઔષધિ નથી અને વ્રત–પચ્ચખાણ જેવી કોઈ પરેજી નથી, પણ તમે તો જાણો છો ને ? છતાં સંજ્ઞાઓ તમને સતાવી રહી છે ને ? જો તમે સાચું સમજ્યા હો તો સંજ્ઞાના સામ્રાજ્ય નીચેથી બહાર આવી જાઓ ને વ્રત–પચ્ચખાણ રૂપી પરેજી પાળવા માંડો. તમારી એકની વાત હું નથી કરતી, સાથે સાથે અમારી પણ વાત કરું છું. સાધુને પાંચ મહાવ્રત, છઠ્ઠું રાત્રીભોજન, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિની પરેજી કડક રીતે પાળવાની છે, અને શ્રાવકોએ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ બાર વ્રતની પરેજી પાળવાની છે. એનું બરાબર પાલન થાય તો જિનશાસનની ઔષધિનું પાન કર્યા પછી સાધુ–સાધ્વીઓનો કે શ્રાવક–શ્રાવિકાનો રોગ રહે ખરો ? ન જ રહે. આત્મા નીરોગી બની જાય. જેનો આત્મા નીરોગી બને તેનો દેહનો રોગ પણ જાય, જાય ને જાય જ.

અકબર બાદશાહ સંજ્ઞાઓના સામ્રાજ્ય નીચે દબાયેલો હતો, એટલે એણે વિચાર

કર્યો કે ઇન્દ્ર રાજા મારા તાબામાં છે, તેથી મારી સત્તા નીચે છે. હું એને કચડી શકું તેમ છું. એમ વિચાર કરીને એણે આજ્ઞાપત્ર લખ્યો કે હે ઇન્દ્રનરેશ ! હીરાનો હાર કાગડાના કંઠે ના શોભે, તેમ રૂપસુંદરી દિલ્હીના દરબારમાં રૂપના અજવાળા વેરે એમાં જ એની શોભા છે. કોયલ કાગડાના સંગે બેસે એમાં કમીના તો કોયલની કીર્તિમાં આવે છે, માટે આ પત્ર મળતાં જ રૂપસુંદરીને રાજીખુશીથી દિલ્હીશ્વરની સેવામાં સમર્પિત કરશો. પત્ર ઇન્દ્ર રાજાને મળ્યો. આજ્ઞાપત્રનો એકેક અક્ષર વાંચતા ઇન્દ્રનરેશનું કોમળ કાળજું વીંધાઈ ગયું. સાથે આત્માનું ખમીર ઊછળ્યું. અહો ! બાદશાહ શું સમજે છે ! મારી રાણીના શીયળ ઉપર તરાપ મારવા ઉઠયો છે ! એ ત્રણ કાળમાં નહિ બને. ઇન્દ્રરાજાના અંગેઅંગમાં ક્રોધની જ્વાળા વ્યાપી ગઈ. એમણે પણ પત્ર લખાવ્યો કે હે દિલ્હીશ્વર ! તમે આ બરાબર કરતા નથી. કોયલના કુંજનથી મારું ઉપવન દિનરાત સંગીતમય રહે છે, તેથી એક વાત નક્કી છે કે રૂપસુંદરી કાગડાના કુસંગમાં નથી. કોઈના ઉપર કાગડાનું ખોટું કલંક ચઢાવવું એ તમને શોભતું નથી. આપ દિલ્હીશ્વર છો તો હું પણ થોડી ઘણી ધરતીનો ધણી છું. આ પત્રનો પ્રતિધ્વનિ આપ પણ જણાવી શકો છો.

ઇન્દ્ર રાજાનો પત્ર વાંચી કામાંધ બનેલા અકબર બાદશાહ ક્રોધાંધ બની ગયો. એણે સણસણતો જવાબ લખાવ્યો કે કોના કપાળે કાગડાનું કલંક કોતરાયું છે એનો નિર્ણય લેવા હું યુદ્ધ કરવા તૈયાર છું. જો તમે શૂરવીર હો તો યુદ્ધમેદાને હાજર થઈ જજો. કાયરને રૂપસુંદરી પર હક્કનો દાવો કરવાનો કોઈ અધિકાર નથી. કામ અને ક્રોધથી અંધ બનેલો અકબર બાદશાહ વટની ખાતર ક્રૂરતાના કમાડ ખોલી અંદર સૂતેલી સમશેરોને છંછેડવા તૈયાર થઈ ગયો. આ તરફ વૈરના તણખા વેરતો પત્ર ઇન્દ્ર રાજાને પહોંચ્યો. એણે યુદ્ધના દાનવને ઢંઢોળ્યો. શાંત સરોવર જેવું વાતાવરણ સમુદ્રના તોફાન જેવું બની ગયું. યુદ્ધની ભેરી વાગવા માંડી. રણશીંગા ફૂંકાવા લાગ્યા. આ બધું એકાએક તોફાન જોઈને રૂપસુંદરી એની દાસીને પૂછે છે આજે આપણી નગરીમાં શેનો ઉત્પાત મચી રહ્યો છે. રાણીને આ વાતની કંઈ ખબર નથી. દાસીએ કહ્યું મહારાણી ! આ સંગ્રામ આપના રૂપને માટે છે. આપ જ આ યુદ્ધનું નિમિત્ત છો. રાણીએ પૂછ્યું શું મારા રૂપ માટે આ મોટો સંગ્રામ છે ? બધી વાત જાણી લીધી. એનું હૃદય ધ્રુજી ઉઠયું. મારા રૂપે આવો મોટો અનર્થ કર્યો ?

બંધુઓ ! રૂપસુંદરી માત્ર રૂપવંતી હતી એટલું જ નહિ પણ એના આત્માનું સૌંદર્ય પણ ખીલેલું હતું. એનું ખમીર જાગી ઉઠયું હતું. એનું શીયળ શુદ્ધ હતું. મનુષ્યમાં ભલે ગમે તેટલું ખમીર હોય પણ જો એનામાં ચારિત્રનું ખમીર ન હોય તો મનુષ્ય જીવતા છતાં મડદા જેવો છે. પાણીમાં શીતળતાનો ગુણ ન હોય તો એ પાણી નથી. અગ્નિમાં ઉષ્ણતાનો ગુણ ન હોય તો એ અગ્નિ નથી તેમ સ્ત્રી કે પુરૂષમાં જો ચારિત્રનો ગુણ ન હોય તો એ જીવતા છતાં મૃતક કલેવર જેવો છે. રૂપસુંદરી રાણી

મહારાજા પાસે જઈને હાથ જોડીને કહે છે સ્વામીનાથ ! શું મારા રૂપ ખાતર ખૂનખાર જંગ જગાવશો ? શું મારું રૂપ એટલી બધી કિંમતી ચીજ છે કે એ રૂપની રક્ષા ખાતર કેટલાય રૂપની રાખ થઈ જાય ! યુદ્ધમાં કેટલાય હાથી, ઘોડા, વિગેરે નિર્દોષ પ્રાણીઓ મરી જશે. મહેરબાની કરીને આપ યુદ્ધ કરવાનો વિચાર બંધ રાખો, પણ ઈન્દ્રરાજાને યુદ્ધ કરવાનો નિર્ણય નક્કર હતો. એણે કહ્યું-રૂપસુંદરી ! તને તો તારું રૂપ સાચવવું જ ગમે છે પણ તને રાજકારણના રંગની શું ખબર પડે ? આમાં તારા રૂપનો જ મુખ્ય સવાલ નથી પણ મારી ઈજ્જતનો સવાલ છે. શું તારું ચારિત્ર લૂંટાવા દઉં ? જો અત્યારે હું યુદ્ધના મેદાને ન ઉતરું તો મારા કપાળે કાયરનું કલંક ચોંટે અને મારા દેશની આબરૂ પાણીમાં મળી જાય.

રૂપસુંદરી રાણી રાજાના ચરણોમાં પડીને કહે છે નાથ ! મારા નિમિત્તે આ ભયંકર સંગ્રામ થાય એ મને પસંદ નથી. આપ મને એક વાર દિલ્હી મોકલો. આ સાંભળતા રાજા ક્રોધે ભરાઈને કહે છે હે રૂપસુંદરી ! તું આ શું બોલી રહી છે ? શું તારે દિલ્હી જવું છે ? તારી ભાવના મલીન બની છે કે તું ત્યાં જવા ઈચ્છે છે ? આ સાંભળીને ચતુર રૂપસુંદરી કહે છે નાથ ! આપ એવો વિચાર પણ ન કરશો. હું દિલ્હીશ્વરની કિંમતી જવાળાઓમાં હોમાઈ જવા ઈચ્છતી નથી. આપ યુદ્ધનો રસ્તો છોડી દઈને એક વાર મને દિલ્હીના દરબારમાં હાજર થવા દો. પછી હું બધું સંભાળી લઈશ. એ કામના કીડાને મારા રૂપનો આટલો બધો તલસાટ છે, પણ હું ત્યાં જઈને એને મારી બુદ્ધિ પ્રમાણે સમજાવીશ. સમજાવવા છતાં જો મને એમ લાગશે કે મારા ચારિત્રની ચાદર ચોખ્ખી રહેવી મુશ્કેલ છે તો હું હસતે મુખે મોતને ભેટીશ પણ મારા દેહને આંગળી અડવા નહિ દઉં અને આપની કીર્તિને કલંકિત કરીને મારી પવિત્રતા પર પૂળો તો નહિ જ ચાંપવા દઉં.

"રૂપસુંદરીના જવાબે જગાડેલી શ્રદ્ધા" :-રૂપસુંદરી એક સતી સ્ત્રી હતી. એના આત્માનું ઓજસ અલૌકિક હતું. એના અવાજમાં પવિત્રતા અને પરાક્રમનો પડઘો ગૂંજતો હતો, તેથી રાજાના દિલમાં વિશ્વાસ બેઠો કે રૂપસુંદરી સતી અને વીરનારી છે. એ અબળા નથી પણ સબળા છે, એટલે દિલ્હી જવાની હા પાડી. યુદ્ધના રણશીંગા ફુંકાતા બંધ થઈ ગયા. વાતાવરણ શાંત થઈ ગયું અને ઈન્દ્ર રાજાએ અકબર બાદશાહને પત્ર લખ્યો કે હે દિલ્હીપતિ ! રૂપસુંદરી પોતે જ આપની સેવામાં હાજર થવા દિલ્હી આવે છે. પછી યુદ્ધ કરવાનું કોઈ પ્રયોજન નથી. પત્ર દિલ્હી પહોંચ્યો. પત્ર વાંચીને અકબરનું હૈયું હર્ષથી નાચી ઉઠ્યું. એના દેહમાં કામનાનો કીડો સળવળવા લાગ્યો. બીજે દિવસે રૂપસુંદરી દિલ્હી પહોંચી ગઇ. બાદશાહ કાગડોળે એની રાહ જોતા એનું સ્વાગત કરવા ઉભા હતા. ખૂબ પ્રેમથી એનું સ્વાગત કર્યું.

એના રૂપની જ્યોતિમાં બાદશાહ અંજાઈ ગયા ને મનમાં વિચાર કરવા લાગ્યા કે શું એનું રૂપ છે! અરેખર, આ રૂપ જ્યોતિ મારા અંતઃપુરને અજવાળશે. દિવસ તો આશાના અરમાનો સાથે પૂર્ણ થયો. રાત્રે રૂમઝુમ ઝાંઝરના ઝણુકાર સાથે રાણી રૂપસુંદરીએ બાદશાહના મહેલમાં પગ મૂકયો. આ સમયે બાદશાહે ખૂબ મોહ ભર્યા શબ્દોથી એનો સત્કાર કરીને પલંગ ઉપર બેસવા કહ્યું, ત્યારે વાસના ભર્યા વાયુમંડળને કોઈ જુદો જ વળાંક આપવા માટે રૂપસુંદરીએ કહ્યું જહાંપનાહ! મને પ્રશ્નનો ખૂબ શોખ છે એટલે મારી ઇચ્છા એવી છે કે આપની સાથે થોડો વાર્તાવિનોદ અને પ્રશ્નોત્તરો કર્યા પછી આપણા મિલનનો પ્રારંભ કરીએ, એટલે હું આપને પ્રથમ એક પ્રશ્ન પૂછવા ઇચ્છું છું. મોહઘેલા અકબરે કહ્યું હે રૂપસુંદરી! તું એમાં સંકોચ શા માટે રાખે છે? દિલના દરવાજા ખોલીને એક શું, તારે જેટલા પ્રશ્નો પૂછવા હોય તેટલા પૂછ. હું તને જવાબ દેવા તૈયાર છું.

"વિષયના વિષને ઉતારતી રૂપસુંદરી":- રૂપસુંદરીએ કહ્યું- બાદશાહ! આ દુનિયામાં એંઠવાડમાં આનંદ માણનારા કેટલા? કામાંધ બનેલા બાદશાહને ખબર નથી કે આ રૂપસુંદરી મને શા માટે આવો પ્રશ્ન કરે છે? એના મનમાં એમ થયું કે આ રૂપસુંદરી મને આવો મામૂલી પ્રશ્ન શા માટે પૂછતી હશે? તરત જ બાદશાહે કોઈ પણ જાતનો વિચાર કર્યા વગર વિના વિલંબે કહ્યું હે રૂપસુંદરી! આ દુનિયામાં એવા પાગલો ફક્ત બે જ છે કે જે એંઠવાડને અમૃતની જેમ આરોગતા હોય છે. તેમાં પહેલો ભિખારી અને બીજો કૂતરો. એ બે જ એંઠવાડમાં મુખ નાંખે છે. બાદશાહનો જવાબ સાંભળીને જીવન-મરણની દરકાર કર્યા વિના રૂપસુંદરીએ કહ્યું બાદશાહ! આપનો જવાબ સત્ય છે, તો હવે મારે આપનો નંબર શેમાં ગણવો? ભિખારીમાં કે કૂતરામાં? આ સાંભળતાં બાદશાહની આંખો પહોળી થઈ ગઈ. એના શરીરમાં ક્રોધ ક્રોધ વ્યાપી ગયો ને મનમાં વિચાર કરવા લાગ્યા કે હું મોટો દિલ્હીશ્વર અને ભારત સમ્રાટ હોવા છતાં આ રૂપસુંદરીને એના રૂપનો આટલો બધો ગર્વ છે કે મને ભિખારી અને કૂતરા જેવો ગણે છે? મર્યાદાનો ભંગ કરતા એને શરમ નથી આવતી? બાદશાહે ક્રોધે ભરાઈને કહ્યું રૂપસુંદરી! તું મને સાબિત કરી આપ કે હું ભિખારી અને કૂતરો કઈ રીતે? એમાં મારો નંબર કેવી રીતે ગણે છે? આ સમયે બાદશાહને એટલો બધો ક્રોધ હતો કે રૂપસુંદરી સિવાય બીજી કોઈ વ્યક્તિ હોત તો ચક્રવર્તી તલવારથી એનું મસ્તક ધડથી જુદું થઈ જાત, પણ રૂપસુંદરી પ્રત્યે પ્રેમ હતો એટલે એવું ન કર્યું.

રૂપસુંદરીના દિલમાં ચારિત્રનું ખમીર ઝળકતું હતું. એણે એવો વિચાર ન કર્યો કે મોટા બાદશાહ છે. એના મહેલમાં હું એકલી જ છું. એ મને મારી નાખશે તો? આ તો સાચી સિંહણ હતી. નીડરતાથી કહ્યું હે દિલ્હીશ્વર! ભિખારીની

જેમ ચપ્પણીયું લઈને રૂપની ભીખ માંગવા નીકળ્યા છો ને ઉપરથી પાછી સાબિતી માંગો છો ? કૂતરાની જેમ વમેલું ચાટવા મોં લંબાવી રહ્યા છો અને ઉપરથી પાછી સિદ્ધ કરી આપવાની હોંશિયારી મારી રહ્યા છો ? પણ, જરા વિચાર કરો. તમે જે મારા રૂપમાં મુગ્ધ બન્યા છો એ તો માત્ર ચામડીનું રૂપ છે. આ ચામડીના રૂપને ઝાંખુ પડતા વાર નહિ લાગે. અત્યારે મારી યુવાની જોઈને દિવાના બન્યા છો પણ આ જોમભરી યુવાનીને કરમાતા વાર નહિ લાગે આ ઈન્દ્રિયોના નૂરને હણાતા વાર નહિ લાગે. આમાં તમે શું પાગલ બન્યા છો ? ચારિત્ર વિનાનો દેહ મડદા જેવો છે. તમે તમારા ચારિત્રનું ભાન ભૂલીને મારી ભીખ માંગી કે નહિ ? ભીખ માંગતા પણ જો હું ન મળત તો યુદ્ધ કરીને પણ તમે મને મેળવવાના મનસૂબા સેવ્યા છે કે નહિ ? એટલે તમે ભિખારી ખરા કે નહિ ? બીજું હું પરણેલી છું. મારા માથે પતિ છે એટલે હું ભોગવાઈ ચૂકેલી હોવાથી એંઠ છું. આપ આ એંઠને ખાવા તૈયાર થયા છો કે નહિ ? આનાથી બીજો ભિખારી અને કુતરો કોણ હોઈ શકે ? રૂપસુંદરી આવા શબ્દો કહીને સાબદી બનીને ઉભી રહી હતી. એણે નિર્ણય કર્યો હતો કે બાદશાહ ક્રોધે ભરાઈને મારા ઉપર બળાત્કાર કરવા આવે તો મારી પાસે રહેલી ઝેરની ગોળી ચૂસીને મોતને ભેટીશ પણ મારું ચારિત્ર નહિ જવા દઉં. બાદશાહની મતિ સુધરે તે માટે તે પ્રભુને પ્રાર્થના કરતી ઉભી રહી.

રૂપસુંદરીના પડકારથી રાજાને થયેલો પશ્ચાતાપ :–રૂપસુંદરીનો જવાબ સાંભળીને ખરેખર બાદશાહનો મોહ મુરઝાઈ ગયો ને ગર્વ ગળી ગયો. અંતરમાંથી વાસનાનો વાયરો વિદાય થઈ ગયો. એ રૂપસુંદરીના ચરણમાં પડીને ગળગળા સાદે કહે છે હે માતા ! તેં તો મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેં આજે મને ભિખારી અને કૂતરો બનતો અટકાવ્યો છે. હે માતા ! તું મને ન મળી હોત તો હું ભિખારી અને કૂતરાથી પણ હીણો બની જાત, કારણ કે ઘરમાં ખાવા ન હોય તો જ ભિખારી ભીખ માંગે છે અને ન છૂટકે રડતી આંખે વમેલાને ચાટતો હોય છે. પોતાની ભૂલ કબૂલ કરીને અકબરે રૂપસુંદરીની માફી માંગી અને પોતાને સુધાર્યા બદલ એનો ઉપકાર માનીને એને વિદાય આપી.

દેવાનુપ્રિયો ! રૂપસુંદરી રાણી પોતાના ચારિત્રમાં કેવી અડગ રહી ! પે તે અડગ રહી તો કામાંધ બનેલા બાદશાહને પણ સુધાર્યા. આવા દાખલા સાંભળીને તમારે શ્રાવક ધર્મમાં અડગ બનવાની જરૂર છે. જો અડગ બનીને ધર્મની આરાધના કરીશું તો જ સંસાર રૂપી રોગ મટશે. આ રોગને નાબૂદ કરવા માટે જિનશાસન રૂપી ઔષધિ મળી છે અને તપ, જપ, વ્રત–નિયમ રૂપી પરેજી પાળવાની છે. આવો મનુષ્યભવ આપણને મળ્યો છે. મનુષ્યભવની એકેક ક્ષણ મહાન અમૂલ્ય હીરાથી પણ કિંમતી છે. ધર્મારાધના કરવાનો આવો અમૂલ્ય અવસર ફરી ફરીને નહિ મળે, માટે પ્રમાદ છોડીને અને તેટલી ધર્મારાધના કરી સંસાર રોગને નાબુદ કરો. ધર્મારાધના કરવામાં વાયદા ન કરો. વાયદા

કરવાથી ફાયદા નહિ થાય. આ વાયદાનું બજાર નથી પણ ફાયદાનું બજાર છે. વીતરાગ પ્રભુના કાયદાનું પાલન કરશો તો અવશ્ય ફાયદો થશે ને જિનશાસન મળ્યાની સાર્થકતા થશે. આપણા અધિકારના નાયક રહનેમિ તથા રાજેમતી અને ચરિત્રના નાયક જિનસેન કુમાર તથા તેની પત્નીઓ બધાએ સંયમ લઈ વીતરાગ પ્રભુના કાયદાનું પાલન કરી મોક્ષના મહાન સુખના ફાયદા મેળવી લીધા. આપ બધા પણ ભગવાનના કાયદાનું પાલન કરી શાશ્વત સુખના ફાયદા મેળવો.

મારા ભાઈઓને બહેનો ! સમય થઈ ગયો છે, પણ આજનો દિવસ ચાતુર્માસની પૂર્ણાહુતિનો છે. આજે હું આપને એટલું જ કહેવા માંગુ છું કે આપ બધાએ ચાર ચાર મહિના સુધી રોજ વીતરાગ વાણીનું પાન કર્યું છે. ચાતુર્માસમાં રહનેમિ તથા નેમ રાજુલનો અધિકાર અને જિનસેન-રામસેન ચરિત્ર આપની સમક્ષ રજુ કરવામાં આવ્યા. આ અધિકારમાંથી તથા ચરિત્રમાંથી આપણને ઘણું ઘણું જાણવા મળે છે. નેમકુમાર રાજુલને પરણવા તોરણ દ્વારે જઈ રહ્યા હતા. રસ્તામાં વાડા અને પિંજરામાં પૂરાયેલા પશુ પક્ષીઓની કારમી કરૂણ ભયંકર ચીસો સાંભળી. સારથીને પૂછતા ખબર પડી કે લગ્નમાં આવેલા કંઈક જાનૈયાઓને ભોજન આપવા માટે પૂર્યા છે. આ સાંભળતા અહિંસાના અવતારી મહાન કરૂણાસાગર, દયાળુ નેમકુમારના હૃદયમાં અહિંસાનું આંદોલન જાગ્યું ને વિચાર કર્યો કે શું મારા લગ્ન નિમિત્તે આટલા બધા જીવોની હિંસા ! જો મારા લગ્ન નિમિત્તે હિંસાના તાંડવ સર્જાતા હોય તો એવા લગ્ન મારે શા કામના? આવા લગ્ન મારે ન જોઈએ. જેના હૃદયમાં કરૂણાનો સ્રોત વહી રહ્યો છે એવા નેમકુમાર પશુઓને બંધનથી મુક્ત કરી સર્વ જીવોને અભય આપીને રાજુલને પરણવા આવેલા નેમકુમાર લગ્ન કર્યા વિના કોડભરી રાજુલને છોડીને ચાલ્યા ગયા. કેટલી કરૂણા ! મહાપુરૂષો બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી હોય છે. નેમકુમાર તોરણથી પાછા ફર્યા પછી રાજુલનો કરૂણ વિલાપ કે જે સાંભળતા શ્રોતાજનોની આંખો રડી રહી હતી. નેમકુમાર તોરણથી પાછા ફર્યા પછી રાજુલને બીજે લગ્ન કરવા માટે માતાપિતાએ ખૂબ સમજાવી છતાં રાજેમતીનો અડગ નિશ્ચય કે મને નેમ સિવાય બીજો પતિ ન ખપે. છેવટે આઠ ભવની પ્રીતિ અખંડ રાખવા રાજેમતીએ નેમનાથ પ્રભુના પંથે પ્રયાણ કર્યું. દીક્ષા બાદ વિહાર કરતા વરસાદથી ભીંજાતા રાજેમતી ગુફામાં ગઈ. તેને જોઈને રહનેમિના દિલમાં જાગેલા અશુભ વિચારોએ ભોગની કરેલી માંગણી અને આ સમયે રાજેમતીએ એક અબળા નહિ પણ સબળા બનીને ભાન ભૂલેલા રહનેમિને સાચા માર્ગે લાવવા હૃદય-વેધક કઠોર વચનો કહ્યા કે હે રહનેમિ ! જો તું વમન કરેલાને ફરીને પીવાને ઇચ્છતો હોય તો તારા માટે મરણ શ્રેષ્ઠ છે પણ અસંયમી જીવને જીવવું એ શ્રેષ્ઠ નથી. રાજેમતીના આ વચનબાણથી માર્ગ ભૂલેલા રહનેમિનો આત્મા ઠેકાણે આવી ગયો અને શુદ્ધિના સુંદર માર્ગે સંચર્યા.

જિનસેન ચરિત્રમાં જિનસેના રાણી અને જિનસેન ખૂબ પવિત્ર છે. રત્નવતીએ જિનસેના રાણીને તથા જિનસેન કુમારને કેવા કેવા કષ્ટો આપ્યા છતાં આ પવિત્ર આત્માઓએ ઝેરના ઘૂંટડા પચાવીને તેને અમૃતના પાન કરાવ્યા. અપકાર ઉપર પણ ઉપકાર કર્યા. જિનસેનના દિલમાં પરદુઃખભંજનની ભાવના, દુઃખી જીવો પ્રત્યે કરૂણા અને ક્ષમા તો ભારોભાર ભરેલી છે. કોઇ દુઃખીને દેખે તો પોતાના પણ પ્રાણની પરવા કર્યા વિના બીજાના દુઃખ દૂર કરવા પ્રયત્ન કરે. જિનસેનકુમારે અનેક જીવોના દુઃખ દુર કરી પોતાનું નામ અમર કર્યું છે. છેલ્લે સંસારના સમસ્ત સુખોને ઠોકર મારીને દીક્ષા લઇ આત્મકલ્યાણ કર્યું. આ અધિકાર તથા ચરિત્ર સાંભળીને આપ આપના જીવનમાં અહિંસા, પરદુઃખભંજનની ભાવના, કરૂણા, ક્ષમા આદિ ગુણો અપનાવશો તો જરૂર કલ્યાણ કરી શકશો.

આજે ચાતુર્માસની પૂર્ણાહુતિનો દિવસ છે. સાથે અમારી ક્ષમાપનાનો દિન છે, તો ચાર ચાર મહિનાથી વીતરાગવાણીનો એકધારો ઉપદેશ આપતા કડક શબ્દો કહેવાઇ ગયા હોય ને કોઇ પણ શ્રોતાજનોના દિલમાં દુઃખ થયું હોય અગર શ્રી સંઘના કોઈ પણ ભાઇબહેનોને અમારા અગિયાર મહાસતીજીઓમાંથી કોઇનાથી કંઇ કહેવાઈ ગયું હોય તો હું દરેક વતી ક્ષમાપના કરું છું. (પૂ. મહાસતીજીએ જ્યારે અંતરથી ક્ષમાપના કરી ત્યારે દરેક ભાઈ–બહેનોની આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગી હતી !

ચાતુર્માસની પૂર્ણાહુતિના દિવસે પ્રમુખ શ્રી ઉમરશીભાઇ વીરાએ રજુ કરેલ વક્તવ્ય.

પરમ પૂજ્ય, પ્રખર વ્યાખ્યાતા, મહાન વિદુષી બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઇ મહાસતીજી આદિ ઠાણા ૧૧ તથા અત્રે બેઠેલા ભાઈબહેનો !

પૂ. મહાસતીજીએ આપણી સોળ સોળ વર્ષની વિનંતીને માન આપી આપણા નાના ક્ષેત્રને પણ ચાતુર્માસનો અમૂલ્ય લાભ આપી નાના સંઘને પણ ગાજતો કરી દીધો છે. પૂ. મહાસતીજીની તેજસ્વી વાણીના પ્રભાવે યુવાન ભાઈઓ પણ ધર્મના રંગે રંગાયા છે ને દરરોજ વ્યાખ્યાનનો લાભ લેતા થઈ ગયા છે. પૂ. મહાસતીજીના પ્રભાવશાળી પ્રેરક પ્રવચનોથી શ્રી સંઘના ઇતિહાસમાં કયારે પણ નહિ થયેલ અજોડ તપશ્ચર્યાઓ થઈ છે. બૃહદ્ મુંબઇમાં તપશ્ચર્યામાં મલાડનો નંબર મોખરે આવ્યો છે. પૂ. મહાસતીજીનો આપણા સંઘ ઉપર તો મહાન ઉપકાર છે. આયંબીલની ઓળી, વર્ષીતપના પારણા વિગેરે પ્રસંગોમાં પણ અમને ઘણો લાભ આપી ઉપકૃત કર્યા છે. તેમના ઉપકારોનો બદલો આપણે વાળી શકીએ તેમ નથી. વિશેષ તો શું કહું ? ચાતુર્માસમાં મારા દીકરાના દીકરાને કોઈ ઉઠાવી ગયું ત્યારે અમારા ઘરમાં ને સારા સંઘમાં હાહાકાર છવાઈ ગયેા હતો. અમારા દિલ તૂટી પડયા હતા. તે સમયે પૂ. મહાસતીજીએ બધાને આશ્વાસન આપ્યું ને કહ્યું તમે નવકાર

મંત્રના જાપ કરો. ધર્મ પર શ્રદ્ધા રાખો. સૌ સારા વાના થશે. ઘણાં લોકોએ અમને ઘણા ધાંગા ધોરા તંત્રા ન કરી શકાય તેવું કરવાનું કહ્યું પણ પૂ. મહાસતીજીના વચન પર અમારી દૃઢ શ્રદ્ધા તેથી બીજું કંઈ ન કરતા જાપ કરવા લાગ્યા. બે ત્રણ દિવસ થયા પણ બાબો ન આવ્યો એટલે બધા મૂંઝાયા કે હવે શું કરવું ? પરંતુ પૂ. મહાસતીજીના વચન કે ધર્મ પર શ્રદ્ધા રાખો. આ દિવસે તમારો બાબો જરૂર આવી જશે. અને બરાબર મહાસતીજીના કહેવા પ્રમાણે તે દિવસે બાબો મળી ગયો ને શોકમય વાતાવરણ આનંદમય બની ગયું. અમારા પર તો આ જે ઉપકાર કર્યો છે તે હું તો જીવનમાં કયારે પણ ભૂલી શકું તેમ નથી. પૂ. મહાસતીજી હવે આપણા ક્ષેત્રમાંથી વિદાય લેશે. વિદાય હંમેશા વસમી લાગે છે. મને વિશેષ બોલતા આવડતું નથી. આપ ફરીને મુંબઈના ક્ષેત્રમાં વહેલા પધારી અમારા શ્રીસંઘને લાભ આપજો તેવી આશા રાખું છું. ચાતુર્માસમાં આપણાથી કોઈ પણ મહાસતીજીની જાણતા કે અજાણતા અવિનય અશાતના થઈ હોય તો ક્ષમા માંગીને વિરમું છું. (આટલું બોલતાં ઉમરશીભાઈનું હૈયું ભરાઈ ગયું હતું ને બધાંની આંખો અશ્રુભીની થઈ હતી.)

મૂળચંદભાઈ સંઘવી : પરમપૂજ્ય, વંદનીય, શાસનપ્રભાવક, પ્રખર વ્યાખ્યાતા, મહાન વિદુષી બા બ્ર. પૂ. શારદાબાઈ મહાસતીજી તેમજ અન્ય મહાસતીજીઓના ચરણકમલમાં હું વંદન કરું છું. રવિવારના દિવસે પૂ. મહાસતીજીનો વિદાય સમારંભ યોજાયો હતો. તે દિવસે શ્રીસંઘે પૂ. મહાસતીજી પાસે ક્ષમા માંગી હશે, પૂ. મહાસતીજીએ પણ પાખીના દિવસે ક્ષમાપના કરી હશે. આ રીતે શ્રી સંઘ અને મહાસતીજીએ પરસ્પર ક્ષમાનું આદાન પ્રદાન કરેલ હશે પણ હું મારા સંસારિક વ્યવહારના કારણે તે પ્રસંગે ઉપસ્થિત થઈ શકયો ન હતો માટે સૌથી પ્રથમ પૂ. મહાસતીજી મલાડ ચાતુર્માસ પધાર્યા ત્યારથી આજ સુધી મારાથી કોઈ પણ રીતે અવિનય, અશાતના અભક્તિ થઈ હોય તો પૂ. મહાસતીજી પાસે ક્ષમાયાચના કરું છું.

હું જોઉં છું કે પૂ. મહાસતીજી મલાડ પધાર્યા ત્યારથી આપણા શ્રીસંઘમાં અનેરો ઉત્સાહ ને આનંદ વ્યાપી ગયો છે. આખું ચાતુર્માસ અનેકવિધ ધર્મક્રિયાઓથી ઉપાશ્રય ગાજતો ને ગૂંજતો રહ્યો છે. આ ચાતુર્માસમાં આપણે ત્યાં ૩૦૦ તપશ્ચર્યાઓ થઈ છે. બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાઓ પણ ખૂબ થઈ છે. દાન-શીયળ-તપ અને ભાવ એ ચારે બોલની ખૂબ મોટા પ્રમાણમાં આરાધના થઈ છે. મહાન સદ્‌ભાગ્ય હોય ત્યારે આવા પ્રભાવશાળી મહાસતીજીના ચાતુર્માસનો લાભ મળે છે. આ ચાતુર્માસ મલાડ સંઘના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થશે. પૂ. મહાસતીજી આપણા મલાડ સંઘને બૃહદ મુંબઈમાં મોખરે લાવ્યા છે. આવા ગુણીયલ મહાસતીજીને વિદાય આપતા આપણા દિલમાં દુઃખ થાય તે સ્વાભાવિક છે પણ ભગવાનનો કાયદો છે એટલે એમને વિહાર કરવો જ પડે. સંતો આપણા રોકયા રોકાય નહિ. ભલે, મહાસતીજી આપણી પાસેથી પ્રત્યક્ષ રીતે વિહાર કરે છે પણ પરોક્ષ

રીતે આપણે ત્યાં રહેશે જ. પૂ. મહાસતીજીએ મલાડમાં ત્રણ મહત્વના કાર્યો કર્યા છે. એક તો તપ-ત્યાગ અને વૈરાગ્યનો ઉપદેશ આપી તપ-ત્યાગના પૂર વહાવ્યા. બીજું પૂ. મહાસતીજીની વાણીનો દરેક જીવોને લાભ મળે એ દૃષ્ટિથી આપણા શ્રી સંઘે શારદા સુવાસ પુસ્તકનું પ્રકાશન કરવાનું નક્કી કરેલ છે. તે કાર્ય ચાલુ થઈ ગયું છે. આ પણ પૂ. મહાસતીજીની જોશીલી અને આકર્ષક વાણીને આભારી છે, એટલે શારદા સુવાસ દેશોદેશમાં ફેલાશે. ત્રીજું શારદા પ્રાર્થના મંડળની સ્થાપના કરી છે. પ્રાર્થનામાં દરરોજ ૩૦૦-૪૦૦ ભાઈબહેનો લાભ લે છે. આવી ધર્મપ્રવૃત્તિઓ શરૂ કરી પૂ. મહાસતીજીએ મલાડ સંઘના બગીચાને ખીલવ્યો છે. અત્રે ચાતુર્માસ પધારી પૂ મહાસતીજીએ આપણા પર મહાન ઉપકાર કર્યો છે. તો હું પૂ. મહાસતીજીને એક જ વિનંતી કરીશ કે પૂ. મહાસતીજી ! આપ મલાડ ચાતુર્માસ પૂર્ણ કરી વિહાર કરો છો, તેમજ હવે મુંબઇ છોડીને દેશ તરફ પ્રયાણ કરો છો પણ જે બગીચાને જ્ઞાનના જળ સીંચી તપ-ત્યાગ વડે નવપલ્લવિત બનાવ્યો છે તો એ કરમાઇ ન જાય એની સંભાળ લેવા માટે આપ વહેલા વહેલા પધારી ફરીને અમારા મલાડ ક્ષેત્રને આવો મહાન લાભ આપશો. આપનો મહાન ઉપકાર ભૂલાય તેમ નથી

અંતમાં હું પૂ. મહાસતીજી પાસે મારા વતી તથા શ્રી સંઘ વતી અંતઃકરણપૂર્વક ક્ષમા માગું છું અને ફરી ફરીને લાભ આપવા વિનંતો કરીને બેસી જાઉં છું.

શારદા સુવાસ ભાગ ૧-૨-૩ સમાપ્ત.

તા. ક.

પૂ. મહાસતીજીએ વ્યાખ્યાન ચારે મહિના દરરોજ ફરમાવ્યા છે, પણ પુસ્તક ઘણું મોટું થઈ જવાથી કાંઇક બબ્બે વ્યાખ્યાનનો સાર લેખો કરી એકેક વ્યાખ્યાનમાં લખ્યો છે. શારદા સુવાસ પુસ્તકમાં કોઇ પણ પ્રકારની ભૂલ રહી હોય તો વ્યાખ્યાનકારકની કે લખનારની નથી પણ મુદ્રણદોષ છે, તો આ માટે વાચકોને વિનંતી કરવામાં આવે છે કે આપને વ્યાખ્યાન છાપવામાં પ્રેસની કોઈ ભૂલ દેખાય તો શુદ્ધિપત્રકમાં જોશો, છતાં કોઈ ભૂલ દેખાય તો વાચકોને સુધારીને વાંચવા નમ્ર વિનંતી છે.

"શારદા સુવાસ" પુસ્તકના અગાઉથી ગ્રાહક થનારની નામાવલી

૧૦૦૧	શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ	કાંદાવાડી
૩૫૧	શ્રી હિંમતલાલ તથા રસીકલાલ દોશી	મુંબઈ
૨૫૦	,, મણીલાલ શામજીભાઈ વિરાણી	,,
૧૨૫	,, ભાઇલાલ જાદવજી શેઠ	કોલ્હાપુર
૧૦૧	,, સૌરાષ્ટ્ર સ્થા. જૈન શ્રી સંઘ	અમદાવાદ
૧૦૦	,, ધીરજલાલ તલકચંદ શાહ	મલાડ
૧૦૦	,, છગનલાલ શામજીભાઈ વિરાણી	મુંબઇ
૧૦૦	,, ગીરજાશંકર ખીમચંદ શેઠ	,,
૧૦૦	,, ચુનીલાલ મુળજીભાઈ મોહાણી	,,
૧૦૦	,, રતીલાલ સુંદરજી કામદાર	મલાડ
૧૦૧	,, જયંતીલાલ ચંદુલાલ મહેતા	વાલકેશ્વર
૧૦૧	,, વર્ધમાન સ્થા. જૈન શ્રા. સંઘ	માટુંગા
૧૦૦	,, રોમન સ્ટોર્સ હ. વસનજીભાઇ	
૭૫	,, કૃષ્ણકાન્ત મફતલાલ ઝવેરી	ખંભાત (હા. મુંબઇ)
૭૫	,, રવીચંદ સુખલાલ શાહ	દાદર
૫૧	,, નગીનદાસ ગોવિંદજી લાઠીયા	મલાડ
૫૧	,, ઉમરશીભાઈ ભીમશીભાઈ વીરા	,,
૫૧	,, સુભદ્રાબેન રસીકલાલ ઝવેરી	પાલનપુરવાળા હાલ મુંબઈ
૫૧	,, વિનયચંદ્ર મોહનલાલ શાહ	ચીંચપોકલી
૫૧	,, સગરામપુરા સ્થા. છ કોટી જૈન સંઘ	સૂરત
૫૧	,, પાનાચંદ કુંવરશી તુરખીયા	માટુંગા
૫૧	,, રમેશચંદ્ર વાડીલાલ	વીલેપાર્લા
૫૧	,, નટવરલાલ તલકચંદ શાહ	મલાડ
૫૧	,, શાંતિલાલ લાલભાઈ મહેતા	વાલકેશ્વર
૫૧	,, સુરેશચંદ્ર મંગળજી મહેતા	,,
૫૧	,, લીલાવંતીબેન જયંતીલાલ શાહ	માટુંગા
૫૧	,, વર્ધ. સ્થા. જૈન શ્રા. સંઘ	દાદર
૫૦	,, મનુભાઇ પ્રભુલાલ શાહ	
૩૧	,, વ્રજલાલ હિંમતલાલ ગાંધી	મલાડ
૩૧	,, શાંતિલાલ ભીમજીભાઈ ભાવીસી	સાયન
૩૦	,, કાંતીલાલ ઉજમશી શાહ	માટુંગા
૨૫	શ્રી જયંતીલાલ નંદલાલ કોઠારી	મલાડ
૨૫	,, દશા શ્રીમાળીનગરના ભાઈ ઓ	,,
૨૫	,, છોટાલાલ ડાહ્યાલાલ ગાંધી	,,
૨૫	,, નેમચંદ નાનચંદ શાહ નવસારી	હાલ મુંબઈ
૨૫	,, ભવાનજી મેઘજીભાઇ	મુંબઇ
૨૫	,, રસીકલાલ વ્રજલાલ કોઠારી	મલાડ
૨૫	,, ભાઇલાલ છોટાલાલ શેઠ	,,
૨૫	,, મેઘજી નાગશી રાંભીયા	,,
૨૫	,, કીસનલાલ સી. મહેતા	સાયન
૨૫	,, ચીમનલાલ છોટાલાલ કાપડીયા	ખંભાત હાલ મુંબઇ
૨૫	, વાડીલાલ કુલચંદ ઝવેરી	ખંભાત હા. મુંબઈ
૨૫	,, જેઠાલાલ નેમચંદ શાહ	,, ,,
૨૫	,, હીંમતલાલ વર્ધમાન શેઠ	મલાડ
૨૫	,, હીરાબેન ટોકરશી પ્રેમજી ગાલા	ઘાટકોપર
૨૫	,, હરખચંદ માડણભાઈ ગાલા	કોટ
૨૫	,, શ્વેતાંબર સ્થા. જૈન સંઘ	નાર
૨૫	,, રજનીકાન્ત વાડીલાલ દેશાઇ	અમદાવાદ
૨૫	,, મેઘજીભાઈ વેલજી શાહ	
૨૫	,, ગુણવંતલાલ ચીમનલાલ ગોપાણી	સાયન
૨૫	,, ટોકરશી વેલજી	મુંબઈ
૨૫	અ. સૌ. રસીલાબેન છબીલદાસ શાહ	
૨૧	શ્રી વેલજી મેઘજી શાહ	મલાડ
૨૧	,, તારાચંદ દીપચંદ અવલાણી	સાયન
૨૦	,, કાન્તિલાલ મગનલાલ	ઘાટકોપર
૧૫	,, કાકુભાઇ વીજપાર શાહ	માટુંગા
૧૫	,, અમીચંદ ઓધડભાઈ	મુંબઇ
૧૫	,, વ્રજલાલ જી. કોઠારી	મુંબઈ
૧૫	,, ત્રંબકલાલ ધરમચંદ શેઠ	મલાડ
૧૫	,, ખીમચંદ હીરાલાલ શાહ	,,
૧૫	,, પ્રભુલાલ ઠાકરશી ગોસળીયા	કાંદીવલી
૧૫	,, કરમશી હીરજી ગાલા	મલાડ

૧૩	શ્રી શ્વેતાંબર જૈન સંઘ	ખારવળા
૧૪	અ. સૌ. સુહાસ જીતેન્દ્ર મહેતા	મલાડ
૧૨	અ. સૌ. મીતાબેન હરેન્દ્ર ગોસળીયા	
૧૨	અ. સૌ. પ્રતિભાબેન દીલિપભાઈ	પારેખ
૧૨	શ્રી અમૃતલાલ હરગોવિંદદાસ ગોસળીયા	મલાડ
૧૨	,, દીલીપભાઈ પ્રાણુલાલ ધ્રુવ	વિલેપાર્લા
૧૨	,, વ્રજલાલ ત્રીકમદાસ શેઠ	,,
૧૨	,, રંભાબેન પ્રાણુલાલ સખીદા	મલાડ
૧૩	,, નાગજીભાઈ લક્ષ્મીચંદ મણીયાર	મલાડ
૧૧	,, મીઠાભાઈ રામજી નાગશી રાબીયા	
૧૧	,, વશનજી રામજી ધરોડ	પત્રીવાલા
૧૧	,, વિજય ટ્રાન્સપોર્ટ પત્રીવાળા	
૧૧	શ્રીમતી મંગળાગૌરી મૂળચંદભાઈ સંઘવી	મલાડ
૧૧	શ્રી નાગરદાસ લીલાધર લાખાણી	,,
૧૧	,, નાનચંદ ઝવેરચંદ દાણાવાળા	
૧૧	,, પોપટલાલ નરસી વીરા	મલાડ
૧૧	,, રતનશી ખેતશી વીરા	,,
૧૧	,, ચાંપશી નોંધા નંદુ	—
૧૧	,, રસીકલાલ મોહનલાલ ધોળકીયા	
૧૧	,, શાંતિલાલ વર્ધમાન બેનાણી	અમદાવાદ
૧૧	,, શશીકાન્ત નરશીદાસ દોશી	બોરીવલી
૧૧	,, કમળાશંકર ગૌરીશંકર દવે	મલાડ
૧૧	,, ખેંગારભાઈ ન્યાલચંદ મહેતા	દાદર
૧૧	,, રમણીકલાલ રતીલાલ કામદાર	
૧૧	,, ચુનીલાલ નાનચંદ સંઘવી	બીલીમોરા
૧૧	,, જમનાદાસ રાયચંદ હપાણી	મલાડ
૧૧	,, ખુશાલદાસ હંસરાજ ભાવસાર	,,
૧૧	,, છોટાલાલ મોહનલાલ શાહ	,,
૧૧	,, ચુનીલાલ મુળજી ગોસળીયા	,,
૧૦	,, ભૂરાલાલ જગજીવન તુરખીયા	
૧૧	,, મગનલાલ ઉમરશી સતરા	બોરીવલી
૧૦	,, પાનબાઈ મોરારજી જેઠા	મલાડ
૧૧	,, જશવંતલાલ ડાહ્યાલાલ દફ્તરી	,,
૧૧	,, નગીનદાસ નાથાલાલ શાહ	,,
૧૧	અ. સૌ. ધીરજબેન શાંતિલાલ ગાંધી	વીરમગામ
૧૧	શ્રી વિનોદચંદ્ર જેઠાલાલ શાહ	મલાડ
૧૧	શ્રી કલ્યાણજી કપુરચંદ	મુંબઈ
૧૧	શ્રી મગનલાલ ચત્રભૂજ શાહ	મલાડ
૧૧	,, શાંતિલાલ જદવજી ડેલીવાળા	,,
૧૧	,, નરભેરામ દેવચંદ મગસરાવાળા	
૧૧	,, ભાઈલાલ કેશવલાલ સંઘવી	મલાડ
૧૧	,, ધીરજલાલ અમૃતલાલ શાહ	,,
૧૧	,, જયંતીલાલ કપુરચંદ મહેતા	સાયન
૧૧	,, ચંદ્રકાન્ત તારાચંદ બદાણી	,,
૧૧	અ. સૌ. ઝવેરબેન મગનલાલ	મલાડ
૧૧	શ્રીમતી મંજરીબેન ચંદ્રકાન્ત શાહ	
૧૧	શ્રી વાડીલાલ નરસંગભાઈ શાહ	મલાડ
૧૧	શ્રીમતી ચંપાબેન કેશવલાલ વોરા	,,
૧૧	શ્રી ચંદુલાલ હરજીવનદાસ દાદભાવાળા	,,
૧૧	,, મૂળચંદ મોહનલાલ દોશી	,,
૧૧	,, રસીકલાલ રતીલાલ શાહ	,,
૧૧	,, બાબુલાલ હિંમતલાલ સખીદા	,,
૧૦	,, ભાવજી ગોસર	કાંદીવલી
૧૧	,, કેશવલાલ નથુભાઈ મહેતા	મલાડ
૧૧	,, અમીત દીનેશચંદ્ર કોઠારી	,,
૧૧	,, ભદ્રિકલાલ કેશવલાલ શાહ	ખંભાતવાળા
૧૦	,, મહેન્દ્રભાઈ પી. દોશી	અંધેરી
૧૦	,, કાન્તિલાલ મોહનલાલ મહેતા	બોરીવલી
૧૧	માતુશ્રી સૂરજબેન હ. હરકીશન કાંતિલાલ	ખંભાત
૧૧	શ્રીમતી વિમળાબેન જદવજી દેઢીયા	ઘાટકોપર
૧૧	શ્રી મગનલાલ રવજી છેડા	ઘાટકોપર
૧૧	,, નટવરલાલ હરખચંદ શાહ	માટુંગા
૧૧	,, જયંતીલાલ તારાચંદ શાહ	ઘાટકોપર
૧૦	,, લક્ષ્મીચંદ લીલાધર મહેતા	સાયન
૧૦	શ્રીમતી લક્ષ્મીબેન ભાવજીભાઈ	હૈદરાબાદ
૧૧	શ્રી કેશવજી રવજી સાવલા	
૧૦	એક સદ્‌ગૃહસ્થ ભાઇ	ભાયખલા
૧૦	શ્રીમતીભાનુબેન ખેતસી ગડા	દાદર
૧૦	એક સદ્‌ગૃહસ્થ ભાઈ	ખંભાત
૧૧	શ્રી દલપતભાઈ ત્રીકમચંદ મહેતા	સૂરત
૧૦	,, મોરારજી જેઠાલાલ ગાલા	મલાડ
૧૦	,, મુલજી પુનશી શાહ	,,
૧૦	,, બાબુલાલ કુલચંદ શાહ	,,

૧૦	શ્રી હરેન્દ્ર વસંતલાલ પારેખ	વિલેપાર્લા
૧૧	,, નાગરદાસ માણેકચંદ કામદાર	મલાડ
૧૦	,, ડૉક્ટર ભાનુભાઈ દેવીદાસ દેસાઈ	ખાર
૧૧	,, મનુભાઈ નેણસી પારેખ	ચીંચપોકલી
૧૧	,, બાબુલાલ વીરચંદ શાહ	કાંદીવલી
૧૧	,, કાન્તીલાલ લાલચંદ	દાદર
૫	શ્રીમતી અમૃતબેન પોપટલાલ શાહ	મલાડ
૫	શ્રી તલકચંદ મથુરદાસ બંભાતવાળા	મલાડ
૫	,, બાબુલાલ છબનલાલ ઘેાળકીયા	
૫	,, જેચંદભાઇ ભગવાનજી ઘેાળકીયા	સેાલાપુર
૫	,, માંગીલાલજી જેઠમલજી કાવેડીયા	મલાડ
૫	,, અનેાપચંદ અમરચંદ સલેાત	મલાડ
૫	,, તારાચંદ માનસીંગ દેાશી	મલાડ
૫	,, કનકરાય કેશવલાલ કેાઠારી	મલાડ
૫	,, કાંતિલાલ કેશવલાલ કામદાર	મલાડ
૫	,, વેણીલાલ ભાઈચંદ ડેલીવાળા	
૫	,, તારાચંદ આશકરણ	
૫	,, પોપટલાલ સી. શેઠ	મલાડ
૫	,, અમૃતલાલ નરભેરામ સંઘવી	
૫	,, ઉમેદલાલ ગીરધરલાલ અજમેરા	મલાડ
૫	શ્રીમતી જશવંતીબેન બાબુલાલ	મલાડ
૫	શ્રી પોપટલાલ શામજીભાઈ	
૫	,, મીશ્રીલાલ જેઠમલજી કાવેડીયા	
૫	,, ભાણુજી આણંદજી	
૫	,, પ્રેમજી જગશી મડા	મલાડ
૫	,, છેાટાલાલ કુંવરજી વેારા	મલાડ
૫	,, દુર્લભજી ગેાવિંદજી ગાઠાણી	મલાડ
૫	,, નમીચંદ પોપટલાલ	મલાડ
૫	,, ભાણુભાઈ પોપટલાલ	મલાડ
૫	,, મનસુખલાલ અભેચંદ બોડીઆ	મલાડ
૫	શ્રીમતી પાનબાઈ વેલજી સતરા	
૫	શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઠક્કર	મલાડ
૫	,, માંજરેકર કેમીકલ વર્કસ	વરલી
૫	,, નાગરદાસ મોહનલાલ શેઠ	મલાડ
૫	,, રતનશી નાંઈઆ સતરા	મલાડ
૫	,, રામજી કુંભરશી ગંગર	મલાડ
૫	શ્રી નાંગશી શામજી છેડા	
૫	,, પોપટલાલ રામજી છેડા	
૫	,, બાવચંદ વશરામ મગીયા	
૫	,, ચીમનલાલ ધનજી દામાણી	મલાડ
૫	,, ગુણવંતરાય વર્ધમાન રાયચંદ વેારા	
૫	,, નાનચંદ જીવરાજ શાહ	મલાડ
૫	,, મનહરલાલ અમૃતલાલ તુરખીયા	
૫	,, શશીકાંત પોપટલાલ શાહ	
૫	,, હકમીચંદ ભાઈચંદ ઝાટકીયા	મલાડ
૫	,, જયસુખલાલ મફલદાસ શાહ	મલાડ
૫	,, હિંમતલાલ રતનશી શાહ	મલાડ
૫	,, બાવચંદ ખેાડીદાસ મગીયા	મલાડ
૫	,, રાધવજી મેાહનલાલ દેાશી	મલાડ
૫	,, અમૃતલાલ ધનજી ભલાણી	મલાડ
૫	,, રતીલાલ મેાહનલાલ શાહ	મલાડ
૫	,, કનકલાલ અચલજી ફેાફલીઆ	મલાડ
૫	શ્રીમતી શાન્તાબેન ધીરજલાલ ગાંધી	મલાડ
૫	વીરાબેન માલા લાકડીયાવાળા	
૫	શ્રી જયસુખલાલ મેાહનલાલ ધુલીયા	મલાડ
૫	,, ધનદુલાલ ચંદુલાલ શાહ	મલાડ
૫	,, મનહરલાલ મગનલાલ ગેાસલીયા	કાંદીવલી
૫	,, શાંતિલાલ હરખચંદ દેસાઇ	મલાડ
૫	,, મનસુખલાલ જેઠાલાલ મહેતા	મલાડ
૫	,, જયંતીલાલ શાંતિલાલ શાહ	
૫	,, જયંતીલાલ મેાહનલાલ દેાશી	મલાડ
૫	,, ભાણુજી આણંદા	મલાડ
૫	,, કાંતિલાલ કેશવલાલ કામદાર	મલાડ
૫	,, નરેન્દ્ર એસ. દેાશી	મલાડ
૫	,, લખમશી ખાંખણ	મલાડ
૫	,, પ્રવીણચંદ્ર ભાણુજી દેઢીયા	
૫	શ્રીમતી સુમીત્રાબેન બીપીનચંદ્ર શાહ	મલાડ
૫	શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુરેશચંદ્ર મૂળીવાળા	
૫	શ્રીમતી પુષ્પાબેન માણેકલાલ	
૫	શ્રી અજયકુમાર હીરાલાલ	મલાડ
૫	શ્રીમતી હીરાલક્ષ્મી ભીખાલાલ મહેતા	મલાડ
૫	શ્રી હીરજી વીરપાળ ગાલા	

૫	શ્રી વીરજીભાઇ	
૫	,, અંબુભાઈ બાપુલાલ ખંભાતવાલા	
૫	શ્રીમતી ધનગૌરીબેન હીરજી	
૫	,, નર્મદાબેન દલીચંદ દોશી	
૫	,, પુષ્પાબેન મનુભાઇ ચૂડગર	મલાડ
૫	,, રતનબેન મણશી દેઢીયા	
૫	શ્રી પોપટલાલ પ્રેમજી ભારમલવાળા	મલાડ
૫	શ્રીમતી હીરબાઈ શીવજી ગાલા	મલાડ
૫	,, કુમુદબેન ચુનીલાલ ખોખાણી	મલાડ
૫	,, નિર્મળાબેન વ્રજલાલ મહેતા	
૫	,, પદમશી લક્ષ્મીચંદ	વીરમગામ
૫	,, સુમતીબેન લક્ષ્મીચંદ શાહ	કાંદીવલી
૫	શ્રી રમેશચંદ્ર શાંતિલાલ કામદાર	
૫	,, ચંદુલાલ એલ. ગોપાણી	મલાડ
૫	શ્રીમતી લીલાવંતીબેન ચંદુલાલ ગોપાણી	,,
૫	શ્રી રાજેશકુમાર ચંદુલાલ ગોપાણી	,,
૫	શ્રી રતીલાલ નાનચંદ ગાંધી	
૫	,, નાગરદાસ લલ્લુભાઈ વોરા	ઇદોર
૫	,, જીવણભાઇ ભાણજીભાઈ	
૫	,, દલીચંદ કાનજી દોશી	મલાડ
૫	,, બાબુલાલ કેશવલાલ શેઠ	સોલાપુર
૫	ધનલક્ષ્મી દલપતરામ મોદી	મલાડ
૫	શ્રી ભાર્યલાલ કેશવલાલ સંઘવી	મલાડ
૫	,, લક્ષ્મીચંદ છબીલાલ સંઘવી	
૫	,, અમૃતલાલ નરશી દોશી	
૫	,, ડાહ્યાલાલ પાનાચંદ મહેતા	મલાડ
૫	,, હેમંતકુમાર ત્રિભોવનદાસ સંઘવી	કાંદીવલી
૫	,, હિંમતલાલ ત્રિભોવનદાસ સંઘવી	
૫	,, રમણીકલાલ શાહ	
૫	અ. સૌ. કંચનબેન અમુલખ ડગલી	મુંબઇ
૫	અ. સૌ. શાન્તાબેન ચીમનલાલ	
૫	શ્રીમતી શાન્તાબેન રતીલાલ સંઘવી	બોરીવલી
૫	,, શીવકુંવરબેન ભગવાનજી દોશી	મલાડ
૫	શ્રી અનંતરાય [illegible]જી આસરા	,,
૫	,, અમૃત [illegible] રામ સંઘવી	,,
૫	[illegible] લ	,,
	[illegible] રી	મલાડ

૫	શ્રીમતી જયશ્રીબેન જયંતીલાલ ઠોસાણુ	,,
૫	,, સુમિત્રાબેન પ્રફુલચંદ્ર ઠોસાણી	,,
૫	,, વીણાબેન વિક્રમ ઠોસાણી	,,
૫	શ્રી બાબુલાલ કેશવલાલ શેઠ	
૫	,, ગીરધરલાલ નારણદાસ	
૫	,, રમણીકલાલ મનસુખલાલ શાહ	મલાડ
૫	,, રતનશી કસુભાઇ	,,
૫	શ્રીમતી સવિતાબેન નરભેરામ મકાણી	,,
૫	,, રંજનબેન નરોત્તમદાસ	,,
૫	શ્રી ભીખાભાઇ પ્રભુદાસ મહેતા	,,
૫	,, કેશવજી કુંવરજી કૂરીયા	પરેલ
૫	,, રતીલાલ ગાનચંદ મહેતા	દાદર
૫	,, હીરજી દેવરાજ	મલાડ
૫	,, કિશોરચંદ્ર નાગરદાસ કોઠારી	,,
૫	,, વ્રજલાલ પી. મહેતા	,,
૫	શ્રીમતી કમળાબેન જયંતીલાલ ઠોસાણી	,,
૫	શ્રી મોતીલાલ ન્યાલચંદ મહેતા	,,
૫	,, કાંતિલાલ ગોકલદાસ સંઘવી	
૫	સ્વ. ખીમજી વેલજી હ. મહેન્દ્રભાઈ	
૫	શ્રીમતી પ્રભાબેન પ્રતાપરાય શાહ	મલાડ
૭	શ્રી નટવરલાલ વ્રજલાલ દેસાઇ	
૫	,, અંબાલાલ છોટાલાલ ખંભાતવાળા	મુંબઇ
૫	,, નાનજી લાધા હ. શામજી નાનજી	
૫	શ્રીમતી વિમળાબેન કાન્તિલાલ સંઘવી	મલાડ
૫	,, કંચનબેન મોહનલાલ તલસાણીયા	
૫	,, કમળાબેન વ્રજલાલ શાહ	
૫	શ્રી કાન્તિલાલ ફૂલચંદ દોશી	
૫	શ્રી રસીકલાલ કાનજી સંઘવી	મલાડ
૫	શ્રીમતી સરલાબેન હરસુખલાલ મહેતા	,,
૫	શ્રી બાબુલાલ વનમાળીદાસ કામદાર	,,
૫	શ્રીમતી ચંપાબેન શેઠ	
૫	સ્વ. છોટાલાલભાઇ તલસાણીયા	મલાડ
૫	શ્રી નંદલાલ વલ્લભજી ઠોસાણી	,,
૫	,, લલીત બી. શાહ	,,
૫	,, છગનલાલ તારાચંદ કોઠારી	,,
૫	,, ત્રંબકલાલ મગનલાલ દોશી	મુંબઇ

૫	શ્રી મનહરલાલ મનસુખલાલ મહેતા	મલાડ	૫ શ્રી ખીમજી મોણશી	દાદર
૫	,, જનસી ચાંપસી છેડા		૮ ,, શાહ ગોપાળજી રૂગનાથ	માંડવી
૫	શ્રીમતી ચંચળબેન ધરમચંદ	માટુંગા	૫ ,, નાનાલાલ કેશવજી મહેતા	દાદર
૫	,, કાન્તાબેન નાતુભાઈ	,,	૫ ,, ગ્લોબલ સ્ટોર્સ	,,
૫	,, લલીતાબેન ભૂપતભાઇ	,,	૫ ,, રતીલાલ લાલચંદ મહેતા	ઘાટકોપર
૫	શ્રી કલ્યાણજી રવજી શાહ		૫ ,, ચંપાબેન કીર્તિકાંત શેઠ	
૫	,, પરસોત્તમદાસ રઘુભાઈ શાહ		૫ ,, પદમશીભાઈ લખમીચંદ વોરા	
૫	,, નટવરલાલ આશારામ શાહ		૫ ,, ભગવાનજી દેવકરણ ઉદાણી	
૫	,, પાલણભાઈ ભીમશી	મુંબઈ	૨૫ ,, વાડીલાલ છગનલાલ શાહ	સાણંદ
૫	,, રતનશી પરબત નીસર	,,	હ. નટવરભાઈ તથા પ્રાણલાલ	
૫	,, હેમંતલાલ લીલાધર ભાટવીયા		૨૧ ,, મફતલાલ જીવાભાઈ પટેલ	,,
૫	,, ભગવાનજી દેવકરણ ઉદાણી		૨૦ ,, ઝાલાવાડી ભાઇઓ	,,
૫	,, ખીમજી પાસુભાઈ શાહ		૧૧ ,, ચીમનલાલ હીરાચંદ શાહ	,,
૫	,, શાંતિલાલ લક્ષ્મીચંદ ભાવસાર		૧૧ અ. સૌ. તારાબેન ચીમનલાલ શાહ	,,
૫	,, હરિપુરા સ્થા. જૈન સંઘ	સૂરત	૭ શ્રી લાલચંદ લક્ષ્મીચંદ શાહ	,,
૫	,, મનુલાલ નરસીદાસ ભીમાણી	,,	૫ ,, ભોગીલાલ રાજપાળ	,,
૫	,, વૃજલાલ દેવચંદ શાહ	મલાડ	૫ ,, મહાસુખભાઇ ડોસાભાઇ પટેલ	,,
૫	,, કેશવલાલ જેઠાલાલ દોશી		૫ શ્રીમતી કનકલત્તાબેન ચીમનલાલ	,,
૫	,, જીવણલાલ તુલશીદાસ દોશી	મલાડ	૫ ચારૂલત્તાબેન ચીમનલાલ	,,
૫	,, હીરજી મેઘજી	મલાડ	૫ શ્રી ભીખાલાલ નાગરદાસ શાહ	,,
૫	,, નાનચંદ ઝવેરચંદ શાહ	મલાડ	૫ ,, ખીમચંદ નરશીભાઈ શાહ	,,
૫	,, નરભેરામ હકમીચંદ મણીયાર	મલાડ	૫ ,, માધવલાલ જગજીવનભાઇ પટેલ	,,
૫	,, પ્રાણલાલ મનસુખલાલ શાહ	મલાડ	૫ ,, વાડીલાલ મગનલાલ પટેલ	,,
૫	,, મૂળજીભાઇ મણીલાલ કામદાર	મલાડ	૫ ,, ચંદુલાલ ઈશ્વરલાલ પટેલ	,,
૫	,, હીરાલાલ શાહ જૈન		૫ ,, ન્યાલચંદ હીરાચંદ શાહ	,,
૫	,, વીરજી ગણશી ગાલા	મુંબઇ	૫ ,, નારણદાસ ધરમશીભાઈ સંઘવી	,,
૫	,, તારાચંદ આશકરણ	મલાડ	૫ ,, અમૃતલાલ મથુરભાઇ શાહ	,,
૫	,, ધનજી હીરજી શાહ		૫ ,, જીવણલાલ માણેકચંદ ગાંધી	,,
૫	,, મીઠુભાઇ હ. કેશવજીભાઇ		૫ ,, જેઠાલાલ ત્રિભોવનદાસ શાહ	,,
૫	,, શ્રીમતી હીરાબેન રસીકલાલ સંઘવી	મલાડ	૫ ,, રતીલાલ હરજીવનદાસ કોઠારી	,,
૫	,, કુસુમબેન ચંદુલાલ મહેતા	બોરીવલી	૫ ,, સાંકળચંદ કાનજીભાઇ શાહ	,,
૫	,, માનકુંવરબેન તારાચંદ મહેતા	,,	૫ ,, જયંતીલાલ પોપટલાલ શાહ	,,
૫	શ્રી શીવલાલ મોતીચંદ	મલાડ	૧૮ ,, નાનચંદ શાંતિદાસ સ્થા. જૈન સંઘ	,,
			૫ શ્રીમતી ઉમિયાબેન પૂનમચંદ	સૂરત

॥ સંઘે શક્તિ કલૌયુગે ॥

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ–મલાડ

ઠે. શેઠ કેશરીમલજી અનોપચંદજી ગુમલીઆ, સ્થાનકવાસી જૈન પૌષધશાળા, મામલતદાર વાડી,
ક્રોસ રોડ નં. ૧, મલાડ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૬૪.

શ્રી સંઘની મુખ્ય પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત પરિચય

શ્રીમતી પાનબાઇ ઉમરશી ભીમશીભાઈ વીરા "વર્ધમાન આયંબીલ તપ" :—

આ યોજના દ્વારા આયંબીલ તપની આરાધના, જે મહાકર્મની નિર્જરાનું તેમજ પુણ્યાનુબંધી પુષ્ટિનું અમોલ સાધન જૈનદર્શનમાં ગણેલ છે તેવું શુભ કાર્ય થઈ રહેલ છે. ચૈત્ર તથા આસો માસની ઓળી તથા અન્ય તિથિઓમાં સારી એવી સંખ્યામાં આયંબીલ તપનો લાભ લેવાઇ રહેલ છે, આવા તપોનુમોદનાના મંગલ કાર્યમાં રૂા. ૨૫૧) ચાલુ તિથીના તેમજ રૂા. ૫૦૧) ભારે તિથીના આપી **કાયમની તિથિ** નોંધાવી કર્મનિર્જરા અને પુણ્યાનુબંધી મંગલ કાર્યમાં સહભાગી બની શકાય છે.

શ્રીમતી હલેરીબેન તલકચંદ સાંકળચંદ શાહ સહધર્મી સહાયક તથા માનવરાહત યોજના:-

આ યોજના દ્વારા વિપત્તિગ્રસ્ત સહધર્મીભાઇ–બહેનોને આજની કારમી મોંઘવારીમાં સહાયરૂપ થઈ શકાય એવો શુભ હેતુ આ યોજના પાછળ રહેલો છે, અનેક જરૂરીયાતવાળા કુટુંબોને આ યોજના દ્વારા લાભ આપી **સાધર્મિક ભક્તિનો લાભ** શ્રી સંઘ લઇ રહેલ છે. માનવ સેવા તેમજ સાધર્મિક ભક્તિની આ શુભ પ્રવૃત્તિ વધુ ને વધુ વિકસે એવી અપેક્ષા રાખીએ છીએ. ગત વર્ષે આ ખાતામાં રૂા. ૩૦,૦૦૦ જેટલી રકમ માનવ રાહત અને સાધર્મિક સહાય અર્થે વપરાયેલ છે.

આ ખાતામાં કોઇપણ દાતા રૂા. ૨૫૦૧) આપે તેમના વતી કાયમને માટે માસીક રૂા. ૨૫) એક કુટુંબને રાહત અપાશે તેમજ ૨૫૧) આપે તેમના વતી કાયમને માટે વર્ષમાં એક વખત રૂા. ૨૫) એક કુટુંબને રાહત અપાશે.

કુ. કોકીલાબેન કાન્તિલાલ વણારસી ત્રિભોવનદાસ ગોડા "સ્થા. જૈન પાઠશાળા" :-

"પઢમં નાણં તવોદયા" એ સૂત્ર અનુસાર આપણા બાળકો જે આવતી કાલના "શ્રાવક અને શ્રાવિકાઓ" છે, તેમનામાં ધાર્મિક સુસંસ્કારોનું સિંચન કરી ધાર્મિક શિક્ષણ આપવાનું કાર્ય આ પાઠશાળા દ્વારા થઈ રહેલ છે. સવાર તથા બપોર એમ બંને વખત ધાર્મિક જ્ઞાનના નિષ્ણાત અને સેવાભાવી શિક્ષિકાબેન બાળકોને ધર્મ જ્ઞાન આપે છે. બાળકોમાં ધાર્મિક શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહન મળે એ હેતુસર પ્રભાવના, ધાર્મિક સંવાદો, ગીતો, સ્નેહસંમેલનો, આનંદ પર્યટનો તેમજ ઇનામો આપવાની યોજનાઓ અમલી બનાવેલ છે. ઉપરાંત **જૈનશાળા કાયમી પ્રભાવના તિથિ** ફંડમાં રૂા. ૧૦૧) આપી વર્ષમાં એક દિવસ કાયમને માટે પ્રભાવના કરાવવાની યોજના પણ ચાલુ થયેલ છે.

શ્રી મોહનલાલ માણેકચંદ શાહ "જીવદયા યોજના" :—

"અહિંસા પરમોધર્મ" અને "જીવદયા"ને જૈન ધર્મમાં મુખ્ય પ્રાધાન્યત્વ અપાયેલ હોઈ જીવદયા તથા કબુતરની ચણની કલ્યાણકારી શુભ યોજના ચાલુ કરેલ છે. જેની પાછળ જીવદયાનો મુખ્ય સિદ્ધાંત રહેલ છે.

શ્રી રતીલાલ સુંદરજી કામદાર "જૈન લાયબ્રેરી" :—

"જ્ઞાન દાન એજ શ્રેષ્ઠ દાન" એ પંક્તિ અનુસાર સમાજમાં ખાસ કરીને યુવાનો તેમજ બાળકોમાં જ્ઞાનનો વધુ ને વધુ પ્રકાશ ફેલાય એવા શુભ હેતુસર "જૈન લાયબ્રેરી" જે દ્વારા ધાર્મિક શાસ્ત્રો અને જ્ઞાનવૃદ્ધિ થાય તેવા પુસ્તકોનો સંગ્રહ કરી, વાચન કરી, જ્ઞાન મેળવી શકાય તે અર્થે આ યોજના ચાલુ કરવામાં આવેલ છે.

શ્રી ઠામવાસણ તથા ગાદલા ખાતુ :—

વ્યાજબી ભાડેથી ગાદલા, ઠામવાસણ, પાટલા, સ્ટીલના સેટો તેમજ કપરકામી તથા ઠીસો વિગેરે વસ્તુઓ સુલભ્ય રીતે પ્રાપ્ત થાય અને શ્રી સંઘને આર્થિક રીતે સહાયતા મળે તેવા શુભ હેતુસર આ યોજના અમલમાં મુકાએલ છે. શ્રી સંઘના સભ્યોને ખાસ કનસેશનથી અપાય છે.

લી. સેવકો
મુલચંદ દેવચંદ સંઘવી
ધીરજલાલ તલકચંદ શાહ
મા. મંત્રીઓ.

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-મલાડ

—: ટ્રસ્ટીમંડળ :—

શ્રી ઉમરશી ભીમશીભાઇ વીરા, ચેરમેન, શ્રી મુલચંદ દેવચંદ સંઘવી, મા. મંત્રી.
શ્રી રતીલાલ સુંદરજી કામદાર, વા. ચેરમેન, શ્રી ધીરજલાલ તલકચંદ શાહ, મા. સહમંત્રી.
શ્રી મુલચંદ મોહનલાલ દોશી, ખજાનચી.

શ્રી ખીમચંદ હીરાલાલ શાહ, શ્રી પ્રવીણચંદ્ર અંબાલાલ શેઠ.
,, નટવરલાલ તલકચંદ શાહ, ,, હંસરાજ ઉમરશી વીરા.
,, નાગરદાસ લીલાધર લાખાણી, ,, નગીનદાસ ગોવીંદજી લાઠીયા.
,, દુર્લભજી ગોવીંદજી ગાંઠાણી, ,, દેવજી રામજી રાંભીયા
,, રતનશી ખેતશીભાઇ વીરા, ,, મનહરલાલ નાનાલાલ વેલાણી.

—: શ્રી માનવરાહત તથા સહધર્મી સહાયક સલાહકાર સમિતિ :—

શ્રી ધીરજલાલ તલકચંદ શાહ, શ્રી ઉમરશી ભીમશીભાઇ વીરા.
,, મુલચંદ દેવચંદ સંઘવી. ,, મુલચંદ મોહનલાલ દોશી.

—: શ્રી આયંબીલ સલાહકાર સમિતિ :—

શ્રી મુલચંદ મોહનલાલ દોશી, શ્રી પ્રાણલાલ મનસુખલાલ મહેતા.
,, ઉમરશી ભીમશીભાઇ વીરા, ,, નાગરદાસ લીલાધર લાખાણી.
શ્રી વેલજી નરસીભાઇ વોરા.

—: શ્રી જૈન શાળા સલાહકાર સમિતિ :—

શ્રી મુલચંદ દેવચંદ સંઘવી, શ્રી હંસરાજ ઉમરશી વીરા.
,, મુલચંદ મોહનલાલ દોશી, ,, મનહરલાલ નાનાલાલ વેલાણી,
,, બાલાચંદ વણારશી ગોડા, ,, દુર્લભજી ગોવીંદજી ગાંઠાણી.
,, જશવંતલાલ ડાહ્યાભાઇ દફ્તરી, ,, તારાચંદ માનસંગ દોશી

—: શ્રી લાયબ્રેરી સલાહકાર સમિતિ :—

શ્રી ખીમચંદ હીરાલાલ શાહ, શ્રી મુલચંદ દેવચંદ સંઘવી.
,, રતીલાલ સુંદરજી કામદાર, ,, નટવરલાલ તલકચંદ શાહ.
,, રતનશી ખેતશીભાઇ વીરા, ,, પ્રવીણચંદ્ર અંબાલાલ શેઠ.

—: શ્રી ફંડફાળા, ઉઘરાણી તથા સ્ટોક અને ઓડીટ સલાહકાર સમિતિ :—

શ્રી નગીનદાસ ગોવીંદજી લાઠીયા શ્રી મુલચંદ દેવચંદ સંઘવી.
,, રસીકલાલ રતીલાલ શાહ, ,, રતનશી ખેતશીભાઇ વીરા.
,, દેવજી રામજી રાંભીયા, ,, હસમુખરાય ગોપાલજી સંઘવી.

*

* શુદ્ધિપત્રક *

વ્યા.નં.	પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪૧	૩૮૧	૩	અને	એટલે
૪૨	૩૯૩	૩૦	કે અમે હવે	કે જેઓ
૪૨	૩૯૫	૩	સ્થાવરના	સ્થવિરના
૪૪	૪૦૮	૧૨	દેશો	દેશે
૪૭	૪૪૬	૪	આ મધર્મ	આત્મધર્મ
૬૫	૬૧૫	૧૭	અને	એને
૬૫	૬૧૬	૨	અગે	સંગે
૬૫	૬૧૮	૨૧	તણુ તાણ્ય	તંણુ તાણ્યા
૬૫	૬૧૯	૧૨	ખરખર	ખરેખર!
૬૬	૬૨૪	૨	આં ના	આપના
૬૬	૬૨૪	૨૭	માટૂ	માટે
૬૭	૬૩૫	૨૨	આ ણી	આપણી
૬૮	૬૩૮	૧૮	માન	મૌન
૬૯	૬૪૮	૨૭	**પરિવારિઓ**	**પરિવારિઓ**
૬૯	૬૫૯	૫	આથી	આ ભવથી
૭૦	૬૫૬	૯	કેવ	કેવી
૭૧	૬૬૩	૨૫	વદ	સુદ
૭૨	૬૭૫	૧૯	**મયન્દુપ**	**મયદુપ**
૭૩	૬૮૦	૨૧	**અંકે**	**એકે**
૭૫	૭૦૩	૨૯	મારૂં જેવું હોય તે થાય	મારૂં જે થવું હોય તે થાય
૭૭	૭૨૦	૧૦	જિના	જેના
૭૭	૭૨૪	૧૫	કદવા	કરવા
૭૮	૭૩૩	૬	ચંચક માલાની	ચંપકમાલાની
૭૮	૭૩૬	૭	ન કરતો	નકારતો
૮૦	૭૪૧	૧૮-૧૯	સમ્યગ્	સમ્યગ્
૮૦	૭૪૫	૨૫	રહયો	રહ્યો
૮૦	૭૪૬	૩	કષ્ઠ	કષ્ટ
૮૧	૭૫૫	૫	જેઠી	જકડી
૮૨	૭૬૬	૧૩	પસા	પૈસા
૮૩	૭૬૭	૨૧	ગ'?	ગમે?
૮૪	૭૮૧	૨૫	વણુન	વમન
૮૮	૮૧૭	૬	સૂતી	સૂની
૮૮	૮૧૮	૮	રાજેમતીએ	રાજેમતી
૯૦	૮૩૫	૨૬	રવતક	રૈવતક
૯૧	૮૪૪	૧૪	ઉપકારણો	ઉપકરણો
૯૩	૮૬૩	૬	૨૮શે	૨૬શે
–	–	–	—	—
–	–	–	—	—
૯૫	૮૯૩	૬	પુન્નાય	પુન્નાઈ
૯૫	૮૮૬	૨૦	ચોટ	ચોટે
૯૬	૮૯૦	૧૦	ધધો	ધંધો
૯૬	૮૯૨	૨૬	**રહનેમિ**	**રહનેમિ**
૯૭	૮૯૨	૨૭	**અસંભતો**	**અસમ્ભન્તા**
૯૬	૮૯૩	૧૭	વખાયેલો	વખાયેલો
૯૬	૮૯૪	૩	**નલકૂવરો**	**નલકુબ્બરો**
૯૬	૮૯૫	૧૦	ઠ ઠ માઠ	ઠાઠમાઠ
૯૬	૮૯૫	૧૪	વત	વાત
૯૬	૮૯૫	૧૪	પરણુરી	પરણાવી
૯૭	૮૯૮	૨૨	અંગી ૨	અંગીકાર
૯૭	૮૯૮		અંકુશને	અંકુરાને
૯૭	૯૦૦		પલ ગમાં	પલંગમાં
–	–	–	—	—
૯૮	૯૧૦	૨૨	ભોગી	ભોગની
૧	૧	૮	માતાઓને	માતાઓ અને
૧	૩	૧૭	અ. પણી	આપણી
૧	૩	૨૪	ઔષિધ	ઔષધિ
૧	૫	૧૭	બધને	શરીર
૧	૫	૨૦	ધ્રજે	ધ્રૂજે
૧	૬	૧	વૈર ચલ્યો	વૈર ચાલ્યો
૧	૮	૧૦	ખેલીને	ખોલીને
૨	૧૦	૧૩	બલ્લ	બાલ્ય
૨	૧૩	૪	પોતના	પોતાના
૩	૧૩	૮	ધ્રુ સકે	ધ્રૂસકે
૨	૧૪	૮	સતે	અંતે
૨	૧૪	૨૧	કેવ	કેવા

વ્યા.નં.	પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨	૧૬	૨૪	દરદ્રોડપિ	દરિદ્રોડપિ
૨	૧૬	૨૮	સમ્ ગૂદર્શન	સમ્યગ્દર્શન
૩	૨૧	૨૪	સમ્યક્ત્વનો	સમ્યક્ત્વનો
૪	૨૬	૨૦	હે.ય	હોય
૪	૨૬	૨૦	જમવાનું	જમવાનું મળે
૪	૨૯	૨૦	તિ"ચ	તિર્યંચ
૪	૩૦	૧૫	વસ્તવિક	વાસ્તવિક
૪	૩૨	૭	પહેલ	પહેલા
૪	૩૩	૧૫	ધનને.	ધનનો
૫	૩૮	૫	ભાવ ચરિત્ર	ભાવ ચારિત્ર
૫	૩૮	૨૦	મરાપણું	મારાપણું
૫	૪૨	૨૪	યત્ન પૂર્વક	યત્ના પૂર્વક
૬	૪૫	૨૪	સત્તામણીમાંથી	સતામણીમાંથી
૬	૪૬	૧૩	વિગ્રહની	વિગ્રહની
૬	૪૭	૫	રિગ્રહમાં	પરિગ્રહમાં
૬	૪૭	૧૮	બવરગામ	બહારગામ
૬	૪૭	૨૫	એ: લા	એકલા
૬	૪૮	૧૪	એ છો.	ઓછો
૬	૫૦	૧૪	સમજમાં	સમાજમાં
૬	૫૦	૨૩	હૃદય	હૃદય
૮	૬૧	૫	ભ્રમ	ભ્રમ
૮	૬૨	૭	સાંઢ	સઢ
૮	૬૨	૮	ભૂક્ષ	ભૂક્ષા
૮	૭૦	૨૬	અનાસક્તિની	આનાસક્તિ
૮	૭૦	૨૬	બ્રહ્મદત્ત	બ્રહ્મદત્તની
૯	૭૩	૧૦	ટૂંકમ	ટૂંકમાં
૯	૭૩	૨૭	ઉપાઠી	ઉપઠી
૯	૭૬	૨૮	મેત્ત	તમે
૧૦	૭૯	૨૩	જડીબુટ્ટ	જડીબુટ્ટી
૧૦	૮૧	૧	ઠખ	ઠંખ
૧૦	૮૨	૧૬	હસતાન	સંતાન
૧૦	૮૨	૯	પડતુ હેય	પડયું હોય
૧૦	૮૨	૨૬	પૂછે ?	પૂછે છે ?
			ચૂટયા છો ?	ચૂકયા છો ?
૧૦	૮૫	૨૨	જો	૦
૧૦	૮૬	૨૧	ચતુરંગી	ચતુરંગી
૧૦	૮૬	૨૧	સ્થ ન	સ્થાન
૧૦	૮૭	૧૬	સતો	સંતો
૧૦	૯૦	૩	પુણીયોશ્રાવકના	પુણીયાશ્રાવકના
૧૧	૯૦	૬	ભગવાન	ભગવાને
૧૧	૯૨	૧૨	રે જાય	રે જાયા
૧૧	૯૩	૧૧	કોઈ આપે છે ?	કોણ આપે છે ?
૧૧	૯૩	૧૬	મૃગ પુત્રે	મૃગાપુત્રે
૧૧	૯૫	૬	અ.ધુ	સાધુ
૧૧	૯૬	૨૨	બોલ । ને	બોલતાને ?
૧૨	૧૦૪	૧૬	વિનેદ	વિનોદ
૧૩	૧૦૫	૧૦	જીવડીઓના	જીવડાઓના
૧૩	૧૦૮	૩	સાબહે	સાહેબ
૧૩	૧૦૯	૫	નેકારે	નોકરે
૧૩	૧૧૦	૩૨	ઇચ્છનુસાર	ઇચ્છાનુસાર
૧૩	૧૧૧	૨૭	જાઇને	જોઈને
૧૪	૧૧૬	૨૭	વિદ્યથી	વિદ્યાથી
૧૪	૧૧૭	૧૭	હું તે.	હું તો
૧૪	૧૧૭	૧૬	બેવ	લેવા
૧૬	૧૩૦	૨૦	અસંખ્યત	અસંખ્યાતા
૧૬	૧૩૧	૮	લગી	લાગી
૧૬	૧૩૧	૨૦	થ ય	થાય
૧૭	૧૩૮	૧૦	મહિલોં	મહિલા
૧૭	૧૩૮	૧૫	લડ	લાડ
૧૭	૧૪૨	૮	દાલત	દોલત
૧૭	૧૪૨	૨૨	દોલત	દોલતે
૧૮	૧૪૫	૧૩	તોસ	નેસિ
૧૮	૧૪૬	૩૧	પરણાવવી	પરણાવી
૧૮	૧૪૯	૬	પાટ,	પાટા
૧૮	૧૫૨	૧૫	રણીએ	રાણીએ
૧૯	૧૫૩	૨૭	દિસવ	દિવસ
૧૯	૧૫૪	૧૯	સમ ન	સમાન
૧૯	૧૫૫	૨	વેશ્ય ને	વેશ્યાને
૧૯	૧૫૫	૪	સવરાથી	સવારથી

વ્યા.નં.	પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૬	૧૫૫	૨૫	મૃત્યના	મૃત્યુના
૧૬	૧૫૫	૨૭	ન યક	નાયક
૨૦	૧૬૪	૧૪	નથી.	સુખ નથી
૨૦	૧૭૦	૬	પ લન	પાલન
૨૧	૧૭૩	૯	મંગલેમાં	મંગલોમાં
૨૧	૧૭૪	૧	અંતક.	અંતકાળે
૨૧	૧૭૪	૩	મહ ન	મહાન
૨૧	૧૭૪	૧૧	ગુણે,	ગુણો
૨૧	૧૭૪	૧૬	અજ્ઞાયને	અજ્ઞાનને
૨૧	૧૭૬	૧૦	આ યેા	આવ્યેા
૨૧	૧૭૬	૨૧	મલદાર	માલદાર
૨૧	૧૭૭	૧૨	કટાલા	કાટલા
૨૧	૧૭૭	૨૬	ધઃ રણા	ધારણા
૨૧	૧૮૦	૧	તેાળવી	તેાળાવી
૨૧	૧૮૧	૨૫	સુયશા	સુયશ
૨૨	૧૮૬	૨૯	કેાઈકિવાર મળી જાય	૦
૨૨	૧૯૧	૯	પ્રતિ, મણ	પ્રતિક્રમણ
૨૩	૧૯૪	૨૧	એઃ લે	એટલે
૨૩	૧૯૫	૩૨	વિશ્વમંગલ	ભિલ્વમંગલ
૨૩	૨૦૧	૫	લ્યું ક	કહ્યું
૨૪	૨૦૪	૨૧	–લિપ્ત	અલિપ્ત
૨૪	૨૧૨	૨	ભક્	ભવ
૨૪	૨૧૨	૧૬	વરાગ્યથી	વૈરાગ્યથી
૨૪	૨૧૫	૧૬	કરાવી	કરવી
૨૫	૨૧૭	૫	જી નમાં	જીવનમાં
૨૫	૨૧૭	૧૧	એાંગ્રેાડપિ	આલેાડપિ
૨૫	૨૧૮	૩૧	આંગિનની	અગ્નિની
૨૫	૨૨૦	૯	નિર શ	નિરાશ

વ્યા.નં.	પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૫	૨૨૩	૩	હર્ષના થી	હર્ષનાદથી
૨૬	૨૨૪	૧૬	પ ગ લ	પાગલ
૧૬	૨૨૭	૯	જ્ર	જોર
૨૬	૨૩૧	૨	છટી	છરી
૨૬	૨૩૧	૫	વદ	વૈદ
૨૬	૨૩૨	૩	ધણુ	ધણું
૨૭	૨૩૪	૬	જોવીને	જોવાને
૨૭	૨૩૬	૧૦	ધણું ધણુ	ધણું ધણું
૨૮	૨૪૧	૧૫	વધ છે	વધે છે
૨૮	૨૫૩	૨૦	સ ય	સત્ય
૨૯	૨૫૯	૧૪	**સંજાગ**	**સંજોગ**
૨૯	૨૬૪	૨૩	જિનધમ	જિનધર્મ
૩૧	૨૮૦	૩૨	રજ્જાનું	રાજાનું
૩૨	૨૮૭	૭	કચરે	કચરો
૩૩	૨૯૮	૬	સ્વભાવ ધરનેા- હેાય છે.વિભાવ નહિ છતાં	સ્વભાવ ધરનેા- હેાય છે,વિભાવ નહિ છતાં
૩૩	૩૦૩	૧૮	પસા	પૈસા
૩૪	૩૦૯	૧૦	યહેવાય	કહેવાય
૩૭	૩૩૭	૨૫	અનાસક્ત ભાવથી સંસારમાં રહીને મને તેટલી ધર્મ ક્રિયા કરેા.	૦
૩૮	૩૫૨	૨૩	સુવાડવવાની	સુવાડવાની
૩૯	૩૫૭	૧૯	ચક્રવર્તીપણું–સ્વર્ગ	૦
૩૯	૩૫૮	૧૫	ય	જ
૩૯	૩૬૨	૧૯	ધમવા	ધૂમવા
૩૯	૩૬૪	૧૨	અન્યાચન	અન્યાયના
૩૯	૩૬૭	૨૭	અ. થી	અ જ્થી
૪૧	૩૮	૧૮૦	વષ્ણુવેા	વૈષ્ણુવેા

વ્યાખ્યાન	પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૬૮	૬૧૩	૧૨	રાસરે	સાસરે
૬૬	૬૧૪	૬	રીબવી	રીબાવી
૬૬	૬૧૬	૧૩	પ પને	પાપને
૬૬	૬૨૧	૧	વષે	વર્ષે
૧૦૦	૬૨૪	૧૩	મે ક્ષમાં	મેક્ષ

શ્રી વર્ધમાન સ્થનાકવાસી જૈન શ્રાવક સંઘ મલાડ

ઠે. શેઠ કેશરીમલજી અનોપચંદજી ગુગળીયા સ્થા. જૈન પૌષધશાળા, મામલતદાર વાડી
મલાડ મુંબઈ–૪૦૦૦૬૪

શ્રી સંઘની સ્થાપના સંવત ૨૦૦૨ માં થયેલ અને ૨૦૦૨ થી ૨૦૦૮ સુધી પર્યુષણ પર્વ તેમજ સંત સતીશ્રીઓ શેષ કાળ માટે પધારતા સંઘનો ઉપાશ્રય નહિ હોવાથી બહાર જગ્યાઓમાં પર્વની ઉજવણી તથા સંત સતીશ્રીઓને ઉતારવામાં આવતા. શ્રી સંઘના ઉપાશ્રયનું મકાન સંવત ૨૦૦૯ માં તૈયાર થતા તા. ૭–૭–૧૯૫૩ ના રોજ ઉદ્‌ઘાટન વિધિ થયેલ ત્યારથી તે આજ સુધીના ચાતુર્માસોની સહર્ષ નોંધ લેતા અમો ગૌરવ હ્યાનંદ અનુભવીએ છીએ.

(૧) ૨૦૦૯ શ્રમણસંઘીય પૂ. શ્રી ટીબુકુંવરજી મહાસતીજી આદિ ઠાણા ૪
(૨) ૨૦૧૦ શ્રમણસંઘીય પૂ. શ્રી ચંપાકુંવરજી મહાસતીજી આદિ ઠાણા ૪
(૩) ૨૦૧૧ શ્રમણ સંઘીય (મેવાડી) પૂ. શ્રી મણીલાલજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૩
(૪) ૨૦૧૨ વર્ધમાન સંપ્રદાયના પૂ. શ્રી પુનમચંદ્રજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૨
(૫) ૨૦૧૩ પૂ. શ્રી ધાસીલાલજી મ. સા.ના શિષ્યો પૂ. શ્રી કનૈયાલાલજી મ. સા. આદિ ઠાણા ૪
(૬) ૨૦૧૪ શ્રમણસંઘીય પૂ. શ્રી ધનચંદ્રજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૩
(૭) ૨૦૧૫ ખરવાળા સંપ્રદાયના આચાર્ય પૂ. શ્રી ચંપકમુનિ મહારાજ સાહેબ આદિ ઠાણા ૨
(૮) ૨૦૧૬ દરિયાપુરી સંપ્રદાયના પૂ. શ્રી કેશરબાઇ મહાસતીજી આદિ ઠાણા ૨ (પર્યુષણ પર્વ ઉપર)
(૯) ૨૦૧૭ ઋષિ સંપ્રદાયના પૂ. શ્રી મનસુખઋષિજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૨
(૧૦) ૨૦૧૮ ઋષિ સંપ્રદાયના પૂ. શ્રી અજીતકુંવરજી મહાસતીજી આદિ ઠાણા ૩
(૧૧) ૨૦૧૯ ઋષિ સંપ્રદાયના પૂ. શ્રી ભાનુઋષિજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૩
(૧૨) ૨૦૨૦ શ્રમણસંઘીય પૂ. શ્રી ચાંદકુંવરજી મહાસતીજી આદિ ઠાણા ૪
(૧૩) ૨૦૨૧ ખરવાળા સંપ્રદાયના વિદુષી પૂ. શ્રી મેંધીબાઈ મહાસતીજી આદિ ઠાણા ૨
(૧૪) ૨૦૨૨ ગોંડલ સંપ્રદાયના મધુર વ્યાખ્યાની પૂ. શ્રી મુક્તાબાઈ મહાસતીજી આદિ ઠાણા ૪
(૧૫) ૨૦૨૩ શ્રમણસંઘીય પૂ. શ્રી પ્રભાકુંવરજી મહાસતીજી આદિ ઠાણા ૫
(૧૬) ૨૦૨૪ શ્રમણસંઘીય પૂ. શ્રી લાભચંદ્રજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૨
(૧૭) ૨૦૨૫ કચ્છ આઠકોટી મોટી પક્ષના પૂ. શ્રી વૃજકુંવરજીબાઇ મહાસતીજી આદિ ઠાણા ૪
(૧૮) ૨૦૨૬ લીંબડી સંઘવી સંપ્રદાયના વિદુષી પૂ. શ્રી મંજુલાબાઈ મહાસતીજી આદિ ઠાણા ૫
(૧૯) ૨૦૨૭ ગોંડલ સંપ્રદાયના મધુર વ્યાખ્યાની મુક્તાબાઈ મહાસતીજી આદિ ઠાણા ૪
(૨૦) ૨૦૨૮ ગોંડલ સંપ્રદાયના વિદુષી પૂ. લીલમબાઈ મ. સ.ના સુશિષ્યા પૂ. શ્રી ભદ્રાબાઈ મહાસતીજી આદિ ઠાણા ૪

(૨૧) ૨૦૨૯ લીંબડી સંઘવી સંપ્રદાયના શાસ્ત્રપ્રેમી પૂ શ્રી. મુક્તાબાઈ મહાસતીજી આદિ ઠાણાં ૪

(૨૨) ૨૦૩૦ ખંભાત સંપ્રદાયના મહાવિદુષી પૂ. શારદાબાઇ મ સ.ના સુશિષ્યા તત્ત્વચિંતક પૂ. શ્રી કમળાબાઈ મહાસતીજી આદિ ઠાણા ૪

(૨૩) ૨૦૩૧ જોંડલ સંપ્રદાયના આધ્યાત્મયોગિની બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઇ મહાસતિજી આદિ ઠાણા ૫

(૨૪) ૨૦૩૨ લીંબડી સંપ્રદાયના મહા વિદુષી પૂ. શ્રી ઇમયંતીબાઈ મહાસતિજી આદિ ઠાણા ૪

(૨૫) ૨૦૩૩ કચ્છ આઠકોટી મોટીપક્ષના પ્રિય વક્તા પૂ. સુભાષચંદ્રજી મહારાજ સાહેબ ઠાણા ૪

(૨૬) ૨૦૩૪ ખંભાત સંપ્રદાયના મહાવિદુષી, પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજી આદિ ઠાણા ૧૧

(જેઓશ્રીના વ્યાખ્યાન સંગ્રહ " શારદા સુવાસ " પ્રકાશિત થઈ રહેલ છે.)

॥ સ્વ. આચાર્ય રત્નચંદ્રજી ગુરૂદેવાય નમ: ॥

ખંભાત સંપ્રદાયના સ્વ. આચાર્ય, ગચ્છાધિપતિ, ગુરૂદેવ બા. બ્ર. પૂ. શ્રી

રત્નચંદ્રજી મહારાજ સાહેબનો જય હો

★ ગૌરવ ગાથાનું ગીત ★

(રાગ : ગમે તે સ્વરૂપે)

આગમ જવાહીર રત્ન ગુરૂદેવ, અમને છોડીને ચાલ્યા રે ગયા,
ગુણ ગુલાબનું ગુંજન થાતા, વહે છે આંખમાં અશ્રુની ધારા
સંસાર પંકમાંથી પંકજ ઉગ્યું, ક્ષત્રિય કુળમાં વિકસી રે ઉઠયું
જયાકુંવરબહેન રત્ન કુક્ષીમાતા જેતાભાઈ પિતા ઘેર રવાભાઇ જન્મ્યા... ૧

સતીજીના અણુમુલા વચનો સુણીને, વૈરાગ્ય વારિધિમાં સ્નાન કરીને,
પરમ પ્રતાપી વિરલ વિભૂતિ, છગનગુરૂજીના ચરણે જઇને...આગમ ... ૨

૧૪ વર્ષની કુમળી વયમાં, ભાગવતી દીક્ષાના ભાવમાં રમતા,
પ્રવજ્યા પંથે પ્રયાણ કરે, વીર આજ્ઞાને હિલમાં ધરે આગમ... ૩

ગુરૂદેવની કૃપા પાવન છાયા, શાસન માટે જેણે ધરી હતી કાયા,
શાસન નિષ્ઠાના અજોડ કિમિયાગર, ક્ષમા સરળતાના ગુરૂજી રત્નાકર આ...૪

અણનમ જ્ઞાન ખજાનો મેળવી, લખ્યા સિદ્ધાંતો આગમમાં ભારી,
ધર્મનો ડંકો દિગંત ગાજે, સારી આલમમાં કિર્તિ પ્રસરે ... આગમ ... ૫

જિન વાણીનું પાન કરાવી, સંસારથી તરવાનું જ્ઞાન જગાડી,
મુજ જીવનમાં સિંચન કરી, કલ્યાણ કેડી મુજને બતાવી ... આગમ ... ૬

ધ્યાનમાં મસ્ત બનતા ગુરૂજી ચારિત્રનું નૂર અનેરું હતું,
છેલ્લું ચાતુર્માસ ખંભાત પધારી, મૃત્યુની આપે કરી તૈયારી...આગમ...૭

ભાદરવા સુદ અગિયારસ દિને, ઉગતા પ્રભાત પહેલા ચારજ વાગે
શાસનનો સ્થંભ તૂટી પડયો, સંઘમાં હાહાકાર છવાયો ... આગમ ... ૮

શિષ્ય શિષ્યાઓને આઘાત લાગે, ગુરૂદેવની ખોટ હૃદયમાં ખટકે,
મારા રખવૈયા ચાલ્યા રે ગયા, અરમાનો મનના મનમાં રહી ગયા-આગમ ૯

ગુરૂ દર્શન માટે દિલડું ઝંખે છે, ક્યાંયે મળતા નથી ગુરૂદેવ મારા,
ગુરૂદેવ ગુરૂદેવનો પોકાર કરું, ક્યારે મળશે રત્નગુરૂદેવ મારા... આગમ ૧૦

મહેચ્છા દર્શનની પૂરી કરજો, મુજ જીવનને ઉજ્જવળ કરજો,
સતી શારદાની વિનંતી સ્વીકારો, વહેલા વહેલા મુજને દર્શન આપો આગમ૧૧

મુદ્રક :-નિતીન ટ્રેડર્સ ૪૦૧ ખજુરવાલા ચેમ્બર્સ નરશીનાથા સ્ટ્રીટ મુંબઇ ૯